

શ્રી અભિધાન રાજેન્દ્ર કોષ - ભાગ-૧ - શબ્દાર્થ વિવેચન

# શબ્દોના શિખર

-: આશિર્વાદ દાતા :-

સુવિશાલગચ્છાધિપતિ પ.પૂ. રાષ્ટ્રસંત આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય જયન્તસેનસૂરીશ્વરજી મ.સા.

-: વિવેચક :-

પ.પૂ. મુનિરાજ શ્રી વૈભવરત્ન વિજયજી મ.સા.

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ
થીરપુર મંડન શ્રી મહાવીર સ્વામિને નમો નમઃ
વિશ્વપૂજ્ય પ્રાતઃ સ્મરણીય પ્રભુ શ્રી રાજેન્દ્રસૂરીશ્વરેભ્યો નમો નમઃ

# શ્રી અભિધાન રાજેન્દ્ર કોષ
# (ભાગ-૧)
## શબ્દાર્થ વિવેચન

# શબ્દો ના શિખર

-: પ્રેરક - આશિર્વાદ દાતા :-

સુવિશાલગચ્છાધિપતિ પ.પૂ. રાષ્ટ્રસંત આચાર્યદેવેશ
શ્રીમદ્ વિજય જયન્તસેનસૂરીશ્વરજી મ.સા.

-: વિવેચક :-

પ.પૂ. મુનિરાજ શ્રી વૈભવરત્ન વિજયજી મ.સા.

-: પ્રકાશક :-

શ્રી રાજ-રાજેન્દ્ર પ્રકાશન ટ્રસ્ટ - શ્રી રાજ-જયંત ફાઉન્ડેશન
શ્રી વીર-ગુરૂદેવ ફેડરેશન - અમદાવાદ.

ॐ ह्रीं श्री पार्श्वनाथाय नमः

વિશ્વપૂજ્ય પ્રાતઃ સ્મરણીય પ્રભુશ્રી રાજેન્દ્રસૂરીશ્વરેભ્યો નમો નમઃ

પુસ્તકનુ નામઃ- શ્રી અભિધાન રાજેન્દ્ર કોષ ભાગ-૧

લેખક :- વિશ્વપૂજ્ય પ્રાતઃ સ્મરણીય, યુગમહર્ષિ,
કલિકાલ કલ્પતરૂ, સાત્વિક ક્રિયોદ્ધારક
પ્રભુ શ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મ.સાહેબ

વિષય :- શ્રી અભિધાન રાજેન્દ્ર કોષ ભાગ-૧ નું
ગુજરાતીમાં શબ્દાર્થ વિવેચન

પુસ્તકનું નામ :- શબ્દો ના શિખર

## પાવનપ્રેરણા - આશિર્વાદ દાતા

રાષ્ટ્રસંત સુવિશાલસમર્થગચ્છાધિપતિ આચાર્યદેવેશ
શ્રીમદ્ વિજય જયન્તસેનસૂરીશ્વરજી મહારાજા (મધુકર)

વિવેચક :- પ.પૂ. મુનિ વૈભવરત્ન વિજયજી મ.સા.

પ્રકાશન તારીખ :- થીરપુર મંડન (થરાદ) - મોટા મહાવીરસ્વામી

પ્રતિષ્ઠા દિવસ
વિ.સં ૨૦૬૮ કારતક વદ - ૬ તા ૩૦-૧૨-૨૦૧૧

પ્રતિ - ૫૦૦૦

મૂલ્ય - ૭૦૦ રૂપિયા

-: પ્રકાશક :-

શ્રી રાજ-રાજેન્દ્ર પ્રકાશન ટ્રસ્ટ - વીરગુરુદેવ ફેડરેશન
શેખનો પાડો રીલીફ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧.

# પુસ્તક પ્રાપ્તિસ્થાન

**રાજ-રાજેન્દ્ર પ્રકાશન ટ્રસ્ટ**
શેખનો પાડો, રિલીફ રોડ,
અમદાવાદ - ૩૮૦૦૦૧
હિંમતભાઈ - ૯૮૨૫૨૭૩૦૨૦
ગુરૂકુમાર - ૯૮૭૯૬૨૦૯૯૬

**રાજ-રાજેન્દ્ર જયંતસેન મ્યુઝિયમ**
મોહનખેડા તીર્થ,
રાજગઢ (M.P.)
વિનોદભાઈ - ૯૪૨૫૩૯૪૯૦૬

**શ્રી રાજેન્દ્રસૂરિ જ્ઞાનમંદિર**
સુભાષચોક, ગોપીપુરા, સુરત
નીતીનભાઈ અદાણી - ૯૮૨૪૧૫૦૩૪૨
ભરતભાઈ ભણશાલી - ૯૮૨૪૦૪૭૮૫૬

**શ્રી રાજેન્દ્રસૂરિ જ્ઞાનમંદિર**
૧૦મી ખેતવાડી, મુંબઈ - ૪૦૦૦૦૨
જયેશભાઈ - ૯૩૨૨૨૩૫૨૩૮
કમલેશભાઈ - ૯૬૯૯૯૨૧૪૫૮

**શ્રી રાજેન્દ્રસૂરિ જ્ઞાનમંદિર**
નેમિનાથનગર, ડીસા
વિનોદભાઈ કોરડીયા - ૯૪૨૬૩૬૬૨૫૨

**શ્રી રાજેન્દ્રસૂરિ જ્ઞાનમંદિર**
ગુરૂમંદિર, થરાદ. જિ. બનાસકાંઠા
ભૂપેન્દ્રભાઈ - ૯૯૨૪૦૬૦૧૨૮

**બાબુભાઈ હાલચંદભાઈ વોરા**
પાર્શ્વ પબ્લિકેશન
નિશાપોળ, ઝવેરીવાડ, રિલીફરોડ
અમદાવાદ - ૩૮૦૦૦૧
ફોન : ૦૭૯-૨૫૩૫૬૯૦૯, ૨૬૪૨૪૮૦૦

श्री अभिधान राजेन्द्रकोष

ભાગ-૧

શબ્દાર્થ વિવેચન

# શબ્દોના શિખર

## ગ્રન્થ પ્રકાશન સમિતિ

| | | | |
|---|---|---|---|
| ૧ | કિશોરભાઈ બાલચંદજી ખિમાવત | ૯૮૨૦૪૫૬૭૮૯ | ખિમેલ - મુંબઈ |
| ૨ | કુંદનમલજી ધરમચંદજી માસ્ટર | ૦૯૪૬૦૯૭૬૫૦૦ | ભીનમાલ - મુંબઈ |
| ૩ | રમેશજી સુમેરમલજી લુંકડ | ૯૮૨૦૦૪૦૬૪૯ | ભીનમાલ - મુંબઈ |
| ૪ | ઘેવરચંદ લાલચંદજી જોગાણી | ૯૮૨૦૦૩૬૦૪૭ | ભીનમાલ - મુંબઈ |
| ૫ | પ્રકાશભાઈ ચીમનલાલ શેઠ (દૈયપ) | ૯૮૨૧૩૮૭૫૨૦ | થરાદ - મુંબઈ |
| ૬ | નીતિનભાઈ ચુનીલાલ અદાણી | ૯૮૨૪૧૫૦૩૪૨ | થરાદ - સુરત |
| ૭ | સંજયભાઈ રમણિકલાલ મોરખીયા | ૯૮૨૧૧૬૬૯૬૩ | ધાનેરા - મુંબઈ |
| ૮ | ભવરલાલજી સરેમલજી કોઠારી | ૯૮૯૨૦૦૦૨૨૦ | ભીનમાલ - મુંબઈ |
| ૯ | ગુલાબચંદ સોહનલાલજી જોગાણી | ૯૮૨૪૧૫૧૮૫૩ | ભીનમાલ - સુરત |
| ૧૦ | બાબુલાલ હાલચંદભાઈ વોહેરા | ૯૭૨૭૯૦૦૮૯૯ | થરાદ - અમદાવાદ |
| ૧૧ | રાજકુમારજી સુમેરમલજી બાફના | ૯૮૨૦૦૨૮૧૦૬ | ભીનમાલ - મુંબઈ |
| ૧૨ | સેવંતિલાલ વાઘજીભાઈ વોરા | ૯૮૨૫૧૩૧૧૧૩ | દૂધવા - સુરત |
| ૧૩ | મહેશભાઈ પ્રવીણભાઈ વોહેરા | ૯૯૨૦૮૪૪૪૭૪ | થરાદ - મુંબઈ |
| ૧૪ | મફતલાલ મિશ્રીમલજી છાજેડ | ૯૮૬૯૫૦૭૦૮૩ | નૈનાવા - મુંબઈ |

શ્રી શત્રુંજય તીર્થાધિપતિ
શ્રી આદિનાથ ભગવાન



-: સૌજન્ય :-

વોરા મથુરીબેન ચીમનલાલ ત્રિભોવનદાસ - પરિવાર

# કલિકાલ કલ્પતરૂ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાન



-: સૌજન્ય :-

અદાણી શાન્તાબેન શાન્તીલાલ ભુદરમલભાઈ - પરિવાર

# થીરપુર મંડન શ્રી મહાવીર સ્વામી ભગવાન



-: સૌજન્ય :-

શેઠ જેઠીબેન ચીમનલાલ મૂલચંદભાઈ - પરિવાર

# વિશ્વપૂજય પ્રભુશ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજ




- : સૌજન્ય :-

અદાણી બબુબેન ચુનીલાલ નાગરદાસ - પરિવાર

થરાદવાળા

# વિશ્વપૂજ્ય પ્રભુશ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજ
## ના પગલા



-: સૌજન્ય :-

વોહેરા જાસુબેન છોટાલાલ વીરચંદ - પરિવાર

# સમાધિભૂમિ મોહનખેડા તીર્થની અખંડ જ્યોત



- : સૌજન્ય :-

દેસાઈ શાંતાબેન કાંતિલાલ અમુલખભાઈ - પરિવાર
મુંબઈ

## પ.પૂ.આ.ભ.શ્રી વિજય ધનચંદ્રસૂરીશ્વરજી મ.સા.



-: સૌજન્ય :-

**વોરા ગગલદાસ રીખવચંદ પરિવાર (વિશ્વાસ)**

**થરાદ-અમદાવાદ**

## પ.પૂ.આ.ભ.શ્રી વિજય ભૂપેન્દ્રસૂરીશ્વરજી મ.સા.



-: સૌજન્ય :-

**મોરખીયા બબીબેન વાડીલાલ મણીલાલ - પરિવાર**

**લવાણા (સુરત)**

## પ.પૂ.આ.ભ.શ્રી વિજય યતીન્દ્રસૂરીશ્વરજી મ.સા.



-: સૌજન્ય :-

**વોરા શાન્તાબેન મહાસુખલાલ ચીમનલાલ - પરિવાર**

**થરાદ-બોરીવલી**

પ.પૂ.આ.ભ. શ્રી વિજય વિદ્યાચન્દ્રસૂરીશ્વરજી મ.સા.



-: સૌજન્ય :-

દોશી તારાબેન રમણલાલ ચુનીલાલ ખેતશીભાઈ - પરિવાર

પ.પૂ. આ.ભ. શ્રી વિજય જયંતસેનસૂરીશ્વરજી મ.સા.



- : સૌજન્ય :-

વોરા મંજુલાબેન વાઘજીભાઈ ખેમચંદભાઈ - પરિવાર

દુધવા - સુરત

પ.પૂ. ઉપાધ્યાય શ્રી મોહનવિજયજી મ.સા.



-ઃ સૌજન્ય ઃ-

સ્વ. શાંતાબેન મિશ્રીમલજી તેજમલજી મહેતા - પરિવાર

(નેનાવા-વડોદરા)

પ.પૂ. ઉપાધ્યાય શ્રી ગુલાબવિજયજી મ.સા.



-: સૌજન્ય :-

અદાણી સ્વ. વાઘજીભાઈ વીરચંદભાઈ - પરિવાર
ભોરડુવાળા-સુરત

# પ.પૂ. તપસ્વી મુનિરાજ શ્રી હર્ષવિજયજી મ.સા.



- : સૌજન્ય :-

ધાનેરા નિવાસી ભાવિબેન નગીનદાસ મોરખીયા પરિવાર

પ.પૂ. સ્થવીર મુનિરાજ શ્રી શાંતિવિજયજી મ.સા.



-: સૌજન્ય :-

ગુરૂભક્ત પરિવાર - ભીનમાલ



## ઈતિહાસની અટારીએથી

અનાદિકાળથી વીતરાગ પરમાત્માનું પરમપાવન શાસન પ્રવહનમાન છે. અનાદિ મિથ્યાત્વથી મુક્ત થઈ આત્મા જ્યારે સમ્યક્ત્વગુણ પ્રાપ્ત કરે છે. ત્યારપછી આત્મિક ઉત્ક્રાન્તિનો પ્રારંભ થાય છે. સમ્યગ્દર્શન પ્રાપ્ત થયા પછી જ સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્ર આત્મામાં દેખાય છે.

મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન આ બન્ને ઈન્દ્રિય અને મનથી ગ્રાહ્ય છે. આથી આનો સમાવેશ પરોક્ષજ્ઞાનમાં થાય છે.પરંતુ અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવલજ્ઞાન આત્મગ્રાહ્ય છે, આથી એ જ્ઞાન પ્રત્યક્ષ જ્ઞાનમાં સમાવેશ થાય છે.

સમ્યકત્વનો સૂર્યોદય થતાં જ મિથ્યાત્વનો ગાઢ અંધકાર દૂર થાય છે અને આત્મા સંપૂર્ણપણે ગતિમાન થાય છે. આ જ સમ્યક્ત્વ આત્માને પરોક્ષજ્ઞાનથી પ્રત્યક્ષજ્ઞાન તરફ અગ્રેસર કરે છે. પ્રત્યક્ષજ્ઞાનની ઉપલબ્ધિ માટે એ જરૂરી છે કે આત્મા લૌકિક ભાવોથી અલગ થઈ લોકોત્તરભાવોની ચિંતનધારામાં ડૂબી જાય.

"જિન ખોજી તિન પાઈયાંગહરે પાની પઠા"

સંસાર પરિભ્રમણનું મુખ્ય કારણ છે આશ્રવ અને બંધ. દુઃખોથી મુક્તિ મેળવવા આ બન્ને દૂર કરવા જરૂરી છે. તથા સંવર અને નિર્જરા પણ જોઈએ. બંધન સહજ છે, પરંતુ જો એને કારણભાવ અને કારણસ્થિતિથી અલગ રાખવામાં આવે તો આપણે અવશ્ય અપુનર્બન્ધક અવસ્થા ને પ્રાપ્ત કરી શકીએ.

જિનાગમમાં અધ્યાત્મભરેલું છે. સહજસ્થિતિની ઈચ્છાવાળા આત્માઓએ જિનવાણીનું શ્રવણ, અધ્યયન, ચિંતન, અનુપ્રેક્ષા આદિ સ્વાધ્યાયમાં રહેવું જોઈએ.

કર્મ અને આત્માનો અનાદિકાળથી ગાઢ સંબંધ છે. આથી કર્મ આત્માની સાથે જ ચોંટીને રહેલા છે. દા.ત. ખાણમાં રહેલા સોનાની સાથે માટી રહેલી હોય છે. માટી સોનાની મલિનતા છે તેમ કર્મ આત્માની. પ્રયોગદ્વારા માટીને સુવર્ણથી અલગ કરી શકાય છે. જ્યારે બન્ને અલગ થઈ જાય છે ત્યારે માટી માટીના રૂપમાં અને સુવર્ણ સુવર્ણના રૂપમાં પ્રગટ થાય છે. માટીને કોઈ સોનું કહેતા નથી અને સોનાને કોઈ માટી કહેતા નથી. તેવી જ રીતે સમ્યગ્દર્શનવાળો આત્મા સમ્યગ્જ્ઞાન ના ઉજ્જવલ પ્રકાશમાં સમ્યક્ ચારિત્રના પ્રયોગદ્વારા પોતાના આત્મા પર લાગેલી કર્મરજને દૂર કરી નિર્મલતા પ્રગટ કરે છે.

કર્મની આઠેઆઠ કર્મ પ્રકૃતિ પોત-પોતાના સ્વભાવાનુસાર સાંસારીક પ્રવૃત્તિઓમાં રમતાં આત્માને કર્મ ભોગવવા માટે પ્રેરિત કરતી રહે છે. જેઓને પોતાનો ખ્યાલ નથી અને જેઓ અનિર્ણીતસ્થિતિમાં છે, એવા સંસારી જીવોને આ કર્મપ્રકૃતિઓ વિભાવ પરિણામ કરાવે છે.

જ્ઞાનાવરણીયકર્મ આંખે બાંધેલા પાંટા જેવું છે. નજર ભલે સૂક્ષ્મ હોય પણ આંખ ઉપર પાંટા બાંધેલા હોય તો તેને કંઈ પણ દેખાતું નથી. તેવી જ રીતે આત્માની જ્ઞાનદૃષ્ટિને જ્ઞાનાવરણીયકર્મ આવૃત્ત કરે છે. જેના કારણે જ્ઞાનસૃષ્ટિ ઢંકાઈ જાય છે. આ કર્મ આત્માને અવળે રસ્તે ચલાવે છે. ખોટા માર્ગે ચલાવનારું આ કર્મ છે.

દર્શનાવરણીયકર્મ રાજાના દ્વારપાલ જેવું છે. જેવી રીતે દ્વારપાલ દર્શનાર્થીઓને રાજાના દર્શનથી વંચિત રાખે છે. મહેલમાં પ્રવેશ પર પ્રતિબંધ કરે છે, તેવી જ રીતે દર્શનાવરણીયકર્મ આત્માને આત્મદર્શનથી દૂર રાખે છે. આ કર્મ જીવને પ્રમાદભાવમા ડુબાડી દે છે. જેથી અપ્રમત્તદશાથી આત્મા લાખો યોજન દૂર જ રહે છે. દર્શનાવરણીયકર્મ આત્મદર્શન રૂપી રાજાના દર્શનથી વંચિત રહેવાથી જીવ ઉન્માર્ગગામી બને છે.

મધથી લેપાયેલી તલવાર જેવું વેદનીયકર્મ છે. આ કર્મ જીવને ક્ષણભંગુર સુખનો લાલચી બનાવી એને અનંત દુઃખરૂપી સમુદ્રમાં ડુબાડી દે છે. શાતાનો અનુભવ તો ક્યારેક કરાવે છે પરંતુ અસાતાનો અનુભવ અત્યધિક કરાવે છે. મધથી લેપાયેલી તલવારની ધારને ચાટનારો મધુરતાના સુખને તો પ્રાપ્ત કરે છે પરંતુ જીભ કપાઈ જવાથી અસહ્ય દુઃખનો પણ અનુભવ કરવો પડે છે. આથી વેદનીય કર્મ સુખની સાથે અપાર દુઃખનું પણ વેદન કરાવે છે.

મોહનીયકર્મ દારૂ પીધેલા માણસ જેવું છે. દારૂના નશામાં રહેલો માણસ જેમહોશ-હવાસ ખોઈ બેસે છે. એવી રીતે મોહનીયકર્મથી પ્રભાવિત જીવ આત્મસ્વરૂપને ભૂલી જાય છે અને પરપદાર્થોને આત્મસ્વરૂપ માનવાની ભૂલ કરી બેસે છે. આ જ મુખ્ય કારણ છે સંસાર પરિભ્રમણનું.

"મોહમહામદ પિયો અનાદિ, ભૂલિ આપકું ભરમત વાદિ" મોહનીયકર્મ જીવના સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્રના માર્ગમાં અડચણ રૂપ છે.

જે મનુષ્ય આ મોહનીયકર્મના સ્વરૂપને જાણતો નથી અને એની સ્થિતિનો અનુભવ કરતો નથી તે આત્મવિકાસથી દૂર રહે છે. અહંકાર અને મમકાર છે ત્યાં સુધી જીવ મોહનીયકર્મની જંજીરથી જકડાયેલો છે. અહંકાર અને મમકાર જેમ જેમ ઘટતો જાય તેમ તેમ મોહનીયકર્મના બંધન ઢીલા પડતા જાય છે. આ મોહનીયકર્મ બધા જ કર્મનો અધિપતિ છે અને સૌથી વધારે સ્થિતિવાળો છે. મોહનીયકર્મના નિર્દેશનમાં જ બીજા કર્મો આગળ વધે છે. જીવને શરીર અને આત્માના ભેદજ્ઞાનથી દૂર રાખનાર આ કર્મ છે. સંસારની ભૂલભૂલૈયામાં ભટકાવનાર મોહનીય કર્મ છે.

બેડી જેવું આયુષ્યકર્મ છે. આ કર્મે શરીરરૂપી બેડી લગાવી દીધી છે. જે અનાદિકાળથી આજ સુધી લાગેલી છે. સજા પૂરી ન થાય ત્યાં સુધી કેદી મુક્ત થતો નથી; તેવી રીતે જીવની જન્મજન્મની સમયમર્યાદા પૂરી થતી નથી; ત્યાં સુધી જીવ મુક્તિનો આનંદ પ્રાપ્ત કરી શકતો નથી.

નામકર્મનો સ્વભાવ ચિત્રકાર જેવો છે. ચિત્રકાર જેવી રીતે પટ ઉપર વિવિધ પ્રકારના ચિત્ર બનાવે છે; તેવી રીતે નામકર્મ ચાર ગતિમાં વિવિધ જીવોના જુદા જુદા નામરૂપ-રંગ પ્રદાન કરે છે. નામકર્મના પ્રભાવથી જીવ આ સંસારમાં નવાનવા નામધારણ કરીને દેવ, મનુષ્ય, તિર્યંચ અને નરકગતિમાં ભ્રમણ કરી રહ્યો છે.

ગોત્ર કર્મ કુંભાર જેવું છે. કુંભાર અનેક પ્રકારના નાના-મોટા માટલા બનાવે છે અને જુદા જુદા આકારો આપે છે. તેવી રીતે ગોત્ર કર્મ પણ જીવને ઊંચ-નીચ કુળમાં જન્મઆપે છે. ગોત્રકર્મના પ્રભાવથી જીવ ઊંચા અને નીચા કુળમાં જન્મધારણ કરે છે.

અંતરાય કર્મ રાજાના ભંડારી જેવું છે. ખજાનામાં ધન ઘણું હોય છે. પણ તેની ચાવી ભંડારીની પાસે હોય છે. આથી આવેલો યાચક કંઈ પણ પ્રાપ્ત કરી શકતો નથી. આ જ કાર્ય આત્મામાં અંતરાયકર્મ કરે છે. આ કર્મના પ્રભાવથી જીવને ઈચ્છિત વસ્તુ પ્રાપ્ત થતી નથી. દાન, લાભ, ભોગ, ઉપભોગ અને વીર્યના વિષયમાં જીવ અંતરાયકર્મના ઉદયથી કંઈ પણ લાભ પ્રાપ્ત કરી શકતો નથી. આ હતો સંક્ષેપમાં જૈનધર્મનો કર્મવાદ.

એવી રીતે જિનાગમમાં આત્મવાદ, અનેકાન્તવાદ, ષડ્દ્રવ્ય, નવતત્ત્વ, મોક્ષમાર્ગ આદિ અનેક એવા વિષયોનો સમાવેશ છે; જે જીવના આત્મવિકાસમાં સહાયક છે. દ્વાદશાંગી જિનવાણીનો વિસ્તાર છે. આત્મકલ્યાણની ઈચ્છા રાખવાવાળા જીવો માટે દ્વાદશાંગીનું અધ્યયન કરવું અતિ આવશ્યક છે.

સંસારમાં રહેલા પ્રત્યેક જીવને સ્વસ્વરૂપ અર્થાત્ ઈશ્વરત્વ પ્રાપ્ત કરવાનો અધિકાર માત્ર જૈન ધર્મદર્શન જ આપે છે, બીજી કોઈ નહી. જૈન દર્શનમાં પ્રવેશ કરી જીવ અનંત ઐશ્વર્યવાન કેવલજ્ઞાન થી યુક્ત બની શકે છે. જીવ પોતાના પુરુષાર્થ ના બળ ઉપર પરમાત્મા પદ સુધી પહોંચી શકે છે. અન્ય સમસ્ત ધર્મદર્શનોમાં જીવને પરમાત્માપ્રાપ્તિ પછી પણ પરમાત્માથી હીન માનવામાં આવે છે. જ્યારે જૈનધર્મદર્શનમાં પરમાત્મા પદની પ્રાપ્તિ પછી જીવને પરમાત્મા સ્વરૂપ જ માનવામાં આવ્યો છે આ જ જૈન ધર્મ ની અલગ આગવી વિશેષતા છે.

પરમજ્ઞાની પરમાત્માની પાવનવાણી જીવની આ અનુપમઅસાધારણ અવસ્થાનો બોધ કરાવે છે. પ્રમાણ, નય, નિક્ષેપ, સપ્તભંગી અને સ્યાદ્વાદ શૈલીથી યુક્ત જિનવાણીમય જિનાગમોના ઉંડા અધ્યયન માટે વિભિન્ન સંદર્ભ ગ્રન્થોનું અનુશોલન ચિંતન અત્યન્ત આવશ્યક છે.

આજ થી ૧૦૦ વર્ષ પહેલા ઉચિત સાધનોના અભાવમાં જિનાગમોનું અધ્યયન અત્યન્ત દુષ્કર હતું વિશ્વના વિદ્વાનો એક એવી ચાવી ની ખોજ મા હતા કે જેનાથી જિનાગમના બધાજ રહસ્યરૂપી તાળા ખૂલી જાય અને જ્ઞાનપિપાસા તૃપ્ત થાય.

એવા કપરા સમયમાં એક ૬૩ વર્ષના વયોવૃદ્ધ ત્યાગેવૃદ્ધ તપોવૃદ્ધ અને જ્ઞાનવૃદ્ધ આ કાર્ય હાથમાં લીધું તે દિવ્યપુરુષ હતા ચારિત્રક્રિયાપાલક ગુરૂદેવ પ્રભુ શ્રીમદ્ વિજય રાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજ તેઓએ જિનાગમની ચાવી નિર્માણ કરવાનું જટિલ કાર્ય સિયાણાનગરમાં સુવિધિનાથ જિનાલયની છત્રછાયા માં પ્રારંભ કર્યું ચાવી બનવાનું આ કાર્ય ૧૪-૧૪ વર્ષ સુધી લાગટ ચાલ્યું અને અંતે સુરતનગરમાં આ કાર્ય પૂર્ણ થયું તે ચાવીનું નામએટલે 'અભિધાન રાજેન્દ્ર કોષ!' કહેવામાં જરાય અતિશયોક્તિ નથી કે આગમના અધ્યપન સમયે 'અભિધાન રાજેન્દ્ર કોષ' પાસે હોય પછી કોઈ અન્ય ગ્રન્થ પાસે રાખવાની આવશ્યકતા રહેતી નથી આ મહાન ગ્રન્થ જિજ્ઞાસુની તમામ જિજ્ઞાસાઓને પૂર્ણ કરે છે.

ભારતીય સંસ્કૃતિમાં ઈતિહાસ પૂર્વકાલથી કોષ સાહિત્યની પરંપરા ચાલી આવે છે. નિઘટું કોષમાં વેદની સંહિતાઓનો અર્થ સ્પષ્ટ કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. યાસ્કની રચના 'નિરુકલ' માં અને પાણિનીના 'અષ્ટાધ્યાયી' માં વિશાલ શબ્દસંગ્રહ જણાય છે. આ બધા જ કોષ ગદ્ય લેખનમાં છે.

આના પછી પ્રારંભ થયો પદ્ય રચનાકાળનો. જે કોષ પદ્યમાં રચાયા તેના બે પ્રકાર જોવા મળે છે. એક પ્રકારમાં 'એકાર્થકોષ' અને બીજા પ્રકારમાં 'અનેકાર્થ કોષ'.કાત્યાયનની 'નામમાલા' અને વાચસ્પતિની શબ્દાર્ણવ છે. વિક્રમાદિત્યની શબ્દાર્ણવ અને ભાગુરીની 'ત્રિકાંડ' કોષ પ્રખ્યાત છે. કેટલાક પ્રાપ્ય અને અપ્રાપ્ય છે. ઉપલબ્ધ કોષોમાં અમરસિંહનો 'અમરકોષ' ઘણો જ પ્રચલિત છે.

ધનપાલની 'પાઈય લક્ષી નામમાલા' ૨૭૯ ગાથા પ્રમાણ છે અને એકાર્થ શબ્દનો બોધ કરાવે છે. આ ગ્રન્થમાં ૯૯૮ શબ્દોનું પ્રાકૃતરૂપ આપવામાં આવ્યું છે. કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રસૂરીશ્વરજીએ "પાઈય લચ્છી નામમાલા" ઉપર પ્રામાણિકતાની મુહર લગાવી છે. એવી રીતે ધનંજય પંડિતે 'અનેકાર્થ નામમાલા'ની પણ રચના કરી છે.

કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્યના 'અભિધાન ચિંતામણિ', 'અનેકાર્થ સંગ્રહ', 'નિઘંટુ સંગ્રહ' અને 'દેશી નામમાલા' આદિ અનેક કોષ ગ્રન્થ પ્રસિદ્ધ છે.

આ બધા કોષો વચ્ચે 'અભિધાન રાજેન્દ્ર કોષ'ની અલગ જ વિશેષતા છે. એ વિશેષતાના કારણે જ આજે પણ સમસ્ત કોષ ગ્રન્થોમાં સિરમૌર કોષ બન્યો છે. સાચી વાત તો એ છે કે જેવી રીતે સૂર્યને દિપક દેખાડવાની જરૂરત નથી હોતી તેવી રીતે આ મહાન ગ્રન્થને પણ પ્રમાણિત કરવાની જરૂરત નથી લાગતી. સૂર્ય ખુદ પ્રકાશિત છે તેમગ્રન્થરાજ સ્વયમેવ જ પ્રમાણિત છે. તો પણ તેની વિશેષતાઓને પ્રસ્તુત કરવાનું અપ્રાસંગિક નથી લાગતું.

'અભિધાન રાજેન્દ્ર' અર્ધમાગધી પ્રાકૃત ભાષાનો કોષ છે. ભગવાન મહાવીરના સમયમાં પ્રાકૃત લોકભાષા હતી. ભગવાન મહાવીરે આ ભાષામાં લોકોને ધર્મનો મર્મ સમજાવ્યો. આ જ કારણથી આગમોંની રચના અર્ધમાગધી અને પ્રાકૃત ભાષામાં થઈ. આ મહાકોષમાં પૂજ્ય ગુરૂદેવે પ્રાકૃત શબ્દોનો મર્મ 'અ'કારાદિ ક્રમે સમજાવ્યો છે. પ્રાકૃત શબ્દનો અર્થ કરતી વખતે તેનું સંસ્કૃતરૂપ લિંગ, વ્યુત્પતિનું પણ જ્ઞાન કરાવ્યું છે. સાથે સાથે તે અર્થનો સન્દર્ભ પણ પ્રસ્તુત કર્યો છે.

આ કોષમાં વૈજ્ઞાનિકતાની સાથે સાથે વ્યાપકતા પણ છે. જૈન ધર્મદર્શનનો કોઈ પણ વિષય આ કોષથી અછૂતો રહ્યો નથી. આ કોષમાં સ્યાદ્‌વાદ, ઈશ્વરવાદ, સપ્તનય, સપ્તભંગી, ષડ્‌દર્શન, નવતત્ત્વ, અનુયોગ, તીર્થપરિચય આદિ સમસ્ત વિષયોની સપ્રમાણ જાણકારી છે. સત્તાવન સંદર્ભ ગ્રન્થો આ કોષમાં સમાવિષ્ટ છે.

વૈજ્ઞાનિકતા અને વ્યાપકતાની સાથે સાથે આ કોષ સુવિશાલ છે. સાત ભાગોમાં પ્રકાશિત આ વિશ્વકોષ દસ હજાર પાનાઓમાં વિસ્તારિત છે. આ કોષમાં ધર્મ-સંસ્કૃતિ સંબંધી ૬૦ હજાર શબ્દ અર્થ સહિત વ્યાખ્યા કરાયેલા છે. તેને પ્રમાણિત કરવા માટે ચાર લાખ શ્લોકો ઉધ્ધૃત કરવામાં આવ્યા છે. કોઈ એક માણસ આ ગ્રન્થને એકલો ઉપાડવાનું સાહસ કરતાં પહેલા વિચારશે.

આ મહાગ્રન્થના પ્રારંભિક લેખનની પણ એક અલગ કથા છે. જે સમયમાં આ ગ્રન્થ લખાયો હતો, તે સમયમાં લેખન સાહિત્યનો પૂર્ણ વિકાસ થયો ન હતો. પૂજ્ય ગુરૂદેવે રાત્રિના સમયમાં ક્યારે પણ લેખનકાર્ય કર્યું નથી. કહે છે કે કપડાના નાના ટુકડાને સ્યાહીથી ગીલી કરી તેના પર કલમ ગીલી કરી લખતાં હતાં. એક જ સ્થાન પર બેસીને આ ગ્રન્થ લખ્યો નથી. ૧૪ વર્ષમાં ચાતુર્માસ સિવાયના સમયમાં વિહાર કરતા હતા. માલવા, મારવાડ, ગુજરાતના પ્રદેશોમાં ઉગ્ર વિહાર કરીને પ્રતિષ્ઠા, અંજનશલાકા, ઉપધાન આદિ અનેક ધાર્મિક અનુષ્ઠાનો સંપન્ન કર્યા, જિજ્ઞાસુઓની જિજ્ઞાસાને તૃપ્ત કરી પ્રતિપક્ષીઓ દ્વારા મળેલા માનસિક સંતાપને પણ સહન કર્યો. સાથે સાથે ધ્યાન-તપસ્યા તો ચાલતી જ હતી. એવી વિષય પરિસ્થિતિમાં આ મહાન ગ્રન્થનું નિર્માણ કર્યું છે. ૧૪ વર્ષમાં એક જ વ્યક્તિ દ્વારા આ 'વિશ્વકોષ'નું નિર્માણ થવું એ આશ્ચર્ય છે. વિશ્વપુરુષ જ આ કાર્ય કરી શકે.

શ્રીમદ્ વિજય યશોદેવસૂરિજી મહારાજ 'અભિધાન રાજેન્દ્ર' અને તેના કર્તા પ્રતિ પોતાના ભાવોલ્લાસ પ્રગટ કરતાં લખે છે કે આજે પણ 'અભિધાન રાજેન્દ્રકોષ' મારો નિકટત્તમસહોદર છે. સાધનોના અભાવમાં આ મહાન કાર્ય સંપન્ન થયું, આ કોષનું અવલોકન કરતાં મારું મન આશ્ચર્યના ભાવોથી ઉભરાઈ જાય છે. મારું મસ્તક તેના કર્તાના ભગીરથ પુણ્ય પુરુષાર્થની આગળ ઝૂકી જાય છે, વીસમી સદીની અસાધારણ ઘટના કઈ છે તો મારી નજર આ વિશ્વકોષ તરફ જાય છે.
અવલોકન કરતાં મારું મન આશ્ચર્યના ભાવોથી ઉભરાઈ જાય છે. મારું મસ્તક તેના કર્તાના ભગીરથ પુણ્ય પુરુષાર્થની આગળ ઝૂકી જાય છે, વીસમી સદીની અસાધારણ ઘટના કઈ છે તો મારી નજર આ વિશ્વકોષ તરફ જાય છે. અવલોકન કરતાં મારું મન આશ્ચર્યના ભાવોથી ઉભરાઈ જાય છે. મારું મસ્તક તેના કર્તાના ભગીરથ પુણ્ય પુરુષાર્થની આગળ ઝૂકી જાય છે, વીસમી સદીની અસાધારણ ઘટના કઈ છે તો મારી નજર આ વિશ્વકોષ તરફ જાય છે.

આ વિશ્વકોષને પુનઃ પ્રકાશિત કરવાની વિચારણા અને દક્ષિણ તરફ વિહાર બન્ને એક સાથે પ્રારંભ થયા. મુંબઈ ચાતુર્માસમાં અનેક મુનિભગવંતો અને વિદ્વાનો સાથે વાર્તાલાપ થયો. જે પણ મળ્યા બધાનો એક જ સૂર હતો, "અભિધાન રાજેન્દ્ર કોષ દુર્લભ થઈ ગયો છે તેને ફરીથી પ્રકાશિત કરવામાં આવે." મને એ પણ સાંભળવા મળ્યું કે જો તમારા સમાજ પાસે ફરીથી છપાવાની વ્યવસ્થા ન હોય તો અમને છાપવાનો અધિકાર આપો. મેં તેમને કહ્યું, "અમારો ત્રિસ્તુતિક સમાજ સમર્થ છે. અવસરે જરૂર પ્રકાશિત થશે.

## (ઉજ્જવલ ઈતિહાસની સાક્ષી)

"શ્રીમદ્ વિજય ગુરૂદેવની મોટા કૃપા થઈ ને અમે ક્રમશઃ વિહાર કરતાં કરતાં ચેન્નઈ (મદ્રાસ) પહોંચી ગયા. તમિલનાડુ રાજ્યની રાજધાની છે ચેન્નઈ. દક્ષિણમાં દૂર દૂર વસતા હજારો ભક્તોએ આ ચાતુર્માસમાં ચેન્નઈની યાત્રા કરી. ચેન્નઈનું એ ચાતુર્માસ આજે પણ સ્મરણીય છે. ચાતુર્માસ પૂર્ણ થયા પછી ચેન્નઈમાં ધામધૂમથી ગુરૂસપ્તમીનો મહોત્સવ મનાવવામાં આવ્યો. પોષ સુદ-૭ ગુરૂસપ્તમી પૂજ્ય ગુરૂદેવ શ્રીમદ્ રાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજનો જન્મઅને સ્મૃતિ દિવસ છે. ગુરૂસપ્તમીના મહોત્સવ દરમ્યાન અનેક વિદ્વાનોની સભાનું પણ આયોજન થયું. ઉપસ્થિત વિદ્વાનોએ પોતાના પ્રવચનોમાં એક વાત વારંવાર કહેવા લાગ્યા કે, "અભિધાન રાજેન્દ્ર કોષ" ને ફરીથી પ્રકાશિત કરવાની અતિ આવશ્યકતા છે.

આ ગ્રન્થાધિરાજનું પ્રકાશનનું ભગીરથ કાર્ય હતું. આ કાર્યનું બીડું ઉઠાવાનું આહ્વાન ચેન્નઈ સંઘને કર્યું. જેવી રીતે હિમાલયમાંથી ગંગા ઉમટી પડે છે તેવી રીતે ગુરૂભક્તિની ગંગા ઉમડ પડી. પૂર્ણ સહયોગ કરવાનું આશ્વાસન પ્રાપ્ત થયું અને ગ્રન્થ પ્રકાશનનું કાર્ય ગતિમાન થયું. અનેક વિઘ્નો વચ્ચે પણ આ કાર્ય આગળ વધવા લાગ્યું.

શ્રી ભાંડવપુર તીર્થ પર અખિલ ભારતીય શ્રી સૌધર્મબૃહત્તપોગચ્છીય શ્રી જૈન શ્વેતામ્બર ત્રિસ્તુતિક સંઘનું વિરાટ અધિવેશન થયું. દેશના ખૂણે-ખૂણેથી હજારો ભક્તો આ અધિવેશનમાં સામિલ થયા. સંયમસ્થવિર મુનિપ્રવર શ્રી શાન્તિવિજયજી મ.સા. આદિ મુનિ મંડળની સાનિધ્યતામાં મેં સંઘ સમક્ષ "અભિધાન રાજેન્દ્ર કોષ"ને પુનઃમુદ્રણ કરવાનો પ્રસ્તાવ મૂક્યો. શ્રીસંઘે હાર્દિક પ્રસન્નતા અને ભાવોલ્લાસથી મારા એ પ્રસ્તાવનો સ્વીકાર કરવામાં આવ્યો. પૂજ્ય ગુરૂદેવ પ્રતિ ભક્તોની ભક્તિ અસાધારણ છે.

આજે અખિલ ભારતીય શ્રી સૌધર્મબૃહત્તપોગચ્છીય શ્રી જૈન શ્વેતામ્બર ત્રિસ્તુતિક સંઘ દ્વારા આ કોષનું પુનઃ પ્રકાશન કરવામાં આવ્યું ચે. ખૂબ જ આનંદ અને ગૌરવનો વિષય છે.

આ ગ્રંથના પુનઃ મુદ્રણ માટે એક સમિતિ બનાવામાં આવી. વિશેષ યોગદાન આપનાર શ્રેષ્ઠિવર્ય સંઘવી શ્રી ગગલભાઈ, શ્રી હીરાભાઈ, શ્રી હિંમતભાઈ અને સ્થાનિક કાર્યકર્તાઓનો ખૂબ ખૂબ આભાર. તેમની સેવા સદાય સ્મરણીય રહેશે.

આ કાર્યમાં પંડિતશ્રી મફતલાલ ઝવેરચંદ ભાઈનું ખૂબ જ યોગદાન રહ્યું, જે ભૂલાય તેમનથી. પ્રેસકાર્ય, પ્રુફરીડિંગ અને પ્રકાશનના કાર્યમાં તેમની સેવા સદાય સ્મરણીય રહેશે.

આ ગ્રન્થ વધારે ને વધારે જનોપયોગી બને એ હેતુથી "અભિધાન રાજેન્દ્ર કોષ : ભાગ-૧"નું ગુજરાતી શબ્દાર્થ વિવેચન મારા શિષ્ય મુનિ વૈભવરત્નવિજયજીએ કર્યું છે. તે બદલ છાતી ગજગજ ફૂલે છે.

મુનિશ્રીએ સંસ્કૃત-પ્રાકૃતનો સારો અભ્યાસ કરેલો છે. તેમના દ્વારા આવી રીતે શાસન અને શ્રી ત્રિસ્તુતિક સંઘની સેવા નિરંતર થયા કરે એવા અંતરના આશીર્વાદ પાઠવું છું.

વર્તમાનસમયને ધ્યાનમાં રાખતાં 'શબ્દોના શિખરે' ગુજરાતી વિવેચન ઘણું જ ઉપયોગી નીવડશે. પૂજ્ય ગુરૂદેવે વહાવેલી આ જ્ઞાનગંગા આવી રીતે આગળ વધતી રહે એવું હું ઈચ્છું છું. નવા અભ્યાસુઓને આ ગ્રન્થ ઘણો જ ઉપયોગી થશે.

"અભિધાન રાજેન્દ્ર કોષ"ના બાકીના ૬ ભાગનું પણ ગુજરાતી ભાષાંતર-શબ્દાર્થ વિવેચન તૈયાર થાય અને શીઘ્રાતિશીઘ્ર પ્રકાશન થાય એ જ શુભેચ્છા પાઠવું છું. આ ગ્રન્થના પ્રકાશનમાં સહયોગ કરનારા ભાગ્યશાલીઓની પણ અનુમોદના કરું છું.

અંતે મુનિ વૈભવરત્નવિજયજીની શ્રુતસેવા અવિરતપણે ચાલતી રહે અને વિશ્વમાં પૂજ્ય ગુરૂદેવનું નામ અમર થાય એજ અંતિમ શુભાશિષ પાઠવું છુ.

— આચાર્ય જયન્તસેનસૂરિ (મધુકર)

# શાસનનો ધબકાર સમ્યગ્ જ્ઞાન

સેંકડો વર્ષોથી પૃથ્વી ઉપર અનેક પરિવર્તનો આવ્યા છે. પરિવર્તન સાથે સંસ્કૃતિ સંસ્કાર પણ આંશિક ફેરફાર થયા છે. માણસ તરીકે ભગવાન બનવાનું સૌભાગ્ય અદ્ભૂત કક્ષાનું છે. વર્ષોના તપ-ત્યાગના સહારે (સથવારે) દેવોના પણ સિંહાસનો ચલાયમાન કરવાનું સામર્થ્ય માનવનું જ સાબિત થાય છે.

વિશ્વની ઘણી શોધ માનવ નિર્મિત છે. બુદ્ધિશાળી પ્રતિભાઓ દ્વારા અપૂર્વ સંશોધનો બાદ આશ્ચર્યકારી ઘટનાઓ થઈ, સમયના અસ્ખિલત પ્રવાહમાં મહર્ષિ - યોગીરાજ ભારતની ભવ્ય ભૂમિ ઉપર અવતરણ કરવા લાગ્યા.

આ દિવ્ય અવતરણ અનેક જીવોના ઉપકારને કાજે હતા.

વિશ્વ પૂજ્ય - શીથીલાચાર ઉન્મૂલક, યુગદૃષ્ટ યુગમહિર્ષિ, કલિકાલ કલ્પતરૂ. આચાર્ય દેવેશ શ્રીમદ્ વિજય રાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજા ઉજ્જવલ્લ શ્રૃંખલાના અગ્રેસર સાધક હતા જેઓની પ્રતિભા અત્યંત પ્રભાવક જાહેર થઈ હતી અને એ પરંપરા વર્તમાનમાં ગતિશીલ છે.

જિનશાસનરૂપી અદ્વિતીય મહાતીર્થ "સદ્જ્ઞાન" દ્વારા સર્વજીવને હિતકારી છે. આ તીર્થના સંરક્ષક તરીકે જ્ઞાન સંપન્ન ધર્મ ક્રિયાઓ ઉપસ્થિત છે. યોગાચાર્ય શ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજા ૧૯માં સૈકાની શરૂઆતના મહાન સદ્ગુરુ હતા. જેઓના જીવનના અનેક કાર્યો જીવંત છે. આજ સુધી તે કાર્યોની સ્મૃતિ સતત સ્મરણ પટ્ટ ઉપર આવી જાય છે. મહાન વ્યક્તિ તેના નામથી નહિ તેના કામથી થાય છે. જેમના કાર્યો માટે ઉત્સાહ - ઉમંગ તેજસ્વી છે તેઓના કાર્યો ચીર સ્થાયી બને છે.

હજાર વર્ષોના ઈતિહાસમાં પરમાત્માની અંજનશલાકાનો પ્રસંગ દાદા ગુરુદેવના સૌભાગ્યને લખાયો. આશ્ચર્યકારી ઘટના તરીકે સવાક્રોડ મહામંત્રનો જાપ ૬૪ દિવસમાં પાણી પીધા વગર કડકડતી ઠંડીમાં જંગલ મધ્યે પૂર્ણ કર્યો. આત્માની શોધ માટે યોગક્ષેત્રમાં સાધકોએ પ્રવેશ કરવો પડે છે અને જેને આત્માનો બોધ થાય છે તેનો સાક્ષાત્કાર કરવા તત્પર થાય છે. આ સાક્ષાત્કાર અપૂર્ણ ન બનતા પૂર્ણાનંદ બને છે.

ગ્રન્થાધિરાજ શ્રી અભિધાન રાજેન્દ્રકોષની રચના વિદ્વાનો પૂરતી જ છે એવું નહિ પરંતુ ઈલેક્ટ્રીક વગર સંપૂર્ણ લખાણ કલમ-સૂકી શાહી અને દેશી કાગળ પર થયું. જેમાં ૧૩॥ વર્ષની વિશિષ્ટ જ્ઞાનયાત્રા ગુરુદેવશ્રીની રહી હતી. સંસ્કૃત-પ્રાકૃત માગધી ભાષાના લખાણોને સ્વ હસ્તે દિવસ ને રાત સતત લખ્યા જ કરવું. જેમાં ગ્રન્થની સર્વ દિશાઓ ધ્યાનમાં રાખી નિતનવું પીરસતા જ જવાનું. સામાન્ય માણસનો તો કલ્પના કરીને સમજવી અઘરી પડે. ૧૦,૫૬૦ પાનાનું બાઈડીંગ ૭ ભાગમાં પિતામ્બર વિજેતા, સિંહગર્જનાના સ્વામી પૂજ્યપાદ આચાર્ય દેવેશ શ્રીમદ્ વિજય યતીન્દ્રસૂરીશ્વરજી મહારાજાના આશિષથી થયું.

ગ્રન્થરાજ ઉપમા એ સાહિત્યનું લાલિત્ય છે. ૪॥ સાડા ચાર લાખ શ્લોકો અંતર્ગત ૬૦,૦૦૦ શબ્દોનો વિશાળકાય ગ્રન્થ સર્વ વિદ્વાન - પંડિતજનોને જ્ઞાનસાગરમાં દીવાદાંડીરૂપ બન્યો. ષટ્દર્શનની વિચારણાઓની રજૂઆતથી સંશયઓનું સ્થાન અદૃશ્ય થઈ ગયું.

જેઓનું જીવન પ્રભાવક હોય તેઓનું કાર્ય પણ અત્યંત પ્રભાવક જ બને છે. સંઘ શાસન સમાજના કાર્યોની સાથે સમગ્ર શિષ્યવૃંદને ચારિત્ર્ય ધર્મના પાલનરૂપ વાચના દ્વારા યોગક્ષેમતો વિદ્યમાન હતો જ.

નાનકડા મગજમાં ૬૩ વર્ષની ઉંમરે પણ અતિ કઠીન તમ કાર્યનો વિચાર કરવો અને શરીરબળને સંપૂર્ણ કાર્યમાં લગાવી પૂર્ણતાના શિખરે અંતિમપળ સુધી મહેનત કરવી તે આત્મબળ વગર અશક્ય છે.

ભાગ-૧ ના ૪૪૪૩ શબ્દોનું વિવેચન સામાન્ય માણસ પણ સમજી શકે તે હેતુથી સરળ ભાષામાં લેખન થયું છે. ધાર્મિક શબ્દોથી અપરિચિત માટે છેલ્લા પાન્નાઓમાં પારિભાષિક વ્યાખ્યાઓ કરેલી છે. માનવજીવનના ઉત્થાન માટે જીવનમાં સારા આચાર-વિચાર ઉચ્ચારને લક્ષ્યાંક બનાવી આ પુરુષાર્થ પાવન બન્યો છે.

આ કાર્યને પૂર્ણાહૂતિ સુધી પહોંચાડનાર સતત જ્ઞાનની પ્રેરણાના પુંજ સમાન, પરમોપકારી ગુરુદેવ શ્રીમદ્ વિજય જયંતસેન સૂરીશ્વરજી મહારાજાના આશિષ મહાન બળ છે. પૂ. વયોવૃદ્ધ મુનિરાજશ્રી હેમરત્ન વિ.મ.સા.ની નિશ્રાથી આ શક્ય બન્યું છે.

જ્ઞાન માટે સતત સહાયક રહેનાર વિચારશીલ વિનોદભાઈ અદાણી ત્થા સહાયક બળને વધારનાર રમેશભાઈ વોહેરા સ્મૃતિમાં અકબંધ રહેશે.

વિદ્વાનોની શ્રેણીમાં રહેતા વર્ષોથી જ્ઞાન માટે જાગૃત રહેનાર પંડિત શ્રી મનોજભાઈ (કોબા), શ્રી શૈલેષભાઈ, શ્રી આશિષભાઈ મારી સાથે શરૂઆતથી અંતિમ સમયે સાથે રહ્યા છે.

પ્રિન્ટીંગને સરળતાથી વધાવનાર હરેશભાઈ બાબુભાઈ વોહેરા (પાર્શ્વપ્રકાશન) પં. કલ્પેશભાઈ (સિરોડીવાળા) ત્થા ઉદાર દિલથી લાભ લેનાર પુન્યાત્માઓની જ્ઞાનભક્તિની અનુમોદના કરૂં છું.

શાસન નાયક ત્થા શ્રમણ વૃંદ -વિદ્વાન - પંડિત - જ્ઞાનીજનનાશુભ સંદેશ ઘણું કહી દે છે. વધુ તો આપ અંદર વાંચન થશે એટલે ઓળખાણ થશે.

॥ શુભં ભવતુ શ્રમણ સંઘસ્ય ॥

— વૈભવરત્ન વિ.



सत्यमेव जयते

તા. ૫-૧૧-૨૦૧૧

## ગુજરાતના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી ની શુભકામના

## સંદેશ

સમગ્ર જગતના કલ્યાણ માટે અને પ્રાણી માત્ર તરફની કરૂણાને હૃદયે ધારણ કરી જ્ઞાન સર્જન કરનારી મહાન વિભૂતિઓ થકી આપણી ભૂમિ રળિયાત છે. સંચાલન, તંત્રજ્ઞાન અને બુદ્ધિમતાને વ્યવહારૂપણાનું સ્વરૂપ આપવામાં ત્યાગી, વૈરાગી અને વિદ્વાનોનું પ્રદાન શિખરે રહ્યું છે. અઘરી ભાષામાં રચાયેલા અણમોલ ગ્રંથો સામાન્ય જનના જ્ઞાનને વૃદ્ધિ કરનારા બનાવવા જરૂરી છે અને તેથી જ આપણી સંસ્કૃત અને પ્રાકૃત ભાષાઓમાં રહેલા જ્ઞાન ભંડારને જન સમજણની ભાષામાં મૂકવાનું કાર્ય પ્રેરક અને પૂરક ગણાય.

**'શબ્દોના શિખર'** ગ્રંથ શ્રીમદ્ વિજય રાજેન્દ્રસૂરીશ્વરજી મ.સા.ના દિવ્ય આશીર્વાદરૂપ સર્જનનું ગુજરાતી સ્વરૂપ છે. જેની પ્રસિદ્ધિ શ્રી અભિધાન રાજેન્દ્ર કોષની મહત્તામાં અભિવૃદ્ધિ કરનારી બની રહેશે.

સુવિશાલગચ્છાધિપતિ રાષ્ટ્રસંત આચાર્યદેવશ્રી જયન્તસેન સૂરીશ્વરજીના આશીર્વાદથી તેમના શિષ્યરત્ન મુનિ શ્રી વૈભવરત્નવિજયજીના પ્રયત્નથી આ સુંદર ગ્રંથ તૈયાર થયો છે તેનો મને અત્યંત આનંદ છે.

સૌનો,

(નરેન્દ્ર મોદી)

નરેન્દ્ર મોદી
મુખ્ય મંત્રી, ગુજરાત રાજ્ય



# મહાન જ્ઞાનતીર્થનું ગુજરાતી ભાષામાં અવતરણ

**પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ**

તા. ૫-૧૧-૨૦૧૧

૧૯મી સદીમાં જૈનધર્મએ વિશ્વસંસ્કૃતિને આપેલું મહાન જ્ઞાનતીર્થ એટલે પરમપૂજ્ય આચાર્ય ભગવંત શ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબના **'શ્રી અભિધાન રાજેન્દ્ર કોષ'**ના સાત ખંડ. વિશ્વમાં કોશનું સર્જન એ જ્ઞાનની પરાકાષ્ઠા અને વિદ્યાના શિખર સમું ગણાય છે. કોઈ પણ વિદ્યા, પછી તે જૈન ધર્મ હોય કે જમીન વિજ્ઞાન હોય, પરંતુ એના કોશની રચના એક કોઈ વિરાટ પ્રજ્ઞા-પ્રતિભા દ્વારા જ થઈ શકે.

જૈન સમાજમાં કાલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજે ઉત્કૃષ્ટ, કોશોનું સર્જન કર્યું. એ પરંપરાનું એક ગૌરવભર્યું સીમાચિહ્ન 'શ્રી અભિધાન રાજેન્દ્ર કોષ'. આ કોશનું સર્જન સ્વયં શ્રુતસાધના, પ્રખર સાધુતા અને સરસ્વતી સાધનાનો એક સુવર્ણ ઈતિહાસ છે. આપણે જોઈએ છીએ કે સામાન્ય માનવીઓ પચાસ વર્ષે એ થાકે છે, વનમાં આવે, એટલે એનું મન લથડવા માંડે છે. સાઠ વર્ષે એ સઘળું સમેટીને નિવૃત્તિ લે છે અને એ પછીનું શેષ આયુષ્ય મેળવેલી મૂડી પર પૂર્ણ કરે છે, પરંતુ ઉંમરને પંચાગ સાથે સંબંધ નથી અને વિદ્યાને વય સાથે કોઈ નાતો નથી. આથી જ ૬૩માં વર્ષે પૂ. આ. ભગવંત શ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબે જિન આગમોમાં ઉપલબ્ધ હજારો પ્રાકૃત શબ્દોના અર્થો તેમજ તેના આગમાદિ સાહિત્યમાં મળતાં પાઠોના ઉલ્લેખ સાથે આ મહાગ્રંથોની રચનાનો ભગીરથ પુરુષાર્થ આરંભ્યો. ૧૦,૫૬૬ પૃષ્ઠમાં અને સાત ભાગમાં વિસ્તરેલો આ વિરાટ જ્ઞાનસાગર એમની પ્રચંડ શ્રુતભક્તિનો ખ્યાલ આપે છે. સાડા ચૌદ વર્ષની આ જ્ઞાનસાધનાએ એક એવા વિરલ અને અજોડ જ્ઞાનતીર્થની રચના કરી કે આજના કમ્પ્યૂટર અને અન્ય ટેકનોલોજીથી સમૃદ્ધ એવા સમયમાં પણ આની સાથે તુલના કરી શકાય એવો કોઈ મહાગ્રંથ રચાયો નથી. સાડા ચાર લાખ શ્લોકપ્રમાણ શબ્દકદ અને સાઠ હજારથી અધિક શબ્દોનો અર્થવિસ્તાર જોતાં લાગે કે અહીં જાણે શ્રુતનો સાગર ઉછળે છે અને સાધુ, પંડિત, શાસ્ત્રજ્ઞ કે અધ્યાત્મરસિક સહુને જ્ઞાનાંજન આંજે છે.

આ કોશની રચના સમયે આચાર્યશ્રીનો વિહાર ચાલતો હતો. ધાર્મિક વ્યાખ્યાનોની ધારા વહેતી હતી અને સાથોસાથ લેખન પણ ચાલતું હતું. વ્રત, જપ, સાધના, તીર્થોદ્ધાર તો ખરા જ. સાથે જૈન આગમઅને બીજા ગ્રંથોમાંથી ઉધ્ધરણ પણ લેવાતું હતું. પ્રાકૃત ભાષા એ જૈન ધર્મની ગંગોત્રી છે અને એમણે જૈન અને જૈનેતર ગ્રંથોનું દોહન કરીને આની રચના કરી છે. ૧૦ હજાર શબ્દોની વ્યુત્પત્તિ, અર્થ અને વ્યાકરણની દૃષ્ટિએ લિંગ, વચનની ઓળખાણ, આગમ, ગ્રંથ વગેરેનો સંદર્ભ, પરિચય અને સંક્ષિપ્ત વર્ણન મળે છે. એ અર્થમાં આ શબ્દકોશ નહીં, પણ શાસ્ત્રગ્રંથનો અર્થકોશ છે અને બાવીસમા વર્ષે સાહિત્યસર્જનનો પ્રારંભ કરીને એંસી વર્ષ સુધી ૬૧ ગ્રંથોનું સર્જન કરનાર આચાર્ય શ્રીમદ્ વિજય રાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબની શ્રુતસાધના જોઈને મસ્તક

અહોભાવથી નમી જાય છે. શિરસાવંદન આપને.

જૈન સમાજને એમકહીને મહેણું મારવામાં આવે છે કે એને ચોપડી કરતાં ચોપડામાં વધુ રસ છે. એને માત્ર પાસબૂક વાંચતા અને ચેકબૂક લખતાં જ આવડે છે. આવાં મહેણાં સામેનો સમર્થ પ્રત્યુત્તર એટલે 'રાજેન્દ્ર અભિધાન કોષ'. હા, એ સાચું કે જો વિદેશમાં આવા મહાન કોષગ્રંથની રચના થઈ હોત તો એ જગતભરમાં જાણીતો બન્યો હતો. આનું કારણ એ છે કે આના રચનાકાળે પ. પૂ. આ. ભ. શ્રી વિજયરાજેન્દ્રસૂરીશ્વરજી દ્વારા તીર્થોદ્વાર, શાસનપ્રભાવના, ક્રિયોદ્વાર, નવ કલમોનું, દુર્લભ ગ્રંથોનું પુનઃલેખન, વીતરાગ દેવની ઉપાસના, ધ્યાનસાધના અને ધાર્મિક અને સામાજિક શુદ્ધિકરણની સાથોસાથ આવા મહાન ગ્રંથની રચના થઈ છે.

એમના માતુશ્રી કેસરદેવીને સ્વપ્રમાં રત્નનું દર્શન થવાથી એમનું સંસારી નામરત્નરાજ આપ્યું હતું. એ અનુપમરત્નરાજનો આ અદ્વિતીય ગ્રંથરાજ છે. જ્ઞાનની આ ભવ્ય અને યશોજ્જવલ પરંપરા પરમપૂજ્ય રાષ્ટ્રસંત આચાર્યદેવેશ શ્રી જયંતસેનસૂરીશ્વરજી મહારાજ સાહેબ દ્વારા નવું ચેતન અને નવો પ્રકાશ પામી અને એ સંદર્ભમાં પરમપૂજ્ય મુનિશ્રી વૈભવરત્નવિજયજી મહારાજ સાહેબે 'શ્રી અભિધાન રાજેન્દ્ર કોષ'ના પ્રથમભાગનું ગુજરાતીમાં શબ્દાર્થ વિવેચન કરીને એક મહાકાર્ય સંપન્ન કર્યું છે. વળી આ વિવેચનની સાથોસાથ એમણે ધાર્મિક પારિભાષિક શબ્દકોષ આપ્યો છે, જેથી આમાં અભ્યાસ કરનારની ગતિ સરળ બને અને જૈનદર્શનની ગહનતાનો યથાર્થરૂપે પરિચય થાય.

આપણે આશા રાખીએ કે આના અન્ય ભાગો પણ ગુજરાતી વાચકોને સુલભ થાય અને એથી શબ્દોના શિખર દ્વારા જ્ઞાનના ઉત્સુક સહુકોઈને જિનઆગમના આ મહાન જ્ઞાનતીર્થના દર્શન થતાં રહે.

— પદ્મશ્રી ડો. કુમારપાળ દેસાઈ

# સંપૂર્ણ શ્રી અભિધાન રાજેન્દ્રકોષ
# ઈન્ટરનેટ ઉપર

www.rajendrasuri.net

www.veergurudev.com

નોટ : સંપૂર્ણ શ્રી અભિધાન રાજેન્દ્રકોષની સી.ડી પુસ્તક પ્રાપ્તિસ્થાન ઉપરથી ઉપલબ્ધ થશે.



## પ.પૂ.તપાગચ્છાધિપતિ આ.ભ.શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મ.સા. દ્વારા પત્ર

પૂ. આ. શ્રી વિ. જયંતસેન સૂરીશ્વરજી મ.સા.
પૂ. મુનિ શ્રી વૈભવરત્ન વિજયજી મ.સા. આદિ.
સુખશાતા પૃચ્છા.

શ્રી અભિધાન રાજેન્દ્ર કોષ" જેનું નામ સાંભળતા જ દરેક શ્રુતપ્રેમીઓના હૈયા આનંદીત થઈ જાય. ૪,૫૦,૦૦૦ શ્લોક પ્રમાણ આ ગ્રંથ ખરેખર એક અમૂલ્ય ભેટ છે.

અત્યન્ત સુંદર એવા કોષનું ગુજરાતી ભાષાંતર કરી "શબ્દોના શિખર" નામનું પુસ્તક તમે પ્રકાશિત કરી રહ્યા છો તે ખરેખર અનુમોદનીય છે.આ પુસ્તક જન જન સુધી પહોંચે અને આના અભ્યાસ દ્વારા સાચું જ્ઞાન પ્રાપ્ત કરીને લોકોઆત્મ સુખને પામે એ જ મંગલકામના

લી. કુલચંદ્ર સૂરિની વંદનાનુવંદના

## રાષ્ટ્રસંત પ.પૂ.આ. શ્રી પદ્મસાગરસૂરિ મ.સા. દ્વારા પત્ર

मुजे जानकर प्रसन्नता हुई है कि आचार्यप्रवर-राष्ट्रसंत श्री विजय जयंतसेनसूरीश्वरजीम. के विद्वान शिष्यरत्न मुनिराजश्री वैभवरत्नविजयजीम. के प्रयत्न से "शब्दो कें शिखर नाम से एक विशाल ग्रन्थ प्रकाशित होने जा रहा है। साहित्य के क्षेत्र में यह ग्रन्थ उपयोगी सिद्ध होगा। विद्वानों के लिये सहायक सिद्ध होगा। मुनिराज की श्रुत भक्ति एवं साहित्य सेवा के लिये किया गया प्रयत्न अभिनंदनीय है। ग्रन्थ के प्रकाशन प्रसंग पर मेरी हार्दिक शुभकामना।

## પ.પૂ.આ. શ્રી પુણ્યાનંદસૂરીશ્વરજી મ.સા. દ્વારા પત્ર

આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય જયંતસેન સૂરીશ્વરજી મ.સા.
પૂ.મુનિશ્રી વૈભવરત્ન વિજયજી મ.સા.
વંદના સુખશાતા પૃચ્છા જાણશોજી.

'શ્રી અભિધાનરાજેન્દ્રકોષ' ગુજરાતી શબ્દાર્થમાં પ્રકાશિત કરો છો, જાણી આનંદ. ગુર્જરભાષી જનોને અત્યંત આવકારભર્યું થશે. તમારો શ્રમ પ્રશંસનીય છે.પૂ. વિદ્વદ્વર્ય આચાર્યદેવ જયંતસેન સૂરીશ્વરજી મહારાજને વંદના. સુખશાતા જણાવશો.દેવ-દર્શનમાં યાદ કરશો.

ધર્મારાધનામાં અપ્રમત્ત રહેશો. પૂ. મુનિશ્રી વૈભવરત્ન વિજયજી દ્વારા ભવિષ્યમાં પણ શ્રુતભક્તિ આગળ વધતી રહે એ જ શુભકામના પાઠવીએ છીએ.

## જૈનાચાર્યશ્રી સૂર્યોદયસૂરિ મ.સા. દ્વારા પત્ર

પૂ. આ. શ્રી વિ. જયંતસેન સૂરીશ્વરજી મ.સા.
પૂ. મુનિ શ્રી વૈભવરત્ન વિજયજી મ.સા. આદિ.
વંદન સુખશાતા પૃચ્છા.

– શ્રી જિનશાસનનાં ગગનાંગણે વિક્રમની ઓગણીસમી સદીમાં છવાઈ ગયેલ અનેક શાસનશણગાર પુણ્યપુરુષોની નામાવલિમાં તેજસ્વી તારલાની જેમ ચમકતાં પૂજ્યપાદ આ.ભ. શ્રી રાજેન્દ્ર સૂરીશ્વરજી મ.સા.ના જ્યોતિર્મય જીવનનું ચિરંજીવ યશસ્વી સર્જન એટલે સાત ખંડમાં પથરાયેલ **'શ્રી અભિધાન રાજેન્દ્રકોશ'** નું ભગીરથ સર્જન !!

– શ્રી જિનાગમોમાં ઉપલબ્ધ હજારો પ્રાકૃત શબ્દોના અર્થો તથા તેના આગમાદિ સાહિત્યમાં મળતાં પાઠોના પ્રચુર ઉલ્લેખો સાથેનો આ મહાગ્રન્થ ૧૦૫૬૦ પેજનું વિરાટ કદ, સાડા ચાર લાખ શ્લોક પ્રમાણ શબ્દકદ અને સાઠ હજારથી અધિક શબ્દોનો અર્થવિસ્તાર ધરાવે છે જે દિવંગત આચાર્યશ્રીના તીવ્ર ક્ષયોપશમ, પ્રચંડ પુરુષાર્થ અને સક્ષમ શ્રુતસાધનાનો પરિચાયક છે.

– સાંપ્રત સમયની જરૂરિયાતને લક્ષ્યમાં રાખીને જરૂરી સંક્ષેપ સાથે એને વધુ સરલ બનાવીને, ઈંગ્લીશ તથા ગુજરાતી ભાષામાં એની પ્રસ્તુતિ કરવાનું જે ઉત્તમ કાર્ય તમે આરંભ્યું છે તેની ખૂબ ખૂબ અનુમોદના સાથે એ જ અંતરઅભિલાષા કે આ કાર્ય સવાયી સફળતા સાથે વહેલી તકે પરિપૂર્ણ થાય અને અનેક જિજ્ઞાસુ-અભ્યાસુ આત્માઓ એના દ્વારા શ્રુતલાભ-સમાધિલાભ અને અંતે સિદ્ધિલાભ પ્રાપ્ત કરે...

લિ. આ. રાજરત્નસૂરિ

## પ.પૂ.આ. શ્રી કલાપ્રભસૂરિ મ.સા. (વાગડ સમુદાય) દ્વારા પત્ર

વિ. કલાપ્રભસૂરિ તરફથી...
મુનિશ્રી વૈભવરત્ન વિ.જોગ અનુવંદના
પરમાત્માની કૃપાથી આનંદ-મંગલ હો !
અમારે સહુને શાતા સ્વસ્થતા છે.વિશેષ જણાવવાનું કે, પરિપત્ર

મળ્યો. શ્રી અભિધાન રાજેન્દ્ર કોષના પ્રાકૃત-સંસ્કૃત શબ્દોનો અર્થ - ભાવાર્થ ગુજરાતી ભાષામાં કરવાનો પ્રયાસ પ્રાથમિક અભ્યાસીઓને ઉપયોગી બની રહેશે.

## પ.પૂ.ગ. આ.શ્રી વિ.અભયદેવસૂરીશ્વરજી મ.સા. (કઢેલાવાળા) દ્વારા પત્ર

આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય જયંતસેન સૂરીશ્વરજી મ.સા.
પૂ.મુનિશ્રી વૈભવરત્ન વિજયજી મ.સા.

વંદના સુખશાતા પૃચ્છા જાણશોજી.

જ્ઞાનભક્તિના ભાવથી શક્તિની ખીલવણી દ્વારા ૪,૫૦,૦૦૦ શ્લોક પ્રમાણ રાજેન્દ્ર અભિધાનકોષને અભ્યાસુઓને અધ્યયનની સરલતાને માટે તેજ શબ્દકોષને ગુજરાતીમાં રૂપાંતર કરી આપ પ્રકાશિત કરી રહ્યા છો તે ખરેખર અનુમોદનીય છે.આપનો આ પુરૂષાર્થ પ્રત્યેક અધ્યાપક, વિદ્યાર્થી સુધી પહોંચે અને પ્રિયબને એજ શુભેચ્છા.

## અનુવાદ બદલ લાખ લાખ અભિનંદન - ધન્યવાદ

સુરત
તા. ૧૭-૧૧-૨૦૧૧

વિજય હેમચન્દ્રસૂરિ તરફથી
આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય જયંતસેન સૂરીશ્વરજી મ.સા.
પૂ.મુનિશ્રી વૈભવરત્ન વિજયજી મ.સા.

વંદના સુખશાતા પૃચ્છા જાણશોજી.

'અભિધાન રાજેન્દ્ર કોષ'નો ગુજરાતી શબ્દાર્થ અનુવાદ કરવામાં આવ્યો છે તથા તે 'શબ્દોના શિખર' નામથી પ્રસિધ્ધ થઈ રહ્યો છે તે જાણી આનન્દ — આવા મહાન ઐતિહાસિક કાર્ય કરવા બદલ તમને લાખ/લાખ ધન્યવાદ ઘરે છે. આ કાર્યના પ્રેરક આ. શ્રી વિજય જયન્તસેન સૂરિજી મ.સા. અને મુનિશ્રી વૈભવરત્ન વિજયજી ઘણા જ અભિનન્દન યોગ્ય છે —

દ. વિજય હેમચન્દ્રસૂરિ
(પૂ. નેમિસૂરિસમુદાય)

## શ્રુતોપાસના વિસ્તાર પામતી રહે

'અભિધાન રાજેન્દ્ર કોષ' મહાકાય ગ્રંથનો ગુજરાતી શબ્દાર્થ કોષ સાહિત્યમનિષિ કવિરત્ન પૂ. આ.ભ.શ્રી વિ. જયંતસેનસૂરીશ્વરજી મ.સા. મુનિરાજશ્રી વૈભવરત્ન વિજયજી મ.સા. "શબ્દોના શિખર" નામક વિશાલ ગ્રંથ પ્રકાશિત કરી રહ્યા છે, જાણી ખૂબ જ પ્રમોદ સહ પ્રસન્નતા થયેલ છે. જે ગ્રંથ વિદ્વાનોને સંશોધકો — સંપાદકોને ખૂબ જ ઉપયોગી થાશે એ નિઃશંક છે. મુનિરાજશ્રીની શ્રુતોપાસના - સાહિત્ય સેવા વિસ્તાર પામતી રહે એ જ શુભેચ્છાઓ પાઠવું છું.

આ. કલાપ્રભસાગરસૂરિ
(અચલગચ્છ)

## આ. યુગભૂષણસૂરીશ્વરજી મ.સા. (પંડીત મહારાજ)દ્વારા પત્ર

આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય જયંતસેન સૂરીશ્વરજી મ.સા.
પૂ.મુનિશ્રી વૈભવરત્ન વિજયજી મ.સા.

વંદના સુખશાતા પૃચ્છા જાણશોજી.

વર્તમાન જૈન શ્રી સંઘમાં ગ્રંથોના અનુવાદનું કામ પ્રચૂર પ્રમાણમાં જોવા મળે છે. જ્યારે વિષયવાર જૈન સાહિત્યનું વર્ગીકરણ કરવાનું કામ ખૂબ જ જવલ્લે થયેલ છે. પ.પૂ. શ્રીમદ્ વિજય રાજેન્દ્રસૂરીશ્વરજી મ.સા.એ કરેલ વિષયવાર સાહિત્યના પ્રથમ પ્રયાસનો અનુવાદ કરવા દ્વારા તમે સૌ શ્રુતની પરંપરાને વિકસાવો તે જ શુભાભિલાષા.....

## શ્રુતભક્તિ અને ગુરૂભક્તિનું નવલું નજરાણું

આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય જયંતસેન સૂરીશ્વરજી મ.સા.
પૂ.મુનિશ્રી વૈભવરત્ન વિજયજી મ.સા.

વંદના સુખશાતા પૃચ્છા જાણશોજી.

શ્રી અભિધાન રાજેન્દ્રકોશનો ગુજરાતી અનુવાદપ્રગટ થઈ રહ્યો છે.તે જાણી આનંદ થયો...ગુજરાતી ભાષીઓ માટે
આ મહાન્ અનુવાદ અમૂલ્ય ભેટ બની જશે.આ.ભ.શ્રી જયંતસેન સૂરીશ્વરજી મ.સા. શિષ્યરત્ન વિદ્વદ્વર્ય શ્રી વૈભવરત્ન વિ.મ.સા. નું... શ્રુતભક્તિ ને ગુરુભક્તિનું નવલું નજરાણું...જગત્માત્ર ને ઉપકારક બને...મુનિરાજશ્રી આવા અનેક ગ્રંથોના સર્જન સંશોધન અને અનુવાદ કરે. એ જ અપેક્ષા સાથે.

ગુરુલબ્ધિ વિક્રમ ચરણોપાસક
આ. યશોવર્મસૂરિ.

## પ.પૂ. આ. શ્રી કુલચન્દ્રસૂરીશ્વરજી મ.સા. દ્વારા પત્ર

આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય જયંતસેન સૂરીશ્વરજી મ.સા.
પૂ.મુનિશ્રી વૈભવરત્ન વિજયજી મ.સા.

વંદના સુખશાતા પૃચ્છા જાણશોજી.

પરિપત્ર તથા ૧લા ભાગની આંશિક પ્રેસ-કોપી જોવા મળી. તમારો પ્રયત્ન પરિશ્રમ-સાધ્ય છે. જેઓની પ્રાકૃત - સંસ્કૃતમાં ગતિ નથી તેઓને ખૂબ જ ઉપયોગી થાઓ. શ્રી અભિધાન રાજેન્દ્રકોષ ભાગ-૧નો અનુવાદ વર્તમાનકાળમાં ઘણો જ ઉપયોગી થશે. પૂ. મુનિ વૈભવરત્ન વિજયજીના સંયમ-સ્વાધ્યાયનો મને સારો પરિચય છે. અંતરથી અનુમોદના કરૂં છું.

## પ.પૂ. આચાર્ય યશોવિજયસૂરિ મ.સા દ્વારા પત્ર

આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય જયંતસેન સૂરીશ્વરજી મ.સા.
પૂ.મુનિશ્રી વૈભવરત્ન વિજયજી મ.સા.

વંદના સુખશાતા પૃચ્છા જાણશોજી.

અભિધાન રાજેન્દ્ર કોષના ગુજરાતી સંસ્કરણના અવસર પર મંગળ શુભકામના.

આ ગ્રન્થ બહુજન સમાજ સુધી પહોંચે અને તેમાં લખાયેલી વાતો દ્વારા જનચેતના લોકકલ્યાણા ભિમુખ બને એ જ કામના. પ.પૂ. આ. શ્રી જયંતસેનસૂરીશ્વરજી મ.સા.ની પ્રેરણાથી મુનિશ્રી વૈભવરત્નવિજયજીનો આ પ્રયત્ન ખૂબ જ ઉપયોગી બનશે. શ્રુતસેવાનું આ કાર્ય તેમના દ્વારા આગળ વધતું રહે એ જ અંતરના આશીર્વાદ પાઠવું છું. અત્યંત હર્ષની લાગણી અનુભવું છું.

## પૂ.આ. નિત્યોદયસાગરસૂરીશ્વરજી મ.સા. દ્વારા પત્ર

આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય જયંતસેન સૂરીશ્વરજી મ.સા.
પૂ.મુનિશ્રી વૈભવરત્ન વિજયજી મ.સા.

વંદના સુખશાતા પૃચ્છા જાણશોજી.

વિશેષ પ.પૂ. આચાર્ય ભગવંત શ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજ દ્વારા વર્ષો પૂર્વે અભિધાન રાજેન્દ્રકોષ ભાગ-૧ થી ૭ બનાવીને વિશ્વમાં શબ્દકોષોમાં અમર નામ કર્યું. જે કોષ આજે મળવો મુશ્કેલ બન્યો છે. ત્યાં આજે એક ભાઈ દ્વારા જાણવા મળ્યું કે આ ગ્રન્થનું ગુજરાતી અનુવાદ વિવેચન પ્રકાશિત કરવાનું - પ.પૂ. આ. શ્રી જયંતસેનસૂરીશ્વરજી મ.સા.ની પ્રેરણા અને આશીર્વાદથી પ.પૂ. મુનિરાજશ્રી વૈભવરત્નવિજયજી મ.સા.એ જે ભગીરથકામ ઉપાડેલ છે તે જાણી અતિઆનંદ અને અનુમોદના. શાસનદેવની સહાયથી જલદી પુરૂ થાય તેવા આશીર્વાદ.

## શાંતિદૂત વિજય નિત્યાનંદસૂરિ મ.સા. તરફથી પત્ર

राष्ट्रसंत सुविशालगच्छाधिपति प.पू.आ.श्री जयंतसेन सूरीश्वरजी म.सा. एवं सरस्वतीपुत्र, शब्दशिल्पी मुनिरत्न श्री वैभवरत्न विजयजी म.सा.

योग्य वंदना - अनुवंदना - सुखसाता।

जिनशासन को विरल-विमल-वंदनीय विभूति आचार्यदेव श्रीमद् विजय राजेन्द्र सूरीश्वरजी म.सा. द्वारा रचित "श्री अभिधान राजेन्द्र कोष" बहुमूल्य धरोहर है।

जन-जन के हितार्थ वर्तमान युग की माँग के अनुरुप उस महाग्रन्थ को गुजराती भाषा में शब्दार्थ अनुवादित करके महा भगीरथ कार्य कर दिखाया है। जिसकी जितनी अनुमोदना करी जाए उतनी ही कम है।

"शब्दोना शिखर" नाम से विश्व में प्रसिद्ध होने जा रहे इस महाग्रन्थ के प्रकाशन की सफलता हेतु हार्दिक शुभकामनाएँ।

## પ.પૂ.આચાર્ય ચંદ્રાનનસાગરસૂરિ મ.સા.પત્ર

પરમ શાસન પ્રભાવક ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રી
જયંતસેનસૂરીશ્વરજી મ.સા. આદિ
સાદર વંદના / સુખશાતા

આપશ્રીની પ્રેરણાથી પ્રકાશિત થઈ રહેલ "શબ્દોના શિખર" નામગ્રંથ દ્વારા સાહિત્યની દુનિયામાં તેના આરાધક સાહિત્યરસિક આત્માઓને શિખર ઉપર ચડવા માટે એક નઈ સીડી પ્રાપ્ત થશે.

જૈનજગતના તેજપુંજ પૂ. આચાર્ય ભગવંત શ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મ.સા. દ્વારા લેખીત રાજેન્દ્ર કોષ સાહિત્યની દુનીયાનો અપૂર્વ જ્ઞાન ખજાનો છે. તે ખજાનાને લોકભોગ્ય બનાવવા માટે મુનિવરશ્રી વૈભવરત્નવિજયજી મ.નો "શબ્દોના

શિખર" એક સરલ માર્ગ બતાવશે.

આપ સર્વે પૂજ્યો શાતામાં હશો. સર્વેને વંદન.

## આચાર્ય વિજય શ્રી મુનિચન્દ્રસૂરિ મ.સા. દ્વારા પત્ર

પૂ.આ.ભ.શ્રી જયન્તસેન સૂરીશ્વરજી મ.સા.ની સેવામાં –

આ. મુનિચન્દ્રસૂરીની વંદના.

આપ સર્વે શાતામાં હશો.

અભિધાન રાજેન્દ્ર કોશ – સંદર્ભો શોધવા માટેનું ઉત્તમ સાધન છે. મુનિશ્રી વૈભવરત્નવિ.મ. આદિના પ્રયત્નોથી એનો શબ્દાર્થ વિવેચન 'શબ્દોના શિખર' નામે પ્રસિધ્ધ થઈ રહ્યો છે જાણી આનંદ.

આ ગ્રંથ પણ ઘણો ઉપયોગી બનશે એવી આશા છે. શબ્દોના અર્થની સાથે તેનો મર્મ સમજાવવા જે ભાવાર્થ મૂકવામાં આવ્યો છે, તે આ ગ્રન્થની વિશેષતા છે. આગમના રત્નસમાન અનેક પદાર્થો શબ્દે-શબ્દે મૂકવામાં આવ્યા છે. આ ગ્રન્થ પ્રવચનકારો માટે પણ ઘણો જ ઉપયોગી બનશે.

## जैनसाहित्यक्षेत्रमें चिंतामणीरत्नसमान हैं - श्री अभिधान राजेन्द्रकोश

ॐ श्री पार्श्वनाथाय नमः

पूज्य श्रीजी ! आपश्री वंदना सुखशाता !

आप श्री जी ने संदेश / शुभकामना पत्र व लिए याद किया तदर्थ धन्यवाद ! हा, जो संदेश लिखना चाहता हूं वह तो बाद में ही लिख पाउंगा । अभी तो इतना ही लिखना चाहता हूं

एक अत्यंत उपयोगी कार्य को प्रारंभ करते और उस कार्य को इतने सुंदर मुद्रण कार्य तक पहुंचाने के लिए आपको एवं आपके सहयोगियों को हृदय से साधुवाद, साधुवाद, साधुवाद!

अभिधान राजेन्द्र कोष जैन साहित्य की अप्रतिम धरोहर है । जैन साहित्य के क्षेत्र में यह अलौकिक तेजः संपन्न दिव्य चिंतामणी रत्न है । मूल सूत्र से तैयार करने के लिए पूज्यों की श्रुतभक्ति और श्रुताराधना की तो भूरि-भूरि अनुमोदना के साथ-साथ उस कार्य को बहुत ही ज्यादा उपयोगी बनाया है गुजराजी अनुवाद करके सभी भागों का इसी रीति से शीघ्रातिशीघ्र अनुवाद छपवाएं ऐसी आपसे अपेक्षा रखता हूँ।

द. आ. धर्मधुरंधरसूरि

(पू. वल्लभसूरि समुदाय के)

## આચાર્ય શિવમુનિ દ્વારા મંગલ સંદેશ

अभिधान राजेन्द्र कोष के नवीन संस्करण के पश्चात 'शब्दों के शिखर पर' नामक गुजराती अनुवाद ग्रंथ प्रकाशित होने जा रहा है । यह जानकर हार्दिक प्रसन्नता हुई । इसका हिन्दी और अंग्रेजी अनुवाद भी अतिशीघ्र प्रकाशित हो रहा है । जिनशासन की प्रभावना का यह महत्त्वपूर्ण कार्य आचार्य श्रीमद् विजय जयन्तसेन सूरीश्वजी म.सा. की प्रेरणा एवं आशीष से मुनि श्री वैभवरत्न विजयजी महाराज अपने पुरुषार्थ से इसे लोकभाषा में उपलब्ध करवा रहे है, एतदर्थ हार्दिक साधुवाद ।

आत्मज्ञान से केवलज्ञान तक पहुँचने में श्रुतज्ञान का महत्त्वपूर्ण स्थान हैं । यह द्रव्यश्रुत का निमित्त बनें । जन जन के अज्ञान तिमिर को हटाकर सत्य का प्रकाश फैलानें में सहायक बनें । विश्व में जैन धर्म पर शोध करनेवाले शोधार्थीयों के लिए अत्यंत सहयोगी हो, यही हार्दिक मंगल कामना ।

## પ.પૂ. પંન્યાસ ચન્દ્રજિતવિજયજી મ.સા. દ્વારા પત્ર

અભિધાન રાજેન્દ્ર : જૈન દર્શનનો વિશ્વકોષ

જિનશાસન વિશ્વશાસન છે. પ્રભુ મહાવીરદેવ વર્તમાન જિનશાસનના પ્રાયોજક છે. શાસનના સંચાલન માટે પ્રભુએ શ્રમણપ્રધાન જૈનસંઘની સ્થાપના કરી ઉજ્વલ શ્રમણ પરંપરાના જાજરમાન ઈતિહાસમાં પૂજ્યપાદ રાજેન્દ્ર સુરીશ્વરજી મ.સા.નું નામ છેલ્લી સદીના તેજસ્વી તારલા જેવું જ્વલંત છે.

"અભિધાન રાજેન્દ્ર કોષ" વસ્તુતઃ કેવલ શબ્દોના અર્થ સુધી જ સીમિત રહેનાર ગ્રંથ નથી બલ્કે શબ્દના સંદર્ભોને પણ ટાંકવાનો પ્રયાસ થયો છે. આ શબ્દકોષ ઘણાં ગ્રંથોની ગરજ સારે તેવો છે. તેંસઠ વર્ષની પ્રૌઢ ઉંમરે આ ગ્રંથની રચના પૂજ્યપાદશ્રી એ કરી છે. તે પણ કમાલ છે ને !!!

આ જ ગ્રંથના સંસ્કૃત પ્રાકૃત અંશોનું ગુજરાતી અનુવાદન મુનિશ્રી વૈભવરત્ન વિજયજીએ કરીને સર્વજનહિતના કાર્યને વેગ આપ્યો છે. મુનિશ્રી વૈભવરત્ન વિજયને તેમના ગ્રહસ્થ પણાથી જાણું છું. તેમણે મારા ગુરુદેવ પૂજ્યપાદ પંન્યાસ પ્રવર શ્રીમદ્ ચન્દ્રશેખર વિજયજી મ.સા.ના ખુબ પડખા સેવ્યા છે. તેઓશ્રીના આશીર્વાદ પણ પામ્યા છે.

"શબ્દોના શિખર"ના લેખન દ્વારા મુનિશ્રીએ તેમની સૂક્ષ્મ પ્રગલ્ભ પ્રતિભાની પ્રતિતી કરાવી છે.

અંતમાં આવા પરાર્થના સ્વાધ્યાય દ્વારા તેમના સત્પ્રયાસને હૃદયથી વન્દન કરું છું. આ જ રીતે શ્રી સંઘની ઉત્તરોત્તર સેવા કરવાનું બળ પ્રભુ તેમને બક્ષે તે જ શુભેચ્છા.

## યુગદિવાકર પૂ. નમ્રમુનિ મ.સા. દ્વારા પત્ર

આચાર્યદેવેશ શ્રીમદ્દ્ વિજય જયંતસેન સૂરીશ્વરજી મ.સા.
પૂ.મુનિશ્રી વૈભવરત્ન વિજયજી મ.સા.

વંદના સુખશાતા પૃચ્છા જાણશોજી.

જિનશાસનની અદ્દ્ભૂત સેવા કરનારા 'અભિધાન રાજેન્દ્ર કોશ'ના પ્રણેતા શ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી પ્રત્યે જેટલો અહોભાવ અનુભવાય તે અલ્પ જ હશે. જ્યારે જ્યારે "અભિધાન રાજેન્દ્ર કોશ" માંથી ગુઢાર્થો જાણવા મળ્યા છે ત્યારે ત્યારે તેનું ગુજરાતી-હિન્દી સંકલન થાય તેવું સ્વપ્ન જોતો હતો.

મુનિ શ્રી વૈભવરત્ન વિજયજી દ્વારા મેરૂસમ ઉત્તુંગકાર્યમાં જીવનક્ષણોને પાવન કરી રહ્યા છો તે જાણી પરમ આનંદ અનુભવાય. સંપૂર્ણ 'અભિધાન રાજેન્દ્ર કોશ' નું ગુજરાતી થાય એવી મનોભાવના વ્યક્ત કરું છું.

આપના આ શ્રેષ્ઠ પુરુષાર્થની અભિવંદના કરતા શુભેચ્છા અર્પણ કરી શ્રૃતપુજનરૂપ ભાવોની અનુમોદના કરું છું...

## પ.પૂ. પંન્યાસ રવિશેખર વિજય મ.સા. દ્વારા પત્ર

ગઈ કાલે આપનો પત્ર મળ્યો. સમાચાર જાણ્યા. આપશ્રી દ્વારા "શબ્દોના શિખર" નામનો ગ્રન્થ પ્રસિદ્ધ થનાર છે, તે પ્રસંગે અમારા તરફથી હાર્દિક શુભકામના.

પૂજ્ય આચાર્ય દેવ શ્રી રાજેન્દ્ર સૂરીશ્વરજી મ.સા. દ્વારા રચિત શ્રી અભિધાન રાજેન્દ્રકોષ ગ્રન્થ જિન શાસનની એક અમૂલ્ય ધરોહર છે.

આપનો પ્રયાસ સફળ બને એવી અભિલાષા !

રાષ્ટ્રસંત પ.પૂ. આ. શ્રી જયંતસેનસૂરીશ્વરજી મ.સા.ના ચરણોમાં અમારી વંદના પ્રેષિત કરશોજી.

## ગુજરાતના શિક્ષણમંત્રી શ્રી રમણલાલ વોરાનો શુભસંદેશ

પૂજ્ય રાષ્ટ્રસંત આચાર્યદેવેશ શ્રીમદ્દ્ વિજય જયંતસેન સૂરીશ્વરજી મ.સા.ની પ્રેરણા અને આશીર્વાદથી તેમના પરમ શિષ્યરત્ન, લેખક, મુનિરાજ શ્રી વૈભવરત્નવિજયજી મ.સા.ના પ્રયત્નોથી શ્રી અભિધાન રાજેન્દ્ર કોષનો ગુજરાતી અનુવાદ કરીને ૬૦૦ પાનાનો ગ્રંથ શબ્દોના શિખર નામથી પ્રસિદ્ધ થનાર છે તે જાણી ધન્યતાની લાગણી અનુભવું છું.

સંસ્કૃત અને પ્રાકૃત ભાષામાં લખાયેલ મહાન ગ્રંથ શ્રી અભિધાન રાજેન્દ્ર કોષ ગુરુભક્તો સરળતાથી સમજી વાંચી શકે તેવા શુભ આશયથી તૈયાર કરવામાં આવેલ આ ગુજરાતી ગ્રંથ જનમાનસના હૃદય મન સુધી ચોક્કસ પહોંચશે એવી શ્રદ્ધા સાથે હાર્દિક શુભકામનાઓ પાઠવું છું.

દ. રમણલાલ વોરા

## ગ્રંથના પ્રગટીકરણ પ્રસંગે હાર્દિક શુભેચ્છા

મુનિરાજ શ્રી વૈભવરત્ન વિજયજી મહારાજ સાહેબ દ્વારા **"શબ્દોના શિખર"** નામથી **શ્રી અભિધાન રાજેન્દ્રકોષનો** ગુજરાતી અનુવાદ પ્રસિદ્ધ કરવામાં આવનાર છે તે જાણી આનંદ થયો. મૂળ સંસ્કૃત અને પ્રાકૃતભાષામાં લખાયેલ આ ગ્રંથનો ગુજરાતી અનુવાદ આમ જનતાને જ્ઞાન પ્રાપ્ત કરવા ઘણો ઉપયોગી થશે. આવા ગ્રંથની રચના બદલ આદરણીય મુનિશ્રીને અભિનંદન આપું છું અને ગ્રંથના પ્રગટીકરણ પ્રસંગે મારી હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું.

ગુજરાતના મંત્રી
ફકીરભાઈ વાઘેલા

## ગુજરાતના મંત્રી દિલીપ સંઘાણી દ્વારા મંગલ સંદેશ

ગચ્છાધિપતિ પ.પૂ. રાષ્ટ્રસંત આચાર્યદેવેશ **શ્રીમદ્દ્ વિજય જયન્તસેન સૂરીશ્વરજી મ.સા.**ની પાવન નિશ્રામાં તત્કાલિન મહામહિમ રાષ્ટ્રપતિ શ્રી અબ્દુલ કલામના હસ્તકમલથી સ્થાપિત થયેલ **"શ્રી અભિધાન રાજેન્દ્ર કોષ"** કે જેની ૧૯૮૩માં રી-પ્રીન્ટ કરાવી ૩૦૦૦ નકલો છપાવેલ હતી.

આ ગ્રંથ આચાર્યદેવેશ **શ્રીમદ્દ્ વિજય જયન્તસેન**

**સૂરીશ્વરજી મ.સા.**ના પરમ શિષ્યરત્ન, લેખક, **મુનિરાજશ્રી વૈભવરત્નવિજયજી મ.સા.** દ્વારા ઈન્ટરનેટ પર મૂકવામાં આવેલ.

આ મહાન ગ્રંથ જન-જન સુધી પહોંચે અને ગુરૂભક્તો તેને સરળતાથી સમજી-વાંચી શકે તે હેતુથી સંસ્કૃત અને પ્રાકૃતમાં તેમજ ગુજરાતી શબ્દાર્થ અનુવાદ સાથે "શબ્દોના શિખર" નામથી પ્રકાશિત થવા જઈ રહેલ છે, તે જાણી ખૂબ આનંદ થયો.

***મુનિરાજશ્રી વૈભવરત્નવિજયજી મ.સા.***ને તેઓના આ ઉમદા કાર્ય માટે હાર્દિક શુભેચ્છા અને આયોજકોને મારા હાર્દિક અભિનંદન પાઠવું છું.

## ગુજરાતના મંત્રી સૌરભ પટેલ દ્વારા શુભકામના પત્ર

પૂજ્ય રાષ્ટ્રસંત આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય જયન્તસેન સૂરીશ્વરજી મ.સા.ની પ્રેરણા અને આશીર્વાદથી તેમના પરમ શિષ્યરત્ન, લેખક, મુનિરાજ શ્રી વૈભવરત્નવિજયજી મ.સા.ના પ્રયત્નોથી આ મહાન ગ્રંથ જન જન સુધી પહોંચે અને ગુરૂ ભક્તો તેને સરળતાથી સમજી-વાંચી શકે તે માટે તેનો ગુજરાતી શબ્દાર્થ પ્રસિધ્ધ કરેલ છે. આ પ્રશંસનીય કાર્યને બિરદાવતા અત્યંત ગૌરવ અને આનંદની લાગણી અનુભવું છું. તેમજ આ ગ્રંથની વધુ પ્રસિધ્ધિ માટે મારી હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું.

## ગુજરાતના મંત્રીમહોદયશ્રી પરબતભાઈ પટેલ દ્વારા શુભકામના પત્ર

પૂજ્ય રાષ્ટ્ર સંત આચાર્યદેવેશ શ્રીમદ્ જયન્તસેન સૂરીશ્વરજી મ.સા. ની પ્રેરણા અને આર્શીવાદ સાથે તથા મુનિરાજ શ્રી વૈભવરત્નવિજયજી મ.સા. ના પ્રયત્નોથી મહાન ગ્રંથ "શ્રી અભિધાન રાજેન્દ્ર કોષ" ને જન-જન સુધી સરળતાથી સમજી-વાંચી શકે તે માટે સંસ્કૃત અને પ્રાકૃતમાં લખાયેલ આ ગ્રંથનું ગુજરાતી શબ્દાર્થ અનુવાદ કરી 'શબ્દોના શિખર' નામથી ગ્રંથ પ્રસિધ્ધ થઈ રહેલ છે જે જાણી ઘણો જ આનંદ થયો. લોક કલ્યાણનું આ કાર્યપ્રશંસનીય છે.

ઓગણીસમી સદીમાં પરમ પૂજ્ય ગુરૂદેવશ્રી એ જેનું આલેખ કર્યુ છે તેવા આ વિશ્વકોષ 'શ્રી અભિધાન રાજેન્દ્ર કોર્ષ' ને ઈન્ટરનેટ ઉપર પણ મૂકવામાં આવેલ છે. જે જાણી ઘણો આનંદ થયો.

ગુજરાતી અનુવાદમાં "શબ્દોના શિખર" નામથી પ્રસિધ્ધથનાર આ ગ્રંથ પ્રાણી માત્રના કલ્યાણ માટે ઉપયોગી બની રહે તેવી શુભકામના પાઠવું છું.

## આ ગ્રંથ અનેકોને પથદર્શક બનશે

"ધર્મ" શબ્દનો અર્થ સમજવો જરૂરનો છે, આર્યાવૃતની સંસ્કૃતિની વિશિષ્ટતા એ છે કે તેનો "ધર્મ"માં સમાવેશ થાય છે.

ધર્મ તત્ત્વ એ વ્યક્તિજીવન અને સમાજજીવનનો પાયો છે. ધર્મ એ સમાજનું નિયામક તત્ત્વ છે. તેનું તારત્મ્ય સમજાવવા આચાર્ય ભગવંતો એ અનેક કોષો રચીને પથદર્શક બન્યા છે તેવા એક કોષ "શબ્દોના શિખર" ને સરળ અને સામાન્ય જન સહજતાથી સમજી શકે તે માટે પૂ. મુનિરાજ શ્રી વૈભવ રત્ન વિજયજી મ.સાહેબે ગુજરાતી શબ્દાર્થ અનુવાદ કરીને ધર્મક્ષેત્રે એક વધુ પ્રશંસનીય કાર્ય કરીને તેમણે દીક્ષા પથને દેદિપ્યમાન બનાવ્યો છે. તે માટે તેમને શત શત વંદન સહ આદર સાથે આવકારૂ છું.

દોલત ભટ્ટ - ગાંધીનગર
(ગોલ્ડમેડાલિસ્ટ – એવૉર્ડ-વિનર,
ધરતીનો ધબકાર ગુજરાત સમાચાર)

## ગુજરાત વિધાનસભાના નેતા શક્તિસિંહ ગોહિલનો શુભેચ્છા પત્ર

વિશ્વનું સંપૂર્ણ સંચાલન તથા ટેકનોલોજી તથા વિશ્વનો વ્યવહાર અને આધુનિક પદ્ધતિઓની આધારશિલા બુદ્ધિમત્તા છે. 'શ્રી અભિધાન રાજેન્દ્ર કોષ' જેવા મહાન ગ્રંથનું આલેખન દાદા ગુરુદેવ શ્રીમદ્ વિજય રાજેન્દ્રસૂરીશ્વરજી મ.સા. દ્વારા ૧૯મી સદીમાં કરવામાં આવ્યું હતું. આ મહાન ગ્રંથના નિર્માતા શ્રીમદ્ વિજય રાજેન્દ્રસૂરીશ્વરજી મ.સા. જૈન જગતના જ નહીં પણ પ્રાણીમાત્રના કલ્યાણ માટે દેહ ધારણ કરી ઉપકારી સિદ્ધ થયા. તેઓશ્રીએ ૬૩ વર્ષની ઉંમરે આ વિશ્વકોષની રચના કરી હતી. આ વિશ્વકોષને સાત ભાગોમાં વિભક્ત કરવામાં આવેલ છે. જેના પાનાની સંખ્યા ૧૦,૫૬૦ અને શ્લોકોની સંખ્યા ૪,૫૦,૦૦૦ છે. પ.પૂ. રાષ્ટ્રસંત આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય જયન્તસેન સૂરીશ્વરજી મ.સા.ની પાવન નિશ્રામાં તત્કાલીન

રાષ્ટ્રપતિ ડૉ. અબ્દુલ કલામના હસ્તે દેશના સંસદ ભવનમાં 'શ્રી અભિધાન રાજેન્દ્ર કોષ'ની સ્થાપના કરવામાં આવી હતી, જે પ્રશંસનીય છે.

પ.પૂ. રાષ્ટ્રસંત આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય જયન્તસેન સૂરીશ્વરજી મ.સા.ની પ્રેરણા અને આશીર્વાદથી તેમના પરમ શિષ્યરત્ન અને લેખક મુનિરાજ શ્રી વૈભવરત્નવિજયજી મ.સા.ના પ્રયત્નોથી આ મહાન ગ્રંથને પાંચ વર્ષ અગાઉ ઈન્ટરનેટ પર મૂકવામાં આવ્યો હતો. સંસ્કૃત અને પ્રાકૃત ભાષામાં લખાયેલ આ મહાન ગ્રંથ જન-જન સુધી પહોંચે અને ગુરુભક્તો તેને સરળતાથી વાંચી અને સમજી શકે તે માટે તેનો ગુજરાતી શબ્દાર્થ અનુવાદ કરવામાં આવ્યો છે. આ ૬૦૦ પાનાનો દળદાર ગ્રંથ "શબ્દોના શિખર" નામથી પ્રસિદ્ધ થનાર છે, તે જાણી વિશેષ આનંદની લાગણી અનુભવું છું.

ગુજરાતી ભાષામાં "શબ્દોના શિખર" નામથી પ્રસિદ્ધ થનાર આ મહાન ગ્રંથને મારી હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું.

## જૈનદર્શનનો મહાનગ્રંથ : "શ્રી અભિધાન રાજેન્દ્ર કોશ"

"પાઈઅસદ્દમહણ્ણવો" - પ્રાકૃત ભાષાના શબ્દોનો મહાસાગર નામનો આ એક અનુપમ અને અતિશય અદ્ભૂત જૈનદર્શનનો મહાન ગ્રંથ છે. પ્રાકૃત ભાષાના એક એક શબ્દની સંસ્કૃત છાયા તથા ગુજરાતી ભાષામાં જેટલા અર્થો સંભવી શકતા હોય તે બધાનો સંગ્રહ છે. આ ગ્રન્થ સાત ભાગમાં છપાયેલ છે પરંતુ હાલ અપ્રાપ્ય હોવાથી તેની ફરીથી આ બીજી આવૃત્તિ છપાયેલ છે. પ્રાકૃત ભાષામાં વપરાતા શબ્દોનો ગુજરાતી ભાષામાં જેટલા અર્થો સંભવી શકે તેટલા અર્થો લખીને આ સાગરસમાન મહાકોષ બનાવેલ છે. ઘણા અનિયમિત શબ્દોના અર્થો પણ લખવામાં આવ્યા છે.

પરમ પૂજ્ય ૧૦૦૮ આચાર્ય દેવેશશ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબે ઘણી જ અથાગ મહેનત કરીને પોતાના વિશ્રામ અનુભવના આધારે આ શબ્દકોશ બનાવ્યો છે. આ શબ્દકોશ જે વાંચશે અને ધારી ધારીને જોશે તેને જ સમજાશે કે તે આચાર્યશ્રીમાં કેટલી મહાન જ્ઞાનગરિમા હતી, આનું પ્રકાશન પૂર્વ ૧ થી ૭ ભાગમાં થયેલ છે, આ ગ્રન્થ અતિશય ઉપયોગી અને આવશ્યક છે. જૈન સંઘમાં આવા ગ્રન્થોનો અભ્યાસ વારંવાર થાય તે હેતુથી પૂજ્ય વૈભવ રત્નવિજયજી મહારાજશ્રીએ આ ગ્રન્થનું અનુવાદ કરી પુનઃપ્રકાશિત કરવાનો જે વિચાર અને પ્રયત્ન કર્યો છે તે ઘણો જ અનુમોદનીય અને સ્તુત્ય છે. આ ગ્રન્થ સાત ભાગમાં હોવાથી ઘણો લાંબો છે. છતાં ગુરુ મહારાજશ્રી જયંતસેન સૂરીશ્વરજી મહારાજશ્રીની શુભપ્રેરણા અને શુભ આશીર્વાદના બળે જે શરૂ કરવામાં આવ્યું છે તે નિર્વિઘ્ને અવશ્ય પૂર્ણ થશે જ અને આવા ગ્રન્થોથી જૈન દર્શનના અભ્યાસી જીવોને ખાસ સહાયકતા મળી રહેશે તથા જૈન શાસનનું નામ ઉજવળ અને વધારે કીર્તિમાન બનશે. આ ગ્રન્થ છપાવનાર, ભણનાર અને ભણાવનાર એમ દરેકનું કલ્યાણ કરનારો છે. આ મહાન ગ્રન્થના ગુજરાતી વિવેચનની ઘણી તાતી જરૂરત હતી. વર્તમાનકાળમાં ગુજરાતી ભાષામાં લખાયેલું સાહિત્ય સરળતાથી સમજી શકાય છે. મુનિશ્રી વૈભવરત્ન વિ. મ.સા.ના આ શ્રુતપુરુષાર્થની અંતરથી અનુમોદના કરું છું અને વધારે કલ્યાણ કરનાર બનજો એવી અંતરની અભિલાષા સાથે –

વિક્રમ સંવત ૨૦૬૮ પોષ સુદ-૨

લિ. ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા

## આનાથી મોટો ચમત્કાર બીજો કયો હોઈ શકે ?

કારતક વદ આઠમ ૨૦૬૮

જૈનશાસનની સ્થાપના થયે પચ્ચીસો ઉપરાંત વર્ષો વહી ગયા છે. કોઈક પ્રચંડ પુણ્યના યોગે પ્રભુ દ્વારા અપાયેલો જ્ઞાનનો વારસો આટલા સમય પછી પણ આપણી પાસે વિદ્યમાન રહ્યો છે. આનાથી મોટો ચમત્કાર બીજો કયો હોઈ શકે ?

કુદરતી આપત્તિઓ આવી શત્રુઓના આક્રમણો આવ્યા રાજસત્તાના પ્રકોપો આવ્યા છતાંય આ સંપત્તિને આપણા સુધી આવતાં કોઈ અટકાવી શક્યું નથી એટલે જ પ્રભુના સ્વમુખે બોલાયેલા શબ્દો આજે પણ આપણી પાસે આગમ સ્વરૂપે વિદ્યમાન છે કેટલાય મહાપુરુષોએ એ આગમોને આપણા સુધી પહોંચાડવા પ્રયત્નો કર્યા હશે. પોતાની બધીયે શક્તિ એ વસ્તુ આપણા સુધી પહોંચાડવા ખર્ચી નાખી હશે એ મહાપુરુષોના ઉપકારોને યાદ કરતાં આપણો આત્મા અહોભાવથી ગદ્ગદિત થયા વિના રહેશે નહી આવા જ એક મહાપુરુષ નજર સામે ઉપસ્થિત થાય છે. એ છે પ્રાતઃ સ્મરણીય શ્રીમદ્ વિજય રાજેન્દ્રસૂરીશ્વરજી મ.સા જેમની સંયમ-સાધના અદ્ભૂત હતી સાથે-સાથે જ્ઞાનસાધના પણ અજોડ હતી. સાચો વૈરાગી આત્મા જ એ મહાપુરુષને સાચી રીતે ઓળખી શકશે. મારા હાથમાં

જ્યારે રાજેન્દ્રકોષ આવ્યો ત્યારે એ પુસ્તકના નિર્માણ પાછળની એમની મહેનતને હું વિચારી પણ શકતો નથી પોતાની જીંદગીના ચૌદમાં વરસે સુરતમાં રહીને માત્ર આગમોનું આલંબન લઈને આ ગ્રન્થનું સર્જન કર્યું છે. અકારાદિ ક્રમથી જે-જે શબ્દો જૈન પરિભાષાના હતા તે-તે શબ્દો વિશે જુદાં-જુદાં આગમોમાં ક્યાં-ક્યાં શાસ્ત્રપાઠો છે. તેનો સંગ્રહ આ શ્રી રાજેન્દ્રકોષમાં કરવામાં આવ્યો છે. દા.ત સમ્યગ્દર્શન વગેરે આત્માને સ્પર્શતા શબ્દોની જેટલી વ્યાખ્યા આગમોમાં પ્રાપ્ત થાય છે. એનો સંગ્રહ આ રાજેન્દ્ર-કોષમાં કરવામાં આવ્યો છે હું જ્યારે મારા અભ્યાસકાળમાં હતો ત્યારે કોઈક શાસ્ત્રીય શબ્દ બાબતમાં જિજ્ઞાસા થતી હતી ત્યારે મહાપુરુષો પાસે જતો હતો ત્યારે શ્વેતામ્બર સંપ્રદાયના એ મહાપુરુષો રાજેન્દ્રકોષનો સહારો લઈને મારી જિજ્ઞાસાઓનુ સમાધાન કરતાં હતા. આથી જ મારા હૃદયમાં એ ગ્રન્થનો સહારો લઈને બોધ પ્રાપ્ત કરતો હતો જ્ઞાની પુરુષો જ આવા સાહિત્યનું મૂલ્ય સમજી શકશે.

વર્તમાનમાં પરમપૂજ્ય રાષ્ટ્રસંત શ્રી જયંતસેનસૂરીશ્વરજી મ.સા. જૈન તત્ત્વજ્ઞાન પ્રત્યે સદ્ભૂતરુચિ ધરાવે છે. એમનું બાહ્યજીવન જોવાથી કદાચ ખબર ન પડે પરંતુ અભ્યંતર જીવન જોતા જણાય છે કે ખરેખર તેવો જ્ઞાનની રુચિવાળા છે. આવા મહાપુરુષના આર્શીવાદથી પૂજ્ય વૈભવરત્નવિજયજી મ.સા. એ આ ગ્રન્થના અનુવાદમાં બહુમુલ્ય ફાળો આપેલ છે.

આ ગ્રન્થના પહેલા ભાગની ગુજરાતી આવૃત્તિ આજે પ્રસિદ્ધ થઈ રહી છે તે ઘણી જ આનંદની વાત છે જ્યારે સંસ્કૃતનો અભ્યાસ દિવસે-દિવસે ઓછો થતો જાય છે ત્યારે આવા પુસ્તકો વાચકોને જરૂરથી જિજ્ઞાસાઓના સમાધાન આપનારા થશે. આર્શીવાદદાતા તથા અનુવાદકને પરમાત્મા તરફથી એવી શુભેચ્છા પ્રાપ્ત થાય જેથી એમનો મોક્ષમાર્ગ નજીક આવે.

- પંડીતવર્ય જગદીશભાઈ સુરત

## ગુજરાતી ભાષાને સમૃદ્ધ કરવામાં મૂલ્યવાન ફાળો છે

તા. ૬-૧-૨૦૧૧

સ્નેહી ભાઈશ્રી,

આપનો પત્ર મળ્યો. મુનિરાજશ્રી વૈભવરત્નવિજયજી મ.સા.ના સંનિષ્ઠ પ્રયત્નો અને પૂ. રાષ્ટ્રસંત આચાર્ય દેવેશ શ્રીમદ્ વિજય જયન્તસેન સૂરિશ્વરજી મ.સા.ની પ્રેરણા અને આશીર્વાદથી **'શ્રી અભિધાન રાજેન્દ્ર કોશ'** ગુજરાતી શબ્દાર્થ અનુવાદ સહિત ૬૦૦ પાનમાં **'શબ્દોના શિખર'** નામે પ્રગટ કરી રહ્યા છો તે જાણીને હું આનંદની લાગણી અનુભવું છું.

દસમી સદીથી માંડીને આજ સુધી શ્રી હેમચંદ્રાચાર્યજીથી માંડીને આજપર્યંત જૈન તપસ્વી મહારાજ સાહેબોએ ગુજરાતી ભાષાને સમૃદ્ધ કરવામાં મૂલ્યવાન ફાળો આપ્યો છે. અનેક ચિરંજીવ ગ્રંથો માતા સરસ્વતીના ચરણોમાં આપણે કર્યા છે, એ નોંધપાત્ર ઘટના છે. ગુરુદેવ શ્રીમદ્ વિજય રાજેન્દ્રસૂરિશ્વરજી મ.સાહેબે ૧૯મી સદીમાં ત્રેસઠ વર્ષની ઉંમરે ૪,૫૦,૦૦૦ શ્લોક, ૧૦,૫૬૦ પાન અને સાત ભાગમાં વહેંચાયેલ **'શ્રી અભિધાન રાજેન્દ્ર કોશ'**ની સાહિત્ય જગતને ભેટ આપી એ ગોંડલના મહારાજા શ્રી ભાગવતસિંહજીએ આપેલ **'ભગવદ્ગોમંડલ'** પછીની યાદગાર અને અનુપમ ઘટના છે. અવિષ્મરણીય છે. આ મહામૂલો ગ્રંથ આપ ગુજરાતી સંશોધકો, વાચકો અને જૈન જગત સુધી ગુજરાતી ભાષામાં સંપડાવી રહ્યા છો ત્યારે હું હૃદયપૂર્વકની શુભકામનાઓ પાઠવું છું અને ગ્રંથકાર્યના પ્રકાશનની સફળતા ઈચ્છું છું. સંપાદક અને પ્રકાશકને ધન્યાદ આપું છું.

આપનો સ્નેહાધિન,
(જોરાવરસિંહ જાદવ)

## ज्ञान का महासागर हैं श्री अभिधान राजेन्द्र कोश

**प.पू. राष्ट्रसंत आ. श्री जयंतसेनसूरिश्वरजी एवं पू. मुनिराज श्री वैभवरत्नविजयजी महाराज की सेवा में वन्दन**

साहित्य के मूल्य शाश्वत हैं। ये मानव में अभिव्यक्ति, ज्ञान तथा चिन्तन घनी भूत करते हैं। व्यक्ति की ऊंचाई ईनसे बढती है। शब्द उनका सम्बल है। शब्दों से ही सूत्र प्राप्त होता है। जो संस्कृति या भाषा शब्दों में दरिद्र है, वह कभी प्रथम पंक्ति पर स्थान प्राप्त नहीं कर सकती। गुरुदेव जैनाचार्य श्रीमद् विजय राजेन्द्रसूरीश्वरजी महाराज ने शब्दों को स्पष्ट करने के लिये तथा उसमें भाषा, व्याकरण एवं बोली के आयाम निष्कर्शित करने के उदेश्य से ही अभिधान राजेन्द्र कोष की रचना जैसे महत्तर कार्य को पूर्ण किया। पूरे विश्व के विद्वानों ने प्राकृत भाषा की इसे ऐसी कुंजी माना जिसने कई रहस्यों को अनावृत्त किया है। उनके कोषकार्य के सात खण्डों में शोध के असंख्य विषय है। जो इसे महासागर मानकर गोले लगाता है, वही प्राप्त करता है। प्रसन्नता है कि मुनिराज श्री वैभवरत्न

विजयजी महाराज इस दिशा में कार्यरत् हैं। वे जो कुछ भी प्राप्त करेंगे, वह समाज / संस्कृति के लिये अमूल्य धरोहर होगी।

मेरी ओर से हार्दिक शुभकामनाएं अर्पित हैं।

**शांतिलाल रामानी**

राष्ट्रीय अध्यक्ष

अ.भा.श्री राजेन्द्र जैन नवयुवक परिषद

## अद्वितीय, अनमोल अनूठी कृति हैं श्री अभिधान राजेन्द्र कोश

शब्द ब्रह्म है। उसमें स्फोट शक्ति है। वह ध्वनि स्फुरित करता है तथा आध्यात्म की योग साधना उसे नाद तक पहुंचती है। जिसमें नाद की अनुभूति धनीभूत हो जाती है, वह सार्थक जीवन की ओर उर्ध्वगमन की तैयारी करता है। इन्ही शब्दों की अर्थ, भावार्थ, निर्युक्ति, दृष्टान्तो एवं रहस्यों की छैनियों से तराशने का सुकार्य योगीराज प्रबल प्रतापी गुरुदेव जैनाचार्य श्रीमद् विजय राजेन्द्रसूरीश्वरजी महाराज ने कुशलतापूर्वक तपोमय प्रयासों के साथ किया। उनकी यही अनमोल, अनूठी, अद्वितीय देन अभिधान राजेन्द्र कोष के रुप में विश्व विद्या तथा वाड्मय के मंच पर अद्भूत हुई। उनने जो कुछ किया वह संस्कृति एवं संस्कृत के लिये चमत्कार था। प्राकृत अर्थ मानधी तीर्थकर श्री महावीर स्वामी के युग में संस्कृत की लोकभाषा भी, इसकी सर्व व्यापकता की दृष्टिगत कर तीर्थंकरदेव ने इसी को अपनी वाणी व लेखन का माध्यम बनाया। इसी लोकभाषा के शब्दों में गुरुदेवश्री ने सर्वांगीण आयाम देकर प्राण फूंकने में सफलता पाई। पूज्य गच्छाधिपति राष्ट्रसंत जैनाचार्य श्रीमद् विजय जयन्तसेनविजयजी महाराज के सुशिष्य आध्यात्मस्वी मुनिराज श्री वैभवरत्नविजयजी महाराज इस शब्दकोष को विश्लेषण के द्वारा विविध खण्डों में वर्गीकृत कर विश्व के ज्ञानपुंज से जोडने का प्रशंसनीय प्रयत्न कर रहे हैं। यह साहस, परिश्रम तथा ज्ञान साधना का कार्य है। इस हेतु हार्दिक सविनय साधुवाद समर्पण एवं सफलता की कामना की हार्दिक इच्छा। आपका यह प्रयास शब्दों के नाद को विश्व के कौने कौने तक पहुंचाये, ऐसी मंगलेच्छा।

– सूरेन्द्रजी लोढा (शाश्वतधर्म)

## મનોહરલાલ પુરાણિક (કુક્ષિ) દ્વારા શુભકામના પત્ર

प.पू. विश्ववंद्य, त्रिस्तुतिक सिद्धान्त के पुनरोद्वारक प्रकट प्रभावी, प्रखर विद्वान

दादा गुरुदेव श्री मद्विजयराजेन्द्रसूरीश्वरजी म.सा. का जिन शासन को १४ वर्षों के परिश्रम से दिया गया शास्वत अवदान

"श्री अभिधान राजेन्द्र"। प्राकृत शब्दकोष। जिसका अध्ययन / अवगहन दुरुह।

दादा गुरुदेव की प्रतिमाओं की संख्या को तीन सौ की संख्या का स्पर्श करवाते, उनकी महीमा का प्रसार, प्रचार, मण्डन करवाते अपने गुरु अखूट पुण्य भण्डारी, अवतारी श्रीमद् विजयजयन्तसेनसूरीश्वरजी म.सा. के आशीर्वाद से "अभिधानराजेन्द्र" में प्रकट हुई अपनी सुचि की अभिव्यक्ति विद्वान मुनिप्रखर श्री वैभवरत्नविजयजी ने इस पुस्तक को तैयार करके की है।

श्रीसंघ का इन से आगे भी ऐसी ही अपेक्षा है। अपने अध्ययन मनन को चिन्तन तक पहुँचाने मे इन्हे दादा गुरुदेव से आशीर्वाद मिलता रहे ऐसी कामना के साथ

## આ ગ્રંથ સૌ કોઈના મોક્ષલક્ષનું કારણ બને

શત શત વંદન.....

પરમ પૂજ્ય પ્રાતઃ સ્મરણીય ગુરુદેવ શ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી

મહારાજા દ્વારા નિર્મિત મહાન ગ્રંથ "શ્રી રાજેન્દ્ર શબ્દકોષ"

તે જૈન શાસનનું અદ્ભુત નઝરાણું છે.

**"શ્રી રાજેન્દ્ર શબ્દકોષ..."** તે વિદ્વાનો તથા જિજ્ઞાસુઓ માટે અતિ ઉપયોગી પથદર્શક ગ્રંથ છે. તે મહાન ગ્રંથનું ગુજરાતી અનુવાદ કરી આપે મહાન કાર્ય કરેલ છે તે મહાન ગ્રંથનો ગુજરાતી અનુસાર અનેક રીતે જિનશાસનને ઉપયોગી થશે. આ ભગીરથ કાર્ય બદલ આપને લાભ-લાભ ધન્યવાદ.

આવા ગ્રંથના ગુજરાતી અનુવાદના મુદ્રણ તથા પ્રકાશનના આ મંત્રણ પ્રસંગે અમારાં પરિવારની અંતઃકરણપૂર્વક શુભકામના પાઠવીએ છીએ તથા આ કાર્યનો લાભ અમારા

પરિવારને આપવા બદલ અમો હરહંમેશ પ્રકાશકોનાં ઋણી રહીશું.

આ ગ્રંથ સૌ કોઈના મોક્ષલક્ષનું કારણ બને તેજ મંગળ કામના સહ

અદાણી ચુનીલાલ નાગરદાસ પરિવાર

## ડૉ. તેજસિંહ ગૌડ – ઉજ્જૈન દ્વારા પ્રેષિત શુભકામના પત્ર

### हार्दिक शुभकामना

डॉ. तेजसिंह गौड, उज्जैन (म.प्र.)

विश्वपूज्य, प्रातः स्मरणीय गुरुदेव श्रीमज्जैनाचार्य श्रीमद् विजय राजेन्द्र सूरीश्वरजी म.सा. जितनी उच्च कोटि के साधक थे, उतने ही श्रेष्ठ साहित्य मनीषी भी थे। इसका प्रमाण उनके द्वारा विविध विषयक लिखित, अनुदित ग्रन्थ है। उनके द्वारा लिखित बहुचर्चित विश्व विख्यात ग्रन्थरत्न है 'अभिधान राजेन्द्र कोश।' इस ग्रन्थरत्न का लेखन गुरुदेव ने अपने सियाणा चातुर्मास में वि.सं. १९४६ आश्विन शुक्ला द्वितीया से आरम्भ किया था और वि.सं. १९६० चैत्र शुक्ला त्रयोदशी (महावीर जयंती) को उनका यह लेखन पूर्ण हुआ। यह कोशरत्न सात भागों से विभक्त है और प्राकृत भाषा का महाविशाल कोश है।

वर्तमान समय में भौतिक में संस्कृत और प्राकृत भाषाओं के विद्वानो तो ठीक जानकार भी नहीं के बराबर है। जैन विद्या के अध्ययन के लिए यह महाकोश अत्यन्त आवश्यक है। इसके अध्ययन के बिना जैन विद्या का अध्ययन अधूरा ही रहा जाएगा। एस ग्रन्थरत्न पर शोधार्थियों ने शोधकार्य की पी.एच.डी. की उपाधि प्राप्त की थी और आज भी अनेक विषय अछूते ही है। इस पर और अध्ययन न हो पाना भाषा की अनभिज्ञता ही कही जा सकती है।

इस ग्रन्थरत्न की उपयोगिता को ध्यान में रखकर कई वर्षो से इसके हिन्दी अनुवाद को आवश्यकता की चर्चाचल रही थी। कुछ कार्य भी हुआ किन्तु पुनः बन्द हो गया। ऐसा क्यों होता रहा यह एक अलग प्रश्न है। स्वयं राष्ट्रसंत आचार्य श्रीमद् विजय जयन्तसेन सूरीश्वरजी म.सा. भी इस विषय पर अनेकबार विचार मंथन कर चुके है और अज्ञात समस्याओ के रहते अनुवाद कार्य नहीं हो सका। हार्दिक प्रसन्नता की बात है कि श्रद्धेय आचार्यश्री ने विद्वान शिष्यरत्न मुनिराजश्री वैभवरत्न विजयजी म.सा.ने कठोर अध्यवसायपूर्वक प्रस्तुत ग्रन्थरत्न के प्रथम भाग का हिन्दी अनुवाद ही उसे 'शब्द का शिखर' के नाम से प्रकाशित करवा रहे है।

परम श्रीद्वेय गुरुदेव श्रीमद् विजय राजेन्द्र सूरिजी म.सा.ने उक्त ग्रन्थरत्न की रचना नित्यानने (९९) ग्रन्थों का तल स्पर्शी अध्ययन कर असीम उपकार किया था। पूज्य मुनिराजश्री वैभवरत्न विजयजी म.सा.ने ग्रन्थरत्न के प्रथम भाग का अनुवाद कर प्रकाशित करवाकर जिज्ञासुओं पर उपकार किया है। मुझे पूर्ण विश्वास है कि मुनिराजश्री का यह ज्ञानयज्ञ निरन्तर चलता रहेगा और एक दिन वे सभा सातों भागों का अनुवाद का एक कीर्तिमान स्थापित करेंगे। में उनके इस कार्य की अनुमोदना करते हुए अपनी ओर से हार्दिक शुभकामनाएँ प्रेषित करता हूँ कि वे अपने इस कार्य में पूर्ण सफल हों। श्रद्धय आचार्य् भगवन् श्रीमद् विजय जयन्तसेन सूरीजी म.सा. का आशीर्वाद उनके साथ है जो उन्हें सफलता दिलाने के लिये पर्याप्त हो। एकबार पुनः हार्दिक शुभकामनाएँ।

## જે.કે. સંઘવી (થાણા) દ્વારા મળેલો શુભકામના પત્ર

રચાયેલ 'અભિધાન રાજેન્દ્ર કોષ' શ્રેષ્ઠ અમર કૃતિ છે. જે સંસ્કૃત અને પ્રાકૃત ભાષામાં હોવાથી ઘણા લોકો એના લાભથી વંચિત હતા. એના પ્રથમ ભાગનું ગુજરાતી અનુવાદ પ્રકાશન સ્વાધ્યાયીઓ માટે ઘણું ઉપયોગી થશે. બીજા દુભાગ પણ ખૂબ જલ્દી પ્રકાશિત થાય એ અભ્યર્થના અને પ્રકાશન માટે ખૂબ-ખૂબ અભિનંદન.

સુવિશાલગચ્છાધિપતિ પ.પૂ. આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય જયન્તસેનસૂરીશ્વરજી મ.સા.ના આશીર્વાદથી અને તેમની પાવનપ્રેરણાથી પૂ. મુનિશ્રી વૈભવરત્ન વિજયજી શ્રુતસેવા-પ્રકાશનનું અદ્ભૂત કાર્ય કરી રહ્યા છે. તે બદલ અખિલ ભારતીય ત્રિસ્તુતિક જૈન સંઘ ગૌરવનો અનુભવ કરે છે. હાર્દિક શુભકામના.

## જ્ઞાનનો મહાસાગર

### પ.પૂ. મુનિરાજ શ્રી વૈભવરત્ન વિજયજી મ.સા.

સાદર વંદના

આપશ્રી સુખ શાતામાં હશો.

પ્રાતઃ સ્મરણીય વિશ્વ પૂજ્ય દાદા ગુરૂદેવ પ.પૂ આચાર્ય ભગવંત શ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજ એ અનેક ગ્રંથોની રચના કરી શાસનને ભેટ કરેલ છે. આ સર્વે ગ્રંથોમાં શિરમોર એવો ૭ ભાગમાં પૂજ્યશ્રી દ્વારા રચાયેલ જ્ઞાનના મહાસાગર સમો અભિધાન રાજેન્દ્રકોષ જે તેઓશ્રીની વર્ષોની અતૂટ સંયમી-તપસ્વી જીવનની સાધનાનું મૂર્તિમંત સ્વરૂપ - વિધ્વત્તાનો અજોડ નમુનો.

પૂજ્ય સાધુ-સાધ્વી ભગવંતો જ નહિ પરંતુ વિશ્વમાં કોઈ

પણ વિદ્વાનને અભ્યાસીને કોઈ પણ શબ્દના અર્થની - વ્યાકરણ અંગે જાણકારી મેળવવી હોય તો શિરમોર સમા આ ગ્રંથ જોવા જ પડે, તેમાંના જ્ઞાન પ્રકાશપુંજને પામવો પડે.

વિશ્વભરના અણમોલ અમૂલ્ય ગ્રંથો જે સ્થાન પામેલ છે એવી આ સાહિત્ય રચનાના પ્રથમ ભાગનું ગુજરાતી વિવેચન આપશ્રી "શબ્દોના શિખર" ગ્રંથ સ્વરૂપે પ.પૂ.આ.ભ. રાષ્ટ્રસંત - સાહિત્ય મનિષી શ્રી જયંતસેન સૂરીશ્વરજી મહારાજાશ્રીની પાવન પ્રેરણા અને આશીર્વાદ થી જહેમત લઈ પ્રગટ કરી રહ્યા છો તે બદલ શત્ શત્ વંદના

આપશ્રી દ્વારા આ મહાન સાહિત્ય રચનાના એક ભાગનું વિવેચન એટલે પૂ. ગુરૂદેવને તેમના એક શિષ્યદ્વારા ભાવભરી વંદના - પુષ્પાંજલી

આપશ્રીનો આ નમ્ર પ્રયાસ ત્રિસ્તુતિક જૈન સંઘો, વિશ્વના સાહિત્ય રસિકો, ધર્મપ્રેમીજનો માટે પણ એક ગર્વ લેવા જેનો અનુમોદનીય પ્રસંગ છે.

ધર્મ સાધના - તપ અને જ્ઞાન દ્વારા આપશ્રીનું સંયમી જીવન પ્રકાશમય બને તેવી શ્રી જીનેશ્વરદેવને અને પૂ. ગુરૂદેવને અંતઃકરણ પૂર્વકની પ્રાર્થના.

લિ. સેવંતીલાલ મણીલાલ મોરખીયા
ના સાદર વંદન.

## બી. જે. ભટ્ટ દ્વારા શુભ સંદેશ

આપશ્રીનો પત્ર મળ્યો અને વાંચીને આનંદ થયો. પ.પૂ. રાષ્ટ્રસંત ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય જયંનતસેનસૂરીશ્વર મ.સા.ના આશિર્વાદ અને આપશ્રીના પરિશ્રમથી "શબ્દોના શિખર" નામની પ્રકાશિત કરી રહ્યા છો તે ગૌરવ હાંસીલ કરવાં જેવું છે.

પ.પૂ. અભિધાન રાજેન્દ્ર કોષના નિર્માતા પ.પૂ.દાદ ગુરૂદેવ શ્રીમદ્ વિજય રાજેન્દ્રસુરીશ્વરજી મ.સા એક અદભુત યોગી પુરૂષ થઈ ગયા તેઓથી "લાકડીવાળા" નામથી પ્રખ્યાતી પામી ગયા.

આપશ્રીના આ અથાગ પરિશ્રમને સિધ્ધ કરો એવી મારી મંગળ કામના

(બી.જે.ભટ્ટ)
જિલ્લા વિકાસ અધિકારી
બનાસકાંઠા-પાલનપુર

## અપ્રતિમ સર્વશ્રેષ્ઠ વિશ્વકોષ

અમદાવાદ
તા.૧૨-૩-૧૨

પ.પૂ. આ. શ્રી રાષ્ટ્રસંત જયન્તસેનસૂરીશ્વરજી મ.સા.
પ. પૂ. મુનીરાજ શ્રી વૈભવરત્ન વિજયજી મ.સા.
મત્થેણ વંદામિ,
આપ શાતામાં હશો.

આપના પત્રથી જાણવા મળ્યું કે આપ પ.પૂ. રાષ્ટ્રસંત આચાર્ય દેવેશ શ્રી જયન્તસેનસૂરીશ્વરજી મ.સા.ની પ્રેરણા અને માર્ગદર્શનથી પોતે અગાધ પરિશ્રમ લઈને પ.પૂ. દાદા ગુરૂદેવ શ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મ.સા.એ જગતના સમસ્ત જીવોના કલ્યાણ માટે "શ્રી અભિધાન રાજેન્દ્ર કોષ" આપ ગુજરાતી, હિન્દી, અંગ્રેજીમાં સંક્ષિપ્ત રૂપે અનુવાદ કરી રહ્યા છે.

દાદા ગુરૂદેવે જન જનના હિતમાં અનેક અલભ્ય જૈન ગ્રંથો - આગમો વિ.ની સરળ ભાષામાં રચના કરી છે. તેમાં એ "શ્રી અભિધાન કોષ" એક અપ્રતિમ-સર્વશ્રેષ્ઠ વિશ્વકોષ છે. આ કોષમાં જૈન આગમોના બધાજ વિષયો અને શબ્દો ઉપર જરૂરી પ્રકાશ પાડવામાં આવેલ છે. આ કોષ વિસ્તૃતભૂમિકા, ઉપોદ્દ્ઘાત, પ્રકૃત રૂપાવલી વિ. પરિશિષ્ટોથી અલંકૃત છે. પૂજ્યશ્રીએ આ કોષમાં નિજબુધ્ધિ વૈભવાનુસાર વિશાલકાય શબ્દરાશિ યુક્ત સંપૂર્ણ વિષય વસ્તુનો વૈજ્ઞાનિક રીતે સાત ભાગમાં વિભાજન કરેલ છે. જેને મુળરૂપે પ્રકાશિત કરી શ્રી સૌધર્મ બૃહત્તપાગચ્છીય જૈન શ્વેતામ્બર શ્રી સંઘે જીજ્ઞાસુઓ-જ્ઞાનીઓ સમક્ષ રજુ કરેલ છે. આ મહાન ગ્રંથની પ્રથમ આવૃત્તિ અલભ્ય બનતાં અનેક મુશ્કેલીઓ વચ્ચે તેમનીજ છઠ્ઠી પાટે બીરાજતા જ્ઞાની ગુરૂદેવ પ.પૂ. રાષ્ટ્રસંત આચાર્ય દેવેશ શ્રી જયન્તસેન સૂરીશ્વરજી મ.સા.એ દ્વિતિય આવૃત્તિ ૧૯૮૩માં પ્રગટ કરેલ છે. જે આપણા સૌના માટે આશિર્વાદરૂપે-ગૌરવરૂપ છે.

શ્રી અભિધાન રાજેન્દ્ર કોષ અર્ધમાગધી ભાષા સાથે બધીજ પ્રાકૃત ભાષાઓનો મૌલિક ગ્રંથ છે આપણી અમુલ્ય "વિરાસત" રૂપ "રાજેન્દ્ર અભિધાન કોષ"નું આપ ગુજરાતી, હિન્દી, અંગ્રેજીમાં "શબ્દોના શિખર" પુસ્તક રૂપે અનુવાદ કરી રહ્યા છો તે આનંદની વાત છે. આ રીતે આ મહાન ગ્રંથનું અનુવાદ લોકભોગ્ય - સામાન્ય માનવીની સમજમાં આવે તેવું બનશે જે નિર્વિવાદ છે. આપનું આ કાર્ય અનુમોદનીય-અભિનંદનીય છે. આશા છે સૌ જીજ્ઞાસુઓ તેનો ઉપયોગ કરી જ્ઞાનોપર્જન કરશે. એજ શુભ કામના... જય મહાવીર જય ગુરૂદેવ

લી. આપનો (આસોપાલવ)
વાઘજીભાઈ બી. વોરા ના મત્થેણ વંદામી.

**શ્રી અભિધાન રાજેન્દ્ર કોષ ભાગ-૧ શબ્દાર્થ વિવેચન**
**"શબ્દોના શિખર" ગ્રંથ પ્રાપ્ત કરવા હેતુ પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતો**
**આ ગ્રંથ નીચે આપેલા નંબર ઉપરથી પ્રાપ્ત કરવા વિનંતી.**

(૧) પંડીતવર્ય ધીરુભાઈ - ૯૮૯૮૩૩૦૮૩૫, ૦૨૬૧ - ૨૭૬૩૦૭૦
પાર્શ્વદર્શન, અડાજણ પાટીયા, સુરત

(૨) પંડીતવર્ય જગદીશભાઈ - ૯૪૨૬૧૮૫૨૮૪
પરમપદ એપાર્ટમેન્ટ, ગોપીપુરા, સુરત.

(૩) પંડીતજી ચિરાગભાઈ - ૯૮૨૫૮૫૪૫૮૯
મોહનલાલ ઉપાશ્રય, ગોપીપુરા, સુરત.

(૪) પંડીતજી મનીષભાઈ - ૯૮૨૪૪૩૨૪૦૯
પાલડી, અમદાવાદ.

(૫) પંડીતજી રમેશભાઈ - ૯૮૨૦૬૫૪૨૦૨
રાજેન્દ્રસૂરિ જ્ઞાનમંદિર, ૧૦મી ખેતવાડી, મુંબઈ.

(૬) પંડીતજી દિનેશભાઈ - ૯૪૨૮૪૨૨૨૭૪
સાબરમતી, અમદાવાદ.

(૭) પંડીતજી અમિતભાઈ - ૯૯૨૪૦૬૨૨૭૯
હિંમતવિહાર, પાલીતાણા.

(૮) પંડીતવર્ય ચન્દ્રકાન્તભાઈ - ૯૯૦૯૪૬૮૫૭૨, ૦૨૭૬૬-૨૩૧૬૦૬
પાટણ

(૯) જે. કે. સંઘવી - ૯૮૯૨૦૦૭૨૬૮
કલ્પતરૂ જ્વેલર્સ, થાણા.

(૧૦) પંડીતજી પ્રવિણભાઈ - ૯૮૭૯૩૧૧૭૯૨
પાટણ

**अ – अ ( पुं. )**

(કંઠસ્થાનીય અ સ્વર, આદ્ય સ્વર ૨: અશરીરી-સિદ્ધ ૩. વિષ્ણુ ૪. રક્ષા ૫. સ્થિરતા ૬. શિવ ૭. બ્રહ્મ ૮. વાયુ ૯. ચંદ્ર ૧૦. અગ્નિ ૧૧. સૂર્ય ૧૨. કમઠ ૧૩. અંતઃપુર ૧૪. ભૂષણ ૧૫. વરણ ૧૬. કારણ ૧૭. રણ ૧૮. ચર્મ ૧૯. ગૌરવ ૨૦. અવ્યય ૨૧. અભાવ ૨૨. સંબોધન ૨૩. અમંગલહારી)

અક્ષરોમાં જે સર્વાંગ પરિપૂર્ણ હોય, સ્વયં શોભાયમાન હોય તે સ્વર કહેવાય છે. સ્વરોમાં પ્રથમ સ્થાન 'અ'નું છે. આ સ્વર અનેક અર્થોનો બોધક છે. શરીર રહિત એવા સિદ્ધોને અશરીરી કહેવાય છે. જીવ જ્યારે ચારેય ગતિ અને આઠેય કર્મોથી મુક્ત બને છે ત્યારે તે સિદ્ધિગતિ પ્રાપ્ત કરે છે. આપણે પણ જીવમાંથી શિવ બનવા માટે અજન્મા થવાની સાધના કરવી પડશે અને ત્યારે જ આપણે પણ સિદ્ધ-બુદ્ધની માફક અખંડ ઐશ્વર્યશાળી બનીશું.

**★अ ( अव्य. )**

(નિષેધ ૨. અભાવ ૩. વિરોધ ૪. અયોગ્યતા ૫. અલ્પતા ૬. ભેદ ૭. સાદશ્ય ૮. અપ્રશસ્તતા ૯. અનુકંપા)

**★च ( अव्य. )**

(અને, વળી ૨. અવધારણ, નિશ્ચય ૩. ભેદ, વિશેષ ૪. અતિશય, અધિકતા ૫. અનુમતિ, સંમતિ ૬. પાદપૂર્તિ અર્થે વપરાતો અવ્યય)

**अअ – अज ( पुं. )**

(અજન્મા, ઈશ્વર ૨. જીવ ૩. બ્રહ્મા ૪. વિષ્ણુ ૫. ઈન્દ્ર ૬. બકરો ૭. મેષરાશિ ૮. માક્ષિકધાતુ)

અજ શબ્દ જન્ - જા ધાતુથી બનેલો છે. 'न जायते इति अज' અર્થાત્ જે જન્મ ધારણ નથી કરતો તેને અજન્મા કહેવાય છે. જન્મ અને મરણના હેતુભૂત રાગ અને દ્વેષને નષ્ટ કરવા જીવાત્મા જ્યારથી પ્રયત્નશીલ બને છે ત્યારથી તેની અજન્મા બનવાની પ્રક્રિયા ચાલુ થાય છે. બાળકને ભણતરથી, પત્નીને સાસુની ખટપટથી, પતિને પત્નીની ફરિયાદોથી અને નોકરોને શેઠની જોહુકમીથી માનસિક ત્રાસ લાગે છે અને તેનાથી છૂટકારો મેળવવા તેઓ સતત પ્રયત્નશીલ રહે છે. પરંતુ આ બધા થાક કરતાં સૌથી મોટો થાક છે જન્મ - મરણનો. શાસ્ત્રોમાં કહેવાયું છે કે, જગતમાં જન્મ જેવું કોઈ દુઃખ નથી. આથી આપણે જન્મના દુઃખથી છૂટકારો મેળવવા ધર્મમાં સતત ઉદ્યમવંત રહેવું જોઈએ.

**अअगर – अजगर ( पुं. )**

(સર્પ જાતિ વિશેષ, અજગર)

અજગર શબ્દની વ્યુત્પત્તિ થાય છે - 'अजं छागं गिरति-गिलति इति अजगर' જે બકરા જેવા નાના-મોટા જીવોને ગળી-ખાઈ જાય તેને અજગર કહેવાય. શાસ્ત્રોમાં કષાયો (ક્રોધ,માન,માયા અને લોભ)ને અજગરની ઉપમા આપવામાં આવી છે. આ કષાયો પણ આપણા જ્ઞાન, દર્શન, ચારિત્રાદિ આત્મગુણોને અજગરની જેમ જ ગળી જાય છે. માટે જ આત્મહિતમાં આગળ વધનારા મુમુક્ષુએ કષાયો પર વિજય મેળવવો અત્યંત આવશ્યક છે.

**अआवालग – अजापालक ( पुं. )**

(બકરીઓનો પાલક ૨. વ્રતોનો ભંગ કરનાર ૩. વાચકનો એક ભેદ)

ટ્રાફિક સિગ્નલનો ભંગ કરનારને દંડ ભરવો ફરજીયાત હોય છે. યાદ રાખજો ! દુર્બુદ્ધિવશ લીધેલા વ્રતોના ભંગથી દુઃખોની પરંપરા વધારનાર કર્મોનો આશ્રવ થવો નક્કી છે.

**अइ – अयि ( अव्य. )**

(સંભાવના-સંબોધનવાચી, હે, અયિ, એ)

રત્નાકર પચ્ચીશીમાં આત્માને સંબોધિને કહ્યું છે કે મેં તો દાન પણ નથી દીધું, શીલ પણ પાળ્યું નથી, તપથી કાયાને સંયમિત પણ કરી નથી અને શુભ ભાવ પણ ભાવ્યો નથી. તેથી હે પ્રભુ ! મારું તો આ સંસારમાં જનમવું પણ નિરર્થક સાબિત થયું છે.

**★गम् ( धा. )**

(ગમન કરવું, જવું)

**★अति ( अव्य. )**

(અત્યંત ૨. અતિક્રમવું તે ૩. ઉત્કર્ષ ૪. પૂજા)

વિવેક વગર કોઈપણ કાર્યની અતિમાત્રા નુકશાન માટે થાય છે. ક્રોધનો અતિરેક, અત્યંત ખુશી, વધારે પડતું હસવું, દુર્જન સાથેની ઘનિષ્ઠતા અને અતિઉદ્ભટ વેષ ધારણ કરવો આ પાંચ વસ્તુઓને કારણે મહાન વ્યક્તિઓ પણ લઘુતાને પ્રાપ્ત થઈ છે.

**अ ( दि ) इ ( ति ) इ – अदिति ( स्त्री. )**

(જે આપવામાં અસમર્થ હોય ૨. દેવોની માતા ૩. પુનર્વસુ નક્ષત્રનો અધિપતિદેવ)

શાસ્ત્રોમાં કહેવામાં આવ્યું છે કે જેઓનું મન ઉદાર હોય છે તેમના માટે આખું જગત કુટુંબ સમાન હોય છે, પરંતુ જેઓ તુચ્છ વિચારસરણીવાળા હોય છે તેઓ માત્ર પોતાનો જ વિચાર કરતા હોય છે, સ્વાર્થમાં જ રાચતાં હોય છે અને તેમના માટે કોઇ સ્વજન હોતું નથી. આવા લોકોની દુર્ગતિ અટકાવવામાં સ્વયં પરમાત્મા પણ અસમર્થ છે.

**अइउक्कस – अत्युत्कर्ष ( त्रि. )**

(ઉત્કર્ષને ઓળંગી ગયેલું ૨. અભિમાન રહિત)

સંસારમાં પ્રાયઃ જોવામાં આવે છે કે માણસ પોતાના ઉત્કર્ષ અને ધનનું પ્રદર્શન કર્યા વગર રહી શકતો નથી. પરંતુ સાધક આત્મામાં આના કરતા વિપરીતતા દેખાય છે. કોઈ વિશિષ્ટ ગુણ પ્રાપ્ત થવા છતાં તેઓ અભિમાનથી મુક્ત હોય છે. જેની સ્ત્રીઓ કરોડોના આભૂષણો એક વખત માત્ર પહેરીને ફેંકી દેતી હતી તેવા ઉત્કૃષ્ટ પુણ્યના માલિક શાલિભદ્રજીને તેમની સંપત્તિમાં નશ્વરતા દેખાઈ અને તેનો ત્યાગ કરી દીધો. વિચારજો ! થોડીક ધન-સંપત્તિ પામીને આપણે એવું સમજીએ છીએ કે આ તો ક્યારેય નષ્ટ નહીં થાય. પરંતુ એ જ તો અજ્ઞજનોનું મિથ્યાભિમાન છે, એમ જ્ઞાની પુરુષો કહે છે.

**अइउब्भट – अत्युद्भट ( त्रि. )**

(આશ્ચર્યચકિત થવું)

હજી થોડાક સમય પૂર્વે થયેલા આઈનસ્ટાઈન કે જગદીશચંદ્ર બોઝની સિદ્ધિઓ જોઈને આપણે 'આહ ને વાહ' પોકારી ઊઠીએ છીએ. પરંતુ એ ન ભૂલશો કે તેઓએ જગત સમક્ષ મૂકેલી સિદ્ધિઓનું મૂળ આજથી અઢીહજાર વર્ષ પૂર્વે ભગવાન મહાવીરે કહેલા વચનો છે. જરા વિચારો ! તેમના હિતકારી વચનો તો આપણે સાંભળીએ છીએ પણ શું ક્યારેય ચિત્તમાં આનંદની લહેરી અનુભવી છે ખરી?

**अइंत – अतियत् ( त्रि. )**

(પ્રવેશ કરવો)

જૈન કુળમાં જન્મ લેવા છતાં પણ જેણે હજુ મિથ્યાત્વના ભાવોથી ફારગતી નથી લીધી, જે હજી ભવાભિનંદી છે, તેવા જીવો માટે મોક્ષની વાત તો દૂર રહી પરંતુ જિનશાસનમાં પ્રવેશ મેળવવો પણ દુર્લભ જ નહીં અશક્ય છે.

**अइंदि ( य ) अ – अतीन्द्रिय ( त्रि. )**

(ઇન્દ્રિયાતીત, અગોચર)

જગતમાં અસત્ય બોલવા માટે ત્રણ કારણો મનાયા છે. રાગ, દ્વેષ અને મોહ. અતીન્દ્રિય એવા કેવલજ્ઞાનને પામેલા તીર્થંકરોએ આ ત્રણેય કારણોનો નાશ કર્યો હોવાથી તેમને અસત્ય બોલવાનો કોઈ પ્રશ્ન જ ઉદ્ભવતો નથી.

**अइकंडुइय – अतिकण्डूयित ( न. )**

(ખંજવાળવું, નખથી વલુરવું)

શાસ્ત્રોમાં વૈષયિક સુખોને ખંજવાળ જેવા કહેલા છે. શરીરમાં ઉત્પન્ન થયેલી ખંજવાળને ખંજવાળવું તો સારું લાગે છે પરંતુ ત્યારબાદ શરીરમાં અત્યંત દાહ જગાવે છે. તેમ વિષયોનું આસેવન પ્રારંભમાં તો સારું લાગે છે પણ અંતે પરિણામ અતિ દુઃખદાયક જ હોય છે.

**अ ( ति ) इकंत – अतिकान्त ( त्रि. )**

(અત્યંત કમનીય, અતિસુંદર)

વીતરાગ પરમાત્માની અતિકમનીય પ્રતિમાના દર્શનમાત્રથી પણ ભવ્ય જીવોના હૃદયકમળ ખીલી ઊઠે જ. પ્રભુદર્શનથી જો તમારું

હૃદય ભાવવિભોર નથી બનતું તો સમજી લેજો કે, હજુ સુધી તમે મોહરાજાની પક્કડમાંથી છૂટી શક્યા નથી.

**अइकाय - अतिकाय ( त्रि. )**

(વિશાળકાય, જાડું)

કોલેસ્ટ્રોલના કારણે શરીર જ્યારે ભારે-મોટું થઈ જતાં આપણે ચિંતામાં આવી જઈએ છીએ અને તુરંત ડાયેટિશિયન પાસે દોડી જઈએ છીએ. પરંતુ કર્મોના કારણે આપણો આત્મા ભારેખમ થઈ ગયો છે તે જાણવા છતા પણ ક્યારેય તેના નિષ્ણાત ગુરુભગવંત પાસે જઈએ છીએ ખરા ?

**अ ( ति ) इक्कंत- अतिक्रान्त ( त्रि. )**

(હદ બહાર ગયેલું, પર્યંતવર્તી, ઉલ્લંઘન કરેલું ૨. અતીત, પાર ગયેલું ૩. નિશ્ચિત સમય ઓળંગીને કરેલું તપ)

અત્યાર સુધી આપણી પાંચેય ઇન્દ્રિયો સુંદર દશ્ય, કર્ણપ્રિય સંગીત, સ્વાદિષ્ટ રસોઈ, ફૂલોની સુગંધ અને મુલાયમ સ્પર્શના વિષયોમાં હંમેશા પ્રવૃત્ત રહી છે. પરંતુ જિનદર્શન, શાસ્ત્રશ્રવણ, સ્તુતિગાન, જિનપૂજા આદિ હિતકારી પ્રવૃત્તિઓમાં ક્યારે મગ્ન થશે ? કેમકે, જ્યારે અન્ત સમય આવશે ત્યારે સિવાય પશ્ચાત્તાપ કંઈ નહીં હોય.

**अ ( ति ) इक्कंतजोव्वण - अतिक्रान्तयौवन ( त्रि. )**

(યૌવનને ઉલ્લંઘી ગયેલું, પ્રૌઢ)

જેમ ઘાસ પર રહેલું ઝાકળ ચંચળ છે, હાથીના કાન અતિચંચળ છે, તેમ યૌવનકાળ પણ અસ્થિર છે. ક્યારે ચાલ્યો જશે તેની ખબર પણ નહીં પડે. કેમકે, યુવાની તેનું નામ છે જે ક્યારેય સ્થિર ન હોય. એટલે જ આપણે યુવાનીમાં ઉન્મત્ત ન બનવું જોઈએ.

**अ ( ति ) इक्कंतपच्चक्खाण - अतिक्रान्तप्रत्याख्यान ( न. )**

(પર્વની પૂર્ણતા પછી કરાતું પચ્ચક્ખાણ-તપ, પચ્ચક્ખાણનો એક ભેદ)

પર્યુષણ પર્વના દિવસોમાં યથાશક્તિ તપ કરવો જોઈએ. ગુરુભગવંત, બાળ ગ્લાન કે તપસ્વીની વેયાવચ્ચાદિના કારણે સંવત્સરિતપ ન થઈ શક્યો હોય, માટે એ તપ પછીથી કરાય તો તેને અતિક્રાન્તપ્રત્યાખ્યાન કહેવામાં આવે છે. તેમ આવશ્યકાસૂત્રાદિ સૂત્રોમાં કહેવાયું છે.

**अइक्कम - अतिक्रम ( पुं. )**

(અતિચારના ચાર ભેદોમાંનો પ્રથમ પ્રકાર, લીધેલ વ્રત-પચ્ચક્ખાણનો આંશિક ભંગ, ઉલ્લંઘન ૨. વિનાશ)

જેમ એક નાનકડો ઘા વિનાશ કરવા સમર્થ છે, આગની એક નાનકડી ચિનગારી આખા જંગલને બાળી નાખનાર દાવાનળ બનવા માટે સમર્થ છે અને બીજા પાસેથી લીધેલું નાનકડું ઋણ ચક્રવર્તી વ્યાજનું રૂપ ધારણ કરવામાં સમર્થ છે, તેમ કરી નાખેલી નાનકડી એક ભૂલ તમને અનંતકાળ સુધી નિગોદની ગર્તામાં ફેંકી દેવા સમર્થ છે. માટે આવી ભૂલ કરતા પહેલા સો વાર વિચાર કરજો.

**अइक्कमण - अतिक्रमण ( न. )**

(અતિક્રમણ, ઉલ્લંઘન, લીધેલ વ્રત-પચ્ચક્ખાણમાં વિરાધના કરવી તે)

જિનેશ્વર પરમાત્માની એક માત્ર શાશ્વત આજ્ઞા છે કે સંસારવર્ધક જેટલા પણ હેય (ત્યાગવા યોગ્ય) પદાર્થ હોય તેનો ત્યાગ કરો અને જેટલી પણ મોક્ષસાધક ઉપાદેય (સ્વીકારવા યોગ્ય) વસ્તુઓ હોય તેનો સ્વીકાર કરો. આ વાતનું જે ઉલ્લંઘન કરે છે તેમને શાસ્ત્રીય પરિભાષામાં ભવાભિનંદી જીવ કહેવામાં આવ્યા છે અને આવા જીવોનો મોક્ષ હજી ઘણો દૂર છે.

**अइक्कमणिज्ज - अतिक्रमणीय ( त्रि. )**

(ઉલ્લંઘન કરવા યોગ્ય, ત્યાજ્ય)

જગતમાં ઉલ્લંઘન કરવા લાયક જો કોઈ છે તો તે દુર્જનોની સંગતિ છે. કદાચ જીવનમાં ધર્મની આરાધનાઓ કે સત્કાર્યો ઓછા થયા હશે તો ચાલશે પણ જો દુર્જનની સંગતિ હશે તો જીવનમાં ક્યારેય વિકાસનો માર્ગ મળશે નહીં. ઊલટાનું પરનિંદાદિ પાપોના પ્રતાપે અધોગતિ થશે એ નિશ્ચિત વાત છે.

**अइक्कमित्तु - अतिक्रम्य ( अव्य. )**

(ઉલ્લંઘન કરીને, ઓળંગીને)

દુઃખ અને દોષોથી પરિપૂર્ણ આ સંસારરૂપી મહાસાગરને વિષે ગુરુ એ દીવાદાંડી સમાન છે. શિષ્યની યોગ્યતાને સમજનાર સદ્‌ગુરુની આજ્ઞાને ઉલ્લંઘીને માત્ર પોતાની ઇચ્છાથી કરેલા ધર્મથી પણ વિનાશ થયાના ઘણા દાખલા શાસ્ત્રોમાં નોંધાયેલા છે. જેમકે સ્થૂલિભદ્રજીના ગુરુભાઈની જ વાત લો, ગુરુની અનિચ્છા છતાં કોશાને ત્યાં ચાતુર્માસ રહ્યા અને સંયમથી ભ્રષ્ટ થવાનો પ્રસંગ બન્યો.

**अइगंभीर - अतिगम्भीर ( त्रि. )**

(અત્યંત ગંભીર, અતુચ્છ આશય)

જેમ સાગર પોતાની ભીતરમાં રત્નો, જીવ-જંતુઓ અને કેટલાય પદાર્થોને સમાવીને બેઠો હોય છે, છતાંય તે ક્યારેય પણ અભિમાન કે તુચ્છતાને ધારણ કરતો નથી. તેમ મહાપુરુષોનું જીવન પણ સમંદર જેવું અતિગંભીર હોય છે. તેઓ સુખ કે દુઃખના પ્રસંગોમાં ક્યારેય અત્યંત હર્ષિત કે શોકાકુળ થઇ જતા નથી. કેમકે તેઓનું ચિત્ત સમુદ્રની જેમ અતિગંભીર હોય છે.

**अइगच्छमाण - अतिगच्छत् ( त्रि. )**

(પ્રવેશ કરતું, પ્રવેશતું)

બાળક સ્કૂલ કે કોલેજમાં પ્રવેશ મળ્યા બાદ શિક્ષકને સમર્પિત થઇ જાય છે. સ્ત્રી ગૃહપ્રવેશ પછી પતિને સમર્પિત થઇ જાય છે અને લોકો નોકરી-ધંધામાં લાગી એને સમર્પિત થઇ જાય છે. શું તમે જૈનકુળમાં જન્મ લીધા પછી ક્યારેય પણ જિનશાસન અને સદ્‌ગુરુને જીવન સમર્પિત કર્યું છે ખરું ?

**अइग ( य ) त - अतिगत ( त्रि. )**

(પ્રવેશેલું ૨. એકવાર મરીને પુનઃ તેમાં ઉત્પન્ન થયેલું, અતિશય - વારંવાર ઉત્પન્ન થયેલું)

અતિઆસક્તિ અથવા અતિદ્વેષના કારણે જીવ મરીને પુનઃ તેમાં જ ઉત્પન્ન થાય છે અર્થાત્ જે પદાર્થ પ્રત્યે તેને અત્યન્ત રાગ-દ્વેષ હોય તો જ્ઞાની ભગવંતો કહે છે કે તેવો જીવ પાછો તેમાં જ ઉત્પન્ન થઈ વિવિધ પ્રકારના દુઃખો ભોગવે છે. જેમકે સુનંદાનો રાગી રૂપસેનનો જીવ અને ગુણસેનનો દ્વેષી અગ્નિશર્માનો જીવ.

**अइगम - अतिगम ( पुं. )**

(પ્રવેશ)

યોગમાર્ગમાં પ્રવેશ પામવા જેમ પૂર્વસેવા આવશ્યક માની છે, તેમ ધર્મમાં પ્રવેશ પામવા ગૃહસ્થ માટે દાનપ્રવૃત્તિને આવશ્યક માની છે. કારણ કે જીવનમાં ઉદારતા આવ્યા વિના ધર્મમાં પ્રવેશ થતો નથી. માટે જ દાનધર્મની અગ્રિમતા છે.

**अइगमण - अतिगमन ( न. )**

(પ્રવેશમાર્ગ, જવા આવવાનો માર્ગ)

સમ્યગ્ જ્ઞાન-દર્શન-ચારિત્રના યોગે મુક્તિ પ્રાપ્ત થાય છે. પરંતુ આદ્ય જ્ઞાનગુણ વિનય વિના પ્રાપ્ત થતો નથી. માટે જ ગુરુવંદનભાષ્યની પ્રથમ ગાથામાં પણ વિનયને ધર્મના પ્રવેશમાર્ગ યાને મૂળ તરીકે જણાવ્યો છે. જો મૂળ જ ન હોય તો શાખા ક્યાથી સંભવે?

**अइगुरु - अतिगुरु ( पुं. )**

(અત્યંત પૂજનીય)

જે અતિસન્માનને લાયક હોય તેવી આ જગતમાં માત્ર ત્રણ વ્યક્તિઓ છે. માતા પિતા અને સદ્‌ગુરુ. માતાએ જન્મ આપીને ઉપકાર કર્યો. પિતાએ સંસ્કાર અને સદ્‌ગુરુનું મિલન કરાવીને ઉપકાર કર્યો છે અને ગુરુભગવંતે જગદ્‌ગુરુ પરમાત્માનો બોધ કરાવી આપીને મોટો ઉપકાર કર્યો છે. માટે આ ત્રણેય પૂજ્યોની જેટલી સેવા-ભક્તિ ઉપાસના કરીએ તેટલી ઓછી છે.

**अइचंद - अतिचन्द्र ( पुं. )**

(છઠ્ઠું લોકોત્તર મુહૂર્ત)

**अइचरा - अतिचरा ( स्त्री. )**

(પદ્મિની સ્ત્રી ૨. પદ્મચારિણી લતા, સ્થલપદ્મિની)

પદ્મિની સ્ત્રી જેમ પ્રાણાંતે પણ પોતાના શીલને ત્યાગતી નથી, તેમ સત્ત્વશાળી પુરુષો પણ ગમે તેવા વિપરીત સંજોગોમાં પણ આદરેલા નિયમોને છોડતા નથી.

**अइचिंत - अतिचिन्त ( त्रि. )**

(અત્યંત ચિંતાયુક્ત, જેમાં ઘણી ચિંતા હોય તે)

જ્ઞાની ભગવંતોએ ચિંતાને ચિતા કરતા પણ વધારે ભયંકર બતાવી છે. કેમકે ચિતા તો મરેલાને બાળે છે જ્યારે ચિંતા જીવતા જીવને સતત બાળ્યા કરે છે. માટે જ કહ્યું છે કે માત્ર ચિંતાને જ નહીં તેના કારણોનો પણ ત્યાગ કરવો જોઈએ.

**अइच्च - अतीत्य ( अव्य. )**

(ત્યાગ કરીને, છોડીને)

ધન્ય છે તે મહાપુરુષોને, જે કોઇપણ જટિલ અવસ્થામાં પોતાના પરગજુ સ્વભાવનો ત્યાગ કરતા નથી, પરંતુ ઊલટાનું પોતાના પરોપકારી સ્વભાવના કારણે હંમેશાં બીજાઓનું કલ્યાણ કરતા હોય છે. દરેક શ્રાવક- શ્રાવિકાઓએ આ પ્રકારની ભાવનાનું ચિંતવન પ્રતિદિન કરવું જોઇએ, જેથી જીવનમાં સદ્ગુણોનું પ્રાગટ્ય થાય.

**अइच्छ - गम् ( धा. )**

(ગમન કરવું, જવું)

**अइच्छंत - गच्छत् ( त्रि. )**

(ઉલ્લંઘન કરતું, અતિક્રમણ કરતું ૨. પ્રાપ્ત કરતું)

પરમાત્માએ સાધુઓ માટે વિહારયાત્રાનો નિયમ બનાવીને જગત પર અને સાધુ પર મોટો ઉપકાર કર્યો છે, કેમકે શ્રમણ ભગવંત જેટલું વિચરણ કરશે વિશ્વમાં એટલા સજ્જનોની સંખ્યા વધશે અને સાધુઓને પણ કોઇ પદાર્થ પર મૂર્ચ્છા નહીં થાય. જ્યારે દુર્જનો જેટલું વધુ પરિભ્રમણ કરશે, સંસારમાં દુર્જનોની માત્રા એટલી જ વધશે. સદાચાર નીતિ-નિયમોનું એટલું જ ઉલ્લંઘન કરતા રહેશે. માટે જ આચારાંગસૂત્રમાં કહેવાયું છે કે દુર્જન તો ઊંઘતા જ ભલા.

**अइच्छत्त - अतिच्छत्र ( पुं. )**

(છત્રને ઓળંગી ગયેલું ૨. સમાન આકાર ૩. જલમાં થતું તૃણ વિશેષ ૪. જમીન પરનું તૃણ વિશેષ)

**अइच्छपच्चक्खाण - अदित्सा ( अतिगच्छ ) प्रत्याख्यान ( न. )**

(પચ્ચક્ખાણનો એક ભેદ, અદિત્સા પચ્ચક્ખાણ)

ભિક્ષા માટે નીકળેલા બ્રાહ્મણ કે શ્રમણને ભિક્ષાદિ નહીં આપવાની ઇચ્છાથી તેને કોઈ ગૃહસ્થ કહે કે હે શ્રમણ ! તમે જે માંગો છો તે વસ્તુ આપવાની ઇચ્છા નથી. ખરેખર વસ્તુ હોય છતાં ન આપવાની ગણતરીથી આવો જે વ્યવહાર કરાય તેને અદિત્સા પચ્ચક્ખાણ કહેવાય છે.

**अइजाय - अतिजा ( या ) त ( पुं. )**

(પિતા કરતાં પણ અધિક સંપત્તિવાળો પુત્ર, બાપ કરતાં વધુ પરાક્રમી પુત્ર)

શાસ્ત્રોમાં પિતાની સંપત્તિને ભગિની સમાન ગણવામાં આવી છે. માટે સ્વાભિમાની પુરુષો પિતાની સંપત્તિનો ક્યારેય ઉપયોગ નથી કરતા. ઊલટાનું પોતાના બળ પર પિતા કરતાં પણ અધિક ધન કમાઇને કુળનું નામ રોશન કરે છે. એવા પુત્રને લોકો અતિજાત યાને બાપ કરતાં સવાયો કહે છે.

**अइट्ठिय - अतिष्ठित ( त्रि. )**

(ઉલ્લંઘિત, અતિક્રાન્ત, અતિક્રમણ કરેલ)

કોઈપણ મર્યાદાનું જ્યારે ઉલ્લંઘન થાય છે ત્યારે એ હંમેશાં વિનાશને નોતરે છે. જે પુત્રો માતા-પિતાની વાતને અવગણવામાં પોતાની હોંશિયારી સમજે છે તેઓએ સમજી રાખવું જોઈએ કે અતિશીઘ્ર આપત્તિકાળ તેમની નજીકમાં આવી રહ્યો છે.

**★अतिष्ठाय ( अव्य. )**

(ઉલ્લંઘન કરીને, અતિક્રમણ કરીને)

જો નદી મર્યાદાનું ઉલ્લંઘન કરે તો પૂર લાવે છે. દરિયો મર્યાદાનું ઉલ્લંઘન કરે તો સુનામી જેવો વિનાશ સર્જે છે. તેમ જો સ્ત્રી પોતાની મર્યાદાનું ઉલ્લંઘન કરે તો કેટલીય જિંદગીઓ બરબાદ કરી નાખે છે. એટલે જ મર્યાદાને માનવજાત માટે શોભાસ્પદ અને ઉત્તમગુણ

માન્યો છે.

**अइणिच्चल - अतिनिश्चल ( त्रि. )**

(અડગ, નિશ્ચલ, અત્યન્ત દઢ)

અત્યંત નિશ્ચલ મનવાળાને કોઈ દુર્ઘટનાઓ ક્ષોભ પમાડી શકતી નથી. અતિ આકરા દુઃખો પીડા આપી શકતા નથી. અને કઠિન કર્મફળ નીતિથી ચલાયમાન કરી શકતા નથી. માટે કહેવાયું છે કે અડગ મનના માનવીને હિમાલય પણ નડતો નથી.

**अइणिद्धमहुरत्त - अतिस्निग्धमधुरत्व ( न. )**

(તીર્થંકરોની વાણીના ૩૫ ગુણો પૈકીનો ઓગણીસમો વચનાતિશય ગુણ)

તીર્થંકર પરમાત્માઓની વાણીના પાંત્રીસ ગુણોમાં ઓગણીસમો ગુણ છે અતિસ્નિગ્ધ મધુરત્વગુણ. જેમ ઘી-ગોળ સ્વાદમાં અતિસ્નિગ્ધ અને મધુર હોય છે તેમ પરમાત્માની વાણી પણ સાંભળવામાં અતિમધુર અને કર્ણપ્રિય હોય છે. તેમની દેશનાનો દરેક શબ્દ ઘી-ગોળની જેમ જીવોના હૃદયમાં ઉતરી જાય છે.

**अ ( ई ) ( ती ) इ ( य ) य - अतीत ( त्रि. )**

(વીતેલું, પાર ગયેલું, મૃત)

વાસી ભોજનની જેમ જેઓ ભૂતકાળને વળગીને રહે છે તેઓને દુઃખ સિવાય બીજુ કાંઈ પ્રાપ્ત થતું નથી. જે ભૂતકાળને ભૂલી શકે છે તે જ ભવિષ્યનું નિર્માણ કરી શકે છે. કહ્યું પણ છે કે, જે ભૂતકાળમાં જીવે તે સંસારી અને વર્તમાનમાં જીવે તે સાધુ.

**अ ( ई ) ( ती ) इ ( य ) तद्धा - अतीताद्धा ( स्त्री. )**

(અતીતકાળ, વ્યતીત થયેલું અનંત પુદ્ગલપરાવર્ત કાળ)

જેમ રણ પ્રદેશમાં ઉભેલો માણસ રણમાંથી પાણીની ચાહના કરે તો તે અત્યંત મૂર્ખતા કહેવાય. તેમ સતત વિષય-કષાયોમાં રત રહેવાવાળો પુરુષ વિષયાદિમાંથી સમ્યક્ત્વની ઇચ્છા કરે તે વધારે મૂર્ખતા છે. જો પાણી મેળવવા માટે રણમાંથી બહાર આવવું પડે, તો સમ્યક્ત્વને પામવા માટે વિષયાદિ ભાવોનો ત્યાગ ન કરવો પડે ? અત્યાર સુધીના વીતેલા અનંત પુદ્ગલ પરાવર્તોમાં આપણે વિષય-કષાયોમાં જ ઘેરાયેલા રહ્યા છીએ. પણ હવે તેમાંથી બહાર આવવા યોગ્ય દિશાનો પ્રયત્ન કરવો રહ્યો.

**अ ( ई ) ( ती ) इ ( य ) तपच्चक्खाण - अतीतप्रत्याख्यान ( न. )**

(પૂર્વકાળે કરવા યોગ્ય પચ્ચક્ખાણનો ભેદ)

જ્ઞાની ભગવંતોએ આપણા સંસાર પરિભ્રમણની ચિંતા વ્યક્ત કરતાં કહ્યું છે કે, જેમ તમે લોકો બેંક એકાઉન્ટ, ઘર, દુકાન, સોના-ચાંદીરૂપે પૈસા ભેગા કરીને તમારા ભવિષ્યને સુરક્ષિત કરો છો, તેમ તમારા આવનારા ભવોને સુધારવા માટે પહેલેથી જ પાપસ્થાનોનો ત્યાગ અને શુભકાર્યોમાં પ્રવૃત્તિ કરવી જોઇએ. માટે જ તો શાસ્ત્રોમાં પૂર્વકાલીન પચ્ચક્ખાણનો ઘણો જ મહિમા ગવાયો છે.

**अ ( ति ) इ ( या ) ताण - अतियान ( न. )**

(નગરાદિમાં રાજાનો પ્રવેશ)

**अ ( ति ) इ ( या ) ताणकहा - अतियानकथा ( स्त्री. )**

(રાજાદિના નગરપ્રવેશનો વૃત્તાન્ત)

**अ ( ति ) इ ( या ) ताणगिह - अतियानगृह ( न. )**

(નગરાદિ પ્રવેશમાં આવતા ઊંચા ઘર, પ્રસિદ્ધ ઘર જે નગરમાં પેસતાં જણાઈ આવે)

**अ ( ति ) इ ( ता ) याणिड्ढि - अतियानर्द्धि ( स्त्री. )**

(રાજા આદિના નગર પ્રવેશમાં તોરણાદિથી કરવામાં આવેલી નગરશોભા)

જેમ રાજાના નગર પ્રવેશમાં, દિવાળી, નવરાત્રી જેવા તહેવારોમાં તમે ઘર અને દુકાનને તોરણ રંગોળી આદિથી સુશોભિત કરો છો તેમ આપણા પરમોપકારી ગુરુભગવંતના પ્રવેશ અને પર્યુષણ જેવા મહાપર્વોના પ્રસંગો પર ઘર વગેરેને આડંબર સાથે સજાવી દેવા જોઇએ. જેથી દુનિયાને ખબર પડે કે જૈનોને પોતાના ધર્મ પર કેટલો અહોભાવ-ભક્તિભાવ છે.

**अ ( ई ) इ ( ती ) ( या ) ताणागयण्णाण – अतीतानागतज्ञान ( न. )**

(ભૂતકાળ અને ભવિષ્યકાળનું જ્ઞાન)

જેવી રીતે કેવલી ભગવંત કેવલજ્ઞાનના માધ્યમથી ભૂત-ભવિષ્યને જાણી શકે છે, તેમ મુનિભગવંતો પણ કેવલીકથિત શાસ્ત્રાભ્યાસના બળે પોતાના અને અન્ય જીવોના ભૂત-ભવિષ્યને જાણી શકે છે. માટે જ તો જ્ઞાનસારમાં શ્રમણોને શાસ્ત્રચક્ષુવાળા કહેવામાં આવ્યા છે.

**अइताल – अतिताल ( न. )**

(ઉત્તાલ ગાન દોષ)

હોડીમાં નાનકડું છીદ્ર, ગાનમાં આલાપ દોષ, સાધનામાં મંત્ર દોષ અને કુંડલીમાં લગ્ન દોષ હોય તો ઇચ્છિત ફળની પ્રાપ્તિ થતી નથી. તેમ ધર્મ આરાધનામાં ચિત્તની શુદ્ધિ ન હોય તો ઇષ્ટફળરૂપ મોક્ષની પ્રાપ્તિ ક્યારેય થઇ શકતી નથી.

**अइतिक्खरोस – अतितीक्ष्णरोष ( त्रि. )**

(અતિક્રોધી સ્વભાવવાળો, દીર્ઘ રોષયુક્ત)

વિષય કષાયો પર વિજય મેળવવો એટલે કેવલજ્ઞાનની પ્રાપ્તિ. ચાર કષાયોમાં પ્રથમ કષાય છે ક્રોધ. જો તમે તમારા ક્રોધને કાબૂમાં નથી કરી શકતા તો બાકીના ત્રણ કષાયોને વશમાં કરવા અસંભવ છે. જે ક્રોધી સ્વભાવવાળા હોય છે તેઓ ક્યારેય કોઇના પ્રિયપાત્ર બની શકતા નથી. એટલે જ તો કહેવાયું છે કે, જે ક્ષણમાં રાજી અને ક્ષણમાં ક્રોધી થતાં હોય તેમની પ્રસન્નતા લેવી પણ ભયંકર છે.

**अइतिव्व – अतितीव्र ( त्रि. )**

(અત્યંત તીવ્ર, અતિઉગ્ર)

ઉપદેશમાળા ગ્રંથમાં લખેલું છે કે, જીવ જે સમયે જેવા જેવા ભાવોમાં રમણ કરે છે ત્યારે તેવા તેવા કર્મોનો બંધ કરે છે. કર્મોનો બંધ જીવના ભાવોની તીવ્રતા અને મંદતાના આધારે થાય છે. જો ભાવ મંદ હશે તો કર્મબંધ અલ્પ થશે અને અતિતીવ્ર હશે તો કર્મબંધ પણ ઉત્કટ માત્રામાં થશે. આથી હંમેશાં કોઇપણ અશુભ વિચાર કરતાં પહેલા કર્મોના પરિણામોના વિષયમાં વિચારી લેવું.

**अइतिव्वकम्मविगम – अतितीव्रकर्मविगम ( पुं. )**

(ઉગ્ર-તીક્ષ્ણ કર્મનાશ, કઠિન કર્મનાશ)

જેઓ દુષ્કૃતોની નિંદા, સુકૃતોનું આચરણ અને અરિહંતાદિ ચારનું શરણ સ્વીકારે છે તેઓના ચીકણા કર્મોનો પણ તીવ્ર ગતિએ નાશ થાય છે. મિથ્યાત્વના હેતુભૂત ભયંકર જ્ઞાનાવરણીય અને મોહનીયાદિ કર્મોનો પણ શીઘ્ર અપગમ થાય છે.

**अइतुट्टण – अतित्रुट्टण ( न. )**

(સર્વથા દૂર થનારું, અતિશયપણે દૂર થાય તે)

જે જીવાત્મા સરલ સ્વભાવી હોય છે, કેવલી ભગવંત કથિત નવતત્ત્વોમાં શ્રદ્ધા રાખે છે, દેવ- ગુરુ અને ધર્મને એકાગ્રચિત્તે આરાધે છે અને કર્મબંધના કારણભૂત સ્થાનોનો સર્વથા ત્યાગ કરે છે તે હળુકર્મી ભવ્યાત્મા થોડાક જ ભવમાં સર્વ કર્મોનો ક્ષય કરીને શીઘ્રાતિશીઘ્ર પરમપદને પ્રાપ્ત કરે છે.

**अइतेआ – अतितेजा ( स्त्री. )**

(ચૌદશની રાત)

જૈન શાસનમાં આત્મપરિણતિને અખંડ રાખવા માટે ક્ષમાની આરાધના કરાય છે. એટલા માટે જ પ્રત્યેક મહિનાની ચૌદશતિથિએ પાક્ષિક પ્રતિક્રમણ દ્વારા આપણે પંદર દિવસોમાં થયેલા અપરાધો માટે સર્વ જીવોની ક્ષમા યાચીએ છીએ.

**अइदंपज्ज – ऐदंपर्य्य ( न. )**

(વિષય વસ્તુનો મૂળ ભાવાર્થ, સારાંશ, તાત્પર્ય)

વક્તાના કોઇ પણ વાક્ય કે વસ્તુકથનનું જે અંતિમ હાર્દ હોય તેને ઐદંપર્ય્ય કહેવાય છે. શ્રીયશોવિજયજી મહારાજે કહ્યું છે કે મેં શાસ્ત્રોનું અવગાહન કરીને આ રહસ્ય શોધ્યું છે કે, પરમાત્માની ભક્તિ એ પરમાનંદ (મોક્ષ)ની સંપદાનું બીજ છે.

**अइदारुण - अतिदारुण ( त्रि. )**

(અતિ ભયાનક, મહાભયાનક)

શાસ્ત્રોમાં ઠેર ઠેર ઇન્દ્રિયોના વિષયોને કિંપાક ફળ જેવા કહ્યા છે. મહાભયંકર દુઃખોના જનક બતાવ્યા છે. જન્મ જન્માન્તરમાં જીવને પીડનારા કહ્યા છે. ઉપભોગની શરૂઆતમાં તે ઘણા સારા લાગે છે પરંતુ, તેના પરિણામો અતિ ભયાનક કહેલા છે.

**अइदुक्ख - अतिदुःख ( न. )**

(અત્યન્ત દુઃખ, અતિદુઃસહ)

તમને ઇચ્છિત સુખ નથી મળ્યા તે માટે બીજાઓની આગળ તેના ગાણાં ગાઈ ગાઈને દુઃખ વ્યક્ત કરો છો, પરંતુ જિનાજ્ઞાનું આંશિક પણ પાલન નથી થતું તેનું દુઃખ કોઈ દિવસ આત્મામાં ડંખ્યું છે ખરું કે, ' અરેરે પ્રભુની આજ્ઞાનું પાલન આજે નથી થઈ શક્યું.'

**अइदुक्खधम्म - अतिदुःखधर्म ( त्रि. )**

(અત્યંત દુઃખી સ્વભાવવાળું, ઘણી આશાતનાના ઉદયવાળું)

જેને નરકની દુનિયામાં નિરંતર અપાતા દુઃખો જેવા અતિભયંકર દુઃખો નજર સમક્ષ દેખાય છે અથવા તેવા દુઃખો ભોગવતા જીવો નજર સામે દેખાય છે, તે જીવ સાંસારિક સુખોમાં ગુલતાન બની જ કેવી રીતે શકે ? અર્થાત્ ન જ બને. ચેતી જાય.

**अइदुद्दिण - अतिदुर्दिन ( न. )**

(અત્યંત ખરાબ દિવસ, વાદળછાયો દિવસ)

વાદળથી ઘેરાયેલો દિવસ ગમતો નથી તેમ મનુષ્યે દિવસમાં એવું કોઈ કાર્ય ન કરવું જોઈએ કે જેના કારણે તેની ઊંઘ હરામ થઈ જાય. જીવનમાં ગમગીની છવાઈ જાય. પોતાના માટે કોઈ ખરાબ ઘટના ગમતી નથી, તેમ બીજા પ્રત્યે પણ વિચારજો.

**अइदुल्लह - अतिदुर्लभ ( त्रि. )**

(અત્યન્ત દુર્લભ, અતિશય દુષ્પ્રાપ્ય)

ધાન્યના ઢગલામાં નાખેલી સોય હજી પકડી શકાય છે, ચંચળ મનને પકડવું હજી શક્ય છે, પરંતુ એકવાર ખોઈ નાખેલો માનવ ભવ ફરી પાછો મેળવવો અત્યંત દુર્લભ છે. માટે તેને સાર્થક બનાવવા માટે પ્રયત્ન કરવો એમાં જ સમજદારી છે.

**अइदुस्सह - अतिदुस्सह ( त्रि. )**

(અતિ કષ્ટપૂર્વક સહન થાય તે, દુઃસહ્ય, ઘણી મુશ્કેલીથી સહન કરી શકાય તે)

આ જગતમાં વિશ્વાસઘાત જેવું કોઈ પાપ નથી. માટે જ જ્ઞાનીઓએ કહ્યું છે કે, આ પૃથ્વી પહાડો, સમુદ્રો, નદીઓ અને મોટા મોટા જંગલોનો ભાર સહન કરી લે છે પણ વિશ્વાસઘાતીઓનો બિલકુલ નહીં. કદાચ કુદરતના પ્રકોપો પણ આવા જ કારણોસર થતા હશે.

**अइदूर - अतिदूर ( त्रि. )**

(અત્યંત દૂર, સુદૂર, ઘણું વેગળું)

જેમણે હજી સુધી પોતાના મનને કષાયોથી નિવૃત્ત અને ધર્મારાધનામાં પ્રવૃત્ત નથી કર્યું અને હજી સુધી ભૌતિક સુખોમાં જ જેઓ રત છે, એવા ભવાભિનંદી જીવોની મોક્ષની વાત તો દૂર રહી તેઓની સદ્ગતિ પણ કેવી રીતે થશે તે શંકાસ્પદ છે.

**अइदूसमा - अतिदुष्षमा ( स्त्री. )**

(અવસર્પિણી કાળનો છઠ્ઠો અને ઉત્સર્પિણીનો પહેલો આરો, અત્યન્ત દુઃખપ્રધાન કાળ, દુષ્ષમદુષ્ષમ કાળ)

શાસ્ત્રકારોએ જણાવ્યું છે કે જે જિનાજ્ઞાનો ભંગ કરે છે, હૃદયથી અતિક્રૂર છે અને પાપ કાર્યોમાં જ આનંદ પામે છે તે ગ્રા લોકો આ લોકમાં નારકી સમાન અતિદુષમ કાળમાં જન્મ લેશે. આથી જો તમારે છઠ્ઠા આરાના દુઃખોથી બચવું હોય તો જિનાજ્ઞાનું પાલન ઉપરાંત હૃદયની કોમલતા સાથે પરોપકારમય જીવન યાપન કરવું હિતકારી ગણાય.

**अइदेस - अतिदेश ( पुं. )**

(અન્ય વસ્તુના ધર્મનો અન્ય પર આરોપણ, નિર્દિષ્ટ વિષયને છોડીને અન્ય વિષયમાં લાગુ થતો નિયમ, હસ્તાંતરણ, સાદશ્યના કારણે થતી પ્રક્રિયા)

સ્વ-સ્વભાવને છોડીને પરપદાર્થોમાં રમણ કરવાને કારણે જીવોને કર્મનો બંધ થાય છે. કર્મબંધ આત્માને અકર્તવ્યમાં કર્તવ્યબુદ્ધિ કરાવે છે. આથી અનંત જ્ઞાન- દર્શન અને ચારિત્રના ગુણવાળા આત્માનો સ્વભાવ હંમેશાં ઊર્ધ્વગમનશીલ હોવા છતાં લોહચુંબક જેવા કર્મોના કારણે તે સંસારચક્રના ભ્રમણમાંથી બહાર નીકળી શકતો નથી.

**अइधमंत – अतिधमत् ( त्रि. )**

(અતિશય અવાજ કરતું)

એક તે, જે અજ્ઞાની હોય અને બીજા તે, જે સંપૂર્ણ જ્ઞાની હોય. એવાઓને તત્ત્વ સમજાવવું સુલભ છે, પરંતુ અલ્પજ્ઞાની હોવા છતાં પોતાને પૂર્ણજ્ઞાની માનનારાઓને તત્ત્વબોધ કરાવવો અત્યંત દુષ્કર છે. કેમકે આવા લોકોને તત્ત્વબોધથી નહીં પરંતુ પોતે પણ કંઈક જાણે છે તેવું દેખાડવાનો મોહ હોય છે. વ્યવહારમાં પણ દેખાય છે કે, જે ઘડામાં પાણી ઓછું હોય તે અવાજ વધારે કરતો હોય છે.

**अइधाडिय – अतिधाडित ( त्रि. )**

(ભ્રમિત કરાયેલું, ફેરવી દીધેલું)

જેમ વાછરડું હજારો ગાયોની વચ્ચેથી પણ પોતાની માતાને ઓળખી લે છે, તેમ કોઈપણ ભવમાં કરેલા શુભાશુભ કર્મ જીવને ક્યાંયથી પણ શોધી લે છે અને જન્મ-મરણરૂપી સંસારચક્રમાં અનંતકાળ સુધી ભ્રમણ કરાવ્યા કરે છે. જીવને ભવોભવ ભ્રમિત કરી રાખે છે.

**अइधुत्त – अतिधूर्त ( त्रि. )**

(ભારે કર્મી, જેને આઠે પ્રકારના કર્મો ઘણા છે તે, બહુલકર્મી)

આગમોમાં કહેલું છે કે, જીવ પ્રતિક્ષણ નવા નવા કર્મો બાંધતો હોય છે અને આ કર્મો અતિધૂર્ત સ્વભાવના કહેલા છે. ધૂર્ત માણસોનો જેમ વિશ્વાસ ન કરાય તેમ આઠે પ્રકારના કર્મો જીવને ક્યારે ઠગી લે તે કહી શકાય નહીં. માટે ખરાબ કાર્યો કરતી વખતે સો વાર ખચકાશો.

**अइपंडिय – अतिपण्डित ( त्रि. )**

(અત્યંત ગર્વિષ્ઠ, અતિ અભિમાની, અલ્પજ્ઞાનનું મિથ્યા અભિમાન કરનાર ૨. દુઃશિક્ષિત)

અજ્ઞાની જીવને સત્યનો બોધ કરાવવો હજી સહેલો છે પરંતુ જે અંશમાત્ર જ્ઞાન થવાથી પોતાને મહાજ્ઞાની સમજે છે એવા મનુષ્યને સમ્યગ્ જ્ઞાનની પ્રાપ્તિ થવી અત્યંત કઠિન છે. થોડા જ્ઞાનથી પોતાને મહાપંડિત માનનારને બ્રહ્મા પણ પ્રતિબોધિત કરવામાં સમર્થ નથી. તેથી જ્ઞાનપ્રાપ્તિ માટે વ્યક્તિએ જિજ્ઞાસુ હોવું જરૂરી છે, નહીં કે અલ્પબોધથી પોતાને જ્ઞાની માની લેવું.

**अइ ( ति ) पंडुकंबलसिला – अतिपाण्डुकम्बलशिला ( स्त्री. )**

(મેરુ પર્વત પર દક્ષિણ દિશા સ્થિત જિન અભિષેક શિલા)

મેરુ પર્વત પર ચારેય દિશાઓમાં ચાર મહાશિલા છે. પ્રત્યેક શિલા પર ભરત, ઐરાવત અને મહાવિદેહક્ષેત્રના તે-તે દિશાના તીર્થંકર ભગવંતોનો અભિષેક ચારેય નિકાયના દેવો દ્વારા કરવામાં આવે છે. અતિપાંડુકંબલ નામની શિલા મેરુ પર્વતની દક્ષિણ દિશાએ રહેલી છે.

**अइपडागा – अतिपताका ( स्त्री. )**

(એક પતાકા ઉપર બીજી, ત્રીજી આદિ પતાકા, ધ્વજા ઉપર રહેલી અન્ય ધ્વજા)

સંસારમાં ઉત્કૃષ્ટ પુણ્યના સ્વામી શ્રીતીર્થંકર ભગવંતોના સાંનિધ્યમાં ઈંદ્ર ધ્વજ રહે છે. જેમાં એકની ઉપર એક એ પ્રમાણે એક હજાર પતાકાઓ હોય છે. આ જ પ્રમાણે પરમાત્માની રથયાત્રામાં ઈન્દ્ર ધ્વજના પ્રતીકરૂપે નાની-નાની પતાકાવાળો ઈન્દ્ર ધ્વજ રહે છે. જે પરમાત્માના અખંડ ધર્મ-સામ્રાજ્યનો દ્યોતક છે.

**अइपरिणाम – अतिपरिणाम ( पुं. )**

(શાસ્ત્રોક્ત અપવાદ કરતાંય વધુ અપવાદ સેવનાર, અપવાદમતિ, ઉત્સૂત્રમતિવાળો)

પરિવર્તનશીલ આ સંસારમાં જન્મ-મરણ, ઉત્પત્તિ-વિનાશ, નવું-જૂનું થવું એ વિભાવદશા છે જ્યારે આત્મરમણતા અને પુદ્ગલો પ્રત્યે અનાસક્ત ભાવ એ સ્વભાવદશા છે. ચાલો, આપણે વિભાવદશાનો ત્યાગ કરીએ અને સ્વભાવદશામાં આવી વસીએ.

**अइपास - अतिपार्श्व ( पुं. )**

(આ અવસર્પિણીમાં થયેલા ઐરવતક્ષેત્રના તીર્થંકરનું નામ, તેઓ આ ચોવીસીમાં ભરતક્ષેત્રમાં થયેલા શ્રીઅરનાથ પ્રભુના સમયમાં જ થયા હતા.)

**अइपासंत - अतिपश्यत् ( त्रि. )**

(અસાધારણ રીતે જોતો, અતિશયપણે જોતો)

જેને પોતાના ભવિષ્યનું જ્ઞાન નથી એવા જ્યોતિષીઓ પર વિશ્વાસ રાખીને તેમણે કહેલી વિધિઓ વગર વિરોધે કરીએ છીએ. જ્યારે આપણા પરમ હિતચિંતક સર્વજ્ઞ ભગવંતોએ બતાવેલા આચારોનું આપણે કેટલું પાલન કરીએ છીએ ? જરા વિચારી જોજો.

**अइप्पमाण - अतिप्रमाण ( न. )**

(પ્રમાણ રહિત, પ્રચુર પ્રમાણ, પ્રમાણ-માપથી વધારે હોય તે)

લોકોક્તિમાં કહેવાયું છે કે, એક વાર જમે તે આચારી, બે વાર જમે તે વ્યવહારી, ત્રણ વાર જમે તે લોકાચારી અને ચાર વાર જમે તે ભિખારી. આપણે વિચારવા જેવું છે કે, આપણો નંબર શેમાં છે ?

**अइप्पसंग - अतिप्रसङ्ग ( पुं. )**

(ઘનિષ્ઠ સંબંધ, અતિશય પરિચય કરવો તે ૨. અતિવ્યાપ્તિ)

જેમ અત્તરનો સંગ સતત સુવાસ પ્રસરાવે છે અને વિષ્ઠાનો સંગ દુર્ગંધ સિવાય બીજું કાંઇ નહીં. તેમ સજ્જનોનો પરિચય સદ્‌ગુણોની મહેક પ્રસરાવે છે અને દુર્જનોનો પરિચય દૂષણ સિવાય કાંઇ વિસ્તારી શકતો નથી.

**अइबल - अतिबल ( त्रि. )**

(આવતી ચોવીસીના આઠમા વાસુદેવનું નામ ૨. દેવ-મનુષ્ય-તિર્યંચના બળને ઓળંગી ગયેલું, અત્યંત બળવાન ૩. ભરત ચક્રવર્તિનો પ્રપૌત્ર ૪. અસ્ત્રવિદ્યાનો ભેદ ૫. મોટું સૈન્ય ૬. ઋષભદેવ પ્રભુના પૂર્વના ચોથા ભવના પિતામહનું નામ)

તિર્યંચ, મનુષ્ય અને દેવોથી પણ વધુ બળ જેનું હોય તે અતિબલ કહેવાય છે. વેયાવચ્ચ આદિ વિશિષ્ટ આરાધનાથી થયેલા વીર્યાંતરાય કર્મના પ્રકૃષ્ટ ક્ષયોપશમથી આવી શક્તિ પ્રાપ્ત થાય છે. તીર્થંકર, ચક્રવર્તિ, વાસુદેવ, પ્રતિવાસુદેવ આદિ મહાપુરુષો આ પ્રકારના મહાબળના ધારક હોય છે.

**अइबहुय - अतिबहुक ( न. )**

(અત્યન્ત ભોજન, પ્રમાણથી અધિક ભોજન)

**अइबहुसो - अतिबहुशस् ( अव्य. )**

(પ્રમાણથી અધિક ભોજન કરવું તે, વારંવાર ખાવું તે, દિવસ મધ્યે ત્રણથી વધુ વાર ખાવું તે, અતિભોજન)

પ્રમાણથી અધિક ભોજન કરનાર, ભોજન કરવા છતાં અતૃપ્ત રહેનાર અને દિવસમાં ત્રણવારથી વધુ વખત ભોજન કરનાર વ્યક્તિને અતિભોજી કહેવામાં આવે છે. શાસ્ત્રોમાં તો અતિ ભોજનનો નિષેધ કરેલો છે જ, પરંતુ આધુનિક વિજ્ઞાન પણ જણાવે છે કે અતિ માત્રામાં ભોજન લેવાથી જઠરાગ્નિ મંદ થવો, કબજિયાત, સ્થૂલ શરીર આદિ ઘણા પ્રકારની બિમારીઓ થાય છે. એટલે જ મહાપુરુષોએ શાસ્ત્રોમાંથી સારરૂપ વાતોને સામાન્ય માણસ પણ ગ્રહણ કરી શકે માટે સુભાષિત આદિ માધ્યમોથી કહી છે. 'कम खाना, गम खाना, नम जाना' 'पेट को रखो नरम, पाँव को रखो गरम' ઇત્યાદિ.

**अइभद्द - अतिभद्र ( पुं. )**

(તંદુલવૈચારિક પ્રકીર્ણક આગમની ટીકામાં વર્ણવેલો અતિભદ્ર નામનો એક શ્રેષ્ઠિનો પુત્ર, જેણે સ્ત્રીના કંકાસથી પોતાના ભદ્રનામના ભાઈથી અલગ થઈને ગૃહાદિના ભાગલા કર્યા હતા.)

**अइभद्दग - अतिभद्रक ( त्रि. )**

(અત્યંત કલ્યાણકારી, ભદ્રક)

શ્રાવકના આવશ્યક ગુણોમાં અતિભદ્રનો પણ સમાવેશ થાય છે. ચંદનના સંપર્કમાં આવેલી વ્યક્તિને જેમ શીતળતા તથા સુગંધ પ્રાપ્ત થાય છે, તેમ અન્યને સહયોગી થવાની સતત ઈચ્છા તથા ઋજુ સ્વભાવથી શ્રાવકના સંપર્કમાં આવેલી વ્યક્તિને શાંતિ તથા સૌમ્યતાનો

અનુભવ થાય છે.

**अइभद्दा - अतिभद्रा ( स्त्री. )**

(મહાવીરસ્વામીના અગિયારમા પ્રભાસ નામના ગણધર ભગવંતની માતાનું નામ)

**अइभय - अतिभय ( त्रि. )**

(ઇહલૌકિકાદિ ભયોને ઓળંગી ગયેલું)

પરમાત્મા કહે છે કે, દરિદ્રતાના કે અન્ય બીજા નાના-મોટા ભયોથી શા માટે ડરીને ભાગો છો ? અરે, તમારે ભાગવું જ હોય તો જ્યાં જન્મ અને મરણરૂપી બે વિકરાળ સિંહો બિન્ધાસ્ત ફરી રહ્યા છે એવા સંસારરૂપી વનમાંથી મૂઠીઓ વાળીને ભાગી નીકળો.

**अइभार - अतिभार ( पुं. )**

(અત્યંત ભાર, વહન ન કરી શકાય એટલો બોજ ૨.પહેલા વ્રતનો ચોથો અતિચાર)

જેમ વ્યક્તિને પોતાના માટે વધુ ભાર ગમતો નથી, તે જ પ્રમાણે બીજા જીવો માટે પણ વિચારવું જોઇએ. પોતાના આશ્રિત નોકર કે પશુ પર અતિ ભાર વહન કરાવવાથી જીવને ભવાન્તરમાં વિવિધ પ્રકારના દુઃખ-બોજ સહન કરવા પડે છે.

**अइभारग - अतिभारग ( पुं. )**

(અત્યધિક ભારથી વેગપૂર્વક જનાર, અધિક ભારવાહક ૨. ખર, અશ્વતર, ઘોડાની એક જાતિ)

ધન-સંપત્તિ, પત્ની-પુત્ર, કુટુંબ-કબીલો અને વ્યવહારોના અતિભાર નીચે દબાયેલા જીવને કર્મોના ભાર ઉતારવાનો અવસર ક્યારે પ્રાપ્ત થશે, એકાન્તમાં બેસીને કોઈ દિવસ આવો વિચાર કર્યો છે ?

**अइभारारोवण - अतिभारारोपण ( न. )**

(પ્રથમ અણુવ્રતનો ચોથો અતિચાર, અત્યંત ભારનું આરોપણ કરવું તે, હદ ઉપરનો ભાર વહન કરાવવો તે)

પોતાને આશ્રિત બળદ, નોકર આદિ પાસે તેની શક્તિથી અધિક ભાર વહન કરાવવાથી પ્રથમ અણુવ્રતમાં અતિચાર લાગે છે. દયાળુ વ્યક્તિએ તો વિશેષ રીતે ધ્યાનમાં લેવું જોઇએ કે, કોઈપણ જીવને તેની શક્તિથી વધુ બોજ ન આપે. ધ્યાનમાં રહે ! નોકરોને અત્યંત ઓછો પગાર આપીને વધુ કામ કરાવવાથી પણ આ અતિચાર લાગે છે.

**अइभूमि - अतिभूमि ( स्त्री. )**

(જ્યાં સાધુઓને જવા આવવાની ગૃહસ્થોએ મનાઈ કરેલ હોય તે ભૂમિ ૨. ભૂમિ મર્યાદાનો ભંગ ૩. મર્યાદા ભંગ)

જ્યાં સાધુઓનો સંયોગ ન મળે તથા જ્યાં નિર્લજ્જતા શણગારરૂપ હોય તેવી ભૂમિમાં વાસ કરવાનો શાસ્ત્રકારોએ નિષેધ કર્યો છે. માત્ર ધનની પાછળ આંધળૂકિયા થઈ ગયેલા આપણને આ વાત ક્યારે સમજાશે ?

**अइमंच - अतिमञ्च ( पुं. )**

(માંચા ઉપર બીજો વિશિષ્ટ માંચો)

**अइमट्टिया - अतिमृत्तिका ( स्त्री. )**

(કાદવરૂપ માટી, આર્દ્ર માટી, માટીનો ગારો)

**अइमहल्ल - अतिमहत् ( पुं. )**

(વયમાં મોટા હોય તે, વયસ્થવિર)

વેયાવચ્ચના સ્થાનો પૈકી વયસ્થવિર-વયોવૃદ્ધની સેવા-ભક્તિને પણ સ્થાન આપેલું છે. સેવા-સુશ્રુષાને શાસ્ત્રમાં મહાન આરાધના તરીકે જણાવીને તેને ઉત્તમગુણ બતાવ્યો છે. માટે આપણાથી વયમાં જે મોટા હોય એવા માતા, પિતા, ગુરુ, ભાઈ આદિ વડીલોનો આદર કરવો જોઈએ.

**अइमाण - अतिमान ( पुं. )**

(અત્યધિક ઘમંડ, ગર્વિષ્ઠ ૨. ચારિત્રનું અતિક્રમણ કરનાર કષાયનો એક ભેદ)

'જે નમે તે સહુને ગમે' નીચે ઝૂકીને સહુને કેરીઓ આપનાર આંબો સહુના હૃદયમાં વાસ કરી જાય છે. માત્ર ઊંચાઈ વધારનારા તાડ

સામું કોઈ જોતું પણ નથી. માટે અભિમાનથી એટલા અક્કડ ન બનો કે લોકો તમારી પાસે ફરકે પણ નહીં.

**अतिमाय - अतिमात्र ( त्रि. )**

(પરિમાણથી અધિક હોય તે, માત્રાથી વધુ હોય તે, અતિમાત્રાવાળું)

વ્યક્તિએ કોઈપણ વસ્તુમાં 'અતિ' નો ત્યાગ કરવો જોઈએ અને આ સમજ વિવેકબુદ્ધિથી આવે છે. અતિ દાન દેવાથી બલિ રાજા બંધનમાં પડ્યો, વધારે પડતું અભિમાન કરવાથી દુર્યોધનનો નાશ થયો. અતિ લોભના કારણે સુભૂમ ચક્રવર્તી સાતમી નરકમાં ગયો. માટે 'અતિ' નો ત્યાગ કરવો જોઈએ.

**अइमाया - अतिमात्रा ( स्त्री. )**

(હદ ઉપરાંતનું પરિમાણ, ઉચિત માત્રાથી અધિક પ્રમાણ ૨. અતિમાયાવી)

ઉત્તરાધ્યયનસૂત્રમાં જેમ સાધુ ભગવંત માટે અતિમાત્રામાં આહાર કરવાનો નિષેધ કરેલો છે તેમ આરાધક સદ્‌ગૃહસ્થે પણ અધિક પ્રમાણમાં ભોજન ન કરવું તે અર્થ દ્યોતિત થાય છે. માટે જ રસગારવને સાધક માટે બાધક વર્ણવ્યો છે.

**★अतिमाया ( स्त्री. )**

(અત્યન્ત માયા, ચારિત્રનું અતિક્રમણ કરનાર કષાયનો એક ભેદ)

થોડી પણ માયાનું આચરણ કરવાથી તીર્થંકર પ્રભુ શ્રીમલ્લિનાથજી સ્ત્રીત્વ પામ્યા, તો પછી ડગલે ને પગલે જો આપણે માયાનો જ આશરો લઈશું તો વિચારી લેજો સ્ત્રીપણે પણ કેવો ભયંકર કર્મવિપાક ભોગવવો પડશે.

**अइमुंत ( मुत्त ) य - अतिमुक्तक ( न. )**

(જેની પૂર્ણતયા મુક્તિ થઈ ગઈ હોય તે, મુક્તાત્મા ૨. અઈમુત્તા મુનિ ૩. અંતગડસૂત્રના છઠ્ઠા વર્ગનું ૧૫મું અધ્યયન)

પંચાચારના પાલક શ્રમણ ભગવંતો ક્યારેય પણ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવથી બંધાતા નથી. માટે જ તેઓ સહુથી સુખી છે. જ્યારે ડગલેને પગલે આશા ને અપેક્ષાઓથી સતત ઘેરાયેલા આપણને બંધનોએ ગૂંગળાવી માર્યા છે.

**अइमुच्छिय - अतिमूर्छित ( त्रि. )**

(અત્યંત વિષયાસક્ત ૨. અત્યંત બેહોશ)

'હું' અને 'મારું' આ બે મંત્રોએ આખા જગતને અંધ બનાવી દીધું છે. જો તમારે અંધ ન બનવું હોય અને આત્મિક આનંદમાં મહાલવું હોય તો પરમાત્માએ આ મંત્રોના મારણ સ્વરૂપ 'હું કાંઈ નથી' અને 'જે દેખાય છે તે મારું નથી' આ બે પ્રતિમંત્રો આપેલા છે. તેનું સતત ચિંતન કરો.

**अइमोह - अतिमोह ( त्रि. )**

(ઘણો મોહ જેમાં છે તે, અતિશય મોહવાળું, કામાસક્ત)

જ્ઞાનીઓએ પૌદ્‌ગલિક પદાર્થોને ક્યારેય અનર્થકારી નથી કહ્યા. પરંતુ પદાર્થો પ્રત્યેના મોહને દુષ્ટ કહ્યો છે. આ મોહ દુર્ગતિની પરંપરા આપે છે. માટે એવા મોહથી સતત ચેતતા રહેજો.

**अइयंचिय - अत्यञ्च्य ( अव्य. )**

(અતિક્રમણ કરીને, ઉલ્લંઘન કરીને)

**अइयच्च - अतिगत्य ( अव्य. )**

(અતિક્રમણ કરીને)

**अइयण - अत्यदन ( न. )**

(ઘણું ખાવું તે, અતિભક્ષણ)

ખાઉધરા માણસને એમ કહેવાય છે કે 'શું ઢોરની જેમ આખો દિવસ ખા-ખા કર્યા કરે છે' પરંતુ ક્યારેય ઢોરને એમ નથી કહેવાતું કે શું આખો દિવસ માણસની જેમ ખા-ખા કર્યા કરે છે. કાંઈ સમજ્યા ?

**अइया – अजिका ( स्त्री. )**

(બકરી)

વગર વિચાર્યે કાર્ય કર્યે જતાં હોય તેવા લોકોને લોકોક્તિમાં ગાડરિયો પ્રવાહ કહે છે. ધર્મની ઉપાસનામાં ગાડરિયા પ્રવાહને નિષિદ્ધ કહ્યો છે. ગતાનુગતિક આચરણ ન કરતા સમજી વિચારીને કોઈપણ ધર્મક્રિયા કરવા જણાવેલું છે અને આ જ હિતાવહ છે.

**अइया ( य ) त – अतियात ( त्रि. )**

(ગયેલું, વ્યતીત થયેલું)

**'गते शोको न कर्तव्य'** આ ચાર શબ્દનું નીતિવાક્ય ઘણું બધું કહી દે છે. જેઓનો ભૂતકાળ અતિભવ્ય હતો અને આજે સામાન્ય સ્થિતિમાં છે તેઓ ભૂતકાળને વાગોળી વાગોળીને વર્તમાનને પણ ભુંડો બનાવતા હોય છે. ત્યારે જ્ઞાનીઓ કહે છે કે, ભાઈ ! એ બધું ભૂલીને હવે એવું કાંઈ કર જેથી તારું કલ્યાણ થાય. અર્થાત્ જીવનમાં ચઢતી પડતી કર્માધીન છે. તેથી ધર્મપુરુષાર્થ દ્વારા શુભ ભાતું બાંધી લેવું જોઈએ, જે કપરો સમય આવવા જ ન દે.

**अइयायरक्ख – अत्यात्मरक्ष ( त्रि. )**

(પાપોથી આત્માનું અત્યન્ત રક્ષણ કરનાર)

પ્રત્યેક સમય વિઘ્ન અને અશુભોથી ભરેલો છે. કર્મો ક્યારે આત્માની અંદર આતંકવાદ ફેલાવી દે તે કહી શકાય નહીં. આથી ધન, કુટુંબ આદિની રક્ષા કરતા પહેલા પોતાના આત્માનું રક્ષણ કરવું એ અત્યન્ત શાણપણભર્યું છે.

**अइ ( ई ) ( ति ) ( ती ) यार – अति ( ती ) चार ( पुं. )**

(ચારિત્રાચારનું ઉલ્લંઘન કરવું તે, ચારિત્રમાં સ્ખલન થાય તે, શ્રાવકના વ્રતોમાં લાગતો એક અતિચાર, વ્રતભંગ કરવામાં તૈયાર થવું તે)

લીધેલા વ્રત-નિયમોના પાલનમાં જ્યારે અજાણતા ભંગ થઈ જાય એટલે આપણે માનીએ કે આપણું વ્રત તૂટી ગયું. પરંતુ, જો ગુરુ આગળ તેનું પ્રાયશ્ચિત્ત લઈ લઈએ તો લાગેલા અતિચારનો નાશ થશે અને આપણું વ્રત પુનઃ સુવિશુદ્ધ બની જશે.

**अइरत्त – अतिरक्त ( त्रि. )**

(અત્યંત લાલવર્ણ ૨. અતિ અનુરાગયુક્ત)

રાજા ભર્તૃહરિને ખબર પડી કે તેમની મુખ્ય પટ્ટરાણી પિંગલા તો એક મહાવતના પ્રેમમાં આસક્ત છે. તે એક વ્યભિચારિણી સ્ત્રી છે ત્યારે તેઓને પિંગલા પર ગુસ્સો આવવાને બદલે સ્વયં પર ધિક્કાર થયો અને પોતાના ચિત્તને કહેવા લાગ્યા કે અરેરે ચિત્ત! તું જે સ્ત્રીમાં અત્યંત અનુરાગયુક્ત છે તે સ્ત્રી તો કોઇ બીજાને જ ઇચ્છે છે. ખરેખર ધિક્કાર તે સ્ત્રીને નહીં કિંતુ તને સતાવનાર કામદેવને છે.

**★अतिरात्र ( पुं. )**

(અધિક દિન, દિનવૃદ્ધિ, વૃદ્ધિતિથિ, વર્ષમાં વધતા છ દિવસ પૈકીનો કોઈ એક)

મજબૂત કાષ્ઠમાં પણ છેદ કરવાનું સામર્થ્ય રાખનાર ભમરો પદ્મપરાગના પાનમાં અનુરાગી થઈને એકદમ લીન બની જાય છે. ત્યાં સુધી કે, સંધ્યા સમયે બંધ થયેલા કમલની અત્યંત કોમળ પાંખડીઓ છેદીને બહાર નીકળવાની જગ્યાએ સવાર થવાની રાહ જુએ છે અને પ્રાતઃકાલે પાણી પીવા માટે આવેલા ગજરાજનું કમલ સહિત ભોજન બની જાય છે. આમ અત્યંત રાગ વ્યક્તિને સારાસારનું ભાન ભુલાવી વિનાશની તરફ ધકેલે છે.

**अइ ( ति ) रत्तकंबलसिला – अतिरक्तकंबलशिला ( स्त्री. )**

(મેરુ પર્વત પર ઉત્તર દિશા સ્થિત જિનાભિષેકની શિલાનું નામ)

તે દેવતાઓને ધન્ય છે જેમણે મેરુ પર્વત પર પરમાત્માનો જન્માભિષેક કર્યો. તે શિલા અને તે અભિષિક્ત જલને પણ ધન્ય છે જેને પ્રભુના પરમ પવિત્ર શરીરને સ્પર્શવાનું સૌભાગ્ય મળ્યું. હે ભગવંત ! ત્યારે અભાગી એવો હું ક્યાં હતો, જેને આપનો સ્પર્શ તો દૂર પરંતુ, આપના દર્શન કે વચન શ્રવણ કરવાનું ભાગ્ય પણ ન સાંપડ્યું.

**अइरा – अचिरा ( स्त्री. )**

(શાંતિનાથ પ્રભુની માતાનું નામ, અચિરામાતા)

તીર્થંકર ભગવંતોના માતા-પિતા પોતાના પુત્રનું નામાભિધાન તેમના ગુણાનુસાર કરતા હોય છે. જેમકે સોળમા શાંતિનાથ પરમાત્મા જ્યારે અચિરામાતાની કુક્ષીમાં પધાર્યા તે પૂર્વે સમસ્ત રાજ્યમાં ભયંકર રોગચાળો હતો. પરમાત્માની જેવી માતાની કુક્ષીમાં પધરામણી થઇ કે બધા જ રોગો શાંત થઇ ગયા. સર્વજીવોની અશાંતિ દૂર થઇ ગઇ. આથી પરમાત્માનું નામ શાંતિનાથ એવું રાખવામાં આવ્યું.

**अइ ( ए ) रावण - ऐरावण ( पुं. )**

(ઇન્દ્રનો હાથી, ઐરાવણ હાથી)

જેમ રાજા મહારાજાઓનો પ્રસિદ્ધ વ્યવહાર હોય છે તેમ કલ્પોપન્ન દેવોનો પણ વ્યવહાર હોય છે. ઇન્દ્ર મહારાજાનું વાહન ઐરાવણ હાથી છે. તે દેવનો જ જીવ હોય છે. જ્યારે સ્વામી દેવને સવારીની આવશ્યકતા ઊભી થાય ત્યારે તેના સેવક દેવને તે તે સવારીનું રૂપ ધારણ કરીને હાજર થવું પડે. હાય રે ! ત્યાં પણ ગુલામી તો ઊભી જ છે. માટે મુક્તિનું મહત્ત્વ છે.

**अइ ( ति ) रित्त - अतिरिक्त ( त्रि. )**

(અવશેષ, ફાલતું, વધારાનું ૨. ભિન્ન ૩. શૂન્ય ૪. અતિરેકવાળું, અતિપ્રમાણ યુક્ત)

જ્યાં સુધી મનમાં ખોટા અને વિકૃત વિચારોનો ફાલતું કચરો ભરાયેલો છે ત્યાં સુધી પરમાત્માની નિર્મલ વાણી આપણા હૃદય સુધી પહોંચી શકતી જ નથી. માટે આરાધકે સર્વપ્રથમ પોતાનામાં રહેલા મલિન વિચારોના કચરાને દૂર કરી દેવો જોઈએ.

**अइ ( ति ) रित्तसिज्झासणिय - अतिरिक्तशय्यासनिक ( पुं. )**

(પ્રમાણથી અધિક શય્યા-આસનાદિ રાખનાર-સાધુ, અનાવશ્યક પરિગ્રહી)

અનાવશ્યક અથવા અપરિમિત પરિગ્રહ રાખનારા જીવોને લાલબત્તી ધરતા જ્ઞાની ભગવંતો કહે છે કે, આવશ્યકતાથી અધિક પરિગ્રહના પાપથી અંતે દુર્ગતિનું જ નિમંત્રણ મળશે માટે મનથી પણ અનાવશ્યક પરિગ્રહનો ત્યાગ કરી દુર્ગતિથી બચો.

**अइरुग्गय - अचिरोद्गत ( त्रि. )**

(ક્ષણભરમાં ઉત્પન્ન થયેલું, પ્રથમોદયવાળો-સૂર્ય)

જેમ વરસાદની ઋતુમાં પાણી અને પૃથ્વીનો સંયોગ થતા જ્યાં-ત્યાં જીવજંતુઓ ઉત્પન્ન થઇ જાય છે તેમ મનમાં દુષ્ટ વિચારો પ્રવેશતા જ જીવમાં વિષય-કષાયરૂપી જીવજંતુઓ ક્ષણમાત્રમાં ઉત્પન્ન થઇ જાય છે. જેનાથી જીવને અશુભ કર્મનો બંધ થાય છે.

**अइरूव - अतिरूप ( पुं. )**

(રૂપાતીત-પરમેશ્વર ૨. રૂપને અતિક્રમી ગયેલું ૩. ભૂતજાતિનો દેવ વિશેષ)

મહોપાધ્યાય શ્રીયશોવિજયજી મહારાજ પરમાત્માના ઉત્કૃષ્ટ રૂપનું કારણ બતાવતા કહે છે કે, પૂર્વના ત્રીજા ભવમાં પરમાત્માએ જગતના તમામ જીવોના શુદ્ધ આત્મસ્વરૂપનું ચિંતન કરીને બધા જીવો સાથેનો મૈત્રીભાવ સુદૃઢ કર્યો હોય છે. જેની ફળશ્રુતિ રૂપે તેઓ તીર્થંકરના ભવમાં સર્વોત્તમ રૂપની પ્રાપ્તિ કરે છે.

**अइ ( ति ) रेग - अतिरेक ( पुं. )**

(આધિક્ય, વધારો, આવશ્યકતાથી અધિક હોવું તે ૨. અતિશય)

નદીમાં જ્યારે પાણીનો વધારે ભરાવો થાય તો પૂર-વિનાશ ફેલાય છે. અતિવૃષ્ટિ થાય છે અને પાકનો નાશ થઈ દુષ્કાળની સ્થિતિ સર્જાય છે. એવી રીતે જ્યારે આત્મામાં દોષવૃદ્ધિ થાય છે ત્યારે તે એકમાત્ર વિનાશનું જ કારણ બને છે.

**अइ ( ति ) रेगसंठिय - अतिरेकसंस्थित ( त्रि. )**

(અતિરેક પૂર્વક રહેલું, અતિશય ફેલાઈને રહેલું)

કહેવાય છે કે લક્ષ્મી જ્યારે આવે છે ત્યારે સાથે કેટલાય દુર્ગુણોને સાથે લઇને આવે છે. પરંતુ તે પાછી જાય છે ત્યારે એકલી જ જાય છે. સાથે આવેલા દુર્ગુણોને તે ત્યાં જ છોડીને જાય છે, અને બળાત્કારે સ્થાન જમાવી બેઠેલા દુર્ગુણો જીવની પાસે ખરાબ કામો કરાવે છે. જીવનમાં આવી પરિસ્થિતિ ન આવે એવું ઇચ્છતાં હોવ તો નમ્રતા, સરળતા, દેવ-ગુરુની ભક્તિ જેવા ગુણોને કેળવો.

**अइ ( चि ) रेण - अचिरेण ( अव्य. )**

(જલદી, શીઘ્રતાથી)

જે શ્રાવક લીધેલા વ્રતોનું નિરતિચાર સુવિશુદ્ધ પાલન કરે છે, તે સદ્ગતિને સાધતો અલ્પકાળમાં જ મોક્ષ સુખને પામે છે.

**अइ ( चि ) रोववण्णग - अचिरोपपन्नक ( त्रि. )**

(શીઘ્ર ઉત્પન્ન, તરત પેદા થયેલું)

આગમ શાસ્ત્રોમાં અધ્યવસાયો (માનસિક દઢ વિચારો) ને દ્રુતગતિવાળા કહેલા છે. જેટલા જલદી ઉત્પન્ન થાય છે તેટલા જ ઝડપથી નાશ પણ પામે છે. એટલે જો મનમાં શુભકાર્ય કરવાનો ભાવ જાગે તો સમયની રાહ જોયા વિના તેનો તાત્કાલિક અમલ કરવો એ જ ખરી બુદ્ધિમત્તા છે.

**अइरोस - अतिरोष ( पुं. )**

(ક્રોધાતિરેક, અત્યન્ત ગુસ્સો)

કોઈ ઘરમાં આગ લાગી હોય તો તે બાજુના ઘરને તો પછી બાળે છે પરંતુ, જે ઘરમાં લાગી હોય તેને પહેલા બાળે છે. જ્ઞાની પુરુષોએ ક્રોધને પણ અગ્નિ જેવો કહેલો છે. જે ગુસ્સે થઈ જાય છે તે બીજાનું અહિત પછી કરે છે, સૌ પ્રથમ તો એ પોતાનું જ અહિત કરે છે. માટે બને તેટલું ક્રોધથી દૂર રહેજો.

**अइरोहिय - अतिरोहित ( त्रि. )**

(પ્રકાશિત, પ્રગટ, સાક્ષાત્ સંબંધવાળું, સ્ફુટાર્થયુક્ત)

આ જગતમાં સર્વોત્કૃષ્ટ પુણ્યના સ્વામી તીર્થંકર પરમાત્મા જ હોય છે અને તેમના વિશિષ્ટ કુલ પાંચ કલ્યાણક-પ્રસંગો માનવામાં આવ્યા છે. ૧ ચ્યવન, ૨ જન્મ, ૩ દીક્ષા, ૪ કેવલજ્ઞાન અને ૫ નિર્વાણ. જ્યારે પણ આ પાંચ કલ્યાણક-પ્રસંગો બને છે ત્યારે ત્રણેય લોકમાં ઉદ્યોત (પ્રકાશ) થઇ જાય છે અને તે સમયે નરકમાં રહેલા જીવોને પણ ક્ષણભર સુખનો અનુભવ થતો હોય છે.

**अइ ( ति ) लोलुय - अतिलोलुप ( त्रि. )**

(અત્યન્ત ગૃદ્ધ, રસલોલુપ)

યુગપ્રધાન આચાર્ય શ્રી મંગુ માત્ર એક જીભની લોલુપતાના કારણે મરણ પામીને એક ખાળકૂવાના ભૂત બન્યા હતા. સાવધાન ! જાણે ખાવા-પીવા માટે જ આપણો જન્મ થયો છે તેવું માનનારાઓ પર કર્મરાજાની કેટલી મહેરબાની ઊતરશે એ તો જ્ઞાની જ જાણે.

**अइ ( ति ) वइत्ता - अति ( व्रज्य ) पत्य ( अव्य. )**

(અતિક્રમણ કરીને, ઉલ્લંઘન કરીને ૨. પ્રવેશીને)

રાજા કુમારપાળ અને શ્રીહેમચંદ્રાચાર્યના ગુજરાતમાં જીવોને હણવાની વાત તો દૂર હતી પરંતુ, 'માર' શબ્દ બોલવાની પણ મનાઈ હતી. અરે ! શાકને કાપી લીધું ન બોલતા શાક સમારી લીધું કે સુધારી લીધું બોલવાની પ્રથાના સંસ્કાર તો હજુ સુધી ચાલે છે. પરંતુ ખેદની વાત છે કે આજે જીવનમાં હિંસાનું સ્થાન મોખરાનું બની ગયું છે.

**अइवट्टण - अतिवर्तन ( न. )**

(ઉલ્લંઘન કરવું તે, માત્રાથી અધિક પ્રયોગ કરવો તે, અતિક્રમણ કરવું તે)

જે જીવ પ્રાણીવધમાં થનારા દોષને જાણતો ન હોય અને તે હિંસા કરે તો કદાચ તેનો અપરાધ ક્ષમ્ય થાય. પરંતુ અહિંસા પાલનમાં ગુણ અને હિંસામાં થનારા દોષ એ બન્નેનું જ્ઞાન હોવા છતાં પણ જાણી કરીને હિંસા કરે તો તેના અપરાધોને કર્મસત્તા ક્યારેય માફ કરતી નથી.

**अइ ( ति ) वाइ ( ति ) न् - अतिपातिन् ( त्रि. )**

(હિંસા કરનાર, હિંસક, ઘાતકી)

હિંસા કરવી એ જ જેનો ધંધો છે તે તો હિંસક છે જ, પરંતુ હિંસક માનસિક વિચારધારા ધરાવનાર પણ એટલો જ ઘાતકી છે. માટે જ શાસ્ત્રોમાં માખી જેવડા તંદુલિયા મચ્છ માટે નોંધ લેવાઈ છે કે, તે ભલે ને હિંસા નથી કરી શકતો, પણ તેના પરિણામો અત્યંત ઘાતકી છે. તેથી જ તે મરીને નિયમા સાતમી નરકે જાય છે. વિચારજો મનની હિંસક સોચ ને !

**अइवाइत्ता - अतिपातयितृ ( त्रि. )**

(હિંસાના સ્વભાવવાળું, વિનાશક)

સ્વભાવ એટલે મનની વૃત્તિ. સાતત્યપૂર્ણ આચરણથી ઘડાતી પ્રકૃતિ. કાલસૌરિક કસાઈનો સ્વભાવ એટલી હદે જીવ હિંસાના

પરિણામોથી ઘડાઈ ગયો હતો કે તેને કૂવામાં પૂરી દીધા પછી પણ ત્યાં માટીના પાડા કરીને હાથરૂપી તલવારથી કલ્પના દ્વારા સતત હિંસા કરતો હતો. મરીને તે નરકે ગયો. હિંસાના રૌદ્ર સ્વભાવથી જીવની ગતિ અતિભયંકર થાય તે ધ્રુવ સત્ય છે.

**★अतिपात्य ( अव्य. )**

(જીવહિંસા કરીને, પ્રાણીનો વિનાશ કરીને)

હાથી સ્પર્શની ઈચ્છાથી, માછલી રસની લોલુપતાથી, ભ્રમર ગંધની કામનાથી, પતંગિયું દીપકના પ્રકાશમાં આસક્ત બનીને અને હરણ સંગીત સાંભળવાની મહેચ્છાથી પોતાના પ્રાણ ગુમાવે છે. તો પછી પાંચેય ઈન્દ્રિયોમાં આસક્ત રહેવાવાળા આપણા માટે અધઃપતન તો નિશ્ચિત જ છે.

**अइवाइय - अतिपातिक ( त्रि. )**

(પ્રાણોનો ઉપમર્દક, હિંસા કરનાર, જીવહિંસક)

સકારણ કે નિષ્કારણ પ્રાણીઓની હિંસા કરનાર જીવ માત્ર તેઓના પ્રાણને જ નહીં પરંતુ, પોતાનામાં રહેલા જીવદયાદિ ભાવપ્રાણોની પણ હિંસા કરતો હોય છે. એકવાર ભાવપ્રાણો નાશ પામ્યા પછી તેનામાં અને મૃતક શરીરમાં કોઇ જ ફરક નથી રહેતો.

**अइवाइया - अतिपातिका ( स्त्री. )**

(પાપથી દૂર થયેલી, પાપરહિત, નિર્દોષ)

હે જીવ ! તારે આનંદ કરવો જ હોય તો પોતે કરેલા સુકૃતો માટે આનંદ કર. પ્રશંસા કરવી હોય તો બીજાના સુકૃતોની પ્રશંસા કર. નમવાની ઈચ્છા થાય તો સુદેવ-સુગુરુ સમક્ષ મસ્તક ઝુકાવ અને જો કોઈને હણવાની ઇચ્છા થતી હોય તો કોઈપણ જીવને હણવાને બદલે તને લાગેલા દુષ્કર્મોને હણ. બાકી અન્યને હણવાથી શું ?

**अइ ( ति ) वाएमाण - अतिपातयत् ( त्रि. )**

(પ્રાણીઓની હિંસા કરતું, ઉપમર્દન કરતું)

**अइ ( ति ) वाय - अतिपात ( पुं. )**

(પ્રાણઘાત કરવો તે, હિંસાદિ દોષ, વિભ્રંશ ૨. વિનાશ)

અઢાર પ્રકારના પાપોમાં પ્રાણઘાત કે હિંસાને પ્રથમ પાપસ્થાનક કહ્યું છે. વિચારજો ! આજે યત્ર તત્ર સર્વત્ર નાના-મોટા જીવોની હિંસાનું તાંડવ નૃત્ય કેટલું વ્યાપક દેખાઈ રહ્યું છે ? સમજી લ્યો કે, આ સર્વનાશની શરૂઆત થઈ ચૂકી છે.

**★अतिवाद ( पुं. )**

(બહુ બોલવું તે ૨. ધિક્કાર ૩. કઠોર વચન, અપ્રિય વાક્ય)

યોગશાસ્ત્રની ટીકામાં હેમચંદ્રાચાર્યજી મહારાજે હિંસાની વ્યાખ્યા કરતા કહ્યું છે કે, માત્ર કોઈને જાનથી મારવું તે જ હિંસા નથી. કિંતુ મન-વચન-કાયાથી અન્યના દિલને દુભાવવું તે પણ હિંસાનો એક સૂક્ષ્મ પ્રકાર છે. ધ્યાન રાખજો ! આપણે કોઈના દિલને દુભવતા તો નથી ને ?

**अइवास - अतिवर्ष ( पुं. )**

(અતિ વર્ષા, ધોધમાર વરસવું તે)

જો તળાવને બન્ને બાજુથી પાળ બાંધીને સુરક્ષિત કરવામાં ન આવે તો અતિવૃષ્ટિ થતાં બધું જ પાણી બહાર નીકળીને આખા ગામને ડુબાડી દે છે. એવી રીતે જો આપણે પોતાના જીવનરૂપી તળાવને સુસંસ્કાર અને ધાર્મિકતાથી સુરક્ષિત નહીં કરીએ તો વધારે પડતું ધન મળતાં દુર્ગુણોના પૂરથી આપણો આ ભવ અને પરભવ બન્નેય દુર્ગતિમય થઇ જશે.

**अइ ( ति ) वाहड - अतिव्याघ्रात ( त्रि. )**

(અત્યંત સુંઘેલું ૨. દુર્ગંધાદિ વિશિષ્ટ હોય તે)

વિપાકસૂત્ર નામક આગમમાં દુઃખવિપાકનું સર્વોત્કૃષ્ટ ઉદાહરણ મૃગાપુત્ર લોઢિયાનું આપેલું છે. તેને હાથ, પગ, માથું વગેરે કોઇ અંગોપાંગ નહોતા. તે અત્યંત દુર્ગંધમય માંસના પિંડ રૂપે હતો. તેના શરીરમાં કુલ સત્તર રોગો હતાં. તેની આવી દુર્દશાની પાછળ પૂર્વભવમાં આચરેલા ભ્રષ્ટાચારો, સાત વ્યસનનું આસેવન, અમાનવીયતા આદિ પાપો જ કારણભૂત હતા. જો કર્મસત્તાએ રાજપુત્રને

પણ નથી છોડ્યો તો પછી તમે શું વિચારીને બેફિકરપણે મજાથી પાપના આનંદને માણો છો ?

**अइ ( ति ) विज्ज – अतिविद्वस् ( त्रि. )**

(આગમોના હાર્દને જાણનાર, આગમના સદ્ભાવને જાણનાર, વિદગ્ધ)

માત્ર શાસ્ત્રો અને આગમોના અભ્યાસથી કોઈ વિદ્વાન નથી કહેવાતો. સાચો વિદ્વાન તે છે જેને આગમોના કથનના મૂળભાવોનું પણ જ્ઞાન હોય અને તદનુસાર તેનું આચરણ હોય. આવા અતિવિદ્વાન પુરુષ સ્વ-પર કલ્યાણ કરવામાં સમર્થ હોય છે. એટલે જ તો કહેવાયું છે કે, 'જ્ઞાની શ્વાસોશ્વાસમાં કરે કર્મનો છેહ, પૂર્વકોટી વર્ષો લગે અજ્ઞાની કરે તેહ'

**अइ ( ति ) विसय – अतिविषय ( पुं. )**

(પાંચે ઇન્દ્રિયોની અતિશય લંપટતા)

જેમ કાચબો પોતાના હાથ-પગને ઢાલમાં છુપાવીને પોતાના જીવનને સુરક્ષિત કરે છે તેમ જે મનુષ્ય ઇંદ્રિયોને કાબૂમાં રાખે છે, તે પોતાના આવનારા ભવોને સુરક્ષિત કરે છે. અન્યથા વિષયોમાં લંપટ બનેલા જીવને ઇંદ્રિયરૂપી અશ્વો અનિચ્છાએ પણ બળાત્કારે નરકમાં ખેંચી જાય છે.

**अइ ( ति ) विसाया – अति ( विस्वादा ) ( विषयगा ) ( वृषाका ) ( विषाचा ) विषादा ( स्त्री. )**

(દુષ્ટ સ્વભાવની સ્ત્રી)

આગમોમાં દુષ્ટસ્વભાવની સ્ત્રીઓના દશ પ્રકારો વર્ણવ્યા છે. જેમાં ૧. દારુણ વિષાદના હેતુવાળી અતિવિષાદા ૨. કોઈપણ અકાર્યમાં ક્ષોભ કે વિષાદ રહિત સ્વભાવવાળી અતિવિષાદા ૩. વિપરિત થયે સૂર્યકાન્ત-આગિયા કાચની જેમ પુરુષને ભયંકર વિષાદને આપનારી અતિવિષાદા ૪. જેને વિવિધ પ્રકારના લાંપટ્યના સ્વાદ છે તે અતિવિસ્વાદા ૫. ચક્રવર્તીની પટ્ટરાણીની જેમ અથવા સુસઢની માતાની જેમ પ્રબળપણે વિષયાસક્ત થઈને છઠ્ઠી નરકમાં જનારી અતિવિષયગા ૬. જેને મનગમતો પુરુષ કે મનગમતા વિષયસુખ નહીં મળવાથી અતિવિષાદને ધારણ કરનારી ૭. અથવા અતિકોપે કરી વિષ ભક્ષણ કરનારી અતિવિષાદા ૮. વૃષભ સાધુ-પુણ્યશાળી સાધુના ચારિત્રપ્રાણનું હરણ કરીને તેના માટે યમરાજ જેવું આચરણ કરનારી અતિવૃષાકા ૯. અથવા યતિવૃષભ-લબ્ધિવંત મહાપુણ્યશાળી સાધુઓના સંયમવનને અગ્નિની જેમ બાળીને ખાક્ કરનારી અતિવૃષાકા અને ૧૦. લોકોના પુણ્યરૂપ વિસ્તૃત વનને ચોરની જેમ લૂંટીને ખાલીખમ કરનારી અતિવિષાદા. ઉપરોક્ત દશ ભેદો દુષ્ટ સ્ત્રીના શાસ્ત્રકારોએ બતાવ્યા છે. જેમ સ્ત્રીને રત્નકુક્ષી કે રત્નગર્ભા બતાવી છે તેમ તેના દુર્ગુણોને કારણે તેને દુષ્ટા પણ વર્ણવી છે.

**अइ ( ति ) विसाल – अतिविशाल ( त्रि. )**

(અત્યંત વિશાળ ૨. યમપ્રભ પર્વતની દક્ષિણ તરફની તે નામની રાજધાની)

હે પરમાત્મા ! આપની પૂજા ભક્તિના પ્રતાપે મને ગાડી, મકાન કે ધન નહીં મળે તો ચાલશે પરંતુ, મારા ચિત્તને અવશ્ય આપના જેવું ઉદાર બનાવજો. કેમકે, મારે આખા જગતના મિત્ર બનવું છે અને હું એ જાણું છું કે, આખા જગતને પોતાના મિત્ર બનાવવા માટે આ ભૌતિક સામગ્રીઓ કામમાં નથી આવવાની. તેના માટે તો જોઈશે વિશાળ હૃદય, જે માત્ર આપની પાસે છે.

**अइ ( ति ) वुटि्ठ – अतिवृष्टि ( स्त्री. )**

(અધિક વર્ષા, ધાન્યાદિકની ઉપઘાતક વર્ષા)

જેમ વર્ષાકાળમાં મેઘ જો યોગ્ય માત્રામાં વરસે તો તે સુકાળ લાવે છે અને જો તે અધિક માત્રામાં વરસે તો પૂર જેવી હોનારતો અને લીલો દુષ્કાળ સર્જી શકે છે. તેમ વિષયોનો ઉપભોગ વિવેકપૂર્વક કરવામાં આવે તો જીવનમાં સદ્ગુણોનો આવિર્ભાવ થાય છે પણ જો તે વિષયોનો ઉપભોગ અધિકમાત્રામાં થવા માંડે, તો તે વિનાશકારી પૂરની જેમ દુર્ગતિઓની પરંપરા ઉત્પન્ન કરીને જીંદગી બરબાદ કરી નાખે છે, માટે જ તો સુભાષિતમાં કહેવામાં આવ્યું છે કે **'अति सर्वत्र वर्जयेत्'**

**अइवेल – अतिवेल ( अव्य. )**

(કાળવેળા ઉલ્લંઘીને, સમયમર્યાદાને અતિક્રમીને)

આચારાંગસૂત્રમાં સાધુ સાધ્વીજીને અધ્યયન, ધ્યાન, કાઉસગ્ગ કે ગોચરી-પાણી વગેરે દરેક ક્રિયાઓ માટે કાળમર્યાદા બતાવેલ છે. તે તે ક્રિયાઓ તેના નિયત કાળમાં કરવા વ્યપદેશ કર્યો છે તેમ કવેળામાં સ્વાધ્યાયાદિ ન કરવાનું પણ કહ્યું છે.

**अइवेला - अतिवेला ( स्त्री. )**

(સાધુના આચારની મર્યાદા, સમય સંબંધિત મર્યાદા)

શાસ્ત્રમાં સાધુ ભગવંતો તથા ગૃહસ્થો માટેના દિનકૃત્ય અને રાત્રિકૃત્ય માટે સમયનું નિર્ધારણ કરવામાં આવ્યું છે. આથી સ્પષ્ટ થાય છે કે પ્રત્યેક ક્રિયાને તેના નિર્દિષ્ટ સમયમાં કરવાથી ભગવાનની આજ્ઞાના પાલનની સાથે તેનું યોગ્ય ફળ પ્રાપ્ત થાય છે. કોઈ પણ ધાર્મિક ક્રિયાને તેના નિર્ધારિત સમયે નહીં કરવાથી કાળાતિક્રમ દોષ લાગે છે.

**अइस - ईदृश ( त्रि. )**

(આવું, આવા પ્રકારનું)

જેમ રત્નોમાં જાત્યરત્ન ઓછા જ હોય છે. તેમ આ સંસારમાં શૂરવીર, નરવીર, યુગપ્રધાનાચાર્ય આદિ નરરત્નો પણ ઓછા જ જોવા મળશે. માટે લોકોક્તિ છે કે **'चंदनं न वने वने'** અર્થાત્ આવા પ્રકારના રત્નો તો જગતમાં ઓછા જ હોય ને !

**अइसइय - अतिशयित ( त्रि. )**

(વિશિષ્ટ, આશ્ચર્યકારક, અતિશયવાળું)

માણસની બુદ્ધિમાં ન બેસે એવા આશ્ચર્યને કહેવાય અતિશય. પરમ પૂજનીય તીર્થંકર ભગવંતો ૩૪ અતિશયના ધારક હોય છે. પૂર્વભવમાં 'સવિ જીવ કરું શાસનરસી' ની ભાવેલી સુદૃઢ ભાવનાના ફળરૂપે તેઓ તીર્થંકર નામકર્મના ઉપાર્જન દ્વારા આવા આશ્ચર્યકારક અતિશયના સ્વામી બને છે.

**अइ ( ति ) संकिलेस - अतिसंक्लेश ( पुं. )**

(ચિત્તની અત્યંત મલિનતા, સંક્લિષ્ટ મનોવૃત્તિ)

જ્યાં સુધી શરીર પર પાણી નથી પડતું ત્યાં સુધી શરીરનું માલિન્ય દૂર થતું નથી. તેમ જ્યાં સુધી મન પર જ્ઞાન અને જિનાજ્ઞારૂપી જલપ્રપાત નહીં થાય ત્યાં સુધી મનની મલિનતા દૂર થશે નહીં. મનનું આ માલિન્ય જ્યાં સુધી દૂર નહીં થાય ત્યાં સુધી મોક્ષ પણ થશે નહીં. એટલે જ તો મહોપાધ્યાય યશોવિજયજી મહારાજે સ્વરચિત સ્તવનમાં લખ્યું છે કે, 'ક્લેશ વાસિત મન સંસાર ક્લેશરહિત મન તે ભવ પાર'

**अइ ( ति ) संधाण - अतिसंधान ( न. )**

(પ્રખ્યાપન-પ્રસિદ્ધ કરવું તે ૨. કપટ, દગાબાજી, ઠગાઈ)

અસત્યના ઉચ્ચારણથી રાજા પર્વતના પ્રાણનો નાશ થયો. કાંઈક અલ્પ જૂઠું બોલવાથી રાજા યુધિષ્ઠિરનો હવામાં ચાલવાવાળો રથ જમીન પર આવી ગયો અને એક નાનકડું જૂઠ બોલવાના કારણે મરીચિનું કેટલાય ભવો સુધી સંસાર પરિભ્રમણ વધી ગયું. શાસ્ત્રમાં પણ અસત્યભાષીને બે જીભવાળા સાપની ઉપમા આપવામાં આવી છે.

**अइ ( ति ) संधाणपर - अतिसंधानपर ( त्रि. )**

(ગુણ ન હોવા છતાં તેવા ગુણવાળો પોતાને સાબિત કરે તે, પોતાના અસદ્ભૂત ગુણોની જાહેરાત કરનાર)

આપણે માનીએ છીએ કે, સૌથી વધારે હિંમત સાચું બોલવા માટે જોઈએ. પરંતુ હકીકત તો એ છે કે, સૌથી વધારે હિંમત જૂઠું બોલવા માટે જોઈએ છે. કેમકે સત્ય બોલ્યા પછી તેને યાદ રાખવા કે સાબિત કરવાની જરૂરિયાત નથી હોતી. જ્યારે જૂઠું બોલ્યા પછી તેને સાચું સાબિત કરવા માટે બીજા કેટલાય જૂઠાણા બોલવા પડતા હોય છે અને તેને યાદ રાખવા માટે બુદ્ધિનો સહુથી વધારે દુરુપયોગ કરવો પડતો હોય છે.

**अइ ( ति ) संपओग - अतिसंप्रयोग ( पुं. )**

(એક દ્રવ્યનો બીજા દ્રવ્ય સાથે અત્યંત સંયોગ કરવો)

શાસ્ત્રોમાં જૈનો માટે એક મૂલ્યવાન દ્રવ્યનો બીજા અલ્પમૂલ્યના દ્રવ્ય સાથે સંયોગ કરી વ્યાપાર કરવાનો નિષેધ કરવામાં આવેલો છે. કેમકે તેમાં અનીતિનું પાપ રહેલું છે. જે મનની શાંતિ અને સુખી જીવનને વેરવિખેર કરી નાખે છે. માટે એવો કોણ બુદ્ધિશાળી હશે જે આવો નુકશાનીનો ધંધો કરે ?

**अइ ( ति ) सक्कणा – अतिष्वष्कणा ( स्त्री. )**

(અગ્નિ પ્રજ્વલન હેતુ પ્રેરણા કરવી તે, ઉદ્દીપના-ઉત્તેજના કરવી તે)

જેમ વાયુ દ્વારા ઉદ્દીપના પામતો અગ્નિ સતત પ્રજ્વલિત રહે છે તેમ જીવનમાં ડગલે ને પગલે આવતી મુશ્કેલીઓમાં ધૈર્યાદિ ગુણોની હંમેશાં પરીક્ષા થતી રહે છે અને સત્ત્વના કારણે એ ગુણો સતત દેદીપ્યમાન રહે છે.

**अइ ( ति ) सय – अतिशय ( पुं. )**

(અધિકતા, અતિરેક, ઘણું ૨. ઉત્કૃષ્ટતા, પ્રકર્ષભાવ ૩. પ્રભાવ, મહિમા)

પૂર્વના ત્રીજા ભવમાં નિકાચિત કરેલા તીર્થંકર નામકર્મને કારણે સર્વોત્કૃષ્ટ પુણ્યના સ્વામી તીર્થંકર ભગવંતને તીર્થંકરના ભવમાં કુલ ચોત્રીસ અતિશય ઉત્પન્ન થાય છે. જેમાં ચાર અતિશય જન્મથી, ઓગણીસ દેવકૃત અને અગ્યાર કર્મક્ષયથી હોય છે. જે જીવ ચોત્રીસ અતિશયયુક્ત પરમાત્માનું ધ્યાન ધરે છે તેને પણ ભવાન્તરમાં જિનેશ્વર જેવી ઋદ્ધિ પ્રાપ્ત થાય છે.

**अइ ( ति ) सयणाणि – अतिशयज्ञानिन् ( पुं. )**

(અવધિજ્ઞાનાદિથી યુક્ત, અવધિ આદિ પ્રત્યક્ષ જ્ઞાનસહિત)

આરોગ્યની પ્રાપ્તિ માટે આપણે મેડિકલનું જ્ઞાન ધરાવતા ડૉક્ટર પર વિશ્વાસ રાખીને તેણે બતાવેલા નિયમ પર ચાલીએ છીએ. ઘરમાં સુખ-શાંતિ માટે ભવિષ્યના જ્ઞાનવાળા જ્યોતિષીએ બતાવેલી વિધિઓ કરીએ છીએ, તો પછી જીવમાત્રના હિતેચ્છુ વિશિષ્ટજ્ઞાની કેવલી ભગવંત કથિત માર્ગ પર ચાલવાનું પસંદ કેમ નથી કરતા ?

**अइ ( ति ) सयमईयकाल – अतिशयातीतकाल ( पुं. )**

(અત્યંત વીતેલો ભૂતકાળ, અતિ વ્યવધાનવાળો કાળ)

આપણી અત્યારની વિદ્યમાનતાથી એક વાત તો નક્કી છે કે અનાદિકાળથી આ સંસારમાં આપણે ભમી રહ્યા છીએ. આપણા ભવોનો કોઇ અંત નથી આવ્યો. આ વિષય-કષાયો અનાદિકાળથી આપણી સાથે જ છે તો પણ તે મોક્ષ અપાવી શક્યા નથી. માટે તેમનું મિત્રની જેમ પોષણ કરવું કેટલું ઉચિત છે ? ચાલો, આજથી એક નવી શરૂઆત કરીએ. આ વિષય-કષાયોને છોડીને ક્ષમા મૈત્રી આદિ ગુણોને પોષીને ભવભ્રમણનો અંત કરવાની પ્રક્રિયા ચાલુ કરી દઇએ.

**अइसयसंदोह – अतिशयसंदोह ( त्रि. )**

(અતિશય-શ્રેષ્ઠના સમૂહથી સંપન્ન, અતિશયના સમૂહથી યુક્ત)

જે અતિશયોના સમૂહની ઋદ્ધિ-સિદ્ધિ અન્ય કોઈ દેવ પાસે નથી તે અતિશયોનું ઐશ્વર્ય તીર્થંકર પરમાત્માને સંપૂર્ણતા સાથે વરેલું છે. પ્રભુની આ લોકોત્તર મહિમાથી આકર્ષાઈને અસંખ્ય ભવી જીવોએ પોતાની આત્મ-સમૃદ્ધિની ચરમોત્કૃષ્ટતા સાધી છે. અહો ! કેવું છે પ્રભુના લોકોત્તર ગુણોનું અદ્ભુત સામર્થ્ય.

**अइसरिअ – ऐश्वर्य्य ( न. )**

(ઋદ્ધિ, ઠકુરાઈ, વૈભવ ૨. અણિમાદિ આઠ સિદ્ધિઓ પૈકીનો એક ભેદ)

જે પોતાના લીધેલા વ્રતોમાં દૃઢ હોય. જે નિરપેક્ષ ભાવે ઘોરાતિઘોર તપશ્ચર્યા પણ સહજતાથી કરતા હોય. અને ચારિત્રનું સર્વથા નિરતિચાર પાલન કરતા હોય તેવા મહાપુરુષોની તો અણિમા, ગરિમા આદિ આઠ મહાસિદ્ધિઓ પણ સેવિકા બનીને ચરણોમાં સેવા કરે છે.

**अइ ( ति ) साइ ( न् ) – अतिशायिन् ( त्रि. )**

(આમર્ષૌષધિઆદિ ઋદ્ધિપ્રાપ્ત ૨. અવધિ-મનઃપર્યવ-કેવલસહિત ચતુર્દશપૂર્વધારી)

રત્નત્રયીની આરાધના દ્વારા જે ઓ મહાલબ્ધિઓ, ઋદ્ધિ-સિદ્ધિઓ અને પ્રત્યક્ષ જ્ઞાનને વરેલા છે તે મહામુનિઓના દર્શન વંદન અને સ્મરણ પણ આપણા અનેક ભવસંચિત પાપોને ક્ષણમાં વિનષ્ટ કરવાને સમર્થ બને છે. માટે જ ભરહેસરની સજ્ઝાયમાં એવા મહાપુરુષોનું સ્મરણ દૈનંદિન કરાય છે.

**अइसिरिहर – अतिश्रीभर ( पुं. )**

(અત્યંત શોભાયુક્ત, અતિશય શોભાવાળો)

કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પછી અષ્ટ પ્રાતિહાર્ય અને ચોત્રીસ અતિશયયુક્ત પરમાત્મા જ્યારે નવ સુવર્ણકમલ પર પાદસ્થાપન કરીને વિહાર કરતા હોય છે ત્યારે દિવ્યકાંતિવાળા દેવો પણ પરમાત્માના રૂપદર્શન માટે પહેલાં હું પહેલાં હું એમ બીજા દેવો સાથે હોડમાં ઉતરી જતાં હોય છે. આપણા માટે સૌભાગ્યની વાત છે કે, આજના કળિયુગમાં આવા જિનેશ્વરદેવ આપણને પ્રતિમારૂપે મળ્યા છે.

**अइ ( ति ) सीय – अतिशीत ( त्रि. )**

(અત્યંત ઠંડુ, અતિશય શીતળ સ્પર્શ)

ઠંડીની ઋતુ આવતાં જ તેનાથી બચવા આપણે સ્વેટર, મફલર, કોટ, શાલ વગેરે શોધવા લાગી જઇએ છીએ જેથી આપણને ઠંડી લાગી ન જાય. પરંતુ ગાત્રોને થીજાવી દેનારી ઠંડીને પણ વિના વિરોધે સહન કરનારા અપરિગ્રહી મહાત્માઓની ચિંતા આપણને સતાવે છે ખરી ? ધન્ય છે તે ચેલણા રાણીને જેને રાત્રે ચાદરમાંથી હાથ બહાર આવવાથી ઠંડીનો અહેસાસ થતાં મોંમાંથી શબ્દો સરી પડ્યા કે શીત પરિષહ સહન કરનારા તે મહાત્માનું શું થતું હશે ?

**अइ ( ति ) सुहुम – अतिसूक्ष्म ( त्रि. )**

(અત્યંત સૂક્ષ્મબુદ્ધિથી ગમ્ય, ઘણું બારીક-સૂક્ષ્મબુદ્ધિ ગ્રાહ્ય)

જિનેશ્વર દ્વારા અર્થમાં ઉપદેશાયેલા, ગણધર ભગવંતો વડે સૂત્રમાં ગુંફિત અને વિશિષ્ટ બુદ્ધિપ્રતિભાના સ્વામી શ્રમણો દ્વારા ગ્રહણ કરાયેલા આગમોમાં અત્યંત ગૂઢ પદાર્થો કહેવામાં આવ્યા છે. જે કદાચ આપણી બુદ્ધિમાં ફિટ ન પણ બેસે. આવા અતિસૂક્ષ્મ બુદ્ધિગમ્ય પદાર્થો સમજવા માટે આપણે આગમોને ધારણ કરનારા સદ્‌ગુરુઓની નિત્ય ઉપાસના કરવી જોઇએ.

**अइ ( ति ) सेस – अतिशेष ( पुं. )**

(અતિશય પ્રભાવ, આચાર્યાદિના પાંચ અતિશય ૨. આધ્યાત્મિક પ્રભાવ, મહિમા ૩. અતિશયવાળો)

જિનશાસનમાં લઘુ તીર્થંકરની ઉપમા જેને શોભે છે એવા આચાર્ય-ઉપાધ્યાયના શાસ્ત્રમાં પાંચ અતિશયો બતાવ્યા છે. તે આ પ્રમાણે ૧. આચાર્ય બહારથી આવ્યા હોય તો તેમના પગ ઓઘા વગેરેથી લૂંછવા ૨. તેમના ઉચ્ચાર પ્રસ્રવણના પ્રસંગે સમુચિત વ્યવસ્થા સાચવવી ૩. તેમની ઉત્કૃષ્ટ ભાવે ભક્તિ-વેયાવચ્ચ કરવી ૪. તેઓ જ્યાં વિરાજમાન હોય ત્યાં તેમની મહિમા વધે તેમ કરવું પણ આશાતના ન કરવી અને ૫. તેમના હાથ મોં પગ વગેરે ધોવા કે શરીરશુદ્ધિ કરવી. આચાર્ય કે ઉપાધ્યાયજીના આ અતિશયોને વિનયપૂર્વક જાળવતો શ્રમણ પોતાના કર્મોનો શીઘ્રતયા નાશ કરીને મોક્ષ સુખને પામે છે.

**अइसेसइड्ढि – अतिशेषर्द्धि ( पुं. )**

(અવધિ-મનઃપર્યવજ્ઞાન આમર્ષૌષધિ આદિ વિશિષ્ટ ઋદ્ધિયુક્ત, પ્રથમ પ્રવચન પ્રભાવક)

વિશિષ્ટ કોટિના તપ કરવાવાળા, મિત્ર-શત્રુ પર સમાન ભાવ ધારણ કરનારા અને કર્મક્ષયનું જ એકમાત્ર લક્ષ્યવાળા મહાત્માઓને ભૂત-ભાવિ-વર્તમાન ત્રણેય કાળની ઘટનાઓને પળમાત્રમાં જાણી શકે તેવું અવધિજ્ઞાન, મનોગત ભાવોને સમજે એવું મનઃપર્યવજ્ઞાન અને હાથ આદિના સ્પર્શમાત્રથી સર્વ રોગોનું નિવારણ કરનારી આમર્ષૌષધિ લબ્ધિ આદિ ઋદ્ધિ પ્રાપ્ત થાય છે.

**अइसेसपत्त – अतिशेषप्राप्त ( त्रि. )**

(આમર્ષૌષધિ આદિ લબ્ધિ પ્રાપ્ત-મુનિ)

**अइसेसपहुत्त – अतिशेषप्रभुत्व ( न. )**

(અતિશયોના પ્રભુત્વવાળું, આધ્યાત્મિક મહિમાશાળી)

ત્રણેય જગતમાં જે બીજા કોઈ પાસે નથી, તેવા જ્ઞાનાદિનું આધ્યાત્મિક પ્રભુત્વ તીર્થંકર પરમાત્મા પાસે છે. માટે તેઓ આપણા પરમ ઉપાસ્ય છે. તેઓના આલંબને ભવી જીવ એમના જેવા ઐશ્વર્યને પામીને સ્વ-પર કલ્યાણ સાધી શકે છે.

**अइसेसि ( न् ) – अतिशेषिन् ( त्रि. )**

(અતિશયથી યુક્ત, પ્રભાવશાળી, મહિમાવંત ૨. સ્થૂલ)

જેમ જેમ મનુષ્ય ઋદ્ધિથી સમૃદ્ધ થતો જાય તેમ-તેમ તેની નમ્રતા વધવી જોઈએ. જુઓ પેલા આમ્રવૃક્ષને, ફળોની સમૃદ્ધિ વધતી જાય છે તેમ તેમ તે નમ્ર થતો જાય છે. તથા નમ્રતા આદિ ગુણો દ્વારા જ તેની લક્ષ્મી સાર્થક થાય છે.

**अइसेसिय - अतिशेषित ( त्रि. )**

(મહિમાન્વિત ૨. જ્ઞાનાદિ અતિશયથી સમ્પન્ન)

આચાર્યના છત્રીસ ગુણોને ધારણ કરનારા અને જ્ઞાનાદિના અતિશયોથી અલંકૃત જંગમ યુગપ્રધાન જિનશાસનના લઘુ તીર્થંકર સમાન આચાર્ય ભગવંતોના ચરણે ભાવપૂર્વક નમન કરતાં આપણા આત્મામાં તેમના વિશિષ્ટ ગુણોનું બીજાધાન થાય છે.

**अइ ( ति ) हि - अतिथि ( पुं. )**

(જેના આવવાની તિથિ કે દિવસ મુકરર નથી તે અતિથિ-મુનિ ૨. અભ્યાગત, મહેમાન, યાચક)

તિથિ પર્વાદિ લૌકિક ઉત્સવોનો જેમણે ત્યાગ કર્યો છે અને જિનાજ્ઞાને પોતાનામાં સંપૂર્ણતયા આત્મસાત્ કરેલી છે તથા તિથિ કે દિવસના ભેદ વગર એકચિત્તપણે સતત સંયમમાં રત રહે છે એવા મહાપુરુષોને અતિથિ કહેવાય છે. તે સિવાયના અન્ય દરેકને અભ્યાગત કહેવાય છે.

**अइ ( ति ) हिपूआ - अतिथिपूजा ( स्त्री. )**

(અતિથિપૂજા, અન્નાદિ દાનથી અતિથિનો સત્કાર કરવો તે લોકોપચાર વિનયનો ભેદ)

અતિથિ દેવ સમાન હોય છે. તેઓને આહાર, વસ્ત્ર, પાત્ર, શય્યા, વસતિ આદિ આવશ્યક વસ્તુઓનું અત્યંત હર્ષપૂર્વક દાન કરવાથી પ્રકૃષ્ટ પુણ્યાનુબંધી પુણ્યની પ્રાપ્તિ થાય છે. સમૃદ્ધિની બાબતમાં જેમને ખાસ યાદ કરાય છે એવા શાલિભદ્રજીએ પૂર્વભવમાં પોતાને પ્રાપ્ત સમૃદ્ધિના કારણભૂત માસક્ષમણના તપસ્વી મહાત્માને અત્યંત ભાવપૂર્વક ખીરનું દાન કર્યું હતું.

**अइ ( ति ) हिबल - अतिथिबल ( न. )**

(અતિથિનું બળ, અતિથિના બળની વૃદ્ધિ)

વિશિષ્ટ ઋદ્ધિપ્રાપ્ત મહામુનિવરોને પણ અતિથિ કહ્યા છે. આવા અતિથિના બળ-સામર્થ્યથી અનભિજ્ઞ વેશ્યાને જ્યારે મહામુનિ નંદિષેણના ચારિત્રના પ્રભાવે રહેલી ઋદ્ધિઓની જ્યારે ખબર પડી ત્યારે તેની આંખો વિસ્ફારિત થઈ ગઈ.

**अइ ( ति ) हिम - अतिहिम ( न. )**

(અત્યંત હિમ, અતિઠંડુ હોય તે)

અગ્નિની ઉપમાવાળા ક્રોધ, માન, માયા તથા લોભ આ ચાર કષાય અનાદિ કાળથી આત્માને બાળી રહ્યા છે. આ ચારેય કષાયને સંપૂર્ણ નષ્ટ કરવા માટે હિમની ઉપમાવાળા તેના પ્રતિપક્ષી ક્ષમા, નમ્રતા, સરલતા અને નિષ્પરિગ્રહિતા આદિ ગુણોનો આશ્રય કરવો જોઈએ.

**अइ ( ति ) हिवणीमग - अतिथिवनीपक ( पुं. )**

(અભ્યાગત માગણ, અતિથિદાનની પ્રશંસા વડે દાતા પાસેથી યાચના કરનાર માગણ-ભિક્ષુક)

જૈનશાસનમાં કુમારપાળ, વસ્તુપાળ, તેજપાળ, વિમલ મંત્રી, જગડુશા, ભામાશા આદિ કેટલાય શ્રાવકો થયા છે. જેના દાનધર્મની પ્રશંસા કરીને એક મોટો વર્ગ પોતાની આજીવિકા ચલાવતો હતો. જેને આશ્રિત વર્ગ કહેવામાં આવે છે.

**अइ ( ति ) हिसंविभाग - अतिथिसंविभाग ( पुं. )**

(સ્વાનુગ્રહ બુદ્ધિથી જમતી વખતે પોતાના આહારાદિનો અમુક ભાગ અતિથિને આપવાની ભાવના ભાવવી તે, શ્રાવકના બાર વ્રતો પૈકીનું બારમું વ્રત)

તિથિપર્વાદિ લૌકિક વ્યવહારના ત્યાગથી ભોજનકાળે ઉપસ્થિતને (સાધુને) શ્રાવકનો અતિથિ કહેવાય. તેવા સાધુને ન્યાયોપાર્જિત કલ્પનીય અન્નાદિ વસ્તુને દેશ-કાળ-શ્રદ્ધા-સત્કાર સહિત અને પશ્ચાત્ કર્માદિ દોષોના પરિહારપૂર્વક પોતાના માટે આ ઉપકારક છે તેવી બુદ્ધિથી દાન કરવું તે અતિથિ સંવિભાગ કહેવાય છે. નીતિમાન શ્રાવકે ભોજન સમયે નિર્દોષ અન્ન, વસ્ત્રાદિથી પંચમહાવ્રતધારી સાધુની, યથાશક્તિ વિશિષ્ટ ભોજનસામગ્રી, વસ્ત્ર, ધનાદિ ભક્તિપૂર્વક આપવા દ્વારા સાધર્મિકની અને અન્યધર્મી દીન-ક્ષીણ જીવોને અનુકંપા દાનપૂર્વક અતિથિસંવિભાગ વ્રતનું પાલન કરવું જોઈએ.

**अई ( ति ) व - अतीव ( अव्य. )**

(અત્યંત, બહુ, વધારે એવા અર્થમાં વપરાતો અવ્યય)

આ જીવનમાં કષ્ટ આવી પડતાં આપણે ડરી જઈએ છીએ અથવા તો ભાગવાનો પ્રયત્ન કરીએ છીએ. પરંતુ જ્ઞાની ભગવંતો કહે છે કે દુઃખો આપણા શત્રુ નહીં મિત્ર છે. સુવર્ણ અગ્નિમાં જેટલું તપે એટલું વધારે શુદ્ધ થાય છે. તેમ કષ્ટના સમયમાં દુઃખોને મિત્ર માનીને રહીશું તો દુઃખો આપણને પીડશે નહીં ને સહેલાઈથી તેને પાર કરી જઈશું. કષ્ટોને સહન કરવાથી આપણી આંતરિક ઉર્જા પણ વધે છે.

**अउअ ( य ) – अयुत ( न. )**

(દશહજારની સંખ્યાનું માપ, અઉઅંગને ૮૪ લાખે ગુણતાં થતી સંખ્યા ૨. અસંયુક્ત, અસંબદ્ધ)

જગતમાત્રના કલ્યાણની ભાવનાવાળા સાધુ ભગવંતોનું વચન પોતાની મતિકલ્પના અનુસાર નથી હોતું. તેમનું દરેક વચન પૂર્વાપર સંબદ્ધ, યુક્તિયુક્ત અને શાસ્ત્રાનુસાર હોય છે. જ્યાં શાસ્ત્રની ઉક્તિ હોય ત્યાં તેમની મતિ હોય છે.

**अउअंग – अयुताङ्ग ( न. )**

(અચ્છનિઉર (પ્રમાણ વિશેષ)ને ચોર્યાસી લાખે ગુણતાં જે સંખ્યા પ્રાપ્ત થાય તે)

**अउअसिद्ध – अयुतसिद्ध ( त्रि. )**

(જે બેમાં એક વિનાશ ન પામે ત્યાં સુધી બીજું આશ્રિત જ રહે તે-અયુતસિદ્ધ ૨. અંતર્નિહિત, અપૃથક્કરણીય)

જેમ ગુણ-ગુણી, ક્રિયા-ક્રિયાવાન્, જાતિ-વ્યક્તિ આ બધા અભિન્ન છે, તેમ કર્મ અને સંસાર એ બન્ને એકબીજાના પર્યાય છે. જ્યાં સુધી ગુણીનો નાશ નથી થતો ત્યાં સુધી ગુણનો નાશ થવો અશક્ય છે. તેમ જ્યાં સુધી કર્મનો નાશ નથી થતો ત્યાં સુધી સંસારનો પણ નાશ થવો અશક્ય છે.

**अउज्झ – अयोध्य ( त्रि. )**

(બીજાઓથી યુદ્ધ કરવાને અશક્ય, પરસૈન્યને જેમાં પ્રવેશ ન કરી શકાય તેવું-નગરાદિ)

બધા જ જીવોને પોતાના પાશમાં જકડીને આખા જગત પર એકછત્રીય સામ્રાજ્ય ભોગવવાવાળા કામક્રોધાદિ કષાયો પર વિજય મેળવવા માટે ભવાભિનંદી જીવો અસમર્થ છે. પરંતુ જેઓ પરમાત્માનું શરણું સ્વીકારે છે અને ક્ષમાદિ ગુણોને આત્મસાત્ કરે છે તેવા સદ્ગુણી આત્માઓ જ આ કષાયોને નષ્ટ કરવાનું સામર્થ્ય ધરાવે છે.

**अउज्झा – अयोध्या ( स्त्री. )**

(અયોધ્યાનગરી-વિનીતા ૨.ગંધિલાવતી વિજયની મુખ્ય રાજધાનીનું નામ)

આ અવસર્પિણી કાળના પ્રથમ ચક્રવર્તી મહારાજા ભરતની રાજધાની. જેનાં વિનીતા નગરી, અવધ્યા, કોશલા, ઈક્ષ્વાકુભૂમિ, રાજનગરી ઈત્યાદિ પ્રાચીન નામો હતાં. વર્તમાન ચોવીસીના અનેક તીર્થંકરોની કલ્યાણકભૂમિ હોઈ પવિત્ર તીર્થરાજ તેમજ વિમલવાહનાદિ નવ કુલકરોની પણ આ જન્મભૂમિ હતી. પ્રસિદ્ધ દશરથ રાજાની રાજ્યધાની અને રામચંદ્રજીની જન્મભૂમિ બનવાનું શ્રેય પણ આ નગરીને સાંપડ્યું હતું. અહીંથી ઉત્તર દિશામાં બારયોજન દૂર અષ્ટાપદ પર્વત છે એમ શાસ્ત્રોમાં વર્ણવ્યું છે. જ્યાં પ્રભુ શ્રી આદિનાથ નિર્વાણ પામ્યા હતા.

**अउ ( तु ) ल – अतुल ( त्रि. )**

(અત્યંત સુંદર, અતુલ્ય, અનુપમ ૨. તિલકવૃક્ષ)

જેમણે પોતાની ઈચ્છાઓ પર કાબૂ મેળવ્યો છે, સ્વકર્તવ્યપાલનમાં તત્પર છે અને જેઓ કોઈપણ આપત્તિઓનો સામનો કરવાનું અડગ ધૈર્ય રાખે છે એવા સત્પુરુષોના ભાલતિલક પર મોક્ષલક્ષ્મી સ્વયં તિલક કરે છે. અહો ! એવા પુરુષોત્તમોની તોલે જગતમાં અન્ય કોણ આવી શકે ?

**अओ – अतस् ( अव्य. )**

(અહીંથી ૨. એટલા માટે, એ કારણથી)

આધ્યાત્મિક ભૂમિકાનું અથવા કોઈપણ ધર્મ આરાધનાનું મહત્વ એટલા માટે છે કે સંસારમાં ચાહે અનુત્તરવાસી દેવોનું ઉત્કૃષ્ટ સુખ ભલેને મળી જાય, પણ તે અનિત્ય છે. શાશ્વત-સ્થાયી સુખ તો ઉત્કૃષ્ટ આત્મજ્ઞાનથી જ સંભવે છે. એ જ કારણથી ભારતીય આસ્તિક દર્શનોમાં ધર્મની ઉપાદેયતા સમાનરૂપે અંકાઈ છે.

**अओघण - अयोघन ( पुं. )**

(હથોડો, લોખંડનો ઘણ)

જેમાં વાયુનું પણ આવાગમન ન થાય તેવા અત્યંત ઘન લોહમય ઓરડામાં પણ યોગ્ય સંયોગ મળતાં જીવોની ઉત્પત્તિ તથા મૃત્યુ થઈ શકે છે. કારણ કે જગતના કોઈપણ પદાર્થ દ્વારા આત્માની ગતિ આગતિ રોકી શકાતી નથી.

**अओमय - अयोमय ( त्रि. )**

(લોઢાનો વિકાર, લોખંડથી બનેલા અસ્ત્ર-શસ્ત્ર વગેરે)

કષાયવિજય દ્વારા જેનું ચિત્ત આત્મરમણતામાં લીન બન્યું છે અને તેના કારણે પ્રશમતાનું સામ્રાજ્ય હસ્તગત થયું છે તેવા મહામુનિઓને માટે લોઢું કે સોનું, મણી, માણેક કે માટીનું ઢેફું બધું એકસમાન જ હોય છે.

**अओमुह - अयोमुख ( त्रि. )**

(જેનો અગ્રભાગ લોઢા જેવો મજબૂત હોય તે પક્ષી આદિ ૨. અયોમુખદ્વીપનો વાસી)

**अओमुहदीव - अयोमुखद्वीप ( पुं. )**

(અયોમુખદ્વીપ વિશેષ)

ગોકર્ણનામક અંતરદ્વીપથી દક્ષિણ અને પશ્ચિમની વિદિશામાં પાંચસો યોજનના અંતર પછી પાંચસો યોજનની લંબાઈ-પહોળાઈ અને પંદરસો એક્યાસી યોજનના વિસ્તારવાળો અને પદ્મવરવેદિકાવનથી મંડિત અયોમુખ નામનો અંતરદ્વીપ છે.

**अंक - अङ्क ( पुं. )**

(રત્નવિશેષ, શુક્લમણિ વિશેષ ૨. પદ્માસનસ્થના ખોળારૂપ આસન વિશેષ, ખોળો ૩. સંખ્યાદર્શક ચિહ્ન ૪. એકથી નવની સંખ્યા ૫. દશ્યકાવ્યનો એક ભેદ ૬. નિશાની ૭. ચંદ્રના બિંબમાં રહેલો મૃગનો આકાર વિશેષ)

માની મમતામાં યા ખોળામાં જે હુંફ અને વાત્સલ્ય પ્રાપ્ત થાય છે તે ધન-દોલત, ગાડી-બંગલા આદિ દુનિયાની કોઈપણ ભૌતિક વસ્તુથી પ્રાપ્ત થતું નથી. તેથી જ કહેવત છે કે 'મા તે મા બીજા બધા વગડાના વા'

**अंककंड - अङ्ककाण्ड ( न. )**

(રત્નપ્રભા નરક પૃથ્વીનો અંકરત્નમય ખરકાંડનો ચૌદમો ભાગ)

ઠાણાંગસૂત્રમાં કહ્યું છે કે, રત્નપ્રભા નામક પ્રથમ નરક ભૂમિના ખરકાંડનો સો યોજન જાડો ચૌદમો ભાગ છે તેને અંકકાંડ કહેવાય છે અને તે અંકરત્નમય છે.

**अंककरेल्लुअ - अङ्ककरेलुक ( न. )**

(પાણીમાં થનારી એક જાતની વનસ્પતિ, વનસ્પતિવિશેષ)

વનસ્પતિઓની દુનિયા માત્ર પૃથ્વી પર જ છે એવું નથી. મહાસમુદ્રોના પેટાળ સુધી પણ અનેકવિધ વનસ્પતિઓની દુનિયા હવે તો આપણે ટી.વી. ચેનલોના માધ્યમથી નજરે નિહાળી શકીએ છીએ. આ બધા પદાર્થોનો યથાવસ્થિત અવબોધ આગમોમાં સુંદર રીતે વર્ણવાયો છે.

**अंकट्ठिइ - अङ्कस्थिति ( स्त्री. )**

(અંકરેખાઓની વિચિત્ર રીતે સ્થાપના જેમાં થાય છે તે ૬૪ કલામાંથી ૪૩મી કલા)

દુનિયામાં અંક રેખાની વિવિધ સ્થાપનાથી અનેક પ્રકારના ગાણિતિક વ્યવહાર થાય છે. શાસ્ત્રોમાં પણ વિવિધ યંત્ર તથા વિશિષ્ટ ગ્રંથ માત્ર અંકરચનાઓના માધ્યમથી થયા છે. જૈનધર્મનો ભૂવલય ગ્રંથ સંપૂર્ણ ગણિતમય અદ્ભુત ગ્રંથ છે.

**अंकण - अङ्कन ( न. )**

(બળદ વગેરે પશુને ગરમ સળિયાથી આકવા તે, શિયાળના પગના આકારે નિશાન કરવું તે)

જેમ દૂરથી પણ ધુમાડો જોવાથી ત્યાં અગ્નિ હોવાનું નક્કી થાય છે. તે પ્રમાણે જ વ્યક્તિ માત્ર પોતાના કુળથી ઉચ્ચ કે નીચ કુલીન થતો નથી, પરંતુ બીજા લોકો પ્રત્યેનો વ્યવહાર જ તેની કુલીનતાનો દ્યોતક છે.

**अंकध ( ह ) र - अङ्कधर ( पुं. )**

(ચંદ્રમા)

સૌમ્યતાના અને શીતળતાના ગુણોની જો ઉપમા આપવાની આવે તો ચંદ્રને જ લેવો પડે. કારણ કે ચંદ્ર જેવી સૌમ્યતા અને શીતળતા કોઈની નથી. પણ એનાથીય ચઢીયાતી સૌમ્યતા-શીતળતા-નિર્મલતા તીર્થંકરોની હોય છે. તેથી લોગસ્સસૂત્રમાં ચંદ્રથી અધિક નિર્મલતર કહ્યાં છે.

**अंकधाइ - अङ्कधात्री ( स्त्री. )**

(ખોળામાં બેસાડી કે સુવાડી બાળકને રમાડનાર ધાવમાતા, પાંચ ધાવમાતા પૈકીની એક)

પ્રાચીન સમયમાં શ્રીમંત વ્યક્તિઓને ત્યાં બાળકનું વિવિધ પ્રકારે ધ્યાન રાખવા માટે દાસીઓ રાખવામાં આવતી હતી. જે બાળકની પુત્રની જેમ જ સંભાળ રાખતી હોવાથી ધાવમાતા એટલે કે પાલન-પોષણ કરનારી માતા કહેવાતી હતી. ધાવમાતાના પાંચ પ્રકારમાંથી બાળકને ખોળામાં બેસાડી તેને રમાડનાર અંકધાત્રી નામનો આ ચતુર્થ પ્રકાર છે.

**अंकमुह - अङ्कमुख ( न. )**

(પદ્માસનસ્થના ખોળારૂપ આસનનો અગ્રભાગ )

**अंकमुहसंठिय - अङ्कमुखसंस्थित ( त्रि. )**

(પદ્માસનસ્થના ખોળાના અગ્રભાગે થતા અર્ધવલયના આકાર જેવું રહેલું હોય તે, ખોળાની જેમ અર્ધવલયાકારે રહેલું)

પદ્માસનસ્થ તીર્થંકર ભગવંતના અર્ધવલયાકાર ખોળામાં સોના-ચાંદીનું શ્રીફળ રાખીને એવી ભાવના ભાવવામાં આવે છે કે હે ભગવન્ ! આપે કેવળજ્ઞાનરૂપી શ્રેષ્ઠ ફળ હસ્તગત કર્યું છે તે આપની ભક્તિ દ્વારા અમને પણ પ્રાપ્ત થાઓ.

**अंकलिवि - अङ्कलिपि ( स्त्री. )**

(અઢાર લિપિમાંની એક લિપિ, અંકલિપિ-વર્ણમાળા વિશેષ)

આ અવસર્પિણી કાળના ચોથા આરાના પ્રારંભમાં ભગવાન આદિનાથે પોતાની પુત્રી બ્રાહ્મીને સૌ પ્રથમ લિપિનું જ્ઞાન આપ્યું હતું. તેથી તેનું બ્રાહ્મીલિપિ નામ પ્રસિદ્ધ થયું છે. તે બ્રાહ્મીલિપિનો આ બારમો લેખ્યવિધાન સ્વરૂપ અંકલિપિ નામનો ભેદ છે. કદાચ તમે જાણતા જ હશો, દુનિયાભરની તમામ લિપિઓનું મૂળ બ્રાહ્મીલિપિમાં જ છે તેવી આધુનિક લિપિવિદોની સુદૃઢ માન્યતા છે.

**अंकमय - अङ्कमय ( त्रि. )**

(અંકરત્નમય, અંકરત્નનો વિકાર, અંકરત્નથી બનેલું, અંકરત્નપ્રચુર)

**अंकवणिय - अङ्कवणिज् ( ज ) ( पुं. )**

(અંક જાતિના રત્નોનો વેપારી)

આ જગતમાં રત્નોના વેપારી થોડા જ હોય છે. તેમ ભવસાગરથી પાર લઈ જનારા અર્થાત્, તારનાર સુગુરુનું પ્રમાણ પણ ઓછું છે. તેથી મુમુક્ષુજનોને તેવા સુગુરુના યોગની પ્રાપ્તિ થવી દુર્લભ માનવામાં આવી છે. જેને થઈ છે તે ભાગ્યશાળી છે.

**अंकावई - अङ्कावती ( स्त्री. )**

(અંકાવતીનગરી)

દરેક સમયે ઓછામાં ઓછા ચાર તીર્થંકર ભગવંતોના વિચરણ દ્વારા જે ધરતી પાવન છે તે મહાવિદેહ ક્ષેત્રમાં રમ્ય નામના વિજયની અંકાવતી નામની આ એક રાજધાની છે. જ્યાં હંમેશા મોક્ષમાર્ગ ચાલુ છે.

**अंकिअ ( य ) - अङ्कित ( त्रि. )**

(છાપ લાગેલું, નિશાનવાળું, ચિહ્નવાળું)

અનંતા કાળચક્રમય આ સંસારમાં પરિભ્રમણ કરતા જીવને ગ્રંથિભેદપૂર્વક સમકિતની છાપ જો એકવાર લાગી જાય તો જ્ઞાની ભગવંતો કહે છે કે, તેનો અર્ધો મોક્ષ તો ત્યાં જ થઈ ગયો સમજવો. કારણ કે, પછી તો એનો સંસાર માત્ર અર્ધ પુદ્‌ગલ પરાવર્ત જેટલો જ બાકી રહેતો હોય છે.

**अंकिइल्ल ( देशी-पुं. )**

(નટ, નર્તક, નાચ-ગાન કરનારો)

ભક્તકવિ મહાન યોગીરાજ શ્રીઆનંદઘનજીએ એક પદમાં ગાયું છે કે, જેમ નટો ચોકમાં નાચે છે, આશ્ચર્યકારી ખેલ કરી બતાવે છે, લોકોને ખૂબ મનોરંજન પૂરું પાડે છે પરંતુ, તેનું ચિત્ત તો એકમાત્ર દોરડા પર કેન્દ્રિત રહે છે, તેમ સમકિતી જીવ સંસારમાં કર્મજન્ય વિવિધ પ્રકારના વેશો ભજવે છે, પણ તેનું ચિત્ત તો એકમાત્ર મોક્ષ પ્રત્યે કેન્દ્રિત થયેલું હોય છે.

**अंकुडग -अङ्कुटक ( पुं. )**

(ખીંટી)

કેટલાય ભવોમાં જાણ્યે અજાણ્યે કરેલા સુકૃતો અને પુણ્યના કારણે દશ દૃષ્ટાંતે દુર્લભ એવો મનુષ્ય જન્મ પ્રાપ્ત થયો છે, મળેલી આ તકને વિશિષ્ટ ધર્મારાધના દ્વારા સુધારવાની જગ્યાએ આપણે જાણે કે આપણને મળેલો આ જન્મ શાશ્વત હોય તેમ ધર્મારાધના, સુકૃતોને ખીંટીએ લગાવીને માત્ર ભૌતિક સુખોપભોગ અને પૈસા કમાવામાં જ લાગેલા છીએ.

**अंकुत्तरपास - अङ्कोत्तरपार्श्व ( त्रि. )**

(ઉપરની બાજુ અંકરત્નમય જેની છે તે, ઉપરના ભાગે અંકરત્નમય દ્વારવાળું)

**अंकुर - अङ्कुर ( पुं. )**

(અંકુર, પાંદડાનો પ્રથમ ફૂટેલો ફણગો ૨. લોહી ૩. રોમ)

જેમ સૂર્યના અત્યંત તાપથી કે અગ્નિ આદિના સંયોગથી સંપૂર્ણ બળી ગયેલા બીજમાંથી અંકુર ઊગતો નથી તેમ અરિહંત દેવોની ભક્તિ તથા તેઓની આજ્ઞાના પૂર્ણ પાલન દ્વારા કર્મબીજનું દહન થતાં ભવરૂપી અંકુર નાશ પામે છે.

**अंकुस - अङ्कुश ( पुं. )**

(હાથીને મારવાનું અંકુશ ૨. ગુરુવંદનનો એક દોષ ૩. પ્રતિબંધ ૪. દેવાર્ચન હેતુ વૃક્ષના પાંદડા છેદવાનું સંન્યાસીનું એક ઉપકરણ ૫. દેવવિમાન વિશેષ ૬. અંકુશાકારે ખીંટી)

ગુરુ ભગવંત જ્યારે આરામમાં ન હોય, આસન ઉપર બેસેલા હોય ત્યારે જ તેઓને વંદન કરવા જોઈએ. વંદન કરવા માટે જેમ અંકુશ દ્વારા હાથીને તેમ આરામમાં રહેલા કે કોઈ કાર્યમાં વ્યગ્ર ચિત્તવાળા ગુરુ ભગવંતનો હાથ કે તેમનું કોઈ ઉપકરણ પકડીને, ખેંચીને તેમને વંદન કરવા માટે બેસાડવાથી અથવા હાથીને અંકુશ લગાડવાથી જેમ માથું ઊંચું-નીચું કરે તેમ વંદન કરતી વખતે કરવાથી ગુરુવંદનનો અંકુશ નામનો દોષ લાગે છે.

**अंकुसा - अङ्कुशा ( स्त्री. )**

(અનંતનાથ ભગવાનના શાસનદેવી)

ઉજ્જ્વળ દેહકાંતિવાળા પદ્માસનમાં બેસેલા ચાર હાથમાંથી જમણા બે હાથમાં ખડ્ગ અને નાગપાશ તથા ડાબા બે હાથમાં અનુક્રમે ઢાલ અને અંકુશને ધારણ કરનારા હે અનંતનાથ ભગવાનનાં શાસનદેવી ! ધર્મકાર્યમાં અમારા વિઘ્નોનો નાશ કરો.

**अंकेल्लणपहार - अंकेल्लणप्रहार ( पुं. )**

(ઘોડા આદિને ચાબુક દ્વારા કરાતો પ્રહાર, ચાબુકનો માર-ઘા)

ઉદંડ ઘોડાને જેમ ચાબુકના પ્રહાર દ્વારા કાબુમાં રાખવામાં આવે છે તેમ મનરૂપી અશ્વને ઉન્માર્ગે જતો રોકવા માટે જિનભક્તિ તથા જિનાગમોના પઠન-પાઠન ચાબુકના પ્રહાર સમાન છે.

**अंकोल्ल - अंकोट ( ठ ) ( ल ) ( पुं. )**

(અંકોલ વૃક્ષ, જે ગંધયુક્ત પુષ્પવાળું, ખીલા જેવા આકારના મોટા કાંટાવાળુ અને રક્તવર્ણી ફળવાળું હોય છે.)

**अंकोल्लतेल्ल - अंकोट ( ठ ) तेल ( न. )**

(અંકોલનું તેલ)

અંકોલનું તેલ અનેક પ્રકારના અસાધ્ય રોગોમાં ચમત્કાર સર્જે છે. તંત્ર પ્રયોગોમાં તેને ઘણું મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે. આ તેલ કૌતુકકારી ગણાય છે પણ વનસ્પતિતંત્રમાં એને પ્રાપ્ત કરવાની વિધિ ઘણી જ અટપટી અને દુ:સાધ્ય વર્ણવાઈ છે. માટે જ કહે છે કે

ચમત્કારી વસ્તુઓ ભાગ્યયોગે જ પ્રાપ્ત થતી હોય છે.

**अंग - अङ्ग ( अव्य. )**

(આમંત્રણ, સંબોધન ૨. શરીર ૩. શરીરના અવયવ ૪. વાક્યાલંકારમાં વપરાતો અવ્યય ૫. વેદના શિક્ષાદિ છ અંગો ૬. લોકોત્તર બાર અંગ ૭. કારણ, હેતુ ૮. દેશ વિશેષ-અંગદેશ જેને વર્તમાનમાં બિહાર પ્રાંત કહે છે.)

જેમ શરીરનો રાગ દુર્ગતિમાં લઇ જઈ શકે છે તેમ આ જ શરીરની નિસ્પૃહતા મોક્ષના રાજમહેલમાં લઇ જઈ શકે છે. આનું પ્રત્યક્ષ ઉદાહરણ છે ચક્રવર્તી ભરત. જ્યાં સુધી તેમને શરીરમાં મોહ હતો ત્યાં સુધી અશુભ કર્મનો બંધ હતો. પરંતુ જેવો શરીરરાગ નષ્ટ થયો તો કૈવલ્યલક્ષ્મી મળી. વિદ્વાનોએ પણ આપણા શરીરને ધર્મનાં પ્રથમ સાધન તરીકે માન્યું છે.

**★आङ्ग ( पुं. )**

(અંગદેશનો રાજા ૨. અંગદેશનો કે અંગરાજનો ભક્ત ૩. શરીરનો વિકાર, શરીર સંબંધી ૪. શરીરથી ઉત્પન્ન થયેલું ૫. અંગસ્ફુરણાદિ નિમિત્તશાસ્ત્ર)

નિમિત્તશાસ્ત્રના કુલ આઠ અંગ માનવામાં આવેલા છે. તેમાંનું એક અંગ છે અંગશાસ્ત્ર. શરીરનું ફરકવું, છીંક આવવી, પ્રશ્નકારનો કઇ દિશામાંથી પ્રશ્ન કરવો વગેરે વાતોને ધ્યાનમાં રાખીને જેના દ્વારા શુભાશુભ ફળનું કથન કરાય છે તે અંગ નિમિત્તશાસ્ત્ર કહેવામાં આવે છે.

**अंगअ - अङ्गज ( पुं. )**

(પુત્ર, પુત્રી ૨. દેહથી ઉત્પન્ન થનાર કોઈપણ ૩. કામદેવ ૪. લોહી ૫. રોગ ૬. રોમ-વાળ)

પાંચ અંગવાળા બાણોની સહાયથી સંપૂર્ણ વિશ્વને પરાજિત કરનારા મહાબલી કામદેવને વૈરાગ્ય ભાવનારૂપી મંત્ર વડે નષ્ટ કરીને સંસારથી ભિન્ન વૃત્તિવાળા સ્થૂલિભદ્ર મહામુનીશ્વર જેવા ધીરપુરુષો આ જગતમાં બ્રહ્મચર્યનું પાલન કરનારા આત્માઓ માટે આદર્શ સ્વરૂપ બન્યા છે.

**★अङ्गद ( न. )**

(બાજુબંધ ૨. વાનરરાજ વાલિનો પુત્ર)

**अंगइ - अङ्गजित् ( पुं. )**

(શ્રાવસ્તિ નગરીનો એક ગૃહપતિ, જે પાર્શ્વનાથ પ્રભુના શાસનમાં પ્રવ્રજ્યા ગ્રહણ કરીને અનશનપૂર્વક કાળધર્મ પામીને ચંદ્રવિમાને ચંદ્રદેવપણે ઉત્પન્ન થયો હતો.)

**अंगइ ( रि ) सि - अङ्गर्षि, अङ्गऋषि ( पुं. )**

(ચંપાનગરીના વાસ્તવ્ય અને કોશિકાર્યના શિષ્ય, જેઓ ભદ્રપરિણામી હોવાથી ગુરુએ તેમનું નામ અંગર્ષિ રાખ્યું હતું.)

**अंगचूलिया - अङ्गचूलिका ( स्त्री. )**

(આચારાદિ અંગોની ચૂલિકા, આચારાંગસૂત્રાદિમાં આચારના અનેક વિષયો પૈકી જે વિષય અનુક્તાર્થ હોય તેના સંગ્રહવાળી ચૂલિકા-પરિશિષ્ટ, કાલિકશ્રુતનો એક ભેદ)

**अंगच्छहिय - अङ्गच्छिन्न ( त्रि. )**

(જેનું અંગ કપાયેલું હોય તે, છિન્નાંગ)

વ્યક્તિને પોતાને કર્મસંયોગે શરીરની જે સંપૂર્ણ અંગોપાંગરૂપ સંપત્તિ મળી છે, તેની બહુમૂલ્યતા તેને નથી હોતી. પરંતુ જ્યારે તે જન્મથી વિકલાંગ હોય કે અકસ્માતના કારણે કોઇ અંગ કપાઈ જાય ત્યારે તેનું ખરું મૂલ્ય સમજાય છે. માટે પ્રાપ્ત થયેલા સાંગોપાંગ શરીરથી જેટલા શક્ય હોય તેટલા સદ્કાર્યો કરી લેવા જોઇએ.

**अंगच्छे ( य ) द - अङ्गच्छेद ( पुं. )**

(દૂષિત-બગડી ગયેલાં અંગને છેદી નાખવું તે)

જીવદયાદિ સત્કર્મોના ફળરૂપે જીવને આરોગ્ય સાથેનો સુંદર દેહ પ્રાપ્ત થાય છે. તેનો દુરુપયોગ ભવાન્તરમાં અનેક રોગો અને કુરૂપતાનો વિપાક આપે છે. તેથી મળેલા શરીરની અનુકૂળતાનો ઉપયોગ ધર્મ આરાધનાઓમાં કરી લેવો જોઇએ.

**अंग ( अङ्ग ) ण - अङ्गण ( न. )**

(આંગણું, ચોક, ઘર આગળનો ખુલ્લો ભાગ)

જે હંમેશાં પોતાના માતા-પિતાનો આદર કરે છે, અતિથિઓનું સન્માન કરે છે, જે નિરંતર દેવ-ગુરુ અને ધર્મની ઉપાસના કરે છે તથા ઉદાર હૃદયના સ્વામી હોય છે. તેમના ઘરનાં આંગણાંનો સૌભાગ્યલક્ષ્મી ક્યારેય ત્યાગ કરતી નથી.

**अंगणा - अङ्गना ( स्त्री. )**

(સુંદર અંગોવાળી સ્ત્રી)

જેને માત્ર પોતાના સુંદર અવયવોમાં જ રાગ હોય તેને અંગના કહેવાય છે. આવી અંગનાના પાશમાં ફસાયેલા જીવોનો અંગ(**શરીર)થી** કર્મવિચ્છેદ અને મોક્ષ ક્યારે થશે ? અર્થાત્, સ્ત્રીના રાગમાં ફસાયેલો જીવ સંસારમાં પરિભ્રમણ કરતો વિવિધ પ્રકારના દુઃખોને પ્રાપ્ત કરે છે.

**अंगदिया - अङ्गदिका ( स्त्री. )**

(તીર્થ વિશેષ, જ્યાં અજિતનાથજી અને શાંતિનાથજી પ્રભુના સમયમાં બ્રહ્મેન્દ્ર દેવનો પ્રસંગ થયો હતો.)

**अंगप्पभव - अङ्गप्रभव ( त्रि. )**

(દૃષ્ટિવાદ આદિ અંગોમાંથી જેની ઉત્પત્તિ થઇ હોય તે, દૃષ્ટિવાદમાંથી ઉત્પન્ન ઉત્તરાધ્યયનનું પરિષહાધ્યયન)

વિશિષ્ટ જ્ઞાની અથવા ચૌદપૂર્વધર મહર્ષિએ જિનશાસનની પ્રભાવના, ઘટના વિશેષ કે અન્ય કોઈ કારણોસર દૃષ્ટિવાદાદિ અંગોમાંથી પાઠને ઉદ્ધૃત કરીને નવા સૂત્રની રચના કરી હોય તેને અંગપ્રભવ કહેવાય છે. જેમ ભદ્રબાહુસ્વામીએ આનંદપુર નગરના રાજાનો શોક દૂર કરવા માટે આઠમા કર્મપ્રવાદપૂર્વમાંથી કલ્પસૂત્રની રચના કરી હતી.

**अंगप्पविट्ठ - अङ्गप्रविष्ट ( न. )**

(આચારાંગાદિ બાર અંગો પૈકી કોઈપણ અંગ ૨. અંગશાસ્ત્રોનું જ્ઞાન)

જેમ વ્યક્તિના બે હાથ, બે પગ, બે સાથળ બે આંખો, પેટ, છાતી, મસ્તક, ડોક એવા બાર અંગ માનવામાં આવ્યા છે તેમ શાસ્ત્રને શ્રુતપુરુષની ઉપમા આપવામાં આવેલી છે અને તે શ્રુતપુરુષના કુલ બાર અંગ માનવામાં આવેલા છે. જેમકે,૧. આચારાંગ ૨. સૂયગડાંગ ૩. ઠાણાંગ ૪. સમવાયાંગ ૫. વિવાહપ્રજ્ઞપ્તિ ૬. જ્ઞાતાધર્મકથાંગ ૭. ઉપાસકદશાંગ ૮. અંતઃકૃદશાંગ ૯. અનુત્તરૌપપાતિક ૧૦. પ્રશ્નવ્યાકરણ ૧૧. વિપાકશ્રુત ૧૨. દૃષ્ટિવાદ આ બાર શાસ્ત્રોને અંગપ્રવિષ્ટ માનવામાં આવેલા છે.

**अंगबाहिर - अङ्गबाह्य ( न. )**

(આચારાંગાદિ અંગસૂત્ર અતિરિક્ત આગમ ૨. અંગ આગમોથી ભિન્ન ઉત્તરાધ્યયન વગેરે આગમોનું જ્ઞાન)

તીર્થંકર, ગણધર સિવાયના વિશિષ્ટ શ્રુતસ્થવિર ભદ્રબાહુસ્વામી, શય્યંભવસૂરિ જેવા શ્રમણોએ અલ્પબુદ્ધિ અને અલ્પાયુષ્યવાળા જીવોના ઉપકાર માટે રચેલા ગ્રંથોને અંગબાહ્ય કહેવામાં આવે છે. જેમ કે જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ, સૂર્ય પ્રજ્ઞપ્તિ, આવશ્યકનિર્યુક્તિ, દશવૈકાલિકસૂત્ર વગેરે અંગબાહ્ય આગમ ગ્રંથો.

**अंगबाहिरिया - अङ्गबाह्या ( स्त्री. )**

(અંગબાહ્ય સૂર્ય-ચંદ્ર-જંબૂદ્વીપ-દ્વીપસાગરપ્રજ્ઞપ્તિ વગેરે, આચારાંગાદિ અંગપ્રવિષ્ટથી ભિન્ન અનઙ્ગપ્રવિષ્ટ શ્રુત)

**अंगभंजण - अङ्गभञ्जन ( न. )**

(શરીરના અવયવોને મરોડવા તે, આળસ મરડવી તે)

આપણો આજ સુધી મોક્ષ નથી થયો તેનું મુખ્ય કારણ છે કરાતા અનુષ્ઠાનોના મુખ્ય અંગ સ્વરૂપ ભાવનો અભાવ. કલ્યાણમંદિર સ્તોત્રમાં પણ લખ્યું છે કે, અનંતા ભવોમાં કેટલીય વાર પ્રવ્રજ્યા ગ્રહણ કરવા છતાં ભાવની શૂન્યતાના કારણે આપણો મોક્ષ થયો નથી. એટલે જ કૃષ્ણ મહારાજ અને વીરકશાળવી બન્નેએ અઢારહજાર સાધુને વિધિપૂર્વક વંદન કરવા છતાં કૃષ્ણનું ભાવવંદન હોવાથી તેમને તીર્થંકર નામકર્મનો બંધ થયો અને વીરકનું ભાવશૂન્ય દ્રવ્યવંદન હોવાથી માત્ર કાયકષ્ટ જ થયું.

**अंगभूय - अङ्गभूत ( त्रि. )**

(કારણભૂત)

કોઈપણ કાર્યની પાછળ બે કારણ જવાબદાર છે. ૧. ઉપાદાન કારણ અને ૨. નિમિત્ત કારણ. જે મુખ્ય કારણ હોય તેને ઉપાદાન કારણ કહેવાય અને જે ઘટના, વ્યક્તિવિશેષ કે વસ્તુવશાત્ કાર્ય થાય તે ઘટનાદિને નિમિત્ત કારણ કહેવામાં આવે છે. જેમ કે કોઈને ગુસ્સો આવ્યો તો તેમાં તેનો પોતાનો આત્મા ઉપાદાન કારણ અને જે ઘટનાદિથી ગુસ્સો આવ્યો તે નિમિત્ત કારણ બને છે.

**अंगमंग – अङ्गाङ्ग ( न. )**

(અંગોપાંગ, મુખ્ય અંગોના અવયવો, પ્રત્યેક અવયવ)

જેમ મનુષ્યભવ મળવો દુર્લભ છે તેમ મનુષ્યપણું પામ્યા પછી પણ શરીરના પ્રત્યેક અંગોની સંપૂર્ણતા મળવી એ પણ પુણ્યની નિશાની કહેવાય. દુનિયામાં ઘણા લોકો એવા છે જેઓ અંગોની ખોડ-ખાંપણના કારણે વિશેષ ધર્મારાધના કરી શકતા નથી.

**अंगमंगिभावचार – अङ्गाङ्गिभावचार ( पुं. )**

(પરિણામ-પરિણામી ભાવ, અભેદભાવ)

જેમ ગુણ-ગુણી, પરિણામ-પરિણામી અને ક્રિયા-ક્રિયાવાન્ વગેરે એકબીજાને આશ્રિત છે. તેમ કર્મ અને સંસાર પણ પરસ્પર આશ્રયવાળા છે. જ્યાં સુધી સંસાર છે ત્યાં સુધી કર્મનો બંધ અને ક્ષયોપશમ ચાલુ જ રહે છે. તેનાથી છૂટકારો તો પરમાત્મા સાથેના અભેદભાવથી થતી ભક્તિ-ઉપાસના દ્વારા જ શક્ય છે.

**अंगमंदिर – अङ्गमन्दिर ( न. )**

(ચંપાનગરીની બહાર આવેલું એક ચૈત્ય)

શ્રીવાસુપૂજ્યસ્વામીના કલ્યાણકોથી પવિત્ર બનેલી ચંપાનગરી પ્રાગૈતિહાસિક નગરી કહેવાય છે. અનેક મહાપુરુષોની અને અનેક સતીઓની તે જન્મ-કર્મ ભૂમિ છે. નવપદની પરમ ઉપાસનાથી જેમનો કોઢ રોગ નષ્ટ થયો હતો અને નવ-નવની સંખ્યામાં જેમને અપાર ઋદ્ધિ-સંપત્તિઓ પ્રાપ્ત થઈ હતી તે શ્રીપાળ રાજાની પણ આ જન્મભૂમિ હતી.

**अंगमद्दिया – अङ्गमर्दिका ( स्त्री. )**

(અંગોનું મર્દન કરવાવાળી દાસી)

ધર્મ તથા ભોગને સાધવા માટે શરીરનું બળવાન હોવું જરૂરી છે. શરીરને બળવાન બનાવવામાં અંગમર્દન અને ઉન્મર્દન પણ એક પ્રમુખ સાધન છે. પ્રાચીન કાળમાં બાળકના પોષણ માટે પાંચ ધાવમાતાઓમાં અંગમર્દન કરવાવાળી દાસીને પણ રાખવામાં આવતી હતી.

**अंगरक्ख – अङ्गरक्ष ( न. )**

(શરીરનું રક્ષણ કરનાર, અંગરક્ષક)

આજના સમયમાં પોતાના આત્માની રક્ષા તો દૂર રહો, વ્યક્તિ પોતાના શરીરની રક્ષા પણ યોગ્ય રીતે કરી શકતો નથી. તે બજારમાં મળતા ફાસ્ટ ફૂડ, જંકફૂડ વગેરે કેટલીય જાતના અભક્ષ્ય પદાર્થોને પોતાના પેટમાં પધરાવીને રોગોને નિમંત્રણ આપે છે. તે હોમ ટુ હોટલ અને હોટલ ટુ હોસ્પિટલના ચક્કર કાપતા-કાપતા આખુંય જીવન પૂરું કરી નાખે છે.

**अंगलूहण – अङ्गरूक्षण ( न. )**

(શરીર પર લાગેલા પાણીને સાફ કરનાર-વસ્ત્ર, અંગલૂછણું)

જેમ શરીર પર લાગેલા પાણીને ટુવાલ સાફ કરી નાખે છે તેમ પ્રાયશ્ચિત્ત પણ આત્મા પર લાગેલા કોઈપણ પ્રકારના કર્મોનો નાશ કરી નાખે છે. પ્રાયશ્ચિત્ત કર્મમળને સાફ કરવામાં ભાવજળ સમાન છે અને આત્માને ઉજ્જ્વળ કરવા માટે ભાવઔષધિ તુલ્ય છે.

**अंगविज्जा – अङ्गविद्या ( स्त्री. )**

(જ્ઞાનસંપાદક વ્યાકરણાદિ શાસ્ત્ર ૨. અંગસ્ફુરણાદિ શુભાશુભ સૂચક અંગવિદ્યા, સ્વનામ ખ્યાત ગ્રંથવિશેષ)

ભારતીય પ્રાચીન સંસ્કૃતિમાં અંગવિજ્ઞાનને ઘણું જ મહત્ત્વ આપવામાં આવેલું છે. જેમ કે મસ્તક સ્ફુરે તો રાજ્યપ્રાપ્તિ, હૃદય સ્ફુરે તો સુખ અને બાહુના સ્ફુરણમાં મિત્રસંગમ વગેરે કેટલાય પ્રકારના ફળાદેશ અવયવોના સંચાલનથી કરવામાં આવતા હતા અને તેના આધારે જ અંગવિદ્યાદિ કેટલાય શાસ્ત્રોની રચના પણ કરવામાં આવી હતી. લૌકિક ધર્મ અને લોકોત્તર જિનશાસનમાં પણ આ વિજ્ઞાન માન્યતાપ્રાપ્ત છે.

**अंगवियार - अङ्गविकार ( पुं. )**

(અંગ સ્ફુરણાદિ કે શરીર સ્ફુરણાદિનું શુભાશુભ સૂચકશાસ્ત્ર)

**★अङ्गविचार ( पुं. )**

(શરીર સ્પર્શ કે નેત્રાદિ સ્ફુરણનો વિચાર, અંગસ્ફુરણાદિ વડે શુભાશુભ ફળ બતાવનાર શાસ્ત્ર)

**अंगसंचाल - अङ्गसंचार ( पुं. )**

(શરીરની રોમરાજી વગેરે અવયવોનું થોડુંક હલન-ચલન)

જૈનશાસ્ત્રમાં શરીરના હલન-ચલનને પણ દોષરૂપ માનવામાં આવેલું છે. કેમકે શરીરના સંચારથી કેટલાય જીવોની હિંસા થવાનો સંભવ છે. જ્યાં શારીરિક સંચાલન થયું, સમજી લો ત્યાં જીવવિરાધના થઈ ! સિદ્ધશિલામાં બિરાજતા સિદ્ધોને શરીર જ નથી એટલે કાયિક સંચાલન પણ નથી અને જીવોની વિરાધનાનો પણ અભાવ છે.

**अंगसुहफरिस ( फासिय ) - अङ्गस्पर्शक ( त्रि. )**

(શરીરને સુખકારી સ્પર્શ જેનો છે તે, દેહસુખના હેતુભૂત સ્પર્શયુક્ત)

અંતિમ લક્ષ્ય મોક્ષ પામવા માટે આત્મલક્ષી હોવું જરૂરી છે. જ્યાં સુધી શરીરલક્ષી બનીને માત્ર સુખકારી માનેલા સ્પર્શાદિ ભોગસુખોમાં આસક્તિ રાખીશું ત્યાં સુધી આપણને મોક્ષ તો શું, તે માટેનો રસ્તો પણ નહીં મળે. યાદ રાખજો ! પાંચેય ઇન્દ્રિયોમાં સ્પર્શેન્દ્રિય ખૂબ જ પ્રબળ છે. અરે ! એકેન્દ્રિય જીવોને પણ તેની ઘેલછા લાગેલી જોવા મળે છે.

**अंगादाण - अङ्गादान ( न. )**

(પુરુષચિહ્ન, પુરુષેન્દ્રિય)

અંગ એટલે શરીર અથવા શરીરના હાથ-પગ વગેરે અંગો. આ શરીરના અંગોપાંગનું જનક તે પુરુષચિહ્ન છે. સાધુ પુરુષોને પુરુષેન્દ્રિયના સંયમ અંગે તેના નિયમોની ખૂબ ઝીણવટભરી વાતો નિશીથસૂત્રમાં જણાવેલી છે.

**अं ( इं ) गार ( ल ) - अङ्गार ( पुं. )**

(ધુમ રહિત અંગારો, અગ્નિ, બળતો કોલસો ૨. મંગળ ગ્રહ ૩. સાધુને આહાર વાપરતાં લાગતો ઈંગાલ દોષ)

જ્ઞાની ભગવંતોએ કહ્યું છે કે, કર્મોનો સર્વથા ક્ષય જ કરો તેનો માત્ર ઉપશમ કરવાથી નહીં ચાલે. જેમ રાખ નીચે સળગતો કોલસો ભલે દબાયેલો હોય પરંતુ, તેને સંયોગ મળતાં ચિનગારીમાંથી જ્વાળા થતા વાર નથી લાગતી તેમ ઉપશમિત થયેલા કર્મોને નિમિત્ત મળતાં પુનઃ ઉદયમાં આવતાં વાર લાગતી નથી.

**★आङ्गार ( त्रि. )**

( અંગારા સંબંધી, અગ્નિ સંબંધિત)

**अं ( इं ) गार ( ल ) कट्टिणी - अङ्गारकर्षिणी ( स्त्री. )**

(અગ્નિને ફેરવવા કે ઉથલાવવાનો લોઢાનો સળિયો)

પૂર્વના કાળમાં રસોઈઘરમાં ચૂલામાં અગ્નિને ઉત્તેજિત કરવા માટે અથવા બળતા અંગારાઓને ઉપર-નીચે કરવા માટે લોખંડનો એક સળિયો જે આગળના ભાગે સ્હેજ વાંકો હોય તેવો રાખતા હતા. તેને અંગારકર્ષિણી કહેવાય છે.

**अं ( इं ) गार ( ल ) कम्म - अङ्गारकर्मन् ( न. )**

(અંગારા સંબંધિત કાર્ય, કોલસા બનાવવા કે વેચવાનો વ્યાપાર)

શાસ્ત્રમાં શ્રાવકને પંદર પ્રકારના કર્માદાન ધંધાનો નિષેધ કરવામાં આવેલો છે. જેમાંનો એક છે અંગાર કર્મ. જે વ્યાપારમાં મોટી ભઠ્ઠીઓ, ચૂલાઓ સળગાવવા પડતા હોય તેવા કોઇપણ પ્રકારના બિઝનેસ કરવાથી પંચેંદ્રિય જીવો સુધીની હિંસા થાય છે. અહિંસામૂલક જૈનકુળમાં જન્મ લીધા પછી આપણું જીવન જૈન તરીકે બને તો વધુ શોભનીય છે.

**अं ( इं ) गार ( ल ) कारिया - अङ्गारकारिका ( स्त्री. )**

(અન્ન રાંધવા માટેનો ચૂલો, સગડી)

જેમ રસોઈનું મુખ્ય સાધન છે ચૂલો-સગડી તેમ ધર્મનું મુખ્ય અને આદ્ય સાધન છે અહિંસા. કેમકે જે ધર્મમાં અહિંસા નથી તે ધર્મ નથી. જેમ સગડી પર રાંધતાં જયણા રાખવી જરૂરી છે તેમ અહિંસાનું પાલન કરવા માટે ઉપયોગ રાખવો જરૂરી છે.

**अं ( इं ) गार ( ल ) ग - अङ्गारक ( पुं. )**

(અંગારો, અંગારાનો નાનો કણિયો, કોલસો ૨. મંગળ ગ્રહ ૩. પહેલો મહાગ્રહ ૪. કુરંટક વૃક્ષ ૫. ભૃંગરાજ વૃક્ષ)

કોઈ અતિક્રોધી વ્યક્તિને જોઈને આપણે પણ ગુસ્સે થઈ જઈએ છીએ અને તેના સ્વભાવને નિંદતા હોઈએ છીએ પરંતુ, જ્યોતિષમાં કહેલા અંગારક યોગની જેમ આ બધાની પાછળ રહેલા મુખ્ય હેતુભૂત કર્મને વિચારીને પોતાને તેવા કર્મનો બંધ ન થાય તેની સાવધાની વરતવી જોઈએ.

**अं ( इं ) गार ( ल ) डा ( दा ) ह - अङ्गारदाह ( पुं. )**

(અંગારાનો દાહ જયાં હોય તે ૨.જયાં લાકડા બાળી કોલસા પાડવામાં આવે તે સ્થાન)

શાસ્ત્રકારોએ કામને અગ્નિની ઉપમા આપેલી છે. તેમાં સ્ત્રીના કામાગ્નિને અંગારાના દાહ જેવો કહેલો છે. જે તેના ચિત્તને સતત બળતું રાખે છે. માત્ર પરમાત્માની ભક્તિ અને સદાચારોનું પાલન જીવને અતિશય કામાગ્નિથી બચાવી લે છે.

**अं ( इं ) गार ( ल ) पतावणा - अङ्गारप्रतापना ( स्त्री. )**

(શિયાળામાં ઠંડી ઉડાવવા અગ્નિની ધુણી પાસે શરીર તપાવવું તે, અંગારાઓનું તાપણું)

ગમે તેવી હાડ થીજી જાય તેવી ઠંડીમાં પણ નિર્ગ્રંથ સાધુઓને સગડી આદિમાં સળગતા અગ્નિ સેવનનો સંપૂર્ણ નિષેધ છે. કારણ કે પંચમહાવ્રતધારી સાધુઓને સૂક્ષ્મ કે બાદર, ત્રસ કે સ્થાવર જીવોની સર્વથા હિંસા ન કરવાનો નિયમ હોય છે.

**अं ( इं ) गार ( ल ) मद्दग - अङ्गारमर्दक ( पुं. )**

(તે નામના પ્રસિદ્ધ અભવી જૈનાચાર્ય, અપરનામ રુદ્રદેવાચાર્ય)

જિનશાસનમાં અભવી આત્મા અંગારમર્દક નામે આચાર્ય થઈ ગયા. જે જીવ નામના પદાર્થને માનતા ન હતા. અન્ય ગીતાર્થ ગુરૂની પરીક્ષાથી તેમનું અભવ્યપણું જણાયું અને તેમના ૫૦૦ શિષ્યો તેમને છોડીને જતા રહ્યા. અંતકાળે અસમાધિથી મૃત્યુ પામીને તિર્યંચના ભવમાં ઉત્પન્ન થયા.

**अं ( इं ) गार ( ल ) रासि - अङ्गारराशि ( पुं. )**

(ખેરના અંગારાનો સમૂહ)

ધાતુવાદની અંદર ખેરના અગ્નિની વાત કરવામાં આવેલી છે. અમુક જાતના ધાતુ વગેરેને તપાવવા માટે તીવ્ર તાપમાનની જરૂર હોય ત્યારે અતિ તીક્ષ્ણતાપવાળા ખેરના અગ્નિનો ઉપયોગ કરવામાં આવતો હોય છે.

**अं ( इं ) गारवई - अङ्गारवती ( स्त्री. )**

(ધુંધુમાર નામક રાજાની કન્યા)

**अं ( इं ) गार ( ल ) सहस्स - अङ्गारसहस्र ( न. )**

(અગ્નિના ઝીણા હજારો કણિયાઓ, નાના અંગારાઓ)

શાસ્ત્રમાં કહેવાયું છે કે, કલિકાળમાં એકમાં નહીં અનેકતામાં બળ હોય છે. જુઓ હજારો નાના અગ્નિના કણો ભેગા થઈને એક મહાકાય દાવાનળનું રૂપ ધારણ કરીને આખા જંગલને બાળી નાખવાનું સામર્થ્ય ધરાવે છે.

**अं ( इं ) गालसोल्लिय - अङ्गारशू ( ल ) न्य ( त्रि. )**

(અંગારાની જેમ પાકેલું)

**अं ( इं ) गारा ( ला ) यतण - अङ्गारायतन ( न. )**

(અંગારાની ભઠ્ઠી, અંગાર ગૃહ)

ભઠ્ઠીમાં બળતા અંગારાની જેમ જેનું ચિત્ત સતત કષાયોથી બળી રહ્યું છે તેવા જીવો સ્વયં તો સંતપ્ત રહે જ છે પરંતુ, તેની નજીકમાં રહેલા અન્ય લોકોને પણ સંતપ્ત રાખે છે.

**अं ( इं ) गारि ( लि ) य - अङ्गारित ( त्रि. )**
(કોયલાની જેમ બળી ગયેલું, વિવર્ણ થયેલું)
ઘાતી કર્મોનો ક્ષય કરીને કૈવલ્ય લક્ષ્મીને વરેલા કેવલી ભગવંતો અંત સમયે લગભગ બળી ગયેલા પદાર્થની જેમ નામશેષ રહી ગયેલા ચાર અઘાતી કર્મોનો શૈલેશીકરણ દ્વારા ક્ષય કરીને સિદ્ધિસુખને વરે છે.
**अंगिरस - अङ्गिरस ( पुं. )**
(ગૌતમ ગોત્રમાં ઉત્પન્ન થયેલા પુરુષ વિશેષ)
**अंगीकड - अङ्गीकृत ( त्रि. )**
(સ્વીકાર કરેલું, અંગીકાર કરેલું)
ગમે તેવા કષ્ટોની ઝડી વરસતી હોય તો પણ સિંહની જેમ ચારિત્રનું પાલન કરનારા શ્રમણો ક્યારેય પણ પોતાના લીધેલા વ્રતોનું ખંડન કરતા નથી. દરેક મહાપુરૂષોનો આ સર્વસામાન્ય નિયમ છે.
**अं ( इं ) गुअ - इङ्गुद ( पुं. )**
(વૃક્ષવિશેષ, તાપસ વૃક્ષ)
આ વૃક્ષના ફળ તૈલમય હોય છે. આનું બીજુ નામ વ્રણ-વિરોપણ પણ છે. કેમકે આ વૃક્ષના ફળથી શરીર પર લાગેલા ઘા બહુ જ જલ્દી સારા થઇ જાય છે.
**अंगुट्ठ - अङ्गुष्ठ ( पुं. )**
(અંગુઠો)
પરમાત્માના ચાર મૂળ અતિશયમાંથી એક અતિશય એ છે કે, તેમના અંગુઠામાં અમૃત રહેલું હોય છે. બાલ્યાવસ્થામાં તેઓને જ્યારે ક્ષુધા સતાવે છે ત્યારે સામાન્ય બાળકની જેમ ન રડતા તેઓ અમૃતથી ભરેલા અંગુઠાનું પાન કરતા હોય છે.
**अंगुट्ठपसिण - अङ्गुष्ठप्रश्न ( न. )**
(વિદ્યાવિશેષ)
જે વિદ્યાના પ્રતાપે દેવાદિનું અંગુઠામાં અવતરણ કરીને પ્રશ્નકારના જવાબ આપવામાં આવતા હતા તેને અંગુષ્ઠપ્રશ્ન કહેવામાં આવે છે. આ વિદ્યા પ્રશ્નવ્યાકરણ નામક આગમના નવમાં અધ્યયનમાં આવતી હતી જે હાલ કાલ પ્રભાવે નષ્ટ થયેલી હોવાથી જોવામાં આવતી નથી.
**अंगुम - पुरि ( धा. )**
(પૂર્તિ કરવી, પૂર્ણ કરવું)
**अंगुल - अङ्गुल ( न. )**
(હાથ-પગની આંગળીઓ ૨. આઠ જવ પ્રમાણ પરિમાણ ૩. જે પ્રમાણ વડે પદાર્થો જાણી શકાય તે)
આઠ જવ પ્રમાણના માપને પણ અંગુલ પ્રમાણ કહેવામાં આવે છે. શાસ્ત્રમાં પદાર્થોને માપવા માટે ૧. આત્માંગુલ ૨. ઉત્સેધાંગુલ અને ૩. પ્રમાણાંગુલ. એમ ત્રણ પ્રકારના માપ વર્ણવવામાં આવ્યા છે. શાસ્ત્રગ્રંથોમાં આ ત્રણ પ્રકારના માપથી જગતના દરેક પદાર્થોનું પ્રમાણ કરાય છે.
**अंगुलपोहत्तिय - अङ्गुलपृथक्त्विक ( त्रि. )**
(અંગુલપૃથક્ત્વ, બે થી નવ અંગુલ સુધી શરીરની અવગાહના-ઊંચાઈ જેની હોય તે)
**अंगुलि ( ली ) - अङ्गुलि ( ली ) ( स्त्री. )**
(હાથ-પગની આંગળી ૨. હાથીની સૂંઢનો અગ્રભાગ ૩. ગજકર્ણી નામક વનસ્પતિવિશેષ)
લોકોક્તિમાં 'આંગળી ચીંધ્યાનું પુણ્ય' કહેવાય છે. સારા કાર્યમાં પોતાના આશ્રિતોને જોડવા કે શુભકાર્યમાં કોઈને પ્રેરિત કરવા અંગુલિ નિર્દેશ કરવાથી કરણ-કરાવણ ને અનુમોદન આ ત્રણ કરણીઓ પૈકી કરાવણનો લાભ આપણને થાય છે.

**अंगुलिकोस - अङ्गुलिकोश ( पुं. )**

(આંગળીમાં પહેરાતો ચામડાનો કે લોખંડનો પાટો, અંગુલી-ત્રાણ, અંગોઠડી)

આંગળીઓમાં તલવાર આદિ શસ્ત્રની મજબૂત પક્કડ રાખવા કે આંગળીઓની રક્ષા માટે યુદ્ધમાં લડવૈયાઓ ચામડાની કે લોખંડની અંગોઠડી પહેરતા હતા. તેમ જિનમંદિરના પ્રતિષ્ઠાદિ શુભકાર્યોમાં શ્રાવકને નિર્વિઘ્નપણે ગતિ હેતુ ગુરુ ભગવંતો દ્વારા અભિમંત્રિત રક્ષાપોટલી આપવામાં આવે છે.

**अंगुलि ( ले ) ज्जग - अङ्गुलीयक ( न. )**

(આંગળીનું ઘરેણું, અંગૂઠી, વીંટી)

વીંટી જેમ હાથનું બાહ્ય ઘરેણું છે તેમ દાન એ હાથનું આભ્યંતર ઘરેણું છે. કદાચ વીંટી ન હોય તો ચાલી શકે, પણ દાન વગર મનુષ્યની ઋદ્ધિ માટી સમાન વ્યર્થ છે. શાસ્ત્રવચન યાદ રાખજો, ગૃહસ્થ જીવનની સાર્થકતા દાનધર્મથી જ છે.

**अंगुलिप्फोडण - अङ्गुलिस्फोटन ( न. )**

(આંગળી વાળીને કડાકા ફોડવા તે, આંગળીના ટચાકા વગાડવા તે)

સામાયિકાદિ ધર્મારાધના કે વ્યાખ્યાન શ્રવણ દરમ્યાન જો આપણે જાણતા કે અજાણતા આંગળી વાળીને કડાકા ફોડીએ તો તે પણ એક જાતનો પ્રમાદ છે. અરુચિનું દ્યોતક પણ છે. સામાયિકાદિ આરાધનામાં અપ્રમત્તભાવ-એકાગ્રતાને અત્યંત આવશ્યક માનેલી હોઈ તેને દોષરૂપ ગણી છે. તેનાથી અન્યને પણ ચિત્ત વિક્ષેપ થતો હોવાથી આવા પ્રમાદનું સેવન કરતાં ચેતજો.

**अंगुलिभमुहा - अङ्गुलिभ्रू ( स्त्री. )**

(કાયોત્સર્ગમાં આંગળીના વેઢા ગણવા કે સંકેત માટે આંખની ભ્રમર હલાવવાથી લાગતો દોષ, અંગુલિભ્રૂ દોષ)

કાયોત્સર્ગમાં નવકાર કે લોગસ્સ આદિ સૂત્રો આંગળીના વેઢા દ્વારા ગણવાથી કે કંઈક સંકેત જણાવવા માટે ભ્રૂકુટી હલાવવાથી કે આંખને જ્યાં-ત્યાં ફેરવવાથી અંગુલિભ્રૂ નામનો દોષ લાગે છે. એકાગ્રચિત્તે રહી આંગળીના વેઢાથી ગણ્યા વગર, સ્થાપનાજીની સામે નજર કરીને અથવા નાકના અગ્રભાગ ઉપર નજર સ્થિર કરીને કાઉસગ્ગ કરવો જોઈએ.

**अंगुलि ( ली ) विज्जा - अङ्गुलि ( ली ) विद्या ( स्त्री. )**

(શ્રાવસ્તી નગરીમાં ભગવાન બુદ્ધ દ્વારા પ્રકાશિત એક મહાપ્રભાવિક વિદ્યા)

**अंगोवंग - अङ्गोपाङ्ग ( न. )**

(મસ્તક, આંગળી, હાથ આદિ શરીરના અવયવો, શરીરના અંગોપાંગ)

જેમ મસ્તક, હાથ, પગ આદિ શરીરના મુખ્ય આઠ અવયવોને અંગ કહેવામાં આવ્યા છે અને તેના પેટા-અંગરૂપ આંગળી, રેખા, કેશ, નખ, હોઠ આદિને ઉપાંગ તરીકે જણાવેલા છે તેવી રીતે આગમગ્રંથોમાં અગિયાર અંગ અને તેના બાર ઉપાંગો કહેલાં છે.

**अंगोवंगणाम - अङ्गोपाङ्गनामन् ( न. )**

(શરીરના અવયવોના નિર્માણમાં કારણભૂત કર્મ વિશેષ, નામકર્મની એક પ્રકૃતિ, અંગોપાંગ નામકર્મ)

આત્મા દ્વારા શરીરના નિર્માણ સ્વરૂપે ગ્રહણ કરેલા કર્મપુદ્ગલોના કારણે દરેક જીવોના અંગોપાંગ નિર્માણ પામે છે. તેને અંગોપાંગ નામકર્મ કહેવાય છે. આ કર્મના અપ્રશસ્ત ગાઢ ઉદયથી અંગોપાંગો ઓછા અથવા ખોડ-ખાંપણવાળા થાય છે અને પ્રશસ્તપણે બાંધેલા કર્મના ઉદયથી પ્રમાણોપેત સુંદર પ્રાપ્ત થાય છે. અંગોપાંગ નામકર્મના ઔદારિક, વૈક્રિય અને આહારક એમ કુલ ત્રણ ભેદ છે.

**अंचि - अञ्चि ( पुं. )**

(ગમન કરવું તે, જવું તે, ગતિ-ગમન)

જીવ જ્યાં સુધી સંસારમાં રહેલો છે ત્યાં સુધી તે એક સ્થાને વધારે સમય સ્થિર રહી શકતો નથી. તેને સતત ગમનશીલ રહેવું પડે છે. પછી તે એક જગ્યાએથી બીજી જગ્યા હોય કે એક ભવમાંથી બીજા ભવમાં ગમન હોય. એકમાત્ર સિદ્ધ ભગવંતો જ ગતિરહિત છે.

**★आञ्चि ( पुं. )**

(આગમન, આવવું તે)

આર્ષદ્રષ્ટા ઋષિમુનિઓએ સંસારના પરિભ્રમણની વાર્તા કરતા કહ્યું છે કે '**पुनरपि जननं पुनरपि मरणं पुनरपि जननी जठरे शयनम्**' અર્થાત્, અનાદિકાળથી સંસારમાં ભ્રમણ કરતો જીવ ફરી ફરી જન્મ અને ફરી ફરી મરણ પામતો રહે છે. માટે જો ઘાણીના બળદની ગતિ જેવા પરિભ્રમણથી છૂટવું હોય તો પરમાત્માની ભક્તિમાં તલ્લીન બની જાઓ.

**अंचिअ ( त ) – अञ्चित ( त्रि. )**

(પૂજ્ય ૨. રાજમાન્ય ૩. એકવારનું ગમન ૪. નાટકનો પચ્ચીસમો પ્રકાર ૫. યુક્ત, સહિત)

સદાચાર એ મનુષ્યોને માટે આભૂષણ સમાન છે. દૈવયોગથી વિપત્તિ આવી હોય તો તેને પણ ખાળવા માટે મુખ્ય શસ્ત્ર સમાન છે. સર્વ સુખોના આગમનના પ્રવેશદ્વાર સમાન છે અને સારી સંતતિની પ્રાપ્તિ થાય છે. સદાચારી વ્યક્તિ સમાજમાં માનનીય બને છે અને લોકોમાં વિશ્વાસપાત્ર બને છે.

**अंचिअंचिय – अञ्चिताञ्चिक ( पुं. )**

(ગમનાગમન, જવું-આવવું તે)

જેમ શૂકરને વિષ્ટાના ભોજનમાં જ પરમ સુખ દેખાય તેમ મૂઢ થયેલા જીવને પાંચેય ઇન્દ્રિયોના ભૌતિક પદાર્થોમાં જ સુખ દેખાય છે અને ચારેય ગતિમાં તેનું ગમનાગમન ચાલુ જ રહે છે.

**अंचिअ ( य ) रिभिय – अञ्चितरिभित ( न. )**

(નાટકનો એક ભેદ, દેવતાઓના ૩૨ પ્રકારના નાટકો પૈકીનું ૨૭મું નાટક)

ભગવાન મહાવીરની પર્ષદામાં અદ્ભુત નાટક કરતા દેવને જોઈને વિસ્મિત બનેલા શ્રેણિક રાજાને પ્રભુ મહાવીરે તે દેવનો પૂર્વભવ જણાવતા કહ્યું કે, હે શ્રેણિક ! પૂર્વભવમાં તે એક દેડકો હતો અને સમવસરણમાં મારી દેશના સાંભળવાની ઇચ્છાથી આવી રહ્યો હતો. રસ્તામાં કોઈના પગ નીચે ચગદાઈને મૃત્યુ પામ્યો, તે જ દેડકો મરીને શુભ ભાવના યોગે દેવ બન્યો છે અને પોતાના ઉપકારી પરમાત્માની ભક્તિ કરવા અત્રે દેવતાઈ નાટક કરી રહ્યો છે. વિચારજો, શુભ ભાવની શું તાકાત હોય છે !

**अंचेइत्ता – अञ्चयित्वा ( अव्य. )**

(મૂળમાંથી ઉખાડીને, ઉપાડીને)

**अंछ ( देशी-धा. )**

(આકર્ષવું, ખેંચવું)

એકેન્દ્રિય જીવોમાં પણ ઓઘ સંજ્ઞાઓ અતિભયંકર હોય છે. નાની-નાની માછલીઓ વગેરેનું ભક્ષણ કરવા અર્થે આકર્ષણ જમાવવા અવનવી યુક્તિઓ અજમાવવામાં દરિયાઈ વનસ્પતિઓ પણ પેંતરાઓ કરતી હોય છે. સાવધાન ! મોહરાજા પણ જીવને આકર્ષવા ઇન્દ્રિયોના માધ્યમથી અવનવી યુક્તિઓ અજમાવવામાં ખૂબ માહેર છે.

**अंछण ( देशी-धा. )**

(આકર્ષાવું, ખેંચાવું)

જ્યાં સુધી કોઇ પણ પદાર્થ પ્રત્યે કે વ્યક્તિ પ્રત્યે આકર્ષણ હશે ત્યાં સુધી મોક્ષની વાત તો દૂર, કેવલજ્ઞાનની પ્રાપ્તિ થવી પણ દુર્લભ છે. ગણધર ગૌતમસ્વામીમા કેવલજ્ઞાન પ્રાપ્તિની બધી જ યોગ્યતા હોવા છતાં પણ પરમાત્મા પ્રત્યેનું તેમનું આકર્ષણ, તેમનો રાગ કેવલજ્ઞાન ઉત્પન્ન થવા દેતા નહોતા. જે દિવસે આકર્ષણ ખતમ તે જ સમયે કૈવલ્યલક્ષ્મીની પ્રાપ્તિ થઈ. કદાચ વૈજ્ઞાનિકે બતાવેલો ગુરુત્વાકર્ષણનો નિયમ અહીં સાચો સાબિત થાય છે. સંસારનું આકર્ષણ જીવને ઉર્ધ્વગતિ પામવા નથી દેતું.

**अंजण – अञ्जन ( न. )**

(કાજળ ૨. લોઢાની સળીથી આંખમાં દુ:ખ ઉપજાવવું તે ૩. તેલાદિથી શરીરની માલીશ કરવી તે ૪. સુરમો, સૌવીરાંજન ૫. રસાંજન, રસવતી ૬. રત્ન વિશેષ ૭. આંખ આંજવી તે ૮. રત્નપ્રભા પૃથ્વીના ખરકાંડનો દશમો ભાગ ૯. વનસ્પતિ વિશેષ ૧૦. સૂર્ય-ચંદ્રના લેશ્યાનુબંધક પુદ્ગલો પૈકીનો પાંચમો પુદ્ગલ ૧૧. મંદર પર્વતની પૂર્વમાં સીતોદા નદીના દક્ષિણભાગે રહેલો વક્ષસ્કાર પર્વત ૧૨. દ્વીપકુમારેન્દ્રના ત્રીજા લોકપાલનું નામ ૧૩. ઉદધિકુમાર પ્રભંજનના ચોથા લોકપાલનું નામ ૧૪. મંદર પર્વતના પૂર્વમાં રહેલો રુચક પર્વતનું નામ ૧૫. રુચક પર્વતનો સાતમો કુટ)

જો કે શ્યામવર્ણને અશુભ માનવામાં આવેલો છે પરંતુ આ જ વર્ણ અમુક ચોક્કસ સ્થાને શોભામાં અભિવૃદ્ધિ કરે છે. જેમકે કાજળ આંખમાં આંજવામાં આવે તો આંખ શોભી ઉઠે છે. ચિત્રમાં ખેંચેલી એક કાળી રેખા સમસ્ત ચિત્રમાં જાણે કે પ્રાણ પૂરે છે. તેવી રીતે એક જ પુરુષાર્થ જો પાપ કાર્યમાં કરવામાં આવે તો દુર્ગતિમાં લઇ જાય છે, પરંતુ તેને જ ધર્મકાર્યમાં વાપરવામાં આવે તો મોક્ષના સોપાનને સર કરાવે છે. માટે જ કહ્યું છે કે **'पुरुषार्थबद्धाः सिद्धयः'**

**अंजणई - अञ्जनिका ( स्त्री. )**

(વલ્લીવિશેષ, તે નામે લતાવિશેષ)

**अंजणकेसिआ - अञ्जनकेशिका ( स्त्री. )**

(વનસ્પતિવિશેષ, અંજનકેશિકા)

**अंजणग - अञ्जनक ( पुं. )**

(તે નામનો રત્નમય એક પર્વત, નંદીશ્વરદ્વીપનો અંજનગિરિ પર્વત ૨. વનસ્પતિવિશેષ ૩. વાયુકુમારેન્દ્રનો તૃતીય લોકપાલ)

જંબૂદ્વીપથી આઠમા ક્રમાંકે આવેલા નંદીશ્વરદ્વીપની ચારેય દિશામાં અંજન રત્નમય અંજનગિરિ નામક પર્વત આવેલા છે. તે દરેક પર્વત પર રહેલી શાશ્વત પ્રતિમાઓની વિદ્યાધરો, દેવો અને જંઘાચારણાદિ લબ્ધિધારી મુનિઓ અર્ચના-સ્તવના કરવા જતા હોય છે.

**अंजण ( णा ) गिरि - अञ्जनगिरि ( पुं. )**

(તે નામનો શ્યામવર્ણીય પર્વત ૨. મેરુ પર્વતના ભદ્રશાલ વનનો ચોથો દિગ્હસ્તિ કુટ ૩. તે કુટનો અધિપતિ દેવ, અંજનગિરિ પર્વતનો અધિપતિ દેવ)

એક લાખ યોજન પ્રમાણવાળા મેરુપર્વતના ભદ્રશાલ નામક વનમાં જે દિગ્હસ્તિકૂટો આવેલા છે તેમાંનો જે ચોથો હસ્તિકૂટ છે તેનું નામ અંજનગિરિ દિગ્હસ્તિકૂટ છે.આનું વિશેષ વર્ણન બૃહત્ક્ષેત્રસમાસ આદિ ગ્રંથોમાં પ્રસંગોપાત પ્રાપ્ત થાય છે.

**अंजनजोग - अञ्जनयोग ( पुं. )**

(બોંતેર કલાઓ પૈકીની સત્તાવીસમી કલા)

પુરુષની વ્યવહારલક્ષી કુલ બોંતેર કળાઓ પ્રાચીન કાળમાં પ્રચલિત હતી. તેમાંની એક કળા છે અંજનયોગ. આ કળાના આધારે પુરુષ આંખોને કેવી રીતે સુશોભિત કરી શકે છે તે ખ્યાલમાં આવે છે. આજે એ કળાઓ નહીંવત્ દેખાઇ રહી છે. પ્રાચીન કાળમાં તો રાજપુત્રો કે શ્રેષ્ઠિપુત્રો માટે આ કળાઓનું પ્રશિક્ષણ ફરજિયાતપણે અપાતું હતું. માટે જ ભારતવર્ષ વિશ્વગુરુની ઉપમાને વરેલું હતું.

**अंजणपुलग - अञ्जनपुलक ( पुं. )**

(અંજનરત્ન ૨. રત્નપ્રભા નરકના ખરકાંડનો અગિયારમો વિભાગ ૩. મેરુપર્વતના પૂર્વભાગે સ્થિત રુચકવર પર્વતનો આઠમો કૂટ)

**अंजणमूल - अञ्जनमूल ( पुं. )**

(મેરુપર્વતના પૂર્વભાગે આવેલ રુચક પર્વતનો આઠમો કૂટ)

**अंजणरिट्ठ - अञ्जनरिष्ट ( पुं. )**

(વાયુકુમારદેવોનો ચોથો ઇન્દ્ર, ભવનપતિ દેવના ચોથા ઇન્દ્રનું નામ)

**अंजणसमुग्गग - अञ्जनसमुद्गक ( पुं. )**

(સુગંધી અંજનવિશેષને રાખવાનું પાત્ર, દાબડો)

**अंजणसलागा - अञ्जनशलाका ( स्त्री. )**

(અંજન આંજવાની સળી, જૈન મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠાની વિધિ વિશેષ-અંજનશલાકા)

જિનશાસનમાં અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ ખૂબ જ પ્રસિદ્ધ છે. આ મહોત્સવમાં આચાર્ય ભગવંત મધરાતે, શુભ મૂહુર્તે, વિશુદ્ધભાવપૂર્વક પરમાત્માની આંખોમાં સુવર્ણની સળીથી પંચરત્નમય અંજનને આંજીને મૂર્તિમાં પરમાત્મ તત્ત્વનું અવતરણ કરે

છે. તે પછી પ્રભુપ્રતિમા પૂજનને યોગ્ય બનતી હોય છે. શક્તિ-સંપન્ન ગૃહસ્થે જીવનમાં અંજનશલાકાનો લ્હાવો એકવાર અવશ્ય લેવા જેવો હોય છે.

**अंजणसिद्ध - अञ्जनसिद्ध ( पुं. )**

(અંજનપ્રયોગમાં સિદ્ધ, આંખમાં અંજન કરી અદશ્ય થવાની સિદ્ધિવાળો)

પૂર્વના સમયમાં કાર્યોને સિદ્ધ કરવા માટે તંત્રાદિના પ્રયોગ કરવામાં આવતા હતાં. તેમાંનો એક અંજન પ્રયોગ પણ છે. સિદ્ધ અંજનચૂર્ણને આંખમાં આંજીને વ્યક્તિ ગમે તેવી ભરચક ભીડમાં પણ અદશ્ય રહી શકે છે. શાસનની પ્રભાવના અને રક્ષા માટે કારણવશાત્ આવા પ્રયોગોને પણ માન્યતા આપવામાં આવેલી છે. આ અંજન પ્રયોગમાં માહિર પુરુષને અંજનસિદ્ધ કહેવામાં આવે છે. નિશીથ ચૂર્ણિમાં વર્ણન આવે છે કે - દ્વાદશાંગીધર સુસ્થિતસૂરિના શ્રીમુખેથી યોનિપ્રાભૃતગત અંજન દ્વારા અદશ્યીકરણની વાત સાંભળીને તેમના બે ક્ષુલ્લક શિષ્યોએ અદશ્ય થઈ ચંદ્રગુપ્તરાજાનો આહાર ગ્રહણ કર્યો હતો.

**अंजणा - अञ्जना ( स्त्री. )**

(ત્રીજી નરકભૂમિનું નામ ૨. હનુમાનની માતા ૩. જંબૂવૃક્ષના નૈઋત્ય ખૂણામાં રહેલી એક વાવડીનું નામ)

લોકમાં ધનવાન કે રૂપવાન આદિ નથી પૂજાતા પરંતુ, જેઓ શીલ-સદાચારાદિ ગુણોને ધારણ કરે છે તેઓ જ પ્રશંસનીય બને છે. જેવી રીતે વીર હનુમાનની માતા સતી અંજના ! બાવીસ-બાવીસ વર્ષ સુધી પતિ વિરહ સહન કરવા છતાં પણ પોતાના શીલનો ત્યાગ ન કર્યો. આવી શીલરત્ના સ્ત્રીની કુખે હનુમાન જેવો પુત્ર જન્મ લે તેમાં શી નવાઈ ?

**अंजणिया - अञ्जनिका ( स्त्री. )**

(કાજળની ડબ્બી)

પહેલાના કાળમાં ઘરે કાજળ કે શાહી બનાવવા માટેના વિવિધ સાધનોમાં ભૂંગળી પ્રકારની નળીનો ઉપયોગ થતો હતો. જેના આધારે બનેલી કાજળ અને શાહીનું લોકમાં ખૂબ જ પ્રચલન હતું. શાહીને રાખવા માટે વિવિધ પ્રકારની સુંદર ડબ્બીઓ રાખતા હતા. એવી શાહીથી લખેલા જાણે આજે જ લખેલા હોય તેમ ૧૦૦૦ વર્ષથી પણ પ્રાચીન આગમ ગ્રંથો આપણા જૈન ભંડારોમાં સચવાયેલા છે. અહો ! આપણા પૂર્વજોની કેવી શ્રુતભક્તિ હતી.

**अंजलि ( ली ) ( स्त्री., पुं. ) - अञ्जलि ( पुं. )**

(લલાટે જોડેલા બે હાથ, ખોબો, કરસંપુટ ૨. નમસ્કારરૂપ વિનયનો ભેદ)

બે હાથ જોડીને કરાતું નમન વિનયગુણનું દ્યોતક છે. સર્વ ગુણોમાં વિનયગુણ પ્રધાન કહેવાય છે. વિદ્યા પણ વિનયથી શોભે છે. પૂજ્ય પુરુષો પ્રત્યે કરાતો વિનય યાવત્ મોક્ષલક્ષ્મી અપાવવામાં સમર્થ છે. અને તે જ પૂજ્યોની કરવામાં આવતી અવહેલના મોટા વિઘ્નોને નોતરે છે. એટલે જ તો કહેવતોમાં પણ કહેવાયું છે કે 'નમે તે સૌને ગમે'.

**अंजलिपग्गह - अञ्जलिप्रग्रह ( पुं. )**

(બે હાથ જોડી નમન કરવું તે, બે હાથ જોડવારૂપ વિનયનો ભેદ ૨. સંભોગનું આસન વિશેષ)

શરીર દ્વારા કરવામાં આવતી વિવિધ મુદ્રાઓનું ભાવો સાથે સીધું કનેક્શન રહેલું છે તે વાતને તમે માર્ક કરી જો જો. જ્યારે તમે હાથની મુઠ્ઠી વાળો છો ત્યારે તમારા મનમાં ગુસ્સો કે ક્રોધના ભાવો આવે છે. જ્યારે તમે બે હાથે તાળી પાડો છો ત્યારે તમારું મન હર્ષને અનુભવતું હોય છે અને જ્યારે તમે બે હાથ જોડીને નમન કરતા હોવ છો ત્યારે તમારા ચિત્તમાં વિનયનો ભાવ પ્રગટ થાય છે.

**अंजलिबंध - अञ्जलिबन्ध ( पुं. )**

(બે હાથ જોડી મસ્તકે લગાવવું તે, અંજલિબદ્ધ નમસ્કાર)

રાષ્ટ્રધ્વજને ઊભા થઈને વંદન ન કરવું તે દેશનું અપમાન કર્યા બરાબર ગણાય છે. તેમ શાસ્ત્રમાં કહેવાયું છે કે રસ્તામાં આવતા જિનાલયને ન વાંદવું તે જિનેશ્વરભગવંતોનું અપમાન છે. માટે રસ્તામાં આવતા દેરાસરની અંદર ના જઇ શકો તો કાંઇ નહીં, પરંતુ બહારથી જ બે હાથ જોડી મસ્તકે લગાવીને 'નમો જિણાણં' એટલું કહીને જિનવંદન તો કરી જ શકો છો.

**अंज ( स् ) - अञ्जस् ( न. )**

(વેગ ૨. બળ ૩. ઔચિત્ય ૪. પ્રગુણ ૫. ન્યાય)

ગુણસ્થાનકોને આશ્રયીને જીવના ચૌદ વિકાસ-સોપાન કહેલા છે. ગુણસ્થાનક બદલાતાં આત્માના ગુણોમાં પણ ભેદ માનવામાં આવેલો છે. પરંતુ ઔચિત્યપાલન નામનો એક ગુણ એવો માનવામાં આવ્યો છે જે કોઇ પણ ગુણસ્થાનકે ગૌણ બનતો નથી. તેનું પાલન તો કેવલજ્ઞાની, તીર્થંકરની સમૃદ્ધિ ભોગવનારા પરમાત્માએ પણ વિના અપવાદે કરવાનું હોય છે.

**अंजिय - अञ्जित ( त्रि. )**

(કાજળ વડે આંજેલું)

કાજળથી આંજેલી આંખો જેમ મનોહર લાગે છે. તેમ જ્ઞાનાંજન પામેલો આત્મા જ્ઞાનીઓને અતિ સુંદર-મનોહર લાગે છે.

**अंजु - ऋजु ( त्रि. )**

(સરળ, અકુટિલ, માયા પ્રપંચ રહિત ૨. સ્પષ્ટ, વ્યક્ત ૩. સંયમી)

જ્ઞાનગુણ જીવને સાચા માર્ગ પર લાવે છે અને ઋજુતાગુણ જીવને તેની મંઝિલ મોક્ષ સુધી લઇ જાય છે. એટલે કે મોક્ષપ્રાપ્તિ માટે આવશ્યક ગુણ છે સરળતા. પરમાત્મા મહાવીરસ્વામીના શાસનના જીવો જડ અને વક્ર માન્યા ખરા પરંતુ, સમજી રાખજો કે સાડી અઢાર હજાર વર્ષ સુધી તેમનું શાસન ઋજુ અને પ્રાજ્ઞ જીવો જ ચલાવશે.

**अंजुआ - अञ्जुका ( स्त्री. )**

(અઢારમા તીર્થંકર શ્રીઅરનાથ ભગવાનના ધર્મસંઘના પ્રથમ સાધ્વી શિષ્યા)

**अंजू - अञ्जू ( स्त्री. )**

(ધનદેવ સાર્થવાહની પુત્રીનું નામ ૨. શક્રેન્દ્રની ચોથી અગ્રમહિષી ૩. વિપાકશ્રુતના એક અધ્યયનનું નામ ૪. જ્ઞાતાધર્મના એક અધ્યયનનું નામ)

**अंड - अण्ड ( न. )**

(જ્ઞાતાધર્મકથાંગસૂત્રના મોરના ઈંડાના દૃષ્ટાંતવાળા ત્રીજા અધ્યયનનું નામ ૨. વિપાકસૂત્રનું અંડ નામક ત્રીજું અધ્યયન ૩. ઈંડું, ઈંડાનો કોષ ૪. અંડકોષ, વૃષણ ૫. પારો ૬. કસ્તૂરી ૭. શિવ)

જેવી રીતે કસ્તૂરી મૃગ પોતાની નાભિમાં કસ્તૂરી હોવા છતાંય આખી જીંદગી દોડી દોડીને બહારથી શોધવાનો પ્રયાસ કરે છે, તેમ જીવ પરમાનંદ પોતાના આત્મામાં હોવા છતાંય તેને જડ પદાર્થોમાંથી શોધવાની ચેષ્ટામાં આખું જીવન વિતાવી દે છે.

**अंडउड - अण्डपुट ( न. )**

(ઇંડાનું કોચલું, અંડપુટ)

**अंडक - अण्डक ( न. )**

(જન્તુની યોનિ વિશેષ, જીવોત્પત્તિનું એક સ્થાન)

**अंडकड - अण्डकृत ( त्रि. )**

(ઈંડામાંથી થયેલું, ઇંડાએ કરેલું)

કોઈપણ કાર્યસિદ્ધિ હેતુ માનવામાં આવેલા પાંચ સમવાયી કારણો પૈકીના કાળ પરિપાકને પણ એક અંગ ગણવામાં આવ્યું છે. કોઈપણ કાર્ય બાકીના ચાર કારણો હોવા છતાં તેનો કાળ પાક્યા વિના નિષ્પન્ન નથી થતું. જેમ ઈંડુ તેના યોગ્ય સમયે પાકીને તેમાંથી બચ્ચું બહાર નીકળે છે તેમ જીવને સમયનો પરિપાક થતાં સમ્યગ્દર્શન- સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્ર પ્રાપ્ત થાય છે, અને પરંપરાએ મોક્ષની પ્રાપ્તિ થાય છે.

**अंडप्पभव - अण्डप्रभव ( त्रि. )**

(ઈંડામાંથી ઉત્પન્ન થયેલું, ઇંડું જેની ઉત્પત્તિ છે તે)

આ જગતની સર્વપ્રથમ ઉત્પત્તિ ઈંડામાંથી થઈ છે તેવી માન્યતા જૈન ધર્મ સિવાયના ભારતીય ધર્મોમાં પ્રવર્તે છે. પરંતુ જૈન ધર્મ જ એક એવી વાસ્તવિકતાભરી પ્રસ્તુતિ કરે છે કે, આ જગત પ્રવાહ અનાદિકાળથી છે. તેના કોઈ આદિ કે અન્ત નથી. એટલે જ જ્યારે ગણધર ભગવંતોએ કહ્યું કે, હે ભગવાન ! તત્ત્વ શું છે ? ત્યારે પ્રભુએ કહ્યું 'ઉપમેઇ વા વિગમેઇ વા ધુવેઇ વા' અર્થાત્ જગતવર્તી પ્રત્યેક પદાર્થ પર્યાયરૂપે કિંચિત્ ઉત્પન્ન થાય છે, પર્યાયરૂપે કિંચિત્ નાશ પામે છે અને છતાં પોતાના સ્વરૂપે કાયમ રહે છે.

આ તત્ત્વવ્યાખ્યા બિલકુલ યથાર્થ લાગ્યા વિના રહેતી નથી.

**अंडय - अण्डज ( पुं. )**

(ઈંડામાંથી પેદા થતાં પ્રાણી-જંતુ વગેરે, અંડજ, ત્રસજીવોનો એક ભેદ, મત્સ્યનો ભેદ, જીવોત્પત્તિની એક યોનિ ૨. રેશમી વસ્ત્ર ૩. રેશમનો તાંતણો ૪. શણનું વસ્ત્ર)

જીવવિચાર ગ્રંથમાં જીવોના કુલ ૫૬૩ ભેદ માનવામાં આવ્યા છે. તેમાં પંચેંદ્રિય તિર્યંચના ભેદમાં ઈંડામાંથી ઉત્પન્ન થાય તે અંડજ એવો એક ભેદ માનવામાં આવ્યો છે.

**अंडसुहुम - अण्डसूक्ष्म ( न. )**

(સૂક્ષ્મ ઈંડું, કીડી વગેરેના સૂક્ષ્મ ઈંડા)

ઠાણાંગસૂત્રમાં કુલ પાંચ પ્રકારના સૂક્ષ્મ ઈંડાનું કથન મળે છે. ૧. મધમાખી આદિના ૨. કરોળિયાના ૩. કીડીના ૪. ગરોળી વગેરેના તથા ૫. કાચિંડાના. આ જીવોના ઈંડા ખૂબ નાના હોય છે અને વિશેષમાં સાધુઓએ વસ્ત્રાદિ પ્રતિલેખનમાં આ જીવોની વિરાધના ન થાય તેનું ખાસ ધ્યાન રાખવાનું કહેવામાં આવ્યું છે.

**अंडु - अण्डु ( ड ) ( न. )**

(લોહમય કે કાષ્ઠમય હાથ-પગના બંધન વિશેષ, હાથ પગની બેડી, હાથકડી)

પિંજરે પૂરાયેલા પક્ષીને અને બંધનથી બંધાયેલી વ્યક્તિને તેમાંથી છૂટવાની જેવી તાલાવેલી હોય છે, તેવી જ તાલાવેલી મોક્ષ મેળવવા માટે આપણને જાગશે ત્યારે આપણા સંસારનો છેડો બહુ દૂર નહીં હોય.

**अंत - अन्त ( पुं. )**

(નાશ, અવસાન ૨. હદ, પર્યંત ૩. નિર્ણય ૪. નિકટ ૫. વિનાશ, ભંગ ૬. સ્વરૂપ ૭. સ્વભાવ ૮. રોગ ૯. રાગ-દ્વેષ ૧૦. જીર્ણ)

જ્યારે વ્યક્તિને કોઈ અધરા કાર્યનો કે વિવાદનો અંત દેખાય છે ત્યારે તેને ખુશી થાય છે. તેમ મુમુક્ષુ જ્યારે આરાધનામાં ચઢતા પરિણામે પોતાના આત્મસામ્રાજ્યને પામવા રૂપ ભવનો અંત દેખે છે ત્યારે તે અનુપમ આત્મિક આનંદને અનુભવે છે.

**★अन्त्य ( न. )**

(દશ વડે ગુણવાથી આવતી એક જલધિસંખ્યાનો ભેદવિશેષ)

**★अन्त्र ( न. )**

(આંતરડું, ઉદરવર્તી અવયવ વિશેષ ૨. ભગવાન મહાવીરે જોયેલું ચોથું સ્વપ્ન)

આપણા શરીરમાં બે આંતરડાઓ હોય છે. એક મોટું અને બીજું નાનું. પ્રત્યેકનું પ્રમાણ પાંચ-પાંચ આયામ પ્રમાણનું છે તેવું જિનેશ્વર ભાષિત શાસ્ત્રોમાં વર્ણવ્યું છે. તેમાં મોટા આંતરડા દ્વારા ખાધેલા અન્નના મળનું પરિણમન થાય છે અને નાના આંતરડાથી મૂત્રનું પરિણમન થાય છે.

**★आन्त ( न. )**

(અન્તમાં થનારું ૨. ખાતાં ખાતાં વધેલું ૩. વાલ, ચણા વગેરે)

જે વસ્તુનો પ્રારંભ છે તેનો અંત પણ નક્કી જ છે. જગતમાં પ્રાયઃ કોઇ પદાર્થ શાશ્વત નથી. જેમ સુખ શાશ્વત નથી તેમ દુઃખ પણ કાયમ નથી. માટે સુખ દેખી છકી ન જવું અને દુઃખ દેખીને ડગી ન જવું જોઇએ. પરમાત્માએ પણ શાસન સ્થાપના કરતાં ગણધરોને આપેલી 'उगमेइ वा विगमेइ वा धुवेइ वा' આ ત્રિપદીથી આખા જગતના સર્વ પદાર્થોનો બોધ કરાવ્યો હતો.

**अंत ( र् ) - अन्तर् ( अव्य. )**

(અંદર ૨.મધ્યે, વચ્ચે)

જેનું ચિત્ત તત્ત્વમાં રમતું હોય છે તેને બાહ્ય પરિબળો અસર કરી શકતાં નથી. આત્મરમણના સાગરમાં હિલોળા લેતાં તેના ચિત્તને સુખ કે દુઃખ બન્ને મિત્ર સમાન હોય છે. તેથી જ બાહ્ય ધર્મ જો અંતરંગ અર્થાત્ અભ્યંતર ધર્મનો પોષક બનતો હોય તો બાહ્ય ધર્મ સાર્થક છે.

**अंतक ( ग ) - अन्तक ( पुं. )**

(યમરાજ, મૃત્યુ, નાશ કરનાર ૨. છેડો, પર્યંત ૩. અંતર્ગત)

આ દુનિયામાં રોજ હજારો લોકો જન્મે છે અને મૃત્યુ પામે છે, પરંતુ જેઓનું જીવન સદાચારોથી સદા મહેકતું હોય છે, ચિત્ત સદ્વિચારોથી ભરેલું હોય છે અને સદ્વાણી હંમેશાં જીભ પર રમતી હોય છે તેવા મહાપુરુષોનું તો મૃત્યુ પણ મહોત્સવ બની રહે છે.

**अंतकम्म - अन्तकर्मन् ( न. )**

(વસ્ત્રની કિનારી ૨. નાશ કરવો, પરિચ્છેદ કરવો તે)

સંસાર એક યુદ્ધભૂમિ છે જેમાં રાગ-દ્વેષરૂપી પ્રધાન શત્રુઓ છે. જેઓ કર્મોનો ક્ષય નથી કરતા તેઓના જ્ઞાનાદિગુણોનો આ શત્રુઓ નાશ કરીને ચારગતિરૂપ બંધનમાં તેમને બાંધી દે છે. માટે જ પ્રભુએ કર્મોના વિપાક-અંતને જોવાનું અને તેના પર ચિંતન કરવાનું ભારપૂર્વક જણાવ્યું છે.

**अंतक ( ग ) र - अन्तकर ( पुं. )**

(સંસારનો અંત કરનાર, તે જ ભવે મુક્તિ પામનાર)

જગતમાં બે પ્રકારની વૃત્તિવાળા લોકો હોય છે ૧. શ્વાનવૃત્તિ અને ૨. સિંહવૃત્તિ. શ્વાનવૃત્તિવાળાઓ હંમેશાં નિમિત્તકારણો પાછળ દોડતા હોય છે જેના કારણે તેમને સંસારમાં પરિભ્રમણ કરવું પડતું હોય છે. જ્યારે સિંહવૃત્તિવાળા ધીરપુરુષો સંસારના નિમિત્તકારણોને છોડીને મુખ્ય કારણભૂત કર્મોને જાણીને તેનો અંત કરવાની પ્રવૃત્તિવાળા હોય છે.

**अंतकर ( गड ) भूमि - अन्तकर ( कृद् ) भूमि ( स्त्री. )**

(સંસારનો અંત કરનાર મોક્ષગામી મહાપુરુષોની ભૂમિ-નિર્વાણ સમય)

ભવનો અંત જેઓ કરે છે તેઓ અંતકરા-નિર્વાણગામી કહેવાય છે. તેઓની ભૂમિ એટલે કાળ. કાળ આધારભૂત કારણ હોવાથી ભૂમિ શબ્દરૂપે વ્યપદેશ કરાયેલો છે. શાસ્ત્રોમાં અન્તકૃદ્ભૂમિ બે પ્રકારની બતાવી છે. યુગાન્તકરભૂમિ અને પર્યાયાન્તકર ભૂમિ.

**अंतकाल - अन्तकाल ( पुं. )**

(મરણકાળ, અન્તકાળ)

'અન્તકાળે જીવને જાવું એકલું, સાથે પુણ્ય ને પાપ રે...' જ્ઞાની પુરુષોના આવા વૈરાગ્યબોધક સત્યવચનોને સમજીશું ત્યારે આપણને જગતની વાસ્તવિકતા દેખાશે અને ત્યારે જ આપણો પ્રયત્ન ભવનિસ્તારક યાને આત્મસિદ્ધિ તરફનો થશે.

**अंतकिरिया - अन्तक्रिया ( स्त्री. )**

(સંસાર યા કર્મનો અંત કરનારી ક્રિયા કે અનુષ્ઠાન ૨. સકલકર્મોના ક્ષયરૂપ મોક્ષ)

તત્ત્વાર્થાધિગમ સૂત્રમાં ઉમાસ્વાતિજી મહારાજે મોક્ષની વ્યાખ્યા કરતા કહ્યું છે કે, '**कृत्स्नकर्मक्षयो मोक्षः**' અર્થાત્, સંપૂર્ણ કર્મોનો ક્ષય એજ મોક્ષ છે. આત્મામાં લાગેલા સમસ્ત કર્મોનો ક્ષય કરનારી જે ક્રિયા-અનુષ્ઠાન છે તેને અંતક્રિયા કહે છે. સામગ્રી ભેદથી ચાર પ્રકારની અંતક્રિયા શાસ્ત્રોમાં વર્ણવાઈ છે.

**★अन्त्य ( न्त ) क्रिया ( स्त्री. )**

(અન્તે-પર્યવસાને કરાતી કર્મક્ષયની ક્રિયા, સર્વકર્મક્ષયરૂપ મોક્ષ)

**अंतकुल - अन्त्यकुल ( न. )**

(ક્ષુદ્ર કુળ)

ભારતમાં વર્ણ વ્યવસ્થાની દષ્ટિએ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર એમ ચાર વર્ણની વ્યવસ્થા કરવામાં આવેલી છે. પરંતુ ખરેખર તો વ્યક્તિના કર્મો-કાર્યો જ તેના કુળના દ્યોતક છે. કારણ કે ઉચ્ચકુળમાં જન્મ પામેલો હોવા છતાં જે ત્યાજ્ય કાર્યો કરે છે તેનું માત્ર ઉચ્ચ કુળમાં જન્મવાથી શું ?

**अंतक्खरिया - अन्त्याक्षरिका ( स्त्री. )**

(અઢાર લિપિઓ પૈકીનો નવમો ભેદ, બ્રાહ્મીલિપિનો એક ભેદ ૨. અંત્યાક્ષરીનામની ૬૩મી કલા)

**अंतग - अन्तक ( त्रि. )**

(વિનાશ કરનાર, વિનાશક)
શાસ્ત્રમાં વિદ્યા આપતા કે શિખામણ આપતા પૂર્વે પણ જેને આપવી હોય તેની યોગ્યતા જોવાનું ખાસ જણાવ્યું છે. મૂર્ખને કે દુર્જનોને અપાયેલી હિતકારી શિખામણ કે વિદ્યા તે આપનાર ગુરુના નાશને માટે પણ કારણ બની શકે છે.

**★अन्तग ( त्रि. )**

(મૃત્યુ ૨. દુઃખેથી છોડી શકાય તેવું ૩. પારગામી)
આ સંસારમાં પાંચ ઈન્દ્રિયોના વિષયોમાં જ સુખને માનીને તેને વધુને વધુ પ્રાપ્ત કરવાની લાલસામાં જ ઘણા લોકો પોતાના મોતને પણ આમંત્રિત કરી દે છે. જુઓ પેલું પતંગિયું, પ્રકાશને પ્રાપ્ત કરવા જતાં અગ્નિમાં પોતાની જાતને જ હોમી દે છે ને.

**अंतगड - अन्तकृत् ( त ) ( पुं. )**

(જેમણે સંસારનો કે જન્મ-મરણનો અંત કર્યો છે એવા તીર્થંકરાદિ, અન્તકૃત્-કેવળી)
હે જીવ ! તારે મુક્તિ પ્રાપ્ત કરવી છે તો કષાયોને હણ. નવ નોકષાય સહિત તેનો સમૂળગો નાશ કર. કેમ કે મોહરાજાના મુખ્ય અંગ સમાન ક્રોધાદિ કષાયોના સંપૂર્ણ અંતથી જ સંસારનો અર્થાત્, જન્મ-મરણનો અંત થશે. અન્યથા નહીં.

**अंतगडदसा - अन्तकृद् ( त ) दशा ( स्त्री. )**

(અંતગડદશાંગસૂત્ર, અગ્યાર અંગઆગમો પૈકીનું આઠમું અંગસૂત્ર)
અંતઃકૃદ્દશાંગસૂત્ર નામના આ અંગસૂત્રમાં સંસારનો જેમણે અંત કર્યો છે એવા કેવલજ્ઞાની ભગવંતોની શ્રેષ્ઠ સ્થિતિ-દશાનું વર્ણન કરવામાં આવ્યું છે. જેમાં સંસારનો અંત કરનારા મુમુક્ષુ મહાત્માઓની દશા-અવસ્થાઓનું વર્ણન કરવામાં આવ્યું છે. આ સૂત્રમાં આઠ વર્ગો છે અને તેમાં નેવું અધ્યયનોનો સમાવેશ થયેલો છે.

**अंतगत ( य ) - अन्तगत ( न. )**

(અંતભાગે રહેલું ૨. આનુગામિક-અવધિજ્ઞાનનો એક ભેદ)

**★अन्त्रगत ( त्रि. )**

(આંતરડામાં રહેલું)
અશુચિમય આ શરીરના આંતરડામાં અસારભૂત પદાર્થોનો-મળનો સંગ્રહ થતો રહે છે. યોગ્ય નિસ્સરણ ન થતાં તે સડે છે અને શરીરમાં અનેક રોગોનું તે ઘર બને છે. તેમ મનના કોઈ ખૂણે અનેક વર્ષોના અનેક પ્રકારના સંગ્રહાયેલા અસદ્ વિચારો રૂપી મળનો જો સમયસર ત્યાગ ન કરવામાં આવે તો વૈજ્ઞાનિકો કહે છે કે, તે શરીરમાં ઝેર પેદા કરી મરણાન્તકારી બની શકે છે. ત્યારે જ્ઞાનીઓ કહે છે કે, તે ઝેરથી પણ વધુ ભયંકર બની ભવોભવ સંસારમાં રખડાવનારા બની શકે છે.

**अंतगअ - अन्तर्गत ( त्रि. )**

(મધ્યવર્તી, અંતર્ગત, અભ્યંતર)
બાળવયમાં સત્યવસ્તુને ઓળખવાની સમજ નથી હોતી. ઘડપણમાં સમજ હોય છે પરંતુ, શરીરની સશક્તતા નથી હોતી. યુવાનીમાં સમજણ તથા સશક્ત શરીર બંનેનો સંગમ હોય છે તેથી યુવાન વયે જ બને તેટલો ધર્મ કરી લેવો જોઈએ.

**अंतचरय - आन्तचरक ( पुं. )**

(ગૃહસ્થે ભોજન કર્યા પછી બચેલા આહારની ગવેષણા કરનાર-સાધુ, અભિગ્રહપૂર્વક નીરસ આહારની શોધ કરનાર સાધુ)
કેટલાક મુનિ ભગવંતો કર્મોના વિશેષ ક્ષય માટે તેઓએ નક્કી કરેલું ધાન જ વહોરવું, ધારી રાખેલા પાત્રથી કોઈ વહોરાવે તો જ વહોરવું, બાળક કે વિશેષ વ્યક્તિના હાથથી જ વહોરવું આદિ વિવિધ પ્રકારના અભિગ્રહ એટલે કે નિયમનું પ્રસન્નતાપૂર્વક પાલન કરે છે અને કર્મોની અપૂર્વ નિર્જરા કરે છે.

**अंतचारि ( न् ) - आन्तचारिन् ( पुं. )**

(અભિગ્રહવિશેષને ધારણ કરનાર, તુચ્છ આહાર લેવાનો અભિગ્રહ ધારણ કરનાર સાધુ)
પ્રભુ મહાવીરે પોતાના ચૌદહજાર શિષ્યો પૈકી ઉત્કૃષ્ટ સાધુ તરીકે ધન્ના અણગારની પ્રશંસા કરી હતી. તેઓ ભિક્ષામાં જે રીતે

આહાર ગ્રહણ કરતા હતા તે કોઈ સાત દિવસના ભૂખ્યાને આપો તો એ પણ ન ખાય. રસનેન્દ્રિય પર અદ્ભુત વિજય મેળવનારા એ મુનિવરને શત શત વંદના હોજો.

**अंतजीवि ( न् ) - आन्तजीविन् ( पुं. )**

(ગૃહસ્થે ભોજન કર્યા પછી શેષ રહેલો આહાર વહોરી જીવન જીવનાર સાધુ, ભોજનસમય પછી ગોચરી વહોરનાર મુનિ)

સામાન્યરીતે ઘરમાં રહેલી વ્યક્તિઓના પ્રમાણને ધ્યાનમાં રાખીને જ રસોઈ બનતી હોય છે. તેથી સાધુ ભગવંતના વહોરવાના કારણે ઘરમાં રહેલી કોઈ વ્યક્તિઓને ભોજન ઓછું ન પડે તે માટે તથા કર્મનિર્જરાના હેતુથી અનેક મુનિ ભગવંતોને ભોજન સમય પછી વહોરવા જવાનો નિયમ હોય છે.

**अंतट्ठ - अन्तःस्थ ( पुं. )**

(પ વર્ગ અને ઉષ્માક્ષર વચ્ચેના ય ર લ વ વર્ણ, અન્તસ્થ વર્ણો)

**अंतद्धाण - अन्तर्धान ( न. )**

(તથાવિધ સંયમના પ્રભાવે યોગીના ચક્ષુગ્રાહ્યરૂપાદિનું અદશ્ય થવું તે, તિરોધાન, અંજનાદિથી અદશ્ય થવું તે)

ખોટા માર્ગેથી આવેલા ધનના પ્રતાપે જીવનમાં સૌથી પ્રથમ તો સદ્ગુણો ગાયબ થાય છે, ત્યાર બાદ ધનથી ગર્વિત થઈને કરેલા વડીલો-સજ્જનોના અપમાનને કારણે તેઓની પ્રીતિ દૂર થાય છે અને વિવેક વગર જેમ-તેમ વ્યય કરવાથી ધનરૂપી તીવ્ર પ્રકાશના કારણે ખેંચાયેલા જીવડાઓ જેવા દુર્જનાદિ પણ ધનક્ષય થયે અદશ્ય થાય છે.

**अंतद्धाणपिंड - अन्तर्धानपिण्ड ( पुं. )**

(અદશ્ય રહીને ગ્રહણ કરાતો આહાર)

લબ્ધિના પ્રભાવે અદશ્ય રહીને આહાર ગ્રહણ કરવામાં આવે તેને અન્તર્ધાનપિંડ કહેવાય છે. સામાન્ય સંયોગોમાં આવા આહારને વાપરવાથી અથવા તેનું અનુમોદન કરવાથી સાધુ ભગવંતને દોષ લાગે છે. કિન્તુ દુકાળ આદિ વિશિષ્ટ કારણોથી આવા પ્રકારે ગ્રહણ કરવાનું વિધાન પણ છે.

**अंतद्धा ( णिया ) णी - अन्तर्धानिका ( स्त्री. )**

(અદશ્ય થવાની વિદ્યાવિશેષ)

પૂર્વના સમયમાં કેટલાક મુનિ ભગવંતોને ચારિત્ર ધર્મની ઉત્કૃષ્ટ આરાધનાના પ્રભાવે ચક્ષુથી ન દેખાય તેમ શરીરને અદશ્ય કરવાની શક્તિ પ્રાપ્ત થતી હતી. જૈન શાસનમાં આવા તો કેટલાય ઇન્દ્રિયવિજેતા સાધુ ભગવંતોને એવી વિદ્યા પ્રાપ્ત હતી.

**अंतद्धि - अन्तर्द्धि ( पुं. )**

(વ્યવધાન)

જેમ સૂર્ય, ચંદ્ર, દીપક આદિ પ્રકાશને આપનારા પદાર્થો ઉપર વાદળ આદિ આવરણ આવતાં તેનો પ્રકાશ દેખાતો નથી તેમ દરેક આત્મામાં કેવલી ભગવંતની જેમ એક જ સમયમાં અનંતા પદાર્થોની ભૂત-ભાવિ-વર્તમાન સ્થિતિ જાણવાની શક્તિ હોવા છતાં કર્મોના આવરણને કારણે આચ્છાદિત થયેલી અર્થાત્, ઢંકાઈ ગયેલી છે.

**अंतद्धाभूय - अन्तर्धाभूत ( त्रि. )**

(નષ્ટ થયેલું, વિગત, અન્તર્ધાન પામેલું)

વ્યક્તિઓ ગમે તેટલી ગુણવાન, બળવાન, ધનવાન હોય પરંતુ જો તેઓ સંપરહિત હોય, અંદરોઅંદર ઈર્ષ્યા, દ્વેષ, વેર ધરાવતી હોય તો આ બધા પરિબળો હોવા છતાં તેઓનો વિનાશ થાય છે. એટલે જ ઉક્તિમાં કહ્યું છે કે 'સંપ ત્યાં જંપ'

**अंतप्पाअ - अन्तःपात ( पुं. )**

(અંતર્ભાવ, સમાવેશ)

**अंतब्भाव - अन्तर्भाव ( पुं. )**

(મધ્યપ્રવેશ ૨. સમાવેશ)

આંખમાં જો અમી આવી જાય તો આખી દુનિયા તમને ગમવા લાગશે અને જો જીભમાં અમી-મીઠાશ આવી જાય તો આખી દુનિયાને તમે ગમવા લાગશો. પણ ધ્યાન રાખજો ! આ મીઠાશ લોકોને છેતરવા કે દેખાડવા માટે નહીં પરંતુ, હૃદયપૂર્વકની હોવી જોઈએ. આ ભાવના લાવવા માટે જ મહર્ષિઓએ '**वसुधैव कुटुम्बकं**' નું સૂત્ર આર્યસંસ્કૃતિમાં વણ્યું છે.

**अंतर - अन्तर ( न. )**

(વચ્ચે ૨. વિશેષ ૩. સીમા-અવધિ ૪. પરિધાન-વસ્ત્ર ૫. અંતર્ધાન ૬. ભેદ ૭. પરસ્પર વૈલક્ષણરૂપ વિશેષ ૮. તાદર્થ્ય ૯. છિદ્ર ૧૦. આત્મીય ૧૧. વિના ૧૨. બાહ્ય ૧૩. સદેશ ૧૪. સૂર વિશેષ ૧૫. વ્યવધાન ૧૬. અવકાશ)

સજ્જનો અને દુર્જનોમાં એક વસ્તુની સમાનતા છે કે બંને પોતાના પ્રયત્નમાં લાગેલા રહે છે. પરંતુ આ બંને વચ્ચે ભેદ એ છે કે, સજ્જનો અપકારી ઉપર પણ ઉપકાર કરવામાં અને દુર્જનો ઉપકારીને વિષે પણ અપકારનો યત્ન કરતા રહે છે.

**अंतरंग - अन्तरङ्ग ( पुं. )**

(સમાન અંગ જેનું છે તે, પોતાનું અંગત ૨. અત્યંત પ્રિય ૩. આભ્યંતર)

ભવ્યોને તારવાની ભાવનાવાળા પરમોપકારી પરમાત્માએ મોક્ષમાર્ગના બે રસ્તાઓ બતાવ્યા છે. એક ચારિત્રપંથ અને બીજો અપવાદે સદ્‌ગૃહસ્થ પંથ. આ બન્નેમાંથી કોઈપણ માર્ગનું જો નિષ્ઠાપૂર્વક પાલન કરવામાં આવે તો તે અવશ્ય ભવનિસ્તારક બને છે.

**अंतरंजिआ - अन्तरञ्जिका ( स्त्री. )**

(તે નામક નગરી વિશેષ, જયાં ત્રૈરાશિકમતની ઉત્પત્તિ થઈ હતી.)

ભગવાન મહાવીરના સમયમાં જ્યાં ભૂતગૃહ ચૈત્ય, બલશ્રી રાજા અને જીવ, અજીવ તથા નોજીવ આ ત્રણ રાશિના કથન દ્વારા સત્યનો અપલાપ કરનાર ત્રૈરાશિક મતની ઉત્પત્તિ થઈ હતી તે અંતરંજિકા નામક નગરી આગમ ગ્રંથોમાં વર્ણવાઇ છે.

**अंतरंडगगोलिया - अन्तराण्डकगोलिका ( स्त्री. )**

(અંડકોશની અંદરની ગોળી, વૃષણની ગોળી)

**अंतरकंद - अन्तरकन्द ( पुं. )**

(અનંતજીવોવાળી વનસ્પતિ વિશેષ)

અંતરકંદ નામની આ વનસ્પતિ પાણીમાં ઉત્પન્ન થાય છે. અનંતકાય હોવાથી સાત્ત્વિક ભોજન લેનારા સદ્‌ગૃહસ્થો માટે ત્યાજય વસ્તુઓમાં તેનો સમાવેશ કરવામાં આવેલો છે. આ પ્રકારના બાવીસ અનંતકાય વનસ્પતિઓ છે જે અભક્ષ્ય ગણેલી છે.

**अंतर ( रा ) कप्प - अन्तर ( रा ) कल्प ( पुं. )**

(જૈન સાધુઓનો અભ્યંતર પ્રશસ્ત આચાર કલ્પ, અન્તરાકલ્પ)

પંચકલ્પભાષ્ય નામના ગ્રંથમાં સાધુ ભગવંતના સામાયિકાદિ પાંચ પ્રકારના ચારિત્ર સ્થાનોમાં અંતરાકલ્પ કહેવાયો છે. તે દરેકના અસંખ્ય સંયમસ્થાનો છે. તેમાં બાર પ્રકારની ભિક્ષુ પ્રતિમાઓ આવે છે. તેમાં બે પ્રકારની શોધીઓનું આલંબન કરીને જ્ઞાનવૃદ્ધિ પામેલા ચારિત્રધારી મુનિઓ મહાનિર્જરાના ભાગી બને છે.

**अंतरकरण - अन्तरकरण ( न. )**

(યથાપ્રવૃત્તકરણ, અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ આ ત્રણ પૈકી કોઈપણ એક, સમ્યક્ત્વના કારણરૂપ અધ્યવસાય વિશેષ, અન્તરકરણ)

સાગર શોષાઈને ખાબોચિયું બની જાય તેમ જેના સ્પર્શમાત્રથી પણ ભવ્ય જીવનું સંસાર ભ્રમણ ઘટીને અત્યંત અલ્પ થઈ જાય છે અર્થાત્, અર્ધપુદ્‌ગલ પરાવર્ત કાળ પ્રમાણ થઈ જાય છે. તે સમ્યક્ત્વની પ્રાપ્તિ યથાપ્રવૃત્તિ આદિ ત્રણમાંથી કોઈપણ એક આત્મિક અધ્યવસાય વિશેષથી થાય છે. તેના ઔપશમિક, ક્ષાયોપશમિક અને ક્ષાયિક એવા ત્રણ પ્રકારો છે.

**अंतरगय - अंतर्गत ( त्रि. )**

(અંદરનું, વચ્ચે આવેલું, અંતર્ભાવ પામેલું)

વાસ્તવિક રીતે જોતાં જગતમાં કોઈ કોઈનો મિત્ર નથી કે કોઈ કોઈનો શત્રુ નથી. બધા જીવો આત્મસ્વરૂપે એક સમાન હોવા છતાં અને એકબીજાને સુખ-દુઃખ આપવા અસમર્થ હોવા છતાંય જગતમાં મનુષ્ય કોઈકને મિત્ર રૂપે તો કોઈકને શત્રુ રૂપે જુએ છે તેમાં

કારણભૂત તેનો પોતાનો સ્વભાવ જ છે. જેઓએ જગતના સર્વ ભાવોને યથાસ્થિત જોઈ લીધા છે અને પ્રશમભાવમાં સ્થિર બન્યા છે એવા સત્પુરુષો માટે તો સર્વ પ્રાણીઓ મિત્ર સમાન છે.

**अंतरगिह - अन्तरगृह, गृहान्तर ( न. )**

(ઘરની અંદરનો ભાગ ૨. બે ઘર વચ્ચેનું અંતર)

સુવિશુદ્ધ સંયમ ચર્યાના પરિપાલક શ્રમણ-શ્રમણી ભગવંતોને ઘરના અંદરના ભાગમાં અશનાદિ ૪ પ્રકારના આહાર ગ્રહણ, મલોત્સર્ગ, સ્વાધ્યાય, કાયોત્સર્ગ, ધ્યાનાદિ કાર્યો તથા વસતિનો પણ શાસ્ત્રોમાં નિષેધ કરવામાં આવ્યો છે. તેનાથી તેઓના યાવત્ પંચમહાવ્રતોમાં દોષો લાગવાનો સંભવ છે માટે ધર્મકથા કરવાનો નિષેધ કરવામાં આવ્યો છે.

**अंतरजाय - अन्तरजात ( न. )**

(ભાષાના જે પુદ્ગલો અંતરાલે સમશ્રેણીને વિષે રહી ભાષાપરિણામને પામે છે તે ભાષાપરિણતપુદ્ગલ)

આગમગ્રંથોમાં આવતા પુદ્ગલોના વર્ણન પ્રસંગોમાં જણાવાયું છે કે, આપણે જે ભાષાવર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરીને બોલીએ છીએ તેની ગતિ ખૂબ તીવ્ર છે. યાવત્ શબ્દો બ્રહ્માંડને ઓળંગીને પાર જઈ શકે તેટલી તેની ગતિશક્તિ બતાવાઈ છે. પ્રભુભક્તિ માટે શુદ્ધિપૂર્વક કરાયેલા સ્તોત્રપાઠથી અદ્ભુત ચમત્કારો સર્જાયાના ઉદાહરણો બને છે તેમાં શબ્દશક્તિનો પ્રભાવ પણ ચોક્કસપણે રહેલો જ હોય છે.

**अंतरणई ( दी ) - अन्तरनदी ( स्त्री. )**

(મહાનદીની અપેક્ષાએ નાની નદી, ક્ષુદ્ર નદી)

મહાવિદેહ ક્ષેત્રમાં આવેલી સીતા અને સીતોદા મહાનદીઓની અપેક્ષાએ નાની નદીને અન્તરનદી કહેવાય છે. આ લઘુનદીઓના પ્રત્યેકના પટ સવાસો યોજનના હોય છે. ઉક્ત મહાનદીઓના ઉભયકાંઠે આ અંતરનદીઓ આવેલી છે.

**अंतरदीव - अन्तरद्वीप ( पुं. )**

(લવણસમુદ્રની વચ્ચે રહેલા દ્વીપ, ચુલ્લહિમવંત અને શિખરીપર્વતની લવણસમુદ્ર તરફ નીકળેલી દાઢાઓ પરના દ્વીપ)

જંબૂદ્વીપની ફરતે વીંટળાયેલા બે લાખ યોજનના પરિમાણવાળા લવણસમુદ્રમાં ૫૬ અન્તરદ્વીપો આવેલા છે. ચુલ્લહિમવંત તથા શિખરીપર્વતની દાઢાઓ જે લવણસમુદ્રમાં આવેલી છે ત્યાં આ ૫૬ અન્તરદ્વીપો રહેલા છે. અંતર એટલે કે આંતરે-આંતરે આવેલ હોવાથી અન્તરદ્વીપ કહેવાય છે.

**अंतरदीवग ( य ) - अन्तरद्वीपग ( ज ) ( पुं. )**

(અન્તરદ્વીપમાં ગયેલું ૨. અંતરદ્વીપમાં ઉત્પન્ન થયેલા મનુષ્ય, ૫૬ અંતરદ્વીપના મનુષ્ય)

અન્તરદ્વીપમાં જન્મ લેનારા મનુષ્યો યુગલિક હોય છે. યુગલિક એટલે સ્ત્રી-પુરુષના જોડલા સાથે જન્મે. સાથે મોટા થાય અને યુવાન થયે પતિ-પત્ની રૂપે વ્યવહાર કરે. તેઓ સ્વભાવે અલ્પકષાયી હોય છે. તથા તેઓની જીવન જરૂરિયાતની સઘળી વસ્તુઓની પૂર્તિ દશ પ્રકારના કલ્પવૃક્ષો દ્વારા થતી હોય છે. અન્તે મરીને તેઓ નિયમા દેવલોકમાં ઉત્પન્ન થાય છે.

**अंतरदीववेदिया - अन्तरद्वीपवेदिका ( स्त्री. )**

(અન્તરદ્વીપની વેદિકા)

**अंतरदीविया - आन्तरद्वीपिका ( स्त्री. )**

(અન્તરદ્વીપને વિષે ઉત્પન્ન થયેલ મનુષ્યો, અંતરદ્વીપને વિષે ઉત્પન્ન સ્ત્રી)

અન્તરદ્વીપમાં ઉત્પન્ન થનારા મનુષ્યોને તથાપ્રકારના પુણ્યકર્મના યોગે ઉત્કૃષ્ટ ભોગાવલિકર્મ હોય છે. તેનો પરિભોગ આવી અન્તરદ્વીપ અને અકર્મભૂમિઓમાં સંભવતો હોય છે. તેઓ અસંખ્યવર્ષો સુધી ત્યાં ભોગાવલિકર્મને ભોગો દ્વારા ખપાવતા હોય છે. તેઓની ભૂખ-તરસ અતિ અલ્પપ્રમાણવાળી હોય છે. અવગાહના પણ યાવત્ સો-દોઢસો ધનુષ્યની હોય છે.

**अंतरद्धा - अन्तरद्धा ( स्त्री. )**

(આંતરાનો કાળ)

બુદ્ધિમાન પુરુષો કોઈપણ કાર્યને પ્રારંભ કરતાં પહેલા તે વિષયમાં સો વાર વિચાર કરે છે, પરંતુ એક વાર પ્રારંભ કર્યા પછી ગમે

તેટલા કષ્ટો આવે તો પણ તે કાર્યને પૂર્ણ કરે જ છે. જ્યારે મુર્ખ પુરુષો સારાસારનો વિવેક કર્યા વગર ઉતાવળા થઈને કાર્યનો પ્રારંભ તો કરી દે છે કિન્તુ વચ્ચેના સમયમાં થોડીક પણ મુશ્કેલીઓ આવતાં ડરી જઈને કાર્યને અધૂરું જ છોડી દે છે.

**★अन्तर्धा ( स्त्री. )**

(અંતર્ધાન થવું તે, સ્મૃતિભ્રંશરૂપ અંતર્ધાન થવું તે ૨. નાશ થવો તે)

આપણા આગમોમાં ઉત્થાનસૂત્ર-સમુત્થાનસૂત્રાદિ અનેક એવા આલાવાઓ-પાઠો હતાં જેના ઉચ્ચારણમાત્રથી ચમત્કારો થતાં હતાં. પડતા કાળમાં હવે એ સૂત્રો અંતર્ધાન પામી ગયા. અર્થાત્ તે નષ્ટ-વિનષ્ટ થઈ ગયેલા છે.

**अंतरपल्ली - अन्तरपल्ली ( स्त्री. )**

(મૂલક્ષેત્ર-મુખ્ય નગરથી અઢી ગાઉ દૂર રહેલું ગામડું)

**अंतरप्पा - अन्तरात्मन् ( पुं. )**

(શરીરસ્થ આત્મા ૨. સમ્યગ્દષ્ટિ ગુણસ્થાનકથી ક્ષીણમોહ ગુણસ્થાનક સુધીની આત્માની અવસ્થા, આત્માનો એક ભેદ)

આત્માના જ્ઞાનાદિ વિશિષ્ટ ગુણો ઉપર કર્મોનું આવરણ હોવા છતાં સંપૂર્ણ જ્ઞાનાદિ ઉપયોગ ગુણો, શુદ્ધ ચૈતન્ય, મહાનન્દસ્વરૂપ આત્માની અવસ્થા, સંપૂર્ણ નિર્વિકારીપણું, શરીર આદિ પરભાવમાંથી સંપૂર્ણ મુક્તિ પ્રાપ્ત કરવાની શુદ્ધ ચાહના જે અવસ્થામાં હોય તેને અન્તરાત્મા કહેવાય છે. સમ્યગ્દષ્ટિ નામક ચતુર્થ ગુણસ્થાનકથી બારમા ક્ષીણમોહ ગુણસ્થાનક સુધી આ અવસ્થા હોય છે.

**अंतरभाव - आन्तरभाव ( पुं. )**

(પરમાર્થ)

સર્વનું ભલું કરવું તે એક પરમાર્થ છે. પોતાનું સર્વસ્વ આપી દઈને પણ ઉત્તમ પુરુષો અન્યનું ભલું કરવા માટે તત્પર હોય છે. મહાભારતના એક આદર્શ દૃષ્ટાંતમાં આવે છે કે, કર્ણની પાસે બ્રાહ્મણના રૂપે આવેલા ઈંદ્ર મહારાજાને સૂર્યદેવે આપેલા કવચ તથા કુંડલનું દાન કરીને પણ આવેલા અતિથિની ઈચ્છા પૂર્ણ કરી હતી.

**अंतरभावविहूण - आन्तरभावविहीन ( त्रि. )**

(પરમાર્થરહિત, પરમાર્થ વગરનું)

મળેલું આયુષ્ય જાણે શાશ્વત હોય તેમ આપણે માત્ર સંપત્તિ તથા આપણી આવશ્યકતાઓની પૂર્તિ તરફ જ ધ્યાન રાખીને જીવન વેડફી રાખ્યું છે. માત્ર સ્વની ઈચ્છાપૂર્તિ તો કીડી-મંકોડા જેવા ક્ષુદ્ર જીવો પણ કરે છે. તેથી વિવેકી બની આયુષ્યની નશ્વરતા તથા લક્ષ્મીની ચંચલતાને ધ્યાનમાં લઈ પરોપકાર કરવા દ્વારા જીવનને સાર્થક કરીએ.

**अंतरभासा - अन्तरभाषा ( स्त्री. )**

(ગુરુ બોલતા હોય ત્યારે તેમની વચ્ચે બોલવું તે)

આચાર્ય, ઉપાધ્યાય, ગુરુ કે વડીલો કોઈ વસ્તુમાં સમજાવતા હોય, ઉપદેશ આપતા હોય કે વાર્તાલાપ ચાલતો હોય ત્યારે પોતાના પાંડિત્યનું પ્રદર્શન કરવા, ગુરુની ભૂલ કાઢવા કે પછી ગુરુની અનુજ્ઞા વગર જ ચાલુ વાર્તાલાપે એ વસ્તુને વિસ્તારપૂર્વક સમજાવવી કે તેનો યત્ન કરવો. આવું કરવાથી ગુરુનો અનાદર, અવિનય થાય છે. તેમજ ગુરુવંદન ભાષ્ય વગેરે ગ્રંથોમાં આને દોષ રૂપે ગણાવેલું છે.

**अंतरहिय - अन्तर्हित ( त्रि. )**

(બાધિત, વ્યવહિત ૨. અદૃશ્ય, આવૃત્ત, ગુપ્ત)

જીવ તો દરેકનો સમાન જ છે પરંતુ તેની અંદર રહેલા ગુણ-અવગુણ જ તેને શ્રેષ્ઠ કે નિકૃષ્ટ બનાવે છે. જેમ દરેક મનુષ્યને પાંચ ઈંદ્રિયો તો સરખી જ મળેલી છે કિન્તુ વ્યક્તિ મળેલી શક્તિનો જે પ્રમાણે ઉપયોગ કરે છે તે ઉપયોગ જ તેને સજ્જન કે દુર્જન બનાવે છે.

**अंतरा - अन्तरा ( अव्य. )**

(નજીક ૨. વચ્ચે, અંદર, મધ્યે ૩. પ્રથમ-પહેલા એવા અર્થમાં વપરાતો અવ્યય)

**अंतरा ( य ) इय - अन्तराय ( न., पुं. )**

(દાન-લાભાદિમાં અંતરાય કરનાર કર્મવિશેષ, આઠ કર્મો પૈકીનો આઠમો ભેદ, દેનાર અને લેનાર વચ્ચે આવતું વિઘ્ન)

દાતા અને ગ્રહણ કરનાર આ બેની વચ્ચે જે ભંડારીની જેમ વિઘ્ન કરે તે અંતરાય. જેમ રાજા કોઈકને વસ્તુ, પૈસા આદિ તેના ખજાનચી-ભંડારીને દેવા માટે જણાવે છે. ત્યારે તે ભંડારી ખજાનામાં તે વસ્તુ નથી, આ પ્રમાણે આપવાથી ખજાનો જલદી ખાલી થઈ જશે, આ વ્યક્તિ દાનને યોગ્ય નથી આદિ-આદિ દ્વારા રાજાને સમજાવી વચ્ચે વિઘ્ન કરનારો બને છે. તેમ આપનારને કે લેનારને વાસ્તવિક રીતે વિઘ્ન કરનાર અંતરાય કર્મ જ છે જે કર્મના મુખ્ય આઠ ભેદોમાંનો આ અંતિમ ભેદ છે. અંતરાયકર્મના દાન, લાભ, ભોગ, ઉપભોગાદિ પાંચ પ્રકારો છે. જે તે-તે વિષયમાં જીવને અંતરાય પાડે છે.

**★आन्तरायिक ( न. )**

(અંતરાય બહુલ, વિઘ્ન પ્રચુર, બાધા, દાન આદિમાં વિઘ્ન આવવું તે)

કોઈપણ વ્યક્તિને દાન આદિ કાર્યમાં ક્યારેય પણ રોકવો જોઈએ નહીં, કારણ કે તેનાથી અંતરાય કર્મનો બંધ થાય છે. જેનાથી ભવિષ્યમાં પોતાને તે વસ્તુની પ્રાપ્તિ દુર્લભ થાય છે. માટે આપણા રોજીંદા વ્યવહારોમાં ઉપયોગ રાખવો જોઈએ.

**अंतरापह - अन्तरापथ ( पुं. )**

(વિવક્ષિત બે સ્થાન વચ્ચેનો માર્ગ, જ્યાં જવું હોય અને જ્યાંથી જવું હોય તે બે વચ્ચેનો રસ્તો)

બાળક જન્મે છે ત્યારે તેને જે કપડાં પહેરાવવામાં આવે છે તેમાં ખિસ્સું નથી હોતું તથા માણસ જ્યારે મૃત્યુ પામે છે ત્યારે જે વસ્ત્ર ઓઢાડવામા આવે છે તેમાં પણ ખિસ્સું નથી હોતું, તો પછી આ વચ્ચેના સમયમાં આટલા બધા પ્રપંચ, આટલી બધી સ્વાર્થવૃત્તિ, આત્માનો વિચાર કર્યા વગર ચોવીસેય કલાક મજૂરની જેમ માત્ર અર્થોપાર્જનની પ્રવૃત્તિ શેના માટે ?

**अंतरायबहुल - अन्तरायबहुल ( त्रि. )**

(વિઘ્નપ્રચુર, ઘણા વિઘ્નોવાળો)

'**श्रेयांसि बहुविघ्नानि**'અર્થાત્ શુભ કાર્યોમાં હંમેશાં ઘણા વિઘ્નો હોય જ છે. પરંતુ જે વ્યક્તિ ધીરજ ધારણ કરીને વિઘ્નોને ઓળંગી જાય તે વ્યક્તિ જ કાર્યને પૂર્ણ કરે છે અને આવા માનવો જ મહાન બની શકે છે. ભગવાન મહાવીરને પણ ૧૨ વરસ અને ૬ મહિનાની ઘોરસાધના પછી જ કેવલજ્ઞાનની પ્રાપ્તિ થઈ હતી ને !

**अंतरायवग्ग - अन्तरायवर्ग ( पुं. )**

(અંતરાય કર્મપ્રકૃતિનો સમૂહ)

કોઈપણ કાર્યમાં વિઘ્ન ઊભું થાય તેમાં અંતરાય કર્મ જ કારણભૂત હોય છે. આ કર્મ દાન, લાભ, ભોગ, ઉપભોગ અને વીર્ય એટલે પરાક્રમ, આ પાંચને વિષે અંતરાય કરનાર થાય છે. સાવધાન ! આરાધનામાં રખેને અંતરાય કરતા, નહીંતર ભવાન્તરમાં ધર્મ દુર્લભ બની જતાં વાર નહીં લાગે.

**अंतराल - अन्तराल ( न. )**

(વચ્ચેનો ભાગ, મધ્યભાગ, અંતર)

વિષ અને વિષયો આ બંનેમાં મોટું અંતર દેખાય છે. વિષ તો ભક્ષણ કરવાથી મારે છે. જ્યારે વિષયો તો સ્મરણ કરવા માત્રથી પણ માણસની સ્વસ્થતાને, વિવેક બુદ્ધિને અને અંતે જીવનને પણ હણે છે. લક્ષ્મણા સાધ્વીજીનું પતન એમ જ થયું હતું ને !

**अंतरावण - अन्तरापण ( पुं. )**

(રાજમાર્ગાદિ સ્થાનોને વિષે રહેલી દુકાનો, માર્ગમાં રહેલી હાટ)

**अंतरावणगिह - अन्तरापणगृह ( न. )**

(જેની એક અથવા બન્ને બાજુએ દુકાનો હોય તેવું ઘર)

જ્યાં આગળ લોકોની ઘણી અવર-જવર હોય અથવા માર્ગમાં વ્યાવસાયિક સ્થાનો હોય તેવા સ્થાને વસવાટનો નિષેધ કરાયો છે. શ્રીહરિભદ્રસૂરિજીએ ગૃહસ્થને ક્યાં વસવું અને ક્યાં ન વસવું તેના માટે ધર્મબિન્દુ ગ્રંથમાં સુંદર માર્ગદર્શન કર્યું છે.

*अंतरावास - अन्तरवर्ष ( पुं. )*

(વર્ષાકાલ, વર્ષાઋતુ)

જેમ વર્ષાકાલ એક જ હોવા છતાં તે ખેડૂત માટે ખેતી કરવાના સાધનરૂપે, કામીજન માટે વિષયભોગનું નિમિત્ત અને સાધુ પુરુષો માટે ધર્મની આરાધના વધારનારો થાય છે. તેમ શાસ્ત્રોમાં એક જ પદાર્થને અલગ અલગ દૃષ્ટિબિંદુથી જોવાની-મૂલવવાની વિસ્તૃત સમજણ અપાયેલી છે. જેને આપણે સ્યાદ્વાદ તરીકે ઓળખીએ છીએ.

**★अन्तरावास ( पुं. )**

(મુસાફરીમાં ક્ષેત્ર ન હોવા છતાં સાધુ વચ્ચે-વચ્ચે રોકાણ કરે તે, વર્ષાકાળ)

પ્રાચીનકાળમાં મુસાફરી કરવા માટે આજની જેમ યાંત્રિક સાધનો નહીંવત્ હતાં. ત્યારે ઘોડા, ઊંટ કે બળદગાડાંનો ઉપયોગ થતો હતો. તે કાળે રાજા-મહારાજાઓ અથવા જૈનશાસનને પામેલા મંત્રીઓ ગામોગામ વિશ્રામ હેતુ પાંથશાળાઓ બંધાવતા હતા. આવી અનેક પાંથશાળાઓ હિંદુસ્તાનભરમાં કોઈ કોઈ ઠેકાણે અત્યારે પણ જર્જરિત દશામાં વિદ્યમાન છે.

**अंतरि ( लि ) क्ख - अन्तरि ( री ) क्ष ( न. )**

(આકાશ, સ્વર્ગ અને પૃથ્વી વચ્ચેનું અંતરાલ)

સામાન્ય રીતે આપણે જે પૃથ્વીલોકમાં રહીએ છીએ તે પૃથ્વીલોક અને તેની ઉપર રહેલા સ્વર્ગલોક વચ્ચેના શૂન્યાવકાશને આકાશ કહેવાય છે. પરંતુ હકીકતમાં આકાશ અનંત છે. આ આકાશનું કામ છે પુદ્ગલને જગ્યા આપવાનું. એકેન્દ્રિયથી લઈને પંચેન્દ્રિય સુધીના જીવોનો જ્યાં વાસ છે તેવા ચૌદરાજલોકમાં અને જ્યાં જીવાદિનો અભાવ છે તેવા અલોકમાં એકમાત્ર સામ્યતા હોય તો તે છે આકાશપ્રદેશની. અહીં પણ આકાશ અનંત છે અને અલોકમાં પણ આકાશપ્રદેશ અનંત છે.

**★आन्तरिक्ष ( न. )**

(આકાશમાં થતાં ગંધર્વનગર ૨. મેઘ, જલ ૩. આકાશ-સંબંધી, આકાશમાં થતાં ગ્રહવેધ આદિનું શુભાશુભ ફલ બતાવનાર ચોથું મહાનિમિત્તશાસ્ત્ર)

આકાશમાં જે ગંધર્વનગર, મેઘ, ઉલ્કાપાત, તારા આદિનો ઉદય, ભૂત અટ્ટહાસ્ય આદિ થાય તેને આન્તરિક્ષ કહેવાય છે. ગ્રહોની એક-બીજા સાથે યુતિ, ઉલ્કાપાત, તારા વગેરેના ઉદયાસ્ત આદિનું વિશદ્ વર્ણન જ્યોતિષશાસ્ત્રોમાં મળે છે અને ગંધર્વનગર, ભૂત અટ્ટહાસ્ય વગેરે બાબતોના શુભાશુભ ફળનો નિર્દેશ નિમિત્તશાસ્ત્રોમાં થયેલો છે.

**अंतरि ( लि ) क्खजाय - अन्तरिक्षजात ( त्रि. )**

(પૃથ્વી ઉપર રહેલી પ્રાસાદ માંચો આદિ વસ્તુ)

**अंतरि ( लि ) क्खपडिवन्न - अन्तरिक्षप्रतिपन्न ( त्रि. )**

(આકાશમાં રહેલું, આકાશમાં સ્થિત)

ઊર્ધ્વલોક, અધોલોક અને તિર્ચ્છાલોક મળીને ચૌદરાજલોક પ્રમાણ આ આખું જગત આકાશમાં અવસ્થિત છે. અર્થાત્ ત્રણેયલોકનું આધારસ્થાન આકાશ છે, આકાશમાં-અદ્ધરમાં રહેલા છે. આ પ્રમાણે પરમાત્માએ વિશ્વની સ્થિતિ બતાવી છે.

**अंतरि ( लि ) क्खपासनाह - अन्तरिक्षपार्श्वनाथ ( पुं. )**

(શ્રીપુર-શિરપુરમાં આવેલી અંતરિક્ષ પાર્શ્વનાથની પ્રતિમા, અંતરિક્ષજી તીર્થ)

પ્રાચીન ઉલ્લેખોના આધારે કહેવાય છે કે, અંતરિક્ષ પાર્શ્વનાથજીની પ્રતિમા બેઠકથી અદ્ધર હતી. નિઃશંકપણે કહી શકાય કે, શાસન દેવો પ્રભુની સત્યપ્રતિષ્ઠિત મહિમાની શ્રદ્ધાળુજનોને ખાતરી કરાવતા હોય છે.

**अंतरि ( लि ) क्खोदय - अन्तरिक्षोदक ( न. )**

(વર્ષાનું પાણી, આકાશમાંથી પડતું જ ઝીલાય તે પાણી)

આકાશમાંથી જે પાણી પડે તે અંતરિક્ષોદક કહેવાય છે. શાસ્ત્રોમાં પાણીના અનેક પ્રકાર બતાવેલા છે. જેમાં વર્ષાનું જલ પણ એક મુખ્ય પ્રકાર છે. વર્ષાકાળે પડતાં વરસાદના શુદ્ધ પાણીને સંગ્રહીને બારે માસ તેનો ઉપયોગ કરવામાં આવે છે.

**अंतरिज्ज - अन्तरीय ( न. )**

(નાભિથી નીચેના ભાગમાં પહેરવાનું વસ્ત્ર, કટિ-વસ્ત્ર ૨. શય્યા નીચે પાથરવાનું વસ્ત્ર)

શરીર આત્મશુદ્ધિનું આવશ્યક સાધન છે તો વસ્ત્ર એ સામાન્યથી શરીર શોભાનું કારણ છે. પરમાત્માની પૂજા કરવા જતા શ્રાવક માટે વસ્ત્રપરિધાનમાં ઉત્તરીય અર્થાત્, ખેસ અને અન્તરીય અર્થાત્ ધોતીનું વિધાન કરાયું છે. અન્ય વસ્ત્રોનું પરિધાન ત્યાજય ગણેલું છે.

**अंतरिज्जिया - अन्तरीया ( स्त्री. )**

(જૈન શ્રમણ પરંપરામાં વેસવાડિયગણની ત્રીજી શાખા)

જેમ ગૃહસ્થોના જાતિ-કૂળ-ગોત્રાદિ હોય છે તેમ પ્રાચીન કાળમાં જૈન શ્રમણસંઘમાં ૮૪ ગચ્છો, તેની અનેક શાખાઓ તેમજ કુળ હતાં. જે વર્તમાનમાં સાગર શાખા, ક્ષેમ શાખા, વિજય શાખાદિ મુખ્ય-મુખ્ય સિવાય ઘણાખરા લુપ્તપ્રાયઃ થઈ ગયા છે.

**अंतरिय - अन्तरित ( त्रि. )**

(વ્યવધાનવાળું, અંતરવાળું ૨. તિરસ્કૃત ૩. અંતર્ગત)

ડાહ્યો માણસ ભવિષ્યની ચિંતા કરવાની જગ્યાએ વર્તમાનને સુધારવા ઉપર વધારે ધ્યાન આપે છે. કેમકે તે જાણે છે કે, માત્ર ભવિષ્યની ચિંતા કર્યા કરવાથી તો તેનો વર્તમાન સમય અને ભવિષ્ય બન્ને બગડે છે. કહેવત છે ને કે, જેનો વર્તમાન સારો તેનું ભાવિ પણ સારું.

**अन्तरिया - अन्तरिका ( स्त्री. )**

(વિવક્ષિત વસ્તુની સમાપ્તિ ૨. અંત)

દરેકના જીવનમાં સારો-ખરાબ સમય આવતો જ હોય છે. તેથી વ્યક્તિએ તેના સારા સમયમાં વધુમાં વધુ પરોપકાર આદિ સારા કાર્યો કરવા જોઈએ પરંતુ, એવું કોઈ અકાર્ય કરવું ન જોઈએ કે, જેના લીધે ખરાબ સમયમાં લોકો તેનાથી દૂર ભાગે.

**★आन्तरिका ( स्त्री. )**

(લઘુ અન્તર, વ્યવધાન, અલ્પાંતર)

પંચાચારમાં જાણતાં-અજાણતાં થયેલા નાના-મોટા અતિચાર-દોષોના કારણે વ્યક્તિની ધર્મઆરાધનામાં ડગલે ને પગલે નાના-મોટા વ્યવધાનો-અંતરાયો ઊભા થતા હોય છે. માટે અતિચારોને ત્યજી ઉપયોગ સાથે ધર્મક્રિયા કરવી જોઈએ.

**अंतरुच्छुय - अन्तरिक्षुक ( पुं. )**

(શેરડીની વચલી ગાંઠ)

જેમ શેરડીની વચલી ગાંઠના ભાગમાં રસ કે મીઠાશ નથી હોતી તેથી તેને ત્યજી દેવાય છે. તેમ પરમાત્માએ મનુષ્ય જીવનની સાર્થકતા બે રીતે બતાવી છે. કાં તો સંયમધર્મ કાં ગૃહસ્થધર્મ. તે સિવાયનો વચલો માર્ગ કોઈ નથી.

**अंतरेण - अन्तरेण ( अव्य. )**

(વિના, સિવાય, વગર ૨. મધ્યમાં, વચ્ચે)

કદાચ તપ ઓછો થશે તો ચાલશે, દાન પણ ઓછું-વત્તું અપાશે તોય ચાલશે, કદાચ વ્યાપારમાં કમાણી ઓછી થશે તો પણ ચાલશે પરંતુ ભાવનામાં તો ઉત્કૃષ્ટતા જ જોઈશે. ત્યાં ઓછાં-વત્તું કરશો તો ભવસાગરથી તરવું દુષ્કર બની જશે.

**अंतव ( त् ) - अन्तवत् ( त्रि. )**

(અંત-છેડાવાળું, પરિમિત ૨. નશ્વર)

હે જીવ ! આયુષ્ય પાણીના પરપોટાની જેમ ક્ષણભંગુર છે, તે સતત નજરની સામે રાખીને તું સારાસારનો વિવેક કરીને કાર્ય કરજે. ભવિષ્યમાં તે કરેલા કાર્યના પરિણામ વખતે તારે પસ્તાવું ન પડે તે ખાસ ધ્યાન રાખજે.

**अंतवाल - अन्तपाल ( पुं. )**

(પૂર્વ દિશાદિ દેશના લોકોનું દેવાદિકૃત સમસ્ત ઉપદ્રવોથી રક્ષણ કરે તે, ચક્રવર્તીના દેશ સંબંધિતનું ઉપદ્રવોથી રક્ષણ કરે તે)

જેમ કોટવાલ-પોલીસ તે સ્થાનમાં રહેલા મનુષ્યોના જાન-માલનું રક્ષણ કરે છે તેમ દેશ, રાજ્ય, ગામ, નગર, સ્થાન વિશેષ આદિ જગ્યાઓના ક્ષેત્રપાલ દેવો હોય છે. તે દેવો તે-તે સ્થાનોને વિષે ભૂત-પ્રેતાદિ ઉપદ્રવોથી પ્રજાનું રક્ષણ કરે છે.

**अंतविकड्डियंतमाल - अन्तविकर्षितान्त्रमाल ( त्रि. )**

(શિયાળ આદિ વડે ખેંચાયેલ ઉદરમધ્યવર્તી અવયવ)

અત્યંત વૈભવશાળી હોવાથી અત્યંત સુકુમાળ દેહવાળા અવંતિસુકુમાલની પૌષધશાળામાં પધારેલા સાધુ ભગવંતોના શ્રીમુખેથી આગમ સ્વાધ્યાયના સૂત્રોનું શ્રવણ કરતાં જાતિસ્મરણજ્ઞાન થયું. તેમાં પોતાનો પૂર્વભવ દેખાયો. દેવપણામાં ભોગવેલ દિવ્ય ભોગોની આગળ વર્તમાન સુખ-વૈભવ તુચ્છ જણાતાં વૈરાગ્ય થયો. આચાર્ય ભગવંત પાસે દીક્ષા લઈને તેઓ સ્મશાનમાં કાઉસગ્ગ ધ્યાને રહ્યા. જ્યાં રાત્રિમાં બચ્ચાની સાથે આવેલી એક શિયાળવીએ અવંતિસુકુમાલ મુનિના સુકોમલ શરીરને ફાડી ખાધું, પરંતુ મુનિ મરણાંત ઉપસર્ગને પણ સમતાપૂર્વક સહન કરીને પુનઃ દેવલોકમાં ઉત્પન્ન થયા.

**अंतसुह - अन्तसुख ( न. )**

(જેના પરિણામ વિષે સુખ હોય તે, પરિણામે-અંતમાં સુખ હોય તે)

જેમ બાળકની ઈચ્છા ન હોવા છતાં પરાણે અપાયેલું કડવું પણ ઔષધ તેના રોગની શાંતિ માટે થાય છે. તેમ જ્ઞાન ન હોવા છતાં શ્રદ્ધાપૂર્વક કરાયેલી હિતકારી ધર્મક્રિયા દ્વારા ચીકણા કર્મોનો નાશ થાય છે અને ભવાંતર સુખમય બને છે.

**अंतसो - अन्तशस् ( अव्य. )**

(અન્તે, છેવટે, વિપાક કાળે, નિસ્તાર)

નાસ્તિક, પાપી કે અધર્મી માણસો પણ પોતાના મોતથી તો ડરતા જ હોય છે. પૂરી જીંદગી અપકૃત્યોમાં વિતાવ્યા પછી જ્યારે અંતકાળ આવે છે. શરીર રોગોથી ઘેરાઈ જાય છે. અસહ્ય વેદનાથી શરીર તૂટી રહ્યું હોય છે. જીવવા કરતાં મોતની ઝંખના કરતા હોય છે. માગ્યું મોત પણ નથી મળતું ત્યારે પોતે કરેલા દુષ્કૃત્યોને યાદ કરી કરીને પશ્ચાત્તાપ કરતા હોય છે.

**अंतावेइ ( ई ) - अन्तर्वेदि ( दी ) ( स्त्री. )**

(અંતર્ગત વેદી જેમાં હોય તે ૨. બ્રહ્માવર્ત દેશ)

**अंताहार - अन्त्याहार ( पुं. )**

(વાલ વગેરે તથા હલકા અન્નના આહારવાળો, હલકા ધાન્યના આહાર દ્વારા રસના પરિત્યાગવાળો)

ભગવાન મહાવીરના ચૌદહજાર શિષ્યોમાં જેમનું સ્થાન મોખરાનું હતું તે ધન્ના કાકંદીની નિરસ આહાર ચર્યાની વાતો સાંભળીને આપણું મસ્તક તેમના ચારિત્ર પ્રત્યેની શ્રદ્ધા અને ઉત્કૃષ્ટ ભાવનાની અનુમોદનાથી શતશઃ નમી પડે છે. ધન્ય છે ધન્નાજીને.

**अंति ( न् ) - अन्तिन् ( त्रि. )**

(જાતિ આદિની અપેક્ષાએ ઉત્તમ)

જગતમાં જાતિ-વર્ણાદિથી ઉત્તમપણું નામ અને ગોત્રકર્મના પ્રભાવથી પ્રાપ્ત થાય છે. કર્મગ્રંથોમાં આઠ પ્રકારના જાતિ આદિ મદ બતાવ્યા છે. પ્રાપ્ત જાતિ કુલાદિનું અભિમાન કરવાથી નીચ ગોત્રકર્મ બંધાય છે અને તેના ફળરૂપે જીવને હિનાદિ કુળમાં જન્મ લેવો પડે છે. ભગવાન મહાવીરના જીવે મરીચિના ભવમાં કુળનું અભિમાન કરેલું તેના પ્રભાવે તેઓને નીચકુળમાં જન્મવું પડ્યું હતું.

**अंतिअ ( य ) - अन्तिक ( न. )**

(સમીપ,પાસે, નજીક ૨. અંત, અવસાન ૩. પર્યંતવાસી, અંતિમ, ચરમ)

સમ્યગ્ જ્ઞાનાર્જન કરવા માટે તથા ધર્મારાધનાઓમાં જોમ લાવવા માટે જ્ઞાની પુરુષની નિશ્રામાં રહેવું જોઈએ. ઉત્તરાધ્યયન સૂત્રમાં પ્રભુનું વચન છે કે -'**बुद्धाणं अंतीए सया**' અર્થાત્ જે જ્ઞાની ગુરુ છે તેમની સમીપે વસવું. અને એજ સ્વ-પર હિતકારી નિવડે છે.

**अंतिम - अन्तिम ( त्रि. )**

(અંતનું, અન્તિમ, છેવટનું, ચરમ, જેના પછી કશું જ ન હોય તે)

મોહ-માયાના વિષચક્રમાં ફસાયેલો જીવ હિંસા, અનીતિ આદિ અનેક પાપો આચરીને નાશવંત પદાર્થોનો પરિગ્રહ કરે છે. તેમાં તેને સુખ-ચેન મળશે તેવી અભિલાષા સેવે છે. પણ જ્યારે ભયંકર વ્યાધિ આદિ દુઃખોથી ઘેરાઈ જાય છે ત્યારે તેની પાસે પસ્તાવા

સિવાય કોઈ આરો નથી રહેતો. માટે જ મહાપુરુષોએ કહ્યું છે કે, અન્તે જો આ બધું છોડીને ચાલ્યા જ જવાનું હોય તો તેના માટે આટલા બધા પાપો શા માટે બાંધવા. કારણ કે, તેના પણ ફળ તો ભોગવવા જ પડશે ને ?

**अंतिमराइया - अन्तिमरात्रिका ( स्त्री. )**

(રાત્રિનો છેલ્લો પહોર, રાત્રિનો ચરમકાળ, રાતનો છેડો)

વિશ્વમાં સૌથી શ્રેષ્ઠ જ્ઞાનસંપદાને વરેલા આપણા દેશમાં ચાલી આવતી સવારે વહેલા (રાત્રિના છેલ્લા પહોરે) ઊઠવાની પ્રણાલિકા કેટલી સુંદર છે. તન, મન અને ધન માટે તો હિતકારી ખરી જ પણ આત્મહિત માટે પણ એટલી જ કલ્યાણકારી છે. આનું રહસ્ય ઉક્તિ દ્વારા કહેવાયું છે કે 'રાત્રે વહેલા જે સૂએ, વહેલા ઊઠે વીર, બળ બુદ્ધિને ધન વધે, સુખમાં રહે શરીર' યાદ રાખજો **'शरीरमाद्यं खलु धर्मसाधनं'**

**अंतिमसंघयणतिग - अन्तिमसंहननत्रिक ( न. )**

(શાસ્ત્રોક્ત શરીરના હાડકાં વગેરે બંધારણના છેલ્લા ત્રણ પ્રકારો, શરીરના બાંધાના અર્ધનારાચાદિ ત્રણ પ્રકારો)

પવિત્ર કલ્પસૂત્રજી ગ્રંથમાં શરીરના બાંધાના છ પ્રકારો વર્ણવ્યા છે. તેમાં આદ્ય ત્રણ ઉત્કૃષ્ટ પુણ્યોદયથી અને છેલ્લા ત્રણ પાપોદયથી જીવને પ્રાપ્ત થતા હોય છે. શ્રીતીર્થંકરાદિ ત્રેસઠ મહાપુરુષોને નિયમા આદ્ય સંઘયણ હોય છે. તેથી જ તેમનું શરીર પોલાદથી પણ વધુ મજબૂત હોય છે.

**अंतिमसारीरिय - अन्तिमश ( शा ) रीरिक ( त्रि. )**

(અંતિમ શરીરની ક્રિયા, તદ્ભવમોક્ષગામીની ચરમ દેહે કરાતી ક્રિયા ૨. તદ્ભવ મોક્ષગામી, ચરમશરીરી)

પરમ વંદનીય ચરમ શરીરી આત્માઓનો જ્યારે મોક્ષગમનનો કાળ નજદીક આવે છે ત્યારે તેઓ શૈલેશીકરણાદિ ક્રિયાઓ દ્વારા શેષ અઘાતી કર્મોનો ક્ષય કરી પાંચ હ્રસ્વાક્ષરોના ઉચ્ચાર કરાતા સમય જેટલા કાળમાં અક્ષયસુખના ઠામમાં - મોક્ષમાં સિધાવે છે.

**अंतेआरि ( न् ) - अन्तश्चारिन् ( त्रि. )**

(મધ્યે ગમન કરનાર, વચ્ચે જનાર)

જેઓ પોતાના ગન્તવ્ય સ્થાનના રસ્તા મધ્યે ચાલે છે તેઓ નિશ્ચિત સ્થાને અવશ્ય પહોંચે છે. પરંતુ જેઓનું લક્ષ્ય સાચું હોવા છતાં ઉન્માર્ગગામી બન્યા છે તેઓ તો દુર્માર્ગમાં અવશ્ય ગોથાં ખાતાં ખાતાં મહામહેનતે પણ લક્ષ્ય સુધી પહોંચશે કે કેમ તે અનિશ્ચિત રહેતું હોય છે.

**अंतेउ ( पु ) र - अन्तःपुर ( न. )**

(રાણીવાસ, અન્તઃપુર, જનાનખાનું ૨. રાજાની સ્ત્રી, રાણી)

રાજપિંડ અર્થાત્ રાજાને ત્યાનાં આહાર-પાણી. સાધુ-સાધ્વી ભગવંતો આવા રાજપિંડને ગ્રહણ કરતા નથી. કારણ કે તેનાથી સંયમના ઘાત વગેરે પ્રસંગો બનવાની શક્યતા રહેલી છે. અગ્નિશર્માના જીવે આવા રાજપિંડના પ્રસંગે નિમિત્ત પામી પોતાનું ભવોભવ અહિત કરી લીધું હતું.

**अंतेउरपरिवारसंपरिवुड - अन्तःपुरपरिवारसंपरिवृत्त ( त्रि. )**

(અંતઃપુર અને પરિવાર એ બેથી અથવા અંતઃપુર લક્ષણ પરિવારથી પરિવરેલા, રાજપરિવારથી અલંકૃત-રાજા)

ભગવાન મહાવીરસ્વામી જ્યારે રાજગૃહી નગરીમાં પધારતા હતા ત્યારે તેમના પરમ ભક્ત રાજા શ્રેણિક પોતાના રાજ પરિવારથી પરિવૃત્ત બનીને ઠઠારા ને રસાલા સાથે પરમાત્માને વાંદવા જતા હતા. તેમની પ્રભુ પ્રત્યેની શ્રદ્ધા-ભક્તિના વખાણ શાસ્ત્રગ્રંથોમાં ખૂબ થયા છે.

**अंतेउरिया - आन्तःपुरिकी ( स्त्री. )**

(અન્તઃપુરમાં રહેનારી, રાણી ૨. રોગીને નીરોગી બનાવનારી એક વિદ્યાવિશેષ)

સંયમી મુનિવરોના ઠલ્લા-માત્રા (ઝાડા-પેશાબ)માં પણ રોગીને નિરોગી કરવાની શક્તિ રહેલી હોય છે. આવી વિદ્યાઓ ચારિત્રના પ્રભાવે તેઓને સહજ પ્રાપ્ત થતી હતી. આન્તઃપુરિકી પણ એક વિદ્યા છે. જેમાં રોગીનું નામ લઈ પોતાના અંગો પર અપામાર્જન-ઊંજણી કરવા માત્રથી તેનો રોગ શાન્ત થઈ જાય છે.

**अंतेवासि ( त्रि ) - अन्तेवासिन् ( पुं. )**

(પાસે રહેનાર જી-હજુરિયો, શિષ્ય, ચેલો, ગુરુની પાસે રહેવાના સ્વભાવવાળો-અન્તેવાસી)

સ્થાનાંગસૂત્ર વગેરે આગમોમાં જેમ આચાર્યના મૂલાગમ-સૂત્રપાઠ ભણવા રૂપ ઉદ્દેશનાદિ ચાર ભેદો વિસ્તારપૂર્વક વર્ણવ્યા છે તેમ શિષ્યના પણ ચાર ભેદો વર્ણવ્યા છે. તેમાં ૧. જે મૂળસૂત્રપાઠ ભણવાની ઇચ્છાથી આચાર્યની પાસે રહે તેને પ્રત્યુદ્દેશના શિષ્ય કહે છે. ૨. જે વાચના લેવા માટે રહે તેને વાચનાન્તેવાસી કહે છે. ૩. જે સૂત્રપાઠ અને વાચના અર્થે રહે તે ઉભયાન્તેવાસી છે અને ૪. જે વાચના કે ઉદ્દેશનાના પ્રયોજન વગર માત્ર ધર્મ શ્રવણ અર્થે રહે તે ધર્માન્તેવાસી કહેવાય છે.

**अंतो - अन्तर् ( अव्य. )**

(મધ્યે, અંદર, માંહેલી કોર)

જેમ ચૂલામાં આગળનું સળગતું લાકડું હોય અને પછી તેમાં બીજું લાકડું નાખવામાં આવે તો તે ખૂબ ઝડપથી નવા લાકડાને પ્રદીપ્ત કરી આગને વધારે છે. તેમ માયાનો ભાવ અંદર સળગતો હોય તેમાં નવા નવા માયાના પેંતરા કરીને જીવ માયાની છૂપી આગમાં સતત બળતો રહે છે.

**अंतोअंत - अन्तोपान्त ( पुं. )**

(અંત-મધ્ય સહિત, અંતોપાન્ત)

અજાણતા પણ સૂક્ષ્મજીવોની હિંસા ન થઈ જાય તે ખેવનાથી સંયમીઓ વસ્ત્ર-પાત્રાદિનું દિવસમાં બે વાર પ્રતિલેખન કરતા હોય છે. તેમાં તેઓ અન્ત્યોપાંત નિરીક્ષણ કરી પ્રમાર્જના કરતા હોય છે. ચાલો ! એવા અહિંસાના પૂજારી મહામુનિવરોના ચરણે વંદના કરી ભવોભવના પાતક ગમિએ.

**अंतोकरण - अन्तःकरण ( न. )**

(અભ્યંતરકરણ-ઇન્દ્રિય, જ્ઞાન-સુખાદિનું સાધન, મન-ચિત્ત-બુદ્ધિ-અહંકારરૂપ ઇન્દ્રિય)

વેદાન્તમાં અન્તઃકરણના ચાર ભેદો બતાવ્યા છે. મન- બુદ્ધિ-ચિત્ત અને અહંકાર. તેના વિષયો છે સંશય, નિશ્ચય, ગર્વ અને સ્મરણ. જ્યારે તે સંકલ્પ-વિકલ્પ કરે છે ત્યારે મનરૂપે કહેવાય છે. જ્યારે સંશય વિના નિશ્ચયરૂપે જાણે છે ત્યારે બુદ્ધિ કહેવાય છે. અનુસંધાન કરતાં ચિત્ત કહે છે અને અહંકાર કરવા વડે અહંકારરૂપે કહેવાય છે.

**अंतोखरियत्ता - अन्तःखरिका ( स्त्री. )**

(નગરમાં વસનારી વેશ્યા, વિશિષ્ટ વેશ્યા)

પ્રાચીનકાળમાં રાજા-મહારાજાઓ પોતાને ત્યાં રાજમાન્ય, ૬૪ કળાઓમાં પ્રવીણ વિશિષ્ટ કક્ષાની વેશ્યાઓની વ્યવસ્થા રાખતા હતા. તેમની પાસે રાજકુમારો આદિને કળાઓના અભ્યાસ માટે મોકલતા હતા. પાટલીપુત્રના શકટાલ મહામંત્રીના જ્યેષ્ઠ પુત્ર શ્રીસ્થૂલિભદ્રજી કોશા નામની રાજમાન્ય વેશ્યાને ત્યાં બાર બાર વરસ સુધી રહ્યા હતા. પછીથી તેને પ્રતિબોધ આપી પરમ શ્રાવિકા બનાવી હતી.

**अंतोगिरिपरिरय - अन्तर्गिरिपरिरय ( पुं. )**

(ગિરિ-પર્વતની અંદર ચોતરફથી ફેકવું તે, ડુંગરની અંદર સર્વબાજુએથી ચલાવવું તે)

**अंतोजल - अन्तर्जल ( न. )**

(જળની અંદર, પાણી મધ્યે)

જળની અગાધતા અને તેની શક્તિનો પરિચય કેળવવા પાણીની અંદર ગયા પછી જ ખબર પડે છે. તેમ શ્રુતસાગરની અગાધતાને પામવા તેમાં ડૂબકી મારવી જ પડે. સમુદ્રની સંપત્તિ તેના પેટાળમાં રહેલી છે તેમ શ્રુતજ્ઞાનના રહસ્યો તેના અવગાહનની અંતે પમાય છે.

**अंतोणाय - अन्तर्नाद ( त्रि. )**

(અંતર્નાદ, દુઃખી હૃદયવાળું, દુઃખ સાથે હૃદયમાં રડનારું)

સમ્યક્ત્વને પામેલો આત્મા સંસારમાં રહે છે પણ જળકમળવત્ રહે છે. કમળ પાણીમાં રહેવા છતાં પાણીથી ભીંજાતું નથી. તેમ

મુમુક્ષુ આત્મા પણ સંસારના બધા વ્યવહારો કરવા પડે, તો સારી રીતે કરે પણ તેનું મન અલિપ્ત રાખે છે. તેમાં ઓતપ્રોત થતો નથી. એવા જીવો હૃદયથી કહેતા હોય છે કે, 'ગુરુજી અમારો અંતર્નાદ, અમને આપો આશીર્વાદ' અને તેમને ગુરુ આશિષમાં કેવળ ભવસાગરથી તરવાનું ખપતું હોય છે.

**अंतोणियसणी – अन्तर्निवसनी ( स्त्री. )**

(સાધ્વીઓને અધોભાગે પહેરવાનું અભ્યંતર વસ્ત્ર, અન્તર્નિવસની વસ્ત્ર)

બૃહત્કલ્પ તથા નિશીથસૂત્ર ચૂર્ણિની અંદર સાધ્વીજીને પહેરવાના વસ્ત્રોનું વર્ણન વિસ્તારથી કરવામાં આવેલું છે. તેમાં તેમને કટિભાગથી લઈ જાનું પર્યંત એક વધારાનું વસ્ત્ર પહેરવાનું વિધાન કરેલું છે. અહો ! લોકોત્તરધર્મમાં પણ લોક વ્યવહારનું કેવું શ્રેષ્ઠ પાલન કરાય છે !

**अंतोदहणसीला – अन्तर्दहनशील ( त्रि. )**

(અંતર્દાહ, હૃદય-દાહ, દિલના દુઃખનો દાહ)

નીતિશાસ્ત્રમાં જણાવ્યું છે કે, વ્યક્તિને પાંચ વસ્તુઓ વગર અગ્નિએ સતત બાળ્યા કરે છે. તે આ રીતે ૧. પુત્ર મૂર્ખ હોય ૨. પોતાની યુવાન કન્યા વિધવા બની હોય ૩. મિત્ર શઠ હોય અર્થાત્ લુચ્ચો કે ધૂર્ત હોય ૪. પત્ની અતિ ચંચળ સ્વભાવની હોય અને ૫. યૌવનકાળમાં દરિદ્રતા હોય. આમાંથી એક વાનો પણ દુઃખદાયક બને છે તો જો પાંચેય વાના હોય તો તો પૂછવું જ શું. પરંતુ આવા દુઃખમાં પણ બુદ્ધિશાળી માણસ રસ્તો શોધી કાઢીને સુખી થાય છે.

**अंतोदुट्ठ – अन्तर्दुष्ट ( पुं., न. )**

(અંદર રહી પીડા કરનાર શલ્ય, અભ્યંતર વ્રણ ૨. દુષ્ટ પુરુષ)

બાહ્ય શલ્ય એટલું પીડાકારક નથી હોતું જેટલું શરીરની અંદર રહેલું વ્રણ. દુષ્ટ વ્યક્તિઓ પણ અભ્યંતર શલ્ય જેવા હોય છે. તેઓ બહારથી અતીવ સૌમ્ય દેખાવાનો ડોળ કરતા હોય છે પરંતુ, અંદરથી ક્લિષ્ટ પરિણામવાળા હોય છે. તેમનું ચિત્ત બીજાને કેવી રીતે દુઃખી કરવો તેના પેંતરા રચવામાં સદૈવ વ્યસ્ત રહે છે. તેવા દુષ્ટોને કોઠે દયા જેવું પણ નથી હોતું. સાવધાન ! તમારે જો મનની શાંતિ અને પારિવારિક સુખ-સંપની ચાહના હોય તો આવા દુષ્ટોને ઓળખીને તેમનાથી દૂર રહેજો.

**अंतोधूम – अन्तर्धूम ( पुं. )**

(ઘરમાં ધુંધવાયેલો ધુમાડો, ઘરની અંદરનો ધૂમ)

ઘરમાં ભરેલો ધુમાડો આપણી આંખોમાં પાણી લાવી દે છે, શ્વાસને રુંધીને ગૂંગળામણ ઉત્પન્ન કરે છે. તેનાથી ત્રાહિમામ્ પોકારી ઊઠીએ છીએ. પરંતુ આપણા આત્મામાં પાપોનો અને અશુભ વિચારોનો કાળો મેંશ ધુમાડો ભર્યો હોવા છતાં જાણે કાંઇ છે જ નહીં તેમ વર્તી રહ્યા છીએ. આશ્ચર્ય છે કે, વ્યક્તિ આટલો નિષ્ઠુર કેવી રીતે હોઇ શકે છે ?

**अंतोमज्झोवसाणिय – अन्तर्मध्यावसानिक ( पुं. )**

(અભિનયના ચાર પ્રકાર પૈકીનો છેલ્લો પ્રકાર, કુશળ નાટ્યકારનો લોકમધ્યાવસાનિક નામનો અભિનયનો ભેદ)

**अंतोमुह – अन्तर्मुख ( न. )**

(અભ્યંતર દ્વાર, અંદરનું દ્વાર)

બાહ્ય વસ્તુઓ કે ભૌતિક તમામ પ્રકારની લાલસાઓથી મન વળીને અન્તર્મુખી બને છે ત્યારે તે પરમાત્માના ધ્યાનમાં કે ભક્તિમાં પરોવાય છે. અર્થાત્ જ્યાં સુધી બાહ્ય પદાર્થોનું આકર્ષણ ચિત્તમાંથી હટશે નહીં ત્યાં સુધી આત્મહિતકર પ્રવૃત્તિઓમાં ચિત્તની સ્થિરતા આવશે નહીં. એટલા માટે શ્રાવકધર્મમાં ભૌતિક પદાર્થોના પરિમાણનો અને સંતોષવૃત્તિનો મહિમા દર્શાવાયો છે.

**अंतोमुहुत्त – अन्तर्मुहूर्त्त ( न. )**

(બે ઘડીની અંદરનો સમય, ૪૮ મિનિટથી કંઇક ઓછો સમય ૨. ભિન્ન મુહૂર્ત)

હુંડા અવસર્પિણીના આ પંચમકાળનો સર્વત્ર અબાધિત પ્રભાવ તો જુઓ ! અત્યારે ક્ષપકશ્રેણિ તો નથી મંડાતી એ તો સમજ્યા, પરંતુ ચિત્તની એકાગ્રતા પણ એક મુહૂર્ત સુધી અખંડ રીતે નથી રહી શકતી. આ પરિસ્થિતિથી જો ઉગરવું જ હોય તો લક્ષ્ય સિદ્ધિ માટે અર્થાત્ કેવળજ્ઞાન પ્રાપ્ત કરવા માટે યોગ્ય સમયનો પરિપાક કરવા અનવરત પુરુષાર્થ અત્યારથી જ આદરવો રહ્યો.

**अंतोलित्त - अन्तर्लिप्त ( त्रि. )**

(અંદરથી લીંપેલું, મધ્યમાં ખરડાયેલું)

પૂજા, પ્રતિક્રમણ, સામાયિક, વ્રત, પચ્ચક્ખાણ વિગેરે બાહ્ય રીતે સુંદર દેખાતી ધર્મ આરાધનાઓ જ્યારે ફળીભૂત થતી નથી દેખાતી, ત્યારે જ્ઞાની ભગવંતો કહે છે કે, તેવા જીવોનું ચિત્ત અંદરથી રાગ-દ્વેષ કે કષાયો આદિથી ભયંકર રીતે ખરડાયેલું સમજવું. કારણ કે જેમ અંદરથી ખારાશવાળી ભૂમિમાં ગમે તેવું મોઘું બીયારણ વાવીએ તો પણ તે ઊગી શકતું જ નથી. તેમાં કારણ તે ભૂમિની અયોગ્યતા જ છે. માટે બાહ્ય આરાધનાઓને ફળવતી બનાવવી હોય તો અન્તર્મન એટલું જ વિશુદ્ધ જોઈશે.

**अंतोवट्ट - अन्तर्वृत्त ( त्रि. )**

(અંદરના ભાગમાં ગોળ, અન્તર્ગોળ)

સૂત્રકૃતાંગસૂત્ર નામના આગમ ગ્રંથમાં નારકોનું વર્ણન આવે છે કે, તેઓ બાહ્ય આકારે બહિં ચઉરંસા અર્થાત્ ચોખુણિયા અને અંદરથી અંતોવટ્ટા અર્થાત્ ગોળાકારવાળા હોય છે. તેવા આકારની કલ્પના કરતા અટપટા-વિચિત્ર આકારના ભાસે છે.

**अंतोवत्ति - अन्तर्व्याप्ति ( स्त्री. )**

(સ્વપક્ષના વિષયમાં સાધનની સાધ્યથી વ્યાપ્તિ, અન્તર્વ્યાપ્તિ)

**अंतोवाहिणी - अन्तर्वाहिनी ( स्त्री. )**

(નાની નદી, ક્ષુદ્ર નદી)

જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ તેમજ સ્થાનાંગસૂત્રમાં આવતા વર્ણન પ્રમાણે મંદરપર્વતની પશ્ચિમ દિશામાં વહેતી સીતોદા નામની મહાનદીની દક્ષિણ દિશામાં વહેતી નાની નદી. તેમજ મહાવિદેહક્ષેત્રના કુમુદવિજયની પશ્ચિમ સરહદે વહેતી બાર લઘુ નદીઓ પૈકીની એક નદીને અન્તર્વાહિની કહેવાય છે.

**अंतोवीसंभ - अन्तोविश्रम्भ ( पुं. )**

(હાર્દિક વિશ્વાસ, મનનો વિશ્વાસ)

ધર્મારાધનાની બાબતમાં પૂર્ણશ્રદ્ધા-વિશ્વાસ હોવો અતિઆવશ્યક છે. સાધના કરતા કરતા શંકા જાય કે, આનું ફળ મને મળશે કે નહીં અથવા ગતાનુગતિક પૂજા-પાઠ કે પ્રતિક્રમણ કરવાથી શું ફાયદો ? આખરે તો આવા બધા ક્રિયા-કલાપોથી કાંઈ પ્રાપ્ત થતું દેખાતું તો છે નહીં. આ પ્રકારની વિચારધારા કે માન્યતા અમૃત સદૃશ ધર્મારાધનાઓ પ્રત્યે અંદરના અવિશ્વાસની સૂચક છે. જો હાર્દિક દૃઢ વિશ્વાસ હોય તો કલ્પનાતીત સુંદર ફળ પ્રાપ્તિ થયા વગર નથી રહેતી એ શાસ્ત્રવચન જાણી લેવું જોઈએ.

**अंतोसल्ल - अन्तःशल्य ( त्रि. )**

(અભ્યંતર શલ્ય, બહારથી ન દેખાતું શલ્ય, જેના મનમાં અપરાધરૂપ શલ્ય છે તે ૨. માયા-કપટ ૩. અનાલોચિત અતિચાર)

બહારથી દેખાતો ઘાવ સુસાધ્ય છે. જ્યારે અંદરનું શલ્ય દુઃસાધ્ય કે અસાધ્ય બની જાય છે. વ્યક્તિને શરીરની અંદરમાં રહેલા શલ્યની અદૃશ્ય હોવાથી ખબર ન પણ પડે એવું બની શકે છે. સમવાયાંગસૂત્રમાં જણાવ્યું છે કે, અન્તર્મનમાં રહેલો અપરાધભાવ એ અન્તઃશલ્ય છે. અભિમાનાદિના કારણે તેવા શલ્યનું પ્રાયશ્ચિત્ત ન લેવાથી લક્ષ્મણા સાધ્વીજીની જેમ ભયંકર પરિણામ આપનારું બને છે. માટે જ યતિની આગમિક વ્યાખ્યામાં '**निःशल्यो व्रती**' કહેવાયું છે.

**अंतोसल्लमयग - अन्तःशल्यमृतक ( त्रि. )**

(અંદરમાં ભલ્લાદિ રોગવાળાનું મરણ, ભાવશલ્યના નિવારણ કર્યા વગરનું મરણ)

માસક્ષમણના પારણે માસક્ષમણ દ્વારા બાહ્ય રીતે મહાન તપારાધના કરનારા અજ્ઞાનતપસ્વી અગ્નિશર્માના જીવે નિમિત્ત પામી ગુણસેનને ભવોભવ મારવાનું મને સામર્થ્ય મળો એવું ભયંકર નિયાણું કરી લીધું. કાળજાને કંપાવનારા તેના કેવા કેવા પરિણામો તેને મળ્યા, તેનો આબેહૂબ ચિતાર જાણવો હોય તો સમરાદિત્ય કથા અવશ્ય વાંચવાલાયક છે.

**अंतोसल्लमरण - अन्तःशल्यमरण ( न. )**

(દ્રવ્યથી શરીરમાં ભાલાદિ શસ્ત્ર સહિત અને ભાવથી સાતિચાર મરણ, બાલમરણ)

ઉત્તરાધ્યયનસૂત્રની નિર્યુક્તિમાં જણાવ્યું છે કે, જેઓ લજ્જાથી, ગારવથી કે અભિમાનથી પોતે આચરેલા દુષ્કૃત્યની ગુરુ જોડે

આલોચના નથી લેતા તેઓ અનંત ભવોમાં ભટકતા રહીને દુષ્કૃત્યના કિંપાકફળ જેવા ભુંડા પરિણામો ભોગવે છે. માટે ભાવશલ્યનો ત્યાગ કરવો આત્મહિતાવહ કહેવાયો છે.

**अंत्रडी ( स्त्री. ) - अन्त्र ( न. )**

(ઉદરવર્તી અવયવ, આંતરડું)

**अंदू - अन्दू ( स्त्री. )**

(પગનું બંધન વિશેષ, બેડી, સાંકળ)

પૂર્વજો દ્વારા આચરાયેલા અને પરંપરાએ આપણા સુધી પહોંચેલા રીતિ-રિવાજો જેવા કે, સહકુટુંબપ્રથા, વડીલોની અધીનતા, સ્વજાતિ લગ્નપ્રથા, નીતિમત્તા વગેરે ઉભયલોક હિતકારી આચરણોમાં આજના માણસને બંધનો દેખાય છે. માણસને આ બાહ્યબંધનોમાં વ્યથા થાય છે પરંતુ, મહાવીર પ્રભુએ બતાવેલી આસક્તિ, પરિગ્રહ, કષાયાદિ આંતરિક બંધનોથી પીડા થતી નથી.

**अंदेउर - अन्तःपुर ( न. )**

(રાણીવાસ, જનાનખાનું, અન્તઃપુર ૨. રાણી)

પ્રાચીન સમયમાં રાણીઓને રહેવાના જનાનખાનામાં પરપુરુષનો સંચાર પ્રતિબંધિત હતો. અરે ! ત્યાંના નોકરો પણ વ્યંઢળ હોય તેવા રાખતા હતા. કારણ રાણીઓમાં શીલધર્મનું યથાવત્ પાલન થાય તે હતું. તેનાથી દેશનું સક્ષમ નેતૃત્વ કરી શકે તેવા પરાક્રમી ઉત્તરાધિકારીઓ પાકતા હતા. આજના પરિપ્રેક્ષ્યમાં જુઓ તો બધું ઊલટું જોવા મળશે. કારણ, હવે શીલધર્મની મહત્તા કરતા દેખાવ મહત્વપૂર્ણ થઈ ગયો છે.

**अंदोलग - आन्दोलक ( पुं. )**

(હિંડોળો, હીંચકો, ઝૂલો)

કર્મગ્રંથમાં કહેવામાં આવેલા ચતુર્દશ ગુણસ્થાનકોમાં સાતમા ગુણસ્થાનકને હીંચકા જેવું કહેવામાં આવેલું છે. છઠ્ઠા અને સાતમા ગુણસ્થાનકના અધિકારી શ્રમણ ભગવંતોના ભાવ હીંચકાની જેમ ઉપર નીચે થયે રહેતા હોય છે. જ્યારે શુભભાવની માત્રા વધે એટલે સાતમા ગુણસ્થાનકે ચઢે પરંતુ, તેનો કાળ અંતર્મુહૂર્ત પ્રમાણ હોવાથી થોડાક જ સમયમાં શુભભાવોમાં વિકલતા આવતાં પુનઃ છઠ્ઠા ગુણસ્થાનકે પરત ફરે છે.

**अंदोल ( ल्ल ) ण - अ ( आ ) न्दोलन ( न. )**

(હિંડોળા ખાટ, વૃક્ષશાખાનું ઝૂલણું ૨. ઝૂલાથી દુર્ગ ઓળંગવાનો માર્ગ વિશેષ)

**अंध - अन्ध ( त्रि. )**

(આંધળું, નયનરહિત, ચક્ષુવિહિન ૨. અજ્ઞાન ૩. અંધકાર ૪. ભિક્ષુકનો એક ભેદ)

ભગવતીસૂત્ર આદિ આગમોમાં અંધ વિષયક ભેદો વર્ણવ્યા છે. એક જન્મથી અંધ હોય તેને જાત્યન્ધ કહેવાય છે. બીજો કોઈ કારણથી ચક્ષુ રહિત બને તે. પુનઃ દ્રવ્ય અને ભાવથી એમ બે પ્રકારના અંધ હોય છે. ૧ એકેન્દ્રિયથી ત્રેઇન્દ્રિય પર્યંતના જીવો દ્રવ્ય અને ભાવથી અંધ છે જ્યારે ૨ ચતુરિન્દ્રિય જીવો મિથ્યાદષ્ટિવાળા હોઈ ભાવથી અંધ કહેવાય છે. પરંતુ શાસ્ત્રકારો તો દ્રવ્યથી નિર્મળ ચક્ષુવાળો અને સહજ વિવેકસંપન્ન હોય તેને જ દષ્ટિસંપન્ન માને છે. બાકી જેને દ્રવ્ય ચક્ષુ હોય પણ વિવેક ચક્ષુ ન હોય તો તેવા બાહ્ય ચક્ષુથી શું મતલબ ?

**★अन्ध्र ( पुं. )**

(આન્ધ્ર દેશ, જે જગન્નાથથી દક્ષિણ ભાગમાં આવેલો છે, જેની ગણતરી મ્લેચ્છદેશમાં કરાયેલી છે ૨. આન્ધ્રદેશીય જન)

**अंधकंटइज्ज - अन्धकण्टकीय ( न. )**

(અંધ વ્યક્તિના કાંટાળા માર્ગે જવાની માફક અવિચારી ગમન)

**अंधकड - आन्ध्यकृत् ( त्रि. )**

(સ્વરૂપની અવલોકશક્તિથી રહિત, આંધળું કરનાર, અંધાપો દેનાર)

'**अहं ममेति मन्त्रोयं मोहस्य जगदान्ध्यकृत्**' અર્થાત્ 'હું' અને 'મારું' આ મંત્ર મોહરાજાએ પૂરા જગતને રટાવેલો છે. તેના કારણે આખો સંસાર આંધળો બનેલો છે. જ્યાં જુઓ ત્યાં હુંનું અભિમાન અને મમત્વની મોકાણ છે. આ અંધાપો દૂર કરવા પરમાત્મા દ્વારા ભવ્યજનો માટે પ્રતિ મંત્ર આપવામાં આવ્યો છે '**एगोहं नत्थि मे**' અર્થાત્ મારા સ્વરૂપે હું એકલો છું અને મારા આત્મા સિવાય મારું કોઈ નથી.

**अंधका ( या ) र - अन्धकार ( पुं., न. )**

(અંધકાર, અંધારું, પુદ્ગલ પરિણામ)

અંધકારમાં જેમ દેખાતું નથી તેમ અજ્ઞાનને પણ અંધકારની ઉપમા અપાઈ છે તે સાર્થક છે. તેથી જ ગુરુસ્તુતિમાં અજ્ઞાનતિમિરાંધાનાં... કહેવાયું છે. અર્થાત્, ગુરુભગવંત અજ્ઞાની એવા ભવ્યજનને જ્ઞાનરૂપી શલાકા-સળી વડે જ્ઞાનરૂપી નેત્રોને ઉઘાડી આપે છે. ગુરુ શિષ્યને બ્રહ્મજ્ઞાન કરાવી આપે છે માટે આ સંસારમાં ગુરુતત્ત્વ સર્વોચ્ચ સ્થાને વિરાજમાન છે.

**अंधका ( या ) रपक्ख - अन्धकारपक्ष ( पुं. )**

(કૃષ્ણપક્ષ, અંધારો પખ, વદપક્ષ)

જેમ શુક્લપક્ષમાં ચંદ્રની કળા વધે છે અને વદપક્ષમાં ઘટતી જાય છે તેમ જીવનમાં કર્મ સંજોગે સુખ-દુઃખની ઘટમાળ ચાલતી રહે છે. તેથી સુખમાં લીન અને દુઃખમાં દીન બનવું ન જોઈએ. પરંતુ સમભાવે રહેતાં શીખવું જોઈએ.

**अंधग - अंह्रिप ( पुं. )**

(વૃક્ષ, ઝાડ)

પોતે ટાઢ-તડકો વેઠીને પણ બીજાઓને શીતળ છાયા આપવામાં વૃક્ષોની પરોપકારીતા આપણને સુવિદિત છે. વૃક્ષનું એક નામ અંધગ પણ છે. અર્થાત્ પગથી પીનાર. વૃક્ષો પ્રાયઃ કરીને મૂળિયાથી પાણી ગ્રહણ કરે છે. માટે આ નામ સાર્થક છે. અનેક પ્રકારના વૃક્ષોમાં અશોક વૃક્ષ સર્વોત્તમ ગણાય છે. તેથી જ પરમાત્માની દેશના અવસરે દેવો દ્વારા રચાતા સમવસરણની મધ્યમાં અશોક વૃક્ષની નીચે પરમાત્માનું સિંહાસન રહે છે.

**अंधगवण्हि - अंह्रिपवह्नि ( पुं. )**

(લાકડાનો અગ્નિ, વૃક્ષાગ્નિ, બાદર તેજસ્કાય)

**★ अन्धकवह्नि ( पुं. )**

(સૂક્ષ્મ તેજસ્કાય, સૂક્ષ્મ અગ્નિ ૨. યદુવંશીય એક રાજા)

યાદ રાખજો ! આપણે જે વીજળીથી ચાલતા તમામ પ્રકારના સાધનોનો ઉપયોગ કરીએ છીએ તેમાં અસંખ્યાતા બાદર અગ્નિકાયના જીવોનો કચ્ચરઘાણ નીકળે છે. તેથી જ મુનિવરો વીજળીના ઉપકરણોનો ઉપયોગ નથી કરતા.

**अंधतम - अन्धतमस् ( न. )**

(ઘોર અંધારું ૨. તે નામનું એક નારક)

અત્યંત અંધકારમય વાતાવરણમાં જો રહેવાનું બને તો જરાય ગમે નહીં. ગુંગળામણ થાય અને એવા સ્થાનેથી ભાગવાનું મન થાય. તો વિચાર કરો કે નારકમાં ઉત્પન્ન થયા પછી નારકીના જીવોને હજારો વર્ષ પર્યંત અર્થાત્, પૂરી જીંદગી ઘોર અંધકારવાળા નારકસ્થાનમાં જ ગુજારવી પડે છે. તે પણ કમને અને હાયવોય કરતા કરતા. આ સત્ય હકીકતને જાણ્યા પછી તેવા કર્મો ઉપાર્જિત કરવામાં કોને રસ પડે ? વિવેકી જનને તો નહીં જ.

**अंधतमस - अन्धतमस् ( न. )**

(ગાઢ અંધકાર, ઘોર અંધારું, નિબિડ અંધારું)

સારું કે નરસું આ બધું સાપેક્ષ હોય છે. હકીકતમાં વસ્તુમાત્ર પોતાના સ્વરૂપે જ હોય છે. અંધકાર સાધારણ રીતે કોઈને નથી ગમતો. રોજીંદા જીવન વ્યવહારોમાં બાધક બને છે. એજ અંધકાર ઊંઘ આવવામાં સહાયક પણ છે. સાધનાની અમુક ભૂમિકાઓમાં ગાઢ અંધકારને અત્યન્ત ઉપકારક માન્યો છે. આપણી અંજનશલાકાની મુખ્ય વિધિ પણ મધ્ય રાત્રિના સમયે જ કરવાની હોય છે. આગમોમાં અંધકારનું સ્વરૂપ બતાવતા કહ્યું છે કે જે પુદ્ગલો દિવસે પ્રકાશ રૂપે પરિણમે છે તે જ પુદ્ગલો સૂર્ય કે પ્રદીપના અભાવમાં

અંધકારરૂપે પરિણમે છે. અર્થાત્ એક જ પુદ્ગલ બન્ને કાર્યનું કારણ બને છે.

**अंधतामिस - अन्धतामिस्त्र ( न. )**

(નિબિડ અંધકાર ૨. સાંખ્યશાસ્ત્રપ્રસિદ્ધ ભયવિશેષ વિષયક અભિનિવેશ ૩. અજ્ઞાન)

અંધકારની પરંપરાને અંધતામિસ્ર કહે છે. વાચસ્પત્યકોશમાં આવતા વર્ણન પ્રમાણે દેહના નાશ સાથે આત્માનો પણ નાશ છે તેવી માન્યતાને અર્થાત્ આ પ્રકારના અજ્ઞાનપણાના અર્થમાં પણ અંધતામિસ્ર શબ્દ વપરાયો છે.

**अंधपुर - अन्धपुर ( न. )**

(અન્ધપુર, નગર વિશેષ કે જ્યાંનો રાજા દેખતો હતો પણ અંધભક્ત હતો)

**अंधपुरिस - अन्धपुरुष ( पुं. )**

(જાત્યંધ, જન્મથી આંધળું)

દર્શનાવરણીય કર્મના ગાઢ ઉદયથી વ્યક્તિને જન્માંધતા પ્રાપ્ત થાય છે. આગમોમાં મૃગાપુત્ર લોઢીયાનું દૃષ્ટાંત આવે છે. તેના ઉત્કૃષ્ટ પાપ કર્મોની પ્રગાઢતાના કારણે તેને એક પણ ઈન્દ્રિય વ્યક્તરૂપે મળી ન હતી. નરકના દુઃખો કેવા હોય તેની ઝાંખી કરાવવા એ પર્યાપ્ત ઉદાહરણ છે. ઉત્કૃષ્ટપણે કરેલી વિરાધનાનું વરવું રૂપ કેવું હોય તે જાણવા-સમજવા મૃગાપુત્રનો વૃત્તાંત વાંચવા જેવો છે.

**अंधल - अन्ध ( पुं. )**

(લોચન રહિત, બન્ને ચક્ષુઓથી વિહીન)

**अंधारूव - अन्धरूप ( त्रि. )**

(અવયવશૂન્ય આકૃતિ, લોલસા રૂપ)

વિપાકસૂત્રમાં દુઃખવિપાકના મૃગાપુત્ર અધિકારમાં મૃગાદેવી પોતાના નવજાત શિશુ મૃગાપુત્રને અવયવરહિત માત્ર લોચા રૂપ અર્થાત્ માંસના પિંડ જેવો જન્મેલો જોઈને દુઃખ પામે છે. તેના શરીરરૂપી પિંડમાંથી જે દુર્ગંધ નીકળતી હતી તે કોઈનાથી પણ સહન ન થઇ શકે તેવી અત્યંત અસહ્ય હતી.

**अंधिया - अन्धिका ( स्त्री. )**

(ચતુરિન્દ્રિય જીવવિશેષ)

**अंधि ( धे ) ल्लग - अन्ध ( पुं. )**

(જાત્યંધ, લોચનરહિત)

દર્શનીય પૂજનીય પરમાત્માના દર્શન કરવાના અવસરે મન ખિન્નતા પામે અથવા દર્શનીય પદાર્થો પ્રત્યે મનમાં ઘૃણા પામે તેને જાત્યંધપણું પ્રાપ્ત થાય. બાકી દેવોના ય દેવ શ્રીતીર્થંકર પ્રભુનું દર્શન પાપનો નાશ કરનારું અને ઉન્નતિકારક વસ્તુઓના કે સ્વર્ગ-મોક્ષના પગથિયા સમાન છે.

**अंधी - अन्ध्री ( स्त्री. )**

(આન્ધ્રદેશીય સ્ત્રી, આન્ધ્રી સ્ત્રી)

આન્ધ્રદેશીય સ્ત્રીની વિશેષતા બતાવતા આવશ્યકસૂત્રના ચોથા અધ્યયનમાં કહ્યું છે કે, તે યાવત્ રાજ્યભારનો આશ્રય લઇને કામદેવની માફક સુખે શયન કરી શકે તેવી (અદ્ભુત) લીલાવાળી હોય છે.

**अंब - अम्ब ( पुं. )**

(પંદર પરમાધામિક દેવો પૈકીનો પ્રથમ દેવ, અંબ પરમાધામી દેવ)

અસુરનિકાયના પંદર પ્રકારના પરમાધામિક દેવો પૈકીના પ્રથમ પ્રકારના દેવો અંબ તરીકે ઓળખાય છે. તેઓ માત્ર પોતાની કુતુહલવૃત્તિથી પ્રેરાઈને નારકીના જીવોને ઉપાડીને આકાશમાં ફેંકે છે. તેને ઊંધા લટકાવે છે. જમીન પર પછાડે છે. કાંટાવાળા શસ્ત્રથી પીડે છે. આમ વિવિધ પ્રકારની કદર્થના પમાડવામાં તેઓને આનંદ આવે છે. અહો ! કર્મવૈચિત્ર્યમ્.

**★अम्ल ( न. )**

(છાશ, તક્ર ૨. ખાટો રસ, અમ્લરસ ૩. ખાટો પદાર્થ)

આયુર્વેદમાં છાશને પૃથ્વી પરનું અમૃત માન્યું છે. જે ગુણ દહીં-દૂધમાં નથી તે છાશમાં છે. તે માટે તક્રકલ્પ પ્રસિદ્ધ છે. અધ્યાત્મમાં પણ એવું જ છે. જે ગુણ માત્ર બાહ્ય તપ ત્યાગમાં નથી તે ગુણ માત્ર નિંદા નહીં કરવામાં રહ્યો છે. અનિંદા રૂપી તક્રકલ્પ કરવાથી ઘણો મોટો આત્મિક લાભ પ્રાપ્ત થાય છે. નિંદા, નારાજગી અને અપરાધ બોધ આ ત્રણ વાના જ મનુષ્યમાત્રના મોટા દુશ્મનો છે. જો તેનો ત્યાગ કરી દેવામાં આવે તો ધરતી પર સ્વર્ગસમ સુખ માનવમાત્રને મળી શકે છે. જરા ઊંડાણથી વિચારજો.

**★आम्ल ( त्रि. )**

(ખટાશવાળી વસ્તુ, છાશ વગેરેથી સંસ્કારિત પદાર્થ)

સાધુ ભગવંતોને યોગોદ્વહન ક્રિયાના આયંબિલ તપમાં છાશથી સંસ્કારિત ભાત વગેરે ખટાશવાળા પદાર્થો કલ્પે છે. તેના અનેક લાભોમાં તે શામક ગુણપ્રધાન હોઈ યોગોદ્વહનની સાધના દરમિયાન શરીરની પાચનક્રિયામાં ઉપયોગી તથા ભાવથી નિઃસાર નિર્વિકારી દ્રવ્ય હોઈ સાધ્યની સિદ્ધિમાં અબાધક આમ બન્ને રીતે લાભકારી બને છે.

**★आम्र ( पुं. )**

(આંબાનું ઝાડ, આંબો ૨. આમ્રફળ-કેરી)

અધીરતા માટે લોકોક્તિ છે કે 'ઉતાવળે આંબા ન પાકે' અર્થાત્ ઉતાવળ કરવાથી કાર્યસિદ્ધિ થતી નથી. ઊલટાનું કાર્ય બગડે છે. માટે ધીરતા રાખવાથી ઇચ્છિત ફળપ્રાપ્તિ થાય છે. ઉતાવળિયો માણસ પ્રાયઃ કાર્યસિદ્ધિમાં નિષ્ફળતા પામે છે.

**अंबक - अम्बक ( न. )**

(નેત્ર ૨. પિતા)

થોડાક પૂર્વકાળ સુધી ઘરે ઘરે અંદરથી કલઈ કરેલા તાંબાના ભાજનોમાં રસોઈ વગેરે બનાવતા હતા. તાંબાના ગુણો અંગે આયુર્વેદમાં ખૂબ પ્રશંસા કરેલી છે. તેની રતાશને યુક્તિપૂર્વક કાઢી નાખવામાં આવે તો તે સોનું જ છે એમ ધાતુવિદો જણાવે છે.

**★अम्लक ( पुं. )**

(અલ્પામ્લ, ઓછા ખટાશવાળું ૨. લકુચ વૃક્ષ)

શરીરને દીર્ઘાયુષી, સ્વસ્થ અને કાન્તિમય બનાવવા અંગેના આયુર્વેદમાં પ્રયોજિત રસાયણકલ્પાદિની સેવનવિધિમાં ખટાશવાળા પદાર્થોનું સદંતર વર્જન કરવામાં આવે છે. આ પદાર્થ શરીરની રાસાયણિક પ્રક્રિયામાં મોટી બાધા પેદા કરે છે.

**★आम्रक ( न. )**

(કેરી,. આમ્રફળ)

કેરીને સર્વફળોમાં ઉત્તમફળ કહેવાય છે. સાધુ ભગવંતો માટે ફળને અચિત્ત કરીને વહોરવાનું વિધાન છે. આચારાંગસૂત્રમાં વર્ણન છે કે, કોઈ સાધુ આમ્રવનમાં અવગ્રહ લઈને રહેલો હોય અને ત્યાં પાકી કેરીઓ જુએ પણ તેને સચિત્ત જાણી ગ્રહણ ન કરે. અર્થાત્ સમારવા દ્વારા અચિત્ત ન કરેલી હોય તો ગ્રહણ ન કરે ઇત્યાદિ વિસ્તૃત વર્ણન કરેલું છે.

**अंबगट्ठिया - आम्रकास्थि ( न. )**

(કેરીનો ગોટલો)

જેમ કેરીના ગોટલામાં રહેલા ગોટલી-બીજને પણ આપણે ઉપયોગમાં લઈને કેરીનો પૂરેપૂરો લાભ લઈએ છીએ. તેમ આરાધકો આ શરીરથી તેનો સાધ્યસિદ્ધિ અર્થાત્, મોક્ષ અર્થે તપ-જપ-ધ્યાનાદિ દ્વારા પૂરેપૂરો લાભ લઈ જીવનને સાર્થક કરતા હોય છે.

**अंबगपेसिया - आम्रपेशिका ( स्त्री. )**

(આમ્રફળની ગોટલીની જેમ સુકી કેરીની મોટી ચીરી, કેરીની કાતળી)

કેરીની મધુરતા સર્વવિદિત છે. તેનો રસ કરીને ખાઓ કે ચીરી કરીને ખાઓ, તે એકસરખી મીઠાશ આપે છે. સજ્જન પુરુષોનો સ્વભાવ પણ કેરી જેવો મીઠો હોય છે. તેનો વ્યવહાર કોઈપણ રીતે પરખો. અનુભવ મીઠો જ હશે.

**अंबचोयण - आम्रत्वच् ( न. )**

(આંબાની છાલ, આમ્રફળની છાલ)

**अंबट्ठ - अम्बष्ठ ( पुं. )**

(જે બ્રાહ્મણ પુરુષ અને વૈશ્ય સ્ત્રીથી ઉત્પન્ન થયેલો હોય તે ૨. દેશ વિશેષ ૩. મહાવત ૪. વનસ્પતિ વિશેષ-વામનહાડી)

**अंब ( म्म ) ड - अम्ब ( म्म ) ड ( पुं. )**

(અંબડ નામના એક બ્રાહ્મણ પરિવ્રાજક-સંન્યાસી, જે મહાવિદેહ ક્ષેત્રથી મોક્ષ પામશે ૨. ભગવાન મહાવીરનો અંબડ નામનો વિદ્યાધર શ્રાવક, જે આવતી ચોવીશીમાં ભરતક્ષેત્રમાં ૨૨મા દેવ નામે તીર્થંકર થશે)

અંબડ પરિવ્રાજક અને સુલસા શ્રાવિકાનો પ્રસંગ સુવિદિત છે. જેમાં ચંપાનગરીમાં ભગવાન મહાવીરસ્વામી પાસે અંબડ શ્રાવક ધર્મ સાંભળીને રાજગૃહી જતો હતો ત્યારે ભગવંતે તેના મારફત સુલસા શ્રાવિકાને ધર્મલાભ જણાવ્યો. વિદ્યાધર પરિવ્રાજક વિચારે છે કે, જેને ત્રણ લોકના નાથ પોતે કુશલ સમાચાર મોકલાવે છે તે સુલસા કેવી પુણ્યવંતી શ્રાવિકા હશે. વળી તે કયા ગુણોથી તે વિશિષ્ટ છે ? તેની સારી રીતે પરીક્ષા કરું. એમ વિચારી તેણે બ્રહ્મા, વિષ્ણુ, જિનેશ્વરના રૂપો બનાવી વિવિધ ચમત્કારો બતાવ્યા છતાં તે વ્યામોહ ન પામી. તેથી અંબડે તેનું પરમ સમકિતપણું જોઈને પંચનમસ્કારના ઉચ્ચારપૂર્વક તેના ઘરે જઈને તેને ભગવંતે કહેલા ધર્મલાભ જણાવ્યા. ધન્ય છે સુલસા જેવી પરમ શ્રાવિકાને ! અને અંબડ પરિવ્રાજકને કે જે આગામી ચોવીસીમાં ૨૨માં તીર્થંકર બનશે.

**अंबडा ( दा ) लग - आम्रडालक ( न. )**

(કેરીનો નાનો કટકો, કેરીનો ટુકડો)

**अंबत्त - अ ( आ ) म्लत्व ( न. )**

(ખટાશ)

કટુવાણી ખાટા પદાર્થ જેવી કહી છે. તેના યોગે વર્ષોના મીઠા-મધુરા સંબંધોમાં વૈપરીત્ય આવી જાય છે. જેમ દૂધપાક મીઠો હોવા છતાં ભોજન સમયે બોલાયેલા દુર્વચનોથી દૂધપાકમાં રહેલી મીઠાશ પણ કડવી બની જાય છે.

**अंबदेव - आम्रदेव ( पुं. )**

(નેમિચંદ્રસૂરિ કૃત આખ્યાનકમણિકોશ ઉપર ટીકા રચનાર આચાર્યનું નામ, આમ્રદેવસૂરિ)

**अंबपलंबकोरव - आम्रप्रलम्बकोरक ( न. )**

(આંબાની માંજર)

જેમ આંબાની માંજરનું યોગ્ય પાલન કરવાથી તે શરીરને પોષનારું ખુશબુદાર કેરીરૂપ ફળ આપે છે. તેમ નાના એવા પરંતુ, ગુણિયલ પુરુષની સેવા કરવાથી તે યોગ્ય સમયે હિતકારક ફળ આપે છે. તાત્પર્ય એ છે કે, ગુણવાન વ્યક્તિની કરેલી સેવા ક્યારેય નિષ્ફળ જતી નથી. આવા પુરુષોને શાસ્ત્રમાં આમ્રપ્રલમ્બકોરક અર્થાત્, આંબાની માંજર સમાન કહેલા છે.

**अंबपल्लवपविभत्ति - आम्रपल्लवप्रविभक्ति ( न. )**

(બત્રીસ પ્રકારના નાટકમાંનું એક, જેમાં આંબાના પલ્લવની રચના વિશેષ કરવામાં આવે એવું એક નાટક)

**अंबपेसिया - आम्रपेशी ( स्त्री. )**

(કેરીની ચીરી-કાતરી)

અહો ! કેવો નિર્દોષ અને સંયમપોષક જૈન સાધુનો આહાર ગ્રહણ કરવાનો વ્યવહાર છે. આ ભગવંતો ફળાદિને વહોરતા પૂર્વે બરાબર નિરીક્ષણ કરતા હોય છે. અર્થાત્ બીજથી ફળનો ગર વ્યવસ્થિત છૂટો પડેલો હોય અને ૪૮ મિનિટ થઈ ગઈ હોય તો જ ગ્રહણીય બને છે અન્યથા નહીં. કોઈપણ ફળ તેના બીજથી છૂટું પડ્યા પછી ૪૮ મિનિટ થયે તે અચિત્ત બને છે. જ્યાં સુધી બીજ સહિત હોય ત્યાં સુધી તે સચિત્ત અર્થાત્ સજીવ ગણાય છે અને તેથી જ તે પુનઃ ઊગવા સમર્થ હોય છે.

**★आम्रपेशी ( स्त्री. )**

(કેરીની ચીર)

**अंबफल - आम्रफल ( न. )**

(કેરી)

કેરી ફળોને વિષે રાજા ગણાય છે. તે સ્વાદમાં મધુર અને સપ્તધાતુને પુષ્ટ કરીને શરીરને બળવાન કરે છે. તેમ ગુણોને વિષે વિવેક રાજા સમાન છે. તેને ધારણ કરનારને સારાસારની સમજ અને સમય અનુસાર કૃત્યાકૃત્યના જ્ઞાનથી તે સર્વપ્રકારે આત્માને પુષ્ટ કરે છે. વ્યવહારિક જગતમાં પણ વિવેકની આગવી મહત્તા છે.

**अंबभित्तय - आम्रभित्तक ( न. )**

(કેરીનો ટુકડો, કેરીનું ફડસીયું, કેરીનું અડધીયું)

**अंबर - अम्बर ( न. )**

(આકાશ ૨. વસ્ત્ર ૩. અબરખ ૪. અંબર નામનું સુગંધી દ્રવ્ય)

સપ્તરંગી આકાશ સમયે-સમયે અલગ-અલગ રંગોની પ્રધાનતાવાળું હોય છે તેમ જીવન પણ વિવિધ પ્રકારના પ્રસંગો જનિત સુખ-દુઃખની પ્રધાનતાવાળું હોય છે. જે સુખમાં ફુલાઈ જતો નથી અને દુઃખમાં હાયવોય કરતો નથી તે વ્યક્તિ જ માનવજીવનની શ્રેષ્ઠતાને સારી રીતે માણી શકે છે.

**अंबरतल - अम्बरतल ( न. )**

(આકાશની સપાટી, અંબરતળ-સપાટી)

**अंबरतिलय - अम्बरतिलक ( पुं. )**

(ધાતકીખંડમાં રહેલો પર્વતવિશેષ)

**अंबरतिलया - अम्बरतिलका ( स्त्री. )**

(નગરીવિશેષ, જ્યાં ગર્વિષ્ઠ દુશ્મન રાજાઓના દર્પનું મર્દન કરનાર રાજા થયો)

**अंबरवत्थ - अम्बरवस्त्र ( न. )**

(સ્વચ્છ વસ્ત્ર, અંબર તુલ્ય વસ્ત્ર)

શ્રાદ્ધવિધિપ્રકરણ નામના ગ્રંથમાં જણાવ્યું છે કે, ગૃહસ્થને સ્વચ્છ વસ્ત્રો શોભાદાયક છે જ્યારે સાધુઓને મલિન વસ્ત્રો શોભા રૂપ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે, સંસારીઓનો ટાપટીપ રૂપ શણગાર એ સાધુઓ માટે અશોભનીય બને છે. તેમ સાધુઓનો મલિનવસ્ત્રાદિધારણ રૂપ શણગાર એ ગૃહસ્થો માટે અશોભનીય છે. તેથી ગૃહસ્થોએ સ્વચ્છ અને સુઘડ વસ્ત્રો પરિધાન કરવા જોઈએ.

**अंबरस - अम्बरस ( न. )**

(આકાશ)

**अंबरि ( री ) स - अम्बरि ( री ) ष ( पुं., न. )**

(કઢાઈ-કડાઈ, ભુંજવાનું-શેકવાનું મોટું પાત્ર ૨. લુહારની ભઠ્ઠી ૩. કોષ્ઠક)

જેમ સોનાને શુદ્ધ કરવા માટે તેને તપાવવું અત્યંત આવશ્યક છે તેમ મનુષ્યને પણ દુઃખો અને તકલીફોને સહન કર્યા વગર સત્ય માર્ગની પ્રાપ્તિ થતી નથી. સત્યમાર્ગની શોધ વગર આત્મિક આરાધનાઓ વાસ્તવિક ફળવાળી બનતી નથી.

**अंबरि ( री ) स - अम्बरि ( री ) ष ( पुं. )**

(લુહારના કોઢની ભઠ્ઠી ૨. કઢાઈ ૩. કોઠાર)

**अंबरि ( री ) स ( सि ) - अम्बरिष ( रीष ) ऋषि ( र्षि ) ( पुं. )**

(પરમાધાર્મિક દેવોની એક જાતિ, જે નારકીના શરીરના અનેક ટુકડા કરી ભઠ્ઠીમાં પકાવે છે)

આ જન્મમાં વિવિધ પ્રકારના ઉગ્રપાપો કરવાથી જીવ મરીને નરકમાં ઉત્પન્ન થાય છે. આ નારકી જીવોને પરમાધાર્મિક દેવો અનેક પ્રકારે ત્રાસ આપે છે. જેમાં અંબરિષ દેવો નારકીઓને ખડ્ગ આદિ વડે હણે છે. શસ્ત્રાઘાતથી મૂર્છિત થયેલા તેઓના શરીરના અનેક ટુકડા કરી ભઠ્ઠીમાં પકાવવા દ્વારા અત્યંત ત્રાસ આપે છે.

**अंबरिसि - अम्बऋषि ( र्षि ) ( पुं. )**
(માલુકી પત્ની અને નિમ્બ નામક પુત્રવાળો ઉજ્જયિની નગરીનો નિવાસી એક બ્રાહ્મણ ૨. અંબઋષિ)
**अंबवण - आम्रवण ( न. )**
(આંબાની બહુલતાવાળું વન, આંબાવાડીયું)
શ્રી નેમિનાથ પ્રભુ પોતાના લગ્ન નિમિત્તે પશુઓની હિંસાના પ્રસંગે વૈરાગ્યવાસિત થઈ પ્રવ્રજ્યા લેવા ગિરનારમાં જાય છે. રૈવતગિરિની તળેટીના આંબાઓની બહુલતાવાળા સહસ્રામ્રવનમાં જઈ પંચમુષ્ટિ લોચ કરવાપૂર્વક દીક્ષા અંગીકાર કરે છે. ગિરનાર મહાતીર્થે નેમનાથ પ્રભુના દીક્ષા, કેવળ અને નિર્વાણ આમ ત્રણ કલ્યાણકો થયા છે.
**अंबसमाण - अम्लसमान ( पुं. )**
(તકલીફદાયક દુર્વચનો, ખાટા વચન)
એ સત્ય વાત છે કે, કઠોર વચનોથી સામેવાળાને હાડોહાડ લાગી આવે છે. હિતકારી એવા પણ કટુ વચનો મનને અપ્રીતિ ઉપજાવનાર બને છે. શસ્ત્ર દ્વારા શરીર ઉપર થયેલો ઘા હજી જલદી રુઝાઈ જાય છે પરંતુ, દુર્વચનોના કારણે મનમાં થતો ઘા કેમેય કરીને રુઝાતો નથી. માટે હે જીવ ! જેમ તને પ્રિય વચનો સાંભળવા ગમે છે તેમ તું અન્યને માટે પણ સમજ.
**अंबसालवण - आम्रशालवन ( न. )**
(આમલકપ્પા નગરીના ઈશાન ખૂણે આવેલું શાલિ અને આંબાની બહુલતાવાળું વન ૨. તે નામક ચૈત્ય)
**अंबहुंडि - अम्बहुण्डि ( स्त्री. )**
(દેવી વિશેષ)
**अंबा - अम्बा ( स्त्री. )**
(માતા ૨. ભગવાન નેમિનાથના શાસનના અધિષ્ઠાયિકા દેવી ૩. વેલડી વિશેષ ૪. કાશીરાજની એક કન્યા)
પ્રવચન સારોદ્ધારમાં કરેલ વર્ણન અનુસાર અંબિકાદેવી સુવર્ણના જેવી કાંતિથી શોભાયમાન છે, સિંહની સવારી કરનારાં છે ચાર ભુજાવાળી આ દેવીના જમણા બે હાથમાં પાશ અને આમ્રલુંબ તથા ડાબા બે હાથમાં પુત્ર તથા અંકુશ છે. અંબિકાદેવી નેમિનાથ ભગવાનના શાસનાધિષ્ઠાયિકા દેવી છે.
**अंबाजक्ख - अम्बायक्ष ( पुं. )**
(યક્ષ વિશેષ)
**अंबाडग - आम्रातक ( पुं. )**
(એક જાતનું વૃક્ષ-આમ્ડું ૨. તેનું ફળ ૩. કેરીનો સુકાવેલો રસ, કેરીના રસને સુકાવીને બનાવેલો પદાર્થ)
**अंबाडिय - आम्लित ( त्रि. )**
(તિરસ્કૃત, ખાટા રસવાળા પદાર્થની જેમ તિરસ્કારના કારણે સંબંધોમાં ખટાશ આવે તે)
પોતાની અનેક ભૂલોને છાવરીને પોતાની જાતને અત્યંત પ્રેમ કરનારા આપણે બીજાની સામાન્ય ભૂલોને પણ નજર-અંદાજ કરી તેની સાથે પ્રેમપૂર્વકનો વ્યવહાર રાખીએ છીએ ખરા ? જો ના, તો વિચારજો આપણે કેટલા ધાર્મિક કહેવાઈએ.
**अंबातव - अम्बातपस् ( न. )**
(અંબા દેવીને ઉદ્દેશીને કરાયેલ તપ, લૌકિક તપનો પ્રકાર, અંબાતપ)
ઇહલૌકિક ફળની ઈચ્છાથી બાવીસમા તીર્થંકરના શાસન અધિષ્ઠાયિકા અંબિકાદેવીને ઉદ્દેશીને પાંચ વખત પાંચમના દિવસે એકાસણું આદિ કરીને તપ-જપ-ક્રિયા કરવી તે અંબાતપ કહેવાય છે.
**अंबावल्ली - अम्लवल्ली ( स्त्री. )**
(ખાટા રસવાળી વેલડી ૨. પર્ણિકા નામક કંદનો એક ભેદ, વલ્લી વિશેષ)

**अंबिआ ( या ) - अम्बिका ( स्त्री. )**
(માતા ૨. દુર્ગા ૩. નેમિનાથ ભગવાનના શાસનાધિષ્ઠાયિકા દેવી ૪. પાંચમા વાસુદેવના માતા)
પ્રાચીન મથુરાનગરીમાં તથા ભરૂચનગરની પાસે પણ અંબિકા દેવીની મૂર્તિઓ હતી એમ જિનપ્રભસૂરિજી રચિત વિવિધ તીર્થકલ્પમાં ઉલ્લેખિત છે. અંબિકાદેવી પ્રસિદ્ધ ગિરનાર મહાતીર્થના રક્ષક અને ભક્તોના વાંછિત આપનારા છે.

**अंबियासमय - अम्बिकासमय ( पुं. )**
(ગિરનાર પર્વત ઉપરનું એક તીર્થ સ્થાન)
ગિરનારને પ્રાયઃ શાશ્વત બતાવાયો છે. આવતી ચોવીસીના સર્વતીર્થંકરો ગિરનાર તીર્થથી મોક્ષ પામશે. આ ગિરિરાજ પર શ્રીનેમિનાથ પ્રભુના શાસનદેવી શ્રીઅંબિકામાતાની ઊંચી ટૂંક આવેલી છે. જે અંબાજીની ટૂંક તરીકે ઓળખાય છે.

**अंबिणी - अम्बिनी ( स्त्री. )**
(કોટીનારનગરના સોમ બ્રાહ્મણની પત્નીનું નામ)

**अंबिल - अम्बिल, अम्ल, आम्ल ( पुं. )**
(ખટાશ, ખાટો રસ ૨. ખટાશવાળું, ખાટું ૩. કાંજી ૪. સૌવીર-કાંજી વિશેષ ૫. છાશનું પાણી-આછ)
આયુર્વેદના મતે ખાટો રસ અગ્નિનું દીપન કરનાર, શોક, પિત્ત અને કફને વધારનાર, આહારનો પાચક, ભોજનને વિષે રુચિ કરાવનાર અને વાયુને હરનાર કહ્યો છે. સાથે સાથે રસાયણ-પાકના સેવનવિધિમાં સર્વથા ત્યાજ્ય બતાવ્યો છે.

**अंबिलणाम - अम्बिलनामन् ( न. )**
(રસ નામકર્મ, નામકર્મનો એક ભેદ, જેના ઉદયથી જીવને અમ્લરસવાળું શરીર મળે છે)
આ નામકર્મની પ્રકૃતિનો એક ભેદ છે. તેના ઉદયથી વ્યક્તિના શરીરનો પરસેવો આંબલી અથવા લીંબુ વગેરે ખાટા પદાર્થોની જેમ ખટાશના ગંધવાળો અને સ્વાદ પણ ખાટો હોય છે. જગતમાં નામકર્મની વિચિત્રતા સૌથી વધુ દેખાય છે.

**अंबिलरस - अम्लरस ( पुं. )**
(ખાટો રસ, ખટાશ)

**अंबिलरसपरिणय - अम्बिलरसपरिणत ( पुं. )**
(અમ્લવેતસ વૃક્ષ વગેરેની જેમ ખટાશને પામેલો પુદ્ગલ-પદાર્થ)

**अंबिलिआ - अम्लिका ( स्त्री. )**
(આંબલી, આંબલીનું ફળ)
રાજનિઘંટુ વગેરે ગ્રંથોમાં આંબલીના પ્રકારોમાં ૧. કાતરાવાળી ૨. પાંદડાવાળી ૩. સફેદ આંબલી ૪. ક્ષુદ્ર આંબલી આમ ચાર પ્રકાર વર્ણવેલા છે. આંબલીના વૃક્ષ નીચે વાસ કરવાનો નિષેધ કરેલો છે. કારણ કે તેની છાયા વાયુના રોગને વધારનારી કહી છે.

**अंबिलोदग - अम्लोदक ( न. )**
(કાંજી જેવું સ્વભાવથી જ અત્યંત ખાટું પાણી)

**अंबुणाह - अम्बुनाथ ( पुं. )**
(સમુદ્ર)
તિર્છાલોકમાં સૌથી મોટો સમુદ્ર સ્વયંભૂરમણ સમુદ્ર છે. જેનો વિસ્તાર અસંખ્ય યોજનનો બતાવેલો છે. તેમજ તે પૃથ્વીનો છેલ્લો સમુદ્ર છે. સમુદ્રની શોભા ગંભીરતાને ધારણ કરવામાં છે તેમ સજ્જનોની શોભા વિવેકને ધારણ કરવામાં છે.

**अंबुत्थंभ - अम्बुस्तम्भ ( पुं. )**
(પાણીને રોકવાની એક કળા, ૬૪ કળાઓમાંનો ૧૩ મો પ્રકાર)
ગમે તેવા પાણીના પ્રવાહને રોકવા માટે જળસ્તંભિની વિદ્યા સમર્થ બને છે. તેમ ચારિત્રશીલ વ્યક્તિના સચ્ચારિત્રના પ્રભાવથી પણ જળ થંભી જતું હોય છે. તેમજ ૬૪ કળાઓમાં પણ અંબુસ્તંભ નામક જળસ્થંભન કરનારી એક કળા ગણી છે.

**अंबुभक्खि ( ण् ) - अम्बुभक्षिन् ( पुं. )**
(પાણી ઉપર જીવનાર વાનપ્રસ્થાશ્રમનો ભેદ વિશેષ)
જૈન શાસનમાં ઘણા તપસ્વીઓ માત્ર ઊકાળેલા પાણીના સહારે બીજું કાંઈપણ ગ્રહણ કર્યા વગર માસક્ષમણાદિ તપ કરતા હોય છે. કોઈ કોઈ આરાધકો પાણીનો પણ ત્યાગ કરીને ઉપવાસ-છઠ્ઠ-અઠ્ઠમ-અઠ્ઠાઈ વગેરે તપ કરતા હોય છે. ધન્ય છે આવા મહાન તપસ્વીઓને !

**अंबुवासि ( न् ) - अम्बुवासिन् ( पुं. )**
(જલ પ્રધાન પ્રદેશમાં રહેનાર ૨. પાટલાવૃક્ષ ૩. પાણીમાં રહેનાર કોઈપણ પદાર્થ ૪. વાનપ્રસ્થાશ્રમનો ભેદ વિશેષ)
ચારે કોર જ્યાં પાણી જ પાણી હોય તેવા ટાપુઓ તથા ચેરાપુંજી જેવા પ્રદેશો કે જ્યાં અત્યંત અધિક પાણી વરસે છે તેવી જગ્યાએ જીવોત્પત્તિ પ્રચુર માત્રામાં હોય છે. માટે ત્યાં રહેનારા ધર્મીને જીવદયાનું પાલન કરવું દુષ્કર બને છે.

**अंभ - अम्भस् ( न. )**
(પાણી, જળ)
જલ અને સંતો બંનેમાં એક સમાનતા છે. જેમ થાકેલા લોકોને પાણી સ્ફૂર્તિ પ્રદાન કરે છે તેમ સંતો પણ વ્યાવહારિક દુનિયાના આધિ-વ્યાધિ-ઉપાધિથી ત્રસ્ત લોકોને સત્યમાર્ગની સમજણ દ્વારા નૂતન ચેતના પ્રદાન કરે છે.

**अंस - अंश ( स ) ( पुं. )**
(ભાગ, વિભાગ, અવયવ ૨. પર્યાય, ધર્મ ૩. ભેદ, વિકલ્પ ૪. સ્કંધ)
વ્યક્તિમાં જેટલી અપૂર્ણતા હોય છે તેટલી વધુ તેની વૃત્તિઓ ઉછાળા મારે છે. પરંતુ જેમ-જેમ વ્યક્તિમાં પૂર્ણતા આવતી જાય છે, પદાર્થની યથાર્થતાની સમજણ વિકસિત થતી જાય છે તેમ-તેમ તેનામાં ગાંભીર્ય વધતું જાય છે. 'અધૂરો ઘડો છલકાય ઘણો' આ કહેવત પણ તે રહસ્યને ઉજાગર કરે છે.

**अंस ( सा ) गय - अंश ( स ) गत ( त्रि. )**
(સ્કંધના દેશ-એક ભાગને વિષે રહેલું, ખભા ઉપર રહેલું)

**अंसलग - अंश ( पुं. )**
(સ્કંધ, ખભો)
કોઈ એકાદ દુર્ગુણ પણ સજ્જન માણસના વ્યક્તિત્વને ઘણી વખત ઝાંખુ કરી નાખે છે. કરોડોમાં જેનું મૂલ્ય આંકી શકાય તેવો હીરો પણ નાનકડી અશુદ્ધિને કારણે કોડીનો થઈ જાય છે.

**अंसि - अस्त्रि ( स्त्री. )**
(ખૂણો)
મનના ખૂણે ખાંચરે રહેલો નાનો સરખો દુર્ગુણ પણ ક્યારેક મોટી હોનારત સર્જી શકે છે. માટે દુર્ગુણ રૂપી દુશ્મનને ઊગતા જ ડામી દેવો જોઈએ. અર્થાત્ જીવનમાં ઘુસેલા નાનકડા દુર્ગુણની પણ ઉપેક્ષા ન કરતાં તેને પ્રયત્નપૂર્વક ત્યજી દેવો જોઈએ.

**अंसिया - अंशिका ( स्त्री. )**
(ભાગ, અંશ, હિસ્સો)

**★अर्शस् ( न. )**
(હરસનો રોગ, હરસ-મસા)

**अंसु - अंशु ( पुं. )**
(કિરણ ૨. સૂત્ર ૩. સૂક્ષ્માંશ ૪. પ્રભા ૫. વેગ ૬. પ્રકાશ)
દીવાનો નાનકડો પ્રકાશ પણ નિબિડ રાત્રિના ગાઢ અંધકારને ભેદી નાખે છે તેમ વ્યક્તિના જીવનમાં પાંગરેલો નાનકડો સદ્ગુણ પણ તેના જીવનને અજવાળી દે છે. ખૂંખાર ડાકુઓના સરદાર વંકચૂલે લીધેલી પ્રતિજ્ઞાઓ સામાન્ય હતી છતાં અનેક કષ્ટોથી

બચાવનારી અને સ્વ-પર હિતકારી નિવડી હતી.

**★अश्रु ( न. )**

(આંસુ, નેત્રજળ)

હે પરમાત્મન્ ! દરેક ઠેકાણે મેં અન્યને વિષે દોષદૃષ્ટિ જ કેળવી. અન્યના દોષ જ મને સૌથી પ્રથમ દેખાયા અને જાણે-અજાણે આ દોષ દેખવાની વૃત્તિ એટલી તો પ્રબળ બનતી ગઇ કે જેમ માખી બગીચાના ગુલાબ વિગેરે સુગંધિત ફૂલોને છોડીને માત્ર ગંદવાડ ઉપર જ જાય તેમ સદ્ગુણીને છોડીને મારું મન દુર્જનોમાં મશગુલ બન્યું. પરંતુ જ્યારે મારી દૃષ્ટિ સ્વ તરફ વળી ત્યારે અન્યના માત્ર દોષોને જ જોવાની કુટેવવાળો હું રડી પડ્યો.

**अंसुय - अंशुक ( न. )**

(ચીનદેશમાં બનેલું રેશમી વસ્ત્ર, ચીનાઈ હીર ૨. વસ્ત્ર વિશેષ ૩. પત્ર-પાંદડું)

મંત્રજાપ તથા પરમાત્માની પૂજાદિ કરવાના વિશિષ્ટ વિધિ-વિધાનોમાં ચીનાંશુક અર્થાત્, રેશમી વસ્ત્રો પરિધાન કરવાના ઉલ્લેખો શાસ્ત્રગ્રંથોમાં ઉપલબ્ધ થાય છે. રેશમના વસ્ત્રોને મનની પવિત્રતા લાવવામાં સહાયક અને ભાવોલ્લાસને વધારનારા બતાવ્યા છે.

**अंसोवसत्त - अंसोपसक्त ( त्रि. )**

(ખભા પર રહેલું, ખભે લાગેલું)

દીક્ષા સમયે ઇન્દ્ર દ્વારા ખભા પર નાખવામાં આવેલા દેવદૂષ્યને પણ પરમાત્માએ ગરીબ બ્રાહ્મણને દાનમાં આપી દઇને જગતને સંદેશો પાઠવ્યો છે કે, તમારી પાસે રહેલી સંપત્તિમાં બીજાઓનો પણ ભાગ છે. માટે સ્વાર્થી બનીને માત્ર પોતાનો વિચાર ન કરતાં તમારા આશ્રિતોનો પણ વિચાર કરજો !

**अकइ ( ति ) - अकत्ति ( त्रि. )**

(સંખ્યામાં કે ગણતરીમાં ન આવે તેટલું, અસંખ્યાત કે અનંત)

આગમોમાં અસંખ્યાત અને અનંત એમ બે પ્રકારના માપ કહેવામાં આવેલા છે. શબ્દની રીતે જોઇએ તો અસંખ્યાતા એટલે જેની સંખ્યા માપી ન શકાય તે અસંખ્યાત અને જેના માપનો અંત ન આવી શકે તે અનંત. તેમ છતાં કેવલી ભગવંતો એનું માપ જાણે છે. આપણા જેવા સામાન્ય વ્યક્તિઓની સમજમાં આવે તે માટે તેની વ્યાખ્યા અસંખ્યાત અને અનંત તરીકે કહેવાઈ છે.

**अकइ ( ति ) संचिय - अकतिसञ्चित ( पुं. )**

(એક સમયે અસંખ્યાત કે અનંત સંખ્યામાં ઉત્પન્ન થતાં નારકી આદિના જીવ)

એક જ સ્થાને એક જ સમયે જ્યાં આગળ અનંતા જીવોની ઉત્પત્તિ છે એવી નિગોદમાં આપણે અનંતી વખત જન્મ-મરણ કરીને આવ્યા છીએ અને ભવિષ્યમાં અંતિમ લક્ષ્યરૂપ મોક્ષમાં પણ અનંતા જીવો સાથે રહેવાનું છે. તો પછી વર્તમાનમાં સંયુક્ત પરિવારમાં સાથે રહેવામાં કચવાટ શા માટે ?

**अकंटग - अकण्टक ( त्रि. )**

(કાંટારહિત ૨. પાષાણાદિ દ્રવ્ય કંટકરહિત)

જ્યાં પૂજ્યોની પૂજાનો અનાદર થાય છે ત્યાં વિઘ્નો હંમેશાં નિવાસ કરતા આવે છે. આથી જે પુરુષે સદ્વિચારોથી પોતાના મનને પવિત્ર કર્યું છે, સદ્વર્તનથી માતા-પિતાની સેવા કરી છે અને સદ્ભાવથી દેવ-ગુરુને પૂજ્યા છે તેમનો માર્ગ હંમેશાં નિષ્કંટક બન્યો છે.

**अकंड - अकाण्ड ( न. )**

(અનવસર, અચાનક, અકાળ)

કુટુંબ આદિના ભરણપોષણ માટે પૈસા કમાવવાની લ્હાયમાં ને લ્હાયમાં પોતાના આત્મકલ્યાણને ભૂલી જનારાઓને શાસ્ત્રકારો કહે છે કે, તમારા આત્મહિતને એક ઘડી પણ ભવિષ્ય પર છોડશો નહીં. કેમકે આવનારો કાળ વિઘ્નોથી ભરેલો છે. ક્યારે, કયા સમયે અચાનક યમરાજની સવારી આવી જશે તે ખબર પણ નહીં પડે. માટે જે કરવું છે તે અત્યારે જ, આ સમયે જ કરી લો. રખેને કાલ પર છોડતા.

**अकंडूयग - अकण्डूयक ( पुं. )**

(અભિગ્રહવિશેષધારી સાધુ, શરીરમાં ચળ આવે તો પણ નહીં ખંજવાળનાર-મુનિ)

એકમાત્ર કર્મક્ષયના હેતુથી ચારિત્રની આરાધના કરનારા સાધુ ભગવંતો વિવિધ પ્રકારના અભિગ્રહો ધારણ કરતા હોય છે. જેની વાતો જુદા-જુદા શાસ્ત્રોમાં મળે છે. તેમાં એક પ્રકાર અકંડૂયનો આવે છે. કર્મ છે તો શરીર છે અને શરીર છે તો તેમાં રોગ, ખંજવાળ વગેરે સંભવી શકે છે. પરંતુ કેટલાક સાધુઓને એવો અભિગ્રહ હોય છે કે શરીરમાં ગમે તેવી ખંજવાળ આવે તો પણ શરીર ખંજવાળવું નહીં. આવા અભિગ્રહધારી સાધુને અકંડૂયક કહેવામાં આવે છે. બેશક સાંસારિક ભોગ-સુખો પણ ખંજવાળ સરખા છે.

**अकंत - अकान्त ( त्रि. )**

(અસુંદર, સૌંદર્ય વિનાનું, કાન્તિરહિત)

**अकंततर - अकान्ततर ( त्रि. )**

(અતિ અસુંદર, ઘણું અણગમતું)

શાસ્ત્રમાં આઠ પ્રકારના મદ બતાવ્યા છે. તેમાંનો એક મદ છે રૂપનો અહંકાર. કેટલાક જીવો પૂર્વના કોઈ પુણ્યોદયે મળેલા રૂપથી એટલા બધા અભિમાની બની જાય છે કે બીજાઓની નિંદા અને હાંસી કરતા હોય છે. એવા રૂપાભિમાનીઓ સાવધાન ! જગતમાં કોઈ વસ્તુ શાશ્વત નથી. રૂપ પણ નાશવંત છે ક્યારે ચાલ્યું જશે તેની ખબર પણ નહીં પડે. બુઢ્ઢા અભિનેતાઓ આનું પ્રત્યક્ષ ઉદાહરણ છે.

**अकंतता - अकान्तता ( स्त्री. )**

(અસુંદરતા, અશોભનીયપણું)

જગત આખું બાહ્ય સૌંદર્ય પાછળ પાગલ છે. પરંતુ ખરી સુંદરતા તો આંતરિક ગુણવૈભવમાં છુપાયેલી છે. માત્ર બાહ્ય સુંદરતા તે વાસ્તવમાં સુંદરતા નથી પણ તેની સાથે જે આંતરિક ગુણોના સમૂહથી શોભે છે તે જ સુંદર છે. બાકી તાત્ત્વિક રીતે તો સુંદર-અસુંદર જેવું કશું છે જ નહીં. પરમાત્માએ તો કહ્યું છે કે, પદાર્થમાત્ર પોતાના સ્વરૂપે રહેલો છે. સારું-ખરાબ જેવું કશું જ નથી.

**अकंतदुक्ख - अकान्तदुःख ( त्रि. )**

(અનિચ્છિત દુઃખવાળો, દુઃખદ્વેષી)

પરમાત્માનું વચન છે કે, જે જીવ મનુષ્યભવમાં જિનધર્મ જાણવા છતાં પણ આવેલા દુઃખોને ઈચ્છાથી સમતાપૂર્વક સહન કરતો નથી તેને કર્મના પ્રભાવે તિર્યંચ કે નરક યોનિમાં અનિચ્છાએ પણ દુઃખો સહન કરવા પડે છે. ફરક માત્ર એટલો જ છે કે, અહીં સમતાથી દુઃખો સહન કરવાથી કર્મોનો ક્ષય થાય છે, જ્યારે તિર્યંચાદિ ગતિમાં આર્તધ્યાનપૂર્વક સહન કરેલા દુઃખ બીજા નવા કર્મો બંધાવે છે. નક્કી તમારે કરવાનું છે કે, આવેલા દુઃખો કેવી રીતે સહન કરવા છે.

**अकंतस्सर - अकान्तस्वर ( त्रि. )**

(અપ્રિય સ્વર, કઠોર વાણી)

કર્કશ સ્વરવાળા હજારો ગર્દભો મળીને પણ એક કોયલના સ્વરની તુલના કરી શકતા નથી. તેમ હજારો દુર્જનો ભેગા મળીને પણ સજ્જનોના એક નાનકડા ગુણની તોલે આવી શકે તેમ નથી. '**एकश्चन्द्र तमो हन्ति न च तारागणापि च**' આ ઉક્તિનો ભાવાર્થ પણ આ જ છે.

**अकंदप्पि ( न् ) - अकन्दर्पिन् ( त्रि. )**

(કામનું ઉદ્દીપન થાય તેવા વચનાદિથી રહિત)

પરાણે પળાવવામાં આવતા બ્રહ્મચર્યના પ્રતાપે જો ચક્રવર્તીનો ઘોડો આઠમા દેવલોકમાં દેવ બની શકે છે તો જેણે જિનદેવની આજ્ઞામાં રહીને કામદેવને પરાસ્ત કર્યો છે તેવા ઇન્દ્રિયવિજેતાનો તો મોક્ષ નિશ્ચિત જ છે.

**अकंप - अकम्प ( त्रि. )**

(નિષ્કંપ, અચલ, ક્ષોભરહિત)

કદાચ મેરુ પર્વત ચલાયમાન થાય, નદીનો પ્રવાહ પોતાની દિશા બદલી લે, સૂર્ય પશ્ચિમમાંથી ઉગી શકે પરંતુ, જેમણે વાયુ જેવા મનને, ઇન્દ્રિયો રૂપી અશ્વોને અને અસ્ખલિત વહેતા પ્રવાહ જેવી અસંબદ્ધ વાણીને તપ અને સંયમથી પોતાના વશમાં કર્યા છે તેવા મહાપુરુષોને દેવો પણ ચલાયમાન કરી શકતા નથી. એવા ધન્યાત્માઓને મારા પ્રતિદિન કોટી કોટી વંદન હો !

**अकंपिय - अकम्पित ( पुं. )**

(ભગવાન મહાવીરના આઠમા ગણધરનું નામ)

જન્મે બ્રાહ્મણ, નામે અકંપિત. તેઓ જ્યારે ભગવાન સાથે વાદ કરવા આવ્યા ત્યારે તેમના મનમાં નારક છે કે નહીં તે સંબંધી શંકા હતી. પરમાત્મા મહાવીરદેવે પોતાના કેવલજ્ઞાનથી તેમના મનનું સમાધાન કર્યું અને તેઓ પોતાના શિષ્યો સહિત ભગવાન પાસે પ્રવ્રજ્યા ગ્રહણ કરી સૌના વંદનીય ગણધરપદને પામી સ્વ-પર કલ્યાણકારી બન્યા.

**अकक्कसभासा - अकर्कशभाषा ( स्त्री. )**

(માત્સર્ય રહિત વચન, મૃદુ ભાષા)

યોગશાસ્ત્રમાં સત્ય ભાષાની વ્યાખ્યા કરતા લખ્યું છે કે, જે સાંભળવામાં પ્રિય હોય, હિતકારી હોય અને જેમાં કોઇ વિશિષ્ટ તથ્ય રહેલું હોય તેવી ભાષા સત્ય છે. પરંતુ સામેવાળાને સાંભળવામાં કટુ હોય તેવી સત્ય ભાષા પણ અસત્ય છે. આથી જ તો ભગવાને કહ્યું છે કે હે શ્રમણો ! તમારી વાણીથી કોઈને ઠેશ પહોંચે તેમ હોય તો મૌન રહેવાનું પસંદ કરજો પરંતુ, કોઈના દિલને દુભવશો નહીં. જૈન કહેવાતાં આપણે આ વાતનું કેટલું પાલન કરીએ છીએ ?

**अकक्कसवेयणिज्ज - अकर्कशवेदनीय ( न. )**

(શાતાવેદનીય કર્મ, સુખવેદનીય કર્મ)

શાતાવેદનીય એટલે જે કર્મના ઉદયકાળે સુખનો અનુભવ થાય તે. આ કર્મ અહિંસા ધર્મના પાલનથી બંધાય છે. દશવૈકાલિકસૂત્રમાં પણ લખેલું છે કે જે જીવ ખાતા, પીતા, ઊઠતા, બેસતા, ચાલતા જીવદયાનું પાલન કરે છે તે જીવ શાતાવેદનીય કર્મનો બંધ કરે છે અને ભરતચક્રવર્તી વગેરેની જેમ માત્ર સુખનો ભોક્તા બને છે. આ સંસારમાં કોઈ એવો જીવ નથી જેને સુખ ન જોઇતું હોય.

**अकज्ज - अकार्य ( न. )**

(અકાર્ય, ન કરવા યોગ્ય કાર્ય, અઘટિત કાર્ય, અનુચિત કાર્ય, નિષિદ્ધ કાર્ય)

જૈન શાસનને વરેલા શ્રાવકો વ્યાપારની દૃષ્ટિએ અનર્થદંડ જેવા અનુચિત કાર્ય કે પંદર કર્માદાનના કાર્યો ન કરે. પરંતુ અલ્પકર્મબંધ હોય તેવા વ્યાપાર રોજગારને પસંદ કરે. આજે તો કર્માદાનના વ્યાપારો જાણતાં અજાણતાં થઈ રહ્યા છે. જો સંસારને ઘટાડવો હોય તો સત્વરે શ્રાવકત્વને લાંછન લગાડનારા આવા અકાર્યોનો સમજણ સાથે ત્યાગ કરી ભારે કર્મોપાદાનથી બચતા રહેવું જોઈએ.

**अकज्जमाण - अक्रियमाण ( त्रि. )**

(વર્તમાનકાળે નહીં કરાતું, વર્તમાનમાં ન કરાતું)

આપણે મન-વચન-કાયાનો વ્યાપાર તો ઘણો બધો કરીએ છીએ પણ આપણા પૂર્વજો જેમ સાત ક્ષેત્રોમાં પોતાનું સર્વસ્વ સમર્પિત કરતા હતા તે સત્ક્રિયા આપણે વર્તમાનમાં નહીં કરીએ તો સ્વ-પર ઉપકારક પુણ્યબીજ ક્યાંથી પ્રાપ્ત થશે.

**अकज्जमाणकड - अक्रियमाणकृत ( त्रि. )**

(વર્તમાનકાળ અને ભૂતકાળની ક્રિયા વડે નહીં બનેલું)

**अकट्ठ - अकाष्ठ ( त्रि. )**

(કાષ્ઠરહિત, ઈંધણ વગરનો)

તણખલાનો અગ્નિ અલ્પસમય સુધી જ રહે છે, તો લાકડાનો અગ્નિ તેથી વધુ લાંબા સમય સુધી રહે છે. જ્યારે નિંભાડાનો અગ્નિ બહુ લાંબા વખત સુધી યાવત્ દિવસોના દિવસો સુધી સળગતો રહે છે. તેમ જ્ઞાનીઓ કહે છે કે અનન્તાનુબંધી કષાય ચિરકાળ પર્યંત આત્મા સાથે રહી આત્માનું જ ભૂંડું કરતો રહે છે. દુશ્મનને જો ઘરમાં રાખો તો હાલ બેહાલ જ થાય ને !

**अकड - अकृत ( त्रि. )**

(અકૃત, નહીં કરેલું)

ઉત્તરાધ્યયનસૂત્રના પ્રથમ અધ્યયનમાં આ શબ્દનો પ્રયોગ સાધ્વાચારને ઉદ્દેશીને કહેવાયો છે કે **'कडं कडित्ति य भासिज्जा, अकडं नो कडित्ति य'** અર્થાત્ સાધુ ભગવંત જે કરેલું હોય તેને જ કર્યું તેમ કહે પણ ન કરેલું હોય તો કર્યું તેમ ન બોલે. વિચારજો કે, આપણા સાધુ ભગવંતોની ભાષાસમિતિનો ઉપયોગ કેટલો બધો સૂક્ષ્માર્થગ્રાહી અને આત્મપરિણતિથી પરિણત થયેલો હોય છે.

**अकडजोगि ( न् ) - अकृतयोगिन् ( पुं. )**

(યતનાપૂર્વક યોગને નહીં આચરનાર, અકૃતયોગી, અગીતાર્થ)

યતનાનો એક અર્થ થાય છે ઉપયોગ. જ્ઞાનયોગ હોય, દર્શનયોગ હોય કે પછી ચારિત્રયોગ હોય તે સાચા અર્થમાં યોગ ત્યારે જ બને છે જ્યારે તેમાં ઉપયોગ ભળેલો હોય. અન્યથા, તે યોગ અયોગ બની જાય છે અને સાધ્યફળને અપાવનાર બનતા નથી. જે શ્રાવક કે શ્રમણ યતનાપૂર્વક યોગોનું આચરણ નથી કરતો શાસ્ત્રમાં તેને અકૃતયોગી કહેલો છે.

**अकडपायच्छित्त - अकृतप्रायश्चित्त ( त्रि. )**

(જેણે પ્રાયશ્ચિત્ત નથી કર્યું તે, આલોચના નહીં લીધેલો)

ભવભીરૂ આત્મા હંમેશાં આત્મલક્ષી હોય છે. તેના આચાર-વિચારો સામાન્ય લોકો કરતાં વિશુદ્ધ હોય છે. તેઓ જીવનમાં જાણતા અજાણતા થતા મન-વચન-કાયાના દુષ્કૃત્યો અર્થે આત્મભાવે પ્રાયશ્ચિત્ત લઈ શુદ્ધિ કરી લેતા હોય છે. જેમને આત્માર્થી બનવું હોય તેમણે તો મનથી ઋજુતા રાખી પ્રાયશ્ચિત્તાદિ વડે પરિશુદ્ધિ રાખવી અત્યન્ત જરૂરી છે.

**अकडसामायारि - अकृतसामाचारि ( पुं. )**

(ઉપસંપદ્ અને મંડલી એ બે સામાચારીને નહીં આચરનાર)

શ્રમણ ભગવંતોના આચારને લગતો આ શબ્દ છે. બૃહત્કલ્પસૂત્રના ત્રીજા ઉદ્દેશામાં આનો અધિકાર આવે છે. ઉપસંપદા અને માંડલી એમ બે પ્રકારની સામાચારીનું અવિતથ પાલન ન કરનારને અકૃતસામાચારીક કહેવામાં આવે છે.

**अकढिण - अकठिन ( त्रि. )**

(કોમળ, કઠણ નહીં તે)

બહારથી કઠોર દેખાતા સાધુ-સંતો હૃદયથી અત્યન્ત કોમળ હોય છે. પોતાના માટે તેઓની ચર્યા ખૂબ જ કઠોર હોય છે. પણ બીજાઓ માટે માખણથી ય વધુ કુણી લાગણી ધરાવતા હોય છે. તેઓને મન કોઈ પારકું નથી પણ **'वसुधैव कुटुम्बकं'**ની ભાવનાવાળા હોય છે.

**अकण्ण - अकर्ण ( पुं. )**

(કર્ણરહિત ૨. તે નામનો એક અંતર્દ્વીપ ૩. અકર્ણદ્વીપમાં રહેનાર)

લવણસમુદ્રમાં સાતસો યોજન પછી આવતો અકર્ણ નામનો સત્તરમો આ અન્તરદ્વીપ સિંહમુખદ્વીપના નૈઋત્ય ખૂણામાં આવેલો છે. ત્યાં પણ મનુષ્યો વસે છે. અન્તરદ્વીપ એટલે ચોતરફ સમુદ્રથી ઘેરાયેલો ભૂખંડ. જૈન દર્શનોક્ત આવા કુલ છપ્પન દ્વીપો છે.

**अकण्णछिण्ण - अकर्णच्छिन्न, अच्छिन्नकर्ण ( त्रि. )**

(જેના કર્ણ છેદાયેલા નથી તે, અખંડ કાનવાળો ૨. જેણે શ્રવણ નથી કર્યું તે)

અખંડ કાનવાળો તેને કહીએ કે જે સાંભળીને સાર ગ્રહણ કરે. સત્શ્રવણ કર્યા પછી વિવેકને જાગ્રત કરે. જો શ્રવણેન્દ્રિયનો દુરુપયોગ કરવામાં આવ્યો તો ભવાન્તરમાં તે દુર્લભ બનશે. ઘણા લોકો જન્મથી બહેરા હોય છે તેમાં મૂળભૂત આવું જ કારણ સંભવે છે.આપણે બીજાને અપ્રિય લાગે તેવું ન બોલતાં વિવેકપૂર્વક કર્ણપ્રિય બોલવાની કળા શીખી લેવા જેવી છે.

**अकत्तण - अकर्त्तन ( त्रि. )**

(ઠીંગણું, ખર્વ ૨. છેદન કરનાર)

અતિ દીર્ઘ અને અતિ હ્રસ્વમાં અધિક સત્વ પ્રતિષ્ઠિત હોય છે તેવું નીતિવાક્ય છે. ઠીંગુજીમાં કરિશ્મા કરવાની કુદરતી કળા હોય છે. જેમ વેંતિયા મનુષ્યની શક્તિઓ. એજ પ્રમાણે અતિ દીર્ઘ વ્યક્તિમાં પણ કુદરતી રીતે કોઈક ને કોઈક વિશેષતા હોય છે. અતિ પ્રાચીન કાળમાં પાંચસો ધનુષ્યની કાયાવાળા મનુષ્યોની ભૂખ ચોખાના એક-બે દાણા જેટલા આહારથી સંતોષાઈ જતી હતી. છે ને વિસ્મયતા.

**अकत्तिम - अकृत्रिम ( त्रि. )**

(અકૃતિમ, સ્વભાવસિદ્ધ, કૃત્રિમભિન્ન)

કુદરતી રીતે બનેલા હવા-પાણી-પ્રકાશ-વનસ્પતિ જેવા પદાર્થો સ્વાભાવિક રીતે ઉપકારક હોય છે. પરંતુ સર્વપ્રાણીઓમાં શ્રેષ્ઠ એવા મનુષ્યે બનાવેલા કૃત્રિમ પદાર્થો સ્વ-પર માટે ઉપકારક કરતા અહિતકર વધુ સાબિત થયા છે. જેમકે આખી દુનિયાના વિનાશક આણ્વિક શસ્ત્રો અને પર્યાવરણના દુશ્મન બનેલા પ્લાસ્ટિક વગેરે. બેશક મનુષ્ય કરતાં કુદરતની નિર્મિતિ સર્વશ્રેષ્ઠ અને હિતકારક છે.

**अकप्प - अकल्प ( पुं. )**

(અકલ્પનીય, ખપે નહીં તેવું, અગ્રાહ્ય, અયોગ્ય, સાધુને ન કલ્પે તેવું, અકૃત્ય ૨. અવિધિએ ચરકાદિ દીક્ષા ૩. દર્પ વગેરે ૪. દૂષણ યોગ્ય ૫. અનાચાર ૬. અમર્યાદા, અનીતિ, અનુપદેશ ૭. અસ્થિતકલ્પ)

જેમ ગૃહસ્થોને અનીતિ અને અમર્યાદાને અકલ્પ્ય-ત્યાજ્ય ગણી છે તેમ સાધુ-સાધ્વીજીઓ માટે અકલ્પ્ય આહાર-વસ્ત્ર-પાત્રાદિને ત્યાજ્ય કહેલા છે. આ અંગે દશવૈકાલિકાદિસૂત્રોમાં સુંદર વિવેચન કરાયેલું છે. તેમાં શિક્ષક સ્થાપના અને અકલ્પ સ્થાપના એમ બે પ્રકારના અકલ્પ બતાવી વિસ્તૃત ચર્ચા કરેલી છે.

**अकप्पठावणाकप्प - अकल्पस्थापनाकल्प ( पुं. )**

(અનેષણીય વસ્ત્ર-પાત્ર-પિંડાદિ અકલ્પ્ય આચારનો ભેદ)

જેમ બાળકનું સંરક્ષણ અને સંવર્ધન કરવાનું ઉત્તરદાયિત્વ મા-બાપનું બને છે તેમ શ્રમણસંઘના પોષણ કરવાનું ઉત્તરદાયિત્વ શ્રાવકસંઘનું બને છે. સાધુજીતકલ્પસૂત્રમાં પૂજ્ય સાધુ-સાધ્વીજીના વસ્ત્ર,પાત્ર, આહારાદિ આચારોનું વિધાન કરવામાં આવેલું છે. શ્રાવકો-સદ્ગૃહસ્થોનું પણ એ કર્તવ્ય બને છે કે સાધુ-સાધ્વીજી, અતિથિઓને શું કલ્પે છે અને શું અકલ્પનીય છે ઇત્યાદિ તેમના સંયમમાં સહાયક આહારાદિનો પોતાના તરફથી કરવાનો વિવેક ગુરુમુખેથી ભલી-ભાંતિ જાણી લેવો જોઈએ.

**अकप्पट्ठिय - अकल्पस्थित ( पुं. )**

(અચેલકાદિ દશ પ્રકારના કલ્પ-મર્યાદાથી રહિત, વચ્ચેના ૨૨ તીર્થંકરોના સાધુ, ચારમહાવ્રતરૂપ યતિધર્મમાં સ્થિત)

અચેલ એટલે જીર્ણવસ્ત્રાદિને ધારણ કરવા ઇત્યાદિ દશ પ્રકારના આચારો. જે પ્રથમ અને અન્તિમ તીર્થંકરોના શાસનવર્તી શ્રમણ સંઘ માટે તીર્થંકરોએ વિહિત કરેલા છે. માટે તેઓ કલ્પસ્થિત કહેવાય છે. શેષ બાવીસ તીર્થંકરોના સાધુઓ માટે અચેલ વગેરે દશ પ્રકારના યતિધર્મનું પાલન ફરજિયાત નથી માટે તેઓને અકલ્પસ્થિત કહેવાય છે. અકલ્પસ્થિત એવા બાવીસ તીર્થંકરોના સાધુઓમાં જેને ઉદ્દેશીને બનાવેલા હોય તેને ન કલ્પે પરંતુ, અન્ય સર્વને કલ્પે. જ્યારે પહેલા ને છેલ્લા તીર્થંકરોના સાધુઓને પોતાના માટે બનાવેલા આહારાદિ તો ન કલ્પે પણ અકલ્પસ્થિતને ઉદ્દેશીને બનાવેલા પણ ન કલ્પે. શ્રમણો સંબંધિત કલ્પ-અકલ્પાદિ સાધ્વાચારોનું વિસ્તૃત વર્ણન આચારાંગસૂત્ર, જીતકલ્પસૂત્ર, વ્યવહારસૂત્ર, બૃહત્કલ્પસૂત્રાદિ આગમોમાં કરવામાં આવ્યું છે.

**अकप्पिय - अकल्पिक ( पुं. )**

(અગીતાર્થ, જેને શાસ્ત્રોનું પૂરેપૂરું જ્ઞાન નથી તેવો જૈન સાધુ ૨. અનેષણીય)

આગમોમાં સાધુઓને ઉદ્દેશીને કહેવામાં આવ્યું છે કે, જે શાસ્ત્રજ્ઞાનથી વિકલ છે અથવા અલ્પજ્ઞાની છે તેવા સાધુની નિશ્રામાં રહેવું ન કલ્પે. અર્થાત્ ઉત્સર્ગ-અપવાદના પરિજ્ઞાનથી રહિત ગમે તેવા સંયમી હોય તો પણ તેમની નિશ્રામાં સાધુએ ન રહેવું. પ્રભુની આ આજ્ઞા પરથી એટલું તો સ્પષ્ટ થાય છે કે જ્ઞાન અને જ્ઞાનીની જૈનશાસનમાં કેટલી મહત્તા છે. માટે જ કહેવાયું છે કે **'पढमं नाणं तओ दया'** અર્થાત્, પ્રથમ જ્ઞાનપ્રાપ્તિ પછી દયાપાલન. જ્ઞાન વગર જીવદયાનું પાલન ઇત્યાદિ દુઃશક્ય પ્રાયઃ બની જાય છે.

**★अकल्पित ( त्रि. )**

(અકલ્પિત, અયોગ્ય)

આચારાંગસૂત્રની નિર્યુક્તિમાં સાધુ-સાધ્વીઓને ન કલ્પે તેવા ચારેય પ્રકારના આહારાદિનું જેમ સુંદર માર્ગદર્શન કરવામાં આવ્યું છે તેમ શ્રાવકોએ કેવા પ્રકારના આહારાદિ ન બનાવવા જોઈએ તેનું પણ વર્ણન આગમગ્રંથોમાં કરવામાં આવ્યું છે. જેને ગૃહસ્થપણું સિદ્ધ કરવું છે અર્થાત્ શ્રાવકધર્મની યથોક્ત આરાધનાનું ફળ મેળવવું છે તેમણે તો વિશેષે કરીને આનું જ્ઞાન લેવું જરૂરી છે.

**अकब्बर - अकबर ( पुं. )**

(અકબર બાદશાહ)

'અકબર' ફારસી શબ્દ છે. સમ્રાટ અકબર સુપ્રસિદ્ધ બાદશાહ થઈ ગયો. તે જૈન ઇતિહાસ પ્રસિદ્ધ શ્રી હીરવિજયસૂરિના સમાગમમાં આવ્યા પહેલા હિંસક હતો. સૂરિજીના ઉપદેશથી તેણે પોતાના વિશાળ રાજ્યમાં વર્ષભરના કુલ છ મહિના સુધી વટહુકમપૂર્વક અહિંસાનું પાલન કરાવ્યું હતું. આ પ્રસંગનું વર્ણન કલ્પસૂત્રની સુબોધિકા ટીકામાં તથા અબુલફઝલે લખેલ આઈને અકબરી નામના ગ્રંથમાં આપેલું છે.

**अकम्म - अकर्मन् ( न. )**

(કર્માભાવ, આશ્રવનો નિરોધ ૨. કર્મરહિત-મુક્તાત્મા)

સુખી-દુઃખી, સુરૂપ- કુરૂપ, નિર્ધન-ધનવાન ઇત્યાદિ આ સંસારમાં જેટલા પણ દ્વંદ્વો દેખાય છે તે દરેક અર્થાત્, સારું-નરસું બધું જ કર્મ જનિત છે. કાર્મણવર્ગણા ચૌદ રાજલોકમાં વ્યાપીને રહેલી છે. જીવ મનથી વચનથી અને કાયાથી જેવું જેવું આચરણ કરે, તે પ્રમાણે આત્મા સાથે કર્મબંધ થાય છે. આ કર્મબંધ પ્રકૃતિ, સ્થિતિ, રસ અને પ્રદેશ આમ ચાર પ્રકારે થાય છે. જ્ઞાનીઓ કહે છે કે જ્યાં સુધી કર્મો વિદ્યમાન છે ત્યાં સુધી સંસારપરિભ્રમણ છે. જેવા સર્વકર્મો ખપ્યા કે તરત જ અકર્મા (સિદ્ધ) બન્યા. ધર્મની સર્વ આરાધનાઓ પણ અકર્મા બનવા માટે જ છે. એટલે જેણે કર્મ ખપાવવા છે તેણે કર્મ વિજ્ઞાન પહેલા સમજવું જ પડશે.

**अकम्मओ - अकर्मतस् ( अव्य. )**

(કર્મ વિના, કર્મ વગર)

એક વ્યક્તિ ખૂબ પુરુષાર્થ કરવા છતાં ધનવાન નથી બની શકતો જ્યારે આસપાસમાં રહેતી કોઈ વ્યક્તિ અલ્પ પ્રયત્ન વડે બહુમોટી શ્રીમંત વ્યક્તિ બની જાય છે. આવા પ્રસંગે જેને કર્મગણિતનું ભાન નથી તે ખૂબ ઈર્ષ્યા કરવા લાગી જાય છે અને ક્યારેક તો સામી વ્યક્તિને ભાંડવા માંડે છે. પરંતુ યાદ રાખવું જોઈએ કે 'પુણ્યોદયથી સાંપડે, ધન-શક્તિ-અધિકાર' સત્કર્મ વગર શ્રીમંત ક્યાંથી થવાય ?

**अकम्मंस - अकर्मांश ( पुं. )**

(કર્માંશ રહિત, કર્મરજ રહિત ૨. ઘાતિકર્મ રહિત સ્નાતક-કેવળી)

કર્મ એ કારણ છે અને સુખ-દુઃખ એનું ફળ છે. માટે પ્રભુએ કહ્યું છે કે કર્મ કરતા પહેલાં એના વિપાકનો અર્થાત્, એના ફળનો વિચાર કરજો. એટલા માટે જ્ઞાનીપુરુષોએ કર્મજન્ય સુખને નહીં પણ સર્વકર્મથી રહિત થવાથી મળતા સુખને જ સાચું સુખ માન્યું છે અને તે સુખ કર્મરજ રહિત એવા સિદ્ધ ભગવંતોએ પ્રાપ્ત કર્યું છે.

**अकम्मकारि ( न् ) - अकर्मकारिन् ( त्रि. )**

(પોતાની ભૂમિકાને અનુચિત કર્મ કરનાર, અયોગ્ય કર્મ કરનાર)

આશા રાખે સારા ફળની અને આચરણ કરે અયોગ્ય, અર્થાત્ વિપરિત વાવણી કરે તો અપેક્ષિત ફળ ક્યાંથી મળે. એટલે અયોગ્ય કર્મ કરનારને યોગ્ય ફળ ન મળે. જેમકે સંપત્તિ મેળવવા તેને અનુરૂપ પુરુષાર્થ કરવો પડે. બાવળ વાવીને આંબાના ફળ પામવાની આશા રાખે તે અયોગ્ય છે. ધર્મની બાબતમાં પણ એવું જ છે. સુગતિ આદિ યોગ્ય ફળ માટે યોગ્ય ક્રિયા કરવી પડે. સમજી લેજો - સામાયિકાદિમાં સમતાનો ભાવ લાવ્યા વિના તેનું યોગ્ય ફળ ન મળે.

**अकम्मग - अकर्मक ( त्रि. )**

(અકર્મક ધાતુ, કર્મની વિવક્ષા રહિત ધાતુ ૨. જેને કર્મ નથી તે-અકર્મક)

જે વચન બોલવાની કોઈ વિવક્ષા ન હોય એટલે કે, કહેવાના તાત્પર્ય વગરનું હોય તેવું વચન કે કર્મ અવિવક્ષિત કર્મ કહેવાય છે. સુજ્ઞ શ્રાવક પોતાના રોજિંદા વ્યવહારમાં પણ એવું અસંબદ્ધ કંઈ ન કહે, કારણ કે તેનાથી ફોગટમાં કર્મબંધ થાય છે તેમ તે સુપેરે જાણે છે.

**अकम्मभूमग - अकर्मभूमक ( पुं. )**

(અકર્મભૂમિમાં પેદા થનારા ગર્ભજ મનુષ્ય, યુગલિક)

જે ભૂમિ પર અસિ-મસી-કૃષિના કર્મો થતા હોય તેમજ મોક્ષ માટેના અનુષ્ઠાનો થતાં હોય તે કર્મભૂમિ કહેવાય. જ્યાં શસ્ત્ર, વ્યાપાર કે કૃષિના કર્મો પણ નથી થતા અને મોક્ષ અર્થે આરાધનાઓ પણ નથી થતી તેવી ભૂમિને અકર્મભૂમિ કહે છે. તેનું બીજું નામ ભોગભૂમિ છે.

**अकम्मभूमि – अकर्मभूमि ( स्त्री. )**

(કૃષિ આદિ કર્મ રહિત કલ્પવૃક્ષફલોપભોગપ્રધાન ભૂમિ, અઢીદ્વીપવર્તી ૩૦ અકર્મભૂમિ)

અઢીદ્વીપમાં પાંચ હિમવંતક્ષેત્ર, પાંચ હરિવર્ષક્ષેત્ર, પાંચ દેવકુરુક્ષેત્ર, પાંચ ઉત્તરકુરુક્ષેત્ર, પાંચ રમ્યક્ક્ષેત્ર અને પાંચ હિરણ્યવંતક્ષેત્ર એમ કુલ મળી ૩૦ અકર્મભૂમિઓ છે. એ ભૂમિઓ ભોગભૂમિઓ હોઈ ત્યાં યુગલિક વ્યવહાર હોય છે. કર્મવ્યવહાર હોતો નથી.

**अकम्मभूमिय – अकर्मभूमिज ( पुं. )**

(અકર્મભૂમિમાં ઉત્પન્ન થયેલો ગર્ભજ મનુષ્ય)

જેઓ હળુકર્મી, અલ્પકષાયી અને ઋજુમતિ જીવો છે તેઓ આ પૃથ્વી પર સ્વર્ગ જેવા સુખો ભોગવવા અકર્મભૂમિમાં જન્મે છે. તેઓને જીવન યાપનની દરેક વસ્તુઓ દશ પ્રકારના કલ્પવૃક્ષો પૂરી કરે છે. આ મનુષ્યોના કષાયો અતિ અલ્પ હોય છે. તેઓને યુગલિક કહેવામાં આવે છે. એ મનુષ્યો મરીને નિયમા દેવલોકમાં ઉત્પન્ન થાય છે. કષાયની અલ્પતા મહાન પુણ્યકર્મમાં પણ.કારણ બને છે.

**अकम्मभूमिआ – अकर्मभूमिजा ( स्त्री. )**

(અકર્મભૂમિમાં જન્મેલી સ્ત્રી)

તથાવિધ કર્મોની લઘુતા અને સરળતાદિ ગુણોના કારણે જીવ અકર્મભૂમિમાં યુગલરૂપે અવતરે છે. અર્થાત્ સ્ત્રી-પુરુષના જોડા સ્વરૂપે જન્મ લે છે. તેઓ અતિ અલ્પ સમયમાં યુવાન બનતા હોય છે. તેઓની ક્ષુધાદિ અતિ અલ્પ હોય છે. આયુષ્યાદિ ખૂબ દીર્ઘ હોય છે. જીવનના અંત ભાગે તેઓ બીજા યુગલને જન્મ આપે છે અને મૃત્યુ પામી દેવલોકમાં દેવ તરીકે ઉત્પન્ન થાય છે.

**अकम्मया – अकर्मता ( स्त्री. )**

(અકર્મતા, કર્મોનો અભાવ)

સંસારી જીવોની અકર્મતા તેની અધોગતિ કરાવે છે. જીવન વિકાસને રુંધી દે છે. જ્યારે યોગીની અકર્મતા તેમને સિદ્ધિસુખ આપનારી બને છે. તદ્ભવ મોક્ષગામી મહાત્મા અંતર્મુહૂર્ત આયુષ્ય શેષ રહેતા મન-વચન-કાયાના યોગોનો નિરોધ કરતા હોય છે અને યોગ નિરોધ વડે શેષ કર્મોનો ક્ષય કરીને પાંચ હ્રસ્વાક્ષરના ઉચ્ચારણ માત્ર જેટલા સમયમાં મોક્ષપદને પ્રાપ્ત કરતાં હોય છે.

**अकम्हा ( म्मा ) – अकस्मात् ( अव्य. )**

(એકદમ, અચાનક, નિષ્કારણ, નિમિત્તોની અપેક્ષા રહિત)

જ્યારે કોઇ ઘટના અચાનક જ બનતી હોય છે ત્યારે આપણને ખૂબ વિસ્મયકારી લાગે છે. આશ્ચર્ય લાગે છે અને બુદ્ધિ બહેર મારી જાય છે. પણ કેવળજ્ઞાની ભગવંતોએ કહ્યું છે કે કોઇપણ ઘટના કારણ વગર બનતી નથી. પછી તે કારણ બાહ્યરૂપે ન પણ દેખાય, પરંતુ સૂક્ષ્મ કારણરૂપે તે અન્તર્નિહિત હોય જ છે. આપણને કોઇ વ્યક્તિને જોઇને પ્રેમ ઉભરાય કે કોઇકને જોઇને દ્વેષ બુદ્ધિ જાગે છે તેમાં પ્રત્યક્ષ કારણ દેખાતું ન હોવા છતાં અદશ્ય કારણરૂપે કર્મને તો માનવું જ પડે.

**अकम्हा ( म्मा ) किरिया – अकस्मात्क्रिया ( स्त्री. )**

(અન્ય માટે છોડેલા બાણ વગેરેથી અન્યના ઘાત માટે બનતું ચોથું ક્રિયા સ્થાન)

**अकम्हा ( म्मा ) दंड – अकस्माद्दण्ड ( पुं. )**

(અન્યના વધાર્થે કરેલા પ્રહારથી બીજાનો વિનાશ થવારૂપ ચોથું ક્રિયા સ્થાન)

અન્ય કોઇ શિક્ષા પાત્રને દંડ કરવા જતાં કરેલો શસ્ત્રાદિનો પ્રહાર કોઇ બીજાનો પ્રાણઘાતક બને ત્યારે નિર્દોષ દંડાય છે અને દોષી ટળી જાય છે. સ્થાનાંગસૂત્રમાં કહેલો આવો દંડ ચતુર્થ પ્રકારનો દંડ છે. જે જીવને ભવાન્તરમાં પ્રાણઘાતક ફળ આપનારો બને છે.

**अकम्हा ( म्मा ) दंडवत्तिय – अकस्माद्दण्डप्रत्ययिक ( न. )**

(કોઈ એકને મારવાનું ધારી મારતાં અકસ્માત અન્યને હણવું તે, અકસ્માત દંડ-કારણ છે જેનું તે, ચોથા પ્રકારનું ક્રિયા સ્થાન)

આગમોમાં અકસ્માત દંડાદિ સાવદ્ય હિંસાના પ્રકારો વર્ણવ્યા છે. તેમાં કોઇ વ્યક્તિ શિકારાર્થે વનમાં જાય છે. ત્યાં હરણને હણવાના આશયથી બાણ ફેંકે છે પરંતુ, સંજોગવશાત્ બાણ હરણને ન વાગતાં વચ્ચે આવેલા તેતરને વાગે છે અને તે મરી જાય છે. અહીં શિકારીનો હેતુ હરણને મારવાનો હતો. પરંતુ વધ અન્ય પ્રાણીનો થયો તેથી આવા પ્રકારના દંડને કરનાર શિકારી અકસ્માત દંડપ્રત્યયિક કહેવાય છે. આગમમાં તેને ચતુર્થ દંડ આચરવારૂપ અકસ્માત દંડપ્રત્યયિક પ્રકાર કહ્યો છે.

**अकम्हा ( म्हा ) भय- अकस्माद्भय ( न. )**

(બાહ્ય નિમિત્ત વગર કલ્પના માત્રથી ઉત્પન્ન થતો ભય, સાત ભય પૈકીનો એક ભય)

શ્રાદ્ધવિધિ પ્રકરણાદિ ગ્રંથોમાં શ્રાવકના કૃત્યોનું સુંદર માર્ગદર્શન કરાયું છે. જેમાં શ્રાવકે રાત્રે સૂતી વખતે શ્રદ્ધાપૂર્વક સાત નવકારમંત્ર ગણવા જેથી સાત પ્રકારના ભય તેને સ્પર્શી ના શકે. રાત્રે ભયાનક સ્વપ્ન આવવાથી પણ અચાનક ઊંઘ ઉડી જાય છે અને એકાએક ડર લાગતો હોય છે. આવા દુઃસ્વપ્નો પણ મહામંત્રના પ્રભાવે ટળી જાય છે.

**अकय - अकृत ( त्रि. )**

(નહીં કરેલું ૨. અન્યથા કરેલું ૩. બળપૂર્વક કરેલું ૪. ઋણલેખન પત્રાદિ ૫. સાધુને ઉદ્દેશીને ન બનાવેલું ૬. નહીં કરેલું કરવું તે ૭. પ્રાયશ્ચિત્ત નહીં ગ્રહણ કરેલું ૮. અભાવ ૯. કરણનો અભાવ ૧૦. નિવૃત્તિ)

ગુરુ ભગવંત જ્યારે આપણને ભારપૂર્વક કહેતા હોય છે કે, શ્રાવકે જીવનશુદ્ધિ કરવા ભવાલોચના કરવી જોઇએ. ત્યારે આપણે તેનું ઓછું મહત્ત્વ ગણીને તેની અવગણના કરીએ તો, અનેક ભવોના સંચિત પાપકર્મો અકબંધ રહે છે. તેના કારણે આત્મશુદ્ધિ ન થવાથી તે કર્મોના દારુણ વિપાકો ભોગવવા પડે છે. માટે જો આત્મશુદ્ધિ કરવી હોય તો નિરર્થક કર્મોના આશ્રવને અટકાવવા આલોયણા લઇ દૃઢનિયમી બનવું પડશે.

**अकयकरण - अकृतकरण ( पुं. )**

(પ્રાયશ્ચિત્ત યોગ્ય પુરુષ ૨. છટ્ઠ-અટ્ઠમાદિ તપવિશેષથી અપરિકર્મિત-અનભ્યસ્ત શરીર)

વ્યવહારસૂત્રના પ્રથમ ઉદ્દેશામાં કહેલું છે કે, અકૃતકરણ બે પ્રકારે છે. ૧. અધિગત અને ૨. અનધિગત. તેમાં જેઓએ સૂત્ર અને અર્થને ગ્રહણ નથી કર્યા તેઓ અનધિગત અકૃતકરણ છે તથા જેઓએ સૂત્રાર્થનું ગ્રહણ કર્યું છે તેઓ અધિગત અકૃતકરણ છે.

**अकयण्णु - अकृतज्ञ ( त्रि. )**

(કરેલા ઉપકારને ન જાણનાર, અકૃતજ્ઞ ૨. કૃતઘ્ન ૩. અસમર્થ)

જે બીજા દ્વારા કરાયેલા થોડા પણ ઉપકારને ભૂલતા નથી તે કૃતજ્ઞ કહેવાય. પરંતુ જે પોતાના પર કરાયેલા ઉપકારને ભૂલી જાય તેને કૃતઘ્ન કહેવાય છે. કોઇ કવિએ કહ્યું છે કે, આ પૃથ્વીને પર્વતો, સમુદ્રો કે જંગલોનો ભાર નથી લાગતો પણ કૃતઘ્નીઓનો ભાર લાગે છે. પરમોપકારી પરમાત્માએ શુદ્ધ મોક્ષમાર્ગનો પ્રકાશ કરીને ત્રણે જગત પર કેટલો મોટો ઉપકાર કર્યો છે. તેમના ઉપકારોનું સ્મરણ કરીને આપણે તેઓના ચરણે નમન કરીએ.

**अकयण्णुया - अकृतज्ञता ( स्त्री. )**

(અકૃતજ્ઞતા, કરેલા ઉપકારને ન જાણવો તે ૨. કૃતઘ્નતા)

ચાહે ભૌતિક સંપત્તિઓ હોય કે આત્મિક સમૃદ્ધિઓ હોય તેનું આશ્રયસ્થાન ગુણ છે. જેમ-જેમ વિવિધ ગુણ વિકસિત થાય છે તેમ-તેમ બાહ્ય-અભ્યંતર ઋદ્ધિ-સિદ્ધિઓ પ્રગટ થાય છે. સ્થાનાંગ નામક આગમસૂત્રમાં કહેવાયું છે કે, ચાર પ્રકારે ગુણ નષ્ટ થાય છે. ક્રોધથી, પ્રતિનિવેશથી, કૃતઘ્નતાથી અને મિથ્યાત્વના અભિનિવેશથી. જીવનમાં સુખ-શાંતિ અને સમૃદ્ધિની જેને ચાહના છે તેઓએ આ ચંડાળ ચોકડીને દૂરથી ત્યજવી જોઇએ.

**अकयपुण्ण - अकृतपुण्य ( त्रि. )**

(જેણે પુણ્ય કરેલા નથી તે, નિષ્પુણ્યક, પુણ્યરહિત)

જેણે પુણ્યની કમાણી નથી કરી તે જીવો આ સંસારમાં પશુ કરતાંય બદતર જીવન જીવે છે. જ્ઞાનીઓએ પુણ્યના કારણરૂપ ધર્મને દર્શાવ્યો છે. તે ધર્મ ચાર પ્રકારનો છે. દાન, શીલ, તપ અને ભાવના. આ ચારેય પ્રકારો જીવને મોક્ષની સમૃદ્ધિ અપાવવા સમર્થ છે. જેઓને પુણ્યની કમાણી કરવી છે તેમણે પ્રાથમિકતાએ દાન ધર્મની સુંદર આસેવના કરવી જોઇએ. કારણ કે આત્મામાં પ્રગટેલો

દાનનો વિશાળ ભાવ સંસારની કોઈપણ સમૃદ્ધિને ખેંચી લાવે છે.

**अकयप्प ( ण् ) – अकृतात्मन् ( त्रि. )**

(અસંયત, જેની ઇન્દ્રિયો વશમાં નથી તે)

જે આત્યન્તિક સુખ છે તે સૂક્ષ્મબુદ્ધિ ગ્રાહ્ય છે. અતીન્દ્રિય છે. જ્ઞાનીઓએ તેને જ મોક્ષ સુખ વર્ણવ્યું છે. તેવું પરમ સુખ જે અસંયતાત્મા છે તેને દુષ્પ્રાપ્ય બતાવ્યું છે. કેમ કે શાસ્ત્રમાં તેને અગ્નિના ગોળા જેવો કહ્યો છે. જેમ અગ્નિનો ગોળો માત્ર દઝાડે છે તેમ અસંયતાત્મા જ્યાં પણ જાય ત્યાં ષટ્કાયની વિરાધના દ્વારા પાપકર્મ જ બાંધે છે. તે પોતાના આત્માને કર્મથી અલિપ્ત રાખવા અસમર્થ છે અને જ્યાં સુધી કર્મ છે ત્યાં સુધી આત્યન્તિક સુખની પ્રાપ્તિ થતી નથી.

**अकयमुह – अकृतमुख ( त्रि. )**

(અપઠિત, અશિક્ષિત ર. ભણ્યા વગર શિક્ષિત થયેલો)

એક એવા મુનિ જેમને જ્ઞાનાવરણીય કર્મના અત્યંત ઉદયને કારણે કાંઈ પણ યાદ જ રહેતુ ન હતું. શાસ્ત્રના સારરૂપ કંઈક શીખવા માટેની તેમની પ્રાર્થનાથી ગુરુ ભગવંતે તેમને **'मा रुष मा तुष'** કોઈ ઉપર ક્રોધ ન કરીશ કે કોઈ ઉપર ખુશ થઈશ નહીં. અર્થાત્ સમભાવને ધારણ કરજે. મુનિશ્રી આ મંત્રને યાદ રાખવા માટે પદનું વારંવાર રટણ કરવા છતાં પણ તેઓ આટલા નાનકડા વાક્યને યાદ ન રાખી શક્યા અને **'मा रुष मा तुष'** ની જગ્યાએ ભૂલથી **'माषतुष'** ઉચ્ચારવા લાગ્યા, માષ એટલે અડદ અને તુષ એટલે ચોખા. આમ અત્યંત અશુદ્ધ વાક્યનું ઉચ્ચારણ કરવા છતાંય શ્રદ્ધા અને સમર્પણભાવની ઉત્કૃષ્ટતાને કારણે તેઓએ કેવલજ્ઞાનની પ્રાપ્તિ કરી અને લોકોમાં માષતુષ મુનિ તરીકે ઓળખાયા. દુનિયાનું ભણતર કદાચ નહીં હોય તો ચાલશે પણ શ્રદ્ધા-સમર્પણ તો જોઈશે જ.

**अकयसमायारीय – अकृतसमाचारीक ( पुं. )**

(ઉપસંપદ અને મંડલી એ બે સમાચારીનું પાલન ન કરનાર સાધુ)

સમાચારી એટલે શ્રમણ-શ્રમણીએ નિર્દોષ જીવન જીવવા માટેના આચારો. બૃહત્કલ્પસૂત્રમાં સાધુ-સાધ્વીજી ભગવંતોની સમાચારીઓનું વિસ્તૃત વર્ણન કરાયેલું છે. તેમાં ઉપસંપદ્ સમાચારી અને મંડલીની સમાચારી જેણે તપ અને વિધિપૂર્વક ગ્રહણ ન કરી હોય તેવા સાધુને અકૃતસમાચારીક કહેવાય છે.

**अकयसुय – अकृतश्रुत ( पुं. )**

(અગીતાર્થ, જેણે ઉચિત સૂત્રાર્થ ગ્રહણ નથી કર્યા તે, શાસ્ત્રજ્ઞાનરહિત)

આગમ ગ્રંથોમાં સાધુ ભગવંતોને ગીતાર્થ નિશ્રામાં રહેવાનું કહેલું છે. જે ગીતાર્થ નિશ્રામાં નથી રહેતો તેને પ્રાયશ્ચિત્ત લેવું પડે એવી પ્રભુની આજ્ઞા છે. જો સાધુ માટે આવી વ્યવસ્થા હોય તો આપણા માટે તો ખૂબ આવશ્યક ગણાય. કારણ કે, જે અજ્ઞાની છે તે ધર્મનું પાલન કેવી રીતે કરી શકે ? માટે ધર્મનો મર્મ પામવા અને જીવનમાં પ્રભુની આજ્ઞાનું પાલન કરવા ગીતાર્થ ગુરુ ભગવંતની આજ્ઞામાં રહેવું અત્યંત જરૂરી છે. સંસાર સમુદ્ર તરવા માટે ગીતાર્થ ગુરુની નિશ્રામાં કે આજ્ઞામાં રહી ક્રિયા કરવી એવી પ્રભુની આજ્ઞા છે.

**अकरंडग – अकरण्डक ( त्रि. )**

(કરંડિયાના આકારથી રહિત લાંબું કે સમચતુરસ્ર)

આગમ ગ્રંથોમાં શ્રાવકોના બાર વ્રત પ્રમુખ વ્રત-નિયમાદિને શ્રાવક જીવનના રત્નો સમાન કહ્યા છે. તેવા સુંદર વ્રત-પચ્ચક્ખાણરૂપ રત્નોનો કરંડિયો જેની પાસે છે તે શ્રાવક ખરેખરો ગર્ભશ્રીમંત છે અને તે ભવસાગરથી વહેલો તરી જાય છે.

**अकरंडुय – अकरण्डुक ( त्रि. )**

(અતિમાંસલ, જેના વાંસાના હાડકાં માંસલ હોવાથી બહાર દેખાતા નથી તે)

ઇદની પૂર્વે બકરાને વધેરવાના આશયથી ખવડાવી-પીવડાવી હૃષ્ટ-પુષ્ટ કરવામાં આવે છે, પણ તે બકરાને જ્યારે ખ્યાલ આવે ત્યારે તેને મનમાં આનંદ કેટલો હોય ? જરા પણ નહીં. તેમ પૂર્વના કોઇ પુણ્યના ઉદયથી સંપત્તિ મળી જાય તો આનંદ પામવા જેવું નથી. કેમ કે જેવો પુણ્યનો સંગ્રહ ખૂટી ગયો, તે પછી દુર્ગતિરૂપ વધ નિશ્ચિત જ છે. માટે મળેલી સંપત્તિનો સદુપયોગ કરવાની કળા

શીખીને પુણ્યોપાર્જન કરી લેવું જોઈએ. જેથી દુર્ગતિ દૂરથી પલાયન થઈ જાય અને સદ્‌ગતિના દ્વાર હંમેશા માટે ખુલ્લા જ રહે.

**अकरण - अकरण ( न. )**

(અર્થાભાવ ૨. અવ્યાપાર ૩. અનાસેવન ૪. ત્યાગ કરવો તે ૫. અકરણ એટલે ન્યાયમતે કરણાભાવ, વેદાન્ત મતે નિર્વૃત્તિ ૬. સંસ્કારહીન હેતુ દોષ ૭. અકરણીય-મૈથુન)

ઘણા લોકો એવું માનતા હોય છે કે વ્રત-નિયમ લઈએ ને ભંગ થાય તો દોષ લાગે. એના કરતાં વ્રતાદિ ન લેવા સારા ઈત્યાદિ. પણ નીતિશાસ્ત્રોમાં તો કહ્યું છે કે '**अकरणात् मन्दकरणं श्रेयः**' અર્થાત્ નહીં કરવા કરતા અલ્પ પણ કરવું સારું. કદાચ ભંગ થઈ પણ જાય તો પ્રાયશ્ચિત્તાદિથી શુદ્ધિ શક્ય છે માટે ન્યાય- નીતિ- સદાચાર વગેરે આચરણો પોતાની શક્તિ-સામર્થ્યાનુસાર કરવા એ જ હિતકારી છે.

**अकरणया - अकरणता ( स्त्री. )**

(આચરણ ન કરવું તે, ન સેવવું તે)

જે જીવો ભવાભિનંદી નથી, સંસાર સમુદ્રમાંથી બહાર નીકળવા ઇચ્છે છે, કર્મોના આશ્રવને ઇચ્છતાં નથી અને મોક્ષની તીવ્ર તાલાવેલી જાગી છે તેવા જીવો સતત જિનવાણી રૂપી અમૃતનું આસેવન કરતા જ રહે છે. પરમાત્માએ જેને આચરવા યોગ્ય કહ્યાં છે તેવા કાર્યોમાં પ્રવૃત્તિ અને ન આચરવા યોગ્ય કાર્યોમાં નિવૃત્તિ કરે છે. યાદ રાખો જેના જીવનમાં વિવેક જાગ્રત થઈ ચુક્યો છે તે ન્યાલ થઈ ગયો છે.

**अकरणओ - अकरणतस् ( अव्य. )**

(નહીં કરવા આશ્રયીને, ક્રિયાનો નિષેધવાચી અવ્યય)

**अकरणणियम - अकरणनियम ( पुं. )**

(અકરણીયનો ત્યાગ, અનાચરણીયના ત્યાગનો નિયમ)

જીવને કરણ, કરાવણ અને અનુમોદન એમ ત્રણ પ્રકારે પુણ્ય અને પાપનો બંધ થાય છે. પરંતુ જીવે અશુભ કાર્યોમાંથી નિવૃત્તિરૂપ નિયમ નથી લીધો તો ભલે તે અશુભ પ્રવૃત્તિ કરતો કે કરાવતો ન હોય પરંતુ, દુનિયામાં જેટલા પણ અકાર્યો ચાલે છે તેમાં અનુમોદન રૂપ દ્વાર ખુલ્લુ હોવાથી પાપકર્મનો બંધ થાય જ છે. માટે જ પુણ્યના ઇચ્છુક પુરુષે ગુરુભગવંત પાસે જે અશુભ કાર્યો પોતે કરતો કે કરાવતો નથી તેનો બને તેટલો જલદી નિયમ લઇ લેવો જોઇએ. આશયશુદ્ધિ હશે તો નિયમો ઉન્નતિકારક બનશે.

**अकरणि - अकरणि ( स्त्री. )**

(આક્રોશ વચનથી કામ કરવાનો નિષેધ કરવો તે)

કડવા વચનો કોઇને ગમતાં નથી. કટાક્ષરૂપે કહેલા દ્રૌપદીના વચનોથી મોટું મહાભારત રચાયું અને કેટલાયનું અહિત થયું તે સુવિદિત વાત છે. એટલા માટે જ ભગવાન મહાવીરે કહ્યું છે કે, સાચું વચન પણ કર્ણને અપ્રિય થાય તેવું ન બોલતાં હિત-મિત-પથ્યકારી જ બોલવું જોઇએ. જેના જીવનમાં ધર્મ પ્રગટી ગયો છે તેનો વચન વ્યવહાર હંમેશાં કર્ણપ્રિય અને હિતકારી જ હશે આ નિશાની યાદ રાખજો.

**अकरणिज्ज - अकरणीय ( त्रि. )**

(અકર્તવ્ય, નહીં કરવા યોગ્ય કાર્ય-પ્રવૃત્તિ ૨. અસત્ય)

જે આ લોકમાં નિંદનીય હોય અને પરલોકમાં પણ કટુફળ આપનાર હોય તેવી કોઇપણ પ્રવૃત્તિ અકરણીય છે. એટલું જ નહીં પણ જે લોકવિરુદ્ધ હોય તેનું પણ આચરણ ન કરાય. આ સામાન્ય ગૃહસ્થનું કર્તવ્ય બને છે. જેઓ જૈનશાસનમાં વર્તે છે તેમનું તો એનાથીય ઊંચું કર્તવ્ય હોય છે. અર્થાત્ તેમનો મન-વચન અને કાયાનો વ્યવહાર લોકોત્તર હોય છે. આથી જ આચારાંગસૂત્રમાં કહેવાયું છે કે, સાધુએ અકરણીય પાપકર્મનો વિચાર સુદ્ધાં ન કરાય.

**अकरणोदय - अकरणोदय ( त्रि. )**

(ભાવિકાળને આશ્રયીને અકરણીયનો ઉદય જેમાં થાય તે, ભવિષ્યમાં અકરણીયપણે ઉદય થશે તે)

આપણી વર્તમાનની કોઇપણ પ્રવૃત્તિ એવી ન હોવી જોઇએ કે, આપણો આગામી કાળ પાપપ્રવૃત્તિવાળો બને. અર્થાત્ અશુભ ફળ

આપનારી પ્રવૃત્તિથી બચવું જોઇએ. જેઓ કર્મની ગતિને સમજ્યા નથી તેઓ જાણ્યે-અજાણ્યે એવા અકાર્યમાં પ્રવૃત્ત થતાં તેમને આવતા ભવોમાં પણ અશુભ પ્રવૃત્તિથી જન્ય કર્મના ઉદયકાળે પુનઃ વધુ ખરાબ કર્મને કરાવનારા સંજોગો પેદા થશે જે પુનઃ વધુ ભયંકર કર્મ બંધાવશે. આમ પાપથી દુઃખ અને દુઃખકાળે પાપની પરંપરા ભવોભવ ચાલતી રહે છે. માટે સાચી સમજણ એજ એક ઉપાય છે.

**अकलंक - अकलङ्क ( पुं. )**

(તે નામનો એક વિદ્વાન ર. કલંકરહિત, અકલંક)

આપણે સવારના પ્રતિક્રમણમાં જે મહાપુરુષોના અને મહાસતીઓના નામ બોલીને તેમને નમન કરીએ છીએ તેઓ સર્વે કલંકરહિત શીલ-સદાચારવંત હતા. માટે જ તેમની કીર્તિ જગપ્રસિદ્ધ બની. યશ-કીર્તિના કારણે તેઓ સવારે સૂર્ય ઊગતા પહેલાં ઊગતા હોય છે.

**अकलुण - अकरुण ( त्रि. )**

(જેમાં કરુણા ન હોય તે અથવા જેને કરુણા ન હોય તે, ક્રૂર, દયારહિત, નિર્દય)

અભવ્યજીવોના આત્મામાં ક્રૂરતા સહજ રીતે રહેલી હોય છે. તેમનામાં દયાગુણનો આત્યંતિક અભાવ હોય છે. ઓલો કાલસૌરિક કસાઈ કોઇ જીવની હિંસા ન કરી શકે તે માટે શ્રેણિકરાજાએ તેને ઊંડાકુવામાં ઉતારી દીધો. પરંતુ ત્યાં બેઠા-બેઠા પણ તેણે કાદવના કલ્પિત પાડા બનાવીને તેઓની હત્યા કર્યાનો આત્મસંતોષ માન્યો હતો. આવા ક્રૂરપરિણામી જીવો મોટે ભાગે નરકગામી હોય છે.

**अकलुस - अकलुष ( त्रि. )**

(દ્વેષરહિત, ક્રોધાદિ કાલુષ્યરહિત)

પૂજ્ય હરિભદ્રસૂરિજી મહારાજ જ્યારે જૈનદર્શનના રહસ્યોને પામ્યા, ત્યારે વીતરાગ પરમાત્મા માટે તેઓએ પૂર્વે ઉચ્ચારેલા શબ્દોમાં ફેરફાર કરી બોલ્યા वपुरेव तवाचष्टे...वीतरागताम् અર્થાત્ તમારામાં દ્વેષ-ક્રોધાદિરૂપ અગ્નિ શાંત થઇ ગયો છે માટે જ અગ્નિના અભાવમાં લીલાછમ વૃક્ષની જેમ તમારું આ શરીર હૃષ્ટ-પુષ્ટ છે. જો ક્રોધાદિ હોત તો આટલું પ્રશમતા પામેલું ન હોત.

**अकसाइ ( न् ) - अकषायिन् ( पुं. )**

(જેનામાં ક્રોધાદિ કષાય નથી તે, કષાયોના ઉદયરહિત, અકષાયી)

જિનશાસન હંમેશાં ગુણીઓનું જ ઉપાસક રહ્યું છે તેનો જીવંત દાખલો છે કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય મહારાજ. સોમનાથ મંદિરની મુલાકાત સમયે મહાદેવજીની સમક્ષ તેમના શબ્દો હતા. 'भवबीजाङ्कुरजननाद्या रागाद्या क्षयमुपागता यस्य, ब्रह्मा वा विष्णुर्वा जिनो वा हरो वा नमस्तस्मै' અર્થાત્ સંસારના બીજાંકુર સમાન રાગ-દ્વેષ-કષાયાદિ જેના ક્ષય થઇ ગયા છે તે મહાદેવ હોય કે જિનેશ્વર હોય તેમને મારા નમસ્કાર છે.

**अकसाय - अकषाय ( त्रि. )**

(કષાયવર્જિત, અકષાય, સિદ્ધ)

જિનશાસનમાં જેટલાં પણ અનુષ્ઠાનો અને આરાધનાઓ બતાવી છે તે બધી જીવને કષાયરહિત બનાવવા માટેની જ છે. પરમાત્માએ પોતાની દેશનામાં પણ જીવોને ઉદ્દેશીને કહ્યું છે કે, દુર્લભ એવું મનુષ્યપણું પામીને સંયમની આરાધના કરતા કરતા આપણો આત્મા અકષાયી કેમ બને તેવો પ્રયત્ન કરવો જોઇએ. અર્થાત્ ધર્મની આરાધનાનો સાર કષાયરહિત બનવામાં છે. જો કષાયો અકબંધ રહ્યાં તો સમજજો કે ધર્મ હજુ જોજનો દૂર છે. માટે જ કહ્યું છે કે **'कषायमुक्तिः किल मुक्तिरेव'** અર્થાત્ કષાયોથી મુક્તિ એજ ખરી મુક્તિ છે.

**अकसिण - अकृत्स्न ( त्रि. )**

(અપરિપૂર્ણ, અપૂર્ણ, અધૂરું)

'અધૂરો ઘડો છલકાય ઘણો' આ કહેવત ઘણું બધુ કહી જાય છે. જેનામાં ઓછાશ છે તે ડોળ ઘણો કરે છે. 'હું બધું જ જાણું છું', 'હું મોટો જ્ઞાની છું' આવું મિથ્યાભિમાન ધારણ કરતા હોવ તો સમજી લેજો કે તમારામાં કશું જ નથી. આત્મા ખાલીખમ છે. ભરેલો ઘડો કદીય છલકાય નહીં તેમ સાચો જ્ઞાની કોઇ દિવસ અભિમાન લાવે નહીં. બડાશ એ અભિમાનની નિશાની છે જ્યારે નમ્રતા એ

જ્ઞાનીની.

**अकसिणपवत्तय - अकृत्स्नप्रवर्तक ( पुं. )**

(અપરિપૂર્ણસંયમનું પ્રવર્તન કરનાર, દેશવિરત, શ્રાવક)

જિનાગમોનું ગુરુમુખે શ્રદ્ધાથી શ્રવણ કરનારા શ્રાવકોના ૨૧ ગુણો બતાવ્યા છે. તે ગુણોથી અલંકૃત શ્રાવક જિનશાસનની અદ્ભુત પ્રભાવના કરનારા બને છે. આવા શ્રાવકોથી જિનશાસન હજુ પણ સાડાઅઢાર હજાર વર્ષ પર્યન્ત અલંકૃત રહેશે.

**अकसिणसंजम - अकृत्स्नसंयम ( पुं. )**

(દેશવિરતિ, શ્રાવકધર્મ)

ભગવાન મહાવીરના શાસનમાં અનેક શ્રાવક અને શ્રાવિકાઓ થયા પરંતુ, આનંદ, કામદેવ આદિ દશ શ્રાવકોને જ કેમ પ્રાધાન્ય અપાય છે એવો પ્રશ્ન થયો છે ખરો ? તેનું કારણ એક જ છે કે, તેઓએ પરમાત્માની આજ્ઞાને રોમે-રોમમાં ઉતારેલી હતી. પરમાત્મા પાસે લીધેલા શ્રાવક યોગ્ય બારવ્રતોનું તેઓ દઢપણે પાલન કરતા હતા અને સંપૂર્ણ જીવનકાળ દરમિયાન તેમાં કોઇ ડાઘ લાગવા દીધો નહોતો. ઉપાસકદશાંગસૂત્રમાં તેમનું વર્ણન કરવામાં આવેલું છે તે જિજ્ઞાસુએ વાંચવા જેવું છે. વંદન હોજો એ સત્વશાળી શ્રાવકોને.

**अकसिणसंजमवंत - अकृत्स्नसंयमवत् ( पुं. )**

(દેશવિરતિધર શ્રાવક, વ્રતધારી શ્રાવક)

પરમાત્મા મહાવીરે બતાવેલા દેશવિરતિ ધર્મની આરાધનાથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની આરાધના થાય છે. દેશવિરત આત્માનું લક્ષ્ય સર્વવિરતિ જ હોય છે માટે જ આગમમાં કહેવાયું છે કે, **'गृही तु यति स्यात्'** અર્થાત્ ગૃહસ્થધર્મની આરાધનાનું ફળ સર્વવિરતિ ધર્મ છે. અને એજ શ્રાવકનું ધ્યેય બને છે. વીતરાગનું શાસન પામેલો શ્રાવક કદી પણ સંસારમાં ડૂબે નહીં એ ધ્રુવ સત્યને ગોખી રાખજો.

**अकसिणा - अकृत्स्ना ( स्त्री. )**

(આરોપણનો ચોથો ભેદ, જેમાં વધારે તપ સમાઈ શકે તે પ્રાયશ્ચિત્ત)

**अकहा - अकथा ( स्त्री. )**

(મિથ્યાદૃષ્ટિ, અજ્ઞાની, દ્રવ્યલિંગી અથવા ગૃહસ્થ દ્વારા કહેવાતી કથા)

ગૃહસ્થ દ્વારા કે મિથ્યાત્વી દ્વારા કહેવાતી અજ્ઞાનમૂલક ધર્મકથાને તો અકથા કહી જ છે પણ દ્રવ્યલિંગી અર્થાત્, વેશધારી સાધુ દ્વારા કહેવાતી ઉપદેશ કથાને પણ અકથા કહી છે. દશાશ્રુતસ્કંધ નામના આગમ ગ્રંથમાં એનું સુંદર નિરૂપણ કરાયેલું છે. આના પરથી સહેજે સમજી શકાય કે, ગણધર ભગવંતો દ્વારા ગુંફિત દ્વાદશાંગીનું જ્ઞાન કેટલું સૂક્ષ્મતાભર્યું, ગંભીર અને ગહન છે.

**अकाइय - अकायिक ( पुं. )**

(ઔદારિકાદિ કાયાથી ભિન્ન, અશરીરી, સિદ્ધનો જીવ)

જ્યાં સુધી કાયા છે ત્યાં સુધી સંસાર પરિભ્રમણ નિયમા છે. જેવું શરીર ધારણ કરવાનું કારણ મટ્યું કે, તરત જ ભવ ભ્રમણ પણ અટક્યું જ સમજજો. જૈન શાસનનું મુઠ્ઠીમાં સમાય એવું આ હાર્દ છે. અત્યાર સુધી અનંતા અનંત આત્માઓ અશરીરી બન્યા છે. મહાવિદેહમાં અત્યારે પણ બને છે અને ભવિષ્યમાં અનંતા ભવ્યજીવો સિદ્ધ બનશે. તે ભવ્યાત્માઓને આપણે સિદ્ધ ભગવંત સ્વરૂપે નિત્ય નમન કરીએ અને પાપોને ગમિયે. યાદ રાખો, શરીરને પંપાળવું એ સંસારની ક્રિયા છે. સંસ્કારવું તે સિદ્ધ થવાની પ્રક્રિયા છે.

**अकाम - अकाम ( पुं. )**

(ઈચ્છાનો અભાવ, અકામ, અનિચ્છા ૨. નિર્જરાદિનો અનભિલાષી ૩. અભિપ્રાયરહિત ૪. મોક્ષ)

ભગવાન મહાવીરની સાક્ષાત્ વાણી જેમાં સંગૃહીત છે તે ઉત્તરાધ્યયનસૂત્રમાં, ભગવતીજીસૂત્રમાં તથા આચારાંગસૂત્રમાં સિદ્ધ થવાની પ્રક્રિયામાં ઈચ્છાનિરોધને પ્રધાનતા આપી છે. અર્થાત્ જ્યાં સુધી કામનાઓ છે, અભિલાષાઓ છે, આધિભૌતિક કોઈપણ ઈચ્છાઓ વિદ્યમાન છે તો સમજી લ્યો કે, જન્મ-મરણનું વિષચક્ર ચાલુ જ રહેશે. જ્યારે પણ ઈચ્છાઓ મરશે ત્યારે જ જન્મ-મરણનું ચક્ર અટકશે અને ત્યારે જ આત્મસિદ્ધિ પ્રાપ્ત થશે. સંસારની રુચિ છે ત્યાં સુધી જ તેની સંતતિ છે. માટે રુચિ બદલવાની

જરૂર છે.

**अकामअण्हाणग – अकामास्नानक ( पुं. )**

(અકામ સ્નાનથી રહિત, અસ્નાનાદિજન્ય પરિદાહ-પરિતાપ-દુઃખ ૨. નિરભિપ્રાય)

ધૂળવાળા સ્થાનમાંથી કે પછી કોઇ પ્રદૂષિત સ્થાનમાંથી ઘરે આવ્યા બાદ તમે પહેલું કામ સ્નાન કરવાનું કરો છો. કેમ કે તમે જાણો છો કે, સ્નાનથી શરીરનો મેલ તથા કંટાળો, ગરમી વગેરે તુરંત દૂર થઇ જશે. જ્ઞાની ભગવંતો પણ એમ જ કહે છે કે, જીવ હંમેશાં ઇચ્છાઓ, અપેક્ષાઓના પ્રદૂષિત વાતાવરણમાં રહેલો છે અને તે નિરંતર પરિતાપ ભોગવ્યા કરે છે. તે જ્યાં સુધી અકામ અર્થાત્, સંતોષરૂપી જલથી સ્નાન નહીં કરે ત્યાં સુધી તેનો આ પરિદાહ દૂર થવાનો નથી.

**अकामकाम – अकामकाम ( त्रि. )**

(ઇચ્છા-મદન-કામથી ભિન્ન કામનાવાળો, મોક્ષાભિલાષી)

જેને કામ-મૈથુનની અભિલાષા નથી તે અકામકામ કહેવાય છે. તેવા કામાભિલાષ રહિતને અકામ અર્થાત્ મોક્ષાભિલાષી કહેવાય છે. કારણ કે સકલ અભિલાષાઓની નિવૃત્તિ થયે તેની કામના કરાય છે. આ સંદર્ભે ઉત્તરાધ્યયનસૂત્રમાં કહ્યું છે કે, મોક્ષાભિલાષુકે કામદેવની અભિલાષા તો દૂર તેની સંસ્તવના પણ ત્યાગવી પડે. યાદ છે ને, 'કામ અને રામ એક જ મ્યાનમાં ન રહી શકે'

**अकामकिच्च – अकामकृत्य ( त्रि. )**

(ઈચ્છા વગર કર્તવ્ય જેને છે તે, અનિચ્છાકારી)

શાસ્ત્રોમાં કહ્યું છે કે કામાભિલાષાઓ જેણે ત્યાગી દીધી છે તેને અર્ધો સાધુ કહી શકાય. તેવો આત્મા દુર્ગતિ, દુઃખ, દરદોની જંજાળમાંથી જલ્દી છૂટી જાય છે. જીવાત્માને અનાદિકાળથી લાગેલી ચાર ઓઘ સંજ્ઞાઓ પૈકી મૈથુન સંજ્ઞા પણ એક છે. જીવનમાં જ્યારે ધર્માભિલાષા જાગે છે ત્યારે આ કામાભિલાષા ગૌણ બની જાય છે. યાવત્ ક્ષીણ થતાં ધર્મ સોળે કલાએ ખીલી ઉઠે છે અને તેને સિદ્ધિવધૂ વેગે વરે છે.

**अकामग – अकामक ( त्रि. )**

(અનભિલષણીય ૨. વિષયાદિ વાંછારહિત)

હે જીવ ! કુટુંબ-પરિવાર, વ્યાપારાદિની ઇચ્છાથી રહિત થયેલા તને ધર્મ આરાધના કરવાની ઇચ્છા પેદા થયે કોણ રોકી શકે છે ? અર્થાત્, સાંસારિક ઇચ્છાથી નિવર્તિત થયેલા ભવ્ય જીવને અવસર પ્રાપ્ત સંયમાનુષ્ઠાન આદરવાની પ્રવૃત્તિથી કોઇ રોકી શકતું નથી. પોતાના પરલોકના હિત માટે ઉદ્યત થયેલા જીવને કોઈ વારી શકતું નથી. ગોખી રાખો 'ધ્યેયપ્રાપ્તિની દઢ ઈચ્છા રાખનારને વિચલિત કરી શકતું નથી.'

**अकामछुहा – अकामक्षुधा ( स्त्री. )**

(નિર્જરાની ઈચ્છા વિના ભૂખ વેઠવી તે, અનિચ્છાએ ભૂખ્યો રહેનાર)

મુનિવરોને દેવ-મનુષ્ય-તિર્યંચાદિકૃત ક્ષુધાદિ ૨૨ પ્રકારના પરિષહો સહન કરવાના હોય છે. સાધનામાં આગળ વધવા માટે પરિષહો સહાયક છે અને સમભાવે સહન કરતાં કર્મનિર્જરાનું કારણ બને છે. જે ક્ષુધાદિ પરિષહો સહન કરવાની ઇચ્છાવાળો નથી તેને અકામક્ષુધાવાળો કહેવાય છે. અકામ અર્થાત્ અનિચ્છાથી ક્ષુધાદિ સહન કરવાથી કર્મનિર્જરારૂપ કોઈ વિશેષ લાભ થતો નથી.

**अकामणिगरण – अकामनिकरण ( स्त्री. )**

(જેમાં અનિચ્છા કારણ હોય તેવું, વેદનાના અનુભવમાં અનિચ્છા-અમનસ્કતારૂપ કારણ)

ભગવતીસૂત્રમાં અકામનિકરણની વ્યાખ્યા આ પ્રમાણે કરી છે. 'તમોપટલની જેમ જ્ઞાનાવરણીય અને મોહનીયકર્મરૂપ જાળથી આચ્છાદિત એવા અજ્ઞાની જીવોને અકામનિકરણ કહે છે' આવા નિઃસત્વી જીવો વેદનાના અવસરે અમનસ્કતા-અનિચ્છા ધરાવતા હોય છે. તેમાં કારણભૂત તથાપ્રકારનું જ્ઞાનાવરણીય-મોહનીય કર્મ હોય છે. જગતમાં સૌથી મોટી વિડંબના મોહનીયકર્મની જ છે.

**अकामणिज्जरा – अकामनिर्जरा ( स्त्री. )**

(નિર્જરાની અભિલાષા-ઇચ્છા વગર પરાધીનપણે ક્ષુધાદિ સહન કરવા તે, અકામનિર્જરા)

જે આત્માભિમુખ નથી બન્યા તેવા જીવોને સામેથી આવી પડેલા પરિષહો સહન કરવાની બિલકુલ ઇચ્છા નથી હોતી. છતાંય કમને

પણ આવી પડેલા દુઃખો સહન કરવા જ પડે છે. જ્ઞાની પુરુષો કહે છે કે, એવા જીવો અકામનિર્જરા દ્વારા મૃત્યુ પામી હલકી જાતિની દેવયોનિમાં ઉત્પન્ન થાય છે. અસંયમી જીવો પણ અકામનિર્જરાથી વ્યંતરદેવ બને છે. સૌથી વધુ અકામનિર્જરા તિર્યંચો કરે છે.

**अकामतण्हा – अकामतृष्णा ( स्त्री. )**

(નિર્જરાની અભિલાષા વગર પરવશપણે તરસ સહન કરવી તે, કર્મનાશની ઇચ્છા વગર તૃષ્ણા સહન કરવી તે)

પશુ-પંખી વગેરે અસંખ્ય તિર્યંચ જીવો વગર ઇચ્છાએ ભૂખ-તરસ ઇત્યાદિ પરિષહ-દુઃખો સહન કરતાં હોય છે. અનિચ્છાથી પણ સહન કરેલા દુઃખોથી કર્મનિર્જરા થાય છે પરંતુ, આ કર્મનિર્જરા સામાન્ય હોય છે. તિર્યંચો અકામનિર્જરાથી દેવયોનિ પ્રાપ્ત કરે છે.

**अकामबंभचेरवास – अकामब्रह्मचर्यवास ( पुं. )**

(નિર્જરાની અપેક્ષા વગર દબાણવશ બ્રહ્મચર્ય પાળવું તે, ફળના ઉદ્દેશ વગર બ્રહ્મચર્યનું સેવન કરનાર)

જેને નિર્જરાની કે આધ્યાત્મિક ઉત્કર્ષની કોઈ વિચારધારા ન હોય અને સંયોગવશ બ્રહ્મચર્યનું પાલન કરવું પડે તેને અકામબ્રહ્મચર્યવાસ કહેવાય છે. અનિચ્છાથી કરાતા આ પ્રકારના બ્રહ્મચર્યથી ધાર્મિક દૃષ્ટિએ કોઇ વિશેષ લાભ થતો નથી. ચક્રવર્તીના ઘોડાને આ રીતે જીંદગીભર બ્રહ્મચર્ય પળાવવામાં આવતું હોય છે. તેનાથી ચક્રવર્તીના ઘોડાને આધ્યાત્મિક કક્ષાની કોઇ મહાન ઉપલબ્ધિ થતી નથી. બ્રહ્મચર્યની તાત્ત્વિક વ્યાખ્યા છે આત્મરમણતા. જેની પરિપૂર્ણતા છે કૈવલ્યાવસ્થામાં.

**अकाममरण – अकाममरण ( न. )**

(વિષયાદિની આસક્તિ રહ્યે છતે થતું મરણ, બાલમરણ)

મરવાનું કોઇપણ જીવને ગમતું નથી. ભયંકર વ્યાધિથી પીડાતા મનુષ્યને પૂછવામાં આવે તો તે પણ જીવવાની ઇચ્છા દર્શાવતો હોય છે. પૂરી જીંદગી જીવોનો ખાત્મો બોલાવતા ભારેકર્મી જીવ પણ પોતાના મોતથી ડરીને સાવ રાંકડો બની જતો હોય છે. આવા જીવોની દુર્ગતિ નિશ્ચિત જ હોય છે. માટે જ પ્રભુએ કહ્યું છે કે, સર્વ પ્રકારના દાનમાં અભયદાન સર્વોત્તમ છે.

**अकामिय – अकामिक ( त्रि. )**

(નિરભિલાષી, ઇચ્છા રહિત)

સુખની આકંઠ અભિલાષા રાખી છતાં દુઃખ મળ્યું. અનેક ખ્વાબો જોઈ તેને પ્રાપ્ત કરવા તનતોડ પ્રયત્ન કર્યાં છતાં પૂરા ન થયા. જ્ઞાની ભગવંતો કહે છે કે પુણ્યરહિત જીવને પોતાની અભિલાષા પ્રમાણેનું સુખ નથી મળતું. માટે જ વાંછારહિત થઈને શુદ્ધધર્મની આરાધના કરવી જોઈએ. તેના પ્રભાવે જીવને મોક્ષપ્રાપ્તિ ન થાય ત્યાં સુધી ભૌતિક સુખો તો મળે જ સાથે અજર-અમર-શાશ્વત એવું સિદ્ધિસુખ અર્થાત્ સિદ્ધોનું અવિનાશી સામ્રાજ્ય મળી જાય છે.

**अकामिया – अकामिका ( स्त्री. )**

(અનિચ્છા, ઇચ્છાનો અભાવ)

જે મહાસતીઓનું નામ લેવાથી અમંગલ પણ મંગલરૂપ બને છે. જેમનું નામસ્મરણ સવારના પ્રતિક્રમણ અંતર્ગત ભરહેસરસૂત્ર દ્વારા લેવાય છે. તે સતીઓના જીવનમાં સર્વસામાન્ય એક વસ્તુ એ હતી કે, આર્યસ્ત્રીઓના જીવનની પરંપરામાં જેને દેવ સમાન સ્થાન છે તે પતિદેવ સિવાય અન્યપુરુષો પ્રત્યે સંપૂર્ણ રીતે વાંછારહિત હતી. અત્યંત પ્રતિકૂળ સંયોગોમાં પણ તેઓએ શીલવ્રતનું દઢતાપૂર્વક પાલન કર્યું અને સંયમ-સચ્ચારિત્ર દ્વારા જીવનને ઉચ્ચ બનાવી નારીજીવનમાં આચારધર્મની શ્રેષ્ઠતાને પ્રતિષ્ઠિત કરી.

**अकाय – अकाय ( पुं. )**

(પૃથ્વી આદિ ષટ્કાય રહિત, ઔદારિકાદિ પાંચેય કાયાથી મુક્ત, સિદ્ધ ૨. રાહુ)

ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ અને કાર્મણ આ પાંચ પ્રકારના શરીરો કર્મ સાહિત્યમાં વર્ણવ્યા છે. તેમાં ઔદારિક સિવાયના બધા શરીરો સૂક્ષ્મ-સૂક્ષ્મતર છે. ચર્મચક્ષુથી જોઇ શકાતા નથી. આ બધા શરીરોથી રહિત કેવલ સિદ્ધ ભગવંતો જ છે. માટે તેઓ પરમ સુખી છે. યાદ રાખો કે આધિ-વ્યાધિ કે ઉપાધિ આ બધું શરીરધારીને જ છે. માટે સિદ્ધાવસ્થાને યોગીઓ પણ ઝંખે છે.

**अकारग – अकारक ( पुं. )**

(ભોજનમાં અરુચિ-દ્વેષ થવા રૂપ એક જાતનો રોગ ૨. અપથ્ય)

જેમ દેવપૂજા, હોમ, હવન કરતી વખતે આપણે શુદ્ધ થઈએ છીએ તેમ ભોજન કરતાં પહેલા પણ શુદ્ધ થવાનું જણાવેલું છે. અને

જેમ દેવને આહુતિ આપતા હોઈએ તેમ પ્રસન્નચિત્તે, શાંતિથી, રુચિપૂર્વક ભોજન કરવા માટે જણાવ્યું છે. જ્યારે સ્પીડજેટનાં જમાનામાં આપણે ચાલતા-ચાલતા, ટીવી વગેરેમાં ધ્યાન હોય, રુચિ વગર, પરાણે ઠાંસતા હોઈએ તેમ ભોજન કરીએ છીએ. પછી રોગો ન થાય તો શું થાય ? એટલે જ શાસ્ત્રકારોએ આપણી દરેક બાબતોની કાળજી લઇને જીવનને શ્રેષ્ઠ રીતે જીવવા માટે માર્ગદર્શન કર્યું છે.

**अकारगवाइ ( ण् ) - अकारकवादिन् ( पुं. )**

(અકારકવાદી, આત્માને નિષ્ક્રિય માનનારો)

સૂત્રકૃતાંગ નામક દ્વિતીય આગમસૂત્રમાં પ્રાચીન ભારતીય દર્શનોની સુંદર છણાવટ કરવામાં આવી છે. પ્રાચ્ય ધર્મમતોમાં એક મત આત્માને અમૂર્તત્વ, નિત્યત્વ અને સર્વ વ્યાપિત્વ હેતુઓથી નિષ્ક્રિય માનનારો હતો. જે અક્રિયાવાદી ધર્મમત તરીકે કહેવાતો હતો.

**अकारण - अकारण ( त्रि. )**

(જેનું કારણ કે હેતુ ન હોય તે, ઉદ્દેશ્યરહિત ૨. પરિભોગેષણાનો પાંચમો દોષ)

ઉત્તરાધ્યયનસૂત્રના બીજા અધ્યયનમાં સાધુઓના આહારાદિનું વર્ણન આવે છે. તેમાં જો કોઈ તપવિશેષ ન હોય કે સ્વાધ્યાય, વેયાવચ્ચ આદિ છ કારણો વિના માત્ર બળ-વીર્યની વૃદ્ધિ માટે જો રસપ્રણીત ભોજન સાધુ ગ્રહણ કરે તો તેને પરિભોગેષણા નામનો ગોચરીનો પાંચમો દોષ લાગે છે. વિચાર કરો કે, સાધુ ભગવંતો માટે ગોચરી પણ સંયમના પોષણ માટે બતાવી છે.

**अकारिंत - अकारयत् ( त्रि. )**

(ખરીદીના પ્રારંભનું કારણ હોવા છતાં પણ વ્યાપાર નહીં કરાવતો)

આ સંસારમાં ઉદ્યમી માણસો ક્યારેય ભૂખ્યા રહેતા નથી. તેઓ અત્યંત પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ તનતોડ મહેનત કરીને આગળ આવે છે. જ્યારે આળસુ માણસ અનુકૂળ સંયોગો મળેલા હોય તો પણ મહેનત ન કરવા માટેના કારણો શોધતો રહે છે અને કાર્ય કરતો નથી. જિનદર્શન માટે બધી પ્રકારની અનુકૂળતા હોવા છતાં જો આળસ કરે તો દર્શનાવરણીયાદિકર્મનો બંધ થાય છે.

**अकारिय - अकारित ( त्रि. )**

(બીજાઓથી નહીં કરાયેલું)

સૂર્ય, ચંદ્ર, મેરુ પર્વત વગેરે જગતમાં અનેક એવા પદાર્થો છે જે કોઈએ બનાવેલા નથી. તે પદાર્થોને શાસ્ત્રોમાં શાશ્વત પદાર્થ તરીકે જણાવેલા છે. હવા પાણી પ્રકાશ વગેરે સ્વયંસિદ્ધ છે તેમ આત્મા પણ અનાદિસિદ્ધ છે. તે કોઈના દ્વારા બનાવેલો નથી. આ સત્ય છે.

**अकाल - अकाल ( पुं. )**

(અપ્રશસ્ત-ખરાબ કાળ ૨. નિયોજિત કર્મના નિષેધ માટે કહેલું હોય તે ૪. ગુરુ કે શુક્રનો અસ્તકાળ આદિ ૫. કર્તવ્યનો અનુચિત કાળ ૬. શ્વેત ૭. વૃષ્ટિનો અભાવ)

સાંસારિક કાર્યો જેવા કે વિવાહ-વિદેશગમન વગેરે માટે આપણે સારો સમય પસંદ કરીએ છીએ. જ્યોતિષીઓ પાસે મુહૂર્ત કઢાવીને તે મુજબ કરીએ છીએ, પરંતુ ગુરુ ભગવંતો કહે છે કે, હે ભવ્ય પ્રાણી તારે જો ધર્મારાધના કરવાનું મન થાય તો સારા સમયની રાહ જોઈશ નહીં. કારણ કે ધર્મના સેવન માટે બારે માસ શુભ મનાયા છે. આ માટે સુભાષિતમાં કહેવાયું છે કે, **'शुभस्य शीघ्रम्'** અર્થાત્ આરાધના કરવાની શુભ ભાવના થઇ કે તરત જ અમલીકરણ કરી દેવું જોઇએ. કારણ કે **'श्रेयांसि बहुविघ्नानि'** તમે પાપાચરણમાં પ્રવૃત્ત થશો ત્યાં વિઘ્નો નહીં નડે પણ શુભકરણી કરવા જશો તો કોણ જાણે ક્યાંકને ક્યાંકથી અડચણ ઊભી થઇ જશે.

**अकालपडिबोहि ( ण् ) - अकालप्रतिबोधिन् ( त्रि. )**

(અકાલે જાગનાર, કસમયે-રાત્રિકાળે ફરનાર)

હિંસક પ્રાણીઓ કે, જેઓનું જીવન હિંસક પ્રવૃત્તિમય છે. તેમને સમયનું કોઇ બંધન નથી નડતું, એવા જીવો રાત્રિ હોય કે દિવસ ગમે તે સમયે હિંસામાં રાચતા રહે છે. સામાન્ય રીતે અહિંસક પશુ-પંખી વગેરે રાત્રિમાં દૈનિક પ્રવૃત્તિથી વિરામ લેતા હોય છે ત્યારે વાઘ-વરુ વગેરે પ્રાણીઓ ગમે તે સમયે પ્રવૃત્તિશીલ રહેતા હોય છે. હિંસક પશુઓ કરતાંય હિંસક મનુષ્યો વધુ ખતરનાક બનતા હોય છે. આચારાંગસૂત્રના દ્વિતીય શ્રુતસ્કંધના ત્રીજા અધ્યયનના પહેલા ઉદ્દેશમાં પણ હિંસાચારીઓ માટે કહેવામાં આવ્યું છે કે તેઓને કસમયનું બંધન નડતું નથી. ગમે તે સમયે મૃગયાદિ માટે પરિભ્રમણ કરતા રહે છે.

**अकालपढण - अकालपठन ( न. )**

(અકાળે વાચના કરવી, અસ્વાધ્યાયકાળમાં ભણવું તે, અકાળપઠન)

આગમના સૂત્રો ક્યારે ભણવા, ગુરુ પાસે કયા સમયે વાચના લેવી, ક્યારે ન ભણાય કે વાચનાદિ ન અપાય-લેવાય, ઈત્યાદિનું સુંદર માર્ગદર્શન પાક્ષિક અતિચારના પ્રથમ આલાવામાં કરવામાં આવ્યું છે. જેમ લોક વ્યવહારમાં શિષ્ટાચાર પ્રમાણે વર્તન કરાય છે તેમ સમ્યગ્ જ્ઞાનાર્જન માટે પણ લોકોત્તર શિષ્ટાચારનું પાલન ફરજિયાતપણે કરાય છે. જો તેમ ન કરાય તો જ્ઞાનને વિનાશક બનતા વાર લાગતી નથી. સમજી લેજો કે, અકાળે-અવિધિએ કરેલા સ્વાધ્યાયાદિ યોગો કાચા પારાના સેવન જેવું પરિણામ લાવે છે.

**अकालपरिहीण - अकालपरिहीण ( न. )**

(શીઘ્રપણે, તત્કાળ પ્રગટ થનાર, સદ્ય ઉત્પન્ન થનાર)

જીવદયાનું પાલન કરનાર શ્રાવકે દ્વિદળનું વર્જન કરવું અત્યન્ત આવશ્યક છે. કારણ કે કઠોળમાં કાચા દૂધ, દહીં કે છાશ પડતાંની સાથે જ શીઘ્રપણે જીવોત્પત્તિ થઈ જાય છે. તેથી આરાધકે તેની જયણા કરવાની હોય છે. જીવદયાના પાલન વગર ધર્મ શક્ય નથી.

**अकालपरिभोगि ( ण् ) - अकालपरिभोगिन् ( त्रि. )**

(અકાળે ભોજન કરનાર, રાત્રે હોંશે હોંશે ખાનાર)

રાત્રિમાં ભોજન તો દૂર રહ્યું, પાણીનો પણ ત્યાગ કરનારા શ્રાવકો હોંશે હોંશે નિઃસીમ પરિગ્રહ-મમત્વને વધારતા રહે છે. યાદ રાખજો ! રાત્રિભોજન ત્યાગની ગણતરી વ્રતમાં થયેલી છે જ્યારે પરિગ્રહ પરિત્યાગને મહાવ્રત કહેવાય છે. નાની-નાની પાપ પ્રવૃત્તિઓનો ત્યાગ કરવો સહેલો છે, પરંતુ મહાવ્રતોનું પાલન કરવું કઠિન છે. ભગવાન મહાવીરના દશ શ્રાવકો અપરિગ્રહાદિ અણુવ્રતધારી હતા. જીવનયાપન માટે જેટલું જરૂરી છે તેટલું રાખવું અને તે સિવાયનાનું પચ્ચક્ખાણ લેવું એને અણુવ્રત કહે છે.

**अकालमच्चु - अकालमृत्यु ( पुं. )**

(અકાળમરણ)

આ અવસર્પિણીકાળમાં નાભિકુલકરના સમયમાં યુગલિકકાળ હતો, તે વખતે એક યુગલમાંથી પુરુષનું તાડફળના ઘાતથી સર્વપ્રથમ અકાળમરણ થયું હતું. આ ઘટનાને આગમોમાં આશ્ચર્ય તરીકે ઉલ્લેખી છે. કારણ કે યુગલિકોનું અકાળમરણ થતું નથી.

**अकालवासि ( ण् ) - अकालवर्षिन् ( पुं. )**

(કમોસમી વરસાદ ૨. અનવસરે દાનાદિમાં પ્રવૃત્ત થનારા)

જેમ વાવણીના સમયે વરસાદ આશીર્વાદરૂપ બને છે પણ કસમયે પડેલો મેઘ અહિતકારી બને છે તેમ કોઈપણ કાર્ય તેના યોગ્ય સમયમાં કરવામાં આવે તો સુંદર પરિણામ આપનારું બને છે. પ્રતિક્રમણ, પૂજા, સામાયિકાદિ ધર્મપ્રવૃત્તિ કે વ્યાપારાદિ ગૃહસ્થોચિત પ્રવૃત્તિઓ પણ એના અવસર પ્રાપ્ત સમયમાં કરવાથી ફળદાયી નિવડે છે અને લોકવ્યવહારનું યથોચિતપાલન થાય છે.

**अकालसज्झायकर ( कारिन् ) - अकालस्वाध्यायकर ( कारिन् ) ( पुं. )**

(અસમાધિનું ૧૫મું સ્થાન ૨. અકાળે સ્વાધ્યાય કરનાર)

શ્રુત બે પ્રકારના આવે છે ૧. કાલિક અને ૨. ઉત્કાલિક. જે શ્રુતનું અધ્યયન અમુક કાળવેળામાં જ થઇ શકે તેને કાલિકશ્રુત કહેવામાં આવે છે અને જેના માટે કોઇ કાળબાધા નથી તેવા શ્રુતને ઉત્કાલિકશ્રુત કહેવાય છે. અમુક કાળવેળાએ સ્વાધ્યાય કરવાથી દેવાદિનો ઉપદ્રવ થવાની સંભાવના છે એવું જાણવા છતાં પણ જે સાધુ-સાધ્વી શ્રાવક-શ્રાવિકાદિ શાસ્ત્રનિષિદ્ધ કાળમાં સ્વાધ્યાય કરે તો તેને અકાલસ્વાધ્યાયકર કહેવાય છે. તેમાં મુખ્ય કારણ વધારેમાં વધારે ભણી લઇને જલદી વિદ્વાન બની જવાની લાલસા છૂપાયેલી હોય છે.

**अकासि ( देशी )**

(પર્યાપ્ત)

**अकाहल - अकाहल ( त्रि. )**

(સ્પષ્ટ અક્ષરભાષી, સ્પષ્ટ કહેનાર)

જેમ કોઇ રાજકુમાર સર્વગુણ સંપન્ન હોવા છતાં માત્ર જીભની ખામીના કારણે રાજા થવાને અયોગ્ય ઠરે છે. તેમ જિનશાસનના રાજા સમાન આચાર્યપદને યોગ્ય સાધુ પણ સ્પષ્ટ અક્ષરભાષી હોવા જોઇએ. કેમકે સ્પષ્ટ વાક્યને કહેનાર હોવાથી તેઓ લોકને તત્ત્વોનો યથાર્થબોધ કરાવી શકે છે. બેશક ! આચાર્ય ભગવંતો જિનશાસનના રાજા સમાન છે. તેઓ શાસ્ત્રોના રહસ્યોનો સ્પષ્ટ બોધ કરાવે છે.

**अकिंचण - अकिञ्चन ( त्रि. )**

(આસક્તિકારક ધન-કનકાદિ રહિત, નિષ્પરિગ્રહી, શ્રમણ ૨. દરિદ્ર)

કિંચનનો અર્થ થાય છે કાંઇક દ્રવ્ય. પરંતુ જે દિવસથી માથાના વાળનું મુંડન કર્યું તેની સાથે સંસારના ભાવોને પણ મુંડી નાખનાર દીક્ષિત સાધુ અકિંચન કહેવાય છે. તેઓ પોતાના જીવનનિર્વાહ માટે કોઇ ધનાદિ દ્રવ્ય કે મનમાં મમત્વાદિ ભાવોનો પણ પરિગ્રહ કરતા નથી. વંદન હોજો તે નિષ્પરિગ્રહી અને અકિંચન શ્રમણોને.

**अकिंचणकर - अकिञ्चनकर ( त्रि. )**

(અકિંચન એવા સાધુના અર્થપ્રયોજનને વગર કહ્યે સિદ્ધ કરનાર)

શાસ્ત્રમાં શ્રાવક-શ્રાવિકાને સાધુના માતા-પિતા તરીકે વર્ણવ્યા છે. કારણ કે જેવી રીતે બાળક પોતાને જોઇતી વસ્તુની અપેક્ષા માતા-પિતા જોડે રાખે અને માતા-પિતાએ પણ તેની અપેક્ષાઓની પૂર્તિ કરવી તે કર્તવ્ય છે તેવી રીતે નિષ્પરિગ્રહી સાધુઓ પણ નિર્દોષ શ્રમણજીવન જીવવા માટે જે અપેક્ષા રાખે તે અપેક્ષિત ગોચરી-પાણી વગેરેનું ધ્યાન પણ શ્રાવક-શ્રાવિકા રૂપી માતા-પિતાએ રાખવું તે તેમનું પરમ કર્તવ્ય છે. અકિંચનકર એવા સાધુઓ સમ્યગ્ જ્ઞાનાદિ દ્વારા લોકોપકાર કરી પોતાનું કર્તવ્ય અદા કરી લેતા હોય છે.

**अकिंचणया - अकिञ्चनता ( स्त्री. )**

(દરિદ્રપણું ૨. નિષ્પરિગ્રહપણું)

આગમોમાં અકિંચનતા કુલ ચાર પ્રકારની કહેવામાં આવી છે. મન અકિંચનતા, વચન અકિંચનતા, કાય અકિંચનતા અને ઉપકરણ અકિંચનતા. ગમે તેવી પરિસ્થિતિમાં હોય તો પણ મનમાં દરિદ્રતાનો ભાવ લાવવો તે મનની અકિંચનતા છે. કોઇના ગુણોની અનુમોદના કરવામાં વચનો છૂપાવવા તે વચનની અકિંચનતા છે. જ્યારે શરીર ઉપર પણ મમત્વ ન રાખવા રૂપ કાયાની અકિંચનતા સમજવી અને જીવનયાપન સિવાયના અધિક મોજ-શોખ માટેના સાધનોનો પરિગ્રહ ન રાખવો તે ઉપકરણની અકિંચનતા છે.

**अकिंचिकर - अकिञ्चित्कर ( पुं. )**

(એક પ્રકારનો હેત્વાભાસ)

લાકડાની નાવ પોતેય તરે છે અને બીજાને પણ ઇચ્છિત સ્થાને પહોંચાડે છે. જ્યારે લોખંડની નાવ પોતે તો ડૂબે છે પરંતુ, તેમાં બેસેલાને પણ ડૂબાડે છે. ગુરુ પણ બે પ્રકારના છે. જે સ્વયં આચાર-વિચારથી શુદ્ધ હોઈ સંસાર સમુદ્રને તરે છે અને તેમના આશ્રિતને પણ તારે છે. જે લોખંડની નાવ જેવા ચારિત્રમાં ક્રિયાશૂન્ય-શિથિલ છે તે પોતે જ સંસાર સાગર તરવા અસમર્થ હોય છે તો પછી પોતાના આશ્રિતને કેવી રીતે તારી શકે ? પોતેય ડૂબે અને આશ્રિતને પણ ડૂબાડે.

**अकिच्च - अकृत्य ( न. )**

(અપ્રશસ્ત, સાધુને ન કરવા યોગ્ય ૨. કર્મરહિત)

શ્રમણજીવન અત્યાર સુધી સંચિત કરેલા પાપો ક્ષય કરવા માટે છે. માટે જ પરમાત્માએ સાધુને ઉદ્દેશીને કહેલું છે કે, હવે એવું એકપણ અકાર્ય ન આચરાય કે, જેથી નવા કર્મોનો બંધ થાય અને તમારું ભવભ્રમણ વધી જાય. સાધુજીવન સંસાર સમુદ્ર તરવા માટે છે પરંતુ, તરવાનું સાધન પામીને પણ તેનાથી જ ડૂબી જવા જેવું થાય તો તેના જેવું શરમનાક બીજું શું હોઈ શકે ?

**अकिच्चठाण - अकृत्यस्थान ( न. )**

(ચારિત્રના મૂળગુણાદિ ભાંગે તેવું અકૃત્યનું સ્થાન)

જગતમાં જેટલા પણ કાર્ય થાય છે તેની પાછળ બે કારણો કામ કરે છે એક ઉપાદાન અને બીજું નિમિત્તકારણ.તેમાં નિમિત્તકારણ એટલે કોઇ ઘટના, પ્રસંગ, વ્યક્તિ, સ્થાન વગેરે. જીવને કર્મબંધ થાય છે તેમાં ઉપાદાનકારણ વ્યક્તિનો પોતાનો આત્મા છે અને નિમિત્તકારણ ઘટના, સ્થાનાદિ છે. પરમાત્માએ કર્મબંધના કુલ અઢાર સ્થાન બતાવ્યા છે. જેને પાપસ્થાનક કે અકૃત્યસ્થાન પણ

કહેવાય છે. આ અઢારે અકૃત્યસ્થાનોને જાણીને બુદ્ધિમાન્ પુરુષે તેનો દૂરથી જ ત્યાગ કરવો જોઇએ.

**अकिज्ज - अक्रेय ( त्रि. )**

(ખરીદવાને અયોગ્ય)

કર્મ છે તો શરીર છે અને શરીર છે તો તેમાં રોગો પણ છે. રોગો ત્રણ પ્રકારે છે. કર્મજન્ય, ઋતુજન્ય અને ખરીદીને લીધેલા. આજના મોટાભાગના રોગો વ્યક્તિ બહારથી ખરીદીને લાવે છે. પછી તે હોટલ હોય, રેસ્ટોરન્ટ હોય કે પાણીપુરીની લારી જેવા કોઇ પણ સ્થાનો હોય. ખરીદી કરનારને એટલી તો ખબર હોય છે કે, શું ખરીદવા યોગ્ય છે અને શું નહીં. ખેદજનક છે કે, રોગ ખરીદીને લાવનારને તેની ખબર જ નથી હોતી.

**अकिट्ठ - अकृष्ट ( त्रि. )**

(નહીં ખેડેલું, ખોદ્યા વગરનું)

જમીનમાં બી વાવવું હોય તો પહેલાં જમીનને ખેડવી પડે અને ત્યારબાદ તેમાં બી વવાય છે. ભૂમિ ખેડ્યા વગર બી વાવવામાં આવે તો ફળની પ્રાપ્તિ થતી નથી. તેમ જીવનમાં સદ્ગુણો અને સદાચારોને વાવવા હોય તો અત્યાર સુધી મનમાં ભરેલા કુવિચારો કે વિપરીત માન્યતાઓને ઉખેડી નાખવી આવશ્યક છે. જ્યાં સુધી તેનું ઉન્મૂલન થતું નથી ત્યાં સુધી સદ્ગુણોનો જીવનમાં પ્રવેશ થવો અશક્ય છે.

**अकिणंत - अक्रीणत् ( स्त्री. )**

(વસ્ત્રાદિને નહીં ખરીદનારા)

**अकित्ति - अकीर्ति ( स्त्री. )**

(અપયશ, અપકીર્તિ, નિંદા ૨. દાનપુણ્યફળનો લોકાપવાદ, દાનની એક દિશા કે સર્વ દિશામાં કીર્તિનો અભાવ)

જિનશાસનમાં કરોડો રૂપિયાના ખર્ચે ઓચ્છવ-મહોચ્છવ થતા હોય છે તેની પાછળનો હેતુ માત્ર એટલો જ છે કે, શાસનના કાર્યો જોઇને કોઇ જીવના મનમાં થઇ જાય કે અહો ! શું જિનશાસન છે. તો પછી શાસનને પામેલા આપણું એક નાનું-સરખું કાર્ય પણ એવું ન હોવું જોઇએ કે, જેથી કોઇના મનમાં જિનધર્મ પ્રત્યે અરુચિ થઇ જાય. કોઇ ધર્મથી વિમુખ થઇ જાય. અર્થાત્ જિનશાસનનો અપયશ ફેલાય તેવું કોઇ કાર્ય શાસનને પામેલાએ કરવું ન જોઇએ. કારણ કે શાસનહીલના જેવું બીજું કોઈ મોટું પાપ નથી.

**अकिरिय - अक्रिय ( पुं. )**

(કાયિકી-આધિકરણિકી આદિ ક્રિયાનો અભાવ, કાયિકી આદિ ક્રિયાના રાગ વગરનો, પ્રશસ્ત મનોવિનયનો એક ભેદ ૨. નાસ્તિક ૩. સાંપરાયિક કર્મનો અબંધક)

આચારાંગસૂત્રમાં કહેલું છે કે, **'जे आसवा ते परिसवा जे परिसवा ते आसवा'** જે પાપના સાધન છે તે જ પાપત્યાગના સાધન બને છે અને જે પાપત્યાગના સાધન છે તે જ કર્મબંધના સાધન છે. આથી જીવને કર્મના કારણે મન-વચન-કાયા મળ્યા હોવા છતાં તે અશુભ વ્યાપારોમાંથી નિવૃત્તિ લઇને પાપક્રિયાદિથી રહિત બને છે ત્યારે તેનો સંસાર સીમિત બની જાય છે.

**अकिरिया - अक्रिया ( स्त्री. )**

(મોક્ષને નહીં સાધી આપનાર અનુષ્ઠાન, મિથ્યાત્વયુક્ત ક્રિયા ૨. નાસ્તિક્ય, નાસ્તિકવાદ ૩. યોગનિરોધ, ૪. અભાવ ૫. સર્વક્રિયાનો અભાવ)

સમ્યગ્દર્શન થયા વિના સમ્યગ્જ્ઞાન અને ચારિત્ર નિરર્થક છે. કેમકે સમ્યગ્દર્શન સહિતની એકપણ નાનકડી ક્રિયા કર્મક્ષયનું કારણ બને છે. જ્યારે મિથ્યાત્વભાવયુક્તની પ્રત્યેક ક્રિયા માત્ર કાયક્લેશ કે સામાન્ય ફળ આપનારી બને છે. એટલે જ તો અભવ્યની દરેક ક્રિયા શાસ્ત્રાનુસાર હોવા છતાં તેને દેવલોક સિવાય વધુ કાંઇ જ ફળ આપતી નથી. કારણ તેનું અનુષ્ઠાન મિથ્યાત્વથી દૂષિત હોય છે.

**अकिरियाआय - अक्रियात्मन् ( पुं. )**

(આત્માને નિષ્ક્રિય માનનાર, સાંખ્યદર્શન)

વર્તમાન જીવનમાં પણ આપણે જોઇએ છીએ કે, જેને સુખી જીવન જીવવું હોય તેને સતત સક્રિય રહેવું પડતું હોય છે. અને જેઓ સતત પ્રયત્નશીલ રહ્યા છે તેમણે જ સફળતા હાંસલ કરી છે. તો પછી પોતાના આત્માનું હિત ઇચ્છતો હોય તેણે ભગીરથ પુરુષાર્થ

કર્યા વિના ચાલે તેમ નથી. જે ખરેખર સિદ્ધિ પ્રાપ્ત કરવાને ઇચ્છતો હોય તે આત્મા કદીય નિષ્ક્રિય રહી શકતો જ નથી. જે નિષ્ક્રિય રહ્યા છે તેઓ હજુ પણ સંસારના વમળમાં અથડાયા જ કરે છે.

**अकिरिया ( य ) वाइ ( न् ) – अक्रियावादिन् ( पुं. )**

(અક્રિયાવાદી મત, જીવાદિ પદાર્થોને નહીં માનનાર, નાસ્તિક)

પરમાત્માએ જીવાદિનું સ્વરૂપ અને પરલોક સંબંધી જે વાતો કરી છે તેને નહીં માનનાર એક મત. જીવ શુભાશુભ ક્રિયા કરે છે માટે પરલોકમાં સુખ-દુઃખ મેળવે છે. પરંતુ તેમનું કહેવું છે કે, પરલોક જેવી વસ્તુ જ નથી માટે શરીરને કષ્ટ પડે તેવી એક પણ ક્રિયા કરવાની જરૂર નથી. તેમના મતે તો ખાઓ પીઓ અને જલસા કરો, પરલોક કોણે દીઠો છે, એવો મૂઢ દૃષ્ટિકોણ હોય છે.

**अकील – अकील ( त्रि. )**

(ખીલા વિનાનું)

જેમણે હજી ધર્મને જાણ્યો જ નથી અને જેમના મન દુરાગ્રહથી બંધાયા નથી તેમને સત્યધર્મ સમજાવવો સહેલો છે. પરંતુ જેઓ ખીલાની જેમ વિપરીત માન્યતાઓમાં બંધાયેલા છે તેઓને ધર્મ તો શું સત્ય સમજાવવું જ અઘરું છે. જે દિવસે તેમનું મન વિપરીત માન્યતારૂપ શલ્યરહિત થશે તે દિવસે સત્ય આપોઆપ સમજાઇ જશે. સત્યનું ભાન નહીં થવામાં મનનું બંધિયારપણું મોટું કારણ બને છે.

**अकुओ ( तो ) भय – अकुतोभय ( त्रि. )**

(અભય, જેને કોઇનાથી ભય નથી તે ૨. સંયમ)

સમ્યગ્દર્શનથી જેણે પોતાના ચિત્તને પવિત્ર કર્યું છે, સમ્યક્ચારિત્રથી જીવનને સુવાસિત કર્યું છે અને અખંડ જ્ઞાનસામ્રાજ્યને ભોગવનાર છે તે શ્રમણ ભગવંતને આ સંસારમાં કોઇનાથી ભય રહેતો નથી. કેમકે તેઓ જગતમાત્રને પોતાનું મિત્ર માને છે. **'आत्मवत् सर्वभूतेषु'** અર્થાત્, પોતાના જેવું જ સંપૂર્ણ જગતને જુએ છે. આથી જ તો શાસ્ત્રમાં તેમને અકુતોભયની ઉપમાથી સંબોધાયા છે.

**अकुंचियाग – अकुञ्चिकाक ( त्रि. )**

(કુંચિકારહિત, ચાવી વગરનું)

બંધ ઘરમાં ચાવી ન હોય તો તાળું ન ખૂલે અને જ્યાં સુધી તાળું ન ખૂલે ત્યાં સુધી ઘરમાં પ્રવેશ થવો અશક્ય છે. તેમ જિનશાસનરૂપી મહેલની અંદર પ્રવેશ મેળવવો હોય તો જિનશાસનના રહસ્યો સમજવા પડે. જે અત્યંત ગૂઢ અને તત્ત્વસભર છે તેને ખોલવા માટે ગુરુ એ ચાવી સમાન છે. જેની પાસે ગુરુરૂપી ચાવી નથી અને સંસારરૂપી ભૂલભુલૈયા મહેલમાં ભટકી રહ્યા છે તેઓ બિચારા ખરેખર દયાપાત્ર છે.

**अकुंठाइ – अकुण्ठादि ( पुं. )**

(સંપૂર્ણ હાથ-પગાદિ)

શાસ્ત્રમાં વિધાન છે કે, જે સાધુએ બાર વર્ષ સૂત્ર, બાર વર્ષ અર્થ અને બાર વર્ષ સુધી દેશાટન કરેલું હોય તેને જ આચાર્ય પદવી આપવી. તેનું કારણ એ છે કે, અકુંઠિત બુદ્ધિના સ્વામી સાધુ સૂત્ર અને અર્થને જલદી ધારણ કરે છે અને બાર વર્ષ સુધી દેશાટનથી જે સૂત્રાર્થ ભણ્યા હોય તેને વિવિધ અનુભવોથી મનમાં સ્થિર કરે છે. તેવા સાધુ આચાર્ય બન્યા પછી જિનશાસનની પતાકા આખા જગતમાં લહેરાવે છે.

**अकुक्कुय – अकुत्कुच ( त्रि. )**

(અંગવિકારરહિત, હાથ પગ કે મુખની વિરૂપ ચેષ્ટાથી રહિત)

તપના છ અભ્યંતર અને છ બાહ્ય એમ બાર ભેદ માનવામાં આવેલા છે. બાહ્ય તપમાં એક પ્રકાર છે અંગસંલીનતા. ચાતુર્માસ દરમ્યાન કે પછી જ્યાં જીવોની વિરાધના થવાની હોય ત્યાં હિંસાના ભયથી સાધુ કે શ્રાવક કાયચેષ્ટા રહિત બની જાય. અર્થાત્ તેઓ બને એટલું ઓછું પોતાના શરીરનું હલન-ચલન કરે કે જેનાથી જીવોની હિંસા ન થાય. આજે જ્યાં દયાના પરિણામ જ ન બચ્યા હોય ત્યાં અંગસંલીનતાનું મહત્ત્વ જ ક્યાંથી સમજાવાનું ?

**★अकुकूज ( त्रि. )**

(દુ:ખના ઉદ્ગાર વિનાનો, આક્રંદનરહિત)

કુટુંબ કબીલા, વ્યવહાર, સંબંધો, પૈસો આ બધી પળોજણમાં અટવાયેલો જીવ ક્યારેય પણ સુખ પ્રાપ્ત કરી શકતો નથી. તે ચારેય બાજુના મોરચા સંભાળવાની હાય-વોયમાંથી ક્યારેય બહાર આવી શકતો નથી. પરંતુ જેણે સંસારના સ્વરૂપને ઓળખ્યું છે અને સમતારસનું પાન કર્યું છે, તે ગમે તેવી દુ:ખદ પરિસ્થિતિમાં આક્રંદિત થઇ જતો નથી કે હાય-વોય કરતો નથી.

**★अकौकुच्य ( त्रि. )**

(વિકૃત ચેષ્ટારહિત, પ્રશસ્ત ચેષ્ટાયુક્ત)

ઉત્તરાધ્યયનસૂત્રમાં કહેલું છે કે, કેવલીભાષિત તત્ત્વોના મર્મને જાણનારો શ્રમણ સૌમ્ય પ્રકૃતિ અને મુખાકૃતિવાળો હોય છે. તેના કોઇપણ વર્તનમાં ભવાઈ કરનારા નટોની જેમ કોઇ વિકૃતિ જોવા ન મળે. તે એકદમ ધીર, ગંભીર, પ્રસન્ન અને નિર્ભય થઇને પોતાના સાધ્વાચારોનું પાલન કરતો સંયમમાં ઉદ્યમશીલ બનેલો હોય.

**अकुडिल - अकुटिल ( त्रि. )**

(અમાયાવી, અવક્ર, ઋજુ)

પૂર્વભવે ઉત્કૃષ્ટ તપ કર્યા હોવા છતાં એક માત્ર માયાના કારણે ભગવાન મલ્લિનાથને સ્ત્રીરૂપે અવતાર મળ્યો હતો. આથી સુજ્ઞ પુરુષો કુટિલતાને દૂરથી ત્યજે છે. જેમ સર્પ ગમે તેટલી વક્રગતિવાળો હોય પરંતુ, બિલમાં પ્રવેશ કરવા તેણે સીધી જ ગતિ કરવી પડે છે. તેમ જેણે અધ્યાત્મમાર્ગમાં પ્રવેશ કરવો છે, મોક્ષ પ્રાપ્ત કરવો છે તેણે ઋજુતા અપનાવ્યા વિના છૂટકો નથી. મોક્ષ સરળગતિવાળાનો છે.

**अकुतूहल - अकुतूहल ( त्रि. )**

(કુતૂહલરહિત, આશ્ચર્યરહિત, ઇન્દ્રજાલ આદિ જોવા કે બતાવવાની ઇચ્છા વિનાનો)

જેમણે જિનાગમોને આત્મપરિણત કર્યા છે સમ્યગ્દર્શન વડે ચિત્તશુદ્ધિ કરી છે અને સમ્યક્ચારિત્ર વડે જીવનશુદ્ધિ કરી છે તેવા શ્રમણો જગતના સત્ય સ્વરૂપને જાણતાં હોવાથી તેમની સામે ગમે તેવી દુર્ઘટ ઘટના કે વિકટ પરિસ્થિતિ બની હોય તો પણ ચિત્તની સમાધિ ખોયા વિના અકુતૂહલ ભાવે નિહાળતા હોય છે. કુતૂહલતા એ ચંચલ મનની નિશાની છે જ્યારે સ્થિરતા ધર્મની.

**अकुमारभूय - अकुमारभूत ( त्रि. )**

(ગૃહસ્થાશ્રમી, પરિણીત, બાલબ્રહ્મચારી નથી તે)

જેણે સંસારનો ત્યાગ કર્યો છે અને સ્ત્રીના સહવાસનો પણ ત્યાગ કરેલો છે તેવા બ્રહ્મચારી સાધુ કે ગૃહસ્થ પણ પરણેલા હોવા જોઇએ. કારણ કે જેને પોતાનું બ્રહ્મચર્ય(આત્મરમણતારૂપ) અખંડિત રાખવું હોય તો પરમાત્મા જોડે લગ્નગ્રંથિથી વહેલામાં વહેલી તકે જોડાઇ જવું જોઇએ. એટલે જ તો આનંદઘનજી મહારાજે પોતાના સ્તવનમાં લખ્યું છે કે, 'ઋષભ જિનેશ્વર પ્રીતમ મહારો ઓર ન ચાહું રે કંત'

**अकुय - अकुच ( त्रि. )**

(નિશ્ચલ, સ્થિર)

અનાદિકાળથી આત્મા પર રાગ-દ્વેષના પડલો જામેલા છે. જેના કારણે જીવ સમુદ્રોમાં ઉઠતા મોજાઓની જેમ આમથી તેમ અથડાતો-કૂટાતો રહ્યો છે. પરંતુ જિનશાસનને પ્રાપ્ત કર્યા પછી, માસ્ટર-કી જેવા ગુરુ ભગવંતનું સાંનિધ્ય મેળવ્યા પછી અને જિનાગમ જેવું જહાજ મેળવ્યા પછી, શાસ્ત્રાભ્યાસ વડે ચિત્તમાં ઉઠતા મલિન તરંગોને શાંત કરીને ચિત્તને સમાધિમાં સ્થિર કરી આત્મહિત સાધી લેવું જોઇએ.

**अकुसल - अकुशल ( त्रि. )**

(અશુભ, ખરાબ, અશોભન, અભદ્ર, અમંગલ ૨. સ્થૂલમતિ, કર્તવ્ય-અકર્તવ્યના વિવેક વગરનો, અજ્ઞાની)

સારાસાર ગ્રહણ કરવામાં હંસ અને બગલો ઉત્તમ ઉદાહરણ છે. હંસ જલમિશ્રિત દૂધમાં સારભૂત દૂધને ગ્રહણ કરે છે અને પાણીને રહેવા દે છે. જ્યારે બગલો આ ભેદ સમજી શકતો નથી. એજ રીતે જે વિવેકી પુરુષો કથનીય-અકથનીયના ભેદને સમજે છે તે

કુશળ કહેવાય છે. અને જે સ્થૂલમતિ પુરુષો આ ભેદને સમજી શકતા નથી તેઓ અકુશળ છે.

**अकुसलकम्मोदय - अकुशलकर्मोदय ( पुं. )**

(અશુભ કર્મનો ઉદય)

પૂર્વેના લોકો ગમે તેવી વિકટ પરિસ્થિતિને પણ સહજતાથી પાર કરી શકતા હતા તેનું કારણ એક જ છે કે, જ્યારે તેઓને સુખ પ્રાપ્ત થાય ત્યારે માથે હાથ મૂકતા અને દુઃખ આવે ત્યારે કપાળ પર હાથ મૂકતા. અર્થાત્ સુખ મળે તો તેનો યશ ભગવાનને આપતા ને કહેતા, આ તો ભગવાનની મહેરબાની અને દુઃખ મળે તો પોતાના અશુભ કર્મોનો ઉદય સમજતા. જ્યારે આજનો પુરુષ સુખ મળ્યે પોતાની પીઠ થાબડે છે અને દુઃખ મળે તો જે-તે વ્યક્તિ કે ભગવાનને દોષ આપતો રહે છે.

**अकुसलचित्तणिरोह - अकुशलचित्तनिरोध ( पुं. )**

(આર્તધ્યાનાદિ અકુશળ ચિત્તનો નિરોધ)

ત્રણ યોગોમાં મનને એકદમ પાવરફૂલ માનવામાં આવ્યું. છે. માત્ર એક મનના કારણે જીવ મોક્ષમાં અને નિગોદમાં જઇ શકે છે. મગરની પાંપણ પર બેઠેલો ચોખાના દાણા જેટલી નાનકડી કાયવાળો તંદુલિયો મત્સ્ય એટલું જ વિચારે છે કે મોઢું ખુલ્લુ રાખીને બેઠેલો આ મગર મૂર્ખ છે. કેટલીય માછલીયો તેના મોઢામાં આવીને પાછી જાય છે. આળસુનો પીર ખાતોય નથી. આના ઠેકાણે હું હોઉં તો એકને પણ ન જવા દઉં. બસ, એક આ દુષ્ટ વિચારે તે મરીને સાતમી નરકમાં જાય છે. આથી ચિત્ત કલુષિત થાય તેવું વર્તન ન કરશો.

**अकुसलजोगणिरोह - अकुशलयोगनिरोध ( पुं. )**

(મન-વચન-કાયારૂપ અશુભ યોગનો નિરોધ)

યોગની વ્યાખ્યા કરતા મુનિ પતંજલિએ યોગદર્શનમાં લખ્યું છે કે '**चित्तवृत्तिनिरोधो योगः**' અર્થાત્, પોતાના મનની પ્રવૃત્તિને રોકવી તે યોગ છે. જ્યારે ઉપાધ્યાય યશોવિજયજીએ યોગની યથાર્થ વ્યાખ્યા કરતા લખ્યું છે કે, '**अशुभचित्तवृत्तिनिरोधो योगः**' અર્થાત્ માત્ર ચિત્તવૃત્તિ નહીં પરંતુ અશુભ મનની પ્રવૃત્તિને રોકવી તે યોગ છે. કેમકે મનના શુભયોગો તો ઉપાદેય છે. એટલે યોગના ઇચ્છુકે પોતાના અશુભ મન-વચન-કાયાના યોગોનો-પ્રવૃત્તિઓનો નિરોધ કરીને મનાદિના શુભયોગોમાં પ્રવૃત્ત થઇ જવું જોઇએ.

**अकुसलणिवित्तिरूव - अकुशलनिवृत्तिरूप ( त्रि. )**

(પાપના આરંભથી નિવૃત્ત થવાનો સ્વભાવ છે જેનો તે, પાપ વ્યાપારની નિવૃત્તિના સ્વભાવનો)

પ્રતિક્રમણનો અર્થ થાય છે પાછા આવવું. અર્થાત્ સંપૂર્ણ દિવસ દરમ્યાન મન-વચન અને કાયાથી જાણતા કે અજાણતા જે કોઇ પણ પાપ સેવાઇ ગયું હોય તેની આલોચના કરું છું અને હવે તેવા પાપાચારમાં ફરી પ્રવૃત્ત નહીં થવા રૂપે હું પ્રતિક્રમણ કરું છું પરભાવથી પાછો ફરું છું.

**अकुसील - अकुशील ( पुं. )**

(સુશીલ, સદાચારી)

પૂર્વના કાળમાં માતા-પિતા માટે મહત્ત્વ અભ્યાસનું નહીં પરંતુ, સદાચારનું હતું. સંતાન કેટલું ભણ્યો છે તે જોવા કરતાં તેનામાં સંસ્કાર કેટલા આવ્યા છે તેનું ધ્યાન વધારે રાખતા હતાં. પુત્રમાં ખરાબ સંસ્કાર ન પડે તે માટે સ્વયં સદાચારોનું પાલન કરતા હતા. હાય રે ! આજના જમાનાની દુર્દશા તો જુઓ, સદાચારોની વાત તો દૂર, ખુદ માતા-પિતાઓ જ કુસંસ્કારોના રવાડે ચઢી ગયા હોય ત્યાં સંતાનો પાસે શી આશા રાખવી ? કુવામાં હોય તો હવાડામાં આવે ને !

**अकुहय - अकुहक ( त्रि. )**

(ઇંદ્રજાલાદિ કુતૂહલરહિત)

**अकू ( क्रू ) र - अक्रूर ( त्रि. )**

(ક્લિષ્ટ અધ્યવસાય વગરનો, ક્રૂરતારહિત, દયાવાન)

જેઓ સ્વભાવથી જ ક્રૂર પરિણામી છે, જેનામાં દયાતત્ત્વનો જ અભાવ છે, જે મત્સરાદિ દુર્ગુણોવાળો છે તે ક્યારેય પણ શુદ્ધધર્મને

આરાધી શકતો નથી. કેમકે ધર્મનો પાયો જ અહિંસા પર રહેલો છે અને અહિંસા પાલન માટે જોઇએ અક્રૂરતા, જીવદયાના શુભ અધ્યવસાય. આથી જે યોગ્ય અને અક્રૂર પરિણામવાળો છે તે જ દયામૂલક ધર્મની નિષ્કલંક આરાધના કરી શકે છે.

**अकेवल - अकेवल ( त्रि. )**

(અશુદ્ધ ર. જેમાં કેવળ નથી તે)

દરરોજ સવારે જલદ્વારા દેહશુદ્ધિ કરીને તમે પરમાત્માની પૂજા કરવા જાઓ છો. તેને તમે ભગવાનની ઉપાસના માનો છો. પરંતુ, ખરી ઉપાસના તો પ્રભુના સાંનિધ્યથી તમારા આત્મામાં ગુણોનો કેટલો આવિર્ભાવ થયો તે છે. જો આત્મિકશુદ્ધિ નથી થઇ તો પછી માત્ર દેહશુદ્ધિનો શો મતલબ ? કેમકે માછલું આજીવન પાણીમાં જ રહેવા છતાં દુર્ગંધવાળું જ રહે છે. મનનું માલિન્ય એજ ખરી અશુદ્ધિ છે.

**अकोऊहल्ल - अकौतूहल ( त्रि. )**

(નાટકાદિ કુતૂહલરહિત)

માત્ર ઉંમરના કારણે બાલિશતા હોય તેવું નથી પરંતુ, બાળકની જેમ કુતૂહલતાભરી ચેષ્ટા કરવી તે પણ નાદાનિયત છે. કોઇપણ વસ્તુમાં કે પ્રસંગમાં કુતૂહલતા દાખવવી તે બાલિશતાની દ્યોતક છે. પછી તે વયથી બાળક ન હોવા છતાં પણ જ્ઞાનીની દૃષ્ટિએ તે બાળક જ છે. માટે જ શાસ્ત્રોમાં શ્રમણોને ઉદ્દેશીને કહેલું છે કે, હે શ્રમણ ! તારા ચિત્તમાં રહેલી કુતૂહલતાનો ત્યાગ કરીને કુતૂહલતારહિત બન, સ્થિરચિત્ત બન.

**अकोप्प - अकोप्य ( त्रि. )**

(ગુસ્સો કરવાને અયોગ્ય, અદૂષણીય)

જ્યારે જીવનમાં કોઇ દુઃખી કરનારી ઘટના બની જાય છે ત્યારે આપણે જે-તે વસ્તુ કે વ્યક્તિને કારણ માનીને તેની ઉપર ક્રોધ કરીએ છીએ. પરંતુ, પરમાત્મા કહે છે કે, વાસ્તવિકતા કાંઇક જુદી જ છે. તને દુઃખ પહોંચાડવામાં વ્યક્તિ કે વસ્તુ તો નિમિત્ત કારણ છે. પરંતુ મુખ્ય કારણ તો તારા કર્મો છે. માટે તેઓ પર ગુસ્સો કરવો અયોગ્ય છે. જો તારે ક્રોધ કરવો જ હોય તો તારા કર્મો પર કર અને તેનો નાશ કેવી રીતે કરવા તેના ઉપાય શોધ. સાચી રીતે ગુસ્સો કરવા લાયક પોતાના દુષ્ટકર્મો જ છે અન્ય કોઈ નહીં.

**अकोविय - अकोपित ( त्रि. )**

(ગુસ્સા વગરનું, દૂષણરહિત)

બકરાના ટોળામાં રહેલું સિંહબાળ ભલે વર્તમાનમાં તેનું સ્વરૂપ ભૂલી ગયું હોય પરંતુ જે દિવસે તેને પોતાની જાતની સમજણ પડશે, બકરાઓનો સાથ સહજ રીતે છૂટી જશે. તેમ રાગાદિ દુર્ગુણોથી ઢંકાયેલો આત્મા ભલે પોતાનું સ્વરૂપ ભૂલી ગયો હોય. પરંતુ જે દિવસે તે આત્માના શુદ્ધસ્વરૂપને જાણીને સાચી દિશામાં પોતાના વીર્યને ફોરવશે તે દિવસે પોતાની દૂષણરહિત સ્થિતિને પ્રાપ્ત કરી લેશે.

**★अकोविद ( पुं. )**

(શ્રુત અને વયથી જેણે યોગ્યતા પ્રાપ્ત નથી કરી તે, સત્ શાસ્ત્રાવબોધરહિત, સમ્યગ્જ્ઞાનમાં અનિપુણ, અપંડિત, અજ્ઞાની)

જેને જ્ઞાનાવરણીયનો તીવ્ર ક્ષયોપશમ હોય પરંતુ, મોહનીયકર્મનો ક્ષયોપશમ ન હોય તો તેને શાસ્ત્રાભ્યાસ પરિણમતો નથી. કારણ કે જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ જ્ઞાન તો અપાવે પરંતુ, ઐદંપર્યના જ્ઞાનવાળું પાણ્ડિત્ય તો મોહનીય કર્મનો ક્ષયોપશમ જ અપાવે છે. તેના વિનાનો જીવ ગમે તેટલું ભણેલો હોય પરંતુ, નિશ્ચયથી તો તે અજ્ઞાની જ છે. મોહનીયકર્મ પંડિતોને પણ ભ્રમ પેદા કરાવી જાણે છે.

**अकोवियप्प ( ण् ) - अकोविदात्मन् ( पुं. )**

(સમ્યગ્જ્ઞાનરહિત)

લોકમાં કહેવાય છે કે, ગર્ભિણી સ્ત્રીનું દુઃખ એક ગર્ભિણી સ્ત્રી જ જાણી શકે છે વંધ્યા નહીં. તેમ જ્ઞાનીએ ઘણા પરિશ્રમ પછી બનાવેલા ગ્રંથની કિંમત એક જ્ઞાની જ સમજી શકે છે અજ્ઞાની નહીં. કેમકે પુત્રને જન્મ આપવો અને નૂતન ગ્રંથની રચના કરવી અત્યંત પરિશ્રમપૂર્વક સાધ્ય બને છે.

**अकोहण - अक्रोधन ( त्रि. )**

(ક્રોધ રહિત, અક્રોધી)

કૂરગડુ મુનિ ક્ષુધાવેદનીયકર્મના ઉદયે સંવત્સરી જેવા દિવસે પણ તપ કરી શકતા ન હતા, અને તેમના જ ગુરુભાઈઓ ચારમાસી તપના તપસ્વીઓ હતાં. છતાં પણ કૂરગડુ મુનિને પ્રથમ કેવલજ્ઞાન થયું તેનું કારણ ગુરુભાઈઓ ઉત્કૃષ્ટ તપસ્વી હોવા છતાં ક્રોધી અને અહંકારી હતા. જ્યારે કૂરગડુ મુનિ વિનયી અને ક્ષમાવંત હતા. માત્ર ક્ષમાગુણના પ્રતાપે તેઓ કેવલજ્ઞાનને વર્યા.

**अक्कंतं ( देशी )**

(પ્રવૃદ્ધ, વૃદ્ધિમાન)

કોઈક સ્થાને લખેલું છે કે 'ધર્મ કરતાં ધન વધે, ધન વધતાં મન વધ જાય, મન વધતાં મહિમા વધે, વધત વધત વધ જાય' એટલે જો તમે ધન, સમૃદ્ધિ અને યશ-કીર્તિની અપેક્ષા રાખો છો તેના માટે પણ ધર્મનું શરણું સ્વીકાર્યા વિના છૂટકો નથી. કેમકે ધર્મ જ બધા સુખોની જનની છે.

**अक्कंत - आक्रान्त ( त्रि. )**

(ઘેરાયેલું, ગ્રસ્ત ૨. પરાભવ પામેલું, પરાસ્ત, પીડિત ૩. આક્રમણ ૪. અચિત્તવાયુકાયનો એક ભેદ)

થોડુંક દુ:ખ કે આપત્તિ આવતાં લોકો ભુવા, જ્યોતિષિઓ કે અન્ય મિથ્યાત્વી દેવો પાસે દોડી જાય છે અને દોરા-ધાગા વગેરે કરાવા મંડી પડે છે. પરંતુ જેઓ ખુદ કર્મોથી પીડિત છે તેઓ બીજાની શું પીડા મિટાવવાના હતા ? જો તમારે ખરેખર આપત્તિઓથી મુક્તિ જોઇતી હોય તો જેઓ સ્વયં કર્મથી મુક્ત છે તેવા વીતરાગી દેવના ચરણે જવું જોઇએ.

**अक्कंतदुक्ख - दुःखाक्रान्त ( त्रि. )**

(દુ:ખથી પીડિત, દુ:ખથી દબાયેલું)

શારીરિક અને માનસિક દુ:ખોથી હતાશ અને નિરાશ થઇ ગયેલો આજનો માનવી તે દુ:ખોના નિરાકરણરૂપ દવાઓ, યોગ, મેડીટેશન, હવાફેર વગેરે રસ્તાઓ અપનાવે છે. પરંતુ આ શારીરિક અને માનસિક દુ:ખો પાછળ હેતુભૂત છે અશાતાવેદનીય કર્મ. દવા વગેરેથી તમારા દુ:ખો ટેમ્પરરી શાંત થશે જ્યારે અશાતાવેદનીયના નાશથી તમારા દુ:ખોનો જડમૂળથી નાશ થશે. તમારે શું કરવું છે દુ:ખોનો ટેમ્પરરી નાશ કરવો છે કે લાઇફલોંગ ?

**अक्कंद - आक्रन्द ( पुं. )**

(મોટેથી રડવું તે, વિલાપ કરવો તે ૨. ચોરાશી આશાતનામાંની એકતાલીસમી આશાતના ૩. શબ્દ ૪. આહ્વાન કરવું, બોલાવવું ૫. મિત્ર ૬. ભાઈ ૭. દારુણ યુદ્ધ ૮. દુ:ખીને રોવાનું સ્થાન ૯. નૃપ ભેદવિશેષ)

વૈરાગ્યશતક નામના પ્રાચીન ગ્રંથમાં કહેલું છે કે, જીવ અત્યાર સુધી એટલું બધું રડ્યો છે કે તેના આંસુઓ માટે નદીઓ, તળાવો અને સાગરો પણ ઓછા પડે. પરંતુ આટલા બધા રુદન પછી પણ તેને મોક્ષ તો પ્રાપ્ત નથી જ થયો. અરે ! રડવું હોય તો ગૌતમસ્વામીની જેમ રડો જેનાથી જીવનમાં ફરી ક્યારે રડવું જ ન પડે.

**अक्कंदण - आक्रन्दन ( न. )**

(જોર-જોરથી રડવું તે, મોટા અવાજે રડવું તે ૨. આહ્વાન કરવું તે, બોલાવવું)

અત્યાર સુધી કેટલીય વખત જિનાલયના પગથિયા ઘસી કાઢ્યા, કેટલીય માળાઓ તોડી નાખી, પ્રતિક્રમણો કરીને કેટલાય કટાસણાઓ ફાડી નાંખ્યા અને કેટલીય વખત વંદિત્તુસૂત્ર બોલ્યા. પરંતુ ક્યારેય આંખમાં આંસુ સાથે પાપોનો પસ્તાવો થયો છે ખરો ? ઓલા ભરૂચના શ્રાવક હતા જેઓ વંદિત્તાસૂત્રમાં **'तं निंदे तं च गरिहामि'** પદ આવતા મોટે મોટેથી ડૂસકાં ભરીને રડતા અને આચરેલા પાપોની માફી માંગતા. જે દિવસે આવું વર્તન આપણું થશે તે દિવસે આપણો મોક્ષ બહુ દૂર નહીં હોય.

**अक्कतूवरी - अर्कतु ( तू ) वरी ( स्त्री. )**

(એક જાતની ગુચ્છવનસ્પતિ)

**अक्कत्थल - अर्कस्थल ( न. )**

(મથુરામાં આવેલું એક સ્થાન)

**अक्कम - आक्रम ( पुं. )**

(બળપૂર્વક ઉલ્લંઘન ૨. આગ્રહ ૩. વ્યાપ્ત ૪. પરાભવ, ઉચ્છેદ ૫. બળાત્કારપૂર્વક ૬. પરલોકપ્રાપ્તિનું સાધન વિદ્યાકર્મ વગેરે)

જૈનદર્શન પ્રમાણે વિશ્વ ચૌદરાજલોક પ્રમાણવાળું માનવામાં આવ્યું છે. સમસ્ત જીવો ચૌદરાજલોકમાં વ્યાપીને રહેલા છે. અર્થાત્ ચૌદરાજલોકમાં એક પણ લોકાકાશ પ્રદેશ એવો નથી કે, જેમાં જીવો ન હોય. શાસ્ત્રવચન છે કે, એવી કોઇ જાતિ નથી, એવી કોઇ યોનિ નથી, એવું કોઇ કુળ નથી અને એવું એકપણ સ્થાન નથી કે જ્યાં જીવે અનંતી વખત જન્મ ન લીધો હોય.

**अक्कमण - आक्रमण ( न. )**

(પરાભવ, આક્રમણ ૨. પગથી ક્રીડા કરનાર)

આ અવસર્પિણીના પ્રથમ ચક્રવર્તી, ભરતક્ષેત્રના છ ખંડો પર સામ્રાજ્ય ભોગવનારા, દેવો જેની સેવામાં દિવસરાત આજ્ઞા પાલન માટે તહેનાત હતા અને નવનિધિઓ જેની સેવા કરી રહી હતી છતાં પણ ચક્રવર્તી ભરત ક્યારેય અહંકારી થયા ન હતા. કેમકે તેમને ખબર હતી કે, ભલે મેં યુદ્ધમાં બીજાઓને પરાજય આપીને સામ્રાજ્ય પ્રાપ્ત કર્યું હોય પરંતુ, ખરો વિજય તો ત્યારે જ ગણાશે જ્યારે હું કર્મોને પરાજય આપીશ. હાલ તો હું કર્મોથી પરાજિત છું માટે અહંકાર શું કરવો ?

**अक्कमित्ता - आक्रम्य ( अव्य. )**

(આક્રમણ કરીને, ચડાઈ કરીને, પરાસ્ત કરીને)

જેણે વિવેકરૂપી ચક્ષુને ધારણ કર્યા છે, સંયમિત ઇન્દ્રિયરૂપી અશ્વો પર સવાર છે, હાથમાં ક્ષમારૂપી તલવાર છે, અરિહંતરૂપી છત્રને ધારણ કર્યું છે અને જેની પાસે ગુર્વાજ્ઞારૂપી સૈન્ય છે તેવો પુરુષ કર્મરૂપી શત્રુને પરાજિત કરીને મોક્ષના વિશાળ સામ્રાજ્યને ભોગવે છે.

**अक्कशाला ( देशी-स्त्री. )**

(બળાત્કાર, જબરદસ્તી ૨. કંઈક ઉન્મત્ત સ્ત્રી)

ઉન્માદ હંમેશાં વિનાશકારી જ હોય છે. જે ઉન્માદ દોષને વહન કરે છે તે સ્વયં અને બીજાનું માત્રને માત્ર અહિત જ કરે છે. જેમ ઉન્મત્ત થયેલો હાથી અને ઉન્માદી સ્ત્રી. હાથી ઉન્માદે ચઢ્યો હોય તો આખા જંગલનો અને પ્રાણીઓનો નાશ કરે છે જ્યારે વિકારવશ ઉન્મત્ત થયેલી સ્ત્રી પોતાની કુળમર્યાદાનો નાશ કરી સર્વનાશ નોતરે છે અને પોતાના શીલ-સદાચારને પણ ગુમાવે છે.

**अक्का ( देशी-स्त्री. )**

(બહેન)

અંબિકાદેવી સુંદર કન્યાનું રૂપ લઇને વિમલમંત્રીની સામેથી નીકળ્યા. ત્યારે મંત્રીશ્વરના મનમાં જરા પણ વિકાર ન જાગ્યો. દેવીએ પ્રત્યક્ષ થઇને કારણ પૂછ્યું ત્યારે તેઓએ જવાબ આપ્યો, મારી પત્ની સિવાયની સ્ત્રીઓમાં મને મા અને બહેનના દર્શન થતા હોય ત્યાં વિકાર કેવી રીતે પેદા થાય. આ હતું આપણા પૂર્વજોનું નૈતિક બ્રહ્મચર્યબળ. પરસ્ત્રીને મા-બહેન કે શક્તિના સ્વરૂપમાં જોવામાં આવે તો મનોવિકારનો સંભવ રહેતો નથી.

**अक्कासीदेवी - अक्कासीदेवी ( स्त्री. )**

(વ્યંતરદેવી વિશેષ, અક્કાસી દેવી)

**अक्किट्ठ - अक्लिष्ट ( त्रि. )**

(શરીરના ક્લેશથી રહિત, બાધારહિત, સ્વસ્થ)

વિશ્વમાં ભલે અનેક ધર્મો હોય પરંતુ તે બધાનો એક જ અવાજ છે કે, જો તમારે મુક્તિ જોઇતી હોય તો તમારા ચિત્તને ક્લેશરહિત બનાવો. તેના વિના મોક્ષ થવો અસંભવ જ છે. આથી જ તો મહોપાધ્યાય યશોવિજયજીએ વાસુપૂજ્યસ્વામીના સ્તવનમાં લખ્યું છે કે, 'ક્લેશે વાસિત મન સંસાર, ક્લેશરહિત મન તે ભવ પાર'

**अक्कुट्टं ( देशी )**

(અધિષ્ઠિત-સ્થિત, યોજિત, અધ્યાસિત-રહેલું)

વર્તમાનકાળમાં ભાવ તીર્થંકરના અભાવના કારણે તેમની પ્રતિમાને જિનાલયમાં સ્થાપિત કરીને ઉપાસના કરીએ છીએ. આથી જ

આપણે મૂર્તિપૂજક કહેવાઇએ છીએ. આ વ્યાખ્યા આપણે ચરિતાર્થ કરી છે. આપણે માત્ર મૂર્તિને જ પૂજીએ છીએ. મૂર્તિ જેની છે તેમના ઉપદેશને કે તેના ભાવને તો સ્પર્શતા જ નથી. તેથી આપણી મૂર્તિઉપાસના નિષ્ફળપ્રાયઃ બની જાય છે. યાદ રાખજો ! જ્યાં સુધી જિનાલયમાં બિરાજિત પરમાત્માના ભાવને અંતરાત્મામાં અધિષ્ઠિત નથી કર્યા ત્યાં સુધી પ્રભુપ્રતિમા પણ કોઇ ફળ નહીં આપે.

**अक्कुस - गम् ( धा. )**

(ગતિ કરવી, ગમન કરવું, જવું)

શાસ્ત્રમાં કહેવાયું છે કે, જીવ જ્યારે મૃત્યુની નજીક આવે છે ત્યારે મૃત્યુ બાદ જે ગતિમાં જવાનો હોય તદનુસાર તેના આત્મિક ભાવો થતાં હોય છે. અર્થાત્ અંત સમયે જેવી લેશ્યા હોય તદનુસાર જીવ શુભાશુભ ગતિને પ્રાપ્ત કરે છે. લોકોક્તિમાં પણ કહેવાયું છે કે, 'જેવી મતિ તેવી ગતિ' માટે હંમેશાં એવી મતિ રાખજો જેથી તમારી આવનારી ગતિ-ભવ ન બગડે.

**अक्केज्ज ( य ) - अक्रेय ( त्रि. )**

(ખરીદવા યોગ્ય નહીં તે, ખરીદવાને અયોગ્ય)

ધર્મબિંદુ ગ્રંથમાં ભગવાન હરિભદ્રસૂરિ મહારાજે શ્રાવકને કરવા યોગ્ય અને નહીં કરવા યોગ્ય વ્યાપારની ઘણી બધી વાતો કરી છે. તેમાં એક વાત એ પણ આવે છે કે, બિઝનેસ કરનાર વ્યાપારીને દેશ-કાળ અને સામગ્રીનું જ્ઞાન હોવું જોઇએ. અર્થાત્ કયા કાળે કઇ વસ્તુ ખરીદવા યોગ્ય છે કે કઇ નહીં અને કયા દેશમાંથી કઇ વસ્તુ ખરીદવી અને કઇ ન ખરીદવી તેનું પણ જ્ઞાન આવશ્યક છે. અન્યથા નફાની આશા તો દૂર, પણ પોતે રોકેલી મૂડીનો પણ નાશ થઇ શકે છે. જેમાં હિંસા ઘણી હોય તેવા નફાકારક વ્યાપારને પણ તજવા કહ્યું છે.

**अक्को ( देशी )**

(દૂત)

બે વ્યક્તિ વચ્ચેના સંદેશાને એકબીજા સુધી પહોંચાડનાર પુરુષને દૂત કહેવાય છે. પ્રાચીનકાળમાં આવું દૂતનું કાર્ય કરનાર પુરુષોમાં અમુક વિશિષ્ટ ગુણો રહેતા હતાં. જેવા કે ધીર-ગંભીર, શાંત, બુદ્ધિમાન્, વચનકુશળ વગેરે. આ ગુણોના કારણે તેઓ અસાધ્ય કાર્યોને પણ સાધ્ય બનાવતા. જિનશાસનમાં ગુરુભગવંતો પણ પરમાત્મવાણીને લોકો સુધી પહોંચાડનારા દૂત સમા છે. તેઓ શાસ્ત્રોના રહસ્યો લોક સુધી પહોંચાડીને દેવદૂતનું કાર્ય કરે છે અને કેટલાયને સાચા માર્ગે વાળીને સતત લોકોપકાર કરતા હોય છે.

**अक्कोडण - आक्रोडन ( न. )**

(સંગ્રહ)

તમે ભલે ધર્મમાં આસ્થા ના રાખતા હો, છતાં પણ 'સંગ્રહેલો સાપ પણ કામમાં લાગે' આ ઉક્તિ અનુસાર, કોઇક નાનકડા વ્રત-નિયમને જીવનમાં રાખો. શું ખબર ક્યારે કામમાં લાગી જાય ? ઓલા વંકચૂલ ડાકુને જ્યારે સાધુએ ચાર નિયમ આપ્યા ત્યારે તેને પણ વિચાર કર્યો કે, આ નિયમો તો જીંદગીમાં ક્યારેય ઉપયોગમાં આવવાના નથી પછી લેવામાં શું વાંધો ? પરંતુ જુઓ કર્મની કરામત એ જ ચાર નિયમના પ્રભાવે વંકચૂલ ડાકુ ઉન્નતિ પામ્યો અને મરીને બારમા દેવલોકનો દેવ બન્યો.

**अक्कोडो ( देशी )**

(બકરો)

**अक्कोस - अक्रोश ( न. )**

(શ્વાપદ નદી વગેરે ઉપદ્રવયુક્ત સ્થાન ૨. વરસાદયોગ્ય સ્થાનવિશેષ)

સાધુપણામાં જીવનનિર્વાહ માટે ભિક્ષાચર્યા મુખ્ય અંગ માનવામાં આવ્યું છે. આથી જ્યાં આગળ નજીકમાં જંગલ, પર્વત કે રાની પશુઓનો ભય હોય તેવા ઉપદ્રવયુક્ત સ્થાનોનો શ્રમણોએ ત્યાગ કરવો જોઇએ. જેથી ગમનાગમન કે ભિક્ષાચર્યાને કોઇ બાધા ન પહોંચે. સાધુને રહેવાના સ્થાનવિષયક કલ્પસૂત્રાદિ આગમોમાં વિસ્તૃત વર્ણન કરવામાં આવેલું છે.

**★आक्रोश ( पुं. )**

(અસભ્ય ભાષા, કઠોર વચન કહેવા તે, દુર્વચન ૨. શાપ ૩. નિંદા ૪. વિરુદ્ધ ચિંતન)

કોઇ નિંદકની વાતો સાંભળીને આપણે તેની ટીકા કરવા લાગી જઇએ છીએ. પરંતુ, સંત કબીર કહે છે કે, ભાઈઓ ! તમે નિંદકની

નિંદા નહીં,પરંતુ પ્રશંસા કરો કારણ કે, તે નિંદક તો ઓલા કચરા વાળનાર જેવો છે. પેલો ઝાડૂથી ગામની ગંદકી સાફ કરે છે જ્યારે નિંદક પોતાની જીભથી સજ્જનોમાં રહેલી ગંદકીને સાફ કરે છે.

**अक्कोसग - आक्रोशक ( त्रि. )**

(દુર્વચન બોલનાર, કટુવચની)

ભોજન ગમે તેટલું સ્વાદિષ્ટ સામગ્રીથી બનેલું હોય પરંતુ, જો એકાદ વસ્તુમાં કાંકરો આવે તો આખા ભોજનની નિંદા થાય છે. તેમ વ્યક્તિમાં ગમે તેટલા સદ્‌ગુણો ભરેલા હોય પરંતુ, જો જીભમાં કડવાશ આવી તો તેના કટુવચનો સાંભળીને એ સદ્‌ગુણી પુરુષની પણ કિંમત કોડીની થઇ જાય છે. સ્પષ્ટ વક્તા સુખી થાય છે પરંતુ, કટુવચની ક્યારેય નહીં.

**अक्कोसणा - आक्रोशना ( स्त्री. )**

(કઠોર વચન બોલવું તે, નિષ્ઠુર વચન કહેવા તે)

જેમ બંદૂકમાંથી એકવાર નીકળેલી ગોળી અને ધનુષમાંથી છૂટેલું બાણ પાછા ફેરવી શકાતા નથી તેમ એકપણ વાર બોલાયેલું કઠોર વચન બોલ્યા પછી ક્યારેય પાછું ફેરવી શકાતું નથી. પછી ગમે તેટલો પસ્તાવો થાય પરંતુ, તેનું ફળ ભોગવવું જ પડે છે. એટલે જ તો કહેવાયું છે કે 'अब पछ्ताये क्या होत, जब चिड़ीया चुग गई खेत' એટલે કાંઇ પણ બોલતા પહેલાં દસ વાર વિચાર કરજો.

**अक्कोसपरि ( री ) सह - आक्रोशपरि ( री ) षह ( पुं. )**

(આક્રોશ પરિષહ, બારમો પરિષહ, આક્રોશ-તિરસ્કારયુક્ત વચન સહેવા તે)

તત્ત્વાર્થસૂત્રમાં કહેવામાં આવ્યું છે કે, '**मार्गाच्यवननिर्जरार्थं परिषोढव्या परिषहाः**' અર્થાત્ મોક્ષના સાધક આત્માએ કર્મની નિર્જરા અને જિનમાર્ગથી પતિત ન થવા માટે પણ પરિષહો સહન કરવા જોઇએ. પરિષહ કરનાર ઉપર આક્રોશ ન કરતાં તેને પોતાનો ઉપકારી માનવો જોઇએ. સામાજિક જીવનમાં પણ જો સર્વેની સાથે રહેવું હોય તો સહિષ્ણુતા ગુણ હોવો આવશ્યક છે. જેનામાં સહિષ્ણુતા નથી તે કઠિન પરિસ્થિતિમાં કાં તો ભાંગી પડે છે અથવા મરણને શરણ થઇ જાય છે.

**अक्कोसपरि ( री ) सहविजय - आक्रोशपरि ( री ) षहविजय ( पुं. )**

(આક્રોશ પરિષહને જીતવો તે, આક્રોશ પરિષહ પર વિજય મેળવવો તે)

બાલજીવો તથા અજ્ઞાની જીવોએ કહેલા અને ક્રોધરૂપી અગ્નિનું ઉદ્દીપન કરનારા દુર્વચનોને સાંભળીને તેનો પ્રતિકાર કરવા માટે સમર્થ હોવા છતાં જે મહાપુરુષો ક્રોધાદિ કષાયોનો ઉદય પાપકર્મોના વિપાકવાળો છે એમ વિચારી હૃદયમાં સહેજ પણ કષાયોને સ્થાન ન આપે તે આક્રોશપરિષહવિજય કહેવાય છે. સાધુ ભગવંતોએ સહનીય બાવીસ પરિષહોમાં આક્રોશપરિષહનું બારમું સ્થાન છે.

**अक्कोह - अक्रोध ( त्रि. )**

(ક્રોધોદયરહિત, ગુસ્સો નહીં કરતો ૨. અત્યંત અલ્પ ક્રોધવાળો)

ડાહ્યા માણસો કોઈપણ કાર્ય કરતા પહેલાં તેના દૂરગામી સારા-નરસા પરિણામોનો પણ વિચાર કરીને પછી જ તેને કરે છે. શાસ્ત્રોમાં ક્રોધને અગ્નિની ઉપમા આપેલી છે. બહારનો અગ્નિ તો જ્યાં લગાડીએ તેને બાળે છે જ્યારે ક્રોધરૂપી અગ્નિ તો બન્નેને બાળે છે. વ્યવહારિક જગતમાં લોકો ક્રોધી માણસથી ભાગે છે અને આગમશાસ્ત્રો પણ સંસારની વૃદ્ધિ અટકાવવા માટે અક્રોધી અર્થાત્, ક્ષમાવંત બનવાનું જણાવે છે.

**अखडम्मिअं ( देशी )**

(તે પ્રકારે, તે પ્રમાણે, ખરેખર)

**अक्ख - अक्ष ( पुं. )**

(જીવ ૨. ચન્દનક, જેનો ઉપયોગ જૈન સાધુ સ્થાપનાચાર્યમાં કરે છે, તે રૂપ શ્રમણની ઉપધિવિશેષ ૩. ઇન્દ્રિય ૪. પાસા ૫. કોડી ૬. જન્મથી અંધ ૭. પથ્થર કે અગ્નિ ૮. કાળું મીઠું-સંચળ ૯. કર્ષ પ્રમાણ ૧૦. ચાર હાથ અથવા છન્નુ અંગુલનું એક માપ ૧૧. રુદ્રાક્ષ ૧૨. ગાડાની ધરી ૧૩. બહેડાનું વૃક્ષ ૧૪. રાવણનો એક પુત્ર ૧૫. સર્પ ૧૬. ગરુડ ૧૭. જુગાર)

અક્ષના અનેક અર્થોમાં ચન્દનક પણ અર્થ થાય છે. આ વસ્તુ સમુદ્રમાં થતાં એક જીવનું શરીર છે. જે નિર્જીવ થયા બાદ મુનિ

ભગવંતો તેમાં વિશિષ્ટ વિધિપૂર્વક ગુરુતત્ત્વની પ્રતિષ્ઠા કરે છે અને તેને સાક્ષાત્ ગુરુ ભગવંત હાજર હોય તેમ દરેક આવશ્યક ક્રિયાઓ વિનયપૂર્વક તેમની નિશ્રામાં કરતા હોય છે.

**अक्खइअ - अक्षतिक ( त्रि. )**

(અક્ષય, ક્ષય વિનાનું)

દુઃખના હેતુભૂત મિથ્યાત્વરૂપી બીજ જ્યાં સુધી અખંડ છે ત્યાં સુધી તે આત્માને કર્મોના બંધનથી દુઃખ આપે છે. આથી મોક્ષના અક્ષયસુખને પામવા મિથ્યાત્વને સમ્યગ્ જ્ઞાનના પ્રકાશથી ક્ષય પમાડી દેવું જોઈએ.

**अक्खओदय - अक्षयोदक ( त्रि. )**

(અક્ષયોદક, અખુટ પાણી જેનું છે તે, નિત્ય પાણીથી ભરેલું)

શાસ્ત્રોમાં લવણસમુદ્ર વગેરે સમુદ્રો બતાવેલા છે તેનો ક્યારેય નાશ ન થવાનો હોવાથી તેને અક્ષયોદય કહેવાય છે.

**अक्खचम्म - अक्षचर्मन् ( न. )**

(પાણી કાઢવાનો કોશ, મસક)

**अक्खणवेलं ( देशी )**

(મૈથુન ક્રીડા, સંભોગ ૨. રાત્રિનો પ્રારંભિક ભાગ, સંધ્યા)

**अक्खणिबद्धा - अक्षनिबद्धा ( स्त्री. )**

(બળદગાડું)

અત્યારે યાતાયાતના સાધનો તરીકે સાયકલ, સ્કુટરથી લઈને મોંઘીદાટ ગાડીઓ દેખાય છે તેમ આજથી સો વર્ષ પહેલાના કાળમાં ગમનાગમન માટે ઠેર-ઠેર બળદગાડાઓ, ઊંટગાડીઓ, ઊંટ અને ઘોડાઓનો ઉપયોગ થતો હતો. વાહનવ્યવહારના હાલના સાધનો તથા પ્રાચીન સાધનોમાં સૌથી મોટો તફાવત એ છે કે, પહેલાના સાધનો પોલ્યુશન-મુક્ત હતાં. જ્યારે આજના સાધનોએ તો પર્યાવરણનો ખાત્મો બોલાવી દીધો છે. પછી વિનાશક કુદરતી પ્રકોપો ન થાય તો શું થાય ?

**अक्खपाय - अक्षपाद ( पुं. )**

(અક્ષપાદ નામના ન્યાયદર્શનના પ્રણેતા મુનિ, ગૌતમઋષિ ૨. અક્ષપાદ ઋષિએ કહેલો ગ્રંથ)

ગૌતમઋષિએ પોતાના મતના વિરોધી વ્યાસમુનિનું આંખથી દર્શન ન કરવાની પ્રતિજ્ઞા કરી હતી તેવું જાણ્યા બાદ વ્યાસમુનિએ તેમને પ્રસન્ન કર્યા ત્યારે તેમણે ચરણમાં નેત્ર સ્થાપીને તેઓને જોયા એવી પૌરાણિક કથા છે. ગૌતમમુનિ પ્રણીત ન્યાયદર્શનમાં જગતના સર્વ ભાવોનો સોળ પદાર્થોમાં સમાવેશ કરાયો છે.

**अक्खम - अक्षम ( त्रि. )**

(અસમર્થ ૨. અભાવ ૩. ક્ષમાનો અભાવ ૪. ઈર્ષ્યા ૪. યુક્તિશૂન્ય, અયોગ્ય ૫. અનુચિત)

મંખલિપુત્ર ગોશાળાને પૂર્વે પોતાના ભક્ત અને પછીથી ભગવાન મહાવીરના પરમ શ્રાવક એવા મહાશતકે વારંવાર વિનંતી કરવા છતાં ગોશાળાએ ભગવાન મહાવીર સાથે વાદ ન કર્યો કેમકે, તે જાણતો હતો કે, સર્વજ્ઞ ભગવાન મહાવીરની સામે વાદ કરવામાં પોતે અસમર્થ છે. તેથી લોકમાં હાંસીપાત્ર થવાના ભયથી તેણે વાદ ન કર્યો.

**अक्खय - अक्षज ( न. )**

(ઇન્દ્રિયના સંનિકર્ષથી ઉત્પન્ન પ્રત્યક્ષ જ્ઞાન)

જેમ રસનેન્દ્રિય વગેરે ઇન્દ્રિયોના માધ્યમથી થતું જ્ઞાન ઇન્દ્રિયપ્રત્યક્ષ જ્ઞાન કહેવાય છે તેમ આત્માના સંનિકર્ષથી થનારા અવધિ-મનઃપર્યવ કે કેવળજ્ઞાનને આત્મપ્રત્યયિક જ્ઞાન કહેવાય છે.

**★अक्षत ( पुं. )**

(અખંડ ચોખા ૨. કોઈપણ ધાન્ય ૩. ઘાવરહિત ૩. અક્ષય, ક્ષયાભાવ ૪. જવ ૫. ઉત્કર્ષયુક્ત ૬. પરિપૂર્ણ ૭. ક્ષણાભાવ)

છોતરાં વગરના ચોખાને અક્ષત કહેવામાં આવે છે કારણ કે તેની જનનશક્તિ નષ્ટ થઈ ગઈ હોય છે. ચોખાને જમીનમાં વાવીએ

તો પણ ઊગતા નથી. તેમ કર્મોથી રહિત બનેલો આત્મા અક્ષતની જેમ અખંડ સ્વરૂપી બને છે. તે પછી ક્યારેય પણ જન્મ ધારણ કરતો નથી. માટે જ આપણે દેરાસરમાં ચારગતિનો વારક સ્વસ્તિક અખંડ ચોખાથી કરીએ છીએ.

**★अक्षय ( त्रि. )**

(ક્ષયરહિત, અખૂટ, શાશ્વત, અક્ષય ૨. અનન્ત ૩. અવિનાશી)

સૂત્રકૃતાંગસૂત્રના પ્રથમ શ્રુતસ્કંધમાં પરમાત્માની પ્રજ્ઞાની વ્યાખ્યા કરતા કહ્યું છે કે, તેઓની પ્રજ્ઞા સમુદ્રના પાણીની જેમ અખૂટ, અક્ષય, અનન્ત અને મહાસાગરની જેમ અક્ષીણ હોય છે. જ્ઞાન આત્માનો અવિનાશી - અવિનાભાવી ગુણ છે.

**अक्खयणिहि – अक्षयनिधि ( पुं. )**

(અખૂટ ભંડાર, અક્ષય ભંડાર, દેવ ભંડાર)

આપણે દીપાવલિના ચોપડાપૂજનમાં લખીએ છીએ કે 'શાલિભદ્રનો અખૂટ ભંડાર હોજો' પણ શાંતચિત્તે ક્યારેય એવું કદી વિચાર્યું છે કે શાલિભદ્રનો ભંડાર કેમ અખૂટ બન્યો હતો? પુણ્ય વગર અક્ષય ભંડાર ભરવાની ભાવના કેવી રીતે ફળે ?

**अक्खयणिहितव- अक्षयनिधितपस् ( न. )**

(લૌકિક ફળપ્રદ તપવિશેષ, અક્ષયનિધિ તપ)

પંચાશકજીમાં કહ્યું છે કે, અક્ષયનિધિ તપમાં પરમાત્માના જિનાલયમાં એક કલશ સ્થાપિત કરીને તેમાં પ્રતિદિન એક મુઠ્ઠી અક્ષત પૂરાય છે. તે જેટલા દિવસોમાં કળશ ભરાય તેટલા દિવસો સુધી એકાસણા તપ કરવું તેને અક્ષયનિધિ તપ કહેવાય છે.

**अक्खयणीवि – अक्षयनीवि ( स्त्री. )**

(અક્ષયપૂંજી, અખૂટ મૂડી)

ઇતિહાસ સાક્ષી છે કે, જૈનો પોતાના દેવ-ગુરુ અને ધર્મને કેટલા સમર્પિત છે. જ્યારે પણ જિનશાસન પર આપત્તિ આવી છે ત્યારે માત્રને માત્ર જિનશાસનની રક્ષા કાજે પોતાની પૂંજીઓને આંખો બંધ કરીને પાણીના પ્રવાહની જેમ વહાવી છે. જૈનશાસનનો નાનકડો શ્રાવક પણ લાભ લઈ શકે તે માટે જ્યારે પણ જિનાલયમાં પ્રતિમા સ્થાપન કરવાની હોય છે ત્યારે તેમના પબાસણની નીચે અમુક ધન મૂકવામાં આવે છે જેથી આપત્તિના સમયે જીર્ણોદ્ધારાદિ કાર્યમાં તેનો ઉપયોગ થાય.

**अक्खयतइया – अक्षयतृतीया ( स्त्री. )**

(અખાત્રીજ, વૈશાખ સુદ ત્રીજ, અક્ષયતૃતીયા)

અક્ષયતૃતીયા દિન વૈદિક તેમજ જિનશાસનમાં ખૂબ જ પ્રસિદ્ધ અને મહત્ત્વપૂર્ણ માનવામાં આવ્યો છે. આ દિવસે તેર માસથી નિર્જળા ઉપવાસી ભગવાન આદિનાથને તેમના જ પૌત્ર શ્રેયાંસકુમારે નિર્દોષ શેરડીના રસથી પારણું કરાવ્યું હતું. આ ઘટનાની યાદગીરીરૂપે આજે પણ જૈનધર્મમાં આરાધકો વરસીતપની તપશ્ચર્યા કરતા હોય છે અને વૈ.સુ.૩ના દિને માત્ર ઇક્ષુરસથી જ પારણું કરતા હોય છે.

**अक्खयपूया – अक्षतपूजा ( स्त्री. )**

(અક્ષતપૂજા, અષ્ટપ્રકારી પૂજામાંનો એક પ્રકાર, જિનપ્રતિમાની સન્મુખ અખંડ અક્ષતનું સમર્પણ કરવું તે)

આપણે જિનાલયમાં દરરોજ અક્ષતપૂજામાં સાથિયો, ત્રણ ઢગલી અને સિદ્ધશિલા આલેખીએ છીએ. પરંતુ તેની પાછળનું રહસ્ય જાણવાનો પ્રયત્ન કર્યો છે ખરો ? પ્રતિદિન અક્ષતપૂજા કરતા ભગવાન આગળ ભાવના ભાવવાની છે કે, હે પરમાત્મા ! હું ચાર ગતિમાં અનંતાકાળથી ભમી રહ્યો છું, હવે આપનું શાસન પામ્યો છું તો આપની પૂજાના પ્રતાપે મને સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્રની પ્રાપ્તિ થાઓ જેની આરાધના કરીને હું ચારગતિરૂપ સંસારથી છૂટીને જલદીથી સિદ્ધશિલામાં પહોંચી જાઉં.

**अक्खयायार – अक्षताचार ( पुं. )**

(સ્થાપિતાદિ દોષોનો ત્યાગ કરનાર આચારવાન સાધુ, શુદ્ધ ચારિત્રી)

વિવિધ પ્રકારના આહાર, શય્યા તથા ઉપધિ વગેરે જે વસ્તુઓ મુનિ ભગવંત માટે જ સ્પેશિયલ બનાવેલી હોય તે વસ્તુ તેઓને માટે આધાકર્મી કહેવાય છે. આવી આધાકર્મી વસ્તુઓને જે ગ્રહણ ન કરે તે નિર્દોષ આચરણવાળા કહેવાય છે.

**अक्खयायारया - अक्षताचारता ( स्त्री. )**

(પરિપૂર્ણ આચરણા, વિશુદ્ધ આચરણા, અખંડ આચાર સંપન્નતા)

અખંડ આચાર સંપન્ન સાધુ કે શ્રાવક પોતાના લીધેલા વ્રતોમાં અતિચાર સુદ્ધા પણ લાગવા દેતા નથી. માટે તેમને અક્ષતાચાર સંપન્ન કહેવાય છે. જિનશાસનની પ્રત્યેક ધર્મક્રિયાઓમાં આચારો અને વિચારોને અતીવ મહત્ત્વ અપાયું છે.

**अक्खयायारसंपण्ण - अक्षताचारसंपन्न ( त्रि. )**

(અખંડ આચારને પ્રાપ્ત થયેલું, નિર્દોષ આચરણયુક્ત, શુદ્ધ ચારિત્રધારી)

સંસારના વાસ્તવિક સ્વરૂપને જાણીને વૈરાગ્ય પામી સાધુતાને પ્રાપ્ત કરેલા મુમુક્ષુ જીવો કર્મોના બંધનને સારી રીતે જાણનારા હોવાથી ભગવાન મહાવીરે બતાવેલા ચારિત્રમાર્ગનું સુવિશુદ્ધ પાલન કરે છે. તેઓ સાધુપણાને વિષે સજાગતાપૂર્વક શુદ્ધ આચારનું આચરણ કરી ભવનો નિસ્તાર કરે છે.

**अक्खर - अक्षर ( न. )**

(જે સ્વસ્વભાવથી ક્યારેય ન ફરે તે, ૨. વર્ણ, અક્ષર ૩. જ્ઞાન ૪. કેવળજ્ઞાન ૫. ચેતના, આત્મા ૬. અવિનાશી, જેનો નાશ થવાનો નથી તે, ક્ષરણશૂન્ય ૭. ઉજ્જ્વળ ૮. અક્ષરશ્રુતનો એક ભેદવિશેષ)

જે ક્યારેય નાશ ન પામે તે અક્ષર કહેવાય છે. જ્ઞાન આત્માનો ગુણ હોવાથી ક્યારેય નાશ પામતો નથી. સંસારમાં જન્મ-મરણની જે ઘટમાળ છે તે આત્માની નથી પણ શરીરની છે. જ્ઞાન આત્માનું ઉપાદાન કારણ છે માટે તેનો નાશ ક્યારેય થવાનો નથી. ભારતીય ધર્મશાસ્ત્રોમાં અને દર્શનગ્રંથોમાં જ્ઞાન વિષયક પ્રચુરમાત્રામાં વિચારણા કરવામાં આવેલી છે.

**अक्खरगुण - अक्षरगुण ( पुं. )**

(અનન્ત ગમા-પર્યાય સહિત ઉચ્ચાર વગેરે અક્ષરના ગુણ)

સૂત્રકૃતાંગસૂત્રના પ્રથમ શ્રુતસ્કંધમાં જણાવાયું છે કે, પ્રત્યેક અક્ષર અનેક અર્થોને જણાવનારો હોય છે. અનન્તાગમા, પર્યાય, ઉચ્ચાર વગેરે ગુણોના કારણે જ અર્થનું પ્રતિપાદન શક્ય બને છે.

**अक्खरगुणमइसंघडणा - अक्षरगुणमतिसंघटना ( स्त्री. )**

(અક્ષરના ગુણવડે મતિજ્ઞાનની સંઘટના, દ્રવ્યશ્રુત વડે ભાવશ્રુતના કથનમાં અક્ષરગુણની મતિ યોજવી તે)

સૂત્રકૃતાંગસૂત્રમાં જ્ઞાનની વિભાવના કરતા જણાવાયું છે કે, ભાવશ્રુતને દ્રવ્યશ્રુતથી પ્રગટ કરવામાં મતિ દ્વારા અક્ષરગુણના સંયોજનને અક્ષરગુંણમતિસંઘટના કહેવાય છે. અર્થાત્ અક્ષરગુણ દ્વારા મતિજ્ઞાનની સંઘટના-બુદ્ધિની યોજના થાય છે.

**अक्खरपुट्ठिया - अक्षरपृष्ठिका ( स्त्री. )**

(બ્રાહ્મીલિપિનો નવમો લેખવિધાન, પ્રાચીન લિપિનો ભેદ)

શબ્દ બે પ્રકારના હોય છે. એક એ કે જે મુખેથી બોલાય છે અને બીજા લેખન-વાંચનમાં આવતા અક્ષરાકૃતિવાળા. લેખન-વાંચનના શબ્દો કુલ અઢાર પ્રકારની લિપિમાં લખાતા હતા. આ અવસર્પિણીકાળમાં સૌ પ્રથમ લિપિનું જ્ઞાન આપનાર ભગવાન આદિનાથ હતાં. તેમણે પુત્રી બ્રાહ્મીને લિપિવિજ્ઞાન આપીને જગત માટે જ્ઞાનનો ઉજ્જવલ માર્ગ ખોલી આપ્યો છે.

**अक्खरलंभ - अक्षरलाभ ( पुं. )**

(શબ્દની જાતિ વર્ણ વગેરેનું જ્ઞાન)

શબ્દ કે પદના બોધ માટે તેની જાતિ, કાળ વગેરેનું જ્ઞાન હોવું આવશ્યક છે. જેનાથી પદ કે વાક્યનો અર્થબોધ સુચારુતયા થઇ શકે. વક્તાને જયાં સુધી શબ્દની જાતિ વગેરેનું જ્ઞાન નથી ત્યાં સુધી તે સ્વયં પણ તેનો અર્થ નહીં કરી શકે અને અન્યને પણ તેનો યોગ્યબોધ નહીં કરાવી શકે. માટે કહ્યું છે કે, **'पठ पुत्र व्याकरणं येन सकलं शकलं न स्यात्'** અર્થાત્ સકલનો અર્થ સર્વ થાય છે અને શકલનો અર્થ ટુકડો થાય છે. જો લખવામાં ભૂલ થાય તો અર્થનો અનર્થ થઈ શકે છે. એટલે જિજ્ઞાસુ માટે શબ્દશાસ્ત્રનું જ્ઞાન પણ આવશ્યક મનાયું છે.

**अक्खरविसुद्ध - अक्षरविशुद्ध ( त्रि. )**

(પદ કે અક્ષરોથી યુક્ત)

શણગાર સજેલી સ્ત્રી વધુ સુંદર લાગે છે, ભોજનમાં મીઠાઈ હોય તો સ્વાદિષ્ટ લાગે છે. તેમ કથાકારના શબ્દોમાં વૈવિધ્ય સાથે અર્થગાંભીર્ય અને પદોમાં લાલિત્ય હોય તો એવા પદલાલિત્ય અલંકૃત ઉપદેશવાક્યોથી લોકોને હૃદયંગમ અર્થબોધ થાય છે. જિનશાસનમાં આવા કથાકાર-ઉપદેશક નંદીષેણમુનિ થઈ ગયા કે, જેમણે રોજ દશ વ્યક્તિઓને પ્રતિબોધ પમાડીને જમવાનો નિયમ લીધો હતો.

**अक्खरसंबद्ध - अक्षरसंबद्ध ( पुं. )**

(શબ્દમાં અક્ષર સ્પષ્ટ હોય તે)

જિનેશ્વર મહાવીરના શાસનમાં ગણધર ભગવંતાદિ રચિત દરેક સૂત્રો મંત્રસમાન ગણવામાં આવ્યા છે. તેના પઠનથી ન ધાર્યા હોય તેવા આશ્ચર્યો સર્જાયા છે અને સર્જાય છે. અત્યારે તેવો અનુભવ નથી થતો તેનું એકમાત્ર કારણ છે સૂત્રોનો અસ્પષ્ટ ઉચ્ચાર અને હૃદયમાં અશ્રદ્ધા. સૂત્રપઠન હંમેશા ગુરુ કે વડીલની નિશ્રામાં રહીને જ કરવું જોઇએ. જેથી સૂત્રોચ્ચારણમાં કોઈ અશુદ્ધિ હોય તો ધ્યાનમાં આવે.

**अक्खरसण्णिवाय - अक्षरसन्निपात ( पुं. )**

(અક્ષરોનો સંયોગ, અકારાદિ અક્ષરોનું જોડાણ)

અક્ષરો કે પદોને આગળ પાછળ મૂકવાથી તેને સાંભળનાર કે વાંચનારને તેનું અનુસંધાન કરતાં તકલીફ પડતી હોય છે. અથવા તો તેનો અર્થબોધ જ દુર્બોધ થઈ જાય. દા.ત. ૧. સાંઇઠ ફૂટના રમેશે ઘરો બનાવ્યા. અને ૨. રમેશે સાંઇઠ ફૂટના ઘરો બનાવ્યા. આ બન્ને વાક્યમાં પ્રથમ વાક્યથી શ્રોતાને વિપરીત જ્ઞાન થશે અને બીજા વાક્યના શ્રવણથી યથાર્થ બોધ થશે. માટે શબ્દો વગેરે જો ક્રમસર ગોઠવવામાં આવે તો જ તે લોકભોગ્ય બને છે. લોકપ્રિય પ્રવચનકારોના વક્તવ્યમાં અક્ષર સંયોગનો સુમેળ સહજપણે જોવા મળે છે.

**अक्खरसम - अक्षरसम ( न. )**

(ગેયસ્વર વિશેષ, હ્રસ્વ દીર્ઘ જે અક્ષર જેવો હોય તેવો બોલવો તે)

પ્રાચીન સમયમાં રાજસભામાં લોકમનોરંજન માટે ગીત-ગાનના કાર્યક્રમો યોજાતા હતાં. તેમાં સંગીતના સુંદર જાણકાર ગવૈયા પોતાની ગાનકળાથી રાજા અને પ્રજાના દિલ જીતી લેતા હતા. ગીત ગાતી વખતે તેઓ બોલાતા પદોમાં અક્ષરોની હ્રસ્વતા, દીર્ઘતાદિનું ખાસ ધ્યાન રાખતા હતા જેથી ગીતનો લયભંગ ન થાય.

**अक्खरसमास - अक्षरसमास ( पुं. )**

(અકારાદિ અક્ષરોનું જોડાણ-મેળાપ, અક્ષરસમૂહ)

અક્ષરો કે પદોમાં પરસ્પરનું યોગ્ય જોડાણ હોવું આવશ્યક છે. અન્યથા, અર્થનો અનર્થ થઇ જવાનો સંભવ છે. જેમ સમ્રાટ અશોકે તેના પુત્ર કુણાલ માટે **'कुमारो अधीयतां'** અર્થાત્, હવે કુમારને અધ્યયન કરાવો, એવો આદેશ કરેલો. પરંતુ કૂટનીતિથી 'અ' ના સ્થાને 'અં' કરી દેવાથી **'कुमारो अंधीयतां'** અર્થાત્, કુમારને અંધ બનાવો. એમ બિંદી માત્રનો ફરક થવાથી કુમારને પોતાની આંખો ગુમાવવી પડી હતી.

**अक्खल ( देशी-पुं. )**

(અખરોટનું વૃક્ષ ૨. અખરોટનું ફળ)

દુષ્ટલોકો બોરના જેવા હોય છે જે બહારથી બોરની જેમ નરમાશવાળા અને અંદરથી કઠણ ઠળીયાની જેમ ક્રૂરતાવાળા હોય છે. જ્યારે સાધુ-સજ્જન પુરુષો બહારથી અખરોટ જેવા કઠોર દેખાતા હોય છે પણ અંદરથી સાવ નરમ-સ્નેહાર્દ્ર હોય છે.

**अक्खलिअं ( देशी )**

(પ્રતિબિંબ પડેલું ૨. પ્રતિધ્વનિત ૩. આકુળ-વ્યાકુળ)

શરીરના રોગોથી વ્યાકુળ બનેલો રોગી ડૉક્ટર કે વૈદ્ય પાસે જાય છે અને તેઓની દવાથી તે જલદી સાજો પણ થઇ જાય છે. હે નાથ! હું પણ આ ક્રોધ-માન-માયા-લોભરૂપી રોગોથી આકુળ-વ્યાકુળ થયેલો આપની પાસે આવ્યો છું. આપ મને તત્ત્વોની કોઇક એવી ગોળી પીવડાવો જેથી મારા દુઃસાધ્ય ભવરોગનો જલદીથી નિકાલ આવે. મને શ્રદ્ધા છે કે, આ રોગનો નાશ આપ જ કરી શકો છો.

પ્લીઝ ! મારી આટલી રીકવેસ્ટ સાંભળી લો.

**अक्खलिय - अस्खलित ( त्रि. )**

(અપ્રમત્ત, અસ્ખલિત, ૨. અપતિત, અચ્યવિત ૩. સૂત્રના ગુણનો એક ભેદ)

જેમ દેશના પોતાના કાયદા હોય છે, ડૉક્ટરના પોતાના કેટલાક કર્તવ્યો હોય છે અને સંસારમાં જીવવા માટેના કેટલાક નિયમો હોય છે. તે કર્તવ્યોનું પાલન કરવામાં આવે તો જ તે વિકાસના માર્ગે ચાલી શકે છે. તેમ પરમાત્માએ પણ શ્રાવક માટે વાર્ષિક ૧૧ અને પર્યુષણના ૫ કર્તવ્યો બતાવ્યા છે. તે કર્તવ્યપાલનથી જીવ ચોક્કસ આત્મસુખોને પ્રાપ્ત કરી શકે છે. દુઃખની વાત એ છે કે, આપણને ધર્મથી મળતા સુખો જોઇએ છે પરંતુ, ધર્મ આચરવો ગમતો નથી.

**अक्खलियचरित्त - अस्खलितचारित्र ( पुं. )**

(અતિચારરહિત મૂલગુણરૂપ ચારિત્ર જેને છે તે, વિશુદ્ધ ચારિત્રધારી ૨. નિરતિચાર સંયમ)

દૃઢવ્રતી મુનિભગવંતો ચારિત્રપાલનમાં નાનો સરખો પણ અતિચાર-દોષ ન લાગે તેનું ખાસ ધ્યાન રાખે છે. એવા મહામુનિવરોને અસ્ખલિતચારિત્રી કહેવાય છે. આ સાધુ ભગવંતો સંવિગ્ન, આળસ વગરના, વ્રતપાલનમાં દૃઢ તથા રાગ-દ્વેષથી રહિત થઈ સમતાભાવને ધારણ કરનારા હોય છે.

**अक्खलियाइगुणजुत्त - अस्खलितादिगुणयुत ( त्रि. )**

(અસ્ખલિત પુનરુક્તિરહિત ઇત્યાદિ ગુણોથી યુક્ત)

મહાપુરુષોએ રચેલા સ્તોત્રો અસ્ખલિતાદિ ગુણયુક્ત હોય છે. સામાન્ય વ્યક્તિઓએ રચેલા ગેય કાવ્યો જેવા સામાન્ય અર્થવિબોધક નહીં, પરંતુ, સ્પષ્ટ ઉચ્ચારવાળા, અર્થગાંભીર્યવાળા, એકને એક શબ્દ વારંવાર જેમાં ન હોય તેવા અનેક ગુણ યુક્ત તથા પરસ્પર વૈપરીત્યરહિત શબ્દોના સંયોજનવાળા હોય છે.

**अक्खवाडग - अक्षपाटक ( पुं. )**

(વ્યવહારના નિર્ણાયક ધર્માચાર્ય ૨.ચોખંડું આસન)

ધર્માચાર્યોનું કહેવું છે કે, તમે જે પણ કાર્ય કરો તે વ્યાવહારિક દૃષ્ટિએ યોગ્ય હોવું જરૂરી છે જ, પરંતુ તેથી પણ વધારે આવશ્યક જે તે કાર્યના પરિણામ સ્વરૂપ બંધાતા ભાવિકર્મો છે. લૌકિક વ્યવહારમાં પણ કહેવાય છે કે, કરેલા પ્રત્યેક સારા-નરસા કાર્યોની નોંધ ચિત્રગુપ્તના ચોપડે નોંધાય છે. માટે કોઈપણ કાર્ય કરતી વખતે તે યોગ્ય છે કે નહીં તે જરૂરથી વિચારજો.

**अक्खवाया ( देशी )**

(દિશા)

જેમ ખોટામાર્ગે કે ખોટીદિશામાં ચઢી ગયેલાને હોકાયંત્ર સાચી દિશા બતાવીને યોગ્ય માર્ગે ચઢાવે છે તેમ હે પરમાત્મા ! હું આ સંસારરૂપી ઘોરઅટવીમાં સાચીદિશા ભૂલી ગયો છું, આપ મારા જીવનના મહાનિર્યામિક બનીને શું મને સાચી દિશા નહીં બતાવો ?

**अक्खसुत्तमाला - अक्षसूत्रमाला ( स्त्री. )**

(રુદ્રાક્ષની માળા)

જેવી રીતે સાત્વિક મંત્રજાપ કરવામાં સ્ફટિકની માળા શ્રેષ્ઠ મનાય છે તેવી રીતે રુદ્રાક્ષની માળાથી જાપ કરવામાં આવે તો મંત્રજાપનું ફળ અનેકગણું વધી જાય છે. કોઈપણ મંત્રના જાપ જેમ માળાઓના આલંબનથી કરાય છે તેમ કરાંગુલિ વડે પણ જાપ કરવાની એક શાસ્ત્રપ્રસિદ્ધવિધિ બતાવેલી છે જે મંત્રજાપ હેતુ સિદ્ધવિધિ કહેવાય છે.

**अक्खसोय - अक्षस्रोतस् ( न. )**

(ગાડાના પૈડાંની ધરીનું વાંકું છિદ્ર)

જેમ ગાડાના પૈડાંઓના ભ્રમણનો આધાર તેની ધરી પર છે અને તે ધરીનો આધાર તેમાં રહેલું વાંકું છિદ્ર છે. જેના આધારે ધરી સ્થિરતાપૂર્વક કાર્યરત થાય છે. તેમ સંયમધર્મની પરિપાલનામાં ધરી સમાન જો કોઈ હોય તો તે જ્ઞાનગર્ભિત વૈરાગ્ય છે.

**अक्खसोयप्पमाण - अक्षस्रोतःप्रमाण ( त्रि. )**

(ગાડાના પૈડાંની ધરીના છિદ્રના પ્રમાણવાળું, ચક્રનાભિના છિદ્રના પ્રમાણવાળું)

**अक्खसोयप्पमाणमेत्त - अक्षस्रोतःप्रमाणमात्र ( त्रि. )**

(પૈડાંની નાભિના છિદ્રના પ્રમાણના જેટલી જગ્યાવાળું, અતિ અલ્પપ્રમાણવાળું)

**अक्खा - आख्या ( स्त्री. )**

(અભિધાન, નામ)

જેઓ પોતાના સચ્ચારિત્રથી કે સ્વભુજાબળે યશ કીર્તિ મેળવીને સંસારમાં અમર થઈ ગયા છે તેઓનું જીવ્યું સાર્થક છે. પ્રાતઃકાળે તેવા પુણ્યશાળી પુરુષોના નામસ્મરણ કરાય છે. બાકી જેઓ જન્મથી મરણ પર્યંત નથી તો નામ કમાયા કે નથી આત્મહિત સાધ્યું, તેમનું જીવન વ્યર્થ ગયું છે, તેમ નીતિકારોનું દઢપણે માનવું છે.

**अक्खाइय - आख्यातिक ( न. )**

(સાધ્ય ક્રિયાપદ ૨. ક્રિયાવાચક શબ્દ)

**अक्खाइयट्ठाण - आख्यायिकास्थान ( न. )**

(કથા કહેવાનું સ્થાન)

લોકોને મનોરંજન કે જ્ઞાન આપવાની દષ્ટિથી કોઈ મહાપુરુષ કે મહાસતીના ચરિત્ર દ્વારા પ્રેરણાસ્પદ અર્થને સમજાવનારી ગદ્ય-પદ્ય રચના આખ્યાયિકા કે લઘુકથાના નામથી ઓળખાય છે. આવી વાર્તાઓને જ્યાં બેસી કહેવાય તેને આખ્યાયિકા સ્થાન કહે છે. દષ્ટાન્ત કથાને વધુ રોચક બનાવવા માટે કથાકારો પોતાની કલ્પનાના રંગોને પણ ઉમેરતા હોય છે.

**अक्खाइयणिस्सिय - आख्यायिकानिश्रित ( न. )**

(વાર્તા આશ્રિત જૂઠાણું, મૃષાવાદ-જૂઠનો નવમો ભેદ)

કલ્પિત વાર્તા આધારિત જે ખોટું બોલવામાં આવે તેને આખ્યાયિકાનિશ્રિત કહેવાય છે. મૃષાવાદના ભેદોમાં આનું નવમું સ્થાન છે. યાદ રાખજો, જુઠું બોલનારના વચનો પર કોઈ વિશ્વાસ કરતું નથી. જૂઠના પગલા તો અઢી જ હોય ને !

**अक्खाइया - आख्यायिका ( स्त्री. )**

(કલ્પિત વાર્તા, દંતકથા ૨. વાર્તા)

કાલ્પનિક વૃત્તાંતવાળી કે પૌરાણિક કથાઓને કલ્પિત વાર્તાઓ કહેવામાં આવે છે. આવી કથાઓના પ્રણયન પાછળ કે આખ્યાન કરવા પાછળ નીતિબોધ કે આચારોપદેશાદિ હેતુઓ વણાયેલા હોય છે. આવી કથાઓ બાળજીવોને ઉપકારક બનતી હોય છે.

**अक्खाउं - आख्यातुम् ( अव्य. )**

(કહેવા માટે, બોલવા માટે)

**अक्खाग - आख्याक ( पुं. )**

(મ્લેચ્છ વિશેષ)

ભગવાન મહાવીરસ્વામી દીક્ષા લીધા પછી વિશેષ કર્મનિર્જરાના હેતુથી મ્લેચ્છ-અનાર્યદેશમાં વિચરે છે. ત્યાં તેમને મ્લેચ્છો દ્વારા ઘોર ઉપસર્ગો કરાય છે. પ્રભુ સમતારસમાં નિમગ્ન બનીને બધું સહન કરી લે છે. મહાસત્ત્વશાળી તીર્થંકરો સિવાય એવા ઘોરઉપસર્ગોને સહન કરવા કોણ સમર્થ બની શકે ?

**अक्खाडग - आखाटक ( पुं. )**

(પ્રેક્ષકોને બેસવાનું આસન-સ્થાન, ચારે તરફથી જોઈ શકાય તેવી જગ્યા)

જેમ અત્યારે નાટકો ભજવવા માટે થિયેટરો કે હોલ જેવા સ્થળો હોય છે તેમ પહેલાના સમયમાં રંગશાળા વગેરે જગ્યાઓ હતી. જેમાં નાટક વગેરે ભજવવામાં આવતાં હતાં અને ચારેય બાજુ પ્રેક્ષકો બેસીને જોઈ શકે તે પ્રમાણેની વ્યવસ્થા કરવામાં આવતી હતી.

**अक्खाण - आख्यान ( न. )**

(કથન, નિવેદન)

પરમાત્મા મહાવીરદેવના સ્વહસ્તે દીક્ષિત ધર્મદાસ ગણિ મહારાજે ઉપદેશમાળા ગ્રંથમાં કહ્યું છે કે, સાધુએ જે દિવસથી પ્રવ્રજ્યા ગ્રહણ કરી હોય તે દિવસથી જ તેને મૃષાવાદનો સર્વથા ત્યાગ હોય છે. માટે હે શ્રમણ ! તું કોઇ પણ વાતનું નિવેદન કરે ત્યારે સૌ પ્રથમ તે વાતનું પૂર્વાપર અનુસંધાન કર્યા બાદ લાગે કે, કથનમાં ક્યાંય અસત્ય નથી પછી જ તેનું ઉચ્ચારણ કરજે. અન્યથા મૌન રહેવું એ જ શ્રેયસ્કર છે.

**अक्खाय - आख्यात ( त्रि. )**

(પૂર્વમાં તીર્થંકર ગણધરાદિ વડે પ્રતિપાદિત ૨. કહેલું, પ્રરૂપેલું)

જૈનધર્મની આ એક વિશેષતા છે કે, વ્યક્તિએ સ્વયં કોઇ શાસન પ્રભાવનાદિ ઉત્કૃષ્ટ કાર્ય કર્યું હોય તો પણ તેઓ તેનું અભિમાન કરતી નથી. તેનું પ્રત્યક્ષ ઉદાહરણ છે ગણધર ભગવંતરચિત આગમો. આપણા જેટલાં પણ આગમો છે તેમાં જંબૂસ્વામીએ જ્યારે પણ સુધર્માસ્વામીને કોઇ પણ પ્રશ્ન કર્યો છે ત્યારે તેના જવાબમાં તેઓએ કહ્યું છે કે '**सुयं मे आउसं तेणं भगवया एवमक्खायं**' અર્થાત્ હે આયુષ્માન્! મેં ભગવાન પાસેથી સાંભળ્યું છે, તેઓએ આ પ્રમાણે કહેલું છે. એમ નહીં કે હું કહું છું.

**अक्खायपव्वज्जा - आख्यातप्रव्रज्या ( स्त्री. )**

(પ્રવ્રજ્યાનો એક પ્રકાર, ઉપદેશાદિથી બોધ પામીને દીક્ષા લેવી તે)

જ્ઞાનનું ફળ વિરતિ અને વિરતિનું ફળ મોક્ષ છે. પરંતુ જ્ઞાનનું પ્રથમ પગથિયું છે ઉપદેશ શ્રવણ. તત્વાર્થસૂત્રમાં સમ્યગ્દર્શન પ્રાપ્તિના બે રસ્તા બતાવ્યા છે ૧. સ્વભાવથી અને ૨. ગુરુ ભગવંતના ઉપદેશ કે સંસર્ગથી. સામાન્ય લોકો માટે જ્ઞાન પ્રાપ્તિનો સરળ માર્ગ છે હંમેશાં ગુરુના ઉપદેશનું શ્રવણ કરવું. કેમકે તેનાથી જીવ શીઘ્રબોધ પામશે, પ્રવ્રજ્યા ગ્રહણ કરશે, જ્ઞાન પ્રાપ્ત કરશે, વિરતિનું નિરતિચાર પાલન કરશે અને તેનું ફળ મોક્ષને પ્રાપ્ત કરશે.

**अक्खि - अक्षि ( न. )**

(આંખ, નેત્ર, ચક્ષુ)

શરીરનું ઉત્કૃષ્ટ અંગ મુખને ગણવામાં આવેલું છે પરંતુ, મુખમાં પણ સર્વોત્કૃષ્ટ સુંદર અંગ તરીકે આંખ છે. જૈનધર્મમાં શરીર પર મમત્વ ન કરવું જોઇએ વગેરે બાબતો કહેવામાં આવી છે પરંતુ, એ જ ધર્મએ કહ્યું છે કે, તમારી આંખોની પ્રથમ રક્ષા કરજો કારણ કે, જિનધર્મમાં અહિંસાપાલન પર ભાર મૂકવામાં આવ્યો છે અને અહિંસા પાળવા માટે નેત્રોની નિરાબાધતા હોવી આવશ્યક છે. આથી જ તો મેઘકુમારે પોતાની આંખ સિવાયના બધા જ અંગ સાધુ વેયાવચ્ચ માટે સમર્પિત કરી દીધા હતાં.

**अक्खितर - अक्ष्यन्तर ( न. )**

(આંખનું છિદ્ર, આંખની અંદરનો ભાગ)

પરમાત્મા માટે શાસ્ત્રમાં ઘણાબધા ગુણોનું કથન આવે છે તેમાંનું એક છે, '**आकालपरार्थव्यसनीनां**' અર્થાત્ પરમાત્મા સર્વકાળે દરેક ભવોમાં હંમેશાં પરોપકારના સ્વભાવવાળા હોય છે. તેમનું દરેક કાર્ય પરાર્થ માટે જ હોય છે. અરે ! ઓલા સંગમદેવે પ્રભુ વીર પર ઘોર ઉપસર્ગ કર્યા અને હારીને પાછો ફર્યો ત્યારે મહાવીરદેવની આંખોમાં આંસુ આવ્યા તે પણ ઓલા સંગમદેવની ઉપર દયા ખાતર.

**अक्खित्त - आक्षिप्त ( त्रि. )**

(જેનો આક્ષેપ કરાયો હોય તે ૨. આકર્ષિત, આકૃષ્ટ થયેલું, ખેંચાયેલું ૩. નમાવેલું ૪. લલચાવેલું ૫. સ્થાપિત)

સજ્જન અને દુર્જનમાં માત્ર એટલો જ તફાવત છે કે જ્યાં શાસ્ત્રની ઉક્તિ હોય ત્યાં સજ્જનની મતિ હોય અને દુર્જન હંમેશા પોતાની મતિને અનુસાર શાસ્ત્રની ઉક્તિ ખેંચતો હોય છે. અર્થાત્ પોતાની બુદ્ધિને અનુસાર શાસ્ત્રોના અર્થ કરતો હોય છે. આથી જ હરિભદ્રસૂરિ મહારાજે કહ્યું છે કે, કપિલ વગેરે પર અમને દ્વેષ નથી અને મહાવીર વગેરે પર અમને રાગ નથી, પરંતુ જેનું યુક્તિયુક્ત વચન છે તેને જ સ્વીકારીએ છીએ.

**अक्खि ( क्खे ) त्त - अक्षेत्र ( न. )**

(ક્ષેત્રનો અભાવ ૨. મર્યાદિતક્ષેત્રની બહારનો પ્રદેશ, ક્ષેત્રની બહારનું)

ઓઘનિર્યુક્તિ ગ્રંથમાં સાધુને કેવા સ્થાનમાં ઉતરવું તેનો ઉપદેશ કરવામાં આવ્યો છે. જે સ્થાનમાં સાધુ પોતાની આચારમર્યાદાને

પાળી શકે અને લોકહિત કરી શકે તેવા ક્ષેત્રની મર્યાદા-પસંદગી કરવાની વાત કરેલી છે. પોતે નક્કી કરેલા ક્ષેત્ર સિવાયના ક્ષેત્રપ્રદેશમાં ગમનાગમન નિષેધ હોવાથી તે અક્ષેત્ર તરીકે તેનો નિર્દેશ કરેલો છે.

**अक्खित्तणियंसण – आक्षिप्तनिवसन ( त्रि. )**

(બળજબરીથી લીધેલું વસ્ત્ર પહેરવું તે)

કોઈ વ્યક્તિ પાસેથી બળજબરીથી કાર્ય કરાવીએ તો તેમાં તે વ્યક્તિ વેઠ ઉતારશે. કાર્ય વ્યવસ્થિત પણ નહીં કરે. કોઈ દુકાનથી છીનવીને લાવેલ વસ્ત્રો પહેરનારને કે લાવનારને ઝાઝો આનંદ આપી ન શકે. તેમ અન્યાય અનીતિથી કરેલો ધનનો સંચય જે કુદરતના નિયમ પ્રમાણે જબરદસ્તીથી મેળવેલું કહી શકાય તે ધન-માલ જીવને ઝાઝું સુખ ન આપી શકે.

**अक्खिराग – अक्षिराग ( पुं. )**

(આંખોમાં લગાવવાનું અંજન)

સંસારમાં જેટલું પતન દ્વેષથી નથી થયું તેનાથી કઇ ગણું રાગથી થયું છે. દ્વેષ તમારો ખુલ્લો શત્રુ છે એટલે તમે તેનાથી કદાચ બચી શકો છો. પરંતુ રાગ તો તમારો મિત્ર બનીને તમારું પતન કરે છે. શાસ્ત્રકારોએ પણ મોહને કર્મોનો રાજા કહ્યો છે. તેમાંય જો તમને દૃષ્ટિરાગ થઇ જાય તો તો સમજી લેજો કે, મોક્ષની વાત તો દૂર, મોક્ષના માર્ગથી પણ તમે જોજનો દૂર છો. દૃષ્ટિરાગ તમને ક્યારેય પણ સત્ય સ્વીકારવા દેતો નથી. તેમાં વ્યક્તિ અંધ બની જાય છે. માટે દૃષ્ટિરાગથી ચેતજો !

**अक्खिवण – आक्षेपण ( न. )**

(વ્યાકુળતા, વ્યગ્રતા, ગભરામણ)

માણસ વિચારશીલ પ્રાણી છે. તે હંમેશાં વિચારે છે કે, જો હું કમાઇશ નહીં તો પરિવારનું શું થશે ? કાલે કદાચ ઇન્કમટેક્ષની રેડ પડશે તો શું થશે ? ધંધામાં નુકશાન આવશે તો શું થશે ? આવા ઘણા બધા વિચારો આવતાં ભવિષ્યના પરિણામોથી ગભરાઇ જાય છે. પરંતુ સંસારમાં રાગ-દ્વેષ કરવાથી કર્મોનો બંધ થઇ જશે તો મારા આવતા ભવોનું શું ? આ વિચારે ગભરામણ થઇ છે ખરી ? કે પછી વિચાર જ નથી આવતો ?

**अक्खिविउं – आक्षेप्तुं ( अव्य. )**

(સ્વીકારવા માટે)

જ્ઞાની ભગવંતોએ સંસારના દરેક દ્રવ્યને પરિવર્તનના સ્વભાવવાળું કહ્યું છે. જેમ વાયુ ક્યારેય પણ સ્થિર નથી રહી શકતો તેમ વ્યકિતના મનોગત ભાવો પણ ક્યારેય સ્થિર નથી રહી શકતા. માટે જ્યારે પણ મનમાં શુભકાર્ય કરવાની ઇચ્છા થાય તો બીજો કોઇ વિચાર કર્યા વિના તેનો અમલ તાત્કાલિક કરી દો. ભૂતકાળમાં જે કોઇપણ ભૂલો કે દોષો સેવાઇ ગયા હોય તેની આલોચના કરવાની ઇચ્છા જાગે તો વિના સંકોચે દરેક પાપોનો સ્વીકાર કરીને આત્માને શુદ્ધ કરી દો.

**अक्खिविउकाम – आक्षेप्तुकाम ( त्रि. )**

(સ્વીકારવાની ઇચ્છાવાળો)

સાધુના બે પ્રકાર છે. ૧. સંવિગ્ન અને ૨. સંવિગ્નપાક્ષિક. તેમાં પહેલા પ્રકારના સાધુ પ્રાયઃ દોષોનું ક્યારેય સેવન નથી કરતા અને જિનકથિત આચારોનું અણિશુદ્ધ પાલન કરે છે. જ્યારે બીજા પ્રકારના સાધુઓ પોતાના આચારોમાં શિથિલ હોય છે. તેઓ સાધુસામાચારીમાં દોષોનું સેવન કરતા હોવા છતાંય તેઓ શુદ્ધ સામાચારીના જ આગ્રહી હોય છે. જે શુદ્ધઆચાર પાળતા હોય છે તેને જ સાચા અને પોતાને ખોટા માનતા હોય છે આથી જ જિનશાસનમાં સાધુ તરીકે તેમનો સ્વીકાર થયેલો છે.

**अक्खिवेयणा – अक्षिवेदना ( स्त्री. )**

(નેત્રપીડા, આંખનો એક પ્રકારનો રોગ)

પીળીયો તે એક પ્રકારનો આંખનો રોગ છે. જે વ્યક્તિને પીળીયો એટલે કે, કમળો થયો હોય તેને બધી જ વસ્તુ પીળી દેખાતી હોય છે. દરેક વર્ણને તે પીળા રંગ તરીકે જ જોતો હોય છે. કોઇ તેને કહે કે, આ પીળું નથી છતાં પણ તે પીળીયાને કારણે યથાર્થવર્ણ તરીકે જોઈ શકતો નથી. બસ એવી જ રીતે ભવાભિનંદી જીવને ગમે તેટલું સત્ય સમજાવવાનો પ્રયાસ કરવામાં આવશે તો પણ તે સંસારને જ ઉપાદેય અને સત્યને-આત્મહિતકરને હેય માનશે.

**अक्खीण - अक्षीण ( त्रि. )**

(નહીં તૂટેલું ૨. ક્ષય ન પામેલું, અક્ષય)

હે નાથ! હું આખી જીંદગી શાશ્વત સુખો મેળવવા માટે પુદ્ગલો પાછળ ભાગતો રહ્યો. મને પૈસામાં સુખ દેખાયું તો તેને મેળવવા દિન-રાત ખાધા-પીધા વિના, તબિયતને જોયા વિના તેની પાછળ ભાગ્યો, પત્ની પુત્ર કુટુંબાદિ પાછળ પાગલ બનીને તેમાં સુખ ગોતતો રહ્યો, બાહ્ય ભોગસામગ્રીમાં સુખને ફંફોસતો રહ્યો. પણ સાલા બધા જ ઠગારા નીકળ્યા. એકેયમાં મને કાયમી સુખ ન મળ્યું. આખરે હારી થાકીને મને સત્યનું ભાન થયું કે, જો મારે કદી ન ખૂટે એવું અક્ષય સુખ જોઇતું હશે તો પ્રભુ તારે શરણે આવ્યા વિના છૂટકો જ નથી.

**अक्खीणपडिभोइ ( ण् ) - अक्षीणपरिभोगिन् ( पुं. )**

(અપ્રાસુક આહાર લેનાર ૨. જેની આહારશક્તિ નષ્ટ નથી થઇ તે)

સાધુએ સર્વથા અને શ્રાવકોએ બને ત્યાં સુધી અચિત્ત આહાર-પાણી ગ્રહણ કરવા જોઇએ. કેમકે જયાં આહારશુદ્ધિ નથી ત્યાં ધર્મ નથી. જેમ આપણે જીવવાની તીવ્રેચ્છા રાખીએ છીએ તેમ સંજ્ઞી કે અસંજ્ઞી બધા જ જીવ-જંતુઓ જીવવાની ઇચ્છા ધરાવતા હોય છે, કોઇપણ જીવો મરવાનું પસંદ કરતાં નથી. સાધુને તો સચિત્તવસ્તુનો સર્વથા ત્યાગ હોય છે. છતાંય સચિત્ત આહારાદિને ગ્રહણ કરે છે તેને સચિત્તભોગી કહેવાય છે. સચિત્ત ભોજન લેનાર સાધુ પોતાની સાધુતાને જ લાંછિત કરે છે.

**अक्खीणमहाणसिय - अक्षीणमहानसिक ( पुं. )**

(જે લબ્ધિના પ્રભાવથી હજારો માણસોને જમાડે પણ પોતે ન જમે ત્યાં સુધી ન ખૂટે તેવી લબ્ધિવાળો, અક્ષીણમહાનસિક લબ્ધિવંત)

સુવિશુદ્ધ આચારપાલન અને ઉગ્ર તપશ્ચર્યાના પ્રભાવે કેટલાક સાધુ ભગવંતોમાં એવી લબ્ધિ પ્રગટ થતી હોય છે કે, તેમણે લાવેલું અન્ન અથવા કોઇ સ્થાનવિશેષમાં બનતું અન્ન એ બન્ને પ્રકારના આહાર તેમના લબ્ધિના પ્રભાવે લાખો, કરોડો લોકો જમે તો પણ જયાં સુધી તેઓ ન ઇચ્છે ત્યાં સુધી જરાપણ ન ખૂટે. જેમ ગૌતમસ્વામીએ આવી લબ્ધિથી ૧૫૦૩ જેટલા તાપસોને બોધ પમાડીને ખીરથી પારણું કરાવ્યું હતું.

**अक्खीणमहाणसी - अक्षीणमहानसी ( स्त्री. )**

(ભિક્ષામાં લાવેલા અન્નથી લાખો માણસ ભોજન કરે છતાં પણ જયાં સુધી પોતે ન જમે ત્યાં સુધી ન ખૂટે તેવી લબ્ધિ, અક્ષીણમહાનસી લબ્ધિ)

**अक्खीणमहालय - अक्षीणमहालय ( पुं. )**

(લબ્ધિ વિશેષ પ્રાપ્ત, જેના પ્રભાવે તે પુરુષ જયાં રહ્યો હોય ત્યાં તીર્થંકરની પર્ષદાની જેમ અસંખ્ય જીવો સુખેથી બેસી શકે છે)

આ એક એવા પ્રકારની લબ્ધિ છે કે, જેની પાસે આ લબ્ધિ હોય તે પુરુષ જે પણ પરિમિત સ્થાનમાં રહેલો હોય ત્યાં બહારથી અસંખ્ય દેવ-મનુષ્ય કે તિર્યંચ આવીને બેસે તો પણ જરાય સંકડાશનો અનુભવ ન થાય, તે બધા જ જીવો તેટલા પરિમિત સ્થાનમાં આસાનીથી સમાઇ જાય. જેમ તીર્થંકર પરમાત્માની પર્ષદામાં માત્ર એક યોજનનું સમવસરણ હોવા છતાંય અસંખ્ય દેવ-મનુષ્ય-તિર્યંચો વિના સંકોચે સમાઈ જતા હોય છે.

**अक्खीरमधु ( हु ) सप्पिय - अक्षीरमधुसर्पिष्क ( पुं. )**

(દૂધ, ઘી, મધુ આદિના વર્જનરૂપ અભિગ્રહવિશેષ)

શાસ્ત્રોમાં વિગઇઓને અહિતકારી કહેલી છે તેનું આસક્તિપૂર્વક સેવન કરનારને તે દુર્ગતિમાં લઇ જાય છે. આથી વિગઈ ત્યાગ કરવાનો વિશેષ આગ્રહ કરવામાં આવેલો છે. શરીર ટકાવવા માટે થોડીક માત્રામાં વિગઇ વાપરવાની છૂટ આપી છે પરંતુ, આસક્તિપૂર્વક ક્યારેય નહીં. વિગઇના આવા સ્વરૂપને જાણનાર સાધુઓ દૂધ, ઘી વગેરે વિગઇઓનો યથાશક્તિ અભિગ્રહ કરતા હોય છે. આવા અભિગ્રહધારી સાધુઓને અક્ષીરમધુસર્પિષ્ક કહેવામાં આવે છે.

**अक्खुअ - अक्षत ( त्रि. )**

(અક્ષત, નહીં હણાયેલું, અપ્રતિહત)

જેની ખુદની પાસે એક ફૂટી કોડી પણ નથી એવો ભિખારી ક્યારેય બીજા ભિખારીને અમીર નથી બનાવી શકતો. પરંતુ જેની પાસે

કરોડોની સંપત્તિ છે, તેવો ધનાઢ્ય પુરુષ બીજાને ધનાઢ્ય બનાવી શકે છે. આપણને અક્ષત અને અવ્યાબાધ સુખ જોઇએ છે પરંતુ, તેના માટે સ્વયં કર્મોથી લેપાયલા અને હર્ષ-શોક કરનારા દેવ-દેવીઓ પાસે જવાથી તે સુખ નહીં મળે. તેના માટે જે સ્વયં અક્ષયસુખના સ્વામી છે અને જે સંસારના ભાવોથી પર છે એવા વીતરાગી પરમાત્મા પાસે જ જવું પડશે.

**अक्खुआआरचरित्त - अक्षताकारचरित्र ( पुं. )**

(અખંડ ચારિત્રવાળો, અતિચારરહિત ચારિત્ર પાળનાર)

ગઇકાલ સુધી જે કોઇનો દીકરો કે નોકર ઇત્યાદિ હતો તે મસ્તક મુંડીને સાધુ બનતાં મહારાજા બની જાય છે. કેમ કે પ્રવ્રજ્યા ગ્રહણ કરીને તે કર્મો સામે ખુલ્લંખુલ્લું યુદ્ધ જાહેર કરે છે અને તે કર્મરાજાને સંદેશો પાઠવે છે કે, મારી પાસે પંચ મહાવ્રત, દશવિધ સામાચારીરૂપી સૈન્ય અને અઢારહજાર શીલાંગરથ છે. આમની સહાયથી નિરતિચાર પાલન કરીને હું તારી પર જય મેળવીને જ રહીશ.

**अक्खुण्ण - अक्षुण्ण ( त्रि. )**

(અવિચ્છિન્ન, અત્રુટિત)

આપણે પરંપરામાં ખૂબ માનીએ છીએ જેમ કે, કુટુંબમાં પાળવામાં આવતા રીતિ-રિવાજો, પૂર્વજોએ ઘડેલા કેટલાક નિયમો, ધંધામાં ફાયદો મેળવવા માટે નક્કી કરેલા કેટલાક ધારા-ધોરણો આ બધામાં આપણે કોઈપણ જાતનો વિચાર કર્યા વિના તે રસ્તે ચાલીએ છીએ. તો પછી સર્વજ્ઞકથિત અને મહાપુરુષો દ્વારા આચરિત માર્ગ પર ચાલવાથી કેટલાયનું કલ્યાણ થયું છે અને થાય છે તે જાણવા છતાં પણ પૂર્વથી અવિચ્છિન્ન ચાલી આવતા આ માર્ગ પર ચાલવા માટે શું કામ સો વાર વિચાર કરવો પડે છે? શું કલ્યાણની ઇચ્છા નથી ?

**अक्खुद्द - अक्षुद्र ( त्रि. )**

(ઉદારમતિ ૨. અક્ષુદ્ર ૩. અકૃપણ, લોભી નહીં તે ૪. અક્રૂર)

ક્ષુદ્ર શબ્દના ઘણા અર્થો થાય છે. જેમકે તુચ્છ, દરિદ્ર, હલકો, ક્રૂર, અગંભીર ઇત્યાદિ. જે ક્ષુદ્ર નથી તે અક્ષુદ્ર કહેવાય. શ્રાવકના ૨૧ ગુણો જે બતાવ્યા છે તેમાં પ્રથમ ગુણ અક્ષુદ્રતા છે. અર્થાત્ શ્રાવક ઉદાર-ગંભીરમતિ હોય. કારણ કે ધર્મોપાર્જનમાં કે શાસનપ્રભાવનામાં ઔદાર્યગુણની પ્રાથમિકતા બતાવી છે. કૃપણ પોતાની મતિજડતાના કારણે ધર્મના ઉચિતસ્થાને પણ દ્રવ્યવ્યય કરી નથી શકતો. માટે ધર્મસાધનમાં તેને અયોગ્ય બતાવ્યો છે. પંચાશક ગ્રંથની અંદર ધર્મને સૂક્ષ્મબુદ્ધિસાધ્ય બતાવ્યો છે. માટે તેને સાધનારો પણ તથાપ્રકારની યોગ્યતાવાળો હોવો જોઈએ.

**अक्खुपुरि - अक्षपुरि ( स्त्री. )**

(અક્ષપુરી નામક નગરીવિશેષ)

જ્ઞાતાધર્મકથાંગસૂત્ર નામના આગમમાં આવતા વર્ણન પ્રમાણે અક્ષપુરીમાં સૂરપ્રભ નામનો ગ્રહપતિ હતો. તેની ભાર્યાનું નામ સૂરશ્રી હતું. તેની કુક્ષિથી સૂરપ્રભાદિ જે પુત્રીઓ જન્મી હતી તે સૂર્યની અગ્રમહિષીઓ બની હતી.

**अक्खेव - आक्षेप ( पुं. )**

(આક્ષેપ ૨. આશંકા ૩. પૂર્વપક્ષ ૪. ઓગણીસમું ગૌણ ચૌર્યકર્મ ૫. ભર્ત્સના ૬. અપવાદ ૭. આકર્ષણ ૮. ધનાદિ નિક્ષેપણ ૯. અર્થાલંકારનો ભેદ ૧૦. નિવેશના ૧૧. ઉપસ્થાપના ૧૨. અનુમાન ૧૩. તિરસ્કારયુક્ત વચન)

આવશ્યકસૂત્રની ચૂર્ણિમાં જણાવેલું છે કે, મર્યાદાના અર્થમાં ઉપદિષ્ટ અર્થ વિશે આશંકા કરે તે ઉચિત નથી. જેમકે સૂત્ર બે પ્રકારના છે એક સંક્ષેપવાળા અને બીજા વિસ્તારવાળા. યથા સામાયિક અને ચૌદપૂર્વો. પરંતુ નમસ્કાર મહામંત્ર કે જે સંક્ષેપમાં પણ નથી કહેલો કે વિસ્તૃતપણે પણ નથી કહેલો. એવી કોઈ પ્રરૂપણા કરે તો તે અયોગ્ય છે. કારણ કે તેવી કોઈ ત્રીજા પ્રકારની પરિકલ્પના શાસ્ત્રોમાં વિદ્યમાન નથી.

**अक्खेवणी - आक्षेपणी ( स्त्री. )**

(શ્રોતાનું તત્ત્વ પ્રત્યે આકર્ષણ થાય તેવી ધર્મકથા, ધર્મકથાનો એક ભેદ)

જેના શ્રવણથી સાંભળનારનું મન તેના રહસ્ય પ્રત્યે આકર્ષિત થાય તેવી ધર્મકથાને આક્ષેપણી ધર્મકથા કહેવાય છે. તે ચાર પ્રકારે છે.

૧. આચારાક્ષેપણી એટલે કે લોચ સ્નાનાદિ આચારના અનેક ભેદોનું જેમાં કથન હોય તેવી. ૨. વ્યવહારાક્ષેપણી એટલે કે ચારિત્રપાલનમાં જો કોઈ દોષ લાગ્યો હોય તો તેને દૂર કરવા માટેના પ્રાયશ્ચિત્ત જેમાં જણાવ્યા હોય તેવી ૩. પ્રજ્ઞપ્ત્યાક્ષેપણી એટલે કે મધુરવચનો વડે શ્રોતાના સંશયોનું નિરાકરણ કરનારી ૪. દૃષ્ટિવાદાક્ષેપણી અર્થાત્, શ્રોતાની ઈચ્છા જીવાદિભાવોનું ગંભીર વર્ણન કરવામાં આવ્યું હોય તેવી કથા.

**अक्खेवि ( ण् ) - आक्षेपिन् ( त्रि. )**

(વશીકરણાદિથી પારકું દ્રવ્ય હરનાર)

જે વ્યક્તિ વશીકરણાદિ દ્વારા અન્યને વ્યામોહ પમાડીને તેના દ્રવ્યાદિને ચોરી જાય છે તેને આક્ષેપી કહેવાય છે. શાસ્ત્રોમાં જૈન સાધુને અંજનાદિ પ્રયોગો દ્વારા વશીકરણ કે આહાર-પાણી ગ્રહણ ઇત્યાદિ કરવાની મનાઈ કરેલી છે.

**अक्खोड - कृष् ( धा. )**

(તલવારને મ્યાનથી ખેંચવી)

**★अक्षोट ( ड ) ( पुं. )**

(અખરોટનું વૃક્ષ ૨. અખરોટનું ફળ ૩. પહાડી પીલુ વૃક્ષ)

**अक्खोडभंग - अक्षोटभङ्ग ( पुं. )**

(પડિલેહણાનો એક ભાગ જોયા પછી તેના પર રહેલા જીવ-જંતુને ખંખેરવા તે, ખોડભંગ)

**अक्खोभ - अक्षोभ ( त्रि. )**

(ક્ષોભરહિત ૨. અંધકવૃષ્ણિ અને ધરિણીદેવીનો પુત્ર ૩. અચલ, સ્થિર ૪. અંતઃકૃદશાંગસૂત્રના પ્રથમ વર્ગનું એક અધ્યયન)

યદુવંશના રાજા અંધકવૃષ્ણિ અને ધરિણિદેવીના એક પુત્ર જેઓએ ભગવાન નેમિનાથ પાસે દીક્ષા લઈને શત્રુંજય પર્વત પર સિદ્ધગતિને પ્રાપ્ત કરી. અંતઃકૃદશાંગસૂત્રના પ્રથમ વર્ગના સપ્તમ અધ્યયનમાં આ અક્ષોભમુનિનું ચરિત્ર જણાવેલું છે.

**अक्खोवंजण - अक्षोपाञ्जन ( न. )**

(ગાડાની ધરીને તેલાદિ પદાર્થ ચોપડવા તે ૨. ઘા ઉપર ઔષધ લેપન)

જેમ ગાડાને વગર અવાજે સરળ રીતે ઝડપથી ચલાવવા માટે તેની ધરીમાં તેલાદિ સ્નિગ્ધ પદાર્થોને ચોપડવા આવશ્યક બને છે. તેમ આપણા વ્યવહારને સરળ અને સારી રીતે ચલાવવા માટે ગાંભીર્ય, ઔદાર્ય, સ્પષ્ટતા, સરળતા, પારદર્શિતા, સહનશીલતા, નમ્રતા આદિ ગુણો જરૂરી બને છે.

**अखंड - अखण्ड ( त्रि. )**

(સંપૂર્ણ, પરિપૂર્ણ, ભાગ-વિભાગ વગરનું)

જૈનદર્શનમાં બતાવેલા ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય વગેરે પદાર્થો સંપૂર્ણ લોકાકાશના પ્રમાણવાળા છે, એક છે અને અખંડ છે. આ ધર્માસ્તિકાયાદિ પદાર્થો ગમન કરવું, સ્થિરતા કરવી આદિ ક્રિયાઓ માટે સહાયક માન્યા છે.

**अखंडणाणरज्ज - अखण्डज्ञानराज्य ( त्रि. )**

(અખંડજ્ઞાન રાજ્ય, પૂર્ણજ્ઞાનવાળું)

જે અજ્ઞાની છે કે અલ્પજ્ઞાની છે તેઓ ડગલેને પગલે સાતેય પ્રકારના ભયોથી સતત ભયભીત રહે છે. પરંતુ જે મહાત્માઓ અખંડજ્ઞાનરાજ્યના સ્વામી છે અને ચિત્તમાં નિર્ભય એવું ચારિત્ર પરિણત થઈ ગયેલું છે તેમને વળી ભય ક્યાંથી હોય ? અર્થાત્, જ્ઞાનગર્ભિત વૈરાગ્યના ધારક સંયમીઓને કોઈપણ કારણે સહેજ પણ ભય હોતો જ નથી. આ જગતમાં તેઓ જ ખરા નિર્ભય છે.

**अखंडदंत - अखण्डदन्त ( त्रि. )**

(પરિપૂર્ણ દંતપંક્તિ છે જેની તે, પરિપૂર્ણ દાંતયુક્ત)

સ્વચ્છ અને અખંડ દાંત માણસને રોગથી બચાવે છે તેમ આહારનું નિયમન કરવામાં સૌથી વધુ સહાયક પરિબળ બને છે. તેમ અખંડ દાત મુખની શોભારૂપ પણ બને છે. એ જ રીતે અખંડ ચારિત્રશીલ મનુષ્ય કુટુંબ પરિવાર અને સમાજ માટે પ્રેરણાસ્પદ બની રહે છે. તૂટેલા દાંતથી તો ચલાવી શકાય છે પણ ચારિત્રહીનતા તો સ્વજીવનમાં કે કુટુંબ પરિવારમાં ક્યાંય ન ચાલી શકે.

**अखंडिय - अखण्डित ( त्रि. )**

(સંપૂર્ણ, પરિપૂર્ણ)

કૂતરો જેમ હાડકાંને ચાવવામાં પોતાની જ દાઢમાંથી વહેતા લોહીમાં એમ માનીને આસ્વાદ માણે છે કે હાડકાંમાંથી લોહી નીકળી રહ્યું છે. સંસારમાંથી સુખને પ્રાપ્ત કરવાની આપણી પ્રવૃત્તિઓને પણ જ્ઞાનીઓ કૂતરાના હાડકાં ચાવવા સમાન જણાવે છે. માની લો કે, પાણીના પરપોટા જેવું ક્ષણિક સુખ મળી પણ ગયું, તો તે પછી પણ આપણી અતૃપ્તિ તો વધતી જ ગઈ છે. માટે કોઈક એવા સુખની શોધ કરો કે, જે સંપૂર્ણ હોય અને પ્રાપ્ત થયા પછી નષ્ટ ન થવાનું હોય.

**अखंडियसील - अखण्डितशील ( त्रि. )**

(અખંડ ચારિત્રી, નિર્દોષ ચારિત્ર જેનું છે તે)

**'अखंड सीलकलियाओ जस पडहो तिहुअणे सयले'** અર્થાત્, અખંડ ચારિત્રથી અલંકૃત થયેલા ભરત-બાહુબલી, અભયકુમાર, ચંદનબાળા, રાજીમતી આદિ મહાન આત્માઓનો યશ આજેય પણ ત્રણે ભુવનમાં વ્યાપેલો છે. પરમાત્માનું ધર્મશાસન પામીને જેમણે પોતાનું સર્વસ્વ સમર્પિત કરીને તત્ત્વત્રયીની અખંડ આરાધના કરી સિદ્ધિના શિખરો સર કર્યા. એ મહાપુરુષો-મહાસતીઓને મારા કોટિ કોટિ વંદન હોજો.

**अखिल - अखिल ( त्रि. )**

(સમસ્ત, સંપૂર્ણ, અખિલ)

સમસ્ત પાપોનું મૂળ લોભ છે. સર્વ રોગોનું મૂળ રસાસ્વાદની લાલસા છે અને સર્વ શોકોનું મૂળ ઈચ્છિત પદાર્થોની અપેક્ષા છે. માટે આ ત્રણેયનો ત્યાગ કરી સર્વસુખોને પ્રાપ્ત કરો. પ્રભુએ સમસ્ત વિશ્વમાં નિરીહ મુનિને જ સુખી બતાવ્યો છે.

**अखिलसंपया - अखिलसंपद् ( स्त्री. )**

(સમસ્ત સંપત્તિ, સર્વસંપત્તિ)

હે સાધુ ભગવંત ! ક્ષુલ્લક પૈસાની પ્રાપ્તિ માટે દિવસ-રાત એક કરી મહેનત કરતાં આપની પૂર્વાવસ્થા અને સાંસારિક ઉત્કૃષ્ટસુખોને ભોગવનારા મહારાજાધિરાજો પણ જેના ચરણોમાં નમન કરી પોતાને ધન્ય માને છે એવી આપની આજની અવસ્થા હું જોઉ છું. કારણ કે હે મુનિ ભગવંત! સાંસારિક સમસ્ત સુખો, સંપત્તિ પણ જેની આગળ વામણા લાગે તે સર્વસંપત્તિરૂપ ચારિત્રરત્નને આપે પ્રાપ્ત કર્યું છે તેથી સામાન્ય મનુષ્યને જેની કલ્પના પણ ન આવે એવા સુખો ભોગવનારા દેવો પણ આપને નમસ્કાર કરે છે.

**अखेद - अखेद ( पुं. )**

(વ્યાકુળતારહિત, ખેદરહિત)

નિસ્સિહી બોલવાપૂર્વક આપણે સાંસારિક સર્વપ્રકારની ચિંતાનો દેરાસરની બહાર જ ત્યાગ કરીએ છીએ. આનું કારણ છે, કે ભગવાનની ભક્તિ તો અત્યંત ઉલ્લાસપૂર્વક કરવાની હોય અને ચિંતાયુક્ત હોઈએ ત્યારે ઉલ્લાસ પ્રગટતો નથી માટે જિનાલયમાં પ્રવેશ કરતી વખતે નિસિહી બોલી સર્વપ્રકારના ખેદરહિત બનવાનું વિધાન છે.

**अखेम - अक्षेम ( त्रि. )**

(ઉપદ્રવવાળો માર્ગ ૨. ક્રોધાદિ ઉપદ્રવસહિત પુરુષ)

પહેલાના સમયમાં ડાકુઓ પથિકોના જાન-માલને લુંટી લેતા હતા. તેમ ધર્મમાર્ગે વિચરણ કરતા હે જીવ! તારા પર ક્રોધાદિ કષાયો ગમે ત્યારે હુમલો કરીને સમતા, સંતોષ, સરળતા નમ્રતા આદિ સારભૂત ગુણરત્નોને લુંટી ન લે તેનું તું ખાસ ધ્યાન રાખજે.

**अखेमरूव - अक्षेमरूप ( पुं. )**

(ઉપદ્રવયુક્ત દેખાવ-આકારવાળો માર્ગ ૨. દ્રવ્યલિંગ વર્જિત)

સાધુ ભગવંતે પહેરેલા યુનિફોર્મ-વસ્ત્રો પણ તેમનું અનેક આપત્તિ-વિપત્તિઓથી રક્ષણ કરે છે. તેઓ જો આપણી જેમ સામાન્ય કપડાંમાં હોય તો તેમને સંયમમાર્ગથી પતિત કરનારા અનેક ઉપદ્રવો અને ભ્રષ્ટ કરનારા વિવિધ નિમિત્તોનો સામનો કરવાનું બની શકે. અહા! જિનશાસને બતાવેલો વેશ પણ કેવો રક્ષક છે, કે કોઈપણ વ્યક્તિ તેમના વસ્ત્ર પરિધાનને જોઈને જ તેમને નતમસ્તકે વંદન કરે છે. યાવત્ દુષ્ટો પણ પ્રત્યક્ષ રીતે કાંઈ અહિત કરી શકતા નથી.

**अखेयण्ण - अखेदज्ञ ( त्रि. )**

(અકુશલ, અનિપુણ ૨. ખેદને નહીં જાણનાર)

મૂર્ખ વ્યક્તિઓ ઉપદ્રવયુક્ત દેશનું, નઠારા ધંધાનું, દુષ્ટ નારીનું, કુત્સિત-ખરાબ સોબતનું અને દૂષિત ભોજનનું સેવન કરે છે. જેના લીધે તેઓ ડગલે ને પગલે દુ:ખી થયા કરે છે. જ્યારે ડાહ્યા માણસો ઉપરોક્ત વસ્તુઓનો ત્યાગ કરીને હંમેશાં સુખી રહે છે.

**अग - अग ( पुं. )**

(વૃક્ષ ૨. પર્વત ૩. સૂર્ય ૪. ગમન નહીં કરનાર શૂદ્રાદિ)

વૃક્ષો પોતાના સ્થાનથી ક્યારેય ખસતા નથી. પર્વત ગમે તેવા પવનની સામે અડીખમ ઊભો જ રહે છે. સૂર્ય પણ પોતાની નિર્ધારિત ગતિથી ક્યારેય વિચલિત નથી થતો. એકમાત્ર મનુષ્ય જ એવું વિચિત્ર પ્રાણી છે કે, જો ક્યાંય લાલચ દેખાઈ કે પોતાના ન્યાય, નીતિ અને સદાચારને નેવે મૂકીને તરત જ અનાચારમાં પ્રવૃત્ત થઈ ગયો. હાય રે લાલચ બૂરી બલા !

**अगअ - असुर ( पुं. )**

(અસુર, દૈત્ય)

શાસ્ત્રોમાં વિપરીત સમજને મિથ્યાત્વ કહ્યું છે. તેનું વાસ્તવિક સ્વરૂપ અજ્ઞાનતામાં સમાયેલું છે. વ્યક્તિ ગમે તેટલો હોશિયાર હોય પણ જો તેનામાં જ્ઞાનનું વૈપરીત્ય હોય તો તે વ્યક્તિ માટે દૈત્યનું કામ કરી જશે. અનંતાનંત જીવો આવા મિથ્યાત્વરૂપ અસુરના ભરડામાં અનંતકાળથી ભટકી રહ્યાં છે. મિથ્યાજ્ઞાન એ જ ખરેખરો અસુર છે જે જીવને ભવોભવ હલાલ કરતો રહે છે.

**अगइसमावण्ण - अगतिसमापन्न ( पुं. )**

(નારક, નરકાદિગતિમાં ગયેલ, દુર્ગતિપ્રાપ્ત)

સ્થાનાંગસૂત્રમાં આવતા વર્ણન પ્રમાણે નારકો બે પ્રકારના છે. એક ગતિસમાપન્ન અને બીજા અગતિસમાપન્ન. ગતિદંડકમાં પ્રાપ્ત થયેલા જીવો નરકમાં જતાને અથવા નરકપણે ઉત્પન્ન થયેલાને ગતિસમાપન્ન કહે છે. જ્યારે અગતિસમાપન્ન એટલે દ્રવ્યનારકો અર્થાત્, ચલ-સ્થિરત્વની અપેક્ષાએ અગતિસમાપન્ન સમજવા.

**अगंठिम - अग्रन्थिम ( न. )**

(કેળુ-કદલીફલ ૨. ટુકડારૂપ સમારેલું ફળ ૩. અપ્વકલ્પ-કાળકલ્પ)

સાધુ ભગવંતોના આહાર-પાણીની ખેવના કોઇ એક સંઘની નહીં પરંતુ, સમસ્ત જૈનોની છે. તેઓ ધર્મોપદેશ દ્વારા પ્રાણીમાત્રના હિતનું સર્વોપરિ કાર્ય કરતા હોય છે. એટલે જૈન હોવાના નાતે દરેક જૈનને તેમના આહાર-પાણી ઉપધિ આદિ બાબતોનો ચોક્કસ ખ્યાલ હોવો જ જોઇએ. ગોચરી વહોરાવતી વખતે એ ખ્યાલ હોવો જ જોઇએ કે, તેમને અચિત્ત આહાર-પાણી કલ્પે, સમારેલા ફળો ૪૮ મિનિટ પછી જ વહોરાવવા કલ્પે વગેરે. જો આપણે આ બાબતોનું ધ્યાન નથી રાખતા તો સમજવું કે આપણે માત્ર જન્મે જૈન છીએ, કર્તવ્યતાની રૂએ નહીં.

**अगंडिगेहो ( देशी )**

(યૌવનોન્મત્ત, યુવાનીથી ઉન્મત્ત થયેલું)

આજના યુવાનો ફેશન-વ્યસન અને ઉદ્ધત વર્તનોમાં પોતાની આન-બાન અને શાન સમજે છે. યુવાનીના મદમાં છાકટા થયેલા તેઓ રોજ સવાર પડે ને જાણે પોતે હીરો હોય તેમ કલાકો સુધી દર્પણ સામેથી ખસે નહીં. સ્ત્રીઓની જેમ ચેનચાળાઓ કર્યા કરે અને જેને ગધેડાઓ પણ ન સૂંઘે તેવા તમાકુ, ગુટકાઓને મોઢામાં ટેસથી ચબાવતા ફરે છે ત્યારે સંત કબીરના પદો યાદ આવી જાય:

'मुखडा क्या देखो दर्पन में, धन यौवन ज्यूं ढलता पानी, ढल जाए इक पल में, मुखडा क्या देखो दर्पन में'

**अगंडूयग - अकण्डूयक ( पुं. )**

(નહીં ખંજવાળવાનો અભિગ્રહવિશેષ ધારણ કરનાર)

બાર પ્રકારના તપમાં એક તપ આવે છે ઇચ્છાનિરોધ. જેમાં ઇચ્છાઓ પર કાબૂ મેળવવો એ જ તપ બને છે. આવો તપ કરનારા ઘણાબધા તપસ્વીઓ હોય છે. તેમાં સર્વોત્કૃષ્ટ ઇચ્છાનિરોધનો તપ જિનકલ્પી સાધુઓમાં હોય છે. તેઓ કોઇપણ જાતની અપેક્ષા-ઇચ્છારહિત હોય છે. આહાર મળ્યો તોય શું કે ન મળ્યો તોય શું. ઠંડી ગરમી કે કોઇપણ ઋતુમાં તેઓ રક્ષણ શોધતાં નથી. અરે

શરીર પર ખંજવાળ આવે તો તેને ખંજવાળવાની ઈચ્છાનો પણ નિરોધ કરે છે.

**अगंथ - अग्रन्थ ( पुं. )**

(બાહ્ય અભ્યંતર ગ્રંથિથી રહિત, નિર્ગ્રંથ, સાધુ)

આપણે જૈન સાધુને શ્રમણ, મહારાજ સાહેબ, મુનિ વગેરે નામોથી ઓળખીએ છીએ પરંતુ, તેમનું એક નિર્ગ્રંથ એવું નામ શાસ્ત્રોમાં આવે છે. તેનું કારણ એક જ છે કે તેઓ અભ્યંતર રાગ-દ્વેષ અને બાહ્ય વસ્ત્રાદિમાં પણ ગ્રંથિ-ગાંઠ રાખતા નથી. એમ બન્ને પ્રકારની ગાંઠથી રહિત હોય છે. આપણે કદાચ બાહ્ય ગાંઠો ન છોડી શકીએ પરંતુ, મનમાં બીજા માટે વાળેલી રાગ-દ્વેષની ગાંઠોને તો છોડી જ શકીએ છીએ અને જે ગ્રંથિનો ત્યાગ કરે છે તે સંસારમાં હોવા છતાં પણ નિર્ગ્રંથ જ છે.

**अगंध - अगन्ध ( त्रि. )**

(અત્યંત દુર્ગંધી)

આજે વ્યક્તિ પાસે મકાન છે પરંતુ લાગણીઓની ઉષ્માથી ભરેલું ઘર નથી. ઘરમાં માણસો રહે છે પરંતુ, તેમનામાં માણસાઈ નથી. ઘરના શો-કેસમાં ફૂલો છે પરંતુ, તેમાં સુવાસ નથી. આજની વ્યક્તિ પાસે હૃદય છે પરંતુ ધબકતી ભાવનાઓ નથી. વાસ્તવમાં આજનો માનવ નરી વાસના, લોભ, ઈર્ષ્યા અને અતૃપ્તિના દુર્ગંધી ગટરનો કીડો થઇ ગયો છે.

**अगंधण - अगन्धन ( पुं. )**

(સર્પજાતિ વિશેષ)

દશવૈકાલિકસૂત્રમાં શ્રમણોને અગંધનજાતિના સર્પ જેવા કહેલા છે. સર્પ બે પ્રકાના છે ૧. ગંધનકુળના અને ૨. અગંધનકુળના તેમાં મંત્રથી ખેંચાયેલા અગંધન જાતિના સર્પ બળતી ચિતામાં મરી જવાનું પસંદ કરે છે પરંતુ, એકવાર દંસેલું ઝેર પાછું પીવા તૈયાર થતા નથી. તેમ વિષ સમા સંસારના ભોગસુખોને થૂંકી દીધા પછી સાધુ મરવાનું પસંદ કરે પરંતુ થૂંકેલા વિષયસુખોને ક્યારેય ન ચાટે.

**अगच्छमान - अगच्छत् ( त्रि. )**

(નહીં જતો, નહીં ચાલતો)

જેને ક્યારેય વરિયાળી જેવું વ્યસન પણ નહોતું તે દારૂ પીતો થઇ ગયો. જે ક્યારેય ચિત્રો પણ નહોતો જોતો તે ગંદા ચલચિત્રો જોતો થઇ ગયો. જે ક્યારેય સ્ત્રી સામે જોતો નહોતો તે વેશ્યાવાડે જતો થઇ ગયો. અને ક્યારેય હોટલમાં નહીં જનાર જુગારના અડ્ડે જતો થઇ ગયો. હે નાથ ! આ બધું માત્ર ખરાબ સોબતોનું જ પરિણામ છે. હે જગતમિત્ર ! હું આપની પાસે બીજું કાંઇ નથી માંગતો માત્ર એટલું જ માંગુ છુ કે, મને ક્યારેય આવા દુષ્ટમિત્રોના પનારે ના પાડીશ. આપવા હોય તો કલ્યાણમિત્ર આપજે જે મને સાચા માર્ગે વાળે.

**अगड - अकृत ( त्रि. )**

(નહીં કરેલું)

પહેલી વખત ભણવા જતી વખતે, પોતાના હાથે ખાતી વખતે, નોકરી કરતી વખતે અને પરણવા જતી વખતે ક્યારેય વિચાર કર્યો તો કે, આવું તો મેં પહેલા ક્યારેય કરેલું નથી તો હવે કેવી રીતે કરીશ ? ત્યાં તો હોંશે હોંશે તૈયાર થઇ જાવ છો. તો પછી તપશ્ચર્યાના અવસરે, પૂજા માટે ધોતીયું પહેરતી વખતે અરે! મહારાજ સાહેબને વંદન કરવા જવા માટે એવા વિચારો શા માટે કરો છો કે આવું તો મેં ક્યારેય કર્યું નથી એટલે કેવી રીતે કરી શકું ?

**अगडतड - अवटतट ( पुं. )**

(કૂવાનો કાંઠો)

ચૌદ ગુણસ્થાનકમાં સાધુને સાતમા અપ્રમત્ત ગુણસ્થાનકના ધણી ગણવામાં આવેલા છે. તેઓ પોતાના કર્તવ્યો અને એકાંતે કર્મનિર્જરામાં સદા જાગ્રત હોય છે. તેઓ કર્મનિર્જરા માટેનો એક પણ પ્રસંગ જવા દેતા નથી. જેનું પ્રત્યક્ષ ઉદાહરણ છે કામવિજેતા સ્થૂલિભદ્રના ગુરુભાઇ. જેઓએ ચાર મહિના ચોવિહારા ઉપવાસપૂર્વક, સતત કાઉસગ્ગધ્યાનમાં કૂવાના ભારવટ પર અપ્રમત્ત ભાવે ચાતુર્માસ વ્યતીત કર્યું હતું.

**अगडदत्त - अगडदत्त ( पुं. )**

(તે નામનો એક રાજપુત્ર)

અગડદત્ત નામક શંખપુરનગરના રાજા સુંદર અને રાણી સુલસાનો પુત્ર હતો. પુરુષની બોંતેર કળાઓમાં તે પારંગત હતો. તેને પોતાની પત્નીનું દુશ્ચરિત્ર જાણીને મનમાં તીવ્ર વૈરાગ્ય ઉત્પન્ન થયો હતો. ઉત્તરાધ્યયનસૂત્રની ટીકામાં તેની વિસ્તૃત કથા વર્ણવાઈ છે.

**अगडदद्दुर - अवटदर्दुर ( पुं. )**

(કૂપમંડૂક, કૂવામાંનો દેડકો)

પરમાત્માનો ઉપદેશ છે કે, તમે આખા જગતના મિત્ર બનો. તેના માટે જોઈશે ભાવનાજ્ઞાન અને ચિંતાજ્ઞાનથી નિષ્પન્ન અંતિમ ઐદંપર્યજ્ઞાન. આ જ્ઞાન જેની પાસે છે તે જ ખરા અર્થમાં વિશ્વમૈત્રીની વ્યાખ્યા સમજી શકે છે. બાકી માન્યતાઓના વાડામાં બંધાઈ ગયેલા અને સર્વધર્મ સમભાવના બ્યુગલો ફૂંકનારાઓને તો શાસ્ત્ર કૂવામાંના દેડકા ગણે છે. કેમકે તેમની પાસે જગતબંધુતાની સાચી સમજણ જ નથી.

**अगडमह - अवटमह ( पुं. )**

(કૂવાનો ઉત્સવ, કૂવાનો પ્રતિષ્ઠા મહોત્સવ)

**अगढिय - अग्रथित ( त्रि. )**

(પ્રતિબંધરહિત ૨. આહારાદિમાં અનાસક્ત)

ઉત્તરાધ્યયનસૂત્રમાં આહાર, વસ્ત્ર, પાત્રાદિ બાહ્ય ભોગોમાં લેપાયા વિના અનાસક્ત ભાવે આચરણ કરનાર સાધુને પક્ષીની જેમ અપ્રતિબદ્ધ વિહારી કહેલા છે. કારણ કે બાહ્ય સામગ્રીનો ઉપભોગ એટલો ભયાનક નથી જેટલી તેના પરની આસક્તિ. શ્રમણ તો ખુલ્લા ગગનમાં અસ્ખલિત ગતિએ વિહરનારા પંખી જેવા છે. **'मा पडिबंधं करेह'** ના પ્રતિપાલક છે.

**अगणि - अग्नि ( पुं. )**

(અગ્નિ, વહ્નિ, આગ)

અગ્નિ માટે બધું ભક્ષ્ય બને છે. તેમ ક્રોધાગ્નિનું પણ સમજવું જોઈએ. અગ્નિ જેમ સર્વપદાર્થોને બાળીને ભસ્મીભૂત કરી દે છે તેમ વર્ષોના વર્ષો સુધી આરાધના કરી પ્રગટાવેલા તપ-જપ-સંયમાદિ ગુણોને ક્રોધાગ્નિ ક્ષણાર્ધમાં બાળીને ખાક કરી નાખે છે. દશવૈકાલિકસૂત્રમાં સાધુ ભગવંતો માટે અગ્નિનું સેવન નિષિદ્ધ કરતાં જણાવ્યું છે કે, ' અંગારા, આગ, તણખા, ઉંબાડીયારૂપે રહેલા તેજસ્કાયને મુનિ પ્રજ્વલિત કરે નહીં, ખંખોરે નહીં કે ઓલવે નહીં'

**अगणिआहिय - अग्न्याहित ( पुं. )**

(અગ્નિ લવાયો છે જેઓ વડે તે ૨. સ્થાપેલો અગ્નિ, લાવેલો અગ્નિ)

કાર્યસિદ્ધિ માટે જેમ ભાગ્યને કારણ તરીકે ગણ્યું છે તેમ પુરુષાર્થ પણ એક આવશ્યક કારણ છે. મોટા ભાગના કાર્યો પુરુષાર્થથી જ સિદ્ધ થતાં હોય છે. પુરુષાર્થ કર્યા પછી સિદ્ધિમાં જે ઓછાવત્તાપણું હોય તેને ભાગ્ય કહેવું ઉચિત છે. કેમકે ચૂલામાં અન્ન રાંધવાની સિદ્ધિ જોઇતી હોય તો અગ્નિ પ્રગટાવવાનો પુરુષાર્થ કરવો પડે છે. ભઠ્ઠીમાં સ્થાપેલો અગ્નિ તમને કાંઈ પાક તૈયાર કરી આપતો નથી. કહેલું પણ છે કે, **'पुरुषार्थेण सिद्ध्यन्ति कार्याणि न मनोरथैः'**

**अगणिकंडयट्ठाण - अग्निकण्डकस्थान ( न. )**

(અગ્નિનું સ્થાન, અગ્નિથી પ્રજ્વલિત સ્થાન)

જૈનધર્મમાં સર્વજીવોની ગણના ષડ્કાયરૂપે થયેલી છે. તેમાં અગ્નિને પણ જીવ માનવામાં આવ્યો છે. શ્રમણોને સર્વ પ્રકારના જીવોની સૂક્ષ્મ અને બાદર એમ બન્ને પ્રકારે હિંસાનો ત્યાગ હોય છે. આચારાંગસૂત્રમાં પણ કહેવામાં આવ્યું છે કે, જ્યાં અગ્નિ પ્રજ્વલિત થયેલો હોય તેવા નિંભાડાદિક સ્થાનમાં સાધુએ સ્થંડિલ-માત્રુ વર્જવા જોઇએ.

**अगणिकाय - अग्निकाय ( पुं. )**

(અગ્નિકાય, તેજસ્કાય)

વર્ષમાં કેટલાય પર્વ મહોત્સવો આવે છે અને ઘરમાં આનંદનો માહોલ સર્જાય છે. દિવાળીનું પર્વ આવતાં ઘરમાં ફટાકડા આવે છે અને નાનાથી મોટા બધા જ ખુશ થઇ જાય છે. હર્ષની ચિચિયારીઓ સાથે આપણે ફટાકડાઓ ફોડીએ છીએ પરંતુ, ક્યારેય વિચાર કર્યો છે કે, ફટાકડા સળગાવવામાં અગ્નિના જીવો, જ્ઞાનાવરણીય કર્મનો બંધ અને કેટલાય નિર્દોષ પંખેરૂઓ માટે ભય ઉત્પન્ન કરીએ છીએ? આ બધા પાપો તમારા ભવોની હોળી કરી નાખશે.

**अगणिजीव - अग्निजीव ( पुं. )**

(અગ્નિના જીવો, તેજસ્કાય)

જેમ સૂર્ય, હવા, પાણીના આધારે જીવો જીવે છે તેમ કેટલાક જીવો અગ્નિના આધારે જીવે છે. તેઓ અગ્નિમાં જ જીવી શકે છે. અગ્નિ બૂઝાતાં તેઓ મૃત્યુ પામે છે. આ તો થઇ અગ્નિમાં રહેતા જીવોની વાતો પરંતુ, ભગવાને તો કહ્યું છે કે, ભાઈ ! અગ્નિ પોતે જ એક જીવ છે. દશવૈકાલિકસૂત્રમાં પણ લખેલું છે કે, '**से अगणिकाइया पुढो सत्ता अन्नत्थसत्थ परिणएणं**' અર્થાત્ અગ્નિનું પોતાનું શરીર અને આત્મા છે. તેઓનો સમૂહ ભેગો થતાં આપણને દશ્યમાન થાય છે.

**अगणिजीवसरीर - अग्निजीवशरीर ( न. )**

(શરીરમાં રહેલા અગ્નિકાયનું શરીર, તેજસ્કાયજીવથી બંધાયેલ શરીર)

જીવઘાત માટે તલવાર વગેરે અચિત્ત દ્રવ્યો શસ્ત્ર બને છે તેમ ષડ્કાયના જીવો પણ પરસ્પર એક બીજાના તથા સ્વકાયના ઘાત માટે શસ્ત્ર તરીકે બને છે. જેમ અગ્નિ બુઝવવા માટે નાખેલું ઠંડુ પાણી. તેમાં પાણીના જીવો અગ્નિના જીવો માટે શસ્ત્ર બન્યા અને ઉષ્ણ અગ્નિના જીવોનું શરીર પાણીના જીવો માટે શસ્ત્ર બન્યું. તથા ક્ષારવાળું પાણી મીઠા જળમાં નાખવામાં આવે તો તે જલ પોતે જ પોતાનું ઘાતક બન્યું. આમ, જીવો એક બીજાના માટે શસ્ત્ર બને છે તેથી શ્રાવકે ઉપયોગ રાખવો જોઈએ.

**अगणिज्झामिय - अग्निध्मात ( त्रि. )**

(અગ્નિથી દાઝેલું, અગ્નિથી બળેલું)

શાસ્ત્રમાં સાધુજીવન ગાળવા ઉપયોગી વસ્તુઓ સિવાયનો પરિગ્રહ નહીં કરવાની આજ્ઞા ફરમાવી છે. શાસ્ત્રમાં તો ત્યાં સુધી કહેલું છે કે, જે વસતિમાં સાધુ ઉતર્યો હોય, અને પોતે આહાર વાપરીને બહાર નીકળતાં ખબર પડે કે, મકાન આગથી બળી રહ્યું છે, તો તેની પાસે એટલો જ સામાન હોય કે, આગ તેની પાસે પહોંચે ત્યાં સુધીમાં તો બધો જ સામાન લઇને આબાદ રીતે મકાનની બહાર નીકળી ગયો હોય. ધન્ય છે પરમાત્માએ બતાવેલા નિષ્પરિગ્રહતાના આચારને.

**★अग्निध्यामित ( त्रि. )**

(અગ્નિથી કાંઈક બળેલું, અગ્નિ વડે દગ્ધ)

અગ્નિના સંપર્કમાં આવેલો પદાર્થ પોતાના રૂપરંગને ખોઇને એકમાત્ર શ્યામવર્ણને પામે છે. તેમ જીવ ક્રોધ-માન-માયા- લોભરૂપી કષાયાગ્નિના સંપર્કમાં આવતા જ આત્માના જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપી ગુણો હ્રાસ પામીને કષાયના કાલુષ્યને પ્રાપ્ત કરે છે. જો અગ્નિ કોઇપણ પદાર્થને નષ્ટ કર્યા વિના નથી છોડતો તો પછી કષાયો પણ જીવોના ગુણોને નાશ કર્યા વિના નથી રહેતા. સમજદાર તે જ છે કે જે અગ્નિ અને કષાયથી દૂર રહે.

**अगणिज्झूसिय - अग्निजोषित ( त्रि. )**

(અગ્નિથી ગરમ કરેલું, અગ્નિથી તપાવેલું)

જેમ અગ્નિથી સેવાયેલું સુવર્ણ આગની ઉષ્ણતા, હથોડીના માર વગેરેને સહન કરીને શુદ્ધ બનીને ઘરેણારૂપે લોકોના શરીરની શોભા વધારે છે. તેમ સજ્જન પુરુષો જીવનમાં આવતી વિપત્તિઓ, દુઃખોથી ગભરાયા વિના ધીરતાપૂર્વક તેને સહન કરીને, તેમાંથી યોગ્ય પ્રેરણાઓ લઇને એક વિરાટ સ્વરૂપે ઉભરે છે અને લોકો માટે આદર્શપાત્ર બને છે.

**★अग्निझोषित ( त्रि. )**

(અગ્નિથી રૂપાંતરિત થયેલું, અગ્નિથી બળેલું)

અગ્નિમાં સીજેલું ધાન એક સ્વાદિષ્ટ ભોજનના રૂપને ધારણ કરે છે. તેમ અનાદિકાલીન કર્મોથી વિકૃત સ્વરૂપવાળો જે આત્મા છે તે જિનેશ્વરકથિત આચારોના પાલન અને ચારિત્રની ઉગ્રસાધનાથી મોહ-માયાજન્ય વિકૃત સ્વરૂપને ત્યજીને અંતે નિર્મળ અને વિશુદ્ધ

એવા સિદ્ધત્વને ધારણ કરે છે.

**अगणिणिक्खित्त – अग्निनिक्षिप्त ( त्रि. )**

(અગ્નિ ઉપર નાખેલું, અગ્નિમાં નાંખેલું)

આગમાં એકવાર નાખી દીધેલી વસ્તુને કોઇ પાછી મેળવવાની ઇચ્છા કરે તો તેને મૂર્ખ કહેવાય. કેમકે આગનો સ્વભાવ છે તેનામાં આવેલી કોઇપણ ચીજને ઓહિયાં કરવાનો. તેમ દોષોના સેવનથી વ્યક્તિમાં રહેલા જ્ઞાન, દર્શનાદિ મૂળભૂત ગુણોનું દહન થાય છે.

**अगणिपरिणमिय – अग्निपरिणमित ( त्रि. )**

(અગ્નિરૂપે પરિણામ પામેલું, પૂર્વસ્વરૂપ તજાવીને અગ્નિ સ્વરૂપે પમાડેલું-અગ્નિસ્વરૂપી થયેલું)

ઓક્સિજન તે વાયુ છે પરંતુ, જો તે અગ્નિના સંયોગમાં આવે તો પોતાના સ્વરૂપનો ત્યાગ કરીને તે અગ્નિરૂપ થઇ જાય છે અને તે દઝાડવાનું કાર્ય કરે છે. શાસ્ત્રકારોએ ક્રોધને અગ્નિ જેવો કહેલો છે. તેના સંપર્કમાં આવેલી વ્યક્તિ પોતાના સ્વભાવનો ત્યાગ કરીને ક્રોધ સ્વરૂપ બની જાય છે. ક્રોધસ્વરૂપી બનેલો તે સ્વયં તો દાઝે છે પરંતુ, તેના વર્તુળમાં રહેલા અન્યોને પણ બાળે છે. માટે કદાચ પ્રત્યક્ષ અગ્નિથી દાઝી જવાય તો ચાલશે પણ ક્રોધાગ્નિથી તો દૂર જ રહેજો.

**अगणिमुह – अग्निमुख ( पुं. )**

(દેવતા, દેવ ૨. અગ્નિહોત્રી બ્રાહ્મણ)

આચારાંગસૂત્રની ચૂર્ણિમાં આ પ્રમાણે વર્ણન છે કે, વર્તમાન ચોવીશીના પ્રથમ તીર્થંકર ભગવાન ઋષભદેવ નિર્વાણ પામ્યા પછી તેમના શરીરના અગ્નિસંસ્કાર કરવા માટે દેવો શ્રેષ્ઠ ચંદનની ચિતા રચે છે અને અગ્નિકુમાર દેવો તેમના મુખથી ચિતાને અગ્નિ અર્પે છે. ત્યારથી લોકોમાં પ્રસિદ્ધ થયું કે, દેવો અગ્નિમુખવાળા હોય છે.

**अगत ( द ) – अगद ( पुं. )**

(નીરોગી, રોગરહિત ૨. ઔષધ ૩. નહીં કહેનાર)

રોગને જડમૂળથી નષ્ટ કરવા બાબતે જે સૌથી વધુ હિમાયત કરે છે અને હજારો વર્ષોથી જેના ઉપયોગથી ભારતીય પ્રજા નીરોગી રહી છે તે આયુર્વેદમાં ઔષધોના ત્રણ પ્રકાર જણાવેલા છે. જેમાં ૧. જે ઔષધ લેવાથી રોગ હોય તો તેનો નાશ કરે અને ન હોય તો નવો ઊભો કરે. ૨. જે ઔષધના ઉપયોગથી જો રોગ હોય તો નષ્ટ થાય અને ન હોય તો ઔષધ કોઈ ગુણ ન દેખાડે. ૩. અને અમુક ઔષધો એવા હોય છે કે, જે લેવાથી રોગી વ્યક્તિ નીરોગપણાને પ્રાપ્ત કરે અને જો વ્યક્તિ રોગરહિત હોય તો તેના શરીરની પુષ્ટિ થાય. તેથી આ ત્રીજા પ્રકારનો ઔષધોપચાર શ્રેયસ્કર ગણાય.

**अगत्थि – अगस्ति ( पुं. )**

(અગસ્ત્ય નામના ઋષિ ૨. અગથિયાનું વૃક્ષ ૩. અઠ્યાસી મહાગ્રહો પૈકીનો પિસ્તાળીસમો મહાગ્રહ ૪. અગસ્ત્ય ગોત્રમાં ઉત્પન્ન થયેલું ૫. આકાશમાં દક્ષિણ દિશામાં રહેલો એક તારો)

જ્યોતિષ વિષયમાં જેને પ્રમાણભૂત માનવામાં આવે છે તે બૃહત્સંહિતા ગ્રંથાનુસાર ગગનમંડળમાં અગસ્ત્ય નામનો તારો આવેલો છે જે સૌરમંડળમાં દક્ષિણ દિશાએ ઉદય પામે છે. અગસ્ત્ય નામના એક પ્રાચીન ઋષિ પણ થઈ ગયા જેમણે પોતાના તપોબળે સમુદ્રને પી જઈને સોસવી નાખ્યો હતો.

**अगम – अगम ( पुं. )**

(સ્થાવર, જે હલનચલન ન કરી શકે તેવો જીવ, પૃથ્વ્યાદિ એકેન્દ્રિય જીવ ૨. વૃક્ષ ૩. આકાશ)

શાસ્ત્રમાં સંસારી જીવોના બે ભેદ બતાવ્યા છે. ૧. ત્રસ, ૨. સ્થાવર. જેમાં અનુકૂળ સ્થળે ગમન કે પ્રતિકૂળ સ્થળનો ત્યાગ, આમ, ક્યાંય પણ ઈચ્છાપૂર્વક ગમનાગમન કે હલનચલન ન કરી શકતા પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ આ પાંચેય એકેન્દ્રિય જીવો સ્થાવર કહેવાય છે. વાયુ જે ફરતો જણાય છે તે તેના ગતિશીલ સ્વભાવના કારણે છે પરંતુ, પોતાની મરજી મુજબ અનુકૂળ જગ્યાએ ગમન કરી શકતો નથી.

**अगमिय - अगमिक ( न. )**

(જેના પાઠ, ગાથા વગેરે એક સમાન ન હોય તેવું શ્રુત, આચારાંગાદિકાલિક શ્રુતજ્ઞાન)

જેના સૂત્ર, પાઠ, ગાથા, આલાવા આદિ એકસમાન ન હોય તે અગમિક શ્રુતજ્ઞાન કહેવાય છે. આચારાંગસૂત્રાદિ આગમસૂત્રો જે અગમિક છે તેને કાલિકસૂત્ર કહેવામાં આવે છે અને સમસ્ત આગમોનું જ્ઞાન શ્રુતજ્ઞાન કહેવાય છે.

**अगम्म - अगम्य ( त्रि. )**

(ગમન-મૈથુન માટે અયોગ્ય સ્ત્રી, રતિક્રીડા માટે અયોગ્ય બહેન, માતા, પુત્રવધૂ, હલકા વર્ણની સ્ત્રી વગેરે)

વંદિત્તાસૂત્રમાં શ્રાવકના બારેય વ્રતોમાં લાગતા અતિચારોનું વર્ણન આવે છે. તેમાં ચોથાવ્રતના સંદર્ભે અગમ્યાગમન નામનો અતિચાર બતાવ્યો છે. અર્થાત્ જે લોહીના સંબંધે માતા, બહેન કે પુત્રવધૂ છે તે ગમનાર્થ નિષિદ્ધ છે તે જ રીતે હલકા વર્ણની સ્ત્રી, રજસ્વલા સ્ત્રી વગેરે પણ અગમ્ય બતાવેલી છે. આ નિષિદ્ધ આચરણ લોકવિરુદ્ધ કે વ્યવહારવિરુદ્ધ પણ ગણાય છે તેથી જ સ્વસ્ત્રી સિવાય અન્ય સ્ત્રીઓને રતિક્રીડા માટે અયોગ્ય માનીને તેનો ત્યાગ કરવો જોઈએ.

**अगम्मगामि ( ण् ) - अगम्यगामिन् ( त्रि. )**

(મા, બહેન આદિ સાથે મૈથુન સેવનાર)

પશુ અને મનુષ્ય બંને જાતિઓમાં અમુક ક્રિયાઓ પ્રાયઃ એકસરખી જ છે. જેમકે પેટ ભરવું, પ્રેમ કરવો, ઝગડવું, નિદ્રા લેવી, મૈથુન સેવવું, સંતાનોત્પત્તિ કરવી આદિ. છતાં બન્નેમાં કોઈ એક મોટો તફાવત હોય તો તે છે વિવેકનો. પશુ વિવેક વગરનો હોવાથી મા, બહેન આદિ સાથે પણ મૈથુન વ્યવહાર કરે છે. એક મનુષ્ય જ એવું પ્રાણી છે કે જેમાં કાર્ય અકાર્યનો વિવેક છે. છતાં કોઈ મનુષ્ય પશુ સમાન બનીને મા, બહેન સાથે ગમન કરે છે તો તેને પશુથી પણ બદતર કહેવો પડે.

**अगरभा - अगर्भा ( स्त्री. )**

(સ્પષ્ટ ઉચ્ચારવાળી વાણી)

અમુક વક્તા કે વ્યાખ્યાનકારો તેમના પ્રવચનમાં ઘણી વખત તેઓ શું બોલે છે તેનો સ્પષ્ટ ખ્યાલ શ્રોતાઓને નથી આવતો. અમુક-અમુક શબ્દો કે વાક્યો એકાધિક વખત સાંભળીએ તો ખ્યાલ આવે, કે તેઓના કથનનો શું અર્થ છે અને અસ્પષ્ટ ઉચ્ચારણના કારણે ક્યારેક અર્થનો અનર્થ પણ થઈ જતો હોય છે. જ્યારે તીર્થંકર ભગવંતોની વાણી પાંત્રીશગુણયુક્ત હોય છે. દેવ-મનુષ્યાદિને તેમની વાણી સ્પષ્ટ ઉચ્ચારવાળી એટલે કે, તેઓની વાણીમાં વર્ણ, ઘોષાદિ ઉચ્ચારો સુપેરે સંભળાય છે.

**अगरहिय - अगर्हित ( त्रि. )**

(જેણે પાપની ગર્હા-નિંદા નથી કરી તે)

પ્રશ્નવ્યાકરણસૂત્રના સંવરદ્વારમાં આ પ્રમાણે જણાવેલું છે કે, સાધુ ભગવંતો જે આહાર વાપરે છે તે પણ બેતાળીસ દોષથી રહિત એટલે કે દોષિત ન હોવો જોઈએ. અગર્હિત હોવો જોઈએ. આ પ્રમાણે જીવનની નાનામાં-નાની ક્રિયામાં પણ શુદ્ધિ માટે સતત જાગૃતિ રાખનાર તે મહાસંયમી સાધુ પુરુષોને શત-શત વંદન હોજો.

**★अगर्ह्य ( त्रि. )**

(અનિંદ્ય, નિંદાને યોગ્ય નહીં તે)

**अगरु - अगरु ( न. )**

(અગરુ ચંદન, સુગંધિત દ્રવ્ય વિશેષ)

અગરુ એક પ્રકારની વનસ્પતિવિશેષ છે. જેમાંથી ધૂપ બને છે. વિશ્વમાં જે ઉત્કૃષ્ટ સુગંધિત દ્રવ્યો છે તેમાં અગરુનો પણ સમાવેશ થાય છે. પરમાત્મભક્તિ હેતુ ૯૯ પ્રકારી કે ૧૦૮ પ્રકારી આદિ પૂજાઓ ભણાવવામાં આવે છે તેમાં અગરુનો ધૂપ કરવાનું વિધાન છે. ધૂપપૂજાનો અર્થ છે અંતરમાં જ્ઞાનરૂપ સુગંધ દ્વારા મિથ્યાત્વની દુર્ગંધને દૂર કરવી.

**अगरुगंधिय - अगुरुगन्धित ( त्रि. )**

(અગરુની ગંધવાળો ૨. અગરુચંદનથી ધૂપેલો)

અગરુધૂપનો સ્વભાવ છે કે તે સ્વયં બળે છે અને પોતાની સુવાસથી તેની નજીકમાં રહેલાને પ્રફુલ્લિતતા અર્પે છે. સજ્જનો પણ

આવા અગરુના ધૂપ જેવા છે. તેઓ આપત્તિઓમાં પણ સ્થિર રહીને આખા જગતને સદ્ગુણોની સુવાસથી ભરી દે છે.

**अगरुपुड - अगरुपुट ( पुं. )**

(અગરુ સંપુટ, અગરુનો પુડો)

**अगरुलहुय - अगुरुलघुक ( न. )**

(જે નહીં ભારે, નહીં હલકુ તે-આકાશ, પરમાણું વગેરે ૨. પરતત્ત્વ ૩. અત્યંત સૂક્ષ્મ ભાષા-મન-કર્મ-દ્રવ્યાદિ)

આત્માને શાસ્ત્રોમાં અગુરુલઘુ માનેલો છે. સંસારમાં રહેલા દરેક જીવો કર્મોથી લેપાયેલા છે. આત્મા પર લાગેલા કર્મની ગુરુતાના કારણે ઉત્પન્ન દુઃખ અને દુર્ગતિઓથી જીવો પોતાના આત્માને ભારે કરે છે અને કર્મોના ક્ષયોપશમ કે ક્ષયથી ઉત્પન્ન સુખ અને સદ્ગતિઓથી પોતાના આત્માને હલકો કરે છે. જ્યારે મોક્ષમાં બિરાજેલા સિદ્ધોને કર્મ જ ન હોવાથી તેઓને સંપૂર્ણ અગુરુલઘુ પરિણામી કહેવાય છે. કર્મના અભાવે તેમને એકાંતે માત્ર ને માત્ર સચ્ચિદાનંદની અનુભૂતિ જ રહે છે.

**अगरुलहुचउक्क - अगुरुलघुचतुष्क ( न. )**

(નામકર્મની અગુરુલઘુ આદિ ચાર પ્રકૃતિ)

ન ામકર્મની ૧૦૩ પ્રકૃતિમાં ૧. અગુરુલઘુ, ૨. ઉપઘાત, ૩. પરાઘાત અને ૪. શ્વાસોશ્વાસ નામની આ ચાર કર્મપ્રકૃતિઓનો અગુરુલઘુચતુષ્કના નામે પ્રથમ કર્મગ્રંથમાં ઉલ્લેખ કરવામાં આવેલો છે.

**अगरुलहुणाम - अगुरुलघुनामन् ( न. )**

(નામકર્મનો એક ભેદ, જેના ઉદયથી જીવને અગુરુલઘુ શરીર પ્રાપ્ત થાય છે)

દરેક કર્મપ્રકૃતિ પોતાના નામ અનુસાર જીવને તેવા-તેવા પ્રકારના ફળનો અનુભવ કરાવનારી હોય છે. નામકર્મની ૧૦૩ પ્રકૃતિઓ પૈકીના અગુરુલઘુનામકર્મનું પરિણામ એવું છે કે, તેના પ્રભાવે જીવને પોતાનું શરીર અતિભારે કે અતિહલકું નથી લાગતું. પરંતુ જીવને અનુકુળ લાગે છે અને તેથી જ તે સરળતાથી પોતાના શરીરનું હલન-ચલનાદિ કરી શકે છે.

**अगरुलहुयपरिणाम - अगुरुलघुकपरिणाम ( पुं. )**

(અગુરુલઘુરૂપે પર્યાય, પરિણામ પરિણામીના અભેદજન્ય અગુરુલઘુપરિણામ વિશેષ, અજીવપરિણામનો એક ભેદ)

સ્થાનાંગસૂત્રમાં અગુરુલઘુપરિણામને અજીવના પરિણામભેદરૂપે ગ્રહણ કરેલા છે. જ્યારે સૂત્રકૃતાંગસૂત્રના પ્રથમ શ્રુતસ્કંધના પ્રથમ અધ્યયનના પ્રથમ ઉદ્દેશામાં પરમાણુથી આરંભીને યાવત્ અનન્તાન્તપ્રદેશી સૂક્ષ્મસ્કંધોના અર્થમાં બતાવ્યો છે. તેમજ પ્રજ્ઞાપનાસૂત્રના તેરમા પદમાં તેને આકાશાદિ અમૂર્તદ્રવ્યો હેતુ અગુરુલઘુપરિણામ જે કહ્યો છે તેના ઉપલક્ષણથી તેને લઘુગુરુપરિણામ પણ જાણવો અને તે ઔદારિકાદિ દ્રવ્યથી લઈ તૈજસદ્રવ્ય પર્યંત સમજવો.

**अगरुवर - अगुरुवर ( पुं. )**

(કૃષ્ણાગરુ ચંદન, એક જાતનું સુગંધી લાકડું)

અગરુચંદનની સુવાસ વાતાવરણમાં રહેલી અશુદ્ધિને દૂર કરી પવિત્રતા બક્ષે છે. બાહ્યવાતાવરણને શુદ્ધ કરવા સાથે આપણા ભાવોલ્લાસની વૃદ્ધિમાં પણ એ કારણ બને છે. તેથી પૂજા-પાઠ કે પૂજનાદિ ભણાવવાના અવસરે તેનો ઉપયોગ વિશેષ પ્રકારે કરવામાં આવે છે. પરમાત્માની અષ્ટપ્રકારી પૂજાના ક્રમમાં ધૂપપૂજા ચોથા ક્રમે કરાય છે.

**अगलंत - अगलत् ( त्रि. )**

(અસ્રાવી, નહીં ગળતું)

**अगलिय - अगलित ( त्रि. )**

(અપતિત, અગલિત)

પતિતને પાવન કરનારું શ્રીજિનશાસન જગમાં જયવંતુ વર્તે છે. આ શાસનના આલંબનથી ભવ્યજીવો પોતાના જાતિ ધર્મ આદિથી અપતિતપણે રહી ભવસાગરથી વહેલા તરી જાય છે. પ્રભુ શાસનને પામીને તો કેટલાય મહાપાતકીઓ પણ તરી ગયા છે. વ્યક્તિએ સ્વધર્મમાં સ્થિર રહેવા આદર્શપુરુષોના ચરિત્રોને હંમેશાં નજર સમક્ષ રાખવા જોઈએ.

**अगविद्ध - अगवेषित ( त्रि. )**

(ગવેષણાથી અપરિભાવિત આહારાદિ, આહારાદિની ગવેષણા નહીં કરેલું)

સાધુ-સાધ્વીઓના આહાર-પાણી આદિની બાબતોએ વિસ્તૃત છણાવટ કરનારા પિંડનિર્યુક્તિ ગ્રંથમાં જણાવ્યું છે કે, જે આહારાદિની સારી રીતે ગવેષણા કરેલી નથી તે આહારાદિને ગ્રહણ નહીં કરવો. તેમજ તેવા અગવેષિત આહારનો પરિભોગ પણ કરવાનો નથી હોતો. આહારશુદ્ધિથી સચ્ચારિત્ર નિર્માણ અને નિર્વાહ થાય છે. આ વાત અનુભવથી સમજાય તેવી છે.

**अगहणवग्गणा - अग्रहणवर्गणा ( स्त्री. )**

(વર્ગણા વિશેષ, જીવ વડે ગ્રહણ કરવામાં ન આવતો પુદ્ગલોનો સમૂહ)

શતક નામના પાંચમા કર્મગ્રંથમાં આવતા વિશ્લેષણ પ્રમાણે અલ્પપરમાણુરૂપે હોવાના કારણે અને સ્થૂળપરિણામ હોવાથી સ્વાભાવિકપણે જીવોના ગ્રહણમાં નહીં આવતી કર્મવર્ગણાને અગ્રહણવર્ગણા કહેવાય છે. એવી ઘણી વર્ગણાઓ છે જે જીવ દ્વારા ગ્રહણ થતી નથી.

**अगहिय - अग्रहीत ( त्रि. )**

(અસ્વીકૃત, ગ્રહણ નહીં કરાયેલું)

કર્મનિર્જરા માટે તપ સર્વોત્તમ સાધન છે. તેમ ગ્રહણ નહીં કરાયેલી અનંતાનંત કર્મવર્ગણાઓને આત્મા સાથે મિશ્ર થતી રોકવા માટે વ્રત-નિયમ-પચ્ચક્ખાણ એ ઉત્તમ સાધન બને છે. માટે જ સંભવિત અશુભકર્મોને અટકાવવા અભિગ્રહો ગ્રહણ કરાય છે. વ્રતાદિના ભંગના ડરથી જે વ્રતાદિ નથી લેતા તેના કરતાં ગ્રહણ કરીને કદાચ ભંગ થઈ જાય તો શુદ્ધિ શક્ય છે. આથી ડરના માર્યા કંઈ ન કરવું તે કરતાં કંઈક કરવું વધારે સારું.

**अगहियगहण - अगृहीतग्रहण ( न. )**

(સાધુઓ દ્વારા નહીં સ્વીકારાયેલા ભોજનાદિ દેય દ્રવ્ય, અગૃહીત આહારાદિ વસ્તુ)

શ્રાવકના ઘરે સાધુ ભગવંતો ગોચરીએ પધારે અને સંજોગોવશાત્ વહોરાવવાનો પદાર્થ અસૂઝતો હોય તો તે સંયમી મુનિ તેવા આહારનો સ્વીકાર કરતા નથી. અથવા પોતાને તપ-જપ-સ્વાધ્યાય-સંયમમાં અનુપયોગી લાગે તો સૂઝતો આહાર પણ સ્વીકારતા નથી. હાય રે ! ક્યાં આપણી ખાઉં ખાઉં વૃત્તિ અને ક્યાં મહાત્માઓની આહાર પ્રત્યેની અલોલુપતા.

**अगहिल्लराय - अग्रहिलकराज ( पुं. )**

(અગ્રહિલકરાય નામનો રાજા)

કાળજન્ય કોઈક દોષ પણ પોતાના આત્મહિત માટે થાય છે તે દર્શાવવા તીર્થકલ્પમાં અગ્રહિલકરાજાનું દૃષ્ટાંત આપવામાં આવે છે. યથા પૃથ્વીપુર નગરમાં અગ્રહિલક રાજા હતો. અને સુબુદ્ધિ નામે મંત્રી હતો. એક સમયે ત્યાં નૈમિત્તિક આવ્યો અને તેણે ભવિષ્યકાળની પૃચ્છાના સંદર્ભે જણાવ્યું કે, આગામી વરસાદના પાણીથી લોકો ગાંડા બનશે અને તે પછીના વર્ષે આવનારા વરસાદના પાણી પીને સાજા થશે. એમ જ બન્યું. વરસાદનું પાણી પીને યાવત્ બુદ્ધિમાન લોકો પણ ગાંડા જેવા બને છે અને રાજા તથા મંત્રી વિશે પોતાના અહિતની ચિંતા કરતાં થકાં તેમની સત્તાપલટાની વાતો કરે છે. રાજા અને મંત્રીએ વિમર્શ કરીને નગરના લોકો જેવા જ ગાંડાનો ડોળ કરીને રહેતાં તેઓ ખુશ થયા તથા રાજા-મંત્રીએ પોતાની સત્તા સાચવી લીધી. તે પછી બીજા વરસાદના પાણી પીને લોકો પૂર્વવત્ સમજુ બન્યા. તેમ ભગવાન મહાવીરે ભાખેલું છે કે, પોતાના નિર્વાણ પછીના દુ:ષમકાળમાં સાધુઓ પોતાનો નિર્વાહ કરવા બહુશ્રુતકુલિંગીઓની સાથે તેમના જેવા થઈ વર્તતા થકા પોતાના સારા ભાવિને જોતા કાળગમન કરશે.

**अगाढ - अगाढ ( त्रि. )**

(તત્ત્વનિષ્ઠ, જેણે શાસ્ત્રોનું અવગાહન કરેલું છે તે)

મરજીવાઓ સમુદ્રના તળ સુધી જઈને મોતી લઈ આવે છે અને એ મોતી કોઈકની શોભાનું કારણ બને છે. આપણા ગુરુભગવંતો પણ મરજીવાની જેમ ગૂઢ રહસ્યોવાળા શાસ્ત્રોનું અવગાહન કરીને ઉપદેશ દ્વારા આખા જગતને શ્રેષ્ઠ જ્ઞાનનું દાન કરે છે. જેના દ્વારા કેટલાય જીવો મોક્ષના માલિક બને છે.

**अगाढपण्ण - अगाढप्रज्ञ ( त्रि. )**

(તત્ત્વજ્ઞ, તત્ત્વમાં નિષ્ઠા પામેલી છે પ્રજ્ઞા જેની તે)

જેઓ સ્વયં અગીતાર્થ છે તેમના માટે ગીતાર્થની નિશ્રામાં વિચરવાનો શાસ્ત્રાદેશ છે. કારણ કે, ગીતાર્થની પ્રજ્ઞા કેવલી ભાષિત તત્ત્વોમાં નિષ્ઠા પામેલી હોય છે. તેઓ ઉત્સર્ગ અને અપવાદના માર્ગોને જાણનાર હોવાથી સ્વયં તો તરે છે અને તેમની શરણે આવેલા જીવોના પણ તારણહાર બને છે.

**अ ( आ ) गार - अगार ( न. )**

(ઘર, મકાન, ગૃહ ૨. સ્થાન ૩. ગૃહસ્થ)

અગાર એટલે ઘર. આચારાંગસૂત્રમાં ગૃહ બે પ્રકારે બતાવવામાં આવેલા છે. ૧. દ્રવ્યગૃહ- કાષ્ઠ, ઈંટ, ચૂનાદિ દ્રવ્યોથી બનેલું ઘર તે દ્રવ્યગૃહ અને ૨. ભાવગૃહ-અનંતાનુંબંધિ-કષાયોથી આત્મામાં ઉત્પન્ન થયેલા કષાયમોહનીયાદિ કર્મ તે ભાવગૃહ છે. જેણે હજી આ કષાયરૂપી ભાવગૃહનો નાશ નથી કર્યો તે ભવગૃહમાં રઝળ્યા જ કરે છે.

**अगारत्थ - अगारस्थ ( पुं. )**

(ઘરમાં રહેનાર, ગૃહસ્થ)

આજે પૈસાના જોરે વ્યક્તિ મકાન તો બનાવી લે છે પરંતુ, તેને ઘર બનાવી શકતો નથી. કારણ કે ઘર બનાવવા માટે જોઈએ પરસ્પર માટે લાગણીઓની ઉષ્મા, ઔદાર્ય, સુસંસ્કાર. જેનો તેની પાસે અભાવ છે. જ્યાં સુધી આ ગુણોનો સંગમ નથી થતો ત્યાં સુધી મકાન ઘર નથી બની શકતું અને તેમાં રહેનાર વ્યક્તિ પણ ગૃહસ્થ બની શકતો નથી.

**अ ( आ ) गारधम्म - अगारधर्म ( पुं. )**

(ગૃહસ્થ ધર્મ, દેશવિરતિ ધર્મ)

દેશના પ્રધાનમંત્રી બનતા પહેલાં તેને દેશના નાગરિક તરીકેની શપથ લેવડાવવામાં આવે છે અને તેમાં નાગરિક તરીકેના નિયમોનું પાલન કરવાની કબૂલાત કર્યા પછી જ તે દેશનો વડાપ્રધાન બની શકે છે. તેમ જિનશાસનમાં જન્મે શ્રાવક તો ઘણા બની જાય છે. પરંતુ જેને શાસ્ત્ર માન્યતા આપે છે તેવા શ્રાવક બનવા માટે શ્રાવકધર્મને ઉચિત ૫ અણુવ્રત ૪ શિક્ષાવ્રત અને ૩ ગુણવ્રત રૂપી ૧૨ વ્રતો ગ્રહણ કરવા પડે છે. તે સ્વીકાર્યા પછી જ તે સાચા સ્વરૂપમાં શ્રાવક ગણાય છે.

**अगारबंधण - अगारबन्धन ( न. )**

(પુત્ર-સ્ત્રી-ધન-ધાન્યાદિ ગૃહબંધન)

સંસારની અસારતા સમજ્યા પછી સંયમ લેવા માટે ઉદ્યત થયેલા ભવ્યજીવે પોતે વિસ્તારેલા કુટુંબ, પરિવાર, ધનાદિ તથા ગૃહસ્થજીવનની પ્રત્યેક મોહવૃત્તિ તેના માટે બંધન રૂપ બને છે. સ્ત્રી, પુત્રાદિ વિશિષ્ટ સ્નેહબંધનથી જકડાયેલી વ્યક્તિની જેમ તે સત્યમાર્ગ જાણવા છતાં તે તરફ પ્રયાણ કરી શકતો નથી.

**अगारव - अगौरव ( त्रि. )**

(ઋદ્ધિ વગેરેના અભિમાનથી રહિત)

પ્રશ્નવ્યાકરણના પાંચમા સંવર દ્વારમાં જણાવ્યું છે કે સંપત્તિ, કુળ વગેરેની શ્રેષ્ઠતાનું અભિમાન કરવાથી કર્મબંધ થાય છે. આ કર્મો ભવિષ્યમાં પુનઃ ઉત્તમકુળ વગેરેની હાનિ કરાવે છે. આ સંદર્ભે ભગવાન મહાવીરસ્વામીના મરીચિના ભવનો પ્રસંગ ખૂબ જાણીતો છે. ભરત ચક્રીએ પ્રભુ ઋષભદેવને પર્ષદામાં પૂછ્યું કે હે ભગવંત! આ પર્ષદામાં ભાવિ તીર્થંકરનો જીવ છે ? ત્યારે ભગવાને જણાવ્યું કે હે ભરત ! તારો પુત્ર મરીચિ આ ચોવિશીમાં અંતિમ તીર્થંકર થશે. આ સાંભળીને ભરત ચક્રીએ મરીચિ ત્રિદંડીને જણાવ્યું કે, હે મરીચિ! હું તમારા વેષને વંદન નથી કરતો, પરંતુ તમે આ ચોવિશીમાં પ્રથમ વાસુદેવ અને અંતિમ તીર્થપતિ થવાના છો. તેથી તમારા ભાવિ તીર્થંકરપણાને વંદન કરું છું. આમ વંદન કરીને ભરત ચક્રી ગયા પછી મરીચિ નાચવા લાગ્યા અને કહેવા લાગ્યા કે મારા દાદા આ ચોવિશીના પ્રથમ તીર્થંકર, મારા પિતા પ્રથમ ચક્રી, હું આ ચોવિશીમાં પ્રથમ વાસુદેવ અને છેલ્લે અંતિમ તીર્થંકર થઈશ. અહો ! કેવું મારું ઉત્તમ કુળ છે. આ પ્રમાણે ઉચ્ચકુળનો ગર્વ કરતાં તેઓએ જે નીચગોત્રકર્મ બાંધ્યું તેના કારણે તેઓએ અનેક વખત ભિક્ષુકકુળમાં ઉત્પન્ન થવું પડ્યું. યાવત્ તીર્થંકરોનો જન્મ ઉચ્ચકુળમાં જ થાય છે પરંતુ છેલ્લે નીચગોત્રકર્મ ભોગવવાનું

બાકી રહેતું હતું તેથી તેમણે છેવટે દેવાનંદા બ્રાહ્મણીની કુક્ષિમાં પણ થોડા દિવસ રહેવું પડ્યું. અહો ! કેવા છે અભિમાન કરવાના કટુફળ.

**अगारवास - अगारवास ( पुं. )**

(ગૃહવાસ, ગૃહસ્થાશ્રમવાસ)

કવિ કાલિદાસે રઘુવંશ કાવ્યમાં તેની પ્રારંભિક ભૂમિકામાં રઘુવંશની ગુણવત્તા અને ખાનદાનીનો પરિચય આપતા લખ્યું છે કે, રઘુકુળમાં ઉત્પન્ન થનારા રાજાઓ ગૃહસ્થાવાસમાં હોય ત્યારે બાળપણમાં તેઓ વિદ્યાનું અધ્યયન કરનારા, યુવાનીમાં શીલનું પાલન કરનારા તથા ગૃહસ્થોને ઉચિત વિષયોનું આસેવન કરનારા અને વૃદ્ધત્ત્વમાં મુનિ જેવી વૃત્તિવાળા એટલે કે, અંતકાળે યોગપૂર્વક દેહનો ત્યાગ કરનારા હતા. આ માત્ર રઘુકુળનું નહીં કિંતુ ભારતીય સંસ્કૃતિનું દ્યોતક છે.

**अगारि ( ण ) - अगारिन् ( पुं. )**

(ગૃહસ્થ, ગૃહસ્થાશ્રમવાસી)

શ્રમણ ધર્મનું પાલન કરવાને અસમર્થ ગૃહસ્થ પણ જો ધર્મનો સ્વીકાર, યથાશક્ય પાલન આદિ પૂર્વક સ્વ અને પરને વિષે સમાન દૃષ્ટિવાળો થઈને સમતાભાવ રાખે તો ગૃહસ્થ હોવા છતાં પણ તે ઉચ્ચગતિ પ્રાપ્ત કરી શકે છે.

**अगारिकम्म - अगारिकर्मन् ( न. )**

(ગૃહસ્થનું કાર્ય, ગૃહસ્થની સાવદ્યાદિ ક્રિયા ૨. જાતિ આદિનો મદ કરવો તે)

યોગશાસ્ત્રમાં શ્રાવકનું વર્ણન કરતાં જણાવ્યું છે કે, જે ચારિત્ર લેવાને અસમર્થ હોવા છતાં જેના હૃદયમાં સતત સંયમ ધર્મના તાર રણઝણતા હોય તે સાચો શ્રાવક છે. આવો શ્રાવક જીવનોપયોગી સિવાયના સાવદ્ય વ્યાપારના ત્યાગવાળો હોય છે અને સંસારવાસમાં રહ્યો હોવા છતાં એક યોગીની સમાન રહે છે. પરમ તત્ત્વની પહેચાન થયા પછી સંસારના ભાવો સહયોગી બની જતા હોય છે. સામાન્ય લોકો જે નિમિત્તોથી કર્મબંધ કરે છે એ નિમિત્તોથી તે નિર્જરા કરતો હોય છે.

**अगारियंग - अगार्य्यङ्ग ( न. )**

(ગૃહસ્થોનું અંગ-કારણ ૨. જાત્યાદિક મદસ્થાન)

મદનું કાર્ય દારૂ જેવું છે. દારૂ પીધેલી વ્યક્તિ જેમ સારાસારનો વિવેક વિસરી જાય છે તેમ અભિમાની વ્યક્તિ પણ યોગ્ય-અયોગ્યનું ભાન ભૂલી જાય છે. યાદ રાખજો ! ઉચ્ચ જાતિમાં જન્મ વગેરે શ્રેષ્ઠ વસ્તુની પ્રાપ્તિ સત્કાર્યજનિત પુણ્યના કારણે છે. માટે તેનું અભિમાન કરીને તમારા ભવિષ્યને અંધકારમય ન બનાવો.

**अगारी - अगारी ( स्त्री. )**

(ગૃહિણી, ગૃહસ્થ સ્ત્રી)

કોઈ ઠેકાણે કહેલું છે કે, એકમાત્ર પુરુષ જ જયાં રહેતો હોય અને તેની પાસે સર્વસુખ-સુવિધા સંપન્ન બંગલો હોય તો પણ તેને ઘર નથી કહેવાતું, પરંતુ જયારે ગૃહિણી સાથે હોય ત્યારે જ તે ઘર બને છે. આ વાક્ય દ્વારા ગૃહસ્થપણામાં સ્ત્રીની કેટલી આવશ્યકતા છે તે જણાવ્યું છે. ગૃહસ્થાશ્રમને વિષે સ્ત્રીને અત્યંત મહત્વ આપતાં તે કેવી હોવી જોઈએ ? તે વિષયમાં કહેલું છે કે ભોજન કરાવવામાં માતા સમાન, સંસારિક કષ્ટોને સુલઝાવવામાં મંત્રી કે મિત્ર સમાન, શયનને વિષે રંભા સમાન અને દરેક પ્રકારે પતિનું તથા કુટુંબનું હિત કરનારી હોવી જોઈએ.

**अगारीपडिबंध - अगारीप्रतिबन्ध ( पुं. )**

(ગૃહસ્થ સ્ત્રીનો પ્રતિબંધ-અટકાવ)

છ છેદસૂત્રમાં જેનું મહત્ત્વપૂર્ણ સ્થાન છે તે વ્યવહારસૂત્રના ચતુર્થ ઉદ્દેશામાં સાધુઓને ઉદ્દેશીને જણાવ્યું છે કે, ગૃહસ્થ સ્ત્રી સાથે આલાપ, સંલાપ અને નિકટનો પરિચય કરવાથી સ્વ-પરને વિષે અનેક દોષો ઉત્પન્ન થવાનો ભય રહે છે. તેથી ગૃહસ્થસ્ત્રીઓ સાથે ઘનિષ્ઠ પરિચય ન કરવો જોઈએ.

**अगाह - अगाध ( त्रि. )**

(ગંભીર)

ગીતાર્થ ભગવંતોના અનેક ગુણોમાં એક ગુણ ગાંભીર્યતાનો પણ છે. તેઓ અન્યોના અત્યંત ગુહ્ય દોષોને, જઘન્યપાપોને જાણતા હોવા છતાં પણ ક્યારેય સામેવાળાને શરમાવતા નથી કે બીજાલોકોની વચ્ચે તેને ઉઘાડો પાડતા નથી. પરંતુ વાત્સલ્યપૂર્વક અનુકૂળ સમયે તે વ્યક્તિ દોષરહિત થઈ ધર્મમાર્ગને વિષે આગળ વધે તેવો પ્રયાસ કરે છે.

**अगिज्झ - अग्राह्य ( त्रि. )**

(હસ્તાદિથી ન લઈ શકાય તેવું, અગ્રાહ્ય ૨. આલિંગનને અયોગ્ય ૩. જેને માપી ન શકાય તેવું)

જેમ વૃક્ષ, વિમાન, બિલ્ડીંગ આદિ અત્યંત સ્થૂળપદાર્થો છે તેમ અનેક એવા પદાર્થો પણ છે જે ચક્ષુથી જોઈ શકાતા નથી. બાયોસ્કોપ જેવા યંત્રોના સહારે આવા પદાર્થો જોઈ શકાય છે. કમાલની વાત એ છે કે દુનિયાના શ્રેષ્ઠ સાધનો દ્વારા વર્ષો પર્યન્ત સંશોધનો કરીને આજનું વિજ્ઞાન જે સૂક્ષ્મપદાર્થો સાબિત કરી રહ્યું છે તેવી બાબતોને અને વિજ્ઞાન જ્યાં હજુ પહોંચ્યું પણ નથી તેવા અત્યંત સૂક્ષ્મપદાર્થોને હજારો વર્ષપૂર્વે ભગવાને કેવળજ્ઞાનના પ્રભાવે જણાવી દીધા છે. જેમાં આત્મસિદ્ધિ, પરમાણુ, સમય વગેરે અત્યંત સૂક્ષ્મ વિષયોનો પણ સમાવેશ થાય છે.

**अगिण्हियव्व - अग्रहीतव्य ( त्रि. )**

(ગ્રહણ કરવા યોગ્ય ન હોય તે, છોડવા યોગ્ય, હેય ૨. ઉપેક્ષા કરવા યોગ્ય)

શાસ્ત્રોના જાણકાર-જ્ઞાની ભગવંતે આપેલો ઉપદેશ ભવ્યજીવ માટે અત્યંત ઉપકારક નિવડે છે. તથા તેમના સાંનિધ્યમાં રહેવાનું જો સદ્ભાગ્ય મળે તો તે લાપસીમાં ઘી નાંખવાની જેમ ગુણકારી થાય છે. જ્યારે અજ્ઞાની તથા મૂર્ખલોકોની સાથેના વ્યવહારને રાખમાં ઘી નાખવાની જેમ વ્યર્થ જણાવીને તેને સજ્જનો માટે ત્યાજ્ય ગણાવ્યો છે. કારણ કે એવા લોકોની સાથેના ગમે તેવા સારા વ્યવહારથી પણ લાભ તો દૂર કિંતુ હાનિ થવાની સંભાવના જ રહે છે.

**अगिद्ध - अगृद्ध ( त्रि. )**

(અલોલુપ, મૂર્છા નહીં પામેલું, અનાસક્ત)

આ અવસર્પિણીકાળના આદ્ય ચક્રવર્તી મહારાજા ભરત બધા જ પ્રકારની ભોગ સામગ્રી ભોગવવા છતાં અનાસક્ત હતા. આથી જ શાસ્ત્રમાં તે અનાસક્તભોગી તરીકેની ખ્યાતિ પામ્યા. પરમાત્માએ પણ કહેલું છે કે ભોગો એટલા ભયંકર નથી જેટલી તેમાં રાખેલી આસક્તિ. વાસ્તવમાં જોતાં આસક્તિ એ જ સંસાર અને અનાસક્તિ એ જ મુક્તિ જણાય છે.

**अगिला - अग्लानि ( स्त्री. )**

(ખેદનો અભાવ, નિર્જરા માટેનો ઉત્સાહ, હોંશ)

ગુરુની, જ્ઞાનીની, વયોવૃદ્ધ, તપસ્વી, મહાનસંયમી આદિ ગુણગરિષ્ઠોની તથા બાળ અને ગ્લાનાદિની વેયાવચ્ચ-સેવા કરવી જોઈએ. તે પણ ફરજ બજાવતા નોકરની જેમ દીનતાપૂર્વક નહીં પરંતુ, શ્રેષ્ઠગુણોને ધારણ કરનારા આ મહાન આત્માઓની તેમજ ગ્લાન-રોગીની સેવા કરવાથી કર્મોની અત્યંત નિર્જરા દ્વારા મહાન લાભ થશે એવી સમજણપૂર્વક તેમની સેવા કરવી જોઈએ. આ વેયાવચ્ચ કેવી હોવી જોઈએ ? તે સમજાવતા જણાવે છે કે, વસ્ત્ર-પાત્રાદિકનું પડિલેહણ કરવું, તેમની સેવા-ભક્તિ કરવી, ગોચરી-પાણી લાવી આપવા, તેમને કોઈપણ પ્રકારની તકલીફ ન પડે તેનું ધ્યાન રાખવું વગેરે.

**अगिलाइ - अग्लानि ( स्त्री. )**

(ખેદનો અભાવ, ઉત્સાહ, હોંશ)

આનંદઘનજી મહારાજે શ્રીસંભવનાથજીના સ્તવનમાં ગાયું છે કે, પરમાત્માનું દર્શન પામીને મારા ભવોભવના ખેદ નાશ પામી ગયા છે. મનન કરવા લાયક આ બીના આપણને ઘણો બધો બોધ આપી દે છે. આપણને પરમાત્માના દર્શન-પૂજન વંદનમાં કે ગુરુદેવોના પ્રવચનશ્રવણમાં અથવા સામાયિક, દાન, શીયળ, તપ, ભાવના પૌષધાદિ ધર્મક્રિયા વગેરેમાં કેટલો આનંદ આવે છે તેનું માપ કાઢવા જેવું છે. જો આ બધી આરાધનાઓમાં ઉત્સાહ કે તાજગીનો અનુભવ નથી થતો તો સમજી લો કે આપણા જ કોઈક બાધકદોષોથી એ અમૃતકલ્પ જેવી ક્રિયાઓ ફળી નથી.

**अगिलाय - अग्लान ( पुं. )**

(ગ્લાનિરહિત, ખેદરહિત)

પ્રભુશાસન પામેલાની ફરજ બની જાય છે કે ગ્લાન-રોગી સાધુ ભગવંત અને મા-બાપની સારી રીતે સેવા કરીને તેમને સમાધિ-શાતા પ્રદાન કરવી. યાદ રાખજો વેયાવચ્ચને અપ્રતિપાતી ગુણ કહ્યો છે. બીજા ગુણોથી કદાચ લાભ થાય કે નહીં પણ સેવા-ભક્તિ ક્યારેય નિષ્ફળ જતી નથી. ચારિત્રાદિ શ્રેષ્ઠગુણોના ધારક મહાત્માઓને શાતા ઉપજાવે છે તેનું શરીર પણ નીરોગી રહે છે. અઢાર અક્ષોહિણી સેનાની તાકાત કરતાં વધુ શક્તિવાળા ભરત ચક્રવર્તીને પણ બાહુબલીએ હરાવ્યા હતા. કારણ જાણો છો? પૂર્વભવમાં તેમણે પાંચસો મહાત્માઓની હર્ષોલ્લાસ પૂર્વક સેવા કરી હતી. તેના ફળ સ્વરૂપે તેઓ અતુલબળના સ્વામી બન્યા હતા.

**अगीय - अगीत ( पुं. )**

(અગીતાર્થ)

બૃહત્કલ્પસૂત્ર આગમમાં સાધુ ભગવંતો માટે ૧. ગીતાર્થ અને ૨. ગીતાર્થ નિશ્રિત એમ બે જ પ્રકારના વિહાર દર્શાવ્યા છે. તેના સિવાયના અગીતાર્થનો કે અગીતાર્થનિશ્રિતનો વિહાર નિષિદ્ધ કરેલો છે. કારણ કે જ્ઞાની સાધુ જ્યાં પણ જશે દેશકાળને અનુરૂપ દીર્ઘદષ્ટા બની સ્વ-પરનું હિત સાધશે પણ અહિત તો નહીં જ થવા દે.

**अगीयत्थ - अगीतार्थ ( पुं. )**

(અગીતાર્થ, જેણે છેદસૂત્રાર્થ ગ્રહણ નથી કર્યો અથવા ગ્રહણ કરીને વિસ્મૃત કરી દીધો છે તે)

જેણે શાસ્ત્રોના પરમાર્થ નથી જાણ્યા તે અગીતાર્થ કહેવાય છે. અર્થાત્ ગુરુગમથી આગમોના રહસ્યોનો જાણકાર ન હોવાથી તે અગીતાર્થ છે. સંયમી હોવા છતાં પણ આવા અગીતાર્થને દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવનું અજ્ઞાન હોવાથી તે ઉત્સર્ગને અપવાદ અને અપવાદને ઉત્સર્ગ બનાવતો લોકોમાં શાસનહીલનાનું ઘોરપાપ આચરતો હોય છે. શાસ્ત્ર કહે છે કે, '**गृही तु यति स्यात्, यति तु ज्ञानी**' અર્થાત્ શ્રાવકે ચારિત્રી બનવાનું છે અને સાધુ થયા પછી અનુભવજ્ઞાની બનવાનું છે.

**अगुण - अगुण ( पुं. )**

(ગુણરહિત, દોષ)

'મારા હલન-ચલનથી માતાને પીડા ન થાઓ' એવા વિચારથી પ્રભુ વીરે ગર્ભમાં હલન-ચલનની પ્રક્રિયા બંધ કરી દીધી. પરંતુ માતાને સુખ ઉત્પન્ન થવાને બદલે ગર્ભ નિષ્પ્રાણ થઈ ગયાની ભ્રાન્તિથી દુઃખ થયું. એટલે જ શાસ્ત્રકારોએ કહ્યું છે કે ઉપદેશ કે સહાયતા જે યોગ્ય-પાત્ર હોય તેને જ કરવા. અન્યથા જેમ દુષ્ ધાતુનો ગુણ કરવાથી દોષ બને છે તેમ કોઇ અપાત્રને કરેલો ગુણ અહિતકારી પણ બને છે.

**अगुणगुण - अगुणगुण ( पुं. )**

(અગુણનું કોઇકને ગુણપણે વિપરિણમવું-બદલાવું તે, અગુણમાં ગુણપણું થવું તે)

ભગવાને કહ્યું છે કે દુષમ એવા આ પંચમ આરામાં બધા જીવો પ્રાયઃ જડ અને વક્ર થશે. અર્થાત્ તેઓમાં બુદ્ધિની જડતા અને વર્તનની વક્રતા પ્રચુર માત્રામાં હશે. પરંતુ સબૂર ! આવા પંચમકાળમાં પણ પરમાત્માનું શાસન સાડા અઢારહજાર વર્ષ સુધી અખંડરૂપે ચાલવાનું છે. તે માત્ર ને માત્ર આ જ દુર્જનકાળમાં પાકેલા ઋજુ અને પ્રાજ્ઞ જીવોના આધારે.

**अगुणत्त - अगुणत्व ( न. )**

(નિર્ગુણીપણું, નિર્ગુણીતા, ગુણનો અભાવ)

વીંછીનો સ્વભાવ છે ડંખ મારવાનો. તેના પર ગમે તેટલો ઉપકાર કરવામાં આવે તો પણ તે પોતાના સ્વભાવને છોડતો નથી તેમ સજ્જનો હંમેશાં પરોપકારના સ્વભાવવાળા હોય છે. કોઇ તેમનું ગમે તેટલું ખરાબ કરે તો પણ તેઓ કાયમ બીજાનું હિત જ ઇચ્છતાં હોય છે. જો દુર્જનોમાં નિર્ગુણીતાની પરાકાષ્ઠા હોય છે તો સજ્જનોમાં સદ્ગુણિતાની પરાકાષ્ઠા હોય છે.

**अगुणपेहि ( ण् ) - अगुणप्रेक्षिन् ( त्रि. )**

(અગુણદર્શી, દુર્ગુણોને જોનાર)

ચૌદ ગુણસ્થાનકમાં મિથ્યાત્વ ગુણસ્થાનક અને સમ્યક્ત્વ ગુણસ્થાનક એમ બે ગુણસ્થાનક આવે છે. તેમાં મિથ્યાત્વ ગુણસ્થાનકે રહેલો જીવ ગુણવાન પુરુષ કે ગુણકારી પદાર્થમાં પણ માત્ર દોષદર્શન કરતો હોય છે. જ્યારે સમ્યક્ત્વ ગુણસ્થાનકે રહેલો જીવ નિર્ગુણીમાં પણ ગુણદર્શી હોય છે. જેમ કે કૃષ્ણ મહારાજે આખા શરીરમાં કીડા પડી ગયેલા અને દુર્ગંધ મારી રહેલા કૂતરામાં પણ

કળી જેવા તેના દાંત જોઇને તેની પ્રશંસા કરી હતી.

**अगुणवज्ज - अगुणवर्ज ( त्रि. )**

(અન્યમાં દુર્ગુણો હોય છતાં તેને ગ્રહણ ન કરનાર, અન્યના છતાં દોષોને નહીં જોનાર)

પરમાત્મા પર છ છ મહિના સુધી ઘોર ઉપસર્ગ કરનાર સંગમ દેવ હારી-થાકીને જ્યારે પાછો જઇ રહ્યો હતો ત્યારે પરમાત્માની આંખમાં આંસુ અને મુખમાં શબ્દો હતા:- આખા સંસારને તારવાની ઇચ્છાવાળો હું આના સંસારનું કારણ બન્યો. અહો ! તીર્થંકરદેવોની કેવી મહાન દૃષ્ટિ કે, આ તો મારા કર્મોનો ક્ષય કરનારો હોવાથી મારો ઉપકારી છે. મહાપુરુષોની આ જ વિશેષતા હોય છે. તેઓ દુર્ગુણીઓમાં દોષો હોવા છતાં દોષોને ત્યજીને તેમનામાં રહેલા ગુણોને જ ગ્રહણ કરે છે.

**अगुत्त - अगुप्त ( त्रि. )**

(ગુપ્તિઓ રહિત, મન-વચન-કાયાના અશુભ વ્યાપારવાળો)

આખા ગામની તરસ છીપાવનાર તળાવ જો પાળથી નથી રક્ષાયું, તો પૂરના સમયે આખા ગામને બીજું કોઇ તબાહીથી બચાવી શકશે નહીં તેમ જે આત્મા મોક્ષ જેવા સુખને આપનાર મન-વચન-કાયાની પ્રવૃત્તિઓને સદ્ધર્મરૂપી પાળથી નથી બાંધતો તો તેને આ યોગત્રિપુટી દુર્ગતિના તાંડવથી બચાવી નહીં શકે. અરક્ષિત મન-વચન-કાયાનો વ્યાપાર અહિતકર છે.

**अगुत्ति - अगुप्ति ( स्त्री. )**

(મન-વચન-કાયાની શુભ પ્રવૃત્તિથી અટકવું અને અશુભમાં પ્રવૃત્તિ કરવી તે, મન વચન કાયાની ગુપ્તિનો અભાવ)

રાધાવેધની પરીક્ષામાં ઉતરેલાને ખબર છે કે આ એક જ વખત મળેલો ચાન્સ છે. જો આમાં હું જરાપણ ગાફેલ રહીશ તો કાર્યસિદ્ધિ પણ નહીં થાય અને લોકોમાં હાંસીને પાત્ર બનીશ. બસ, આ મનુષ્યભવ પણ રાધાવેધની સાધના જેવો છે. અનંતકાળે મળતો આ એક વખતનો ચાન્સ છે. જેઓ ધર્મપ્રવૃત્તિને છોડીને મન-વચન-કાયાથી અશુભ પ્રવૃત્તિમાં લાગી ગયા છે તેઓ મનુષ્ય ભવ તો હારી જાય છે સાથે-સાથે જ્ઞાનીઓની નજરોમાં હાંસીને પાત્ર બને છે.

**अगुरुलहुचउक्क - अगुरुलघुचतुष्क ( न. )**

(નામકર્મનો એક ભેદ, અગુરુલઘુચતુષ્ક)

નામકર્મની કુલ ૧૦૩ પ્રકૃતિ છે તેમાંની ૧. અગુરુલઘુ, ૨. ઉપઘાત, ૩. પરાઘાત અને ૪. ઉચ્છ્વાસ આ ચાર નામકર્મના ભેદ કાર્મગ્રંથિકમતે અગુરુલઘુચતુષ્કના નામે ઓળખાય છે. દુનિયામાં જે કાંઈ સારું-નરસું દેખાય છે તે નામકર્મને આધીન છે. નામકર્મની ૧૦૩ પૈકીની ૪૨ પ્રકૃતિઓ જીવને પુણ્યના યોગે પ્રાપ્ત થાય છે જ્યારે શેષ પાપકર્મને કારણે સાંપડે છે.

**अगुरुलहुणाम - अगुरुलघुनामन् ( न. )**

(નામકર્મનો એક ભેદ, અગુરુલઘુનામકર્મ)

જૈનમતે સમસ્ત કર્મોને મુખ્યરૂપે આઠ વિભાગોમાં વહેંચાયેલા માનવામાં આવે છે. તેમાં છઠ્ઠા ક્રમે નામકર્મ આવે છે. આ કર્મના અસંખ્ય ઉત્તરભેદો છે. આપણને આપણા શરીરનું વજન નથી તો અતિભારે લાગતું કે નથી અતિહલકું લાગતું તે આ અગુરુલઘુનામકર્મના કારણને આભારી છે. હાથીને પોતાનું શરીર ક્યારેય ભારે ન લાગે કે કીડીને હલકું ન લાગે.

**अगुरुलहुय - अगुरुलघुक ( न. )**

(જેમાં લઘુ-હલકાપણું કે ગુરુ-ભારેપણું નથી તેવા ભાષા મન કર્માદિ દ્રવ્યો)

જગતમાં અનેક દ્રવ્યો છે. જે આપણી ગણતરીમાં ન આવે તેટલા છે. સર્વજ્ઞ પ્રભુએ એ બધાનો સમાવેશ ધર્માસ્તિકાય વગેરે છ દ્રવ્યોમાં કર્યો છે. તેમાં પુદ્ગલને છોડીને બીજા બધા દ્રવ્યો સૂક્ષ્મ અને સૂક્ષ્મતમ છે કે જે ચર્મચક્ષુથી જોઈ પણ ન શકાય. તેનું પ્રમાણ કેવળીભગવંત જ જોઈ-જાણી શકે. ચૌદરાજલોકમાં પૂર્ણતયા વ્યાપીને રહેલા એવા ભાષા, મન, ગુણ તથા ધર્માસ્તિકાય અધર્માસ્તિકાયાદિ દ્રવ્યો નથી તો અતિભારે કે નથી અતિહલકા પરંતુ, પરિણામોપેતમૂર્તહોવાથી અગુરુલઘુક છે.

**अगुरुलहुयपरिणाम - अगुरुलघुकपरिणाम ( पुं. )**

(અજીવપરિણામ ભેદ, અગુરુલઘુરૂપે પરિણતિ વિશેષ, પરિણામ પરિણામીના અભેદજન્ય અગુરુલઘુક પરિણામ)

**अगुरुवर - अगुरुवर ( पुं. )**

(એક પ્રકારનો ધૂપ, કૃષ્ણાગરુ)

હાથીના ગંડસ્થળમાંથી ઝરતા મદની સુવાસથી અને ગુલાબમાંથી પ્રસરી રહેલી મહેકથી ભમરો જેમ આકર્ષિત થાય છે. મંદિર, મહેલોમાંથી બહાર રેલાઇ રહેલી કૃષ્ણાગરુ ધૂપની સુવાસથી લોક તે તરફ જવા જેમ આકૃષ્ટ થાય છે. તેમ મહાપુરુષોના સદ્‌ગુણોની મહેક પણ એવી છે કે, તે યત્ર-તત્ર-સર્વત્ર લોકમાં પ્રસરતી જ રહે છે અને એ જ કારણે કોઇપણ જીવ તેમના સંપર્કમાં કે તેમની નજીક આવે છે તે તેઓની તરફ આકૃષ્ટ થયા વિના રહેતો નથી.

**अगोविय - अगोपित ( त्रि. )**

(પ્રગટ, પ્રત્યક્ષ, છૂપું નહીં તે)

વિપાકસૂત્ર આગમમાં ગૌતમ સ્વામીએ ભગવાન મહાવીરને પ્રશ્ન કર્યો કે, હે પ્રભુ ! જેણે અશુભકર્મનો બંધ કર્યો હોય તેના ઉદયકાળે કેવું પરિણામ ભોગવે છે ? ત્યારે પરમાત્માએ કહ્યું, હે ગૌતમ! તેના માટે તું આ જ નગરની મૃગારાણીના પુત્ર લોઢિયાને જોઇ આવ, તે અશુભ કર્મના ઉદયનું પ્રત્યક્ષ ઉદાહરણ છે. તેને આંખ-નાક-કાનાદિ કોઇ અંગોપાંગ નથી તે માત્ર માંસનો લોચો જ છે અને તેના શરીરમાં ૧૬ પ્રકારના મહારોગો પ્રગટ થયેલા છે. આવા જીવોએ દુઃખ ભોગવવા નરકમાં જવું પડતું નથી. તેમના માટે તો આ લોક જ પ્રત્યક્ષ નરક સમાન હોય છે.

**अगोरसव्वय - अगोरसव्रत ( पुं. )**

(જેણે ગોરસ સંબંધી પદાર્થનો ત્યાગ કર્યો છે તે, દહીં, દૂધ વગેરે ગોરસમાત્રનું ભક્ષણ નહીં કરનાર)

આવશ્યકસૂત્રમાં કહેલું છે કે જે દધિવ્રતી છે તે માત્ર દહીં સંબંધી પદાર્થ ખાય છે પરંતુ, દૂધને ખાતો નથી. અને જે પયોવ્રતી છે તે દહીં સંબંધી પદાર્થને અડતો નથી. પરંતુ જે અગોરસવ્રતી છે તે દૂધ કે દહીં બન્નેમાંથી બનેલા કોઇપણ પદાર્થને ખાતો નથી.

**अग्ग - अग्र ( न. )**

(અગ્રભાગ, ઉપરનો ભાગ, અણી, ટોચ, ૨. આલંબન ૩. પૂર્વભાગ ૪. ઉત્કર્ષ ૫. સમૂહ ૬. પ્રધાન ૭. અધિક ૮. ઋષિનો ભેદ વિશેષ ૯. પ્રથમ ૧૦ શેષ ભાગ)

સવાર પડે છે ને નિત્યક્રમ પ્રમાણે વ્યક્તિ નાહી-ધોઇને અરિસા સામે ગોઠવાઇ જાય છે અને પછી દેહપૂજા શરુ થાય છે. શરીરને સજાવવા જાતજાતની ટાપટીપ કરશે. છેલ્લે જ્યારે અરિસો રજા આપે કે યુ આર ઓ.કે. ત્યારપછી તે બહાર નીકળશે. વૈરાગ્યશતક ગ્રંથમાં કહ્યું છે અરે ભલા માણસ ! આ જીવન તો ઘાંસના અગ્રભાગે રહેલા ઓસના બિંદુ જેવું છે. ક્યારે ખરી પડશે ખબર પણ નહીં પડે. માટે મળેલા સમયનો સદુપયોગ કર.

**★अग्र्य ( त्रि. )**

(અગ્રેસર, પ્રધાન ૨. અત્યંત ઉત્કૃષ્ટ ૩. મોટોભાઈ)

આજનો માનવ માહિતીપ્રધાન થઇ ગયો છે. તેની પાસે દરેક પ્રકારનું નોલેજ હશે. કયા દેશનો કયો વડાપ્રધાન છે. કોણે શું કીધું, કોણે શું કર્યું, કઇ બિલ્ડીંગ કયા દેશમાં આવી છે. કયા દેશમાં કેવું રાજકારણ ચાલે છે. શેરબજારમાં શું થવાનું છે વગેરે વગેરે. પરંતુ તેને એ જ ખબર નથી કે અહીંથી મૃત્યુ પામ્યા પછી મારા આત્માનું આગળ શું થશે ? ગાંધીજીના શબ્દો યાદ આવે કે, વ્યક્તિને વિશ્વના નકશાની ખબર છે પરંતુ પોતાના ઘરના રસ્તા જ ખબર નથી.

**अग्गओ - अग्रतस् ( अव्य. )**

(આગળથી, સામેથી, પ્રથમથી)

હનુમાને સંધ્યાના રંગ બદલતા જોયા ને તેમને વૈરાગ્ય થયો. સીતાજી સાથે વનવાસની ઘટના બની ને તેમને વૈરાગ્ય થયો. ઓલા અનાથીમુનિ રોગમાં પટકાયા ને સત્યનું ભાન થતાં તેમને સંવેગ ઉત્પન્ન થયો. છટ્ ધિક્કાર છે આજના માનવને ! તેની સામે દરરોજ કેટલાય પ્રસંગો બને છે છતાં પણ તેનો આત્મા જાગતો નથી. નરકના દુઃખો ભલે પ્રત્યક્ષ ન હોય પરંતુ આ જ દુનિયામાં બનતી ઘટનાઓ તો પ્રત્યક્ષ છે ને. શું તે વ્યક્તિને દેખાતું નથી કે પછી જોવા જ માગતો નથી ?

**अग्गंथ - अग्रंथ ( पुं. )**

(નિર્ગ્રંથ, મુનિ, સાધુ)

જ્ઞાનસાર ગ્રંથમાં મહોપાધ્યાય યશોવિજયજીએ મુનિની વ્યાખ્યા કરતાં કહ્યું છે કે, **'मन्यते यो जगत्तत्त्वं स मुनिःपरिकीर्तितः'** અર્થાત્ આ જગત રાગ, દ્વેષ, સુખ, દુઃખ, ઉત્પત્તિ અને વિનાશાદિ સ્વભાવવાળું હોવાથી તેમાં રાગ-દ્વેષ કરીને લેપાવું જોઇએ નહીં આવી માન્યતા જેની દઢ છે તેવા સંયમી આત્માને મુનિ કહેલા છે.

**अग्गकेस - अग्रकेश ( पुं. )**

(આગળના વાળ)

આતંકી દ્વારા થતા બોમ્બ વિસ્ફોટમાં માણસો મરી જાય કે ઘાયલ થઇ જાય તો આપણા મોઢામાંથી અરેરાટી નીકળી જાય છે. તેમના પ્રત્યે સહાનુભૂતિ પ્રગટ થાય છે. અને આવું કૃત્ય કરનાર પ્રત્યે ઘૃણા કરીએ છીએ અને એ સ્વાભાવિક પણ છે. પરંતુ દુઃખની વાત છે કે વાળના અગ્રભાગ જેટલા ક્ષેત્રપ્રદેશમાં પણ જ્યાં અનંતા જીવો રહેલા છે તેવા કાંદા, બટાટા, મૂળા વગેરે અનંતકાયને દરરોજ પેટમાં હોંશે-હોંશે પધરાવીએ છીએ અને કેટલાય જીવોનો કચ્ચરઘાણ વાળી દઇએ છીએ ત્યારે તેમના પ્રત્યેની દયા ક્યાં ચાલી જાય છે ?

**अग्गक्खंधो ( देशी )**

(રણભૂમિનો અગ્રભાગ, સૈન્યનો આગળનો ભાગ)

હેમચંદ્રાચાર્ય મહારાજે કુમારપાળ રાજાને પૂછ્યું કે, રાજન્! અચાનક દુશ્મન ચઢી આવ્યો તો શું કરીશ? રાજાએ કહ્યું, ગુરુદેવ **'युद्धेऽपि सज्जावयं'** આ શરીરમાં શૌર્ય ભરેલું છે. રણભૂમિમાં અગ્રેસર થઇને શત્રુસૈન્યનો ખાત્મો બોલાવી દઇશ. બીજો પ્રશ્ન થયો અચાનક મૃત્યુ આવીને ઉભુ રહ્યું તો ? જવાબ હતો ગુરુદેવ! **'मरणेऽपि सज्जावयं'** જિનેશ્વર જેવા દેવ હોય, આપ જેવા સુગુરુ હોય અને તારક જૈનધર્મ હોય પછી મૃત્યુનો ભય કેવો ? તેના માટે પણ હું સજ્જ છું. ખ્યાલ આવ્યો ? આનું નામ જૈનત્ત્વને પામ્યાની ખુમારી.

**अग्गजाय - अग्रजात ( न. )**

(વનસ્પતિના આગળના ભાગે-ટોચ પર ઉત્પન્ન થયેલું ૨. આગળ થયેલું)

રામના વનવાસ પછી જ્યારે ગુરુ વશિષ્ઠે ભરતને રાજગાદી ગ્રહણ કરવાની વાત કરી ત્યારે ભરતે કહ્યું : મારી માતા કૈકેયીએ અગ્રજ ભાઈ રામ સાથે અન્યાય કર્યો છે. આવી અન્યાયી માતાનો પુત્ર હું રાજગાદી સંભાળવાને લાયક નથી. જો હું રાજા બનીશ તો આ પૃથ્વી નાશ પામશે. 'રસા રસાતલ જાહી' આવો હતો ભ્રાતૃપ્રેમ. હાયરે ! આજના નર્યા સ્વાર્થથી ભરેલા જમાનામાં આવી કૌટુમ્બિક લાગણીઓ ક્યાંથી જડશે ?

**अग्गजिब्भा - अग्रजिह्वा ( स्त्री. )**

(જીહ્વાગ્ર, જીભનો આગળનો ભાગ)

હિતોપદેશકોએ સર્પ અને શઠ પુરુષોનો વિશ્વાસ કરવાની ના પાડી છે. કદાચ કરવો પડે તો સર્પનો વિશ્વાસ કરવો પરંતુ, શઠનો તો ક્યારેય ન કરવો. કારણ કે સર્પની અંદર તો ઝેર રહેલું છે એ પ્રસિદ્ધ વાત છે આથી તેના પર કેટલો વિશ્વાસ રાખવો તે વ્યક્તિ જાણી શકે છે. જ્યારે ધૂર્ત પુરુષની જિહ્વાગ્રે મધ ઝરતું હોય છે પરંતુ, તેના હૃદયમાં તો હળાહળ ઝેર રહેલું હોય છે. તે કેટલું નુકશાન કરશે તે કહી શકાતું નથી. આથી આવા ધૂર્તજનોનો ત્યાગ જ શ્રેયસ્કર છે.

**अग्गतावसग - अग्रतापसक ( पुं. )**

(ઋષિનો એક પ્રકાર ૨. ધનિષ્ઠા નક્ષત્રનું ગોત્ર)

**अग्गदारणिज्जामग - अग्रद्वारनिर्यामक ( पुं. )**

(આગળના દરવાજે ઊભો રહેનાર નિર્યામિક સાધુ, ગ્લાનની સેવા કરનાર સાધુ)

પરમાત્માના વચનો છે કે, **'जो गिलाणं पडिसेवइ सो मां पडिसेवइ'** અર્થાત્ જે ગ્લાનની સેવા કરે છે તે મારી જ સેવા કરે છે. અંતિમકાળની આરાધના કરાવનાર કે રોગથી પીડાતા સાધુની સેવા કરનાર સાધુને નિર્યામિક કહેવાય છે. જિનશાસનમાં વેયાવચ્ચ

કરવાના કુલ દસ સ્થાન બતાવ્યા છે. તેમાં એક પ્રકાર છે ગ્લાનની વેયાવચ્ચ. નિર્યામણા કરવાનાર સાધુ ધીર, ગંભીર, ઔદાર્ય, સહિષ્ણુ તથા દૃઢમનોબળાદિ વિશિષ્ટ ગુણોના ધારક હોય છે. આવા નિર્યામકગુણધારી સાધુને અપ્રતિમ આરાધક કહેલા છે.

**अग्गद्ध - अग्रार्ध ( न. )**

(પૂર્વાર્ધ)

વ્યવહારમાં કહેવાય છે કે જેનો અંત સારો તેનું બધું જ સારું. પરંતુ આધ્યાત્મિક જગત કહે છે કે, જેનો વર્તમાન સારો તેનું ભવિષ્ય પણ સારું હોય છે. કારણ કે વ્યક્તિ વર્તમાનમાં પણ જે સુખ કે દુઃખ પ્રાપ્ત કરે છે તેમાં પૂર્વે કરેલા કર્મો જ તો કારણભૂત હોય છે. એટલે વર્તમાનમાં તમે કોઇ ખરાબ કાર્ય ન કરો જેથી તમારું ભવિષ્ય બગડે.

**अग्गपलंब - अग्रप्रलम्ब ( पुं., न. )**

(લટકતા લુંબનો અગ્રભાગ, લટકતા ફળોના ઝુમખાનો અગ્રભાગ)

જેના અગ્રભાગે આમ્રફળો ઝૂલી રહેલા છે તે આંબાનું વૃક્ષ જગત આખાને સંદેશો પાઠવી રહ્યું છે કે, તમે ધનવાન, જ્ઞાનવાન, રૂપવાન કે કલાવાન બનો તેની સાથે-સાથે વિનયવાન પણ બનજો. તમારી કલા વૈશિષ્ટ્યથી તાડના ઝાડની જેમ અહંકારી ન બની જતાં કે કોઇ તમારા સુધી પહોંચી ન શકે. પરંતુ એટલા નમ્ર બનજો કે સહુ તમને પોતાના ગણે. કેમ કે 'નમે તે સહુને ગમે'.

**अग्गपिंड - अग्र ( ग्र्य ) पिण्ड ( पुं. )**

(ભિક્ષામાં આપવા કે કાગડા કુતરા વગેરેને નાખવા માટે પહેલેથી કાઢી રાખેલા ભોજનનો અમુક ભાગ)

હજુ હમણા સુધી આપણા ભારત દેશમાં વસતા લોકોના હૃદયમાં પરસ્પર માટે વત્તાઓછા અંશે લાગણીઓ હતી. માત્ર માનવ માટે જ નહીં પશુ માટે પણ પ્રેમ જોવા મળતો હતો. હાથીઓથી લઇને નાની કીડી માટે પણ લોકો ફીકર કરતાં. લોટ દળ્યો હોય તો થોડોક લોટ કીડીઓના નગરામાં સીંચતા. રોટલી બને તો પહેલા ગાય-કૂતરાના ભાગની રોટલી બને. અતિથિ દેવો કહેવાતાં. પરંતુ આજનું ભારત માત્ર સ્વાર્થથી ઉભરાઇ રહ્યું છે. પોતાના સ્વજનો માટે પણ દિલમાં લાગણી નથી. તો બીજાની તો શી વાત ?

**अग्गपूया - अग्रपूजा ( स्त्री. )**

(જિનપ્રતિમા-ઇષ્ટદેવની આગળ કરવામાં આવતી ધૂપાદિ અગ્રપૂજા)

જિનાલયમાં તીર્થંકર ભગવંતની પ્રતિમાથી ઉચિત અંતરે સુગંધી દ્રવ્યોથી બનેલા ધૂપ, દીપક, અક્ષત, ફળ, નૈવેદ્ય, આરતી, દીવો આદિ જે પૂજા-ભક્તિ કરવામાં આવે છે તે અગ્રપૂજા કહેવાય છે. યાદ રાખજો ! ત્રણ લોકના નાથને આવી કોઈ પૂજાની અપેક્ષા કે આકાંક્ષા નથી કિંતુ તે-તે પૂજા આપણા આત્માની શુદ્ધિ તથા શ્રેષ્ઠતા માટે કરવાની છે.

**अग्गप्पहारि ( ण् ) - अग्रप्रहारिन् ( पुं. )**

(પ્રથમ પ્રહાર કરનાર, પહેલો પ્રહાર કરનાર)

યુદ્ધમાં એવું વિચારવામાં નથી આવતું કે પહેલો પ્રહાર સામેવાળો કરે પછી હું કરું. ત્યાં તો 'પહેલો ઘા રાણાનો' ઉક્તિને અનુસરીને પ્રહાર કરવામાં આવે છે. વાત પણ ખોટી નથી કેમકે, જે પહેલો પ્રહાર કરનાર હોય તે જ જીતતો હોય છે. કર્મોનું પણ કાંઇક એવું જ છે. તે જગતના જીવો પર પ્રહાર કરતા વિચારતો નથી. તે જીવો પ્રત્યે રહેમ નજર પણ રાખતો નથી. જ્યારે આપણે દુઃખમાં કર્મો પર પ્રહાર કરવાને બદલે ભાગ્યને કોસતા રહીએ છીએ.

**अग्गबीय - अग्रबीज ( पुं. )**

(અગ્રભાગે બીજ જેને ઉત્પન્ન થાય તે, જેની ઉત્પત્તિમાં તેનો અગ્રભાગ કારણ હોય તે, કોરંટાદિ બીજપ્રકારની વનસ્પતિ)

વનસ્પતિઓમાં બીજ જુદા-જુદા પ્રકારના હોય છે. જેમ કે અગ્રબીજ, પર્વબીજ, મૂળબીજ, સ્કંધબીજ વગેરે. કેટલીક વનસ્પતિના બીજ મૂળમાં હોય છે. કેટલીક વનસ્પતિના બીજ તેની ગાંઠમાં રહેલા હોય છે જેમ કે શેરડી. તો કેટલીક વનસ્પતિઓનું બીજ તેના અગ્રભાગે હોય છે જેમ કે કેરીનો ગોટલો. જ્યારે કેટલીક વનસ્પતિઓનું ફળ એ જ ખુદ બીજ જેવું હોય છે. તેનું કોઇપણ અંગ વાવો તો નવી ઊગી નીકળે છે. જેમ કે બટાટા, સૂરણ વગેરે.

**अग्गमहिसी - अग्रमहिषी ( स्त्री. )**

(મુખ્ય રાણી, પટરાણી ર. ઇંદ્રાણી)

પહેલાના સમયમાં રાજાઓ અનેક રાણીઓ રાખતા હતા. તેમાં રૂપાદિ ગુણો જેમાં વિશિષ્ટ હોય તેને પટરાણી તરીકે સ્થાપતા હતા. આ પ્રમાણે દેવલોકના ઈંદ્રો પણ પોતાની પટરાણી સ્થાપે છે જેને ઈંદ્રાણી કહેવામાં આવે છે.

**अग्गरस - अग्र्यरस ( पुं. )**

(પ્રધાનરસ ૨. શૃંગારરસ, શૃંગારરસોત્પાદક રત્યાદિ)

વર્તમાન સમયમાં બળાત્કાર, છેડતી, અપહરણ વગેરેનું પ્રમાણ વધી ગયું છે. તેનું કારણ શૃંગારરસને ભડકાવનારા પિક્ચર, ટીવી ઉપરના પ્રોગ્રામ, ચેનલો, પુસ્તક વગેરેનું પ્રમાણ ભયજનક રીતે વધી રહ્યું છે. સાથે-સાથે મહત્ત્વનું એક અન્ય કારણ છે ઉદ્ભટવસ્ત્રોનો પહેરવેશ. ચેનલો આદિથી વિકૃત થયેલા જનમાનસ માટે બહેન-દીકરીઓના ઉદ્ભટવસ્ત્રોમાં દેખાતા અંગોપાંગ અને લટકા-મટકા પેટ્રોલવાળી જગ્યામાં દીવાસળી ચાંપવા જેવું કામ કરે છે. તેથી જ પહેરવેશ વિશે ધર્મબિંદુ પ્રકરણમાં ગ્રંથકારે જણાવ્યું છેઃ પહેરવેશથી વ્યક્તિનું કુળ, સંપત્તિ, સંસ્કાર આદિનું અનુમાન થાય છે તેથી શ્રાવકનો પહેરવેશ પોતાના કુટુંબ અને ખાનદાનીને અનુરૂપ હોય કિંતુ, ફેશનના નામે અન્યને માટે વિષયોત્પાદક ન હોવો જોઈએ.

**★रसाग्र ( न. )**

(રસોમાં પ્રધાન ૨. સુખમાં પ્રધાન)

શાસ્ત્રોમાં શૃંગાર રસના ઉત્પાદક સાધનો જણાવતાં કહે છે કે, પુષ્પોની માળા, અલંકારોને ધારણ કરવા, પ્રિયજનની સાથે પ્રેમાલાપ, ગીત ગાવા, રતિક્રીડા કરવી, વિવિધ પુષ્પોથી ભરપૂર ઉદ્યાનોમાં ફરવું વગેરે શૃંગાર રસોત્પાદક સાધનો છે.

**अग्गल - अर्गल ( न. )**

(છ્યાસીમાં મહાગ્રહનું નામ ૨. બારણામાં આડું મૂકવાનું લાકડું, આગળિયો)

સોના-ચાંદી, રાચરચીલું આદિ ઘરના કિંમતી સરસામાનનું રક્ષણ કરવા તાળું લગાવેલા બારણાને અર્ગલાથી બંધ કરીને જેમ વધુ સેફ્ટી કરીએ છીએ. તેમ વિનય, વિવેક, ચારિત્ર વગેરે ગુણોના રક્ષણ માટે મનને બહારના નિમિત્તોથી વાળવાની સાથે પચ્ચક્ખાણ-નિયમ લેવો પણ એટલો જ અગત્યનો છે. કોઈક વખત ભૂલથી મન તે વસ્તુ માટે લાલાયિત થઈ જાય ત્યારે લીધેલા પચ્ચક્ખાણથી મન રોકાઈ જાય છે અને આત્માની અમૂલ્ય ગુણનિધિનું રખોપું થાય છે.

**अग्गलपासग - अर्गलपाशक ( पुं. )**

(જેમાં ભોગળ નાંખવામાં આવે છે તે, ભોગળના પાસા, જેમાં આગળિયો નાખવામાં આવે છે તે)

**अग्गलपासाय - अर्गलाप्रासाद ( पुं. )**

(જ્યાં આગળો દેવામાં આવે છે તે ઘર, જ્યાં ભોગળ લગાવવામાં આવે છે તે મહેલ)

**अग्गला - अर्गला ( स्त्री. )**

(ભોગળ, નાનો આગળિયો, બારણું વાસવાનો કોઈપણ આગળો)

તીર્થંકર અને સિદ્ધ ભગવંતોની જેમ આપણો આત્મા પણ અસીમ શક્તિનો સ્વામી હોવા છતાં ય અનંતકાળથી કર્મરૂપી અર્ગલાથી જકડાયેલો છે. તેથી સ્વશક્તિઓને ભૂલીને શક્તિહીન થયેલો આપણો આત્મા સામાન્યકાર્ય માટે પણ અન્યના સહયોગની આશા રાખે છે.

**अग्गवेओ ( देशी )**

(નદીનું પૂર)

ખેતરમાં પશુ ઘૂસી ન જાય તેના માટે વાડ બનાવીને સુરક્ષિત કરવામાં આવે છે. નદીનું પૂર ગામને તારાજ ન કરી દે તેના માટે પાળ બનાવીને સુરક્ષિત કરવામાં આવે છે. પરંતુ અશુભ મન-વચન-કાયાના યોગો તમારા આવનારા ભવો બગાડી દેશે તેનો વિચાર કર્યો છે ? જો ના, તો આજથી જ શુભ મન-વચન-કાયાના યોગોની વાડ ઊભી કરીને આવનારા ભવો સુરક્ષિત કરી દો.

**अग्गसिर - अग्रशिरस् ( न. )**

(મસ્તકનો આગળનો ભાગ)

સામુદ્રિકશાસ્ત્રમાં વ્યક્તિના અંગોપાંગના આધારે તેના સ્વભાવ તથા ભૂત-ભાવિની ઘટનાનો ફળાદેશ કરવામાં આવેલો છે. તેને

અંગલક્ષણશાસ્ત્ર પણ કહે છે. એમાં પુરુષ-સ્ત્રીનાં વિવિધ અંગોના શુભાશુભ કથનો હોય છે. તેમાં મસ્તક માટે કહેલું છે કે જે વ્યક્તિના મસ્તકનો અગ્રભાગ-લલાટ અષ્ટમીના ચંદ્ર જેવો હોય તે ઉદાર સ્વભાવનો તથા સુખી હોય છે.

**अग्गसिहर - अग्रशिखर ( न. )**

(વનસ્પતિનો અગ્રભાગ)

કસાઈના હાથમાં ચઢી ગયેલા બકરાના જીવનનો કોઇ ભરોસો નથી. કેમ કે કસાઇ તેને ગમે ત્યારે હલાલ કરી શકે છે. વનસ્પતિના અગ્રભાગે રહેલા પાણીના બિંદુનો કોઇ ભરોસો નથી. કેમ કે ગમે ત્યારે હવા આવશે અને તે ખરી પડશે. તેમ કર્મરાજાની નજરે ચઢીગયેલા ખોટા કાર્યો કરનાર ક્યાં સુધી સુખ ભોગવી શકશે તેનો ભરોસો નથી. કેમ કે જે દિવસે કર્મની વક્રદષ્ટિ થશે તે દિવસે તે જીવ નરક-નિગોદમાં પટકાઇ જશે. જ્યાં કોઇ તેને બચાવનારું નહીં હોય.

**अग्गसुयक्खंध - अग्रश्रुतस्कन्ध ( पुं. )**

(આચારાંગનો દ્વિતીય શ્રુતસ્કંધ)

*ભગવાન મહાવીરે પ્રરૂપેલું તત્વજ્ઞાન જેમાં સંગૃહીત છે તે આગમો અત્યારે કુલ ૪૫ છે. તેમાંનો પ્રથમ આગમગ્રંથ છે આચારાંગસૂત્ર.* આ ગ્રંથમાં ભગવાન મહાવીરના સાધનાકાળના જીવનપ્રસંગો અને સાધુ-સાધ્વીઓના ઉત્કૃષ્ટ આચારોની વાતો કરવામાં આવેલી છે. તેના કુલ ૨૫ અધ્યયન છે અને બે શ્રુતસ્કંધમાં વિભક્ત છે.

**अग्गसोण्डा - अग्रशुण्डा ( स्त्री. )**

(હાથીની સુંઢનો અગ્રભાગ, સુંઢનો આગળનો ભાગ)

પ્રાચીન કાળમાં જે રાજ્યનો રાજા પુત્ર વિના મરણ પામે ત્યારે નવો રાજા નીમવા માટે મંત્રીમંડળ રાજહસ્તિના સુંઢના અગ્રભાગે જલથી ભરેલો કળશ સ્થાપતા હતા. આખા નગર કે રાજ્યના પરિભ્રમણ દરમ્યાન રાજહસ્તિ જે વ્યક્તિના મસ્તક પર તે કળશ ઢોળે તેને રાજા તરીકે નિયુક્ત કરવામાં આવતો હતો.

**अग्गह - आग्रह ( पुं. )**

(મમતા-અભિનિવેશ ૨. આવેશ ૩. મિથ્યા આગ્રહ ૪. આસક્તિ ૫. અનુગ્રહ ૬. આક્રમણ ૭. ગ્રહણ કરવું તે)

અભવ્ય જીવ ચારિત્ર ગ્રહણ કરીને ઘોરતપ, કષ્ટમય અભિગ્રહો, વિવિધ પ્રકારના ઉપસર્ગો અને પરિષહો હસતા મુખે સહન કરે છે. છતાં પણ તે મોક્ષસુખને નથી પામી શકતો અને સંસારચક્રમાં ભમ્યા જ કરે છે. તેનું મુખ્ય કારણ છે મિથ્યાભિનિવેશ. અભવ્યજીવ ચારિત્રની સુંદર આરાધના કરતો હોવા છતાં પરમાત્માએ કહેલી વાતોને શ્રદ્ધાથી ક્યારેય સ્વીકારતો નથી, તેનામાં મિથ્યાત્વ ઠાંસી ઠાંસીને ભરેલું હોય છે. શાસ્ત્રમાં કહેલું છે કે દર્શનભ્રષ્ટનો મોક્ષ ક્યારેય સંભવ નથી.

**अग्गहछेयकारि ( ण् ) - आग्रहछेदकारिन् ( त्रि. )**

(મૂર્છાનો છેદ કરનાર ૨. મિથ્યાગ્રહનો છેદ કરનાર)

જીવ અપૂર્વકરણની પ્રક્રિયા દ્વારા તીવ્રપુરુષાર્થ વડે અનાદિકાલીન મિથ્યાત્વની ગ્રંથીને છેદીને સમ્યગ્દર્શનગુણની પ્રાપ્તિ કરે છે. ત્યારપછી તે જીવનો અનંત પુદ્ગલપરાવર્તનમય સંસાર ઘટીને માત્ર અર્ધપુદ્ગલપરાવર્ત જેટલો જ બાકી રહે છે અને પછી તો તે સમ્યગ્દર્શની આત્માને દુનિયાની કોઇ તાકાત શ્રદ્ધાથી હલાવી શકતી નથી.

**अग्गहण - अग्रहण ( न. )**

(અનાદર, અસ્વીકાર)

નિગોદસ્થાનમાં રહેલા જીવને અશુભ મન-વચન અને કાયાનો વ્યાપાર ન હોવા છતાં પણ તે પ્રતિક્ષણ નવા કર્મોનો બંધ કરતો જ રહે છે. તેને ભલે મન-વચન-કાયાની પ્રવૃત્તિ ન હોય પરંતુ, એકમાત્ર અજ્ઞાનદોષ તેનામાં રહેલો છે અને અજ્ઞાન એટલે મિથ્યાત્વ. તેવાને સત્ય જાણવાનો અને સ્વીકારવાનો અભાવ એટલે અનાદર હોય છે. નિગોદના જીવ તો કર્મવશ અજ્ઞાની છે પરંતુ, મનુષ્યગતિમાં રહેલા આપણને તો કોઇ બાધા નથી. તો પછી સત્ય જાણવા ને સ્વીકારવામાં શા માટે આનાકાની ?

**अग्गहणवग्गणा - अग्रहणवर्गणा ( स्त्री. )**

(વર્ગણાવિશેષ, ગ્રહણ ન થઇ શકે તેવો કર્મપુદ્ગલનો સમૂહ)

જીવ ઉત્પત્તિસ્થાનમાં આવતાની સાથે તદ્ભવયોગ્ય ઔદારિકાદિવર્ગણાના પુદ્ગલો ગ્રહણ કરીને શરીરાદિની રચના કરે છે અને પ્રતિક્ષણ નવા-નવા કર્મબંધ કરી જન્મ-મરણની પરંપરા વધારતો હોય છે. કર્મવર્ગણાપ્રચુર આ સંસારમાં એક સમયકાળ એવો છે કે, જેમાં જીવ કોઇ કર્મબંધ નથી કરતો અને તે છે એક ભવમાંથી બીજા ભવમાં જવામાં લાગતો વચ્ચેનો સમય. જેને વિગ્રહગતિ કહેવામાં આવે છે. આ સમયમાં જીવ કોઇપણ જાતના કર્મપુદ્ગલો ગ્રહણ કરતો નથી.

**अग्गहत्थ - अग्रहस्त ( पुं. )**

(હાથનો આગળનો ભાગ, હસ્તાગ્ર)

ભક્ત અને ભગવાન વચ્ચે તાદાત્મય સંબંધ બંધાઈ જતો હોય છે. જેમ ચામાં ભળેલી સાકર અને હાથના અગ્રભાગે રહેલી અંગુલિઓ ને ભિન્ન કરી શકાતા નથી. તેઓ એક-બીજા સાથે અભિન્નપણે રહેલા હોય છે. તેમ ભક્ત ભગવાન વિના અને ભગવાન ભક્ત વિના ન રહી શકે. ઓલી સુલસા ! સતત મહાવીરમય હતી, તો પ્રભુ વીર પણ સુલસા શ્રાવિકાને યાદ કર્યા વિના નહોતા રહ્યા. તેમણે સુલસાને ધર્મલાભ કહેવડાવીને ભક્તની સ્મૃતિ વ્યક્ત કરી હતી.

**अग्गहि ( ण् ) - आग्रहिन् ( त्रि. )**

(હઠાગ્રહી, મિથ્યા આગ્રહવાળો)

નિર્મળજ્ઞાનથી જેની પ્રજ્ઞા વિશુદ્ધ થઇ છે તેવો જીવ કોઇપણ પક્ષ કે ગચ્છના વાડામાં બંધાયા વિના જ્યાં સત્યયુક્તિ હશે ત્યાં તેની મતિ ગમન કરતી હશે. જ્યારે ક્ષુદ્રસ્વભાવવાળા અને અજ્ઞાની લોકો મિથ્યાભિનિવેશથી કોઇ મત, પક્ષમાં બંધાઇને જ્યાં પોતાની મતિ જતી હશે ત્યાં આગળ શાસ્ત્રોની યુક્તિને ખેંચી લેતા હોય છે. અર્થાત્ તેઓ પોતાની બુદ્ધિને અનુસાર શાસ્ત્રોના અર્થો કરી લેતા હોય છે.

**अग्गाणीअ - अग्राणी ( नी ) क ( न. )**

(સૈન્યનો અગ્રભાગ)

ષટ્ખંડના અધિપતિ ચક્રવર્તીને ભરતક્ષેત્રના પ્રથમ ત્રણખંડો જીતવા માટે ક્યારેય હથિયાર ઉપાડવું પડતું નથી. કેમ કે તેના સૈન્યની અગ્રભાગે ચાલતા અશ્વરત્નના બ્રહ્મચર્યતેજના પ્રતાપે સર્વરાજાઓ વિના વિરોધે ચક્રવર્તીની આજ્ઞા સ્વીકારતા હોય છે. બેશક ! ઉત્કૃષ્ટ પુણ્યશાળી જીવોને સમસ્ત પૃથ્વી વશીભૂત બની જતી હોય છે.

**अग्गा ( ग्गे ) णीअ - अग्रायणीय ( न. )**

(સર્વ દ્રવ્ય ગુણ અને પર્યાયના પરિમાણનું પ્રતિપાદન કરનાર શ્રુતજ્ઞાન, ૧૪ પૂર્વમાંનું બીજુ પૂર્વ)

ચૌદપૂર્વમાંના દ્વિતીયપૂર્વનું નામ અગ્રાયણીય છે. અગ્ર એટલે પરિમાણ(માપ) તેનું અયન એટલે જ્ઞાન. આ પૂર્વમાં જગતમાં રહેલા સર્વ દ્રવ્યો, સર્વ પર્યાયો અને સર્વ જીવવિશેષોનું વર્ણન કરવામાં આવ્યું છે. અગ્રાયણીય પૂર્વમાં કુલ છન્નુલાખ પદો હતા જે વર્તમાનમાં લુપ્ત થયેલા છે. શ્રીસ્થૂલિભદ્રસ્વામી સુધીના આપણા શ્રુતધર મહામુનિઓ સમસ્ત દ્વાદશાંગીના જ્ઞાનવાળા હતા.

**अग्गि - अग्नि ( पुं. )**

(અગ્નિ, આગ ૨. તે નામે લોકાન્તિક દેવ ૩. કૃત્તિકાનક્ષત્રનો દેવ)

શાસ્ત્રમાં અગ્નિ બે પ્રકારે કહેવામાં આવ્યો છે. ૧. દ્રવ્ય અગ્નિ અને ૨. ભાવ અગ્નિ. દ્રવ્ય અગ્નિ તે છે જે પ્રજ્વલિત થતાં ઘર, મહેલ, દુકાનાદિને બાળી નાખે છ. અને ભાવ અગ્નિ તે અંતરમાં ઉત્પન્ન થનારો પરિણામવિશેષ છે. જે આત્મામાં આ ભાવાગ્નિ ઉત્પન્ન થાય છે તેના પૂર્વકૃત બધા જ સુકૃત્યોને બાળી નાખવાનું કાર્ય કરે છે. સાધુ-સાધ્વી માટે તો કહેલું છે કે, જે કષાયોરૂપ ભાવાગ્નિમાં લેપાય છે તેના ચારિત્રનો સમૂળગો નાશ થાય છે. યાદ રાખજો! ભવ બગાડે તે ભાવાગ્નિ.

**अग्गि ( अ ) य - अग्निक ( पुं. )**

(જમદગ્નિ નામક તાપસ, યમ તાપસનો શિષ્ય)

જમદગ્નિ તાપસ ઘોરતપસ્વી અને પ્રસિદ્ધ બ્રહ્મર્ષિ પરશુરામના પિતા હતા. આ જમદગ્નિ ઋષિએ કામાગ્નિવશાત્ પોતાની પત્નીની રેણુકા નામક બહેન સાથે પ્રેમસંબધ બાંધતા તેણીના પતિના હાથે પ્રાણ ગુમાવવા પડ્યા હતાં.

**अग्गिओ ( देशी )**

(ઇંદ્રગોપ, એક જાતનો ક્ષુદ્ર જીવ-જંતુ ર. મંદ)

વર્તમાન જીવનશૈલીમાંથી સમય બચશે તો ધર્મ કરશું નહીંતર ફુરસદના સમયે યથાશક્તિ કરીશું. આવી વિચારશૈલીવાળાઓ કદાચ જીવનમાં કેરિયરની રેસમાં આગળ નીકળીને વિકાસ તો સાધી લે છે. પરંતુ તેઓ આધ્યાત્મિક વિકાસની રેસમાં તો ગોકળગતિએ ચાલી રહ્યાં છે. સબૂર ! ભૌતિકવિકાસમાં ગમે તેટલા આગળ હશો પણ આત્મહિતમાં પાછળ રહ્યા તો એ ભૌતિકવિકાસ કાંઈ કામ નહીં લાગે.

**अग्गिकज्ज - अग्निकार्य ( न. )**

(હોમ, યાગાદિ વિધિ)

આર્ય પ્રભવસ્વામીએ પોતાના ઉત્તરાધિકારીપદને યોગ્ય શય્યંભવ બ્રાહ્મણને જાણ્યો તેથી તેમને પ્રતિબોધ કરવા માટે બે શિષ્યોને તેમના દ્વારા જ્યાં યજ્ઞવિધિ ચાલી રહી હતી ત્યાં મોકલ્યા અને કહેવડાવ્યું કે, '**अहो कष्टं अहो कष्टं तत्त्वं न ज्ञायते परं**' આ વાક્ય પરથી રહસ્યશોધ કરતાં જે જગ્યાએ હોમ ચાલી રહ્યો હતો તેની નીચેથી જ શાંતિનાથ પ્રભુની પ્રતિમા મળી. વૈરાગ્ય પામીને તેમણે પ્રભવસ્વામી પાસે દીક્ષા ગ્રહણ કરી. જેઓએ આગળ જતાં દશવૈકાલિકસૂત્ર જેવા મહાન ગ્રંથની રચના કરી હતી.

**अग्गिकारिया - अग्निकारिका ( स्त्री. )**

(અગ્નિકર્મ ર. હોમ)

પંચ મહાવ્રતધારી, ઉત્કૃષ્ટ અહિંસાના પાલક શ્રમણોને દ્રવ્યઅગ્નિનો સ્પર્શ કે ઉદ્દીપન કરવાનો નિષેધ છે કારણ કે, તેમાં પ્રચુરમાત્રાએ જીવહિંસા થાય છે. પરંતુ તે જ નિર્ગ્રંથોને શાસ્ત્રો કહે છે કે, સંયમના ઉત્કૃષ્ટ પાલન અને શાસ્ત્રોના તાત્ત્વિક અભ્યાસ દ્વારા આત્મામાં એવી શુભભાવાગ્નિ ઉત્પન્ન કરો કે, જેની અંદર પૂર્વસંચિત સઘળાય કર્મો સ્વાહા થઇ જાય.

**अग्गिकुमार - अग्निकुमार ( पुं. )**

(અગ્નિકુમાર દેવ, ભુવનપતિનિકાયના દેવનો એક પ્રકાર)

કુતૂહલપ્રિય હોવાથી કુમારરૂપે ઓળખાતા ભુવનપતિદેવોના દશપ્રકારોમાં અગ્નિકુમારનો પણ સમાવેશ થયેલો છે. આ અગ્નિકુમારદેવોના મૂળશરીરનું દેહપ્રમાણ સાત હાથ હોય છે અને તેઓને કૃષ્ણ નીલ કાપોત તથા તેજસ્ આ ચાર લેશ્યાઓ હોય છે. તીર્થંકર પરમાત્માના નિર્વાણ કલ્યાણકના અવસરે અગ્નિકુમારદેવો તેમની ચિતાને અગ્નિ અર્પે છે.

**अग्गिकुमाराहवण - अग्निकुमाराह्वान ( न. )**

(અગ્નિકુમારદેવોનું આહ્વાન)

જિનશાસનમાં જેમ ભક્તિ પ્રધાન સ્તુત્યાદિની રચના થઇ છે તેમ, પૂજા-પૂજનોની પણ રચના કરવામાં આવેલી છે. જ્યારે પણ આ પૂજા-પૂજનો ભણાવવામાં આવે છે ત્યારે પૂજનાદિ નિર્વિઘ્ને પાર પડે તદ્દહેતુ વિવિધ પ્રકારના દેવોનું આહ્વાન કરવામાં આવે છે. જ્યારે ધૂપ કે દીપ પૂજાનો સમય આવે છે ત્યારે અગ્નિકુમારદેવોનું આહ્વન કરવામાં આવતું હોય છે. અને ચિંતવન કરવામાં આવે છે કે, અહીં જે અગ્નિ પ્રગટાવવામાં આવેલો છે તેમાં રહેલા જીવોનું પણ કલ્યાણ થાઓ.

**अग्गिच्च - आग्नेय ( पुं. )**

(આગ્નેયાભ વિમાનવાસી લોકાન્તિક દેવ)

ઊર્ધ્વલોકસ્થિત પાંચમાં દેવલોકના રિષ્ટ નામના ત્રીજા પ્રતરમાં આઠ કૃષ્ણરાજિ આવેલી છે. તેમાંની ઉત્તરદિશાની બે કૃષ્ણરાજિઓ મધ્યે આગ્નેયાભવિમાનમાં જે દેવો વસે છે તેઓની ઓળખાણ નવલોકાન્તિકદેવોમાં આગ્નેયદેવો તરીકે થાય છે.

**अग्गिच्चाभ - आग्नेयाभ ( न. )**

(આગ્નેયાભ વિમાન, ઉત્તરદિશા તરફની બે કૃષ્ણરાજીની વચ્ચે આગ્નેયાભ નામનું પાંચમા લોકાન્તિક દેવલોકનું એક વિમાન)

**अग्गिजस - अग्नियशस् ( पुं. )**

(દ્વીપ કે સમુદ્ર વિશેષનો તે નામનો અધિપતિ દેવ, અગ્નિયશ દેવ)

જેમ પ્રાચીનકાળમાં નગર કે દેશના રાજાઓ પોતાના રાજ્ય અને પ્રજાનું રક્ષણ કરતા હતાં, તેમ તિર્ચ્છાલોકના પ્રત્યેક દ્વીપો અને

સમુદ્રોના પણ અધિપતિદેવો હોય છે. આ અધિપતિ દેવો પોતાના દ્વીપ કે સમુદ્રનું આધિપત્ય ધરાવતા હોય છે અને જે-તે દ્વીપ કે સમુદ્રનું રક્ષણ કરતા હોય છે.

**अग्गिज्जोय - अग्निद्योत ( पुं. )**

(ભગવાન મહાવીરનું આઠમા ભવમાં બ્રાહ્મણ જન્મનું નામ, અગ્નિદ્યોત બ્રાહ્મણ)

શ્રુતકેવલી ભદ્રબાહુસ્વામી રચિત કલ્પસૂત્રમાં આવતા ઉલ્લેખ અનુસાર, ભગવાન મહાવીરના સમ્યક્ત્વપ્રાપ્તિ પછીના મુખ્ય સત્યાવીશ ભવો પૈકી આઠમા ભવમાં તેઓ ચૈત્ય સંનિવેશને વિશે સાઈઠ લાખ પૂર્વના આયુષ્યવાળા અગ્નિદ્યોત નામના બ્રાહ્મણ થયા હતા અને જીવનના અંતભાગે વૈરાગ્ય પામીને ત્રિદંડી-સંન્યાસી થયા હતા.

**अग्गिदत्त - अग्निदत्त ( पुं. )**

(ઐરવતક્ષેત્રના એક તીર્થંકર, અગ્નિદત્ત નામના તીર્થંકર ૨. ભદ્રબાહુસ્વામીના દ્વિતીય શિષ્ય)

આ ભરતક્ષેત્રમાં વર્તમાન ચોવીશીના શ્રીપાર્શ્વનાથ પ્રભુના સમકાલીન અને ઐરવત ક્ષેત્રમાં થયેલા અગ્નિદત્ત નામના તીર્થંકર તેમજ ભદ્રબાહુસ્વામીના દ્વિતીય શિષ્યનું નામ પણ અગ્નિદત્ત હતું એમ કલ્પસૂત્રમાં વર્ણન મળે છે.

**अग्गिदहण - अग्निदहन ( न. )**

(અગ્નિદાહ, અગ્નિસંસ્કાર, અગ્નિમાં શરીરને બાળવારૂપ શારીરદંડ)

શરીરના ટીપટાપ પાછળ આપણે કલાકોના કલાકો વેડફીએ છીએ. હોંશે-હોંશે ખૂબ લાલનપાલન કરીએ છીએ. આ દેહ નશ્વર છે એમ જાણવા છતાં જો થોડીપણ તકલીફ થાય તો દોડાદોડી કરી મૂકીએ છીએ. અરે ! એને જ સર્વસ્વ માનીએ છીએ. પરંતુ આ દેહ અંતે તો અગ્નિમાં ભસ્મીભૂત થઈ માટીમાં મળી જવાનો છે. ભલા મનુષ્ય ! વિચારજે કે, નશ્વર એવા આ શરીરને પ્રધાનતા આપવી કે પછી આત્મહિતને ?

**अग्गिदेव - अग्निदेव ( पुं. )**

(દ્વીપ કે સમુદ્ર વિશેષનો તે નામનો અધિપતિદેવ ૨. અગ્નિદેવ)

**अग्गिभीरु - अग्निभीरु ( पुं. )**

(ચંડપ્રદ્યોતરાજાનો રથ વિશેષ)

ભૂતકાળમાં આપણા રાજા-મહારાજાઓ પોતાને સવારી માટે, યુદ્ધ માટે અને ધાર્મિક પ્રસંગો માટે આમ જુદા-જુદા પ્રસંગોને અનુરૂપ રથ રાખતા હતા. ભગવાન મહાવીરના પરમ ભક્ત શ્રેણિકરાજા જ્યારે જ્યારે પરમાત્માને વંદન કરવા જતા ત્યારે વિશિષ્ટ પ્રકારના રથમાં બેસીને જતા હતાં. ચંડપ્રદ્યોતરાજાનો અગ્નિભીરુ રથ પણ એવી જ વિશિષ્ટ કોટિનો હતો.

**अग्गिभूइ - अग्निभूति ( पुं. )**

(મંદર પર્વતના પ્રદેશમાં ઉત્પન્ન એક બ્રાહ્મણનું નામ ૨. ભગવાન મહાવીરનું દશમા ભવમાં બ્રાહ્મણ જન્મનું નામ ૩. અગ્નિભૂતિ નામક ભગવાન મહાવીરના બીજા ગણધર)

કલ્પસૂત્રમાં આવતાં વર્ણન અનુસાર, સમ્યક્ત્વ પ્રાપ્તિ પછીના મુખ્ય સત્યાવીશ ભવો પૈકી દશમા ભવમાં ભગવાન મહાવીરનો જીવ મન્દર સંનિવેશમાં છપ્પન લાખ પૂર્વના આયુષ્યવાળો અગ્નિભૂતિ નામનો બ્રાહ્મણ થયો હતો. જે વૈરાગ્ય પામીને અંતે ત્રિદંડી થયો હતો. તેમજ ભગવાન મહાવીરના બીજા ગણધરનું નામ અગ્નિભૂતિ હતું અને તે ઇન્દ્રભૂતિ ગૌતમસ્વામીના સગા ભાઈ હતા. તેમને કર્મ વિષયક સંશય હતો જે ભગવાને વેદપદની યુક્તિથી ફેડી આપ્યો હતો.

**अग्गिमाणव - अग्निमानव ( पुं. )**

(દાક્ષિણાત્ય અગ્નિકુમારદેવોના ઇંદ્રનું નામ)

વ્યંતર નિકાયથી લઈને બાર દેવલોક સુધીમાં કુલ ૬૪ ઇંદ્રો છે. નવગ્રૈવેયકાદિ કલ્પાતીત વિમાનોમાં બધા જ સમાન હોઈ કોઈ એક ઇંદ્રનું આધિપત્ય ત્યાં નથી. દશભવનપતિ નિકાયમાંના અગ્નિકુમાર નામક દેવોનું જ્યાં રહેઠાણ છે તેમાં દક્ષિણદિશા તરફ વસનારા અગ્નિકુમાર દેવો પર અગ્નિમાનવ નામક ઇંદ્ર શાસન કરે છે.

**अग्गिमाली - अग्निमाली ( स्त्री. )**

(રતિકર પર્વતની ઉત્તરમાં રહેલી આ નામની ઇંદ્રાણી)

દ્વીપસાગરપ્રજ્ઞપ્તિ નામના આગમમાં આવતા ઉલ્લેખ પ્રમાણે પ્રથમદેવલોકના ઇંદ્ર-શક્રેન્દ્રની કુલ આઠ અગ્રમહિષીઓ છે. તેમાંની એક પટ્ટરાણીદેવીનું નામ અગ્નિમાલી છે. આ દેવી રતિકરનામક પર્વતની ઉત્તરદિશામાં નિવાસ કરનારી છે.

**अग्गिमित्ता - अग्निमित्रा ( स्त्री. )**

(તે નામની સદ્દાલપુત્રની સ્ત્રી, અગ્નિમિત્રા)

ઉપાસકદશાંગસૂત્રમાં ભગવાન મહાવીરના દશ શ્રાવકોના ધાર્મિકજીવનનું વર્ણન પ્રાપ્ત થાય છે. તેમાં પોલાસપુર નગરમાં રહેનારા સદ્દાલપુત્ર કુંભારનો અધિકાર આવે છે. તેઓ પહેલા ગોશાલકના આજીવકમતના ઉપાસક હતા અને પછીથી વીરપ્રભુના ગૃહસ્થશિષ્ય બનેલા. તેમની સ્ત્રીનું નામ અગ્નિમિત્રા હતું.

**अग्गिमेह - अग्निमेघ ( पुं. )**

(અગ્નિની જેમ દાહકારી મેઘ, અગ્નિ જેવી દાહક વર્ષા)

પરમાત્માએ કહ્યું છે કે, જ્યારે છઠ્ઠો આરો આવતાં પાપની માત્રા વધશે ત્યારે કુદરત પણ પોતાના સ્વભાવથી વિપરીતતાને ધારણ કરશે. ઋતુઓ પોતાની નિયમિતતાનો ત્યાગ કરી દેશે. સૂર્ય અગનગોળા વરસાવવા માંડશે, મેઘનું પાણી પણ અગ્નિની જેમ દાહ પમાડનારું બની જશે અને જીવોને બચવાનો કોઇ આરો પણ નહીં રહે. હે પ્રભુ ! આપ છઠ્ઠા આરામાં અમારો જનમ નિવારજો.

**अग्गिय - अग्निक ( पुं. )**

(ભસ્મક નામક વાયુપ્રકોપ, ભસ્મક વ્યાધિ ૨. ઇન્દ્રદત્ત રાજાએ સ્વમંત્રીની પુત્રીમાં પેદા કરાવેલા સુરેન્દ્રદત્તની દાસીનો પુત્ર ૩. વત્સગોત્રનું અવાંતર ગોત્ર)

વૈદ્યક ગ્રંથોમાં ભસ્મક નામક રોગનું વર્ણન આવે છે. આ રોગ જેને લાગુ પડ્યો હોય તે વ્યક્તિ જે કાંઇ ખાય-પીવે તે બધું જ ભસ્મ થઇ જાય. તેની ભૂખ કેમેય કરીને મટે નહીં. મોહનીયકર્મ પણ આ ભસ્મકરોગ જેવું છે. તે સંસારમાં કેટલાય જીવોને પોતાના મોહપાશમાં જકડીને ઓહિયા કરી ગયો છે છતાં પણ તેની ભૂખ સંતોષાતી નથી. મોહનીય નામના ભાવરોગથી બચવાનો એકમાત્ર ઉપાય છે જિનધર્મનું આલંબન. જે પણ જીવ આ ધર્મને શરણ થઈ ગયો છે તેનું મોહરાજા કાંઇ બગાડી શક્યો નથી.

**अग्गिलिय - अग्रिम ( पुं. )**

(આગળ થયેલો, મોટોભાઈ ૨. શ્રેષ્ઠ)

નીતિશાસ્ત્રોમાં લખ્યું છે કે, જ્યાં આગળ દુષ્ટજનોની પૂજા થાય છે અને ગુરુ કે વડિલ જેવા પૂજ્યપુરુષોની અવહેલના-અનાદર થાય છે તે સ્થાનોમાં દુર્ભિક્ષ, મરણ અને ભય આ ત્રણ આફતો નિરંતર થતી જ રહે છે. તેથી પોતાનો અભ્યુદય ઇચ્છનારે પૂજ્યોની પૂજાનો હંમેશાં આદર કરતાં રહી સ્વ-પર કુશળ-ક્ષેમ કરી લેવું જોઈએ.

**अग्गिल्लय - अग्नि ( पुं. )**

(૮૮ ગ્રહમાંના ૫૫મા મહાગ્રહનું નામ, અગ્નિગ્રહ)

સૌરમંડળમાં અનેક તારાઓ દેખાય છે તેમાં કુલ ૮૮ ગ્રહો ખગોળવેત્તાઓએ નિરૂપ્યા છે. તેમાં મુખ્ય આઠ ગ્રહો મનાય છે. સૂર્યગ્રહ એ બધા ગ્રહોનો રાજા કહેવાય છે. આકાશમાં જ્યારે સાતગ્રહોની સ્થિતિ ઉચ્ચકક્ષાની હોય ત્યારે તીર્થંકર ભગવંતોનો જન્મ થતો હોય છે.

**अग्गिवेस - अग्निवेश ( पुं. )**

(તે નામે પ્રસિદ્ધ એક ઋષિ, અગ્નિવેશ ઋષિ)

**★अग्निवेश्म ( पुं. )**

(પક્ષના ચૌદમા દિવસનું નામ, ચૌદશ ૨. દિવસના બાવીસમા મુહૂર્તનું નામ)

પક્ષ એટલે પખવાડિયું. તેના ચૌદમા દિવસને અગ્નિવેશ્મ કહેવાય છે. જૈનધર્મમાં આ દિવસ પર્વતિથિ તરીકે પણ ઓળખાય છે. એવી પર્વતિથિઓમાં લીલોતરીનો ત્યાગ કરવાનું કહેવામાં આવેલું છે. તેનું સાયન્ટિફીક કારણ એ છે કે ચંદ્રનો ધરતી પર રહેલા

પાણી સાથે સંયોગ થતાં તેમાં તોફાન જાગ્રત થાય છે અને ભરતી આવે છે. લીલોતરીમાં જલ તત્ત્વ વધારે હોવાથી એ દિવસે તે વ્યક્તિના શારીરિકતંત્રમાં ગરબડ ઉત્પન્ન કરી શકે છે. આથી પર્વતિથિઓમાં તેનો ત્યાગ કરવો ઉચિત છે.

**अग्गिवेसायण - अग्निवेश्यायन ( पुं. )**

(દિવસનું ૨૨મુ મુહૂર્ત ૨. અગ્નિવેશ ઋષિનો પૌત્ર ૩. તે નામના ગોત્રમાં ઉત્પન્ન થનારા સુધર્માસ્વામી આદિ ૪. ગોશાળાના પાંચમા દિશાચર સાધુ)

વર્તમાન સમયમાં જેમનું દ્વાદશાંગમય શ્રુતજ્ઞાન ચતુર્વિધસંઘમાં ભણાવાઇ રહ્યું છે કે જેટલા પણ સાધુ-સાધ્વી ભગવંતો વિચરે છે તે બધાના વડા-સ્વામી, ભગવાન મહાવીરના પંચમ ગણધર અને પ્રથમ પટ્ટધર ભગવાન સુધર્માસ્વામી અગ્નિવેશ્યાયન નામક ગોત્રમાં ઉત્પન્ન થયા હતા.

**अग्गिसक्कार - अग्निसंस्कार ( पुं. )**

(અગ્નિદાહ આપવો તે, અગ્નિસંસ્કાર કરવો તે)

ભારતીય સંસ્કૃતિમાં વ્યક્તિના જન્મથી લઇને મરણ સુધીમાં કુલ સોળ સંસ્કાર માનવામાં આવ્યા છે. જ્યારે વ્યક્તિ જન્મે છે ત્યારથી લઇને જન્મ સંસ્કાર, ભોજન સંસ્કાર, નામ સંસ્કાર, પઠન સંસ્કાર, લગ્ન સંસ્કાર કરવામાં આવે છે તથા છેલ્લે માણસ મૃત્યુ પામે ત્યારે પણ તેના શરીરનો એક સંસ્કાર કરવામાં આવે છે તે છે અગ્નિસંસ્કાર. અત્યંત માનપૂર્વક તેના શરીરને અગ્નિદાહ આપીને આ દુનિયામાંથી વિદાય આપવામાં આવે છે. ફેશન-વ્યસનમાં ફાટેલી આજની આ યુવાપેઢીને સંસ્કારોના નામ તો જવા દો તેની દિશાની પણ ખબર નથી. હાય રે જમાનાવાદ ! તે તો કોઈનેય નથી છોડ્યા.

**अग्गिसप्पभा - अग्निसप्रभा ( स्त्री. )**

(બારમા તીર્થંકર શ્રીવાસુપૂજ્યભગવાનની દીક્ષા શિબિકાનું નામ)

તીર્થંકરોના દીક્ષાના અવસરે રાજમહેલથી લઇને દીક્ષાસ્થળ સુધી જવા માટે દેવો એક શિબિકા અર્થાત્, પાલખીનું નિર્માણ કરતા હોય છે. તે પાલખીમાં તીર્થંકરો બેસીને વરસીદાન કરતાં આખા નગરમાં ફરે છે. જે પણ તીર્થંકરો શિબિકામાં બેસે છે તે દરેક શિબિકાનું નામ હોય છે. બારમા તીર્થંકર વાસુપૂજ્યસ્વામી દેવનિર્મિત જે શિબિકામાં બેઠા હતા તેનું નામ અગ્નિસપ્રભા હતું.

**अग्गिसम्म ( ण् ) - अग्निशर्मन् ( पुं. )**

(તીવ્રક્રોધવાળો તે નામનો એક તાપસ ૨.સ્વનામ ખ્યાત એક બ્રાહ્મણ)

અગ્નિનો એક નાનકડો તણખો આખા ગામને બાળી નાખવાની તાકાત ધરાવે છે તેમ એક નાનો-સરખો કરેલો ક્રોધ પણ તમને ભવોના ભવો સુધી રખડાવી શકવાની ક્ષમતા રાખે છે. જેનું ઉદાહરણ છે અગ્નિશર્મા બ્રાહ્મણ અને રાજા ગુણસેન. ગુણસેનની એક નાનકડી ભૂલના કારણે અગ્નિશર્મા બ્રાહ્મણ સાધુ હોવા છતાં ક્રોધાગ્નિમાં એવો પ્રજ્વલિત થયો કે, બન્નેના વૈરની પરંપરા છેક નવ-નવ ભવ સુધી ચાલી. સમરાદિત્યમહાકથામાં તેમના નવેય ભવોનું હૃદયદ્રાવક નિરૂપણ કરેલું છે.

**अग्गिसाहिय - अग्निसाधिक ( त्रि. )**

(જેમાં અગ્નિનો ભાગ-હિસ્સો હોય તેવું)

સુવર્ણ અત્યંત શુદ્ધ અને કાંતિમય દેખાય છે તેમાં અગ્નિનો ભાગ છે. અર્થાત્ આગ પોતાની ઉષ્ણતાથી સોનાને તપાવીને તેમાં રહેલી અશુદ્ધિ દૂર કરી તેની કાંતિને ઉજાગર કરે છે. તેમ આત્માની ઉન્નતિમાં ચારિત્રસાધના કારણભૂત છે. ચારિત્રની તાત્ત્વિક સાધના જીવને લાગેલા કર્મમલને દૂર કરી આત્મામાં રહેલા સ્વાભાવિક ગુણોને જાગ્રત કરે છે.

**अग्गिसिह - अग्निशिख ( पुं. )**

(અગ્નિની જેવી શીખા જેને છે તે ૨. કેસુડાનું વૃક્ષ ૩. લાંગલી વૃક્ષ ૪. સાતમા વાસુદેવના પિતાનું નામ ૫. દક્ષિણ દિશાના અગ્નિકુમાર દેવોનો ઇન્દ્ર ૬. અગ્નિની જ્વાળા)

બિલાડીની આંખે ચઢેલો ઉંદર ક્યાં સુધી ખેર મનાવી શકે ? આગની જ્વાળાઓમાં લપેટાયલું ઘર ક્યાં સુધી સાબૂત રહી શકે ? અને ક્રૂર એવા કર્મરાજાની વક્રદષ્ટિનો ભોગ બનેલો આત્મા ક્યાં સુધી સુખ ભોગવી શકવાનો છે ? આવા જીવોને તો એમ જ કહેવું પડે કે, 'कृपया आप कतार में है' તમારો નંબર થોડીવારમાં જ આવશે.

**अग्गिसिहाचारण - अग्निशिखाचारण ( पुं. )**

(વિદ્યાચારણનો એક ભેદ, અગ્નિશિખાચારણ મુનિ)

આ વિદ્યા જેની પાસે હોય તે સાધુપુરુષ અગ્નિજવાળાઓને પકડીને અગ્નિકાયના જીવોની વિરાધના કર્યા વિના અને પોતે જરાપણ દાઝ્યા વિના અગ્નિ પર નિર્વિઘ્નપણે સડસડાટ આરપાર જઇ શકે છે. આવી વિદ્યા ચારિત્રની સુવિશુદ્ધ સાધનાથી પ્રાપ્ત થતી હોય છે.

**अग्गिसेण - अग्निषेण ( पुं. )**

(વર્તમાન ચોવીશીના સંભવનાથ પ્રભુના સમકાલીન ઐરવત ક્ષેત્રના તે નામના તીર્થંકર ૨. શ્રીનેમિનાથના સમકાલીન ઐરવતક્ષેત્રના ૨૧મા તીર્થંકર)

તિત્થોગાલિપયન્ના અને પ્રવચનસારોદ્ધારમાં આવતા ઉલ્લેખ પ્રમાણે આ અવસર્પિણી કાળના ત્રીજા શ્રીસંભવનાથ અને બાવીસમા શ્રીનેમિનાથ ભગવાનના સમકાળમાં ઐરાવતક્ષેત્રમાં અગ્નિષેણ નામના તીર્થંકર ઉત્પન્ન થયા હતા.

**अग्गिहोत्त - अग्निहोत्र ( न. )**

(અગ્નિમાં હોમવા યોગ્ય અભિમંત્રિત ઘી-જવ વગેરે દ્રવ્ય, અગ્ન્યાધાન, હોમ)

અગ્નિહોત્ર દ્રવ્ય અને ભાવ એમ બે પ્રકારે છે. બ્રાહ્મણ વગેરે મંત્રોચ્ચારપૂર્વક અગ્નિમાં જે ઘી, જવાદિ દ્રવ્ય હોમે છે તે દ્રવ્ય અગ્નિહોત્ર છે, અને જે સાધક આત્મા ધર્મધ્યાનરૂપ અગ્નિમાં શુભભાવ દ્વારા અશુભકર્મોનું દહન કરે છે તે ભાવ અગ્નિહોત્ર છે. જે જીવ નિત્યભાવ અગ્નિહોત્ર કરે છે તે ટુંક સમયમાં મોક્ષફળને પ્રાપ્ત કરે છે.

**अग्गिहोत्तवाइ ( ण् ) - अग्निहोत्रवादिन् ( पुं. )**

(અગ્નિહોત્રથી-હોમથી સ્વર્ગગમનને માનનાર, અગ્નિહોત્રવાદી)

ગાઢમિથ્યાત્વના પડળોથી જેની જ્ઞાનદૃષ્ટિ આવરાયેલી છે તેવા જીવો હિંસાત્મક હોમ-હવનથી સ્વર્ગાદિ પ્રાપ્તિની કામના કરે છે. પરંતુ બીજા જીવોને થોડુંક પણ દુઃખ ન આપવું તેને ધર્મ કહેવામાં આવ્યો છે. સર્વે જીવો સુખ ઇચ્છે છે પરંતુ, જેઓ અગ્નિહોમ કરીને બીજા પ્રાણીઓને મરણ દુઃખ આપે છે તેવા અગ્નિહોત્રવાદિઓને સ્વર્ગનું સુખ કેવી રીતે પ્રાપ્ત થાય ?

**अग्गुज्जाण - अग्र्योद्यान ( न. )**

(નગર બહારનું મુખ્ય ઉદ્યાન)

સાધુ માટે ગૃહસ્થોનો સંગ વિષવેલ સમાન કહેલો છે. આથી જ પ્રાચીનકાળમાં શ્રમણો નગરમાં નિવાસ કરવાને બદલે નગરની બહાર નિર્દોષ, જીવાકુલ રહિત ઉદ્યાનમાં વાસ કરતા હતા. માત્ર દેહ ટકાવી રાખવા માટે ભિક્ષા લેવા પૂરતું નગરમાં જતા અને બાકીનો સમય શાંત-પ્રશાંત ઉદ્યાનમાં તેઓ જ્ઞાન-ધ્યાનાદિ પોતાની ચારિત્રની સાધના કરીને કર્મોની નિર્જરા કરતા હતા.

**अग्गेअ - आग्नेय ( त्रि. )**

(અગ્નિ સંબંધી દ્રવ્ય વિશેષ, અગ્નિદેવતાસંબદ્ધ હવિ વગેરે ૨. અગ્નિ જેનો દેવ છે તે ૩. તે નામનું શાસ્ત્ર)

નવકુંડી હવન વગેરે વિવિધ પ્રકારના યાગ-હોમ-હવનમાં હોમાતા ઘી, સમિધ, જવ, બલિ, બાકુળાદિ દ્રવ્યને આગ્નેય કહેવામાં આવે છે. તેમજ યજ્ઞનું પ્રતિપાદન કરનારા શાસ્ત્રને પણ આગ્નેય કહેવાય છે. જૈનશાસનમાં યજ્ઞાદિ હિંસાત્મક કર્મોનો નિષેધ છે.

**अग्गेई ( णी ) - आग्नेयी ( स्त्री. )**

(દક્ષિણ અને પૂર્વ દિશાની વચ્ચેની વિદિશા, અગ્નિકોણ, અગ્નિ છે દેવતા જેનો તે આગ્નેયી દિશા)

આજના સમયમાં વાસ્તુશાસ્ત્રનું ખૂબ મહત્ત્વ છે. લોકો તદનુસાર ઘરની રહેણી-કરણી ગોઠવતા હોય છે. વાસ્તુશાસ્ત્રમાં કહેવામાં આવેલું છે કે ઘરની અંદર જે પાકશાળા અર્થાત્, રસોડુ છે તેને પૂર્વ અને દક્ષિણની વચ્ચે આવેલી અગ્નિકોણ નામની વિદિશામાં રાખવું જોઇએ. જેથી રસોઈ કરનાર સ્ત્રીવર્ગને અને રસોઈ જમનાર ઘરના સભ્યોને હિતકારી તેમજ સ્વાસ્થ્યપ્રદ થાય.

**अग्गेणीय - अग्रायणीय ( न. )**

(ચૌદપૂર્વમાંનું બીજુ પૂર્વ, અગ્રાયણીય પૂર્વ)

ચૌદપૂર્વોમાં બીજા પૂર્વનું નામ અગ્રાયણી છે. આ પૂર્વમાં સર્વદ્રવ્યાદિના પરિમાણની પરિચ્છેદકતા કરેલી છે. અર્થાત્ સર્વદ્રવ્યોનું, સર્વપર્યાયોનું અને સર્વજીવવિશેષોનું પરિમાણ વર્ણવેલું છે. નંદીસૂત્રમાં તેનું સપ્રમાણ વર્ણન મળે છે.

**अग्गेत ( य ) ण – अग्रेतन ( त्रि. )**

(આગળનું, પહેલાનું, અગ્રવર્તી)

જ્યારે આપણે કોઇ ધર્મીને દુઃખી અને અધર્મીને સુખી જોઇએ છીએ ત્યારે પ્રશ્ન થાય છે કે, ધર્મી દુઃખી કેમ અને અધર્મી સુખી કેવી રીતે ? જ્ઞાની ભગવંતોએ સમાધાન આપતા કહ્યું છે કે હે આત્મન્! ધર્મી દુઃખી છે તો તે આ ભવના કર્મોને લઇને નહીં, પરંતુ પૂર્વના કોઈ ભવમાં આચરેલા દુષ્કૃત્યના કારણે છે અને અધર્મીએ પૂર્વે કરેલા કોઇ શુભકર્મને કારણે સુખી છે. ધર્મી અત્યારે ભલે દુઃખી હોય પરંતુ, તેનો ધર્મ તેને આ ભવમાં નહીં તો આગળના ભવોમાં તો સુખી કરશે જ. આ ધ્રુવ સત્ય સમજી લેવું.

**अग्गोदय – अग्रोदक ( न. )**

(સમુદ્રીય વેલાની વૃદ્ધિ-હાનિ, સમુદ્રવેલાનું ભરતી-ઓટરૂપ ઉપરનું બે ગાઉ પ્રમાણવાળું પાણી)

જીવાભિગમસૂત્રની ત્રીજી પ્રતિપત્તિમાં આવતા વર્ણન પ્રમાણે જંબૂદ્વીપ પછી આવેલા બે લાખ યોજન પરિમાણવાળા લવણસમુદ્રમાં સોળ હજાર યોજન ઊંચાઇવાળી સમુદ્રીય શિખા છે તેની ઉપર બે ગાઉ(પરિમાણ વિશેષ) સુધી પાતાલકલશગત વાયુના કારણે પાણીની વૃદ્ધિ-હાનિ થતી હોય છે. આ વૃદ્ધિ-હાનિ પામતા બે ગાઉની ઊંચાઈવાળા પાણીને અગ્રોદક કહેવામાં આવે છે.

**अग्घ – राज् ( धा. )**

(શોભવું, દીપવું)

શરીર પર મોંઘાભાવના કપડાં ચઢાવવાથી, સોના કે હીરાના દાગીના પહેરવાથી તથા નાકને તરબતર કરી દેનારા પરફ્યુમ-અત્તરથી માણસ વિચારે છે કે વાહ ! વટ પડી ગયો. પરંતુ ભલા ભાઈ ! તેં જે શરીર પર ઠાઠ કર્યો છે તે તો નકરી દુર્ગંધથી ભરેલું છે. શરીરમાં લોહી-હાડ-માંસને વિષ્ઠા સિવાય કાંઇ નથી. તારે ખરેખર શોભવું જ હોય તો આત્મિકગુણોનો વિકાસ કર તેનાથી તારી શોભા વધશે. નહીં કે બાહ્ય સામગ્રીઓથી.

**★अर्घ ( पुं. )**

(રજતાદિ દ્રવ્યરૂપ મૂલ્ય-કિંમત ૨. મત્સ્ય કચ્છ વગેરે જલચર જીવ)

હીરા, મોતી, સોના, ચાંદી આ બધાના વધતા ભાવો સાંભળીને કે જોઇને માણસની આંખો આશ્ચર્યથી પહોળી થઇ જાય છે અને મોઢામાંથી આહ ને વાહ કાઢતા હોય છે. જ્ઞાની ભગવંતો એ જ માણસને પૂછે છે કે હે આત્મન્ ! કેવલજ્ઞાનીઓ પણ જેની કિંમત આંકી નથી શકતા તેવા અણમોલ માનવભવને મેળવીને તને ક્યારેય અહોભાવ થયો છે ખરો ? જો માનવભવ જ ન હોત તો નિર્જીવ એવા હીરા, મોતી વગેરેની શું કિંમત હોત. તો અમૂલ્ય કોણ દાગીના કે માનવભવ ?

**★अर्घ्य ( त्रि. )**

(પૂજા યોગ્ય જળાદિ આઠ પ્રકારની સામગ્રી, પૂજોપચાર)

જ્ઞાનસાર ગ્રંથમાં મહોપાધ્યાય યશોવિજયજી મહારાજે પૂજાના દ્રવ્ય અને ભાવ એમ બે પ્રકાર કહેલા છે. તેમાં કેસર, ચંદન, અક્ષત, ધૂપ, દીપ વગેરે દ્રવ્ય પૂજા કહેલી છે. તથા આત્મશુદ્ધિ કરનારી પરમાત્માની આજ્ઞાનું પાલન તે ભાવ પૂજા છે. આથી જ સાધુ-સાધ્વીજી ભગવંતો માટે ભાવપૂજાનું પ્રાધાન્ય છે. અને જે જીવો ભાવપૂજા માટે સમર્થ નથી તેઓ દ્રવ્યપૂજા કરે છે.

**★अर्ह् ( धा. )**

(યોગ્ય બનવું, લાયક બનવું)

જન્મથી લઇને જેમ-જેમ દિવસો જાય તેમ-તેમ વ્યક્તિ મોટી થતી જાય છે. અને એક દિવસ એવો આવે છે કે, લોકો કહે છે આ ભાઈ તો ઉંમરલાયક છે. આપણે સમયની સાથે ઉંમરલાયક તો થઇ જઇએ છીએ. પરંતુ સાચી રીતે વિચારજો કે આપણે લાયક કેટલા થયા છીએ. આપણામાં ગુણોની અપેક્ષાએ લાયકાત કેટલી છે.

**अग्घाड – पूर् ( धा. )**

(પૂરું કરવું ૨. ખુશ કરવું)

આપણી સરકાર લોકોની માંગ પૂરી કરવા માટે અહીંથી તહીં દોડે છે. કંપનીમાં કામ કરનાર વ્યક્તિ વર્ષના ટાર્ગેટને પૂરો કરવા માટે તનતોડ મહેનત કરે છે અને ઘરનો કમાઉ પુરુષ કુટુંબનું પૂરું કરવા માટે દિવસ-રાત જોયા વિના દોડ્યા કરે છે. દરેક જણ પૂરું કરવા માટે દોડે છે પરંતુ શાસ્ત્રકારો કહે છે કે, ભૌતિકસામગ્રીઓથી પૂર્ણતા નથી. માટે પૂર્ણતા પામવી જ હોય તો આત્મદૃષ્ટિ વિકસાવ.

**अग्घाडग - आघ्रातक ( पुं. )**

(ગુચ્છરૂપે વનસ્પતિકાયનો એક ભેદ)

**अग्घाडो ( देशी )**

(અઘાડો નામક વનસ્પતિ, અપામાર્ગ)

**अग्घाण ( देशी )**

(તૃપ્તિ, સંતુષ્ટિ)

જેને ચિંતામણીરત્ન મળ્યું હોય તેને પછી બીજી કોઇ વસ્તુની અપેક્ષા રહેતી નથી, જેણે અમૃતનો સ્વાદ ચાખ્યો હોય તેને બીજા કોઇ ભોજય પદાર્થથી સંતુષ્ટિ થતી નથી. તેવી રીતે જેણે તાત્ત્વિકદૃષ્ટિથી જિનાગમોનું અમૃતપાન કર્યું હોય તેને સંસારના બાહ્યપદાર્થોથી તૃપ્તિ નથી મળતી. અર્થાત્ તેને પૌદ્ગલિકસુખો લોભાવી શકતા નથી. આત્મિકગુણોની અનુભૂતિના આસ્વાદ પછી તેને સંસારના દરેક પદાર્થો ફિક્કા લાગે છે.

**अग्घाय - आघ्राय ( अव्य. )**

(સૂંઘીને)

માણસ જેવી રીતે અત્તર વગેરે અમુક વસ્તુઓ સૂંઘીને લે છે, તેમ પૈસો પણ સૂંઘીને લેવો જોઇએ. કારણ કે કોઇ અસદાચારી કે અનીતિનું આવી ગયેલું ધન તમારા જીવનને બરબાદ કરી શકે છે. જેમ ખરાબ શરૂઆતનો અંત ખરાબ જ હોય છે તેમ ખોટી રીતે આવેલો પૈસો કોઇનુંય સારું કરતો નથી. તે જેની પાસે હોય તેનું ખોટું જ કરે છે.

**अग्घायमाण - आजिघ्रत् ( त्रि. )**

(સૂંઘતું, સુંઘવાની ક્રિયા કરતું)

કમળ ક્યારેય પણ પોતાની તરફ ખેંચવા કોઇ જાહેરાત નથી કરતું,પરંતુ તેની અંદર રહેલો સુગંધ નામનો ગુણ જ એવો છે કે જેને સૂંઘીને ભમરો આપોઆપ તેની પાસે ખેંચાઇને આવે છે. તેમ સજ્જનો સ્વભાવથી જ ગુણ-સુગંધીવાળા હોય છે. તેમને લોકોને ખેંચવા નથી પડતા, કિંતુ લોકો સ્વયં જ તેમના ગુણવિશેષથી તેમની તરફ આકર્ષિત થાય છે.

**अग्घिय - अर्घित ( त्रि. )**

(કિંમતી, બહુમૂલ્ય)

જેની પાસે ધન નથી તેને ધન કિંમતી લાગે છે. જેની પાસે ખાવાનું નથી તેને ભોજન કિંમતી લાગે છે. અર્થાત્ જેની પાસે જે વસ્તુ નથી તેને તે પદાર્થ વધુ કિંમતી લાગે છે. પ્રભુ વીરે પોતાની દેશનામાં કહેલું છે કે, હે માનવો! દેવ-દેવેન્દ્રો પણ પ્રતિદિન જેની ઝંખના કરતા હોય છે તેવો કિંમતી મનુષ્ય અવતાર તમને મળ્યો છે. તેનો તમે દુરુપયોગ ન કરો, આરાધના-સાધના દ્વારા તેને સાર્થક કરો.

**अघ - अघ ( न. )**

(પાપ, પાપકારક ૨. વ્યસન ૩. દુ:ખ ૪. પુતના અને બકાસુરનો ભાઈ, એક અસુર)

સોનાનો ઝગમગાટ જોઇને લોકો વાહ-વાહ પોકારી ઉઠે છે. આ જ સોનું જે દેદીપ્યમાન બન્યું છે તેની પાછળ તેણે સહન કરેલ અગ્નિનો તાપ અને હથોડીના માર કારણ છે. દુ:ખો અને સંકટોમાં હતાશ થઇ ગયેલાને સોનું સંદેશ આપે છે કે, દુ:ખમાં ભાંગી ન પડશો. જે દુ:ખ અને સંકટોને સહન કરી શકે છે તેઓ જ ભવિષ્યમાં લોકોની પ્રશંસાને પાત્ર બની શકે છે. જેમ તાપ સુવર્ણના મલને દૂર કરે છે તેમ દુ:ખ તમારા પાપમલને દૂર કરીને તમને શુદ્ધ કરે છે. દુ:ખ મિત્ર જેવું છે શત્રુ નહીં.

**अघण - अघन ( त्रि. )**

(શિથિલ, અદૃઢ)

જે સ્વયં કિંમતી છે તેણે કોઇ દિવસ પોતાની કિંમત બોલવી પડતી નથી કે તેણે અન્યને નીચા દેખાડવાની જરૂર પડતી નથી. તેવી

રીતે જે સ્વયં આચારવાન અને દૃઢસંયમી છે તેઓ ક્યારેય અન્યને અસંયમી કે શિથિલ બતાવવાનો પ્રયત્ન નથી કરતા. પરંતુ જેઓ સ્વયં અંદરથી પોકળ હોય છે તેઓ પોતાને મહાન્ અને અન્યને શિથિલાચારી વગેરે લેબલ આપતા ફરતા હોય છે.

**अघाइणी - अघातिनी ( स्त्री. )**

(આત્માના જ્ઞાનાદિ ગુણોનો ઘાત ન કરનાર કર્મપ્રકૃતિ, અઘાતી કર્મપ્રકૃતિ)

કર્મગ્રંથમાં ઘાતી અને અઘાતી એમ બે પ્રકારે કર્મપ્રકૃતિ કહેવામાં આવેલી છે. જે કર્મપ્રકૃતિઓ જ્ઞાન-દર્શનાદિ મૂળગુણોનો નાશ નથી કરતી તે પ્રકૃતિઓ અઘાતી કહેવાય છે. આવી અઘાતી પ્રકૃતિઓ ચાર છે. ૧. વેદનીયકર્મ, ૨. આયુષ્યકર્મ, ૩. નામકર્મ, ૪. ગોત્રકર્મ. આ કર્મપ્રકૃતિઓ જ્ઞાનાવરણીયાદિ ઘાતીપ્રકૃતિઓ સાથે રહેલી હોવાથી તે ઘાતિની જેવી પ્રતીત થાય છે.

**अघाइरस - अघातिरस ( पुं. )**

(જ્ઞાનાદિ ગુણોના ઘાતનું સામર્થ્ય નહીં ધરાવનાર અઘાતિકર્મના રસસ્પર્ધકોનો સમૂહ)

જે અઘાતીકર્મ પ્રકૃતિઓનો ઘાતીપણાને આશ્રયીને કોઇ વિષય ન બનતો હોય અર્થાત્, જે કર્મપ્રકૃતિઓનો કોઇપણ વિષય જ્ઞાનાદિ મૂળગુણોનો નાશક નથી હોતો તેવી કર્મપ્રકૃતિઓના રસસ્પર્ધકોનો સમૂહ. આ અઘાતીપ્રકૃતિઓ પણ સર્વઘાતી એવી મોહનીયાદિ પ્રકૃતિઓના સંપર્કમાં આવીને ઘાતીરસવાળી બને છે. જેમ લોકમાં ચોરનો સાથીદાર પણ ચોર કહેવાય છે.

**अघुणित ( य ) - अघुणित ( त्रि. )**

(ઘુણો-લાકડું ખાનાર જંતુ વડે નહીં ખવાયેલ, અખંડ)

લાકડાનો મોટામાં મોટા દુશ્મન છે ઘુણો, ઉધઇ વગેરે. તે ગમે તેવી જગ્યામાં રહેલા લાકડામાં પેસીને તેને કોતરી-ખાઈને પોલું કરી નાંખે છે અને મોંઘાદાટ રાચ-રચીલાને નષ્ટ કરી નાખે છે. મિથ્યાત્વ પણ ઘુણો જેવું જ છે. તે જેને પણ લાગે છે તેનામાં રહેલા જ્ઞાનાદિગુણો દૂષિત થઇ જાય છે. અને તે જીવ સદ્ગતિથી ભ્રષ્ટપ્રાયઃ થઇ જાય છે. પરંતુ જેમણે સમ્યક્ત્વથી પોતાના આત્માને સુરક્ષિત કર્યો છે તેના આત્મગુણોને મિથ્યાત્વરૂપ ઉધઇ ભેદી શકતી નથી.

**अचं ( च्चं ) कारियभट्टा - अचङ्कारितभट्टा ( स्त्री. )**

(ધન્ય શ્રેષ્ઠીની ભદ્રા સ્ત્રીથી ઉત્પન્ન પુત્રી)

ધન્ય નામક શ્રેષ્ઠીની અચંકારીભટ્ટા નામે પુત્રી હતી. ઘરમાં અતિલાડકી હોવાના કારણે તેની સામે કોઇ ચૂંકારો પણ નહોતું કરતું. આથી તેનું અચ્ચંકારીભટ્ટા નામ પડ્યું હતું. પોતાની બધી આજ્ઞા માને તેવા રાજમંત્રી પુરુષ સાથે તેના લગ્ન કરવામાં આવ્યા. તે પોતાના પતિને દાબમાં રાખતી હતી. એક દિવસ રાજકાર્ય વશ પતિએ તેની આજ્ઞા માની ન માની આથી રિસાઇને તે રાત્રે ઘર છોડીને ચાલી નીકળી. રસ્તામાં તેને ચોરોએ લૂંટી, રંગારાના ત્યાં વેચી દેવામાં આવી. ત્યાં ઘણું જ કષ્ટ વેઠવું પ્રડ્યું. ઘણા પ્રયત્ને પાછી લાવવામાં આવી. જીવનની સત્યતા સમજીને તેણે ક્રોધ કરવાનું છોડી દીધું. અને સરળતા સ્વીકારી. મુનિપતિ ચરિત્રમાં તેનું વિશદ્ વર્ણન કરવામાં આવેલું છે.

**अचंचल - अचञ्चल ( त्रि. )**

(જેણે ઇંદ્રિયોને વશ કરી છે, અચંચળ)

જ્ઞાનસાર ગ્રંથના ઇંદ્રિયજય નામક અષ્ટકમાં કહેલું છે કે હે આત્મન્! જો તને આ ભયાનક સંસારથી ડર જાગ્યો હોય અને તેનાથી છૂટીને શાશ્વત સુખના સ્થાનભૂત મોક્ષને પ્રાપ્ત કરવાની ઇચ્છા ધરાવતો હોય તો ઇંદ્રિયો પર વિજય મેળવવા તારું પૌરુષત્વ વિસ્તાર. કેમ કે જેણે ઇંદ્રિયો પર વિજય મેળવ્યો છે તેણે જ લોકમાં ખરો વિજય મેળવ્યો છે.

**अचंड - अचण्ड ( त्रि. )**

(નિષ્કારણ પ્રબળ કોપ રહિત, તીવ્રક્રોધ વગરનો, સૌમ્ય, ક્ષમાશીલ)

ધનવાન કે બળવાન ક્યારેય લોકમાં રાજ્ય કરી શકતા નથી. પરંતુ જેઓ વાત-વાતમાં ગુસ્સે નથી થતા, નિષ્કારણ કોઇ પર ક્રોધ નથી કરતા અને સૌમ્ય સ્વભાવવાળી ક્ષમાને ધારણ કરી રાખે છે તેઓ જ લોકહૃદયમાં શાસન પ્રાપ્ત કરી શક્યા છે. કારણ કે રાજ કરવા માટે જોઇએ લોકોનો પ્રેમ અને વિશ્વાસનું સંપાદન. તે મેળવવા માટે ક્ષમા એ જ ઉત્તમ હથિયાર છે.

**अचक्कि ( ण् ) - अचक्रिन् ( पुं. )**

(સામાન્ય રાજા, જે ચક્રવર્તી ન હોય તેવો રાજા)

કોઈ ગમે તેટલો ઋદ્ધિવાન કે બળવાન રાજા હોય પરંતુ, ચક્રવર્તી પાસે તો તેની એક સામાન્ય રાજાની ઓળખ હોય છે. અર્થાત્ તે ચક્રવર્તીના બળ-વૈભવ આગળ એક સામાન્ય વ્યક્તિ છે. તેમ આત્મિકગુણસમૃદ્ધિમાં મહાલતા યોગીઓની સામે ગમેતેવા ભૌતિકસુખસંપન્ન શ્રીમંત-શાહુકારો પણ એક સામાન્ય દરજ્જાના જીવો જેવા જ છે.

**अचक्किय - अचकित ( त्रि. )**

(પરિષહાદિથી ચકિત ન થાય તેવો, અચકિત, ગંભીર ર. અત્રસ્ત)

ઉત્તરાધ્યયન સૂત્રના અગ્યારમાં અધ્યયનમાં કહેલું છે કે, સમુદ્રના અગાધ પેટાળની જેમ જેઓના ગંભીર આશયોનો પાર પામવો દુર્લભ છે તેવા સ્થિતપ્રજ્ઞ મહામુનિવરોને કોઈપણ કારણ ચલાયમાન કરી શકતું નથી. ધન્ય છે એવા સ્થિતપ્રજ્ઞ મહાપુરુષોને.

**अचक्ख - दृश् ( धा. )**

(જોવું, દેખવું)

કેટલીક વખત આંખે જોયેલું અને કાને સાંભળેલું સાચું નથી હોતું. સાચું માની લઈને વ્યક્તિ ખોટા નિર્ણયો લઈ લેતો હોય છે અને પછી સ્વયં દુ:ખી થાય છે. જેવી રીતે શ્રેણિક મહારાજે રાત્રે ચેલણાના મુખના શબ્દો સાંભળ્યા કે, તેમનું શું થતું હશે ? બસ શ્રેણિકને ભ્રમણા થઈ કે ચેલણા અસતી છે. તેને ચેલણા પ્રત્યે અપ્રીતિ થઈ. જ્યારે પ્રભુ વીરે કહ્યું કે હે શ્રેણિક ! ચેલણા સતી છે. કડકડતી ઠંડીમાં ઉઘાડા શરીરે કાઉસગ્ગધ્યાને રહેલા સાધુ માટે તે વિચારતી હતી. તારી માન્યતા ખોટી છે. ત્યારે શ્રેણિકને ભૂલનો પસ્તાવો થયો.

**अचक्खु - अचक्षुष् ( न. )**

(ચક્ષુ સિવાયની શેષ ચાર ઇંદ્રિયો અને મન, ચક્ષુદર્શન વર્જિત)

દર્શનાવરણીયકર્મના ક્ષયોપશમથી થતાં દર્શન ચાર પ્રકારના છે. તેમાં ચક્ષુથી થનારા દર્શનને ચક્ષુદર્શન કહેવાય છે. ચક્ષુ સિવાયની શેષ ચાર ઇંદ્રિયો અને મનથી થતાં દર્શનને અચક્ષુ કહે છે. આ બે દર્શન ઇંદ્રિયજન્ય છે. તેને અપ્રત્યક્ષદર્શન પણ કહેવામાં આવે છે. જ્યારે બાકીના અવધિદર્શન અને કેવળદર્શનને પ્રત્યક્ષદર્શન કહેલા છે.

**अचक्खुदंसण - अचक्षुर्दर्शन ( न. )**

(ચક્ષુ સિવાયની શેષઇંદ્રિયો અને મનથી થનારું સામાન્ય જ્ઞાનરૂપ દર્શન, અચક્ષુદર્શન)

જ્ઞાન સામાન્ય અને વિશેષ એમ બે પ્રકારે થાય છે. તેમાં કોઈપણ વસ્તુનો પ્રથમ ક્ષણે જે પરિચય થાય છે તે સામાન્યથી થાય છે અને ત્યારબાદ તેનો વિશેષ પ્રકારે થાય છે. જે સામાન્યથી જ્ઞાન થાય તેને દર્શન કહેવાય છે અને વિશેષ પ્રકારે થાય તેને જ્ઞાન કહેવાય છે. આંખ સિવાયની ઇંદ્રિયો અને મનથી થનારા સામાન્ય જ્ઞાનને અચક્ષુદર્શન કહેવાય છે.

**अचक्खुदंसणावरण - अचक्षुर्दर्शनावरण ( न. )**

(અચક્ષુદર્શનાવરણીય કર્મ, દર્શનાવરણીય કર્મનો એક ભેદ)

આઠ કર્મોમાં બીજા ક્રમે દર્શનાવરણીય કર્મ છે. તેની ઉત્તરપ્રકૃતિઓમાં એક ભેદ અચક્ષુદર્શનાવરણીય કર્મનો છે. આ અચક્ષુદર્શનાવરણીયકર્મ જીવની ચક્ષુ સિવાયની શેષઇંદ્રિયો દ્વારા થતા સામાન્ય દર્શનને આવરે છે. અર્થાત્ ઢાંકી દે છે એટલે તેને અચક્ષુદર્શનાવરણીય કર્મ કહેવાય છે.

**अचक्खुफास - अचक्षुःस्पर्श ( पुं. )**

(અંધકાર, અંધારું)

ગાઢ અંધકારમાં કોઈપણ પદાર્થ આંખો દ્વારા જોઈ શકાતો નથી. તેવા સ્થાનમાં પ્રવેશેલો પુરુષ પોતાને ઇચ્છિત પદાર્થ મેળવવા માટે હાથ-પગ દ્વારા વિવિધ પદાર્થોને સ્પર્શ કરીને વસ્તુનું અનુમાન કરે છે. એ સમયે વિવિધ પદાર્થોના સ્પર્શ દ્વારા તેને જે જ્ઞાન થાય છે તેને અચક્ષુસ્પર્શ કહેવાય છે તેમ અંધકારને પણ અચક્ષુસ્પર્શ કહેવામાં આવ્યો છે.

**अचक्खुय - अचक्षुष्क ( त्रि. )**

(દૃષ્ટિવિહીન, અંધ)

આંખોથી દશ્યપદાર્થોને જોઇ નથી શકતો તેવો અંધપુરુષ દરેક પદાર્થનું જ્ઞાન કાન, નાક, સ્પર્શાદિથી જ કરવાનો. તે કોઇપણ ચીજને સાંભળશે સૂંઘશે કે સ્પર્શાદિ કરશે તેને પ્રથમ બુદ્ધિથી વિચારશે અને પછી તેનો નિર્ણય કરશે. દૃષ્ટિવિહીન વ્યક્તિ આ રીતે અન્ય ઇંદ્રિયોથી જ્ઞાન મેળવી લે છે.

**अचक्खुविसय - अचक्षुर्विषय ( पुं. )**

(જે પદાર્થ આંખનો વિષય ન બને તે, ચક્ષુથી અગોચર)

સાધુ ભગવંતોની પડિલેહણાના વિષયને ઉદ્દેશીને દશવૈકાલિકસૂત્રમાં કહેવામાં આવેલું છે કે, જ્યાં ચક્ષુનો વિષય નથી બનતો તેવા સ્થાને જીવોને બચાવવા અત્યંત મુશ્કેલ છે. સૂક્ષ્મ હિંસાના વર્જન માટે એવી ઘણી બાબતો છે કે જે આપણા આંખનો વિષય નથી બનતી. દુનિયામાં એવા જેટલા પણ પદાર્થો છે તે બધા અચક્ષુવિષય કહેવાય છે.

**अचक्खुस - अचाक्षुष ( त्रि. )**

(આંખ વડે જે ન જોઈ શકાય તે, જેનુ ચાક્ષુષ પ્રત્યક્ષ ન થાય તેવું)

છ દ્રવ્યોમાં પુદ્‌ગલનો પણ દ્રવ્ય તરીકે સ્વીકાર કરવામાં આવેલો છે. જીવોને લાગતા કર્મો પણ આ જ પુદ્‌ગલ સમૂહથી બનેલા હોય છે, પરંતુ આ કર્મપુદ્‌ગલો નરી આંખે જોઇ શકાય એવા અત્યંત સૂક્ષ્મ હોય છે. તેને માત્ર કેવલી ભગવંતો જ જોઇ શકે છે. આ કર્મપુદ્‌ગલોને અચાક્ષુષ પણ કહી શકાય છે.

**अचक्खुस्स - अचक्षुष्य ( त्रि. )**

(જેને જોવાની ઇચ્છા ન થાય તે, જોવાને માટે અનિષ્ટ)

યોગશાસ્ત્રમાં લખ્યું છે કે, સ્ત્રીના આંખ, કાન, હાથ, મુખ કે શરીરની શોભા જોઇને લોકો તેમાં મોહી પડે છે. પરંતુ તે જ રૂપસુંદરીની ભીતરમાં લોહી, હાડ, ચર્મ, માંસ અને વિષ્ઠા જેવા દુર્ગંચ્છનીય દ્રવ્યો ભરેલા છે. જો સ્ત્રીની બાહ્ય રૂપ અંદર અને અંદરનું રૂપ બહાર થઇ જાય તો દુનિયાના કોઇપણ વ્યક્તિને તે જ સ્ત્રી જોવી પણ ન ગમે. તેની તરફ નજર નાખવાનું પણ મન થાય નહીં. જ્ઞાનીઓએ બાહ્ય સુંદરતાને નહીં પણ આંતરિકસૌંદર્યને અર્થાત્, ગુણવૈભવને ખરી સુંદરતા કહી છે.

**अचयंत - अशक्नुवत् ( त्रि. )**

(અસમર્થ થતો, અસક્ત થતો, નિર્બળ થતો)

ક્રોધી ક્ષમા આપવા માટે અસમર્થ છે, અહંકારી બીજાને માન આપવા માટે અસમર્થ છે, માયાવી ૠજુ થવા માટે અસમર્થ છે અને લોભી ઉદાર બનવાને અસમર્થ છે. ખરું સામર્થ્ય તો આ ચાર કષાયોને જીતવામાં છે, નહીં કે કોઇ સ્પર્ધા કે લડાઇ જીતવામાં. જે આ ચારકષાયોને જીતી શકતો નથી તે હકીકતમાં નિર્બળ છે.

**अचर - अचर ( पुं. )**

(પૃથ્વી આદિ સ્થાવરકાય ૨. ચલનરહિત, સ્થિર, અચર ૩. જ્યોતિષોક્ત વૃષભાદિ સ્થિર રાશિઓ)

દેવોના મુખ્ય ચાર ભેદોમાં એક ભેદ જ્યોતિષ્ક દેવોનો આવે છે. સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર અને તારા આમ પાંચ ભેદ જ્યોતિષી દેવોના છે. તેમાં અઢીદ્વીપની અંદરમાં રહેલા સૂર્યાદિ દેવોના વિમાનો ચર એટલે કે ફરતા હોય છે, અને અઢીદ્વીપની બહારના વિમાનો સ્થિર રહેતા હોવાથી અચર કહેવાય છે. અર્થાત્ અઢીદ્વીપની બહારના ક્ષેત્રમાં દિવસ કે રાત્રિ જેવું હોતું નથી.

**अचरग - अचरक ( त्रि. )**

(ઉપભોગ રહિત, અચરક)

ચારીસંજીવની નામક વનસ્પતિનો ગુણ છે કે, કોઇ પુરુષ સંજોગવશાત્ પશુ બની ગયો હોય અને તેના ખાવામાં આ વનસ્પતિ આવે તો તે પાછો મૂળસ્વરૂપને પ્રાપ્ત કરે છે. પરંતુ જ્યાં સુધી સંજીવની વનસ્પતિ ખાવામાં નથી આવતી ત્યાં સુધી તે જીવ તેનો અચરક કહેવાય છે. એ જ રીતે જ્યાં સુધી જીવ સમ્યક્ત્વનું અમૃતપાન નથી કરતો ત્યાં સુધી તે આત્મગુણોનો અનુપભોગી છે.

**अचर ( रि ) म - अचरम ( त्रि. )**

(સંસાર મધ્યવર્તી ર. નરકના જીવોથી લઈ દેવ સુધીના જીવ)

ચરમ એટલે અંતિમ. જેઓનો અંતઃ કોટાકોટી સાગરોપમ જેટલો સંસાર બાકી રહેલો છે તેવા જીવો અને તે જ ભવમાં મોક્ષે જવાના છે તેવા ચરમશરીરી જીવો ચરમ કહેવાય છે તે સિવાયના અભવ્ય અને જેઓ ચરમાવર્ત કાળમાં પ્રવેશ્યા નથી તેવા ચારેય ગતિના જીવોને અચરમ કહેવાય છે.

**अचर ( रि ) मंतपएस - अचरमान्तप्रदेश ( पुं. )**

(અચરમાન્તપ્રદેશ, કોઈની પણ અપેક્ષાએ અનન્તવર્તિ હોવાથી અન્તના અર્થમાં વપરાતો શબ્દ)

**अचर ( रि ) मसमय - अचरमसमय ( पुं. )**

(ચરમસમયથી ભિન્ન શૈલેશી અવસ્થાનો અચરમ સમય)

**अचर ( रि ) मावट्ट - अचरमावर्त्त ( पुं. )**

(ચરમપુદ્ગલાવર્ત પહેલાનો સમય, અચરમાવર્તકાળ)

ચૌદરાજલોકમાં રહેલા સર્વજીવો આજ પર્યંત ભવભ્રમણ કરી રહ્યા છે. અને અનંતકાળપર્યંત હજુ કરશે. તેમાં જે જીવ સમકિત પામી જાય છે તે ચરમાવર્તકાળમાં પ્રવેશે છે. અર્થાત્ અચરમાવર્તકાળરૂપ અનંતકાળની અપેક્ષાએ તેનું ભવભ્રમણ નહીંવત્ બને છે. એમ સર્વજ્ઞ પ્રભુનું વચન છે. સમજી લો! જ્યાં સુધી સમ્યક્ત્વ નથી પામ્યા ત્યાં સુધી અનંતકાળની રખડપટ્ટી લમણે ઝીંકાયેલી જ છે અને ત્યાં સુધી આપણે અચરમાવર્તકાળવર્તી જ રહેવાના.

**अच ( य ) ल - अचल ( त्रि. )**

(નિષ્પ્રકંપ, અચલ, સ્થિર, ચલાયમાન નથી તે, નિશ્ચલ)

અચલ શબ્દ અનેક અર્થોમાં વપરાયો છે. જેમ કે દશ દશાર્હમાંના છઠ્ઠા દશાર્હના અર્થમાં, ભગવાન મલ્લિનાથના મહાબલ નામક પૂર્વભવના એક મિત્રનું નામ કે જેણે મહાબલની સાથે દીક્ષા લીધી હતી, કોઈપણ પર્વતના અર્થમાં, આ અવસર્પિણીકાળના પ્રથમ વાસુદેવનું નામ, અંતઃકૃદશાંગસૂત્રના બીજાવર્ગના પાંચમા અધ્યયનનું નામ, અંધકવૃષ્ણી અને ધારિણી રાણીના પુત્રનું નામ કે જે ભગવાન નેમિનાથજી પાસે દીક્ષા લઈ શત્રુંજય તીર્થે અનશન કરી મોક્ષે ગયા હતા. એમ અચલ શબ્દના અનેક અર્થો છે. કલ્પસૂત્રમાં મુનિવરો માટે કહેવાયું છે કે, ગમે તેવા ઉપસર્ગોરૂપ પવનથી પ્રેરિત થતા હોય તો પણ મુનિઓ મેરુની જેમ અચલ રહે છે.

**अच ( य ) लट्ठाण - अचलस्थान ( न. )**

(અચલ-કંપન રહિત પરમાણુ આદિનું સ્થાન)

ચૌદ રાજલોકને વિશે પરમાણુ આદિ નિષ્પ્રકંપ કહ્યા છે. પરમાણુ જે સ્થાનમાં નિષ્પ્રકંપ રહ્યો હોય તે સ્થાનને અચલસ્થાન કહેવાય છે. વ્યવહારસૂત્રમાં અનંતકાળ પર્યંતના નિઃરેજ કાળમાં પરમાણુઓની સ્થિતિ અચલ કહી છે. આચારાંગસૂત્રના પ્રથમ શ્રુતસ્કંધના દ્વિતીય અધ્યયનમાં સાદિસપર્યવસિતાદિ ભેદોથી અચલસ્થાનના ચાર પ્રકારો જણાવ્યા છે.

**अच ( य ) लपुर - अचलपुर ( न. )**

(અચલપુર, બ્રહ્મદ્વીપ પાસેનું નગરવિશેષ)

પ્રાચીન સમયમાં આભીરદેશની અંદર અચલપુર નામનું નગર હતું. જે બ્રહ્મદ્વીપની નજીકમાં આવેલું હતું.નંદીસૂત્રમાં આવતા ઉલ્લેખ પ્રમાણે અચલપુરના મુનિવરો કાલિકશ્રુતના અનુયોગધારી હતા.

**अच ( य ) लभ्राता - अचलभ्राता ( पुं. )**

(અચલભ્રાતા ગણધર, ભગવાન મહાવીરના નવમા ગણધર)

અચલભ્રાતા નામના ભગવાન મહાવીરના નવમા ગણધર હતા. તેમને પુણ્યને વિશે સંશય હતો. કર્મો હોવા છતાં પણ શું પુણ્યની પ્રકર્ષતાથી જ સર્વોત્તમ સુખની પ્રાપ્તિ થાય છે ? તેમજ પુણ્યની અતિ ન્યૂનતા જ દુઃખનું કારણ છે કે તેને જ પાપ કહેવાય છે ? પુણ્ય-પાપ બન્નેનું ઐક્ય છે કે પછી બન્ને સ્વતન્ત્ર કર્મ છે ? ભગવાન મહાવીરના શ્રીમુખે પુણ્ય વિશેના આવા સંશયોનું નિરાકરણ થતાં તેઓ તેમના શિષ્ય થયા હતા.

**अच ( य ) ला - अचला ( स्त्री. )**

(શક્ર-દેવેન્દ્રની એક ઈન્દ્રાણી)

પ્રથમ દેવલોકના અધિપતિ શક્ર-દેવેન્દ્રની જે આઠ અગ્રમહિષીઓ-ઈન્દ્રાણીઓ છે તેમાં અચલા નામની આ સાતમી પટ્ટરાણી છે.

**अच ( य ) लित - अचलित ( न. )**

(વસ્ત્ર અથવા શરીર જ્યાં ચલિત નથી કરાયેલું તે, પ્રમાદરહિત પડિલેહણાનો ભેદ)

અહિંસાની દૃષ્ટિથી વસ્ત્ર-પાત્ર આદિને યથાસમય સાવધાનીપૂર્વક જોવું તે પડિલેહણા કહેવાય છે. શુદ્ધિપૂર્વક જે પડિલેહણા કરે તે અચલિત કહેવાય છે. પ્રવચન સારોદ્ધારના ચતુર્થ દ્વારમાં પડિલેહણાની ચતુર્ભંગી આ પ્રમાણે આપેલી છે. ૧. વસ્ત્રાદિ પણ ચલિત નથી અને પોતે પણ સ્થિરચિત્ત છે. ૨. વસ્ત્રાદિ ચલિત છે કિંતુ, પોતે સ્થિરચિત્ત છે. ૩. વસ્ત્રાદિ ચલિત છે અને પોતે પણ અસ્થિર ચિત્તવાળો છે. ૪. વસ્ત્રાદિ અચલિત છે કિંતુ, પોતે સ્થિરચિત્ત નથી. પડિલેહણાના આ ચાર ભાંગા-ભેદમાંથી પ્રથમ ભાંગો જ શુદ્ધ છે.

**अचवचव - अचवचव ( त्रि. )**

(ચવચવ એવા શબ્દ-અવાજથી રહિત)

જૈન મુનિવરો કેવી રીતે આહાર વાપરે છે ? તેના પ્રત્યુત્તરમાં ભગવતીસૂત્રના સાતમા શતકના પ્રથમ ઉદ્દેશમાં કહેવામાં આવેલું છે કે, સંયમીઓ આહાર વાપરતા મોંમાંથી ચવચવ અવાજ પણ ન કરે અને સુરસુર અવાજ પણ ન થાય એ રીતે ગોચરી કરે છે.

**अचवल - अचपल ( त्रि. )**

(સ્થિર સ્વભાવવાળો, અચપલ, ચંચળતારહિત, મન, વચન અને કાયાથી સ્થૈર્ય રાખનાર)

ઉત્તરાધ્યયનસૂત્રમાં શિષ્યની યોગ્યતા બાબતે જણાવ્યું છે કે, વિનીતશિષ્ય- હીનવૃત્તિરહિત, અચપલ, અમાયી અને અકુતૂહલી હોય છે. ચંચળતા, શઠતા, માયાવીપણું વગેરે દુર્ગુણો વ્યક્તિની અયોગ્યતાના દ્યોતક છે. પંચકલ્પભાષ્યમાં અચપલ શિષ્યના ૪ પ્રકાર જણાવ્યા છે. ૧. ગતિ અચપલ એટલે શીઘ્રગામી ન હોય કિંતુ, ઉપયોગપૂર્વક ગમનાદિ કરે. ૨. સ્થિતિ અચપલ એટલે એક સ્થાને રહેલો હસ્તાદિ સ્થિર રાખે. ૩. ભાષા અચપલ એટલે અસત્યાદિ ભાષાનો પ્રયોગ ન કરે પરંતુ, હિતકારી અને પ્રીતિકર સત્ય ભાષાનો પ્રયોગ કરે. ૪. ભાવ અચપલ એટલે સૂત્ર કે તેના અર્થાદિ થયા પછી વચ્ચે-વચ્ચે વિરામ ન રાખી તરત જ નવા સૂત્ર અર્થાદિ ગ્રહણ કરે.

**अचाइय - अशक्त ( त्रि. )**

(અશક્ત, અસમર્થ)

બુદ્ધિશાળી પુરુષો હંમેશાં દરેક રીતે પોતાની શક્તિનો સાંગોપાંગ વિચાર કરીને જ કાર્ય કરે છે, જ્યારે અલ્પબુદ્ધિ જીવો સ્વસામર્થ્યનો વિચાર કર્યા વગર કાર્યનો પ્રારંભ તો કરી દે છે પરંતુ, કાર્યભાર વહન કરવાની પોતાની અસમર્થતા જણાતાં તેઓ અધવચ્ચે જ કાર્યને છોડી દે છે. 'આરંભે શૂરા' જેવી ઉક્તિ આ કારણે જ પ્રચલિત થઈ હશે.

**अचाएंत - अशक्नुवत् ( त्रि. )**

(અસમર્થ થતો, સહન કરવાને અશક્ત થતો)

જેમ ખૂજલીને ખંજવાળવાથી આનંદ પ્રાપ્ત થાય તેમ વાસ્તવમાં જેમાં સુખ છે જ નહીં તેવા ભૌતિક સુખો પાછળ પાગલ બનેલો જીવ અકાર્યો કરતાં પણ અચકાતો નથી. જીવને જ્યારે દુષ્ટકર્મોના ફળ સ્વરૂપે દુઃખો ભોગવવાના આવે છે ત્યારે તેને સહન કરવામાં અસમર્થ તે આર્તધ્યાન કરીને પાછા એવા કર્મો બાંધે છે કે જેના પ્રતિફળરૂપે તેને બીજા નવા દુઃખોની જ પ્રાપ્તિ થાય છે.

**अचाग - अत्याग ( पुं. )**

(ત્યાગનો અભાવ, અત્યાગ)

શ્રમણ ભગવંતોએ સાંસારિક સર્વસુખ સામગ્રીનો ત્યાગ કર્યો છે. શ્રાવકો સાધુ મહાત્માની જેમ સર્વના ત્યાગી ન થઈ શકે પરંતુ, જેનાથી જીવનનો નિર્વાહ સુખપૂર્વક થઈ શકે તદનુસાર પરિમિત સામગ્રી સિવાયની વધારાની વસ્તુઓનો ત્યાગ કરે છે. જ્યારે અજ્ઞ જીવો સતત પરિગ્રહ વધારતા રહી અને તેમાં અત્યન્ત મમત્વભાવ રાખીને નિરંતર દુઃખની જ વૃદ્ધિ કરતા રહે છે.

**अचारुया - अचारूता ( स्त्री. )**

(સુંદરતા રહિત, અસુંદરતા)

રૂપવાન વ્યક્તિ હોય પરંતુ, દુર્ગુણી હોય તો તે સુંદર હોવા છતાંય શોભાસ્પદ બનતો નથી અને ગુણવાન વ્યક્તિ રૂપ વગરનો હોય તો પણ ગુણોના કારણે શોભાસ્પદ બને છે. યાદ રાખો! પ્લાસ્ટિકના ફૂલ માણસને જોવામાં સારા લાગે છે પણ સુગંધ તો ગુલાબ આદિ પુષ્પોમાંથી જ પ્રાપ્ત થાય છે.

**अचालणिज्ज - अचालनीय ( त्रि. )**

(જેને સ્થિરતાથી ચલિત ન કરી શકાય તે, જેને ડગાવી ન શકાય તે)

જે વ્યક્તિ ભોગોપભોગની વસ્તુઓમાં લોલુપતારહિત બને છે અને પદાર્થોના સ્વરૂપને ઓળખીને સમભાવને ધારણ કરે છે. તેવો સુજ્ઞ વ્યક્તિ તત્ત્વચિંતક હોઈ આવી પડેલી આપત્તિઓ પણ સ્વકર્મનિયમનની અંતર્ગત છે એમ જાણી સ્થિરચિત્ત બને છે. સંસારમાં આવા ઉત્તમપુરુષને ગમેતેવા વિઘ્નો પણ વિચલિત કરી શકતા નથી.

**अचिंत - अचिन्त्य ( त्रि. )**

(કલ્પનાતીત, વિચારમાં ન આવે તેવું, જેનો તર્ક ન થઈ શકે તેવું, વર્ણવી ન શકાય તેવું, અનિર્વચનીય)

દરરોજના ૮૦-૧૦૦ રુપિયા કમાઈને પરિવારનું ગુજરાન ચલાવતાં માણસને એક કરોડ રૂપિયાની લોટરી લાગી જાય તો તે વ્યક્તિ ગાંડો-ઘેલો બની જાય છે. કારણ કે તેને ક્યારેય કલ્પના ન થાય તેટલા પૈસાની પ્રાપ્તિ અચાનક થઈ જાય છે. આપણે ક્યારેય હર્ષભેર વિચાર્યું કે, અનંતભવોમાં ભટકતા આપણને કરોડો રૂપિયાની લોટરી લાગ્યા જેવું જિનશાસન મળી ગયું છે.

**अचिंतगुणसमुदय - अचिन्त्यगुणसमुदय ( न. )**

(ચિંતન ન થઈ શકે તેવા ગુણોનો સમુદાય, અવર્ણનીય ગુણ સમૂહ, પરતત્ત્વ)

આપણે દરરોજ સવારે પરમાત્માની ભાવથી સેવા, પૂજા, વંદના કરીએ છીએ તે પરમાત્મા ત્રણલોકના નાથ છે, તેઓ અચિંત્ય ગુણોના સ્વામી છે. તેથી જ તેમની પૂજાદિ દ્વારા આપણે પણ તેમના જેવા ગુણોવાળા બનાવવા પ્રભુને પ્રાર્થીએ છીએ.

**अचिंतचिंतामणि - अचिन्त्यचिन्तामणि ( पुं. )**

(ચિન્તામણિ રત્ન તુલ્ય તીર્થંકર)

શાસ્ત્રકાર મહર્ષિ પંચસૂત્રના ત્રીજાસૂત્રમાં ફરમાવે છે કે, જેમણે સત્યમાર્ગનો રાહ બતાવીને મોક્ષની પ્રાપ્તિ કરાવવા દ્વારા સમસ્ત આધિ-વ્યાધિ-ઉપાધિ રૂપ ચિંતા છોડાવી દીધી છે એવા તીર્થંકર ભગવંતો ચિંતામણિ રત્ન સમાન છે.

**अचिंतण - अचिन्तन ( न. )**

(ચિંતનનો અભાવ, ચિંતવન ન કરવું તે, અચિંતન)

ઉત્તરાધ્યયનસૂત્રના બત્રીસમા અધ્યયનમાં પંચમહાવ્રતધારી મુનિઓને ઉદ્દેશીને પરમાત્માએ ફરમાવ્યું છે કે, કોઈક સમયે રૂપવંતી સ્ત્રી નજર સામે આવી જાય તો પણ મુનિ તેનું ચિત્તમાં સ્મરણ ન કરે અથવા અહો! આ કેવી રૂપાળી છે તેવી સંસ્તવના પણ ન કરે. તેનું પરિભાવન અર્થાત્, વારંવાર મનથી ચિંતવન પણ ન કરે. અહો! બ્રહ્મચર્યપાલન માટે કેવી સૂક્ષ્માવગાહી પ્રભુની આણા છે.

**अचिंतसत्ति - अचिन्त्यशक्ति ( स्त्री. )**

(અનિર્વચનીય સ્વવીર્યોલ્લાસ, અચિન્ત્યશક્તિ ૨. તે નામે ચોથો યમ)

જ્યારે આપણે ટી.વી. કે ચેનલો પર બોક્સરોના હેરતભર્યા પ્રયોગો જોતા હોઈએ છીએ ત્યારે મોંમાંથી શબ્દો નીકળતા હોય છે. વાહ! આ કેવો બલિષ્ઠ વ્યક્તિ છે. પરંતુ કેવળી ભગવંતે કહ્યું છે કે, આત્માના મૂળભૂત ગુણોમાં અનિર્વચનીય વીર્યોલ્લાસ અર્થાત્ અતુલ પરાક્રમનો ગુણ રહેલો જ છે. એ ગુણ આવરાયેલો છે તેથી આપણો આત્મા પોતાની જાતને માયકાંગલી-શક્તિહીન અનુભવે છે. યાદ રાખો ! જ્યારે વીર્યાન્તરાયનો ક્ષયોપશમ થાય છે ત્યારે જીવને અતુલ બળ-પરાક્રમ પ્રગટે છે.

**अचिट्ठ - अचेष्ट ( त्रि. )**

(ચેષ્ટારહિત, જેને ચેષ્ટા નથી તે)

ચેષ્ટા, હાવ-ભાવ, હલન-ચલન ઇત્યાદિ જેનામાં હોય તેવા જીવોને જીવવિચારમાં ત્રસ કહ્યા છે. અને જે જીવોમાં પોતાની

ઈચ્છાનુસાર હલન-ચલન નથી કે ચેષ્ટાઓ વ્યક્ત થતી નથી તેવા જીવોને સ્થાવર કહ્યા છે. જૈનધર્મે આ બે પ્રકારોમાં સંસારના સર્વજીવોને સમાવી લીધા છે.

**अचिट्ठुण - अचेष्टन ( न. )**

(ચેષ્ટારહિત, નિશ્ચેષ્ટ)

સામાઈય વયજુત્તો સૂત્રમાં લખેલું છે કે, '**समणो इव सावओ होइ जम्हा**' અડતાલીસ મિનિટની સામાયિકમાં શ્રાવક શ્રમણ જેવો હોય છે. આ સમય દરમિયાન શ્રાવક સમતારસમાં એટલો તલ્લીન થઇ ગયેલો હોય કે તેને બાહ્ય જગતનું કોઇ ભાન જ ન હોય. તેના બાહ્યશરીરની કોઈ જ ચેષ્ટા ન હોય. શરીર જાણે કે નિશ્ચેષ્ટ થઇ ગયું હોય, અને માત્ર ધ્યાનયોગમાં જ તેનો આત્મા રમણ કરતો હોય.

**अचित्त - अचित्त ( त्रि. )**

(અચેતન, જીવરહિત, નિર્જીવ, જેનામાં ચેતન-જીવ નથી તે)

ત્રણે જગતના સર્વપદાર્થોની ગણતરી બે રીતે થઈ શકે છે. એક સચિત્ત એટલે ચેતનાવાળા અને બીજા અચેતન એટલે જીવરહિત. અર્થાત્ જેને આપણે જડ તરીકે ઓળખીએ છીએ. ભગવાન મહાવીરે કહેલું છે કે, શ્રાવકના જીવન વ્યવહારમાં ક્યાંય સચિત્ત કે અચિત્તની આશાતના ન હોય. એટલે કે જીવિતનો તો નહીં જ પરંતુ જીવરહિત જડ પ્રત્યે પણ દ્વેષભાવ ન હોય. અહો ! કેવું નિર્મલ છે મારા જિનેશ્વરપ્રભુએ બતાવેલું સદ્ગતિસાધક ગૃહસ્થ જીવન.

**★अचित्र ( त्रि. )**

(અકર્બુર, કાબરચિતરું નહીં તે, અનેકવર્ણ રહિત)

**अचित्तदवियकप्प - अचित्तद्रव्यकल्प ( पुं. )**

(અચિત્ત આહારાદિદ્રવ્યના ઉપયોગની વિધિવિશેષ,અચિત્તદ્રવ્યકલ્પ)

સાધુ ભગવંતોની ગોચરી અંગે પંચકલ્પભાષ્ય અને ચૂર્ણિમાં વિસ્તૃત છણાવટ કરવામાં આવી છે. તેમાં અચિત્તદ્રવ્યકલ્પની વાત આવે છે. એમાં આહાર ઉપધિ ઉચ્ચાર-પ્રસ્રવણ, પાણી, દંડ, ચિલીમિલી, દંતશોધનાદિ બાબતોમાં તેમને રાખવાના ઉપયોગની વિધિ વિશેષને અચિત્તદ્રવ્યકલ્પ કહ્યો છે.

**अचित्तदव्वखंध - अचित्तद्रव्यस्कन्ध ( पुं. )**

(દ્વયણુકાદિક પુદ્ગલસ્કંધરૂપ અચિત્ત દ્રવ્ય સ્કંધનો ભેદ)

અનુયોગદ્વારસૂત્રમાં આવતા વર્ણન પ્રમાણે, જેમાં ચિત્ત એટલે સચિત્તતા વિદ્યમાન નથી તે અચિત્ત કહેવાય. તેવા અચિત્ત દ્રવ્યના સ્કંધને અચિત્તદ્રવ્યસ્કંધ કહે છે. અર્થાત્ દ્વિપ્રદેશિકાદિ પુદ્ગલોના સમૂહરૂપ અચેતન-જડ દ્રવ્યસ્કંધનો એક ભેદ.

**अचित्तदव्वचूला - अचित्तद्रव्यचूला ( स्त्री. )**

(મુગટના મણિનો, ભાલાનો, સિંહકર્ણ પ્રાસાદ અને વૃક્ષનો અગ્રભાગ, અચિત્ત દ્રવ્ય ચૂલા)

નિશીથસૂત્રનામના છેદસૂત્રની ચૂર્ણિના પ્રથમ ઉદ્દેશામાં આવતા વર્ણન પ્રમાણે ચૂડામણિ-મુગટના અગ્રભાગ, કુન્ત-ભાલાના અગ્રભાગ, સિંહકર્ણ પ્રકારના પ્રાસાદના અગ્રભાગ અને વૃક્ષોના અગ્રભાગને અચિત્તદ્રવ્યચૂલા કહે છે.

**अचित्तमंत - अचित्तवत् ( त्रि. )**

(કનક-રજતની જેમ નિર્જીવ, ઉપયોગરહિત, જ્ઞાનરહિત)

શ્રીદશવૈકાલિકસૂત્રમાં શય્યંભવસ્વામીએ કહ્યું છે કે સર્વથાપ્રાણાતિપાતવિરમણવ્રતના ધારક સાધુને જેમાં જીવ ન હોય તેવા જ પદાર્થ કલ્પે અર્થાત્ જે પદાર્થ સર્વથા નિર્જીવ છે અને સંયમની પોષક છે તેવી વસ્તુઓ પોતાના ઉપયોગમાં લઇ શકે છે. સચિત્તમાં શિષ્યને ગ્રહણ કરી શકે છે. તે સિવાયના સચિત્તપદાર્થો વર્જિત ગણ્યા છે. પરંતુ સુવર્ણ, ચાંદી, પૈસા વગેરે નિર્જીવ હોવા છતાંય ચારિત્રના ઉપઘાતક હોવાથી સાધુ માટે તેનો નિષેધ ફરમાવેલો છે.

**अचित्तमहाक्खंध - अचित्तमहास्कन्ध ( पुं. )**

(ઉત્કૃષ્ટ અવગાહનાવાળો અનંતપ્રદેશી સ્કંધવિશેષ, અચિત્તમહાસ્કંધ)

**अचित्तसोय ( ग् ) - अचित्तस्रोतस् ( क ) ( न. )**

(નિર્જીવ છિદ્ર, જીવરહિત છિદ્ર)

સાધુ ભગવંતોના પ્રાયશ્ચિત્તના મૂર્ધન્ય ગ્રંથ ગણાતા નિશીથસૂત્રની ચૂર્ણિના પ્રથમોદ્દેશમાં અંગાદાનની વાત આવે છે. તેમાં અચિત્તસ્રોતના શરીર-પ્રતિમાદિ ભેદોનું વર્ણન કરેલું છે. તેમાં અંગાદાન નિમિત્તે અપાતા પ્રાયશ્ચિત્તનું પણ નિરૂપણ છે.

**अचियत ( देशी त्रि. )**

(અપ્રીતિકર)

જ્યારે હીરસૂરિ મહારાજ દિલ્હી છોડીને જઇ રહ્યા હતા ત્યારે અકબર રાજાએ તેમને રોકાવવા માટે આગ્રહ કર્યો. તે વખતે આચાર્ય ભગવંતે જે જવાબ આપ્યો તેને ઋષભદાસ શ્રાવકે હીરસૂરિ રાસમાં બહુ જ સરસ રીતે મૂક્યો છે. સૂરિદેવે કહ્યું હે રાજન્ ! **'નર સાસરઇ સ્રી પિયરઇ અને સંયમીયા સહિવાસ તિણિ હોસી અળખામણાં જો મંડઇ થિરી વાસ'** અર્થાત્, જો પુરુષ સાસરામાં, સ્રી પિયરમાં અને સાધુઓ સ્થિરવાસ કરે તો ત્રણેય અપ્રીતિકર થઇ જાય છે.

**अचियंतेउरपरघरप्पवेस - अचियतान्तःपुरपरगृहप्रवेश ( पुं. )**

(રાજાના અન્તઃપુરમાં પ્રવેશવાના નિષેધની જેમ અન્યમતમાં જેને જવાનો નિષેધ છે તેવો શ્રાવક)

સૂત્રકૃતાઙ્ગસૂત્રમાં કહેવામાં આવ્યું છે કે, જેમ રાજાના અંતઃપુરમાં પ્રવેશ નિષેધ હોવા છતાં પણ કોઈ વ્યક્તિ પ્રવેશ કરે તો તે અનિષ્ટકારી થાય છે તેમ અન્યદર્શનોમાં પ્રવેશ કરવો શ્રાવક માટે નિષેધ છે. કેમ કે તેવી પ્રવૃત્તિ શ્રાવકના સમ્યક્ત્વને દૂષિત કરનારી થઈ શકે છે.

**अचु ( चो ) क्ख - अचोक्ष ( त्रि. )**

(ગંદુ, અશુદ્ધ)

જે અનુષ્ઠાન કે પ્રવૃત્તિ દ્વારા આત્માની શુદ્ધિ થતી હોય તેને સ્નાન કહેવામાં આવ્યું છે. માત્ર જલસ્નાન શુદ્ધિ નથી. શ્રમણો ભલે જલસ્નાન ન કરવાથી બાહ્ય રીતે અશુદ્ધ દેખાતા હોય, પરંતુ તેઓ આજીવન બ્રહ્મચર્ય પાલન તથા સાત્ત્વિક ચારિત્ર આરાધના રૂપ સ્નાન કરતા હોવાથી તેઓ નિત્ય સ્નાન કરવાવાળા કરતાં પણ વધારે શુદ્ધ છે. માછલીઓ કાયમ પાણીમાં રહેતી હોવા છતાં તેનું સ્નાન તેના દેહ કે આત્માની અશુદ્ધિ દૂર કરનાર થતું નથી.

**अचेयकड - अचेतस्कृत ( त्रि. )**

(નિર્જીવ વસ્તુથી બનેલ)

આજના વર્તમાન યુગની પ્રગતિ જડ પદાર્થોની છે. લોકોને નિર્જીવ વસ્તુમાંથી બનેલા ટીવી, ફ્રિજ, વોશીંગ મશીન, કોમ્પ્યુટર વગેરેની કિંમત અને તેના પર વિશ્વાસ છે પરંતુ, આ બધા કરતાં પણ સુપરપાવરવાળી બુદ્ધિ જેની પાસે છે તેવા જીવતા જાગતા માણસની કિંમત અને વિશ્વાસ ઓછા છે.

**अचेयण - अचेतन ( त्रि. )**

(ચેતનારહિત, નિર્જીવ ૨. નરાધમ)

પ્રશ્નવ્યાકરણસૂત્રમાં કહેવામાં આવેલું છે કે, જેને સારાસાર, હેયોપાદેયનું જ્ઞાન હોય તે જ ખરેખર જીવતો છે. પરંતુ જેને સારાસારાદિનો વિવેક નથી તેવા જીવોને તો જીવતા હોવા છતાં પણ ચેતનારહિત જાણવા. વિવેકથી જ મનુષ્યની વિશિષ્ટતા છે.

**अचेयण्ण - अचैतन्य ( न. )**

(જીવરહિત, જડ, ચૈતન્યથી વિકલ)

કર્મગ્રંથમાં કર્મ અને આત્માના સંયોગથી થતી ફલનિષ્પત્તિને એક ઉદાહરણથી સમજાવવામાં આવે છે. જેમ અતિશય દારૂ પીને મૂર્ચ્છિત થયેલો પુરુષ જીવતો હોવા છતાં પણ દારૂના પ્રભાવે તે કેટલોક સમય ચૈતન્યરહિત જેવો જણાય છે. તેમ આત્મા પર જ્યાં સુધી કર્મોના દળિયા ચોંટેલા છે ત્યાં સુધી જ્ઞાનાદિક સ્વાભાવિક ગુણોવાળો આત્મા પણ ચૈતન્યરહિત પુરુષ જેવી પરિસ્થિતમાં રહેલો છે. જ્યારે તે નષ્ટ થશે ત્યારે તે પોતાના મૂળગુણો પુનઃ પ્રાપ્ત કરશે.

**अचेल - अचेल ( न. )**

(વસ્ત્રનો અભાવ, અલ્પમૂલ્ય વસ્ત્ર, વાસ ગંધ નાવિન્યાદિના અભાવવાળું વસ્ત્ર)

શ્રમણ સામાચારીમાં રહેલા સાધુઓને કર્મક્ષય માટે વિવિધ કલ્પો સ્વીકારવાનું વિહિત કરવામાં આવેલ છે. જેમાં એક છે જિનકલ્પ આચાર. આ કલ્પ સ્વીકારનાર સાધુ જિનેશ્વર પરમાત્માની જેમ આહાર, ઉપધિ વગેરે પર મમતા રાખ્યા વિના સંપૂર્ણ નિર્વસ્ત્રપણે અથવા અલ્પવસ્ત્રો કે ઓઘો મુહપત્તિ રાખીને વિવિધ પ્રકારના ઉપસર્ગો-પરિષહોને સહન કરીને આત્મશુદ્ધિ કરે છે. તેઓ આ કલ્પ દરમિયાન લોકસંપર્કથી દૂર રહેતા હોય છે, માત્ર આહાર-પાણી પૂરતું જ ગામ કે નગરમાં પ્રવેશ કરતા હોય છે.

**अचेल ( ग ) - अचेल ( क ) ( पुं. )**

(જેને વસ્ત્ર નથી તે, વસ્ત્રરહિત ર.અલ્પ અને જીર્ણ વસ્ત્ર રાખવાનો જિનકલ્પિકાદિ સાધુઓનો આચાર)

કલ્પસૂત્ર શાસ્ત્રમાં ભગવાન ભદ્રબાહુસ્વામીએ સાધુના દસ આચાર બતાવ્યા છે તેમાં પ્રથમ આચાર છે અચેલ આચાર. અચેલનો અર્થ કરવામાં આવ્યો છે અલ્પમૂલ્યવાળા કે જીર્ણવસ્ત્ર. વચ્ચેના બાવીસ તીર્થંકરોના સાધુને છોડીને પ્રથમ અને અંતિમ તીર્થંકરોના સાધુઓને બહુમૂલ્ય વસ્ત્રો કલ્પે નહીં. આવા અલ્પમૂલ્ય વસ્ત્રોને ધારણ કરનાર સાધુને અચેલક કહેવામાં આવે છે.

**अचेलगधम्म - अचेलकधर्म ( पुं. )**

(જિનકલ્પિક વિશેષની અપેક્ષાએ અવિદ્યમાન અને સ્થવિરકલ્પની અપેક્ષાએ જીર્ણ-મલિન-અલ્પ-શ્વેત વસ્ત્ર છે જેમાં તે અચેલકધર્મ, પ્રથમ અને અંતિમ તીર્થંકરના શાસનમાં સંમત સાધુનો આચારવિશેષ)

વિશેષ સત્ત્વના અભાવે જે સાધુઓ જિનકલ્પ વગેરે આચારો સ્વીકારી શકતા નથી, તેવા સ્થવિરકલ્પમાં રહેલા સાધુઓ અત્યંત અલ્પમૂલ્યવાળા કે જીર્ણ વસ્ત્રધારણ કરવારૂપ શાસ્ત્રોક્ત આચારનું પાલન કરતા હોય છે. આ આચારને અચેલકધર્મ પણ કહેવાય છે.

**अचेलपरि ( री ) सह - अचेलपरि ( री ) षह ( पुं. )**

(અદીનપણે વસ્ત્રરહિત રહેવાનો પરિષહ, જીર્ણ કે અલ્પમૂલ્યવસ્ત્રને અદીનતાપૂર્વક સહન કરવું તે, અચેલપરિષહ)

સાધુભગવંતને અદીનપણે વસ્ત્રરહિત કે જીર્ણવસ્ત્ર રહેવું તે અચેલપરિષહ છે. વસ્ત્રરહિત રહેવાની આ વાત જિનકલ્પી આદિ વિશિષ્ટ શ્રમણો માટે છે. અન્ય શ્રમણો તો વસ્ત્રયુક્ત હોવા છતાં પણ જીર્ણ, ટુંકા, મલિન કે અલ્પમૂલ્યવાળા વસ્ત્રોને શોક, લજ્જા, દીનતાદિના ત્યાગપૂર્વક સમતાભાવે ધારણ કરે તેને અચેલપરિષહ કહેવાય છે.

**अचेलपरि ( री ) सहविजय - अचेलपरि ( री ) षहविजय ( पुं. )**

(અદીનપણે વસ્ત્રરહિત કે જીર્ણવસ્ત્રધારી રહેવારૂપ પરિષહ સહન કરવો તે, જીર્ણ યા હલકા વસ્ત્રોને અદીનતાપૂર્વક ધારણ કરવા તે, વસ્ત્રોની કમીને સમભાવથી સહન કરવી તે)

પ્રથમ સંઘયણથી પ્રાપ્ત થતા દૃઢશરીરના અભાવવાળા આ દુષ્ષમકાળમાં સંયમનો નિર્વાહ કરનારા મુનિઓ ઠંડીમાં રજાઈ વગેરેનું ગ્રહણ કે અગ્નિનું સેવન કરતા નથી. સંયમની રક્ષા માટે તેઓ અલ્પમૂલ્યવાળા જીર્ણ કે મલિન વસ્ત્રોને ધારણ કરે છે. તે પણ શોક કે લજ્જાદિ ભય રાખ્યા વગર સમતાભાવથી ધારણ કરે છે. તેથી તેઓ અચેલપરિષહવિજયી કહેવાય છે.

**अचेलिआ - अचेलिका ( स्त्री. )**

(વસ્ત્ર વગરની સ્ત્રી)

લોકોમાં ઉપહાસપાત્ર અને લોકનિંદાનું ભાજન થવાની સંભાવના હોવાથી તેમજ સાનુકૂળ પ્રતિકૂળ અનેક પરિષહાદિ ઉપસ્થિત થવારૂપ ગંભીર કારણોસર સાધ્વીજી ભગવંતોને નિર્વસ્ત્ર રહેવાનો નિષેધ કરાયેલો છે. આ બાબતે બૃહત્કલ્પસૂત્રના પાંચમા ઉદ્દેશામાં સવિસ્તર હેતુપુરસ્સર જણાવાયું છે.

**अचोइअ - अचोदित ( त्रि. )**

(અપ્રેરિત, જેને પ્રેરણા કરવામાં ન આવી હોય તે)

ધન-સંપત્તિ વગેરેથી નહીં આકર્ષાયેલો અને સરળ પ્રકૃતિવાળો શિષ્ય ગુરુ દ્વારા ધર્મ માર્ગમાં સામાન્યથી પ્રેરિત કે પ્રેરણા ન કરવા છતાં પણ તે શીઘ્ર સુશિક્ષિત થાય છે. પરંતુ લાલચુ અને કુટિલમતિવાળો અયોગ્ય શિષ્ય ગમે તેટલી ગુરુની પ્રેરણા થવા છતાં

આચરણામાં ઉદ્યત થતો નથી.

**अचोप्पडा - अचोपडा ( स्त्री. )**

(નિસ્તુપ, તે નામનું ચીકાશ રહિત એક પેયદ્રવ્ય)

**अचोरिय - अचौर्य ( न. )**

(ચોરીનો અભાવ, અચૌર્ય)

વ્યક્તિને જ્યારે બીજાની પાસે રહેલા ભૌતિક સુખ-વૈભવના સાધનો પ્રત્યેની તીવ્રલાલસા જાગી જાય છે ત્યારે રાજદંડ, લોકનિંદા આદિ દુઃખદ પરિણામ તરફ દુર્લક્ષ્ય કરાવીને પણ આ લાલસા વ્યક્તિને ચોરી કરવા માટે પ્રેરે છે. જ્યારે પુરુષાર્થ તથા નસીબના આધારે પોતાની પાસે રહેલા થોડા-ઘણા સુખ-સગવડમાં પણ જે ખુશ છે તે વ્યક્તિના જીવનમાં ચોરીનો સર્વથા અભાવ હોય છે.

**अच्च - अर्च् ( धा. )**

(પૂજા કરવી, સત્કાર કરવો, પૂજવું)

જેમણે સત્યધર્મ બતાવીને આપણી ઉપર અસીમ ઉપકાર કર્યો છે તે તીર્થંકર પરમાત્માની પૂજા કરવાના ૩ પ્રકારો છે. ૧. અંગપૂજા- પરમાત્માના અંગોને સ્પર્શપૂર્વકની પૂજા તે ન્હવણ, ચંદન, પુષ્પ પૂજા. ૨. અગ્રપૂજા- પરમાત્માની નજીક રહીને કરાતી ધૂપ, દીપાદિ પૂજા. ૩. ભાવપૂજા- ભગવાનની સન્મુખ યોગ્ય અંતરે રહી ભાવપૂર્વક સ્તવનાદિ થાય તે ચૈત્યવંદનાદિ.

**★अर्च ( त्रि. )**

(પૂજા કરનાર, પૂજક ૨. લવ નામક સમયનો ભેદ વિશેષ)

અર્ચ્ ધાતુ પરથી અર્ચ શબ્દ બને છે તે પૂજકના અર્થમાં પણ વપરાયો છે અને કાળના અનેક ભેદો પૈકીના એક ભેદ તરીકે પણ વપરાયેલો છે. કલ્પસૂત્રમાં વર્ણન આવે છે કે, લવ નામક કાળવિશેષના ભેદમાં શ્રમણ ભગવાન મહાવીર નિર્વાણ પામ્યા હતા.

**★अर्च्य ( त्रि. )**

(પૂજ્ય, પૂજનીય)

દેવ અને ગુરુને આપણે પૂજ્ય માનવાનું કારણ શું ? તો કહ્યું છે કે, તીર્થંકર ભગવંતોએ કોઈપણ પ્રકારની અપેક્ષા વગર આપણને સત્યમાર્ગ રૂપ ધર્મની પ્રરૂપણા કરી. તેમજ વળતર ચુકવ્યા સિવાય ક્યાંય પણ કોઈ કાર્ય થતું નથી એવા અત્યારના સમયમાં પોતાની સંપૂર્ણ સંપત્તિનો ત્યાગ કરીને, સુખ-સગવડો છોડીને એમણે સત્ય માર્ગને આપણા સુધી પહોંચાડ્યો તથા કુંભકર્ણની જેમ પોઢેલા આપણા આત્માને જગાડ્યો. એ અનન્ય ઉપકારના કારણે દેવ અને ગુરુ આપણા માટે અત્યન્ત પૂજ્ય છે.

**अच्चंग - अत्यङ्ग ( न. )**

(ભોગ-વિલાસના મુખ્ય અંગરૂપ મદ્ય-માંસાદિ)

દારૂ, માંસ, મધ આદિ મહાવિગઈનું સેવન પાંચેય ઇંદ્રિયોને ઉન્મત્ત બનાવી ભોગ-વિલાસની અતીવ લાલસા વધારનારું છે. જેના ફળ રૂપે નરકાદિ ગતિઓમાં ઉત્પન્ન થઈને અત્યંત દુઃખ ભોગવવું પડે છે. માટે શાસ્ત્રકારોએ ચાર મહાવિગઈના સેવનનો નિષેધ કરી ભોગોને વિશે અત્યંત ગૃદ્ધિનો ત્યાગ કરવા માટે જણાવ્યું છે.

**अच्चंतकाल - अत्यंतकाल ( त्रि. )**

(ઘણા લાંબા સમયવાળું, અત્યધિક કાળ)

ઉત્તરાધ્યયનસૂત્રમાં જણાવ્યું છે કે, જિનધર્મના સેવન થકી ભવ્યજીવો જન્મ-મરણના સર્વપ્રકારના અનાદિકાલીન દુઃખોને સમૂળગા નષ્ટ કરી દે છે. જ્યારે વિષય-લાલસાઓથી ભરેલા જીવો અસત્ માર્ગે ગમન કરવાના કારણે સમુદ્રમાં છુટા પડેલા પાટીયાની જેમ અત્યધિકકાળ વીતવા છતાં સંસારસમુદ્રમાં ગોથા ખાતા જ રહે છે.

**अच्चंतथावर - अत्यन्तस्थावर ( पुं., स्त्री. )**

(અનાદિકાળથી સ્થાવરજાતિમાં રહેલા)

વર્તમાન ચોવીસીના પ્રથમ તીર્થાધિપતિ ભગવાન ઋષભદેવની માતા મરુદેવા કે જેમને શ્રમણ બનેલા પુત્ર ઋષભ ઉપર અત્યંત સ્નેહ હોવાથી તેમની ક્ષેમકુશળતાની ચિંતાથી નિરંતર રોતા રહ્યા. જેથી તેમની આંખોના પોપચાં બંધવત્ થઈ ગયા હતાં. તે મરુદેવા

માતાનો જીવ અનાદિકાળથી સ્થાવરવનસ્પતિકાયમાં હતો અને ત્યાંથી મનુષ્યભવ પ્રાપ્ત કરી સિદ્ધગતિને વર્યા.

**अच्चंतपरम - अत्यन्तपरम ( त्रि. )**

(અત્યંત ઉત્કૃષ્ટ, ઘણું ઉત્કૃષ્ટ)

સામાન્ય તળાવ કે નદી તરવી હોય તો બાહુબળ કામ લાગે છે કિંતુ દરિયો તરવા માટે બાહુબળ કામ લાગતું નથી. તેના માટે તો સારા વહાણ-સ્ટીમરની જરૂર પડે છે. તેમ તીર્થંકર પ્રરૂપિત ધર્મરૂપ પ્રવહણ વગર સંસાર સમુદ્ર તરવો અશક્ય છે.

**अच्चंतभावसार - अत्यन्तभावसार ( त्रि. )**

(અત્યંત પ્રશસ્ત અધ્યવસાયી, પ્રબળ શુભભાવવાળું)

જગતમાં કોઇ વસ્તુ કે વ્યક્તિ એક-બીજાને સુખ કે દુઃખ આપવા માટે કારણભૂત નથી, પરંતુ જીવે પોતે બાંધેલા કર્મો જ તેમાં કારણરૂપ છે. જીવોના શુભાશુભ, તીવ્ર કે મંદ અધ્યવસાય વિશેષથી જ એ કર્મો બંધાય છે. જીવ જયારે અપ્રશસ્ત અધ્યવસાયમાં હોય ત્યારે અશુભ અને પ્રશસ્ત અધ્યવસાયમાં હોય ત્યારે શુભ કર્મો બાંધે છે. આથી જ તો પ્રસન્નચંદ્ર રાજર્ષિએ ક્ષણમાં સાતમી નરક જેટલા કર્મો બાંધ્યા અને ક્ષણમાં અત્યંત શુભ-શુદ્ધ મનના પરિણામોથી કૈવલ્યની પ્રાપ્તિ કરી હતી.

**अच्चंतविसुद्ध - अत्यन्तविशुद्ध ( त्रि. )**

(અત્યંત વિશુદ્ધ, સર્વથા નિર્દોષ, પરંપરાગત શુદ્ધવંશમાં ઉત્પન્ન થયેલું)

ભારતીય સંસ્કૃતિમાં વંશાવલીનું ખૂબ મહત્ત્વ હતું. કોઇપણ સંબંધ કે વ્યવહાર કરતાં પહેલા સામેવાળાના પૂર્વજોનો આખો ઇતિહાસ તપાસવામાં આવતો હતો. જેમના વડવાઓ પરંપરાએ અત્યંત શુદ્ધ આચાર-વિચારવાળા હોય તેમના વંશમાં ઉત્પન્ન થયેલી વ્યક્તિ સાથે લોકો સહર્ષ રોટી-બેટીના આદાન-પ્રદાનનો વ્યવહાર કરતા હતાં. રાજા રામ પણ આવી જ વિશુદ્ધ પરંપરામાં ઉત્પન્ન થયેલા હતા.

**अच्चंतसंकिलेस - अत्यन्तसंक्लेश ( पुं. )**

(અત્યંત ગાઢ રાગ-દ્વેષવાળો પરિણામ)

ચાર ગતિઓમાં એક મનુષ્યગતિ જ એવી છે કે જ્યાં આગળ આત્મા પોતાના ગુણોને અત્યંત ઝડપી ખીલવી શકે છે. પોતાના આત્મા પર લાગેલા સમસ્ત કર્મોનો ક્ષય કરીને તે મોક્ષ પણ પ્રાપ્ત કરી શકે છે. પરંતુ જેઓ આ સત્યને સ્વીકાર્યા વિના અહિંયા-આ ભવમાં પોતાનો સમય વેડફી રહ્યા છે તેમને ઉદ્દેશીને જ્ઞાની ભગવંતો કહે છે કે, એવા જીવો અહીંથી મરીને નરક-તિર્યંચાદિના ભવોમાં માત્રને માત્ર તીવ્ર રાગ-દ્વેષ કરીને અત્યંત સંક્લેશ પામશે. ત્યાં તેમને ધર્મ કરવાના સંયોગો જલદી પ્રાપ્ત થશે નહીં અને ગાઢ રાગ-દ્વેષના પરિણામવાળા એ જીવો પોતાના દરિદ્રભવોની પરંપરા જ વધારશે, બીજું કાંઇ નહીં.

**अच्चंतसुपरिसुद्ध - अत्यन्तसुपरिशुद्ध ( त्रि. )**

(અત્યંત શુદ્ધ, અતીવ નિર્મળ, નિર્મળતમ)

તળાવનું પાણી મેલયુક્ત હોય તો તેની અંદર રહેલો કોઇ પદાર્થ સ્પષ્ટ જોઇ શકાતો નથી. પરંતુ જો એ જળ અત્યંત નિર્મળ હોય તો દરેક વસ્તુ સ્ફટિકની જેમ સ્પષ્ટ જોઇ શકાય છે. તેમ આત્મા પર જયાં સુધી કર્મમલ લેપાયેલો હોય ત્યાં સુધી આત્માની અંદર રહેલા તેના અનંતજ્ઞાનાદિ સ્વાભાવિક ગુણો જોઇ શકાતા નથી, પરંતુ એ જ આત્મા જયારે કર્મમળરહિત થાય છે ત્યારે આત્માના જ્ઞાનાદિ શુદ્ધગુણો આપોઆપ હસ્તામલકવત્ દશ્યમાન થાય છે.

**अच्चंतसुहि ( ण् ) - अत्यन्तसुखिन् ( त्रि. )**

(અત્યંત સુખી, નિરતિશય સુખસંપન્ન)

જે નિરંતર ભોગસુખોમાં રાચતો હતો. આખી રાજગૃહીમાં જે અત્યંત સુખી હતો અને જેના ઘરમાં પ્રતિદિન ૯૯ પેટીઓ દેવલોકમાંથી ઉતરતી હતી તેવા શાલિભદ્રને ફક્ત એટલી વાતની ખબર પડી કે તેના માથે પણ શ્રેણિક નામનો નાથ છે. બસ ! પતી ગયું. તેને બધું જ મંજૂર હતું પરંતુ, ભગવાન મહાવીર સિવાયનો બીજો નાથ હોય તે મંજૂર નહોતું. તેણે એક પળમાં બધા સુખોને લાત મારીને સંસાર ત્યજી દીધો. પરંતુ આપણને તો જાણે બીજાનો માલિકીભાવ કોઠે પડી ગયો છે નહીં ?

**अच्चंताभाव - अत्यन्ताभाव ( पुं. )**

(નિત્ય અભાવ, નાશપ્રાગભાવથી ભિન્ન સંસર્ગાભાવ)

રત્નાકરાવતારિકા નામક ટીકા ગ્રંથમાં લખેલું છે કે, જગતમાં કેટલાક પદાર્થો એવા છે કે, જેમાં અત્યંતાભાવ સ્વાભાવિકપણે રહેલો છે. જેમ ચેતનદ્રવ્ય અર્થાત્ આત્મા. એ ક્યારેય પણ અચેતન- નિર્જીવ નથી બની શકવાનો. કેમ કે તેમાં અચેતનત્વનો અત્યંતાભાવ છે. તેવી જ રીતે અચેતન દ્રવ્ય પણ ક્યારેય ચેતનરૂપ નથી બની શકવાનું. કારણ કે તેનામાં ચેતનત્વનો અત્યંતાભાવ છે માટે. જ્ઞાની ભગવંતો કહે છે કે, આત્મામાં જે દિવસે કર્મોનો અત્યંતાભાવ થશે તે દિવસે જીવ શાશ્વતસુખી બનશે.

**अच्चंतिय - आत्यन्तिक ( त्रि. )**

(સર્વકાલભાવી, અતિશયપણે ઉત્પન્ન)

જગતમાં જેટલા પણ કાર્યો થાય છે તેની પાછળ કોઇને કોઇ કારણ કામ કરતું હોય છે. આ એક સર્વકાલીન સત્ય છે કે, જેટલા પણ કાર્ય છે તે કારણ વિના સંભવતા નથી. જો કારણ નષ્ટ થાય તો કાર્ય પણ નાશ પામે છે. સંસારમાં જેટલા પણ જીવો દુઃખરૂપ કાર્ય અનુભવી રહ્યા છે તેની પાછળ એકમાત્ર કર્મો જ કારણભૂત છે. આથી જેનામાં દુઃખ આપવાની શક્તિ છે તેવા કર્મોના નાશથી જીવના દુઃખનો પણ આત્યંતિકપણે નાશ થાય છે અર્થાત્, સકલ દુઃખશક્તિના નિર્મૂલનથી આત્યન્તિક દુઃખ વિગમ થાય છે.

**अच्चंतोसण्ण - अत्यन्तावसन्न ( पुं. )**

(અત્યંત ખેદ પામેલામાં દીક્ષિત કરાવેલું, સંવિગ્નો દ્વારા માત્ર પ્રવ્રજિત જ કરાયેલું પણ દુઃસ્થિત)

મહારાજા શ્રેણિકના સુપુત્ર મેઘકુમારે ભરયુવાનીમાં સંસારના સુખોને તિલાંજલિ આપીને સર્વજ્ઞ ભગવાન મહાવીર પાસે પ્રવ્રજ્યા ગ્રહણ કરી. દીક્ષાની પ્રથમ રાત્રિમાં સુવાનું સ્થાન દરવાજા પાસે આવ્યું. આખી રાત સાધુના ગમનાગમનથી ઉડેલી ધૂળના કારણે ઘણું કષ્ટ વેઠ્યું અને પ્રવ્રજ્યા છોડવાનો વિચાર કરી લીધો. માનસિકખેદથી ચારિત્ર પ્રત્યે ઉદાસીન થઇ ગયા. પરંતુ મહાવીરદેવે તેને પ્રતિબોધ પમાડીને ચારિત્રમાં સ્થિર કર્યા. આથી નમુત્થુણં સૂત્રમાં પ્રભુને ધર્મસારથિ પણ કહેલા છે.

**अच्चक्खर - अत्यक्षर ( त्रि. )**

(અધિક અક્ષરવાળું, એકાદ અક્ષરથી અધિક)

સાધુભગવંતોના પગામસજ્ઝાય નામક સૂત્રમાં ગાથા ગોખવામાં લાગતા દોષો બતાવવામાં આવેલા છે. જેમ કે વિનયરહિત, પદરહિત, પદહીન વગેરે વગેરે તેમ ગાથામાં જે અક્ષર હોય તેનાથી અધિકઅક્ષરના ઉચ્ચારણમાં પણ અત્યક્ષરનામક દોષ લાગે છે. અર્થાત્ ગાથામાં એક વખત 'ખ' નું ઉચ્ચારણ આવતું હોય પરંતુ, તે 'ખ' ને બે વખત બોલો તો તે અત્યક્ષર દોષ બને છે.

**अच्चण - अर्चन ( न. )**

(પુષ્પાદિથી સત્કાર કરવો તે, સન્માન કરવું તે)

એક સમય એવો હતો જ્યાં દરેક ઘરના બારણે લખાતું હતું કે, 'અતિથિ દેવો ભવ' આ આંગણે આવેલો મહેમાન અમારા માટે દેવ સમાન છે. અમે તેનો સત્કાર કરીએ છીએ. જ્યારે આજે બહાર બોર્ડ મારેલું છે કે, 'કૂતરાથી સાવધાન' ઘરમાં પેસતાં પહેલાં કૂતરાથી સંભાળજો. એ સમય હતો કે ગૃહસ્થ અતિથિની કાગડોળે રાહ જોતો હતો અને આજનો ફેશનેબલ ગૃહસ્થ કોઇ અતિથિ આવી ન જાય તેના માટે કૂતરો રાખવા લાગ્યો. હાય રે સ્વાર્થપરાયણતા !

**अच्चणा - अर्चना ( स्त्री. )**

(પૂજવું, પૂજા કરવી તે, જળ-ચંદન-ધૂપ-દીપાદિથી અર્ચન કરવું તે)

શાસ્ત્રમાં કોથળીયા શેઠની કથા આવે છે. તેને પ્રતિદિન પૂજા કરવાનો નિયમ હતો. કર્મસંજોગે તેના વ્યાપારમાં નુકશાન આવ્યું અને જે શેઠ હતો તેને ગ્રામાનુગ્રામ પગપાળે ફેરી કરીને આજીવિકા ચલાવવાનો સમય આવ્યો. કિંતુ તે નિયમાનુસાર રોજ જિનપૂજા કરતો હતો. એક વખત તેની ઉત્કૃષ્ટ પૂજા જોઇને ધરણેંદ્ર ખુશ થયા અને તેને વરદાન માગવા કહ્યું ત્યારે તેણે કહ્યું કે, આ ફૂલપૂજાથી જે પુણ્યોપાર્જન થયું છે તેટલું ફળ આપ. દેવે અશક્તિ પ્રદર્શિત કરી, ત્યારે શેઠે એક ફૂલના પુણ્ય જેટલું ફળ માંગ્યું. દેવે કહ્યું શેઠ ફૂલ તો શું તેની એક પાંદડીથી ઉપાર્જિત થયેલા પુણ્યનું ફળ આપવા માટે પણ અસમર્થ છું. ત્યારે શેઠે કહ્યું જો એવી વાત છે તો પછી તારી પાસે શું માંગુ. મને જે આપશે તે આ નાથ આપશે જા ! ચાલ્યો જા, મને તારી કોઇ જરૂર નથી. કાંઈ સમજ્યા ?

**अच्चणिज्ज - अर्चनीय ( त्रि. )**

(પૂજન કરવા યોગ્ય, અર્ચન કરવા યોગ્ય, ચંદન આદિથી અર્ચન યોગ્ય)

અત્યારે જે આલાવાથી ગુરુ મહારાજને આપણે વંદન કરીએ છીએ એવો જ પ્રાચીન કાળમાં એક આલાવો હતો. તેમાં અર્ચનીય વંદનીય, સત્કારણીય એવા મંગલિકભૂત દેવસ્વરૂપી ગુરુભગવંતની વંદનામાં પરમશબ્દગાંભીર્ય અર્થગાંભીર્ય શબ્દોની ગુંથણી થયેલી છે.

**अच्चणिया - अर्चनिका ( स्त्री. )**

(સિદ્ધાયતનની જિનપ્રતિમાદિની અર્ચના)

જિનાલયમાં તીર્થંકર પરમાત્માની ચંદનાદિ પદાર્થો વડે પૂજા કરતા કરતા આપણે એવી ભાવના ભાવવાની છે કે, હે ભગવંત ! આપનો આત્મા જેમ નિર્મલ છે, કેવળજ્ઞાનને ધરાવનાર છે, અનંત ગુણોનો ધારક છે, તેમ મારો આત્મા પણ નિર્મલ અને કર્મમુક્ત બનો.

**अच्चत्थ - अत्यर्थ ( न. )**

(અત્યંત, ઘણું, અતિશય, અતિશયવાળું ૨. અર્થ-દ્રવ્યનો અભાવ)

અતિઅલ્પ કે વિપુલ પ્રમાણમાં ધનની પ્રાપ્તિ માટે તમે ગમે તેવા અયોગ્યમાર્ગનું આચરણ કરશો તો તમારા ધર્મનો નાશ થશે અને અનીતિપૂર્વકનું એ ધન તમને ઉપભોગ કરવા પણ નહીં દેશે. સિંહે કરેલો હાથીનો શિકાર જેમ અન્ય પ્રાણીઓ માટે ઉજાણી રૂપ થાય છે તેમ અતિશય એકઠું કરેલું ધન અન્યને આનંદ આપનારું બને છે. પરંતુ તેના માટે કરેલા પાપોના ફળ તો વ્યક્તિએ પોતે જ ભોગવવા પડે છે.

**अच्चत्थत्त - अत्यर्थत्व ( न. )**

(સત્યયુક્ત વાણીના ૩૫ અતિશયમાંનો આઠમો અતિશય ૨. મહાર્થ-અપરપર્યાયાદિયુક્ત સાતિશય વચન)

મૂર્ખ લોકો કે ઓછી સમજણવાળા લોકો ઘણું બોલે છે. પરંતુ તે અર્થ વગરનું અને નિઃસાર હોય છે. જ્યારે મહાપુરુષોએ કહેલું એક વાક્ય પણ ગંભીર અને રહસ્યયુક્ત હોય છે. મહાપુરુષોના વચનો ઠાલા નથી હોતા. તેમાં હિત-મિત-સત્ય ને પથ્ય હોય છે.

**अच्चय - अत्यय ( पुं. )**

(અતિક્રમ, અતિક્રમપૂર્વક ગમન ૨. અભાવ ૩. વિનાશ ૪. દોષ ૫. કાર્યના અવશ્યંભાવનો અભાવ ૬. પ્રત્યવાય ૪. આત્યંતિક વિનાશ)

રોજીંદા પાપાચરણરૂપ અનાત્મભાવોથી આત્મભાવમાં પાછા ફરવાની પ્રક્રિયા એટલે પ્રતિક્રમણ. શ્રાવકધર્મની પ્રતિપાલનામાં પ્રતિક્રમણ મુખ્ય કર્તવ્ય બને છે. તેમાં શ્રાવકના પ્રતિક્રમણના એકસોચોવીસ અતિચારો આવે છે. તેમાં અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર કે અનાચારનું સેવન થયું હોય તો ત્રિવિધે મિચ્છામિ દુક્કડમ્ પૂર્વક પ્રાયશ્ચિત્ત લઈ આત્મશુદ્ધિ કરવી આવશ્યક બને છે.

**अच्चल्लीण - अत्यालीन ( त्रि. )**

(અત્યંત પાસે, ખૂબ નજદીક)

હે આત્મન્ ! તું જેની અત્યંત નજીકમાં રહે છે અને જેની સાજ-સજ્જા પાછળ તું કલાકોના કલાકો ગાળે છે તે આ તારું શરીર એક દિવસ રાખમાં મળી જવાનું છે. હે હંસલા ! તું જેને આત્મીય માને છે, જેઓની સામાન્ય તકલીફમાં પણ તું બેચેન બની જાય છે તે નજીકના સગા-સંબંધીઓ પણ તને અંતિમ વિદાય આપી પાછા પોતાના સંસારમાં મસ્ત થઈ જવાના છે. તો પછી ભાઈ ! આ જગની માયામાં મસ્ત બનીને ચિંતામણિ જેવા મનુષ્યભવને વેડફવાને બદલે સત્યમાર્ગને સાધવાનો પ્રયત્ન કર અને જીવન પંથને ઉજાળ.

**अच्चसण - अत्यसन ( न. )**

(અત્યંત ભોજન કરવું ૨. પક્ષનો બારમો દિવસ, દ્વાદશી)

બાલજીવો ઉપવાસની પૂર્વે તથા ઉપવાસની પછી પ્રાયઃ ઠાંસી-ઠાંસીને ભોજન કરતાં હોય છે. જે ધર્મના ઉપવાસમાં પણ ફરાળી ખાઈ શકાય છે ત્યાં તો દરરોજના સાહજિક ભોજન કરતાં પણ તે દિવસે વધુ ભોજન કરી ઉપવાસ કર્યો તેમ કહેવાય છે. પરંતુ ઉપવાસ પાછળનો મર્મ એ છે ખા-ખા કરવાની લાલસાને છોડી આહારવૃત્તિનો ત્યાગ કરવા માટે અને આત્માની સ્વાભાવિક

દશામાં રમણતા પ્રાપ્ત કરવા માટે અર્થાત્, અણાહારી પદ મેળવવા માટે ઉપવાસ કરવાનો હોય છે.

**अच्चा - अर्चा ( स्त्री. )**

(આહાર અલંકારાદિ વડે પૂજા ૨. દેહ, શરીર ૩. ક્રોધના અધ્યવસાયની જ્વાળા)

ધર્મસંગ્રહમાં સદ્‌ગૃહસ્થના કર્તવ્યોમાં જણાવ્યું છે કે, શ્રાવક બપોરનું ભોજન ક્યારે કરે ? તો કે સત્પાત્રમાં દાન કરીને અર્થાત્, સાધુ-સાધ્વીજી ભગવંતોને વહોરાવીને અને પરમાત્મની અષ્ટપ્રકારી પૂજા - સેવાદિ કરીને પછી આશ્રિતોને જમાડે ત્યારપછી પોતે ભોજન ગ્રહણ કરે. શ્રાવક તરીકે પોતાની જાતને માનનારા આપણે આ બાબતે કેટલું ધ્યાન રાખવું જોઈએ ? અને આપણે કેટલું રાખીએ છીએ ?

**अच्चाइण्ण - अत्याकीर्ण ( त्रि. )**

(ખીચોખીચ ભરેલું, ઠાંસી-ઠાંસીને ભરેલું ૨. અત્યંત વ્યાપ્ત)

જેમ કોઈ કોઠી તરબૂચ વગેરેથી સંપૂર્ણ ભરવામાં આવે, ત્યારબાદ કોઠીમાં વચ્ચે-વચ્ચે જગ્યા હોય ત્યાં નાના નાના સફરજનથી ભરવામાં આવે તેમાં પણ જગ્યા હોય તો આંબળા વગેરે ભરે યાવત્ છેલ્લે રાઈ આદિ નાની વસ્તુઓથી ભરી લીધી હોય, તે રીતે ચૌદ રાજલોક પણ જીવો, પુદ્‌ગલો આદિ છ દ્રવ્યોથી ઠાંસી-ઠાંસીને ભરેલો છે.

**अच्चाउर - अत्यातुर ( त्रि. )**

(અતિ પીડા પામેલું, અત્યંત રોગી)

આજે અસાધ્ય વ્યાધિથી અત્યંત પીડા પામેલા ઘણા બધા લોકો દુઃખ-દર્દથી છૂટકારો મેળવવા માટે આત્મહત્યાના માર્ગે ચાલ્યા જાય છે. શાસ્ત્ર આવી પ્રવૃત્તિનો નિષેધ ફરમાવે છે. કેમ કે તમને જે રોગ થયો છે તે કર્મજનિત છે માટે સજા પોતાના જીવનને નહીં પણ કર્મોને કરવાની છે. જો પોતાના જીવનને જ તમે પૂરું કરી નાખશો તો અત્યંતાતુરાવસ્થામાં મૃત્યુ પામીને નવા કર્મોનો બંધ થશે જે તમને ભવાંતરમાં પણ અસહ્ય પીડા આપશે.

**अच्चागाढ - अत्यागाढ ( न. )**

(અત્યંત મ્લેચ્છાદિનો ભય)

ભગવાન મહાવીરે દીક્ષા લીધા પછી કર્મોના આત્યંતિક ક્ષય માટે એવી જગ્યાએ ગયા જ્યાંના લોકો સત્ય ધર્મને વિશે અજ્ઞાની હતા. હિંસાદિમાં પ્રવૃત્ત હતા. અત્યંત ક્રૂરકર્મી હતા. એ અનાર્ય પ્રદેશમાં લોકોએ ભગવાનની ઉપર કૂતરા છોડવા આદિ વિવિધ ઉપસર્ગો કરી હેરાન-પરેશાન કર્યા. આ ઉપસર્ગો એવા તો ભયંકર હતા કે, સામાન્ય માણસ એક પણ ઉપસર્ગને સહન ન કરી શકે. ભગવંતે ત્યાં વિવિધ ઉપસર્ગોને સમભાવથી સહન કરી કર્મોને ખપાવ્યા.

**अच्चावेढण - अत्यावेष्टन ( न. )**

(અત્યંત આવરણ વડે પીડિત કરવું તે, ગાઢ વિંટાળવા વડે પરિતાપ ઉપજાવવો તે)

સિદ્ધ ભગવંતોના આત્માની જેમ દરેક જીવનો આત્મા અનંત જ્ઞાની, અનંત દર્શની, અનંત શક્તિનો સ્વામી છે. એટલે સિદ્ધાત્માની જેમ અનંત ગુણોનો ધારક છે. યાવત્ દરેક બાબતોમાં સમાન જ છે. પરંતુ આપણી ઉપર કર્મોનું પ્રગાઢ આવરણ હોવાથી જ્ઞાનાદિ શક્તિઓ, ગુણો ગાઢ રીતે ઢંકાઈ ગયા છે. સિંહબાળ જેમ ઘેટાં-બકરાંના ટોળામાં મોટું થઈને સિંહની ગર્જના સાંભળતાં બકરીઓની સાથે તે પણ ભાગવા લાગે છે, તેમ આપણે સ્વત્વ ભૂલીને મોહરાજાના દાસ બનેલા તેના ઈશારે સંસારમાં નાચતા રહીએ છીએ.

**अच्चासणया - अत्यासनता ( स्त्री. )**

(એક ઠેકાણે લાંબા સમય સુધી બેસવું તે, આસન જમાવવું તે)

યોગસિદ્ધિ તથા મંત્રસિદ્ધિ માટે અન્ય વસ્તુઓની સાથે-સાથે આસનસિદ્ધિ પણ આવશ્યક માનવામાં આવેલી છે. શાસ્ત્રનિર્દિષ્ટ કોઈ વિશિષ્ટ સ્થિતિમાં વિહિત માર્ગદર્શન પ્રમાણે તમે કોઈપણ તકલીફ વગર રહી શકો તેને આસનસિદ્ધિ જણાવેલી છે.

**★अत्यशनता ( स्त्री. )**

(અત્યંત ભોજન કરવું કે પ્રમાણાધિક ખાવું તે)

આખો દિવસ ખા-ખા કરવું, કે ભોજનની અત્યંત લાલસા રાખવી તે તિર્યંચ ગતિમાંથી આવેલા અથવા તિર્યંચ ગતિમાં લઈ જનારા

સંસ્કારોનું દ્યોતક છે. કારણ કે તિર્યંચગતિમાં આહારસંજ્ઞાનું પ્રાધાન્ય છે એમ શાસ્ત્રકારો જણાવે છે.

**अच्चासण्ण – अत्यासन्न ( त्रि. )**

(અત્યંત નિકટ, એકદમ નજીક)

ગુરુવંદન ભાષ્ય ગ્રંથમાં ગુરુ પ્રત્યે લાગતી કુલ ૩૩ આશાતના બતાવવામાં આવી છે. તેમાં એક આવે છે અત્યાસન્ન. ગુરુભગવંતની અત્યંત નજીકમાં આસન રાખવાથી દોષ લાગે છે. કારણ કે ગુરુ એ દેવ તુલ્ય છે અને આપણા શ્વાસોશ્વાસની ઉષ્મા ગુરુદેવના પવિત્ર દેહને સ્પર્શે તે અયોગ્ય છે. આથી એવા સ્થાને બેસવું જેથી ગુરુભગવંતને આપણા શ્વાસોશ્વાસ ન સ્પર્શે.

**अच्चासाइत्तए – अत्याशातयितुम् ( अव्य. )**

(ઘણી આશાતના કરવાને, છાયા થકી ભ્રષ્ટ કરવા માટે, અત્યંત હેરાન કરવા માટે)

રાષ્ટ્ર સાથે દગો કરનાર દેશદ્રોહી કહેવાય છે તેમ ધર્મનું વિપરીત આચરણ કરનાર ધર્મદ્રોહી ગણાય છે. દેશદ્રોહીને સરકાર સજા આપે તો તે માત્ર એક ભવ પૂરતું સહન કરવું પડે છે. પરંતુ શાસનહીલના કરીને ધર્મની ઘોર આશાતના કરનાર ધર્મદ્રોહીને કર્મરાજા એવી સજા ફટકારે છે કે જે તેણે દુર્ગતિમાં અનંતાભવો સુધી ભોગવવું પડે છે.

**अच्चासाइय – अत्याशातित ( त्रि. )**

(ઉપસર્ગ કરેલું, આશાતના કરેલું, અપમાનિત કરેલું)

તીર્થ એ એવું પવિત્ર સ્થાન છે કે જયાં આવીને જીવ પોતાના જન્મ-જન્માન્તરમાં બાંધેલા પાપોનો નાશ કરે છે. પરંતુ સબૂર ! જે જીવ તીર્થસ્થાનમાં આવીને તીર્થની જ આશાતના કરે છે તેના માટે શાસ્ત્ર લખે છે કે, '**तीर्थस्थाने कृतं पापं वज्रलेपो भविष्यति**' અર્થાત્, તીર્થસ્થાનમાં આચરેલા પાપકૃત્ય-આશાતના વજ્રલેપ જેવી થાય છે અને તેનું અત્યંત કરુણ પરિણામ જીવે ભોગવવું જ પડતું હોય છે. આથી તીર્થની આશાતના કે તીર્થમાં પાપાચરણ ન થઇ જાય તે જો જો.

**अच्चासाएमाण – अत्याशातयत् ( त्रि. )**

(ઉપસર્ગ કરતો, આશાતના કરતો)

યોગશાસ્ત્ર ગ્રંથમાં કહેલું છે કે જયારે રાત્રિના સમયે અચાનક નિદ્રા જતી રહે તે વખતે જીવાત્મા અપૂર્વ ભાવના ભાવે અને વિચારે કે એવો દિવસ ક્યારે આવશે જયારે હું કોઇ નિર્જન વનમાં પરમાત્મધ્યાનમાં અત્યંત લીન હોઉં અને કોઇ પશુ મને ઝાડનું થડ સમજીને પોતાના શિંગડાને ખંજવાળે. મને આવા ઉપસર્ગ કરતા પશુ પર જરા પણ ક્રોધ ન આવે ઊલટાનો તેને મારો ઉપકારી માનીને પ્રશમભાવ ધારણ કરું.

**अच्चासायणा – अत्याशातना ( स्त्री. )**

(આત્યંતિક આશાતના, વિરાધના કરવી ૨. સાધુ આદિની જાત્યાદિ પ્રગટ કરવારૂપ હીલના)

જેમ નદીના મૂળ ન પૂછાય તેમ સાધુના કુળ પણ ન પૂછાય. જે દિવસે સંસારના વાઘા ઉતારીને શ્રમણ વેષ ધારણ કર્યો છે તે દિનથી સાધુ એકનો મટીને આખા જગતનો થઇ ગયો હોય છે. જેઓ આવા સાધુના સાંસારીક જાતિ, કુળાદિને પ્રદર્શિત કરવા રૂપ તેમનું અપમાન અને આશાતના કરે છે તેઓ અનંતા જન્મો સુધી જિનશાસનનું નામ પણ પામી શકતા નથી.

**अच्चाहार – अत्याहार ( पुं. )**

(અતિમાત્રામાં આહાર, અતિભોજન, પ્રભૂત આહાર)

જેમ પૌષ્ટિક આહાર શરીર માટે સારો છે તેમ યોગ્યમાત્રામાં લીધેલો આહાર પણ સ્વાસ્થ્યવર્ધક છે. ભૂખ કરતાં અધિકમાત્રામાં કરેલું ભોજન વિષ સમાન છે. જેનાથી અપચો, અજીર્ણ જેવા રોગો થઇ શકે છે અને કદાચ મૃત્યુ પણ સંભવી શકે છે. આથી જ તો તપના બાર ભેદમાં એક ભેદ વૃત્તિસંક્ષેપ અર્થાત્ ઊણોદરીતપ કહ્યો છે. તમને જેટલી ભૂખ હોય તેનાથી બે-ત્રણ કોળિયા ઓછા ખાવું તે પણ એક પ્રકારનું તપ છે.

**अच्चि – अर्चि ( स्त्री. )**

(કિરણ, કાન્તિ ૨. દીપશિખા ૩. લોકાન્તિક વિમાન વિશેષ ૪. લેશ્યા ૫ બાદર તેજોકાય ૬. શરીરસ્થ કાંતિની પ્રભા)

લોગસ્સ સૂત્રની અંદર તીર્થંકર પરમાત્માને સૂર્યની ઉપમાં આપી છે. જેવી રીતે સૂર્ય પોતાના કિરણો વડે વિશ્વમાં પ્રકાશ રેલાવે છે,

તેમ તીર્થંકર ભગવંતો કેવળજ્ઞાનરૂપ સૂર્યના કિરણો ભવ્યજીવોના હૃદયમાં ફેલાવીને તેમના અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરીને સમ્યગ્જ્ઞાનની પ્રભા વિસ્તારે છે.

**अच्चिमालि ( ण् ) – अर्चिर्मालिन् ( त्रि. )**

(સૂર્ય (પું.) ૨. કૃષ્ણ-રાજીના મધ્યભાગે આવેલું લોકાન્તિક દેવવિમાન વિશેષ ૩. કિરણોથી શોભિત)

જ્યોતિષ દેવોના ભેદમાં સૂર્યને પણ દેવ તરીકે સ્વીકારેલો છે. સૂર્યનું વિમાન રત્નજડિત હોય છે, સૂર્યનું વિમાન આ જ મધ્યલોકમાં આવેલું છે. જે ભૂમિનો બધો જ ભાગ સમાન છે તેવી સમભૂતલા પૃથ્વીથી ૮૦૦ યોજન ઉપર જતાં સૂર્યનું વિમાન રહેલું છે અને તે મેરુપર્વતની આજુ-બાજુ ફરે છે.

**अच्चिमालिप्पभ – अर्चिर्मालिप्रभ ( त्रि. )**

(સૂર્યની જેમ કિરણોથી શોભાયમાન, સૂર્યવત્ તેજસ્વી)

ગણધર ગૌતમ જ્યારે પરમાત્મા મહાવીર જોડે વાદ કરવા આવ્યા અને દૂરથી તેમણે વીર પ્રભુને જોતા મનમાં જે પ્રશ્નો થયા તેને ગણધરવાદમાં ગ્રંથકારે વર્ણવ્યા છે. પ્રભુને જોઈને ગૌતમને થયું શું આ બ્રહ્મા છે ? ના બ્રહ્મા તો વૃદ્ધ છે. શું આ શંકર છે ? ના તે તો જટાધારી છે. શું આ વિષ્ણુ છે ? ના તેમના હાથમાં તો શસ્ત્ર છે ? તો શું આ સૂર્ય છે ? ના તે તો આંખોને દઝાડે છે, જ્યારે આ તો આંખોને શાતા આપે છે. તો પછી શું ચંદ્ર છે ? ના એમાં તો કલંક છે, જ્યારે આ નિષ્કલંક છે. અને છેલ્લે વેદોને સંભારતાં તેમને સમજાયું કે, આ તો જૈનોના છેલ્લા તીર્થપતિ ભગવાન મહાવીર છે.

**अच्चिमालिणी – अर्चिर्मालिनी ( स्त्री. )**

(સૂર્ય-ચંદ્રની અગ્રમહિષી, શક્રેન્દ્રની અગ્રમહિષીની રાજધાનીનું નામ)

સ્થાનાંગસૂત્રના ચતુર્થ સ્થાન અને પ્રથમ ઉદ્દેશામાં લખેલું છે કે, દક્ષિણ-પૂર્વદિશાની વચ્ચે અગ્નિદિશામાં આવેલા રતિકર પર્વતની પશ્ચિમ દિશામાં ઇન્દ્રની સેવા નામની તૃતીય પટ્ટરાણીની લાખ યોજન પ્રમાણવાળી રાજધાની જે છે તેનું નામ અર્ચિમાલિની છે.

**अच्चिय – अर्चित ( त्रि. )**

(ચંદનાદિથી પૂજાયેલું ૨.પ્રમાણિત કરાયેલું ૩. માન્ય)

તત્ત્વ તેને કહે છે જે ત્રિકાલ અબાધ્ય હોય. અર્થાત્ તેને કોઇ પણ રીતે પડકારી ન શકાય અને તેને સ્વીકારવું જ પડે. જિનાગમોમાં કથિત પ્રત્યેક તત્ત્વ-પદાર્થ ત્રિકાલ અબાધિત છે. આગમોક્ત કોઈપણ પદાર્થોનું ખંડન થઈ શકે તેમ નથી જ. કેમ કે તે ત્રિકાલજ્ઞાની સર્વજ્ઞ ભગવંતો વડે પ્રમાણિત કરાયેલા છે.

**अच्चिसहस्समालणिज्ज – अर्चिःसहस्त्रमालनीय ( त्रि. )**

(જેની આસપાસથી આશ્ચર્યકારી કિરણોની હારમાળા નીકળતી હોય તેવી વસ્તુ)

જેમ વિશિષ્ટશક્તિવાળા પુરુષ કે દેવ દ્વારા વિકુર્વિત કોઈ માયાજાળ હોય તેમ, અત્યન્ત અદ્ભુત અને દુર્લભ એવા મણિઓ-રત્નોની તેજવતી પ્રભા ખૂબ જ આશ્ચર્યકારી રીતે નીકળતી હોય છે. જોનારાની આંખો અંજાઈ જાય તેવા પ્રકારનું તેનું તેજ હોય છે.

**अच्चिसहस्समाला – अर्चिःसहस्त्रमाला ( स्त्री. )**

(સહસ્રદીપ્તિઓની માળા, હજારો કિરણોની માળા-હાર)

તીર્થંકર ભગવાનના આઠ મહાપ્રાતિહાર્યો આવે છે. તેમાં એક ભામંડલ પણ છે. પ્રભુના શરીરનું હજારો કિરણોની હારમાળા જેવું જ એટલું બધું જાજ્વલ્યમાન હોય છે કે તેને નરી આંખે જોવું ચર્મચક્ષુવાળાઓને અત્યંત મુશ્કેલ બની જાય એવું હોય છે. પર્ષદામાં આવેલા જીવો પ્રભુના તેજને પોતાની આંખોથી જોઈ શકે તે માટે દેવો પ્રભુના શરીરના તેજને ભામંડળમાં પરાવર્તિત કરી દે છે.

**अच्चिसहस्समालिणीया – अर्चिःसहस्त्रमालिनिका ( स्त्री. )**

(જેમાંથી હજારો કિરણો છૂટે તેવી માળા, હજારો દીપ્તિઓથી પરિવરેલી, હજારો કિરણાવલિવાળી)

એકવાર ભગવાન મહાવીરની પર્ષદામાં હજારો કિરણોથી ઝગમગતો એક દેવ આવીને દિવ્ય સંગીતના સુરો સાથે વિવિધ પ્રકારના નૃત્ય કરવા લાગ્યો. ભગવાનને શ્રેણિક રાજાએ પૂછ્યું કે, આ દેવ કોણ છે અને શા માટે નૃત્ય કરી રહ્યો છે. ત્યારે ભગવાન મહાવીરદેવે પ્રભુ દર્શનની ભાવનાવાળા તેના દેડકાના અનન્તર ભવનું વર્ણન કર્યું હતું.

**अच्चीकरण - अर्चीकरण ( न. )**

(પૂર્વે નહીં કરવા યોગ્ય અર્ચાની અર્ચના કરવી તે, અર્ચા કરવી ૨. રાજાદિની પ્રશંસા-ખુશામદ કરવી તે)

ત્રણે ભુવનમાં પૂજનીય એવા પરમાત્માની પૂજા અર્ચના મનુષ્યને ત્રણેય જગતમાં જે પણ શ્રેષ્ઠતમ સુખો છે તેની પ્રાપ્તિ કરાવી આપે છે. પૂજ્ય ઉપાધ્યાય શ્રીયશોવિજયજીએ કહ્યું છે કે, '**भक्तिर्भागवतिबीजं परमानन्दसंपदाम्**' અર્થાત્ પરમાત્માની ભક્તિ-સેવા-પૂજા એ પરમાનન્દ એટલે મોક્ષસુખનું બીજ છે. જૈનશાસનના તત્ત્વજ્ઞાનનું અવગાહન કરીને તેમણે આ જ રહસ્ય આપણને બતાવ્યું છે.

**अच्चुक्कड - अत्युत्कट ( त्रि. )**

(અતિ ઉત્કટ, અત્યન્ત ઉન્નત, અભ્યુન્નત ૨. અતિ ઉગ્ર)

મહર્ષિઓએ કહ્યું છે કે, અતિ ઉત્કટભાવે કરેલી મન-વચન-કાયાની સત્ કે અસત્ પ્રવૃત્તિનું ફળ જીવને તાત્કાલિક પ્રાપ્ત થતું હોય છે. ઘણા લોકો અતિ ઉગ્રભાવે હિંસાદિ પ્રવૃત્તિ કરીને શીઘ્રપણે પોતાના વિનાશ કે દુઃખને નોતરે છે તો ભવ્યજીવો અતિ ઉન્નત ધર્મારાધના દ્વારા શીઘ્ર સુખ-શાંતિનો અનુભવ કરે છે.

**अच्चुग्गकम्म - अत्युग्रकर्मन् ( न. )**

(કર્કશ વેદનીય કર્મ, અતિ ઉગ્ર વેદનીયકર્મ)

આઠકર્મો પૈકીના ત્રીજા વેદનીય કર્મના બે ભેદો કર્મગ્રંથોમાં વર્ણવ્યા છે. એક શાતા વેદનીય અને બીજું અશાતા વેદનીયકર્મ. શાતા વેદનીયકર્મના ફળરૂપે જીવ સુખનો અનુભવ કરે છે અને અશાતા વેદનીય એટલે કર્કશ વેદનીયકર્મ દુઃખનું કારણ છે. બીજાઓને સુખ-શાંતિ આપવાથી જીવ શાતા વેદનીયકર્મનો બંધ કરે છે.

**अच्चुग्गकम्मडहण - अत्युग्रकर्मदहन ( त्रि. )**

(અત્યુગ્ર કર્કશ વેદનીય કર્મનું દહન કરનાર ૨. અતિ ઉગ્રકર્મને નષ્ટ કરનાર)

ધર્મસંગ્રહમાં સંસારથી નિરપેક્ષ થયેલા સાધુના યતિધર્મની વ્યાખ્યા કરતાં જણાવ્યું છે કે, અતિ ઉગ્રચારિત્રપાલન દ્વારા મુનિ પોતાના કર્કશ કર્મોનો વિગમ કરે. અર્થાત્ સાધુ જ્ઞાન-ધ્યાન-ચારિત્રાદિ દ્વારા પોતાના ક્લિષ્ટ કર્મોને જડમૂળથી ઉખાડીને ફેંકી દે કે જેના પ્રભાવે તે મુનિ અવ્યાબાધ સુખનો ભોક્તા બને છે.

**अच्चुचिय - अत्युचित ( त्रि. )**

(લોકોમાં અત્યન્ત શ્લાઘનીય, અતિ પ્રશંસનીય)

દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકા પ્રકરણમાં કહેવાયું છે કે, માતાની ઔચિત્યની પ્રવૃત્તિ સર્વત્ર અબાધિત વર્તે છે. યાવત્ તે ગર્ભવતી હોય તો પણ તે નાજુક સમયમાં પોતાના બાળક પ્રત્યેની મમતાથી પોતે જાતે કષ્ટો સહન કરી લઈ તેના હિત માટે હંમેશા જાગરુકતા રાખે છે. આ જગતમાં માતાની મમતા અને નિઃસ્વાર્થ પ્રેમ ખરેખર અજોડ છે. કોઈપણ ધર્મના ઉપદેશકો અને કવિઓએ આદરભાવે માતૃહૃદયની ખૂબ-ખૂબ પ્રશંસા કરી છે. તેથી જ તો લોકગીતોમાં ગવાયું છે 'મીઠાં મધુને મીઠા મેહુલા રે લોલ, તેથી મીઠી છે મોરી માત રે, જનનીની જોડ સખી નહીં જડે રે લોલ'

**अच्चुट्ठिय - अत्युत्थित ( त्रि. )**

(અત્યંત અનુચિત કાર્ય કરવા માટે ઉદ્યુક્ત થયેલું, અઘટિતકાર્ય કરવા તૈયાર થયેલું)

પોતાની પ્રેયસીનું માથું વધેરવાનું અત્યંત અઘટિત કાર્ય કરનારા ચિલાતીપુત્રને જ્યારે વિદ્યાચારણ મુનિવરે ઉપશમ, સંવર, વિવેકનું સૂત્ર આપ્યું અને તેના પર ચિંતન કરનારા પેલા સ્ત્રીહત્યારા ચિલાતીપુત્રે પશ્ચાત્તાપ દ્વારા કર્મ ખપાવીને પોતાનો ભવ સુધારી લીધો.

**अच्चुण्ह - अत्युष्ण ( त्रि. )**

(અત્યંત ઊનું-ગરમ ૨. અતિશય ઉષ્ણ સ્વભાવવાળું)

જેમ અતિગરમ તેલ કે પાણી વ્યક્તિને દઝાડી દે છે તેમ અતિ ઉષ્ણ સ્વભાવવાળા લોકો ગમે ત્યાં જાય, તેઓ કોઈના પણ પ્રીતિપાત્ર થતા નથી. વાતે વાતે અતિશય ગરમીનો પારો બતાવનારા તેઓ સર્વત્ર અળખામણા થઈ જતા હોય છે. માર્ગાનુસારી ગૃહસ્થે ન અતિ ઉગ્ર કે ન અતિ નમ્ર પરંતુ સમતોલવાળો વ્યવહાર રાખવો જોઈએ એમ શાસ્ત્રગ્રંથોમાં કહેવાયું છે.

**अच्चुदय - अत्युदक ( न. )**

(અતિવર્ષા ૨. વિપુલ જળ, ઘણું પાણી)

ખૂબ વરસાદ પડતો હોય, પૃથ્વી જળબંબાકાર થઈ ગઈ હોય અને ચારે બાજુ ભયનું વાતાવરણ સર્જાયું હોય ત્યારે સંત્રાસ પામેલા જીવો પોતાનો જીવ બચાવવા આમ તેમ ફાંફાં મારતા ફરતા હોય ત્યારે જો તેના હાથમાં મોટું લાકડું આવી જાય તો ખૂબ રાજી થઈ હાશકારો અનુભવે છે. જાણે સાક્ષાત્ ભગવાન મળ્યાનો અહેસાસ કરે છે. બસ ! એમ જ સમજી લ્યો કે યત્ર-તત્ર-સર્વત્ર મોહરાજાનો કાળો કેર વર્તી રહ્યો છે અને એમાં આપણને તરણતારણ જહાજ સમાન પ્રભુ મહાવીરનું શાસનરૂપ શરણ મળ્યું છે. તો ચાલો, આપણે વગર વિલંબે તેનું આલંબન લઈ મોહને પછડાટ આપી દઈએ.

**अच्चुय - अच्युत ( पुं. )**

(બારમો દેવલોક ૨. અગ્યારમા અને બારમા દેવલોકનો ઇન્દ્ર)

સૌધર્માદિ બારેય દેવલોકના સ્વામી અચ્યુતેન્દ્ર છે. જ્યારે પણ પરમાત્માના કલ્યાણકો ઉજવવાના હોય ત્યારે સૌધર્મેન્દ્ર વગેરે ૬૩ ઇન્દ્રો ભલે પહેલા પહોંચી જાય પરંતુ, જ્યાં સુધી અચ્યુતેન્દ્રની આજ્ઞા ન થાય ત્યાં સુધી કોઇપણ કલ્યાણકની ઉજવણી શરૂ થતી નથી. વર્તમાન સમયમાં સીતા સતી બારમાં દેવલોકના ઇન્દ્રની ઋદ્ધિ ભોગવી રહ્યા છે.

**अच्चुया - अच्युता ( स्त्री. )**

(છઠ્ઠા પદ્મપ્રભ અને સત્તરમાં કુંથુનાથ તીર્થંકરની શાસન અધિષ્ઠાયિકા દેવી)

પ્રવચનસારોદ્ધાર ગ્રંથમાં આવતા વર્ણન પ્રમાણે પદ્મપ્રભસ્વામીની શાસનદેવીનું મતાંતરે શ્યામા નામ છે અને તે શ્યામવર્ણી, નરવાહની, ચતુર્ભુજાયુક્ત છે. જ્યારે કુંથુનાથ ભગવાનની શાસનદેવીનું મતાંતરે બલા નામ છે. તે સુવર્ણકાંતિમય, મયૂરવાહના અને ચતુર્ભુજાયુક્ત છે. શાસનસ્થાપના સમયે શાસનની રક્ષા માટે આ દેવીઓની નિયુક્તિ કરવામાં આવે છે.

**अच्चुव्वाय - अत्युद्वात ( त्रि. )**

(અત્યંત થાકેલ, પરિશ્રાન્ત)

એક શેઠની વિધવા પુત્રવધૂ કોઇક પુરુષ પ્રત્યે આકર્ષિત થઇ. આ વાતની શેઠને ખબર પડતાં તેમણે પુત્રવધૂને કાંઇ જ ન કહ્યું, પરંતુ કામ કામને મારે એ ન્યાયે બીજા દિવસથી ઘરના તમામ કામની જવાબદારી તેના માથે નાખી દીધી. સવારે ઉઠે ત્યાંરથી રાતે સુવે ત્યાં સુધી એટલું બધુ કામ કરવું પડતું કે થાકીને લોથપોથ થઇ જતી, આથી બીજો કશો જ વિચાર કરવાનો તેને સમય જ નહોતો મળતો. નવરાશની પળો જ ન રહેતાં તેને કામ જાગવાનો કોઇ વિકલ્પ જ ન રહ્યો. આને કહેવાય બુદ્ધિમત્તા. કુવિચારોને અટકાવવા મનને ખૂબ પરિશ્રમ આપો. અત્યંત થાકેલું મન આડાઅવળા વિચારો નહીં કરે.

**अच्चुसिण - अत्युष्ण ( त्रि. )**

(અત્યંત ઉષ્ણ, ગરમ ઓદન-ભાત વગેરે)

ગરમ પાણીનો શેક ચામડીને દઝાડનારો હોવા છતાં પણ સ્વાસ્થ્ય માટે ગુણકારી હોવાથી આપણે તે કરીએ છીએ. તેના પ્રત્યે અરુચિ કે ઉપેક્ષા દેખાડતા નથી. તેમ વડીલો કે ગુરુજને કહેલા શબ્દો ભલે સાંભળવામાં કડવા હોય પરંતુ તે હિતકારી હોય તો ઔષધની જેમ તેનો સહર્ષ સ્વીકાર કરી લેવો જોઇએ.

**अच्छ - आस् ( धा. )**

(બેસવું, આસન લગાવવું)

સુભાષિતમાં એક શ્લોક આવે છે, **'उद्यमेनैव सिध्यन्ति कार्याणि न मनोरथैः'** અર્થાત્ કોઇપણ કાર્યની સિદ્ધિ પ્રયત્નથી જ સિદ્ધ થાય છે નહીં કે ઠાલી વાતોથી. ફલપ્રાપ્તિ માટે પુરુષાર્થની ધૂણી ધખાવવી જ પડે છે. પરમાત્મા મહાવીરે પણ કર્મસત્તાને પરાસ્ત કરવા માટે અલખની ધૂણી ધખાવી દીધી હતી. સાડા બારવર્ષ દરમિયાન તેઓ ક્યારેય પણ પલાંઠી મારીને બેઠા નથી. વિવિધ આસનો દ્વારા તેઓ ધ્યાન ધરતા હતાં અને અંતે કર્મોએ હથિયાર હેઠા મૂકવા જ પડ્યા.

**★अच्छ ( अव्य. )**

(દૃષ્ટિ સમક્ષ રહેલું, અભિમુખ, સન્મુખ ૨. પ્રાપ્તિભાવને બતાવનાર અવ્યય)

બુદ્ધિશાળી પુરુષ તે છે કે, જે સન્મુખ રહેલી આપત્તિઓથી વ્યાકુળ થયા વિના વિવેક અને વિચારપૂર્વક તેને દૂર કરવા માટે પ્રવૃત્ત થાય છે. ભારવિ કવિકૃત કિરાતાર્જુનીયમ્ કાવ્યમાં પણ લખેલું છે કે, જેઓ અવિચારી પગલું ભરે છે તેને આપત્તિઓ ક્યારેય પણ છોડતી નથી.

**★अच्छ ( त्रि. )**

(નિર્મળ, સ્વચ્છ ૨. આર્યદેશ વિશેષ ૩. રીંછ ૪. સ્ફટિક રત્ન ૫.ભક્ષણ કરવું)

અન્ય રત્નોની જેમ સ્ફટિક રત્ન પૃથ્વીકાયનો એક ભેદ છે. આ રત્ન એટલું સ્વચ્છ હોય છે કે તેની એક બાજુએ રહેલી વસ્તુ બીજી બાજુથી કોઈપણ આવરણ વિના એકદમ સ્પષ્ટ દેખાય છે. શ્રમણો પણ શાસ્ત્રાધ્યયનથી પરિકર્મિત મતિવાળા હોવાથી પદાર્થના ઉપભોગ અને તેના કરુણ પરિણામને સ્ફટિકરત્નની જેમ સ્પષ્ટ જોઇ શકે છે.

**★अप्स ( त्रि. )**

(જલનો વિશેષ ગુણ રસ)

પાણીનો એક સ્વભાવ છે કે તેને જેવા પાત્રમાં નાખો તેના જેવો આકાર ધારણ કરી લે છે અને તેને તમે જે દિશામાં વાળો તે દિશામાં તે વળી પણ જાય છે. બસ ! ઘરમાં અવતરેલું સંતાન પણ આ જળ જેવું જ છે. તેને તમે જેવા સંસ્કાર અને વર્તન આપશો તેવું જ તે શીખશે. જો સુસંસ્કાર આપશો તો તે સદાચારીના સાંચામાં ઢળશે. પરંતુ તેને કુસંસ્કાર મળ્યા તો જળપ્રપાતની જેમ તેને અધોગતિમાં જતો રોકી પણ નહીં શકાય.

**अच्छं ( देशी )**

(અતિશીઘ્ર ૨. અત્યંત)

લોકો માટે ગમનાગમનના વ્યવહારમાં વપરાતું અત્યંત ઝડપી સાધન વિમાન છે. તેથી પણ અત્યંત વધારે ઝડપી અવકાશમાં ઉપગ્રહ છોડવા માટે વપરાતાં રોકેટ આદિ છે. તેમ આત્મા એક શરીરનો ત્યાગ કરી અન્ય ગતિમાં જાય ત્યારે તેની ગતિ ઘણી સ્પીડવાળી હોય છે. સમયની સૂક્ષ્મ ગતિમાટે વ્યવહારમાં નેનોસેકન્ડ વગેરે જણાવાય છે તેમ શાસ્ત્રમાં કાળના અત્યંત સૂક્ષ્મ માપને સમય તરીકે ઓળખાવેલ છે. એક ગતિમાંથી બીજી ગતિમાં ઉત્પન્ન થતી વખતે આત્મા કરોડો, અબજો કિલોમીટર કરતાં પણ ઘણું-ઘણું વધારે અંતર અત્યંત જૂજ સમયમાં કાપે છે.

**अच्छंद - अच्छन्द ( त्रि. )**

(જે સ્વાધીન ન હોય તે, પરાધીન, પરતંત્ર ૨. અભિપ્રાયરહિત)

જે વ્યક્તિઓ આજીવિકા ચલાવવા માટે નોકરી વગેરે કરતાં હોય, જેઓ અવસ્થા આદિને કારણે પરાધીન થઈને અન્યના સહારે જીવન વ્યતીત કરતા હોય, તેમણે દરેક વસ્તુઓમાં પોતાની વિશિષ્ટ ઈચ્છા-અપેક્ષાનો ત્યાગ કરવો જોઈએ. કેમ કે પરાધીનતાના કારણે પણ તેઓ સુખી તો નથી હોતા અને તેમાં પાછું પોતાની ઈચ્છાનો અનાદર વધુ દુઃખકારી બને છે.

**अच्छंदग - अच्छन्दक ( पुं. )**

(મોરાક ગામમાં વસતો તે નામનો પાખંડી)

મોરાક ગામમાં અચ્છંદક નામનો પાખંડી વસતો હતો. તે મંત્ર-તંત્રનો જાણકાર હોવાથી લોકોમાં પૂજાતો હતો. ભગવાન મહાવીરને નજીક આવેલા સાંભળી લોકો ભગવાનના ભક્ત થઈ જશે તો મને પૂજશે કોણ ? આવા ભયથી તે ભગવાનની સામે આવ્યો અને તેણે "હાથમાં ગ્રહણ કરેલા તૃણને કોઈ પણ છેદી શકશે નહીં' આ પ્રમાણે પ્રતિજ્ઞા કરી, આથી શક્રેન્દ્રે વજ્રથી તે તૃણને છેદતાં તૃણની સાથે-સાથે તેની દશેય આંગળીઓ છેદાવાથી લોકોમાં હાંસીપાત્ર બન્યો. આ પ્રમાણે આચારાંગસૂત્રની ચૂલિકામાં જણાવેલું છે.

**अच्छण - आसन ( न. )**

(આસન, બેઠક ૨.સેવા, પર્યુપાસના ૩. પ્રતિશ્રવણ)

ભૌતિક પદાર્થો પ્રત્યેની વાસના-આસક્તિ જીવને ઉપાસના તરફ ડગલુંય માંડવા દેતી નથી. કેમ કે એક સત્ય હકીકત છે કે, જીવાત્મા જો એકવાર પર્યુપાસના તરફ વળી જાય પછી કોઇપણ પુદ્ગલની તાકાત નથી કે જીવને ફસાવી શકે. અનાદિકાળથી

વાસના અને ઉપાસનાની લડાઈમાં અંતે તો વાસના જ હંમેશાં હારતી આવી છે.

**★अक्षण ( पुं. )**

(અહિંસા)

શાસ્ત્રોમાં હિંસા બે પ્રકારની કહેલી છે. ૧. સ્વરૂપ હિંસા ૨. હેતુ હિંસા. પહેલા પ્રકારની હિંસામાં જીવ જે પ્રવૃત્તિ કરતો હોય છે તેના દેખાવમાં લાગે કે હિંસા છે, પરંતુ તેમાં જીવહિંસાના ભાવ ન હોવાથી તથા પરિણામે પુણ્યબંધ કરનારી હોવાથી તે શાસ્ત્રમાન્ય છે. જેમ કે પ્રભુની દ્રવ્યપૂજા. જ્યારે હેતુ હિંસામાં દેખીતી રીતે પણ હિંસા છે અને હિંસા કરનાર જીવનો પરિણામ પણ ક્રૂર છે માટે એ ખરી હિંસા છે. જે પાપાનુબંધ કરનારી છે. આથી તેને ત્યાજ્ય ગણવામાં આવેલી છે.

**अच्छणघरग - आसनगृहक ( न. )**

(બેઠકનું સ્થાન, વિશ્રામસ્થાન)

ઉત્તરાધ્યયનસૂત્રની ચૂર્ણિમાં શિષ્યને વટવૃક્ષ જેવો કહેલો છે. જેમ વૃક્ષ આવતાં જતાં કેટલાય વટેમાર્ગુઓને માટે વિસામાનું સ્થાન બની રહે છે તેમ ગુરુને પ્રીતિપાત્ર બનેલ શિષ્ય વૃક્ષની જેમ ગુરુભગવંતની બધી ચિંતાઓ દૂર કરીને તેઓ માટે વિશ્રામસ્થાન બને છે. અર્થાત્ ગુરુ પોતાની બધી જ ચિંતાઓ એ શિષ્યને કહી શકે અને તે શિષ્ય પણ ગુરુની બધી જ ચિંતાઓ દૂર કરવામાં સહયોગી બને.

**अच्छणजोय - अक्षणयोग ( पुं. )**

(અહિંસક પ્રવૃત્તિ)

વિનોબા ભાવેએ યુદ્ધો અને ક્રાંતિથી દેશમાં શાંતિ સ્થાપનાની વિચારધારાવાળાઓને ઉદ્દેશીને કહ્યું છે કે, વિશ્વમાં શાંતિ સ્થાપના યુદ્ધો કે ક્રાંતિકારી દેખાવોથી નહીં પરંતુ, અહિંસાથી જ થશે. અને તેય પાછી ભગવાન મહાવીરે બતાવેલી અહિંસાથી જ. જ્યારે પણ તમામ રાષ્ટ્રો પરસ્પર શાંતિપૂર્ણ વ્યવહાર રાખતા હશે ત્યારે સમજી લેજો કે, તે અહિંસક પ્રવૃત્તિનો જ પ્રભાવ હશે. કોઈપણ સમાજ કે દેશનું સર્વતોગ્રાહી હિત અહિંસકવૃત્તિજન્ય પ્રવૃત્તિથી જ શક્ય બને છે.

**अच्छण्णत्थ - अच्छन्नस्थ ( त्रि. )**

(પ્રગટ સ્થાનમાં રહેલું)

વાસ્તુશાસ્ત્રમાં રહેવા યોગ્ય સ્થાનના જે રીતે નિયમો બતાવ્યા છે તેવી રીતે શ્રાદ્ધવિધિ પ્રકરણ નામક શાસ્ત્રમાં શ્રાવકે કેવા ઘરમાં રહેવું તેનું સૂચન કરેલું છે. તેમાં લખેલું છે કે શ્રાવકે અતિગુપ્ત કે અતિપ્રગટ સ્થાનમાં ન રહેતાં સમસ્થાનમાં રહેવું જોઇએ. અર્થાત્ જ્યાં કોઇની અવર-જવર ન હોય તેવા એકાંત સ્થાનમાં વસવાટ કરવો ન જોઇએ. જ્યાં લોકો સહેલાઈથી આવ-જાવ કરી શકતા હોય, લોકો પર આપણી નજર રહે અને લોકોની પણ નજર રહે તેવું સ્થાન પસંદ કરવું જોઇએ.

**अच्छति ( दि ) त - आच्छादित ( त्रि. )**

(ઢાંકેલુ, આચ્છાદિત)

શ્રાવકાતિચારમાં એક પાઠ આવે છે કે અનેરાનો મર્મ પ્રકાશ્યો. કોઇએ વિશ્વાસ કરીને પોતાની ગુપ્ત વાત કરી હોય, તેને ચાર જણ વચ્ચે ઉઘાડી પાડવી તેને મર્મ પ્રકાશ્યો કહેવાય. સજ્જન તો તે છે કે, જે અન્યની કોઇએ કહેલી ન હોય અને પોતે જાણતો હોય તેવી વાતને પણ તે ઢાંકી રાખે. બીજા આગળ ખુલ્લી ન પાડે. એ માટે જ ગંભીરતાને સર્વગુણપ્રધાન કહી છે.

**अच्छत्तय - अच्छत्रक ( त्रि. )**

(છત્ર રહિત)

ચૈત્યવંદન ભાષ્યમાં જિનાલયમાં પ્રવેશતી વખતે જાળવવાના પાંચ ઔચિત્ય પૈકી એક ઔચિત્ય આવે છે કે દર્શન કરવા આવનાર જો રાજા હોય અને તેણે છત્ર ધારણ કરેલું હોય તો પરમાત્મા સમક્ષ જતા પૂર્વે જિનાલયની બહાર જ તેનો ત્યાગ કરવો જોઇએ. કેમ કે પરમાત્મા જેવું શિરછત્ર મેળવ્યા પછી સાંસારિક છત્રની શી જરૂર છે ?

**अच्छदव - अच्छद्रव ( पुं. )**

(સ્વચ્છ પાણી, નિર્મળ જળ)

કર્મગ્રંથમાં ગુણસ્થાનક ક્રમારોહમાં બે શ્રેણિ આવે છે ૧. ક્ષપકશ્રેણિ ૨. ઉપશમશ્રેણિ. કર્મોનો સર્વથા ક્ષય કરીને કેવલજ્ઞાન પ્રાપ્ત કરવું તેનું નામ છે ક્ષપકશ્રેણિ. જ્યારે કચરાવાળા પાણીમાં ફટકડી નાંખતા બધો જ મેલ નીચે બેસી જાય છે અને પાણી એકદમ સ્વચ્છ લાગે છે પરંતુ, જરાક પાણી હાલતાં પાછું મેલું થઇ જાય છે તેમ ઉપશમશ્રેણિમાં શુભપરિણામથી થોડોક સમય માટે કર્મોનો ઉપશમ થતા, આત્મા શુદ્ધ થાય છે. પરંતુ નિમિત્ત મળતા જીવ પાછો કર્મયુક્ત મલિન થઇ જાય છે.

**अच्छधी - अच्छधी ( त्रि. )**

(શુભમતિ, નિર્મળ બુદ્ધિ)

ઉપમિતિભવપ્રપંચા કથામાં ઓલા ભિખારીને લોચન ગુરુ પહેલાં વિમલાલોકરૂપ અંજનથી આંખો આંજે છે જેથી તેને સ્પષ્ટ દેખાય. આનો સાર કહેતા સિદ્ધર્ષિગણિ જણાવે છે કે, જ્યાં સુધી જીવ શુભ-શુદ્ધ મતિવાળો નથી થતો ત્યાં સુધી તેને સત્યભૂત તત્ત્વનું જ્ઞાન થતું નથી અને જ્યાં સુધી તત્ત્વ ન સમજાય ત્યાં સુધી જિનશાસનમાં સાચો પ્રવેશ થવો દુર્લભ છે.

**अच्छभल्ल - अच्छभल्ल ( पुं. )**

(રીંછ ૨.હિંસક પ્રાણીવિશેષ)

સાધુને વિહારક્રમમાં કોઇક સમયે બે વિકલ્પ સામે આવીને ઊભા રહે કે, જંગલમાંથી પસાર થવું કે પછી નદી પાર ઉતરીને જવું. જો નદી પાર ઊતરે છે તો જીવવિરાધના થાય છે અને જંગલમાંથી પસાર થતાં રસ્તામાં હિંસક પ્રાણીઓનો ભેટો થવાથી મૃત્યુ વગેરે આત્મવિરાધના થાય છે. આવા સંજોગોમાં શાસ્ત્ર કહે છે કે, જીવવિરાધના કરતાં આત્મવિરાધના મોટી છે. કેમ કે જીવવિરાધના થશે તો તેનું પ્રાયશ્ચિત્ત લઇ લેવાશે પરંતુ, મૃત્યુ પામ્યા બાદ આવું ઉત્કૃષ્ટ ચારિત્ર જીવન ફરી મળવું દુર્લભ છે.

**अच्छमाण - आसीन ( त्रि. )**

(બેસતો, આસન લગાવતો)

**अच्छरगणसंघसंविइण्ण - अप्सरोगणसंघसंविकीर्ण ( त्रि. )**

(અપ્સરાઓના સમુદાયથી પરિવૃત્ત, અપ્સરાઓના સમૂહથી શોભાયમાન)

તીર્થંકર પરમાત્મા ઉત્કૃષ્ટ માધ્યસ્થ ભાવને ધારણ કરનારા હોય છે. સાધના અવસ્થામાં કોઇએ તેમની પર ઉપસર્ગ કર્યો હોય તો પણ તેના પ્રત્યે તેઓ ક્યારેય પણ ક્રોધિત નથી થતા. તથા કૈવલ્યલક્ષ્મી પ્રાપ્ત કર્યા બાદ સમવસરણમાં દેવલોકની અપ્સરાઓ અતિભક્તિભાવથી પરમાત્મા સમક્ષ નૃત્ય કરતી હોય છે તે વખતે અપ્સરાઓના સમુદાયથી વ્યાપ્ત મારુ સમવસરણ છે એમ અતિહર્ષ પણ નથી કરતા. અનુકૂળ કે પ્રતિકૂળ પ્રસંગોમાં રાગી કે દ્વેષી ન થતાં માત્ર સમભાવને ધારણ કરે છે.

**अच्छरस - अच्छरस ( त्रि. )**

(અતિનિર્મલ, એટલું સ્વચ્છ કે પાસેની વસ્તુનું પ્રતિબિમ્બ પડે)

સ્વચ્છતાં એ એક ગુણ છે. આ ગુણ સજ્જન અને દુર્જન બન્નેને પસંદ પડે છે. જલ સ્વચ્છ હોય, અરીસો સ્વચ્છ હોય, ઘર સ્વચ્છ હોય અને પોતાનું શરીર સ્વચ્છ હોય એવો આગ્રહ દરેક જણ રાખે છે. પ્રશ્ન એ થાય છે કે, અતિસ્વચ્છતાના આગ્રહી લોકો પોતાનો આત્મા પણ અત્યંત નિર્મળ અને ગંદકીરહિત હોય તેની દરકાર શા માટે નથી લેતા ? જો પોતે કે પોતાની આસપાસની વસ્તુ સ્વચ્છ જોઇએ તો જેંને તેમાં રહેવાનું છે તે આત્મા શા માટે નહીં ?

**अच्छरसा - अप्सरस् ( स्त्री. )**

(કોઈપણ દેવી ૨. રૂપ થકી દેવી તુલ્ય સ્ત્રી)

પ્રશ્નવ્યાકરણસૂત્રના આશ્રવદ્વારમાં વર્ણન મળે છે કે, મેરુપર્વતના નંદનવનની કંદરાઓમાં રહેનારી રૂપવતી અપ્સરાઓ, ઉત્તરકુરુ માનુષોત્તર પર્વતની આશ્ચર્ય રીતે જોનારી અપ્સરાઓ ત્રણ પલ્યોપમનું પરમાયુષ્ય ભોગવીને દેવભવને પૂર્ણ કરે છે.

**अच्छरसातंडुल - अच्छरसतण्डुल ( न. )**

(શ્વેત દિવ્ય ચોખા)

રાજપ્રશ્નીય, જીવાભિગમ અને આવશ્યકસૂત્રની મલયગિરિજીની ટીકામાં પ્રભુની આગળ સ્વસ્તિકાદિ અષ્ટમંગલની આલેખના કરવાનું વિધાન કરેલું છે. તે અષ્ટમંગલ ચોખાથી કરવાનું કહ્યું છે અને તે ચોખા કેવા લેવા ? તે માટે કહેલું છે કે, પાસે પડેલી વસ્તુનું

જેમાં ચોક્ખું પ્રતિબિંબ ચોખામાં પડે તેવા શ્વેત અખંડ અને દિવ્ય જાતિના લેવા.

**अच्छरा - अप्सरा ( स्त्री. )**

(શક્ર-દેવેન્દ્રની છઠ્ઠી અગ્રમહિષી)

ભગવતીસૂત્રના દશમા શતકના પાંચમાં ઉદ્દેશની વક્તવ્યતામાં કહ્યું છે કે, શક્ર-દેવેન્દ્રની પદ્મા, શિવા વગેરે આઠ અગ્રમહિષીઓ છે. તેમાં અપ્સરા છઠ્ઠી છે. એ આઠેય ઇન્દ્રાણીઓને પોત-પોતાની સોળ-સોળ હજાર સેવા કરનારી દેવીઓ છે અને તે સેવક દેવીઓની પણ પ્રત્યેકની ૧૬-૧૬ હજાર સેવિકા દેવીઓનો ઉલ્લેખ કરેલો છે.

**अच्छराणिवाय - अप्सरोनिपात ( पुं. )**

(ચપટી ૨. આંખનો પલકારો મારીએ કે ચપટી વગાડીએ તેટલો કાળ, અત્યલ્પકાળ)

જેમ આંખનો પલકારો મારીએ અને તેમાં જે સમય લાગે છે તે અત્યલ્પ હોય છે. તેમ સર્વકર્મોનો ઘાત કરીને સિદ્ધિગતિને પામતા પહેલા કેવલજ્ઞાની ભવ્યાત્મા આયુષ્ય કરતાં વધુ પ્રમાણમાં રહેલા વેદનીય, નામ અને ગોત્રકર્મને ખપાવવા કેવલિસમુદ્ઘાતની ક્રિયા કરે છે. આ કેવલિસમુદ્ઘાત આઠ સમય પ્રમાણવાળો એટલે કે ચપટી વગાડવામાં લાગતા સમય કરતાં પણ અત્યંત અલ્પકાલીન હોય છે.

**अच्छवि - अच्छवि ( पुं. )**

(યોગનિરોધ વડે શરીર રહિત સ્નાતકનો એક ભેદ ૨. ચૌદમા ગુણસ્થાનકવર્તી સાધુ)

ભગવતીસૂત્રના ૨૫મા શતકના છઠ્ઠા ઉદ્દેશામાં અચ્છવિ પ્રકારના સ્નાતક સાધુના ચાર ભેદ વર્ણવ્યા છે. તે આ પ્રમાણે ૧. અવ્યથક ૨. યોગનિરોધથી શરીર રહિત અચ્છવિક ૩. ક્ષપા એટલે સચ્છેદ-વ્યાપાર તેના અસ્તિત્વવાળો ક્ષપી અને તેનાથી રહિત અક્ષપી અને ૪. ચાર ઘાતીકર્મના ક્ષય પછી તરત જ તેના ક્ષયના અભાવથી અક્ષપી. આમ ચાર અર્થો પ્રતિપાદિત છે.

**अच्छविकर - अक्षपिकर ( पुं. )**

(પ્રશસ્ત વિનયનો એક પ્રકાર ૨. સ્વ-પરને વ્યથા-દુઃખ ન પહોંચે તેવો મનનો વ્યાપાર)

ભગવતીસૂત્રના ૨૫મા શતકમાં કહેવાયું છે કે, જે ભવ્યજીવ પોતાને કે બીજાને દુઃખ ઉપજે તેવી પ્રવૃત્તિ નથી કરતો તે અક્ષપિકર છે. જ્યારે સ્થાનાંગસૂત્રના આઠમા સ્થાનમાં કહ્યું છે કે વ્યથા વિશેષને નહીં કરનારો મનોવિનયનો આ એક ભેદ છે.

**अच्छविमलसलिलपुण्ण - अच्छविमलसलिलपूर्ण ( त्रि. )**

(શુદ્ધ અને નિર્મલ જળથી પૂર્ણ, સ્ફટિક જેવા સ્વચ્છ નિર્મળ જળથી પરિપૂર્ણ)

જેમ કૈલાસ માનસરોવર પંકરહિત અતીવ નિર્મલ પાણીથી સદાય ભરેલું રહે છે. તેનું પાણી સ્ફટિકની જેમ પારદર્શી અને સ્વચ્છ છે. તેમ સિદ્ધશિલાના અગ્રભાગે અતિવિશિષ્ટ આઠ ગુણોથી વિરાજમાન સિદ્ધ ભગવંતો પણ શુદ્ધ સ્ફટિકની જેમ કર્મમળ રહિત શુદ્ધાત્મગુણોવાળા છે.

**अच्छा - अच्छा ( स्त्री. )**

(વરુણદેશની એક નગરી)

પ્રવચનસારોદ્ધાર અને સૂત્રકૃતાંગસૂત્રમાં આવતા વર્ણન પ્રમાણે સાડા પચ્ચીસ આર્યદેશની ગણતરીમાં અચ્છા દેશનો ઉલ્લેખ છે. એ દેશની અનેક નગરીઓમાં વરુણા નામક એક નગરી છે. એમાં અન્યમતે વરુણ દેશની અચ્છાપુરીનો ઉલ્લેખ પણ કરેલો છે.

**★अप्सा ( त्रि. )**

(જળ આપનાર)

જગતમાં એક જ રાજા છે અને તે સમસ્ત પ્રાણીઓને માટે પ્રાણાધાર સ્વરૂપ પાણીનું દાન કરે છે. તે છે મેઘરાજા. બીજા બધા રાજા શાના ? અર્થાત્, અન્ય રાજાઓ તો વાસ્તવમાં રાંકડા છે. જે પૂરી દુનિયાને દાન કરવામાં સમર્થ હોય તે જ ખરો રાજા કહેવાય ને ? આપણા તીર્થંકર પરમાત્મા આ મેઘરાજાથી યે ચઢિયાતા છે. તેઓ તો ત્રણેલોકના સમસ્ત જીવોને અભયદાન આપનારા છે.

**अच्छादणा - आच्छादना ( स्त्री. )**

(આચ્છાદિત કરવું તે, ઢાંકવું તે)

કાશ્મીર જેવા અત્યંત બરફીલા પ્રદેશોમાં માર્ગો જ્યારે બરફથી આચ્છાદિત થઈ જાય છે ત્યારે વાહન વ્યવહાર સ્થગિત બની જાય છે. તેમ અત્યંત ક્લિષ્ટ પરિણામોના મારાથી સદ્ગતિ અને મોક્ષ પ્રાપ્ત કરાવી આપનારા ધર્મઆરાધનાના સીધા રસ્તાઓ ઢંકાઈ જાય છે અને આત્માના જ્ઞાન-વિવેક આદિ ગુણો મૂર્છિતપ્રાયઃ બની જતાં હોય છે.

**अच्छायणा - आच्छादना ( स्त्री. )**

(આચ્છાદિત કરવું તે, ઢાંકવું તે)

**अच्छि - अक्षि ( न. )**

(આંખ,ચક્ષુ, નેત્ર)

સ્વામી વિવેકાનંદનો એક પ્રસંગ આવે છે કે, કિશારાવસ્થામાં કોઇક સ્ત્રીને તેમણે વિકારભરી નજરે જોઇ અને ત્યારબાદ તેમને પસ્તાવો થયો. એ ભૂલના કડક પ્રાયશ્ચિત્ત માટે તેમણે લાલ મરચાંની ભૂકી પોતાની આંખોમાં નાખી દીધી. આ હતું સંસ્કૃતિ સભર ભારત ! આંખમાં માત્ર વાસનાના કીડા સળવળતા હોય તેવા આજના યુવાનોને ભારતના જ સપૂતોની ખુમારીભરી આ ગરિમા ક્યાંથી સમજાવાની ?

**अ ( आ ) च्छिदण - आच्छेदन ( न. )**

(એકવારનું છેદન અથવા અલ્પ છેદન)

રાજગૃહીનગરમાં કાલસૌરિક કસાઈનો પુત્ર અભયકુમાર મંત્રીનો મિત્ર હતો અને તેમના સંગે તેના હૃદયમાં પણ દયાનું ઝરણું વહેવા માંડ્યુ હતું. પિતાના મૃત્યુ બાદ જ્યારે સ્વજનોએ તેને પિતાનો ધંધાનો સંભાળવા કહ્યું ત્યારે તેણે ધરાર ઇન્કાર કર્યો. છતાંય સ્વજનોએ તેને ભાર પૂર્વક આગ્રહ કર્યો ત્યારે તેણે પોતાના પગ ઉપર કુહાડો માર્યો અને પગમાંથી દડદડ લોહી વહેવા માંડ્યું. તે જોઇને સ્વજનો વ્યથિત થઇ ગયા. તે વખતે કાલસૌરિકના પુત્રએ કહ્યું - મને થોડું વાગવા માત્રથી તમને દુઃખ થાય છે, તો નિર્દોષ જીવોનું છેદન-ભેદન કરીશ તો તે જીવોને કેટલી પીડા થશે. મારે આવો પાપ વ્યાપાર ન જોઇએ.

**अ ( आ ) च्छिदित्ता ( य ) - आच्छिद्य ( अव्य. )**

(હાથમાંથી ઝુંટવી લઇને)

**अ ( आ ) च्छिदमाण - आच्छिन्दत् ( त्रि. )**

(એકવાર છેદન કરતો, અલ્પ છેદન કરતો)

ગલ્ફના દેશોમાં કાયદો છે કે કોઈ હાથનું છેદન કરે છે તો હાથને બદલે હાથ, આંખને બદલે આંખ અને જાનને બદલે જાન. જો આ લોકમાં જ આવી સજાઓ થતી હોય તો પરમાત્માએ કેવલજ્ઞાનમાં જોયેલી નરક તો આનાથી પણ બદતર છે. આ ભવમાં તમે એકવાર પણ કોઇ જીવનું છેદન-ભેદન કરો છો તો ત્યાં સેંકડો વખત તમારે પરમાધામી દેવોના હાથે કપાઈ મરવું પડશે. ત્યાં તમે ઇચ્છો તો પણ સ્વતઃ મરી શકતા નથી.

**अच्छिक्क ( देशी )**

(અસ્પૃષ્ટ, નહીં સ્પર્શેલું)

ઇ.સ.૧૮૫૭માં સમગ્ર ભારત દેશ ભડકે બળવા માંડ્યો હતો. કારણ માત્ર એટલું હતું કે, અંગ્રેજ સેનામાં કામ કરતા ભારતીય જવાનોને લડવા માટે જે કારતૂસ આપવામાં આવી હતી તેના ઉપર લગાવવામાં આવતું કવર ગોમાંસમાંથી બનાવવામાં આવતું હતું. તેને દાંતથી તોડવું પડતું, જેને ભારતીય પ્રજા સ્પર્શ પણ ન કરે. માટે મંગલ દેશપાંડે સરકાર વિરુદ્ધ પડ્યો, તો સરકારે તેને ફાંસી આપી ખલાસ કરી નાખ્યો. તે પછી આખો દેશ ઝનૂને ચડ્યો અને અંગ્રેજોની નિંદ હરામ કરી દીધી. અસ્પૃશ્ય ગણાતા માંસને રેસ્ટોરન્ટોમાં બેસીને હોંશે હોંશે ખાનારી જિન્સી પેઢીને શું ખબર કે અંગ્રેજોના પૈશાચી અત્યાચારથી રંગાયેલી આપણા દેશની આઝાદીનો ઇતિહાસ કેવો આઘાતજનક છે ?

**अच्छिचमढण - अक्षिचमढन ( न. )**

(આંખને મસળવી તે. નેત્રને ચોળવા તે)

જીવનમાં ઘણા બધા કાર્યો એવા હોય છે કે જે અશક્ય લાગતા હોય, પરંતુ જ્યારે તે થઇ જાય છે ત્યારે પોતાની આંખો પર વિશ્વાસ

નથી થતો અને વ્યક્તિ પોતાની આંખો મસળીને નક્કી કરે છે કે, આ હકીકત છે કે સ્વપ્ન. તે કાર્ય પાછળ કારણ હોય છે વ્યક્તિના પુણ્ય અને પુરુષાર્થ. આના સિવાયના બીજા બધા નિમિત્ત કારણો જ છે. જિનશાસન મળવું તેમાં પુણ્ય કારણ અને સમ્યગ્દર્શન મળવામાં આત્મપુરુષાર્થ કારણ છે.

**अच्छिज्ज – अच्छेद्य ( न. )**

(છેદવાને અશક્ય, અચ્છેદ્ય)

આ જગતમાં કેટલાક પદાર્થોનું છેદન-ભેદન-ગ્રહણ-વિભાજનાદિ કરવું અશક્ય છે. ભગવતીસૂત્રના બીજા શતકના છઠ્ઠા ઉદ્દેશામાં જણાવ્યું છે કે, સમય અર્થાત્ કાળનો અવિભાજ્ય અંશ, પ્રદેશ એટલે ધર્માસ્તિકાયાદિનો અવયવરહિત અંશ તથા પરમાણુ એટલે કે સ્કંધ રહિત છૂટ્ટો પુદ્ગલ. આ બધા પદાર્થો અભેદ્ય, અચ્છેદ્ય, અદાહ્ય, અગ્રાહ્ય, અમદૃષ્યા અને અનર્ધ છે. ચૌદ રાજલોક પ્રમાણ વિશ્વમાં આ પદાર્થો ઠાંસી ઠાંસીને ભરેલા છે.

**★आच्छेद्य ( न. )**

(ગોચરીના ૪૨ દોષમાંનો ઉદ્ગમનો ૧૪મો દોષ)

ભિક્ષા લેવા માટે નીકળેલા સાધુને આહાર ગ્રહણ કરતી વખતે દોષો લાગવાની સંભાવના છે. આવા કુલ ૪૨ દોષો પિંડનિર્યુક્તિ ગ્રંથમાં બતાવેલા છે. આ ૪૨ દોષોમાં ૧૬ ઉદ્ગમ દોષો છે તેમાંનો એક પ્રકાર છે આચ્છેદ્ય દોષ. કોઇ સાધુ ઘરમાં ભિક્ષા લેવા પ્રવેશ્યા હોય અને ગૃહસ્થને ખબર પડે કે સાધુ આવ્યા છે તેમને વહોરાવવાની ભાવનાથી બાળક પાસે રહેલી ખાદ્ય વસ્તુ છીનવી લઇને સાધુને વહોરાવે તો સાધુને આચ્છેદ્ય દોષ લાગે છે. આવો આહાર સાધુને લેવો નિષિદ્ધ છે.

**अच्छिज्जंति – आच्छिद्यमाना ( स्त्री. )**

(તબલા વીણાદિ વાદનના પ્રકારથી વાગતી)

**अच्छिणिमीलिय – अक्षिनिमीलित ( न. )**

(આંખ મીંચવી તે)

આયુષ્ય ક્ષણભંગુર છે. કયા સમયે સદાયને માટે આંખ મીંચાઈ જશે તેની કોઈને ખબર નથી. બાળપણ, યુવાની કે પારિવારિક જવાબદારીઓ બાબતે કંઈક વિચારવા માટે કે આયોજન માટે એક સમય પણ વધારાનો મળતો નથી. મિત્રો ! આપણે આખી જીંદગી જે પણ મિલકત ઈજ્જત વગેરે કમાયેલું છે તે આપણા પરિવારને મૃત્યુ પછી આપોઆપ મળી જાય છે. પણ દુર્વચનો કે દુષ્કૃત્યો દ્વારા આપણે કોઈના હૃદયને દુભવ્યું હશે તો તેનું ફળ પરિવારને ભોગવવાનું નહીં આવે. એટલા માટે ખૂબ શાંતિથી વિચારજો અને કોઈને તમારા વચન કે પ્રવૃત્તિથી દુ:ખ થાય તેવું કરતા નહીં.

**अच्छिणिमीलियमेत्त – अक्षिनिमीलितमात्र ( न. )**

(આંખ મીંચીને ઉઘાડવામાં જેટલો સમય લાગે તે, આંખના પલકારા જેટલો કાળ)

જીવાભિગમસૂત્રની ત્રીજી પ્રતિપત્તિમાં જણાવ્યું છે કે, નારકીઓને પૂર્વભવોમાં બાંધેલા કર્મોના ફળ સ્વરૂપે નરકમાં દિવસ-રાત ચોવીસેય કલાક અત્યંત દુ:ખ ભોગવવું પડે છે. તેઓને આંખ મીંચીને ઉઘાડવામાં જેટલો સમય લાગે તેટલો સમય પણ સુખ કે શાંતિ પ્રાપ્ત થતી નથી. ત્યાં તેમને માત્ર ને માત્ર દુ:ખ-દર્દ સિવાય બીજું કાંઈ જ નથી મળતું.

**अच्छिण्ण – अच्छिन्न ( त्रि. )**

(અલગ ન કરેલું હોય તે ૨. સ્ખલના નહીં પામેલું, અવિચલિત ૩. સતત)

કોઈકને એવો પ્રશ્ન થાય કે, સાધુ થઈને પણ ધર્મ કરવાનો છે અને ગૃહસ્થ રહીને પણ ધર્મ કરવાનો છે, તો પછી મહાત્મા બનવાની આવશ્યકતા શું ? આનો જવાબ આ પ્રમાણે છે - ગૃહસ્થ વ્યક્તિને સંસારની અનેક પ્રકારની સતત પળોજણ રહેલી હોય છે. તેને પરિવારનું પોષણ, અર્થોપાર્જન, વડીલોની સાર-સંભાળ ઇત્યાદિ સાંસારિક-વ્યાવહારિક જવાબદારીઓ વહન કરવાની હોય છે. આ બધું સાચવતાં તેને પોતાના આત્મહિત માટે થોડોક પણ સમય કાઢવો મુશ્કેલ બની જાય છે તથા ઘણી વખત જાણતા અજાણતા પાપોનું આચરણ પણ થતું જ રહેતું હોય છે. આ વાસ્તવિકતા છે. માટે ખરેખર જેમણે આત્મકલ્યાણ કરવાની અંતરથી ઉત્કટ ઈચ્છા છે તેઓ સાંસારિક સર્વ પદાર્થોનો ત્યાગ કરી સર્વવિરતિ પંથે ગમન કરે એ જ શ્રેયસ્કર છે.

★**आच्छिन्न ( त्रि. )**

(બળાત્કારે ગ્રહણ કરેલું ૨. સારી રીતે છેદેલું, કાપેલું ૩. પ્રતિનિયત કાળની વિવક્ષાથી રહિત)

અત્યારના જમાનામાં લોકોને સાચા કે ખોટા રસ્તેથી બસ રૂપિયા જ ખપે છે. સીધી રીતે મળે તો ઠીક નહિતર પડાવીને પણ પૈસાદાર બનવું છે. પરંતુ ભઈલા ! શાંતિથી થોડુંક વિચાર, શું ધનવાન માત્ર સુખી છે ? પૈસાના કારણે આપણને જે અત્યંત સુખી દેખાય છે, તેને પોતાના કે કૌટુંબિક જીવનનો આનંદ ખરેખર કેટલો છે ? જરા નજીકથી તેમની જીંદગીની સત્યતાને તપાસશો તો સમજાશે કે આડા-અવળા માર્ગેથી કમાયેલા પૈસા તો છે પરંતુ, અણમોલ સ્વાસ્થ્ય નથી. જીવનમાં કે પરિવારમાં શાંતિ નથી. સમાજમાં કિંમત નથી ને લોકોનો ધિક્કાર લમણે ઝીંકાયેલો છે. માટે માત્ર પૈસાના જોરે સુખ મળી જ જશે, એ માન્યતા સદંતર ભૂલભરેલી છે. જો તેમ જ હોત તો જેની પાસે પૈસા વધારે તેમ તેનું સુખ વધુ હોત.

**अच्छिण्णच्छेदणय - अच्छिन्नच्छेदनय ( पुं. )**

(પરસ્પર અવિભક્ત સૂત્રનો છેદ-વિભાગ ઇચ્છનાર એક નય, નયવિશેષ)

'અછિન્નચ્છેદનય' શબ્દ પરસ્પર અવિભક્ત સૂત્રોનો વિભાગ કરનાર એક નયવિશેષવાચી છે. જેમ કે દશવૈકાલિકની માંગલિક ગાથા 'ધમ્મો મંગલમુક્કિટ્ઠં' અર્થની દૃષ્ટિએ બીજી ગાથા સાથે સંકલિત છે છતાં પાઠની અપેક્ષાએ આ નય તેને અલગ અલગ ગાથા માને છે. એ રીતે પરસ્પર અવિભક્તસૂત્રના વિભાગની અપેક્ષાવાળો નયવિશેષનો આ પ્રકાર કહેવાયો છે.

**अच्छिण्णच्छेदणइय - अच्छिन्नच्छेदनयिक ( न. )**

(અચ્છિન્નચ્છેદ નયની અપેક્ષાએ રચેલા સૂત્ર ૨. આજીવક મતના સૂત્રની પરિપાટી)

**अच्छित्तिणय - अच्छित्तिनय ( पुं. )**

(દ્રવ્યને નિત્ય માનનાર પક્ષ, નિત્યતાવાદ)

આર્યદેશમાં જે ધર્મ-દર્શનો પ્રચલિત છે તેના સમૂહ રૂપ ષડ્દર્શનમાં એક એવું પણ દર્શન છે કે, જે દ્રવ્યાદિકને માત્ર નિત્ય જ માને છે. જેને લોકો નિત્યતાવાદ કે અચ્છિત્તિનયવાદથી પણ ઓળખે છે. જૈન દર્શન સિવાયના દર્શનો એકાન્તે આગ્રહવાદી છે.

**अच्छिद्द - अच्छिद्र ( त्रि. )**

(પ્રમાદાદિથી સ્ખલનારહિત, છિદ્રરહિત, નિશ્ચિદ્ર, નિર્દોષ ૨. ગોશાળાના છ દિશાચર સાધુઓમાં ચોથા દિશાચર સાધુ)

સ્વ-પરની ઉન્નતિ અને કલ્યાણ માટે ભાવવામાં આવતી શુભભાવનાઓ પૈકીની આ પણ એક ભાવના છે કે જગતના સર્વ જીવો સ્વના વિકાસમાં, પોતાના કલ્યાણમાં પ્રમાદાદિ છિદ્રો-દોષોને કારણે તકલીફ અનુભવી રહ્યા છે, તેઓ દોષરહિત થાઓ અને કલ્યાણને પ્રાપ્ત કરો.

**अच्छिद्दजाल - अच्छिद्रजाल ( न. )**

(છેદરહિત ૨. કોઈક વસ્તુ આદિનો સમુદાય)

જેમ નદી કે સમુદ્રને પાર કરવા, એક સ્થાનેથી બીજા સ્થાને પહોંચવા માટે નાવનો સહારો લેવાય છે પરંતુ, તે હોડીમાં જો છેદ-કાણું પડી જાય તો ? હોડીમાં બેઠેલાઓની જળસમાધિ નિશ્ચિત થઈ જાય છે. તેમ ભવસાગર તરવા માટે સમ્યક્ ચારિત્ર એ નાવ છે. તેનું પાલન કરનાર ભવસાગર ખૂબ સહેલાઈથી તરી જાય છે. પરંતુ આ ચારિત્રરૂપ નાવમાં પ્રમાદાદિ દોષો રૂપ જો કાણાં પડે તો આત્મા ભવસાગરમાં ડૂબી જતા વાર ન લાગે.

**अच्छिद्दजालपाणि - अच्छिद्रजालपाणि ( पुं. )**

(છિદ્રરહિત આંગળીઓવાળો હાથ, આંગળીઓમાં પરસ્પર છિદ્ર ન હોય તેવો હાથ)

સીધી સપાટ હથેળીમાં આંગળીઓ ટટ્ટાર ભેગી રાખીને જોતા તેમાં વચ્ચે જો છેદ-જગ્યા દેખાય તો તે અનુક્રમે બાળપણ, યુવાની અને ઘડપણમાં દુઃખને સૂચવનારું લક્ષણ છે એમ સામુદ્રિક શાસ્ત્રમાં જણાવ્યું છે. પરસ્પર જગ્યા વગરની, કોમળ અને યોગ્ય માપવાળી આંગળીઓ શુભ લક્ષણવાળી જણાવાઈ છે.

**अच्छिद्दपत्त - अच्छिद्रपत्र ( त्रि. )**

(અખંડપત્રવાળું, જેના પાંદડા છિદ્ર વગરના હોય તે)

પવન લાગવાથી કે કીટાણુઓ લાગવાથી અથવા કાળદોષથી પણ જે વૃક્ષના પાંદડાઓ બચી ગયેલા હોય તે અખંડ રહે છે. યાવત્ તેમાં છિદ્રાદિ ન હોવાથી પરિપૂર્ણ સ્વરૂપે હોય છે. તેમ કાળદોષ કે કષાયાદિ દુર્ગુણોથી અથવા કુમિત્રોની સંગતથી જેનું જીવન બચી ગયેલું હોય તે અખંડ અને નિર્મળ ચરિત્રવાળો આત્મા અપૂર્વ આરાધનાઓ કરી થોડાએક ભવોમાં મુક્તિગામી બને છે.

**अच्छिद्दपसिणवागरण - अच्छिद्रप्रश्नव्याकरण ( पुं. )**

(અવિરલ પ્રશ્નોત્તર જેમાં છે તે, નિર્દુષ્ટ પ્રશ્નોત્તર)

પંચમાંગ ભગવતીસૂત્રની અંદર ભવ્યજીવના ઉપકાર હેતુ પરમાત્મા મહાવીર અને ગણધર ગૌતમસ્વામી વચ્ચે થયેલા ૩૬૦૦૦ પ્રશ્નોત્તરનું વિવરણ કરવામાં આવેલું છે. આ પ્રશ્નોત્તર યુક્તિસંગત અને નિર્દુષ્ટ છે. આવા પ્રશ્નોત્તરને ભગવતીસૂત્રકારે અચ્છિદ્રપ્રશ્નવ્યાકરણ તરીકે ઉલ્લેખિત કરેલા છે.

**अच्छिद्दविमलदसण - अच्छिद्रविमलदशन् ( पुं., स्त्री. )**

(છિદ્ર રહિત નિર્મલ દંતપંક્તિવાળો ૨. પરસ્પર અવકાશરહિત દાંતવાળી)

જેના દાંત અત્યંત મજબૂત, નિર્મલ અને વિકૃતિરહિત છે તેની પાછળ કારણભૂત નામકર્મ છે. આ કર્મના કારણે દંતપંક્તિ મોતીના દાણા જેવી, વચ્ચે અવકાશ વગરની અને લોકોને પણ ગમે તેવી હોય છે. જીભની રક્ષા અને આહાર ચર્વણ એમ દાંત બે કાર્ય કરે છે. જીભ જો વધારે પડતી આડી અવળી ચાલી તો દાંત તેની તરત જ ખબર લઈ લે છે. સમજાયું કાંઈ?

**अच्छिपत्त - अक्षिपत्र ( न. )**

(આંખની પાંપણ, પલક)

લવણ સમુદ્રમાં વિશાળકાય મગરમચ્છની પાંપણ પર બેઠેલો તંદુલીયો મત્સ્ય માત્ર મન દ્વારા અશુભવિચાર કરીને સાતમી નરકમાં જવા જેટલું પાપ બાંધે છે. આથી જ શાસ્ત્રકારોએ કહ્યું છે કે, બને એટલો મનનો નિરોધ કરો. નિરોધ એટલે મનને મારવું એમ નથી. પરંતુ અશુભ દિશામાં જતું રોકીને તેને શુભ દિશામાં વાળવું તે છે. કેમ કે મન તો વાયુ જેવું ચંચલ હોવાથી તેને મારવું દુઃશક્ય છે, પરંતુ સાચી દિશામાં વાળવું તો શક્ય જ છે.

**अच्छिवेहग - अक्षिवेधक ( पुं. )**

(એક પ્રકારનો ચઉરેન્દ્રિય જીવ,ઉત્તરાધ્યયનસૂત્ર અને જીવાભિગમસૂત્રમાં આનો નામોલ્લેખ મળે છે)

**अच्छिमल - अक्षिमल ( पुं. )**

(આંખનો મેલ, નેત્રમળ-પીયો)

મેલ શબ્દ સાંભળતા જ મનમાં તેના પ્રત્યે સૂગ ચઢે છે. પછી તે દેશનો હોય, શહેરનો હોય, શેરીનો હોય, ઘરનો હોય કે પછી પોતાની આંખનો હોય. વ્યક્તિ તેને દૂર કરવામાં જ સારું માને છે. કેમ કે તે જાણે છે આ મેલથી મને ચોક્ખું નહિ દેખાય અને મારું મોઢું ખરાબ લાગશે. બસ આત્મા પર જ્યાં સુધી કર્મનો મેલ જામેલો છે ત્યાં સુધી સાચું નહીં દેખાય અને આત્મા અસુંદર લાગશે. આટલું પણ સમજાઇ જાય તો પછી આત્મામાં કર્મમેલને આવવાના કારણો મંદ પડી જાય.

**अच्छिरोडय - अक्षिरोडक ( पुं. )**

(એક પ્રકારનો ચાર ઇંદ્રિયવાળો જીવ, ઉત્તરાધ્યયનસૂત્રના છત્રીસમા અધ્યયનમાં આનો નામોલ્લેખ છે)

**अच्छिल - अक्षिल ( पुं. )**

(એક પ્રકારનો ચાર ઇંદ્રિયવાળો જીવ, તેનો નામોલ્લેખ પૂર્વોક્ત સૂત્રમાં છે)

**अच्छिवडणं ( देशी )**

(આંખોનું નિમીલન, આંખ મીંચવી તે)

કેવલી ભગવંતોએ કહેલું છે કે, જ્યાં સુધી આંખો ખુલ્લી છે ત્યાં સુધી જ આપણી વર્તમાન દુનિયા છે. જે દિવસે આંખો મીંચાઇ જશે તે દિવસે બધું જ ખતમ થઇ જશે. આંખો બંધ થયા પછીની જે સાવ અલગ જ દુનિયા છે તેના માટે કોઇ દિવસ વિચાર કર્યો છે ખરો ? એમ થયું છે ક્યારેય કે, મારી આંખો કાયમ માટે બંધ થઇ ગયા પછી મારુ શું ? જો ન વિચાર્યું હોય તો વિચારવાનું ચાલુ કરી દો અને તે દિશામાં પ્રયત્ન પણ આરંભી દો. કોઇક કવિએ પણ કહ્યું છે કે, 'मूँद गई अँखियां डूब गई दुनिया'

**अच्छिविअच्छि ( देशी )**

(પરસ્પરનું આકર્ષણ, એકબીજા તરફનું ખેંચાણ)

જેમ સ્ત્રી-પુરુષની એકબીજા પ્રત્યેની રૂચિ પરસ્પર આકર્ષણ જન્માવે છે. તેમ પરમાત્મા પ્રત્યેનો ભક્તિરાગ ભગવાનને ભક્ત તરફ કૃપાદૃષ્ટિ કરવા આકર્ષિત કરે છે. મહોપાધ્યાય યશોવિજયજીએ સ્તવનમાં કહ્યું છે કે, **'ભક્તિ ભલી આકર્ષી લેશે જિમ ચમક લોહપાષાણો રે'** હે પરમાત્મા ! જેમ લોહચુંબક લોઢાને આકર્ષે છે તેમ મારી ભક્તિ પણ આપને મારી તરફ આકર્ષી લેશે.

**अच्छिवेयणा – अक्षिवेदना ( स्त्री. )**

(આંખની વેદના, નેત્રરોગ વિશેષ)

જ્ઞાતાધર્મકથાંગસૂત્ર નામના આગમમાં સોળ મહારોગની ચર્ચા કરવામાં આવેલી છે. તેમાં બારમા ક્રમે વર્ણવેલો આંખનો આ એક મહારોગ છે. જેના લીધે વ્યક્તિને આંખમાં ભયંકર વેદના અનુભવાય છે.

**अच्छिहरुल्लो ( देशी )**

(અપ્રીતિકર ૨. વેશ, પોષાક પું.)

ભગવાન હરિભદ્રસૂરીશ્વરજી મહારાજે ષોડશક ગ્રંથમાં ત્રણ કક્ષાના જીવોની ચર્ચા કરી છે ૧. બાલ ૨. મધ્યમ અને ૩. પંડિત. તેમાં બાલકક્ષાના જીવો હંમેશાં બાહ્ય વેશને જોનારા હોય છે. અર્થાત્ તેઓ બાહ્યલિંગને જોઇને 'આ સાધુ છે' એમ માનીને તેમને વંદનાદિ કરનારા હોય છે. તેઓ તેમના આચારપાલન, મનના ભાવો કે માન્યતા વગેરે વિશેષ ઊંડાણમાં ઊતરતા નથી હોતા.

**अच्छी – आच्छी ( स्त्री. )**

(અચ્છ નામના દેશમાં ઉત્પન્ન થયેલી સ્ત્રી, જેનો ઉલ્લેખ પ્રજ્ઞાપનાસૂત્રના ૧૧મા પદમાં મળે છે)

**अच्छुय – अप्सुज ( त्रि. )**

(પાણીમાં ઉત્પન્ન થયેલું અથવા અન્તરીક્ષમાં ઉત્પન્ન થયેલું, જળમાં ઉત્પન્ન હોય તે કોઈપણ)

જળમાં ઉત્પન્ન થયેલો એક તરંગ બીજા તરંગને, બીજું ત્રીજાને અને ત્રીજું ચોથાને એમ ક્રમશઃ તરંગોની પરંપરા સર્જે છે. તેમ ચિત્તમાં ઉત્પન્ન થયેલા અશુભવિચારો પણ જલતરંગ જેવા છે. તે મનમાં વિચારોની હારમાળા પેદા કરે છે. જેનાથી મન ચંચળ બને છે અને અત્યંત ચંચળ બનેલા મનમાં શુભવિચારો પ્રવેશી શકતા નથી.

**★आस्तृत ( त्रि. )**

(આચ્છાદિત, ઢાંકેલું)

કર્મવિપાક નામક પ્રથમ કર્મગ્રંથમાં આત્માને સૂર્ય સમાન કહેલો છે. જેમ સૂર્ય અત્યંત તેજોમય હોવા છતાં પણ જો તે વાદળોથી આચ્છાદિત થઇ જાય તો તેનો પ્રકાશ ઝાંખો પડી જાય છે. તેમ આત્મા જ્ઞાનાદિ અનંતગુણમય હોવા છતાં પણ કર્મરૂપી વાદળોથી આચ્છાદિત હોવાથી તે અજ્ઞાનાદિ મોહયુક્ત જણાય છે.

**अच्छुरण – आस्तरण ( न. )**

(ઘાસની શય્યા ૨.ચર્મમય પાથરણું ૩. સાધુની ઔપગ્રહિક ઉપધિમાં સામેલ શય્યાસન)

ચક્રવર્તીના ચૌદરત્નમાં એક રત્ન આવે છે ચર્મરત્ન. આ એક પ્રકારના પાથરણા જેવું હોય છે અને ચામડાનું બનેલું હોય છે. છ ખંડ જીતવા ગયેલ ચક્રવર્તીની સેનાના ભોજનની વ્યવસ્થા પૂરી પાડવા માટે છત્રરત્નની નીચે ચક્રવર્તીના સ્પર્શમાત્રથી બારયોજનની લંબાઈવાળું આ રત્ન થાય છે અને એમાં સવારે વાવેલું ધાન્ય સાંજ સુધીમાં વાપરવા લાયક બની જાય છે.

**अच्छुरिय – आच्छुरित ( न. )**

(શબ્દસહિત હાસ્ય ૨. નખાઘાત ૩. નખથી વગાડાતું વાજિંત્ર ૪. વિસ્તીર્ણ, ફેલાયેલું)

ઉપાશ્રયનો કાજો કાઢતાં શુભભાવમાં ચઢેલા મુનિવરને કર્મના ક્ષયોપશમથી અવધિજ્ઞાન ઉપન્યું. અવધિજ્ઞાનમાં તેઓએ પ્રથમ દેવલોકમાં પોતાની રિસાયેલી ઇન્દ્રાણીને મનાવવા કાલાવાલા કરતા ઇન્દ્રને જોયો અને તેમને સંસારની વિચિત્રતા જોઇને હસવું આવી ગયું. બસ ! આવેલું જ્ઞાન ચાલ્યું ગયું. જો સામાન્ય હાસ્યથી વિશિષ્ટ જ્ઞાન ચાલ્યું જાય છે તો દરરોજ મોટે મોટેથી હાહા ને હીહી કરીને હસવાથી કેટલો બધો કર્મબંધ થતો હશે તે વિચારવા જેવું છે.

**अच्छुल्लूढ - अच्छोल्लूढ ( त्रि. )**

(સ્થાન ભ્રષ્ટ કરેલું, નિષ્કાસિત, બહાર કાઢેલું)

રાજાના મહેલમાં નિયુક્ત થયેલો પુરુષ જો રાજાની આજ્ઞાનુસાર ફરજો નથી બજાવતો તો તેને લોકો પદભ્રષ્ટ કરીને તેના સ્થાનેથી ઉતારી મૂકે છે. સ્થાનભ્રષ્ટ થયેલી એ વ્યક્તિ પાછળથી પસ્તાવો કરે તો પણ તેની કોઇ કિંમત હોતી નથી. તેમ પુણ્યયોગે જૈનકુળ જેવા ઉત્તમકુળમાં આવ્યા પછી પણ જૈનત્ત્વના આચારો જે નથી પાળતો, તો કર્મસત્તા તેને ફરી ક્યારેય પણ જલદી જિનધર્મ પ્રાપ્ત કરાવતી નથી.

**अच्छेज्ज - अच्छेद्य ( न. )**

(છેદવાને અશક્ય)

ભગવદ્‌ગીતામાં આત્માની ચર્ચા કરતા લખ્યું છે કે, આત્મા અમર છે તેને કોઇ શસ્ત્રો છેદી નથી શકતા. અગ્નિ તેને બાળી નથી શકતો. **'नैनं छिन्दन्ति शस्त्राणि । नैनं दहति पावकः'** આશ્ચર્ય છે કે, આવો પણ આત્મા સંસારના પૌદ્‌ગલિક સુખોમાં મોહાંધ બનીને પોતાના સ્વાભાવિક ગુણોને ભૂલી ગયો છે.

**अच्छेद - अच्छेद ( न. )**

(ગૌણ અનુજ્ઞા)

જિનશાસનમાં જ્ઞાન-દર્શન-ચારિત્રની આરાધના માત્ર નામથી પ્રસિદ્ધ નથી પરંતુ, ગુણ પ્રસિદ્ધ છે. ભગવાન ઋષભદેવથી ચાલી આવતી આ પરંપરાને કેટલાય મહાપુરુષોએ આચરી છે અને તેની આરાધનાથી અનંતા જીવો સિદ્ધિસુખને પામ્યા છે. આથી સુખને ઇચ્છનારાએ શિષ્ટપુરુષોએ આચરેલી આ પંરપરાનું ખંડન ન કરતાં તેનું આચરણ કરવું જ યોગ્ય છે.

**अच्छेर ( ग ) - आश्चर्य ( न. )**

(આશ્ચર્ય, કુતૂહલ, વિસ્મયથી જે જણાય તે, અદ્‌ભુત)

અનંત ઉત્સર્પિણી અને અનંત અવસર્પિણી જાય છે ત્યારે દસ પ્રકારના એવા આશ્ચર્ય સર્જાય છે જે કોઇપણ રીતે માની ન શકાય. આવું કેમ બન્યું તેનું કોઇ જ કારણ આપી ન શકાય. આ અવસર્પિણી દરમ્યાન આવા દશ આશ્ચર્ય બન્યા છે. તેના નામ છે ૧. તીર્થંકરને ઉપસર્ગ ૨. તીર્થંકરના ગર્ભનું હરણ ૩. સ્ત્રીવેદે તીર્થંકર ૪. અભાવિત પર્ષદા ૫. કૃષ્ણનું અપરકંકા નગરીમાં ગમન ૬. સૂર્ય ચંદ્રનું મૂળ વિમાને પૃથ્વી પર આવવું ૭. યુગલિકો દ્વારા હરિવંશકુળની ઉત્પત્તિ ૮. ચમરનો ઉત્પાત ૯. એક સમયમાં ઉત્કૃષ્ટ અવગાહનાવાળા એકસો આઠ જીવોનું સિદ્ધિગમન અને ૧૦. અસંયત એટલે ગૃહસ્થોની પૂજા થવી. આમાંના પાંચ આશ્ચર્ય તો ભગવાન મહાવીસ્વામીના શાસનકાળ દરમિયાન જ થયા છે અને બાકીના પાંચ જુદા-જુદા તીર્થંકરોના સમયમાં થયેલા છે. આ આશ્ચર્યોને આપણે અચ્છેરા તરીકે ઓળખીએ છીએ.

**अच्छेरपेच्छणिज्ज - आश्चर्यप्रेक्षणीय ( त्रि. )**

(આશ્ચર્યજનક દશ્ય, કૌતુક ઉપજાવે તેવી વસ્તુ)

ચારિત્રની ભાવના હોવા છતાં પિતાની આજ્ઞાથી આઠ કન્યાઓને પરણવા બેઠેલા ગુણસાગર યુવરાજને લગ્નમંડપમાં જ શુભ ભાવે ચઢતાં કેવલજ્ઞાન ઉપન્યું હતું અને તેમની સાથે પરણવા બેઠેલી આઠેય કન્યાઓને પણ ત્યાં જ કેવલજ્ઞાન પ્રાપ્ત થયું હતું. બોલો ! છે ને આશ્ચર્યજનક વાત. લગ્નમંડપ જે કર્મબંધનું સ્થાન છે તે વરરાજા અને નવોઢાઓને મોક્ષસુખ અપાવનાર બન્યું. કૌતુક તો આવી અદ્‌ભુત વાતોમાં થવું જોઇએ ગિનીસબુક ઑફ વર્લ્ડ રેકોર્ડમાં નહીં.

**अच्छेरवंत - आश्चर्यवत् ( त्रि. )**

(આશ્ચર્યકારી ઘટના, ચમત્કારી, જેને કહેતા આશ્ચર્ય થાય તેવું)

અષ્ટાપદની યાત્રા કરીને ઉતરતા હનૂમાને આકાશમાં સપ્તરંગી મેઘધનુષ જોયું અને આશ્ચર્યથી તેમની આંખો પ્રફુલ્લિત થઇ ગઇ. પરંતુ એક પવનનું ઝોકું આવ્યું અને મેઘધનુષ વિખરાઇ ગયું. આ જોઇને હનૂમાનને જીવનની અસારતા ખ્યાલમાં આવી ને તેમનું મન વૈરાગ્ય વાસિત બન્યું. તેઓએ પ્રવ્રજ્યા ગ્રહણ કરી. આપણે પણ આવા ઘણા આશ્ચર્યના બનાવો રોજ જોતા હોઇએ છીએ, પરંતુ આપણું મન ક્યારેય વૈરાગ્ય તરફ વળ્યું નથી. શા માટે ? આની આત્મખોજ કરવા જેવી છે.

**अच्छोडण - आस्फोटन ( न. )**

(આંગળીઓ ફોડવી ૨. ધોબીની જેમ વસ્ત્રને પથ્થર પર અફળાવવું તે)

એક કુસ્તીબાજ બીજા મલ્લને જમીન પર પછાડીને પોતાની જીત પર ખુશી મનાવતો હોય છે અને તેની જીત જોઇને લોકો પણ તેમાં શામિલ થઇ જાય છે. પરમાત્મા કહે છે કે, આમાં હરખાવવા જેવું નથી. જ્યાં સુધી કર્મમલ્લને માત નથી આપી ત્યાં સુધી ગમે તેટલું શરીર સૌષ્ઠવ હોય બધું જ નકામું છે. ગમે તેવો બળવાન પુરુષ કર્મમલ્લ આગળ નિર્બળ થઇ જાય છે. ખરેખર કર્મને પછડાટ આપવામાં આત્માની જીત છે.

**अच्छोडणं ( देशी )**

(શિકાર, મૃગયા)

શ્રેણિક રાજાને તીર્થંકર નામકર્મ બાંધતાં પૂર્વે મિથ્યાત્વ અવસ્થામાં શિકારનું વ્યસન હતું. એક વખત જંગલમાં તેઓએ એક ગર્ભવતી હરણીનો શિકાર કર્યો. તીર વાગતાં હરણી તો મરી જ ગઇ પરંતુ, સાથે-સાથે તેના પેટમાં રહેલું બચ્ચું પણ તરફડીને મરી ગયું. શ્રેણિકે શોક વ્યક્ત કરવાની જગ્યાએ તેણે મૂછ પર તાવ દેતા હર્ષ કર્યો કે, જોયું એક તીરમાં બે શિકાર તે આનું નામ. આવા ઘોર અપરાધ બદલ તેમને પ્રથમ નરકમાં જવું પડ્યું. કર્મ આગળ બધા જ સરખા છે. ચાહે તે તીર્થંકરનો આત્મા હોય કે ચાહે તે રાંક હોય. ત્યાં બધાનો હિસાબ સરખો જ થાય છે.

**अच्छोदग - अच्छोदक ( न. )**

(સ્વચ્છ જલ)

અષ્ટપ્રકારી પૂજાના રચનાકારે પ્રથમ જળપૂજાના દૂહામાં લખ્યું છે કે, હે પરમાત્મા ! જ્ઞાનરૂપી કળશ અને સમતા રસથી ભરપૂર મારો આત્મા આપની પાસે લઇને આવ્યો છું. આપની જલપૂજાના પ્રતાપે મારા સઘળાય કર્મો ચકચૂર થઇ જાઓ. અને જેમ આ જળ એકદમ સ્વચ્છ અને નિર્મળ છે તેમ મારો આત્મા પણ કર્મરહિત અત્યંત નિર્મળ બને.

**अच्छोदगपडिहत्थ - अच्छोदकप्रतिहस्त ( त्रि. )**

(સ્વચ્છ જલથી પરિપૂર્ણ)

જિન પ્રતિમા એ શાસ્ત્રવિહિત અને શિષ્ટજન સમ્મત છે. રાયપસેણીય નામક આગમમાં સૂર્યાભદેવનું વર્ણન આવે છે. તેમાં લખેલું છે કે, સૂર્યાભદેવ પ્રતિદિન સ્વચ્છજલથી પરિપૂર્ણ વાવડીમાં સ્નાન કરીને ઉત્કૃષ્ટ દ્રવ્યોથી જિનેશ્વર પરમાત્માની પૂજા કરે છે. જો પ્રતિમા અમાન્ય હોત તો ગણધરભગવંત રચિત આગમોમાં જિનપ્રતિમાની પૂજાનો ઉલ્લેખ કેવી રીતે હોઇ શકે ?

**अजंगम - अजङ्गम ( त्रि. )**

(ગમનશક્તિ વગરનું, સ્થિર, જંઘાબળ રહિત)

શાસ્ત્રમાં બે પ્રકારના વિહાર આવે છે ૧. જંગમ વિહાર અને ૨. અજંગમ વિહાર. અર્થાત્ અસ્થિર કલ્પ અને સ્થિર કલ્પ. જે શ્રમણો ચારિત્રમાં ઉદ્યત છે અને જેમનું શરીરબળ દઢ છે તેવા સાધુઓ માટે શાસ્ત્રમાં અસ્થિર કલ્પ કહેલો છે. તેવા સાધુઓ ક્યારેય પણ સ્થિરવાસ નથી કરતા. પરંતુ જેનું શરીરબળ ક્ષીણ થઇ ગયુ છે અને જે વિહાર કરવા સક્ષમ નથી તેમના માટે આગમોમાં સ્થિરવાસ બતાવ્યો છે. તેઓ એક સ્થાને રહિને શક્ય એટલી આરાધના કરે એમ શાસ્ત્રાદેશ છે.

**अजज्जर - अजर्जर ( त्रि. )**

(જરા રહિત, વૃદ્ધત્વહીન, ઘડપણ વગરનું)

જેમ બિલ્ડીંગ ચાર પાયા વગર ઊભું રહી શકતું નથી. એ જેટલું સત્ય છે તેમ જીવન પણ બાળપણ-યૌવન-ઘડપણ અને મૃત્યુ એ ચાર પાયા પર રહેલું છે.બાળપણ નિર્દોષતામાં વીતે છે. યુવાની મસ્તીમાં વીતે છે. ઘડપણ અને મૃત્યુ એ બન્ને મિત્ર જેવા છે. વૃદ્ધત્વ આવ્યું એટલે સમજી લેવું કે મૃત્યુ નજીકમાં જ છે. આ હકીકતની કોઇપણ ઉપેક્ષા કરી શકે તેમ નથી. આથી જ ભગવાને ફરમાવ્યું છે કે એકવાર જન્મ લો તો એવો લો કે જ્યાં મૃત્યુ સ્પર્શી પણ ના શકે. તેવું સ્થાન એક માત્ર મોક્ષ છે ત્યાં ઘડપણ જ નથી તો પછી મૃત્યુ ક્યાંથી હોય.

**अजणियकण्णिया - अजनितकन्यिका ( स्त्री. )**

(અજનિતકન્યિકા નામક પ્રવ્રજ્યાનો એક ભેદ)

પંચકલ્પ ભાષ્ય અને તેની ચૂર્ણિમાં કુલ સોળ પ્રકારના સંયમનું વર્ણન આવે છે તેમાંનો એક પ્રકાર છે અજનિતકન્યિકા. કોઇ સ્ત્રીને પુરુષના સંસર્ગ વગર જ ગર્ભ રહી જાય અને તે પુત્ર મોટો થઇને પ્રવ્રજ્યા ગ્રહણ કરે તેને અજનિતકન્યિકા કહેવામાં આવે છે.

**अजमेरु - अजमेरु ( पुं. )**

(અજમેર નગર)

પ્રિયગ્રન્થસૂરિએ જ્યાં પ્રતિષ્ઠા કરી હતી અને સુભટપાલ રાજાથી રક્ષિત હર્ષપુરનગરની નજીકમાં અજમેરુ નામનું નગર આવેલું હતું. જેને આજે અજમેરના નામથી આપણે ઓળખીએ છીએ. ખરતરગચ્છીય પ્રસિદ્ધ આચાર્ય શ્રીજિનદત્તસૂરિજીનો કાળધર્મ આ જ નગરમાં થયો હતો.

**अजय - अयत ( पुं. )**

(યતના રહિત, સર્વસાવદ્ય વિરતિહીન ૨. અવિરત સમ્યગ્દષ્ટિ ૨. ગૃહસ્થ કલ્પ સાધુ)

દશવૈકાલિક સૂત્રના ચોથા અધ્યયનમાં જણાવ્યું છે કે, સર્વસાવદ્ય કર્મોની પ્રતિજ્ઞાવાળા સાધુએ ક્યારેય પણ અવિરત પુરુષને ગમનાગમનાદિ કાર્યનો નિર્દેશ કરવો નહીં કારણ કે, જેને સર્વ સાવદ્ય વ્યાપારનો ત્યાગ નથી તેવો ગૃહસ્થ જયણાનું પાલન નહીં કરતો અસંખ્ય જીવોની વિરાધના કરશે, જેનો દોષ સર્વસાવદ્યવિરત શ્રમણ ભગવંતને લાગ્યા વગર રહેતો નથી.

**अजयचउ - अयतचतुर ( पुं. )**

(અવિરત સમ્યગ્દ્દષ્ટિથી ઉપલક્ષિત અવિરત સમ્યગ્દષ્ટિ-દેશવિરત-પ્રમત્ત-અપ્રમત્ત આ ચાર ત્રીજાદિ ગુણસ્થાનકવર્તી)

**अजयणकारि ( ण् ) - अयतनकारिन् ( पुं. )**

(જયણારહિત કાર્ય કરનાર ૨. અસંયત સાધુ)

નિશીથસૂત્રની ચૂર્ણિમાં આ શબ્દની વ્યાખ્યા કરતા કહ્યું છે કે, જે સાધુ જયણાના પાલન વગર કોઈપણ પ્રવૃત્તિ કરે તેને અજયણકારી કહેવાય. એ જ રીતે જે સાધુ કારણ વગર શાસ્ત્રનિષિદ્ધ વસ્તુઓનો પરિભોગ કરે તે સાધુ પણ અજયણકારી અર્થાત્, અસંયત છે એમ જણાવ્યું છે.

**अजयणा - अयतना ( स्त्री. )**

(યત્ના-જયણાનો અભાવ, અજયણા, ઈર્યાદિનું પાલન ન કરવું તે)

શ્રાવક પોતે સર્વસાવદ્ય વ્યાપારથી નિવૃત્ત નથી તેથી સ્થૂલપણે જયણાનો પાલક છે. જ્યારે ગચ્છાચાર પયન્નાના ત્રીજા અધિકારમાં જણાવેલું છે કે, જે સાધુ અભ્યાગત સાધુઓ પ્રત્યે વાત્સલ્યભાવ રહિત છે તેઓ અતિથિ એવા તે સાધુઓની ભક્તિ-વેયાવચ્ચ જયણાના પાલન વગર કરનારા હોય છે.

**अजयदेव - अजयदेव ( पुं. )**

(તે નામે એક રાજા, અજયદેવ રાજા)

વિવિધ તીર્થકલ્પમાં આવતા ઉલ્લેખ પ્રમાણે દૌલતાબાદ નામના મ્લેચ્છ નગરથી વિહાર કરી આવતા આચાર્ય શ્રીજિનપ્રભસૂરિને અજયદેવ નામના રાજાએ 'ભટ્ટારક રાજ' એવું માનવંતુ બિરુદ આપ્યું હતું. આ રાજા વિ. સં. ૧૩૮૯ના વર્ષે થયેલા તેમ જણાવ્યું છે.

**अजयभाव - अयतभाव ( त्रि. )**

(અયતનાનો ભાવ, જયણારહિત પરિણામ, અસંયત અધ્યવસાય)

પિંડનિર્યુક્તિ ગ્રંથમાં 'અયતભાવ' ની વ્યાખ્યા કરતા જણાવ્યું છે કે, અયત એટલે અશુદ્ધ એવા અશનપાનાદિ આહારનો જે પરિત્યાગ ન કરે તેવા સાધુનો જીવરક્ષાના પરિણામશૂન્ય આંતરીક ભાવ તે અયતભાવ છે. તેને અસંયત અધ્યવસાય પણ કહે છે.

**अजयसेवि ( ण् ) - अयतसेविन् ( त्रि. )**

(અયત્ના-જયણા વગર દોષોનું સેવન કરનાર ૨. સંયમનો વિરાધક)

વ્યવહારસૂત્રમાં વર્ણન આવે છે કે, જે સાધુ સંયમના યોગોને સાચવતો નથી અને યત્નાનું પાલન કરતો નથી તેવો સાધુ દષ્ટિવાદને ભણી શકતો નથી. તેના માટે સંપૂર્ણ દ્વાદશાંગીનું જ્ઞાન અશક્ય બની જાય છે. અહો શ્રુતજ્ઞાનની મહત્તા !

**अजर - अजर ( पुं. )**

(જરા વગરનો, ઘડપણ રહિત ૨. દેવ ૩. કુવારપાઠું વનસ્પતિ ૪. વૃદ્ધદારુ વૃક્ષ ૫. ગરોળી)

સદાય યુવાન હોવાથી જેને ઘડપણ નથી સ્પર્શતું તેવા દેવોને અજર કહેવાય છે, પણ સિદ્ધ ભગવંતોને તો શરીર જ નથી માટે તેઓ અનંતકાળ સુધી અજર છે. ઔપપાતિકસૂત્રની અંદર કહ્યું છે કે, સિદ્ધો કર્મરૂપી આવરણથી મુક્ત છે માટે તેઓ અજર અમર અને અસંગ છે અર્થાત્, તેઓને કોઈ જ પ્રકારના વળગણો નથી.

**अजरामर - अजरामर ( न. )**

(જરા-મરણ રહિત સ્થાન, મોક્ષ, મુક્તિ ૨ સિદ્ધ ભગવાન, અમર ૪. પું. મમ્મણ શેઠ)

વાર્ધક્ય અને મૃત્યુથી પર હોય તે અજરામર કહેવાય છે અને તે માત્ર ને માત્ર મોક્ષે પહોંચેલા સિદ્ધ ભગવંતો જ હોઈ શકે છે. બાકી આ સંસારમાં કોઈ એકપણ એવો આત્મા નથી કે જે જરાથી પીડિત ન થતો હોય કે જે મૃત્યુથી પર રહેલો હોય. માટે જ છેદસૂત્ર ગણાતા મહાનિશીથસૂત્રના સાતમા અધ્યયનમાં કહ્યું છે કે, **'णत्थि कोइ जगम्मि अजरामरो'** અર્થાત્ ચતુર્ગતિક આ જગતમાં કોઈ જીવ અજરામર નથી.

**अजस् - अयशस् ( न. )**

(અપયશ, અકીર્તિ, અશ્લાઘા, નિંદા, સર્વદિગ્ગામિની પ્રસિદ્ધિનો અભાવ)

કોઈ ચિંતકે કહ્યું છે કે, જેની પાસે કીર્તિ પણ નથી ને સંપત્તિ પણ નથી તેનું જીવ્યું નહીં જીવ્યા બરાબર છે. સંસારમાં જન્મ તો અસંખ્ય જીવો લે છે પણ જીવન સાર્થક તેનું જ ગણાય છે કે, જે યશ-કીર્તિની વિપુલ કમાણી કરી જાણે. દશવૈકાલિકસૂત્રની પ્રથમ ચૂલિકામાં જણાવ્યું છે કે, **'इहेव धम्मो अजसो अकीत्ति'** અર્થાત્ આ જગતમાં જ ધર્મ પણ છે, અપકીર્તિ પણ છે અને અપયશ પણ છે. વિચારી લેજો તમારે શું કમાવું છે.

**अजसकारग - अयशःकारक ( त्रि. )**

(સર્વદિગ્ગામિની પ્રસિદ્ધિનો અવરોધક, અપકીર્તિ કરનાર)

વ્યક્તિને ખૂબ કીર્તિ કમાવાની ઇચ્છા હોય અને તેને અનુરૂપ કાર્યો કરતો હોય છતાં પણ તેને યશઃકીર્તિ નથી મળતી તો તેનું કારણ શું હોઈ શકે ? જ્ઞાની ભગવંતોએ તો ફરમાવેલું છે કે, જીવે કોઈ ભવમાં અપયશ નામકર્મ બાંધ્યું હોય તો તે કર્મના ઉદયકાળમાં તેને અપયશની પ્રાપ્તિ થાય છે. યાદ રાખજો! દેવ-ગુરુની નિંદા કરનાર અને ગુણી સજ્જનોનો અવર્ણવાદ કરનાર જીવ અપયશ નામકર્મ બાંધે છે. જેના ફળરૂપે તે જગતમાં ખૂબ બદનામી પામે છે તથા સર્વને નિંદનીય બને છે.

**अजसकित्तिणाम - अयशःकीर्त्तिनामन् ( न. )**

(નામકર્મનો એક ભેદ, જેના ઉદયથી જીવ અપયશ પામે છે)

આઠ કર્મોમાં સૌથી વધુ વિચિત્રતાવાળું કર્મ છે નામકર્મ. જગતમાં જે કાંઈ વિવિધતાઓ દશ્યમાન થાય છે તે આ કર્મને આભારી છે. અહીં સુધી કે વ્યક્તિએ વ્યક્તિએ જે અંગોપાંગાદિમાં પણ સુંદરતા અસુંદરતાદિ વૈવિધ્ય દેખાય છે તે નામકર્મના કારણે છે. નામકર્મના કુલ ૧૦૩ પ્રભેદો છે. તેમાં ૪૨ ભેદો પુણ્યકર્મને આધીન અને શેષ પાપકર્મને કારણે જીવને પ્રાપ્ત થાય છે.

**अजसजणग - अयशोजनक ( त्रि. )**

(અપયશ કરનાર ૨. પરનિંદાદિ નિંદનીય કાર્ય કરનાર)

'જયવીયરાય' સૂત્રમાં એક શબ્દ આવે છે 'લોગવિરુદ્ધચ્ચાઓ' અર્થાત્, લોકોમાં નિંદનીય જે છે તેનો ત્યાગ. આ સૂત્રમાં આરાધક આત્મા પરમાત્મા પાસે માગણી કરે છે કે, 'હે ભગવાન ! તારા પ્રભાવથી જે જે લોકવિરુદ્ધ કાર્યો છે તેનો મારા જીવનમાંથી ત્યાગ હો' આ માગણી કોઈ નિયાણું નથી. પણ સદાચારી જીવન માટે પ્રાર્થનીય અને કરણીય માગણી છે. યાદ રાખો કે ધર્મની બાબતમાં પણ લોકવ્યવહાર આચરણીય બને છે માટે શ્રાવક હંમેશાં સદાચારમાં પ્રવર્તન કરનારો હોય છે.

**अजसबहुल - अयशोबहुल ( त्रि. )**

(બીજાનું ખરાબ થાય તેવું કાર્ય કરે તેમાં હાથ-પગ છેદનાદિ અપજશને પામનારો, પ્રચુર નિંદાજનક કાર્ય કરનાર)

વિશ્વમાં અનેક ધર્મો પ્રવર્તે છે અને તે દરેક ધર્મની પોત-પોતાની માન્યતાઓ પણ છે. દરેક ધર્મશાસ્ત્રો એક-બીજાથી ભિન્ન વાત જણાવે છે. આવા વિવિધ માન્યતાવાળા ધર્મમતોમાં પણ એક માન્યતા સમાનરૂપે રહેલી છે અને તે છે, 'અન્ય જીવોને દુઃખ આપવા જેવું કોઈ પાપ નથી' કારણ કે, બીજા જીવોને દુઃખ પહોંચાડીને કોઈ જીવ સુખ પામી શકતો નથી. જે જીવો અન્ય જીવોના હાથ-પગ-નાક કે બીજા અંગોનું છેદન-ભેદન કરવાના હીનકૃત્યો કરે છે તે આ ભવમાં બહુલતાએ અપયશ પ્રાપ્ત કરે છે. પરભવમાં પણ તે દુઃખની ગર્તામાં ધકેલાય છે.

**अजससयविसप्पमाणहियय - अयशःशतविसर्पद्धृदय ( त्रि. )**

(સેંકડો અપયશ-નિંદાદિક કાર્યોમાં જેનું હૃદય સતત ગતિશીલ છે તે)

તંદુલવૈચારિક પ્રકીર્ણક આગમમાં માયાપ્રધાન સ્ત્રીનું વર્ણન આવે છે કે જેનું હૃદય અનેક પ્રકારે અપયશ મળે તેવા અને લોક વ્યવહારમાં ઘણી નિંદા થાય તેવા સેંકડો વિચારોથી ભરેલું હોય, મનસ્વી વિચારોથી પરિપૂર્ણ હોય, તેવી સ્ત્રી માયા-કપટના અનેક ચરિત્રો ભજવતી હોય છે. માટે જ લોકોક્તિમાં કહે છે કે, સ્ત્રીચરિત્રનો પાર બ્રહ્મા પણ ન પામી શકે.

**अजस्स - अजस्त्र ( न. )**

(નિરંતર, હંમેશાંનું, ત્રિકાળ અવસ્થાયી વસ્તુમાત્ર)

સંયમના ભાવવાળો મુમુક્ષુ જ્યારે દીક્ષિત બને છે ત્યારે દેવ-ગુરુ ભગવંતની સાક્ષીએ પ્રતિજ્ઞા કરે છે કે, અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ રૂપ પાંચ મહાવ્રતોનું આમરણાંત સંપૂર્ણ પાલન કરીશ. ગમે તેવી પરિસ્થિતિમાં પણ ગ્રહણ કરેલા મહાવ્રતોનું ઈમાનદારીપૂર્વક પાલન કરીશ અને ભગવંત આપ જે સ્થાને વિરાજમાન છો તે સ્થાને પ્રતિષ્ઠિત થવાનું હરહંમેશ લક્ષ્ય રાખીશ.

**अजहण्णुक्कोस - अजघन्योत्कृष्ट ( त्रि. )**

(મધ્યમ, જઘન્ય કે ઉત્કૃષ્ટ નહીં તે)

સામાન્યથી પુદ્ગલ, જાતિ, આયુષ્ય આદિ જગતના દરેક પદાર્થો બે ભાવવાળા હોય છે. ૧. જઘન્ય-અલ્પ અથવા ૨. ઉત્કૃષ્ટ-વિશાળ. જે પુદ્ગલાદિમાં અત્યંત અલ્પપણું કે ઉત્કૃષ્ટપણું ન હોય તે દરેક મધ્યમ એટલે કે અજઘન્યોત્કૃષ્ટ કહેવાય છે.

**अजहण्णुक्कोसपएसिय - अजघन्योत्कर्षप्रदेशिक ( पुं. )**

(જેની જઘન્ય કે ઉત્કૃષ્ટ સ્થિતિ નથી તેવા પ્રદેશવાળો, મધ્યમ સ્થિતિના પ્રદેશોથી નિષ્પન્ન)

જે લોકો અતિધનાઢ્ય છે અને સંસ્કારી નથી તેવા લોકો ધર્મથી વિમુખ રહે છે અને જેઓ અત્યંત ગરીબ છે તેઓ પણ પ્રાયઃ કરીને ધર્મની આરાધના કરી શકતા નથી. પરંતુ જેઓ મધ્યમ સંયોગોવાળા અને મધ્યમ વર્ગના છે તેઓમાં ધર્મની ભાવના અને ધર્મારાધના બન્ને વિપુલ પ્રમાણમાં દેખાય છે.

**अजहत्थ - अयथार्थ ( न. )**

(અયથાર્થ નામ, ગુણહીન નામ)

જેમ દૃષ્ટિહીન મનુષ્યો હાથીના પૂંછ, પગ, કાન, સૂંઢ આદિ માત્ર એકેક અંગને પકડીને તેના વિષે અનુમાન કરે તો તેનાથી હાથીનો યથાર્થ બોધ થતો નથી. તેમ કોઈપણ વસ્તુને માત્ર એક જ દૃષ્ટિકોણથી જોવાથી તેનો સંપૂર્ણ બોધ થતો નથી.

**अजाइय - अयाचित ( त्रि. )**

(યાચના વગર લીધેલું, અદત્તાદાન)

કોઈપણ વસ્તુને માગ્યા વગર લેવું તે અદત્તાદાન કહેવાય છે. સાધુ ભગવંતો અદત્તાદાન વિરમણ વ્રતનું સંપૂર્ણ પાલન કરે છે તથા શ્રાવકો આ વ્રતનું સ્થૂળથી પરિપાલન કરે છે. જેના પર પોતાની માલિકી નથી તેવી કોઈપણ વસ્તુ વણમાગી ન લેવાય.

**अजाणंत - अजानत्, अजानान ( त्रि. )**

(કલ્પાકલ્પને નહીં જાણતો-અગીતાર્થ, ન જાણતો)

શાસ્ત્રોના માત્ર અર્થને નહીં કિંતુ, રહસ્યને જાણીને દેશ, કાળ, વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને જે વિચાર કરે, નિર્ણયો લે, તે ગીતાર્થ કહેવાય છે. પરંતુ માત્ર શબ્દોને જ પકડીને જે અર્થ કરે, જેણે શાસ્ત્રોનો ગહન અભ્યાસ ન કરેલો હોય, ગુરુકૃપા આદિ દ્વારા શાસ્ત્રોના રહસ્યોને જેણે પ્રાપ્ત ન કર્યા હોય તે અગીતાર્થ કહેવાય છે.

**अजाणय - अज्ञ ( त्रि. )**

(અલ્પજ્ઞાની, જ્ઞાનરહિત, મૂર્ખ ૨. વેદાંતમત સિદ્ધ અજ્ઞાનરૂપ પદાર્થવાળું)

મૂર્ખ વ્યક્તિને આપેલો ઉપદેશ પણ સાપને પીવડાવેલા દૂધની જેમ વિપરીતતાને પામે છે. જુઓ પેલી સુગરીને, તીવ્ર ઠંડીમાં થરથર ધ્રૂજતા વાનરને હિતબુદ્ધિથી ઉપદેશ આપે છે કે ભલા ભાઈ ! દર વખતે ઠંડી આવે જ છે, મેં તને પહેલા પણ કીધું હતું, સમય રહેતાં ઘર બનાવી દે, ત્યારે તું માન્યો હોત તો અત્યારે ટાઢમાં ઠરવું ન પડત. આ હિતોપદેશ સાંભળીને ગુસ્સે થયેલા વાનરે સુગરીનો માળો તોડીને કહ્યું. હું ઠરું છું તો તું પણ ઠર. જોયું, અયોગ્ય એવા મૂર્ખને ઉપદેશનું પરિણામ ?

**अजाणिय - अज्ञात्वा ( अव्य. )**

(નહીં જાણીને)

**अजाणिया - अज्ञिका ( स्त्री. )**

(સમ્યગ્જ્ઞાનરહિત સભા, અજ્ઞ પર્ષદા)

કુકડા, મોર, હરણના બચ્ચાંની જેમ મુગ્ધ સ્વભાવવાળી, ઢાંકેલા શ્રેષ્ઠ રત્નોની જેમ માર્ગાનુસારીતાના તથા અશાઠ્ય, અકુટિલતા, અવક્રતા આદિ આંતરિક ગુણોની સમૃદ્ધિવાળી અને સહજતાથી સત્યમાર્ગ સમજાવી શકાય તેવી સભાને અજ્ઞિકા પર્ષદા કહેવાય છે.

**अजाणू - अज्ञा ( स्त्री. )**

(સમજ્યા વગર માત્ર દેખાદેખીથી કે કોઈના કહેવાથી કરેલી પાપની નિવૃત્તિ)

પ્રાજ્ઞ જીવો દરેક કાર્યના અંતિમ પરિણામનો વિચાર કરીને પછી કાર્ય કરે છે કે તેનાથી નિવૃત્ત થાય છે. જ્યારે બાલજીવો બીજાઓને પાપકર્મથી પાછા ફરતાં જોઈને કે કોઈના કહેવાથી પાપકર્મથી દૂર રહે છે પરંતુ, તેઓનું એ કાર્ય તેના પરિણામની સમજણ વગરનું હોય છે.

**अजाय - अजात ( त्रि. )**

(અનુત્પન્ન, નહીં થયેલું ૨. અગીતાર્થ, શ્રુતસંપદારહિત હોવાથી આત્મલાભ વગરનો સાધુ ૩. અજાત કલ્પભેદ)

ધર્મસંગ્રહ અને પંચાશકજીમાં ગીતાર્થ મુનિનો જાત કલ્પ અને અગીતાર્થનો અજાત કલ્પ કહ્યો છે. તેથી જેણે શ્રુતસંપદાના રહસ્યોને આત્મસાત્ નથી કર્યા તેવા મુનિને કાંઈ આત્મલાભ થતો નથી. માટે તેના વિહારને અજાતકલ્પ તરીકે વર્ણવ્યો છે.

**अजायकप्पिय - अजातकल्पित ( पुं. )**

(અગીતાર્થ, અજાતકલ્પિક જૈન સાધુ)

ગચ્છાચાર પયન્નાના પ્રથમ અધિકારમાં સાધુઓના વિહારનું નિરૂપણ કરતાં જણાવ્યું છે કે, ૧. ગીતાર્થ વિહાર ૨. ગીતાર્થ નિશ્રિત વિહાર એમ બે પ્રકારના વિહારો જ અનુમત છે. તે સિવાય જેમને શાસ્ત્રોનું વ્યવસ્થિત જ્ઞાન નથી તેવા અગીતાર્થ સાધુને એકલા કે સમૂહમાં વિચરવાનો નિષેધ કરેલો છે.

**अजिअ - अजित ( त्रि. )**

(અપરાજિત, અપરાભૂત ૨. વર્તમાન ચોવીશીના બીજા તીર્થંકર ૩. ભાવિ બીજા બલદેવ ૪. સુવિધિનાથ તીર્થંકરના અધિષ્ઠાયક યક્ષ)

અજિતનાથ ભગવંતના માતા-પિતા પાસાની રમત રમતા હતા જેમાં પહેલાં પિતા જ જીતતા હતા અને માતા હારતાં હતાં કિંતુ, ભગવાન ગર્ભમાં આવ્યા બાદ રમતમાં માતા જ જીતવા લાગ્યા. રમતમાં માતા અજેય છે તે ગર્ભના પ્રભાવથી છે આ પ્રમાણે જાણવાથી ભગવંતનું ગુણગર્ભિત નામ અજિત રાખવામાં આવ્યું.

**अजिअदेव – अजितदेव ( पुं. )**

(તે નામના જૈન આચાર્ય)

અજિતદેવસૂરિ આચાર્ય શ્રીમુનિચંદ્રસૂરિના શિષ્ય અને વિજયસિંહસૂરિના ગુરુ હતા. જૈન પરંપરાનો ઈતિહાસ પુસ્તકમાં મળતા ઉલ્લેખ અનુસાર, આ નામના સંવત્ ૧૨૭૩ ની આસપાસ એક અન્ય પણ આચાર્ય થયા હતા. જેઓ ભાનુચંદ્રસૂરિના શિષ્ય અને યોગવિધિ ગ્રંથના કર્તા હતા.

**अजिअप्पभ – अजितप्रभ ( पुं. )**

(સ્વનામખ્યાત ગણિ, તે નામક એક જૈન સાધુ)

અજિતપ્રભ નામના બહુશ્રુત ગણિ થયા. જેમણે સંવત્ ૧૨૮૨ માં ગુજરાતના વિદ્યાપુર (હાલનું નામ બીજાપુર/વીજાપુર) પ્રાંતમાં વિહાર કર્યો હતો અને જેમણે ધર્મરત્નશ્રાવકાચાર નામે શ્રાવકના આચાર વિષયક ગ્રંથની રચના કરી હતી. એમ જૈન પરંપરાના ઈતિહાસમાં ઉલ્લેખ મળે છે.

**अजिअबला – अजितबला ( स्त्री. )**

(અજિતનાથ ભગવાનની અધિષ્ઠાયિકા દેવી, અજિતબલા યક્ષિણી)

વર્તમાન ચોવીશીના બીજા તીર્થંકર શ્રીઅજિતનાથ ભગવાનના શાસનદેવી અજિતબલા છે. ધાતુના આસન પર બિરાજેલા તેઓ ગૌર વર્ણી દેદીપ્યમાન કાંતિયુક્ત છે. ચતુર્ભુજામય તેઓએ જમણા બે હાથમાં અનુક્રમે, એક હાથથી આશીર્વાદ આપતા અને એક હાથમાં નાગપાશને ધારણ કર્યા છે અને બે ડાબા હાથમાં અનુક્રમે બીજોરું તથા અંકુશને ધારણ કર્યા છે તે અજિતબલા દેવી ભક્તોને ધર્મારાધનામાં સહાય કરે છે.

**अजिअसीह – अजितसिंह ( पुं. )**

(તે નામના અંચલગચ્છીય આચાર્ય)

જૈનપરંપરાના ઈતિહાસમાં મળતા ઉલ્લેખ પ્રમાણે સંવત્ ૧૨૮૩ માં અંચલગચ્છમાં અજિતસિંહ નામના આચાર્ય થયા. જેમના પિતાનું નામ જિનદેવ અને માતા જિનદેવી હતા. તેમણે સિંહપ્રભસૂરિ પાસે ભાગવતી પ્રવ્રજ્યા અંગીકાર કરી હતી અને તેમને દેવેન્દ્રસિંહ નામના શિષ્ય થયા હતા.

**अजिअसेण – अजितसेन ( पुं. )**

(ગત ઉત્સર્પીણીમાં જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં થયેલા ચોથા કુલકર ૨. કૌશાંબી નગરીના રાજા અને ધારણીદેવીના પતિ ૩. શ્રાવસ્તી નગરીમાં સમવસરેલા અને યશોમતી નામની ખ્યાતિપ્રાપ્ત મહત્તરાને દીક્ષા આપનાર એક આચાર્ય ૪. રાજગચ્છીય તે નામના એક આચાર્ય ૫. ભદ્દિલપુર નિવાસી નાગ અને સુલસાના પુત્ર જેઓ ભગવાન અરિષ્ટનેમિ પાસે દીક્ષિત થઈને શત્રુંજય પર્વત પર સિદ્ધ થયા હતા)

વિક્રમની તેરમી શતાબ્દીમાં રાજગચ્છમાં અભયદેવસૂરિના શિષ્ય અજિતસેનસૂરિ થયા. જેમણે વાદમહાર્ણવ નામના ન્યાય ગ્રંથની રચના કરી. જૈન પરંપરાના ઈતિહાસમાં મળતાં ઉલ્લેખ અનુસાર, આ સમયમાં જ (વિ.સં. ૧૨૧૩) અંચલગચ્છની સ્થાપના થઈ.

**अजिआ – अजिता ( स्त्री. )**

(ચોથા તીર્થંકર શ્રીઅભિનંદનસ્વામીના શાસનમાં દીક્ષિત એક સાધ્વી)

**अजिइंदिय – अजितेन्द्रिय ( त्रि. )**

(જેણે પાંચ ઈંદ્રિય પર વિજય નથી મેળવ્યો તે, અજિતેન્દ્રિય ૨. અસર્વજ્ઞપણું)

ઈંદ્રિયોથી જે સુખનો અનુભવ થાય છે તે માત્ર સુખાભાસ જ છે, પણ તે ખરું સુખ નથી. આવું ઈંદ્રિયજન્ય સુખ માત્રને માત્ર કર્મનો બંધ કરનારું અને એકાંતે દુઃખ આપનારું છે. જેઓએ ઈંદ્રિયવિજય નથી કર્યો અને ઈંદ્રિયોને વશ પડ્યા છે તેવા જીવો તલવાર પર લાગેલા મધને ચાટવાની ચેષ્ટા કરી રહ્યા છે.

**अजिण - अजिन ( न. )**

(મૃગાદિનું ચર્મ ૨. ચર્મ ધારણ કરવું તે ૩. અસર્વજ્ઞ, જે વીતરાગ નથી તે)

ભોજરાજાએ ધનપાલ કવિની પરીક્ષા કરવા માટે તેના હાથમાં પૂજાનો થાળ પકડાવીને કહ્યું કે, તું ભગવાનની પૂજા કરીને આવ. ધનપાલ નગરના જુદા-જુદા મંદિરમાં ગયો અને અંતે તેને જિનેશ્વરની પૂજા કરી. ગુપ્તચર દ્વારા આ ખબર રાજાને મળી. રાજાએ ધનપાલને કારણ પૂછ્યું ત્યારે તેણે કહ્યું કે, હે રાજા ! વીતરાગ તો તે છે જે અસ્રાદિ રહિત, સ્ત્રીના સંસર્ગ રહિત અને ક્રોધ-મોહ-માયાદિ રહિત હોય. જે મને માત્ર જિનેશ્વરદેવમાં દેખાયું અન્ય તો અસર્વજ્ઞ હોવાથી દેવ છે પરંતુ, ભગવાન નહીં.

**अजिण्ण - अजीर्ण ( न. )**

(અપચો, અજીર્ણ ૨. ત્રિ. જે વૃદ્ધ નથી તે)

**'अजीर्णे भोजनत्यागः'** અર્થાત્, જ્યારે ખાધેલ ભોજન પચ્યું ન હોય ત્યાં સુધી પુનઃ ખાવું ન જોઈએ. ખાઉધરા થઈને જો ખા-ખા કરીએ તો બીજા ઘણા રોગો ઉત્પન્ન થાય છે. ધર્મબિંદુ અને ધર્મસંગ્રહ જેવા આકર ગ્રંથોમાં અજીર્ણના ચાર પ્રકાર આ પ્રમાણે વર્ણવ્યા છે. ૧ આમ ૨ વિદગ્ધ ૩ વિષ્ટબ્ધ અને ૪ રસશેષ. અજીર્ણ થાય ત્યારે ખૂબ પાણી પીવું જોઈએ કારણ કે, અજીર્ણમાં પાણી બળપ્રદ થાય છે. જેમ વ્યવહારનું જ્ઞાન આવશ્યક છે તેમ આહારનું જ્ઞાન પણ જરૂરી છે. આજનો માનવ વ્યવહારનું જ્ઞાન તો સારું ધરાવે છે પરંતુ, આહારનો વિવેક ન હોઈ ડગલે ને પગલે બિમાર પડે છે. વૈદ્યકશાસ્ત્રોમાં કહેલું છે કે, બધા રોગો પેટથી જન્મે છે. આથી સુપાચ્ય અને જેનાથી અજીર્ણ ન થાય તેવો યોગ્ય આહાર લેવો જોઇએ.

**अजिम्मकंतणयणा - अजिह्मकान्तनयना ( स्त्री. )**

(નિર્વિકારી અને સહજ ચંચળ આંખોવાળી સ્ત્રી)

સાહિત્યગ્રંથોમાં સ્ત્રીઓ માટે વિવિધ ઉપમાઓ મૂકવામાં આવેલી છે. તેમાંની એક છે મૃગનયના. કારણ કે જેમ હરણની આંખો નિર્વિકારી અને સહજ સૌંદર્યયુક્ત અને ચંચળ હોવાથી જોનારને અતિપ્રિય થઇ પડે છે તેમ જે સ્ત્રીઓની આંખો સુંદર, નિર્વિકાર અને ચંચળ હોય તેમને 'અજિમ્હકાન્તનયના' ઉપમાવાળી કહી છે.

**अजिय - अजित ( त्रि. )**

(અપરાજિત, અજિત)

જેણે પોતાના શૌર્ય અને પરાક્રમથી વિશ્વ પર વિજયપતાકા લહેરાવી હતી તેવા સમ્રાટ અશોક અને સિકંદર જેવા રાજાઓ કોઇથી જીતી શકાય તેવા ન હતા. આવા અજેય રાજાઓને પણ મૃત્યુએ પરાજિત કરી દીધા. તેમનું સૈન્ય, સંપત્તિ કે શૌર્ય પણ તેમને મૃત્યુથી બચાવી શક્યું નહીં. તેઓએ ભલે બાહ્ય જગત પર વિજય મેળવ્યો હોય પરંતુ, મૃત્યુ પર વિજય નહોતો મેળવ્યો, આથી તે અજેય કહી જ ન શકાય. જેણે મૃત્યુ પર વિજય મેળવ્યો છે તે જ સાચો અપરાજિત છે.

**अजियदेव - अजितदेव ( पुं. )**

(મુનિચંદ્રસૂરિના શિષ્ય, જુઓ 'અજિઅદેવ')

**अजियप्पभ - अजितप्रभ ( पुं. )**

(સ્વનામ પ્રસિદ્ધ એક ગણિવર્ય, જુઓ 'અજિઅપ્પભ')

**अजियबला - अजितबला ( स्त्री. )**

(બીજા તીર્થંકર અજિનાથ ભગવાનનાં શાસનદેવી, જુઓ 'અજિઅબલા')

**अजियसीह - अजितसिंह ( पुं. )**

(તે નામના અંચલગચ્છીય એક આચાર્ય, જુઓ'અજિઅસીહ')

**अजियसेण - अजितसेन ( पुं. )**

(ગઇ ઉત્સર્પિણીમાં જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં થયેલા ચોથા કુલકર, જુઓ 'અજિઅસેણ')

**अजिया - अजिता ( स्त्री. )**

(ચોથા તીર્થંકર શ્રીઅભિનંદનસ્વામીના શાસનમાં દીક્ષિત એક સાધ્વી, જુઓ 'અજિઆ')

**अजीर - अजीर्ण ( न. )**

(જુઓ 'અજિણ્ણ' શબ્દ)

વૈદ્યકશાસ્ત્રમાં અજીર્ણ રોગ માટે લખ્યું છે કે, જ્યારે અપચો થાય ત્યારે ખાવું નહીં. જો ખાધું તો નવા અનેક રોગો થશે. અજીર્ણની પરિસ્થિતિ પ્રતિકૂળ આહાર કે અતિમાત્રામાં લીધેલા આહારના કારણે થાય છે. આ રોગનો એકમાત્ર ઇલાજ છે ભોજનનો ત્યાગ. અર્થાત્, જેને પણ અજીર્ણ થાય તે જો કેટલાક સમય માટે આહાર લેવાનું છોડી દે, તો અજીર્ણની ઉપશાન્તિ થાય છે.

**अजीव - अजीव ( पुं. )**

(અજીવ ૨. જીવ દ્રવ્યથી વિપરીત લક્ષણવાળા ધર્માસ્તિકાયાદિ દ્રવ્ય)

નવતત્ત્વમાંનું એક તત્ત્વ છે અજીવ તત્ત્વ. તેનું લક્ષણ કરતાં લખ્યું છે કે જે ચેતનારહિત હોય અને જેનામાં સુખ-દુઃખ વગેરે લાગણીઓનો અભાવ હોય તે અજીવ છે. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય, આકાશાસ્તિકાય અને કાળ આ પાંચ દ્રવ્યો અજીવ માનવામાં આવ્યા છે. તેને શાસ્ત્રોમાં નામ સ્થાપના દ્રવ્ય અને ભાવ એમ ચાર પ્રકારે, દ્રવ્ય ક્ષેત્ર કાળ અને ભાવ એમ ચાર પ્રકારે તેમાં પણ રૂપી અજીવોને ચાર ભેદે તેમજ અરૂપી અજીવદ્રવ્યોને દશ ભેદે વિસ્તારથી વર્ણવ્યા છે.

**अजीवआणवणिया - अजीवाज्ञापनिका ( स्त्री. )**

(અજીવ પરત્વે આજ્ઞા-આદેશ કરવાથી થતો એક કર્મબંધ ૨ પચ્ચીસ ક્રિયા પૈકીની એક ક્રિયાનો ભેદ, આણવણિયાક્રિયા)

નવતત્ત્વમાં ક્રિયાઓના કુલ પચ્ચીસ પ્રકાર બતાવેલા છે. તેમાં એક પ્રકાર આણવણિયા ક્રિયાનો છે. જેમાં જીવ નથી તેવા પદાર્થોના વિષયમાં આજ્ઞા કરવી કે તેના માટે આદેશની પ્રવૃત્તિ કરવી તે આજ્ઞાપનિકી ક્રિયા કહેવાઈ છે. આવી ક્રિયાથી કર્મબંધ થાય છે. સ્થાનાંગસૂત્રની વૃત્તિમાં આને અજીવ આનયની ક્રિયા પણ કહી છે.

**★अजीवानायनी ( स्त्री. )**

(અજીવ વિષયક આનાયની, અજીવ પદાર્થના લાવવા કે લઈ જવાની ક્રિયા તે આનાયની ક્રિયા)

**अजीवआरंभिया - अजीवारम्भिका ( स्त्री. )**

(લોટની જીવાકૃતિ વગેરે અજીવના આરંભની ક્રિયા ૨. આરંભિકી ક્રિયાનો એક પ્રકાર)

અજીવ પદાર્થ, અજીવના કલેવર, આટા વગેરેથી બનાવેલી જીવાકૃતિ અથવા જીવ-જંતુના છાપવાળી વસ્તુઓનું ઉપમર્દન કરવામાં આવે અર્થાત્, તેને મસળવામાં આવે કે જીવબુદ્ધિથી નષ્ટ કરવામાં આવે તેને અજીવ આરંભિકી ક્રિયા કહેવામાં આવે છે. એટલા માટે સુજ્ઞ પુરુષો જેના પર જીવ-જંતુઓની આકૃતિ કરેલી હોય તેવા વસ્ત્રાદિનો ઉપભોગ કરતા નથી.

**अजीवकाय - अजीवकाय ( पुं. )**

(ધર્માસ્તિકાયાદિ પદાર્થ ૨. અચેતન પદાર્થોની રાશિ)

ભગવતીસૂત્રના સાતમા શતકના પ્રથમ ઉદ્દેશમાં જણાવ્યું છે કે, જીવના લક્ષણોથી ભિન્ન લક્ષણોવાળા પદાર્થ અજીવ છે. આવા પદાર્થો છે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને પુદ્ગલાસ્તિકાય. આ પદાર્થોના સમૂહને અજીવકાય કહેવાય છે. આ પદાર્થો ચૌદરાજલોકમાં ઠાંસી-ઠાંસીને ભરેલા છે.

**अजीवकायअसंजम - अजीवकायासंयम ( पुं. )**

(અજીવપદાર્થને આશ્રિત જીવનો વિઘાત, વસ્ત્ર-પાત્રાદિક વાપરતા જીવોની હિંસા થવી તે)

સ્થાનાંગસૂત્રના સાતમા સ્થાનકમાં આ શબ્દનું વિશ્લેષણ કરતા જણાવ્યું છે કે, પુસ્તક-વસ્ત્ર-પાત્રાદિ જે અજીવ સ્વરૂપે વસ્તુઓ છે તેને ઉપયોગશૂન્યપણે લેતા, મૂકતા કે ઉપભોગ કરતા તેમાં રહેલા કુંથુઆ કીડી વગેરે જીવોની જે હિંસા થાય કે ઉપમર્દન પામે તેને અજીવકાયનો અસંયમ કહેવાય છે.

**अजीवकायअसमारंभ - अजीवकायासमारम्भ ( पुं. )**

(અજીવકાય વસ્ત્ર-પાત્રાદિ લેતા મૂકતા કોઈ જીવને ત્રાસ થાય તે, અજીવકાય આશ્રિત જીવોને પરિતાપ કરવો તે)

ઉપરોક્તસૂત્રના વર્ણન પ્રમાણે પુસ્તકાદિને આશ્રય કરીને રહેલા જીવોને પરિતાપ ન થાય તે રીતે પ્રવૃતિ કરવી તેને અજીવકાય અસમારંભ કહેવાય છે. ઉક્ત ભેદોનું વર્ણન કરી શાસ્ત્રકાર ગૃહસ્થો અને સાધુભગવંતોને જયણા વિષયક માર્ગદર્શન કરે છે.

**अजीवकायआरंभ - अजीवकायारम्भ ( पुं. )**

(અજીવકાય વસ્ત્ર-પાત્રાદિ લેતા મૂકતા કોઈ જીવને દુઃખ ઉપજાવવું તે ૨. આરંભિકી ક્રિયાનો એક ભેદ)

ઉપરોક્તસૂત્રના વર્ણન પ્રમાણે વસ્ત્ર-પાત્ર-પુસ્તકાદિને આશ્રય કરીને રહેલા જીવોને દુઃખ પહોંચે કે તેના શરીરનો વિઘાત થાય તે રીતે પ્રવૃતિ કરવી તેને અજીવકાય આરંભ કહેવાય છે. વિચારો કે, જિનશાસનની જયણાની હોડ કોઈ અન્ય દર્શન કરી શકે ખરા ?

**अजीवकायसंजम - अजीवकायसंयम ( पुं. )**

(અજીવકાય વસ્ત્ર-પાત્રાદિ લેતા મૂકતા જયણા પાળવી તે ૨. કોઈ જીવને દુઃખ ન આપવું તે)

ઉપરોક્તસૂત્રના વર્ણન પ્રમાણે વસ્ત્ર-પાત્ર-પુસ્તકાદિ કોઈપણ પ્રકારની વસ્તુઓને આશ્રય કરીને રહેલા જીવોની જયણા પાળવી પરંતુ, તે જીવોને દુઃખ પહોંચે કે તેના શરીરનો વિઘાત થાય તે રીતે પ્રવૃતિ ન કરવી તેને અજીવકાય સંયમ કહેવાય છે.

**अजीवकिरिया - अजीवक्रिया ( स्त्री. )**

(અજીવનો વ્યાપાર ૨. અજીવ-પુદ્ગલ સમૂહનું ઈર્યાપથિક બંધ કે સાંપરાયિક બંધરૂપે પરિણમવું તે ૩. ઈરિયાવહિયા અને સાંપરાયિકી એ બે ક્રિયામાંથી ગમે તે એક)

**अजीवणिस्सिय - अजीवनिःश्रित ( त्रि. )**

(અજીવને આશ્રયીને રહેલું, અજીવ નિશ્રિત)

જીવદયાના પરિપાલનમાં જૈનદર્શન જેટલું ઊંડાણ અન્ય કોઈ દર્શન પાસે નથી. એકેન્દ્રિય જીવોની પ્રરૂપણા અન્ય દર્શનો કરતાં જૈનદર્શનની ખૂબ જ વિસ્તૃત અને સૂક્ષ્માવગાહી છે. તેથી ય વિશેષ ધ્યાનાકર્ષક એ બાબત છે કે, સાધુજીવનના આહાર-વિહારની ચર્યા બાબતે અજીવ પદાર્થોને આશ્રયીને રહેલો નાનામાં નાનો જીવ પણ વિરાધના પામી ન જાય તે દૃષ્ટિ ખૂબ જ વિલક્ષણ છે.

**★ अजीवनिःसृत ( त्रि. )**

(અજીવ થકી નીકળેલું, અજીવદ્રવ્યથી નીસરેલું)

**अजीवदव्वविभत्ति - अजीवद्रव्यविभक्ति ( स्त्री. )**

(અજીવ દ્રવ્યના વિભાગ-પૃથક્કરણરૂપ વિવેચન, અજીવદ્રવ્યનું પૃથક્કરણ)

સૂત્રકૃતાંગસૂત્રના પ્રથમ શ્રુતસ્કંધના પ્રથમ અધ્યયનમાં આ શબ્દની વ્યાખ્યા કરતા જણાવ્યું છે કે, ધર્માસ્તિકાયાદિ અજીવદ્રવ્યોના બે પ્રકાર છે. એક રૂપી અને બીજો અરૂપી. તેમાં પણ રૂપી દ્રવ્યના સ્કંધ, સ્કંધદેશ, સ્કંધપ્રદેશ અને પરમાણુ-પુદ્ગલ એમ ચાર પ્રકાર છે. જ્યારે અરૂપીદ્રવ્યના ધર્માસ્તિકાય, ધર્માસ્તિકાયદેશ, ધર્માસ્તિકાયપ્રદેશ એ જ રીતે અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય ના મળી ૯ ભેદ અને દશમો અદ્ધાસમય એમ કુલ ૧૦ ભેદ છે.

**अजीवदिट्ठिया - अजीवदृष्टिका ( जा ) ( स्त्री. )**

(અજીવ-ચિત્રામણ આદિ જોવાથી લાગતી ક્રિયા ૨. અજીવદષ્ટિકા-જા ક્રિયાનો એક ભેદ)

મનગમતા ફિલ્મો કે ચિત્રગેલેરી વગેરે જોવા માટે આજનો યુવાન ખૂબ ઉત્સાહિત હોય છે. ગમે તેવા જરૂરી કાર્યોને પડતા મૂકીને પણ તે ફિલ્માદિ જોવા માટે પોતાના મિત્રો સાથે પ્રોગ્રામ કરી જ લે છે અને ગમે તેટલા દૂરવર્તી થિયેટરોમાં જઈને સિનેમાની મજા માણી લે છે. પરંતુ સમજી લેજો! આ પ્રવૃતિને જ્ઞાનીઓ અજીવ એટલે જડપદાર્થોને જોવાની ક્રિયારૂપ અજીવદષ્ટિકી પાપક્રિયા માને છે. આમાં ગમનાગમન કરતા જીવહિંસાદિ દ્વારા અને સારા-ખરાબ દશ્યો જોવાથી રાગ-દ્વેષ દ્વારા કર્મબંધ થાય છે.

**अजीवदेस - अजीवदेश ( पुं. )**

(અજીવરૂપ સંપૂર્ણ વસ્તુનો એક કકડો ૨. ધર્માસ્તિકાયાદિ અજીવ પદાર્થોનો એક ટુકડો)

ચૌદરાજલોકવ્યાપી છ દ્રવ્યો પૈકી જીવ સિવાયના બધા પદાર્થો અજીવ સ્વરૂપે છે. તેમાં કાળ અને પુદ્ગલાસ્તિકાયને છોડીને શેષ ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય અખંડ સ્વરૂપે રહેલા છે. આ પદાર્થોના એક દેશ-ટુકડાની કલ્પના કરીએ તેને અજીવદેશ કહેવાય. બીજી રીતે અજીવ એવા કોઈપણ પદાર્થના ટુકડાને પણ અજીવદેશ કહે છે.

**अजीवधम्म - अजीवधर्म ( पुं. )**

(મૂર્ત અજીવ દ્રવ્યોના વર્ણ-ગંધ-રસ-સ્પર્શરૂપ ધર્મ ૨. અમૂર્ત અજીવ દ્રવ્યોનો ગત્યાદિમાં સહાયતાદિ ધર્મ-ગુણ)

સૂત્રકૃતાંગ આગમમાં લખ્યું છે કે, અચેતન સ્વરૂપી જડ પદાર્થો કે જેને આપણે પુદ્ગલાસ્તિકાય કહીએ છીએ, તેના વર્ણ-ગંધ-રસ અને સ્પર્શરૂપ ગુણધર્મને અજીવધર્મ કહેવાય. તેમજ ધર્માસ્તિકાયનો ગતિસહાયતા, અધર્માસ્તિકાયનો સ્થિતિ સહાયતા અને આકાશાસ્તિકાયનો અવગાહન સહાયતાનો જે ગુણધર્મ છે તેને પણ અજીવધર્મ કહેવાય છે.

**अजीवपज्जव - अजीवपर्याय ( पुं. )**

(અજીવપદાર્થના પર્યાય, અજીવ વસ્તુનો વિશેષ ધર્મ, અજીવ ગુણ)

અજીવ પદાર્થના પર્યાય કહો કે ધર્મ કહો કે ગુણ કહો આ બધા શબ્દો એકાર્થક છે.પ્રજ્ઞાપનાસૂત્રમાં જણાવ્યું છે કે, અજીવપર્યાય બે પ્રકારના છે. એક રૂપી અજીવ પર્યાય અને બીજા અરૂપી અજીવ પર્યાય. એમાં અરૂપી અજીવપર્યાયના દશ ભેદોનું અને રૂપી અજીવપર્યાયોના ચાર ભેદોનું વર્ણન કરેલું છે.

**अजीवपण्णवणा - अजीवप्रज्ञापना ( स्त्री. )**

(અજીવના પ્રકાર બતાવવા તે, અજીવના સ્વરૂપનું નિરૂપણ કરવું તે, પ્રજ્ઞાપનાનો એક ભેદ)

જેમાં અજીવના સ્વરૂપ સંબંધી વિવિધ વાતો જણાવેલી હોય તેને અજીવપ્રજ્ઞાપના કહેવાય છે. અજીવ પદાર્થોમાં ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય અને કાળ એમ પાંચ છે. પણ્ણવણાસૂત્ર નામના આગમગ્રંથમાં આનું વિશદ્ વિવરણ કરવામાં આવેલું છે.

**अजीवपरिणाम - अजीवपरिणाम ( पुं. )**

(બંધન, ગતિ આદિ પુદ્ગલોનો પરિણામ)

સ્થાનાંગના દશમા ઠાણામાં પુદ્ગલો દશ પ્રકારે પરિણમે છે તે આ પ્રમાણે ૧. બંધન પરિણામ ૨. ગતિ પરિણામ ૩. સ્થાન પરિણામ ૪. ભેદ પરિણામ ૫. વર્ણ પરિણામ ૬. રસ પરિણામ ૭. ગંધ પરિણામ ૮. સ્પર્શ પરિણામ ૯. અગુરુલઘુ પરિણામ અને ૧૦. શબ્દ પરિણામ.

**अजीवपाउसिया - अजीवप्राद्वेषिकी ( स्त्री. )**

(અજીવ પદાર્થ ઉપર દ્વેષ કરવાની ક્રિયા ૨. પ્રાદ્વેષિકી ક્રિયાનો એક ભેદ)

અજીવ પદાર્થો પર દ્વેષ થાય તેને અજીવપ્રાદ્વેષિકી ક્રિયા કહેવાય છે. ચાલતા-ચાલતા અચાનક જ પથ્થરની ઠેસ લાગવાથી લોહી નીકળે કે પડી જવાય. આ સમયે જે પથ્થર વગેરે અજીવ પદાર્થો પર દ્વેષ થાય તે અજીવપ્રાદ્વેષિકી ક્રિયા છે.

**अजीवपाडुच्चिया - अजीवप्रातीतिकी ( स्त्री. )**

(અજીવ પદાર્થો પ્રત્યે રાગ કે દ્વેષ કરવાથી થતો કર્મબંધ ૨. અજીવપ્રાતીતિકી ક્રિયાનો ભેદ વિશેષ)

માત્ર સંસારલક્ષી દૃષ્ટિવાળા જીવોને જેનાથી શરીરને રાહત કે સુખનો અનુભવ થાય તેવા અજીવ પદાર્થો પ્રત્યે આસક્તિ અને દુઃખી કરાવનાર નિર્જીવ પદાર્થો પ્રત્યે દ્વેષ થાય છે. અજીવ પદાર્થો પર રાગ કે દ્વેષ કંઈપણ કરવાથી જે કર્મબંધ થાય છે તે જીવને સંસારના વમળમાં જ ડૂબતો રાખે છે.

**अजीवपुट्ठिया - अजीवपृष्टिका ( जा ) ( स्पृष्टिका ) ( स्त्री. )**

(અજીવને રાગ-દ્વેષના ભાવપૂર્વક સ્પર્શવાની ક્રિયાથી થતો કર્મબંધ ૨. સ્પૃષ્ટિકા/પૃષ્ટિકા/પૃષ્ટિજા ક્રિયાનો એક ભેદ)

આપસ્વભાવની સજ્ઝાયમાં જીવવિજયજી મહારાજે કહ્યું છે કે, 'રાગને રીસા દોય ખવીસા એ તુમ દુઃખ કા દિસા' જીવને આશ્રયીને કે અજીવને આશ્રયીને થતા રાગ અને દ્વેષ અશુભકર્મોનો બંધ કરાવે છે અને આ દુષ્ટ કર્મો જીવને દુઃખપરંપરાની ભેટ આપે છે. માટે જો દુઃખને ન ઇચ્છતાં હોવ તો રાગ-કે દ્વેષપૂર્વક જીવ કે અજીવને સ્પર્શવાનું અર્થાત્, માણવાનું છોડી દો.

**अजीवमिस्सिया - अजीवमिश्रिता ( स्त्री. )**

(સત્યમૃષાભાષાનો એક ભેદ, અજીવ આશ્રયીને કહેલું અર્ધસત્ય કથન)

કંઈક અંશે સાચું અને કંઈક ખોટું એવું અજીવને આશ્રયીને જે કથન કરેલું હોય તેને અજીવમિશ્રિત કહેવાય છે. જેમ કે ઘણા બધા

જીવો મરી ગયેલા હોય અને થોડા જીવો જીવતા હોય ત્યાં કોઈ વ્યક્તિ બોલે કે 'અહો આ બધા મરી ગયા છે' આ વાક્યમાં કંઈક સાચું તથા કંઈક ખોટું છે અને તે પણ અજીવને આશ્રયીને છે તેથી તેને અજીવમિશ્રિત કહેવાય છે. આ સત્યમૃષાભાષાનો એક ભેદ છે એમ પ્રજ્ઞાપનાસૂત્રના અગ્યારમા પદમાં જણાવાયું છે.

**अजीवरासि – अजीवराशि ( पुं. )**

(અજીવનો સમૂહ ૨. રાશિનો એક ભેદ)

રાશિ એટલે સમૂહ. અજીવરાશિ મુખ્ય બે પ્રકારે છે. ૧. રૂપી એટલે જેના વર્ણ, ગંધ, રસ, સ્પર્શ હોય તે ૨. અરૂપી એટલે વર્ણાદિ વગરનું. તેમાં રૂપી અજીવરાશિના અનેક પ્રકાર છે અને અરૂપી જીવરાશિના ધર્માસ્તિકાયાદિ ૧૦ પ્રકાર છે. એમ સમવાયાંગ આગમમાં કહેવાયું છે.

**अजीवविजय – अजीवविचय ( पुं., न. )**

(અનંત પર્યાયાત્મક ધર્માસ્તિકાયાદિ અજીવ પદાર્થોનું ચિંતન કરવું તે)

સમ્મતિતર્ક મહાગ્રંથમાં અજીવવિચયનું વર્ણન મળે છે. પુદ્ગલાદિ અજીવ પદાર્થોના ભૂત, ભાવિ, વર્તમાન અનંત પર્યાયોના ચિંતનને અજીવવિચય કહેવાય છે. જેમ કે માટીમાંથી ઘડો બને, ઘડો ફૂટીને ફરી માટી થાય, તેમાંથી કોડિયું, નાનો ઘડો આદિ વારંવાર વસ્તુના અનેકવિધ આકારો બદલાતાં જાય પરંતુ, તે માટી સ્વરૂપે તો તેને તે જ રહે છે આદિ.

**अजीववेयारणिया – अजीववैदारणिका, अजीववैक्रयणिका, अजीववैचारणिका, अजीववैतारणिका ( स्त्री. )**

(અજીવને વિદારવાથી કે અજીવપદાર્થ નિમિત્તે કોઈને છેતરવાથી થતો કર્મબંધ ૨. વૈદા/વૈક્રય/વૈચા/વૈતા રણિકી ક્રિયાનો એક ભેદ)

સ્થાનાંગસૂત્રમાં લખ્યું છે કે, કોઈ વ્યક્તિ અજીવ પદાર્થોને ચીરે, ફાડે કે અસમાન ભાગે કકડા કરે અથવા કોઈને ઠગવા અજીવપદાર્થને ઉદ્દેશીને આ તો આના જેવું જ છે ઇત્યાદિ વિપ્રતારણ ક્રિયા કરે, તેને કર્મબંધ કરાવનારી અજીવવૈતારણિકી ક્રિયા કહે છે.

**अजीवसामंतोवणिवाइया – अजीवसामन्तोपनिपातिकी ( स्त्री. )**

(સ્વવસ્તુના વખાણ થતાં સાંભળીને મનમાં રાજી થવાથી થતો કર્મબંધ ૨. સામંતોપનિપાતિકી ક્રિયાનો ભેદ વિશેષ)

પોતાની માલિકીના ભૌતિક વસ્તુઓના વખાણ સાંભળીને રાજી થવાની ક્રિયાથી કર્મબંધ થાય તેને અજીવસામંતોપનિપાતિકી કહેવાય છે. જેમ કે આપણે સરસ મજાની ગાડી લીધી હોય, મોટો બંગલો બનાવ્યો હોય કે મોંઘી ઘડિયાળ પહેરી હોય અને તેને જેમ-જેમ લોકો જોવે અને તેના વખાણ કરે તે સાંભળીને મનમાં રાજી થવાથી કર્મબંધ થાય છે.

**अजीवसाहत्थिया – अजीवस्वाहस्तिका ( स्त्री. )**

(અજીવ-ખડ્ગાદિ દ્વારા અજીવને હણવાની ક્રિયાથી થતો કર્મબંધ ૨. અજીવસ્વાહસ્તિકી ક્રિયાનો એક ભેદ)

ખડ્ગાદિ હથિયાર દ્વારા અજીવને તાડવાની-હણવાની ક્રિયાથી કર્મબંધ થાય છે તેને અજીવસ્વાહસ્તિકી ક્રિયા કહેવાય છે. જો કે અજીવમાં જીવ ન હોવાથી ખડ્ગાદિથી હણવાથી તેને કંઈ દુઃખ થવાનું નથી કિંતુ તેને હણવાની ક્રિયામાં રહેલો ક્રોધનો/દ્વિષનો ભાવ કર્મબંધ કરાવે છે.

**अजीवापच्चक्खाणकिरिया – अजीवाप्रत्याख्यानक्रिया ( स्त्री. )**

(અજીવ-મદ્યાદિના અપ્રત્યાખ્યાનથી થતો કર્મબંધ, અપચ્ચક્ખાણ ક્રિયાનો ભેદ)

સ્થાનાંગસૂત્રના દ્વિતીય સ્થાનના પ્રથમ ઉદ્દેશામાં જણાવ્યું છે કે, ભલે આપણે દારૂ, માંસ આદિનું સેવન ન કરતાં હોઈએ પરંતુ, જો આપણે તેના ત્યાગરૂપ પચ્ચક્ખાણ ન લીધું હોય તો તે કર્મબંધનું કારણ બને છે. અહીંયા ધ્યાનાર્હ બાબત એ છે કે, પચ્ચક્આણ લીધા વગર પણ ઘણી બધી ક્રિયાઓ આપણે કરતાં નથી, કિંતુ પચ્ચક્ખાણ એ એક જાતનો સંકલ્પ છે અને તેને ગ્રહણ કરવાથી પ્રત્યેક પળે આત્મામાં તેના ત્યાગની દૃષ્ટિ રહે છે જે જયણા પાળવામાં અતિમહત્વની છે.

**अजीवाभिगम – अजीवाभिगम ( पुं. )**

(ગુણ પ્રત્યય અવધિ આદિ પ્રત્યક્ષ જ્ઞાનથી પુદ્ગલાદિ અજીવનો બોધ થવો તે)

અજીવનો બોધ થવો તે અજીવાભિગમ. અજીવનો બોધ ચક્ષુ આદિથી પણ થાય છે જે અત્યંત સામાન્ય કોટિનો હોય છે પરંતુ,

અહીંયા ચારિત્રપાલન આદિ વિશિષ્ટ ગુણોના કારણે અવધિ આદિ પ્રત્યક્ષ જ્ઞાનથી જે દૂર કે નજીકના, ભૂતકાલીન કે ભાવિ, સચરાચર અજીવોનો જે બોધ થાય છે તે અજીવાભિગમ કહેવાય છે. જીવાભિગમસૂત્રમાં આનું વર્ણન કરેલું છે.

**अजीवुब्भव - अजीवोद्भव ( त्रि. )**

(અજીવથી ઉત્પન્ન થયેલું, અજીવોદ્ભવ પદાર્થ)

એક તરફી પ્રેમ, સ્નેહ કે વ્યવહાર ક્યારેય પણ ટકતા નથી આ વાત આપણે બહુ સારી પેઠે જાણીએ છીએ. સમજીએ પણ છીએ. આથી જે વ્યક્તિ આપણી જોડે અનુચિત વ્યવહાર કરતી હોય તો તેની સાથેના સંબંધ પર આપણે પૂર્ણવિરામ મૂકી દઈએ છીએ. આશ્ચર્યની વાત એ છે કે, અજીવ એવા પુદ્ગલો સાથે આપણું વિપરીત આચરણ છે. તમને નવી વસ્તુ પ્રત્યે રાગ કે તેના તૂટી-ફૂટી જવાથી દ્વેષ ઉત્પન્ન થાય છે. પરંતુ તમે ક્યારેય જોયું છે કે તે અજીવને તમારા વિના દુઃખ થતું હોય/ કે તમને જોતાં રાજી થઇ ગયું હોય. ? ક્યારેય નહીં ! તો પછી તેની સાથેનો રાગ-દ્વેષનો વ્યવહાર શા માટે ચાલુ છે ?

**अजु - अयु ( त्रि. )**

(અન્યથી અમિશ્રિત ૨. જુદું નહીં થયેલું)

**अजुअलवण्णा ( देशी )**

(આંબલીનું વૃક્ષ, આંબલી)

દેશી નામમાલાના પ્રથમ વર્ગમાં અજુઅલવણ્ણા એટલે આંબલીના વૃક્ષનો નામોલ્લેખ પ્રાપ્ત થાય છે.

**अजुअलवण्णो ( देशी )**

(સાતપુડાનું વૃક્ષ)

દેશી નામમાલાના પ્રથમ વર્ગમાં અજુઅલવણ્ણો એટલે સપ્તચ્છદ-સાતપુડા નામક વૃક્ષ વિશેષનો નામોલ્લેખ પ્રાપ્ત થાય છે.

**अजुओ ( देशी )**

(સાતપુડાનું વૃક્ષ, જુઓ ઉપરોક્ત શબ્દ)

**अजुगलिअ - अयुगलित ( त्रि. )**

(સમશ્રેણીએ ન રહેલું, એક પંક્તિ-હારમાં ન રહેલું)

**अजुण्णदेव - अजीर्णदेव ( पुं. )**

(અલ્લાઉદ્દીનના આગમનના અગાઉના સમયમાં થયેલો એક જૈન રાજા)

**अजुत्त - अयुक्त ( त्रि. )**

(અનુચિત, અયોગ્ય, આપત્તિગ્રસ્ત ૨. યોગ્યતાનો અભાવ ૩. બહિર્મુખ ૪. યુક્તિરહિત ૫. નિયોજિત નહીં તે)

પ્રાયઃ જોવામાં આવે છે કે ગમે તેટલો પ્રયત્ન કરવામાં આવે તો પણ વ્યક્તિનો જાતિસ્વભાવ સુધરતો નથી. જેમ મધ વડે રોજે સિંચન કરવામાં આવે તો પણ લીમડાની કડવાશ જતી નથી તેમ દુર્જન પાસે સજ્જનતાની અપેક્ષા રાખવી અયોગ્ય છે. કેમ કે એ તો તેનો જાતિસ્વભાવ છે.

**अजुत्तरूव - अयुक्तरूप ( त्रि. )**

(અનુચિત વેશધારી, અસંગત રૂપ)

મનુષ્ય ગુણવાન, સદાચારી, સમૃદ્ધિવાન હોય કે ન પણ હોય પરંતુ તે કેવો હશે તેની પ્રાથમિક ધારણા તો તેના વેશ ઉપરથી જ થાય છે. અનુચિત વસ્ત્રો પહેરવાથી અનેક પ્રકારની મુશ્કેલીઓ તથા ગલત ધારણાઓના પણ ભોગ બનવું પડે છે માટે જ વ્યક્તિએ પોતાના કુળ, જાતિ, સમૃદ્ધિ તથા અવસરને યોગ્ય વસ્ત્રોને ધારણ કરવા જોઈએ.

**अजूरणया - अजीर्णता, अजरणता ( स्त्री. )**

(શરીરને જીર્ણ બનાવનાર શોકાદિ ન કરવા તે)

શાસ્ત્રોમાં જણાવેલું છે કે, **'चिन्ता शरीरं दहति'** અર્થાત્ ચિન્તા એ એક એવી ચિતા છે જે વ્યક્તિને જીવતેજીવ બાળી નાખે છે. ગમે

તેવા હૃષ્ટ-પુષ્ટ વ્યક્તિના શરીરને ઓગાળી દે છે અને સાતેય ધાતુઓને સૂકવીને શરીરને નિર્માલ્ય કરી દે છે. માટે સુજ્ઞ પુરુષો ફોગટની ચિન્તા કરતા નથી પણ ચિન્તાના કારણો શોધી તેના યોગ્ય માર્ગે પુરતો પુરુષાર્થ કરી ચિન્તામુક્ત બને છે. યાદ રાખો ! માત્ર ચિન્તા કરવાથી કાંઇ સરતું નથી.

**अजोग - अयोग ( पुं. )**

(શૈલેષીકરણ, મન, વચન, કાયાના સર્વ વ્યાપારોની ચપળતારહિત યોગ ૨. અસંભવ ૩. અપ્રશસ્તપણું ૪. એક રોગ વિશેષ ૫ વિધુર ૬. કુટ ૭. કઠિનોદય ૮. જ્યોતિષીય એક યોગ ૯. અવ્યાપાર)

બત્રીસબત્રીસીમાં જણાવ્યું છે કે, અયોગ-શૈલેષીકરણ નામક પ્રધાનયોગથી ભવોપગ્રાહી કર્મોનો ક્ષય કરીને જીવ પરમાનંદસ્વરૂપ મોક્ષ સ્થાને પહોંચે છે. સકલ કર્મોના સંન્યાસરૂપ અને મોક્ષનું સંયોજન કરાવનાર હોઈ અયોગ એટલે શૈલેષીકરણયોગને સર્વયોગોનો યોગ એટલે મુખ્યયોગ કહેવાય છે.

**अजोगया - अयोगता ( स्त्री. )**

(યોગનિરોધની પછી અને શૈલેષીકરણ પહેલા વર્તતી આત્માની અવસ્થા, યોગનિરોધ, યોગનો અભાવ, અયોગીપણું)

**अजोगरूव - अयोगरूप ( त्रि. )**

(અયોગ્ય, અઘટિત, અનુચિત)

કોઈપણ કામ સાહસથી-અવિચારીપણે-ગુણદોષનો વિવેક કર્યા વિના ન કરવું. કારણ કે અવિવેક અથવા અવિચારીપણું એ જ આપત્તિઓનું સૌથી મોટું સ્થાન છે. જે માણસ વિવેક-વિચારપૂર્વક કાર્ય કરનારો છે તેને સંપત્તિઓ જાતે જ પસંદ કરે છે.

**अजोगि ( ण् ) - अयोगिन् ( पुं. )**

(યોગરહિત, મન, વચન, કાયાના યોગ વિનાનો, નિરુદ્ધ યોગી, ચૌદમા ગુણસ્થાનવર્તી જીવ તથા સિદ્ધ ભગવંત)

જેને મન-વચન-કાયાના યોગો નથી તે અયોગી છે. અથવા જે યોગી નથી તે અયોગી છે તથા નિરુદ્ધ કરેલા છે યોગો જેણે તે પણ અયોગી છે એમ સ્થાનાંગસૂત્રમાં અયોગીની વ્યાખ્યા કરતાં જણાવ્યું છે. જે સયોગીકેવલીને આયુષ્ય કરતા વેદનીયાદિ કર્મો વધારે હોય તેને સમાન કરવા માટે કેવલી સમુદ્ઘાત કરે છે. ત્યારે શૈલેષી અવસ્થાવાળા તે અયોગી બને છે.

**अजोगिकेवलि ( ण् ) - अजोगिकेवलिन् ( पुं. )**

(શૈલેશી અવસ્થાગત આત્મા, જેણે પોતાનો શુદ્ધસ્વભાવ પ્રાપ્ત કર્યો છે તે ચૌદમા ગુણસ્થાનકવર્તી કેવળી ભગવંત)

કેવલી બે પ્રકારના આવે છે એક સયોગીકેવલી અને બીજા અયોગીકેવલી. મન-વચન અને કાયાના ત્રણ યોગોથી નિવૃત્ત કરીને શુક્લધ્યાન દ્વારા જેણે પોતાના શુદ્ધસ્વભાવને પ્રાપ્ત કર્યો છે તેવા અયોગિકેવલી માત્ર એક સમયમાં લોકના અંતભાગ-એવી સિદ્ધશિલામાં પહોંચે છે.

**अजोगिकेवलिगुणठाण - अयोगिकेवलिगुणस्थान ( न. )**

(ચૌદમું ગુણસ્થાનક, અયોગિકેવલીનું ગુણસ્થાનક)

અંતર્મુહૂર્ત આયુષ્ય બાકી રહે છતે કેવલી આત્મા અઘાતી એવા વેદનીય, નામ અને ગોત્ર એ ત્રણ કર્મને આયુષ્યની સ્થિતિને સમાન કરવા માટે શૈલેશીકરણ કરે છે. ચૌદમાં ગુણસ્થાનકે રહેલો કેવલી આત્મા અંતિમ બે સમય સુધી બાદર સૂક્ષ્મ મન-વચન-કાયાનો યથાક્રમે નિરોધ કરીને શૈલેશીકરણ દ્વારા કર્મોનો ક્ષય કરે છે અને જ્યારે એક સમય બાકી રહે છે ત્યારે પાંચ હ્રસ્વાક્ષરના ઉચ્ચારણ જેટલા સમયમાં સર્વકર્મ રહિત થઇને મોક્ષગતિને પ્રાપ્ત કરે છે.

**अजोगिभवत्थ - अयोगिभवस्थ ( पुं. )**

(ચૌદમાં ગુણસ્થાનકવર્તી આત્મા, શૈલેષી અવસ્થાપ્રાપ્ત, અયોગિકેવલી)

**अजोगिभवत्थकेवलणाण - अयोगिभवस्थकेवलज्ञान ( न. )**

(શૈલેશીકરણ અવસ્થાગત કેવલજ્ઞાન)

**अजोगिसंतिगा - अयोगिसत्ताका ( स्त्री. )**

(ચૌદમા ગુણસ્થાનવર્તી જીવને પ્રાપ્ત સત્તાવાળી કર્મપ્રકૃતિઓ)

પંચસંગ્રહ ગ્રંથના પ્રથમ દ્વારમાં કહેલું છે કે, ચૌદમા ગુણસ્થાને રહેલા કેવલી જીવને ઉદયમાં નહીં આવેલી કર્મ પ્રકૃતિઓને અયોગિસત્તાકા કહેવાય છે. આવી અયોગિસત્તાકા કર્મપ્રકૃતિ કુલ ૭૨ છે.

**अजोग्ग - अयोग्य ( त्रि. )**

(અનુચિત, અયોગ્ય, યોગ્ય નહીં તે)

જેમ ઘરના વડીલો, માતા-પિતા કે ગુરુજનો આગળ અનુચિત વર્તન નથી કરાતું તેમ ત્રણલોકના નાથ અને સહુના વંદનીય એવા પરમાત્માના મંદિરમાં કે તીર્થધામમાં જઈને ત્યાં અભક્ષ્ય ભક્ષણ, કામોત્તેજક અભદ્ર વર્તન કે હાસ્યાદિ અયોગ્ય કાર્ય ન કરાય. આપણું પ્રભુદર્શન કે તીર્થયાત્રા જો આપણા માટે ગુણપોષક બનતા હોય અને અન્ય માટે પ્રેરક બનતા હોય તો જ સફળ ગણાય

**अजोणिभूय - अयोनिभूत ( न. )**

(વિધ્વસ્ત યોનિ, નષ્ટ યોનિ ૨. ઉત્પત્તિના હેતુની અસમર્થતા)

દશવૈકાલિકસૂત્રમાં આ શબ્દની વ્યાખ્યા કરતા જણાવે છે કે, જે બીજરૂપ વસ્તુમાંથી ઊગવાની શક્તિ નષ્ટ થઈ ગઈ હોય અથવા અંકુર ઉત્પન્ન કરવાની શક્તિ વિનષ્ટ થઈ ગયેલી હોય તેવા ધાન્યાદિકને અચિત્ત કહેવાય છે. માટે જ શુદ્ધ કરેલા અક્ષત વગેરેને અચિત્ત માન્યા છે.

**अजोणिय - अयोनिक ( पुं. )**

(સિદ્ધ, મુક્તાત્મા)

આઠ પ્રકારના કર્મો જેના મૂળથી વિનાશ પામ્યા છે અને જેઓ કેવળજ્ઞાન-દર્શનાદિ અનંતગુણોના સ્વામી બનેલા સિદ્ધશિલા પર વિરાજમાન છે તેવા સિદ્ધ ભગવંતોને અયોનિક કહેવાય છે. તેઓ ક્યારેય પણ જન્મ-મરણના ચક્કરમાં નથી આવવાના.

**अजोसिय - अजुष्ट ( त्रि. )**

(નહીં સેવેલું ૨. પાળેલું ન હોય તે)

જ્ઞાની ભગવંતો જણાવે છે કે, જે પાપ ક્યારેય સેવેલું નથી, જેને આપણે મનથી વિચાર્યું પણ નથી, તેવું પાપ પણ આપણને સતત લાગતું જ રહે છે. જો આપણે તેનાથી વિરત નથી બન્યા તો. અર્થાત્ વિધિવત્ નિયમ ન લીધો હોય તો આવા નહીં કરેલા પાપોનો પણ કર્મબંધ થતો રહે છે.

**अज्ज - अर्ज् ( धा. )**

(પ્રાપ્ત કરવું, મેળવવું ૨. સંસ્કારવાળું કરવું)

ભારતીય પરંપરામાં જન્મથી લઈને મરણ સુધીના સોળ સંસ્કાર કરવામાં આવતા હતાં તેનું પણ કારણ હતું. સંસ્કાર વિધિ એટલા માટે કરવામાં આવતી હતી કે જેથી વ્યક્તિમાં કોઇ દુષ્ટ સંસ્કારોનો પ્રવેશ ન થાય અને તે સુસંસ્કારો દ્વારા સ્વ અને પરનું હિત કરનારો બને. આજે સોળ સંસ્કારો માત્ર શાસ્ત્રોમાં રહ્યાં છે વ્યક્તિમાંથી તો ક્યારનાય ચાલ્યા ગયા છે.

**★अज्ञ ( त्रि. )**

(અજ્ઞાની, મૂર્ખ)

જ્ઞાનસાર ગ્રંથમાં મહોપાધ્યાય યશોવિજયજી મહારાજે લખ્યું છે કે જ્ઞાનામૃતનો રસ ચાખેલા જ્ઞાની પુરુષ રાજહંસની જેમ જ્ઞાનરૂપી માનસરોવરમાં નિત્ય સ્નાન કરે છે. જ્યારે અજ્ઞાની અને મૂર્ખ વ્યક્તિ શૂકરની જેમ અજ્ઞાનરૂપી ઉકરડામાંથી ક્યારેય બહાર નથી આવતો. તેને તો કીચડ કાદવ જેવા અસાર પદાર્થોવાળા સંસારમાં જ મજા આવે છે.

**★अद्य ( अव्य. )**

(આજ, વર્તમાન દિવસ, આજ રોજ ૨. વૈભારગિરિની તળેટીમાં આવેલું એક જળાશય)

જ્ઞાની ભગવંતોએ કહેલું છે કે, ભૂતકાળ ક્યારેય પણ બધાનો સારો હોતો નથી અને ભવિષ્ય કોઇએ કદી દીઠો નથી. માટે ભૂત અને ભવિષ્યની ભૂતાવળમાંથી નીકળીને વર્તમાનમાં જીવતા શીખો. જેનો વર્તમાનકાળ સારો હશે તેનું ભવિષ્ય પણ સારું જ હશે. સુખ પ્રાપ્તિની આ જ એક ગુરુચાવી છે. જેણે તેનો ઉપયોગ કર્યો છે તે ચોક્કસ સુખી જ થયો છે.

★अब्ज ( न. )

(પદ્મ, કમળ ૨. શંખ ૩. ધન્વંતરી ૪. ચંદ્ર ૫. જલોત્પન્ન વસ્તુ ૬. અબજની સંખ્યા ૭. એક જાતનું કર્પૂર ૮ નિચુલ વૃક્ષ ૯. દશ અર્બુદની સંખ્યા)

જેમ ઘણા બધા કાદવથી ભરેલા તળાવમાં ખીલેલું કમળ પોતાની મહેક દ્વારા આખા જગતને સુગંધિત કરે છે તેમ કુસંસ્કારો અને વાસનાથી પ્રચુર કીચડ જેવા આ સંસારમાં કેટલાક મહાપુરુષો પોતાના ઉત્તમ ચરિત્રરૂપી સુગંધ દ્વારા આખા જગતને સુવાસિત કરે છે.

★अर्य्य ( त्रि. )

(સ્વામી ૨. વૈશ્ય)

પરમાત્મભક્તિના વિવિધ પ્રકારો છે. તેમાં એક પ્રકાર છે સ્વામી-સેવકભાવનો. કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યજી મહારાજે વીતરાગ સ્તોત્રમાં સ્તવના કરતાં લખ્યું છે કે, હે નાથ ! હું તમારો દાસ છું, નોકર છું, પ્રેષ્ય છું, સેવક છું, કિંકર છું. અને તમે મારા સ્વામી છો. બસ એક વાર મારી આ વાત માટે તમે હા કહી દો, આનાથી વધારે મારે કાંઇ જ ન જોઇએ.

★आर्य ( त्रि. )

(શ્રેષ્ઠ, ઉત્તમ, ૨. પવિત્ર, શિષ્ટાચારવાળો ૩. સાધુ ૪. માતામહ ૫. પિતામહ ૬. ગોત્રપ્રવર્તક ઋષિ ૭. શાંડિલ્યના શિષ્ય આર્યગોત્રીય આચાર્ય જીતધરસૂરિ ૮. આમંત્રણવાચી શબ્દ)

આચારોનું પાલન સજ્જન અને દુર્જન બન્ને કરતા હોય છે. સજ્જનોના આચારને શિષ્ટાચાર અને દુર્જનોના આચારને અશિષ્ટાચાર કહેવાય છે. શિષ્ટ પુરુષો ઉત્તમ આચારોને અનુસરતા હોવાથી તેમના આચારો ગ્રાહ્ય બને છે. સુખના ઇચ્છુકે તેનું જ પાલન કરવું જોઇએ. જ્યારે અશિષ્ટોના આચારો ગેરમાર્ગે દોરનારા અને પરંપરાએ દુઃખદાયક હોવાથી તેનો ત્યાગ કરવો એ જ શ્રેયસ્કર છે.

अज्जइसिवालिय - आर्यर्षिपालित ( पुं., स्त्री. )

(માઠરસ ગોત્રીય આર્યશાન્તિશ્રેણિના ચોથા શિષ્ય ૨. આર્યઋષિપાલિતથી નીકળેલી એક શાખા)

સ્થવિર આર્ય ઋષિપાલિતથી આર્યર્ષિપાલિત શાખા નીકળી, એમ કલ્પસૂત્રમાં ઉલ્લેખ પ્રાપ્ત થાય છે.

अज्जउत्त - आर्यपुत्र ( पुं. )

(આર્યપુત્ર, સંસ્કારી માતા-પિતાનો પુત્ર, નિષ્પાપ માતા-પિતાનો પુત્ર)

સ્થાનાંગસૂત્રના આઠમા સ્થાનમાં આર્યપુત્રની વ્યાખ્યા કરતા લખ્યું છે કે, '**अपापकर्मवतोर्मातपित्रोः पुत्रे**' અર્થાત્ જે માતા-પિતાનું ખુદનું ચરિત્ર નિષ્પાપ અને નિષ્કલંક હોય, તેમનું જે સંતાન હોય તેને આર્યપુત્ર કહેવાય. આવા ઉત્તમ ચરિત્રવાળા માતા-પિતાનું સંતાન પણ ઉત્તમ જ હોય. પરંતુ આજના કાળમાં જ્યાં ખુદ માતા-પિતા જ અસંસ્કારી હોય ત્યાં પુત્રમાં નિર્મળ સંસ્કારો ક્યાંથી આવે. કહેવત છે ને કે કુવામાં હોય તો હવાડામાં આવે.

अज्जओ ( देशी )

(ઘાંસનો એક ભેદ, તૃણભેદ ૨. બોળનામે સુગંધી દ્રવ્ય ૩. તજ)

अज्जकण्ह - आर्यकृष्ण ( पुं. )

(દિગમ્બરમત પ્રવર્તક શિવભૂતિના ગુરુ, તે નામના એક આચાર્ય.)

રાજાએ વહોરાવેલી રત્નકંબર પર શિષ્ય શિવભૂતિનો અતિરાગ જોઇને તેની દુર્ગતિ ન થઇ જાય તેના માટે તેની ગેરહાજરીમાં આર્યકૃષ્ણએ રત્નકંબલના ટુકડા કરીને વોસિરાવી દીધી. જ્યારે શિવભૂતિએ કંબલ ન જોતાં ગુરુદેવને પૃચ્છા કરી ત્યારે ગુરુદેવે તેને સત્ય હકીકત જણાવી અને કહ્યું કે, સાધુને આવી મોંઘી વસ્તુનો પરિગ્રહ ન શોભે. બસ ક્રોધમાં તેણે વસ્ત્રોનો પણ ત્યાગ કર્યો અને ગુરુની ઘણી બધી સમજાવટ છતાં મિથ્યાત્વથી વાસિત થઇને દિગમ્બરમતની સ્થાપના કરી.

अज्जकम्म - आर्यकर्मन् ( न. )

(શિષ્ટજનોચિત પ્રવૃત્તિ, નૃશંસાદિથી નિવર્તેલું કર્મ)

કોઇપણ નવા ગ્રંથની રચના સમયે પરમાત્માનું સ્મરણ કરીને મંગલ કરવામાં આવતું હોય છે. મંગલ કરવાનું કારણ આપતાં

જણાવવામાં આવે છે કે, ગ્રંથની પ્રારંભમાં મંગલ કરવું તે શિષ્ટપુરુષોનો આચાર છે. અર્થાત્ શિષ્ટ પુરુષો હંમેશાં સદનુષ્ઠાનોમાં પ્રવૃત્ત હોય છે. તેઓની દરેક પ્રવૃત્તિ સ્વ અને પર બન્નેનું હિત કરનારી જ હોય છે.

**अज्जकालग - आर्यकालक ( पुं. )**

(તે નામના એક આચાર્ય, શ્યામાર્ય નામે પ્રસિદ્ધ આચાર્ય)

આવશ્યકસૂત્રની મલયગિરિય ટીકામાં અને ચૂર્ણિમાં જણાવ્યું છે કે, આર્ય સ્વાતિના શિષ્ય તથા હારિત ગોત્રમાં થયેલા આર્ય કાલકનું બીજું નામ શ્યામાર્ય હતું.

**अज्जखउड - आर्यखपुट ( पुं. )**

(તે નામના એક આચાર્ય, ખપુટાચાર્ય, વિદ્યાસિદ્ધ એક આચાર્ય)

પ્રવચનના આઠ પ્રભાવકના પ્રકારોમાં એક વિદ્યાસિદ્ધ પ્રકાર આવે છે તેમાં ખપુટાચાર્યનું દૃષ્ટાંત આપવામાં આવેલું છે.

**अज्जग - आर्यक ( पुं. )**

(દાદા, પિતામહ, પિતાના પિતા)

પિતામહના નામે ઓળખાતા ભીષ્મનું જીવન એકદમ શુદ્ધ અને નિષ્કલંક હતું. તેમના જીવનમાં ક્યાંય પાપ નહોતું. તેવા અણિશુદ્ધ જીવન જીવનારા ભીષ્મ પિતામહને પણ કલંક લાગ્યું. ભલે તેમણે કોઇ અકૃત્ય નહોતું આચર્યું પરંતુ, દ્રૌપદીના વસ્ત્રાહરણ વખતે જે કહી શકે તેમ હતાં છતાં પણ મૌન રહીને અકૃત્ય થવા દીધું. કહેવાયું છે ને મૌનમાં સંમતિ. બસ આ મૌનસંમતિને કારણે તેમને ઘણું બધું સહન કરવું પડ્યું અને અંતે અર્જુનના તીરથી વિંધાઇને વીરગતિ પામ્યા.

**★आद्यक ( पुं. )**

(પૃથ્વી પર ઊગનારું એક ઘાસ)

**अज्जगंग - आर्यगङ्ग ( पुं. )**

(તે નામના એક નિહ્નવ આચાર્ય, દ્વિક્રિયા મતના પ્રવર્તક આચાર્ય)

એક વખત આર્યગંગ નામના આચાર્ય વિહારમાં નદી ઓળંગતા હતા. તે સમયે પગે પાણીના સ્પર્શથી ઠંડકનો અને માથે સૂર્યનો તાપ લાગવાથી ઉષ્ણતાનો અનુભવ થયો. તેઓએ મનમાં વિચાર્યું કે, શાસ્ત્રમાં તો એક સાથે બે ક્રિયાનો અનુભવ ન હોઇ શકે તેમ કહ્યું છે. જ્યારે અહીં પ્રત્યક્ષમાં વિરોધ ભાસે છે. આમ વિચાર કરીને તેમણે આગમસૂત્રોની વિરુદ્ધ જઇને એક સમયે બે ભિન્નક્રિયાના ઉપયોગની પ્રરૂપણા કરીને દ્વિક્રિયા મત પ્રવર્તાવ્યો. સંઘે તેમને નિહ્નવ તરીકે ઘોષિત કરીને સંઘ બહાર મૂક્યા. તે પછી નાગ નામના દેવના ભયયુક્ત વાક્યોથી પ્રતિબોધ પામીને પ્રાયશ્ચિત્ત લઈ શુદ્ધ થયા.

**अज्जघोस - आर्यघोष ( पुं. )**

(ભગવાન પાર્શ્વનાથના દ્વિતીય ગણધર)

**अज्जचंदणा - आर्यचन्दना ( स्त्री. )**

(ભગવાન મહાવીરની પ્રથમ સાધ્વી શિષ્યા, સાધ્વી મૃગાવતીના ગુરુણી)

પ્રભુ વીરે અભિગ્રહ કર્યો કે, જે રાજપુત્રી હોય, કર્મસંજોગે દાસી બની હોય, માથે મુંડન હોય, પગમાં બેડીઓ હોય, હાથમાં અડદના બાકુળા હોય અને આંખોમાં આંસુ હોય તેવી સ્ત્રી ગોચરી વહોરાવે તો જ પારણુ કરવું અન્યથા, નિર્જળ ઉપવાસ કરીશ. આ અભિગ્રહ લીધે તેમને પાંચ દિવસ ઓછા એવા છમાસ વ્યતીત થઇ ગયા. સમગ્ર દેવલોકના દેવો અને મનુષ્યો રાહ જોતા હતા કે પરમાત્માનું પારણું ક્યારે થશે. અંતે ભિક્ષા માટે નીકળેલા પરમાત્માનું પારણું સતી ચંદના દ્વારા થયું. કવિએ કલ્પના કરતા લખ્યું છે કે, ચંદનાએ બાકુળાનું દાન આપીને મોક્ષનું ફળ પહેલેથી મેળવી લીધું. પ્રભુ વીરે જ્યારે શાસન સ્થાપના કરી તેમાં સૌપ્રથમ સાધ્વી બનનારાં સતી આર્યા ચંદના જ હતાં. તેમના ચરિત્રનું વર્ણન આવશ્યકસૂત્રની કથાઓમાં આપેલું છે.

**अज्जजंबू - आर्यजम्बू ( पुं. )**

(આર્ય જંબૂસ્વામી, સુધર્માસ્વામીના શિષ્ય, આ કાળના અંતિમ કેવળી)

અંતગડદશાંગસૂત્રમાં જંબૂસ્વામી વિષયક આવતા વર્ણનમાં જણાવ્યું છે કે, ભગવાન મહાવીરના ગણધર શ્રીસુધર્માસ્વામીના શિષ્ય

આર્ય જંબૂસ્વામી તેમની સમ્યગ્ ઉપાસના કરનારા થયા. જંબૂસ્વામીના ચરિત્રને ઉજાગર કરતાં જંબુચરિયં, જંબુઅધ્યયન આદિ અનેક પ્રાચીન ગ્રંથો મળે છે. ભગવાન મહાવીરની પાટપરંપરામાં તેઓ છેલ્લા કેવળી થયેલા કહેવાય છે.

**अज्जजक्खिणी – आर्ययक्षिणी ( स्त्री. )**

(યક્ષિણી આર્યા, ભગવાન નેમિનાથના પ્રથમ શિષ્યા)

**अज्जजयंत – आर्यजयन्त ( पुं. )**

(આર્ય જયંત, વજ્રસેનસૂરિના ત્રીજા પટ્ટધર શિષ્ય)

કલ્પસૂત્રની પટ્ટાવલીમાં પ્રાપ્ત થતા ઉલ્લેખ પ્રમાણે આર્ય વજ્રસેનસૂરિના ત્રીજા પટ્ટધર તરીકે આર્ય જયંતનું નામ મળે છે.

**अज्जजयंती – आर्यजयन्ती ( स्त्री. )**

(આર્ય રથથી નીકળેલી એક શાખા, આર્યજયંતી શાખા)

કલ્પસૂત્રમાં આવતા ઉલ્લેખ પ્રમાણે આર્ય રથથી એક શાખા નીકળી જે આર્યજયંતીના નામથી ઓળખાઈ અને બીજી રીતે આર્ય જયંત થકી એક શાખા નીકળી તેનું નામ પણ આર્યજયંતી શાખા હતું. કલ્પસૂત્રમાં જે જે સ્થવિરોથી તે સમયમાં જે જે શાખાઓ નીકળેલી તેના ઉલ્લેખો કરેલા છે.

**अज्जजीयध ( ह ) र – आर्यजीतधर ( पुं. )**

(કૌશિક ગોત્રના આર્ય શાંડિલ્યના શિષ્ય, જીતધર નામના એક સૂરિ)

સર્વ હેયરૂપ ધર્મોથી પર ગયેલા હોય તે આર્ય કહેવાય છે. જીત એટલે સૂત્ર. અર્થાત્ સૂત્ર મર્યાદાને સૂચવે છે. જીત, સ્થિતિ, કલ્પ, મર્યાદા, વ્યવસ્થા આ બધા શબ્દો એકાર્થક બતાવ્યા છે. આર્ય ગોત્રમાં થયેલા શાંડિલ્યસૂરિના શિષ્ય જીતધરસૂરિ થયા જેમની સ્તુતિ નંદીસૂત્રમાં કરાયેલી છે.

**अज्जण – अर्जन ( न. )**

(ભેગું કરવું તે, એકઠું કરવું તે ૨. સંપાદન કરવું તે)

વાચસ્પત્ય કોશમાં સ્વામિત્વ સંપાદનના અર્થમાં અને વ્યાપારના એક પ્રકાર તરીકે પણ અર્જન શબ્દનો અર્થ કર્યો છે. ભૌતિક જગતમાં એકઠું કરવાની બાબતમાં લોકો સૌપ્રથમ સંપત્તિ માટે ત્યારપછી સત્તા સન્માનાદિને માટે વિચારે છે. જ્યારે ધર્મ જણાવે છે કે, તમે સુકૃતોની સંપત્તિ એકઠી કરો. જેટલા સુકૃતો વધારે તેટલું પુણ્ય વધારે અને તે વધુ પુણ્ય જ તમને યાવત્ મોક્ષે પહોંચતા સુધી સત્તા, સંપત્તિ, સન્માન વગેરેની પ્રાપ્તિ સુલભ બનાવી આપશે.

**अज्जणक्खत्त – आर्यनक्षत्र ( पुं. )**

(જૈનાચાર્ય શ્રીઆર્યભદ્રના શિષ્ય)

**अज्जणंदिल – आर्यनन्दिल ( पुं. )**

(આર્ય મંગુના શિષ્ય)

નંદીસૂત્રમાં વર્ણન છે કે, આર્ય મંગુના શિષ્ય અને આર્ય નાગહસ્તિના ગુરુ આર્ય નંદિલ જ્ઞાન-દર્શન અને ચારિત્રમાં ઘણા ઉદ્યમવંતા હતા. તેમના માટે જૈન પરંપરાના ઇતિહાસમાં લખ્યું છે કે, તેઓએ ધરણેન્દ્રની પત્ની નાગેન્દ્રાનું 'નમિઉણ' શબ્દથી શરુ થતા ચમત્કારિક મહાસ્તોત્રની રચના કરી હતી.

**अज्जणाइल – आर्यनागिल ( पुं. )**

(આર્ય વજ્રસેનના પ્રથમ શિષ્ય)

**अज्जणाइला – आर्यनागिला ( स्त्री. )**

(આર્યનાગિલથી નીકળેલી શાખા)

કલ્પસૂત્રમાં આર્યનાગિલથી નીકળેલી આર્યનાગિલા શાખાનો ઉલ્લેખ કરાયેલો છે.

**अज्जणाइली - आर्यनागिली ( स्त्री. )**

(આર્યવજ્જસેનથી નીકળેલી શાખા)

કલ્પસૂત્રમાં આવતા વર્ણન પ્રમાણે આર્ય વજ્જસેનથી જે શાખા નીકળી તેનું નામ આર્યનાગિલી શાખા હતું.

**अज्जणित्ता - अर्जयित्वा ( अव्य. )**

(મેળવીને, ઉપાર્જન કરીને)

આ જગતમાં ઘણા જીવો એવા હોય છે કે જેઓ મેળવીને પણ ગુમાવી બેસે છે અને કેટલાક ગુમાવીને પણ પ્રાપ્ત કરી લે છે. તેનું ઉદાહરણ છે પુંડરિક અને કંડરિક. કંડરિક વૈરાગ્યવાસિત થઇને શ્રમણ બન્યો અને પુંડરિક રાજા બન્યો. કંડરિક સાધુ હોવા છતાં તેના મનમાં સાંસારિક સુખો રમતા હતા અને પુંડરિક રાજા હોવા છતાં તેના મનમાં શ્રમણતા પ્રત્યેનો અહોભાવ રમતો હતો. અંતે બન્ને ભાઈઓએ પોતાના વેષની અદલાબદલી કરી. કર્મ સંજોગે સાધુમાંથી રાજા બનેલા ભાઇનું તે જ રાતે મૃત્યુ થયું ને દુર્ગતિમાં ગયા. જ્યારે પુંડરિક સાધુ સાધ્વાચારનું પાલન કરીને અંતે સદ્ગતિને પામ્યા. સૂત્રકૃતાંગસૂત્રમાં જણાવ્યું છે કે, જીવ કર્મો દ્વારા અનંતદુ:ખમય સંસારનું ઉપાર્જન કરીને અનંતદુ:ખોવાળા તે સંસારનું વેદન કરે છે.

**अज्जतावस - आर्यतापस ( पुं. )**

(આર્યવજ્જસેનના ચોથા શિષ્ય)

**अज्जतावसी - आर्यतापसी ( स्त्री. )**

(આર્ય તાપસથી નીકળેલી શાખા)

આર્ય તાપસ થકી શ્રમણોની આર્યતાપસી શાખા નીકળી તેમ કલ્પસૂત્રમાં જણાવેલું છે.

**अज्जत्ता - अद्यता ( स्त्री. )**

(વર્તમાન કાલીનતા)

જો તમારા ભૂતકાળના વર્તનની અસર તમારા વર્તમાન પર પડતી હોય તો વર્તમાનમાં કરાતા વર્તનની અસર ચોક્કસ તમારા ભવિષ્ય પર પડે છે. અર્થાત્ તમારું ભવિષ્ય કેવું છે તે તમારી વર્તમાનકાલીન પ્રવૃત્તિ પર નિર્ભર છે. આથી જ તો કહેવાયું છે કે જેની આજ સારી તેની આવતી કાલ પણ સારી.

**★आर्यता ( स्त्री. )**

(આર્યત્વ, પાપકર્મ બહિર્ભૂતપણું, સાધુતા)

આર્યતા ગુણ એ ક્ષેત્રના કારણે નથી પરંતુ, વ્યક્તિમાં રહેલા ગુણને આશ્રયીને કહેલો છે. કેમ કે એવા ઘણા દૃષ્ટાંતો જોવા મળે છે કે જે આર્યદેશમાં ઉત્પન્ન થયેલો હોવા છતાં તેનો વ્યવહાર અનાર્ય જેવો હોય છે. જેમ કે કાલસૌરિક કસાઈ. જ્યારે કેટલાક સરળહૃદયી જીવો કર્મસંજોગે અનાર્યદેશમાં ઉત્પન્ન થયેલા હોવા છતાં પણ ગુણવાન્ હોવાથી આર્ય જેવો વ્યવહાર હોય છે. જેમ કે અભયકુમારના મિત્ર આર્દ્રકુમાર.

**अज्जथूलभद्द - आर्यस्थूलभद्र ( पुं. )**

(આર્ય સંભૂતિવિજયના શિષ્ય, આર્ય મહાગિરિ અને આર્ય સુહસ્તિના ગુરુ, શકડાલ મંત્રીના જ્યેષ્ઠપુત્ર)

જિનશાસનમાં બે આત્માઓ કામવિજેતા હતા. પ્રથમ બાવીસમા તીર્થપતિ ભગવાન નેમિનાથ અને બીજા અંતિમ ચૌદપૂર્વી સ્થૂલિભદ્રસ્વામી. કોઇક કવિએ બન્ને કામવિજેતાઓની સ્તવના કરતાં લખ્યું છે કે, હે પરમાત્મા નેમિનાથ ! આપે પણ કામને જીત્યો અને સ્થૂલિભદ્રજીએ પણ કામને જીત્યો હતો. આપ બન્નેમાં અમે સ્થૂલિભદ્રને વધારે મહત્ત્વ આપીએ છીએ. કેમ કે આપે ગિરનારમાં જઇને કામને જીત્યો છે, જ્યારે સ્થૂલિભદ્રજીએ કામના ઘરમાં જઇને કામદેવને જીત્યો છે.

**अज्जदिण्ण - आर्यदत्त ( पुं. )**

(ભગવાન પાર્શ્વનાથના પ્રથમ ગણધર ૨. કાશ્યપગોત્રીય ઇન્દ્રદત્તના શિષ્ય)

કલ્પસૂત્રમાં ભગવાન પાર્શ્વનાથજીના પ્રથમ ગણધર તરીકે આર્યદત્તનો ઉલ્લેખ છે તથા સમાન નામવાળા કાશ્યપગોત્રીય ઇન્દ્રદત્તમુનિના શિષ્ય આર્યદત્તનો ઉલ્લેખ પણ છે. જેમના શ્રીશાન્તિશ્રેણિક અને શ્રીસિંહગિરિ નામક બે શિષ્યો હતા.

**अज्जद्दय - आर्यार्द्रक ( पुं. )**

(ચોવીસમા તીર્થપતિ શ્રીમહાવીરસ્વામીના શિષ્ય, આર્ય આર્દ્રકમુનિ)

**अज्जधम्म - आर्यधर्म ( पुं. )**

(આર્યમંગુના એક શિષ્ય અને આર્ય ભદ્રગુપ્તના ગુરુ ૨. આર્યસિંહના શિષ્ય અને આર્ય શાંડિલ્યના ગુરુ)

નંદીસૂત્ર અને કલ્પસૂત્રના ઉલ્લેખ પ્રમાણે જિનશાસનમાં આર્યધર્મ નામના બે આચાર્યભગવંત થયેલા છે. તેમાંના એક યુગપ્રધાન આર્યમંગુના શિષ્ય અને આર્યભદ્રગુપ્તના ગુરુ હતા. જ્યારે બીજા આર્યસિંહના શિષ્ય અને આર્યશાંડિલ્યના ગુરુ હતા.

**अज्जपउम - आर्यपद्म ( पुं. )**

(દશપૂર્વી આર્યવજ્રસ્વામીના દ્વિતીય શિષ્ય, આર્યપદ્મ)

**अज्जपउमा - आर्यपद्मा ( स्त्री. )**

(આર્યપદ્મથી નીકળેલી એક શાખાનું નામ, આર્યપદ્માશાખા)

આર્ય વજ્રસ્વામીના દ્વિતીય શિષ્ય સ્થવિર આર્ય પદ્મ થકી આર્યપદ્મા શાખા નીકળી હતી એમ કલ્પસૂત્રમાં વર્ણન મળે છે.

**अज्जपुंगल - आर्यपुद्गल ( पुं. )**

(બૌદ્ધદર્શન પરિભાષિત બાહ્ય અર્થના અભાવવાળા કેવળ બુદ્ધિગમ્ય અર્થ)

**अज्जपूसगिरि - आर्यपुष्यगिरि ( पुं. )**

(આર્યરથના શિષ્ય, આર્યપુષ્યગિરિ)

**अज्जपोमिल - आर्यपोमिल ( पुं. )**

(આર્યવજ્રસેનના દ્વિતીય શિષ્ય, આર્યપોમિલ)

**अज्जपोमिला - आर्यपोमिला ( स्त्री. )**

(આર્યપોમિલથી નીકળેલ શાખા, આર્યપોમિલી શાખા)

**अज्जप्पभव - आर्यप्रभव ( पुं. )**

(અંતિમ કેવલી જંબૂસ્વામીના શિષ્ય, આર્ય પ્રભવ)

આર્યપ્રભવસ્વામી જન્મે રાજપુત્ર અને કર્મે ચોર હતા. એક વખત રાત્રિના પોતાના પાંચસો સાથીદાર સહિત રાજગૃહીમાં જંબૂકુમારને ત્યાં ચોરી કરવા આવ્યા. પરંતુ આખી રાત જંબૂસ્વામી અને તેમની આઠ પત્નીઓનો વાર્તાલાપ સાંભળીને તેમનું ચિત્ત પણ વૈરાગ્યવાળું બન્યું અને બીજા દિવસે પોતાના ૪૯૯ સાથીઓ સહિત જંબૂકુમારનું શિષ્યત્વ સ્વીકારીને સુધર્માસ્વામી ગણધર પાસે પ્રવ્રજ્યા ગ્રહણ કરી. તેઓ આગળ જતાં જંબૂસ્વામીના પટ્ટધર બન્યા હતા.

**अज्जप्पभिइ - अद्यप्रभृति ( अव्य. )**

(આજથી માંડીને, આજથી પ્રારંભીને)

પાક્ષિકસૂત્રમાં પાપનિવૃત્તિના ત્રણ તબક્કા બતાવવામાં આવ્યા છે. ૧. **अइअं निंदामि** ૨. **पडुप्पुन्नं संवरेमि** ૩. **अणागयं पच्चक्खामि** અર્થાત્, પૂર્વે કરેલા પાપોની નિંદા કરું છું, વર્તમાનકાળમાં સેવાતા દોષોથી અટકું છું અને હવે આજથી માંડીને ભવિષ્યમાં કોઇ પાપ નહીં કરવા માટે આજથી જ પ્રતિજ્ઞા લઉં છું. જેણે આ ત્રણ તબક્કાનો સ્વીકાર કર્યો છે તેને દોષો સ્પર્શી શકતા નથી.

**अज्जफग्गुमित्त - आर्यफल्गुमित्र ( पुं. )**

(આર્યપુષ્યગિરિના શિષ્ય અને આર્યધનગિરિના ગુરુ, આર્યફલ્ગુમિત્ર)

**अज्जम ( ण् ) - अर्यमन् ( पुं. )**

(સૂર્ય ૨. દેવવિશેષ ૩. ઉત્તરાફાલ્ગુની નક્ષત્રનો સ્વામી દેવ ૪. પિતૃરાજા)

પરમાત્માને ઉત્પન્ન થયેલા કૈવલ્યજ્ઞાનનું તેજ એટલું બધું હોય છે કે, તેની સામે કરોડો સૂર્યો પણ ઝાંખા થઇ પડે. તે તેજના કારણે પરમાત્માનું મુખ જોવામાં લોકોને તકલીફ ન પડે તે માટે દેવો અતિશયરૂપે ભગવાનની પાછળ ભામંડલની રચના કરે છે. તે

ભામંડલના કારણે કેવલજ્ઞાનનું તેજ તેમાં સંક્રમિત થાય છે અને જનસમૂહ પરમાત્માના મુખનું દર્શન સહજતાથી કરી શકે છે.

**अज्जमंगु - आर्यमङ्गु ( पुं. )**

(આર્ય સમુદ્રના શિષ્ય)

નિશીથચૂર્ણિમાં પ્રમાદના વર્ણનમાં આર્ય મંગુની કથા આવે છે. તેઓ તે સમયના વિશિષ્ટ શ્રુતધર અને યુગપ્રધાન હતા. છતાં પણ રસ-ઋદ્ધિ અને શાતા આ ત્રણ અશુભ ગારવોને આધીન થઈને ચારિત્રમાં શિથિલ બન્યા. હંમેશાં સારું-સારું ખાવાની ઇચ્છા, ભક્તોથી ઘેરાઈને તેમની સાથે સમય પસાર કરવો અને સુખશય્યામાં તલ્લીન બનીને ચારિત્રાચારનું પાલન છોડી દીધું. જેના કારણે ચારિત્રપાલનના ફળરૂપી ઉચ્ચ ગતિ ન મળતાં હીનયોનિવાળા ખાળના યક્ષ બનવું પડ્યું.

**अज्जमणग - आर्यमणक ( पुं. )**

(મનક મુનિ, શય્યંભવસૂરિના સાંસારિક પુત્ર મુનિ)

સાંસારિક અવસ્થાનો પુત્ર મનક પિતા શય્યંભવસૂરિને વંદન કરવા માટે ઉપાશ્રયે આવે છે. પિતાએ જ્ઞાનોપયોગથી તેનું અલ્પાયુ જાણી આ ભવ્યાત્મા દુર્લભ મનુષ્યભવની પ્રાપ્તિને સત્યધર્મની આરાધનાથી સફળ બનાવે તો સારું એમ વિચારી તેને પ્રતિબોધિત કરી ભાગવતી દીક્ષા આપી અને શેષ અલ્પાયુવાળા મનક મુનિ શાસ્ત્રોના રહસ્યને અલ્પાવધિમાં પ્રાપ્ત નહીં કરી શકે તેમ જાણી તેમના અધ્યયનાર્થે શાસ્ત્રોના સારરૂપ દશવૈકાલિકસૂત્રની રચના કરી. મનક મુનિએ આ ગ્રંથનું અધ્યયન કરી માત્ર છ માસના દીક્ષાપર્યાયમાં પણ સુંદર ધર્મારાધના કરી માનવભવને સફળ બનાવ્યો.

**अज्जमहागिरि - आर्यमहागिरि ( पुं. )**

(આર્ય સ્થૂલિભદ્રના શિષ્ય, એલાપત્યગોત્રીય આર્યમહાગિરિ નામના આચાર્ય)

એલાપત્યગોત્રીય આર્યમહાગિરિ કામવિજેતા આર્ય સ્થૂલિભદ્રના શિષ્ય હતા. જિનકલ્પી મહાત્માઓની જેમ તેઓ ઉગ્રવિહાર કરતા હતા. પોતાના ગુરુબંધુ રાજપિંડભોજી આર્યસુહસ્તિથી ગોચરી-પાણી અલગ કરીને તેમણે અલગ ગચ્છ ચલાવ્યો. ત્યારથી ગચ્છની ભિન્નતા થઈ.

**अज्जरक्ख - आर्यरक्ष ( पुं. )**

(આર્યનક્ષત્રના શિષ્ય, આર્યરક્ષ)

કાશ્યપગોત્રીય આર્યનક્ષત્રના કાશ્યપગોત્રીય આર્યરક્ષ શિષ્ય હતા. આ ભગવંત અને આર્યરક્ષિત આચાર્ય એ બન્ને ભિન્ન છે કે અભિન્ન ? તે વિષયમાં કલ્પસૂત્રના ટીકાકારોમાં ભિન્ન-ભિન્ન અભિપ્રાય છે. કલ્પસૂત્રની સુબોધિકા ટીકાકાર ઉપાધ્યાય શ્રીવિનયવિજયજી જણાવે છે કે, કિરણાવલી ટીકાના રચયિતાએ તોસલિપુત્ર આચાર્યના શિષ્ય આર્યરક્ષિત અને અનેક લબ્ધિઓના ધારક વજ્રસ્વામીની શિષ્ય-પ્રશિષ્ય પરંપરામાં નવમા સ્થાને રહેલા આર્યરક્ષ, આ બંનેમાં સ્પષ્ટ ભેદ વિસરાવાથી આર્યરક્ષની જગ્યાએ આર્યરક્ષિત લખેલું છે.

**अज्जरक्खिय - आर्यरक्षित ( पुं. )**

(આર્યરક્ષિત, તોસલિપુત્ર આચાર્યના શિષ્ય)

દશપુરનગર નિવાસી સોમદેવ બ્રાહ્મણ અને રુદ્રસોમા સ્ત્રીનો પુત્ર આર્યરક્ષિત સંસારમાં શ્રેષ્ઠ ગણાતી ચૌદ વિદ્યાઓમાં પારંગત થઈને જ્યારે ઘરે આવે છે ત્યારે રાજા સહિતના નગરના મોટા વ્યક્તિઓ તેનું સામૈયું કરીને તેનો નગરપ્રવેશ કરાવે છે. પ્રવેશ પછી ઘરે આવી માને ઉદાસ જોઈને પૂછે છે કે હે માતા ! બહુ ઓછા વિદ્વાનો જેના જાણકાર છે એવી શ્રેષ્ઠ વિદ્યાઓનું અધ્યયન કરીને હું આવ્યો છું તેનાથી તને ખુશી થઈ નથી ? ત્યારે માતા જણાવે છે કે પુત્ર, આ વિદ્યાઓ તો સંસારનો ભાર વધારનારી છે. તું ભવભ્રમણને છોડાવનારી સમ્યક્ વિદ્યા ગણાતા એવા દૃષ્ટિવાદનું અધ્યયન કરીશ ત્યારે જ મને ખુશી થશે. આથી માત્ર માતાની ખુશી માટે બીજા દિવસે પ્રાતઃકાળે જ દૃષ્ટિવાદનું અધ્યયન કરવા નીકળ્યા. તેમણે આચાર્ય તોસલિપુત્ર પાસે ભાગવતી પ્રવ્રજ્યા ગ્રહણ કરી અને અનેક લબ્ધિઓના ધારક શ્રીવજ્રસ્વામી પાસે સાધિક નવ પૂર્વપર્યન્ત અધ્યયન કર્યું. આ મહાનુભાવે દુર્બલિકાપુષ્પમિત્ર આચાર્ય જેવા મહાપુરુષોથી રક્ષાયેલા આગમાદિના પાઠોની થઈ રહેલી વિસ્મૃતિને ધ્યાનમાં લઈ આગમોને ચરણ-કરણાદિ ચાર અનુયોગોમાં વિભક્ત કર્યા.

**अज्जरक्खियमीस - आर्यरक्षितमिश्र ( पुं. )**

(આર્ય રક્ષિતમિશ્ર, આગમ અનુયોગના કર્તા આર્ય રક્ષિતસૂરિ)

**अज्जरह - आर्यरथ ( पुं. )**

(આર્ય વજસ્વામીના ત્રીજા શિષ્ય)

**अज्जल - आद्यल ( पुं. )**

(મ્લેચ્છ જાતિનો એક ભેદવિશેષ)

**अज्जव - आर्जव ( न. )**

(સરળતા, કપટનો અભાવ ૨. સંવર ૩. શ્રમણધર્મનો ત્રીજો ભેદ ૪. યોગસંગ્રહનો દશમો પ્રકાર)

આવશ્યકસૂત્રની કથાઓ અંતર્ગત સરળતા ગુણ વિષયક ચંપાનગરીના મહામતિ કૌશિકાર્ય ઉપાધ્યાયના બે શિષ્યોનું દૃષ્ટાંત આપેલું છે. બંને શિષ્યોમાં એક મૂર્ખ અને એક સરળ હતો. મૂર્ખે જીવ હત્યા કરીને ગુરુભાઈ પર આરોપ મૂક્યો છતાં તે શિષ્યે ગુરુની તાડના સરળતાથી સહન કરી. અન્તે બંને શિષ્યો તથા પત્ની સહિત ઉપાધ્યાય આ ચારેયનો આત્મા ઋજુ હોવાના કારણે દીક્ષા લીધી અને રાગ-દ્વેષરહિત સમતાભાવમાં રહેતા તે ચારેને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ. અંતે મોક્ષમાં ગયા. મન, વચન, કાયાની વિક્રિયા એટલે કપટના અભાવને પણ આર્જવ કહેવાય છે. આગમોમાં યત્ર-તત્ર-સર્વત્ર જણાવાયું છે કે, આત્માના ઉર્ધ્વગમન માટે સરળતાગુણ કેળવવો અત્યંત આવશ્યક છે.

**अज्जवइर - आर्यवज्र ( वैर ) ( पुं. )**

(આર્ય સિંહગિરિના શિષ્ય, અંતિમ દશપૂર્વી)

ધનગિરિ અને સુનંદાના પુત્ર અને આર્યસિંહગિરિના શિષ્ય હતા. માત્ર ત્રણ વર્ષની ઉંમરમાં પદાનુસારી લબ્ધિના પ્રભાવે પારણામાં સૂતા સૂતા સાધ્વીજીના મુખેથી શ્રવણ કરીને અગિયાર અંગના જ્ઞાતા બન્યા હતા. કાળક્રમે દીક્ષા લઇને ગુરુએ તેમની યોગ્યતા જાણી તેઓને પોતાના પટ્ટધર બનાવ્યા. સ્વયં દશપૂર્વના જ્ઞાતા હોવાથી તે કાળમાં પ્રધાન શ્રુતધર હતા. તેઓએ જાવડશા પાસે શત્રુંજયનો જીર્ણોદ્ધાર કરાવડાવ્યો હતો. વિદ્યા-સિદ્ધિઓના પ્રભાવે તેઓએ જિનશાસનની અપૂર્વ પ્રભાવના કરી હતી. તેમના નામથી વજ્રીશાખા નીકળી હતી.

**अज्जवइरसेण - आर्यवज्रसेन ( पुं. )**

(આર્ય વજસ્વામીના પ્રથમ શિષ્ય)

આર્યવ્રજસેનસૂરિ દશપૂર્વી આર્યવજસ્વામીના પ્રથમ શિષ્ય હતા. તેઓએ માત્ર દશવર્ષની ઊંમરે વજસ્વામી પાસે પ્રવ્રજ્યા ગ્રહણ કરી હતી અને તેમનો ચારિત્ર પર્યાય ૧૨૦ વર્ષનો હતો. તેઓએ બારવર્ષના દુષ્કાળથી કંટાળીને સામૂહિક આત્મહત્યા કરવા જતા કુટુંબને બચાવ્યું હતું. અને તે જ કુટુંબના ચારપુત્રોને દીક્ષા આપી હતી. પાછળ જતાં તે ચારેયના નામથી અલગ-અલગ કુળ નીકળ્યા હતાં. જેમાંનું એક છે ચાંદ્રકુળ આજે પણ દીક્ષા આપતી વખતે તેનો ઉલ્લેખ કરવામાં આવે છે.

**अज्जवइरी - आर्यवज्री ( स्त्री. )**

(આર્યવજસ્વામીથી નીકળેલી આર્યવજ્રી શાખા)

**अज्जवट्ठाण - आर्जवस्थान ( न. )**

(આર્જવાદિ સંવરના પાંચ સ્થાન ૨.સાધુ ૩. સંવરનું સ્થાન)

સ્થાનાંગસૂત્રના પાંચમા સ્થાનના પ્રથમ ઉદ્દેશામાં કહેલું છે કે, આર્જવ એટલે માયાનો નિગ્રહ અને તેના કુલ પાંચ સ્થાનો છે. ૧. સાધુઆર્જવ ૨. સાધુમાર્દવ ૩. સાધુલાઘવ ૪. સાધુક્ષમા અને ૫. સાધુમુક્તિ. આમાં આર્જવતાથી લઇને મોક્ષસુધીનો ક્રમ બતાવ્યો છે. આગમશાસ્ત્રો લખે છે કે, મોક્ષ સુધી પહોંચવું હોય તો પ્રથમ ઋજુતા લાવો તેના વિના મોક્ષ શક્ય નથી.

**अज्जवपहाण - आर्जवप्रधान ( त्रि. )**

(આર્જવ પ્રધાન, સરળતા મુખ્ય છે જેમાં તે, માયાના ઉદયનો નિગ્રહ કરવામાં પ્રધાન હોય તે)

ઔપપાતિકસૂત્રમાં કહેલું છે કે, માયા એ જીવ જોડે વક્રતાભર્યું વર્તન કરાવે છે. માટે મોક્ષમાર્ગમાં ઉદ્યત અને આર્જવ પ્રધાન શ્રમણ

આવા સ્વભાવવાળી માયાનો ઉદય થતાં તેને નષ્ટ કરવામાં હંમેશા તત્પર રહે અને આર્જવ ગુણથી તેનો નિગ્રહ કરે.

**अज्जवभाव - आर्जवभाव ( पुं. )**

(અશઠતા, સરળતા, અમાયાવી ભાવ, કપટનો અભાવ)

ઋષભદેવ ભગવાનના શાસનના જીવો ઋજુ અને જડ કહેવામાં આવેલા છે. તેઓનું બૌદ્ધિકસ્તર વિશિષ્ટ કક્ષાનું ન હોવાથી જલદી કોઇ વાતનું તાત્પર્ય સમજી શકતા ન હતા. પરંતુ તેઓમાં આર્જવભાવ શ્રેષ્ઠ કક્ષાનો હોવાથી પોતે કરેલું શુભાશુભ વર્તન કોઇ પાસે છુપાવતા ન હતા તથા ઋજુ અને પ્રાજ્ઞ કક્ષાનો જીવ તેમને ભૂલ સમજાવે તો સરળતાથી તેનો સ્વીકાર કરીને પ્રાયશ્ચિત્ત કરી લેતા હતા. યાદ રાખજો ! વક્રતા મોક્ષમાર્ગ માટે બાધક અને ચારિત્રજીવન માટે વિઘાતક કહેલી છે.

**अज्जवया - आर्जवता ( स्त्री. )**

(ઋજુતા, સરળતા, માયા-કપટ-દંભનો ત્યાગ, શ્રમણધર્મનો એક ભેદ)

ઉત્તરાધ્યયનસૂત્રના ૨૯મા અધ્યયનમા લખેલું છે કે, જે જીવ શરીરની વિપરીત ચેષ્ટા ન કરવા વડે કાયાથી, ઉપહાસ, કટાક્ષના ત્યાગરૂપી ભાષાથી અને સ્વ કે પરના અહિત ચિંતનના ત્યાગરૂપી મનથી આર્જવતાને આચરે છે તે જ આત્મા ધર્મનો આરાધક બની શકે છે. કારણ કે વિશુદ્ધ અધ્યવસાયના બળે અન્ય જન્મમાં પણ જીવને ધર્મની પ્રાપ્તિ સુલભ થાય છે.

**अज्जविय - आर्जव ( न. )**

(અમાયાવીપણું, સરળતા, અશઠતા)

શાસ્ત્રમાં લખેલું છે કે, **'लोभाविनाभाविनी च माया'** અર્થાત્ માયા ક્યારેય પણ લોભ વગર રહી શકતી નથી અને જે લોભી પુરુષ છે તે ક્યારેય પણ સરળતા આચરી શકતો નથી. પરંતુ જેણે આર્જવગુણથી માયા પર વિજય મેળવ્યો છે તેણે લોભ ઉપર વિજય મેળવ્યો છે એમ નિશ્ચયપૂર્વક સમજવું જોઈએ.

**अज्जवेडय - आर्यवेटक ( न. )**

(હારિતસ ગોત્રીય શ્રીગુપ્તથી નીકળેલું ચારણગણનું છઠ્ઠું કુળ)

કલ્પસૂત્રની થેરાવલીમાં જણાવ્યું છે કે, હારીતસ ગોત્રવાળા આર્યશ્રીગુપ્ત થકી નીકળેલા ચારણમુનિઓના છઠ્ઠા કુળનું નામ આર્યવેટક હતું.

**अज्जसमिय - आर्यसमित ( पुं. )**

(આર્ય સિંહગિરિના શિષ્ય)

આર્યસમિત આર્યવજ્રસ્વામીના સંસારી પક્ષે મામા અને આર્યસિંહગિરિના શિષ્ય હતા. તેઓએ પોતાના યોગપ્રભાવથી અચલપુરની નજીકમાં આવેલા બ્રહ્મદીપમાં પગ ઉપર લેપ લગાવીને જલ પર ચાલતા તાપસને જીત્યો હતો અને તેના શિષ્યો સહિત તેને દીક્ષા આપી હતી. તેમનાથી બ્રહ્મદીપિકા શાખા નીકળી હતી.

**अज्जसमुद्द - आर्यसमुद्र ( पुं. )**

(આર્ય શાંડિલ્યના શિષ્ય, ઉદધિ-સમુદ્ર નામા આચાર્ય)

આર્યસમુદ્ર આર્યશાંડિલ્યના શિષ્ય અને ઉદધિ આચાર્ય નામે પ્રસિદ્ધ હતા. અંત સમયે તેઓનું જંઘાબળ ક્ષીણ થઇ ગયું જેના કારણે તેઓની અસમાધિ વધી ગઇ અને તેઓ અસમાધિ અવસ્થામાં જ મૃત્યુ પામ્યા તેવું વૃદ્ધસંપ્રદાયનું કથન છે. આ વર્ણન આચારાંગસૂત્રના પ્રથમ શ્રુતસ્કંધના આઠમા અધ્યાયના પ્રથમ ઉદ્દેશમાં કરેલું છે.

**अज्जसाम - आर्यश्याम ( पुं. )**

(શ્યામાચાર્ય, જેમનું બીજું નામ કાલકાચાર્ય હતું)

શ્યામાચાર્ય ૪૫ આગમોમાં આવતા પ્રજ્ઞાપનાસૂત્ર નામક આગમના કર્તા છે અને તેઓ કાલકાચાર્યના નામથી પણ ઓળખાય છે. તેઓ વાચકવંશમાં થયા હતા. તેમણે પોતાના શિષ્યોને શ્રુતસાગરના રહસ્યો આપ્યા હતા.

**अज्जसुहत्थि ( ण् ) - आर्यसुहस्तिन् ( पुं. )**

(આર્ય સ્થૂલિભદ્રસ્વામીના સ્થવિર શિષ્ય, આર્ય સુહસ્તિસૂરિ)

આર્યસુહસ્તિજી અંતિમ ચૌદપૂર્વી અને કામવિજેતા સ્થૂલિભદ્રસ્વામીના શિષ્ય હતા. તેમણે ત્રણ દિવસથી ભૂખ્યા અને ખાવા માટે દીક્ષા લેવાની ઇચ્છાવાળા ભિખારીને પોતાના જ્ઞાનના પ્રભાવે તેનું ઉજ્જવળ ભવિષ્ય જોઇને પ્રવ્રજ્યા આપી હતી. અતિભોજનના કારણે તે મૃત્યુ પામ્યો અને બીજા ભવમાં તે સમ્રાટ સંપ્રતિ થયો. આર્યસુહસ્તિએ સમ્રાટ સંપ્રતિ પાસે અભૂતપૂર્વ શાસનપ્રભાવના કરાવી હતી. જેના કારણે આજે પણ સંપ્રતિ રાજાએ ભરાવેલી પ્રતિમાજીઓ મળી આવે છે.

**अज्जसुहम्म ( ण् ) - आर्यसुधर्मन् ( पुं. )**

(ભગવાન મહાવીરના શિષ્ય, પંચમ ગણધર)

આર્યસુધર્મા કોલ્લાગસન્નિવેશમાં વસતા ધમ્મિલ બ્રાહ્મણ અને ભદ્દિલાના પુત્ર હતા. પરમાત્મા મહાવીરે તેમના મનની શંકાનું સમાધાન કરતાં તેમનું શિષ્યત્વ અંગીકાર કર્યું હતું. પ્રભુ વીરે તેમને યોગ્ય અને દીર્ઘાયુષી જાણીને પોતાના ઉત્તરાધિકારી બનાવ્યા હતા. અત્યારે જેટલું પણ શ્રુત અને જૈન શ્રમણસંપ્રદાય વિચરે છે તે સર્વે ગણધર સુધર્માસ્વામીના જ છે. તેમણે ૫૦ વર્ષે દીક્ષા લીધી, ૩૦ વર્ષ પ્રભુવીરની સેવા કરી, ૯૨મા વર્ષે કેવલજ્ઞાન અને ૮ વર્ષ કેવલીપર્યાયમાં વિચર્યા. આમ કુલ ૧૦૦ વર્ષનું આયુષ્ય ભોગવી અંતે જંબૂસ્વામીને પોતાની પાટ સોંપી મોક્ષમાં સિધાવ્યા હતા.

**अज्जसेणिय - आर्यसैनिक ( पुं. )**

(આર્ય શાન્તિસૈનિકના દ્વિતીય શિષ્ય, આર્યસૈનિક)

**अज्जसेणिया - आर्यसैनिकी ( स्त्री. )**

(આર્ય સૈનિકથી નીકળેલી શાખા, આર્યસૈનિકી શાખા)

**अज्जा - आद्या ( स्त्री. )**

(પ્રથમ થનાર ૨. અંબિકા ૩. અન્ય મતે ગાય)

અંબિકાદેવીનું જેમ ઉગ્ર સ્વરૂપ છે તેમ એક સૌમ્ય સ્વરૂપ પણ છે. અજૈન માન્યતાનુસાર વાઘની સવારીવાળા, હાથોમાં અસ્ત્રાદિ યુક્ત અને અસુરનો વધ કરતા અંબિકાદેવીનું સ્વરૂપ બતાવવામાં આવેલું છે. જ્યારે જૈન માન્યતાનુસાર અંબિકા દેવી ભગવાન નેમિનાથની શાસનદેવી છે. જેનું વાહન પણ વાઘ છે. એક હાથમાં તલવાર અને બીજા હાથમાં આમ્રફળ છે. તેમના ખોળામાં એક બાળક છે અને બીજું તેમની પાસે ઉભેલું છે. તેઓ અત્યંત પ્રશાંતમુખાકૃતિવાળાં છે.

**★आर्या ( स्त्री. )**

(પ્રશાંત સ્વરૂપી દુર્ગા ૨. સાધ્વી ૩. આર્યા નામક માત્રા છંદ ૪. ૬૪ કળામાંની ૨૧મી કળા ૫. ગૌરી-પાર્વતી ૬. ૧૫મા તીર્થંકરના સાધ્વી ૭. મલ્લિનાથ પ્રભુના સાધ્વી ૮. પૂજ્ય કે માન્ય સ્ત્રી)

કેવલી ભગવંતોએ કહેલું છે કે, જ્યાં સુધી કેવલજ્ઞાન પ્રાપ્ત નથી થયું ત્યાં સુધી અસત્ય બોલવાની સંભાવના છે. આથી સાધુ અને સાધ્વીએ કોઇપણ વાક્યકથનમાં જકાર અને મકારનો ઉપયોગ કરવો નહીં. પરંતુ શાસ્ત્ર કહે છે કે, જે સાધુ-સાધ્વી આ વચનનું ઉલ્લંઘન કરીને જકારાદિનો ઉપયોગ કરે છે, તે સ્વયં પોતાની જાતને સંસારગર્તામાં ફેંકે છે.

**अज्जाकप्प - आर्याकल्प ( पुं. )**

(સાધ્વીએ લાવેલો આહાર, આર્યાકલ્પ)

ગચ્છાચારપયન્નાના દ્વિતીય અધિકારમાં કહેલું છે કે, સાધુને સાધ્વીજીએ લાવેલો આહાર-પાણી ગમે તેવી પરિસ્થિતિમાં કલ્પતો નથી. કેમ કે સાધુએ સર્વત્ર સંયમની રક્ષા કરવી જોઇએ અને વિચાર્યા વિના કરાયેલી પ્રવૃત્તિથી વિરાધના થાય છે. આથી સંજોગોવશાત્ આહાર-પાણી લેવા જ પડે તો ક્ષીણજંઘાબળવાળા અર્ણિકાપુત્રની જેમ વિચારીને પ્રવૃત્તિ કરવી જોઇએ.

**अज्जाणंदिल - आर्यनन्दिल ( पुं. )**

(આર્યમંગુના શિષ્ય અને આર્ય નાગહસ્તિના ગુરુ)

**अज्जालद्ध - आर्यालब्ध ( त्रि. )**

(સાધ્વીએ પ્રાપ્ત કરેલી વસ્તુ, સાધ્વીએ મેળવેલું હોય તે)

જેમાં સાધુ-સાધ્વીના આચાર વર્ણવવામાં આવ્યા છે તેવા ગચ્છાચાર પયન્ના શાસ્ત્રમાં કહેલું છે કે, સાધ્વીજીએ વહોરેલું વસ્ત્ર-પાત્રાદિ

પણ સાધુને કલ્પતા નથી તો પછી તેઓએ લાવેલો આહાર તો કેવી રીતે કલ્પી શકે ? અને જે ગચ્છમાં સાધુ કારણ વિના સાધ્વીએ પ્રાપ્ત કરેલો આહારાદિ વાપરે છે તેને ગચ્છ કેવી રીતે કહેવો ?

**अज्जावेयव्व - आज्ञापयितव्य ( त्रि. )**

(આજ્ઞા કરવા યોગ્ય, હુકમ કરવા યોગ્ય)

શાસ્ત્રમાં સાધુ-સાધ્વી-શ્રાવક અને શ્રાવિકાને પાળવાના આચારોનું વર્ણન કરવામાં આવેલું છે અને જે આચારપાલનના નિયમો બતાવવામાં આવેલા છે તે ઉત્સર્ગમાર્ગથી બતાવવામાં આવેલા છે. અર્થાત્ શક્ય બને ત્યાં સુધી શાસ્ત્રમાં જણાવેલી વિધિ પ્રમાણે જ આચરણ કરવું. પરંતુ છેલ્લે આગમોએ એમ પણ કહેલું છે કે, **'गुरु आणाए धम्मो'** અર્થાત્ ધર્મ તો ગુરુની આજ્ઞામાં રહેલો છે. ગીતાર્થ ગુરુભગવંતની આજ્ઞાનુસાર નવકારશી કરનાર પણ માસક્ષમણ જેટલું ફળ મેળવે છે. ગુરુઆજ્ઞાથી આધાકર્મી આહાર વાપરે તો પણ તે ધર્મનું જ પાલન કરે છે.

**अज्जासंसग्गी - आर्यासंसर्गी ( पुं. )**

(સાધ્વીનો પરિચય, આર્યાનો સંસર્ગ)

ગચ્છાચાર પયન્નામાં પ્રભુ મહાવીરે ગૌતમસ્વામીને ઉદ્દેશીને કહેલું છે કે, હે ગૌતમ ! જે ઉંમરમાં વૃદ્ધ છે, તપસ્વી છે, આગમ શાસ્ત્રો ભણેલો હોવાથી બહુશ્રુત છે અને સર્વજન માન્ય છે એવો સાધુ પણ સાધ્વીના અતિસંસર્ગથી જો અપકીર્તિ પામે છે તો પછી જે હજી યુવાન છે, કોઇ વિશિષ્ટ તપાદિ હજી જેણે કર્યા નથી, આગમના રહસ્યોને હજુ જેણે જાણ્યા નથી તેવો સાધુ જો સાધ્વીનો પરિચય કરે તો શું નિંદાને પાત્ર ન બને ? અર્થાત્, તે વિશેષ પ્રકારે લોકાપવાદને પાત્ર બને છે.

**अज्जासाढ - आर्याषाढ ( पुं. )**

(અવ્યક્તદૃષ્ટિ-નિહ્નવમતવાળા સાધુઓના ગુરુ)

શ્રીવીર પ્રભુના નિર્વાણ પછી ૨૧૪ વર્ષે ઉત્પન્ન અવ્યક્તમતના શિષ્યોના ગુરુનું નામ આર્યાષાઢ હતું. તેઓ એકવાર શ્વેતાંબી નગરીમાં પધાર્યા ત્યારે હૃદયશૂળના રોગથી મૃત્યુ પામી સૌધર્મવાસી દેવ બન્યા હતા. તે પછી તેઓ સ્વશરીરમાં પ્રવેશીને પોતાના યોગ્ય શિષ્યને પટ્ટે સ્થાપીને પુનઃ દેવલોકમાં ગયા. ત્યારપછી તેમના શિષ્યો નિહ્નવો દ્વારા ચલાવેલા મતના અનુયાયી થયા હતા એમ આવશ્યકસૂત્રની કથાઓ અને ઉત્તરાધ્યયનસૂત્રની કથાઓમાં વર્ણવેલું છે.

**अज्जिअ - अर्जित ( त्रि. )**

(ઉપાર્જિત કરેલું, ઉત્પન્ન કરેલું ૨. સંઘરેલું)

ઘણી વખત બે વિપરીત પરિસ્થિતિ જોવા મળતી હોય છે. જે અધર્મી છે, પૂરેપૂરો નાસ્તિક છે તે સુખમાં મહાલતો હોય છે અને જે પરમ આસ્તિક છે, ધર્મનું સંપૂર્ણ શ્રદ્ધાથી આચરણ કરતો હોય છે તે દુઃખી હોય છે. જ્ઞાની ભગવંતો કહે છે કે, આવું જોઇને ધર્મ છોડવાની જરૂર નથી. કેમ કે ધાર્મિક જીવ દુઃખી થાય છે તે પૂર્વસંચિત પાપ કર્મોના કારણે અને નાસ્તિક જીવ સુખ ભોગવે છે તે પણ પૂર્વોપાર્જિત પુણ્યના કારણે. જેવું પુણ્ય ખતમ થશે કે તરત જ તે દુઃખની આગમાં હોમાઇ જશે.

**अज्जिअलाभ - आर्यिकालाभ ( पुं. )**

(સાધ્વીઓથી લાભ, સાધ્વીએ લાવેલા આહાર-વસ્ત્ર-પાત્રાદિ)

આવશ્યકસૂત્રના તૃતીય અધ્યયનમાં કહેલું છે કે, જેઓ ધર્મમાં અલ્પરૂચિવાળા છે અને ભિક્ષાદિ લેવા જવામાં પ્રમાદી છે તેવા સાધુઓ સાધ્વીજીઓની પાસેથી વસ્ત્ર-પાત્રાદિની અપેક્ષા રાખે છે. જ્યારે તેમને એવું ન કરવા અને સંયમમાં ઉદ્યમી બનવાનું ગુરુ ભગવંત સમજાવે છે ત્યારે તેઓ આચાર્ય અર્ણિકાપુત્રનું ઉદાહરણ લઇને સ્વબચાવ કરતા હોય છે.

**अज्जिआ - आर्यिका ( स्त्री. )**

(નાની, દાદી, સાધ્વી)

ફોરેનથી ગુજરાતમાં આવીને વસેલા અને ગુજરાતી થઇ ગયેલા ફાધર વાલેસ કૉલેજમાં પ્રોફેસર હતા. તેઓની એક વિદ્યાર્થિનીએ પોતાની દીક્ષા પ્રસંગે તેઓને આમંત્રણ આપ્યું. ફાધર વાલેસ કુતૂહલથી જૈનદીક્ષા જોવા આવ્યા. તેમણે શિષ્યાને શણગારથી સજેલી જોઇ અને વિધિ બાદ જ્યારે તેને સાધ્વીના વસ્ત્ર પહેરાવીને લાવવામાં આવી તેના માટે ફાધર વાલેસે પોતાના પુસ્તકમાં લખ્યું છે કે

ત્યારે મને લાગ્યું કે, સાક્ષાત્ મા સરસ્વતી મને દર્શન આપવા પધાર્યા છે. જો એક અનાર્યદેશમાં જન્મેલાને સાધ્વી પ્રત્યે આટલું બહુમાન હોય, તો આપણને કેટલું હોવું જોઇએ ?

**अज्जु - अद्य ( अव्य. )**

(આજરોજ, આજ, આજના દિવસમાં)

સંત કબીરે પોતાના દૂહાઓમાં લખ્યું છે કે, 'कल करे सो आज कर, आज करे सो अब, समय बीत्यो जात है फीर करेगा कब' અર્થાત્ તારે જે કાંઇ પણ સારું કાર્ય કરવું હોય તેની રાહ જોવાની જરૂર નથી. આજે તક મળી છે તેનો ઉપયોગ કરી લેવો જોઇએ. પરંતુ આજના પ્રમાદીજનોનો તો ગુરૂમંત્ર થઇ ગયો છે કે, 'आज करे सो कल कर कल करे सो परसो, इतनी भी क्या जलदी है अभी उमर पडी है बरसो'

**अज्जुण - अर्जुन ( पुं. )**

(પાંડુપુત્ર ૨. શ્વેતવર્ણ ૩. એક બહુબીજવાળું વૃક્ષ, તેનું પુષ્પ ૪. શ્વેત સુવર્ણ ૫. તૃણ વિશેષ ૬. ગોશાળાનો છઠ્ઠો દિગ્ચર ગૌતમપુત્ર ૭. કડાયાનું ઝાડ ૮. હૈહયવંશીય કૃતવીર્યનો પુત્ર રાજા)

વિવિધ પ્રકારના રંગોની વ્યક્તિના માનસ પર વિવિધ પ્રકારની અસર થતી હોય છે. આથી જ લૌકિક વ્યવહાર અને ધર્મમાં પણ નિશ્ચિત વર્ણવાળા વસ્ત્રો પહેરવાનું વિધાન છે. શ્વેતવર્ણને શાંતિ અને મૈત્રીનું પ્રતીક માનવામાં આવ્યો છે. જિનધર્મમાં માનવામાં આવેલી છ લેશ્યામાં સૌથી શુભલેશ્યા શુક્લલેશ્યા છે અને તેનો વર્ણ પણ સફેદ જ છે. માત્ર એટલું જ નહીં, જિનધર્મનું પાલન કરનાર સાધુઓ વિશ્વમાં શાંતિ અને મૈત્રી ફેલાવનાર છે તેની પ્રતીતિ તેઓના શ્વેતવસ્ત્રો જ કરાવે છે.

**अज्जुणग - अर्जुनक ( पुं. )**

(અર્જુનમાળી, સ્વનામ ખ્યાત તસ્કર-ચોર)

અર્જુનમાળી રાજગૃહી નગરીનો માળી હતો. તેના શરીરમાં મુદ્ગરપાણિ નામક યક્ષે પ્રવેશ કર્યો હોવાથી તે દરરોજ છ પુરુષ અને એક સ્ત્રીની હત્યા કરતો હતો. એક વખત ભગવાન મહાવીરની દેશના સાંભળવા જઇ રહેલા સુદર્શન શેઠને રસ્તામાં અર્જુનમાળી સામે મળ્યો. તે સુદર્શનને હણવા માટે આવ્યો ત્યારે પોતાનો અંતકાળ સમજીને તેમણે અનશન કર્યું. ધર્મના પ્રભાવે યક્ષ કાંઇ ન કરી શક્યો અને અર્જુનમાળીનું શરીર છોડીને ભાગી ગયો. ત્યારબાદ સુદર્શને અર્જુનમાળીને પ્રતિબોધ પમાડી ભગવાન મહાવીર પાસે દીક્ષા અપાવડાવી. દીક્ષાદિનથી તે માળીએ છઠ્ઠના પારણે છઠ્ઠનો અભિગ્રહ લીધો અને ક્રમે કરીને સઘળા કર્મો ખપાવીને મોક્ષગતિને પ્રાપ્ત કરી.

**अज्जुणसुवण्ण - अर्जुनसुवर्ण ( न. )**

(સફેદ સોનું, અં. પ્લેટીનમ)

શ્વેતસુવર્ણ એ કિંમતી ધાતુ વિશેષ છે. સોનુ લાલ, પીળા, સફેદ આદિ પ્રકારનું હોય છે. પીળા સુવર્ણનું પ્રચલન વિશેષ છે. દરેક પ્રકારના સુવર્ણમાં સૌથી કિંમતી સફેદ સોનું છે જેને અંગ્રેજીમાં પ્લેટિનમ તરીકે ઓળખવામાં આવે છે. સોનું ઔષધીય ગુણો ધરાવતું હોવાથી ભસ્માદિ કરીને તેનો રસાયણના ઔષધોમાં પણ ઉપયોગ કરવામાં આવે છે.

**अज्जोग - अयोग ( पुं. )**

(યોગરહિત)

જે ખરેખર સુખ નથી કિંતુ સુખના આભાસ માત્ર છે એવા ભૌતિક સુખોમાં મન, વચન, કાયાથી નિરંતર રચ્યા-પચ્યા રહેવું એ નરી મૂર્ખતા છે. શાસ્ત્રો કહે છે કે, મન વગેરે યોગોના અવંચકપણાથી જ ધર્મની વૃદ્ધિ થાય છે અને મન વચનાદિ યોગોથી નિવૃત્ત થઈ આત્મરમણતાને પામીને જીવ સાચું સુખ મેળવે છે.

**अज्जोगि ( ण् ) - अयोगिन् ( पुं. )**

(અયોગી કેવલી)

શૈલેષીકરણ કર્યા પછી સયોગી કેવળી ભગવંત અયોગી કેવળી બને છે. ત્યારે સર્વ યોગોમાં ઉત્કૃષ્ટ એવા અયોગ નામના યોગને પ્રાપ્ત થાય છે. ત્યારપછી તેઓ સિદ્ધ એટલે મુક્ત બને છે. સંસારના સર્વ સંગોથી પર બને છે. નમન હો અયોગી ભગવંતને.

**अज्झओ ( देशी )**

(પડોશી, પાડોશમાં રહેનાર)

શ્રાવકોના કર્તવ્યોનું જેમાં પ્રતિપાદન કરવામાં આવ્યું છે તે શ્રાદ્ધવિધિ પ્રકરણમાં શ્રાવકના નિવાસસ્થાન વિષયમાં જણાવ્યું છે કે, જ્યાં જ્ઞાતિબંધુ રહેતા હોય, દરેક પ્રકારે શાંતિ હોય, ધર્મારાધના સારી રીતે થઈ શકતી હોય તેવા સ્થાનમાં વસવું જોઈએ. એકબીજાના સુખ-દુઃખમાં પરસ્પર સહયોગી બનીને પડોશીઓ સાથે મૈત્રીપૂર્ણ સંબંધો રાખવા જણાવ્યું છે. કહેવત પણ છે ને કે 'પહેલો સગો તે પાડોશી' સંસ્કૃતમાં પ્રાતિવેશિક, પ્રાતિવેશ્ય, પ્રાતિવેશ્યક શબ્દો પણ પડોશીના અર્થમાં આવે છે.

**अज्झत्त - अध्यात्म ( न. )**

(આત્માને અનુલક્ષીને જે વર્તે તે, આત્મા-પરમાત્મા સંબંધી ૨. મન, ચિત્ત ૩. સમ્યગ્ધર્મધ્યાનાદિ ભાવના)

આચારાંગસૂત્રના પ્રથમ શ્રુતસ્કંધના પ્રથમ અધ્યયનમાં જણાવ્યું છે કે, **'जे अज्झत्तं जाणइ से बहिया जाणइ, जे बहिया जाणइ से अज्झत्तं जाणइ'** અર્થાત્, જે અધ્યાત્મને જાણે છે તે બાહ્ય પુદ્ગલોના સ્વભાવને જાણે છે અને જે બાહ્ય પુદ્ગલોના સ્વભાવને જાણે છે તે જ અધ્યાત્મને જાણે છે. ભારતીય દર્શનો પણ આત્મા-પરમાત્મા સંબંધી જે હોય તેને અધ્યાત્મ કહે છે.

**★अध्यात्मस्थ ( न. )**

(ઇષ્ટ અનિષ્ટ સંયોગાદિ હેતુઓથી ઉત્પન્ન થયેલા સુખ-દુઃખ વગેરે, મનમાં રહેનાર)

ઔચિત્યાદિ ગુણોના કારણે ઉચિત પ્રવૃત્તિ એટલે અણુવ્રત કે મહાવ્રતોનું પાલન કરનાર ભવ્યાત્માના જિનાગમોના તત્વચિન્તન સ્વરૂપ જીવાદિ પદાર્થોના સારી રીતે પર્યાલોચનને તથા મૈત્રી કરુણા આદિ ભાવનાઓથી ભાવિત થયેલા અન્તઃકરણને અધ્યાત્મ કહેવાય એમ અધ્યાત્મયોગના જાણકારોનું કહેવું છે અને એવા અધ્યાત્મનું સેવન કરનારને ઇષ્ટ કે અનિષ્ટ સંયોગોથી ઉત્પન્ન થયેલા સુખ-દુઃખાદિ વિચલિત કરી શકતા નથી. તેઓ હંમેશાં અધ્યાત્મયોગે વિચરતા રહે છે.

**अज्झत्तओग - अध्यात्मयोग ( पुं. )**

(ધર્મધ્યાન ૨. યોગ વિશેષ ૩. ચિત્તની એકાગ્રતા, સુસ્થિત અંતઃકરણતા ૩. મનને વિષયોમાંથી વાળીને આત્મામાં જોડવું તે)

અષ્ટક પ્રકરણના આઠમા અષ્ટકમાં કહેલું છે કે, અનાદિકાલીન ઔદયિકભાવોને ધર્મથી અટકાવીને અને વર્તમાનમાં અધર્મથી નિવર્તવા ધર્મવૃત્તિથી પ્રવૃત્ત થયેલા જીવનું નિરામય નિઃસંગ એવું શુદ્ધ આત્મભાવનાથી ભાવિત થયેલું ચિત્ત એટલે સ્વભાવ, ધર્મ, એ જ યોગની ભાષામાં અધ્યાત્મયોગ બને છે.

**अज्झत्तओगसाहणजुत्त - अध्यात्मयोगसाधनयुक्त ( पुं. )**

(મનના ધર્મધ્યાનાદિ વ્યાપારોના સાધન સ્વરૂપ એકાગ્રતાદિથી યુક્ત, ચિત્તની એકાગ્રતાવાળો)

ઉત્તરાધ્યયનસૂત્રના ૨૯મા અધ્યયનમાં જણાવ્યું છે કે, નિર્વિકારીપણાવાળો અને વચનની ગુપ્તિવાળો ભવ્ય જીવ અધ્યાત્મયોગના સાધનયુક્ત બને છે. અર્થાત્ ચિત્તની એકાગ્રતાવાળો બને છે અને તે આત્માને અધ્યાત્મયોગસાધનયુક્ત કહેવાય છે.

**अज्झत्तओगसुद्धादाण - अध्यात्मयोगशुद्धादान ( त्रि. )**

(શુભ ચિત્તથી વિશુદ્ધ ચારિત્રપાલન, અધ્યાત્મયોગથી અથવા ધર્મધ્યાનથી શુદ્ધ ચરિત્ર જેનું છે તે)

અધ્યાત્મના યોગથી અને વિશુદ્ધ અંતઃકરણના કારણે ધર્મધ્યાનથી શુદ્ધ છે ચારિત્ર જેમનું એવા મહાપુરુષોના ચારિત્રને અધ્યાત્મયોગશુદ્ધાદાન કહેવાય છે. આવા યોગી પુરુષોના અવદાતોથી ભારતની ભૂમિ યુગો યુગોથી પાવન થયેલી છે.

**अज्झत्तकिरिया - अध्यात्मक्रिया ( स्त्री. )**

(ક્રિયાસ્થાનનો આઠમો પ્રકાર ૨. કોઈપણ વડે ક્યારેય પણ નહીં તિરસ્કારાયેલી વ્યક્તિનો ઉદાસીનતાવાળો વિચાર)

ભૂતકાળમાં ક્યારેય કોઈએ પણ જે વિષયમાં દુઃખ લાગે તેવું વચન ન કહ્યું હોય તે વિષયમાં વિચારીને ઉદાસ થવાય તેને અધ્યાત્મ ક્રિયા કહેવાય છે. જેમ કે નૂતન દીક્ષિત કોંકણદેશવાસી સાધુ વિચારે છે કે, ખેતરમાંથી પાક લણી લીધા પછી રહેલા છોડવાઓને પુત્રો અત્યારે બાળી નાખે તો સારું. આવું ચિંતન અધ્યાત્મક્રિયા કહેવાય છે.

**अज्झत्तज्झाणजुत्त - अध्यात्मध्यानयुक्त ( त्रि. )**

(પ્રશસ્ત ધ્યાનયુક્ત, શુભ અંતઃકરણ વડે ધ્યાન સહિત હોય તે)

ધર્મના રહસ્યને સમજનાર અધ્યાત્મને જેણે જીવનમાં ઉતાર્યો છે તેવી વ્યક્તિની સાંસારિક ક્રિયાઓ પણ તેના કર્મક્ષયને કરનારી બને છે. જુઓ આ ચોવિસીના પ્રથમ તીર્થપતિ ભગવાન ઋષભદેવના પુત્ર પ્રથમ ચક્રી ભરત મહારાજા. જેમને અરિસાભુવનમાં આંગળીમાંથી વીંટી ઉતરી જતાં કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. વંદન હો ! આવા પ્રશસ્તધ્યાનના સ્વામીઓને.

**अज्झत्तदंड - अध्यात्मदण्ड ( पुं. )**

(શોકાદિથી અભિભૂત ક્રિયાસ્થાનનો આઠમો પ્રકાર ૨. કષાય કે આર્તધ્યાનાદિથી લાગતો કર્મબંધ)

જેવી રીતે દેવલોકની મોટા ભાગની જગ્યા તિર્યંચો ભરે છે તેવી રીતે તિર્યંચ યોનિ પણ બહુલતયા દેવલોકના દેવો જ ભરતા હોય છે. કેમકે દેવલોકનું સંપૂર્ણ આયુષ્ય ભોગ સુખોમાં જ પસાર કર્યું હોય અને જયારે તેને છોડવાનો સમય આવે ત્યારે તેઓ અત્યંત વ્યથિત થઇ જાય છે. સતત આર્તધ્યાનના કારણે અશુભકર્મોનો બંધ કરે છે અને આર્તધ્યાનથી બંધાયેલા કર્મ તેઓને તિર્યંચયોનિમાં લઇ જાય છે.

**अज्झत्तदोस - अध्यात्मदोष ( पुं. )**

(કષાય)

કષાયોને અધ્યાત્મમાં દોષરૂપ ગણાવ્યા છે. જેમ રોગના કારણોનો નાશ કરવાથી રોગનો નાશ થાય છે તેમ સંસાર ભ્રમણના કારણરૂપ ક્રોધાદિક ચાર કષાયો છે. આ કષાયો પર વિજય મેળવનાર આત્મા પોતે સાવદ્ય કર્મો કરતો નથી કે અન્યની પાસે કરાવતો પણ નથી. તેથી એવો હળુકર્મી આત્માનો ચારગતિવાળો સંસાર ક્રમશઃ નષ્ટ થઈ જાય છે.

**अज्झत्तमयपरिक्खा - अध्यात्ममतपरीक्षा ( स्त्री. )**

(તે નામનો ગ્રંથ વિશેષ, અધ્યાત્મમતપરીક્ષા ગ્રંથ)

મહોપાધ્યાય શ્રીયશોવિજયજી મહારાજ શ્રીનયવિજયજીના શિષ્ય હતા. જેઓ આગમ, વ્યાકરણ, અધ્યાત્મ, ન્યાય આદિ વિવિધ વિષયોનું તલસ્પર્શી જ્ઞાન ધરાવતા હતા. તેમણે ન્યાય, અધ્યાત્મ આદિ અનેક વિષયો પર સંસ્કૃત પ્રાકૃત તથા દેશીભાષામાં ૧૦૦ થી વધુ ગ્રંથોની રચના કરી છે. જેમાં અધ્યાત્મમતપરીક્ષા નામનો ન્યાયવિષયક ગ્રંથ પણ છે. આ ગ્રંથમાં અધ્યાત્મને લઈને વિવિધ ધર્મોનો વિચાર અને ખરેખર અધ્યાત્મ શું છે ? તેની કઈ રીતે પરીક્ષા કરવી આદિ નિરૂપણ કરવામાં આવ્યું છે.

**अज्झत्तरय - अध्यात्मरत ( त्रि. )**

(પ્રશસ્ત ધ્યાનમાં આસક્ત, અધ્યાત્મધ્યાન રત)

દશવૈકાલિકસૂત્રમાં જણાવ્યું છે કે, મહામુનિવરો હંમેશાં પ્રશસ્ત ધ્યાનમાં આસક્ત રહેનારા હોય છે. ક્રોધાદિ કષાયજનિત ભાવોમાં રમણ કરવું તે અપ્રશસ્ત ધ્યાન છે. જે સંસારવૃદ્ધિના કારણભૂત છે. જયારે અધ્યાત્મમાં રત રહેવું તે પ્રશસ્ત ધ્યાન છે જે સંસારનિરોધના કારણરૂપ છે.

**अज्झत्तवत्तिय - अध्यात्मप्रत्ययिक ( पुं. ), आध्यात्मिकप्रत्ययिक ( न. )**

(ક્રિયાના તેર સ્થાનકમાંનું આઠમું ક્રિયાસ્થાન ૨. સ્વતઃ મનમાં ઉત્પન્ન થનાર શોકાદિ, ચિત્ત-હેતુક)

સૂત્રકૃતાંગસૂત્રમાં જણાવ્યું છે કે, કોઈ નિમિત્ત વગર જ જેનું મન સંકલ્પ-વિકલ્પોના જાળા ગૂંથીને દૂષિત થયું હોય તે જીવ હૃદયમાં સતત સંતપ્ત રહે છે. દુઃખી દુઃખી રહે છે. નિરંતર દુભાયા કરે છે અને વિવિધ પ્રકારના શોક-ચિંતારૂપ સાગરમાં ડૂબેલો જ રહે છે. આવો જીવ કોઈ નિમિત્ત વગર જ સદંતર મનોરોગી રહેતો હોય છે. તેને કોઈ ઉગારી શકતું નથી.

**अज्झत्तवयण - अध्यात्मवचन ( न. )**

(અધ્યાત્મ વચન ૨. સોળ પ્રકારના વચનોમાંનો સાતમો પ્રકાર ૩. એકાએક નીકળેલું વચન)

**अधि** એટલે રહેલું અને **आत्मनि** એટલે આત્મામાં અર્થાત્, આત્મા સંબંધી અથવા હૃદયગત વચન. આચારાંગસૂત્રના બીજા શ્રુતસ્કંધના ચોથા અધ્યયનના પહેલા ઉદ્દેશામાં વચનના સોળ ભેદો બતાવવામાં આવ્યા છે. જેણે આત્માનો સાક્ષાત્કાર કરેલો છે તેવા પુરુષના વચનો હંમેશાં આધ્યાત્મિક હોય છે.

**अज्झत्तबिंदु - अध्यात्मबिन्दु ( पुं. )**

(તે નામનો એક ગ્રંથ)

જેઓ કૂર્ચાલ સરસ્વતી અને જૈનશાસનમાં લઘુહરિભદ્રસૂરિના નામે પ્રસિદ્ધ છે એવા મહોપાધ્યય શ્રીયશોવિજયજી મહારાજે અધ્યાત્મબિંદુ નામક ગ્રંથની રચના કરેલી છે. આ ગ્રંથમાં તેઓએ અધ્યાત્મનું સ્વરૂપ, તેની પ્રાપ્તિના ઉપાય અને કઇ કક્ષાના જીવ આ પ્રાપ્ત કરી શકે છે તેનું વર્ણન કરેલું છે.

**अज्झत्तविसीयण - अध्यात्मविषीदन ( न. )**

(સંયમના કષ્ટોથી વિષાદ પામેલું, સંયમભીરુ)

જગતમાં બે પ્રકારના લોકો હોય છે એક કાયર અને બીજા શૂરવીર. યુદ્ધના પ્રસંગે કાયર લોકો લડવાની પહેલા ત્યાંથી ભાગી કેવી રીતે શકાય તેના રસ્તા શોધતા હોય છે અને વીરો શત્રુથી ડર્યા વિના પ્રતિકાર કરે છે. તેમ સંયમ પાળવાને અસમર્થ જીવ સંયમ ત્યાગ પછી કેવી રીતે આજીવિકા ચલાવવી તેનો વિચાર કરે છે. જ્યારે દૃઢસંયમીઓ જીવનમાં આવેલા કષ્ટોથી વિષાદ પામ્યા વિના રત્નત્રયીમાં આગળ વધતા રહી મનુષ્યજન્મને સફળ બનાવે છે.

**अज्झत्तविसुद्ध - अध्यात्मविशुद्ध ( त्रि. )**

(વિશુદ્ધ અંતઃકરણવાળો)

જિનભાષિત શાસ્ત્રોના અભ્યાસ, દેવ-ગુરુ અને ધર્મ એ ત્રણ તત્ત્વ પરની દૃઢશ્રદ્ધા અને નિષ્કલંક ચારિત્રપાલનથી જેનું અંતઃકરણ સ્ફટિકરત્નની જેમ સુવિશુદ્ધ થયું છે તેવો આત્મા સમુદ્ર જેવા પોતાના સંસારને ખાબોચિયા જેવડો કરી નાખે છે. અર્થાત્ સંસાર સાગર વહેલા તરી જાય છે.

**अज्झत्तविसोहिजुत्त - अध्यात्मविशोधियुक्त ( त्रि. )**

(આંતરિક શુદ્ધિવાળો, પવિત્ર ભાવયુક્ત)

ઓઘનિર્યુક્તિ શાસ્ત્રમાં કહેવામાં આવેલું છે કે, સૂત્રવિધિમાર્ગમાં યતનાપૂર્વક પ્રવર્તતા આત્માને સ્ખલના થતાં વિરાધના કહેલી છે પરંતુ, જેનો અંતરાત્મા અધ્યાત્મથી વિશુદ્ધ થયેલો છે તેવો આત્મા સૂત્રવિધિમાર્ગમાં સ્ખલના પામતો હોવા છતાં પણ તેને કર્મનિર્જરા થાય છે. અર્થાત્ કર્મનિર્જરા એકલી યતનાપૂર્વકના પ્રવર્તનથી નહીં પરંતુ, વિશુદ્ધ આંતરિક ભાવોથી જ થાય છે.

**अज्झत्तवेइ ( ण् ) - अध्यात्मवेदिन् ( त्रि. )**

(સુખ-દુઃખાદિને તેના સ્વરૂપથી જાણનાર)

શાસ્ત્રામૃતપાનથી અધ્યાત્મના મર્મને જાણનાર તત્ત્વજ્ઞ પુરુષ પૌદ્ગલિક પદાર્થોના સુખ અને દુઃખ આપવાના સ્વભાવને જાણતો હોવાથી સુખ આવ્યે છકી નથી જતો અને દુઃખ આવ્યે ડગી નથી જતો. અર્થાત્ સુખ-દુઃખમાં લેપાયા વિના માધ્યસ્થભાવને ધારણ કરી પરમ ઔદાસીન્યભાવે રહે છે.

**अज्झत्तसंवुड - अध्यात्मसंवृत्त ( त्रि. )**

(અધ્યાત્મમાં મન લગાડનાર, અધ્યાત્મમાં ચિત્તવાળો, આત્મરમણતાવાળો)

કહેવાયું છે કે, જેવી દૃષ્ટિ એવી સૃષ્ટિ. જેમ ઘરેણાથી સુશોભિત સુંદર સ્ત્રીને જોઇને કામીના મનમાં કામના વિચાર આવે છે. ચોરના મનમાં સ્ત્રીના ઘરેણા જોઇને ચોરીના વિચાર આવે છે. પરંતુ અધ્યાત્મવાસિત ચિત્તવાળા આત્માને તે માત્ર હાડ-માંસથી બનેલો પિંડ અને પુદ્ગલમાત્ર ભાસે છે. સુંદર સ્ત્રીને જોઇને પણ અધ્યાત્મપ્રિય જીવ વૈરાગ્યભાવને પુષ્ટ કરે છે.

**अज्झत्तसम - अध्यात्मसम ( त्रि. )**

(અધ્યાત્મને અનુરૂપ પરિણામવાળો)

બારમા દેવલોકના ઇન્દ્ર બનેલાં સીતાને અવધિજ્ઞાનથી ખબર પડી કે, પૂર્વભવના પ્રિયતમ મુનિ રામ ઉત્તરોત્તર વિશુદ્ધ પરિણામથી કેવલજ્ઞાન પ્રાપ્તિ તરફ આગળ વધી રહ્યા છે. અતિરાગના કારણે રામમુનિનું કેવલજ્ઞાન અટકાવવા તેમની ઉપર પ્રતિકૂળ અને અનુકૂળ બન્ને ઉપસર્ગો કર્યા. પરંતુ અધ્યાત્મથી વિશુદ્ધ પરિણામવાળા રામ પર તેની કોઇ જ અસર ના થઇ અને તેમને કેવલલક્ષ્મી પ્રગટી. અંતે સીતેંદ્રએ તેમને વંદન કર્યા અને પોતાની ભૂલની ક્ષમા માગી.

**अज्झत्तसुइ - अध्यात्मश्रुति ( स्त्री. )**

(ચિત્તજય ઉપાય પ્રતિપાદક શાસ્ત્ર, મનને જીતવાના ઉપાયો બતાવનાર શાસ્ત્ર)

**'मन एव मनुष्याणां कारणं बंधमोक्षयोः'** એટલે કર્મબંધ અને મોક્ષ પ્રાપ્તિમાં મનને જ મુખ્ય કારણ માનવામાં આવેલું છે. આથી સર્વપ્રથમ ચિત્તવિજય મેળવવો આવશ્યક છે. શાસ્ત્રોમાં કહેલું છે કે, અધ્યાત્મના ઇચ્છુક પુરુષે ચિત્તજયના ઉપાય બતાડનારા શાસ્ત્રોનો વધુમાં વધુ અભ્યાસ કરવો જોઇએ. જેનાથી વૈરાગ્યભાવ દઢ થાય અને કર્મો પર વિજય મેળવી શકાય.

**अज्झत्तसुद्धि - अध्यात्मशुद्धि ( स्त्री. )**

(ચિત્તશુદ્ધિ, અંતઃકરણની શુદ્ધિ)

આવશ્યકચૂર્ણિના પ્રથમ અધ્યયનમાં કહેવામાં આવેલું છે કે, અધ્યાત્મશુદ્ધિ જ ફળ આપનારી છે બાહ્યશુદ્ધિ નહીં. જેવી રીતે ભરત ચક્રવર્તી પાસે આચાર પાલન માટેના બાહ્ય ઉપકરણો ન હોવા છતાં માત્ર ચિત્તશુદ્ધિના પ્રતાપે તેમને કેવલજ્ઞાનની ઉત્પત્તિ થઇ હતી. જ્યારે અભવ્ય જીવો પાસે જીવદયાપાલનના રજોહરણાદિ બાહ્ય સાધનો હોવા છતાં પણ આંતરિક શુદ્ધિના અભાવે તેઓ ક્યારેય મોક્ષને પ્રાપ્ત કરી શકતા નથી.

**अज्झत्तसोहि - अध्यात्मशोधि ( त्रि. )**

(ચિત્તશુદ્ધિ, અધ્યાત્મશોધિ)

**अज्झत्तिय - आध्यात्मिक ( त्रि. )**

(આત્મામાં ઉત્પન્ન થયેલું ૨. આત્મા કે મન સાથે સંબંધ રાખનાર ૩. આઠમું ક્રિયાસ્થાન)

ચિત્તમાં કે આત્મામાં જે ઉત્પન્ન થાય તે અધ્યાત્મ. આત્મામાં સુખ અને દુઃખ બન્ને ભાવો ઉત્પન્ન થતા હોય છે. આ સુખ-દુઃખ અભ્યંતર અને બાહ્ય એમ બે પ્રકારના છે. વાત-પિત્ત-કફાદિ બાહ્ય દુઃખ છે અને ક્રોધ-માન-માયા-લોભાદિ અભ્યંતર દુઃખો છે. તેવી રીતે શારીરિક નિરોગીતા બાહ્ય સુખ છે અને આત્મરમણતા, પ્રશમાદિભાવો અભ્યંતર સુખ છે.

**अज्झत्तियवीरिय - आध्यात्मिकवीर्य ( न. )**

(આત્મિક શક્તિ, આત્મવીર્ય, ક્ષમા-ધૃતિ-ઉદ્યમ-સંયમ-તપાદિરૂપ આત્મિક સત્ત્વ)

ઓલા સંગમદેવને પોતાની દૈવિક શક્તિ પર અભિમાન હતું કે, સામાન્ય મનુષ્ય એવા મહાવીરને હું પળવારમાં હરાવી નાખીશ અને ઇન્દ્રની વાહ વાહ મેળવીશ. પરંતુ ભૌતિક શક્તિવાળા તે અજ્ઞાનીને પરમાત્માની આધ્યાત્મિક શક્તિની ક્યાં ખબર હતી. તેણે પરમાત્મા પર ઘોરાતિઘોર ઉપસર્ગો કર્યા પરંતુ, વીરપ્રભુની આત્મશક્તિના સત્ત્વરૂપી વીર્ય સામે તે બધા જ વામણા પુરવાર થયા. અંતે સંગમદેવને હાર માનીને પાછા ફરવું જ પડ્યું.

**अज्झत्थ - अध्यात्म ( न. )**

(આત્મામાં ઉત્પન્ન થયેલું, આત્મરમણતા, સમ્યગ્ ધર્મધ્યાનાદિ શુભભાવના)

જે બાહ્ય પુદ્‌ગલોથી કે કોઇ ઘટના વિશેષથી પ્રાપ્ત ન હોય કિંતુ સાહજિક રીતે આત્મામાં રહેલું કે આત્મામાં ઉત્પન્ન થયેલું હોય તેવા આત્માનંદને મહર્ષિઓ અધ્યાત્મ કહે છે. આનંદઘનજી મહારાજ આવા જ અધ્યાત્મયોગી પુરુષ હતા. તેઓના રચેલા દરેક સ્તવન-પદ્યાદિમાં તેમની આત્મરમણતા, ચિદાનંદતા અનુમાનથી જાણી શકાય છે.

**अज्झत्थओग - अध्यात्मयोग ( पुं. )**

(અધ્યાત્મયોગ, રાગ-દ્વેષરહિત અંતઃકરણની એકાગ્રતા, ધર્મધ્યાન)

મનના જે પણ શુભ વિચારો, વચનના જે પણ પ્રયોગો અને કાયા દ્વારા આચરવામાં આવતા જે પણ અનુષ્ઠાનો જો આત્માને પરમાત્મા સાથે જોડી દે, પોતાના સહજ સ્વભાવને પ્રાપ્ત કરાવે તો તે પ્રત્યેક મન-વચન-કાયાના યોગો અધ્યાત્મયોગ બને છે.

**अज्झत्थओगसाहणजुत्त - अध्यात्मयोगसाधनयुक्त ( पुं. )**

(ચિત્તના ધર્મધ્યાનાદિ વ્યાપારોને સાધનાર એકાગ્રતાદિ યુક્ત)

**अज्झत्थओगसुद्धादाण - अध्यात्मयोगशुद्धादान ( त्रि. )**

(શુભચિત્તથી વિશુદ્ધ થયેલા ચારિત્રવાળો)

જો તમારે ઘરને કે અન્ય કોઇપણ જગ્યાને સાફ કરવી હોય તો જળનો પ્રયોગ કરવો પડે છે. કેમ કે, જળનો સ્વભાવ અશુદ્ધિને દૂર કરીને જગ્યાને ચોક્ખી કરવાનો છે. તેમ ચારિત્રરૂપી સ્થાનને ચોક્ખું કરવાનું કાર્ય કરે છે ચિત્તના શુભ વિચારો. મનના શુભ

પરિણામોથી ચારિત્ર વિશુદ્ધકોટિનું બને છે અને પરંપરાએ આત્માને પરમાત્મા બનાવી દે છે.

**अज्झत्थजोग - अध्यात्मयोग ( पुं. )**

(યોગનો એક ભેદ, અધ્યાત્મયોગ)

અષ્ટકપ્રકરણ ગ્રંથમાં જણાવેલું છે કે, મુનિ પરપદાર્થોની આસક્તિથી વિરક્ત બને છે. સાથે સાથે ઔદયિકભાવોમાં પણ ઉદાસીન બનેલા તે મુનિનું નિરામય નિઃસંગ એવું આત્મભાવનાઓથી ભાવિત થયેલું અંતઃકરણ એ જ એનો ધર્મ છે. યોગની વ્યાખ્યામાં તેને અધ્યાત્મયોગ કહે છે.

**अज्झत्थजोगसाहणजुत्त - अध्यात्मयोगसाधनयुक्त ( पुं. )**

(ચિત્તના ધર્મધ્યાનાદિ વ્યાપારોને સાધી આપનાર એકાગ્રતાદિ યુક્ત)

**अज्झत्थजोगसुद्धादाण - अध्यात्मयोगशुद्धादान ( त्रि. )**

(શુભચિત્તથી વિશુદ્ધ બનેલા ચારિત્રવાળો)

**अज्झत्थज्झाणजुत्त - अध्यात्मध्यानयुक्त ( त्रि. )**

(પ્રશસ્તધ્યાનથી યુક્ત)

પ્રસન્નચંદ્રરાજર્ષિ જ્યારે દુર્મુખ અંગરક્ષકના કૂટવચનો સાંભળી પ્રથમ અપ્રશસ્ત ધ્યાનમાં ચઢી ગયા ત્યારે દુર્ગતિરૂપ નરકનું કર્મ બાંધ્યું. પણ જ્યારે પોતાના આત્મા તરફની દૃષ્ટિ જાગ્રત થઈ ત્યારે પ્રશસ્ત ધ્યાનમાં કર્મખપાવી કેવળજ્ઞાન પામ્યા.

**अज्झत्थदंड - अध्यात्मदण्ड ( पुं. )**

(આઠમું ક્રિયાસ્થાન ૨. કષાય કે આર્તધ્યાનથી થતો કર્મબંધ)

**अज्झत्थदोस - अध्यात्मदोष ( पुं. )**

(કષાય, ક્રોધાદિ કષાય દોષ)

સૂત્રકૃતાંગસૂત્રમાં અધ્યાત્મદોષની વ્યાખ્યા કરતાં જણાવ્યું છે કે, ક્રોધ માન માયા અને લોભ આ ચારેય કષાયો અધ્યાત્મની દુનિયાના મોટા ખૂનખાર ડાકુઓ જેવા દોષો છે. જ્યાં સુધી આ દોષોનું નિવર્તન થતું નથી ત્યાં સુધી જીવ આત્મવિકાસમાં આગળ વધી શકતો નથી.

**अज्झत्थबिंदु - अध्यात्मबिन्दु ( पुं. )**

(તે નામનો એક ગ્રંથ, અધ્યાત્મબિંદુ નામક ગ્રંથ)

**अज्झत्थमयपरिक्खा - अध्यात्ममतपरीक्षा ( स्त्री. )**

(મહોપાધ્યાય યશોવિજયજી કૃત એક ગ્રંથ)

મહોપાધ્યાય શ્રીયશોવિજયજીએ તત્ત્વજ્ઞાન, દર્શન, ન્યાય અને અધ્યાત્મ વગેરે પર ઘણા સુંદર ગ્રંથો રચીને જૈનદર્શનની પતાકાને દિગંતવ્યાપી કરી છે. તેઓશ્રીએ નવ્યન્યાય પર જૈનદૃષ્ટિએ વ્યાખ્યા ગ્રંથો કરીને એક ઉજ્જ્વળ કીર્તિમાન સ્થાપિત કર્યો છે.

**अज्झत्थरय - अध्यात्मरत ( त्रि. )**

(પ્રશસ્તધ્યાનમાં મગ્ન, આત્મધ્યાનમાં તત્પર)

અધ્યાત્મધ્યાનમાં કોઇ જ પ્રકારના બાહ્ય ભાવો કે કૃત્રિમ આનંદ નથી હોતો. જે અધ્યાત્મધ્યાનમાં રત છે તેવા આત્માને શુભ કે અશુભ કોઇપણ પ્રકારનો કર્મબંધ નથી હોતો. હોય છે તો માત્ર ચિદાનંદની મોજ અને એકાંતે કર્મનિર્જરા.

**अज्झत्थवत्तिय - अध्यात्मप्रत्ययिक ( पुं. )**

(તે નામનું આઠમું ક્રિયાસ્થાન)

**अज्झत्थवयण - अध्यात्मवचन ( न. )**

(સોળ વચનોમાંનું સાતમું વચન, અધ્યાત્મવચન)

જૈનશાસનમાં આચાર્ય શ્રીહરિભદ્રસૂરિજીના વચનો જેમ ટંકશાળી મનાય છે તેમ અઢારમી સદીમાં થઈ ગયેલા મહાત્મા

શ્રીઆનંદઘનજીના વચનોને આધ્યાત્મિકવચનો તરીકે મનાય છે. તેઓએ રચેલી સ્તવનચોવીસીમાં જૈનદર્શનના ચારેય અનુયોગોને વણી લીધા છે.

**अज्झत्थविसीयण – अध्यात्मविषीदन ( न. )**

(સંયમના કષ્ટોથી વિષાદ પામેલું, સંયમભીરુ)

**अज्झत्थविसुद्ध – अध्यात्मविशुद्ध ( त्रि. )**

(સુવિશુદ્ધ અંતઃકરણવાળો, અધ્યાત્મવિશુદ્ધિયુક્ત)

**अज्झत्थविसोहिजुत्त – अध्यात्मविशोधियुक्त ( त्रि. )**

(વિશુદ્ધ આંતરિકભાવવાળો, પવિત્ર વિચાર છે જેના તે, આંતરિક શુદ્ધિવાળો)

આજનું વિજ્ઞાન પણ માને છે કે, વિચારોની પવિત્રતા વ્યક્તિના જીવનને સમતોલ રાખે છે. ઘણા બધા રોગોનું મૂળ વિચારોમાં પડેલું હોય છે. જો સતત મલીન કે દુષ્ટ વિચારો કરવામાં આવે તો યાવત્ કેન્સર જેવા અનેક રોગો ઉદ્ભવે છે.

**अज्झत्थवेइ ( ण् ) – अध्यात्मवेदिन् ( त्रि. )**

(સુખ-દુઃખના સ્વરૂપને જાણનાર, અધ્યાત્મવેત્તા)

**अज्झत्थसंवुड – अध्यात्मसंवृत ( त्रि. )**

(સૂત્રાર્થના ઉપયોગથી અશુભમનોયોગને રોકનાર ૨. સ્ત્રીભોગના ગ્રહણરહિત મનવાળો)

મન અતિચંચળ છે. તેની ગતિ અબાધ્ય છે. તેથી સાધકે ખૂબ જ ઉપયોગપૂર્વક મનનું સંગોપન કરવું પડે. આચારાંગસૂત્રમાં મનને અશુભ વિચારોથી અટકાવવા માટે સૂત્રાર્થપૂર્વકનું સ્વાધ્યાયરૂપ રસાયણ સેવવા બતાવેલું છે.

**अज्झत्थसम – अध्यात्मसम ( त्रि. )**

(અધ્યાત્મને અનુરૂપ પરિણામવાળો)

**अज्झत्थसुइ – अध्यात्मश्रुति ( स्त्री. )**

(ચિત્તજયનું પ્રતિપાદક શાસ્ત્ર, અધ્યાત્મશ્રુતિ શાસ્ત્ર)

અધ્યાત્મના માર્ગમાં પ્રવેશ કરવા માટે આગમગ્રંથોમાં સૂચક માર્ગદર્શન કરાયેલું છે. ચિત્તના સંકલ્પ-વિકલ્પો શાંત કર્યા વગર અધ્યાત્મમાં સંચરણ કરવું સંભવતું નથી. માટે જેણે અધ્યાત્મને અનુરૂપ પરિણતિ ઘડવી હોય તેણે યોગશતક, પ્રશમરતિ વગેરે યોગના ગ્રંથોથી ચિત્તજયનો ઉપાય કરી લેવો ઘટે.

**अज्झत्थसुद्धि – अध्यात्मशुद्धि ( स्त्री. )**

(ચિત્તની શુદ્ધિ, આધ્યાત્મિક વિશુદ્ધિ)

**अज्झत्थसोहि – अध्यात्मशोधिन् ( स्त्री. )**

(ચિત્તની શુદ્ધિ, અન્તઃકરણની વિશુદ્ધિ)

પ્રાયઃ ૧૪૪૪ ગ્રંથોના પ્રણેતા આચાર્ય શ્રીહરિભદ્રસૂરિજીએ યોગદષ્ટિસમુચ્ચય ગ્રંથમાં ચિત્તની વિશુદ્ધિ માટે આઠદષ્ટિઓના વિશ્લેષણના માધ્યમથી અદ્ભુત માર્ગદર્શન કરેલું છે. અધ્યાત્મયોગના અભ્યાસુઓએ તે ગ્રંથ અવશ્ય વાંચવા જેવો છે.

**अज्झत्थिय – आध्यात्मिक ( त्रि. )**

(આત્માસંબંધી, ચિત્તમાં ઉત્પન્ન થયેલું ૨. અભ્યંતર ઉપાય સાધ્ય સુખ-દુઃખાદિ)

સુખ-દુઃખાદિના પ્રસંગોએ આરાધક આત્મા પોતાની અભ્યંતર પરિણતિરૂપ ઉપાયથી પોતાના આત્મભાવને સ્થિર રાખી કર્મોને ખપાવે છે. જ્યારે અન્ય જીવો સુખ-દુઃખાદિના પ્રસંગોએ અનેક પ્રકારે કર્મબંધ કરી ભવભ્રમણ વધારી લેતા હોય છે.

**अज्झत्थियवीरिय – आध्यात्मिकवीर्य ( न. )**

(આત્મિકશક્તિ, આત્મવીર્ય ૨. ઉદ્યમ ક્ષમા તપ ધૃતિ આદિ)

ગીનીસબુક ઓફ વર્લ્ડ રેકોર્ડ કે સરકસમાં જાત જાતના કરતબો જોઈને આપણે દંગ રહી જઈએ છીએ, કે અહોહો આવું તે કેવી રીતે

હોતું હશે. શું વ્યક્તિની આટલી તાકાત હોતી હશે ? પરંતુ તમે જે જોવો છો તે તો સાવ સામાન્ય અને ક્ષુલ્લક વસ્તુઓ છે. પરમાત્માએ આત્મિકશક્તિને અમાપ કહેલી છે. જે વિચારી પણ ન શકીએ તેવા અદ્વિતીય કાર્યો કરવાની ક્ષમતા આત્મામાં રહેલી છે.

**अज्झत्थोवाहिसंबंध - अध्यस्तोपाधिसम्बन्ध ( पुं. )**

(આત્મામાં પુદ્‌ગલના સંસર્ગથી પ્રાપ્ત થયેલો કર્મોપાધિનો સંબંધ)

અષ્ટક પ્રકરણના ચોથા અષ્ટકમાં લખેલું છે કે, આત્માનું સ્વરૂપ નિર્મલ સ્ફટિક રત્ન જેવું છે અને અનાદિકાલીન પુદ્‌ગલો પ્રત્યેના રાગ-દ્વેષના કારણે આત્મા પર કર્મોના પડળ ચઢેલા છે. અર્થાત્ પુદ્‌ગલોના સંપર્કથી ઉત્પન્ન થયેલા કર્મોનું પ્રતિબિમ્બ આત્મા પર પડે છે. આથી આત્મા વિવિધ સ્વભાવવાળો ભાસે છે. જે જ્ઞાની પુરુષ છે તે આત્મા અને કર્મના ભેદને જાણે છે. પરંતુ અજ્ઞાની પુરુષ તેમાં લિંપાઇ જાય છે અને આત્માનું કર્મયુક્ત સ્વરૂપ માને છે.

**अज्झप्प - अध्यात्म ( न. )**

(અન્તઃકરણ, ચિત્ત, મન સંબંધી ૨. સુખ-દુઃખાદિ આંતરિક ભાવ ૩. આત્મામાં ઉત્પન્ન થયેલું, આત્મા સંબંધી)

**अज्झप्पओग - अध्यात्मयोग ( पुं. )**

(અંતઃકરણની શુદ્ધિરૂપ ધર્મધ્યાન, રાગ-દ્વેષ રહિત અંતઃકરણની એકાગ્રતા)

**अज्झप्पओगसाहणजुत्त - अध्यात्मयोगसाधनयुक्त ( पुं. )**

(ચિત્તના ધર્મધ્યાનાદિ વ્યાપારોને સાધી આપનાર એકાગ્રતાદિ યુક્ત, શુભચિત્તથી વિશુદ્ધ ચારિત્રવાળો)

**अज्झप्पओगसुद्धादाण - अध्यात्मयोगशुद्धादान ( त्रि. )**

(શુભચિત્તથી વિશુદ્ધ થયેલા ચારિત્રવાળો)

**अज्झप्पकिरिया - अध्यात्मक्रिया ( स्त्री. )**

(કર્મબંધ કરાવનાર આઠમું ક્રિયાસ્થાન ૨. કોઈપણ વડે ક્યારેય પણ નહીં તિરસ્કારાયેલી વ્યક્તિનો ઉદાસીનતાવાળો વિચાર)

**अज्झप्पजोग - अध्यात्मयोग ( पुं. )**

(અંતઃકરણની શુદ્ધિરૂપ ધર્મધ્યાન, રાગ-દ્વેષ રહિત અંતઃકરણની એકાગ્રતા)

**अज्झप्पजोगसाहणजुत्त - अध्यात्मयोगसाधनयुक्त ( पुं. )**

(ચિત્તના ધર્મધ્યાનાદિ વ્યાપારોને સાધી આપનાર એકાગ્રતાદિથી યુક્ત, શુભચિત્તથી વિશુદ્ધ ચારિત્રવાળો)

**अज्झप्पजोगसुद्धादाण - अध्यात्मयोगशुद्धादान ( त्रि. )**

(શુભચિત્તથી વિશુદ્ધ થયેલા ચારિત્રવાળો)

**अज्झप्पझाणजुत्त - अध्यात्मध्यानयुक्त ( त्रि. )**

(પ્રશસ્તધ્યાનથી યુક્ત)

**अज्झप्पदंड - अध्यात्मदण्ड ( पुं. )**

(શોકાદિથી અભિભૂત કરનાર આઠમું ક્રિયાસ્થાન)

**अज्झप्पदोस - अध्यात्मदोष ( पुं. )**

(ક્રોધ-માન-માયા-લોભરૂપ દોષ, કષાય)

**अज्झप्पबिंदु - अध्यात्मबिन्दु ( पुं. )**

(તે નામનો એક ગ્રંથ, અધ્યાત્મબિંદુ પ્રકરણ)

**अज्झप्पमयपरिक्खा - अध्यात्ममतपरीक्षा ( स्त्री. )**

(મહોપાધ્યાય યશોવિજયજી કૃત એક ગ્રંથનું નામ, અધ્યાત્મમતપરીક્ષા ગ્રંથ)

**अज्झप्परय - अध्यात्मरत ( त्रि. )**
(પ્રશસ્તધ્યાનમાં મગ્ન, અધ્યાત્મધ્યાનમાં તત્પર)
**अज्झप्पवत्तिय - अध्यात्मप्रत्ययिक ( पुं. )**
(શોકાદિથી અભિભૂત કરનાર આઠમું ક્રિયાસ્થાન)
**अज्झप्पवयण - अध्यात्मवचन ( न. )**
(સોળ વચનોમાંનું સાતમું વચન, અધ્યાત્મવચન)
**अज्झप्पविसीयण - अध्यात्मविषीदन ( न. )**
(સંયમના કષ્ટોથી વિષાદ પામેલું, સંયમભીરુ)
**अज्झप्पविसुद्ध - अध्यात्मविशुद्ध ( त्रि. )**
(સુવિશુદ્ધ અંતઃકરણ, પવિત્ર ચિત્તવાળું)
**अज्झप्पविसोहिजुत्त - अध्यात्मविशोधियुक्त ( त्रि. )**
(આંતરિક શુદ્ધિયુક્ત, પવિત્ર ભાવયુક્ત)
**अज्झप्पवेइ ( ण् ) - अध्यात्मवेदिन् ( त्रि. )**
(સુખ-દુઃખના સ્વરૂપને જાણનાર, અધ્યાત્મવેત્તા)
**अज्झप्पसंवुड - अध्यात्मसंवृत ( त्रि. )**
(સૂત્રાર્થના ઉપયોગથી અશુભ મનોયોગને રોકનાર)
**अज्झप्पसम - अध्यात्मसम ( त्रि. )**
(અધ્યાત્મને અનુરૂપ પરિણામાનુસારી)
**अज्झप्पसुइ - अध्यात्मश्रुति ( त्रि. )**
(ચિત્તજયના પ્રતિપાદક શાસ્ત્ર, અધ્યાત્મશ્રુતિ શાસ્ત્ર)
**अज्झप्पसुद्धि - अध्यात्मशुद्धि ( स्त्री. )**
(ચિત્તશુદ્ધિ)
ઉપાધ્યાય શ્રીયશોવિજયજી ગણિએ મનના માલિન્યને હટાવનાર અને અધ્યાત્મશુદ્ધિને ઉત્પન્ન કરનાર અમૃતવેલની સજઝાય રચી છે. ઘણા આરાધક જીવો તેનો પ્રતિદિન સ્વાધ્યાય કરી પોતાના આત્માની પરિશુદ્ધિ કરતા હોય છે.
**अज्झप्पसोहि - अध्यात्मशोधि ( त्रि. )**
(ભાવશુદ્ધિ, ચિત્તશુદ્ધિ)
શુભ ભાવથી કરેલ થોડું પણ સત્કર્મ અનેકઘણું પ્રતિફળ આપી જાય છે. શાલિભદ્રના દૃષ્ટાન્તથી તે આપણને સમજાઈ જાય છે. માટે સુજ્ઞપુરુષો ભલે થોડી-ઘણી ધર્મક્રિયા કરતા હોય પણ તે ભાવોલ્લાસથી કરતા હોય છે.
**अज्झप्पिय - आध्यात्मिक ( त्रि. )**
(આત્મા સંબંધી, ચિત્તમાં ઉત્પન્ન થયેલું ૨. અભ્યંતર ઉપાય સાધ્ય સુખ-દુઃખ)
**अज्झप्पियविरिय - आध्यात्मिकवीर्य्य ( न. )**
(ઉદ્યમ-ધૃતિ આદિ)
સૂત્રકૃતાંગસૂત્રના પ્રથમ શ્રુતસ્કંધના આઠમા અધ્યયનમાં આ શબ્દનો પ્રયોગ થયેલો છે. જે સંયમમાં ઉદ્યમવંત છે તથા જે સાધુને ક્ષમા તિતિક્ષા-સહિષ્ણુતા ધૃતિ આદિ ગુણો વરેલા છે તે સાધુ આધ્યાત્મિકવીર્યસંપન્ન કહેવાયો છે.
**अज्झयण - अध्ययन ( न. )**
(અધ્યયન, શાસ્ત્રનું પ્રકરણ, સૂત્રનો પેટાવિભાગ ૨. ભણવું તે ૩. નામ, અર્થવાચક શબ્દ)

ભગવાન મહાવીરની વાણી જેમાં સંઘરાયેલી છે તે દ્વાદશાંગીના નામથી ઓળખાય છે. તે વર્તમાનમાં ૪૫ આગમરૂપે આપણી પાસે ઉપલબ્ધ છે. અધ્યયનનો અર્થ કરતા જીવાભિગમસૂત્રમાં જણાવ્યું છે કે, શિષ્યપરંપરા ક્રમે કરી ગુરુની પાસેથી શાસ્ત્રોનું અધ્યયન કરે તે અધ્યયન કહેવાય છે. વિશિષ્ટ એવા અર્થની ધ્વનિના સંદર્ભમાં આ એક શ્રુતનો પ્રકાર પણ કહેવાય છે. અધ્યયનના સૂત્ર અર્થ અને તદુભય એમ ત્રણ પ્રકારો છે.

**अज्झयणकप्प - अध्ययनकल्प ( पुं. )**

(અધ્યયનકલ્પ, યોગ્યતાનુસાર વાચનાદાનની સામાચારી)

ગુણસંપન્ન શિષ્યને જે વિધિથી યોગ્યતાનુસાર સૂત્ર, અર્થ અને તદુભય-સૂત્રાર્થરૂપે વાચના આપવા સ્વરૂપ સામાચારીનું પરિપાલન કરાય તેને અધ્યયનકલ્પ કહે છે. પંચકલ્પભાષ્યમાં અધ્યયનકલ્પ માટે યોગ્યાયોગ્યની વિસ્તૃત છણાવટ ભાષ્યકારે સ્વયં કરેલી છે.

**अज्झयणगुणणियुत्त - अध्ययनगुणनियुक्त ( त्रि. )**

(આરંભેલા શાસ્ત્રની શબ્દવૃત્તિથી કહેલા ગુણયુક્ત, શરુ કરેલા અધ્યયનની અભિધાથી કહેલા ગુણથી પ્રેરિત)

દશવૈકાલિકસૂત્રના નવમા અધ્યયનમાં આ શબ્દની વ્યાખ્યા કરતાં ટીકાકારે જણાવ્યું છે કે, આરંભ કરાયેલી અથવા પ્રકરણથી પ્રાપ્ત થયેલી શાસ્ત્રની ગતિ અર્થાત્, શરૂ કરેલા અધ્યયનની અભિધા નામક શબ્દવૃત્તિથી કહેલા ગુણોથી સમન્વિત હોય તેને અધ્યયનગુણનિયુક્ત કહેવાય છે.

**अज्झयणगुणि ( ण् ) - अध्ययनगुणिन् ( त्रि. )**

(આરંભ કરાયેલા અધ્યયનનમાં કહેલા ગુણથી યુક્ત)

**अज्झयणछक्क - अध्ययनषट्क ( न. )**

(આવશ્યકસૂત્ર, છ અધ્યયનના સમૂહરૂપ શ્રુતજ્ઞાન)

વિશેષાવશ્યકભાષ્ય નામના આકર ગ્રંથમાં અધ્યયનષટ્કની વ્યાખ્યા કરતાં કહ્યું છે કે, આવશ્યકસૂત્રમાં સામાયિકાદિ છ અધ્યયનો હોવાથી તે અધ્યયનષટ્ક કહેવાય છે. પિસ્તાલીસ આગમોમાં આવશ્યકસૂત્રનો સમાવેશ મૂળસૂત્રોમાં કરાયેલો છે.

**अज्झयणछक्कवग्ग - अध्ययनषट्कवर्ग ( पुं. )**

(છ અધ્યયન જેમાં છે તે આવશ્યકસૂત્ર)

વિશેષાવશ્યકભાષ્યમાં અને અનુયોગદ્વારસૂત્રમાં આવશ્યકસૂત્રને તેમાં સામાયિકાદિ છ અધ્યયનો હોવાથી અધ્યયનષટ્કવર્ગ કહેલું છે. આવશ્યકસૂત્રની સામાયિક અધ્યયનની નિર્યુક્તિ પર જિનભદ્રગણિક્ષમાશ્રમણે મહાભાષ્ય રચેલું છે જેમાં જિનોક્ત પદાર્થોની ખૂબ જ સચોટ વ્યાખ્યાઓ કરેલી છે. મહાવીર પ્રભુના અગિયાર ગણધરોની શંકાઓના સમાધાનરૂપે પ્રસિદ્ધ ગણધરવાદ પણ વિસ્તારપૂર્વક આ ગ્રંથમાં પ્રાપ્ત થાય છે.

**अज्झवसाण - अध्यवसान ( न. )**

(અતિહર્ષ કે વિષાદવાળી અંતઃકરણની વૃત્તિ, રાગ-સ્નેહ ભયાત્મક મનના સંકલ્પ ૨. લેશ્યા પરિણામની કંઈક સ્પષ્ટ પ્રવૃત્તિ)

વિશેષાવશ્યકભાષ્યકારે રાગ, સ્નેહ અને ભયાત્મક મનના વિચારોને અધ્યવસાનરૂપે કહેલા છે. જ્યારે સ્થાનાંગસૂત્રમાં અધ્યવસાનના રાગ, સ્નેહ અને ભય એમ ત્રણ ભેદો વર્ણવ્યા છે. મનના સંકલ્પ-વિકલ્પને પણ અધ્યવસાન કહેવાય છે.

**अज्झवसाणजोगणिव्वत्तिय - अध्यवसानयोगनिर्वर्तित ( त्रि. )**

(અધ્યવસાન-જીવપરિણામ અને યોગ-મનાદિ વ્યાપારોથી ઉત્પન્ન હોય તે)

ભગવતીજીસૂત્રના પચ્ચીસમા શતકમાં 'અધ્યવસાનયોગનિર્વર્તિત' શબ્દની વ્યાખ્યા કરતાં જણાવ્યું છે કે, જીવના પરિણામ અને અંતઃકરણની વૃત્તિ એટલે મનાદિના વ્યાપારો, આ બન્નેથી નિષ્પન્ન પરિણામ વિશેષને અધ્યવસાનયોગનિર્વર્તિત કહેવાય છે.

**अज्झवसाणणिव्वत्तिय - अध्यवसाननिर्वर्तित ( त्रि. )**

(મનના વ્યાપારથી નિષ્પન્ન હોય તે, મનની પરિણતિ-પરિપાકથી ઉત્પન્ન, અધ્યવસાયથી ઉત્પન્ન થયેલું)

મનના પરિણામ-સંકલ્પ વડે એટલે કે મનના દૃઢ પ્રયત્ને કરી ઉત્પન્ન થયેલા વિચાર તેને અધ્યવસાનનિર્વર્તિત કહેવાય. સંક્ષેપમાં કહીએ તો કોઈ જીવને 'મારે સંસાર સાગરથી પાર ઊતરવું છે' એવો અધ્યવસાય ઉત્પન્ન થવો એને અધ્યવસાનનિર્વર્તિત કહે છે.

**अज्झवसाणावरणिज्ज - अध्यवसानावरणीय ( न. )**

(ભાવચારિત્રને અટકાવનાર એક કર્મપ્રકૃતિ, ચારિત્ર મોહનીયની પ્રકૃતિ વિશેષ, મનના પરિણામને ઢાંકનારું કર્મ)

આઠ કર્મોમાં સૌથી વધુ ભયાનક અને જીવને અનંતકાળસુધી સંસારમાં પરિભ્રમણકરાવનાર મોહનીય કર્મ છે. તેના બીજા ભેદ તરીકે ચારિત્રમોહનીયકર્મ છે. જીવ ચઢતા પરિણામે વર્તતો હોય અને ચારિત્ર અંગીકાર કરવાની તાલાવેલી જાગી હોય ત્યાં આ કર્મ જીવાત્માના ભાવચારિત્રરૂપ મનના પરિણામોને પતિત કરી દે છે. માટે આને અધ્યવસાનાવરણીય કહેવાય છે.

**अज्झवसाय - अध्यवसाय ( पुं. )**

(મનના સૂક્ષ્મપરિણામ, માનસિક સંકલ્પ ૨. બંધહેતુભૂત આત્માની પરિણતિ વિશેષ, આત્માના સૂક્ષ્મપરિણામ)

અધ્યવસાય શબ્દ જૈન દર્શનમાં સુપ્રસિદ્ધ છે. જેને નૈયાયિકો આત્મધર્મ કહે છે તો વેદાન્તીઓ બુદ્ધિધર્મ કહે છે. જ્યારે સાંખ્યો તેને ઉપાત્તવિષયક ઇંદ્રિયોની વૃત્તિમાં બુદ્ધિજન્ય રજોગુણ અને તમોગુણથી જે સત્ત્વનો ઉદ્રેક થાય તે અધ્યવસાય અથવા જ્ઞાન છે તેમ કહે છે.

**अज्झवसायट्ठाण - अध्यवसायस्थान ( न. )**

(પરિણામ સ્થાન, અધ્યવસાય સ્થાન)

અષ્ટકપ્રકરણના પાંચમા અષ્ટકમાં અધ્યવસાયસ્થાનની વ્યાખ્યા કરી છે. મનના સૂક્ષ્મ પરિણામો એટલે વિચારો અથવા બંધના હેતુભૂત આત્માની પરિણતિ વિશેષ-ભાવ એ જ અધ્યવસાય છે. ત્રણે કરણના મળીને આ અધ્યવસાય સ્થાનો અસંખ્ય પ્રકારના કહેલા છે.

**अज्झवसिअं ( देशी )**

(નિવાપિત-પિતૃવગેરેને ઉદ્દેશીને અપાયેલું દાન ૨. મુખ્ય)

**अज्झवसिय - अध्यवसित ( न. )**

(અધ્યવસાય, આત્મપરિણામ, મનોભાવવિશેષ)

આત્મામાં અથવા મનમાં આ એમ જ છે એવા પ્રકારનો નિશ્ચય થવો તે અધ્યવસાય છે. ન્યાયદર્શનમાં અધ્યવસાયને આત્માનો ધર્મ માન્યો છે. જ્યારે વેદાંતદર્શનમાં અધ્યવસાયને બુદ્ધિનો ધર્મ માન્યો છે. અનુયોગદ્વારસૂત્રમાં અધ્યવસિત એ જ અધ્યવસાય છે એમ કહ્યું છે.

**अज्झस्सं ( देशी )**

(અભિશાપ, આક્રોશ)

**अज्झहिय - आत्महित ( न. )**

(આત્મહિત, સ્વહિત)

અધ્યાત્મકલ્પદ્રુમગ્રંથમાં જણાવ્યું છે કે, હે મૂઢ જીવ ! તેં આ મારું આ મારું કરીને તારા આત્માની રખડપટ્ટી વધારી છે. સંસારની મોહ-માયામાં રાચી માચીને તું કર્મોના બંધનોમાં અટવાયો છે. માટે હવે જરા વિચાર, અને આત્મહિતમાં ઉદ્યમશીલ બન.

**अज्झा ( देशी )**

(પ્રશસ્ત-શુભ સ્ત્રી ૩. નવોઢા ૪. તરુણ સ્ત્રી, યુવતી ૫. આ ૬. અસતી, કુલટા સ્ત્રી)

વજ્જાલગ્ગ ગ્રંથમાં અજ્ઝાનો અર્થ કુલટા સ્ત્રી પણ કરેલો છે. જ્યારે સામાન્યથી પ્રશસ્ત સ્ત્રીના અર્થમાં પણ આ શબ્દનો પ્રયોગ થયેલો છે. જ્યારે કોઈ સ્ત્રી પોતાની બદઆદતના કારણે વાતે વાતે જૂઠાણું બોલે તો તેને પણ આ શબ્દથી સંબોધિત કરાય છે.

**अज्झाय - अध्याय ( पुं. )**

(મર્યાદાપૂર્વક પ્રવચનોક્ત પ્રકારે ભણવું તે, સ્વાધ્યાય કરવો, અધ્યયન કરવું તે ૨. ગ્રંથનું એક પ્રકરણ, અધ્યાય)

વાચસ્પત્યકોશમાં વેદાદિશાસ્ત્રોના એક સમાન અર્થના વિષયોની પરિસમાપ્તિના દ્યોતક વિશ્રામસ્થાનરૂપ અંશ વિશેષને પણ અધ્યાય કહેવામાં આવ્યો છે. જ્યારે જૈન દર્શનમાં સ્વાધ્યાયને જીવનનું એક મુખ્ય અંગ ગણ્યું છે તથા શ્રાવક કરતાંય સાધુધર્મમાં શાસ્ત્રાધ્યયનને પ્રાણસમાન મહત્ત્વ અપાયું છે.

**अज्झारुह – अध्यारुह ( पुं. )**

(વૃક્ષ વિશેષ ૨. વૃક્ષ પર ચઢીને વધનારી એક વલ્લી કે શાખા)

સૂત્રકૃતાંગસૂત્ર, પ્રજ્ઞાપનાસૂત્ર અને આચારાંગસૂત્રની અંદર અધ્યારુહ શબ્દ વનસ્પતિના એક ભેદ તરીકે ઉલ્લેખાયેલો છે. વૃક્ષની ઉપર ઉપર ફેલાઈને રહે તેવી વલ્લીને અધ્યારુહ કહેવાય છે. કામલતા નામક વનસ્પતિ વૃક્ષની શાખાઓ પર ઊગીને રહે છે.

**अज्झारोव – अध्यारोप ( पुं. )**

(આરોપ, અત્યન્ત આરોપ ૨. ભ્રમથી એક વસ્તુના ગુણ બીજી વસ્તુમાં જોડવારૂપ મિથ્યાજ્ઞાન ૩. ઊઠવું ૪. ઉન્નત હોવું ૫. ઉપચાર)

ષોડશક ગ્રંથમાં શ્રીહરિભદ્રસૂરિજીએ કહ્યું છે કે, જેમ અંધારામાં દોરડું પડ્યું હોવા છતાં વ્યક્તિને તેમાં સાપનો ભ્રમ થાય છે તેમ અનાદિકાળથી ઘર કરી ગયેલા મિથ્યાત્વના કારણે વ્યક્તિ દુઃખમય સંસારને સુખરૂપે અને અત્યંત સુખમય શાશ્વત એવા મોક્ષસ્થાનને દુઃખમય તરીકે જુવે છે. અનુભવે છે. બેશક ! મિથ્યાત્વવાસિત બુદ્ધિ કરતાં ભોળું હૃદય લાખ દરજ્જે સારું.

**अज्झारोवण – अध्यारोपण ( न. )**

(અધ્યારોપણ, અતિશય આરોપણ ૨. પ્રશ્ન કરવો ૩. ધાન્ય વગેરેનું વાવવું તે)

વિશેષરૂપે સઘળી તરફથી તથ્ય જાણવા માટે પ્રશ્ન પૂછવાના અર્થમાં અધ્યારોપણ શબ્દનો પ્રયોગ થાય છે એમ વિશેષાવશ્યકભાષ્યમાં જણાવેલું છે. તજવીજ કરવી કે સામેવાળાના દૂષણ જાણવાની ઇચ્છાથી પ્રશ્ન કરાય તે અર્થમાં પણ આ શબ્દનો પ્રયોગ કરાય છે.

**अज्झारोवमंडल – अध्यारोपमण्डल ( न. )**

(ભ્રાન્તિથી મંડલાકાર થયેલું ૨. મિથ્યાત્વથી ચારેબાજુથી ઘેરાયેલું)

ષોડશક ગ્રંથમાં આગમને દીપકની ઉપમા આપી છે. જેમ દીવાના પ્રકાશમાં અંધકારને અવકાશ નથી, તેમ આગમજ્ઞાનના અજવાળામાં મિથ્યાત્વરૂપ અંધકાર નષ્ટ-ભ્રષ્ટ થઈ જાય છે. તત્ત્વદષ્ટિએ જોઇએ તો મિથ્યાત્વ એ જ અજ્ઞાન છે અને અજ્ઞાન પોતે સ્વયં અસત્ સ્વરૂપી છે. આ જગતમાં મિથ્યાત્વ જેવી કોઈ ચીજ છે જ નહીં, સિવાય અજ્ઞાનતા.

**अज्झारोह – अध्यारोह ( पुं. )**

(બીજા ઝાડ પર ઊગતી કામવલ્લી નામક વનસ્પતિ ૨. વૃક્ષ પર વધનારી વેલડી કે વૃક્ષવિશેષ)

જેમ અમરવેલ નામનો પીળો વેલો અન્ય વૃક્ષ કે વાડ પર જ અવલંબીને રહે છે. તેના પોતાના મૂળિયા નથી હોતા તેમ જે મનુષ્ય સ્વયં પાંચે ઇંદ્રિયોથી પરિપૂર્ણ હોવા છતાં બીજાઓના માથે બોજ બનીને રહે છે તે મનુષ્ય અમરવેલની જેમ પરોપજીવી ગણાય.

**अज्झावय – अध्यापक ( पुं. )**

(ઉપાધ્યાય, ભણાવનાર, શિક્ષક, ગુરુ)

ઉત્તરાધ્યયનસૂત્રમાં શિષ્યને ભણાવનાર ઉપાધ્યાય કે ગુરુને વિશે કેવો ભાવ રાખવો અથવા પોતે કેવું વર્તન કરે તે ખૂબ ભારપૂર્વક વર્ણવ્યું છે. આગમસ્થ શ્રુતજ્ઞાનના રહસ્યોના જાણનાર ગુરુની પાસેથી જ્ઞાન પ્રાપ્ત કરવા તેમની ખૂબ વિનય પ્રતિપત્તિ કરવી જોઈએ તેમજ તેઓ દ્વારા અધ્યયન બાબતે કઠોર પ્રેરણા થઈ હોય તો પણ તેને આત્મહિતકર જાણીને પ્રસન્નતાપૂર્વક સ્વીકારીને તેમને પ્રસન્ન રાખવા જોઈએ. ગુરુને પ્રતિકૂળ થઈ રહેનાર શિષ્ય ક્યારેય જ્ઞાનાર્જન કરી શકતો નથી. અન્ય દર્શનોમાં તો ગુરુને ભગવાનથીય ઊંચેરું સ્થાન અપાયેલું છે.

**अज्झावसत – अध्यावसत् ( त्रि. )**

(મધ્યમાં રહેતું, વચ્ચે રહેતું)

જેમ ઘરમાં વસનારને ગૃહસ્થ કહેવાય છે, વનમાં વસનારને વનવાસી કહેવાય છે. તેમ બાહ્ય ઔદયિકભાવોને ત્યજીને આત્મભાવોમાં વસનાર પુરુષને આધ્યાત્મિક કહેવાય છે. આવો આધ્યાત્મિક ચિત્તવાળો પુરુષ સ્વયં તરે છે અને તેના સંસર્ગમાં આવેલા અન્યને પણ તારે છે.

**अज्झावसित्ता – अध्युष्य ( अव्य. )**

(મધ્યમાં રહીને, વચ્ચે રહીને)

શિલ્પશાસ્ત્રમાં જિનાલયને પ્રાસાદપુરુષની ઉપમા આપવામાં આવેલી છે. અને ગર્ભગૃહ તે પ્રાસાદપુરુષનું હૃદયસ્થાન છે. દરેક જૈને પ્રતિદિન ગર્ભગૃહમાં રહેલા પરમાત્માની પૂજા કરતાં ભાવના ભાવવી જોઇએ કે, હે પરમાત્મા ! જેમ જિનાલયના ગર્ભગૃહમાં રહીને સમસ્ત સંઘના અમંગલ દૂર કરો છો. તેમ મારા હૃદયગૃહમાં વાસ કરીને મારા આત્મામાં રહેલા અશુભ કર્મોને દૂર કરો અને મારા ચિત્તને પવિત્ર બનાવો.

**अज्झासणा - अध्यासना ( स्त्री. )**

(સહન કરવું તે)

સ્ત્રીને સહનશક્તિની પ્રતિમા માનવામાં આવેલી છે. સહનશક્તિનો મતલબ અત્યાચાર સહન કરવા તે નહીં, પરંતુ ગમે તેવી પરિસ્થિતિમાં ભાંગી ન પડવું તે. દુઃખદ સંજોગોમાં પણ પોતાની સહિષ્ણુતા ન ગુમાવવી. આજે ખેદ સાથે કહેવું પડે છે કે સ્ત્રીએ પોતાની સહિષ્ણુતા ગુમાવી દીધી છે જેનું પ્રત્યક્ષ ઉદાહરણ આજના કાળમાં પ્રચુરમાત્રામાં થતાં છૂટાછેડાઓ છે.

**अज्झाहार - अध्याहार ( पुं. )**

(આકાંક્ષિત પદનું અનુસંધાન કરવું તે, મૂળમાં ન દેખાતા પદને અન્યસૂત્રમાંથી લેવું ૨. તર્ક, ઊહા ૩. અપૂર્વ ઉત્પ્રેક્ષા)

ઘણી વખત ગ્રંથકાર મહર્ષિઓ પોતાના વાક્યની અંદર અમુક પદોનો ઉલ્લેખ નથી કરતા હોતા. ત્યારે ત્યાં તેઓએ કહેલા વાક્યનો બોધ કરવા માટે અમુક પદો અન્ય સૂત્રાદિમાંથી લઇને અનુસંધાન કરવામાં આવે છે તેને અધ્યાહાર કહેવાય છે.

**अज्झीण - अक्षीण ( न. )**

(અક્ષય, અખૂટ, અક્ષીણ ૨. સામાયિકાદિ અધ્યયન, પ્રકરણ, અધ્યાય)

કેવલી ભગવંતે કહેલું છે કે, આ સંસાર અનાદિકાળથી છે અને અનાદિકાળ સુધી રહેવાનો છે. જેમ સંસાર અનાદિ છે તેમ તેમાં વસનારા જીવો પણ અનાદિકાળથી છે. આ જીવો અક્ષયનિધિ જેવા છે અર્થાત્, અખૂટ છે. સંસારમાં જીવોનો અભાવ ક્યારેય થવાનો નથી. જીવો વગરનો સંસાર જેવું ક્યારેય નહીં બને.

**अज्झीणज्झंझय - अक्षीणझज्झाक ( त्रि. )**

(અક્ષીણ કલહ, કલેશ-કંકાશથી નિવૃત્ત નહીં થયેલું)

કલહને વિનાશનું ઘર માનવામાં આવ્યું છે. આથી જ લોકો કલહથી વધારે દૂર રહેવાનું પસંદ કરે છે. સુભાષિતોમાં પણ કહેવામાં આવ્યું છે કે જે ઘરમાં કલહ અનવરત ચાલ્યા કરે છે તે ઘર ખૂબ જલદી સ્મશાનગૃહમાં ફેરવાઇ જાય છે. અર્થાત્ નિત્ય કલહવાળા ઘરમાં કોઇ સંબંધો ટકી શકતા નથી.

**अज्झुववण्ण - अध्युपपन्न ( त्रि. )**

(વિષયાસક્ત, વિષયભોગમાં તલ્લીન)

કોઇક મૂર્ખે લખી દીધું કે, 'ઘરડે ગોવિંદ ગાશું' અને જેઓ વિષયાભિલાષી છે તેઓએ આ પંક્તિને પકડી લીધી. તેમને જ્યારે પણ ધર્મારાધનાની વાત કરવામાં આવે ત્યારે બસ આ જ પંક્તિનું બહાનું કાઢીને ધર્મથી દૂર ભાગે. પરંતુ સત્ય હકીકત એ જ છે કે જો વિષય ભોગવવાની ઉંમર યુવાની છે તો ધર્મ કરવાનો સમય પણ યુવાનીનો જ છે. જ્યાં સુધી શારીરિક બળ અને માનસિક બળ હશે ત્યાં સુધી જ ધર્મારાધના થઇ શકે છે. બાકી વૃદ્ધાવસ્થામાં શરીરબળ ચાલ્યા જતાં ધર્મ પણ આચરી શકાતો નથી. જે યુવાનીમાં ધર્મ કરે છે તે જ ઘડપણમાં ગોવિંદ ભજી શકે છે. બાકી વાણીવિલાસથી સર્યું.

**अज्झुसिर - अशुषिर ( त्रि. )**

(છિદ્રરહિત ૨. તૃણ વગેરેથી નહીં ઢંકાયેલું ૩. એક પ્રકારની શય્યા ૪. રાફડા વગરનું)

નદી પાર ઉતરવામાં કારણભૂત એવી નાવમાં જો છિદ્ર હોય તો કાર્યસિદ્ધિ થતી નથી. માટે નાવ એકપણ છિદ્ર વગરની હોવી આવશ્યક છે. જો સામાન્ય સિદ્ધિ માટે પણ છિદ્રાભાવ હોવો જરૂરી છે તો સર્વોત્કૃષ્ટ મોક્ષ પ્રાપ્તિમાં કારણભૂત માનવભવમાં દોષોરૂપી છિદ્રોની પ્રચુરતા કેવી રીતે ચાલી શકે ? અર્થાત્, ન જ ચાલી શકે. આથી મળેલા માનવભવને સફળ કરવા માટે જેમ બને તેમ આત્મામાંથી દોષોનો હ્રાસ અને ગુણોનો વાસ થાય તેવો પ્રયત્ન કરવો જોઇએ.

**अज्झुसिरत्तण - अशुषिरतृण ( न. )**

(દર્ભ-ડાભ, છિદ્રરહિત ઘાસ, તૃણ)

જે સ્થાન જલબહુલ હોય તેવા સ્થાને ડાભની ઉત્પત્તિ જોવા મળે છે. દર્ભનામક ઘાસ અતિપવિત્ર હોવાથી પૂજા-અર્ચના કે યજ્ઞાદિમાં તેનો ઉપયોગ કરવામાં આવે છે. એટલું જ નહિ પ્રાચીનકાળમાં જૈનશ્રમણો વનવાસમાં જ વધુ રહેતા હોવાથી સુવા માટેની શય્યા તરીકે નિર્દોષ રીતે પ્રાપ્ત થયેલ દર્ભનો ઉપયોગ કરતા હતા.

**अज्झेसणा - अध्येषणा ( स्त्री. )**

(સત્કારપૂર્વકની આજ્ઞા ૨.અધિક પ્રાર્થના, વિશેષ યાચના)

કલ્પસૂત્રમાં ભદ્રબાહુસ્વામી લખે છે કે, માતા ત્રિશલાને જ્યારે ચૌદ સ્વપ્ન આવ્યા તેનું ફળ જાણવાની ઈચ્છાથી મહારાજ સિદ્ધાર્થ નિમિત્તશાસ્ત્રના જાણકાર જ્યોતિષીને બોલાવવા માટે કૌટુમ્બિક પુરુષોને મોકલે છે ત્યારે તેઓ સેવકોને પણ તુચ્છકારથી ન બોલાવતાં સત્કારપૂર્વક આજ્ઞા કરે છે અને તે સેવકો પણ ગ્લાનિ વગર અતિપ્રસન્નતાપૂર્વક તે આજ્ઞાનો સ્વીકાર કરે છે. આ હતો અહીંનો સ્વામી-સેવક ભાવ આજના કાળમાં ચાલતો નોળિયાને સર્પ જેવો નહીં.

**अज्झोयरय - अध्यवपूरक ( पुं. )**

(સોળ ઉદ્‌ગમના દોષો પૈકીનો સોળમો દોષ, સાધુ નિમિત્તે ઉમેરો કરી બનાવેલી ગોચરી વહોરાવવાથી લાગતો દોષ)

અધિ એટલે વધારે. અવપૂરણ એટલે ભરવું, ઉમેરવું. પોતાના માટે રસોઈ બનાવતા હોય ત્યારે ઉપાશ્રય વગેરેમાં સાધુને આવેલા જાણીને તેમના નિમિત્તે રસોઈમાં ઉમેરો કરી ભોજન બનાવવું તે અધ્યવપૂરક કહેવાય છે અને તે અધ્યવપૂરકથી યુક્ત ભોજન પણ અધ્યવપૂરક કહેવાય છે. શાસ્ત્રમાં લખેલું છે કે, ભિક્ષા લેનાર અને દેનાર બન્ને જાણતા હોય કે ગોચરી દોષિત છે તો બન્ને પાપના ભાગીદાર છે. પરંતુ લેનાર શુદ્ધચારિત્રી હોય તો તે ડૂબે કે ના ડૂબે પરંતુ, દેનાર તો ચોક્કસ સંસારસમુદ્રમાં ડૂબે જ છે. અર્થાત્ દોષનો ભાગી બને છે.

**अज्झोल्लिआ ( देशी )**

(વક્ષસ્થળનું આભૂષણ ૨. વક્ષસ્થળના આભૂષણોમાં કરવામાં આવતી મોતીની રચના)

**अज्झोववज्जणा - अध्युपपादना ( स्त्री. )**

(વિષયોમાં આસક્તિ, વિષયમગ્નતા)

ઇંદ્રિયોના વિષયોમાં આસક્તિ પેદા થાય તેને અધ્યુપપાદના કહેવામાં આવે છે. તે ત્રણ પ્રકારે છે. ૧. જ્ઞાતા ૨. અજ્ઞાની ૩. વિચિકિત્સા. જ્ઞાતા એટલે જ્ઞાનપૂર્વક વિષયજન્ય પદાર્થોને વિષે અત્યંત આસક્તિ. અજ્ઞાની એટલે અજાણતા વિષયજન્ય પદાર્થોને વિષે અત્યંત આસક્તિ અને વિચિકિત્સા એટલે વિષયજન્ય પદાર્થોને વિષે સંશયપૂર્વકની અત્યંત આસક્તિ.

**अज्झोववण्ण - अध्युपपन्न ( त्रि. )**

(વિષયોમાં ગૃદ્ધ, આસક્ત, મૂર્છિત)

જેમ કાંટામાં લગાવેલા ભોજન પ્રત્યેની આસક્તિ માછલીને મૃત્યુ તરફ દોરી જાય છે તેમ પાંચેય ઇંદ્રિયોના વિષયો પ્રત્યેની આસક્તિ જીવને દુર્ગતિ તરફ દોરી જાય છે. આ વિષયોના ઉપભોગથી સુખની પ્રાપ્તિ થતી નથી કિંતુ સુખનો માત્ર આભાસ જ થાય છે. વાસ્તવમાં સુખ કોને કહેવાય તે સામાન્ય જીવને ખબર જ નથી હોતી.

**अज्झोववाय - अध्युपपात ( पुं. )**

(કંઈપણ ગ્રહણ કરવામાં ચિત્તની એકાગ્રતા)

અન્યની વસ્તુને પ્રાપ્ત કરવાની સતત તીવ્રેચ્છાને અધ્યુપપાત કહેવામાં આવે છે. પરાઈ વસ્તુને પ્રાપ્ત કરવાની સતત ઈચ્છા કરવાથી લોભ તથા મૂર્છા ઉત્પન્ન થાય છે. જેનાથી જીવ સારાસારનો વિચાર ત્યાગીને અવિવેકી બને છે.

**अञ्छ - कृष् ( धा. )**

(આકર્ષિત કરવું, ખેંચવું ૨. લખવું, ચિત્ર બનાવવું, રેખાંકિત કરવું)

જાણે સાક્ષાત્ વસ્તુ પોતે જ ન હોય તેવી કલાકૃતિઓ બનાવીને આકર્ષિત કરનારા કલાવિદ્ કુશળ કારીગરો પણ આ દુનિયામાં છે.

આબેહૂબ સુંદર ચિત્રો બનાવનારા ચિતારા પણ છે પરંતુ, ચરાચર સૃષ્ટિમાં પ્રાણ ઉત્પન્ન કરવામાં ચતુર તો એકમાત્ર પ્રકૃતિ જ છે. જેનો કોઈ વિકલ્પ નથી જ.

**अञ्चिअ - अञ्चित ( त्रि. )**

(પૂજેલું ૨. સંકોચાયેલું)

જેમ લજામણીનો છોડ અન્યનો સ્પર્શ થતાં સંકોચાઈ જાય છે તેમ પાપભીરુ વ્યક્તિ દુષ્કૃત્યોના આચરણમાં સંકોચ પામે છે.

**अञ्ज - अज्ञ ( त्रि. )**

(મૂર્ખ)

ડાહ્યા મનુષ્યો મૈત્રી કે દુશ્મની સરખે-સરખા સાથે કરે છે. જે બુદ્ધિ, કુળ, ઐશ્વર્ય આદિમાં પોતાનાથી અત્યંત હીન કે પોતાના કરતાં મોટા માણસને મિત્ર બનાવે છે તેને શાસ્ત્રમાં કુબુદ્ધિવાળો મૂર્ખ બતાવ્યો છે. આવી વ્યક્તિઓ લોકોમાં હાસ્યાસ્પદ બને છે. પ્રાજ્ઞ પુરુષો મૂર્ખને ક્યારેય મિત્ર કે દુશ્મન નથી બનાવતા.

**★अन्य ( त्रि. )**

(જુદું, વિલક્ષણ ૨. સદશ, સાધારણ)

એક જ પદાર્થ હોવા છતાં તેને જોનારની દષ્ટિના ભેદથી તે જુદા-જુદા પ્રકારનો ભાસે છે. જેમ કે સ્ત્રીનું શરીર યોગીઓને માટે દરેકના જેવું જ સામાન્ય શરીર છે. કામીજનોને માટે તે એક સુંદરી છે. જ્યારે વાઘ-વરુ વગેરે હિંસક પ્રાણીઓને માટે તે એક ભોજ્ય પદાર્થ રૂપે છે. જેવી દષ્ટિ તેવી સૃષ્ટિ.

**अञ्जलि - अञ्जलि ( पुं. )**

(અંજલિ ૨. ખોબો)

આ અવસર્પિણીનો ત્રીજો આરો પૂર્ણ થઈ ચોથા આરાનો પ્રારંભ થયો તે વખતે યુગલિકો વચ્ચે થતી તકરારના સમાધાન માટે તેઓ કુલકર નાભિ રાજા પાસે જાય છે ત્યારે નાભિ રાજા કહે છે કે, હવેથી તમારો રાજા ઋષભ છે માટે તેની પાસે તમારે દરેક વસ્તુઓના શંકા-સમાધાન કરવા. તેથી યુગલિકો તેમને રાજા તરીકે સ્વીકારી તેમનો રાજ્યાભિષેક કરવા માટે તૈયારી કરવા જાય છે. આ તરફ ઈંદ્રનું સિંહાસન ચલાયમાન થતાં અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકતાં પ્રભુના રાજ્યાભિષેકની ખબર પડે છે અને મહોત્સવપૂર્વક તેમનો રાજ્યાભિષેક કરે છે. આ બાજુ યુગલિયાઓ જળ લઈને રાજ્યાભિષેક કરવા આવે છે ત્યારે પ્રભુને ઠાઠમાઠવાળા જોઈને અંજલિમાં ભરેલા પાણીથી જમણા પગના અંગુઠે અભિષેક કરે છે.

**अट्ट - अट् ( धा. )**

(ભ્રમણ કરવું, પર્યટન કરવું)

જે જીવ સંસારના વિષયોપભોગનો તીવ્રાભિલાષી થઈને મોક્ષના હેતુરૂપ ધર્મનું સેવન કરતો નથી તે જીવ દુર્ગતિમય ભવઅટવીમાં આમથી તેમ પર્યટન કર્યા કરે છે અર્થાત્, તિર્યંચ નરકાદિ ગતિઓમાં વારંવાર આથડ્યા કરે છે.

**अट्ट - क्रथ् ( धा. )**

(ઉકાળવું, ક્વાથ કરવો)

વિવિધ ઔષધોના સત્વને પ્રાપ્ત કરવા માટે તેને ઉકાળવામાં આવે છે. સોનાની શુદ્ધિ માટે જેમ તેને તપાવવામાં આવે છે પછી જ તેમાં ચળકાટ આવે છે તેમ ભવ્ય જીવ વિવિધ પ્રકારના કષ્ટોનો સમતાપૂર્વક સામનો કરીને સત્વશાળી બને છે.

**अट्ट - अट्ट ( पुं. )**

(મહેલની ઉપરનું ઘર ૨. અટારી ૩. આકાશ ૪. કિલ્લામાં રહેલું સૈન્યગૃહ)

**★आर्त ( त्रि. )**

(પીડિત થયેલું, શારીરિક માનસિક પીડાથી પીડિત, દુઃખી, મોહથી દુઃખી)

આચારાંગસૂત્રના પ્રથમ શ્રુતસ્કંધના દ્વિતીય અધ્યયનના પાંચમાં ઉદ્દેશામાં જણાવ્યું છે કે, શરીર કે મન સંબંધી પીડાથી જે દુઃખી થાય તેને આર્ત કહ્યો છે. જ્યારે આ જ સૂત્રમાં પ્રથમ શ્રુતસ્કંધના છઠ્ઠા અધ્યયનના પ્રથમ ઉદ્દેશામાં બીજી વ્યાખ્યા કરતાં જણાવ્યું છે કે,

મોહના ઉદયથી જેણે કાર્ય કે અકાર્યનો વિવેક ધારણ નથી કર્યો તેને આર્ત કહેલો છે. આર્તના ચાર પ્રકાર કહેલા છે. ૧. નામાર્ત ૨. સ્થાપનાર્ત ૩. દ્રવ્યાર્ત ૪. ભાવાર્ત. તેમાં ભાવાર્ત સૌથી વધુ દુ:ખદાયી છે.

**अट्टं ( देशी )**

(કૃશ, દુર્બળ ૨. ભારે ૩. મોટુ ૪.પોપટ ૫. સુખ ૬. આળસ ૭. ધ્વનિ ૮. અસત્ય ૯. શીત)

નીતિશાસ્ત્રોમાં લખ્યું છે કે, ઉન્નતિના ઇચ્છુક સ્ત્રી-પુરુષે અધિક નિદ્રા, તંદ્રા, ભય, ક્રોધ, આલસ્ય અને કાર્યની વિલંબકારિતા આ છ વસ્તુનો ત્યાગ કરવો જોઇએ. જેમ કોઇ દૈવીશક્તિથી સ્થંભી ગયેલી વ્યક્તિ આગળ જઇ શકતી નથી. તેમ આ છ બાબતોના કારણે પોતે આગળ વધવા માગતો મનુષ્ય એક ડગલું પણ આગળ માંડી શકતો નથી.

**अट्टइ ( देशी )**

(ક્વાથ, ઊકાળો)

અજૈન મહાભારતના રચયિતા મહર્ષિ વ્યાસ મહાભારતમાં કહે છે કે, **'ऊर्ध्वबाहुर्विरौम्येष न च कश्चिच्छृणोति मे'** અરે ભાઇ ! હું હાથ ઊંચા કરીને પોકાર પાડીને કહું છું કે, ધર્મથી જ અર્થ (ધન) અને કામની પ્રાપ્તિ થાય છે. છતાં પણ મારી વાત કોઇ સાંભળતું નથી અને સુખના મૂળ ધર્મને છોડીને અધર્મરૂપી ક્વાથનું પાન કરે છે.

**अट्टक - अट्टक ( पुं. )**

(પાત્રના છિદ્રને પૂરનાર લેપદ્રવ્ય વિશેષ)

**अट्टज्झाण - आर्तध्यान ( न. )**

(આર્તધ્યાન, ઇષ્ટના વિયોગ કે અનિષ્ટના સંયોગથી દુઃખ પામવું તે, રોગનિવૃત્તિ કે ભવિષ્યની ચિંતા કરવી તે)

સમવાયાંગસૂત્રમાં આર્તધ્યાનનું લક્ષણ જણાવતાં કહ્યું છે કે, **'मनोज्ञामनोज्ञवस्तुवियोगसंयोगादिनिबन्धनचित्तविप्लवलक्षणे ध्यानभेदे'** અર્થાત્, ઇષ્ટ કે અનિષ્ટ વસ્તુના વિયોગ કે સંયોગમાં ચિત્તમાં ઉત્પન્ન થનાર સંતાપના લક્ષણવાળું જે હોય તે આર્તધ્યાન. જેમ દુ:ખ આવે મનમાં શોકની લાગણી થવી તે આર્તધ્યાન છે તેમ સુખ સામગ્રીની પ્રાપ્તિ ન મળતાં જે નિરાશાની લાગણી થાય છે તે પણ આર્તધ્યાન છે.

**अट्टज्झाणवियप्प - आर्त्तध्यानविकल्प ( पुं. )**

(અશુભધ્યાયનનો એક પ્રકાર, આર્તધ્યાનનો ભેદ)

જેમ શુભ ભાવમાં રહેલો આત્મા ગુણસ્થાનમાં આગળ વધતો થકો અશુભકર્મોનો ખાત્મો બોલાવે છે તેમ અશુભભાવ એટલે આર્તધ્યાન-રૌદ્રધ્યાન કરનારો આત્મા અશુભકર્મોનો ઢગલો પોતાના માથે ખડકી લે છે. એટલા માટે સાધકે પોતાના આત્મા પર લાગેલા કર્મમળને દૂર કરવા અશુભધ્યાયનના ભેદો સમ્યક્ પ્રકારે જાણીને તેનો ત્યાગ કરવા સતત પ્રયત્નશીલ બનવું જોઈએ.

**अट्टज्झाणवेरग्ग - आर्त्तध्यानवैराग्य ( न. )**

(વૈરાગ્યનો એક પ્રકાર, આર્તધ્યાનરૂપ વૈરાગ્ય)

ઇષ્ટ એટલે પ્રિય વસ્તુનો વિયોગ એટલે અભાવ હોય તથા અનિષ્ટ એટલે અપ્રિય સંજોગો પ્રાપ્ત થાય ત્યારે કોઈ જીવને તેના કારણે વૈરાગ્ય જન્મે છે. આવા વૈરાગ્યને દુઃખપ્રતિબદ્ધ વૈરાગ્ય કહેવાય છે. આને શાસ્ત્રકારો સાચો વૈરાગ્ય નહીં પણ એક પ્રકારનો આર્તધ્યાનગર્ભિત લૌકિક વૈરાગ્ય કહે છે. તાત્ત્વિક રીતે તો જ્ઞાનગર્ભિત વૈરાગ્ય એ જ સાચો વૈરાગ્ય છે. મોહ કે દુ:ખ ગર્ભિત નહી.

**अट्टज्झाणोवगय - आर्त्तध्यानोपगत ( त्रि. )**

(આર્તધ્યાન કરનાર, શોક નિમગ્ન)

સૂત્રકૃતાંગ આગમમાં કહેલું છે કે, જે વ્યક્તિ શોકમાં નિમગ્ન હોય છે તે પોતાનો સદ્વિવેક ખોઇ નાખે છે અને વિવેકરહિત જીવ સારાસારનો ભેદ પારખી શકતો નથી. આવો વિવેકહીન પુરુષ અંતતોગત્વા પોતાનું જ નુકશાન કરે છે.

**अट्टहास - अट्टहास ( पुं. )**

(ખડખડાટ હસવું, મોટેથી હસવું)

જેમ મનુષ્યોમાં ઉચ્ચવર્ગના અને નીચવર્ગના એમ બે પ્રકાર હોય છે તેમ દેવલોકમાં પણ ઉચ્ચકક્ષાના દેવ અને નિમ્નકક્ષાના દેવ

એમ બે પ્રકાર હોય છે. દેવલોકમાં કિલ્બિષિક દેવોને નિમ્નકક્ષાના માનવામાં આવેલા છે. આથી તેઓના વિમાનો પણ મૂળ વિમાનોથી અલગ હોય છે. શાસ્ત્રમાં લખેલું છે કે, જેઓ કુતૂહલપ્રિય, અતિચંચળ, મોટે મોટેથી હાસ્ય કરનારા જીવો હોય છે તેઓ મરીને કિલ્બિષિક દેવની યોનિમાં ઉત્પન્ન થાય છે.

**अट्टे ( देशी )**

(ગયેલું, ચાલી ગયેલું)

જેઓ ચાલી ગયેલી વસ્તુ માટે શોક કરે છે તેને શાસ્ત્રમાં મૂર્ખ કહેલા છે. કેમ કે આજ પર્યંત એવી કોઇ વસ્તુ નથી જે એકવાર જતી રહી હોય તે પાછી આવી હોય. આવા પદાર્થો માટે જેઓ ઝંખના કરે છે તેઓ રણપ્રદેશમાં જળની આશા કરનાર સમાન છે. આ વાત સમજી રાખો, એકવખત ગયેલી વસ્તુ કે ક્ષણ ગમેતેટલી અણમોલ હોય તે પાછી આવતી નથી.

**अट्टण - अट्टन ( न. )**

(ચક્રાકારનું એક અસ્ત્ર ૨. અનાદર ૩. તે નામનો એક મલ્લ)

ઉજ્જૈનીના રાજાનો અટ્ટણમલ્લ નામનો મલ્લ હતો. તે કાયમ સોપારકનગરમાં જઇને ત્યાંના મલ્લોને હરાવીને રાજા પાસેથી ઇનામ મેળવતો હતો. એક વખત ત્યાંના રાજાએ તૈયાર કરેલા મત્સ્યીમલ્લ દ્વારા તે પરાજય પામ્યો અને પોતાના નગરમાં પાછો આવ્યો. પોતે વૃદ્ધ થયો હોવાથી ત્યાંના રાજા અને સ્વજનોએ પણ તેનો તિરસ્કાર કર્યો. આથી અટ્ટણમલ્લ સંસારની સ્વાર્થપરાયણતા જોઇને વૈરાગી થયો અને તેણે પ્રવ્રજ્યા ગ્રહણ કરી.

**★अटन ( न. )**

(ગમન કરવું તે, જવું તે ૨. વ્યાયામ કરવો તે, કસરત કરવી તે)

મંત્રી પેથડશા જ્યારે રાજમાર્ગેથી પસાર થઇને રાજમહેલે જતા હતા તે સમયે રસ્તામાં મળતા લોકો તેમની કુશલતાની પૃચ્છા કરતા હતા. ત્યારે પેથડશા મંત્રીના મુખમાં શબ્દો હતા કે, ભાઈ ! તમે શરીરની કુશલતાની વાત કરો છો તે બરોબર છે પરંતુ મારું આયુષ્ય તો પ્રતિદિન ચાલી જઇ રહ્યું છે, ક્ષીણ થઇ રહ્યું છે આવી પરિસ્થિતિમાં કુશલતા ક્યાંથી હોય ?

**अट्टणसाला - अट्टनशाला ( स्त्री. )**

(વ્યાયામશાળા, કસરત કરવાનો અખાડો)

**अट्टणियट्टियचित्त - आर्त्तनिर्वर्तितचित्त ( त्रि. )**

(ક્લિષ્ટ અધ્યવસાયી, આર્તધ્યાનમાં રત છે ચિત્ત જેનું તે)

ભગવતીસૂત્રના દ્વિતીય શતક અને પ્રથમ ઉદ્દેશામાં લખેલું છે કે, **'अट्टणियट्टियचित्ता जीवा दुक्खसागरमुवेंति'** અર્થાત્, જેઓ સતત ક્લિષ્ટ અધ્યવસાયવાળા જીવો છે તેઓ હંમેશાં દુઃખસમુદ્રમાં ડૂબેલા રહે છે. તેમાંથી ક્યારેયપણ બહાર આવી શકતા નથી.

**★आर्त्तनिरर्दितचित्त ( त्रि. )**

(ક્લિષ્ટ પરિણામી, આર્તધ્યાનરત છે ચિત્ત જેનું તે)

જે પરિણામ અશુભ કર્મનો બંધ કરાવે તેવા વિચારોને ક્લિષ્ટ પરિણામ કહેવામાં આવે છે. અને આવા વિચારો રાગદશા તથા દ્વેષદશામાં પણ થઇ શકે છે. જે જીવ વધુ પડતી ઇચ્છા-મહેચ્છાઓ, આકાંક્ષાપ્રચુર છે તે કાયમ આર્તધ્યાનને પરવશ હોય છે.

**अट्टतर - आर्त्ततर ( न. )**

(ઘણું આર્તધ્યાન, અતિશય આર્તધ્યાન કરવું તે)

આર્તધ્યાન અશુભ કર્મનો બંધ કરાવનાર છે એ વાત તો નિશ્ચિત છે. કિંતુ તમારો જેટલી વધુ માત્રામાં ક્લિષ્ટ પરિણામ હશે કર્મમાં તદનુસાર તીવ્ર કે મંદ રસનો ભાગ પડશે. જેમ સાપ જેટલો વધારે ઝેરી તેની અસર પણ તેટલી જ વધુ માત્રામં હોય છે તેમ જેટલા ક્લિષ્ટ પરિણામથી કર્મબંધ કરશો તેના ઉદયકાળે તેટલું વધારે જ ભોગવવાનું થશે. માટે આર્તધ્યાન કરતા પહેલા એકવાર વિચાર કરજો !

**अट्टदुहट्ट - आर्त्तदुर्घट ( त्रि. )**

(આર્તધ્યાનનું દુઃખે કરી નિર્વર્તન થવું તે)

આર્તધ્યાન તે પણ કષાયનો એક પ્રકાર બને છે. યોગસાર ગ્રંથમાં લખેલું છે કે, જ્યાં સુધી કષાયો બળવાન થઇને પ્રાણીઓમાં વૃદ્ધિ પામે છે, ત્યાં સુધી મલિન થયેલો આત્મા પરમાત્મપણાને પામી શકતો નથી. અર્થાત્ આર્તધ્યાનમાં રહેલા જીવની શુદ્ધિ થતી નથી.

**★आर्त्तदुःखार्त्त ( त्रि. )**

(આર્તધ્યાનથી પીડિત, મનથી, ઇન્દ્રિયપરવશતાથી અને દેહથી દુઃખી)

આર્તધ્યાનથી પીડિત જીવોનો પ્રાયઃ કરીને પોતાના મન-વચન અને કાયા પર કોઇ જાતનો કાબૂ હોતો નથી. આવા પુરુષને બે પ્રકારનું નુકશાન થાય છે. એક આર્તધ્યાનથી તેને વિપુલમાત્રામાં અશુભ કર્મનો બંધ થાય છે અને બીજા નંબરમાં તેના કાયમી રોદણાથી લોકોમાં તે હાંસીપાત્ર થાય છે.

**अट्टदुहट्टवसट्ट - आर्त्तदुर्घटवशार्त्त ( त्रि. )**

(આર્તધ્યાનની પરવશતાથી પીડિત, અસમાધિપ્રાપ્ત, મનથી ઇન્દ્રિયપરવશતાથી અને દેહથી દુઃખી)

ભૌતિક પદાર્થો જીવને વધુ મોહ ઉત્પન્ન કરાવે છે. તેમાં મોહિત થયેલો પુરુષ તેને મેળવવા માટે ઉદ્યમો કરે છે. તે પદાર્થ પ્રાપ્ત ન થતાં આર્તધ્યાન કરે છે જેનાથી અસમાધિ ઉત્પન્ન થાય છે. અસમાધિ અશુભકર્મનો બંધ કરાવે છે અને તે અશુભ કર્મો જીવને અનિચ્છાએ પણ દુર્ગતિમાં લઇ જાય છે. માટે જ પરમાત્માએ કહેલું છે કે દ્વેષ કરતાં મોહ અતિભયાનક છે.

**★आर्त्तदुःखार्तवशार्त्त ( त्रि. )**

(ક્લિષ્ટ અધ્યવસાય અને વિષયપારતન્ત્ર્યથી દુઃખી, મનથી ઇન્દ્રિયપરવશતાથી અને દેહથી દુઃખી)

અજૈન પુરાણમાં રાજા યયાતિનો પ્રસંગ આવે છે. વિષયોની તીવ્ર ઝંખનાના કારણે ત્રણ વખત તેના પુત્રોએ પોતાનું આયુષ્ય આપીને તેનું આયુષ્ય વધાર્યું. અંતે જ્યારે મૃત્યુ આવ્યું અને તેને પૂછવામાં આવ્યું કે જતાં-જતાં તારો સંદેશો શું છે ત્યારે યયાતિએ કહ્યું કે વિષયોની પરતન્ત્રતા અતિભયાનક છે. તેને પરતંત્ર બનીને જે ભૂલ મેં કરી છે તેવી ભૂલ કોઇ ન કરે.

**अट्टदुहट्टियचित्त - आर्त्तदुःखार्दितचित्त ( त्रि. )**

(મનના ક્લિષ્ટ પરિણામથી દુઃખી મનવાળું, ક્લિષ્ટ અધ્યવસાય-આર્તધ્યાનથી દુઃખી ચિત્તવાળું)

કોઈ જીવ પોતાને જે સુખ નથી અને બીજાને છે તેવા પારકાના સુખની ઈર્ષ્યા કરીને અંદરથી સતત બળતો રહે છે સાથે સાથે પોતાના પુણ્યકર્મને પણ બાળીને ખાખ કરી દે છે. જ્ઞાની ભગવંતો કહે છે કે, જો સુખ ઇચ્છો છો તો તમારા મનના વિચારોને પહેલા શુભ કરો. શુભ કે શુદ્ધ વિચારોના પ્રભાવે તમે સ્વયં સર્વશ્રેષ્ઠ સુખોના સ્વામી બનશો તેમાં કોઈ સંશય નથી.

**अट्टदुहट्टोवगय - आर्त्तदुर्घटोपगत ( त्रि. )**

(દુર્વાર્ય એવા આર્તધ્યાનને પામેલું, દુઃસ્થગનીય આર્તધ્યાનવાળું)

વિપાકસૂત્રના પ્રથમ શ્રુતસ્કંધના બીજા અધ્યયનમાં બતાવ્યું છે કે, જે જીવે અતિરૌદ્ર અને આર્ત પરિણામોથી ક્લિષ્ટ કર્મો ઉપાર્જિત કર્યા હોય તે જીવો આ ભવ અને પરભવમાં નારકીય દુઃખોનો અનુભવ કરતા હોય છે. જેમ મૃગાપુત્ર લોઢિયાના જીવે અનુભવ કર્યો.

**अट्टमइय - आर्त्तमतिक ( पुं. )**

(આર્ત્તધ્યાનવાળો, આર્તધ્યાનમાં મતિ જેની છે તે)

ઈષ્ટના વિયોગને કારણે કે પછી અનિષ્ટના સંયોગને લઈને જેની બુદ્ધિ સતત આર્તધ્યાનવાળી થઈ ગઈ હોય, સતત જેને દુઃખમય વિચારો જ આવતા રહેતા હોય તેવો જીવ આર્તમતિક કહેવાય છે.

**अट्टवस - आर्त्तवश ( पुं. )**

(આર્તધ્યાનને વશ થયેલું, આર્તધ્યાનવશવર્તી)

**अट्टवसट्टदुहट्ट - आर्त्तवशार्त्तदुःखार्त्त ( त्रि. )**

(આર્તધ્યાનની વિવશતાથી દુઃખી હોય તે, આર્તધ્યાનથી દુઃખી)

પોતાને પ્રાપ્ત થયેલા ભૌતિક સુખોના સાધનો પૂર્વે કરેલા કર્મોના ફળસ્વરૂપ છે એમ નહીં સમજીને જેને સતત પોતાની ઈચ્છાઓની અતૃપ્તિના કારણે અસંતોષ રહ્યા કરે છે તેવા જીવો ઈચ્છાપૂર્તિ ન થવાથી હિજરાયા કરે છે અને આ અસંતોષની આગમાં બળતા

રહીને વર્તમાનમાં તો ઝૂરે જ છે કિંતુ આર્તધ્યાનને વશ થઈ વર્તમાનમાં બાંધેલા દુષ્ટ કર્મોના ફળરૂપે ભાવિ પણ દુઃખમય બનાવે છે.

**अट्टवसट्टोवगय - आर्त्तवशार्त्तोपगत ( त्रि. )**

(આર્તધ્યાનના પ્રભાવે દુઃખી થયેલું)

**अट्टस्सर - आर्त्तस्वर ( त्रि. )**

(દુઃખનો અવાજ, આર્તસ્વર, આર્તનાદ)

આજનો માનવી પોતાની ઈચ્છાઓની પૂર્તિ કરવા માટે ગમે તેવા દુષ્ટ કાર્યો કરતાં પણ અચકાતો નથી પરંતુ, તેના ફળસ્વરૂપ કર્મો ભોગવતી વખતે હાયવોય કરે છે આર્તનાદ કરે છે. પરંતુ આ પૂર્વે કરેલા કર્મોનું ફળ છે એમ વિચારતો નથી.

**अट्टहास - अट्टहास ( पुं. )**

(ખડખડાટ હસવું, મોટેથી હસવું)

હાસ્યને દુઃખ-દર્દ અને વિષાદનું ઔષધ માનવામાં આવ્યું છે. આધુનિક વિજ્ઞાન પણ શારીરિક-માનસિક સ્વાસ્થ્ય માટે હાસ્યને ઉત્તમ ટોનિક તરીકે જણાવે છે. આજે તો હસવા માટેની ક્લબો પણ ખૂલી છે. પ્રાતઃકાળે બગીચા આદિ સ્થાને જોરજોરથી સમૂહમાં હાસ્યની કસરત કરતાં આબાલ-વૃદ્ધ જોવા મળે છે. પરંતુ યાદ રાખજો ! અધ્યાત્મમાં હાસ્ય એક દોષ મનાયો છે. સભામાં, વડીલોની ઉપસ્થિતિ, મંદિર આદિ સ્થાને ખડખડાટ હાસ્યને અશિષ્ટ વર્તન ગણવામાં આવેલું છે.

**अट्टालग - अट्टालक ( पुं., न. )**

(ઝરૂખો, અટારી, મહેલનો ઉપરનો ભાગ ૨. ગઢ કે કિલ્લા ઉપરનું આશ્રય-સ્થાન ૩. કિલ્લા કે ગઢ ઉપર શસ્ત્રાદિ સાધન રાખવાનું સ્થાન વિશેષ)

**अट्टि - आर्त्ति ( स्त्री. )**

(શારીરિક કે માનસિક પીડા, દુઃખ, યાતના)

જેમ શરીરનું છોલાવવું, ઘાવ લાગવો, છેદન-ભેદન થવું વગેરે શારીરિક પીડાઓ છે તેવી રીતે અતૃપ્ત ઇચ્છાઓના કારણે સતત આર્તધ્યાનમાં રહેવું, મનમાંને મનમાં હિજરાયા કરવું, સતત શોકની લાગણી અનુભવવી તે બધી માનસિક પીડાઓ છે. જ્ઞાની મહર્ષિઓ કહે છે કે, શારીરિક પીડાઓ કેટલોક સમય અથવા એક ભવ પૂરતી પીડા આપે છે જ્યારે માનસિક પીડા જીવને ભવોભવ બાધા પહોંચાડે છે.

**अट्टियचित्त - आर्त्तितचित्त ( त्रि. )**

(આર્તધ્યાન વિશેષથી આકુળ-વ્યાકુળ ચિત્તવાળો, દુઃખી, શોકાદિથી પીડિત)

**अट्ठ - अर्थ ( पुं. )**

(પ્રયોજન, હેતુ ૨. ધન ૩. ભાવ, અર્થ ૪. તાત્પર્ય, પરમાર્થ ૫. મોક્ષ ૬. મોક્ષનું કારણભૂત સંયમ ૭. વસ્તુ, પદાર્થ ૮. અભિલાષ, ઈચ્છા ૯. ફળ, લાભ ૧૦. શબ્દનો અભિધેય, વાચ્ય)

સિકંદર જેવો સમ્રાટ્ કે જેણે અનેક યુદ્ધો કરીને વિપુલ ધન-સામગ્રી એકઠી કરી હતી. પોતાના વિજયનો વાવટો સમગ્ર વિશ્વ પર ફેલાવ્યો હતો. એવા વિશ્વવિજેતા સિકંદરને એકઠી કરેલી ધન-સંપત્તિ કે આખા વિશ્વ પર વિજય અપાવનાર અદ્ભુત સૈન્યબળ પણ મૃત્યુના મુખમાંથી બચાવી ન શક્યા.

**★अष्टन् ( त्रि. )**

(આઠ, સંખ્યા વિશેષ)

**अट्ठंग - अष्टाङ्ग ( त्रि. )**

(આઠ અંગ છે જેના તે, યમ-નિયમાદિ યોગના આઠ ભેદ, અષ્ટાંગયોગ)

દરેક ધર્મમાં મન-વચન-કાયાની વિકૃતિને મોક્ષમાર્ગમાં બાધક ગણવામાં આવેલી છે. તેમજ મનાદિ ત્રણ યોગોને કાબૂમાં લઈ સમાધિ સુધી પહોંચવા માટે યોગી પુરુષોએ યોગના આઠ પ્રકાર બતાવ્યા છે. જે ક્રમશઃ યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ એમ આઠ પ્રકારે છે.

**अट्ठंगणिमित्त - अष्टाङ्गनिमित्त ( न. )**

(નવમા પૂર્વના ત્રીજા આચારવસ્તુથી નીકળેલા સુખ-દુઃખના નિમિત્ત સૂચક આઠ અંગવાળું નિમિત્તશાસ્ત્ર, અષ્ટાંગનિમિત્ત શાસ્ત્ર) નિમિત્ત શાસ્ત્રના ભૌમ, ઉત્પાત, સ્વપ્ન, આંતરિક્ષ, આંગ, સ્વર, લક્ષણ અને વ્યંજન એમ આઠ અંગ માનવામાં આવેલા છે. નિમિત્તશાસ્ત્રના આધારે કોઈ વ્યક્તિવિશેષ કે ક્ષેત્ર સંબંધી ભૂત-ભાવિ કે વર્તમાનમાં થનાર શુભાશુભ પ્રસંગો, ભૂકંપો, સુનામી કે અન્ય કોઈ આપત્તિ જાણી શકાતી હતી અને તેના ઉપાયો પણ અષ્ટાંગ નિમિત્તને આધારે કરવામાં આવતા હતાં.

**अट्ठंगतिलय - अष्टाङ्गतिलक ( पुं. )**

(આઠ અંગે કરવામાં આવતું ચંદન વગેરેનું તિલક)

**अट्ठंगमहाणिमित्त - अष्टाङ्गमहानिमित्त ( न. )**

(આઠ અંગવાળું મહાનિમિત્ત શાસ્ત્ર, અષ્ટાંગ મહાનિમિત્તશાસ્ત્ર)

નવમા પૂર્વની ત્રીજી આચારવસ્તુમાં નિમિત્તશાસ્ત્રની ચર્ચા કરવામાં આવેલી છે. નિમિત્તશાસ્ત્રના કુલ આઠ અંગ માનવામાં આવેલા છે. પ્રાચીનકાળમાં તેના આધારે સ્ત્રી-પુરુષ, ગૃહ, ક્ષેત્ર, કાળ વગેરેના ભૂત-ભાવિ અને વર્તમાનમાં થનારા શુભાશુભનું કથન કરવામાં આવતું હતું.

**अट्ठंगमहाणिमित्तसुत्तत्थधारय - अष्टाङ्गमहानिमित्तसूत्रार्थधारक ( त्रि. )**

(અષ્ટાંગ મહાનિમિત્તશાસ્ત્રના સૂત્ર અને અર્થને ધારણ કરનાર, અષ્ટાંગનિમિત્તના જાણકાર)

ગણધર ગૌતમસ્વામીએ ભગવાન મહાવીરને પૂછ્યું, હે ભગવન્ ! ગોશાલક પોતાને સર્વજ્ઞ કહે છે તે શું સાચું છે ? ત્યારે ભગવાને કહ્યું, હે ગૌતમ ! હું જ્યારે છદ્મસ્થ અવસ્થામાં હતો ત્યારે તે મારા શિષ્ય તરીકે મારી સાથે રહ્યો હતો અને મારી જોડેથી તેજોલેશ્યા શીખ્યો હતો. ત્યારબાદ મને છોડીને પાર્શ્વનાથ તીર્થંકરના સાધુઓ જોડે રહીને તે અષ્ટાંગનિમિત્ત ભણ્યો હતો. આમ તે માત્ર તેજોલેશ્યા અને અષ્ટાંગનિમિત્તનો જ જાણકાર છે કોઇ સર્વજ્ઞ નથી.

**अट्ठंगिया - अष्टाङ्गिकी ( स्त्री. )**

(અષ્ટાંગથી બનેલી, આઠ અંગવાળી)

પ્રાચીનકાળમાં રાજા-મહારાજાઓની સભામાં અષ્ટાંગનિમિત્તના જાણકાર પુરુષો રહેતા હતા. રાજા વગેરે દ્વારા ઘરમાં કે રાજ્યમાં કોઇપણ પ્રસંગ કરવા માટે, યુદ્ધ કરવા માટે કે અન્ય કોઇપણ સંજોગોમાં આગળની પ્રવૃત્તિ કરવા માટે નિમિત્તશાસ્ત્રના જાણકાર પુરોહિતની સલાહ લેવામાં આવતી હતી અને તેમણે સૂચવેલા સમય, મુહૂર્ત અને ઉપાય અનુસાર પ્રવૃત્તિ કરવામાં આવતી હતી.

**अट्ठकण्णिय - अष्टकर्णिक ( त्रि. )**

(આઠ ખૂણાવાળું)

**अट्ठकम्मगंठीविमोयग - अष्टकर्मग्रन्थिविमोचक ( त्रि. )**

(આઠ કર્મરૂપી ગ્રંથિને મૂકનાર, જ્ઞાનાવરણીયાદિ આઠ કર્મોને છોડનાર-સિદ્ધભગવંત)

સિદ્ધશિલામાં વસનારા સિદ્ધભગવંતો હંમેશાં આત્મરમણ કરનારા હોય છે. કારણ કે તેઓએ શુદ્ધ આત્મસ્વરૂપના બાધક એવા આઠ કર્મોરૂપી ગ્રંથિનો નાશ કર્યો હોય છે. જયાં સુધી સંપૂર્ણ ગ્રંથિ નથી ભેદાતી ત્યાં સુધી પૂર્ણતયા આત્મરમણતા પ્રાપ્ત નથી થતી.

**अट्ठकम्मतंतुघणबंधण - अष्टकर्मतन्तुघनबन्धन ( न. )**

(આઠ કર્મરૂપી તંતુઓનું ગાઢબંધન)

જેવી રીતે કોશેટાનો કીડો સુરક્ષા માટે બાંધેલી પોતાની જ જાળમાં ફસાઇ જાય છે અને અંતે મૃત્યુ પામે છે. તેમ આ સંસારચક્રમાં રહેલા જીવો પોતાના મન-વચન-કાયાના વ્યાપારોથી અષ્ટકર્મરૂપી તંતુઓના ગાઢબંધનમાં ફસાઇ જાય છે અને દુઃખની પરંપરાને પ્રાપ્ત કરે છે.

**अट्ठकम्मसूडणतव - अष्टकर्मसूदनतपस् ( न. )**

(અષ્ટકર્મસૂદન નામક તપ વિશેષ)

જે તપમાં જ્ઞાનાવરણીય વગેરે આઠે કર્મોનું સૂદન એટલે કે નાશ કરવામાં આવે તેને અષ્ટકર્મસૂદન તપ કહેવાય છે. આ તપ પૂરો

થાય ત્યારે જિનેશ્વરોનું સ્નાત્ર, વિલેપન, પૂજા, ઉજમણું વગેરે કરવાનું હોય છે તથા પૂજારૂપે સોનાનું કર્મવૃક્ષ અને કુહાડી મૂકવામાં આવે છે.

**अट्ठकर - अर्थकर ( पुं. )**

(હિતને કરનાર ૨. મન્ત્રી ૩. નૈમિત્તિક)

સ્થાનાંગસૂત્રના ચોથા સ્થાનના ત્રીજા ઉદ્દેશામાં કહેલું છે કે, રાજા વગેરેના યુદ્ધ, યાત્રાદિ પ્રસ્થાનમાં શુભાશુભને જણાવનારા નૈમિત્તિક તથા રાજકાર્યમાં મિત્ર સાથે સંબંધ અને દુશ્મનોથી રક્ષણ કરનાર મંત્રીને અર્થકર કહેવાય છે. અર્થાત્ તેઓ હિતની પ્રાપ્તિ અને અહિતનો પરિહાર-ત્યાગ કરાવનાર હોવાથી અર્થકર છે.

**अट्ठग - अष्टक ( न. )**

(આઠની સંખ્યામાં પરિમાણવાળું ૨. ઋગ્વેદનો અંશ ૩. પાણિનીકૃત અષ્ટાધ્યાયી ૪. આઠપદ્યવાળું કોઈપણ પ્રકરણ ૫. હરિભદ્રસૂરિકૃત અષ્ટકપ્રકરણ)

ભવવિરહ ચિહ્નાંકિત અને જિનશાસનમાં યાકિનીમહત્તરાસૂનુના નામે પ્રસિદ્ધ, પરમ પરહિતચિંતક હરિભદ્રસૂરિ મહારાજે બત્રીસ અષ્ટકબદ્ધ અષ્ટક પ્રકરણની રચના કરેલી છે. તેઓએ ગ્રંથની સમાપ્તિ અવસરે લખ્યું છે કે, આ ગ્રંથ રચના દ્વારા જે પુણ્ય ઉપાર્જિત થયું હોય તેના પ્રતાપે જગતના તમામ જીવોનો પાપથી વિરહ થાઓ અને સર્વે શાશ્વત સુખ પ્રાપ્ત કરો.

**अट्ठगुणोववेय - अष्टगुणोपपेत ( न. )**

(આઠ ગુણયુક્ત, પૂર્ણાદિગુણાષ્ટકયુક્ત ગેય-ગીત)

જીવાભિગમસૂત્રના તૃતીય પ્રતિપત્તિમાં ગીતના આઠ ગુણો બતાવવામાં આવેલા છે. જે ૧. પૂર્ણ ૨. સુખદ ૩. અલંકારયુક્ત ૪. સ્પષ્ટ ૫. અવિપુષ્ટ ૬. મધુર ૭. સમ અને ૮. લાલિત્યસભર. આ રીતે આઠગુણોથી યુક્ત ગીત લોકોના મનનું રંજન કરનાર થાય છે.

**अट्ठचक्कवालपइट्ठाण - अष्टचक्रवालप्रतिष्ठान ( त्रि. )**

(આઠ ચક્ર-પૈડાના આધારે રહેલું)

ચક્રવર્તીને ઉત્કૃષ્ટ પુણ્યના ઉદયથી નવ મહાનિધિ પ્રાપ્ત થાય છે. આ નવેય નિધિઓમાં સંસારના ગૃહ, નગર, શસ્ત્રાદિ વિવિધ શાશ્વત આચારોના પુસ્તકો હોય છે. પ્રત્યેક નિધિ પેટી આકારની અને આઠ ચક્રો એટલે પૈડાંવાળી હોય છે.

**अट्ठजाय - अष्टजात ( न. )**

(અર્થનો-ધનનો ભેદવિશેષ ૨. ધનાર્થી, ધનની જરૂરિયાતવાળો ૩. સંયમથી ચલિત)

રૂપકોશાના રૂપમાં મોહાંધ થયેલા સિંહગુફાવાસી મુનિ પાસે રૂપકોશાએ શરત મૂકી કે, જો તમારે મારી સાથે ભોગ ભોગવવા હોય તો લાખ રૂપિયાના મૂલ્યની રત્નકંબલ લાવો. ત્યારે મુનિએ કહ્યું કે, હું તો સાધુ છું હું ક્યાંથી લાવું ? ત્યારે રૂપકોશાએ કહ્યું કે નેપાળનો રાજા ધનના ઇચ્છુકને લાખ સોનામહોર આપે છે. ત્યારે લીધેલા સંયમનું મહત્ત્વ ભૂલીને મુનિ વિરાધના કરતા નેપાળ ગયા, અને ત્યાંના રાજા પાસેથી લાખ સોનામહોર લઇને તે સોનામહોરથી રત્નકંબલ ખરીદી. પાછા આવીને તેણે રત્નકંબલ રૂપકોશાને આપી. ગણિકાએ સાધુની સાન ઠેકાણે લાવવા તે રત્નકંબલથી પોતાના પગ લૂછીને ગટરમાં ફેંકી દીધી. ત્યારે મુનિએ કહ્યું કે આ તું શું કરે છે ? આટલી મોંઘી રત્નકંબલને ગટરમાં ફેંકી દીધી ? ત્યારે રૂપકોશાએ કહ્યું કે, મેં તો માત્ર લાખરૂપિયાની કંબલ જ ફેંકી છે જ્યારે તમે તો દેવોને પણ દુર્લભ એવું સંયમજીવન મારા દેહરૂપી ગટરમાં ફેંકી રહ્યા છો. આ સાંભળીને સંયમથી ચલિત સિંહગુફાવાસી મુનિ પુનઃ સંયમમાં સ્થિર થયા.

**अट्ठजुत्त - अर्थयुक्त ( त्रि. )**

(હેયોપાદેયરૂપ અર્થયુક્ત, હેયોપાદેયનું કથન કરનાર આગમવચનો)

પરમર્ષિ ભગવાન હરિભદ્રસૂરિશ્વરજી મહારાજે લલિતવિસ્તરા ગ્રંથમાં લખ્યું છે કે, હે પરમાત્મા ! જો આપના આગમવચનો અમને પ્રાપ્ત થયા ન હોત તો અમારું શું થાત ? અમને હેપોપાદેયનું જ્ઞાન કોણ કરાવત ? અને પરમાર્થ એવા મોક્ષ પ્રત્યે અભિરુચિ પણ કોણ ઉત્પન્ન કરાવત ?

**अट्ठट्ठमिका - अष्टाष्टमिका ( स्त्री. )**

(ભિક્ષુની પ્રતિમા, જેમાં આઠ દિવસનો એક એવા આઠ દિનાષ્ટ હોય છે.)

જેમ અણુવ્રતધારી શ્રાવકની ૧૧ પ્રતિમા હોય છે તેમ પંચમહાવ્રતધારી ભિક્ષુની કુલ ૧૨ પ્રતિમા હોય છે. વિશિષ્ટ સત્ત્વશાળી સાધુ ભગવંતો ભિક્ષુની બાર પ્રતિમા વહન કરતા હોય છે. તે બાર પ્રતિમામાં એક પ્રતિમા આવે છે અષ્ટાષ્ટમિકા. જે ૬૪ દિવસની હોય છે, તેમાં પહેલા આઠ દિવસ એક-એક દત્તિ અન્નપાણી લેવાય છે. પછી બીજા આઠ દિવસ પ્રતિદિન બે-બે દત્તિ લેવાય છે. એમ પ્રત્યેક અષ્ટકમાં એક-એક દત્તિ વધારતાં આઠમા અષ્ટકમાં આઠ દત્તિ અન્ન અને પાણી લેવાય છે.

**अट्ठट्ठाण - अष्टस्थानक ( न. )**

(ઠાણાંગસૂત્રનું આઠમું સ્થાન ૨. પાઠાન્તરે પ્રજ્ઞાપનાનું આઠમું સ્થાન)

**अट्ठणाम - अष्टनामन् ( न. )**

(આઠ પ્રકારના પદાર્થના નામો)

ઠાણાંગસૂત્રમાં સંખ્યાત્મક પદાર્થોની જાણકારી આપવામાં આવેલી છે. જેમ કે, એક સંખ્યાવાળા કેટલા પદાર્થો છે. બે સંખ્યાવાળા કેટલા છે. એમ ક્રમશઃ ત્રણ-ચાર-પાંચ-છ-સાત-આઠ યાવત્ સંખ્યાત, અસંખ્યાત અને અનંત સુધીના પદાર્થો બતાવવામાં આવ્યા છે.

**अट्ठदंसिण - अर्थदर्शिन् ( त्रि. )**

(શાસ્ત્રના અર્થને જાણનાર, યથાવસ્થિત પદાર્થના અર્થને જાણનાર)

જેના આત્મામાં સમ્યગ્દર્શનનો દીવો પ્રગટ્યો છે તેવો સમ્યગ્દષ્ટિ જીવ સંસારના તમામ પદાર્થો પ્રત્યે આંતરિક અરુચિવાળો હોય છે. કારણ કે તે સુદેવ અને સુગુરુ પાસેથી મેળવેલા જ્ઞાનના પ્રતાપે યથાવસ્થિત પદાર્થને જોનારો હોય છે. આવા અર્થદર્શી જીવના દરેક વ્યવહારો માત્ર બાહ્ય હોય છે. પછી તે ચાહે લગ્નનો માંડવો હોય કે પછી યુદ્ધનું મેદાન હોય. તેના અંતરમાં એક નાદ ચાલતો હોય છે કે આ બાહ્ય દેખાય છે તે બધું જ ખોટું છે. વીતરાગ ભગવંત કથિત ધર્મ એ જ સત્ય છે.

**अट्ठदुग्ग - अर्थदुर्ग ( त्रि. )**

(દુર્ગમ, પરિણામે ગહન, વિષમ, દુર્બોધ્ય)

જિનશાસનના પદાર્થોનું જ્ઞાન જ્યાં ત્યાંથી કે જેની-તેની પાસેથી ન લેતાં, પરમાર્થવેત્તા સદ્‌ગુરુ પાસેથી લેવું જોઇએ. કારણ કે શાસ્ત્રના પદાર્થો અતિગહન અને દુર્બોધ્ય છે. અલ્પબુદ્ધિ કે કુબુદ્ધિવશાત્ અર્થનો અનર્થ થવાની સંભાવના છે. આથી જ તો આપણા બધાના હિતચિંતક એવા શ્રમણ ભગવંતોએ સામાન્યજનને પણ સમજાય તેના માટે સરળ ભાષામાં અનેક ગ્રંથોની રચના કરી છે. જેનાથી અતિગહન પદાર્થો પણ આપણે આસાનીથી સમજી અને જાણી શકીએ છીએ.

**अट्ठपएसिय - अष्टप्रदेशिक ( त्रि. )**

(આઠ પ્રદેશથી બનેલું, આઠ પ્રદેશ જેમાં હોય તે)

ચારેય ગતિના જીવોનો આત્મા આઠેય કર્મોના બંધનોથી લેપાયેલો છે. સમસ્ત આત્મપ્રદેશોમાં માત્ર આઠ પ્રદેશોથી બનેલો રુચકપ્રદેશ જ એવો છે જે કર્મરહિત અને શુદ્ધ છે. આત્માના આ રુચકપ્રદેશમાં કોઇપણ કર્મના દળિયા લાગતા નથી.

**अट्ठपद ( य ) चिंतण - अर्थपदचिन्तन ( न. )**

(વિચારણીય વાક્ય કે પદના અર્થનું ચિંતન કરવું તે)

આગમસૂત્રના વિચારાતાં પદ કે વાક્યની અર્થથી લઈને પરમાર્થ સુધીની વિચારણા અર્થપદચિંતન બને છે. અર્થાત્ પોતાના જ્ઞાનમાં આવેલા પદનું ભાવનાજ્ઞાનપૂર્વક જે ચિંતન ચાલતું હોય, તેને ચિંતાજ્ઞાન દ્વારા ચિત્તમાં અવધારે. ત્યારબાદ બહુશ્રુત પાસે પોતે વિચારેલા પદોના અર્થની ચકાસણી કરાવીને હૃદયમાં તેનું સ્થાપન કરે.

**अट्ठपद ( य ) परूवणया - अर्थपदप्ररूपणता ( स्त्री. )**

(સૂક્ષ્મ બુદ્ધિપૂર્વક વિચારવા યોગ્ય પદ-વાક્યની પ્રરૂપણા કરવી તે ૨. અર્થ-ત્ર્યણુક સ્કંધાદિ પદાર્થની આનુપૂર્વી-પરિપાટિનું પ્રરૂપણ કરવું તે અથવા તે રીતે સંજ્ઞા-સંજ્ઞી સંબંધની કથનતા)

દરેક શાસ્ત્રો સૂત્ર અને અર્થથી બંધાયેલા હોય છે. સૂત્રના દરેક પદો અર્થને અનુસરે છે અને સર્વે અર્થ મૂળસૂત્રના પદોને અનુસરતા હોય છે. વક્તા જ્યારે પણ પદોનું પ્રરૂપણ કરે ત્યારે તેના પૂર્વાપર અર્થોનું ચિંતન કરીને પછી જ ઉચ્ચારણ કરે અન્યથા, ઉત્સૂત્રપ્રરૂપણા થવાનો સંભવ છે. જેમ મૂળસૂત્રથી ભિન્ન અર્થોનું કથન ઉત્સૂત્રપ્રરૂપણા છે તેમ યથાવસ્થિત અર્થોથી વિપરીતપદોનું કથન પણ ઉત્સૂત્રપ્રરૂપણા જ છે. અને ઉત્સૂત્રપ્રરૂપણા જેવું કોઈ પાપ નથી.

**अट्ठपदोवसुद्ध - अर्थपदोपशुद्ध ( त्रि. )**

(નિર્દોષ વાચ્ય-વાચકતાવાળું ૨. સદ્હેતુક ૩. સદ્યુક્તિક)

સૂત્રકૃતાંગસૂત્રના પ્રથમ શ્રુતસ્કંધના છઠ્ઠા અધ્યયનમાં લખેલું છે કે, અરિહંત ભગવંતો દ્વારા ભાસિત, અર્થપદોથી જે શુદ્ધ હોય તેને જ ધર્મ જાણવો. કારણ કે જે અર્થપદોથી શુદ્ધ હોય તેવો જ ધર્મ સિદ્ધિગતિ અપાવનારો હોય છે અને તેના વક્તા કેવલી ભગવંતો હોવાથી નિશ્ચે જગહિતકારી બને છે.

**अट्ठपिट्ठणिट्ठिया - अष्टपिष्टनिष्ठिता ( स्त्री. )**

(શાસ્ત્રપ્રસિદ્ધ આઠ પ્રકારના લોટથી બનાવેલી વસ્તુવિશેષ, આઠ વાર પીસવાથી નિષ્પન્ન મદિરા વિશેષ)

**अट्ठपुप्फी - अष्टपुष्पी ( स्त्री. )**

(પૂજા અર્થે આઠ પુષ્પો હોય તેવી, આઠ પુષ્પોથી કરવામાં આવતી પૂજાનો પ્રકાર)

તત્ત્વવેત્તા મહર્ષિઓએ અષ્ટપુષ્પી પૂજા બે પ્રકારે કહેલી છે. ૧. અશુદ્ધ અને ૨. શુદ્ધ. તેમાં પ્રથમ પૂજા માત્ર સ્વર્ગની પ્રાપ્તિ કરાવનારી કહેલી છે. અને બીજી પૂજા અષ્ટકર્મના નાશના હેતુપૂર્વક શુદ્ધભાવથી થતી હોવાથી મોક્ષપ્રસાધિની કહી છે.

**अट्ठबुद्धिगुण - अष्टबुद्धिगुण ( पुं. )**

(શુશ્રૂષાદિ બુદ્ધિના આઠ ગુણ)

બુદ્ધિ બે પ્રકારની હોય છે સદ્બુદ્ધિ અને દુર્બુદ્ધિ. શાસ્ત્રોમાં બુદ્ધિના શુશ્રૂષા, શ્રવણ, ગ્રહણ, ધારણ, ઉહા, અપોહ, અર્થવિજ્ઞાન અને તત્ત્વવિજ્ઞાન એમ આઠ ગુણો બતાવવામાં આવેલા છે. જે જીવ આ આઠ ગુણોને સેવે છે તેની બુદ્ધિ સદ્બુદ્ધિમાં પરિણમે છે. જે સ્વ અને પરનું હિત કરનારી હોય છે. તેનાથી વિપરીત દુર્બુદ્ધિ જે બીજાનું તો અહિત કરે જ છે પરંતુ, તે પોતાનું પણ અહિત કરે છે.

**अट्ठभाइया - अष्टभागिका ( स्त्री. )**

(માણીના આઠમા ભાગ જેટલું રસ માપવાનું માપ, તરલ વસ્તુ માપવા માટે બત્રીસ પલ પ્રમાણનું પરિમાણ)

**अट्ठमंइय - अष्टमदिक ( त्रि. )**

(આઠ મદસ્થાનોમાં મત્ત થયેલું)

ઉન્માદ એક ભયંકર દુર્ગુણ છે. તમે જાણો છો ! આ ઉન્માદ શાસ્ત્રમાં કહેલા આઠ મદસ્થાનોમાંથી ઉત્પન્ન થાય છે. ઉન્મત્ત થયેલા વ્યક્તિ વિવેકગુણથી ચૂકે છે અને જે વિવેકથી ચૂકે તે સિદ્ધિગતિ અને સદ્ગતિ બન્નેથી વંચિત રહે છે. આથી જ સર્વજ્ઞ ભગવંતોએ મદસ્થાનોને ત્યાજ્ય કહેલા છે.

**अट्ठमंगल - अष्टमङ्गल ( न. )**

(અષ્ટમંગલ)

મંગલ દ્રવ્ય અને ભાવ એમ બે પ્રકારના હોય છે. કોઈપણ માંગલિક પ્રસંગોમાં શુકનરૂપે ગણાતી વસ્તુઓ તે દ્રવ્ય મંગલ છે અને વ્યક્તિનો શુભભાવ અને ધર્મ, તે ભાવ મંગલ છે. લોકોત્તર એવા જૈનધર્મમાં સ્વસ્તિક, શ્રીવત્સ, નંદાવર્ત, વર્ધમાન, ભદ્રાસન, કળશ, મત્સ્યયુગલ અને દર્પણ એ આઠને મંગલ કહેલા છે. જ્યારે લૌકિક ધર્મમાં સિંહ, બળદ, હાથી, કળશ, પંખો, વૈજયન્તી, ભેરી અને દીપક એ આઠને મંગલ કહેલા છે. અન્ય રીતે બ્રાહ્મણ, ગાય, અગ્નિ, સુવર્ણ, ઘી, સૂર્ય, જલ અને રાજા તેને પણ મંગલ માનવામાં આવેલા છે.

**अट्ठमभत्त - अष्टमभक्त ( न. )**

(અઠ્ઠમ, ત્રણ ઉપવાસ)

જૈનધર્મમાં અઠ્ઠમ તપનો ખૂબ પ્રભાવ છે. આ તપના પ્રભાવે અશક્ય અને અસંભવ ગણાતા કાર્યો પણ શક્ય અને સંભવ થયા છે.

ઘોડિયામાં હીંચતા નાગકેતુએ કરેલા અઠ્ઠમતપના પ્રભાવે સ્વયં ઇન્દ્ર મહારાજાને ધરતી પર આવવું પડ્યું હતું, અઠ્ઠમ તપ કરીને શંખેશ્વર પાર્શ્વનાથના નવણજલના પ્રભાવે કૃષ્ણ મહારાજાની મૂર્છિત સેના સભાન થઇ ગઇ હતી. અરે ! અન્ય કોઇ આરાધના નહીં કરનારા ચક્રવર્તી અને વાસુદેવો પણ છ ખંડોને સાધવા માટે અઠ્ઠમ તપની આરાધના કરતા હોય છે.

**अट्ठमभत्तिय - अष्टमभक्तिक ( त्रि. )**

(અઠ્ઠમ કરનાર, ત્રણ ઉપવાસ કરેલા છે જેણે તે)

આજે ચારેય બાજુ હોટલ, રેસ્ટોરન્ટ, લારી, ગલ્લા જ્યાં જુઓ ત્યાં લોકો ખાવા માટે ગીધની જેમ તૂટી પડતા જોવા મળે છે. જ્યાં જુઓ ત્યાં ખાવાની જ વાતો ખાંઉ ખાંઉને ખાંઉ જાણે કોઇ દિવસ ખાવાનું જોયું જ ન હોય. આવા ભોજનપ્રચુર સમયમાં તમને આહારસંજ્ઞા પર વિજય મેળવેલા કોઇ અઠ્ઠમ, અઠ્ઠાઇ કે માસક્ષમણના તપસ્વી જોવા મળે તો વિચાર્યા વિના બે હાથ જોડીને તેમની અનુમોદના કરવાનું ન ચૂકતા. તપનું નહીં તો તપસ્વીની અનુમોદનાનું પુણ્ય કમસે કમ પરભવમાં તો કામ લાગશે.

**अट्ठमयमहण - अष्टमदमथन ( त्रि. )**

(આઠ મદનો નાશ કરનાર)

રૂપકોશાને ત્યાં ચાતુર્માસ કરીને કંદર્પ પર વિજય મેળવનારા કામવિજેતા સ્થૂલિભદ્ર દર્પ(અહંકાર) સામે હારી ગયા. તેમના જ્ઞાન પરના અભિમાને તેઓને ચૌદપૂર્વમાંના અંતિમ ચારપૂર્વથી વંચિત રાખ્યા. જો માત્ર એક જ્ઞાનનો મદ આટલું મોટું નુકશાન કરાવી શકતો હોય તો આઠેય મદમાં ચૂર જીવની શું દશા થઇ શકે છે તે વિચારવા જેવું છે.

**अट्ठमहापाडिहेर - अष्टमहाप्रातिहार्य ( न. )**

(આઠ મહાપ્રાતિહાર્ય, તીર્થંકર પ્રભુનો દેવો દ્વારા બતાવાતો આઠ પ્રકારે પ્રભાવ)

કૈવલ્યજ્ઞાનની પ્રાપ્તિ થયા બાદ તીર્થંકર ભગવંતોના ગુણપ્રકર્ષને દર્શાવનાર આઠ પ્રાતિહાર્યોની રચના દેવો દ્વારા કરવામાં આવે છે. તે ક્રમશઃ ૧. અશોકવૃક્ષ ૨. સુરપુષ્પવૃષ્ટિ ૩. દિવ્યધ્વનિ ૪. ચામર ૫. આસન ૬. ભામંડલ ૭. દેવદુંદુભિ અને ૮. છત્ર છે. જે જીવો અષ્ટ પ્રાતિહાર્યયુક્ત પરમાત્માનું નિત્ય ધ્યાન ધરે છે તેને દુનિયાની બધી જ સમૃદ્ધિ પ્રાપ્ત થાય છે.

**अट्ठमिपोसहिय - अष्टमीपौषधिक ( त्रि. )**

(આઠમતિથિએ પૌષધ કરનાર ૨. અષ્ટમીના પૌષધવ્રતમાં કરાતો ઉત્સવ)

અષ્ટમી પર્વતિથિના દિવસે ઉપવાસ તપપૂર્વક કરવામાં આવતા પૌષધને અષ્ટમીપૌષધિક કહેવાય છે.

**अट्ठमी - अष्टमी ( स्त्री. )**

(પર્વતિથિ વિશેષ ૨. ચંદ્રની સોળ કળામાંની આઠમી કળા ૩. વૃદ્ધ વૈયાકરણિકોના મતે આમંત્રણાર્થક અષ્ટમી વિભક્તિ)

પર્વતિથિઓમાં ગણવામાં આવતી અષ્ટમીનું ખૂબ મહત્ત્વ છે. આ દિવસમાં કેટલાય જિનેશ્વરોના ચ્યવન, જન્મ, દીક્ષા આદિ કલ્યાણકો થયેલા છે. તથા આઠમ વગેરે પર્વતિથિઓ મોક્ષને સાધી આપનાર હોવાથી મુમુક્ષુ જીવે તેનું વિશેષ પ્રકારે આરાધન કરવું જોઇએ.

**अट्ठमुत्ति - अष्टमूर्ति ( पुं. )**

(ભૂમિ આદિ આઠ સ્વરૂપ છે જેના તે શિવ, શંકર)

સ્થાનાંગ સૂત્રના આઠમા સ્થાનમાં કહેલું છે કે, મહેશ્વરના આઠ સ્વરૂપ છે. પૃથ્વી, જલ, વાયુ, અગ્નિ, યજમાન, આકાશ, ચંદ્ર અને સૂર્ય. આ આઠેય મૂર્તિઓના પ્રકાર શંકર-મહેશ્વર સંબંધી જાણવા.

**अट्ठरससंपउत्त - अष्टरससंप्रयुक्त ( त्रि. )**

(શ્રૃંગાર આદિ આઠ રસોના પ્રકર્ષયુક્ત)

શાસ્ત્રમાં કહેલા વક્તાના ગુણોમાંનો એક ગુણ છે કે, વાચના કરનાર પુરુષ શ્રૃંગાર વગેરે આઠ રસોનો જાણકાર હોવો જોઇએ. તે આઠેય રસોથી યુક્ત વક્તા શ્રોતાને વિવિધ રસોનું પાન કરાવતો કરાવતો તેના આત્મામાં વૈરાગ્ય રસને ઉત્પન્ન કરે. જેથી જીવ સંસાર પ્રત્યે અનાસક્ત અને મોક્ષ પ્રત્યે આસક્ત બને.

**अट्ठविह - अष्टविध ( त्रि. )**

(આઠ પ્રકાર છે જેના તે, અષ્ટપ્રકારી)

મકાન જ્યાં સુધી આવરણોથી ઢંકાયેલું છે ત્યાં સુધી ઘરમાં સૂર્યપ્રકાશ પ્રવેશી શકતો નથી. તેમ જ્યાં સુધી આત્મા પર આઠ પ્રકારે કર્મરૂપી આવરણ ચઢેલું છે ત્યાં સુધી સમ્યગ્જ્ઞાનનો પ્રકાશ પ્રવેશી શકતો નથી. અને જ્યાં સમ્યગ્જ્ઞાન ન હોય ત્યાં કેવલજ્ઞાન કેવી રીતે પ્રગટે ?

**अट्ठसइया - अर्थशतिका ( स्त्री. )**

(જેની અંદર સો અર્થ રહેલા હોય તે, જેના સો અર્થ નીકળતા હોય તેવી વાણી આદિ)

પ્રાચીનકાળમાં એવા મૂર્ધન્યકોટીના વિદ્વાનો હતા કે જેમના એક શબ્દના ઉચ્ચારણમાં સેંકડો અર્થ નીકળતા હતા. તેઓ તેવા પ્રકારના અપૂર્વ કાવ્યાદિની પણ રચના કરતા હતા. જેમ કે સમયસુંદરજીએ '**राजानो ददते सौख्यं**' શબ્દના આઠ લાખ અર્થ કર્યા હતા. તેવી જ રીતે નજીકના કાળમાં હીરસૂરિ મ.સાના શિષ્ય સેનસૂરિ મહારાજે યોગશાસ્ત્રમાં આવતી પ્રથમ ગાથા '**नमो दुर्वाररागादि**'ના પાંચસો અર્થ કર્યા હતા. ખરેખર, આજના કાળમાં તેવા વિદ્વાનોનો દુકાળ છે.

**अट्ठसंघाड - अष्टसङ्घाट ( पुं. )**

(આઠ પ્રકારના પ્રાયશ્ચિત્તનો સમૂહ)

**अट्ठसय - अष्टशत ( न. )**

(એકસો આઠ)

નવકારમંત્રમાં આપણે પંચ પરમેષ્ઠીનું સ્મરણ કરીએ છીએ તે પાંચેય પરમેષ્ઠીના ગુણોનો સરવાળો એકસો આઠ થાય છે. અરિહંતના બાર, સિદ્ધના આઠ, આચાર્યના છત્રીસ, ઉપાધ્યાયના પચ્ચીસ અને સાધુના સત્યાવીસ. માનવમાંથી મહામાનવ બનવા માટેની પ્રોસેસ એટલે એકસો આઠ ગુણોવાળા પંચપરમેષ્ઠીનું સ્મરણ. નવકાર ગણનારા આપણને તેમના ગુણોનું જ્ઞાન હોવું જ જોઈએ.

**अट्ठसयसिद्ध - अष्टशतसिद्ध ( पुं. )**

(એકસો આઠ સિદ્ધ)

અનંત ઉત્સર્પિણી અને અવસર્પિણીમાં જે ન બન્યું હોય અને જે માનવામાં ન આવે તેવી ઘટનાને શાસ્ત્રકારોએ અચ્છેરા તરીકે ગણાવી છે. શાસ્ત્રમાં વિધાન છે કે, ઉત્કૃષ્ટ અવગાહનાવાળા ૧૦૮ જીવો એક સાથે સિદ્ધ ન થાય. પરંતુ પરમાત્મા આદિનાથ પોતાના ૯૯ પુત્રો અને આઠ પૌત્રો સાથે અષ્ટાપદ પર્વત પર અનશનપૂર્વક સિદ્ધ થયા. ઉત્કૃષ્ટ અવગાહનાવાળા ૧૦૮ જીવોનો મોક્ષ આ અવસર્પિણીમાં થયેલા દશ આશ્ચર્યોમાંનું એક આશ્ચર્ય છે.

**अट्ठसहस्स - अष्टसहस्र ( न. )**

(એક હજાર આઠ, એકહજાર આઠની સંખ્યા)

**अट्ठसामइय - अष्टसामयिक ( त्रि. )**

(જેમાં આઠ સમય થતા હોય તે, આઠ સમયના પ્રમાણવાળું, આઠ સમયમાં ઉત્પન્ન થનારું)

દંડક પ્રકરણમાં સાત પ્રકારના સમુદ્ઘાત બતાવવામાં આવેલા છે. તેમાંનો એક સમુદ્ઘાત છે કેવલીસમુદ્ઘાત. કેવલીસમુદ્ઘાત કુલ આઠ સમયનો હોય છે. આ આઠ સમયમાં કેવલી ભગવંતો પોતાના શેષ રહેલા કર્મોનો ક્ષય કરવાનું કાર્ય કરે છે અને આઠ સમયની પૂર્ણાહુતિ થતાં તેઓ મોક્ષગતિમાં સિધાવતા હોય છે.

**अट्ठसेण - अष्टसेन ( पुं. )**

(વત્સગોત્રમાં ઉત્પન્ન થયેલો પુરુષ, વત્સગોત્રીય સંતાન)

**★ अर्थसेन ( पुं. )**

(તે નામનો પુરુષ વિશેષ)

**अट्ठसोवण्णिय - अष्टसौवर्णिक ( त्रि. )**

(આઠ સોનામહોર પ્રમાણવાળું, જેનું વજન આઠ સોનામહોર જેટલું હોય તે)

દરેક ઉત્સર્પિણી અને અવસર્પિણીમાં બાર-બાર ચક્રવર્તી થતા હોય છે અને તે દરેક ચક્રવર્તી પાસે ચૌદ રત્નો હોય છે. તે ચૌદરત્નોમાં કાકિણી નામનું રત્ન તે તે કાળમાં પ્રચલિત આઠ સોનામહોરના વજન જેટલા પ્રમાણવાળું હોય છે. એમ સ્થાનાંગસૂત્રના આઠમા સ્થાનમાં જણાવ્યું છે.

**अट्ठहत्तरि - अष्ट ( ष्टा ) सप्तति ( त्रि. )**

(અઠ્યોતેર, સંખ્યવિશેષ)

**अट्ठा - अष्टा ( स्त्री. )**

(નૂતનદીક્ષિતનો લોચ કરવા માટે કેશને મુઠ્ઠીમાં ગ્રહણ કરવા તે ૨. મુઠ્ઠી)

પ્રવ્રજ્યા ગ્રહણવિધિમાં મુમુક્ષુ આત્માના કેટલાક વાળ છોડીને સંપૂર્ણ મસ્તકનું મુંડન કરવામાં આવે છે અને જે થોડાક વાળ બાકી રાખ્યા હોય તેને ગુરૂભગવંત લોચના પ્રતીકરૂપે ચાર કે પાંચ વાર કેશને મુઠ્ઠીમાં ગ્રહણ કરે છે, અને કેશોનું લુંચન કરીને નૂતન સાધુ તરીકે ઘોષિત કરે છે.

**★आस्था ( स्त्री. )**

(આલંબન ૨.અપેક્ષા ૩. શ્રદ્ધા ૪. આદર ૪. પ્રતિષ્ઠા ૫. પ્રયત્ન ૬. સભા ૭. સ્થિતિ ૮. દેખરેખ ૯. વિશ્રામસ્થાન)

તત્ત્વાર્થસૂત્રમાં સમ્યક્ત્વની વ્યાખ્યા કરતાં લખ્યું છે કે, 'तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनं' અર્થાત્, શ્રીજિનેશ્વર પરમાત્માએ ફરમાવેલા તત્ત્વો પર શ્રદ્ધા કરવી તેનું નામ સમ્યગ્દર્શન છે. આપણને વિશિષ્ટ કોટીના શાસ્ત્રોનું જ્ઞાન નહીં હોય પરંતુ, તત્ત્વો પરની શ્રદ્ધા હશે તો સંસારસમુદ્ર તરી જવાશે. સબૂર ! તત્ત્વો સમજવા માટે તેમાં પ્રશ્નો થાય ત્યાં સુધી વાંધો નહીં પરંતુ, જો શંકા થઇ તો સમજી લેજો કે તમારું સમ્યક્ત્વ ગયું. કહેલું છે કે, 'શંકાએ સમકિત જાય'

**अट्ठाण - अस्थान ( न. )**

(અનુચિત સ્થાન, અયોગ્ય સ્થાન)

ખેડુતને ફળની પ્રાપ્તિ કરવી હોય તો તેણે ઉચિત સ્થાનમાં બીજની વાવણી કરવી પડે. જો તે ફળદ્રુપ જમીનનો ત્યાગ કરીને ઉજ્જડ જગ્યામાં બીજ વાવે તો તે ફળ તો પ્રાપ્ત નથી કરતો ઉલટાનો બીજને પણ ખોવે છે. તેવી રીતે જેને સદ્ગતિ કે સિદ્ધિગતિરૂપ ફળ મેળવવું છે તેણે પાપબંધના કારણભૂત અનુચિત સ્થાનોનો ત્યાગ અને ઉચિત સ્થાનોની સેવના કરવી ઘટે. અન્યથા સદ્ગતિ તો દૂરની વાત છે મેળવેલો દુર્લભ માનવભવ પણ ખોવાનો વારો આવે.

**अट्ठाणट्ठवणा - अस्थानस्थापना ( स्त्री. )**

(પ્રમાદ પડિલેહણાનો એક ભેદવિશેષ)

ઠાણાંગસૂત્રમાં પ્રમાદપડિલેહણાના ભેદો બતાવવામાં આવેલા છે. તેમાંનો એક ભેદ છે અસ્થાન સ્થાપના. જે સ્થાનમાં ગુરૂભગવંત બિરાજતા હોય કે તેમના ઉપયોગની જગ્યા હોય તે સ્થાન અન્ય સાધુ માટે અનુચિત સ્થાન ગણવામાં આવેલું છે. પરંતુ કોઇ સાધુ પ્રમાદવશ સ્થાનાસ્થાન ભૂલીને પોતે પડિલહેણ કરેલી ઉપધિ તે સ્થાનમાં મૂકે તો તે અસ્થાનસ્થાપના નામક દોષનો ભાગી બને છે.

**अट्ठाणमंडव - आस्थानमण्डप ( पुं. )**

(બેઠકગૃહ, બેઠકનું સ્થાન)

પ્રાચીન કાળમાં લોકોને બેસવાના વિવિધ સ્થાનો રહેતા હતાં. જેવા કે રાજાને મંત્રણા કરવાનું સ્થાન, રાજમહેલમાં રાજસભા શિવાયનાં સમયમાં બેસવાનું સ્થાન જેમાં રાજા પોતાના નજીકની વ્યક્તિઓ સાથે વિવિધ પ્રકારની ચર્ચા કે ગોષ્ઠી કરી શકે. ઉદ્યાનોમાં ફરવા આવેલાને બેસવા માટે કેળના ગૃહ વગેરેથી બનાવવામાં આવેલા સ્થાનો. આવા સ્થાનોને સભાગૃહ કે બેઠકગૃહ પણ કહેવામાં આવતા હતાં.

**अट्ठाणिय - अस्थान ( नि ) क ( न. )**

(સ્થાન-આધારરહિત, અનાધાર ૨. અપાત્ર)

શાસ્ત્રમાં જ્ઞાનને જળની ઉપમા આપવામાં આવેલ છે. જેવી રીતે જળ જે ભાજનમાં જાય છે તેવા આકારને સ્વયં ધારણ કરી લે છે. તેવી રીતે જ્ઞાન પણ જેવી વ્યક્તિમાં જાય છે તેની મતિ અનુસાર પરિણામને ધારણ કરે છે. જો સમકિતીની પાસે જશે તો મિથ્યાજ્ઞાન

પણ સમ્યગ્જ્ઞાનમાં પરિણમશે અને અપાત્રની પાસે ગયું હશે તો સમ્યગ્જ્ઞાન પણ મિથ્યાત્વમાં પરિણામ પામશે.

**अट्ठादंड - अर्थदण्ड ( पुं. )**

(પ્રથમ ક્રિયા સ્થાનક ૨. સ્વ-પરના સુખ માટે જીવની હિંસા કરવી તે)

આચારાંગસૂત્રમાં કહેલું છે, જગતમાં લોકો પોતાની પ્રશંસા, માનપાનાર્થે, સુખ પ્રાપ્તિ માટે હિંસાને આચરતા હોય છે. જ્યારે પ્રભુ વીરે બતાવેલા શાશ્વત સુખના ઇચ્છુક આત્માઓ સમજપૂર્વક આ બધાથી વિમુખ બનીને હિંસાનો ત્યાગ કરે છે.

**अट्ठादंडवत्तिय - अर्थदण्डप्रत्यय ( पुं., न. )**

(તેર ક્રિયાસ્થાનમાંનું પ્રથમ ક્રિયાસ્થાન, પોતાના માટે કે સ્વજનાદિક માટે હિંસા કરવી તે)

જૈનેતર શાસ્ત્રમાં એક શ્લોક આવે છે, '**श्लोकार्धेन प्रवक्ष्यामि, यदुक्तं ग्रन्थकोटिभिः । परोपकारः पुण्याय, पापाय परपीडनम्**' અર્થાત્, સમસ્ત શાસ્ત્રોનો સાર માત્ર અડધા શ્લોકમાં છે. પરોપકાર પુણ્ય માટે થાય છે જ્યારે અન્ય જીવોની હિંસા કરવી, દુઃખી કરવા તે પાપ માટે થાય છે. માત્ર પોતાની સુખસાહ્યબી માટે નિર્દોષ જીવોની હત્યા કરનારા જીવો અત્યારે ભલે આનંદ-પ્રમોદ કરતા હોય, પણ તેમને ખબર નથી કે પરભવમાં તેમના કેવા ભૂંડા હાલ થવાના છે. તેઓને સદ્ગતિ તો સુતરાં દુર્લભ બની જશે.

**अट्ठायमाण - अतिष्ठत् ( त्रि. )**

(સ્થિર નહીં રહેતો)

સ્થિરતા એ ફલપ્રાપ્તિમાં મુખ્ય કારણ છે. મહર્ષિ પતંજલિએ ચિત્તની વૃત્તિઓના નિરોધને યોગ કહ્યો છે, પરંતુ વૃત્તિઓનો નિરોધ ત્યારે જ સંભવ છે જ્યારે સ્થિરતા આવે. અસ્થિર ચિત્ત ક્યારેય યોગ સાધી શકતું નથી. વર્તમાન જગતમાં પણ જોઈ લો ! જેણે જેણે પોતાના ક્ષેત્રમાં સિદ્ધિ હાંસલ કરી છે તે માત્રને માત્ર પોતાના કાર્યમાં સ્થિરતા પ્રાપ્ત કરીને જ.

**अट्ठार - अष्टादशन् ( त्रि. )**

(અઢાર)

આ જગતમાં સર્વ જીવોને દુઃખ, દરિદ્રતા, કુરૂપતા, રોગ-શોકાદિ જે કાંઈ અણગમતું મળે છે તેની પાછળનું કારણ જાણો છો ? તે છે અઢાર પાપસ્થાનકોનું સેવન. એટલા માટે જ પ્રતિક્રમણમાં આપણે એ અઢારે પાપસ્થાનકોને યાદ કરીને મિચ્છામિ દુક્કડમ્ આપીએ છીએ.

**अट्ठारस - अष्टादशन् ( त्रि. )**

(અઢાર, સંખ્યા વિશેષ)

**अट्ठारसकम्मकारण - अष्टादशकर्मकारण ( न. )**

(અઢાર પ્રકારના ચૌર્યકર્મની ઉત્પત્તિનું કારણ)

પ્રશ્નવ્યાકરણ નામક આગમના તૃતીય આશ્રવદ્વારમાં દુર્ગતિના સાધક એવા અઢાર પ્રકારના ચૌર્યકર્મ બતાવેલા છે અને તે ચૌર્યકર્મને ઉત્પન્ન કરનાર કારણોનું વિસ્તારથી વર્ણન કરવામાં આવેલું છે. ચોરી કરનાર ભવાંતરમાં ભયંકર દરિદ્રતા પામે છે.

**अट्ठारसट्ठाण - अष्टादशस्थान ( न. )**

(વૈરાગ્ય ભાવનાના અઢાર વિચારસ્થાન, સંયમવિમુખ થયેલા સાધુએ સ્થિરતા માટે વિચારવાના ૧૮ સ્થાન)

જેમ ઉચ્છૃંખલ અશ્વને કાબૂમાં લાવવા માટે ચાબુક છે, અસ્થિર હાથીને સ્થિર કરવા માટે અંકુશ છે. તેમ સંયમમાં ઉપસર્ગ અને પરિષહોથી હતાશ અને નિરાશ થઇ ગયેલા સાધુને પુનઃ સંયમમાર્ગમાં સ્થિર થવા માટે દશવૈકાલિકસૂત્રમાં અઢાર સ્થાનો કહેલા છે. સંયમમાં દઢતા માટે સાધુએ તે અઢાર સ્થાનો પ્રતિદિન ચિંતવવા જોઇએ.

**अट्ठारसपावट्ठाण - अष्टादशपापस्थान ( क ) ( न. )**

(અઢાર પાપસ્થાનક, પાપના હેતુભૂત અઢાર સ્થાન)

જો શરીરમાં થતી ચરબીથી છૂટકારો મેળવવો હોય તો ચરબી ઉત્પન્ન કરનારી સામગ્રીઓનો ત્યાગ કરવો આવશ્યક છે. તેમ પાપથી છૂટકારો મેળવવો હોય તો પાપ બાંધવામાં કારણભૂત અઢાર સ્થાનોનો ત્યાગ કરવો અતિ આવશ્યક છે. રોજ પ્રતિક્રમણમાં આપણે એ અઢાર પાપસ્થાનોના નામ બોલવા ખાતર બોલી જતા હોઇએ છીએ, પરંતુ અંતરાત્માથી પ્રામાણિકપણે વિચાર કરી જો જો કે તે

પાપસ્થાનકોને ત્યાગ કરવાની તીવ્ર ઇચ્છા કેટલી ?

**अट्ठारसवंजणाउल – अष्टादशव्यञ्जनाकुल ( त्रि. )**

(અઢાર પ્રકારના શાકથી વ્યાપ્ત છે તે, સુપાદિ અઢાર જાતના વ્યંજનોથી ભરપૂર)

અઢાર પ્રકારની વસ્તુઓના ભેદોનું વર્ણન ચંદ્રપ્રજ્ઞપ્તિસૂત્રમાં આ પ્રમાણે છે ૧. દાળ ૨. ભાત ૩. વ્યંજન ૪-૬ ત્રણ પ્રકારના માંસ ૭. મઠ્ઠો-છાશ ૮. કઢી ૯. મીઠાઈ ૧૦. ગોળપાપડી ૧૧. સૂરણ-શાક વિશેષ ૧૨. હરિતક-શાક વિશેષ ૧૩. ભાજી ૧૪. પાક વિશેષ ૧૫. પેય દ્રવ્ય વિશેષ ૧૬. પાણી ૧૭. રાબ વગેરે ૧૮. વડા કે તરકારી વિશેષ.

**अट्ठारसविहिप्पयारदेसीभाषाविसारय – अष्टादशविधिप्रकारदेशीभाषाविशारद ( पु., स्त्री. )**

(અઢાર જાતિની વિધિના પ્રકારોના પ્રચારવાળી દેશભેદથી વર્ણભેદવાળી દેશીભાષામાં વિશારદ-પંડિત, અઢાર પ્રકારની ભિન્નતાવાળી દેશીભાષાનો જાણકાર)

અઢાર પ્રકારના ભેદોવાળી દેશીભાષામાં પ્રવીણ અને ગીત, રતિ, ગંધર્વ નટ-નાટક તથા ઘોડા પર બેસી યુદ્ધ કરવામાં કુશળ પંડિત પુરુષનું વર્ણન જ્ઞાતાધર્મકથાંગસૂત્રના પ્રથમ શ્રુતસ્કંધના પ્રથમ અધ્યયનમાં કરવામાં આવેલું છે.

**अट्ठारससीलंगसहस्स – अष्टादशशीलाङ्गसहस्र ( न. )**

(અઢાર હજાર શીલના ભેદ-પ્રકાર)

જિનશાસનમાં શ્રમણધર્મના પ્રતિપાલન રૂપે શીલ અર્થાત્, ચારિત્રપાલનના અઢાર હજાર અંશો બતાવ્યા છે. તેમાં બાહ્યવૃત્તિથી કે કલ્પપ્રતિસેવનથી ન્યૂનપણું હોઈ શકે પરંતુ, ભાવથી કે પરિણામથી ધ્રુવે કરી પરિપૂર્ણતા જોઈએ તેમ આગ્રહપૂર્વક જણાવાયું છે.

**अट्ठारससेणि – अष्टादशश्रेणि ( स्त्री. )**

(કુંભારાદિ અઢાર વર્ણ, અઢાર પ્રકારના વર્ગ, નવ નારુ અને નવ કારુ મળી અઢાર વર્ણ)

જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિસૂત્રમાં નવ પ્રકારના નારુના નામો આ રીતે મળે છે. ૧. કુંભકાર ૨. પડહવાદક ૩. સુવર્ણકાર ૪. સૂચકાર ૫. ગંધકાર ૬. કાસવગા ૭. માણાકાર ૮. કર્મકર અને ૯. તંબોળી. જ્યારે નવ જાતના કારુના નામો આ પ્રમાણે મળે છે ૧. ચર્મકાર ૨. યંત્રપીલક ૩. ગંછિઅ ૪. છિપક ૫. કંસારા ૬. સીવગ ૭. ગુઆર ૮. ભીલ-ધીવર અને ૯. વર્ણકાર. આમાં ચિત્રકારાદિનો સમાવેશ થઈ જાય છે.

**अट्ठारसय – अष्टादशक ( त्रि. )**

(અઢાર વર્ષના પ્રમાણવાળું, અઢારવર્ષનું)

આજના જમાનામાં અઢારવર્ષે વ્યક્તિ પુખ્તતા પામે છે પણ વીતેલા જમાનામાં તો પંદર-સોળ વર્ષે માણસ પુખ્તતા પ્રાપ્ત કરી લેતો હતો. એટલું જ નહીં પણ અભયકુમારની જેમ રાજ્યનો કારોબાર વહન કરવામાં પણ કુશળતા હસ્તગત કરી લેતો હતો.

**अट्ठालोभि ( ण् ) – अर्थालोभिन् ( त्रि. )**

(અર્થલોલુપ, દ્રવ્યનો લોભી, લાલચુ)

આચારાંગસૂત્રના પ્રથમ શ્રુતસ્કંધમાં જણાવાયું છે કે, અર્થલોલુપ વ્યક્તિ સમય-કસમય જોયા વગર રાત-દિવસ અર્થની પાછળ લાગેલો રહે છે. ધનની લાયમાં તે સતત સંતપ્ત રહે છે અને છેવટે આર્ત-રૌદ્ર ધ્યાનમાં મૃત્યુ પામી પોતાની દુર્ગતિ વહોરી લે છે.

**अट्ठावण्ण – अष्ट ( ष्टा ) पञ्चाशत् ( स्त्री. )**

(અઠ્ઠાવન, ૫૮ની સંખ્યા)

સમવાયાંગસૂત્રમાં નરકાવાસોની સંખ્યાનો વ્યપદેશ કરાયેલો છે જેમાં પ્રથમ, દ્વિતીય અને પાંચમી નારકીના આવાસોની સંખ્યા ક્રમશઃ ત્રીસ, પચ્ચીસ અને ત્રણ હજાર એમ કુલ મળીને અઠ્ઠાવન હજાર નરકાવાસોની છે જ્યાં નારકીના જીવો સતત દુઃખ ભોગવે છે.

**अट्ठावय – अर्थपद ( न. )**

(ધન-ધાન્યાદિકના ઉપાર્જનનું પ્રતિપાદક શાસ્ત્ર, ચાણક્યાદિક અર્થશાસ્ત્ર)

ચાણક્યાદિ અર્થશાસ્ત્ર વગેરે આ જગતમાં ઘણા બધા શાસ્ત્રો છે જે આધિભૌતિક વિષયોનું પ્રતિપાદન કરે છે. માત્ર જૈન આગમશાસ્ત્રો

જ એવા છે જેમાં જગતના સમસ્ત ભાવોનું પ્રતિપાદન કરીને આત્મશુદ્ધિકારક વિષયોનું અદ્વિતીય વિશ્લેષણ કરે છે.

**★अष्टापद ( पुं., न. )**

(દ્યૂતક્રીડા, જુગાર ૨. ચોપટ, શતરંજની રમત, તેનું ફલક ૩. બોંતેર કલામાંની ૧૩મી કળા ૪. જેના પર ઋષભદેવસ્વામી નિર્વાણ પામ્યા તે પર્વત ૫. અષ્ટાપદ નામનો દ્વીપ ૬. અષ્ટાપદ પક્ષી ૭. અષ્ટધાતુમાં ગણતરી પામેલું ૮. કરોળિયો ૯. અણિમાદિ અષ્ટસિદ્ધિથી યુક્ત ૧૦. કૈલાસ ૧૧. કૃમિ ૧૨. ખીલો)

સૂત્રકૃતાંગસૂત્ર, કલ્પસૂત્ર આદિ આગમગ્રંથોમાં અષ્ટાપદ શબ્દનો અનેકવાર પ્રયોગ થયો છે. એના અનેક અર્થો થાય છે. જેમ કે, ઉપરોક્ત અર્થ સિવાય વાચસ્પત્યમ્ આદિ કોશોમાં સુવર્ણ વગેરે પણ અર્થ કરાયેલા છે.

**अट्ठावयवाइ ( ण् ) - अष्टापदवादिन् ( पुं. )**

(એક બ્રાહ્મણનું નામ-જે ભગવાન મહાવીરદેવની પાસે પ્રથમવાર આવેલા ઈન્દ્રભૂતિ ગૌતમની સાથે આવ્યો હતો)

યજ્ઞ કરતા ઈન્દ્રભૂતિ ગૌતમ જ્યારે ભગવાન મહાવીરની પાસે વાદ કરવા જઈ રહ્યા હતા ત્યારે તેમની સાથે અનેક બ્રાહ્મણ શિષ્યો ગયા હતા તેની સાથે આ અષ્ટાપદવાદી બ્રાહ્મણ પણ ગયો હતો એમ કલ્પસૂત્રની અંદર ઉલ્લેખ કરાયેલો છે.

**अट्ठावीस - अष्टाविंशति ( स्त्री. )**

(અઠ્યાવીશની સંખ્યા, વીસ અને આઠ)

**अट्ठाह - अष्टाह ( न. )**

(આઠ દિવસનો સમૂહ)

પહેલાના જમાનામાં ધાર્મિક કે સામાજિક શુભકાર્યો નિમિત્તે ઉત્સવ મહોત્સવ આઠ-આઠ દિવસો સુધી સતત ચાલતા હતા. આજે તો તેમાં પણ ઓટ આવી ગઈ છે. ચાહે જિનભક્તિનો ઉત્સવ હોય કે લગ્નાદિ પ્રસંગો હોય પ્રારંભ અને પૂર્ણાહુતિ બસ એકાદ દિવસમાં બધું સમાપ્ત કરી લેવાય છે. પંચમકાળમાં મનુષ્યોના શુભકાર્યો પણ સતત હ્રાસ પામતા જાય છે.

**अट्ठाहिया - अष्टाहिका ( स्त्री. )**

(નિરંતર આઠ દિવસનું, આઠ દિવસનો મહોત્સવ)

તીર્થંકર પરમાત્માનું અલૌકિક માહાત્મ્ય તો જુઓ! તેઓના પાંચેય કલ્યાણકોની ઉજવણી દેવો અચૂકપણે કરતા હોય છે. તેમાં વિશેષ ભક્તિ નિમિત્તે નંદીશ્વરદ્વીપના શાશ્વત જિનાલયોમાં અષ્ટાહ્નિકા મહોત્સવ કરી પોતાના કર્મો હળવા કરતા હોય છે.

**अट्ठि - अस्थि ( न. )**

(હાડકું ૨. કાપાલિક (પું.) ૩. કુલક)

હાડ-માંસને ઓગાળી નાખે તેવી કડકડતી ઠંડીમાં પણ આપણા અણગારો-મુનિવરો રજાઈ ઈત્યાદિનો ઉપયોગ નથી ઈચ્છતા. તેઓ શીત પરિષહને હસતા મોંએ સહન કરીને પરિષહજય દ્વારા અનંતગણી કર્મનિર્જરા કરી લેતા હોય છે. ધન્ય છે મુનિચર્યાને.

**अट्ठि ( ण् ) - अर्थिन् ( त्रि. )**

(પ્રયોજનવાળો, મતલબી ૨. પ્રાર્થી, અભિલાષી)

ધનનો મતલબી જેમ સતત ધનને જ ઈચ્છતો હોય છે અને તેનો પુરુષાર્થ પણ તે દિશાનો જ રહેતો હોય છે તેમ સમ્યક્ત્વના સ્પર્શવાળો ભવ્યાત્મા નિરંતર મોક્ષનો જ અભિલાષી હોય છે. સંસારની કોઈપણ વસ્તુ તેને ધ્યેયથી વિચલિત કરી શકતી નથી.

**अट्ठिअगाम - अस्थिकग्राम ( पुं. )**

(તે નામે પ્રાચીન એક ગામ, અસ્થિકગામ)

કલ્પસૂત્ર અને આવશ્યકસૂત્રની ટીકામાં અસ્થિકગ્રામનો ઉલ્લેખ કરાયેલો છે જેનો સંબંધ ભગવાન મહાવીરદેવ સાથે હતો. પ્રાચીનકાળમાં વર્ધમાનપુર નગર હતું. ત્યાં કોઈકવાર વણજારાએ પોતાનો ક્લાન્ત બળદ મહાજનને સોંપ્યો જે સેવાના અભાવમાં મૃત્યુ પામી શૂલપાણિ નામે યક્ષ થયો. તેણે વૈરભાવે વર્ધમાનપુરના લોકો પર મહામારી રોગ મૂક્યો. તેના કારણે એટલા બધા લોકો મરણને શરણ થયા કે હાડકાંઓના ઢગલે-ઢગલા થઈ ગયા. તેથી તે ગામનું નામ અસ્થિકગ્રામ પડ્યું. છેવટે ગામ બહાર તેનું દેહરું બનાવતા શાંતિ થઈ હતી. ભગવાન મહાવીરદેવને પણ અસ્થિકગામમાં આ જ યક્ષે ઉપસર્ગ કર્યો હતો.

**अट्ठिकच्छभ – अस्थिकच्छप ( पुं. )**

(ઘણાં હાડકાવાળો કાચબો)

કાચબાઓની અનેક જાતિ-પ્રજાતિ અને તેના અવાન્તર ભેદોનું વર્ણન સંગ્રહણી વગેરે પ્રકરણગ્રંથોમાં કરાયેલું છે. પ્રજ્ઞાપનાસૂત્રમાં પણ અસ્થિબહુલ કાચબાનું વર્ણન મળે છે.

**अट्ठिकढिण – अस्थिकठिन ( त्रि. )**

(કઠણ હાડવાળો, હાડકાઓથી મજબૂત)

અત્યારના કાળમાં કોઈપણ પ્રાણીના હાડકાં એટલા મજબૂત નથી હોતા જેટલા કે, પ્રાચીનકાળમાં વજ્રઋષભનારાચ સંઘયણવાળા જીવોના હતા. હનુમાનજી જ્યારે આકાશમાંથી પડ્યા હતા ત્યારે નીચે રહેલી પથ્થરશિલા તૂટી ગયેલી પણ તેમનું એકેય હાડકું ભાંગ્યું નહોતું, તે આવા પ્રકારના વિશિષ્ટ અસ્થિ સંરચનાના કારણે.

**★कठिनास्थिक ( त्रि. )**

(જેના હાડકાં મજબૂત છે તે)

આજનો માણસ બિચારો પોતે ઇચ્છે તો પણ મજબૂત હાડવાળો થઈ શકે તેમ નથી, કારણ કે, આજે તો ખાણી-પીણીની દરેક વસ્તુમાં ભેળસેળ અને અધૂરામાં પૂરું પાછું રાસાયણિક મિશ્રણોએ તો દાટ વાળી દીધો છે. એના પ્રતાપે જ તો માણસને થોડુંક વાગે કે તરત જ હાડકું ભાંગી જાય છે.

**अट्ठिग – अस्थिक ( न. )**

(હાડકું ૨. કાપાલિક ૩. જેમાં બીજ ઉત્પન્ન ન થયું હોય તેવું ફળ)

જૈન શાસનની આચાર સંહિતા ખૂબ જ ઊંડાણવાળી છે. એકેન્દ્રિય જીવોથી લઈને નાના-નાના સૂક્ષ્મજીવોની રક્ષા માટે ખૂબ કાળજી લેવાઈ છે. નિર્દોષ ચર્યા માટે ભક્ષ્યાભક્ષ્યનો વિચાર રજુ કરતા ઘણા બધા પ્રકરણો રચાયા છે. તેમાં જણાવાયું છે કે, જે ફળમાં બીજ ન થયું હોય તેવા કાચાં ફળો ખાવા માટે નિષિદ્ધ કહ્યા છે. જૈનોના આહાર-પાણી માટેના આચારોનો જગતમાં જોટો જડે તેમ નથી.

**★आ ( अ ) र्थिक ( न. )**

(મોક્ષ સાધક, મોક્ષના પ્રયોજનવાળો ૨. અર્થના પ્રયોજનવાળો ૩. અભિલાષી)

મોક્ષ એ જ મનુષ્યજીવનનું ધ્યેય હોવું જોઈએ એમ જૈન ધર્મના પ્રવર્તક તીર્થંકર પરમાત્માએ કહેલું છે. માટે જ મહર્ષિઓ કહે છે કે, છોડવા લાયક સંસાર છે, લેવા જેવું સંયમ છે અને મેળવવા જેવો મોક્ષ છે. આ જૈનધર્મનો હાર્દ છે એમ જાણજો.

**अट्ठिग ( य ) कट्ठुट्ठिय – अस्थिककाष्ठोत्थित ( त्रि. )**

(મજબૂત હાડકાંનું બનેલું શરીર)

નવજાત શિશુને લઈને વિમાનમાં બેસેલા અંજનાદેવીના ખોળામાંથી ઝુમ્મરને પકડવા માટે ઉછળતો હનુમંત અકસ્માતે ખોળામાંથી પડે છે અને નીચે શિલા ઉપર પડતાં તે શિલાના ચૂરેચૂરા થઈ જાય છે. તે જ ભવમાં જે આત્મા સિદ્ધગતિને પ્રાપ્ત કરવાનો હોય તેમનું શરીર આવા અત્યંત મજબૂત હાડકાઓનું બનેલું હોય છે અર્થાત્, પ્રથમ સંઘયણવાળું હોય છે.

**अट्ठिचम्मसिरत्ता – अस्थिचर्मशिरावत्ता ( स्त्री. )**

(શરીરને વિષે હાડકાં, ચામડી અને સ્નાયુનું રહેવું તે; લોહી, માંસ વગરનું માત્ર હાડ, ચર્મ અને સ્નાયુમય શરીર)

પત્નીઘેલા સંત તુલસીદાસ કામાંધ બનીને જ્યારે પત્નીને તોફાની વરસાદમાં તેના ઘરેથી લેવા ગયા ત્યારે ધર્મજ્ઞ પત્નીએ તુલસીદાસને કહી દીધું: 'अस्थिचर्ममय मम देह है, तामें जैसी प्रीत । इतनी प्रीत जो हरि से कीत, तो न रहे भव की भीत' અરે ! મારું શરીર તો માત્ર લોહી, હાડ, ચર્મ ને માંસથી બનેલું છે તેમાં શું પ્રીતિ કરવી હતી. જો તમારે પ્રેમ જ કરવો હોય તો હરિથી કરો, જેથી સંસારનો ભય જ ન રહે. આજના કાળમાં આવી પત્ની ક્યાં મળશે ?

**अट्ठिचम्मावणद्ध – अस्थिचर्मावनद्ध ( त्रि. )**

(અત્યંત દુર્બળ-કૃશ, શરીરમાંથી માંસ સુકાઇ જવાથી ચામડી માત્ર હાડકાને વળગીને રહી હોય તે)

પ્રભુ વીરના પરમ ભક્ત મહારાજા શ્રેણિકે ભરી પર્ષદામાં ઊભા થઇને પ્રશ્ન કર્યો. હે પરમાત્મા ! આપના ચૌદ હજાર શિષ્યો છે

*પરંતુ તે બધામાં સર્વોત્કૃષ્ટ કોણ ? ત્યારે મહાવીર પ્રભુએ કહ્યું, હે શ્રેણિક ! મારા ચૌદ હજાર શિષ્યોમાં જો કોઇ ઉત્કૃષ્ટ હોય તો તે છે ધન્નાકાકંદી અણગાર ! તેઓ દીક્ષા દિનથી જ ચઢતા પરિણામે છઠ્ઠના પારણે છઠ્ઠ કરે છે અને પારણામાં જેના પર માખી પણ બેસવા* તૈયાર ન થાય તેવો નિરસ આહાર ગ્રહણ કરે છે. આવા તપના કારણે તેમના શરીરમાંથી માંસ સાવ સૂકાઇ ગયું છે અને ચામડી માત્ર શરીરને વળગીને રહી છે. સૂકાઇ ગયેલા વૃક્ષના ઠૂંઠા જેવું તેમનું શરીર છે.

**अट्ठिजुद्ध - अस्थियुद्ध ( न. )**

(હાડકાંથી કે હાડકાંના બનેલા હથિયારથી એક બીજા પર પ્રહાર કરવો તે)

પ્રાચીન સમયમાં યુદ્ધ કરવા માટે બનાવવામાં આવતા શસ્ત્રોમાં હાડકાંમાંથી પણ શસ્ત્રો બનાવવામાં આવતા હતા. આથી પરમાત્માએ શ્રાવકે નહીં કરવા યોગ્ય પંદર કર્માદાનમાં પશુ સંબંધી હાડકાના વ્યાપારનો પણ નિષેધ કરેલો છે. પશુ વગેરેના હાડકાંમાંથી બનેલા હથિયારો યુદ્ધમાં એક બીજાને મારવા માટે કરવામાં આવતો હોય છે. માટે હાડકાંનો વ્યાપાર નિષિદ્ધ છે.

**अट्ठिज्झाम - अस्थिध्याम ( न. )**

(અગ્નિવડે બળેલું હાડકું, બળેલું હાડકું)

**अट्ठिदामसय - अस्थिदामशत ( न. )**

(હાડકાંની સેંકડો માળા)

સભ્યલોકોમાં જેમ સોનાના હાર વગેરે ઘરેણાં શરીરની શોભા માટે ઓળખાય છે તેવી રીતે અસભ્ય અને આદિવાસી લોકોમાં હાડકાંની માળા શરીરની શોભા માટે વપરાય છે. તેઓ હાડકાંના ઘરેણાં બનાવીને પહેરવામાં પોતાની શાન સમજે છે. બુદ્ધના સમયમાં પણ અંગુલીમાલનું દૃષ્ટાંત પ્રસિદ્ધ છે. તે લોકોની હત્યા કરીને તેમની આંગળીની માળા બનાવીને ગળામાં પહેરતો હતો આથી તેનું નામ અંગુલીમાલ પડી ગયું હતું. પાછળથી બુદ્ધે તેને પ્રતિબોધ કર્યો અને તે ગૌતમબુદ્ધનો અનુયાયી બન્યો હતો.

**अट्ठिधमणिसंताणसंतय - अस्थिधमनिसन्तानसन्तत ( त्रि. )**

(હાડકાં અને નસોથી વ્યાપ્ત, નસોના જાળથી વ્યાપ્ત ૨. અત્યંત દુર્બળ શરીર જેનું હોય તે)

તામલી તાપસે સાંઇઠ હજાર વર્ષ સુધી તપ કરીને પોતાના શરીરને અત્યંત કૃશ અને નિરસ કરી નાખ્યું હતું. તેના શરીરમાં નસો અને હાડકાં સ્પષ્ટ દેખાતા હતાં. આવો ઘોર તપ કર્યો હોવા છતાં પણ તે માત્ર બીજા દેવલોકનો ઇન્દ્ર જ બન્યો. તેનું કારણ એક જ છે કે તેણે કરેલો તપ જિનાજ્ઞાનુસારનો ન હતો. અન્યથા જો તેને તપ જિનાજ્ઞાનુસાર કર્યો હોત તો નિશ્ચે તેનો તે ભવમાં જ મોક્ષ થાત.

**अट्ठिभंजण - अस्थिभञ्जन ( न. )**

(કરોડરજ્જુ, શરીરદંડ)

માણસના શરીરમાં રહેલી કરોડરજ્જુને શરીરનો આધારસ્તંભ ગણવામાં આવી છે. જો તે તૂટી જાય તો શરીર કોઇ જ કામનું રહેતું નથી. તેમ અહિંસા એ ધર્મની કરોડરજ્જુ સમાન છે. જો અહિંસાનું પાલન કરવામાં ન આવે તો ધર્મની ઇમારત કડડભૂસ થઇને તૂટી પડે છે. આશ્ચર્યની વાત તો એ છે કે, આજે કેટલાક અજ્ઞાનીઓ ગાડરિયા પ્રવાહમાં તણાઇને હિંસામાં ધર્મ માને છે. જે ક્યારેય સદ્‌ગતિ કે મોક્ષફળ આપી શકતો નથી. માટે પ્રભુએ અહિંસાને પરમ ધર્મ કહ્યો છે.

**अट्ठिमिंजा - अस्थिमिञ्जा ( स्त्री. )**

(હાડકાંનો માવો, જેમાંથી રેત-વીર્ય ઉત્પન્ન થાય છે તે ૨. હાડકાંની ચરબી)

ખેતરમાં ઉગેલો કપાસ ફેક્ટરીમાં જઇને મશીન પર ચઢીને ક્રમશઃ વસ્ત્ર સ્વરૂપે બને છે તેમ શરીર પણ એક મશીન જેવું જ છે તેમાં ગયેલો આહાર લોહી, માંસ, હાડ વગેરે સાત ધાતુરૂપે પરિણમે છે. અને તેમાંથી જ સમસ્ત શરીરના સારરૂપ વીર્ય બને છે. જે રેતસ્ અર્થાત્, વીર્ય તરીકે ઓળખાય છે. મુમુક્ષુ અને મહાત્માઓ તે વીર્યને અધ્યાત્મમાર્ગે લઇ જાય છે. તેઓ વીર્યને માનસિક શક્તિમાં પરિણમાવે છે જેના કારણે તેઓ અપૂર્વ અને અશક્ય કાર્યો પણ કરી શકતા હોય છે.

**अट्ठिमिंजाणुसारि ( ण् ) - अस्थिमिञ्जानुसारिन् ( त्रि. )**

(અસ્થિ- મજ્જા ધાતુમાં વ્યાપ્ત)

**अट्ठिमिंजापेमाणुरागरत्त – अस्थिमिज्ञाप्रेमानुरागरक्त ( त्रि. )**

(જેનું અંતઃકરણ દૃઢ શ્રદ્ધાથી ભાવિત થયેલું હોય તે, જેના હાડેહાડમાં જિનધર્મ વસેલો હોય તે)

કહેવાય છે કે, જ્યારે શ્રેણિક મહારાજાના દેહનો અગ્નિસંસ્કાર ચાલી રહ્યો હતો અને હાડકાંઓ અગ્નિમાં ફૂટી રહ્યાં હતાં, ત્યારે તેમની ચિતામાંથી **'વીર વીર'** શબ્દના ધ્વનિ નીકળતા હતા. ધન્ય છે તે પરમભક્ત શ્રેણિકને જેના રોમ રોમમાં પરમાત્માનું શાસન વસેલું હતું. તેઓનો આત્મા અને જીવન પરમાત્મા પ્રત્યેની દૃઢશ્રદ્ધાથી ભર્યું ભર્યું હતું.

**अट्ठिय – अर्थित ( त्रि. )**

(ઇચ્છિત, અભિલષિત)

સામે આપવાવાળો રાજા બેઠો હોય અને માગવાવાળો માત્ર બે-પાંચ સોનામહોર માગે તો આપણે તેને કેટલો બુદ્ધિશાળી ગણીએ ? જરા પણ નહીં ને ! આપણે વિચારીએ કે, તેના ઠેકાણે હું હોઉં તો બે ચાર ગામની માલિકી માગી લઉં. બસ તેવી જ રીતે મોક્ષ જેવું સુખ આપવામાં સમર્થ સ્વયં પરમાત્મા સામે હોય અને આપણે માત્ર સંસારના તુચ્છ સુખોની વાંછા કરીએ તો તેમાં આપણી હોશિયારી કેટલી ?

**★अस्थित ( त्रि. )**

(અસ્થિર, અવ્યવસ્થિત)

તળાવના પાણીમાં ઉત્પન્ન થયેલા તરંગો પાણીની સ્વચ્છતાને ડહોળી નાખે છે. નિશાન તાકનાર તીરંદાજની અસ્થિરતા લક્ષ્ય સાધી શકતી નથી, તેમ મોક્ષમાર્ગના સાધક શ્રમણના ચિત્તમાં ઉત્પન્ન થયેલી સંયમ પ્રત્યેની અસ્થિરતા તેને સંયમ માર્ગથી ભ્રષ્ટ કરે છે અને શાશ્વત મોક્ષસુખથી તેને વંચિત રાખે છે.

**अट्ठियकप्प – अस्थितकल्प ( पुं. )**

(તે નામનો આચાર, વચ્ચેના બાવીસ તીર્થંકરોના સાધુઓ માટેનો આચાર-કલ્પ)

પ્રથમ અને અંતિમ તીર્થંકરોના સાધુઓ માટેની આચારમર્યાદા પ્રથમથી જ નિશ્ચિત કરેલી હોવાથી તેઓએ તે પ્રમાણે જ પાલન કરવું પડે છે આથી તેઓનો સ્થિતકલ્પ હોય છે. જ્યારે વચ્ચેના બાવીસ તીર્થંકરો માટે મર્યાદા બાંધેલી ન હોવાથી તેઓ અસ્થિતકલ્પી કહેવાય છે. જેમ કે, તેઓ એક જ સ્થાને મહિનાઓથી વધારે રહેવું હોય તો રહી શકે છે, તેમને રાજપિંડ ખપે છે, અતિચાર ન લાગ્યા હોય તો પ્રતિક્રમણ ન કરે તો ચાલે, વસ્ત્રો કોઇપણ કલરના પહેરી શકે છે વગેરે.

**अट्ठियप्प ( ण् ) – अस्थितात्मन् ( त्रि. )**

(અસ્થિર સ્વભાવવાળો, જેનું ચિત્ત અસ્થિર છે એવો)

કાઉસગ્ગ ધ્યાને રહેલા પ્રસન્નચંદ્ર રાજર્ષિ જ્યારે દુર્મુખ દૂતના મુખથી પોતાના પુત્ર અને રાજ્ય પર આપત્તિ જાણીને ક્રોધિત થઇ તેઓ સ્વયં સાધુ છે તે પણ ભૂલી ગયા અને તેમનો આત્મા સંયમમાર્ગથી વિચલિત થઇ ગયો. અસ્થિર આત્માવાળા રાજર્ષિએ સાતમી નરક જેટલા કર્મ બાંધી દીધા. જ્યારે તેમને પોતાનું સાધુપણું સાંભર્યું ત્યારે અપૂર્વ પશ્ચાત્તાપ દ્વારા સર્વે કર્મો બાળી નાખીને નિષ્કલંક, સર્વદર્શી એવું કેવલજ્ઞાન પામ્યા. ચિત્તમાં ઉત્પન્ન થયેલી એક અસ્થિરતા આત્માને અધઃપતનની ઊંડી ખાઇ તરફ કેટલું ધકેલી દે છે તે જાણવા જેવું છે.

**अट्ठिसरक्ख – अस्थिसरजस्क ( पुं. )**

(કાપાલિક, અઘોરી, યોગીવિશેષ)

**अट्ठिसुहा – अस्थिसुखा ( स्त्री. )**

(શરીરને સુખકારી ચંપી, શરીરના અવયવ દબાવવા તે)

શ્રમણધર્મ એ કષ્ટસાધ્ય ધર્મ છે આથી જ તો તેને લોઢાના ચણા ચાવવા જેવો કહેલો છે. શ્રમણપણું સ્વીકારેલા આત્માએ તમામ પ્રકારની સુખસામગ્રીનો ત્યાગ અને કષ્ટોનો સ્વીકાર કરવાનો હોય છે. યાવત્ ઉપસર્ગ અને પરિષહોને સહન કરતાં શરીર દુઃખે તો તેને બીજા પાસે દબાવવાનો પણ નિષેધ છે. શરીરને સુખ ઉત્પન્ન કરનાર શરીરની ચંપી સંયમધર્મ માટે વિઘ્નરૂપ કહેલી છે.

**अट्ठुत्तर - अष्टोत्तर ( त्रि. )**

(આઠથી અધિક, સંખ્યાવિશેષ)

આજના સમયમાં ઘરે, શેરીએ કે શહેરમાં ક્યાંય પણ અકસ્માત્ કે તાત્કાલિક ઈમરજન્સીમાં ૧૦૮ નંબરની ગાડીને બોલાવવામાં આવે છે. કારણ કે દરેકને ખબર છે કે ૧૦૮ આવી એટલે દર્દીને તુરંત રાહત થઇ જશે અને તે અકસ્માત કે બિમારીમાંથી ઉગરી જશે. લાચારીની વાત તો એ છે કે, ભવરોગથી પીડાતા અને કર્મોના રોજીંદા અકસ્માતોથી ગંભીર ઇજા પામતા એવા આપણને ઉગારનારા ૧૦૮ ગુણના સ્વામી પંચપરમેષ્ઠી હોવા છતાં આપણે તેમને યાદ પણ નથી કરતા.

**अट्ठुत्तरसयकूड - अष्टोत्तरशतकूट ( पुं. )**

(શત્રુંજય પર્વત, સિદ્ધગિરિ)

કૂટ એટલે નાનકડી ટેકરી જેવા પહાડો પર આવેલી તીર્થંકરોની દેરીઓ. પ્રાયઃ શાશ્વત એવા સિદ્ધાચલ પર્વત પર આવા કૂલ એકસોને આઠ કૂટ હતા. જેનો કાળના પ્રવાહ સાથે નાશ થતાં વર્તમાનકાળમાં એક પણ દેખાત નથી. પરંતુ તીર્થકલ્પ નામક શાસ્ત્રમાં આનો સ્પષ્ટ ઉલ્લેખ મળે છે.

**अट्ठुप्पत्ति - अर्थोत्पत्ति ( स्त्री. )**

(ધનની ઉત્પત્તિ જેમાંથી થાય તે-વ્યવહાર, ધનની પ્રાપ્તિ)

મનુષ્યનું જીવન ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એમ ચાર પાયા પર રહેલું છે. શાશ્વત સુખ પામવા માટે જેમ ધર્મ અને મોક્ષ આવશ્યક છે તેમ સંસારના વ્યવહારમાં રહેવા માટે કામ અને અર્થ પણ આવશ્યક છે. તેમાંય જીવનનિર્વાહ માટે તો અર્થ અતિઆવશ્યક અંગ ગણવામાં આવેલા છે. તેને અગિયારમો પ્રાણ પણ કહેવામાં આવેલો છે. વ્યવહારપ્રજ્ઞપ્તિ શાસ્ત્રના બીજા ઉદ્દેશામાં લખેલું છે કે, અર્થ અર્થાત્ ધન વ્યવહારમાંથી ઉત્પન્ન થાય છે. આથી પુરુષે તેવો વ્યવહાર કરવો જોઇએ કે, જેમાંથી ધનની પ્રાપ્તિ થાય.

**अट्ठुस्सास - अष्टोच्छ्वास ( पुं. )**

(આઠ શ્વાસોશ્વાસ, પંચનમસ્કાર)

જૈનધર્મ એક પ્રકારે વિજ્ઞાનધર્મ પણ છે. પ્રતિક્રમણમાં કાઉસગ્ગમુદ્રામાં જે નવકાર મંત્ર કે લોગસ્સસૂત્રની ગણના મૂકી છે તે પણ શ્વાસોશ્વાસના આધારે. કારણ કે ઘણી વખત વ્યક્તિને પોતાના શ્વાસની સંખ્યા કે તેના સમયનું જ્ઞાન નથી હોતું. પરંતુ સ્વસ્થ વ્યકિત જેટલા સમયમાં આઠ શ્વાસોશ્વાસ લે તેટલા પ્રમાણનો એક નવકાર હોય છે. આથી વ્યક્તિનું પોતાના શ્વાસનું અને સમયનું જ્ઞાન થાય છે અને પંચપરમેષ્ઠીનું ધ્યાન પણ થાય છે.

**अट्ठुस्सेह - अष्टोत्सेध ( त्रि. )**

(જેની ઊંચાઇ આઠ યોજનની હોય તે)

છ ખંડનું અધિપતિપણું પ્રાપ્ત કર્યા બાદ ચક્રવર્તીને સર્વવિષયો તથા પદાર્થોને આવરી લેનારી નવનિધિઓની પ્રાપ્તિ થાય છે. શાસ્ત્રમાં તેના માટે લખેલું છે કે, નવે નિધિઓ આઠ પૈડા પર રહેલી, આઠ યોજન ઊંચી, નવ યોજન પહોળી, બાર યોજન લાંબી, પેટીના આકારની તેમજ ગંગાના મુખ આગળ રહેલી હોય છે.

**अड - अट् ( धा. )**

(ગતિ કરવી, ગમન કરવું)

મુનિ લાવણ્યસમયજી મહારાજ પોતાની સજ્ઝાયમાં લખે છે કે, લગ્ન બાદ વ્યક્તિ પોતાની, પોતાના કુટુંબની જરૂરિયાતો, અપેક્ષાઓ, શોખ પૂરા કરવા અને પૈસા કમાવવા માટે ગધેડાની જેમ દિવસ કે રાત, તડકો કે છાંયડો વગેરે જોયા વિના આમથી તેમ ભટક્યા જ કરે છે. પરંતુ એકવાર પણ જિનાલય કે ઉપાશ્રયમાં જવાનું આવે તો કોઇને કોઇ બહાનું કાઢીને છટકી જતો હોય છે. ત્યાં તેના પગ દુઃખવા લાગે છે. ઊંઘ આવે છે. કંટાળો આવે છે. આવા જીવો ખરેખર દયાપાત્ર છે.

**★अट ( पुं. )**

(રોમરાજીવાળા પક્ષી વગેરે ૨. કબુતરની પાંખ સમાન પાંખવાળું ગોરૈયા નામનું પક્ષીવિશેષ)

★अवट ( पुं. )
(ખાડો, ૨. કૂવો)
જેમ જાદુગર પોતાના જાદુ દ્વારા લોકોને સંમોહિત કરી લે છે અને પછી તે જે દેખાડે તેને જ લોકો સાચું માને છે તેવી રીતે આઠેય કર્મોનો રાજા મોહ પણ જાદુગર સમ્રાટ છે. તે પોતાની સંમોહન જાળમાં સંસારના જીવોને એવા ફસાવી લે છે કે પછી તેની ઇચ્છા પ્રમાણે જ જગતના જીવો વર્તતા હોય છે. મોહ જીવને સંસાર પ્રત્યે રાગ અને મોક્ષ પ્રત્યે દ્વેષ કરાવે છે. આપણે પ્રત્યક્ષ જોઇએ પણ છીએ કે ભૌતિક સુખો પાછળ લોકો કેટલા ઘેલા થઇ દોડે છે અને ધર્મ પ્રત્યે કેટલી તિતિક્ષા રાખે છે ?
अडउज्झिअं ( देशी )
(પુરુષાતન ૨. વિપરીત મૈથુન)
अडज्झ - अदाह्य ( त्रि. )
(જેને અગ્નિથી બાળી ન શકાય તે)
અજૈન ભગવદ્ ગીતામાં આત્માનું સ્વરૂપ જણાવ્યું છે કે, 'नैनं छिन्दन्ति शस्त्राणि, नैनं दहति पावकः' અર્થાત્, સંસારમાં શરીર જડ હોવાથી તેનું છેદન-ભેદન આદિ શક્ય છે પરંતુ, આત્મા તો અમર છે તેને શસ્ત્રો હણી નથી શકતા અને અગ્નિથી તે બાળી શકાય તેમ નથી. આપણા જૈનશાસ્ત્રમાં પણ આ જ વાત કહેલી છે કે, શરીર ઉત્પત્તિ અને વિનાશશીલ છે પરંતુ, આત્મા તો શાશ્વત છે. તે ક્યારેય પણ મરતો નથી. અગ્નિ આદિ શસ્ત્રોથી છેદન-ભેદન પામતો નથી. તેનું અસ્તિત્વ અનાદિ અનંત છે.
अडड - अटट ( न. )
(ચોરાશી લાખ અડડાંગ પ્રમાણ કાળવિશેષ)
अडडंग - अटटाङ्ग ( न. )
(ચોરાશી લાખ ત્રુટિત પ્રમાણ કાળવિશેષ)
अडण - अटन ( न. )
(અટન કરવું, ફરવું, રખડવું)
કોઈ માણસ પ્રયોજન વગર આમ-તેમ રખડે તેને લોકો રખડુ કહે છે. પરંતુ ખરેખર તો જે લોકો કષાયથી અભિભૂત થઈને રાત-દિવસ ભટકી રહ્યા છે, આત્માના ગુણોનો સત્યાનાશ વાળી રહ્યા છે તેને જ જ્ઞાનીઓએ સંસારમાં રખડનારા કહ્યા છે.
अडणी ( देशी-स्त्री. )
(માર્ગ, રસ્તો)
કોઈ વ્યક્તિ જંગલમાંથી પસાર થતો હોય અને ત્યારે અચાનક વાદળો ઘેરાઈ આવે, ચારેય દિશાઓમાં ઘોર અંધકાર છવાઈ જાય, જોરદાર પવન ફૂંકાવા લાગે અને કોઈ જ સહારો ન દેખાય ત્યારે તે વ્યક્તિની જે દશા થાય તેનાથીય બીહામણી દશા જીવાત્માની છે જો તમારા જીવન-વનમાં સદ્ગુરુનો સંયોગ નથી. કારણ કે ગુરુ વિના મોક્ષ માર્ગ કોઈ બતાવી શકે તેમ નથી.
अडपल्लाण ( देशी-न. )
(વાહન વિશેષ)
જીવાભિગમસૂત્રની ત્રીજી પ્રતિપત્તિમાં આ શબ્દનો પ્રયોગ આવેલો છે. જે ખાસ કરીને લાટ દેશમાં કોઈ યાન વિશેષના અર્થમાં પ્રચલિત હતો. અન્યત્ર આ શબ્દ હાથીની અંબાડી કે ઘોડાના પલાણ અથવા ઊંટના પલાણ એ અર્થમાં વપરાયો છે.
अडमाण - अटत् ( त्रि. )
(ગમન કરતું, ભટકતું)
ધ્યેય વગર ભટકનારી વ્યક્તિ કોઈ દિવસ પોતાની મંજિલ સુધી પહોંચી શકતી નથી. પરમાત્મા મહાવીરદેવે કહ્યું છે કે, હે ભવ્ય ! તું આત્મશુદ્ધિ હેતુ જ્ઞાનમાર્ગે-અધ્યાત્મમાર્ગે સતત ગમનશીલ બન. કારણ કે તારી અનંત આત્મસમૃદ્ધિ તેનાથી જ શક્ય બનશે.
अडया ( देशी-स्त्री. )
(કુલટા, વ્યભિચારિણી સ્ત્રી)

કુલટા સ્ત્રીના રવાડે ચઢેલો જીવ પોતાનું સર્વસ્વ ફના કરી દે છે તેમ પ્રભુના ઉપદેશ પ્રત્યે શંકા-કુશંકારૂપી વ્યભિચારીણી સ્ત્રીના સકંજામાં ફસાયેલો જીવ રાત-દિવસ મનથી સંકલ્પો-કુવિકલ્પો કરી કરીને છેવટે પોતાનો અણમોલ મનુષ્યભવ હારી જાય છે.

**अडयणा ( देशी-स्त्री. )**

(કુલટા, વ્યભિચારિણી સ્ત્રી)

**अडयाल - अष्ट ( ष्टा ) चत्वारिंशत् ( त्रि. )**

(અડતાળીશ, ચાળીશ અને આઠ, ૪૮ની સંખ્યા)

આજના જમાનામાં લબ્ધિઓ વિષે બહુ ઓછા લોકો જાણતા હશે પરંતુ, શાસ્ત્રગ્રંથોમાં અડતાળીશ લબ્ધિઓની વાત ખૂબ પ્રચલિત છે. જ્ઞાન-ધ્યાન-તપ-જપમાં લયલીન રહેનારા મહર્ષિઓના ઝાડા-પેશાબ પણ દિવ્ય ઔષધિનું કાર્ય કરતા હતા તે એમનામાં પ્રગટેલી લબ્ધિઓના જ પ્રભાવે.

**अडयाल ( देशी-पुं. )**

(વખાણ, કીર્તિ, પ્રશંસા)

કોઈએ પરોપકારનું કામ કર્યું હોય તો તેની આપણે અવશ્ય પ્રશંસા કરવી જોઈએ. પોતે કોઈક સુકૃત કર્યું હોય અને બીજાઓ પાસે જઈ પોતાના વખાણ કરવાનું મન થાય તો તે અહિતકારી થાય છે કારણ કે, તેમાં અભિમાન ભળી જાય છે. માટે યાદ રાખો કે, પ્રશંસા-વખાણ હંમેશાં અન્યોના કરવાના હોય, પોતાના ક્યારેય નહીં.

**अडयालकयवणमाल - अष्ट ( ष्टा ) चत्वारिंशत्कृतवनमाल ( त्रि. )**

(અડતાલીશ પ્રકારના ભેદોથી યુક્ત હારવાળી વનમાળા જેમાં છે તે)

જીવાભિગમસૂત્રની ત્રીજી પ્રતિપત્તિમાં જણાવ્યું છે કે, માળાના અડતાળીશ પ્રકારના ભેદોના વૈવિધ્યવાળી અને દરેક ઋતુના ફૂલો જેમાં હોય તથા વચ્ચે કદંબના ફૂલ રહેલા હોય તેમજ ઢીંચણ સુધી લટકતી હોય તેવી માળાને વનમાળા કહેવામાં આવે છે.

**अडयालकृतवनमाल ( देशी-त्रि. )**

(પ્રશસ્ત રીતે કરાયેલ છે વનમાળા જેમાં તે)

દેવો જે ફૂલોની માળાઓ પહેરે છે તે ક્યારેય કરમાતી નથી, હંમેશાં તાજી જ રહેતી હોય છે. એ માળાઓની રચના પણ અનેક જાતના વૈશિષ્ટ્યવાળી હોય છે. તેમાંનો એક પ્રકાર પ્રશસ્ત રીતે કરાયેલી આ વનમાળાનો પણ છે એમ આગમોમાં જણાવેલું છે.

**अडयालकोट्ठगरइय - अष्टचत्वारिंशत्कोष्ठकरचित ( त्रि. )**

(૪૮ પ્રકારના વિભાગોથી સુશોભિત શયનખંડો કે વાસગૃહો સ્વયં રચના પામેલા છે જેમાં તે)

ભારતદેશમાં પ્રાચીન કાળે રાજા-મહારાજાઓ દ્વારા બંધાવેલા અનેક નાના-મોટા અદ્ભૂત કિલ્લાઓ હતા. તેમાં સેંકડો માણસોને રહેવાના આવાસો, મહેલો, ગુપ્તવાસગૃહો અને દરવાજાઓ વગેરે રહેતા હતા. તેમાંનો એક કિલ્લો દેવગિરિનો અત્યારે પણ ખંડિયેર હાલતમાં ભૂતકાળની ભવ્ય જાહોજલાલીની ચાડી ખાઈ રહ્યો છે.

**अडवि - अटवि ( वी ) ( स्त्री. )**

(અટવી, અરણ્ય, જંગલ)

શિકારની વૃત્તિવાળા જીવો આમ-તેમ જેમાં ભટકે તેને અટવી કહેવાય છે તેમ કર્માધીન જીવો જેમાં ચારગતિના ચક્કર કાપતા રહે તે સંસારને પણ અટવી કહેવામાં આવે છે. જેમ અટવીમાંથી પાર ઉતરવા માટે ભોમિયાની જરૂરત પડે છે તેમ સંસાર રૂપી અટવીથી પાર ઊતરવા માટે શ્રીજિનેશ્વરના ઉપદેશરૂપ ભોમિયાનું આલંબન લેવું પડે.

**अडवीजम्मण - अटवीजन्मन् ( न. )**

(જંગલમાં જન્મ થાય તે, જંગલપ્રસૂતિનું દુઃખ)

પુણ્યશાળી જીવો જંગલમાં પણ મંગલ કરી દેતા હોય છે. જન્મ-જન્માન્તરમાં જેમણે પુણ્યાનુબંધી પુણ્યનું ઉપાર્જન કરેલું હોય તેવા ભવ્યાત્માઓને કોઈપણ પ્રકારે દુઃખ કનડી શકતું નથી. તેમનું પ્રબળ પુણ્ય હંમેશાં સોળે કળાએ ખીલેલું જ રહે છે.

**अडवीदेसदुग्गवासि ( ण् ) - अटविदेशदुर्गवासिन् ( पुं. )**

(જંગલી પ્રદેશમાં જળ અને સ્થળ રૂપ કિલ્લામાં વસનાર ચોરાદિ)

વિકટ અને ઘનઘોર જંગલમાં વસનારી જંગલી પ્રજાને કુદરત પોતે રખોપું પૂરું પાડતી હોય છે. ગમે તેવા સાધનસંપન્ન માહોલમાં રહેનારા આપણા કરતા દુર્ગમ જળ અને પહાડોની વચ્ચે રહેનારી પ્રજા આપણા કરતાં વધુ સુરક્ષિત અને સશક્ત દેખાય છે.

**अडवि ( वी ) वास - अटवि ( वी ) वास ( पुं. )**

(જંગલમાં વસવું તે, અરણ્યવાસ)

એકવીસમી સદીનો માનવી ટી.વી.ના પડદે ઘનઘોર જંગલો કે ઊંચા ઊંચા પર્વતો જોઈ હરખાય ખરો પણ તેને કુદરતે બક્ષેલા વનરાજીના રૂપ-સૌંદર્યની વચ્ચે વસવાનું કે એ વનશ્રીની અણમોલ સંપત્તિને અનુભવવાનું સૌભાગ્ય તો ભાગ્યે જ મળી શકે.

**अडसट्ठि - अष्ट ( ष्टा ) षष्टि ( स्त्री. )**

(અડસઠની સંખ્યા, સાઈઠ અને આઠ)

પ્રવચન સારોદ્ધારમાં જણાવ્યાનુસાર, વિમલનાથ ભગવાનના સાધુઓની સંખ્યા અડસઠ હજાર હતી. જ્યારે ગણધર ભગવંતો સત્તાવન, શ્રાવકો બે લાખ આઠ હજાર, સાધ્વીઓ એકલાખ આઠસો અને શ્રાવિકાઓ ચાર લાખ ચોવીશ હજાર હતી.

**अडाडो ( देशी )**

(હા, તે પ્રમાણે)

**अडिल्ल - अटिल ( पुं. )**

(ચામડાની પાંખવાળું એક પક્ષી, ચામાચીડિયું)

પ્રજ્ઞાપનાસૂત્ર અને જીવાભિગમસૂત્રમાં અનેક પક્ષીઓના નામોનો ઉલ્લેખ થયેલો છે. વાગોળની જાતના એક નાના કદના પક્ષીને પણ અડિલ્લ કહેવાય છે. અઢીદ્વીપની બહારના દ્વીપોમાં ફેલાયેલી પાંખોવાળા અને બંધ પાંખોવાળા એમ બે જાતના પક્ષીઓ વસે છે.

**अडो ( देशी )**

(કૂવો, પાણી માટે જમીનમાં ખોદેલો ખાડો)

લોકોક્તિમાં કહેવાય છે કે, 'કુવામાં હોય તો હવાડામાં આવે ને' અર્થાત્, જે વસ્તુ જેનામાં હોય જ નહીં તે વસ્તુ તેની પાસેથી મળે ક્યાંથી? એટલા માટે આપણે વિવેક રાખવો જરૂરી છે. જેનામાં મોક્ષ અપાવવાની ક્ષમતા હોય તેવા વીતરાગ પાસે જ એની અપેક્ષા રખાય.

**अडोलिका - अटोलिका ( स्त्री. )**

(તે નામે એક રાજપુત્રી ૨. ઉંદરડી)

બૃહત્કલ્પસૂત્રમાં આવતા ઉલ્લેખ પ્રમાણે અટોલિકા નામની એક રાજપુત્રી હતી. જે યવરાજની પુત્રી અને ગર્દભરાજની બહેન હતી.

**अड्डुक्ख - क्षिप् ( धा. )**

(પ્રેરણા કરવી ૨. ફેંકવું)

પ્રેરણા કરવા છતાં જે સ્વચ્છંદાચારીપણે વર્તતો હોય તેનો ઉદ્ધાર સમર્થ ગુરુ પણ કરી શકતા નથી. શાસ્ત્રોમાં તો એવા શિષ્યને કુશિષ્ય કહ્યો છે અને તેને અસાધ્ય રોગી જેવો જાણીને ગુરુએ ત્યજી દેવો જોઈએ કારણ કે, વિનયી શિષ્ય જ ધર્મને પાત્ર કહેલો છે.

**अड्डिया - अड्डिका ( स्त्री. )**

(મલ્લોની ક્રિયાવિશેષ)

અડ્ડિકા એક પ્રકારની મલ્લયુદ્ધ કરનારાઓની ક્રિયાવિશેષ છે. આ ક્રિયા શાસ્ત્રથી નિરપેક્ષ અને માત્ર ઉપદેશ સ્વરૂપે કહેવાય છે એમ આવશ્યકસૂત્રની આચાર્ય શ્રીમલયગિરિજીની ટીકામાં ઉલ્લેખિત છે.

**अड्ढ - अर्द्ध ( न. )**

(અર્ધ, અડધો ભાગ, ખંડ, અંશ)

અર્ધ શબ્દ સંસ્કૃતના ઋધ્ ધાતુને વૃદ્ધિ અને ભાવાદિ અર્થમાં ઘઞ્ પ્રત્યય લાગી બનેલો શબ્દ છે. જેનો અર્થ અર્ધો ભાગ અથવા અર્ધ એવો થાય છે. નીતિવાક્યોમાં કહ્યું છે કે, જ્યારે સર્વનાશની સ્થિતિ પેદા થાય ત્યારે પંડિત પુરુષ અડધું ત્યજીને પણ પોતાનું ઈષ્ટ સાધી લેતા હોય છે.

**★आढ्य ( त्रि. )**

(ધન-ધાન્યાદિથી પરિપૂર્ણ, સમૃદ્ધ, સંપન્ન, ધની ૨. યુક્ત ૩. પૂર્ણ ૪. મહાન)

આનંદ કામદેવ આદિ ભગવાન મહાવીરના દશ શ્રાવકો ધન-ધાન્યથી, કુટુંબ પરિવારથી, નોકર-ચાકર આદિ સર્વ પ્રકારે પરિપૂર્ણ હતા. તેઓનું જીવન પણ પ્રભુના શ્રાવક ધર્મથી મઘમઘાયમાન હતું. તેથી જ તેઓના ચરિત્રો શાસ્ત્રગ્રંથોમાં વર્ણવાયા છે.

**अड्ढअक्कली ( देशी-स्त्री. )**

(કમ્મર પર હાથ રાખી ઊભા રહેવું તે, કેડ પર હાથ રાખવો તે)

બૃહત્સંગ્રહણી જેવા જૈન ભૂગોળ-ખગોળના ગ્રંથોમાં સમસ્ત બ્રહ્માંડનું સ્વરૂપ ખૂબ સરસ રીતે વર્ણવાયેલું છે. તેમાં જીવલોક અર્થાત્, ચૌદરાજલોકનું સ્વરૂપ કેડ પર હાથ રાખીને બન્ને પગે ટટ્ટાર ઊભેલા પુરુષાકૃતિ જેવું બતાવવામાં આવેલું છે.

**अड्ढक्खेत्त - अर्धक्षेत्र ( न. )**

(એક અહોરાત્ર પરિમિત ક્ષેત્રપર્યંત ચંદ્રની સાથે રહેનાર નક્ષત્રો, ઉત્તરાફાલ્ગુની, ઉત્તરાષાઢા, ઉત્તરાભાદ્રપદ, રોહિણી, પુનર્વસુ અને વિશાખા એ છ નક્ષત્રો)

ચંદ્રપ્રજ્ઞપ્તિ નામના આગમના દશમા પ્રાભૃતમાં અર્ધક્ષેત્રના વિવેચનમાં ચંદ્રની સાથે એક અહોરાત્રનો સમય ભોગવનારા ઉપરોક્ત છ નક્ષત્રોનો ઉલ્લેખ કરવામાં આવેલો છે. જૈનશાસ્ત્રોમાં સત્તાવીશ નક્ષત્રોની ગણના દેવોની એક પેટા જાતિમાં કરાયેલી છે.

**अड्ढग - आढ्य ( त्रि. )**

(આઢ્ય, યુક્ત ૨. પરિપૂર્ણ)

આવશ્યકસૂત્રની આચાર્ય શ્રીમલયગિરિજીની ટીકામાં સુવિનિત શિષ્યની યોગ્યતા બાબતે જણાવેલું છે કે, જે સંયમ અને તપથી પરિપૂર્ણ છે તેવા શિષ્યને ગુરુ દ્વારા પ્રેરણા-ઉપદેશ અપાતાં હંમેશા તેના વિકલ્પરહિત તથાકાર-તહત્તિ કરીને સ્વીકાર કરાય છે.

**अड्ढरत्त - अर्धरात्र ( पुं. )**

(અર્ધરાત્રિ, મધ્યરાત્રિ)

'રાતે વહેલા જે સૂએ વહેલા ઊઠે વીર, બળ બુદ્ધિ ને ધન વધે, સુખમાં રહે શરીર' સ્વાસ્થ્ય માટેની આ પ્રણાલીનો આજે લોપ થઈ ગયો છે. હવે તો મધ્યરાત્રિએ સૂવું અને સવારે નવ પહેલા ન ઊઠવું એ સામાન્ય બની ગયું છે. પછી આર્થિક પાયમાલી અને શારીરિક રોગો ન થાય તો શું થાય?

**अड्ढाइज्ज - अर्द्धतृतीय ( त्रि. )**

(અઢી, બે અને અર્ધુ)

જ્યાં આપણા જેવા મનુષ્યો, તિર્યંચો, પશુ પંખીઓ જન્મ લઈ વસે છે તે દુનિયા જૈન ભૂગોળ પ્રમાણે અઢીદ્વીપ પ્રમાણ એટલે ૪૫ લાખ યોજનના વિસ્તારમાં જ છે. તે સિવાયના અસંખ્ય દ્વીપ સમુદ્રોમાં ઉત્પન્ન થનારા જીવો મનુષ્ય સિવાય માત્ર વનસ્પતિ અને તિર્યંચો વિગેરે જ છે.

**अड्ढाइज्जदीव - अर्द्धतृतीयद्वीप ( पुं. )**

(અઢીદ્વીપ)

જંબૂદ્વીપ, ધાતકીખંડ અને અર્ધપુષ્કરદ્વીપ એમ અઢીદ્વીપ પ્રમાણ ક્ષેત્રને મનુષ્યક્ષેત્ર કહેવામાં આવે છે કારણ કે, તે સિવાયના અસંખ્ય દ્વીપોમાં મનુષ્યોની ઉત્પત્તિ છે જ નહીં. માટે ત્યાં અસિ-મસિ અને કૃષિનો વ્યાપાર પણ નથી અને મોક્ષમાર્ગ પણ નથી.

**अड्ढाइज्जदीवसमुद्दतदेक्कदेसभाग - अर्द्धतृतीयद्वीपसमुद्रतदेकदेशभाग ( पुं. )**

(અઢી દ્વીપ સમુદ્રનો વિવક્ષિત ભાગ)

જંબૂદ્વીપ, ધાતકીખંડ તેમજ પુષ્કરવરદ્વીપનો અર્ધો ભાગ એટલે પુષ્કરાર્ધદ્વીપ તથા લવણ સમુદ્ર અને કાલોદધિ સમુદ્રનો વિવક્ષિત ભાગ. આ અઢીદ્વીપસમુદ્રના પ્રદેશ પૈકીના કહેવાયેલા કોઈપણ ભાગને અર્ધતૃતીયદ્વીપસમુદ્ર તદેકદેશભાગ કહેવામાં આવે છે.

**अड्ढापक्कंति - अर्द्धापक्रान्ति ( स्त्री. )**

(ઋતુ પ્રમાણે જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ તપના પરિમાણમાં વધ-ઘટ કરવી તે)

વિશેષાવશ્યકભાષ્યમાં તપના પ્રકારો વર્ણવ્યા છે તે પૈકીના તપનો આ એક પ્રકાર છે. ઉદાહરણ તરીકે ઉનાળામાં જઘન્ય-મધ્યમ અને ઉત્કૃષ્ટ ત્રણ ઉપવાસ કરવા. ત્યારબાદ શિયાળામાં જઘન્ય-મધ્યમ-ઉત્કૃષ્ટરૂપે ચાર ઉપવાસ કરવા. એ જ રીતે વર્ષામાં કરવા ઇત્યાદિ સ્વરૂપ સમજવું.

**अड्ढेज्ज - आढ्यत्व ( न. )**

(ધનીપણું, શ્રીમંતાઈ)

હું ધનવાન છું, હું ઐશ્વર્યવાળો છું, મારી ખૂબ મોટી શ્રીમંતાઈ છે, હું સૌથી વધુ સમૃદ્ધિવાળો છું એમ ધનના મમત્વભાવથી પોતાની શ્રીમંતાઈનું અભિમાન કરે તેને જ્ઞાનીઓએ મૂર્ખ કહ્યો છે. કારણ કે આ બધું તો નશ્વર છે અને પુણ્ય કર્મને આધીન છે.

**★आढयेज्या ( स्त्री. )**

(ધની પુરુષે કરેલો સત્કાર, શ્રીમંતે કરેલો સત્કાર)

ખાવા માટે દીક્ષા લીધેલા ભિખારીનો જીવ જ્યારે મરણાસન્ન થયો ત્યારે શ્રીમંતો દ્વારા પોતાની સેવા-સુશ્રુષા થતી જોઈ અને પોતાના આત્મામાં જૈનધર્મ પ્રત્યે અહોભાવ જાગ્યો. મરીને તરત જ સમ્રાટ્ સંપ્રતિ નામે જૈન ધર્મી રાજા બન્યો, જેણે રોજે એક જૈન મંદિરનો પાયો નાખી નવકારશી કરવાનો નિયમ લીધો હતો.

**अड्ढोरुग - अर्द्धोरुक् ( पुं. )**

(જૈન સાધ્વીને પહેરવાનું એક વસ્ત્રવિશેષ)

સાધ્વીજી ભગવંતોને કેડ અને સાથળના ભાગે પહેરવાનું એક વસ્ત્ર જેને શાસ્ત્રીય ભાષામાં અર્ધોરુગ્ કહે છે. આ વસ્ત્ર મલ્લને પહેરવાની ચડ્ડી જેવું હોય છે. આ વસ્ત્ર અવગ્રહાન્તક પટ્ટની ઉપર કેડને વીંટી લઈ સાથળ ઉપર કશથી બાંધવાનું હોય છે.

**अण - अन् ( अव्य. )**

(નિષેધ - પ્રતિષેધ વાચી અવ્યય)

'અણ' કે 'અ' નિષેધવાચી અવ્યય છે. જે પ્રકરણાનુસાર, વિવિધ અર્થોમાં વપરાયો છે. નંદીસૂત્ર, જ્ઞાતાધર્મકથાંગસૂત્ર, સમવાયાંગસૂત્ર, વિશેષાવશ્યકભાષ્ય, પઉમચરિય આદિ ગ્રંથોમાં તે વિરોધ-ઊલટાપણું, અયોગ્યતા-અનુચિતપણું, અલ્પતા-થોડાપણું, અભાવ-અવિદ્યમાનતા, ભેદ-ભિન્નતા, સાદશ્ય-તુલ્યતા, અપ્રશસ્તપણું-બુરાઈ અને લઘુતા-તુચ્છતા વગેરે અર્થોમાં વપરાયો છે.

**अण - अण ( न. )**

(પાપ ૨. કર્મ ૩. ગતિ ૪. શબ્દ ૫. ક્રોધાદિ કષાય)

જીવો જેના પ્રતાપે એક યોનિમાંથી બીજી યોનિમાં જન્મે અને પાછા મરણ પામી ત્રીજી ચોથી એમ અન્યાન્ય યોનિઓમાં જન્મ-મરણની પરંપરા પામ્યા કરે તેને પાપ કહે છે. આ 'અણ' શબ્દ પાપના અર્થમાં જ્ઞાતાધર્મકથાંગસૂત્રમાં વપરાયેલો છે.

**★अन ( न. )**

(કષાય, અનંતાનુબંધી ક્રોધાદિ ચાર કષાય)

સમુદાયવાચી શબ્દના એક દેશ અર્થાત્, અંશને ગ્રહણ કરવાથી પૂરા સમુદાયનું ગ્રહણ કરાય છે એ ન્યાયે 'अन' શબ્દ થકી અનંતાનુબંધી ચારેય કષાય ગ્રહણ કરાય છે. સમજી રાખો કે, ક્રોધ-માન-માયા અને લોભ આ ચારેય કષાયોના કારણે જીવ અનંતકાળથી સંસારમાં પરિભ્રમણ કર્યા કરે છે. કષાય પર વિજય એ જ ખરેખરી મુક્તિ છે.

★अनस् ( न. )

(ગાડું, શકટ ૨. શરીર)

જેમ રથનો સારથિ રથ કે ગાડાને હાંકે છે તેમ શાસ્ત્રકારોએ આ શરીરને પણ શકટની ઉપમા આપેલી છે. તેમાં સારથિરૂપે અંતરાત્માને કહેલો છે. કારણ કે તે આભ્યંતર પ્રવર્તન કરે છે. જેનો સારથિ અનંત જ્ઞાનનો ધણી હોય તે ગાડું પાર ઉતરે એમાં શી નવાઈ?

★ऋण ( न. )

(કરજ, ઋણ ૨. આઠ પ્રકારના કર્મ)

જેમ કરજદાર કે ઋણી વ્યક્તિને પોતાનું કરજ ચૂકવ્યા વિના ચેન નથી પડતું. તેમ સમ્યગ્દૃષ્ટિજીવને પણ પરમાત્માના બતાવેલા માર્ગે ચાલ્યા વિના સુખચેન નથી હોતું. આઠેય પ્રકારના કર્મોને ત્યજીને જીવ જ્યારે સિદ્ધગતિ પામે છે ત્યારે તે ઋણમુક્ત બને છે.

अणइ - अनति ( अव्य. )

(અતિક્રમણનો અભાવ)

'અતિ પરિચયે અવજ્ઞા' આ નીતિવાક્ય છે. જ્યારે વ્યક્તિ બીજા કોઈની પણ વધુ નજીક જાય છે ત્યારે તે સામેના મહાન વ્યક્તિત્વમાં પણ ખામીઓ જોતો થઈ જાય છે. પછી તો એ મહાપુરુષની આજ્ઞાનો અનાદર કરતો થઈ જાય છે. માટે વધુ નિકટતા ત્યાજ્ય છે. આગમોમાં ધર્મગુરુની પણ ન અતિ નજીક કે ન અતિ દૂર રહેવા માટે શિષ્યને ઉપદેશ કરાયેલો છે.

अणइक्कमणिज्ज - अनतिक्रमणीय ( त्रि. )

(વ્યભિચાર અર્થે અશકય ૨. જેમાં વ્યભિચાર અતિવ્યાપ્તિ વગેરે દોષો ન આવે તેવો જવાબ)

જે ઉપદેશ કે કથનમાં વ્યભિચાર એટલે હેતુદોષ કે અતિવ્યાપ્તિ અર્થાત્, કોઈ નિયમ કે સિદ્ધાંતનો અનુચિત વિસ્તાર વગેરે દોષ વિદ્યમાન હોય તો તે વચનને આપ્તવચન ન કહેવાય. કારણ કે જે સર્વજ્ઞ છે તેવા જ્ઞાની ભગવંતનું વચન વાણીના સર્વદોષોથી મુક્ત અને સર્વપ્રકારના ગુણોથી યુક્ત હોય છે.

अणइप्पगड - अनतिप्रकट ( त्रि. )

(પ્રછન્ન, ઢાંકેલું, અપ્રકાશિત)

જિનેશ્વર પ્રભુ ક્યારેય જગતના સર્વ પદાર્થોને ઉપદેશના માધ્યમથી કહેતા નથી. જે પદાર્થો અનભિલાપ્ય છે અથવા કેવળીના જ્ઞાનમાં માત્ર ભાસનારા છે અને લોકોપયોગી નથી તેવા પદાર્થોને છોડી જે પદાર્થો જીવોને ઉપકારક છે કે જ્ઞેય છે તેને જ કહે છે.

अणइवत्तिय - अनतिपत्य ( अव्य. )

(નહીં ઓળંગીને, ઉલ્લંઘન કર્યા વગર ૨. હિંસા ન કરીને)

આચારાંગસૂત્રમાં સાધ્વાચારની ઉત્કૃષ્ટ પરિભાષા વર્ણવી છે. તેમાં પ્રથમ શ્રુતસ્કંધના છઠ્ઠા અધ્યયનના પાંચમા ઉદ્દેશામાં સાધુધર્મને ઉદ્દેશીને જણાવ્યું છે કે, સંયમીએ કોઈપણ પ્રાણધારીનો અતિપાત ન કરવો જોઈએ અર્થાત્, કોઈપણ જીવની હિંસા સાધુએ ન કરવી.

अणइवर - अनतिवर ( न. )

(પ્રધાન, સર્વોત્તમ, શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ)

જેમ તારામાં ચંદ્ર, પર્વતોમાં મેરુ, ફૂલોમાં કમળ, જળમાં સમુદ્ર, દેવોમાં ઈન્દ્ર પ્રધાન છે. સર્વોત્તમ છે. તેમ સર્વ દેવી-દેવતાઓમાં વીતરાગ એવા જિનેશ્વર દેવ શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ છે, સર્વોત્તમ છે, મુક્તિદાતા છે, સંસાર સમુદ્રથી પાર ઊતારનારા છે, શરણ્ય છે.

अणइवरसोमचारुरूव - अनतिवरसोमचारुरूप ( त्रि. )

(અતિશય સૌમ્ય-દૃષ્ટિને સુખ ઉપજાવનારું સુંદર રૂપ જેનું છે તે)

ઔપપાતિકસૂત્ર અને તંદુલવૈચારિક નામના આગમગ્રંથોમાં અપ્સરાઓના રૂપ લાવણ્યના વર્ણનો પ્રાપ્ત થાય છે. જેમ કે સ્વર્ગની અપ્સરાઓ રૂપ લાવણ્યમાં બીજી કોઈપણ સ્ત્રીઓથી અતિશય ચઢિયાતી હોય છે. તેની હોડ કરનારી કોઈ સ્ત્રી હોતી જ નથી.

**अणइवाएमाण - अनतिपातयत् ( त्रि. )**

(નહીં મારતો, દુઃખ નહીં આપતો, પ્રાણાતિપાત નહીં કરતો)

પરમાત્માના વચનો જેને સ્પર્શ્યા છે. સર્વજ્ઞના શાસનને વિશે જેનું હૃદયકમળ ચોળ મજીઠની જેમ રંગાયેલું છે અને સમ્યગ્જ્ઞાનની પરિણતિ જ્વલંત છે તેવા સાધુભગવંતો ક્યારેય કોઈપણ જીવને મારતા નથી, દુઃખી કરતા નથી તેમજ પ્રાણાતિપાત કરતા નથી એમ આચારાંગસૂત્રમાં જણાવ્યું છે. જે પ્રાણાતિપાત કરે છે તે સંસારમાં જન્મ-મરણની પરંપરા પામે છે અને બોધિદુર્લભ બને છે.

**अणइविलंबियत्त - अनतिविलम्बितत्व ( न. )**

(સત્યવચનના ૩૫ અતિશયો પૈકીનો ૨૮મો અતિશય)

પરમાત્મા જિનેશ્વર પ્રભુની વાણીનો અનવરતપણે વર્તતો ૨૮મો અતિશય કોને વિસ્મિત નથી કરતો ? તેઓ જ્યારે સમવસરણમાં બેસી ચતુર્વિધ સંઘ સમક્ષ દેશના આપે ત્યારે તેમનો શીતળ ઉપદેશ અખંડિત ધારાએ વહેતો રહી સમસ્ત જીવોના ત્રિવિધ તાપને ઉપશમાવે છે.

**अणइसंधाण - अनतिसन्धान ( न. )**

(અવંચન, ન ઠગવું તે, ન છેતરવું તે)

જે ભવ્યજીવો જિનશાસનને પામ્યા છે. જેમણે તત્ત્વામૃતનું પાન કરેલું હોય એવા જિનેશ્વરના અનુયાયીજનોના જીવનમાં ક્યાંય પણ વંચના ન હોય. કોઈને પણ છેતરવાની કે ઠગવાની વૃત્તિ ન હોય. વંચના તે જ કરી શકે જે સમ્યગ્જ્ઞાનને પામ્યો નથી.

**अणं ( देशी )**

(ઋણ, દેવું)

**'ऋणं कृत्वा घृतं पिबेत्'** આ ઉક્તિ વૈદ્યકશાસ્ત્રની છે. જ્યારે નીતિશાસ્ત્ર કહે છે કે, જો તમારે સુખ-ચેનથી જીવવું હોય તો દેવાદાર ન બનશો. કારણ કે ઋણી વ્યક્તિને પ્રાયઃ કરીને આર્તધ્યાન થઈ જ જાય છે. જે સ્વાસ્થ્ય, વ્યવહાર અને સ્વહિતને હણી નાખે છે.

**अणंग - अनङ्ग ( न. )**

(આકાશ ૨. ચિત્ત ૩. મૈથુનની અપેક્ષાએ યોનિ અને લિંગથી ભિન્ન સ્તનાદિ અંગો ૪. બાર અંગથી ભિન્ન ૫. એક રાજપુત્ર ૬. મૈથુનના તીવ્રઅધ્યવસાય રૂપ કામ ૭. જેને અંગ-આકાર ન હોય તે, કામદેવ ૮. પુરુષને પુરુષ-સ્ત્રી કે નપુંસકને સેવવાની ઇચ્છા થાય અથવા હસ્તકર્મની ઇચ્છા થાય તે, એ પ્રમાણે સ્ત્રી અને નપુંસક માટે પણ સમજવું.)

જેનો આકાર ન હોય તેને અનંગ કહેવાય છે. કામદેવને પણ અંગ નથી કારણ કે, તે મનથી ઉત્પન્ન થાય છે માટે તેને પણ અનંગ કહેવામાં આવે છે. તાત્ત્વિક રીતે મોહના ઉદયથી જીવોને તીવ્ર મૈથુનેચ્છા થતી હોય છે. કહેવત છે કે 'જ્યાં કામ હોય ત્યાં રામ ન હોય અને જ્યાં રામ હોય ત્યાં કામ ન હોય' અર્થાત્, મોક્ષસિદ્ધિ કામના અભાવથી જ શક્ય બને છે.

**अणंगकिड्डा ( कीडा ) - अनङ्गक्रीडा ( स्त्री. )**

(કુચમર્દનાદિ કુચેષ્ટા કરવી તે ૨. હસ્તકર્મ ૩. શ્રાવકના ચોથાવ્રતનો ત્રીજો અતિચાર ૪. કામપ્રધાન ક્રીડા)

ઉપાસકદશાંગસૂત્રમાં શ્રાવકના વ્રતોની વિસ્તારથી ચર્ચા કરવામાં આવી છે. તેમાં ચોથાવ્રતના અતિચારોના વર્ણન પ્રસંગે કહ્યું છે કે, જે સ્વદારામાં સંતુષ્ટ છે તેવા શ્રાવકને માટે તીવ્ર કામભાવે અનંગક્રીડા કરવી તે ત્રીજો કે ચોથો અતિચાર બને છે માટે જ પરદારાદિનું કામવિકારથી દર્શન સ્પર્શ કે વાર્તાલાપાદિ ત્યાજ્ય છે.

**अणंगपडिसेविणी - अनङ्गप्रतिसेविनी ( स्त्री. )**

(લિંગ અને યોનિ સિવાયના મુખાદિ અંગે આહાર્યલિંગાદિથી વિષય સેવન કરનારી, પરપુરુષો સાથે વ્યભિચાર કરનારી)

અન્ય પુરુષો સાથે જે સ્ત્રી વ્યભિચારમાં આસક્ત રહે છે તેને મોહનીયનો અત્યંત ઉદય હોય છે. તેવી સ્ત્રી ગર્ભને ધારણ કરતી નથી એમ સ્થાનાંગસૂત્રના પાંચમાં સ્થાનકના બીજા ઉદ્દેશામાં કહેવાયું છે. વ્યભિચારમાં આસક્ત બનેલી સ્ત્રી સ્વ-પરનું પારાવાર નુકશાન કરનારી કહી છે.

**अणंगप्पविट्ठ - अनङ्गप्रविष्ट ( न. )**

(ભદ્રબાહુસ્વામી વગેરે સ્થવિરો દ્વારા રચિત આવશ્યકનિર્યુક્ત્યાદિ શ્રુતવિશેષ)

તીર્થંકરો દ્વારા પ્રરૂપિત અને ગણધર ભગવંતો દ્વારા સૂત્રબદ્ધ થયેલા શ્રુતજ્ઞાનને અંગપ્રવિષ્ટ કહેવામાં આવે છે. તે સિવાય અન્યાન્ય સ્થવિર ભગવંતો દ્વારા રચાયેલા ચૂર્ણિ, ભાષ્યાદિ શ્રુતનો સમાવેશ અનંગપ્રવિષ્ટ શાસ્ત્ર તરીકે કરવામાં આવેલો છે.

**अणंगमंजरी - अनङ्गमञ्जरी ( स्त्री. )**

(પૃથ્વીચૂડ રાજા અને રેખા રાણીથી જન્મેલી અનંગમંજરી નામે રાજકન્યા)

**अणंगसेण - अनङ्गसेन ( पुं. )**

(અનંગસેન અપર નામ કુમારનંદી ૨. સુવર્ણકારનો એક ભેદ)

**अणंगसेणा - अनङ्गसेना ( स्त्री. )**

(કૃષ્ણવાસુદેવના સમયમાં તે નામે દ્વારિકાની પ્રસિદ્ધ ગણિકા)

ભગવાન નેમિનાથ પ્રભુના પિતરાઈ ભાઈ શ્રીકૃષ્ણવાસુદેવના સમયમાં દ્વારિકાનગરીની જાહોજલાલી શાસ્ત્રોના પાને પાને વર્ણવાયેલી છે. તે સમયમાં દ્વારિકનગરીની પ્રધાન ગણિકાનું નામ અનંગસેના હતું તેમ આવશ્યકસૂત્રની ચૂર્ણિ વગેરેમાં નોંધાયેલું છે.

**अणंत - अनन्त ( त्रि. )**

(અનંત, અપરિમિત, નિરવધિક, અક્ષય, અપર્યવસાનિક ૨. કેવળજ્ઞાન ૩. આકાશ ૪. ભરતક્ષેત્રના આ ચોવીશીના ચૌદમા તીર્થંકર ૫. સાધારણકાયનો જીવ)

જેનો અંત ન હોય તેને અનંત કહેવાય છે અર્થાત્, નિરન્વયનાશથી પણ જે નાશ ન પામે તે અનંત છે. અનંતાર્થ વિષયોના જ્ઞાનના સ્વરૂપવાળું કેવળજ્ઞાન એવું જ અનંત છે. જેનો કોઈ પર્યન્ત નથી. સૂત્રકૃતાંગસૂત્રમાં આકાશને પણ અનંત કહેલું છે.

**अणंतइ - अनन्तजित् ( पुं. )**

(આ અવસર્પિણીકાળના ભરતક્ષેત્રના ચૌદમા તીર્થંકર પરમાત્માનું અપરનામ)

અનંતનાથ પ્રભુની માતાએ પ્રભુના ગર્ભધારણ સમયે સ્વપ્નમાં રત્નોથી જડેલી ખૂબ જ મોટા પ્રમાણવાળી માળા જોઈ હતી તેથી પ્રભુનું નામ અનંતનાથ રાખવામાં આવ્યું હતું. આવશ્યકસૂત્રની શ્રી મલયગિરિજીની ટીકામાં આનો વિસ્તૃત વૃત્તાંત મળે છે.

**अणंतंस - अनन्तांश ( पुं. )**

(અનંતમો ભાગ)

જ્યારે પણ કોઈ જીવ કેવલી ભગવંતને પૂછશે કે, 'ભગવંત આજ દિન સુધી સંસારમાંથી કેટલા જીવો મોક્ષે ગયા'? ત્યારે કેવળજ્ઞાની કહેશે કે, 'આજ દિવસ સુધીમાં એક સૂક્ષ્મનિગોદીયાના ગોળકનો અનંતમો ભાગ મોક્ષે ગયેલા છે' વિચારી જુઓ કે ચૌદ રાજલોકવર્તી જીવોની સંખ્યા કેટલી બહોળી હશે?

**अणंतकर - अनन्तकर ( त्रि. )**

(સંસારનો અંત કરવાને અશક્ત, સંસારનો અંત ન કરનાર)

સૂત્રકૃતાંગસૂત્રના બીજા શ્રુતસ્કંધના સાતમા અધ્યયનમાં કહેવાયું છે કે, જેઓ અન્ય જીવોનું ઉપમર્દન કરે છે અર્થાત્ તેઓની હિંસા કરે છે, અસહાય અને નિર્દોષ એવા પ્રાણીઓને મારે છે કે સતાવે છે તેવા અજ્ઞાની જીવોનો ક્યારેય સંસાર ખતમ થવાનો નથી.

**अणंतकाइय - अनन्तकायिक ( पुं. )**

(કંદમૂલાદિ અનન્તકાય, અનન્તકાયિક વનસ્પતિનો ભેદ)

કંદમૂલાદિ વનસ્પતિઓ કે જે અભક્ષ્ય ગણાય છે. તેને સાધારણ વનસ્પતિકાય પણ કહે છે. તેના પણ સૂક્ષ્મ અને બાદર એમ બે ભેદ છે. અનન્તકાય વનસ્પતિના સોય જેવડા એક ટુકડાના અસંખ્યાતમા ભાગમાં પણ અનન્ત જીવો રહેલા હોય છે. યાદ રાખજો ! ત્રણે જગતના સમસ્ત જીવો કરતા સૌથી મોટો જથ્થો આ વનસ્પતિના જીવોનો છે.

**अणंतकाय - अनन्तकाय ( पुं. )**

(કંદમૂળાદિ અનન્ત જીવવાળી વનસ્પતિ, અનન્તકાય)

પાંચ અણુવ્રત, ચાર ગુણવ્રત અને ત્રણ શિક્ષાવ્રતને ધારણકરનાર શ્રાવકનું જીવન ગૃહસ્થી માટે એક આદર્શ જીવન ગણવામાં આવેલું છે. ભગવાન મહાવીરે સાધુ અને શ્રાવક એમ બે ધર્મનું પ્રતિપાદન કરેલું છે. બન્ને ધર્મોમાં અનન્તકાયના જીવોની જયણા પાળવી અતિઆવશ્યક કહેલી છે.

**अणंतकाल - अनन्तकाल ( पुं. )**

(અનંતકાળ, છેડા વગરનો કાળ)

કાળની પરિભાષા જૈનધર્મમાં જેટલી સૂક્ષ્મ રીતે વર્ણવાયેલી છે તેવી કોઈ દર્શનમાં નથી. તેમાં એક સમયથી લઈને ભાવ પુદ્ગલપરાવર્ત સુધીના કાળનું વિભાજન કરેલું છે. જૈન દર્શને કાળને સ્વતંત્ર દ્રવ્ય તરીકે સ્વીકારી તેનો છ દ્રવ્યમાં સમાવેશ કરેલો છે.

**अणंतकित्ति - अनन्तकीर्त्ति ( पुं. )**

(અનંતકીર્તિ નામે એક જૈન મુનિ, કે જેમનું અપર નામ ધર્મદાસ ગણિ હતું)

જૈન પરંપરાનો ઇતિહાસ પુસ્તકમાં દર્શાવ્યું છે કે, જેઓએ સાધુઓને માટે અમૃતતુલ્ય ઉપદેશમાળા નામે સુંદર પ્રકરણ ગ્રંથની રચના કરેલી છે તે મુનિનું નામ અનંતકીર્તિ હતું. શ્વેતાંબર જૈન પરંપરામાં તેમની ધર્મદાસગણિ તરીકેની પ્રસિદ્ધિ થયેલી છે.

**अणंतखुत्तो - अनन्तकृत्वस् ( अव्य. )**

(અનંત વાર)

ભગવતીસૂત્રમાં શ્રીગૌતમસ્વામીજી મહારાજા ભગવાન મહાવીરને પૂછે છે કે, હે ભગવંત! અતીતમાં આ જીવ નારકીમાં કેટલી વાર ઉત્પન્ન થયો છે ? ભગવંતે કહ્યું કે, હે ગૌતમ! પૂર્વમાં આ જીવ અનેકવાર અથવા અનંતીવાર નારકીમાં ઉત્પન્ન થયો છે.

**अणंतग ( य ) - अनन्तक ( न. )**

(ગણના કે સંખ્યાનો એક ભેદ, અનંત)

સ્થાનાંગસૂત્રમાં ગણતરીરૂપ સંખ્યાવાચી 'અનન્તક' શબ્દની વિસ્તારથી વ્યાખ્યા કરવામાં આવેલી છે. તેના જુત્ત અનંત, પરિત્ત અનંત અને અનંતાનંત એમ ત્રણ ભેદ અથવા પ્રત્યેકના જઘન્ય મધ્યમ અને ઉત્કૃષ્ટ એમ ત્રણ ત્રણ ભેદ હોવાથી કુલ નવ ભેદ ગણાવેલા છે. તેમાંના ગમે તે એક ભેદને પણ અનન્તક કહેવામાં આવેલો છે.

**★अणंतग ( त्रि. )**

(અવિનાશી, શાશ્વત)

અનિત્યાદિ બાર ભાવનામાંનો એક પ્રકાર આવે છે લોકસ્વરૂપ ભાવના. આ ભાવનામાં સમસ્ત ચૌદરાજલોકના સ્વરૂપનું ચિંતન કરવાનું હોય છે. સાત નરક, તિર્ચ્છાલોક, બાર દેવલોક, નવ ગ્રૈવેયક, પાંચ અનુત્તર તથા વિનાશી પૌદ્ગલિક પરિણામો ચિંતવવાના હોય છે. અંતે એક જ વિચાર કરવાનો હોય છે કે, આ સંસારના દરેક પદાર્થો અને સુખો વિનાશી અને અશાશ્વત છે. જ્યારે સિદ્ધગતિમાં રહેલું આત્મિક સુખ નિરાબાધ, અવિનાશી અને શાશ્વત છે.

**अणंतगुणिय - अनन्तगुणित ( त्रि. )**

(અનંતગણું, અનંતે ગુણેલું)

શાસ્ત્રમાં કહેલું છે કે, માતાના ગર્ભમાં રહેલા જીવને ઉત્પત્તિ સમયે જેટલું દુઃખ હોય છે તે સામાન્ય દુઃખો કરતાં આઠગણું વધારે હોય છે અને નિગોદમાં રહેલા જીવોને તો તેનાથી અનંતગણું વધારે દુઃખ હોય છે.

**अणंतघाइ ( ण् ) - अनन्तघातिन् ( पुं. )**

(આત્માના મૂળ ગુણોનો ઘાત કરનાર કર્મપ્રકૃતિ, ઘાતિકર્મની પ્રકૃતિ)

કર્મ બે પ્રકારના છે ઘાતિ અને અઘાતિ. જે કર્મો આત્માના જ્ઞાનાદિ ગુણોનો ઘાત નથી કરતા તે અઘાતિ કર્મ અને જે કર્મો જ્ઞાન, દર્શનાદિ આત્માના ગુણોનો ઘાત કરે છે તે ઘાતિકર્મ. આ ઘાતિકર્મનો એક પ્રકાર છે અનન્તઘાતિ. આ કર્મ આત્માના અનંત જ્ઞાન-દર્શન અને ચારિત્રરૂપ મૂળગુણોનો નાશ કરનાર હોવાથી તેને અનન્તઘાતિન્ કહેલા છે.

**अणंतचक्खु - अनन्तचक्षुष् ( पुं. )**

(કેવળજ્ઞાની, અંતરહિત જ્ઞાનના ધારક)

તીર્થંકર ભગવંતના ઉપનામોમાં એક નામ આવે છે અનંતચક્ખુ અર્થાત્, તેઓ અનંતા ભૂતકાળ, અનંતા ભવિષ્ય કાળ અને વર્તમાન એમ ત્રણેયકાળના સર્વ ભાવ અને સર્વ પદાર્થોના જ્ઞાતા હોય છે. તેમના જ્ઞાનની કોઇ સીમા હોતી નથી. વળી તેઓ અનંતજ્ઞાની, અનંતદર્શી અને કેવલજ્ઞાની હોય છે.

**अणंतजिण - अनन्तजिन ( पुं. )**

(વર્તમાન અવસર્પિણીના ભરતક્ષેત્રના ચૌદમા તીર્થંકર, અનંતનાથ)

**अणंतजीव - अनन्तजीव ( पुं. )**

(અનંત જીવવાળી વનસ્પતિ, કંદમૂળ વગેરે સાધારણ વનસ્પતિ)

શાસ્ત્રોમાં અનંતકાયના બત્રીસ ભેદ બતાવવામાં આવેલા છે. અનંતકાયના ભક્ષણમાં અનંતા જીવોનો ઘાત હોવાથી જિનધર્મ અને જિનાજ્ઞાનું પાલન કરનારા આપણા સૌના હિત માટે પરમાત્માએ આ બત્રીસે અનંતકાય ત્યાજ્ય કહેલા છે.

**अणंतजीविअ - अनन्तजीविक ( पुं. )**

(અનંતકાયિક વનસ્પતિ વિશેષ, અનંત જીવો જેમાં છે તે)

એક શરીરમાં એક જીવ હોય તેને પ્રત્યેક કહેવાય છે અને એક જ શરીરમાં અનંતા જીવો એકસાથે વાસ કરતા હોય તેને અનન્તજીવિક અર્થાત્, અનંતકાય કહેવાય છે. મનુષ્યપણું અને જૈનપણું મળવા છતાં જે લોકો એક ઘરમાં એક સાથે નથી રહી શકતા તેમને કર્મસત્તા અનંતકાયિક વનસ્પતિના ભયાનક સ્થાનમાં ફેંકી દે છે કે તેમની ઇચ્છા હોય કે ન હોય, અજ્ઞાનવશે અને અનંતા દુઃખ સાથે અનંતા જીવોની સાથે ફરજીયાતપણે રહેવું પડે છે.

**अणंतणाण - अनन्तज्ञान ( न. )**

(કેવળજ્ઞાન)

જ્ઞાન બે પ્રકારના આવે છે. ૧. પ્રતિપાતિ અને ૨. અપ્રતિપાતિ. જે જ્ઞાન મહેમાનની જેમ આવીને પાછું જતું રહી શકે તે પ્રતિપાતિજ્ઞાન છે અને જે જ્ઞાન એકવાર આવ્યા પછી પુનઃ ક્યારેય પાછુ ન જાય, કાયમ સાથે રહે તે અપ્રતિપાતિજ્ઞાન છે. સ્વ-પર પર્યાયની અનંત વસ્તુ જેનાથી જણાય છે તે કેવળજ્ઞાન આ પ્રકારનું અપ્રતિપાતિજ્ઞાન કહેવાય છે.

**अणंतणाणदंसि ( ण् ) - अनन्तज्ञानदर्शिन् ( पुं. )**

(કેવળજ્ઞાન અને કેવળદર્શનવાળા, કેવળી, સર્વજ્ઞ)

સર્વે ઘાતિકર્મોના ક્ષયથી જેઓને અનંતજ્ઞાન અને અનંતદર્શન પ્રાપ્ત થયું છે તેવા કેવલી ભગવંતોને અનંતજ્ઞાનદર્શી કહેવાય છે. તેઓને સમસ્ત કર્મોના આવરણો હટી ગયેલા હોવાથી જગતના તમામ પદાર્થ અરિસામાં પડતા પ્રતિબિંબની જેમ સર્વ પર્યાયસહિત મૂળભૂત સ્વરૂપે દેખાય છે.

**अणंतणाणि ( ण् ) - अनन्तज्ञानिन् ( पुं. )**

(અનંતજ્ઞાની, કેવળજ્ઞાની, સર્વજ્ઞ, તીર્થંકર)

મતિજ્ઞાન એ જ્ઞાનનું પ્રથમ પગથિયું છે, તો કેવલજ્ઞાન એ અંતિમ સિદ્ધિ છે. કેવલજ્ઞાન પ્રાપ્ત કર્યા બાદ કોઇ જ જ્ઞાન પ્રાપ્ત કરવાનું રહેતું નથી. કેમ કે કેવલજ્ઞાન પ્રાપ્ત કરનાર સર્વજ્ઞ કહેવાય છે. સર્વજ્ઞની વ્યાખ્યા કરતાં કહ્યું છે કે, **'सर्वं ज्ञायते येन स इति सर्वज्ञः'** અર્થાત્, જે લોકના સર્વ પદાર્થો, સર્વ દ્રવ્યોના ભાવો અને પરિણામોને જાણે છે, જેમનાથી હવે કાંઇ જ અજ્ઞાત નથી તે સર્વજ્ઞ છે. આવા સર્વજ્ઞ ભગવંતનું શાસન આપણને મળ્યું એ આપણું પરમ અહોભાગ્ય છે.

**अणंतदंसि ( ण् ) - अनन्तदर्शिन् ( पुं. )**

(કેવળદર્શની, સર્વજ્ઞ)

**अणंतपएसिय - अनन्तप्रदेशिक ( पुं. )**

(અનંત પ્રદેશાત્મક સ્કંધ, અનંત પરમાણુઓ ભેગા થવાથી બનેલો એક પદાર્થ)

ભગવતીસૂત્રના ૮મા શતકના બીજા ઉદ્દેશામાં સ્કંધની વ્યાખ્યા કરેલી છે. લોકાકાશમાં રહેલા અનંત પરમાણુઓથી એક દેશ બને છે. આવા અનંત દેશ ભેગા મળે ત્યારે એક પ્રદેશ બને છે અને આવા અનંત પ્રદેશોના જથ્થા વડે એક સ્કંધ બને છે.

**अणंतपार - अनन्तपार ( स्त्री. )**

(પાર વગરનું, અપાર, વિસ્તારયુક્ત સીમા વિનાનું)

ભૂતકાળમાં અનંતકાળ પસાર થઇ ગયા અને ભવિષ્યમાં અનંતકાળ પસાર થવાનો હોવાથી આ સંસાર અટવી અપાર છે. આ સંસારના કાળચક્રમાં જીવે અનંતકાળ સુધી કેટલાય જન્મ-મરણ કર્યા અને ન જાણે ભવિષ્યમાં હજુ કેટલા કાળ સુધી જન્મ-મરણ કરશે. માટે જો અપાર એવા સંસારથી પાર પામવું હશે તો એક જિનધર્મ એ જ શરણ્ય છે. તેની શરણે આવેલો ક્યારેય સંસારના વમળમાં રહેતો જ નથી.

**अणंतपासि ( ण् ) - अनन्तदर्शिन् ( पुं. )**

(ઐરવતક્ષેત્રના આગામી ચોવીસીના વીસમા તીર્થંકર)

**अणंतमिस्सिया - अनन्तमिश्रिता ( स्त्री. )**

(સત્યમૃષા ભાષાનો એક ભેદ, અનંતમિશ્રિત)

પ્રજ્ઞાપનાસૂત્ર નામક આગમમાં ભાષાના જે ભેદ બતાવવમાં આવ્યા છે તેમાંનો એક ભેદ છે સત્યમૃષા ભાષા. આ સત્યમૃષા ભાષાનો એક પેટાભેદ છે અનંતમિશ્રિતા ભાષા. કોઇ વ્યક્તિ પ્રત્યેક વનસ્પતિકાયની સાથે રહેલા કંદમૂલાદિકને જોઈને આ બધું અનંતકાય છે એમ કહે, તો તેનું એ કથન અનંતમિશ્રિતા સત્યમૃષા ભાષા બને છે. કેમ કે અનંતકાય રહેલા હોવાથી સત્ય પણ છે અને તે અનંતકાયનો વ્યપદેશ સર્વ વસ્તુ માટે કરતો હોવાથી મૃષા પણ છે.

**अणंतमीसय - अनन्तमिश्रक ( न. )**

(સત્યમૃષા ભાષાનો એક ભેદ, અનંતમિશ્રક)

**अणंतमोह - अनन्तमोह ( त्रि. )**

(અનંત મોહ-દર્શનમોહનીયકર્મ જેને છે તે, મિથ્યાત્વી, અજ્ઞાની)

તીવ્ર દર્શનમોહનીયકર્મના ઉદયે આત્મા પર મોહનું એવું ગાઢ આવરણ ચઢી ગયેલું હોય છે કે તેને સત્ય વસ્તુ સામે દેખાવા છતાં તેને સ્વીકારવા તૈયાર થતો નથી. મિથ્યાત્વથી રંગાયેલો તે અસત્ય અને પ્રચુર કર્મબંધના સ્થાનોમાં જ રાચ્યો-માચ્યો રહે છે.

**अणंतर - अनन्तर ( त्रि. )**

(વ્યવધાનરહિત, અંતરરહિત ૨. પું.વર્તમાન સમય ૩. ક્રિ.વિ. પછી, બાદ)

આ ભવમાં મોજ-શોખ, ફેશન-વ્યસન અને જાત જાતના નખરાઓ પાછળ જ સમય વિતાવનારા તમે ક્યારેય વિચાર કર્યો છે ખરો કે, આયુષ્ય પૂરું થતાં જ મારે બીજા ભવમાં જવાનું છે. નવો જન્મ લેવાનો છે. કાલે મારું શું થશે ? જો અહીંયા વર્તમાન સમયમાં તમે પુણ્યનું થોડુંક પણ ભાથું નથી બાંધ્યું તો સમજી લેજો કે, પછી ક્યાંક કૂતરા, બિલાડાના ભવમાં ફેંકાઇ જશો અને જેમ અહીં ખાવા-પીવાની પાછળ ભાગો છો તેમ ત્યાં રોટલાના ટૂકડા પાછળ દોડતા રહેશો. માટે હજી પણ સમય છે. જાગી જાવ !

**अणंतरखेत्तोगाढ - अनन्तरक्षेत्रावगाढ ( त्रि. )**

(આત્મા અને શરીરના અવગાઢક્ષેત્રની અપેક્ષાએ અત્યંત પાસેના ક્ષેત્ર-આકાશપ્રદેશને અવગાહીને રહેલું)

કેવલી ભગવંત પોતાના આયુષ્યનો ક્ષય આવ્યે છતે બાકી રહેલા સર્વે અઘાતિ કર્મોનો ક્ષય કરીને જ્યારે મોક્ષમાં જાય છે ત્યારે સ્વસ્થાનથી સિદ્ધગતિ સુધીની વચ્ચે રહેલા એક-બીજાને પરસ્પર અવગાહીને (સ્પર્શીને) રહેલા પ્રત્યેક આકાશપ્રદેશને સ્પર્શ કરતાં કરતાં જાય છે.

**अणंतरखेदोववण्णग - अनन्तरखेदोपपन्नक ( त्रि. )**

(સમયાદિના અંતરરહિત ખેદપૂર્વક ઉત્પત્તિ છે જેની તે, ખેદસહિત ઉત્પત્તિના પ્રથમ સમયવાળો નૈરયિકજીવ)

ભગવતીસૂત્રના ચૌદમા શતકના પ્રથમ ઉદ્દેશામાં કહેલું છે કે, નરકગતિમાં ઉત્પન્ન થયેલા જીવોને પ્રથમ સમયથી લઇને સંપૂર્ણ આયુષ્યનો ક્ષય થાય ત્યાં સુધીના સમયમાંનો એક પણ સમય એવો નથી કે જેમાં તેને એક ક્ષણનું પણ સુખ મળે. તેમના સ્થાનની

ઉત્પત્તિ પણ દુઃખપૂર્વકની હોય છે. ત્યાંનું જીવન દુઃખ પ્રચુર હોય છે અને મૃત્યુ પણ વેદનાપૂર્ણ હોય છે. નરકના જીવોને પ્રત્યેક ક્ષણમાં ઘોરાતિઘોર વેદનાનો અનુભવ કરવો પડતો હોય છે.

**अणंतरगंठिय - अनन्तरग्रन्थित ( त्रि. )**

(અંતરરહિત એકની પાસે બીજી ત્રીજી એમ પાસે પાસે લાગેલી ગાંઠોની સાથે ગુંથેલું)

ગૂંથણકલા એ ભારતની પ્રાચીન હસ્તકલા છે. તેમાં હથોટી મેળવેલા કારીગરો એવી બેનમૂન રચનાઓ બનાવતા હોય છે કે, તેને જોનારા મોઢામાં આંગળી નાખી દે. કેટલાક કારીગરો માત્ર ગાંઠોની કરામતથી સામાન્ય દોરીને પણ કલાકૃતિનો ઓપ આપે છે. પાસે પાસે રહેલી ગાંઠો એવી રીતે ગૂંથેલી હોય કે, જોનારને એમ થઈ જાય કે ઓહ શું આવું પણ હોઈ શકે ? પરમાત્મા કહે છે કે, આવું થવું એ તો સામાન્ય છે. પરંતુ કર્મસત્તા જીવોના મનમાં રહેલા રાગ-દ્વેષની ગ્રન્થિના કારણે એવી એવી ગતિઓમાં ફેંકી દે છે કે, જીવનો ફરીવાર સત્યધર્મની પ્રાપ્તિ દ્વારા ઉદ્ધાર થવો અશક્ય લાગે.

**अणंतरच्छेय - अनन्तरच्छेद ( पुं. )**

(પોતાના નખ કે દાંતથી છેદન કરવું તે, નખ કે દાંતથી બે ટુકડા કરવા)

નિશીથચૂર્ણિના પ્રથમ ઉદ્દેશામાં કહેલું છે કે, જેમ લોકમાં બીજા પર પ્રહાર કરવા માટે મુક્કા, લાત આદિનો પ્રયોગ થાય છે તેમ જીવ પોતાના જ શરીર ઉપર પોતાના જ દાંત કે નખાદિથી પ્રહાર કરે તો તેને અનંતર છેદ કહેવાય. આવું બનવાના ઉદાહરણો પણ લોકમાં પ્રસિદ્ધ છે.

**अणंतरणिग्गय - अनन्तरनिर्गत ( त्रि. )**

(આંતરારહિત એક જ સમયે નીકળેલું)

**अणंतरदिट्ठंतय - अनन्तरदृष्टान्तक ( पुं. )**

(પરોક્ષ હોવાથી દાર્ષ્ટાન્તિક અર્થને સાધી આપનાર ન હોય તેવો દૃષ્ટાન્તનો ભેદવિશેષ)

કોઈ ચર્ચા, વાદ, કે શાસ્ત્રમાં પોતાના મત કે કથનને સિદ્ધ કરવા માટે તેની પુષ્ટિ કરનારા ઉદાહરણોનો પ્રયોગ કરવામાં આવતો હોય છે. પરંતુ દશવૈકાલિકસૂત્રમાં અનન્તરદૃષ્ટાન્ત નામક દૃષ્ટાન્તનો એક ભેદ બતાવવામાં આવેલો છે. તેના માટે કહેલું છે કે, વાતની પુષ્ટિ માટે આવા દૃષ્ટાન્તનો પ્રયોગ કરવા છતાં પણ તે દૃષ્ટાન્ત પરોક્ષ અને આગમગમ્ય હોવાથી તે દાર્ષ્ટાન્તિક અર્થને સાધવામાં સમર્થ થતું નથી.

**अणंतरपच्छाकड - अनन्तरपश्चात्कृत ( त्रि. )**

(વર્તમાનથી પહેલાનો સમય, વર્તમાનની જોડેનો આગલો સમય)

બાણમાંથી નીકળેલું તીર, બંદૂકમાંથી નીકળેલી ગોળી, મુખમાંથી નીકળેલું વચન અને એકવાર ગયેલો સમય પાછા આવતા નથી. વર્તમાનની પ્રત્યેક ક્ષણ બીજી જ ક્ષણે ભૂતકાળ બની જાય છે અને તે આગલી ક્ષણમાં થઈ ગયેલી ભૂલ બીજી ક્ષણથી લઈને આખી જીંદગી સુધી સાલે છે. એમ થાય છે કે અરે, આ એક ક્ષણ પહેલા મેં આમ ન કર્યું હોત તો ? માટે જ શાસ્ત્રમાં કહેલું છે કે **'खणं जाणाह पंडीए'** જે ક્ષણને જાણે છે તે પંડિત છે.

**अणंतरपज्जत्त - अनन्तरपर्याप्त ( पुं. )**

(પર્યાપ્ત થવાનો પ્રથમ સમય, પ્રથમ સમયમાં પર્યાપ્ત નારકાદિ)

જીવોના બે પ્રકાર છે. પર્યાપ્ત અને અપર્યાપ્ત. જે જીવો જીવન જીવવા યોગ્ય પર્યાપ્તિ પૂર્ણ કર્યા વગર મૃત્યુ પામે અથવા જ્યાં સુધી પર્યાપ્તિ પૂર્ણ ન કરી હોય ત્યાં સુધી અપર્યાપ્ત કહેવાય છે. પરંતુ જે જીવને વિષે હવે 'આ નિશ્ચે પર્યાપ્ત છે' એમ નક્કી થાય તેના પ્રથમ સમયને અનન્તરપર્યાપ્ત કહેવાય છે.

**अणंतरपरंपरअणिग्गय - अनन्तरपरम्परानिर्गत ( पुं. )**

(પ્રથમ સમયમાંથી નીકળેલું)

ભગવતીસૂત્રના ૧૪મા શતકના પ્રથમ ઉદ્દેશામાં કહેલું છે કે, જે જીવો નરકનું આયુષ્ય પૂર્ણ કરીને પ્રથમ સમયે ત્યાંથી બીજી ગતિમાં જવા માટે નીકળી ગયા છે, પરંતુ હજી બીજાભવમાં ઉત્પત્તિ થઈ નથી તેવા વિગ્રહગતિમાં રહેલા જીવને અનંતરપરંપરાનિર્ગત

કહેવાય છે.

**अणंतरपरंपरअणुववण्णग - अनन्तरपरम्परानुपपन्नक ( पुं. )**

(અનંતર-અંતરરહિત અને પરંપરાએ બીજા, ત્રીજા સમયમાં ઉત્પત્તિ નથી જેની તે; વિગ્રહગતિક જીવ)

**अणंतरपरंपरखेदाणुववण्णग - अनन्तरपरम्परखेदानुपपन्नक ( पुं. )**

(તુરતમાં કે પરંપરાએ ખેદપૂર્વક નથી ઉત્પત્તિ જેની એવો જીવ, વિગ્રહગતિવાળોજીવ)

જેમ મરણ સમયે જીવને તીવ્ર વેદના હોય છે તેવી જ વેદના જન્મ સમયે પણ થતી હોય છે. પરંતુ મૃત્યુ પામ્યા પછી જે વિગ્રહગતિમાં રહેલા જીવો છે તેઓને બીજા કે ત્રીજા સમય સુધી ઉત્પત્તિનો અભાવ હોવાથી તેઓને શાસ્ત્રીય ભાષામાં અનંતરપરંપરખેદાનુપપન્નક કહેલી છે.

**अणंतरपुरक्खड - अनन्तरपुरस्कृत ( त्रि. )**

(વર્તમાનની જોડેનો પાછલો સમય, અનન્તર બીજો)

આવનારી પ્રત્યેક ક્ષણ પોતાની ભીતરમાં શું સમાવીને બેઠી હોય છે તેની આપણને ખબર નથી હોતી. આથી પરમાત્માએ કહ્યું છે કે, તારા મન-વચન-કાયાની દરેક પ્રવૃત્તિ સન્માર્ગે જનારી હોવી જોઇએ. જિનેશ્વર ભગવંતોએ કહેલા તમામ અનુષ્ઠાનો આત્માની ભૂતકાળમાં થયેલી ભૂલોને સુધારવા માટે અને વર્તમાન પછી આવનારા સમયને સુંદર બનાવવા માટે હોય છે. જેનું પાલન શાશ્વત સુખના ઇચ્છુક પ્રત્યેક આત્માએ કરવું જોઇએ.

**अणंतरसमुदाणकिरिया - अनन्तरसमुदानक्रिया ( स्त्री. )**

(વ્યવધાનરહિત સમુદાન ક્રિયા, પ્રથમ સમયવર્તી સમુદાન ક્રિયા)

શાસ્ત્રમાં કહેલું છે કે, જીવ પ્રતિક્ષણ નવા નવા કર્મોનો બંધ કરતો જ રહે છે. પરંતુ કેટલીક વખત બંધાતા તે કર્મોનો રસબંધ અને પ્રદેશબંધ પ્રકૃતિ અને સ્થિતિ કરતા ભિન્ન થતા હોય છે આથી તે ગૃહીત કર્મોને પ્રકૃતિ અને સ્થિત્યાદિને અનુરૂપ વ્યવસ્થિત કરવામાં આવે છે આ પ્રક્રિયાને સમુદાનક્રિયા કહેવામાં આવે છે. આ પ્રક્રિયાના પ્રથમ સમયને અનંતરસમુદાનક્રિયા કહેવામાં આવે છે.

**अणंतरसिद्ध - अनन्तरसिद्ध ( पुं. )**

(પ્રકૃત સમયમાં સિદ્ધ થયેલા હોય તે, સિદ્ધત્વના પ્રથમ સમયમાં વર્તતા સિદ્ધ)

ઘાતી અને અઘાતી એમ બન્ને પ્રકારના કર્મોનો સર્વથા ક્ષય કરીને, ચારેય પ્રકારની ગતિઓનો નાશ કરીને પંચમગતિને વરેલા અર્થાત્, સિદ્ધગતિમાં પહોંચેલા સિદ્ધભગવંતો જ્યારે સિદ્ધત્વના પ્રથમ સમયમાં રહેલા હોય ત્યારે તેઓ અનંતરસિદ્ધ કહેવાય છે.

**अणंतरहिय - अनन्तरहित ( त्रि. )**

(વ્યવધાનરહિત ૨. સચિત્ત, સજીવ)

પંચમહાવ્રતના ધારક સાધુભગવંતો માટે હિંસાનો સર્વથા ત્યાગ કહેલો છે. તેઓ સચિત્ત આહાર-પાણી, સચિત્ત ભૂમિ કે પછી જેમાં પણ સચિત્ત જીવોનો વાસ હોય તેની હિંસા તો નથી જ કરતાં પરંતુ, તેનો સ્પર્શ શુદ્ધાય ન કરે. આ મહામુનિઓ સચિત્ત ભૂમિ પર પગ પણ મૂકે નહીં. બતાવો! આજના કાળમાં ક્યાં મળશે આવા ઉત્કૃષ્ટ અહિંસાના પ્રતિપાલક ?

**अणंतरागम - अनन्तरागम ( पुं. )**

(આગમનો ભેદ વિશેષ)

આગમ બે પ્રકારના કહેલા છે. અનંતરાગમ અને પરંપરાગમ. વર્તમાન સમયમાં આપણી પાસે જે આગમો આવેલા છે તે પરંપરાગમ છે. તીર્થંકર ભગવંતે ગણધર ભગવંતોને જ્ઞાન આપ્યું, ગણધરોએ પોતાના શિષ્યોને અને તેમના શિષ્યોએ પોતાના શિષ્યોને એમ શ્રેણીથી આવેલા આગમ પરંપરાગમ બને છે. પરંતુ તીર્થંકર ભગવંતો અર્થમાં જ દેશના આપતા હોવાથી અર્થની અપેક્ષાએ તીર્થંકર ભગવંતે ગણધરોને સંભળાવેલા આગમ તે અનન્તરાગમ છે જ્યારે ગણધર ભગવંતો સૂત્રની રચના કરતા હોવાથી સૂત્રની અપેક્ષાએ ગણધર ભગવંતોએ શિષ્યોને સંભળાવેલા આગમ અનંતરાગમ બને છે.

**अणंतराहारग - अनन्तराहारक ( पुं. )**

(જીવના પ્રદેશની અત્યંત પાસે અર્થાત્, આંતરારહિત રહેલા પુદ્ગલોનો આહાર કરનાર નારકી વગેરે જીવ)

જે આહારના કોળિયા કરીને મુખ વાટે ખાઇ શકાય તેને કવલાહાર કહેવાય અને જેને મુખથી નહીં પરંતુ, શરીર દ્વારા આરોગી શકાય તેને લોમાહાર કહેવાય છે. મનુષ્ય અને તિર્યંચ ગતિમાં રહેલા જીવોને આ બન્ને પ્રકારના આહાર સંભવે છે. જ્યારે દેવ અને નારકના જીવોને કવલાહાર ન હોવાથી તેઓ લોમાહાર કરે છે. તેઓ સ્વયં જે આકાશ પ્રદેશને અવગાહીને રહેલા હોય છે તે પ્રદેશની નજીમાં જ રહેલા આકાશ પ્રદેશમાંથી આહારના પુદ્ગલોને શરીરના માધ્યમથી ગ્રહણ કરતાં હોય છે.

**अणंतरिय - अनन्तरित ( त्रि. )**

(અવ્યવહિત, વ્યવધાનરહિત)

પરમાત્મા સાથેનો આપણો તાદાત્મ્ય સંબંધ હોવો જોઇએ. જેમાં પરમાત્મા અને આપણે આ બન્નેની વચ્ચે બીજું કોઇ પ્રવેશી જ ના શકે. બન્નેના આત્માની વચ્ચે કોઇ જ વ્યવધાન કે અંતર ન હોય. પ્રભુ સિવાયનો પરિવાર કે અન્ય સ્વજનોનો પ્રેમ સ્પર્શી જ ન શકે તેનું નામ તાદાત્મ્ય સંબંધ. અવધૂત યોગી આનંદઘનજી મહારાજનો પરમાત્મા સાથે આવો જ તાદાત્મ્ય સંબંધ હતો. આથી જ તો તેમણે પોતાના સ્તવનમાં કહેલું છે કે, 'ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો ઓર ન ચાહું રે કંત'

**अणंतरोगाढग - अनन्तरावगाढक ( पुं. )**

(પ્રકૃત સમયમાં આકાશ પ્રદેશને અવગાહી રહેલો જીવ)

સ્થાનાંગસૂત્રના દ્વિતીય સ્થાનના પ્રથમ ઉદ્દેશામાં કહેલું છે કે, નારકી વગેરેના જીવો પ્રકૃત સમયે અર્થાત્, પ્રથમ સમયમાં વિવક્ષિત દ્રવ્ય કે ક્ષેત્રને વિષે વ્યવધાનરહિત અવગાહીને રહેલા હોય ત્યારે તેઓ અનંતરાવગાઢક કહેવાય છે.

**अणंतरोवणिहा - अनन्तरोपनिधा ( स्त्री. )**

(અનંતર-પાસેના યોગસ્થાન સાથે તેના પછીના યોગસ્થાનની માર્ગણા કરવી તે)

**उपनिधा** શબ્દ સોપસર્ગ **उप**, **नि** અને **धा** ધાતુ એમ ત્રણ શબ્દ પરથી બનેલા છે. **उप** એટલે નજીકમાં અને **निधा** એટલે રહેલું. સંસ્કૃતમાં ધાતુના અનેક અર્થો થતા હોવાથી **उपनिधा** એટલે માર્ગણાનો અર્થ કરેલો છે. અર્થાત્ પૂર્વના યોગસ્થાનને આશ્રયીને ઉત્તરવર્તી રહેલા યોગસ્થાનની માર્ગણાને અનન્તરોપનિધા કહેવાય છે એમ કર્મપ્રકૃતિ ગ્રંથમાં જણાવેલું છે.

**अणंतरोववण्णग - अनन्तरोपपन्नक ( पुं. )**

(પ્રથમ સમયમાં ઉત્પન્ન થયેલ જીવ, જેને ઉપજ્યે એક સમય થયો છે તે નૈરયિકથી લઈ વૈમાનિક સુધીના જીવ)

મનુષ્ય કે તિર્યંચ ગતિમાં ઉત્પન્ન થયેલા જીવોને જન્મ બાદ શરીર અને મન-બુદ્ધિ આદિની વૃદ્ધિ થતાં કેટલાક દિવસો કે મહિનાઓ લાગતા હોય છે. પરંતુ નરક અને દેવલોકમાં ઉત્પન્ન થનારા જીવોમાં ઉત્પન્ન થતાં જ તેઓ એકદમ યુવાવસ્થા જેવા શરીરવાળા હોય છે.

**अणंतवग्गभइय - अनन्तवर्गभक्त ( त्रि. )**

(અનંતને અનંત ગુણા કરી તેને વિભક્ત કરેલું, અનંતને વર્ગે કરી ભાગ પાડેલું-વહેચણી કરેલું)

**अणंतवत्तियाणुप्पेहा - अनन्तवृत्तितानुप्रेक्षा ( स्त्री. )**

(શુક્લધ્યાનની પ્રથમ અનુપ્રેક્ષા, અનંતકાળથી ભવ ભ્રમણ થાય છે તેનાથી નિવર્તવાનું ચિંતવન કરવું તે)

આ જીવ અનાદિકાળથી દેવ-મનુષ્ય-તિર્યંચ અને નારક યોનિમાં ભમતો જ રહ્યો છે અને ન જાણે હજી કેટલું ભમશે તે પણ ખબર નથી. આ પ્રકારના ચિંતનને અનંતવૃત્તિતાનુપ્રેક્ષા કહેવાય છે. શુક્લધ્યાનના ચાર પાયામાંની આ પ્રથમ અનુપ્રેક્ષા છે.

**★अनन्तवर्तितानुप्रेक्षा ( स्त्री. )**

(શુક્લધ્યાનની ભાવનાનો એક ભેદ)

**अणंतविजय - अनन्तविजय ( पुं. )**

(ભરતક્ષેત્રમાં આવતી ચોવીસીમાં થનારા ચોવીસમા તીર્થંકર ૨. યુધિષ્ઠિરનો શંખ)

મહાભારતમાં જેમ કૃષ્ણ વાસુદેવ પાસે પંચજન્ય શંખ હતો અર્જુન પાસે ગાંડીવ નામક ધનુષ્ય હતું. તેમ પાંચેય પાંડવોમાં સૌથી જ્યેષ્ઠ ભ્રાતા યુધિષ્ઠિર પાસે યુદ્ધમાં વિજયનાદ કરનાર એક શંખ હતો જેનું નામ અનંતવિજય હતું. ત્રિષષ્ઠિશલાકાપુરુષ ચરિત્રમાં આનો ઉલ્લેખ આવે છે.

**अणंतविण्णाण - अनन्तविज्ञान ( पुं. )**

(કેવળજ્ઞાન)

અનંત ભૂતકાળ અને અનંત ભવિષ્યકાળના સર્વે દ્રવ્ય-ગુણ અને પર્યાયનું સર્વગ્રાહી જ્ઞાન ધરાવનાર કેવળજ્ઞાન એ પાંચ જ્ઞાનોમાં સર્વોત્કૃષ્ટ છે. જે જીવે કૈવલ્યજ્ઞાનની પ્રાપ્તિ કરી છે તેને પછી કોઇ જ જ્ઞાનની આવશ્યકતા રહેતી નથી અને તે ભવ્યાત્મા પુનઃ ક્યારેય સંસારમાં જન્મ લેતો નથી.

**अणंतवीरिय - अनन्तवीर्य ( पुं. )**

(ભરતક્ષેત્રમાં આવતી ચોવીસીમાં થનારા તેવીસમા તીર્થંકર ૨. એક ઋષિ, કાર્તવીર્યના પિતા)

જેમણે પોતાના પરશુ નામક શસ્ત્ર વડે એકવીસ વખત આખી પૃથ્વી ક્ષત્રિય રહિત કરી હતી તેવા પરશુરામના પિતા જમદગ્નિની પત્ની રેણુકાની બહેનના પતિનું નામ કાર્તવીર્ય અને તેમના પિતાનું નામ અનંતવીર્ય હતું એમ આવશ્યકચૂર્ણિમાં જણાવેલું છે.

**अणंतसंसारिय - अनन्तसंसारिक ( पुं. )**

(અનંતકાળ પર્યન્ત સંસારમાં ભવભ્રમણ કરનાર, અપરિમિત સંસારી)

અભવ્ય જીવ પરમાત્માના સમવસરણમાં દેવોની ઋદ્ધિ જોઇને પ્રવ્રજ્યા લેવા તૈયાર થાય છે અને તે આખું શ્રમણજીવન એક પણ દોષ લગાડ્યા વિના નિષ્કલંકપણે પાળીને નવગ્રૈવેયકના સુખોની સમૃદ્ધિ પ્રાપ્ત કરે છે. પણ સબૂર ! તેનું જીવદળ જ અભવ્યનું હોવાથી તે ક્યારેય પણ શાશ્વત સુખના અંશને માણી શકવાનો નથી. તે અપરિમિત સંસારી હોવાથી સંસારચક્રમાંથી ક્યારેય પણ બહાર નીકળી શકતો નથી. તેનો સંસાર ક્યારેય પરિમિત થતો નથી.

**अणंतसमयसिद्ध - अनन्तसमयसिद्ध ( पुं. )**

(જેને સિદ્ધ થયે અનંત સમય થયા હોય તે, અનંત સમય પછી એક એક સિદ્ધ થાય તે)

નવકારમંત્રમાં જે પંચ પરમેષ્ઠીને નમસ્કાર કરવામાં આવ્યા છે તેમાં એક પદને નમસ્કાર કરવાથી ભૂતકાળમાં થયેલા ભવિષ્યમાં થનારા અને વર્તમાનમાં રહેલા સર્વે પરમેષ્ઠીને નમસ્કાર થઇ જાય છે. જેમ કે '**नमो सिद्धाणं**' પદથી પૂર્વના અનંતાકાલે સિદ્ધ થયેલા સિદ્ધો, ભવિષ્યમાં થનારા અને વર્તમાનમાં થતા સર્વે સિદ્ધ ભગવંતોને નમસ્કાર થાય છે એમ પાંચેય પદોમાં જાણવું.

**अणंतसेण - अनन्तसेन ( पुं. )**

(અવસર્પિણીના ત્રીજા આરામાં થયેલ ચોથા કુલકર ૨. નાગ ગૃહપતિ અને સુલસા સ્ત્રીનો પુત્ર)

**अणंतसो - अनन्तशस् ( अव्य. )**

(અનંત વાર ૨. નિરવધિક કાળ)

કવિ શિરોમણી સિદ્ધસેન દિવાકર મહારાજે કહ્યું છે કે, હે પરમાત્મન્! આ જીવે પૂર્વના અનંતા ભવોમાં અનંતીવાર જિનશાસન પ્રાપ્ત કર્યું, અનંતીવાર ચારિત્ર લીધું. છતાં પણ તેનો આ સંસારથી છૂટકારો ન થયો. તેની પાછળ એકમાત્ર કારણ છે ભાવનો અભાવ. જેટલી પણ વખત ચારિત્રનું પાલન કર્યું તે બધી માત્ર બાહ્ય ક્રિયાઓ જ હતી. હૃદયના ભાવો તો હતા જ નહિ. સમજી રાખજો કે, જો હજુ પણ એમ જ થયા કરશે તો અનંતા ભવોમાં પાછો એક ભવનો વધારો થશે.

**अणंतहियकामुय - अनन्तहितकामुक ( त्रि. )**

(મોક્ષાભિલાષી, મુમુક્ષુ, મોક્ષની ઇચ્છાવાળો)

મુમુક્ષુ એ સંસ્કૃત શબ્દ છે તેનો અર્થ થાય છે કે, જે જીવ સંસારના તુચ્છ સુખો, પદાર્થો પ્રત્યેના રાગ-દ્વેષ, સ્વજનોના ભાવુક બંધનો અને યાવત્ પોતાના શરીર પરની મમતાને ત્યાગનારો અને મોક્ષ પ્રત્યે ઉન્મુખ થયેલો હોય તે મુમુક્ષુ છે. આવો જીવ તો મોક્ષના શાશ્વત અને અક્ષય સુખ પ્રત્યે કામુક(ઇચ્છાવાળો) હોય છે.

**अणंताणंत - अनन्तानन्त ( त्रि. )**

(અનંતને અનંતગુણા કરવાથી જે સંખ્યા આવે તે)

જેનો કોઇ છેડો કે અંત ન હોય તેને અનંત કહેવાય અને તે અનંતને અનંત સાથે ગુણવાથી જે સંખ્યા આવે તે અનંતાનંત કહેવાય છે. આવા અનંતાનંત કાળથી આપણે બધા ચાર ગતિના વિષચક્રમાં ફસાયેલા છીએ. તેથી જ આપણો નિસ્તાર હજુ નથી થયો.

**अणंताणुबंधि ( ण् ) – अनन्तानुबन्धिन् ( पुं. )**
(અનંતકાળ સુધી આત્માને સંસાર સાથે અનુબંધ-સંસર્ગ કરાવનાર કષાયોની ચાર ચોકડી પૈકીની પ્રથમ ચોકડી, અનંતાનુબંધી ક્રોધ, માન, માયા અને લોભ)
જે કષાયો જીવને તીવ્ર કર્મોનો બંધ કરાવીને અનંતા ભવોનું ભ્રમણ કરાવે તે કષાયો અનંતાનુબંધિ કષાયો કહેવાય છે. અનંતાનુબંધિના ક્રોધ, માન, માયા અને લોભ આ ચાર કષાયો જીવને અનંતભવો સુધી ભટકાવનારા કર્મોનો બંધ કરાવનાર હોવાથી અનંતાનુબંધી કહેલા છે.

**अणंताणुबंधिविसंजोयणा – अनन्तानुबन्धिविसंयोजना ( स्त्री. )**
(અનંતાનુબંધી કષાયોની વિસંયોજના-વિચ્છેદન)
ક્ષપકશ્રેણિ માંડનારો જીવ સૌ પ્રથમ અનંતાનુબંધી કષાયોની વિસંયોજના કરે છે. તેમાં અનિવૃત્તિકરણ કરેલો આત્મા અનંતાનુબંધીની સ્થિતિને ઉદ્વલનાસંક્રમણ વડે આવલિકા માત્ર સ્થિતિને છોડીને બાકીની બચેલી બધીયે અનંતાનુબંધી સ્થિતિનો નાશ કરે છે અને શેષ બચેલી આવલિકા માત્ર સ્થિતિને સ્તિબુકસંક્રમ વડે ભોગવાતી પ્રકૃતિમાં સંક્રમાવે છે. આ પ્રક્રિયાને અનંતાનુબંધી કષાયોની વિસંયોજના કહેવામાં આવે છે.

**अणंतिय – अनन्तिक ( न. )**
(દૂર, નજીક ન હોય તે)
પરમાત્મા સીમંધરસ્વામીના એક સ્તવનમાં લખ્યું છે કે, 'મુજ તુજ વચ્ચે અંતર ઘણું રે, હું કિમ આવું તુમ પાસ' હે સીમંધરસ્વામી પ્રભુ મને આપની પાસે આવવાની હોંશ તો ઘણી છે, પરંતુ આપ તો મારાથી યોજનોના યોજનો દૂર મહાવિદેહક્ષેત્રમાં વસો છો અને હું અહીં ભરતક્ષેત્રમાં રહેલો છું. છતાં પણ એક આશ્વાસન છે કે આપ સ્વદેહે ભલે અહીં ન હોવ, પરંતુ આપના પ્રત્યેની શ્રદ્ધા અને ભક્તિ તો નિરંતર મારા હૃદયમાં રહેલી જ છે.

**अणंदमाण – अनन्दमत् ( त्रि. )**
(સુખ નહીં ભોગવતો)
એક સુભાષિતમાં ધન માટે કહેવામાં આવેલું છે કે, ધનની ત્રણ ગતિ છે. દાન, ભોગ અને નાશ. જે જીવો ધનને પરોપકારમાં નથી વાપરતા અથવા મમ્મણશેઠની જેમ પોતાના ઉપભોગમાં નથી લેતા તેવા જીવો આખા જીવન દરમ્યાન સ્વયં તો સુખ નથી ભોગવતા, અરે બીજાને ભોગવવા પણ નથી દેતા. અને અંતમાં એ ધન ત્રીજીગતિ અર્થાત્, સર્વ સંપત્તિ વિનાશ પામે છે.

**अणंदिय – अनन्दित ( त्रि. )**
(અધોલોકવાસી આઠમી દિક્કુમારી દેવી)

**अणंध – अनन्ध ( पुं. )**
(અંધપુર નગરનો રાજા)

**अणंबिल – अनाम्ल ( त्रि. )**
(સ્વ સ્વાદથી અચલિત ખાદ્યપદાર્થ, ખટાશરહિત અચિત્ત પેયાદિ)
જૈન આહારવિજ્ઞાન માટે પરમાત્માએ ફરમાવેલું છે કે, જે આહારનો રસ પોતાના સ્વાદથી ચલિત ન થયો હોય તેવો આહાર જ ભક્ષ્ય છે. અને જે આહારે પોતાના રસને, ગંધને ખોઇ દીધો હોય, જેના સ્વાદમાં ખટાશ આવી ગઈ હોય તેવા સચિત્ત અને હિંસાપ્રચુર ચલિતરસવાળો આહાર અભક્ષ્ય બને છે એમ નિશીથસૂત્રની ચૂર્ણિ અને આચારાંગસૂત્રમાં વર્ણવેલું છે.

**अणंसुवाइ ( ण् ) – अनश्रुपातिन् ( पुं. )**
(માર્ગનો પરિશ્રમ-થાક લાગ્યો હોય તો પણ અશ્રુપાત ન કરનાર ઘોડો વગેરે)
જેમ મનુષ્યોમાં ઉત્તમ, મધ્યમ અને અધમ લક્ષણ હોય છે તેમ તિર્યંચયોનિમાં પણ ઉત્તમ, મધ્યમ અને અધમ જાતિના પશુઓ હોય છે. આવા જ ઉત્તમ જાતિના પશુઓમાંનું એક પ્રાણી છે અશ્વ. ઘોડાઓમાં પણ કેટલાક ઉત્તમ જાતિના હોય છે કે જેઓને માઇલોના માઇલો સુધી ચલાવીએ અને માર્ગમાં ગમે તેટલો થાક લાગ્યો હોય તો પણ તેઓની આંખમાંથી આંસુનું એક બુંદ પણ નીકળતું નથી.

**अणकम्म - अनःकर्मन् ( न. )**

(બળદગાડું બનાવવું, વેચવું આદિ પ્રવૃત્તિ)

ચોપગા પ્રાણીઓ જેને વહન કરે તેવા વાહનો અથવા તેના અંગો પૈડાં વગેરેનો વ્યાપાર કરવો તેને શકટકર્મ કહે છે. જે પરમાત્માએ કહેલા ત્યાજ્ય પંદર કર્માદાનમાંનું એક કર્મ છે. ગાડાં વગેરે સ્વયં બનાવવા, અન્ય પાસે બનાવડાવવા કે બનાવનારને પ્રેરણા આપવી તે પણ કર્માદાન અંતર્ગત આવે છે. શકટકર્મ નિમિત્તે અબોલ પશુઓને તાડન, મારણ છેદન-ભેદન વગેરે થતું હોવાથી શ્રાવકકુળમાં ઉત્પન્ન થયેલા માટે ત્યાજ્ય છે. ખેદની વાત છે કે, જે પરમાત્માએ નાનામાં નાના જીવની હિંસા માટે નિષેધ કર્યો છે એ જ જૈનકુળમાં જન્મેલા કેટલાક નપાવટો જૈનકુળને લાંછન લાગે તેવો ધંધો ચલાવી રહ્યા છે.

**अणकर - ऋणकर ( पुं. )**

(પાપ કરનાર ૨. સ્થૂલ પ્રાણાતિપાતનો ચોવીસમો ભેદ)

જિનશાસનમાં બે નય પ્રસિદ્ધ છે ૧. વ્યવહારનય અને ૨. નિશ્ચયનય. વ્યવહારનય તે માતા સમાન છે. અપરાધ કરનાર પર તે થોડીક રહેમ નજર રાખે છે અને તેને થોડીક માફી પણ આપે છે. જ્યારે નિશ્ચયનય પિતા સમાન છે. તે હંમેશાં બધાને એક જ નજરે જુએ છે. અને દરેકને સમાનપણે ન્યાય આપે છે. એક પાપ કરનાર હોય, બીજો પાપ કરાવનાર હોય અને ત્રીજો તેનું અનુમોદન કરનાર હોય તો વ્યવહારનયના મતે ત્રણેયને અલગ-અલગ સજા હોય જ્યારે નિશ્ચયનય ત્રણેયને પાપના સરખા જ ભાગી ગણે છે અને જેટલી સજા પાપ કરનારને હોય તેટલી જ સજા અનુમોદન કરનારને પણ હોય તેમ માને છે.

**अणक्क ( क्ख ) - अनक्ष ( पुं. )**

(મ્લેચ્છ વિશેષ)

અનાર્યભૂમિમાં વસનારા અને અનાર્યો જેવું વર્તન કરનારા તમામને મ્લેચ્છ માનવામાં આવેલા છે. પછી ભલે તે જૈનકુળમાં જ ઉત્પન્ન કેમ ના થયેલો હોય. અથવા જો તે કસાઇના ત્યાં પણ જન્મ્યો હોય પરંતુ, તેનું વર્તન એક જૈનને શોભે તેવું હોય તો તે મ્લેચ્છ નથી પરંતુ, શ્રાવક જ છે. જેમ અભયકુમારનો મિત્ર અને કાલસૌરિકનો પુત્ર. એ જીવ ભલે કસાઇને ત્યાં જન્મ્યો પરંતુ તે અહિંસાનો પરમ પાલક હતો. હવે આપણે વિચારવું જોઇએ કે, શું મારું વર્તન મ્લેચ્છ જેવું છે કે જૈન જેવું ?

**अणक्कभिण्ण - अनासाभिन्न ( त्रि. )**

(જેનું નાક વીંધેલું ન હોય તેવા બળદાદિ, નાથેલું ન હોય તેવું પશુ)

શાસ્ત્રમાં કહેલું છે કે, જે આત્માએ પરમાત્માની આજ્ઞાને સ્વીકારી નથી તે નાથ્યા વિનાના પશુની જેમ ઉન્મત્ત થઇને યત્ર-તત્ર ફરતો પ્રચુર જીવહિંસા કરે છે અને અનંતાકાળ સુધી દુર્ગતિમાં રખડાવનારા ઘોર કર્મોની ઉપાર્જના કરે છે.

**अणक्खरसुय - अनक्षरश्रुत ( न. )**

(અનક્ષર નામનો શ્રુતજ્ઞાનનો એક ભેદ, અનક્ષરશ્રુત)

શ્રુતજ્ઞાનના કુલ ચૌદ ભેદ છે તેમાંનો એક ભેદ આવે છે અનક્ષરશ્રુત. અક્ષર એટલે સ્પષ્ટ શબ્દના ઉચ્ચારણને સાંભળવાથી થતું જ્ઞાન. પરંતુ જેમાં માત્ર શરીરના હાવ-ભાવ અને ચેષ્ટા રહેલી હોય તે ચેષ્ટાઓથી થનારા જ્ઞાનને અનક્ષરશ્રુત કહેવાય છે. કેમ કે તેમાં કોઇ જ પ્રકારના શબ્દો હોતા નથી માત્ર શરીરના ઇંગિતાકારોથી વક્તા શું કહેવા માગે છે તેનું જ્ઞાન થાય છે. માટે તે અક્ષર વિનાનું અનક્ષર શ્રુત છે એમ પ્રથમ કર્મગ્રંથમાં જણાવાયું છે.

**अणगरहिय - अगर्हित ( त्रि. )**

(સામાયિક વ્રત)

ગર્હિત એટલે નિંદિત, તિરસ્કૃત, ત્યાજ્ય. જે વસ્તુ કે વર્તન લોકમાં નિંદા પાત્ર કે પાપાચાર તરીકે પ્રસિદ્ધ હોય તે દરેક ગર્હિત છે. અને જે શિષ્ટપુરુષોમાં માન્ય અને તેઓ દ્વારા આચરિત હોય તે અગર્હિત છે. જેમ કે સામાયિકાદિ વ્રતો. જે આ લોકમાં સુખ-શાંતિને અર્પનાર છે અને પરલોકમાં સદ્ગતિ અને પરંપરાએ મોક્ષને આપનાર હોવાથી ઉપાદેય છે.

**अणगार - अनगार ( पुं. )**

(ગૃહ આદિનો ત્યાગ કરનાર મહાત્મા, અણગાર, સાધુ, મુનિ, ભિક્ષુક, ઘરરહિત)

જેમણે ઘરનો ત્યાગ કર્યો છે તે અણગાર છે આ થયો સામાન્ય અર્થ. પરંતુ વિશેષાર્થ એ છે કે, જેમણે અંતરમાં રહેલા રાગ-દ્વેષ, મોહ-મમતા, મામકા-પરાયાની વૃત્તિ વગેરે અગાર (કષાય મોહનીયનો) અને બાહ્ય પુદ્ગલ સંપત્તિવાળા અગારનો ત્યાગ કર્યો હોય તે જ ખરા અર્થમાં અણગાર અર્થાત્ શ્રમણ છે.

**★ऋणकार ( पुं. )**

(આઠ પ્રકારનું કર્મ ૨. દુષ્ટ શિષ્ય)

શાસ્ત્રોમાં કહેલું છે કે, શ્રાવકે અથવા જીવનમાં સુખના ઇચ્છુક વ્યક્તિએ ક્યારેય પણ દેવું કરવું નહિ. કારણ કે જેમ નાનકડો ઘા ક્યારે જીવલેણ થઇ જાય તે કહી શકાતું નથી તેમ એક નાનકડું ઋણ ક્યારે ચક્રવૃદ્ધિ વ્યાજ બની જાય તે કોઇ કહી શકતું નથી. તેમ શાસ્ત્રવિરુદ્ધ આચરણ કરીને આઠ કર્મોનું ઉપાર્જન કરનાર ભવિષ્યમાં કરજદારની જેમ દુઃખી દુઃખી થઈ જાય તેમાં નવાઈ નથી.

**अणगारगुण - अनगारगुण ( पुं. )**

(સાધુ ભગવંતના સત્યાવીસ ગુણ)

જેવી રીતે ગુરુસ્થાપનાસૂત્રમાં કહેલા છત્રીસ ગુણના ધારક આચાર્ય હોય તે ગુરૂ થવાને લાયક છે, તેમ જે શ્રમણમાં શાસ્ત્રોક્ત સાધુના ૨૭ ગુણ રહેલા હોય તેનો જ પંચપરમેષ્ઠીમાં સમાવેશ છે. તે જ વંદનીય અને પૂજનીય છે. મોક્ષ પ્રાપ્ત કરવા માટે માત્ર વેશ હોવો જરૂરી નથી તેના માટે જોઇએ વેશને ઉચિત સાધુના ગુણોનું સહૃદયી પાલન. પ્રવચન સારોદ્ધાર ગ્રંથમાં સાધુના સત્યાવીશ ગુણો આ પ્રમાણે કહેલા છે. છ વ્રત, છ કાય રક્ષા, પાંચ ઇન્દ્રિય અને લોભનો નિગ્રહ, ક્ષમા, ભાવવિશુદ્ધિ, પડિલેહણાદિ અનુષ્ઠાન શુદ્ધિ, અકુશલ મન-વચન-કાયાનો રોધ, સંયમયોગોથી યુક્ત અને ઉપસર્ગ, પરિષહોને સહન કરનારા હોય તે જ સાચા અર્થમાં શ્રમણ છે.

**अणगारचरित्तधम्म - अनगारचरित्रधर्म ( पुं. )**

(સાધુઓનો ચારિત્ર ધર્મ, મહાવ્રતાદિ પાલનરૂપ યતિધર્મ)

જેમણે બાહ્ય અને અભ્યંતર એમ બન્ને પ્રકારના ગૃહનો ત્યાગ કર્યો છે તે અણગાર અને તેમનો જે ધર્મ તે અણગારચરિત્રધર્મ. આ અણગારચરિત્ર ધર્મ બે પ્રકારનો કહ્યો છે. ૧. જેમાં રાગ-દ્વેષનો સંપૂર્ણ અભાવ નથી તેવો સરાગ સંયમ અને ૨. જે યથાખ્યાતચારિત્રના પાલનરૂપ છે તે વીતરાગ સંયમ.

**अणगारधम्म - अनगारधर्म ( पुं. )**

(સર્વવિરતિ ચારિત્રરૂપ યતિધર્મ, મુનિધર્મ)

ઔપપાતિકસૂત્રમાં કહેલું છે કે, જે સાધુ કે સાધ્વી દ્રવ્ય કે ભાવથી ક્રોધાદિ આત્મપરિણામોનો ત્યાગ કરીને અણગારધર્મમાં પરમાત્માની આજ્ઞાનુસાર વિચરણ કરે છે તે આરાધક થાય છે અને જે જિનોક્ત આજ્ઞાનું પાલન નથી કરતો તે સાધુધર્મથી ભ્રષ્ટ થયેલો વિરાધક બને છે.

**अणगारमग्गगइ - अनगारमार्गगति ( स्त्री. )**

(સિદ્ધગતિ ૨. સમ્યગ્દષ્ટિના અવરોધકના પરિત્યાગથી મૂકાયેલા જીવના સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર)

ઉત્તરાધ્યયનસૂત્રના પાંત્રીસમા અધ્યયનમાં કહેલું છે કે, હે આયુષ્યમાન્! જે ભિક્ષુ અણગારમાર્ગનું આસેવન કરે છે તે શારીરિક અને માનસિક દુઃખોનો નાશ કરનાર થાય છે. તે સિદ્ધ, બુદ્ધ અને મુક્તગતિને પ્રાપ્ત કરે છે. કારણ કે સાધુધર્મનું પાલન જ સિદ્ધગતિની પ્રાપ્તિનો માર્ગ છે.

**अणगारमहेसि - अनगारमहर्षि ( पुं. )**

(સાધુના ગુણોથી યુક્ત વિશિષ્ટ મહર્ષિ)

ષોડશક પ્રકરણમાં કહેલું છે કે, સાધુનો વેશ પહેરી લેવા માત્રથી સાધુતા નથી આવતી. પરંતુ સાધુપદ્રને ઉચિત ગુણોને ખીલવવાથી જ સાધુતા દીપે છે. સાધુતાના ગુણોથી ઉજ્જવળ વેશને ધારણ કરનાર મહર્ષિ એકાંતે સ્વ અને પરનું હિત કરનારા હોય છે.

**अणगारवाइ ( ण् ) - अनगारवादिन् ( पुं. )**

(સાધુના ગુણોથી રહિત હોવા છતાં પોતાને સાધુ તરીકે ઓળખાવનાર, માત્ર વેષને ધારણ કરનાર શાક્યાદિ સાધુ)

જે હકીકતમાં સાધુતાના ગુણોને ધારણ કરે છે તેમને ક્યારેય પણ પોતે સંયમી સાધુ છે તેની જાહેરાત કરવી પડતી નથી. તેમના ગુણો જ તેમના શ્રમણધર્મને ઓળખાવનારા હોય છે. પરંતુ જેઓ માત્ર વેશથી જ સાધુ બનેલા છે અને મોક્ષ માર્ગ તો દૂર પણ સાધુમાર્ગને ય જાણતા નથી તેઓ પોતાને સાધુ તરીકે ઓળખાવવા માટે જોર-શોરથી પ્રચાર કરતા જોવા મળે છે.

**अणगारसामाइय - अनगारसामायिक ( त्रि. )**

(સર્વવિરતિ ચારિત્રરૂપ સામાયિક, સાધુનો ધર્મ, મુનિનો આચાર)

માષતુષ મુનિ પાસે પૂર્વોનું કે આગમોનું જ્ઞાન ન હતું. તેઓ કોઇ વિદ્વાન નહોતા. પરંતુ તેમની પાસે શ્રમણજીવનની શોભારૂપ અષ્ટપ્રવચનમાતાનું સ્પષ્ટ જ્ઞાન હતું. અષ્ટપ્રવચનમાતાનું પાલન એ સર્વવિરતિ ધર્મના પ્રાણ સમાન છે.

**अणगारसीह - अनगारसिंह ( पुं. )**

(મુનિઓમાં સિંહ સમાન સાધુ)

ભવ્ય જીવ જે દિવસે પ્રવજ્યા ગ્રહણ કરે છે તે જ દિવસથી તે કર્મરાજા સાથે યુદ્ધનું એલાન કરે છે કે, હે કર્મરાજા ! આજથી હું પુદ્ગલ, સંપત્તિ, સ્વજન અને સ્વદેહ પરના મમત્વનો ત્યાગ કરું છું. અને જેટલા પણ ઉપસર્ગો અને પરિષહો આવશે તે બધાને હસતા મુખે સહન કરીશ. કેમ કે મારી પાસે છે પરમાત્માની આજ્ઞારૂપી શસ્ત્ર. તેની સહાયથી હું તમારી પર વિજય મેળવીને મોક્ષ સામ્રાજ્ય પર રાજ કરીશ. કોટી કોટી વંદન હોજો! મુનિઓમાં સિંહ સમાન આવા શ્રમણોત્તમને.

**अणगारसुय - अनगारश्रुत ( न. )**

(સૂત્રકૃતાંગસૂત્રના દ્વિતીય શ્રુતસ્કંધનું પાંચમું અધ્યયન)

**अणगारि ( ण् ) - अनगारिन् ( पुं. )**

(સંયત, ગૃહ આદિનો ત્યાગ કરનાર, સાધુ)

જિનેશ્વર પરમાત્માનો શાસનધ્વજ વૈશ્વિક ફલક પર સદાય લહેરાયમાન છે. તે કોઇ એક જાતિ કે સમાજ પૂરતો નથી. તેનો પૂરાવો છે જિનાજ્ઞાપાલક શ્રમણ. દીક્ષા પહેલા તેઓ એક ઘરમાં રહેતા હતા. તેઓ કોઇના પુત્ર, ભાઇ કે સ્વજન હતા. પરંતુ જે દિવસથી તેઓ દીક્ષા લઇને ગૃહનો ત્યાગ કરે છે તે દિવસથી તેઓ અમુક સ્વજનના મટીને આખા જગતના મિત્ર બની જાય છે. આખું જગત તેમનું ઘર બને છે.

**अणगारिय - अनगारिक ( त्रि. )**

(સાધુ સંબંધી સર્વવિરતિ સામાયિકાદિ અનુષ્ઠાન)

ષોડશક પ્રકરણમાં ભગવાન હરિભદ્રસૂરિ મહારાજે ત્રણ પ્રકારના જીવો બતાવ્યા છે. બાલ, મધ્યમ અને પંડિત. તેમાં જે મધ્યમ પ્રકારના જીવો હોય છે તેઓ માત્ર વેશ જોઇને સાધુને વંદન કરનાર હોતા નથી. પરંતુ શાસ્ત્રમાં કહેલા સાધુ સંબંધી જેટલા અનુષ્ઠાનો છે તેનું તેઓ પાલન કરે છે કે નહીં ? તેને જોયા પછી નક્કી કરે છે કે આ સાધુ વંદનીય છે કે અવંદનીય.

**अणगारिया - अनगारिता ( स्त्री. )**

(સાધુપણું, સાધુવૃત્તિ, સાધુનો ભાવ)

સાધુ એટલે સંયત અને વૃત્તિ એટલે આચાર. સંયત જેવી વૃત્તિ જેની હોય તે જ ખરા અર્થમાં સાધુ છે. કેમ કે સાધુતા વેશમાં નહીં પરંતુ, વેશને ધારણ કરનારા આત્માના ભાવોમાં વસેલી હોય છે. જેનું આચરણ સંયમી જેવું હોય તેણે ભલે શ્રમણવેશ ધારણ કર્યો ન હોય તો પણ તે સાધુ જ છે. અને જેનામાં જરાપણ સાધુતા ન હોય તે ગમે તેટલા ઉજળા વસ્ત્ર પહેરી લે તેના વસ્ત્રોનો કોઇ જ મતલબ સરતો નથી.

**अणगाल - अनगाल ( पुं. )**

(દુષ્કાળ, દુર્ભિક્ષ)

દુકાળ બે પ્રકારના છે સૂકો દુકાળ અને લીલો દુકાળ. જે સમયમાં વરસાદ પડે નહીં અને લોકો પાણીની એક બૂંદ માટે પણ તરસે તે છે સૂકો દુકાળ અને જે સમયમાં માત્રાથી અધિક પ્રમાણમાં વૃષ્ટિ થાય, ગામમાં પૂર આવે, ખેતરોમાં પાણી ઘૂસી જાય અને ચારેય બાજુ પાણી જ પાણી થાય તેને કહેવાય લીલો દુકાળ. બસો વર્ષ પહેલાં એવો કાળ હતો કે, કોઇ સાધુ જ થવા તૈયાર નહોતા. પરંતુ

જે પણ સાધુ બનતા તેઓ નક્કર સોના જેવા હતા. આજે સાધુની સંખ્યા વધી છે પરંતુ, સાધુતાનો દુકાળ જોવા મળી રહ્યો છે.

**अणगिण - अनग्न ( पुं. )**

(વસ્ત્ર આપનાર કલ્પવૃક્ષ ૨. ત્રિ. નગ્ન ન હોય તે, વસ્ત્રથી આચ્છાદિત)

અઢીદ્વીપમાં આવેલી પ્રત્યેક અકર્મભૂમિ તથા કર્મભૂમિમાં પણ ઉત્સર્પિણીના છેલ્લા ત્રણ આરા અને અવસર્પિણીના પ્રથમ ત્રણ આરા સુધી યુગલિક જીવો વિદ્યમાન હોવાથી તેમની જરૂરિયાતો પૂરી કરવા માટે દેવાધિષ્ઠિત કલ્પવૃક્ષો હોય છે. તે કલ્પવૃક્ષોમાંનું અણગિણ નામક એક કલ્પવૃક્ષ એવું હોય છે કે, તે યુગલિક જીવોને પહેરવા માટે દેવોના વસ્ત્રો જેવા મનોહર વસ્ત્રો આપે છે.

**अणग्घ - अनर्घ्य ( त्रि. )**

(બહુમૂલ્ય, કિંમતી, સર્વોત્તમ હોવાથી જેનું મૂલ્ય ન થઈ શકે તે)

જેનું મૂલ્ય આંકી ન શકાય તે કહેવા અમૂલ્ય શબ્દ વપરાય છે. કોહીનૂર હીરાનું મૂલ્ય પૂછીએ તો જવાબ મળે તે તો અમૂલ્ય છે. વ્યક્તિ હીરા, મોતી, ઝર-ઝવેરાતની બહુમૂલ્યતાને જાણીને તેની સારસંભાળ કરી જાણે છે. પોતાની જાત પાછળ ન કરે તેટલી મહેનત જડ એવા ઝવેરાતોને સાચવવા પાછળ કરતો હોય છે. સોનાની બહુમૂલ્યતાને જાણનાર વ્યક્તિ પોતાને મળેલા માનવભવની અમૂલ્યતાને ભૂલી બેઠો છે. તેને અનંતાભવે મળેલા મનુષ્યભવની સાચી કિંમત જ સમજાઈ નથી. જેથી તપ-જપ-સંયમ દ્વારા તેની સફળતા કરવાના બદલે આયુષ્યનો મોટા ભાગનો સમય મોજ-શોખ, ધન-દોલત વગેરે નાશવંત પદાર્થો પાછળ વેડફયા કરે છે.

**अणग्घरयणचूल - अनर्घरत्नचूड ( पुं. )**

(ભરૂચના મુનિસુવ્રતસ્વામી)

પ્રાચીનનગરી એવા ભરૂચ નગરમાં ભગવાન મુનિસુવ્રતસ્વામી પધાર્યા હતા તેનો ઉલ્લેખ શાસ્ત્રગ્રંથોમાં અનેક જગ્યાએ થયેલો છે. વિવિધતીર્થકલ્પ નામક ગ્રંથમાં ૪૪મા કલ્પમાં અનર્ઘરત્નચૂડ વિશેષણવાળા શ્રીમુનિસુવ્રતસ્વામી પ્રભુનો ઉલ્લેખ કરાયો છે.

**अणघ - अनघ ( त्रि. )**

(પાપરહિત ૨. નિર્મલ, સ્વચ્છ ૩. લાવણ્યમય, મનોહર)

ભગવાન હરિભદ્રસૂરિજી મહારાજ જ્યારે જૈનધર્મ નહોતા પામ્યા ત્યારે પરમાત્મા વીરની પ્રતિમા જોઇને મિથ્યામતિથી શ્લોક બનાવીને કહ્યું હતું કે, હે વીર! તારી પ્રતિમા જ કહી આપે છે કે, તું કોઇ ભગવાન નથી પરંતુ, મિઠાઇઓ અને લાડવાઓ આરોગનાર પહેલવાન છે. અને એ જ હરિભદ્રસૂરિ જૈનધર્મ પામીને તે જ પ્રતિમા જોઇ ત્યારે મુખમાંથી શબ્દો સરી પડ્યાઃ હે પ્રભુ વીર ! તારી લાવણ્યમયી મનોહર પ્રતિમા જ આપની વીતરાગતાને જણાવે છે. આપનામાં રાગ-દ્વેષનો સર્વથા અભાવ છે. હું ધન્ય છું કે, મને આપના દર્શન પ્રાપ્ત થયા.

**अणघमय - अनघमत ( त्रि. )**

(નિર્મલ બુદ્ધિવાળા)

ઉપમિતિ ભવપ્રપંચા કથામાં સિદ્ધર્ષિ ગણિ ભગવંતે ફરમાવ્યું છે કે, અનંતાકાળથી સંસારચક્રમાં ભમતા જીવને પુણ્યોદયે જિનશાસનરૂપી મહેલમાં પ્રવેશ મળ્યા બાદ જયારે તેને સદ્ગુરૂનો સમાગમ પ્રાપ્ત થાય છે ત્યારે સદ્ગુરૂ તે જીવની આંખોમાં શાસ્ત્રરૂપી અંજન પૂરે છે અને અત્યાર સુધી જે મિથ્યાત્વથી વાસિત બુદ્ધિ હતી તે સમ્યક્ત્વથી નિર્મલબુદ્ધિવાળો બને છે. ત્યારબાદ નિર્મલબુદ્ધિવાળો જીવાત્મા પોતાના હિત અને અહિતનો વિવેક કરી જાણે છે.

**अणचउक्क - अनन्तानुबन्धिचतुष्क ( न. )**

(અનંતાનુબંધી કષાય ચતુષ્ક)

અનંતા ભવોની હારમાળા સર્જનાર કષાયને શાસ્ત્રકારોએ અનંતાનુબંધી કષાય તરીકે વર્ણવ્યો છે. અનંતાનુબંધીની કોટિમાં આવતા કષાયની તીવ્રતા ઉત્કૃષ્ટ કક્ષાની હોય છે. આ કષાયમાં રહેલો આત્મા સ્વ-પર, હિત-અહિત, ધર્મ-અધર્મ બધા ભેદોનું ભાન ભૂલી બેસે છે. યાવત્ પોતાના આત્મગુણોને પણ વિસારી દે છે. ચાર કષાયના વમળમાં અટવાયેલો જીવ અનંતા ભવો સુધી દુર્ગતિ અને દુર્દશાને પ્રાપ્ત કરે છે.

**अणच्चंतिय - अनात्यन्तिक ( पुं. )**

(મદદ માંગનારને વચ્ચે મૂકી ભાગી ન જવું પરન્તુ, છેવટ સુધી મદદ કરવી તે)

સંસાર એટલે માત્ર સ્વાર્થથી ભરેલો અને ધર્મ એટલે જેમાં માત્ર પરોપકારનો જ ભાવ હોય તે. નમુત્થુણં સૂત્રમાં પરમાત્માને ધર્મસારથિ કહેલા છે. કારણ કે જિનેશ્વરદેવ તેમની શરણે આવેલાને ક્યારેય પણ નિરાશ નથી કરતા એટલું જ નહીં, પરંતુ તે જીવની યાવત્ સિદ્ધિ સુધી મદદ કરનારા હોય છે. અધવચ્ચે મૂકીને ભાગી જનારા કાયર નથી હોતા. લલિતવિસ્તરા ગ્રંથમાં પણ હરિભદ્રસૂરિ મહારાજે પરમાત્માનું એક ઉપનામ આપેલું છે, **'आकालपरार्थव्यसनिनाम्'** અર્થાત્, નિગોદથી લઇને મોક્ષ સુધીની સફરમાં માત્ર અન્ય જીવો પ્રત્યે પરોપકાર કરવાનું જ વ્યસન તીર્થંકરના જીવને હોય છે.

**अणच्चक्खर - अनत्यक्षर ( न. )**

(એકપણ અક્ષરથી વધારે ન હોય તે)

આચાર્ય શ્રીદેવેન્દ્રસૂરીશ્વરજી મહારાજે દેવવંદન, ગુરુવંદન અને પ્રત્યાખ્યાન એમ ત્રણ ભાષ્યની રચના કરેલી છે. તેમાં દેવવંદન ભાષ્યમાં તેઓએ પ્રતિક્રમણ કે દેવવંદનાદિમાં બોલવામાં આવતા સૂત્રો સંબંધી ચર્ચા કરી છે. દેવવંદનભાષ્યમાં કહેલું છે કે બોલાતા સૂત્રનો ઉચ્ચાર સ્પષ્ટ હોવો જોઇએ, બોલાતા દરેક પદ, જોડાક્ષર, માત્રાદિમાં કોઇપણ જાતની ક્ષતિ ન હોવી જોઇએ. અર્થાત્ બોલાતા પદમાં એક પણ અક્ષર હીન કે એકપણ અક્ષર વધારે ન હોવો જોઇએ. જે રીતે સૂત્રમાં અક્ષરો કહેલા છે તેટલી માત્રામાં જ હોવા જોઇએ. અન્યથા વિપરીત સૂત્રોચ્ચારથી દોષ લાગે છે.

**अणच्चाविय - अनर्तित ( न. )**

(પોતાને કે વસ્ત્રને હલાવવા નહીં તે, અપ્રમાદ પડિલેહણાનો એક ભેદ)

જૈનો પાસે જેવી જીવદયા છે તેવી વિશ્વના કોઇ ધર્મ પાસે નથી. જીવદયાના ઉત્કૃષ્ટ હિમાયતી તીર્થંકર ભગવંતોએ માત્ર મોટા મોટા જીવોની જ નહીં પરંતુ, સૂક્ષ્મમાં સૂક્ષ્મ જીવોની પણ દયા કેવી રીતે પાળવી તેની પદ્ધતિ બતાવી છે. વાયુકાયના જીવોની વિરાધના ન થાય માટે મુખ આગળ વસ્ત્ર રાખવું. કપડાં હવામાં ઉડે તો પવનના જીવોને ત્રાસ થાય માટે કપડાં પણ જયણા પૂર્વક હલાવવા. અગ્નિથી જીવોની વિરાધના થતી હોવાથી તથા વનસ્પતિને સ્પર્શ કરવાથી તેને કિલામણા થાય માટે તેનો પણ સ્પર્શસુધ્ધાં કરવાની ના પાડી છે. બોલો, આવી જીવદયા બીજે ક્યાંય તમને મળશે ખરી ?

**अणच्चासायणासील - अनत्याशातनाशील ( पुं. )**

(ગુરુ આદિની નિંદાદિ અત્યંત આશાતના ન કરનાર)

ઉત્તરાધ્યયનસૂત્રમાં આશાતનાની વ્યાખ્યા કરતાં કહ્યું છે કે, **'सम्यक्त्वादिलाभं शातयति विनाशयति इत्याशातना'** અર્થાત્, સમ્યક્ત્વાદિ ગુણોનો જે નાશ કરે તે આશાતના. એવો સ્વભાવ જેનો છે તે આશાતનાશીલ. પરંતુ જે ખાનદાન અને કુલીન સ્વભાવના છે તે ગુરુ ભગવંત, શાસન આદિની નિંદા, કુથલી, હીલના વગેરે સમ્યક્ત્વાદિનો નાશ કરનારા દોષોથી દૂર રહે છે. કારણ કે જે ભવસાગરને તારનાર છે તેવા ગુરુદેવ અને જિનશાસનની કરેલી આશાતના અનંતા ભવોને વધારનારી થાય છે. આ વાત તેઓ સારી રીતે જાણે છે. જેનું પ્રત્યક્ષ ઉદાહરણ છે, ગુરુદ્રોહી ગોશાળો.

**अणच्चासायणाविणय - अनत्याशातनाविनय ( पुं. )**

(ગુરુ આદિનો વિનય કરવો તે, દર્શનવિનયનો ભેદ વિશેષ)

ગુરુવંદનભાષ્યની પ્રથમ ગાથામાં લખેલું છે કે, **'विणयमूलो धम्मो'** અર્થાત્, ધર્મ તે વિનયમૂલક છે. જે પૂજ્ય છે એવા દેવ-ગુરુ, માતા-પિતા, ગુરુજન અને પોતાનાથી વડીલ કહેવાતા લોકોનો વિનય કરવો એ વ્યક્તિના વિકાસનું પ્રથમ પગથિયું છે. જેઓ સ્વયં પૂજ્યોનો વિનય નથી કરી શકતા તેવા લોકોએ પોતાનાથી નાનાઓ પાસે વિનયની અપેક્ષા રાખવી નિરર્થક છે.

**अणच्छ - कृष् ( धा. )**

(આકર્ષાવું, ખેંચાણ થવું ૨. વિલેખન કરવું, રેખા કરવી)

ભગવાન વાસુપૂજ્યસ્વામીના સ્તવનમાં મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ કહે છે કે, હે પરમાત્મા! તમે ભલે અમારી સામું ન જુઓ છતાં પણ અમે તમારી ભક્તિ ક્યારેય છોડવાના નથી. કેમ કે જેમ લોખંડને લોહચુંબક પોતાના તરફ આકર્ષી લે છે તેવી જ

રીતે અમને પણ વિશ્વાસ છે કે અમારી કરેલી ભક્તિ એક દિવસ તમને અમારી તરફ આકર્ષી લેશે અને તમારે અમારી તરફ મહેર નજર કરવી જ પડશે.

**अणच्छिआरं ( देशी )**

(નહીં છેદેલું, અચ્છિન્ન)

તરત જન્મેલા બાળકને જીવતો રાખવો હોય તો માતા સાથે જોડાયેલી નાળને છેદવી પડે છે. જો તેને છેદવામાં ન આવે તો બાળક મૃત્યુ પામે છે. તેનું આયુષ્ય ખોઈ નાખે છે. તેવી રીતે સમ્યક્ત્વ અને મોક્ષના સુખને માણવા માટે મિથ્યાત્વની ગ્રંથિનો ભેદ કરવો જરૂરી છે. જ્યાં સુધી રાગ-દ્વેષની ગ્રંથિ છેદાઇ નથી ત્યાં સુધી જીવાત્મા સમ્યક્ત્વના પરમાનંદથી વંચિત રહે છે.

**अणच्छेय - ऋणच्छेद ( पुं. )**

(લેણદાર પાસેથી લીધેલા દ્રવ્યને પાછું આપવું તે)

દીકરો કોલેજ જવા માટે ઇન્સર્ટ કરીને માથું ઓળાવીને તૈયાર થઇ રહ્યો હતો. પાછળથી પિતાએ આવીને પુત્રનું ઇન્સર્ટ કાઢી નાખતાં કહ્યું બેટા ! આપણે દેવાદાર છીએ. જ્યાં સુધી બીજાના લીધેલા પૈસાને દૂધે ધોઇને પાછા ન આપીએ ત્યાં સુધી આપણાથી આવી રીતે ન ફરાય. આપણા કુળની લાજ જાય. આજના સમયમાં પણ આવા કુલીનો વસે છે. જ્યારે બીજી તરફ, બીજાના પૈસા લઇને દબાવી રાખી નફફટ થઇને ખુલ્લેઆમ જલસા કરનારા લોકો પણ છે. એવા લોકો યાદ રાખજો ! તમે બીજાને ઉલ્લુ બનાવી દેશો પરંતુ, કર્મસત્તાને ક્યારેય ઉલ્લુ નહીં બનાવી શકો. તેનો હિસાબ ચોક્ખો છે.

**अणज्ज - अनार्य ( पुं. )**

(અનાર્ય, મ્લેચ્છ, પાપી, ક્રુર)

જ્યારે ભારતવર્ષ પર અનાર્ય એવી મોગલ સલ્તનતનું રાજ હતું ત્યારે તેઓ લોકોને ધાક-ધમકીથી મુસલમાન બનાવતા હતા. એ સમયમાં પણ સત્વશાળી જૈન પોતાના ધર્મને કોઇપણ ભોગે છોડવા તૈયાર નહોતો થતો. આથી જ તો કહેવત પડી હતી કે, 'સોનુ સડે નહીં અને વાણિયો વટલે નહિ' આજે નથી મુસલમાનોનું રાજ કે નથી અંગ્રેજોનું રાજ છતાં પણ જૈનની નવી પેઢી પોતાના સંસ્કારોથી વટલાઇ રહી છે. પોતાના કુળની મર્યાદા અને વારસામાં મળેલા સંસ્કારોની હોળી કરવા બેઠી છે. હાય રે! જ્યાં આભ ફાટ્યું છે તો હવે થીગડું ક્યાં દેવું. ખુદ મા-બાપોમાં જ સંસ્કાર નથી તો નવી પેઢી પાસેથી શું અપેક્ષા રાખી શકાય!

**★अन्याय्य ( त्रि. )**

(અન્યાયયુક્ત)

ધર્મબિંદુ ગ્રંથમાં હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ જૈનશ્રાવકે જીવનનિર્વાહ કરવા માટે કેવા પ્રકારનો ધંધો કરવો જોઇએ અને કેવા પ્રકારનો ન કરવો જોઇએ તેનું વિશદ્ વર્ણન કરેલું છે. તેમાં તેઓએ જણાવ્યું છે કે, વ્યાપાર હંમેશાં ન્યાય અને નીતિથી કરવો જોઇએ. ધંધામાં સફળતા ઇચ્છનાર શ્રાવકે અન્યાય અને અનીતિનો ત્યાગ કરવો જોઇએ. કારણ કે જે સ્વયં બીજા જોડે અન્યાય કરે છે તેને તેના કર્મોનું ફળ મળ્યે જ છૂટકો થાય છે. માટે અન્યયાયુક્ત વ્યાપારનો ત્યાગ કરીને નીતિમત્તાથી વ્યાપાર કરવો એ જ શ્રેયસ્કર છે.

**अणज्जधम्म - अनार्यधर्म ( पुं. )**

(અનાર્ય સ્વભાવવાળો, ક્રૂરકર્મી)

સંસ્કારોથી ભર્યા ભર્યા આર્ય દેશમાં જન્મ લેવા છતાંય પોતાના સ્વાર્થ અને મોજ-શોખ માટે અનાર્ય જેવું વર્તન કરનારા ક્રૂરસ્વભાવી અનાર્યો પણ આ દેશમાં છે. વસ્તુતઃ એ ભારે કર્મી જીવોનો જન્મ તો અનાર્યદેશમાં જ થવો જોઇતો હતો પરંતુ, આડા હાથે કોઇ પુણ્ય થઇ ગયું હશે જેના પ્રભાવે તેમને આર્યદેશના દર્શન થયા. આર્યદેશમાં જન્મ લેનારા આપણે પણ વિચારવા જેવું છે કે આપણા વર્તન અને વિચારો આર્ય જેવા છે કે અનાર્ય જેવા ?

**अणज्जभाव - अनार्यभाव ( पुं. )**

(ક્રોધાદિ દુર્ગુણવાળો મનુષ્ય)

શાસ્ત્રોમાં ક્રોધને સર્પની ઉપમા આપવામાં આવેલી છે. જેમ સર્પ પર વિશ્વાસ મૂકી ન શકાય તેમ ક્રોધી વ્યક્તિ ઉપર પણ વિશ્વાસ કરી

ન શકાય. કારણ કે, જે વખતે વ્યક્તિને ક્રોધ આવે છે ત્યારે તેનામાં વિવેકનો અભાવ થઈ જાય છે અને માત્ર સામેવાળાનું અહિત કરવાનો જ વિચાર હોય છે.

**अणज्झवसाय - अनध्यवसाय ( पुं. )**

(આલોચનામાત્ર અધ્યવસાયનો અભાવ, અવ્યક્ત જ્ઞાન, નિર્વિકલ્પ જ્ઞાન, ભેદ-પ્રભેદ રહિત સામાન્ય જ્ઞાન)

રસ્તામાં માણસ જતો હોય તેને કોઇક વસ્તુનો સ્પર્શ થાય. પદાર્થ શું છે તેનો તેને ખ્યાલ નથી પરંતુ, માત્ર કંઈક સ્પર્શ્યું એટલું જ્ઞાન થાય તેને કર્મગ્રંથમાં અવ્યક્તજ્ઞાન કે ઇહા જ્ઞાન કહેલું છે. પાંચ જ્ઞાનમાંના પ્રથમ મતિજ્ઞાનમાં થનારા પ્રથમ ચરણના જ્ઞાનને ઇહા જ્ઞાન કહે છે. આ જ્ઞાનમાં વ્યક્તિ નિશ્ચિત નથી હોતો કે તેને શેનો બોધ થયો છે પરંતુ, કંઈક પદાર્થ છે માત્ર એટલું જ જ્ઞાન થાય છે. આ જ્ઞાન પ્રત્યક્ષ નહીં પરંતુ, પરોક્ષ હોય છે.

**अणज्झोवण्ण - अनध्युपपन्न ( त्रि. )**

(મૂર્ચ્છા-આસક્તિથી રહિત, અનાસક્ત)

જૈન કથા સાહિત્યમાં આવે છે કે, રાજાની રાણીએ દીક્ષા લીધેલા પોતાના દિયરને ગોચરી વહોરાવવા માટે સામે ગામ જવાનું હોય છે. પરંતુ વર્ષા ઋતુના કારણે નદીમાં પૂર હોવાથી સામે કાંઠે જવાનો માર્ગ નહોતો. તેની મૂંઝવણ જોઇને રાજાએ કહ્યું તું જ્યારે નદી આગળ જાય ત્યારે માત્ર એટલું કહેજે કે, જો મારા પતિ ભોગોથી નિર્લેપ હોય તો નદી માર્ગ આપજો. રાણીએ તે પ્રમાણે કર્યું અને નદીએ માર્ગ કરી આપ્યો. પરંતુ પાછા વળતા એ જ તકલીફ હતી કે, ઘરે જવું કેવી રીતે ? ત્યારે દિયર સાધુએ કહ્યું, નદી આગળ કહેજો કે, મારા દિયર ખાવા છતાં ઉપવાસી હોય તો માર્ગ કરી આપ. અને ખરેખર બન્યું પણ તેવું જ. રાણીને વધુ આશ્ચર્ય થયું. તેણે રાજાને આમ બનવા પાછળનું કારણ પૂછ્યું ત્યારે રાજાએ કહ્યું, રાણી ! હું ભલે ભોગો ભોગવતો હોઉં કે મારા ભાઇ ગોચરી વાપરતા હોય અમે બન્ને તેમાં અનાસક્ત છીએ. સંસારના ભોગ-સુખોમાં અમે મૂર્ચ્છા નથી પામતા. આજે ક્યાં મળશે આવા અનાસક્ત ભોગીઓ ?

**अणट्ठ - अनर्थ ( पुं. )**

(પ્રયોજન વગર, નિષ્કારણ, અર્થરહિત, નિરર્થક ૨. નુકશાન, હાનિ)

ન્યાય શાસ્ત્રમાં આવે છે કે, દુનિયાની દરેક પ્રવૃત્તિ સકારણ હોય છે. દરેક કાર્ય પાછળ કોઇને કોઇ કારણ તો હોય જ છે. પરંતુ જૈન શાસ્ત્ર કહે છે કે, જે પ્રવૃત્તિથી તમારા ગુણોની હાનિ થતી હોય તે પ્રવૃત્તિ અર્થરહિત અને નિષ્પ્રયોજનવાળી જ સમજવી. આથી જ તો શ્રમણો નિષ્કારણ પ્રલાપ કે નિષ્પ્રયોજન પ્રવૃત્તિ કરતા નથી.

**अणट्ठकारग - अनर्थकारक ( त्रि. )**

(અનર્થકારી, પુરુષાર્થનો ઘાત કરનાર ૨. પું. આર્તધ્યાનરહિત, અનાર્ત)

જીવનમાં બે માર્ગ પ્રકારના હોય છે ૧. કલ્યાણકારી અને ૨. અનર્થકારી. જે વિવેકી પુરુષ છે અને પોતાનું હિત ઇચ્છે છે તેઓ પોતાને હિતકારી અને પરંપરાએ સુખ આપનાર માર્ગનું આચરણ કરે છે. પરંતુ જેઓ ભવાભિનંદી છે અને જેઓને શુભ કર્મનો ઉદય નથી થયો તેવા જીવો અનર્થકારી માર્ગે ઇચ્છાએ કે અનિચ્છાએ દોરાય છે અને નરક, તિર્યંચ જેવી દુર્ગતિઓમાં રઝળ્યા કરતા હોય છે.

**अणट्ठग - अनर्थक ( पुं. )**

(અઠ્યાવીસમો ગૌણ પરિગ્રહ)

**अणट्ठपगड - अन्यार्थप्रकृत ( त्रि. )**

(સાધુ નિમિત્તે બનાવેલો આહાર આદિ)

માત્ર સાધુ માટે જ બનાવવામાં આવેલ આહારને શાસ્ત્રમાં આધાકર્મી નામ આપવામાં આવેલો છે. કારણ કે સાધુઓ સ્થૂળ અને સૂક્ષ્મ બન્ને પ્રકારની હિંસાનો ત્યાગ કરનાર હોય છે. તેમના માટે બનાવેલા આહારનું ગ્રહણ તેમના ચારિત્રને બાળનાર બને છે. પિંડનિર્યુક્તિમાં તો ત્યાં સુધી કહેલું છે કે, સાધુનિમિત્તે આવો આહાર બનાવનાર શ્રાવક અને તેને ગ્રહણ કરનાર સાધુ બન્ને દુર્ગતિના અધિકારી બને છે.

**अणट्ठाकित्ति - अनार्तकीर्ति ( त्रि. )**

(નિષ્કલંક કીર્તિ છે જેની તે, અબાધિત કીર્તિયુક્ત)

ચોવીસ તીર્થંકરોમાં ત્રેવીસમા તીર્થાધિપતિ ભગવાન પાર્શ્વનાથનું એક બીજુંનામ છે પુરુષાદાનીય. અર્થાત્, જગતના તમામ જીવો માટે જે ઉપાસનીય અને પૂજનીય છે એવા પુરુષાદાનીય પાર્શ્વનાથ. તેઓની નિષ્કલંક કીર્તિ ઊર્ધ્વલોક, અધોલોક અને મનુષ્યલોક એમ ત્રણેય લોકમાં ફેલાયેલી છે. અન્ય પુરુષોની કીર્તિ કોઇકને કોઇક અવગુણના કારણે કલંકિત થઇ શકે છે. પરંતુ, ભગવાન પાર્શ્વનાથની કીર્તિમાં કોઇ જ કલંક લાગેલું નથી. જે જીવો તેમના શરણે જાય છે તેઓ પણ નિષ્કલંકકીર્તિના સ્વામી બને છે.

**अणट्ठादंड - अनर्थदण्ड ( पुं. )**

(નિષ્પ્રયોજન પ્રાણીઓનું ઉપમર્દન કરવું તે, નિષ્કારણ પાપ કરવા તે, સ્વાર્થ વગર આત્માને દંડવો તે, બીજું ક્રિયાસ્થાનક)

જે સ્થાને જે પ્રવૃત્તિની જરૂર ન હોય છતાં પણ કરે તો આપણે તેને અજ્ઞાની અથવા મૂર્ખ કહીશું. કેવલી ભગવંતોએ પણ કહેલું છે કે, જીવ નિરર્થક મન-વચન અને કાયાની પ્રવૃત્તિ દ્વારા વિપુલ કર્મોનો બંધ કરે છે. પોતાના કુટુંબ, પરિવારના નિર્વાહાદિ માટે નિર્દોષ જીવોના વધ જેવી પાપ ક્રિયાઓ કરતો રહે છે. અને પરભવમાં પીડા આપનારી આવી પાપપ્રવૃત્તિઓથી ઉપાર્જિત કર્મોના કારણે સંસારમાં અનંતકાળ સુધી પરિભ્રમણ કરતો રહે છે.

**अणट्ठादंडवेरमण - अनर्थदण्डविरमण ( न. )**

(અનર્થદંડથી નિવર્તવું તે, શ્રાવકનું આઠમું વ્રત, શ્રાવકનું ત્રીજું ગુણવ્રત)

જે નિરર્થક પ્રવૃત્તિથી આત્મા દંડાય તે અનર્થદંડ કહેવાય છે. મનુષ્યના જીવનમાં મોટા ભાગની આફતો અનર્થક પ્રવૃત્તિઓથી જ ઊભી થાય છે. આથી જ શ્રાવકના બારવ્રતોમાં આઠમું વ્રત અનર્થદંડવિરમણ બતાવવામાં આવેલું છે. આ વ્રતના પાંચ અતિચારો વર્ણવ્યા છે. જેઓ પણ નિરર્થક કે અનર્થદંડની પ્રવૃત્તિઓથી દૂર રહે છે તેનો આ ભવ અને પરભવ બન્ને સુધરે છે.

**अणट्ठाबंधि - अनर्थबन्धिन् ( पुं. )**

(વિના પ્રયોજને પખવાડીયામાં બે, ત્રણ કે વધુ વખત પાત્ર આદિને બંધન આપનાર સાધુ-સાધ્વી)

કલ્પસૂત્રમાં સામાચારીના કથન વખતે કહેલું છે કે, જે સાધુ કે સાધ્વી પખવાડિયામાં બે, ત્રણ કે તેથી વધુ વખત સ્વાધ્યાય આદિની હાનિ કરીને નિષ્કારણ પાત્રાદિને બાંધે છે તે અનર્થબંધી છે. પાત્રાદિમાં જીવજંતુ જતુ ન રહે તે માટે એકવારનું બંધન આવશ્યક છે. પરંતુ નિરર્થક બે, ત્રણ વખત વીંટાળી-વીંટાળીને પાત્ર બાંધતાં જ્ઞાન-દર્શન-ચારિત્રની હાનિ થતી હોવાથી ત્યાજ્ય છે.

**अणडण - अनटन ( न. )**

(ભ્રમણ ન કરવું તે, નહીં રખડવું તે)

આજના સમયમાં ગુરુભગવંતના પ્રવચનોમાં જવું લોકોને કંટાળાજનક લાગે છે. વ્યાખ્યાનમાં જવાની વાત આવે એટલે તરત બોલી ઊઠે ચાલોને યાર ક્યાંક બીજે ફરવા જઇએ. વ્યાખ્યાનમાં તો ઊંઘ આવે છે. અને પછી, બસ આખા ગામમાં પ્રાણીની જેમ ભટક્યા કરે. અરે ભાઇ ! અનંતાભવોથી તો એક ગતિમાંથી બીજી ગતિમાં ભટક્યા જ કર્યું છે. આ માનવભવ તો જન્મોજનમના ચાલતા સંસારપરિભ્રમણને અટકાવવા માટે છે. તેથી નક્કી કરી લેવું જોઇએ કે બસ! હવે મારે વધુ ભવોમાં રખડવું નથી.

**अणडो ( देशी )**

(જાર, ઉપપતિ)

જે સ્ત્રી પોતાના પતિ સિવાયના પરપુરુષ સાથે સંબંધ રાખે છે તેને સમાજ કુભાર્યા કે કુલટા સ્ત્રીના નામે ઓળખે છે. સમય આવ્યે તેવી સ્ત્રીઓની પરિસ્થિતિ ન ઘરની કે ન ઘાટની થતી હોય છે. યાદ રાખજો! જૈનકુળમાં જન્મ મળ્યા પછી વીતરાગી દેવ અને પંચમહાવ્રતધારી ગુરુદેવ મળ્યા પછી અન્યધર્મમાં અને અન્યાન્ય ગુરુઓમાં માથું માર્યા કરવું તે જારપુરુષને સેવનારી સ્ત્રીની જેમ કફોડી સ્થિતિને પ્રાપ્ત કરે છે. કિંતુ પતિવ્રતા સ્ત્રીની જેમ જેઓ પોતાના દેવ-ગુરુ અને ધર્મને વફાદાર રહે છે તેઓ આ ભવ અને આવનારા કેટલાય ભવો સુધી સુખી થઈ પરંપરાએ મોક્ષના સુખ ચાખે છે.

**अणणिप्पित्तु - अनर्प्य ( अव्य. )**

(શત્રુને નહીં આપીને)

કુદરતે ધન, સંપત્તિ, બુદ્ધિ, વિવેકાદિ ગુણો અન્ય પ્રાણીઓને નહીં આપીને માણસને આપ્યા છે તેનું કારણ એક જ છે કે, કુદરત જાણે છે, મેં જે વિવેકાદિ ગુણો અને સંપત્તિ વગેરે આપ્યા છે તેનો મનુષ્ય સદુપયોગ જ કરશે. તે બધાને વહેંચીને પછી છેલ્લે પોતાના માટે વિચાર કરશે. પરંતુ, દુઃખની વાત છે કે, આજનો માણસ એટલો બધો સ્વાર્થી અને લાલચુ થઇ ગયો છે કે, તે માત્ર પોતાનો જ વિચાર કરે છે. બીજાનો વિચાર તો તેને દૂર દૂર સુધી પણ આવતો નથી.

**अणणुओग - अननुयोग ( पुं. )**

(સાત પ્રકારના અનુયોગથી વિપરીત યોગ)

સૂત્રનો વિસ્તારથી અર્થની સાથે અનુકૂળ સંબંધ યોજવો તે અનુયોગ અને તેનાથી વિપરીત હોય તે અનનુયોગ કહેવાય છે. વિશેષાવશ્યક ભાષ્યમાં અનુયોગના જેમ સાત પ્રકાર વર્ણવ્યા છે તેમ આ અનનુયોગના પણ સાત પ્રકાર કહેલા છે. ૧. નામ ૨. સ્થાપના ૩. દ્રવ્ય ૪. ક્ષેત્ર ૫. કાળ ૬. વચન અને ૭. ભાવ. આ સાતેય પ્રકારની વિશેષાવશ્યક ભાષ્યમાં વિસ્તૃત ચર્ચા કરવામાં આવેલી છે.

**अणणुचीइय - अननुचित ( त्रि. )**

(શાસ્ત્રમાં જેની પરવાનગી આપી હોય તે, શાસ્ત્રે જેની અનુજ્ઞા કરેલી હોય તે)

નિશીથચૂર્ણિના પ્રથમ ઉદ્દેશામાં કહેલું છે કે, જે શ્રમણ નિરપેક્ષપણે પોતાના અહિત અને સામેનાને થનારા ગુણનો વિચાર કર્યા વિના સહજ ભાવે ગ્લાન વગેરેની સેવા કરે છે તે શાસ્ત્રસમ્મત છે. અર્થાત્ જે આત્મા કોઇપણ સ્વાર્થ ભાવ રાખ્યા વિના માત્ર પરોપકારની ભાવનાથી બાળ, વૃદ્ધ, ગ્લાન વગેરે શુશ્રૂષાયોગ્ય જીવોની સેવા કરે છે તેને શાસ્ત્રકારોએ મોક્ષમાર્ગ સાધક તરીકે બતાવ્યો છે.

**अणणुपालण - अननुपालन ( न. )**

(પાલન ન કરવું તે ૨. પૌષધોપવાસનો અતિચાર)

રોગથી પીડાતો પુરુષ વૈદ્યે આપેલી દવાનું સેવન કરે તો જ તે રોગમુક્ત થઇ શકે છે. તેમ જો ભવરોગથી મુક્ત થવું હોય તો પરમાત્માએ આપેલી આચારોરૂપી દવાઓનું સેવન કરવું જ પડે. જેઓ પરમાત્માએ બતાવેલા આચારોનું પાલન નથી કરતા તેઓ ક્યારેય સંસારવિષચક્રમાંથી છૂટી શકતા નથી.

**अणणुवाइ ( ण् ) - अननुपातिन् ( त्रि. )**

(સિદ્ધાંતથી વિરુદ્ધ, સિદ્ધાંતને નહીં અનુસરનાર)

વક્તાએ હંમેશાં સિદ્ધાંતોને અનુસરનારા તત્ત્વોનો ઉપદેશ આપવો જોઇએ. જે ઉપદેશ સિદ્ધાંતને અનુસરતો નથી, જેનો સિદ્ધાંત સાથે બાધ આવે તેવા પ્રકારનું કથન ઉત્સૂત્ર પ્રરૂપણા બને છે અને ઉત્સૂત્ર પ્રરૂપણા જેવો મોટો બીજો કોઈ દોષ નથી. કારણ કે તેનાથી સ્વ-પર બન્નેના અહિતની પરંપરા સર્જાય છે. સાથે-સાથે શાસનની હીલના થાય છે અને શાસનની ગરિમાને હાનિ પહોંચે છે. માટે સ્વ અને પરના હિતને ઇચ્છનારા વક્તાએ સર્વદા જિનભાષિત સિદ્ધાંતોને અનુસરતો ઉપદેશ આપવો જોઇએ.

**अणणुवाय - अननुपात ( पुं. )**

(ન આવવું તે)

તારા દુઃખમાં કોઇ ભાગ પડાવવા આવનાર નથી. તારા કરેલા કર્મો તારે જ ભોગવવાના છે. નારદ ઋષિના આ એક જ વાકયથી વાલિયો લૂંટારો વાલ્મિકી ઋષિ બની ગયો. પરમાત્મા મહાવીરે પણ આચારાંગસૂત્રમાં આ જ વાત કહેલી છે. **'एगे आया'** અર્થાત્, આ સંસારમાં તું એકલો જ આવ્યો છે અને એકલો જ જવાનો છે. તારી સાથે કોઇ આવ્યું પણ નથી અને આવવાનું પણ નથી. માટે સમયસર જાગી જા અને અત્યારથી જ આત્મકલ્યાણના કાર્યોમાં લાગી જા. કારણ કે અનાત્મિક કોઈપણ સંબંધો તારા પોતાના નથી.

**अणणुसासणा - अननुशासना ( स्त्री. )**

(શિક્ષાનો અભાવ, અનુશાસનનો અભાવ)

કીડીને પણ ખબર છે કે, જો મારે ગોળ કે સાકરને મેળવવી હશે તો મારી આગળની કીડીઓ જે માર્ગે જાય છે તે જ માર્ગે જવું પડશે અને તો જ હું મીઠાશને મેળવી શકીશ. એક અસંજ્ઞી કહેવાતી કીડીને પણ અનુશાસનની મહત્તાની ખબર છે. જ્યારે આપણે બુદ્ધિના બેતાજ બાદશાહ કહેવાતા હોવા છતાં પણ આપણામાં અનુશાસનનો અભાવ રહેલો છે. કેમ કે ધર્મથી પ્રાપ્ત થતાં સુખોની

ઇચ્છા આપણે રાખતા હોઇએ છીએ પરંતુ, એ જ ધર્મનું પાલન કરવામાં સખત આળસુ છીએ. આ હકીકત જ જણાવે છે કે, આપણામાં અનુશાસનનો કેટલો બધો અભાવ છે.

**अणण्ण - अनन्य ( त्रि. )**

(અભિન્ન, અપૃથક્ ૨. મોક્ષમાર્ગથી ભિન્ન નહીં તે, જ્ઞાનાદિ ૩. અસાધારણ, અદ્વિતીય)

જે મોક્ષમાર્ગમાં વર્તતો નથી તે માર્ગથી ચુકેલો છે, માર્ગભિન્ન છે. પરંતુ જે જિનેશ્વર ભગવંતે કહેલા આચારો અને મર્યાદાઓનું પાલન કરે છે તે મોક્ષમાર્ગથી અભિન્ન છે. આચારાંગસૂત્રના પ્રથમ શ્રુતસ્કંધના તૃતીય અધ્યયન અને બીજા ઉદ્દેશામાં કહેલું છે કે આવો સંયમી આત્મા મોક્ષમાર્ગથી ભ્રષ્ટ કરનાર હિંસાનું સ્વયં સેવન કરતો નથી, અન્ય પાસે હિંસા કરાવતો નથી અને જેઓ હિંસા આચરે છે તેમને સારા માનતો પણ નથી. તેનું સમ્યક્ત્વ અર્થાત્, આત્મજ્ઞાન અડીખમ છે. તે બીજાઓમાં પોતાનું દર્શન કરે છે.

**अणण्णणेय - अनन्यनेय ( त्रि. )**

(અન્યથી ન દોરવાય તેવો, સ્વયંબુદ્ધ)

સૂત્રકૃતાંગ આગમના પ્રથમ શ્રુતસ્કંધ અને બારમા અધ્યયનમાં કહેલું છે કે, સ્વયંબુદ્ધ આત્માઓ અનન્યનેય હોય છે. કારણ કે તેઓને બીજા કોઇની પાસેથી હિતની પ્રાપ્તિ અને અહિતના ત્યાગરૂપ ઉપદેશની જરૂર પડતી નથી. તેઓ સ્વયં જ એટલા પ્રબુદ્ધ હોય છે કે, પોતાના માટે શું હેય છે અને શું ઉપાદેય છે તેનું સ્પષ્ટ જ્ઞાન તેઓને હોય છે.

**अणण्णदंसि ( ण् ) - अनन्यदर्शिन् ( पुं. )**

(પદાર્થને યથાવસ્થિત જોનાર, પદાર્થ જે રીતે છે તે પ્રમાણે જોનાર)

જગતના દરેક પદાર્થને જોવા જોવામાં દૃષ્ટિ ભેદ હોય છે. જે જીવ તત્ત્વજ્ઞાનને નથી સમજેલો, સમ્યક્ત્વને નથી સ્પર્શેલો તે જીવ પદાર્થના માત્ર વર્તમાન સ્વરૂપને જોનારો હોય છે. દા.ત. તે વર્તમાન સમયમાં ઇંટ, ચૂનો, સીમેન્ટ અને રેતીથી બનેલા મકાનને ઘર સ્વરૂપે જુવે છે. જ્યારે સમ્યગ્દૃષ્ટિ આત્મા મકાનમાં બનાવવા માટે વપરાયેલા પદાર્થોના ભૂતકાળના સ્વરૂપ અને ભવિષ્યમાં થનારા પરિણામના સ્વરૂપને જોનારા હોય છે. અર્થાત્ ભૂતકાળમાં તે પૃથ્વીકાયરૂપે હતા, શસ્ત્રાદિના ઘાતથી તે ઇંટ, ચૂનાદિનું સ્વરૂપ આપીને ઘર તરીકે બનાવવામાં આવ્યા અને સમય જતા મકાન જીર્ણ થશે અને પુનઃ પોતાના મૂળ સ્વરૂપમાં આવી જશે. ઉત્પત્તિ, વિનાશ અને સ્થિરતા એ દરેક પદાર્થનો સ્વભાવ હોય છે. આમ દરેક પદાર્થને યથાવસ્થિત જોનારા હોય છે.

**अणण्णपरम - अनन्यपरम ( पुं. )**

(સંયમ, ચારિત્ર, ઇન્દ્રિયનિગ્રહ)

આચારાંગસૂત્રના પ્રથમ શ્રુતસ્કંધના દ્વિતીય અધ્યયન અને પ્રથમ ઉદ્દેશામાં કહેલું છે કે, જે જ્ઞાની આત્મા કર્મોના પરિણામને જાણે છે. પ્રતિપળ સંયમના યોગોમાં રત છે. તેને પ્રમાદ દોષ ક્યારેય પણ પીડી શકતો નથી. અને પ્રમાદમુક્ત શ્રમણ શુભયોગો દ્વારા અશુભ કર્મોનો નાશ કરતો અપ્રતિપાતિ જ્ઞાનને પ્રાપ્ત કરે છે.

**अणण्णमण - अनन्यमनस् ( त्रि. )**

(એકાગ્ર ચિત્તવાળો, તલ્લીન,)

આનંદઘનજી મહારાજે પરમાત્માનું ધ્યાન કેવી રીતે ધરવું તેનું ઉદાહરણપૂર્વક ખૂબ સુંદર નિરૂપણ કરેલું છે. તેઓએ લખ્યું છે કે, જેવી રીતે દોરડા પર ચાલતા નટને જોવા માટે લાખો આવતા અને જતા હોય છે છતાં પણ નટનું ધ્યાન લોક તરફ ન જતાં પોતાની ચાલ પર હોય છે. ગાય આખો દિવસ ભલે ગમે ત્યાં ફરે છતાં તેનું ચિત્ત પોતાના વાછરડામાં હોય છે. સોની, જુગારી વગેરેનું ચિત્ત સોના અને જુગારમાં જ લાગેલું હોય છે. તેની જેમ જ્યારે પરમાત્મા સાથે ચિત્ત તલ્લીન થઇ જાય ત્યારે જ જીવાત્મા સ્વયં પરમાત્મસ્વરૂપ બની જાય છે.

**अणण्णहावाइ ( ण् ) - अनन्यथावादिन् ( पुं. )**

(સત્ય કહેનાર)

આવશ્યકસૂત્રના ચતુર્થ અધ્યયનમાં કહેલું છે કે, જેઓ સંપૂર્ણપણે નિઃસ્વાર્થ છે અને પરોપકારની જ વૃત્તિવાળા છે. વળી જેમણે રાગ-દ્વેષ અને મોહને જીતી લીધા છે એવા જિનેશ્વર પરમાત્માને અસત્ય બોલવાનું કોઇ કારણ જ નથી હોતું. તેઓ અનન્યથાવાદી

હોય છે અર્થાત્, તેઓ માત્રને માત્ર સત્યવક્તા હોય છે.

**अणण्णाराम - अनन्याराम ( त्रि. )**

(મોક્ષમાર્ગથી અન્ય માર્ગને વિષે રમણ નહીં કરનારા, મુક્તિમાર્ગે રમણ કરનારા)

સમકિતીના પાંચ લક્ષણોમાંનું એક લક્ષણ છે નિર્વેદ અર્થાત્, સંસારથી કંટાળો. જેણે સમ્યગ્દર્શનને પ્રાપ્ત કર્યું છે તેવા આત્માને સંસારના દરેકે-દરેક પ્રસંગોમાં કે કાર્યોમાં કોઇ જ દિલચસ્પી કે આનંદ હોતો નથી. માત્ર એક ફરજરૂપે જ તેનું પાલન કરતો હોય છે. તેનું ચિત્ત તો મોક્ષમાર્ગના સાધનોમાં જ રમતું હોય છે. તેને દેવ-ગુરુ અને ધર્મ સિવાય ક્યાંય આનંદ નથી આવતો.

**अणण्हय - अनाश्रव ( पुं. )**

(આશ્રવનિરોધ, નવા કર્મોને આવતાં અટકાવવાં તે)

પ્રશ્નવ્યાકરણસૂત્રના પહેલા આશ્રવ દ્વારામાં લખેલું છે કે, નવા કર્મોનો આત્મામાં પ્રવેશ થવો તે આશ્રવ છે. અને તેના નિરોધના કારણભૂત જિનાજ્ઞાના પાલનથી નવા કર્મોનો રોધ-નિષેધ કરવો તેનું નામ છે અનાશ્રવ. અર્થાત્ આત્મામાં પ્રવેશતા નવા કર્મોને અટકાવવા તેનું નામ છે અનાશ્રવ. અનાશ્રવી આત્મા તપ-જપ-જ્ઞાન-ધ્યાન વડે કર્મો ખપાવી સિદ્ધ-બુદ્ધ ને મુક્ત થાય છે.

**अणण्हयकर - अनाश्रवकर ( पुं. )**

(આશ્રવનિરોધ કરનાર, નવા કર્મોને આવતાં અટકાવનાર)

ભગવતીસૂત્રના પચ્ચીસમા શતકના સાતમા ઉદ્દેશામાં પ્રશસ્તમનના વિનયભેદની વ્યાખ્યા કરતા લખ્યું છે કે, જે પાપભીરૂ છે અને નવા કર્મોના બંધનને ઇચ્છતો નથી તે ભવ્યાત્મા નવા કર્મોના આશ્રવભૂત પ્રાણાતિપાત આદિ પાપક્રિયાઓનો ત્યાગ કરે છે. જે જીવહિંસાદિ કરતો નથી તેનું ચિત્ત કાયમ પ્રસન્ન રહે છે.

**अणण्हयत्त - अनंहस्कत्व ( न. )**

(પાપરહિતપણું, કર્મ રહિતતા, આશ્રવનો અભાવ)

ઉત્તરાધ્યયનસૂત્રના પ્રથમ અધ્યયનમાં લખ્યું છે કે, **'संजमेण अणण्हयत्तं जणयइ'** અર્થાત્, હે શ્રમણ ! ઘાતિ અને અઘાતિ બન્ને પ્રકારના કર્મોના આશ્રવનો અભાવ કર. અર્થાત્ કર્મનાશમાં મુખ્ય કારણભૂત એવા ચારિત્રધર્મનું શુભભાવપૂર્વક પાલન કર. સંયમના નિરતિચાર પાલન થકી તારા આત્માને નિષ્કર્મા બનાવ.

**अणतिक्कमणिज्ज - अनतिक्रमणीय ( त्रि. )**

(અતિક્રમણ કરવા યોગ્ય નહિ, ઉલ્લંઘન કરવા યોગ્ય નહિ)

સ્વ-પરના હિત માટે શિષ્ટપુરુષો કે વડીલોએ જે મર્યાદા બાંધી હોય તેનું ઉલ્લંઘન ક્યારેય પણ ન કરવું જોઇએ. જો તેનું ઉલ્લંઘન કરવામાં આવે તો ઘણી બધી આપત્તિઓના ભોગ બનવું પડે છે. સીતાએ લક્ષ્મણરેખાનું ઉલ્લંઘન કર્યું તો તેને રાવણ હરી ગયો. પરસ્ત્રીને મા-બહેનની નજરે જોનારો રાવણ પરસ્ત્રીમાં આસક્ત થયો તો તેણે પોતાના પ્રાણ ખોવા પડ્યા.

**अणतिक्कमणिज्जवयण - अनतिक्रमणीयवचन ( त्रि. )**

(જેના વચન ઉલ્લંઘન કરવા યોગ્ય નથી તે, જેમ કે માતા, પિતા, ગુરુ આદિ)

માતૃ-પિતૃભક્ત શ્રવણનો આ દેશ છે. જેણે કાવડમાં માતા-પિતાને બેસાડીને અડસઠ તીરથની યાત્રા કરાવી હતી. આ દેશ પિતૃભક્ત રામનો છે જેણે પિતાના વચનને સત્ય ઠેરવવા માટે ચૌદવર્ષનો વનવાસ હસતા મોઢે સ્વીકારી લીધો. આ એ દેશ છે જયાં માતા-પિતાના વચનોનું ક્યારેય પણ ઉલ્લંઘન કરવામાં નહોતું આવતું. પરંતુ આજે તે ઇતિહાસ બની ગયો છે. આજે તો માતા-પિતાની વિરુદ્ધમાં જવું એ ફેશન બની ગઇ છે. યાદ રાખજો! માતા-પિતાની વાતનું ઉલ્લંઘન કરીને તમે તમારું ધાર્યું તો કરી લેશો પરંતુ, તેમની આંતરડી બાળીને જે પાપ બાંધશો તે તમને જન્મજન્માંતર સુધી રડાવશે.

**अणतियार - अनतिचार ( त्रि. )**

(અતિચારરહિત)

ત્રિગુપ્ત મુનિને પૂછવામાં આવ્યું કે, હે મુનિવર ! આપના ચારિત્રજીવનમાં કેટલા દોષ છે ? ત્યારે તેમણે કહ્યું કે, એક વાર મનમાં મને મારી પૂર્વાવસ્થાની સ્ત્રી યાદ આવી ગઇ હતી તે મનથી પાપ થયું હતું. એક શ્રાવકના ત્યાંથી ગોચરી વહોરીને બીજા શ્રાવકના

ત્યાં ગોચરી લેવા ગયો ત્યારે તેના પૂછવાથી મેં કહ્યું કે, પેલાએ મને અમુક ગોચરી વહોરાવી તે વચનથી અતિચાર લાગ્યો હતો અને એકવાર જંગલમાં વૃક્ષ નીચે સૂતો હતો ત્યારે ત્યાં અચાનક રાત્રે આવેલા સાર્થની રસોઇ બનાવવાના ચૂલાની ગરમીથી બચવા માટે પૂંજ્યા વગરની જમીન પર માથું રાખ્યું હતું, આના સિવાય કોઇ પાપનું સેવન નથી કર્યું. ધન્ય હોજો એ મુનિવર્યને જેણે પોતાના ચારિત્રજીવનને નિરતિચાર બનાવ્યું હતું.

**अणतिवाइ ( ण् ) – अनतिपातिन् ( पुं. )**

(અહિંસક)

સૂત્રકૃતાંગગત દ્વિતીય શ્રુતસ્કંધના પ્રથમ અધ્યયનમાં કહેલું છે કે, જીવોની હિંસા કરવી, તેઓને પીડા ઉપજાવવી, મર્દન કરવું ઇત્યાદિ દુષ્કર્મો જીવને દુર્ગતિમાં લઇ જનાર હોવાથી અતિપાતિ છે. જેણે એવા પાપનો પ્રતિષેધ અર્થાત્, ત્યાગ કર્યો છે તે અહિંસક પુરુષ અનતિપાતિ છે. જૈન શ્રાવક નિરપરાધી અને નિષ્કારણ જીવોની હિંસા નથી કરતો. માટે તે અહિંસક છે. પરંતુ તે ડરપોક છે એમ રખેને માનતા. કારણ કે ઇતિહાસમાં કુમારપાળ, વસ્તુપાળ, તેજપાળ, ઉદયન મંત્રી વગેરે તેના જીવંત ઉદાહરણો છે.

**अणतिविलंबियत्त – अनतिविलम्बितत्व ( न. )**

(અતિવિલંબ રહિત બોલવું તે, વચનના ૩૫ અતિશયોમાંનો એક)

તીર્થંકર ભગવંતના ચોત્રીસ અતિશયમાંનો એક અતિશય છે વચનાતિશય. પરમાત્મા જ્યારે દેશના આપતા હોય છે ત્યારે તેમની વાણીનો પ્રવાહ અસ્ખલિતપણે વહેતો હોય છે. તેઓ કલાકોના કલાકો સુધી દેશના આપે તો પણ તેમના વચન પ્રવાહમાં ક્યાંય મંદતા આવતી નથી. જેમ પરમાત્માનો આ અતિશય હોય છે તેવી રીતે શાસનની ધુરાને સંભાળનારા આચાર્યોનો પણ આ વચનાતિશય હોય છે. તેઓ જ્યારે પ્રવચન આપતા હોય ત્યારે નદીના પ્રવાહની જેમ તેમનો વાગ્પ્રવાહ અસ્ખલિતપણે ચાલતો હોય છે અને ભવ્યશ્રોતાઓ તેમની પ્રવચનરૂપી શ્રુતગંગામાં બધું જ ભાન ભૂલીને વહેવા લાગે છે.

**अणत्त – ऋणार्त्त ( पुं., स्त्री. )**

(ઋણથી પીડિત, ઋણી, રાજાદિનો કરજદાર)

સ્થાનાંગસૂત્રના ત્રીજા સ્થાનના ચોથા ઉદ્દેશામાં કહેલું છે કે, જેણે રાજા વગેરે પાસેથી સુવર્ણ, ધાન્યાદિનું ઋણ લીધું હોય, જેના માથે દેવુ હોય, તેવા પુરુષ કે સ્ત્રીને દીક્ષા આપવી નહિ. કારણ કે તેવો ઋણી આત્મા પોતાના ઋણથી બચવા માટે સાધુ બને અને જે જૈનધર્મને પામેલા નથી તેવા લેણદારો આવીને સાધુ, સમુદાય અને શાસનને બદનામ કરવાના પ્રયત્નો કરે. અર્થાત્ એકનું કરેલું કર્મ આખા શાસનને ભોગવવાનું આવે. માટે શાસનની હીલના થતી બચાવવા માટે દેવાથી પીડિતને દીક્ષા આપવાનો નિષેધ છે.

**★अनात्त ( त्रि. )**

(અગૃહીત, અસ્વીકૃત)

શાસ્ત્રોએ સંસારને પાપબહુલ કહેલો છે. જે આત્મા ભાવથી ચારિત્રનું પાલન કરે છે. જે મનુષ્ય કોઇપણ પ્રકારના દોષોનું સેવન નથી કરતો અને સંપૂર્ણપણે શ્રમણ જેવું જીવન જીવે છે. ગૃહાવસ્થામાં યાવત્ કેવલજ્ઞાન પ્રાપ્ત કરેલું હોય પણ અગૃહીત સાધુવેશવાળા હોય ત્યાં સુધી દેવો પણ તેમને વંદન કરતા નથી. જ્યારે તેઓ સર્વપ્રથમ મહાવ્રતોના સ્વીકાર સ્વરૂપ સાધુવેશને ધારણ કરે છે ત્યારે જ તેઓ વંદનીય બને છે. વિચાર કરો કે, સાધુવેશને કેટલો બધો ઉચ્ચ કક્ષાનો દરજ્જો લોકોત્તર શાસનમાં પ્રાપ્ત થયેલો છે.

**अणत्तं ( देशी–न. )**

(નિર્માલ્ય, દેવને ચડાવેલું દ્રવ્ય, દેવોચ્છિષ્ટ દ્રવ્ય)

પરમાત્માના જિનાલયમાં દેવને ચઢાવવામાં આવતા સોના-ચાંદી-રૂપિયા આદિ દ્રવ્યને ભક્તો પોતાના ઉપયોગમાં લઇ શકતા નથી. કારણ કે, તેને નિર્માલ્ય તરીકે ગણવામાં આવેલું છે. અર્થાત્ જે વસ્તુ પરમાત્માને ચઢાવેલી હોય તે દેવદ્રવ્ય નામક ક્ષેત્રમાં જાય છે અને તેનો ઉપયોગ માત્રને માત્ર જિનેશ્વર સંબંધી ક્ષેત્રમાં જ થઇ શકે છે તે સિવાયના ક્ષેત્રમાં ઉપયોગ કરવાથી ઘોર પાપના ભાગીદાર બનવું પડે છે અને અનંતા ભવો સુધી તેનું પરિણામ ભોગવવું પડે છે. માટે સુખના ઇચ્છુક દરેક પુરુષે આવા દેવદ્રવ્યનો ઉપયોગ ટાળવો જોઇએ.

**अणत्तट्ठिय - अनात्मार्थिक ( त्रि. )**

(પરમાર્થી, સ્વાર્થી નહીં તે ૨. અસ્વીકૃત, પોતાનું નહીં કરેલું તે)

કોઇક ઠેકાણે સુભાષિતમાં કહેવામાં આવ્યું છે કે આ ધરતી પર વૃક્ષો હંમેશાં બીજા માટે ફળે છે. નદીઓનાં મીઠાં નીર કાયમ બીજા માટે જ વહેતા હોય છે અને જે પરોપકારરસિક છે તેવા મહાપુરુષોની સંપત્તિ બીજાના ઉપયોગ માટે જ હોય છે. તેમની દ્રવ્ય સંપત્તિ કે ગુણ સંપત્તિ સર્વદા બીજાના ભલા માટે જ થતી હોય છે.

**अणत्तपण्ण - अनात्मप्रज्ञ ( त्रि. )**

(જેની બુદ્ધિ આત્મહિત કરવામાં નથી તે, વ્યર્થ બુદ્ધિવાળો)

આચારાંગસૂત્રના પ્રથમ શ્રુતસ્કંધમાં કહેલું છે કે, હે જીવાત્મા ! તને મળેલી બુદ્ધિનો ઉપયોગ પોતાના આત્મહિત માટે કર. તેનાથી જ તારું કલ્યાણ થવાનું છે. જેની પાસે ઘણી બુદ્ધિ છે પરંતુ, સ્વાર્થવશ માત્ર ભોગ-સુખો મેળવવા માટે જ તેનો ઉપયોગ કરનાર પુરુષ અનાત્મપ્રજ્ઞ છે અર્થાત્, જ્ઞાની પુરુષો તેને વ્યર્થબુદ્ધિવાળો કહે છે. કારણ કે તેવી બુદ્ધિ એકાંતે તેનું અહિત કરનારી જ હોય છે.

**अणत्तव - अनात्मवत् ( त्रि. )**

(સકષાયી, કષાયથી યુક્ત)

આત્માનો મૂળભૂત સ્વભાવ કષાય રહિતપણાનો છે. જે આત્મા કષાયથી મુક્ત હોય તે આત્મગત છે, પરંતુ જે જીવ કર્મોના આવરણના કારણે પોતાના અકષાયી ગુણથી ચ્યૂત થઇ ગયો છે તે સકષાયી આત્મા ધર્મનો અધિકારી બનતો નથી. કારણ કે નિશ્ચયનયની અપેક્ષાએ ધર્મની સાચી ઉપાસના આત્માના અકષાયીભાવથી જ થાય છે.

**अणत्तागमण - अनात्तागमन ( न. )**

(અપરિગૃહીત સ્ત્રીના અગમનરૂપ સ્વદારાસંતોષ વ્રતનો અતિચાર)

જેમ ચારિત્ર ગ્રહણ કરનારા સાધુ માટે પંચમહાવ્રત આવશ્યક છે. તેમ જિનશાસનને પામેલા શ્રાવક માટે બારવ્રતોનો સ્વીકાર પણ જરૂરી છે. જેમ બાર વ્રતો છે તેમ તેમાં લાગતા કલંકરૂપ અતિચારો પણ છે. ચોથા સ્થૂલમૈથુનવિરમણવ્રતમાં લાગતા અતિચારોમાંનો એક અતિચાર છે અપરિગૃહીતાગમન. પોતાની પત્ની સિવાયની વેશ્યા, પતિવિરહિણી, પતિએ કાઢી મૂકેલી હોય, અનાથ વગેરે સ્ત્રીઓ સાથે સંબંધ રાખવો તે અપરિગૃહીતાગમન નામનો અતિચાર છે.

**अणत्थ - अनर्थ ( पुं. )**

(અનર્થ હેતુ, એકવીસમો ગૌણ પરિગ્રહ)

પ્રશ્નવ્યાકરણસૂત્રના પાંચમા આશ્રવદ્વારમાં પરિગ્રહને અનર્થના હેતુ-કારણ તરીકે બતાવેલો છે. કેમ કે સૌ પ્રથમ વ્યક્તિને ધન મેળવવામાં ઘણા બધા અનીતિ આદિ સંઘર્ષોનો સામનો કરવો પડે છે. તે કર્યા બાદ જ્યારે ધનની પ્રાપ્તિ થાય ત્યારપછી તે મળેલા ધનને કોઇ લઇ ન જાય તે માટે તેનું રક્ષણ કરવાની ચિંતા સતાવે છે. આમ પરિગ્રહ અનર્થોની પંરપરાને સર્જનાર હોવાથી જ્ઞાની ભગવંતોએ અનર્થના હેતુભૂત પરિગ્રહનો સર્વથા ત્યાગ અથવા પરિગ્રહપરિમાણ કરવાનો ઉપદેશ આપેલો છે.

**अणत्थक - अनर्थक ( पुं. )**

(પરમાર્થ દષ્ટિએ નિરર્થક અઠ્યાવીસમો ગૌણ પરિગ્રહ, નિષ્પ્રયોજન)

સંસારમાં રહેલા ગૃહસ્થ માટે પરિગ્રહનો સર્વથા ત્યાગ કરવો શક્ય નથી. પોતાનો કે કુટુંબનો નિર્વાહ કરવા માટે ધનની જરૂર પડે જ છે. પરંતુ કેટલો પરિગ્રહ કરવો તેમાં વિવેક હોવો આવશ્યક છે. નિષ્પ્રયોજન અને અર્થરહિત પદાર્થોનો સંગ્રહ કરવો એ દુઃખ અને દુર્ગતિની નિશાની છે. પોતાનું જીવન સુખમય અને શાંતિમય પસાર થાય તેટલા પુરતા જ સાધનો રાખવા. બાકીના માટે પચ્ચક્ખાણ લઈ સંતોષ રાખવો જોઈએ.

**अणत्थकारग - अनर्थकारक ( त्रि. )**

(પુરુષાર્થનો ઘાત કરનાર)

ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થ મનુષ્યજીવનના આરાધ્ય પાસાઓ છે. માનવભવ મળ્યા પછી એ ચારેય પુરુષાર્થ આદરવા જોગ બને છે. આ ચારેય પુરુષાર્થો પરસ્પર ઘાતક ન બનતાં એકબીજાના પુરક કેમ બને એ રીતે સદ્ગુરુના માર્ગદર્શન

હેઠળ પોતાનો જીવન વ્યવહાર બનાવવો જોઈએ.

**अणत्थंतर - अनर्थान्तर ( न. )**

(એકાર્થક, એક જ અર્થવાળો શબ્દ)

ઘણા જૈનોને પોતાના દર્શન વિષે વપરાતા પારિભાષિક શબ્દો કે શાસ્ત્રીય શબ્દો અંગે ખ્યાલ નથી હોતો. તેઓ જૈનધર્મ સિવાયના સ્યાદ્વાદસિદ્ધાંત, અનેકાન્તદર્શન કે આર્હત્ દર્શન વગેરે જૈનધર્મના સંદર્ભમાં વપરાતા પર્યાયવાચી શબ્દોથી અપરિચિત હોય છે.

**अणत्थगंथ - अनर्थग्रन्थ ( पुं. )**

(ભાવધનયુક્ત)

ઘરની તિજોરીઓમાં અને બેંકના લોકરોમાં ભલે કરોડો રૂપિયાની સંપત્તિ પડી હોય પરંતુ, જો હૃદયમાં અતિથિ પ્રત્યે સત્કાર, વડીલો પ્રત્યેનો આદરભાવ નથી તો તેના જેવો ગરીબ બીજો કોઇ નથી. કાગળના રૂપિયા અને સોના-ચાંદી ક્યારેય સાથે નથી આવતા. સાથે આવે છે તો હૃદયમાં ઉત્પન્ન કરેલ સદ્ભાવનું ધન. ઘરમાં કે ખિસ્સામાં ભલે પૈસા ન હોય પરંતુ, ચિત્ત જો મૈત્રી-દયા આદિ ભાવધનયુક્ત હોય તો તેને આ દુનિયાનો સૌથી અમીર વ્યક્તિ માનજો.

**अणत्थचूल - अनर्थचूड ( पुं. )**

(નિજગુણથી ઉપાર્જિત નામવાળો રત્નવતીનો પુત્ર)

**अणत्थदंडज्झाण - अनर्थदण्डध्यान ( न. )**

(નિષ્પ્રયોજન જ હિંસાદિ કરવાનું ધ્યાન કરવું તે)

આ સંસારમાં એવા લોકો પણ હોય છે કે જેઓ કોઇ કારણ વિના પણ બીજાને હેરાન ન કરે તો ચેન ન પડે. આવા લોકોને વ્યવહારમાં નારદવૃત્તિવાળા કહેવામાં આવે છે. તેઓનું ધ્યાન હંમેશાં નિષ્પ્રયોજન જ બીજાને કેવી રીતે હેરાન કરવા તેમાં જ પરોવાયેલું હોય છે. શાસ્ત્રમાં કહેલું છે કે, આવી પ્રવૃત્તિ અને ચિત્તવૃત્તિવાળાઓ મૃત્યુ પામીને હીનકક્ષાના કહેવાતા પરમાધામી કે કિલ્બિષિક દેવયોનિમાં પણ ઉત્પન્ન થાય છે.

**अणत्थफलद - अनर्थफलद ( त्रि. )**

(સ્વ-પરને અનર્થકારી ફળ આપનાર)

શ્રાવકે માત્ર પોતાના માટે જ જે આહાર બનાવ્યો હોય. તેવા શુદ્ધ અને નિર્દોષ આહારવાળી ભિક્ષા ઉત્કૃષ્ટ ભાવ સાથે સાધુને વહોરાવે. અને સામે પક્ષે સર્વ પ્રકારે દોષરહિત હોય તેવી ભિક્ષા ગ્રહણ કરે તો સાધુ અને શ્રાવક બન્ને માટે તે ભિક્ષા કર્મનિર્જરા અને પુણ્યનો બંધ કરાવનારી બને છે. પરંતુ શ્રાવક સદોષ ભિક્ષા સાધુને વહોરાવે અને સાધુ દોષિત ભિક્ષા જાણવા છતાં પણ ગ્રહણ કરે તો તે ભિક્ષા બન્નેને અનર્થકારી ફળ આપનારી બને છે.

**अणत्थमियसंकप्प - अनस्तमितसंकल्प ( पुं. )**

(જેને દિવસમાં જ ખાવાનો સંકલ્પ છે તે)

ચૌદવર્ષના વનવાસ દરમિયાન લક્ષ્મણ જ્યારે પોતાના પુણ્ય પ્રતાપે રાજકન્યાને પરણીને આગળ જતાં હતા ત્યારે કન્યાએ હઠ પકડી કે, હું તમારી સાથે આવીશ. તે સમયે લક્ષ્મણે કહ્યું કે વનવાસ અતિ કઠિન છે તારા જેવી સુકોમલ કન્યાથી તે સહન નહીં થાય પરંતુ, જ્યારે વનવાસ પૂરો થશે ત્યારે ચોક્કસ તને લેવા આવીશ. કન્યાએ શંકા સાથે કહ્યું કે, તેની ખાત્રી શું ? ત્યારે લક્ષ્મણ બોલ્યા, જો હું તને દગો આપું તો મને રાત્રિભોજન કરનારને જે પાપ લાગે તેટલું જ પાપ મારે માથે. વિચારી જુઓ! રાત્રિભોજનમાં કેટલું મહાપાપ હશે. આજે પણ એવા કેટલાય છે જેઓને રાત્રિભોજનનો ત્યાગ છે. ધન્ય છે તે રાત્રિભોજન ત્યાગી મહાત્માઓને.

**अणत्थवाय - अनर्थवाद ( पुं. )**

(નિષ્પ્રયોજન બોલવું તે)

પ્રવ્રજ્યા ગ્રહણ કર્યા બાદ ચારજ્ઞાનના સ્વામી તીર્થંકર ભગવંતો જ્યાં સુધી કેવલજ્ઞાન પ્રાપ્ત નથી થતું ત્યાં સુધી મૌનને ધારણ કરનારા હોય છે. કેમ કે તેઓ જાણે છે કે છદ્મસ્થાવસ્થામાં અસત્ય બોલાઇ જવાની સંભાવના છે. ઉત્કૃષ્ટ એકાગ્રચિત્તવાળા પરમાત્માઓ પણ જો બોલવાનું ટાળતા હોય તો નિષ્પ્રયોજન કેટલુંય બોલનારા આપણાથી શું અસત્ય નહીં બોલાઇ જવાય ? જેઓ

કારણ વગર જ ખૂબ બોલ બોલ કર્યા કરે છે, દુનિયામાં તેવાઓનો વિશ્વાસ કોઇ જ કરતું નથી.

**अणत्थादंड - अनर्थदण्ड ( पुं. )**

(પ્રયોજન વગર હિંસા કરવી તે)

જેણે ચારિત્ર ગ્રહણ નથી કર્યું તેવા શ્રાવકને સંસારમાં જીવવા માટે હિંસા કરવી પડતી હોય છે. ત્યાં આગળ પણ શાસ્ત્રોએ તેમને હિંસાની અનુમતિ નથી આપી પરંતુ, તેની જયણા પાળવાની કહેલી છે અર્થાત્, જેટલી શક્ય બને એટલી ઓછી હિંસાથી કાર્ય કરવું. અને સર્વવિરતિધરને તો સર્વથા હિંસાનો નિષેધ જ કરેલો છે. જો આવશ્યક કાર્યોમાં પણ હિંસાની અનુમતિ શાસ્ત્રો નથી આપતા તો પછી વિના કારણે પોતાના શોખ માટે કે પછી બસ મન થયું એટલા માત્રથી હિંસા કરવાની રજા કેવી રીતે મળી શકે?

**अणत्थादंडवेरमण - अनर्थदण्डविरमण ( न. )**

(તૃતીય ગુણવ્રત, શ્રાવકનું આઠમું વ્રત)

શ્રાવકના બાર વ્રતોમાંનું તૃતીય ગુણવ્રત છે અનર્થદંડનો ત્યાગ કરવો. જેનો કોઇ જ અર્થ ન સરતો હોય તેને કહેવાય અનર્થ. અને અનર્થપણે અન્ય જીવોની હિંસા કરવી તે છે અનર્થદંડ. શ્રાવકવ્રતોને ધરનાર જીવાત્મા આવા અનર્થદંડનો ત્યાગ કરનાર હોય છે.

**अणद्ध - अनर्द्ध ( त्रि. )**

(જેનો કોઈ વિભાગ ન થાય તે, નિર્વિભાગ)

જે અવિભાજ્ય છે. જેનો કોઇ જ પ્રકારે વિભાગ કરી ન શકાય તે અનર્દ્ધ છે. સ્થાનાંગસૂત્રના તૃતીય ઠાણાના બીજા ઉદ્દેશામાં કહેલું છે કે, આ ચૌદ રાજલોકમાં કાળ, પ્રદેશ અને પરમાણુ આટલા નિર્વિભાગ છે. તેનો કોઇ જ ભેદ કરી શકતું નથી. કેવલજ્ઞાનીની દૃષ્ટિએ પણ તેમાં કોઇ વિભાગ થઇ શકતો નથી.

**अणधारग - ऋणधारक ( पुं. )**

(કરજદાર, ઋણધારક)

ધર્મસંગ્રહના દ્વિતીય અધિકારમાં કહેલું છે કે, ક્યારેય પણ કોઇનું ઋણ લેવું જોઇએ નહિ. પણ કોઇ કારણવશાત્ દેવું કર્યું હોય અને ઋણધારક પુરુષ પાસે જો તેને પૈસા પાછા આપવાની ક્ષમતા ન હોય તો તેના ઘરે નોકરી કરીને પણ તેનું ઋણ અદા કરી દેવું જોઇએ. અન્યથા ભવાંતરમાં તેના ઘરે ઊંટ, બળદ, પાડા કે ગધેડાનો અવતાર લઇને પણ તેનું ઋણ ચૂકવવું પડે છે.

**अणधिकारि ( ण् ) - अनधिकारिन् ( पुं. )**

(અધિકારી નહીં તે)

કોઇપણ શાસ્ત્રની રચના પહેલા દરેક ગ્રંથકાર પાંચ વાના કરતા હોય છે. તે પાંચ પ્રકારમાં એક પ્રકાર આવે છે અધિકારી. અધિકારીની ચર્ચાના સમયે તેઓ કહે છે કે, જે જીવો જિનશાસન પ્રત્યે સંપૂર્ણ શ્રદ્ધાવાળા છે અને મોક્ષને મેળવવાની ઇચ્છાવાળા છે. તેવા જ જીવો આ શાસ્ત્રને ભણવાના અધિકારી છે. તે સિવાયના માત્ર સ્વાર્થપૂર્તિ માટે કે શંકાસહિત માત્ર કુતૂહલથી શાસ્ત્રને ભણનારા લોકો તેના અધિકારી નથી.

**अणप ( प्प ) ज्ज - अनात्मज्ञ ( त्रि. )**

(અન્યથી ગૃહિત આત્મા ૨. વિક્ષિપ્ત ચિત્તવાળો, પાગલ)

જેવી રીતે પાગલ વ્યક્તિ ગમે તે સ્થાને હસે છે, રડે છે, વિચિત્ર હરકતો કરવા છતાં તેને ખ્યાલ નથી આવતો કે આ બધી પ્રવૃત્તિઓ યોગ્ય સ્થાનોમાં ન કરાય, તેમ કરવાથી તો લોકમાં હાસ્યાસ્પદ બનાય છે. તેમ કર્મોથી ગૃહીત આત્મા રાગ-દ્વેષની પ્રવૃત્તિ કરે છે. છતાં તેને ખબર નથી પડતી કે, આવું વર્તન મારા આત્માને અધોગતિ તરફ લઇ જનાર છે.

**अणपन्निय - अप्रज्ञप्तिक ( पुं. )**

(વ્યંતર દેવોની એક જાતિ)

દેવોના ચાર પ્રકારમાં એક પ્રકાર આવે છે વ્યંતર દેવોનો. આ વ્યંતર દેવોના આઠ પ્રકારમાંનો એક પ્રકાર છે અણપન્નિ દેવનો. પ્રવચનસારોદ્ધારના એકસોને ચોરાણુમાં દ્વારમાં કહેલું છે કે, રત્નપ્રભા નરકના ઉપરના ભાગમાં આવેલા હજાર યોજનવાળા રત્નકાંડના ઉપર નીચે છોડેલા સો યોજનમાં પણ ઉપર નીચે દશ-દશ યોજન છોડીને વચ્ચેના એંસી યોજનમાં આ દેવોના આવાસો

આવેલા છે.

**अणप्पगंथ - अनर्प्यग्रन्थ ( त्रि. )**

(આધ્યાત્મિક ગ્રંથની માફક જેને તેને આપવા યોગ્ય નહીં તે જ્ઞાન, બીજાને અર્પણ નહીં કરવા યોગ્ય જ્ઞાનાદિ)

આચારાંગસૂત્રમાં કહેલું છે કે, જે આશ્રવના સ્થાનો છે તે જ કર્મનિર્જરાના સ્થાન બને છે અને જે કર્મનિર્જરાના સ્થાનો છે એ જ આશ્રવના સ્થાનો બને છે. અર્થાત્ જો જીવમાં યોગ્યતા ન હોય તો જે કર્મત્યાગના સાધનો હોય છે તે પણ તેના માટે કર્મબંધનું કારણ બને છે. આથી જ તો જિનશાસનમાં જે જીવમાં જ્ઞાનાદિને પચાવવાની યોગ્યતા ન હોય તેવા અયોગ્ય જીવોને જ્ઞાનદાન કરવાનો નિષેધ કરેલો છે.

**★अनल्पग्रन्थ ( त्रि. )**

(બહુસૂત્રી, બહુ આગમ)

ચૌદપૂર્વી ભગવાન ભદ્રબાહુસ્વામીએ ઓઘનિર્યુક્તિમાં કહેલું છે કે, આગમ ગ્રંથોમાં કેટલાક શાસ્ત્રો એવા છે કે, જેમાં સૂત્રોનું પ્રચુર માત્રામાં કથન કરવામાં આવેલું છે. આવા ગ્રંથોને બહુસૂત્રી ગ્રંથો કહેવાય છે. ઘણી વખત સૂત્રો ઘણા બધા હોય પરંતુ, તેનો અર્થ અલ્પ હોય છે. તો વળી એવું પણ હોય કે સૂત્રોની પ્રચુરતાની સાથે તેના અર્થો પણ વિસ્તૃત હોય છે.

**★अनात्मग्रन्थ ( त्रि. )**

(અપરિગ્રહી, પરિગ્રહરહિત)

સાહિત્ય શાસ્ત્રમાં ગ્રંથનો એક અર્થ કર્યો છે સુવર્ણાદિ ધન. એક આત્મા જે દિવસથી પ્રવ્રજ્યા ગ્રહણ કરે છે તે દિવસથી તે અનાત્મગ્રંથિ કે નિર્ગ્રંથ બની જાય છે. આત્મિક સાધના સિવાય કોઇ પણ સાંસારિક પરિગ્રહને કરતો નથી. યાવત્ જીવન નિર્વાહ માટે ઉપયોગી એવા રૂપિયા, પૈસાને મૂકવા માટેનું ખિસ્સું પણ તેઓ રાખતા નથી. તેઓ સર્વથા અકિંચન બની જાય છે.

**अणप्पचोद - अनःप्रचोद ( पुं. )**

(ગાડું હાંકનાર ૨. વિષ્ણુ)

જેને બળદોના સ્વભાવ અને તેને ચલાવવાની આવડત હોય તે જ ગાડું હાંકી શકે છે. કેમ કે ગાડું હાંકનારને ખબર છે કે, કેવા પ્રકારે ગાડું ચલાવીશ તો બળદો સીધા ચાલશે અને ગન્તવ્ય સ્થાને પહોંચાડશે. તેવી રીતે જિનશાસનની ધુરાને સંભાળનારા આચાર્ય ભગવંતોને શિષ્યોને કેવી રીતે તૈયાર કરવા તેની આવડત હોય છે. તેઓ સારણા, વારણા, ચોયણા અને પડિચોયણા વડે શિષ્યોને ધર્મમાર્ગમાં રાખીને મોક્ષમાર્ગ તરફ આગળ ધપાવે છે.

**अणप्पिय - अनर्पित ( न. )**

(અવિશેષિત, વિશેષણથી વિશિષ્ટ ન કરેલું, સામાન્ય, અવિશિષ્ટ)

જગતમાં જીવ મુક્ત અને સંસારી એમ બે પ્રકારના છે, સંસારીમાં પણ બે પ્રકાર છે ત્રસ અને સ્થાવર, ત્રસમાં પણ જે પંચેન્દ્રિય સ્વરૂપ છે, પંચેન્દ્રિયમાં મનુષ્યરૂપ છે આ રીતે કોઇપણ પદાર્થનો વિશેષ બોધ કરાવવો તે અર્પિત છે. અને જેનો સામાન્યથી જ બોધ કરાવવામાં આવ્યો હોય તેને અનર્પિત કહેવાય છે.

**अणप्पियणय - अनर्पितनय ( पुं. )**

(સર્વ વસ્તુ સામાન્ય જ છે એમ માનનાર એક નય, વિશેષ નિરપેક્ષ સામાન્ય ગ્રાહી નય વિશેષ)

વિશેષાવશ્યક ભાષ્ય અને આચારાંગ ચૂર્ણિમાં અનર્પિતનયનું કથન કરવામાં આવેલું છે. આ નય એવું માને છે કે, આ જગતમાં વિશેષણોથી વિશિષ્ટ કોઇ પદાર્થ જ નથી. અર્થાત્ તે દરેક પદાર્થને સામાન્યપણે માને છે. જેમ જીવના સંસારી-મુક્ત, ત્રસ-સ્થાવર વગેરે ભેદો કર્યા તે ન માનતા બધા જ ભેદો જીવમાં સમાઇ જતા હોવાથી એકલા જીવ દ્રવ્યને જ માનવું જોઇએ.

**अणबल - ऋणबल ( पुं. )**

(ઘણો લેણદાર)

શાસ્ત્રમાં કહેલું છે કે, જે લેણદાર હોય તેણે ક્યારેય પણ દેવાદાર પર જોર કરવું જોઇએ નહિ. અર્થાત્ દેવાદાર પૈસા પાછા આપવાની પરિસ્થિતિમાં ન હોય તો તેના પર રૂપિયા પાછા આપવા માટેનું દબાણ કદાપિ કરવું જોઇએ નહિ. ઉલટાનું એમ કહેવું જોઇએ કે

ભાઈ ! તારી પાસે જ્યારે સગવડ થાય ત્યારે પૈસા આપી જજે. અન્યથા ક્યાંક વૈરાનુબંધ પડી જાય તો ભવ-ભવાંતર સુધી તેનું પરિણામ ભોગવવાનો વારો આવે છે.

**अणबलभणिय - ऋणबलभणित ( पुं. )**

(અમારું દ્રવ્ય આપ એમ લેણદાર વડે કહેવાયેલો કરજદાર)

ધર્મસંગ્રહ ગ્રંથમાં કહેવાયું છે કે, ધર્મારંભમાં, કન્યાદાનમાં, ઋણ ચૂકવવામાં, શત્રુના ઘાતમાં અને જલોદર જેવા રોગમાં ક્યારેય પણ કાળક્ષેપ કરવો જોઇએ નહિ. અર્થાત્ જેટલો જલદી બને તેટલા જલદી ઉપાય કરવો જોઇએ. ઋણ ચૂકવવાની વાતમાં કહેલું છે કે લેણદાર એવું કહે કે મારું ધન પાછું આપ ત્યાં સુધી રાહ ન જોતા તુરંત ધન આપી દેવું હિતાવહ છે.

**अणब्भ - अनभ्र ( त्रि. )**

(વાદળ વિનાનું)

વરસાદ વરસી ગયા બાદ વાદળોરહિત થયેલું સ્વચ્છ આકાશ દરેકના મનને હરી લે છે. તે દશ્ય નયનરમ્ય બને છે. ચિત્તમાં આહ્લાદ ઉત્પન્ન કરનાર હોય છે. શાસ્ત્રકાર ભગવંતો કહે છે કે, જ્યારે આત્મા પરથી મિથ્યાત્વરૂપી વાદળો હટી જાય છે અને સમ્યગ્દર્શનથી આત્મા સ્વચ્છ બને છે ત્યાર બાદ જે જગતનું દર્શન થાય છે તે સમ્યગ્દષ્ટિ આત્માને આનંદ ઉપજાવનારું હોય છે. અર્થાત્ વસ્તુના સાચા સ્વરૂપનું જ્ઞાન સમ્યગ્દષ્ટિ આત્માને આધ્યાત્મિક જગતમાં આગળ લઈ જનારું બને છે.

**अणब्भय - अनभ्रक ( त्रि. )**

(અબરખરહિત)

**अणब्भुवगय - अनभ्युपगत ( त्रि. )**

(શ્રુત સંપદાને ન પામેલું, આત્માને ન જાણનાર)

આચારાંગસૂત્રમાં કહેલું છે કે, **'जे एगं जाणइ से सव्वं जाणइ'** અર્થાત્ જેણે પોતાના આત્માને જાણ્યો છે તેણે જ આખું જગત જાણ્યું છે અને જેણે પોતાના આત્માને નથી જાણ્યો તે કશું જ જાણતો નથી.

**अणभंजग - ऋणभञ्जक ( पुं. )**

(લીધેલા દ્રવ્યને નહીં આપનાર કરજદાર)

લાંચ, રૂશ્વત દ્વારા કે બીજા પાસેથી ઉછીના લઈને પાછા નહીં આપવા દ્વારા લોકો પૈસા ખાઈ જતા હોય છે એ જેટલું સત્ય છે. તેમ ખોટા માર્ગેથી ખાધેલો પૈસો ક્યારેય પચતો નથી એ પણ તેટલું જ સત્ય છે. સમજી રાખજો!

**अणभिओग - अनभियोग ( पुं. )**

(ચઢાઈ કરવા યોગ્ય નહીં તે, આગ્રહરહિત)

જિનશાસનમાં આગ્રહને સ્થાન આપવામાં આવેલું છે. કોઈપણ બાબત માટેનો આગ્રહ હોય ત્યાં સુધી બરોબર છે. પરંતુ તે આગ્રહ હઠાગ્રહમાં ફેરવાઈ જાય તો પરમાત્માનું શાસન તેને ક્યારેય સ્વીકારતું નથી. પછી તે સંસારની બાબતોનો હઠાગ્રહ હોય કે પછી ધર્મ સંબંધી હોય. કેમ કે હઠાગ્રહ ક્યારેય પણ મોક્ષ અપાવતો નથી આથી દરેકે હઠાગ્રહરહિત બનવાનો પ્રયત્ન કરવો જોઇએ.

**अणभिक्कंत - अनभिक्रान्त ( त्रि. )**

(સજીવ ૨. ઉલ્લંઘી ગયેલું નહિ)

ઓઘ નિર્યુક્તિ વગેરે શાસ્ત્રોમાં એક સ્થાને બંધાયા વિના ગ્રામાનુગ્રામ વિહાર કરનારા શ્રમણો માટે કેવા સ્થાનોમાં વસવાટ કરવો અને કેવા સ્થાનોમાં ન કરવો તે સંબંધી આચાર બતાવવામાં આવેલા છે. તેમાં કહેલું છે કે જે સ્થાનોમાં લોકોની અવર-જવર નથી અને જે જગ્યા અભિક્રાન્ત અર્થાત્, અન્યો દ્વારા ભોગવાઈ નથી તેવી વસતિમાં સાધુએ ઉતરવું જોઇએ નહિ. કારણ કે તેવા સ્થાનોમાં જીવોત્પત્તિ હોવાની સંભવાના છે.

**अणभिक्कंतकिरिया - अनभिक्रान्तक्रिया ( स्त्री. )**

(ચરકાદિ ઋષિઓએ જેનું સેવન નથી કર્યું તે સ્થાન)

આજના આધુનિક જમાનાના ડૉક્ટરને દરદીઓ જ્યારે આહાર સંબંધી પૂછે છે ત્યારે બધાનો એક જ સૂર નીકળે છે કે બધું જ

ખાવાની છૂટ છે. તમારે જે ખાવું હોય તે ખાજો. કારણ કે જો ખાવાની ચરી પાળીને દર્દીઓ સાજા થઇ જશે તો પછી તેમનો ધંધો ચાલશે કેવી રીતે. પૂર્વેના આયુર્વેદ ગ્રંથના રચયિતા ચરકાદિ ઋષિઓએ રોગોના પ્રકાર, તેનું નિદાન અને રોગને અટકાવવા માટે પાળવાની ચરી પણ બતાવી છે. એટલું જ નહીં, તેઓએ જે સ્થાનોનો નિષેધ કર્યો છે તેનું સેવન સ્વયં પણ કર્યું નથી.

**अणभिक्कंतसंजोग – अनभिक्रान्तसंयोग ( पुं. )**

(પરિગ્રહી, અસંયમી)

ઉત્તરાધ્યયનસૂત્રમાં સંયોગ બે પ્રકારના કહેલા છે. ૧. બાહ્ય અને ૨. અભ્યંતર. ઘર, ધન, ધાન્ય, માતા-પિતા,પત્ની-પુત્રાદિ બધા બાહ્ય સંયોગ છે અને મનમાં રાગ-દ્વેષ, મોહ-મમતા વગેરે અભ્યંતર સંયોગ છે. જેણે આ બન્ને પ્રકારના સંયોગોનો ત્યાગ કર્યો છે તે સંયમી છે અને જેઓ હજી બન્ને પ્રકારના બંધનમાં બંધાયેલા છે તે બધા અસંયમી જીવો છે.

**अणभिगम – अनभिगम ( पुं. )**

(વિસ્તારપૂર્વક બોધનો અભાવ, સારી રીતે ગ્રહણ ન કરેલું હોય તે)

શાસ્ત્રોમાં કહેલું છે કે, સંયમ લેવાને ઇચ્છુક આત્માએ ગુરુ એવા કરવા કે જે ગીતાર્થ હોય. ઉત્સર્ગ-અપવાદમાર્ગના સમ્યગ્જ્ઞાતા હોય, જેને આગમોનું ઐદંપર્યાર્થ સુધીનું જ્ઞાન હોય એવા જ શ્રમણ ગુરુ થવાને યોગ્ય છે. જે સ્વયં શાસ્ત્રોના અંતરંગ ભાવોને નથી જાણતા, જેનામાં વિસ્તૃત જ્ઞાનનો અભાવ છે તેવા અબોધ ગુરુ બીજા જીવને કેવી રીતે તારી શકશે ?

**अणभिग्गहिय – अनभिग्रहिक ( न. )**

(કુમતની પકડ ન કરવી તે, મિથ્યાત્વનો એક ભેદ)

મિથ્યાત્વના બે પ્રકાર આવે છે ૧. આભિગ્રહિક અને ૨. અનભિગ્રહિક. કોઇ એક કુદેવ-કુગુરુ અને કુધર્મની પક્કડ રાખવી તે આભિગ્રહિક મિથ્યાત્વ છે. પરંતુ સર્વ દેવો વંદનીય છે, બધા જ ધર્મો સરખા છે કોઇની નિંદા ન કરવી વગેરે સર્વધર્મસમભાવની મતિવાળા જીવોને અનભિગ્રહિક મિથ્યાત્વ હોય છે. ધર્મસંગ્રહમાં કહેલું છે કે, અનભિગ્રહિક મિથ્યાત્વ સપર્યવસિત અને અપર્યવસિત એમ બે પ્રકારે છે. તેમાં ભવ્ય જીવોને સપર્યવસિત અને ઇતર જીવોને અપર્યવસિત અનભિગ્રહિક હોય છે.

**★अनभिग्रहित ( पुं. )**

(અભિગ્રહિક મિથ્યાત્વથી રહિત)

બૃહત્કલ્પસૂત્રના ભાષ્યના પ્રથમ ઉદ્દેશામાં કહેલું છે કે, જે જીવ કુદેવ-કુગુરુ અને કુધર્મના કદાગ્રહથી રહિત છે અને સુદેવ-સુગુરુ-સુધર્મનું શરણું સ્વીકાર્યું છે તેણે નિશ્ચે પોતાના સાગર જેવા સંસારને ખાબોચિયા જેટલો નાનો કરી નાખ્યો છે એમ સમજવું.

**अणभिग्गहियकुदिट्ठि – अनभिगृहीतकुदृष्टि ( पुं. )**

(મિથ્યાત્વવાદી મતનો અંગીકાર ન કરેલું)

જેને શાસ્ત્રોનું ઊંડાણપૂર્વકનું જ્ઞાન નથી. જેની બુદ્ધિ હેય અને ઉપાદેયના ભેદ માટે પરિપક્વ બની નથી તેવા બાળ જીવો માત્ર બાહ્ય ભપકા અને સુખસાધ્ય ધર્મમાં વધુ આકર્ષિત થાય છે. પરંતુ જેની મતિ શાસ્ત્રાધ્યયનથી પરિકર્મિત બની છે અને ધર્મના મર્મને જાણે છે તેવો આત્મા કુદર્શનોમાં પોતાના મનને સ્થાપતો નથી. ઊલટાનું તેવા કુદર્શનોથી દૂર રહીને પોતાના સમ્યગ્દર્શનની રક્ષા કરતો હોય છે.

**अणभिग्गहियसिज्जासणिय – अनभिगृहीतशय्यासनिक ( पुं. )**

(શય્યા કે આસનને વિષે અભિગ્રહથી રહિત)

રામાયણ અને મહાભારતનો ઇતિહાસ ભારતવર્ષમાં અતિપ્રચલિત છે. આ બન્ને કથાઓ સંસારી જીવોને નીતિ અને સદાચારના માર્ગે દોરવા માટે અતિ ઉપયોગી છે. આ બન્નેનો ઇતિહાસ ઘણી બધી બાબતોમાં વિરુદ્ધતા દર્શાવે છે. રામાયણમાં જોશો તો ત્યાં બસ એક જ ત્યાગની વાત છે. રામે પિતાના વચન માટે રાજસિંહાસન ત્યજી દીધું, સામે પક્ષે ભરત ગાદી સ્વીકારવા તૈયાર નથી વગેરે. જ્યારે મહાભારતમાં એક રાજસિંહાસન મેળવવા માટે અઢાર દિવસનું યુદ્ધ ખેલાયું હતું. આસન કે સ્થાનનો મોહ હંમેશાં ક્લેશ કરાવનાર છે. આથી જ પરમાત્માએ શ્રમણોને કહ્યું કે, ક્યારેય પણ આ બન્નેના અભિગ્રહથી બંધાતા નહિ.

**अणभिग्गहियपुण्णपाव – अनभिगृहीतपुण्यपाप ( त्रि. )**

(પુણ્ય, પાપ અને તેના કારણોથી અજ્ઞાત)

પુણ્ય એ ઉપાદેય છે અને પાપ એ હેય છે. આ વાત સ્વીકારવા માટે સૌ પ્રથમ પુણ્ય-પાપ અને તેના કારણોનું જ્ઞાન આવશ્યક છે. જ્યાં સુધી જીવ પુણ્યના લાભો અને પાપના ગેરલાભોથી અજ્ઞાત છે ત્યાં સુધી તેના પુણ્યકાર્યમાં પ્રવૃત્તિ અને પાપકાર્યથી નિવૃત્તિ કેવી રીતે થશે ?

**अणभिग्गहिया – अनभिगृहीता ( स्त्री. )**

(જેનો અર્થ ન જણાય તેવી ભાષા)

વક્તાના ગુણોમાં એક પ્રકાર આવે છે. અભિગૃહીત ભાષાવાન્. અર્થાત્ વક્તા જ્યારે પ્રવચન આપતો હોય ત્યારે તેની ભાષા લોકભોગ્ય અને બધાને સમજાય તેવી હોવી જોઈએ. જો તે ઉપદેશનો અર્થ જ ન સમજાય તેવી ભાષાનો પ્રયોગ કરે તો તેનું કથન નિષ્ફળ જાય છે અને તે લોકમાં અપ્રિય થઈ પડે છે. વક્તા હંમેશાં હિતકારી અને પ્રિયવચની હોવો જોઈએ.

**अणभिणिवेस – अनभिनिवेश ( पुं. )**

(કદાગ્રહ રહિત, મિથ્યાત્વરહિત, અનાભોગ)

એક ઝેન કથા આવે છે કે કોઈ વ્યક્તિ ઝેન ગુરુ પાસે શિષ્ય થઈને ભણવા ગયો. ગુરુએ પોતાની પાસે બેસાડ્યો અને ચાની કીટલીમાંથી ચાને કપમાં ભરવા લાગ્યા. કપ સંપૂર્ણ ભરાઈ ગયો છતાં પણ ગુરુએ ભરવાનું બંધ ન કર્યું. પેલાથી રહેવાયું નહીં અને કહ્યું કે બસ ગુરુદેવ કપ ભરાઈ ગયો વધારે ભરશો તો બહાર ઢોળાશે. ત્યારે ગુરુએ કહ્યું કે, જેમ કપમાં જગ્યા ન હોવાથી બીજી ચા ભરી શકાતી નથી તેમ તારા મનમાં જ્યાં સુધી કદાગ્રહ અને ખોટી પક્કડ પડેલી છે ત્યાં સુધી મારુ આપેલું જ્ઞાન તને ચઢશે નહિ. પહેલા તેને ખાલી કર પછી મારી પાસે આવજે. સત્ય સમજવા અનભિગ્રહી બનવું જરૂરી છે.

**अणभिप्पेय – अनभिप्रेत ( पुं. )**

(અનિચ્છિત વિષયનો સંયોગ)

ઉત્તરાધ્યયનસૂત્રના પ્રથમ અધ્યયનમાં લખ્યું છે કે, જ્યારે પુણ્ય ખલાસ થઈ ગયું હોય અને પાપકર્મનો ઉદય ચાલતો હોય ત્યારે આપણે જે વસ્તુને ઈચ્છતા ન હોઈએ તેવા અનિચ્છિત વિષયોનો સંયોગ સામેથી આવે છે. જે માત્રને માત્ર દુઃખનો જ અનુભવ કરાવે છે. માટે અનિચ્છિત વિષયના સંયોગને ન ઈચ્છતા હો તો તેવા પ્રકારના કર્મો બાંધતા પહેલા સમજણ લઈ લેવી સારી.

**अणभिभूय – अनभिभूत ( त्रि. )**

(અનુકૂળ કે પ્રતિકૂળ ઉપસર્ગોથી અથવા પરધર્મીઓથી પરાભવ ન પામેલું)

જિનશાસનની ધુરા જેમના હાથમાં છે એવા છત્રીસગુણોથી અલંકૃત આચાર્ય ભગવંત માટે કહેલું છે કે, અનુકૂળ કે પ્રતિકૂળ ઉપસર્ગોમાં પણ તેમની મુખાકૃતિમાં કોઈ જ ફરક જોવા ન મળે અને પરધર્મીઓના આક્રમણથી ક્યારેય પણ તેઓ પરાભવ પામતા નથી.

**अणभिय – अनभीत ( पुं. )**

(અસાવદ્ય યોગવાળો, પાપથી ડરતો)

સંસારના વાઘા ઉતારીને પરમાત્માનું શરણું સ્વીકારનાર સંયમીને જગતમાં કોઈનાથી પણ ડર હોતો નથી તેઓ નિર્ભીક હોય છે. આવા નિર્ભીક સાધુને પણ એક વસ્તુથી ડર હોય છે અને તે છે પાપવ્યાપાર. કારણ કે તે જાણતા હોય છે કે પાપાચરણથી પરભવમાં કેવી કેવી યોનિઓમાં ભ્રમણ કરવું પડે છે અને તેના કેવા માઠા ફળ ભોગવવા પડતા હોય છે. આથી તેઓની પ્રવૃત્તિ હંમેશાં અસાવદ્ય હોય છે.

**अणभिलप्प – अनभिलाप्य ( त्रि. )**

(વચનથી જણાવી શકાય નહિ, અનિર્વચનીય, બોલવાને અયોગ્ય)

ચૌદ રાજલોક પ્રમાણ વિશ્વમાં બે પ્રકારના પદાર્થો રહેલા છે. ૧. અભિલાપ્ય ૨. અનભિલાપ્ય. જે પદાર્થોને વચન વડે બીજાને જણાવી શકાય, સમજાવી શકાય તેવા પદાર્થોને અભિલાપ્ય કહેવાય છે. અને જે નિર્વચનીય છે અર્થાત્, જેને વચન દ્વારા કેમે કરીને

સમજાવી ન શકાય તેવા પદાર્થો અનભિલાપ્ય છે. લોકપ્રકાશ ગ્રંથમાં કહેલું છે, ચૌદરાજલોકમાં અભિલાપ્ય પદાર્થો કરતાં અનભિલાપ્ય પદાર્થો અનંતગણા વધારે છે. કેવલી ભગવંતો તેને દેખી અને અનુભવી શકે છે ખરા પરંતુ, તેને વચનમાં લાવી શકતા નથી.

**अणभिस्संग - अनभिष्वङ्ग ( पुं. )**

(પ્રતિબંધરહિત ૨. સંગ-પરિગ્રહરહિત સાધુ)

માતા-પિતા, ઘર-દુકાન, સ્થાન કે પદાર્થોનો સંગ, અર્થાત્ પરિચય કે આસક્તિ તે સાધુના આધ્યાત્મિક વિકાસમાર્ગમાં બાધક બને છે. તેઓનો પ્રતિબંધ સંયમીને અસંયમ તરફ દોરે છે એટલે જ પરમાત્માએ સાધુને અભિષ્વંગ અર્થાત્, પ્રતિબંધ રહિત થવાનું કહ્યું છે. જો તે પ્રતિબંધરહિત થશે તો જ અધ્યાત્મમાર્ગમાં આગળ વધી શકશે.

**अणभिस्संगओ - अनभिष्वङ्गतस् ( अव्य. )**

(પ્રતિબંધ રહિતપણે)

પ્રતિબંધનો અર્થ જ થાય છે કે, બંધન. જ્યાં પ્રતિબંધતા આવી ત્યાં બંધન આવ્યું. જેમ દોરડા વડે બંધાયેલો વ્યક્તિ કોઇ જ જાતનું હલન-ચલન કે અન્ય પ્રવૃત્તિ કરી શકતો નથી. તેમ સ્વજનાદિના પ્રતિબંધથી આબદ્ધ સાધુ કોઇ જ પ્રકારની આત્મહિતકારી પ્રવૃત્તિ કરી શકતો નથી. જો તે પ્રતિબંધરહિત થઈ વિચરે તો તેના જીવનમાં કોઇપણ પ્રકારની આપત્તિઓ આવી શકતી નથી.

**अणभिहिय - अनभिहित ( न. )**

(પોતાની ઈચ્છાથી જ અકથિત લક્ષણ ૨. સ્વસિદ્ધાન્તને નહીં કહેવા રૂપ સૂત્રદોષનો ભેદવિશેષ)

**अणराय - अराजक ( न. )**

(રાજા વગરનો દેશ ૨. નિરંકુશ)

બૃહત્કલ્પભાષ્યમાં લખેલું છે કે, પૂર્વનો રાજા મૃત્યુ પામ્યા બાદ રાજસિંહાસનને યોગ્ય નવા રાજા કે યુવરાજ આ બન્નેનું ચયન કે અભિષેક થયો ન હોય ત્યાં સુધી તે રાજ્ય કે દેશ અરાજક અર્થાત્, રાજા વિનાનું ગણાય છે. જેમ રાજા વિનાના રાજ્યમાં અરાજકતા ફેલાય છે તેમ ગચ્છ કે સમુદાય પણ આચાર્ય વિનાનો ન હોવો જોઇએ અન્યથા, સ્વચ્છંદતાદિ ઘણા બધા દોષોની આપત્તિ સંભવે છે.

**अणरिक्क ( देशी-न. )**

(દહીં, દૂધ આદિ)

દૂધ, દહીં વગેરેને આરોગ્યવર્ધક હોવાથી વૈદ્યકશાસ્ત્રએ સંસારી માટે ભોજ્ય કહી છે. તે જ દૂધ વગેરેને મહાવિગઇ અને વિકારવર્ધક હોવાથી શ્રમણ માટે ત્યાજ્ય કહેલા છે. આરોગ્ય માટે ભલે તે સારામાં સારી હોઇ શકે છે પરંતુ સાધક આત્મા માટે તે ચારિત્રવિઘાતક હોવાથી તેનો ત્યાગ એ જ શ્રેષ્ઠ છે.

**अणल - अनल ( पुं. )**

(અગ્નિ ૨. કૃત્તિકા નક્ષત્ર ૩. ચીતરાનું વૃક્ષ ૪. ભીલામાનું વૃક્ષ ૫. અયોગ્ય, નાલાયક ૬. અસમર્થ)

વ્યાકરણ શાસ્ત્રમાં '**अनल**'અર્થ કર્યો છે. '**नास्ति अलः पर्याप्तिर्यस्य स अनलः**' અર્થાત્, જે હંમેશાં માટે અતૃપ્ત છે. જેની ઉદરપૂર્તિ ક્યારેય નથી થતી તે છે અનલ. જ્ઞાની ભગવંતોએ ઇચ્છાઓ અને અપેક્ષાઓને પણ અગ્નિ સાથે જ સરખાવેલી છે. તમે તેને જેમ જેમ પૂરવાની કોશિશ કરો તેમ તેમ તે વધતી જ જાય છે. જો તમારે ઇચ્છાઓને મારવી જ હોય તો ત્યાગનો માર્ગ જ યોગ્ય છે. ઇચ્છાપૂર્તિનો માર્ગ તમને અધોગતિ તરફ જ લઇ જનાર છે.

**अणलंकिय - अनलङ्कृत ( त्रि. )**

(મુકુટ આદિ અલંકારો કે વસ્ત્રોની વિભૂષારહિત)

અરિસાભવનમાં સ્નાન કરવા ગયેલા ચક્રવર્તી ભરત મહારાજાએ જ્યારે પોતાના હાથમાંથી એક વીંટી સરકી ગઇ અને અલંકારરહિત આંગળીને જોઇને તેમને થયું કે એક વીંટી માત્રથી જો આંગળીનું આવું રૂપ છે તો સમસ્ત અલંકારોથી રહિત શરીર કેવું લાગશે! એમ વિચારીને તેમણે બધા જ આભૂષણો શરીર પરથી ઉતારી નાખ્યા અને જ્યારે તેમણે પોતાને અલંકારરહિત જોયા ત્યારે તેમને સત્યનું જ્ઞાન થયું અને અનિત્યાદિ ભાવના ભાવતા ત્યાં જ કૈવલ્યજ્ઞાનની પ્રાપ્તિ કરી.

**अणलंकियविभूसिय - अनलङ्कृतविभूषित ( त्रि. )**

(મુકુટ આદિ અલંકારો કે વસ્ત્રોની વિભૂષારહિત ૨. મુકુટ આદિ અલંકારો કે સુંદર વસ્ત્રોથી નહીં શોભતો)

અલંકારો કે વસ્ત્રો શરીરની શોભા વધારી શકે છે પરંતુ, આત્માની નહિ. આત્માની શોભા ઉદારતા, ક્ષમા વગેરે ગુણો જ વધારી શકે છે. વ્યક્તિ પોતાની સુંદરતા કે વસ્ત્રોની સજાવટથી નથી ઓળખાતો, પરંતુ તેનામાં રહેલી ખાસિયતો અને સત્કાર્યોથી ઓળખાય છે. આજનો સમય સુંદરતાનો નહીં કિંતુ, અંદરમાં રહેલી ટેલેન્ટનો છે.

**अणलगिरि - अनलगिरि ( पुं. )**

(ચંડપ્રદ્યોત રાજાનું હસ્તિરત્ન)

**अणलस - अनलस ( त्रि. )**

(ઉત્સાહી, આળસરહિત, પરિશ્રમી)

ઘરનો મોભી વ્યક્તિ, જંગલનો રાજા સિંહ, દેશનો માલિક રાજા. આ બધા નિરુત્સાહી અને આળસી થઇ જાય તો શું થાય ખબર છે ? તેના આશ્રિત લોકોને ભૂખમરો અને ઘણા બધા દુઃખોનો સામનો કરવો પડે. અર્થાત્ કોઇના કર્મની સજા બીજા કોઇને મળે. બસ આવું જ કંઈક મન અને આત્મા વચ્ચેનું છે. સંયમીનું મન નિરુત્સાહી અને ઉદ્યમરહિત બને અને શરીર કે મન દોષોનું સેવન કરે તો પરભવમાં તેનું પરિણામ આત્માએ ભોગવવું જ પડે. પણ જેઓ પોતાના આત્મિક યોગો તરફ જાગ્રત અને સદૈવ ઉદ્યમવંત છે તેઓને ક્યારેય પણ કર્મોના દુષ્પરિણામના ભોગ બનવું પડતું નથી.

**अणलाणिलतणवणस्सइगणणिस्सिय - अनलानिलतृणवनस्पतिगणनिःश्रित ( त्रि. )**

(અગ્નિ, વાયુ, વનસ્પતિના ઉપજીવક ત્રસજીવ)

જડ અને જીવોના સંબંધોનો મેળો તેનું નામ સંસાર. આ જગતમાં દરેક જીવને એક બીજાની આવશ્યકતા પડતી જ હોય છે. વનસ્પતિ જળ વિના વધી શકતી નથી. જળ હવા વિના સ્વચ્છ રહી શકતું નથી અને અગ્નિ વાયુ વિના જીવિત રહી શકતો નથી. જ્યારે જેની પાસે વિવેક અને જ્ઞાન છે એવા ત્રસ જીવોને પણ અગ્નિ- વાયુ- જળ અને વનસ્પતિને આશ્રિત રહેવું પડે છે. તેના વિના તે જીંદગી જીવી શકતા નથી. આજના યુગમાં પણ હવા-પાણી ને ખોરાક એ મનુષ્યની આવશ્યક સામગ્રી છે.

**अणलिय - अनलीक ( न. )**

(સત્ય)

આજના સમયમાં લોકો કહે છે કે, સત્યને પુરવાર કરવા માટે આગ્રહ અને આંદોલનો કરો. પરંતુ આ યોગ્ય માર્ગ નથી. જે વાત સત્ય હોય તેના માટે કોઇ દિવસ આગ્રહ હોઇ શકે જ નહિ. અને જેનો આગ્રહ થાય તે સત્ય રહેતું જ નથી. કેમ કે સત્ય જ તેનું નામ છે જેમાં તમે માનો કે ન માનો તેનામાં કોઇ ફરક પડવાનો જ નથી. સત્ય તો સત્ય જ રહે છે. તેનો આગ્રહ કરવો એ જ અસત્ય છે.

**अणल्लियणिज्ज ( देशी-त्रि. )**

(આશ્રય કરવા અયોગ્ય)

તંદુલવૈતાલિક શાસ્ત્રમાં કહેલું છે કે, પ્રાયઃ સ્ત્રીઓ કપટ સ્વભાવી અને સમય આવ્યે તુરંત પ્રાણોને હરનારી હોવાથી વિષલતા જેવી છે. આથી તેમનો સંગ કે વિશ્વાસ કરવો જોઇએ નહિ. તે સર્વથા આશ્રય કરવાને અયોગ્ય છે.

**अणव - ऋणवत् ( पुं. )**

(દિવસનું છવીસમું લોકોત્તર મુહૂર્ત)

**अणवकंखमाण - अनवकाङ्क्षत् ( त्रि. )**

(ન ઈચ્છતો થકો, ભોગની ઈચ્છા નહીં રાખતો)

દસ પ્રકારના શ્રમણ ધર્મથી પોતાના દોષોને જેણે જીત્યા છે તેવો શ્રમણ પદાર્થો પર મમત્વરહિત, ભોગોની ઇચ્છા નહીં રાખતો અપ્રતિબદ્ધપણે પૃથ્વી પર વિચરણ દ્વારા કેટલાય જીવોનું કલ્યાણ કરતો સ્વાત્મકલ્યાણને સાધે છે.

**अणवकंखवत्तिया - अनवकाङ्क्षप्रत्यया ( स्त्री. )**

(પોતાની કે અન્યની જીંદગીની અપેક્ષા રાખ્યા વગર સાહસથી થતી પાપક્રિયા, સ્વ-પરના આલોક કે પરલોકના હિતની ચિંતા

વગર સાહસથી થતી પાપક્રિયા)

અનવકાંક્ષપ્રત્યય ક્રિયા બે પ્રકારે છે સ્વશરીર સંબંધી અને પરશરીર સંબંધી અથવા બીજી રીતે આલોક સંબંધી અને પરલોક સંબંધી તેમાં પોતાના શરીરને ક્ષતિ પહોંચાડવી તે સ્વશરીર સંબંધી છે અને બીજાના શરીરને ક્ષતિ પહોંચાડવી તે બીજા પ્રકારમાં છે. જ્યારે બીજી રીતે આ ભવમાં લોકવિરુદ્ધ ચોરી વગરે કાર્યો કરવા, રૂપ ક્રિયા અને આર્તધ્યાન, ઇંદ્રિયોથી પરાભૂત હિંસાદિ કાર્યોમાં તત્પર તે પરલોક સંબંધી અનવકાંક્ષપ્રત્યય છે.

**अणवकंखा - अनवकाङ्क्षा ( स्त्री. )**

(ઈચ્છાનો અભાવ, સ્વશરીરાદિને વિષે અપેક્ષારહિત)

અનવકાંક્ષા શબ્દ અધ્યાત્મજગતમાં ઊંડો અર્થ ધરાવે છે. પ્રત્યેક સંસારી જીવોમાં આકાંક્ષા રહેલી જ હોય છે. શ્રીમંત હોય કે ગરીબ. બધાને કોઈને કોઈ વસ્તુ અગર પદાર્થની આકાંક્ષા સતત રહેતી હોય છે. જ્યારે સંસારથી પર થયેલા મહાત્માઓ દુન્યવી આકાંક્ષાઓથી ઉપર ઊઠી ગયેલા હોય છે. અર્થાત્ તેઓ સદા-સર્વથા કોઈપણ જાતની અપેક્ષાથી રહિત જીવન જીવે છે.

**अणवगय - अनवगत ( त्रि. )**

(નહીં જણાયેલું, અપરિજ્ઞાત)

અત્યારે વિદ્યમાન જગતમાં જે રીતે વૈજ્ઞાનિકોએ શોધો દ્વારા પહેલાના વખતમાં અપરિજ્ઞાત હતા તેવા અનેક આશ્ચર્યજનક રહસ્યો ઉદ્ઘાટિત કર્યા છે તેના કરતાં પણ અનેકગણા રહસ્યો હજુ પણ આ બ્રહ્માંડમાં હયાત છે. જેના મૂળ આગમોમાં રહેલા છે.

**अणवगल्ल - अनवकल्प ( पुं. )**

(અત્યન્ત વૃદ્ધ, જરા પીડિત)

રાજર્ષિ ભર્તૃહરિએ રચેલા વૈરાગ્યશતકમાં જીવને ઉપદેશ આપતો શ્લોક છે કે, હે જીવ! તું જે કંઈ સારું કરવા માગે છે, પોતાનું હિત સાધવા માગે છે તો હમણા જ કરી લે. કારણ કે જ્યારે વાર્ધક્ય તારા આ દેહનો ભરડો લેશે ત્યારે તું કાંઈ જ નહીં કરી શકે.

**अणवजुय - अनवयुत ( त्रि. )**

(જુદું નહીં થયેલું, અભિન્ન રહેલું, એકસમાન રહેલું)

સુખની ચાહના બધા જીવોને હોવી એ સ્વાભાવિક છે પણ સુખ શેનાથી પ્રાપ્ત થાય છે તે પ્રક્રિયા જ્યાં સુધી અજ્ઞાની જીવ જાણતો નથી ત્યાં સુધી તે આડા-અવળા ફાંફાં મારતો ફરે છે. જ્ઞાનીઓએ કહ્યું છે કે, જ્યાં સુધી પાપ કર્મ આત્મા સાથે ચોંટેલું જ રહ્યું છે ત્યાં સુધી સુખ મળવું અસંભવ છે. એટલે અશુભકર્મ આત્માથી જુદું ન થયું હોય, અભિન્ન રહેલું હોય ત્યાં સુધી સુખની પ્રાપ્તિ થતી નથી.

**अणवज्ज - अनवद्य, अणवर्ज्य ( न. )**

(સામાયિક, સાવદ્યયોગનું પચ્ચક્ખાણ કરવું તે ૨. નિર્દોષ, પાપરહિત)

શાસ્ત્રકારો કહે છે કે, જેમાં પાપ વિદ્યમાન હોય તે 'અવદ્ય' કહેવાય છે. જેમાં મન-વચન કે કાયાથી પાપનો સર્વથા અભાવ છે તેવું સામાયિકવ્રત અનવદ્ય કહેવાય છે. એટલા માટે જ કદાચ પુણિયા શ્રાવકનું સામાયિકવ્રત પોતાની સર્વસંપત્તિ વડે પણ શ્રેણિક રાજા મોલ લઈ ન શક્યા. ધન્ય છે પુણિયા શ્રાવકને ! જેના શુદ્ધ સામાયિકની ભારોભાર પ્રશંસા ભગવાન મહાવીરે કરી હતી.

**अणवज्जंगी - अनवद्याङ्गी ( स्त्री. )**

(તે નામે ભગવાન મહાવીરની પુત્રી; જેનું બીજું નામ સુદર્શના હતું, જમાલિની સ્ત્રી)

**अणवज्जजोग - अनवद्ययोग ( पुं. )**

(નિર્દોષ અનુષ્ઠાન, કુશળ અનુષ્ઠાન)

પાક્ષિકસૂત્રની ટીકામાં જણાવેલું છે કે, અનવદ્યયોગ એટલે એક જ કુશળાનુષ્ઠાન અન્ય સકળ અનવદ્યયોગોની સાથે અવ્યભિચારીપણે વર્તતું હોવાથી સર્વયોગોમાં કુશળાનુષ્ઠાન સ્વરૂપ બને છે. જે આત્માનું એકાન્તે હિત સાધે તે સર્વ અનવદ્યયોગરૂપ બને છે.

**अणवज्जया - अणवर्ज्यता ( स्त्री. )**

(સંવર)

આવશ્યકસૂત્રની શ્રી મલયગિરિજીની ટીકામાં ઉલ્લેખ છે કે, અણસ્ય એટલે પાપનું વર્જન. તેનો ભાવ એટલે અણવર્જ્યતા કહેવાય

છે. મન-વચન-કાયાના અશુભયોગોના ત્યાગથી પાપકર્મના અટકાવ રૂપ સંવર થાય છે. અર્થાત્, નવા કર્મો આવતા અટકી જાય છે.

**अणवट्ठ – अनवस्थ ( पुं. )**

(અવ્યવસ્થિત, અનિયમિત, ચારિત્રભ્રષ્ટતા)

ચારિત્રજીવનની જાગૃતિ માટે આગમગ્રંથોમાં ચારિત્રધર્મપાલના અંગે ખૂબ સૂક્ષ્મ રીતે માર્ગદર્શન કરાયેલું છે. પ્રમાદાદિ આચરણવડે ચારિત્રી આત્મા ચ્યુત ન થઈ જાય તે માટે સંયમ જીવનની વ્યવસ્થિતતા અંગે વ્યવહારસૂત્રાદિમાં વિસ્તૃત માર્ગદર્શન કરેલું છે.

**अणवट्ठप्प – अनवस्थाप्य ( न. )**

(દોષ માટે સાધુને અપાતા પ્રાયશ્ચિત્તનો એક પ્રકાર, જેમાં અમુક વખત સુધી સાધુને મહાવ્રતથી બહાર રાખી પુનઃ પાછા લેવામાં આવે તેવું એક પ્રાયશ્ચિત્ત)

જૈનાગમ ગ્રંથોમાં સાધુ માટે સાધ્વાચારની પ્રતિપાલનામાં લાગતા દોષોની નિવૃત્તિ માટે પ્રાયશ્ચિત્તની વ્યવસ્થા સામાન્યથી લઈને ખૂબ કડક રીતે જણાવાયેલી છે. પાંચ મહાવ્રત અને છઠ્ઠા રાત્રિભોજનવિરમણવ્રતમાં જો કોઈ દોષ લાગે તો જેવો ગંભીર-અગંભીર દોષ તે પ્રમાણે તેના પ્રાયશ્ચિત્તના તપવિશેષ બતાવેલા છે. જેમ કે કોઈ સાધુ પોતાના સાધર્મિક એવા અન્ય સાધુઓની ઉપધિ કે શિષ્યાદિની ચોરી કરે, શાક્યાદિ અન્યધર્મી સાધુ કે શ્રાવકોની ચોરી કરે અથવા તાડના કરે આ ત્રણ પ્રકારના સાધુઓને તાત્કાલિક તેમના વ્રતોથી છૂટા કરી દેવા એમ બૃહત્કલ્પ અને જીતકલ્પમાં કહેલું છે. બીજી રીતે પણ આશાતના અનવસ્થાપ્ય અને પ્રતિસેવના અનવસ્થાપ્ય એમ બે ભેદે દોષીને પ્રાયશ્ચિત્તની વિસ્તૃત છણાવટયુક્ત વાત બૃહત્કલ્પાદિ છેદસૂત્રોમાં કરેલી છે.

**अणवट्ठप्पया – अनवस्थाप्यता ( स्त्री. )**

(સેવિત દોષવાળા સાધુને યોગ્યતાના અભાવે કેટલાક સમય સુધી પુનઃ વ્રતમાં ન સ્થપાય તેવું પ્રાયશ્ચિત્તપણું, નવમું પ્રાયશ્ચિત્ત)

પોતાના મહાવ્રતોમાં જેણે ઘણો મોટો દોષ સેવ્યો હોય વળી, ગુરુ ભગવંતે આપેલું પ્રાયશ્ચિત્તરૂપ તપ પણ પૂર્ણ કર્યું ન હોય ત્યારે તેવા સાધુની દીક્ષાનો છેદ કરાતો હોય છે. ગુરુ દ્વારા અપાયેલા તપથી પોતે યોગ્ય ન બને ત્યાં સુધી તેને પુનઃ દીક્ષિત ન કરવો તેવા પ્રકારના પ્રાયશ્ચિત્તના વિધાનને અનવસ્થાપ્યતા કહે છે.

**अणवट्ठप्पारिह – अनवस्थाप्यार्ह ( न. )**

(સેવિત દોષવાળા સાધુને યોગ્યતાના અભાવે કેટલાક સમય સુધી પુનઃ વ્રતમાં ન સ્થપાય તેવું પ્રાયશ્ચિત્ત, નવમું પ્રાયશ્ચિત્ત)

સ્થાનાંગસૂત્રના દશમા સ્થાનમાં જણાવ્યું છે કે, જે કોઈ શિષ્યે અનવસ્થાપ્ય નામના નવમા પ્રાયશ્ચિત્તમાં ગણાતા ગુરુદોષનું સેવન કર્યું હોય તો તેના દંડ રૂપે વિહિત તપ કરાવવામાં આવે છે. સાધુ પણ પોતાની આત્મશુદ્ધિ અર્થે એ તપ પૂર્ણ કરી લે છે ત્યારે ગુરુ તેને યોગ્ય જાણી પુનઃ મહાવ્રતોમાં સ્થાપિત કરે છે.

**अणवट्ठप्पावत्ति – अनवस्थाप्यावर्त्ति ( स्त्री. )**

(ઉપચારથી અનવસ્થાપ્ય નામના પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિકરાવનાર પ્રતિસેવા-આચરણ)

બૃહત્કલ્પાદિ છેદગ્રંથોમાં સાધ્વાચારની ખૂબ વિસ્તૃત વિશ્લેષણા કરીને જણાવ્યું છે કે, દેવ-ગુરુ-ધર્મની મોટી આશાતના કરવાથી અનવસ્થાપ્ય નામના નવમા પ્રાયશ્ચિત્તના ભાગી થવાય છે. માટે આત્માર્થી સાધુએ સાધ્વાચારના સમુચિત પાલનમાં અનવરત જાગૃતિ રાખવી જોઈએ.

**अणवट्ठाण – अनवस्थान ( न. )**

(સામાયિકની સમયાવધિમાં નહીં કરવા યોગ્ય પ્રવૃત્તિ કરવી તે, સામાયિક વ્રતનો પાંચમો અતિચાર)

આત્મશુદ્ધિ અર્થે સામાયિક એક અમોઘ સાધન છે. ષડાવશ્યકમાં એ પ્રથમ ક્રમે ગણાયું છે. સામાયિક દ્વારા જેમ આત્મશુદ્ધિરૂપ કર્મ નિર્જરા થાય છે. તેમ જો તેમાં નહીં કરવા યોગ્ય આચરણ થાય તો અતિચાર લાગે, દોષમાં પડાય છે. કર્મવિગમના બદલે આત્મા કર્મમલથી લેપાય છે. માટે સામાયિકના ગુણ-દોષોનું પ્રથમ જ્ઞાન મેળવી તદનુરૂપ સામાયિક કરીને આગળ વધવું હિતાવહ ગણાય.

**अणवट्ठिय – अनवस्थित ( त्रि. )**

(અનિયત પ્રમાણવાળો, જેનું પ્રમાણ એક સરખું નથી તે ૨. અસ્થિર ૩. પલ્યોપમનો એક પ્રકાર, એક વિશિષ્ટ માપ)

ચંદ્રપ્રજ્ઞપ્તિસૂત્રમાં ઉલ્લેખ મળે છે કે, તિર્ચ્છાલોકના અઢીદ્વીપ બહારના ક્ષેત્રોમાં રાત્રિ-દિવસની અપેક્ષાએ કાળ અનિયત પ્રમાણવાળો હોય છે. જ્યારે મનુષ્યલોકમાં રાત-દિવસ-વર્ષાદિની ગણતરી સૂર્ય-ચંદ્રાદિની ગતિના કારણે નિર્ધારિત છે. તો બીજી બાજુ નરક અને દેવલોકમાં સૂર્ય-ચંદ્રાદિનું પરિભ્રમણ ન હોઈ રાત્રિ-દિવસ જેવું કાંઈ હોતું જ નથી. માટે ત્યાં સદાય એકસરખો સમય હોય છે.

**अणवट्ठियचित्त - अनवस्थितचित्त ( त्रि. )**

(અસ્થિર ચિત્ત, ચંચળ ચિત્ત છે જેનું)

આપણે દરરોજ પરમાત્માની સેવા-પૂજા, સામાયિક, નવકારવાળી ગણવી વગેરે આરાધના કરીએ છીએ છતાં પણ પરમાત્માની કૃપા શા માટે પ્રાપ્ત નથી થતી ? એનો વિચાર કર્યો છે ખરો ? હા આજે સીરિયસ થઇને આનો વિચાર કરવા જેવો છે. તેનું એક માત્ર કારણ છે કે, ભલે આપણે સવારથી લઇને સાંજ સુધી ઘણો બધો ધર્મ કરતા હોઇએ પરંતુ, તે બધું જ અસ્થિર ચિત્તે કરતા હોઇએ છીએ. પરમાત્મામાં કે અનુષ્ઠાનમાં સ્થિરચિત્ત થઇને ક્યારેય કરતાં નથી. જો આપણે પરમાત્મા તરફ ધ્યાન ન આપતા હોઇએ તો પછી પરમાત્મા આપણા તરફ ધ્યાન કેવી રીતે આપે ?

**अणवट्ठि ( त ) यसंठाण - अनवस्थितसंस्थान ( न. )**

(એક ઠેકાણે સ્થિતિ ન કરવી તે, નિરંતર ગતિ કરવી તે)

શાસ્ત્રોમાં લખેલું છે કે જે સમયને જાણે તે જ પંડિત છે. આ ઉક્તિ જરા પણ ખોટી નથી. કારણ કે, કાળનો પ્રવાહ સતત વહેતો રહે છે તે ક્યારેય પણ એક ઠેકાણે અટકતો નથી. તેની ગતિ નિરંતર ચાલ્યા કરે છે. આથી સમયને ઓળખીને તેને અનુરૂપ કાર્ય સાધવામાં આવે તો અવશ્ય ફલની સિદ્ધિ પ્રાપ્ત થાય છે. આથી જ તો કબીરજીએ પોતાના દુહામાં લખ્યું છે કે, 'कल करे सो आज कर आज करे सो अब'.

**अणवणीयत्त - अनपनीतत्व ( न. )**

(સત્ય વચનનો પચીસમો અતિશય)

ઔપપાતિકાદિ ગ્રંથોમાં સત્યવચનના અઠ્યાવીસ ભેદ વર્ણવવામાં આવેલા છે. તેમાંનો પચ્ચીસમો અતિશય છે અપનીતત્ત્વ. આ અતિશયવાળા વક્તાના કથનમાં કારક, કાળ, લિંગ, વચન આદિનો દોષ સંભવતો નથી. અર્થાત્ ક્યાંય પણ લિંગ,વચનાદિમાં વ્યત્યયતા-વિપરીતતા સંભવતી નથી.

**अणवतप्पया - अनवत्राप्यता ( स्त्री. )**

(હીન અંગતા, ઓળંગવાની યોગ્યતાનો અભાવ)

વીતરાગ સ્તોત્રના પ્રારંભમાં કલિકાલ સર્વજ્ઞ ભગવાન હેમચંદ્રસૂરિ મહારાજે પોતાની લઘુતા દર્શાવતાં કહ્યું છે કે, હે પરમાત્મા ! પશુઓમાં પણ હીન પશુ જેવો હું ક્યાં અને વીતરાગી દેવ આપની સ્તવના ક્યાં ? જંગલને ઓળંગવાની અયોગ્યતાવાળો પાંગળો પણ જેમ જંગલને પાર કરવાની ઇચ્છા રાખે છે તેમ સ્ખલના પામતો હોવા છતાં પણ હું આપના ગુણોના ગાન સ્વરૂપ વીતરાગ સ્તોત્રની રચના કરવાની તીવ્ર મહેચ્છાવાળો છું.

**अणवतारण - अनवतारण ( न. )**

(સમીપમાં ન સ્થાપવું તે ૨. સ્મરણ ન કરવું તે)

સંત કબીરનો એક દુહો આવે છે કે, 'दुःख में सुमिरण सहु करे, सुख में करे न कोय। सुख में जो सुमिरण करे, तो दुःख कहां से होई' અર્થાત્, જગતની અંદર વ્યક્તિ પર જ્યારે દુઃખ આવે છે ત્યારે જ તે ધર્મનું અને ભગવાનનું સ્મરણ કરે છે. સુખમાં કોઇ ભગવાનનું સ્મરણ કરતો નથી. પરંતુ જે સુખના સમયમાં પણ પરમાત્માના સ્મરણને ભૂલતો નથી તેને કોઇ દિવસ દુઃખના દહાડા આવતા જ નથી.

**अणवत्था - अनवस्था ( स्त्री. )**

(તર્કનો દોષ વિશેષ ૨. અવસ્થાનો અભાવ ૩. અવિશ્વાસ, ભરોસાનો અભાવ ૪. અન્યના અકાર્યને જોઈને થતું અકાર્ય)

આજનો કાળ ગાડરિયા પ્રવાહનો થઇ ગયેલો છે. એકનું જોઇને બીજાને પણ તે પ્રમાણે જ કરવાની ટેવ પડી ગયેલી છે. પછી તે સાચું હોય કે ખોટું તે જાણવાની તસ્દી જરાપણ લેવામાં આવતી નથી. વ્યક્તિએ સાચું જ્ઞાન લેવાને બદલે આગળવાળાએ કે અમુકે કર્યું તે

પ્રમાણે જ કરીને અજ્ઞાનમાં વધારો કરવાની આદત પડી ગઇ છે. પ્રતિક્રમણમાં પણ આના જીવંત ઉદાહરણો ઘણી વખત જોવા મળતા હોય છે. આગળવાળો જેવી ક્રિયા કરે તે પ્રમાણે જ પાછળવાળો કરશે. આગળવાળો સાચું કરે છે કે ખોટું તે જાણવાની તેને જરાપણ દરકાર હોતી નથી.

**अणवदग्ग - अनवताग्र ( त्रि. )**

(અનંત, છેડા વગરનું)

એક નાનકડું પણ અસત્ય જેનો દૂર દૂર સુધી છેડો પણ ન દેખાય તેવા અનંતા ભવો વધારી મૂકે છે. શાસ્ત્રોમાં લક્ષ્મણા સાધ્વીનું દૃષ્ટાંત આવે છે કે, એક ચકલા-ચકલીનું મૈથુન જોઇને તેમને મનમાં વિકાર થયો પરંતુ, જ્યારે કેવલજ્ઞાની પરમાત્મા આગળ પ્રાયશ્ચિત લીધું ત્યારે તેમણે છુપાવ્યું કે મને મનમાં વિકાર થયો હતો. તેમણે એવું કહ્યું કે, કોઇને આવું જોઇને વિકાર થાય તો શું પ્રાયશ્ચિત્ત આવે? કેવળી ભગવંત જાણતા હોવા છતાં કાંઇ ન બોલ્યા. પરંતુ એક નાનકડા જૂઠના કારણે લક્ષ્મણા સાધ્વીના અનંતા ભવો વધી ગયા.

**★अनवदग्र ( त्रि. )**

(અનંત, પ્રમાણરહિત, અપરિમિત)

અનંતા ભૂત-ભવિષ્ય અને વર્તમાનકાળને જાણનારા કેવળી ભગવંતની દૃષ્ટિએ પણ જેનો દૂર દૂર સુધી અંત ન જણાય તેને અનંત કહેવાય છે. અત્યાર સુધી આપણો મોક્ષ નથી થયો એ જ જણાવે છે કે, આપણી નિષ્ક્રિયતા અને ભાવશૂન્યતાના કારણે અનંતાકાળથી આ સંસારચક્રમાં ભમી રહ્યા છીએ.

**अणवयक्खित्ता - अनवेक्ष्य ( अव्य. )**

(ન જોઈને, જોયા વિના)

આ સંસાર છે જ્યાં સંયોગ ને વિયોગ કાયમ જોડાયેલા છે. આજે પ્રેમનો સાગર ઘૂઘવતો હોય કાલે ત્યાં નફરત અને તિરસ્કારની ખારાશ ભળેલી જોવા મળે છે. આજે સુખના વાયરા છે તો કાલે દુઃખના વંટોળ દેખાય છે. જેને એક દિવસ પણ જોયા વિના નહોતું ચાલતું, ભૂખ પણ નહોતી લાગતી ત્યાં જ તેના મરણ પછી બારમાના લાડવા ખવાય છે.

**अणवयग्गं ( देशी )**

(અનંત)

શાસ્ત્રોમાં કહેલું છે કે, '**इच्छा खु आगाससमा अणंतिया**' અર્થાત્ ઇચ્છાઓ આકાશ સમાન અનંત છે. તેનો અંત કે છેડો ક્યારે પણ નથી આવતો. ઇચ્છાઓની જેમ જેમ પૂર્તિ કરો તેમ તેમ તેનો વિસ્તાર વધારે ને વધારે મોટો થતો જાય છે. માટે ઇચ્છાઓરૂપી ડાકણથી બચવા માટે મહોપકારી જ્ઞાની ભગવંતોએ સંતોષ ગુણનો આશ્રય કરવા કહેલું છે.

**अणवयमाण - अनपवदत् ( त्रि. )**

(સત્યભાષા કહેતો ર. મૃષાવાદ નહીં કરતો)

ઘણા લોકોને એવી આદત હોય છે કે, અન્ય રીતે બનેલા પ્રસંગ કે ઘટનામાં વધારે પડતો મરી-મસાલો ઉમેરીને જુદી રીતે જ લોકોને કહેવું. આને પાપસ્થાનકોમાં મૃષાવાદ તરીકે જણાવેલો છે. પરંતુ જે સરળ હૃદયી અને હળુકર્મી આત્મા હોય છે તે ક્યારેય પણ અસત્યનું ઉચ્ચારણ કરતા નથી. ગમે તેવી પરિસ્થિતિમાં સત્ય જ બોલે છે.

**अणवरय - अनवरत ( त्रि. )**

(નિરંતર, વિરામરહિત, સતત)

વ્યક્તિ સુખસાહ્યબી ભોગવવાની ઇચ્છાથી ધન મેળવવા માટે દિવસ-રાત જોયા વિના સતત મહેનત કર્યા જ કરે છે. જ્ઞાની ભગવંત કહે છે કે, સાંસારિક સુખ મેળવવાની ઇચ્છાથી કરવામાં આવેલો પ્રયત્ન માત્રને માત્ર સંસાર વધારે છે. એટલો જ પ્રયત્ન સતત આત્મકલ્યાણ કરવાની ભાવનાથી કરાય તો એટલા સંસારનો હ્રાસ થાય છે.

**अणववाइत्त - अनपवादित्व ( न. )**

(અન્યની નિંદા ન કરવી તે, સત્ય બોલવું તે)

વાચકમુખ્ય ભગવાન ઉમાસ્વાતિ મહારાજે પ્રશમરતિ પ્રકરણમાં કહેલું છે કે, બીજાનો પરભાવ અને પોતાના વખાણ કરવારૂપ નિંદાથી સંકડો ભવોમાં ભ્રમણ કરાવનાર અને દુઃખેથી છૂટનાર એવા નીચગોત્ર કર્મનું બંધન થાય છે. માટે નીચગોત્રના દુઃખને ન ઇચ્છનાર પુરુષે પરનિંદા કે આત્મશ્લાઘા કરવી જોઇએ નહિ.

**अणवाय - अनपाय ( त्रि. )**

(નિર્દોષ, ક્ષતિરહિત)

ષોડશક પ્રકરણમાં કહેવામાં આવેલું છે કે, આગમવચન અનુસારની પરિણતિ એ ભવરોગને નાશ કરનાર નિર્દોષ અને શ્રેષ્ઠ ઔષધ છે. અર્થાત્ જેમ આડ અસરરહિત દવાથી રોગોનો નાશ થાય છે તેમ શુભપરિણતિથી ભવરોગનો નાશ થાય છે.

**अणविक्खिया - अनपेक्षता ( स्त्री. )**

(શિક્ષણરહિત)

શિક્ષણ તે છે કે, જે બાળકમાં વિવેક, સંસ્કાર અને સભ્યતાનો વધારો કરે. માત્ર માહિતી વધારનાર અને લોકોને કહેવા માટે પ્રાપ્ત કરવામાં આવેલું શિક્ષણ તે વસ્તુતઃ શિક્ષણ નહીં પરંતુ, કુસંસ્કારોનો ભાર વધારનાર કુશિક્ષણ છે. આવા ભણેલા પણ ગણેલા નહીં હકીકતમાં તો શિક્ષણરહિત જ છે.

**अणवेक्खमाण - अनपेक्षमाण ( त्रि. )**

(શરીરની અપેક્ષા ન કરતો)

જેણે સંસારના યથાવસ્થિત સ્વરૂપને જાણ્યું છે એવા મુનિ ભગવંતો નાશવંત એવા પુદ્ગલોની ક્યારેય પણ અપેક્ષા રાખતા નથી. યાવત્ પોતાના શરીર પ્રત્યે પણ તેઓ નિરપેક્ષ ભાવને ધારણ કરે છે. અર્થાત્ તેઓ પોતાના દેહ પ્રત્યેના મમત્વનો પણ ત્યાગ કરે છે.

**अणवे ( वि ) क्खा - अनपेक्षा ( स्त्री. )**

(સ્વનું કે અન્યનું વિશેષ ન કરનાર)

પદાર્થો બે પ્રકારના છે સાપેક્ષ અને નિરપેક્ષ. જે વસ્તુ પોતાની વિશિષ્ટતા દર્શાવવા માટે અન્ય બીજી સહાયક વસ્તુની અપેક્ષા રાખે તેને સાપેક્ષ કહેવાય છે. વ્યવહારસૂત્રના ત્રીજા ઉદ્દેશામાં કહેલું છે કે, જે પદાર્થ સ્વની કે પરની અપેક્ષા વગર સામાન્યપણે બોધ કરાવે તેને નિરપેક્ષ કહેવાય છે.

**अणसण - अनशन ( न. )**

(સંપૂર્ણ આહારનું પચ્ચક્ખાણ, આહારના ત્યાગરૂપ બાહ્યતપ વિશેષ, ઉપવાસ)

અનશન એટલે ઉપવાસ, પ્રવચન સારોદ્ધારાદિ ગ્રંથોમાં આહારના ત્યાગરૂપ અનશન બે પ્રકારે કહેલા છે. ૧. ઇત્વરકથિક અને ૨. યાવત્કથિક. જેમાં થોડાક સમય પૂરતો આહારનો ત્યાગ કરવામાં આવે તે ઇત્વરકથિક અનશન છે. જે એક ઉપવાસથી લઇને યાવત્ છ માસ સુધીનું હોઇ શકે છે. તથા જ્યાં સુધી શરીરમાંથી પ્રાણ ન નીકળે ત્યાં સુધી કરવામાં આવતા આહાર ત્યાગને યાવત્કથિક અનશન કહે છે. વર્તમાનકાળમાં યાવત્કથિક અનશનનો નિષેધ છે. માત્ર ઇત્વરકથિક જ પ્રવર્તમાન છે.

**अणसिय - अनशित ( त्रि. )**

(ઉપવાસી, ઉપોષિત)

આહારનો ત્યાગ જીવને સ્વની ખોજમાં પ્રેરક બને છે. ઉપવાસ દ્વારા આપણી જો સ્વાત્મ તરફ ગતિ થાય તો જ આપણું ઉપવાસીપણું સાર્થક બને છે. ગતાનુગતિક કે લોકમાં દેખાડો કરવાની ભાવનાથી કરાયેલો ભોજનનો બાહ્ય ત્યાગ કદાપિ નહિ.

**अणसूआ ( देशी )**

(નજીકના સમયમાં જ જેને પ્રસવ થનાર છે તે)

દરેક માતાને પોતાના પુત્ર ઉપર અપાર પ્રેમ હોય છે. પરંતુ જે સ્ત્રી નવપ્રસૂતા હોય તેને પોતાના સંતાન ઉપરનું વાત્સલ્ય અપ્રતિમ હોય છે. તે પ્રેમમાં ભીંજાવાની અને તેને અનુભવવાની ક્ષમતા તે બાળકમાં નથી હોતી કારણ કે, ત્યાં તેનું અજ્ઞાન હોય છે. બસ અનંત કરૂણાના સ્વામી જિનેશ્વર પરમાત્માનું વાત્સલ્ય આપણા પર એવું જ છે પરંતુ, આપણે અજ્ઞાનવશ અને સ્વાર્થાંધતાના કારણે

તેનો અનુભવ કરી શકતા નથી.

**अणह - अनघ ( त्रि. )**

(પાપ રહિત, નિર્દોષ, ક્ષતિ વગરનું, પવિત્ર ૨. નિરવદ્ય અનુષ્ઠાન કરનાર)

ભગવતીસૂત્ર, આચારાંગ, આવશ્યકસૂત્ર આદિ આગમોમાં ધર્માનુષ્ઠાન કેવું હોવું જોઈએ તે જણાવતાં પૂર્વાચાર્ય મહર્ષિઓએ ફરમાવ્યું છે કે, અનુષ્ઠાન અખંડ અને ભૌતિક પદાર્થોની લાલસા વગેરે કોઈપણ પ્રકારના દોષોથી રહિત હોવું જોઈએ. કારણ કે, ક્ષતિરહિત શુદ્ધ અનુષ્ઠાન જ સિદ્ધિસ્વરૂપ ઈચ્છિતફળની પ્રાપ્તિ કરાવનાર બને છે.

**अणहप्पणयं ( देशी )**

(નાશરહિત, નિત્ય)

જ્ઞાની મહર્ષિઓએ શરીર, ધન, વૈભવ, સ્વજન, સંબંધો વગેરેને અનિત્ય અને નિયમા નાશવંત કહેલા છે. આત્મા, પરમાત્મા અને મોક્ષ એ બધા શાશ્વત છે. નિત્ય છે. માટે સમજણ સાથે વિવેક કરીને જીવનમાં શાશ્વતને પામવા પ્રવૃત્તિ કરવી જોઇએ. નિત્ય સુખ માટે જ્ઞાનીઓએ નાશવંત પદાર્થો પ્રત્યે નહીં પણ સદાકાળ સુખ આપનાર સિદ્ધત્વને મેળવવા માટે ભારપૂર્વક જણાવ્યું છે.

**अणहबीय - अनघबीज ( पुं. )**

(વિનષ્ટ ન થયેલું બીજ)

જે વૃક્ષનું મૂળ નષ્ટ નથી થયું તેને ઉપરથી ગમે તેટલું કાપવામાં કે છેદવામાં આવે છતાં પણ તે પુનઃ નવપલ્લવિત થઇ જ જાય છે. તેને નષ્ટ કરવું હોય તો મૂળમાંથી જ ઉખાડવું પડે. તેમ સંસારનું બીજ છે કષાય. તે જ્યાં સુધી સમૂળગા નષ્ટ નથી થયા ત્યાં સુધી સંસાર પરિભ્રમણ ચાલ્યા જ કરવાનું છે. આથી જ્ઞાની ભગવંતોએ કહ્યું છે કે, સંસારના બીજ સ્વરૂપ કષાયોનો નાશ કરવો જોઇએ.

**अणहसमग्ग - अनघसमग्र ( त्रि. )**

(ચોરાદિ દ્વારા જેનું ધન લૂંટાયુ નથી તે, સુરક્ષિત દ્રવ્ય તથા પરિવારવાળો ૨. દૂષણરહિત ૩. અન્યૂન પરિવારવાળું)

ચોર લુટારાઓથી ધન પરિવારની સુરક્ષા માટે આપણે ચોકીદાર રાખીએ છીએ. લૂંટના ભયથી રાત્રે સુખેથી ઊંઘી પણ નથી શકતા. જો નાશવંત ધનાદિની માટે આવી પરિસ્થિતિ હોય તો પરમાત્મા કહે છે કે, વિષય-કષાય-મોહ-માયા આ બધા લૂંટારાઓ આત્માના સમ્યગ્જ્ઞાનાદિ ધનને સતત લૂંટી રહ્યા છે તેના માટે ખરેખર આત્મજાગૃતિનું સતત રખોપું કરવાની જરૂરત છે. **अणहारओ ( देशी- पुं. )**

(ખળું, ઘઉં વગેરે પાકને જે જમીન પર સાફ કરી ગ્રહણ કરવામાં આવે છે તે સ્થાન)

ખેતરમાંથી પાકેલા ધાન્યને ભેગું કરીને જ્યાં તેના ધાન્યકણો અને ફોતરાદિને છૂટા કરવામાં આવે તે જગ્યાને ખળું કહેવાય છે. જેમ ફોતરાં, ઠૂંડા આદિ નકામી વસ્તુઓને અલગ કરી સારભૂત ધાન્યકણોને ખેડૂત ગ્રહણ કરી લે છે તેમ ડાહ્યા માણસે પોતાના જીવનવ્યવહારમાંથી વિષાદ, ક્રોધ, અણગમો આદિ દુર્ગુણોને કાઢી ક્ષમા, તિતિક્ષાદિ સારરૂપ ગુણોને ગ્રહણ કરી પ્રસન્ન જીવન જીવવાની કળા હસ્તગત કરી લેવી જોઈએ.

**अणहिक्खद्रु - अनधिखादनार्थ ( पुं. )**

(સારો દેખાવ ૨. સારો ઉદ્દેશ)

સારા હોવું તથા સારા દેખાવું તે બન્નેમાં ઘણો તફાવત છે. અત્યારે લોકોમાં સારા હોવા કરતાં વધારે સારા દેખાવાનો ક્રેઝ છે. સારો દેખાવ પહેલી નજરે વ્યક્તિને આકર્ષિત કરે છે. પરંતુ બીજાને સારા હોવાનો અનુભવ તો સારા હોવાથી જ થવાનો છે.

**अणहिगय - अनधिगत ( त्रि. )**

(અગીતાર્થ, શાસ્ત્રોનું જ્ઞાન ન હોય તે ૨. નહીં જાણેલું, વિશેષે ન જાણેલું)

અગીતાર્થ એટલે જેને શાસ્ત્રોનું જ્ઞાન ન હોય તે. આગમોને ઉપર-ઉપર ભણવાથી કે પોપટની જેમ રટણ કરવા માત્રથી જ્ઞાની બનાતું નથી. કિંતુ તેના સાંગોપાંગ અધ્યયનપૂર્વક રહસ્યોને પ્રાપ્ત કર્યા હોય તેને ગીતાર્થ કહે છે. આવા પ્રકારનું જ્ઞાન ન ધરાવનાર સાધુને અગીતાર્થ કહેવાય છે. જે અગીતાર્થ છે તે જગતના સર્વપદાર્થોને વિશેષપણે જાણતો નથી.

**अणहिगयपुण्णपाव - अनधिगतपुण्यपाप ( त्रि. )**

(સૂત્ર અને અર્થ કહ્યા છતાં પુણ્ય પાપને ન જાણનાર સાધુ)

સાધુજીવનમાં સૂત્રાર્થનો બોધ થયા પછી સત્યમાર્ગ તરફ ગતિ થવી જરૂરી બને છે. અને જો ગતિ થાય તો જ સૂત્રાર્થનો થયેલો બોધ સફળ થાય છે. ભારેકર્મી જીવોને સૂત્ર અને અર્થનો બોધ થવા છતાંય તેઓને સત્ય માર્ગ તરફની ચાહના કે ગતિ થતી નથી.

**अणहिज्जमाण - अनधीयमान ( त्रि. )**

(નહીં ભણતો)

શાસ્ત્રોના અધ્યયન દ્વારા પહેલા ક્યારેય નહીં જણાયેલા કે ન અનુભવેલા એવા અનેક પદાર્થોની જાણકારી પ્રાપ્ત થાય છે તથા હેય-જ્ઞેય-ઉપાદેયનો બોધ, યોગ્ય-અયોગ્યનો વિવેક પણ તેનાથી આવે છે. તેથી જ જે ભણતો નથી તેને મૂર્ખ કહેવામાં આવે છે.

**अणहिणिविट्ठ - अनभिनिविष्ट ( त्रि. )**

(કુમતના આગ્રહથી રહિત, મિથ્યાત્વના આગ્રહથી રહિત)

અભિનિવેશ એટલે કદાગ્રહ. કદાગ્રહી જીવ ક્યારેય પોતે સાચી માનેલી વાતોને છોડી શકતો નથી. તેથી જ તેને તત્ત્વનો બોધ થતો નથી અને સમ્યક્ત્વની પ્રાપ્તિ પણ કરી શકતો નથી. જે જીવો કુમતના આગ્રહથી રહિત છે તેઓ સત્ય માર્ગને શીઘ્ર પામી જાય છે.

**अणहियास - अनधिसह ( पुं. )**

(અસહિષ્ણુ, સહનશીલ નહીં તે)

સ્ત્રી અને પુરુષ એ ગૃહસ્થાશ્રમ રૂપી રથના બે પૈડાં સમાન છે. બન્નેમાં જો સમરસતા હોય તો જીવનમાર્ગ સુખમય વીતે છે કિંતુ, જો પતિ-પત્નીમાં પરસ્પર સહનશીલતાનો ગુણ ન હોય તો અનેક પ્રકારના ક્લેશોના કારણે ભારરૂપ બનેલો ગૃહસ્થાશ્રમ રૂપી રથ ભાંગી જતાં વાર લાગતી નથી.

**अणहिलपा ( वा ) डगणयर - अनहिलपाटकनगर ( न. )**

(પાટણ, અણહિલપુરપાટણ)

સરસ્વતી નદીના કિનારે પાટણ નામનું નગર સુપ્રસિદ્ધ છે. જે પ્રાચીન સમયમાં ગુજરાતની રાજધાની હતી. આ શહેરની સ્થાપના નવમી શતાબ્દીમાં વનરાજ ચાવડા દ્વારા કરવામાં આવી. અભયદેવસૂરિ, કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય આદિ મહાપુરુષોએ આ શહેરમાં અનેક ગ્રંથોની રચના કરી. અદ્‌ભુત વસ્ત્રકલા માટે પ્રાચીનકાળથી પાટણના પટોળા જગપ્રસિદ્ધ છે.

**अणही - अनधी ( स्त्री. )**

(પાલિતાણા નગરના કપર્દી નામના મુખીની સ્ત્રી)

**अणहीय - अनधीत ( त्रि. )**

(અભ્યાસ ન કરેલું, અભણ)

પોપટ રામરામ બોલી જાણે પણ તેનો અર્થ નથી જાણતો તેમ અભ્યાસ કરવો એટલે ગોખવું કે માત્ર વાંચી જવું એ અર્થ પર્યાપ્ત નથી પરંતુ, અભ્યાસ એટલે કોઈપણ પદાર્થને ચિંતન-મનનપૂર્વક આત્મસાત્ કરવો તે. અર્થાત્, અનુભવમાં ઉતારવો તે જ અભ્યાસ સાર્થક છે.

**अणहीयपरमत्थ - अनधीतपरमार्थ ( पुं. )**

(અગીતાર્થ, શાસ્ત્રોને નહીં જાણનાર)

ગુરુનિશ્રામાં વાચના પૃચ્છના પરાવર્તના આદિ દ્વારા જેમણે આગમોનો અભ્યાસ નથી કર્યો, રહસ્યોને નથી જાણ્યા કે પરમાર્થનો બોધ થયો નથી તેને અગીતાર્થ કહેવાય છે. આ સંદર્ભે ભગવતીસૂત્રમાં કહ્યું છે કે, **'जे अणहीयपरमत्थे गोयमा ! संजए भवे'**

**अणाइ - अनादि ( त्रि. )**

(અનાદિ, જેની શરૂઆત નથી તે, પ્રારંભરહિત, ૨. સંસાર)

જેનો ક્યારેય પ્રારંભ થયો ન હોય તેને અનાદિ કહેવાય છે તેમ જેનો ક્યારેય અન્ત ન થનારો હોય તે અનન્ત કહેવાય છે. જે આદિ

અને અંતથી રહિત છે તેવો આ સંસાર અનાદિઅનન્ત છે. ત્રણે જગતમાં અવસ્થિત આકાશ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય જીવ, પુદ્ગલ અને કાળ એ છ દ્રવ્યોનો આદિ-અન્ત ન હોવાથી શાસ્ત્રોમાં અનાદિ-અનન્ત માનવામાં આવેલા છે.

**अणाइज्जणाम ( ण् ) - अनादेयनामन् ( न. )**

(અનાદેય નામકર્મ, નામકર્મનો એક ભેદ)

કોઈ વ્યક્તિનું વચન હિતકારી અને યોગ્ય હોવા છતાંય અન્યને રુચિકર ન બને કે માનવા લાયક ન લાગે તો સમજી લો કે તેણે બાંધેલા અનાદેય નામકર્મનો જ તેમાં પ્રભાવ છે.આ કર્મના ઉદયથી જીવનું હિતકારી વચન પણ આદરપાત્ર ન બનતાં માત્ર અનાદર પાત્ર બને છે. યાદ રાખો, પરમાત્માની વાણીનો, ગુરુ-વડીલ-માતા-પિતાના વચનોનો અનાદર કરવાથી આ કર્મ બંધાય છે. જાણતાં-અજાણતાં પૂજ્ય વ્યક્તિનો કે આદરપાત્રનો આદર-સત્કાર ન કરવાથી કે તિરસ્કાર કરવાથી પણ એવું કર્મ બંધાય છે.

**अणाइ ( ए ) ज्जवयणपच्चायाय - अनादेयवचनप्रत्याजात ( त्रि. )**

(અનુપાદેય વચનને ઉત્પન્ન કરનાર)

**अणाइणिहण - अनादिनिधन ( त्रि. )**

(આદ્યન્તરહિત, નિત્ય, અનુત્પન્ન શાશ્વત)

જેની ક્યારેય ઉત્પત્તિ ન થઈ હોય અને અંત પણ ન હોય તેને શાશ્વત કહેવાય છે. શાસ્ત્રીય પરિભાષામાં તેને અનાદિ અપર્યવસિત એટલે કે ઉત્પત્તિ અને અંતરહિત કહેવાય છે. એટલા માટે આત્માને અને તેના જ્ઞાન-દર્શન-ચારિત્ર-વીર્યાદિ ગુણોને અનાદિનિધન માન્યા છે.

**अणाइण्ण - अनाचीर्ण ( त्रि. )**

(સાધુને આચરવા યોગ્ય નહીં તે, અકલ્પનીય)

મહાપુરુષોના જીવન અનુસાર આચરણા કરવાની જગ્યાએ તેમણે કહેલા ઉપદેશ અનુસાર જીવનયાપન કરવું જોઈએ. પરમાત્મા મહાવીરસ્વામી માટે દેવો છત્રત્રય, સમવસરણ આદિની રચના કરે છે, તે તો તીર્થંકર નામકર્મના પ્રકૃષ્ટ પુણ્યોદયના કારણે કરવામાં આવતું હતું. પરંતુ તેમના જેવું આચરણ તેમના શિષ્યો કે અનુગામી સાધુ ભગવંતો માટે અકલ્પનીય બને છે.

**अणाइबंध - अनादिबन्ध ( पुं. )**

(અનાદિબંધ, કર્મબંધનો ભેદ વિશેષ)

જે અનાદિકાળથી સંતતિભાવથી ચાલતું આવે, ક્યારેય વિનષ્ટ ન થાય તે અનાદિબંધ છે. સંસારી જીવોનો કર્મબંધ પણ અનાદિકાળથી વંશ પરંપરાની જેમ સતત ચાલતો રહ્યો છે. એવું કર્મ કે જેમાં વચ્ચે ક્યારેય વ્યવધાન ન આવતું હોય તેને અનાદિબંધકર્મ કહેવાય છે.

**अणाइभव - अनादिभव ( पुं. )**

(અનાદિકાલીન સંસાર)

કર્માધીન જીવના ભવોની પરંપરા અનાદિકાળથી ચાલી આવે છે. સૂક્ષ્મ નિગોદમાંથી ભવિતવ્યતાના બળે બહાર નીકળ્યા પછી પ્રારંભ થયેલી પ્રત્યક્ષ સંસારયાત્રામાં જીવ એક ભવમાંથી બીજામાં અને બીજામાંથી ત્રીજામાં એમ સતત ભવભ્રમણ કરતો રહ્યો છે.

**अणाइभवदव्वलिंग - अनादिभवद्रव्यलिङ्ग ( न. )**

(અનાદિકાલીન ભાવ વગરનું દ્રવ્ય ચારિત્ર)

શાસ્ત્રકારો જણાવે છે કે, જીવે ભૂતકાળમાં અસંખ્યવાર ચારિત્રનું પાલન કર્યું છે પણ તેના સંસારપરિભ્રમણનો અંત નથી આવ્યો. તેમ થવામાં કારણ ભાવરહિત દ્રવ્યચારિત્ર છે. માત્ર મુંડન કરાવી વેશ પહેરવાથી સાચા ચારિત્રી નથી બનાતું પણ મનના મુંડનથી ભાવચારિત્રની પરિપાલના આવે છે. તેનાથી પ્રત્યેક ક્ષણે અનંતા કર્મો ખપે છે અને બહુ જ થોડા ભવોમાં મુક્તિની પ્રાપ્તિ થાય છે.

**अणाइय - अज्ञातिक ( त्रि. )**

(સ્વજન રહિત, કુટુંબ વગરનો, એકલો)

જગતમાં માતા, પિતા, પુત્ર, પુત્રી, ભાઈ, બહેન, પરિવાર, સ્વજન, મિત્ર આદિ અનેક સંબંધો દેખાય છે પરંતુ, આ બધા સંબંધો તો માત્ર ઇહલૌકિક વ્યવહાર પૂરતાં જ છે. જ્ઞાની ભગવંતો કહે છે કે, આત્માનું કોઈ સ્વજન નથી કે દુશ્મન પણ નથી. કોઈ વૃક્ષ પર સાંજ પડતાં ઠેક-ઠેકાણેથી આવીને અનેક પંખીઓ ભેગા થાય છે અને પ્રભાત થતાં પોત-પોતાની મંઝિલ તરફ ઉડી જાય તેમ કર્માધીન જીવો કર્મસંયોગે કુટુંબ પરિવારરૂપે મળે છે અને કર્મસંયોગે વિખુટા પડે છે. પ્રત્યેક આત્મા તો એકલો આવ્યો હતો અને સારાં-નરસાં કર્મો લઈને એકલો જ જવાનો છે એ ધ્રુવ સત્ય છે.

**★अणातीत ( त्रि. )**

(પાપી, પાપને પ્રાપ્ત થયેલું)

જેનાથી પોતાનું કે બીજાનું કોઈપણ પ્રકારે અહિત થાય તેવું વિચારવું કે પ્રવૃત્તિ કરવી તે પાપ છે. હિંસા કરવી, અન્ય માટે ખરાબ વિચાર કરવા, અસત્ય વચન, પરિગ્રહ મૂર્છા, અબ્રહ્મનું સેવન કરવું વગેરે પાપકર્મના અનેકવિધ પ્રકારો છે. આવા કાર્યો કરવાથી જીવ પાપી બનીને પોતાના માટે ક્લિષ્ટ કર્મોનો સંચય કરે છે.

**★अनादिक ( त्रि. )**

(અનાદિ, પ્રારંભરહિત, ચૌદરાજલોક, ધર્માસ્તિકાયાદિ દ્રવ્ય)

જેનો ક્યારેય આરંભ નથી એવો આ સંસાર પ્રવાહની દૃષ્ટિએ અનાદિ-અનંત છે. હા, પ્રત્યેક જીવની દૃષ્ટિએ અનાદિ-સાંત થઈ શકે છે. જે ભવ્યજીવો ધર્મનું આસેવન કરી પોતાના કર્મો ખપાવે છે તેઓ આસન્નકાળે પ્રારંભરહિત એવા સંસારને હંમેશાં માટે અલવિદા કરી શાશ્વતસુખના સ્વામી બની જાય છે.

**★ऋणातीत ( त्रि. )**

(કરજવાળો, દેવાદાર ૨. સંસાર, દુનિયા)

ભગવતીસૂત્રના પ્રથમ શતકના પ્રથમ ઉદ્દેશામાં સંસારને ઋણથી ઉત્પન્ન થનાર ખરાબ પરિસ્થિતિના નિમિત્તરૂપ જણાવેલું છે. કર્મોનું બંધન એ પણ એક પ્રકારનું ઋણ છે. જ્યાં સુધી સંસારમાં છીએ ત્યાં સુધી કર્મોનું બંધન અને તેના કારણે ખરાબ પરિસ્થિતિઓ ઉત્પન્ન થયા જ કરશે. માટે તીર્થંકરોએ મનુષ્યજન્મનો સાર કર્મરહિત થઈ મોક્ષ મેળવવામાં કહેલો છે.

**अणाइल- अनाविल ( त्रि. )**

(નિર્મલ, સ્વચ્છ)

સૂત્રકૃતાંગસૂત્રના પ્રથમ શ્રુતસ્કંધના છઠ્ઠા ઉદ્દેશામાં કહેલું છે કે, જે રીતે સાગરનું જલ નિર્મલ અને સ્વચ્છ હોય છે તેમ પરમાત્મામાં કર્મોરૂપી મલનો અભાવ હોવાથી તેમનું જ્ઞાન અકલુષિતજ્ઞાન હોય છે. અર્થાત્, નિર્મલ-સ્વચ્છ હોઈ તેમના જ્ઞાનમાં જગતના ત્રણેકાળના તમામ ભાવો પર્યાયસહિત સ્પષ્ટપણે દેખાય છે.

**अणाइसंजुयत्त - अनादिसंयुक्तक ( पुं. )**

(અનાદિકાળથી જોડાયેલું, અનાદિનો સંયોગ)

ઉત્તરાધ્યયનસૂત્રના પ્રથમ અધ્યયનમાં સંયોગની ચર્ચાના પ્રસંગે કહેલું છે કે, કર્મો અને આત્માનો અનાદિકાળથી સંયોગ થયેલો છે. અનાદિકાળથી કર્મો આત્મા સાથે જોડાયેલા છે. તે કર્મોના સંબંધને લીધે જ જીવ વિવિધ યોનિઓમાં અને ગતિઓમાં ભ્રમણ કરતો રહીને જાત-જાતના દુઃખોને ભોગવતો રહે છે. માટે જો કર્મોના અનાદિકાલીન સંયોગથી વિરામ જોઇતો હોય તો પંચપરમેષ્ઠીનું શરણું એ શ્રેષ્ઠ ઉપાય છે.

**अणाइसंताण - अनादिसन्तान ( पुं. )**

(અનાદિકાળનો પ્રવાહ, અનાદિકાલીન પરંપરા)

કર્મગ્રંથમાં આવે છે કે, જીવને આયુષ્ય સિવાયના બાકીના સાતકર્મો પ્રત્યેક ક્ષણે બંધાતા હોય છે. પછી તે સંજ્ઞી હોય કે અસંજ્ઞી, ત્રસ હોય કે સ્થાવર હોય, એકેન્દ્રિય હોય કે પંચેન્દ્રિય હોય. બધા જ પ્રકારના જીવોને સાતેય પ્રકારના કર્મોનો બંધ સતત થતો હોય છે અને આ કર્મબંધનો પ્રવાહ અનાદિકાલીન છે.

**अणाइसिद्धंत - अनादिसिद्धांत ( पुं. )**

(અનાદિકાળથી રૂઢ થયેલો સિદ્ધાંત, અનાદિકાળથી સ્થાપિત)

આ જગતમાં અમુક સિદ્ધાંતો અને કાર્યો અનાદિકાળથી ચાલતા આવ્યા છે અને ચાલતાં રહેશે. કેમ કે, સંસારમાં તે અનાદિકાલથી પ્રસ્થાપિત છે. જેમ કે સૂર્ય-ચંદ્રનું ઉગવું અને આથમવું તે અનાદિકાલીન સિદ્ધ છે. કર્મબદ્ધજીવના જન્મ અને મરણ તે અનાદિકાલીન સિદ્ધ છે તથા એક વખત સર્વકર્મોનો ક્ષય થયા પછી કોઇદિવસ પુનઃ જન્મ ન લેવો તે પણ અનાદિકાલીન સિદ્ધ છે.

**अणाउ - अनायुष् ( पुं. )**

(જિન ૨. સિદ્ધ ૩. જીવભેદ)

સૂત્રકૃતાંગસૂત્રના પ્રથમ શ્રુતસ્કંધના છઠ્ઠા અધ્યયનમાં કહેલું છે કે, ચારેય ગતિમાં ઉત્પત્તિ ને મરણ કરાવનાર ચારેય પ્રકારના આયુષ્યનો ક્ષય કરેલો છે તેવા તીર્થંકરો અને સિદ્ધ ભગવંતો અનાયુષ્ છે. અર્થાત્ અજન્મા છે. કારણ કે તેઓએ જન્મ-મરણ કરાવનારા કર્મોના બીજને બાળી નાખ્યું છે. કર્મના બીજો દગ્ધ થયે છતે પુનઃ સંસારમાં જન્મ-મરણ કરવા પડતા નથી.

**अणाउट्टी - अनाकुट्टी ( पुं. )**

(અહિંસા, જીવોનું છેદન-ભેદન ન કરવું તે)

આકુટ્ટી એટલે હિંસા અને અનાકુટ્ટી એટલે અહિંસા. જંગલમાં રહેતા વલ્કલચીરીએ વનમાંથી પસાર થતા સાધુને પૂછ્યું કે, આજે તો અનાકુટ્ટીનો દિવસ છે તો શું તમારે પણ અનાકુટ્ટી છે ? ત્યારે સાધુઓએ કહ્યું અરે, આજે શું કામ અમારે તો આજીવન અનાકુટ્ટી હોય છે. અમે પોતાના માટે કોઇ દિવસ કોઇપણ પ્રકારના જીવોની હિંસા નથી કરતાં. તેમના આ જવાબથી વલ્કલચીરી જૈનસાધુ પ્રત્યે આકર્ષિત થશ્રો અને આગળ જતાં તેને કેવલજ્ઞાનની પ્રાપ્તિ કરી. તમને સહજતયા સાધુનો યોગ પ્રાપ્ત થયેલો છે પરંતુ; કોઇ દિવસ તેમના અનાકુટ્ટીમય જીવન પ્રત્યે અહોભાવ કે જાણવાની જિજ્ઞાસા થઈ છે ખરી ?

**अणाउट्टीया - अनाकुट्टीका ( स्त्री. )**

(ઇરાદારહિત કરેલી હિંસા)

આજે કેટલાક અજ્ઞાની અને જૈનધર્મના દ્વેષી લોકો એવી વાત કરતા જોવા મળે છે કે. આમ તો તમારો ધર્મ અહિંસાની વાતો કરે છે અને ભગવાનના ચરણે ફૂલો ચઢાવી ફૂલોના જીવોની હિંસા કરવામાં આવે છે. પછી તમારો ધર્મ અહિંસક કેવી રીતે કહેવાય. તે અજ્ઞાનીઓએ જાણી લેવું જોઇએ કે, હિંસા બે પ્રકારની છે. ૧. ઇરાદાપૂર્વકની હિંસા અને ૨. ઇરાદારહિત હિંસા. પુષ્પો વડે પૂજા કરનારનો ઇરાદો પુષ્પોના જીવોને મારવાનો નથી હોતો પણ તેનો ભાવ આત્મશુદ્ધિ કરવાનો હોવાથી દેખીતી રીતે દેખાતી પુષ્પોની હિંસા વસ્તુતઃ અહિંસા જ છે. બીજુંકે, પરમાત્માના ચરણે તે જ પુષ્પ ચઢે છે જે ભવ્ય આત્મા હોય.

**अणाउत्त - अनायुक्त ( त्रि. )**

(અસાવધાન, ઉપયોગરહિત)

એક્સપ્રેસ હાઈ-વે પર સરકાર સૂચનાઓના વિવિધ બોર્ડ મૂકતી હોય છે. તેમાંનું એક વાક્ય છે કે 'नजर हटी, दुर्घटना घटी' અર્થાત્ જો ડ્રાઇવિંગ કરતા તમે અસાવધાન રહ્યા તો ચોક્કસ દુર્ઘટના થવાની છે માટે સાવધાનીપૂર્વક વાહન ચલાવો. જીવનનું પણ કંઈક આવું છે. આત્મકલ્યાણના માર્ગમાં ચાલતા જો જરા પણ આળસ, પ્રમાદને સેવ્યો છે તો ચોક્કસ દુર્ગતિની દુર્ઘટના થવાની છે. આથી પ્રત્યેક પળે જાગ્રત રહીને આત્મહિતમાં લાગી જવું જોઇએ. નહિંતર દુર્ઘટના ઘટતાં વાર નહીં લાગે.

**अणाउत्तआइणया - अनायुक्तादानता ( स्त्री. )**

(અનાભોગપ્રત્યયક્રિયાનો એક ભેદ)

શ્રમણ ભગવંતો દ્વારા કરવામાં આવતા જોગમાં નિયમ હોય છે કે, જોગની ક્રિયા દરમિયાન સૂત્રોચ્ચારણમાં એક જ શબ્દ ફરીવાર બોલાય તો તે સમયની કરેલી ક્રિયા નિષ્ફળ જાય. માટે ઉપયોગપૂર્વક એકાગ્રચિત્તે ક્રિયા કરવી આવશ્યક છે. તેમ માત્ર જોગની ક્રિયામાં જ નહીં પરંતુ, સાધુજીવનમાં કરવામાં આવતી દરેક પ્રવૃત્તિમાં ઉપયોગ આવશ્યક છે. જેમ મંત્રને ગ્રહણ કરવામાં જો ઉપયોગ ન રખાય અને અનુપયોગપૂર્વક ગ્રહણ કરાય તો તે મંત્ર ઇચ્છિતફળ કે કાર્યસિદ્ધિ આપનારો થતો નથી.

**अणाउत्तपमज्जणया - अनायुक्तप्रमार्जनता ( स्त्री. )**

(ઉપયોગરહિત પ્રમાર્જના, અનાભોગપ્રત્યયક્રિયાનો એક ભેદ)

નવતત્ત્વ પ્રકરણમાં જીવના લક્ષણો જણાવ્યા છે તેમાંનું એક લક્ષણ છે ઉપયોગ. ત્યાં લખેલું છે કે, 'उपयोगलक्षणो जीवः' અર્થાત્, જે ઉપયોગયુક્ત હોય તે જીવ છે. શ્રમણનું સંપૂર્ણ જીવન ઉપયોગગુણથી વણાયેલું હોય છે. તે પછી અનુષ્ઠાન હોય, અહિંસાનુ પાલન હોય કે પછી વસ્ત્ર-પાત્રાદિનું પ્રતિલેખન હોય. પ્રત્યેક ક્રિયામાં ઉપયોગ પહેલો જોઇએ. ઉપયોગરહિત થતી સાધુક્રિયા એ ચંદ્રમા પરના કલંક સમાન છે. સુદુર્લભ એવું ચારિત્રજીવન મળ્યા પછી જો તેમાં ઉપયોગ ન રહે તો તે નિષ્ફળ બને છે.

**अणाउल - अनाकुल ( त्रि. )**

(અનાકુલ, અક્ષોભ્ય ૨. ક્રોધાદિરહિત ૩. ઉત્સુકતારહિત)

જેમ સમુદ્રમાં કેટલાય મોટા મોટા મગરમચ્છો, શાર્ક માછલીઓ, વિવિધ પ્રકારના જળચરો રહેલા હોય છે છતાં પણ સમુદ્ર ક્યારેય ક્ષોભ પામતો નથી. તેવી રીતે શ્રમણના જીવનમાં ગમે તેટલા ઉપસર્ગો અને પરિષહો આવે તો પણ તેનાથી ક્ષોભ કે ભય પામ્યા વિના માધ્યસ્થભાવે તે સહન કરે છે. પોતાના ક્ષમાદિ ગુણોને ધારણ કરી પરિષહોને જીતીને કર્મક્ષય કરે છે.

**अणाउलया - अनाकुलता ( स्त्री. )**

(અનાકુલતા, અક્ષોભ્યપણુ, ઔત્સુક્યરહિતપણું)

શ્રાવકના અતિચારમાં એક સૂત્ર આવે છે કે, 'સુખ આવ્યે જીવિતવ્ય વાંછ્યું, દુઃખ આવ્યે મરણ વાંછ્યુ' અર્થાત્, જીવનમાં સુખ મળી જતાં તેને ભોગવવાની લાલસામાં વધારે જીવવાની ઇચ્છા કરવી અને અશુભ કર્મના ઉદયે દુઃખ આવતા જીવ આકુળ-વ્યાકુળ થઇ જાય અને તેનાથી ક્ષોભ પામીને ઇચ્છા કરે કે આના કરતાં તો મોત આવી જાય તો વધારે સારું. યાદ રાખો કે પર પદાર્થોના સ્વરૂપને જાણનારા મુનિમાં ક્યારેય આકુળતા જોવા મળે નહીં. તેઓ ગમે તેવી પરિસ્થિતિમાં મેરુવત્ સ્થિર રહે છે.

**अणाएस - अनादेश ( पुं. )**

(આદેશ નહીં તે, અનાદેશ, સામાન્ય)

જ્ઞાની મહર્ષિઓએ ફરમાવ્યું છે કે, આ સંસારમાં જ્યાં સુધી આત્મા સાથે કર્મ જોડાયેલું છે ત્યાં સુધી જન્મ-મરણ અને સુખ-દુઃખ હોવું સામાન્ય છે. જો તમારે અજન્મા બનવું છે અને શાશ્વત સુખ મેળવવું છે તો પ્રથમ અકર્મા બનવા માટેનો પ્રયત્ન આદરો.

**अणागइ - अनागति ( स्त्री. )**

(ન આવવું તે ૨. લોકાગ્રભાગના આકાશપ્રદેશે રહેલી સિદ્ધશિલા)

ષડ્દ્રવ્યમાંનું એક દ્રવ્ય છે ધર્માસ્તિકાય. આ દ્રવ્યનો સ્વભાવ છે કે જીવને ચૌદે રાજલોકમાં એક ભવમાંથી બીજા ભવમાં, એક સ્થાનેથી બીજા સ્થાને જવા આવવા માટે ગતિસહાયક બનવું. જેણે અષ્ટકર્મોનો નાશ કર્યો છે તેવા સિદ્ધ ભગવંતો એકવાર મોક્ષને પ્રાપ્ત કર્યા બાદ પુનઃ ચૌદરાજલોક સ્વરૂપ સંસારમાં પાછા આવતા નથી. કર્મોના અભાવે તેઓનું સંસારમાં પાછા આવવાનું સંભવતું નથી. તેઓ સદાકાળ માટે સંસારમાં અનાગતિક બને છે.

**अणागंता - अनागत्य ( अव्य. )**

(નહીં આવીને)

રોગથી વ્યાપ્ત પુરુષ ઇન્જેક્શન કે દવાના ડરથી ડૉક્ટર પાસે નહીં જઇને મોટી ભૂલ કરે છે કારણ કે, દવા વિના તેનો રોગ મટી શકવાનો નથી. તેમ ભવરોગ મટાડવાની ઇચ્છા હોવા છતાં તપ કે કષ્ટસાધ્ય ધર્મના ડરથી ગુરુદેવ પાસે નહીં આવીને લોકો મોટી ભૂલ કરે છે. કેમ કે તેના વિના રોગ મટવાની કોઇ શક્યતા જ નથી. રોગ મટાડવો હોય તો ડૉક્ટર પાસે આપણે જવું પડે છે તેમ ભવરોગ મટાડવો હોય તો ભવોદધિતારક ગુરુભગવંત પાસે આપણે જવું જ પડે. તેઓ આપણી પાસે ન આવે.

**अणागत ( य ) - अनागत ( त्रि. )**

(ભવિષ્યકાળ, આવતો કાળ ૨. નહીં આવેલો)

સૂત્રકૃતાંગ આગમના પ્રથમ શ્રુતસ્કંધના ત્રીજા અધ્યયનના ચોથા ઉદ્દેશામાં કહેલું છે કે, અનાગતકાળને નહીં જાણનારો અને ભોગ-સુખોથી અનિવૃત્ત એટલે ભોગ-સુખોમાં આસક્ત થયેલો આત્મા નરકાદિ યાતના સ્થાનોમાં મહાદુઃખો ભોગવે છે. માટે નહીં દેખેલો

ભવિષ્યકાળ બગડે નહીં તે માટે શુભકર્મનો આદર અત્યારથી જ ચાલુ કરી દેવો જોઇએ.

**अणागत ( य ) काल - अनागतकाल ( पुं. )**

(ભવિષ્યકાળ, વર્તમાનકાળની અપેક્ષાએ ભવિષ્યનો સમય)

**अणागत ( य ) कालग्गहण - अनागतकालग्रहण ( न. )**

(ભવિષ્યકાળનું ગ્રહણ કરવું, ભવિષ્યકાલ ગ્રાહ્ય વસ્તુનું અનુમાન)

અનુયોગદ્વારગ્રંથમાં કહેલું છે કે, કાળો ભમ્મર ગર્જના કરતો મેઘ હોય, અવ્યભિચારીપણે દિશાઓમાં પ્રશસ્ત વાયુ હોય તથા વૃષ્ટિકારક આર્દ્રાદિ નક્ષત્રોનો સુયોગ હોય તેમજ માહેન્દ્રાદિ નક્ષત્રોમાં ઉલ્કાપાત, દિગ્દાહ વગેરે અન્ય શુભ નિમિત્તોને જોઈને, નિશ્ચય કરીને અનુમાન કરાય છે કે, આગામી સમયમાં અહીં સારો વરસાદ પડશે. તેવી રીતે વર્તમાન સમયમાં સ્વયંની મન-વચન અને કાયાની શુભપ્રવૃત્તિથી આપણે અનુમાન કરી શકીએ છીએ કે, આપણો ભવિષ્યકાળ કેવો હશે. જો સુંદર વર્તન હશે તો સદ્ગતિ કે પરંપરાએ મોક્ષમાં જઇશું અન્યથા, નરક અને તિર્યંચગતિ તો છે જ. શુભાશુભ આચરણથી નક્કી આપણે જ કરવાનું છે કે હવે આપણું ભવિષ્ય શું હશે.

**अणागतद्धा - अनागताद्धा ( स्त्री. )**

(ભવિષ્યમાં ઉત્પન્ન થનાર પુદ્ગલપરાવર્ત, ભવિષ્યકાળ)

ભૂતકાળ ચાલ્યો ગયો છે, ભવિષ્યનું તાળું હજુ સુધી ખુલ્યું નથી. પરંતુ નહીં આવેલા કાળને સુધારવાની ગુરૂચાવી વર્તમાન આપણી પાસે છે. આપણી પાસે અવધિજ્ઞાન કે કેવલજ્ઞાન જેવું વિશિષ્ટ જ્ઞાન હોત તો ભવિષ્યની ચિંતા કરવાની જરૂરત જ નથી રહેતી. પરંતુ એ સત્ય છે કે આપણી પાસે જ્ઞાન નથી. માટે નહીં દેખેલો ભવિષ્યકાળ બગડે નહીં તે માટે શુભકર્મનો બંધ અત્યારથી જ ચાલુ કરી દેવો જોઇએ.

**अणागम - अनागम ( पुं. )**

(આગમના લક્ષણોથી રહિત આગમ, અપૌરુષેય આગમ)

કોઇ વિશિષ્ટ મહાપુરુષ વડે સકારણ રચાયેલા શાસ્ત્રો પૌરુષેય આગમ કહેવાય છે. જ્યારે જે આગમોને રચવામાં કોઇપણ હેતુ ન હોય અને કોઇ પુરુષનો તેને રચવામાં પ્રયત્ન પણ ન હોય છતાં જે આગમ વિદ્યમાન હોય તેને અપૌરુષેય આગમ કહેવાય છે. જેમ કે નવકારમંત્ર અપૌરુષેય મનાય છે. તેને કોઇએ રચ્યો નથી, અનાદિકાળથી તે વિદ્યમાન છે અને રહેશે.

**अणागमणधम्म - अनागमनधर्मन् ( त्रि. )**

(લીધેલી પ્રતિજ્ઞાને વહન કરનાર, સંયમ લઈને પુનઃ ઘરે પાછા ન ફરનાર)

આચારાંગસૂત્રમાં કહેલું છે કે, જેઓ શિયાળીયા જેવા સ્વભાવવાળા હોય છે તેઓ સંયમના કષ્ટોથી ડરીને સાધુવેશનો ત્યાગ કરી પુનઃ સંસારમાં આળોટવા જતા રહે છે. પરંતુ જેઓ સિંહના જેવી વૃત્તિવાળા હોય છે તેઓ એકવાર લીધેલા સંયમવ્રતોનો ગમે તેવી પરિસ્થિતિમાં પણ ભંગ કરતા નથી અને પુનઃ ગૃહવાસની ઇચ્છા પણ કરતા નથી.

**अणागयपच्चक्खाण - अनागतप्रत्याख्यान ( न. )**

(અનાગતકાળ સંબંધી પચ્ચક્ખાણનો એક ભેદ)

પચ્ચક્ખાણના વિવિધ ભેદોમાં અનાગતપ્રત્યાખ્યાનનો પણ એક ભેદ છે. જિનશાસનમાં આરાધક માટે વાર્ષિક કર્તવ્યોમાં આવે છે કે પર્યુષણમાં એક અટ્ઠમ અવશ્ય કરવો. પરંતુ આચાર્યની સેવા, બાળ, વૃદ્ધ, ગ્લાન કે તપસ્વીની આકસ્મિક સેવા વગેરે વિશિષ્ટ કારણોસર પર્યુષણપર્વમાં કરવાના તપને પહેલાથી કરી લે, તેને અનાગત પ્રત્યાખ્યાન કહેવાય છે.

**अणागलिय - अनर्गलित ( त्रि. )**

(નહીં અટકાવેલું, જેને રોકવામાં ન આવેલું હોય તે)

નગરની ચારે બાજુ કિલ્લો કરવામાં ન આવે તથા સૈનિકો દ્વારા સુરક્ષાનો પ્રબંધ કરવામાં ન આવે તો દુશ્મનો નગરમાં પ્રવેશીને જાનમાલનું નુકશાન કરીને નગરને છિન્ન-ભિન્ન કરી નાખે છે. તેમ મનને શુભભાવ અને ક્રિયારૂપ કિલ્લાથી ઘેરીને જિનાજ્ઞાના પાલન વડે દુર્વિચારોને રોકવામાં ન આવે તો કર્મશત્રુ આત્મા પર ચઢાઇ કરીને સદ્ગુણોનો વિનાશ કરી નાખે છે.

★अनाकलित ( त्रि. )

(અમાપ, અપરિમિત)

જેઓ સ્વાર્થથી પીડાતા હોય અને વળી, તુચ્છ હૃદયના હોય તેમના માટે તો સ્વજનો પણ દુશ્મન જેવા જ લાગે છે. પરંતુ જેઓ વિશાળ હૃદયના અને કરુણાનો ધોધ વહાવનારા હોય વળી અમાપ મૈત્રી જેમના હૃદયમાં છલકતી હોય છે તેમના માટે તો **'वसुधैव कुटुम्बकं'** એટલે આખું જગત પોતાનું જ કુટુંબ હોય છે. કોઈ પારકું કે પરાયું નથી હોતું.

**अणागलियचंडतिव्वरोस - अनर्गलितचण्डतीव्ररोष ( त्रि. )**

(નહીં રોકેલું પ્રચંડ તીવ્રરોષવાળું)

ઉદયરત્ન મહારાજે પોતાની સજ્ઝાયમાં લખેલું છે કે, 'આગ ઉઠે જે ઘર થકી તે પહેલું ઘર બાળે, જળનો જોગ જો નવિ મળે તો પાસેનું પરજાળે' અર્થાત્, બેકાબુ બનેલો તીવ્રક્રોધ એ અગ્નિ જેવો છે. તેનાથી સામે વાળાને નુકશાન થાય કે ન થાય પરંતુ જેનામાં તે ઉત્પન્ન થયો છે તેને તો પહેલું નુકશાન કરે છે અને જો તેને શાંત કરનારા ક્ષમાદિ રૂપ જળનો સંજોગ ન મળે તો પછી સામેવાળાને પણ નુકશાન કરે છે. યાદ રાખો કે તીવ્રક્રોધના અનુબંધથી ગુણસેન-અગ્નિશર્માની જેમ ભયંકર ભવોની પરંપરા આપણા માટે પણ સર્જાઈ શકે છે.

**★अनाकलितचण्डतीव्ररोष ( त्रि. )**

(નિઃસીમ પ્રચંડ અને તીવ્રરોષ જેને છે તે)

ક્રોધ કેટલો ખતરનાક છે તેના માટે ચંડકૌશિક સર્પના પૂર્વભવનો ઇતિહાસ જાણવા જેવો છે. સાધુના ભવમાં એકમાત્ર નાના સાધુ પર ગુસ્સો હતો અને તે પણ ઉપાશ્રય પુરતો જ. ત્યાંથી મૃત્યુ પામીને કૌશિક નામના તાપસ થયા અને ક્રોધની સીમા વધી ગઈ. ત્યાં પોતાની વાડીમાં જે પણ આવે તેના પર ક્રોધ કરે, તેને મારવા દોડે. ત્યાંથી મૃત્યુ પામીને જંગલમાં દષ્ટિવિષ સર્પ થયા. પ્રચંડ ક્રોધની સીમા અપરિમિત થઇ ગઇ. જે ક્રોધ ઉપાશ્રય પૂરતો હતો તેનો વિસ્તાર આખા જંગલ સુધી વધી ગયો. માટે ક્રોધ કરતા પહેલા આ ઇતિહાસને નજર સમક્ષ ચોક્કસ લાવજો. પછી ક્રોધ કરવો કે નહીં તે તમારી મરજી!

**अणागाढ - अनागाढ ( त्रि. )**

(અનભિગૃહીત દર્શન ૨. આગાઢથી ભિન્ન કારણ, સાધારણ કારણ)

સાધુ ભગવંતના જોગ બે પ્રકારે છે. ૧. આગાઢ અને ૨. અનાગાઢ. જે જોગમાં એકવાર પ્રવેશ કર્યા બાદ કોઇ પણ અપવાદના સેવન કર્યા વિના ગમે તેવી પરિસ્થિતિમાં પણ તેને પૂર્ણ કરવા જ પડે તે આગાઢ જોગ છે. અને જે જોગમાં કોઇ આપત્તિ કે વિશિષ્ટ કારણ આવ્યે છતે વચ્ચેથી જોગમાંથી બહાર નીકળી શકાય અને પુનઃ પ્રવેશ કરી શકાય તેવા જોગને અનાગાઢ કહેવાય છે.

**अणागार - अनाकार ( न. )**

(આગારરહિત પચ્ચક્ખાણ, મહત્તરાકાર વગેરે છૂટના કારણો જેમાં નથી તેવું પચ્ચક્ખાણ)

ક્યારેક સાધુસમુદાય જંગલમાંથી પસાર થતો હોય ત્યાં ભિક્ષા ન મળે તેની જેમ અદાતાઓથી ભરેલો વિસ્તાર હોય, દ્વેષીઓવાળું ગામ હોય, દુર્ભિક્ષ હોય આવા સમયે અનાભોગ અને સહસાત્કાર સિવાયના કોઇપણ આગારરહિત ભોજનના ત્યાગરૂપ પચ્ચક્ખાણને અનાગાર પચ્ચક્ખાણ કહેવાય છે. મુનિઓ આ પ્રત્યાખ્યાનથી અનશન કરીને મૃત્યુ સ્વીકારે છે.

**अणाजीव - अनाजीविक ( पुं. )**

(આજીવિકારહિત ૨. આજીવિકાની ઇચ્છાથી રહિત ૩. નિસ્પૃહી, તપના ફળની સ્પૃહા વગરનો)

શાસ્ત્રોમાં તપધર્મનું ઘણું માહાત્મ્ય બતાવ્યું છે. તેમાં તપના બે પ્રકાર વર્ણવ્યા છે. એક બાહ્યતપ અને બીજો અભ્યંતર તપ. તેના પણ બે બે પ્રકારો છે. એક અશુદ્ધ તપ અને બીજો શુદ્ધ તપ. તપ કરનારો જો અનાત્મિક ફળની ઇચ્છાવાળો હોય તો તે તપ અશુદ્ધ બની જાય છે. પરંતુ જ્ઞાનયોગે કોઈપણ પ્રકારની સ્પૃહાથી રહિત બનીને માત્ર આત્મશુદ્ધિ અર્થે કરાયેલું તપ ઉત્કૃષ્ટ ફળ આપે છે.

**अणाजीवि ( ण् ) - अनाजीविन् ( त्रि. )**

(અનાશંસાવાળો, તપના ફળની ઇચ્છાથી રહિત, નિસ્પૃહી)

ઉપાધ્યાય શ્રી યશોવિજયજીએ તપના ઐહિક ફળની આશંસારહિત શુદ્ધતપની વ્યાખ્યા કરતાં કહ્યું છે કે, જે તપાચરણમાં બ્રહ્મચર્યનું

પાલન હોય, પ્રભુપૂજા વણાયેલી હોય, સાથે જિનેશ્વરોની આજ્ઞાનું પાલન હોય અને કષાયોનો જેમાં હ્રાસ થતો હોય તે તપ જ શુદ્ધ તપ કહેવાય છે. ઉપરોક્ત બાબતોનો જે તપમાં સમાવેશ ન હોય તે બધા અશુદ્ધ તપ કહેલા છે.

**अणाडो ( देशी )**

(જાર, ઉપપતિ)

જેમ ઉપપત્ની એટલે રખાતનો સંગ સદ્દગૃહસ્થ પુરુષ માટે ત્યાજ્ય છે તેમ આર્ય સન્નારી માટે ઉપપતિ એટલે જાર પુરુષનો સંગ ત્યાજ્ય ગણ્યો છે. માટે જ સદ્દગૃહસ્થધર્મનું પાલન એક પ્રકારની તપસ્યા જ ગણાઈ છે. વર્તમાનમાં પણ ભારત દેશ એવા સદ્દગૃહસ્થ અને સન્નારીઓથી શોભાયમાન દેશ ગણી શકાય છે.

**अणाढायमाण – अनाद्रियमाण ( त्रि. )**

(અનાદર કરતો, તિરસ્કાર કરતો)

કહેવત છે કે, જો નસીબ વાંકું થાય, ભાગ્ય ફરી જાય કે દુઃખના દહાડા આવવાના હોય તો ઘરના બારણે કુતરું પણ નથી ચઢતું. યાદ રાખજો કે, ઘરે કોઈ અતિથિ આવે કે કોઈ દીન-દુઃખીજન આવે તો ઉલટભાવે તેમનો યોગ્ય સત્કાર કરજો પરંતુ ભૂલે-ચુકે પણ તેઓનો અનાદર કે તિરસ્કાર કરતા નહીં. કારણ કે આગન્તુક પોતાનું ભાગ્ય સાથે લઇને આવતો હોય છે.

**अणाढिय – अनादृत ( न. )**

(અનાદર, વંદનનો એક દોષ, તિરસ્કાર ૨. કાકંદી નગરીનો રહેવાસી એક ગૃહપતિ ૩. તે નામે જંબૂદ્વીપનો અધિષ્ઠાતા દેવ)

બૃહત્કલ્પસૂત્રમાં વંદનાનું વિશ્લેષણ કરતાં જણાવ્યું છે કે, જેમાં સંભ્રમ એટલે આદર ન હોય તેને અનાદર કહેવાય છે. પૂજ્ય પુરુષોને વંદના કરતાં જો આપણામાં આદરભાવ ન હોય મનમાં તિરસ્કારની ભાવના વિદ્યમાન હોય તો વંદનનો અર્થ રહેતો નથી. ઊલટાનું અનાદરભાવે વંદન કરીને દોષ લગાડવાનું થાય.

**★अनर्द्धिक ( पुं. )**

(જંબૂદ્વીપનો અધિષ્ઠાતા દેવ)

જૈન ભૂગોળ પ્રમાણે જેમાં આપણે સૌ મનુષ્યો અને તિર્યંચો વગેરે રહેલા છીએ તે તિર્ચ્છાલોક અસંખ્ય દ્વીપ, સમુદ્રોના પ્રમાણવાળો છે. પ્રત્યેક દ્વીપ અને સમુદ્રના અધિષ્ઠાતા અર્થાત્ અધિપતિ દેવ હોય છે. એ પ્રમાણે જંબૂદ્વીપના અધિષ્ઠાયક દેવનું નામ અનર્ધિક-અનાદૃત છે.

**अणाढिया – अनादृता ( स्त्री. )**

(જંબૂદ્વીપના અધિષ્ઠાયક અનાદૃત દેવની રાજધાનીનું નામ ૨. તિરસ્કાર પામેલી)

સંયમી મુનિઓ દેવ-મનુષ્ય-તિર્યંચજન્ય અનાદર-તિરસ્કાર નામના ઉપસર્ગને સમતાપૂર્વક જીતતા હોય છે. એકવાર નંદિષેણ મુનિ વેશ્યાને ત્યાં ગોચરીએ જઈ ચઢે છે. વેશ્યા દ્વારા અનાદર પામેલા નંદિષેણમુનિ સંયમને ભૂલી ગયા અને પોતાની ઋદ્ધિ દેખાડી બેઠા. બસ વેશ્યાને તો એ જ જોઈતું હતું. તે પછીનો વૃત્તાંત સર્વવિદિત છે.

**अणाणा – अनाज्ञा ( स्त्री. )**

(આજ્ઞાનો અભાવ, જેમાં વીતરાગની આજ્ઞા નથી તે)

તીર્થંકરોએ જે આચરણનો ઉપદેશ નથી કર્યો અથવા જે પ્રવૃત્તિ પૂર્વર્ષિઓ દ્વારા સમર્થિત નથી તેવી તમામ પ્રકારની આચરણાને અનાજ્ઞા કહેવાય છે. અર્થાત્ પરમાત્માએ જે કહ્યું નથી તેમ છતાં પોતાની બુદ્ધિથી તેને ધર્માચરણ માની તેમાં પ્રવૃત્તિ કરે કે કરાવે તેને અનાજ્ઞા કહેવાય છે. આચારાંગસૂત્રમાં અનાજ્ઞાનું સોપસ્થાન અને નિરુપસ્થાન એમ બે ભેદે વિસ્તૃત વર્ણન કરેલું છે.

**अणाणत्त – अनानात्व ( न. )**

(ભેદરહિત, ભેદનો અભાવ)

સંસારવર્તી પ્રત્યેક પદાર્થ નાનાત્વને ભજે છે. એટલે કે દરેકમાં ભિન્નતા જોવાય છે. ચેતન કે જડ કોઈપણ પદાર્થમાં કર્મયોગે નાનાત્વ વિદ્યમાન હોય છે. માત્ર કર્મરહિત બનેલા સિદ્ધભગવંતોની દુનિયામાં કોઈ જ પ્રકારના ભેદ નથી. ત્યાં એકસમાનતા છે.

**अणाणय - अनाज्ञक ( त्रि. )**

(તીર્થંકરના ઉપદેશથી રહિત સ્વૈચ્છાચારી)

જૈનશાસનમાં કોઈપણ ધર્મારાધના તીર્થંકરોની આજ્ઞાનુસારી કહી છે. આગમશાસ્ત્રોથી સમર્થિત કહી છે. જે ધર્મક્રિયા શાસ્ત્રનિરપેક્ષ હોય, સ્વૈચ્છાચારી હોય તેનું કોઈ જ મૂલ્ય જિનશાસનમાં નથી. માટે જ કહેવાયું છે કે, **'आणाए धम्मो'** અર્થાત્, તીર્થંકરની આજ્ઞા એ જ ધર્મ છે.

**अणाणुगामिय - अनानुगामिक ( त्रि. )**

(પાછળ ન જનાર ૨. અવધિજ્ઞાનનો એક ભેદ ૩. અશુભ અનુબંધ)

જેમ દીપકને કોઈ સાંકળથી બાંધી દે તો પછી તે અન્ય જગ્યાએ લઈ જઈ શકાતો નથી. તેમ અનનુગામિક અવધિજ્ઞાન પણ જે જગ્યાએ ઉત્પન્ન થયું હોય તે જગ્યામાં જ રહે છે. જેનામાં ઉત્પન્ન થયું હોય તે આત્મા જ્યાં જાય ત્યાં આ જ્ઞાન જતું નથી એમ નંદીસૂત્રમાં જણાવાયેલું છે. આવા પ્રકારનું અવધિજ્ઞાન જે તે ક્ષેત્રથી બંધાયેલું રહે છે.

**अणाणुगिद्ध - अनानुगृद्ध ( त्रि. )**

(અનાસક્ત, અમૂર્છિત, ભોજનની લાલસા વગરનો)

ભોજન કરવું તે ખરાબ નથી પણ તેની લાલસા રાખવી, તેની મૂર્ચ્છા કરવી તે ખરાબ છે. સૂત્રકૃતાંગસૂત્રમાં કહ્યું છે કે, ભોજન કરનાર વ્યક્તિ પણ જો અનાસક્તભાવે જમે છે તો તે ભોજન નહીં કરનાર જેવો છે અર્થાત્, તપસ્વી-અનાસક્તયોગી કહેવાયો છે.

**अणाणुतावि ( ण् ) - अनानुतापिन् ( पुं. )**

(જીવોને ઉપદ્રવ કર્યા પછી પણ પશ્ચાત્તાપ ન કરનાર, નિર્દયપણે રહેનાર)

પહેલા તો પાપ જ ન કરવું જોઈએ, અપવાદરૂપે પાપ થઈ જાય તો તેનું ભારોભાર દુ:ખ થવું જોઈએ. જેને પાપ કર્યા પછી પણ પશ્ચાત્તાપ થતો નથી તે જીવ ભારેકર્મી હોય છે. ઘોર પાપ કર્યા પછી પણ જેને અંતરમાં ખોટું કર્યાનો તીવ્ર અહેસાસ થતો નથી, કૂણી લાગણી થતી નથી તેને દુર્ભવી, અભવી કે ભવાભિનંદી જીવ સમજવો.

**अणाणुपुव्वी - अनानुपूर्वी ( स्त्री. )**

(અનુક્રમનો અભાવ, વ્યુત્ક્રમ)

અનુયોગદ્વારસૂત્રમાં આનુપૂર્વીના ત્રણ પ્રકાર જણાવેલા છે. જેમાં પૂર્વથી ક્રમબદ્ધ ક્રમ ચાલે તે પૂર્વાનુપૂર્વી, જેમાં વિરુદ્ધ એટલે ઉલટો ક્રમ ચાલે તે પશ્ચાનુપૂર્વી અને જે આ બે સિવાયની ત્રીજી આનુપૂર્વીને અનાનુપૂર્વી કહેવાય છે. જેમાં કોઈ પણ પ્રકારનો ક્રમ નથી હોતો. અનાનુપૂર્વી પ્રમાણે નમસ્કારમહામન્ત્ર ગણવાથી ગાઢ દુષ્કર્મોનો પણ હ્રાસ થઈ પુણ્યાનુબંધી પુણ્ય બંધાય છે.

**अणाणुबंधि ( ण् ) - अननुबन्धिन् ( न. )**

(અપ્રમાદ પડિલેહણનો એક પ્રકાર)

સાધુ ભગવંતો દરેક ક્રિયાઓને પ્રમાદરહિત સાવધાન થઈને કરે છે. પડિલેહણની ક્રિયામાં ઉપયોગમાં લેવાતાં દરેક વસ્ત્રોનું સાવધાનીપૂર્વક નિરીક્ષણ કરે છે. પડિલેહણ કરતા વસ્ત્રનો કોઈપણ ભાગ નજર બહાર ન રહે તેનું પૂરતું ધ્યાન રાખતા હોય છે. વસ્ત્રાદિમાં કીડી, કંથુઆ આદિ નાના-મોટા જીવો તો નથી ને ? એ રીતે ઉપયોગપૂર્વકની પ્રતિલેખના તે અપ્રમાદપડિલેહણા છે.

**अणाणुवत्ति ( ण् ) - अननुवर्त्तिन् ( त्रि. )**

(સ્વભાવથી જ ક્રૂર, પ્રકૃતિથી જ કઠોર વચન બોલનાર)

ઘણા મનુષ્યો સ્વાભાવિકપણે જ હિંસક પશુની જેમ સ્વભાવે ક્રૂર હોય છે. અન્યને હેરાન, પરેશાન કરવાનો તેમનો જાણે સ્વભાવ બની ગયો હોય છે. પરંતુ ક્રુર વ્યક્તિએ એ યાદ રાખવું જોઈએ કે, તે જેવો વ્યવહાર બીજાઓ પ્રત્યે કરે છે તેવો જ વ્યવહાર અનેક ગણો વૃદ્ધિ પામીને ભવિષ્યમાં તેની સાથે પણ થવાનો છે. માટે જ તો કહેવત બની છે કે વાવે તેવું લણે.

**अणाणुवाइ ( ण् ) - अननुवादिन् ( पुं. )**

(વાદિએ કહેલા હેતુનો અનુવાદ કરવાની પણ વ્યાકુળતાને લીધે જેનામાં શક્તિ નથી તે)

શાસ્ત્રપરિકર્મિત બુદ્ધિવાળા માધ્યસ્થભાવને ધારણકરનારા પ્રાજ્ઞપુરુષો વાદિએ કહેલા હેતુનો યુક્તિયુક્ત રીતે પ્રત્યુત્તર આપવાનું બુદ્ધિકૌશલ્ય ધરાવતા હોય છે. તેમ માત્ર સ્વમતકથિત વસ્તુઓને જ સત્ય માનવાનો આગ્રહ ન રાખતાં કોઈપણ દર્શનમાં રહેલા સત્યભૂત પદાર્થનો સ્વીકાર કરતા હોય છે.

**अणाणुवीइत्तु - अननुविचिन्त्य ( अव्य. )**

(પાછળથી વિચાર્યા વગર, અવિચારીપણે)

બુદ્ધિશાળી માણસો કોઈપણ કાર્ય કરતાં પહેલા તે કાર્યની આવશ્યકતા, તેના ફાયદા, તેમાં આવનારી પ્રતિકૂળ પરિસ્થિતિઓ અને તેના નિવારણ માટેના ઉપાયો વગેરેનો વ્યવસ્થિત વિચાર કરીને પછી જ કાર્યને કરે છે. જ્યારે ઉતાવળિયા સ્વભાવવાળી વ્યક્તિઓ કોઈપણ જાતનો વિચાર કર્યા વગર જ કાર્ય પ્રારંભ કરી દે છે અને પછી દુઃખી થઈને કાર્ય છોડી દે છે.

**अणातावय - अनातापक ( त्रि. )**

(સંથારો પાત્રાદિ ભીનાશવાળા ઉપકરણને તડકામાં ન રાખનાર સાધુ)

સાધુ ભગવંતો દરેક ક્રિયા ઉપયોગપૂર્વક કરે છે અને તેમની પડિલેહણાદિ ક્રિયાથી અન્ય જીવને કોઈ રીતે પણ દુઃખ ન ઉપજે તેનું ખાસ ધ્યાન રાખે છે. ભીના વસ્ત્ર, પાત્રાદિ ઉપકરણોમાં અપ્કાયના જીવો તેમજ સૂક્ષ્મ જીવ-જંતુઓ રહેવાની શક્યતા વધી જવાથી તેને તડકામાં રાખે છે. જો કોઈ સાધુ કોઈપણ કારણથી એમને એમ રહેવા દે તો તેમને જીવોપઘાતનો દોષ લાગે છે.

**अणातीय - अनातीत ( पुं. )**

(સંસાર સમુદ્રને પાર કરનાર)

અનાદિઅનંત એવા આ સંસારમાં ચારેય બાજુથી ખૂંપેલા જીવને શાસ્ત્રકારો આતીતજીવ કહે છે. જે જીવ પૂર્ણ રીતે ગુરુને સમર્પિત થઈને ભગવાને બતાવેલા માર્ગ અનુસાર જ પોતે ચાલે છે, તે અનાતીત જીવ સંસારમાંથી જલદી નિસ્તાર પામે છે. સંસારસાગરને પાર કરીને મુક્તિના સુખ પ્રાપ્ત કરે છે.

**अणादि - अनादि ( त्रि. )**

(પ્રવાહની અપેક્ષાએ આદિરહિત, શરૂઆત વગરનું, જેનો પ્રારંભ નથી તે)

**अणादिय - अनादृत ( पुं. )**

(જંબૂદ્વીપનો અધિપતિ વ્યંતર દેવ)

દરેક ગામ, નગર, દેશ આદિના અધિપતિ દેવ હોય છે. એમ એક લાખ યોજનના પ્રમાણવાળા જંબૂદ્વીપના પણ અધિપતિ દેવ છે તેઓ જંબૂદ્વીપની મોટી ઋદ્ધિના સ્વામી છે અને તેમનું નામ અનાદૃત છે. આ દેવ વ્યંતરનિકાયના છે એમ ઉત્તરાધ્યયનસૂત્રમાં જણાવેલું છે.

**★ऋणातीत ( त्रि. )**

(કરજથી મુક્ત, દેવાથી પર ગયેલું)

ધર્મબિંદુગ્રંથમાં જણાવ્યું છે કે, માણસે પોતાની આવકનો વિચાર કરીને તદનુસાર વ્યય કરવો જોઈએ. જીવનનિર્વાહ કરવા માટે દ્રવ્યની આવશ્યકતા પ્રાથમિક બનતી હોય છે. માટે જ મોજશોખના મોહમાં તણાઈને જે વ્યક્તિ આવક કરતાં વધુ ખર્ચ કરે છે તે ક્લેશ, અપમાન, ગરીબી આદિ અનેક કષ્ટોને ભોગવે છે.

**★अणादिक ( त्रि. )**

(આદિમાં જેને પાપકર્મ છે તે, પાપાનુષ્ઠાન)

જેનાથી અન્ય જીવની હિંસા થાય કે, તેનું કોઈ પણ પ્રકારે અહિત થાય તેવી ક્રિયા કરવી કે તેના વિચારો કરવા તે પાપ છે. પાપ ક્રિયા કરવાથી આત્મપ્રદેશમાં પાપકર્મનું બંધન અવશ્ય થાય છે જેના ફળરૂપે તે વિવિધ દુઃખોને ભોગવે છે માટે સુખના વાંછુકે પાપાનુષ્ઠાન તજવું જોઈએ.

**★अनादिक ( पुं. )**

(શરૂઆત વગરનું, પ્રવાહની અપેક્ષાએ આરંભરહિત ૨. દોષવિશેષ ૩. ધર્માધર્માસ્તિકાયાદિ દ્રવ્ય)

ચૌદરાજલોક પ્રમાણ આ સંસારમાં ધર્માસ્તિકાયાદિ છએ છ દ્રવ્યો છલોછલ ભરેલા છે. છતાંય તે એકબીજાને ક્યારેય નડતરરૂપ બનતા નથી. હા ! એકબીજાને સહાયક જરૂર બને છે. આ છ દ્રવ્યોનો કોઈ પ્રારંભ કે અન્ત નથી. તે શાશ્વત પદાર્થો છે. પુદ્ગલાસ્તિકાય નામનું દ્રવ્ય ભલે પર્યાયની અપેક્ષાએ બદલાતું રહે પણ મૂળભૂત રીતે એ કાયમ રહે છે.

**अणापुच्छियचारि ( ण् ) - अनापृच्छ्यचारिन् ( पुं. )**

(ગણને પૂછ્યા વગર ક્ષેત્રાંતરમાં વિચરનાર સાધુ, પાંચમા નિગ્રહ સ્થાનને પ્રાપ્ત થયેલું)

શાસ્ત્રમર્યાદા મુજબ સાધુભગવંતે ગણની કે ગુરુની આજ્ઞાનુસાર રહેવું તે મુનિ ભગવંતોની સામાચારી છે. ગણની અનુજ્ઞા મેળવ્યા વગર સાધુ ભગવંત ક્ષેત્રાંતરમાં વિચરી શકતા નથી. આજ્ઞા પ્રાપ્ત કર્યા વગર ક્ષેત્રાંતરમાં વિચરનાર શ્રમણ પાંચમા નિગ્રહ સ્થાનને પ્રાપ્ત થાય છે. જૈનશાસનમાં જેમ ગુરુ આજ્ઞા લેવી જોઈએ તેમ ગણની આજ્ઞાને પણ મહત્વ અપાયેલું છે.

**अणाबाह - अनाबाध ( पुं. )**

(બાધારહિત, પીડારહિત ૨. મોક્ષ સુખ ૩. સ્વાધ્યાયાદિકને વિષે અન્તરાયભૂત કારણરહિત ૪. અવકાશ)

દુનિયામાં આપણને જે-જે વસ્તુમાં સુખ દેખાય છે તે વૈભાવિક સુખ છે. દુઃખના અનુભવ વગર તે કહેવાતા સુખની પ્રાપ્તિ થતી નથી. ભોજનના સુખ માટે ભૂખનું દુઃખ જોઈશે, તૃપ્ત વ્યક્તિને ગમે તેવું સારું ભોજન પણ રુચિકર નહીં લાગે. ઊંઘના સુખ માટે ઉજાગરાનું દુઃખ જોઈશે. એમ ગરમીના દુઃખ વગર શીતળતાના સુખનો અનુભવ નહીં થાય. પરંતુ મોક્ષ સુખ તે સ્વાભાવિક સુખ છે કેમ કે, તેની અનુભૂતિ માટે કોઈ દુઃખનો અનુભવ કરવો પડતો નથી. તે જન્મ-મરણાદિક બાધાઓના અપગમથી જન્મે છે.

**अणाबाहसुहाभिकंखि ( ण् ) - अनाबाधसुखाभिकाङ्क्षिन् ( पुं. )**

(મોક્ષ સુખના અભિલાષી, પરમાનંદના આકાંક્ષી)

મોક્ષમાં પણ સુખ છે અને સંસારમાં પણ સુખ દેખાય છે. તો પછી ઘણા બાલજીવોને પ્રશ્ન થાય કે, નહીં મળેલા સુખની પ્રાપ્તિ માટે મળેલા સુખોને શા માટે છોડી દેવા જોઈએ ? આના ઉત્તરમાં જ્ઞાની મહર્ષિઓ ફરમાવે છે કે, સંસારમાં જન્મ, જરા, મરણ, ભૂખ, પ્યાસ આદિ અનેક દુઃખો તો રહેલા જ છે. અને જે સુખનો આભાસ થાય છે તે સુખો પણ વૈભાવિક સુખો છે તેનો અનુભવ પણ દુઃખના અહેસાસ વગર તો નહીં જ થાય. માટે જ તો સાચી સમજણ આવ્યા વગર મોક્ષસુખની આકાંક્ષા જાગતી નથી.

**अणाभिग्गह - अनभिग्रह ( न. )**

(મિથ્યાત્વનો એક ભેદ)

સત્યદર્શનને સમજીને પછી માત્ર તેમાં જ શ્રદ્ધા રાખવી તે સમ્યક્ત્વ છે. સત્યદર્શન કોને કહેવાય ? તે કયો ધર્મ છે ? વગેરે સાચી સમજણ મેળવવાને બદલે સર્વદર્શન, દરેક ધર્મો સાચા છે તેમ માનવું તે અનભિગ્રહ નામનું મિથ્યાત્વ અર્થાત્ અજ્ઞાન વિશેષ છે.

**अणाभोग - अनाभोग ( पुं. )**

(ન ભોગવવું તે ૨. અવ્યક્ત બોધ ૩. અનુપયોગ, અસાવધાની ૪. અત્યન્ત વિસ્મૃતિ ૫. અજ્ઞાન ૬. મિથ્યાત્વ વિશેષ)

અનાભોગના અનેક અર્થો થાય છે. તે પૈકી અજ્ઞાનમૂલક મિથ્યાત્વ એવો એક અર્થ પણ થાય છે. અવ્યક્તબોધરૂપે વિચારથી શૂન્ય એવા એકેન્દ્રિયાદિને અથવા વિશેષજ્ઞાનથી રહિતને સામાન્યથી અવ્યક્ત બોધ સ્વરૂપ અનાભોગ કહેવાય છે.

**अणाभोगज्झाण - अनाभोगध्यान ( न. )**

(અત્યન્ત વિસ્મરણ થવારૂપ ધ્યાન થવું તે)

પ્રસન્નચંદ્ર રાજર્ષિ જેમ દુર્મુખના વચને આત્મધ્યાન ચૂકી આર્તધ્યાનમગ્ન બની ગયા અને સ્વવૃત્તિમાંથી ખસીને પરવૃત્તિમાં જઈ ચડ્યા. તેમ અત્યન્ત વિસ્મૃતિના કારણે પણ જીવાત્મા આત્મરમણતામાંથી ચ્યુત થઈ જાય છે. આમ અત્યંત વિસ્મૃતિ થવાના કારણે અનાભોગધ્યાન થાય છે.

**अणाभोगकय - अनाभोगकृत ( न. )**

(અજાણપણે થયેલું, અજ્ઞાનતા જનિત)

સામાયિકવ્રતમાં અન્ય કોઈ વિચારોમાં ખોવાઈને આપણા દ્વારા અમુક એવું આચરણ થઈ જાય છે કે, જેની આપણને ખબર પણ હોતી નથી. જેના કારણે આપણી અમૃતમય ક્રિયાઓ વિષમય બની જતી હોય છે. આવી ક્રિયાઓને અનાભોગકૃત કહેવાય છે.

**अणाभोगकिरिया - अनाभोगक्रिया ( स्त्री. )**

(અનાભોગપ્રત્યયિકી ક્રિયા)

શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ કહ્યું છે કે, જે અનુષ્ઠાન ઉપયોગ અને કર્મક્ષયના સંકલ્પપૂર્વક કરવામાં આવે તે જ ધર્માનુષ્ઠાન કર્મનિર્જરા કરનાર બને છે. અનાભોગક્રિયા જેવું ઉપયોગરહિત કરવામાં આવેલું ધર્માનુષ્ઠાન માત્ર કાયક્લેશ જ બને છે.

**अणाभोगणिवत्तिय - अनाभोगनिर्वर्त्तित ( पुं. )**

(અજ્ઞાનથી નિષ્પન્ન, અજાણતા ઉત્પન્ન થયેલું)

ત્રણે કાળના સર્વે દ્રવ્યો અને ભાવોને જાણનારા તીર્થંકર ભગવંતો શું અણુબોમ્બના આવિષ્કારને નહોતા જાણતા ? ચોક્કસ જાણતા જ હતા. પરંતુ તેઓ એ પણ જાણતા હતા કે, તેના શું પરિણામો આવશે. માટે જ તેની પ્રરૂપણા નહોતી કરી. અણુબોમ્બને બનાવનારની આ ખોજ અજ્ઞાનતાથી નિષ્પન્ન હતી. આથી જ તો જ્યારે તેને ખબર પડી કે, તેણે બનાવેલા અણુબોમ્બથી કેટલાય લોકોના જીવ ગયા છે. ત્યારે તેણે ખેદપૂર્વક કહ્યું કે, જો મને આવી ખબર હોત તો હું ક્યારેય પણ અણુબોમ્બ બનાવત જ નહિ. વંદન હોજો જિનેશ્વર દેવોના જગહિતકારક જ્ઞાનને !

**अणाभोगपडिसेवणा - अनाभोगप्रतिसेवना ( स्त्री. )**

(અજ્ઞાનવશ દોષનું સેવન, અજાણતા સેવાયેલા દોષ)

સ્થાનાંગસૂત્રના દસમા સ્થાનમાં લખેલું છે કે, પ્રતિસેવના અર્થાત્, દોષોનું સેવન બે પ્રકારે હોય છે. ૧. જાણી જોઇને ઇરાદાપૂર્વક પાપનું સેવન કરવામાં આવે તે આભોગપ્રતિસેવના અને ૨. અજ્ઞાનતાથી અજાણપણે જે દોષનું સેવન થાય તે અનાભોગ પ્રતિસેવના છે. જ્યાં સુધી છદ્મસ્થાવસ્થા છે ત્યાં સુધી જીવો દ્વારા અજ્ઞાનવશ દોષો થવાની સંભાવના પુષ્કળ છે.

**अणाभोगभव - अनाभोगभव ( पुं. )**

(અજ્ઞાનતાથી થયેલું, વિસ્મરણનો સદ્ભાવ)

ગૃહસ્થ હોય કે દીક્ષિત સાધુ, જ્યાં છદ્મસ્થાવસ્થા છે ત્યાં અજ્ઞાન રહેલું છે અને જ્યાં અજ્ઞાન છે ત્યાં ભૂલો થવાની પણ તેટલી જ શક્યતા રહેલી છે. પછી આપણે એમ કહીએ કે સાધુ થઇને કે અમુક પદ પર રહેલા આવી ભૂલો કેમ કરે છે વગેરે વગેરે નિંદા કરીએ છીએ તે તદ્દન અયોગ્ય છે. પંચાશક ગ્રંથમાં કહેલું છે કે, સંયમમાં રહેલા શ્રમણથી પણ વિસ્મૃતિના કારણે સ્ખલના સંભવી શકે છે. પરંતુ તેનું પ્રાયશ્ચિત્ત કરીને શુદ્ધ થવાની વ્યવસ્થા પણ જિનશાસનમાં છે.

**अणाभोगया - अनाभोगता ( स्त्री. )**

(અજ્ઞાનતા, અનાભોગપણું)

નિગોદમાં રહેલા જીવો હલન-ચલન નથી કરી શકતા. તેઓમાં વ્યક્તસંજ્ઞા પણ નથી હોતી, છતાં પણ અનંતાકાળ સુધી નિગોદમાં રહે છે તેનું કારણ શું છે તે તમે જાણો છો ? એકમાત્ર અજ્ઞાનતા. હા, અજ્ઞાનદોષના કારણે તેઓ અનંતા કાળ સુધી નિગોદમાં જન્મ-મરણ કર્યા કરે છે. જેમ દોષોનું સેવન પાપ છે તેમ દોષોને ન જાણવા એ પણ એક પ્રકારનું પાપ જ છે. જે લોકો એમ કહે છે કે, જાણીએ તો તકલીફને, એના કરતા ન જાણવું સારું, બોલો આવા અજ્ઞાની લોકોનું શું થશે ?

**अणाभोगव - अनाभोगवत् ( त्रि. )**

(અજ્ઞાની, શ્રુતાર્થને નહીં જાણનાર)

સૂક્ષ્મબુદ્ધિગમ્ય શ્રુતના અર્થને નહીં જાણનાર એવો અજ્ઞાની શ્રાવક પણ જો પાપભીરુ હોય અને એના મનમાં દોષ સેવનનો ભારોભાર પશ્ચાત્તાપ રહેલો હોય તો તેને કર્મબંધનો અનુબંધ પડતો નથી. અર્થાત્ જેની પરંપરા ચાલે તેવો ગાઢ કર્મબંધ થતો નથી.

**अणाभोगवत्तिया - अनाभोगप्रत्यया ( स्त्री. )**

(અજ્ઞાનતાથી ઉપયોગશૂન્યપણે કર્મ બંધાય તે, અનાભોગપ્રત્યયિકી ક્રિયા)

અનાભોગપ્રત્યયિકી ક્રિયા બે પ્રકારે છે. ૧. અનુપયુક્ત આદાનતા ૨. અનુપયુક્ત પ્રમાર્જના. ઉપયોગરહિતપણે અજ્ઞાનતાથી જયણારહિત વસ્તુને લેવા મૂકવાની જે ક્રિયા થાય તે અનુપયુક્ત આદાનતા તથા ઉપયોગરહિતપણે વસ્ત્ર-પાત્રાદિની પ્રમાર્જના કરવી તે અનુપયુક્ત પ્રમાર્જના છે. ઉપરોક્ત બન્ને ક્રિયા ઉપયોગશૂન્ય ક્રિયા હોવાથી સાધુને કર્મબંધ કહેલો છે.

**अणामंतिय - अनामन्त्र्य ( अव्य. )**

(પૂછ્યા વિના, આમંત્ર્યા વિના)

જિનશાસનમાં ધર્મ ગુર્વાજ્ઞામાં રહેલો છે. મુમુક્ષુ જે દિવસથી પ્રવ્રજ્યા ગ્રહણ કરે છે તે દિવસથી તેનો આત્મિકવિકાસ કરવાની જવાબદારી ગુરુની બની જતી હોય છે. અને પ્રવ્રજિત સાધુની જવાબદારી એ બને છે કે, પોતાના તન-મન અને આત્મા પર ગુર્વાજ્ઞાની મહોર કોતરીને સર્વ આરાધનાઓ, ક્રિયાઓ ગુરુને પૂછીને જ કરે. આથી જ તો જીવવા માટે લેવામાં આવતો શ્વાસોશ્વાસ પણ ગુરુને પૂછ્યા વિના શ્રમણ લેતો નથી. તેના માટે દરરોજ સવારે પ્રતિક્રમણ પછી ગુરુવંદન વખતે દિવસ દરમ્યાન શ્વાસ લેવાની અનુજ્ઞા ગુરુ પાસે લેવામાં આવે છે.

**अणामियावाही - अनामिकव्याधि ( पुं. )**

(અસાધ્ય રોગ, નામરહિત વ્યાધિ)

અનાથીમુનિને પૂર્વ સંસારી અવસ્થામાં અસાધ્ય રોગ લાગુ પડ્યો હતો. કેટલાય વૈદ્ય, હકીમોને બોલાવ્યા પરંતુ, તે રોગ કેમેય કરીને મટતો ન હતો. કોઇ તેમનો રોગ દૂર કરી શકે તેમ નહોતું. છેવટે તેમણે સંકલ્પ કર્યો કે, જો આજની રાતે રોગ જશે તો સવારે દીક્ષા લઇશ. ચમત્કાર થયો. સવાર સુધીમાં તો રોગ ગાયબ. સંકલ્પ મુજબ તેઓ દીક્ષિત થયા. આ સત્ય દૃષ્ટાંત કહે છે કે, જો તમારા જીવનમાં કોઇપણ જાતની અસાધ્ય તકલીફ હોય તો બધું જ છોડીને પરમાત્માના શરણે ચાલ્યા આવો. અસાધ્ય સંકટો પણ આસાન બની જશે.

**अणायंबिल - अनाचामाम्ल ( त्रि. )**

(આયંબિલ તપરહિત)

જેવી રીતે તહેવારોના દિવસો લોકો માટે આનંદકારી હોય છે. નવા નવા કપડાં પહેરે છે, નવી નવી વાનગીઓ ઘરે બનાવે છે. એકબીજાના ઘરે આવન-જાવન થાય છે. ચહેરા પર એક અનેરી ચમક હોય છે. જે વ્યક્તિ તહેવારના દિવસો ગુમાવે તેને આપણે દુર્ભાગી કહીએ છીએ. તેવી રીતે આરાધક આત્મા માટે આરાધનાના દિવસો આનંદકારી હોય છે. તપના દિવસોમાં તે આયંબિલ, ઉપવાસાદિ તપ કરીને પર્વોની ઉજવણી કરે છે અને જે આત્મા આંયબિલ વગેરે તપરહિત પર્વ કાઢે છે તેના જેવો દુર્ભાગી ખરેખર બીજો કોઇ નથી.

**अणायग - अनायक ( पुं. )**

(નેતારહિત, નાયકરહિત ૨. સ્વતંત્ર ૩. ચક્રવર્તી આદિ)

જેઓ ઘેટા જેવા વર્તનવાળા છે તેવા જીવોને આગળ જવા માટે તેને દોરનાર નેતાની જરૂર પડે છે. પરંતુ જેઓ સિંહ જેવી વૃત્તિવાળા છે તેવા ચક્રવર્તી વગેરે જીવો પોતાના પરાક્રમના બળે કાર્યસિદ્ધિ કરનારા હોય છે. તેમને અન્ય કોઇ નાયકની જરૂર પડતી નથી. તેઓ સ્વયં પોતાના નાયક હોય છે.

**★अज्ञातक ( त्रि. )**

(સ્વજનરહિત, એકલો ૨. નિર્બોધ, અજ્ઞાની)

ગીતાંજલિ કાવ્યના રચયિતા રવિન્દ્રનાથ ટાગોરના કાવ્યની એક પંક્તિ છે. 'એકલો જાને રે' હે ભાઇ! જો તારે તારું આત્મકલ્યાણ જ સાધવું છે, પોતાના હિતની જ કામના છે તો પછી બીજાની રાહ જોવાની જરૂર નથી. એકલો ચાલ્યો જા. આચારાંગ સૂત્રમાં પણ ભગવાને કહેલું છે કે, આ સંસારમાં આત્મા એકલો જ આવ્યો છે અને એકલો જ જવાનો છે. તેની સાથે અન્ય કોઇ જતું નથી. પછી કુટુંબ કબીલાની આટલી બધી ચિંતા શા માટે ?

**अणाययण - अनायतन ( न. )**

(રહેવાને અયોગ્ય સ્થાન, નાટકશાળા, વેશ્યાગૃહાદિ, પાસત્થાઓને રહેવાનું સ્થાન)

યોગશાસ્ત્ર ગ્રંથના દ્વિતીય પ્રકાશમાં શ્રાવકે કેવા ઘરમાં રહેવું જોઇએ તેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. શાસ્ત્રમાં કહેલા ગૃહમાં વાસ કરવામાં આવે તો તે ઘર ઉત્તરોત્તર સમૃદ્ધિસાધક બને છે. અન્યથા અયોગ્ય સ્થાનમાં વસવાટ કરવાથી શ્રાવકે નહીં વિચારેલા સંકટોનો સામનો કરવો પડે છે. તેવી જ રીતે સાધુ માટે પણ ઉતરવા યોગ્ય અને નહીં ઉતરવા યોગ્ય એવા બન્ને પ્રકારના સ્થાનોનું

નિરૂપણ શાસ્ત્રોમાં કરવામાં આવેલું છે.

**अणाययणपरिहार - अनायतनपरिहार ( पुं. )**

(રહેવા માટે અયોગ્ય સ્થાનનો ત્યાગ)

દર્શનશુદ્ધિ ગ્રંથમાં કહેલું છે કે, જ્યાં નજીકમાં વેશ્યાનો આવાસ હોય, નાટ્યશાળા હોય, નપુંસક અને પશુઓનો આવાસ હોય, જ્યાં જીવોની હિંસા થતી હોય, જે સ્થાનમાં પાર્શ્વસ્થ વગેરે કુચારિત્રીયા વસતા હોય તેવા સ્થાનમાં સંયમના ખપી સાધુએ વસવાટ કરવો જોઇએ નહિ. અર્થાત્ તેવા સ્થાનનો ત્યાગ કરવો જોઇએ.

**अणाययणसेवण - अनायतनसेवन ( न. )**

(અયોગ્ય સ્થાનનું સેવન કરવું તે)

શ્રમણપણાને વરેલા સાધુઓ સંયમને બાધક બને તેવા સ્થાનનો ઉપયોગ ક્યારેય પણ કરતા નથી. જો તેવા સ્થાનોનો ઉપયોગ કરવામાં આવે તો પાર્શ્વસ્થાદિ કુશીલ સાધુઓના સંસર્ગથી કાં તો સંયમજીવન દોષિત બને કાં પછી સર્વથા સંયમનો નાશ થાય છે.

**अणायर - अनादर ( पुं. )**

(તિરસ્કાર ૨. અનુત્સાહાત્મક સામાયિકવ્રતના અતિચારનો એક ભેદ)

લીધેલા સામાયિકવ્રત પૂર્ણ થવાને વાર હોય છતાં પણ વહેલા પાળે અથવા સમય થઇ જવા છતાં પણ પાળે નહીં તો તે વ્રતનો અનાદર કહેવાય છે. ધર્મસંગ્રહ ગ્રંથમાં તેને અતિચાર તરીકે જણાવેલું છે. યાદ રાખજો, કોઈપણ ધર્મક્રિયા કરો તેમાં ઉત્સાહ અને તેનો આદર જાળવીને કરજો.

**अणायरंत - अनाचरत् ( त्रि. )**

(ત્યાગ કરતો, નહીં આચરતો)

પંચાશક ગ્રંથમાં ભગવાન હરિભદ્રસૂરિ મહારાજે લખ્યું છે કે, જે આત્મા જાગી ગયો છે. જ્ઞાનયોગે પરિણતિ ઘડાઈ ગઈ છે. પોતાના માટે કયો માર્ગ શ્રેયસ્કર છે અને કયો વિનાશકારી છે તેનું જ્ઞાન જેને થઇ ગયું છે તે આત્મા શીઘ્રતયા પુણ્યમાર્ગ દ્વારા પાપમાર્ગનો નાશ કરીને કર્મોના બંધનોને ત્યાગતો પરંપરાએ અપુનરાગમન સ્થાનને પ્રાપ્ત કરે છે.

**अणायरणजोग्ग - अनाचरणयोग्य ( त्रि. )**

(નહીં આચરવા યોગ્ય)

સદાચરણ દ્વારા જેઓએ પોતાનું હિત સાધ્યું છે. જેઓ શિષ્ટજનોમાં માન્ય બનેલા છે તેવા કલ્યાણકારી મહાપુરુષોના માર્ગનું સેવન કરનારો ભવ્ય જીવ પણ આત્મકલ્યાણને પ્રાપ્ત કરે છે. તે જ્ઞાનીપુરુષોએ જે માર્ગને અયોગ્ય માન્યો છે તેનું કલ્યાણકામી પુરુષે આચરણ ન કરવું જોઇએ.

**अणायरणया - अनाचरणता ( स्त्री. )**

(ગૌણ મોહનીયકર્મ)

માયા કષાયના પર્યાયવાચી નામ તરીકે અનાચરણતા શબ્દનો પ્રયોગ શાસ્ત્રોમાં થયેલો છે. કષ્ એટલે સંસાર અને આય એટલે તેનો લાભ. જે સંસારનો વિસ્તાર કરી આપે તેને કષાય કહેવાય છે. માયા ક્યારેય પણ આત્મા માટે હિતકારી હોતી જ નથી. આથી સુજ્ઞ પુરુષોએ માયાનું આચરણ કરવું જોઇએ નહિ. જેટલો શક્ય બને તેટલો ત્યાગ કરવો જોઇએ.

**अणायरिय - अनार्य्य ( पुं. )**

(ક્રૂરકર્મી, અનાર્ય, શક-યવનાદિ દેશોમાં ઉત્પન્ન થનારું)

શક-યવનાદિ પશ્ચિમના ઘણા દેશોને શાસ્ત્રમાં અનાર્ય દેશ તરીકે અને તેમાં રહેનારાઓને અનાર્ય તરીકે સંબોધેલા છે. ધર્મના સાચા સ્વરૂપને નહીં સમજેલા તેઓ હિંસા અને ક્રૂરતાને જ પોતાનો ધર્મ સમજતા હોય છે. ઉપદેશમાળા વગેરે ગ્રંથોમાં ધર્મીજનોને માટે અનાર્ય દેશમાં વસવાટ અને અનાર્ય લોકોના સંસર્ગનો નિષેધ કરવામાં આવેલો છે.

**अणायस - अनायस ( त्रि. )**

(લોખંડરહિત, જેમાં લોખંડ ન હોય તે)

સાત ધાતુમાં લોખંડને નિમ્ન કક્ષાનું ગણવામાં આવેલું છે. આથી જ તો માંગલિક પ્રસંગમાં, જિનમંદિરમાં કે અન્ય વિધિ વિધાનોમાં તેના ઉપયોગનો નિષેધ કરવામાં આવેલો છે. નિશીથચૂર્ણિમાં સાધુઓને લોખંડની વસ્તુનો ઉપયોગ કરવાની મનાઈ કરવામાં આવેલી છે.

**अणाया - अनात्मन् ( पुं. )**

(જડ પદાર્થ, અજીવ ૨ પોતાના સિવાય, અન્ય, બીજો)

એક આત્મદ્રવ્યને છોડીને બાકીના ધર્માસ્તિકાય વગેરે પાંચેય દ્રવ્યો જડ છે. તે બધામાં એક અજીવ તત્ત્વ સમાનપણે રહેલું છે. સજીવ દ્રવ્યમાં તો રાગ-દ્વેષ, હર્ષ-શોક, પ્રેમ-ગ્લાનિ વગેરે ભાવનાઓ દેખાતી હોવાથી તેના પ્રત્યે રાગ-દ્વેષ થાય તે તો સમજી શકાય છે. પરંતુ જેનામાં કોઇ જ પ્રકારની પ્રતિક્રિયા આપવાની ક્ષમતા નથી તેવા નિર્જીવ પદાર્થમાં પણ લોકોને મોહ-મમત્વ થાય છે તે એક આશ્ચર્યકારી ઘટના જ સમજવી પડે.

**अणायाण - अनादान ( न. )**

(અકારણ, કારણનો અભાવ)

સર્વથા મૃષાવાદવિરમણવ્રતના ધારક શ્રમણ ભગવંતો ક્યારેય પણ અસત્ય વચનનું ઉચ્ચારણ કરતા નથી. પછી તે સકારણ હોય કે અકારણ. ક્યારેક જીવદયાદિનો પ્રસંગ ઉપસ્થિત થાય અને અસત્ય બોલવાનું આવે તો તે મૌન ઊભા રહે છે પરંતુ, અસત્ય બોલતા નથી. જો સકારણ પણ મૃષાવાદ નથી કરતા તો પછી નિષ્કારણ કરવાનો તો કોઇ સવાલ જ નથી ઉઠતો.

**अणायार - अनाचार ( पुं. )**

(અનાચાર, સાધુ કે શ્રાવકના વ્રતનો ભંગ કરવો તે, આધાકર્માદિ ગ્રહણ કરવું તે)

કૈવલ્યજ્ઞાનની પ્રાપ્તિ થયા બાદ પરમાત્માએ સાધુ ધર્મ અને શ્રાવક ધર્મની સ્થાપના કરી. તીર્થંકર ભગવંતે સાધુ સંબંધિત આચારો અને શ્રાવક સંબંધિત આચારોની પ્રરૂપણા કરી છે. તેમણે આચારોના પાલનથી પ્રાપ્ત થતા લાભ અને અનાચાર દ્વારા થયેલા વ્રતભંગથી અનંતાભવો સુધી ભોગવવા પડતા વિરૂઆ પરિણામોનું પણ દર્શન કરાવ્યું છે. જેઓ ભવભીરુ છે અને શાશ્વત સુખના વાંછુ છે તેઓ પ્રાણના ભોગે પણ અનાચારનું સેવન કરતા નથી.

**अणायारज्झाण - अनाचारध्यान ( न. )**

(દુષ્ટ આચારોનું ચિંતન, કુધ્યાન, દુર્ધ્યાન, અનાચાર સેવનનો વિચાર)

મન-વચન અને કાયા એ ત્રણેય યોગોથી જીવને કર્મનો બંધ થતો હોય છે. કાયાથી જે અનાચાર સેવાય છે તેનો કર્મબંધ કંઈક અલ્પ હોય છે. તેનાથી વધારે કર્મનો બંધ વચન દ્વારા થાય છે અને આ બે યોગો કરતાં પણ કંઈ ગણો વધારે કર્મનો બંધ મનથી થાય છે. અનાચારનું સેવન તો પછીથી થાય છે પરંતુ, તેનો ભંગ તો દુષ્ટવિચારોવાળા મનથી થઇ ચૂક્યો હોય છે. આથી જ તો કુમારપાળ રાજાએ મનથી પાપ થાય તો ઉપવાસનો દંડ રાખ્યો હતો. માટે દુષ્ટવિચારોથી તમે ચેતજો !

**अणायावाइ ( ण् ) - अनात्मवादिन् ( पुं. )**

(આત્મતત્ત્વને નહીં માનનાર, નાસ્તિક, આત્માને ક્ષણિક કે સર્વવ્યાપી માનનાર)

જિનેશ્વર ભગવંતોએ બતાવેલા આત્માના યથાવસ્થિત સ્વરૂપને જે માને તેઓ આત્મવાદી છે. અને જેઓ આત્મા નામના દ્રવ્યને માનતા જ નથી તેઓ તથા જેઓ આત્માને તો માને છે પરંતુ, તે વિકૃતસ્વરૂપે માને છે તે લોકો અનાત્મવાદી છે. ચાર્વાક મત આત્મદ્રવ્યને જ નથી માનતો. જ્યારે તે સિવાયના કેટલાક દર્શનો આત્માને માને તો છે પરંતુ, કોઇ નિત્ય માને છે, કોઇ ક્ષણિક માને છે તો કોઇ આત્માને સર્વવ્યાપી માને છે. જ્યાં સુધી આત્માના સાચા સ્વરૂપને ઓળખ્યું નથી ત્યાં સુધી કેવળજ્ઞાન તો જોજનો દૂર છે.

**अणायावि ( ण् ) - अनातापिन् ( पुं. )**

(પરિષહોને સહન ન કરનાર, પરિષહ અસહિષ્ણુ)

જેમ સોનું આગની ગરમીને સહન કરી પોતાના શુદ્ધ સ્વરૂપને પ્રાપ્ત કરે છે. તેમ શ્રમણજીવનને નિર્મલ અને કર્મરહિત બનાવવા માટે શીત, ઉષ્ણ, આતાપના વગેર પરિષહોને સહન કરવા અતિ આવશ્યક છે. જેઓ સુખશીલીયા છે કષ્ટોથી ગભરાય છે તેઓ તો પરિષહો-ઉપસર્ગોના નામમાત્રથી ડરનારા હોય છે. એ જીવો પોતાને મળેલા શ્રેષ્ઠકોટીના શ્રમણ જીવનથી પતિત થઇ ચોરાશી

લાખ યોનિઓમાં ખોવાઈ જતા હોય છે.

**अणारम्भ - अनारम्भ ( पुं. )**

(જીવનો અનુપઘાત, જીવને ઉપદ્રવ ન કરવો તે ૨. સાવદ્યયોગ રહિત)

સ્થાનાંગસૂત્રના સાતમાં સ્થાનમાં ૧. પૃથ્વીકાય ૨. અપ્કાય ૩. વાઉકાય, ૪. તેઉકાય ૫. વનસ્પતિકાય ૬. ત્રસકાય અને ૭. અજીવકાય એમ સાત પ્રકારના અનારંભ કહેલા છે. જીવોને સીધે સીધી રીતે કે અજીવ પદાર્થના માધ્યમથી ત્રાસ પહોંચાડવો તે આરંભ કહેવાય છે. જ્યારે જીવોની દયા પાળવી તે અનારંભ કહેવાય છે.

**अणारंभजीवि ( ण् ) - अनारम्भजीविन् ( पुं. )**

(સાવદ્ય ક્રિયાને નહીં સેવનાર ૨. સર્વસાવદ્યથી રહિત સાધુ)

જેમ કમળ કાદવમાં ઉત્પન્ન થવા છતાં પણ તેનાથી નિર્લેપ રહે છે. તેવી રીતે હિંસા પ્રચુર સંસારમાં જિનશાસનને પ્રાપ્ત કરેલા શ્રમણ ભગવંતો સાવદ્ય ક્રિયાનો સર્વથા ત્યાગ કરીને પોતાના આત્માને સંસારથી નિર્લેપ રાખે છે. આવા અનારંભ જીવનને જીવનારા સાધુ વિપુલકર્મોની નિર્જરા કરતા રહી મુક્તિમંજીલમાં પહોંચી જતા હોય છે.

**अणारंभट्ठाण - अनारम्भस्थान ( न. )**

(આરંભ રહિત સ્થાન, સાવદ્ય અનુષ્ઠાનની સર્વથા નિવૃત્તિ ૨. અસાવદ્ય આરંભ સ્થાન)

સૂત્રકૃતાંગસૂત્ર દ્વિતીય શ્રુતસ્કંધના બીજા અધ્યયનમાં કહેલું છે કે, જેનાથી એકાંતે મિથ્યાત્વ અને અસાધુતાની પ્રાપ્તિ થતી હોય તેવા સ્થાનોનો સંયમી આત્મા સર્વથા ત્યાગ કરે છે. સાવદ્ય અનુષ્ઠાનવાળા સ્થાનોના ત્યાગ અને સદનુષ્ઠાનના આચરણ દ્વારા તે સંયમપ્રાણની રક્ષા કરે છે.

**अणारद्ध - अनारब्ध ( त्रि. )**

(મહાપુરુષોએ નહીં આચરેલું તે)

દરરોજ સ્નાત્રમાં બૃહત્શાંતિ વખતે આપણે બોલતા હોઈએ છીએ કે, 'महाजनो येन गतः स पन्था' અર્થાત્ જે સુજ્ઞજનો છે તેઓ તીર્થંકરભગવંતો અને પૂર્વના મહાપુરુષોએ જે માર્ગનું આચરણ કર્યું હોય તે માર્ગે જ ચાલનારા હોય છે. જે માર્ગનું આચરણ તેઓએ નથી કર્યું તેનો ત્યાગ કરનારા હોય છે. આપણી ગણતરી શામાં છે ?

**अणाराहय - अनाराधक ( त्रि. )**

(વિરાધક, ધર્મવિરોધી)

ચૌદપૂર્વધર ભગવંત શ્રીભદ્રબાહુસ્વામીએ બારસાસૂત્રમાં ચોવીસ તીર્થંકરોના ચરિત્ર, સ્થવિરાવલી અને સામાચારીનું વર્ણન કર્યા બાદ આખા કલ્પસૂત્ર અને જિનશાસનનો સાર જણાવતા કહે છે કે, જીવે પ્રત્યેક આત્માને ખમવો જોઈએ અને ખમાવવો જોઈએ. જે જીવ ક્ષમા માગે છે અને આપે છે તે આરાધક બને છે અને જે જીવ ખમતો ય નથી ને ખમાવતો ય નથી તે આરાધક નહીં પણ વિરાધક બને છે.

**अणारिय - अनार्य्य ( पुं. )**

(આર્ય નહીં તે, અનાર્ય દેશવાસી, મ્લેચ્છ, પાપી, અકાર્યકારી ૨. અજ્ઞાની ૩. ધર્મસંજ્ઞા રહિત)

ભારત એ સંસ્કૃતિ પ્રધાન દેશ હોઈ આર્ય દેશ છે. સંસ્કૃતિ ધર્મના આધારે બની હોય છે. વર્તમાનકાળમાં સર્વધર્મ સમભાવનાનો પ્રચાર કરનારા લોકો ઘણા બધા છબરડા વાળે છે. જે ધર્મમાં સંસ્કૃતિ વસી હોય ત્યાં સમભાવ હોય. અરે જે સંસ્કૃતિમાં માતા-પિતાનો આદર, સહકુટુંબની ભાવના અને લાગણીના સંબંધો ન હોય તે સંસ્કૃતિ આપણા માટે હિતકારક કેવી રીતે બની શકે ? આવી સર્વધર્મ સમભાવના માટે તો એક જ ઉક્તિ લાગુ પડે છે. 'હવેલી લેવા જતાં ગુજરાત ખોયું'

**अणारियट्ठाण - अनार्यस्थान ( न. )**

(સાવદ્ય સ્થાન)

સૂત્રકૃતાંગસૂત્રના દ્વિતીય શ્રુતસ્કંધના બીજા અધ્યયનમાં અનાર્યસ્થાનનો અર્થ સાવદ્ય-આરંભનું સ્થાન એવો કરેલો છે. અર્થાત્ માત્ર અનાર્ય દેશ એ જ અનાર્યસ્થાન નથી. પરંતુ જેટલા પણ આરંભ સ્થાનો કે પાપસ્થાનો છે તે બધાયે અનાર્યસ્થાન જ સમજવા જોઈએ.

**अणारोहग - अनारोहक ( त्रि. )**

(યોદ્ધાઓરહિત, સૈનિકોરહિત)

જેમ રાજા વગર સૈન્ય શોભતું નથી તેમ સૈન્ય વગરનો એકલો રાજા પણ શોભતો નથી. તત્ત્વાર્થસૂત્રના પાંચમા અધ્યયનમાં વાચકમુખ્ય ઉમાસ્વાતિજી મહારાજે કહેલું છે કે, 'परस्परोपग्रहो जीवानाम्' અર્થાત્ જગતના દરેક પદાર્થ એક બીજાને આશ્રયીને રહેલા છે. દરેકને એક બીજાની જરૂર પડે જ છે. જો નિગોદમાં અનંતા સાથે રહેવાનું છે અને મોક્ષમાં પણ અનંતા જીવો સાથે રહેવાનું છે. તો પછી અહીં એક બીજાના દુશ્મન શા માટે બનીએ ?

**अणालंबण - अनालम्बन ( न. )**

(ટેકારહિત, આલંબનરહિત)

શુભધ્યાન બે પ્રકારના બતાવવામાં આવેલા છે. ૧. સાલંબન ધ્યાન અને ૨. નિરાલંબન ધ્યાન. જે ધ્યાનમાં જિન પ્રતિમા કે અન્ય કોઇ આલંબન લેવામાં આવે તે સાલંબન ધ્યાન બને છે અને જેમાં કોઇપણ ઇષ્ટના આધાર વગર સાહજિક રીતે ધ્યાન કરવામાં આવે તે નિરાલંબન ધ્યાન કહેવાય છે. તીર્થંકર ભગવંતો નિરાલંબન ધ્યાન કરતા હોય છે.

**अणालंबणजोग - अनालम्बनयोग ( पुं. )**

(પરતત્ત્વવિષયક ધ્યાન વિશેષ)

ષોડશક પ્રકરણમાં કહેલું છે કે, તથાપ્રકારના સત્ત્વના ઉદ્રેકથી વિશેષ પ્રકારે શાસ્ત્રોમાં બતાવેલા ઉપાયોથી પર ઊઠેલાને સામર્થ્યયોગ હોય છે. તેવા આત્માને કોઇપણ પદાર્થના અભિષ્વંગ એટલે આલંબનરહિત જે દિદક્ષા અર્થાત્ પરમાત્માને જોવાની ઇચ્છા તે અનાલંબન યોગ કહેવાય છે. આ અનાલંબન યોગ જ્યાં સુધી પરતત્ત્વનું દર્શન નથી થયું ત્યાં સુધી જ હોય છે. દર્શન પછી તે કેવળજ્ઞાનના સંયોગે આલંબન યોગ કહેવાયો છે.

**अणालंबणपइट्ठाण - अनालम्बनप्रतिष्ठान ( त्रि. )**

(આલંબન-રક્ષકરહિત, આલંબનરૂપ પાયા વિનાનું)

જે જીવોની હજુ સુધી અધ્યાત્મયોગમાં વિશિષ્ટ ગતિ નથી થઇ. જેઓ હજુ બાળ સ્વભાવના છે, તેવા ભવ્યજીવોને નિરાલંબન યોગ ઘટતો નથી. તેમના માટે સાલંબનયોગ એ જ ઉત્કૃષ્ટમાર્ગ છે. કેમ કે તેઓ આલંબનરહિત ધર્મ આરાધી શકવાની ક્ષમતા વગરના હોય છે.

**अणालत्त - अनालपित ( त्रि. )**

(ન બોલાવેલું, આલાપ-સંલાપ ન કરેલ હોય તે)

જેની જોડે આપણી કોઇ ઓળખાણ ન હોય, કોઇ જાતની વાતચીત કરેલી ન હોય કે બોલાવેલી ન હોય તેવી વ્યક્તિ કોઇ દિવસ આપણા ઘરે આવે ખરી ? નહીં ને. બસ ! તેમ જે પાપકર્મોને આપણે આચર્યા જ નથી, જેને આપણે મન-વચન-કાયાથી આમંત્ર્યા જ નથી તેવા પાપકર્મો ક્યારેય પણ ઉદયમાં આવતાં જ નથી અને જો ઉદયમાં આવે તો સમજી લેવાનું કે આ કર્મો મેં જ નોતરેલા છે. મારી કરણીનું જ આ ફળ છે. કોઇ બીજાનું નહિ.

**अणालस्स - अनालस्य ( न. )**

(આળસ્ય રહિત, આળસનો અભાવ, ઉદ્યમી)

એક સુભાષિતમાં કવિએ કહેલું છે કે, જે સ્વયં આળસુ છે અને વળી, માત્ર સુખની ઇચ્છાવાળો છે તેને ક્યારેય પણ વિદ્યા પ્રાપ્ત થતી નથી. પરંતુ જે વિદ્યા પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળો છે અને ઉદ્યમી છે તેને વિદ્યાપ્રાપ્તિ સિવાય બીજે ક્યાંય સુખ લાગતું જ નથી.

**अणालस्सणिलय - अनालस्यनिलय ( पुं. )**

(ઉત્સાહનું સ્થાન ૨. સ્ત્રી)

જે સૈન્યનો નેતા સ્વયં ઉદ્યમ અને પરાક્રમરહિત હોય તેનું સૈન્ય પણ આળસુ અને નિરુત્સાહી બની જાય છે. પરંતુ જેનો નેતા પરાક્રમી અને ઉત્સાહથી ભરપૂર હોય તેનું સૈન્ય પણ ગમે તેવા મોટા સૈન્ય સામે બાથ ભીડી લેવાની હિંમત કરી લે છે. અર્થાત્ બહુ ઉત્સાહી નેતા સૈન્ય માટે ઉત્સાહ જગાડવાના સ્થાનભૂત બનતો હોય છે.

**अणालाव - अनालाप ( पुं. )**

(કુત્સિત ભાષણ, ખરાબ બોલવું તે, વચનનો વિકલ્પ-ભેદ)

શબ્દોની અસર વ્યક્તિના ભાવો પર પડતી હોય છે. આ વાતને વ્યવહાર અને ધર્મ બન્ને માન્યતા આપે છે. કોઇના માટે બોલેલા બે સારા શબ્દો વ્યક્તિના મુખ પર હાસ્ય લાવી દે છે અને બોલેલો એક અપશબ્દ વ્યક્તિની આંખોના ભવાં તંગ કરી દે છે. માટે એવું બોલવું જોઇએ કે, જે હિત-મિત-પથ્ય ને સત્ય હોય. શિષ્ટભાષા વ્યક્તિની સભ્યતા જણાવે છે અને કુત્સિતભાષા બોલનાર તેની અસભ્યતાનો પરિચય આપે છે.

**अणालिद्ध - अनाश्लिष्ट ( त्रि. )**

(આલિંગન ન આપેલું)

યોગશાસ્ત્રમાં કલિકાળ સર્વજ્ઞ ભગવંતે કહેલું છે કે જે ભૂમિ પર સૂર્યનું મિલન થયું ન હોય. અર્થાત્ સૂર્ય પ્રકાશથી જે ભૂમિ પ્રકાશિત ન હોય અથવા સૂર્યના કિરણો જે ભૂમિને સ્પર્શ્યા ન હોય તેવી અંધારી ભૂમિ પર જીવહિંસાનો ભય હોવાથી જીવદયાના પરિપાલકે ત્યાં ચાલવું જોઇએ નહિ.

**अणालोइय - अनालोचित ( त्रि. )**

(આલોચના ન કરેલું, જેણે ગુરુ પાસે પોતાના દોષની આલોચના લીધી નથી તે)

બહાર જવાનું હોય અને સ્વચ્છ કપડાં પહેર્યા હોય, ખૂબ સાચવીને ચાલતા હો છતાં પણ તે મેલા તો થવાના જ. તેને તમે કેમેય કરીને રોકી શકવાના નથી. હા ! મેલા કપડાને પાણીમાં સાબુ કે પાઉડરથી ઘસીને ફરીથી ઉજળા કરીને એની એ જ ચમક પાછી લાવીને પહેરી શકો છો. બસ ! આ જ રીતે આત્મા જ્યાં સુધી સંસારમાં રહેલો છે ત્યાં સુધી કર્મોનો મેલ તો લાગવાનો જ છે. જો કર્મો લાગ્યા છે તો તેને ધોવા માટે પશ્ચાત્તાપરૂપી પાણી અને પ્રાયશ્ચિત્તરૂપી સાબુ, પાવડર પરમાત્માએ બતાવેલા જ છે. પુનઃ આત્માને ઉજળો બનાવી શકો છો. પરંતુ આત્માની ગુમાવેલી ચમક તે જ લાવી શકે છે જે ગુરુભગવંત પાસે આલોચના લે.

**अणालोइयअपडिक्कंत - अनालोचिताऽप्रतिक्रान्त ( त्रि. )**

(જે ગુરુ પાસે આલોચના લઇને દોષોથી નિવૃત્ત થયો નથી તે)

સમજવા જેવું છે કે, જેમ શરીરમાં રોગ ઉદ્ભવેલો હોય તેને દૂર કરવા માટે વૈદ્ય પણ હોય અને દવા પણ હોય પરંતુ, જે વ્યક્તિને વૈદ્ય પાસે જવું નથી અને દવા લેવી નથી તેનો રોગ મટી શકે ખરો ? ન જ મટી શકે. તેમ આત્મામાં દોષોરૂપી રોગો પડ્યા હોય તેને દૂર કરવા માટે ગુરુ ભગવંતરૂપી વૈદ્ય અને પ્રાયશ્ચિત્તરૂપી ઔષધ હોવા છતાં જે આલોચના લઇને દોષોથી નિવૃત્ત નથી થતો તેના દોષો ક્યારેયપણ નષ્ટ થશે ખરા ?

**अणालोइयभासि ( ण् ) - अनालोचितभाषिन् ( पुं. )**

(સમ્યગ્જ્ઞાનથી પર્યાલોચન કર્યા વગર બોલનાર, વિચાર્યા વગર બોલનાર)

પ્રવચન સારોદ્ધારના ૭૨મા દ્વારમાં કહેવામાં આવેલી પચ્ચીસ અશુભ ભાવનાઓને અનુલક્ષીને કહેલું છે કે, જે વ્યક્તિ સમ્યગ્જ્ઞાન પામ્યો નથી, જેનામાં સારાસાર ગ્રહણ કરવાની બુદ્ધિ નથી તેવા અલ્પબુદ્ધિ લોકો તીર્થંકર, જ્ઞાન-જ્ઞાની, સાધુ વગેરે પરમતત્ત્વોના અવર્ણવાદ કરનારા હોય છે. તેમનું કથન સમ્યગ્જ્ઞાનના પર્યાલોચન વગરનું અવિચારી હોય છે.

**अणालोय - अनालोक ( पुं. )**

(અજ્ઞ, અજ્ઞાનરૂપ અંધકારવાળો)

વિશ્વના સઘળા ધર્મોમાં ગુરુને ઊંચું સ્થાન આપવામાં આવેલું છે. કારણ કે પરમાત્માની સૌથી વધુ નજીક અને ધર્મનું સાચું સ્વરૂપ ગુરુ જ જાણતા હોય છે. અજ્ઞાનરૂપી અંધકારથી અંધ થયેલા લોકોને જ્ઞાનરૂપી અંજન દ્વારા ચક્ષુનો ઉઘાડ કરાવનાર ગુરુ અનંતપુણ્યના ઉદયે મળે છે. આપણને પંચમહાવ્રતધારી પરમોપકારી ગુરુ મળ્યા છે તે આપણા અનંતાનંત પુણ્યનો ઉદય જ છે કે બીજું કાંઇ ?

**अणावाय - अनापात ( न. )**

(જે જનમાર્ગ ન હોય તે, સ્ત્રી આદિરહિત નિર્જન સ્થંડિલ ભૂમિ)

ઓઘનિર્યુક્તિ ગ્રંથમાં ભગવાન શ્રીભદ્રબાહુસ્વામીએ લખ્યું છે કે, સ્વ-પર હિતાયની ભાવનાથી ગ્રામાનુગ્રામ વિચરણ કરનાર

સાધુએ એક સ્થાનથી બીજે સ્થાન જવા માટે ક્યારેય પણ નિર્જન રસ્તો પસંદ કરવો નહિ. કેમ કે ત્યાંથી જવામાં જંગલી હિંસક પ્રાણીઓના ઉપદ્રવનો ભય રહેલો છે. તેથી આત્મઘાતની સંભાવના છે. યાદ રાખો કે લોકહિત કરવા માટે પણ આત્મહિત પ્રથમ જરૂરી છે.

**अणाविल - अनाविल ( त्रि. )**

(અકલુષિત, રાગ-દ્વેષરૂપી મળરહિત)

જેના કષાયો શાંત થઇ ગયા છે. જેના ચિત્તસરોવરમાં પ્રશમતારૂપી હંસલીઓ મહાલી રહી છે. તેવો આત્મા જ ધર્મની સાચી આરાધના કરી શકે છે. હજી સુધી જેનું ચિત્ત વિવિધ ક્લેશોથી ખદબદી રહ્યું હોય તેવો જીવ માત્ર ધર્મનો દેખાડો કરી શકે છે પરંતુ, સાચો આરાધક બની શકતો નથી.

**★ऋणाविल ( त्रि. )**

(ઋણથી કલુષિત)

જેમ અન્યાય અને અનીતિથી મેળવેલું ધન અનીતિ કરનારને અને બીજાની પાસે જાય તો તેને પણ બરબાદ કરી નાખે છે તેમ જે બીજાના પૈસા દબાવીને બેસી ગયો છે, પારકા પૈસે તાગડધિન્ના કરે છે તેવા લોકોનું ઋણથી કલુષિત ધન તેમને તો બરબાદ કરે જ છે પરંતુ, જેની તિજોરીમાં એ ધન જાય, તેનું પણ દેવાળું કાઢે છે. કેમ કે તેમાં નિર્દોષ લોકોની હાય ભળેલી હોય છે. આવા કલુષિત ધનથી ચેતજો !

**अणाविलज्झाण - अनाविलध्यान ( न. )**

(કરજદારનું ચિંતવન)

જે દેવામાં ડૂબેલો હોય તેને કરજદારની ચિંતા, ઘરનો મોવડી હોય તેને કુટુંબ ચલાવવાની ચિંતા, રાજાને કોઇ દુશ્મન ચડાઇ કરીને રાજ્ય લઇ ના લે તેની ચિંતા. આમ જુઓ તો દરેકને કોઇને કોઇ ચિંતા સતાવતી જ હોય છે. આથી જ તો ચિંતાને ચિતા સમાન કહેવામાં આવેલી છે. કેમ કે ચિતા મૃત્યુ પામેલાને બાળે છે. જ્યારે ચિંતા જીવતા જીવને બાળીને ભસ્મ કરી નાખે છે.

**अणाविलप्प ( ण् ) - अनाविलात्मन् ( पुं. )**

(કષાયરહિત આત્મા)

જેના આત્મામાં રાગ-દ્વેષરૂપી કષાયો વિદ્યમાન છે ત્યાં સુધી તેને હંમેશાં કોઇને કોઇ વાતનો ભય સતાવતો હોય છે. પરંતુ ધર્મારાધનાથી જેણે પોતાના કષાયોને મંદ પાડી દીધા છે તેવા કષાયરહિત આત્માને જગતનો કોઇપણ ભય ડરાવી શકતો નથી. માટે જ સૂત્રકૃતાંગમાં કહ્યું છે કે, કષાયરહિત સાધુ મહાત્મા અભયને કરનારા હોય છે.

**अणावुट्ठि - अनावृष्टि ( स्त्री. )**

(વરસાદની ઋતુમાં વર્ષા ન થાય તે, અનાવૃષ્ટિ )

બાર મહિનામાં ચાર મહિના વર્ષા ઋતુના હોય છે. તે દરમિયાન જો વરસાદ વરસે તો અનાજ વગેરે પાકે અને લોકમાં સુકાળની સ્થિતિ જળવાઈ રહે છે. પરંતુ જો વર્ષા ઋતુમાં પાણી વરસે નહીં તો દુષ્કાળની સ્થિતિ ઊભી થાય અને લોકમાં ભૂખમરો આવે. તેમ સામાન્યથી વર્ષના બારેય મહિનાઓને શાસ્ત્રકારોએ ધર્મારાધનાના મહિનાઓ બતાવ્યા છે. ધર્મીજને સદા જાગ્રત રહી ઉપાસના દ્વારા આત્મહિત સાધી લેવું એ જ હિતાવહ કહેલું છે. કારણ કે મૃત્યુરૂપી કાળ ક્યારે પહોંચી જાય તે કહેવાય નહીં.

**अणासंसि ( ण् ) - अनाशंसिन् ( पुं. )**

(આશંસારહિત, સંસારના ફળની ઇચ્છા વગરનો, શ્રોતાઓ તરફથી વસ્ત્રાદિની અપેક્ષા વગર પ્રવચનસાર કહેનાર)

ધર્મસંગ્રહ ગ્રંથમાં જણાવ્યું છે કે, પ્રાયશ્ચિત્ત લેનાર વ્યક્તિ આશંસા રહિત હોવો જોઈએ. જો તે અપેક્ષાવાળો હોય તો સંપૂર્ણ અતિચારની આલોચના લેવામાં ઊણો ઊતરી શકે છે. તેમ ધર્મીજને ફળની આશંસાથી રહિત હોવું ઘટે છે. કારણ કે આરાધક માટે અપેક્ષા એ પણ અતિચાર અર્થાત્ દોષ બને છે જે એની આરાધનાને કલંક લગાડે છે.

**अणासग - अनश्वक ( त्रि. )**

(અશ્વરહિત, ઘોડા વિનાનું)

અશ્વ એટલે ઘોડો. ઘોડો શક્તિ-સામર્થ્યનું પ્રતીક છે. જેમ રાજા, વરઘોડો, રથયાત્રા કે સૈન્ય અશ્વ વગર શોભાસ્પદ નથી બનતા. તેમ અશ્વતા-શક્તિરહિત પુરુષ શોભાનો ગાંઠિયો બની જાય છે. સત્ત્વ હોય તો સામર્થ્ય સહજતાએ પ્રગટ થતું હોય છે.

**अणासच्छिन्न - अच्छिन्ननास ( त्रि. )**

(જેનું નાક છેદાયેલું નથી તે)

મુખની શોભામાં નાક મહત્ત્વનો ભાગ ભજવે છે તેમ બીજા બધા અંગો સુંદર અને પરિપૂર્ણ હોય પણ જો નાક છેદાયેલું કે કપાયેલું હોય તો મુખની શોભા ખંડિત ગણાય છે. જોનારાને અરુચિ થાય છે. તેમ માણસની આબરું પણ નાકથી ઇંગિત થાય છે. જેની પાસે લજ્જા-શરમ નથી તેને લોકો બેશરમ કે નકટો કહે છે.

**अणासण्ण - अनासन्न ( त्रि. )**

(છેક પાસે નહીં, બહુ નજીક નહીં તે)

ઉત્તરાધ્યયનસૂત્રમાં શિષ્યને ભવોદધિતારક ગુરુના વિનય બાબતે ખૂબ ઊંડાણથી ઉપદેશ આપ્યો છે. મોક્ષમાર્ગની આરાધના કરનાર શિષ્ય માટે ગુરુની ભૂમિકા ઘણી અગત્યની જણાવેલી છે. શિષ્યે ગુરુની નિશ્રામાં કેવી રીતે રહેવું જોઈએ ? તો શાસ્ત્ર કહે છે કે એકદમ નજીક પણ નહીં અને સાવ દૂર પણ નહીં. એમ બહુદૂર કે અતિનિકટતા વર્જીને મધ્યમસ્થિતિએ રહેવું જોઈએ.

**अणासत्ति - अनासक्ति ( स्त्रि. )**

(આસક્તિનો અભાવ, અપ્રતિબદ્ધતા)

મુનિએ જેમ સંસારના દરેક ભાવોનો ત્યાગ કરેલો હોય છે તેમ પુત્ર-સ્વજન-બંધુ-કુટુંબ પ્રત્યેના રાગભાવનો પણ ત્યાગ કરેલ હોય છે. તેમના પર રાખેલા સ્નેહભાવને પણ અસંયમ કહેલો છે. માટે મુનિજીવનમાં સર્વત્ર અપ્રતિબદ્ધતા એ સર્વોપરિ હોય છે.

**अणासय - अनाशय ( त्रि. )**

(જેને પૂજાનો ભાવ નથી તે, પૂજાની ઇચ્છાથીરહિત)

સૂત્રકૃતાંગસૂત્રના પ્રથમ શ્રુતસ્કંધના પંદરમાં અધ્યયનમાં કહેવાયું છે કે જે જીવ કોઈ કારણવશ પરમાત્માની દેશનાના અવસરે સમવસરણમાં દ્રવ્યથી બેઠો હોય પણ અંતરાત્મામાં ભગવાન્ પ્રત્યે પૂજાનો ભાવ ન જાગે અર્થાત્ પ્રભુને જોઈ મનમાં તેમના પ્રત્યે આદરભાવ ન થાય તો તેને પરમાત્મા પ્રત્યેની અરુચિના કારણે અનાશયી કહ્યો છે.

**अणासव - अनाश्रव ( पुं. )**

(૩૪ પ્રકારના પાપકર્મબંધ રહિત હિંસાદિ આશ્રવદ્વારથી વિરત, પાપાશ્રવથી અટકેલું ૨. અહિંસા, દયા)

જેને હિંસાદિ આશ્રવો નથી, ૩૪ પ્રકારના પાપકર્મબંધથી રહિત છે અથવા હિંસાદિ આશ્રવદ્વારથી વિરત છે તે અનાશ્રવવાળો કહેવાય છે એમ કર્મપ્રકૃતિ ગ્રંથમાં કહ્યું છે. વળી ઔપપાતિક આગમમાં પ્રાણાતિપાતાદિથી વિરત હોય, અમમ અને અકિંચન હોય અર્થાત્ જેના પાપકર્મબંધ વિદ્યમાન નથી તે અનાશ્રવી કહ્યો છે. તો બૃહત્કલ્પસૂત્રમાં અનાશ્રવ એટલે સારા કે નરસા જે કર્મો આત્મામાં શ્રવે છે એટલે કે બંધાય છે તે આશ્રવ છે. જો કર્મપુદ્ગલ ગ્રહણ ન કરે તો અનાશ્રવ છે. એટલે રાગદ્વેષ રહિત માધ્યસ્થપણે રહેવું એ જ અનાશ્રવ છે એમ કહેલું છે.

**अणासाइज्जमाण - अनास्वाद्यमान ( त्रि. )**

(રસનેન્દ્રિય દ્વારા ન ચખાતું, કેવળ રસનેન્દ્રિયનો વિષય બનતું)

પાંચેય ઇન્દ્રિયોમાં રસનેન્દ્રિય સહુથી વધુ ખતરનાક છે. આપણે પર્વના દિવસોમાં ઉપવાસ તો સહેલાઈથી કરી લઈએ છીએ પણ પારણામાં આસક્તિને ડામી શકતા નથી. મનભાવતી દશ-વીશ જાતની ખાદ્ય વસ્તુઓ હોય તો ખાવા પર કંટ્રોલ કેટલો રાખીએ છીએ ? જો નહીં તો સમજી લો કે આપણને તપમાં રસ નથી પણ ખાવામાં ગૃદ્ધિ વધારે છે જે નફા કરતા નુકશાન વધુ કરાવે છે.

**अणासाएमाण - अनाशयमान ( त्रि. )**

(ન ચાખતો ૨. ન વાંછતો)

ઉત્તરાધ્યયનસૂત્રના ૨૯મા અધ્યયનમાં મુનિના મોક્ષસાધક અનેક ઉત્કૃષ્ટ ગુણોમાં એક ગુણ અનાશય પણ કહેલો છે. એનો અર્થ એ છે કે જે મુનિ સંયમમાં એકતાન છે. જેને કોઈપણ પ્રકારની એસણા નથી અને લોભ-લાલચથી પર થયેલો તથા લૌકિક આશાઓથી

ઉપર ઊઠેલો એવો તે સાચો ચારિત્રી છે.

**★अनास्वादयत् ( त्रि. )**

(નહીં ખાતો, આસ્વાદન ન કરતો)

**अणासायणा - अनाशातना ( स्त्री. )**

(હીલનાનો સર્વથા અભાવ, તીર્થંકરાદિકની આશાતના ન કરવી તે, દર્શન વિનયનો એક ભેદ, મન-વચન-કાયાથી વિરોધનો અભાવ)

જીવનમાં ધર્મારાધના ઓછા-વત્તા અંશે થશે તો ચાલશે પરંતુ, ધર્મ અને ધર્મીજનની આશાતના અર્થાત્ તેમનો વિરોધ કરીને ભારે કર્મી બનવાની ભૂલ ક્યારેય ન કરતા. તીર્થંકર પ્રભુની મોટી દશ આશાતનાઓ છે. જિનભવનની નાની-મોટી ૮૪ આશાતનાઓ છે અને ગુરુની ૩૩ આશાતનાઓ છે તેનું સર્વથા વર્જન કરીને તેમની વિનય-ભક્તિ કરશો તો ભવથી વહેલા તરશો.

**अणासायणाविणय - अनाशातनाविनय ( पुं. )**

(અનુચિત ક્રિયા નિવૃત્તિરૂપ દર્શનવિનયનો એક ભેદ, ધર્મની ભક્તિ-બહુમાન કરવું તે)

અનુચિત ક્રિયાની નિવૃત્તિરૂપ દર્શનવિનયના પંદર ભેદ સ્થાનાંગસૂત્રમાં વર્ણવ્યા છે. તેમાં જણાવ્યું છે કે તીર્થંકર, ધર્માચાર્ય, વાચક, સ્થવિર, ગણ, કુળ, શ્રીસંઘ આદિ તીર્થંકર પ્રણીત ધર્મની આશાતનાનો ત્યાગ કરી ભક્તિ-બહુમાન કરવું એ દર્શનવિનય છે. તેમની જેટલી બને તેટલી પ્રશંસા-વર્ણવાદ કરવાથી જ્ઞાનાવરણીયાદિ કર્મનો ક્ષય થાય છે અને બોધિસુલભ થવાય છે.

**अणासिय - अनाशित ( त्रि. )**

(બુભુક્ષિત, ભૂખ્યું)

કહેવાય છે કે, ભૂખ જેવું કોઈ પાપ નથી. ભૂખ્યો માણસ શું ન કરે અર્થાત્ કોઈપણ રીતે તે પેટની ક્ષુધા શાંત કરવા મજબૂર બની જાય છે. પેટ આગળ તે પરવશ થઈ હિંસાદિ પણ આચરે છે. ધન્ય છે તે મહામુનિવરોને કે જેઓ તપ દ્વારા શરીરને સુકવી દે છે પણ ક્ષુધા પરિષહને જીતી લે છે.

**अणासेवणा - अनासेवना ( स्त्री. )**

(દોષની સેવનાનો અભાવ, અતિચારાદિ ન સેવવા તે)

આચારાંગસૂત્રમાં જણાવેલું છે કે, જ્ઞાનથી પરિકર્મિત બુદ્ધિવંત મહામુનિવરો ગમે તેવા કષ્ટો આવે કે મહાભયંકર પરિસ્થિતિનું નિર્માણ થાય પણ પોતે લીધેલ પ્રતિજ્ઞામાં એટલે મહાવ્રતોના પાલનમાં ભૂલથી પણ અતિચાર લાગવા દેતા નથી. નિત્ય સવારે ઊઠતાની સાથે નિરતિચાર ચારિત્રના પાલણહાર મહામુનિઓના ચરણોમાં કોટિ-કોટિ વંદના કરી ભવસાયરથી વહેલા તરિયે.

**अणाह - अनाथ ( त्रि. )**

(અશરણ્ય, યોગ-ક્ષેમરહિત, અનાથ, નધણિયાતું ૨. આત્માની અનાથતાની પરિભાવના કરનાર મુનિનો એક ભેદ)

શાસ્ત્રગ્રંથોમાં અનાથતાના વિષયમાં શ્રેણિકરાજા અને અનાથી મુનિનું દૃષ્ટાન્ત ખૂબ પ્રસિદ્ધ છે. કહેવાય છે કે અનાથી મુનિના સત્યપરિકર્મિત જવાબોથી સંતુષ્ટ થયેલા શ્રેણિક રાજા સમકિતને પામ્યા હતા. ધન્ય છે અનાથીમુનિના સાચા અણગારભાવને.

**अणाहपव्वज्जा - अनाथप्रव्रज्या ( स्त्री. )**

(ઉત્તરાધ્યયનસૂત્રનું વીસમું અધ્યયન, મહાનિર્ગ્રંથીય અધ્યયન)

જૈન સંઘના અંગરૂપ સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા આ ચારેય જેને અત્યંત બહુમાનથી પૂજે છે અને જેના પઠનની યોગ્યતા કેળવવા માટે પણ તપવિધિથી જોગ કરે છે તે આગમોના મૂલસૂત્રમાં ઉત્તરાધ્યયનસૂત્રનો સમાવેશ થયેલો છે. જેમાં સાધુ-સાધ્વીજી ભગવંતોના વિનયાદિ આચાર વિચારો સંબંધી ઉપદેશ આપવામાં આવેલો છે. આ સૂત્રનું વીસમું અધ્યયન મહાનિર્ગ્રંથીય નામથી પણ પ્રસિદ્ધ છે.

**अणाहरण - अनाधरण ( न. )**

(ધરી રાખવાને અશક્ત)

વ્યક્તિ પાસે ગમે તેટલી તાકાત હોય કે દુનિયાભરની ઋદ્ધિ હોય પણ તે સમયને ધારી રાખવામાં સમર્થ નથી. મોટા-મોટા રાજા,

મહારાજા કે ચક્રવર્તી સુધ્ધાં પણ સમયને બાંધી શકતા નથી. એ તો ઠીક પણ અનેક શક્તિઓના સ્વામી દેવેન્દ્રો પણ પોતાના આયુષ્યને ચિરસ્થાયી બનાવવા સમર્થ નથી. સમય હંમેશાં અપ્રતિબદ્ધ છે તેને કોઈનો પ્રતિબંધ નથી. હંમેશાં ગમનશીલ રહે છે.

**अणाहसाला – अनाथशाला ( स्त्री. )**

(દવાખાનું, આરોગ્યાલય, રુગ્ણાલય, હોસ્પિટલ)

ગુજરાતીમાં જેને આપણે દવાખાનું કહીએ છીએ તેને પ્રાકૃતમાં અણાહશાલા અને સંસ્કૃતમાં અનાથશાલા કહે છે. જેનો નાથ એટલે કે રક્ષણહાર નથી તે લોકમાં અનાથ તરીકે ઓળખાય છે. ગમે તેવો શક્તિસંપન્ન કે વગદાર વ્યક્તિ પણ જો રોગીષ્ઠ થાય તો અનાથ બની જાય છે. તેને તેની કોઈ સત્તા કે શક્તિ બચાવી શકતા નથી. તેણે પણ વૈદ્યો કે ડૉક્ટરો પાસે દવાખાને દોડી જવું પડે છે. દુનિયાના બેતાજ બાદશાહો! તમે પણ રોગ સામે અનાથ છો, વૃદ્ધત્વ સામે અનાથ છો અને મૃત્યુ સામે પણ અનાથ છો.

**अणाहार – अनाहार ( पुं. )**

(આહારનો અભાવ, અવિદ્યમાન આહાર)

આચારાંગસૂત્રના ૧ શ્રુતસ્કંધના ૮મા અધ્યયનમાં આહારની વ્યાખ્યા કરતાં જણાવ્યું છે કે, જે ક્ષુધાને શાંત કરે અને જેનો આસ્વાદ જીભને આહ્લાદક લાગે તે આહાર કહેવાય છે. ક્ષુધાતૃપ્તિ માટે જે અનિષ્ટ છે અને જેનો સ્વાદ જીભને અરુચિકર લાગે તેને અનાહાર કહેલા છે. લીમડાની છાલાદિ પંચાંગ, હરડે, કરિયાતું આદિ અનેક દ્રવ્યો અનાહાર તરીકે બતાવ્યા છે.

**★ ऋणाधार ( पुं. )**

(દેવાદાર, કરજવાળો)

'ऋणं कृत्वा घृतं पिबेत्' એ ઉક્તિ સ્વાસ્થ્યની અપેક્ષાએ સાચી હશે પણ નીતિકારોએ રોગ, પરદેશગમન અને ઋણ આ બધાને મોટા દુઃખ જણાવેલા છે. તેમાં પણ કરજદાર હોવું તેના જેવુ બીજું કોઈ મોટું દુઃખ નથી તેમ જણાવ્યું છે. ઋણી વ્યક્તિ કરજ ફેડવાની ચિંતાવાળો બની સતત આર્તધ્યાન કરતો રહે છે અને પોતાના વ્યવહારધર્મમાં ડગલે ને પગલે સ્ખલના પામતો રહે છે.

**अणाहारग – अनाहारक ( पुं. )**

(અણાહારી જીવ, વિગ્રહગતિપ્રાપ્ત જીવ, સમુદ્ઘાત કરનાર કેવળી, અયોગી કેવળી-સિદ્ધ)

શરીરધારી દરેક જીવ સામાન્યથી પ્રત્યેક પળે આહાર કરે છે જેને શાસ્ત્રમાં લોમાહાર કહે છે. સામાન્યથી કવલાહાર ન કરનારને અણાહારી કહેવાય છે અને આયુષ્ય પૂર્ણ કરીને ભવાન્તરગમન કરતા વિગ્રહગતિપ્રાપ્ત જીવને, સમુદ્ઘાત કરનારને, અયોગી કેવળીને અર્થાત્ સિદ્ધ ભગવંતોને પણ અણાહારી કહેવાય છે.

**अणाहारिम – अनाहारिम ( न. )**

(ભોજન માટે અયોગ્ય, ખાવા માટે યોગ્ય નથી તે, અભક્ષ્ય)

શાસ્ત્રોમાં અનંતકાય, બહુબીજ, કંદમૂળ તથા શરીરને નુકશાન પહોંચાડનારી વિષમય વસ્તુઓને ભોજન માટે અયોગ્ય કહેલી છે. ડુંગળી, લસણ આદિ વસ્તુઓ વ્યક્તિના તામસી સ્વભાવમાં વધારો કરનાર હોવાથી તે ખાવાનો નિષેધ કરવામાં આવેલો છે.

**अणाहारिय – अनाहृत ( त्रि. )**

(ભૂતકાલીન ખાવાની ક્રિયાથી પરિણામ નહીં પામેલું તે)

આખો દિવસ સારા-સારા પૌષ્ટિક પદાર્થોના ભોજન કરવા માત્રથી દૂબળો-પાતળો વ્યક્તિ પહેલવાન બની જતો નથી. પરંતુ લીધેલા ભોજનને પચાવવા અર્થાત્ ખાધેલા આહારના યોગ્ય પરિણમન માટે જઠરાગ્નિ પણ પ્રદીપ્ત હોવો જરૂરી બને છે.

**अणाहिट्ठ – अनाधृष्ट ( पुं. )**

(વસુદેવ અને ધારિણીનો પુત્ર)

સંસારના શ્રેષ્ઠ પુરુષોમાં જેની ગણના કરવામાં આવે છે તે ત્રણખંડના અધિપતિ વાસુદેવ કૃષ્ણના પિતા વસુદેવ અને ધારિણી દેવીના પુત્રનું નામ અનાધૃષ્ટ છે. જેનું ચરિત્ર અન્તઃકૃદ્દશાંગસૂત્રના ત્રીજા વર્ગના તેરમાં અધ્યયનમાં આપવામાં આવેલું છે.

**अणिइय – अनितिक ( पुं. )**

(જેનું નિયત સ્વરૂપ નથી તે, અનિયત ૨. સંસાર)

સમયના વહેણમાં વહેતો આ સંસાર તેના નિત નવા સ્વરૂપો દેખાડે છે. ગઈકાલનો રાજા આજે રંક થઈ જાય છે તો આજનો રંક આવતી કાલે રાજા બની જાય છે. એટલું જ નહીં દેવેન્દ્રો જેવા સમર્થ દેવેન્દ્રોને પણ ઘડીકમાં હર્ષ કરાવે છે તો ઘડીકમાં શોક કરાવે છે. એમ અનેક પ્રકારના આશ્ચર્યોથી ભરેલો આ સંસાર અનિયત સ્વરૂપવાળો છે.

**अणिइपत्त - अनीतिपत्र ( त्रि. )**

(જેના પાંદડા કીડાઓથી ખવાયેલા નથી તે)

**अणिउं ( उँ ) तय - अतिमुक्तक ( न. )**

(અતિશય બંધનથી મુક્ત થયેલું ૨. તિન્દુક કે તાલ વૃક્ષ વિશેષ)

જે બંધનોથી અત્યંત રીતે મુક્ત થયેલો હોય તેને સંસ્કૃતમાં અતિમુક્તક કહેવાય છે. શાસ્ત્રીય રીતે વિચારતાં જે જીવ સંસારના જન્મ-મરણ રૂપી બંધનથી અત્યંત રીતે મુક્ત થયેલો હોય તેને અતિમુક્તક કહેવાય છે. તે જ ભવમાં મુક્તિ પ્રાપ્ત કરનારા ચરમશરીરી જીવો પણ અતિમુક્તક કહી શકાય છે.

**अणिउण - अनिपुण ( त्रि. )**

(નિપુણ નથી તે, અકુશળ)

સંસારમાં કોઈપણ પ્રકારની મુશ્કેલી વગર આખું ય જીવન વીતે તે શક્ય નથી. આ જગતમાં વિઘ્નો તો દરેકને આવે છે પરંતુ, કુશળ મનુષ્યો બુદ્ધિબળે તે વિઘ્નોમાંથી પણ કોઈકને કોઈક સારો માર્ગ કાઢી લે છે. પુણ્યપુરુષોને વિઘ્નોમાંથી પણ સહજતયા રસ્તો મળી જાય છે.

**अणिएअचारि ( ण् ) - अनियतचारिन् ( पुं. )**

(અપ્રતિબદ્ધ વિહારી, પ્રતિબંધ વગર વિચરનાર)

પ્રતિબદ્ધ એટલે આસક્ત અને અપ્રતિબદ્ધ એટલે અનાસક્ત. માટે જ સાધુ ભગવંતોને અપ્રતિબદ્ધ વિહારી કહેલા છે. કારણ કે તેઓ મન વચન અને કાયાથી ઘર-બાર સ્ત્રી પુત્રાદિ પરિવાર, હીરા માણેકાદિ ધન-દોલત વગેરે સંસારની કોઈપણ વસ્તુ પ્રત્યે આસક્તિ પણ નથી રાખતા અને પરિગ્રહ પણ નથી કરતા. પવનની જેમ તેઓ હંમેશાં અપ્રતિબદ્ધ વિહારી કહેવાય છે.

**अणिएअवास - अनियतवास ( पुं. )**

(અનિયતવાસ, ઘર સિવાય માસકલ્પાદિ પૂર્વક ઉદ્યાનાદિમાં વસવું તે)

સાધું ભગવંતોના વિશિષ્ટ આચારોમાં એક છે અનિયતવાસ. અનિયતવાસ એટલે કોઈ નિશ્ચિત સ્થાન રહિત. માસકલ્પાદિની સમાચારીને આચરતા સાધુ ભગવંતો કોઈ એક સ્થાને રહેવાની જગ્યાએ ઉદ્યાન, ઘર, ખંડેર આદિ કોઈ એક નિશ્ચિત સ્થાને સ્થાયી ન રહેતા અનિયતવાસી બની વિહાર કરતા હતા.

**अणिओग - अनियोग ( पुं. )**

(પ્રેરણા ન કરવી તે ૨. નહીં યોજેલું ૩. અધિકાર ન આપવો તે ૪. આજ્ઞા ન કરેલું ૫. નિયોગથી ભિન્ન)

સાધુની વાણી કોમલ, મંજુલ, કર્ણપ્રિય અને વિધેયાત્મક હોય. તેમનું વચન ક્યારેય કઠોર કે આજ્ઞાકારી ન હોય. શાસ્ત્રોમાં શ્રમણને આજ્ઞાકારી વચનનો સામાન્યથી નિષેધ કરેલો છે. કેમ કે તેમાં માલિકીભાવ અને કઠોરતા હોવાથી ક્યારેક કોઇનું દિલ દુભાવવાનો પ્રસંગ થઇ શકે છે માટે જ મુનિ નિયોગપ્રવૃત્તિ કરતા નથી.

**अणिंगाल - अनङ्गार ( त्रि. )**

(અંગાર દોષરહિત)

સાધુની ગોચરીના ૪૨ દોષોમાંનો એક દોષ છે અંગાર. આહાર-પાણી કે ઔષધાદિ પર રાગ ધરીને જે ભિક્ષા ગ્રહણ કરવામાં આવે તે અંગાર દોષવાળી ભિક્ષા જાણવી. રાગને અગ્નિ સમાન કહેલો છે અને અગ્નિ જેમ શરીરને બાળે છે તેમ રાગથી ગ્રહણ કરેલી ગોચરી ચારિત્રરૂપી શરીરને બાળે છે. માટે સંયમી સાધુએ અંગારદોષરહિત ભિક્ષાને ગ્રહણ કરવી જોઇએ.

**अणिंद - अनिन्द्र ( त्रि. )**

(જેમાં ઇન્દ્ર નથી તે, ઇન્દ્ર વિનાનું)

જીવવિચાર પ્રકરણમાં ચાર પ્રકારના દેવો બતાવ્યા છે. ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિક. તેમાં ભવનપતિ દેવલોકથી લઈને બાર દેવલોક સુધી મનુષ્યોની જેમ વ્યવહાર હોવાથી ત્યાં ૬૪ ઈન્દ્રોની વ્યવસ્થા છે. જ્યારે ગ્રૈવેયક અને પાંચ અનુત્તરમાં સ્વામી-સેવકનો ભાવ હોતો જ નથી. માટે ત્યાં સ્વામીરૂપ ઈન્દ્ર વિના બધા જ દેવો સ્વયં અહમિન્દ્ર હોય છે.

**★अनिन्द्य ( त्रि. )**

(જુગુપ્સારહિત ૨. સામાયિક)

જુગુપ્સા એટલે ચીતરી ચઢવી અથવા બીજાનું નિંદનીય વર્તન કે વિચિત્ર પદાર્થ જોઈને મોઢું બગાડવું તે. જો જુગુપ્સા તમારા સુંદર ચહેરાને બગાડી શકે છે તો વિચારી જુઓ જુગુપ્સાથી બાંધેલા કર્મ તમારા કેટલા સુંદર ભવોને બગાડી શકે છે? માટે જુગુપ્સારહિતપણે માધ્યસ્થ ભાવે જગતના પદાર્થોને નિહાળો અને ચિત્તની સુંદરતાને જાળવો.

**अणिंदणिज्ज - अनिन्दनीय ( त्रि. )**

(નિંદા નહીં કરવા યોગ્ય, ગીતાર્થો દ્વારા અદૂષ્ય)

કલ્પસૂત્રાદિ આગમોમાં સાધુ સમાચારી જણાવવામાં આવેલી છે. તે પ્રમાણેનું આચરણ કરવું તે સંવિગ્નતા છે. પણ કેટલીક સામાચારી શાસ્ત્રકથિત ન હોય છતાં આચરણમાં દેખાતી હોય તો સમજવું કે તે જીતાચાર છે. અર્થાત્ તે-તે કાળના ગીતાર્થ ગુરુભગવંતોએ સાથે મળીને સંઘ ચલાવવા માટે જે નિર્ણય લીધો હોય અને સંઘે તેને માન્યતા આપી હોય તે આચાર પણ શાસ્ત્રીય બને છે. માટે તેની નિંદા કરવી યોગ્ય નથી. છતાં તેમ કરે તે મહાપાપનો ભાગી બને છે.

**अणिंदिय - अनिन्दित ( त्रि. )**

(અનિન્દિત, અગર્હિત ૨. સાતમો કિન્નર દેવ)

પ્રાયઃ કરીને પૂજા, મહાપૂજા વગેરે ધર્મક્રિયામાં વ્યક્તિને એકેન્દ્રિય જીવોની હિંસા દેખાય છે. ખોટા આડંબર જેવું પણ લાગે છે અને વળી તેના ઊંડા રહસ્યોની જાણકારીના અભાવે તે ઉમદા પ્રવૃત્તિની નિંદા કરે છે. પરંતુ પરમાત્મપૂજા શુભાનુબંધી એટલે આત્મહિતકારી પરંપરાનું સર્જન કરનાર હોવાથી શાસ્ત્રોમાં તેને અનિંદિત બતાવી છે. એટલું જ નહીં પણ ઉપાદેય કહેલી છે. માટે તત્ત્વજ્ઞ જીવો ક્યારેય પણ શુભકર્મોનો અનુબંધ કરાવનાર પ્રશસ્ત અને અનિંદિત આચારોની નિંદા કરતા નથી.

**★अनिन्द्रिय ( पुं. )**

(સિદ્ધ ભગવંત ૨. અપર્યાપ્ત જીવ)

જીવને પાંચેય ઇન્દ્રિયોની પરિપૂર્ણતા પૂર્વોપાર્જિત પ્રબળ પુણ્યના ઉદયે મળે છે. જગતનો બાહ્ય વ્યવહાર ચલાવવા માટે જેમ પાંચે ઇન્દ્રિયોની પૂર્ણતા અપેક્ષિત હોય છે તેમ ધર્મારાધના માટે પણ અન્યૂનેન્દ્રિયપણું જરૂરી છે. જે જીવો સ્વયોગ્ય ઇન્દ્રિયો પામતા પહેલા જ મરી જાય છે તે અનિન્દ્રિય કહેવાય છે. તેમ જન્મ પામેલો જીવ સ્વયોગ્ય પર્યાપ્તિ પૂર્ણ કર્યા વગર જ મૃત્યુ પામી જાય તે પણ અનિન્દ્રિય છે. જ્યારે સિદ્ધ ભગવંત સર્વકર્મોથી મુક્ત હોવાથી તેઓ પણ અનિન્દ્રિય કહેવાય છે.

**अणिंदिया - अनिन्दिता ( स्त्री. )**

(તે નામની દિગ્કુમારી)

તીર્થંકર પ્રભુના જન્મકલ્યાણકના અવસરે પોતાના આચાર પ્રમાણે પરમાત્માનું શુચિકર્મ કરવા માટે આવનારી ૫૬ જાતિની દિગ્કુમારીઓમાં છઠ્ઠા દેવલોકથી આવનારી દિગ્કુમારિકાનું નામ અનિંદિતા છે એમ સ્થાનાંગસૂત્રના ૮મા સ્થાનમાં કહેલું છે.

**अणिक्खित्त - अनिक्षिप्त ( न. )**

(વિશ્રામ વગરનું, નિરંતર, સદા)

વ્યાપાર ધંધામાં નિયમ છે કે તમારે નિરંતર રચ્યા-પચ્યા રહેવું જ પડે. અધિક લાભ કમાવા વિશ્રામ લીધા વગર ખડે પગે રહેવું પણ પડે. તેમ સંસારનો નિયમ છે કે જ્યાં સુધી તમારે તેમાં રહેવું જ છે તો પછી ત્યાં સુધી જન્મ સાથે મરણ, સુખ સાથે દુઃખ વગેરે દ્વંદ્વો ચોક્કસ લાગેલા જ રહેવાના છે. આ સંસાર સાથે સંબંધ રાખનારે તેની આ વાસ્તવિકતાને ધ્યાનમાં રાખવી જ પડે. હા જેને તેનાથી છેડો ફાડવો હોય તેને આ નિયમ લાગુ પડતો નથી.

**अणिकंप - अनिष्कम्प ( त्रि. )**

(ચંચલ, નિશ્ચલ નહીં તે, ચલાયમાન)

ઘાસના અગ્રભાગ પર રહેલું બિંદુ, હાથીના કાન, આગની આસપાસ ચક્કર મારતા પતંગિયાનું જીવન કેટલો સમય સ્થિર રહી શકશે એ કોઈ કહી શકે છે ખરા ? નહીં ને. તેમ પરિષહો ને ઉપસર્ગોથી ડરી અને હારી ગયેલા મુનિ ક્યાં સુધી સંયમમાં સ્થિર રહી શકે તે કહી શકાય તેમ નથી. પરંતુ જેણે ઉપસર્ગો અને પરિષહોના ભય પર જીત મેળવી લીધેલી છે તે મહાત્માને કર્મ મહાસત્તા પણ ચલાયમાન કરી શકતી નથી.

**अणिकाम - अनिकाम ( न. )**

(પરિમિત, સીમિત)

સંસ્કૃતમાં એક સુભાષિત આવે છે, **'अति सर्वत्र वर्जयेत्'** અર્થાત્ દરેક સ્થાને અતિપણું થતું હોય તો તેનો ત્યાગ કરવો જોઈએ. કેમ કે દરેક વસ્તુ પરિમિત માત્રામાં હોય તે જ સારી લાગે છે. અતિ થતાં તે અહિતકારી સાબિત થાય છે. જેમ કે ભોજનમાં વધારે પડી ગયેલું મીઠું સ્વાદ બગાડે છે, વધારે પડતી મીઠાઈ મોઢું બગાડી નાખે છે અને વધારે પડતો ક્રોધ મીઠા-મધુરા સંબંધોમાં તિરાડ પાડે છે. માટે સુજ્ઞજનો અતિશયતાનો સર્વદા ત્યાગ કરતા હોય છે.

**अणिकाय - अनिकाय ( पुं. )**

(લઘુમૃષાવાદ, અલ્પ જૂઠ)

**अणिकेय - अनिकेत ( पुं. )**

(ગૃહરહિત, સાધુ)

જેના ડ્રેસ અનેક અને એડ્રેસ એક તેનું નામ સંસારી તથા જેનો ડ્રેસ એક અને એડ્રેસ અનેક તેનું નામ સાધુ. સંસારીઓ દરરોજ નવા કપડાં બદલે પરંતુ, તેમનું રહેવાનું સ્થાન તો એક જ હોય છે કેમ કે તેઓ મોહ-મમતાથી બંધાયેલા હોય છે. જ્યારે શ્રમણના વસ્ત્રો એક એટલે એક જ સફેદ. સંસારીઓ કરતાં વિપરીત તેઓ મોહ-મમતાના ભાવથી રહિત હોવાથી એક સ્થાને બંધાઈને રહેતા નથી. વહેતા પાણીની જેમ સદા ફરતા રહી લોકોપકાર કરતા હોય છે.

**अणिक्कट्ठ - अनिष्कृष्ट ( त्रि. )**

(દ્રવ્યથી સ્થૂલ શરીરી ૨. ભાવથી કષાયવશવર્તી)

નાસ્તિક રહેવામાં જ જેમની મતિ છે તેવા જીવો ધર્મના નામથી દૂર ભાગતા હોય છે. તેઓ વિવેકરહિત પશુની જેમ ખાવા-પીવાં અને મોજ-શોખ કરવામાં જ જીવનની સાર્થકતા માનતા હોય છે. આવા જીવો દેખાવે આનંદ પ્રમોદ કરનારા ભલે લાગે પણ ભાવથી તો કષાયોને વશ થઈને સતત દુઃખાનુભવ કરતા રહે છે.

**अणिक्कावाइ ( ण् ) - अनेकवादिन् ( पुं. )**

(અક્રિયાવાદી, અનેકવાદી, ભાવોનું કંઈક એકત્વ હોવા છતાં તેમાં સર્વથા અનેકત્વ બોલનાર વાદી)

જગતના તમામ પદાર્થો અનેક ધર્માત્મક છે. પદાર્થમાં અનેકત્વ છે તેમ અપેક્ષાએ એકત્વ પણ છે. પરંતુ કેટલાક અક્રિયાવાદીઓ પદાર્થમાં સાપેક્ષે રહેલા એકત્વને પણ ન સ્વીકારતા સર્વથા અનેકત્વને જ અગ્રસારિત કરે છે. અર્થાત્ દરેક પદાર્થોમાં એકાંતે અનેકપણું માનનારા અનેકવાદીઓના અભિપ્રાયે દીક્ષાદિ વ્રતાનુષ્ઠાનો નિરર્થક સાબિત થાય છે.

**अणिक्खित्त - अनिक्षिप्त ( त्रि. )**

(નહીં ત્યાગેલું ૨. પચ્ચક્ખાણ નહીં કરેલું ૩. વિશ્રામ વગરનું, નિરંતર)

આ જગતમાં સૌથી મોટો ભૂખ્યો હોય તો તે કાળ છે. આ કાળરાજાના ઉદરમાં મોટા મોટા ચક્રવર્તી, વાસુદેવો, રાજા-મહારાજાઓ ઓહિયાં થઈ ગયા છે. છતાં પણ તેનું પેટ ક્યારેય ભરાયું નથી. તેનો આ ઘટનાક્રમ અનંતાકાળથી વિના વિશ્રામે નિરંતર ચાલ્યા જ કરે છે. ન જાણે ક્યારે કોનો વારો આવશે કહી શકાય તેમ નથી. માટે પરમાત્માએ કહ્યું છે કે કાળનો મૃત્યુઘંટ વાગે તે પહેલા પરભવનું ભાથુ અત્યારથી જ બાંધવાનું શરૂ કરી દો.

**अणिगण - अनग्न ( पुं. )**

(કલ્પવૃક્ષ વિશેષ)

અકર્મભૂમિમાં હંમેશાં તથા કર્મભૂમિના પ્રથમ ત્રણ આરામાં યુગલિક કાળ હોવાથી તેઓમાં કોઇપણ પ્રકારનો વ્યવહાર પ્રવર્તમાન હોતો નથી. આથી તેઓની જરૂરિયાત પૂરી કરવા માટે તે સમયે દેવાધિષ્ઠિત ૧૦ પ્રકારના કલ્પવૃક્ષો રહેતા હોય છે. તેમાં અણિગણ નામનું કલ્પવૃક્ષ તે યુગલિકોને પહેરવા માટે વસ્ત્ર પૂરા પાડતું હોય છે. અર્થાત્ તે વૃક્ષ જોડે વસ્ત્રની માગણી કરતાં સુંદર દિવ્ય વસ્ત્રો આપતું હોય છે.

**अणिगामसोक्ख - अनिकामसौख्य ( त्रि. )**

(તુચ્છ સુખ, અલ્પસુખ,)

જયારે સર્વોત્કૃષ્ટ સુખ આપવાની ક્ષમતાવાળો સ્વયં સમ્રાટ હોવા છતાં તેને છોડીને તેના ચરણોની સેવા કરનારા સેવકોની પાછળ ફરનારને શું આપણે મૂર્ખ નહીં કહીએ ? તેમ લોકોત્તર જિનશાસનમાં શાશ્વતસુખ આપનાર ત્રિલોકી પરમાત્મા અને તેમણે બતાવેલી આરાધના સાધના હોવા છતાં તેને છોડીને અનિત્ય સુખ આપનારા દેવોની પાછળ આંધળા થઇને ભટકયા કરીએ તે કેટલું વ્યાજબી ગણાય ?

**अणिगूहण - अनिगूहन ( न. )**

(નહીં છૂપાવવું તે)

શાસ્ત્રોમાં કહેલું છે કે, તમે એક અક્ષર પણ જેની પાસેથી શીખ્યા હોવ તે તમારા ગુરુ છે અને તેને ગુરુ તરીકે સ્વીકારવા જોઇએ. કોઈ પૂછે કે આ કલા તમે કોની પાસેથી શીખ્યા ? ત્યારે ભલે તે જાતિ, ઉંમર વગેરેથી નાનો હોય તો પણ જાહેરમાં તેને ગુરુ તરીકે સ્વીકારવા જોઇએ. તેમનું ગુરુપણું છૂપાવવું જોઇએ નહિ. જે ગુરુની ઓળખાણ છૂપાવે છે તેને શાસનમાં નિહ્નવ તરીકે પ્રસ્થાપિત કરેલો છે.

**अणिगूहियबलवीरिय - अनिगूहितबलवीर्य ( पुं. )**

(જેણે શારીરિક બળ અને ચિત્તનો ઉત્સાહ નથી છુપાવ્યો તે)

સાધુ અને શ્રાવકના વ્રતના અતિચારોમાં અણિગૂહિયબલવીરિય નામનો અતિચાર આવે છે. તેનો અર્થ છે - તપાદિ અનુષ્ઠાનો કરવા માટેની શક્તિ હોવા છતાં પણ તપ કે ક્રિયાના ભયથી કે પ્રમાદથી પોતાના બળને છુપાવવું. પરંતુ જે એકમાત્ર કર્મક્ષયના લક્ષ્યવાળા છે તેવા ભવ્યાત્માઓ ધર્માનુષ્ઠાનના પ્રસંગે પોતાના શારીરિક બળ અને ચિત્તના ઉત્સાહને ક્યારેય છુપવતા નથી. તેઓ ક્રિયાના અવસરે અપૂર્વ વીર્ય ફોરવીને કર્મોનો નિરંતર ખાત્મો બોલાવી દેતા હોય છે.

**अणिग्गह - अनिग्रह ( पुं. )**

(જેને ઇન્દ્રિયો વશ નથી તે ૨. સ્વૈરી, ઉચ્છૃંખલ ૩. અગ્યારમું ગૌણ અબ્રહ્મ)

જેમ બંધનરહિત અને ઉદ્ધત બનેલો આખલો જાન-માલની હાનિ કરી દે છે તેમ ગુર્વાજ્ઞાના બંધન વગરનો સ્વચ્છંદપણે વિચરનારો, ઇન્દ્રિયો અને કષાયોનો નિગ્રહી ન હોવાથી તેને વશ થયેલો સાધુ લોકમાં સ્વયં હાસ્યપાત્ર તો થાય જ છે સાથે સાથે જિનશાસનની અપભ્રાજના કરનારો પણ બને છે. તેનો સંસાર પણ દીર્ઘ થાય છે.

**अणिच्च - अनित्य ( त्रि. )**

(અનિત્ય, અસ્થિર, અશાશ્વત, ક્ષણભંગુર, નાશવંત)

જેના માટે અત્યાર સુધી એમ કહેવાતું હતું કે અમુક ભાઇ છે, બોલાવે છે, બેઠા છે વગેરે અને એક દિવસ એવો આવે છે કે તેમના માટે આપણે બોલતા થઇ જઇએ છીએ કે બહુ જ સારા વ્યક્તિ હતા. પરગજુ હતા. ગુણવાન હતા. અહો! સંસારનું આ કેવું આશ્ચર્ય છે કે જેના માટે 'છે' બોલાતું હતું તેના માટે જ 'હતા' એમ બોલવું પડે છે. સંસારની અનિત્યતાનું આ જ સૌથી મોટું ઉદાહરણ છે. માટે જ કહેવાયું છે કે, **'अनित्यानि शरीराणि, विभवो नैव शाश्वतः.....'**

**अणिच्चजागरिया - अनित्यजागरिका ( स्त्री. )**

(સંસારનું અનિત્ય સ્વરૂપ ચિંતવવું તે)

વીર હનુમાને પર્વત ઊતરતા મેઘધનુષ્યના રંગોને બનતા અને વિખરતા જોયા અને વૈરાગ્ય થયો. સીતાજીને અગ્નિપરીક્ષા આપ્યા પછી વૈરાગ્ય થયો તો લવ-કુશને લક્ષ્મણજીનું મૃત્યુ જોઈને વૈરાગ્ય થયો. આ બધા મહાપુરુષો અને મહાસતીઓએ સંસારના વાસ્તવિક સ્વરૂપને નિહાળીને પરમપથ તરફ પ્રયાણ કર્યું હતું. અર્થાત્ તેઓ સંસારની અનિત્યતા જાણીને નિત્ય સુખના પ્રાપક શ્રમણધર્મ પ્રત્યે આકર્ષિત થયા હતા.

**अणिच्चभावणा - अनित्यभावना ( स्त्री. )**

(અનિત્ય ભાવના, બાર ભાવનામાંની પ્રથમ ભાવના)

જે સવારે હતું તે મધ્યાહ્ને નથી અને જે મધ્યાહ્ને છે તે સાંજે નથી. સંસારમાં જે દેખાઈ રહ્યા છે તે દરેક પદાર્થો અનિત્ય છે. કોઈ શાશ્વત નથી. આ શરીર પણ નહીં. આ પ્રકારનું ચિંતન કરવું તે અનિત્ય ભાવના છે. શાસ્ત્રમાં કહેવાયું છે કે ભૂતકાળમાં આવી અનિત્ય ભાવનાનું આલંબન કરીને અનંતા જીવો કેવલજ્ઞાન પામ્યા છે અને ભવિષ્યમાં અનંતા જીવો પ્રાપ્ત કરશે.

**अणिच्चया - अनित्यता ( स्त्री. )**

(અનિત્યતા, નશ્વરપણું)

જેઓના આયુષ્ય પલ્યોપમ અને સાગરોપમ પ્રમાણ છે તેવા દેવોને પણ અસંખ્યાત વર્ષો સુધી જ્યાં રહ્યાં તે દેવલોક, જેની સાથે ભોગો ભોગવ્યા તે દેવીઓ અને જેની સાથે મિત્રતા કે માલિકીભાવ હતો તે બધાને મૂકીને ઇચ્છાએ કે અનિચ્છાએ પણ બીજે જવું પડે છે. તો પછી માત્ર થોડાક વર્ષોના ક્ષણભંગુર આયુષ્યવાળા આપણે કુટુંબ કબીલામાં મોહ કરીએ તે કેટલો ઉચિત છે ? તમે ચાહો કે ન ચાહો બધું જ મૂકીને જવું જ પડશે. તો પછી શા માટે અનિત્યતાને સ્વીકારીને નિર્મોહી ન બનીએ ?

**अणिच्चाणुप्पेहा - अनित्यानुप्रेक्षा ( स्त्री. )**

(ધન-શરીર વગેરે સર્વ પદાર્થોની અનિત્યતાનું ચિન્તન, ધર્મરૂપ ધર્મધ્યાનની અનુપ્રેક્ષાનો ભેદ)

ધન, દોલત, પુત્ર, સ્ત્રી, પરિવાર, ઘર, મહેલ આદિ સાંસારિક જે કોઈ ભૌતિક સામગ્રીઓ છે તે બધી નશ્વર છે. અનિત્ય છે. જે વસ્તુઓ આજે આપણી પાસે છે તે કદાચ કાલે ન પણ હોય. એમ પદાર્થોની અનિત્યતાનું ચિન્તવન કરવું તે અનિત્યાનુપ્રેક્ષા છે.

**अणिच्छा - अनिच्छा ( स्त्री. )**

(ઇચ્છાના અભાવવાળી આત્મપરિણતિ ૨. અનિચ્છા)

કડવી દવા બાળકને અરુચિકર હોવા છતાં ય પીવડાવવાથી રોગને નષ્ટ કરનાર હોઈ તે ઉપકારક છે. તેમ અનિચ્છાએ પણ ગુર્વાજ્ઞાનું પાલન કરાય કે અનિચ્છાએ પણ કરેલું ધર્મનું સેવન આત્માને હિતકારી થાય છે. પુણ્યાનુબંધી પુણ્યનું પોષક બને છે.

**अणिच्छियत्ता - अनीप्सितता ( स्त्री. )**

(પામવાની અનિચ્છા, પ્રાપ્તિની અનિચ્છા)

મોટા ખેદની વાત છે કે અત્યંત ઋદ્ધિના સ્વામી, અતિ સામર્થ્યવંત દેવો પણ જેની પ્રાપ્તિ માટે ઝૂરે છે તે મનુષ્યભવરૂપી મહારત્નને પ્રાપ્ત કર્યા પછી તેનો યોગ્ય ઉપયોગ કરવા રૂપ ધર્મસેવન કરવાને બદલે ભૌતિક સામગ્રીઓની મૃગતૃષ્ણા પાછળ જ મનુષ્યભવરૂપી રત્નને આપણે વેડફી દઈએ છીએ.

**अणिच्छियव्व - अनेष्टव्य ( त्रि. )**

(મનથી જરાપણ નહીં ઇચ્છવા યોગ્ય)

કોઈપણ કાર્યનો પ્રારંભ માનસિક વિચારથી થાય છે. અને એ વિચાર જ તીવ્ર બનતાં કાર્ય રૂપે પરિણમે છે. માટે આત્મહિતકર ધર્મારાધના અત્યંત ઉલ્લાસપૂર્વક, શક્તિને ગોપવ્યા વગર અને નબળા વિચારોને મનમાં પ્રવેશવા દીધા વગર કરવી જોઈએ.

**अणिजिण्ण - अनिर्जीर्ण ( त्रि. )**

(જીવપ્રદેશથી છૂટા ન પડેલા કર્મ પુદ્ગલ, નિર્જરા ન થયેલી હોય તેવા કર્મપુદ્ગલ)

જ્યારે આત્મામાં કર્મોનો બંધ થાય છે ત્યારે તેનો ઉદયમાં આવવાનો સમય પણ નક્કી થઈ જતો હોય છે. બંધાયેલા કર્મ ઉદયમાં આવે ત્યાં સુધી તે જીવપ્રદેશ સાથે ચોંટેલા રહે છે. આ કર્મપ્રદેશો તેનો ઉદય થયે ભોગવવા દ્વારા કે પછી ઉદયમાં આવતા પહેલા તપ ધ્યાન સંયમાદિ વિશિષ્ટ આરાધનાઓ દ્વારા નિર્જરા કરવાથી છૂટા પડી જાય છે.

**अणि ( ण्णि ) ज्जमाण - अन्वीयमान ( त्रि. )**

(અનુસરાતું, અનુસરણ કરવામાં આવતું)

જેમ વ્યક્તિનો પડછાયો તેને અનુસરે છે તેમ જીવના શુભાશુભ કર્મો પણ તેને અનુસરીને ભવાન્તરમાં પણ આત્માની સાથે-સાથે જ જાય છે. માટે કોઈપણ કાર્ય કરતાં પહેલા તેના ફળનું ચિન્તન કરીને પછી જ તે કાર્યને કરવું હિતકારી બને છે.

**अणि ( ण्णि ) ज्जमाणमग्ग - अन्वीयमानमार्ग ( त्रि. )**

(અનુસરાતો માર્ગ)

માત્ર સારી-સારી ઉપદેશની વાતો કરવાથી ઇતિશ્રી થઈ જતું નથી પરંતુ કથનાનુસારી આચરણ કરવાથી જ તે ઉપદેશની વાતો સાર્થક બને છે. યાદ રાખો કે વ્યક્તિ, કુટુંબ, સમાજ વગેરે જનસમુદાય માત્ર તમારા કથનને નહીં કિંતુ આચરણને અનુસરે છે.

**अणिजूहित्ता - अपोह्य ( अव्य. )**

(નહીં આપીને)

એક અત્યંત કંજૂસ શેઠ પાસે ભિખારીએ ભોજન, જીર્ણવસ્ત્રો આદિ જે પણ માગ્યું શેઠે તે-તે વસ્તુઓ પોતાને ઉપયોગી હોવાનું જણાવીને કંઈપણ આપવાની ચોક્ખી ના પાડી દીધી. છેલ્લે પેલા ભિખારીએ શેઠને કહ્યું કે શેઠ! કંઈપણ વસ્તુ નહીં આપો તો ચાલશે પણ આંગણામાં પડેલી ચપટી ધૂળ તો આપશો ને ? શેઠે ચપટી ધૂળની શી જરૂર છે ? તેમ પૂછતાં તે ભિખારીએ જણાવ્યું કે ભૂતકાળમાં અમે કોઈને કંઈ નથી આપ્યું તેથી આજે અમારી આ હાલત છે. તમે અત્યારે ચપટી ધૂળ આપશો તો કાલે તમને અન્ય કોઈ વસ્તુ આપવાની ઈચ્છા પણ થશે.

**अणिज्जाएत्ता - अनिर्धार्य ( अव्य. )**

(ચક્ષુના વ્યાપાર વિના, આંખથી જોયા વિના)

ધાર્મિક કે સામાજિક અનુષ્ઠાનો મન, વચન, કાયાની એકાગ્રતાપૂર્વક કરવાથી જ ફળદાયી બને છે. ધર્માનુષ્ઠાનોમાં ભાગ લીધા પછી કોઈ ખાસ કારણ વગર ચક્ષુને અનાવશ્યક આમતેમ ફેરવવી તે પણ એક પ્રકારનો પ્રમાદ હોવાથી તેનો નિષેધ કરેલો છે.

**अणिज्जायणत्तिया - अनिर्यापणात्मिका ( स्त्री. )**

(વાચના સંપદાનો એક ભેદ)

**अणिज्जूढ - अनिर्यूढ ( त्रि. )**

(મોટા ગ્રંથમાંથી સંક્ષેપરૂપે ઉદ્ધરેલું નહીં તે)

શું તમે આ જાણો છો ? આપણે જેને પર્યુષણા પર્વના પવિત્ર દિવસોમાં ગુરુમુખે એકાગ્રતાપૂર્વક ઉલ્લાસભેર શ્રવણ કરીએ છીએ તે કલ્પસૂત્રને આર્ય શ્રી ભદ્રબાહુસ્વામીએ બૃહત્કલ્પ નામના મોટા ગ્રંથમાંથી સંક્ષેપરૂપે સંકલન કરીને ભવ્યજીવોના હિત માટે ઉદ્ધરેલું છે. પરંતુ એવા પૂર્વકાળે ઘણા દુર્ગમ વિષયોવાળા બૃહત્કાય ગ્રંથો હતા જેનો સંક્ષેપરૂપે ઉદ્ધાર થયેલો નથી.

**अणिट्ठ - अनिष्ट ( त्रि. )**

(અનિષ્ટ, અપ્રિય, અણગમતું ૨. પાપ ૩. વિષાદિ ૪. અપકાર ૫. જેનું પૂજન આદિ નથી કર્યું તે દેવ ૬. દુઃખ ૭. નાગબલા)

નાના-મોટા દરેક જીવો પોતાને અણગમતી કે દુઃખ ઉપજાવનારી વસ્તુઓથી દૂર ભાગે છે. પણ તે અણગમતી વસ્તુઓને ઉત્પન્ન કરનાર ખોટા કર્મો તો એ જીવો કરતા જ રહે છે. કર્મો ખરાબ કરવા અને સારા ફળની ઈચ્છા રાખવી, આ તે કેવી વિસંગતિ ?

**अणिट्ठतर - अनिष्टतर ( त्रि. )**

(અત્યંત અનિષ્ટ, અતિ અણગમતું, અતિશય અપ્રિય)

તીવ્ર ઠંડી કે ગરમી આપણને અતિશય અપ્રિય લાગે છે. આપણા કરતાં કંઈક ગણી વધારે ઠંડી-ગરમીનો અનુભવ પૂર્વભવોમાં બાંધેલા ચીકણા કર્મોના કારણે નારકીઓ કરે છે. સાથે-સાથે પરમાધામી દેવો દ્વારા તેઓને ઘાણીમાં પીલવા, ભટ્ઠીમાં નાખવા, કટકા કરવા આદિ દ્વારા અત્યંત વેદના આપવામાં આવે છે. જેને તેઓએ ખૂબ જ દુઃખપૂર્વક અનિચ્છાએ ભોગવવી પડે છે.

**अणिट्ठफल - अनिष्टफल ( न. )**

(જેનું ફળ અનિષ્ટ છે તે, અનર્થફળ ૨. અશુભ કર્મ)

કોઈના પણ માટે બૂરું આચરણ કરતા, વિચારતા કે બોલતા પહેલા એક વખત શાંતિથી વિચાર કરી લેજો કે તમે જે કરી રહ્યા છો. તે તમને જ વ્યાજ સાથે ભવિષ્યમાં મળવાનું છે. બીજાઓ માટે આચરેલું ભૂંડું કર્મ ભવિષ્યમાં તમારે પણ ભોગવ્યે જ છૂટકો છે.

**अणिट्ठवयण - अनिष्टवचन ( न. )**

(આક્રોશયુક્ત વચન, અનિષ્ટ વચન)

કટુવચનો કોઈને પણ સારા નથી લાગતા. યાવત્ પશુ-પંખીઓને પણ નથી ગમતા. આક્રોશવચનોથી વનસ્પતિને પણ માઠી અસર પહોંચે છે. માટે સુજ્ઞ મનુષ્યે કોઈને દુ:ખ લાગે તેવા વચનો ન બોલવા જોઈએ. મીઠા વચનોથી સર્વજન વશ થાય છે. યાદ રાખજો ! હિતકારી એવું વચન પણ જો આક્રોશપૂર્વક કહેવામાં આવેલું હોય તો તે કોઈને રુચતું નથી.

**अणिट्ठविय - अनिष्ठापित ( त्रि. )**

(પૂર્ણ ન કરેલું, અપૂર્ણ, અસમાપ્ત)

કોઈ વ્યક્તિ અહીં કર્મો તો બૂરા કરે છે પણ જીવનમાં ખૂબ સુખ-સાહ્યબી એશો-આરામ ફરમાવે છે. તેથી મુગ્ધલોકો એવું માની બેસે છે કે, ધર્મ-કર્મ કંઈ છે જ નહીં. જો હોય તો આ વ્યક્તિ તો નરક ભોગવતો હોવો જોઈએ. પરંતુ સમજી લેજો કે કર્મના સિદ્ધાન્ત પ્રમાણે - આ જન્મમાં કરેલા ઘોર અપકૃત્યનું કડવું ફળ આ જનમમાં પ્રાય: મળી જ જાય છે અને કદાચ આયુષ્ય ખૂટી જતાં ભોગવવાનું પૂર્ણ ન થયેલું હોય, બાકી રહેલું હોય તો તે પરલોકમાં પણ પ્રાપ્ત થાય જ છે.

**अणिट्ठस्सर - अनिष्टस्वर ( पुं. )**

(અપ્રિય સ્વર, અણગમતો અવાજ)

ગધેડો, કાગડો, ઘુવડ વગેરે યોનિમાં ઉત્પન્ન થયેલા જીવોનો અવાજ અપ્રિય લાગે છે. કોઈને ગમતો નથી. આમ થવાના કારણ માટે શાંતિથી વિચારતા જણાશે કે તેમણે પૂર્વભવમાં સજ્જનો, ગુરુજનો, ધર્મ કે ભગવાનની તીવ્ર નિંદા કરી હશે. જેથી આ ભવમાં જન્મથી જ તેમની વાણી દરેકને અપ્રિય લાગે છે.

**अणिट्ठिउच्छाह - अनिष्ठितोत्साह ( पुं. )**

(ઉત્સાહી, જેનો ઉત્સાહ હણાયો નથી તે)

સિંહની જેમ સંપૂર્ણ શક્તિ દ્વારા કાર્ય કરનારો, લગનીપૂર્વક કાર્યમાં લાગી જનારો તથા અનેક વિઘ્નો વચ્ચે પણ નિર્ધારિલા કાર્યને પૂર્ણ કરવામાં ઉત્સાહી વ્યક્તિ ગમે તેવા મોટા કાર્યને પણ કરી જાણે છે. ઉત્સાહથી જ કાર્યો થાય છે એમ નીતિકારો પણ માને છે.

**अनिट्ठुर - अनिष्ठुर ( त्रि. )**

(કઠોરતારહિત)

ગુરુજનો કે વડીલો પ્રત્યે શિષ્યો અને સંતાનોની એક સરખી જ શિકાયત હોય છે કે, અમારા ગુરુ ભગવંત કે અમારા વડીલો અમારા પ્રત્યે કઠોર વ્યવહાર રાખે છે. પરંતુ તેઓને પોતાની સંતતિના ભવિષ્યની ચિંતા હોવાથી જ તેઓ અંદરથી માખણ જેવી અત્યંત કોમળ લાગણી ધરાવતા હોવા છતાં ય બહારથી કઠોરતા દાખવે છે. તેની પાછળનો અભિપ્રાય તેમના વ્યક્તિત્વને ખીલવવાનો હોય છે.

**अनिट्ठुह - अनिष्ठीवक ( त्रि. )**

(મુખમાંથી ગળફા વગેરે ન ફેંકનાર)

સાધુ ભગવંતો જેનું સૂક્ષ્મતાપૂર્વક પાલન કરે છે તે પાંચ સમિતિઓમાં પારિષ્ઠાપનિકા સમિતિ આવે છે. જેમાં કફ-ગળફા આદિને યતના વગર જે તે સ્થાને ન ફેંકતા ઉપયોગપૂર્વક પરઠવવાનું હોય છે. કારણ કે થૂંકેલા કફ-ગળફામાં બે ઘડી પછી અસંખ્ય સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય જીવો ઉત્પન્ન થાય છે. માટે જીવહિંસાનો મહાદોષ ન લાગે તે હેતુથી સાધુ અને શ્રાવકો જયણાપૂર્વક તેનો નિકાલ કરે છે.

**अणिड्ढिपत्त - अनृद्धिप्राप्त ( पुं. )**

(આમર્ષૌષધિ આદિ લબ્ધિનો અભાવ)

આમર્ષૌષધિ પ્રમુખ ૪૮ લબ્ધિઓ મુનિજીવનમાં પ્રાપ્ત થતી હોય છે. આ લબ્ધિઓ નિરતિચાર સંયમપાલન થકી જ પ્રગટ થાય છે.

જો સંયમમાં પ્રમાદ કે અતિચારોનું સેવન થાય તો આમર્ષૌષધ્યાદિ લબ્ધિઓનો પણ મુનિજીવનમાંથી અભાવ થઇ જાય. યાદ રાખજો ! આ લબ્ધિઓ વિશિષ્ટ ચારિત્રપાલનના પ્રભાવે જ પ્રાપ્ત થતી હોય છે અને તેની વિદ્યમાનતા થકી જ ટકતી હોય છે.

**अणिड्डिमंत - अनृद्धिमत् ( त्रि. )**

(લબ્ધિવંત નહિ, ઋદ્ધિને પ્રાપ્ત ન થયેલું)

હિમવંત, હિરણ્યવંત આદિ ૩૦ અકર્મભૂમિઓમાં અને ૫૬ અંતરદ્વીપોમાં ઉત્પન્ન થયેલા મનુષ્યોને અસિ, મસી કે કૃષિ વિષયક કોઈપણ પ્રકારનો વ્યવહાર ન હોવાથી તેઓ ધનાદિ ઋદ્ધિ વગરના હોય છે. આ ભરતક્ષેત્ર તથા ઐરાવતક્ષેત્રમાં પણ યુગલિકકાળમાં લોકો ધનાદિ ઋદ્ધિરહિત હોય છે. તેમને જે-જે વસ્તુઓની જરૂરિયાત હોય તે-તે વસ્તુઓ કલ્પવૃક્ષો પાસેથી પ્રાપ્ત કરે છે.

**अणिड्डिय - अनर्द्धिक ( पुं. )**

(દરિદ્રી એવો દીક્ષિત)

ગીતાર્થ મહાપુરુષો દરિદ્રી કે ભિક્ષુક જીવની જો યોગ્યતા જણાય તો તેને પણ દીક્ષા આપે છે. અનેક દિવસોનો ભૂખ્યો ભિખારી જે માત્ર ભોજન માટે જ દીક્ષા લઈ રહ્યો છે તેને પણ જ્ઞાની આર્યસુહસ્તિસૂરિએ દીક્ષા આપી. એ ભિખારીના જીવે પછીના ભવમાં સમ્રાટ્ સંપ્રતિ બનીને જૈનશાસનની કીર્તિપતાકાને દશેય દિશાઓમાં લહેરાવી હતી.

**अणिण्हव - अनिह्नव ( पुं. )**

(સિદ્ધાન્તના સત્ય અર્થને નહીં છુપાવનાર, સિદ્ધાન્તને યથાતથ્ય કહેનાર, નિહ્નવત્વ રહિત)

શાસ્ત્રમાં કહ્યું છે કે સિદ્ધાન્તના અપલાપ જેવું કોઈ પાપ નથી. વીતરાગના શાસનમાં ગમે તેવો ચમરબંધી કેમ ન હોય પણ જો તે સિદ્ધાંત વિરુદ્ધ જઈ પ્રરૂપણા કરે કે સંઘમાન્ય નિયમની અવગણના કરે તે નિહ્નવ છે. તેવી કોઈપણ વ્યક્તિ હોય, ચાહે ધુરંધર આચાર્ય કે મુનિ હોય તો પણ તેને સંઘબાહ્ય કર્યાના ઘણા દાખલાઓ જૈનશાસનના ઇતિહાસમાં નોંધાયેલા છે.

**अणिण्हवण - अनिह्नवन ( न. )**

(જેની પાસે અભ્યાસ કર્યો હોય તેનું નામ ન છુપાવવું તે, હોય તેવું કહેવું તે, જ્ઞાનનો પાંચમો આચાર)

આગમજ્ઞાનનો બોધ અથવા જેની પાસેથી જ્ઞાનરસનું પાન કર્યું હોય તે જ્ઞાનદાતા ગુરુનું નામ જણાવવાથી લોકોમાં પોતાનું ખરાબ દેખાશે કે નીચાજોણું થશે એવી કોઈ આશંકાથી જ્ઞાનદાતા ગુરુનું નામ છુપાવે, ખોટું જણાવે તેને શાસ્ત્રમાં નિહ્નવન કહેવાય છે. જે ન છુપાવે તે અનિહ્નવ છે. ભણેલા જ્ઞાનને કે જેની પાસે ભણ્યા હોય તે ગુરુને ન ગોપવવા તે જ્ઞાનનો પાંચમો આચાર છે.

**अणिण्हवमाण - अनिह्नुवान ( त्रि. )**

(સત્ય વાતને નહીં છુપાવતો, ખરી વાતને નહીં ગોપવતો)

જે વ્યક્તિ ડૉક્ટર પાસે પોતાને થયેલા રોગના લક્ષણો છુપાવે છે તેનો ઇલાજ થવો અઘરો છે. પ્રાયઃ દુઃશક્ય છે અને જે છુપાવતો નથી તેનો ઇલાજ તુરંત થઈ શકે છે. તેમ જે ગુરુ ભગવંત પાસે પોતાને આવતા શુભાશુભ વિચારો જણાવે છે તેને જ ગુરુદેવ કલ્યાણકારી માર્ગ બતાવી શકે છે. જે ગોપવે છે તેનો કોઇ રસ્તો નીકળી શકતો નથી.

**अणितिय - अनित्य ( त्रि. )**

(અનિત્ય, અસ્થિર, નાશવંત, ક્ષણભંગુર)

આઠકર્મની ૧૫૮ ઉત્તર પ્રકૃતિમાં એક પ્રકાર આવે છે અસ્થિર નામકર્મ. આ કર્મનો ગુણધર્મ છે કોઈપણ વસ્તુને અસ્થિર રાખવી. આપણે બોલવા માટે જીભ હલાવીએ છીએ, આંખો ફેરવી શકીએ છીએ. હાથ-પગનું હલન-ચલન કરીએ છીએ તે બધું આ અસ્થિર નામકર્મને આભારી છે. ખરેખર આઠકર્મના પ્રાથમિક સિદ્ધાંતોને જાણનારો ખૂબ જ્ઞાનાનંદને અનુભવે છે.

**अणित्थंथ - अनित्थंस्थ ( त्रि. )**

(કોઈ લૌકિક પ્રકારે ન રહેનારું, પરિમંડલાદિ સંસ્થાન વગરનું, અલૌકિક પ્રકારની સ્થિતિવાળું સંસ્થાન ૨. અનિયતાકાર)

અનિયતાકારવાળા પત્થરને શિલ્પી હાથમાં લઇને તેને ઘડે છે. અને તેને એક સુંદર રૂપ આપીને પ્રદર્શનમાં મૂકે ત્યારે તેને જોઇને લોકના મુખમાંથી આહ ! ને વાહ ! નીકળતી હોય છે. તેમાં મહાનતા પત્થરની નહીં પણ તેને ઘડનારા શિલ્પીની છે. તેમ કોઈપણ આકાર વગરના અણઘડ પત્થર જેવા શિષ્યના જીવનને ગુરુરૂપી શિલ્પી જ્ઞાન-દર્શન અને ચારિત્રના ઓપ વડે ઘડે છે ત્યારે તે

ભવ્યાત્મા જગતમાં જિનશાસનની પ્રભાવના કરે છે. તેમાં મહાનતા શિષ્યની નહીં તેને ઘડનાર ગુરુની છે.

**अणित्थंथसंठाणसंठिय - अनित्थंस्थसंस्थानसंस्थित ( त्रि. )**

(અનિયત સંસ્થાનવાળું, વિલક્ષણ-અલૌકિક સંસ્થાનવાળું, સિદ્ધ ભગવંતોના સંસ્થાને રહેનાર-સિદ્ધ)

જ્યાં સુધી મોક્ષ નથી થયો ત્યાં સુધી જાતજાતના અને ભાતભાતના શરીરના પ્રશસ્ત અપ્રશસ્ત આકારો અને સંસ્થાનો કહેલા છે. પરંતુ સર્વકર્મોથી મુક્ત બનીને સિદ્ધશિલામાં ગયા પછી કોઇ જ આકૃતિ નથી રહેતી. સિદ્ધભગવંતોને અનિયત સંસ્થાન યાને અલૌકિક સંસ્થાનવાળા કહ્યા છે. એટલે કે તેઓ નિરાકાર છે.

**अणित्थंथसंठाणा- अनित्थंस्थसंस्थाना ( स्त्री. )**

(અનિયતાકારવાળી અરૂપીણી સત્તા)

**अणिदा ( या ) - अनिदा ( स्त्री. )**

(અજ્ઞાનતાથી કરેલી હિંસા, અનાભોગવાળી હિંસા ૨, ચિત્તની વિકલતા ૩. અનિર્ધારણ, અચોક્કસ, બેખબરપણું)

પિંડનિર્યુક્તિ ગ્રંથમાં કહેલું છે કે, નરકાદિ ઘોરદુઃખનું મુખ્યકારણ જીવહિંસા છે. જે જ્ઞાનથી રહિત છે તેવા અનભિજ્ઞ જીવે અજાણપણે કરેલી હિંસાને અનિદા કહેવાય છે. અજ્ઞાનતાથી કરેલી હિંસા પણ ભયંકર કર્મબંધ તો કરાવે જ છે. ફરક માત્ર એટલો જ છે કે જાણવા છતાં પણ ઇરાદાપૂર્વક કરવામાં આવેલી હિંસા અજ્ઞાનપૂર્વકની હિંસાથી કંઈ ગણો વધારે કર્મબંધ કરાવે છે.

**अणिदा ( या ) ण - अनिदान ( त्रि. )**

(નિયાણારહિત, પ્રાર્થનારહિત, ભાવીફલની આશંસારહિત, સાવદ્યાનુષ્ઠાનરહિત અનાશ્રવ)

જિનશાસનમાં નિયાણાને પ્રશસ્ત સ્થાન આપવામાં આવેલું નથી. કારણ કે નિયાણું કરવાથી તમારી તપ આદિ આરાધનાઓ જે કર્મક્ષય દ્વારા શાશ્વત સુખ આપનારી છે તે દૂષિત થાય છે. જે આરાધનાઓમાં મોક્ષ જેવું સર્વોત્તમ ફળ આપવાની ક્ષમતા હોવા છતાં નિયાણાથી એટલે ઐહિકફળની આશંસાથી તે અશાશ્વત અને તુચ્છ ફળ જેટલી જ સીમિત થઇ જાય છે.

**अणिदा ( या ) णभूय - अनिदानभूत ( त्रि. )**

(સાવદ્યાનુષ્ઠાન અનાશ્રવભૂત અને કર્મોપાદાનથી રહિત અનિદાનરૂપ જ્ઞાનાદિ ૨. જેમાં નિયાણું-આશંસા નથી તે)

ષોડશક ગ્રંથમાં બે પ્રકારના અનુષ્ઠાન બતાવવામાં આવેલા છે. ૧. શુદ્ધ અનુષ્ઠાન ૨. અશુદ્ધ અનુષ્ઠાન. જે અનુષ્ઠાન કોઈપણ પ્રકારના ભૌતિકફળની આકાંક્ષા-ઇચ્છાથી કરવામાં આવે તે અનુષ્ઠાન અશુદ્ધ કહેવાય છે. અને જે અનુષ્ઠાન દુન્યવી પ્રકારની કોઇપણ અપેક્ષા વગર એકમાત્ર કર્મક્ષયની ભાવનાથી કરવામાં આવે તે શુદ્ધ અનુષ્ઠાન કહેવાય છે. અને આવું અનુષ્ઠાન જ સાધકને ઇષ્ટસિદ્ધિ-મોક્ષ આપનારું બને છે.

**अणिदा ( या ) णया - अनिदानता ( स्त्री. )**

(નિયાણું ન કરનારનો ભાવ, ફલેચ્છા રહિતપણું, નરેન્દ્ર કે દેવેન્દ્રાદિની પદવીની ઇચ્છા ન કરવી તે)

પક્ખી, ચોમાસી અને સંવત્સરીમાં બોલાતા અતિચારમાં એક વાક્ય આવે છે કે **'દેવ દેવેન્દ્ર ચક્રવર્તી તણી ઋદ્ધિ વાંછી'** અર્થાત્ વેપારીની જેમ આરાધનાના બદલામાં સાંસારિક ભોગ સુખોની ઇચ્છા કરવી તે અતિચાર બને છે. જેને ખરેખર હૃદયથી પરમાત્મા પ્રત્યે અહોભાવ અને સમર્પણ ભાવ છે તે આત્માની દરેક ક્રિયા નિયાણારહિત હોય છે.

**अणिदिट्ठ - अनिर्दिष्ट ( त्रि. )**

(પૂર્વે નહીં બતાડેલું ૨. નહીં ઉપદેશેલું ૪. આજ્ઞા ન કરેલું)

દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવને જાણનારા તેમજ ઉત્સર્ગ-અપવાદના જ્ઞાતા અને વળી શાસ્ત્રોનું ઐદંપર્ય સુધીનું જ્ઞાન ધરાવનારા ગીતાર્થ સાધુ ઉત્સૂત્ર પ્રરૂપણાના પરિણામોને જાણતા હોવાથી ક્યારેય પણ શાસ્ત્રોમાં નહીં ઉપદેશેલા કે નહીં બતાડેલા પદાર્થોનું કથન નથી કરતા.

**अणिद्देस - अनिर्देश ( पुं. )**

(અપ્રમાણ, અસ્વીકાર, અમાન્ય કરવું તે)

સ્વતંત્ર ભારતના સર્વપ્રથમ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરૂ જ્યારે આબુ દેલવાડાના મંદિર જોવા આવ્યા ત્યારે મંદિર જોયા

પછી જિનાલય અંગેનું મંતવ્ય જાણવા માટે તેમની આગળ રજિસ્ટર ધરવામાં આવ્યું. મંદિરોની શોભા જોઇને તેના માટે શું લખવું તે વિષયક શબ્દો પણ તેમને જડતા નહોતા માટે જ તેમણે લખી દેવું પડ્યું હતું speechless આના માટે કોઇ શબ્દો જ ન હોઇ શકે. અર્થાત્ શબ્દોથી લખીને વ્યક્ત કરી ન શકાય તેવું અદ્દ્ભૂત કલામય છે.

**★अनिर्देश्य ( त्रि. )**

(શબ્દોથી કહી ન શકાય તેવું, અનભિલાપ્ય, અનિર્વચનીય હોય તે)

જીવ અપૂર્વ વીર્યોલ્લાસથી પૂર્વે ક્યારેય ન ભેદેલી રાગ-દ્વેષની ગ્રંથિને જ્યારે સૌ પ્રથમવાર ભેદે છે. ત્યારે તેના ચિત્તમાં સમ્યક્ત્વ પ્રાપ્તિનો જે આનંદ હોય છે તે અનિર્વચનીય હોય છે. કોઇ શબ્દોમાં તેને ઢાળી ન શકાય તેવા હર્ષનો અનુભવ થાય છે.

**अणिद्देसकर – अनिर्देशकर ( पुं. )**

(માન્ય ન કરનાર, કબૂલ ન કરનાર)

વ્યાવહારિક જગતમાં જૂઠના બળે કે પૈસાના જોરે તમારા આચરેલા ગુનાને તમે કદાચ છુપાવી શકશો. અદાલતો અને કાનૂનને ઉલ્લુ બનાવી શકશો. પરંતુ યાદ રાખજો! આ બધાની સર્વોપરિ કર્મસત્તા ક્યારેય કોઇનું ચલાવી લેતી નથી. તેનો હિસાબ એકદમ ચોક્ખો હોય છે. તે કોઇપણ પ્રકારની લાંચ કે રિશ્વતને માન્ય નથી કરતી. જેનો જે અપરાધ છે તેને તે પ્રમાણેની સજા ચોક્કસ મળે જ છે.

**अणिप्पण्ण – अनिष्पन्न ( त्रि. )**

(અતીતકાલીન નિષ્પત્તિથી રહિત ૨. નહીં નિપજેલું, તૈયાર નહીં થયેલું)

જેમ અનાજ ચૂલા પર ચઢીને, અગ્નિમાં તપીને, સીઝીને જ્યાં સુધી તૈયાર થતું નથી ત્યાં સુધી તે અભોજ્ય ગણાય છે. તેમ બાહ્ય જગતના પરિચયોનો ત્યાગ કરીને, ઉપસર્ગાદિને સહન કરવાની માનસિક તૈયારી માટે જ્યાં સુધી ચિત્ત તૈયાર થતું નથી ત્યાં સુધી પરમાત્મા સાથે તાદાત્મ્ય સંબંધ સધાતો નથી.

**अणिमंतेमाण – अनिमन्त्रयत् ( त्रि. )**

(આમંત્રણ નહીં આપતો, નિમંત્રણ નહીં કરતો)

સંત તુલસીદાસે પોતાના એક દોહરામાં લખ્યું છે કે 'आव नहीं आदर नहीं, नहीं नयन में नेह। तुलसी कबहु न जाईये, चाहे कंचन बरसे मेह' અર્થાત્ જેના ચિત્તમાં આવકારનો ભાવ નથી, સત્કાર નથી અને આંખોમાં સ્નેહ નથી તેવા ઘરમાં ચાહે સોનું વરસતું હોય તો પણ તે ઘરમાં જવું જોઇએ નહિ. આદરપૂર્વક આમંત્રણ તો દૂર રહ્યું પરંતુ સામાને મીઠી નજરે પણ નથી જોતો તેના ઘરે કૂતરુંય ફરકતું નથી.

**अणिमा – अणिमन् ( पुं. )**

(અષ્ટસિદ્ધિઓમાંની એક સિદ્ધિ)

પ્રવચન સારોદ્ધારાદિ પ્રાચીન ગ્રંથોમાં આઠ સિદ્ધિઓનું વર્ણન કરવામાં આવ્યું છે. તે આઠ સિદ્ધિઓમાં અણિમા નામની એક સિદ્ધિ આવે છે. એ અણિમા નામની સિદ્ધિ જેની પાસે હોય તે પુરુષ સમય આવ્યે પોતાના વિશાળકાય શરીરને અણુ જેટલું નાનું બનાવી શકે છે અને ગમે તે સ્થળે મરજી મુજબ પ્રવેશ કરી શકે છે.

**अणिमिस – अनिमिष ( पुं. )**

(માછલી ૨. નિશ્ચલ આંખો ૩. દેવ)

મત્સ્ય અને દેવોની આંખો ક્યારેય પણ પલકારા મારતી નથી માટે તેઓ અનિમેષ કહેવાય છે. જ્યારે મનુષ્યોમાં એવી ખાસિયત હોતી નથી. મનુષ્યાદિની આંખો સમયાંતરે ઝપકતી જ રહે છે. આવા નિમેષ દૃષ્ટિવાળા મનુષ્યોની આંખો પણ ઘણી વખત અનુપમ, ચિત્તહારી દૃશ્ય જોઇને અનિમેષ થઇ જતી હોય છે તેમ ભક્તની આંખો પણ પરમાત્માને નિહાળતા સ્થિર થઇ જાય છે.

**अणिमिसणयण – अनिमिषनयन ( पुं. )**

(દેવ, દેવતા, નિર્નિમેષ નયનવાળો)

વ્યવહારસૂત્રના પ્રથમ ઉદ્દેશામાં લખેલું છે કે, દેવલોકના દેવો જમીનથી ચાર આંગળ ઉપર ચાલે છે, તેમના ગળામાં રહેલી ફૂલોની

માળા ક્યારેય કરમાતી નથી, તેમનું શરીર અશુચિ રહિત હોય છે અને તેઓની આંખો ક્યારેય પણ પલકારા મારતી નથી.

**अणिय - अनीक ( न. )**

(સૈન્ય, લશ્કર)

સ્થાનાંગસૂત્રના સાતમા સ્થાનમાં સૈન્યના સાત પ્રકાર બતાવવામાં આવેલા છે. જેવા કે ગજદળ, અશ્વદળ, રથદળ, ગંધર્વદળ, નર્તકદળ, મહિષદળ અને પાયદળ. તેમાં ચમરેન્દ્રથી લઈને ઈશાનેન્દ્ર સુધીના ઇન્દ્રોને ઉપરોક્ત સાતેય પ્રકારના સૈન્યસહિતના સેનાધિપતિઓ કહેલા છે. તેવી જ રીતે પરમાત્માએ કષાયો સામે વિજય મેળવવા માટે શ્રમણને દશવિધ યતિધર્મરૂપ સૈન્યની ભેટ આપીને કહ્યું છે કે આ સૈન્યના બળે દુર્દાન્ત કષાયો પર વિજય મેળવો.

**★अनृत ( न. )**

(અસત્ય, જૂઠ)

પરમાત્મા મહાવીરદેવે મરિચીના ભવમાં સ્વયં પરમાત્મા ઋષભદેવના કરકમળે દીક્ષા લઈને શ્રમણધર્મની આરાધના કરી હતી. શ્રમણ જીવનમાં કષ્ટો સહન ન કરી શકવાના કારણે તેમનું પતન થયું હતું. તેઓ જિનધર્મને ખૂબ ઊંડાણથી પામ્યા હતા. છતા પણ શિષ્યમોહના કારણે એક નાનકડું અસત્ય બોલ્યા હતા. કપિલ ! ધર્મ તો ત્યાં પણ છે અને અહીં પણ છે. બસ આ એક જૂઠના કારણે તેમનો એક કોટાકોટી સાગરોપમ જેટલો સંસાર વધી ગયો હતો. જો માત્ર એક નાનકડા અસત્યની આટલી મોટી સજા હોય તો ડગલે ને પગલે જૂઠું બોલનાર આપણને કર્મસત્તા છોડશે ખરી ? કદાપિ નહીં. આ વાતમાં કોઈ ભ્રમ ન રાખશો.

**अणियट्ट - अनिवर्त्त ( पुं. )**

(મોક્ષ, મુક્તિ)

બાહ્ય અને અભ્યંતર એમ સર્વપ્રકારના બંધનોથી મુક્ત થવું તેનું નામ છે મોક્ષ. પરમાત્માએ કહેલી આ વાત પુણિયા શ્રાવકે સારી રીતે સમજેલી હતી. આથી જ પોતે અતિશ્રીમંત હોવા છતાં માત્ર પોતાનો એક દિવસનો નિર્વાહ થઇ શકે તેટલું ધન રાખીને બાકીની તમામ સંપત્તિનો તેમણે ત્યાગ કર્યો હતો. આથી જ તેમના ચિત્તની જે પ્રસન્નતા હતી તેવી પ્રસન્નતા કદાચ સમ્રાટ શ્રેણિક પાસે પણ નહોતી.

**अणियट्टगामिण् - अनिवर्त्तगामिन् ( पुं. )**

(મોક્ષમાં જવાનો સ્વભાવ છે જેનો તે, મોક્ષગામી)

જંલપ્રવાહમાં સ્વૈરપણે વિહરનારી માછલી માત્ર એક નાનકડા માંસના ટુકડાના પ્રલોભનમાં ફસાઇને પોતાની સ્વતંત્રતા અને પ્રાણને ગુમાવે છે તેવી રીતે આત્માનો સ્વભાવ હંમેશાં ઉર્ધ્વગામી અર્થાત્ મોક્ષ તરફ જવાનો જ છે. પરંતુ સંસારના કૃત્રિમ અને લોભામણા પદાર્થોમાં ફસાઇને આત્મા પોતાની સ્વાધીનતા અને શાશ્વત સુખોને ગુમાવી માછલીની જેમ પરાધીનતા પામે છે.

**अणियट्टि ( ण् ) - अनिवर्तिन् ( न. )**

(પાછું નહીં ફરનાર, શુક્લધ્યાનનો એક ભેદ ૨. ૭૯મો ગ્રહ ૩. આવતી ચોવીસીમાં થનાર ૨૦મા તીર્થંકર)

શુક્લધ્યાન એટલે શુભધ્યાનની પરાકાષ્ઠા. આ શુક્લધ્યાનના કુલ ચાર પાયા માનવામાં આવેલા છે. તેમાંના ત્રીજા પાયાનું નામ અનિવર્તિન્ છે. આ અનિવર્તિન્ ધ્યાન આત્માને કૈવલ્યજ્ઞાનની પ્રાપ્તિ કરાવ્યા વિના પાછું ફરતું નથી. અર્થાત્ શુક્લધ્યાનના આ ત્રીજા પાયામાં જે આત્મા ચઢે છે તે નિયમા કેવલજ્ઞાનની પ્રાપ્તિ કરે છે. નમન હો અનિવર્તી શુક્લધ્યાનને !

**अणियट्टिकरण - अनिवृत्तिकरण ( न. )**

(સમ્યક્ત્વ પામતી વખતે રાગ-દ્વેષની ગ્રંથિને ભેદનાર આત્માનો પરિણામ વિશેષ, ગ્રંથિભેદ કર્યા વગર નિવર્તે નહીં તે કરણવિશેષ)

પંચાશક ગ્રન્થમાં કહેલું છે કે **'न निवर्तते नापैति मोक्षतत्त्वबीजकल्पं सम्यक्त्वमनासाद्येत्येवं शीलमनिवर्ति'** અર્થાત્ જે અધ્યવસાય વિશેષ મોક્ષતત્ત્વના બીજ સમાન સમ્યક્ત્વને પ્રાપ્ત કરાવ્યા વિના પાછું ન ફરે તેને અનિવૃત્તિકરણ જાણવું.

**अणियट्टिबायर - अनिवृत्तिबादर ( पुं. )**

(નવમા ગુણસ્થાનકવર્તી જીવ, નવમું ગુણસ્થાનક)

નવમાં ગુણસ્થાનકે રહેલા જીવે અષ્ટકર્મને ક્ષય કરવાનો પ્રારંભ કરેલો હોવાથી નપુંસક વેદનો ઉપશમ થયે છતે નિવૃત્તિબાદર

પછીના અનન્તર સમયથી લઇને લોભ કષાયોનો અંશ શેષ રહે છતે વચ્ચેનો જે સમય છે તેમાં રહેલો જીવ અનિવૃત્તિબાદર કહેવાય છે. આ અનિવૃત્તિબાદરપણાને પામેલ મહાસત્ત્વશાળી જીવ અણિમાદિભાવોને પ્રાપ્ત કરે છે.

**अणियट्टिबायरसंपरायगुणट्ठाण - अनिवृत्तिबादरसंपरायगुणस्थान ( न. )**

(તે નામનું નવમું ગુણસ્થાનક)

નવમું ગુણસ્થાનક ઘણા જીવોને એકીસાથે ઘટી શકે છે. તે જીવોને પરસ્પર અધ્યવસાયોની નિવૃત્તિ ન હોવાથી અનિવૃત્તિ કહેવાય છે. બાદર સંપરાય ગુણસ્થાન એટલે કે સ્થૂળ-મોટા કષાયોદયના કારણે સંસારમાં પરિભ્રમણ થાય તે. દશમાં ગુણસ્થાનકના કિટ્ટીકૃત કષાયની અપેક્ષાએ થોડા સ્થૂલ કષાય હોવાથી તેને બાદરસંપરાય કહેવાય છે. આ ગુણસ્થાનકે એક જ સમયે પ્રવેશેલા જીવોના અધ્યવસાયો પરસ્પર પૃથક્ ન હોવાથી નવમાં ગુણસ્થાનકનું અનિવૃત્તિબાદરસંપરાય નામ આપવામાં આવેલું છે.

**अणियण - अनग्न ( पुं. )**

(અનગ્ન નામનું કલ્પવૃક્ષ વિશેષ)

ઇતિહાસમાં સંભળાય છે કે યુગલિક કાળમાં કલ્પવૃક્ષો મનુષ્યોની દરેક પ્રકારની જરૂરિયાતો પૂરી કરતાં હતાં. તે યુગલિકોનું પુણ્ય હતું. અને કલ્પવૃક્ષો દેવાધિષ્ઠિત રહેતાં હતાં. આજના કાળમાં એવા ઘણા લોકો છે જેમની નજર ભોગવિલાસ તરફ ન જતાં પોતાને મળેલી સંપત્તિનો ઉપયોગ દીન-દુઃખીઓની કપડા-લતાથી લઇને રહેવા સુધીની જરૂરિયાતો પૂરી કરી આપવાની હોય છે. આવા ઉત્તમ પુરુષો કલિકાળમાં પણ કલ્પવૃક્ષ જેવા જ છે.

**अणियत ( य ) - अन्नियत ( त्रि. )**

(અનિયમિત, અચોક્કસ, અનિશ્ચિત ૨. અપ્રતિબદ્ધ ૩. અનેક સ્વરૂપવાળું)

જૈનદર્શનમાં કોઇપણ વસ્તુની વિભાવના દ્રવ્ય-ગુણ અને પર્યાય એમ ત્રણ પ્રકારે કરવામાં આવે છે. દુનિયાનો કોઇપણ પદાર્થ દ્રવ્યરૂપે શાશ્વત છે, દ્રવ્ય છે એટલે તેનામાં ગુણ પણ રહેવાનો જ છે. કેમ કે ગુણી ગુણ વિના સંભવતો નથી. તથા પુદ્ગલનો પૂરણ અને ગલન સ્વભાવ હોવાથી પર્યાય તરીકે તે અનેકરૂપાત્મક અને અનિયમિત સ્વરૂપવાળો બનતો રહે છે.

**अणियत ( य ) चारिण् - अनियतचारिन् ( पुं. )**

(અપ્રતિબદ્ધ વિહારી)

રાજા શૈલક પોતાની સમૃદ્ધિ છોડીને ૫૦૦ પુરુષ સાથે દીક્ષિત થયા અને આગળ જતા શૈલકાચાર્ય બન્યા. શરીરમાં રોગ થતા તેઓ પુત્રના રાજ્યમાં દવા માટે રોકાયા. વૈદ્યો રોગના નિદાન માટે દવા તરીકે અલ્પમાત્રામાં મદિરા આપતા હતા. પરંતુ કર્મ સંજોગે શૈલકાચાર્ય પોતાનું સાધુપણું ભૂલીને દૂરાચારી બની ગયા. તેઓ મદ્યપાન કરવા લાગ્યા. જે અપ્રતિબદ્ધ વિહારી હતા તેઓ દારૂના વ્યસનમાં બંધાઇ ગયા. અંતમાં તેમના જ પંથક નામના શિષ્યના પ્રયત્નથી પ્રતિબોધ પામ્યા અને પ્રાંતે સિદ્ધગિરિમાં અનશન કરીને મોક્ષગતિને વર્યા.

**अणियत ( य ) प्प ( ण् ) - अनियतात्मन् ( पुं. )**

(અસંયમી, અનિશ્ચિત્ત સ્વરૂપી)

અમૃતનો સ્વભાવ છે જીવાડવાનો અને ઝેરનો સ્વભાવ છે મારવાનો. તમે ચાહો કે ન ચાહો આ બન્ને દ્રવ્યો પોતાના સ્વભાવાનુસાર સામેવાળા પર તેની અસર કરે જ છે. તેમ સંયમનો સ્વભાવ છે વિપુલ કર્મની નિર્જરા અને પુણ્યનો બંધ કરવાનો અને અસંયમનો સ્વભાવ છે દુર્ગુણોનો સંચય અને દુર્ગતિનું મિલન કરાવવું. સંયમી આત્મા સંયમના પ્રભાવે દેવપણું કે દેવાધિદેવપણું પ્રાપ્ત કરે છે. જ્યારે અસંયમી દુર્ગતિઓની હારમાળાને વરે છે.

**अणियत ( य ) वट्टि - अनियतवृत्ति ( पुं. )**

(અનિયત વિહાર)

શ્રમણો માત્ર વિહાર પૂરતા અનિયતવિહારી નથી પરંતુ કોઇપણ પદાર્થ પ્રત્યે અનિયત હોય છે. કરોડોપતિ શેઠિયાઓ તેમના ભક્ત હોવા છતાં તેમના પ્રત્યે મમત્વથી બંધાઇ ન જાય તે માટે ભિક્ષા પણ ઘરેઘર ફરીને લેતા હોય છે. ધન્ય હોજો પરમાત્માની શ્રમણો પ્રત્યેની હિતકારીતાને જેમણે સાધુના શરીરની નહીં આત્માની ચિંતા કરી છે.

**अणियत ( य ) वास - अनियतवास ( पुं. )**

(માસકલ્પાદિથી ઘર સિવાયનો અસ્થિર વાસ, ઉદ્યાનાદિમાં વાસ)

ભગવાન મહાવીરદેવના શાસનના સાધુઓ માટે માસકલ્પનો આચાર મૂકવામાં આવેલો છે. અર્થાત્ કોઈપણ શ્રમણ એક સ્થાને એક મહિનાથી વધુ રોકાઈ જ ના શકે. જો જંઘાબળ ક્ષીણ થઇ ગયું હોય કે પછી કોઇ કારણવશ વિહાર કરી શકતા ન હોય તો એક જ ઉપાશ્રયાદિ વસતિમાં પણ મહિને મહિને ખૂણા બદલતા રહે. પરંતુ એક જ સ્થાને વધારે રહે નહિ.

**अणियत ( य ) वित्ति - अनियतवृत्ति ( पुं. )**

(અનિશ્ચિત ચર્યાવાળો, અનિયત વિહારી)

દશાશ્રુતસ્કંધ આગમના ચોથા અધ્યયનમાં કહેલું છે કે ગામ, નગર, શહેર આદિમાં વિહાર કરનારા સાધુએ એક સ્થાને સકારણ મહિનાથી વધારે રહેવું નહિ. તથા વિહારચર્યામાં ગામ આવે તો ત્યાં વધુમાં વધુ એક રાત્રિ અને નગરાદિ શહેરોમાં પાંચ રાત્રિથી વધુ રોકાવું નહિ, એમ સાધુભગવંતોને અનિયતવિહારી બતાવેલા છે.

**अणियत्त - अनिवृत्त ( त्रि. )**

(નિવૃત્ત નહીં થયેલું, નિવૃત્તિ નહીં પામેલું)

સુભાષિતમાં લખેલું છે કે સજ્જન પુરુષોમાં પ્રથમ વૃદ્ધત્વ ચિત્તમાં આવે છે અને પછી શરીરમાં આવે છે. જ્યારે જેઓ દુર્જનો છે તેઓને વૃદ્ધત્વ શરીરમાં જ આવે છે પરંતુ ચિત્તમાં ક્યારેય નથી આવતું. તેમનું ચિત્ત ક્યારેય પણ વિષયોમાંથી નિવૃત્તિ નથી પામતું. તીવ્રવિષયાસક્તિના કારણે તેઓ ક્યારેય પણ પોતાને વૃદ્ધ માનતા જ નથી.

**अणियत्तकाम - अनिवृत्तकाम ( त्रि. )**

(જેની ઇચ્છા નિવૃત્ત નથી થઇ તે, અનિવૃત્ત ઇચ્છાવાળો)

આદ્ય શંકરાચાર્યએ સ્વરચિત ગોવિંદાષ્ટકમાં કહેલું છે કે, જેનું અંગ ગળી ગયું છે, માથે સફેદ વાળ આવી ગયા છે, મુખ દંતપંક્તિરહિત થઇ ગયું છે, શરીરની બધી ચામડી લબડી ગઇ છે અને લાકડીના સહારાથી જ ચાલવું પડે છે. તેવો વૃદ્ધ વ્યક્તિ પણ વિષયેચ્છાઓને છોડતો નથી. અર્થાત્ જેઓ મોહમાયામાં નિમગ્ન છે તેમનું મન સતત વિષયાસક્ત બનેલું રહે છે.

**अणियाहिवइ - अनीकाधिपति ( पुं. )**

(સૈન્યનો અધિપતિ, સેનાધિપતિ)

યુદ્ધમાં સૈન્યનો અધિપતિ જો સ્વયં દેશને નીતિને અને પોતાની જાતને વફાદાર હોય તો તેનું સૈન્ય પણ તેને એટલું જ વફાદાર રહે છે અને ગમે તેવા દુશ્મનના સૈન્યને હરાવી શકે છે. પરંતુ જે સેનાધિપતિ જ વિશ્વાસઘાતી હોય તો તે દેશને બરબાદ થતાં કોઇ રોકી શકતું નથી. તેમ જે માતા પિતાઓ પોતાની કુલ પરંપરાથી આવતા સંસ્કારોને વફાદાર રહે છે તેના સંતાનો પણ સંસ્કારી જ હોય છે. પણ જો સ્વયં માતા-પિતાઓ જ દુરાચારી હોય તો તેના સંતાનોને શેતાન બનતા કોઇ રોકી શકતું નથી.

**अणिरिक्ख - अनिरीक्ष्य ( अव्य. )**

(ચક્ષુથી નહીં જોઇને)

યોગશાસ્ત્ર ગ્રંથમાં કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય મહારાજે લખ્યું છે કે, 'दृष्टिपूतं न्यसेत् पादं' અર્થાત્ જે સ્થાન પર દૃષ્ટિ પડી હોય તેવા સ્થાનમાં જ પગ મૂકવો. કેમ કે સાધુને સર્વથા પ્રાણાતિપાતવિરમણ વ્રત હોય છે. આથી તેમને સૂક્ષ્મ હિંસાનો પણ નિષેધ છે. જે સ્થાનમાં દૃષ્ટિપડિલેહણા ન પહોંચતી હોય તે સ્થાનનો ત્યાગ કરવો ઘટે છે. પરંતુ જોયા વિના તેનો ઉપયોગ કરવો તે વ્રતભંગનો અપરાધ બને છે.

**अणिरुद्ध - अनिरुद्ध ( त्रि. )**

(અસ્ખલિત, પ્રદ્યુમ્નનો તે નામનો પુત્ર)

અન્તઃકૃદ્દશાંગસૂત્રના ચોથા વર્ગમાં આવે છે કે, ત્રિખંડાધિપતિ વાસુદેવ કૃષ્ણના પુત્ર પ્રદ્યુમ્નની પત્નીને અનિરુદ્ધ નામનો પુત્ર હતો. તેણે પરમાત્મા નેમિનાથની દેશના સાંભળીને વૈરાગ્યવાસિત હૃદયે તેઓની પાસે દીક્ષા ગ્રહણ કરી હતી. અને પોતાના કર્મો ખપાવવા માટે શત્રુંજયતીર્થ પર જઇને અનશન કરીને સિદ્ધગતિને પ્રાપ્ત કરી હતી.

**अणिरुद्धपण्ण - अनिरुद्धप्रज्ञ ( त्रि. )**

(અસ્ખલિત છે પ્રજ્ઞા જેની, ૨. તીર્થંકર ૩. કેવલી)

જેમના કર્મો ક્ષય નથી થયા તેવા છદ્મસ્થ જીવોની પ્રજ્ઞા ગમે તેવી તીવ્ર હોઇ શકે છે. પરંતુ તે સ્ખલનાવાળી જ હોય છે. જ્યારે તીર્થંકર ભગવંતો અને કેવલી ભગવંતોએ પોતાના પ્રચંડ આત્મિક પુરુષાર્થથી કર્મોનો ક્ષય કરીને નિર્મલ કેવલજ્ઞાનની પ્રાપ્તિ કરેલી હોય છે. આથી તેમની પ્રજ્ઞા ત્રણેય કાળને વિષે અસ્ખલિત ગતિવાળી હોય છે.

**अणिल - अनिल ( पुं. )**

(વાયુ, પવન ૨. ગઇ ચોવીસીના ૨૧મા તીર્થંકર, બાવીસમા તીર્થંકરના પ્રથમ સાધ્વી)

મંદ મંદ વાઇ રહેલો વાયુ સૌને પ્રિય થઇ પડે છે અને તે સંતપ્ત આત્માને શાતા આપે છે. પરંતુ તે વાયુ મોટું સ્વરૂપ લઇને વાવાઝોડું બને છે ત્યારે સહુકોઈ તેનાથી ગભરાય છે અને તે ઘણો બધો વિનાશ વેરે છે. તેમ કુટુંબ પ્રત્યેની જવાબદારી નિભાવવામાં આવે ત્યાં સુધી કર્મોની અલ્પસ્થિતિ બંધાય છે. પરંતુ તે જવાબદારીમાં મમત્વનું વાવાઝોડું ઊભું થાય છે ત્યારે તે આત્માના ગુણોનો હ્રાસ કરે છે અને જીવને દુર્ગતિ તરફ ધકેલે છે.

**अणिलामइ ( ण् ) - अनिलामयिन् ( त्रि. )**

(વાતરોગી)

**अणिल्लं ( देशी )**

(પ્રભાત, સવાર, પ્રાતઃકાલ)

વિજ્ઞાન પ્રાયઃ કરીને ધાર્મિક બાબતોમાં વિરોધી સુર પૂરાવતું રહ્યું છે. ધર્મ જે વાત કરે તેનું વિજ્ઞાન હંમેશાં પ્રત્યક્ષ પ્રમાણ માંગે. જો પ્રમાણ ન મળે તો તે હિતકારી વાતને પણ ભાંડવા માંડે. તેનો વિરોધ કરે. પરંતુ વિરોધી એવું વિજ્ઞાન પણ એક વાત પર સમ્મત છે. દા.ત. યોગાભ્યાસ, જાપ, ધ્યાન, સ્વાધ્યાય, પૂજા વગેરે ધર્મારાધના માટે શ્રેષ્ઠ સમય પ્રભાત કાળને ગણ્યો છે. તો શારીરિક સ્વસ્થતા અને માનસિક તાણને ઓછી કરવા યોગા માટે વિજ્ઞાને પણ સવારના સમયને ઉત્તમ ગણેલો છે.

**अणिल्लंछिय - अनिर्लाञ्छित ( त्रि. )**

(ખસી ન કરેલું, ખસી ન કરેલો અખંડિત-બળદ આદિ)

પંદર કર્માદાનોમાંનું એક કર્માદાન છે નિર્લાંછન કર્મ. ગાય ભેંસના વાછરડા વગેરે પશુઓને ખેતી આદિ કરાવવાના લોભથી તેની ખસી કરવામાં આવતી હોય છે. જે જિનાજ્ઞાપાલક શ્રાવક છે તેના માટે પશુ સંબંધી ખસી આદિ કરાવવાનો નિષેધ કરેલો છે. કારણ કે આનાથી પણ કર્મનો બંધ થાય છે જેથી ભવાન્તરમાં જીવને તેવા પ્રકારના કટુ ફળ ભોગવવા પડે છે.

**अणिवारिय - अनिवारित ( त्रि. )**

(નહીં અટકાવેલું, રોકેલું નહિ)

જો ડેમમાં નાનું કાણું પડી ગયું હોય અને તેમાંથી આવતું પાણી અટકાવવામાં ન આવે તો સમય જતાં તે મોટું સ્વરૂપ ધારણ કરીને આખા શહેરને ડુબાડી દે છે. તેમ જે શ્રમણો અને શ્રાવકો પોતાના જીવનમાં લાગતા રહેતા નાના નાના દોષોને અટકાવતા નથી. તો સમજો એ નાના દોષો સમયાન્તરે મોટા અપરાધનું સ્વરૂપ ધારણ કરીને આત્માને દુર્ગતિગામી બનાવે છે.

**अणिवारिया - अनिवारिका ( स्त्री. )**

(જેને સારું ખોટું કરતા અટકાવનાર કોઇ નથી તેવી સ્ત્રી)

આજના સમયમાં સ્ત્રી સ્વતંત્રતાનો જબરદસ્ત વાયરો ચાલી રહ્યો છે. તેના પરિણામે સ્ત્રીઓનું કેટલી હદ સુધી અધઃપતન થઈ ચૂક્યું છે તે વાત કોઈનાથી છૂપી નથી. કહેવાતી સ્વતંત્ર સ્ત્રીઓ સ્વતંત્રતાના નામે કેટલાય ખોટા કાર્યો કરી લેતી હોય છે. તેમને અટકાવનાર આજે કોઇ જ નથી. પ્રાચીન સમયમાં સ્ત્રીને ક્યારેય ગુલામ ગણવામાં આવી જ નથી. ઉલટાનું જેટલું સન્માન સ્ત્રીને આપવામાં આવતું હતું તેનું પા ભાગ જેટલું ય આજે રહ્યું નથી. આજની સ્વતંત્ર સ્ત્રીઓ સારી કે પ્રાચીન કાળની સન્માનનીય સ્ત્રીઓ સારી હતી ? વિચારજો !

**अणिव्वत्त - अनिर्वृत्त ( त्रि. )**

(જે ક્યાંય શાંતિ પામેલું નથી તે ૨. અપરિણત, પરિણામ નહીં પામેલું)

આખો સંસાર નર્યા મોહ, મમતા, સ્વાર્થ, છલ, પ્રપંચ અને કપટથી ભડકે બળી રહ્યો છે. તેમાં ક્યાંય પોતાપણું નથી. જેમાંથી સાર ચાલ્યો ગયો છે તેનું જ નામ છે સંસાર. આવા સંસારમાં ક્યાંય શાંતિ નહીં પ્રાપ્ત કરેલા આત્માને પરમશાંતિનો અહેસાસ માત્રને માત્ર દેવ, ગુરુ અને ધર્મના શરણમાં જ મળી શકે છે. કેમ કે ત્યાં દૂર-દૂર સુધી સ્વાર્થ કે કપટનું નામોનિશાન નથી. એક વખત તમે ખરા હૃદયથી અનુભવ કરી જો જો.

**अणिव्वाणमादि - अनिर्वाणादि ( त्रि. )**

(અનિવૃત્તિ-અર્થહાનિ-અર્થની અસિદ્ધિ વગેરે દોષવાળું)

વ્યવહારિક જગતમાં નુકશાન અને ફાયદાને જાણનાર વ્યક્તિઓ ક્યારેય પણ પોતાને અર્થની હાનિ કે અર્થની અપ્રાપ્તિ વગેરે નુકશાન થાય તેવો વ્યવહાર કે વ્યાપાર કરતા હોતા નથી. એ જ વ્યક્તિઓ અધર્મથી પુણ્યની હાનિ અને પાપની પ્રાપ્તિ થાય એ વાત જાણવા છતાં તેવો વ્યવહાર કેમ કરતા હશે તે જ સમજાતું નથી.

**अणिव्वाणि - अनिर्वाणि ( पुं. )**

(અસુખ, દુઃખ)

આ દુનિયામાં લોકો પોતાને મળનારા સુખ કે દુઃખમાં કોઇ વ્યક્તિ કે વસ્તુને કારણ માનીને તેના પર રાગ કે રોષ કરતા હોય છે. પરમાત્મા મહાવીરદેવ જણાવે છે કે, આ બધા તો માત્ર નિમિત્ત કારણો જ છે. તમારા આત્માને કોઇ સુખી કે દુઃખી કરી શકતું નથી સિવાય કે તમારા પોતાના સારા-નરસા કર્મ. આ કર્મોના પ્રતાપે જ આત્માને સુખ કે દુઃખની અનુભૂતિ થાય છે.

**अणिव्वुइ - अनिर्वृत्ति ( स्त्री. )**

(દુઃખ, પીડા)

જીવદયા એ કોઇ વ્યક્તિ, ધર્મ કે સ્થાનને બંધાઇ રહેનાર તત્ત્વ નથી. એ તો આત્મામાં ઉત્પન્ન થતો એક શુભ પરિણામ છે. પછી તે ચૌદરાજલોકમાં વર્તતા કોઇપણ જીવમાં સંભવી શકે છે. ચેખોવ નામના રશિયાના એક તત્ત્વચિંતક થઇ ગયા. તેઓ જૈન ન હતા પરંતુ તેમના ચિત્તમાં બીજા જીવો પ્રત્યે અપાર કરૂણા હતી. આથી જ કોઇ ઘોડેસવાર ઘોડાને ચાબુક મારતો ત્યારે ચેખોવ મોટે મોટેથી ચીસો પાડતા હતા. ખ્યાલ આવ્યો ? ઘોડાની મારની પીડાનો અનુભવ દયાળુ એવા ચેખોવને થતો હતો.

**अणिव्वुड - अनिर्वृत्त ( त्रि. )**

(અપરિણત, પરિણામ નહીં પામેલું, અપરિપક્વ)

આત્માનો સ્વભાવ જળ જેવો છે. જળ જેવા પાત્ર, સ્થાન કે રંગમાં ભળે છે તદનુસાર તે આકૃતિ અને રંગને ધારણ કરી લે છે. તેવી જ રીતે આત્મા પણ નિમિત્તવાસી છે. તે જેવા સંગમાં અને વાતાવરણમાં રહે છે તદનુરૂપ તેના ભાવો પરિણામ પામતા હોય છે. આ વાત એ જ સમજી શકે છે કે જેનો આત્મા જિનકથિત તત્ત્વોથી ભીંજાયો હોય. જેનો હજી કાળ પાક્યો નથી તેવો અપરિણત આત્મા ક્યારેય આ વાતને સમજી શકતો નથી.

**अणिव्वेय - अनिर्वेद ( पुं. )**

(અસંતોષ, વૈરાગ્યનો અભાવ, પ્રયત્નથી નહીં અટકેલું)

શાસ્ત્રોમાં દુઃખગર્ભિત, મોહગર્ભિત અને જ્ઞાનગર્ભિત ૩ વૈરાગ્ય જણાવ્યા છે. તેમાં જ્ઞાનગર્ભિત વૈરાગ્યવાળા આત્માને જ દીક્ષા આપવાનો આદેશ છે. પરંતુ જે બીજા કોઇ હેતુસર માત્ર સુખની લાલસાથી કે કોઇના આક્ષેપો કે ઘાતથી બચવા માટે દીક્ષા લેવા તૈયાર થાય તેવા વૈરાગ્યરહિત આત્માને દીક્ષા આપવાનો શાસ્ત્ર નિષેધ ફરમાવે છે. કેમ કે તેવા આત્માને પરમાત્માના વેષનું કે તેમના શાસનનું કેટલું ને શું મૂલ્ય છે તેની ખબર જ નથી હોતી.

**अणिसिट्ठ - अनिसृष्ट ( त्रि. )**

(સાધુને આહાર આપવામાં લાગતો એક દોષ, ભિક્ષાના ૧૬ ઉદ્ગમના દોષો પૈકીનો ૧૫મો દોષ)

નિર્દોષ વ્યવહાર અને આહારથી જીવન વ્યતીત કરનારા સાધુએ ગોચરી લેતી વખતે ઉદ્ગમના ૧૬ દોષોમાંથી કોઈપણ દોષ ન

લાગે તેનું પૂરતું ધ્યાન રાખવાનું હોય છે. સાધુ જ્યારે કોઇ ઘરમાં આહાર લે, તે વખતે જે વસ્તુ પર સહિયારી માલિકી હોય જેમાં એકથી વધુ ભાગીદાર હોય તેવી વસ્તુ કે આહાર સામૂહિક અનુમતિ વિના લે નહિ. જો લે, તો તેમને અનિસૃષ્ટ નામનો ભિક્ષાનો દોષ લાગે છે.

**अणिसिद्ध - अनिषिद्ध ( त्रि. )**

(સંમતિ આપેલું, અનુમોદિત, નિષેધ ન કરેલું ૨. સાવદ્ય અનુષ્ઠાનથી નિવૃત્તિ ન પામેલું)

શ્રાવક ગમેતેટલી અતિ ઉત્કૃષ્ટ જીવદયાનું પાલન કરે તો પણ તે માત્ર સવા વીસા દયાનો જ પાલક બને છે. કેમ કે ગૃહસ્થ જીવનમાં સર્વથા સાવદ્ય વ્યાપારોથી નિવૃત્તિ સંભવતી નથી. જ્યારે ચારિત્રધર્મને વિષે દત્તચિત્ત બનેલા શ્રમણ ભગવંતો વીસ વીસા દયાના પાલક કહેલા છે. તેઓ યથાખ્યાત દયાનું પાલન કરવામાં સમર્થ છે. માટે ગૃહસ્થધર્મથી શ્રમણધર્મ ચઢિયાતો છે.

**अणिसीह - अनिशीथ ( न. )**

(શાસ્ત્ર વિશેષ, જે પ્રકાશમાં ભણાય કે ભણાવાય તેવા શ્રુતનો એક ભેદ)

**अणिस्सकड - अनिश्राकृत ( न. )**

(સર્વ સાધારણ ચૈત્ય, જેના પર કોઈ ખાસ વ્યક્તિનો અધિકાર ન હોય તે ૨. માત્ર પિત્રાદિને આપવા નિમિત્તે બનાવેલું ભોજન)

જેના પર કોઈ વ્યક્તિ, ગચ્છ કે સમાજનો અધિકાર હોય તે નિશ્રાકૃત કહેવાય છે અને જેના પર કોઈ ખાસ વ્યક્તિ આદિનો અધિકાર ન હોય તે અનિશ્રાકૃત કહેવાય છે. દયા, મૈત્રી, કરુણા વગેરે તત્ત્વો અને શાશ્વત ચૈત્ય વગેરેને અનિશ્રાકૃત કહેલા છે.

**अणिस्सिओवस्सिय - अनिश्रितोपाश्रित ( पुं. )**

(રાગ-દ્વેષ રહિત ૨. આહાર અને શિષ્યાદિની અપેક્ષા વગરનો માધ્યસ્થભાવવાળો-સાધુ)

અનિશ્રિતોપાશ્રિતના બે અર્થ થાય છે. સંસારના કારણરૂપ રાગ અને દ્વેષરહિત માધ્યસ્થભાવે રહેલા સાધુને અનિશ્રિતોપાશ્રિત કહેવાય છે. જ્યારે આહાર, ઉપકરણાદિ અને શિષ્ય, કુલાદિ પ્રાપ્ત કરવાની લાલસારહિત સાધુને પણ અનિશ્રિતોપાશ્રિત કહે છે.

**अणिस्सिओवहाण - अनिश्रितोपधान ( न. )**

(અન્યની સહાય વગર કરવામાં આવતું તપ, નિષ્કામ તપ, બત્રીસ યોગસંગ્રહમાંનો ચતુર્થ યોગસંગ્રહ)

સમવાયાંગસૂત્રમાં જણાવ્યું છે કે, જે તપ કરવામાં અન્યની સહાયની અપેક્ષા રહેતી નથી એવા તપને અનિશ્રિતોપધાન કહેવામાં આવે છે. અથવા તો ઐહિક ભોગ-સુખોની લાલસા વગર નિરીહપણે કરાતો તપ. જેને યોગસંગ્રહમાં ચોથો યોગસંગ્રહ કહ્યો છે.

**अणिस्सिय - अनिश्रित ( त्रि. )**

(અનિશ્રિત, કોઈની સહાયની અપેક્ષા ન રાખનાર ૨. અનાસક્ત, આસક્તિરહિત ૩. પ્રતિબંધરહિત, રૂકાવટરહિત, મમતારહિત ૪. જ્ઞાન વિશેષ, પુસ્તકાદિની અપેક્ષા વિના થતું જ્ઞાન ૫. અપ્રવૃત્ત, અસંબદ્ધ ૬. કીર્તિ આદિની અપેક્ષા વગર સેવા વગેરે કરવી તે ૭. હેતુ કે લિંગની નિશ્રા વિના થતું જ્ઞાન)

બીજા વિષયોને ગૌણ કરી ચિત્ત એક જ વિષયમાં તલ્લીન થાય તેને આસક્તિ કહે છે. ભોજન, કીર્તિ, ધન, પત્ની આદિ ઇહલૌકિક અને સ્વર્ગાદિ પરલૌકિક અનેક વસ્તુઓ ઉપર આસક્તિ થઈ શકે છે. સંસારને વધારનારા અનેક કારણોમાં આસક્તિ પણ એક મુખ્ય કારણ છે. જ્યારે અનાસક્તભાવ એટલે માધ્યસ્થભાવનું સેવન કરવાથી જીવાત્માનું સંસારપરિભ્રમણ અટકે છે.

**अणिस्सियकर - अनिश्रितकर ( त्रि. )**

(રાગ-દ્વેષના ત્યાગપૂર્વક યથાવસ્થિત વ્યવહાર કરનાર)

જેણે સત્ય ધર્મને જાણ્યો છે, સમજ્યો છે અને સારી રીતે પચાવ્યો છે એવો શ્રાવક પોતાની ફરજમાં આવતા સાંસારિક, વ્યવહારિક કાર્યોને પોતાની ફરજ સમજીને તેમાં જરાય રાગ-દ્વેષની પરિણતિ લાવ્યા વગર પરમાત્માની આજ્ઞાનું સુંદર પાલન કરે છે.

**अणिस्सियप्प ( ण् ) - अनिश्रितात्मन् ( पुं. )**

(નિદાનરહિત, હેતુરહિત)

સત્ય જ્ઞાનના આલંબનથી જેનો આત્મા જાગી ચૂક્યો છે એવો જીવ કોઈપણ શુભપ્રવૃત્તિને વિષે નિદાન કરતો નથી અર્થાત્ રાગ-દ્વેષના ભાવો કરીને ઐહિક સુખ-ભોગની કામના કરતો નથી. તે આત્મા સર્વત્ર અપ્રતિબદ્ધવૃત્તિથી પોતે જળકમળવત્ વર્તે છે.

**अणिस्सियवयण - अनिश्रितवचन ( त्रि. )**

(રાગાદિ દોષરહિત વચન જેના છે તે, શુદ્ધ પ્રરૂપક)

તીર્થંકર ભગવંતોના વચનો ઉપર જ શ્રદ્ધા કરવી જોઈએ. કારણ કે વીતરાગના વચનો સત્યમાર્ગની પ્રરૂપણમાં બાધક એવા અજ્ઞાન, રાગ અને દ્વેષ આ ત્રણેય કારણોથી પર છે. ત્રણેય લોકરૂપ જગતના દરેક પદાર્થોના ભૂત, ભાવિ અને વર્તમાનના સંપૂર્ણ જાણકાર તેઓને કોઈ જીવ કે પદાર્થ પ્રત્યે નથી રાગ કે નથી દ્વેષ. તેઓ તો માત્ર જીવો પરના કરુણાભાવથી સત્યધર્મને જણાવે છે.

**अणिस्सियवयणया - अनिश्रितवचनता ( स्त्री. )**

(રાગ-દ્વેષાદિ રહિત વચનપણું, માધ્યસ્થ વચન)

ક્રોધ, માન, માયા કે લોભરૂપ ચાર પ્રકારના કષાયથી રહિત વચનને અથવા તેને ઉત્પન્ન કરવામાં નિમિત્તભૂત રાગ કે દ્વેષ રહિત એવા માધ્યસ્થ વચનના ભાવને અનિશ્રિતવચનતા કહેવાય છે. પરમાત્માના વચનો જેમાં સંગૃહીત છે તે આગમવચનો અનિશ્રિતવચન છે.

**अणिस्सियववहारि ( ण् ) - अनिश्रितव्यवहारिन् ( पुं. )**

(રાગ-દ્વેષ રહિત વ્યવહાર કરનાર, અનિશ્રિત વ્યવહારી)

શ્રમણોપાસક ધર્મની વ્યાખ્યા કરતાં જણાવ્યું છે કે શ્રાવકો માત્ર શ્રમણોની ઉપાસના કે તેમણે આદરેલા મહાવ્રતોની માત્ર પ્રશંસા કરનાર ન હોય કિંતુ તેને પોતાને પણ શ્રમણ થવાની અત્યંત તાલાવેલી હોય. આવો શ્રાવક ગૃહસ્થધર્મનું અર્થાત્ રાગ-દ્વેષ રહિત વ્યવહારનું પાલન કરતો માધ્યસ્થભાવે પોતાની ફરજો બજાવે છે.

**अणिह - अनिह ( पुं. )**

(ક્રોધાદિથી અપીડિત ૨. ધૈર્યવાન, ઉપસર્ગોથી અપરાજિત, સહિષ્ણુ ૨. પ્રપંચરહિત, સરળ, માયારહિત ૩. નિઃસ્પૃહ)

જો તમે ધર્મનો સંક્ષિપ્ત સાર જાણવા માગતા હો તો સાગર જેવડા અર્થગંભીર આગમગ્રંથોના દોહનરૂપે એક જ સાર નીકળે છે. અને તે છે ક્રોધ, માનાદિ કષાયજન્ય રાગ-દ્વેષાદિ દોષો પર વિજય પ્રાપ્ત કરીને પરમ તત્વને પ્રાપ્ત કરવું. આ જ ઐદંપર્યાર્થ છે.

**★अनिहत ( पुं. )**

(કષાયાદિ ભાવશત્રુઓથી નહીં હણાયેલું, ક્રોધાદિથી અપીડિત)

સાચી સમજણ જેને પ્રાપ્ત થયેલી નથી એવું આખું ય જગત પોતાને તકલીફ ઊભી થતા બહારની વ્યક્તિઓને શત્રુ સમજી તેનો ઘાત કરવા પ્રયત્ન કરે છે જ્યારે સત્યજ્ઞાનને પ્રાપ્ત કરેલ જીવ પોતે આપત્તિગ્રસ્ત થાય તેમાં મુખ્ય કારણ એવા કષાયાદિ ભાવશત્રુઓને જ સાચા શત્રુ જાણીને તેના પર વિજય મેળવવા માટે પ્રયત્નશીલ બને છે.

**अणिहण - अनिधन ( त्रि. )**

(અન્તરહિત, અનન્ત)

જેનો અંત ન હોય તે અનંત કહેવાય છે. પ્રવાહની દૃષ્ટિથી આ સંસાર, જીવો, સિદ્ધો, લોકાલોક, સૂક્ષ્મ નિગોદીયાના ગોળા, કર્મ, જીવોના અતીત ભવો આદિ વસ્તુઓ અનન્ત છે. એ જ રીતે આત્માના જ્ઞાન-દર્શન-ચારિત્ર-વીર્ય પ્રમુખ ગુણો પણ અનંત છે.

**अणिहतय - अनिहतक ( त्रि. )**

(ઘાત નહીં પામેલું, નિરુપક્રમ આયુષ્યવાળું)

શસ્ત્ર-અસ્ત્રાદિ પદાર્થોના ઘાતથી જે જીવનું આયુષ્ય ઉપક્રમ ન પામે અર્થાત્ ઘાત ન પામે પણ સંપૂર્ણ આયુષ્યને ભોગવે, તેને નિરુપક્રમી આયુષ્યવાળા કહેવાય છે. દેવો, નારકો, તીર્થંકરાદિ શલાકાપુરુષો, યુગલિકો વગેરેનું આયુષ્ય નિરુપક્રમી હોય છે.

**अणिहयरिउ - अनिहतरिपु ( पुं. )**

(ભદ્દિલપુર નિવાસી નાગ ગાથાપતિ અને સુલસા સ્ત્રીનો પુત્ર)

ભદ્દિલપુર નગરીના નાગ શ્રેષ્ઠી અને સુલસા દેવીના એક પુત્ર જેઓ બત્રીસ સ્ત્રીઓના સ્વામી હતા. સંસારની અસારતા સમજાતા બત્રીસ સ્ત્રીઓ તથા વિપુલ ઋદ્ધિનો ત્યાગ કરીને પ્રવ્રજ્યા ગ્રહણ કરી અને ચૌદ પૂર્વના જ્ઞાતા બન્યા. નિરતિચાર સંયમનું પાલન કરતાં તેઓએ શત્રુંજય પર્વત પર સિદ્ધગતિને પ્રાપ્ત કરી. ખરેખર તેઓ કૃષ્ણ વાસુદેવના પિતા વસુદેવ અને દેવકીના પુત્ર હતા.

**अणिहुत ( य ) - अनिभृत ( त्रि. )**

(ઉપશાંત ન થયેલું, શાંતિરહિત ૨. ત્રિદંડી, સંન્યાસી)

ક્રોધને એ વેતાલ સમાન છે. ભૂત-વેતાલનો શરીરમાં પ્રવેશ થતાંની સાથે જ જેમ જીવ અવશ બની જાય છે તેમ ક્રોધ આવતાં જ જીવને પોતાના પર કાબૂ રહેતો નથી. અને પછી તો માતા-પિતા, ગુરુ, વડીલો આદિને પણ કઠોર તેમજ વક્ર વચનો કહે છે.

**अणिहुत ( य ) परिणाम - अनिभृतपरिणाम ( त्रि. )**

(ઉપશમ નહીં પામેલા કષાયના પરિણામવાળો)

ક્રોધ, લોભ, માન, માયા આ ચાર કષાયોનું આલંબન લેનાર જીવને તેઓ સુદીર્ઘ સંસારના પરિભ્રમણનો લાભ કરાવે છે. અર્થાત્ કષાયો કરવાથી માઠા સંસારની વૃદ્ધિ થાય છે. કષાયોના તાત્કાલિક ફળરૂપે તમારા અન્ય સાથેના સંબંધો વણસશે અને અનુબંધના ફળસ્વરૂપે તમારો સંસાર અનંતકાળ પર્યંત વધી જશે. વિચારી લો કષાયો કરવા કે ત્યાગવા, એ તમારા હાથમાં છે.

**अणिहुर्तिदिय - अनिभृतेन्द्रिय ( त्रि. )**

(જેની ઇંદ્રિયો શાંત નથી તે)

ઇંદ્રિયોની ઇચ્છાપૂર્તિ કરવાથી શાંતિ મળે છે તેવું માનતા હોવ તો તે તમારી ભ્રમણા છે. જેમ આગમાં ઘી નાખીને આગને બૂઝાવવાનો પ્રયત્ન કરવો તે જેટલું મૂર્ખામી ભર્યું છે તે રીતે ઇંદ્રિયોના સુખો ભોગવવાથી ઇંદ્રિયો ક્યારેય તૃપ્ત થતી નથી. અરે! જેની ઇંદ્રિયો જ વિષયોથી શાંત નથી થઇ તેના આત્માને શાંતિ કેવી રીતે મળે ?

**अणीइपत्त - अनीतिपत्र ( त्रि. )**

(જેના પાંદડા કીડાઓથી ખવાયેલા નથી તે)

કોઇપણ વૃક્ષની શોભા ત્યાં સુધી જ કાયમ રહે છે જ્યાં સુધી તેની શાખાઓ કે પાંદડા વગેરે ઉધઇ કે કીડાઓથી ખવાયેલા નથી. તેમ શ્રમણની સાધુતા ત્યાં સુધી જ ટકે છે જ્યાં સુધી તેનું જીવન ગુર્વાજ્ઞાનુસાર સંયમમાર્ગે ચાલતું હોય. જે દિવસે તેનામાં પ્રમાદ વગેરે દૂષણો રૂપ કીડાઓનો પ્રવેશ થાય છે તે દિવસથી તેની સાધુતા ખવાઈને નષ્ટ થઇ જાય છે.

**अणीय - अनीक ( न. )**

(હસ્તિ અશ્વાદિરૂપ સૈન્ય)

ઔપપાતિકસૂત્રમાં સૈન્ય સાત પ્રકારનું વર્ણવેલું છે. શ્રીસિદ્ધર્ષિ ગણિ ભગવંતે ઉપમિતિ ભવપ્રપંચા કથામાં મોહનીય કર્મ પોતાના કષાયો, નોકષાયો વગેરે સૈન્યથી આત્મા પર કેવી રીતે હુમલો કરે છે, તેને કેવો હેરાન પરેશાન કરે છે, તેનું ખૂબ જ સુંદર નિરૂપણ કરેલ છે. જે જીવ ઉપમિતિ કથાનું વાંચન કરે તેને નિશ્ચે વૈરાગ્ય થયા વિના રહે નહીં.

**अणीयस - अणीयस ( पुं. )**

(ભદ્દિલપુરવાસી નાગશ્રેષ્ઠી અને સુલસા નામક સ્ત્રીનો પુત્ર)

**अणीसड - अनिसृष्ट ( त्रि. )**

(એકહાથ પ્રમાણ અવગ્રહ થકી ખુલ્લું ન હોય તે)

**अणीसाकड - अनिश्राकृत ( न. )**

(સર્વગચ્છમાન્ય ચૈત્ય, ઉપાશ્રય)

પ્રાચીન કાળમાં તેમજ વર્તમાન સમયમાં પણ કેટલાક જિનાલયો કે ઉપાશ્રયો અમુક સમુદાય, ગચ્છ અને આચાર્યની નિશ્રાવાળા હોય છે. પરંતુ એવા કેટલાક સંઘો પણ હતા અને છે કે જેના હસ્તકના જિનાલય કે ઉપાશ્રયમાં દરેક ગચ્છના સાધુ-સાધ્વીજી ભગવંતો સ્થિરતા કે આવન-જાવન કરી શકે છે. આવા ચૈત્યાદિને શાસ્ત્રોએ અનિશ્રાકૃત કહેલા છે.

**अणीहड - अनिर्हृत ( त्रि. )**

(બહાર નહીં કાઢેલું, બહાર ન નીકળેલું ૨. પોતાનું નહીં કરેલું)

જ્યાં સુધી ભસતા કૂતરા શેરી કે મહોલ્લામાં ફરી રહ્યા હોય ત્યાં સુધી આપણને નિરવ શાંતિની પ્રાપ્ત થઇ શકતી નથી. તેમ પોતાના ચિત્તમાંથી ક્રોધ, માન, માયા, લોભ, સ્વાર્થ વગેરે કૂતરાઓને બહાર નથી કાઢ્યા ત્યાં સુધી ચિત્તની પ્રસન્નતા કે માનસિક શાંતિ પ્રાપ્ત

થતી નથી. જો તમારે આત્મિક શાંતિ જોઇતી હોય તો પહેલા અંદર પડેલા દુર્ગુણોને બહાર કાઢી મૂકો.

**अणीहारिम – अनिर्हारिम ( न. )**

(પર્વતની ગુફાદિમાં કરવામાં આવતું પાદપોપગમન નામનું અનશન, અનશનનો એક પ્રકાર)

પ્રાચીન કાળમાં નિર્ગ્રંથ પરંપરામાં સાધુઓનો અગ્નિસંસ્કાર કરવામાં આવતો ન હતો. તેવા સમયે શ્રમણો અંતિમ સમયે કર્મનિર્જરા હેતુ એવા નિર્જન સ્થળે કે ઊંચા પર્વતો, ગુફાઓમાં સર્વ દ્રવ્યો અને ભાવોનો ત્યાગ કરીને પાદપોપગમન નામનું અનશન કરતા હતાં.

**अणु – अणु ( त्रि. )**

(પ્રમાણમાં અતિ નાનું, સૂક્ષ્મ, બારીક, ક્ષુદ્ર, પરમાણુ)

વિશેષાવશ્યકભાષ્યમાં લખેલું છે કે, જે નિરંશ હોય, નિરવયવી હોય, નિષ્પ્રદેશી હોય તેનું નામ પરમાણુ છે. ત્રણેય કાળ સંબંધી જેમનું જ્ઞાન અબાધિત છે એવા કેવલી ભગવંતોની જ્ઞાન દૃષ્ટિએ પણ પરમાણુના બે ભાગ સંભવી શકતા નથી.

**★अनु ( अव्य. )**

(પાછળ ૨. અનુરૂપ ૩. અવધારણ ૪. સમીપ)

જેઓ શિષ્ટ અને સજ્જન પુરુષોએ ચિંધેલા કે આચરેલા માર્ગે ચાલ્યા છે તેઓનો જ ઇતિહાસ કે વંશ પરંપરા મળે છે. જેઓ તેમનાથી વિરુદ્ધ ગયા છે તેમનું આજે નામોનિશાન પણ મળતું નથી. હરિભદ્રસૂરિ, બપ્પભટ્ટિસૂરિ, સિદ્ધસેનદિવાકરસૂરિ એ બધા મહાપુરુષો સ્વયં ઇતિહાસ બની ગયા અને આજે પણ લોક તેમને જાણે છે. જ્યારે પરમાત્માનો વિરોધ કરનાર ગોશાળા કે જમાલિના નામના ઇતિહાસ કે તેમના અનુયાયીઓને પણ કોઇ નથી ઓળખતું.

**अणुअ – अणुक ( त्रि., स्त्री. )**

(સૂક્ષ્મ, ઝીણું ૨. રથ-ગાડાંની ધુંસરીને ધારણ કરનાર)

જૈનશાસનમાં શારીરિક શક્તિ કે સૈન્ય વગેરેની તાકાત કરતાં આત્માની સૂક્ષ્મ તાકાતને વધારે મહત્ત્વ આપવામાં આવ્યું છે. કેમ કે સૂક્ષ્મ તાકાત જે કાર્ય કરી શકે છે તેનાથી હજારમાં ભાગનું પણ કાર્ય સ્થૂળ શક્તિ કરી શકતી નથી. નિત્ય સવાશેર ચકલાની જીભને ખાનાર, દુરાચારી અને જન્મ-જાતે મુસલમાન અકબર રાજાને અહિંસક બનાવવો તે હીરસૂરિ મહારાજની આધ્યાત્મિક સૂક્ષ્મ તાકાતની જ કરામત છે. બાકી સ્થૂલ તાકાત ત્યાં વામણી સાબિત થાય.

**अणुअत्तंत – अनुवर्त्तमान ( त्रि. )**

(અનુસરતું, પાછળ આવતું)

જેમ વાછરડું હજારો ગાયોની વચ્ચે રહેલી પોતાની માતાને અનુસરે છે. તેને ગોતી જ લે છે. તેમ કોઇપણ કાળે, કોઇપણ સ્થળે કે કોઇપણ ભવમાં જીવે કરેલા કર્મો તેના સર્જનહાર આત્માને ગોતી જ લે છે. અને ઉદયમાં આવીને તે જીવને પોતાનો પ્રભાવ બતાડે જ છે. માટે જ કહ્યું છે કે 'જૈસી કરણી વૈસી ભરણી'

**अणुअक्ख ( देशी–न. )**

(ક્ષણરહિત, અવસરરહિત)

જે ફળ મેળવવાના સમયે જમીન ખેડે તેને આપણે મૂર્ખ કહીએ છીએ. કારણ કે તેની આ પ્રવૃત્તિ અવસર વગરની હોય છે. જે સમયે જે કાર્ય કરવાનું હોય તે સમયે તે ન કરતાં અન્ય સમયે કરનાર ક્યારેય ફળની પ્રાપ્તિ કરતો નથી. તેમ ઉત્તમ એવો માનવભવ, જૈનકુળ, સુદેવ, સુગુરુ અને સુધર્મના સુયોગવાળો અવસર પ્રાપ્ત થવાં છતાં જે પરલોક સંબંધી કાર્યને સાધતો નથી તે ક્યારેય તેના શુભફળને પ્રાપ્ત કરતો નથી.

**अणुआ ( देशी–स्त्री. )**

(લાકડી)

માનવસર્જિત કોમ્પ્યુટર કે ગણિતના આંકડાઓમાં ભૂલ થઇ શકે છે. પરંતુ જે કર્મસત્તા છે તેના કોમ્પ્યુટરમાં કે તેના હિસાબમાં ક્યારેય ગરબડ થતી નથી. તે દરેક જીવોનો બરાબર હિસાબ કરે છે. તેનો પોતાનો હિસાબ ચોક્ખો રાખે છે. લૌકિક જનો તેને

કુદરતના નામે ઓળખે છે અને કહે પણ છે કે, કુદરતની લાઠીમાં અવાજ નથી હોતો. પરંતુ તેનો માર દરેકને ભાનમાં લાવી દે છે.

**अणुइओ ( देशी-पुं. )**

(ધાન્યવિશેષ, ચણા)

**अणुइण्ण - अनुचीर्ण ( त्रि. )**

(શરીરના સંસર્ગમાં આવેલું)

જે આત્મહત્યાના પ્રયાસમાં નિષ્ફળ ગયેલો હોય, હોસ્પિટલમાં સારવાર પ્રાપ્ત કરીને મોતના મુખમાંથી પાછો આવેલો હોય, તેને જઈને પૂછી જોજો કે, આત્મહત્યાનો અનુભવ કેવો રહ્યો. શું ફરીવાર કરવો છે ? ત્યારે તેના મુખમાંથી અરેરાટી નીકળી જશે અને ના પાડશે કે ભાઈસાબ હવે ફરી નહિ. તો પછી પૂર્વે અનંતીવાર દુષ્કર્મોના કારણે દુર્ગતિઓના દુ:ખ ભોગવી ચૂકેલા જીવો ફરીથી એ જ માર્ગે કેવી રીતે ચાલી શકે છે ? અહો આશ્ચર્યમ્ !

**अणुउद - अनृत ( पुं. )**

(કસમય, અનિયમિત સમય, અનિશ્ચિત કાળ)

અભિગ્રહ અને શ્રમણ એ બન્ને એક બીજાના પર્યાય છે. કેમ કે સાધુ ક્યારેય પણ અભિગ્રહ વગરના ના હોઈ શકે. શાસ્ત્રોમાં કહેલું છે કે, શ્રમણજીવનને ટકાવી રાખવા માટે પણ સાધુએ અભિગ્રહને ધારણ કરવા જોઈએ. એવા ઘણા બધા ધન્ય પુરુષ મહાત્માઓ હોય છે જે કઠિનમાં કઠિન અભિગ્રહોને ધારણ કરતા હોય છે. જેમ કે બપોરનો જમવાનો સમય પતી ગયો હોય તેવા કસમયે ભિક્ષા લેવી, અમુક પ્રકારનું દૃશ્ય હોય તો જ આહાર-પાણી લેવા વગેરે.

**अणुओइय - अनुयोजित ( त्रि. )**

(પ્રવર્તાવેલું, ગોઠવેલું)

પરમ પરહિતચિંતક જિનેશ્વર પરમાત્માએ પ્રવર્તાવેલ જિનશાસનનો માર્ગ સર્વદા હિતકારી છે. જે જીવો સર્વજ્ઞના બતાવેલા માર્ગે ચાલે છે નિયમા તેમનું શુભ જ થાય છે. જે અલ્પમતિઓ પોતાના સ્વાર્થને લઈને ભોળા જીવોને ઉત્સૂત્ર પ્રરૂપણા કરવા દ્વારા માર્ગથી ભ્રષ્ટ કરે છે તેઓ ઘોરાતિઘોર પાપકર્મોનો બંધ કરે છે.

**अणुओग - अणु ( नु ) योग ( पुं. )**

(સૂત્રનો અર્થની સાથે સંબંધ યોજવો તે, વ્યાખ્યા, વિવરણ, ટીકા ર. ચાર અનુયોગોમાંનો કોઈપણ એક ૩. શ્રુતજ્ઞાનનો એક પ્રકાર)

નાના સૂત્રોનું મોટા અર્થની સાથે સંયોજન કરવું તે અનુયોગ છે. અર્થાત્ નાના સૂત્રમાં રહેલા ગંભીર અને વિશાળ અર્થોનું પ્રતિપાદન કરવું તે અનુયોગ કહેવાય છે. શ્રીવજ્રસ્વામીની પાટપરંપરાએ આવેલા અને સાડા નવપૂર્વના સ્વામી શ્રી આર્યરક્ષિત મહારાજે ભવિષ્યમાં જીવોની અલ્પમતિ અને શાસ્ત્રોની રક્ષાના હેતુએ શ્રુતજ્ઞાનના ક્રમશઃ દ્રવ્યાનુયોગ, ગણિતાનુયોગ, ધર્મકથાનુયોગ અને ચરણકરણાનુયોગ એમ ચાર વિભાગ કર્યા હતા. આપણી પાસે આટલું શ્રુતજ્ઞાન રહ્યું છે તે આર્યરક્ષિત મહારાજની હિતબુદ્ધિને આભારી છે.

**अणुओगगअ - अनुयोगगत ( पुं. )**

(દૃષ્ટિવાદ અંતર્ગત એક અધિકાર, દૃષ્ટિવાદસૂત્ર, બારમું અંગસૂત્ર ર. પ્રથમાનુયોગ અને ગંડિકાનુયોગ એમ બે પ્રકારના વ્યાખ્યાનવાળો-ગ્રંથ)

સ્થાનાંગસૂત્રમાં કહેલું છે કે, તીર્થંકર ભગવંતોના પૂર્વભવ વગેરે પ્રસંગોના પ્રતિપાદનરૂપ મૂલપ્રથમાનુયોગ તથા ભરત ચક્રવર્તીના વંશજોના મોક્ષગમન અને દેવલોકગમન આદિ વિષયોના કથનરૂપ ગંડિકાનુયોગ એમ બન્ને પ્રકારના અનુયોગમાં રહેલા પદાર્થોને અનુયોગગત કહેવાય છે.

**अणुओगगणाणुण्णा - अनुयोगगणानुज्ञा ( स्त्री. )**

(વ્યાખ્યાન અને ગચ્છ એમ બન્ને પ્રકારની અનુમતિ)

શાસ્ત્રાભ્યાસથી પરિકર્મિત થઈ છે બુદ્ધિ જેની તથા ઉત્સર્ગ અને અપવાદના જાણકાર એવા મહાશ્રમણને તેમના ગુરુ ભગવંત

શાસ્ત્રમાં કહેલ વિધિ પ્રમાણે વ્યાખ્યાન કરવાની, ગચ્છને સંભાળવાની, નવા શિષ્યો કરવાની તથા સ્વતંત્ર વિહાર કરવાની ઈત્યાદિ અનુજ્ઞા આપતા હોય છે. કેમ કે તેવા ગીતાર્થ સાધુ સ્વ અને પરનું હિત કરવામાં સમર્થ હોય છે.

**अणुओगतत्तिल्ल - अनुयोगतृप्त ( त्रि. )**

(અનુયોગ ગ્રહણ કરવામાં એકચિત્ત)

જિનાગમોમાં રહેલા સૂત્રોના અર્થો અતિ ગહન અને અત્યંત ગંભીર છે. જો તે સૂત્રોના પઠન-પાઠનમાં એકાગ્રચિત્ત રાખવામાં ન આવે તો સૂત્રનો અર્થ ન સમજાય અથવા તેનો વિપરીત બોધ થાય તો ઉત્સૂત્રપ્રરૂપણાનો દોષ લાગે છે. આથી જેઓ સૂત્ર અને અર્થના અનુયોગોને ગ્રહણ કરવામાં એકચિત્ત હોય છે તેઓ જ શાસનના હાર્દને પામી શકે છે.

**अणुओगत्थ - अनुयोगार्थ ( पुं. )**

(વ્યાખ્યાનરૂપ અર્થ)

શ્રમણ ભગવંતો શાસ્ત્રીય અનુયોગોને ભણવા માટે યોગોદ્વહનની પ્રક્રિયા કરતા હોય છે. જે સાધુ યોગોદ્વહન કરે તે જ શાસ્ત્રોના અર્થને મેળવી શકે છે. જ્યારે જેણે દીક્ષા નથી લીધી તેવા શ્રાવક-શ્રાવિકાઓ આગમોના સૂત્રો તથા અર્થો પ્રાપ્ત કરી નથી શકતા. તેઓ માત્ર આચાર્યભગવંત આદિ સાધુઓ વ્યાખ્યાનરૂપ અર્થ કરે છે ત્યારે તે અનુયોગના અર્થોને પ્રાપ્ત કરતા હોય છે.

**अणुओगदायय - अनुयोगदायक ( पुं., स्त्री. )**

(સૂત્ર અને અર્થરૂપ અનુયોગને આપનાર સુધર્માસ્વામી વગેરે)

ભવ્યજીવોને પરમ પાવન દીક્ષા આપીને ભવસમુદ્રથી તારનાર ગુરુદેવ મહાન ઉપકારી છે. તેવી રીતે તેઓ સમ્યગ્જ્ઞાનાંજનથી મિથ્યાત્વના અંધકારને દૂર કરનારા હોઈ પરમોપકારી પણ છે. ભગવાન મહાવીરસ્વામીની પાટપરંપરામાં આવેલા સુધર્માસ્વામી ગણધરથી લઈને વર્તમાન સમયમાં વિચરતા સર્વે સૂત્ર અને અર્થનું દાન કરનારા શ્રમણો અને શ્રમણીઓ અનુયોગદાયક છે. જ્ઞાનદીપકથી જિનશાસનને પ્રજ્વલિત રાખનારા તેઓને કોટીશઃ વંદના હોજો !

**अणुओगदार - अनुयोगद्वार ( न. )**

(વ્યાખ્યા કરવાના ઉપક્રમ, નિક્ષેપ, અનુગમ અને નય એ ચાર દ્વાર, અનુયોગના ચાર દ્વાર, વ્યાખ્યાની રીતિ)

સૂત્રો સાથે અર્થોનું અનુસંધાન કરવું તેનું નામ અનુયોગ. આ અનુયોગ કરવા માટે શાસ્ત્રમાં ચાર દ્વાર બતાવવામાં આવેલા છે. જેવી રીતે કોઈપણ નગર પ્રવેશ કરવા માટે મુખ્ય ચાર દ્વાર હોય છે તેમ જિનાગમરૂપી નગરમાં પ્રવેશવા માટે ક્રમશઃ ૧. ઉપક્રમ ૨. નિક્ષેપ ૩. અનુગમ અને ૪. નય એમ ચાર દ્વાર બતાવવામાં આવેલા છે.

**अणुओगदारसमास - अनुयोगद्वारसमास ( पुं. )**

(શ્રુતજ્ઞાનનો એક પ્રકાર, અનુયોગદ્વારના સમુદાયનું જ્ઞાન)

ઘરના દરેક તાળા જુદી જુદી ચાવીઓથી ખૂલતા હોય છે. પરંતુ એક ચાવી એવી હોય છે કે જે દરેક તાળાને ખોલી શકે છે. તેને આપણે માસ્ટર-કી કહેતા હોઈએ છીએ. તેવી રીતે ગણધર ભગવંતોએ રચેલા અતિગહન અને અત્યંતગૂઢ દ્વાદશાંગીરૂપી તાળાને ખોલવામાં અનુયોગદ્વારના ઉપક્રમ, નિક્ષેપ, અનુગમ અને નયના સામુદાયિક જ્ઞાન માસ્ટર-કીનું કામ કરે છે. જેને આ ચારેય દ્વારનું સામુહિકજ્ઞાન છે તે જિનાગમોના મર્મને આસાનીથી પામી શકે છે.

**अणुओगधर - अनुयोगधर ( पुं. )**

(સૂત્ર અને અર્થને ધારણ કરનાર, અનુયોગી)

નિશીથચૂર્ણિ આગમમાં સૂત્ર અને અર્થને ધારણ કરનાર અનુયોગી શ્રમણના ગુણો જણાવતા કહ્યું છે કે અનુયોગને ધારણ કરનારો યોગી પોતાના કષાયો, ગારવો વગેરે દુર્ગુણોનો હ્રાસ કરતો હોય છે. તે શ્રમણ ક્યારેય પણ ઉત્સૂત્ર પ્રરૂપણા કરતો નથી અને પ્રતિપળ પોતાના કર્મોની નિર્જરાને કરનાર હોય છે.

**अणुओगपर - अनुयोगपर ( त्रि. )**

(અનુયોગ સિદ્ધાંતની વ્યાખ્યા કરવામાં તત્પર)

જેવી રીતે વેપારી પોતાના દુકાનનો માલ ગ્રાહકને આપવા માટે સદા તત્પર રહેતો હોય છે. તેમ અનુયોગને ધરનાર શ્રમણ સ્વ-

પરના હિત કાજે જિનેશ્વર પરમાત્મા દ્વારા કથિત અને ગણધરો દ્વારા રચિત સૂત્રો તથા અર્થરૂપ અનુયોગની લોકસમક્ષ વ્યાખ્યા કરવા માટે સદૈવ તત્પર હોય છે. અર્થાત્ જિનશાસનના સમ્યગ્જ્ઞાનનું દાન કરવા માટે તેઓ હંમેશાં ઉત્સાહી હોય છે.

**अणुओगाणुण्णा – अनुयोगानुज्ञा ( स्त्री. )**

(આચાર્યપદે સ્થાપના, આચાર્યપદની અનુજ્ઞા)

સૌ પ્રથમ દીક્ષિત સાધુને ગુરુ આગમશાસ્ત્રોના સૂત્ર અને અર્થનું જ્ઞાનદાન કરે છે. શાસ્ત્રોનો સંપૂર્ણ અભ્યાસ કરાવ્યા બાદ ગુરુ ભગવંતને લાગે કે આ શિષ્ય પૂર્ણ રીતે અનુયોગનો જ્ઞાતા છે અને અન્યને પણ અનુયોગ આપવા માટે લાયક છે. ત્યારે તેઓ શુભ તિથિ, નક્ષત્ર, દિવસ અને મુહૂર્તમાં શિષ્યને આચાર્યપદ આપીને શાસનધુરા ચલાવવા, નવા શિષ્યો બનાવવા તથા વ્યાખ્યાન આપવાની અનુજ્ઞા આપે છે. આ લોકોત્તર આચાર્યપદને અનુયોગાનુજ્ઞા પણ કહેવાય છે.

**अणुओगि ( ण् ) – अनुयोगिन् ( पुं. )**

(આચાર્ય ૨. સૂત્રનું અવતરણ કરવા માટે પ્રશ્ન કરવામાં આવે તે, વ્યાખ્યાન-પ્રરૂપણા જ્યાં હોય તે)

અનુયોગાચાર્ય ભગવંત ભવ્યજીવોના સંશયને ભેદવા માટે સદૈવ તત્પર રહેતા હોય છે. તેઓ વ્યાખ્યાન દ્વારા લોકોની તત્ત્વજિજ્ઞાસાને શાંત કરતા હોય છે. પ્રવચન આપતી વખતે તેઓ કોઇએ પ્રશ્ન ન કર્યો હોય તો પણ ક્યારેક સ્વયં પ્રશ્નને ઊભો કરે છે અને પછી પોતે જ તેનો જવાબ પણ આપતા હોય છે. જેમ કે ચાર પ્રકારના ધર્મનું કથન કરવા માટે પહેલા પોતે જ પ્રશ્ન કરે કે ધર્મ કેટલા પ્રકારે છે ? અને પછી પોતે જ તેનો જવાબ આપે કે ધર્મ ચાર પ્રકારે છે, એમ કહી પછી તેનું વ્યાખ્યાન કરે છે.

**अणुओगिय – अनुयोगिक ( त्रि. )**

(પ્રવ્રજિત, દીક્ષિત ૨. વ્યાખ્યાન આપનાર)

ઉત્સૂત્ર પ્રરૂપણાને ભયંકર મોટો દોષ ગણવામાં આવેલો છે. આથી જ કહેવામાં આવેલું છે કે વ્યાખ્યાન આપનાર વક્તા સૂત્ર અને અર્થને સમ્યક્ પ્રકારે જાણનાર, ઉત્સર્ગ અને અપવાદ માર્ગનો જ્ઞાતા અને અન્યોના સંશયને છેદવામાં સમર્થ હોવો જોઇએ.આવા અનુયોગી વક્તામાં ક્યારેય પણ ઉત્સૂત્ર પ્રરૂપણાનો દોષ સંભવતો નથી.

**अणुंधरी – अणुन्धरी ( स्त्री. )**

(દ્વારિકા નગરીમાં રહેનાર અર્હન્મિત્રની પત્ની)

**अणुकंप – अनुकम्प ( त्रि. )**

(અનુરૂપ ક્રિયા-પ્રવૃત્તિ કરનાર)

ભગવાન હરિભદ્રસૂરીશ્વરજી મહારાજે સ્વરચિત યોગના ગ્રંથોમાં યોગની પૂર્વસેવાના ભેદોનું વર્ણન કરેલું છે. તે પૂર્વસેવાના ભેદોમાંનો એક ભેદ છે અનુરૂપ પ્રવૃત્તિ. જે જીવને યોગમાર્ગમાં આગળ વધવું હોય કે જે વધી રહ્યો હોય તે જીવ દેશ, કાળ અને સંસ્કારને અનુરૂપ ઉચિત પ્રવૃત્તિ કરનારો હોય. તેનું વર્તન ક્યારેય પણ નિંદનીય કે લોકવિરુદ્ધ ન હોય.

**★अनुकम्प्य ( त्रि. )**

(અનુકંપાને યોગ્ય, દયાને યોગ્ય)

જિનશાસનમાં અનુકંપાને સમકિતનું લક્ષણ કહ્યું છે તેમ તે અનુકંપાને યોગ્ય જીવો કેવા હોય તેનું સ્વરૂપ પણ જણાવ્યું છે. દારૂડિયો હોય તેની પાસે પૈસા ન હોય અને ભીખ માગતો હોય તો તેને પૈસા આપીને મદદ કરવી તે અનુકંપા નથી. પરંતુ જેઓ બાળ,વૃદ્ધ, અસહાય અને કોઇપણ રીતે જીવનયાપન માટે અસમર્થ છે તેવા જીવોને મદદ કરવી તેનું નામ અનુકંપા છે.

**अणुकंपण – अनुकम्पन ( न. )**

(અનુકંપાને યોગ્ય દુઃખી અનાથ જીવોની અનુકંપા કરવી તે)

સમ્યગ્દષ્ટિ આત્માના પાંચ લક્ષણોમાંનું એક લક્ષણ છે કે, જે જીવ સમ્યગ્દર્શનને વરેલો હોય તેનામાં અનુકંપા નામનો ગુણ અવશ્ય હોય જ. જે નિઃસહાય, અબોલ અને દુઃખી એવા અનુકંપાને યોગ્ય જીવો હોય તેની મદદ કરવા માટે સમકિતી આત્મા સદૈવ તત્પર રહેતો હોય છે.

**अणुकंपधम्मसवणादिया – अनुकम्पाधर्मश्रवणादिका ( स्त्री. )**

(જીવદયાના ધર્મશાસ્ત્રોનું શ્રવણ કરવા રૂપ પ્રવૃત્તિ)

જીવદયા એ એક પ્રકારનો આત્મિક પરિણામ છે અને ધર્મનો પ્રાણ છે. આ જગતમાં પોતાના પ્રાણોની રક્ષા કરવા માટે લોકો વિવિધ પ્રકારે પ્રવૃત્તિ કરતા હોય છે. કેમ કે તેમને ખબર છે કે જો પ્રાણ રહેશે તો બધું જ છે. બસ એવી રીતે જો જીવદયારૂપી પ્રાણ હશે ત્યાં સુધી જ ધર્મ છે. આથી ધર્મના પ્રતિપાલક આત્માએ જીવદયાના પરિણામોને જીવંત રાખવા માટે જીવદયા પ્રરૂપણા પ્રધાન ધર્મશાસ્ત્રોનું શ્રવણ કરવું જોઇએ.

**अणुकंपय – अनुकम्पक ( त्रि. )**

(અનુકંપા કરનાર, જિનભક્ત ૨. આત્મહિતની પ્રવૃત્તિ)

સેવા, ભક્તિ, બહુમાન, શ્રદ્ધા એ સમાનવાચી શબ્દો છે. જેણે રોગ મટાડવો હોય તેણે ડૉક્ટર ઉપર અને તેમણે આપેલી દવા પર શ્રદ્ધા રાખવી પડે છે. અને તેના પર રાખેલો વિશ્વાસ જ તમને જલદી સાજા કરે છે. તેમ જે જીવને જિનધર્મ પર, આચાર્યાદિ શ્રમણગણ પર, સંઘ પર શ્રદ્ધા ભક્તિ છે તે જ જીવ કર્મરૂપી રોગોનો નાશ કરી શકે છે. અને મોક્ષરૂપી સુખને પામી શકે છે.

**अणुकंपा – अनुकम्पा ( स्त्री. )**

(અનુકંપા, દયા, કૃપા ૨. ભક્તિ, સેવા)

પ્રવચન સારોદ્ધારગ્રંથમાં અનુકંપાની વ્યાખ્યા કરતા લખ્યું છે કે, '**दुःखितेष्वपक्षपातेन दुःखप्रहाणेच्छा अनुकम्पा**' અર્થાત્ દુઃખી જીવો પ્રત્યે પક્ષપાત વિના તેના દુઃખને દૂર કરવાની ઇચ્છા તે અનુકંપા છે. પોતાના કુટુંબના પુત્રાદિના દુઃખ દૂર કરવા તે અનુકંપા નથી બનતી કેમ કે ત્યાં પક્ષપાત આવે છે. પરંતુ કોઇપણ જાતના મમત્વ ભાવ વિના સર્વ જીવોના સમાનપણે દુઃખ દૂર કરવાના પ્રયત્નને અનુકંપા કહેવાય છે.

**अणुकंपादाण – अनुकम्पादान ( न. )**

(અનુકંપાથી દુઃખી કે રંકને દાન આપવું તે, કરુણાથી ગરીબને અન્નાદિ દાન દેવું તે)

અનુકંપાયોગ્ય રંક અસહાયને દાન આપવાથી તે દાન સફળ થાય છે. અન્યથા દોષ લાગે છે. અર્થાત્ સાધુ-સાધ્વીને અપાતું દાન તે અનુકંપા દાન ન હોય ત્યાં સુપાત્રદાન સંભવે છે. અને જે દીન, અનાથ વગેરે છે તેમને જ અનુકંપા દાન હોઇ શકે છે. હવે કોઇ જીવ શ્રમણાદિ સુપાત્ર પર દયા આણીને અનુકંપા દાન કરે અને અનુકંપાને યોગ્ય દીન વગેરેને સુપાત્ર સમજીને ભક્તિભાવે દાન કરે તો દાતાને અતિચાર લાગે છે. આથી દાતાએ વિવેકબુદ્ધિથી દાન કરવું ઘટે.

**अणुकंपासय – अनुकम्पाशय ( पुं. )**

(અનુકંપાવાળું ચિત્ત, દયાળુ હૃદય)

ક્ષીણવૈભવવાળા, જરૂરિયાતમંદ, અનાથ અને પશુ-પક્ષી આદિ જીવોને જોવામાત્રથી જેનું ચિત્ત અનુકંપાવાળું થઈ જાય, દયાના લીધે મદદ કરવા પ્રેરાય તેને અનુકંપાશય કહેવાય છે. એટલે જ અનુકંપાવાળું ચિત્ત હંમેશાં હૃદયમાં દયાર્દ્રતા પ્રગટાવે છે.

**अणुकंपि ( ण् ) – अनुकम्पिन् ( स्त्री. )**

(દયાળુ, કૃપાળુ)

ભારતની આ સંસ્કૃતિ રહી છે કે પૈસાદાર હોય કે ગરીબ, કોઈપણ વ્યક્તિ પોતાના કુટુંબ પરિવારની જેમ જ અન્યનો પણ વિચાર કરતી હોય છે. સવારમાં નાસ્તો કર્યા પહેલા પશુ-પંખીને ચણ, ભોજન સમયે ભિક્ષુક આદિ, ગાય, કુતરા આદિ જીવોનું પણ ધ્યાન રાખે છે. અરે ! કીડી આદિ અત્યંત નાના જીવોને પણ લોટ વગેરે નાખીને અનુકંપા દાન કરતા રહે છે. કમનસીબે હાલમાં આ સંસ્કારો લોપાઇ રહ્યા છે.

**अणुकट्ठि – अनुकृष्टि ( स्त्री. )**

(અનુકરણ, અનુવર્તન કરવું તે)

વિવેક દૃષ્ટિ જેની જાગ્રત થયેલી છે એવા માધ્યસ્થભાવને ધારણ કરનારા આત્માઓ કોઈપણ ધર્મમાં લોકોના પ્રવાહને જોઈને અનુકરણ કે નિંદા કરવાની જગ્યાએ પોતાની બુદ્ધિથી સત્યાસત્યનો વિચાર કરીને આગળ વધે છે. ગતાનુગતિક ચાલતા નથી.

**अणुकड्ढेमाण - अनुकर्षत् ( त्रि. )**

(પાછળથી પોતાની તરફ ખેંચતો, પોતા તરફ આકર્ષિત કરતો)

વ્યક્તિને જે વસ્તુ તરફ આકર્ષણ હશે તેમાં ઘણી આગળ વધેલી વ્યક્તિ તેનો રોલ મોડેલ હશે. જો સારા તરફનું ખેંચાણ તો સારા માર્ગમાં આગળ વધેલીને અને ખરાબ માર્ગનું ખેંચાણ તો તે માર્ગમાં આગળ વધેલી વ્યક્તિને તમે મહાન માનશો. તમે કેવા બનવા ઈચ્છો છો ? તમારા સંતાનો શું બને તેમ ઈચ્છો છો ? શાંતિથી વિચાર કરીને યોગ્યમાર્ગનું આલંબન લે તેવું ઈચ્છજો.

**अणुकप्प - अनुकल्प ( पुं. )**

(મહાપુરુષોના જ્ઞાન અને તપ માર્ગનું અનુકરણ ૨. મહાન પુરુષોનું અનુકરણ કરનાર)

મહાપુરુષોના માર્ગનું અનુસરણ કરવું એ ઢીલા-પોચાનું કામ નથી પણ ખાંડાની ધાર પર ચાલવા જેવું દુષ્કર કાર્ય છે. એ માર્ગને અનુસરનારા પણ મહાન બની જાય તેવું કાર્ય છે. એટલે જ તો ગઈકાલ સુધી જેની કોઈ પૃચ્છા ન થતી હોય તેવો ગરીબ વ્યક્તિ પણ પંચ મહાવ્રતને ધારણ કરી મુનિ થતાં મોટા-મોટા શ્રેષ્ઠીઓ અને રાજા-મહારાજાઓ પણ તેમને નમસ્કાર કરે છે.

**अणुकरण - अनुकरण ( न. )**

(અનુકરણ, નકલ)

સાચી શ્રદ્ધા અને બોધ વગર અનુકરણ કરવા માત્રથી ધર્મક્રિયાનું ફળ પ્રાપ્ત થતું નથી. જેમ કૃષ્ણ મહારાજા અને તેમના સેવકે ભગવંત નેમિનાથના સોળહજાર સાધુ ભગવંતોને વંદન કર્યા. જેમાં કૃષ્ણ મહારાજાના વંદન હૈયાના ઉછળતાં ભાવો તથા સમજણપૂર્વકના હોવાથી તેમના ૪ નારકીના કર્મો તૂટ્યાં. જ્યારે વીરક સાળવીના વંદન કૃષ્ણ મહારાજાને ખુશ કરવા પૂરતાં જ હોવાથી તેને કાયક્લેશ રૂપ જ થયા.

**अणुकरणकारावणणिसग्ग - अनुकरणकारापणनिसर्ग ( पुं. )**

(પ્રાર્થના કર્યા વગર જ અન્યનું કાર્ય કરવા અને કરાવવાના સ્વભાવવાળો ૨. ભાવસંગ્રહવિશેષ)

વ્યવહારસૂત્રના ત્રીજા ઉદ્દેશામાં અનુકરણકારાપણનિસર્ગની વ્યાખ્યા કરતાં જણાવ્યું છે કે, અન્ય સાધુને સીવણ, લેપનાદિ કરતાં જોઈને ઈચ્છાકારપૂર્વક જે સાધુ કરે અને અન્યની પાસે પણ ઈચ્છાકારપૂર્વક કરાવે એવો જેનો સ્વભાવ હોય તેને શાસ્ત્રીય ભાષામાં અનુકરણકારાપણનિસર્ગ કહેવાય છે.

**अणुकहण - अनुकथन ( न. )**

(અનુવાદ ૨. આચાર્યની પ્રરૂપણા પછીનું કથન)

અનુકથનના બે અર્થો થાય છે. આચાર્ય ભગવંતે કહેલી વસ્તુને દોહરાવવી તેને અનુકથન કહેવાય છે અને આચાર્ય ભગવંતે પ્રરૂપણા કે માંગલિક વચનો સંભળાવ્યા પછી તેઓની અનુજ્ઞાપૂર્વક કરવામાં આવતાં પ્રવચન કે કથનને પણ અનુકથન કહેવાય છે. એમ સૂત્રકૃતાંગસૂત્રના પ્રથમ શ્રુતસ્કંધના ૧૩મા અધ્યયનમાં જણાવેલું છે.

**अणुकारि ( ण् ) - अनुकारिन् ( त्रि. )**

(અનુકરણ કરનાર, નકલ કરનાર ૨. વિવક્ષિત વસ્તુની સમાન)

સંપ્રતિ મહારાજાએ સાધુ ભગવંતોનો અન્ય દેશોમાં પણ વિહાર સુગમ થાય તે માટે નકલ કરનારાઓને સાધુ ભગવંતોનો વેશ પહેરાવડાવી એ દેશોમાં વિચરણ કરાવ્યું જેથી અનાર્ય લોકોને શ્રમણોના આચારની ખબર પડે. એક નકલ કરનારે આવીને વેશ ઉતારવાની ના પાડી દીધી. કહ્યું કે જે વેશમાત્રને ધારણ કરવાથી આખી દુનિયા નમે છે. એ વેશનું મૂલ્ય કેટલું ? ભાવપૂર્વકના દીક્ષાપાલન દ્વારા હળુકર્મી એવા તેણે પોતાનો સંસાર સુધારી લીધો.

**अणुकुइय - अनुकुचित ( त्रि. )**

(પાછળ ફેંકેલું ૨. ઊંચું કરેલું)

**अणुकुड्ड - अनुकुड्य ( अव्य. )**

(ભીંતની પાસે, દીવાલની પાસેનો પ્રદેશ)

શાસ્ત્રોમાં જાપ, ધ્યાન, કાઉસગ્ગ, વ્યાખ્યાન શ્રવણ, પ્રતિક્રમણ આદિ દરેક ધાર્મિક અનુષ્ઠાનો અપ્રમત્તયોગથી સાધવા માટે કહ્યા

છે. વિશિષ્ટ કારણ વગર ભીંત કે દીવાલનો ટેકો લેવો તે પ્રમાદ છે. આજે તો સંવત્સરીના પ્રતિક્રમણમાં પણ ભીંતનું અવલંબન લેતા થઈ ગયા છે.

**अणुकूल - अनुकूल ( त्रि. )**

(ક્રમ પ્રમાણેનું, અનુકૂળ, અનુરૂપ, અપ્રતિકૂળ)

સર્જાયેલી પરિસ્થિતિ બે પ્રકારની હોય છે. ૧. અનુકૂળ અને ૨. પ્રતિકૂળ. અનુકૂળ પરિસ્થિતિ વ્યક્તિને સુખ, સમાધિ અને સ્વસ્થતા આપનાર હોય છે. જ્યારે પ્રતિકૂળ પરિસ્થિતિ ત્રણેયનો હ્રાસ કરનાર હોય છે. જે જીવ પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ ચિત્તની સમાધિને ટકાવી રાખે છે. તેને પ્રતિકૂળતાઓ દુ:ખી કરી શકતી નથી.

**अणुकूलवयण - अनुकूलवचन ( न. )**

(અપ્રતિકૂળ વચન, અનુકૂળ વચન)

ધર્મને પામેલા જીવોનું વચન હંમેશાં પરપ્રીતિકર હોવું જોઈએ. કારણ કે સર્વ જીવો સુખને ઇચ્છે છે માટે જિનાજ્ઞાપાલકનું પ્રથમ કર્તવ્ય સર્વ જીવોને શાતા આપવાનું છે. આથી તેઓ અનુકૂળ વચનો દ્વારા સાંભળનારના ચિત્તમાં આનંદ ઉપજાવનારા હોય છે.

**अणुकूलवाय - अनुकूलवात ( पुं. )**

(અનુકૂળ પવન, જોઈએ તેવો વાયુ, હિતકારી વાયરો)

સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર, તારા, પવન, દિવસ-રાત આ બધાય હંમેશાં પોત-પોતાના સ્વભાવ અનુસાર ચાલતા હોય છે. તેઓ ક્યારેય પોતાની ચાલને છોડતા હોતા નથી. પરંતુ આ જગતમાં કેટલાક મહાપુરુષોનું કર્મ એવું બળવાન હોય છે કે જેના માટે પ્રકૃતિએ પણ પોતાનો નિયમ બદલવો પડતો હોય છે. આથી જ મધ્યરાત્રિએ જ્યારે તીર્થંકરોનો જન્મ થતો હોય છે ત્યારે દશેય દિશાઓમાં અજવાળાં પથરાય છે. વાતાવરણ ખુશનુમા સર્જાય છે. પવન અનુકૂળ વહેવા લાગે છે. નારકીના જીવો ક્ષણ માટે સુખાનુભવ કરતા હોય છે અને બધા ગ્રહો, નક્ષત્રો પણ શુભ સ્થાને ઉચ્ચસ્થિતિમાં રહેલા હોય છે.

**अणुक्कंत - अनुक्रान्त ( त्रि. )**

(અનુષ્ઠાન કરેલું, વિહિત, આચરેલું, સેવન કરેલું)

મરણાસન્ન વ્યક્તિને ક્યારેય પશ્ચાત્તાપ કે હાય-વોય કરવાનો વારો ન આવે જો તેણે જીવનમાં જિનેશ્વર પ્રણીત તપાદિ અનુષ્ઠાન કરેલું હોય, શાસ્ત્રવિહિત સામાયિકાદિ ધર્મનું આસેવન કર્યું હોય, જીવદયા અનુકંપાદિ શુભ પ્રવૃત્તિનું સુંદર આચરણ કરેલું હોય.

**★अन्वाक्रान्त ( त्रि. )**

(આચરેલું, સેવેલું, અનુષ્ઠિત)

જેમ કૃષિકારે સારી રીતે ખેતર ખેડીને પદ્ધતિસર ધાન્યની વાવણી કરેલી હોય તો તેને એ કરણીનું ફળ વિપુલ ધાન્યરૂપે મળી જ રહે છે. તેમ જીવનમાં ઉલ્લાસ અને સાચી સમજણપૂર્વક ધર્માનુષ્ઠાન સેવેલું હોય તો ચિત્ત પ્રસન્નતા, સુખ, શાંતિ મળી જ રહેતી હોય છે.

**अणुक्कम - अनुक्रम ( पुं. )**

(અનુક્રમ, પરિપાટી, અનુપૂર્વી, ક્રમસર)

બુદ્ધિશાળી મનુષ્યો પોતાને અનુકૂળ હોય છતાં તે માર્ગ અનાચીર્ણ હોય તો તેને અનુસરવાને બદલે પરિપાટીથી ચાલતા આવતા વિહિતમાર્ગનું આચરણ કરે છે. તેઓ વર્તમાન દેશ-કાળને હિસાબે પરિવર્તનીય આચારના હિતાહિત પાસાઓનું સારી રીતે અવલોકન કરીને વડીલોની સમ્મતિપૂર્વક યોગ્ય ફેરફાર પણ કરે છે કારણ કે તેમાં પોતાની સંતતિનું કલ્યાણ સમાયેલું હોય છે.

**अणुक्कसाइ ( ण् ) - अनुत्कशायिन् ( पुं. )**

(સત્કારાદિની ઉત્કંઠાના અભાવવાળો ૨. પાતળા કષાયવાળો)

જેને સંસાર અત્યંત ગમતો હોય અને તેના વાસ્તવિક સ્વરૂપની જાણકારી ન મેળવી હોય તેને બહારની ઝાકઝમાળ અને ખોટા દેખાડા વધુ પડતા ગમશે. પરંતુ જેનો માંહ્યલો જાગી ઉઠ્યો છે તે પોતાના આત્મકલ્યાણને પ્રાથમિકતા આપશે, નહીં કે લોકોના સત્કાર-સન્માનને.

★**अणुकषायिन् ( त्रि. )**

(ક્રોધાદિ કષાયોને પાતળા કરનાર, મંદકષાયી, અલ્પકષાયી)

હંમેશાં જેનું ચિત્ત શાંત રહેતું હોય, સંતોષની વૃત્તિ અને સરળતાભર્યો વ્યવહાર હોય, સામાન્ય સંયોગોમાં ક્યારેય તેના મનમાં પણ ક્રોધ ન થતો હોય અને ક્યારેક કોઈ વિશિષ્ટ સંયોગોમાં તેને ક્રોધાદિ કષાય આવી જાય તો પણ ખૂબ જ ઓછા સમયમાં જે પૂર્વવત્ શાંત બની ક્રોધાદિ કષાયોને મંદ પાડી દેનારો હોય અથવા તેનો ત્યાગ કરી દે, તેને મંદકષાયી કે અલ્પકષાયી ભવ્યાત્મા કહેવાય છે.

★**अनुत्कषायिन् ( त्रि. )**

(જેના કષાય પ્રબળ નથી તે, પ્રબળ કષાયરહિત, સત્કારાદિથી હર્ષરહિત)

જ્ઞાનની પરિણતિ જેમ જેમ આત્મામાં ઘડાતી જાય તેમ તેમ તે આત્મા માધ્યસ્થભાવે સ્થિર થતો જાય છે. સત્ય જ્ઞાનને પામવાના કારણે તેના ક્રોધાદિ કષાયો મંદ-મંદતર થવા માંડે છે. સંસારની પ્રવૃત્તિઓમાંથી રસ ઓછો થઈ જાય છે અને તે જાગૃતિપૂર્વક સતત આગળ વધતો રહીને આત્મસ્વભાવની રમણતા સાધી લે છે. તેવા મંદકષાયી જીવો જલદીથી ભવપરંપરાનો નાશ કરે છે.

**अणुक्कस्स - अनुत्कर्षवत् ( पुं. )**

(આઠમદમાંના કોઈપણ મદને નહીં કરતો)

જાતિ, કુળ, રૂપ, બળ, શ્રુત, તપ, લાભ અને ઐશ્વર્ય આ આઠ મદોથી ઉન્મત્ત થઇ છકી ગયેલો આ સંસારી જીવ ભવભ્રમણમાં પોતાને ન ગમે તેવા હલકી જાતિ, નીચકુળ, કુરૂપ, નિર્બળતા, અજ્ઞાનતા, દરિદ્રતા વગેરે મળે તેવા ઘણા અશુભકર્મ બાંધે છે.

**अणुक्कोस - अनुत्क्रर्ष ( पुं. )**

(પોતાની બડાઇ, પોતાના ગુણોનું અભિમાન ૨. ગૌણમોહનીય કર્મ)

વિનય, દયા, પઠન આદિ અનેક ગુણોનું હોવું એ સારી વસ્તુ છે પરંતુ, તે હોવાનું અભિમાન ગુણોનો ઘાત કરનારું થાય છે. શાસ્ત્રમાં કહ્યું છે કે, જે જીવ વિનયાદિ ગુણોનો ધારક હોવાનું અભિમાન કરે છે ભવિષ્યમાં તેને તે ગુણોની પ્રાપ્તિ થતી નથી.

★**अनुक्रोश ( पुं. )**

(કરુણા, દયા)

શાસ્ત્રોમાં દયા વગરનો જીવ અસુર પ્રકૃતિનો કઠોર હૃદયી કહ્યો છે અને કરુણાવાળો-દયાળુ જીવ કોમળ પ્રકૃતિનો ધર્મીજીવ કહ્યો છે. જેમ યોગ્યતા વગરની ભૂમિમાં ગમે તેવું સારું બિયારણ નાખો તો પણ તે ફળતું નથી તેમ અન્ય જીવોનું દુઃખ જોઈને તેને દૂર કરવાનો કોમળ ભાવ પણ જેના હૃદયમાં જાગતો નથી તેવો આત્મા યા તો **અભવી** છે કે દુર્ભવી છે.

**अणुक्खित्त - अनुक्षिप्त ( त्रि. )**

(પાછળ ફેંકેલું)

**अणुगंतव्व - अनुगन्तव्य ( त्रि. )**

(અનુસરવું, અનુસરવા યોગ્ય)

હંમેશાં અનુસરવું હોય તો સજ્જન અને બુદ્ધિશાળી વ્યક્તિઓને જ અનુસરવું જોઈએ. કારણ કે તેઓ હિતાહિતનો સારી રીતે વિચાર કરીને જ પગલું ભરનારા હોય છે. જ્યારે મૂર્ખ અને દુર્જનોનું અનુસરણ કરવાથી ડગલે ને પગલે દુઃખ તથા ક્લેશની જ અભિવૃદ્ધિ થતી હોય છે. માટે જ કહ્યું છે કે, **'महाजनो येन गतः स पन्था'** એટલે મહાજનોના પથનું અનુસરણ શ્રેયસ્કર છે.

**अणुगच्छण - अनुगमन ( न. )**

(સન્મુખ જવું તે, સત્કાર કરવા સામે જવું તે)

નીતિશાસ્ત્રમાં જણાવ્યું છે કે, જ્યારે આપણે ત્યાં ગુરુ ભગવંત, માતા-પિતાદિ વડીલો, જ્ઞાન, વિદ્યાદિ ગુણોમાં જયેષ્ઠ વ્યક્તિઓ પધારે ત્યારે તેઓનો સત્કાર કરવા આપણે તેમની સન્મુખ જવું જોઈએ. જેને આગમોમાં એક પ્રકારનો વિનય જણાવેલો છે.

**अणुगच्छमाण - अनुगच्छत् ( त्रि. )**

(અનુસરણ કરતું, અનુગમન કરતું)

ટ્રેનનો ચાલક જો નિર્ધારિત કરેલા માર્ગ અને જેના પર ચાલવાનું છે તે પાટાને પકડી રાખે તો જ તે ગન્તવ્ય સ્થાને સહીસલામત પહોંચી શકે છે. વિમાનચાલક તેના નિશ્ચિત કરેલા માર્ગને અને હેડક્વૉટરમાં રહેલા રાડારને વળગીને રહે તો જ તે વિનાશથી બચી શકે છે. તેમ જે શિષ્ય તીર્થંકર ભગવંત પ્રરૂપિત અને ગુરુ ભગવંત નિર્દેશિત માર્ગને અનુસરે છે તે જ અવિચ્છિન્ન પરંપરાવાળા આનંદને પ્રાપ્ત કરી શકે છે.

**अणुगम - अनु ( णु ) गम ( पुं. )**

(જાણવું, સમજવું ૨. સૂત્રને અનુકૂળ અર્થનું કથન, સૂત્રાર્થનું સ્પષ્ટીકરણ ૩. ઉદ્દેશ, નિર્દેશ, નિર્ગમાદિ દ્વાર સમૂહ ૪. સંહિતાદિ વ્યાખ્યાન પ્રકાર ૫. અનુયોગદ્વાર)

જેના વડે સૂત્રનું વ્યાખ્યાન કરાય તેને અનુગમ કહેવાય છે. આ અનુગમ બે પ્રકારે કહેલો છે. ૧. સૂત્રાનુગમ અને ૨. નિર્યુક્તિ અનુગમ. સૂત્રોનું કથન કરવું તે સૂત્રાનુગમ અને નામ, સ્થાપનાદિ પ્રકારો વડે સૂત્રોની સાથે સંબદ્ધ નિર્યુક્તિના અર્થોનું સ્પષ્ટીકરણ કરવું તે નિર્યુક્તિ અનુગમ છે.

**अणुगम्म - अनुगम्य ( अव्य. )**

(જાણીને)

ઉબડ-ખાબડ રસ્તે જતા આવતા એકવાર ઠોકર વાગે અને ખ્યાલ આવે કે અહીંથી પસાર થવામાં હાથ-પગ ભાંગવાનું થઇ શકે છે. આવું જાણ્યા પછી પણ તે જ રસ્તે જવા માટે પ્રયત્ન કરે તેને આપણે મૂર્ખ કહીએ છીએ. તો જયારે આપણને ખબર છે કે પાપપ્રવૃત્તિ દુઃખ આપનાર જ છે છતાં પણ પાપાચારથી સુખની વાંછા કરીએ છીએ તો આપણે કેટલા સમજદાર કહેવાઇએ ?

**अणुगय - अनुगत ( त्रि. )**

(અનુસરેલું ૨. પ્રાપ્ત ૩. વ્યાપ્ત ૪ આશ્રિત ૫. પૂર્વે જાણેલું ૬ પૂર્વથી બરાબર આવેલું)

પ્રભુ મહાવીરસ્વામી દ્વારા પ્રરૂપિત જિનશાસનને અનુસરનારા એવા કેટલાય મહાપુરુષો થઇ ગયા. જેઓ સ્વયં જિનમાર્ગના સમર્થ પ્રભાવક અને સત્યાસત્યના સદ્વિવેકને ધારણ કરનારા હતા. તેઓ અસદાગ્રહમાં ક્યારેય બંધાયેલા નહોતા. જ્યારે વર્તમાન સમયમાં કેટલાક મિથ્યાત્વથી વ્યાપ્ત મતિવાળા જીવો સૂર્યસમા જિનશાસન પર ધૂળ ઉડાડવા જેવી પ્રવૃત્તિઓ કરીને બાલિશ ચેષ્ટાનું ઉદાહરણ પૂરું પાડે છે. આવા જીવો ઘૃણાને નહીં અપિતુ પોતાનું જ અહિત કરનારા હોઈ દયાને પાત્ર જાણવા.

**अणुगवेसेमाण - अनुगवेषयत् ( त्रि. )**

(સામાયિકની સમાપ્તિ પછી વિચારણા કરવી તે, પાછળથી તપાસ કરવી તે, શોધ કરવી તે)

સામાયિકમાં બેઠા અને ધ્યાન વિચલિત કરનારા પરિબળો ઉદ્ભવે તો પણ ચિત્ત તેમાં જાય નહીં પણ આત્મિકભાવ અખંડ રહે તો તે સામાયિક યથાર્થ ગણાય છે. તેમ પરમાત્મા કહે છે કે, પ્રત્યેક આત્માએ પોતાની અંદર ઉદ્ભવતા શુભાશુભ વિચારોની આત્મસાક્ષીએ સમાલોચના કરવી જોઇએ અને ફરી તે અશુભ વિચારો તમને હેરાન કરે તેના પહેલા જ ઉપાયો કરી લેવા જોઇએ.

**अणुगा ( ग्गा ) म - अनुग्राम ( पुं. )**

(એક ગામથી બીજે ગામ જતાં રસ્તામાં આવતું નાનું ગામ, ગામ પછીનું ગામ, નાનું ગામ)

પ્રાચીન સમયમાં રાજા, મંત્રીઓ, શ્રેષ્ઠીઓ એક ગામથી બીજા ગામે જવા આવવાના રસ્તામાં આવતા નાના ગામોમાં ધર્મશાળા, દાનશાળા વગેરે બનાવતા હતા. જેથી તે રસ્તે જતાં-આવતાં મુસાફરો, સાધુ-સંન્યાસીઓ ત્યાં ઉતારો કરી શકે અને આહાર-પાણી મેળવી શકે. વર્તમાન સમયમાં જૈન સંઘમાં ઘણા ઉદારમના શ્રેષ્ઠિઓ જે વિહારના ગામોમાં દેરાસર-ઉપાશ્રય નથી ત્યાં વિહારધામો ઊભાં કરીને શ્રમણ-શ્રમણીઓ માટે ઉપાશ્રય સ્થાન ઊભું કરીને વિશિષ્ટ સુકૃતાનુબંધ કરતા હોય છે.

**अणुगामि ( ण् ) - अनुगामिन् ( त्रि. )**

(અનુગમન કરનાર, નકલ કરનાર ૨. સાધ્યસાધક હેતુ, દોષ વગરનો હેતુ ૩. અવધિજ્ઞાનનો એક પ્રકાર ૪. સેવક)

ન્યાયના ગ્રંથોમાં હેતુની વ્યાખ્યા કરતાં લખ્યું છે કે, જે હેતુ સાધ્યને સાધી આપનાર હોય તે સાધ્યાનુગામી હેતુ જાણવો. અર્થાત્ તેને જ સાચો હેતુ જાણવો તે સિવાયનો હોય તો તેને હેત્વાભાસ જાણવો. જેમ કે ધૂમાડો જોઇને અગ્નિનું જ અનુમાન થાય છે અને ખરેખર જ્યાં ધૂમાડો હોય ત્યાં અગ્નિ હોય જ છે. માટે ધૂમાડો તે અગ્નિરૂપી સાધ્યને સાધનાર હોવાથી સાધ્યાનુગામી હેતુ છે. તેમ

જે મોક્ષમાર્ગને સાધી આપનાર હોય તે જ સમ્યક્ ક્રિયા જાણવી તે સિવાયની આભાસમાત્ર જ છે.

**अणुगामिय – अनुगामिक ( त्रि. )**

(પાછળ જનાર, અનુસરનાર ૨. નોકર ૩. અકર્તવ્યરૂપ ચૌદ અસદનુષ્ઠાન ૩. અવધિજ્ઞાન વિશેષ)

કલિકાલ સર્વજ્ઞ ભગવંત હેમચંદ્રાચાર્યજી મહારાજે વીતરાગ સ્તોત્રમાં પરમાત્માને આજીજી કરતાં લખ્યું છે કે, હે નાથ! હું તારો પ્રેષ્ય છું, તારો દાસ છું, તારો સેવક છું, તારો અનુચર છું, તારો કિંકર છું બસ એક વાર મને દાસ તરીકે સ્વીકારી લો, મારે આનાથી વધારે બીજું કાંઇ નથી જોઇતું. પરમાત્મા પ્રત્યે કેવી ઉત્કૃષ્ટ ભક્તિ. ભગવાન પાસે જવાય તો દાસ બનીને, શેઠ બનીને નહિ. જે દાસ બનીને પ્રભુ પાસે જાય છે તે જ ત્રિલોકપૂજ્ય બને છે.

**अणुगामियत्त – अनुगामिकत्व ( न. )**

(ભવપરંપરામાં સાથે જનારું સાનુબંધ સુખ)

સુખ બે પ્રકારના છે નિરનુબંધ અને સાનુબંધ. જીવ જ્યારે શુભ ભાવમાં વર્તતો હોય છે ત્યારે કેટલાક એવા પુણ્યકર્મનો બંધ કરે છે. જે પુણ્ય તેને એક ભવ પૂરતી સુખની સામગ્રી પૂરી પાડે છે અને નવા ભવ માટે તેને પુનઃ નવા કર્મો બાંધવા પડે છે. જ્યારે કેટલાક જીવો તીવ્ર શુભપરિણામોથી એવા પુણ્યનો અનુબંધ કરે છે કે તે પુણ્ય એ જીવને ભવોના ભવો સુધી સુખોની હારમાળા પ્રાપ્ત કરાવે છે. તેવા સુખને સાનુબંધ સુખ કહેવાય છે.

**अणुगिद्ध – अनुगृद्ध ( त्रि. )**

(અત્યંત આસક્ત, લોલુપ)

એક સુભાષિતમાં કહેવામાં આવ્યું છે કે, ઘુવડ દિવસે નથી જોઇ શકતું. કાગડો રાત્રે જોઇ નથી શકતો. પરંતુ જે કામી છે, જે વિષયમાં અત્યંત આસક્ત છે, તેવો કામલોલુપ વ્યક્તિ દિવસ કે રાત કાંઈ નથી જોતો. કેમ કે મૈથુનની અત્યંત આસક્તિ તેની વિવેકબુદ્ધિને બુઠ્ઠી બનાવી દે છે. આથી તેને કામ-ભોગ સિવાય બીજું કાંઇ જ દેખાતું નથી. આવા કામીજન વ્યવહારમાં અને ધર્મમાં એમ બન્ને સ્થાને નિંદનીય ગણવામાં આવ્યા છે.

**अणुगिद्धि – अनुगृद्धि ( स्त्री. )**

(અત્યાસક્તિ, અભિકાંક્ષા-લાલસા)

તત્ત્વાર્થાભિગમ સૂત્રના પાંચમા અધ્યાયમાં વાચકમુખ્ય શ્રીઉમાસ્વાતિજી મહારાજે પરિગ્રહની વ્યાખ્યા કરતા કહ્યું છે કે '**मूर्च्छा परिग्रहः**' અર્થાત્ કોઇપણ વસ્તુનો સંગ્રહ કે તેને પાસે રાખવું તે પરિગ્રહ નથી. પરંતુ તે પદાર્થ પ્રત્યેની આસક્તિ-મૂર્ચ્છા રાખવી તે પરિગ્રહ બને છે. આ સાંભળીને કેટલાક મતલબી લોકો એવું બોલે છે કે, જુઓ શાસ્ત્રમાં પણ વસ્તુઓનો સંગ્રહ કરવાની છૂટ છે. અરે ભાઇ ! તત્ત્વાર્થસૂત્રની વાત સાચી છે પરંતુ, જોડે હકીકત એ પણ છે કે જેટલી વધારે વસ્તુનો પરિગ્રહ કરશો તેટલી આસક્તિ વધશે. આ તો સાપના મુખમાં આંગળી રાખીને સર્પ કરડશે નહીં તેવી ભ્રમણામાં રહેવા જેવો ઘાટ છે.

**अणुगिलइत्ता – अनुगीर्य्य ( अव्य. )**

(ખાઈને, ગળીને)

પ્રાચીન સમયમાં જ્યાં જ્યાં પણ જૈનસંઘ હતો ત્યાં પર્યુષણના આઠ દિવસો દરમિયાન આખા ગામનું જમણ જૈનસંઘમાં રહેતું હતું. કારણ કે જૈનો હંમેશાં જીવદયાપ્રેમી રહ્યા છે અને એ આઠે પવિત્ર દિવસો દરમ્યાન ગામનો કોઈપણ વ્યક્તિ હિંસા ન કરે તેના માટે જૈનસંઘ સર્વજ્ઞાતિ અને સમાજના લોકોને પ્રીતિભોજ કરાવતો હતો. ગામ પણ મહાજનોની આ લાગણીને માન આપીને હિંસક ધંધાનો ત્યાગ કરી લેતું હતું. આ હતી આપણા પૂર્વજોની જીવદયા પળાવવાની કુશળ દૃષ્ટિ.

**अणुगीय – अनुगीत ( त्रि. )**

(તીર્થંકર-આચાર્યાદિ પાસેથી સાંભળીને શિષ્યોએ પાછળથી સંપાદિત કરેલો ગ્રંથ ૨.પાછળથી ગાવામાં આવેલું)

ભગવાન મહાવીરે કહેલો ઉપદેશ આગમોના માધ્યમે આપણી પાસે આવ્યો તે અનુલોમ વ્યવસ્થાને આભારી છે. અર્થાત્ પરમાત્માએ કહેલા સર્વસાધારણ તત્ત્વની વાતોને તેમની પછીના ગણધર ભગવંતો, આચાર્યો, શ્રમણો અને શ્રીસંઘે લોકોપકાર માટે વિવિધ ગ્રંથોની રચના કરીને ભવિષ્યની સંતતિરૂપે આપણા સુધી પહોંચાડી. તે દરેક શાસ્ત્રો પરંપરાએ રક્ષવામાં આવ્યા તેના પ્રતાપે જ

આજે પરમાત્માએ સ્વમુખે કહેલું સમ્યગ્ જ્ઞાન આપણી પાસે હયાત છે.

**अणुगुरु - अनुगुरु ( त्रि. )**

(ગુરુપંરપરા અનુસાર જે વિષયનો વ્યવહાર થાય તે, ગુરુપરંપરાએ આચરિત વ્યવહારાદિ)

પૂર્વે ગુરુએ વ્યવહારને આચરેલો હોય તે વ્યવહારને તેના શિષ્યોએ પણ આચર્યો હોય અને તેમની પછીની શિષ્ય પરંપરાએ પણ તે જ વ્યવહારને આચર્યો હોય તેને અનુગુરુ વ્યવહાર કહેવામાં આવે છે. વર્તમાનમાં જે પંચમહાવ્રત અને શ્રાવકના બાર વ્રતોનું આચરણ છે તે પૂર્વપરંપરાએ આપણી પાસે આવેલું છે અને તે સદનુષ્ઠાન હોવાથી ભવ્યજીવો માટે આચરણીય છે.

**अणुग्गह - अनुग्रह ( पुं. )**

(જ્ઞાનાદિ ઉપકાર, મહેરબાની, કૃપા, દયા, આશીર્વાદ)

અનુગ્રહ એટલે ઉપકાર. સ્થાનાંગસૂત્ર નામક આગમમાં અનુગ્રહ ત્રણ પ્રકારે કહેલો છે. ૧. આત્માનુગ્રહ ૨. પરાનુગ્રહ અને ૩. ઉભયાનુગ્રહ. શાસ્ત્રોનું અધ્યયન કરવું, ગુર્વાજ્ઞાનું પાલન કરવું વગેરે આત્માનુગ્રહ છે. સર્વજ્ઞોક્ત પદાર્થોનું લોકહિત બુદ્ધિથી વ્યાખ્યાન કરવું તે પરાનુગ્રહ છે. તથા શાસ્ત્રના પદાર્થોની વાચના કરવી, નવા જીવોને પ્રવ્રજ્યા આપી મોક્ષમાર્ગમાં જોડવા વગેરે ઉભયાનુગ્રહ છે.

**अणुग्गहट्ठ - अनुग्रहार्थ ( पुं. )**

(ઉપકારરૂપ પ્રયોજન)

કેવલીભાષિત પદાર્થોનું કથન સ્વ અને પરના ઉપકાર માટે હેતુભૂત બને છે. કારણ કે તે પદાર્થોના ઉપદેશમાં સ્વને નિર્મલબોધ થતો હોવાથી અને પરોપકાર દ્વારા વેદમોહનીયાદિ કર્મોનો ક્ષય થતો હોવાથી સ્વોપકાર થાય છે તેમ અન્ય જીવોને નિર્મલબોધ કરાવીને દ્વારા અને તદનુસાર તેનું આચરણ કરાવવા દ્વારા પરંપરાએ મોક્ષને પ્રાપ્ત કરાવનાર હોવાથી પરોપકાર થાય છે.

**अणुग्गहता - अनुग्रहता ( स्त्री. )**

(અનુગ્રહનો ભાવ, અનુગ્રહ કરવો તે)

ઉપમિતિભવ પ્રપંચા કથાકારે પ્રથમ પ્રસ્તાવમાં લખ્યું છે કે, જીવ પોતાના કર્માનુસાર સુખ કે દુઃખને પ્રાપ્ત કરે છે તેમાં કોઇ બીજું કારણભૂત નથી. છતાં પણ પરમાત્માની ભક્તિ કરીને તેમનો અનુગ્રહ પ્રાપ્ત કરીને જીવ વિપુલ પુણ્યકર્મનો બંધ કરે છે. અને તેના દ્વારા પરભવમાં જિનધર્મ અને પરંપરાએ મોક્ષને પ્રાપ્ત કરે છે. આથી જ મોટા મોટા રાજા મહારાજાઓ, વિદ્વદ્વર્ય સૂરિવર્યો પણ પરમાત્માનો અનુગ્રહ મેળવવા માટે સતત વાંછના કરતા હોય છે.

**अणुग्गहतापरिहार - अनुग्रहतापरिहार ( पुं. )**

(ઉપકાર બુદ્ધિએ દોષ વગેરેનો ઉદ્ધાર કરવો ૨. ખોટાદિભંગરૂપ પરિહાર-પ્રાયશ્ચિત્તનો એક ભેદ)

સાબુનો એ ગુણ છે કે કપડામાંથી મેલને દૂર કરીને તેમાં સ્વચ્છતા લાવે. તેમ આખા જગતમાં સર્વોત્કૃષ્ટ ઉપકારબુદ્ધિના ધણી એકમાત્ર તીર્થંકર પરમાત્મા છે. જે જીવો તેમના શરણે આવે છે તેમના દોષોને દૂર કરીને તેઓમાં ગુણોનું આધાન કરે છે.

**अणुग्घाइम - अनुद्घातिम ( न. )**

(ગુરુ પ્રાયશ્ચિત્તનો એક ભેદ ૨. મોટા પ્રાયશ્ચિત્તના ભાગી સાધુ-સાધ્વી)

શાસ્ત્રોમાં પ્રાયશ્ચિત્ત અનેક પ્રકારે આપેલા છે. નાનું પ્રાયશ્ચિત્ત કે જેમાં અમુક નાના પ્રકારનો તપ કરીને તે દોષોનું નિવારણ કરી શકાય છે. જયારે કેટલાક એવા દોષો છે કે જેનું નિવારણ નાના પ્રાયશ્ચિત્તથી થઇ શકતું નથી. તેના માટે ગુરુપ્રાયશ્ચિત્ત જ જોઇએ. અર્થાત્ મોટા તપાદિ કરીને શુદ્ધિ કરાય. આ ગુરુપ્રાયશ્ચિત્તને શાસ્ત્રીય ભાષામાં અનુદ્ઘાતિમ પ્રાયશ્ચિત્ત કહેવાય છે.

**अणुग्घाइय - अनुद्घातिक ( पुं. )**

(ગુરુ-મોટા પ્રાયશ્ચિત્તને યોગ્ય જીવ, જેણે એવો દોષ સેવ્યો હોય કે આપવામાં આવતા પ્રાયશ્ચિત્તમાં ઘટાડો ન થઈ શકે તે)

જે દોષનો ઉદ્ધાર નાના પ્રાયશ્ચિત્તથી ન થઇ શકે તેને અનુદ્ઘાતિક-ગુરુપ્રાયશ્ચિત્ત કહેવામાં આવે છે. જે શ્રમણ કે શ્રમણીથી જીવહિંસા, ઉત્સૂત્રપ્રરૂપણાદિ મોટા દોષો સેવાઇ જાય, તેના માટે શાસ્ત્રમાં ગુરુપ્રાયશ્ચિત્તનું વિધાન કરવામાં આવેલું છે અને તે પ્રાયશ્ચિત્તનું આચરણ કર્યા વિના દોષોની શુદ્ધિ થઇ શકતી નથી.

**अणुग्घाय - अनुद्धात ( पुं. )**

(લઘુ પ્રાયશ્ચિત્તનો જેમાં અભાવ છે તે, ગુરુ પ્રાયશ્ચિત્ત, આચાર પ્રકલ્પનો ભેદ)

સિદ્ધસેનદિવાકરસૂરિ મહારાજે નવકારનું સંક્ષેપીકરણ કરીને નમોર્હત્ સૂત્રની રચના કરી અને પોતાની નવી રચના જ્યારે ગુરુ ભગવંતને બતાવી ત્યારે વાદીદેવસૂરિજીએ કહ્યું, સિદ્ધસેન તું ભલે ગમે તેટલો વિદ્વાન હોય પરંતુ તારા ને મારા કરતાં કંઈ ગણા વધારે જ્ઞાની ગણધર ભગવંતો હતાં. શું તેમને તારા જેવી રચના કરતાં નહોતી આવડતી ? છતાં પણ તેઓએ આવી ભૂલ કરી નથી અને તે' આ રીતનું અપકૃત્ય કરીને ઘોર અપરાધ કર્યો છે. ઇતિહાસ કહે છે કે, તેઓ અપૂર્વકોટીના વિદ્વાન હોવા છતાં ગુરુએ તેમના દોષને દૂર કરવા તેમને પારાંચિત નામક ગુરુપ્રાયશ્ચિત્ત આપ્યું. તેઓ બાર વર્ષ સુધી ગુપ્તવેષે રહ્યા અને વિક્રમ રાજાને પ્રતિબોધિત કર્યો ત્યારબાદ શુદ્ધિ કરીને પુનઃ પ્રકટપણે સાધુવેષે વિચરી શક્યા. કોટિ કોટિ વંદન શ્રીજિનધર્મને!

**अणुग्घायण - अणोद्धातन ( न. )**

(કર્મોને દૂર કરવા તે, કર્મોનો નાશ કરવો તે)

ખરો પંડિત તે છે કે જે ચારગતિવાળા સંસારમાં રખડાવવામાં મુખ્ય કારણભૂત એવા કર્મોને કુશલ અનુષ્ઠાન દ્વારા દૂર કરે છે. અર્થાત્ જે જીવ દુષ્ટ પરિણામોને આપનાર કર્મોને સર્વજ્ઞકથિત જ્ઞાન-દર્શન અને ચારિત્રના માધ્યમે નાશ કરે છે તે જ સાચો બુદ્ધિશાળી છે. બાકી બધા બુદ્ધિશાળીના નામે અજ્ઞાનીઓ જ છે.

**अणुघासंत - अनुग्रासयत् ( त्रि. )**

(જમાડતો, ખવડાવતો)

ઉત્તરાધ્યયનસૂત્રના છત્રીસ અધ્યયનમાં એલક નામનું અધ્યયન આવે છે. તે અધ્યયનના અંતે પરમાત્મા કહે છે કે, હે જીવ ! જેમ કસાઇ બકરાને સારું સારું ખવડાવતો-પીવડાવતો તેની માવજત કરે છે. તે બધું તેને હલાલ કરવા પૂર્વેની પ્રક્રિયા છે. તેની સાર સંભાળ જોઇને ઓલી ગાયે જેમ દુઃખી થવું જોઇએ નહિ. તેમ કોઇ અધર્મીની સુખ સામગ્રી જોઇને ધર્મી જીવે દુઃખી થવું ન જોઇએ. કેમ કે તેના પૂર્વભવની કોઇ પુણ્યાઇએ ભલે તે સુખ ભોગવી રહ્યો હોય, આપણને એ કરમ કહાની ખ્યાલમાં ન આવે પરંતુ, તેના દુષ્ટ પરિણામોના કારણે બાંધેલા કર્મો તેને નરકની ઘોર વેદના જ આપવાના છે. એ નિશ્ચિત વાત જાણવી.

**अणुच ( य ) र - अनुचर ( त्रि. )**

(અનુસરણ કરનાર, પશ્ચાદ્‌ગામી ૨. સેવા કરનાર ૩. સહચર)

અનુસરણ બે રીતે થાય છે. એક ગાડરીયા પ્રવાહની જેમ, બીજું વાછરડાની જેમ. ગાડરીયું એટલે ઘેટું. ઘેટું સ્વભાવે બુદ્ધિરહિત હોય છે. તે પોતાની આગળના ઘેટાને વગર બુદ્ધિએ અનુસરે છે. તેમાં પોતાની બુદ્ધિ ચલાવતું નથી. પછી ભલેને તે ખાડામાં પડે. જ્યારે વાછરડું માત્ર પોતાની માતાને અનુસરે છે. કેમ કે તેને ખબર છે કે મારી માતા ક્યારેય મારું અહિત નહીં કરે અને પોતાના ગંતવ્ય સ્થાને જ પહોંચાડશે. ગુરુને માતાની ઉપમા આપી છે, હવે વિચાર તમારે કરવાનો છે કે કોની જેમ અનુસરણ કરવું છે ?

**अणुचरित्ता - अनुचर्य्य ( त्रि. )**

(આચરીને, સેવીને)

ઝેરનું સેવન કરીને કોઇ અમર નથી બન્યું અને અમૃતનું પાન કરીને કોઇ મૃત્યુ નથી પામ્યું એ જેટલું સાચું છે. ગોખી રાખો એટલું જ સાચું એ છે કે પાપને આચરીને આજ સુધી કોઇ સુખી નથી થયું અને ધર્મને આચરીને આજ સુધી કોઇ દુઃખી નથી થયું.

**अणुचिंतण - अनुचिन्तन ( न. )**

(સોચ, વિચાર, પર્યાલોચન કરવું તે)

માત્ર ઐતિહાસિક પ્રસંગો અને પ્રેરક કથાઓ જ આપણને બોધ આપે છે એવું નથી. પરંતુ આપણી સાથે બનતા બનાવો અને ઘટનાઓ પણ આપણને અર્થસભર બોધ આપી જાય છે. મુખ્ય વાત એટલી જ છે કે, આપણે તે પ્રસંગોનું પર્યાલોચન કેવી રીતે કરીએ છીએ. જો સાચી દિશામાં પર્યાલોચન કરશું તો સત્યાર્થ જાણવા મળશે જ. અન્યથા બીજી આપત્તિઓ તો ઊભી જ છે.

**अणुचिंता - अनुचिन्ता ( स्त्री. )**

(વિચાર, અવિસ્મરણ હેતુ સૂત્રોનું પર્યાલોચન, ચિન્તન)

સૂત્ર અને અર્થનું પઠન કરનાર શ્રમણ અને શ્રાવકે તે અભ્યસ્ત સૂત્રાર્થનું વિસ્મરણ ન થઇ જાય તે માટે પ્રતિદિન તેનું ચિંતન મનન અને પર્યાલોચન કરવું જોઇએ. જે સૂત્રાર્થનું દરરોજ ચિંતન થાય છે તે અસ્થિમજ્જાવત્ ચિત્તમાં સ્થિરતાને પામે છે. અન્યથા તે વિદ્યા નષ્ટ થાય છે. લોકોક્તિ પણ કહે છે કે, 'ગરથ ગાંઠે ને વિદ્યા પાઠે' એટલે ધન ગજવામાં ને વિદ્યા મુખકંઠે હોય તો જ કામની.

**अणुचिउण - अनुच्युत्वा ( अव्य. )**

(મરણ પામીને, ચ્યવીને, એક જન્મથી બીજા જન્મમાં જઇને)

**अणुचिण्णवं - अनुचीर्णवत् ( त्रि. )**

(જેણે અનુષ્ઠાન કર્યું છે તે)

શિષ્ટપુરુષો દ્વારા વિહિત અને સ્વયં આચરિત અનુષ્ઠાનો જ સદનુષ્ઠાન બને છે. જે સ્વાત્મહિતેચ્છુઓ છે તેણે તેવા સદનુષ્ઠાનોનું જ આચરણ કરવું જોઇએ. કેમ કે શાસ્ત્રો પણ સાક્ષી પૂરે છે કે, જેમણે સદનુષ્ઠાનોનું આચરણ કર્યું છે તેઓ જ સુખના ભોક્તા બન્યા છે.

**अणुचिय - अनुचित ( त्रि. )**

(અનુચિત, અયોગ્ય, અઘટિત)

૧૪૪૪ ગ્રંથના રચયિતા યાકિની મહત્તરા ધર્મસૂનુ આચાર્ય શ્રીહરિભદ્રસૂરીશ્વરજીએ ષોડશક ગ્રંથમાં ઔચિત્યપાલનની વ્યાખ્યા કરતાં લખ્યું છે કે, '**सर्वस्थानेषु उचितप्रवृत्तिः**' અર્થાત્ જે સ્થાને જે ઉચિત હોય તદનુસાર પ્રવૃત્તિ કરવી તેને ઔચિત્યપાલન કહે છે. પરંતુ અનુચિત સ્થાને પ્રવૃત્તિ કરવાથી ઔચિત્યનું પાલન નથી બનતું. જેમ ઘરમાં રસોઇ બનાવવાનો સમય હોય અને રસોઇ બનાવવાના સમયે શ્રીમતિજીઓ ટીવી જોવા બેસી જાય તો આને અનુચિતપ્રવૃત્તિ કહેવાય.

**अणुचीइ - अनुचिन्त्य ( अव्य. )**

(ચિંતવીને, વિચારીને)

દશવૈકાલિકસૂત્રના સાતમા અધ્યયનમાં કહેલું છે કે જે પુરુષ હેયોપાદેય, હિતાહિતનો વિવેક કરીને સ્થાનાદિનો વિચાર કરીને બોલે છે. તે પંડિતજનોમાં પ્રશંસાને પામે છે. અન્યથા વિપરીત આચરણ કરનાર હાસ્યને પાત્ર બને છે.

**अणुचीइभासि ( ण् ) - अनुविचिन्त्यभाषिन् ( त्रि. )**

(વિચારીને બોલનાર, પર્યાલોચન કરીને બોલવાના સ્વભાવવાળો)

દ્રૌપદીએ વિચાર્યા વિના દુર્યોધનને કહ્યું કે, 'આંધળાના દીકરા આંધળા જ હોય' અને ઇતિહાસ પ્રસિદ્ધ અઢાર દિવસનું મહાભારતનું ખૂંખાર યુદ્ધ ખેલાયું. શૂર્પણખાએ વિચાર્યા વિના પરસ્ત્રીત્યાગી રાવણ આગળ સીતાના રૂપનું વર્ણન કર્યું અને રાવણે સીતામાં આસક્તિ કરી પોતાના પ્રાણ ખોયા. માટે જ પરમોપકારી જ્ઞાનીઓ કહે છે કે, હંમેશાં વિચાર કરીને જ બોલવું જોઇએ. જે વિચારીને બોલે છે તે અપમાનિત થતો નથી અને આત્મઘાતાદિ વિઘ્નોથી યોજનો દૂર રહે છે.

**अणुच्चरिय - अनुच्चरित ( त्रि. )**

(શબ્દ-અવાજ નહીં કરેલું, અનુક્ત, જેનું ઉચ્ચારણ થયું ન હોય તે)

સુવિનીત શિષ્યોના અનેકવિધ ગુણો પૈકી એક ગુણ છે ઇંગિતજ્ઞ. તેનો અર્થ થાય છે જે ઇશારા કે વર્તન માત્રથી જ સામેવાળાના ભાવોને જાણનાર. અર્થાત્ ગુરુ દરેક વખતે બોલીને શબ્દ દ્વારા શિષ્યને જણાવે એ જરૂરી નથી. ઘણી વખત ગુરુભગવંતે જેનું ઉચ્ચારણ ન કર્યું હોય તેવા આદેશોને તેમના હાવભાવ અને વર્તનથી શિષ્યે સમજવાના હોય છે. જે શિષ્ય આવો ઇંગિતજ્ઞ હોય છે તે ગુરુના હૃદયમાં વાસ કરે છે.

**★अनुच्चार्य्य ( अव्य. )**

(નિંદ્ય હોઇ નહીં બોલવા યોગ્ય, નહીં બોલીને)

સજ્જન પુરુષોએ જે ભાષા લોકવ્યવહારમાં અને શિષ્ટપુરુષોમાં નિંદાને પાત્ર હોય, જેને બોલવાથી હીલના, તિરસ્કાર અને ઘૃણાપાત્ર થવાય તેવા કુવચનો નહીં બોલવા જોઇએ કેમ કે તે નિંદ્ય હોવાથી લોકમાં તેવું બોલવું અશોભનીય બને છે. આથી ન બોલવા યોગ્ય-અનુચ્ચારણીય ભાષાનો સર્વથા ત્યાગ કરવો જોઇએ.

**अणुच्चसद्द - अनुच्चशब्द ( पुं. )**

(મોટેથી નહીં બોલાયેલો શબ્દ, ઊંચા શબ્દ-સ્વર વિનાનો અસંયુક્તાક્ષરવાળો શબ્દ)

ચૈત્યવંદન ભાષ્યમાં જિનાલય સંબંધી પાળવાના નિયમોનું કથન કરવામાં આવ્યું છે. તેમાં દ્રવ્યપૂજા પૂર્ણ થયા બાદ ભાવપૂજાના સમયે ચૈત્યવંદન કેવી રીતે કરવું જોઇએ તેના પ્રકારોમાં એક પ્રકાર બતાવ્યો છે કે પરમાત્માની સ્તવના અતિ ઉંચા સ્વરે કે અત્યંત ધીમા સ્વરે કરવી જોઇએ નહિ. પરંતુ માત્ર પોતે અને વધુમાં બાજુવાળો સ્ખલના ન પામે તે પ્રમાણે સ્પષ્ટ ઉચ્ચારણવાળી સ્તુતિ કે સ્તવન બોલવા જોઇએ.

**अणुच्चाकुइय - अनुच्चाकुचिक ( पुं. )**

(ગુરુની અપેક્ષાએ પોતાનું આસન કે શય્યા ઊંચી અને ચલાયમાન નથી તે, નીચી અને સ્થિર શય્યાવાળો)

ગુરુભગવંત કરતાં શિષ્યનું આસન અને શય્યા ઊંચા અને ચલાયમાન હોવા જોઇએ નહિ. કારણ કે ગુરુ કરતાં ઊંચું આસન હોય તો ગુરુની આશાતનાનો દોષ લાગે છે અને ચલાયમાન હોય તો જીવહિંસા થવાનો સંભવ છે આથી આસન કે શય્યા પ્રમાણસર અને સ્થિર હોવા જોઇએ એમ કલ્પસૂત્રની સામાચારી અધ્યયનમાં જણાવાયેલું છે.

**अणुजाइ ( ण् ) - अनुयायिन् ( पुं. )**

(અનુયાયી, સેવક, નોકર)

સર્વે જૈનેતર ધર્મ-દર્શનોમાં એકસમાન વસ્તુ એ છે કે, પૂજક ઘણા બધા હોઇ શકે, પરંતુ પૂજ્ય તો માત્ર એક જ હોઈ શકે. તેમના મતે પૂજક ક્યારેય પણ સ્વયં પૂજ્ય એટલે ભગવાન બની શકતો નથી. એકમાત્ર જૈનધર્મ જ એવો છે કે તેમાં સેવક પોતે આગળ જતાં માલિક બને છે. અર્થાત્ જે પણ સાધક સેવક બનીને વીતરાગ પ્રભુની ઉપાસના કરે છે તે સ્વયં વીતરાગ-પ્રભુ બને છે.

**अणुजाण - अनुयान ( न. )**

(રથયાત્રા ૨. પાછળ પાછળ જવું તે)

સમ્યક્ત્વના કુલ આઠ પ્રકાર બતાવવામાં આવેલા છે, તેમાંનો એક પ્રકાર છે શાસન પ્રભાવના. સ્વયંના સમ્યક્ત્વની રક્ષા માટે અને અન્ય જીવો પણ જિનશાસનની અર્થાત્ સમ્યક્ત્વની પ્રાપ્તિ કરે તે માટે શાસન પ્રભાવના કરવાનું શાસ્ત્રીય વિધાન છે. તેના માટે સંઘમાં મહોત્સવો, રથયાત્રાઓ આદિનું આયોજન કરવું જોઇએ. જેથી પોતાનું સમ્યક્ત્વ નિર્મળ થાય છે અને રથયાત્રાદિ મહોત્સવ જોઇને અન્યધર્મી લોકોના મનમાં શાસન પ્રત્યે અહોભાવ જાગી જાય તો સમ્યક્ત્વનું બીજાધાન થાય.

**अणुजाणण - अनुज्ञापन ( न. )**

(અનુમોદન, અનુમતિ, સમ્મતિ)

જિનશાસનમાં આત્મહિત અને પરહિત એમ બન્ને પ્રકારના હિતમાં વધુ મહત્ત્વ આત્મહિતને આપેલું છે. જે પ્રવૃત્તિ દ્વારા લોકોનું કલ્યાણ થતું હોય. પરંતુ આત્મહિત જોખમાતું હોય તો તેવી પ્રવૃત્તિની અનુમતિ ભગવંતે આપેલી નથી. કેમ કે આત્મહિત વિનાની પરહિત પ્રવૃત્તિ છેવટે નિષ્ફળ છે.

**अणुजाणावणा - अनुज्ञापना ( स्त्री. )**

(છુટ્ટી લેવી, રજા અપાવવી)

**अणुजाणाहिगार - अनुयानाधिकार ( पुं. )**

(રથની પાછળ જવા વડે બનતો પ્રતિષ્ઠાધિકાર)

જિનશાસનની પ્રભાવના હેતુ યોજવામાં આવતી રથયાત્રાના ક્રમમાં સહુથી આગળ જલની ધારા કરનાર ધારાવાડી ચાલે. ત્યારબાદ જિનેશ્વર પરમાત્માનો રથ ચાલે અને તેની પાછળ સમસ્ત ચતુર્વિધ સંઘ ચાલતો હોય છે. અંતમાં સૌથી પાછળ અનુકંપા દાન કરનારા મુક્તમને દાનપ્રવાહ ચલાવતા હોય એવું જિનાજ્ઞામય શાસ્ત્રીય વિધાન છે.

**अणुजाणित्तए - अनुज्ञातुम् ( अव्य. )**

(અનુજ્ઞા આપવા માટે, અનુમતિ આપવા માટે)

આચાર્ય પદવીના સમયે શિષ્ય ગુરુને વંદન કરીને તેમની પાસે શિષ્યો બનાવવાની, સંઘ-સમુદાય ચલાવવાની અનુમતિ માગે છે

ત્યારે ગુરુ તેમને દ્રવ્ય, ગુણ અને પર્યાયે કરીને અનુમતિ આપવા માટે સ્વયં આસન પરથી ઊભા થઇને તેઓને અનુજ્ઞા આપવારૂપ કહે છે કે, જે રીતે તમને શાસ્ત્રનું અધ્યન કરાવ્યું અને શિખવાડ્યું તે પ્રમાણે તમે પણ કરશો. એમ કહીને તેમના મસ્તકે સૂરિમંત્રથી અભિમંત્રિત વાસક્ષેપ કરે છે.

**अणुजात ( य ) - अनुयात ( त्रि. )**

(અનુગત, સદ્દશ, ૨. સંપત્તિ અને ગુણથી પિતા સમાન થાય તે પુત્ર ૩. પાછળથી જન્મેલું)

જિનશાસનની ધુરાને વહન કરનારા આચાર્ય ભગવંતોને શાસ્ત્રકારોએ ચતુર વ્યાપારી સમાન કહેલા છે. જેવી રીતે વેપારી નફા-નુકશાનને વિચારીને પોતાના ધંધાને વધારે છે તેમ ગીતાર્થ આચાર્યો પણ ઉત્સર્ગ અપવાદ માર્ગોને વિચારીને શાસનના હિતાહિતને ધ્યાનમાં રાખીને અપૂર્વકોટીની શાસન પ્રભાવના દ્વારા જિનધર્મનો જગતમાં ફેલાવો કરતા હોય છે.

**अणुजुत्ति - अनुयुक्ति ( स्त्री. )**

(અનુકૂળ યુક્તિ-તર્ક, યુક્તિપૂર્વક હેતુગર્ભિત દૃષ્ટાન્ત, તર્કસંગત દૃષ્ટાન્ત,)

આચારાંગસૂત્રમાં કહેલું છે કે, કોઈ જીવ એવો છે કે જેને હાથ-પગ, આંખો, જીભ નથી. તેવા જીવને કોઇ ભાલાની અણી મારે તો તેને વેદના થવા છતાં ઇન્દ્રિયોની વિકલતાના કારણે કોઇને કહી શકતો નથી. તેવી રીતે ત્રાસ પામતા વનસ્પતિ આદિ સ્થાવર જીવોને વેદના થવા છતાં પણ ઇન્દ્રિય વિકલતાના કારણે બોલી શકતા નથી. આવા યુક્તિસંગત તર્કવાળા દૃષ્ટાંતોથી પરમાત્માએ હિતોપદેશ આપ્યો છે. જે કોઇથી પણ છેદી શકાય તેમ નથી. આ તર્કસંગત વાતનો કોઈ વિરોધ કરી શકે નહીં.

**अणुजेट्ठ - अनुज्येष्ठ ( त्रि. )**

(સૌથી મોટા પછી ત્રીજા નંબરે જે હોય તે, મોટાથી ઊતરતા ક્રમે હોય તે)

**अणुज्जया - अनूद्यता ( स्त्री. )**

(ઉદ્દેશ્યતારૂપે વિષયતા વિશેષ, લક્ષ્યતા)

જેને પોતાનો ઉદ્દેશ્ય સ્પષ્ટ છે. પોતાને શું મેળવવું છે તેની ખબર છે તેવા પ્રાજ્ઞ પુરુષને પોતાનું લક્ષ્ય જલદી મળી જાય છે. પરંતુ જેને લક્ષ્યની ખબર જ નથી. પોતે જે કાર્ય કરી રહ્યો છે તેનો કોઇ ઉદ્દેશ્ય નથી તેવા જીવો અભવ્ય જીવની જેમ આ સંસારમાં આમથી તેમ કૂટાયા જ કરે છે. પછી તે વ્યવહારિક જગત હોય કે આધ્યાત્મિક દુનિયા હોય.

**अणुज्जियत्त - अनूर्जितत्व ( न. )**

(નિર્બળતા, બળરહિતપણું)

યાદ રાખજો ! પૈસા-ટકાથી, સત્તાની રૂએ કે પછી શારીરિક રીતે બળીયા છો તેથી દુર્બળ-અનાથ જીવો પર રોફ જમાવવામાં કોઇ શૂરવીરતા નથી. ખરી શૂરવીરતા તો તમારા આત્માને અનંતાકાળથી કનડી રહેલા કર્મોને હરાવવામાં છે. જેણે મહાબલી કર્મોને પરાસ્ત કર્યા છે તે જ વીર કહેવાય છે. બાકીના તો માત્ર નામના જ શૂરવીર છે.

**अणुज्जुय - अनृजुक ( त्रि. )**

(અસરલ, વક્ર, કપટી)

આપણે વર્ષોથી વ્યાખ્યાનોમાં સાંભળીએ છીએ કે, ભગવાન મહાવીરસ્વામીના શાસનના જીવો જડ અને વક્ર હોય છે. એટલે આપણે પોતાને જડ અને વક્રતાના અધિકારી માની બેઠા છીએ. મનમાં વક્રતાનું સર્ટીફિકેટ ધરીને બોલીએ છીએ કે, અરે ભાઇ! શાસ્ત્રોએ જ કહ્યું છે કે આ કાળના જીવો આવા જ હોય. આવા કુતર્કો કરાનારાઓ સમજી રાખજો કે ભલે શાસનના જીવો જડ ને વક્ર હોય, પરંતુ શાસનનું સંચાલન અને મોક્ષની પ્રાપ્તિ તો વક્રતા વગરના એટલે ઋજુ અને પ્રાજ્ઞ જીવો જ કરી શકે છે.

**अणुज्झाण - अनुध्यान ( न. )**

(ચિંતન, વિચાર)

જૈનેતર દર્શનમાં થયેલા ઋષિ વલ્કલચીરિને કેવલજ્ઞાનની પ્રાપ્તિ શુભ ધ્યાને ચઢવાથી થઇ. પ્રસન્નચંદ્ર રાજર્ષિને નરકના દુઃખોથી ઉગારીને મોક્ષના શિખર પર બિરાજમાન કરનાર પણ તેમના આત્મિક શુદ્ધ વિચારો જ હતા. તેઓ જ માત્ર નહીં પરંતુ અત્યાર સુધી જેટલા પણ આત્માઓ મોક્ષમાં ગયા છે તે, માત્રને માત્ર શુભ ભાવોને કારણે. આનાથી સ્પષ્ટ થાય છે કે મોક્ષની સીડીનું પ્રથમ

પગથિયું શુભ વિચારોથી શરૂ થાય છે.

**अणुज्झावित्ता - अनुध्याय ( अव्य. )**

(ચિંતવીને, વિચારીને)

ઘરમાં આગ લાગી હોય, તેને બૂઝાવવાનો કોઇ રસ્તો જ ન હોય, તે સમયે જેટલું બચાવાય તેટલું બચાવીને બહાર નીકળે તે સાચો બુદ્ધિશાળી છે. પરંતુ એમ વિચારીને બેઠો રહે કે, હવે આગ લાગી જ છે તો બળે છે એટલું બળવા દો. એવાને લોકો મૂર્ખ જ કહેશે. તેમ જ્ઞાની ભગવંતો કહે છે, પાપપ્રચુર સંસારમાં બને તો સંપૂર્ણ ધર્મનું પાલન કરવું જોઇએ, જો શક્ય ન હોય તો જેટલો બની શકે તેટલો ધર્મ તો આચરવો જ જોઇએ. તેમાં કોઇ શરમની વાત નથી. જ્ઞાનીઓએ તો તેને જ પંડિત કહ્યો છે.

**अणुट्ठाण - अनुष्ठान ( न. )**

(આચાર, ક્રિયાકલાપ, ચૈત્યવંદનાદિ અનુષ્ઠાન ૨. કાળ સંબદ્ધ અધ્યયનાદિ)

અનુષ્ઠાન માટે અષ્ટક પ્રકરણાદિ શાસ્ત્રોમાં કહેલું છે કે, જે તત્ત્વ સંવેદનાથી ઉત્પન્ન થયેલું આન્તર્વિવેકયુક્ત હોય, શાન્ત અને દાન્ત ગુણોવાળુ હોવાથી ચંચળતાદિ વિપ્લવોથી રહિત હોય, ઉત્તરોત્તર પરંપરાએ સાનુબંધ શુભપરિણામવાળું અને ચૈત્યવંદન આદિ બાહ્ય ચેષ્ટાવાળું અનુષ્ઠાન હોય તે જ જિનાજ્ઞાનુસારી અનુષ્ઠાન સમજવું.

**अणुट्ठिय - अनुष्ठित ( त्रि. )**

(આચરિત, સેવિત, વિધિથી સંપાદિત)

લોકોને દેખાડવા માટે કે અન્ય માન-પાનાદિક મેળવવા માટે કરાયેલી ધર્મક્રિયા એટલે સમજી લો કે ગર્દભ દ્વારા વહન કરાતા ચંદનના ભારની જેમ શારીરિક શ્રમરૂપ જ થાય છે. જ્યારે હૃદયના ઉછળતાં ભાવોથી સારી રીતે આચરેલું નાનું સરખું ધર્માનુષ્ઠાન પણ જીવને તારનારું બને છે. માટે ધર્મની બધી જ ક્રિયાઓ આત્મસાક્ષીએ શુદ્ધભાવે કરવાની કહેલી છે.

**★अनुत्थित ( त्रि. )**

(દ્રવ્યથી બેઠેલો, ઊઠેલો નહિ, તૈયાર નહીં ૨.ભાવથી જ્ઞાન, દર્શન અને ચારિત્રના ઉદ્યોગથી રહિત)

અનર્થદંડવાળી પ્રવૃત્તિઓને જ કેન્દ્રવર્તી બનાવીને તેમાં જ જીવ રચ્યોપચ્યો રહ્યો છે. અનાદિકાળથી ચાલતી આ પ્રવૃત્તિઓ પછી પણ જીવનો નિસ્તાર થયો નથી. કારણ કે યથાર્થ જ્ઞાન, દર્શન અને ચારિત્રથી યુક્ત સારભૂત સત્કર્મો વિશે તેની દૃષ્ટિ ગયેલી નથી.

**अणुणंत - अनुनयत् ( त्रि. )**

(પોતાના અભિપ્રાયથી ધીરે ધીરે જણાવતો-સમજાવતો)

મૂર્ખ માણસો જ્યારે ને ત્યારે કોઈ ન પૂછે તો પણ વગર વિચાર્યે પોતાની માન્યતા જણાવતા રહે છે અને સુજ્ઞ પુરુષો કોઈ પૂછે ત્યારે જ આગળ પાછળની દરેક બાબતોનો વિચાર કરીને પોતાનો અભિપ્રાય શનૈઃ શનૈઃ જણાવતા હોય છે.

**अणुणाइ ( ण् ) - अनुनादिन् ( त्रि. )**

(પડઘો ઊઠે એવી રીતે બોલનાર, પ્રતિધ્વનિ ઊઠે એવું બોલનાર)

જે શબ્દ બોલ્યા પછી તેના પ્રતિઘોષ પડે તેને કહેવાય છે અનુનાદિ. તીર્થંકર ભગવાનની વાણી ૩૫ અતિશયયુક્ત હોય છે. આ પાંત્રીસ અતિશયોમાં અનુનાદિ પણ એક અતિશય છે. જેના કારણે સમવસરણમાં પરમાત્માના વચનો ગુંજતા રહે છે.

**अणुणाइत्त - अनुनादित्व ( न. )**

(પડઘો ઊઠે તેવો અવાજ, સત્યવચનના ૩૫ અતિશયોમાંનો એક)

**अणुणाय - अनुनाद ( पुं. )**

(પ્રતિધ્વનિ, પ્રતિશબ્દ)

મનુષ્યમાત્રને અન્ય વ્યક્તિઓ તરફથી સહયોગની અપેક્ષા હોય છે. તે હંમેશાં વિચારે છે કે, કોઈ તરફથી કોઈપણ પ્રકારની તકલીફો ન પડે. જ્યારે વિશેષ કરીને બને છે ઉલટું. તેનું કારણ છે કે, તે પોતે બીજાનો સહયોગ મળે તદનુસાર આચરણ કરતો નથી. ખુદ-પોતે તો સુખ ઈચ્છે છે, પરંતુ અન્યોને દુઃખ જ આપે છે. સમજવા જેવી વાત છે કે જેવું વાવશું તેવું જ ફળ પ્રાપ્ત થશે.

**अणुणास - अनुनाश ( पुं. )**

(પાછળ મરવું ૨. અદૂરદેશાદિ)

પુરાતન ભારતીય સંસ્કૃતિની એ પરંપરા રહી છે કે, સ્ત્રીઓ શીલનું અત્યંત પ્રયત્નપૂર્વક જતન કરતી હતી. ઉચ્ચવર્ણની જ્ઞાતિમાં પતિ નાની વયમાં જ મરણ પામ્યો હોય તો તેની સ્ત્રી માતા-પિતા કે સાસરીમાં જ શેષ જીવન ધર્મની આરાધનાઓ તથા પુત્રાદિના લાલન-પાલનમાં અને વડીલોની સેવામાં શીલધર્મનું રક્ષણ કરતી વીતાવતી હતી. શીલધર્મનું રક્ષણ કરવા માટે કેટલીક સતીઓ તો પતિની ચિતાની સાથે જ અનુમરણ કરતી હતી. જેને પ્રાચીન સમયમાં સતીપ્રથા કહેતા હતા.

**★आनुनाश्य ( त्रि. )**

(તેની નજીક રહેલા દેશાદિ. ૨. નાકથી બોલાયેલો અનુનાસિક સ્વર ૩. નાકમાંથી નીકળેલો સ્વરાનુગત ગાયનના છ દોષોમાંનો એક દોષ ૪. વિનાશની પાછળ થનાર)

પ્રાચીનકાળથી ચાલી આવતી કલાઓમાં ગીત-ગાન પણ એક છે. કલાપ્રતિપાદક શાસ્ત્રોમાં તેના લક્ષણાદિ સંબંધી અને તેનો અભ્યાસુ કેવા ગુણોવાળો તથા કેવા દોષોથી વર્જિત હોવો જોઈએ આદિ તેના દરેક પાસાઓનું વિસ્તૃત વર્ણન કરવામાં આવતું હોય છે. ગાયકના લક્ષણો બતાવતાં કહ્યું છે કે, ગાયકનો સ્વર સ્પષ્ટ ઉચ્ચારવાળો, સાંભળનારને આનંદ થાય તેવો મધુર હોવો જોઈએ. ગીતના શબ્દો જો નાકમાંથી નીકળતા હોય તો તે ગાયનને દોષયુક્ત ગણાવેલું છે.

**अणुणिज्जमाण - अनुनीयमान ( त्रि. )**

(પ્રાર્થના કરાતો)

અનેક જન્મોની કઠિન તપશ્ચર્યા પછી મળેલા આ મનુષ્યભવને જીવ બાળપણ, જવાની અને ઘડપણરૂપ ત્રણ અવસ્થાઓ વડે તે-તે સમયની ક્રિયાઓના આચરણમાં મસ્ત બનીને ખરચી નાખે છે અને અંત સમય નજીક આવે છે ત્યારે પરભવના ભાતા સ્વરૂપ ધર્મનું આસેવન નહીં કર્યાનું ધ્યાનમાં આવતાં કાળદેવતાને આજીજી કરે છે. હવે શું કરે 'જબ ચિડીયા ચુગ ગઈ ખેત'

**अणुण्णत ( य ) - अनुन्नत ( त्रि. )**

(નિરભિમાની, નમ્ર, ગર્વ વિનાનો, મદરહિત ૨. ઉન્નત નહીં તે)

'ઉન્નત' શબ્દ ગર્વિષ્ટ થવું, અહંકાર કરવો, મદથી ઉન્મત્ત થવું એવા અર્થોમાં અત્રે પ્રયોજાયેલો છે. ઉન્નતના બે પ્રકાર કહેલા છે. એક દ્રવ્યોન્નત અને બીજો ભાવોન્નત. જે છાતી કાઢીને ચાલે અને જાણે આકાશને જોતો હોય તેમ ગર્વિષ્ટ વ્યવહાર કરે તે દ્રવ્યોન્નત કહેવાય છે. જ્યારે ઉચ્ચજ્ઞાતિમાં જન્મ પામેલો હોવાનું કે વિશિષ્ટ તપાદિનું અભિમાન કરે તેને ભાવોન્નત કહેલો છે.

**अणुण्णवणा - अनुज्ञापना ( स्त्री. )**

(અનુમોદન, સંમતિ ૨. આજ્ઞા, રજા)

ગુરુની આજ્ઞા કે અનુમતિ પ્રાપ્ત કરીને જ કોઈપણ કાર્ય કરવું એવો સાધુ ભગવંતોનો આચાર છે. તેને અનુજ્ઞાપના કહેવાય છે. નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ એમ તેના કુલ છ ભેદ છે એમ પ્રવચનસારોદ્ધાર ગ્રંથમાં વિસ્તારથી નિરૂપિત છે.

**अणुण्णवणी - अनुज्ञापनी ( स्त्री. )**

(ઉપાશ્રય-વસતિ કે મકાનની રજા માગવાની ભાષા)

કોઈ વસ્તુને ગ્રહણ કરવી હોય કે કોઈપણ સ્થાને થોડા સમય માટે નિવાસ કરવાનો હોય તો તેના માલિકની અનુજ્ઞા મેળવ્યા પછી ઉપયોગ કરવાનો શ્રમણ ભગવંતોનો આચાર છે. જેનું તેઓ અપ્રમત્તપણે પાલન કરે છે. જો પાલન કરવામાં ચુકી જવાય તો તેમને અદત્તાદાનનો દોષ લાગે છે.

**अणुण्णवित्ता - अनुज्ञाप्य ( अव्य. )**

(અનુમતિ આપીને, સંમતિ આપીને)

**अणुण्णवियपाणभोयणभोइ ( ण् ) - अनुज्ञाप्यपानभोजनभोजिन् ( पुं. )**

(આચાર્ય આદિની અનુજ્ઞા લઈને આહાર-પાણી ગ્રહણ કરનાર)

સમજી રાખો કે- જેમ સાધુ માટે આહાર-પાણી ગ્રહણ કરવાની વિધિમાં પોતાના ગુરુ વડિલ કે આચાર્ય ભગવંતની અનુમતિ લેવી

જરૂરી બને છે તેમ ગૃહસ્થને પણ ઘરમાં જો મા-બાપ કે વડિલો ઉપસ્થિત હોય તો તેમને પ્રથમ જમાડીને પછી અનુજ્ઞા લઈને પોતે આહારાદિ ગ્રહણ કરે એવો ગૃહસ્થાશ્રમનો નિયમ શાસ્ત્રકારોએ વિહિત કરેલો છે.

**अणुण्णवेमाण - अनुज्ञापयत् ( त्रि. )**

(અનુજ્ઞા આપતો, સંમતિ આપતો)

સ્થાનાંગસૂત્રના છઠ્ઠા સ્થાનમાં સાધુ-સાધ્વીજી ભગવંતોની કાળધર્મ વિધિ અંગે જણાવ્યું છે કે, કાળની ગતિને પામેલા સ્વજનાદિકને અર્થાત્ કાળધર્મ પામેલા શિષ્ય, ગુરુ કે ગુરુભાઈ આદિના શરીરને પરઠવવાની અનુજ્ઞા આપતો સાધુ દોષનો ભાગી બનતો નથી.

**अणुण्णा - अनुज्ञा ( स्त्री. )**

(અધિકાર આપવો ૨. અનુમોદન દેવું, સંમતિ આપવી, આજ્ઞા)

સંમતિ આપવી, અનુમોદન કરવું, રજા આપવી વગેરે અર્થોમાં અનુજ્ઞા શબ્દનો પ્રયોગ થાય છે. પંચકલ્પ ભાષ્યમાં અનુજ્ઞાકલ્પનું વિસ્તૃત વિવેચન કરતાં તેના ૧. નામ ૨. સ્થાપના ૩. દ્રવ્ય ૪. ક્ષેત્ર ૫. કાળ અને ૬. ભાવ એમ છ ભેદ કહેલા છે. જ્યારે સ્થાનાંગસૂત્રના ત્રીજા સ્થાનમાં ગુર્વાદિની અનુજ્ઞા પ્રાપ્ત કરવા સંબંધી અર્થ કરતાં ૧. આચાર્યની ૨. ઉપાધ્યાયની અને ૩. ગણિની એમ ત્રણ પ્રકારની અનુજ્ઞા જણાવી છે.

**अणुण्णाअ - अनुज्ञात ( त्रि. )**

(જિનેશ્વરો દ્વારા અનુમતિ અપાયેલું, રજા આપેલું, આજ્ઞા આપેલું, અનુમોદન, અનુમતિ)

જિનદર્શનની આરાધનામાં ઉત્સર્ગ અને અપવાદ એમ બે માર્ગ પ્રવર્તે છે. ઉત્સર્ગમાર્ગે નિયમ છે કે, જે સ્વયં ગીતાર્થ નથી તે શ્રમણે ગીતાર્થની નિશ્રામાં જ વિહાર કરવો જોઇએ. અગીતાર્થને સ્વતંત્ર વિહારનો નિષેધ છે. પરંતુ કોઇ કાર્યવિશેષે કે પછી સાધુના ઉત્તમ જીવદળને ધ્યાનમાં રાખીને ગીતાર્થ ગુરુભગવંતે અનુમતિ આપેલી હોય તે શ્રમણ એકલા વિચરવાને અધિકારી છે. તે સિવાયનાને સર્વથા ના કહેલી છે.

**अणुण्णाकप्प - अनुज्ञाकल्प ( पुं. )**

(શ્રમણને વસ્ત્ર-પાત્રાદિ ગ્રહણ કરવા માટેનું શાસ્ત્રીય વિધાન)

પંચકલ્પ ભાષ્યાદિ ગ્રંથોમાં નિર્ગ્રંથ શ્રમણોને પહેરવાના વસ્ત્રો અને આહાર ગ્રહણ કરવાના પાત્રાદિ અંગે માર્ગદર્શન કરવામાં આવેલું છે. સાધુએ કયા સમયે, કેવી રીતે, કેટલા વસ્ત્રોનું કેવી રીતે ગ્રહણ કરવું. તેનો ઉત્સર્ગમાર્ગ અને અપવાદમાર્ગનું કથન કરેલું છે. અચેલક કલ્પના પાલક શ્રમણે નિર્દોષ, કોઈ જીવની લાગણીઓને ઠેસ ન પહોંચે અને જે અત્યંત અલ્પમૂલ્યવાન હોય તેવા જ વસ્ત્રો ગ્રહણ કરવા જોઈએ. તેવું પ્રતિપાદન કરેલું છે.

**अणुण्हसंवट्टियकक्कसंग - अनुष्णसंवर्त्तितकर्कशाङ्ग ( त्रि. )**

(ભિક્ષાપરિભ્રમણના અભાવે ગરમી લાગવાના અભાવના કારણે અકર્કશ-શીતળ છે અંગો જેના તે)

**अणुतडभेय - अनुतटभेद ( पुं. )**

(વાંસને ચીરવાથી જેમ ફાડ પડે તેમ કોઇ દ્રવ્યને ચીરવાથી ફાડ પડે તે, પદાર્થોનું એક પ્રકારનું પૃથક્કરણ)

**अणुतडियाभेय - अनुतटिकाभेद ( पुं. )**

(શેરડીને ચીરવાથી જેમ છોતરાં ઊતરે તેમ કોઇ વસ્તુને ચીરવાથી તેની છાલ ઊતરે તે જાતનો દ્રવ્ય ભેદ)

સ્કંદકાચાર્ય પર ખોટો આક્ષેપ આવ્યો અને કાચાં કાનના રાજાએ જીવતે જીવ તેમની ચામડી ઊતરાવી. આમાં દેખીતી રીતે દોષ ભલે મંત્રીનો કે રાજાનો હોય. પરંતુ ખરો દોષ તો તેઓએ પૂર્વભવમાં બાંધેલા કર્મનો હતો. પૂર્વભવમાં તેઓએ એક કોળાની છાલને વચ્ચેથી તોડ્યા વિના એક જ વારમાં ઊતારી હતી અને મૂછ પર તાવ દેતા તેઓએ પોતાના કરેલા દુષ્કૃત્યની પ્રશંસા કરી હતી. આથી તે ચીકણા કર્મબંધના પ્રતાપે બીજા ભવમાં તેમને ચામડી ઊતરાવવાનો કર્મસંયોગ ઉપસ્થિત થયો હતો.

**अणुतप्पि ( ण् ) - अनुतापिन् ( त्रि. )**

(અકલ્પનીયના પ્રતિસેવન પછી પસ્તાવો કરનાર, થયેલી ભૂલ માટે ખેદ કરનાર)

મહાવીરસ્વામીના શાસનમાં થયેલા વિદ્યાધર સત્યકી જે આવતી ચોવીસીમાં તીર્થંકર બનવાના છે તેઓ અત્યંત કામુક પુરુષ હતા.

તે અદશ્યરૂપીણી વિદ્યાના પ્રભાવે કેટલીય સ્ત્રીઓના શીલનું ખંડન કરતા હતા. પરંતુ પરમાત્માનું શાસન પામ્યા પછી તેમને પોતાના અપકૃત્યો માટે ભારોભાર ખેદ હતો. તેઓ પોતાનું માથું પછાડી પછાડીને મોટેથી પોક મૂકીને પસ્તાવો કરતા પ્રભુને વિનંતી કરતા હતા કે, હે પરમાત્મન્! મને આ દુર્ગુણથી બચાવ. બોલો છે આપણો આવો અપરાધ સ્વીકૃતિનો ભાવ ?

**अणुताव - अनुताप ( पुं. )**

(પશ્ચાત્તાપ, પસ્તાવો, ખેદ)

કોઇક કવિએ સાચું જ લખ્યું છે કે, હા પસ્તાવો વિપુલ ઝરણું સ્વર્ગથી ઉતર્યું છે, પાપી તેમાં ડુબકી દઇને પુણ્યશાળી બને છે. આ પસ્તાવારૂપી અમૃતનું ઝરણું ભલભલા પાપીનેય મહાન બનાવી દે છે. વાલિયામાંથી વાલ્મીકી, કામી તુલસીદાસમાંથી સંત તુલસીદાસ અને ચાર મહાહત્યાઓ કરનારા દઢપ્રહારીમાંથી કેવલી દઢપ્રહારી બનાવી દે છે. જરૂર છે માત્ર હૃદયપૂર્વક ભૂલો પ્રત્યે તિરસ્કારના ભાવની.

**अणुतावि ( ण् ) - अनुतापिन् ( पुं. )**

(દોષિત આહારાદિ ગ્રહણ કર્યા પછી પશ્ચાત્તાપ કરનાર)

દરરોજ ઘડો ભરીને ભાત ખાવા જોઇતા હોવાથી જેમનું નામ કુરગડુ મુનિ પડ્યું હતું. તે મહાત્મા કોઇપણ જાતનો તપ કરી શકતા નહોતા. સંવત્સરી પર્વના દિવસે તેઓ ભિક્ષામાં ભાત વહોરીને જ્યારે વાપરવા બેઠા ત્યારે ચિત્તમાં તપ નહીં કરી શકતા હોવાનો તીવ્ર પશ્ચાત્તાપ હતો. આંખમાંથી આંસુ વહે જતા હતા અને આહારને આરોગતા હતા. પોતે કોઇ વિશિષ્ટ તપ કે જ્ઞાનાદિના ધણી ન હોવા છતાં માત્ર પશ્ચાત્તાપના પ્રતાપે જ તેમને ગોચરી વાપરતા વાપરતા કૈવલ્યજ્ઞાન પ્રગટ થયું.

**अणुताविया - अनुतापिका ( स्त्री. )**

(બીજાને સંતાપ ઉપજાવનારી ભાષા, કટુવચન)

મુનિવરના અનેક ગુણોમાં એક ગુણ છે મૃદુભાષી. મૃદુ એટલે કોમળ. સાધુની વાણી હંમેશાં કોમલ હોય. તેમની ભાષા સર્વને સાંભળવી ગમે તેવી હોય. તેમનું વચન ક્યારેય પણ બીજાના દિલને ઠેશ પહોંચાડનારું કે ચિત્તમાં સંતાપ ઉત્પન્ન કરનારું ન હોય. મુનિની ભાષા ક્યારેય પણ કઠોર કે કર્કશ ન હોય અને જેની ભાષા કઠોર અને કર્કશ હોય તે સાચો શ્રમણ ન હોય.

**अणुतप्पया - अनुत्रप्यता ( स्त्री. )**

(પરિપૂર્ણ અંગોપાંગતા, જેનાથી લજ્જા ન પમાય તેવી સર્વાંગપૂર્ણ શરીર સંપત્તિ)

આઠ કર્મપ્રકૃતિઓમાં નામકર્મ પ્રકૃતિનો સ્વભાવ છે કે જીવને તેના કર્મોને અનુસાર શરીર સંપત્તિ આપે છે. જે જીવે અશુભ નામકર્મ સંચિત કર્યા હોય તેને અગ્નિશર્મા જેવા વિકૃત અને જોતા જ ભય ઉપજાવે તેવું શરીર મળે છે અને જે જીવે સુદેવ-સુગુરુ અને સુધર્મની સમ્યગ્ આરાધના દ્વારા સત્કર્મો બાંધ્યા હોય તેને સનત્ ચક્રવર્તી અને શાલિભદ્ર જેવું નિરુપમ મનોહર અને સર્વાંગે પરિપૂર્ણ એવી શારીરિક સંપત્તિ પ્રાપ્ત થાય છે.

**अणुत्त - अनुक्त ( त्रि. )**

(અકથિત, નહીં કહેલું)

પ્રેમની ભાષા સર્વત્ર એક સમાન હોય છે, પછી તે વ્યવહારિક જગત હોય કે આધ્યાત્મિક જગત. જેમ બે પ્રેમીઓ વચ્ચેનો સંબંધ અનિર્વચનીય હોય છે, તેમાં ભાષાની જરૂર પડતી નથી, તેમ ભક્ત અને ભગવાન તથા ગુરુ અને શિષ્ય વચ્ચેનો સંબંધ પણ એવો જ હોય છે. શિષ્ય અને ભક્ત તેમના આરાધ્ય દેવ અને ગુરુની વાત વગર કહ્યે સમજી જતા હોય છે. તેમણે કહેલું ન હોય તો પણ તેમની આજ્ઞાનુસારિણી પ્રવૃત્તિ જ કરતા હોય છે.

**अणुत्तर - अनुत्तर ( त्रि. )**

(સર્વોત્તમ, સર્વોત્કૃષ્ટ, અનન્ય સદશ ૨. જેના પછી બીજું કોઇ ઉત્તર-પ્રધાન નથી તે ૩. વિજયાદિ અનુત્તર વિમાન)

ઠાણાંગસૂત્રના પાંચમા સ્થાનમાં અનુત્તર એટલે સર્વોત્કૃષ્ટતાના વિષયમાં કેવલી ભગવંતોને દસ વસ્તુ અનુત્તર હોય છે તેમ કહેલું છે. તે ક્રમશઃ ૧. અનુત્તર જ્ઞાન ૨. અનુત્તર દર્શન ૩. અનુત્તર ચારિત્ર ૪. અનુત્તર તપ ૫. અનુત્તર વીર્ય ૬. અનુત્તર ક્ષમા ૭. અનુત્તર મુક્તિ ૮. અનુત્તર ઋજુતા ૯. અનુત્તર માર્દવતા અને ૧૦. અનુત્તર લાઘવતા.

**अणुत्तरगइ - अनुत्तरगति ( त्रि. )**

(સિદ્ધગતિ, સિદ્ધગતિને પ્રાપ્ત થયેલું)

સંસારમાં ચાર ગતિઓ છે. દેવ, મનુષ્ય, તિર્યંચ અને નારક. કર્મથી લેપાયેલો આત્મા અનંતાકાળથી એક ગતિમાંથી બીજી ગતિમાં, બીજી ગતિમાંથી ત્રીજી ગતિમાં એમ ચારે ગતિમાં આથડ્યા જ કરે છે. આ ગતિઓનો ક્યારેય અંત આવતો નથી. કેમ કે આ સંસારની ગતિ જ એવી છે. એકમાત્ર સિદ્ધિગતિ જ એવી છે કે જે પામ્યા પછી જીવને પછી બીજી કોઈ ગતિમાં જવાનું રહેતું જ નથી. સિદ્ધિગતિને અનુત્તરગતિ પણ કહેવામાં આવે છે.

**अणुत्तरग्गा - अनुत्तराग्र्या ( स्त्री. )**

(મોક્ષ, સિદ્ધશિલા, ઈષત્પ્રાગ્ભાર પૃથ્વી)

સિદ્ધશિલાનું એક શાસ્ત્રીય નામ ઈષત્પ્રાગ્ભાર પૃથ્વી પણ છે. સિદ્ધશિલાની પછી આગળ કંઈ છે જ નહીં. ત્યાં લોકાકાશનો છેડો આવે છે અને અલોકાકાશ શરુ થાય છે. કર્મમુક્ત આત્માની ગતિ ઊર્ધ્વગામી હોવા છતાં પણ સિદ્ધશિલા પછી આગળ જઈ શકાતું ન હોવાથી અંતે સર્વકર્મોથી મુક્ત થયેલા સિદ્ધાત્મા પણ સિદ્ધશિલામાં જ સ્થિરતા પામે છે.

**अणुत्तरण - अनुत्तरण ( न. )**

(જે હોતે છતે પાર ન પમાય તે, પારગમનનું પ્રતિબંધક-પ્રતિરોધક)

સંસારના સર્વકાર્યોથી નિવૃત્ત થઈને પાર પામવું તેનું નામ મોક્ષ. મોક્ષ ત્યાં સુધી નથી થવાનો જ્યાં સુધી સંસાર છે. સંસારથી પાર ત્યાં સુધી નથી પમાતું જ્યાં સુધી કર્મો છે અને કર્મો ત્યાં સુધી ખતમ નથી થવાના જ્યાં સુધી જીવાત્મા મન-વચન-કાયાના શુદ્ધયોગોમાં પ્રવૃત્ત નથી થવાનો. યાદ રાખજો! સીડીનું અંતિમ પગથિયું ચઢવા માટે શરૂઆત પહેલા પગથિયાથી જ કરવી પડે.

**अणुत्तरणवास - अनुत्तरणवास ( पाश ) ( पुं. )**

(સંસારાવાસ ૨. પારવશ્ય)

સંસાર એટલે પરતંત્રતા. તેમાં સ્વાધીનતાનું ક્યાંય નામોનિશાન નથી હોતું. બાળક માતા-પિતાને આધીન છે, પત્ની પતિને આધીન છે, નોકરીયાત શેઠને આધીન છે. જ્યાં પણ સાંસારિક પ્રવૃત્તિ આવી ત્યાં માત્રને માત્ર પરાધીનતા જ આવવાની. એક માત્ર ધર્મારાધનામાં જ સ્વાધીનતા છે. કેમ કે તે માત્રને માત્ર પોતાના આત્મા માટે જ કરવાનો છે અને તે પણ જાતે જ. જો ધર્મમાં સ્વાધીનતા હોય તો તેનું ફળ પણ તેવું જ મળે છે ને !

**अणुत्तरणाणदंसणधर - अनुत्तरज्ञानदर्शनधर ( त्रि. )**

(સર્વોત્તમ જ્ઞાન અને દર્શનને ધારણ કરનાર તીર્થંકરાદિ)

ચૌદે રાજલોકમાં રહેલા સમસ્ત જીવોમાં જ્ઞાન અને દર્શન બન્ને હોય છે. પરંતુ તે જ્ઞાન અને દર્શન પોતાના કર્માનુસાર ભિન્ન-ભિન્ન પ્રકારે હોય છે. અર્થાત્ જેનો જેવા કર્મનો ક્ષયોપશમ હોય તદનુસાર વધુ કે અલ્પ માત્રામાં જ્ઞાન-દર્શનનો ઉઘાડ હોય છે. જ્યારે તીર્થંકર, કેવલી અને સિદ્ધ ભગવંતોને ઘાતી કર્મોનો સંપૂર્ણ ક્ષય થયો હોવાથી મધ્યાહ્નના સૂર્યના પ્રકાશની જેમ જાજવલ્યમાન જ્ઞાન અને દર્શન હોય છે.

**अणुत्तरणाणि ( ण् ) - अनुत्तरज्ञानिन् ( त्रि. )**

(ઉત્કૃષ્ટ જ્ઞાનને ધારણ કરનારા કેવલી)

સુભાષિતમાં કહેલું છે કે, **'स्वदेशे पूज्यते राजा विद्वान् सर्वत्र पूज्यते'** અર્થાત્ રાજા તો માત્ર પોતાના દેશમાં જ પૂજાય છે જ્યારે જ્ઞાની પુરુષ સર્વત્ર પૂજાય છે. જો સામાન્ય જ્ઞાનને ધારણ કરનારા પંડિતો અને વિદ્વાનોને સમસ્ત જગત પૂજે છે તો પછી ઘાતીકર્મના ક્ષયથી ઉત્પન્ન નિર્મલ અને અનુત્તર કેવળજ્ઞાનના સ્વામી ભગવંતોને ત્રણે જગત પૂજે તેમાં કોઈ શંકા નથી.

**अणुत्तरधम्म - अनुत्तरधर्म ( पुं. )**

(ઉત્કૃષ્ટ ધર્મ, શ્રુત અને ચારિત્રરૂપ ધર્મ)

કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્યજી મહારાજે યોગશાસ્ત્ર ગ્રંથમાં લખ્યું છે કે, હે પરમાત્મન્! પરભવમાં હું રંક કે ભિખારી બનવાનું પસંદ કરીશ જો મને આપનું લોકોત્તર શાસન મળતું હશે તો. પરંતુ આપના શ્રુત અને ચારિત્રરૂપ ધર્મ વિનાની ચક્રવર્તીની કે

સમ્રાટની પદવી મળતી હશે તો પણ તે મને સ્વીકાર્ય નથી. ધન્ય છે કલિકાળ સર્વજ્ઞ પ્રભુની લોકોત્તર ભાવનાને !

**अणुत्तरपरक्कम - अनुत्तरपराक्रम ( पुं. )**

(સર્વોત્કૃષ્ટ પરાક્રમવાળા તીર્થંકર, જિનેશ્વર)

શત્રુઓ બે પ્રકારે છે. બાહ્ય અને અભ્યંતર. બાહ્ય શત્રુઓને હરાવવા, મારવા તે તો સામાન્ય પરાક્રમ છે. કેમ કે તે પોતાનાથી પર છે. જ્યારે પોતાની અંદરમાં જ રહેલા અને પોતાના જ માની લીધેલા રાગ-દ્વેષ, મોહ, કષાયાદિ શત્રુઓને હરાવવા માટે અનુત્તર પરાક્રમની જરૂર પડે છે. તીર્થંકર ભગવંતો આવા અનુત્તર પરાક્રમવાળા છે. જેઓ આ અભ્યંતર શત્રુઓને અપૂર્વ પરાક્રમથી પરાસ્ત કરે છે તેઓ જ મોક્ષનગર પર રાજ કરી શકે છે.

**अणुत्तरपुण्णसंभार - अनुत्तरपुण्यसंभार ( पुं. )**

(સર્વોત્તમ હેતુભૂત તીર્થંકરનામકર્મ લક્ષણ પુણ્યનો સમૂહ જેને છે તે, તીર્થંકર)

પંચસૂત્રમાં તીર્થંકર ભગવંતોના વિશેષણોમાં એક વિશેષણ આવે છે '**अणुत्तरपुण्णसंभारा**' અર્થાત્ અનંત પુણ્યસમૂહના સ્વામી. હા, આ જગતમાં સર્વોત્કૃષ્ટ પુણ્યના માલિક હોય તો તે છે તીર્થંકર ભગવંત. એ અનુત્તર પુણ્યના પ્રતાપે જ તો તીર્થંકર જેવી સર્વોત્તમ પદવી પ્રાપ્ત કરે છે અને તેમની સેવામાં કમસે કમ એક કરોડ દેવતાઓ તહેનાત હોય છે.

**अणुत्तरविमाण - अनुत्तरविमान ( न. )**

(જેના પછી કોઇ જ દેવવિમાન નથી તે, વિજયાદિ નામક પાંચ અનુત્તરવિમાન)

ચૌદરાજલોકમાં સહુથી ઉપર અને સિદ્ધશિલાની નીચે અનુત્તર નામક દેવલોકના પાંચ વિમાનો આવેલા છે. જેના વિજય, વૈજયંત, જયંત, અપરાજિત અને સર્વાર્થસિદ્ધ નામો છે. આ વિમાનમાં વસનારા દેવોને તીર્થંકરોના કલ્યાણકો ઉજવવાનો કોઇ પ્રકારનો વ્યવહાર હોતો નથી. કેમ કે તેઓ વ્યવહારથી પર હોય છે અને પછીના ભવમાં સિદ્ધ થતા હોઈ એકાવતારી હોય છે.

**अणुत्तरोववाइय - अनुत्तरोपपातिक ( पुं. )**

(અનુત્તરવિમાનમાં ઉત્પન્ન, અનુત્તરવિમાનવાસી દેવ, સર્વાર્થસિદ્ધાદિ પાંચવિમાનમાં ઉપપાતવાળો)

જે જીવનું સંપૂર્ણ જીવન જિનાજ્ઞાનુસારીનું હોય, જેણે ઉત્કૃષ્ટ કક્ષાની ચારિત્રની આરાધના કરી હોય અને જેનો માત્ર એક ભવ બાકી હોય તેવા એકાવતારી મહાનચારિત્રી આત્મા જ અનુત્તરવિમાનના અધિકારી બનતા હોય છે. આ દેવલોકમાં ઉત્પન્ન થનારા આત્માઓ એક કે બે ભવમાં જ પોતાના સઘળાય કર્મોનો ક્ષય કરીને મોક્ષમાં સિધાવે છે. આથી તેઓ અનુત્તરોપપાતિક કહેવાય છે. અર્થાત્ આનાથી વધારે ઉત્પત્તિ નથી જેની તે અનુત્તરોપપાતિક છે.

**अणुत्तरोववाइयदसा - अनुत्तरोपपातिकदशा ( स्त्री. )**

(તે નામક નવમો આગમગ્રંથ)

પિસ્તાલીસ આગમોમાંના નવમા આગમગ્રન્થનું નામ છે અનુત્તરોપપાતિકદશાસૂત્ર. આ આગમમાં કુલ ત્રણ વર્ગ પાડવામાં આવેલા છે. અને તેની અંદર જે જે શ્રમણો ચારિત્રજીવનની ઉત્કૃષ્ટ આરાધના કરીને અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થયા છે તેમના ચારિત્રજીવનનું વિસ્તૃત વર્ણન કરવામાં આવ્યું છે.

**अणुदत्त - अनुदात्त ( पुं. )**

(સ્વર ભેદ, નીચા સૂરથી બોલવામાં આવતો સ્વર)

શબ્દશાસ્ત્રમાં સ્વરોચ્ચારણના ત્રણ ભેદ માનવામાં આવ્યા છે. ઉદાત્ત, અનુદાત્ત અને સ્વરિત. તેમાં જે સ્વર તાલુ આદિ ભાગોના સ્પર્શપૂર્વક અત્યંત નીચા અવાજે બોલવામાં આવે તેને અનુદાત્ત સ્વર કહેવામાં આવે છે. વેદપાઠીઓ વેદની ઋચાઓનો પાઠ ઉદાત્ત, અનુદાત્ત અને સ્વરિતના યથાયોગ્ય માધ્યમથી કરતા હોય છે.

**अणुदय - अनुदय ( पुं. )**

(ઉદયનો અભાવ ૨. કર્મફળના ઉદયનો અભાવ, કર્મના વિપાકોદયનો અભાવ)

અંધકારનું સામ્રાજ્ય ત્યાં સુધી જ રહે છે જ્યાં સુધી સૂર્યના ઉદયનો અભાવ છે. જેવો સૂર્ય નીકળ્યો કે અંધકાર ગાયબ થઇ જાય છે. તેવી રીતે મિથ્યાત્વાંધકાર ત્યાં સુધી જ રહી શકે છે જ્યાં સુધી સમ્યક્ત્વરૂપી સૂર્યનો ઉદય નથી થયો. જેવા સમ્યક્ત્વસૂર્યના કિરણો

પ્રસર્યા કે મિથ્યાત્વનું અર્થાત્ અજ્ઞાનતારૂપ અંધકાર ભેદાયું જ સમજો.

**अणुदयबंधुक्किट्ठा - अनुदयबन्धोत्कृष्टा ( स्त्री. )**

(વિપાકોદયના અભાવમાં બંધથી ઉત્કૃષ્ટ સ્થિતિવાળા સત્કર્મની પ્રાપ્તિ થાય તેવી કર્મપ્રકૃતિ વિશેષ)

કર્મગ્રંથકાર લખે છે કે, શુભ ધ્યાનમાં વર્તતો જીવ પ્રતિપળ શુભ કર્મોનો અનુબંધ કરતો હોય છે. આવા શુભધ્યાનમગ્ન જીવે બાંધેલા તે કર્મનો હજી ઉદય નથી આવ્યો તેવા અનુદય કાળે તે સદ્વિચારાદિથી તેને ઉત્કૃષ્ટ સ્થિતિવાળા શુભકર્મની પ્રાપ્તિ થાય છે. આ કર્મપ્રકૃતિઓને અનુદયબંધોત્કૃષ્ટા કહેવાય છે.

**अणुदयवई - अनुदयवती ( स्त्री. )**

(ઉદયમાં નહીં આવેલી તે નામક કર્મપ્રકૃતિ વિશેષ)

જે કર્મપ્રકૃતિના દલિકોને ચરમ સમયે અન્યપ્રકૃતિમાં સ્તિબુક સંક્રમવડે સંક્રમાવીને ઉદયમાં લાવ્યા વિના તે જ અન્યપ્રકૃતિના વ્યપદેશથી ભોગવવામાં આવે તેવી ઉદયમાં નહીં આવેલી પ્રકૃતિઓને પંચસંગ્રહ ગ્રંથના ત્રીજા દ્વારમાં અનુદયવતી કહી છે.

**अणुदयसंकमुक्किट्ठा - अनुदयसंक्रमोत्कृष्टा ( स्त्री. )**

(જેના અનુદયના સંક્રમથી ઉત્કૃષ્ટ સ્થિતિનો લાભ થાય તે કર્મપ્રકૃતિ વિશેષ)

**अणुदरंभरि - अनुदरंभरि ( पुं. )**

(સ્વાર્થરહિત, એકલપેટું નહીં તે)

સ્વાર્થ અને સંસાર એ બન્ને એક બીજાના પર્યાય છે. સંસારની પ્રત્યેક પ્રવૃત્તિ સ્વાર્થથી ખદબદતી હોય છે. ત્યાં નિઃસ્વાર્થની અપેક્ષા ઠગારી છે. એક માત્ર શ્રમણો જ નિઃસ્વાર્થભાવે માત્રને માત્ર લોકહિત કાજે આ પૃથ્વી પર વિચરતા હોય છે. આથી જ તો સ્તવનમાં કહેવાયું છે. 'રૂડી નહીં છાયા રે આ સંસારની, સાચી એક માયા રે શ્રીજિનઅણગારની'.

**अणुदवि ( देशी )**

(ક્ષણરહિત, અસમય)

દરેક વ્યક્તિ ભવિષ્યના સોનેરી સોણલાઓની કલ્પના કરતો હોય છે. ગાડી, બંગલો, પૈસો, ઘરેણાં, કપડાં અધધધ એક મુખે કહી ન શકાય તેવા સપનાઓની પરિકલ્પનાઓ કરતો હોય છે. તે વિચારતો હોય છે કોક દિ' એવો આવશે જ્યારે હું પણ આ બધી ભોગ ૠદ્ધિઓ ભોગવતો હોઇશ. પરંતુ શાંતિની પળોમાં એવી કલ્પના તો કરો કે, અચાનક ભૂકંપ આવી ગયો અને મૃત્યુ આંકમાં મારો પણ નંબર આવી ગયો તો મારી પાસે એવું કોઇ ભાથું છે ખરું કે જેથી પરભવની સુંદર સવાર જોઇ શકું ? જો ન હોય તો આજથી જ એ દિશાનો પ્રયત્ન શરૂ કરી દો.

**अणुदहमाण - अनुदहत् ( त्रि. )**

(સ્વાભાવિક રીતે પછીથી બાળતું, પાછળથી બળતું)

દ્વેષ કરતાં પણ રાગને અતિઘાતક ગણવામાં આવ્યો છે. પછી તે પ્રશસ્ત હોય કે અપ્રશસ્ત. દ્વેષની પક્કડ જેટલી મજબૂત નથી હોથી તેનાથી અનેકઘણી મજબુત પક્કડ રાગની હોય છે. રાગનો સ્વભાવ છે કે તે જ્યાં વાસ કરે છે તે અંતઃકરણને દુઃખના દાવાનળથી બાળતો અધોગતિ તરફ લઇ જાય છે. જ્યાં સુધી અપ્રશસ્ત રાગનું નિવારણ નથી થયું ત્યાં સુધી પ્રશસ્ત રાગ સ્વીકાર્ય છે. પરંતુ મોક્ષ માટે તો તે પણ વર્જ્ય ગણાય છે.

**अणुदीण्ण - अनुदीर्ण ( त्रि. )**

(નજીકના ભવિષ્યકાળમાં જેની ઉદીરણા નથી થવાની અથવા લાંબા કાળે ઉદીરણા થશે તેવી કર્મપ્રકૃતિ)

જીવે બાંધેલા કર્મ ઉદયમાં આવેલા અને ઉદયમાં નહીં આવેલા એમ બે પ્રકારે હોય છે. તેવી રીતે ઉદીરણા પણ બે પ્રકારે હોય છે, ઉદીરિત અને અનુદીરિત. જે કર્મો ઉદીરણામાં છે કે પછી નજીકના ભવિષ્યમાં જ જેની ઉદીરણા થાય તેવા કર્મો ઉદીરિત કહેવાય છે અને જે કર્મો નજીકના સમયમાં ઉદયમાં આવવાના જ નથી તેવી કર્મપ્રકૃતિઓ અનુદીરિત કહેવાઈ છે.

**अणुदीसा - अनुदिक् ( स्त्री. )**

(ચાર વિદિશામાંથી કોઇ એક વિદિશા)

જ્યોતિષાદિ શાસ્ત્રોમાં કુલ દશ દિશા માનવામાં આવી છે. ઉત્તર, દક્ષિણ, પૂર્વ, પશ્ચિમ, અગ્નિ, નૈઋત્ય, વાયવ્ય, ઇશાન, ઉર્ધ્વ અને અધો. તેમાં પ્રથમ ચાર અને અંતિમ બે દિશાના નામથી ઓળખાય છે જ્યારે અગ્નિ વગેરે વિદિશાના નામથી ઓળખાય છે. વાસ્તુશાસ્ત્રના ગ્રંથોમાં જેટલું મહત્ત્વ દિશાઓનું છે એટલું જ મહત્ત્વ વિદિશાઓનું પણ બતાવવામાં આવ્યું છે.

**अणुद्दिट्ठ - अनुद्दिष्ट ( त्रि. )**

(ઉદ્દેશકૃત આહારના દોષથી રહિત ૨. જેનો ઉદ્દેશ ન કરેલો હોય તે ૩. યાવન્તિકાદિ ભેદરહિત)

ઉદ્દેશ એટલે નિમિત્ત. સાધુના ઉદ્દેશથી જે આહાર બનાવવામાં આવેલો હોય તેવો આહાર સાધુને કલ્પે નહિ. કારણ કે, તે આહાર ગ્રહણ કરે છતે તેમાં સાધુના ઉદ્દેશથી અગ્નિકાયાદિ જીવોની હિંસા અને ગૃહસ્થના રાગની અભિવૃદ્ધિ થતી હોવાથી સાધુ માટે દોષિત બને છે. આથી ભિક્ષા ગ્રહણ કરનાર સાધુએ ઉદ્દેશાદિ દોષરહિત હોય તેવો જ આહાર ગ્રહણ કરવો જોઇએ.

**अणुद्धरिकुंथु - अनुद्धरिकुन्थु ( पुं., स्त्री. )**

(તે નામના કંથવા જીવ વિશેષ)

અણુદ્ધરી નામના સૂક્ષ્મ જંતુ તે કંથવાની એક પ્રજાતિ છે. કલ્પસૂત્રમાં આ જીવોનું સ્પષ્ટ વર્ણન મળે છે. તેમાં કહેલું છે કે, જ્યારે ચરમતીર્થપતિ ભગવાન મહાવીર સર્વે અઘાતીકર્મોનો ક્ષય કરીને મોક્ષગતિને પામ્યા તે સાથે જ શાસન પર ભસ્મગ્રહની માઠી અસર શરૂ થઇ અને તેના પુરાવા રૂપે તે જ સમયે અચાનક ચારેય બાજુ નરી આંખે જોઈ ન શકાય તેવા અણુદ્ધરી નામના જીવો ઉત્પન્ન થવા લાગ્યા, જે એક અપશુકનની નિશાની હતી.

**अणुद्धुय - अनुद्धूत ( त्रि. )**

(અનુરૂપ વાદન માટે અત્યક્ત-મૃદંગાદિ, વાદકો દ્વારા નહીં ત્યજેલા તબલાદિ)

લોકમાં કહેવાય છે કે, ધરમીને ત્યાં ધાડ પડી. ખૂબ જ ધર્મિષ્ઠ વ્યક્તિના જીવનમાં કોઇ દૂષણ નહીં છતાં તેના પર દુઃખના ડુંગરો તૂટી પડે ત્યારે મનમાં આવી શંકા-કુશંકાઓ થયા કરે કે આવું કેમ બન્યું. અરે ભાઇ! તેમાં આશ્ચર્ય પામવા જેવું કાંઇ જ નથી. જે દુઃખ ધર્મીને મળે છે તે જ દુઃખ જો અધર્મીને મળે તો તે ગભરાઇને કિંકર્તવ્યમૂઢ થઇને પોતાના પ્રાણોનો ત્યાગ કરી દે છે. જ્યારે ધર્મીના હૃદયમાં ધર્મની સ્થાપના હોવાથી સર્વે દુઃખોને સમજણ સાથે સહન કરે છે અને ધર્મનો ત્યાગ પણ કરતો નથી.

**अणुधम्म - अणुधर्म ( पुं. )**

(દેશવિરતિ ધર્મ, ગૃહસ્થધર્મ)

આ સંસારમાં સર્વે જીવોનું આત્મિકબળ સમાન હોતું નથી. કોઇ સિંહના જેવી વૃત્તિવાળા જીવો આંતરશત્રુઓને હરાવવા માટે અમોઘ શસ્ત્ર સમાન શ્રમણવેષનો સ્વીકાર કરે છે. જ્યારે કેટલાક જીવોના ચિત્તમાં વિરતિધર્મ વસ્યો હોવા છતાં વિશિષ્ટ આત્મિકબળ ન હોવાથી સાધુધર્મનું પાલન કરી શકતા નથી. તેમના માટે પરમાત્માએ સાધુના મોટાવ્રતોની અપેક્ષાએ નાના એવા શ્રાવકના બારવ્રતરૂપ અણુધર્મનું પાલન બતાવ્યું છે. જે ગૃહસ્થ જીવન માટે અત્યંત હિતકારી છે.

**★अनुधर्म ( पुं. )**

(મોક્ષ પ્રતિ અનુકૂળ ધર્મ, હિતકારી ધર્મ)

પરમાત્મા મહાવીરદેવનો ઉપદેશ **'परोपदेशे पाण्डित्यं'** વાળો નહોતો. તેઓએ સ્વયં ગૃહસ્થાવાસમાં શ્રાવકધર્મનું અને પ્રવ્રજ્યા ગ્રહણ કર્યા બાદ સાધુધર્મનું એમ બન્ને પ્રકારના ધર્મનું પાલન કર્યું હતું. ત્યારબાદ તેઓએ લોકમાં સર્વને હિતકારી ધર્મનો ઉપદેશ આપ્યો હતો. જે ધર્મના આચરણથી પોતે સ્વયં કલ્યાણ સાધ્યું હોય તે જ ધર્મનું પાલન અન્ય જીવો કરે તો તેમનું પણ કલ્યાણ થાય તેમાં શંકાને કોઇ સ્થાન નથી.

**अणुधम्मचारि ( ण् ) - अनुधर्मचारिन् ( पुं. )**

(તીર્થંકર પ્રણીત ધર્મને આચરનાર)

શાંતસુધારસ કાવ્યમાં મહોપાધ્યાય વિનયવિજયજી મહારાજે પ્રમોદ ભાવનામાં લખ્યું છે કે, હે જીવાત્મા! જે શ્રમણ, શ્રમણી, શ્રાવક અને શ્રાવિકાઓ તીર્થંકર દ્વારા આચરિત અને પ્રણીત ધર્મનું પાલન કરે છે, તેમની પ્રતિદિન અનુમોદના કરો. કેમ કે આવા દુષમકાળમાં પણ લોઢાના ચણા ચાવવા જેવું કાર્ય તેઓ કરી રહ્યા છે. અર્થાત્ લોકોત્તર ધર્મનું સુંદર પાલન કરે છે.

**अणुपंथ - अनुपथ ( पुं. )**

(માર્ગની નજીક, માર્ગને અનુસરતો પથ)

જે જીવોનો હજુ સુધી વિશિષ્ટ પુણ્યનો ઉદય થયેલો ન હોવાને કારણે જિનધર્મની પ્રાપ્તિ નથી થઇ. પરંતુ સ્વાભાવિક રીતે જેનામાં શાસ્ત્રમાં કહેલા માનવતાને ઉચિત માર્ગાનુસારી ગુણો રહેલા છે, તેવા આત્માઓ માટે શાસ્ત્રમાં માર્ગાભિમુખ જીવો એવો શબ્દપ્રયોગ કરવામાં આવ્યો છે. ભલે તે જિનમાર્ગમાં નથી પરંતુ તેઓ માર્ગની સમીપમાં તો રહેલા જ છે.

**अणुपत्त - अनुप्राप्त ( त्रि. )**

(પછીથી પ્રાપ્ત થયેલું, પ્રાપ્ત, મળેલું)

બૌદ્ધધર્મના ઇતિહાસમાં પ્રસિદ્ધ બિંબિસાર રાજા અને જૈનધર્મી શ્રેણિક રાજા એ બન્ને એક જ હતા. જ્યાં સુધી પરમાત્મા મહાવીરનો સમાગમ નહોતો થયો ત્યાં સુધી રાજા શ્રેણિક બૌદ્ધધર્માનુયાયી હતા. પરંતુ અનાથી મુનિના દર્શન અને ભગવાન મહાવીરની દેશના સાંભળ્યા બાદ તેઓ કટ્ટર જૈનધર્મી થયા હતા. તેઓના જીવનમાં જૈનધર્મની પ્રાપ્તિ ઘણી પાછળથી થઇ હતી.

**अणुपयाहिणीकरेमाण - अनुप्रदक्षिणीकुर्वाण ( त्रि. )**

(અનુકૂળતા પ્રમાણે પ્રદક્ષિણા કરતો)

**अणुपरियट्टण - अनुपरिवर्त्तन ( न. )**

(પુનઃ પુનઃ ભ્રમણ કરવું, વારંવાર ભમવું)

જેવી રીતે દિવસ સાથે રાત, ચંદ્ર સાથે કલંક અને સૂર્ય સાથે ગ્રહણ જોડાયેલા છે તેવી રીતે જ્યાં સુધી સંસાર છે ત્યાં સુધી સુખ સાથે દુઃખ કાયમી જોડાયેલું જ છે. સંસારમાં સુખ અને દુઃખનું પરિભ્રમણ સતત ચાલ્યા જ કરવાનું. જેવી રીતે ઘડિયાળનો કાંટો સ્થિર નથી રહેતો તેમ શારીરિક અને માનસિક દુઃખોની પરંપરા પણ સ્થિર નથી રહેતી.

**★अनुपर्य्यटन ( न. )**

(પુનઃ પુનઃ ભમીને ત્યાં જ આવવું તે, સંસારમાં પરિભ્રમણ કરવું તે)

**'चतुर्गतिकसंसरणरूपं संसारं'** અર્થાત્ જે સતત ચાર ગતિમાં પરિભ્રમણ કરાવ્યા જ કરે તેનું નામ સંસાર. વિચારી જુઓ જેના ખુદના નામમાં જ અસ્થિરતા રહેલી છે તે બીજા જીવોને શાશ્વત સુખો કેવી રીતે આપી શકે. આ સંસાર કોઇપણ જીવને એક સ્થાને સ્થિર રહેવા દેતો જ નથી. જો કોઇ શાશ્વત સ્થિરતા અને સુખ આપી શકે એમ હોય તો તે સર્વકર્મ રહિતપણું જ છે.

**अणुपरियट्टमाण - अनुपरिवर्त्तमान ( त्रि. )**

(એકેન્દ્રિયાદિમાં ભમતો, ઘણા જન્મ જરા મરણાદિ અનુભવતો)

આચાર્ય ધર્મઘોષસૂરિજીના માનસશિષ્ય અને ધોળકા નગરીના લોકપ્રિય મહામંત્રી વસ્તુપાળે સ્વરચિત શ્લોકમાં લખ્યું છે કે જે જીવો તીર્થંકર ભગવંતોની કલ્યાણકભૂમિઓ, તીર્થસ્થાનોમાં ભ્રમણ કરે છે તેને વેદના, કષાયાદિથી પ્રચુર સંસારમાં બહુ કાળ ભવભ્રમણ કરવું પડતું નથી.

**अणुपरियट्टित्ता - अनुपरिवर्त्य ( अव्य. )**

(ભમીને, સર્વતોભ્રમણ કરીને, પ્રદક્ષિણારૂપે ફરીને)

આચારાંગસૂત્રના પ્રથમ શ્રુતસ્કંધના દ્વિતીય અધ્યયનના ત્રીજા ઉદ્દેશામાં કહેલું છે કે, જેવી રીતે ખેડુત કૂવાના કાંઠે લાગેલા રેંટમાં બળદ જોડીને પ્રદક્ષિણાકારે ફેરવી કૂવામાંથી પાણી બહાર કઢાવે છે. તેનો આ ક્રમ સતત ચાલ્યા કરે છે. આને સંસ્કૃતમાં અરઘટ્ટઘટી ન્યાય કહે છે. તેની જેમ જીવ ચારગતિરૂપ આ સંસારમાં સતત ભ્રમણ કરીને સુખ-દુઃખના જલથી ભરાય છે અને ખાલી થયા કરે છે. પ્રભુ વીર કહે છે કે, જ્યાં સુધી જીવ સંપૂર્ણ કર્મોથી નથી છૂટતો ત્યાં સુધી આ ક્રમ ચાલ્યા જ કરે છે.

**अणु ( नु ) परिहारि ( ण् ) - अ ( णु ) नुपरिहारिन् ( पुं. )**

(પરિહાર તપ કરનાર સાધુને મદદ કરનાર સાધુ, પરિહારી સાધુનો અનુચર-સાધુ)

વિશેષાવશ્યકભાષ્યાદિ ગ્રંથોમાં પાંચ પ્રકારના સર્વવિરતિ ચારિત્ર કહેવામાં આવેલા છે. તેમાં પોતાના આત્માની વિશેષ શુદ્ધિના અર્થે અને ઉત્કૃષ્ટ ચારિત્રના પાલન માટે પરિહારવિશુદ્ધિ નામક કલ્પ સ્વીકારવામાં આવે છે. આ કલ્પને ધારણ કરનાર સાધુની

સેવા કરનાર શ્રમણો અનુપરિહારી કહેવાય છે. બીજી રીતે ઉત્તરસાધક પણ કહેવામાં આવે છે. તેઓ આ તપ કરનાર સાધુની પરિચર્યા કરીને તેમના તપમાં વિશેષ પ્રકારે સહાય કરતા હોય છે.

**अणुपविसंत - अनुप्रविशत् ( त्रि. )**

(પાછળથી પ્રવેશ કરતો ૨. ચરકાદિ સંન્યાસીઓના ભિક્ષાટન પછી ભિક્ષાર્થે પ્રવેશ કરતો)

સંયમારાધનામાં ઉદ્યત સંવેગી સાધુઓ વિવિધ પ્રકારના અભિગ્રહોને ધારણ કરીને શરીરને કષ્ટ આપવા દ્વારા આત્મા પર લાગેલા કર્મોને હટાવતા હોય છે. આયંબિલાદિ વિશિષ્ટ તપ હોવા છતાં પણ કેટલાક સાધુઓ ભિક્ષાનો સમય વીતી ગયો હોય અને બધે ચૂલા બંધ થઇ ગયા હોય, ત્યારબાદ ભિક્ષા લેવા જવાના અભિગ્રહવાળા હોય છે. ધન્ય છે આવા ઘોર અભિગ્રહોને ધારણ કરનાર શ્રમણ ભગવંતોને. આવા આશ્ચર્યો જિનશાસનમાં જ જોવા મળે અન્યત્ર નહિ.

**अणुपविसित्ता - अनु ( णु ) प्रविश्य ( अव्य. )**

(અનુકૂળ રીતે પ્રવેશ કરીને, થોડુંક પ્રવેશીને)

**अणुपवेस - अनु ( णु ) प्रवेश ( पुं. )**

(અનુકૂળ અથવા અલ્પ પ્રવેશ, અંદર જવું તે, પ્રવેશ)

**अणुपस्सि ( ण् ) - अनुदर्शिन् ( पुं. )**

(પર્યાલોચક, શુભાશુભ કર્મ અને તેના પરિણામને જોવાવાળો, વિવેચક, દીર્ઘદ્રષ્ટા)

જ્ઞાનસારગ્રંથમાં કહેલું છે કે, જે જીવો મૂઢદષ્ટિવાળા હોય છે તેઓ કર્મપરિણામના ભોગવટા સમયે આકુળ-વ્યાકુળ થઇ જતા હોય છે. પરંતુ જેઓ શુભાશુભ કર્મને અને તેના પરિણામોને જોનારા છે જાણનારા છે તેવા સમ્યગ્દષ્ટિ આત્માઓ કર્મ ભોગવવાના સમયે પોતાના આત્માને દૃષ્ટાભાવે રાખીને ઉપશમરસમાં ન્હાતા હોય છે.

**अणुपस्सिय - अनुदृश्य ( अव्य. )**

(પર્યાલોચના કરીને, વિચારીને)

એકવાર આગનો સ્પર્શ કરીને તેનો અનુભવ મેળવ્યા પછી પુનઃ અગ્નિને સ્પર્શવાનો સમય આવે ત્યારે અનુભવી વ્યક્તિ પૂર્વના પ્રસંગની પર્યાલોચના કરીને તે જ કાર્યમાં ફરી પ્રવૃત્ત થવું કે નહીં તે નક્કી કરે છે. તેમ સ્થિતપ્રજ્ઞ પુરુષ પાપોદયે ભોગવેલા અશુભ પરિણામોની વિવેચના કરીને પુનઃ પાપપ્રવૃત્તિમાં પ્રવર્તવું કે નહીં તેનો નિર્ણય કરતા હોય છે. અર્થાત્ પ્રવર્તન કરતા નથી.

**अणुपाण - अनुप्राण ( त्रि. )**

(સૂક્ષ્મજંતુઓથી યુક્ત)

વર્ષાકાળમાં સાધુઓને વિહારનો નિષેધ કરવામાં આવ્યો છે. તેનું કારણ એ છે કે, સર્વથા પ્રાણાતિપાતવિરમણવ્રતના ધારક શ્રમણોને હિંસા કરવી કલ્પતી નથી. જ્યારે વરસાદના સમયમાં ચારેય બાજુ સૂક્ષ્મ અને બાદર જીવોની ઉત્પત્તિ વધી જતી હોય છે. તમામ રસ્તાઓ સૂક્ષ્મજંતુઓથી યુક્ત હોય છે. આથી જીવદયાપાલક મુનિને વિહાર માટે માર્ગ દુર્ગમ બની જાય છે.

**अणुपा ( वा ) यकिरिया - अनुपातक्रिया ( स्त्री. )**

(પ્રમત્તસંયમી જીવોની વિનાશાત્મક ક્રિયાનો એક ભેદ)

સંસારના વાઘા ઉતારીને સર્વવિરતિધર બન્યા બાદ છઠ્ઠા ગુણસ્થાનકે બિરાજમાન મુનિવરની એક નવી જીવનયાત્રા શરૂ થાય છે. તેમાં ક્ષણે ક્ષણે કર્મોનો સામનો કરવો પડતો હોય છે. દેશની સરહદ પર જેવી રીતે સૈનિક સતત સતર્ક રહે છે તેમ તેઓને કર્મના મારાથી બચવા માટે આત્માને સતત જાગ્રત રાખવો પડે છે. જે સાધુ પ્રમાદી બનીને કર્મપરવશપણે સંયમજીવનને ઘાત કરનારી ક્રિયા આચરે છે તે બીજાનો દ્રોહ તો પછી કરે છે સર્વપ્રથમ તે આત્મદ્રોહ કરે છે.

**अणुपा ( वा ) यण् - अनुपातन ( न. )**

(ઉતારવું તે ૨. ગ્રંથની પ્રસ્તાવના ૩. ભાષાંતર)

એક બાઇ પોતાના બાળકને લઇને ગાંધીજી પાસે આવી અને કહેવા લાગી. બાપુ! આ છોકરો ગોળ બહુ ખાય છે તેને ગોળ ન ખાવાનો નિયમ આપી દો. બાપુએ કહ્યું બહેન ત્રણ દિવસ પછી આવજો. ત્રણ દિવસ બાદ જ્યારે બાઇ પોતાના બાળકને લઇ પાછી

આવી ત્યારે ગાંધીજીએ તે બાળકને ગોળનો નિયમ આપ્યો. તેમની સેવા કરનાર ભાઇએ પૂછ્યું બાપુ આવું કેમ કર્યું ત્યારે તેમણે કહ્યું જે નિયમ હું મારામાં ઉતારી ના શકું તે બીજાને આપવાનો મને હક્ક નથી. જ્યારે હું જ ગોળ ખાતો હોઉં તો પછી બાળકને નિયમ કેવી રીતે આપી શકું. સમજી લો માત્ર ઉપદેશથી વાત નથી બનતી.

**अणुपालंत - अनुपालयत् ( त्रि. )**

(નિરંતર અનુભવ કરતું ૨. અનુપાલન કરતું ૩. નિરંતર પ્રતીક્ષા કરતું)

વૈદ્યકના ગ્રંથોમાં ઔષધ માટે કહેવાયું છે કે, **'मर्दनं गुणवर्धनं'** અર્થાત્ ઔષધને જેટલું વધારે ઘૂંટો તેટલો વધારે ગુણ કરે છે. તેવી જ રીતે જે શ્રમણ કે શ્રાવક જેટલું વધારે નિરંતર આચારોનું પાલન કરે છે, તેમના કર્મોનો હ્રાસ એટલો વધુ થાય છે અને દેવલોક કે મોક્ષરૂપ ઊર્ધ્વગતિ તરફ તેટલું વધુ પ્રયાણ થાય છે.

**अणुपा ( वा ) लण् - अनुपालन ( न. )**

(શિષ્ય અને ગણનું રક્ષણ કરવું તે ૨. સંકટની પરિસ્થિતિમાં પણ લીધેલા વ્રતનો અત્યાગ)

યાદ આવે છે ઓલો ચંડકૌશિક. જે એક તિર્યંચ હોવા છતાં પણ પોતાના મનોબળને ટકાવી રાખ્યું. પરમાત્મા મહાવીરથી બોધ પામીને તેણે અનશન સ્વીકાર્યું. આહાર-પાણીનો ત્યાગ કરીને પોતાના શરીરને એકદમ સ્થિર કરી દીધું. લોકો તેને નાગદેવતા સમજીને ઘી ચઢાવવા લાગ્યા. ઘીની સુગંધથી કીડીઓ અને ઘીમેલ ત્યાં આવી અને તેના શરીરને ચટકા ભરી ભરીને ચારણીની જેમ ચાળી નાખ્યું છતાં પણ તે મહાત્માએ પોતાના અનશનવ્રતનો ત્યાગ ના કર્યો. ધન્ય ચંડકૌશિકના આરાધકભાવને!

**अणुपा ( वा ) लणाकप्प - अनुपालनाकल्प ( पुं. )**

(આચાર્યના અભાવમાં ગણરક્ષણ માટે કરવામાં આવતી વિધિ વિશેષ)

જો શિષ્યો અને સમુદાયના અધિપતિ એવા આચાર્ય ભગવંત અચાનક કાળધર્મ પામ્યા હોય, મોહવશ શિથિલાચારી થયા હોય કે પછી રોગવશાત્ પ્રક્ષિપ્તચિત્ત અર્થાત્ ભ્રમિતચિત્તવાળા થયા હોય. તો તેમના અભાવમાં શાસનની હીલના અને જિનધર્મ દ્વેષીઓથી શાસનની રક્ષા કાજે આચાર્યના સ્થાને ગુણી, જ્ઞાની અને ઉત્તમ ચારિત્રી આત્માને સ્થાપન કરવાનું શાસ્ત્રીય વિધાન છે. તેને અનુપાલનાકલ્પ કહેવામાં આવે છે. પંચકલ્પભાષ્યમાં આની વિસ્તૃત ચર્ચા કરવામાં આવેલી છે.

**अणुपा ( वा ) लणासुद्ध - अनुपालनाशुद्ध ( न. )**

(પચ્ચક્ખાણનો એક ભેદ)

સંજોગવશાત્ જેમાં ભિક્ષા જ દુર્લભ હોય તેવી પરિસ્થિતિમાં સાધુ અટવાયા હોય, જેમ કે કોઇ જંગલમાં, અનાવૃષ્ટિના કારણે દુર્ભિક્ષ-દુકાળ હોય, સમસ્ત દેશમાં મહામારી કે મરકી ફેલાયેલી હોય તો આવા સમયે પણ જે દઢવ્રતધારી છે, જેઓ પોતાના નિયમને વળગી રહે છે તેવા મહામુનિવરોનું વ્રત-પચ્ચક્ખાણ અનુપાલનાશુદ્ધ કહેવાય છે.

**अणुपालित्ता - अनुपाल्य ( अव्य. )**

(યથા પૂર્વમાં પાળ્યું તેમ પછી પણ પાલન કરીને, નિરંતર પાલન કરીને)

ચારિત્રધર્મ અંગીકાર કરીને શ્રમણજીવનનું પાલન કરવું તે વિહિતમાર્ગ છે. શાસ્ત્રોમાં કહેલું છે કે, ઉત્તમકોટીના આ ચારિત્રધર્મનું નિરંતર પાલન કરીને પૂર્વે અનંતા આત્માઓ મોક્ષે ગયા છે. વર્તમાનમાં મહાવિદેહક્ષેત્ર થકી જાય છે અને ભવિષ્યમાં પણ સાધુધર્મનું પાલન કરીને અનંતા આત્માઓ મોક્ષે જશે. તેમાં કોઇ સંદેહ નથી.

**अणुपालिय - अनुपालित ( त्रि. )**

(આત્મસંયમની અનુકૂળતાથી પાળેલું ૨. પ્રતિપાલિત, રક્ષિત)

આચારાંગસૂત્રાદિ આગમોમાં કહ્યું છે કે, ચારિત્રજીવનના પાલન માટે જે વ્રતો અને મહાવ્રતો છે તેનું નિરતિચાર પાલન કરવું. અન્યથા, સંયમવિરાધનાનો દોષ લાગે છે. પરંતુ કોઇ વખતે એવી પરિસ્થિતિ આવી જાય કે ઉત્સર્ગમાર્ગે ચાલવા જતાં ચારિત્રનો જ ઘાત થતો હોય તો તેનું રક્ષણ કરવા માટે અપવાદમાર્ગનું સેવન કરીને ચારિત્રનું પાલન કરવું તે જ વધુ હિતાવહ છે.

**अणुपासमाण - अनुपश्यत् ( त्रि. )**

(પુનઃ પર્યાલોચન કરતો, વારંવાર જોતો)

દશવૈકાલિકની ચૂર્ણિમાં કહેલું છે કે સંયમી આત્મા સંયમનું પાલન કરતા કરતા પ્રત્યેક ક્ષણે વિચારે કે, મારાથી જે દોષો થાય છે તેને શું કોઇ જુએ છે કે નહિ, બીજું કોઇ ના જોતું હોય તો મારો આત્મા તો જુએ જ છે ને. આ પ્રમાણે જે વારંવાર પોતાના આત્માને દોષ સેવન કરતા પૂર્વે ટોકે છે. અટકાવે છે. તે સંયમી ભવ્યાત્મા ભવિષ્યકાળમાં આવનારા દોષોથી બચી જાય છે.

**अणुपिट्ठ - अनुपृष्ठ ( न. )**

(અનુક્રમ, પરિપાટી, આનુપૂર્વી)

ત્રિષષ્ઠિશલાકાપુરુષ ચરિત્રમાં હેમચંદ્રાચાર્યજી મહારાજે લખ્યું છે કે, વ્યવહારમાર્ગ અને ધર્મમાર્ગ પ્રવર્તાવનાર યુગાદિદેવ આદિનાથના ઇક્ષ્વાકુ કુળની પરિપાટી અનુસાર તેમની પછી આવેલા અસંખ્ય રાજાઓમાંથી ચક્રવર્તી ભરતની જેમ કેટલાક મોક્ષે ગયા અને કેટલાક રાજાઓ દેવલોકમાં ગયા. જેના આદ્યસ્થાપક સર્વોત્કૃષ્ટ હોય તેમની કુળપરંપરા પણ ઉત્તમકોટિની જ હોય ને ?

**अणुपुव्व - अनुपूर्व ( न. )**

(ક્રમ, પરિપાટી, અનુક્રમ)

આપણી પાસે સિનેજગતના હીરો-હીરોઇનોના નામો, તેમની પેઢી-દરપેઢીના નામોય છે. અંગ્રેજોના બસો વર્ષોનો ઇતિહાસ પણ મોઢે છે. કયા સમયમાં કયા વાઇસરોય આવ્યા અને તેમણે કયા કામો કર્યા તે પણ ખબર છે. પરંતુ જેમના શાસનમાં જીવી રહ્યા છે તે ભગવાન મહાવીરસ્વામીની પાટે કયા કયા ક્રમે કયા કયા મહાપુરુષો આવ્યા, અને તેમણે લોકહિત માટે કેવા કેવા ભગીરથ કાર્યો કર્યા છે તેનું જ્ઞાન નથી. ગાંધીજીના શબ્દો યાદ આવે છે કે, જેને પોતાની ગલીના રસ્તાની ખબર નથી અને દેશના નકશાઓની ચર્ચા કરે છે.

**★आनुपूर्व्य ( न. )**

(મૂળક્રમ, આદ્યપરિપાટી)

સ્થાનાંગસૂત્રમાં લખેલું છે કે, જેનું કુળ પરાપૂર્વથી ઉજ્જવળ છે. જેના પૂર્વજોનું જીવન અને શીલ બન્ને પવિત્ર છે તેવા ઉત્તમકુળમાં સ્વજાતિ અને સમયની અનુકૂળ સ્થિતિમાં ઉત્પન્ન થયેલ સંતાનમાં રૂપ, ગુણ અને બળ આદિ ઉત્તમ હોય છે.

**अणुपुव्वसो - अनुपूर्वशस् ( अव्य. )**

(અનુક્રમે, અનુક્રમ પ્રમાણે)

**अणुप्पइय - अनूत्पतित ( त्रि. )**

(ઊડી ગયેલું, ઊડેલું, ઊર્ધ્વગતિ કરેલું)

જે પક્ષી પાંજરામાં જ પુરાઇને મળતા પરાધીન સુખો પર જીવતું હોય તેને ગગનમાં વિહરનારા પક્ષીની સ્વતંત્રતાનું મૂલ્ય ખબર ન પડે. તેવી રીતે કર્મોનાં બંધનમાં રહીને સંસારના તુચ્છ સુખોની આદત પડી ગયેલા કર્માધીન જીવને કર્મોની જાળમાંથી છૂટીને સિદ્ધશિલામાં આત્મસ્વતંત્રતાનું શાશ્વત સુખ ભોગવનારા સિદ્ધોના સુખનું મૂલ્ય કેવી રીતે સમજાય ?

**अणुप्पगंथ - अनु ( णु ) प्रग्रन्थ ( पुं. )**

(નિર્ગ્રંથ, સાધુ, મુનિ)

કોઇ દુઃખદ પરિસ્થિતિ કે અન્ય કોઇ કારણોસર નહિ, અપિતુ સ્વેચ્છાએ અને સમજણપૂર્વક વિરતિધર્મને વર્યા છે તેવા શ્રમણોના બાહ્યવસ્ત્રોમાં કે મનમાં કોઇ પણ પ્રકારની સ્થૂલ કે સૂક્ષ્મ ગાંઠ હોતી નથી. કેમ કે તેઓ સર્વ પ્રકારના પરિગ્રહના ત્યાગી હોય છે. ગ્રંથિ તેને રાખવી પડે છે જેને પરિગ્રહ રાખવાનો હોય, જ્યારે આ તો નિર્ગ્રંથ છે.

**अणुप्पण्ण - अनुत्पन्न ( त्रि. )**

(વર્તમાન સમયમાં અવિદ્યમાન, અપ્રાપ્ત, ઉત્પન્ન ન થયેલું)

મહોપાધ્યાય યશોવિજયજી મહારાજે જ્ઞાનસાર ગ્રંથમાં કહ્યું છે કે, ચિત્તમાં ઉત્પન્ન થનારા કષાયોનો હ્રાસ વરસાદના અભાવમાં થયેલા મંડૂકચૂર્ણ જેવો ન કરતા અગ્નિમાં બાળી નાખેલા ચૂર્ણ જેવો કરજો. અન્યથા જેમ વરસાદના અભાવમાં ભલે દેડકા દેખાતા ન હોય પરંતુ જેવો પાણીનો સંયોગ મળશે કે તરત જ તેઓ ઉત્પન્ન થશે. તેવી રીતે વર્તમાન સમયમાં ભલે કષાયોનું અસ્તિત્વ અવિદ્યમાન હોય, પરંતુ જેવા ઉપસર્ગાદિનો સંયોગ થશે કે તરત જ તે બહાર આવી જશે. આથી આપત્તિની પૂર્વે ચેતે તે જ પંડિત છે.

**अणुप्पदाउं - अनुप्रदातुम् ( अव्य. )**

(વારંવાર આપવા માટે, દાન કરવા માટે)

આજના કાળમાં દાનની વ્યાખ્યા જ ફરી ગઇ છે. પૂર્વના કાળમાં દાન સહયોગ અને લાગણીપૂર્વકનું કરવામાં આવતું હતું. જ્યારે આજે દાન પોતાની નામના, કીર્તિ અને વાહ વાહ માટે જ થાય છે. જ્યાં પોતાનું નામ આવતું હોય ત્યાં દાન કરવા માટે લોકો તત્પર રહેતા હોય છે. પરંતુ જ્યાં પોતાનું નામ નથી આવવાનું ત્યાં 'અમારું કામ નહીં એમ' વિચારીને ખસી જતા હોય છે.

**अणुप्पदा ( या ) ण - अनुप्रदान ( न. )**

(પુનઃ પુનઃ દાન કરવું તે, દાન આપવું તે)

શાસ્ત્રમાં કહેવાયું છે કે દાન એ ઉત્તમ ધર્મ છે. પરંતુ કરવામાં આવતા દાનમાં દાતાએ પાત્ર અને અપાત્રનો વિવેક કરવો જરૂરી છે, અન્યથા તે દાન અપયશ કરનારું બને છે. જેમ ભરત ચક્રવર્તીએ આદ્યતીર્થપતિ ઋષભદેવને સાધુના વિચરણ માટે છ ખંડોનું દાન કરીને ઉત્કૃષ્ટ પુણ્યનો બંધ કર્યો હતો અને નવમા ચક્રવર્તી મહાપદ્મે સાધુદ્વેષી નમુચિ મંત્રીને પોતાના પદનું દાન કરીને મોટી ભૂલ કરી હતી. માટે દાન આપવામાં પણ વિવેક રાખવો જરૂરી છે.

**अणुप्पभु - अनुप्रभु ( पुं. )**

(યુવરાજ ૨. સેનાપતિ આદિ)

રાજાશાહીના સમયમાં આખા રાજ્યનો સ્વામી એક જ રાજા રહેતો હતો, અને તે રાજા તેના પછી ઉત્તરાધિકારી તરીકે યુવરાજ પદે પોતાના કોઇપણ એક ગુણવાન પુત્રને સ્થાપિત કરતો હતો. તેમ આખા ગચ્છના અધિપતિ એક જ આચાર્ય રહેતા અને તેમના પછી ગચ્છને અને સંઘને ચલાવવા માટે ગચ્છમાંથી કોઇપણ ગુણવાન્, ગીતાર્થ, અને ચારિત્રશીલ સાધુને યુવરાજપદની જેમ આચાર્યપદે અગાઉથી સ્થાપિત કરતા હતા. અર્થાત્ આખા ગચ્છમાં કુલ બે જ આચાર્ય વિદ્યમાન રહેતા હતા.

**अणुप्पवाएत्ता - अनुप्रवाचयितृ ( त्रि. )**

(પાઠક, વાચક, ઉપાધ્યાય)

પંચપરમેષ્ઠિ પદોમાં ઉપાધ્યાય તૃતીય સ્થાનના અધિપતિ છે. ઉપાધ્યાય ભગવંત સમુદાયના એક વિશિષ્ટ અંગ હોય છે. જેવી રીતે સેનાપતિ દુશ્મન સૈન્યથી બચવા માટે અને આત્મ રક્ષણ માટે રાજ્યમાં નવા સૈનિકો તૈયાર કરે છે. તેમ શાસ્ત્રોના જ્ઞાતા ઉપાધ્યાયવર્ય શાસનને વિદ્વેષીઓથી બચાવવા અને કર્મોથી ભવ્યાત્માઓની રક્ષા કરવા માટે સમુદાયમાં નૂતન શ્રમણોને શાસ્ત્રીયજ્ઞાનની તાલિમ આપતા હોય છે.

**अणुप्पवाएमाण - अनुप्रवाचयत् ( त्रि. )**

(વર્ણાનુપૂર્વીક્રમે ભણતો)

શાસ્ત્રોનું અધ્યયન ૧. વર્ણાનુપૂર્વી ક્રમે અને ૨. વર્ણાનાનુપૂર્વી ક્રમે એમ બે રીતે કરવામાં આવે છે. નૂતન દીક્ષિત કે નવા શાસ્ત્રોનો અભ્યાસ કરનારા શ્રમણો વર્ણાનુપૂર્વી ક્રમે પ્રત્યેક પંક્તિઓનો અભ્યાસ કરતા શાસ્ત્રોના જ્ઞાતા બને છે. જ્યારે શાસ્ત્રોનું અધ્યયન કરી ચૂકેલા જ્ઞાની પુરુષો ગ્રંથોના પરાવર્તનાદિ અર્થે અનાનુપૂર્વી ક્રમથી શાસ્ત્રોના વિષયોનું વચ્ચે વચ્ચેથી અધ્યયન કરતા હોય છે.

**अणुप्पवाय - अनुप्रवाद ( पुं. )**

(બારમા અંગઆગમ પૈકીનું નવમું પૂર્વ, અપર નામ વિદ્યાનુપ્રવાદ પૂર્વ)

ચૌદપૂર્વમાંનું એક પૂર્વ અનુપ્રવાદ નામે છે. જેનું અપર નામ વિદ્યાનુપ્રવાદ પણ છે. આ પૂર્વમાં અનેક વિદ્યાઓ, વિદ્યાના અતિશયો, સાધનાનુકૂળતા અને સિદ્ધિની શ્રેષ્ઠતા વર્ણવવામાં આવેલી છે. આ પૂર્વના કુલ અગિયાર કરોડ પંદર હજાર પદો છે. ઠાણાંગ, આચારાંગાદિ આગમોમાં નવમા પૂર્વ તરીકે અને પ્રવચન સારોદ્ધાર ગ્રંથમાં તેને દસમા પૂર્વ તરીકે ઉલ્લેખાયેલ છે.

**अणुप्पवेसण - अनुप्रवेशन ( न. )**

(મનમાં પ્રાપ્ત પ્રતિષ્ઠા સ્થાન ૨. પાછળથી પ્રવેશવું તે ૩. યોગ્ય પ્રવેશ)

ભિક્ષાગ્રહણ કરવા માટે નીકળેલા સાધુએ લજ્જાનો ત્યાગ કરવો જોઇએ. કેમ કે લજ્જાશીલ સાધુ શરમના કારણે જિનાજ્ઞાનુસાર ઘરોમાં પ્રવેશ ન કરતા આગળ-પાછળથી પ્રવેશ કરે છે તથા ભિક્ષા પ્રાપ્ત ન થવાના કારણે સ્વયં સીદાય છે અને સમુદાયને પણ સીદે

છે. માટે સાધુ લજ્જાનો ત્યાગ કરીને ભિક્ષા માટે ઘરોમાં યોગ્ય રીતે પ્રવેશ અને નિર્ગમન કરે છે.

**अणुप्पवेसेत्ता - अनुप्रवेश्य ( अव्य. )**

(અંદર દાખલ થઈને, પાછળથી પ્રવેશીને)

પિંડવિશુદ્ધિ ગ્રંથમાં કહેલું છે કે, ભિક્ષા માટે ગયેલા સાધુએ મુખ્ય માર્ગેથી પ્રવેશ કરવો જોઇએ. ન કે ચોરોની જેમ ઘરના પાછળના દરવાજેથી. એ રીતે પ્રવેશ કરતા લોકોના મનમાં ચોરની કે અન્ય કોઇ અપકૃત્ય કરનારની શંકા ઉત્પન્ન થાય છે તથા શાસનની અપભ્રાજનાનો સંભવ રહે છે. આથી ગોચરી અર્થે નીકળેલા શ્રમણે ઘરના મુખ્યદ્વારથી પ્રવેશ કરવો ઉચિત છે.

**अणुप्पसूय - अनुप्रसूत ( त्रि. )**

(જન્મેલું, ઉત્પન્ન થયેલું)

નવ માસ સુધી માતાના ગર્ભમાં રહીને તાજું જન્મેલું બાળક જે રીતે તાત્કાલિક બહારના પ્રકાશને સહન કરી શકતું નથી પરંતુ, ધીરે ધીરે તે પ્રકાશની તેને આદત પડતી જાય છે. તેવી રીતે અત્યાર સુધી મિથ્યાત્વના ગાઢ અંધકારમાં રહેલા જીવને જ્યારે સર્વ પ્રથમ સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ થાય છે ત્યારે તેને સ્વીકારવામાં તેને થોડીક તકલીફ થાય છે. પરંતુ જેમ જેમ મિથ્યાત્વાંધકાર દૂર થતો જાય છે તેમ તેમ તેને જ્ઞાન-દર્શન અને ચારિત્ર ગમવા માંડે છે.

**अणुप्पाइ ( ण् ) - अनुपातिन् ( पुं. )**

(યુક્ત, સંબદ્ધ, સંબંધી)

જ્ઞાન એ સાબુ છે અને ભક્તિ એ પાણી છે. શરીરની શુદ્ધિ માટે એકલો સાબુ કે એકલું પાણી પૂરતું નથી. પરંતુ જ્યારે બન્ને પરસ્પર મળે છે. જોડાય છે. ત્યારે જ તેનાથી દેહશુદ્ધિ શક્ય બને છે. તેવી જ રીતે જ્ઞાન અને દર્શન એ બન્ને જોડાય છે ત્યારે જ આત્માને લાગેલી કર્મરૂપી મળની અશુદ્ધિ દૂર થાય છે.

**अणुप्पिय - अनुप्रिय ( त्रि. )**

(અનુકૂળ, પ્રિય)

પ્રતિકૂળ વિષયોથી દૂર ભાગવું અને અનુકૂળ વિષયો તરફ ગમન કરવું એ દરેક નાના-મોટા જીવોનો સ્વભાવ છે. મનુષ્ય અને ગાય, ભેંસ, શ્વાન, હાથી આદિ પંચેન્દ્રિય તિર્યંચોને તો મન હોવાથી તે વસ્તુ સમજાય છે. પરંતુ કીડી વગેરે નાનામાં નાના જીવો કે જેને વિચારવા માટે મન, જોવા માટે આંખ કે સાંભળવા માટે કાન નથી એવા જીવોનું પણ ગોળ જેવા અનુકૂળ પદાર્થો પ્રત્યે આકર્ષણ પેદા થવા પાછળ તેમાં કારણભૂત છે અનાદિકાળથી દૃઢ થયેલા આહારસંજ્ઞાના સંસ્કાર.

**अणुप्पेहा - अनुप्रेक्षा ( स्त्री. )**

(ચિંતન, ભાવના, વિચારણા, સ્વાધ્યાય વિશેષ)

શાસ્ત્રોમાં સ્વાધ્યાયને આભ્યન્તર તપ વિશેષ ગણાવતાં કર્મનિર્જરા માટે અમોઘ સાધનભૂત કહેલો છે. સ્વાધ્યાયના પાંચ પ્રકારમાં અનુપ્રેક્ષા એ ચોથા પ્રકારનો સ્વાધ્યાય છે. અનુપ્રેક્ષા એટલે ચિંતન-મનન કરવું. ગુરુ ભગવંત પાસે શીખેલા પદાર્થોની સાંગોપાંગ વિચારણા કરવારૂપ અનુપ્રેક્ષા પ્રાપ્તજ્ઞાનને આત્મસાત્ કરવામાં સહાયક થાય છે.

**अणुप्पेहियव्व - अनुप्रेक्षितव्य ( त्रि. )**

(ચિંતન કરવા યોગ્ય, ચિંતનીય)

ચિંતા અને ચિંતન બન્ને ય સમાન કુળના શબ્દો હોવા છતાં ય બન્નેના અર્થમાં આસમાન-જમીનનો ફરક છે. ચિંતા તેના ધારકના શરીરને બાળે છે. ગમે-તેવો પુષ્ટિકારક ખોરાક લેવા છતાં ય તેનું શરીર વળતું નથી અને તકલીફ નિવારણના ઉપાયો નજર સામે હોવા છતાં તેના ધ્યાનમાં આવતા નથી. જ્યારે પરિસ્થિતિ, ઘટના, પદાર્થ કે કોઈપણ વિષયનું ચિંતન વ્યક્તિને સત્યમાર્ગ તરફ લઈ જવામાં સહાયક બને છે તથા ચિન્તાઓને ઓછી કરી શરીર સાથે આત્માની પણ પુષ્ટિ કરે છે.

**अणुफास - अनुस्पर्श ( पुं. )**

(અનુભાવ, પ્રભાવ, મહિમા)

ચોક્કસ પ્રકારના હિતકારક આચાર-વિચારની વારંવાર આવૃત્તિ કરવાથી મનુષ્યનું વ્યક્તિત્વ ઘડાય છે. દરેક જીવ જેમ સ્વતંત્ર

છે, તેમ તેનું વ્યક્તિત્વ બીજાઓ સાથે ઘણી સમાનતાઓ હોવા છતાંય સ્વતંત્ર છે અને તેનો પ્રભાવ પણ સ્વતંત્ર હોય છે. અત્યંત શુદ્ધ આત્માઓના સ્મરણમાત્રથી, પુણ્યશાળી જીવોની હાજરીમાત્રથી અન્ય જીવોના અવરોધો હટી જતા હોય છે અને તે સત્ય છે.

**अणुबंध - अनुबन्ध ( पुं. )**

(સતત, નિરંતર, અવિચ્છિન્નપણું ૨. સંબંધ ૩. કર્મોનો સંબંધ, કર્મોનો વિપાક, પરિણામ)

સારા કે ખરાબ કાર્યો પ્રત્યેનો તીવ્ર લગાવ જીવને કર્માનુબંધ કરાવે છે. જેના કારણે ભવિષ્યમાં તેને સતત એવા જ સંયોગોની પ્રાપ્તિ થાય છે. સારા કર્મો પ્રત્યેનું તીવ્ર ખેંચાણ તેને અનુકૂળ સંયોગોની પરંપરા તરફ લઈ જશે અને ખરાબ કાર્યો પ્રત્યેનું ખેંચાણ ભવિષ્યમાં નિરંતર તેવા જ ખરાબ સંયોગો ઉત્પન્ન કરશે. માટે કોઈપણ વસ્તુ તરફના તીવ્ર આકર્ષણ વખતે તેના ફળ-પરિણામને પણ વિચારી જોજો.

**अणुबंधचउक्क - अनुबन्धचतुष्क ( न. )**

(શાસ્ત્ર રચનાની પ્રારંભમાં કહેવાતા પ્રયોજનાદિ ચતુષ્ક)

કોઈપણ શાસ્ત્ર રચનાની પ્રારંભમાં કર્તા ઈષ્ટદેવને નમનપૂર્વક વિષય, પ્રયોજન, સંબંધ અને અધિકારી જણાવે છે. ગ્રંથમાં કહેવામાં આવતા વિષયનું કથન તે વિષય કહેવાય છે. ગ્રંથ રચના કરવાના કારણને પ્રયોજન કહે છે. સંબંધ એટલે આ ગ્રંથમાં જણાવેલા વિષયોને ક્યાંથી પ્રાપ્ત કરીને કહ્યા છે તે અને અધિકારી એટલે રચેલ ગ્રંથને ભણવાને કોણ યોગ્ય છે તેનું કથન. ઉપરોક્ત પ્રયોજનાદિ વસ્તુઓ સામાન્ય રીતે દરેક શાસ્ત્રગ્રંથની પ્રારંભમાં લખવામાં આવે છે.

**अणुबंधच्छेयणाइ - अनुबन्धच्छेदनादि ( पुं. )**

(સંસારસંબંધનું છેદન પ્રથમ છે તે, નિરનુબંધતા સંપાદક કર્મોને ખપાવવાનો ઉપાય)

બંધનો અર્થ જ થાય છે કે બાંધવું. વ્યવહારમાં પણ રાખેલા સંબંધો આપણને એક બીજા સાથે બાંધી રાખે છે. તો પછી સંસાર સાથેનો રાખેલો સંબંધ આપણને મોક્ષ કેવી રીતે આપી શકે ? માટે જો મુક્તિસુખ જોઈતું હોય તો સંસાર સાથેનો સંબંધ વધારનારા સ્થાનોનો વિચ્છેદ કરવાનો ઉપાય વિચારવો જોઈએ.

**अणुबंधभाव - अनुबन्धभाव ( पुं. )**

(અનુભાવ-રસરૂપે કર્મની સત્તા)

જ્યારે પણ કર્મનો બંધ થાય છે ત્યારે તે ચાર પ્રકારે થાય છે. પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, રસબંધ અને પ્રદેશબંધ. જે કર્મો ઉદયાવસ્થામાં આવે છે તેના પ્રકૃતિ આદિ ચારેય કર્મબંધને ભોગવવા પડતા હોય છે. જે કર્મો ઉદયમાં આવ્યા નથી, પરંતુ ભવિષ્યમાં આવવાના છે તે કર્મ સત્તારૂપે આત્મામાં રહે છે અને ત્યાં સુધી તે કર્મની પ્રકૃતિ, સ્થિતિ, રસ અને પ્રદેશ પણ સત્તારૂપે હયાત રહે છે.

**अणुबंधभावविहि - अनुबन्धभावविधि ( पुं. )**

(પચ્ચક્ખાણના પરિણામને નિરંતર ટકાવી રાખવાની વિધિ)

જેમ આત્માની હાજરીથી શરીર ચેતનવંતુ અને શોભાયમાન રહે છે. તેમ કોઈપણ વસ્તુ કે પદાર્થના ત્યાગના સતત સચેત પરિણામથી પચ્ચક્ખાણ ચેતનવંતુ બને છે. જ્યારે પ્રમાદ કરવામાં આવે તો પચ્ચક્ખાણનો ભંગ થતા વાર લાગતી નથી.

**अणुबंधववच्छेद - अनुबन्धव्यवच्छेद ( पुं. )**

(ભવાન્તરના આરંભક અને અન્ય કર્મબંધનો વિચ્છેદ કરનાર)

જેવી રીતે મન-વચન અને કાયાનો અશુભ વ્યાપાર ભવાન્તરીય દુષ્ટ કર્મનો સંચય કરે છે, અર્થાત્ બંધ કરે છે, તેવી રીતે તે જ મન-વચન-કાયાનો શુભ-શુદ્ધ વ્યાપાર અન્યભવોની પરંપરા વધારનારા કર્મબંધનો વિચ્છેદ પણ કરે છે. આથી કર્મોની જાળમાંથી છૂટવાને ઈચ્છતા જીવે જે પણ રીતે સંસારારંભક કર્મોનો વિચ્છેદ થઈ શકે તે રીતનો પ્રયત્ન કરવો જોઈએ.

**अणुबंधसुद्धिभाव - अनुबन्धशुद्धिभाव ( पुं. )**

(કર્મોના સતત ક્ષયોપશમથી આત્માની નિર્મળતા થાય તે)

કીડી જેવો અત્યંત નાનો જીવ પણ લક્ષ્ય તરફ નિરંતર ગમન કરવા દ્વારા ધીરે-ધીરે પણ અંતરને મક્કમપણે સતત ઘટાડતો જાય છે તેમ ધર્મની કોઈ વિશિષ્ટ સમજણ વગરનો બાલજીવ પણ જીવદયાદિ ગુણોના સતત પરિપાલન વડે કર્મોના મળથી મુક્ત થતો થતો

આત્મવિશુદ્ધિ કરવાની પ્રક્રિયામાં આગળ વધતો જાય છે.

**अणुबंधावणयण - अनुबन्धापनयन ( न. )**

(અશુભભાવથી ઉત્પન્ન થયેલા કર્મોના અનુબંધનો વિચ્છેદ કરવો તે)

કોઈની ઉપર તીવ્ર ક્રોધ કરવાથી કે સતત વૈમનસ્ય રાખવાથી બંધાતા કર્મો પ્રાયઃ અનુબંધવાળા બની જાય છે, જેનાથી ભવિષ્યમાં પણ તેની વારંવાર પુનરાવૃત્તિ થતી રહે છે. ગુણસેન-અગ્નિશર્માનું ચરિત્ર જેણે સાંભળ્યું હશે તેને સારી રીતે ખ્યાલ હશે કે ગુણસેન પ્રત્યે એક વખત કરેલા તીવ્ર કષાયોનું વમળ અગ્નિશર્માને ભવિષ્યમાં વધારેને વધારે અંદર ઉતારતું ગયું. આ અનુબંધને કાપવાનો સરળ રસ્તો છે વીતરાગપ્રણીત ધર્મનું સતત આલંબન રાખવું.

**अणुबंधिअं ( देशी )**

(હિચકી, હેડકી)

**अणुबंधि ( न् ) - अनुबन्धिन् ( त्रि. )**

(હેતુ, સાધક ૨. અનનુબંધીદોષરહિત પડિલેહણ)

પડિલેહણા સાધુની જીવનચર્યાનું એક અંગ માનવામાં આવેલું છે. શાસ્ત્રમાં જીવદયાના પાલન માટે શ્રમણને દિવસમાં બે વખત પડિલેહણા કરવાનો આચાર બતાવવામાં આવ્યો છે. પડિલેહણાની વિધિ પણ બતાવેલી છે. પ્રતિલેખિત અને અપ્રતિલેખિત એ બે વિભાગને ભેગા કરવા તે અનનુબંધી દોષ છે. સંયમના ખપી મુનિએ આવા અનનુબંધી દોષ રહિત પ્રતિલેખના કરવી જોઈએ.

**अणुबद्ध - अनुबद्ध ( त्रि. )**

(સતત અનુસરનાર ૨. ગ્રહણ કરેલું, નિરંતર એકઠું કરેલું ૩. સતત, અવ્યવચ્છિન્ન, નિરંતર ૪. પ્રતિબદ્ધ, બાંધેલું ૫. વ્યાપ્ત ૬. પૂર્વ સંચિત દ્વેષબંધનથી બંધાયેલું)

જેમ સૂર્ય અને પ્રકાશ બન્ને નિરંતર સાથે જ હોય છે. પ્રકાશ સૂર્યને સતત અવિછિન્નપણે અનુસરે છે. તેમ સારા-નરસાં કાર્યો દ્વારા જીવે બાંધેલા કર્મો સતત તેને અનુસરીને જીવાત્માને શુભાશુભ ફળપ્રાપ્તિ કરાવે છે.

**अणुबद्धखुहा - अनुबद्धक्षुध् ( स्त्री. )**

(અત્યન્ત ભૂખ, તીવ્ર ક્ષુધા)

યોનિમાં જીવ જેવો ઉત્પન્ન થાય છે તે જ સમયથી તે આહાર ગ્રહણ કરવાનું પ્રારંભ કરી દે છે. આહાર કરવો એ શરીરના સ્વાસ્થ્ય અને પોષણ માટે પણ અત્યંત આવશ્યક છે. અત્યંત ભૂખ લાગવી તે ક્ષુધાવેદનીય કર્મના પ્રાબલ્યના કારણે થતો રોગ વિશેષ છે. જેના કારણે જીવ થોડો સમય પણ ભૂખ્યો રહી શકતો નથી. જેમ તીવ્ર ઇચ્છા હોવા છતાં કૂરગડુ મુનિ ભૂખ્યા રહી શકતા ન હતા માટે સંવત્સરી મહાપર્વના દિવસે પણ તેઓને આહાર લેવો પડતો હતો.

**अणुबद्धणिरंतर - अनुबद्धनिरन्तर ( त्रि. )**

(નિરંતર, હંમેશાં, જેને અત્યન્ત નિરંતર વેદના હોય તે)

એકેન્દ્રિયથી લઈ પંચેન્દ્રિય સુધી કોઈપણ સ્થિતિમાં રહેલો સૂક્ષ્મ કે સ્થૂળકાય દરેક જીવ ખાતા, પીતા, ઉઠતાં, બેસતાં, સૂતા દરેક સમયે નવા-નવા કર્મોને બાંધે છે અને પૂર્વે બાંધેલા કર્મોના ફળને ભોગવે છે. કર્મોના બંધનની અને તેને ભોગવવાની આ પ્રક્રિયા સતત ચાલતી જ રહે છે. જો જીવના શુભ અધ્યવસાય હોય તો શુભ કર્મ અને અશુભ અધ્યવસાય હોય તો અશુભ કર્મો બંધાય છે. માટે તમારે કેવું ફળ પ્રાપ્ત કરવું તે તમારા હાથમાં છે.

**अणुबद्धतिव्ववेर - अनुबद्धतीव्रवैर ( त्रि. )**

(નિરંતરપણે તીવ્ર વૈર રાખનાર)

જ્ઞાની પુરુષો કહે છે કે કોઈપણ જીવ તરફથી તકલીફ થઈ હોય કે પરેશાન થવાથી દુર્ધ્યાન થયું હોય તો પણ તેના પ્રત્યે વેરભાવને રાખવો નહિ. કદાચિત્ જો વેરભાવ ઉત્પન્ન થઈ જાય તો જેમ બને તેમ ત્વરાથી તેનું નિવારણ કરવું. ક્ષમાપના કરવી. કેમ કે, વેર રાખવાથી વેર શમતું નથી. યાદ કરો અગ્નિશર્માને જેણે ગુણસેન પ્રત્યે સતત તીવ્ર વેર રાખીને કેવી ભયાનક ભવપરંપરા વધારી.

**अणुबद्धधम्मज्झाण - अनुबद्धधर्मध्यान ( त्रि. )**

(ધર્મધ્યાન ચિંતનની અંદરમાં સતત પ્રવૃત્તિ રાખનાર, ધર્મધ્યાનમાં સતત પ્રવૃત્ત)

ધર્મને જેણે જીવનમાં સારી રીતે ઉતાર્યો છે એવા શ્રમણ ભગવંતો પઠન, પાઠન, કાયોત્સર્ગ, ધર્મોપદેશ, ચિંતનાદિ ધર્મધ્યાનની પ્રવૃત્તિઓમાં સદૈવ રત રહે છે પરંતુ શ્રાવક-શ્રાવિકાઓ સાંસારિક પ્રવૃત્તિઓને વિષે પણ ધર્મનું સતત ચિંતન અને પાલન કરે છે. શ્રાવિકાઓ રસોઈ આદિ ગૃહકાર્ય કરતી વખતે જીવદયાના પાલન પૂર્વક અને શ્રાવકો ધંધા આદિ કાર્યોને વિષે નીતિમત્તાનું પાલન કે જરૂરિયાતમંદની સહાય કરતાં રહીને ધર્મનું પાલન કરે છે.

**अणुबद्धरोसप्पसर - अनुबद्धरोसप्रसर ( त्रि. )**

(નિરંતર ક્રોધી, સદા ક્રોધ કષાયવાળો)

ક્રોધ આત્મહિત માટે અપથ્ય વસ્તુ છે. ક્રોધ કરવાથી પોતાનું મગજ તો બગડે જ છે પરંતુ આજુબાજુના વ્યક્તિઓ પર પણ તેની ખરાબ અસર થાય છે. ડાહ્યા માણસોને જો કોઈ પ્રસંગ વિશેષને કારણે ગુસ્સો આવી જાય તો પુનઃ મનને શાંત કરી મૂળ સ્વભાવમાં આવી જાય છે. નિરંતર ક્રોધી વ્યક્તિઓને ભવિષ્યમાં સાપ આદિ ગુસ્સાવાળી હિંસક યોનિઓમાં ભટકવું પડે છે.

**अणुबद्धविग्गह - अनुबद्धविग्रह ( त्रि. )**

(સદાય કલહશીલ, હંમેશાં કલહ કરવાના સ્વભાવવાળો)

નિત્ય જે વિગ્રહશીલ છે. કલહ કરવાનો જ જેનો સ્વભાવ છે અને તે કર્યા પછી પણ અતૃપ્ત રહીને કોઈપણ પ્રકારે નવા નવા કલહ કરતો જ રહે છે એવો જીવ તીવ્ર કષાયના ઉદયના કારણે પરિસ્થિતિ ન હોય તો તેને ઊભી કરીને પણ સતત ઝગડતો રહે છે. જો કોઈ વ્યક્તિ ભૂલનો સ્વીકાર કરી મારા અપરાધને ક્ષમા કરો તેમ કહે તો પણ તેને રુચતું નથી. આવી વ્યક્તિને અનુબદ્ધવિગ્રહ કહેવાય છે.

**अणुबेलंधर - अनुवेलन्धर ( पुं. )**

(મોટા સર્પોના અનુયાયી નાગ, સ્વનામખ્યાત નાગરાજ)

ઉપવન, બગીચો. જંગલ, બગીચા કે ઉપવનને વિશે જેનો નિવાસ હોય તેને વેલંધર કહેવાય છે. વેલંધર અર્થાત્ નાગ. શાસ્ત્રમાં નાગરાજના ચાર પ્રકાર જણાવ્યા છે. ૧. કર્કોટક ૨. કર્દમક ૩. કૈલાસ ૪. અરુણપ્રભ. આ નાગરાજોના અનુક્રમે કર્કોટક, વિદ્યુત્પ્રભ, કૈલાસ અને અરુણપ્રભ નામના પર્વતોને વિષે નિવાસસ્થાન છે.

**अणुब्भड - अनुद्भट ( त्रि. )**

(અનુદ્ધત, અભિમાનરહિત)

અહંકારથી ઉદ્ધત અને અભિમાની પુરુષો હંમેશાં જીવનમાં વિઘ્ન અને વિનાશને નોંતરે છે. જેઓ અભિમાનથી રહિત છે, નમ્ર સ્વભાવના છે, તેઓ સદા-સર્વદા સુખની પ્રાપ્તિ કરે છે, તેઓ સહુના પ્રિય બને છે. જેમ તાડનું વૃક્ષ હંમેશાં ટટ્ટાર રહે છે ને, તે ક્યારેય પણ નમતું નથી જ્યારે નેતરનું વૃક્ષ સ્વભાવે નમનશીલ હોય છે. જ્યારે પૂર આવે છે ત્યારે તાડનું વૃક્ષ પૂર સાથે તણાઇ જાય છે જ્યારે નેતર પૂરના પ્રવાહને અનુરૂપ વળી જઈને પોતાની જાતની રક્ષા કરી લે છે.

**अणुब्भडपसत्थकुक्खि - अनुद्भटप्रशस्तकुक्षि ( त्रि. )**

(અપ્રગટ પ્રશસ્ત લક્ષણવાળી કુક્ષિ છે જેની તે)

**अणुब्भडवेस - अनुद्भटवेष ( पुं. )**

(ઉદ્ભટજન ઉચિત વસ્ત્રોના ત્યાગરૂપ શ્રાવકનો ત્રીજો ગુણ, નિંદનીય વસ્ત્રોનો ત્યાગી)

અર્હદ્ધર્મના ઉપાસક શ્રાવક માટે ઉદ્ભટવેષ ત્યાજ્ય ગણવામાં આવેલો છે. શ્રાવકના વિવિધ ગુણોમાંનો એક વિશિષ્ટ ગુણ છે હલકા લોકોને શોભે તેવા ઉદ્ભટવેષનો ત્યાગ. તેના માટે કહેવામાં આવ્યું છે કે, '**धिग्जनोचितनेपथ्यवर्जित इति**' અર્થાત્ જે ધિક્કારને પાત્ર અને નિર્લજ્જ પુરુષો પહેરે તેવા વસ્ત્રોનો શ્રાવક ત્યાગી હોય. અનેક દેશોમાં અનેક શ્રાવકો વસતા હોવાથી એમ પણ કહેવામાં આવ્યું છે કે, જે દેશમાં જે વેષ વિરુદ્ધ કહેવાતો હોય તેને પહેરવો ન જોઇએ.

**अणुब्भामग - अनुद्भ्रामक ( पुं. )**

(મૌલગ્રામમાં ભિક્ષાના પરિમાણના સ્વભાવવાળો)

**अणुभव - अनुभव ( पुं. )**

(સ્મૃતિભિન્ન જ્ઞાન ૨. સ્વસંવેદનાત્મક જ્ઞાન, અનુભવ ૩. કર્મફળને ભોગવવું તે)

જ્ઞાનસાર ગ્રંથમાં કહેલું છે કે, જેવી રીતે સંધ્યા દિવસ અને રાત્રિ એ બન્નેથી ભિન્ન છે તેવી રીતે અનુભવ જ્ઞાન એ કેવલજ્ઞાન અને શ્રુતજ્ઞાનથી ભિન્ન છે. આ અનુભવ કેવલજ્ઞાનરૂપી સૂર્યોદય પૂર્વેનો અરુણોદય છે. અર્થાત્ જેવી રીતે સૂર્યના ઉદય પહેલાં ધરતી પર તેની પ્રભાનું અજવાળું ફેલાય છે તેમ આત્મા પર કેવલજ્ઞાનની પૂર્વે અનુભવજ્ઞાનનો પ્રકાશ પથરાય છે.

**अणुभवण - अनुभवन ( न. )**

(કર્મના વિપાકને ભોગવવું તે ૨. અનુભવવું તે)

વસ્તુના સ્વરૂપનો યથાર્થપણે બોધ અને પરભાવોમાં અરમણતા સ્વરૂપ જે આત્મરમણતા છે તેનું એકાગ્રપણે આસ્વાદન કરવું તેનું નામ અનુભવ છે. અર્થાત્ પર પદાર્થોમાંથી વિરતિ લઇને જગતના પ્રત્યેક પદાર્થના યથાવસ્થિત સ્વરૂપનું જ્ઞાન તે અનુભવ છે. જે આત્મા આ જ્ઞાનને પ્રાપ્ત કરે છે તેને કર્મના વિપાક ભોગવવાના સમયે જરાપણ અસમાધિ થતી નથી.

**अणुभविउं - अनुभवितुम् ( अव्य. )**

(ભોગવવા માટે ૨. અનુભવવા માટે)

અનંત જ્ઞાન-દર્શન-ચારિત્રમય, નિર્મલ, નિષ્કલંક, શુદ્ધસ્વરૂપ એવો આત્મા એ પરમબ્રહ્મ છે. તે પરમબ્રહ્મ ઇન્દ્રિયોથી અગ્રાહ્ય છે. જ્ઞાનસાર અષ્ટકમાં કહેલું છે કે આવા અતીન્દ્રિય બ્રહ્મને અનુભવવા માટે દ્વન્દ્વરહિત એવું અનુભવ જ્ઞાન જ સમર્થ છે. બાકી શાસ્ત્રોની સેંકડો યુક્તિઓ અને પ્રયુક્તિઓ આ બ્રહ્મજ્ઞાન સામે પાંગળી છે.

**अणुभवित्ता - अनुभूय ( अव्य. )**

(અનુભવીને, ભોગવીને)

મુનિ શાસ્ત્રદૃષ્ટિ વડે શાબ્દિક બ્રહ્મનું જ્ઞાન મેળવીને અનુભવ જ્ઞાન દ્વારા સ્વસંવેદનાત્મક પરમબ્રહ્મના જ્ઞાનને પ્રાપ્ત કરે છે. અર્થાત્ યોગી પ્રથમ શાસ્ત્રાભ્યાસ કરીને પરમબ્રહ્મ એવા આત્માનું જ્ઞાન મેળવે છે. અને પછી અનુભવ દ્વારા આત્મસંવેદનરૂપ પરમબ્રહ્મને અનુભવીને તેના અમૃતનું રસાસ્વાદ પ્રાપ્ત કરતા હોય છે.

**अणुभाग ( व ) - अनुभाग ( व ) ( पुं. )**

(કર્મનો વિપાક, કર્મનો તીવ્રમંદાદિ રસ ૨. વર્ણગંધાદિ ગુણ ૩. મહાત્મ્ય ૪. વૈક્રિયાદિકરણની અચિન્ત્ય શક્તિ, સામર્થ્ય)

કર્મગ્રંથમાં કર્મોના રસને અનુબંધ કહેવામાં આવેલો છે. જેવી રીતે ખાવા માટે બનાવવામાં આવતી રસોઇને સ્વાદિષ્ટ બનાવવા તેમાં ખાટો, મીઠો, તીખો વગેરે રસોનો સંચાર કરવામાં આવે છે અને તેને ખાનારને તેનો અનુભવ થાય છે. તેવી રીતે શુભાશુભ પરિણામમાં વર્તતો જીવ જ્યારે કર્મોનો બંધ કરે છે ત્યારે કર્મની સ્થિતિની સાથે તેનો રસબંધ પણ થાય છે. તે રસબંધાનુસાર કર્મના ઉદયે જીવ તીવ્ર તીવ્રતર કે મંદ મંદતર ફળાનુભવરૂપ વિપાકને ભોગવતો હોય છે.

**अणुभागअप्पाबहुय - अनुभागाल्पबहुत्व ( न. )**

(અનુભાગ-રસ આશ્રયી કર્મના અલ્પ-બહુત્વની પરસ્પર તુલના કરવી તે, અનુભાગનું અલ્પબહુત્વ)

સ્થાનાંગસૂત્રના ચોથા ઠાણાના બીજા ઉદ્દેશામાં આઠ કર્મના પ્રદેશાદિનું અલ્પબહુત્વ બતાવવામાં આવેલું છે. તેમાં કહેલું છે કે આયુષ્યકર્મનો પ્રદેશબંધ સૌથી અલ્પ હોય છે. નામકર્મ અને ગોત્રકર્મનો તેનાથી વિશેષાધિક હોય છે તેવી રીતે જ્ઞાન-દર્શન અને અંતરાયકર્મનો નામ-ગોત્ર કરતાં વિશેષાધિક, મોહનીયકર્મનો જ્ઞાનાવરણીયાદિ કરતાં વિશેષાધિક અને વેદનીયકર્મનો મોહનીય કરતાં વિશેષાધિક પ્રદેશબંધ હોય છે.

**अणुभागउदीरणोवक्कम - अनुभागोदीरणोपक्रम ( पुं. )**

(ઉદયપ્રાપ્ત રસની સાથે સત્તામાં રહેલા રસને ખેંચી ભોગવવાનો આરંભ કરવો તે)

જીવે બાંધેલા કર્મના રસનો ઉદયકાળ ચાલુ હોય તે સમયે પોતાના વીર્ય-પરાક્રમથી જે કર્મોનો રસ સત્તામાં પડેલો છે તેને પણ

ઉદીરણા દ્વારા બળાત્કારે ઉદયાવસ્થામાં લાવીને ભોગવાતા રસની સાથે તે કર્મને ભોગવવાનો આરંભ કરે તેને અનુભાગોદીરણા ઉપક્રમ કહેવાય છે. ઠાણાંગસૂત્રાદિગ્રંથોમાં અનુભાગોદીરણા ઉપક્રમની પ્રક્રિયાનું વિસ્તૃત વર્ણન કરેલું છે.

**अणुभागकम्म - अनुभागकर्मन् ( न. )**

(કર્મનો રસ, કર્મનો તીવ્ર-મંદાદિ રસાત્મક એક ભેદ)

**अणुभागणामनिहत्ताउय - अनुभागनामनिधत्तायुष् ( न. )**

(આયુષ્યકર્મના બંધનો એક ભેદ)

જીવ જ્યારે નામકર્મની ગતિ આદિ ઉત્તર પ્રકૃતિના અનુભાગબંધની સાથે આયુષ્યકર્મનો ઘનિષ્ઠ સંબંધ કરે છે તેને અનુભાગનામનિધત્તાયુષ્ય કહેવામાં આવે છે. અર્થાત્ નામકર્મની ગતિઆદિ બંધાતી પ્રકૃતિઓની સાથે આયુષ્યકર્મનો પણ સાથે બંધ કરવો તે અનુભાગનામનિધત્તાયુ છે.

**अणुभाग ( व ) बंध - अनुभाग ( व ) बन्ध ( पुं. )**

(બંધાતા કર્મમાં પડતો તીવ્ર-મંદાદિ રસોનો બંધ, કર્મબંધનો એક ભેદ)

ગૃહિણી જ્યારે રસોઇ બનાવતી હોય છે ત્યારે બની રહેલી રસોઇમાં જે માત્રામાં મરી-મસાલો ઉમેરે છે તે પ્રમાણેની રસોઇ બનતી હોય છે. તે જ પ્રમાણે જીવ જ્યારે નવા કર્મનો બંધ કરતો હોય છે ત્યારે કર્મબંધ સમયે સ્વપરિણામાનુસાર તેમાં તીવ્ર કે મંદાદિ રસોનો પણ બંધ થતો હોય છે આને અનુભાગબંધ કહે છે.

**अणुभागबंधज्झवसायट्ठाण - अनुभागबन्धाध्यवसायस्थान ( न. )**

(કૃષ્ણાદિ લેશ્યાનો પરિણામવિશેષ)

કમ્મપયડી ગ્રંથમાં કહેલું છે કે કૃષ્ણ, નીલ, કાપોત વગેરે લેશ્યાઓ જીવના પરિણામ હોવાથી અને તેના દ્વારા જ તીવ્ર કે મંદ કર્મોનો બંધ થતો હોવાથી લેશ્યા પરિણામ વગેરે રસબંધના સ્થાન છે. આથી તેવી લેશ્યાઓ ચિત્તમાં ન પ્રવેશે તે પ્રકારનો પ્રયત્ન કરવો જોઇએ.

**अणुभाग ( व ) बंधट्ठाण - अनुभाग ( व ) बन्धस्थान ( न. )**

(અનુભાગબંધના સ્થાન, રસબંધના સ્થાન)

પ્રવચનસારોદ્ધાર ગ્રંથના ૧૯૨માં દ્વારમાં કહેલું છે કે, જે જે અધ્યવસાયે એક સમયના કષાય સંબંધી અધ્યવસાયથી ગ્રહણ કરેલા કર્મપુદ્ગલના રસસમુદાયનું પરિણામ થાય તે કષાયોદયરૂપ અધ્યવસાય છે તેને અનુભાગબંધસ્થાન કહેવાય છે.

**अणुभाग ( व ) संकम - अनुभाग ( व ) संक्रम ( पुं. )**

(કર્મના રસમાં સંક્રમણ થવું તે, સંક્રમનો એક ભેદ)

કમ્મપયડી ગ્રંથમાં કહેલું છે કે, જે કર્મના રસને જીવ બાંધે છે તે બાંધેલા અનુભાગનું પોતાના પરાક્રમવિશેષ વડે ઉત્કર્ષણ કરવું અપકર્ષણ કરવું કે અન્યપ્રકૃતિમાં પરિણમાવવું તેને અનુભાગ સંક્રમ કહેવામાં આવે છે.

**अणुभागसंतकम्म - अनुभागसत्कर्मन् ( न. )**

(અનુભાગ-રસસંબંધી કર્મની સત્તા, સત્તામાં રહેલું રસસંબંધી કર્મ)

જે કર્મનો રસ ઉદયમાં આવી ગયેલો હોય અને તેનો ભોગવટો ચાલુ હોય તેને ઉદિતાનુભાગ કહેવાય છે. પરંતુ જે કર્મરસનો બંધ થયો છે ખરો પરંતુ, હજી સુધી તે બાંધેલા રસસંબંધી કર્મો ઉદયમાં આવ્યા નથી. તે કર્મો હજી સત્તામાં પડેલા છે તેવા કર્મો અનુભાગસત્કર્મવાળા હોય છે.

**अणुभागुदीरणा - अनुभागोदीरणा ( स्त्री. )**

(ઉદયપ્રાપ્ત રસોની સાથે ઉદીરણા દ્વારા ઉદયમાં નહીં આવેલા રસોને વેદવું તે)

**अणुभागोदय - अनुभागोदय ( पुं. )**

(રસરૂપે થતો કર્મનો ઉદય)

**अणुभाव - अनुभाव ( पुं. )**

(કર્મપ્રકૃતિનો તીવ્ર મંદ રસરૂપે અનુભવ કરવો તે ૨. શક્તિ, સામર્થ્ય, પ્રભાવ ૩. સુખ)

આચારાંગસૂત્રમાં લખેલું છે કે, જીવ પોતાના મન-વચન-કાયાના વ્યાપાર વડે પૂર્વબદ્ધ પ્રકૃતિ-સ્થિતિ અને પ્રદેશરૂપ શુભાશુભ કર્મોને તેમાં પડેલા રસાનુસાર તીવ્રતાએ કે મંદતાએ અનુભવ કરે છે અને આ પ્રભાવ એકમાત્ર કર્મસત્તાનો જ છે.

**अणुभावकम्म - अनुभागकर्मन् ( न. )**

(વિપાક-રસરૂપે ભોગવાતું કર્મ)

**अणुभावग - अनुभावक ( त्रि. )**

(બોધક, સૂચક)

દીક્ષા લેવાને ઉદ્યમવંત બનેલા જંબૂકુમાર જ્યારે સ્નાનાગારમાંથી નાહીને બહાર આવ્યા ત્યારે તેમના માથાના વાળમાંથી પાણી નીકળતું હતું. તે પ્રસંગનું વર્ણન કરતાં અત્યંત બોધસૂચક ઉત્પ્રેક્ષા કરતા ગ્રંથકારે લખ્યું છે કે, 'શું અમારે પણ જંબૂકુમારથી અલગ થવું પડશે? જંબૂકુમારે બધાને સાથે લીધા તો પછી અમને કેમ નહીં ?' તેના વિરહમાં માથાના વાળ જાણે કે રડી રહ્યાં હતાં.

**अणुभासण - अनुभाषण ( न. )**

(અનુવાદ કરવો, કહેલી વાતને કહેવી, ગુરુના હ્રસ્વ-દીર્ઘ બોલ્યા અનુસાર બોલવું તે)

વ્યાખ્યાનાદિમાં ગુરુ ભગવંતના કથન થઇ રહ્યા પછી શિષ્યે તેમણે કહેલી વાતોની પુષ્ટિ કરનારા તેવા જ શબ્દોમાં કે અન્ય કોઇ શબ્દોમાં અનુવાદરૂપે લોક આગળ કહેવી જોઇએ. પરંતુ તેમ કરતી વખતે ગુરુનો અવર્ણવાદ ન થાય તેનું ધ્યાન રાખવું કેમ કે ગુરુનો અવર્ણવાદ કરનારા શિષ્યને ગુરુદ્રોહ કર્યાનો દોષ લાગે છે.

**अणुभासण ( णा ) सुद्ध - अनुभाषण ( णा ) शुद्ध ( न. )**

(ગુરુએ ઉચ્ચારેલા શબ્દોને ધીરેથી શુદ્ધોચ્ચારણરૂપ ભાવવિશુદ્ધિનો એક ભેદ)

આચારાંગસૂત્રની ચૂર્ણિના છઠ્ઠા અધ્યયનમાં કહેલું છે કે, ગુરુનું વચન બોલાઇ ગયા પછી ગુરુની સન્મુખ રહીને બે હાથની અંજલિ પૂર્વક અક્ષર-પદ અને વ્યંજનથી શુદ્ધ તે જ વચનને બોલવા તે અનુભાષણશુદ્ધ કથન જાણવું.

**अणुभूइ - अनुभूति ( स्त्री. )**

(અનુભવ, સંવેદન, અનુભૂતિ)

યોગસાર ગ્રંથમાં કહેલું છે કે, હે આત્મન્! તું સ્વયંના આત્માને તારા આત્મા વડે જાણ અર્થાત્ આત્માનુભૂતિ કર. વળી પોતાના આત્માની આ અનુભૂતિ સ્વયંના આત્મા સિવાય થઇ શકે તેમ નથી. કારણ કે પોતાના આત્માનું સંવેદન તે જ આત્મા વિના અન્ય બીજો કોઈ આત્મા કરી શકે તેમ નથી. આથી પ્રતિદિન થોડોક સમય આત્મધ્યાન માટે દરેકે કાઢવો જોઇએ.

**अणुमइ - अनुमति ( स्त्री. )**

(આજ્ઞા, અનુમતિ, સંમતિ, અનુમોદન)

જેનાથી અન્ય બીજાનું નુકશાન થતું હોય તેવી કોઇપણ સાવદ્ય પ્રવૃત્તિની અનુમતિ જૈનધર્મ આપતો નથી. પરમાત્માએ જીવન જીવવા માટે અત્યંત નિર્દોષ અને પરસ્પર હિતકારક પ્રવૃત્તિઓ બતાવી છે. શ્રમણ માટે પંચમહાવ્રતાદિ અને શ્રમણોપાસક ગૃહસ્થ માટે બારવ્રતોનું પાલન કહેલું છે, જેના દ્વારા સાધુ અને ગૃહસ્થ વિના કષ્ટે સંતોષપૂર્ણ જીવન વ્યતીત કરી શકે છે.

**अणुमइया - अनुमतिका ( स्त्री. )**

(ઉજ્જયિનીના રાજા દેવલસુતની પત્ની અનુરક્તલોચનાની તે નામની દાસી)

**अणुमणण - अनुमनन ( न. )**

(અનુમોદન)

જિનશાસનમાં કરણ, કરાવણ અને અનુમોદન એ ત્રણેયને સમાન માનવામાં આવ્યા છે. કાર્ય કરવામાં અને કરાવવામાં જેટલું ફળ પ્રાપ્ત થાય છે તેટલું જ તે કાર્યની અનુમોદનામાં પણ પ્રાપ્ત થાય છે. પછી તે સુકૃત હોય કે દુષ્કૃત.

**अणुमत ( य ) - अणुमत ( त्रि. )**

(નાનાને પણ અનુમતિ અપાઇ છે જેમાં તે, અવગુણ જોયા પછી પણ જેના પરથી પ્રીતિ ઓછી ન થાય તેવું ઇચ્છિત)

જૈનધર્મ એ આત્મદર્શી ધર્મ છે. તેમાં કોઇ પૈસાદાર, ગરીબ, ઊંચા ખાનદાની, ક્ષુલ્લક ગોત્રી, જ્ઞાની સાધુ કે અજ્ઞાની સાધુ એવા ભેદભાવ જોયા વિના આત્માની અનંત જ્ઞાનમય-દર્શનમય અને ચારિત્રમય ગુણદષ્ટિએ સર્વને સમાન ગણે છે. મોઢું જોઇને તિલક કરવાવાળો આ ધર્મ નથી. અહીં તો પ્રથમ કોઇ સામાન્ય વ્યક્તિ સાધુ બન્યા હોય તેના પછી કોઇ રાજા મહારાજાએ દીક્ષા લીધી હોય તો તેમને પણ પૂર્વદીક્ષિત ક્ષુલ્લકસાધુને વંદન કરવું પડે. કેમ કે, સાધુ તરીકે તેમને પ્રથમ અનુમતિ અપાઇ છે માટે.

**★अनुमत ( त्रि. )**

(ઇચ્છિત ૨. દાન માટે અનુજ્ઞા અપાયેલું ૩. અનુકૂળતા મુજબ સંમત, વૈગુણ્યદર્શન પછી પણ ઇષ્ટ હોય તે ૪. બહુમત ૫. ચાહેલ, પ્રિય ૬. પથ્ય)

પોતાને ગમતા પદાર્થની પ્રાપ્તિ માટે દરેક જીવ પ્રયત્નશીલ રહે છે. તેના માટે વિવિધ પ્રકારના દુઃખો કે કષ્ટો સહન કરવા પડે તો પણ સહન કરીને ઇષ્ટ વસ્તુને મેળવીને જ રહે છે. આપણને ઘણી વખત પ્રશ્ન થતો હોય છે કે, ઘણા ધનાઢ્ય, સુખી-સંપન્ન અને સંસારને જોવાની જેની ઉંમર છે એવા નવયુવાનો પણ સંસારનો ત્યાગ કરીને કષ્ટમય સંયમ જીવનનો સ્વીકાર શા માટે કરે છે ? તેનો જવાબ એ છે કે તેમને સાંસારિક સુખોમાં સુખાભાસની પ્રતીતિપૂર્વકની સમજણ પ્રાપ્ત થઇ છે અને સુખાનંદનું સર્વોચ્ચ શિખર એવું મોક્ષસુખ પ્રાપ્ત કરવાની ઝંખના દઢ બની ગયી છે માટે.

**अणुमहत्तर - अनुमहत्तर ( पुं. )**

(મુખ્ય-વડીલની અનુપસ્થિતિમાં તેમનું કાર્ય કરનાર)

પહેલાના જમાનામાં જયારે રાજાશાહી હતી ત્યારે કોઈપણ કાર્ય માટે ઠાકોર, રાજા કે મહારાજાની રજા પ્રાપ્ત કર્યા પછી જ તે કાર્ય કરવામાં આવતું હતું. એમ જૈનધર્મસંઘમાં પણ તે પ્રમાણે ગચ્છાધિપતિ, આચાર્ય, મહત્તર, ગણિ આદિની વ્યવસ્થા હોય છે. દરેક કાર્ય સમુદાય કે સંઘાડાના જે વડીલ હોય તેમની અનુજ્ઞા મેળવીને જ થાય છે. તેમની અનુપસ્થિતિમાં જે પૃચ્છનીય હોય, શિષ્યોમાં ધુર્ય હોય તેમને પૂછીને કાર્ય કરવામાં આવે તે અનુમહત્તર કહેવાય છે.

**अणुमाण - अणुमान ( पुं. )**

(અલ્પ માન, થોડો પણ અહંકાર)

અહંકાર એટલે ગર્વ કરવો, તેને શાસ્ત્રોમાં પતનની નિશાની કહી છે. મોટા શેઠ-શાહુકાર, રાજા, મહારાજા યાવત્ ચક્રવર્તી દ્વારા સેવા-સત્કાર થાય તો પણ અણુ જેવડો અલ્પ અહંકાર કરવાનો પણ નિષેધ છે. તો પછી મેં ઉગ્ર તપ કર્યું છે, સંયમની શ્રેષ્ઠ આરાધના કરી છે, આચારોનું ઉત્તમ પાલન કર્યું છે, હું આવો મોટો તપસ્વી છું વગેરે મોટા અહંકારની તો વાત જ ક્યાં રહી ?

**★अनुमान ( न. )**

(હેતુ-લિંગથી થતું સાધ્યનું જ્ઞાન, અનુમાન જ્ઞાન, લિંગ દ્વારા અજ્ઞાત વસ્તુનો નિર્ણય, અટકળ જ્ઞાન)

લિંગદર્શન તથા પૂર્વે જોયેલા, જાણેલા કે સાંભળેલા પદાર્થના પુનઃ સ્મરણ દ્વારા અજ્ઞાત વસ્તુનો જે નિર્ણય થાય તેને અનુમાન કહેવાય છે. અથવા જેમાં લિંગી વગર લિંગ રહી જ ન શકે તેવા નિશ્ચયાત્મક જ્ઞાનને અનુમાન કહે છે. જેમ અગ્નિની સાથે જ ધૂમ હોય તેમ પૂર્વે જોયું છે, કોઈ દ્વારા સાંભળ્યું કે જાણ્યું છે. ત્યાર પછી કોઈક વખત દૂરથી અગ્નિને જોયા વગર માત્ર ધૂમ જોઈને ત્યાં અગ્નિ હોવાનું જ્ઞાન થાય તેને અનુમાન જ્ઞાન કહેવાય છે.

**अणुमाणइत्ता - अनुमान्य ( अव्य. )**

(અનુમાન કરીને, અટકળપૂર્વક)

**अणुमाणणिराकिय - अनुमाननिराकृत ( त्रि. )**

(અનુમાનબાહ્ય, અનુમાનથી નિરાકરણ કરેલું ૨. વસ્તુદોષ વિષય વિશેષ)

જે વસ્તુ પ્રત્યક્ષ દેખાતી ન હોય, સંભળાતી ન હોય કે અનુભવાતી ન હોય તેનું અનુમાન દ્વારા જ્ઞાન થાય છે. પરંતુ જે વસ્તુ શાશ્વત હોય અથવા પ્રત્યક્ષ સામે દેખાતી હોય, સંભળાતી હોય કે અનુભવાતી હોય તેનું અનુમાન કરી શકાતું નથી. તેને અનુમાનબાહ્ય

કહેવાય છે. જેમ કે સૂર્ય પ્રકાશ આપે છે. અત્ર સૂર્ય પ્રત્યક્ષ હોઈ પ્રકાશ દ્વારા સૂર્યનું જ્ઞાન થતું ન હોવાથી તેને અનુમાનબાહ્ય કહેવાય છે.

**अणुमाणाभास – अनुमानाभास ( पुं. )**

(અયથાર્થ અનુમાન, વ્યર્થ અનુમાન)

જેનાથી સત્ય જ્ઞાનની પ્રાપ્તિ ન થાય અથવા જે સાચું અનુમાન નથી કિંતુ અનુમાનના ભાસરૂપ છે તેને અયથાર્થ અનુમાન કહે છે. જેમ ધુમ્મસમાં ધૂમાડાનો વિચાર કરીને ત્યાં અગ્નિ હોવાનું ખોટું અનુમાન કરવું તેને અનુમાનાભાસ અથવા અયથાર્થ અનુમાન કહેવાય છે.

**अणुमाय – अणुमात्र ( त्रि. )**

(થોડું, અલ્પ)

અલ્પબુદ્ધિ મનુષ્યો પણ સારી રીતે સમજી શકે, સુબોધપ્રદ થાય એ રીતે પૂર્વના મહાપુરુષોએ મનુષ્યજીવનના અનેક ગંભીર રહસ્યોને સુભાષિતમાં વણી ઉપદેશ્યા છે, રચ્યા છે. તેઓ કહે છે કે રોગ, શત્રુ, પાપ, છિદ્ર-દોષ આદિ નાના હોય ત્યારે જ તેનો યોગ્ય ઉપાય કરીને તેને નિર્મૂળ કરી દેવા જોઈએ. કેમ કે તે મોટા થયા પછી દુર્દાન્ત બની જાય છે. પછી તો અનેક દુ:ખદ પરિસ્થિતિઓને ઉત્પન્ન કરી જીવનને અસ્ત-વ્યસ્ત બનાવી દે છે.

**अणुमिइ – अनुमिति ( स्त्री. )**

(અનુમાન પ્રમાણથી થયેલું જ્ઞાન, આપેલા કારણોથી કોઈ નિર્ણય કરવો તે ર. અનુમોદન)

અનુમાન દ્વારા જે જ્ઞાન થાય તેને અનુમિતિ કહેવાય છે. ધ્યાનમાં લેવા યોગ્ય છે કે, અનુમાન અને તેના દ્વારા થતું જ્ઞાન એ બન્ને સાચા હોવા જરુરી છે, તો જ તેને અનુમિતિ કહેવાય છે. જેમ દૂર દેખાતા ધૂમથી અગ્નિનું અનુમાન થયું તે અનુમિતિ. પણ દૂરથી દેખાતા ધુમ્મસને ધૂમાડો માનીને અગ્નિનું અનુમાન કરીએ તે ખોટું અનુમાન હોવાથી તેને અનુમિતિ ન કહેવાય.

**अणुमु ( म्मु ) क्क – अनुमुक्त ( त्रि. )**

(મુક્ત નહીં તે, નહીં છોડાયેલું)

અનંત શક્તિનો ધારક, નિરાબાધ અને અનંત સુખનો સ્વામી, ભૂત, ભાવિ અને વર્તમાન એમ ત્રણેય કાળના સંપૂર્ણ ભાવોને જાણી શકે તેવા ઉત્કૃષ્ટ જ્ઞાનનો સ્વામી આપણો આત્મા હોવા છતાંય આપણે સામાન્ય શક્તિ કે સુખ માટે તલસીએ છીએ. કારણ કે મોહરાજા જેનો નાયક છે એવા જ્ઞાનાવરણીયાદિ કર્મોના આવરણે આપણા ઉપરોક્ત સાચા સ્વરૂપને ઢાંકી દીધું છે.

**अणुमोइय – अनुमोदित ( त्रि. )**

(અનુમતિ આપી ઉત્સાહી બનાવેલું, પ્રશંસિત, પ્રશંસા કરેલું, અનુમત, સંમત)

પહેલાના સમયમાં ચારણો, કવિઓ, ભાટો, વિદ્વાન્ બ્રાહ્મણો વિગેરે સારસ્વતપુત્રો રાજા, મહારાજા, મંત્રી, મોટા શેઠ વગેરેના કાર્યોની, બળની, રૂપની કે સત્તાની સ્તુતિ કરતાં પ્રશંસાપૂર્વક જણાવતા હતા કે, તમે આ યુદ્ધ જીત્યું, તમે મોટા મંદિર બંધાવ્યાં, સંઘ કાઢ્યાં, ગરીબોની સેવા કરી ઇત્યાદિ પ્રશંસા કરીને તેમની પાસેથી કૃપા-મહેરબાની કે અનુદાન પ્રાપ્ત કરતા હતા.

**अणुमोयग – अनुमोदक ( त्रि. )**

(અનુમોદન કરનાર, પ્રશંસા કરનાર)

શાસ્ત્રો જણાવે છે કે, તમારે સજ્જન બનવું હોય તો સદ્‌ગુણોની અનુમોદના કરો. જેની પાસે પણ સદ્‌ગુણ દેખાય તેની ખૂબ પ્રશંસા કરો. દુર્ગુણો પ્રત્યે રુચિ વધે તો વ્યક્તિ દુર્જન બને છે અને સદ્‌ગુણો પ્રત્યે રુચિ વધે તો સજ્જન થાય છે કારણ કે, વ્યક્તિને જેની રુચિ વધતી જાય તે પ્રકારનું તેનું વ્યક્તિત્વ બને છે. ગુણીજનોના ગુણોની પ્રશંસા કરવાથી તેના ગુણો આપણામાં આવે છે.

**अणुमोयण ( णा ) – अनुमोदन ( ना ) ( न., स्त्री. )**

(અનુમતિ, સંમતિ, અનુમોદન, અપ્રતિષેધ, પ્રશંસા, સહાય કરવી તે)

જો કોઈ જીવ ખોટું કાર્ય કરે તો તેણે કરેલા ખોટા કાર્યની નિંદા કરવાના બદલે સાચામાર્ગથી ભટકી ગયેલો હોવાથી તેના પર દયાભાવ ચિંતવવો જોઈએ. કિંતુ જો કોઈ સારું કાર્ય કરે તો તેની અવશ્ય પ્રશંસા કરવી જોઈએ. કેમ કે સારા કાર્યની પ્રશંસા કરવાથી

સત્કાર્યો કરવા માટે તે વ્યક્તિનો ઉત્સાહ વધશે અને આપણને જિનાજ્ઞાના પાલનરૂપ અનુમોદનનું ફળ મળશે.

**अणुमोयणकम्मभोयगप्पसंसा - अनुमोदनकर्मभोजकप्रशंसा ( स्त्री. )**

(દોષિત ગોચરી વાપરનારની પ્રશંસા, આધાકર્મી આહાર વાપરનારની અનુમોદના)

રાગ-દ્વેષાદિ કષાયો પ્રત્યે શ્રમણ ભગવંતો સદૈવ જાગરૂક રહે છે. ભોજન સમયે લોકોના ઘરેથી ગોચરીના દોષો ટાળી નિર્દોષ આહાર ગ્રહણ કરીને સંયમરક્ષાર્થે શરીરપાલન કરે છે. ગ્લાનાદિના વિશિષ્ટ કારણ વગર સાધુ મહારાજ પોતાના માટે કોઈ ખાસ વસ્તુ બનાવવાનું શ્રાવકને જણાવે કે, કોઈ શ્રાવક સાધુ ભગવંતને વહોરાવવા માટે જ કોઈ વસ્તુ બનાવે તો તેને આધાકર્મી કહેવાય છે. આવી ગોચરી વાપરવી તે દોષનું કારણ બને છે અને તેની પ્રશંસા કરનાર વ્યક્તિ પણ દોષનો ભાગી થાય છે.

**अणुयत्तणा - अनुवर्तना ( स्त्री. )**

(દુઃખી, ગ્લાનની સેવા કરવી તે, અનુકૂળપણે વર્તવું તે)

આજના જમાનાના પુરુષો અને સ્ત્રીઓ પોતાને આધુનિક ગણાવતાં વધુને વધુ છાકટાં બનવા લાગ્યા છે. આધુનિક શિક્ષણને પ્રતાપે પોતાને હોંશિયાર સમજતી આજની આધુનિક પેઢી મા બાપ અને વડીલો પ્રત્યે અનુકૂળપણે વર્તવાને બદલે તેમની અવગણના કરતા રહ્યા છે. પછી પોતે મા કે બાપ બને ત્યારે સંતાનો પાસે નમ્રતાની, આદરની અપેક્ષા રાખે છે. પરંતુ 'જૈસી કરની વૈસી ભરની' આ કુદરતના નિયમને તેઓ ભૂલી જાય છે.

**अणुयत्तणाइजुत्त - अनुवर्तनादियुक्त ( त्रि. )**

(ગ્લાનની સેવા કરનારો, અનુકૂળપણે વર્તનાર)

દરેક નીતિવાક્યો જે કાર્યો કરવાની પ્રેરણા કરે છે તેવા કાર્યોમાં એક છે સેવા. માંદા, વૃદ્ધ, અસક્તની સેવા કરવી. સેવાને દરેક ધર્મમાં પાયાનું સ્થાન આપવામાં આવેલું છે. મહર્ષિઓ તો કહે છે કે તીર્થયાત્રા કરવા જનાર વ્યક્તિ અને દર્દથી કણસતાં દુઃખી જીવની સેવા કરનાર વ્યક્તિ આ બન્નેમાં સેવા કરનાર વ્યક્તિ વધારે પુણ્યનો હક્કદાર થાય છે.

**अणुयत्तमाण - अनुवर्तमान ( त्रि. )**

(અનુસરતો, સ્વીકારતો, માનતો, કબૂલ કરતો)

આચારાંગસૂત્રની મલયગિરીય ટીકાના પ્રથમ ખંડમાં અનુવર્તમાનની વ્યાખ્યા કરતાં જણાવ્યું છે કે, જે ગુરુજનના કથનને સ્વીકારપૂર્વક સમર્થન કરે છે, તેઓને અભિપ્રેત કાર્યને કરે છે અને કરાવે છે તથા તેમના અભિપ્રાયને અનુસરે છે તેવા શિષ્યને આરાધક કહ્યો છે. ગુરુ ભગવંતની આજ્ઞાની વિરાધના કરીને સંયમનું પાલન કરનારને આરાધક નહીં પણ વિરાધક કહ્યાં છે.

**अणुयरिय - अनुचरित ( न. )**

(આચરિત, અનુષ્ઠિત)

પરહિતચિંતક એવા શિષ્ટપુરુષો દ્વારા આચરિત માર્ગ ક્યારેય પણ અહિતકારી હોઇ શકતો જ નથી, કેમ કે તે માર્ગે ચાલીને મેઘકુમાર, નંદિષેણ, શાલિભદ્ર, ધન્ના અણગાર આદિ કેટલાય જીવોએ આત્મકલ્યાણ સાધ્યું છે. જો ભૂતકાળમાં તે માર્ગના આચરણથી કલ્યાણ થયું હોય તો ભવિષ્યમાં પણ તે માર્ગાચરણથી કલ્યાણ જ થવાનું છે તે વાત સુતરાં સમજાય તેવી છે.

**अणुया - अनुज्ञा ( स्त्री. )**

(અનુમોદન, અનુમતિ, સંમતિ)

વ્યવહારમાં કુશળતા પ્રાપ્ત વ્યક્તિઓ લોકો પાસે બે રીતે કાર્ય કરાવતી હોય છે. ૧. તેઓને સંમત કરીને ૨. તેમની ઇચ્છા વગર ફરજ પાડીને. આ બંને પ્રકારથી કાર્ય તો થાય છે. પણ જ્યાં ઇચ્છા વિરુદ્ધ ફરજ પાડવાથી લોકો કાર્ય કરતાં હોય છે ત્યાં કાર્ય કે શેઠ પ્રત્યે પ્રેમ કે માન વગર માત્ર મજબૂરીના કારણે લોકો નિઃસાસો નાખતા કાર્ય કરે છે જ્યારે જ્યાં પ્રેમપૂર્વક સંમત કરીને કાર્ય કરાવવામાં આવે છે ત્યાં દિલથી, હોંશે હોંશે લોકો કાર્ય કરે છે અને તે કાર્ય પણ દીપી ઉઠે છે.

**अणुयास - अनुकाश ( पुं. )**

(વિશેષ વિકાસ ૨. વિકાસ-પ્રકાશનો વિસ્તાર)

એક નાનો સરખો દીવડો અત્યંત ગાઢ અંધકારને ભેદીને આસપાસના વિસ્તારને પ્રકાશિત કરી દે છે. તેમ જીવનમાં પણ જો એક

વિવેકગુણનું પ્રાગટ્ય થઈ ગયું તો ગમે તેવી વિપરીત પરિસ્થિતિઓમાં પણ માણસ ચંચળ બનીને પોતાનું અહિત તો નહીં કરે તેમજ અત્યંત સુખ સાહ્યબીમાં પણ ગાઢ આસક્ત બનીને અંદર ખૂંપી તો ન જ જાય.

**अणुरंगा - अनुरङ्गा ( स्त्री. )**

(ગાડી)

એક ગામથી બીજે ગામ જવું હોય તો જ્યાં સુધી ગાડીમાં બેઠા નથી ત્યાં સુધી આપણને ચિંતા રહે છે. ગાડીમાં બેઠા પછી ગંતવ્ય સ્થાને પહોંચવાનું નક્કી જ હોવાથી વ્યક્તિ નિશ્ચિંત થઈ જાય છે. તેમ સર્વ દુઃખો અને કર્મોના નિસ્તારરૂપ મોક્ષનગર પહોંચવા માટે માત્ર ધર્મરૂપ ગાડીમાં બેસવાની જરૂર છે. એક વાર ધર્મમાં આવી ગયા પછી તો જીવ નિશ્ચિંત થઈ જાય છે કેમ કે ધર્મરૂપ ગાડી જ તેને મોક્ષનગરની મંઝિલ પ્રાપ્ત કરાવી જ દેશે.

**अणुरंजिएल्लय - अनुरञ्जित ( त्रि. )**

(સંપ્રદાયની પરંપરાથી રંગાયેલું, સંપ્રદાયાનુરાગી)

સર્વજ્ઞપ્રણીત જિનધર્મ સંસારના રાગ-દ્વેષ લડાઈ-ઝગડાથી ઉપર ઊઠી જીવને શિવ બનાવવાની પ્રક્રિયા બતાવે છે, જેમાં મમત્વનો સંપૂર્ણ ત્યાગ કરી સર્વજીવોને મિત્ર માની તદનુરૂપ વર્તવાની વાત કરે છે. વૈરાગ્યભાવ આવતાં યોગ્યમાર્ગે તેને આત્મકલ્યાણ સાધવા માટે પ્રેરિત કરે છે. પછી મારો સંપ્રદાય સાચો ને મારો ધર્મ સાચો વાળી હુંસાતુંસીમાં જીવ પુનઃ ત્યાં સંસારનું નિર્માણ કરે તેમાં ધર્મનો શું દોષ છે.

**अणुरत्त - अनुरक्त ( त्रि. )**

(અનુરાગી, પ્રેમી, સ્નેહી)

આપણે રોજીંદા વ્યવહારમાં જેની સાથે નવી-સવી થયેલી સામાન્ય ઓળખાણને પણ મહત્વની ગણીને તેને સાચવવામાં ઘણી કાળજી રાખીએ છીએ. પરંતુ જેમનો આપણા ઉપર પરમ ઉપકાર છે એવા સિદ્ધ ભગવંતો, તીર્થંકર પરમાત્મા, સત્યમાર્ગને બતાવનારા શ્રમણો અને જેનું સેવન સર્વઇચ્છિતની પ્રાપ્તિ કરાવનારું છે તેવા ધર્મને આપણે દિલથી માનીએ છીએ ખરા ?

**अणुरत्तलोयणा - अनुरक्तलोचना ( स्त्री. )**

(ઉજ્જયિનીનગરીના દેવલાપુત્ર રાજાની પટ્ટરાણીનું નામ)

**अणुरसिय - अनुरसित ( न. )**

(બોલાવેલું, પોકારેલું, મોટેથી અવાજ કરાયેલું)

કૃપાવંત મહર્ષિઓ સર્વજીવો ઉપર કરુણા ચિંતવીને કહે છે કે જો તમારી પાસે શક્તિ, સામર્થ્ય, સંપત્તિ, બળ, વિદ્યાધન હોય તો આ બધાનો ઉપયોગ બીજા જીવોની સહાયતા માટે કરો. પરંતુ જો શક્તિ, સંપત્તિ, બળ વગેરેથી ઘમંડમાં આવીને અન્ય જીવોને પરેશાન-દુઃખી કરશો તો તેના ફળરૂપે તમે પણ અત્યંત દુઃખને એટલે ત્રાસને ભોગવશો અને ત્યારે ગમે તેટલો પોકાર કરશો તો પણ તમને કોઈ મદદ નહીં કરે.

**अणुराग - अनुराग ( पुं. )**

(અનુરાગ, અત્યન્ત સ્નેહ, પ્રીતિ, પ્રેમ)

એકબીજા પ્રત્યેના અત્યંત પ્રેમને અનુરાગ કહેવાય છે. આવશ્યકસૂત્રના સામાયિકઅધ્યયનની નિર્યુક્તિ ઉપર જિનભદ્રગણિ ક્ષમાશ્રમણે રચેલા વિશેષાવશ્યકભાષ્યમાં અનુરાગના ત્રણ પ્રકાર જણાવ્યા છે. ૧. દૃષ્ટ્યનુરાગ ૨. વિષયાનુરાગ ૩. સ્નેહાનુરાગ.

**अणुरागय - अन्वागत ( त्रि. )**

(અનુકૂળપણે આગમન ૨. પાછળ આવવું તે ૩. સ્વાગત)

કેવળજ્ઞાનની પ્રાપ્તિ પછી તીર્થંકર ભગવંતો શાસનની સ્થાપના કરે છે અને જીવોના કલ્યાણ માટે દેશના આપે છે. તેઓ જ્યાં વિચરે છે ત્યાં તીર્થંકરનામકર્મના પ્રભાવે ચારેય દિશામાં પચ્ચીશ-પચ્ચીશ યોજન સુધી મારી થતી નથી, સ્વચક્ર કે પરચક્ર તરફથી ભય થતો નથી, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ કે દુકાળ જેવી કુદરતી આફતો થતી નથી અને પૂર્વોત્પન્ન રોગો પણ શમી જાય છે.

**अणुराहा - अनुराधा ( स्त्री. )**

(અનુરાધા નામનું નક્ષત્ર, નક્ષત્રવિશેષ)

**अणुरुज्झंत - अनुरुध्यमान ( त्रि. )**

(અપેક્ષા કરતો, આશા રાખતો, દરકાર રાખતો, રાહ જોતો)

આજના માનવીને દરેક વસ્તુ તત્કાળ જોઈએ છે. કોઈપણ વસ્તુની એ રાહ જોઈ શકતો નથી. રાતોરાત કરોડપતિ બનવાના શેખચલ્લી ખ્વાબ જોતો શેર, સટ્ટાના રવાડે ચડીને પોતાની પાસે રહેલી મૂડીને પણ ગુમાવી દે છે. પરિણામે સતત અશાંત મનવાળો એવો તે પારિવારિક, સામાજિક આનંદને પણ માણી શકતો નથી.

**अणुरुंधिज्जंत - अनुरुध्यमान ( त्रि. )**

(અપેક્ષા કરતો, આશા રાખતો, દરકાર રાખતો, રાહ જોતો)

જે વ્યક્તિઓ હંમેશાં અન્યને મદદરૂપ થવાના સ્વભાવવાળી છે, કોઈનું પણ ખરાબ કરવાનો વિચાર કરતી નથી તેવી ભલી વ્યક્તિઓના પ્રસંગો હંમેશાં સારી રીતે પૂર્ણ થતા હોય છે. કદાચ ક્યારેક કોઈ તકલીફદાયક પરિસ્થિતિ આવે તો તે અન્ય વધુ સારી પરિસ્થિતિના નિર્માણ માટેની શરૂઆતરૂપ હોય છે. માટે સારા ફળની અપેક્ષા કરતા હો તો બીજાનું સારું ઇચ્છવું જોઈએ.

**अणुरूव - अनुरूप ( त्रि. )**

(સમાન, સ્વસ્વભાવ સદૃશ ૨. અનુકૂળ ૩. યોગ્ય, ઉચિત, લાયક)

એક સુભાષિતમાં પરમાત્માના ગુણોને ઉપમા ઉપમેય ભાવથી ઘટાવતા કવિએ લખ્યું છે કે, હે પરમાત્મન્! આપને કોની ઉપમા આપવી તે જ સમજાતું નથી. કેમ કે ચંદ્રની અપાય તેમ નથી તેનામાં કલંક છે, સૂર્ય કહેવાય તેમ નથી તે તો આંખોને બાળે છે, ગુલાબ કહીશ તો તેમાં તો કાંટા લાગેલા છે જ્યારે આપ તો નિષ્કંટક છો. દુનિયાની કોઇ ઉપમા આપને લાગું પડતી નથી. કેમ કે તમારા જેવું કોઇ જગતમાં છે જ નહિ. આપ અનુપમ છો. આથી છેવટે તેણે લખી દીધું કે, '**भवान् भवत्सदृश हि**' અર્થાત્ આપની સમાન આપ સ્વયં જ છો.

**अणुलाव - अनुलाप ( पुं. )**

(વારંવાર બોલવું તે, પુનઃ પુનઃ બોલવું તે)

શાસ્ત્રદૃષ્ટિવાળા આચાર્ય ભગવંતો ભવિષ્યમાં આવનાર વિઘ્નોને પહેલેથી જ જાણી લેનારા હોય છે. તેમની દૃષ્ટિ દૂરંદેશી હોય છે. આથી જ શ્રાવકના જીવનમાં કે શાસન પર સંકટો આવતા પહેલાં જ વારંવાર લોકમાં તેની જાહેરાત કરે છે. જેવી રીતે શેરબજારમાં ઉછાળો આવે ત્યારે બધા તેની પાછળ ગાંડા થઇને દોડતા થઈ જાય છે, ત્યારે જમાનાના અનુભવી પુરુષો વારંવાર કહેતા હોય છે કે, આ આગ નથી પરંતુ ભડકો છે તેમાં અંજાઇ ના જશો. તેનાથી દૂર રહેજો. પરંતુ કમઅક્કલના લોકો સમજે નહીં અને જ્યારે સમજે ત્યારે તેનું દુષ્પરિણામ આવી ચૂક્યું હોય છે.

**अणुलिंपण - अनुलेपन ( न. )**

(એકવાર લિંપેલી ભૂમિને ફરીથી લિંપવી તે, ફરી વિલેપન કરવું, પુનઃ લેપ કરવો તે)

અત્યારે જેવી રીતે ઘરોમાં લોકો માર્બલ, સિરામીક, ઇટાલીયન વગેરે ટાઇલ્સો નખાવે છે. તેમ પ્રાચીનકાળમાં ઘરની જમીનો ગોબરથી લિંપવામાં આવતી હતી. ગોબરનો ગુણધર્મ એ હતો કે, તે શિયાળામાં ગરમાવો તથા ઉનાળામાં ઠંડક અને ઘરમાં નાના-મોટા અનેક રોગો થવા દેતું ન હતું. દરવર્ષે લોકો ઘરમાં લિંપેલી જમીન ઉપર જ ગોબરથી પુનઃ લિંપીને નવીન કરતા હતાં.

**अणुलित्त - अनुलिप्त ( त्रि. )**

(ચંદનાદિનું વિલેપન કરેલું, લિપ્ત, લિંપેલું)

માનવીનું શરીર ઔદારિક પુદ્‌ગલોમાંથી નિર્મિત થયેલું છે. આથી તેના શરીરની માવજત માટે કુદરતી રીતે બનેલા અરિઠા, હળદર, મલાઇ, ચંદન વિલેપન, માટી વગેરે વાપરતા હતા. જેથી શરીર તંદુરસ્ત અને સુંદરતાપૂર્ણ રહેતું હતું. આજના પ્રમાણમાં શરીરના રોગો નહોતા થતા. પરંતુ આજનો માનવી બનાવટી થઇ ગયો છે. આથી શરીર માટે પણ તે બજારમાં હર્બલના નામે મળતી બનાવટી વસ્તુઓને વાપરતો થઇ ગયો છે. પરિણામે તેનું શરીર અને સૌંદર્ય પણ બનાવટી થઈ ગયું છે.

**अणुलित्तगत्त - अनुलिप्तगात्र ( त्रि. )**

(ચંદનાદિથી લિંપાયલું છે ગાત્ર જેનું તે)

આજનો માનવી પંખા અને એરકન્ડીશ્નરનો આદી થઇ ગયો છે. થોડીક ગરમી લાગી કે તરત જ પંખાની કે એ.સીની સ્વીચ ચાલુ કરીને બેસી જાય છે. પરંતુ હવે તો વિજ્ઞાન પણ કહે છે કે વધારે પડતા એ.સી.માં કે પંખામાં રહેવું તે તબિયત માટે હાનિકારક છે. તેનાથી શરીર અકડાઈ જવું વગેરે બિમારીઓ થઇ શકે છે. જ્યારે પ્રાચીનકાળમાં ગરમીથી બચવા આખા શરીરને ચંદનનું વિલેપન કરવામાં આવતું હતું. જે શરીરને શીતલતા, સુગંધિતતા અને કાંતિ પ્રદાન કરતું હતું.

**अणुलिहंत - अनुलिखत् ( त्रि. )**

(ચુંબન કરતું ૨. ચાટતું ૩. સ્પર્શ કરતું)

આજે પેલા ધનાશા પોરવાળ, જાવડશા, વસ્તુપાળ-તેજપાળ યાદ આવે છે. જેઓએ પોતાની સંપત્તિનો સન્માર્ગે વ્યય કર્યો હતો. તેમણે પોતાને મળેલી સંપત્તિને આખું જગત જોઇ શકે પણ લૂંટી ન શકે તેવા ઊંચા આકાશને સ્પર્શ કરતાં ગગનચુંબી જિનાલયો બનાવ્યા હતા. ઓલા ભામાશાએ દેશની રક્ષા કાજે પોતાની સંપત્તિ મહારાણા પ્રતાપને સમર્પિત કરી દીધી હતી. આ ભવ્ય ઇતિહાસ ધનલોલુપ અને મોજ-શોખ પાછળ જ પૈસો વાપરનારના ભેજામાં કેવી રીતે ઉતરી શકે ?

**अणुलेवण - अनुलेपन ( न. )**

(ચંદનાદિનું વિલેપન કરવું તે, વિલેપન, ફરીથી વિલેપન કરવું તે)

**अणुलेवणतल - अनुलेपनतल ( न. )**

(ફરીવાર લિંપવામાં આવેલી ભૂમિ)

**अणुलोम - अनुलोम ( त्रि. )**

(અવિપરીત, સીધું, અનુકૂળ ૨. ક્રમસર, યથાક્રમ ૩. મનોહર)

પ્રભુ મહાવીરથી લઇને અત્યાર સુધીના પચ્ચીસસોથી વધુ વર્ષના ઇતિહાસમાં કેટલાય રાજા-મહારાજાઓ, મોગલો, અંગ્રેજો, નેતાઓ આવી ગયા. તે દરેકના શાસનકાળ દરમ્યાન નીતિ-નિયમો, વ્યવહારો યાવત્ મુદ્રાઓમાં પણ વૈવિધ્યતા અને બદલાવ જોવા મળ્યો છે. એકમાત્ર પરમાત્માએ સ્થાપેલા જિનશાસનમાં સાધુ માટેના પાંચ મહાવ્રત અને શ્રાવક માટેના બાર વ્રતો જે રીતના બતાવ્યા હતાં આજે પણ તેમ જ છે અને તેનું પાલન પણ તે રીતનું જ થાય છે. આ વ્રતો-મહાવ્રતો ભગવાન મહાવીરથી લઈ અત્યાર સુધી અવિપરિતપણે યથાવસ્થિત રીતે ચાલ્યા આવે છે. તેમાં કોઇ જ ફેરફાર થયો નથી. આ જ વસ્તુ પરમાત્માની સર્વજ્ઞતાને સિદ્ધ કરવા માટે પર્યાપ્ત છે.

**अणुलोमइत्ता - अनुलोम्य ( अव्य. )**

(યથાક્રમ કરીને, અનુકૂળ કરીને)

અપાપાપુરી નગરીમાં દેવોએ જ્યાં સમવસરણની રચના કરી હતી અને ત્યાં પ્રભુ વીર દેશના આપી રહ્યા હતા ત્યારે ગણધરપદને યોગ્ય અગ્યાર બ્રાહ્મણો પરમાત્મા સાથે વાદ કરવા તૈયાર થયા. તે વખતે તેઓએ મનમાં વિચાર્યું કે, જો વેદોમાંની અમારી શંકાઓ દૂર કરી આપે તો આમને સર્વજ્ઞ માનવા. તે સમયે પ્રભુએ તેમના વેદોને ખોટા ન ઠેરવતા વેદપાઠોના અનુકૂળ અર્થો કરીને તેમને સમજાવ્યા હતા અને તેમની શંકાનું નિવારણ કર્યું હતું.

**अणुलोमवाउवेग - अनुलोमवायुवेग ( त्रि. )**

(જેના શરીરની અંદરના વાયુનો વેગ અનુકૂળ છે તે ૨. યુગલિક મનુષ્ય)

શરીરની અંદર વાત, પિત અને કફની અસમાનતાના કારણે રોગોત્પત્તિ માનવામાં આવેલી છે. શરીરની અંદર વહેતો વાયુ દુષિત સ્વરૂપ ધારણ કરે છે તેને વાત રોગ અને અત્યારના સમય પ્રમાણે ગેસ ટ્રબલ કહેવામાં આવે છે. પિત્તનો પ્રકોપ થતાં ઊલટી કે છાતીમાં બળતરા વગેરે થાય છે અને કફનો બગાડ થતાં સર્દી, ખાંસી કે લોહી વિકાર થતો હોય છે. જ્યારે આ ત્રણેય પ્રકૃતિઓ અનુકૂળપણે રહે છે ત્યારે જ વ્યક્તિ સ્વસ્થ રહી શકે છે. અર્થાત્ શરીરમાં વાત-પિત્ત-કફની સમાનતા એટલે સ્વાસ્થ્યતા જાણવી.

**अणुलोमविलोम - अनुलोमविलोम ( पुं. )**

(આવ-જા કરવી તે, જવું અને આવવું તે)

સુખ અને દુઃખ આગન્તુક મહેમાન જેવા છે. જેમ મહેમાન થોડાક સમય માટે આવે છે, તેમાં કેટલાક મહેમાન આપણને પ્રિય હોય છે અને કેટલાક વ્યવહાર ખાતર સાચવવા પડે તેવા હોય છે. જેમ મહેમાન થોડા સમય પછી સ્વસ્થાને જતા રહે છે. તેમ સુખ અને દુઃખ પણ નિશ્ચિત સમય પૂરતા જ રહે છે. પ્રત્યેક પ્રાણીના જીવનમાં આવ-જા કર્યા જ કરે છે. સુખ આપણને પ્રિય છે અને દુઃખ અપ્રિય છે છતાં પણ જીવનમાં આ બન્નેને સાચવવા જ પડે છે. તેમાં હર્ષ કે શોક કરવા જેવો નથી.

**अणुल्ला - अणुल्ल्वक ( पुं. )**

(કંદ વિશેષ ૨. બેઇંદ્રિયજીવ વિશેષ)

**अणुल्लण - अनुल्ल्वण ( त्रि. )**

(અગર્વિત, અનુદ્ધત, અભિમાનરહિત, નમ્ર)

સામાન્ય રીતે વૃક્ષો સીધા અને ઊર્ધ્વમુખી હોય છે. પણ જ્યારે તેના પર મોર-ફુલ બસે છે, ફળો તેની ડાળીઓ પર ઝૂલે છે ત્યારે તે નમ્ર બનીને અધોમુખી થઇ જાય છે. જ્ઞાની મહર્ષિઓ કહે છે કે, જેવી રીતે ફળ આવતાં વૃક્ષ નમ્ર બની જાય છે, તેમ વ્યક્તિમાં જ્ઞાન, ઋદ્ધિ, તપ, પ્રભાવકતાદિ ગુણો આવે તેમ તેમ તે અભિમાનરહિત નમ્ર બનતો જાય છે. ગુણી પાસે જતાં કોઇને ડર ન લાગે તે જ તેના ગુણોની સાર્થકતા છે.

**अणुल्लाव - अनुल्लाप ( पुं. )**

(કુત્સિત રીતે વર્ણન કરવું તે, ખરાબ કથન, દુષ્ટ ઉક્તિ)

પ્રાચીનકાળમાં રાજા-મહારાજા વગેરે પોતાનો સંદેશો અન્ય રાજ્યાદિમાં પહોંચાડવા માટે સંદેશો પહોંચાડવામાં પ્રવીણ એવા રાજદૂતોને રાખતા હતા. તે રાજદૂતો માત્ર રાજાના શબ્દોને જ નહીં પરંતુ તેમના ભાવોને પણ જાણીને વાક્ચતુરાઇ દ્વારા સામેવાળા દુશ્મન કે મિત્રને ખુશ કે નાખુશ કરી દેતા હતા. જો સામેવાળો મિત્ર હોય તો પ્રિય ઉક્તિથી તેમના ચિત્તમાં પ્રેમ વધારતા અને દુશ્મન હોય તો તેને દુષ્ટ ઉક્તિઓ વડે સ્વામી રાજાના પ્રભાવ હેઠળ લાવી દેતા હતાં.

**अणुल्लोय - अनुल्लक ( पुं. )**

(બેઇંદ્રિય જીવવિશેષ)

**अणुवइट्ठ - अनुपदिष्ट ( त्रि. )**

(આચાર્ય પરંપરાથી જેનો ઉપદેશ નથી થયેલો તે, જે પૂર્વ પરંપરાથી ન આવેલું હોય તે)

યોગશાસ્ત્રની રચનાની શરૂઆતમાં જ કલિકાળસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યજી મહારાજે લખ્યું છે કે, આ યોગશાસ્ત્રનું કથન હું ત્રણ રીતે કરીશ ૧. મેં જે શાસ્ત્રોનું અધ્યયન કર્યું છે તેમાંથી ૨. મારા પૂર્વજ ગુરુદેવોની પંરપરાથી જે પ્રાપ્ત થયું છે તે અને ૩. આચાર્યાદિની પરંપરાથી જેનો ઉપદેશ નથી થયો પરંતુ મારા ચિંતન-મનન અને સંવેદનથી જે પ્રાપ્ત થયું છે તેના આધારે. આમ યોગશાસ્ત્ર ગ્રંથમાં ત્રિવેણી સંગમ જોવા મળે છે.

**अणुवउत्त - अनुपयुक्त ( त्रि. )**

(ઉપયોગશૂન્ય, અસાવધાન, હેયોપાદેયના વિવેકરહિત)

મનુષ્યને સંસારમાં રહેવા માટે કે સંયમમાં રહેવા માટે હેય અને ઉપાદેયનું જ્ઞાન હોવું આવશ્યક છે. જેને હેયોપાદેયનું જ્ઞાન હોય છે તેને જ લોકો સમજદાર અને બુદ્ધિશાળી ગણે છે. પરંતુ જે હેયને ઉપાદેય અને ઉપાદેયને હેય માની પ્રવર્તે છે તેવા વિવેકશૂન્ય પુરુષ પદે પદે આપત્તિઓને આમંત્રણ આપે છે.

**अणुवएस - अनुपदेश ( पुं. )**

(અસદુપદેશ ૨. સ્વભાવ, નિસર્ગ)

ભગવાન હરિભદ્રસૂરિ મહારાજાએ પંચાશક ગ્રંથના બારમાં વિવરણમાં અનુપદેશની વ્યાખ્યા કરતાં લખ્યું છે કે અનુપદેશ એટલે ઉપદેશનો અભાવ એટલો માત્ર અર્થ નથી થતો. પરંતુ આગમબાધિત અર્થોની પ્રરૂપણા કરવી તે પણ અનુપદેશ બને છે. અર્થાત્ જે

વાતો આગમથી વિરુદ્ધ હોય તે પદાર્થોની પ્રરૂપણા કરવી તે પણ અનુપદેશ ગણાય છે.

**अणुवओग - अनुपयोग ( पुं. )**

(અનર્થ ૨. ઉપયોગશૂન્યતા ૩. નિષ્કારણ, નિષ્પ્રયોજન ૪. જીવનો બોધરૂપ વ્યાપાર જેમાં ન હોય તે)

અનુયોગદ્વાર સૂત્રમાં કહેલું છે કે ઉપયોગ એટલે જીવના જ્ઞાનનો વ્યવહાર. તે જીવની જ્ઞાન ચિત્તની હાજરીમાં જ સંભવે છે. જે વિચાર કે વ્યવહારમાં ચિત્તની શૂન્યતા હોય છે ત્યાં જીવને બોધ સંભવી શકતો નથી અને ઉપયોગશૂન્ય વ્યવહાર મૂઢતાની નિશાની છે.

**अणुवकय - अनुपकृत ( त्रि. )**

(જેણે કોઇપણ જાતનો ઉપકાર નથી કર્યો તે ૨. જે અન્યના ઉપકાર નીચે આવેલો નથી તે)

જીવદયાના પાલન દ્વારા અન્ય જીવોના પ્રાણોની રક્ષા કરવી તે પણ એક પ્રકારનો ઉપકાર જ છે. શાસ્ત્રોમાં કહેલું છે કે જે જીવ અન્ય જીવો પર ઉપકાર કરે છે તે અંતતોગત્વા પોતાના આત્મા પર જ ઉપકાર કરે છે અને જે જીવ બીજા જીવોનો ધ્વંસ કરે છે તે પોતાના આત્માનો જ ધ્વંસ કરે છે.

**अणुवकयपरहिय - अनुपकृतपरहित ( त्रि. )**

(નિષ્કારણવત્સલ)

જેવી રીતે હવા, પાણી, પ્રકાશ દરેક પર સમાન રીતે ઉપકાર કરે છે તેમ તીર્થંકર પરમાત્માની અસીમ કૃપા આખા જગત પર એક સમાન રીતે વહે છે. તેમને કોઇ પ્રેમ કરે કે કોઇ તેમને ગાળો આપે પરંતુ, તે દ્વેષી પર ગુસ્સે કે પ્રેમી પર ખુશ નથી થતાં. તેમનું વાત્સલ્ય બન્ને પર એક સરખું હોય છે અને તે વાત્સલ્ય કરવા પાછળ કોઇ કારણ નથી હોતું. તીર્થંકર ભગવંતનો આ સહજ સ્વભાવ જ હોય છે. આથી જ તો તેમને નિષ્કારણવત્સલ ઉપનામ આપવામાં આવેલું છે.

**अणुवक्कंत - अनुपक्रान्त ( त्रि. )**

(જેનું નિરાકરણ થયેલું ન હોય તે)

આગ લાગી હોય તો તેનું નિરાકરણ પાણી છે. શરીર પર ઘાવ થયો હોય તો તેનું નિરાકરણ મલમ છે અને ભૂખ લાગી હોય તો તેનું નિરાકરણ ભોજન છે. દરેક મુસીબતોનું નિરાકરણ હોય જ છે. મનમાં ક્રોધ, માન, માયા, લોભ વગેરે દુશ્મનો બેઠા હોય તો તેનું નિરાકરણ ક્ષમા, નમ્રતા, સરલતા અને ઉદારતા જ છે.

**अणुवक्ख - अनुपाख्य ( त्रि. )**

(નામરહિત, અનિર્વચનીય)

ચાર ગતિમાં રહેલા જીવો જુદા જુદા નામોથી ઓળખાય છે. દરેકના અલગ-અલગ નામો હોય છે. તે નામ તેમની પહેચાન બને છે અને જ્યાં નામ અનેક ત્યાં કર્મોની માત્રા પણ અનેક હોય છે. સિદ્ધશિલામાં વસતા આત્માઓ નામ રહિત હોય છે. આથી તેમને કર્મોનું કોઇ બંધન પણ નથી હોતું. ત્યાં વસતા અનંતા આત્માઓમાં અનંત જ્ઞાન-દર્શન-ચારિત્ર સમાનપણે છે અને તે જ તેમની ઓળખાણ છે.

**अणुवक्खड - अनुपस्कृत ( त्रि. )**

(સંસ્કારરહિત, પ્રતિયત્નરૂપ સંસ્કાર કરેલો ન હોય તે)

કોઈક ચિંતકે લખ્યું છે કે, એકાંતમાં રહેલી વ્યક્તિ જેવું વર્તન કરે છે, જેવો વિચાર કરે છે, ખરા અર્થમાં તે જ તેના સંસ્કાર છે. અર્થાત્ કોઇ જોતું ન હોય તેવા સમયે એકલી પડેલી વ્યક્તિ જો સારા વિચાર-વર્તન કરતો હોય તો તે તેના સંસ્કાર દર્શાવે છે અને જો તે જાહેરમાં કંઈ અને ખાનગીમાં અન્ય વ્યક્તિત્વ ધરાવતો હોય તો તે તેનું સંસ્કારરહિતપણું જણાવે છે.

**अणुवगरण - अनुपकरण ( न. )**

(ઉપધિનો અભાવ)

શ્રમણજીવન પાળવામાં ઉપકારક બને એવી સામગ્રીને ઉપકરણ કે ઉપધિ કહેવામાં આવે છે એટલે જે ઉપકરણોની સહાયથી સાધુ પોતાના મહાવ્રતોનું પાલન સહજતાથી કરી શકે તેવા સંયમ યાપનના ઉપકરણોનો સંગ્રહ. સાધુને પોતાના ચારિત્ર જીવનમાં

સહાયક બને તેવી ઉપધિ રાખવાની શાસ્ત્રીય આજ્ઞા છે. શાસ્ત્રવિહિત ઉપધિનો અભાવ હોવો કે પછી તે સિવાયની ઇતર-વધારાની વસ્તુઓનો સંગ્રહ હોવો તે શ્રમણજીવનને ખંડિત કરનાર કહેલ છે.

**अणुवचय - अनुपचय ( पुं. )**

(હાનિ ૨. ગ્રહણ ન કરવું તે)

ચૌદ રાજલોકમાં રહેલા પ્રત્યેક પદાર્થ, જેને પુદ્ગલ કહી શકાય તેવી દરેક વસ્તુ પછી તે રૂપી હોય કે અરૂપી તે બધામાં સમાનપણે ચયોપચયની પ્રક્રિયા થતી હોય છે. અર્થાત્ દરેક પુદ્ગલમાં ક્યારેય નહીં અટકવવાવાળી જૂના પરમાણુઓની હાનિ અને નવા પરમાણુઓની વૃદ્ધિ ચાલુ જ રહે છે. આથી તેવા પૌદ્ગલિક પદાર્થોની પ્રાપ્તિ કે અપ્રાપ્તિમાં હર્ષ કે શોક કરવો નકામો છે.

**अणुवच्चंत - अनुव्रजत् ( त्रि. )**

(પાછળ જતું, અનુસરણ કરતું)

**अणुवजीवि ( ण् ) - अनुपजीविन् ( त्रि. )**

(અનાશ્રિત ૨. આજીવિકારહિત)

જેમણે અભ્યંતર શત્રુઓ પર વિજય મેળવી લીધો છે અને જેઓ મોક્ષસિંહાસન પર બિરાજે છે તેવા પરમાત્માનું શરણું જેઓએ સ્વીકાર્યું નથી તેમને અજ્ઞાની એવા લોકોની સેવા-ચાકરી કરવી પડે છે. તેઓને પરાધીન રહેવું પડે છે. પરંતુ જેઓના માટે એકમાત્ર પરમાત્મા જ આદેય છે તેઓ અનાશ્રિતપણે સ્વયં માલિકભાવને ભજે છે.

**अणुवज्ज - गम् ( धा. )**

(જવું, ગમન કરવું)

**अणुवज्जिअं ( देशी त्रि. )**

(જેની સેવા શુશ્રૂષા કરેલી હોય તે)

પ્રવચનસારોદ્ધારમાં કહેલું છે કે, જે અનશન કરવા સમર્થ ન હોય તેવા ગ્લાન સાધુની આચાર્ય ભગવંત પ્રથમ છ માસ સુધી શુશ્રૂષા કરાવે. છતાં પણ સ્વસ્થ ન થાય તો તેને સાધુસમુદાયમાં સોંપે. સમુદાયમાં પણ ત્રણ વર્ષ સુધી તે બિમાર સાધુની ચિકિત્સા કરાવે. તેમ છતાં સ્વસ્થ ન થાય તો તેઓ એ સાધુને ગણમાં સોંપે. તે ગણ પણ સાધુની એક વર્ષ સુધી શુશ્રૂષા કરે. તેમ છતાં સાજા ન થાય તો ગણ તે સાધુ સંઘને સોંપે અને સંઘ તે સાધુની યાવજ્જીવ નિર્દોષ કે દોષિત દ્રવ્યોથી પણ તેમની શુશ્રૂષા કરે.

**अणुवत्त - अनुवृत्त ( त्रि. )**

(જીતવ્યવહારાદિમાં બીજીવાર પ્રવૃત્ત થયેલું)

ઊંચે ચઢવાની ઇચ્છાવાળો કરોળિયો જ્યારે ચઢવાનો પ્રયત્ન કરે છે ત્યારે તે વારંવાર નીચે પડે છે છતાં પણ તે પોતાનો પ્રયત્ન છોડતો નથી. તે પુનઃ પુનઃ ચઢીને આખરે પોતાના ઇચ્છિત સ્થાનને પ્રાપ્ત કરે છે. તેવી રીતે સાધનાનો માર્ગ કષ્ટદાયક જરૂર છે પરંતુ, અસાધ્ય નથી. એકવાર પતન થવા છતાં બીજી-ત્રીજીવાર આગળ વધવા પ્રવૃત્ત થયેલો આત્મા આખરે પોતાના ગંતવ્ય સ્થાનને પ્રાપ્ત કરી લે છે. જે પ્રથમવારમાં જ ડરી જાય છે તે ક્યારેય પણ આગળ વધી શકતો નથી.

**अणुवत्तय - अनुवर्तक ( त्रि. )**

(અનુકૂળ પ્રવૃત્તિ કરનાર ૨. શિષ્યો પાસે અનુકૂળ પ્રવૃત્તિ કરાવનાર ગુરુ ૩. અનુલોમ-અવિપરીત)

દરેક આત્માઓના જુદા-જુદા અધ્યવસાયો હોય છે. દરેક જીવોના ભાવો ભિન્ન ભિન્ન હોય છે. શુભ ભાવે દીક્ષિત થયેલા શ્રમણો પણ આ જગતના એક અંગ હોવાથી તેમના ભાવોમાં પણ વૈવિધ્યતા હોય છે. પરંતુ તેમને દીક્ષા આપનાર ગુરુ ભગવંત ઉત્સર્ગાપવાદના જાણકાર હોવાથી અને તે જીવમાં ગુણોનો વિકાસ કરવાની હિતબુદ્ધિથી તેમની પાસે કોઇપણ ઉપાયે સચ્ચારિત્રને અનુકૂળ પ્રવૃત્તિ કરાવનારા હોય છે.

**अणुवत्तणा - अनुवर्तना ( स्त्री. )**

(અનુસરણ, અનુકૂળ પ્રવૃત્તિ)

**अणुवत्ति - अनुवृत्ति ( स्त्री. )**

(ગુરુના ઇંગિતાકારથી તેમને અનુકૂળ પ્રવૃત્તિ કરવી તે ૨. અનુસરણ ૩. અનુગમ)

જેણે પોતાનું તન અને મન ગુરુના ચરણે સમર્પિત કરી દીધું છે તેવો આજ્ઞાકારી શિષ્ય હંમેશાં ગુરુને અનુકૂળપણે પ્રવૃત્તિ કરનારો હોય છે. તે ગુરુના શબ્દો દ્વારા નહીં બોલાયેલા આદેશને પણ તેમના ઇંગિત આકારો પરથી જાણી લેતો હોય છે અને તદનુસાર વર્તન કરે છે.

**अणुवभोज्ज - अनुपभोज्य ( त्रि. )**

(મુનિને ભોગવવા માટે અયોગ્ય)

પિંડનિર્યુક્તિમાં સાધુનો ભિક્ષા સંબંધી આચાર અને તેમાં લાગતા દોષોનું વિસ્તૃત વર્ણન કરવામાં આવેલું છે. તેમાં કહેલું છે કે જે આહાર ગોચરી સંબંધી ૪૭ દોષોમાંથી કોઇપણ દોષથી દૂષિત હોય કે જેને ગ્રહણ કરવાથી સંયમજીવન કલંકિત થાય તેવો આહાર સાધુને ભોગવવા માટે અયોગ્ય છે. અર્થાત્ તેવો આહાર સાધુને લેવો કલ્પતો નથી.

**अणुवम - अनुपम ( त्रि. )**

(અનુપમ, ઉપમારહિત, બેજોડ)

પ્રશમરતિ પ્રકરણમાં લખ્યું છે કે, ચારિત્ર ગ્રહણ કર્યા બાદ સંયમ જીવનનું પાલન કરનાર સાધુ ચારિત્ર પાલનમાં એટલા તલ્લીન બની જાય કે તેમને તેના સિવાય બીજું કાંઇ સૂઝે પણ નહી. સંયમ જીવનનો આનંદ દિનપ્રતિદિન વધતો જ રહે. એક વર્ષના સંયમ જીવનના પર્યાય સુધી પહોંચતા પહોંચતા તો તેમનો આત્મિક આનંદ અનુત્તરવાસી દેવોના સુખને પણ વટાવી ગયો હોય અને પછી તો તેમની આનંદાનૂભતિની કોઇ ઉપમા જ આપી શકાય તેમ નથી હોતી.

**अणुवमसिरिय - अनुपमश्रीक ( त्रि. )**

(ઉપમારહિત દેહની કાંતિ છે જેની તે)

હેમચંદ્રાચાર્યજી મહારાજે સકલાર્હત્ સ્તોત્રમાં પરમાત્માના દેહની કાંતિની સ્તવના કરતાં લખ્યું છે કે, હે વિભુ! આપના શરીરના અપૂર્વ સૌંદર્ય અને કાંતિની તો વાત જ શી કરવી. કેમ કે તે ઉપમાઓથી પર છે. તેને કોઇની ઉપમા આપી શકાય તેમ નથી. અરે દેવલોકના દેવો પણ આપની કાંતિ આગળ ઝાંખા પડે છે. જ્યારે આપ સમવસરણમાં બિરાજો છો તે વખતે આપના ચરણના નખની કાંતિથી દેવોના મુગટો ઝળકી ઉઠે છે.

**अणुंवमा - अनुपमा ( स्त्री. )**

(એક ખાદ્ય પદાર્થ)

**अणुवयमाण - अनुवदत् ( त्रि. )**

(પાછળથી બોલતો, પાછળ પાછળ બોલતો, અનુવાદ કરતો, કહેલા અર્થને ફરીથી કહેતો)

આચારાંગાદિ સૂત્રોમાં લખ્યું છે કે, જેઓ સ્વયં આચારમાં શિથિલ છે, દુર્ગુણોથી વ્યાપ્ત છે અને સદ્ગુણીના ગુણોને સહન કરી શકતા નથી તેવા પાર્શ્વસ્થાદિ સાધુઓ ક્યારેય પણ સંયમી અને ગીતાર્થ સાધુઓનો સામનો કરી શકતા નથી. તેઓ ક્યારેય પણ તેમની સામે વાત કરી શકતા નથી.આથી તેઓ તેમની પાછળ લોકો સામે નિંદા કરતા હોય છે. તેમનો અવર્ણવાદ ફેલાવતા હોય છે. પરંતુ તેનાથી સંવેગી શ્રમણને કોઇ ફરક પડતો નથી. ઊલટાનું તેમના કર્મોની નિર્જરા જ થાય છે.

**अणुवरय - अनुपरत ( त्रि. )**

(નિરંતર, પાપ વ્યાપારોથી નિવૃત્ત નહીં થયેલું, નહીં અટકેલું)

બાહ્ય કે અભ્યંતર બન્ને પ્રકારના વ્યાપારોથી સર્વથા નિવૃત્તિ થવી તેનું નામ છે મોક્ષ. સિદ્ધજીવોને ક્યારેય પણ કોઇપણ જાતનો વ્યવહાર કરવાનો હોતો નથી. પરંતુ આ અવસ્થા પ્રાપ્ત કરતા પૂર્વે તેઓએ સંસારમાં રહીને સર્વ શુભ - અશુભ ક્રિયામાંથી નિવૃત્ત થવાનો અભ્યાસ કર્યો હતો. પરંતુ જેઓ હજુ સુધી પાપક્રિયાથી અટક્યા નથી, તે જીવોનો સંસાર પણ અટકવાનો નથી અને જ્યાં સુધી સંસાર નથી અટક્યો ત્યાં સુધી પરમપદની પ્રાપ્તિ કેવી રીતે થશે ?

**अणुवरयकायकिरिया - अनुपरतकायक्रिया ( स्त्री. )**

(કાયિકીક્રિયાનો એક ભેદ)

નવતત્ત્વ પ્રકરણમાં જણાવ્યું છે કે, મન વચન કાયાની અશુભ પ્રવૃત્તિ કરવાથી જે કર્મબંધ થાય છે તેને ક્રિયા કહે છે. આવી કુલ પચ્ચીસ સાવદ્ય ક્રિયા બતાવવામાં આવેલી છે. તે પચ્ચીસક્રિયામાંનો એક ભેદ છે અનુપરતકાયક્રિયા. શરીર જેટલું વધારે હલન-ચલન કરે તેમ જીવોની હિંસા વધુ થાય છે અને શરીરને અવિરતપણે પ્રવૃત્ત કરવાથી કર્મબંધ પણ વધુ થાય છે. આથી શ્રમણો અને શ્રમણીઓ શક્ય એટલી ઓછી પ્રવૃત્તિ કરે છે. તે કારણે જ તેઓ કાયાને પણ સંગોપીને રાખે છે.

**अणुवरयदंड - अनुपरतदण्ड ( पुं. )**

(ત્રણયોગના દંડથી નિવૃત્ત ન થયેલું)

જીવ જયારે શુભ મન-વચન-કાયામાં પ્રવર્તે છે ત્યારે તે ત્રણેય યોગ બને છે અને જીવને ઉન્નતિ તરફ લઇ જાય છે. પરંતુ જયારે તે અશુભ મન-વચન-કાયામાં પ્રવર્તે છે ત્યારે તે ત્રણેય દંડ બને છે અને જીવ અધોગતિ તરફ ધકેલાય છે. જે જીવ હજુ સુધી ત્રણ દંડથી નિવૃત્ત નથી થયો તે ક્યારેય પણ વિકાસ તરફ વધી શકવાનો નથી. કેમ કે વારંવાર કાદવમાં પડવાથી ક્યારેય ચોક્ખા થવાતું નથી.

**अणुवरोह - अनुपरोध ( पुं. )**

(અવ્યાપાદન, અપ્રતિષેધ, નહિ અટકાવેલું ૨. નહીં ઢાંકેલું)

પૂર્વના કાળે દરેક લોકો વડીલોની છત્રછાયામાં રહેતા હતા. કેમ કે તેમને ખબર હતી કે, અમે કોઇ ખોટું કામ કરતા હોઇશું તો વડીલો જ સાચા રસ્તે લાવશે, ખોટા માર્ગે જતાં અટકાવશે. આજના લોકોને ઘરમાં વડીલો ખંટાતા નથી. તેનું પ્રત્યક્ષ પરિણામ છે ઘરડાંઘર. વર્તમાન સમયમાં જે ઘરેલું સમસ્યાઓ વધી છે તેની પાછળ કારણ છે કે, નાનાઓને સાચા રસ્તે લાવનાર એક પણ વડીલ ઘરમાં નથી અને છે તો તેમનું કાંઇ ચાલતું નથી.

**अणुवलद्धि - अनुपलब्धि ( स्त्री. )**

(પ્રાપ્તિનો અભાવ, લાભનો અભાવ ૨. અપ્રત્યક્ષ)

વિશેષાવશ્યકભાષ્ય તથા આવશ્યકચૂર્ણિ આદિ ગ્રંથોમાં અનુપલબ્ધિ બે પ્રકારની કહેલી છે. ૧. અસત્ અનુપલબ્ધિ અને ૨. સત્ અનુપલબ્ધિ. પ્રથમ પ્રકારમાં જે વસ્તુ જગતમાં છે જ નહીં તેની પ્રાપ્તિ થવાની પણ નથી જેમ કે ગધેડાને માથે શિંગડા. આ વસ્તુ અસત્ છે માટે તે કોઇ દિવસ ઉપલબ્ધ પણ નથી થવાની. જયારે બીજા પ્રકારમાં વસ્તુ હોવા છતાં તે દૂર અથવા અત્યંત સૂક્ષ્મ હોવાથી પ્રત્યક્ષ ન હોય તે. જેમ કે સ્વર્ગ, પરમાણુ વગેરે છે ખરા પરંતુ તે પ્રત્યક્ષ નથી. વિશેષાવશ્યકભાષ્યમાં આવી ૨૧ પ્રકારની અસત્ અનુપલબ્ધિ બતાવવામાં આવેલી છે.

**अणुवलब्भमाण - अनुपलभ्यमान ( त्रि. )**

(ઉપલબ્ધ ન થતું, અપ્રત્યક્ષ થતું, જે જાણવામાં નહીં આવતું, અદશ્યમાન)

શરીરમાં તાવ આવે તો તેને માપવા માટે ડૉક્ટરોનું થર્મોમીટર હોય છે. તેનાથી તમે માપી શકો છો કે તાવ કેટલા ડિગ્રી છે. વર્તમાન કાળમાં કેવલી ભગવંતનો અભાવ હોવાથી આપણો આત્મા ભવ્ય છે કે અભવ્ય તે પ્રત્યક્ષ જાણી શકાતું નથી. પરંતુ શાસ્ત્રોમાં કહેલી કેટલીક વાતોથી આપણે ભવ્ય છીએ કે અભવ્ય તે જાણી શકાય છે. તેમાંની એક વાત છે કે જે સિદ્ધાચલની સ્પર્શના કરે તે જીવ ભવ્ય જાણવો કેમ કે અભવ્ય કે ભારેકર્મી જીવ માટે એ સદ્ભાગ્ય ઉપલબ્ધ નથી થતું.

**अणुववायकारग - अनुपपातकारक ( त्रि. )**

(ગુર્વાદિની સમીપે ન બેસનારો, ગુરુના આદેશના ભયથી દૂર રહેનાર)

ઉત્તરાધ્યયનસૂત્રના પ્રથમ અધ્યયનમાં કહેલું છે કે, કેટલાક જીવો સદનુષ્ઠાનને આચરવા માટે કાયર હોય છે. તેથી જો ગુરુ ભગવંતની પાસે રહે તો ગુરુના આદેશથી કાર્યમાં પ્રવૃત્તિ કરવી પડે. માટે ગુરુના આદેશના ભયથી તેમનાથી દૂર દૂર બેસતા હોય છે. તેઓ ગુરુની સમીપમાં આવવાથી ડરતા હોય છે. એવા જીવોને અનુપપાતકારક એવા નામથી શાસ્ત્રકારો જાણે છે.

**अणुवसंत - अनुपशान्त ( त्रि. )**

(સકષાયી, જેનો કષાય હજુ શાન્ત નથી થયો તે, ક્રુદ્ધ, અશાંત)

હરિભદ્રસૂરિ મહારાજને જ્યારે ખબર પડી કે બૌદ્ધોએ તેમના બે પ્રિય શિષ્યને હણી નાખ્યા છે ત્યારે તેમનો આત્મા અશાંત થઈ ગયો. કષાયવશ તેમણે બૌદ્ધોને તેલની કઢાઈમાં તળવાની પ્રતિજ્ઞા લીધી અને તદનુસાર તેઓ કુલ ૧૪૪૪ બૌદ્ધાનુયાયીને મારી નાંખવા કટિબદ્ધ થયા. આ વાતની તેમના ગુરુને ખબર પડી. તેમણે શિષ્યને ઠેકાણે લાવવા માટે કષાયના કારણે ગુણસેન-અગ્નિશર્માના નવભવની પરંપરા લખીને મોકલી. તે વાંચતા જ તેમનો કષાય શાંત પડ્યો.

**अणुवसमंत - अनुपशमयत् ( त्रि. )**

(ઉપશમન નહીં કરતો, શાન્ત નહીં થતો)

રાખના ઢગલામાં દટાયેલા આગના કણિયાની શક્તિનો ખ્યાલ નથી આવી શકતો. પરંતુ જ્યારે એ તણખાને ખંખોરીને બહાર કાઢવામાં આવે ત્યારે તે કણિયાના દઝાડનારા તાપનો ખ્યાલ આવે છે. તેમ માત્ર હસતું મોઢું રાખવાથી કે શાંત બેસી રહેવાથી આત્મા અકષાયી છે તેમ માની લેવાની જરૂર નથી. કિંતુ જ્યારે કસોટીનો સમય આવે અને તે સમયે અંદર પડેલો ક્રોધ જાગી ઊઠે ત્યારે ખ્યાલ આવે કે, આ જીવ તો અતિકષાયી જ છે. જે ઉપશાન્તિ દેખાતી હતી તે તો માત્ર ભારેલા અગ્નિ જેવી જ હતી.

**अणुवसु - अनुवसु ( पुं. )**

(રાગવાળો, સરાગી ૨. સ્થવિર ૩. શ્રાવક)

હે પ્રભુ ! આ સંસારમાં વસનારા અમે તો સરાગી હોવાથી બોલા-અબોલા કરીએ એ તો હજુ સમજાય, પણ વિરાગી એવા આપ પણ જો અમારી જોડે અબોલા લઇને બેસશો અને અમને આમ જ રઝળતા મૂકી દેશો તો અમારી શી ગતિ થશે ? માટે પ્રભુ ! આપ અમારો સાથ ક્યારેય ન છોડતા.

**अणुवस्सियववहारकारि ( ण् ) - अनुपश्रितव्यवहारकारिन् ( त्रि. )**

(અનિશ્રિત વ્યવહાર કરનાર ૨. રાગપૂર્વક વ્યવહાર કરનાર)

આચાર્ય ભગવંતને શાસનના ધોરી કહેવામાં આવ્યા છે. આખા શાસનને ચલાવવાનો ભાર તેમના શિરે હોય છે. તેઓ સંયમમાં દઢ અને શિથિલ બન્ને પ્રકારના સાધુ પાસે અનુગ્રહકૃપાથી કે નિગ્રહકૃપાથી સંયમનું પાલન કરાવતા હોય છે. તે જે સાધુની સાથે પ્રેમથી કે કઠોરતાથી વર્તે છે તેનો મતલબ તેવો નથી હોતો કે જેને પ્રેમથી રાખે છે તેની પર રાગ છે અને જેને કઠોરતાથી રાખે છે તેની પર દ્વેષ છે. કેમ કે સૂરિભગવંતો રાગરહિતપણે માત્ર અનુગ્રહબુદ્ધિએ વ્યવહાર કરનારા હોય છે..

**अणुवह - अनुपथ ( अव्य. )**

(માર્ગની સમીપ, રસ્તાની નજીક)

**'કેડમાં છોકરું ને ગામમાં ઢંઢેરો'** અર્થાત્ વસ્તુ પોતાની પાસે રહેલી હોવા છતાં તેને ગામમાં શોધવા નીકળે તો તે કેટલું મૂર્ખામીભર્યું લાગે ? તેની જેમ જિનશાસનરૂપી માર્ગની નજીકમાં રહેલા હોવા છતાં આપણે બીજે બીજે ઠેકાણે ફાંફાં મારતા ફરીએ છીએ. માર્ગ આપણી નજીક છે. જરૂર છે માત્ર વિવેક સાથે તેના પર ડગલું ભરવાની.

**★अनुपध ( त्रि. )**

(ભાવથી ઉપધારહિત ૨. છલરહિત, કપટરહિત ૩. ઉપાયરહિત)

શાસ્ત્રમાં પુંડરિક અને કંડરિકની કથા આવે છે. સંસારીપક્ષે બન્ને ભાઇઓ હતા. કંડરિકે વૈરાગી થઈને દીક્ષા લીધી અને પુંડરિક રાજા થયા. કંડરિક મુનિ સમય જતાં સંયમથી થાકી ગયા. તેઓ સંસાર પ્રત્યે આસક્ત થયા અને તેઓ વ્યવહારથી ભલે ઉપધિરહિત હતાં પરંતુ ભાવથી તેઓ પરિગ્રહી બન્યા. આ બાજુ રાજા પુંડરિક રાજ્યઋદ્ધિથી જોડાયેલા હોવા છતાં તેઓ પ્રતિદિન સંયમની ચાહના કરતા હતા આથી તેઓ ભાવથી અપરિગ્રહી હતા, છલરહિત હતા, કપટ-માયારહિત હતા.

**अणुवहय - अनुपहत ( त्रि. )**

(અગ્નિ આદિથી નાશ ન પામેલ, અવિનષ્ટ)

કહેવાય છે કે, જ્યારે મોગલોએ હિન્દુસ્તાન પર આક્રમણ કર્યું ત્યારે ભારતની ઘણી બધી સાંસ્કૃતિક અને દુનિયામાં અજોડ ધરોહરને હાનિ પહોંચાડી હતી. તેઓએ શક્યતમ આ દેશની સ્થાપત્યકલાના સૌંદર્યને નષ્ટ કરવાના પ્રયત્નો કર્યા હતાં. અરે ! તેમણે જ્ઞાનવારસા સુદ્ધાને પણ છોડ્યો નહોતો. ઇતિહાસ કહે છે કે, તેઓએ લગાતાર છ માસ સુધી પોતાની રસોઇ જ્ઞાનભંડારોના

પુસ્તકોને બાળીને બનાવી હતી. પરંતુ આપણા પૂર્વજોની અગમચેતીથી અને આપણા સદ્ભાગ્યે અગ્નિ વગેરેથી નાશ ન પામેલા કેટલાંય હસ્તપ્રત-ગ્રંથો આપણી પાસે છે. આ હકીકત છે કે આર્યપ્રજાને પોતાની સંસ્કૃતિ અને શ્રુતજ્ઞાન પ્રાણથી પણ પ્રિય છે.

**अणुवहयविहि - अनुपहतविधि ( पुं. )**

(ગુરુને પૂછીને અન્યને આપવું તે, અન્યમતે ગુરુને પૂછ્યા વિના અન્યને આપવું તે)

પ્રવ્રજ્યા ગ્રહણ કર્યા બાદ શિષ્યના તન-મન અને જીવન પર ગુરુનો અધિકાર હોય છે. શિષ્યની કોઇપણ પ્રવૃત્તિ કે વિચાર ગુરુની જાણ બહાર હોતો નથી. યાવત્ શ્વાસોશ્વાસ પણ ગુરુની અનુમતિ લઇને લેવાનો હોય છે. આથી ગુરુએ શિષ્યને જે કોઇપણ વસ્તુ આપી હોય તેને જો અન્યને આપવાનો પ્રસંગ આવે તો તે ગુરુને પૂછીને જ આપવાનું શાસ્ત્રીય વિધાન છે. આ આચારને અનુપહતવિધિ કહે છે. અન્યમતે ગુરુને જણાવ્યા વિના અન્યને આપે તો અનુપહતવિધિ છે.

**अणुवहास - अनुपहास ( त्रि. )**

(ઉપહાસરહિત, કોઇની મશ્કરી ન કરનાર)

જે પરમાત્માના સાધુવેશને પામેલા છે તેવા શ્રમણો ધીર, ગંભીર અને પ્રસન્ન ચિત્તવાળા હોય છે. તેઓ ક્યારેય પણ કુમારાવસ્થાને ઉચિત અને હાસ્યમોહનીયકર્મનો બંધ કરાવનાર ઠઠ્ઠા-મશ્કરી કરનારા હોતા નથી. તેઓ અન્યને કોઇ દિવસ મજાકનું પાત્ર બનાવતા નથી. પછી તે સચિત્ત હોય કે અચિત્ત પદાર્થ હોય. હાસ્યને જૈનદર્શનમાં મોહનીયકર્મનો એક ભેદ માનેલો છે.

**अणुवहुआ ( देशी-स्त्री. )**

(નવવધૂ, નવોઢા)

લગ્નની પ્રથમ રાત્રિએ જ જંબૂકુમાર અને તેમની આઠેય નવોઢા કન્યા વચ્ચે રાગ અને વૈરાગનું યુદ્ધ ચાલ્યું. આઠેય નવપરિણીતાઓ જંબૂકુમારને એક-એક કથા કહીને સંસારમાં રહેવા માટે મનાવી રહી હતી અને જંબૂકુમાર તેની સામે જવાબરૂપે બીજી કથા કહીને સંયમ લેવા જેવો છે તે સમજાવતા હતા. અંતે વિજય વૈરાગ્યનો થયો અને આઠેય નવવધૂઓ મહેંદીના રંગમાં રંગાય તે પહેલા જ જંબૂસ્વામીએ તેમને સંયમના રંગમાં રંગી દીધા. કોટી કોટી વંદન હોજો ચરમકેવલી જંબૂસ્વામીને !

**अणुवाइ ( ण् ) - अनुपातिन् ( त्रि. )**

(અનુસરણ કરનાર ૨. યોગ્ય ૩. અનુવાદ કરનાર)

જ્યારે ભગવાન નેમિનાથ મનમાં હજારો કોડ સજાવીને બેઠેલી રાજકન્યા રાજિમતીને છોડીને ચાલ્યા ગયા. તે સમયે તેમની સખીઓ તેમને આશ્વાસન આપતાં કહેવા લાગી, 'રાજિમતી તમે ચિંતા ન કરો. અમે તમારા માટે આનાથી પણ વધારે સારા વર ગોતી લાવશું.' ત્યારે રાજુલે કાન પર હાથ મૂકીને કહ્યું કે, 'તમારા પાપી વચનો બંધ કરો.' મેં એકવાર મનથી નેમિકુમારને મારા પતિ માની લીધા છે. હવે આ ભવમાં તો બીજા લગ્ન સંભવ નથી જ અને ભારતીય નારી પતિ જે માર્ગે જાય તે જ માર્ગે તેમનું અનુસરણ કરે છે. માટે હું પણ નેમિકુમાર જે માર્ગે ગયા છે તે માર્ગને જ અનુસરીશ.

**अणुवाएज्ज - अनुपादेय ( त्रि. )**

(હેય, અનુપાદેય, ગ્રહણ નહીં કરવા યોગ્ય)

સમસ્ત લોકનો વિસ્તાર કુલ નવતત્ત્વમાં સમાવેશ પામે છે. આ નવતત્ત્વમાં કેટલાક ભાવો હેય અર્થાત્ ત્યજવા યોગ્ય છે. કારણ કે તેના કારણે જીવ દુઃખોની પરંપરાથી બંધાય છે. જો તે હેયપદાર્થોનો ત્યાગ કરવામાં આવે તો જીવ શાશ્વત સુખ પામી શકે છે. તે હેય તત્ત્વો છે પાપ, આશ્રવ, બંધ અને અપેક્ષાએ સાંસારિક પુણ્ય પણ.

**अणुवाणहय - अनुपानत्क ( त्रि. )**

(પગરખાંને ધારણ નહીં કરનાર, જૂતાં વગરનું)

**अणुवाय - अनुताप ( पुं. )**

(સંયોગ ૨. આગમન)

જેના દ્વારા બે દ્રવ્યો વચ્ચે જોડાણ સધાય તેને સંયોગ કહેવામાં આવે છે. આ સંયોગ બે પ્રકારના માનેલા છે. ૧. બાહ્ય અને ૨. અભ્યંતર. ધન, વૈભવ, પત્ની, પુત્ર વગેરે સાથે મમત્વભાવથી જોડાણ તે બાહ્ય સંયોગ છે અને રાગ-દ્વેષ, મોહ દ્વારા કર્મો સાથેનું

જોડાણ તે અભ્યંતર સંયોગ છે. પરમાત્માના શાસનને પામેલા શ્રમણ આ બન્ને પ્રકારના સંયોગથી વિપ્રમુક્ત હોય છે.

**★अनुपात ( पुं. )**

(અનુસરણ ૨. સંબંધ)

**★अनुवात ( पुं. )**

(અનુકૂળ પવન ૨. અનુકૂળ પવનવાળો દેશ, જે દેશમાંથી અનુકૂળ પવન આવે છે તે)

સામાન્ય રીતે ગ્રહ, નક્ષત્ર, તારા આદિના આધારે વ્યક્તિ ચાલતી હોય છે. તેના આધારે પોતાના ભાવિનું અનુમાન કરતી હોય છે. પરંતુ જે સમયે મહાન આત્માનું પૃથ્વી પર અવતરણ થવાનું હોય ત્યારે તે જીવના પુણ્ય પ્રભાવે ગ્રહ, નક્ષત્ર વગેરેને પોતાની ચાલ બદલીને તેને અનુકૂળ થવું પડે છે. આગમોમાં કહ્યું છે કે, જે સમયે પરમાત્માનો જન્મ થવાનો હોય તે સમયે ગ્રહો ઉચ્ચકોટીના થઇ જાય છે, વાતાવરણ પણ સુગંધિત થઇ જાય છે, પ્રતિકૂળ વહેતો પવન પણ અનુકૂળ રીતે વહેતો થાય છે.

**★अनुवाद ( पुं. )**

(વિધિપ્રાપ્તનું વાક્યાન્તરે કથન કરવું તે, વિધિવાક્યને બીજી રીતે કહેવું તે, ઉક્ત વાતને ફરીથી કહેવી તે)

શાસ્ત્રોના પદાર્થોનું કથન કરનાર વક્તા અનુવાદશીલ હોવો જોઇએ. અર્થાત્ સિદ્ધાંતમાં કહેલી વાતોને એક યા બીજી રીતે શ્રોતાને કહી શકે તેવી ક્ષમતાવાળો હોવો જોઇએ. જેમ કે વિધિવાક્ય છે કે અગ્નિ ઉષ્ણ છે. પરંતુ આમ સીધેસીધું કહેવાને બદલે અગ્નિ એ ઠંડીનો રામબાણ ઇલાજ છે એવા લોકપ્રસિદ્ધ ઉદાહરણ દ્વારા શાસ્ત્રીય પદાર્થોનું નિરૂપણ કરે.

**अणुवायवाय - अनुपायवाद ( पुं. )**

(છઠ્ઠો મિથ્યાત્વવાદ)

નયોપદેશ ગ્રંથમાં મિથ્યાત્વના જુદા-જુદા ભેદ બતાવવામાં આવેલા છે. તેમાંના છઠ્ઠા મિથ્યાત્વવાદનું નામ છે અનુપાયવાદ.

**अणुवालय - अनुपालक ( पुं. )**

(ગોશાળાના આજીવકમતના મુખ્ય ઉપાસકનું નામ)

**अणुवास - अनुवास ( पुं. )**

(એક સ્થાને કેટલોક કાળ રહીને પુનઃ ત્યાં જ વસવું તે)

પંચકલ્પ ભાષ્યમાં સાધુને અનુવાસકલ્પનો આચાર બતાવવામાં આવેલો છે. તેમાં કહેલું છે કે વર્ષાકાળના ચારમાસ, શેષકાળમાં માસકલ્પ, મારી-મરકી વગેરે ઉપદ્રવોના કારણે તથા વૃદ્ધાવસ્થાદિ વશ એક સ્થાને કેટલોક કાળ રહીને પુનઃ તે જ સ્થાને રહે તો કોઇ દોષ નથી. કેમ કે સકારણ એકસ્થાને વાસ શાસ્ત્ર સંમત છે. તે સિવાય શ્રમણ નિષ્કારણ મોહવશ એકના એક સ્થાને રહે તો તેને અતિચાર લાગે છે. યાવત્ સંયમનો ઘાત પણ થઈ શકે છે માટે ભારપૂર્વક તેનો નિષેધ બતાવેલો છે.

**अणुवासग - अनुपासक ( पुं. )**

(શ્રાવક નહીં તે, મિથ્યાદષ્ટિ, જૈનેતર ગૃહસ્થી ૨. સેવા નહીં કરનાર)

તીર્થંકર ભગવંતોની આજ્ઞાને સંપૂર્ણ સત્ય માનનાર અને ભગવંતે પ્રરૂપેલા ધર્મની ઉપાસના કરનારને શ્રાવક કહેવાય છે. વીતરાગ ધર્મને ન સ્વીકારનાર મિથ્યાદષ્ટિ જીવને અનુપાસક કહેવાય છે. નિશીથસૂત્રની ચૂર્ણિમાં અનુપાસકના બે ભેદ કહેલા છે. ૧. જેને આપણે ઓળખીએ છીએ તે જ્ઞાતક અને ૨. જેને આપણે ઓળખતા નથી તે અજ્ઞાતક.

**अणुवासणा - अनुवासना ( स्त्री. )**

(ચામડાની નળીથી ગુદામાર્ગે પેટમાં તેલવિશેષ નાખવું તે, વ્યવસ્થાપના)

**अणुवि ( व्वि ) ग्ग - अनुद्विग्न ( त्रि. )**

(પ્રશાંત, ઉદ્વેગરહિત, વ્યગ્રતારહિત)

ટીવી સેટ, સોફા સેટ, ડાયમન્ડ સેટ અને ડાઇનીંગ સેટ વચ્ચે ભણેલો-ગણેલો આજનો માનવી અપસેટ છે. કેમ કે આજનો માનવી પોતાની શક્તિ કે આવડત કરતાં અનેકગણી વધુ તૃષ્ણાને પાળી-પોષીને બેઠો છે પછી તે પ્રશાંત કે વ્યગ્રતારહિત કેવી રીતે રહી શકે? અર્થાત્ ન રહી શકે એ હકીકત છે.

**अणुविरइ - अनुविरति ( स्त्री. )**

(દેશવિરતિ, શ્રાવક જેનું પાલન કરે છે તે-શ્રાવકપણું)

વિરતિ એટલે પાપથી સર્વથા નિવૃત્તિ. જૈનશાસનના શ્રમણ ભગવંતો હિંસા, જૂઠ, અદત્ત, મૈથુન, પરિગ્રહરૂપ પાપોથી સર્વપ્રકારે વિરમવાપૂર્વક સર્વવિરતિધર્મનું પાલન કરે છે. જ્યારે શ્રાવક સંસારમાં રહેલો હોવાથી વ્રતોના સંપૂર્ણ પાલનની જગ્યાએ થોડુંક જ પાલન કરી શકે છે, જેને અણુવિરતિ કે દેશવિરતિ કહેવાય છે.

**अणुवीइ - अनुविचिन्त्य ( अव्य. )**

(વિચારીને, આલોચીને, ચિંતવીને, કેવળજ્ઞાનથી જાણીને)

જેમ સવારનો ભૂલ્યો સાંજે પાછો આવે તો તેને ભૂલો પડેલો નથી કહેવાતો તેમ જીવ છદ્મસ્થ હોવાથી ક્યારેક પ્રમાદવશ કે કર્મવશ પાપ થઈ જાય પરંતુ, ત્યારબાદ 'હવે તેને ક્યારેય નહીં જ કરું' એમ ચિંતવીને ગુરુ ભગવંત પાસે તેની આલોચના કરે અને ગુરુ ભગવંત પ્રદત્ત પ્રાયશ્ચિત્ત કરે તો તે જીવ પુનઃ પવિત્ર થઈ જાય છે.

**★अनुवाच्य ( अव्य. )**

(અનુકૂળ કહેવડાવીને, અનુકૂળપણે વંચાવીને)

કોઈ જીવને માત્ર શારીરિક નુકશાન પહોંચાડવું તે જ હિંસા નથી, પરંતુ કોઈપણ જીવને તિરસ્કૃત કરનારા કટુવચન કહેવા તે પણ એક પ્રકારની હિંસા જ છે. શસ્ત્ર કરતાં પણ કટુશબ્દને વધુ ભયંકર કહેલા છે. કેમ કે શસ્ત્રની અસર થોડા સમયે રુઝાઇ પણ જાય છે જ્યારે દિલને ચોટ કરેલા શબ્દોની અસર સમય જતાં પણ એવીને એવી જ રહે છે. માટે જ શાસ્ત્રોમાં કહ્યું છે કે, જો કોઈ એવો સમય આવે તો મૌન રહેવું. અર્થાત્ સામેનાને અપ્રીતિકર એવા કટુવચન કહેવા કરતા સાનુકૂળ કથન કરીને સમજાવવું સારું.

**अणुवीइभासि ( ण् ) - अनुविचिन्त्यभाषिन् ( पुं. )**

(પર્યાલોચન કરીને બોલનાર, પોતે આલોચિને કહેવારૂપ વચનના વિનયનો એક ભેદ)

ઘણું બધું બોલ-બોલ કરવું કે વિચાર્યા વગર જ બોલવું તેને 'બડબડ કરવું' એમ કહેવાય છે. બાળકો, મૂર્ખ અને અણસમજું વ્યક્તિઓ આવો વ્યવહાર કરે છે જ્યારે વિવેકી મનુષ્યો આગળ-પાછળના સંદર્ભનો, વર્તમાન પરિસ્થિતિ અને બોલાતા વાક્યોની અસર શું પડશે તેનો સારી રીતે વિચાર કરીને, પર્યાલોચનપૂર્વક બોલે છે.

**अणुवीइसमिइजोग - अनुविचिन्त्यसमितियोग ( पुं. )**

(વિચારીને બોલવારૂપ ભાષાસમિતિનો વ્યાપાર, ભાષાસમિતિયોગ)

જે ભાષાના પ્રયોગથી અન્યને દુઃખ લાગે કે હિંસાની અનુમતિ અથવા પ્રશંસા થાય તેને ભાષા સમિતિનો દુરુપયોગ કહે છે. માટે સાધુ સર્વસાવદ્ય અને શ્રાવક મોટકા સાવદ્ય વચનના સદા ત્યાગી હોય છે. ધૂર્ત, કામી, ચોર આદિ દ્વારા બોલાતી ભાષાને સદંતરપણે ત્યાગીને સર્વને હિતકારી, યોગ્ય અને કાર્યને સાધનારી સ્પષ્ટ વાણી બોલવી તે ભાષાસમિતિયોગ કહેવાય છે.

**अणुवूहण - अनुव्यूहन ( न. )**

(પ્રશંસા કરવી તે, વખાણ કરવા તે)

લોકો પાસેથી કામ કઢાવવા માટે કે આપણી અનુકૂળતાને સાચવવા માટે કે સામેની વ્યક્તિને સારું લાગે તે માટે આપણે ઘણી વખત સાચી ખોટી પ્રશંસા કરતા રહીએ છીએ. જ્યારે ધર્મ જણાવે છે કે, તમને કોઈપણ વ્યક્તિ સત્કાર્ય કરતી દેખાય, ગુણવાન દેખાય તો તેના સત્કાર્યની કે ગુણોની ભારોભાર પ્રશંસા અવશ્ય કરો. કેમ કે ગુણોની પ્રશંસા કરવાથી તે ગુણો તમારામાં પણ આવશે અને તેમને બીજીવાર સત્કાર્ય કરવા ઉત્સાહી બનાવશે.

**अणुवेदयंत - अनुवेदयत् ( त्रि. )**

(અનુભવ કરતો, ભોગવતું, વેદના પામતું)

પ્રમાદી જીવનો સ્વભાવ છે ભૂલી જવાનો. દરરોજ બનતી ઘટનાઓમાં ક્યાંક તેની લાગણી દુભાઇ હોય કે આનંદની અનુભૂતિ થઈ હોય તે થોડાક સમય પછી ભૂલી જાય છે. આ જ રીતે પૂર્વભવોમાં નરકાદિ ગતિમાં ભોગવેલા રૌરવ, અતિ ભયંકર દુઃખોને પણ ભૂલી જાય છે. અરે! આ જ ભવમાં ગર્ભાવસ્થામાં ઊંધા માથે વીતાવેલો સમય પણ જો તેને યાદ રહે તો પણ તે પાપ કરવાનું સર્વથા

ભૂલી જાય.

**अणुवेहमाण - अनुप्रेक्षमाण ( त्रि. )**

(વિચારતો, અનુપ્રેક્ષા કરતો, ભાવના ભાવતો)

**अणुवो ( देशी )**

(તેમ, તે પ્રકારે, તે પ્રમાણે, હા, ખરું, ખરેખર)

**अणुव्वजंत - अनुव्रजत् ( त्रि. )**

(અનૂકુળપણે સન્મુખ જતો ૨. પાછળ જતો)

જેઓ માત્ર વ્યવહારિક સંબંધોથી જ બંધાયેલા છે તે સંબંધિઓ અને મહેમાનોની આગતા-સ્વાગતામાં આપણે પૂરેપૂરા ઓળઘોળ થઈ જઈએ છીએ. બસસ્ટેન્ડ કે સોસાયટીના નાકા સુધી તેમને લેવા અને વળાવવા જઈએ છીએ પરંતુ જેઓ સત્યમાર્ગનો ઉપદેશ આપીને આપણા ઉપર સતત ઉપકાર કરતા રહે છે તે શ્રમણ ભગવંતો આપણા સંઘમાં પધારે છે ત્યારે તેમને સત્કારવા અને વળાવવાં શું આપણે જઈએ છીએ ખરાં ? જો ના, તો સમજી લો કે આપણા જેવો કૃતઘ્ન બીજો કોઈ નથી.

**अणुव्वय ( अ ) - अणुव्रत ( न. )**

(મહાવ્રતની અપેક્ષાએ નાના વ્રતો, શ્રાવકના પ્રથમ પાંચ વ્રત, અણુવ્રત, શ્રાવકધર્મ)

તીર્થંકર ભગવંતો કેવળજ્ઞાનની પ્રાપ્તિ પછી ચતુર્વિધ સંઘની સ્થાપના કરે છે. જેમાં પુરુષ કે સ્ત્રીના ભેદ વગર આત્મતત્ત્વને શુદ્ધ બનાવવા માગતા દરેક જીવો માટે તેઓ શુદ્ધમાર્ગની પ્રરૂપણા કરે છે. જેઓનો આત્મા પૂર્ણરૂપે જાગી ચુક્યો હોય અને સંસારનો ત્યાગ કરવા કટિબદ્ધ હોય એવા આત્માઓ માટે મહાવ્રતધર્મ અને જેમને સત્યની સમજણ પ્રાપ્ત થઈ ગઈ હોય પરંતુ હજી સંસારનો રાગ પૂરેપૂરો છુટ્યો ન હોય તેવા શ્રાવકો માટે અણુવ્રતધર્મ બતાવ્યો, જેમાં પ્રથમ પાંચવ્રતો અણુવ્રત સ્વરૂપ છે.

**★अनुव्रत ( न. )**

(મહાવ્રતની પછી જેની સ્થાપના કરવામાં આવેલી છે તે, મહાવ્રતની અપેક્ષાએ નાના વ્રતો, શ્રાવકના પ્રથમ પાંચ વ્રત, અણુવ્રત, શ્રાવકધર્મ)

સાધુ-સાધ્વીજી ભગવંતો જેનું સંપૂર્ણ પાલન કરે છે તે મહાવ્રતોની પછી જૈનાગમગ્રંથોમાં મહાવ્રતોની અપેક્ષાએ નાના વ્રતોની સ્થાપના કરેલી હોવાથી તેને અનુવ્રત કહેવાય છે. તેનો ક્રમ છે ૧. સ્થૂલપ્રાણાતિપાતવિરમણ વ્રત ૨. સ્થૂલમૃષાવાદવિરમણ વ્રત ૩. સ્થૂલઅદત્તાદાનવિરમણ વ્રત ૪. સ્થૂલમૈથુનવિરમણ વ્રત અને ૫. સ્થૂલપરિગ્રહપરિમાણવિરમણ વ્રત. શ્રાવક-શ્રાવિકાઓને પાળવાના બારવ્રતોમાં પ્રથમ પાંચવ્રતો ઉપર કહ્યા મુજબના છે.

**अणुव्वयपणग - अनुव्रतपञ्चक ( न. )**

(જેમાં પાંચ અણુવ્રતોનો સમૂહ છે તે, સ્થૂળપ્રાણાતિપાતવિરમણાદિ અણુવ્રતપંચક)

**अणुव्वयमुह - अणुव्रतमुख ( त्रि. )**

(અણુવ્રતો પ્રથમ-પ્રધાન છે જેને તે- સાધુ શ્રાવકનું વિશેષ ધર્માચરણ)

**अणुव्वया - अनुव्रता ( स्त्री. )**

(પતિવ્રતા સ્ત્રી, પાતિવ્રત્ય ધર્મને પાળનારી સ્ત્રી)

ધર્મશાસ્ત્રોમાં ક્યાંય પણ સ્ત્રીને તુચ્છકારવાની કે હલકી ગણવાની વાત કરેલી નથી, પરંતુ ગાર્હસ્થ્યધર્મ વિષે કહેલી વાત વિચારશું તો સ્પષ્ટ છે કે પુરુષ જેટલું જ મહત્વ સ્ત્રીને આપવામાં આવેલું છે. સ્ત્રીને પરિવાર તથા કુળનું મૂલ્યવાન ઘરેણું ગણીને તેનું જતન કરવાનું જણાવેલું છે. સાથે-સાથે સ્ત્રીઓને પણ પતિના કુળને અનુરૂપ આચારનું પાલન કરવાનો નિર્દેશ કરેલો છે.

**अणुव्वस - अनुवश ( त्रि. )**

(વશ થયેલું, પરસ્પરાધીન થયેલું)

મદ્યપાન કરેલી વ્યક્તિ પોતાનું ખાનદાન, ઈજ્જત અને સૂધ-બૂધ ખોઈને લવારા કરતી વિવેકહીન બને છે તેમ મોહને વશ થયેલ આત્મા પોતાની અનંત જ્ઞાનાદિ શક્તિ સામર્થ્યને ભૂલીને મોહાંધતામાં અટવાઈને બિચારો સાવ રાંકડો-ગરીબડો થઈ જાય છે.

**अणुव्विवाग - अनुविपाक ( पुं. )**

(કર્મવિપાકના અનુરૂપ, કર્મ પ્રમાણે તેનું ફળ)

બે પ્રકારના લોકો આ દુનિયામાં દેખાઈ રહ્યા છે. ૧. આર્થિક રીતે સુખી, સંપન્ન તથા સંસ્કારી પરિવારમાં જન્મ પામેલી વ્યક્તિઓ જેમને દરેક અનુકૂળતા સહજ રીતે જ પ્રાપ્ત થાય છે તેવી અને ૨. સખત મહેનત કર્યા પછી પણ માંડ-માંડ પરિવારની આવશ્યકતા પૂર્તિ થાય છે એવી. જેમને ઘણી વખત ત્રણ સાંધતાં તેર તૂટે એવી પરિસ્થિતિ હોય છે. આ બન્ને વચ્ચેના તફાવતનું કારણ છે તેમણે પૂર્વે બાંધેલા કર્મો. જીવ જેવા કર્મ કરે છે, જેવા વિચાર કરે છે ભવિષ્યમાં તદનુસાર જ તેને ફળ પ્રાપ્ત થાય છે.

**अणुसंगई - अणुसङ्गति ( स्त्री. )**

(આકાશાદિ દ્રવ્યનો પરમાણુ સાથેનો સંયોગ)

**अणुसंचरंत - अनुसञ्चरत् ( त्रि. )**

(પાછળ ચાલતો ૨. ભટકતો, પરિભ્રમણ કરતો)

આચારાંગસૂત્રમાં જણાવ્યું છે કે જે જીવો પાંચ ઇન્દ્રિયના વિષયોમાં ગૃદ્ધ થઈ તેને ભોગવવામાં જ સારપણું માની આસક્તિપૂર્વક તેમાં નિમગ્ન રહે છે તેવા આત્માઓ ચારગતિમય સંસારને વિષે અનેકવિધ ભવોમાં દુઃખો ભોગવતા થકા આથડ્યાં જ કરે છે.

**अणुसंधाण - अनुसन्धान ( न. )**

(બુદ્ધિથી ગ્રહણ કરવું તે ૨. પૂર્વાપરને મેળવવું તે ૩. શોધ, ગવેષણા ૪. વિચાર, ચિન્તન)

આપણે ગુરુ ભગવંતો પાસે વિનયપૂર્વક વ્યાખ્યાન શ્રવણ કરીએ છીએ તેને તથા મહર્ષિઓએ આપણા જેવા બાળજીવો ઉપર કરુણા કરીને રચેલા શાસ્ત્રોનું અધ્યયન કરીએ છીએ તેને ભગવાનની વાણી કહીએ છીએ. તે કઈ રીતે ? શું હાલ વિચરતાં શ્રમણ ભગવંતોએ તીર્થંકરદેવ પાસેથી સાંભળ્યું કે, શાસ્ત્રોના રચનાર મહર્ષિઓએ ભગવાન પાસે સાંભળ્યું છે ? ઉત્તર 'ના' આવશે. કિંતુ આ વાણી કે આ જ્ઞાન તીર્થંકર ભગવંતોએ ગણધરાદિ મહાપુરુષોને આપ્યું, તેઓએ તેમના શિષ્યોને આપ્યું એમ પરંપરાથી તીર્થંકરભગવંતે ઉપદેશેલી વાણી આપણા સુધી પહોંચી અને આપણે આજે તેનું શ્રવણ અધ્યયન કરીએ છીએ.

**अणुसंधियं ( देशी )**

(સતત હિચકી, અવિરામ હેડકી આવવી તે)

**अणुसंवेयण - अनुसंवेदन ( न. )**

(પછીથી વેદવું તે ૨. અનુભાવવું તે)

આપણે ક્યારેક કોઈક કાર્યમાં મશગૂલ થઈ ગયા હોઈએ ત્યારે કંઈ સંવેદન થાય કે કંઈ વાગે તો ઘણી વખત તેની ખબર પડતી નથી. પછી જ્યારે વેદન-ઉપયોગ-અનુભવ થતા આપણને ખ્યાલ આવે કે, આ વાગ્યું છે. શાસ્ત્રોમાં તેને અનુસંવેદન કહેલ છે.

**अणुसंसरण - अनुसंसरण ( न. )**

(ગમન કરવું તે, ભ્રમણ કરવું તે ૨. સ્મરણ કરવું તે)

જ્યાં સુધી જીવને સાચી સમજણ પ્રાપ્ત થતી નથી, સત્ય શું છે ? તેની ખબર પડતી નથી, ત્યાં સુધી અજ્ઞાનના અંધારામાં દિશાહીન બનીને આમ-તેમ બસ ભટક્યા જ કરે છે. જ્યારે તેને સાચી સમજણ પ્રાપ્ત થાય છે, સત્ય તત્ત્વનો બોધ થાય છે તે પછી જીવ તેમાં પ્રવૃત્તિશીલ થાય છે. જ્ઞાનીઓ કહે છે કે ત્યારપછીથી સંપૂર્ણ આનંદનું સ્થાન-મોક્ષ પ્રાપ્ત કરવા માટેની યાત્રાનો પ્રારંભ થાય છે.

**अणुसज्जणा - अनुसज्जना ( स्त्री. )**

(અનુસરણ, અનુવર્તન)

સત્યની તાલાવેલી જાગે પછી વ્યક્તિને શાસ્ત્રોનું ક્રમશઃ અધ્યયન કરવા તથા શાસ્ત્રોક્ત સારભૂત પદાર્થો વિષે ચિંતન, મનન કરી આત્માને ભાવિત કરવાની પ્રવૃત્તિ થાય છે. પરંતુ જે ભણી શક્યો નથી કે ભણી શકે તેવી શક્તિ કે અનુકૂળતા નથી તેવો અજ્ઞાની જીવ પણ જો ગુરુ ભગવંત ઉપર સંપૂર્ણ શ્રદ્ધા રાખીને તેમની આજ્ઞાને અનુસરે તો તે જીવનો બેડો પાર થઈ જાય એ નિઃશંક છે.

**अणुसज्जिज्जत्था - अनुषक्तवत् ( त्रि. )**

(કાળ પરંપરાથી ચાલ્યું આવેલું, પૂર્વકાળથી કાળાન્તરમાં અનુવર્તન પામી આવેલું)

**अणुसट्ठी - अनुशिष्टि ( स्त्री. )**

(અનુશાસન ૨. સ્તુતિ, પ્રશંસા, શ્લાઘા ૩. શીખ, ઉપદેશ, દોષ દેખાડી શિક્ષણ આપવું તે ૪. આજ્ઞા, અનુજ્ઞા, સંમતિ)

જો તમારે કોઈપણ દિશામાં પ્રગતિ કરવી છે તો તેની પ્રાપ્તિ માટેનો સતત પ્રયત્ન જરૂરી બને છે. વ્યક્તિ ઘણી વખત પ્રમાદવશ કે વચ્ચે આવતા અવરોધોથી હારી જઈને કે પછી મુશ્કેલ ગણીને કાર્યને અધવચ્ચે જ છોડી દે છે. જ્યારે સતત ધગશપૂર્વક પ્રયત્ન કરતી વ્યક્તિની મહેનત એક નિશ્ચિત પરિણામને પ્રાપ્ત કરાવે છે. મુલાયમ ગણાતું દોરડું પણ સતત પ્રયત્ન દ્વારા કૂવાના કાળમીંઢ પથ્થર પર પણ કાપા પાડી દે છે.

**अणुसमय - अनुसमय ( अव्य. )**

(પ્રતિક્ષણ, પ્રતિસમય, સમય સમય)

લોકો જ્યારે પેથડ મંત્રીને સુખ પૃચ્છા કરતા હતાં ત્યારે કથાકારે મંત્રીના મુખમાં શબ્દો મૂકતાં લખ્યું છે કે, અરે! લોકો મને પૂછે છે કે હે મંત્રીશ્વર! તમારા શરીરમાં કુશલતા વર્તે છે? પરંતુ તેમને કેવી રીતે સમજાવું કે ભાઇ! જ્યાં પ્રત્યેક ક્ષણે આયુષ્ય ક્ષીણ થતું હોય, જીવનની દોરી ટૂંકી થતી જતી હોય ત્યાં કુશલતા કેવી રીતે હોઇ શકે, અર્થાત્ ક્ષણભંગુર આ શરીરે કુશળતા વળી કેવી ?

**अणुसमवयणोववत्तिअ - अनुसमवदनोपपातिक ( त्रि. )**

(અનુરૂપ કે અવિષમ છે મુખની સંગતિ-દ્વારઘટના જેને તે)

કર્મસિદ્ધાંતાનુસાર પ્રત્યેક પ્રાણીના શરીરના અંગો અને ઉપાંગોની રચના નામકર્મને આધારે થતી હોય છે. જો શરીરના પ્રત્યેક અંગો સુવ્યવસ્થિત હોય. આંખ, નાક, કાન, હાથ, પગ, અવિષમ મુખાકૃતિ વગેરે યથાસ્થાને હોય તો તે જીવે બાંધેલા શુભ નામકર્મનો પ્રભાવ જાણવો અને જો તે અવ્યવસ્થિત તથા વિષમ હોય તો અશુભ નામકર્મનો ઉદય જાણવો.

**अणुसय - अनुशय ( पुं. )**

(ગર્વ, અહંકાર, ઘમંડ ૨. પશ્ચાત્તાપ)

અહંકાર હંમેશાં જીવને અધોગતિ તરફ લઇ જાય છે. તે ક્યારેય પણ જીવને પોતાનામાં પડેલા દોષને સ્વીકારવા દેતો જ નથી. પરસ્ત્રીને માતા-બહેન સમાન માનતો રાવણ પણ એકમાત્ર અહંકારને કારણે અપમૃત્યુ પામ્યો. અરે, જેમનું નામ ચોરાશી ચોવીસી સુધી અમર રહેવાનું છે તેવા કામવિજેતા આર્ય સ્થૂલિભદ્ર કામને જીતી શક્યા પરંતુ, પોતાના જ્ઞાનના અહંકાર આગળ હારી ગયા. અહંકારના કારણે તેમને બાકીના ચારપૂર્વો અર્થથી ગુમાવવા પડ્યા. માટે જ તો મહર્ષિઓએ અહંકારને ત્યજવા કહેલું છે.

**अणुसरण - अनुस्मरण ( न. )**

(અનુચિંતન, સ્મરણ કરવું, વિચારવું)

સ્વામી વિવેકાનંદે લખ્યું છે કે, પ્રત્યેક વ્યક્તિએ દરરોજ એક વખત આત્મચિંતન કરવું જોઇએ. અર્થાત્ વ્યક્તિ જેમ બીજા માટે વિચાર કરે છે, આલાપ સંલાપ કરે છે, તેમ પ્રતિદિન થોડોક સમય પોતાના આત્મા સાથે વાર્તાલાપ કરવો જોઇએ. જે વ્યક્તિ થોડીક ક્ષણો જો પોતાના આત્મા માટે નથી કાઢી શકતી તો તેના જેવું દુર્ભાગી બીજું કોઇ નથી.

**अणुसरियव्व - अनुसर्तव्य ( त्रि. )**

(અનુસરવા યોગ્ય, અનુસરણ કરવા લાયક)

પરમાત્માની વાણી હંમેશાં વિધેયાત્મક હોય છે. તેમનું વચન ક્યારેય પણ આજ્ઞાત્મક હોતું નથી. આથી જ તો તેમણે મોક્ષના દરવાજા ખોલી આપનાર સન્માર્ગ તેમજ નરક અને દુર્ગતિમાં લઇ જનાર ઉન્માર્ગ બન્નેનું નિરૂપણ કરીને અંતે કયા માર્ગને અનુસરવું અને કયા માર્ગે ન જવું, તે નિર્ણય પ્રત્યેક જીવ પર છોડી દીધો છે.

**★अनुस्मर्तव्य ( त्रि. )**

(પાછળથી યાદ કરવા યોગ્ય, ચિંતવવા યોગ્ય)

**अणुसरिस - अनुसदृश ( त्रि. )**

(અનુરૂપ, યોગ્ય ૨. સમાન, તુલ્ય)

શાસ્ત્રોમાં પરમાત્માનું ધ્યાન ઇલિકાભ્રમરન્યાયે ચિંતવવાનું કહેલું છે. જેવી રીતે ભમરીની કેદમાં રહેલી ઈયળ સતત ભમરીનું

ચિંતવન કરે છે અને તેનું ચિંતન કરતાં કરતાં એક દિવસ સ્વયં ઈયળ ભમરીનું રૂપ ધારણ કરે છે તેવી રીતે જે ભક્ત સતત પરમાત્માનું ચિંતન કરે છે તે એક દિવસ સ્વયં ભગવાનની સમાન બની જાય છે. અર્થાત્ સ્વયં પૂજ્ય બની જાય છે.

**अणुसार - अनुसार ( पुं. )**

(અનુગમન, અનુવર્તન, પાછળ જવું તે ૨. સમાન બનાવવું તે, સરખું કરવું તે ૩. પરતંત્રતા, તે મુજબ)

**★अनुस्वार ( पुं. )**

(અક્ષર ઉપર રહેલું બિંદુ, અનુનાસિક વર્ણ, અનક્ષર શ્રુત)

જેમાં વર્ણામ્નાય પ્રમાણે અનુસ્વારસહિત ઉચ્ચારણ કરવામાં આવે તેવા જ્ઞાનને અનક્ષરશ્રુત કહેવામાં આવે છે. સ્વરના આશ્રયથી ઉચ્ચારણ કરાતા અને બિંદુરેખાથી વ્યક્ત કરાતા વર્ણાક્ષરને વ્યાકરણની ભાષામાં અનુસ્વાર કહેવાય છે.

**अणुसासंत - अनुशासत् ( त्रि. )**

(શિક્ષા આપતો, દંડ દેતો ૨. અનુશાસન કરતો ૩. ઉપદેશ આપતો)

સામ, દામ, દંડ અને ભેદ નીતિથી શાસન કરતો રાજા જેમ વધુ સારી રીતે રાજ્ય કરી શકે છે અને પોતાનું વર્ચસ્વ જાળવી શકે છે તેમ જે આચાર્ય શાસ્ત્રમાં કહેલ સારણા, વારણા, ચોરણા અને પડિચોયણાની વિધિથી શિષ્યોને ઉપદેશ અને દંડ વિગેરે આપે છે તે જ આચાર્ય ભદ્રજીવોને ઉન્માર્ગથી સન્માર્ગે લાવવા સમર્થ બને છે.

**अणुसासण - अनुशासन ( न. )**

(આગમાનુસરણ થાય તેમ ઉપદેશ આપવો તે ૨. શિક્ષા, દંડ ૩. શિખામણ, ઉપદેશ ૪. આજ્ઞા, હુકમ ૫. અનુકંપા, દયા)

ભવાભિનંદી જીવોની મતિ હંમેશાં બીજાને દબાવીને તેમની પર શાસન કરવાની હોય છે. અર્થાત્ તેઓની પ્રવૃત્તિ કાયમ બીજાને નીચા દેખાડવાની અને બીજા પર રાજ કરવાની હોય છે. જ્યારે અધ્યાત્મની દુનિયામાં બીજા જીવો પર અનુશાસન કરવાનો નિષેધ છે. ત્યાં તો પહેલો નિયમ છે કે, જો તમારે અનુશાસન કરવું હોય તો પોતાના આત્મા પર કરો. જે આત્મા પર અનુશાસન કરી શકે છે તે જ જગતના જીવો પર રાજ કરી શકે છે.

**अणुसासणविहि - अनुशासनविधि ( पुं. )**

(અનુશાસનનું વિધાન ૨. ઉપદેશની વિધિ)

ખરા અર્થમાં જોઈએ તો 'અનુશાસન' એ ઉન્માર્ગે જતા જીવને સન્માર્ગે લાવવાની પ્રક્રિયા છે. આ અનુશાસનને વ્યવહારમાં અને ધર્મમાં બન્નેમાં અનુમતિ અપાઇ છે. કાળ અનુસાર જીવોને મર્યાદામાં રાખવા માટે જ તે સમયના રાજાઓ કે આચાર્ય ભગવંતો અનેક રીતે અનુશાસનની વિધિઓ અપનાવતા હતા અને તેના દ્વારા જીવને કલ્યાણકારી માર્ગે ચઢાવતા હતા.

**अनुसासिज्जंत - अनुशास्यमान ( त्रि. )**

(અનુશાસન કરાતો, શિક્ષા પામતો ૨. ગુરુ દ્વારા સન્માર્ગે પ્રેરણા કરાતો)

**अणुसासिय - अनुशासित ( त्रि. )**

(અનુશાસન કરાયેલો, દંડાયેલો, શિક્ષિત)

ચારિત્રજીવનનું પાલન કરતાં ક્વચિત્ પ્રમાદવશ સ્ખલના થઈ હોય તો ગુરુ વડે કઠોર વચનોથી ઠપકો આપવામાં આવે છે. તે અવસરે પણ વિનીત શિષ્ય ક્યારેય ગુરુ પ્રત્યે રોષ કરતો નથી. કેમ કે ગુરુની કઠોરોક્તિમાં પણ શિષ્ય પ્રત્યેનો પ્રેમ રહેલો હોય છે. તેમનો અંતરાત્મા કાયમ તેના હિતની ચિંતા જ કરતો હોય છે. આથી ગુરુ વડે દંડાયેલા જીવે ગુરુ પ્રત્યે વિનયભાવને ધારણ કરીને તેમનો ઉપકાર માનવો જોઇએ.

**अणुसिट्ठ - अनुशिष्ट ( त्रि. )**

(શિક્ષિત, જેને શિખામણ આપેલી હોય તે)

અશ્વપાલ વડે શિક્ષિત અશ્વ પોતે શીખેલી કલાઓ દ્વારા લોકોનું મનોરંજન કરી શકે છે અને બધાની પ્રશંસાને પાત્ર બને છે. પરંતુ જે અશ્વ ક્યારેય શિક્ષા પામ્યો નથી તે માત્ર ભારવહન કરવાના કાર્યમાં જ ઉપયોગી થાય છે. તેમ ગુરુ ભગવંતની કૃપાદૃષ્ટિએ શિક્ષિત શિષ્ય કર્મની નિર્જરા કરનાર અને લોકમાં પ્રશંસનીય બને છે. જ્યારે ગુરુ ભગવંતની શિક્ષાને અયોગ્ય અને નઠોર જીવ માત્ર

સંસારના ભારને ઊંચકનારો બની રહે છે.

**अणुसिट्ठी - अनुशिष्टि ( स्त्री. )**

(શિક્ષણ, બોધ, હિતકારક ઉપદેશ ૨. આજ્ઞા ૩. સ્તુતિ)

**अणुसुत्ती ( देशी-त्रि. )**

(અનુકૂળ)

વર્ષોના વર્ષો સુધી વટવૃક્ષ અડીખમ-ટટ્ટાર ઊભું રહી શકે છે તેની પાછળનું કારણ જાણો છો ? તે પોતાની જાતને દરેક ઋતુને અનુકૂળ થઈ રહેવાનું શીખી લે છે. આથી જ તો ગમે તેવી ઠંડી, ગરમી કે વર્ષા ઋતુમાં પણ પોતાની સત્તા ગુમાવતું નથી. તેવી રીતે જે જીવ પ્રત્યેક સુખદ કે દુઃખદ ઘટનાઓને વશ થયા વિના તે પરિસ્થિતિઓને અનુકૂળ પોતાને ઘડે છે તે જ સારી સ્થિતિ માટે આગળ આવી શકે છે.

**अणुसूयग - अनुसूचक ( पुं. )**

(જાસૂસની એક શ્રેણિ ૨. કહેલું સાંભળેલું કે જોયેલું ૩. સ્વયં ઉપલબ્ધ થયેલું પ્રતિસૂચકને કહેનાર)

જાસૂસો માત્ર આજે જ છે એવું નથી. પ્રાચીન કાળમાં પણ રાજા-મહારાજાઓ પોતાના દુશ્મન રાજાઓની કે પછી પોતાના જ નગરમાં ચાલતી ઘટનાઓની બાતમી જાણવા માટે જાસૂસોને રાખતા હતા. તે જાસૂસો ચરપુરુષના નામે ઓળખાતા હતા. તેઓ વિવિધ વેશભૂષા કે સાહસ દ્વારા ગમે તેવી ગુપ્ત ખબરો મેળવીને પોતાના માલિક રાજાને તે સમાચારો પહોંચાડતા હતા.

**अणुसू ( स्सु ) यत्ता - अनुस्यूतत्व ( न. )**

(બીજાના શરીરને આશ્રયીને રહેવાપણું, પરાધીનતા)

આ જગતમાં એવા કેટલાક જીવો છે કે, જેઓનું સ્વતંત્ર અસ્તિત્વ હોતું નથી. તેઓ બીજાના શરીરને આશ્રયીને જ રહેતા હોય છે. જેમ કે જૂ, કૃમિઓ, ઊધઈના પેટમાં રહેલા જંતુ વગેરે. આવા જીવો કર્મસંયોગે આજીવન પરાધીનપણે રહેનારા હોય છે.

**अणुसोय - अनुश्रोतस् ( न. )**

(નદી વગેરેનો પ્રવાહ, વેગ)

પંચસૂત્રમાં સંસારને અનાદિકાળના પ્રવાહવાળો કહેલો છે. જેવી રીતે નદીનો પ્રવાહ ક્યારેય પણ અટક્યા વિના સતત ચાલ્યા જ કરે છે. તેમ આ સંસારના જન્મ-મરણાદિ દુઃખનો પ્રવાહ પણ અસ્ખલિતપણે ચાલ્યા કરે છે. આ સંસારનો પ્રવાહ ભૂતકાળમાં ક્યારેય અટક્યો નથી અને ભવિષ્યમાં ક્યારેય અટકવાનો પણ નથી.

**अणुसोयचारि ( ण् ) - अनुश्रोतश्चारिन् ( त्रि. )**

(નદીના પ્રવાહના અનુસારે ચાલનારા મત્સ્યાદિ ૨. અભિગ્રહ વિશેષે કરી ઉપાશ્રયની સમીપથી ક્રમશઃ ભિક્ષા લેનાર)

સ્થાનાંગસૂત્રના ચોથા સ્થાનના ચોથા ઉદ્દેશામાં કહેલું છે કે, જે શ્રમણ અભિગ્રહ વિશેષે કરીને ઉપાશ્રયની સમીપમાં રહેલા કુલોમાં ક્રમ વડે આહાર-પાણી માટે ગવેષણા કરે છે તે અનુશ્રોતશ્ચારી સાધુ છે.

**अणुसोयपट्ठिय - अनुश्रोतःप्रस्थित ( त्रि. )**

(વિષયોની દ્રવ્યક્રિયામાં અનુકૂળ પ્રવૃત્તિ કરનાર)

નદીના પૂરમાં પડેલું કાષ્ઠ-લાકડું સ્વાભાવિકપણે પ્રવાહ વહે છે તેની સાથે તદનુસાર ગતિ કરે છે. તેવી રીતે અજ્ઞાનતાના હેતુએ કરી મુગ્ધજીવ વિષયોમાં આસક્ત બનીને દ્રવ્યક્રિયાઓમાં અનુકૂળ પ્રવૃત્તિ કરનારા હોય છે. અર્થાત્ બાલસ્વભાવના જીવો દ્રવ્ય અનુષ્ઠાનોમાં ગતાનુગતિક પ્રવૃત્તિ કરે છે જ્યારે સાધુ પુરુષો કામ પ્રત્યે પ્રતિકૂળ પ્રવૃત્તિ કરી આસક્તિને તોડે છે.

**अणुसोयसुह - अनुश्रोतःसुख ( त्रि. )**

(પાણીને થપાટ મારવાથી તે ભેદાય અને પાછું એકમેવ થઈ જાય છે તેની જેમ અનુકુળ પ્રવૃત્તિથી મળતું વિષયાદિ સુખ છે જેને તે)

દશવૈકાલિકસૂત્રની દ્વિતીય ચૂલિકામાં કહેલું છે કે, **'अणुसोयसुहो लोगो'** અર્થાત્ સામાન્યથી આખું જગત અનુકૂળ વિષયોના સુખમાં પ્રવૃત્તિ કરનાર હોય છે. પ્રત્યેક સંસારી જીવ સહજતાથી જે સુખ પ્રાપ્ત થાય તેની જ ચાહના કરતા હોય છે. કષ્ટસાધ્ય એવા શાશ્વત સુખોમાં તેમની નિવૃત્તિ જ હોય છે.

**अणुस्सग्ग - अनुत्सर्ग ( पुं. )**

(અત્યાગ, ન ત્યજવું તે)

દર્શનાચારના એક આચારમાં આવે છે કે, જૈનધર્મી આત્મા મિથ્યાદર્શનોની બાહ્ય જાહોજલાલી અને ઝાકઝમાળ જોઇને પોતે ઇતરધર્મની વાંછા કરતો નથી. એટલું જ નહીં ગમે તેવા સંજોગામાં પણ પોતે સ્વીકારેલા સત્યમાર્ગનો ત્યાગ કરતો નથી.

**अणुसरित्ता - अनुसृत्य ( अव्य. )**

(અનુસરીને, અનુવર્તન કરીને)

સૂત્રકૃતાંગસૂત્રના પ્રથમ શ્રુતસ્કંધમાં કહેલું છે કે, મંદજીવો એટલે અજ્ઞાનીજનો કેવા હોય છે ? કે જેઓ વગર વિચાર્યે હિંસાચારમાં પ્રવર્તતા હોય છે. અંધ વ્યક્તિની જેમ પોતાના પૂરોગામીને અનુસરીને નિર્દોષ એવા પ્રાણીઓને હણતા રહે છે.

**अणुस्सव - अनुश्रव ( पुं. )**

(ગુરુના મુખથી સંભળાય તે ૨. વેદ)

જૈન ઇતિહાસ કહે છે કે વેદોની રચના આદ્ય ચક્રવર્તી મહારાજા ભરતે કરેલી હતી. તેના પુરાવા રૂપે વેદોમાં આદિનાથ, નેમિનાથ વગેરે તીર્થંકરોના નામ આવે છે. ત્રેસઠશલાકા પુરુષોમાંથી ઘણાના ઉલ્લેખો કરાયેલા છે. વર્તમાનમાં વેદોમાં પાઠ ભેદ અને સ્વરૂપ ભેદ જણાય છે તેની પાછળ કેટલાક સ્વાર્થાંધ અને સત્કાર-સન્માનના લાલચી લોકો જવાબદાર છે.

**अणुस्सुय - अनुश्रुत ( त्रि. )**

(ગુરુ દ્વારા કહેવાયેલાનું અવધારણ, અવધારિત ૨. પુરાણ શ્રુત ૩. ઉત્સુકતારહિત)

ભારતવર્ષમાં વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવવાની પ્રાચીનકાળની પદ્ધતિ એ હતી કે, આચાર્ય શિષ્યોને વેદો કે આગમોનો પાઠ મુખપાઠ કરાવતા હતા. ગુરુ શાસ્ત્રોનો પાઠ મોટેથી બોલતા અને શિષ્ય તે બોલાયેલા શબ્દોનું મતિમાં અવધારણ કરીને તેને કંઠસ્થ કરતા હતા. આથી તે શ્રુત ખૂબ જ લાંબા સમય સુધી જીવંત રહેતું હતું આજની જેમ નહીં કે ગઇ કાલે શું ભણ્યા હતા તેની પણ ખબર નથી.

**अणुसुयत्त - अनुत्सुकत्व ( न. )**

(દેવ-મનુષ્યના કામભોગોમાં ઉત્સુકતારહિત, કામભોગોમાં નિસ્પૃહ)

ઉત્સુકતા એ ચંચળતાનું પ્રતીક છે તેથી ચંચળ જીવો ક્યારેય પણ આધ્યાત્મિક સુખ પ્રાપ્ત કરી શકતા નથી. પરંતુ જેઓએ સાચી સમજણ અને વિવેકને કેળવ્યા છે તેઓ વિષયોમાં ઉત્સુકતારહિત થઈને સ્થિર અને સંપૂર્ણ સુખને ભોગવી શકે છે.

**अणुहवसिद्ध - अनुभवसिद्ध ( त्रि. )**

(અનુભવસિદ્ધ, અભ્યાસથી સિદ્ધ થયેલું, સ્વસંવેદનથી પ્રતીત)

નિષ્કારણ વત્સલ અને એકમાત્ર પરહિત ચિંતક પરમાત્મા ક્યારેય પણ પોતાની વાતો બીજા પર જબરદસ્તીથી થોપતા નથી. તેમની વાતો ક્યારેય પણ હવામાંના મહેલ જેવી હોતી નથી પણ દરેક વાતો અનુભવસિદ્ધ હોય છે. આજનું વિજ્ઞાન પણ પરમાત્માની વાતોને ખોટી સાબિત કરવા માટે સમર્થ નથી, અનંતકાળ પછી પણ સનાતન સત્ય સ્વરૂપે જ રહેવાની છે.

**अणुहविउं - अनुभूय ( अव्य. )**

(અનુભવીને, અનુભવ કરીને)

જીવ જ્યારે નરકમાં કરેલા કર્મો ભોગવતો હોય છે તે વખતે એ અસહ્ય દુઃખો અનુભવીને મનમાં નક્કી કરે છે કે, એકવાર અહીંથી નીકળ્યા પછી કોઇ દિવસ એવા પાપ નહીં કરું કે જેથી પુનઃ નરકમાં આવવું પડે. પરંતુ અનાદિકાળના આત્મા પર પડેલા સંસ્કાર જ એવા છે કે જીવ જેવો નરકનો ભવ પૂરો કરીને બીજા ભવમાં જાય છે ત્યાં તેની બધી જ જૂની સ્મૃતિઓ ભૂંસાઇ જાય છે, અને પાછો તે વિષય-કષાયોમાં આસક્ત બનીને પાપનો સંચય કરવા લાગે છે.

**अणुहियासण - अन्वध्यासन ( न. )**

(નિશ્ચલ રહીને સહન કરવું તે)

સાડાબાર વર્ષના સાધનાકાળ દરમિયાન પરમાત્માએ ઘોરાતિઘોર ઉપસર્ગો સહન કર્યા તે દીન-હીન ભાવે નહીં પણ નીડર રહીને

નિશ્ચલપણે સહન કર્યા હતા. માટે જ ઉપસર્ગો-પરિષહો વચ્ચે પણ તેઓ પ્રસન્નચિત્ત રહ્યા હતા. પોતાના શરીરને કષ્ટો સહન કરવા પડે છે તેનું તેમને જરાયે દુઃખ નહોતું. પરંતુ જ્યારે સંગમદેવ ઉપસર્ગ કરીને પાછો જઇ રહ્યો હતો ત્યારે પ્રભુ વીરની આંખોમાં સંગમદેવની કરુણા ચિંતવીને આંસુ આવી ગયા. તેમને દુઃખ હતું કે, આ દેવની સંસારવૃદ્ધિમાં પોતે નિમિત્ત બન્યા. આવા ઘોર ઉપસર્ગ કરનાર પ્રત્યે પણ આવું અનુપમ ચિંતન કરનાર મહામાનવ તે ખરેખર મહાવીર જ હોઇ શકે.

**अणुहूअ - अनुभूत ( त्रि. )**

(અનુભવેલ, અનુભવનો વિષય બનેલું)

**अणू ( देशी )**

(ચોખાની એક જાતિ)

**अणूव - अनूप ( त्रि. )**

(જલબહુલ પ્રદેશ, જે પ્રદેશમાં પાણીની માત્રા વધુ હોય તે)

**अणूवदेस - अनूपदेश ( पुं. )**

(જલપ્રદેશ, જલની પ્રચુરતાવાળું સ્થાન)

ભૌગોલિકશાસ્ત્ર અનુસાર આપણી પૃથ્વીના ત્રણ ભાગમાં પાણી છે અને એક ભાગમાં જ જમીન છે. આ વાત આપણું જૈનશાસ્ત્ર પણ માને છે. જૈનદ્રષ્ટિએ જે વિશ્વ માનવામાં આવ્યું છે તેમાં પ્રત્યેક દ્વીપની પછી તેનાથી બમણા પરિમાણવાળો જલપ્રચુર સમુદ્ર આવેલો છે. જેમ કે એક લાખ યોજનના પરિમાણવાળા જંબૂદ્વીપ પછી તેને ફરતો બે લાખ યોજનના પરિમાણવાળો લવણસમુદ્ર આવેલો છે. તેમાં અંતરદ્વીપો આવેલા છે જેની ફરતે માત્ર જળની જ પ્રચુરતા છે.

**अणेक्क ( ग ) - अनेक ( त्रि. )**

(એકથી વધુ, અનેક)

ઉન્નતિ અને અધોગતિ તરફ જવા માટેના અનેક રસ્તાઓ છે. જેમ પાપસ્થાનકો ઘણા બધા છે તેમ પુણ્યસ્થાનકો પણ અનેક પ્રકારના છે. તેમાં મહત્ત્વની બાબત એ છે કે તમે કયો રસ્તો પસંદ કરો છો. તમે પસંદ કરેલા માર્ગ પર આધાર રાખે છે કે તમે ક્યાં જશો, તમારું ભવિષ્ય કેવું હશે, કાલે તમે કેવી પરિસ્થિતિમાં હશો.

**अणेक्काणंतरसिद्धकेवलनाण - अनेकान्तरसिद्धकेवलज्ञान ( न. )**

(અનેકાંતરસિદ્ધકેવળજ્ઞાન, આભિનિબોધિક જ્ઞાનનો એક ભેદ)

જૈન દર્શને જ્ઞાનને પાંચ વિભાગોમાં વહેંચીને તેના અવાન્તર અનેક પ્રકારોનું સુંદર વિવેચન કરેલું છે. સ્થાનાંગસૂત્રમાં જ્ઞાનના પ્રકારોમાં આભિનિબોધિકજ્ઞાનનો ઉલ્લેખ કરેલો છે. સમસ્ત જ્ઞાનોમાં ફક્ત કેવળજ્ઞાન સર્વતોગ્રાહી છે બાકીના બધા દેશગ્રાહી છે.

**अणेगंगिय - अनेकाङ्गिक ( पुं. )**

(અનેક પટતંતુઓથી બનેલું, કપડાના ટુકડાઓમાંથી બનેલો સંથારો)

**अणेगंत - अनेकान्त ( त्रि. )**

(અનિશ્ચય, એકાન્ત નહીં તે, નિયમનો અભાવ ૨. એકાગ્રતા)

કોઈ વસ્તુ કે પદાર્થ વિશેષ માટે આગ્રહપૂર્વક 'આ આમ જ છે' એમ એકાન્તે નહીં માનતાં 'આ આમ પણ હોઈ શકે છે' એમ માનવામાં આવે તેને અથવા વિષય, વસ્તુ કે પદાર્થ વિશે સંપૂર્ણ નિશ્ચય ન હોય તેને અનેકાન્ત કહેવાય છે.

**अणेगंतजयपडागा - अनेकान्तजयपताका ( स्त्री. )**

(અનેકાન્તજયપતાકા, સ્વનામખ્યાત જૈન ગ્રંથ વિશેષ)

જેમણે પ્રાયશ્ચિત્તરૂપે ૧૪૪૪ સંસ્કૃત-પ્રાકૃત ગ્રંથોની રચના કરી છે એવા યાકિનીમહત્તરાસૂનુ પૂજ્યપાદ આચાર્ય પ્રવર હરિભદ્રસૂરિ મહારાજાએ અનેકાન્તજયપતાકા ગ્રંથની રચના કરી છે. જેમાં અન્ય દર્શનો તથા ધર્મમતોનું વિસ્તૃત નિરૂપણ કરીને જૈનદર્શનના અનેકાન્તવાદમાં તેનો કઈ રીતે સમાવેશ થઈ જાય છે તે અને એ ધર્મમતોની અપૂર્ણતા શું છે તે સિદ્ધ કરી છે. પૂ. આચાર્ય મુનિચંદ્રસૂરિજીએ બાલજીવોને સુખે અવબોધ થાય તે માટે ઉક્ત ગ્રંથની વિસ્તારપૂર્વક વૃત્તિની રચના કરી છે.

**अणेगंतप्पग - अनेकान्तात्मक ( न. )**

(અનેકાન્તાત્મક સ્વભાવી વસ્તુ કે પદાર્થ, સત્ અસત્ આદિ અનેક ધર્માત્મક)

**अणेगंतवाय - अनेकान्तवाद ( पुं. )**

(સ્યાદ્વાદ, અનેકાન્તવાદ, જૈનોનો મુખ્ય સિદ્ધાંત)

જેમાં, પરસ્પર વિરોધ હોય તેવા અનેક ગુણધર્મોનો એક જ વસ્તુમાં સાપેક્ષ દૃષ્ટિએ સ્વીકાર કરવામાં આવે તે અનેકાન્તવાદ. અનેકાન્તવાદ ક્યારેય પણ કોઈ એક ગુણને લઈને વસ્તુના એકાન્ત સ્વરૂપને માનતો નથી, પરંતુ તેને અનંત ગુણાત્મક માનીને તેના અનેક સ્વરૂપને સ્વીકારે છે. પિતા, પુત્ર, ભાઈ, દાદા, નાના, પૌત્ર, કાકા, મામા, ભાણેજ, ભત્રીજો આદિ અનેક ગુણોને એક જ પુરુષમાં તે સાપેક્ષપણે સ્વીકારે છે. કોઈપણ વસ્તુના માત્ર એક ગુણને ગ્રહણ નહીં કરતાં તેના સત્, અસત્ આદિ ગુણધર્મોને માને છે. ત્રણે જગતમાં અનેકાન્તવાદ ત્રિકાળજયી વર્તે છે.

**अणेगकोडि - अनेककोटि ( त्रि. )**

(અનેક કરોડ ધન અથવા કુટુંબીજનોની સંખ્યા જેની પાસે છે તે)

માત્ર અત્યારે જ તાતા, બિરલા, અંબાણી જેવા અરબોપતિઓ છે એવું નથી. પૂર્વના કાળમાં પણ એવા કોટ્યાધિપતિ શ્રેષ્ઠીઓ હતા. ફરક માત્ર એટલો છે કે, અત્યારના ધનાઢ્યોનો પૈસો પ્રાયઃ મોજ-શોખ પાછળ જ જાય છે. જ્યારે પૂર્વેના ધનપતિઓનો પૈસો અનેક કરોડોની સંખ્યામાં જિનાલયો, મંદિરો કે દેશરક્ષા વગેરે સત્કાર્યોમાં વપરાતો હતો. રાણકપુર, આબુ-દેલવાડાના દેહરાઓ, જગડૂશા, ભામાશાનો લોકપ્રસિદ્ધ ઇતિહાસ તેના જીવંત ઉદાહરણો ગણી શકાય છે.

**अणेगक्खरिय - अनेकाक्षरिक ( न. )**

(અનેક અક્ષરોથી બનેલું, અનેકાક્ષરોવાળું)

શાસ્ત્રોની રચના બે રીતે થતી હોય છે ૧. અલ્પાક્ષરી (સૂત્રાત્મક) અને ૨. અનેકાક્ષરી (ભાષ્ય-વિવેચનાત્મક) કેટલાક ગ્રંથકારો ગ્રંથની વિષય વસ્તુને તત્ત્વાર્થસૂત્રની જેમ બહુ થોડા શબ્દોમાં કહેતા હતા, પરંતુ તેના અર્થો વિસ્તૃત થતા હતાં. જ્યારે કેટલાક ગ્રંથો દૃષ્ટિવાદની જેમ અક્ષરવિન્યાસની દૃષ્ટિએ પણ મહાકાય રહેતા હતાં. તેવા ગ્રંથો અનેકાક્ષરી અર્થાત્ વિશાળકાય કહેવાતા હતા.

**अणेगखंडी - अनेकखण्डी ( स्त्री. )**

(જેમાંથી બહાર નીકળવાની અનેક છીંડી-બારીઓ હોય તેવી નગરી, ગુપ્ત દ્વારોવાળી નગરી)

ભારતવર્ષમાં રાજાશાહી કાળમાં બીજાનું રાજ્ય પડાવી લેવાની લાલસાથી અનેક યુદ્ધો થતાં હતાં. આથી એક રાજાને બીજા દુશ્મન રાજાથી સતત ભય રહેતો હતો. કેમ કે ક્યારે દુશ્મન રાજા ચઢાઈ કરી બેસે તે કહી ન શકાય. માટે રાજાઓ આપત્તિકાળે પોતાની પ્રજા, કુટુંબ અને જાતને બચાવવા માટે નગરની બહાર નીકળવા માટે અનેક ગુપ્ત દ્વારો, ભોંયરાઓ, બારીઓ મૂકાવતા હતા. જેથી તેઓ કોઇની નજરમાં આવ્યા વિના ચૂપચાપ ત્યાંથી પલાયન થઇ શકે.

**अणेगखंभसयसण्णिविट्ठ - अनेकस्तम्भशतसन्निविष्ट ( त्रि. )**

(અનેક સ્તંભોથી બનેલ, સેંકડો સ્તંભો છે જેમાં તે)

શેઠ ધરણાશાએ રાણકપુરમાં નયનરમ્ય મનોહર નલિનીગુલ્મ વિમાન તુલ્ય જિનાલયનું નિર્માણ કરેલું છે. આ જિનાલયમાં કલાકૃતિ સભર સેંકડો સ્તંભો મૂકવામાં આવ્યા છે અને આ જિનાલયની ખાસિયત એ છે કે, તમે કોઇપણ થાંભલા પાસે ઊભા રહી ચારે દિશામાં જોશો તો પણ તમને વીતરાગ પરમાત્માના દર્શન થશે થશે અને થશે જ. અહો! કેવી અદ્ભૂત સંરચના.

**अणेगगुणजाणय - अनेकगुणज्ञायक ( त्रि. )**

(અનેક ગુણ-દોષના જ્ઞાતા)

ઓઘનિર્યુક્તિ શાસ્ત્રમાં ગચ્છને સમુદ્રની ઉપમા આપવામાં આવેલી છે. જેમ દરિયામાં સૌમ્ય અને ભયાનક બન્ને પ્રકારના પ્રાણીઓ વસે છે તેમ સમુદાયમાં ગુણવાન્ અને દોષવાળા એમ બન્ને પ્રકારના જીવો હોય છે. શાસ્ત્રાધ્યયનથી પંડિત કક્ષાએ પહોંચેલા ગીતાર્થ શ્રમણો સમુદાયગત આત્માઓમાં રહેલા અનેક ગુણ-દોષોને જાણતા હોવા છતાં તેમના પ્રત્યે રાગ કે રોષ કર્યા વિના તેમને સારણા વારણા ચોયણા દ્વારા ગુણાનુરાગી કે ગુણવાન બનાવે છે.

**अणेगचित्त - अनेकचित्त ( त्रि. )**

(અનેક વિચારવમળોમાં ફસાયેલું ચિત્ત, ચંચળચિત્ત છે જેનું તે)

પૂર્વેનું ભારત માત્ર પૈસાથી જ સુખી નહોતું કિંતુ એ સમયના લોકોના જીવનમાં ચિત્તપ્રસન્નતા પણ હતી. તેનું એક કારણ એ પણ હતું કે, લોકોમાં જાતિગત ધંધા-વ્યાપારની પદ્ધતિ જ ચાલતી હતી. જેમ કે રાજપૂતોની કરણી રાજ્ય કારભાર, વણિકોની આજીવિકા વ્યાપાર તેમ દરેક જાતિ-કોમના જુદા-જુદા આજીવિકાના ધંધા બંધાયેલા હતા. આથી કોઇને લાલસા હતી જ નહિ. જ્યારે આજે એક વ્યક્તિ અનેક પ્રકારના વ્યાપાર કરે છે. આથી તેનું ચિત્ત અનેક ઠેકાણે બંધાઇ ગયું છે. આવા અનેકચિત્તવાળાને શાંતિ ક્યાંથી મળે?

**अणेगजम्म - अनेकजन्मन् ( न. )**

(અનેક ભવ, અનંત ભવ)

જેવી રીતે સૂર્ય અને ચંદ્ર ક્યારથી ઊગે છે, દિવસ-રાતની સૌ પ્રથમ શરૂઆત ક્યારથી થઇ વગેરે કહી શકાતું નથી. તેમ આ સંસારમાં આપણો જન્મ સૌ પ્રથમ ક્યારે થયો તે કહી શકાય નહીં. અનાદિકાળથી આપણા જન્મ-મરણ ચાલ્યા જ આવે છે. અત્યારે પણ સંસારમાં આપણી હયાતી છે તે જ પુરવાર કરે છે કે અનંતા ભવોથી આ સંસારમાં આપણે રઝળી રહ્યા છીએ. ચાલો હવે તો આ ચક્રને અટકાવવાનો પ્રયત્ન શરૂ થઇ જવો જ જોઇએ.

**अणेगजीव - अनेकजीव ( त्रि. )**

(અનેક જીવો છે જેમાં તે પૃથ્વી)

પ્રત્યેક સ્થાવર એકેંદ્રિય જીવો સ્વતંત્ર હોવા છતાં તેઓ સમૂહમાં એક સાથે વસતા હોય છે. આથી જ તો દશવૈકાલિકસૂત્રમાં કહેલું છે કે, પૃથ્વીકાયાદિ જીવો સ્વતંત્ર સત્તાવાળા હોવા છતાં પણ એક જ શરીરમાં તે અનેક જીવો સાથે રહેતા હોય છે.

**अणेगजोगधर- अनेकयोगधर ( पुं. )**

(લબ્ધિધર, લબ્ધિને ધારણ કરનારું)

પ્રવચન સારોદ્ધારાદિ ગ્રંથોમાં અનેક પ્રકારની લબ્ધિઓની વાત આવે છે. આ લબ્ધિઓ સંયમજીવનની નિર્મલ આરાધના અને કેટલીક કષ્ટસાધ્ય સાધનાઓથી પ્રાપ્ત થતી હતી. યાદ રાખવા જેવી વાત છે કે, લબ્ધિઓને ધારણ કરનારા એ મહાપુરુષો તેનો ઉપયોગ હંમેશાં શાસનની રક્ષા અને પરોપકાર માટે જ કરતા હતા. તેઓ પોતાના માટે ક્યારેય તેનો દુરુપયોગ કરતા નહોતા.

**अणेगझस - अनेकझष ( त्रि. )**

(અનેક પ્રકારના મત્સ્ય છે જેમાં તે)

ચેનલ પર સમુદ્રમાં વસતા વિવિધ જળચર જીવોની દુનિયા બતાવવામાં આવે છે. સમુદ્રમાં રહેલી અનેક પ્રકારની જાત-જાતની માછલીઓ અને જીવો જોઇને આપણે ટીવી ચેનલને પ્રશંસીએ છીએ. પરંતુ કાન ખોલીને સાંભળી લો! ચેનલોવાળા જે બતાવી રહ્યા છે તે વાતો તો પરમાત્માએ આજથી પચ્ચીસસો વર્ષ પૂર્વે કહેલી છે. આપણા શાસ્ત્રોમાં પણ વાત આવે છે કે, બંગડી અને નળીયાના આકારને છોડીને દરેક આકારના મત્સ્યજીવો જળ-સમુદ્રમાં રહેલા છે.

**अणेगणरपवरभुयऽगेज्झ - अनेकनरप्रवरभुजाग्राह्य ( त्रि. )**

(અનેક મનુષ્યોની વિશાળ ભુજાઓથી પણ જે પકડી ન શકાય તે, માપી ન શકાય તેવું વિશાળકાય વૃક્ષ)

એક નાનકડા તલ જેવડું દેખાતું બીજ ભવિષ્યમાં એટલું વિશાળ વટવૃક્ષ બની જાય છે કે તેનું થડ અનેક મનુષ્યોની ભુજાઓને ભેગી કરીએ તો પણ બાથમાં ન આવી શકે. અર્થાત્ એક નાનકડા બીજમાં આટલી વિશાળતાની તાકાત છૂપાયેલી છે. તેવી જ રીતે શ્રીજિનેશ્વરદેવ કથિત એક નાનકડી આરાધનામાં એટલી બધી તાકાત છે કે પહાડ જેવડા મોટા કર્મોના પણ ભાંગીને ભુક્કા કરી નાખે. સમજી રાખો કે, અણુ જેવા જીવાત્મામાં પણ વિરાટ સ્વરૂપ છૂપાયેલું હોય છે.

**अणेगणाम - अनेकनामन् ( न. )**

(અનેક પર્યાય, અનેક નામ)

જૈનો અનેકાંતદર્શનમાં માને છે. તે દરેક પદાર્થને ત્રણ રીતે જુએ છે. દ્રવ્ય, ગુણ અને પર્યાય. જગતમાં રહેલો દરેક પદાર્થ દ્રવ્ય છે

અને જે દ્રવ્ય છે તે નિત્ય છે. વસ્તુના દ્રવ્યમાં કોઇ જ ફેરફાર થતો નથી. દરેક દ્રવ્યમાં કોઇને કોઇ ગુણ અવશ્ય રહેલો છે. કેમ કે ગુણી હોય ત્યાં ગુણ ચોક્કસ હોવાનો જ. માટે દરેક દ્રવ્યમાં ગુણ છે. પદાર્થ દ્રવ્ય તરીકે ભલે શાશ્વત હોય પરંતુ પર્યાયરૂપે તે અનેક હોઇ શકે છે. એટલે કે એક દ્રવ્ય અનેક પર્યાયાત્મક હોય છે અને પર્યાયો હંમેશાં બદલાતા રહે છે. આ જ સત્ય છે.

**अणेगणिग्गमदुवार - अनेकनिर्गमद्वार ( त्रि. )**

(જેના નીકળવાના અનેક દ્વાર છે તે, અનેક દ્વારવાળું)

આપણે જેની ખૂબ માવજત કરીએ છીએ અને જેના માટે અનેક પ્રકારના પાપો આચરીએ છીએ તે આપણું શરીર અંદરમાં અશુચિથી ભરેલું છે. આ શરીર તેની પ્રકૃતિ અનુસાર પોતાની અંદર રહેલી અશુચિને અનેક દ્વારોથી બહાર ધકેલે છે. જેને આપણે નાકનો મેલ, કાનનો મેલ, પરસેવો, મળ, મૂત્રાદિ કહીએ છીએ. જ્ઞાની ભગવંતોએ કહ્યું છે કે અંતે તો એ પણ સાથ છોડી દે છે અને એની ખાતર કરેલા પાપ જીવે ભોગવવા પડે છે માટે અશુચિથી ભરેલા શરીર પર આસક્તિ કરવા જેવી નથી.

**अणेगतालायराणुचरिय - अनेकतालाचरानुचरित ( त्रि. )**

(તાબોટા પાડી નાચનારા અનેક નટોથી આસેવિત, નગરાદિ)

**अणेगदंत - अनेकदन्त ( त्रि. )**

(અનેક દાંત છે જેના, બત્રીસ દાંતયુક્ત)

સામુદ્રિકશાસ્ત્રમાં અંગલક્ષણનો વિષય આવે છે. આ શાસ્ત્રમાં સ્ત્રી-પુરુષના શુભ તથા અશુભ બન્ને પ્રકારના અંગોનું વર્ણન કરવામાં આવેલું છે. વ્યક્તિના અંગો પરથી તેના ભાગ્યનું કથન કરવામાં આવતું હોય છે. જેમ કે રક્તવર્ણીય નેત્ર, બત્રીસ દંતપંક્તિ યુક્ત, શરીર સૌષ્ઠવતા વગેરે વ્યક્તિના સારા ભવિષ્યના સૂચક છે. જ્યારે વક્ર દંતપંક્તિ, આંગળીઓનું વક્રપણું, આંખોમાં નિસ્તેજતા વગેરે તેના અશુભ ભાગ્યના સૂચક કહેલા છે.

**अणेगदव्वक्खंध - अनेकद्रव्यस्कन्ध ( पुं. )**

(અનેક સચિત્ત અને અચિત્ત દ્રવ્યોથી નિષ્પન્ન સ્કંધ)

વિશેષાવશ્યક ભાષ્ય ગ્રંથમાં અનેકદ્રવ્યસ્કંધની ચર્ચા કરવામાં આવેલી છે. તેમાં લખેલું છે કે, જીવના એક પરિણામ અર્થાત્ વ્યાપારવિશેષથી પરિણામ પામેલું સચિત્ત અને અચિત્ત દ્રવ્યવિશેષ બનેલું હોય તેને અનેકદ્રવ્યસ્કંધ કહેવામાં આવે છે.

**अणेगपएसता - अनेकप्रदेशता ( स्त्री. )**

(અનેક પ્રદેશતા, ભિન્ન પ્રદેશતા)

**अणेगपासंडपरिग्गहिय - अनेकपाखण्डपरिगृहीत ( त्रि. )**

(અનેક પાખંડીઓથી અંગીકાર કરાયેલું, અનેક દર્શનીઓથી ગ્રહણ કરાયેલું)

અનાદિકાલીન સંસ્કારવશ આત્મા અનેક પાખંડોથી ઘેરાયેલો જ રહ્યો છે. તેના માટે અનેક દર્શનોમાંથી સાચા દર્શનને ગ્રહણ કરવું એટલે ઘાસના ઢગલામાંથી સોયને શોધવા જેટલું કપરું છે. આ કાર્ય અઘરું જરૂર છે પણ અશક્ય તો નથી જ. જેમ અનેક તારાઓ વચ્ચે પણ સૂર્ય અને ચંદ્ર એક જ હોય છે તેમ અનેક પાખંડોથી યુક્ત આ સંસારમાં સમ્યગ્ધર્મ તો એક જ છે અને તે છે જિનધર્મ.

**अणेगबहुविविहवीससापरिणय - अनेकबहुविविधविश्रसापरिणत ( त्रि. )**

(બહુ-ઘણું-વિવિધ પ્રકારના વિસ્રસા-સ્વભાવથી પરિણામ પામેલું)

ચાર ગતિમય સંસારમાં પરિભ્રમણ કરતા જીવને પોતાના કરેલા કર્મોને ફરજીયાત ભોગવવા જ પડે છે. આ કર્મો પણ જીવે સ્વયં બાંધેલા છે. કર્મોની ઉત્પત્તિ જીવના રાગ-દ્વેષ-મોહ આદિ વિવિધ પ્રકારના સ્વભાવવશ થયેલી છે. કેમ કે અધ્યવસાય બહુવિધ નાનાપ્રકારના હોય છે. તે કોઇ ઇશ્વરજનિત નથી. માટે પોતાને મળેલી દુઃખદ પરિસ્થિતિઓ માટે આત્મા સ્વયં જવાબદાર છે. તેના માટે ઈશ્વરને દોષ આપવો યોગ્ય નથી.

**अणेगभागत्थ - अनेकभागस्थ ( त्रि. )**

(અનેક ભાગમાં રહેલું, અનેક ભાગમાં વહેંચી શકાય તેવું)

શાસ્ત્રોમાં અણુની વ્યાખ્યા કરતાં લખ્યું છે કે, જે નરી આંખે ચર્મચક્ષુથી જોઇ ન શકાય તે અણુ કહેવાય. બીજી રીતે કહીએ તો

કેવલીની દૃષ્ટિએ કલ્પનાથી પણ જેના બે ભાગ ન થઇ શકે તે શુદ્ધ પરમાણુ છે. આજનું વિજ્ઞાન જેને અણુ માને છે તે તો અનેક અણુઓના સમૂહથી બનેલ એક સ્કંધ પ્રદેશ છે અને તે સ્કંધ અનેક ભાગોમાં વહેંચી શકાય તેવો હોય છે.

**अणेगभाव - अनेकभाव ( त्रि. )**

(અનેક પર્યાયયુક્ત, બહુ ભાગવાળું)

છ દ્રવ્યોમાં પુદ્ગલાસ્તિકાય, જીવાસ્તિકાય અને કાળને નિયમા પર્યાયયુક્ત માનવામાં આવેલા છે. તે દ્રવ્યરૂપે ભલે એક જ હોય પરંતુ પૂરણ-ગલન, જન્મ-મરણ અને ભૂત-ભવિષ્ય-વર્તમાનકાળની અપેક્ષાએ અનેક પર્યાયયુક્ત હોય છે. જ્યારે ધર્માસ્તિકાય વગેરે ત્રણ દ્રવ્યો અપર્યાયી છે. એટલે કે તેના કોઈ પર્યાય હોતા નથી. સદા એક સરખા રહે છે.

**अणेगभूय - अनेकभूत ( त्रि. )**

(અનેકરૂપ, અનેક પ્રકારે)

**अणेगभेद - अनेकभेद ( पुं. )**

(અનેક પર્યાય)

**अणेगरूव - अनेकरूप ( त्रि. )**

(વિવિધ પ્રકારનું, અનેક પ્રકારવાળું)

**अणेगरूवधुणा - अनेकरूपधुना ( स्त्री. )**

(ત્રણથી વધારે વખત વસ્ત્રને ધુણાવવાથી લાગતો એક દોષ, પડિલેહણનો એક દોષ)

૨૬મી જાન્યુઆરી વર્ષ ૨૦૦૧ના ગુજરાતમાં આવેલા ભૂકંપે આખી દુનિયાને હલાવી દીધી હતી. જેણે જીંદગીમાં ભૂકંપનું માત્ર નામ સાંભળ્યું હતું તેણે જયારે ભૂકંપને સાક્ષાત્ નિહાળ્યો ત્યારે તેને ખબર પડી કે ભૂકંપ કેટલો ભયાનક હોય છે. ત્યારપછી તો લોકો પોતાના ઘરમાં જતાં પણ ડરતા હતાં. ભૂકંપ પતી ગયા પછી પાછળથી આવનારા આફ્ટર શોકના કારણે લોકો ડરતા હતા કે, કદાચ ધરતીમાં રહેલા કંપનો આપણો જીવ ના લઇ લે. અનંતજ્ઞાની પરમાત્માએ કહ્યું છે કે આવનારા સમયનો કોઇ ભરોસો નથી. માટે જે સત્કાર્ય કરવાની ભાવના જાગે તેને તુરંત અમલમાં મૂકવી જોઈએ. ક્ષણભંગુર જીવનમાં કાલની રાહ ન જોવાય.

**★अनेकरूपधूनना ( स्त्री. )**

(વસ્ત્ર પડિલહેણમાં લાગતો એક દોષ)

મુનિને દિવસમાં બે વખત વસ્ત્રોની પ્રમાર્જના કરવાનો આચાર છે. વસ્ત્ર પ્રતિલેખનની વિધિમાં સાધુએ ત્રણ વખત વસ્ત્રોનું પ્રસ્ફોટન કરવાનું હોય છે. અર્થાત્ જીવને કિલામણા ન થાય તે રીતે ઝાટકવાના હોય છે. પરંતુ જે સાધુ પ્રમાદવશ ત્રણ કરતા વધુ વખત પ્રસ્ફોટન કરે, એટલે કે પડિલેહે તેને પડિલેહણાનો અતિચાર લાગે છે, જેનું ગુરુ આગળ પ્રાયશ્ચિત્ત લેવું પડે છે.

**★अनेकरूपधूना ( स्त्री. )**

(વસ્ત્ર પડિલેહણામાં પ્રમાદથી લાગતો એક દોષ)

જે રીતે વસ્ત્રોનું ત્રણથી વધુ વખત પ્રસ્ફોટન કરવામાં દોષ કહેલો છે તે જ રીતે પ્રમાદને પરવશ જે સાધુ બધા કપડાનું એક સાથે પડિલહેણ કરે છે તે પણ શ્રમણતાને કલંકિત કરનાર હોવાથી દોષ બને છે. માટે કર્મનિર્જરાલક્ષી સાધુએ પ્રત્યેક અનુષ્ઠાન એકાગ્રચિત્તે અને પ્રમાદરહિતપણે કરવું જોઇએ.

**अणेगवयणप्पहाण - अनेकवचनप्रधान ( पुं. )**

(વિવિધ વાણીનો જાણકાર, અનેક ભાષામાં વ્યવહાર કરનાર)

જિનશાસનની પ્રભાવના કરનાર પ્રભાવક શ્રમણ અનેક પ્રકારની ભાષાઓના જાણકાર હોય છે. તેઓ દેશ-કાળ-સ્થિતિને અનુસાર વાણીકૌશલ્યનો ઉપયોગ કરનાર હોય છે. સુભાષિતમાં પણ કહેલું છે કે, સ્વકાર્યની સિદ્ધિને ઇચ્છનાર વિચક્ષણ પુરુષ ભોજનની જેમ પ્રથમ મધુર, મધ્યમાં લુખ્ખા અને પછી જરૂર પડ્યે કટુ વચનો બોલનાર હોય છે.

**अणेगवायामजोग्ग - अनेकव्यायामयोग्य ( पुं. )**

(પરિશ્રમ વિશેષ, અનેક પ્રકારની કસરતને યોગ્ય)

વ્યાયામ એ સ્વસ્થ જીવન જીવવા માટેનું એક આવશ્યક અંગ છે. પાતંજલ યોગસૂત્રમાં તેનું યોગના નામથી નિરૂપણ કરવામાં આવેલું છે. મનની ઇચ્છાઓ, લાગણીઓ પર કાબૂ મેળવવા માટે યોગાસનરૂપી વ્યાયામ યોગી માટે પણ યોગ્ય જ છે. તથા પ્રાચીન કાળના રાજાઓ પણ વિવિધ પ્રકારની કસરતો વડે પરિશ્રમ કરતા હતા અને પોતાના શરીરને કોઇપણ પરિસ્થિતિમાં લડવા માટે સક્ષમ કરતા હતા.

**अणेगवालसयसंकणिज्ज - अनेकव्यालशतशङ्कनीय ( त्रि. )**

(અનેક જંગલી પશુઓથી ભયજનક)

જે માર્ગમાં અનેક જંગલી પશુઓનો ભય રહેલો હોય તે માર્ગે જવાનું કોઇ બુદ્ધિશાળી પસંદ કરતો નથી. કેમ કે તેને ખબર છે કે જો આ માર્ગેથી જઇશું તો ચોક્કસ પ્રાણઘાત થવાનો છે માટે અનેક રાનીપશુઓથી ભરેલા ભયજનક માર્ગે જવાનું ટાળે છે. જો માત્ર પ્રાણઘાતના કારણે ભયજનક માર્ગને માણસ ટાળે છે. તો પછી જેમાં આત્મઘાત રહેલો છે તેવા પાપમાર્ગોને શા માટે છોડતો નથી ?

**अणेगविसय - अनेकविषय ( त्रि. )**

(ઘણા બધા વિષયો છે જેમાં તે, અનેક વિષયતા નિરૂપિત પ્રકારતાવાળું)

ચૌદપૂર્વ એ જ્ઞાનનો અપૂર્વ ખજાનો છે. ગણધર ભગવંતોએ તેમાં આખે આખા શ્રુતજ્ઞાનનો સાગર ઠલવી દીધો છે. પૂર્વોમાં પ્રત્યેક દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવનું વિસ્તૃત વર્ણન કરવામાં આવ્યું છે. ચૌદપૂર્વોમાં વિજ્ઞાન, વિદ્યાઓ, ભૂગોળ, ખગોળ, અધ્યાત્મ, વ્યાપાર વગેરે જગતના તમામ વિષયોને આવરી લેવાયા છે. જગતનો એવો એક પણ પદાર્થ નથી કે જે પૂર્વોમાં વર્ણવ્યો ન હોય.

**अणेगविहारि ( ण् ) - अनेकविहारिन् ( त्रि. )**

(સ્થવિરકલ્પી)

જિનકલ્પ સ્વીકારનાર સાધુએ સૌપ્રથમ સ્થવિરકલ્પનું પાલન કરવું પડે છે. સ્થવિરકલ્પના બધા આચારોના પાલનપૂર્વક જેણે પોતાના તન અને મનને એટલા દૃઢ કરી દીધા હોય કે તેને કોઇપણ ભય કે પરિષહ સતાવી ન શકે. જે સાધુ કોઇપણ પરિસ્થિતિમાં પોતાના ધૈર્યને ગુમાવતો નથી તે સાધુ આત્માની વિશિષ્ટ શુદ્ધિ માટે જિનકલ્પ સ્વીકારવાને યોગ્ય ગણાય છે.

**अणेगसाहुपूइय - अनेकसाधुपूजित ( त्रि. )**

(અનેક સાધુઓ દ્વારા આચરિત)

પાંચ મહાવ્રતોમાં બ્રહ્મચર્ય વ્રત અતિકઠિન અને સર્વશ્રેષ્ઠ માનવામાં આવેલું છે. બ્રહ્મચર્યના પાલકને માત્ર દેવો અને મનુષ્યો નહીં અપિતુ, સર્વજગતવંદ્ય શ્રમણો પણ વંદન કરે છે. આ વ્રતનું પાલન કેટલાય સાધુઓ, ગૃહસ્થો અને ગૃહિણીઓએ ભાવથી પાળ્યું છે. આત્માથી સ્પર્શ્યું છે. જેમ કે વિજય શેઠ-વિજયા શેઠાણી, પેથડશા, સ્થૂલિભદ્ર વગેરે તેના જ્વલંત ઉદાહરણો છે.

**अणेगसिद्ध - अनेकसिद्ध ( पुं. )**

(એક સમયમાં થયેલા અનેક સિદ્ધ)

ભગવતીસૂત્ર, ઠાણાંગસૂત્ર, પ્રવચનસારોદ્ધાર વગેરે ગ્રંથોમાં સિદ્ધ ભગવંતોનું વર્ણન કરવામાં આવેલું છે. તેમાં કહેલું છે કે આ સંસારમાંથી પ્રત્યેક સમયે જઘન્યથી એક કે બે અને ઉત્કૃષ્ટથી એકસોને આઠ આત્માઓ સિદ્ધ થતા હોય છે.

**अणेगाहगमणीज्ज - अनेकाहगमनीय ( न. )**

(અનેક દિવસો વડે પાર જઇ શકાય તેવો માર્ગ)

એક સમય હતો કે માણસને એક શહેરથી બીજા શહેર, એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં જવા માટે દિવસોના દિવસો લાગી જતાં હતાં. પોતાના ઇચ્છિત સ્થાને પહોંચવા માટે અનેક દિવસોનું ખેડાણ કરવું પડતું હતું. કિંતુ આજે એવા દિવસો રહ્યા નથી. આજનો માણસ એક દેશમાંથી બીજા દેશમાં ગણતરીના સમયમાં પહોંચી જાય છે. આજનો કાળ સુપરફાસ્ટ થઇ ગયો છે. પરંતુ કહેવું પડશે કે, આજના ફાસ્ટ જમાનામાં માણસનો પ્રેમ, લાગણી અને સંબંધો ખૂબ જ ધીમા થઇ ગયા છે.

**अणेज - अनेज ( त्रि. )**

(નિશ્ચલ, નિષ્કંપ)

**अणेयाउय - अनैयायिक ( त्रि. )**

(અસત્ ન્યાયવૃત્તિવાળો, અન્યાયી)

વ્યાપારમાં અને વ્યવહારમાં ન્યાય અને નીતિ એ શ્રાવકનો મુખ્ય ધર્મ છે. શ્રાવકના પ્રત્યેક વ્યવહારમાં નીતિમત્તા વસેલી હોય. સામેવાળી વ્યક્તિ તેના પર આંખો બંધ કરીને વિશ્વાસ મૂકે તે કક્ષાનો તેનો આચાર હોવો જોઇએ. પરંતુ જે હાથીના દાંતની જેમ વ્યવહાર કરતો હોય તે કદાચ થોડાં લોકોને ઠગી શકશે પરંતુ કુદરતને ક્યારેય નહિ. એક વાત યાદ રાખજો કે, જેની નીતિ ખરાબ તેની નિયતિ(ભાગ્ય) પણ ખરાબ જ હોય છે.

**अणेलिस - अनीदृश ( त्रि. )**

(એના જેવું બીજું કોઇ ન હોય તે, અનન્યસદશ, અદ્વિતીય, અનુપમ)

સૂયગડાંગસૂત્રના પ્રથમ શ્રુતસ્કંધના અગિયારમાં અધ્યયનમાં કહેલું છે કે, જે વક્તા શુદ્ધધર્મનું આખ્યાન કરે છે તે ખરેખર અદ્વિતીય છે. તેના જેવો આ જગતમાં બીજો કોઇ નથી. કારણ કે સામાન્યપણે મોટાભાગના વક્તાઓ લોકોને પ્રિય થાય તેવું જ બોલતા હોય છે, પછી ભલેને અહિતકારી હોય. એટલે જ શાસ્ત્રોમાં શુદ્ધધર્મનું કથન કરનારા વિરલા જ છે એમ કહેવું પડ્યું.

**अणेवंभूय - अनेवंभूत ( त्रि. )**

(એ પ્રમાણે નહિ, જેવી રીતે કર્મ બાંધ્યા હોય એવી રીતે નહીં પરંતુ તેથી જુદી રીતે)

જૈનદર્શનના મતે વ્યક્તિને મળતા કર્મફળમાં ભાગ્ય અને પુરુષાર્થ બન્નેને કારણ તરીકે માન્યા છે. વ્યક્તિ જે પણ સુખ દુઃખની સ્થિતિને પ્રાપ્ત કરે છે તેમાં તેનું ભાગ્ય અને પુરુષાર્થ બન્ને ભાગ ભજવે છે. કેટલાક કર્મો એવાં હોય છે કે તે વ્યક્તિના ભાગ્યમાં દઢપણે લખાઇ ગયાં હોય છે જે તેને ભોગવવા જ પડતા હોય છે. કિંતુ ભાગ્ય કરતાં પણ પુરુષાર્થ બળવાન છે. શુભ પુરુષાર્થના બળે પુરુષ નસીબમાં લખેલું હોવા છતાં પણ વિપરીતપણે કર્મને ભોગવતો હોય છે. અર્થાત્ નસીબમાં શૂળીની સજા લખી હોય પરંતુ તે સોયની નાનકડી ઇજાથી ભોગવાઇ જતી હોય છે.

**अणेसणा - अनेषणा ( स्त्री. )**

(પ્રમાદસહિત ગવેષણા કરવી તે ૨. ગવેષણાનો અભાવ, અસાવધાની)

ભિક્ષાચર્યા માટે ભ્રમણ કરનાર શ્રમણે નિર્દોષ આહારને ગ્રહણ કરવાનો હોય છે. નિર્દોષ આહારને ગ્રહણ કરવા તે ગવેષણા કરે છે અને શુદ્ધ આહાર પ્રાપ્ત કરે છે. પરંતુ જે સાધુ નિર્દોષ ગોચરીની અપેક્ષા રાખ્યા વિના કે પછી આધાકર્માદિ દોષમિશ્રિત આહારને જાણતો હોવા છતાં ગ્રહણ કરે છે તે અનેષણા દોષનો ભાગી બને છે.

**अणेसणिज्ज - अनेषणीय ( त्रि. )**

(સાધુને ન કલ્પે તેવું, દોષથી દુષ્ટ, સાધુ માટે અગ્રાહ્ય, અસુઝતું)

સૂયગડાંગસૂત્રના પ્રથમ શ્રુતસ્કંધના આઠમા અધ્યયનમાં કહેલું છે કે, જે સચિત્ત કે અચિત્ત આહાર-ઉપકરણાદિ વસ્તુ આરંભ-સમારંભપૂર્વક સાધુના નિમિત્તે ગૃહસ્થે બનાવેલી કે લાવેલી હોય તેને સંયમી મહાત્મા દોષથી દૂષિત જાણીને ગ્રહણ કરતા નથી.

**अणेह - अनेहस् ( पुं. )**

(કાળ દ્રવ્ય)

**अणोउया - अनृतुका ( स्त्री. )**

(અરજસ્વલા સ્ત્રી, માસિકધર્મ રહિત સ્ત્રી)

**अणोक्कंत - अनुपक्रान्त ( त्रि. )**

(જેનું નિરાકણ કરવામાં નથી આવ્યું તે, અનિરાકૃત)

આયુર્વેદ શાસ્ત્ર રોગોનું જડમૂળથી નિરાકરણ કરવામાં માને છે. અર્થાત્ શરીરમાં ઉત્પન્ન થયેલો વ્યાધિ સર્વથા નાશ પામે તે રીતે તેનો ઉપચાર કરવાના આશયવાળું છે. કેમ કે જે રોગનું જડમૂળથી નિરાકરણ નથી થતું તે ગમે ત્યારે પુનઃ ઉથલો મારી શકે છે અને તે પ્રાણઘાત પણ કરી શકે છે. તેવી રીતે જૈનધર્મ સર્વ દુઃખોનું મૂળ ઇચ્છાને માને છે. આથી વ્યક્તિ જ્યાં સુધી મૂળથી ઇચ્છારહિત નથી થતો ત્યાં સુધી દુઃખોની પરંપરા ચાલુ જ રહેશે. દુઃખોનું નિરાકરણ લાવવા જરૂરી છે ઇચ્છારહિતપણું.

**अणोग्घसिय - अनवघर्षित ( न. )**

(નહીં ઘસેલું, રખ્યા વગેરેથી નહીં માંજેલું)

આ વાત આખી દુનિયા જાણે છે કે, વાસણને ઊજળું અને ચમકીલું બનાવવા માટે તેને રાખ, માટી, સાબુ, કે પાવડરથી ઘસવું પડે છે. જે વાસણને રાખ વગેરેથી ઘસવામાં ન આવે તે વાસણ પોતાની ચમક ગુમાવે છે. તેમ આત્મારૂપી ભાજનને ઉજ્જવલ અને શુદ્ધ બનાવવા માટે કષ્ટમય તપ વગેરે સાધન જરૂરી છે. તેનાથી સંમાર્જિત થયેલો આત્મા પોતાના સહજ ગુણોની ચમક પ્રાપ્ત કરે છે. પરંતુ જેઓ આ સાધનાથી દૂર ભાગે છે તેઓ ક્યારેય સંસારના ચક્રવ્યૂહમાંથી બહાર નથી નીકળી શકતા.

**अणोज्ज - अनवद्य ( त्रि. )**

(નિર્દોષ)

**अणोज्जंगी - अनवद्याङ्गी ( स्त्री. )**

(ભગવાન મહાવીરની પુત્રી અને જમાલીની પત્ની, પ્રિયદર્શના)

**अणोज्जा - अनवद्या ( स्त्री. )**

(ભગવાન મહાવીરની પુત્રી અને જમાલીની પત્ની, પ્રિયદર્શના)

**अणोत्तप्प - अनवत्राप्य ( त्रि. )**

(સર્વાંગપૂર્ણપણાએ કરીને અલજ્જાકર, પૂર્ણાંગ શરીરવાળો)

શારીરિક હીનતા એ લોકમાં નિંદ્ય અને લજ્જાને ઉપજાવનાર છે. લોકોત્તર જિનશાસનમાં ચારિત્રની યોગ્યતામાં જે ગુણો મૂક્યા છે તેમાં પણ અમુક અંશની જ હીનતાને ગૌણ કરીને ચારિત્ર આપવાનું વિધાન છે. તેના સિવાયની વિશેષ વિકલાંગતા સંયમગ્રહણમાં બાધક ગણેલી છે. જેથી એવો સાધુ લોકમાં લજ્જાને પાત્ર ન બને, ધર્મની હીલનાનો નિમિત્ત ન બને.

**अणोत्तप्पया - अनवत्रप्यता ( स्त्री. )**

(લજ્જા-હીનાંગ રહિત શરીર, અલજ્જનીયતા)

**अणोद्धंसिज्जमाण - अनुपध्वस्यमान ( त्रि. )**

(માહાત્મ્યથી ભ્રષ્ટ ન થતો)

મહારાજ યુધિષ્ઠિરને ધર્મપુત્ર ગણવામાં આવતા હતા. કેમ કે તેઓ સાક્ષાત્ ધર્મમૂર્તિ સમાન હતા. યુધિષ્ઠિરની સત્યવચનીયતાનું મનુષ્યલોકમાં તો શું દેવલોકમાં પણ માહાત્મ્ય ગવાતું હતું. કદાચ સૂરજ પૂર્વના બદલે પશ્ચિમમાં ઊગે પરંતુ, યુધિષ્ઠિર પોતાની સત્યવચનતાના માહાત્મ્યથી ક્યારેય ભ્રષ્ટ નહોતા થતા. તેના પ્રતાપે તેમનો રથ પણ જમીનથી ચાર આંગળ ઊંચો ચાલતો હતો. પરંતુ જે દિવસે યુધિષ્ઠિર અર્ધસત્ય અને અર્ધ અસત્ય બોલ્યા તે દિવસથી આકાશમાં ચાલનારો તેમનો રથ જમીન પર આવી ગયો.

**अणोम - अनवम ( त्रि. )**

(મિથ્યાત્વ, અવિરતિ આદિ કર્મબંધના હેતુ જેણે દૂર કર્યા છે તે, અવિરતિ મિથ્યાત્વાદિ કર્મબંધ હેતુરહિત)

પ્રભુ મહાવીર કે જેઓ રાજપુત્ર હતા અને દેવલોકના દેવો પણ તેમની સેવામાં હતા એટલા માત્રથી તેમને પ્રાજ્ઞ પુરુષો પૂજે છે એવું નથી. કિંતુ આ બધાથી પર રહીને સ્વાત્મબળે કર્મો પર વિજય મેળવીને કૈવલ્યની પ્રાપ્તિ કરી માટે તે જગત્પૂજ્ય બન્યા છે. બીજા કર્મગ્રંથમાં દેવેંદ્રસૂરિ મહારાજે લખ્યું છે કે મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગરૂપ કર્મબંધના હેતુઓનો જેણે નાશ કર્યો છે તેવા વીરને મારા નમસ્કાર થાઓ.

**अणोमाणतर - अनवमानतर ( त्रि. )**

(એકદમ છૂટા છૂટા, અતિસંકીર્ણ નહીં તે)

તીર્થંકર ભગવંતના ચોત્રીસ અતિશયોમાંનો એક અતિશય એ છે કે, તેઓ દેશના આપતા હોય ત્યારે એક યોજન પરિમાણવાળા સમવસરણમાં બેઠેલા લાખો કરોડો શ્રોતાઓ શાંતિથી ક્લેશરહિતપણે બેસી શકે છે. ગમે તેટલા જીવો આવે છતાં પણ તીર્થંકરની દેશનાભૂમિ એટલે સમવસરણ ક્યારેય અતિસંકીર્ણ થતું નથી.

**अणोरपार – अनर्वाक्पार ( त्रि. )**

(છેડા-સીમારહિત, વિસ્તીર્ણ, આરપાર વગરનું)

પ્રશ્નવ્યાકરણસૂત્રના ત્રીજા આશ્રવદ્વારમાં કહેલું છે કે, આકાશ દ્રવ્ય આલંબનરહિત હોવાથી નિરાલંબ અને અત્યંત વિસ્તૃત હોવાથી અપાર છે. જેમ આકાશનો છેડો મેળવવો અશક્ય છે તેમ કાળનો અંત પણ મેળવવો અશક્ય છે. કેમ કે કાળ અનાદિકાળથી પ્રવાહની જેમ વહે જાય છે. પૂર્વે અનાદિ સમય ગયો ભવિષ્ય પણ અનન્ત સમયવાળો કહેલો છે. નિર્ભર કરે છે કે આ અનાદિ-અનંતકાળમાં ટિચાતા, અથડાતા, ફંગોળાતા આપણે કેટલો સમય રહેવું છે ? વિચારી લેજો.

**अणोलय ( देशी-न. )**

(અવસરરહિત, ક્ષણરહિત)

યોગ્ય સમયે વાવેલા બીજ સુયોગ્ય ફળ આપે છે. યોગ્ય સમયે ખરીદીને યોગ્ય સમયે વેચેલો માલ ફાયદો કરાવે છે. અવસર ચાલ્યા ગયા પછી કરેલ મહેનત કોઇ જ પરિણામ આપતી નથી. માટે જ પરમાત્માએ કહ્યું છે કે મનુષ્યભવ એ ધર્મઆરાધના માટેનો એકદમ ઉત્તમ અને યોગ્ય અવસર છે. કેમ કે એકવાર મનુષ્યભવ ગુમાવ્યા પછી પુનઃ મેળવવો તે અંધારામાં સોય ગોતવા બરોબર છે.

**अणोवणिहिया – अनौपनिधिकी ( स्त्री. )**

(દ્રવ્યાનુપૂર્વીનો એક ભેદ)

લોકપ્રકાશ, ઓઘનિર્યુક્તિ, વિશેષાવશ્યકભાષ્ય વગેરે ગ્રંથોમાં કહેવાયું છે કે કોઇપણ પદાર્થનો કે વિષયનો ઘટનાક્રમ જણાવવા માટે એક જ વસ્તુમાં કે તેના કલ્પિત અંશોમાં પૂર્વાપર ભાવોનું કે અનુક્રમનું નિરૂપણ કરવામાં આવતું હોય છે. અર્થાત્ કલ્પના દ્વારા કોઇપણ પદાર્થ કે તેમાં રહેલા અંશો કેવી રીતે ક્રમસર રહેલા છે તેનું એક કોષ્ઠક વગેરેનું નિરૂપણ કરવામાં આવે છે. તેને અનૌપનિધિકી કહેવાય છે.

**अणोवम – अनुपम ( त्रि. )**

(ઉપમારહિત, અતુલ્ય)

**अणोवमदंसि ( ण् ) – अनवमदर्शिन् ( पुं. )**

(સમ્યગ્ જ્ઞાન-દર્શન-ચારિત્રવાળો)

વૈદિકધર્મની માન્યતા અનુસાર જ્યાં ત્રણ નદીઓનું મિલન થતું હોય તે સ્થાન તીર્થ કહેવાય છે. કેમ કે જ્યાં ત્રિવેણી સંગમ થાય છે ત્યાં ઇશ્વરનું પ્રાગટ્ય થતું હોય છે. તેવી જ રીતે જ્યારે આત્મામાં સમ્યગ્ જ્ઞાન-દર્શન અને ચારિત્રરૂપ ત્રિવેણી સંગમ થાય છે ત્યારે જ કેવળજ્ઞાનરૂપી ઇશ્વરનું પ્રાગટ્ય થાય છે. એકલા જ્ઞાનથી, એકલા દર્શનથી કે એકલા ચારિત્રથી ક્યારેય મોક્ષ થતો નથી. જે જીવ સમ્યગ્જ્ઞાન, દર્શન અને ચારિત્રયુક્ત છે તે જ મોક્ષનો અધિકારી બને છે.

**अणोवमसरीअ – अनुपमश्रीक ( त्रि. )**

(અનુપમ શોભાવાળો, નિરુપમ છે શોભા જેની તે)

જેનું સૌંદર્ય માત્ર કૃત્રિમ પ્રસાધનોથી જ છે તેવા નટ-નટી કે સ્ત્રી-પુરુષોનું ધ્યાન-આકર્ષણ માત્રને માત્ર કર્મબંધ કરાવનાર બને છે. પરંતુ કર્મોના ક્ષયથી અને આત્મવીર્યથી ઉત્પન્ન નિરુપમ શોભા છે જેની, તે તીર્થંકર ભગવંતોનું ધ્યાન-આકર્ષણ એકાંતે કર્મક્ષય કરાવનાર છે અને ધ્યાતાને તેમના તુલ્ય સમૃદ્ધિ અપાવે છે.

**अणोवमसुह – अनुपमसुख ( न. )**

(ઉપમારહિત સુખ, અતુલ સુખ, મોક્ષસુખ)

પાણી વિના તરફડી રહેલ માછલીને પુનઃ પાણીમાં નાખવાથી, કેટલાય દિવસો સુધીના ભૂખ્યાને ભોજન મળવાથી અને જેણે સપનામાં પણ જેનો વિચાર ન કર્યો હોય તેવી અલભ્ય વસ્તુની પ્રાપ્તિ થવાથી જે સુખાનુભૂતિ થાય તેને કદાચ હજુ પણ જાણી શકાય છે. પરંતુ જેમણે બધા જ કર્મનો ક્ષય કર્યો છે તેવા સિદ્ધ ભગવંતોના આત્મિકસુખની તો કલ્પના કરવી જ અશક્ય છે. તેમના સુખ માટે આપવામાં આવતી બધી ઉપમાઓ પાંગળી પડે. અર્થાત્ ઉપમાથી રહિત છે.

**अणोवयमाण - अनवपतत् ( त्रि. )**

(નહીં અવતરતો, નહીં જનમતો)

**अणोवलेवय - अनुपलेपक ( त्रि. )**

(કર્મબંધનથી રહિત, કર્મલેપ વિનાનું)

જીવ જ્યાં સુધી સત્યને અસત્ય અને અસત્યને સત્ય માનવા રૂપ મિથ્યાત્વને સેવે છે ત્યાં સુધી સતત તે સંસારના બંધનોમાં જકડાતો જ જાય છે. જ્યારે સત્યને સત્યરૂપે તથા અસત્યને અસત્યપણે માનવાની સાચી સમજણ કેળવીને ધર્મમાં આગળ વધવાનું ચાલુ કરે છે ત્યારથી સંસારના બંધનો ઢીલા પડવા માંડે છે. છેવટે તે કર્મબંધનથી રહિત થઈ નિરાબાધ પદ પામે છે.

**अणोवसंखा - अनुपसङ्ख्या ( स्त्री. )**

(અજ્ઞાન, અવિદ્યા, સત્યજ્ઞાનનો અભાવ)

જે ભૌતિક સુખ સામગ્રીઓ પાછળ આપણે સારપણું માનીને રચ્યા-પચ્યા રહીએ છીએ તે આપણું અજ્ઞાન છે. તેમાં ખરેખર સુખ નથી કિંતુ તે દુઃખ નોતરવાનો ઉપાયમાત્ર છે. કેમ કે એક સરખી ભૌતિક વસ્તુમાં કોઈને આનંદ આવે છે તો કોઈને નથી આવતો તથા ક્યારેક આનંદ આવે છે તો ક્યારેક તે જ વસ્તુ દુઃખરૂપ બને છે. જ્યારે સાચું સુખ અને અનહદ આનંદ તો આપણા આત્મામાં જ છે. જરૂર છે તેને ઊજાળવાની.

**अणोवहिय - अनुपधिक ( त्रि. )**

(દ્રવ્ય અને ભાવથી ઉપધિરહિત, પરિગ્રહરહિત ૨. સરળ, નિષ્કપટી)

ઉપધિ એટલે કે સામગ્રી. મમતા કે મૂર્છાના કારણે આવશ્યકતાથી વધુ રાખવામાં આવેલી ઉપધિ એ ઉપાધિરૂપ બને છે. આચારાંગસૂત્રના પ્રથમ શ્રુતસ્કંધના ચતુર્થ અધ્યયનમાં દ્રવ્યથી સુવર્ણાદિક વસ્તુઓ તથા ભાવથી માયાદિ દોષોને ઉપધિ સ્વરૂપ જણાવ્યાં છે. જે તેનો જાણભેદુ છે તે કુશળ પુરુષ માયાની જંજાળમાંથી અવશ્ય છુટી જાય છે.

**अणोसहिपत्त - अनौषधिप्राप्त ( त्रि. )**

(ઔષધના બળને નહીં પ્રાપ્ત કરેલું, ઔષધિબળરહિત)

હાલમાં એલોપથી, આયુર્વેદ, હોમીયોપથી, નેચરોપથી, એક્યુપંચર આદિ વિવિધ પદ્ધતિઓથી સારવાર કરવામાં આવે છે. ઔષધિનું સેવન શરીરમાં રહેલી વિકૃતિઓ દૂર કરી વ્યક્તિને સ્વસ્થ કરે છે. તેમ સદ્ધર્મરૂપી ઔષધ ક્રોધાદિ દોષોના કારણે આત્મામાં ઉદ્ભવેલી વિકૃતિઓને દૂર કરી આત્માને નિર્મલ બનાવી સ્વભાવમાં પુનઃ સ્થાપિત કરે છે.

**अणोसिय - अनुषित ( त्रि. )**

(નિવાસ નહીં કરેલું ૨. અવ્યવસ્થિત)

**अणोहंतर - अनोघन्तर ( पुं. )**

(સંસારને પાર કરવામાં અસમર્થ, બે પ્રકારના ઓઘને નહીં તરનાર)

સંસારનો પાર પામવામાં અસમર્થ હોય તેને અનોઘન્તર કહેવાય છે. આચારાંગસૂત્રમાં અનોઘન્તર દ્રવ્ય અને ભાવ એમ બે પ્રકારના જણાવ્યા છે. નદી આદિના પૂરને પાર કરવામાં અસમર્થ હોય તે દ્રવ્યથી અનોઘન્તર અને આઠ કર્મોના સમૂહને અથવા સંસારને પાર કરવામાં અસમર્થ હોય તેને ભાવથી અનોઘન્તર જણાવેલા છે. સંયમી મુનિ બન્ને પ્રકારના અનોઘન્તરને પાર કરે છે.

**अणोहट्टय - अनपघट्टक ( त्रि. )**

(નિરંકુશ, સ્વચ્છંદાચારી, ગમે તેવું વર્તન કરે છતાં જેને કોઈ રોકનાર ન હોય તે)

પૂર્વકાળમાં દરેક વ્યક્તિ ગુરુ, માતા-પિતા કે વડીલોની આજ્ઞામાં રહીને પરસ્પર ભાઈચારા, સ્નેહ, સન્માન, સહકાર આપતાં આનંદપૂર્વક જીવનને માણતા હતા. જ્યારે આજે વાતે વાતે પશ્ચિમનું અનુકરણ કરી પોતાને બુદ્ધિજીવી ગણાવતા લોકો દરેક રીતે સ્વચ્છંદિતાના હિમાયતી બન્યા છે. તેઓ બિચારા ખરેખર આજ્ઞામાં રહેવાની આર્ય પરંપરાનો મર્મ સમજ્યા જ નથી.

**अणोहारेमाण - अनवधारयत् ( त्रि. )**

(નહીં જાણતો, બોધ નહીં પામતો)

સમુદ્રમાં લાકડાનું પાટિયું મૂક્યું હોય તો તે લહેરોની સાથે આમથી તેમ ફંગોળાતું રહે છે પણ ક્યારેય મંઝિલને પ્રાપ્ત કરતું નથી. પરંતુ તેને જો કિનારાને જાણતા નાવિકનો સથવારો મળી જાય તો તે મંઝિલને પ્રાપ્ત કરે છે તેમ બોધ નહીં પામેલ અજ્ઞાની જીવ અનાદિ કાળથી સંસારની ચારેય ગતિઓમાં ભટકતો રહ્યો છે. તેને સાચા દેવ, સદ્ગુરુ અને સદ્ધર્મની પ્રાપ્તિ થતાં તે સંસાર સમુદ્રને પાર કરી જાય છે.

**अणोहिया - अनोधिका ( स्त्री. )**

(જેની અંદર પાણીનું એક પણ સ્થાન નથી એવી અટવી, પાણીના સ્થળ વગરનું જંગલ)

**★अनूहा ( स्त्री. )**

(અત્યંત ગહન હોવાથી પરખરહિત, તર્કરહિત)

પૃથ્વી, પાણી, વાયુ આદિમાં પણ જીવ છે. રાત્રિભોજન ન કરવું જોઈએ, ઈત્યાદિ અનેક વસ્તુઓની તથ્યાત્મક પરખ ધર્મગ્રંથોમાં આપેલી છે. કરોડો અબજો ડોલરોના ખર્ચે પ્રખર બુદ્ધિશાળી વૈજ્ઞાનિકો રાત-દિવસની વર્ષો સુધીની અથાગ મહેનત કર્યા પછી જે વસ્તુઓને હવે માન્યતા આપી રહ્યા છે અને જેને પોતાની આગવી શોધ તરીકે દેખાડે છે, તે વસ્તુઓના રહસ્યો તો તીર્થંકરોએ હજારો વર્ષો પહેલા બતાવી દીધા હતાં. એટલે ધર્મગ્રંથોમાં કહેલ દરેક વસ્તુને તર્કથી સિદ્ધ કરીને જ સ્વીકારવાના બદલે તેને શ્રદ્ધાપૂર્વક સ્વીકારવી હિતાવહ છે. સિદ્ધ વસ્તુને પુનઃ સિદ્ધ કરવામાં શક્તિ અને સમય બન્નેનો દુરુપયોગ થાય છે.

**अण्ण ( न्न ) - अन्न ( न. )**

(અનાજ, ચોખા આદિ ૨. મોદક વગેરે ભક્ષ્ય પદાર્થ ૩. ભોજન)

ચોખા વગેરે ધાન્યને જો કોઈપણ પ્રકારની પ્રક્રિયા કર્યા વગર એમને એમ કાચાં જ ખાવામાં આવે તો પેટ દુઃખવું, અજીર્ણ થવું ઈત્યાદિ શરીરમાં દોષ ઉત્પન્ન કરે છે. પરંતુ જો ફોતરાં વગેરે અસાર વસ્તુને કાઢીને વ્યવસ્થિત રાંધીને આરોગવામાં આવે તો ક્ષુધાને શમાવી શરીરની સાતે ધાતુઓને પુષ્ટ કરે છે. તેમ દરેક વસ્તુ યોગ્ય પ્રક્રિયાપૂર્વક તથા ઉચિત સમયે ગ્રહણ કરવામાં આવે તો તે ઉપયોગી નિવડે છે.

**★अन्य ( त्रि. )**

(બીજું, સ્વથી ભિન્ન, અન્ય, પૃથક્, જુદું)

વિવિધ પ્રકારની ભૌતિક સંપત્તિ અને સુખ-સગવડોના સ્વામી એવા કેટલાય જીવોએ જગતનું સત્ય સ્વરૂપ સમજીને સંસારનો ત્યાગ કરી શાશ્વત સંપત્તિની અને અખૂટ આત્માનંદની પ્રાપ્તિ કરી છે. જ્યારે મોહમાં વિકલ બનેલા આપણે સત્ય સ્વરૂપને ભૂલીને પર એવા સંસારિક સંબંધો અને ભૌતિક સુખ-સંપત્તિના સાધનોને પોતાના માની બેઠા રહ્યા છીએ.

**★अर्ण - ऋ+न ( न., त्रि. )**

(અકારાદિ વર્ણ ૨. ગમનશીલ, ગમન કરવાના સ્વભાવવાળું ૩. જળ, પાણી)

સંસારમાં પ્રાયઃ દરેક વસ્તુઓમાં ફેરફાર થતો જ રહે છે. થોડા સમય પૂર્વેનું નાનું બાળક આજે યુવાન થઈ ગયેલો દેખાય છે અને થોડા સમય પછી તે વૃદ્ધ થઈ ગયેલો પણ દેખાશે. એટલે કે સંસારના સતત ગમનશીલ સ્વભાવમાં આ બધું થવું સહજ છે તેમ સમજતો હોવા છતાંય નાસમજ માણસ અપાર સુખ-સાહ્યબી ભોગવતા વચ્ચે થોડુંક દુઃખ આવતાં હાયવોય કરવા લાગી જાય છે.

**★आण्य ( त्रि. )**

(જેનો ઉચ્ચાર કરાય તે ૨. મન વગેરે યોગોની કરવા લાયક પ્રવૃત્તિ, અવધાન યોગ્ય)

કહેવત છે કે, 'મન ચંગા તો કથરોટ મેં ગંગા' જેનું મન પ્રસન્ન હોય તે વ્યક્તિ પોતે તો ખુશ હોય જ છે સાથે-સાથે તેની આસપાસનું વાતાવરણ પણ તેની સાથે પ્રસન્ન બની જતું હોય છે. એમ જેનું મન દુઃખી હોય તે વ્યક્તિ દુઃખી રહે છે અને આસપાસની વ્યક્તિઓને પણ દુઃખી કરે છે. આ મનને પ્રસન્ન રાખવું કે દુઃખી રાખવું તેની કેળવણી મનુષ્યના પોતાના હાથમાં છે. માટે વ્યક્તિએ પોતે નક્કી કરવાનું છે કે તેણે દુઃખી રહેવું છે કે સુખી.

**अण्णइय ( देशी-त्रि. )**

(તૃપ્ત, સર્વ વિષયોમાં તૃપ્ત, સર્વ પ્રકારે તૃપ્ત થયેલું)

વ્યક્તિ જ્યારે અત્યંત ભૂખી હોય ત્યારે તેને ભોજન સિવાયનું કાંઈપણ રુચશે નહિ. ધર્મ કે પૈસા પણ નહીં. માટે શ્રાવકોનું કર્તવ્ય છે કે પોતાની આસપાસના જરૂરિયાતમંદ શ્રાવકોનું ખાસ ધ્યાન રાખવું. કેમ કે તેઓની આવશ્યકતા પૂર્તિ થયેલી હશે તો તેમને ધર્મ કરવાની ઈચ્છા થશે અને ધર્મમાં ગતિ કરવાની રુચિવાળો હશે તો તેની ધર્મમાં શ્રદ્ધા ચોક્કસપણે વધશે જ.

**अण्ण ( न्न ) इ ( गि ) लाय - अन्नग्लायक ( पुं. )**

(અન્ન વિના જે ગ્લાનિ પામે તે, અભિગ્રહ વિશેષથી કે ભૂખ સહન ન થવાથી સવારમાં જ આહાર કરનાર મુનિ)

ઘણાબધા એવા જીવો જોવા મળતા હોય છે કે, તપ કરવાની ઇચ્છા હોવા છતાં ભૂખ્યા ન રહી શકવાના કારણે તપ કરી શકતા નથી. આવા જીવો તીવ્ર પ્રત્યાખ્યાનીય કર્મના ઉદયે કદાચ વિશિષ્ટ તપ કરી ન શકતા હોય તેમ બને. પરંતુ તેવા જીવો ભાવોની શુદ્ધિ તો જાળવી જ શકે છે. તેઓને કર્મોદયે આહાર કરવો પડતો હોય તો પણ તેમાં આસક્તિ તો ન જ હોય.

**अण्णउत्त - अन्योक्त ( त्रि. )**

(અવિવેકીએ કહેલ)

જ્ઞાની ભગવંત કહે છે કે, કોઇ અવિવેકી આવીને તમને અપશબ્દો બોલી જાય, તમારું અપમાન કરી જાય તો તેના વ્યવહારની ઉપેક્ષા કરવી જોઇએ. જેમ કોઇ પાગલ માણસ કે નાનું બાળક એવું વર્તન કરે છે તો આપણે તેને માફ કરી દઇએ છીએ કેમ કે, આપણે જાણીએ છીએ કે પાગલ રોગથી પીડાય છે ને બાળક નાદાન છે. તેવી જ રીતે અવિવેકી વ્યક્તિ અજ્ઞાનથી પીડિત છે એમ જાણવું. જો તેમ ન હોત તો તેનું આવું વર્તન સંભવતું જ નથી.

**अण्णउत्थिय - अन्ययूथिक ( पुं. )**

(પરદર્શની, મિથ્યાદર્શની, કુતીર્થિઓ)

જ્ઞાતાધર્મકથાદિ શાસ્ત્રોમાં કહેલું છે કે જેઓ મિથ્યાદર્શનને ધારણ કરે છે. જેઓ જિનધર્મના દ્વેષી છે તેવા જીવો સાથે આહાર, વિહાર, વ્યવહાર અને વિવાદ કરવો જોઇએ નહિ. કેમ કે તેવું કરવાથી સમ્યક્ત્વનો ભંગ કે પછી પ્રાણઘાતનો ભય રહેલો છે.

**अण्णउत्थियदेवय - अन्ययूथिकदैवत ( न. )**

(પરતીર્થિક દેવો, અન્યદર્શનીઓએ માનેલા હરિહરાદિક દેવો)

પરમાત્માના ગુણો અને સિદ્ધાંતોથી આકર્ષિત થયેલા જીવાત્માને ક્યારેય પણ અન્યદર્શનના દેવો તરફ આકર્ષણ થતું જ નથી. ગમે તેવા પ્રલોભનો મળે છતાં પણ તેનું ચિત્ત તો જિનેશ્વરદેવમાં જ ચોંટેલું હોય. એકવાર જેણે મીઠાઇનો સ્વાદ મેળવી લીધો હોય શું તેને પછી કુકસાનો સ્વાદ પ્રિય લાગે ખરો ?

**अण्णउत्थियपरिग्गहिय - अन्ययूथिकपरिगृहीत ( त्रि. )**

(અન્યદર્શનીઓએ પડાવી લીધેલા જિનાલય આદિ)

સમ્યગ્દષ્ટિ આત્માની પ્રવૃત્તિ પણ સમ્યગ્ જ હોય. તે એવી કોઇ પ્રવૃત્તિ ન કરે જેથી મિથ્યાત્વનો પ્રચાર થાય. માટે જ ઉપાસકદશાંગ આદિ ગ્રંથોમાં કહ્યું છે કે, જે ચૈત્યો અર્હત્પ્રતિમાવાળા હોય છતાં પણ મિથ્યાત્વીઓએ પડાવી લીધેલા હોય તેવા મંદિરોમાં શ્રાવક ક્યારેય પણ જાય નહીં કે તેને વંદન પણ ન કરે. કેમ કે તેવી પ્રવૃત્તિથી મિથ્યાત્વનો પ્રચાર થાય છે. જે ભવપરંપરા વધારનાર છે. જેમ જિનાલય માટે છે તેમ શાસ્ત્રો વગેરે બાબતે પણ સમજવું.

**अण्णओ ( त्तो ) ( दो ) - अन्यतस् ( अव्य. )**

(અન્ય સ્થળેથી, બીજેથી)

પ્રભુ વીરનું વચન છે કે, જે સ્થાને રહેવાથી બીજાને અપ્રીતિ થતી હોય તેવા સ્થાનનો ત્યાગ કરવો. આથી ઉચ્ચકુળ અને નીચકુળનો ભેદ કર્યા વિના ભિક્ષા માટે ભ્રમણ કરનાર શ્રમણને કોઇ સ્થાને ભિક્ષા લેવા જતાં એવું સાંભળવા મળે કે, અમે તમને ભિક્ષા નહીં આપીએ તમે કોઇ બીજે સ્થાનેથી લઇ લો, તો સમજી જવું કે દાતાને અપ્રીતિ થાય છે. આવું જાણતા જ સાધુ તે સ્થાનનો તુરંત જ ત્યાગ કરે.

**अण्णकाल - अन्नकाल ( पुं. )**

(ભિક્ષાકાળ, ગોચરીનો કાળ)

શાસ્ત્રમાં સાધુના પ્રત્યેક આચારનો કાળ-સમય નિયત કરેલો છે. અર્થાત્ કયા કાળે સાધુએ પડિલહેણ કરવું, કયા સમયે પ્રતિક્રમણ કરવું, કયા સમયે ગોચરી લેવા જવું વગેરે. શાસ્ત્રમાં નિર્દિષ્ટ કાળ અનુસાર જે મુનિ આચારોનું પાલન કરે છે તે નિયમા કર્મની નિર્જરા કરે છે અને જે તેનો વ્યતિક્રમ કરે છે તે વિરાધક બને છે. જેમ કે સવારનો સમય સ્વાધ્યાયનો હોય તે સમયે ભિક્ષા લેવા નીકળે અને જે સમયે ભિક્ષાકાળ હોય તે સમયે સ્વાધ્યાય કરવા બેસે તે વ્યતિક્રમ છે.

**अण्णक्खाण – अन्वाख्यान ( न. )**

(પછીથી ઉલ્લેખ કરવો તે, પાછળથી કહેવું તે ૨. તાત્પર્યનો નિશ્ચય કરીને વ્યાખ્યાન કરવું તે)

જ્યાં સુધી ચાર ઘાતીકર્મનો ક્ષય થયો નથી ત્યાં સુધીના તમામ કાળને છદ્મસ્થાવસ્થા કહેવામાં આવેલી છે. જીવ જ્યાં સુધી છદ્મસ્થાવસ્થામાં છે ત્યાં સુધી અસત્ય કે અસંબદ્ધ બોલાવાની શક્યતાઓ વધુ છે. માટે જ પરમાત્માએ સાધુને ઉદ્દેશીને કહ્યું છે કે, હે શ્રમણ! તારું વચન પૂર્વાપરના વિચારપૂર્વકનું અને કોઈપણ પદાર્થના તાત્પર્યનો નિશ્ચય કર્યા પછીનું હોવું જોઈએ.

**अण्णगुण – अन्यगुण ( त्रि. )**

(જડ, અચેતન, અજીવ)

જેનામાં સુખ-દુઃખ, હર્ષ-શોક વગેરે લાગણીઓનો અભાવ હોય તે જડ દ્રવ્ય છે. સંસરણશીલ આ સંસાર જડ દ્રવ્ય અને ચેતન દ્રવ્ય પર નિર્ભર છે. એટલે ચેતન તથા અચેતન દ્રવ્યના સંયોગથી જ આ સંસાર અનાદિકાળથી ચાલ્યો આવે છે અને અનંતકાળ સુધી ચાલશે. જેમ આત્મા એકલો રહી શકતો નથી. તેને આશ્રય તરીકે જડ એવા શરીરનો આધાર તો લેવો જ પડે છે. તેમ જીવ દ્રવ્ય જડને સક્રિય રાખે છે. જે દિવસે આ બન્નેનો વિયોગ થાય છે તે દિવસે સંસારનો અભાવ થઇ જાય છે.

**अण्ण ( न्न ) गोत्तिय – अन्यगोत्रीय ( पुं., स्त्री. )**

(અન્ય ગોત્રીય, એક ગોત્રથી ભિન્ન ગોત્ર)

ધર્મસંગ્રહમાં ગોત્રની વ્યાખ્યા કરતાં લખ્યું છે કે, એક પ્રધાનપુરુષથી ઉત્પન્ન થયેલ વંશ તે ગોત્ર કહેવા અને તેમાં ઉત્પન્ન થયેલા વંશજો સગોત્રીય કહેવાય. આવા એક ગોત્રથી ભિન્ન ગોત્રમાં જન્મેલાને અન્યગોત્રીય કહેવામાં આવે છે. યોગશાસ્ત્રમાં કહેલું છે કે શ્રાવકે પોતાના પુત્ર કે પુત્રીના લગ્ન સ્વગોત્રમાં ન કરાવતાં જેના કૂળ અને આચાર સમાન હોય પરંતુ ગોત્ર ભિન્ન હોય તેમાં જ કરાવવા જોઇએ.

**अण्ण ( न्न ) ग्गहण – अन्यग्रहण ( न. )**

(ગવૈયો ૨. ગાન સમયે થતો એક પ્રકારનો મુખવિકાર)

તાનસેન બાદશાહ અકબરના દરબારનો એક સારો ગવૈયો હતો. એક વખત અકબરે પૂછ્યું 'તાનસેન! તને આટલું સરસ ગાતા કોને શિખવાડ્યું ? તારા ગુરુ કોણ?' ત્યારે તાનસેને કહ્યું જહાંપનાહ 'કવિ ગંગ મારા ઉસ્તાદ છે. તેમણે મને તાલીમ આપીને શિખવાડ્યું છે.' ત્યારે અકબરે કહ્યું તારા ગુરુ મારા માટે ગાશે ખરા ? તાનસેને કહ્યું 'બાદશાહ મારા ગુરુ ગંગ માત્ર ને માત્ર પરમાત્મા માટે જ ગાય છે. તેઓ કોઇ બાદશાહની ખુશામત કરતા નથી. તે એક ભક્તાત્મા છે.' તમને કદાચ ખ્યાલ હશે એ ગંગ કવિએ અતિ આગ્રહ છતાં મોતને સ્વીકાર્યું પરંતુ શહેનશાહની સ્તુતિ ન કરી તે ન જ કરી.

**अण्णजोग – अन्ययोग ( पुं. )**

(અન્યકાર્યને ઉત્પન્ન કરનાર સંબંધ)

**अण्णजोगववच्छेद – अन्ययोगव्यवच्छेद ( पुं. )**

(અન્યકાર્યને ઉત્પન્ન કરનાર સંબંધનો અભાવ)

**अण्णजोगववच्छेयवत्तीसिया – अन्ययोगव्यवच्छेदद्वात्रिंशिका ( स्त्री. )**

(અન્યયોગવ્યવચ્છેદ દ્વાત્રિંશિકા, તે નામનો એક ગ્રંથ)

કલિકાલ સર્વજ્ઞ ભગવંત હેમચંદ્રાચાર્યજી મહારાજે સિદ્ધસેનદિવાકરસૂરિ વિરચિત દ્વાત્રિંશિકાને અનુસરીને અયોગવ્યવચ્છેદ દ્વાત્રિંશિકા અને અન્યયોગવ્યવચ્છેદ દ્વાત્રિંશિકા એમ બે બત્રીસીઓની જાજરમાન રચના કરી છે. તેના પર શ્રીમલ્લિષેણસૂરિએ સ્યાદ્વાદમંજરી નામક વિસ્તૃત ટીકાની રચના કરેલી છે. આ ગ્રંથમાં પરમાત્મા અને તેમના ઉપદિષ્ટ તત્ત્વોનો વિરોધ કરનાર અન્યદર્શનીઓનું

ખંડન અને સ્વમતનું સ્થાપન કરેલું છે. જેનું વાંચન-મનન વિદ્વજ્જનોના ચિત્તને આનંદ પમાડનારું છે.

**अण्णजोसिय - अन्ययोषित् ( स्त्री. )**

(પરસ્ત્રી, બીજાની સ્ત્રી, પરિણીત કે સંગ્રહેલી સ્ત્રી સિવાયની બીજી સ્ત્રી)

શાસ્ત્રોમાં સદ્‌ગૃહસ્થ માટે સ્વદારાસંતોષ નામનું વ્રત પાળવાનું હોય છે. જે જીવ સજ્જનની કોટીમાં આવે છે તેવા જીવો પોતાની પત્ની સિવાયની પારકી સ્ત્રીઓમાં પોતાના ચિત્તને બગાડતા નથી. તેઓ ક્યારેય પણ કુદૃષ્ટિથી પરસ્ત્રીઓને જોતા નથી. જેઓ સ્વપત્નીમાં જ સંતોષને માને છે તેને ક્યારેય પણ ક્લેશ કે કંકાસનો સામનો કરવો પડતો નથી. આજે જે પણ છૂટાછેડા કે બાહ્ય સંબંધોનું પ્રમાણ વધ્યું છે તેની પાછળ કારણ છે સ્વદારાસંતોષનો અભાવ.

**अण्ण ( न्न ) ण्ण ( न्न ) - अन्योन्य ( त्रि. )**

(પરસ્પર, એકબીજાને)

એક કહેવત છે કે, **'સંપ ત્યાં જંપ'** આ સંપનું ઝરણું ત્યાં વહે છે જ્યાં એકબીજા માટે સ્નેહભાવ હોય, જ્યાં પરસ્પરની લાગણીઓનો વિચાર હોય અને જ્યાં સ્વાર્થભાવનો અભાવ હોય. આપણે પ્રત્યક્ષ અનુભવીએ છીએ કે બળ હંમેશાં એકતામાં રહેલું છે. જ્યાં ભિન્નતા છે ત્યાં કોઇ કાર્યનું પરિણામ આવતું નથી. આજે એવો જમાનો છે કે બે સગા ભાઈઓ અથવા સગો દીકરો પોતાના મા-બાપ સાથે રહી શકતો નથી. આવી પરિસ્થિતિમાં જીવને શાંતિ ક્યાથી મળી શકે?

**अण्ण ( न्न ) त ( य ) र - अन्यतर ( त्रि. )**

(ઘણાબધાની વચ્ચે કોઇ એક, બેમાંથી કોઈ એક, ગમે તે એક)

સુભાષિત સંગ્રહમાં એક સૂક્તિ આવે છે કે આકાશમાં તારલાઓ તો ઘણાબધાં હોય છે પરંતુ તે ઘણાબધામાં ચંદ્ર તો એક જ હોય છે. તેમ આ જગતમાં અનેક ગુણવાન્ આત્માઓ રહેલા છે પરંતુ તે બધામાં શૂરવીર અને દાનવીર તો કો'ક જ હોય છે.

**अण्णतरग - अन्यतरक ( पुं. )**

(બેમાંથી એક કે ઘણાબધામાંથી એક)

વ્યવહારસૂત્રના પ્રથમ ઉદ્દેશામાં કહેલું છે કે, જ્યારે તપ અને વેયાવચ્ચ એમ બન્ને સાથે કરવાનો સમય આવે ત્યારે તે બન્નેને એકસાથે કરવા માટે જે અસમર્થ હોય ત્યારે તે સાધુ બેમાંથી કોઇપણ એક જ કાર્ય કરવા સમર્થ બને છે. યા તો તપ કરી શકે કે પછી વેયાવચ્ચ કરી શકે, પરંતુ બન્ને સાથે ન કરી શકે, તો તેવો જીવ પ્રાયશ્ચિત્તને યોગ્ય જાણવો. કેમ કે શ્રમણનું સમસ્ત જીવન સ્વ અને પર એમ બન્નેના કલ્યાણ માટે હોય છે. ત્યાં સ્વાર્થનો તો અભાવ જ હોય છે.

**अण्णतित्थिय - अन्यतीर्थिक ( पुं. )**

(પરધર્મી, શાક્યાદિ અન્યદર્શની, પરમતી, જૈનેતરદર્શની)

**अण्णतित्थियपवत्ताणुओग - अन्यतीर्थिकप्रवृत्तानुयोग ( पुं. )**

(કપિલાદિ અન્યતીર્થિકોએ પ્રવર્તાવેલું શાસ્ત્ર, પાપશ્રુત વિશેષ)

ગંગા નદી જુદા-જુદા સ્થાનોના કારણે ભલે અનેક નામોથી ઓળખાતી હોય પરંતુ તેનું ઉત્પત્તિ સ્થાન તો એકમાત્ર હિમાલય જ છે. તેમ જગતમાં કપિલ, ચાર્વાક વગેરેએ ભલે અનેક મિથ્યાશાસ્ત્રોની રચના કરી હોય પરંતુ તે બધા તત્ત્વોનું મૂળ તો અરિહંતની વાણી જ છે. સપ્તનયગર્ભિત સ્યાદ્વાદમય પરમાત્માના વચનોને એકાંતે પકડીને કપિલ વગેરે ઋષિઓએ સ્વમતની સ્થાપના માટે પોતાના નવા શાસ્ત્રોનું અને નવામતોનું પ્રવર્તન કરેલું છે તેમ વૃદ્ધવાદ છે.

**अण्णत्तभावणा - अन्यत्वभावना ( स्त्री. )**

(બાર ભાવનામાંની એક ભાવના, દેહ-આત્માની ભિન્નતાનું ચિંતન)

પ્રવચનસારોદ્ધારમાં અન્યત્વભાવના વિશે કહેલું છે કે, જે જીવ જડ અને ચેતનની ભિન્નતાને જાણે છે તેને આવીને કોઇ પૂજે કે કોઇ તેનો તિરસ્કાર કરે, કોઇ તેને ધનનો લાભ કરાવે કે પછી કોઇ તેનું ધન ચોરી લે તો પણ તે ભવ્યાત્મા અન્યત્વ ભાવના દ્વારા તે બન્ને પ્રત્યે સમતાને ધારી રાખે છે. આવા જીવનું સર્વસ્વ નાશ થાય છતા પણ તેને અંશમાત્ર પણ શોક-સંતાપ થતો નથી.

**अण्णत्थ - अन्यत्र ( अव्य. )**

(બીજે ક્યાંક, છોડીને, વર્જીને, તેના સિવાય)

તપનું પ્રત્યાખ્યાન કરનાર તપસ્વીને લીધેલા નિયમનું ફરજીયાતપણે પાલન કરવાનું હોય છે. જો તપમાં જણાવેલા નિયમથી વિપરીત આચરણ કરે તો તપનો ભંગ થયો ગણાય છે વળી તેનાથી પાપકર્મનો બંધ થાય એ તો વધારામાં. છતાં પણ અનંતજ્ઞાની ભગવંતોએ તપમાં સંભવતા દોષોને ધ્યાનમાં રાખીને જે-તે તપમાં અનાભોગ, સહસાત્કાર વગેરે આગારોની છૂટ રાખેલી છે. તે આગારો સિવાયનું વિપરીત આચરણ થાય તો દોષ લાગે છે અને તેનું પ્રાયશ્ચિત્ત લેવું પડે છે.

**★अन्यार्थ ( पुं. )**

(અન્ય રીતે કહેવા યોગ્ય શબ્દ, ભિન્ન પ્રયોજનવાળો પદાર્થ)

**★अन्वर्थ ( पुं. )**

(વ્યુત્પત્તિને અનુસાર થતો અર્થ વિનાનો શબ્દ, અર્થનિરપેક્ષ શબ્દ)

વિશેષાવશ્યકભાષ્યમાં અન્વર્થની વ્યાખ્યા કરતા કહ્યું છે કે, જે શબ્દ વ્યુત્પત્તિના અર્થને અનુસરતો ન હોય અર્થાત્ જે વ્યુત્પત્ત્યાર્થથી નિરપેક્ષ હોય તેને અન્વર્થ કહેવાય છે. જેમ કે ઇન્દ્રનો અર્થ થાય છે પરમ ઐશ્વર્યયુક્ત દેવોના અધિપતિની પદવીને ભોગવનાર. પરંતુ લોકમાં કોઇ પોતાના પુત્રનું નામ ઇન્દ્ર પાડે તો ત્યાં ઇન્દ્ર નામ વ્યુત્પત્તિના અર્થને અનુસરતો નથી. આથી બાળકનું પાડેલું ઇન્દ્ર નામ તે અર્થનિરપેક્ષ શબ્દ છે.

**अण्णत्थगय - अन्यत्रगत ( त्रि. )**

(બીજા સ્થાને ગયેલું, અન્યત્ર ગયેલું)

જૈનદર્શનની માન્યતાનુસાર જડ એવા શરીરનું સંચાલન કરનાર આત્મદ્રવ્ય છે. જ્યાં સુધી શરીરમાં આત્મારામ છે ત્યાં સુધી જ શરીરની વિવિધ પ્રક્રિયા ચાલુ રહે છે. જે દિવસે શરીરમાંથી આત્મા બીજે સ્થાને ચાલ્યો જાય છે તે દિવસથી શરીરમાં થનારી પ્રત્યેક પ્રતિક્રિયાઓનો અંત આવી જાય છે. જેમ બીજે સ્થાને ગયેલી વ્યક્તિ તેના અભાવવાળા સ્થાનમાં કોઇ પૂછે તેનો જવાબ મળતો નથી તેમ મૃતશરીરમાં આત્માનો અભાવ હોવાથી તેને ગમે તેટલું બોલાવો તે જવાબ આપતું નથી.

**अण्णत्थजोग - अन्वर्थयोग ( पुं. )**

(વ્યુત્પત્તિને અનુસાર શબ્દ અને તેના અર્થનો સંબંધ)

જે શબ્દનો તેની વ્યુત્પત્તિને અનુસાર અર્થ થતો હોય તેવા શબ્દને અન્વર્થયોગ કહેવાય છે. જેમ કે, **'पङ्के जायते इति पङ्कजं'** અહીં પંકજ શબ્દ અને તેનો અર્થ કમલ તે તેની ઉત્પત્તિને આશ્રયીને કરવામાં આવનારી વ્યુત્પત્તિને અનુસરે છે. આવા શબ્દ અને તેના અર્થનો સંબંધ એ અન્વર્થયોગ બને છે.

**अण्णत्था - अन्वर्था ( स्त्री. )**

(અર્થને અનુસાર જે સંજ્ઞા-નામ તે)

જે શબ્દ પોતાના અર્થને અનુસરતો હોય તેવા શબ્દને અન્વર્થા કહેવાય છે. જેમ કે, **'भासं करोति इति भास्करः'** અહીં પ્રકાશને આશ્રયીને ભાસ્કર અર્થાત્ સૂર્ય શબ્દ લોકમાં પ્રવર્તતો દેખાય છે. આવા જેટલા પણ અર્થને અનુસરનાર શબ્દો હોય તે બધા અન્વર્થાની કક્ષામાં આવે છે.

**अण्णदंसि ( ण् ) - अन्यदर्शिन् ( त्रि. )**

(અયથાસ્થિત પદાર્થને જોનાર, મિથ્યાદર્શી, પરદર્શની, કુતીર્થિક)

**अण्णदत्तहर - अन्यदत्तहर ( पुं. )**

(અન્યે આપેલી વસ્તુની વચ્ચેથી ચોરી કરનાર)

ચંદ્રગુપ્ત મૌર્યના સમયમાં બારમાસીય દુકાળ પડ્યો તે સમયે શ્રમણને ભિક્ષા પણ દુર્લભ બની ગઇ. યાવત્ આચાર્ય ભગવંત માટે પણ ગોચરી મળવી દુષ્કર થવા લાગી. તે સમયે શાસનધુરિ સૂરિજીને બચાવવા માટે એક ભિક્ષુક સાધુએ અંજન પ્રયોગ દ્વારા અદૃશ્ય બનીને રાજા ચંદ્રગુપ્તને આપવામાં આવતું ભોજન વચ્ચેથી જ ગ્રહણ કરીને તે આચાર્ય ભગવંતને વપરાવવા લાગ્યા. આ વાતની

ચાણક્યને ખબર પડતાં તેઓએ બુદ્ધિથી તે વચ્ચેથી જ આહાર ગ્રહણ કરનાર સાધુને પકડ્યા. જ્યારે સાધુએ કહ્યું કે જૈન હોવાના નાતે તમારી ફરજ આચાર્યની રક્ષા કરવાની છે જે તમે ભૂલી ગયા. ત્યારે રાજા અને મંત્રી બન્નેના મસ્તક શરમથી ઝૂકી ગયાં.

**अण्णदाण - अन्यदान ( न. )**

(ભોજનાદિનું અન્યને આપવામાં આવતું દાન)

**अण्णधम्मिय - अन्यधार्मिक ( पुं. )**

(અન્યધર્મી, મિથ્યાદૃષ્ટિ, પરધર્મી)

મોક્ષ જેવા લોકોત્તર અને શાશ્વત સુખને આપવાની ક્ષમતાવાળા સદનુષ્ઠાનો કરીને માત્ર દેવલોકના કે રાજાના સુખોની વાંછા કરવી તે નરી મૂર્ખામી જ કહેવાય. કેમ કે તમે જે દેવલોકની ઇચ્છા રાખો છો ત્યાં પણ અહીંની જેમ રાગ-દ્વેષ, ઈર્ષ્યા, સાચું ખોટું, હિંસા,મારામારી વગેરે હોય જ છે. ત્યાં પણ અહીંના જેવો બીજો સંસાર જ છે. આથી સંસારને તારનાર આરાધનાઓના માધ્યમથી સંસારની માગણી કરવાનું છોડીને મોક્ષ જેવા સ્થાનની ઇચ્છા રાખવી જોઇએ.

**अण्णपमत्त - अन्नप्रमत्त ( त्रि. )**

(આહારમાં આસક્ત)

જેવી રીતે આઠ કર્મોમાં મોહનીય કર્મ અતિભયાનક છે તેવી રીતે પાંચેય ઇંદ્રિયોમાં રસનેન્દ્રિય અતિભયાનક છે. રસનેન્દ્રિય જીવોને આહારલોલુપ બનાવે છે અને આહારમાં આસક્ત જીવો વિપુલકર્મનો બંધ કરે છે. માટે જ જિનશાસનમાં આહારવિજેતા બનવા માટે બાહ્ય અને અભ્યંતર એમ બે પ્રકારના તપ કહેલાં છે.

**★अन्यप्रमत्त ( त्रि. )**

(અન્ય સ્વજનાદિમાં આસક્ત)

પોતાના પુત્ર, પત્ની, માતા, પિતાદિના ભરણ-પોષણ માટે લૂંટફાટ, ચોરી વગેરે કરનાર વાલિયા લૂંટારાનું જીવન નારદ ઋષિના એક જ વાક્યે ફેરવી નાખ્યું. નારદમુનિએ વાલિયાને કહ્યું ભાઇ! તું તારા સ્વજનોમાં આસક્ત થઇને તેમના માટે જે મારધાડ કે લૂંટફાટ કરે છે તેના દુષ્પરિણામો ભોગવવામાં તારા પરિવારનો ભાગ કેટલો? તું એકવાર તારા કુટુંબીઓને પૂછી જો. જ્યારે તેને તેની ધારણાથી વિપરીત જવાબ મળ્યો તે દિવસથી વાલિયો ચોર મટીને વાલ્મીકિ ઋષિ બની ગયો.

**अण्णपर - अन्यपर ( त्रि. )**

(એક રૂપમાંથી અન્યરૂપે થનારું. જેમ એકાણુમાંથી દ્વયાણુક ત્ર્યાણુક તથા દ્વયાણુકમાંથી એકાણુક થાય તેમ)

આચારાંગસૂત્ર દ્વિતીય શ્રુતસ્કંધના બારમાં અધ્યયનમાં કહેલું છે કે, દ્રવ્ય અનેક પર્યાયાત્મક હોવાથી તેનો બોધ વિવિધરૂપે થાય છે. જેમ અણુ એક હોવાથી એકાણુરૂપે ઓળખાતો હોય છે. તે જ અણુ જ્યારે બીજા અણુઓ સાથે જોડાય છે ત્યારે તે એકાણુક તરીકે ન ઓળખાતા દ્વ્યણુક કે ત્ર્યણુકરૂપે ઓળખાય છે. તેનો અન્ય સાથે સંયોગ થતાં પોતાના પૂર્વના રૂપનો ત્યાગ કરીને તે અન્યરૂપને ધારણ કરે છે.

**अण्णपरिभोग - अन्यपरिभोग ( पुं. )**

(ખાદ્યાદિ પદાર્થોનું સેવન કરવું તે, અન્નપ્રાશન)

જ્યાં સુધી આપણને શરીર વળગેલું છે ત્યાં સુધી આપણો સંસાર છે અને જ્યાં સુધી સંસાર છે ત્યાં સુધી આપણે જીવન જીવવા માટે ખાદ્યાદિ પદાર્થોનો ઉપભોગ કરવો પડે છે. ખાદ્યપદાર્થોનું સેવન એટલું ભયાનક નથી જેટલો ભયાનક તેમાં ઉત્પન્ન થતો રાગ છે.

**अण्णपुण्ण - अन्नपुण्य ( न. )**

(અન્નદાનાદિથી પ્રાપ્ત થતું પુણ્ય, પુણ્યનો ભેદ)

દાનધર્મ સર્વશ્રેષ્ઠ હોવાથી ચાર પ્રકારના ધર્મમાં દાનધર્મનું પ્રથમ સ્થાન છે. સ્થાનાંગસૂત્રના નવમા સ્થાનમાં કહેલું છે કે સુપાત્ર આત્માને વિશે કરેલું અન્ન વગેરેનું દાન તીર્થંકરનામકર્મ વગેરે પુણ્યપ્રકૃતિઓનો બંધ કરે છે. શાલિભદ્રજીએ પણ પૂર્વભવમાં કરેલા અન્નદાનના પ્રતાપે બીજા ભવમાં દેવલોક સમાન ઋદ્ધિઓને ભોગવી હતી.

**अण्णवेलचरक - अन्यवेलाचरक ( पुं. )**

(કાલાભિગ્રહી ભિક્ષુ)

સ્થાનાંગસૂત્રના પાંચમા સ્થાનના પ્રથમ ઉદ્દેશામાં કહેલું છે કે, શ્રમણજીવન અભિગ્રહ વિનાનું ન હોવું જોઇએ. સાધુના જીવનમાં કોઇને કોઇ અભિગ્રહ હોવો જરૂરી છે. આથી ઘણા બધા મુનિ ભગવંતો જાત-જાતના અભિગ્રહોને ધારણ કરતા હોય છે. તેમના વિવિધ અભિગ્રહોમાં એક અભિગ્રહ છે અન્યવેળાચર અભિગ્રહ. અર્થાત્ ભિક્ષાનો જે સમય હોય તેની પહેલા અથવા તેના પછીના સમયે આહાર લેવા નીકળવું. આ અભિગ્રધારી સાધુને અન્યવેલાચરક કહેવાય છે.

**अण्णभोग - अन्नभोग ( पुं. )**

(ખાદ્યાદિ ભોગવવા યોગ્ય પદાર્થ)

ઉપભોગ યોગ્ય વસ્તુ પ્રાપ્ત ન હોય અને તેનો ત્યાગ કરવો એ અને જ્યારે વસ્તુ હોવા છતાં તેનો ત્યાગ કરવો એ બન્નેમાં આસમાન જમીનનું અંતર છે. પદાર્થ ન હોય ને ત્યાગ કરે તેમાં વ્યક્તિની કોઇ મહાનતા કે તેનો પુરુષાર્થ નથી. પરંતુ સામે ખાદ્યાદિ વગેરે ભોગવવા યોગ્ય લાખ પદાર્થો હોવા છતાં પણ તેના પ્રત્યે વૈરાગી રહેવું અતિકઠિન છે. આથી જ તો ભરત મહારાજા માટે કહેવાયું છે કે 'મન મેં હી વૈરાગી ભરતજી, મન મેં હી વૈરાગી'

**अण्णमण्ण - अन्योन्य ( त्रि. )**

(પરસ્પર, એકબીજાનું)

**अण्णमण्णकिरिया - अन्योन्यक्रिया ( स्त्री. )**

(પરસ્પર એક બીજાના પગ ચોળવા-પ્રમાર્જવા-મર્દન કરવું વગેરે ક્રિયા)

શાસ્ત્રોના પાર પામેલા શ્રમણ ભગવંતો પોતાના દેહ પ્રત્યે પણ સર્વથા નિર્મમ હોય છે. તેમને પોતાના શરીર પ્રત્યે એક રતિભાર પણ સ્નેહાસક્તિ નથી હોતી. તેઓ આહાર વગેરે પણ લે છે તો તે કઠિન સાધના કરવા માટે જ. નહીં કે શરીરની સેવા શુશ્રૂષા અર્થે. કોઇપણ શ્રમણ કે શ્રમણીએ વિશિષ્ટ કારણ સિવાય પરસ્પર પગનું પ્રમાર્જન કરવું, શરીરનું મર્દન કરાવવું તે દોષરૂપ ગણેલું છે અને જે શ્રમણ કે શ્રમણી નિષ્કારણ આવી સેવા શુશ્રૂષા કરાવે છે તેમને પ્રાયશ્ચિત્ત લેવાનું વિધાન છે.

**अण्णमण्णगंठिय - अन्योन्यग्रथित ( त्रि. )**

(પરસ્પર ગાંઠથી ગુંથેલું, પરસ્પર ગાંઠવાળું)

પશુઓને ખુંટે બાંધવાની સાંકળની કડીઓ જેમ એકબીજાની સાથે પરસ્પર ગાંઠથી ગુંથાયેલી હોય છે તેમ રાગ-દ્વેષ, જન્મ-મરણ, સુખ-દુઃખાદિ સંસારના દરેક ભાવો એકબીજાની સાથે પરસ્પર શૃંખલાની જેમ સંબદ્ધ છે. કો'ક વિરલા એ સાકળને તોડવામાં સફળતા મેળવે છે. બાકીના તો એ જંજીરમાં જકડાયેલા આજીવન કેદી બનીને સુખે દુઃખે નિમગ્ન રહે છે.

**अण्णमण्णगरुयत्ता - अन्योन्यगुरुकता ( स्त्री. )**

(પરસ્પર ગુંથવાથી થયેલી વિસ્તીર્ણતા)

**अण्णमण्णगरुयसंभारियत्ता - अन्योन्यगुरुकसंभारिकता ( स्त्री. )**

(પરસ્પર-એક બીજાના સંબંધથી વિસ્તૃત સંભાર-સમૂહવાળું)

**अण्णामण्णघडता - अन्योन्यघटता ( स्त्री. )**

(જ્યાં પરસ્પર સમુદાય રચના હોય તે, પરસ્પરનો સંબંધ)

ક્રોધ, માન, માયા અને લોભ આ ચારના સમુદાયને કષાય કહેવાય છે. એક રીતે વિચારીએ તો આ ચારેયને પરસ્પર સંબંધ છે. જ્યાં ક્રોધ વસે ત્યાં માન-માયા વગેરે ત્રણેયની હાજરી ઓછા-વત્તા પ્રમાણમાં રહેવાની જ. માટે તે પરસ્પર એક બીજાથી સંકળાયેલા છે.

**अण्णमण्णपुट्ठ - अन्योन्यस्पृष्ट ( त्रि. )**

(એક બીજાને સ્પર્શેલું, પરસ્પર અડેલું)

સાધુ ભગવંતોના આહાર-પાણીને આપણે ગોચરી-પાણી તરીકે જાણીએ છીએ. તેમાં ૪૨ પ્રકારના દોષોમાંથી કોઈપણ દોષ લાગી ન જાય તેનો મુનિ ખૂબ ઉપયોગ રાખતા હોય છે. આહાર રાખેલ વાસણ બીજા કાચાં પાણીના વાસણને અડીને રહેલું હોય તો સચિત્ત

અચિત્તનો પરસ્પર સંઘટ્ટો થયેલો કહેવાય છે. જેને ઉપરોક્ત દોષો પૈકીનો એક દોષ માનવામાં આવે છે.

**अण्णमण्णबद्ध - अन्योन्यबद्ध ( त्रि. )**

(અન્યોન્ય ગાઢતર બંધાયેલું, જીવ સાથે કર્મ-પુદ્ગલ અને કર્મની સાથે જીવપ્રદેશની જેમ ગાઢતર બંધાયેલું)

ભગવતીજીસૂત્રના પ્રથમ શતકના છટ્ઠા ઉદ્દેશામાં ભગવંતે ગૌતમસ્વામીજી દ્વારા જીવ અને કર્મના સંબંધે પૂછાયેલા પ્રશ્નના જવાબમાં જણાવેલું છે કે હે ગૌતમ ! આ સંસારમાં અનાદિકાળથી જીવનો અને કર્મનો સંબંધ પરસ્પર ગાઢ રીતે બંધાયેલો જ છે.

**अण्णमण्णब्भास - अन्योन्याभ्यास ( पुं. )**

(અન્યોન્ય અભ્યાસ ૨. પરસ્પર ગુણાકાર કરવો તે)

ધ્યાન કરવામાં વ્યક્તિએ એકલા જ રહેવું જોઈએ અર્થાત્ ધ્યાન પ્રક્રિયા સ્વગત છે. એમાં બીજાના સહયોગની જરૂરત નથી રહેતી. પરંતુ સ્વાધ્યાય કે અભ્યાસ કરવાનો હોય ત્યાં કમ સે કમ બે કે વધુ અભ્યાસુઓ હોય તો અધ્યયન સુચારુરૂપે થાય છે.

**अण्णमण्णभारियत्ता - अन्योन्यभारिकता ( स्त्री. )**

(એક-બીજાના બોજવાળું, પરસ્પર ભારવાળું)

**अण्णमण्णमणुगय - अन्योन्यानुगत ( त्रि. )**

(એક-બીજાને અનુસરેલું, પરસ્પર અનુસરેલું-સહચર)

**अण्णमण्णमसंपत्त - अन्योन्यासंप्राप्त ( त्रि. )**

(પરસ્પર અસંપ્રાપ્ત, એક બીજાને પ્રાપ્ત ન થયેલું, પરસ્પર એક બીજાને ન સ્પર્શેલું)

**अण्णमण्णवेह - अन्योन्यवेध ( पुं. )**

(અન્યોન્યનો પરસ્પર વેધ-સંબંધ)

**अण्णमण्णसंवास - अन्योन्यसंवास ( पुं. )**

(પરસ્પર એકત્ર સંવાસ, એક ઠેકાણે સહવાસ)

જેમ ચંદન વને વને નથી હોતું તેમ સંસારમાં દરેક વ્યક્તિમાં બધા જ ગુણો એકત્ર સંવાસ કરતા નથી. જો બધા જ ગુણો એકત્ર સંવાસ કરતા હોય તો એકમાત્ર સિદ્ધ ભગવંતોમાં. ત્યાં કોઈ અવગુણોને સ્થાન છે જ નહીં. એટલા માટે તેઓ પરમ સુખી છે.

**अण्णमण्णसिणेहपडिबद्ध - अन्योन्यस्नेहप्रतिबद्ध ( त्रि. )**

(પરસ્પર સ્નેહથી બંધાયેલું, અન્યોન્ય સ્નેહયુક્ત)

જીવાભિગમસૂત્રમાં ભારંડ પક્ષીની વાત કરેલી છે. ભારંડપક્ષીની અન્ય પક્ષીઓ કરતાં વાત જ જુદી છે. તેનું શરીર એક અને તેમાં વસનારા આત્મા બે હોય છે. તેથી એક જીવ ચાલવાની ઇચ્છા કરે તો બીજાને પણ તે જ ઇચ્છા કરવી પડે. જો એક બીજાની ઇચ્છાઓ ભિન્ન થઈ જાય તો બન્નેનું અપમૃત્યુ થઈ જાય છે. આજ કાલના પતિ અને પત્ની બન્ને ભારંડ પક્ષી જેવા છે તેઓ સ્નેહથી એક બીજા સાથે બંધાયેલા તો છે ફરક માત્ર એટલો છે કે બન્નેની પરસ્પરની ઇચ્છાઓ ક્યારેય એકબીજાને મળતી નથી.

**अण्णमयं ( देशी-त्रि. )**

(પુનરુક્ત, ફરીથી કહેલું)

આગમગ્રંથોમાં સાધુજીવનને લગતા પ્રસંગોના વર્ણનમાં એક જ સરખા અલાવાઓ વારંવાર કહેલા છે. તેનો અર્થ એ જ છે કે અધ્યેતા સાધુને તે તે પદાર્થબોધક શબ્દ વારંવાર વાંચવાથી, મનન કરવાથી તે દઢીભૂત થાય અને તત્ત્વબોધ આત્મસાત્ થઈ જાય

**अण्णलिंग - अन्यलिङ्ग ( न. )**

(અન્યતીર્થિકોનું વેશ ધારણ કરવાનું સ્થાન, જૈનેતર સંન્યાસીઓની વેશભૂષા)

જેમ નાટયભૂમિ પર નાટકિયો પડદા પાછળ જઈને પ્રસંગને અનુરૂપ અવનવી વેશભૂષા ધારણ કરીને મનોરંજન કરાવે છે તેમ કર્મો પણ પડદા પાછળ એટલે કે અદશ્યપણે રહીને વ્યક્તિને સુખ-દુ:ખાદિના ખટમીઠા અનુભવોરૂપ ચિત્તરંજન કરાવે છે.

**अण्णलिंगसिद्ध - अन्यलिङ्गसिद्ध ( पुं. )**

(અન્ય લિંગે સિદ્ધ થયેલ, સંન્યાસીના વેશે સિદ્ધ થયેલો આત્મા)

જૈનાગમગ્રંથોમાં સિદ્ધગતિને પામનારા જીવોના પંદર ભેદ બતાવેલા છે. તેમાં અન્યલિંગસિદ્ધનો એક ભેદ આવે છે. જે આત્મા જૈન સાધુવેશ સિવાયના અન્ય લિંગે એટલે કે દ્રવ્યથી વલ્કલ અથવા ભગવા વસ્ત્રોને ધારણ કરેલા સંન્યાસીઓ વગેરે જે ભાવથી તો સત્યમાર્ગે જ હોય છે, તેઓ સર્વકર્મ ખપાવી મુક્તિને પામે છે ત્યારે તેના દ્રવ્યલિંગની અપેક્ષાએ તે અન્યલિંગસિદ્ધ કહેવાય છે.

**अण्णव - अर्णव ( पुं. )**

(સમુદ્ર, જળયુક્ત, જળદાતા ૨. સંસાર)

વાચસ્પત્ય શબ્દકોશમાં અર્ણવના ઘણાબધા અર્થો કરેલા છે. તેમાં મુખ્ય અર્થ સમુદ્રની સાથે જળદાતા, સૂર્ય ઇન્દ્ર વગેરે અર્થો કરેલા છે. જ્યારે ઉત્તરાધ્યયનસૂત્રના પાંચમાં અધ્યયનમાં અર્ણવનો એક અર્થ છે દ્રવ્યથી સમુદ્ર અને બીજો છે ભાવથી સંસારરૂપ સમુદ્ર.

**अण्णव - ऋणवत् ( त्रि. )**

(સત્યાવીશમું લોકોત્તર મુહૂર્ત)

**अण्णववएस - अन्यव्यपदेश ( पुं. )**

(બીજાનું બહાનું કરવું તે, અન્યનું બતાવવું તે)

પ્રવચનસારોદ્ધારમાં એક પ્રસંગે બતાવેલું છે કે, જ્યારે વસ્તુ હોવા છતાં ન આપવી હોય ત્યારે વ્યક્તિ 'આ તો બીજાનું છે' એમ બહાનું કાઢી લેતો હોય છે. જેમ કે સુંદર મજાની મીઠાઈ તૈયાર હોય અને સાધુ ભગવંત પધાર્યા હોય ત્યારે તે ગૃહસ્થ ન વહોરાવવાની બુદ્ધિથી 'આ તો મગનભાઈની છે' એમ સંભળાવીને તેણે માલિકની રજા વગર ન લેવાનો સાધુનો નિયમ પણ ન ભંગાવ્યો અને મીઠાઈ પણ આબાદ રાખી. આ પ્રમાણે ન દેવાની બુદ્ધિથી જે પ્રવૃત્તિ કરાય તેને શ્રાવકનો ત્રીજો અતિચાર કહેલો છે.

**अण्णवालय - अर्णपालक ( पुं. )**

(એ નામે એક અન્યતીર્થિક, કાળોદાયી વગેરેમાંથી કોઈ એક)

**अण्णविहि - अन्नविधि ( पुं. )**

(પાક કળા, રસોઈની કળા)

રસોઈ બનાવવી એ પણ એક કળા છે. તેથી સ્ત્રીઓની ચોસઠ કળાઓમાં પાકકળાનો પણ સમાવેશ થયેલો છે. તેમાં નિપુણતા મેળવવા માટે મહર્ષિઓએ વિવિધ પાક બનાવવાની વિધિઓ વગેરેથી ભરપૂર પાકશાસ્ત્ર ગ્રંથોની રચનાઓ કરીને તેની પૂર્તિ કરેલી છે. પરંતુ ખેદની વાત છે કે, આજના ફાસ્ટફૂડ-જંકફૂડના જમાનામાં એ સ્વાસ્થ્યવર્ધક પાકકળાની કોઈ ગણના કરતું નથી.

**अण्णह - अन्वह ( अव्य. )**

(પ્રતિદિવસ હંમેશાં, નિત્યપ્રતિ)

આપણે બધા જેમ ખાવાનું પીવાનું કે જીવનની દૈનંદિની ક્રિયાઓ નિત્યપ્રતિ કરતા જ હોઈએ છીએ તે માટે કોઈએ કોઈને સલાહ સૂચનની કે ઉપદેશની જરૂરત રહેતી નથી તેમ પરમાત્મા મહાવીર કહે છે કે, જેને પોતાની આત્મશુદ્ધિ કરવી છે તેના માટે શાસ્ત્રગ્રંથોમાં જે પ્રક્રિયાઓ કહેલી છે તેને સમજીને નિરંતર કરવાની જ હોય. તેમાં કોઈને પરાણે પ્રવૃત્તિ કરાવવાની ન હોય.

**अण्ण ( न्न ) ( ह ) हा - अन्यथा ( अव्य. )**

(અન્યથા, અન્ય પ્રકારે, બીજી રીતે, નહીં તો, નહીંતર)

**अण्णहाकाम - अन्यथाकाम ( पुं. )**

(પરદારાસેવન, પરસ્ત્રી સાથે મૈથુન સેવવું તે)

**अण्णहाणुववत्ति - अन्यथानुपपत्ति ( स्त्री. )**

(અન્યથા-અન્યભાવથી અસંભવ, અર્થાપત્તિ પ્રમાણ, સાધ્ય ન હોતે છતે હેતુનો અભાવ)

રત્નાકરાવતારિકા જૈન ન્યાયના ગ્રંથમાં અર્થાપત્તિના વર્ણનમાં જણાવ્યું છે કે કોઈ હૃષ્ટ પુષ્ટ દેવદત્તને ઈંગિત કરીને કહે કે આ દિવસે

ખાતો નથી. તો ત્યાં અર્થાપત્તિ આવે કે દિવસે ન ખાનાર દેવદત્તનું હૃષ્ટ-પુષ્ટપણું રાત્રિભોજન વગર અસંભવ છે. ઇત્યાદિ.

**अण्णहाभाव - अन्यथाभाव ( पुं. )**

(અન્યથાભાવ, વિપરીત ભાવ, સત્યને અસત્યરૂપે માનવું તે)

જેને અનાદિકાળનું અજ્ઞાનતારૂપ અંધપણું વર્તતું હોય તે જ્યાં સુધી દૂર ન થાય ત્યાં સુધી તે આત્મા ક્યારેય પણ સત્યને સત્ય રૂપે જાણી શકતો નથી. તેવા જીવને તમે ગમે તેટલી સદ્યુક્તિઓથી ધર્મ સમજાવો છતાં પણ તે સત્યધર્મને વિપરતભાવે જ પામશે.

**अण्णहावाइ ( ण् ) - अन्यथावादिन् ( त्रि. )**

(અન્યથાભાષી, વિપરીત કહેનાર, સત્યને અસત્ય કહેનાર, જૂઠું બોલનાર)

આવશ્યકસૂત્રના ચોથા અધ્યયનમાં સર્વજ્ઞ કથન માટે કહેવાયું છે કે, જે જીવે તેમના પર કોઈ જ પ્રકારનો ઉપકાર કર્યો નથી તેવા જીવો ઉપર પણ ઉપકાર કરનારા અને વળી, જેમણે રાગ-દ્વેષ રૂપી મોટા દોષોને જીતી લીધા છે તેવા જિનેશ્વર ભગવંતોને જૂઠું બોલનારા અર્થાત્ સત્યને છુપાવી જગતને અસત્ય બતાવનારા કેવી રીતે કહી શકાય ? અર્થાત્ તેઓ વિશે એવી કલ્પના પણ ન જ કરી શકાય.

**अण्णहि - अन्यथा ( अव्य. )**

(અન્યત્ર, ભિન્ન સ્થાને)

બધા જીવોને સુખ જ જોઈએ છે. તેથી રાત દિવસ સુખ માટે જ પ્રવૃત્તિશીલ રહે છે. ખાવા પીવામાં, હરવા ફરવામાં બધે સુખ સગવડ જ ખપે છે. તો વળી કોઈને પુત્ર-પુત્રીમાં સમાજ કે સત્તામાં આમ અનેક રીતે અભિલષિત જોઈએ છે. પરંતુ તેઓ ભૂલી જાય છે કે આ બધામાં સુખ ક્યાંથી હોય? જ્ઞાની ભગવંતો કહે છે કે સુખનું સરનામું અન્યત્ર છે જ્યારે શોધ ભિન્ન સ્થાને થાય છે.

**अण्णहिभाव - अन्यथाभाव ( पुं. )**

(વિપરિણમન, વિપરીત ભાવ, અસત્યને સત્ય માનવું તે)

જીવ જ્યારે સમ્યક્ત્વને પામે છે ત્યારે તેનું અજ્ઞાન નષ્ટ થઈ જાય છે. આત્માની નિર્મલતાનો ઉઘાડ થાય છે. સ્વનો અનુભવ થાય છે. પરંતુ જ્યારે તે સમ્યક્ત્વથી પતિત થાય છે એટલે સત્યભાવથી વિપરીતભાવમાં જાય છે ત્યારે તે સમ્યક્ત્વને વમી કાઢે છે.

**अण्णाइट्ठ - अन्वाविष्ट ( त्रि. )**

(અભિવ્યાપ્ત ૨. પરાધીન, પરવશ થયેલું)

જેમ કોઈ વ્યક્તિ ભૂત-પ્રેતથી અભિવ્યાપ્ત થઈ હોય તો તેનું વર્તન બિલકુલ વિપરીત બની જાય છે તે ન બોલવાનું બોલે છે. ન આચરવાનું આચરે છે. લોકોને અચરજ લાગે તેવું બિભત્સ અને વિચિત્ર વર્તન કરતી હોય છે. તેનું કારણ છે બીજાની પરાધીનતા. તેમ જીવ જ્યારે કર્મને જ પરવશ છે ત્યારે તેની વિચિત્ર પ્રવૃત્તિ અજ્ઞાનીને કષાય પેદા કરાવે છે જ્યારે સમ્યક્ત્વીને માત્ર કરુણા.

**अण्णा ( न्ना ) इस - अन्यादृश ( त्रि. )**

(પ્રકારાન્તરને પામેલું, બીજાના જેવું)

**अण्णाएसि ( ण् ) - अज्ञातैषिन् ( पुं. )**

(પોતાની જાતિ, વિદ્વત્તાદિથી અજ્ઞાત થઈને ભિક્ષાટન કરનાર ૨. જાતિ-કુળ વગેરેથી અપરિલક્ષિત એવા ગૃહસ્થને ત્યાં ગોચરીની ગવેષણા કરવાના સ્વભાવવાળો મુનિ)

મહામુનિવરો ક્યારેય પોતાની વિદ્વત્તા કે ઉચ્ચખાનદાનીનો ઉપયોગ તુચ્છ પદાર્થની પાછળ કરતા નથી. અરે, પોતે મહાન વિદ્વાન છે કે નંદીષેણ મુનિની જેમ લબ્ધિવંત છે તેવી રખેને આ દુનિયાને ખબર પડી જાય તેની પૂરેપૂરી તકેદારી રાખીને એવા ઘરોમાં ગોચરી આદિ લેવા જાય કે તે ઘરના લોકોને આ મહાત્મા આવા મહાતપસ્વી છે કે મહાવિદ્યાધર છે તેવી ગંધ પણ ન આવે. ધન્ય છે ! મહામુનિઓની અકામકામનાવૃત્તિને.

**अण्णाण - अज्ञान ( न. )**

(અજ્ઞાન, સમ્યગ્જ્ઞાનથી વિપરીત જ્ઞાન, મિથ્યાજ્ઞાન)

જે પદાર્થ જેવા સ્વરૂપે છે તેને તેવા સ્વરૂપે જાણે, વેદે કે પ્રરૂપે તે સમ્યગ્જ્ઞાન છે. તેનાથી વિપરીતપણે જાણે કે સમજે અથવા પ્રરૂપે તે

અજ્ઞાન છે. આ જગતમાં જ્ઞાનવંત ઓછા છે અને અજ્ઞાની ઘણી મોટી સંખ્યામાં છે અથવા તો જ્ઞાની જીવો કરતા અજ્ઞાની જીવો અનંતગુણા છે. પ્રભુ મહાવીરે જે હેય, જ્ઞેય અને ઉપાદેય સ્વરૂપે પદાર્થો બતાવ્યા તે આપણને સમ્યગ્ બોધ થાય તે માટે જ. મહર્ષિઓએ નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ વગેરે રચીને પ્રભુવાણીનો જે વિસ્તાર કર્યો તે આપણા અજ્ઞાનને દૂર કરવા માટે જ. એમ રૂડી રીતે જાણીને જ્ઞાનનો આદર કરનારો અજ્ઞાનબહુલ સંસારને તરી જાય છે.

**अण्णाणओ – अज्ञानतस् ( अव्य. )**

(જ્ઞાનાવરણીય કર્મના ઉત્કટપણાથી)

અમુક જીવોમાં કલ્પનાથી બહારની અજ્ઞાનતા છે અથવા ખૂબ ભણવાનો પુરુષાર્થ કરે છતાં જ્ઞાન અર્જિત થાય નહીં તેનું કારણ છે જ્ઞાનાવરણીય કર્મની ઉત્કટતા. જે જીવે ભયંકર રીતે જ્ઞાનાવરણીય કર્મ બાંધ્યું હોય તે ભવાન્તરમાં જ્ઞાનનો લવલેશ પણ ન પામે.

**अण्णाणकिरिया – अज्ञानक्रिया ( स्त्री. )**

(અજ્ઞાનપણે કરવામાં આવતી પ્રવૃત્તિથી લાગતી ક્રિયા-કર્મબંધ, અજ્ઞાનક્રિયાનો એક ભેદ)

સ્થાનાંગસૂત્રમાં અજ્ઞાનક્રિયાનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. તેમાં અજ્ઞાનતાના લીધે જીવ જે પણ પ્રવૃત્તિ કરે અથવા ચેષ્ટાવાળો બને તેમાં કર્મનો બંધ થાય છે. એને જ અજ્ઞાનક્રિયા કહેલી છે, તેના પણ ત્રણ ભેદ છે. તેનો સારી રીતે બોધ લઈ ત્યાગ કરવો જોઈએ.

**अण्णाणणिव्वत्ति – अज्ञाननिर्वृत्ति ( स्त्री. )**

(અજ્ઞાનની નિર્વૃત્તિ, મતિ અજ્ઞાનાદિ ત્રણ અજ્ઞાનની નિષ્પત્તિ-મુક્તિ)

**अण्णाणतिग – अज्ञानत्रिक ( न. )**

(મતિ અજ્ઞાનાદિ ત્રણ મિથ્યાજ્ઞાન, અજ્ઞાનત્રિક)

જ્ઞાન તો હોય પણ તે વિપરીતપણે હોય અર્થાત્ જેવું તે સત્યભૂત હોય તેનાથી તેને વિપરીત રીતે ગ્રહણ કરેલું હોય તે મિથ્યાજ્ઞાન છે. આ મિથ્યાજ્ઞાનના મતિ અજ્ઞાન, શ્રુત અજ્ઞાન અને વિભંગ જ્ઞાન એમ ત્રણ ભેદો છે. તેને સમજીને ત્યાગવા એ સમકિત છે.

**अण्णाणदोस – अज्ञानदोष ( पुं. )**

(અજ્ઞાનતાથી હિંસાદિમાં ધર્મબુદ્ધિએ થતો પ્રવૃત્તિરૂપ દોષ ૨. પ્રમાદ દોષ ૩. રૌદ્રધ્યાનનું ત્રીજું લક્ષણ)

ધર્મબુદ્ધિથી પણ કરાયેલી હિંસા એ અસદાચરણ બની જાય છે. વ્યક્તિ અનાદિકાળના સંસ્કારવશ કે કુશાસ્ત્રના વચનોના શ્રવણથી હિંસાદિ કાર્યોમાં પ્રવૃત્ત થાય છે. તે એમ માનીને કે આ ઉત્તમ કાર્ય મને અભ્યુદય કરાવશે પણ એ વ્યક્તિની અજ્ઞાનતા છે. ખરેખર જોઈએ તો ધર્મબુદ્ધિથી કરાયેલી હિંસાદિ ક્રિયા પણ નરકાદિનું જ કારણ બને છે.

**अण्णाणपरीसह – अज्ञानपरिषह ( पुं. )**

(અજ્ઞાન પરિષહ, જ્ઞાન ન આવડવાથી ઉત્પન્ન દુઃખ સહવું તે, બાવીસ પરિષહો પૈકીનો એક પરિષહ)

સાધુ બન્યા પછી બાવીસ પરિષહોને સમતા ભાવે સહન કરવા અનિવાર્ય બને છે. તેમાં અજ્ઞાન પરિષહ પણ છે. 'મને તો ઘણો અભ્યાસ કરવા છતાં જ્ઞાન ચઢતું જ નથી. મને વ્યાખ્યાન આપતા આવડતું જ નથી.' એમ મનોમન દુભાયા કરવું તે અજ્ઞાન પરિષહ છે. મુનિઓ આ પરિષહને સમતાથી સહન કરીને, પરિષહજય દ્વારા જ્ઞાનાવરણીય કર્મનો વિપુલ ક્ષયોપશમ કરે છે.

**अण्णाणपरीसहविजय – अज्ञानपरिषहविजय ( पुं. )**

(અજ્ઞાનપરિષહ પર વિજય મેળવવો તે)

'આ મુનિ તો અજ્ઞ છે અથવા પશુ સરીખા છે.' એવા એવા કઠોર વચનો સહન કરવા છતાં વળી, ઘોર તપસ્યા કરવા છતાં અને 'નિત્ય અપ્રમત્તભાવે સંયમનું સુંદર પાલન કરું છું તેમ છતાં હજુ સુધી મને જ્ઞાનાતિશય આવ્યો નથી.' એમ જે ચિંતવવું તેને અજ્ઞાનપરિષહ કહે છે. તેના પર વિજય પામવો એટલે સહન કરીને આત્મપરિણતિ ઘડવી તે અજ્ઞાનપરિષહવિજય છે.

**अण्णाणफल – अज्ञानफल ( त्रि. )**

(જ્ઞાનાવરણીય કર્મરૂપે અજ્ઞાનતાનું ફળ, ધર્માચાર્ય-ગુરુ-શ્રુતજ્ઞાન નિંદા સ્વરૂપ જ્ઞાનાવરક કર્મ)

ઉત્તરાધ્યયનસૂત્રના બીજા અધ્યયનમાં પ્રભુ મહાવીરે મુમુક્ષુઓને ઉદ્દેશીને જણાવ્યું છે કે, હે ભવ્યો! જો તમને સમ્યગ્જ્ઞાન પામવાની ઇચ્છા હોય તો તમે પોતાના ધર્માચાર્ય-ધર્મગુરુ, જ્ઞાન અને જ્ઞાનીની નિંદા કરવાનું સર્વથા છોડીને તેમની ભારોભાર પ્રશંસા કરો.

**अण्णाणया - अज्ञानता ( स्त्री. )**

(અજ્ઞાનતા, અજાણપણું)

ભગવતીજીસૂત્ર જૈનાગમોમાં સૌથી વધુ કદાવર ગ્રંથ છે. એટલું જ નહીં દ્રવ્યાનુયોગનો અત્યન્ત વિશાળ ખજાનો છે. ભગવાન મહાવીરે ગૌતમસ્વામીને ઉદ્દેશીને જે તત્ત્વજ્ઞાન પીરસ્યું છે તે ત્રણે જગતમાં અદ્ભૂત છે. તેની અંદર અજ્ઞાનતાની વ્યાખ્યા કરતા જણાવ્યું છે કે, જે સ્વરૂપથી ઉપલબ્ધ નથી થતું તે અજ્ઞાન છે. અર્થાત્ જે પદાર્થ-વસ્તુ યથાસ્વરૂપે હોય તે સ્વરૂપે આત્મામાં ન જણાય અથવા વિપરીતપણે જણાય તે અજ્ઞાનતા છે. કેટલી સચોટ વ્યાખ્યા છે મારા પ્રભુ શ્રીવીરની.

**अण्णाणलद्धि - अज्ञानलब्धि ( स्त्री. )**

(અજ્ઞાનની લબ્ધિ-પ્રાપ્તિ, જ્ઞાનાવરણીય કર્મના ઉદયથી આત્મામાં થતું અજ્ઞાન)

ભગવતીજીસૂત્રમાં ગુરુ ગૌતમસ્વામી પ્રભુ વીરને પૂછે છે કે, હે પ્રભુ! લોકમાં અજ્ઞાનલબ્ધિ કેટલા પ્રકારની છે? ત્યારે પ્રભુએ કહ્યું કે, હે ગૌતમ! આ લોકમાં અજ્ઞાનલબ્ધિ ત્રણ પ્રકારની છે. યથા - મતિ અજ્ઞાનલબ્ધિ, શ્રુત અજ્ઞાનલબ્ધિ અને વિભંગ અજ્ઞાનલબ્ધિ.

**अण्णाणवाइ ( ण् ) - अज्ञानवादिन् ( त्रि. )**

(અજ્ઞાનને શ્રેયસ્કર માનનાર વાદી, અજ્ઞાનવાદી)

સૂત્રકૃતાંગસૂત્રમાં વિવિધ ધર્મદર્શનના વાદીઓની ચર્ચા પ્રાપ્ત થાય છે. તેમાં અજ્ઞાનવાદીનો એક પ્રકાર પણ વર્ણવ્યો છે. જેમ કે આ જગતમાં હેયોપાદેય રૂપે પદાર્થોનું વિશ્લેષણ કરનારા મતિજ્ઞાનાદિ પાંચ પ્રકારના જ્ઞાન વિદ્યમાન હોવા છતા એની ભારોભાર નિંદા કરીને અથવા તો તેમાં દોષ દેખાડીને એકમાત્ર અજ્ઞાનતા એ જ આત્મહિત માટે શ્રેયસ્કર છે. એવું માને તે અજ્ઞાનવાદી છે.

**अण्णाणसत्थ - अज्ञानशास्त्र ( न. )**

(ભારત કાવ્ય નાટ્યશાસ્ત્રાદિ લૌકિક શ્રુતશાસ્ત્ર)

**अण्णाणि ( ण् ) - अज्ञानिन् ( त्रि. )**

(અજ્ઞાન જેને હોય તે, અજ્ઞાનવાદી, મિથ્યાજ્ઞાની, જ્ઞાન નિહ્નવવાદી)

જૈનાગમસૂત્રોમાં ઉત્તરાધ્યયનસૂત્રને ખૂબ જ મહત્વ અપાયું છે. તેનું ચાર મૂળસૂત્રોમાં સ્થાન છે. કહેવાય છે કે એમાં પ્રભુ શ્રીમહાવીરનો અંતિમ ઉપદેશ અસલ સ્વરૂપે પીરસાયેલો છે. તેમાં જ અજ્ઞાની વિશે કહેવાયું છે કે અજ્ઞાની જીવ અસંખ્ય કોડાકોડી સાગરોપમ કાળમાં જે કર્મ ખપાવે છે તે કર્મ ત્રણ ગુપ્તિએ સમિત જ્ઞાની આત્મા શ્વાસોશ્વાસમાં અર્થાત્ ક્ષણભરમાં ખપાવી લે છે.

**अण्णा ( न्ना ) णिय - अज्ञानिन् ( पुं. )**

(જે જ્ઞાન નથી તે અજ્ઞાન જેને છે તે-અજ્ઞાની, અજ્ઞાનવાદી, મિથ્યાજ્ઞાનમાં માનનારો)

**★आज्ञानिक ( पु. )**

(અજ્ઞાનતામાં રાચનારો, અજ્ઞાન જ જેનું પ્રયોજન હોય તે, સમ્યગ્જ્ઞાનરહિત)

અજ્ઞાનવાદીઓ પોતાની જાતને હોશિયાર માનતાં કહે છે કે, અમે જ સર્વશ્રેષ્ઠ છીએ. કારણ કે જ્ઞાનીઓ જે કહે છે તે તો અસત્યભૂત છે. તેઓ પોતે પણ પરસ્પર અસંબદ્ધ અને વિરુદ્ધ બોલનારા તથા અયથાર્થવાદી છે. જેમ કે તેઓ એકમતે થઈ કશું કહી નથી શકતા. દા. ત. આત્મા એક છે કે અનેક, તે સર્વગત છે કે અસર્વગત, મૂર્ત છે કે અમૂર્ત ઇત્યાદિ તત્ત્વની બાબતોમાં તેઓ એકવાક્યતાવાળા નથી. બધા પોત પોતાની રીતે જુદું જુદું બોલે છે. માટે અમે જે અજ્ઞાનવાદને માનીએ છીએ તે બરાબર છે.

**अण्णाणियवाइ ( ण् ) - अज्ञानिकवादिन् ( पुं. )**

(અજ્ઞાનવાદી, જ્ઞાનમાં દોષ દેખાડી અજ્ઞાનને જ શ્રેષ્ઠ માનનાર વાદી)

સ્થાનાંગસૂત્રાદિમાં કહ્યું છે કે, જેઓ મિથ્યા જ્ઞાનમાં રાચનારા છે, જેને સમ્યગ્જ્ઞાન નથી થયું તેવા અજ્ઞાની બાળજીવો આ જગતમાં પ્રચુર માત્રામાં વિદ્યમાન છે જેઓ પોકારી પોકારીને કહે છે કે, આ દુનિયામાં અજ્ઞાન જ શ્રેયસ્કારી છે એમ તમે પણ માનો.

**अण्णात ( य ) - अज्ञात ( त्रि. )**

(સમ્યગ્ અવધારેલું નહીં તે, અનુમાનથી વિષયભૂત કરેલું ન હોય તે, અવિદિત)

પંચાશક ગ્રંથમાં મુનિની નિર્દોષ ગોચરીના અધિકારમાં કહ્યું છે કે, પોતે પૂર્વાવસ્થામાં રાજા હોય અથવા બહુમોટા શ્રીમંત પરિવારમાંથી

દીક્ષિત થયા હોય પરંતુ તેઓ જ્યારે ભિક્ષાચર્યા માટે ગૃહસ્થોને ઘરે જાય ત્યાં પોતે રાજાદિ હતા તેવો લોકોને પૂર્વપરિચય ન આપે.

**अण्णात ( य ) उञ्छ - अज्ञातोञ्छ ( न. )**

(વિશુદ્ધ ઉપકરણ ગ્રહણ કરવા તે ૨. ભિક્ષાર્થે પરિચય ન કરવો તે)

વ્યવહારસૂત્રમાં અજ્ઞાતોઞ્છની વ્યાખ્યા કરતા કહ્યું છે કે અજ્ઞાતોઞ્છ બે પ્રકારે છે. એક દ્રવ્યથી અને બીજો ભાવથી. દ્રવ્ય અજ્ઞાતોઞ્છના અનેક પ્રકાર છે. જેમ કે તાપસો વગેરે ભિક્ષાર્થે ગૃહસ્થને ઘરે ગયા હોય ત્યાં પોતાના નિયમ પ્રમાણે એક ચમચામાં જેટલો ભાત સમાય તેટલું જ ગ્રહણ કરે ઇત્યાદિ. તથા ભાવથી અજ્ઞાતોઞ્છ એટલે પ્રતિમાધારી સાધુ ભગવંત ગોચરીએ જાય ત્યારે ગૃહસ્થને એ જાણ નથી હોતી કે આજે ભગવંત કેટલી દત્તી ગ્રહણ કરશે. અર્થાત્ ધારણાની જાણ કર્યા વગર લેવું તે.

**अण्णात ( य ) चरय - अज्ञातचरक ( पुं. )**

(સૌજન્યાદિ ભાવ જણાવ્યા વિના સંચરે તે ૨. અજ્ઞાત રહીને ગવેષણા કરનાર ૩. અજ્ઞાત ઘરમાં ગોચરીએ જઈશ એવી પ્રતિજ્ઞાવાળો-સાધુ)

**अण्णातपिंड - अज्ञातपिण्ड ( पुं. )**

(અજાણ્યા ઘરની ગોચરી, અન્ત-પ્રાન્તરૂપ ભિક્ષા)

સૂત્રકૃતાંગસૂત્રમાં જણાવ્યા પ્રમાણે પ્રતિમાઓને વહન કરનારા મહામુનિવરોની ગોચરી પણ એટલી જ વિશુદ્ધ હોય છે. તેઓ અજ્ઞાત કુળમાંથી દોષરહિત ભિક્ષા લેતા હોય છે. પોતે પ્રતિમાધારી છે કે વિશિષ્ટ લબ્ધિવંત છે કે રાજા હતા એવો કોઈ પૂર્વપરિચય આપ્યા વિના ગૃહસ્થને ત્યાંથી સ્વાભાવિકપણે રહેલો અન્ત-પ્રાન્ત આહાર ગ્રહણ કરી લાવતા હોય છે.

**अण्णादत्तहर - अन्यादत्तहर ( त्रि. )**

(અન્યો દ્વારા નહીં આપેલાને હરણ કરનાર ૨. ગ્રામાદિમાં ચોર્ય કર્મ)

**अण्णा ( न्ना ) दि ( रि ) स - अन्यादृश ( त्रि. )**

(બીજાની સમાન, અન્ય સદૃશ)

જગતમાં જે વસ્તુની ઉપમા આપી શકાય તે વસ્તુ અન્ય સદૃશ હોઈ શકે છે. પણ જેની કોઈ ઉપમા આપી જ ન શકાય તેવી વસ્તુ અનુપમેય અર્થાત્ જગતમાં એના જેવી કોઈ બીજી વસ્તુ ન હોઈ તે અન્યાદૃશ નથી હોતી. જેમ કે મોક્ષ.

**अण्णाय - अन्याय्य ( त्रि. )**

(અન્યાયી, ન્યાયરહિત, ન્યાય વિરુદ્ધ)

**अण्णायभासि ( ण् ) - अन्याय्यभाषिन् ( त्रि. )**

(અન્યાયયુક્ત બોલનાર, જેમ તેમ બોલનાર, ન્યાય વિરુદ્ધ બોલનાર)

જેઓ અસત્ય બોલવાના જ સ્વભાવવાળા છે તેઓ કોઈ દિવસ વિશ્વસનીય બની ન શકે. સૂત્રકૃતાંગસૂત્રમાં કહ્યું છે કે જેઓ ઝઘડાળું સ્વભાવના અને વક્રતાયુક્ત છે વળી ન્યાયવિરુદ્ધ બોલનારા છે તેઓ કદી પણ ઝઘડા ટંટાને શાંત પાડી શાંતિ સુલેહ કરી શકતા નથી.

**अण्णायया - अज्ञातता ( स्त्री. )**

(અજ્ઞાતપણું, યશ-કીર્તિની કામનાથી તપ વગેરેનું ન પ્રકાશવું તે)

આવશ્યકસૂત્રના ચોથા અધ્યયનમાં કહ્યું છે કે જેણે પૂર્વમાં પરિષહોને જીત્યા છે એવા આરાધકે ઉપધાન તપ કરવો તે પણ અન્ય લોકો જાણે તે રીતે નહીં પરંતુ પ્રચ્છન્ન-ગુપ્તપણે રાખવો. કારણ કે લોકોને જો ખબર પડે તો પોતાને માનાદિનો સંભવ રહે છે.

**अण्णायवइविवेग - अज्ञातवाग्विवेक ( पुं. )**

(વાણીના વિવેકને ન જાણનારો, સદસત્ વાણીના વિવેકથી રહિત)

દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકામાં વાણીના વિવેકને ન જાણનારાની વ્યાખ્યા પ્રાપ્ત થાય છે. તેમાં લખેલું છે કે પોતાને પંડિત માનનારો તથા સાચી ખોટી વાણીના વિવેકથી શૂન્ય વ્યક્તિના વચનમાં તત્ત્વવિસ્તાર તો ખૂબ હોય છે. પણ હૃદયમાં આશીવિષ ઝેર જ હોય છે.

**अण्णायसील - अज्ञातशील ( त्रि. )**

(પંડિત પણ જેનો સ્વભાવ જાણી ન શકે તે, અબ્રહ્મચારી સ્ત્રી)

અજ્ઞાતશીલ એ બ્રહ્મચર્યનો વિરોધી શબ્દ છે. જે સ્ત્રીઓએ બ્રહ્મસ્વરૂપ શીલને અંગીકાર કર્યું નથી અથવા પંડિતો પણ જે નારીના શીલ સ્વભાવને જાણી ન શકે તેવી સ્ત્રીને અજ્ઞાતશીલા કહી છે. અથવા તો કુત્સિત શીલવાળી સ્ત્રીને પણ અજ્ઞાતશીલ કહે છે.

**अण्णारंभणिवित्ति - अन्यारम्भनिवृत्ति ( स्त्री. )**

(કૃષ્યાદિ આરંભનો ત્યાગ, ખેતી વગેરે આરંભનો ત્યાગ)

જેનો આત્મા સંસારના યથાર્થ સ્વરૂપને જાણી બેઠો છે તેવો આત્મા સંસારને વધારનારા કોઈપણ કાર્યને વિચારીને ત્યાગી દેતો હોય છે. ભગવાનના દશ શ્રાવકો સંસારના ભાવોને પ્રભુ મુખે શ્રવણ કરી યથાતથ્ય જાણી સર્વ આરંભ સમારંભોનો ભલીભાંતિ ત્યાગ કરીને સંવરભાવમાં આવી ગયા હતા. શાસ્ત્રકારોએ પણ ઉપાસકદશાંગમાં તેમના આચાર વિચારોની પ્રશંસા કરી છે.

**अण्णावएस - अन्यापदेश ( पुं. )**

(આ અન્નાદિ બીજાનું છે તેમ વ્યપદેશ-કથન કરવું તે, ભિક્ષાદિ સામગ્રી ન આપવાની બુદ્ધિએ આ બીજાનું છે તેમ બહાનું કરવું તે)

પોતાને ત્યાં સાધુ મહાત્મા વહોરવા પધાર્યા હોય અને રસોઈઘરમાં ભોજન સામગ્રી પણ તૈયાર હોય છતાં હૃદયમાં વહોરાવવાના ભાવ ન હોય ત્યારે વ્યક્તિ સાધુને ન આપવાની બુદ્ધિથી પ્રેરિત થઈ તેઓ સાંભળે તે રીતે આ તો બીજાનું છે એમ કહી સાધુને વચન વિશ્વાસ પેદા કરાવવાની મૂર્ખામી કરતો હોય છે. શાસ્ત્રો કહે છે કે એ જીવ એવું કુકૃત્ય કરીને ભયંકર અન્તરાય કર્મ બાંધે છે.

**अण्णिय - अन्वित ( त्रि. )**

(યુક્ત, સહિત)

**अण्णियाउत्त - अन्निकापुत्र ( पुं. )**

(અન્નિકાપુત્ર નામે એક ખ્યાતનામ જૈન મુનિ)

દક્ષિણમથુરાના નિવાસી જયસિંહ નામના વણિકની અન્નિકા નામક પુત્રી અને દેવદત્તથી થયેલા પુત્રનું નામ અન્નિકાપુત્ર હતું. તેઓ નાની વયે દીક્ષિત બની ગચ્છાચાર્ય થયા હતા. તેમને પુષ્પચૂલા નામક સાધ્વી આહાર પાણી લાવી આપતાં હતાં. તે સાધ્વી કેવલી બન્યા પછી પણ વેયાવચ્ચ કરતા રહ્યા. આચાર્યશ્રીને ખબર પડતા તેમને પશ્ચાત્તાપ થયો અને અલ્પ સમયમાં ગંગા નદી ઊતરતા અન્તઃકૃત્ કેવળી બન્યા હતા. તેમનો વિસ્તૃત વૃત્તાન્ત વિવિધ તીર્થકલ્પ અને સંથારગ પયન્નામાં પ્રાપ્ત થાય છે.

**अण्णी ( देशी-स्त्री. )**

(દેરાણી ૨. પતિની બહેન-નણંદ ૩. પિતાની બહેન-ફોઈ)

**अण्णु - अज्ञ ( त्रि. )**

(સ્વભાવ વિભાવનો અજાણ, નિર્બોધ, મૂર્ખ)

જેમ શૂકર - ભૂંડ વિષ્ટામાં જ આનંદે છે તેમ અજ્ઞાની જીવ અજ્ઞાનતામાં જ રાચતો હોય છે. પરંતુ જે આત્મતત્ત્વનો જાણકાર છે, સ્વભાવ વિભાવની વિવેચના કરવામાં નિપુણ છે તેવો જ્ઞાની આત્મા માનસરોવરમાં મહાલતા હંસની જેમ જ્ઞાનમાં રમણતા કરે છે.

**अण्णु ( न्नु ) ण्ण ( न्न ) - अन्योन्य ( त्रि. )**

(અન્યોન્ય, પરસ્પર, એક બીજાનું)

**अण्णेसणा - अन्वेषणा ( स्त्री. )**

(માર્ગણા-ખોજ ૨. પ્રાર્થના ૩. ઉપયોગપૂર્વક ભિક્ષાદિ લેવા તે)

આપણને ભૂખ લાગે તો શું કરીએ છીએ? ફટ દઈને ખાવાનું લઈ બેસી જઈએ છીએ, ખરું ને! પણ આપણા પૂજ્ય સાધુ સાધ્વીજી ભગવંતોને સ્વાધ્યાય કરતા કરતા ભૂખ લાગે ત્યારે તેઓ શું કરે છે તે ખબર છે? તેઓ પોતાની પાસે તો ખાવા પીવાનું કશું જ રાખતા નથી હોતા. તેથી ગોચરીનું અન્વેષણ થાય. તે માટે પણ તેમને કડક નિયમો હોય છે. તે પણ ૪૨ પ્રકારના નિયમો. તે બધાનું કડક પાલન કરીને ગોચરી પાણી લાવે અને પછી પણ આપણી જેમ ઝાપટવા ન બેસતા માંડલીના પાંચ નિયમોનું પાલન કરતા રાગ-

દ્વેષ રહિતપણે જમે અર્થાત્ વાપરે. બોલો છે ને અઘરું આચરણ! માટે જ આપણને તેમનો ઉપદેશ હૃદયંગમ થાય છે.

**अण्णेसि ( ण् ) – अन्वेषिन् ( त्रि. )**

(ખોજ કરવાના સ્વભાવવાળું, ગવેષણા કરનાર, માગણી કરનાર)

**अण्णोणंतरिअंगुलिअ – अन्योन्यान्तरिताङ्गुलिक ( त्रि. )**

(એકબીજાને આંતરે રહેલી છે આંગળી જે બન્નેની તે, અવ્યવહિત-વચ્ચે અંતરરહિત આંગળીયોવાળા)

આપણે પ્રભુદર્શન વખતે કે ચૈત્યવંદન કરતી વખતે બે હાથ જોડીએ છીએ. તે માટે પણ ચૈત્યવંદન ભાષ્યમાં વિધાન-માર્ગદર્શન કરેલું છે કે બન્ને હાથની આંગળિયોને એવી રીતે જોડવી કે તે પરસ્પર સરખી જોડાઈ જાય. વચ્ચે અંતર ન રહે તેમ જોડવી જોઈએ.

**अण्णोण्णकार – अन्योन्यकार ( पुं. )**

(પરસ્પર વેયાવચ્ચ કરવું તે)

જેમ સંયુક્ત કુટુંબમાં રહેતી ગૃહિણીઓ રસોઈ બનાવવામાં પરસ્પર એકબીજાને સહયોગ કરે છે તેમ ઉપાશ્રયમાં રહેલ સાધુ પાસે અન્ય સાધુ ભગવંત આવે ત્યારે ત્યાં રહેલા સાધુ તેમની સાથે જઈ ગોચરી પાણી લાવીને પરસ્પર એકબીજાની ભક્તિ કરે છે.

**अण्णोण्णगमण – अन्योन्यगमन ( त्रि. )**

(અન્યોન્ય ગમન કરવા યોગ્ય)

**अण्णोण्णजणिय – अन्योन्यजनित ( त्रि. )**

(પરસ્પર કરેલું, સામ સામે કરેલું)

પ્રશ્નવ્યાકરણસૂત્રના બીજા સંવર દ્વારમાં કહેવામાં આવ્યું છે કે, હાસ્ય એ પરસ્પર જનિત છે. સામે કોઈ નિમિત્ત હોય તો જ હાસ્ય સંભવે, તેમ પરસ્પર કોઈ હોય તો જ કર્મ સંભવે છે. અર્થાત્ કર્મ પણ પરસ્પરથી જનિત છે. માટે સાધકને ઉપયોગપૂર્વક રહેવા જણાવેલું છે.

**अण्णोण्णपक्खपडिपक्खभाव – अन्योन्यपक्षप्रतिपक्षभाव ( पुं. )**

(અન્યોન્ય-પરસ્પરનો પક્ષ પ્રતિપક્ષ ભાવ, પરસ્પર પક્ષવિરોધ)

જેમ મીમાંસકો શબ્દને નિત્ય માનીને પોતાનો પક્ષ વાદી આગળ રજુ કરે છે તેમ બૌદ્ધો પણ એ જ શબ્દને લઈને તેને અનિત્ય કહી પોતાનો પ્રતિપક્ષ રજુ કરે છે. આમ મીમાંસકોનો શબ્દ માટે નિત્યતાનો પક્ષ, એ જ બૌદ્ધોની અનિત્યતાનો પક્ષ થયો તેમ જાણવું.

**अण्णोण्णपग्गहियत्त – अन्योन्यप्रगृहितत्व ( न. )**

(પદ સાથે પદની અને વાક્ય સાથે વાક્યની પરસ્પર સાપેક્ષતા, પરસ્પર સાપેક્ષ વાક્ય બોલાય તે ર. વચનાતિશયનો ૧૭મો ભેદ)

પરમાત્માની વાણીના પાંત્રીસ ગુણો વર્ણવ્યા છે. તેમાં અન્યોન્યપ્રગૃહિતત્વ નામનો ગુણ પણ સમાયેલો છે. અર્થાત્ પરમાત્મા જ્યારે દેશના આપે ત્યારે તેમની વાણીનું એક એક પદ કે એક એક વાક્ય પરસ્પર સાપેક્ષ હોય. તેમાં એકબીજાની બાધકતા ન હોય. દેવ, મનુષ્ય અને તિર્યંચોને સમજવામાં ક્યાય અર્થવિસંગતિ ન થાય. પરમાત્માની વાણીની આ અદ્‌ભૂતતા બીજે ક્યાંય ન હોય.

**अण्णोण्णमूढदुट्ठातिकरण – अन्योन्यमूढदुष्टातिकरण ( न. )**

(મૂઢ અને દુષ્ટની પરસ્પર ક્રિયામાં પ્રવૃત્તિ થવી તે, મૂઢ અને દુષ્ટની તથાવિધ ક્રિયામાં ફરી ફરી પ્રવૃત્તિ થાય તે)

પંચાશકજી ગ્રંથમાં અન્યોન્યમૂઢદુષ્ટાતિકરણની વ્યાખ્યા કરવામાં આવી છે. તેમાં મૂઢ અને દુષ્ટ પુરુષોની તથાવિધ પ્રવૃત્તિમાં વારંવાર પ્રવૃત્તિ કરાય તે અન્યોન્યમૂઢદષ્ટાતિકરણ છે. જેને પાંચમી થિણદ્ધિ નિદ્રાવશ જીવનું વર્તન ગણ્યું છે. તેમાં દુષ્ટાતિકરણ કષાયથી અને વિષયથી એમ બે પ્રકારે બતાવેલા છે.

**अण्णोण्णसमणुबद्ध – अन्योन्यसमनुबद्ध ( त्रि. )**

(પરસ્પર જોડાયેલું, એકબીજાને અનુસરેલું)

કહેવાય છે કે, ધ્યાન કરવામાં સ્વયં એકલો વ્યક્તિ જોઈએ જ્યારે ગીત ગાવામાં ઓછામાં ઓછા બે જણ જોઈએ. એટલે કે ગાનમાં ઓછામાં ઓછા બે જણ જો હોય તો તેઓ પરસ્પર એકબીજાને સૂર પૂરાવતા રહી ગીત-ગાન સારી રીતે કરી શકે છે.

**अण्णोण्णसमणुरत्त – अन्योन्यसमनुरक्त ( त्रि. )**

(અન્યોન્ય અનુરાગી, પરસ્પર મિત્ર)

ભગવાન ઋષભદેવના પૌત્ર શ્રેયાંસકુમારને પિતામહ શ્રીઋષભદેવ પર સહજપણે પ્રીતિ અનુભવાતી હોઈ તેમને જિજ્ઞાસા થઈ અને ભગવાનને પૂછ્યું, ત્યારે પ્રભુએ તેમનો બન્નેનો ભવોભવનો પરસ્પર અનુરાગવાળો મિત્ર, પત્ની, સારથી વગેરેનો સંબંધ વર્ણવ્યો હતો.

**अण्णोण्णसमाधि – अन्योन्यसमाधि ( पुं. )**

(પરસ્પર સમાધિ)

પોતાના વિશાળ સમુદાયમાં રહેનારા સાધુને જેમ સમાધિ સુલભ હોય છે તેમ પરસ્પર અનુકૂળ થઈને રહેનારા સંયુક્ત કુટુંબીને ચિત્તશાંતિ, સુખ, સમાધિ સુલભ હોય છે. કુટુંબના દરેક સભ્યોનો આપસમાં સહયોગી વ્યવહાર હોય તો ઘર સ્વર્ગીય સુખ આપી શકે છે.

**अण्णोवएस – अन्योपदेश ( पुं. )**

(નાસ્તિકવાદી, લોકાયત)

નાસ્તિકવાદી આત્માના અસ્તિત્વને સ્વીકારતો નથી. પ્રત્યક્ષ નથી તેવી કોઈપણ બાબતને નકારી કાઢે છે. તે ભલે ન સ્વીકારતો હોય. સ્વર્ગ નરકાદિને પણ નકારી કાઢતો હોય. પરંતુ તે પણ આસ્તિકની જેમ એક આત્મા તો છે જ. માટે એવા નાસ્તિકો પ્રત્યે સુગ ન ધરાવતા તેની ભાવદયા ચિંતવવી એ જ આરાધક આત્માનું કર્તવ્ય છે. માનસિકરૂપે પણ ધિક્કારભાવ તો ન જ રખાય.

**★अण्णोसरिअ ( देशी-त्रि. )**

(ઉલ્લંઘિત, અતિક્રાન્ત)

**अण्ह – भुज् ( धा. )**

(પાલન કરવું ૨. ગ્રહણ કરવું ૩. ખાવું, ભોજન કરવું)

પ્રાકૃતભાષામાં ભુજ્ ધાતુનો 'અણ્હ' આદેશ થાય છે. આ ધાતુના અનેક અર્થો પૈકી એક અર્થ 'ભોગવવું' એવો પણ છે. નીતિકારે લખ્યું છે કે, યુવાવસ્થામાં સુખ-સાહ્યબી ભોગવવી તો બધાને સારી લાગે પરંતુ, વૃદ્ધાવસ્થામાં પહોંચેલા જીવને કમનસીબે સેંકડો દુઃખો ભોગવવાના આવે ત્યારે જરાય સારા નથી લાગતા છતાં ભોગવવા તો પડે છે. અહો! કર્મવૈચિત્ર્યં.

**अण्हयंती – भुञ्जाना ( स्त्री. )**

(ભોજન કરતી)

**अण्हय – आश्रव ( पुं. )**

(જેના વડે કર્મ ગ્રહણ કરાય તે-આશ્રવ, પાપનું દ્વાર, કર્મબંધના કારણો, કર્મ આવવાનો માર્ગ)

પ્રશ્નવ્યાકરણસૂત્ર આગમમાં આશ્રવ દ્વારમાં આશ્રવની સુંદર વ્યાખ્યા કરવામાં આવી છે. તેમાં લખ્યું છે કે જે જે કારણોથી કર્મ આત્મામાં શ્રવે એટલે ચોંટે, તેથી કર્મનો આત્મા સાથે થતો મેળાપ એ જ આશ્રવ છે. તેથી હિંસા, જૂઠ, ચોરી, અબ્રહ્મ અને પરિગ્રહાદિ આશ્રવના ઉપાદાનભૂત કારણો છે. માટે જ પ્રભુએ કર્મના ઉપાદાનભૂત હિંસાદિનો પ્રતિબંધ ફરમાવ્યો છે.

**अण्हयकर – आश्रवकर ( पुं. )**

(કર્મનું ઉપાદાન-ગ્રહણ કરનાર, કર્મબંધ કરનાર)

આશ્રવકર કોને કહેવાય તે માટે સ્થાનાંગસૂત્રના સાતમાં ઠાણમાં લખ્યું છે કે અપ્રશસ્ત એવા મન-વચન-કાયાના યોગોથી પ્રાણાતિપાત એટલે હિંસાદિ કાર્ય કરવાની પ્રવૃત્તિ થાય છે. જેથી અશુભ કર્મબંધ રૂપ આશ્રવકર થાય છે. એને અપ્રશસ્તમનોવિનયનો એક ભેદ પણ કહ્યો છે.

**अण्हयभावणा – आश्रवभावना ( स्त्री. )**

(અનિત્યાદિ ૧૨ ભાવનાઓ પૈકીની સાતમી ભાવના, આશ્રવભાવના)

જો તમારે દુઃખમય પરિસ્થિતિમાં સુખ શાંતિ અને આત્મસમૃદ્ધિનો સ્વાદ ચાખવો હોય તો અનિત્યાદિ બાર ભાવનાઓનો આસ્વાદ

રોજે રોજ લેતા રહેવું જોઈએ. આ બારેય ભાવનાઓથી ભાવિત આત્મા ગમે તેવી કઠિન પરિસ્થિતિમાં પણ સમતાભાવ રાખી શકે છે. અનિત્ય અશરણાદિ બારભાવનાઓની સાથે મૈત્ર્યાદિ ચાર ભાવનાઓને ભાવીને આરાધક આત્મા સદૈવ સુખાનુભવમાં લીન રહેતો હોય છે. ઉપાધ્યાય શ્રીવિનયવિજયજીએ ઉક્ત સોળ ભાવનાઓને ખૂબ જ સુંદર ગેયકાવ્યમાં રચી છે.

**अण्हाणग - अस्नानक ( न. )**

(સ્નાન ન કરવું તે, અસ્નાન)

જૈન મુનિવરો જ્યારથી દીક્ષિત થાય છે ત્યારથી યાવજ્જીવન બાહ્ય શૌચ-સ્નાનાદિકનો પરિત્યાગ કરે છે. તેઓ ક્યારેય પણ શરીર સત્કાર હેતુ સ્નાનાદિક કરતા નથી. છતાં પણ સંસારીયો કરતાં વધુ સ્વસ્થ રહી શકે છે તે એમના બ્રહ્મચર્યના પ્રભાવે જ.

**अत - अत् ( पुं. )**

(અક્ષપાદ સંમત શિવ, સૃષ્ટિસંહારક હોઈ જગતને જે ખાય છે તે)

**अतंत - अतन्त्र ( त्रि. )**

(કારણને આધીન નથી તે, વિવક્ષાધીન ન હોય તે ૨. અનુભવસિદ્ધ ક્રિયા ૩. ખૂબ, અત્યન્ત)

શબ્દશાસ્ત્રમાં 'અતન્ત્ર' શબ્દની વ્યાખ્યા કરતા કહ્યું છે કે, જે વિચારણીય નિયમની કોટિથી બહારની વસ્તુ હોય, જે અનિવાર્યપણે બંધનની કોટિમાં ન આવતી હોય તે વસ્તુ અથવા સૂત્રની અપેક્ષારહિત કે અનુભવસિદ્ધ ક્રિયાને અતન્ત્ર કહેવાય છે.

**अतक्कणिज्ज - अतर्कनीय ( त्रि. )**

(અનભિલષણીય, ન ઇચ્છવા યોગ્ય, ન ચાહવા લાયક)

સંસારમાં રહેનારને વ્યવહાર કુશળતા ચાહવા યોગ્ય છે, કરવા યોગ્ય છે. ગૃહસ્થને ધર્મ, અર્થ અને કામ અભિલષણીય છે. મુમુક્ષુએ સત્યની ખોજ ચાહવા યોગ્ય છે. તેમ સાધુ ભગવંતે સંયમનો સાર-આત્મશુદ્ધિ ઇચ્છવા યોગ્ય જ નહીં પણ અવશ્ય કરવા લાયક છે.

**अतक्किओवट्ठिय - अतर्कितोपस्थित ( न. )**

(ફળાદિના વગર ઉદ્દેશે થયેલી અર્થપ્રાપ્તિનો સંયોગ)

**अतक्किओवहि - अतर्कितोपधि ( पुं. )**

(અણચિંતવી ઉપધિ, અતર્કણીય ઉપધિ)

વ્યવહારસૂત્રના આઠમા ઉદ્દેશામાં લખ્યું છે કે, સાધુ-સાધ્વીજી ભગવંતોએ રાખવાની વસ્ત્ર-પાત્રાદિ ઉપધિ કે જેની કોઈ સંભાવના ન કરતું હોય કે જેની વિશેષ પ્રકારે કોઈ વ્યક્તિ પરિભાવના ન કરતું હોય તેવી ઉપધિને રાખે તેને અતર્કિતોપધિ કહે છે.

**अतज्जाय - अतज्जात ( त्रि. )**

(અતુલ્ય જાતીય, અસમાન જાતિનું)

**अतज्जाया - अतज्जाता ( स्त्री. )**

(અસમાન જાતની-પ્રકારની કરાતી પારિષ્ઠાપનિકા)

જૈનાગમગ્રંથોમાં પૂજ્ય સાધુ સાધ્વીજી ભગવંતોની આહાર વિહાર ચર્યાની ખૂબ ઊંડાણ પૂર્વકની વિવેચનાઓ કરવામાં આવી છે. તેઓને જેમ આહાર, વસ્ત્ર, પાત્રાદિ સંયમોપકરણને વિધિવત્ ગ્રહણ કરવાની વાત છે તેમ વિધિવત્ ઉત્સર્જન-ત્યાગ કરવાની વાતો પણ જીવહિંસાદિ દોષો ન સંભવે તેમ ખૂબ સૂક્ષ્મ વિચારણા સાથે કરવામાં આવેલી છે.

**अतड - अतट ( पुं. )**

(નાનો કિનારો, ટુંકો તટ-કિનારો)

બૃહત્કલ્પસૂત્રમાં સાધુ સાધ્વીજીના સંયમ જીવનને લગતી આહાર વિહારાદિની ચર્ચાઓને પ્રસંગે વિહારના માર્ગોની પણ ચર્ચા કરેલી છે. તેમાં દાંડી, શેરી આદિ અનેક પ્રકારના વિહારમાર્ગોની વિવેચના કરેલી છે. તેમાં જેના બન્ને કિનારાઓ નાના હોય તેને માર્ગ કહ્યો છે.

**अतणु - अतनु ( त्रि. )**

(શરીરરહિત, સિદ્ધ)

પ્રવચનસારોદ્ધાર ગ્રંથમાં સિદ્ધોના પંદર ભેદો બતાવ્યા છે. તેમાં સિદ્ધોના વિશેષણવાચી નામમાં એક નામ છે અતનુ. તનુ એટલે શરીર. જેના વિગ્રહ, દેહ, વપુ, કાયા વગેરે ઘણા નામો મળે છે. નથી જેને શરીર તે અતનુ છે. એટલે સિદ્ધોને પાંચેય પ્રકારના શરીરોમાંથી એકેય શરીર નથી હોતું માટે તેઓ અશરીરી કહેવાય છે. શરીર એ સર્વ પ્રકારની ઉપાધિનું મુખ્યસ્થાન કહેવાયું છે.

**अतत्तवेइत्त - अतत्त्ववेदित्व ( न. )**

(સાક્ષાત્ વસ્તુતત્ત્વને નહીં જાણવાના સ્વભાવવાળો પુરુષ વિશેષ)

**अतत्तवेइवाय - अतत्त्ववेदिवाद ( पुं. )**

(સાક્ષાત્ વસ્તુતત્ત્વને નહીં જાણવાના સ્વભાવવાળા અતત્ત્વવેદીનો બતાવેલો માર્ગ)

ધર્મસંગ્રહના પ્રથમાધિકારમાં કહ્યું છે કે, જે સાક્ષાત વસ્તુતત્ત્વને જોતો નથી કે જાણતો નથી તેવા પુરુષવિશેષના પ્રમાજ્ઞાન કરાવનારે કહેલ વસ્તુ તત્ત્વના વિસ્તારને અતત્ત્વવેદિવાદ એટલે અર્વાગ્દર્શીવાદ કહેવાય છે જેને તેઓ દ્વારા સમ્યગ્વાદ પણ કહેવામાં આવ્યો છે.

**अतत्तिय - अतात्त्विक ( त्रि. )**

(અવાસ્તવિક, તાત્ત્વિકાભાવ)

ખકુસુમ એટલે આકાશપુષ્પની કોઈ સ્થાપના કરે તો તે અવાસ્તવિક છે કારણ કે, તેવી કોઈ ચીજ જગતમાં છે જ નહીં. પરંતુ કોઈ કહે કે સ્વર્ગ, નરક કે મોક્ષ નામની કોઈ ચીજ આ દુનિયામાં દેખાતી નથી માટે છે જ નહીં, આમ બોલનાર પણ અવાસ્તવિક કહે છે. કારણ કે જે સ્વર્ગાદિ દેખાતા નથી પણ આગમ અનુમાનાદિ પ્રમાણોથી સિદ્ધ થતી વસ્તુ-તત્ત્વ હોઈ તે વસ્તુ માનવી જ પડે.

**अतत्तुचुक्क ( पुं. )**

(તુરુક્ક મલ્લાહ નામે એક મ્લેચ્છ બાદશાહ)

તીર્થકલ્પ નામક ગ્રંથમાં લખ્યું છે કે, જેણે અણહિલ્લપુર પાટણનો કિલ્લો ભાંગ્યો, જેણે હરિવંખી ગામનું જિનાલય તોડ્યું તે તુરુક્કમલ્લાહ નામનો બાદશાહ ચૌલુક્યવંશીય ભીમદેવ રાજાનો સમકાલીન હતો. આમ વિધર્મી રાજાઓએ ઘણા જિનચૈત્યોનો નાશ કર્યો છે તેમ ઇતિહાસમાંથી જણાય છે.

**अतर - अतर ( पुं. )**

(જે તરી ન શકાય તે, અતર- સમુદ્ર ૨. અસમર્થ ૩. સાગરોપમ કાળ)

જેમ સમુદ્રને તરવો અઘરો છે, જેમ મેરુપર્વતને ઓળંગવો કઠિન છે તેમ સંસાર સમુદ્રને તરવો પણ અઘરો છે. મહાસાગરની જેમ અતિગહન અને વિવિધ યોનિઓના વિસ્તારવાળો આ સંસારરૂપ સમુદ્ર જેણે ભુજાબળે તરી લીધો છે તે જ ખરો તરવૈયો છે.

**अतरंत - अतरत् ( त्रि. )**

(રોગી, ગ્લાન ૨. અસહિષ્ણુ)

જૈનશાસનમાં બાળ, ગ્લાન રોગી એવા સાધર્મિકોની સેવા શુશ્રૂષા કરવા પર ખૂબ ભાર આપવામાં આવ્યો છે. શાસ્ત્રગ્રંથોમાં ઠેર ઠેર વેયાવચ્ચનો મહિમા બતાવવામાં આવ્યો છે. સેવા વેયાવચ્ચ એક એવો અપ્રતિપાતી ગુણ છે જે યાવત્ મોક્ષ સિદ્ધિ અપાવે છે.

**अतव - अतपस् ( त्रि. )**

(તપ વગરનું, તપરહિત, તપસ્યાનો અભાવ)

બૃહત્કલ્પસૂત્રમાં લખ્યું છે કે, **'अतवो न होति भोगो'** અર્થાત્ તપ વગર સુખ નથી. અન્ય ગ્રંથોમાં **'तपसा निर्जरा च, तपसा किं न सिध्यति'** અર્થાત્ તપથી કઠિન કર્મો પણ નિર્જરે છે, નષ્ટ થાય છે અથવા તપથી શું શું સિદ્ધ નથી થતું. એટલે તપથી જે પણ સિદ્ધિ ચાહો તે શક્ય થાય છે. માટે તપનો મહિમા નિરાળો સમજવો. જે તપ વગરનો છે તે ખાલી ઘડા જેવો ઠાલો સમજવો.

**अतसी - अतसी ( स्त्री. )**

(વનસ્પતિવિશેષ, અલસી કે અતસીનો છોડ)

અનુયોગદ્વારસૂત્ર અને નિશીથસૂત્રાદિમાં લખ્યું છે કે, અતસી એક પ્રકારની વનસ્પતિ છે. જે માલવદેશમાં થાય છે. તેની છાલ વલ્કલ જેવી હોય છે. તેનું અપર નામ તીસી પણ લોકમાં પ્રસિદ્ધ છે.

**अतह - अतथ ( न., त्रि. )**

(અતથ્ય, મિથ્યા, અસદ્દ્ભૂત, જુઠ્ઠું, અસત્ય)

આચારાંગસૂત્રમાં સચ્ચારિત્રધારી સાધુ ભગવંતોના આચાર વિચારોના વર્ણન પ્રસંગે લખ્યું છે કે, પાંચસમિતિએ અને ત્રણ ગુપ્તિએ સંવૃત સાધુ ભગવંતનું વચન અતથ ન હોય તેમજ વચનના કોઈપણ દોષથી રહિત એટલે નિર્દોષ હોય છે. ધન્ય છે સાધુ ચરિત ને !

**★अतथ्य ( न. )**

(વિતથ, અસદ્દ્ભૂત, ખોટું)

**अतहणाण - अतथाज्ञान ( न. )**

(અયથાર્થ જાણનાર ૨. મિથ્યાદષ્ટિનું જીવદ્રવ્ય ૩. અલાતદ્રવ્ય)

સ્થાનાંગસૂત્રના દશમા ઠાણમાં કહ્યું છે કે, મિથ્યાદષ્ટિ જીવને અતથાજ્ઞાનવાળો કહી શકાય છે. કારણ કે તેને જે બોધ છે તે વિતથ બોધ-જ્ઞાન છે. વિતથ એટલે જે વસ્તુ અથવા જે પદાર્થ આ જગતમાં જેવો છે તેવો તે ન જાણે પરંતુ જેવો નથી તેવો અયથાર્થપણે જ જાણે છે માટે. જેમ કે પુદ્ગલ-પદાર્થ નિત્યાનિત્ય છે પરંતુ તેને તે એકાન્તે નિત્ય અથવા એકાન્તે અનિત્ય જ માનતો હોય છે.

**अतार - अतार ( त्रि. )**

(તરવાને અશક્ય, ન તરી શકાય તેવું અપાર)

જેમ સ્વયંભૂરમણ સમુદ્રને કોઈ તરી શકે તેમ નથી. તેમ આ સંસારરૂપ સ્વયંભૂરમણ સમુદ્ર પણ નિસત્ત્વ જીવોને તરવો અશક્ય છે. માટે જ કહ્યું છે કે, 'સંજમનો મારગ છે શૂરાનો નહીં કાયરનું કામ જોને' એને તો ભડવીર સત્ત્વશાળી જીવો જ આદરી શકે છે. તેનો પાર પામી શકે છે.

**अतारिम - अतारिम ( त्रि. )**

(મુશ્કેલીથી તરી શકાય તેવું, દુસ્તરણીય, તરવાને દુઃશક્ય)

સૂયગડાંગસૂત્રમાં આવે છે કે, **'एते संगा मनुस्साणं पाताला व अतारिमा'** અર્થાત્ મનુષ્યોના સ્વજન સંબંધો પાતાળ જેવા અતરણીય છે. સાંસારિક સંબંધોના તાણા વાણા એટલા તો ગહન છે કે, તેને પાતાળની ઉપમા આપી છે. તેમાંથી તો કોક વિરલા જ બહાર નીકળીને પોતાનું કલ્યાણ કરી શકે છે. બાકી સર્વલોક તેમાં જ રચ્યો પચ્યો રહી દુઃખોને અનુભવતો સબડ્યા જ કરે છે.

**अतारि ( लि ) स - अतादृश ( त्रि. )**

(તેના જેવું નહીં તે, તેવા પ્રકારનું ન હોય તે)

સામાન્યજન પ્રવાહથી મુનિભગવંતો વિલક્ષણ હોય છે. સંસાર જે પ્રવાહે વહે છે તેથી બિલકુલ ઊલટા પ્રવાહે મુનિ ચાલે છે. આચારાંગસૂત્રમાં એક પ્રસંગે જણાવ્યું છે કે, **'अतारिसे मुणी ओहंतरे'** અર્થાત્ સંસારી જીવોથી ભિન્નવૃત્તિવાળા મુનિ સંસાર સાગરને વહેલા પાર કરી જાય છે.

**अतिउट्ट - अतिवृत्त ( त्रि. )**

(અતિક્રાન્ત ૨. વ્યાપ્ત ૩. પોતાના કૃત્યને ન જાણનાર)

જેમ બાળ અગ્નિને જાણતો નથી માટે કુતુહલથી એને પકડે છે અને પછી દાઝી જવાથી મોટેથી રડે છે. બસ એમ અજ્ઞાની જીવને પણ બાળ કહ્યો છે. તે કુકૃત્ય કર્યે જાય છે, પણ તે પ્રજ્ઞાશૂન્ય પોતાના અપકૃત્યને જાણતો નથી પછી તેના કટુ વિપાકોથી દાઝ્યા કરે છે. પછી લોકો આગળ પોતાના દુઃખડાં રડ્યાં કરે છે. પણ તેનો કોઈ અર્થ ખરો ? માટે અજાણતા પણ અપકૃત્ય કરતા વિચારજો.

**अतिंतिण - अतिन्तिन ( त्रि. )**

(અલાભ થયો હોવા છતાં પણ થોડું પણ જેમ તેમ ન બોલનાર સાધુ ૨. કટુવચન સાંભળીને પણ શાંત રહેનાર)

દશવૈકાલિકસૂત્રમાં એક ઠેકાણે કહેલું છે કે, જિનવચનનો અનુરાગી વ્યક્તિ કેવી હોય? તો તેના જવાબમાં શાસ્ત્રકાર કહે છે કે, તે અતિંતિણ હોય અર્થાત્ તે પોતાને કોઈ જેમ તેમ બોલી જાય તો પણ શાંત રહેનારો હોય. પોતાને કોઈ લાભ ન થવાના કારણો જાણતો હોય તો પણ મનથી કચવાટ રાખ્યા વગર, હાયવોય કર્યા વગર પ્રશાન્તતાને આબાદ રાખી વિચરનારો હોય છે.

**अतिक्खतुण्ड - अतीक्ष्णतुण्ड ( त्रि. )**

(જેની ચાંચ તીક્ષ્ણ કે કઠણ નથી તેવું પક્ષી)

**अतिक्खवेयरणी - अतीक्ष्ण ( नैक्ष ) ( दृक्ष्य ) वैतरणी ( स्त्री. )**

(પરમાધાર્મિક દેવો દ્વારા વિકુર્વણા કરાયેલી નરકની એક નદી)

નરકની માન્યતા નાસ્તિકવાદી સિવાયના પ્રત્યેક ભારતીય દર્શનોએ સમાન રીતે સ્વીકારેલી છે. તેમાં જૈન દર્શને તેના સાત પ્રકારો બતાવ્યા છે. રત્નપ્રભાદિ તેના નામો છે. આ નરકભૂમિઓમાં નારકીના જીવોને દુઃખો દેવા પરમાધાર્મિક જાતિના રૌદ્રપરિણામી દેવો લોહી-પરૂથી ઉકળતી નદીની વિકુર્વણા કરે છે. તેમાં જીવોને ઊંચકીને ફેંકતા હોય છે અને વળી પાછા ડુબાડતા હોય છે.

**अतिट्ठपुरव - अदृष्टपूर्व ( त्रि. )**

(પૂર્વમાં-પહેલા ક્યારેય ન જોયેલી હોય તે)

આપણા જીવનમાં કો'ક એવી ઘટના બની જાય કે, જે પૂર્વે ક્યારેય આપણે જોઈ ન હોય કે જાણી પણ ન હોય ત્યારે આપણને આશ્ચર્ય પણ એટલું જ થાય અને અનુભવ પણ એવો જ થાય. તેમ જ્યારે જીવ સંસારમાં ક્યારેય ન પામ્યો હોય તેવું સમ્યક્ત્વ પામે ત્યારે તેને પહેલા ક્યારેય ન થયો હોય તેવો આત્માનુભવ થાય છે. તે અનુભવને પાછો કોઈની સામે સંપૂર્ણ રીતે વર્ણવી પણ ન શકે.

**अतित्त - अतृप्त ( त्रि. )**

(અતૃપ્ત, અસંતુષ્ટ)

પ્રશ્નવ્યાકરણસૂત્રમાં લખ્યું છે કે, જેનો સંસાર હજુ ઘણો બધો બાકી છે. એટલે કે જેઓની ચતુર્ગતિમાં જન્મ-મરણની રખડપટ્ટી ખૂબ લાંબીલચક છે તેવા ભવાભિનંદીજીવોને કામભોગો પ્રત્યે હંમેશાં અતૃપ્તિ જ રહે છે. તેઓ ક્યારેય પણ સંતુષ્ટિને પામતા નથી.

**अतित्तप्प - अतृप्तात्मन् ( त्रि. )**

(અભિલાષાવાળો, અતૃપ્તિવાળો જીવ)

પરમાત્મા મહાવીર કહે છે કે, જો તમારે મોક્ષ જોઈતો હોય તો અભિલાષાઓને છોડી દો. કોઈપણ પદાર્થની આકાંક્ષા કે અભિલાષા કે તૃષા જો સંઘરી રાખી હશે તો તમને તેની હયાતીમાં શાશ્વત સુખના ઠામ નહીં જડે. મુક્તિના દ્વાર જોજનો દૂર રહેશે. માટે સમજો અને દુન્યવી અભિલાષાઓ છોડીને આત્મશુદ્ધિની અભિલાષા સેવતા થાઓ. ખરેખર એ જ સાચી અભિલાષા છે.

**अतित्तलाभ - अतृप्तलाभ ( पुं. )**

(સંતોષની અપ્રાપ્તિ, અસંતોષ, અતૃપ્તિ)

ઉત્તરાધ્યયનસૂત્રમાં ભગવાને આત્માની જાગૃતિ માટે કહ્યું છે કે, હે જીવ! તને ભવોભવ કામભોગ વિષયસુખ મળતું જ રહ્યું છે, કોઈ યોનિ એવી નથી જેમાં આ બધુ ન હોય, પરંતુ જીવને તેમાં ક્યારેય તૃપ્તિ થઈ નથી. માટે કામભોગોને ભોગવવામાં જ મનુષ્યભવની નિરર્થક ઇતિશ્રી ન કરતા બલ્કે તેના સારરૂપ સંયમમાં ઉદ્યમશીલ બની આત્મહિતને સાધી લો.

**अतित्ति - अतृप्ति ( स्त्री. )**

(અતૃપ્તિ, અસંતુષ્ટિ)

ઉત્તરાધ્યયનસૂત્રમાં કહ્યું છે કે, જિનશાસનને પામેલો મુમુક્ષુ આત્મા જ્ઞાનાચાર અને ચારિત્રાચારમાં ક્યારેય તૃપ્તિ નથી પામતો. એવો ભવ્યાત્મા ક્યારેય એમ ન વિચારે કે, મેં તો ઘણું બધું ભણી લીધું છે. ખૂબ તપ-ત્યાગાદિ કરી લીધા છે માટે હવે બસ થયું.

**अतित्तिलाभ - अतृप्तिलाभ ( पुं. )**

(તૃપ્તિનો અલાભ, સંતોષની અપ્રાપ્તિ)

આજનો માનવી ખૂબ કમાઈને ધનના ઢગલા પર બેઠો હોય છતાં તમે તેને પૂછો કે ભાઈ ! તને તો હવે ઘણો સંતોષ હશે. કારણ કે તારી પાસે અઢળક ધન સંપત્તિ છે. ગાડી, વાડી, લાડીને બંગલા છે. અનાપ-સનાપ ધંધો ચાલે છે માટે પરમ શાંતિ હશે કાં' સામેથી જવાબ મળશે સંતોષની ક્યાં વાત કરો છો, હજુ તો ઘણો બધો કારભાર વિસ્તારવો છે. જુઓને છોકરાઓને ઠેકાણે પાડવાના છે. સરકારી બાબુઓ માનતા નથી. પેલા અંબાણી બંધુઓ કરતાં હું હજુ ઘણો પાછળ છું વગેરે વગેરે. સમજી ગયા. ધાર્યા કરતા ઘણું બધું મળી ગયું છતાં તૃપ્તિનો સદંતર અભાવ. માટે જ ભગવાને કહ્યું છે કે, **यथा लाहो तथा लोहो**....વ્યક્તિને જેમ જેમ લાભ થાય તેમ તેમ તેનો લોભ વૃદ્ધિ પામે છે. જો આકાશનો અંત હોય તો લોભનો અંત હોય.

**अतित्थ – अतीर्थ ( अव्य. )**

(તીર્થંકર દ્વારા તીર્થ સ્થાપિત કર્યા પહેલાનો સમય અથવા તીર્થ વ્યવચ્છેદ થયા પછીનો સમય, ચતુર્વિધ સંઘનો અભાવ)

આ અવસર્પિણી કાળમાં ભગવાન ઋષભદેવ પ્રથમ તીર્થંકર થયા. તેમણે સૌ પ્રથમ તીર્થની સ્થાપના કરેલી. એના પહેલા આ ભરતક્ષેત્રમાં અતીર્થની સ્થિતિ હતી અર્થાત્ ચતુર્વિધ સંઘની વ્યવસ્થા ન હોઈ જૈનધર્મનો સદંતર અભાવ હતો. નવમા અને દસમા તીર્થંકર ભગવંતના અંતરાલ કાળમાં અસંખ્યકાળ સુધી તીર્થનો અભાવ રહ્યો હતો એમ કલ્પસૂત્રમાં ઉલ્લેખાયેલું છે.

**अतित्थगरसिद्ध – अतीर्थंकरसिद्ध ( पुं. )**

(તીર્થંકરપદ પામ્યા વગર સિદ્ધ થયેલ, ગૌતમસ્વામીની જેમ સામાન્ય કેવળી થઈ સિદ્ધ થયેલ)

પ્રત્યેક અવસર્પિણી અને ઉત્સર્પિણી કાળમાં તીર્થંકરો તો ચોવીશ જ થાય છે. પરંતુ તેમનું શાસન પામીને આઠેય કર્મોનો ક્ષય કરી કેવળજ્ઞાન પામી મુક્તિએ જનારા અસંખ્ય ભવ્યાત્માઓ હોય છે. તે બધાને અતીર્થંકરસિદ્ધ કહેવામાં આવે છે.

**अतित्थसिद्ध – अतीर्थसिद्ध ( पुं. )**

(તીર્થની સ્થાપના થયા પહેલાં મોક્ષે જનાર, ચતુર્વિધ સંઘરૂપ તીર્થના અભાવમાં સિદ્ધ થાય તે, મરુદેવીમાતાદિ અતીર્થસિદ્ધ)

આ અવસર્પિણીકાળમાં સૌ પ્રથમ મોક્ષ મેળવનારા રત્નકુક્ષિ મરુદેવી માતા થયા. તેઓની ભવિતવ્યતા કેટલી સુંદર હતી કે નિગોદમાંથી નીકળીને સીધા જ વનસ્પતિનો એક ભવ કરી બીજા ભવે મનુષ્ય થયા અને એ જ ભવમાં કેવળી બનીને મોક્ષે પધાર્યા. ધન્ય છે મરુદેવી માતાના અદ્વિતીય સૌભાગ્યને !

**अतित्थावणा – अतिस्थापना ( स्त्री. )**

(ઉલ્લંઘના, ઓળંગી જવું તે)

**अतिदुक्ख – अतिदुःख ( न. )**

(અતિદુસ્સહ, ઘણું દુઃખ, ઘણી અશાતા)

**अतिदुक्खधम्म – अतिदुःखधर्म ( त्रि. )**

(અત્યન્ત દુઃખ આપવાનો જેનો સ્વભાવ છે તે નરકાદિ સ્થાન)

સૂત્રકૃતાંગાદિ આગમ શાસ્ત્રોમાં નરકભૂમિઓનું વર્ણન મળે છે. તે સાંભળવા માત્રથી પણ હળુકર્મી જીવને કંપારી છૂટી જાય તેવું છે. જ્યાં એક પલકારો મારીએ તેટલા અલ્પસમયની પણ સુખશાતા નથી. પાપી જીવને અવિરત દુઃખ દુઃખને માત્ર દુઃખનો જ અનુભવ કરાવવાનો જેનો સ્વભાવ છે તેવી આ ભૂમિઓને અતિદુઃખધર્મા કહી છે.

**अतिधुत्त – अतिधूत ( त्रि. )**

(ઘણા કર્મોવાળો, ભારેકર્મી, બહુકર્મી-જીવ)

જેને મોક્ષે જવામાં ઘણીવાર છે અથવા જે કદાપિ મોક્ષે જવાનો નથી. તેવા અભવ્ય જીવો કે ભવાભિનંદી જીવોને વળગેલા કર્મોનો જથ્થો ઘણો મોટો, બહુભારી, વિપુલ પ્રમાણવાળો હોય છે. વળી તે અનુબંધવાળો હોય છે. તેથી ક્યારેય પણ તે સીઝતો નથી. મગશેલીયા પથ્થરના સ્વભાવ જેવું તેનું જીવદળ સમજવું.

**★अतिधूर्त ( त्रि. )**

(ભારેકર્મી, બહુલકર્મી)

જેના કર્મો અતિકઠણ હોય તેવા જીવોનું આચરણ પણ અતિકઠોર જ હોય છે. કદાચ સદ્‌ગુરુ તેની ઉપર કૃપા કરે અને તેને તારવાના

ઉદ્દેશથી ધર્મોપદેશ આપે કે તેવો પુરુષાર્થ કરાવે તો પણ તે જીવ કર્મોની બહુલતાના પ્રભાવે બોધ પામી શકતો નથી.

**अतिपास - अतिपार्श्व ( पुं. )**

(આ અવસર્પિણીકાળમાં આ જ ચોવીશીના સમયમાં ઐરવતં ક્ષેત્રમાં થયેલા સત્તરમા તીર્થંકરનું નામ, અતિપાર્શ્વ પ્રભુ)

**अतिप्पणया - अतेपनता ( स्त्री. )**

(પસીનો વળે, લાળ પડે, આંસુ ટપકે તેવા કારણોનું વર્જન કરવું તે)

દુષ્કૃત્ય કરનારો ખરાબ કામ કરતી વખતે વિચારે છે કે તેને કોઈ રખેને જોઈ લે, નહીં તો સમાજમાં આબરૂના કાંકરા થશે અને લોકોમાં હાંસી થશે, એમ વિચારીને ડરનો માર્યો તે પસીનાથી રેબ-ઝેબ થઈ જાય છે. હૃદયના ધબકારા વધી જાય છે. પરમાત્મા કહે છે કે હે જીવ આખરે તો તારા કરેલા કર્મો તારે પોતે જ ભોગવવાના છે. માટે વિચાર કર અને વિવેકી બની જા.

**अतिमुच्छिय - अतिमूर्च्छित ( त्रि. )**

(સાંસારિક કાર્યોમાં ગૃદ્ધતા રાખનારો, અતિમૂર્ચ્છિત, વિષયાદિમાં અતિઆસક્ત)

આ જીવ ભવ્ય છે કે અભવ્ય છે અથવા આ ભવાભિનંદી છે કે દુર્ભવી છે એની ઓળખાણ શી રીતે થાય ? તો એનો જવાબ આગમોમાં અપાયેલો છે કે જીવની જેવી વૃત્તિ હોય તેવી પ્રવૃત્તિ હોય છે. એટલે કે સંસારિક કાર્યોમાં અત્યન્ત રચ્યો પચ્યો રહેતો હોય, વિષય-કષાયમાં અતીવ આસક્તિ રાખતો હોય અને જેને ધર્મ પ્રત્યે હૃદયથી અરુચિ હોય તેવો જીવ પ્રાયઃ કરીને અભવ્ય કે ભવાભિનન્દી કોટિનો હોય.

**अतिल्लिय - अतैल ( न. )**

(સર્વથા તેલાંશ રહિત, અંશમાત્ર તેલ વિનાનું)

**अतिवच्चंत - अतिव्रजत् ( त्रि. )**

(અતિશય ગતિ કરતું, અત્યન્ત ગમન કરતું)

અતિગમન એટલે અતિશય દોડવું, નિરંતર દોડતા રહેવું એ આમ જુઓ તો ઉદ્યમી મનુષ્ય પોતાના કાર્યો પાર પાડવા માટે સતત પ્રયત્નશીલ રહે તે ઘણી સારી વાત છે. પણ સમજ્યા વગર દોડાદોડ કરવું તે મૂર્ખામીભર્યું ગણાયું છે. એવું અતિગમન ક્યારેક ઘાણીના બળદ જેવું બની જાય છે. નીતિકારો કહે છે કે 'અતિ સર્વત્ર વર્જયેત્' એટલે અતિપણું સર્વત્ર વર્જવા યોગ્ય છે.

**अतिविज्ज - अतिविद्य ( पुं. )**

(નિર્વેદ પામેલો તત્ત્વજ્ઞ, આગમતત્ત્વ વેત્તા, જ્ઞાની)

આચારાંગસૂત્રમાં જણાવ્યું છે કે, જે મુનિએ આગમોનો સમ્યગ્ અભ્યાસ કરી લીધો છે. આગમશાસ્ત્રોના આલંબને જગતના દરેક ભાવોને સારી રીતે સમજી લીધા છે. તેવો તત્ત્વજ્ઞાની સાધુ પ્રત્યેક પ્રવૃત્તિ કરતા પહેલા તેના પરિણામને લક્ષમાં લઈને વર્તે છે.

**★अतिविद्वस् ( पुं. )**

(વિશિષ્ટ પ્રજ્ઞ, અતિશય પ્રજ્ઞાવાન)

**अतीरंगम - अतीरङ्गम ( त्रि. )**

(કાંઠે પહોંચવાને અસમર્થ, સંસારના કિનારે નહીં પહોંચનાર)

આચારાંગસૂત્રના પ્રથમ શ્રુતસ્કંધમાં કહ્યું છે કે, જેઓ જૈનદર્શનને પામેલા નથી એવા મિથ્યાદર્શનમાં વર્તતા જીવો પોતે સંસારનો પાર પામવાને ઉદ્યત હોવા છતાં પાર પામી શકતા નથી. કારણ એ જ છે કે તેમને સર્વજ્ઞનો બતાવેલો સન્માર્ગ મળ્યો નથી. માટે સમ્યગ્ બોધના અભાવમાં પાર કેવી રીતે પામવો તે ન જાણતા હોવાથી તેમને અતીરંગમ કહેવામાં આવ્યા છે.

**अतुच्छभाव - अतुच्छभाव ( त्रि. )**

(ઉદાર, કૃપણતારહિત, અતુચ્છતા, શ્રેષ્ઠભાવ)

જીવનમાં ધર્મ પ્રગટ્યો હોય તેની પ્રતીતિ કેવી રીતે થઈ શકે ? અથવા ધર્મની શરૂઆત ક્યાંથી થાય છે ? તે માટે જૈન દર્શન શું માને છે ? ઇત્યાદિ જિજ્ઞાસા થાય ત્યારે મહર્ષિઓએ શાસ્ત્રોના માધ્યમે જણાવ્યું છે કે જો તમારા હૃદયમાં ઉદારતા પ્રગટી હોય તો સમજી લેવું કે તમારામાં ધર્મની શરૂઆત થઈ ચુકી છે.

**अतुरिय - अत्वरित ( त्रि. )**

(ઉતાવળરહિત, ધીમું, અત્વરિત)

પ્રભુ મહાવીર જ્યારે માતા ત્રિશલાદેવીની કુક્ષિમાં પધારે છે તે પ્રસંગનું કલ્પસૂત્રમાં ખૂબ સુંદર વર્ણન કરાયેલું છે. પ્રભુના ગર્ભમાં અવતરણ થવાથી માતાને ૧૪ મહાસ્વપ્નો આવે છે. તે પછી પ્રાતઃ કાળે માતા ત્રિશલા મહારાજા સિદ્ધાર્થને તે જણાવવા પોતાના આવાસથી નીકળીને જાય છે. તે કેવી ગતિએ જાય છે તેનું વર્ણન કરતા કહે છે કે માતા ચપલતારહિત, ત્વરા રહિત, સંભ્રમ રહિત, વિલંબ રહિત જેમ રાજહંસી ગમન કરે તેવી ગતિએ મહારાજાની પાસે ઉપસ્થિત થાય છે.

**अतुरियगइ - अत्वरितगति ( त्रि. )**

(અત્વરિત ગતિવાળું, ઉતાવળરહિત ગમન કરનાર, માયાથી લોકોને પ્રસન્ન કરવા માટે મંદગતિએ જનાર)

**अतुरियभासि ( ण् ) - अत्वरितभाषिन् ( त्रि. )**

(શાંતિપૂર્વક બોલનાર, ઉતાવળે ન બોલનાર, ધીમું બોલનાર)

સાધુ ભગવંતોની વાણી કેવી હોય? તે માટે આચારાંગજીમાં કહેવાયું છે કે, મુનિની વાણી ત્વરારહિત હોય, તેઓ સામાન્યપણે બોલતા હોય કે પ્રવચન આપતા હોય પણ તેઓની વાણી ન તો ઊંચા અવાજે હોય કે ન ઉતાવળી હોય, શાંત પ્રવાહની જેમ વહેતી હોય. લોકો સારી રીતે ગ્રહણ કરી શકે તેવા પ્રકારે બોલાતી હોય તથા શબ્દશાસ્ત્રના નિયમાનુસાર બોલાતી હોય છે.

**अतुल - अतुल ( त्रि. )**

(જેની તુલના ન કરી શકાય તેવું, અતુલનીય, અસાધારણ)

વીતરાગ સ્તોત્રમાં હેમચંદ્રાચાર્યજી મહારાજ ફરમાવે છે કે, વીતરાગ પ્રભુના સૌભાગ્યની તુલના અન્ય દેવો સાથે કરી શકાય તેમ નથી. કારણ કે જઘન્યથી એક કોટિ દેવોની સેવના, ચોત્રીસ અતિશયો અને વાણીના પાંત્રીશ ગુણો વગેરે ઉત્કૃષ્ટ ઋદ્ધિ અન્ય દેવ-દેવીઓની પાસે ક્યાં ? નથી જ માટે.

**अत्त - आत्त ( त्रि. )**

(ગ્રહણ કરાયેલું ૨.ગીતાર્થ)

'ભીમો ભીમસેન' એ ન્યાયોક્તિથી જેમ ભીમ એવું ઉચ્ચારણ કરવાથી ભીમસેનનું ગ્રહણ થઈ જાય છે. તેમ અત્ત શબ્દથી આત્ત એટલે કે ગ્રહણ કરાયા છે જેમના વડે આગમસૂત્ર અને સૂત્રોનો બોધ તે આપ્તપુરુષો અર્થાત્ ગીતાર્થ ભગવંતો એવો અર્થ સમજવો.

**★आत्मन् ( पुं. )**

(જીવ, આત્મા ૨. સ્વભાવ ૩. પોતે, જાતે)

**★आत्र ( त्रि. )**

(દુઃખને હણનાર- સુખને આપનાર)

ભગવતીજીસૂત્રમાં ભગવાન મહાવીરને પ્રભુ ગૌતમસ્વામીએ પ્રશ્ન કરેલો કે, 'હે ભગવાન નારકીના જીવોના શરીરો આત્ર હોય કે અનાત્ર? અર્થાત્ તેઓના પુદ્ગલો દુઃખનો પ્રતિકાર કરનારા અને સુખનો અનુભવ કરાવનારા હોય છે કે નહીં ' એમ પૃચ્છા કરી ભગવાન પાસેથી સમાધાન મેળવ્યું હતું.

**★आप्त ( त्रि. )**

(યથાર્થ જોનાર, રાગ-દ્વેષાદિ દોષોથી રહિત, સર્વજ્ઞ, વીતરાગ)

સ્યાદ્વાદમંજરીમાં આપ્તની વ્યાખ્યા કરાઈ છે. તેમાં કહ્યું છે કે જે આપ્તિ એટલે રાગ-દ્વેષ મોહાદિ દોષોનો આત્યન્તિક ક્ષય. તેવો ક્ષય જેને થયેલો હોય તે આપ્ત છે. જ્યારે દશાશ્રુતસ્કંધમાં કહેલું છે કે જે યથાર્થ દર્શનાદિગુણયુક્ત છે તે આપ્ત છે. તે જ વીતરાગ છે.

**★आर्त ( त्रि. )**

(દુઃખાર્ત, ગ્લાન)

સૂત્રકૃતાંગસૂત્રમાં દુઃખાર્તની વ્યાખ્યા કરેલી છે. તેમાં લખ્યું છે કે જે પૂર્વમાં પોતે આચરેલા કઠિન કર્મોના ઉદયથી હવે વર્તમાનમાં તેના માઠા ફળોનો અનુભવ કરે છે તેવા જીવોને આર્ત કહેવાય છે. દુઃખમાત્ર કે સુખમાત્ર પોતે આચરેલા કર્મોને આધીન છે.

**अत्तउवण्णास - आत्मोपन्यास ( पुं. )**

(ઉદાહરણ ૨. દોષ ૩. ઉપન્યાસનો એક ભેદ, જેમાં આત્માનો ઉપન્યાસ થાય- નિવેદન થાય તે)

શ્વાસોશ્વાસની પ્રક્રિયા વગરના એકેન્દ્રિયાદિ જીવોના અસ્તિત્વના વિષયમાં દૃષ્ટાંતના માધ્યમથી સ્થાપના કરાય તે આત્મોપન્યાસ કહેવાય છે. આ વાતને દશવૈકાલિકસૂત્રમાં તળાવ વિશેષ અને પિંગલ સ્થપતિનું ઉદાહરણ આપીને સિદ્ધ કરવામાં આવી છે.

**अत्तकड - आत्मकृत ( त्रि. )**

(પોતાનું કરી સ્વીકારેલું, પોતાનું છે તેમ રાખેલું)

બૃહત્કલ્પસૂત્રમાં સાધ્વાચારની કરેલી વિસ્તૃત વિવેચનામાં ગોચરીની પણ બાબતોની ખાસી ચર્ચા કરાયેલ છે. તેમાં સાધુ દ્વારા લાવેલી ગોચરી પર આચાર્ય ભગવંતનો અધિકાર હોય છે. તેમની અનુજ્ઞા થયા પછી અન્ય સાધુભગવંતોની ભક્તિ કરીને મુનિ પોતે આહાર કરે છે. લાવેલી ગોચરીમાં આ સારી વસ્તુ છે માટે હું રાખી મૂકું પછી ખાઈશ એમ ચિંતવી મુનિ પોતાનું કરી મૂકી રાખતા નથી.

**अत्तकम्म - आत्मकर्मन् ( न. )**

(પોતાનું દુષ્કૃત્ય, પોતાનું દુશ્ચરિત્ર, જેનાથી પોતાનો આત્મા પાપકર્મે લેપાય તેવું કર્મ)

પિંડનિર્યુક્તિ અને દશવૈકાલિકસૂત્રમાં આત્મકર્મની વિસ્તૃત ચર્ચા કરીને તેની ચતુર્ભંગી દર્શાવી છે. દુશ્ચરિત્રાત્માનું વર્ણન કરતા શાસ્ત્રકારે કહ્યું છે કે, જેમ ચોર પોતાના ચૌર્યકર્મના કારણે સતત ઉદ્વિગ્ન રહેતો હોય છે. તેને ચારે બાજુથી ભય સતાવતો રહે છે. તેમ આધાકર્મી અશનાદિ ભોગવનાર સાધુ સતત આઠેય પ્રકારના કર્મોથી ખેંચાયેલો કરણ-કરાવણ-અનુમોદન દ્વારા કર્મમળથી લેપાતો રહે છે. માટે જેનાથી આઠેય પ્રકારના કર્મોનું આવરણ થાય તેવા આત્મકર્મનો સર્વથા ત્યાગ કરવો જોઈએ.

**अत्तग - आत्मग ( त्रि. )**

(આંતરિક, આત્મિક)

આચારાંગસૂત્રમાં એક પાઠ આવે છે કે, **'जे अप्पं जाणइ से सव्वं जाणइ'** અને **'जे सव्वं जाणइ से अप्पं जाणइ'** અર્થાત્ જે પોતાના આત્માને જાણે છે તે આખા જગતને જાણે છે અને જે આખા જગતને જાણે છે તે પોતાના આત્માને જાણે છે. વ્યક્તિ આખી દુનિયાને ઓળખવામાં પોતાના આંતરિક આત્માને ઓળખવાનું ભૂલી જાય છે. એટલું જ નહીં, દુનિયાને ઓળખવાની લ્હાયમાં પોતાની જીંદગી પૂરી થઇ જાય છે તે પણ ખબર નથી પડતી. એટલો સમય પોતાના આત્મિક ગુણોને ઓળખવામાં કાઢ્યો હોત તો દુનિયાને ઓળખવાની શી જરૂરત હતી? તે તો આપોઆપ ઓળખાઈ જ જાત.

**अत्तगवेसण - आर्तगवेषण ( न. )**

(ઔપચારિક વિનયનો એક ભેદ, આર્ત-દુઃખીજનની ગવેષણા-ખોજ)

વ્યવહારસૂત્રના પ્રથમ ઉદ્દેશામાં આર્તગવેષણને ઔપચારિકવિનયનો એક ભેદ ગણવામાં આવેલો છે. કોઇ ધનના અભાવમાં આપત્તિમાં પડેલી હોય તેવા જીવને જોતા જ તેના દુઃખમાં સહભાગી થવાના ભાવથી દ્રવ્યાદિની પ્રાપ્તિ કરાવી આપવી તે આર્તગવેષણ છે.

**अत्तगवेसणया - आर्तगवेषणता ( स्त्री. )**

(દુઃખી અને ગરીબ માણસોની શોધ કરવી તે)

ગાંધીજીનું એક પ્રિય ભજન છે, **'વૈષ્ણવજન તો તેને રે કહીએ જે પીડ પરાઇ જાણે રે'** સાચો વિષ્ણુભક્ત તો તે છે જે બીજાના દુઃખોને જાણે અને તેને દૂર કરવાના પ્રયત્નો કરે. બાકી તો માત્ર જન્મે જ વૈષ્ણવ છે. જો લૌકિકધર્મમાં દયાનું આટલું મહત્ત્વ છે તો વિચારી જુઓ કે, લોકોત્તર જિનધર્મમાં પરોપકાર માટે કેટલું મહત્ત્વ હશે. શાસ્ત્રમાં તો યાવત્ ત્યાં સુધી કહેલું છે કે શ્રાવકે દુઃખી જીવોની ગવેષણા કરવી અને કોઇ પીડિત દેખાઇ આવે તો તેના દુઃખને દૂર કરવાના બધા જ ઉપાયો કરે.

**★आत्म ( प्त ) गवेषणता ( स्त्री. )**

(લોકોપચાર વિનયનો એક ભેદ)

**अत्तगवेसय - आत्मगवेषक ( पुं. )**

(આત્મચિંતક ૨. ચારિત્રરૂપી આત્માનો ગવેષક)

ઉત્તરાધ્યયનસૂત્રમાં કહેલું છે કે જે શ્રમણ સંયમરૂપી આત્માનો ગવેષક છે તે ક્યારેય પણ ચિકિત્સાકર્મની ઇચ્છા કરતો નથી, ગમે તેવા કષ્ટો કે વિઘ્નો આવે તો પણ તેને સમતાપૂર્વક સહન કરે છે તથા હિંસાપ્રચુર એવા યજ્ઞ-યાગાદિને સ્વયં કરતો નથી કે અન્ય પાસે કરાવતો પણ નથી.

**अत्तगामि ( ण् ) - आप्त ( त्म ) गामिन् ( पुं. )**

(મુમુક્ષુ, મોક્ષમાર્ગમાં ચાલનાર મુનિ)

સૂત્રકૃતાંગસૂત્રના પ્રથમ શ્રુતસ્કંધના દસમા અધ્યયનમાં કહેલું છે કે, '**मुसं न बूया मुणि अत्तगामी**' અર્થાત્ સર્વજ્ઞોપદિષ્ટ માર્ગમાં ચાલનાર મુનિએ અસત્ય બોલવું ન જોઇએ. કેમ કે નાનકડો પણ મૃષાવાદ સાધુને મોક્ષમાર્ગથી ભ્રષ્ટ કરે છે.

**अत्तगुण - आत्मगुण ( पुं. )**

(બુદ્ધિ-સુખ-દુઃખાદિ જીવના ગુણવિશેષ)

ચેતનદ્રવ્યને તેના આત્મગુણો જડદ્રવ્યથી જુદા પાડે છે. કેમ કે રાગ-દ્વેષ-ઇર્ષ્યા-સુખ-દુઃખ-ધર્મ-અધર્માદિ સંસ્કારો માત્રને માત્ર જીવમાં જ હોય છે. સુખ-દુઃખ વગેરેની લાગણીઓ ક્યારેય પણ ચેતનારહિત જડપદાર્થમાં સંભવતી નથી. મોહાદિના કારણે જીવ નરક વગેરે દુર્ગતિઓમાં જતો સાંભળ્યો હશે. પરંતુ જડદ્રવ્યને દુર્ગતિમાં જતો ક્યારેય પણ જોયો કે સાંભળ્યો છે ખરો ?

**अत्तचिंतअ - आत्मचिन्तक ( पुं. )**

(આત્મચિંતક ૨. સ્વાર્થી)

જે માત્ર પોતાના આત્માનું જ વિચારે તે આત્મચિંતક કહેવાય છે. વ્યવહારસૂત્રમાં બે પ્રકારના આત્મચિંતક કહેલા છે. ૧. પોતાના આત્માની વિશિષ્ટ શુદ્ધિને અર્થે જિનકલ્પ કે યથાલંદકાદિ કલ્પ સ્વીકારવા માટે ઉદ્યત થયેલા મુનિ તથા ૨. ગચ્છ કે સમુદાયમાં રહેવા છતાં પણ સર્વનો વિચાર કરવાના બદલે માત્ર પોતાના સ્વાર્થનો જ વિચાર કરીને તે પ્રમાણેનું વર્તન કરનારા મુનિ. આ બન્ને પ્રકારના સાધુને અયોગ્ય એટલે કે આત્મચિંતક કહેલા છે.

**अत्तछट्ठ - आत्मषष्ठ ( पुं. )**

(સૂત્રકૃતાંગસૂત્રના પ્રથમ ઉદ્દેશામાં કહેલા આત્મષષ્ઠવાદી મત)

જેવી રીતે એક વૃક્ષની અનેક ડાળીઓ હોય છે તેમ પરમાત્માની સ્યાદ્વાદવાણીરૂપી વૃક્ષની અનેક દર્શનોરૂપી ડાળીઓ થયેલી છે. પોતાનો પંથ ચલાવવા માટે ઘણા બધા લોકોએ નવા નવા સિદ્ધાંતો સ્થાપીને પોતાનો ધર્મ ઊભો કર્યો છે. આવા અનેક વાદીઓમાં એક મત આત્મષષ્ઠવાદીનો છે. આત્માને એકાંતે નિત્ય માનનારા તેઓ પંચમહાભૂતની સાથે છઠ્ઠા તત્ત્વ તરીકે આત્માને પણ માને છે.

**अत्तट्ठ - आत्मस्थ ( त्रि. )**

(આત્મામાં રહેનાર, આત્મામાં રહેલું)

વ્યક્તિએ બહાર નજર દોડાવવાની જગ્યાએ પોતાના આત્માની અંદર દૃષ્ટિ નાંખીને આત્મખોજ આદરવાની જરૂર છે. જો એકવાર આત્મામાં રહેલા આનંદનો ખજાનો હાથ લાગી જાય, ત્યારપછી તો તેને મૂડ ફ્રેશ કરવા માટે બહારના પ્રસાધનોની જરૂર ક્યારેય પડવાની નથી.

**★आत्मार्थ ( त्रि. )**

(આત્માનો અર્થ જેમાં રહેલો છે તે, મોક્ષ, સ્વર્ગ ૨. સ્વાર્થ)

માણસ ભગવાન પાસે હંમેશાં પોતાના માટે જ માગતો હોય છે. તે ક્યારેય પણ બીજા માટે વિચારતો જ નથી. માત્રને માત્ર પોતાના જ વિચારો. અરે ભાઇ ! કોઇક દિવસ બીજા કોઇ માટે પણ માગી તો જુઓ, દેખો પછી કેવો આનંદ આવે છે. જીંદગીમાં તમારે પોતાના માટે ક્યારેય માગવુ જ નહીં પડે.

**अत्तट्ठकरणजुत्त - आत्मार्थकरणयुक्त ( त्रि. )**

(આત્માનું હિત કરનાર કારણોથી યુક્ત)

જે યોદ્ધાના હાથમાં હથિયાર હોય તે નિર્ભીક બનીને યુદ્ધ લડી શકે છે. કેમ કે તેને ખબર છે કે જ્યાં સુધી મારા હાથમાં હથિયાર છે ત્યાં સુધી હું ગમે તેવા શત્રુને પહોંચી વળી શકું તેમ છું. તેમ જે જીવ પાસે આત્માનું હિત કરનાર દેવ-ગુરુ અને ધર્મરૂપી કારણો હોય તેને કર્મોનો ડર ક્યાંથી લાગે ?

**अत्तट्ठगुरु - आत्मार्थगुरु ( त्रि. )**

(પોતાના પ્રયોજનવાળો, પોતાના સ્વાર્થમાં ગુરુ-અવ્વલ છે તે, સ્વાર્થનિષ્ઠ)

**अत्तट्ठचिंतग - आत्मार्थचिन्तक ( पुं. )**

(માત્ર પોતાનું જ વિચારનાર, પોતાના અર્થનું ચિંતન કરનાર ૨. પરિહારતપ પ્રતિપન્નનું માત્ર આત્માર્થે ચિન્તન)

**अत्तट्ठिय - आत्मार्थिक ( त्रि. )**

(માત્ર પોતાના માટે કરેલું હોય તે, પોતાનું કરેલ અન્નાદિ)

**अत्तता - आत्मता ( स्त्री. )**

(આત્માનું અસ્તિત્વ, આત્માની હયાતી ૨. પોતે કરેલા કર્મનું પરિણામ)

પિતા પ્રજાપાલે જ્યારે મયણાને પૂછ્યું કે, બોલ તું આપકર્મી કે બાપકર્મી. ત્યારે તેણે જરાપણ ગભરાયા વિના બેધડકપણે કહી દીધું કે હું આપકર્મી છું, હું આજે જે પણ છું તે મારા પોતાના ઉપાર્જિત કર્મોના પરિણામે છું. તમે મારા પૂજ્ય અને ઉપકારી ખરા. કિંતુ મેં જે પણ કળા વગેરે પ્રાપ્ત કરી તેમાં મોટો ભાગ મારા કર્મોએ જ ભજવ્યો છે આપે નહિ.

**अत्तताण - आत्मत्राण ( न. )**

(આત્મરક્ષા, આત્માનું રક્ષણ)

આત્મરક્ષાનો મતલબ બીજાને ભૂલીને માત્ર પોતાનું રક્ષણ કરવું એવો નથી થતો. આત્મરક્ષાનો અર્થ છે દુષ્ટ અધ્યવસાયો, દુષ્ટ કર્મો અને દુષ્ટ સંગતિઓના વાતાવરણથી પોતાના આત્માને દૂર રાખીને સન્માર્ગમાં જોડવો. આત્મરક્ષા કરનાર બીજાની રક્ષા પણ કરી જાણે છે.

**अत्ततासंवुड - आत्मात्मसंवृत ( त्रि. )**

(આત્મા વડે આત્મામાં લીન થયેલું)

**अत्तदुक्कडकारि ( ण् ) - आत्मदुष्कृतकारिन् ( त्रि. )**

(સ્વદુષ્કૃત કરનાર)

સૂયગડાંગસૂત્રના પ્રથમ શ્રુતસ્કંધના આઠમાં ઉદ્દેશામાં કહેલું છે કે જે જીવ દુષ્ટમતિપૂર્વક પાપાચારોમાં પ્રવર્તે છે. તેવો સ્વદુષ્કૃતકારી જીવ કષાયનિમિત્તે લાગતા આઠ કર્મોનો બંધ કરે છે. સાથે સાથે તે જીવ માત્ર બીજાનું જ નહીં કિંતુ પોતાનું ખુદનું પણ અહિત કરે છે.

**अत्तदोस - आत्मदोष ( पुं. )**

(પોતાનો અપરાધ, સ્વદોષ, પોતાની ખામી)

ગૌતમબુદ્ધે પોતાના ઉપદેશમાં કહેલું છે કે, **'अत्त दिवो भव'** અર્થાત્ હે આત્મન્ ! તું ખુદ તારા આત્માનો દીપક બન. તું બીજાની અપેક્ષા ન રાખીશ. કારણે કે કોઇ બીજો આવીને તારા ગુણ-દોષ કહે તેના કરતાં તું સ્વયં જ વધારે સારી રીતે પોતાના આત્માના ગુણો અને ખામીઓને જાણી શકે છે. જરૂર છે માત્ર આત્મચિંતન કરવાની.

**अत्तदोसोवसंहार - आत्मदोषोपसंहार ( पुं. )**

(પોતાના દોષોને દૂર કરવા-અટકાવવા તે ૨. ૩૨ યોગસંગ્રહમાંનો ૨૧મો સ્વકીય દોષ નિરોધ લક્ષણ યોગ)

કર્માધીન જીવની અનાદિકાલીનવૃત્તિ દોષો તરફ જ ગતિ કરવાની છે. પરંતુ સ્વપુરુષાર્થબળે જીવ પોતાના દોષોને અટકાવીને સન્માર્ગ તરફ પ્રવૃત્તિ કરી શકે છે. શાસ્ત્રમાં દ્વારિકા નગરીના જિનદેવનું દૃષ્ટાંત આવે છે. તેના શરીરમાં અસાધ્ય રોગ ઉત્પન્ન થયો. વૈદ્યોએ કહ્યું કે આ રોગ મટાડવાનો એક જ ઇલાજ છે માંસભક્ષણ. જિનધર્મને પામેલા તે શ્રાવકે કોઇપણ સંજોગોમાં તે દોષને

પ્રવેશવા ન દીધો અને શુભ અધ્યવસાયને કારણે તેને કેવલજ્ઞાનની પ્રાપ્તિ થઇ.

**अत्तपण्णह ( ण् ) - आत्त ( प्त ) प्रज्ञाहन् ( पुं. )**

(સ્વ કે પરની હિતકારી સન્મતિને હણનાર પાપશ્રમણ)

ઉત્તરાધ્યયનસૂત્રના સત્તરમા અધ્યયનમાં સદ્શાસ્ત્રોના શ્રવણથી આલોક અને પરલોક સંબંધી હિતબુદ્ધિ જેમને પ્રાપ્ત થઇ છે તેવા જીવોની મતિને હણનાર કે પછી સ્વાર્થવશ મિથ્યામતને ગ્રહણ કરી કુમાર્ગે પ્રવર્તનાર સાધુને પાપશ્રમણ કહેલા છે.

**अत्तपण्णेसि ( ण् ) - आत्मप्रज्ञान्वेषिन् ( पुं. )**

(આત્મહિતની ગવેષણા કરનાર, આત્મજ્ઞાનનો શોધક)

કહેવાય છે ને કે, 'ढूंढने वाले को दुनिया नई मिलती है' જરૂરી તત્ત્વ છે નવું શોધવાની ખેવના અને મહેનત. વાસ્કો દી ગામા અને કોલંબસમાં આવી અદમ્ય ઇચ્છા હતી જેથી તેમને અમેરિકા અને ભારત જેવા દેશો હાથ લાગ્યા. તેમ જો પોતાના આત્માના હિતની ચિંતા હોય તો જે-જે રસ્તાથી આત્માનું હિત થતું હોય તેની ગવેષણા કરવી જોઇએ. યાદ રાખજો! બાહ્ય કૃત્રિમતાને છોડીને જે અભ્યંતર સત્યતાને સ્વીકારે છે તેને રસ્તાઓ જરૂરથી મળી આવે છે.

**★आप्तप्रज्ञान्वेषिन् ( पुं. )**

(સર્વજ્ઞે કહેલા તત્ત્વની ગવેષણા કરનાર, આપ્ત-સર્વજ્ઞની ઉક્તિનું અન્વેષણ કરનાર)

**अत्तपण्हह ( ण् ) - आत्मप्रश्नहन् ( पुं. )**

(આત્માસંબંધી પ્રશ્નને હણનાર, પાપશ્રમણનું એક લક્ષણ)

ઉત્તરાધ્યયનસૂત્રના સત્તરમા અધ્યયનમાં આત્મપ્રશ્નઘ્નીનું કથન કરવામાં આવેલું છે. તેમાં કહેલું છે કે કોઇ ધર્મી જીવ વક્તાને એવો પ્રશ્ન કરે કે શું આત્મા ભવાંતરમાં જવાના સ્વભાવવાળો છે કે નહીં? ત્યારે મિથ્યાત્વથી, ભ્રષ્ટમતિથી કે અજ્ઞાનતાથી કે પછી અતિવાચાલપણે શ્રોતાના એ પ્રશ્નનો છેદ કરતા કહે કે અરે ભાઈ! આત્મા જેવી કોઇ વસ્તુ જ નથી. કેમ કે પ્રત્યક્ષમાં તે દેખાતો જ નથી માટે તમારો પ્રશ્ન અયોગ્ય છે. એમ કહી અન્ય જીવને મતિભ્રમ પેદા કરવો તે પાપ છે.

**अत्तपसण्णलेस्स - आत्मप्रसन्नलेश्य ( त्रि. )**

(જીવને કલુષિત ન કરનાર પીત-પદ્માદિ લેશ્યા જેમાં છે તે)

લેશ્યા બે પ્રકારની છે શુભ અને અશુભ. આ બન્ને પ્રકારની લેશ્યાનો ઉપયોગ મન કરે છે અને આશ્ચર્યની વાત એ છે કે તેનું પરિણામ ભોગવવાનું આત્માને આવે છે. જો શુભલેશ્યાયુક્ત હોય તો સુખની પ્રાપ્તિ આત્માને થાય છે તેમ અશુભ લેશ્યાયુકત હોય તો તેના અકલ્પનીય અશુભ પરિણામ એટલે ફળ આત્માએ જ ભોગવવા પડતા હોય છે. આ તો એવું થયું કે કરે કોઇ અને ભરે કોઇ.

**★आप्तप्रसन्नलेश्य ( त्रि. )**

(પ્રાણીને ઇહલોક પરલોકમાં હિતકારી તેજો-પદ્મ-શુક્લ લેશ્યાથી યુક્ત)

**अत्तभाव - आत्मभाव ( पुं. )**

(સ્વાભિપ્રાય)

આ જગતમાં સાચા-ખોટા કાર્યની સલાહ આપનારા ઘણા બધા લોકો છે. આપણે પણ કાર્યપ્રસંગે તેવાઓની સલાહ લેતા હોઇએ છીએ. દરેક કાર્યમાં ભલે તમે બહારના અનુભવીઓની સલાહ લો. પરંતુ સૌથી સાચી સલાહને માર્ગદર્શન તો તમારો પોતાનો આત્મા જ કરી શકે છે. જે કાર્ય કરતાં તમારું મન આનાકાની કરતું હોય તો સમજી લેવું કે કાર્ય ખોટું છે અને જેમાં તમારા ચિત્તની પ્રસન્નતા રહે તો સમજી લેવું કે તમે સાચા માર્ગે જઇ રહ્યા છો.

**अत्तमइ - आर्तमति ( त्रि. )**

(આર્તભાવમાં મતિ છે જેની, આર્તધ્યાનમાં રહેલું)

**अत्तमाण - आवर्त्तमान ( त्रि. )**

(પરિભ્રમણ કરતો ૨. અભ્યાસ કરતો)

**अत्तमुक्ख - आप्तमुख्य ( पुं. )**

(આપ્તપુરુષોમાં મુખ્ય, કેવલજ્ઞાની)

કેવલજ્ઞાનની પ્રાપ્તિ રાગ-દ્વેષના ક્ષય વિના સંભવતી નથી અને જેમને કેવલજ્ઞાન પ્રાપ્ત થયું છે તેવા કેવલજ્ઞાનીઓમાં રાગ-દ્વેષ અંશમાત્ર પણ સંભવતો નથી. આથી કેવલી ભગવંતો ક્યારેય પણ કોઇનું અહિત થાય તેવા વચનનો કે વ્યવહારનો ઉચ્ચાર કરતા નથી. તેમની વાણી કાયમ બીજાના હિતને અર્થે જ વહેતી હોય છે.

**अत्तय - आत्मज ( पुं., स्त्री. )**

(પુત્ર ર. પુત્રી)

સંસ્કૃતમાં આત્મજની વ્યાખ્યા કરતાં લખ્યું છે કે, જે માતા-પિતાના શરીરમાંથી ઉત્પન્ન થયેલ હોય તે આત્મજ. એટલે એક વાત તો સ્પષ્ટ થાય છે કે પુત્ર-પુત્રીનું શરીર, લોહી યાવત્ શ્વાસ સુધ્ધા માતા-પિતાની દેન છે. છતા પણ આજે જોવા મળે છે કે, માતા-પિતાએ જે પુત્રને અમૂલ્ય જીવન અને વર્ષો સુધી સુખ આપ્યું, તે જ પુત્ર માતા-પિતાને એક પળનું સુખ આપતા પણ ખચકાય છે.

**अत्तलद्धिय - आत्मलब्धिक ( पुं. )**

(આત્મલબ્ધિવાળો, સ્વલબ્ધિવાળો)

ગૌતમસ્વામીએ પ્રભુ વીરને પ્રશ્ન કર્યો, વિભુ! હું મોક્ષમાં જઇશ કે નહીં ? ત્યારે ભગવાને કહ્યું, હે ગૌતમ! જે આત્મા પોતાની લબ્ધિના બળે અષ્ટાપદની યાત્રા કરે છે તે જીવ નિયમા તે જ ભવમાં મુક્તિગામી જાણવો. આ સાંભળતા જ ગૌતમસ્વામી અષ્ટાપદતીર્થે ગયા અને સ્વલબ્ધિબળે સૂર્યના કિરણો પકડીને અષ્ટાપદનો પહાડ ચડીને તીર્થયાત્રા કરી. આવી તો અનેક લબ્ધિઓ ગૌતમસ્વામીમાં સમાયેલી હતી. એથી જ તેમને અનંતલબ્ધિનિધાન કહેવાય છે.

**अत्तव - आर्त्तव ( त्रि. )**

(ઋતુમાં ઉત્પન્ન થયેલા ફળાદિ, ઋતુધર્મ સંબંધી)

પરમાર્હત્ રાજા કુમારપાલે હઠ પકડી કે, જ્યાં સુધી હું છએ ઋતુમાં ઉત્પન્ન થયેલા પુષ્પોથી પરમાત્માની પૂજા ન કરું ત્યાં સુધી મારે અન્ન અને જળનો ત્યાગ. તેઓએ નિર્જળા ઉપવાસ કરીને દેવને પ્રસન્ન કર્યા. જ્યારે દેવે તેમને છએ ઋતુના પુષ્પો લાવીને આપ્યા અને તેમણે તેનાથી પરમાત્માની પૂજા કરી, ત્યારે જ તેમને શાંતિ થઇ. ધન્ય હો આવા જિનોપાસક પરમાર્હત્ મહારાજાને!

**अत्तवयणणिद्देस - आप्तवचननिर्देश ( पुं. )**

(સર્વજ્ઞોક્ત વચનનો નિર્દેશ, સર્વજ્ઞોક્ત આગમ)

શાસ્ત્રમાં આપ્તવચનની વ્યાખ્યા કરતાં લખ્યું છે કે જેમનું વચન છેતરનારું ન હોય તેવું વચન આપ્તવચન બને છે. આજે એવા ઘણા બધા મીઠા બોલાઓ છે કે જેઓ લોકોપદેશ કે સારા-સારા સંબંધો માત્ર પોતાના સ્વાર્થ ખાતર કરતા હોય છે. તેવાઓનું વચન આપ્તવચન નથી બનતું. કિંતુ જે આપ્તપુરુષો છે તેઓ હંમેશાં હિતકારી વચન બોલતા હોય છે. તેઓએ કહેલા વચનરૂપ આગમ સર્વ પ્રાણીઓ માટે શ્રદ્ધેય બને છે.

**अत्त ( प्प ) संजोग - आत्मसंयोग ( पुं. )**

(આત્માનો સંયોગ, ઔપશમિકાદિ ભાવો વડે જીવના સંબંધરૂપ સંયોગનો એક ભેદ)

આત્મા સ્વયં એક દ્રવ્ય હોવા છતાં એકલો રહી શકતો નથી. તે કાયમ અન્ય કોઇ વસ્તુતત્ત્વના સંયોગમાં જ રહે છે. પછી તે ઔપશમિકાદિ શુભ ભાવો સાથેનો સંયોગ હોય કે પછી કૃષ્ણ-નીલ-કાપોતાદિ અશુભ લેશ્યા સાથેનો સંયોગ હોય. યાવત્ મોક્ષમાં એકલો જતો હોવા છતા પણ ત્યાં તેને બીજા અનંતા સિદ્ધોની સાથે જ રહેવું પડે છે. આ આત્મસંયોગ અનાદિકાળથી રહેલો છે.

**अत्तसंपरिगहिय - आत्मसंपरिगृहीत ( त्रि. )**

(આત્મશ્લાઘા કરનાર, સ્વપ્રશંસક)

પોતાના ગુણોનું સ્વયં કીર્તન કરવું અને લોકમાં જાતે જ પોતાના વખાણ કરવા તે આત્મશ્લાઘા છે. હિતકારી મહર્ષિઓએ આત્મશ્લાઘાને દોષ ગણેલો છે. સ્વપ્રશંસા એ આત્મોન્નતિમાં બાધક તત્ત્વ છે. આત્મશ્લાઘા કરનાર પુરુષ પોતે કરેલા સત્કર્મોને ધોઇ નાખે છે. તેથી તેણે કરેલ સદનુષ્ઠાનનું કોઇ જ ફળ પ્રાપ્ત થતું નથી.

**अत्तसक्खिय - आत्मसाक्षिक ( त्रि. )**

(સ્વસાક્ષિક, આત્મા છે સાક્ષી જેનો તે)

ધર્મની પ્રવૃત્તિ સ્વયંના આત્મા માટે કરવાની હોય છે. તે કોઇના ઉપકાર માટે કે કોઇને દેખાડવા માટે કરવાની નથી હોતી. આથી જ તો ધર્મને આત્મસાક્ષિક કહ્યો છે. પોતાના આત્માની સાક્ષીએ ધર્મનું પાલન કરવાનું છે. અધર્મનું આચરણ કરતાં કદાચ કોઇ બીજું દેખે કે ન દેખે પરંતુ તેનો સાક્ષી પોતાનો આત્મા તો બને જ છે. તેને તમે કેવી રીતે ઠગી શકશો ? પરવંચના કરવી જેટલી સહેલી છે એટલી જ કે તેથીય વધુ કઠિન છે આત્મવંચના કરવી તે.

**अत्तसम - आत्मसम ( त्रि. )**

(આત્મતુલ્ય, પોતાની સમાન)

હેમચંદ્રાચાર્યજી મહારાજે યોગશાસ્ત્રમાં જીવદયાનું વર્ણન કરતાં લખ્યું છે કે, '**आत्मवत्सर्वभूतेषु सुखे दुःखे प्रियाप्रिये**' અર્થાત્ સાચી જીવદયાનું પાલન ત્યારે જ શક્ય બને છે કે જે વ્યક્તિ અન્યજીવોને પોતાની સમાન જુએ છે. જે આત્મસમદર્શી છે તે હંમેશાં વિચારે છે કે, જેવો પોતાનો આત્મા છે તેવો જ અન્યનો પણ આત્મા છે. આથી જે વસ્તુ મને નથી ગમતી તે અન્યને પણ ન જ ગમે તે સ્વાભાવિક છે. આથી મારે અન્યને દુઃખ પહોંચે તેવી પ્રવૃત્તિ કરવી ન જોઇએ.

**अत्तसमाहि - आत्मसमाधि ( पुं. )**

(સ્વપક્ષની સિદ્ધિમાં પણ માધ્યસ્થપણે રહીને અન્યને દુઃખ ન પહોંચાડવું તે)

અન્યધર્મીઓ પોતાના પક્ષને સત્ય સાબિત કરવા માટે જે રીતે વાદ-વિવાદ કરે છે. બીજાને જુઠા પાડવા તનતોડ મહેનત કરે છે અને સામેવાળાની લાગણીનો જરાપણ વિચાર કરતા નથી. તે પ્રમાણે પ્રભુ વીરનું વચન કે વ્યવહાર તમને ક્યારેય જોવા કે સાંભળવા નહીં મળે. તમે આગમના પાને પાને જોઇ લો ! તેઓએ પોતાની વાતની રજૂઆત નિષ્પક્ષ રહીને કરી છે. એટલું જ નહીં સાથે સાથે તેઓએ ક્યારેય પણ બીજાને દુઃખ પહોંચે તેવો નિષ્ઠુર વ્યવહાર પણ કર્યો નથી.

**अत्तसमाहिय - आत्मसमाधिक ( पुं. )**

(ચિત્તની સમાધિયુક્ત, માધ્યસ્થભાવયુક્ત, સ્વપક્ષની સિદ્ધિ માટે પણ મધ્યસ્થ રહીને પરને દુઃખ ન પહોંચાડવું તે)

**★आत्मसमाहित ( त्रि. )**

(જ્ઞાન-દર્શન-ચારિત્રમાં સદા ઉપયુક્ત, શુભ વ્યાપારવાળો)

જાત જાતના આસનો કે હઠયોગ કરવા માત્રથી સમાધિની પ્રાપ્તિ નથી થતી. એવા કરતબો તો સર્કસમાં પ્રાણીઓ પણ કરતા હોય છે, છતાં પણ તેઓ અસંતુષ્ટ હોય છે. જે પુરુષની ઉપયોગપૂર્વક મન-વચન-કાયાની સત્પ્રવૃત્તિઓ હોય છે તેને વગર આસનોએ કે યોગોએ સમાધિ પ્રાપ્ત થતી હોય છે. કેમ કે સમાધિનો મતલબ જ છે ચિત્તની પ્રસન્નતા અને જેમની પ્રવૃત્તિ ઉપયોગપૂર્વકની હોય છે તેમનું ચિત્ત હંમેશાં પ્રસન્ન જ હોય છે.

**अत्तसुन्न - आप्तशून्य ( त्रि. )**

(આપ્તવાક્યથી શૂન્ય, તીર્થંકરના સિદ્ધાંતરહિત)

શાસ્ત્રમાં આપ્તની વ્યાખ્યા કરતા લખ્યું છે કે, '**पर अवञ्चका आप्ताः**' અર્થાત્ જેઓ બીજાને કોઇપણ રીતે ઠગતા નથી તેવા પુરુષો આપ્તપુરુષ કહેવાય છે. તેમાં તીર્થંકર પરમાત્મા સર્વોત્કૃષ્ટ આપ્તપુરુષ છે. કારણ કે તેઓનું વચન સર્વથા અવંચક હોય છે. જેઓનું જીવન આવા આપ્તપુરુષના વચન વિનાનું હોય તે જીવ જયાં-ત્યાં ઠગાતો જ હોય છે. પછી તે વ્યવહારિક જગત હોય કે આધ્યાત્મિક જગત.

**अत्त ( आय ) हिय - आत्महित ( न. )**

(આત્મહિત, આત્મકલ્યાણ)

સૂયગડાંગસૂત્રના પ્રથમ શ્રુતસ્કંધના બીજા અધ્યયનના બીજા ઉદ્દેશામાં કહેલું છે કે, જેણે કોઇપણ પ્રકારનું ધર્માનુષ્ઠાન નથી કર્યું તેવો જીવ સમુદ્ર જેવા અગાધ સંસારસાગરમાં ભમતા ભમતા ઘણા દુઃખે કરીને આત્મહિત તો પામે છે પણ ક્લેશ ઘણો પામે છે.

**अत्ता ( देशी-स्त्री. )**

(માતા ૨. સાસુ ૩. ફોઈ ૪. સખી)

કોઈક ચિંતકે સાચું જ લખ્યું છે કે, આ જગતમાં જેવું પરમ સુખ અને શાંતિ માતાના ખોળામાં મળે છે તે બીજે ક્યાંય ન મળે. તેનું કારણ એક જ છે કે માતા સિવાયના લોકો તરફથી મળતું સુખ સ્વાર્થ અને મતલબથી ભરેલું હોય છે. જ્યારે માતાને પોતાનો બાળક ગમે તેવું હોય તો પણ તેના પ્રત્યે એક સમાન પ્રેમ વહેતો હોય છે. તેમાં કોઇ સ્વાર્થ નથી હોતો. તીર્થંકર પરમાત્મા આવી જ કરુણામયી માતા છે. તેમની અમાપ અમીદૃષ્ટિ જગતના સર્વ જીવો પર એક સરખી વરસતી હોય છે.

**अत्तागम - आत्मागम ( पुं. )**

(અપૌરુષેય આગમ, આપ્તાગમ)

આગમ ત્રણ પ્રકારના કહેલા છે. ૧. આત્માગમ કે આપ્તાગમ ૨. અનંતરાગમ અને ૩. પરંપરાગમ. તેમાં જે અનાદિશુદ્ધ હોય, આત્મામાં સ્વતઃ ઉત્પન્ન થયેલું હોય અને જે અપૌરુષેય એટલે કે અનિર્મિત હોય તેવું શાસ્ત્ર આત્માગમ કહેવાય છે.

**अत्ताण - अत्राण ( त्रि. )**

(રક્ષણરહિત, અનર્થના પ્રતિઘાતકથી વર્જિત, જેનું કોઇ જ રક્ષક નથી તે ૨. ખભા પર લાકડી રાખીને જનાર મુસાફર)

જે સંસારમાં ખૂંપેલો છે અને ભયભીત છે તેવા જીવોને આત્મરક્ષણ માટે બોડીગાર્ડની જરૂર પડે છે. જ્યારે પરમાત્માનું શરણું સ્વીકારીને ભયમુક્ત બની ગયેલા નિર્ભય મુનિ દુન્યવી રક્ષણથી રહિત હોય છે. તેને બીજા કોઇ રક્ષકોની જરૂર પડતી નથી.

**अत्ताहिड्डिअ - आत्मार्थिक ( त्रि. )**

(આત્મસ્વરૂપની પ્રાપ્તિવાળો ૨. સ્વલબ્ધિવાળો)

જેમણે માત્ર મન-વચન અને કાયા પર કાબૂ મેળવ્યો છે તેવા યોગીઓને પ્રાપ્ત થયેલી આત્માનુભૂતિ જો તેમને અલભ્ય સિદ્ધિઓ અપાવે છે તો પછી જેમણે સ્થૂલ અને સૂક્ષ્મ એમ બન્ને પ્રકારે ત્રણેય યોગોનો ક્ષય કર્યો છે તેવા કેવલી અને સિદ્ધ ભગવંતોના આત્મિકસુખ અને મોક્ષસુખની તો વાત જ શી કરવી ?

**अत्ति - आप्ति ( स्त्री. )**

(પ્રાપ્તિ, ઉપલબ્ધિ, રાગ-દ્વેષ મોહાદિનો આત્યન્તિક કે એકાન્તિક ક્ષય હોય તે)

**अत्तिज्ज ( य ) - आत्रेय ( पुं. )**

(તે નામના ઋષિ, અત્રિના વંશમાં ઉત્પન્ન થયેલ ઋષિ)

**अत्तीकरण - आत्मीकरण ( न. )**

(પોતાનું કરી લેવું તે, આત્મસાત્ કરવું તે ૨. સ્વવશ કરવું તે, પોતાના કબજામાં લેવું તે)

નિશીથચૂર્ણિ આદિ ગ્રંથોમાં શ્રમણને શાસન પ્રભાવના, રક્ષા જેવા વિશિષ્ટ કાર્યો સિવાય ચૂર્ણ પ્રયોગ, યંત્ર પ્રયોગ કે પછી વશીકરણાદિ તંત્ર પ્રયોગ કરવાનો નિષેધ કરવામાં આવ્યો છે. જો સામાન્ય સંજોગોમાં પણ મંત્રાદિના ઉપયોગની મનાઇ ફરમાવવામાં આવી છે તો પછી સ્વાર્થથી રાજા વગેરેને પોતાના વશમાં કરવાના પ્રયત્નનો તો સુતરાં નિષેધ થઇ જ જાય છે. છતાં એવું કરનારા સાધુ માટે પ્રાયશ્ચિત્તનું વિધાન કરેલું છે.

**अत्तुक्करिस - आत्मोत्कर्ष ( पुं. )**

(પાંચમું ગૌણમોહનીયકર્મ ૨. 'હું જ સિદ્ધાન્તવેત્તા છું બીજો કોઈ નથી' એવું આત્મશ્લાઘાવાળું અભિમાન)

**अत्तुक्कोसिय - आत्मोत्कर्षिक ( पुं. )**

(ગર્વિષ્ઠ, અભિમાની, સ્વપ્રશંસા કરનાર)

સૂક્તાવલિમાં એક પદ આવે છે 'ગરવ કીયો સો નર હાર્યો' જે પણ વ્યક્તિ પોતાને મળેલા ગુણનું અભિમાન કરે છે. તેના પર ગર્વ કરે છે તે તુરત એ ગુણથી ભ્રષ્ટ થાય છે. રાવણને રામે તો પછી માર્યો હતો પરંતુ તેના અભિમાને સહુથી પહેલા તેના ગુણોને અને તેનામાં વસેલી માનવતાને મારી નાખ્યાં હતાં.

**अत्तोवणीय - आत्मोपनीत ( न. )**

(પોતાના વડે નિયોજાયેલ, પોતાના ખુદના આત્મા વડે લવાયેલ)

શ્રમણે કે ગૃહસ્થે એવું વર્તન ક્યારેય પણ ન કરવું જોઈએ કે જેથી સ્વયં પોતાનું નુકશાન થાય. શાસ્ત્રમાં પિંગલનું દૃષ્ટાંત આવે છે. રાજાએ પિંગલને પૂછ્યું કે ગામમાં જે તળાવ છે તેને કેવી રીતે જલપ્રચુર રાખી શકાય. પિંગલે જવાબ આપ્યો. મહારાજ ! કોઈ પીળા વર્ણવાળા પુરુષનો બલિ અપાય તો તળાવ જલપ્રચુર રહે. આખા દેશમાં પિંગલ સિવાય પીતવર્ણીય કોઈ નહોતું આથી રાજાએ તેનો જ બલિ આપ્યો. માટે પોતાના ખુદના વડે જ પોતાનું અહિત થાય તેવું વર્તન કરવું જોઈએ નહિ.

**अत्थ - अर्थ ( पुं. )**

(ધન, સંપત્તિ ૨. અભિપ્રાય, મતલબ, સારાંશ ૩. યાચવું કે માગવું તે)

દશવૈકાલિકસૂત્રની ટીકામાં ધન માટે કહેલું છે કે, **'धिग्द्रव्यं दुःखवर्द्धनं'** એકમાત્ર દુઃખની વૃદ્ધિ કરનારા ધનને ધિક્કાર થાઓ. કેમ કે ધન મેળવવામાં દુઃખ, મેળવેલા ધનના રક્ષણમાં દુઃખ, ધનના આયમાં દુઃખ અને તેના વ્યયમાં પણ દુઃખ જ રહેલું છે. આથી અનીતિવર્ધક ધન પાસેથી સુખની અપેક્ષા રાખવી નિરર્થક છે. અર્થ શબ્દના ૪, ૬ કે ૬૪ અર્થભેદો ટીકાકારે કરેલા છે.

**★अस्त ( पुं. )**

(મેરુ પર્વત ૨. આથમેલું, અવિદ્યમાન)

**★अस्त्र ( न. )**

(ફેંકવા યોગ્ય બાણ વગેરે હથિયાર, પ્રહાર કરનાર આયુધ માત્ર)

હથિયારના બે પ્રકાર પાડવામાં આવેલા છે ૧. અસ્ત્ર અને ૨. શસ્ત્ર. દુશ્મનને મારવા માટે જે હથિયારનો ઉપયોગ ફેંકીને કરવામાં આવે તેને અસ્ત્ર કહેવાય છે. ધનુષ્ય, ભાલો વગેરે અને જે હથિયારનો ઉપયોગ ફેંકીને ન કરતા હાથોહાથ પ્રયોગ કરવામાં આવે તેને શસ્ત્ર કહેવાય છે. જેમ કે તલવાર, ગદા વગેરે.

**अत्थअवगम - अर्थावगम ( पुं. )**

(ધનનું જ્ઞાન, ધનપ્રાપ્તિનું જ્ઞાન)

**अत्थंगय - अस्तंगत ( त्रि. )**

(અસ્ત પામેલું, આથમી ગયેલું)

સુખ-દુઃખ, હર્ષ-શોક, ઉદય-અસ્ત, જન્મ-મરણ આ બધા સતત ફરતા ચક્રો છે. સુખની સાથે દુઃખ, ઉદયની સાથે અસ્ત અને જન્મ સાથે મરણ રહેલું જ છે. સવારે ઉદય પામેલો સૂર્ય સાંજે અસ્ત થઈ જવાનો છે અને સાંજે અસ્ત પામેલ સૂર્ય ફરી પાછો બીજા દિવસે ઉદિત થવાનો છે. માટે જે વ્યક્તિ જીવનની આ પ્રક્રિયાઓને સ્પષ્ટપણે સમજી લે તેને પોતાના વર્તમાન જીવનથી કોઈ ફરિયાદ રહેતી નથી.

**अत्थंतर - अर्थान्तर ( न. )**

(બીજો અર્થ ૨. બીજું કારણ ૩. અસંબદ્ધ વાક્ય ૪. અસત્યનો એક ભેદ)

નૈયાયિકો એવું માને છે કે પોતે જે સિદ્ધાંતની સ્થાપના કરી હોય તેની સિદ્ધિ કરી શકે તેવા જ દૃષ્ટાંતો કે વાક્યનો પ્રયોગ થવો જોઈએ. જો પોતે સ્થાપન કરેલા ઉદ્દેશ્યની સિદ્ધિ માટે પ્રયોગ કરેલા વાક્યથી અસંબદ્ધ વાક્યની રજૂઆત થાય તો તે અર્થાન્તર થઈ જાય છે. તેથી એવા વાક્ય સ્વોદ્દેશ્યની સ્થાપના માટે અયોગ્ય ગણાય છે.

**अत्थंतरुब्भावणा - अर्थान्तरोद्भावना ( स्त्री. )**

(અસત્યવચનનો એક ભેદ, જેમ કે ઈશ્વર ક્રોધાદિ કષાયવાળા અને પ્રછન્નપાપવાળા આ જગતનો કર્તા છે.)

**अत्थकंखिय - अर्थकाङ्क्षित ( त्रि. )**

(ધનમાં આસક્તિવાળો)

જો માત્ર ધન-સંપત્તિથી જ જગતનું કલ્યાણ થવાનું હોત તો પ્રભુ વીરે દેવોને આદેશ કરી દીધો હોત કે દરેકના ઘરમાં કરોડો રૂપિયા વર્ષાવો. પરંતુ સર્વજ્ઞ વીરને ખબર હતી કે ધનથી ક્યારેય કોઈનું હિત નથી થવાનું. પૈસાથી તો માત્ર આસક્તિ જ વધવાની છે.

ધનાસક્ત વ્યક્તિ ક્યારેય આત્મોન્નતિ તરફ જવાનો નથી. જગતનું હિત છે તો માત્ર ઉપદેશથી જ. આથી જ તો પરમાત્માએ સાડા ઓગણત્રીસ વરસ સુધી ધર્મદેશનાનો ધોધ વરસાવ્યો.

**अत्थकप्पिय - अर्थकल्पित ( पुं. )**

(આવશ્યકાદિ સૂત્રોને ભણેલો)

બૃહત્કલ્પભાષ્યના પ્રથમ ઉદ્દેશામાં કહેલું છે કે જે શ્રમણ છેદસૂત્રોને છોડીને આવશ્યકાદિ સૂત્રો ભણેલો હોય તે, સૂત્રાર્થનો જ્ઞાતા થાય છે અને તે અન્યને ભણાવવાનો અધિકારી બને છે. જ્યારે છેદસૂત્રો ભણેલ હોવા છતાં જો તેની પરિણતિમાં ન આવ્યું હોય તો તે અન્યને ભણાવી શકતો નથી. પરંતુ જ્યારે સૂત્રો પરિણત થાય ત્યારે જ તે અન્યને ભણાવવાનો અધિકારી બને છે.

**अत्थकय - अर्थकृत् ( स्त्री. )**

(ધનકારક ૨. હેતુકારક)

**अत्थकर - अर्थकर ( पुं. )**

(ધનાર્જન કરનાર, ધનોપાર્જનશીલ)

આવશ્યકસૂત્ર પર મલયગિરિ મહારાજે રચેલી ટીકાના દ્વિતીય ખંડમાં કહેલું છે કે, વિચિત્ર સ્વભાવવાળા પ્રશસ્ત કર્મોના ક્ષયોપશમના કારણે ઉત્પન્ન થયેલ વિદ્યા-બુદ્ધિથી જે વ્યક્તિ ધનને પ્રાપ્ત કરવાના સ્વભાવવાળો હોય તે અર્થકર કહેવાય છે.

**अत्थकहा - अर्थकथा ( स्त्री. )**

(અર્થકથા, ધનસંબંધી વાર્તા, લક્ષ્મીપ્રાપ્તિના ઉપાયોનું પ્રતિપાદન કરનારા વાક્ય પ્રબંધવાળી કથાનો પ્રકાર)

એકમાત્ર ધનપ્રાપ્તિના ઉપાયરૂપ ધાતુવાદની સિદ્ધિ, વિદ્યાસિદ્ધિ વગેરેની ચર્ચા કે વાર્તાલાપને અર્થકથા કહેવાય છે. કેમ કે તે કથા માત્ર ધનપ્રધાન હોય છે. જૈનકુળમાં જન્મેલા શ્રાવકને દેરાસર, ઉપાશ્રયાદિ ધર્મ સ્થાનોમાં અને નિષ્પરિગ્રહી સાધુને સર્વથા આવી અર્થકથા કરવાનો નિષેધ કરવામાં આવ્યો છે.

**अत्थकामय - अर्थकाम ( त्रि. )**

(ધનની ઇચ્છાવાળો, ધનની વાંછા કરનાર)

સંસારમાં રહેલા દેશવિરતિધર શ્રાવક માટે સર્વથા ધનનો ત્યાગ કરવો અશક્ય છે. માટે શાસ્ત્રકારોએ તેની આજીવિકાની ચિંતા કરીને કયા માર્ગેથી ધન કમાવવું તેનો પણ નિર્દેશ કરેલો છે. સાથે સાથે એ વાત પણ જણાવી દીધી છે કે શ્રાવકે એટલા જ ધનની વાંછા કરવી જેનાથી તેનો નિર્વાહ થઇ શકે, જેથી તેના ચિત્તની પ્રસન્નતા જળવાઈ રહે. કિંતુ તેનાથી અધિક ધનની વાંછા કરનાર ક્યારેય ધર્મારાધના કે આત્મિક સુખ પ્રાપ્ત કરી શકતો નથી.

**अत्थकिरिया - अर्थक्रिया ( स्त्री. )**

(સુખ અને દુ:ખનો ઉપભોગ ૨. પદાર્થથી થવાવાળી ક્રિયા)

બુદ્ધિશાળી પુરુષોએ એવા કાર્યમાં પ્રવૃત્ત થવું જોઇએ કે જે પોતાના પ્રયોજનને સિદ્ધ કરી આપે. નિષ્ફળ ક્રિયામાં પ્રવૃત્ત જીવ ક્યારેય પોતાના ઇચ્છિતને પ્રાપ્ત કરતો નથી. યોગશતકાદિ ગ્રંથોમાં પણ કહેલું છે કે યોગીપુરુષે કુશલ અનુબંધ કરાવનાર અનુષ્ઠાન આચરવું જોઇએ.

**अत्थकिरियाकारि ( ण् ) - अर्थक्रियाकारिन् ( त्रि. )**

(સુખ અને દુ:ખનો ઉપભોગ કરનાર ૨. પ્રયોજનને સિદ્ધ કરનારી ક્રિયા કરનાર)

**अत्थकुसल - अर्थकुशल ( पुं. )**

(ધનોપાર્જનમાં પ્રવીણ ૨. પ્રવચનકુશલ)

ગૃહસ્થ માત્ર ધનોપાર્જનમાં જ કુશલ ન હોવો જોઇએ તે શાસ્ત્રોના અર્થનો જાણકાર પણ હોવો જોઇએ. જે સિદ્ધાંતો અને તેના અર્થને સારી રીતે જાણે છે તેને પણ અર્થકુશલ કહેલો છે. જેમ ધનોપાર્જનને જાણનાર તેના માધ્યમથી ભૌતિક સુખની પ્રાપ્તિ કરે છે તેવી રીતે શાસ્ત્રોના રહસ્યોને જાણનાર પ્રવચનકુશલ શ્રાવક આત્મિક ઋદ્ધિને ભોગવે છે.

**अत्थक्क - अकाण्ड ( न. )**

(અચાનક, પ્રસંગ વગર, કસમય, અવસર સિવાય)

ગુજરાતીમાં એક કહેવત છે કે 'લગનના ગાણા લગન વખતે જ શોભે' અર્થાત્ લગ્નના ગીતો લગ્નના પ્રસંગે જ ગવાય. તે સિવાય કોઇ ગાય તો તેને આપણે મૂર્ખ ગણીએ છીએ. અકાળે પડેલા વરસાદને પણ લોક મેઘરાજ કહેવાની જગ્યાએ માવઠું કહીને તિરસ્કારે છે. આ વાત સાબિત કરે છે કે, કોઇ પણ વ્યવહાર કે વર્તન તેના પ્રસંગે જ શોભા આપે છે. જેમ કે ધર્મ માટેનો સુઅવસર મનુષ્યભવ છે.

**अत्थक्कजाया - अकाण्डयाञ्चा ( स्त्री. )**

(અકાળ પ્રાર્થના, પ્રસંગ વગરની માગણી)

અડધી રાત્રે પડોશી તમારી પાસે આવીને એક વાટકી ખાંડની માગણી કરે તો સાચું બોલજો તમને તેના પ્રત્યે ચીડ ચડશે કે નહીં? મનમાં થશે કે આ તે કંઈ ટાઈમ છે વસ્તુ માગવાનો ? આટલી વ્યવહારિકતા સમજનારા આપણે જ્યારે ને ત્યારે પરમાત્મા પાસે કંઈને કંઈ માગતા જ ફરીએ છીએ. કોઇ દિવસ એમ નથી થતું કે શું પરમાત્માના દર્શન માત્ર પોતાની માગણીઓ માટે જ છે? ક્યારેય શુદ્ધભાવે માગણી રહિતપણે પ્રભુના દર્શન કર્યા છે? ન કર્યા હોય તો કરો. અભુતપૂર્વ આનંદ અનુભવાશે.

**अत्थगवेसि ( ण् ) - अर्थगवेषिन् ( त्रि. )**

(ધનનું અન્વેષણ કરનાર, ધનને શોધનાર)

**अत्थग्गहण - अर्थग्रहण ( न. )**

(પદાર્થનું જ્ઞાન, પદાર્થનો નિશ્ચય કરવો તે)

બૃહત્કલ્પભાષ્યમાં કહેલું છે કે જે રીતે બળદ જ્યારે ચારો ચરે છે ત્યારે તે સરસ-નીરસનો ભેદ કર્યા વિના બધું ચરી લે છે. ત્યારબાદ એક સ્થાને બેસીને ચારાને સારી રીતે પચાવવા વાગોળતો જાય છે. તેવી રીતે શ્રમણ પ્રથમ ગુરુ પાસેથી સર્વે પ્રકારના સૂત્રોને ગ્રહણ કરે છે અને ત્યાર પછી તે ભણેલા સૂત્રોના સારભૂત પદાર્થોને ચિંતન મનન પૂર્વક આત્મસાત્ કરે છે.

**अत्थजाय - अर्थजात ( न. )**

(જમીન-પશુ-પંખી-ઘાસ વગેરે પદાર્થોનો સમૂહ, વસ્તુઓનો સંગ્રહ)

સમયના તકાજાને જાણનાર કબાડી દરેક પ્રકારની વસ્તુઓનો સંગ્રહ કરે છે. કેમ કે તેને ખબર છે કે કઈ વસ્તુનું કેટલું મહત્ત્વ છે અને કયા સમયે તેનો ઉપયોગ થઇ શકે છે. તેવી રીતે આ જગતમાં જાત જાતના અને ભાત ભાતના જીવો છે. તે દરેકમાં ગુણ-દોષની માત્રા રહેલી જ હોય છે. તેથી જિનશાસન પામેલાને એવી સૂઝ હોય છે કે ભલે અત્યારે તેનામાં દોષ હોય, પણ કાલે કોને ખબર કે એમાંનો કોઈક જીવ તીર્થંકરાદિ નહીં હોય ? અર્થાત્ હોઈ શકે છે. આથી તે બધા જીવો સાથે પ્રેમપૂર્વક વર્તે છે.

**अत्थजुत्ति - अर्थयुक्ति ( स्त्री. )**

(ઉપાદેયરૂપ અર્થ-દ્રવ્યનું સંયોજન)

**अत्थजोणि - अर्थयोनि ( स्त्री. )**

(ધન પ્રાપ્તિના સ્થાન, પૈસા મેળવવાના સામાદિ ઉપાય)

સ્થાનાંગસૂત્રના ત્રીજા ઠાણના ત્રીજા ઉદ્દેશામાં કહેલું છે કે, અર્થયોનિ ત્રણ પ્રકારે છે ૧. સામ ૨. દંડ અને ૩. ભેદ અર્થાત્ ધન પ્રાપ્તિ માટેના સામાદિ ત્રણ રસ્તા છે. એ ત્રણ માર્ગથી જીવ ધન પ્રાપ્ત કરી શકે છે. જે વિવેકી પુરુષ છે તે આ ત્રણમાંથી નિર્દોષ અને યોગ્ય માર્ગને જ પસંદ કરે છે.

**अत्थण - अर्थन ( न. )**

(જ્ઞાનાદિ ગુણોનું અર્જન કરવુ તે ૨. યાચના, પ્રાર્થના)

ઉત્તરાધ્યયનસૂત્રમાં કહેલું છે કે અન્ય આચાર્ય પાસેથી જ્ઞાનાદિ ગુણોનું અર્જન કરવું તે અર્થન કહેવાય છે. પોતાના સમુદાયમાં કોઇ વિશિષ્ટ જ્ઞાની કે ચારિત્રીના અભાવમાં જ્ઞાન-ચારિત્રાદિની પ્રાપ્તિ માટે બીજા ગચ્છના આચાર્યાદિ પાસે જઇને તે ગુણોને મેળવવા જોઇએ. આ એક પ્રકારનો ઉપસંપદા વ્યવહાર છે.

**अत्थणय - अर्थनय ( पुं. )**

(માત્ર અર્થનું પ્રાધાન્ય બતાવનાર નય, અર્થપ્રધાન નય)

સપ્ત નયગત ઋજુસૂત્રનય સુધીના ચાર નય અર્થબોધને પ્રાધાન્ય આપે છે. આ નય શબ્દ અને અર્થમાં શબ્દને છોડીને તેના અર્થને પ્રધાન ગણે છે. તે એવું માને છે કે કહેવાતા શબ્દોનું સર્જન પણ અર્થને આશ્રયીને જ થાય છે. કેમ કે વક્તાના મનમાં પ્રથમ અર્થો આવે છે અને ત્યાર બાદ શબ્દોરૂપે તેનું કથન થાય છે. માટે શબ્દો તે ગૌણ છે અને ખરું પ્રાધાન્ય તેના અર્થોનું જ છે. આ રીતે નૈગમ, સંગ્રહ, વ્યવહાર અને ઋજુસૂત્ર એ ચાર નય અર્થપ્રાધાન્યવાળા છે.

**अत्थणाण - अर्थज्ञान ( पुं. )**

(અભિધેય પદાર્થનું જ્ઞાન, કથ્ય વસ્તુનો અવબોધ)

**अत्थणिऊर - अर्थनि ( कुर ) पूर ( न. )**

(અર્થનિકુરાંગને ૮૪ લાખે ગુણતા જે સંખ્યા આવે તે પ્રમાણ કાળવિશેષ)

**अत्थणिऊरंग - अर्थनिपूराङ्ग ( निकुराङ्ग ) ( न. )**

(નલિનને ૮૪ લાખે ગુણતા જે સંખ્યા આવે તે પ્રમાણ કાળવિશેષ)

**अत्थणिज्जावणा - अर्थनिर्यापणा ( स्त्री. )**

(અર્થનિર્યાપણા નામક વાચના સંપદાનો એક ભેદ, જેમાં નય પ્રમાણનું અનુસરણ કરી સૂત્રાર્થનું કથન કરાય છે.)

પૂર્વાપર સંગતિવાળું જ્ઞાન સ્વયં જે ભણ્યા હોય તે જ જ્ઞાન બીજા સુધી પોહોંચાડવું તેને નિર્યાપના કહેવાય છે. જેમ ધન સંપત્તિના પ્રકારમાં આવે છે તેમ જ્ઞાન પણ એક પ્રકારની સંપત્તિ જ છે. જેવી રીતે ધનના દાનથી લોક કલ્યાણ કરી શકાય છે તેવી રીતે જ્ઞાનદાનથી આત્મકલ્યાણ કરાવી શકાય છે. એટલા માટે જ વાચના દ્વારા કરાતા જ્ઞાનદાનને વાચનાસંપદ્ કહેવાય છે. વક્તા સ્વયં જે સૂત્રો અને તેના અર્થને જાણે છે તે જ્ઞાનપિપાસુ જીવોમાં ઉપદેશ દ્વારા તેઓમાં નિર્યાપના કરે છે.

**अत्थणियत - अर्थनियत ( त्रि. )**

(પદાર્થનો હેતુ, કારણ ૨. પદાર્થનો મૂલાધાર)

મકાનનું આયુષ્ય તેના પાયાની મજબૂતાઇ પર આધાર રાખે છે. પાયો જેટલો વધુ મજબૂત મકાનનું આયુષ્ય તેટલું વધારે જાણવું. તેવી રીતે સૂત્રો અને તેના અર્થોની ગ્રાહ્યતા તેના વક્તા પર આધાર રાખે છે. વક્તાનું જીવન જેટલું શુદ્ધ તેનું વચન તેટલું જ લોકગ્રાહ્ય બને છે. લોકોક્તિમાં પણ કહેવાયું છે કે 'પુરુષ વિશ્વાસે વચન વિશ્વાસ' સામે કહેનાર વક્તા કોણ છે અને કેવો છે તેના પરથી શ્રોતાઓને વક્તાના વચન પર વિશ્વાસ બેસે છે.

**अत्थत्थिअ - अर्थार्थिन् ( त्रि. )**

(ધનની ઇચ્છાવાળો, ધન માંગનાર ૨. મતલબી, સ્વાર્થ માટે પ્રયત્ન કરનાર)

કુદરતનો એક નિયમ છે કે જે વ્યક્તિ બીજા કોઇનું ન વિચારતા માત્ર પોતાના સ્વાર્થનો જ વિચાર કરે છે તેના માટે કુદરત પણ વિચાર કરતી નથી. પરંતુ જેઓ માત્ર પરાર્થ માટે જીવતા હોય છે તેને કુદરત ખોબે ને ખોબે આપે છે. તેનું પ્રત્યક્ષ ઉદાહરણ ધરતી પર લોકહિત માટે વિહરનારા શ્રમણો છે. તેમના માટે આખું જગત પોતાનું બની જાય છે. તેઓ જન્મ્યા ભલે એક ઘરે હોય કિંતુ તેમનું મરણ આખા વિશ્વને રડાવે છે.

**अत्थदंड - अर्थदण्ड ( पुं. )**

(શરીરાદિના નિર્વાહ અર્થે થતો કર્મબંધ, સ્વાર્થ હેતુ દંડાવું તે)

**अत्थदायि ( ण् ) - अर्थदायिन् ( त्रि. )**

(સૂત્રના અભિધેયાર્થને આપનાર)

એક નાનકડી કળા શીખડાવનાર વ્યક્તિને પણ શાસ્ત્ર ગુરુપદે સ્થાપે છે. તો પછી સંસારના કારણભૂત કર્મોનો હ્રાસ કરનાર એવા સૂત્ર અને તેના અર્થને આપનાર વાચનાચાર્ય તો પરમગુરુ કહેવાય. માટે સૂત્રાર્થનો ઉપદેશ આપીને લોકહિત કરનાર શ્રમણ ભગવંતને હંમેશાં મન-વચન-કાયાથી વંદન કરજો.

**अत्थधम्मब्भासाणवयेत्त - अर्थधर्माभ्यासानपेतत्व ( न. )**

(અર્થધર્મથી બંધાયેલો એક પ્રકારનો સત્યવચનાતિશય)

**अत्थधर - अर्थधर ( पुं. )**

(સૂત્રના અર્થને ધારણ કરનાર)

જિનશાસનમાં પૂર્વના સમયે સૂત્રો લિપિબદ્ધ કરવામાં આવતા નહોતા. જો કોઈ સૂત્ર લખે તો તેનું પ્રાયશ્ચિત્ત લેવું પડતું હતું. એટલે શિષ્યો ગુરુ દ્વારા પ્રાપ્ત સૂત્રોને કંઠસ્થ કરતા હતા અને પછી તેના અર્થોનું જ્ઞાન પ્રાપ્ત કરી સૂત્રાર્થના જ્ઞાતા બનતા હતા. એ અર્થમાં આગમોમાં કહેવાયું છે કે, સાધુઓએ પ્રથમ સૂત્રાર્જન કરવું પછી અર્થાર્જન કરીને તદુભયાન્વિત થવું.

**अत्थपज्जय - अर्थपर्याय ( पुं. )**

(પદાર્થના એકદેશના પ્રતિપાદક પર્યાય, અર્થરૂપ પર્યાય ૨. જે અર્થના વિષયને જાણે તે)

**अत्थपडिवत्ति - अर्थप्रतिपत्ति ( स्त्री. )**

(અર્થનું જ્ઞાન, પદાર્થનો બોધ)

સૂત્રોનું વિસ્તૃતીકરણ એટલે અર્થનું કથન. પરમાત્માએ દેશનામાં કહેલા વિશાળ અને ગહન અર્થોના બોધ માટે ગણધર ભગવંતો તે અર્થોના સંક્ષેપીકરણભૂત સૂત્રોની રચના કરે છે, પછી શિષ્યપરંપરા તેનું અધ્યયન કરે છે. અભ્યાસ ભલે સૂત્રોનો કરવાનો હોય, પરંતુ ચિંતન તો પદાર્થોનું જ કરવાનું હોય છે. આ ચિંતન ત્યારે જ શક્ય બને છે જ્યારે પદાર્થોનો બોધ થયેલો હોય.

**अत्थपय - अर्थपद ( न. )**

(ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્ત સત્ ઇત્યાદિની જેમ અર્થપ્રધાન પદ)

વિશેષાવશ્યક ભાષ્યમાં જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ ભગવંતે કહેલું છે કે જે પદાર્થમાં ઉત્પત્તિ, વિનાશ અને ધ્રુવતા આ ત્રણ ગુણધર્મો રહેલા હોય તે જ સત્ છે. આવા અર્થનું પ્રતિપાદન કરનારા પ્રધાન પદ હોય તેને અર્થપદ કહેવાય છે.

**अत्थपिवासिय - अर्थपिपासित ( त्रि. )**

(ધનની આકાંક્ષાવાળો, અપ્રાપ્ત દ્રવ્યની પ્રાપ્તિની તૃષ્ણાવાળો)

ભગવતીસૂત્રના પંદરમાં શતકના પ્રથમ ઉદ્દેશામાં અર્થપિપાસિત શબ્દની વ્યાખ્યા કરતાં લખ્યું છે કે **'अप्राप्तार्थविषय- सञ्जाततृष्णो'** અર્થાત્ જે પદાર્થ પ્રાપ્ત નથી થયો અથવા પ્રાપ્ત થવાનો જ નથી તેવા પદાર્થોની તીવ્ર વાંછા તે અર્થપિપાસા છે. આવી અર્થપિપાસા ક્યારેય શાંત થઇ નથી અને થવાની પણ નથી માટે તેની અપેક્ષા રાખનાર હંમેશાં દુઃખી જ થાય છે.

**अत्थपुरिस - अर्थपुरुष ( पुं. )**

(ધનાર્જન માટે તત્પર થયેલા પુરુષનો એક ભેદ)

ગૌતમકુલકમાં કહેલું છે કે, **'लुद्धा नरा अत्थपरा हवंति'** જે લોભી પુરુષ હોય છે તે નિયમા ધનાર્જનમાં જ રચ્યા-પચ્યા રહેતા હોય છે. દિવસ-રાત, ભૂખ-તરસ. ધર્મ-પરિવાર તેઓ માટે ગૌણ હોય છે. મુખ્ય હોય છે એકમાત્ર પૈસો. મમ્મણ શેઠની જેમ તેઓ પોતાના શરીર પ્રત્યે પણ નિર્મોહી હોય છે. શાસ્ત્રમાં આવા પુરુષોને અર્થપુરુષ કહેલા છે.

**अत्थपुहत्त - अर्थपृथक्त्व ( न. )**

(કિંચિત્ ભિન્નાર્થવાળું સૂત્ર, સૂત્રાર્થ લક્ષણ ઉભયરૂપ શ્રુતજ્ઞાનમાં અર્થનું ભિન્નત્વ હોય તે)

**अत्थपुहुत्त - अर्थपृथुत्व ( न. )**

(જીવાદિ પદાર્થોના વિસ્તારવાળું શ્રુતજ્ઞાન, સામાન્ય શ્રુતજ્ઞાન)

આગમો ઉપર પૂર્વાચાર્યોએ વિવિધ પ્રકારની ટીકાઓ રચી છે. વિશિષ્ટ પ્રતિભાઓના સ્વામી એવા શ્રમણોએ આગમ પદાર્થોને ખોલવા માટે બૃહત્ ટીકાઓનું નિર્માણ પણ કરેલું છે. આગમોની ટીકાઓમાં આચાર્ય મલયગિરીજી મહારાજની ટીકાને અતિવિસ્તૃત ગણવામાં આવે છે. તેઓએ પોતાની ટીકાઓમાં આગમાર્થને સમજાવવા ઘણા બધા શબ્દોનો અને દૃષ્ટાંતોનો પ્રચુરમાત્રામાં ઉપયોગ કરેલો છે. તેમની ટીકાઓમાંથી જીવાદિ પદાર્થોનો વિસ્તારથી અવબોધ પ્રાપ્ત થાય છે.

**अत्थपोरिसी - अर्थपौरुषी ( स्त्री. )**

(અર્થપોરસી)

જેવી રીતે આહાર સંબંધી નવકારશી, પોરસી, સાઢપોરસી વગેરે સમય ગણવામાં આવ્યો છે તેવી રીતે જ રીતે શ્રમણ માટે અભ્યાસ સંબંધી૧. સૂત્રપોરસી અને ૨. અર્થપોરસી એમ બે પ્રકારની પોરસીનું વિધાન છે. સૂત્રપોરસીના સમયે માત્ર સૂત્રનો જ પાઠ કરવો અને અર્થપોરસીમાં તે ભણેલા સૂત્રના અર્થોનું અધ્યયન કરવું જોઇએ. આ બન્નેમાં જો વ્યુત્ક્રમ કરવામાં આવે તો નિશીથસૂત્રમાં તેમના માટે માસલઘુનું પ્રાયશ્ચિત્ત કહેલું છે.

**अत्थप्पवर - अर्थप्रवर ( त्रि. )**

(જે વસ્તુમાં અર્થ પ્રધાન હોય તે)

સૂત્ર અને અર્થ બન્ને પરસ્પર એકબીજાના પૂરક છે. પરંતુ કેટલાક સ્થાને અર્થ સૂત્રપ્રધાન હોય છે, વસ્તુનો અર્થ તેના સૂત્રના આધારે કરવામાં આવે છે. જ્યારે અમુક સ્થાને સૂત્ર ગૌણરૂપે થઇ જાય છે અને અર્થ પ્રધાન બની જાય છે. સૂત્રના શબ્દનો અર્થ કંઈક જુદો નીકળતો હોય પરંતુ વક્તાને સૂત્રથી ત્યાં કોઇ વિશિષ્ટ અર્થ ગ્રહણ કરવો હોય ત્યારે ત્યાં સૂત્ર ગૌણ અને અર્થ પ્રધાન બની જાય છે.

**अत्थबहुल - अर्थबहुल ( त्रि. )**

(ઘણાં બધા અર્થો છે જેમાં તે, અર્થબાહુલ્યવાળો)

વિધિના વિધાનની સમીક્ષા કરીને ક્યાંક પ્રવૃત્તિ, ક્યાંક અપ્રવૃત્તિ, ક્યાંક વિભાષા તો ક્યાંક કંઈક બીજું જ કથન કરવું એમ ચાર પ્રકારે બહુલતા કહેલી છે. જે આગમો, પ્રકીર્ણકો, ટીકાઓ વગેરેમાં આ ચારમાંથી કહેલો કોઇ પણ પ્રકાર આવે તો તે ગ્રંથો અર્થબહુલ જાણવા જોઈએ.

**अत्थभेय - अर्थभेद ( पुं. )**

(આગમના પદાર્થની વિપરીત કલ્પના કરવી)

વ્યવહારસૂત્રના પ્રથમ ઉદ્દેશામાં અર્થભેદને સદૃષ્ટાંત સમજાવતા કહેલું છે કે, કૂવા પર પડેલું દોરડું પવનના જોરે અંદર પડતાં જ મોટેથી અવાજ થયો. નજીકમાં રહેલા બધા એકદમ દોડ્યા. કોઇને ખબર નહોતી કે અંદર શું પડ્યું છે આથી બધા જુદી જુદી કલ્પના કરવા માંડ્યા. તેની જેમ સૂત્રમાં કહેલા અર્થથી મતિદોષાદિના કારણે વિપરીત અર્થની કલ્પના કરે તો તે અર્થભેદ થાય છે અને તેનું ગુરુભગવંત પાસે પ્રાયશ્ચિત્ત લેવું પડે છે તે ધ્યાનમાં લેવા જેવું છે.

**अत्थभोगपरिवज्जिय - अर्थभोगपरिवर्जित ( त्रि. )**

(ધન વગરનો હોઈ ભોગ-ઐશ્વર્યરહિત)

સુખ સાધનોના ઉપભોગ માટે ધનની આવશ્યકતા છે. ધન હોય તો વ્યક્તિ સંસારના ભૌતિક સુખોને માણી શકે છે. જે ધનરહિત છે તે સંસારના ભોગોથી પણ વંચિત રહે છે. જ્યારે ધર્મ માટે ધનની નહીં લાગણીઓ અને ભાવનાની જરૂર હોય છે. જો તમારા ચિત્તમાં ધર્મની લાગણી વસેલી હશે, તો તમારે સદ્પ્રવૃત્તિ કરવા માટે પ્રયત્ન નહીં કરવો પડે. તે આપોઆપ થઇ જશે. પણ જો લાગણીઓથી નિર્ધન છો તો ધર્મમાર્ગમાં પ્રવેશ મેળવી શકાશે નહીં.

**अत्थमंडली - अर्थमण्डली ( स्त्री. )**

(અર્થમંડલી, બીજી પોરસી, જેમાં આચાર્ય સૂત્રાર્થ પ્રકાશે અને શિષ્યો સાંભળે છે તે)

સૂત્રપોરસી પૂર્ણ થયે જ્યારે અર્થપોરસીનો પ્રારંભ થાય ત્યારે આચાર્ય ભગવંત સૂત્રના અર્થની પ્રરૂપણા કરે છે અને તેમની શિષ્ય પર્ષદા તે અર્થોને ગ્રહણ કરે છે. આ પ્રક્રિયાને અર્થમંડલી અથવા બીજી પોરસી પણ કહેવાય છે.

**अत्थमय - अस्तमय ( न. )**

(સૂર્ય વગેરેનું હોતે છતે અદૃશ્ય-અસ્ત થવું તે)

**अत्थमहत्थखाणि - अर्थमहार्थखानि ( पुं. )**

(અર્થો અને મહાર્થોની ખાણ)

અભિધેય એટલે કહેવા લાયક સૂત્રાર્થો-પદાર્થો હોય તે ભાષા કહેવાય છે અને કથનીય મહાર્થોવાળા તે વાર્તિક વગેરે વિભાષા

કહેવાય છે. આવી ભાષા અને વિભાષાઓની પ્રચુરતા જેમાં હોય તેવા મહાભાષ્યાદિ ગ્રંથો અર્થ-મહાર્થોની ખાણ કહેવાય છે.

**अत्थमहुर - अर्थमधुर ( त्रि. )**

(બીજા લોકોને રૂચિ ઉપજાવનાર અર્થો છે જેના તે)

કોઇના પણ હૃદયમાં સ્થાન પ્રાપ્ત કરવા માટે વાણીની મધુરતા આવશ્યક અંગ છે. જે વ્યક્તિની વાણીમાં મીઠાશ હોય તે વ્યક્તિ અને તેનો વ્યવહાર સહુને ગમે છે. સાધુનું વચન પણ આવું જ મધુર હોવું જોઇએ. દેશના આપનાર શ્રમણના વચનો એટલા મધુર હોય કે પરમાત્માના પદાર્થો સાંભળનારને જૈનદર્શન અને તેમના શ્રમણધર્મ પ્રત્યે પ્રીતિ થઇ જાય.

**अत्थमाण - आसीन ( त्रि. )**

(બેસતો, સ્મશાનાદિમાં રહેતો)

ઇતરધર્મી તાંત્રિક વગેરે સ્મશાનાદિમાં પોતાના હેતુઓની સિદ્ધિ માટે વસવાટ કરતા હોય છે. જ્યારે જિનાજ્ઞા પાલક શ્રમણને પોતાના ભયને દૂર કરવા માટે, ઉપસર્ગો અને પરિષહો પર વિજય મેળવવા માટે તથા કર્મોની નિર્જરાર્થે ગજસુકુમાલ મુનિની જેમ સ્મશાનાદિમાં કાઉસગ્ગ ધ્યાને રહેવાનું વિધાન શાસ્ત્રોમાં કરેલું છે.

**अत्थमिअ - अस्तमित ( त्रि. )**

(અત્યંત અસ્ત પામેલ, આથમી ગયેલ સૂર્યાદિ)

પ્રાતઃકાળે સૂર્યનો ઉદય અને સંધ્યાકાળે અસ્ત તે તેનો નિત્યક્રમ છે. ઉદય પામેલા સૂર્યને સંધ્યા સમયે અસ્ત થવાનું એટલું દુઃખ નથી હોતું જેટલું વધારે દુઃખ તેને ગ્રહણ વખતે થાય છે. કેમ કે ગ્રહણકાળે તેની હયાતી હોવા છતાં તેને અવિદ્યમાન થવું પડે છે તેને તે પોતાની અત્યંત અસ્તતાને સમજે છે. તેવી જ રીતે ભારતીય સંસ્કૃતિની દશા થયેલી છે. પોતાના સંસ્કારો અને ધર્મો હોવા છતાં બાહ્ય સંસ્કૃતિની ઓથે તેનું ગ્રહણ થયેલું છે. જે સંસ્કૃતિપ્રેમીઓને અત્યંત પીડા ઉપજાવનાર છે.

**अत्थमिओदिय - अस्तमितोदित ( त्रि. )**

(પૂર્વમાં હીન અને ઉત્તરાવસ્થામાં ઋદ્ધિને પામેલી મનુષ્યજાત, જેની પૂર્વાવસ્થા કુલાદિથી હીન હોય અને પછીથી મહત્પદને પામ્યા હોય તે, આથમીને પાછા ઊગ્યા હોય તે)

પૂર્વના બાંધેલા અશુભકર્મોના ઉદયે નીચકુલ આદિમાં જન્મ થયો હોય છતાં પણ કોઇ પુણ્યકર્મ વશાત્ જિનશાસનની પ્રાપ્તિ, પ્રવ્રજ્યાની ઉપલબ્ધિ થવી વગેરે ઉત્કૃષ્ટ અવસ્થાને પ્રાપ્ત કરવી તે અસ્તમિતોદિત કહેવાય છે. જેમ મેતાર્યમુનિ અશુભકર્મોદયે ચાંડાલકુળમાં ઉત્પન્ન થયા કિંતુ પાછળથી જિનધર્મ, પ્રવ્રજ્યા અને કેવલજ્ઞાનરૂપ ઉત્કૃષ્ટ ઋદ્ધિઓને પ્રાપ્ત કરનારા બન્યા.

**अत्थमियत्थमिय - अस्तमितास्तमित ( पुं. )**

(જેની પૂર્વ અને પશ્ચાત્ બન્ને અવસ્થા અશુભ છે તે, કાલસૌરિક કસાઈની જેમ પૂર્વાવસ્થા અને ઉત્તરાવસ્થા બન્ને ખરાબ છે તે)

સ્થાનાંગસૂત્રના ચોથા ઠાણાના પ્રથમ ઉદ્દેશામાં કહેલું છે કે, એક તો અશુભ કર્મોદયે નીચકુળમાં ઉત્પત્તિ થઇ હોવાથી જેની પૂર્વાવસ્થા દુષ્ટ છે. તેમાંય પાપકારી પ્રવૃત્તિઓથી કીર્તિ, સમૃદ્ધિ, તેજસ્વીતા વગેરેથી રહિત હોવાથી પરલોકમાં પણ દુર્ગતિ પ્રાપ્ત કરે છે. આથી તેની પશ્ચિમાવસ્થા પણ અસ્ત પામેલા સૂર્ય જેવી હોય છે, જેમ કાલસૌરિક કસાઇ.

**अत्थयारिया ( देशी-स्त्री. )**

(સંખ્યા ૨. સખી, બહેનપણી)

ઉપમિતિભવપ્રપંચા કથામાં સન્મતિ અને દુર્મતિને જીવની સખી તરીકે ઉલ્લેખિત કરી છે. કેમ કે આ બન્નેમાંથી કોઇ એક તો જીવાત્માની પાસે હોય જ છે. સન્મતિનું કાર્ય છે જીવને સત્યનું દર્શન કરાવવાનું અને દુર્મતિનું કાર્ય છે જીવને હંમેશાં ખોટા માર્ગે લઇ જવાનું. અંતમાં સિદ્ધર્ષિ ગણિ મહારાજ કહે છે કે વિવેકી પુરુષે સન્મતિ જેવી સખીનો સ્વીકાર અને દુર્મતિ સખીનો ત્યાગ કરવો જોઇએ.

**अत्थरय - आस्तरक ( न. )**

(આચ્છાદન, ઢાંકનાર ૨. ઓછાડ)

સંસાર પ્રત્યે નિરપેક્ષ એવા મુનિઓને પણ લોકલજ્જા કહેલી છે. મોક્ષમાર્ગમાં ઉદ્યત શ્રમણને ભલે લોક શું બોલે છે, શું કહે છે એ

બધાની ના પડી હોય. કિંતુ જેના દ્વારા શાસનહીલના અને ધર્મનિંદા થતી હોય તેવું કાર્ય તો ક્યારેય ન કરે. આથી સ્વદેહ પ્રત્યે નિરાગી મુનિને શરીરલજ્જાને ઢાંકવા વસ્ત્રધારણનો શાસ્ત્રાદેશ છે.

**★अस्तरजस् ( त्रि. )**

(શુદ્ધ, નિર્મલ)

**अत्थलुद्ध - अर्थलुब्ध ( त्रि. )**

(લોભી, લાલચી)

માણસ વિચારે છે કે, ભોગવિલાસ કરવા હશે તો પૈસાની જરૂર પડશે. આથી આખી જીંદગી પૈસો મેળવવા માટે ભૂખ્યો ને તરસ્યો રઝળ્યા કરે છે. યાવત્ તે પોતાની તબિયત સામે પણ જોતો નથી. દુઃખની સાથે કહેવું પડે છે કે વ્યક્તિ જ્યારે ભોગ ભોગવવા માટે શરીર સક્ષમ હતું ત્યારે તેને છોડીને પૈસા પાછળ ભાગ્યો અને જ્યારે પૈસો ભેગો થયો ત્યારે તેને ભોગવવાની શારીરિક ક્ષમતા ચાલી જાય છે. તેના કરતાં લાલચનો ત્યાગ કરીને સંતોષ સાથે સુખી જીવન જીવવું શું ખોટું ?

**अत्थवं - अर्थवत् ( त्रि. )**

(પચ્ચીસમું મુહૂર્ત)

**अत्थवत्ति - अर्थपति ( पुं. )**

(ધનવાન, ધનાઢ્ય)

ધનાઢ્ય અને ગુણાઢ્ય હોવામાં આસમાન જમીનનું અંતર છે. શુભકાર્યવશ પુણ્યનો બંધ થવાથી ધનની પ્રાપ્તિ દ્વારા વ્યક્તિ ધનાઢ્ય થઇ શકે છે, કિંતુ ગુણાઢ્ય થવા માટે તો માત્ર સત્કર્મોનું ઉપાર્જન અને અશુભકર્મોનો ક્ષયોપશમ જ કામ આવશે.

**अत्थवाय - अर्थवाद ( पुं. )**

(ગુણવર્ણનવાદ ૨. દોષવર્ણનવાદ)

વિશેષાવશ્યકભાષ્યમાં અર્થવાદ બે પ્રકારે કહેલા છે. ૧. સ્તુતિ અર્થવાદ ૨. નિંદા અર્થવાદ. કોઇ વ્યક્તિ કે વસ્તુના ગુણોને પ્રધાન કરીને તેની પ્રશંસા કરવી તે ગુણકીર્તનરૂપ સ્તુતિ અર્થવાદ છે. જ્યારે તેવી જ કોઇ વસ્તુ આદિના દોષોને આગળ કરીને તેના દોષવર્ણનરૂપ નિંદા કરવી તે નિંદા અર્થવાદ છે.

**अत्थविगप्पणा - अर्थविकल्पना ( स्त्री. )**

(અર્થના ભેદોને જોવા તે,અર્થના ભેદોની વિકલ્પના કરવી)

અભ્યાસુ મુમુક્ષુ ગુરુ ભગવંત પાસેથી સૂત્રો અને અર્થોનું પ્રથમ અધ્યયન કરે અને ત્યારબાદ ભણેલા સૂત્રોના જેટલા પણ અર્થો થતા હોય તે બધા અર્થોનું ચિંતવન કરે,મનન કરે. તેમાંથી અંતે જે યુક્તિસંગત અર્થ હોય તેને સ્વપ્રજ્ઞામાં ધારણ કરી રાખે.

**अत्थविणय - अर्थविनय ( पुं. )**

(વિનયનો એક ભેદ)

**अत्थविणिच्छय - अर्थविनिश्चय ( पुं. )**

(અર્થનો નિર્ણય કરવો તે, પદાર્થનો યથાર્થ નિર્ણય-નિશ્ચય)

શાસ્ત્રમાં સ્વાધ્યાયના પાંચ પ્રકારમાં એક પ્રકાર આવે છે અનુપ્રેક્ષા. પોતે જે સૂત્રાર્થ ભણ્યા હોય તેના અર્થોનું સ્વમતિ અનુસારે કલ્પના કરે તે ચિંતન અનુપ્રેક્ષા બને છે. પરંતુ સ્વયં જે અર્થોનું ચિંતન કર્યું છે તે યોગ્ય છે કે અયોગ્ય તેના નિર્ણય માટે પોતે કરેલું ચિંતન ગુરુદેવ આગળ રજુ કરે અને ગુરુભગવંતની સમ્મતિ મેળવીને ક્ષતિઓને દૂર કરીને તટસ્થ રીતે અર્થને ધારી રાખે તે અર્થવિનિશ્ચય કહેવાય છે.

**अत्थविण्णाण - अर्थविज्ञान ( न. )**

(બુદ્ધિના આઠ ગુણોમાંનો એક ગુણ)

ધર્મસંગ્રહ ગ્રંથના પ્રથમ અધિકારમાં ફરમાવ્યું છે કે, મૂઢતા, શંકા-કુશંકા અને મતિવિભ્રમના ત્યાગપૂર્વક, ઉહાપોહના યોગથી ઉત્પન્ન થનાર જ્ઞાનને અર્થવિજ્ઞાન કહેવાય છે. આ અર્થવિજ્ઞાન બુદ્ધિના આઠ ગુણોમાંનો એક ગુણ છે.

**अत्थविहूण - अर्थविहीन ( त्रि. )**

(અગીતાર્થ, અજ્ઞાની)

**अत्थसंपयाण - अर्थसंप्रदान ( न. )**

(ધનનું દાન ૨. પદાર્થોનું દાન કરવું તે)

ધનદાન અને જ્ઞાનદાનમાં જ્ઞાનદાન એ સર્વશ્રેષ્ઠ છે. ધનનું દાન ભૌતિક સુખ આપીને એક દિવસ, એક વર્ષ કે એક જીંદગી જ સુધારે છે. જયારે સમ્યગ્જ્ઞાનના પ્રતિપાદક અર્થોનું દાન આત્માની શુદ્ધિ કરીને તેના ભવોભવ સુધારે છે. માટે જ્યાં જ્ઞાનદાન થતું હોય ત્યાં તે લેવામાં વિલંબ ન કરશો. પહેલાં ત્યાં દોડી જજો.

**अत्थसत्थ - अर्थशास्त्र ( न. )**

(અર્થશાસ્ત્ર, ધનપ્રાપ્તિનું પ્રતિપાદક શાસ્ત્ર)

જેમ ઇતર ધર્મમાં ધન પ્રાપ્તિના પ્રતિપાદક અર્થકૌટિલ્યાદિ શાસ્ત્રોની રચના જોવા મળે છે. તેમ જિનશાસનમાં આચાર્ય હરિભદ્રસૂરિજી મહારાજે ધર્મબિંદુ ગ્રંથમાં પણ અર્થપ્રાપ્તિના ઉપાયો બતાવેલા છે. તેઓએ કહ્યું છે કે જેના દ્વારા અન્ય કોઇ જીવને દુઃખ ન પહોંચે અને જે નીતિથી શુદ્ધ હોય તેવો વ્યાપાર કરવો જોઈએ. કારણ કે નીતિથી આવેલું ધન સુખ આપે છે.

**अत्थसत्थकुसल - अर्थशास्त्रकुशल ( त्रि. )**

(નીતિશાસ્ત્રોમાં કુશળ)

ધનપ્રાપ્તિ માટે કયો માર્ગ યોગ્ય છે, કયો અયોગ્ય છે, ફાયદાકારક શું છે, નુકશાનકારક શું છે, કયા કાળે કેવા માલનો સંગ્રહ કરવો, કેવા માલનો સંગ્રહ ન કરવો, આવેલી તકને કેવી રીતે સાધવી વગેરે બાબતોનુ જેને સુપેરે જ્ઞાન છે તેને જ અર્થશાસ્ત્રકુશળ કહેલો છે. આજે તો અર્થશાસ્ત્રમાં કુશળ કહેવડાવીને વ્યક્તિ સામેનાનું કરી નાખવામાં કુશળતા ધરાવે છે.

**अत्थसार - अर्थसार ( पुं. )**

(રોકડ દ્રવ્ય, સારભૂત દ્રવ્ય ૨. તત્ત્વનો સાર)

આ જગતમાં રહેલા તમામ દ્રવ્યોમાં બે પાસા રહેલા છે ૧. સાર અને ૨. અસાર. પ્રત્યેક પદાર્થમાં સારપ અને અસારતા સમાયેલી છે. જેનાથી જીવની ઉન્નતિ થાય, આત્માને પરમાનંદની પ્રાપ્તિ થાય તે સાર છે અને જેનાથી ભવોની પરંપરાના હેતુભૂત તૃષ્ણાની અભિવૃદ્ધિ થાય તે અસારતા છે.

**अत्थसिद्ध - अर्थसिद्ध ( पुं. )**

(ધન જેના માટે અસાધારણપણે છે તે ૨. અત્યંત ધનવાન ૩. જંબૂદ્વીપના ઐરવતક્ષેત્રમાં થનાર પાંચમા તીર્થંકર ૪. પક્ષના દશમા દિવસનું નામ)

**अत्थसुण्ण - अर्थशून्य ( न. )**

(અર્થશૂન્ય, અર્થવગરનું, નિરર્થક)

વિવિધ કાવ્યો, ચરિત્રો કે આગમાદિક શાસ્ત્રોમાં એવા ઘણા બધા શબ્દો જોવા મળે છે કે જે શબ્દનો કોઇ અર્થ જ હોતો નથી. છતાં પણ ગ્રંથકારો તેનો પ્રયોગ વાક્યાલંકાર તરીકે કે પછી પ્રાસાનુસંધાન માટે કરતા હોય છે. આવા શબ્દોને અર્થશૂન્ય કહેવાય છે.

**अत्था - आस्था ( स्त्री. )**

(સ્વદર્શન પ્રત્યે બહુમાન, શ્રદ્ધા, આસ્થા)

જીવાભિગમસૂત્રના પ્રથમ અધિકારમાં આસ્થાની વ્યાખ્યા કરતાં લખ્યું છે કે, **'स्वपक्षाणामर्हत्कृते तीर्थे बहुमानत्वे'** અર્થાત્ અર્હત્ તીર્થંકર ભગવંતોએ સ્થાપેલા જિનદર્શન પ્રત્યે હૃદયમાં બહુમાન હોવું તે આસ્થા છે. જ્ઞાનના અભાવમાં મોક્ષ અટકતો નથી પરંતુ શ્રદ્ધાના અભાવમાં તો સદ્ગતિ પણ અટકી પડે છે.

**अत्थाण - अस्थान ( न. )**

(જે કોઇ વાક્ય કે પ્રસંગનો વિષય ન બને તે, ચાલુ ચર્ચાદિમાં જે અયોગ્ય હોય તે)

**अत्थादा ( या ) ण - अर्थादान ( न. )**

(દ્રવ્ય ઉપાર્જન કરવામાં કારણભૂત અષ્ટાંગનિમિત્ત શાસ્ત્ર)

**अत्थाम - अस्थामन् ( त्रि. )**

(બળરહિત, શારીરિકશક્તિથી વિકલ)

દુનિયામાં જેઓ શરીરના અંગોપાંગે વિકલ દેખાય છે. કર્મગ્રંથમાં તેનું કારણ જણાવતા કહે છે કે જેઓએ પોતાને મળેલ શક્તિનો દુરુપયોગ કર્યો હોય, ધર્માનુષ્ઠાનોમાં કે માણસાઈના ગુણો કહેવાય તેવા માર્ગમાં વાપરી ન હોય તો કર્મસત્તા તેની પાસેથી બીજા ભવમાં તે શક્તિઓને છીનવી લે છે. કર્મસત્તાનો હિસાબ ચોક્ખો હોય છે. ઇસ હાથ દે ઉસ હાથ લે.

**अत्थारिय - अस्तारिक ( पुं. )**

(મૂલ્ય આપીને ખેતરમાં કામ કરવા માટે રાખેલો નોકર)

**अत्थारो ( देशी-पुं. )**

(સહયોગ, સહાય)

યોગી બનવા માટેનું પ્રથમ પગથિયું છે બીજાને ઉપયોગી બનવું. કોઈપણ જાતની અપેક્ષા વગર નિઃસ્વાર્થ ભાવે અન્યોના કાર્યોમાં સહયોગી બનવું તે જ સાચા અર્થમાં ઉપયોગીપણું છે. આજે મોટા ભાગના લોકો બીજાને સહયોગ પણ પોતાના સ્વાર્થને ધ્યાનમાં રાખીને કરતા હોય છે. આવા સ્વાર્થી સહયોગીઓને ક્યારેય તેમની મદદનું ફળ મળતું નથી.

**अत्थालंबण - अर्थालम्बन ( न., पुं. )**

(અર્થાલંબનનું ચૈત્યવંદનાદિમાં વિભાવન કરવું તે, અર્થ-ભાવાર્થને વિષે ઉપયોગ રાખવો તે ૨. અર્થ અને આલંબન)

બોલાતા વાક્ય કે સૂત્રના અર્થમાં ઉપયોગપૂર્વક વર્તવું તેનું નામ અર્થાલંબન છે. ચૈત્યવંદન ભાષ્યમાં કહેલું છે કે, જિનાલયાદિમાં ચૈત્યવંદન કરતી વખતે કે પ્રતિક્રમણ કરતી વખતે સૂત્ર બોલાતું હોય ત્યારે શ્રમણે કે શ્રાવકે તેના ભાવાર્થોનું ચિંતન કરવું જોઈએ. તેમ કરવાથી સૂત્ર પ્રત્યે અને અર્હદ્‌ભગવંત પ્રત્યે બહુમાનભાવ ઉપજે છે.

**अत्थालिय - अर्थालीक ( न. )**

(ધન માટે અસત્ય બોલવું તે)

જેનામાં ધરપત અર્થાત્ સ્થિરતા ન હોય તેને ધન કહેવાય. જે ક્યારેય એક સ્થાને સ્થિર રહ્યું નથી, રહેતું નથી અને રહેવાનું પણ નથી. એવા ધન માટે વ્યક્તિ જાત જાતના કાળા-ધોળા કરતો રહે છે. પૈસા માટે વ્યક્તિ પોતાના આત્માના અવાજને પણ દબાવીને ઘણી જ સિફતથી અસત્યનું શરણું લેતો હોય છે. અસ્થિર ધન પાછળ ભટકતો વ્યક્તિ સ્વયં ક્યારેય સ્થિર થઇ શકતો નથી. તે ધન તેને ક્યારેય સ્થિરતા અપાવતું નથી.

**अत्थालोयण - अर्थालोचन ( न. )**

(પદાર્થનું સમાન્યજ્ઞાન)

**अत्थावग्गह - अर्थावग्रह ( पुं. )**

(પાંચ ઇન્દ્રિયો અને મન દ્વારા થતું જ્ઞાન, મતિજ્ઞાનનો ભેદ)

કર્મગ્રંથમાં મતિજ્ઞાન થવામાં પાંચ પગથિયા મૂકેલા છે. ૧.વ્યંજનાવગ્રહ ૨.અર્થાવગ્રહ ૩.ઇહા ૪.અપાય ૫.ધારણા. તેમાં અર્થાવગ્રહની વ્યાખ્યા કરતાં કહ્યું છે કે અનિર્દિષ્ટ પદાર્થનું સામાન્ય જ્ઞાન એટલે અર્થાવગ્રહ. તેમાં પદાર્થનું નામ, રૂપ, રંગ વગેરે વિષયો અસ્પષ્ટ હોય છે.

**अत्थावत्ति - अर्थापत्ति ( स्त्री. )**

(એક પ્રકારનું અનુમાન જ્ઞાન, નહીં કહેલા પદાર્થનું અટકળથી સમજવું તે, અનુક્તાર્થની સિદ્ધિ)

પ્રત્યક્ષાદિ પ્રમાણથી જણાયેલો અર્થ જેના વિના યુક્તિસંગત ન થાય તેવા અદષ્ટ અર્થની કલ્પના કરવી તે અર્થાપત્તિ છે. જેમ **'पीनोऽयं देवदत्तो दिवा न भुङ्क्ते'** અર્થાત્ સ્થૂલ એવો દેવદત્ત દિવસે ખાતો નથી. એ વાક્યમાં દેવદત્તનું સ્થૂલપણું રાત્રિભોજન વિના યુક્તિસંગત થતું નથી. આથી દિવસે જમતો નથી એમ કહેવાતા તેમાં ન કહેવાયેલા રાત્રિભોજનની કલ્પના કરવી તે અર્થાપત્તિ

કહેવાય છે.

**अत्थावत्तिदोस - अर्थापत्तिदोष ( पुं. )**

(એક પ્રકારનો સૂત્રદોષ, જેમાં અર્થાપત્તિથી અનિષ્ટ આવી પડે ત્યાં લાગતો સૂત્રદોષ)

જે સ્થાને સૂત્રનો નિર્દેશ કરતાં અનિષ્ટપણાની પ્રાપ્તિ થાય તે અર્થાપત્તિદોષ છે. જેમ કે બ્રાહ્મણોને હણવા નહીં એમ કહેતા બ્રાહ્મણ સિવાયના ક્ષત્રિયો વગેરેને મારવા એવી અર્થાપત્તિ નીકળે છે જે અનિષ્ટ છે. આથી સૂત્રકારે સૂત્રરચનામાં આવા અર્થાપત્તિદોષને ટાળવો જોઇએ.

**अत्थाह - अस्ताध ( थ ) ( त्रि. )**

(અગાધ, ઘણું ઊંડું ૨. ભરતક્ષેત્રની અતીતચોવીસીમાં થયેલા એક તીર્થંકર)

અગાધ શબ્દની વ્યવહારિક અને સૈદ્ધાંતિક એમ બે વ્યાખ્યા કરવામાં આવે છે. જે સ્થાનમાં સંપૂર્ણ નાક ડુબી જાય તેટલું પાણી હોય તે અગાધ છે. કેમ કે ત્યાં તેનું તળિયું પણ મળતું નથી. જેમ કે સમુદ્ર, ઝીલ, મોટા તળાવો વગેરે. જ્યારે સૈદ્ધાંતિક વ્યાખ્યા કરતાં કહ્યું છે કે, જેમ સમુદ્રનું તળ અગાધ હોય છે તેમ જિનશાસનના ઐદંપર્યાર્થના જાણકાર આચાર્ય ભગવંતના ચિત્તના આશયો પણ તેવા જ ગંભીર હોય. તેમના પર સુખ કે દુઃખની કોઇ લાગણીઓ અસર કરતી નથી હોતી.

**अत्थाहिगम - अर्थाधिगम ( पुं. )**

(કહેવાતા પદાર્થનું જ્ઞાન, કથ્ય પદાર્થનું જ્ઞાન)

**अत्थाहिगार - अर्थाधिकार ( पुं. )**

(પ્રકરણાદિનો અભિધેય વિષય, ઉપક્રમનો એક ભેદ)

અનુયોગદ્વારસૂત્રમાં અર્થાધિકારની વ્યાખ્યા કરતાં કહ્યું છે કે, પ્રસ્તુત પ્રકરણાદિ ગ્રંથમાં કહેવા યોગ્ય વિષયનું નિરૂપણ કે ઉલ્લેખ કરવો તે અર્થાધિકાર છે. ઉપક્રમના પાંચ પ્રકારમાં એક પ્રકાર અર્થાધિકારનો કહેલો છે.

**अत्थि - अस्ति ( अव्य. )**

(વસ્તુની વિદ્યમાનતાનો સૂચક એક અવ્યય)

**अत्थि ( ण् ) - अर्थिन् ( त्रि. )**

(ધનિક, શ્રીમંત ૨. યાચક, માગનાર ૩. સૂત્ર અને અર્થને જાણનાર ગુરુ ૪. ચાહક)

એક સુભાષિતમાં કહેલું છે કે, આ જગતમાં વજનમાં સહુથી હલકું રૂ છે. પરંતુ આવા હલકા રૂ કરતા પણ વધારે હલકું જો કોઇ હોય તો તે યાચક છે. કેમ કે રૂ તો પોતાના વજનના કારણે હલકું છે જ્યારે માગનાર પોતાના આત્મસન્માન અને લોકલજ્જાની અપેક્ષાએ આત્મગૌરવથી રહિતપણે હલકો છે.

**अत्थिअ - अस्थिक ( पुं. )**

(બહુબીજવાળું વૃક્ષવિશેષ કે તેનું ફળ)

**★अर्थिन् ( त्रि. )**

(ધનવાન ૨. યાચક, માગણ)

**★आस्तिक ( पुं. )**

(જીવ-અજીવાદિ તત્ત્વોને માનનાર, ચાર્વાકાદિથી ભિન્નદર્શન સ્વીકારનાર, આસ્તિક)

ધર્મસંગ્રહમાં કહ્યું છે કે, **'तत्त्वान्तरश्रवणेऽपि जिनोक्ततत्त्वविषये निराकाङ्क्षप्रतिपत्तिमतिः'** અર્થાત્ અન્ય ધર્મશાસ્ત્રોની યુક્તિ-પ્રયુક્તિઓ સાંભળવા છતાં પણ જિનેશ્વર પરમાત્માએ કહેલા તત્ત્વોના વિષયમાં નિઃસંદેહપણે સ્વીકૃતિવાળી જેની મતિ હોય તે આસ્તિક છે. આસ્તિક જીવના મનમાં દૃઢપણે એ વાત ઘર કરી ગયેલી હોય કે સર્વજ્ઞ ભગવંતે જે કહ્યું છે તે જ સાચું છે. જો મને નથી સમજાતું તો તે મારી બુદ્ધિની અલ્પતાનો દોષ છે પણ જિનેશ્વરદેવના તત્ત્વમાં કોઇ ક્ષતિ હોઇ જ ના શકે.

**अत्थिकाय - अस्तिकाय ( पुं. )**

(અવયવી દ્રવ્યો-ધર્માસ્તિકાયાદિ પાંચ દ્રવ્યો, કાળ સિવાયના પાંચ દ્રવ્યો)

જે સ્કંધ, દેશ, પ્રદેશાદિયુક્ત હોય તેવા દ્રવ્યોના સમૂહને અસ્તિકાય કહેવાય છે. ચૌદરજ્જુ પ્રમાણ ત્રણેય લોકમાં છ દ્રવ્યમાંથી કાળને છોડીને જેને અસ્તિકાય કહી શકાય તેવા બાકીના ૧. ધર્માસ્તિકાય ૨. અધર્માસ્તિકાય ૩. આકાશાસ્તિકાય ૪. જીવ અને ૫. પુદ્ગલાસ્તિકાય એમ પાંચ અસ્તિદ્રવ્યો છે.

**अत्थिकायधम्म – अस्तिकायधर्म ( पुं. )**

(ગતિમાં સહાયક ધર્માસ્તિકાય દ્રવ્ય, ધર્માસ્તિકાયના પ્રદેશોના સમૂહોનો ગતિપર્યાયાદિરૂપ ધર્મ-સ્વભાવ)

જૈનધર્મ મતાનુસારે આખા વિશ્વનું સંચાલન કરનારા ધર્માસ્તિકાય વગેરે છ દ્રવ્યો છે. આ દરેક દ્રવ્યનો પોતાનો એક વિશિષ્ટ સ્વભાવ છે. છ દ્રવ્યોના તે તે વિશિષ્ટ સ્વભાવને અસ્તિકાયધર્મ કહેવાય છે. જેમ કે ધર્માસ્તિકાયનો ધર્મ ગતિમાં સહાય કરવાનો, અધર્માસ્તિકાયનો સ્વભાવ સ્થિરતામાં સહાય કરવાનો છે વગેરે.

**अत्थिक्क – आस्तिक्य ( न. )**

(આસ્તિક્ય)

સમ્યક્ત્વના પાંચ લક્ષણોમાં એક લક્ષણ આવે છે આસ્તિક્ય. જિનમતમાં કહેલા અસ્તિ, નાસ્તિ વગેરે છ ભાંગામાં જેને નિઃશંક શ્રદ્ધા હોય તે આસ્તિક છે અને તેનો ભાવ તે આસ્તિક્ય છે. આસ્તિક અને આસ્તિક્ય બન્ને અવયવી અવયવ જેવા છે. આસ્તિક્યગુણ જિનમતમાં શંકા થવા દેતું નથી અને જિનમતમાં નિઃશંકતા આસ્તિક્યગુણનો અભાવ થવા દેતી નથી.

**अत्थिण ( न ) त्थिप्पवाय – अस्तिनास्तिप्रवाद ( न. )**

(ચૌદપૂર્વોમાંનું અસ્તિનાસ્તિપ્રવાદ નામનું ચોથું પૂર્વ, સ્યાદ્વાદ સિદ્ધાંત મુજબ વસ્તુના જે તે સ્વભાવનું કથન કરવું તે)

લોકમાં ધર્માસ્તિકાય વગેરે જે પદાર્થો વિદ્યમાન છે તે અસ્તિ અને ગધેડાના શીંગડા વગેરે વિદ્યમાન નથી તે નાસ્તિ. સ્યાદ્વાદ અભિપ્રાયે પ્રત્યેક વસ્તુ સ્વસ્વરૂપે અસ્તિરૂપે છે અને પરસ્વરૂપે નાસ્તિરૂપે છે. એ પ્રમાણે જેમાં અસ્તિ-નાસ્તિ આદિની પ્રરૂપણા કરાયેલી છે તેવું અસ્તિનાસ્તિપ્રવાદ નામક ચોથું પૂર્વ કાળે હતું. તેમાં કુલ ૬૦ લાખ પદોનું પરિમાણ હતું.

**अत्थित्त – अस्तित्व ( न. )**

(વિદ્યમાનપણું, હયાતી, હોવાપણું)

**अत्थिभाव – अस्तिभाव ( पुं. )**

(અસ્તિત્વ, વિદ્યમાનપણું, હયાતી)

**अत्थि ( थि ) र – अस्थिर ( त्रि. )**

(ચલ, અદઢ ૨. અપરિચિત ૩. ધૃતિ-સંહનનની હીનતાથી બળરહિત ૪. જીર્ણ)

અનંત જ્ઞાન-દર્શન-ચારિત્ર, ઉપયોગાદિ જીવના સ્વાભાવિક ગુણો છે. તે જીવમાંથી ક્યારેય નષ્ટ થતા નથી. હા કર્મની હયાતીના કારણે તે દબાઇ જાય છે ખરા ! કિંતુ નષ્ટ થતાં નથી. એ ગુણો ચલ એવા કર્મોનો સર્વથા ક્ષય થવા છતાં તે પોતાના સ્વાભાવિક સ્વરૂપે આત્મામાં પ્રગટ થાય છે અને અનાદિકાળ સુધી યથાવત્ રહે છે.

**अत्थि ( थि ) रछक्क – अस्थिरषट्क ( न. )**

(અસ્થિરાદિ છ અશુભ કર્મપ્રકૃતિરૂપ નામકર્મનો એક ભેદ)

અષ્ટકર્મ અંતર્ગત આવતા નામકર્મમાં ૧. અસ્થિર ૨. અશુભ ૩. દુર્ભગ ૪. દુઃસ્વર ૫. અનાદેય ૬. અપયશ. આ છ અશુભ કર્મપ્રકૃતિઓ અસ્થિરષટ્ક નામે ઓળખાય છે. જ્યારે પણ આ કર્મોના ક્ષયની પ્રક્રિયા થાય છે ત્યારે આ છએ છ પ્રકૃતિઓનો એક સાથે ક્ષય થતો હોય છે.

**अत्थि ( थि ) रणाम ( ण् ) – अस्थिरनामन् ( न. )**

(જે કર્મના ઉદયથી જીવને આંખની પાંપણ, કાન, જીભ વગેરે અંગોની ચપળતા પ્રાપ્ત થાય છે તે, નામકર્મનો એક ભેદ)

જે કર્મના ઉદયે જીવને આંખ, ભ્રમર, જીભાદિ અવયવોની ચપળતા પ્રાપ્ત થાય તે અસ્થિર નામકર્મ કહેવાય છે. આપણે જે જીભનું હલનચલન કરી શકીએ છીએ, શરીરમાં લોહીનું પરિભ્રમણ થાય છે તે બધું આ અસ્થિર નામકર્મને જ આભારી છે.

**अत्थि ( थि ) रतिग - अस्थिरत्रिक ( न. )**

(નામકર્મની અસ્થિર, અશુભ અને અપયશ નામક ત્રણ કર્મપ્રકૃતિઓનો સમૂહ)

**अत्थि ( थि ) रदुग - अस्थिरद्विक ( न. )**

(નામકર્મની અસ્થિર અને અશુભ નામક બે કર્મપ્રકૃતિઓનો સમૂહ)

**अत्थि ( थि ) रव्वय - अस्थिरव्रत ( त्रि. )**

(અસ્થિર વ્રત છે જેનું તે, સ્થિરવ્રત વિનાનો, જે ક્યારેક વ્રત ગ્રહે અને ક્યારેક મૂકી દે તે)

ઉપમિતિ ભવપ્રપંચકાર શ્રીસિદ્ધર્ષિગણિ મહારાજનું પૂર્વ જીવન ઘણું ડામાડોળ હતું. તેઓ અભ્યાસાર્થે બૌદ્ધો પાસે જતાં તેમના શાસ્રાભ્યાસ પછી તેઓને બૌદ્ધધર્મ સત્ય અને જિનધર્મ અસત્ય લાગતો. ગુરુ પાસે વ્રત મૂકવા આવતા ત્યારે ગુરુભગવંત તેમને સાચું સમજાવીને સ્થિર કરતા. પુનઃ ત્યાં ભણવા જતાં પાછું એ જ ચક્ર ચાલતું આમ તેઓએ કુલ ૨૧ વખત વ્રત લીધું અને મૂક્યું અંતે લલિતવિસ્તરા ગ્રંથના પ્રતાપે તેમનું ચારિત્રજીવન સ્થિર થયું.

**अत्थि ( थि ) वाय - अस्तिवाद ( पुं. )**

(આત્મા મોક્ષ વગેરે સત્પદાર્થોનું સત્ત્વપણું અને ખરવિષાણ ખપુષ્પ વગેરે અસત્પદાર્થોનું અસત્ત્વપણું સ્વીકારવું તે)

આત્મા છે, કર્મ છે, મોક્ષ છે, મોક્ષનો ઉપાય છે વગેરે સત્પદાર્થોની સ્થાપના કરીને તેનું સત્ત્વપણું સ્વીકારવું તે અને સસલાના માથે શીંગડા, આકાશકુસુમ વગેર અસત્પદાર્થોની સ્થાપના કરીને તેનું અસત્ત્વપણું સ્વીકારવું તે અસ્તિવાદ છે. માત્ર વિદ્યમાન પદાર્થોનો સ્વીકાર અસ્તિવાદ નથી બનતો કિંતુ સત્પદાર્થના સ્વીકાર સાથે અસત્પદાર્થોનો અસ્વીકાર સંપૂર્ણ અસ્તિવાદ બને છે.

**अत्थीकरण - अर्थीकरण ( न. )**

(પ્રાર્થના, યાચના)

નિશીથચૂર્ણિના ચોથા ઉદ્દેશામાં કહ્યું છે કે જે શ્રમણ પોતાના સ્વાર્થથી રાજા, શ્રેષ્ઠી વગેરે પાસે યાચના કરે છે અથવા પોતાની પાસે રહેલ અષ્ટાંગનિમિત્ત, ધાતુવાદનું જ્ઞાન વગેરે અર્થસિદ્ધિ કરાવી આપનારા પરિબળોથી રાજા વગેરેને યાચના કરવા મજબૂર કરે છે તેમને માસલઘુ કે ચતુર્લઘુ પ્રાયશ્ચિત્ત આવે છે.

**अत्थु ( त्थोव ) ग्गह - अर्थावग्रह ( पुं. )**

(પાંચ ઇન્દ્રિય અને મનથી થનારું જ્ઞાન, નિર્વિકલ્પ-અર્થાવગ્રહનામનો મતિજ્ઞાનનો એક ભેદ)

પાંચ ઇન્દ્રિય અને મનથી સકલ રૂપાદિ વિશેષતાથી નિરપેક્ષ પદાર્થનું નિર્વિકલ્પપણે સામાન્યથી થતું રૂપાદિ વસ્તુનું જ્ઞાન તે અર્થાવગ્રહ કહેવાય છે. આ અર્થાવગ્રહવાળું મતિજ્ઞાન અન્તર્મુહૂર્ત સમયમાત્ર હોય છે. ત્યારપછી તે નિશ્ચયમાં પરિણમે છે.

**अत्थु ( त्थो ) ग्गहण - अर्थावग्रहण ( न. )**

(ફળનો નિશ્ચય)

**अत्थुडं ( देशी-वि. )**

(લઘુ, નાનું)

જિનશાસનમાં સાધુ સામાચારી જેવી ઉત્તમ છે તેવી શ્રેષ્ઠ સામાચારી તમને બીજે ક્યાંય જોવા નહીં મળે. તેનું એકમાત્ર ઉદાહરણ છે જેમ નાના સાધુએ વડીલ સાધુનો વિનય, વેયાવચ્ચાદિ સાચવવાનું છે તેમ વડીલ શ્રમણે પણ નાના સાધુનો તિરસ્કાર કે આદેશ ન કરતાં ઇચ્છાકાર ઇત્યાદિક સામાચારીનું પાલન કરવાનું રહે છે. આ પદ્ધતિથી લઘુ સાધુને વડીલ પ્રત્યે બહુમાન જળવાઈ રહે છે અને વૃદ્ધસાધુને મનમાં અહંકાર પણ ઉત્પન્ન થતો નથી.

**अत्थुप्पत्ति - अर्थोत्पत्ति ( स्त्री. )**

(ધનની ઉત્પત્તિવાળો વ્યવહાર)

જે વેપારીના વ્યવહારમાં મીઠી વાણી, મૃદુ ભાષા, નમ્ર વર્તન અને મોઢા પર હાસ્ય હોય તે જ સરળતાથી ધનની પ્રાપ્તિ કરી શકે છે. વ્યવહારસૂત્રમાં પણ કહેલું છે કે જે વ્યવહાર ધનને સંપાદન કરી આપે તેને અર્થોત્પત્તિ કહેવાય છે.

**अत्थेर - अस्थैर्य्य ( न. )**

(અસ્થિરપણું, ચાંચલ્યપણું)

**अत्थोप्पायण - अर्थोत्पादन ( न. )**

(દ્રવ્યાર્જન, ધન સંપાદન કરવું તે)

**अत्थोभय - अस्तोभक ( न. )**

(ઉત, વૈ આદિ સ્તોભક-દોષરહિત ગુણવાળું સૂત્ર)

કોઈપણ શાસ્ત્રની રચનામાં ગુણ અને દોષ બન્ને રહેલા છે. આથી જ શાસ્ત્રકારોએ રચના કેવા ગુણવાળી અને કેવા દોષરહિત હોવી જોઈએ તે માટેના શાસ્ત્રોની રચના કરેલી છે. વિવધ પ્રકારના દોષોમાં એક દોષ આવે છે સ્તોભક દોષ. **उत्त, वै, हि** વગેરે નિરર્થક શબ્દોનો પ્રયોગ તે સ્તોભક દોષ બને છે. રચનામાં આવા નિરર્થક શબ્દોના પ્રયોગ વિનાના સૂત્ર હોવા જોઈએ.

**अथव्वण - अथर्वण ( पुं. )**

(વૈદિકોના ચાર વેદોમાંનો એક વેદ, ચતુર્થ વેદ)

**अद् - अद् ( अव्य. )**

(આશ્ચર્ય ૨. વિરામ)

**अद्** અવ્યયનો પ્રયોગ કોઈ આશ્ચર્યવાચક શબ્દમાં કે વિરામવાચક શબ્દમાં કરવામાં આવે છે. આ અવ્યયનો પ્રયોગ માત્ર સંસ્કૃતમાં જ કરવામાં આવે છે. પ્રાકૃત ભાષામાં તેનો પ્રયોગ કરવામાં આવતો નથી. ગાયત્રીમંત્રમાં આ શબ્દપ્રયોગ થયો છે.

**अदंड - अदण्ड ( पुं. )**

(હિંસાદિ દંડનો અભાવ, અહિંસા ૨. મન-વચન-કાયાનો પ્રશસ્ત યોગ)

જૈનધર્મના પારિભાષિક અર્થ અનુસાર દંડનો અર્થ લાકડી ન કરતાં જેના વડે જીવ દુર્ગતિમાં દંડાય તે દંડ કર્યો છે. અપ્રશસ્ત મન-વચન-કાયાના યોગથી જીવ અકાર્યમાં પ્રવૃત્તિ કરે છે અને તેનાથી અશુભ કર્મોનો બંધ કરે છે. જે જીવને ભવોભવ સુધી દુર્ગતિમાં ભમાવે છે. આ જ ત્રિયોગનું પ્રશસ્તભાવોમાં વર્તવું તે અદણ્ડ કહેવાય છે.

**अदंडकु ( को ) दंडिम - अदण्डकुदण्डिम ( त्रि. )**

(દંડ અને કુદંડ આ બન્નેનો જ્યાં અભાવ હોય તે-નગરાદિ)

રાજતંત્રમાં બે માર્ગ પ્રવર્તતા જોવા મળે છે. ૧. દંડ અને ૨. કુદંડ. જે અપરાધી પાસેથી તેના અપરાધ અનુસાર દંડ વસુલવામાં આવે તે દંડ કહેવાય છે. પરંતુ જ્યાં અપરાધની માત્રા કરતાં વધુ કે તેનાથી ઓછો દંડ લેવામાં આવે તો તે કુદંડ કહેવાય છે. આ બન્નેનો જ્યાં અભાવ હોય તેને '**अदण्डकुदण्डिम**' નગર કે શહેર કહેવામાં આવે છે.

**अदंतवण - अदन्तवन ( त्रि. )**

(જેમાં દાતણ કરવાનો નિષેધ છે તે)

સ્થવિર કલ્પમાં વર્તતા સાધુને નિષ્કારણ દાતણ કરવાનો નિષેધ કરવામાં આવ્યો છે. માત્ર જ્યારે કારણ ઉપસ્થિત થાય ત્યારે દાંત સાફ કરવાની છૂટ આપવામાં આવેલી છે. કિંતુ જિનકલ્પ, પરિહારવિશુદ્ધિકલ્પાદિના આચારોમાં તો સકરાણ કે નિષ્કારણ બન્ને રીતે દાતણ કરવાનો સર્વથા નિષેધ ફરમાવેલો છે.

**अदंभग - अदम्भक ( त्रि. )**

(દંભરહિત, કપટરહિત)

અન્યોની લાગણીઓ સાથે છેતરપિંડી કરવી, તેનાથી છુપાવવું વગેરે દંભ છે. દંભનું બીજું નામ માયા છે. આગમોમાં કહેલું છે કે માયા તિર્યંચમાં અને સ્ત્રીઓમાં વધુ હોય છે અને જે પણ જીવ કપટ કે માયા કરે છે તે તિર્યંચયોનિમાં કે પછી સ્ત્રીવેદને પ્રાપ્ત કરે છે. જ્યારે દંભરહિત જીવ દેવયોનિ કે મનુષ્યભવ પ્રાપ્ત કરે છે.

**अदं ( दृं ) सण - अदर्शन ( न. )**

(ચાક્ષુષજ્ઞાનનો અભાવ ૨. અંધ ૩. થીણદ્ધિ નિદ્રાના ઉદયવાળો ૪. સમ્યક્ત્વરહિત)

જે જીવ મિથ્યાત્વમાં વર્તી રહ્યો હોય તેને પ્રવ્રજ્યા આપવાનો નિષેધ ફરમાવવામાં આવેલો છે. કેમ કે મિથ્યાત્વથી આવર્જિત જીવ અશ્રદ્ધાથી યત્ર તત્ર જીવહિંસા કરતો રહેશે, શાસનની હીલના થાય તેવી પ્રવૃત્તિ કર્યા કરશે અને આમ કરતાં તે માત્ર એકાંતે ભવોપગ્રાહી કર્મોનો બંધ કરતો રહે છે. આથી સર્વપ્રથમ તેને સમ્યક્ત્વની પ્રાપ્તિ કરાવવી ઉચિત છે. ત્યારબાદ જ તેને દીક્ષિત કરવો વધુ યોગ્ય છે.

**अदक्खु - अदृष्ट ( त्रि. )**

(અર્વાગ્દર્શનવાળો, ટુંકી દષ્ટિવાળો)

જે શાસ્ત્રોના રહસ્યોને જાણે છે, જેને દરેક પદાર્થોના ભાવો અને ઐદંપર્યાર્થનું જ્ઞાન છે અને જે પંડિતની કક્ષામાં આવે છે તેવા જીવને ક્યારેય પણ મારું-તારું, હું સાચો, તું ખોટો વગેરે વિવાદો હોતા જ નથી. તેઓ તો માત્ર સત્યનું પ્રતિપાદન જ કરતાં હોય છે. ક્યારેય પણ કોઇનું ખંડન કરતાં નથી. પરંતુ જે ઉક્તલક્ષણોથી રહિત છે. જેની દષ્ટિ ટુંકી છે તેવા જીવો જ સાચા-ખોટા માટે કાયમ લડ્યા કરતાં હોય છે. તેમનું આખું જીવન સાચા-ખોટા કરવામાં જ પસાર થઇ જાય છે.

**★अदक्ष ( त्रि. )**

(નિપુણતારહિત, ચાતુર્ય વગરનો, મૂર્ખ)

નસીબ જોર કરતું હોય, લક્ષ્મીદેવી સ્વયં ચાંલ્લો કરવા આવ્યા હોય અને તે સમયે મોઢું ધોવા જાય તેને આપણે મૂર્ખ કહીએ છીએ. તો પછી પુણ્યનો ઉદય હોય, જિનશાસનની પ્રાપ્તિ થઇ હોય, સુદેવ અને સુગુરુનો સંજોગ સાંપડ્યો હોય તે સમયે આપણે તેમને છોડીને માત્ર ભોગસુખ ભોગવવામાં સમય બગાડીએ તો તેમાં આપણી કેટલી બુદ્ધિમત્તા છે ?

**★अपश्य ( त्रि. )**

(અંધ, દષ્ટિરહિત)

સામાન્યથી જેને આંખો ન હોય, જે બાહ્યદશ્યો જોઇ ના શકે તેને અંધ કહેવાય છે. પરંતુ તાત્ત્વિકદષ્ટિએ જેઓ ધનની પાછળ આસક્ત છે, જેઓ કામમાં આસક્ત છે, જેઓ ભોગસુખમાં આસક્ત છે તેવા ધનાંધ, કામાંધ અને ભોગાંધો પણ અંધની કક્ષામાં આવે છે. તેઓ પાસે આંખો હોવા છતાં પણ તેમને બીજું કાંઇ જ દેખાતું નથી, માટે તેઓ ખરા અર્થમાં અંધ જ છે.

**अदक्खुदंसण - अदक्षदर्शन ( त्रि. )**

(અન્યદર્શની, અસર્વજ્ઞોક્ત ધર્મનો અનુયાયી)

જે વસ્તુના દ્રવ્ય, ગુણ અને પર્યાયોને જાણતા હોય, જેને ભૂત, ભવિષ્ય અને વર્તમાન એ ત્રણેય કાળનું જ્ઞાન એક સાથે થતું હોય, જેમનાથી કોઇ જ વસ્તુ અજાણ ન હોય તેવા પુરુષે કહેલો ધર્મ સર્વજ્ઞોક્ત ધર્મ છે. પરંતુ જેઓની પ્રજ્ઞા અલ્પ છે, જેમના સ્વરચિત શાસ્ત્રોમાં પોતાની જ વાતોનો વિરોધ આવે છે તેવા ધર્મસ્થાપકોનો ધર્મ સર્વજ્ઞોક્ત ધર્મ કેવી રીતે બની શકે? અને તે ધર્મના અનુયાયી પણ સ્વયં સર્વજ્ઞ કેવી રીતે બની શકે ? એ એક વિચારણીય સવાલ છે.

**★अदृष्टदर्शन ( त्रि. )**

(અન્યદર્શની, અસર્વજ્ઞોક્તધર્મનો અનુયાયી)

**★अपश्यकदर्शन ( त्रि. )**

(અસર્વજ્ઞનું સ્વીકારેલું છે દર્શન જેણે તે, મિથ્યાદર્શની)

**अदक्खुव - अपश्यवत् ( त्रि. )**

(અંધની તુલ્ય, અંધ જેવો કાર્યાકાર્યનો અનભિજ્ઞ)

અસર્વજ્ઞના ધર્મને સ્વીકારેલા જીવને અંધતુલ્ય કહેલો છે. જેમ આંખેથી અંધ વ્યક્તિ યોગ્યાયોગ્ય સ્થાનનો નિર્ણય કરી શકતો નથી તેવી રીતે કદાગ્રહમાં બંધાયેલો મિથ્યાત્વી સદઅસદ્, હેય-ઉપાદેય, હિતાહિત વગેરે બાબતોનો ભેદ પાડી શકતો નથી. તે એકાંતે ખોટા માર્ગે પ્રવૃત્તિ કરતો હોય છે.

**अदढ - अदृढ ( त्रि. )**

(દુર્બળ)

**अदढधिई – अदृढधृति ( त्रि. )**

(ધૃતિરહિત, અસમર્થ)

યુદ્ધમાં, કુસ્તીમાં કે સામાન્ય લડાઇમાં શારીરિક બળે શત્રુને પરાજય કરનારા વીરો તો આ જગતમાં ઘણા બધાં છે. પરંતુ મહાવીર તો કોઈક વિરલા જ હોય છે. કેમ કે મહાવીર બનવા માટે ક્ષમતાની નહીં સમતાની જરૂર પડે છે. જે ક્ષમા માગવામાં અને આપવામાં અસમર્થ છે તેઓ ક્યારેય મહાવીર બની શકતા નથી.

**अदण – अदन ( न. )**

(આહાર, ભોજન)

આહાર શબ્દ **आ+हृ** શબ્દ પરથી બનેલ છે. જે તમારી ભૂખના દુઃખનું ઉપશમન કરે તે આહાર કહેવાય છે. જો તમે માત્ર ભૂખની શાંતિ માટે આહાર લો છો તો તે ચોક્કસ તમારી ક્ષુધાના દુઃખને હરશે. પરંતુ તમે આહારની આસક્તિમાં પડ્યા તો તમારી ભૂખ હરણ કરવાની સાથે તમને ભવાંતરમાં મળનારા ભોગસુખોનું પણ હરણ કરી લેશે. માટે આ વાત યાદ રાખજો.

**अदण्ण – अदत्त ( त्रि. )**

(આકુળ થયેલું, વિષાદ કરેલું)

શરીરમાં સામાન્ય શરદી કે તાવ ભરાતા વ્યક્તિ બેબાકળી બની જાય છે. આકુળ-વ્યાકુળ થાય છે ને તરત જ બિમારીને દૂર કરવાના ઉપાયોમાં પ્રવૃત્ત થઇ જાય છે. કિંતુ પોતાના આત્મામાં રાગ, દ્વેષ, મોહ, કષાય વગેરે ભયંકર રોગો રહેલા હોવા છતાં ક્યારેય તેનાથી આકુળતા થઇ છે ખરી ? તેને દૂર કરવાના ઉપચારો કર્યા છે ખરા?

**अदत्त ( दिण्ण ) – अदत्त ( त्रि. )**

(નહીં આપેલું, અદત્તના ગ્રહણરૂપ આશ્રવનો ત્રીજો ભેદ)

જે વસ્તુ અપાઇ નથી કે આપવા માટે માલિકની મરજી નથી તેવી વસ્તુ સાધુએ કે ગૃહસ્થે પૂછ્યા વિના લેવી જોઇએ નહિ. કેમ કે તેમ કરવામાં તેના માલિકને અપ્રીતિ અને નારાજગી થવાનો સંભવ છે. અને વળી અદત્તને ગ્રહણ કરતાં જે કર્મોનો બંધ થાય છે તેમાં દંડનીય તે સાધુ કે ગૃહસ્થનો આત્મા જ બને છે.

**अदत्त ( दिण्ण ) हारि ( ण् ) – अदत्तहारिन् ( त्रि. )**

(ચોર, પરદ્રવ્યનું હરણ કરનાર)

પરમાત્માના કલ્યાણક નિમિત્તે દેવો તેમના ગૃહમાં જે ધનની વૃદ્ધિ કરે છે, તે ધન એવું લાવે છે કે જેનું કોઇ માલિક ન હોય, જેની આગળ-પાછળ કોઇ ન હોય અને મૃત્યુ પામેલું હોય. કેમ કે દેવો પણ માને છે કે જે દ્રવ્ય અન્યની માલિકીનું છે તેનું હરણ કરવું તે પાપ છે. આવું પરદ્રવ્યનું હરણ કરનારને લોકમાં નિંદાપાત્ર ગણેલો છે.

**अदत्ता ( दिण्णा ) दाण – अदत्तादान ( न. )**

(નહીં આપેલી વસ્તુનું ગ્રહણ કરવું તે, તીર્થંકર-જીવ-ગુરુ-સ્વામીએ ન આપેલી સચિત્ત કે અચિત્ત વસ્તુ લેવી તે, અદત્તાદાન)

સ્થાનાંગસૂત્રના પ્રથમ સ્થાનના પહેલા ઉદ્દેશામાં કહેલું છે કે સચિત્ત અને અચિત્ત વસ્તુને આશ્રયીને અદત્તાદાન ચાર પ્રકારે છે. ૧. સ્વામી અદત્ત ૨. જીવ અદત્ત ૩. તીર્થંકર અદત્ત અને ૪. ગુરુ અદત્ત. પાપભીરુ આત્માએ આ ચારેય પ્રકારના અદત્તાદાનનો ત્યાગ કરવો જોઇએ. જે અદત્તાદાનનો ત્યાગ કરે છે તેને ભવાન્તરમાં અમાપ સમૃદ્ધિઓનું સૌભાગ્ય મળે છે.

**अदत्ता ( दिण्णा ) दाणकिरिया – अदत्तादानक्रिया ( स्त्री. )**

(પોતાના માટે અદત્ત વસ્તુનું ગ્રહણ કરવું, સ્વામી જીવ ગુરુ અને તીર્થંકર આ ચારે દ્વારા ન અપાયેલી વસ્તુને ગ્રહણ કરવી તે)

**अदत्ता ( दिण्णा ) दाणवत्तिय – अदत्तादानप्रत्ययिक ( पुं. )**

(સાતમું ક્રિયાસ્થાન, અદત્ત વસ્તુને ગ્રહણ કરવાથી આત્મા દંડાય તે)

સૂત્રકૃતાંગ આગમના દ્વિતીય શ્રુતસ્કંધમાં જણાવ્યું છે કે, જે જીવ સ્વનિમિત્તે, પરિવારનિમિત્તે કે અન્ય કોઇના પણ નિમિત્તે અન્યના ધનને ગ્રહણ કરે છે, બીજા પાસે કરાવે છે કે તે પ્રમાણે ગ્રહણ કરતાને અનુમોદે છે તેને અદત્તાદાનપ્રત્યયિક સંબંધી કર્મનો બંધ થાય છે. જેના કારણે જીવ પરભવમાં દારિદ્ર્યતાદિ દુઃખોથી દંડાય છે.

**अदत्ता ( दिण्णा ) दाणविरइ - अदत्तादानविरति ( स्त्री. )**

(પરદ્રવ્યને હરણ કરવાથી વિરત થવું તે, સ્વામી આદિ દ્વારા અદત્ત વસ્તુ ગ્રહણ કરવાનો ત્યાગ)

**अदत्ता ( दिण्णा ) दाणवेरमण - अदत्तादानविरमण ( न. )**

(અદત્તાદાનથી અટકવું તે, પંચમહાવ્રતોમાંનું ત્રીજું વ્રત)

અદત્તાદાન વિરમણ નામક વ્રત સાધુ અને શ્રાવક બન્નેને હોય છે. તેમાં સાધુને સર્વથા અદત્તાદાનથી નિવૃત્તિ હોય છે. આથી તેઓ ગમે તેવી વસ્તુ કોઇને પૂછ્યા વિના લઇ શકતા નથી. જ્યારે શ્રાવક માટે સર્વથા ત્યાગ કરવો અસંભવ હોવાથી કેટલીક સામાન્ય વસ્તુઓને છોડીને જે લોકમાં નિંદ્ય ગણાતી હોય તેવી વસ્તુને આશ્રયીને સ્થૂલથી અદત્તાદાન વિરમણ વ્રત હોય છે.

**अदत्ता ( दिण्णा ) लोयण - अदत्तालोचन ( त्रि. )**

(જેણે ગુરુ પાસે આલોચના નથી કરી તે)

શાસ્ત્રમાં કહેલું છે કે, જે રીતે બાળક પોતાની માતા આગળ જેવું બન્યું હોય તેવું નિર્દોષ ભાવે સઘળુંય કહે છે. તેવી રીતે શિષ્ય પણ ગુરુ આગળ પોતે સેવેલા દોષોનું કંઈપણ છુપાવ્યા વિના યથાવસ્થિત વર્ણન કરે અને આત્માને શુદ્ધ કરીને દોષોથી મુક્તિ મેળવે. પરંતુ જે શિષ્ય પોતાના દોષો ગુરુને કહેતો નથી કે પછી છુપાવીને અમુક જ વસ્તુ જણાવે, અમુક ન જણાવે તો તેની આલોચના શુદ્ધ થતી નથી. આવી અકૃત આલોચનાવાળા જીવને પાપોથી મુક્તિ મળતી નથી.

**अदत्ताहार - अदत्ताहार ( पुं. )**

(ચોર, સ્તેન, અણદીધું હરણ કરનાર)

જિનશાસનમાં જે રીતની શ્રમણની જીવનપદ્ધત્તિ દર્શાવી છે તેવી અપૂર્વકક્ષાની પદ્ધત્તિ કદાચ અન્ય બીજે ક્યાંય નહીં હોય. જેમ કે સ્થાનકમાં ઊતરવા માટે અન્યની પરવાનગી લેવાની વિધિ છે તેમ ભિક્ષા વહોરવા ગયેલા સાધુ પણ ઘરમાં સીધો પ્રવેશ ન કરતાં બહાર ઊભા રહીને મોટેથી ધર્મલાભ બોલે છે અને માલિકની રજામંદી પછી જ અંદર પ્રવેશે છે. આમ કરવાથી બે ફાયદા છે. ૧. માલિકને સાધુના વર્તનથી પ્રીતિ ઊપજે અને ૨. કોઇને સાધુ પ્રત્યે ચોરની શંકા ન થાય.

**अदब्भ - अदभ्र ( त्रि. )**

(પ્રચુર, ઘણું બધું)

**अदब्भवाह - अदभ्रवाह ( त्रि. )**

(ઘણું બધું વહન કરનાર અશ્વાદિ)

અશ્વ, બળદ, ઊંટ, ખચ્ચર, ગધેડો વગેરેને ભારવાહક પ્રાણીઓ કહેવામાં આવે છે. તેઓનો જન્મ જ બીજાઓનો ભાર વહન કરવા માટે થયો હોય છે. તેઓ ઇચ્છે કે ના ઇચ્છે તેમને ભાર વહન કરવો જ પડે છે. કર્મગ્રંથના મતે આની પાછળનું કારણ એક જ છે કે જેઓએ પૂર્વ ભવમાં શુભકર્મનો બંધ કરાવનારા કાર્યો વહન કરવામાં આળસ કરી હોય, ચોરી કરી હોય અથવા બીજા પ્રાણીઓ પર નિર્દયપણે ભાર લાદ્યો હોય તો બીજા ભવમાં આવા જીવો ભારવાહક પ્રાણી તરીકે જન્મ લે છે.

**अदय - अदय ( त्रि. )**

(નિર્દય, ક્રૂર)

શ્રમણ અને શ્રાવકને જ્યાં દયાનો વાસ નથી તેવા ક્રૂર દેશોમાં કે તેવા વ્યક્તિઓ સાથે વસવાટ કે સંગ કરવાની શાસ્ત્ર મનાઇ ફરમાવે છે. કેમ કે તેવા સ્થાનોમાં કે વ્યક્તિઓ સાથે રહેવાથી આત્મામાં રહેલી દયારૂપી વેલડીઓનો કચ્ચરઘાણ વળી જાય છે. આત્મા નિષ્ઠુરપરિણામવાળો બની જાય છે, જે એક દયાળુ પુરુષ માટે અશોભનીય છે.

**अदलंत - अददत् ( त्रि. )**

(નહીં આપતો, નહીં આપતી, નહીં આપતું)

**अदस - अदश ( त्रि. )**

(દશારહિત, દશા વગરનું)

**अदारुय - अदारुक ( त्रि. )**

(કાષ્ઠાદિરહિત, લાકડા વગરનું)

એક જમાનામાં શત્રુંજયનું મુખ્યજિનાલય કાષ્ઠનું હતું. આખું દેરાસર કાષ્ઠનિર્મિત હતું. એક વખત મંત્રી પેથડશા ચૈત્યવંદન કરતા હતા અને એક ઉંદર ઘીની લાલચથી દીવાની વાટને ખેંચીને લઇ જવા લાગ્યો. આ દશ્ય પેથડમંત્રીએ જોયું અને તેમના દિલમાં ધ્રાસ્કો પડ્યો. તેમણે વિચાર્યું કે આ તો મારી નજર પડીને અઘટિત અટકી ગયું પરંતુ, કાલ ઊઠીને આવું બની ગયું તો ! અને તેઓએ દૂધ જેવા સફેદ સંગેમરમર આરસપહાણનું નૂતન જિનાલય બનાવવાનો સંકલ્પ કર્યો.

**अदिज्ज - अदेय ( त्रि. )**

(નહીં દેવા યોગ્ય, જ્યાં લેણ-દેણની પ્રથા ન હોય તેવું નગરાદિ)

આજે તો ઘી, દૂધ, માખણ વગેરેનો મોટા પ્રમાણમાં વેપાર થાય છે. પરંતુ જેમ ગાય પૂજ્ય ગણાય છે તેમ વિતેલા જમાનામાં તેનાથી પ્રાપ્ત થતી વસ્તુને પણ એટલી જ પવિત્ર માનવામાં આવતી હતી. આથી જ તો તેનો વેપાર પણ થતો નહોતો. તેને ધનથી અદેય માનવામાં આવતું હતું. લોકો દૂધ, ઘી વગેરે આસાનીથી મેળવી શકતા હતા. છાશ તો મફત જ મળતી હતી. એ જ ભારતમાં આજે ગાયની હત્યાઓ થાય છે અને તેના માંસની બનાવટોનો મોટા પ્રમાણમાં ધીકતો ધંધો કરવામાં આવે છે.

**अदिट्ठ - अदृष्ट ( त्रि. )**

(નહીં જોયેલું, નહીં જાણેલું ૨. પૂર્વભવમાં કરેલું કર્મ ૩. નૈયાયિકમત સમ્મત એક ગુણ)

જૈનદર્શન અનુસાર વ્યક્તિ જીવનમાં જે સુખ કે દુઃખ પ્રાપ્ત કરે છે, તે તેના પૂર્વભવમાં કરેલા કર્મોને આધીન છે એમ માને છે. જ્યારે નૈયાયિકો તેને અદ્રષ્ટ નામ આપે છે. આ અદષ્ટને એક પ્રકારનો આત્મા સંબંધી ગુણ બતાવે છે. જે આત્મા અને મનના સંયોગથી ઉત્પન્ન થાય છે. આ બાબતમાં જૈનદર્શન વધુ ઊંડાણથી કહે છે. જેમ કે દરેક યોનિમાં સુખ-દુઃખ તો રહેલા જ છે. કિંતુ આત્માં સાથે મનનો સંયોગ હોય પણ ખરો અને ન પણ હોય. આથી કર્તાના ફળનું દાયક કર્મને તો સ્વીકારવું જ પડે.

**अदिट्ठदेस - अदृष्टदेश ( पुं. )**

(પૂર્વે નહીં જોયેલો અન્ય દેશ, અદષ્ટપૂર્વ દેશાન્તર)

આજનો માણસ ભલે નોલેજમાં, સુખો ભોગવવામાં આગળ વધી ગયો હોય પરંતુ તેની મનની શાંતિ, કુટુંબનો પ્રેમ, સ્વજનો સાથેની લાગણીઓ વગેરે બધું છીનવાઇ ગયું હોય એમ લાગે છે. તેનું કારણ એક જ છે કે પૂર્વે દુનિયા ખૂબ મોટી હતી. તેઓના જીવનમાં સંતોષ પ્રધાન હતો એટલે તેમની જરૂરિયાતો પણ અલ્પ હતી. તેઓ જેટલું મળે તેટલામાં ચલાવી જાણતા હતાં. જ્યારે આજનો માનવ પૂર્વે ન જોયેલા દેશોને, તેમના સુખોને ટી.વી. પર જુએ છે અને પોતાને મળેલા સુખોને ભૂલીને બીજાને મળેલા સુખો પાછળ હૈયું બાળે છે. આવા હૈયાબાળુઓને મનની શાંતિ કે સ્વજનપ્રેમ કેવી રીતે નસીબ થાય ?

**अदिट्ठधम्म ( ण् ) - अदृष्टधर्मन् ( त्रि. )**

(જેને શ્રુતધર્મ કે ચારિત્રધર્મ સારી રીતે ઉપલબ્ધ થયા નથી તે, જેણે શ્રુતાદિધર્મ ઓળખ્યા નથી તે)

અધૂરો ઘડો છલકાય ઘણોની જેમ આજે ધર્મની વાતો મોટાભાગે એવા લોકો કરતાં જોવા મળે છે કે જેઓ ધર્મનો કક્કો પણ જાણતા ન હોય. ચોવીસ તીર્થંકરોના નામ પણ ન આવડતાં હોય અને ચર્ચા કરશે અધ્યાત્મની, સાધુઓના આચારોની. અરે! જેણે ગુરુગમથી શ્રુતધર્મ અને ચારિત્રધર્મને જાણ્યા નથી તેઓ શું જાણે જિનશાસનની ગરિમાને! જો તમારે સાચે જ ધર્મચર્ચા કરવી હોય તો પ્રથમ તમારા અહંકારને મૂકીને ગુરુચરણોમાં બેસી તત્ત્વોને સમજો, પચાવો,પછી ચર્ચા કરવી યોગ્ય ગણાશે.

**अदिट्ठभाव - अदृष्टभाव ( पुं. )**

(આગમ શ્રુતમાં કહેલા ભાવોને નહીં જાણનાર, આવશ્યકાદિ શ્રુતને જે ન જાણતો હોય તે)

**अदिट्ठलाभिय - अदृष्टलाभिक ( पुं. )**

(અભિગ્રહધારી સાધુ, પૂર્વે ન જોયેલા હોય તેવા દાતાનું અન્ન લેવું એવો અભિગ્રહવિશેષધારક ભિક્ષાચર)

કોઇ સાધુ એવી પ્રતિજ્ઞા કરે કે, આજે મારે તો જ ભિક્ષા ગ્રહણ કરવી છે કે જ્યારે મને એવો પુરુષ આહાર વહોરાવે; જેને મેં પૂર્વે ક્યારેય જોયો ન હોય કે તેણે પણ મને ક્યારેય જોયો ન હોય. આવા અભિગ્રધારી સાધુને અદષ્ટલાભિક કહેવાય છે.

**अदिट्ठसार - अदृष्टसार ( त्रि. )**

(અગીતાર્થ સાધુ)

જેઓ શાસ્ત્રોના ભાવોને જાણતા નથી, ક્યાં ઉત્સર્ગમાર્ગ વાપરવો અને ક્યાં અપવાદમાર્ગ સેવવો તેના વિભાગનું જેને જ્ઞાન નથી તેવા સાધુને અગીતાર્થ કહેલા છે. આવા અગીતાર્થ સાધુ શ્રુતના સારને જાણતા ન હોવાથી સમ્યગ્જ્ઞાન દાન કરી શકતા નથી.

**अदिट्ठहड - अदृष्टहृत ( त्रि. )**

(જોયા વિના ગ્રહણ કરેલું)

સાધુ માટે તેવી જ વસ્તુ ગ્રાહ્ય બને છે કે જે દૃષ્ટિ અને મતિથી પરખાઇ ગઇ હોય. કોઇપણ વસ્તુ ગ્રહણ કરતાં પૂર્વે તેમાં કોઇ દોષ તો નથી ને ? એમ આંખોથી જુએ અને દૃષ્ટિએ ન દેખાતા મતિ દ્વારા પ્રસંગને અનુરૂપ કલ્પના કરે કે ગ્રહણ કરાતો પદાર્થ શુદ્ધ છે કે અશુદ્ધ. જો શુદ્ધ જણાય તો જ તેને ગ્રહણ કરે અન્યથા તેને છોડી દે. કેમ કે જોયા વિના ગ્રહણ કરેલા પદાર્થમાં જીવહિંસાદિ દોષો રહેલા છે.

**अदिट्ठाणुभाव - अदृष्टानुभाव ( पुं. )**

(કાર્યના ફળનો વિપાક નથી જોયો જેણે તે)

કૈવલ્યજ્ઞાનના અભાવે છદ્મસ્થાવસ્થામાં રહેલો જીવ પોતે કરેલા કાર્યના ભાવિ પરિણામોને જોઇ શકતો નથી. કિંતુ જેમણે કેવલજ્ઞાન પ્રાપ્ત કરેલું છે તેવા પ્રભુ વીરે વિપાકસૂત્ર અંતર્ગત આવતા સુખવિપાક અને દુઃખવિપાકનું સ્વરૂપ જણાવ્યું છે. તેમાં જીવ કેવા કાર્યોથી કેવા કર્મોનો બંધ કરે છે, તેના કેવા પરિણામોને પ્રાપ્ત કરે છે વગેરે વિસ્તૃત વર્ણન કરેલું છે. તેમાં આપણે પૂર્વે નહીં જોયેલા કે નહીં સાંભળેલા પ્રસંગોનું વર્ણન કરેલું છે.

**अदिण्ण - अदत्त ( त्रि. )**

(પારકું ધન વગેરે, સ્વામી આદિ દ્વારા નહીં અપાયેલી વસ્તુ)

**★अदैन्य ( न. )**

(દીનતાનો અભાવ)

આચારાંગ, ઉત્તરાધ્યયનાદિ આગમોમાં સાધુ માટે એક વિશેષણ મૂક્યું છે, **'अदीनमनसा'** અર્થાત્ સાધુના મનમાં દીનતા ગરીબડાપણાનો અભાવ હોય. સાધુજીવનમાં આવનારા કષ્ટો, ઉપસર્ગો અને પરિષહોથી ડરી જઇને લાચારીપણું આવી જાય તે દીનતા છે. પરંતુ સિંહ સમાન વૃત્તિવાળા સાધુઓ ગમે તેવા કષ્ટો સામે લાચાર થયા વિના હસતે મુખે સહન કરતા હોય છે.

**अदिण्णवियार - अदत्तविचार ( त्रि. )**

(જેમાં પ્રવેશનો નિષેધ હોય તેવા કોઠાર-ગૃહ આદિ)

**अदित्त - अदृप्त ( त्रि. )**

(અભિમાનરહિત, શાન્ત)

જેમને મહાન કહી શકાય તેવા બાહુબલી, લંકાધિપતિ રાવણ, સનત ચક્રવર્તી વગેરે મહાપુરુષો એકમાત્ર અહંકારના કારણે પોતાની ઉન્નતિને અટકાવીને બેઠા હતા. આ અભિમાનના કારણે તો પ્રતિવાસુદેવ રાવણે પોતાના પ્રાણોને ગુમાવવા પડ્યા હતા. આ દુનિયાનો એકપણ એવો દાખલો લાવો કે જેમાં અભિમાનથી કોઇનું સારું થયું હોય. તમને ગોત્યો પણ નહીં જડે. જે અભિમાનને ત્યજે છે તે જ મનને જીતે છે. કહેવાય છે ને કે 'જે નમે તે સહુને ગમે'

**अदिस्स - अदृश्य ( त्रि. )**

(અદૃશ્ય, આંખનો વિષય ન બને તે, જેને ચર્મચક્ષુથી જોઇ ન શકાય તે)

પરમાત્માના ચોત્રીસ અતિશયમાં એક અતિશય એવો છે કે, તીર્થંકર ભગવંત જ્યારે આહાર-નિહાર કરતા હોય ત્યારે તેમને ચર્મચક્ષુવાળા સંસારી જીવો જોઇ શકતા નથી. કેમ કે પરમાત્માના આહાર અને નિહાર બન્નેને ચર્મચક્ષુથી અગોચર કહેલા છે. શ્રીપદ્મવિજયજી મહારાજે પણ સ્તવનમાં લખેલું છે કે, 'દેખે ન આહાર નિહાર ચરમચક્ષુ ધણી'

**अदिस्समाण - अदृश्यमान ( त्रि. )**

(નહીં દેખાતો, ચર્મચક્ષુથી નહીં દેખાતું, ઉપલબ્ધ ન થતું)

**अदीण - अदीन ( त्रि. )**

(શોકના અભાવે દીનતાભાવરહિત, પ્રસન્નચિત્ત સ્વભાવી)

આપણા જૈનસમાજમાં પૂજા પૂજનો તો ઘણા બધા થાય છે. લોકો હોંશે હોંશે પૂજનો કરાવતા હોય છે. પરંતુ મોટા ભાગે ગતાનુગતિક રીતે થાય છે. પૂજન કરાવનારને પૂજનનું શું ફળે છે તેનીય ખબર હોતી નથી. આનંદઘનજી મહારાજે આદિનાથ પ્રભુના સ્તવનમાં પૂજાના ફળનો ઉલ્લેખ કરતાં કહ્યું છે કે 'ચિત્તપ્રસન્ને રે પૂજન ફળ કહ્યું' પૂજન કરાવતા જો તમારા ચિત્તમાં પ્રસન્નતા વ્યાપે તો સમજવું કે તમે કરાવેલું પૂજન સફળ છે.

**अदीणचित्त - अदीनचित्त ( त्रि. )**

(જેના ચિત્તમાં દીનતા નથી તે, શોકરહિત ચિત્ત છે જેનું તે)

કંડરિકમુનિ ઉત્તમકક્ષાનું ચારિત્રજીવન પ્રાપ્ત કરવા છતાં પણ હારી ગયા. કેમ કે ચારિત્રજીવનના કષ્ટો, પરિષહોના કારણે તેમના ચિત્તમાં દીનતા આવી ગઇ હતી અને તેઓને સંયમજીવન ભારરૂપ લાગવા માડ્યું હતું. જ્યારે બીજી તરફ માથા પર ધગધગતા અંગારા બળતા હોવા છતાં પણ ગજસુકુમાલમુનિએ મોક્ષને પ્રાપ્ત કરી લીધો. કેમ કે તેઓ સારી રીતે સમજી ગયા હતા કે મોક્ષ પ્રાપ્ત કરવો હશે તો કષ્ટોને તો સહન કરવા જ પડશે તેમના માટે કષ્ટસાધ્ય શ્રમણજીવન મોક્ષની સીડી હતી.

**अदीणमणस - अदीनमनस् ( त्रि. )**

(જેના ચિત્તમાં દીનતા નથી તે, ઉદાર ચિત્તવાળો, મોટા મનવાળો, પ્રસન્નચિત્તવાળો)

**अदीणया - अदीनता ( स्त्री. )**

(દીનતાનો અભાવ, વિકલતારહિત, અદીન એવું ભિક્ષુલિંગ)

**अदीणवित्ति - अदीनवृत्ति ( त्रि. )**

(જેમની પ્રવૃત્તિમાં દીનતાનો અભાવ છે તે, આહારાદિના અલાભમાં પણ શુદ્ધવૃત્તિવાળો)

ઢંઢણઋષિએ જે દિવસથી પ્રવ્રજ્યા લીધી તે દિવસથી તેમનું અંતરાય કર્મ ઉદયમાં આવ્યું. તેઓ જ્યાં પણ ભિક્ષા લેવા જાય ત્યાં તેમને નિર્દોષ ભિક્ષા પ્રાપ્ત જ નહોતી થતી. પ્રભુ નેમિનાથે ઢંઢણમુનિને કહ્યું, ઋષિવર, તમારું અંતરાયકર્મ ઉદયમાં હોવાથી ભિક્ષા નથી મળતી. આથી તેઓએ નિયમ લીધો કે જે દિવસે સ્વલબ્ધિથી ભિક્ષા મળશે ત્યારે જ આહાર વાપરીશ. તેઓ નિત્ય ભિક્ષા લેવા જતા પણ સ્વલબ્ધિથી ભિક્ષા પ્રાપ્ત થતી ન હતી. છતાં પણ તેમના ચિત્તની પ્રસન્નતા દિવસે ને દિવસે વધતી જતી હતી. ભિક્ષાની અપ્રાપ્તિએ તેમના મનમાં જરાપણ દીનતા આવવા દીધી નહોતી. અંતે અશુદ્ધ ભિક્ષા પરઠવતા કેવળજ્ઞાન પામ્યા.

**अदीणसत्तु - अदीनशत्रु ( पुं. )**

(હસ્તિનાપુરનો તે નામનો રાજા)

**अदु - अथ ( अव्य. )**

(આથી ર. પશ્ચાત્, પછી, અનન્તર)

**अदुक्खणया - अदुःखनता ( स्त्री. )**

(દુઃખી ન થવું તે, દુઃખ ન વેદવું તે, દુઃખોત્પાદક માનસિક અશાતાની ઉદીરણા ન હોવી તે)

ધર્મસંગ્રહમાં **अदुःखनता** ની વ્યાખ્યા કરતાં લખ્યું છે કે, **'दुःखोत्पादने मानसिकाऽसातानुदीरणे'** અર્થાત્ દુઃખને ઉત્પન્ન કરનાર સામગ્રી પ્રાપ્ત થયે છતે જે માનસિક અશાતાની ઉદીરણા થવા ન દે તે અદુઃખનતા છે.

**अदुगुंछिय - अजुगुप्सित ( त्रि. )**

(અનિંદ્ય, અગર્હિત, સામાયિક)

સાધુ-સાધ્વીઓ આપણા સમાજની અમૂલ્ય સંપત્તિ છે. જેટલી ગંભીરતાથી આપણે આપણી સંપત્તિને જાળવીએ છીએ તેટલી ગંભીરતાથી સાધુ-સાધ્વીની રક્ષા નથી કરતા. તેમના આચારો સહજ રીતે પળાય તે રીતનું વાતાવરણ ઊભું કરવું તે આપણી

જવાબદારી છે. પરંતુ અફસોસ! તેવો પ્રયત્ન કરવાનો તો દૂર રહ્યો, ઊલટાનું આપણે તેમની નિંદા-કુથલી કરવાનો એક પણ પ્રસંગ જવા દેતા નથી. સાધુ સાધ્વીના ઉત્તમ અને અનિંદ્ય આચારોની નિંદા કરવી તે એક પ્રકારનું ખોફનાક પાપ છે.

**अदुट्ठ - अदुष्ट ( त्रि. )**

(દોષરહિત)

શાસ્ત્રમાં નિર્મલ એવા જ્ઞાન-દર્શન અને ચારિત્ર ગુણોના ધારક આત્માને મલિન કરનાર અને આ સંસારમાં જકડી રાખનારા અઢાર પ્રકારના દોષો બતાવવામાં આવેલા છે. જેઓએ સ્વપરાક્રમથી આ અઢારે દોષોનો નાશ કર્યો છે તેવા દોષરહિત જીવો અતિનિર્મલ એવા કેવલજ્ઞાનમય મોક્ષને પ્રાપ્ત કરે છે.

**★अद्दिष्ट ( त्रि. )**

(દ્વેષરહિત)

વિમલનાથ ભગવાનના સ્તવનમાં કાંતિવિજયજી મહારાજે પોતાનામાં રહેલા દુર્ગુણોનું વર્ણન કર્યું છે અને સાથે સાથે પરમાત્માને વિનંતીના સૂરમાં કહ્યું છે કે, હે પ્રભુ! હું તો અવગુણોથી ભરેલો જ છું એ વાત આપ સારી પેઠે જાણો છો. માટે જ કહું છું કે, આપ મારા અવગુણોને ન જોશો 'મુજ અવગુણ મત દેખો હો પ્રભુજી મુજ અવગુણ મત દેખો' આપ તો દ્વેષરહિત છો, આપનામાં સમતા પ્રચુરમાત્રામાં રહેલી છે. બસ એક જ વિનંતી છે કે મને તારો તારો ને તારો.

**अदुट्ठचेत ( स् ) - अदुष्टचेतस् ( त्रि. )**

(ક્લેશરહિત છે ચિત્ત જેનું તે, અદુષ્ટચિત્તવાળો, અકલુષ અન્તકરણવાળો)

**अदुत्तरं - अथापरं ( अव्य. )**

(હવે, હવે પછી)

આ શબ્દનો પ્રયોગ કોઇપણ ગ્રંથની રચના કે ચરિત્રકથનની શરૂઆતમાં થતો જોવામાં આવે છે.

**अदुय - अद्रुत ( न. )**

(ધીરે ધીરે, ઉતાવળરહિત, શીઘ્રતારહિત)

સાધુની વાણી કે ગતિ અદ્રુત અને અવિલંબિત હોવી જોઇએ. મુનિ જ્યારે પણ કથા કરતા હોય ત્યારે તેમની વાણીનો પ્રવાહ એટલો ધીમો નં હોવો જોઇએ કે, જેનાથી શ્રોતા કંટાળી જાય. તેમજ વાણી અતિ ઉતાવળી પણ ન હોવી જોઇએ કે જેથી સામેવાળો અર્થ ગ્રહણ જ ન કરી શકે. તે જ રીતે તેમના ગમનાગમન બાબતમાં પણ સમજવું. તેમની વાણી અને ગતિ બન્ને મધ્યમ હોવા જોઇએ.

**अदुयत्त - अद्रुतत्व ( न. )**

(સત્યાવીસમો સત્યવચનાતિશય, અદ્રુતત્વ વચનાતિશય)

**अदुयबंधण - अद्रुतबन्धन ( न. )**

(દીર્ઘકાલિક બંધન, લાંબા વખતનું બંધન)

**अदुवा - अथवा ( अव्य. )**

(અથવા, કે)

જ્યારે કોઇ વસ્તુનો કે પ્રસંગનો નિર્ણય થઇ શકતો ન હોય ત્યારે બોલાતા વાક્યમાં અનિશ્ચિતતા જણાવવા માટે આ અવ્યયનો ઉપયોગ થાય છે. જેમ કે ભીમે અશ્વત્થામાને માર્યો અથવા તે નામના હાથીને.

**अदूर - अदूर ( त्रि. )**

(નજીકમાં, સમીપમાં, પાસે)

આજના કાળનું આશ્ચર્ય કહેવું હોય તો એ કહી શકાય કે, વિલાસી જીવો પાપકર્મનો બંધ કરાવનાર સિનેમા થિયેટરો, હોટલો, ક્લબો વગેરે ગમે તેટલા દૂર હોય ત્યાં બધી જ તકલીફો વેઠીને પણ પહોંચી જાય છે. જ્યારે ભવોદધિતારક જિનેશ્વર પરમાત્માનું જિનાલય ઘરની સમીપમાં હોવા છતાં સમ ખાવા પૂરતું એક દિવસ જતાં જોર આવતું હોય છે. ખરેખર આ હુંડા અવસર્પિણી છે એવું પ્રતીત થાય છે.

**अदूरग ( य ) – अदूरग ( त्रि. )**

(પગાદિમાં અલ્પમાત્રામાં લાગેલા કાંટાદિ ૨. અત્યંત દૂર કે નજીક નહીં તે)

'મેનર્સ મેનિયાક' લોકોને કોઇ લગ્ન પ્રસંગમાં, પાર્ટીમાં, હોટેલમાં કે જાહેર સ્થળોમાં ગયા હોય તો ત્યાં કેવા મેનર્સ હોવા જોઇએ તેની બધી જ ખબર હોય છે. કોઇ તેમાં ભૂલ કરે તો તેઓ તેને મેનર્સલેસ ગણે છે. આવા લોકોને ગુરુવંદન કરવા જાય તો અતિદૂર નહીં તેમ અતિનજીક નહીં તેમ સાડાત્રણ હાથ દૂર ઊભા રહીને વંદન કરવાનો નિયમ છે તે ખ્યાલ જ હોતો નથી. ઊલટાનું જિનાલયમાં કે ઉપાશ્રયમાં બધા જ મેનર્સ ભૂલી જઇને જાણે શાકમાર્કેટમાં ઊભા હોય તેમ વર્તતા હોય છે.

**अदूरगेह – अदूरगेह ( न. )**

(અતિદૂર કે અતિનજીકમાં ન રહેલું હોય તેવું ઘર, ઉચિત અન્તરવાળું પડોશીનું ઘર)

**अदूरसामंत – अदूरसामन्त ( पुं. )**

(અતિદૂર કે અતિનજીક ન હોય તેવો પ્રદેશ, ઉચિત પ્રદેશ)

જે શિષ્ય ગુરુના આસનથી અતિદૂર બેસે કે પછી અત્યંત નજીક બેસે તો તેને ગુરુની આશાતનાનો દોષ લાગે છે. કેમ કે ગુરુભગવંતને કાંઇ કહેવું હોય તો દૂર બેઠો હોય એટલે મોટેથી બોલવું પડે તથા અત્યંત નજીક બેઠો હોય તો ગુરુને પોતાના શ્વાસોશ્વાસ લાગે. માટે ગુરુની આશતનાથી બચવા માટે શિષ્યએ અત્યંત દૂર કે અત્યંત નજીક નહીં પણ ઉચિત અંતરે બેસવું જોઇએ.

**अदूरागय – अदूरागत ( त्रि. )**

(પાસે આવેલું, નજીક આવેલું)

તીર્થંકરભગવંતનો મહિમા છે કે તેમની પાસે આવેલો જીવ ક્યારેય ખાલી હાથે પાછો જતો નથી. પ્રભુ વીર ગૃહસ્થાવાસમાં હતા તો તેઓએ બાર મહિના સુધી વર્ષીદાન કરીને લોકોનું દારિદ્ર દૂર કર્યું હતું. દીક્ષા બાદ પાછળથી આવેલ અભાગી બ્રાહ્મણને વસ્ત્રનું દાન કરીને તેની આખી જીંદગીનું દળદર ફેડી નાખ્યું હતું. અરે! ભારે કર્મી ઓલા ગોશાળાને પણ સમ્યક્ત્વનું દાન કર્યું હતું. જરૂર છે એકવાર પરમાત્માની પાસે જવાની.

**अदूसिय – अदूषित ( त्रि. )**

(દૂષણ વગરનું, અભિષ્વંગ-રાગરહિત)

અભિષ્વઙ્ગ એટલે ચોંટવું. રાગ અને દ્વેષ એ કર્મબંધના કારણ હોવાથી તેને અભિષ્વઙ્ગ કહેલા છે. જ્યાં સુધી રાગ-દ્વેષના અભિષ્વઙ્ગરૂપી દૂષણો આત્મામાં રહેલા છે ત્યાં સુધી જીવ કર્મોથી મુક્ત થવાનો નથી અને કર્મો હોતે છતે જીવની મજાલ છે કે તે સંસાર છોડીને જઇ શકે? જે દિવસે આ દૂષણોનો અંત થાય છે તે દિવસે જીવ એકક્ષણ માટે પણ આ સંસારમાં રહેતો નથી.

**अदेसकालप्पलावि ( ण् ) – अदेशकालप्रलापिन् ( पुं. )**

(દેશ અને કાળને જોયા વિના પ્રલાપ કરનાર, ભાષાચાપલ્યનો ભેદ)

ભોજપ્રબંધમાં મૂર્ખ વ્યક્તિના છ લક્ષણો બતાવવામાં આવેલા છે. તેમાંનું એક લક્ષણ છે અદેશકાલપ્રલાપી. જે વ્યક્તિ યોગ્યાયોગ્ય સ્થાન કે કાળને જોયા વિના અસંબદ્ધ બોલ્યા કરે તે મૂર્ખની કક્ષામાં આવે છે. આવા જીવો પર જલદી કોઇ વિશ્વાસ કરતું નથી. પરંતુ જે દેશ અને કાળને ઉચિત વાક્યનો પ્રયોગ કરે છે તે લોકમાં પ્રિય થાય છે.

**अदेसाकालायरण – अदेशाकालाचरण ( न. )**

(અનુચિત દેશ અને કાળમાં આચરણ ન કરવું તે, પ્રતિષિદ્ધ દેશકાળમાં ન વિચરવું તેવો શ્રાવકધર્મનો એક ભેદ)

વ્યક્તિ જે દેશમાં રહેતો હોય તે દેશને અનુસાર અને ત્યાંના કાળને અનુરૂપ વર્તે તો તે પ્રગતિને સાધી શકે છે. કિંતુ જો તેની વિપરીત આચરણા કરે તો પ્રગતિની વાત તો દૂર રહો તે અધોગતિની ગર્તામાં ધકેલાતો જાય છે. આજે ભારત દેશમાં જે સંયુક્તકુટુંબમાં વિખવાદ, વડીલો પ્રત્યેની જવાબદારીનો અભાવ, પતિ-પત્ની વચ્ચે છૂટાછેડા વગેરે જે પ્રશ્નો થયા છે તેનું મુખ્ય કારણ છે દેશ અને કાળને અનુચિત આચરણ.

**अदोस – अद्वेष ( पुं. )**

(તત્ત્વવિષયમાં દ્વેષનો અભાવ, તત્ત્વ વિશે અપ્રીતિરહિત)

પરમાત્માએ ઉપદેશેલા એક એક તત્ત્વનો બોધ ચિત્તને આનંદ ઉપજાવનાર તથા અનેકભવસંચિત પાપોનો નાશ કરનાર છે. આથી શિષ્ટ પુરુષો સર્વદા જિનોપદિષ્ટ તત્ત્વને વિશે કર્મવશ ઉત્પન્ન થતી અરુચિનો પ્રયત્નપૂર્વક પરિહાર કરતા હોય છે.

**अद्द – अब्द ( पुं. )**

(વાદળ, મેઘ)

મેઘના ગર્જારવથી મોરના ચિત્તમાં આનંદની લહેરી પ્રસરી જાય છે અને તે ટહુંકાઓ કરીને આખા વાતાવરણને ગજવી મૂકે છે. તેમ સમ્યક્ત્વી જીવ જ્યાં પણ પરમાત્માની વાતો ચાલતી હોય કે ઉપદેશ ચાલતો હોય તે સાંભળીને તેનું ચિત્ત પ્રમોદથી ભરાઇ જાય છે અને તે વાતો પોતાના પૂરતી સીમિત ન રાખતાં જે પણ મળે તેની સાથે આદાન-પ્રદાન કરે છે.

**★अर्द ( पुं. )**

(આકાશ)

**आर्द्र ( त्रि. )**

(ભીનું, લીલું, સજળ ૨. આર્દ્રા નક્ષત્ર ૩. તે નામનો એક રાજા ૪. નગરવિશેષ)

જે ભૂમિમાં સ્નિગ્ધતા હોય, જે સજળ હોય તેમાં જ વાવેલું બિયારણ વિપુલ ફળ આપે છે. ઉસર અને ફળદ્રુપતારહિત ભૂમિમાં ક્યારેય ધાન્યાંકુર ફૂટી શકતા નથી. તેમ જેનું હૃદય અહિંસારૂપી જળથી ભીનું નથી વળી જેના મનમાં દેવ-ગુરુનો વાસ નથી તેવા આત્મામાં ધર્મના અંકુરો ઊગી શકતા નથી.

**अद्दइज्ज – आर्द्रकीय ( न. )**

(આર્દ્રકુમાર વિષયક સૂત્રકૃતાંગસૂત્રના દ્વિતીય શ્રુતસ્કંધનું છઠ્ઠું અધ્યયન, જેમાં આર્દ્રકુમારનો ગોશાળા વિગેરે સાથે વાદ થયો હતો તેનું વર્ણન કરેલું છે.)

**अद्दग – आर्द्रक ( न. )**

(મૂળ પ્રધાન વનસ્પતિ વિશેષ, શૃંગબેર ૨. આદુ, સૂંઠ ૩. આર્દ્રભૂમિમાં ઉત્પન્ન હોય તે)

એલોપથી અને આયુર્વેદિક વચ્ચે સસલા અને કાચબા જેવી સ્પર્ધા છે. એલોપથી દવા રોગીની પીડાને શીઘ્ર શાંત કરી દે છે. એક મિનિટમાં રોગનું દર્દ ગાયબ થઇ જાય છે.જ્યારે આયુર્વેદિક દવા વ્યક્તિને ધીરે ધીરે આરામ કરે છે. પરંતુ જે કામ એલોપથી નથી કરી શકતી તે કામ આયુર્વેદિક દવાઓ કરી બતાવે છે. તે રોગને માત્ર શાંત નહીં પરંતુ જડમૂળથી કાઢી નાખે છે. તેની દવાઓ આદુ, લીમડો જેવી કુદરતી વનસ્પતિઓમાંથી બને છે. આથી જ હવે લોકો હર્બલ દવાઓ પાછળ પાગલ થવા લાગ્યા છે.

**अद्दग ( य ) कुमार – आर्द्रककुमार**

(આર્દ્રકુમાર મુનિ)

આર્દ્રકુમારનો જન્મ અનાર્યભૂમિમાં થયો હતો. પરંતુ તેમની દોસ્તી બુદ્ધિનિધાન અભયકુમાર સાથે થઈ હતી. તેમની સંગતના કારણે દરિયાપાર હોવા છતાં તેઓ જિનધર્મના અનુરાગી બન્યા. આગળ જતાં તેઓ શ્રાવક અને ઉત્તમ કોટિના શ્રમણ બન્યા. સૂત્રકૃતાંગસૂત્રમાં આર્દ્રકુમારનું આખું જીવનચરિત્ર વિસ્તૃતપણે વર્ણવવામાં આવ્યું છે.

**अद्दग ( य ) पुर – आर्द्रकपुर ( न. )**

(નગરવિશેષ, જ્યાં આર્દ્રકુમારનો જન્મ થયો હતો તે નગર)

**अद्दचंदण – आर्द्रचन्दन ( न. )**

(લીલું ચંદન, સુખડ)

ગરમીથી બચવા માટે આજે પંખા, કૂલર અને એ.સી.નો ઉપયોગ થાય છે. પરંતુ આ આધુનિક સાધનો જેમ ગરમી દૂર કરે છે તેમ તેની આડઅસરો પણ આપતા હોય છે. એ.સી. વગેરે નીચે બેસનારા વ્યક્તિનું શરીર અકડાઇ જતું હોય છે અને શરીરની રોગપ્રતિકારક શક્તિ ધીરે ધીરે ઘટતી જાય છે. જ્યારે પ્રાચીનકાળમાં ગરમીથી બચવા લીલા ચંદનનો લેપ કરવામાં આવતો હતો. તેનાથી આંતરિક અને બાહ્ય સુખ-શાતાનો અનુભવ થતો હતો. તેમજ શરીરની કાંતિ વધવી વગેરે લાભ પણ થતાં હતાં.

**अद्दण - अर्दन ( पुं. )**

(ગતિ ૨. પીડા, વધ ૩. યાચના ૪. તે નામનો એક રાજા)

આપનારો સમ્રાટ્ કે ચક્રવર્તી હોય તો પછી યાચના કેવી હોય ? આપણે ક્ષુલ્લક વસ્તુઓની માગણીઓ કરશું કે પછી આપણી પેઢીઓની પેઢીઓ તરી જાય તે રીતે યાચના કરશું ? સામે આપનાર સ્વયં ચક્રવર્તી છે, માટે આપણે જે પણ માંગશું તે સમજી વિચારીને જ માગશું. તો પછી સ્વયં ત્રણલોકના નાથ સામે બેઠા હોય અને તેમની પાસે તુચ્છ વસ્તુઓની યાચનાઓ કર્યા કરીએ તે કેટલું વ્યાજબી છે ?

**अद्दणो ( ण्णो ) ( देशी-वि. )**

(આકુળ, વ્યાકુળ)

**अद्दव - आद्रव ( त्रि. )**

(ગાળેલું)

મધ્યકાલીન આખા ભારતમાં ગુજરાત જીવદયાના પાલનમાં શિરમોર ગણાતું હતું. એટલે અહીં પાણી પણ ગાળીને વાપરવામાં આવતું હતું. પાણીમાં રહેલા જીવોને કિલામણા ન થાય તેની પણ કાળજી રાખવામાં આવતી હતી. કિંતુ આજે લોકો શુદ્ધ પાણીના નામે બોટલબંધ પાણીનો આગ્રહ રાખતા થયાં પરિણામે ઘર, હોટલમાં વાસી પાણી આવી ગયા એટલે ગરણા ગાયબ થઇ ગયા. શાસ્ત્રોમાં કહેલું છે કે, અણગળ પાણી વાપરવામાં સાત ગામ બાળવા જેટલું પાપ લાગે છે.

**अद्दव्व - अद्रव्य ( न. )**

(રૂપું આદિ ઉચિત દ્રવ્યનો અભાવ, તુચ્છ વસ્તુ, ખરાબ પદાર્થ, નકામો પદાર્થ)

**अद्दहण - आद्रहण ( न. )**

(ઉકાળવું તે, પાણી-તેલાદિનું ઉકાળવું તે)

જ્યાં સુધી શાકભાજી કે કઠોળને અગ્નિનો તાપ નથી મળતો ત્યાં સુધી તે ભોજન માટે યોગ્ય નથી બનતા. જ્યારે તે બરાબર સીઝીને તૈયાર થાય છે ત્યારપછી તે ભોજ્ય ગણાય છે. એટલી સામાન્ય બાબત જાણનારા લોકો પાણીને ઉકાળીને પીવાનું કેમ નથી સમજતા. અરે ભાઈ! આજે તો ડૉક્ટરો પણ કહે છે કે બિમારીમાંથી તરત ઊભા થવું હોય તો ઉકાળેલું પાણી પીવો. જો ઉકાળેલા પાણીથી તબિયત સારી થતી હોય તો દરરોજ પીવાથી કેટલો ફાયદો થઇ શકે છે!!

**अद्दा - आर्द्रा ( स्त्री. )**

(આર્દ્રા નક્ષત્ર)

**अद्दाइय - आदर्शित ( न. )**

(સંપૂર્ણતાએ દર્શન-ધર્મથી પવિત્ર થયેલું, શાસ્ત્રબુદ્ધિથી પવિત્ર થયેલું)

જેના જીવનમાં કોઇ આદર્શ નથી કે જેનો કોઇ ધ્યેય નથી, તે વ્યક્તિ ક્યારેય પણ આગળ વધી શકતો નથી. કેમ કે જીવનમાં આગળ જવા માટે કોઇને કોઇ ધ્યેય હોવો જરૂરી છે અને તે ધ્યેય જેણે પ્રાપ્ત કર્યો છે તેવા શાસ્ત્રબુદ્ધિથી પવિત્ર થયેલા પુરુષોના માર્ગે ચાલવાનો દૃઢ નિર્ધારપૂર્વકનો જોઇએ. જે વ્યક્તિ મહાપુરુષોના આદર્શોથી પવિત્ર થયેલું છે તે ચોક્કસ ઉન્નતિને સાધે છે.

**अद्दाओ ( देशी )**

(દર્પણ, અરીસો)

**अद्दाग - आदर्श ( पुं. )**

(દર્પણ, અરીસો)

ગણધર ગૌતમસ્વામીએ પ્રભુ વીરને પ્રશ્ન કર્યો કે, હે પ્રભુ! દર્પણ સામે ઊભી રહેલી વ્યક્તિ તેમાં પોતાના શરીરને જુએ છે કે શરીરના પ્રતિબિંબને? ત્યારે ભગવંતે જવાબ આપ્યો હે ગૌતમ! પુરુષ અરીસામાં પોતાના પ્રતિબિંબને જુએ છે. કેમ કે શરીર તો બહાર રહેલું છે આથી અરીસામાં સ્વશરીર તો ન જ હોય. કિંતુ દર્પણમાં જે દેખાય છે તે પોતાના શરીરની છાયારૂપ પ્રતિબિંબને જુએ છે. આ પ્રતિબિંબ છાયાની જેમ વ્યક્તિવિશેષે તદનુરૂપ આકૃતિને ધારણ કરે છે.

**अद्दागपसिण ( न ) – आदर्शप्रश्न ( पुं. )**

(પ્રશ્નવિદ્યા વિશેષ, તે નામનું પ્રશ્નવ્યાકરણનું આઠમું અધ્યયન કે જે વર્તમાનમાં લુપ્ત થયેલું છે.)

આદર્શપ્રશ્ન વિદ્યામાં દર્પણની અંદર દેવતાનું આહ્વાન કરવામાં આવતું હોય છે. દર્પણમાં દેવનો વાસ કરાવીને પ્રશ્નોનું સમાધાન માગવામાં આવતું હોય છે. તે દર્પણમાં અવતરિત દેવ પણ શંકાનું સમાધાન કરતા હોય છે. પ્રશ્નવ્યાકરણાદિ આગમોમાં આવી ઘણી બધી વિદ્યાઓ રહેલી હતી. કિંતુ કાળપ્રભાવે તેમાંની એકપણ વિદ્યા આજે જોવા મળતી નથી.

**अद्दागविज्जा – आदर्शविद्या ( स्त्री. )**

(ચિકિત્સાનો એક પ્રકાર કે, જેમાં રોગીને દર્પણ આગળ બેસાડીને તેનો રોગ નિવારવામાં આવે છે, ચિકિત્સા વિદ્યાવિશેષ)

**अद्दागसमाण – आदर्शसमान ( पुं. )**

(દર્પણની સમાન શ્રાવકનો એક ભેદ)

ઠાણાંગસૂત્રના ચોથા સ્થાનના તૃતીય ઉદ્દેશામાં કહેલું છે કે, શ્રમણોપાસક શ્રાવક સાધુ માટે અરીસા જેવો હોય છે. જેવી રીતે અરીસો વ્યક્તિને તેનું યથાસ્થિતરૂપ દેખાડે છે તેમ સાધુના હિતાહિતની ચિંતા કરનાર શ્રાવક સાધુને તેમના હિતાહિતને દેખાડી તેમના સંયમજીવનમાં સહાયક બનનારો હોય છે.

**अद्दामलग – आर्द्रामलक ( न. )**

(પીલુવૃક્ષ સંબંધી મધુર જે છે તે – આવો અર્થ સંપ્રદાયથી પ્રાપ્ત છે. ૨. શણના વૃક્ષ સંબંધી મુકુલ-કળી)

**अद्दारिट्ठ – आर्द्रारिष्ट ( पुं. )**

(કોમલકાક વનસ્પતિ વિશેષ, જેને હિન્દીમાં કોમલકૌઆ કહે છે)

**अद्दिय – अर्दित ( त्रि. )**

(પીડિત)

અકસ્માત્ દ્વારા શરીર પર ઘા લાગવા, શરીરમાં તાવ, શરદી, કેન્સર વગેરે બિમારીઓ થવી તેને લોકો પીડા કહે છે. જ્યારે લોકોત્તર જિનશાસનમાં પુરુષોત્તમ પરમાત્મા સંસારવાસને જ પીડા તરીકે જણાવે છે અને જેઓ આ સંસારમાં રહેલા છે તેઓ આ ભવરોગથી પીડિત છે એમ નિશ્ચય પૂર્વક કહે છે.

**अद्दोहि ( ण् ) – अद्रोहिन् ( त्रि. )**

(દ્રોહરહિત, અવંચક)

જે પદાર્થની પ્રરૂપણા તીર્થંકર ભગવંતે કરી હોય અને ગીતાર્થ શ્રમણોએ આચરી હોય તેનો મતિભ્રમથી કે દ્વેષપૂર્વક વિરોધ કરવો તે વિદ્રોહ છે, જેમ કે જમાલિ, ત્રિગુપ્તમુનિ વગેરે. કિંતુ જે આત્મા દ્વેષરહિત થઈને આત્મશુદ્ધિ માટે ગીતાર્થ ગુરુની અનુજ્ઞા લઈને પરંપરા ચલાવે, તે વિદ્રોહ ગણાતો નથી. જેમ પંન્યાસ સત્યવિજયજી મહારાજે સંવેગી પરંપરા ચલાવી હતી.

**अद्ध – अर्द्ध ( न. )**

(અડધું, બે સરખા ભાગ, દ્વિતીયાંશ)

આ સંસાર પાપપ્રચુર અને દુઃખબહુલ છે તેનું પ્રત્યક્ષ ઉદાહરણ છે નરક. ચૌદરાજલોક પ્રમાણ વિશ્વમાંથી અડધોઅડધ લોક તો નરકે રોકી લીધો છે. ચૌદ રાજલોકમાંથી સાત રાજલોકમાં નારક જીવો રહેલા છે. આ વાત પ્રગટ કરે છે કે સંસારવાસમાં પાપ જ છે અને તેનો ભોગવટો કરવા નરક રહેલી છે. તેમાંથી બચવાનો એકમાત્ર ઉપાય હોય તો જિનેશ્વરોનું શરણ જ છે.

**अद्धंतो ( देशी-पुं. )**

(અંત, છેડો)

**अद्ध ( द्धा ) ण – अध्वन् ( पुं. )**

(રસ્તો, માર્ગ)

બૃહત્કલ્પ ભાષ્યમાં રસ્તાના બે પ્રકાર કહેવામાં આવ્યા છે. ૧. પંથ અને ૨. માર્ગ. તેમાં જે રસ્તામાં ગામ, નગર, પલ્લી વગેરે એક પણ આવાસ સ્થાન નથી તેને પંથ કહેવાય છે. તેમજ જે રસ્તામાં ગામ, નગર વગેરે રહેલા હોય તેને માર્ગ કહેવામાં આવે છે.

અધ્યાત્મમાર્ગ પણ નિર્જન છે તેથી અજિતનાથજીના સ્તવનમાં આનંદઘનજીએ ગાયું કે, 'પંથડો નિહાળું રે બીજા જિન તણો'

**अद्ध ( द्धाण ) कप्प - अध्वकल्प ( पुं. )**

(માર્ગમાં ગ્રહણ કરાતો કલ્પ્ય આહાર)

**अद्धकरिस - अर्द्धकर्ष ( पुं. )**

(એક પલનો આઠમો ભાગ, મગધદેશ પ્રસિદ્ધ એક માપ વિશેષ)

**अद्धकविट्ठ - अर्द्धकपित्थ ( पुं. )**

(કોઠાના ફળનો અડધો ભાગ, કોઠાનું અડધિયા જેવા આકારનું હોય તે)

**अद्धकुल ( ड ) व - अर्द्धकुल ( ड ) व ( पुं. )**

(મગધદેશ પ્રસિદ્ધ ધાન્યનું માપ વિશેષ, મગધ દેશમાં પ્રચલિત ધાન્ય માપવાનું માપિયું)

**अद्धकोस - अर्द्धक्रोश ( पुं. )**

(અડધો કોશ, એકહજાર ધનુષ્ય પ્રમાણ અડધો ગાઉ, એક માઈલ)

બે હાથ બરાબર એક ધનુષ્ય થાય છે. આવા એક હજાર ધનુષ્ય બરાબર અડધો કોશ કે અડધો ગાઉ અને બે હજાર ધનુષ્ય બરાબર એક કોશ કે એક ગાઉનું માપ થાય છે. આજે કિલોમીટર પ્રમાણે માપ ગણાય છે. કિંતુ પૂર્વેના કાળમાં તથા ગામડાઓમાં લોકો આજે પણ અડધો ગાઉ, એક ગાઉ વગેરે બોલે છે તે પ્રસિદ્ધ વાત છે.

**अद्धक्खणं ( देशी-न. )**

(પ્રતીક્ષા કરવી તે, રાહ જોવી તે)

કહેવાય છે કે સમય બધા દર્દોની દવા છે. દરેકના જીવનમાં કોઈકવાર કઠિન ઘડી એવી આવે છે કે માણસ તેમાં ત્રાહિમામ્ પોકારી જતો હોય છે. પણ જે વિવેકી અને સમજદાર વ્યક્તિ છે તે કોઇપણ અવળો માર્ગ અપનાવવાની જગ્યાએ ખરાબ સમય વીતી જાય તેની પ્રતીક્ષા કરતો હોય છે. કેવલજ્ઞાન મેળવવા માટે પરમાત્મા મહાવીરે પણ સાડા બારવર્ષ સુધી પ્રતીક્ષા કરી હતી તો પછી આપણે તો સામાન્ય માનવી છીએ.

**अद्धक्खिअं ( देशी-न. )**

(ઇશારો કરવો તે, સંજ્ઞા કરવી તે)

પ્રાણીઓમાં જેમ ગધેડાને ગમે તેટલા ડફણા મારો છતાં પણ તેનામાં કોઇ જાતની અક્કલ આવતી જ નથી. તેમ કેટલાક માણસો એવા હોય છે કે તેઓ જીવનમાં કેટલાય કડવા અનુભવો થાય છતાં, ઘણું સમજાવવા છતાં પણ તેમનામાં સમજદારી આવતી જ નથી. જ્યારે કેટલાક એવા લોકો પણ હોય છે જેમને સમજાવવાની જરૂર પડતી જ નથી. તેઓ એકાદ અનુભવથી તુરત જ સમજદારી કેળવી લેતા હોય છે. માટે કહેવાયું છે ને કે, 'समझदार को इशारा ही काफी है'

**अद्धक्खि ( च्छि ) कडक्ख - अर्द्धाक्षिकटाक्ष ( न. )**

(અડધી આંખ મીચકારીને કટાક્ષ કરવો તે, અડધી આંખ મારવી તે)

**अद्धक्खिय - अर्द्धाक्षिक ( त्रि. )**

(અડધી વિકૃત આંખવાળો, અડધી આંખ વિકૃત હોય તે)

સ્ત્રીના આખા શરીરમાં સુંદર અંગ હોય તો તે છે આંખો. સ્ત્રીના આંખની સુંદરતા કોઇપણ પુરુષને તેના પ્રત્યે આકર્ષિત કરે છે. પણ જો તે જ આંખો વિકૃત હોય કે પછી આંખ કાણી હોય તો તે દયાપાત્ર કે અણગમાને પાત્ર બને છે. તેવી જ રીતે મનુષ્ય ભવમાં જો કોઇ સુંદર પળો હોય તો તે ધર્મારાધનાની છે. જે વ્યક્તિ ધર્મારાધના કરતો જ નથી કે પછી વિકૃત રીતે કરે છે. તે જીવ કર્મરાજા માટે દયાપાત્ર કે તિરસ્કારને યોગ્ય ગણાય છે.

**अद्धखल्ला - अर्द्धखल्वा ( स्त्री. )**

(એક પ્રકારના જૂતાં, પગરખાં વિશેષ)

**अद्धचंद - अर्द्धचन्द्र ( पुं. )**

(અર્ધચંદ્ર ૨. અર્ધચંદ્રાકાર પગથિયું ૩. ગ્રહ વિશેષ)

રાયપસેણીય આગમમાં કહેલું છે કે સૌધર્મ નામક પ્રથમ દેવલોક અર્ધચંદ્રાકારના સંસ્થાન-સ્થિતિએ રહેલો છે. જો કે પિસ્તાલીસ લાખ યોજન પ્રમાણ સિદ્ધશિલા વસ્તુતઃ ગોળ છે કિંતુ તેનો નીચેનો ભાગ અર્ધ ચંદ્રાકારે દેખાતો હોવાથી અક્ષતપૂજામાં સિદ્ધશિલાના પ્રતીકરૂપે અર્ધચંદ્રનો આકાર અખંડ ચોખાથી કરવામાં આવે છે.

**अद्धचक्कवाल - अर्द्धचक्रवाल ( न. )**

(ગતિ વિશેષ)

જેવી રીતે હંસગતિ, ગજગતિ, અશ્વગતિ આવે છે તેમ એક અર્ધચક્રવાલ નામક ગતિ પણ છે. આ ગતિમાં ચાલવાથી અર્ધચક્રની આકૃતિ ઉપસી આવે છે. આ ગતિનો ઉપયોગ પ્રાયઃ યુદ્ધમાં કરવામાં આવે છે.

**अद्धचक्कवाला - अर्द्धचक्रवाला ( स्त्री. )**

(અર્ધગોળાકાર શ્રેણિ, અર્ધવલયાકાર પંક્તિ)

**अद्धछट्ठ - अर्द्धषष्ठ ( त्रि. )**

(સાડા પાંચ, સાડા પાંચની સંખ્યા)

**अद्धजंघा ( देशी-स्त्री. )**

(એક પ્રકારના જૂતાં, પગરખાં)

ચૈત્યવંદન ભાષ્યમાં જિનાલયમાં પ્રવેશ કેવી રીતે કરવો તેની વિધિ દર્શાવવામાં આવેલી છે. તેમાં રાજા વગેરેને જિનાલયમાં પ્રવેશ કરવા પૂર્વે પાંચ વસ્તુનો ત્યાગ કરવાનું વિધાન છે. તે પાંચ પ્રકારમાં એક છે પગમાં પહેરેલી મોજડી વગેરે પગરખાં જિનાલયની બહાર ઉતારવા ત્યાર બાદ જિનમંદિરમાં પ્રવેશ કરવો જોઇએ. તેમ કરવાથી જિનેશ્વર દેવનું બહુમાન જળવાય છે.

**अद्धजिण्ण - अर्द्धजीर्ण ( त्रि. )**

(જીર્ણાજીર્ણ, અડધું જીર્ણ થયેલું હોય તે)

**अद्धजोयण - अर्द्धयोजन ( न. )**

(બે ગાઉ, અડધો યોજન)

**अद्धट्ठम - अर्द्धाष्टम ( त्रि. )**

(સાડા સાત, આઠમું અડધું છે જેમાં તે)

**अद्धणाराय - अर्द्धनाराच ( न. )**

(ચોથું સંઘયણ, અર્ધનારાચ સંઘયણ)

સંઘયણ એટલે શરીરમાં રહેલા હાડકાની મજબૂતીનો બાંધો. આ સંઘયણ કુલ છ પ્રકારે માનવામાં આવેલા છે. તેમાંના ચોથા સંઘયણનું નામ છે અર્ધનારાચ. આ સંઘયણમાં એક બાજુ મર્કટબંધ અને બીજી બાજુ કિલીકા અર્થાત્ ખીલી મારેલી હોય તેવા પ્રકારના હાડકાનું બંધન હોય છે.

**अद्धतुला - अर्द्धतुला ( स्त्री. )**

(પ્રાચીન કાળે મગધ દેશ પ્રસિદ્ધ માપ વિશેષ, પચાસ પલની અર્ધતુલા)

**अद्धद्ध - अर्द्धार्द्ध ( न. )**

(ચોથો ભાગ)

એક મુનિવર રાજસ્થાનમાં અજૈન ઘરે ભિક્ષા લેવા ગયા. ત્યાં એક માજીએ સાધુને વહોરાવવા માટે રોટલો લીધો. રોટલાની સાઇઝ મોટી હતી એટલે મહારાજે કહ્યું, માજીયા ઇસકા આધા કીજિયે ઔર ઉસકા ભી આધા કરકે ફીર વહોરાઇયે. ત્યારે અભણ એવા માજીએ આજના ભણેલા લોકો માટે શીખવા જેવો જવાબ આપ્યો. બાવસી સા આધા આધા કોય કરેરીયા અણમેં તો થાકો માકો

હીયારો હૈ. અર્થાત્ અરે મહારાજ આ રોટલામાં તારા મારા જેવું કંઈ હોય જ નહીં આમાં તો બધાનો સહિયારો ભાગ છે. જ્યારે આજનો મોર્ડનમેન ઘરો ભાંગવામાં પડ્યો છે તેમને હું ને મારું સિવાય કંઈ સૂઝતું જ નથી.

**अद्धद्धा - अद्धाद्धा ( स्त्री. )**

(દિવસ કે રાત્રિનો એક ભાગ)

રાત્રિનો એક ભાગ અને સૂર્યોદય થવાને છ ઘડી થવાની વાર હોય ત્યારે આરાધક આત્માએ ઊઠીને ધર્મારાધના કરવી જોઇએ. કેમ કે તે સમય એકદમ શુદ્ધ અને સાધના માટે અતિ ઉત્તમ ગણવામાં આવેલું છે. નરસિંહ મહેતાએ પણ પોતાના દોહામાં લખેલું છે કે, 'રાત રહે પાછલી જ્યારે ષટ્ઘડી જોગી પુરુષે સૂઈ ન રહેવું'

**अद्धद्धामीसय - अद्धाद्धामिश्रक ( न. )**

(સત્યમૃષા ભાષાનો એક ભેદ, દિવસ રાત્રિને આશ્રયીને મિશ્ર ભાષા બોલવી તે)

દિવસ અને રાત્રિ આશ્રયીને મિશ્ર ભાષા બોલવી તેને અદ્ધાદ્ધામિશ્રક કહેવાય છે. જેમ કે દિવસ પ્રહરમાત્ર ચડ્યો હોય ત્યારે કોઈ કહે કે બપોર થઇ ગઇ છે. આમાં સત્ય અને અસત્ય બન્ને મિશ્ર હોવાથી સત્યમૃષા ભાષા કહેવામાં આવે છે.

**अद्धपंचममुहुत्त - अर्धपञ्चममुहूर्त ( पुं. )**

(દિવસનો ચોથો ભાગ, નવઘડી પ્રમાણ મુહૂર્ત)

અષાઢ સુદી પુનમના દિવસે અઢાર મુહૂર્ત પ્રમાણનો દિવસ હોય છે. તે કાળે સાડાચાર મુહૂર્ત અર્થાત્ નવ ઘડી પ્રમાણનો એક પ્રહર ગણવામાં આવે છે. આ સમયને અર્ધપંચમમુહૂર્ત પણ કહેવામાં આવે છે.

**अद्धपल - अर्धपल ( न. )**

(બે કર્ષ પ્રમાણ, માપ વિશેષ)

**अद्धपलिअंका - अर्धपर्य्य ( ल्य ) ङ्का ( स्त्री. )**

(અર્ધપદ્માસન, અડધી પલાંઠી વાળવી તે)

ડાબો પગ જમણી સાથળ પર અને જમણો પગ ડાબી સાથળ પર મૂકવો તે પૂર્ણ પદ્માસન કહેવાય છે. કિંતુ બેમાંથી એક પગ છૂટો રાખવો તે અર્ધપદ્માસન કહેવાય છે. સમવસરણમાં બિરાજમાન તીર્થંકર ભગવંત હંમેશાં અર્ધપદ્માસન મુદ્રામાં જ દેશના આપતા હોય છે.

**अद्धपेडा - अर्द्धपेटा ( स्त्री. )**

(ભિક્ષાનો એક પ્રકાર)

પ્રવચનસારોદ્ધાર ગ્રંથમાં સાધુને ભિક્ષા વહોરવાના પ્રકાર દર્શાવવામાં આવેલા છે તેમાંનો એક પ્રકાર છે અર્ધપેટા. આ પ્રકારમાં સાધુ ગૃહસ્થના ઘરોની ચારે દિશામાં ચાર પંક્તિ કલ્પે. તેમાં બબ્બે પંક્તિના છેડેથી આહાર ગ્રહણ કરે અને વચ્ચેનો ભાગ ખાલી રાખે અર્થાત્ ત્યાંથી ભિક્ષા ગ્રહણ ન કરે. આ પ્રકારને અર્ધપેટા કહેવામાં આવે છે.

**अद्धभरह - अर्द्धभरत ( पुं. )**

(ભરત ખંડનો અડધો ભાગ, ભરતક્ષેત્રના ત્રણ ખંડ)

જંબુદ્વીપ સંગ્રહણીમાં ભરતક્ષેત્ર ૫૨૬ યોજન અને ૬ કળા પ્રમાણ કહેલું છે. આ ભરતક્ષેત્રના કુલ છ ખંડ ગણવામાં આવેલા છે. જે જીવ ચક્રવર્તી હોય છે તે છ ખંડો પર આધિપત્ય ભોગવે છે અને જે વાસુદેવ હોય છે તે અર્ધભરતક્ષેત્ર પર પોતાનું સ્વામિત્વ ચલાવે છે.

**अद्धभरहप्पमाणमेत्त - अर्द्धभरतप्रमाणमात्र ( त्रि. )**

(જેનું પ્રમાણ અડધા ભરતક્ષેત્ર જેટલું હોય તે)

સ્થાનાંગસૂત્રના ચતુર્થ સ્થાનના ચોથા ઉદ્દેશામાં લખેલું છે કે, આ વિશ્વમાં વિંછી, દૃષ્ટિવિષ, આસીવિષ સર્પ વગેરે ઝેરી પ્રાણીઓ રહેલા છે. તેમાં વીંછી અને આસીવિષ સર્પનું ઝેર અર્ધભરતક્ષેત્ર પ્રમાણ કહેલું છે. અર્થાત્ આ જીવોમાં રહેલું ઝેર અડધા ભરતક્ષેત્ર પ્રમાણની કાયાવાળો જીવ હોય તો પણ તેનામાં ફેલાઇને મારી શકે છે.

**अद्धमागह - अर्द्धमागध ( न. )**

(અર્ધમગધ દેશમાં પ્રચલિત ભાષા, અઢાર પ્રકારની દેશી ભાષામાં બંધાયેલું)

**अद्धमागही - अर्धमागधी ( स्त्री. )**

(જૈનસાહિત્યની પ્રાચીન ભાષા, અર્ધમાગધી ભાષા વિશેષ)

પ્રભુ મહાવીરે સકલ જીવોના ઉપકાર હેતુ તથા દરેકને સમજાય તે માટે તે કાળે જ્યાં વિચરતા હતા ત્યાંની લોકપ્રસિદ્ધ એવી અર્ધમાગધી ભાષામાં દેશના આપી હતી. જૈનધર્મના તત્ત્વો વિદ્વદ્ભોગ્ય છે છતાં પણ તે સામાન્ય જીવો પણ જાણી શકે તે માટે જૈનધર્મના આગમો એવં પ્રાચીન ગ્રંથો બહુલતયા અર્ધમાગધી ભાષામાં લખાયેલા છે.

**अद्धमास - अर्द्धमास ( पुं. )**

(પંદર દિવસ પ્રમાણ કાળ, પખવાડિયું)

**अद्धमासिय - अर्द्धमासिक ( त्रि. )**

(પખવાડિયા સંબંધી, અર્ધમાસ સંબંધી)

જિનેશ્વર પરમાત્માએ પાપરૂપી મળને ધોવા માટે પ્રતિક્રમણરૂપી ગંગા બતાવેલી છે. આ ગંગા એટલી પવિત્ર છે કે તેમાં જે જીવ ડૂબકી લગાવે છે તેના સોએ સો ટકા પાપ સાફ થઇ જાય છે. દૈનિક પાપ માટે દેવસિ, પખવાડીયા સંબંધી પાપ માટે પાક્ષિક, ચારમાસીય પાપ માટે ચઉમાસી અને વરસના પાપોને ધોવા માટે સંવચ્છરી પ્રતિક્રમણ બતાવવામાં આવેલું છે.

**अद्धरत्तकालसमय - अर्द्धरात्रकालसमय ( पुं. )**

(મધ્યરાત્રિનો સમય, અડધી રાતનો કાળ)

દરેક તીર્થંકર ભગવંતોનો જન્મ મધ્યરાત્રિના સમયે જ થતો હોય છે. તેનું કારણ એ છે કે તે સમયે દરેક જીવો નિંદરમાં પોઢેલા હોય છે. પવન મંદ મંદ વાતો હોય છે. કોઇ જીવ હિંસામાં રત નથી હોતા, વાતાવરણ પણ અતિપવિત્ર હોય છે. આવા સમયે યોગીઓ પોતાના યોગની સાધના કરતા હોય છે. આમ મધ્યરાત્રિ સર્વથા રીતે અતિઉત્તમ અને વિશુદ્ધતમ હોય છે. આવા સમયે જગતહિતકારી પરમાત્માનો જન્મ સકલ વિશ્વને સુખ ઉપજાવનાર બને છે.

**अद्धलव - अर्धलव ( पुं. )**

(લવનો સમાન અંશ, માપવિશેષ)

**अद्धविआरं ( देशी-न. )**

(મંડન ૨. વિભૂષા કરવી ૩. અન્યમતના ખંડનપૂર્વક સ્વમતનું સ્થાપન કરવું તે ૪. મંડળ)

ખંડન મંડનની પ્રણાલિ ઘણી પ્રાચીન છે. પૂર્વના કાળથી દરેક દર્શનો પોતાના ધર્મને શ્રેષ્ઠ સાબિત કરવા માટે અન્યધર્મોનું ખંડન અને પોતાના સિદ્ધાંતોના ગુણો વર્ણવવા દ્વારા તેનું મંડન કરતા હતા. રાજસભાઓમાં પણ ખંડન-મંડનપૂર્વકના વાદવિવાદો થતા હતાં. જિનેશ્વર પરમાત્માએ ક્યારેય પણ કોઇ મતનું ખંડન નથી કર્યું,માત્રને માત્ર પોતાના સિદ્ધાંતોના પ્રતિપાદન પૂર્વક તેનું મંડન જ કરેલું છે.

**अद्धवेयाली - अर्धवैताली ( स्त्री. )**

(વિદ્યાવિશેષ, વૈતાલીવિદ્યાની મારકવિદ્યા)

**अद्धसंकासिया - अर्धसाङ्काशियका ( स्त्री. )**

(એક રાજકન્યા, દેવલસુત રાજાની પુત્રી; જે પોતાની પ્રવ્રજિત માતાથી ઉત્પન્ન થઈ હતી)

**अद्धसम - अर्धसम ( न. )**

(છંદવિશેષ; જેમાં બે પાદ સરખા હોય અને બે વિસમ હોય)

કાવ્યની મનોરમ્યતા તેના છંદોની શૈલી અને અલંકારોની સજાવટના કારણે હોય છે. કાવ્યાદિની રચના વિવિધ છંદોમાં કરવામાં આવતી હોય છે. તે દરેક છંદના અલગ-અલગ નિયમો હોય છે. તેમાં કોઇક છંદ એવો હોય છે કે જેમાં તે છંદના પ્રથમ અને તૃતીય તેમજ દ્વિતીય અને ચતુર્થ પાદ સમાન હોય. તેના અક્ષરો, જોડણીઓ બધું એક સરખું હોય.

**अद्धहार - अर्धहार ( पुं. )**
(નવસેરો હાર ૨. તે નામનો દ્વીપ ૩. તે નામનો એક સમુદ્ર)
જીવાભિગમ આગમમાં કહેલું છે કે, અર્ધહારદ્વીપના અધિપતિ દેવના નામ અર્ધહારભદ્ર અને અર્ધહારમહાભદ્ર છે. તથા અર્ધહાર સમુદ્રના અધિપતિ અર્ધહારવર અને અર્ધહારમહાવર નામક દેવો છે.

**अद्धहारभद्द - अर्धहारभद्र ( पुं. )**
(અર્ધહારભદ્રદ્વીપનો અધિપતિ દેવ)

**अद्धहारमहाभद्द - अर्धहारमहाभद्र ( पुं. )**
(જુઓ ઉપરોક્ત અર્થ)

**अद्धहारमहावर - अर्धहारमहावर ( पुं. )**
(અર્ધહાર સમુદ્રનો અધિપતિ દેવ ૨. અર્ધહારવર સમુદ્રનો અધિપતિ દેવ)

**अद्धहारवर - अर्धहारवर ( पुं. )**
(તે નામનો દ્વીપ ૨. તે નામનો સમુદ્ર વિશેષ ૩. તે નામક દ્વીપ અને સમુદ્રનો અધિષ્ઠાયક દેવ)

**अद्धहारवरभद्द - अर्धहारवरभद्र ( पुं. )**
(અર્ધહારવરદ્વીપનો અધિપતિ દેવ)

**अद्धहारवरमहावर - अर्धहारवरमहावर ( पुं. )**
(અર્ધહાર સમુદ્રનો અધિપતિ દેવ)

**अद्धहारवरवर - अर्धहारवरवर ( पुं. )**
(અર્ધહારવર સમુદ્રનો અધિપતિ દેવ)

**अद्धहारोभास - अर्धहारावभास ( पुं. )**
(તે નામનો એક દ્વીપ ૨. તે નામનો એક સમુદ્ર)

**अद्धहारोभासभद्द - अर्धहारावभासभद्र ( पुं. )**
(અર્ધહારાવભાસદ્વીપનો અધિપતિ દેવ)

**अद्धहारोभासमहाभद्द - अर्धहारावभासमहाभद्र ( पुं. )**
(જુઓ ઉપરોક્ત અર્થ)

**अद्धहारोभासमहावर - अर्धहारावभासमहावर ( पुं. )**
(અર્ધહારાવભાસ સમુદ્રનો અધિપતિ દેવ)

**अद्धहारोभासवर - अर्धहारावभासवर ( पुं. )**
(જુઓ ઉપરોક્ત અર્થ)

**अद्धा - अद्धा ( स्त्री. )**
(કાળ, સમય ૨. સંકેતવાચક ૩. લબ્ધિવિશેષ)
અદ્ધા એ જૈન પારિભાષિત શબ્દ છે. તેનો અર્થ થાય છે કાળ, સમય. લોકપ્રકાશ, પ્રવચનસારોદ્ધારાદિ ગ્રંથોમાં અદ્ધા ત્રણ પ્રકારના કહેવામાં આવેલા છે. ૧. અતીતાદ્ધા ૨.વર્તમાનદ્ધા અને ૩. અનાગતાદ્ધા. અવધિજ્ઞાનાવરણીયના ક્ષયોપશમથી ઉત્પન્ન એક લબ્ધિના અર્થમાં પણ અદ્ધા શબ્દપ્રયોગ વિશેષાવશ્યકભાષ્યમાં કરાયો છે.

**अद्धाउय - अद्धायुष् ( न. )**
(કાળપ્રધાન આયુષ્ય, કાયસ્થિતિરૂપ આયુષ્યનો ભેદ)
કાળક્ષય કે ભવક્ષય થવા છતાં પણ જે આયુષ્ય જીવની સાથે આવે તેને અદ્ધાયુષ્ય કહેવાય છે. ઠાણાંગસૂત્રમાં અદ્ધાયુષ્ય બે પ્રકારે

કહેલા છે ૧. મનુષ્યાદ્ધાયુષ્ય ૨. તિર્યંચાદ્ધાયુષ્ય. કોઇ જીવ મનુષ્યયોનિ કે તિર્યંચયોનિમાં હોવા છતાં પુનઃ મનુષ્ય કે તિર્યંચનું આયુષ્ય બાંધે તો તે ગતિ સંબંધી આયુષ્ય તે જીવની સાથે જાય છે માટે તે બે જ ગતિના જીવો અદ્ધાયુષ્યવાળા હોય છે. જયારે દેવ અને નારકમાં પુનઃ ત્યાં ઉત્પત્તિ ન હોવાથી તેઓને અદ્ધાયુષ્ય સંભવતું નથી.

**अद्धाकाल - अद्धाकाल ( पुं. )**

(અઢીદ્વીપમાં વર્તતો કાળ)

મેરુપર્વતને પ્રદક્ષિણા આપતા સૂર્ય-ચંદ્ર તેમજ ગ્રહોની ગતિને આધારે જે કાળની ગણતરી કરવામાં આવે છે તેને અદ્ધાકાળ કહેવામાં આવે છે. માત્ર અઢીદ્વીપમાં જ જ્યોતિષ્ક વિમાન ચર હોવાથી આ કાળ અઢીદ્વીપમાં જ વર્તે છે. તે સિવાયના અન્ય દ્વીપ-સમુદ્રોના સૂર્ય-ચંદ્રાદિ અચર હોવાથી ત્યાં કોઇ જ કાળની ગણતરી હોતી નથી.

**अद्धाखिण्ण - अध्वखिन्न ( त्रि. )**

(માર્ગમાં થાકેલું, રસ્તામાં ઘણું ચાલવાથી થાકેલું)

**अद्धाछेय - अद्धाच्छेद ( पुं. )**

(બે આવલિકા પ્રમાણ કાળ, સમયનું નાનું પરિમાણ)

**अद्धाढय - अर्द्धाढक ( पुं. )**

(મગધદેશ સંબંધી એક માપવિશેષ)

**अद्धाण - अध्वन् ( पुं. )**

(માર્ગ, રસ્તો, પથ)

**★अध्वान ( न. )**

(પ્રયાણ કરવું તે, યાત્રા કરવી તે)

વિક્રમ સંવત્સર પ્રવર્તાવનાર મહારાજા વિક્રમાદિત્યે ઉજ્જૈનથી સિદ્ધાચલતીર્થનો કાઢેલો સંઘ ઇતિહાસ પ્રસિદ્ધ છે. તેમના પછી આજ દિન સુધી કોઇએ તેવો સંઘ કાઢ્યો નથી. તે સંઘમાં ૫૦૦ તો આચાર્ય હતા, પાંચ લાખ સાધર્મિક કુટુંબો હતા. તદુપરાંત સંઘે પ્રયાણ કર્યું ત્યારથી લઇને યાત્રા કરી ત્યાં સુધી રસ્તામાં જે પણ ગામ, નગર આવતું ત્યાં તેઓએ જિનશાસનની અપૂર્વ પ્રભાવના કરી હતી.

**अद्धाणकप्प - अध्वकल्प ( पुं. )**

(વિહરણની વિધિ, વિહારકલ્પ)

ઓઘનિર્યુક્તિ વગેરે આગમોમાં શ્રમણો માટે ચાતુર્માસ સિવાયના શેષકાળમાં વિહાર કરવાનું વિધાન કરેલું છે. શાસ્ત્રોમાં સાધુએ કેવી પરિસ્થિતિમાં કેવી રીતે વિહાર કરવો તેની સંપૂર્ણ વિધિ દર્શાવી છે. એવી નિર્દોષ અને શુદ્ધ વિહારચર્યા કહેલી છે કે, સાધુના સંયમ અને આત્માનું રક્ષણ થાય જ તથા જગતના જીવોનું પણ કલ્યાણ થાય. સાધુની વિહારવિધિને અધ્વકલ્પ પણ કહેવામાં આવે છે.

**अद्धाणगमण - अध्वगमन ( न. )**

(વિહાર કરવો તે)

વર્ષાકાળમાં એક સ્થાને ચાતુર્માસ રહેલા સાધુને ઉત્સર્ગમાર્ગથી વિહાર કરવાનો સર્વથા નિષેધ ફરમાવેલો છે. પણ જો દુર્ભિક્ષ, જીવહિંસા બાહુલ્ય, રાજપ્રકોપ કે પછી સંયમ અથવા આત્મવિરાધનાનો ભય હોય તો ત્યાંથી ચાલુ ચોમાસે તુરત જ વિહાર કરવો એવો પણ શાસ્ત્રાદેશ છે.

**अद्धाणणिग्गय - अध्वनिर्गत ( त्रि. )**

(માર્ગમાંથી નીકળી ગયેલું, માર્ગથી પતિત થયેલું)

દોડની સ્પર્ધામાં થાક્યા-હાર્યા વિના રહ્યો હોય તે જ જીત મેળવી શકે છે પણ જે દોડમાં કંટાળીને બેસી જાય છે તે ક્યારેય જીતની નજીક પહોંચી શકતો નથી. તેવી રીતે જે શ્રમણ કે શ્રાવક સંસારના કષ્ટો કે વિઘ્નોથી કંટાળ્યા વિના જિનમાર્ગમાં રહે છે તે જ એક

દિવસ કર્મવિજેતા બને છે. પણ જે ઉપસર્ગો વગેરેથી ડરીને જિનમાર્ગમાંથી નીકળી જાય છે તે કર્મના ચક્રવ્યૂહમાંથી બહાર આવી શકતો નથી.

**अद्धाणपडिवन्न - अध्वप्रतिपन्न ( त्रि. )**

(માર્ગને પામેલો, રસ્તે પડેલો)

પરમાત્મા મહાવીરના સત્યાવીસ ભવોમાંનો પ્રથમ ભવ નયસારનો આવે છે. નયસારના ભવમાં તેઓ જંગલમાં નોકરો સાથે લાકડા લેવા ગયા ત્યાં તેઓને માર્ગભ્રષ્ટ શ્રમણો મળ્યા. તેઓએ ભદ્રિકપણે સાધુઓને ભિક્ષાદાન કરીને સાચા માર્ગે ચઢાવ્યા. પરંતુ શ્રમણોએ તેમને જિનધર્મોપદેશ આપીને સાચા શ્રાવક બનાવ્યા હતા. આમ નયસારે સાધુને દ્રવ્યમાર્ગ પમાડ્યો અને શ્રમણોએ તેમને સમકિત પમાડીને ભાવમાર્ગ પ્રાપ્ત કરાવ્યો.

**अद्धाणवायणा - अध्ववाचना ( स्त्री. )**

(માર્ગમાં વાચના આપવી તે, સૂત્રાર્થ પ્રદાન કરવા તે)

**अद्धाणसीसय - अध्वशीर्षक ( न. )**

(માર્ગનો અંત, અટવી આદિનો પ્રવેશરૂપ અંતભાગ, જ્યાંથી આગળ જવા સમુદાયના બધા ભેગા થયા હોય તે સ્થાન)

વિહારમાં રહેલા સાધુને એકલા અટવીમાંથી પસાર થવાનો સમય આવે અને તે જંગલના અંત ભાગને પામવું હોય તો તેમણે તે રસ્તેથી પસાર થતા સમુદાય સાથે કે પછી કોઇ સાર્થવાહ સાથે રહીને જંગલમાર્ગે વિહાર કરવો જોઇએ. જેથી નિર્ભયપણે તેઓ ઇચ્છિત સ્થાનને પ્રાપ્ત કરી શકે.

**अद्धाणिय - आध्वनिक ( त्रि. )**

(પથિક, મુસાફર)

ટ્રેનમાં કે બસમાં ટિકીટ લઇને બેસનાર મુસાફરને ખબર છે કે, આ ટ્રેનમાં મારે કાયમ બેસી રહેવાનું નથી. મારું સ્ટેશન આવશે એટલે ઉતરી જવું પડશે. માટે તેને તે વાહન પ્રત્યે મમત્વ નથી હોતું. તેમ જીવ આ ભવમાં મનુષ્યભવની ટિકીટ લઇને આવેલો છે. જેમ તે આવ્યો છે તેમ તેને જતા પણ રહેવાનું છે. આ હકીકત તે જાણે છે. છતાં પણ કોણ જાણે કેમ તે વર્તન તો એવું કરે છે કે, જાણે તેને અહીંથી ક્યારેય જવાનું નથી. આ સંસારમાં વર્તતો પ્રત્યેક જીવ મુસાફર છે માલિક નહિ.

**अद्धापच्चक्खाण - अद्धाप्रत्याख्यान ( न. )**

(કાળને આશ્રયીને કરવામાં આવતું પચ્ચક્ખાણ, સમયની મર્યાદા બાંધી કરવામાં આવતું પચ્ચક્ખાણ)

અદ્ધા શબ્દનો અર્થ થાય છે કાળ. પોરિસી, સાઢપોરિસી મુહૂર્ત વગેરે કાળનું જેમાં પ્રમાણ થાય તે કાળ કહેવાય. તે-તે કાળના પરિમાણથી જણાતું જે પચ્ચક્ખાણ તે અદ્ધાપચ્ચક્ખાણ કહેવામાં આવે છે. સંક્ષેપમાં કહીએ તો કાળને આશ્રયીને જે નવકારશી આદિ પચ્ચક્ખાણ કરવામાં આવે તે અદ્ધાપચ્ચક્ખાણ જાણવું.

**अद्धापज्जाय - अद्धापर्याय ( पुं. )**

(કાળનો પર્યાય)

કાળ એક એવું દ્રવ્ય છે કે નવાને જૂનું, જૂનાને નવું, બાળને યુવાન, યુવાનને વૃદ્ધ કરે છે. તેનું આ ચક્ર નિરંતર ચાલ્યા કરતું હોય છે. પુદ્ગલાદિમાં જે પૂરણ-ગલનાદિની પ્રક્રિયા થાય છે તેને કાળનો પર્યાય કહેવામાં આવે છે.

**अद्धापरिवित्ति - अद्धापरिवृत्ति ( स्त्री. )**

(કાળનું પરાવર્તન)

છ દ્રવ્યોમાં કાળને અસ્તિકાય કહેવામાં નથી આવતો. કેમ કે કાળના કોઇ સ્કંધ, દેશ, પ્રદેશાદિ હોતા નથી. કાળદ્રવ્ય અનાદિકાળથી એકસમાન રીતે ચાલ્યો આવે છે અને અનંતકાળ સુધી સમાન રીતે ચાલતો રહેશે. કાળના જે ભૂત, ભવિષ્ય, વર્તમાન ભેદ પાડવામાં આવેલા છે તે પુદ્ગલને આશ્રયીને પાડવામાં આવેલ છે. આમ સમયે સમયે વર્તમાન ભૂતકાળ થતો જાય છે અને નવો ભવિષ્ય વર્તમાન થતો જાય છે. કાળનું પરાવર્તન સદંતર ચાલ્યા કરે છે.

**अद्धामीसय - अद्धामिश्रक ( न. )**

(સત્યમૃષાભાષાનો એક ભેદ)

કાળને આશ્રયીને જે અસત્ય બોલવામાં આવે તે અદ્ધામિશ્ર અર્થાત્ સત્યમૃષા ભાષા કહેવાય છે. જેમ કે સંધ્યા સમયે દિવસ હજુ બાકી હોય અને તે વખતે કહે અરે ભાઈ! જલદી ઉતાવળ કરો રાત પડી ગઇ છે. આ પ્રકારનો ભાષાપ્રયોગ કરવામાં આવે તો તે સત્યમૃષાભાષા કહેવાય છે.

**अद्धामीसिया - अद्धामिश्रिता ( स्त्री. )**

(સત્યમૃષાભાષાનો એક ભેદ)

**अद्धारूव - अद्धारूप ( त्रि. )**

(કાળનો સ્વભાવ, કાળસ્વભાવ)

કહેવાય છે કે દરેક વ્યક્તિએ પોતાની ખરાબ આદતો તો છોડવી જ પડે છે. કદાચ તે કોઇ ગુરુ ભગવંત કે વડીલના કહેવાથી હોય, અસાધ્યવ્યાધિ કે પરિસ્થિતિવશાત્ હોય કે પછી અંતે કાળરાજાના પ્રહારથી હોય. જે વ્યક્તિ વડીલોના ઉપદેશથી કે બિમારી વગેરેને વશ નથી થતો તેનું કાળ-યમ આગળ કંઈ જ ચાલતું નથી. કેમ કે કાળનો સ્વભાવ છે કે તે જેને જન્મ આપે છે તેને મૃત્યુ પણ આપે છે. આ મૃત્યુ તો વ્યક્તિનું મારણ કરીને તેનામાં રહેલી તમામ આદતોને ત્યજાવી જ દે છે.

**अद्धावक्कंति - अर्धापक्रान्ति ( स्त्री. )**

(ત્રણ પદોમાંથી એક પદનું નષ્ટ થવું કે ખસી જવું તે)

વિશેષાવશ્યકમાં કહેલું છે કે, જે રચનામાં ત્રણ પદ કે દેશમાંથી સમાન ભાગે રહેલા એક પદનું કે દેશનું નષ્ટ થવું કે ખસી જવાનું થાય અને શેષ બે દેશનું ઊર્ધ્વગમન અર્થાત્ અગ્રગતિ થાય તેને અપક્રાન્તિ કહેવાય છે.

**अद्धासमय - अद्धासमय ( पुं. )**

(અદ્ધાકાળ, તે લક્ષણ અદ્ધાસમય, કાળનો અવિભાજ્ય અંશ, અતિસૂક્ષ્મકાળ)

કાળની વ્યાખ્યા કરતા લખવામાં આવેલું છે કે, **'वर्तमानलक्षणो कालः'** અર્થાત્ કાળ માત્ર વર્તમાન સમયવાળો છે. ભૂતકાળ ચાલ્યો ગયો છે અને ભવિષ્ય હજુ સુધી આવ્યો નથી માટે જે પણ પ્રક્રિયા થાય છે તે વર્તમાન સમયને આશ્રયીને થાય છે. કાળના પ્રદેશાદિ વિભાગો ન હોવાથી કાળના અંશો અવિભાજ્યપણે રહેલા છે.

**अद्धि - अब्धि ( पुं. )**

(સમુદ્ર ૨. સરોવર ૩. કાળ વિશેષના અર્થમાં-સાગરોપમ)

**अद्धिइ ( ति ) करण - अधृतिकरण ( न. )**

(ધૈર્યનો અભાવ, ધીરજ ન રાખવી તે ૨. કલહ)

ધૈર્યને વિવેકી પુરુષોએ ઉત્તમ ગુણ કહેલો છે. ધૈર્યગુણને કારણે માણસ અસાધ્ય કાર્યોને સાધ્ય કરી શકે છે. જે કાર્ય મુશ્કેલ જણાતું હોય તે એકદમ સહેલું બની જાય છે. જે ધૈર્યવાન્ પુરુષો હોય છે તેઓ ક્યારેય પણ કોઇપણ પરિસ્થિતિમાં વિહ્વળ બનતા નથી. જ્યારે જે ધૈર્ય વગરના લોકો હોય છે તેઓ ધીરતાના અભાવે ડગલે ને પગલે મુશ્કેલીઓને પ્રાપ્ત કરે છે. કહેવતમાં પણ કહેલું છે કે 'ઉતાવળા સો બહાવરા ભર્યા પેટ પસ્તાય'

**अद्धीकारग - अर्द्धीकारक ( त्रि. )**

(કાર્યને અડધું પોતે અને અડધું બીજાએ કરવું એમ કાર્યના બે ભાગ કરનાર)

મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ તથા વિનયવિજયજી મહારાજ કાશીમાં ન્યાયનો અભ્યાસ કરવા માટે ગયા ત્યારે તેઓ ત્યાં એક અજૈન પંડિતને ત્યાં અભ્યાસ કરતા હતા. તેઓ જે ગુરુ પાસે ભણતા હતા તેમની પાસે તે કાળે ન્યાયની ચાવી સમાન એક દુર્લભ ગ્રંથ હતો. એક વખત ઉપાધ્યાયની ગેરહાજરીમાં તેમની પત્ની પાસેથી તે ગ્રંથ મેળવ્યો અને તેના અડધાં અડધાં શ્લોકો વહેંચીને એક રાતમાં તે ગ્રંથને બન્ને મહાપુરુષોએ કંઠસ્થ કરી લીધો હતો. ધન્ય છે એ બન્ને મહાપુરુષોની પ્રજ્ઞાને.

**अद्धुट्ठ - अर्धचतुष्क ( त्रि. )**

(સાડા ત્રણ)

**अद्धुत्त - अर्धोक्त ( त्रि. )**

(અડધું કહેલું)

જે વિવેકી પુરુષ હોય છે તે ખોટી રીતે કહેલી કે અડધી કહેલી વાતો પર જલદી વિશ્વાસ કરતા નથી. કેમ કે માત્ર અધૂરી વાત જાણીને લેવાયેલો નિર્ણય નિર્દોષને અન્યાય કરનાર યાવત્ પ્રાણઘાતક પણ બને છે. જેવી રીતે મહાભારતમાં યુધિષ્ઠિરે માત્ર અધૂરી વાત કહી કે અશ્વત્થામા હણાયો છે. એટલું સાંભળતા જ દ્રોણાચાર્યએ હથિયાર મૂકી દીધા અને તે દિવસે જ તેઓ મેદાનમાં હણાયા.

**अद्धु ( धु ) व - अध्रुव ( त्रि. )**

(અનિશ્ચલ, અસ્થિર, ચલ ૨. અનિયત)

**अद्धु ( धु ) वबंधिणी - अध्रुवबन्धिनी ( स्त्री. )**

(ધ્રુવબંધી કર્મપ્રકૃતિથી ભિન્ન અધ્રુવબંધી કર્મપ્રકૃતિ વિશેષ)

કર્મગ્રંથમાં બે પ્રકારની કર્મપ્રકૃતિ બતાવવામાં આવેલી છે. ૧. ધ્રુવબંધી અને ૨. અધ્રુવબંધી. દા.ત. જે યુગલ પ્રકૃતિમાંથી એકનો બંધ થતાં બીજીનો બંધ ન થાય તેને અધ્રુવબંધી કર્મપ્રકૃતિ કહેવામાં આવે છે. જેમ કે કોઇ જીવને હાસ્ય અને રતિનો બંધ થાય તો પછી તેને શોક અને અરતિનો બંધ થઇ શકતો નથી. આથી શોક અને અરતિ તે અધ્રુવબંધી કર્મ થયા કહેવાય છે.

**अद्धु ( धु ) वसंतकम्म - अध्रुवसत्कर्मन् ( न. )**

(સત્તામાં રહેલો કર્મનો ભેદ, જેનો બંધ થાય પણ ખરો અને ન પણ થાય તેવી કર્મપ્રકૃતિ)

જે કર્મ પ્રકૃતિઓનો આત્મા સાથે બંધ થઇ પણ શકે છે અને નથી પણ થઇ શકતો તેથી આવી અધ્રુવસત્તાવાળી પ્રકૃતિને અધ્રુવસત્કર્મ પ્રકૃતિ કહે છે. તેના બંધમાં અનિશ્ચિતતા રહેલી હોય છે એમ પંચકલ્પમાં કહેવાયેલું છે.

**अद्धु ( धु ) वसक्कम्मिया - अध्रुवसत्कर्मिका ( स्त्री. )**

(ધ્રુવસત્તાવાળા કર્મની પ્રતિપક્ષ કર્મપ્રકૃતિ)

**अद्धु ( धु ) वसत्तागा - अध्रुवसत्ताका ( स्त्री. )**

(જે કર્મની સત્તા હોય પણ ખરી અને ન પણ હોય તેવી કર્મપ્રકૃતિ, અધ્રુવસત્તાવાળી કર્મપ્રકૃતિ)

**अद्धु ( धु ) वसाहण - अध्रुवसाधन ( न. )**

(મનુષ્ય જન્મ વગેરે નશ્વર સાધન ૨. અધ્રુવ હેતુ)

**अद्धु ( धु ) वोदया - अध्रुवोदया ( स्त्री. )**

(અધ્રુવ ઉદયવાળી કર્મપ્રકૃતિ)

જે કર્મપ્રકૃતિ એકવાર વિચ્છિન્ન થયા પછી પણ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને ભવરૂપ પાંચ હેતુઓના સાંનિધ્યથી પુનઃ ઉદયમાં આવી શકે તેવા કર્મોને અધ્રુવોદય કર્મપ્રકૃતિ કહેવામાં આવે છે. એમ પાંચમા કર્મગ્રંથ મધ્યે જણાવેલું છે.

**अद्धोवमिय - अद्धौपम्य ( न. )**

(જેને ઉપમા કે દૃષ્ટાંતથી સમજાવી શકાય તેવું કાળનું એક પરિમાણ, પલ્યોપમ-સાગરોપમ વગેરે)

જે કાળનું માપ કોઇ ઉપમાથી કે દૃષ્ટાંતથી સમજાવી શકાય તેવા કાળના પરિમાણને અદ્ધૌપમ્ય કહેવામાં આવે છે. ઠાણાંગસૂત્રમાં આવા આઠ પ્રકારના અદ્ધૌપમ્ય કહેલા છે. ૧. પલ્યોપમ ૨. સાગરોપમ ૩. ઉત્સર્પિણી ૪. અવસર્પિણી ૫. પુદ્ગલપરાવર્ત ૬. અતીતદ્ધા ૭. અનાગતદ્ધા ૮. સવ્વદ્ધા.

**अध - अथ ( अव्य. )**

(હવે, પછી)

**अधण्ण - अधन्य ( त्रि. )**

(નિંદ્ય, નિંદાને પાત્ર, સૌભાગ્યહીન)

જીવનમાં ભૌતિક સુખની પ્રાપ્તિ માટે સૌભાગ્ય હોવું અતિ આવશ્યક છે. પરંતુ જે દેવ-ગુરુ-ધર્મ અને ગુણીજનોનો અવર્ણવાદ કરે છે, તે દુર્ભગ નામકર્મનો બંધ કરે છે. આ કર્મના પ્રતાપે વ્યક્તિ સૌભાગ્યહીન બને છે. તેવા કર્મવાળા વ્યક્તિને તેના લાખ પ્રયત્નો છતાં પણ સુખની પ્રાપ્તિ થતી નથી. ઊલટાનો લોકમાં નિંદાને પાત્ર બને છે.

**अध ( ह ) म - अधम ( त्रि. )**

(જઘન્ય, નિકૃષ્ટ, છેલ્લી કક્ષાનું)

આવશ્યકસૂત્રના ચોથા અધ્યયનમાં તથા ઉત્તરાધ્યયનસૂત્રમાં આર્તધ્યાનીને જઘન્ય પરિણામવાળો કહ્યો છે. કેમ કે સ્વયં આર્તધ્યાન કરવાથી કે અન્યને આર્તધ્યાન કરાવવાથી જીવ અત્યંત જઘન્ય અને અધમકક્ષાની કહી શકાય તેવી નરક ગતિ કે ઊંટ, શૂકર, ગધેડા જેવી તિર્યંચ ગતિને પ્રાપ્ત કરે છે.

**अध ( ह ) म्म - अधर्म ( पुं. )**

(અધર્માસ્તિકાય ૨. અશુભ આત્મપરિણામ ૩. સાવદ્યાનુષ્ઠાનરૂપ પાપ ૪. અબ્રહ્મનું સોળમું ગૌણ નામ)

માત્ર કાયિક અને વાચિક ક્રિયાથી જ જીવને કર્મબંધ નથી થતો કિંતુ તે વચન અને કાયા સાથે મન ભળે છે ત્યારે જ જીવને કર્મનો બંધ થાય છે. આ મન પણ આત્મસંબદ્ધ હોવાથી આત્મપરિણામ પણ કહી શકાય છે. જે આત્મપરિણામથી જીવને મિથ્યાત્વ, અવિરતિ, કષાય, પ્રમાદ અને અશુભયોગરૂપ કર્મનો બંધ થાય તે અધર્માચરણ કહેવાય છે.

**अध ( ह ) म्मक्खाइ - अधर्मख्याति ( त्रि. )**

(અધર્મથી જેની ખ્યાતિ છે તે, જેની ધર્મથી ખ્યાતિ નથી તે)

અકબર એક મોગલ બાદશાહ અને પરદેશી હોવા છતાં પણ ભારતમાં તેની ખ્યાતિ એક ધર્મી તરીકેની હતી. કારણ કે તે જેમ પોતાના ધર્મને આદર આપતો હતો તેમ દરેક ધર્મને સન્માનની નજરે જોતો હતો. તે ક્યારેય ધર્મને લઇને ભેદભાવ કરતો નહોતો. જ્યારે તેનો જ વંશજ ઔરંગઝેબ અતિક્રૂર અને હીનકૃત્યવાળો હતો. તેના શાસનમાં સરમુખત્યારશાહી અને અરાજકતા ઘણી હતી. ઇતિહાસમાં તેની ખ્યાતિ એક કટ્ટર અધર્મી તરીકેની કરવામાં આવે છે.

**अध ( ह ) म्मक्खाइ ( ण् ) - अधर्माऽऽख्यायिन् ( त्रि. )**

(અધર્મનું પ્રતિપાદન કરનાર, અધર્મનું કથન કરનાર)

સારી અને તાજી કેરીઓના ટોપલામાં એક સડેલી કેરી આવી જાય તો બાકીની બધી કેરીઓને બગાડે છે. જો એક સડેલી કેરીની આટલી અસર હોય તો જે અધર્મનું પ્રતિપાદન કરનાર વ્યક્તિના સંસર્ગમાં રહેવાથી કેટલું નુકશાન થઇ શકે છે. તે સમજી શકાય છે. માટે જ કહેલું છે કે સમ્યક્ત્વી આત્માએ મિથ્યાત્વી કે મિથ્યાશાસ્ત્રથી દૂર રહેવું જોઇએ.

**अध ( ह ) म्मजुत्त - अधर्मयुक्त ( न. )**

(પાપસંબંધી દોષના ઉદાહરણનો એક ભેદ)

આ દોષ ધર્મનું પ્રતિપાદન કરનાર વક્તા સંબંધી છે. વક્તાએ પોતે જણાવેલા સિદ્ધાંતાદિની પુષ્ટિ માટે એવું ઉદાહરણ ન આપવું જોઇએ કે જેથી શ્રોતાના મનમાં અધર્મની બુદ્ધિ ઉત્પન્ન થાય. સંક્ષેપમાં કહીએ તો ઉદાહરણ નિર્દોષ અને ધર્મબુદ્ધિ કરાવનાર હોવું જોઇએ. ન કે તે ઉદાહરણના માધ્યમથી શ્રોતા અધર્મ કરવા પ્રેરાય.

**अध ( ह ) म्मत्थिकाय - अधर्मास्तिकाय ( पुं. )**

(છ દ્રવ્યમાંનું બીજું દ્રવ્ય, જીવ અને પુદ્ગલને સ્થિર કરવામાં સહાયક તત્ત્વ)

ધર્માસ્તિકાય જેવી રીતે જીવાદિને ગતિમાં મદદ કરે છે. તેમ અધર્માસ્તિકાય જીવાદિને ગતિમાંથી સ્થિતિસ્થાપકતા અર્થાત્ સ્થિરતા આપવામાં સહાય કરે છે. જો આ અધર્માસ્તિકાય ન હોત તો જગતમાં જીવો કે પુદ્ગલો ઇચ્છા મુજબ હલન ચલન કરે છે તે શક્ય જ ન હોત. દરેક વસ્તુ ચલાયમાન જ રહેત.

**अध ( ह ) म्मदाण – अधर्मदान ( न. )**

(અધર્મને પોષનાર દાન, દાનનો એક ભેદ)

સ્થાનાંગસૂત્રમાં ફરમાવેલું છે કે, જે જીવો હિંસા, અસત્ય, ચોરી, અબ્રહ્મ, પરિગ્રહાદિ દૂષણોમાં રક્ત છે તેવા જીવોને જે દાન કરવામાં આવે તે અધર્મદાન કહેવાય છે. કેમ કે તે દાન તેમનામાં રહેલા પાપોનું પોષણ કરનાર બને છે. તે જીવો મળેલી સહાયથી ધર્મમાર્ગે ન જતાં પુનઃ પાપમાં પ્રવૃત્ત થઇ જાય છે. માટે દારૂડિયા-જુગારિયા આદિને દાન દેતાં સો વાર વિચારજો.

**अध ( ह ) म्मदार – अधर्मद्वार ( न. )**

(આશ્રવદ્વાર, પ્રશ્નવ્યાકરણસૂત્રનું પ્રથમ દ્વાર)

**अध ( ह ) म्मपक्ख – अधर्मपक्ष ( पुं. )**

(ક્રિયાવાદી, અક્રિયાવાદી, અજ્ઞાનવાદી વગેરે પાખંડીઓનો મત, અધર્મપક્ષ)

**अध ( ह ) म्मपजणण – अधर्मप्रजनन ( त्रि. )**

(લોકમાં અધર્મને ઉત્પન્ન કરનાર, અધર્મને પેદા કરનારું)

શાસ્ત્રોમાં ગુરુકુલવાસને ખૂબ પ્રાધાન્ય આપવામાં આવેલું છે. કેમ કે ગુરુકુલવાસ આત્મામાં રહેલા ગુણોને ખીલવવાનું અને આત્મોન્નતિ કરવામાં ઉપાદાન કારણ છે. પરંતુ જે આત્મા ભ્રષ્ટમતિથી ગુરુકુલવાસનો ત્યાગ કરે છે તે ગુરુગમથી પ્રાપ્ત ઉત્સર્ગાપવાદનું જ્ઞાન, વ્યવહારજ્ઞાન વગેરેથી અનભિજ્ઞ હોવાથી લોકમાં અધર્મને ફેલાવનારી પ્રવૃત્તિ આચરે છે.

**अध ( ह ) म्मपडिमा – अधर्मप्रतिमा ( स्त्री. )**

(અધર્મપ્રતિજ્ઞા ૨. અધર્મપ્રધાન શરીર)

**अध ( ह ) म्मपलज्जण – अधर्मप्ररज्जन ( त्रि. )**

(અધર્મપ્રેમી, અધર્મમાં જ જેને આનંદ આવે છે તે)

એક જૈન પારિભાષિક શબ્દ છે 'સાનુબંધ' તેનો અર્થ થાય છે પારંપરિક અનુબંધ કરનાર. જેમ પૈસો પૈસાને ખેંચે તેમ એક કર્મબંધ બીજા કર્મને બંધાવે તે સાનુબંધ કહેવાય છે. શાસ્ત્રોમાં ગાઇ-વગાડીને વારંવાર કહેવામાં આવે છે કે, શુભ કર્મ સાનુબંધવાળા બાંધો અને અશુભ કર્મ નિરનુબંધવાળા બાંધવાનો પ્રયત્ન કરો. કેમ કે અશુભ કર્મ જીવને ધર્મમાં બુદ્ધિ થવા દેતું જ નથી. તે જીવને અધર્મપ્રેમી બનાવે છે, તેના કારણે જીવને ધર્મના બદલે અધર્મમાં રુચિ રહ્યા કરે છે.

**अध ( ह ) म्मपलोइ ( ण् ) – अधर्मप्रलोकिन् ( त्रि. )**

(અધર્મને ઉપાદેય તરીકે જોનાર-કહેનાર, ધર્મને ઉપાદેયરૂપે ન જોનાર)

જે જીવને ધર્મની પ્રાપ્તિ થવા છતાં, સદ્‌ગુરુનો સંજોગ મળવા છતાં પણ ધર્મ કરવાનું મન નથી થતું અને અધર્માચરણમાં જ મતિ પ્રવૃત્ત થાય છે તેવા જીવો પ્રત્યે શાસ્ત્ર કરુણા અને માધ્યસ્થ ભાવ ધરવાનું સૂચન કરે છે. કેમ કે, તેઓ જે અધર્મને ઉપાદેય અને ધર્મને હેય તરીકે જુએ છે કે માને છે તેમાં તેઓના ક્લિષ્ટકર્મ જ કારણભૂત છે.

**अध ( ह ) म्मराइ ( ण् ) – अधर्मरागिन् ( त्रि. )**

(અધર્મપ્રેમી, અધર્મમાં રાગી-આસક્ત)

**अध ( ह ) म्मरुइ – अधर्मरुचि ( त्रि. )**

(ધર્મમાં જેને રુચિ નથી તે, અધર્મપ્રેમી)

**अध ( ह ) म्मसमुदायार – अधर्मसमुदाचार ( त्रि. )**

(ચારિત્રરહિત, દુરાચારી, અધર્માચરણમાં આસક્ત રહેનારો)

મોજ-શોખપ્રિય લોકોની ઉક્તિ છે કે, 'ઘડપણમાં ગોવિંદ ભજશું' પરંતુ, યાદ રાખજો જે યુવાનીમાં પ્રભુભજન નથી કરી શકતો તે અંતકાળમાં પણ પરમાત્માનું સ્મરણ કરી શકતો નથી. ઓલા કાલસૌરિક કસાઇનું જ ઉદાહરણ જોઇ લો. તે દુરાચારી આત્માને પશુહત્યાની આસક્તિ હોવાથી શ્રેણિક રાજાએ તેને પાપથી દૂર રાખવા કૂવામાં ઉતાર્યો તો ત્યાં પણ તે માટીના પાડા બનાવીને હત્યા કરી માનસિક સંતોષ પામતો હતો.

**अध ( ह ) म्मसीलसमुदायार - अधर्मशीलसमुदाचार ( त्रि. )**

(અધર્મરૂપ સ્વભાવ અને આચાર છે જેનો તે, સ્વભાવથી અને ક્રિયાથી અધર્માચારી)

**अध ( ह ) म्माणुय - अधर्मानुग ( त्रि. )**

(અધર્મને અનુસરનાર, શ્રુત-ચારિત્રના અભાવવાળો, અધર્મના આચરણમાં રજામંદી અને અનુમોદન જેને છે તે)

**अध ( ह ) म्मिजोय - अधर्मियोग ( पुं. )**

(નિમિત્ત-વશીકરણાદિ પ્રયોગ કરવા તે)

નિમિત્ત, વશીકરણ, જ્યોતિષ કે મંત્રવિદ્યાનો પ્રયોગ શાસનની રક્ષાના હેતુથી કરવામાં આવે તે ધર્મયોગ બને છે. પરંતુ જે વિદ્યાદિનો પ્રયોગ સ્વાર્થપૂર્તિ અને દ્વેષથી કરવામાં આવે છે તે અધર્મયોગ બને છે. તે અધર્મયોગ જીવને ભવોભવ સુધી રઝળાવનાર બને છે.

**अध ( ह ) म्मिट्ठ - अधर्मिष्ठ ( त्रि. )**

(અધર્મી, ક્રૂર કર્મ કરનાર)

**★अधर्मीष्ट ( त्रि. )**

(અધર્મીઓને જે ઇષ્ટ છે તે, અધર્મીઓને પ્રિય)

**★अधर्मेष्ट ( त्रि. )**

(અધર્મપ્રેમી પાપ-પ્રિય, અધર્મ જેને ઇષ્ટ પૂજિત છે તે)

જેમ સૂકરને વિષ્ઠામાં આનંદ આવે છે. તેને ગંદવાડ જ ગમે છે તેમ જે અધર્મપ્રિય હોય તેને ધાર્મિક વાતાવરણ તો દૂરની વાત છે પણ ધર્મ શબ્દ પણ ન ગમે. જેને પાપ પ્રિય લાગે તે જીવ યા તો અભવ્ય સમજવો કાં પછી તે દૂરભવી જીવ જાણવો.

**अध ( ह ) म्मिय - अधार्मिक ( त्रि. )**

(અધર્મી, પાપી, અસંયમી)

**अध ( ह ) र - अधर ( पुं. )**

(નીચેનો હોઠ)

**अध ( ह ) रगमण - अधरगमन ( न. )**

(અધોગતિ ગમનનું કારણ, દુર્ગતિનું કારણ)

**अध ( ह ) रिम - अधरिम ( त्रि. )**

(અમુક સમયે કરજ ન લેવા સંબંધી કે વિવાદ ન કરવા સંબંધિત વિશિષ્ટ નિયમવાળું નગર વગેરે)

રાજાશાહીના જમાનામાં પોત-પોતાની રીતના કાયદાઓ રહેતાં હતાં. જેમ કે કોઇએ કોઇની પાસેથી ઋણ લેવું નહીં અથવા તો તે સંબંધી કોઇપણ જાતની તકરાર કરવી નહીં તેવો હુકમ ફરમાવવામાં આવ્યો હોય તેવું ગામ કે નગર વગેરે.

**अध ( ह ) री - अधरी ( स्त्री. )**

(ઔષધાદિ વાટવા માટેની ખરલ, ખાંડણી)

**अध ( ह ) रीलोट्ठ - अधरीलोष्ट ( पुं. )**

(ઔષધાદિ વાટવા માટેનો પથ્થર, દસ્તો)

**अध ( ह ) रुट्ठ - अधरोष्ठ ( न. )**

(ઉપર-નીચેના હોઠ કે નીચેનો હોઠ)

**अध ( ह ) व ( वा ) - अथवा ( अव्य. )**

(વિકલ્પના અર્થમાં વાપરવામાં આવતો અવ્યય)

**अधारणिज्ज - अधारणीय ( त्रि. )**

(જયાં ઋણ સંબંધી તકરાર કરવાની મનાઇ કરવામાં આવેલી હોય તેવું નગરાદિ ૨. પ્રાણ ધારણ કરવાને અસમર્થ)

જે તે ભવમાં રહેલો આત્મા આહાર, શરીર, ઇંદ્રિય, પર્યાપ્તિ વગેરે પ્રાણોને ત્યાં સુધી જ ધારણ કરવામાં સમર્થ છે જયાં સુધી આયુષ્ય કર્મ વિદ્યમાન છે. તદ્ભવ સંબંધી આયુષ્ય પૂર્ણ થતાં જ જીવ પ્રાણોને ધારણ કરવા અસમર્થ બની જાય છે. જેને વ્યવહારમાં મૃત્યુ કહેવામાં આવે છે. જે વ્યક્તિ જીવનયાપન કરવા અસમર્થ હોય તેને પણ અધારણીય કહેવાય છે.

**अधि ( हि ) - अधि ( अव्य. )**

(અધિકપણું, અધિકતાસૂચક અવ્યય)

**अधि ( हि ) इ - अधृति ( स्त्री. )**

(ધૈર્યનો અભાવ, અધૃતિ, અધીરતા)

**अधि ( हि ) ग - अधिक ( त्रि. )**

(વિશેષ, વધારે, અધિક)

**अधि ( हि ) गम - अधिगम ( पुं. )**

(ગુરુના ઉપદેશથી થતો બોધ, સમ્યક્ત્વનો હેતુ)

સમ્યક્ત્વ પ્રાપ્તિ બે પ્રકારે કહેલી છે. ૧. નિસર્ગથી અને ૨. અધિગમથી. ધર્મસંગ્રહ ગ્રંથમાં કહેલું છે કે, ગુરુના ઉપદેશને આલંબીને જીવને જે સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે તેને અધિગમજ સમ્યક્ત્વ કહેવાય છે. બહુલતયા જીવોને અધિગમ સમ્યક્ત્વ હોય છે. કોઈક ભવ્ય જીવને નિસર્ગથી નિર્મલ સમ્યક્ત્વ પ્રાપ્ત થતું હોય છે.

**अधि ( भि ) ( हि ) गमरुइ - अधि ( भि ) गमरुचि ( पुं., स्त्री. )**

(ગુરુના ઉપદેશથી થયેલી તત્ત્વજિજ્ઞાસા, સમ્યક્ત્વનો એક પ્રકાર)

સમ્યક્ત્વના દસ પ્રકારમાંનો એક પ્રકાર છે અધિગમરૂચિનો. જે જીવ હળુકર્મી છે અને નિકટ મોક્ષગામી છે તેવા જીવને ગુરુનો ઉપદેશ સાંભળીને અગ્યાર અંગ, ઉપાંગ અને પૂર્વો સંબંધી તત્ત્વજિજ્ઞાસા થાય છે તેને અધિગમરુચિ સમ્યક્ત્વ કહેવામાં આવે છે.

**अधि ( भि ) गमसम्मदंसण - अधिगमसम्यग्दर्शन ( न. )**

(ગુરુના ઉપદેશથી પ્રાપ્ત થયેલો સમ્યક્ત્વ-તત્ત્વાવબોધ)

**अधि ( हि ) गय - अधिकृत ( न. )**

(અધિકાર)

રામાયણ અને મહાભારતમાં આસમાન જમીનનો ફરક છે. રામાયણમાં પિતૃભક્તિ, પ્રેમ, નિઃસ્વાર્થ ભાવ, ત્યાગની ભાવના, સંસ્કારાદિ જોવા મળે છે. જયારે મહાભારતમાં છળ, પ્રપંચ, સ્વાર્થ, અધિકારની લડાઇ અને મારા-તારાની ભાવના જોવા મળે છે. માટે જ તો કોઇ ઝઘડો થાય તો કહેવાય છે કે, મહાભારત થઇ ગયું અને કોઇ સારો સંસ્કારવર્ધક પ્રસંગ દેખાય તો કહેવાય છે કે આ તો રામાયણની યાદ અપાવે છે.

**★अधिगत ( त्रि. )**

(પ્રાપ્ત, જાણવામાં આવેલું, જ્ઞાત)

**अधि ( हि ) गरण - अधिकरण ( न. )**

(કલહ, ઝઘડો ૨. હિંસાનું ઓજાર ૩. જેનાથી આત્મા નરકગતિ પામે તે-કર્મ ૪. આધાર ૫. અસંયમ ૬. આત્મભિન્ન વસ્તુ)

ઉપકરણ અને અધિકરણમાં તફાવત એ છે કે, ઉપકરણ સ્વ અને પરના ઉપકાર માટે થાય છે. સાધુ ભગવંતોના ઉપકરણો, જિનાલયના ઉપકરણો વગેરે ધાર્મિક સાધનો કલ્યાણના હેતુ બને છે. તેમજ જે સાધનો કલહ અને અપકારમાં કારણ બને તેને અધિકરણ કહેવામાં આવે છે. શાસ્ત્રગ્રંથોમાં અધિકરણની અઢાર પ્રકારની વિસ્તૃત નિરુક્તિઓ-ભેદો કરાયેલા છે.

**अधि ( हि ) गरणकिरिया – अधिकरणक्रिया ( स्त्री. )**

(અધિકરણ-આરંભ વિષયક ક્રિયા, તલવાર વગેરે હથિયાર નિમિત્તે થતો કર્મબંધ, કલહ વિષયક વ્યાપાર)

પ્રશ્નવ્યાકરણસૂત્રના આશ્રવદ્વારમાં અધિકરણ ક્રિયાનું વિવેચન કરાયેલું છે. તેમાં લખેલું છે કે, અધિકરણક્રિયા બે પ્રકારની છે. ૧. નિર્વર્ત્તનાધિકરણ ક્રિયા અને ૨. સંયોજનાધિકરણ ક્રિયા. તેમાં લખ્યું છે કે, અધિકરણક્રિયા વડે જીવ સ્વ-પરનું અહિત કરનારા અનેક પ્રકારના હિંસાદિ અનર્થો સર્જે છે.

**अ ( आ ) धि ( हि ) गरणिया – आधिकरणिकी ( स्त्री. )**

(ક્લેશ કે હિંસાદિના સાધનો પેદા કરવાથી લાગતી ક્રિયા, આધિકરણિકી પાપક્રિયા)

સ્થાનાંગસૂત્રાદિમાં જણાવેલું છે કે, જે પાપક્રિયા વડે આત્મા નરકાદિ દુર્ગતિમાં ઠેલાય તેવી ક્રિયાને અધિકરણિકી અથવા આધિકરણિકી ક્રિયા કહી છે. અર્થાત્ તલવાર, ભાલા, બરછી કે પિસ્તોલ વગેરે બાહ્ય નિમિત્તભૂતકરણો દ્વારા કરવામાં આવતી હિંસક પ્રવૃત્તિ.

**अधि ( हि ) गरणी – अधिकरणी ( स्त्री. )**

(એરણ, લોઢું ટીપવાનું લુહારનું ઓજાર વિશેષ)

**अधि ( हि ) गार – अधिकार ( पुं. )**

(પ્રસ્તાવ, પ્રસંગ ૨. પ્રયોજન ૩. વ્યાપાર ૪. ગ્રંથવિભાગ ૫. સત્તા, હક્ક)

**अधि ( हि ) ट्ठंत – अधितिष्ठत् ( त्रि. )**

(રહેતું, નિવાસ કરતું)

શ્રમણ ભગવંતોને કેવા આશ્રયમાં રહેવું અર્થાત્, કેવી વસતિમાં રહેવું તે માટે આચારાંગસૂત્રમાં જણાવ્યું છે કે, જ્યાં સ્ત્રી, પશુ, પંડગ યાને નપુંસકાદિ ન રહેતા હોય, વળી જ્યાં સ્વાધ્યાયમાં વ્યાઘાત ન થતો હોય, વિપુલ પ્રમાણમાં ગોચરી પાણી સુલભ હોય અને જ્યાં સર્પાદિ હિંસક જીવજંતુઓનો ઉપદ્રવ ન હોય તેવી નિર્દોષ અને સંયમની પોષક વસતિમાં રહેવું એમ જણાવેલું છે. જ્યારે સાધનાશીલ સાધુ માટે સ્મશાનાદિક નિર્જન ભૂમિમાં ધ્યાનાદિ કરીને પરિષહવિજયી બનવા માટે જણાવેલું છે.

**अधि ( हि ) ट्ठवण – अधिस्थापन ( न. )**

(પાટ-પાટલા પર આચ્છાદિત રજોહરણાદિ પર બેસવું તે, ઉપર રાખવું તે)

નિશીથસૂત્રની ચૂર્ણિમાં સાધ્વાચારના પાલનમાં થતી સ્ખલના વિશે અતિચારના પ્રસંગમાં જણાવેલું છે કે, સાધુ અથવા સાધ્વીજી પાટ કે પાટલા અથવા નાની ખાટ પર રજોહરણ રાખીને તેના પર આશ્રય કરે કે બેસે તો તે પ્રાયશ્ચિત્તવાળું અધિસ્થાપન બને છે.

**अधि ( हि ) ट्ठेइत्ता – अधिष्ठाय ( अव्य. )**

(આ મારું છે એમ માનીને ગ્રહણ કરેલું)

મોક્ષની આરાધનામાં ઉજમાળ બનેલો આરાધક આત્મા દુન્યવી ચીજ વસ્તુઓ પર ક્યારેય 'આ મારું છે' એમ માનીને માયા મમતા રાખતો નથી. તેની વૃત્તિ હંમેશા ત્યાગ પ્રધાન હોય છે. તે ક્યારેય મન વચન અને કાયાથી એમ નથી ઇચ્છતો કે કર્મો ઉપાર્જિત કરી હું મારો સંસાર વધારું.

**अधि ( हि ) मासग – अधिमासक ( पुं. )**

(અધિક માસ)

નિશીથચૂર્ણિના ૨૦મા ઉદ્દેશામાં અધિમાસક માટે જણાવ્યું છે કે, આ અધિકમાસ વર્ષના બારમા ભાગ રૂપે સંભવે છે જે સૂર્ય ચંદ્રની ગતિથી નિષ્પન્ન થાય છે. જેને જ્યોતિષીય ગણિત પ્રમાણે ઓગણત્રીસ દિવસ વીસ ભાગ અને બત્રીસ અંશે ગણાવેલો છે.

**अधि ( हि ) मुत्ति – अधिमुक्ति ( स्त्री. )**

(શાસ્ત્ર વિશે શ્રદ્ધાળુ, શાસ્ત્ર પર શ્રદ્ધાવાળો)

**अधि ( हि ) वइ ( ति ) – अधिपति ( पुं. )**

(પ્રજાનું અતીવ રક્ષણ કરનાર, પ્રજાનો રક્ષક, અધિપતિ)

જેમ અધિપતિ પોતાની ફરજરૂપે પ્રજાનું અત્યંત પાલન પોષણ કરે છે તેમ માતા-પિતા વગેરે વડીલો પણ પોતાના આશ્રિતજનોનું પાલન પોષણ અને રક્ષણ કરે છે. શાસ્ત્રકારોએ તીર્થંકર પ્રભુને મહાગોપનું બિરુદ આપ્યું છે તે જીવોના રક્ષણહાર હોઈ આ જ અર્થમાં આપેલું છે.

**अधीमहि – अधीमहि ( अव्य. )**

(સ્ત્રીને વશ આત્મા, સ્ત્રીને વિશે રહેલું)

**अधीरपुरिस – अधीरपुरुष ( पुं. )**

(અધીર પુરુષ, અબુદ્ધિમાન, મંદબુદ્ધિ પુરુષ, સાહસવૃત્તિરહિત પુરુષ, હિમ્મત વગરનો માણસ)

ધન કમાવા નીકળેલો પુરુષ જો અધીર હોય, સાહસવૃત્તિવાળો ન હોય અને હિમ્મત વગરનો હોય તો તે પોતાને ક્યારેય કરોડપતિ બનાવી શકતો નથી. તેમ મોક્ષમાર્ગની સાધના કરનાર જીવ જો શક્તિ-સામર્થ્યરહિત હોય, અધીર હોય તો ઇષ્ટસિદ્ધિને ક્યારેય પ્રાપ્ત કરી શકતો નથી. માટે જ ધૈર્ય, ખંત, બુદ્ધિ વગેરે ગુણો સાધકમાં હોવા જોઈએ તેમ જણાવાયું છે.

**अधुव – अध्रुव ( पुं. )**

(ભવિષ્યમાં કદાચિત્ વ્યવચ્છેદ-નાશ પામે તેવો ભવ્ય જીવ સંબંધી જે કર્મબંધ તે અધ્રુવબંધ)

**अधे ( हे ) कम्म – अधःकर्मन् ( न. )**

(અધોગતિનું કારણભૂત કર્મ)

પિંડનિર્યુક્તિમાં અધઃકર્મની વિસ્તારપૂર્વક વ્યાખ્યા કરવામાં આવેલી છે. તેમાં આધાકર્મી આહારને અધઃકર્મ કહેલો છે. આધાકર્મી આહાર કરનાર સાધુની અધોગતિ કહેલી છે. તેનું કારણ હિંસાદિ આશ્રવમાં પ્રવૃત્તિ થાય તે છે. ઉક્ત ગ્રંથમાં અધઃકર્મની ચતુર્ભંગી દર્શાવી છે તે આ પ્રમાણે ૧. નામ અધઃકર્મ ૨. સ્થાપના અધઃકર્મ ૩. દ્રવ્યાધઃકર્મ અને ૪. ભાવાધઃકર્મ.

**अधो ( हो ) हि – अधोवधि ( पुं. )**

(પરમાવધિથી ઊતરતા ક્રમવાળા અવધિજ્ઞાનવાળો જીવ)

સ્થાનાંગસૂત્રના બીજા સ્થાનમાં જણાવ્યું છે કે, પરમાવધિજ્ઞાનથી ઊતરતા ક્રમવાળું જે અધોવર્તિ અવધિજ્ઞાન છે તેનાથી યુક્ત જીવને અધોવધિ કહે છે. આ અવધિજ્ઞાનવાળો જીવ જ્ઞાન વડે પોતે અધોલોકના ભાવોને યથાતથ્ય સ્વરૂપે જાણે છે.

**अन्तर – अन्तर ( न. )**

(વ્યવધાન)

નાન્યતર જાતિમાં ગણેલા 'અંતર' શબ્દના શબ્દકોશોમાં અવકાશ, અવધિ, પહેરવાનું વસ્ત્ર, અદશ્ય થવું, ભેદ, પરસ્પર વિલક્ષણતારૂપ વિશેષ અંતર-તફાવત, છિદ્ર, પોતાનું, સિવાય, સમાન, નિકટ, આત્મા, અંતરાલ વગેરે અઢાર અર્થો કરેલા પ્રાપ્ત થાય છે.

**अन्त्रडी ( अप.-स्त्री. ) – अन्त्र ( न. )**

(આંતરડું)

મનુષ્યના શરીરમાં બે આંતરડાઓ રહેલા છે. એક નાનું આતરડું અને બીજું મોટું આંતરડું. આ બન્નેના કાર્યો ભિન્ન ભિન્ન છે. નાનું શરીરમાં રહેલા અન્નરસને અંતઃસ્ત્રાવી ગ્રંથિઓમાં શોષાવવાનું કાર્ય કરે છે. જ્યારે મોટું આંતરડું શેષ રસને પચાવી કચરાનો નિકાલ લાવે છે.

**अन्नाइस – अन्यादृश ( त्रि. )**

(બીજાના જેવું, અન્ય પ્રકારનું)

સિદ્ધહેમશબ્દાનુશાસનના આઠમા અધ્યાયના ચોથાપાદના ચારસો તેરમા સૂત્રથી 'અન્યાદશ' શબ્દનો 'અન્નાઇસ' એવો આદેશ થાય છે. જે બીજાના જેવું હોય અથવા જે વસ્તુ અન્ય વસ્તુને મળતી આવે તેની સરખામણી કરવામાં 'આ બીજાના જેવું છે' તેમ કહેવાય છે.

**अप – अप् ( स्त्री. )**

(પાણી, જળ)

પાણીને જીવ સ્વરૂપે માનનારું જૈન દર્શન જગતમાં ઢંઢેરો પીટીને કહે છે કે ભાઈ! પાણીને ઘીની જેમ ખૂબ જ ઉપયોગપૂર્વક વાપરો. અર્થાત્ ખાવા પીવામાં, સ્નાનાદિમાં બહોળા પ્રમાણમાં અપ્કાયના જીવોની હિંસા થાય છે માટે ખપપૂરતું ગ્રહણ કરો. બગાડ ન કરો.

**अप ( प्प ) इट्ठाण - अप्रतिष्ठान ( पुं. )**

(મોક્ષ, મુક્તિ ૨. સાતમી નરકવર્તિ એક નરકાવાસ)

ઘોરાતિઘોર દુઃખમયી સાતમી નરકમાં પાંચ નરકાવાસો છે. તેમાં મધ્યવર્તી નરકાવાસનું નામ અપ્રતિષ્ઠાન છે. આ નરકાવાસ દશહજાર યોજન આયામ વિષ્કંભવાળો છે એમ ભગવતીજીસૂત્ર, સ્થાનાંગસૂત્ર, પ્રજ્ઞાપનાસૂત્ર, જીવાભિગમસૂત્રાદિમાં જણાવ્યું છે.

**अप ( प्प ) इट्ठिय - अप्रतिष्ठित ( त्रि. )**

(પ્રતિષ્ઠાન-સ્થિતિરહિત, પાયા વિના સ્વાભાવિક રહેલું ૨. અશરીરી ૩. અપ્રતિબદ્ધ)

આઠેય પ્રકારના કર્મોથી સર્વથા મુક્ત થયેલા પ્રત્યેક સિદ્ધ આત્મા સિદ્ધશિલા પર બિરાજમાન થાય છે તે સિદ્ધશિલા પિસ્તાળીસ લાખ યોજન લાંબી છે. વળી તે પાયા વિના સ્વાભાવિકપણે રહેલી છે. તેને કોઈએ બનાવેલી નથી.

**अप ( प्प ) इण्णपसरियत्त - अप्रकीर्णप्रसृतत्व ( न. )**

(જેમાં અસંબદ્ધપણું કે અતિવિસ્તાર ન હોય તેવી વાણી, તીર્થંકરની વાણીના ૩૫ ગુણો પૈકીનો એક ગુણ-સત્યવચનાતિશય)

**अपउल्ल - अपक्व( त्रि. )**

(અગ્નિથી પાકેલો નહીં તેવો આહારાદિ, અસંસ્કૃત-અપક્વ કાચાં ફળ ફળી વગેરે)

અપક્વાહાર દુષ્પક્વાહાર નહીં વાપરવા માટે જૈનાહારના ગ્રંથોમાં જે કહેલું છે. તે શારીરિક અને ધાર્મિક એમ બન્ને રીતે હિતકર જાણીને નિષેધ કરાયેલો છે. અપક્વાહાર લેવાથી શરીરમાં અજીર્ણાદિ રોગ તેમજ તેમાં રહેલું સચિત્તપણું નષ્ટ ન થવાથી ધાર્મિક રીતે હિંસાદિનો દોષ સંભવે છે.

**अपएस - अप्रदेश ( त्रि. )**

(પ્રદેશરહિત, અંશ વગરનું, અવયવરહિત, જેના ભાગ પડી શકે નહીં તેવું, પરમાણુ આદિ)

**अपओस - अपद्वेष ( पुं. )**

(દ્વેષનો અભાવ, અમત્સરિતા, માધ્યસ્થભાવ)

પંચાશકજી ગ્રંથમાં જણાવેલું છે કે, આરાધક આત્મા કેવો હોય? તેનામાં દેખીતી કઈ વિશિષ્ટતા પ્રગટી હોય, તે કેવી રીતે જાણી શકાય? તો એના જવાબમાં જણાવેલું છે કે, તે ભવ્યાત્મા દ્વેષના અભાવવાળો હોય છે. તેનામાં સર્વથા મત્સરિતા-ઈર્ષ્યા ન હોય.

**अपंडिय - अपण्डित ( पुं. )**

(સદ્બુદ્ધિથી રહિત, મૂર્ખ, મૂઢ, બુદ્ધિ વગરનો)

ધર્મના મર્મને પામવાની યોગ્યતા કોનામાં હોય અથવા કેવા જીવો યથાતથ્ય પદાર્થાવબોધ કરી શકે? તો એ માટે શાસ્ત્રકારોએ કહેલું છે કે, જે જીવાત્મા સદ્બુદ્ધિએ અલંકૃત હોય વળી, જેમાં ઋજુતા, નિષ્કપટતા, અમત્સરિતા, અદ્વેષિતા વગેરે ગુણો હોય તે જીવ ધર્મના મર્મને પામવા યોગ્ય બને છે. તત્ત્વના સારને પામવા સમર્થ બને છે.

**अपंथ - अपथ ( पुं. )**

(શસ્ત્રથી અચિત્ત નહીં બનેલી પૃથ્વી, સચિત્ત પૃથ્વી)

પૂજ્ય સાધુ સાધ્વીજી ભગવંતોને વિહાર કરવા અંગે માર્ગદર્શન કરતા શાસ્ત્રગ્રંથોમાં લખ્યું છે કે, જે ભૂમિ શસ્ત્રોપહત નથી થયેલી અથવા આર્દ્ર હોય, સચિત્ત હોય તેવી ભૂમિ પર વિચરણ કરવા નિષેધ કરેલો છે. સર્વથા અચિત્ત ભૂમિ પર ચાલવા જણાવેલું છે.

**अपक्क - अपक्व( त्रि. )**

(અગ્નિ વડે પકાવાયેલો ન હોય તેવો આહાર-ઔષધિ આદિ, પક્વપણું ન પામેલું)

**अपक्कोसहिभक्खणया - अपक्वौषधिभक्षणता ( स्त्री. )**

(અગ્નિ આદિ પર પકાવ્યા વિનાનું અન્ન ખાવું તે, શ્રાવકના સાતમા વ્રતનો પ્રથમ અતિચાર)

ભગવાન આદિનાથના પિતા નાભિકુલકરના સમયમાં યુગલિકો અગ્નિ પર પકાવ્યા વિનાના અન્નકણ ખાતા હતા. તેમાં કારણ એ જ હતું કે, તે સમયમાં યાને તે યુગલિકકાળમાં તેઓને અગ્નિ આદિ પર પકાવવાનું જ્ઞાન નહોતું. ભગવાને તે જ્ઞાન આપ્યું હતું.

**अपक्खग्गाहि ( ण् ) - अपक्षग्राहिन् ( त्रि. )**

(પક્ષનો અનાગ્રહી, અપક્ષપાતી, શાસ્ત્રબાધિત પક્ષ ન ખેંચે તે)

જેણે આત્માનુભવ કરી લીધો છે યાને જેને સમ્યક્ત્વનો સ્પર્શ થઈ ગયો છે તેવા સમકિતદૃષ્ટિ જીવને શાસ્ત્રબાધિત કોઈપણ પક્ષ ન ગમે. તે એવા કુપક્ષનો અનાગ્રહી હોય. જે જીવો હજુ સુધી સત્યાસત્યના વિવેકથી રહિત છે તેવા અજ્ઞાનીજનો જ કદાગ્રહના પક્ષપાતી બનતા હોય છે.

**अपगंड - अपगण्ड ( त्रि. )**

(નિર્દોષ, દોષ વિનાનું ૨.પાણીનું ફીણ)

જેમ ચોવીશ કેરેટની ગુણવત્તાવાળા સોનામાં કોઈપણ પ્રકારની અશુદ્ધિ સંભવતી નથી. તેમ સો ટચના શુદ્ધાત્મદ્રવ્યમાં રાગ-દ્વેષાદિ કોઈપણ પ્રકારના દોષ સંભવતા નથી. સંયમધર્મ કે શ્રાવકધર્મની આરાધના આ શુદ્ધાત્મતત્ત્વને પામવા હેતુ બતાવેલાં છે.

**अपगंडसुक्क - अपगण्डशुक्ल ( त्रि. )**

(જેમાંથી દોષ નીકળી ગયા હોય તેવું શુક્લ, નિર્દોષ અર્જુન સુવર્ણના જેવું શુક્લ, ચોક્ખા પાણીના ફીણ જેવું સફેદ)

સૂત્રકૃતાંગસૂત્રમાં અનુત્તર એવા શુક્લધ્યાનની વાત કરેલી છે. તે કેવું હોય તેની બાહ્ય ઉપમા દ્વારા સમજાવેલું છે કે, તે જેમ અર્જુન જાતિનું સુવર્ણ-પ્લેટીનમ કેવું નિર્મળ અને શ્વેતવર્ણીય હોય છે, તેના જેવું આ શુક્લધ્યાન અનુપમ કોટિનું વિશુદ્ધતમ હોય છે.

**अपचय - अपचय ( पुं. )**

(અપકર્ષ, હીનતા, અભાવ)

મોક્ષનું સ્વરૂપ સમજાવવું અત્યન્ત કઠિન છે છતાંય શાસ્ત્રકારોએ અનેક પ્રકારની યુક્તિઓથી તેને સમજાવવાનો પ્રયત્ન કરેલો છે. તેમાં એક એવી યુક્તિ પણ કહી છે કે, બાહ્ય-અભ્યંતર જે જે ભાવો આપણને જગતમાં અનુભવાય છે તે બધાનો જ્યાં સર્વથા અભાવ છે તે મોક્ષ છે. તથા પ્રકારના મોક્ષના સ્વરૂપને સમજવા માટે આપણને પ્રથમના ત્રણ કર્મોનો ઘણો ક્ષયોપશમ જોઈશે.

**अप ( प्प ) च्चक्ख - अप्रत्यक्ष ( त्रि. )**

(અચાક્ષુષ, ચક્ષુનો વિષય ન બને તેવું, અપ્રત્યક્ષવર્તી બુદ્ધિ)

**अप ( प्प ) च्चक्खाण - अप्रत्याख्यान ( पुं. )**

(પચ્ચક્ખાણ કે વિરતિના પરિણામનો અભાવ ૨. અપ્રત્યાખ્યાનાવરણીય કષાય, દેશવિરતિના પરિણામને અટકાવનાર કષાય)

ક્રોધ, માન, માયા, અને લોભ આ ચાર દુર્ગુણોનું ભેગું નામ છે કષાય ચતુષ્ક. તેના વળી એક એકના ચાર ચાર ભેદ છે. અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાનાવરણીય, પ્રત્યાખ્યાનાવરણીય, અને સંજ્વલન. તેમાં અપ્રત્યાખ્યાનાવરણીય કષાયનો ઉદય જીવને શ્રાવકપણાના ધર્મથી વંચિત રાખે છે. તે જીવને દેશવિરતિ ધર્મનું જરાયે આસેવન કરવા દેતો નથી. વ્રત પચ્ચક્ખાણના ઉલ્લાસને હણી દે છે.

**अप ( प्प ) च्चक्खाणकिरिया - अप्रत्याख्यानक्रिया ( स्त्री. )**

(પચ્ચક્ખાણ કે ત્યાગ ન કરવાથી લાગતો કર્મબંધ, અપચ્ચક્ખાણ ક્રિયા)

વિરતિધર શ્રાવક અને અવિરત શ્રાવકમાં જો ભેદ કરવો હોય તો આટલો જ થાય છે કે વિરતિધર શ્રાવકના જીવનમાં વ્રત, પચ્ચક્ખાણનો આદર દેખાય, જયારે અવિરત શ્રાવકના જીવનમાં વ્રત કે પચ્ચક્ખાણ નામની કોઈ ચીજ હોય નહીં. તેમાં દેખીતું કારણ કોઈપણ હોય પરંતુ, અદૃષ્ટ કારણ તરીકે અપ્રત્યાખ્યાનાવરણીય કષાયો જ રહેલા છે.

**अप ( प्प ) च्चक्खाणि ( ण् ) - अप्रत्याख्यानिन् ( त्रि. )**

(પચ્ચક્ખાણ કે ત્યાગ ન કરનાર, પચ્ચક્ખાણરહિત)

**अप ( प्प ) च्चक्खाय - अप्रत्याख्यात ( त्रि. )**

(જેનો ત્યાગ નથી કર્યો તે, ન ત્યજેલું)

ઘણા લોકો એમ માનતા હોય છે કે, આપણે ક્યાં મદિરા માંસ ખાઈએ છીએ, આપણે તો સપ્તવ્યસનને અડતા પણ નથી, દૂરથી જ સલામ કરીએ છીએ, તો પછી આપણને તેનું પાપ શા માટે લાગે? પણ ભાઈ ભગવાને કહ્યું છે કે, જે પણ પાપસ્થાનકો છે, તેનો નિયમપૂર્વક ત્યાગ ન કરેલો હોય તો છેવટે અનુમોદનાનું પણ પાપ તો લાગે જ. માટે નિયમ લેવાનો આગ્રહ સેવાય છે.

**अप ( प्प ) च्चय - अप्रत्यय ( पुं. )**

(અવિશ્વાસ, અસત્યનો એક ભેદ ૨. અદત્તાદાનનો સત્તરમો ભેદ)

પ્રશ્નવ્યાકરણસૂત્રના આશ્રવદ્વારમાં આ શબ્દનું વિવેચન થયેલું છે. તેમાં લખ્યું છે કે, વિશ્વાસના અભાવરૂપે આ અસત્ય વચનનો ચોવીશમો ભેદ છે. બીજી રીતે જોઈએ તો અવિશ્વાસ કારણ હોવાથી સત્તરમા પ્રકારનો ગૌણ અદત્તાદાનનો ભેદ પણ કહેવાય છે.

**अपच्चयकारग - अप्रत्ययकारक ( त्रि. )**

(વિશ્વાસઘાતી, વિશ્વાસભંગ કરનારો)

આજનો માનવી સારું ખોટું જોયા વગર પોતાને લાભકારક છે કે નહીં તે જોઈને વ્યવહાર કરતો થઈ ગયો છે. તેમાંય જો પોતાનો સ્વાર્થ સિદ્ધ થતો હોય તો સામેવાળાનું જે થવું હોય તે થાય, તેની જરાય પરવા કર્યા વગર વિશ્વાસઘાત કરી લે છે. પરંતુ જૈનધર્મ પામેલો જીવ અનોખો છે. તે પ્રાણના ભોગે પણ વિશ્વાસભંગ તો ન જ કરે. પછી ભલેને પોતાનું લાખ ગણું નુકશાન જતું હોય.

**अपच्चल - अप्रत्यल ( त्रि. )**

(અયોગ્ય ૨. અસમર્થ)

હાથીની અંબાડી હાથી જ વહન કરી શકે અન્ય પ્રાણી તેનો ભાર ઝીલવામાં અસમર્થ છે. તેમ અઢારહજાર શીલાંગરથનો ભાર તો વિરલાઓ જ વહન કરી શકે છે યાને મહાસંયમી આત્માઓ જ વહન કરી શકે. નહીં કે રાત-દિવસ ભોગસુખોમાં રાચનારો સંસારબહુલ જીવ.

**अपच्छाणुतावि ( ण् ) - अपश्चात्तापिन् ( त्रि. )**

(અપરાધની આલોચના લઈને પશ્ચાત્તાપ ન કરનારો, ગુરુની પાસેથી પ્રાયશ્ચિત્ત લઈને રાજી થનારો)

વ્યવહારસૂત્રના પ્રથમ ઉદ્દેશમાં અપશ્ચાત્તાપી શિષ્યની વાત કરતા જણાવ્યું છે કે, ગુરુ ભગવંત એવા સુવિનીત શિષ્યને પ્રાયશ્ચિત્ત આપે ત્યારે તે ચારિત્રી આત્મા ખૂબ ખુશ થાય. પ્રસન્નચિત્ત બને અને મનમાં વિચારે છે કે, હું કૃતપુણ્ય છું જેથી મ્રને પ્રાયશ્ચિત્ત મળ્યું.

**अपच्छायमाणा - अप्रच्छादयत् ( त्रि. )**

(ન છુપાવતો, છાનું ન રાખતો)

કલ્પસૂત્રમાં ભગવાન મહાવીરના શાસનમાં કેવી પ્રકૃતિના જીવો હશે તેનું વર્ણન કરાયેલું છે. તેમાં લખ્યું છે કે, આ કાળના જીવો વક્ર અને જડ પ્રકૃતિના હશે. એટલે જ્યારે પ્રાયશ્ચિત્તની વાત આવે ત્યારે સરળભાવે આલોચના પણ નહીં કરે. કાંઈજ છાનું ન રાખવું એવું ઓછું બનશે. લક્ષ્મણા સાધ્વીજીની જેમ કંઈક છુપાવીને વર્તનારા બહુલતાએ હશે. અહો! કાળનો પ્રભાવ કેવો અપ્રતિહત છે.

**अपच्छिम - अपश्चिम ( त्रि. )**

(જેના પછી બીજું કોઈ નથી તે, સૌથી છેલ્લું, અંતિમ ૨. આખરનું મરણ)

આ અવસર્પિણી કાળમાં ભવ્યજીવોના તારણહાર પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ પરમાત્મા થયા. તેમના પછી અજિતનાથ આદિ બાવીશ તીર્થંકરો થયા અને જેના પછી આ કાળમાં બીજા કોઈ તીર્થંકર નથી થવાના એવા સૌથી છેલ્લા એટલે ચોવીશમા તીર્થંકર શ્રી મહાવીર પ્રભુ થયા. તેમનું એક નામ અપશ્ચિમ તીર્થંકર પણ આગમોમાંથી પ્રાપ્ત થાય છે.

**अपच्छिममारणंतियसंलेहणाझूसणा - अपश्चिममारणान्तिकसंलेखनाजोषणा ( स्त्री. )**

(મરણ સમયે જેના દ્વારા શરીર અને કષાયાદિ પાતળા કરાય તે સંલેખના નામના તપ વિશેષની સેવના-આચરણા)

ભગવતીસૂત્રના સાતમા શતકના બીજા ઉદ્દેશામાં જણાવાયું છે કે, મરણાસન્ન આરાધક પોતાની આત્મશુદ્ધિ માટે કષાયોને ઉપશમાવીને

પાતળા કરવા હેતુ અને પોતાના દેહ પરની મમતા ઉતારવા માટે સંલેખના નામક તપ વિશેષ વિધિપૂર્વક કરે તેને અપશ્ચિમ મારણાન્તિક સંલેખના જોષણા કહેવાય છે.

**अपच्छिममारणंतियसंलेहणाझूसणाझूसिय – अपश्चिममारणान्तिकसंलेखनाजोषणाजोषित ( झूषित ) ( त्रि. )**

(અંત સમયે સંલેખના તપ દ્વારા શરીર તથા કષાયાદિને ખપાવ્યા છે જેણે તે, મરણ સમયે સંલેખના કરી દેહ ખપાવનાર)

**अपच्छिममारणंतियसंलेहणाझूसणाराहणता – अपश्चिममारणान्तिकसंलेखनाजोषणाराधनता ( स्त्री. )**

(અંતસમયે મારણાંતિકી સંલેખના તપની અખંડ આરાધના કરવી તે)

જીવનના અંત સમયે કરાતી મારણાંતિકી સંલેખનાની આરાધના નિરતિચારપણે કરવી જોઈએ. તેના પાંચ અતિચારો જણાવ્યા છે. તે આ પ્રમાણે છે. ૧ ઇહલોકમાં સુખની વાંછા ૨ પરલોકમાં સુખની એષણા ૩ જીવિતવ્યની આશંસા ૪ મરણની આશંસા અને ૫ કામભોગની વાંછના. આ પાંચે અતિચારોને ભલી ભાંતિ જાણીને ત્યાગ કરી શુદ્ધભાવે સંલેખના કરવાથી સદ્ગતિ થાય છે.

**अपज्जत्त – अपर्याप्त ( त्रि. )**

(અસમર્થ ૨. અસંપૂર્ણ ૩. સ્વકાર્યમાં અક્ષમ ૪. સ્વયોગ્ય પર્યાપ્તિઓ સંપૂર્ણ નથી કરી તે-અપર્યાપ્તો)

પહેલા કર્મગ્રંથમાં પ્રત્યેક શરીરીને જીવનશક્તિ ધારણ કરવાના અર્થમાં પર્યાપ્તિઓની વાત આવે છે. જે જીવે આ પર્યાપ્તિઓ પૂર્ણ નથી કરી કે મૃત્યુ સુધી કરશે પણ નહીં તેવા જીવને અપર્યાપ્ત કહેવામાં આવે છે. તેના બે પ્રકાર કહ્યા છે. એક લબ્ધિ અપર્યાપ્તા અને બીજા કરણ અપર્યાપ્તા. જે જીવ ઉત્પન્ન થયા પછી પોતાને યોગ્ય પર્યાપ્તિઓ પૂર્ણ કર્યા વગર જ મરણ પામનારા છે તેને લબ્ધિ અપર્યાપ્તા કહે છે. જ્યારે પોતાની જાતિ યોગ્ય પર્યાપ્તિઓ હજુ પૂર્ણ કરી નથી પણ અવશ્ય પૂરી કરવાના છે તે કરણ અપર્યાપ્તા કહેવાય છે.

**अपज्जत्तग – अपर्याप्तक ( पुं. )**

(અસમર્થ ૨. અસંપૂર્ણ ૩. સ્વકાર્યમાં-અક્ષમ ૪. સ્વયોગ્ય પર્યાપ્તિઓ સંપૂર્ણ નથી કરી તે-અપર્યાપ્તો)

સ્થાનાંગસૂત્રમાં જણાવ્યું છે કે, નૈરયિક જીવો બે પ્રકારના છે. એક પર્યાપ્તા અને બીજા અપર્યાપ્તા. જે જીવ ત્યાં ઉત્પન્ન થાય અને જ્યાં સુધી સ્વયોગ્ય પર્યાપ્તિઓ પૂરી ન કરે ત્યાં સુધી તે અપર્યાપ્ત કહેવાય છે. નારકીના જીવો લબ્ધિ અપર્યાપ્તા નથી હોતા પણ કરણ અપર્યાપ્તા હોય છે. યાવત્ દેવોમાં પણ આ પ્રમાણે સમજવું.

**अपज्जत्तणाम – अपर्याप्तनामन् ( न. )**

(અપર્યાપ્ત નામકર્મ, નામકર્મનો એક પ્રકાર કે જેના ઉદયથી જીવ પોતાને યોગ્ય પર્યાપ્તિઓ પૂરી કરી શકતો નથી)

લબ્ધિ અપર્યાપ્ત જીવ ક્યારેય પણ પોતાની જાતિ યોગ્ય પર્યાપ્તિઓ પૂરી કરી શકતો જ નથી. તેમ થવામાં કારણ છે નામકર્મની અપર્યાપ્ત નામક પ્રકૃતિ. જે જીવો નામકર્મની પર્યાપ્ત પ્રકૃતિવાળા છે તેઓ જ પોતાની જીવનશક્તિઓને પ્રાપ્ત કરી શકે છે.

**अपज्जत्ति – अपर्याप्ति ( स्त्री. )**

(પર્યાપ્તિની અપૂર્ણતા, પોતાના સ્થાન યોગ્ય પર્યાપ્તિ પૂરી કરી ન હોય તે)

**अपज्जवसिय – अपर्यवसित ( त्रि. )**

(જેનો અંત નથી તે, અનંત)

સિદ્ધશિલા પર બિરાજમાન સિધ્ધ ભગવંતોની ત્યાં સ્થિતિ કેવી છે? તેના માટે પ્રજ્ઞાપનાજી સૂત્રમાં કહ્યું છે કે, સિદ્ધ ભગવંતોની ત્યાં સ્થિતિ સાદિ અપર્યવસિત અર્થાત્, સાદિ અનન્ત છે. તેઓને રાગાદિના અભાવે અને પ્રતિપાતના અભાવે આ સ્થિતિ કહેલી છે.

**अपज्जुवासणा – अपर्युपासना ( स्त्री. )**

(પર્યુપાસના-સેવા ન કરવી તે, અપર્યુપાસના)

જે જીવો આ સંસારમાં જન્મ તો લે છે પણ તેઓ સંસારના સુખોની કે ધર્મની અનુકૂળતા જરાયે નથી પામતા તેમાં તેઓના અશુભ કર્મનો જ ઉદય ગણી શકાય, તેમ પૂર્વે ધર્મની પર્યુપાસના નથી કરી તેથી નિષ્પુણ્યક થયા, એમ વિચારતા નિશ્ચિતપણે જણાય છે.

**अपज्जोसणा – अपर्युषणा ( स्त्री. )**

(અપ્રાપ્ત પર્યુષણા અથવા અતીત પર્યુષણા)

**अपट्ठविय – अप्रस्थापित ( त्रि. )**
(પ્રસ્થાપન નહીં કરાયેલું, સારી રીતે નહીં સ્થાપેલું)
**अप ( प्प ) डिकम्म – अप्रतिकर्मन् ( न. )**
(જેમાં શરીરની ચેષ્ટા જેવી કે હલનચલન આદિ ન થાય તેવા પાદપોપગમન નામના અનશનનો એક પ્રકાર)
આચારાંગસૂત્રમાં સાધુ ભગવંતે મરણ સમયે કરવાના સંથારાના પ્રકારો વર્ણવ્યા છે. તેમાં પાદપોપગમન સંથારાની વાત કરેલી છે. આ અનશન સ્વીકારનારે શરીરનું હલનચલન કે અન્ય કોઈપણ પ્રકારની શરીરની ચેષ્ટા કરવાની હોતી નથી. માત્ર આત્મધ્યાનમાં મગ્ન બનીને પોતાને સમાધિમરણ પ્રાપ્ત કેમ થાય તેવી અનિત્યાદિ ભાવનાઓમાં રમણતા કરવા કહેલું છે.
**अप ( प्प ) डिक्कंत – अप्रतिक्रान्त ( त्रि. )**
(દોષ કે અતિચારથી નિવૃત્ત ન થયેલું, વ્રત નિયમોમાં લાગેલા અતિચારની શુદ્ધિ ન કરેલું)
ઔપપાતિકસૂત્રમાં જણાવ્યું છે કે, મોક્ષમાર્ગના આરાધકે પોતાના જીવનમાં થયેલા પાપનું પ્રાયશ્ચિત્ત લઈ શુદ્ધિ કરી સાધનામાં આગળ વધવું જોઈએ. લીધેલા વ્રત કે પચ્ચક્ખાણમાં જાણતા કે અજાણતા કોઈપણ પ્રકારનો દોષ સેવાઈ ગયો હોય તેની શુદ્ધિ અવશ્ય કરી લેવી જોઈએ. જો ન કરે તો એ જીવની સઘળી આરાધના અલ્પલાભ અને મોટા ગેરલાભને આપનારી થાય છે.
**अप ( प्प ) डिचक्क – अप्रतिचक्र ( त्रि. )**
(પરચક્રથી અસમાન, પરચક્ર-સૈન્ય જેની બરાબરી ન કરી શકે તેવું, અતુલ્ય)
પરમાત્મા મહાવીરનું શાસન આપણને જન્મથી મળી ગયું છે તેથી આપણે તેનું મૂલ્ય કદાચ ન સમજી શકીએ તે બનવા જોગ છે. પરંતુ, આ શાસનની ત્રણે જગતમાં વર્તતા અન્યદર્શનો હોડ કરી ન શકે તેવું અપ્રતિચક્ર છે એમ તેની ખાતરી કરતા જણાઈ આવે છે.
**अपडिच्छिरो ( देशी-त्रि. )**
(મૂર્ખ, જડમતિ, અલ્પબુદ્ધિ)
હે ભવ્યો! જો તમારે ભગવાન મહાવીરનું અપ્રતિમ શાસન યથાતથ્ય સ્વરૂપે પામવું હોય તો જડતાને તિલાંજલિ આપી તીક્ષ્ણ બુદ્ધિ વડે તેને પામવાની સાધના કરો. કારણ કે, સ્યાદ્વાદના સાગરમાં અલ્પમતિ જીવો ગોથા ખાઈને અંતે કુબુદ્ધિની ફુટીનાવમાં બેસી જાય છે, જે તેને ભવસાગરમાં ડુબાડી જ દે છે.
**अप ( प्प ) डिण्ण – अप्रतिज्ञ ( त्रि. )**
(અસત્‌ના સમર્થનની પ્રતિજ્ઞાથી રહિત ૨. રાગ-દ્વેષરહિત ૩. કોઈનું પણ બૂરું કરવાના નિશ્ચયથી રહિત ૪. ફળની ઇચ્છાથી નિયાણું ન કરનાર)
સૂત્રકૃતાંગસૂત્રમાં અને આચારાંગસૂત્રમાં મુનિને ઉદ્દેશીને કહેલું છે કે, સાધુ કોઈપણ પ્રકારના નિયાણાથી રહિત આત્મશુદ્ધિ અર્થે જ તપ કરે. ઇહલોક કે પરલોક સંબંધી ઋદ્ધિની કામનાથી કે કષાયવશ કોઈનું અનિષ્ટ કરવાની ભાવનાથી કરાતો તપ અશુદ્ધ ગણાવીને સ્વયંના માટે જ અહિતકારી જણાવ્યો છે.
**अपडिपुण्ण – अप्रतिपूर्ण ( त्रि. )**
(ગુણહીન, તુચ્છ, અધૂરું)
ઇહલૌકિક કે પારલૌકિક અપાર ઋદ્ધિ-સિદ્ધિ વૈભવની પ્રાપ્તિ ગુણાઢ્ય જીવને જ થતી હોય છે. ગુણહીન વ્યક્તિ ન તો વર્તમાનમાં સુખ સંપત્તિ પામે છે કે ન પરલોકમાં કોઇ અનુપમ પ્રાપ્ત કરી શકે છે. સર્વ સંપત્તિઓ, સર્વ સમૃદ્ધિઓ ગુણને આશ્રયીને જ રહે છે.
**अपडिपोग्गल – अप्रतिपुद्गल ( न. )**
(દરિદ્ર, નિર્ધન)
જેઓ આ સંસારમાં ભિખારી બને છે. ઘણો પુરુષાર્થ કરવા છતાંય જીવનપર્યંત દરિદ્રનારાયણ રહે છે. એ સ્થિતિ માટે એ જ કારણ છે કે તેઓએ પૂર્વે પ્રાપ્ત સંજોગોમાં પણ ધર્મનું આસેવન નથી કર્યું. દાન શીલ તપ કે ભાવ રૂપ રસાયણનું સેવન નથી કર્યું તે ધ્રુવપણે જાણવું જોઈએ.

**अप ( प्प ) डिबज्झंत - अप्रतिबध्यमान ( त्रि. )**

(કોઈ ઠેકાણે પ્રતિબંધ ન કરતો, રાગ-દ્વેષથી ન લેપાતો)

વ્યવહારસૂત્રમાં જણાવ્યું છે કે, મુનિવરોનું જીવન સર્વત્ર અપ્રતિબદ્ધ અર્થાત્, પ્રતિબંધ રહિત હોય છે. તેઓ ક્યાંય પણ રાગ કે દ્વેષથી બંધાતા નથી. સારું અનુભવીને રાગ નથી કરતા કે ખરાબ અનુભવીને દ્વેષ નથી આણતા. સર્વદા નિઃસંગપણે વિચરનારા હોય છે.

**अप ( प्प ) डिबद्ध - अप्रतिबद्ध ( त्रि. )**

(પ્રતિબંધ-આસક્તિરહિત, અભિષ્વંગ-રાગરહિત)

પ્રશ્નવ્યાકરણસૂત્રના સંવરદ્વારમાં અને મહાનિશીથાદિ આગમગ્રંથોમાં મુનિને 'સર્વત્ર અપ્રતિબદ્ધ રહેનાર' એવું વિશેષણ આપેલું છે. મુનિ હંમેશા અનલ યાને પવનની જેમ ઉન્મુક્ત વિહારી હોય છે. પવન ક્યાંય બંધાતો નથી તેમ મુનિ પણ અનુકૂળ કે પ્રતિકૂળ કોઈપણ સંજોગોમાં લેપાતા નથી.

**अप ( प्प ) डिबद्धया - अप्रतिबद्धता ( स्त्री. )**

(નિઃસંગપણું, અપ્રતિબદ્ધતા, રાગરહિત માનસિકતા, નિરોગીપણું)

ઉત્તરાધ્યયનસૂત્રમાં અપ્રતિબદ્ધતાથી સંયમી જીવને શાની પ્રાપ્તિ થાય છે તેના જવાબમાં જણાવ્યું છે કે, મનથી રાગરહિતપણે રહેનારને નિઃસંગપણું પ્રાપ્ત થાય છે અને નિઃસંગપણાથી ધર્મધ્યાનમાં એકાગ્રચિત્તતા પ્રાપ્ત થાય છે. એમ ઉત્તરોત્તર સાધ્ય યોગોમાં અભિવૃદ્ધિ થતી જાય છે.

**अप ( प्प ) डिबद्धविहार - अप्रतिबद्धविहार ( पुं. )**

(પ્રતિબંધરહિતનો વિહાર, દ્રવ્યાદિ અભિષ્વંગરહિત વિહાર)

પ્રવચનસારોદ્ધાર ગ્રંથમાં મુનિના અપ્રતિબદ્ધવિહારનું સચોટ વિવેચન કરાયેલું છે. તેમાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવ એમ ચારેય પ્રકારના પ્રતિબંધથી રહિત થઈને વિચરનારા સાધુની સંયમયાત્રા સફળ બને છે. અન્યથા ઉત્કટ કાયક્લેશ કરીને પણ ચારિત્રની અસફળતા જ કહી છે.

**अप ( प्प ) डिबुज्झमान - अप्रतिबुध्यमान ( त्रि. )**

(શબ્દાન્તરને ન સમજતો, ન ધારણા કરતો)

**★अप्रत्यूहमान ( त्रि. )**

(વેર પામેલા માનસ થકી નહીં હરાતું, ન ખેંચાતું)

**अप ( प्प ) डियार - अप्रतिकार ( पुं. )**

(વ્યસન કે દુઃખના ઉપાયનો અભાવ, ઉપાયરહિત, ઈલાજનો અભાવ)

અનાથી મુનિ રાજવૈભવમાં આળોટતા રાજકુમાર હોવા છતાં તેઓએ દીક્ષા કેમ લીધી તેનું કારણ આપ સહુ જાણતા જ હશો ? તેઓને એકદા ભયંકર શિરોવેદના થઈ. કોઈ ઈલાજ-ઉપાય કારગત ન નીવડ્યો ત્યારે ભાવધર્મના શરણે જવાથી તે વેદના મટી હતી.

**अप ( प्प ) डिरूव - अप्रतिरूप ( त्रि. )**

(જેની બરાબરીવાળું બીજાનું રૂપ નથી તે, તથાપ્રકારનો વિનય)

**अप ( प्प ) डिलद्ध - अप्रतिलब्ध ( त्रि. )**

(અપ્રાપ્ત, ન થયેલું, પ્રાપ્ત ન થયેલું)

ઘણા જીવો પૂજા પ્રતિક્રમણ તપ જપાદિ અમૃતાનુષ્ઠાનમય આરાધનાઓ કરતા કરતા કંટાળી જતા હોય છે. તેઓ મનથી વિચારતા હોય છે કે શું આ એકની એક ક્રિયા રોજે રોજ કરવાની. એ જીવોએ યાદ રાખવા જેવી વાત એ છે કે જ્યાં સુધી આપણે પ્રણિધાન કરેલી સિદ્ધિ આપણને સંપ્રાપ્ત થઈ નથી, ત્યાં સુધી કરોળિયાની જેમ એકસરખી રીતે ધર્મકરણી કરતા જ રહેવું જોઈએ.

**अप ( प्प ) डिलद्धसम्मत्तरयणपडिलंभ – *अप्रतिलब्धसम्यक्त्वरत्नप्रतिलम्भ ( त्रि. )***

(પૂર્વમાં અપ્રાપ્ત એવા સમ્યક્ત્વરત્નની સંપ્રાપ્તિ ૨. નહીં પ્રાપ્ત થયેલા વિપુલ કૂળમાં ઉત્પન્ન થયેલું)

**अप ( प्प ) डिलेस्स – अप्रतिलेश्य ( त्रि. )**

(અસાધારણ મનોબળવાળા, અતુલ્ય મનોવૃત્તિવાળા)

ઔપપાતિક આગમસૂત્રમાં લખેલું છે કે, શ્રમણો અપ્રતિમ મનોવૃત્તિવાળા, શાન્ત અને જિતેન્દ્રિય વૃત્તિવાળા થઈ પ્રભુ દ્વારા પ્રરૂપિત નિર્ગ્રંથ પ્રવચનને સામે રાખીને વિચરનારા હોય છે. અર્થાત્ તેઓ સ્વચ્છંદાચારી મનોવૃત્તિવાળા ક્યારેય નથી હોતા.

**अप ( प्प ) डिलेहण – अप्रत्युपेक्षण ( न. )**

(પડિલેહણ ન કરવું તે, પાસે રહેલા શય્યાસનાદિનું દૃષ્ટિથી નિરીક્ષણ ન કરવું તે)

સાધુ-સાધ્વીજી ભગવંતો પોતાની પાસે રહેલા શય્યા-સંથારો, આસન, કંબલ, પાત્ર વગેરે ઉપધિનું પ્રતિદિન બે વાર પડિલેહણ કરે છે. એ રીતનો તેમનો જીવદયામૂલક આચાર છે. તેમ શ્રાવક પણ પોતાના ઘરે દુકાને યથાયોગ્ય જયણા પાળવાના હેતુથી નિરીક્ષણ કરે, પ્રત્યુપેક્ષણ કરે એવો શ્રાવકાચાંર છે.

**अप ( प्प ) डिलेहणासील – अप्रतिलेखनाशील ( त्रि. )**

(દૃષ્ટિ પડિલેહણા ન કરવાના સ્વભાવવાળો, જોયા વગર ચાલવાની કુટેવવાળો)

સાધુ ભગવંતો રસ્તે ચાલતા દૃષ્ટિને નીચી રાખી રસ્તામાં રહેલા જીવ જંતુઓની જયણા પાળતા હોય છે. એટલા માટે જ તેઓ એક ગામથી બીજે ગામ વિહાર કરવાના અવસરે ધરતી પર અજવાળું થાય અને જીવાદિ સ્પષ્ટ દેખાય તેમ ચાલતા હોય છે.

**अप ( प्प ) डिलेहिय – अप्रतिलेखि ( प्रत्युपेक्षि ) त ( त्रि. )**

(જીવરક્ષાના હેતુથી દૃષ્ટિએ કરી અનિરીક્ષિત-ન જોયેલું, જયણાપાલનના હેતુથી પડિલેહણા ન કરાયેલું)

જૈનધર્મનું લક્ષણ અહિંસા છે. અર્થાત્ જીવદયામૂલક છે. સ્થૂલ જીવોને તો સહેલાઈથી જોઈ શકાય છે અને તેને કિલામણા ન થાય તેમ વર્તવામાં મુશ્કેલી નડતી નથી. પણ જે સૂક્ષ્મજીવો છે તેની જયણા પાળવા માટે ઉપયોગપૂર્વક દૃષ્ટિ પડિલેહણા કરવી પડે. તેમ જો ન કરાય તો જીવરક્ષાનો હેતુ માર્યો જાય છે. માટે સાધુ અને શ્રાવકે મહત્તમ જયણા પાળવી જોઈએ.

**अप ( प्प ) डिलेहियदुप्पडिलेहियउच्चारपासवणभूमि – अप्रत्युपेक्षितदुष्प्रत्युपेक्षितोच्चारप्रश्रवणभूमि ( स्त्री. )**

(પૌષધાદિમાં ઝાડો-પેશાબ પરઠવવાની ભૂમિનું જીવરક્ષાર્થે સારી રીતે નિરીક્ષણ ન કરવાથી લાગતો દોષ, શ્રાવકના અગિયારમા વ્રતનો ત્રીજો અતિચાર)

ઉપાસકદશાંગસૂત્રમાં શ્રાવકના વ્રતોની વિચારણા કરાયેલી છે. તેમાં લખ્યું છે કે, શ્રાવક પૌષધવ્રતમાં હોય ત્યારે તે પોતાના ઠલ્લા માત્રાની અર્થાત્, ઝાડા પેશાબને વિસર્જિત કરવાની જગ્યાને સારી રીતે જોઈ લે. જ્યાં જીવાકુલ ભૂમિ ન હોય ત્યાં જ પરઠવે. જો દૃષ્ટિથી તે ભૂમિનું નિરીક્ષણ ન કર્યું હોય અને મળ મૂત્રાદિ વિસર્જિત કરે તો તેને ઉપરોક્ત અતિચાર લાગે છે.

**अप ( प्प ) डिलेहियदुप्पडिलेहियसिज्जासंथारय – अप्रत्युपेक्षितदुष्प्रत्युपेक्षितशय्यासंस्तारक ( पुं. )**

(પૌષધવ્રતમાં પાથરવાનો સંથારો ન પડિલેહવાથી કે સારી રીતે ન પડિલેહવાથી લાગતો દોષ, અગિયારમાં વ્રતનો પહેલો અતિચાર)

આચારાંગસૂત્રની ચૂર્ણિ વગેરે ગ્રંથોમાં જણાવ્યું છે કે, જીવરક્ષાના હેતુથી શ્રાવકે પૌષધવ્રતમાં શય્યા આસનાદિનું પડિલેહણ ન કર્યું હોય અથવા અન્યમનસ્કપણે પડિલેહણ કર્યું હોય અર્થાત્, સારી રીતે પ્રતિલેખન ન કર્યું હોય તો તેને પૌષધવ્રતનો પ્રથમ અતિચાર યાને દોષ લાગે છે.

**अप ( प्प ) डिलेहियपणग – अप्रतिलेखितपञ्चक ( न. )**

(પડિલેહણ કર્યા વગરના પીંછી, ઘુંટણ અને કોણી નીચે રાખવાનો ચાકળો, ઓશીકું, ગાલ મસુરીયું અને આસનક્રિયા-કંબલાદિ આ પાંચેય વસ્તુઓ)

**अप ( प्प ) डिलोमया – अप्रतिलोमता ( स्त्री. )**

(અનુકૂળતા)

**अप ( प्प ) डिवाइ ( ण् ) - अप्रतिपातिन् ( त्रि. )**

(એકવાર આવ્યું પાછું જાય નહીં તે, સદાકાળ રહે તે, કેવળજ્ઞાન અવધિજ્ઞાન વગેરે)

નંદીસૂત્રમાં જણાવ્યું છે કે, જે જ્ઞાન ઉત્પન્ન થયા પછી ક્યારેય પ્રતિપાતિ ન થાય અર્થાત્, જાય નહીં તે અપ્રતિપાતિ જ્ઞાન કહેવાય છે. તે સદાકાળ આત્મામાં વર્તતું હોય છે. કેવળજ્ઞાન થવાની પૂર્વે એવું વિશિષ્ટ અવધિજ્ઞાન પણ હોય છે જે અપ્રતિપાતિપણે રહે છે.

**अप ( प्प ) डिसंलीण - अप्रतिसंलीन ( त्रि. )**

(જેણે ઇન્દ્રિયો અને કષાયોનો નિગ્રહ નથી કર્યો તે, અસંયત)

સ્થાનાંગસૂત્રના ચોથા સ્થાનમાં અપ્રતિસંલીનતા ચાર પ્રકારે બતાવી છે. ૧ ક્રોધ અપ્રતિસંલીનતા ૨ માન અપ્રતિસંલીનતા એ જ રીતે માયા અને લોભની જાણવી. તેમજ અન્ય રીતે મન વચન કાયા અને ઇન્દ્રિયની અપ્રતિસંલીનતા ચતુર્ભંગી પણ બતાવી છે.

**अप ( प्प ) डिसुणेत्ता - अप्रतिश्रुत्य ( अव्य. )**

(પ્રતિશ્રવણ ન કરીને ૨. પ્રત્યુત્તર નહીં આપીને)

**अपडिसेह - अप्रतिषेध ( पुं. )**

(રોક ટોક નહીં તે, બેરોકટોક, પ્રતિષેધ રહિત, રૂકાવટ વગરનું)

**अपडिस्सावि ( ण् ) - अप्रतिस्त्राविन् ( त्रि. )**

(ટપકવાની કે ઝરવાની ક્રિયા જેમાં ન થતી હોય તેવું, નહીં ટપકનાર)

માટીના ઘડામાં પાણી વગેરે રાખીએ તો તે ઝમે છે. અર્થાત્ ઘડાના સૂક્ષ્મ પોલાણમાંથી પાણી ટપકવા માંડે છે. પરંતુ જો પાષાણની કુંડી કે ધાતુના પાત્રમાં પાણી રાખીએ તો તે અપ્રતિસ્રાવી હોઈ તેમાંથી પાણી કે દ્રવના ટપકવાની કે ઝરવાની ક્રિયા થતી નથી. તેમ શ્રુતજ્ઞાનને કંઠસ્થ કરીએ તો તે કાલાન્તરે ભૂલી પણ જવાય પરંતુ, તેને આત્મસાત્ કરેલું હોય તો જીવનપર્યંત ભુલાતું નથી.

**अप ( प्प ) डिहड - अप्रतिहृत्य ( अव्य. )**

(અર્પણ નહીં કરીને, પાછું નહીં આપીને, પાછું આપ્યા વિના)

**अप ( प्प ) डिहणंत - अप्रतिघ्नत् ( त्रि. )**

(તેના વચનને પ્રતિઘાત ન પમાડતો ૨. તે વચનને નહીં પડકારતો)

**अप ( प्प ) डिहय - अप्रतिहत ( त्रि. )**

(પ્રતિઘાતરહિત, અખંડિત ૨. અવિસંવાદી ૩. અન્ય વડે ઉલ્લંઘન કરવા અશક્ય)

ભગવાન મહાવીરના પાંચ મહાવ્રતો રૂપ શ્રમણધર્મ અને બાર અણુવ્રતો રૂપ શ્રાવકધર્મ ત્રણે જગતમાં અબાધિત પ્રવર્તે છે. કોઈપણ પ્રતિવાદી ભગવાનના ભાખેલા આ વ્રતોને ઓળંગીને અન્યથા પ્રરૂપણા કરવા અસમર્થ છે. આજ પર્યંત સર્વજ્ઞ પ્રભુની વાણી પ્રતિઘાતરહિત છે અને ચિરકાળ સુધી રહેશે.

**अप ( प्प ) डिहयगइ - अप्रतिहतगति ( त्रि. )**

(અપ્રતિબંધ વિહાર કરનાર, પ્રતિબંધરહિત વિચરનાર-સાધુ)

સ્થાનાંગસૂત્રમાં લખ્યું છે કે, જિતેન્દ્રિય બનેલા મુનિઓ ગામે ગામ અપ્રતિબંધપણે વિચરે છે. તેઓ નાના ગામમાં એક દિવસનું રોકાણ કરે છે અને નગરાદિમાં પાંચ દિવસ સુધી રાગરહિત થઈને વિચરે છે. પોતે ધર્મમાં સ્થિર થઈ લોકોને ધર્મના માર્ગે વાળે છે.

**अप ( प्प ) डिहयपच्चक्खायपावकम्म - अप्रतिहतप्रत्याख्यातपापकर्मन् ( त्रि. )**

(અતીત અને અનાગત કાળ સંબંધી પાપકર્મના પચ્ચક્ખાણ જેણે નથી કર્યાં તે, ભૂતભાવિના અનિષિદ્ધ પાપકર્મવાળો)

નિંદા-પશ્ચાત્તાપ કરીને જેણે અતીતના પાપ વોસિરાવ્યા છે અને પચ્ચક્ખાણ કરવા દ્વારા ભવિષ્યના પાપકર્મોને તિલાંજલિ આપનારા એ ભવ્યાત્માને પ્રતિહત-પ્રત્યાખ્યાત-પાપકર્મા કહે છે. જ્યારે તેવો ઉજ્જ્વળ પ્રયત્ન નથી કર્યો તે પાપથી લેપાય છે.

**अप ( प्प ) डिहयबल - अप्रतिहतबल ( त्रि. )**

(જેનું બળ કોઈનાથી હણાય નહીં કે કોઈ જેના બળનું ઉલ્લંઘન કરી શકે નહીં તે, અપ્રતિહત સામર્થ્યવાળો)

અપ્રતિહતબળ એટલે જેનું બળ કોઈનાથી હણાય નહીં કે કોઈ તેના બળને જીતી ન શકે તે અપ્રતિહતબલી કહેવાય છે. એટલે કે પૂર્વમાં કરેલી સેવા-શુશ્રૂષા વેયાવચ્ચાદિ અપ્રતિમગુણોથી સહજ સામર્થ્ય પામેલા મહાપુરુષો બાહુબલિજી મહારાજની જેમ મોહરાજાને પરાસ્ત કરવામાં સમર્થ બને છે.

**अप ( प्प ) डिहयवरणाणदंसणधर - अप्रतिहतवरज्ञानदर्शनधर ( पुं. )**

(અસ્ખલિત-અપ્રતિહત એવા કેવળજ્ઞાન અને કેવળદર્શનને ધારણ કરનાર, કેવળજ્ઞાન-દર્શનવાળા જિનેશ્વર દેવ)

અપ્રતિહત એટલે કટ-કુડ્યાદિથી પણ અસ્ખલિત અને અવિસંવાદિ એવા ક્ષાયિકભાવે ઉત્પન્ન શ્રેષ્ઠ જ્ઞાન-દર્શન અર્થાત્ વિશેષ તેમજ સામાન્ય અવબોધાત્મક કેવળજ્ઞાન કેવળદર્શનને જે ધારણ કરે છે તે અપ્રતિહતવરજ્ઞાનદર્શનધર કહેવાય છે. એમ ભગવતીજી સૂત્રના પ્રથમ શતકના પ્રથમ ઉદ્દેશામાં ફરમાવેલું છે.

**अप ( प्प ) डिहयसासण - अप्रतिहतशासन ( त्रि. )**

(જેની આજ્ઞા અખંડિતપણે પાળવામાં આવે તે)

ભગવાન મહાવીરદેવના શાસનમાં થયેલા શણગારરૂપ અણગારો જેવા કે પ્રસન્નચંદ્ર રાજર્ષિ, અનાથી મુનિ, ધન્ના-શાલિભદ્રજી આદિ મહામુનિવરો ઉત્કૃષ્ટ પુણ્યશાળી આત્માઓ હતા. તેમની આજ્ઞા અખંડિતપણે પાળવામાં આવતી હતી. છતાંય સંસારના સાચા સ્વરૂપને ઓળખીને પ્રવ્રજિત થઈ આત્મકલ્યાણ સાધી ગયા. ધન્ય છે એ મહામુનિવરોની કરણીને.

**अप ( प्प ) डिहारय - अप्रतिहारक ( पुं. )**

(તેના માલિકને પાછા ન આપવા યોગ્ય શય્યા-સંસ્તારકાદિ)

**अप ( प्प ) डीकार - अप्रतीकार ( त्रि. )**

(જેનો પ્રતિકાર-ઈલાજ ન હોય તે, રક્ષણના ઉપાય વગરનો ૨. સૂતિકર્માદિ રહિત)

ઘણા લોકો રાજનેતાઓની જેમ પોતાની સિક્યોરિટી માટે ઝેડ પ્લસની સુરક્ષા વ્યવસ્થા ગોઠવતા હોય છે. અરે! ભોજન પણ લેબોરેટરી ટેસ્ટેડ જ લેતા હોય છે. પરંતુ જ્યારે કાળ આવી પહોંચે છે ત્યારે કોઈ સિક્યોરિટી કે રક્ષણનો ઉપાય કામ લાગતો નથી. જન્મ લેનારનું મૃત્યુ અવશ્યંભાવી છે. તેનો પ્રતિકાર અસંભવ છે. પરંતુ સર્વ કર્મક્ષયથી સંભવ પણ છે.

**अप ( प्प ) डुप्पण्ण - अप्रत्युत्पन्न ( त्रि. )**

(વર્તમાન નથી તે, અવિદ્યમાન ૨. પ્રતિપત્તિ કરવામાં અકુશળ)

ઘણા ખરા લોકો ખોટે-ખોટા દુઃખી થયા કરતા હોય છે. ખરેખર દુઃખી થવાનું કોઈ જ કારણ નથી, છતાંય દુઃખ-દર્દ અનુભવતા રહે છે. જે વર્તમાનમાં નથી તેવા દુઃખની, રોગની કે ભયની તેઓ મનથી કલ્પના કરી લેતા હોય છે. પછી તો દુઃખી જ થવાય ને.

**अपढम - अप्रथम ( त्रि. )**

(પ્રથમતા જેમાં નથી તે, શરૂઆત વગરનું, અનાદિ)

કો'ક દિ ધર્મની વાતો સાંભળતા સાંભળતા જીવને મનમાં વિચાર આવે કે, આ સંસારની શરૂઆત ક્યારથી થઈ હશે ? વળી, પહેલા પુરુષ જન્મ્યો હશે કે પહેલા સ્ત્રી ? આવા તો અનેક સવાલો પેદા થતા હોય છે. આના જવાબમાં સર્વજ્ઞ પ્રભુએ કહ્યું છે કે, ત્રણે જગતના તમામ ભાવો અનાદિના છે. જેની કોઈ પ્રથમતા યાને શરૂઆત નથી. અનાદિ કાળથી એમ જ ચાલતું આવે છે.

**अपढमखगइ - अप्रथमखगति ( स्त्री. )**

(અપ્રથમ- બીજા ક્રમની-અપ્રશસ્ત યાને અશુભ વિહાયોગતિ-ચાલ)

નામકર્મની ઉત્તરપ્રકૃતિઓ ૧૦૩ છે. તેમાં શુભ અને અશુભ એમ બે પ્રકારની છે. તેની અંતર્ગત શુભ વિહાયોગતિ અને અશુભ વિહાયોગતિ આવે છે. શુભ યાને પ્રશસ્ત ચાલ અને અશુભ એટલે અપ્રશસ્ત ચાલ. શુભ વિહાયોગતિ પુણ્યપ્રકૃતિમાં ગણાય છે.

**अपढमसमय - अप्रथमसमय ( पुं. )**

(પ્રથમ સમય નહીં તે, બીજો ત્રીજો સમય વગેરે)

અહીં જે સમયની વાત કરી છે તે જૈનશાસન માન્ય સમયની સમજવી. અર્થાત્ જૈનધર્મમાં કાળના અવિભાજ્ય અંશને સમય કહ્યો છે. જે સમયના કેવળી ભગવંતના જ્ઞાનથી પણ બે ભાગ ન કરી શકાય તેવો સૂક્ષ્માતિસૂક્ષ્મ કાળાંશ તે સમય સમજવાનો છે.

**अपढमसमयउववण्णग - अप्रथमसमयोपपन्नक ( पुं. )**

(જેને ઉત્પન્ન થયે એકથી વધુ બે-ત્રણ સમય થયો હોય તે, એકાધિક-બે ત્રણ સમયમાં ઉત્પન્ન થયેલા નૈરયિક કે દેવપર્યંતનો જીવ)

નરકભૂમિમાં ઉત્પન્ન થનારા જીવો બે પ્રકારના છે. તેમાં એક પ્રથમ સમયમાં ઉત્પન્ન થનારા અને બીજા એકથી વધુ સમયમાં ઉત્પન્ન થનારા. એવી રીતે વૈમાનિકાદિ દેવો વિશે પણ સમજવું. આ પ્રમાણે ઠાણાંગસૂત્રના બીજા ઠાણના બીજા ઉદ્દેશામાં કહ્યું છે.

**अपढमसमयउवसंतकसायवीयरागसंजम - अप्रथमसमयोपशान्तकषायवीतरागसंयम ( पुं. )**

(કષાય ઉપશમાવ્યાને જેને એકથી વધારે-બે ત્રણ સમય થયા છે તેવા ઉપશાન્ત કષાયવાળા વીતરાગ સંયમનો ભેદ)

ઠાણાંગસૂત્રે આઠમા ઠાણમાં કહ્યા મુજબઃ - જે જીવે એકથી વધુ સમયમાં ઉપશમ શ્રેણિમાં વર્તતા થકા વીતરાગ સંયમ પ્રાપ્ત કર્યું હોય તેવા આત્માને અપ્રથમ સમય ઉપશાંત કષાય વીતરાગસંયમ કહેવામાં આવે છે. આને વીતરાગ એટલે રાગરહિત સંયમનો એક ભેદ પણ માન્યો છે.

**अपढमसमयएगिंदिय - अप्रथमसमयैकेन्द्रिय ( पुं. )**

(જે જીવને એકેન્દ્રિયપણું પ્રાપ્ત કર્યે એકથી વધુ સમય થયા હોય તે)

**अपढमसमयक्खीणकसायवीयरागसंजम - अप्रथमसमयक्षीणकषायवीतरागसंयम ( पुं. )**

(કષાય ક્ષય કર્યે-ક્ષપકશ્રેણીએ ચઢ્યે જેને એકથી વધારે-બે ત્રણ સમય થયા છે તેવું ક્ષીણકષાય વીતરાગ સંયમ, ક્ષીણકષાય-ક્ષપકશ્રેણી પ્રાપ્ત વીતરાગ સંયમ)

ક્ષપક શ્રેણીએ ચઢેલા ભવ્યાત્મા શેષ રહેલ કષાયોને ખપાવીને અલ્પસમયમાં કેવળજ્ઞાન કેવળદર્શનને સંપ્રાપ્ત કરે છે. ત્યારપછી તે આત્મા ચાર અઘાતિ કર્મોનો ક્ષય કરીને સિદ્ધગતિ પ્રાપ્ત કરે છે એમ સ્થાનાંગસૂત્રમાં વિસ્તૃત સમજણ સાથે કહેવામાં આવેલું છે.

**अपढमसमयसजोगिभवत्थ - अप्रथमसमयसयोगिभवस्थ ( पुं. )**

(સયોગિભવસ્થ થયે-તેરમે ગુણઠાણે ચડ્યે જેને એકથી વધારે-બે ત્રણ સમય થયા છે તે, સયોગિભવસ્થનો એક ભેદ)

**अपढमसमयसिद्ध - अप्रथमसमयसिद्ध ( पुं. )**

(જેણે સિદ્ધપણું પ્રાપ્ત કર્યાને એકથી વધારે-બે ત્રણ સમય થયા છે તે, પ્રથમ સમય સિવાય બીજા ત્રીજા સમયના સિદ્ધપણાના પર્યાયમાં વર્તતા સિદ્ધ ભગવાન)

**अपढमसमयसुहुमसंपरायसंजम - अप्रथमसमयसूक्ष्मसंपरायसंयम ( पुं. )**

(સૂક્ષ્મ સંપરાય સંયમ પ્રાપ્ત કર્યે જેને એકથી અધિક સમય થયા છે અર્થાત્, દશમું ગુણસ્થાનક પ્રાપ્ત કર્યે જેને એકથી વધુ-બે ત્રણ સમય થયા હોય તે-સરાગ સંયમી, દશમાં ગુણસ્થાનક-સરાગ સંયમનો ભેદ)

**अपण्णविय - अप्रज्ञापित ( त्रि. )**

(જેને જણાવવામાં ન આવેલું હોય તે, બેખબર હોય તે)

**अपत्त - अपात्र ( त्रि. )**

(અયોગ્ય, લાયક ન હોય તે, કુપાત્ર ૨. ભાજન શૂન્ય, આધારરહિત)

બીજાના સુખ સૌભાગ્યને જેઓનો સ્વભાવ સહન નથી કરી શકતો તેઓને શાસ્ત્રકારોએ અયોગ્ય સ્વભાવના, કુપાત્ર, લાયકાત વિનાના કહ્યાં છે. એટલે જ સમ્યગ્ જ્ઞાન પણ પાત્રને આપવાની વાત કરી છે. અપાત્રને જ્ઞાન પણ તેના અહિત માટે થાય છે.

**★अप्राप्त ( त्रि. )**

(પામેલું નહીં, અપ્રાપ્ત, અલબ્ધ ૨. પૂર્વમાં નહીં સાંભળેલું)

**अपत्तजात - अपत्रजात ( त्रि. )**

(જેને પાંખ નથી આવી તેવું પક્ષીનું બચ્ચું, પાંખ વગરનું પક્ષીનું બચ્ચું)

પક્ષી પોતાના નાના બચ્ચાને જન્મ આપી પાળી પોષીને મોટું કરે છે પરંતુ, જ્યારે તે બચ્ચાને પાંખો બરાબર ફૂટી જાય અર્થાત્, પાંખ હલાવી આકાશમાં ઊડતું થવા સક્ષમ થઈ જાય છે ત્યારે તે ઊડીને અન્યત્ર જતું રહે છે. તેમ સ્વાર્થી વ્યક્તિ પણ પોતાની ક્ષમતા

આવ્યે પોતાના ઉપકારીને ત્યજી દે છે.

**अपत्तजोवणा - अप्राप्तयौवना ( स्त्री. )**

(યૌવનને પ્રાપ્ત ન થયેલી સ્ત્રી, કુમારિકા, બાળા)

સ્થાનાંગસૂત્રના પાંચમા સ્થાનના બીજા ઉદ્દેશામાં આવે છે કે, જે બાર વરસથી નીચેની હોય તેવી સ્ત્રી ગર્ભને ધારણ કરી શકતી નથી. તેને બાળા અથવા કુમારિકા કહેવાય છે. વળી તેને જ અપ્રાપ્તયૌવના કહે છે. જ્યારે ઋતુમતી થાય ત્યારે તે ગર્ભને ધારણ કરવા યોગ્ય બને છે. એવી સ્ત્રી યૌવનાવસ્થામાં પ્રવેશ પામતી હોય છે.

**अपत्तभूमिग ( य ) - अप्राप्तभूमिक ( पुं. )**

(જેણે ભૂમિકાને પ્રાપ્ત નથી કરી તે, અપ્રાપ્ત ભૂમિવાળો, દૂર રહ્યો હોઈ ઇષ્ટસ્થાને ન પહોંચેલો)

**अपत्तविसय - अप्राप्तविषय ( त्रि. )**

(અપ્રાપ્ય છે ગ્રાહ્ય વસ્તુરૂપ વિષય જેને તે-મન લોચન, અપ્રાપ્યકારી ઇન્દ્રિય)

આપણી ઇન્દ્રિયો પોતપોતાના ગ્રાહ્ય વિષય વસ્તુને ફરસે છે પછી તેનું વેદન કરે છે. તેમાં મન અને ચક્ષુ પોતાના ગ્રાહ્ય વિષયને સ્પર્શતા નથી છતાં તે પોતાના વિષયને દૂરથી જોઈને કે ચિન્તન કરીને જે તે વિષયને ગ્રહે છે. માટે તેને અપ્રાપ્તવિષય કહેવાય છે.

**अपत्तिय - अपात्रिक ( त्रि. )**

(જેને કંઈ આધાર નથી તે, આધાર વગરનો)

જેને સંસારમાં કોઈકનો આધાર છે. હુંફ છે. તેને વિશ્વાસ છે કે તેના આધારે બધું સમુ-સુતરું થઈ રહેશે તેમ માની પ્રમાદમાં જીવન ખર્ચી નાખે છે. બાકી જેઓને અંતરાત્મામાં લાગી ગયું છે કે, અહીં કોઈને કોઈનો આધાર નથી. સૌ કોઈ જીવો કર્માધીન વર્તે છે. માટે ભરોસો માત્ર પ્રભુ પર જ કરી શકાય તેમ છે, એવા લોકો જ અપ્રમાદી થઈ જીવનનિર્માણ કરી શકે છે.

**★अप्रीतिका ( स्त्री. )**

(પ્રીતિ વગરની, પ્રેમરહિત)

કો'ક કવિએ લખ્યું છે કે, 'પ્રીત કિયે દુઃખ હોય' નિહિતાર્થ છે કે, સંસારમાં ક્યાંય પણ પ્રીત કરી તો પછી દુઃખ નોંતરવાની જરૂરત રહેતી નથી. એ તો સ્વાભાવિકપણે આવી જ જશે. માટે પ્રીત વગરની સંસારની રીત પર પ્રેમરહિત બની પ્રભુમાં પ્રીત રાખજો.

**अपत्थ - अपथ्य ( त्रि. )**

(અપથ્ય, શરીરની પ્રકૃતિથી વિરુદ્ધ ભોજન-પાણી)

જેમ પોતાના શરીરની પ્રકૃતિને અનુકૂળ ન હોય તેવો આહાર વગેરે લઈ લીધા હોય તો શરીર તરત જ રિએક્શન આપે છે. તેમ ક્રોધાદિ કષાયોને આત્મા માટે પ્રભુએ અપથ્ય રૂપ કહ્યા છે. તેનું જો ભૂલે ચુકે સેવન થઈ જાય તો પણ આત્મા તુરંત સંતપ્ત થઈ જાય છે. રક્તવાહિની નસો ફૂલવા માંડે છે. પ્રેશર વધવા લાગે છે. જ્ઞાનીઓ કહે છે કે ક્રુદ્ધ જીવ ભારોભાર કર્મોનો બોજ પોતાના પર લઈ લે છે. માટે બાહ્ય આભ્યંતર બન્ને પ્રકારથી અપથ્ય વર્જનીય માની સો યોજન છેટા રહેવામાં જ હિત સમજજો.

**अप ( प्प ) त्थण - अप्रार्थन ( न. )**

(ઇચ્છા ન કરવી તે, પ્રાર્થનાનો અભાવ, અભિલાષ ન સેવવો તે)

ઘણા ભોળા ભક્તો વિચારે છે કે, મારો મોક્ષ હજુ સુધી નથી થયો. કોણ જાણે ક્યારે થશે. ભગવાન કહે છે કે, હે જીવ! તું એક વાર પણ સાચા હૃદયથી ઇચ્છા તો કરી જો, પછી જોજે કે તારો મોક્ષ વેંત પગલામાં થાય છે કે નહીં. ત્રુટી છે માત્ર પ્રાર્થનાના અભાવની. તેના ખરા અભિલાષની.

**अप ( प्प ) त्थिय - अप्रार्थित ( त्रि. )**

(વણમાગેલું, અનિચ્છિત, અપ્રાર્થિત આવી પડેલું)

શાસ્ત્રકારો કહે છે કે, પ્રાજ્ઞ મનુષ્યને જો અભિલષણીય છે તો એક માત્ર મોક્ષ. બીજું કશું માગવા જેવું કે મેળવવા લાયક કે ઇચ્છવા જેવું પણ નથી. અરે ! મોક્ષની આરાધના કરતા કરતા વચ્ચે ભોગસુખો તો વિપુલ ધાન્ય માટે વાવણી કરતા ખેડુતને મળતા ઘાસની જેમ આપમેળે વણમાગેલા મળી જ આવશે. તેના માટે મહામૂલ્યવાન પ્રાર્થનાઓને મેલી કરવાની જરૂરત જ ક્યાં છે.

**अप ( प्प ) त्थियपत्थ ( त्थि ) य - अप्रार्थितप्रार्थक ( त्रि. )**

(જેને કોઈ ન ઇચ્છે તે અપ્રાર્થિત-મરણને ઇચ્છનાર, મરણનો અભિલાષી)

**अपद ( य ) - अपद ( न. )**

(પગવિહીન ૨. વૃક્ષ ૩. પરિગ્રહ ૪. સૂત્રદોષનો એક ભેદ ૫. સિદ્ધાત્મા-મુક્તાત્મા)

અપદનો અર્થ સૂત્રમાં આવતા પદ્યમય સૂત્રમાં કોઈ એક છંદને બદલે બીજો ભળતો છંદ કહેવો તેને સૂત્રદોષ કહ્યો છે. ગીતિકાબદ્ધ પદમાં નવાસિકા નામનો માત્રા છંદ બોલે કે કરે તેમ. માટે સૂત્રનો જે છંદ હોય તે જ બોલાય કે ગવાય. અન્ય રીતે ગાતા દોષ લાગે છે.

**अपदंस - अपदंश ( पुं. )**

(પિત્તરુચિ)

**अप ( प्प ) दुस्समाण - अप्रद्विष्यत् ( त्रि. )**

(પ્રદ્વેષ ન કરતો, દ્વેષ ન કરતો)

**अपद्दवंत - अपद्रवत् ( त्रि. )**

(મરણ પામતો, મરતો)

જેમ મરણ પામતો જીવ હાયવોય કરીને પોતાની સમાધિને બગાડી દે છે. તેમ પાપકર્મ કરીને જીવ પોતાના આત્માની સદ્ગતિ બગાડી દે છે ને દુર્ગતિ નોતરી લે છે. માટે જ પરમાત્માએ સાધુ અને શ્રાવક ધર્મમાં પાપકારી કોઈપણ પ્રવૃત્તિ અંગે જયણાપૂર્વક વર્તવા જણાવેલું છે.

**अपप्पकारित्त - अप्राप्यकारित्व ( न. )**

(વિષયગ્રાહ્ય વસ્તુને ફરસ્યા વગર વિષય વસ્તુને ગ્રહણ કરનાર ઇન્દ્રિયનો ધર્મ)

મન અને ચક્ષુ પોતાના વિષયગ્રાહ્ય વસ્તુને સ્થાને જઈ સ્પર્શતા નથી. શેષ ઇન્દ્રિયો પોતાના ગ્રાહ્યપદાર્થને સાક્ષાત્ સ્પર્શે છે. માટે તેમાં પ્રાપ્યકારી ધર્મ રહેલો છે એટલે તેને પ્રાપ્યકારી કહે છે. જ્યારે મન અને નયનને અપ્રાપ્યકારિત્વધર્મવાળા કહેલા છે.

**अप ( प्प ) भु - अप्रभु ( पुं. )**

(નોકર વગેરે, સ્વામી સિવાયનો ૨. અસમર્થ)

એક ચિંતકે લખ્યું છે કે, જેણે પરભવમાં એટલે કે ગયા જનમોમાં પુણ્યની કોઈ કમાણી નથી કરી તે આ ભવમાં નોકર બને છે. દાસત્વને પામે છે. જીવનપર્યંત દરિદ્ર રહે છે અને એવા લોકોએ બીજાને ત્યાં નોકરી કરવી પડે છે. માટે હવે સમજીને ચાલો.

**अप ( प्प ) मज्जणसील - अप्रमार्जनशील ( त्रि. )**

(રજોહરણાદિ વડે પ્રમાર્જના ન કરવાના સ્વભાવવાળો, અપ્રમાર્જનાશીલ સાધુ-સાધ્વી)

**अप ( प्प ) मज्जित्ता - अप्रमार्ज्य ( अव्य. )**

(રજોહરણાદિ વડે પ્રમાર્જના ન કરીને, ઓઘા વડે નહીં પુંજીને)

પ્રવચનસારોદ્ધાર ગ્રંથમાં લખ્યું છે કે, રજોહરણાદિક વડે પ્રમાર્જના ન કરાનારા પાર્શ્વસ્થ એવા સાગારિકમાં પણ સંયમ તો સંભવે છે. એ જ સંયમ રજોહરણાદિક વડે સારી રીતે પ્રમાર્જના-પડિલેહણ કરનારા અણગારી એવા સાધુમાં તો ધ્રુવે કરીને રહેલો છે.

**अप ( प्प ) मज्जिय - अप्रमार्जित ( त्रि. )**

(રજોહરણ કે વસ્ત્રાંચલ વડે અવિશોધિત, રજોહરણાદિથી અપ્રમાર્જિત-નહીં પુંજેલું)

સાધુ સાધ્વીજી ભગવંતોને જેમ બેસવા-સૂવાના સ્થાનને કે પોતાના પાત્રાદિને પુંજ્યા પ્રમાર્જ્યા વગર બેસવું ઊઠવું કે પાત્રમાં આહાર વાપરવો જીવનપર્યંત નિષિદ્ધ છે તેમ પૌષધવ્રતમાં રહેલા શ્રાવકને પણ એ પ્રમાણે પુંજીને પ્રમાર્જીને રહેવાનું હોય છે.

**अप ( प्प ) मज्जियचारि ( ण् ) - अप्रमार्जितचारिण् ( पुं. )**

(પ્રમાર્જના કર્યા વગરના સ્થાનમાં બેસનાર ચાલનાર મળ-મૂત્રાદિ વિસર્જિત કરનાર-સાધુ, અસમાધિનું બીજું સ્થાનક સેવનાર)

દશાશ્રુતસ્કંધાદિ આગમોમાં જણાવેલું છે કે, જે સાધુ સાધ્વી પ્રમાર્જના કર્યા વગરના સ્થાન કે આસન પર બેસે છે, સૂએ છે, મળ-મૂત્રાદિકને ત્યાગે છે કે ચાલે છે, તે સાધુ સાધ્વી અપ્રમાર્જિતચારી કહેવાય છે અને તે સંયમ જીવનમાં વારંવાર અસમાધિ પામે છે.

**अप ( प्प ) मज्जियदुप्पमज्जियउच्चारपासवणभूमि – अप्रमार्जितदुष्प्रमार्जितोच्चारप्रस्त्रवणभूमि ( स्त्री. )**

(પૌષધવ્રતમાં ઉચ્ચાર-પાસવણની ભૂમિની બરાબર પ્રમાર્જના ન કરવાથી કે મુદ્દલ ન પુંજવાથી લાગતો અતિચાર)

**अप ( प्प ) मज्जियदुप्पमज्जियसिज्जासंथार – अप्रमार्जितदुष्प्रमार्जितशय्यासंस्तार ( पुं. )**

(પૌષધોપવાસનો એક અતિચાર, અપ્રમાર્જિત દુષ્પ્રમાર્જિત શય્યા સંસ્તારક દોષ)

પૌષધવ્રતમાં શ્રાવક પોતાને સૂવાના સંથારાને કે આસનને જો પ્રમાર્જે નહીં અથવા વિધિપૂર્વક બરાબર પડિલેહણા કરે નહીં, તો તેને ઉપરોક્ત અતિચાર લાગે છે. એટલે કે નિરતિચાર પૌષધવ્રતમાં પ્રત્યેક ક્રિયામાં જયણા રાખવી અતિ આવશ્યક કહેવાઈ છે.

**अप ( प्प ) मत्त – अप्रमत्त ( त्रि. )**

(અપ્રમત્ત, અપ્રમાદી, મદાદિ પ્રમાદથી રહિત)

મદ, વિષય, કષાય, નિદ્રા, વિકથા આદિ પ્રમાદોથી રહિત હોય તે અપ્રમાદી યાને ઉપયોગવંત છે. એવા અપ્રમાદી મુનિઓ પ્રાયઃ કરીને જિનકલ્પિક, યથાલંદકલ્પિક, પરિહારવિશુદ્ધિક કે પ્રતિમાધારી સાધુઓ જ સંભવી શકે છે.

**अप ( प्प ) मत्तसंजय – अप्रमत्तसंयत ( पुं. )**

(સાતમા ગુણસ્થાનકે વર્તતો જીવ, સર્વપ્રમાદ રહિત સપ્તમગુણસ્થાનકવર્તી સાધુ)

ભગવતીસૂત્રના ત્રીજા શતકના ત્રીજા ઉદ્દેશામાં કહ્યું છે કે, અપ્રમત્ત ગુણસ્થાનકવર્તી જીવ બે પ્રકારના હોય છે. એક કષાય અપ્રમત્ત અને બીજો જોગઅપ્રમત્ત. તેમાં કષાય અપ્રમત્ત પણ બે પ્રકારે છે. એક ક્ષીણકષાય અપ્રમત્ત અને બીજો કષાયનિગ્રહ તત્પર અપ્રમત્ત. જ્યારે યોગ અપ્રમત્ત એટલે મન વચન અને કાયાથી ગુપ્તપણે રહેનાર.

**अप ( प्प ) मत्तसंजयगुणट्ठाण – अप्रमत्तसंयतगुणस्थान ( न. )**

(અપ્રમત્તસંયત ગુણસ્થાન નામનું સાતમું ગુણસ્થાન, સાતમા ગુણસ્થાનકનું નામ)

**अप ( प्प ) माण – अप्रमाण ( न. )**

(પ્રમાણથી અધિક ૨. અપ્રમાણ-અસત્ય, પ્રામાણ્ય વિરુદ્ધ)

શાસ્ત્રમાં પુરુષના આહારનું પ્રમાણ બતાવેલું છે. પરંતુ સ્વાદુ લોભથી કોઈ વ્યક્તિ પ્રમાણથી અધિક આહાર લે છે, ત્યારે તે પ્રમાણથી અધિક ભોજી થઈ અપ્રમાણ નામક બીજા સ્થાનના દોષનો ભાગી થાય છે એમ ઉત્તરાધ્યયનસૂત્રના ૨૪મા અધ્યયનમાં કહેલું છે.

**अप ( प्प ) माणभोइ ( ण् ) – अप्रमाणभोजिन् ( त्रि. )**

(બત્રીસ કોળીયાથી અધિક આહાર કરનાર, અપ્રમાણભોજી)

**अप ( प्प ) माय – अप्रमाद ( पुं. )**

(પ્રમાદરહિત, પ્રમાદ વર્જન લક્ષણ બત્રીસ યોગસંગ્રહ પૈકીનો ૨૬મો યોગસંગ્રહ)

સ્થાનાંગસૂત્રમાં સાધુએ આઠ સ્થાનોમાં પ્રમાદ ન કરવો જોઈએ એમ કહેલું છે. દા.ત. જેમ કોઈ શ્રુતજ્ઞાન નથી ભણેલું કે નથી સાંભળેલું તો તેના માટે પ્રયત્નપૂર્વક આદર કરવો જોઈએ. સર્વથા અપ્રમત્તપણે તે આઠેય સ્થાનોનું સેવન કરવું જોઈએ એમ ભારપૂર્વક કહેલું છે.

**अप ( प्प ) मायपडिलेहा – अप्रमादप्रत्युपेक्षणा ( स्त्री. )**

(પ્રમાદ વર્જીને પડિલેહણા કરવી તે, અપ્રમાદીપણે અણચ્ચાવિય આદિ છ પ્રકારની પડિલેહણા કરવી તે)

**अप ( प्प ) मायभावणा – अप्रमादभावना ( स्त्री. )**

(મદિરા આદિ પ્રમાદોનું સેવન ન કરવું તે, અપ્રમાદભાવના)

આચારાંગસૂત્રમાં સાધ્વાચાર માટે જણાવ્યું છે કે, સાધુએ એવી વસતિમાં ન ઊતરવું કે જ્યાં મદિરાપાન કરનારાઓ રહેતા હોય. કારણ કે તેવા પ્રકારની વસતિમાં સાધુ પોતાના આચારોથી ભ્રષ્ટ થઈને છકાયના જીવોની હિંસા કરતાં મહાવ્રતોથી ચ્યુત થાય છે.

**अप ( प्प ) मायवुड्डिजणगत्तण - अप्रमादबुद्धिजनकत्व ( न. )**

(અપ્રમાદની વૃદ્ધિ-પ્રકર્ષની ઉત્પાદકતા)

સાધુએ પોતાના ચારિત્રમાં પ્રમાદ ન આવે અને સદા ઉપયોગ રહે તે માટે શાસ્ત્રવિહિત આલંબન સદાય સેવવું પણ પ્રમાદાચરણ ન કરવું. સર્વથા અપ્રમાદપણે રહી સંયમના યોગોમાં અભિવૃદ્ધિ થાય એમ કરવું જોઈએ. આ પ્રમાણે આચારાંગસૂત્રમાં કહેલું છે.

**अप ( प्प ) मायपडिसेवणा - अप्रमादप्रतिसेवना ( स्त्री. )**

(અપ્રમાદકલ્પની પ્રતિસેવના)

**अप ( प्प ) मेय - अप्रमेय ( त्रि. )**

(પ્રમાણથી ગ્રાહ્ય ન હોય તે, પ્રમાણથી જેનો નિશ્ચય ન થઈ શકે તે ૨. જેનું જ્ઞાન ન થઈ શકે તે)

ભગવાનની સ્તુતિ કરતા ઈન્દ્ર પ્રભુના ગુણોની અપ્રમેય એવી ઉપમા આપે છે. તીર્થંકર પ્રભુના ગુણો સામાન્યજનથી માપી શકાય એવા થોડા નથી. અર્થાત્ છદ્મસ્થ જીવો ક્યારેય પણ પરમાત્માના ગુણોનો કયાસ કાઢી શકતા નથી એમ ભાવાર્થ થાય છે.

**अपयमाण - अपचमान ( पुं. )**

(પાક-રસોઈ ન કરતો, ભોજન ન પકાવતો)

**अपया - अप्रजा ( स्त्री. )**

(વાંઝણી સ્ત્રી, સંતાનવિહોણી સ્ત્રી)

સંસારની સર્વશ્રેષ્ઠ નારીરત્ન જ ચક્રવર્તીની પટ્ટરાણી બની શકે છે. તે સિવાયની ન બની શકે તેવો કુદરતી નિયમ છે. પરંતુ વિધિની કેવી વક્રતા છે કે એ સ્ત્રીરત્ન ચક્રવર્તીની પટ્ટરાણી હોવા છતાં વાંઝણી જ રહે છે અને મરીને નિયમા છઠ્ઠી નરકે જાય છે.

**अपर - अपर ( पुं. )**

(જેનાથી બીજું પ્રધાન-શ્રેષ્ઠ નથી તે ૨. સંયમ ૩. પૂર્વે કહેલું હોય તેનાથી ભિન્ન ૪. પશ્ચિમ વિભાગ)

**अपरक्कम - अपराक्रम ( त्रि. )**

(પરાક્રમ-સામર્થ્ય રહિત, જેનું જંઘાબળ ક્ષીણ થયેલું હોય તે)

સાધુને સ્થિરવાસ કરવા માટે જે કારણો આચારાંગસૂત્રમાં આપેલા છે તેમાં એક કારણ એ છે કે, જે મહાત્માનું જંઘાબળ પરિક્ષીણ થઈ ગયેલું હોય, ચાલવામાં તકલીફ ઊભી થતી હોય તથા આંખોથી જયણા પાળી શકાય તેમ ન હોય તેવો સાધુ સ્થિરવાસ કરે.

**अपरक्कममरण - अपराक्रममरण ( न. )**

(શક્તિ-સામર્થ્ય નષ્ટ થયેલાનું મરણ, જેમાં પરાક્રમ નથી એવું મરણ)

આચારાંગસૂત્રના પ્રથમ શ્રુતસ્કંધના આઠમા અધ્યયનના પ્રથમ ઉદ્દેશમાં જણાવ્યું છે કે, જંઘાબળ ક્ષીણ થયેલા એવા ઉદધિ નામના આર્યસમુદ્રનું અપરાક્રમ મરણ થયું હતું એમ વૃદ્ધવાદથી આવેલું આ દૃષ્ટાન્ત જાણવું.

**अपरपरिग्गहिय - अपरपरिगृहीत ( त्रि. )**

(બીજા સાધુ દ્વારા ગ્રહણ કરાયેલું, અન્યે ગ્રહણ કરેલું)

આચારાંગસૂત્રમાં સાધુ સાધ્વીએ કેવા શય્યા સંસ્તારક આસન ગ્રહણ કરવા તેના માટે માર્ગદર્શન કરેલું છે કે, જે શય્યાસનાદિ બીજા દર્શની શાક્યાદિ સાધુએ કે અન્ય સંન્યાસીએ ગ્રહણ કરેલ હોય તેવા શય્યાસન વસતિ આદિ ન લે એનો ત્યાગ કરી દે.

**अपराइत ( य ) - अपराजित ( त्रि. )**

(પરાજય ન પામેલું, બીજાથી ન જીતાયેલું, અપરાભૂત ૨. ૭૨મો મહાગ્રહ ૩. અનુત્તરૌપપાતિક દેવ વિશેષ કે દેવવિમાન ૪. સાતમો પ્રતિવાસુદેવ ૫. શ્રીઋષભદેવસ્વામીના ૬૩મા પુત્રનું નામ ૬. તે નામના ચૌદપૂર્વધર આચાર્ય ૭. મેરુ પર્વતના ઉત્તરભાગે આવેલા રુચક પર્વતના કુટનું નામ ૮. જંબૂદ્વીપની જગતીના કોટના ઉત્તર દિશાના દ્વારનું નામ ૯. લવણસમુદ્ર ધાતકીખંડ કાલોદધિસમુદ્ર અને પુષ્કરોદધિ સમુદ્રના એક દરવાજાનું નામ)

**अपराइया - अपराजिता ( स्त्री. )**

(મહાવત્સા વિજયની મુખ્ય રાજધાનીનું નામ ૨. વપ્રકાવતી વિજયની રાજધાનીનું નામ ૩. દશમી રાત્રિનું નામ ૪. અંજન ગિરિના ઉત્તરભાગે રહેલી વાવડીનું નામ ૫. અંગારક મહાગ્રહની અગ્રમહિષીનું નામ ૬. બધા મહાગ્રહોની ચોથી અગ્રમહિષીનું નામ ૭. રુચક પર્વતની આઠમી દિક્કુમારિકાની મહત્તરાનું નામ ૮. આઠમા બળદેવ-વાસુદેવની માતાનું નામ ૯. ચંદ્રપ્રભસ્વામીની દીક્ષા શિબિકાનું નામ ૧૦. અહિછત્રા તીર્થસ્થાને રહેલી એક ઔષધિનું નામ)

**अपरामुट्ठविधेयंस - अपरामृष्टविधेयांश ( न. )**

(અનુમાનનો એક પ્રસિદ્ધ દોષ)

શબ્દ અનિત્ય છે આ પ્રમાણે એક વિધાન કરાયું. કારણ કે તે કરાયેલું છે માટે. અહીં શબ્દનું અનિત્યપણું પ્રાધાન્યતયા સાધ્ય છે. માટે તેનો પૃથક્ નિર્દેશ કરાયો છે. પરંતુ તે સમાસમાં ગુણીભાવના કાલુષ્યથી કલંકિત નથી. આ પૃથક્ નિર્દેશ પણ પૂર્વના અનુવાદ્ય એવા શબ્દનો નિર્દેશ છે અને તે બરાબર પણ છે. કારણ કે સમાન અધિકરણમાં અનન્તર અલબ્ધ વિધેય એવા અનિત્યત્વને કરવામાં અશક્યતા રહેલી છે માટે. આ પ્રમાણે અપરામૃષ્ટવિધેયાંશની વ્યાખ્યા રત્નાકરાવતારિકા નામક ગ્રંથના આઠમા પરિચ્છેદમાં કરાયેલી છે.

**अपरिआइत्तए - अपर्य्यादाय ( अव्य. )**

(ગ્રહણ કર્યા વિના, ગ્રહણ નહીં કરીને)

**अपरिआविय - अपरितापित ( त्रि. )**

(પોતાનાથી કે બીજાથી જેને પરિતાપ-દુઃખ નથી પહોંચ્યું તે, અપરિતાપિત)

આવશ્યકસૂત્રનો પાઠ આપણે પ્રતિક્રમણ દરમિયાન કરીએ તો છીએ પણ તે સૂત્રોના અર્થની પરિભાવના અર્થાત્, ચિન્તવન પ્રાયઃ કરીને કરતા નથી. તેથી આપણે જે અમૃતાનુષ્ઠાન કરીએ છીએ તેમાં માનસિક કે કાયિક ઉલ્લાસ ભળતો નથી. તેથી આપણી એ મહાનિર્જરાકારી ક્રિયાઓ અલ્પફળદાયી બની જાય છે. તેમાં આવે છે કે, શ્રાવકના જીવન વ્યવહારમાં સૂક્ષ્મ કે બાદર જીવોને પરિતાપના આપવાની નથી. દુઃખ પહોંચાડવાનું નથી. જો પરિતાપ આપ્યો હોય તો ત્રિવિધે મિચ્છામિ દુક્કડમ્ આપીને તે દુષ્કૃત્યથી નિવર્તવાનું છે. પાછા હટવાનું છે અને ભવિષ્યમાં તેમ ન બને તેનો ઉપયોગ રાખવાનો હોય છે.

**अपरिकम्म - अपरिकर्मन् ( त्रि. )**

(સાધુ નિમિત્તે વિલેપનાદિ પરિકર્મ વર્જિત, શરીર સત્કારાદિ જેમાં ન થઈ શકે તેવો સંથારાનો એક પ્રકાર-પાદપ્રોપગમનાદિ)

આચારાંગસૂત્રમાં જણાવેલું છે કે, જે સાધુ પોતાનું આત્મકલ્યાણ સાધવા અંતિમ સમયે પાદપોપગમન અનશન સ્વીકારે, ત્યારે તેઓએ પોતે કે અન્ય દ્વારા શરીરને ચંદનાદિનું વિલેપન કે શરીરની અનુકૂળતા સાધક હલન ચલન વગેરે કરવું જોઇએ નહીં. પરંતુ સમભાવે સ્થિરકાય રહેવું જોઇએ.

**अपरिक्कम - अपराक्रम ( त्रि. )**

(પરાક્રમ રહિત, સામર્થ્ય વગરનું)

શ્રેણિક મહારાજાના પુત્ર અને ભગવાન મહાવીરસ્વામીના શિષ્ય મેઘમુનિ જ્યારે પોતે આગળની રાતે હેરાન-પરેશાન થયા તેથી સંયમ છોડવાની ઇચ્છાથી ભગવાન પાસે ગયા. તે અવસરે ભગવાને તેમને પૂર્વમાં હાથીના ભવે વનમાં દાવાનલ વખતે સસલાના જીવને બચાવવા બતાવેલા પરાક્રમને યાદ કરાવીને તેમને ચારિત્રના પરાક્રમથી પતિત થતા અટકાવ્યા હતા.

**अपरिक्खदिट्ठ - अपरीक्ष्यदृष्ट ( त्रि. )**

(અવિચારીપણે કહેલું, અવિમૃશ્યકારી વચન)

શ્રીમાન હરિભદ્રાચાર્યજી મહારાજે શ્રાવકે પોતાનું ગૃહસ્થપણું કેવી રીતે એટલે કેવા પ્રકારના જીવનવ્યવહારથી સિદ્ધ કરવું તેનું ખૂબ સુંદર પ્રરૂપણ ધર્મબિંદુ પ્રકરણમાં કરેલું છે. તેમાં જણાવેલું છે કે, શ્રાવકે પ્રસંગ પડે ત્યારે વિચારીને બોલવું પણ અવિચારીપણે ક્યારેય ન બોલવું. કારણ કે અવિમૃશ્યપણે બોલવાથી ક્યારેય કાર્યસિદ્ધિ થતી નથી. ઊલટાનું કાર્યમાં વિઘ્ન પડે છે.

**अपरिक्खिय - अपरीक्षित ( त्रि. )**

(ઉપસ્થાપના યોગ્ય પરીક્ષા ન કરાયેલું, મહાવ્રતોના આરોપણ કરવા માટે પરીક્ષા ન કરાયેલું)

નિશીથસૂત્રની ચૂર્ણિમાં જણાવેલ છે કે, અવિમૃશ્યકારી લાભ કે વ્યયનો સમુચિત વિચાર ન કરવામાં આવે અને વ્યક્તિ વગર વિચાર્યે કાર્યમાં પ્રવર્તતી રહે તો તેને અપરીક્ષિત પ્રતિસેવના કરનારો કહેવાય છે. અર્થાત્ તેને લાભ કરતા હાનિ વધુ સંભવે છે.

**★अपरीक्ष्य ( अव्य. )**

(અનાલોચિત, અવિચારી, પરીક્ષા ન કરીને, તપાસ્યા વિના)

**अपरिखेदितत्त - अपरिखेदितत्व ( न. )**

(અનાયાસે ઉત્પત્તિ સ્વરૂપ વચનનો ૩૪મો અતિશય, અનાયાસે ઉત્પન્ન વચન)

પરમાત્માના વચનના ૩૫ અતિશયો કહેલા છે. તેમાં અપરિખેદિતત્ત્વ નામનો ૩૪મો અતિશય-ગુણ પણ છે. ભગવાન સમવસરણમાં દેશના આપતા હોય ત્યારે તેમની વાણીમાં સહજ રીતે રહેલા આ અતિશયના કારણે તેઓ કલાકો સુધી દેશના આપે પરંતુ, તેમને ક્યાંય ખેદ ન ઊપજે. એ જ રીતે સાંભળનારને પણ જ્યાં સુધી સાંભળે ત્યાં સુધી ખેદ ઉપજાવનાર ન બને.

**अपरिग्गह - अपरिग्रह ( पुं. )**

(જેની પાસે ધર્મોપકરણ સિવાય સ્વલ્પ પણ શરીરોપભોગનો પરિગ્રહ ન હોય તે, ધનાદિરહિત, નિષ્પરિગ્રહી-સાધુ)

સૂત્રકૃતાંગસૂત્રમાં જણાવે છે કે, જે સાધુ પોતાની પાસે સંયમના પોષક એવા ધર્મોપકરણ અર્થાત્, ઉપધિ સિવાય શરીરના ઉપભોગ માટે કોઈપણ પ્રકારના પરિગ્રહને નથી રાખતો અને તે નિમિત્તે આરંભ સમારંભ પણ નથી કરતો તો તે સાધુ ધર્મશરણને પામે છે.

**अपरिग्गहसंवुड - अपरिग्रहसंवृत ( त्रि. )**

(ધનાદિ પરિગ્રહરહિત અને ઇન્દ્રિયોના સંવરથી યુક્ત - સાધુ, અપરિગ્રહરૂપ સંવરવાળો)

પ્રશ્નવ્યાકરણ આગમના ત્રીજા સંવર દ્વારમાં અપરિગ્રહસંવૃતની વ્યાખ્યા કરતાં જણાવ્યું છે કે, જે આત્મા ધન-સંપત્તિ, રૂપિયા પૈસાદિથી રહિત હોય અર્થાત્, ધનાદિનો સંગ્રહ ન કરનાર હોય અને પાંચેય ઇન્દ્રિયોનો નિગ્રહ કરેલો હોય તે અપરિગ્રહસંવૃત છે.

**अपरिग्गहा - अपरिग्रहा ( स्त्री. )**

(જેની પાસે કોઈપણ પ્રકારનો પરિગ્રહ નથી તેવી સ્ત્રી, સાધારણ સ્ત્રી)

**अपरिग्गहिया - अपरिगृहीता ( स्त्री. )**

(વેશ્યા, રખાત, અનાથ સ્ત્રી, ૨. વિધવા સ્ત્રી ૩. દાસી કે દેવદાસી)

આચારાંગસૂત્રના પાંચમા ઉદ્દેશાની ચૂર્ણિમાં વર્ણન આવે છે કે જે માતા-પિતા-પતિ આદિએ ગ્રહણ કરેલી ન હોય તે સ્ત્રી કુલટા ગણાય છે. જ્યારે દેવપુત્રિકા કે ઘરદાસી તે છે જે ભાડાથી અથવા સ્વેચ્છાથી પર પુરુષની સેવા કરે છે એમ અન્યમતે કહેલું છે.

**अपरिग्गहियागमण - अपरिगृहीतागमन ( न. )**

(અવિવાહિત સ્ત્રીની સાથે મૈથુન સેવવું તે, શ્રાવકના બ્રહ્મચર્યવ્રત-ચોથાવ્રતનો બીજો અતિચાર)

**अपरिचत्तकामभोग - अपरित्यक्तकामभोग ( पुं. )**

(જેણે કામભોગોને છોડ્યા નથી તે, ઇન્દ્રિયોના મનોજ્ઞ પાંચ વિષયોને જેણે ત્યજ્યા નથી તે)

ઠાણાંગસૂત્રના બીજા ઠાણના ચોથા ઉદ્દેશામાં આ શબ્દની વ્યાખ્યા કરતા ગ્રંથકાર મહર્ષિ કહે છે કે, શબ્દ અને રૂપ એ બે કામ ગણાય છે. કારણ કે તેની ઇચ્છા કરાય છે. એટલે કે તે બન્ને મનોજ્ઞ છે. તેમજ મનભાવન ગંધ રસ અને સ્પર્શને ભોગ કહેવાય છે.

**अपरिच्छ - अपरीक्ष ( त्रि. )**

(યોગ્ય પરીક્ષાથી વિકલ, યોગ્ય પરીક્ષા વગરનું)

**अपरिच्छण्ण - अपरिच्छन्न ( त्रि. )**

(આચ્છાદન વગરનું, અનાવૃત ૨. પરિવારરહિત, પરિવાર વગરનું)

**अपरिच्छय - अपरीक्षक ( त्रि. )**

(ઉત્સર્ગ અપવાદના લાભાલાભ વિચાર્યા વગર પ્રવૃત્તિ કરનાર)

જીતકલ્પ નામના જીતાચારના છેદસૂત્રમાં સાધુ સાધ્વીજીના આચરણ વિષયક પ્રસંગમાં જણાવેલું છે કે, સાધુ સિદ્ધાંતોક્ત સાધ્વાચારના ઉત્સર્ગ અને અપવાદના જાણકાર હોય અને જે તે અવસરે તેના લાભાલાભને જાણીને ઉત્સર્ગ કે અપવાદમાર્ગમાં વર્તનારા હોય.

**अपरिणय - अपरिणत ( त्रि. )**

(જે પોતાના સ્વરૂપથી રૂપાન્તર ન પામેલો હોય તે-પદાર્થ, સાધુને ભિક્ષામાં જે પૂરે પૂરી અચિત્ત ન હોય તેવો આહાર લેવાથી લાગતો એક દોષ, એષણાનો સાતમો દોષ)

જે આહાર સચિત્ત હોય તેને અપ્રાસુક કહેવાય છે. જયારે તે આહાર અગ્નિ પર ચઢીને સીઝે છે ત્યારે તે અચિત્તરૂપે પરિણામ પામે છે. તેને પ્રાસુક આહાર કહેવાય છે. સર્વથા પ્રાણાતિપાત વિરમણવ્રતના ધારક શ્રમણને જે આહાર પ્રાસુક હોય તે જ કલ્પે છે. જે આહાર અચિત્તમાં પરિણત નથી પામેલો તેવા અપરિણત આહારને ગ્રહણ કરતાં સાધુને અતિચાર લાગે છે.

**अपरिणामग - अपरिणामक ( पुं. )**

(અલ્પમતિ શિષ્ય, જેને જિનવચનના રહસ્યો પરિણામ નથી પામ્યા તેવો શિષ્ય, સૂત્રાર્થનો અજાણ સાધુ)

શાસ્ત્રમાં સૂત્રાર્થ ગ્રહણ કરનાર શિષ્યના ત્રણ પ્રકાર કહેલા છે. ૧. અપરિણત ૨. પરિણત અને ૩. અતિપરિણત. તેમાં જે પ્રથમ પ્રકારનો શિષ્ય છે તેને ગમે તેટલું સૂત્રાર્થનું અધ્યાપન કરાવો પરંતુ તે ધર્મનિરપેક્ષ મતિવાળો હોવાથી આગમના ભાવો તેના ચિત્તમાં પરિણામ પામતા જ નથી. નંદીસૂત્રમાં અને જીતકલ્પસૂત્રમાં તેવા શિષ્યને ઉત્સર્ગરુચિ જીવ કહ્યો છે.

**अपरिणिव्वाण - अपरिनिर्वाण ( न. )**

(સર્વ તરફનું માનસિક અને શારીરિક દુઃખ-પીડા)

**अपरिण्णत्त - अपरिज्ञप्त ( त्रि. )**

(નહીં જણાવાયેલું, જાણકારી પ્રાપ્ત ન કરેલું)

નિષ્કામપણે ગુરુ, સંઘ કે સાધર્મિકાદિની કરેલી ભક્તિથી આત્મામાં જ્ઞાનાવરણીય કર્મોનો એટલો તીવ્રપણે ક્ષયોપશમ થાય છે કે શાસ્ત્રના અતિગહન અને ગૂઢ પદાર્થો સ્પષ્ટપણે જણાવેલ ન હોવા છતાં પણ તીક્ષ્ણમતિથી તે સ્વતઃ જાણી શકે છે: માટે જ તો કહેવાયું છે કે જે કાર્ય શક્તિથી નથી થઈ શકતું તે કાર્ય ભક્તિથી થઈ શકે છે.

**अपरिण्णाय - अपरिज्ञात ( त्रि. )**

(જ્ઞપરિજ્ઞાથી નહીં સમજેલું અને પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી પ્રત્યાખ્યાન ન કરેલું, સમજણના અભાવમાં કરેલું પચ્ચક્ખાણ)

અનુયોગદ્વારસૂત્રમાં બે પ્રકારની પરિજ્ઞા કહેવામાં આવેલી છે. ૧. જ્ઞપરિજ્ઞા અને ૨. પ્રત્યાખ્યાન પરિજ્ઞા. જ્ઞપરિજ્ઞાનો મતલબ થાય છે કે જગતમાં રહેલા સર્વે ભાવોને સમજવા અને પ્રત્યાખ્યાન પરિજ્ઞા એટલે તેમાંથી જે નિરર્થક અને પાપકર્મનો અનુબંધ કરનાર હોય તેવા સ્થાનોનું પ્રત્યાખ્યાન કરવું તે. પરંતુ કંઈપણ જાણ્યા સમજ્યા વગર ગાડરિયા પ્રવાહની જેમ પ્રત્યાખ્યાન કરાય, તેનું કોઈ જ ફળ પ્રાપ્ત થતું નથી. દશવૈકાલિકમાં પણ કહેલ છે કે, **'पढमं नाणं तओ दया'**

**अपरितंत - अपरितान्त ( त्रि. )**

(નહીં થાકેલું, નહીં કંટાળેલું)

કહેવાય છે કે, ચૌદપૂર્વો સાગર જેટલા વિશાળ છે. તેનું અધ્યયન કરવા માટે તીવ્રબુદ્ધિ અને ધૈર્ય જોઈએ. જે જીવ ધૈર્યપૂર્વક કંટાળ્યા વિના નિરંતર અભ્યાસ કરે છે તે જ શ્રુતકેવલીની પદવી પામે છે. એટલે કે ચૌદપૂર્વનો સંપૂર્ણ અભ્યાસ કરી શકે છે.

**अपरितंतजोगि ( ण् ) - अपरितान्तयोगिन् ( त्रि. )**

(ખેદરહિત સમાધિવાળો, સંયમમાં જેના યોગો અવિશ્રાન્ત છે તે)

લોગસ્સસૂત્રમાં આપણે પરમાત્મા પાસે સમાધિ મરણ અને બોધિલાભની માંગણીઓ નિરંતર કર્યા કરીએ છીએ. કિંતુ સમાધિ મરણ તેને જ મળે છે જેના મન વચન કાયાના યોગો સદનુષ્ઠાનમાં ખેદ પામતા નથી. આખું જીવન અસમાધિપૂર્વક વિતાવનારને સમાધિમરણ કેવી રીતે મળે. યાદ રાખજો! જેઓનું સંપૂર્ણ જીવન પરમાત્માને સમર્પિત છે તેવા યોગી પુરુષોને જ સમાધિમરણ નસીબ હોય છે.

**अपरितावणया - अपरितापनता ( स्त्री. )**

(શરીરમાં સંતાપ ન ઊપજવો તે, શરીરે પરિતાપ ન થવો તે)

**अपरिताविय - अपरितापित ( त्रि. )**

(સ્વતઃ કે બીજાથી માનસિક કે કાયિક સંતાપ જેને નથી થયો તે)

માનસરોવરમાં ઝીલતા હંસલાઓને બહારી દુનિયાનો કોઇ અનુભવ હોતો જ નથી. તે તો માત્ર પોતાની મસ્તીમાં મસ્ત હોય છે. તેમ જે જીવ આત્મરમણતાના સરોવરમાં ડૂબકી લગાવી દે છે તે પછી ગમે તેવી વિકટ પરિસ્થિતિમાં હોય તો પણ તેને સ્વતઃ કે બીજાથી ઉત્પન્ન થનારા સંતાપનો અનુભવ થતો જ નથી. તે તો આત્મરમણતાનો આનંદ જ માણતો હોય છે.

**अपरित्त - अपरीत ( पुं. )**

(સાધારણ શરીરવાળો જીવ ૨. અનંત સંસારી જીવ)

પ્રજ્ઞાપનાસૂત્ર નામક આગમમાં અપરીત બે પ્રકારના કહેલા છે.૧. અનંતજીવો વચ્ચે રહેલો સાધારણ શરીરવાળો જીવ કાય અપરીત છે અને ૨. જેણે દેવ-ગુરુ-ધર્મની આરાધનાથી પ્રાપ્ત થતા સમ્યક્ત્વ દ્વારા પોતાના સંસારને અલ્પ નથી કર્યો તેવા અનંત સંસારી જીવને સંસાર અપરીત કહેવામાં આવે છે.

**अपरिभूय - अपरिभूत ( त्रि. )**

(જે કોઈનાથી પરાભવ ન પામે તે, જેનો કોઇ પરાભવ કરી ન શકે તેવો ધનવાન કે બળવાન)

આ જગતમાં કોઇનાથીય પરાભવ ન પામે તેવા ચક્રવર્તીઓ, વાસુદેવો, પ્રતિવાસુદેવો વગેરે પણ કાળ અને કર્મ આગળ વામણા પડે છે. કેમ કે કાળ અને કર્મ ગમે તેવો મોટો ભૂપ કેમ ન હોય તે કોઇની પણ શરમ ભરતો નથી. એકમાત્ર જેણે આત્મવીર્યના પ્રતાપે આઠેય કર્મો પર વિજય મેળવી લીધો છે તેવા સિદ્ધ ભગવંતો પર કાળ અને કર્મની કોઇ અસર થતી નથી.

**अपरिभोग - अपरिभोग ( पुं. )**

(પરિભોગનો અભાવ, વસ્ત્ર-અલંકારાદિ જે વારંવાર ભોગવાય તેવી પરિભોગની સામગ્રીનો અભાવ)

**अपरिमाण - अपरिमाण ( त्रि. )**

(ક્ષેત્રથી કે કાળથી પરિમાણ વગરનું, ક્ષેત્ર અને કાળના પ્રમાણથી રહિત)

આ સંસારમાં જેમ જીવો અનંત છે તેમ તે જીવોના પરિણામો-અધ્યવસાયો પણ અનંત છે. આત્માના આ અધ્યવસાયો પરિવર્તનશીલ હોવાથી તે દ્રવ્ય કે ક્ષેત્રથી માપી શકાય તેવા હોતા નથી. આ અપરિમિત પરિણામોને જીવ જ્યારે પરિમિત કરે છે ત્યારે તે કેવલજ્ઞાન પ્રાપ્ત કરવાની દિશામાં આગળ વધી શકે છે.

**अपरिमिय - अपरिमित ( त्रि. )**

(પરિમાણ વગરનું, માપરહિત, અત્યન્ત વિશાળ, મોટું)

**अपरिमियपरिग्गह - अपरिमितपरिग्रह ( पुं. )**

(પરિમાણ રહિતપરિગ્રહ, અનાપ-સનાપ પરિગ્રહ, મોટો પરિગ્રહ)

ઉપાસકદશાંગસૂત્રમાં પરમાત્મા મહાવીરદેવના આનંદ, શતક, મહાશતકાદિ દસ શ્રાવકોનું વિસ્તૃત જીવન ચરિત્ર વર્ણવવામાં આવેલું છે. આ દશેય શ્રાવકો ધર્મ પ્રાપ્ત કર્યા પૂર્વે અપિરમિત પરિગ્રહવાળા હતા. તેઓ દોમ દોમ સાહ્યબીમાં જીવી રહ્યા હતા. પરંતુ જ્યારે તેઓએ વીર પ્રભુની દેશના સાંભળી ત્યારે તેઓનો આત્મા જાગી ઊઠ્યો અને સંસારમાં બાંધી રાખનાર અપરિમિત પરિગ્રહને ત્યાગી પરિમિત પરિગ્રહી બની ગયા. મળેલ સંપત્તિ આદિ પરિગ્રહને નાથવો દુઃશક્ય છે.

**अपरिमियबल - अपरिमितबल ( त्रि. )**

(અપરિમિત બલ છે જેનું તે, અત્યંત બલવાન)

શાસ્ત્રમાં ચક્રવર્તીના બળનો સામાન્ય ખ્યાલ એક ઉદાહરણ દ્વારા આપેલો છે. તેમાં કહેલ છે કે ચક્રવર્તી કૂવાના કાંઠે બેસીને એક હાથે સ્નાન કરતો હોય અને સામેના છેડે પોતાની આખી સેના રહેલી હોય, તો તેને બીજા હાથ વડે દોરડાથી પકડીને એક જ ઝાટકા સાથે ખેંસીને પરાસ્ત કરી શકે છે. આવું અમાપ બળ તેના કાંડામાં હોય છે.

**अपरिमियमणंततण्हा - अपरिमितानन्ततृष्णा ( स्त्री. )**

(અપરિમેય દ્રવ્યને વિશે અક્ષય વાંછા, નહીં મળેલા પદાર્થો મેળવવા વિષયક અમાપ તૃષ્ણા)

**अपरिमियसत्तजुत्त - अपरिमितसत्त्वयुक्त ( त्रि. )**

(અપરિમિત ધૈર્યયુક્ત, પરિમાણરહિત ધૃતિબળવાળો)

પરમાત્મા મહાવીર ધૈર્યની સાક્ષાત્ મૂર્તિ સમાન હતા. તેઓમાં ધૈર્યની કોઇ સીમા જ ન હતી. અમાપ ધૈર્યના સ્વામી હતા. તેમની આ વાતની સાબિતી તેમનું જીવનચરિત્ર જ પૂરું પાડે છે. ઉપસર્ગકાળ દરમિયાન તેમની ઉપર ઉપસર્ગ કરનારાઓ પ્રત્યે, તેમનો પરાભવ કરનારાઓ પ્રત્યે તેઓએ ક્યારેય વૈરભાવ રાખ્યો ન હતો. ઊલટાનું તેમના પ્રત્યે તેમણે અમાપ કરૂણાભાવ દાખવ્યો હતો. આ કાર્ય ચિત્તમાં રહેલા અમાપ ધૃતિબળ વિના સંભવી શકતું નથી.

**अपरियत्तमाणा - अपरावर्तमाना ( स्त्री. )**

(જે પરાવર્તન ન પામે તેવી કર્મપ્રકૃતિ, પરાવર્તમાન પ્રકૃતિથી ભિન્ન પ્રકૃતિ-અપરાવર્તમાન પ્રકૃતિ)

કર્મગ્રંથમાં બે પ્રકારની કર્મપ્રકૃતિ કહેવામાં આવેલ છે. ૧. પરાવર્તના અને ૨. અપરાવર્તના. જે કર્મપ્રકૃતિથી કર્મો પરાવર્તન પામી શકે તે પરાવર્તના પ્રકૃતિ કહેવાય અને જે ગાઢ નિકાચિત કર્મો છે, જેને બદલી શકાતા નથી તેવી કર્મપ્રકૃતિને અપરાવર્તના કર્મપ્રકૃતિ કહેવાય છે.

**अपरियाइत्ता - अपर्य्यादाय ( अव्य. )**

(સમગ્રપણે ગ્રહણ કર્યા વિના, બિલકુલ ગ્રહણ ન કરીને)

**अपरियाणित्ता - अपरिज्ञाय ( अव्य. )**

(જ્ઞપરિજ્ઞાથી નહીં સમજીને અને પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી પ્રત્યાખ્યાન ન કરીને, સમજણના અભાવમાં પચ્ચક્ખાણ કરીને)

**अपरियार - अपरिचार ( त्रि. )**

(મૈથુનસેવા રહિત, પરિચારણા રહિત)

**अपरिवडिय - अप्रतिपतित ( त्रि. )**

(સ્થિર, અપતિત, અચર)

નિશીથાદિ છેદસૂત્રો ઉત્સર્ગ અને અપવાદમાર્ગના પ્રરૂપક આગમો છે. આ આગમ ગ્રંથો સામાન્ય શ્રમણોને ભણાવવામાં આવતા નથી. આ ગ્રંથોના અધિકારી તે છે કે જેમણે દીર્ઘકાળના સંયમપર્યાયનું પાલન કર્યું હોય, જેઓ સંયમમાં દઢચિત્ત હોય, પરદર્શનો કે ભૌતિક સામગ્રીથી જે અપતિત હોય. આવા ગુણોવાળા શ્રમણ છેદસૂત્રોને ભણવા સમર્થ બની શકે છે.

**अपरिसा ( स्सा ) इ ( वि ) ( ण् ) - अपरिश्राविन् ( पुं. )**

(જેમાંથી પાણી વગેરે ન ઝરે તેવા તુંબડાદિ પાત્ર ૨. ભાવથી કર્મબંધરહિત ૩. શિષ્યની ગુપ્ત આલોચના અન્ય પાસે ન પ્રકાશનાર ગુરુ, ગાંભીર્ય ગુણાઢ્ય ગુરુ)

શાસ્ત્રમાં અપરિશ્રાવીના દ્રવ્ય અને ભાવ એમ બે ભેદ બતાવવામાં આવેલા છે. જેમાંથી જલ ન ક્ષરે તેવા તુંબડાદિ ભાજન દ્રવ્ય અપરિશ્રાવી કહેવાય છે તથા ભાવથી જેનો કર્મબંધનો પ્રવાહ અટકી ગયો છે તેવો આત્મા. તેમજ જે શિષ્યે ગુરુ પાસે પોતાના દોષોની આલોચના કરેલી હોય અને તે દોષો અન્ય આગળ પ્રકાશિત ન કરે તેવા ધીર-ગંભીર ગુરુભાવથી અપરિશ્રાવી છે.

**अपरिसाडि - अपरिशाटि ( पुं. )**

(ખાતા ખાતા ન ઢોળવું તે ૨. શય્યા-સંથારો ૩. પાટ-પાટલા વગેરે)

બૃહત્કલ્પ ભાષ્યમાં કહેલું છે કે, જો કે સાધુએ સંયમજીવનને ઉપયોગી હોય તેના સિવાયની કોઇપણ સામગ્રીનો પરિગ્રહ રાખવો જોઇએ નહિ, તેમજ પૂછ્યા વિના કોઇ વસ્તુ ગ્રહણ કરવી નહિ. છતાં પણ જ્યારે ચાતુર્માસનો પ્રવેશ થાય ત્યારે ચોમાસી પ્રતિક્રમણ વખતે નાની વસ્તુ જેમ કે પાટ-પાટલાદિ વાપરવાની સંઘ પાસે એક જ વખત પરવાનગી માગે છે. જેથી તેઓને અદત્તાદાનનો દોષ ન લાગે.

**अपरिसाडिय - अपरिशाटित ( त्रि. )**

(નીચે ઢોળ્યા વગરનું, જેને ફેંકવામાં આવેલું ન હોય તે)

જૈનદર્શન જીવદયા પ્રધાન ધર્મ છે. જિનશાસનના પ્રત્યેક આચાર-વિચારમાં જીવદયા વણાયેલ હોય છે. યાવત્ સાધુ જ્યારે ગોચરી વાપરવા બેસે તે સમયે ખાતા ખાતા એકપણ દાણો નીચે ઢોળાય નહીં તે પ્રમાણે આહાર વાપરવાનો હોય છે. કેમ કે જો આહાર વગેરે નીચે ઢોળાય તો તે દાણા ખાવા જીવો ત્યાં આવે અને તે જીવોને ખાવા બીજા હિંસક જંતુઓ પણ આવે આમ પરંપરા ચાલે. તેથી હિંસાના દોષો આહાર ઢોળનાર સાધુને ન લાગે માટે દાણા ખેરવ્યા વિના ભોજન કરવું એવો આદેશ છે.

**अपरिसुद्ध - अपरिशुद्ध ( त्रि. )**

(દોષસહિત, અશુદ્ધ ૨. અયુક્તિવાળું, યુક્તિ વિનાનું)

શ્રમણે સાધુ સામાચારીનું પાલન એકમાત્ર કર્મનિર્જરા માટે અને મોક્ષપ્રાપ્તિની ભાવનાથી જ કરવાનું હોય છે. પરંતુ જે મુનિ સાંસારિક સુખોની પ્રાપ્તિ હેતુ આચારોનું પાલન કરે છે તે અનુષ્ઠાનોને મલિન કરે છે અને તે અશુદ્ધ અનુષ્ઠાન તેનું શ્રેષ્ઠ એવું મોક્ષફળ આપતું નથી.

**अपरिसेस - अपरिशेष ( त्रि. )**

(જેમાં કંઈ શેષ રહ્યું નથી તે, સંપૂર્ણ, સઘળું)

**अपरिहारिय - अपरिहारिक ( पुं. )**

(મૂલગુણ અને ઉત્તરગુણોના દોષોને નહીં ત્યજનાર અથવા મૂલોત્તરગુણોને ધારણ ન કરનાર ૨. જૈનેતર ગૃહસ્થ આદિ)

પાંચ મહાવ્રત તે મૂલગુણ અને તે મૂલગુણના પોષક પાંચ સમિતિ, ત્રણગુપ્તિ વગેરે ઉત્તરગુણો છે. આ મૂલગુણ અને ઉત્તરગુણોને મલિન કરનારા દોષોને ત્યજવામાં અસમર્થ એવા પાર્શ્વસ્થ, અવસન્ન, કુશીલ, સંસક્ત અને યથાછંદક આ પાંચ પ્રકારના સાધુઓને અપરિહારિક કહેલા છે. યાને સદોષ ચારિત્રિયા કહેલા છે. તેમને શ્રાવકે વંદન ન કરવું એમ પણ કહેલ છે.

**अपरोवताव - अपरोपताप ( पुं. )**

(બીજાને પીડા ન આપવી તે, પરપીડાનો ત્યાગ)

**अपरोवतावि ( न् ) - अपरोपतापिन् ( पुं. )**

(સાધુના ગુણાનુવાદ કરનાર, સાધુ પુરુષોની પ્રશંસા કરનારો, સજ્જનોનો પ્રશંસક)

ગુણવાન બનવું જેટલું કઠિન છે તેના કરતાં પણ વધારે કઠિન છે ગુણાનુરાગી બનવું. ગુણવાન બનવા માટે માત્ર પોતાના આત્મા તરફ જ દષ્ટિ રાખીને પ્રયત્ન કરવાનો હોય છે. જ્યારે ગુણાનુરાગી બનવામાં પોતાના આત્માની અપકર્ષતા અને અન્ય જીવની ઉત્કર્ષતાનો સહૃદયતાપૂર્વક સ્વીકાર કરવાનો હોય છે. જે જીવ સાધુપુરુષના ગુણાનુવાદ કરે છે તેવા જીવો ખરેખર ધન્ય અને વંદનને પાત્ર છે.

**अपलिअ - अपक्क( त्रि. )**

(અગ્નિથી સંસ્કાર પામેલું નથી તે, કાચું, સચિત્ત, અપક્વ-અન્ન-ફળ-ઔષધાદિ)

**अपलिउंचमाण - अप्रतिकुञ्चयत् ( त्रि. )**

(નહીં છુપાવતો, નહીં સંતાડતો)

**अपलिउंचि - अपरिकुञ्चिन् ( त्रि. )**

(અમાયાવી, માયા વગરનો, છળ-કપટ રહિત)

સંસારનો જે લાભ કરાવે તેને કષાય કહેવાય છે. તેમાંય માયા તો સ્ત્રીયોનિ અને તિર્યંચગતિનું આયુષ્ય બંધાવનાર કષાય છે. ઓગણીસમા તીર્થપતિ ભગવાન મલ્લિનાથ તેનું પ્રત્યક્ષ ઉદાહરણ છે. પૂર્વભવમાં તેઓએ ઉત્કૃષ્ટ કોટિનો તપ કર્યો પરંતુ તેને માયાથી દૂષિત કર્યો માટે તેઓ તીર્થંકર બન્યા પણ સ્ત્રીરૂપે થયા. જે અમાયાવી છે તેવા જીવો મોક્ષપ્રાપ્તિના મુખ્ય કારણભૂત મનુષ્યભવને પ્રાપ્ત કરે છે.

**अपलिउंचिय - अप्रति ( परि ) कुञ्च्य ( त्रि. )**

(અકુટિલ, સરળ, વક્રતારહિત)

સાપ ગમે તેટલો વાંકો-ચૂંકો ચાલે પરંતુ, તેના બિલમાં જવા માટે તો તેને સીધા જ ચાલવું પડે. બહાર ચાલે તેમ દરમાં પણ જો તે વક્રગતિએ ચાલે તો અંદર પ્રવેશી શકતો નથી. તેમ સંસારમાં રહેનારા ગમે તેટલા કુટિલ હોય પરંતુ, મોક્ષમાર્ગમાં તો સીધા જ ચાલવું પડે. ત્યાં તો સરળ થઇને ચાલે તો જ મોક્ષને પ્રાપ્ત કરી શકે છે અન્યથા ઘાંચીના બળદની જેમ ઠેરના ઠેર જ રહે છે.

**★अप्रति ( परि ) कुञ्च्य ( अव्य. )**

(માયા નહીં કરીને, કુડ-કપટ ન કરીને, પ્રપંચ ન કરીને)

**अपलिच्छण्ण - अपरिच्छन्न ( त्रि. )**

(અનાવૃત, ઢાંક્યા વગરનું ૨. પરિવાર રહિત)

ઘણા બધા ચરિત્ર ગ્રંથોમાં પરમાત્માની દેશના સાંભળવા માટે આવનારા જીવોનું વર્ણન જોવા મળે છે. તેમાં આવે છે કે જેમ ભમરો પુષ્પની સુગંધથી ખેંચાઇને ફૂલ પાસે આવે છે તેમ રાજાઓ પોતાના વિશાળ પરિવાર સાથે પ્રભુની દેશના સાંભળવા આવતા હોય છે. પરંતુ ત્યાં શાસ્ત્રીય નિયમ અનુસાર રાજા વગેરે અમુક ક્ષેત્રમાં પ્રવેશતાની સાથે પોતાના પરિવારનો ત્યાગ કરીને સેવક ભાવે હાથી આદિ સવારી પરથી ઊતરીને ચાલતા પગે દેશના સાંભળવા જાય છે.

**अपलिमंथ - अपरिमन्थ ( पुं. )**

(સ્વાધ્યાયાદિમાં આળસનો અભાવ ૨. સ્વાધ્યાયાદિમાં વિઘ્નનો અભાવ)

જ્ઞાનનો મોટામાં મોટો શત્રુ હોય તો તે છે આળસ-પ્રમાદ. જ્ઞાનાર્જનમાં પ્રમાદ એ મોટામાં મોટું વિઘ્ન છે. આ પ્રમાદના કારણે ચૌદપૂર્વીઓ પોતાના અપૂર્વ એવા પૂર્વોનું જ્ઞાન ગુમાવીને નિગોદની યાત્રામાં ચાલ્યા જાય છે. જ્યારે જ્ઞાનનો ક્ષયોપશમ ન હોવા છતાં પણ અભ્યાસમાં ઉદ્યમી એવા માષતુષ જેવા મુનિઓ મોક્ષલક્ષ્મીને વરે છે.

**अप ( प्प ) लीण - अप्रलीन ( त्रि. )**

(અસંબદ્ધ, અનાસક્ત, સંગરહિત)

**अपवग्ग - अपवर्ग ( पुं. )**

(મોક્ષ, મુક્તિ, સર્વકર્મક્ષયથી ઉત્પન્ન આત્માવસ્થા, આત્યન્તિક દુઃખનો વિગમ જેમાં છે તે)

ધર્મસંગ્રહ ગ્રંથમાં અપવર્ગ એટલે કે મોક્ષની વ્યાખ્યા કરતાં લખ્યું છે કે, સર્વ શારીરિક-માનસિક અને વાચિક દુઃખનો આત્યંતિક-સર્વથા અભાવ એ મોક્ષ છે. તથા સર્વ જીવલોકને અસાધારણ આનંદનો અનુભવ કરાવનાર એટલે અપવર્ગ.

**अपवग्गबीय - अपवर्गबीज ( न. )**

(મોક્ષનું કારણ, મુક્તિનો હેતુ)

મોક્ષમાં જવાના અનેકમાર્ગો બતાવવામાં આવેલા છે. દરેક જીવો કોઇપણ માર્ગે ચઢીને મોક્ષપદને પ્રાપ્ત કરતા હોય છે. કિંતુ મોક્ષફળ પ્રાપ્તિનું બીજ કહી શકાય તેવું એક કારણ છે મૈત્રીભાવ. જગતના સર્વજીવો પ્રત્યે સ્નેહભાવ તે મોક્ષનું પરમકારણ છે. કેમ કે મોક્ષમાં તો અનંતા જીવો સાથે રહેવાનું છે. જે આ સંસારમાં થોડાક લોકો સાથે રહી નથી શકતો તેને જ્યાં અનેકોનો વાસ છે તેવો મોક્ષ કેવી રીતે માફક આવશે ? માટે ફક્ત પતિ-પત્ની પૂરતા ખ્યાલને ત્યાગો-છોડો અને સાથે રહેવાનું શીખો.

**अप ( प्प ) वत्तण - अप्रवर्तन ( न. )**

(પ્રવૃત્તિનો અભાવ)

અરિહંત વંદનાવલીમાં શ્રીચંદ્રે કહ્યું છે કે, પરમાત્માની પ્રત્યેક પ્રવૃત્તિ કર્મનિર્જરા માટે હોય છે. તેઓ લગ્ન પણ કરે છે તો તે પોતાના શેષ રહેલા ભોગાવલી કર્મોના ક્ષય માટે, તેઓ રાજા બનીને રાજ્ય કરે છે તો તે પણ પોતાના નિકાચિત કર્મોની નિર્જરા માટે. અરે તેમનો વિહાર કરવો, દેશના આપવી વગેરે પ્રવૃત્તિ પણ કર્મોનો ક્ષય કરીને પ્રવૃત્તિના અભાવરૂપ મોક્ષની પ્રાપ્તિ માટે જ હોય છે.

**अपवाय - अपवाद ( पुं. )**

(બીજું પદ ૨. અપવાદ, નિંદા)

**अप ( प्प ) वित्त - अप्रवृत्त ( त्रि. )**

(જ્યાં પ્રવૃત્તિનો અભાવ છે તે, પ્રવૃત્તિરહિત, તત્ત્વથી નિવૃત્તિ પામેલ)

**अप ( प्प ) वित्ति - अप्रवृत्ति ( स्त्री. )**

(પ્રવૃત્તિનો અભાવ, મન-વચન-કાયાના ગાઢ વ્યાપારનો અભાવ)

**अप ( प्प ) संसणिज्ज - अप्रशंसनीय ( त्रि. )**

(પ્રશંસાને અયોગ્ય, સાધુ-સજ્જનો વડે પ્રશંસા કરવાને અયોગ્ય)

જે વ્યવહારથી સંસ્કારોને અસર પડતી હોય, જેના દ્વારા લોકોની લાગણીઓ દુભાતી હોય તેવા આચરણને સજ્જન પુરુષો ક્યારેય કરતા નથી. અરે આચરવાની વાત તો દૂર રહી, તેવી પ્રવૃત્તિની તેઓ પ્રશંસા પણ નથી કરતા અને જે પ્રવૃત્તિ સજ્જનો વડે અપ્રશંસનીય હોય તેને વિવેકીજન કેવી રીતે આચરે ?

**अप ( प्प ) सज्झ - अप्रसह्य ( त्रि. )**

(જે પરાભવ કરવાને અશક્ય હોય તે ૨. સહન કરવાને અયોગ્ય)

યુદ્ધમાં યોદ્ધાને તેનું બળ નહીં પરંતુ તેનું ઝનૂન જીત અપાવતું હોય છે. આત્મા પર અનાદિકાળથી કર્મોનું રાજ ચાલે છે. તેઓને પરાભવ પમાડવો ઘણો જ અશક્ય છે. પરંતુ જે દિવસે આત્માનું વીર્ય-પરાક્રમ સ્ફુરે છે ત્યારે તે આત્મપરિણામનું ઝનૂન પરાભવ કરવાને અશક્ય એવા કર્મોની સેનાને પળવારમાં તહસનહસ કરી નાંખે છે.

**अप ( प्प ) सज्झपुरिसाणुग - अप्रसह्यपुरुषानुग ( त्रि. )**

(જેનો પરાભવ ના થઈ શકે તેવા પુરુષને અનુસરનાર)

નવી વસ્તુની ખોજ કરવી લોઢાના ચણા ચાવવા બરોબર છે. તેમાં ઘણા બધા પુરુષાર્થ અને ધૈર્યની જરૂર પડે છે. જ્યારે તે વ્યવહૃત થઈ ગયા બાદ તેને અનુસરનારા માટે તેની પ્રાપ્તિ અત્યંત સરળ થઈ જાય છે. જૈનો આ ! ! પરમકૃપાળુ મહાવીર દેવે જેનો પરાભવ અશક્ય છે તેવા કર્મો પર અથાગ પુરુષાર્થ અને ધૈર્યથી વિજય મેળવીને મોક્ષમાર્ગને ગોતી લીધો છે. ત્યારે પ્રભુએ ચીંધેલા માર્ગે ચાલનારા આપણા માટે તેની પ્રાપ્તિ એકદમ સરળ થઈ ગઈ છે.

**अप ( प्प ) सत्थ - अप्रशस्त ( त्रि. )**

(અશોભનીય ૨. અપ્રશંસનીય ૩. ગ્રહણ કરવા યોગ્ય ન હોય તે, અહિતકારી ૪. બળ વર્ણાદિ નિમિત્તે પ્રતિસેવના કરનાર)

**अपसत्थखेत्त - अप्रशस्तक्षेत्र ( न. )**

(ખરાબ ક્ષેત્ર ૨. અગ્રાહ્ય ક્ષેત્ર-શરીરાદિ)

**अपसत्थदव्व - अप्रशस्तद्रव्य ( न. )**

(અપ્રશંસનીય દ્રવ્ય, અસુંદર દ્રવ્ય, ખરાબ પદાર્થ)

પૂર્વાચાર્ય ગીતાર્થ ભગવંતોએ જિનભવન નિર્માણના કેટલાક નિયમો બનાવેલા છે. તે નિયમાનુસાર બનેલ જિનમંદિર અભ્યુદય માટે થાય છે. જિનાલય બનાવતા પૂર્વે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવ આ ચારેયનું નિરીક્ષણ કર્યા બાદ જો પ્રશસ્ત દ્રવ્ય-ક્ષેત્રાદિ હોય તો જિનભવનનું નિર્માણ કરવું અને જો અપ્રશસ્ત દ્રવ્યાદિ હોય તો તે સ્થાન જિનાલય બનાવવા માટે અયોગ્ય છે એમ જાણીને ત્યાં ભવનનું નિર્માણ કરવું નહીં.

**अपसत्थलेस्सा - अप्रशस्तलेश्या ( स्त्री. )**

(અપ્રશસ્ત લેશ્યા, કૃષ્ણ-નીલાદિ અશુભ લેશ્યા)

લેશ્યા એટલે મનના પરિણામ. કર્મગ્રંથમાં કુલ ૬ લેશ્યા કહેવામાં આવેલી છે. ૧. કૃષ્ણ ૨. નીલ ૩. કાપોત ૪. તેજો ૫. પદ્મ અને ૬. શુક્લ લેશ્યા. આ છમાંથી પ્રથમની કૃષ્ણાદિ ત્રણ લેશ્યા અશુભ કર્મોનો બંધ કરાવનાર અને ભવપરંપરા વધારનાર હોવાથી તેને અશુભ માનવામાં આવેલી છે. શેષ લેશ્યાઓને શુભ માની છે.

**अपसत्थविहगगतिनाम - अप्रशस्तविहगगतिनामन् ( न. )**

(નામકર્મનો એક ભેદ, અશુભ વિહાયોગતિ નામકર્મ)

નામકર્મની ઉત્તરપ્રકૃતિમાં અપ્રશસ્તવિહાયોગતિ કે અશુભવિહાયોગતિ નામનો એક કર્મ ભેદ માનવામાં આવેલો છે. આ કર્મોનો જેણે બંધ કરેલો હોય છે તે જીવને તે કર્મનો ઉદય થયે ખેર વૃક્ષની જેમ અશુભ કહી શકાય તેવી વિહાયોગતિ મળે છે.

**अपसारिया – अपसारिका ( स्त्री. )**

(છજું, પટાલિકા)

ચૈત્યવંદન ભાષ્યમાં દેવેંદ્રસૂરીશ્વરજી મહારાજે પ્રતિક્રમણમાં કરવામાં આવતા કાયોત્સર્ગના ઓગણીસ દોષો બતાવેલા છે. તેમાંનો એક દોષ છે કે કાઉસગ્ગમાં રહેલા શ્રાવક કે સાધુ કોઇપણ મેડી, દાદરો કે છાજલીનો ટેકો દઇને કાયોત્સર્ગ કરે છે તો કાયોત્સર્ગમાં અતિચાર લાગે છે.

**अपसु – अपशु ( पुं. )**

(દ્વિપદ કે ચતુષ્પદ પશુઓના પરિગ્રહથી રહિત, શ્રમણ)

**अपस्समाण – अपश्यत् ( त्रि. )**

(નહીં જોતો, નહીં દેખતો)

**अपहिट्ठ – अप्रहृष्ट ( त्रि. )**

(સારી વસ્તુ મળ્યે અત્યંત ફુલાઇ ન જનાર, સુખ-દુઃખમાં સમભાવ રાખનાર)

દશવૈકાલિકસૂત્રમાં શ્રમણ માટે '**अपहिट्ठ**' એવું વિશેષણ મૂકવામાં આવેલું છે. ટીકામાં તેનો અર્થ કરતાં લખ્યું છે કે જ્યારે સાધુને અનુકૂળ ગોચરી કે પ્રસંગ થાય ત્યારે તે ફુલાઇ જઇને અત્યંત ખુશ ન થાય. તેમ જ દુઃખના પ્રસંગમાં તે વ્યથિત ન થઇ જાય. સુખ કે દુઃખના પ્રસંગમાં તે સમભાવને ધારણ કરી રાખે.

**अपहु – अप्रभु ( पुं. )**

(નોકર ૨. અસમર્થ ૩. અનાથ)

**अपहुव्वंत – अप्रभुवत् ( त्रि. )**

(પ્રભાવરહિત, સામર્થ્યરહિત, પ્રભાવહીન)

અન્યધર્મોના ઇશ્વરની ભક્તિ તમને સાંસારિક સુખ કે સ્વર્ગની પ્રાપ્તિ કરાવી આપશે. પરંતુ ભક્તને ભગવાન બનાવવાનું સામર્થ્ય તેનામાં નથી. તેઓમાં ભક્તો ઘણા હશે જ્યારે ભગવાન તો માત્ર એક જ હશે. ભક્ત ગમે તેટલી ભક્તિ કરે કિંતુ તે ભગવાન બની જ શકતો નથી. જ્યારે જિનેશ્વર ભગવંતની ભક્તિમાં ભક્તને સ્વયં ભગવાન બનાવવાની શક્તિ છે.

**अपाइया – अपात्रिका ( स्त्री. )**

(પાત્ર-ભાજનરહિત સાધ્વી, અપાત્રિકા-સાધ્વી)

જિનશાસન એ લોકોત્તર ધર્મ છે અને લોકોત્તર ધર્મની ક્રિયા પણ લોકોત્તર જ હોય. સાધુ-સાધ્વી માટે પરિગ્રહ સંયમનો ઘાતક ગણાવેલો છે. છતાં પણ લોકમાં તેમના આચારોની અને જિનશાસનની નિંદા ન થાય તેના માટે સંયમ પોષક પરિગ્રહ કરવાની શાસ્ત્રોએ છૂટ આપેલી છે. જેમ કે આહાર વાપરવા માટે કાષ્ઠના પાત્રો સાધુએ અવશ્ય રાખવા. જેથી તેમાં આહાર લાવીને વાપરી શકાય અને લોકમાં નિંદાપાત્ર ન બનાય.

**अपाउड – अप्रावृत्त ( त्रि. )**

(વસ્ત્રરહિત, આવરણરહિત, નગ્ન ૨. ઉત્તરીય વસ્ત્રરહિત)

કલ્પસૂત્ર ગ્રંથમાં ચૌદપૂર્વી ભગવાન ભદ્રબાહુસ્વામીએ સાધુના દસ આચારો બતાવેલા છે તેમાંનો પ્રથમ આચાર છે અચેલક. ચેલ એટલે વસ્ત્ર અને અચેલ એટલે વસ્ત્ર નહીં તે યાને વસ્ત્રનો અભાવ. આ થયો શબ્દાર્થ કિંતુ આ શબ્દ લૌકિક હોવાથી ત્યાં અચેલકનો અર્થ વસ્ત્રરહિત ન કરતાં અલ્પમૂલ્યવાળા કે જીર્ણ-શીર્ણવસ્ત્રને ધારણ કરનાર એવો થાય છે. ચોવીસમા તીર્થપતિના સાધુઓ વસ્ત્રરહિત નહીં પરંતુ અલ્પમૂલ્યવાળા વસ્ત્રને ધારણ કરે એવો શાસ્ત્રાર્થ જાણવો.

**अपाणय – अपानक ( त्रि. )**

(જલરહિત ૨. ચતુર્વિધ આહારરહિત ૩. દાહોપશમક પાણી જેવો ઠંડો પેય પદાર્થ, કે જે ગોશાળાના મતને સંમત હતો ૪.

એકાંતરે ઉપવાસ)

પૂર્વેના કાળમાં અંતિમ સમય નજીક આવતા સાધુ કે શ્રાવક ચતુર્વિધ આહારનો ત્યાગ કરીને પાદપોપગમનાદિ અનશનનો સ્વીકાર કરતા હતા. કિંતુ કાળપ્રભાવે કરીને વર્તમાન સમયમાં આ વ્યવહાર પ્રવર્તતો નથી. પરંતુ અંત સમયે સર્વ પદાર્થોને અર્થાત્ ચારેય પ્રકારના આહારને વોસિરાવવાનો વ્યવહાર અદ્યાપિ પ્રવર્તમાન છે.

**अपाय - अपाद ( त्रि. )**

(વિશિષ્ટ પ્રકારના છંદોની રચનાના યોગથી વર્જિત, વિશિષ્ટ છંદરચના વગરનું)

**अपायच्छिण्ण - अपादच्छिन्न ( त्रि. )**

(જેના પગ છેદાયેલા નથી તે)

**अपार - अपार ( त्रि. )**

(પાર વિનાનું, અનંત, છેડા વગરનું)

**अपारंगम - अपारङ्गम ( त्रि. )**

(કિનારાને નહીં પામેલું, સંસાર સમુદ્રથી પાર ન ઊતરેલું)

આચારાંગસૂત્રના પ્રથમ શ્રુતસ્કંધમાં કહેલું છે કે, અનંતકાલીન સંસારચક્રની અંદર પરિભ્રમણ કરી રહેલા જીવો જો પ્રયત્ન કરે તો સંસાર સમુદ્રનો પાર પામી શકે છે. પરંતુ જેઓ મિથ્યાત્વમતિથી વાસિત છે અને જેમને સર્વજ્ઞ ભગવંતનો ઉપદેશ પ્રાપ્ત નથી થયો તેથી સંસારના છેડાને પાર પામવાના સૌભાગ્યથી રહિત છે.

**अपारग - अपारर्ग ( त्रि. )**

(તીરને પ્રાપ્ત નહીં કરનાર, પાર વિનાનું)

**अपारमग्गो ( देशी-पुं. )**

(વિશ્રામ, વિસામો)

કોઇક કવિએ સાચું જ કહ્યું છે કે, આ જગતનું સ્વર્ગ તો માતાના ખોળામાં જ રહેલું છે. માની ગોદમાં જે સુખ અને શાંતિ છે તેવું અપાર સુખ તો દેવલોકમાં પણ નથી. અરે! આખા જગતનું કલ્યાણ કરવાની ભાવનાવાળા પરમાત્માને પણ માતાની કુક્ષિમાં વિસામો લેવો પડે છે.

**अपाव - अपाप ( त्रि. )**

(જેના અશેષ-સમસ્ત કર્મકલંક ચાલ્યા ગયા છે તે, પાપરહિત, સર્વથા શુદ્ધ)

સંસારમાં કર્મોનો બંધ, ઉદય, ઉદીરણા અને સત્તાના ભાવોને જાણનાર સર્વ કર્મમલથી રહિત એવા સિદ્ધ ભગવંતો અને કેવલી ભગવંતોને ક્યારેય પણ કોઇ જીવ પ્રત્યે રાગ કે દ્વેષ થતો નથી. તેમના પ્રત્યે દ્વેષભાવ રાખનાર પર જરા પણ તિરસ્કાર ભાવ કે તેમની સેવા કરનાર પ્રત્યે પ્રેમ ભાવ નથી હોતો. કેમ કે તેઓ અશેષ કર્મકલંકથી સર્વથા મુક્ત થયેલા છે.

**अपावभाव - अपापभाव ( त्रि. )**

(નિર્મલ ભાવવાળું ચિત્ત છે જેનું તે, લબ્ધિ આદિની અપેક્ષારહિત શુદ્ધ ચિત્ત જેનું છે તે)

અપેક્ષાયુક્ત ચિત્ત એટલે મલિનતા. જ્યાં સુધી કોઇપણ સારી કે નરસી વસ્તુની અપેક્ષા રહેશે ત્યાં સુધી ચિત્તની શુદ્ધિ થવી અશક્ય છે. અરે, મોક્ષ પ્રાપ્તિ માટે ચારિત્ર અંગીકાર કરનાર તીર્થંકર ભગવંતોને પણ જ્યાં સુધી મોક્ષ પ્રત્યેની પણ અપેક્ષા ચાલી નથી જતી ત્યાં સુધી કેવલજ્ઞાન પ્રગટ થતું નથી. જ્યારે સર્વ અપેક્ષા રહિત નિર્મલચિત્ત થાય છે ત્યારે જીવ ત્રિકાલદર્શી કેવલજ્ઞાનની પ્રાપ્તિ કરે છે.

**अपावमाण - अप्राप्नुवत् ( त्रि. )**

(પ્રાપ્ત નહીં કરતો, નહીં મેળવતો, હાંસલ ન કરતો)

**अपावय - अपापक ( पुं. )**

(શુભ વિચારરૂપ પ્રશસ્ત મનોવિનય ૨. નિષ્પાપ વાણી ઉચ્ચારવારૂપ પ્રશસ્ત વચનવિનય)

માત્ર કાયિક વિનય કર્મનિર્જરાનું કારણ નથી બનતો. જો એવું જ હોત તો રાજા ઉદાયીનો હત્યારો વિનયરત્ન પણ ઉત્કૃષ્ટ વિનયનું પ્રતીક હતો. તેના કાયિક વિનયે તેને માત્ર કાયકલેશ જ કરાવ્યો હતો. પ્રશસ્ત વિચારરૂપ મનોવિનય, નિષ્પાપ વાણીના ઉચ્ચારણરૂપ વાચિકવિનય અને નિર્દોષ ક્રિયારૂપ કાયિકવિનય એમ ત્રિવેણી સંગમ થાય ત્યારે જ કર્મનિર્જરા શક્ય બને છે.

**अपावा - अपावा ( स्त्री. )**

(અપાપાપુરી, પાવાપુરી નગરી)

અપાપાપુરી તે નગરી છે જ્યાં કેવલજ્ઞાન પ્રાપ્ત થયા બાદ ભગવાન મહાવીરે તીર્થની સ્થાપના કરી હતી. જ્યાં પરમાત્માને તીર્થને યોગ્ય અગ્યાર ગણધરોની સંપ્રાપ્તિ થઇ હતી. જ્યાં પરમાત્માએ અંતિમ સમયે લગાતાર સોળ પ્રહર સુધી દેશના આપી હતી અને જ્યાં પ્રભુ વીર પરમ નિર્વાણને પ્રાપ્ત થયા હતા. તે આજે પાવાપુરી મહાતીર્થના નામથી ઓળખાય છે.

**अपास - अपाश ( पुं. )**

(બંધનનો અભાવ)

**अपासत्थया - अपार्श्वस्थता ( स्त्री. )**

(શિથિલાચારરૂપ પાર્શ્વસ્થપણાનો ત્યાગ)

ગુરુવર્ય શ્રીરાજેન્દ્રસૂરિ મહારાજની દીક્ષા જો કે યતિ પરંપરામાં થઇ હતી. જ્યાં શિથિલાચાર સુતરાં પ્રવર્તતો હતો. કિંતુ કહેવાય છે ને કે, કાદવમાં ઉગેલું કમળ વધુ સમય ત્યાં ન રહેતા તેને યોગ્ય ઉચ્ચસ્થાનમાં જ પહોંચી જાય છે. તેમ તેઓને સંવેગીતા અને શિથિલતાનો ભેદ ખ્યાલ આવતા તેઓનો વૈરાગી આત્મા જાગી ઊઠ્યો. તેઓશ્રીએ યતિ પરંપરાનો ત્યાગ કરીને સંવેગી માર્ગને પ્રવર્તાવ્યો. ક્રિયોદ્ધાર કર્યો. કોટિ કોટિ નમન હોજો મહાસત્ત્વશાળી પૂજ્ય ગુરુદેવને.

**अपासिऊण - अदृष्ट्वा ( अव्य. )**

(વિચાર્યા વિના, નહીં વિચારીને)

દુર્યોધન જ્યારે પાંડવોએ વસાવેલી ઇન્દ્રપ્રસ્થ નગરીને જોવા આવ્યો ત્યારે સ્થળનો ભ્રમ કરાવનાર જળાશયમાં તે પડી ગયો. આ જોઇને ઝરૂખામાં બેઠલી દ્રૌપદીના મોઢામાંથી સહસા વાક્ય નીકળી ગયું 'આંધળાના દીકરા આંધળા જ હોય ને' દ્રોપદીને એ વાતનો સ્વપ્નેય ખ્યાલ ન હતો કે, વિચાર્યા વિનાનું મજાકમાં બોલાયેલું આ વાક્ય મહાભારત જેવા મહાસંગ્રામનું નિર્માણ કરશે. માટે જ શ્રમણો અને શ્રાવકો વિચાર્યા વિના કોઇપણ વાત ઉચ્ચારતા નથી.

**अपि ( वि ) - अपि ( अव्य. )**

(પણ, સંભાવના)

**अपिट्टणया - अपिट्टनता ( स्त्री. )**

(લાકડી આદિથી તાડનનો અભાવ, ન પીટવું તે)

**अपिय - अप्रिय ( त्रि. )**

(અપ્રીતિકર, અપ્રિય દર્શન છે જેનું તે)

યોગશાસ્ત્રમાં એક શ્લોક આવે છે, **'आत्मवत् सर्वभूतेषु सुखे दुःखे प्रियाप्रिये'** અર્થાત્ વ્યક્તિએ સુખ કે દુઃખ પ્રીતિકર કે અપ્રીતિકર વિચાર, વાણી અને વર્તનમાં પોતાના આત્માની જેમ વર્તવું જોઇએ. જે વ્યવહાર પોતાને પ્રિય નથી તેવો વ્યવહાર બીજા પ્રાણીઓને કેવી રીતે પ્રીતિકર થાય. સુતરાં અપ્રીતિકર બને છે માટે જીવ પોતાની સાથે જેવું ઇચ્છે છે તેવું જ બીજા જીવ પ્રત્યે દાખવે તો રાગ કે દ્વેષ થવાનો પ્રશ્ન જ નથી રહેતો.

**अपिवणिज्जोदग - अपानीयोदक ( पुं. )**

(જેનું પાણી પીવા યોગ્ય ન હોય તેવો મેઘ)

**अपिसुण - अपिशुन ( त्रि. )**

(ચાડી-ચુગલી ન કરનાર, ૨. છેદન-ભેદન ન કરનાર)

ખેડુત ખેતરમાં આવતા પશુ પંખીને ઉડાડવા માટે એક પૂતળું મૂકે છે જેને લોકો ચાડિયાના નામથી ઓળખે છે. ચાડિયાનું કામ હોય

છે કોઈને નજીક નહીં આવવા દેવાનું. જો એક નિર્જીવ કહેવાતા ચાડિયા જોડે પશુઓ પણ નથી ફરકતા તો પછી જેઓ સજીવ ચાડી-ચુગલી કરનારા ચાડિયા છે તેની નજીક કયો બુદ્ધિશાળી આવે ? સર્વ સાથે સુમેળને ઇચ્છનાર પુરુષે પિશુનતાનો ત્યાગ કરવો જોઈએ.

**अपीइकारग - अप्रीतिकारक ( त्रि. )**

(અમનોજ્ઞ, જેનાથી અપ્રીતિ ઉપજે તેવું)

યોગશાસ્ત્રમાં કલિકાલ સર્વજ્ઞ ભગવંતે લખ્યું છે કે જે પુરુષ કામણગારી સ્ત્રીના રૂપની પાછળ એકદમ ગાંડો ઘેલો થઈ જાય છે તે પુરુષ સ્ત્રીની ઉપરની ગોરી ચામડીની નીચે રહેલા અશુચિના ઢગલાને જોઇ નથી શકતો. જો કદાચ એવું બની જાય કે ઉપરનું રૂપ અંદર અને અંદરનું રૂપ ઉપર આવી જાય તો તે અમનોજ્ઞરૂપ જોઇને કામી પુરુષ પણ સ્ત્રીથી હજારો યોજન દૂર ભાગે.

**अपीइगरहिय - अप्रीतिकरहित ( त्रि. )**

(અપ્રીતિરહિત, પ્રીતિ કરાવનારું)

**अपीइतर - अप्रीतितर ( त्रि. )**

(અત્યંત અપ્રીતિકર, અતિ અમનોજ્ઞ, ખૂબ અસુંદર)

**अपीड ( ल ) णया - अपीडनता ( स्त्री. )**

(પીડાનો અભાવ, પીડા ન ઉપજાવવી તે)

**अपीडिय - अपीडित ( त्रि. )**

(તપ સંયમાદિ પીડાથીરહિત, જેને પીડાનો અભાવ છે તે)

પૂર્વાચાર્ય રચિત પંચસૂત્રના ચોથા સૂત્રમાં કહેલું છે કે, શ્રમણ સંયમ અને તપની ક્રિયા વડે આશ્રવોનો નિરોધ કરનાર અને દુષ્ટ કર્મોની નિર્જરા કરનાર અનશનાદિ કષ્ટસાધ્ય ક્રિયાથી ક્યારેય પણ પીડા પામતા નથી. તેઓ દરેક અવસ્થામાં પીડારહિત હોય છે.

**अपुच्छिय - अपृष्ट ( त्रि. )**

(પૃચ્છારહિત, પૂછ્યા વિનાનું, જેને પૂછવામાં નથી આવ્યું તે)

દશવૈકાલિકસૂત્રમાં શય્યંભવસૂરિ મહારાજ જણાવે છે કે, હે સંયમી જીવ! બે જણ બોલતા હોય ત્યારે તને જ્યાં સુધી પૂછવામાં ન આવે ત્યાં સુધી તારે એકપણ શબ્દ ઉચ્ચારવો નહીં અને જ્યારે પૂછવામાં આવે ત્યારે વિચાર્યા વિના ક્યારેય બોલવું નહિ.

**अपुज्ज - अपूज्य ( त्रि. )**

(અવંદનીય, પૂજાને અયોગ્ય)

સુભાષિતોમાં કહેવામાં આવેલું છે કે, જ્યાં આગળ અવંદનીય અને અપૂજનીય લોકો પૂજાય છે તથા જેઓ ખરેખર પૂજાને યોગ્ય છે તેવા પૂજ્યોનો જ્યાં અનાદર કરવામાં આવે છે ત્યાં આપત્તિઓ વિના આમંત્રણે પહોંચી જતી હોય છે.

**अपुट्ठ - अपुष्ट ( त्रि. )**

(દુર્બલ, કૃશ, પુષ્કળ નથી તે)

એક મુનિ કે જેમનું નામ તો પુષ્યમિત્ર મુનિ હતું છતાં પણ તેઓ લોકોમાં દુર્બલિકા પુષ્યમિત્રના નામે પ્રસિદ્ધિ પામ્યા હતા. તેનું કારણ એ હતું કે તેઓ દરરોજ એક ઘડો ભરીને ઘી પીવા છતાં પણ એકદમ દુર્બળ રહેતા હતા. તેમનું શરીર હૃષ્ટ-પુષ્ટ થતું જ ન હતું. તેનું એકમાત્ર કારણ હતું અપૂર્વ એવો સ્વાધ્યાય. તેઓ દિન-રાત, ખાતાં-પીતાં, ઊઠતા-બેસતા સતત સ્વાધ્યાયમાં મગ્ન રહેતા હતા અને તેમનો સ્વાધ્યાયાગ્નિ તેમણે આરોગેલા ઘીને સ્વાહા કરી નાખતો હતો.

**★अपृष्ट ( त्रि. )**

(જેને પૂછવામાં નથી આવ્યું તે, પૃચ્છારહિત)

**अपुट्ठधम्म - अपुष्टधर्मन् ( पुं. )**

(અગીતાર્થ, જેને આત્મામાં ધર્મ સ્પર્શ્યો નથી તે)

સર્વજ્ઞ પ્રણીત શ્રુતના અધ્યયન દ્વારા અને પંચમહાવ્રતરૂપ ચારિત્રના પાલન દ્વારા પોતાના આત્માને ભાવિત કર્યો છે તેવા ગીતાર્થ શ્રમણનો ધર્મ પુષ્ટધર્મ કહેવાય છે. કિંતુ જે શ્રુતના ભાવો અને ચારિત્રના પરિણામોને સ્પર્શ્યા જ નથી તેવા અગીતાર્થ સાધુ અપુષ્ટધર્મા છે.

**अपुट्ठलाभिय - अपृष्टलाभिक ( पुं. )**

(અભિગ્રહવિશેષધારી સાધુ)

જે સાધુએ એવો અભિગ્રહ ધારણ કર્યો હોય કે ભિક્ષા લેવા જે ઘરમાં જાઉં અને ત્યાં દાતા 'શું આપું' એમ પૂછ્યા વિના તે જે સૂઝતો આહાર આપે તે ચૂપચાપ ગ્રહણ કરવો. આવા અભિગ્રહધારી સાધુઓને શાસ્ત્રકારોએ અપૃષ્ટલાભિક કહેલા છે.

**अपुट्ठवागरण - अपृष्टव्याकरण ( न. )**

(પૂછવામાં આવેલું ન હોય છતાં કથન કરવું તે)

વાગરણ શબ્દ પ્રાકૃતમાં બોલાય છે એને સંસ્કૃતમાં વ્યાકરણ કહે છે. તેનો અર્થ થાય છે બોલવું-કહેવું. ભગવતીસૂત્ર આગમમાં વ્યાકરણ બે પ્રકારે કહેલું છે. તેમાં જે પદાર્થો કે વિષયોને પૂછવામાં આવેલા ન હોય છતાં લોકોપકારક હોય તેવા વિષયોનું પણ કથન જેમાં કરવામાં આવેલું હોય તેને અપૃષ્ટવ્યાકરણ કહેવાય છે.

**अपुट्ठालंबण - अपुष्टालम्बन ( न. )**

(શિથિલ આલંબન, અદૃઢ હેતુ)

ધર્મરાજ્યમાં ચાલવાના બે માર્ગ છે ૧. રાજમાર્ગ- ઉત્સર્ગમાર્ગ અને ૨. આપદ્‌માર્ગ-અપવાદમાર્ગ. આ બે માર્ગોથી ધર્મનું પાલન થઇ શકે છે. મુખ્યતયા તો રાજમાર્ગ એ જ મુખ્ય માર્ગ છે. પરંતુ કારણવશાત્ સંજોગ-પરિસ્થિતિવશાત્ કોઇ એવું દૃઢ કારણ આવી પડે તો સમાધિ કે સંયમ ટકાવવા માટે શાસ્ત્રમાં અપવાદમાર્ગની પણ વ્યવસ્થા મૂકવામાં આવેલી છે. પરંતુ જે સંયમમાં કાયર જીવ અપરિહાર્ય કારણ ન હોવા છતાં અપવાદમાર્ગનું સેવન કરે છે તે આત્મવંચક છે.

**अपुणकरणसंगय - अपुनःकरणसंगत ( त्रि. )**

(ફરી એવું મિથ્યાચરણ નહીં કરું તેવા નિશ્ચયવાળો)

૧. પૂર્વે થયેલા પાપોની નિંદા ૨. વર્તમાનકાળમાં કોઇ પાપનું આચરણ ન હોય તથા ૩. જે પાપ થઇ ગયું છે એવું પાપ ફરી ક્યારેય નહીં કરું એવી પ્રતિજ્ઞા જીવ જ્યારે કરે છે ત્યારે પાપોનું સાચું પ્રાયશ્ચિત્ત થાય છે અને તેને પાપમાંથી મુક્તિ મળે છે.

**अपुणच्चव - अपुनश्च्यव ( पुं. )**

(પુનઃ મરણનો અભાવ, દેવયોનિમાંથી ચ્યવીને પુનઃ તિર્યંચાદિ યોનિમાં ઉત્પન્ન ન થવું તે)

**अपुणबंधय - अपुनर्बन्धक ( पुं. )**

(પુનઃ ક્યારેય પણ મોહનીય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિને ન બાંધનાર જીવ, રાગ-દ્વેષની મજબૂત ગાંઠ જેણે ભેદી છે તે)

અપુનર્બંધકનો અર્થ થાય છે કે, મોહનીય કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિને પુનઃ ન બાંધનાર. રાગ-દ્વેષની ગ્રંથિના ભેદ પૂર્વે જીવ જેવા તીવ્ર પરિણામોથી કર્મોની સ્થિતિઓ બાંધતો હતો તેવી ઉત્કૃષ્ટ સ્થિતિ ગ્રંથિભેદ પછી નથી બાંધતો. કારણ કે ત્યારે તીવ્ર કાષાયિક પરિણામોનો અભાવ હોય છે. અલબત્તા કર્મોનો બંધ તો કરે છે કિંતુ હલકો. માટે ઉત્કૃષ્ટ સ્થિતિબંધના અભાવવાળા જીવને અપુનર્બંધક કહેવામાં આવે છે.

**अपुणब्भव - अपुनर्भव ( त्रि. )**

(જેનો ફરીથી જન્મ નથી થવાનો તે, પુનર્જન્મરહિત-સિદ્ધ)

**अपुणब्भाव - अपुनर्भाव ( त्रि. )**

(ફરીવાર નહીં થનાર ભાવ, ફરીવાર નહીં થનારા કર્મ, અપુનર્બંધકાવસ્થા)

**अपुणरागम - अपुनरागम ( त्रि. )**

(નિત્ય ૨. જેનું ફરી આગમન નથી તે, સિદ્ધ ૩. મોક્ષ, મુક્તિ)

**अपुणरावत्तय - अपुनरावर्तक ( पुं. )**

(જેને સંસારમાં પુનઃ નથી આવવાનું તે, સિદ્ધાત્મા ૨. મોક્ષ)

સંસારમાં પુનઃ પુનઃ જન્મ અને મરણનું બીજ છે રાગ અને દ્વેષ. સિદ્ધગતિમાં બિરાજમાન શુદ્ધ આત્મસ્વરૂપવાળા સિદ્ધ ભગવંતોએ તે પુનઃ પુનઃ આવર્તન કરાવનાર બીજ સ્વરૂપ રાગ-દ્વેષનો સર્વથા ક્ષય કરેલો હોવાથી તેઓ અપુનરાવર્તક છે.

**अपुणराविति - अपुनरावृत्ति ( पुं. )**

(સંસારમાં જેનું પુનરાગમન નથી તે, સિદ્ધ ભગવંત, પુનરાવૃત્તિનો અભાવ, સિદ્ધસ્થાન)

**अपुणरुत्त - अपुनरुक्त ( त्रि. )**

(ફરીવાર નહીં કહેવાયેલું, પુનરુક્તિ દોષરહિત)

જે વાત એકવાર કહી દીધી હોય એ જ વાતને ફરીવાર કહેવી તે પુનરુક્તિ છે. નૂતન કાવ્ય કે ગ્રંથની રચના માટે તે હેયરૂપે છે. અર્થાત્ કોઈપણ નવ્યગ્રંથની રચનામાં પુનરુક્તિ દોષને ટાળવો જોઈએ અન્યથા તે સદોષ હોઈ વિદ્વદ્ભોગ્ય બનતી નથી.

**अपुण्ण - अपुण्य ( त्रि. )**

(પુણ્યહીન, અભાગી, નિષ્પુણ્યક ૨. તીવ્ર અશાતાવેદનીય કર્મવાળો ૩. પાપાચારી અનાર્ય)

ઉપમિતિ ભવપ્રપંચા કથામાં નિષ્પુણ્યક જીવનું વર્ણન આવે છે. તેમાં તેની જે દુર્દશાનું વર્ણન કરવામાં આવ્યું છે તે વાંચીને દરેક જીવને એમ જ લાગે કે, જાણે આ મારી જ વાત છે. તેમાં દ્રવ્યથી નિષ્પુણ્યક નહીં કિંતુ જે જિનશાસન વિહોણો છે, જેને જિનધર્મ, જિનદેવ અને સદ્ગુરુની પ્રાપ્તિ નથી થઈ તેને પુણ્યહીન કહેલો છે. જૈનકુળમાં જન્મ લેવા માત્રથી સપુણ્યક નથી બની જવાતું પણ ભાવથી એ તત્ત્વોનો સ્વીકાર કરવાથી સપુણ્યક બનાય છે.

**★अपूर्ण ( त्रि. )**

(જે પૂર્ણ નથી તે, પૂર્ણતારહિત, અપૂર્ણ)

**अपुण्णकप्प - अपूर्णकल्प ( पुं. )**

(અસમાપ્ત કલ્પ, કલ્પ-આચાર સમાપ્ત નથી થયો તે)

**अपुण्णकप्पिय - अपूर्णकल्पिक ( पुं. )**

(અસહાય એવો ગીતાર્થ, નિઃસહાય ગીતાર્થ-સાધુ)

**अपुत्त - अपुत्र ( त्रि. )**

(જેને પુત્ર નથી તે, બંધુજનરહિત ૨. નિર્મમ)

**'अपुत्रस्य गतिर्नास्ति'** અર્થાત્ લૌકિક શાસ્ત્રોમાં એવી માન્યતા પ્રવર્તે છે કે વંશને આગળ વધારનાર સંતાન જેને નથી, જે પુત્રરહિત છે, તેવી વ્યક્તિની સદ્ગતિ થતી નથી. આ વાત માત્ર કપોળકલ્પિત અને ભવાભિનંદી જીવોની બુદ્ધિની નિષ્પત્તિ છે. કેમ કે શુદ્ધ વૈદિક તેમજ જૈન શાસ્ત્રોમાં તો પુત્ર, પત્ની સ્વજનાદિને તો સંસારજાળમાં બાંધી રાખનાર તત્ત્વો કહેલા છે.

**अपुम - अपुंस् ( पुं. )**

(નપુંસક, નાન્યતર, પુરુષાતનરહિત)

શાસ્ત્રમાં નપુંસક બે પ્રકારે કહેલા છે. ૧. દ્રવ્ય નપુંસક અને ૨. ભાવ નપુંસક. જે પુરુષ કે સ્ત્રીના બાહ્યલિંગ અથવા વ્યવહાર સ્ત્રી કે પુરુષને ઉચિત ન હોય તે દ્રવ્ય નપુંસક જાણવા તથા જે જીવ પુરુષ કે સ્ત્રી હોવા છતાં જેનામાં આત્મવીર્યરૂપી પુરુષત્વનો અભાવ હોય, જે કાયિક કષ્ટના ભયથી ધર્મક્રિયા કરવામાં ડરતા હોય, તેવા જીવો ભાવ નપુંસક છે.

**अपुरक्कार - अपुरस्कार ( पुं. )**

(અસત્કાર, અનાદર)

નામકર્મની પ્રકૃતિમાં એક કર્મ હોય છે અનાદેય નામકર્મ. આ કર્મના ઉદયમાં વર્તતો જીવ ક્યારેય પ્રશંસાને પ્રાપ્ત કરતો નથી. તે જીવ ગમે તેટલો ગુણવાન હોય કે સત્કર્મને કરનારો હોય છતાં પણ લોકમાં તે અનાદેયકર્મને કારણે અનાદરને પ્રાપ્ત કરતો હોય છે. લોકમાં તે ગુણીજનને મળતા આદર-સત્કારથી વંચિત રહે છે.

**अपुरक्कारगय - अपुरस्कारगत ( त्रि. )**

(અનાદરને પ્રાપ્ત થયેલું, સર્વત્ર અવજ્ઞાનું પાત્ર થયેલું)

**अपुरव - अपूर्व ( त्रि. )**

(પૂર્વે ક્યારેય જોયું કે સાંભળ્યું ન હોય તેવું)

**अपुरिस - अपुरुष ( पुं. )**

(નપુંસક, પુરુષત્વનો અભાવ)

**अपुरिसक्कारपरक्कम - अपुरुषकारपराक्रम ( त्रि. )**

(પુરુષત્વને ઉચિત પરાક્રમ વિનાનો, મનુષ્ય તરીકે છાજતા પુરુષાતનથી રહિત)

પરાક્રમ એ પુરુષત્વને ઉજાગર કરતો ઉત્તમ ગુણ છે. આ ગુણના પ્રતાપે વ્યક્તિ અસાધ્ય કાર્યો કરવામાં જરાપણ અચકાતો નથી અને પરાક્રમી પુરુષ સર્વસિદ્ધિઓને ચપટી વગાડતામાં સાધી લે છે. વિપાકસૂત્રમાં કહેલું છે કે, જે વ્યક્તિ સ્વાભિમાન રહિત હોય છે તે કાયર છે. પરાક્રમના અભાવે તેઓ પોતાની પણ રક્ષા કરી શકતા નથી. પછી બીજાની તો વાત જ ક્યાં રહી.

**अपुरिसवाय - अपुरुषवाद ( च् ) - ( पुं., स्त्री. )**

(નપુંસકવાદ, કોઇની નપુંસક તરીકેની અફવા ફેલાવવી તે, કોઈના ઉપર નપુંસકપણાનો આરોપ મૂકવો તે)

અવર્ણવાદ તે અત્યંત ખરાબ દુર્ગુણ છે. માટે જ પરમાત્માએ કોઇપણ પ્રકારનો અવર્ણવાદ કરવાનો નિષેધ ફરમાવેલો છે. પ્રાચીન કાળમાં એક વ્યક્તિ બીજા વ્યક્તિ પર, એક ધર્મ બીજા ધર્મ પર અને એક રાજા બીજા રાજા પર આક્ષેપ-પ્રત્યાક્ષેપ કરતા હતા. એક રાજા બીજા રાજા પર નપુંસકનો આરોપ મૂકીને તેને ઉશ્કેરતા જેથી યુદ્ધ કરીને તેનું રાજ્ય પચાવી શકે.

**अपुरोहिय - अपुरोहित ( त्रि. )**

(જ્યાં પુરોહિત નથી તેવું સ્થાન આદિ, જ્યાં તથાવિધ પ્રયોજનના અભાવે પુરોહિત નથી તે સ્થાન)

**अपुव्व - अपूर्व ( त्रि. )**

(નવું, વિલક્ષણ ૨. પૂર્વે ન અનુભવેલું હોય તેવું, ત્રણ કરણમાંનું એક કરણ, અપૂર્વકરણ)

સમ્યક્ત્વ પ્રાપ્તિના ત્રણ ચરણ મૂકવામાં આવેલા છે, તે કરણત્રિકના નામે પણ ઓળખાય છે. તેના નામ ક્રમશઃ ૧. યથાપ્રવૃત્તકરણ ૨. અનિવૃત્તિકરણ અને ૩ અપૂર્વકરણ છે. જીવ આ ત્રણ કરણ કર્યા પછી જ સમ્યક્ત્વને પ્રાપ્ત કરી શકે છે.

**अपुव्वकरण - अपूर्वकरण ( न. )**

(આઠમું ગુણસ્થાનક, સ્થિતિઘાત રસઘાતાદિ પાંચેય ભાવો જે પૂર્વે નથી થયા તે એક સાથે થાય તેવો પરિણામ વિશેષ)

આત્માની વિશેષશુદ્ધિને આશ્રયીને જીવ આઠમા ગુણસ્થાનકે અપવર્તનાદિ દ્વારા સ્થિતિઘાત, રસઘાત, ગુણશ્રેણિ, ગુણસંક્રમ અને અન્યસ્થિતિબંધ એ પાંચની અપૂર્વ અર્થાત્ પહેલી જ વાર એકસાથે નિષ્પત્તિ કરતો હોવાથી અપૂર્વકરણ કહેવામાં આવે છે. કર્મગ્રંથમાં આની વિસ્તૃત ચર્ચા કરવામાં આવેલી છે.

**अपुव्वकरणगुणट्ठाण - अपूर्वकरणगुणस्थानक ( न. )**

(આઠમું ગુણસ્થાનક, અપૂર્વકરણ ગુણસ્થાનક)

અપૂર્વકરણ નામક આઠમું ગુણસ્થાનક અંતર્મુહૂર્તકાળ પ્રમાણ કહેલું છે. તેમજ ત્રણેય કાળના જીવોને આશ્રયીને આ ગુણસ્થાનકે અસંખ્યલોકાકાશ પ્રમાણ અધ્યવસાયો હોય છે. આ ગુણસ્થાનકમાં પ્રવેશેલા જીવોના અધ્યવસાય સ્થાનો પરસ્પર વ્યાવૃત્તિ એટલે કે પાછા ફરવારૂપ નિવૃત્તિપણે હોવાથી તેને નિવૃત્તિગુણસ્થાનક પણ કહેવાય છે.

**अपुव्वणाणग्गहण - अपूर्वज्ञानग्रहण ( न. )**

(નવું નવું જ્ઞાન પ્રાપ્ત કરવું તે ૨.અઢારમું તીર્થંકરનામકર્મબંધનું કારણ)

આચારાંગસૂત્રમાં ફરમાવ્યું છે કે, સમ્યગ્જ્ઞાન એ મોહનું મારક શસ્ત્ર છે આથી પ્રત્યેક શ્રાવક અને શ્રમણે દરરોજ નવા નવા શાસ્ત્રોનો અભ્યાસ કરીને જ્ઞાન પ્રાપ્ત કરવું જોઇએ. નિરંતર નૂતન જ્ઞાન મેળવવાના ત્રણ ફાયદા છે ૧. અશુભકર્મોનો ક્ષય થાય છે ૨. પ્રમાદ ક્યારે આવતો નથી અને ૩. કંઈક નવું શીખવા અને જાણવા મળે છે. તીર્થંકર નામકર્મબંધના વીશ કારણોમાંનું એક કારણ

અપૂર્વજ્ઞાનની પ્રાપ્તિ કરવી તે છે.

**अपु ( प्पु ) स्सुय - अल्पोत्सुक ( त्रि. )**

(વિહ્વળતા રહિત, અવિમનસ્ક, ઉછાંછળાપણાથી રહિત)

**अपुहत्त - अपृथक्त्व ( त्रि. )**

(નિરંતર સંયમયોગમાં વર્તનાર, સંયમના યોગોથી અભિન્ન)

સંયમનો અર્થ થાય છે નિયમન. જે યોગો જીવના સંસારને અને અશુભ કર્મોને નિયમનમાં રાખે તે સંયમયોગ બને છે. જે સાધુ નિરંતર ચારિત્રના યોગોમાં પ્રવૃત્ત છે તેનો સાગર જેટલો સંસાર ખાબોચિયા જેવડો થઇ જાય છે અને મુક્તિવધૂને વહેલા વરે છે.

**अपुहत्ताणुओग - अपृथक्त्वानुयोग ( पुं. )**

(અનંતાગમા પર્યાયવાળો અનુયોગનો એક ભેદ)

દશવૈકાલિકસૂત્રમાં અપૃથક્ત્વાનુયોગની વ્યાખ્યા કરતા કહ્યું છે કે, એક જ સૂત્રમાં બધી જ ચરણસિત્તરી આદિની પ્રરૂપણા કરવામાં આવી હોય તે સૂત્ર અપૃથક્ત્વાનુયોગ કહેવાય છે. કેમ કે સૂત્ર હોય તો પણ તે અનંત આગમના પર્યાયવાળું હોય છે.

**अपूया - अपूजा ( स्त्री. )**

(પૂજાનો અભાવ)

જે આત્માને અને જીવનને પવિત્ર કરે તે પૂજા કહેવાય છે. પૂર્વના કાળમાં સવાર સાંજ મંદિરમાં પરમાત્માની, ઘરમાં માતા-પિતાની અને વ્યવહારમાં ગુરુજનની પૂજા કરવામાં આવતી હતી. તેમનું સન્માન કરવામાં આવતું હતું. આજે સવાર પડે છે ને સતત મોબાઇલની રીંગોથી ઘર માતા-પિતાની પૂજા વિનાનું, દિવસ પરમાત્મદર્શન વિનાનો અને જીવનમાં કોઇ ગુરુ કે વડીલ રાખ્યા જ ન હોય ત્યાં પૂજા ક્યાંથી થવાની. એટલે પૂજા વિના જીવન પવિત્ર નથી થતું તો આત્મા પવિત્ર ક્યાંથી થાય ?

**अपूरेंत - अपूरयत् ( त्रि. )**

(આચરણ ન કરતો)

**अपेय - अपेय ( त्रि. )**

(પીવાને અયોગ્ય, મદ્ય-માંસાદિ)

જે આહાર-પાણી લોકવિરુદ્ધ કહેવાતા હોય, લોકો જેની નિંદા કરતા હોય તેવું માંસાદિનું ભોજન અભોજ્ય અને મદ્યાદિનું પાન અપેય કહેવાય છે. અભોજ્ય અને અપેયથી જેણે પોતાનું તન ભ્રષ્ટ કર્યું હોય તેનું મન પણ ભ્રષ્ટ થાય છે અને જેનું મન ભ્રષ્ટ તેનું જીવન પણ ભ્રષ્ટ થઇ જાય છે. પછી સદ્ગતિ તો આપોઆપ ભ્રષ્ટ જ સમજી લેવી રહી.

**अपेयचक्खु - अपेतचक्षुष् ( त्रि. )**

(ચક્ષુરહિત, નેત્ર વિનાનો, અંધ)

**अपेहय - अपेक्षक ( त्रि. )**

(કર્મનિર્જરાની અપેક્ષા રાખનાર)

શારીરિક અને આર્થિક રીતે સક્ષમતા વગરનો આઠવર્ષીય બાળક જો તમારી જોડે અપેક્ષા રાખે તો જેણે આખી જીંદગી તમારી જરૂરિયાતો પૂરી કરવામાં કાઢી નાખી તે માતા-પિતા તમારી જોડે કોઇ અપેક્ષા રાખે તો તેમાં ખોટું શું છે ? તેમની અપેક્ષાની પૂર્તિ કરવી એ તો કર્તવ્ય બને છે. આ કર્તવ્યપાલનને રખેને બોજો ગણી લેતા. કેમ કે આવતી કાલે તમારો પણ વારો છે જ.

**अपोग्गल - अपुद्गल ( पुं. )**

(જેને પુદ્ગલ નથી તે, પુદ્ગલરહિત ૨. સિદ્ધ ભગવંત)

જ્યાં પુદ્ગલ છે ત્યાં સંસાર છે અને જ્યાં સંસાર છે ત્યાં અસારતા છે. પુદ્ગલોની માયા, મમતા વગેરે આ સંસારમાં જ છે. જેઓ પુદ્ગલોથી પર છે એવા સિદ્ધ ભગવંતો તો પુદ્ગલમય સંસારનો ત્યાગ કરીને સારભૂત એવી સિદ્ધશિલાના સુખોમાં મહાલતા હોય છે.

**अपोरिसिय – अपौरुषिक ( त्रि. )**

(પુરુષ પ્રમાણથી અધિક અગાધ જલાદિ)

**अपोरिसीय – अपौरुषेय ( त्रि. )**

(પુરુષ પ્રમાણથી અધિક અગાધ જલાદિ ૨. જે પુરુષરચિત ન હોય તે-વેદ)

વૈદિકોમાં જેમ ચાર વેદોને અપૌરુષેય માનવામાં આવે છે તેવી રીતે જિનશાસનમાં નવકાર મંત્રને પણ અપૌરુષેય ગણવામાં આવે છે. નમસ્કાર મહામંત્ર અનાદિકાળથી છે અને અનંતકાળ સુધી રહેવાનો છે. તેનો કોઇ કર્તા નથી. માટે અપૌરુષેય છે.

**अपोह – अपोह ( पुं. )**

(નિશ્ચય ૨. મતિજ્ઞાનનો ત્રીજો ભેદ ૩. તર્ક, વિશિષ્ટ જ્ઞાન, બુદ્ધિનો છઠ્ઠો ગુણ ૪.પૃથગ્ભાવ, ભિન્નતા)

મતિજ્ઞાનના ભેદમાં ત્રીજા નંબરનો ભેદ આવે છે અપોહ. કોઇ વસ્તુનો સ્પર્શ થયા પછી તે સંબંધી મનમાં વિચારણા કરવી તે ઇહા કહેવાય છે. ઇહા થયા બાદ સાચી વસ્તુનો નિશ્ચય કરવો તે અપોહ કહેવાય છે. તેનું બીજુંનામ અપાય પણ છે.

**अप्प – अल्प ( त्रि. )**

(થોડુંક, અલ્પ, સ્તોક ૨. અભાવ)

**अप्प ( ण् ) – आत्मन् ( पुं. )**

(આત્મા, જીવ ૨. સ્વયં, પોતે ૩. શરીર ૪. સ્વરૂપ ૫. પ્રયત્ન ૬. મન ૭. બુદ્ધિ ૮. અગ્નિ ૯. વાયુ ૧૦. સૂર્ય)

ઉત્તરાધ્યયનસૂત્રના પ્રથમ અધ્યયનમાં આત્માની વ્યાખ્યા કરતાં લખ્યું છે કે, **'अतति सततं गच्छति विशुद्धिसंक्लेशात्मक-परिणामान्तराणीत्यात्मा'** અર્થાત્ જે કર્મક્ષયના કારણભૂત વિશુદ્ધિ અને આત્માને મલિન કરનારા સંક્લેશાદિ પરિણામોમાં વર્તે તે આત્મા છે.

**अप्पउलदुप्पउलतुच्छभक्खणय – अपक्वदुष्पक्वतुच्छभक्षणक ( न. )**

(અપક્વ-દુષ્પક્વ-તુચ્છ આહારનું ભોજન કરવું તે)

શ્રાવકસંબંધી બાર વ્રતોમાંના સાતમાં ભોગોપભોગપરિમાણ વ્રતમાં લાગતા અતિચારમાં એક અતિચાર છે અપક્વ-દુષ્પક્વ અને તુચ્છ આહારનું ભોજન કરવું તે. જે અગ્નિના તાપથી અસંસ્કૃત હોય તે અપક્વ છે. જે કાચું-પાકું સીઝેલું હોય તે દુષ્પક્વ અને જેમાં ખાવાનું ઓછું અને ફેંકવાનું વધારે હોય તેવા બોર આદિ ફળોનું ભક્ષણ તે શ્રાવકના વ્રતોને મલિન કરનાર અતિચાર છે.

**अप्पओयण – अप्रयोजन ( न. )**

(નિષ્કારણ, પ્રયોજનનો અભાવ, અનુપયોગ, અનર્થ)

**अप्पंड – अल्पाण्ड ( त्रि. )**

(જ્યાં કીડી વગેરેના ઈંડા નથી તેવું સ્થાન આદિ-અહીં અલ્પ શબ્દ અભાવના અર્થમાં વપરાયો છે)

**अप्पकंप – अप्रकम्प ( त्रि. )**

(નિશ્ચલ, અવિચલિત, અચળ)

પ્રભુ વીરે ઇન્દ્રની શંકા દૂર કરવા અંગુઠા વડે જયારે મેરુ પર્વતને સ્પર્શ કર્યો ત્યારે અવિચલ એવો મેરુ પર્વત પણ વિચલિત થઇને ડોલવા લાગ્યો. અહીં આગળ કવિ કલ્પના કરે છે કે, મેરુ ડોલાયમાન નહોતો થયો કિંતુ જાણે કે તે પ્રભુસ્પર્શે નૃત્ય કરવા લાગ્યો હતો. તેણે વિચાર્યું કે અહીં આગળ અનંતા તીર્થંકરોના અભિષેક થયા કિંતુ એકપણ ભગવંતના સ્પર્શનો લહાવો મને નહોતો મળ્યો. આજે પરમાત્માએ મારી વર્ષોની ઇચ્છા પૂરી કરી દીધી.

**अप्पकम्म – अल्पकर्मन् ( त्रि. )**

(હળુકર્મી, જેને હવે થોડાક જ કર્મો ભોગવવાના રહ્યા છે તે)

મરુદેવી માતાનો આત્મા અત્યંત હળુકર્મી હતો. એકેંદ્રિયના ભવમાં તેઓએ આવેલ કષ્ટને સમતાપૂર્વક સહન કર્યું. જેના કારણે તેઓ સીધા પંચેંદ્રિયના ભવમાં મરુદેવી રાણી બન્યા અને તે જ ભવમાં તેઓ કેવલજ્ઞાન પ્રાપ્ત કરીને મોક્ષમાં સીધાવ્યા. મરુદેવી

માતાનો પ્રસંગ એક જ બોધ આપે છે કે સહન કરવામાં તમારા દુઃખો દૂર થાય છે અને તમારે સિદ્ધિની નજીક નહીં સિદ્ધિને તમારી નજીક આવવું પડે છે.

**अप्पकम्मतर - अल्पकर्मतर ( त्रि. )**

(અલ્પકર્મવાળો, જેના કર્મ થોડાંક જ રહ્યાં છે તે)

**अप्पकम्मपच्चावाय - अल्पकर्मप्रत्यायात ( त्रि. )**

(અલ્પકર્મ સાથે મનુષ્યયોનિમાં આવેલું, હળુકર્મી સાથે જન્મેલું)

જે જીવના સઘળાય કર્મો ક્ષય થવામાં આયુષ્યની માત્રા ઓછી પડી હોય તેવા અલ્પકર્મી જીવો લોકાંતિક કે અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થાય છે. ત્યાં તેઓ નિરાગીપણે દેવોના સુખો ભોગવીને અલ્પકર્મ સહિત મનુષ્યયોનિમાં ઉત્પન્ન થાય છે અને શેષ રહેલા સર્વ કર્મોનો ક્ષય કરીને સિદ્ધ, બુદ્ધ અને મુક્ત યોગી બને છે.

**अप्पकाल - अल्पकाल ( त्रि. )**

(અલ્પકાળવાળો, થોડોક કાળ)

જેમના પૂર્વો, પલ્યોપમ અને સાગરોપમના આયુષ્ય હતા તેવા આત્માઓ પણ કાળના ખપ્પરમાં હોમાઇ ગયા છે. તો પછી અલ્પકાળના આયુષ્યવાળા આપણે કેટલા સમય સુધી યમરાજથી બચી શકશું. જો યમરાજના સકંજામાંથી બચવું જ હશે તો **'अरिहंते शरणं पवज्जामि'** વિના નહીં ચાલે.

**अप्पकिरिय - अल्पक्रिय ( त्रि. )**

(જેને થોડી જ ક્રિયા લાગે છે તે, જેને અલ્પ કર્મબંધ લાગે છે તે)

સશરીરી આત્મા પર અનાદિકાળથી કર્મો લાગેલા છે. પ્રત્યેક ક્ષણે આયુષ્ય સિવાયની સાત કર્મપ્રકૃતિનો બંધ ચાલ્યા જ કરે છે. ભગવંત કહે છે કે હે આત્મન્! તારા આત્મા પર લાગેલા કર્મોની સર્વથા નિર્જરા અર્થાત્ ક્ષય કર. પરંતુ જો તારી એટલી ક્ષમતા ન હોય તો એક પ્રયત્ન તું હજુ કરી શકે છે. પ્રતિક્ષણ કર્મબંધ તો ચાલુ જ છે પરંતુ, તે કર્મનો બંધ અલ્પ થાય તે રીતની પ્રવૃત્તિ કર. કેમ કે અલ્પ કર્મબંધ તને આવનારી ઘણી બધી મુસીબતોથી બચાવશે. જેમ કે શૂળીનો ઘા સોયથી ટળી જાય છે.

**अप्पकिरिया - अल्पक्रिया ( स्त्री. )**

(નિર્દોષ વસતિ, કાલાતિક્રમાદિ યથોક્ત દોષરહિત ઉપાશ્રય)

શાસ્ત્રીય ભાષામાં સાધુ માટે ઊતરવાના સ્થાનને વસતિ કહેવાય છે. ઓઘનિર્યુક્તિ આદિ ગ્રંથોમાં કેવી વસતિ નિર્દોષ અને કેવી વસતિ સદોષ કહેવાય તેનું નિરૂપણ કરીને શ્રમણે નિર્દોષ વસતિમાં જ ઊતરવું તેવો આદેશ ફરમાવ્યો છે. જ્યાં ભિક્ષા સુલભ હોય, સ્વાધ્યાય કરવાની સાનુકૂળતા હોય, ત્યાંનો માલિક અને લોકો ભદ્રિક હોય તથા જે સ્થાન આધાકર્મરહિત હોય તેવા ઉપાશ્રયને નિર્દોષ વસતિ કહેલો છે.

**अप्पकिलंत - अल्पक्लान्त ( त्रि. )**

(અલ્પ ખેદ કે પરિશ્રમવાળો ૨. ખેદ કે પરિશ્રમનો અભાવ છે જેને તે)

વાંદણાસૂત્ર તે ગુરુવંદના સૂત્ર છે. આ સૂત્રથી દિવસ દરમિયાન પોતાના તરફથી જે પણ અપરાધ થયો હોય તેની ગુરુ ભગવંત જોડે બહુમાનપૂર્વક ક્ષમાપના માગવામાં આવે છે. વંદનકસૂત્રમાં કહ્યું છે કે, હે ગુરુવર્ય! આખા દિવસ દરમ્યાન મારા તરફથી આપને અલ્પ પણ ખેદ કે પરિશ્રમ પહોંચ્યો હોય તો તેની ક્ષમા યાચું છું. આવો ઉત્કૃષ્ટ વિનય જૈનશાસનમાં જ જોવા મળશે.

**अप्पकुक्कुइय - अल्पकौकुच्य ( त्रि. )**

(અલ્પ સ્પંદનવાળું, હાથ-પગ-માથું વગેરે શરીરના અંગોને ન ધુણાવનાર)

કર્મક્ષય નિમિત્તે કરવામાં આવતો કાયોત્સર્ગ તે સઘળા બહિર્ભાવોના ત્યાગ અને આત્મામાં વાસ કરવા માટેનું ઉત્તમ અનુષ્ઠાન છે. કાયોત્સર્ગમાં આંખ, ભ્રમર, હાથ, પગ આદિના સ્પંદન એટલે હલનચલન વર્જીને એકમાત્ર શુદ્ધ આત્મસ્વરૂપી તીર્થંકર ભગવંતનું ધ્યાન ધરવાનું હોય છે.

**अप्पकोउहल्ल - अल्पकौतूहल ( त्रि. )**

(સ્ત્રી રૂપદર્શનાદિમાં કુતૂહલતારહિત)

જેઓ પરમબ્રહ્મના ધ્યાનમાં લીન છે એવા યોગી આત્માઓ કુતૂહલતારહિત હોય છે. તેમની સામે મિત્ર આવે કે દુશ્મન આવે, સ્ત્રી આવે કે પુરુષ આવે, સજ્જન આવે કે દુર્જન પરંતુ તેઓના ચિત્તમાં કોઇ જ ફરક પડતો નથી. તેઓ બાહ્યદષ્ટિએ ન જોતાં આત્મદષ્ટિએ દર્શન કરનારા હોય છે. તેમના ચિત્તમાં રાગ-દ્વેષના કોઇ તરંગો ઊઠતા જ નથી.

**अप्पकोह - अल्पक्रोध ( पुं. )**

(ક્રોધરહિત, ભાવ ઊણોદરીનો એક પ્રકાર)

ઊણોદરી એટલે જેટલી ભૂખ હોય તેનાથી બે ચાર કોળિયા ઓછા ખાવા તે. ઔપપાતિકસૂત્રમાં કહેલું છે કે ભૂખ કરતાં ઓછું ખાવું તે દ્રવ્ય ઊણોદરી જ્યારે આત્મામાં રહેલા ક્રોધાદિ કષાયોને અલ્પ કરવા તે ભાવ ઊણોદરી છે. એક વખત દ્રવ્ય ઊણોદરી નહીં થાય તો ચાલશે પરંતુ ભાવ ઊણોદરી તો પ્રત્યેક આરાધક જીવે કરવી જોઇએ.

**अप्पक्खर - अल्पाक्षर ( न. )**

(થોડાક શબ્દો, થોડાક અક્ષરો, અલ્પાક્ષર હોય તે-ગુણવત્સૂત્ર)

આગમાદિ ગ્રંથોમાં ઉપયુક્ત અક્ષરોને આશ્રયીને ચાર ભાંગા પ્રવર્તે છે. ૧. જેમાં અક્ષરો ઓછા હોય પણ અર્થ ઘણા હોય ૨. જેમાં અક્ષરો ઘણા હોય પરંતુ અર્થ અલ્પ હોય ૩. જેમાં અક્ષરો પણ ઓછા અને અર્થ પણ અલ્પ હોય તથા ૪. જેમાં અક્ષરો પણ ઘણા હોય અને અર્થો પણ વિશાળ હોય.

**अप्पग - आत्मन् ( पुं. )**

(સ્વયં, પોતે)

બીજાઓની સહાયતા કરવા માટે આત્મામાં પરોપકારની ભાવના જોઇએ. પરોપકારની શુભભાવના જન્મથી મળતી નથી કિંતુ સ્વપુરુષાર્થથી ઉત્પન્ન કરવાની હોય છે. સજ્જનોની આ ખાસિયત હોય છે કે તેઓ દુર્ગુણો સામે સ્વયંની આત્મરક્ષા કરી અન્યોને સહાયક બની જતા હોય છે.

**अप्पगास - अप्रकाश ( न. )**

(અંધકાર, અંધારું)

જેમ સૂર્યનો પ્રકાશ દૂર થતાં જ બિહામણો એવો અંધકાર આખા જગતને ઘેરી લે છે. તેમ જેના જીવનમાંથી દેવ-ગુરુ અને ધર્મરૂપી સૂર્યપ્રકાશ દૂર થાય છે તેના જીવનને રાગ-દ્વેષ-કષાયાદિ દોષોરૂપી ગાઢ અંધકાર ઘેરી વળે છે. એટલે જ તત્ત્વત્રયી જરૂરી છે.

**अप्पगुत्ता ( देशी-स्त्री. )**

(કૌંચ-કોચાનો વેલો, વનસ્પતિ વિશેષ)

**अप्पचिंतय - आत्मचिन्तक ( पुं. )**

(મરણ માટે અભ્યુદ્યત, મૃત્યુ માટે તૈયાર)

વ્યવહારસૂત્રમાં આત્મચિંતકનો અર્થ કર્યો છે કે, જે મરણ માટે અભ્યુદ્યત થયેલો હોય તે. જે જીવે પરમાત્માએ પ્રરૂપેલા ઉત્પત્તિ-વિનાશ અને ધ્રુવતાવાળી ત્રિપદીને સમ્યગ્ રીતે આત્મામાં પરિભાવિત કરી હોય છે તેને મૃત્યુનો ભય પણ સતાવતો નથી. તે તો આવનારા મરણ માટે સદૈવ તૈયાર જ હોય છે.

**अप्पछंदमइ - अल्पच्छन्दमति ( त्रि. )**

(સ્વચ્છંદ બુદ્ધિવાળો, સ્વેચ્છાચારી, પોતાની મતિ અનુસાર વર્તનારો)

નવો વિચાર, નવીન પ્રવર્તન જિનશાસનમાં આવકાર્ય છે, પરંતુ તે વિચારાદિ સર્વજ્ઞ પ્રરૂપિત આગમોની મર્યાદામાં રહીને. જેઓ શાસ્ત્રોની વાતોનું ઉલ્લંઘન કરીને સ્વમતિ અનુસાર અર્થો કરે છે તેવા સ્વેચ્છાચારીને નિહ્નવ તરીકે સંબોધવામાં આવેલા છે. ધ્યાન રાખજો, આપણાથી એવું કોઇ મિથ્યાવચન ન બોલાઈ જાય કે જેનાથી આપણે પણ નિહ્નવ યાને પાપી કહેવાઇએ.

**अप्पज्ज ( ण्णू ) - आत्मज्ञ ( त्रि. )**

(યથાર્થપણે આત્માને ઓળખનાર, આત્મજ્ઞ ૨. સ્વાધીન)

આચારાંગસૂત્રમાં આત્મા સંબંધી સૂત્ર કહેલું છે કે, '**जो एगं जाणइ सो सव्वं जाणइ**' અને '**जो सव्वं जाणइ सो एगं जाणइ**' અર્થાત્ જે એક આત્માને જાણે છે તે સર્વ વસ્તુને જાણે છે અને જે સર્વ વસ્તુ જાણે છે તે જ પોતાના આત્માને પણ જાણનારો હોય છે.

**अप्पजोइ - आत्मज्योतिष् ( पुं. )**

(જ્ઞાનસ્વરૂપ, જ્ઞાનાત્મક પુરુષ-આત્મા)

વેદોમાં આત્માને મન-વચન અને કાયાના યોગોથી પર રહેલ જ્ઞાનસ્વરૂપ કહેલો છે. જૈનદર્શનમાં પણ કહેલું છે કે આઠેય કર્મોનો ક્ષય કરનાર એવો આત્મા સિદ્ધશિલામાં માત્ર જ્ઞાનજ્યોતિ રૂપે બિરાજમાન રહેલો છે. ત્યાં આત્મા કેવળ જ્ઞાનરૂપે છે.

**अप्पज्झो ( देशी-त्रि. )**

(સ્વાધીન, આત્મવશ)

જે વ્યક્તિ ગાડીના કંટ્રોલમાં ન હોય, પરંતુ ગાડી જેના કંટ્રોલમાં હોય તેને ડ્રાઈવર કહેવાય. ગાડી તેની ઇચ્છા પ્રમાણે ચાલે. તેમ ખરો સ્વતંત્ર તો તેને કહેવાય કે જે પોતે કષાયોને આધીન નહીં કિંતુ કષાયો કરવા કે નહીં તે પોતાને આધીન હોય.

**अप्पझंझ - अल्पझञ्झ ( त्रि. )**

(ક્રોધ-કષાયયુક્ત વચન ન બોલનાર, ભાવ ઊણોદરી કરનાર)

**अप्पडिकंटय - अप्रतिकण्टक ( त्रि. )**

(જેનો કોઇ પ્રતિપક્ષી-મલ્લરૂપ કાંટો નથી તે, વિરોધીઓ વગરનો)

જેની વાણીમાં મીઠાશ હોય, જેની આંખોમાં નમણાશ હોય અને વર્તનમાં કુમાશ હોય તેવી વ્યક્તિનો કોઇ શત્રુ કે પ્રતિપક્ષી હોતો નથી. આવો અજાતશત્રુ જીવ લોકોની આંખોને ઠંડક આપનારો તથા હૃદયને આનંદ પમાડનારો લોકપ્રિય બને છે.

**अप्पडिवरिय - अप्रतिवृत्त ( पुं. )**

(પ્રદોષકાળ-સંધ્યાકાળ)

જે કાળમાં સ્વાધ્યાય કરવાનો નિષેધ કરવામાં આવ્યો હોય તેને અસજ્ઝાય કાળ કહે છે. શાસ્ત્રમાં અસજ્ઝાય વેળાના સમયો નિયત કરી આપેલા છે. તેમાં એક અસજ્ઝાય કાળ તરીકે સંધ્યા સમયને પણ ગ્રહણ કરવામાં આવેલો છે.

**अप्पण - आत्मीय ( त्रि. )**

(સ્વકીય, પોતાનું ૨. શરીર)

એકવાર નિષ્પક્ષપાત થઇને, મનમાં કોઇપણ જાતના સંકલ્પ-વિકલ્પો કે પ્રશ્નો વગરના થઇને જિનપ્રણીત તત્ત્વોનો અભ્યાસ કરવો જોઇએ. તે કર્યા પછી જ્યારે અન્યોના શાસ્ત્રો કે મતોને સાંભળશો તો તમને સત્ય અને અસત્યનો ભેદ સમજાશે. પરમાત્મા તમને તમારા પોતાના લાગશે. તેમણે કહેલ તત્ત્વ તમને મીઠાઈ કરતા પણ અધિક સ્વાદિષ્ટ લાગશે.

**अप्पणछंद - आत्मच्छन्द ( त्रि. )**

(સ્વતંત્ર, સ્વચ્છંદ)

**अप्पणट्ठ - आत्मार्थ ( त्रि. )**

(સ્વાર્થ, 'આનાથી મારી આજીવિકા ચાલશે' તેવું સ્વપ્રયોજન)

**अप्पणय - आत्मीय ( त्रि. )**

(સ્વકીય, પોતાનું)

**अप्पणाण - आत्मज्ञान ( न. )**

(આત્મજ્ઞાન, પ્રયોગમતિસંપદ્નો ભેદ)

ઉત્તરાધ્યયનસૂત્રના પંદરમાં અધ્યયનમાં કહેલું છે કે, આચાર્યાદિ શ્રમણ સામે જ્યારે વાદ કરવાનો કે સત્ય સાબિત કરવાનો પ્રસંગ

આવે ત્યારે ચર્ચા કરતા પૂર્વે પ્રથમ આત્મ વિચારણા કરે કે, આ પ્રતિપક્ષી જોડે વાદ કરવા માટે હું સક્ષમ છુ કે નિર્બળ ? તેવા હિતાહિતનો વિચાર કર્યા પછી જ ચર્ચા કરે અથવા કોઇપણ તરકીબ કરીને ત્યાંથી નીકળી જાય. આ વિચારણાને આત્મજ્ઞાન કહેવામાં આવે છે.

**अप्पणिज्ज - आत्मीय ( त्रि. )**

(સ્વકીય, પોતાનું)

**अप्पणो - स्वयम् ( अव्य. )**

(સ્વયં, પોતે)

**अप्पतर - अल्पतर ( त्रि. )**

(અત્યંત અલ્પ, અતિ થોડું)

**अप्पतरबंध - अल्पतरबन्ध ( पुं. )**

(અલ્પકર્મનો બંધ, આઠ કર્મપ્રકૃતિનો બંધક થયા પછી જો સાતનો બંધક થાય ત્યારે તે પ્રથમ સમયે અલ્પબંધક હોય તે)

આઠેય પ્રકારના કર્મોનો બંધ કરતો જીવ જ્યારે કર્મોનો બંધ ચાલુ હોય ત્યારે આત્મપરિણામ વિશેષથી ક્રમશઃ બંધાતી પ્રકૃતિની માત્રા ઓછી કરતો જાય તેને અલ્પતરબંધ કહેવાય છે. જેમ પ્રથમ ક્ષણે આઠનો બંધ હોય તેની પછીની ક્ષણે સાત તદનન્તર છ એમ ક્રમશઃ કર્મબંધની માત્રા ઘટતી જતી હોય તેને અલ્પતરબંધ કહે છે.

**अप्पतुमतुम - अल्पतुमतुम ( त्रि. )**

(ચાલ્યો ગયો છે ક્રોધરૂપી મનોવિકાર જેનો તે, ક્રોધવશ તુ તુ કરી એક બીજાનું અપમાન ન કરનાર)

તમે ક્યારેય ક્રોધી વ્યક્તિને જોઇ છે ખરી ? વ્યક્તિ જ્યારે ક્રોધમાં હોય ત્યારે તેનું સ્વરૂપ તમારે જોવા જેવું હોય છે. તમને વિચાર થશે કે અરે, આ એ જ છે કે બીજું કોઈ. કેમ કે ક્રોધમાં વ્યક્તિ પોતાના મન પરનો કાબૂ ગુમાવી બેસે છે અને એક પાગલ વ્યક્તિની જેમ ગુસ્સામાં ધમધમતો હોય છે. પરંતુ જેનો ક્રોધરૂપી મનોવિકાર ચાલ્યો ગયો છે તેવા શાંતાત્માનું વર્તન શાંત વાતાવરણમાં જેટલું સ્વસ્થ હોય છે તેટલું જ અશાંતિના પ્રસંગોમાં પણ સ્વસ્થ હોય છે.

**अप्पत्त - अल्पत्व ( न. )**

(તુચ્છપણું)

નાની બાબતોમાં કજિયો કંકાસ કરવો, અન્યોના નાના દોષો જોઈને અપલાપ કરવો, આ બધા તુચ્છતાના લક્ષણો છે. જે જીવ આવી તુચ્છતામાં અટવાઇ જાય છે તે ક્યારેય કોઈ મોટા કાર્યો કરી શકતા નથી. મહાન કાર્યો કરવા માટે હૃદય પણ દરિયા જેવું વિશાળ જોઈએ.

**अप्पत्तिय - अप्रीतिक ( न. )**

(અપ્રીતિકારક સ્વભાવ, પ્રેમનો અભાવ ૨. માનસિક પીડા ૩. અપકાર ૪. ક્રોધ)

વિંછીને પાણીમાં ડૂબતો જોઈને સંતને દયા આવી. તેમણે પાણીમાં હાથ નાખીને વિંછીને પાણીમાંથી બહાર કાઢ્યો. વિંછી જેવો બહાર આવ્યો કે તરત જ તેણે સંતને ડંખ માર્યો અને પુનઃ પાણીમાં જઇ પડ્યો. ફરી વખત સંતે બહાર કાઢ્યો અને તેણે પોતાના સ્વભાવ મુજબ ફરી પાછો ડંખ માર્યો. દૂર ઊભેલો એક વટેમાર્ગુ આ પ્રસંગ જોઈને સંત પાસે આવ્યો અને કહ્યું મહારાજ તે ડંસ મારે છે છતાં તમે તેને પાણીમાંથી બહાર કેમ કાઢો છો? ત્યારે સંતે કહ્યું, ભાઈ! જો તે પોતાનો અપકાર કરવાનો સ્વભાવ ન છોડતો હોય તો પછી મારે મારો ઉપકાર કરવાનો સ્વભાવ કેમ છોડવો જોઇએ ?

**अप्पत्थाम - अल्पस्थामन् ( त्रि. )**

(અલ્પ સામર્થ્યવાળો, અલ્પબળી)

પ્રભુએ બતાવેલા માર્ગે ચાલવાનું કામ જેટલું માનીએ છીએ એટલું સરળ નથી. તે માર્ગે ચાલવા માટે તો અખૂટ સામર્થ્ય જોઈએ. હીનસત્ત્વવાળા જીવો તે માર્ગે ચાલવાની વાત તો દૂરની છે, તેનો વિચાર પણ નથી કરી શકતા. કાવ્યમાં પણ કહેવાયું છે ને કે, 'હરિનો મારગ છે શૂરાનો, નહીં કાયરનું કામ જોને'

**अप्पधण - अल्पधन ( त्रि. )**
(અલ્પધની, અલ્પમૂલ્યવાળું)
સત્કાર્ય કરવા માટે વિપુલ ધન હોવું જરૂરી નથી, પરંતુ હૃદયના ભાવ વિપુલ હોવા જરૂરી છે. ધનવાન હોવા છતાં પણ કંજૂસાઇ વળગેલી હોય તો ધર્મમાર્ગે ધન વાપરવા માટેનું જરાપણ મન થતું નથી. જ્યારે અલ્પધની હોવા છતાં પણ મનમાં ઉદારતા વસી હોય તો જીવ યથાશક્તિ દાનધર્મનું આચરણ કરે છે. મમ્મણશેઠ અને શાલિભદ્રનો પૂર્વનો ભવ આનું સ્પષ્ટ ઉદાહરણ છે.
**अप्पपएसग - अल्पप्रदेशक ( त्रि. )**
(અલ્પ પ્રદેશવાળા કર્મ, જેના પ્રદેશદળ ઓછા છે તેવું કર્મ આદિ)
**अप्पपज्जवजाय - अल्पपर्यायजात ( न. )**
(ત્યજવા યોગ્ય તુચ્છ એવા ફોતરાં વગેરે)
**अप्पपरणियत्ति - आत्मपरनिवृत्ति ( स्त्री. )**
(આલોચના દ્વારા સ્વ અને પરની નિવૃત્તિ કરવી તે)
વ્યવહારસૂત્રના પ્રથમ ઉદ્દેશામાં કહેલું છે કે, સંયમી આત્મા ઉત્તમ ચારિત્રપાલન દ્વારા લોકો માટે એક આદર્શપાત્ર બને છે. તે જીવ જાગ્રતપણે સ્વયં દોષોમાંથી મુક્ત બને છે અને જેણે દોષો સેવ્યા હોય તેમને શાસ્ત્રાનુસાર આલોચના આપીને તેઓને દોષોમાંથી મુક્તિ અપાવે છે. આને શાસ્ત્રીય ભાષામાં આત્મપરનિવૃત્તિ કહેવાય છે.
**अप्पपरिग्गह - अल्पपरिग्रह ( पुं. )**
(અલ્પ પ્રમાણમાં ધનધાન્યાદિ સામગ્રીનો સંગ્રહ કરનાર)
લોકમાં માણસને ગ્રહો એટલી પીડા નથી પહોંચાડતા જેટલી તકલીફ પરિગ્રહ પહોંચાડે છે. માણસ જેમ જેમ પરિગ્રહ વધારતો જાય છે તેમ તેમ તેને લગતી પ્રત્યેક જવાબદારી અને ચિંતાઓ વધતી જાય છે. જ્યારે પરિગ્રહ જેમ જેમ ઓછો થતો જાય તેમ તેમ વ્યક્તિની ચિંતાઓ પણ ઓછી થતી જાય છે અને આત્મિક શાંતિનો અનુભવ પણ થાય છે.
**अप्पपरिच्चाय - अल्पपरित्याग ( पुं. )**
(અલ્પ ત્યાગ, થોડો ત્યાગ)
જિનધર્મની દરેક ક્રિયાઓમાં કોઇને કોઇ વિશિષ્ટ તત્ત્વ છૂપાયેલું હોય છે. શાસનની કોઇપણ પ્રક્રિયા નિરર્થક હોતી જ નથી. માતા પિતા જિનાલયમાં બાળક પાસે ભંડારમાં રૂપિયો નખાવે છે તો તેની પાછળ પણ કારણ રહેલું છે. ૧. તેમ કરવાથી મનમાં સંસ્કાર પડે છે કે આ ધન હેય છે. તે છોડવાલાયક છે. અલ્પત્યાગનું પ્રતીક રૂપિયો છે. તથા ૨. આ ધન સત્કાર્યમાં વાપરવું જોઇએ તેવી દાનભાવના ઉત્પન્ન થાય છે.
**अप्पपाण - अल्पप्राण ( त्रि. )**
(જ્યાં કોઇપણ જીવ-જંતુ નથી તેવું સ્થાન, જીવાકુલરહિત ભૂમિ)
**अप्पपाणासि ( ण् ) - अल्पप्राणाशिन् ( त्रि. )**
(અલ્પ પ્રમાણમાં જલ વગેરે પેય દ્રવ્ય પીનાર)
**अल्पपिंडासि ( ण् ) - अल्पपिण्डाशिन् ( त्रि. )**
(મિતાહારી, અલ્પાહારી)
ચરક સંહિતામાં ચરક ઋષિને પ્રશ્ન પૂછવામાં આવ્યો કે, વ્યક્તિએ સ્વસ્થ અને સુખી જીવન જીવવું હોય તો તેનો ઉપાય શું ? ત્યારે તેમણે માત્ર બે શબ્દમાં જ જવાબ આપતા કહ્યું કે, '**हितभुक्, मितभुक्**' જો તમારે સ્વસ્થ જીવન જીવવું હોય તો હિતકારી આહાર લેવો અને અલ્પ પ્રમાણમાં આહાર લેવો. જે જીવો હિતાહારી અને મિતાહારી છે તેઓ જ સ્વસ્થ અને સુખી જીવન જીવી શકે છે.
**अप्पभक्खि ( ण् ) - अल्पभक्षिन् ( त्रि. )**
(અલ્પ ભોજન કરનાર, અલ્પાહારી)

**अप्पभव - अल्पभव ( त्रि. )**

(જેના થોડાક જ ભવ બાકી રહ્યા છે તે, અલ્પ સંસારી)

**अप्पभासि ( ण् ) - अल्पभाषिन् ( त्रि. )**

(થોડું બોલનાર, કારણ હોવા છતાં અલ્પ બોલનાર, ભાષાસમિતિવાળો)

સૂત્રકૃતાંગસૂત્રના પ્રથમ શ્રુતસ્કંધના નવમા અધ્યયનમાં ઉક્ત શબ્દનો ટીકાર્થ કરતાં કહ્યું છે કે, સુવ્રતને ધારણ કરનારા શ્રમણ પરિમિત, હિતકારી અને પ્રિય વચન બોલનાર તથા વિકથાનો ત્યાગ કરનાર હોય છે. તેમનું કથન પણ સકારણ અને અર્થસભર હોય છે.

**अप्पभूय - अल्पभूत ( त्रि. )**

(જીવરહિત સ્થળ, જયાં સૂક્ષ્મજીવોનો અભાવ છે તેવું સ્થાન)

**अप्पमइ - अल्पमति ( त्रि. )**

(અલ્પબુદ્ધિ છે જેની તે, ઓછી બુદ્ધિવાળો)

**अप्पमहग्घाभरण - अल्पमहार्घाभरण ( त्रि. )**

(અલ્પ વજન અને બહુમૂલ્ય હોય તેવા આભૂષણો પહેરનાર-રાખનાર)

**अप्परय - अल्परत ( त्रि. )**

(ક્રીડારહિત, કામભોગની વાંછારહિત ૨. અનુત્તરવાસી દેવ)

ભોગો પ્રત્યેની વાંછા સંબંધી પ્રથમ દેવલોકથી લઇને અનુત્તરવિમાન દેવલોક સુધી જઇએ તો ક્રમશઃ તેના પરિમાણમાં અલ્પતા આવતી જાય છે. જેમ જેમ ઉપર જઇએ તેમ તેમ દેવલોકવાસી દેવો અલ્પક્રીડાવાળા થતાં જાય છે. દેવગતિમાં સહુથી અલ્પ ભોગોની વાંછા અનુત્તરવિમાનવાસી દેવોને કહેલી છે. આથી જ તો તેઓ ભવના છેડે રહેલા હોય છે.

**★अल्परजस् ( त्रि. )**

(અલ્પ કર્મ છે જેને તે, કર્મરૂપી રજથી રહિત)

**अप्पलाहलद्धि - अल्पलाभलब्धि ( पुं. )**

(વસ્ત્ર પાત્રાદિની તુચ્છ લબ્ધિવાળો, ક્લેશપૂર્વક વસ્ત્ર-પાત્રાદિ મેળવનાર-શ્રમણ,)

લાખો કરોડોની સંપત્તિઓને લાત મારીને પ્રભુ વીરના માર્ગે ચાલી નીકળેલો શ્રમણ જ્યારે વસ્ત્ર, પાત્ર, ઉપધિ આદિ તુચ્છ વસ્તુઓમાં લપેટાઇ જાય છે ત્યારે સંયમ જીવનનું ખરું મૂલ્ય ખરેખર અલ્પ થઇ જાય છે. ચારિત્રના પ્રાપ્તવ્ય મોક્ષને વિસરીને ક્લેશ દ્વારા માત્ર તુચ્છ વસ્તુઓની પ્રાપ્તિમાં જ તેઓનું જીવન સીમિત થઇ જાય છે.

**अप्पलीण - अप्रलीन ( त्रि. )**

(અન્ય તીર્થિક કે પાર્શ્વસ્થાદિ વિશે અસંબદ્ધ રહેનાર, અન્યતીર્થિક કે પાર્શ્વસ્થના સંગથી રહિત)

જે સંયમી આત્મા દ્રવ્યથી ભૌતિક ચીજ-વસ્તુઓમાં, માતા-પિતા કે સ્વજનાદિના સંગમાં લેપાયા નથી તથા ભાવથી રાગ અને દ્વેષના બંધનોમાં લેપાયા નથી તેવા નિરનુસંગ અનાસક્ત યોગી પુરુષો જ સ્વ-પરનું કલ્યાણ કરવા સમર્થ બને છે અન્ય નહીં.

**अप्पलीयमाण - अप्रलीयमान ( त्रि. )**

(કામભોગો માત-પિતાદિ સ્વજનો વિશે અનાસક્ત રહ્યો થકો, આસક્તિ ન રાખતો)

**अप्पलेव - अल्पलेप ( त्रि. )**

(નીરસ આહાર, નિર્લેપ આહાર જેમ કે ચણા વટાણા વગેરે)

**अप्पलेवा - अल्पलेपा ( स्त्री. )**

(પાત્ર ખરડાય નહીં એવો ચણા મમરા વગેરે વસ્તુ ગ્રહણ કરવાની પ્રતિજ્ઞા કરવી તે, ચોથી પિંડેષણા)

શાસ્ત્રમાં અભિગ્રહોના વિવિધ પ્રકારો કહેલા છે તેમાં એક અભિગ્રહ છે અલ્પલેપા. અર્થાત્ જેમાં વિગઇઓનો અભાવ હોય

જેનામાં કોઈપણ પ્રકારની સ્નિગ્ધતા ન હોય તેવા નીરસ વાલ, ચણા વગેરે આહાર લેવાની પ્રતિજ્ઞાને અલ્પલેપા કહેવાય છે.

**अप्पवस - आत्मवश ( त्रि. )**

(પોતાને વશવર્તી, સ્વાધીન)

**अप्पवसा - अप्पवशा ( स्त्री. )**

(સ્વચ્છંદ સ્ત્રી, નિરંકુશા સ્ત્રી)

**अप्पवाइ ( ण् ) - आत्मवादिन् ( पुं. )**

(અદ્વૈતવાદી, જે કંઈ દેખાય છે તે માત્ર આત્મા જ છે બીજું કશું જ નહીં એમ એકજ આત્મતત્ત્વને પ્રતિપાદન કરનાર વાદી)

જે આત્મા સિવાય બીજા કોઇ તત્ત્વને સ્વીકારે નહીં તેને આત્મવાદી કે અદ્વૈતવાદી મત કહેલ છે. આ મતના અનુયાયીઓ એવું માને છે આ જગતમાં જે કાંઇ પણ દેખાય છે તે બધો ભ્રમ છે. બધું અસત્ય છે. સત્ય જે છે તે એકમાત્ર આત્મા જ છે. માટે આત્માને જ પરમતત્ત્વ માનવું. તે સિવાયનું કંઇ જ નથી.

**अप्पवीय - अल्पबीज ( त्रि. )**

(જ્યાં શાલિ આદિ બીજ નથી તે, એકેન્દ્રિયાદિરહિત સ્થાન)

**अप्पवुड्ढि - अल्पवृष्टि ( स्त्री. )**

(થોડોક વરસાદ, અલ્પવૃષ્ટિ)

**अप्पवुड्ढिकाय - अल्पवृष्टिकाय ( पुं. )**

(અલ્પમાત્રામાં વર્રસાદ વરસે અથવા સર્વથા ન વર્ષે તે-સ્થાનાદિ)

આજના જમાનામાં ગ્લોબલવોર્મિંગના ઠેર ઠેર બણગાં ફૂંકાઇ રહ્યા છે. ચારેય બાજુ જોરશોરથી વાતાવરણને પ્રદૂષિત ન કરવાની સૂચનાઓ અપાઈ રહી છે. વધુ પડતા વિકાસ અને મોર્ડન બનવાના ચસકામાં લોકોએ વાતાવરણને એટલું બધું પ્રદૂષિત કરી મૂક્યું છે કે, ઋતુઓનું આખું ચક્ર જ વેર વિખેર થઇ ગયું છે. ક્યાંક વરસાદનું એક ટીપું પણ નથી, તો ક્યાંક પૂર, વાવાઝોડાંએ માઝા મૂકે છે. ક્યાંક અત્યંત ગરમી છે, તો ક્યાંક ઠંડીમાં લોકો ઠૂઠવાઈ રહ્યા છે. જે તાજગી કુદરતી ઠંડકમાં છે તે કૃત્રિમ ઠંડક આપનારા એરકંડિશનમાં નથી. માટે આપણે બધા જેટલા વહેલા ચેતીએ તેટલું આપણા હિતમાં લેખાશે.

**अप्पसंतचित्त - अप्रशान्तचित्त ( त्रि. )**

(જેનું ચિત્ત શાંત નથી થયું તે, અતિ ક્રોધાદિથી દૂષિત ચિત્તવાળો)

જ્યાં સુધી જળાશયમાં તરંગો ઊઠી રહ્યા હોય ત્યાં સુધી જળની શુદ્ધતા ડહોળાયેલી રહે છે. તેમ આત્મામાં જ્યાં સુધી સંકલ્પ અને વિકલ્પોના તરંગો ઊઠ્યા કરે છે ત્યાં સુધી અપ્રશાન્ત ચિત્તમાં સ્થિરતા રહી શકતી નથી. જ્યારે અપ્રશાન્ત ચિત્ત કષાયિક ભાવોથી પ્રશાન્ત બને છે ત્યારે નિર્મલતર ચિત્તને આત્મિક સુધારસનો અનુભવ થાય છે.

**अप्पसंतमइ - अप्रशान्तमति ( त्रि. )**

(અપરિણત શિષ્ય)

સૂયગડાંગસૂત્રના પ્રથમ શ્રુતસ્કંધની ટીકામાં કહેલું છે કે, જેમ દેહમાં નૂતન ઉત્પન્ન થયેલા જ્વરને શાંત કરવા માટે દૂધનું પાન દોષ માટે થાય છે તેમ જે શિષ્યની મતિ ચારિત્રથી પરિણત નથી થઇ તેવા શિષ્યને શાસ્ત્રોનું જ્ઞાન આપવું તે દોષ માટે થાય છે.

**अप्पसक्खिय - आत्मसाक्षिक ( न. )**

(આત્મસાક્ષિક અનુષ્ઠાન, જેમાં સ્વસંવિત્પ્રત્યક્ષ વિરતિના પરિણામથી પરિણત-સાક્ષિ છે તે, પોતાનો આત્મા સાક્ષી હોય તેવું અનુષ્ઠાનાદિ)

તપ, જપ, પૂજા, પ્રતિક્રમણ, સામાયિકાદિ અનુષ્ઠાનો કોઇના ઉપર ઉપકાર કરવા માટે કે દેખાડો કરવા માટે નથી હોતા. સદનુષ્ઠાન પોતાના આત્માના ઉદ્ધાર માટે કરવામાં આવે છે. આપણે જે અનુષ્ઠાન કરી રહ્યા છીએ તે શુદ્ધ છે કે અશુદ્ધ છે તે બીજા જાણે કે ન જાણે પરંતુ પોતાનો આત્મા તો ચોક્કસ જાણે છે. કેમ કે જિનશાસનનો પ્રત્યેક આચાર આત્મસાક્ષિક કહેલો છે.

**अप्पसत्तचित्त - अल्पसत्त्वचित्त ( त्रि. )**

(અલ્પસત્ત્વવાળું ચિત્ત છે જેનું તે, અલ્પસત્ત્વવાળો)

આપત્તિમાં અવિકલતા અને સ્થિરતા જે અપાવે તેને સત્ત્વ કહેવાય છે. ગમે તેવી પરિસ્થિતિ સર્જાય કે વિઘ્ન આવી પડે છતાં પણ જેનું ચિત્ત સત્ત્વયુક્ત હોય છે તેને કોઇપણ આપત્તિ મોટી લાગતી નથી. પરંતુ જેનું ચિત્ત પ્રથમથી જ વિકલ પડી ગયું છે તેવા અલ્પસત્ત્વચિત્તવાળા જીવો નાની નાની બાબતોમાં ગભરાઇ જાય છે. આવા અલ્પસત્ત્વવાળા જીવો ધર્મના અધિકારી બનતા નથી.

**अप्पसत्तम - आत्मसप्तम ( त्रि. )**

(જેમાં પોતાના સહિત સાત છે તે, જેમાં પોતે સાતમો હોય તે)

**अप्पसत्तिय - अल्पसात्त्विक ( त्रि. )**

(સત્ત્વ વિનાનો, મનોબળરહિત)

સૂયગડાંગસૂત્રના પ્રથમ શ્રુતસ્કંધમાં કહેલું છે કે, જે સ્ત્રીને પરવશ હોય છે તે જીવો સમર્થ હોવા છતાં પણ અસમર્થ બની જાય છે. જેઓ દૃઢચિત્તવાળા હોય છે તેમને પણ સ્ત્રીતત્ત્વ અલ્પસત્ત્વી બનાવી દે છે અને જેઓ લોકમાં શૂરવીર દેખાય છે તેવા પુરુષો પણ કાયર બની જાય છે માટે પુરુષોને સ્ત્રીપરવશતા ઘણી દુ:ખદાયક કહેલી છે.

**अप्पसद्द - अल्पशब्द ( पुं. )**

(ધીમા સ્વરે બોલવું તે, ભાવ ઊણોદરીનો એક પ્રકાર ૨. અલ્પ કલહ)

એક નાનકડી સરકારી ઓફિસમાં જઇએ તો ત્યાં આપણે એકદમ ધીમા અવાજે વાત કરીએ છીએ કેમ કે, આપણે જાણીએ છીએ કે ત્યાં મોટા અવાજે બોલવું અસભ્યતામાં ગણાય છે. એક સામાન્ય દરબારીની આટલી આમન્યા જાળવનારા આપણે જિનાલયમાં કે ઉપાશ્રયમાં એટલું જોર-શોરથી બોલતા હોઇએ છીએ કે કોઈને એમ લાગે કે જાણે શાકમાર્કેટમાં આવી ગયા હોઇએ. મોટા અવાજે બોલવાથી દેવ અને ગુરુનો અનાદર થાય છે.

**अप्पसरयक्ख - अल्पसरजस्क ( न. )**

(તૃણાદિ જ્યાં અલ્પપ્રમાણમાં છે તે, રજ-કચરો નથી તે સ્થાન)

**अप्पसार - अल्पसार ( न. )**

(જેમાં સાર અલ્પ છે તેવો પદાર્થ ૨. અસાર વસ્તુ)

શિષ્ટપુરુષોએ સંસારની વ્યુત્પત્તિ કરતા લખ્યું છે કે, **'संसृतः सारः यस्मात् स संसारः'** અર્થાત્ જેમાંથી સાર ચાલ્યો ગયો હોય તે સંસાર છે. આમ અસાર ઘણો અને સાર ઓછો એવા સંસારમાં સુખને ગોતવું એટલે કાદવમાં નિર્મલતા ગોતવા બરોબર છે.

**अप्पसावज्जकिरिया - अल्पसावद्यक्रिया ( स्त्री. )**

(શુદ્ધ વસતિ, અસાવદ્ય-નિર્દોષ વસતિ)

**अप्पसुय - अल्पश्रुत ( त्रि. )**

(આગમનો અજાણ, આગમો નથી ભણ્યા તે-અલ્પજ્ઞ મુનિ)

જેવી રીતે દીવાદાંડી સમુદ્રમાં ભૂલા પડેલા વહાણને પ્રકાશ આપીને સાચા માર્ગે લાવવાનું કાર્ય કરે છે તેમ આગમોનું જ્ઞાન પણ અંધારિયા સંસાર સમુદ્રમાં દીવાદાંડી સમાન છે. ખોટા માર્ગે ચઢી ન જવાય તે માટે સાચું દિશાસૂચન કરે છે. માટે શાસ્ત્રજ્ઞ બનવું જોઇએ. પરંતુ જેઓ આગમોથી અજાણ છે તેવા જીવોએ ગીતાર્થ એવા ગુરુ ભગવંતોનો જ આશ્રય કરવો જોઇએ.

**अप्पसुह - अल्पसुख ( त्रि. )**

(નહીં બરાબર થોડુંક જ સુખ જેમાં છે તે, અલ્પસુખ છે જેમાં તે)

આચારાંગસૂત્રમાં કામભોગને આશ્રયીને કહેલું છે કે, **'खणमित्त सुक्खा बहुकाल दुक्खा'** અર્થાત્ તમે જે પૌદ્ગલિક પદાર્થોમાં સુખની ઇચ્છા કરો છો, તે તો ક્ષણમાત્ર જ સુખનો અનુભવ કરાવનારા અને અનંતકાળ સુધી દુ:ખને આપનારા છે. તે પદાર્થોમાં અતિ અલ્પ સુખ અને અત્યંત દુ:ખ રહેલું છે માટે જ વિવેકીજનો તેનો પરિત્યાગ કરે છે.

**अप्पहरिय - अल्पहरित ( त्रि. )**

(જ્યાં હરિત વનસ્પતિ નથી તેવું સ્થાન)

**अप्पहिंसा - अल्पहिंसा ( स्त्री. )**

(જેમાં અલ્પહિંસા છે તે ૨. જેમાં હિંસાનો અભાવ છે તેવી ક્રિયા)

સર્વથા પ્રાણાતિપાત વિરમણવ્રતના ધારક મુનિભગવંતોને હિંસાનો સર્વથા અભાવ કહેલો છે. આથી તેમની દયા વીસવસાની હોય છે. જ્યારે સંસારમાં રહેલા ગૃહસ્થને સ્થૂલહિંસાનો નિયમ હોવાથી તેને સવાવસાની દયા કહેલી છે. શાસ્ત્રમાં કહેલું છે કે શ્રાવકને ભલે સ્થૂલહિંસા કહી છતાં પણ જેમાં અત્યંત અલ્પહિંસા હોય તેવા વ્યાપારને જ પ્રાધાન્ય આપે. હિંસાપ્રચુરને નહીં.

**अप्पा - आत्मन् ( पुं. )**

(આત્મા, જીવ, જ્ઞાન-દર્શન-સુખાદિ પર્યાયોને સતત પામતો રહે તે આત્મતત્ત્વ)

**अप्पाइय - आप्यायित ( त्रि. )**

(સુંદર-મનોજ્ઞ આહાર વડે સ્વસ્થ થયેલું)

**अप्पाउअ - अल्पायुष्क ( त्रि. )**

(અલ્પ આયુષ્ય છે જેનું તે, થોડુંક જીવન ભોગવનાર)

ચૌદ રાજલોકમાં રહેલ જીવોમાં જેમ વિવિધતા છે તેમ તેઓના આયુષ્યમાં પણ વિવિધતા જોવા મળે છે. જીવવિચારાદિ પ્રકરણોમાં જઘન્યમાં જઘન્ય આયુષ્ય ૨૫૬ આવલિકા પ્રમાણ અને ઉત્કૃષ્ટ આયુષ્ય ૩૩ સાગરોપમ પ્રમાણ કહેવામાં આવેલ છે. સામુદ્રિકશાસ્ત્રમાં પણ અલ્પાયુષ્યતાને દોષ અને દીર્ઘાયુષ્યતાને ગુણ તરીકે બતાવેલ છે.

**अप्पाउअत्ता - अल्पायुष्कता ( स्त्री. )**

(અલ્પ આયુષ્ય, જઘન્ય આઉખું, થોડી જિંદગી, ટૂંકી જિંદગી)

**अप्पाउड - अप्रावृत ( पुं. )**

(વસ્ત્રના ત્યાગરૂપ અભિગ્રહ વિશેષને ધારણ કરનાર)

**अप्पाउरण - अप्रावरण ( न. )**

(વસ્ત્રના અભાવરૂપ અભિગ્રહ વિશેષ, વસ્ત્ર વગરના રહેવું તેવો અભિગ્રહ)

વસ્ત્રનો ત્યાગ એક પ્રકારનું પચ્ચક્ખાણ કહેવામાં આવેલ છે. કેટલાક પ્રકારના કલ્પમાં સાધુ ભગવંતો ચોલપટ્ટાદિ વસ્ત્રનો અભિગ્રહ ધારણ કરીને તેનો ત્યાગ કરતાં હોય છે. વસ્ત્રનો ત્યાગ કરનાર એવા સાધુને પાંચ આગાર કહેલા છે. ૧. અન્યથાભોગ ૨. સહસાત્કાર ૩. ચોલપટ્ટાગાર ૪. મહત્તારાગાર અને ૫. સર્વસમાધિ આગાર. વસ્ત્રના ત્યાગનો નિયમ હોવા છતાં શ્રાવક સામે જવાનું થાય ત્યારે ચોલપટ્ટાને ધારણ કરીને નીકળે તો ઉક્ત આગારથી પચ્ચક્ખાણભંગ થતો નથી.

**अप्पाण - आत्मन् ( पुं. )**

(આત્મા, જીવ, પોતે)

**अप्पाणरक्खि ( ण् ) - आत्मरक्षिन् ( त्रि. )**

(પાપથી આત્માની રક્ષા કરનાર, દુર્ગતિથી પોતાની રક્ષા કરનાર)

વ્યવહારનયથી જોઇએ તો દેવ અને ગુરુ ભગવંત આપણા આત્માની રક્ષા કરે છે અને ખોટા માર્ગમાંથી આપણને ઉગારે છે. પરંતુ નિશ્ચયનયથી વિચારીએ તો પોતાના આત્માની રક્ષા જીવ પોતે જ કરનાર છે. કેમ કે દેવ અને ગુરુ ગમે તેટલું સારું કહે કે કરે, પરંતુ જ્યાં સુધી જીવ સ્વયં શુભ અધ્યવસાયનો પ્રયત્ન નથી કરતો ત્યાં સુધી તેઓ પણ દુર્ગતિથી બચાવી શકતા નથી. માટે નિશ્ચયનયે આત્મા પોતે જ પોતાની રક્ષા કરનાર છે.

**अप्पाधार - अल्पाधार ( पुं. )**

(સૂત્રાર્થમાં નિપુણતારહિત, સૂત્ર અને અર્થનો અલ્પ આધાર)

**अप्पाबहुय ( ग ) - अल्पबहुत्व ( न. )**

(બે વસ્તુની સરખામણીમાં પરસ્પર હીનાધિકપણું કહેવું તે, બે વસ્તુનું પરસ્પર તારતમ્ય કહેવું તે)

એકથી વધુ કોઇપણ સજીવ કે નિર્જીવ વસ્તુની વચ્ચે સરખામણી કરવામાં આવે તે વખતે જે-તે વિષયને આશ્રયીને તે બે વચ્ચે અલ્પ બહુત્વનું યાને ઓછા-વત્તાપણાનું કથન કરવામાં આવે તેને અલ્પબહુત્વ કહેવામાં આવે છે. શાસ્ત્રમાં આવું અલ્પબહુત્વ ચાર પ્રકારે કહેવામાં આવેલું છે. ૧. પ્રકૃતિ ૨. સ્થિતિ ૩. રસ અને ૪. પ્રદેશ. ભગવતીસૂત્રાદિમાં આ બાબતનો ખૂબ જ વિસ્તારપૂર્વક ઊહાપોહ થયેલો છે.

**अप्पाभिणिवेस - आत्माभिनिवेश ( पुं. )**

(પુત્ર પત્ની વગેરેમાં પોતાનાપણાનો આગ્રહ રાખવો તે, જે પોતાના નથી તેને વિશે મમત્ત્વ રાખવું તે)

પોતાનું શું અને પારકું શું તેની જાણ મોટાભાગના જીવોને છે જ નહીં. જો હોત તો સંસાર સાવ ખાલીખમ થઈ ગયો હોત. પુત્ર પત્ની કુટુંબ કબીલો આ બધું પોતાનું લાગે છે માટે જ બધી પ્રકારની ભાંજગડ ઊભી છે. શાસ્ત્રકારો કહે છે કે હે જીવ! જેને તું પોતાનું એટલે કે તારું આત્મીય માને છે તેવું આત્મા સિવાયનું કોઈ જ નથી. માટે સમજી જા અને મમત્વને છોડી માર્ગે પડી જા.

**अप्पायंक - अल्पातङ्क ( त्रि. )**

(આતંકરહિત, નીરોગી, સ્વસ્થ, રોગમુક્ત)

અલ્પશબ્દને શબ્દશાસ્ત્રના નિયમ પ્રમાણે અભાવવાચી પણ કહ્યો છે. તેથી અલ્પાતંકીનો અર્થ સર્વથા આતંક રહિત એવો કર્યો છે. જેના શરીરમાં ત્રણે ધાતુ સમ હોય તે શરીરની અપેક્ષાએ સ્વસ્થ યાને તંદુરસ્ત ગણાય છે. તેમ જે આત્મામાં સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્ર આ ત્રણે રસાયણો બહુલતાએ વિદ્યમાન હોય તે જીવને આત્મદષ્ટિએ સ્વસ્થ યાને તંદુરસ્ત ગણ્યો છે.

**अप्पारंभ - अल्पारम्भ ( त्रि. )**

(કૃષ્યાદિ વડે પૃથ્વીકાય આદિ જીવોનો આરંભ સમારંભ કરનાર)

**अप्पावय - अप्रावृत ( त्रि. )**

(આચ્છાદન વગરનું, નહીં ઢાંકેલું, બંધ કર્યા વગરનું-ઉઘાડું)

**अप्पावयदुवार - अप्रावृतद्वार ( पुं. )**

(દઢ સમ્યક્ત્વી શ્રાવક કે જેણે પોતાના ઘરનું દ્વાર માગણને આપવા માટે કે વાદીને ઉત્તર આપવા માટે ખુલ્લું મૂકેલું છે, દઢ સમ્યક્ત્વી)

જિનશાસનમાં એવા દઢ સમકિતી શ્રાવક પણ હોય છે કે જેના ઘરના દ્વાર હંમેશા ખુલ્લા જ હોય. તે એટલા માટે કે કોઈ દીન દુઃખી આવે તો તેને સહાય આપી શકાય અને કોઈ અન્યતીર્થિક વાદી આવે તો તેને પડકારી શકાય. મજાની વાત તો એ છે કે તે શ્રાવકના પરિજનોની પરિણતિ પણ એટલી સુદઢ ઘડેલી હોય કે કોઈ વાદી ગમે તેવી યુક્તિ-પ્રયુક્તિથી તેઓને ગેરમાર્ગે દોરવાની પેરવી કરે, તો પણ તેઓ પોતાના ધર્મથી જરાયે વિચલિત ન થાય. અહો! ધન્ય છે તેવા પુણ્યશાળી શ્રાવકના પુણ્યપરિવારને.

**अप्पाह - संदिश् ( धा. )**

(વાત કરવી, સંદેશ આપવો, સમાચાર કહેવા)

'સીમંધરજિન વિનંતી' સ્તવનમાં પૂજ્ય મહોપાધ્યાય યશોવિજયજી મહારાજે આકાશમાં રહેલા ચંદ્રમાને પોતાનો દૂત બનાવ્યો અને મહાવિદેહમાં બિરાજમાન સીમંધરસ્વામી ભગવંતને પોતાનો સંદેશો કહેવા માટે વિનંતી કરેલ છે. તેઓએ ખૂબ જ સુંદર શબ્દોમાં કહ્યું છે કે 'તમે મહાવિદેહ જઇને કેહેજો ચાંદલિયા કેહેજો ચાંદલિયા સીમંધર તેડા મોકલે' હે ચંદા! તું સીમંધરસ્વામી પાસે જઇને કહે કે તેઓ જલદીમાં જલદી અમને લેવા માટે કોઇ તેડું મોકલે. તમારા વિના હવે મારે રહેવું અતિદુષ્કર છે.

**अप्पाहण्ण - अप्राधान्य ( न. )**

(અપ્રાધાન્ય, મુખ્ય નહીં તે)

**अप्पाहार - अल्पाहार ( पुं. )**

(અલ્પ આહાર, મિતાહાર, થોડો ખોરાક, સ્વલ્પાહાર)

ભગવતીસૂત્ર અને આચારંગસૂત્રમાં સાધુને અલ્પાહારી કહ્યા છે. આપણને પ્રશ્ન થાય કે અલ્પાહાર કોને કહેવો? તે માટે શાસ્ત્રકારોએ પોતે જ નિદર્શન કરતા કહ્યું છે કે, કુકડીના ઈંડા પ્રમાણ એક કવલ એવા આઠ કોળીયા જેટલો જ આહાર કરે તે અલ્પાહારી છે. સામાન્યથી ચોસઠ કોળીયા પ્રમાણ પુરુષનો આહાર કહ્યો છે તેનું પ્રમાણ પણ ઈંડાના પ્રમાણથી ગણતા ૩૨ કવલ જ ગણવા એમ જણાવેલું છે. એટલે ફલિતાર્થ એ થાય છે કે સાધુનો આહાર એક સ્વસ્થ પુરુષના બત્રીસ કવલાહારના ચોથા ભાગ જેટલો જ હોય છે. ધન્ય મુનિવર તમને! ધન્ય તમારી આહારની અનાસક્તિને! અને ધન્ય તમારા ઊણોદરી તપને!

**अप्पाहिगरण – अल्पाधिकरण ( पुं. )**

(સ્વપક્ષ પરપક્ષ વિષયક અધિકરણના અભાવવાળો, કલહરહિત, ક્લેશ વગરનો)

**अप्पिच्छ – अल्पेच्छ ( त्रि. )**

(ધર્મોપકરણ સિવાય અન્ય વસ્તુની ઈચ્છા ન રાખનાર, અલ્પાહારી કે આહારના ત્યાગી-સાધુ, મણિ કનકાદિના અપરિગ્રહી)

ઉત્તરાધ્યયનસૂત્રમાં સાધુને અપ્પિચ્છ એટલે અલ્પેચ્છ કહ્યાં છે. તેઓ ધર્મોપકરણ યાને સંયમ નિર્વાહક ઉપધિ સિવાય અન્ય કશું રાખતા નથી. તે વસ્ત્ર-પાત્રાદિ ઉપધિ પણ સંયમ પાળવા માટે રાખે છે ન કે સત્કારાદિ માટે. તેથી તેઓને અપરિગ્રહી કહ્યા છે.

**अप्पिय – अप्रिय ( अव्य. )**

(અપ્રિયતા, અપ્રીતિ, અપ્રીતિકર ૨. મનનું દુઃખ ૩. મનની શંકા)

ઉત્તરાધ્યયનસૂત્રમાં શિષ્યને વિનીત બનવાની અનેક બાબતો જણાવી છે. તેનો હેતુ શું તે આપણે પણ જાણવો જોઈએ. તેમાં જણાવેલું છે કે વિનીત થયેલા શિષ્ય ગુરુ દ્વારા અપાતી હિતશિક્ષા દ્વારા આત્મપરિણતિ ઘડે છે. ગુરુના ઉપદેશથી ગીતાર્થતા પ્રાપ્ત કરે છે. અને ગીતાર્થતા પ્રાપ્ત કરી ભવ્યજીવોને સંયમમાં સ્થિરતા બનાવીને મોક્ષમાર્ગમાં આગળ વધી પંચમગતિનો અધિકારી થાય છે.

**★अर्पित ( त्रि. )**

(આપેલું, ભેટ કરેલું ૨. વિવક્ષા પ્રાપ્ત, પ્રતિપાદન કરવા માટે ઈષ્ટ, ૩. પર્યાયાર્થિક નય)

**★अल्पित ( त्रि. )**

(થોડું કરેલું, હલકું કરેલું ૨. સમ્માનની દૃષ્ટિએ નીચું, તિરસ્કૃત)

**अप्पियकारिणी – अप्रियकारिणी ( स्त्री. )**

(સાંભળનારને અપ્રિય લાગે તેવી ભાષા, કોઈના મૃત્યુના સમાચારવાળી ભાષા, અનિષ્ટ સમાચાર)

દશવૈકાલિકસૂત્રમાં સાધુને બોલવાની ભાષા કેવી હોય તેનું ભાષા સમિતિના અધિકારમાં સુંદર વર્ણન કરેલું છે. કેવી ભાષા સાધુ બોલે ? તે ક્યારેય અપ્રિય સમાચારવાળી કે કોઈના અપમૃત્યુના વૃત્તાન્તવાળી અથવા અસત્યમિશ્રિતાદિ ભાષા છોડી સત્ય-તથ્ય અને હિતકારી મધુર ભાષાએ બોલે અર્થાત્ સાંભળનારને પ્રિય લાગે છતાં મૃષાદિદોષો ન હોય તેવી નિર્દોષભાષા બોલે.

**अप्पियणय – अर्पितनय ( पुं. )**

(વિશેષને મુખ્ય કરનારો નય-પર્યાયાર્થિક નય, જે વિશેષને માને છે સામાન્યને નહીં તેવો સમયપ્રસિદ્ધ નય)

**अप्पियता – अप्रियता ( स्त्री. )**

(અપ્રેમનો હેતુ, અપ્રિયતા)

**अप्पियववहार – अर्पितव्यवहार ( पुं. )**

('આ જ્ઞાતા અને આ તેનું જ્ઞાન' એમ બોલનારે વચનથી સ્થાપિત કરેલો વ્યવહાર)

**अप्पियवह – अप्रियवध ( त्रि. )**

(દુઃખના હેતુનું નિવારક, દુઃખ કે મરણ જેને અપ્રિય છે તે)

આચારાંગસૂત્રના પ્રથમ શ્રુતસ્કંધના બીજા અધ્યયનના ત્રીજા ઉદ્દેશામાં જણાવેલ છે કે, આ જગતમાં વર્તતા એકેન્દ્રિયથી લઈને પંચેન્દ્રિય સુધીના સર્વ જીવોને પોતાનું આયુષ્ય પ્રિય છે. સુખ-શાતા પ્રિય છે. દુઃખ અપ્રિય છે અને મૃત્યુ પણ અપ્રિય છે. તેથી તેઓને જે પ્રિય નથી તે જાણીને અનુભવીને જયણાપૂર્વક વર્તવું. જેથી હિંસાદિ દોષ ન લાગે.

**अप्पियस्सर - अप्रियस्वर ( त्रि. )**

(જેનો સ્વર અપ્રિય હોય તે, જેનો અવાજ અણગમતો હોય તે)

જેનો સ્વર મધુર હોય તેનું અદષ્ટ કારણ સુસ્વર નામક નામકર્મ છે. જે શુભનામકર્મની પ્રકૃતિમાં ગણાય છે. તેના લીધે જ વ્યક્તિ સુમધુર કંઠી બને છે. જેઓએ પૂર્વમાં ગુણીજનોના મુક્તમને ગુણ ગાયા હોય કે પ્રભુ ભક્તિમાં મન મૂકીને તલ્લીન બન્યા હોય તેઓ સુસ્વર નામકર્મનો બંધ કરતા હોય છે. એટલે જ તેઓ લતામંગેશકરની જેમ સારામાં સારા ગાયક બની શકતા હોય છે.

**अप्पियाणप्पिय - अर्पितानर्पित ( न. )**

(દ્રવ્ય સામાન્ય અને વિશેષ એમ ઉભય રૂપ છે તેમ પ્રતિપાદન કરવું તે, દ્રવ્યાનુયોગનો એક પ્રકાર)

**अप्पीकय - आत्मीकृत ( त्रि. )**

(આત્મપ્રદેશ સાથે મિશ્ર થયેલું-એકીભાવ પામેલું)

**अप्पुट्ठाइ ( ण् ) - अल्पोत्थायिन् ( त्रि. )**

(પ્રયોજન પડવા છતા પણ જેનો વારંવાર ઊઠ-બેસ કરવાનો સ્વભાવ નથી તે)

ધર્મીજનની એક વિશિષ્ટતા એ છે કે, તેઓ અવસરના વિવેકવાળા હોય છે. જેમ કે પ્રવચનશ્રવણ કરતા હોય ત્યારે કોઈ ક્ષુદ્ર પ્રયોજન આવી પડે ત્યારે અવિવેકીની જેમ ઊઠ-બેસ કરી ખલેલ નથી કરતા પરંતુ પ્રાપ્ત ધર્મયોગને સુપેરે સાધવામાં લીન રહે છે.

**अप्पुत्तिंगपणगदगमट्टियामक्कडसंताण - अल्पोत्तिङ्गपनकोदकमृत्तिकामर्कटसन्तान ( त्रि. )**

(કીડીના નગરા-નીલફુલ વનસ્પતિ-ભીની માટી-કરોળિયાના જાળા આટલી વસ્તુઓથી રહિત-સ્થાનાદિ)

આચારાંગસૂત્રના દ્વિતીય શ્રુતસ્કંધમાં સાધુ સાધ્વીજી ભગવંત કેવા સ્થાનકમાં ઊતરે અર્થાત્ રહે તથા કેવા સ્થાનકમાં સ્થંડિલ માત્રું પરઠવે, તે અંગેનું સાંગોપાંગ વર્ણન કરાયેલું છે. જેમ કે કીડીના નગરાં, નીલફુલ, ભીનાશવાળી જગ્યા, કરોળિયાના જાળા વગેરે જીવાકુલ જગ્યા હોય તે સ્થાને હિંસા થવાનો સંભવ હોવાથી ત્યાં સાધુ સાધ્વીજી વિશ્રામ કે આહારપાણી ન કરે.

**अप्पुदय - अल्पोदक ( त्रि. )**

(જળ વગરનું, પાણીરહિત-અંતરિક્ષ)

**अप्पुल्ल - आत्मीय ( त्रि. )**

(આત્મામાં ઉત્પન્ન થયેલું, આત્મીય)

મોક્ષ કેવો હશે, ક્યાંથી મળતો હશે, કોના જેવો હશે આદિ આદિ પ્રશ્નો સામાન્ય જિજ્ઞાસુને થાય તે સ્વાભાવિક છે. આ બાબતે પરમાત્મા મહાવીર કહે છે કે, મોક્ષ યાને સિદ્ધત્વ એ ક્યાંયથી આવનારી ચીજ નથી બલ્કે આત્મામાં સર્વ કર્મક્ષયથી ઉત્પન્ન થનાર કેવળજ્ઞાન એ જ મોક્ષ છે. એને જ મુક્તિ અને એ જ સિદ્ધત્વ કહેવાય છે.

**अप्पुस्सुय - अल्पौत्सुक्य ( त्रि. )**

(ઔત્સુક્ય વગરનું, અનુત્સુક, ઉછાંછળાપણા રહિત, અવિમનસ્ક)

આચારાંગસૂત્રમાં જણાવ્યું છે કે, મોક્ષમાર્ગની આરાધના કરવા ઉદ્યત થયેલો મુનિ કેવો હોય ? તેનો ઉત્તર આપતા કહ્યું છે કે જેમણે સંસારના સર્વ ભાવોથી પોતાના મનને નિવર્તાવેલું હોય. તેને કોઈપણ અનાત્મિકભાવો પ્રત્યે ઔત્સુક્ય ન હોય પણ સર્વભાવો પ્રત્યે દૃષ્ટાભાવ હોય. માત્રને માત્ર સાક્ષીભાવ હોય. આવી વૃત્તિવાળા મુનિને મોક્ષમાર્ગસ્થ કહેલા છે.

**अप्पो ( देशी )**

(પિતા, જનક, બાપ)

માતા જેમ જન્મદાત્રી છે. બાળકનું સર્વસ્વ છે. તો પિતા પણ સંતાનનો રક્ષક અને જીવનનો ઘડવૈયો છે. તે પોતાના સંતાનોનું જીવન એટલી કુશળતાથી ઘડે છે કે તેઓ પોતાને ક્યારેય પણ નિરાધાર મહેસૂસ ન કરે. પણ એ જ જીવનશિલ્પી બાપ બે પ્રસંગે દુ:ખી થાય છે. ૧. વહાલસોયી દીકરી ઘર છોડે છે અર્થાત્ સાસરે જાય ત્યારે અને ૨. પ્રાણાધાર દીકરો તરછોડે છે ત્યારે.

**अप्पोलंभ - आप्तोपालम्भ ( पुं. )**

(અવિધિએ ચાલનારા શિષ્યને ઠેકાણે લાવવા ગુરુ દ્વારા અપાયેલો ઠપકો, યુક્તિ અને ઓળંભા સાથે શિષ્યને અપાતી શિખામણ)

જિનાજ્ઞા પાલક મુનિવર હિતભાષી, મિતભાષી અને પ્રિયભાષી કહેલા છે. છતાં પણ જિનશાસનને ઉજમાળ કરવા માટે તેઓ પોતાના પ્રાણ રેડીને પણ નૂતન શિષ્યોનું ઘડતર કરતા હોય છે. શિષ્ય અજ્ઞાની કે અવિધિથી આચરણ કરતો હોય તો તેને સાચી દિશામાં લાવવા માટે તેને કઠોર વચનરૂપ ઠપકો આપવાની શાસ્ત્રએ અનુમતિ આપેલી છે. ખરો શિલ્પી તે છે કે જે પથ્થરના અવાજને સાંભળ્યા વિના તેનું સાચું રૂપ બહાર લાવે. એકવાર રૂપ આવ્યા પછી આખું જગત તેના વખાણ કરશે.

**अप्पोल्ल ( देशी )**

(પોલ વગરનું, ઠોસ, નક્કર)

નિશીથચૂર્ણિમાં પુરુષના હાથના વર્ણન પ્રસંગે લખેલું છે કે, પુરુષનો હાથ યાને પંજો દઢ હોય, આંગળીઓમાં પોલાણ ન હોય અર્થાત્ બધી આંગળીઓ સુદઢ હોય અને દેડકાના પૃષ્ઠભાગના જેવો ઉપસેલો હોય. આવા હાથના પંજાને પ્રમાણોપેત કહેલો છે.

**अप्पोवगरणसंधारण - अल्पोपकरणसन्धारण ( न. )**

(અલ્પ ઉપકરણ ધારણ કરવા તે, અલ્પોપધિ રાખવી તે)

દશવૈકાલિકસૂત્રની ચૂર્ણિમાં જણાવેલું છે કે સમાધિને ઇચ્છતા મુનિએ ઉપધિ પ્રમાણસર રાખવી. અર્થાત્ જે શાસ્ત્રસંમત હોય તેવી આવશ્યક સિવાયની અનુલ્બણ એટલે વધારાની ઉપધિનો પરિગ્રહ ન કરવો કે મુનિવરે પોતાની ઉપધિ પોતે ઊંચકવાની હોય છે.

**अप्पोवहित्त - अल्पोपधित्व ( न. )**

(અનુલ્બણ ઉપધિ વગરનું, થોડા ધર્મોપકરણ રાખવા તે)

**अप्पोस - अल्पावश्याय ( त्रि. )**

(ઉપર કે નીચે ઠાર-ઓસ નથી તે, ઝાકળબિંદુરહિત)

**अप्पोसहिमंतबल - अल्पौषधिमन्त्रबल ( त्रि. )**

(અલ્પ ઔષધિમંત્રબળ જેને છે તે, અલ્પૌષધિ મંત્રબળવાળો)

**अप्फालण - आस्फालन ( न. )**

(હાથથી થાપડવું - ઉત્તેજિત કરવું તે, વાદ્યને હાથથી થાપોટા મારવા તે)

**अप्फालिज्जंत - आस्फाल्यमान ( त्रि. )**

(હાથથી તાડન પામતું, હાથના થાપોટા મરાતું-વાદ્ય)

**अप्फा ( फा ) लिय - आस्फालित ( त्रि. )**

(હાથથી તાડન કરાયેલું, હાથથી આહત થયેલું ૨. વૃદ્ધિ પ્રાપ્ત, ઉન્નત)

**अप्फिह - अस्पृह ( त्रि. )**

(સ્પૃહારહિત, નિસ્પૃહી)

આવશ્યકસૂત્રમાં સાધકને અસ્પૃહ કહ્યો છે. તેનો એ અર્થ છે કે તે સાધક આત્મા ઇષ્ટ કે અનિષ્ટ ઉપસર્ગો-પરિષહોને નીડરતા પૂર્વક સહન કરે. અર્થાત્ અનુકૂળ કે પ્રતિકૂળ ઉપસર્ગોને નિસ્પૃહ બનીને સહન કરે, તેમાં જરાય રાગ-દ્વેષ કર્યા વગર તેને જીતે.

**अप्फुडिय - अस्फुटित ( त्रि. )**

(અજર્જરિત, અખંડ, અકબંધ ૨. સર્વ પ્રકારની વિરાધનાથી રહિત હોઈ અતિચારશૂન્ય થયેલું)

મોક્ષમાર્ગના આરાધક એવા મુનિવરની ધર્માનુષ્ઠાનની ક્રિયાઓ કેવી હોય, તે બાબતે પ્રકાશ પાડતા કહેલું છે કે, તે અસ્ફુટિત હોય અર્થાત્ તેના દ્વારા કરાતી સમસ્ત ક્રિયાઓ અખંડિત હોય. સર્વ પ્રકારના અતિચારોથી વિરહિત હોય. મન વચન અને કાયાના ઉત્સાહથી આપૂરિત હોય. આ પ્રમાણે દશવૈકાલિકસૂત્રમાં જણાવાયેલું છે.

**अप्फुडियदंत - अस्फुटितदन्त ( त्रि. )**

(અસ્ફુટ-અજર્જરિત-જરારહિત દાંત છે જેના તે, મજબૂત દાંતવાળો, વેખા વગરના દાંતવાળો)

કલ્પસૂત્રમાં તીર્થંકરોની માતાને આવતા ૧૪ સ્વપ્નોમાં પ્રથમ સ્વપ્ને ગજરાજને જુએ છે. એ ગજરાજ-હાથી કેવો હોય છે તેનું ખૂબ

આલંકારિક ઢબે અને શ્રેષ્ઠતાની સર્વ ઉપમાઓથી દર્શાવેલો છે. તેમાં એક વિશેષણ અસ્ફુટિતદંત પણ છે. યાને કે ગજરાજના દાંત અજર્જરિત-મજબૂત અને વેખા વગરના છે. સફેદ દૂધ જેવા છે. વગેરે.. વગેરે...

**अप्फुण्ण - आक्रान्त ( त्रि. )**

(આક્રાન્ત, વ્યાપ્ત, સ્પર્શ પામેલું)

**अप्फोआ ( या ) - अफोया ( स्त्री. )**

(તે નામની એક વનસ્પતિ વિશેષ, લતા વિશેષ)

**अप्फोडिअ ( ह ) - आस्फोटित ( न. )**

(હાથથી થાપોટા મારેલું, હાથ વડે થપકી પામેલું ૨. પછાડેલું)

**अप्फो ( फो ) व - अप्फोव ( पुं. )**

(વૃક્ષોથી આચ્છાદિત, લતા-ગુલ્મ-ગુચ્છાદિથી વ્યાપ્ત-પ્રદેશ, ગીચ ઝાડીવાળો-પ્રદેશ)

આચારાંગસૂત્રમાં સાધુ ભગવંતોના વિહારની ચર્ચા કરાયેલી છે. તેમાં જણાવ્યું છે કે સાધુ સાધ્વીજીને વિહાર કરતા વચ્ચે વૃક્ષ-લતા-ગુલ્માદિથી ઘનઘોર વનવાટે વિહરવાનું થાય તો તેઓ કોઈ સાર્થવાહની સાથે જાય પણ એકલા વિહાર ન કરે. કારણ કે જો તેઓ એકલા જાય તો અજાણ હોઈ માર્ગથી ભટકી જવાનો ભય રહે. બીજું કે હિંસક પ્રાણીઓ દ્વારા આત્મવિરાધનાનો સંભવ રહે, માટે પૂર્વાપરનો વિચાર કરીને જયણાથી વિચરવા જણાવ્યું છે.

**अप्फोवमंडव - अप्फो ( फो ) वमण्डप ( पुं. )**

(નાગરવેલ-દ્રાક્ષાદિ લતાઓથી આવેષ્ટિત મંડપ, લતાઓથી વિંટાયેલો માંડવો)

ઉત્તરાધ્યયનસૂત્રના પ્રથમ અધ્યયનમાં આવે છે કે જેણે કર્મબંધન કરાવનારા સમસ્ત આશ્રવોને ખપાવી દીધા છે કે નિર્મૂળ કરી દીધા છે તેવો મુનિ નાનાપ્રકારની લતા-વેલડીઓથી ઘેરાયેલા માંડવામાં બેસીને વિશિષ્ટ પ્રકારનું ધ્યાન ધરી કર્મક્ષય કરતા રહે છે.

**अफरुस - अपरुष ( न. )**

(અનિષ્ઠુર, મનને આહ્લાદ ઉપજાવનાર)

અઢારે પ્રકારના પાપોથી સર્વથા વિરતિ પામેલા મહામુનિવરોનું જેમ દર્શન અભિલષણીય છે તેમ તેઓની પવિત્ર વાણી પણ ખૂબ જ કોમળ હોય છે. તેમની વાણી સાંભળનાર શ્રોતાના મનને આહ્લાદ ઉપજાવનારી હોય છે. તેઓનું વચન ક્યારેય નિષ્ઠુર ન હોય.

**अफरुसभासि ( ण् ) - अपरुषभाषिन् ( त्रि. )**

(અપરુષ-અકઠોર અર્થાત્ કોમળ ભાષા બોલવાના સ્વભાવવાળો, વચનના વિનય વિશેષને ધારણ કરનાર)

**अफलवादि ( ण् ) - अफलवादिन् ( पुं. )**

(કોઈપણ ક્રિયાનું ફળ છે જ નહીં તેમ માનનાર વાદી, અફળવાદી)

અફળવાદી અને અક્રિયાવાદી દર્શનમાં માનનારા તાપસાદિ એમ માનતા હોય છે કે, જે જીવો અમારા દર્શનમાં વર્તે છે તેઓએ શરીરને ઘોર કષ્ટ આપનારા તપ જપ ધર્મક્રિયાદિ કરવાની જરૂરત જ નથી. તેમનો મોક્ષ તો એમને એમ જ થઈ જાય છે. તેમના મતે તપ યાતના સ્વરૂપ અને સંયમ એ ભોગની વંચના સ્વરૂપ છે. આ રીતે સાંખ્યાદિમતોની ખોટી માન્યતાઓની સૂત્રકૃતાંગ નામના બીજા અંગના પ્રથમ શ્રુતસ્કંધના પ્રથમ અધ્યયનના પ્રથમ ઉદ્દેશમાં વિસ્તૃતપણે આલોચના કરાયેલી છે.

**अफास - अस्पर्श ( त्रि. )**

(મૃદુ-કર્કશાદિ આઠ પ્રકારનો સ્પર્શ જેને નથી તે, સ્પર્શરહિત, સ્પર્શ વિનાનું ૨. ખરાબ સ્પર્શવાળું)

ષોડશક પ્રકરણાદિ ગ્રંથોમાં સ્પર્શને મૃદુ, કર્કશાદિ આઠ પ્રકારનો વર્ણવ્યો છે. તેના પણ બે પ્રકાર છે. એક શુભ અને બીજો અશુભ. કર્કશ એટલે ખરબચડો. જેમ દોરડાનો સ્પર્શ આપણને નથી ગમતો તેમ અશુભ સ્પર્શ પણ સર્વથા ઉદ્વેગજનક ગણ્યો છે.

**अफासुय - अप्रासुक ( न. )**

(સચિત્ત, પ્રાણસહિત, અપ્રાસુક, સજીવ ૨. અગ્રાહ્ય)

જેમાંથી જીવત્વ ચાલ્યું ગયું ન હોય તે સજીવ યાને અપ્રાસુક ગણાય છે. એને જ સચિત્ત કહેવાય છે. માટે જ સાધુ સાધ્વીજી ભગવંતો અને વ્રતધારી શ્રાવકો સચિત્ત આહાર-પાણી ગ્રહણ કરતા નથી. તેને સર્વથા અગ્રાહ્ય ગણ્યો છે. માટે ઉપયોગ રાખવો.

**अफासुयपडिसेवि ( ण् ) - अप्रासुकप्रतिसेविन् ( त्रि. )**

(સચિત્ત વસ્તુનો ઉપભોગ કરનાર, સચિત્ત વસ્તુ વાપરનાર-ગ્રહણ કરનાર)

દુનિયામાં જો શુદ્ધ શાકાહારી અને તેમાં પણ સૂક્ષ્મ રીતે સંપૂર્ણતયા અચિત્ત આહાર-પાણીનો ખપ કરનાર કોઈ હોય તો તે માત્ર ને માત્ર જૈન સાધુ સાધ્વીજીઓ જ છે. તે સિવાયના પ્રાયઃ કરીને તમામ લોકો વત્તા-ઓછા અંશે સચિત્તાહાર લેનારા છે.

**अफुस - अस्पृश्य ( त्रि. )**

(સ્પર્શ કરવાને અયોગ્ય, અસ્પૃશ્ય, નહીં સ્પર્શવા યોગ્ય)

**अफुसमाणगइ - अस्पृशद्गति ( पुं. )**

(સિદ્ધિગતિના અંતરાલ પ્રદેશોને સ્પર્શ્યા વિના ઊર્ધ્વગતિ કરનાર જીવ, સિદ્ધનો જીવ)

સિદ્ધ થતા જીવની જે પંચમગતિ થાય છે તેને સિદ્ધગતિ કહે છે. આ સિદ્ધગતિએ જતો જીવ આકાશના અન્તરાલને સ્પર્શ કરે તો પછી એક સમયે સિદ્ધિ સંભવતી નથી. માટે સમય કયો લેવો તે પ્રશ્ન ઊભો થાય છે. ઔપપાતિકસૂત્રમાં તેના જવાબમાં લખ્યું છે કે, જે સમય આયુષ્યાદિ શેષકર્મોનો ક્ષયસમય તેને જ નિર્વાણ સમય સમજવો. કારણ કે પછી અન્તરાલસમયનો અભાવ થતો હોવાથી અંતરાલ પ્રદેશનું સ્પર્શન રહેતું નથી. આ પ્રમાણે અસ્પૃશદ્ગતિનો સૂક્ષ્માર્થ ભાવથી કેવળીગમ્ય છે.

**अबंध - अबन्ध ( पुं. )**

(કર્મના બંધનો અભાવ)

સંસાર એટલે ચતુર્ગતિમય જગત. આ જગતમાં વર્તતા પ્રત્યેક જીવો પ્રત્યેક ક્ષણે કર્મબંધન કરતા રહે છે. મન વચન અને કાયાના યોગોથી કેટલાક કર્મો ખપે પણ છે તો સાથે સાથે નવા નવા કર્મો બંધાય પણ છે. પૂર્વે બાંધેલા કર્મો ઉદયાવલિકામાં આવી નિર્જરાય પણ છે તો કેટલાક કર્મો પ્રદેશોદયથી ભોગવાઈને ખરે છે. પરંતુ આ કર્મનું વળગણ સતત ચાલુ ને ચાલુ જ રહે છે. માત્ર સિદ્ધના જીવો જ એક એવા છે જેને કોઈપણ પ્રકારના કર્મનો બંધ નથી. તે ભગવંતોને સર્વથા કર્મબંધનો અભાવ છે.

**अबंधग - अबन्धक ( पुं. )**

(કર્મો ન બાંધનાર, આઠ પ્રકારના કર્મો પૈકી એક બે અથવા સર્વ કર્મો નથી બાંધતો તે, નિરુદ્ધયોગી)

**अबंधव - अबान्धव ( त्रि. )**

(સ્વજનાદિ રહિત, નિરાધાર)

સંજોગવશ જેના સ્વજનો મૃત્યુ પામ્યા હોય કે માતા-પિતાદિ વડીલોના આધાર વગરનો હોય તેવો જીવ નિરાધાર કહેવાય છે. તો બીજી તરફ જેમણે સ્વેચ્છાએ સંસારને તિલાંજલિ આપીને સ્વજનોના સર્વ સંબંધોનો વિચ્છેદ કર્યો હોય તેવા શ્રમણ પણ સ્વજનરહિત હોવાથી નિરાધાર છે. પણ એક નિરાધાર સંસારમાં બંધાય છે અને બીજા નિરાધાર સંસારથી મુકાય છે.

**अबंभ - अब्रह्मन् ( न. )**

(મૈથુન, સ્ત્રી આદિ વિષય સેવન, અકુશલ કર્મ-અબ્રહ્મ)

આવશ્યકસૂત્રના ચોથા અધ્યયનમાં અબ્રહ્મચર્યની વ્યાખ્યા કરેલી છે. તેના ઔદારિક અને વૈક્રિય એમ મુખ્ય બે ભેદ છે. તેના પણ મન-વચન-કાયાના યોગે ન કરવું, ન કરાવવું અને કરતાનું અનુમોદન ન કરવું એમ સર્વ ભેદો મળીને અઢાર પ્રકારે અબ્રહ્મ છે.

**अबंभवज्जण - अब्रह्मवर्जन् ( न. )**

(અબ્રહ્મરૂપ વિષય સેવનનો ત્યાગ કરવો તે, શ્રાવકની છઠ્ઠી પ્રતિમા)

ઉપાસકદશાંકસૂત્ર આદિ આગમગ્રંથોમાં શ્રાવકે વહન કરવા જોગ અગિયાર પ્રતિમાઓની વાત આવે છે. તેમાં છઠ્ઠી પ્રતિમા અબ્રહ્મવર્જનની છે. દિવસે કે રાત્રે સ્વ સ્ત્રી સાથે કે અન્ય સ્ત્રી આદિ સાથે સર્વથા મૈથુનનો ત્યાગ કરી આ પ્રતિમા વહન કરાય છે.

**अबज्झ - अवध्य ( त्रि. )**

(નહીં મારવા યોગ્ય, વધ કરવાને અયોગ્ય ૨. પૂજ્ય, મૃત્યુથી મુક્ત થયેલું)

વૈદિકાદિ ધર્મોમાં બ્રાહ્મણ, સ્ત્રી, બાળ અને ગાય આ ચારને અવધ્ય ગણ્યા છે પરંતુ, લોકોત્તર એવા જિનશાસનમાં તો પ્રાણી માત્રને અવધ્ય ગણેલ છે. ભગવાન મહાવીર કહે છે કે એકેન્દ્રિયથી લઈને પંચેન્દ્રિય સુધીના તમામ જીવો જીવનને ઇચ્છે છે માટે તેની હિંસા ન કરશો. અભયદાન આપો.

**★अबाध्य ( त्रि. )**

(નહીં અટકાવવા યોગ્ય, બીજાઓથી બાધા પહોંચાડવાને અયોગ્ય ૨. જે આજ્ઞાકારી ન હોય તે)

**अबज्झसिद्धंत - अबाध्यसिद्धान्त ( पुं. )**

(તીર્થંકર ૨. કુતીર્થિઓથી બાધિત ન થાય તેવો સ્યાદ્વાદ શ્રુતલક્ષણ સિદ્ધાંત)

સ્યાદ્વાદ મંજરી નામક ટીકાગ્રંથમાં મલ્લિષેણસૂરિજી કહે છે કે, જિનશાસનબાહ્ય કુતીર્થિકોએ ઉપસ્થિત કરેલા સેંકડો કુહેતુઓના સમૂહથી પણ જે અબાધ્ય છે તેવા સ્યાદ્વાદ સિદ્ધાંતના પ્રરૂપક વચનાતિશય સંપન્ન શ્રી તીર્થંકર પ્રભુ ત્રિલોકમાં અબાધ્ય વર્તે છે.

**अबज्झा - अबाध्या ( स्त्री. )**

(અયોધ્યા નગરી ૨. ગંધિલાવિજય ક્ષેત્રની રાજધાની)

**अबद्ध - अबद्ध ( न. )**

(પદ્યબંધનરહિત ગ્રંથ, પદ્યબંધરહિત ગ્રંથ)

**अबद्धट्ठिय - अबद्धास्थिक ( न. )**

(અપક્વફળ, જેમાં ગોટલી ન બાઝી હોય તેવું કાચું ફળ)

જૈનદર્શનમાં અપક્વફળ અથવા જેમાં બીજ ન બંધાયું હોય તેવા ફળાદિ ખાવાનો નિષેધ છે. તેમાં કારણ એ છે કે તે જ્યાં સુધી બીજ બંધાઈને પરિપક્વ નથી થતું ત્યાં સુધી તેમાં અનંતકાયપણું સંભવે છે. અર્થાત્ તે અનંત જીવોના સમૂહવાળું મનાયું છે.

**अबद्धसुय - अबद्धश्रुत ( न. )**

(ગદ્યાત્મક શ્રુત, ગદ્યબદ્ધ શ્રુતજ્ઞાન, પદ્યરહિત ગદ્યમય શ્રુત)

**अबद्धिय - अबद्धिक ( पुं. )**

(જીવ અને કર્મનો સ્પર્શ થાય છે પણ બંધ થતો નથી એવું માનનાર નિહ્નવનો ભેદ, જૈનાભાસી મત)

ભગવાન મહાવીર નિર્વાણ પામ્યા પછી ૫૮૪ વર્ષ ગયે દશપુર નગરમાં ગોષ્ઠામાહિલ નામનો નિહ્નવ થયો. તેનો મત એમ હતો કે જીવ અને કર્મનો માત્ર સ્પર્શ જ થતો હોય છે પણ તેનો ક્ષીર-નીરવત્ બંધ થતો નથી. તે આર્યરક્ષિતસૂરિજીના સમયમાં થયો.

**अबम्हण्ण - अब्रह्मण्य ( त्रि. )**

(બ્રહ્મણ્યનો અભાવ ૨. હિંસાદિ વિષયક વચન ૩. આત્માને અહિતકારક)

બ્રહ્મણ્ય એટલે જે બ્રાહ્મણને હિતકારક હોય તે. વેદોક્ત ધર્મ એ બ્રાહ્મણને હિતકારક છે. પરંતુ જે વેદાદિ શાસ્ત્રોમાં વિહિત નથી તેવું હિંસાપ્રેરક વચન બ્રાહ્મણને અહિતકર ગણ્યું છે. માત્ર બ્રાહ્મણને જ નહીં પરંતુ પ્રાણીમાત્રને અહિતકર છે એમ જાણવું.

**अबल - अबल ( न. )**

(બળ સામર્થ્ય કે ઉત્કર્ષનો અભાવ, શરીરના બળથી રહિત, અશક્ત, દુર્બળ)

**अबलत्त - अबलत्व ( न. )**

(નિર્બળતા, દુર્બળતા, દૌર્બલ્ય)

**अबला - अबला ( स्त्री. )**

(સ્ત્રી, મહિલા, અકિંચિતકરી-નારી)

નારીને અબળા કહી છે. તે એના સ્વાભાવિકપણે રહેલા ભીરુતા કોમળતાદિ ગુણોને લઈને વ્યપદિષ્ટ છે. બાકી આજના જમાનામાં સ્ત્રીને અબળા કહેવામાં સો વાર વિચારવું પડે. તે પુરુષ સમકક્ષ ગણાય છે. વ્યાવહારિક ક્ષેત્રે પણ તેણે અપૂર્વ હરણફાળ ભરી છે.

**अबहिट्ठ – अबहित्थ ( न. )**
(હૃદયમાં રહેલા ભાવને ગોપવવો તે ૨. મૈથુન, સ્ત્રી સંગ)
**अबहिम्मण – अबहिर्मनस् ( त्रि. )**
(ધર્મિષ્ઠ, સર્વજ્ઞ પરમાત્માના ઉપદેશાનુસાર વર્તનાર, મનને જયાં ત્યાં ન ભટકાવનાર)
પરમાત્મા મહાવીરના શાસનને પચાવેલા જીવાત્માનું જીવન અંતર્મુખી જ હોય. બહારની દુનિયાનો ભપકો તેને જરાય આકર્ષિત કરી શકતો નથી. ભગવાનની પરમોપાસિકા સુલસા શ્રાવિકાનું જીવન જોશું તો આ વાત બિલકુલ સાફ થઈ જશે. તે પરમ શ્રાવિકાને ભગવાન મહાવીર અને તેમના સિદ્ધાંત સિવાય કોઈ પ્રભાવિત કરી ન શક્યા. એને કહેવાય અબહિર્મના.
**अबहिल्लेस्स – अबहिर्लेश्य ( त्रि. )**
(જેની ચિત્તવૃત્તિ સંયમથી બહાર ન હોય તે, સંયમમાં મનોયોગને સાધનાર, સંયમમાં રત)
મુનિનું સુખ અનુત્તરવાસી દેવના સુખ કરતા પણ કઈ ગણું વધુ હોય છે એ વાત જાણીતી છે. પણ તે કેવા મુનિ હોય કે જેનું આવું માહાત્મ્ય થાય. તેનો ઉત્તર છે કે જેનું ચિત્ત યાને લેશ્યા સંયમમાં જ રમી રહેલું હોય, સંયમમાં ચઢતા પરિણામે હોય તેવા મુનિ.
**अबहुवादि ( ण् ) – अबहुवादिन् ( त्रि. )**
(બહુ બોલનાર નહીં તે, અલ્પભાષી)
આચારાંગસૂત્રમાં મુનિજીવનના ઉત્કૃષ્ટ સંયમ સાધક આદર્શો બતાવેલા છે. તેમાં નિરતિચાર સંયમ પાળનાર તત્ત્વગવેષી મુનિ કેવો હોય તેનું વિવેચન કરતા કહ્યું છે કે, તે અલ્પભાષી હોય. અવસરે બોલવાનું થાય તો ઉપયોગપૂર્વક બોલે, તે પણ અલ્પ જ.
**अबहुस्सुय ( त ) – अबहुश्रुत ( पुं. )**
(જેણે આચાર પ્રકલ્પ નામક નિશીથાધ્યયનનો અભ્યાસ નથી કર્યો અથવા તે પછીનું અધ્યયન નથી કર્યું તે-મુનિ, અબહુશ્રુત)
નિશીથસૂત્રની ચૂર્ણિમાં જણાવેલું છે કે; જે મુનિએ આચારપ્રકલ્પ નામક નિશીથાધ્યયનને નથી ભણ્યું તથા તે પછીના અધ્યયનો નથી ભણ્યા તે અબહુશ્રુત કક્ષાનો છે. જ્યારે વ્યવહારસૂત્રમાં કહ્યું છે કે, ઉક્ત અધ્યયન સૂત્ર-અર્થથી નથી ભણ્યો તે અબહુશ્રુત છે.
**अबालुया – अबालुका ( स्त्री. )**
(ચીકણો પદાર્થ, સ્નિગ્ધ વસ્તુ)
**अबाहा – अबाधा ( स्त्री. )**
(કર્મના બંધ અને ઉદય વચ્ચેનો કાળ, અબાધા કાળ ૨. બે વસ્તુ કે બે પ્રદેશ વચ્ચેનું અંતર ૩. બાધા-પીડા ન કરવી તે)
કર્મબંધ થયા પછી તે કર્મ જયાં સુધી ઉદયમાં નથી આવતું ત્યાં સુધી તે આત્મામાં સુષુપ્તપણે રહેલ હોય છે. જયાં સુધી તે ઉદયમાં નથી આવતું ત્યાં સુધીનો વચ્ચેનો જે સમય છે તેને અબાધા કાળ કહે છે. 'અબાધા' શબ્દ બે વસ્તુ કે બે પ્રદેશ વચ્ચેના અંતર એ અર્થમાં પણ વપરાય છે. જેમ કે શ્રીગૌતમસ્વામીએ ભગવાનને પૂછેલું કે, હે પ્રભુ! મંદર પર્વતથી કેટલા અંતરે જ્યોતિષચક્ર ચલાયમાન છે? ત્યારે પ્રભુએ કહ્યું કે, હે ગૌતમ! મંદર પર્વત થકી અગ્યાર સો અને એકવીશ યોજનના અંતરે તારા વગેરે જ્યોતિષચક્ર ચલાયમાન હોય છે.
**अबाहिरिय – अबाहिरिक ( त्रि. )**
(જેના કિલ્લાની બહાર વસતિ ન હોય તેવું સ્થાન)
**★अबाह्य ( त्रि. )**
(ગામની અત્યંત નજીકમાં રહેલું હોય તે)
**अबाहूणिया – अबाधोनिका ( स्त्री. )**
(અબાધાકાળથી ન્યૂન સ્થિતિવાળી કર્મપ્રકૃતિ)
**अबीय – अद्वितीय ( त्रि. )**
(જેની સાથે બીજું કોઈ નહીં તે, એકાકી, એકલો)

કલ્પસૂત્રમાં લખેલું છે કે, ભગવાન ઋષભદેવ જ્યારે દીક્ષા લેવા નીકળ્યા ત્યારે તેમની સાથે બીજા ચાર હજાર જીવો તૈયાર થયા, પાર્શ્વનાથ અને મલ્લિનાથ સાથે ત્રણ હજાર, વાસુપૂજ્ય સાથે છસો અને મહાવીરસ્વામીને છોડીને શેષ તીર્થંકરો સાથે એક હજાર જીવાત્માઓ દીક્ષા લેવા તૈયાર થયા હતા. કિંતુ જ્યારે પ્રભુ વીર ચારિત્ર લેવા નીકળ્યા ત્યારે તેમની સાથે કોઇ જીવ દીક્ષા લેવા તૈયાર ન થયો. વીર પરમાત્માએ એકાકી દીક્ષા લીધી આથી તેઓ અદ્વિતીય કહેવાયા.

**अबुद्ध - अबुद्ध ( त्रि. )**

(મૂર્ખ, અવિવેકી, તત્ત્વને ન જાણનાર)

**अबुद्धजागरिया - अबुद्धजागरिका ( स्त्री. )**

(જ્ઞાનવંત છદ્મસ્થ જીવની વિચારણા)

ઉત્કૃષ્ટ મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનાદિના પ્રભાવે છદ્મસ્થ જીવ શ્રેષ્ઠ કક્ષાના તત્ત્વોની વિચારણા કરી શકે છે. પરંતુ જ્યાં સુધી કેવલી ભગવંત કે તેઓ દ્વારા પ્રરૂપિત શાસ્ત્રો તેને પ્રમાણ નથી ગણતા ત્યાં સુધી તે આદેય ગણાતા નથી. આથી જ તો ગણધર ભગવંતો પણ સ્વરચિત દ્વાદશાંગીને તીર્થંકર ભગવંત જ્યારે 'તિત્થં અણુજાણહ' નું પ્રમાણપત્ર આપે છે ત્યારબાદ જ સંઘમાં તેનું અધ્યાપન કરાવે છે.

**अबुद्धसिरी ( देशी )**

(અપેક્ષાથી વધુ ફળની પ્રાપ્તિ, મનોરથથી અધિક ફળની પ્રાપ્તિ)

તમે એવી અપેક્ષાથી લોટરીની ટિકીટ લીધી હોય કે, 'લાગ્યું તો તીર નહીં તો તુક્કો' બહુ બહુ તો પાંચસો-હજાર રૂપિયા લાગશે અને તમને એક કરોડનું પહેલું બમ્પર ઇનામ લાગી જાય તો સાચું બોલજો તમે ખુશીના માર્યા કેવા કુદી પડો ? કંઇક આવું જ આપણી સાથે બનેલું છે. આપણું વર્તન અને વ્યવહાર તો બતાવે છે કે આપણે મનુષ્યગતિ અને જિનધર્મને લાયક છીએ જ નહિ. પરંતુ તમારા ભાગ્યએ તમારી અપેક્ષા કરતાં કંઇક વધારે તમને આપી દીધું છે. સબુર! આપણને તેની કિંમત સમજાઈ જવી જોઇએ.

**अबुद्धिअ - अबुद्धिक ( त्रि. )**

(તત્ત્વજ્ઞાનરહિત, બુદ્ધિહીન, અજ્ઞાની)

વ્યવહારિક દૃષ્ટિએ મંદબુદ્ધિવાળા હોવું તેને બુદ્ધિહીનતા કહેવામાં આવે છે. પરંતુ તાત્ત્વિક દૃષ્ટિએ તમે ગમે તેટલા બુદ્ધિશાળી હોવ કિંતુ જો તે બુદ્ધિમાં તત્ત્વદૃષ્ટિ ભળી નથી, જો તેમાં સમ્યગ્જ્ઞાનનું અમૃત સિંચન થયું નથી તો તેવું શુષ્ક જ્ઞાન પણ બુદ્ધિહીનતાની કક્ષામાં જ ગણાય છે. એકલો મંદબુદ્ધિ જ નહીં અપિતુ તત્ત્વજ્ઞાનથી રહિત પણ બુદ્ધિહીન છે.

**अबुह - अबुध ( पुं. )**

(અબુધ, અજ્ઞાની, બુદ્ધિરહિત, મૂર્ખ, બાલિશ, તત્ત્વજ્ઞાન વગરનો ૨. અવિવેકી)

**अबुहजण - अबुधजन ( त्रि. )**

(અજ્ઞાની પરિવારવાળો, અકલ્યાણમિત્ર પરિજનવાળો)

જેને કલ્યાણમિત્ર નથી મળ્યા તે ખરેખર ભાગ્યહીન છે. જેમ કે શ્રીપાળની રાણીમાં આસક્ત થયેલા ધવલશેઠને મળેલા ત્રણ અકલ્યાણમિત્રોએ તેને બહેકાવ્યો, પરસ્ત્રીમાં કામરાગ પેદા કરાવ્યો અને તેને અધોગતિની ગર્તામાં ધકેલીને પોતે પણ જીવનથી હાથ ધોઈ બેઠા.

**अबोह - अबोध ( पुं. )**

(જ્ઞાનનો અભાવ, અજ્ઞાન ૨. ત્રિ. બોધ રહિત, અજાણ)

**अबोहंत - अबोधयत् ( त्रि. )**

(નહિ જણાવતો, નહીં જગાવતો, નહીં સમજાવતો, ઉપદેશ ન કરતો)

**अबोहि - अबोधि ( स्त्री. )**

(મિથ્યાત્વકારી જ્ઞાન ૨. અજ્ઞાન ૩. જૈનધર્મની અપ્રાપ્તિ)

આતુરપ્રત્યાખ્યાન શાસ્ત્રમાં પ્રશ્ન પૂછવામાં આવેલો છે કે કયા જીવને અબોધિ થાય છે. અર્થાત્ કેવા જીવને સમ્યગ્જ્ઞાન કે જિનધર્મની

પ્રાપ્તિ થતી નથી ? તેનો પ્રત્યુત્તર આપતા લખ્યું છે કે, જે જીવ મિથ્યાત્વમાં રત છે, જેણે નિયાણું કરેલું હોય તથા જેઓ કૃષ્ણલેશ્યાને-મલિન વિચારોને પ્રાપ્ત છે તેવા જીવો બોધિજ્ઞાનને અર્થાત્ સમ્યક્ત્વને પ્રાપ્ત કરતા નથી.

**अबोहिकलुस - अबोधिकलुष ( त्रि. )**

(મિથ્યાદષ્ટિ, અજ્ઞાની)

**अबोहिबीय - अबोधिबीज ( न. )**

(સમ્યક્ત્વના અભાવનું કારણ)

મોક્ષપ્રાપ્તિના બીજ સમાન સમ્યક્ત્વથી વંચિત રાખવામાં પ્રધાન કારણ છે મોહનીયાદિ કર્મોનો બંધ અને આ કર્મોને બાંધવામાં મુખ્ય ચાર કારણો પ્રવૃત્ત છે. ૧. મિથ્યાત્વ ૨. અવિરતિ ૩. કષાય અને ૪. મન-વચન-કાયાના અશુભ યોગો. આ ચંડાળ ચોકડીના કારણે જીવ નિર્મલ એવા સમ્યગ્દર્શનથી વેગળો જ રહે છે.

**अबोहिय - अबोधिक ( न. )**

(મિથ્યાત્વફળ-અજ્ઞાન, બોધિ જેને નથી તે, સમ્યક્ત્વ વગરનો, બોધરહિત, જેનાથી બોધનો અભાવ છે તે ૨. પું.સ્ત્રી. જૈનધર્મની અપ્રાપ્તિ ૩. બુદ્ધિ વિશેષનો અભાવ)

**अब्बुय - अर्बुद ( पुं. )**

(સ્વનામ પ્રસિદ્ધ પર્વત, આબુતીર્થ)

**अब्भ - अभ्र ( न. )**

(મેઘ, વાદળ ૨. આકાશ)

આકાશમાં રહેલા વાદળો જલયુક્ત હોય છે ત્યારે તે શ્યામવર્ણતાને ધારણ કરે છે અને જ્યારે તે વરસી પડે છે ત્યારે શ્વેતરૂપતાને ધારણ કરે છે. તેમ જીવ જ્યારે કાષાયિક પરિણામોને ધારણ કરે છે ત્યારે તેનો અનંત જ્ઞાન-દર્શન અને ચારિત્રાદિ ગુણોવાળો શુભ્રાત્મા મલિનતાને ધારણ કરે છે, પરંતુ જ્યારે તે દેવ-ગુરુ-ધર્મના આલંબનથી સઘળા કર્મોનો ક્ષય કરે છે ત્યારે તે શ્વેત-શુદ્ધસ્વરૂપને ધારણ કરે છે.

**अब्भंग - अभ्यङ्ग ( पुं. )**

(થોડાક તેલાદિથી મર્દન કરવું તે, એકવાર તેલથી મર્દવું તે-માલીશ કરવી તે)

**अब्भंगण - अभ्यञ्जन ( न. )**

(તેલ વગેરે લગાડીને મર્દન કરવું તે, ઘૃતવશાદિ વડે કે સહસ્રપાક તેલથી શરીરે માલીશ કરવી તે)

તેલની માલીશને સ્વાસ્થ્યવર્ધક કહેલી છે. આજે પણ જેમ વિવિધ પ્રકારના સાચા-ખોટા માલિશના તેલ ઉપલબ્ધ હોય છે તેમ પ્રાચીન કાળમાં શતપાક તેલ, સહસ્રપાક તેલ અને લક્ષપાકાદિ સિદ્ધતેલથી લોકો પોતાના શરીરે માલિશ કરતા હતા. આ અભ્યંજન ગૃહસ્થો માટે ભલે ઉપયુક્ત હોય કિંતુ શ્રમણ અને શ્રમણી માટે રોગાદિ જેવા ગાઢ કારણ વિના વર્જ્ય કહેલ છે.

**अब्भंगिएल्लय - अभ्यङ्गित ( त्रि. )**

(તેલ આદિથી મર્દિત, તેલથી માલીશ કરેલ-શરીરાદિ)

**अब्भंगि ( गे ) त्ता - अभ्यज्य ( अव्य. )**

(તેલ આદિથી મર્દન કરીને-માલીશ કરીને)

**अब्भंगिय - अभ्यङ्गित ( त्रि. )**

(તેલ આદિથી મર્દન કરેલ, તૈલાદિથી ચોળેલ)

**अब्भं ( ब्भिं ) तर - अभ्यन्तर ( त्रि. )**

(પુત્ર-કલત્રાદિની જેમ અત્યન્ત નજીકનું-સમીપનું ૨. અંદર, અંદરમાં રહેલું, અંદરનો ભાગ)

લોકો કહે છે કે અમારે ધર્મ તો કરવો છે પરંતુ પુત્ર,પત્ની તથા પરિવારજન અમને કરવા નથી દેતા. આ વાત સાવ પાયાવિહોણી છે.

કેમ કે વ્યક્તિને ધર્મમાર્ગે જતાં કાંઇ પત્ની આદિ સ્વજનો નથી રોકતાં, કિંતુ અંદરમાં રહેલા તેમના પ્રત્યેનો મમત્વભાવ જ સાચા માર્ગે જતાં રોકે છે. આથી પ્રથમ જરૂર છે અંદરમાં રહેલા મમત્વને ખતમ કરવાની. જે દિવસે પુત્ર કલત્રાદિનો મમત્વભાવ નાશ પામશે તે દિવસે તેમને કોઇ કારણો આપવાની જરૂર નહીં રહે.

**★आभ्यन्तर ( त्रि. )**

(અંદરના ભાગમાં રહેલું, માહેલું, વચ્ચેનું-મધ્યસ્થ)

**अब्भं ( ब्भि ) तरओसचित्तकम्म - अभ्यन्तरतःसचित्रकर्मन् ( त्रि. )**

(મધ્યભાગમાં ચિત્રકર્મથી સુંદર, મધ્યમાં સુંદરચિત્રકામવાળુ)

**अब्भं ( ब्भि ) तरकरण - अभ्यन्तरकरण ( न. )**

(ભાવસંગ્રહનો એક ભેદ)

વ્યવહારસૂત્રમાં કહેલું છે કે, ગચ્છના મુખ્ય આધારભૂત ગણાચાર્યાદિ શ્રમણ જ્યારે ગચ્છ, કુલ સંબંધી ચર્ચા કરતા હોય ત્યારે ત્યાં રહેલા ત્રીજા સાંભળનાર શ્રમણને કહે કે અમારે થોડીક ગણાદિ સંબંધી ચર્ચા કરવી છે માટે તમે બહાર જાવ એમ કહીને તેને બહાર મોકલે અને પછી ગણાદિ સંબંધિત ગંભીર વાર્તાલાપ કરે તેને શાસ્ત્રીયભાષામાં અભ્યંતરકરણ કહેવામાં આવે છે.

**अब्भं ( ब्भि ) तरग - आभ्यन्तरक ( पुं. )**

(અંગત માણસ, નજીકનો વ્યક્તિ, અત્યંત વિશ્વાસુ મંત્રી વગેરે)

**अब्भं ( ब्भि ) तरठाणिज्ज - अभ्यन्तरस्थानीय ( पुं. )**

(નજીકની પ્રેષ્ય વ્યક્તિ, અંગત નોકર, ખાસ માણસ)

રાજાશાહીના વખતમાં રાજ્ય ચલાવવા માટે, મંત્રી, સેનાપતિ, સૈનિક વગેરે નિયુક્ત રહેતા હોવા છતાં પણ રાજા પોતાનો એક ખાસ અંગત માણસ રાખતા હતા. તેને ગુપ્તચર પણ કહેવામાં આવતો હતો. આ અંગત પુરુષ ઘણું કરીને સ્વરાજ્ય અને દુશ્મન રાજ્યમાં બનનારી શુભાશુભ ઘટનાઓને ખાનગીમાં રાજા પાસે પહોંચાડવાનું કાર્ય કરતો હતો.

**अब्भं ( ब्भि ) तरतव - अभ्यन्तरतपस् ( न. )**

(મોક્ષના હેતુભૂત આંતરિક તપ, પ્રાયશ્ચિત્તાદિ છ પ્રકારનું અભ્યંતર તપ)

આત્મા પર લાગેલા કર્મોને તપાવે યાને ખપાવે તેને તપ કહેવાય છે. આ તપ બે પ્રકારના કહ્યા છે. એક બાહ્ય તપ અને બીજો આભ્યંતર તપ. તે પ્રત્યેકના પણ છ છ પ્રકારો છે. અભ્યંતર તપના છ પ્રકારો આ પ્રમાણે છે. ૧. પ્રાયશ્ચિત્ત ૨. વિનય ૩. વૈય્યાવચ્ચ ૪. સ્વાધ્યાય ૫. શુભ ધ્યાન અને ૬. કાયોત્સર્ગ.

**अब्भं ( ब्भि ) तरतो - अभ्यन्तरतस् ( अव्य. )**

(અંદર ખાને, મધ્યમાં, વચમાં)

**अब्भं ( ब्भि ) तरदेवसिय - अभ्यन्तरदैवसिक ( न. )**

(દિવસ દરમિયાન, દિવસની અંદર)

આપણો જૈન સમાજ વેપાર વાણિજ્ય પ્રધાન સમાજ છે. આપણે ધંધાનો રોજમેળ રાખીએ છીએ. સાંજ પડતાં જ દિવસ દરમિયાન કેટલો ફાયદો થયો કેટલું નુકશાન ગયું. બધાનો તાળો મેળવવા બેસી જઈએ છીએ. જો હિસાબ-કિતાબ રાખવો જ હોય તો પછી પૈસાની સાથે સાથે એક હિસાબ એ પણ રાખોને કે આખા દિવસની અંદર કેટલું જુઠ્ઠું બોલ્યા. કેટલાને છેતર્યા. કેટલા અશુભ વિચાર કર્યા વગેરે વગેરે અને આ બધાનો હિસાબ મેળવીને દેવસિ પ્રતિક્રમણમાં બધો હિસાબ ચોકખો કરી નાખો.

**अब्भं ( ब्भि ) तरपरिस - अभ्यन्तरपरिषत् ( पुं., स्त्री. )**

(મિત્રમંડળી ૨. સમિતિ નામની ઇંદ્રની આંતરિક સભા, અંદરની સભા)

જેવી રીતે રાજા મંત્રી, સેનાપતિ, સૈન્ય, શસ્ત્ર અને અસ્ત્રો વગેરે બાહ્યપર્ષદાથી ગમે તેવા દુશ્મનને પરાસ્ત કરવા સમર્થ છે. તેમ પંચ મહાવ્રત, દશવિધ શ્રમણધર્મરૂપી અભ્યંતરપર્ષદાને ધારણ કરનારા સાધુવર્ય આઠ પ્રકારની કર્મસેનાને પળવારમાં નષ્ટ કરવા શક્તિમાન છે.

**अब्भं ( ब्भिं ) तरपाणीय - अभ्यन्तरपानीय ( त्रि. )**

(જેની અંદર પાણી છે તેવી ચોરપલ્લી આદિ સ્થાન)

**अब्भं ( ब्भिं ) तरपुक्खरद्ध - अभ्यन्तरपुष्करार्द्ध ( न. )**

(માનુષ્યોત્તર પર્વતની પહેલા આવેલા પુષ્કરવરદ્વીપનો અર્ધભાગ)

**अब्भं ( ब्भिं ) तरपुप्फफल - अभ्यन्तरपुष्पफल ( त्रि. )**

(પત્રાચ્છાદનના કારણે જેના પુષ્પ અને ફલ અદષ્ટ છે તેવું વૃક્ષ)

**अब्भं ( ब्भिं ) तरबाहरिय - अभ्यन्तरबाहिरिक ( त्रि. )**

(નગરના મધ્યભાગની સાથે કિલ્લા બહારના ભાગે મકાનોની હારમાળા જ્યાં છે તે નગરાદિ)

**अब्भं ( ब्भिं ) तरय - आभ्यन्तरक ( पुं. )**

(રાજાની અત્યંત નજીકમાં રહેનાર પુરુષ ૨. અંદરનો વ્યક્તિ, અંતરંગ)

**अब्भं ( ब्भिं ) तरलद्धि - अभ्यन्तरलब्धि ( स्त्री. )**

(અવધિજ્ઞાનનો એક ભેદ, અભ્યંતર લબ્ધિ)

જિનભદ્રગણિ ક્ષમાશ્રમણે વિશેષાવશ્યક ભાષ્યમાં જણાવ્યું છે કે જીવને જે સ્થાને રહ્યા છતાં અવધિજ્ઞાન ઉત્પન્ન થાય તે સ્થાનથી લઈને સંખ્યાત કે અસંખ્યાત ક્ષેત્ર પ્રમાણ પદાર્થને જોઇ અને જાણી શકે તેને અભ્યંતર લબ્ધિ કહેવાય છે. આ વિશેષ લબ્ધિ અવધિજ્ઞાનના સ્થાન સાથે સંબદ્ધ હોય છે.

**अब्भं ( ब्भिं ) तरसंबुक्का - अभ्यन्तरशम्बूका ( स्त्री. )**

(ગોચરીનો એક ભેદ, ભિક્ષાનો એક ભેદ કે જેમાં શંખાવર્તની જેમ ગોચરી લેવાય છે)

પ્રતિદિન એક જ વ્યક્તિના ત્યાં ભિક્ષા લેવા જવાથી દાતાને અપ્રીતિ થવાનો સંભવ છે આથી શાસ્ત્રમાં કહેલી વિધિ પ્રમાણે દરરોજ વિવિધ આકૃતિની કલ્પના કરીને સાધુ ભિક્ષા ગ્રહણ કરે, જેથી એક જ ઘરની ગોચરી લેવાનું ન આવે. ભિક્ષાના અનેક પ્રકારમાં એક ભેદ છે અભ્યંતરશંબૂકાનો. શંબૂક એટલે શંખ. સાધુ શંખના આવર્તન પ્રમાણે પ્રથમ ગામની અંદર ભિક્ષા લે અને ક્રમશઃ ભિક્ષા લેતો લેતો બહાર નીકળી જાય અથવા પ્રથમ બહાર લે અને પછી અંદરના ભાગે આવે.

**अब्भं ( ब्भिं ) तरसगडुद्धिया - अभ्यन्तरशकटोद्धिका ( स्त्री. )**

(કાયોત્સર્ગનો એક દોષ, કાયોત્સર્ગનો શકટોદ્ધિકા દોષ, જેમાં આગળના બંને અંગુઠા જોડી દેવાય અને એડી ખુલ્લી રખાય તે)

શકટ એટલે ગાડું. ગાડા સાથે બળદને જોડવા માટે જે ઉધની હોય છે તેની જેમ પગના બે અંગુઠાને ભેગા રાખે અને પાછળની બન્ને એડીઓને પહોળી રાખીને કાયોત્સર્ગ કરે તો અભ્યંતરશકટોદ્ધિકા દોષ લાગે છે એમ પ્રવચનસારોદ્ધારમાં જણાવેલું છે.

**अब्भं ( ब्भिं ) तरोहि - अभ्यन्तरावधि ( पुं. )**

(અવધિજ્ઞાનનો એક ભેદ)

અવધિજ્ઞાનના બે ભેદ છે ૧. સંબદ્ધાવધિ અને દેશાવધિ. જેમ દીપકની પ્રભા તેના પ્રકાશની સાથેને સાથે રહે છે. તે જ્યાં જાય ત્યાં ત્યાં તેની પ્રભા પણ સાથે જાય છે તેવી રીતે જે જીવને સંબદ્ધાવધિજ્ઞાન થયું હોય છે તે જીવનું અવધિજ્ઞાન તે જ્યાં પણ જાય ત્યાં ત્યાં તેની સાથેને સાથે જ રહે છે. આ અવધિજ્ઞાનનું બીજું નામ અભ્યંતરાવધિ પણ છે.

**अब्भं ( ब्भिं ) तरिया - आभ्यन्तरिकी ( स्त्री. )**

(અંદરના ભાગમાં રહેલો પડદો, અભ્યંતર પડદો)

**अब्भक्खइज्ज - अभ्याख्यातव्य ( त्रि. )**

(કોઈના ઉપર ખોટો આરોપ લગાવવો તે, ચોર ન હોય તેને ચોર કહેવો તે)

કોઇપણ નિર્દોષ જીવ પર ખોટો દોષારોપણ કરવો તે મહાપાપ છે. નિર્દોષને દોષી કહેવો, અચોરને ચોર કહેવો આ બધું અભ્યાખ્યાન છે. તેના દ્વારા જીવને ઘોરાતિઘોર કર્મોનો બંધ થાય છે. મહાસતી સીતાજીએ પણ પૂર્વભવમાં નિર્દોષ પર ખોટો આરોપ મૂક્યો હતો.

જેના ફળ સ્વરૂપે સ્વયં મહાબ્રહ્મચારી હોવા છતાં પણ તેમના પર અસતીનું કલંક આવ્યું હતું.

**अब्भक्खणं ( देशी )**

(અપયશ, અકીર્તિ)

રાજા રામનો રઘુવંશ લોકમાં મહિમાવંત ગણાતો હતો. એ વંશપુરુષોને પ્રાણઘાતનો જેટલો ભય નહોતો લાગતો તેના કરતાં વધુ અપયશ અને અપકીર્તિનો ભય લાગતો હતો. રાજા દશરથને રામ અતિ વહાલા હતા છતાં પણ કૈકેયીને આપેલા વચનનો ભંગ ન થાય અને લોકમાં અપયશ પણ ન ફેલાય માટે તેમણે રામને વનવાસ અને ભરતને રાજગાદી આપી દીધી. આ બાજુ રામ મહેલને છોડી ગયા અને બીજી તરફ પ્રાણ દશરથને છોડી ગયા. આને કહેવાય **'પ્રાણ જાઈ પર વચન ન જાઈ'**

**अब्भक्खाण – अभ्याख्यान ( न. )**

(કોઈને ખોટો આળ આપવો, પ્રકટ રીતે આક્ષેપ કરવો, ખોટી સાક્ષી પૂરવી)

બે જણ કોઈ ખોટું કાર્ય કરી રહ્યા હોય અને કોઈ ત્રીજો વ્યક્તિ તેને પકડી પાડે ત્યારે પોતાના દોષોથી બચવા માટે તે બન્ને ભેગા થઈને પ્રગટ રીતે તેની ઉપર આળ ચઢાવે કે આને અમુક જણ જોડે ખરાબ કાર્ય કરતાં અમે જોયો છે. જો હું ખોટું બોલતો હોઉં તો આને પૂછી જુઓ. ત્યારે તેનો સાથીદાર પણ પ્રગટ રીતે તેની વાતમાં હામી ભરે. આ દોષારોપણ અઢાર દોષોમાંનો એક દોષ છે.

**अब्भच्छण्ण – अभ्रच्छन्न ( त्रि. )**

(વાદળથી આચ્છાદિત, વાદળછાયું)

કર્મગ્રંથમાં કહેલું છે કે, જીવ અનંત જ્ઞાન-દર્શન અને ચારિત્રાદિ ગુણોના સ્વભાવવાળો છે છતાં જેવી રીતે સૂર્ય વાદળોથી આચ્છાદિત હોવાથી તેનો સંપૂર્ણ પ્રકાશ બહાર નથી આવી શકતો તેની જેમ આત્મા જયાં સુધી આઠ કર્મોરૂપી વાદળોથી આચ્છાદિત છે ત્યાં સુધી તેના ગુણોનો પૂર્ણપ્રકાશ પ્રગટ થતો નથી.

**अब्भड ( देशी )**

(પાછળ જઈને, અનુગમન કરીને)

**अब्भणुण्णा – अभ्यनुज्ञा ( स्त्री. )**

(કર્તવ્યવિષયક અનુમતિ આપવી તે, અનુષ્ઠાન વિષયક અનુજ્ઞા-રજામંદી કરવી તે)

ઠાણાંગસૂત્રમાં શ્રમણભગવંત મહાવીરે નિર્ગ્રંથ સાધુઓને જે કરણીય કર્તવ્યોની અનુજ્ઞા આપી છે તે તે સ્થાનો બતાવવામાં આવેલા છે. જેમ કે ૧. ક્ષમા ૨. મુક્તિ ૩. માર્દવ ૪. આર્જવ ૫.લાઘવ તેમજ ૧. સત્ય ૨. સંયમ ૩. તપ ૪. ત્યાગ અને ૫. બ્રહ્મચર્ય. આ બધા સાધુએ આચરવા યોગ્ય અનુષ્ઠાનો હોવાથી પરમાત્માએ તેની અનુમતિ આપેલી છે. આ અનુમતિ એ જ અભ્યનુજ્ઞા છે.

**अब्भणुण्णाय – अभ्यनुज्ञात ( त्रि. )**

(કર્તવ્યરૂપે અનુમતિ અપાયેલ, કર્તવ્યની આજ્ઞા અપાયેલું)

**अब्भत्थ – अभ्यस्त ( त्रि. )**

(એક જ ક્રિયાની પુનઃ પુનઃ આવૃત્તિ કરેલ, અભ્યાસ કરેલ)

અનાદિકાળથી પાપકાર્યમાં આપણી રૂચિ રહી છે. આથી ધર્મના આચરણમાં તકલીફ પડી રહી છે. પરંતુ મન-વચન-કાયાના પ્રણિધાનપૂર્વક જેમ જેમ તેનો અભ્યાસ કરતાં જશું તેમ તેમ અસદાચરણ તરફની રૂચિ ઘટતી જશે અને શુભ ક્રિયાઓના શુભસંસ્કારો આત્મા પર પડશે. તે પછી સદનુષ્ઠાન કરવાનું થશે ત્યારે તે અરુચિકર ન લાગતાં રોમાંચક લાગશે.

**अब्भत्थणा – अभ्यर्थना ( स्त्री. )**

(પરસ્પર કાર્ય-પ્રવૃત્તિ કરાવવી તે, ઈચ્છાકારપૂર્વક કાર્ય કરાવવું તે ૨. પ્રાર્થના, વિનંતી ૩. આદર, સત્કાર)

જિનાલયમાં જઈને પરમાત્મા પાસે પૈસો, ગાડી, બંગલો વગેરે ઈચ્છિત વસ્તુઓની માગણીઓ ઘણી વખત કરી. પરંતુ ક્યારેય આત્મિક ગુણો મેળવવા પ્રાર્થના કરી છે ખરી ? પરમાત્મા પાસે ક્યારેય માગ્યુ છે કે હે પ્રભુ! મને ચિત્તની સમાધિ આપ. મને દુઃખો સામે ટકવાની શક્તિ આપ. હું બીજાના સુખોને જોઈને વ્યથિત ન થાઉં તેવું બળ પ્રદાન કર. મને હંમેશા બીજાની સહાય કરવાનું મન થાય તેવા ભાવ આપ. આવું એક વખત માગી જો જો પછી બીજું કંઈ માંગવાની ઈચ્છા જ નહીં થાય.

**अब्भपडल - अभ्रपटल ( न. )**

(અબરખ, પૃથ્વીકાયનો એક ભેદ ૨. વાદળોનો સમૂહ)

**अब्भपिसाय ( देशी-पुं. )**

(રાહુ)

**अब्भबालुया - अभ्रवालुका ( स्त्री. )**

(અભ્રક ધાતુમિશ્રિત રેતી, કઠણ સચિત્ત પૃથ્વીકાયનો એક ભેદ)

**अब्भरहिय - अभ्यर्हित ( त्रि. )**

(રાજમાન્ય ૨. સત્કાર પ્રાપ્ત, ગૌરવશાળી-રાજપુત્ર કે મંત્રીપુત્ર)

શાસનની ધુરા વહન કરનારા જૈનાચાર્ય હિતાહિતના સંપૂર્ણ જ્ઞાતા હોય છે. તેઓ શાસનનું હિત અને અહિત શેમાં રહેલું છે તે એકદમ સારી રીતે જાણતા હોય છે. આથી જિનશાસન પર કોઇ વિઘ્ન ન આવે તે માટે મિથ્યાદૃષ્ટિ એવા મંત્રી, રાજપુરોહિતાદિ રાજમાન્ય લોકો જ્યારે તેમની પાસે આવે તો તેઓના સત્કાર સન્માન કરતા હોય છે. તેમાં તેઓ પ્રત્યેનો અહોભાવ નહીં કિંતુ જિનશાસનનું હિત કેન્દ્ર સ્થાને રહેલું હોય છે.

**अब्भराग - अभ्रराग ( पुं. )**

(સંધ્યાની લાલિમા, સંધ્યા સમયે સૂર્યકિરણોથી આકાશમાં થતાં વાદળના વર્ણો-સંધ્યારાગ)

સંધ્યા સમયે આકાશમાંસૂર્યના કિરણો અને વાદળોનો સંયોગ થતાં વાદળો વિવિધ વર્ણને ધારણ કરીને મનોહરરૂપને સર્જે છે. પરંતુ તે અલ્પ સમય પૂરતું જ હોય છે જેવો સૂર્યાસ્ત થયો કે વાદળના રંગબેરંગી રૂપ વિખેરાઇ જાય છે. તેવી રીતે આત્માનો શુભાશુભ કર્મો સાથે સંયોગ થતાં જીવનમાં હર્ષ-શોક, સુખ-દુઃખ, રાગ-દ્વેષના વર્ણો સર્જાય છે. પરમાત્મા કહે છે કે આ બધું સંધ્યાના વર્ણની જેમ ક્ષણિક છે. માટે ક્ષણિકનો મોહ ત્યજીને શાશ્વત માટે પ્રયત્ન કરવો જોઇએ.

**अब्भरुक्ख - अभ्रवृक्ष ( पुं. )**

(વાદળથી બનેલો વૃક્ષનો આકાર, જે વાદળે વૃક્ષનો આકાર ધારણ કર્યો હોય તે)

**अब्भवद्दलय - अभ्रवार्दलक ( न. )**

(જલયુક્ત વાદળ, પાણીથી ભરેલા વાદળ, આકાશગત જળયુક્ત મેઘ)

મહોપાધ્યાય યશોવિજયજી મહારાજે પાર્શ્વનાથ પ્રભુની સ્તવના કરતાં લખ્યું છે કે, હે પ્રભુ! હું તો તારા દ્વારે ભિખારી બનીને આવ્યો છું. હું માત્રને માત્ર તારી જોડે જ માગીશ. તારા સિવાય મારે બીજે ક્યાં જવું નથી. જો તમે ચાંદ છો તો હું ચકોર છું. જો તમે ગોવિંદ છો તો હું ગરુડ છું. જો તમે જળથી ભરેલા અને ગર્જના કરતાં વાદળ છો તો હું તમને જોઇને આનંદ પામનારો મોરલો છું. પણ નાથ હું માત્રને માત્ર તારો તારો ને તારો જ છું.

**अब्भसंझा - अभ्रसन्ध्या ( स्त्री. )**

(રંગબેરંગી વાદળોવાળી સંધ્યા, સંધ્યા સમયે દેખાતા રંગ-બેરંગી વાદળો)

**अब्भसंथड - अभ्रसंस्तृत ( न. )**

(વાદળોથી આકાશ છવાઈ જવું તે, વાદળોથી ઘેરાયેલું આકાશ)

**अब्भसण - अभ्यसन ( न. )**

(એક જ ક્રિયાનું પુનઃ પુનઃ કરવું તે, સતત અભ્યાસ)

'ગરથ ગાંઠે ને વિદ્યા પાઠે' અર્થાત્ પાસે રહેલું ધન અને મુખપાઠે વિદ્યા એ જ ખરું ધન કહેવાય. વિદ્યા મુખપાઠ ત્યારે જ થાય જ્યારે તેની પુનઃ પુનઃ આવૃત્તિ કરાય. ભણેલા શાસ્ત્રનો વારંવાર અભ્યાસ કરી આત્મસાત્ કરાય ત્યારે તે કંઠસ્થ થાય છે. જેમ પાસે ધન હોય તો જ કટોકટીના સમયે તેનું મૂલ્ય સમજાય છે, તેમ સંકટ સમયે મુખપાઠ કરેલી વિદ્યાનું મહત્ત્વ ખ્યાલમાં આવે.

**अब्भसिय - अभ्यस्य ( अव्य. )**

(એક જ ક્રિયાને પુનઃ પુનઃ કરીને, શીખીને, અભ્યાસ કરીને)

**अब्भहिय - अभ्यधिक ( त्रि. )**

(વધારે, વિશેષ, અધિક, અત્યન્ત)

**अब्भहियतरग - अभ्यधिकतरक ( त्रि. )**

(અતિશય વધારે, અત્યધિક, વિપુલતર, વિસ્તીર્ણ)

**अब्भागम - अभ्यागम ( पुं. )**

(સન્મુખ આવવું તે ૨. યુદ્ધ ૩. વિરોધ ૪. નજીકમાં રહેવું તે)

શાશ્વત સુખની પ્રાપ્તિ માટે સઘળા કર્મોનો ક્ષય જોઇએ અને ક્ષણિક સુખ માટે પુણ્યકર્મનો બંધ જોઇએ. જ્યાં સુધી મુક્તિ નથી મળી ત્યાં સુધી સંસારમાં રહીને અશુભ ગતિ કે દુઃખની પ્રાપ્તિ ન થાય તે માટે પુણ્ય હોવું અતિઆવશ્યક છે. જે પુણ્યશાળી આત્માઓ હોય છે તેને ભાગ્યલક્ષ્મી સ્વયં સન્મુખ આવીને વરમાળા પહેરાવે છે. તેઓને ડગલે ને પગલે યશ, કીર્તિ અને સંપત્તિ પ્રાપ્ત થતી હોય છે. જેમ પુણ્યશાળી શ્રીપાળ રાજાને થઈ હતી તેમ.

**अब्भागमिय - अभ्यागमिक ( पुं. )**

(આગન્તુક, મહેમાન, પ્રાહુણો, અતિથિ)

**अब्भागय - अभ्यागत ( पुं. )**

(આગન્તુક, મહેમાન, પ્રાહુણો, અતિથિ)

**अब्भावगासिय - अभ्रावकाशिक ( न. )**

(આંબા વગેરે ઝાડના મૂળની નીચે રહેલું ઘર)

**अब्भास - अभ्यास ( श ) ( पुं. )**

(અભ્યાસ કરવો તે, વારંવાર આવૃત્તિ કરવી તે ૨. સમીપ, નજીક ૩. આદત ૪. આવૃત્તિજન્ય સંસ્કાર)

યુદ્ધો દરરોજ થતાં નથી હોતા છતાં પણ ચારેય પ્રકારનું સૈન્ય દરરોજ યુદ્ધનો અભ્યાસ કરતું હોય છે. જેથી કરીને યુદ્ધના સમયે ફિયાસ્કો ન થઇ જાય. તેમ દુઃખ આપનાર અશુભ કર્મોનો ઉદય કંઇ દરરોજ નથી આવતો. છતાં પણ પ્રત્યેક જીવે તેના માટેનો અભ્યાસ પાડી દેવો જોઇએ, દુઃખને સહન કરતાં શીખી લેવું જોઇએ. જેથી સંકટના સમયે ચિત્તની સમાધિ ટકી રહે.

**अब्भासकरण - अभ्यासकरण ( न. )**

(પાસત્થાદિને પુનઃ સંયમધર્મમાં સ્થાપિત કરવારૂપ સંભોગનો એક ભેદ)

જેઓ શિથિલાચારના કારણે સંયમમાર્ગથી ભ્રષ્ટ થયેલા છે તેવા પાસત્થાદિ જીવોને આલોચના દાનાદિ દ્વારા પુનઃ ચારિત્રમાર્ગમાં સ્થાપન કરીને તેમની સાથે ગોચરી-પાણી આદિનો વ્યવહારમાર્ગ પ્રવર્તાવવો તેને અભ્યાસકરણ કહેવામાં આવે છે.

**अब्भासग - अभ्यासक ( पुं. )**

(નિક્ષેપો, સ્થાપના)

**अब्भासगुण - अभ्यासगुण ( पुं. )**

(પૂર્વના અભ્યાસજનિત સંસ્કારથી ઉત્પન્ન થયેલો ગુણ)

અંધારું થતાં જ આંખો મીંચાઈ જવી, તાજા જન્મેલા બાળકનું મુખ વડે સ્તનપાન કરવું, શરીરને ખંજવાળવું આ બધું કોણ શીખવાડે છે? આ પ્રવૃત્તિ અનાદિકાલીન અભ્યાસથી પડેલ સંસ્કારોની દેન છે. જીવ જે પ્રવૃત્તિ પુનઃ પુનઃ કરે છે તેના સંસ્કારો આત્મા પર પડે છે અને તે સંસ્કારોના કારણે જીવ તે જ ભવમાં તેમજ ભવાંતરમાં પણ એવી જ પ્રવૃત્તિ કરે છે. આને અભ્યાસગુણ કહેવામાં આવે છે.

**अब्भासजणियपसर - अभ्यासजनितप्रसर ( त्रि. )**

(અભ્યાસજનિત પ્રસર-ધારા, અભ્યાસથી ઉત્પન્ન થયેલો વેગ, અભ્યાસજન્ય વેગવાળો)

યોગશતક ગ્રંથમાં ભગવાન હરિભદ્રસૂરિ મહારાજે લખ્યું છે કે, શ્રમણે આત્મામાં સદ્ગુણોને ઉત્પન્ન કરવા માટે આચારોનું પાલન

કરવું જોઇએ. ચારિત્રપાલનમાં કષ્ટ પડવા છતાં પણ તેનો પુનઃ પુનઃ અભ્યાસ કરવો જોઇએ. પ્રારંભમાં ભલે તકલીફ પડે પરંતુ એકવાર અભ્યાસ પડ્યા બાદ તે સહજ બની જાય છે. તેના માટે પ્રયત્ન કરવો પડતો નથી. જેમ કુંભારનું ચક્ર પ્રારંભમાં ધીમું ચાલે છે પરંતુ, જયારે તે વેગ પકડે છે પછી તેની ગતિ સહજ થઇ જાય છે તેમ.

**अब्भासत्थ – अभ्याशस्थ ( त्रि. )**

(નજીકમાં રહેલું, નિકટવર્તી, સમીપવર્તી)

**अब्भासवत्तिअ – अभ्याशवर्तित्व ( न. )**

(ગુર્વાદિ ગૌરવશાળી પુરુષની નજીક બેસવું તે, લોકોપચાર વિનય)

પ્રથમ ગણધર ગૌતમસ્વામી ચારજ્ઞાનના ધણી હોવા છતાં પણ એક નાના બાળક બનીને પરમાત્મા મહાવીરને પ્રભુ! પ્રભુ! કરીને પ્રશ્નો કરતા હતા. તેઓ સર્વ પદાર્થોને જાણવા છતાં પણ લોકોપકાર માટે જ ભગવંતને પ્રશ્ન કરતા હતા. તેઓ આખા જીવન દરમિયાન પરમાત્માથી ક્યારેય દૂર થયા નહોતા. તેમનું સંપૂર્ણ જીવન પરમાત્માના સાંનિધ્યમાં જ વીત્યું હતું.

**★अभ्यासप्रत्यय ( पुं. )**

(વર્ણનીય પુરુષોની પાસે રહેવાનું નિમિત્ત છે જેમાં તેવા સદ્‌ગુણોને દીપાવવા તે)

**★अभ्यासप्रीतिक ( न. )**

(ગુર્વાદિની નજીકમાં બેસવામાં આનંદ માણવો તે, લોકોપચાર વિનય)

**अब्भासवित्ति – अभ्याशवृत्ति ( स्त्री. )**

(રાજા મંત્રી વગેરેની પાસે બેસવું તે)

**अब्भासाइसय – अभ्यासातिशय ( पुं. )**

(અભ્યાસનો ઉત્કર્ષ-અતિશય, આવૃત્તિજન્ય ઉત્કૃષ્ટપણું)

**अब्भासासण – अभ्याशासन ( न. )**

(પાસે બેસવું તે, નજીક બેસવું તે)

**अब्भासिय – अभाषित ( त्रि. )**

(દ્રવિડાદિ દેશોમાં ઉત્પન્ન થયેલ, દ્રાવિડ પ્રાન્તમાં પેદા થયેલું)

**अब्भिग – अभ्यङ्ग ( पुं. )**

(સ્નેહનું સાધન તેલ વગેરે ૨. તેલાદિથી મર્દન કરવું તે)

**अब्भिगिय – अभ्यङ्गित ( त्रि. )**

(તેલાદિથી જેને મર્દન કરવામાં આવેલું છે તે, તેલાદિથી માલીશ કરેલું)

**अब्भिड – सम्+गम् ( धा. )**

(મળવું, સંગતિ કરવી)

જેનું જ્ઞાન સંપૂર્ણ નથી તે બધા જ જીવો છદ્મસ્થ છે. અને જ્યાં છદ્મસ્થતા છે ત્યાં ભૂલ થવી સંભવ છે. માટે જ પરમાત્મા કહે છે કે, કોઈ પણ જીવ ભૂલ કરી બેસે તો તેના પ્રત્યે ઘૃણા કે તિરસ્કાર ભાવ ન રાખતા મનમેળ કરીને રહેવું તે જ ઉત્તમતા છે. તુલસીદાસજીએ પણ કહ્યું છે કે, 'तुलसी इस संसार में भात भात के लोग। सब से हिल मील चलिए. नदी नाव संयोग'

**अब्भिण्ण – अभिन्न ( त्रि. )**

(ભેદરહિત, અભિન્ન ૨. જેનું વ્યાખ્યાન કરેલું ન હોય તે, અવિવૃત)

કાર્મણવર્ગણા પ્રચુર આ સંસારમાં ઊંચ-નીચ, જ્ઞાની-અજ્ઞાની, ધનવાન-દરિદ્રી વગેરે ભેદો રહેલા છે. જયારે આ કાર્મણવર્ગણા પુદ્‌ગલોનું આવરણ હટી જાય છે ત્યારે જીવ સિદ્ધ બુદ્ધ અને મુક્ત બને છે અને ત્યારે તે ભેદરહિત બની જાય છે. કેમ કે મોક્ષમાં બધા જ સિદ્ધાત્માઓ એક સમાન હોય છે. તેમનામાં કોઈપણ પ્રકારની તાત્ત્વિક ભિન્નતા હોતી જ નથી.

**अब्भुक्खणीया - अभ्युक्षणीया ( स्त्री. )**

(પવનથી પ્રેરિત થઈ પડતા જળના ફોરા-બિંદુઓ, સીકર)

**अब्भुग्गम - अभ्युद्गम ( पुं. )**

(ઉદય થવો તે, ચડતી, ઊગવું તે)

આ દુનિયા ચડતાની પૂજક અને પડતાને પાટુ મારનારી છે. જે સૂર્ય આખા જગતને પ્રકાશ આપે છે તેવા સૂર્ય માટે પણ ભેદભાવ રાખનારી છે. ઉદય પામતા સૂર્યની સહુ પૂજા કરે છે પરંતુ અસ્તાચળ ભણી જઇ રહેલા સૂરજને કોઇ જોતું પણ નથી. જેનો ઉત્કર્ષ થઇ રહ્યો હોય તે ગુણવાન ન હોવા છતાં પણ તેની પાછળ લટ્ટુ બની જાય છે પરંતુ દુઃખમાં રહેલા ગુણીજનને કોઇ પૂછતું પણ નથી. માટે જ જ્ઞાનીઓ કહે છે કે ભવસાગર તરવા માટે સ્વાર્થથી ભરેલી આ દુનિયાને ઓળખવી જરૂરી છે.

**अब्भुग्गय - अभ्युद्गत ( त्रि. )**

(ઊગતા અંકુરની જેમ અગ્રભાગ કંઇક ઉન્નત થયેલું, ચારે બાજુથી બહાર ફેલાયેલું ૨. ઊગી નીકળેલું ૩. ઊંચું કરેલ-ઉપાડેલું ૪. જોનારને રમણીય લાગે તેમ રહેલું)

ભગવતીસૂત્રના નવમા શતકના તેંત્રીસમાં ઉદ્દેશામાં પરમાત્માની કલાત્મક શિબિકાનું વર્ણન કરતાં લખ્યું છે કે, અંકુરાની જેમ અગ્રભાગે કંઇ ઉન્નત થઇને ચારે બાજુ ફેલાયેલા અને ઊંચા સુકૃતવજ્રવેદિકામાંથી બનેલા શ્રેષ્ઠ તોરણને વિશે લીલા કરતી શાલભંજિકા-પુતળીઓ રહેલી છે જેમાં એવી શિબિકા હતી.

**★अभ्रोद्गत ( त्रि. )**

(ઊંચું, ઉન્નત)

**अब्भुग्गयभिंगार - अभ्युद्गतभृङ्गार ( पुं. )**

(જેની આગળ લોટો ઉપાડીને એક માણસ ચાલે તેવો ભાગ્યશાળી પુરુષ)

**अब्भुग्गयमुसिय - अभ्यु ( भ्रो ) द्गतोच्छ्रित ( त्रि. )**

(અત્યંત ઊંચું, ઘણું ઉન્નત)

જે જમાનામાં આજના જેવી ક્રેનો નહોતી, ટર્બો ટ્રકો નહોતી અને અત્યંત ખાડાખબડાંવાળા માર્ગો હતા તેવા કાળમાં મહારાજા કુમારપાળે તારંગા પર્વતની ટોચ પર અતિવિશાળ અને સાતમાળ જેટલું જેનું શિખર છે તેવા અત્યંત ઊંચા અજિતનાથ પ્રભુના જિનાલયનું નિર્માણ કરાવ્યું. ધન્ય હોજો તે પરમાર્હતશ્રાવકને. ધન્ય હોજો તેમની ઉત્કટ ધર્મભાવનાને.

**अब्भुज्जय - अभ्युद्यत ( त्रि. )**

(વધવા માંડેલું, વૃદ્ધિગત થયેલું ૨. ઉદ્યમી ૩. જિનકલ્પિકાદિમાંથી કોઈપણ મુનિ ૪. ઉદ્યત વિહાર)

**अब्भुज्जयमरण - अभ्युद्यतमरण ( न. )**

(જિનકલ્પિકાદિ ઉદ્યતવિહારી સાધુનું મરણ-પાદપોપગમનાદિ મરણ)

બૃહત્કલ્પ ભાષ્યના પ્રથમ ઉદ્દેશામાં જિનકલ્પી આદિ ઉદ્યતવિહારી શ્રમણના ત્રણ પ્રકારના મરણ કહેવામાં આવેલા છે. ૧. પાદપોપગમન મરણ ૨. ઇંગિની મરણ અને ૩. ભક્તપરિજ્ઞા મરણ. અંતિમ સમય નજીક જાણીને આ ત્રણમાંથી કોઇપણ એક પ્રકારના મરણનો તેઓ સ્વીકાર કરતા હોય છે.

**अब्भुज्जयविहार - अभ्युद्यतविहार ( पुं. )**

(ઉદ્યત વિહાર)

ઉદ્યત એટલે સંયમાદિની શુદ્ધિ માટે સજ્જ થવું, તૈયાર થવું. નિશીથચૂર્ણિમાં કહેલું છે કે, ઉદ્યત બે પ્રકારે છે. ૧. ઉદ્યત વિહાર તથા ૨. ઉદ્યત મરણ. તેમાં પ્રથમ ઉદ્યત વિહાર ત્રણ પ્રકારના કહેવામાં આવેલા છે. ૧. જિનકલ્પ ૨. પરિહારવિશુદ્ધકલ્પ તથા ૩. યથાલંદકલ્પ.

**अब्भुट्ठाण - अभ्युत्थान ( न. )**

(દશ પ્રકારની સાધુ સામાચારીનો નવમો પ્રકાર, ગુર્વાદિક સામે આવ્યે છતે આદર-સન્માન અર્થે ઊભા થવું તે- તેમની સેવામાં

(ઉદ્યત થવું તે)

ઓઘનિર્યુક્તિ આદિ શાસ્ત્રોમાં શ્રમણ અને શ્રમણીએ જેનું પ્રતિદિન પાલન કરવાનું છે એવી દશવિધ ચક્રવાલ સામાચારીનું નિરૂપણ કરવામાં આવેલું છે. આ દશવિધ સામાચારીમાં નવમી સામાચારીનું નામ છે અભ્યુત્થાન સામાચારી. જ્યારે કોઇ વડીલ સાધુ કે ગુરુ ભગવંત નજીક આવે તે સમયે આસન પર બેસી ન રહેતા વિનય અર્થે તરત જ ઊભા થઇને તેમને સન્માન આપવું તે અભ્યુત્થાન સામાચારી કહેવાય છે.

**अब्भुट्ठित्ताए - अभ्युत्थातुम् ( अव्य. )**

(સન્માન આપવા માટે, ગુરુ આદિની સેવા માટે તૈયાર રહેવા હેતુ)

**अब्भुट्ठिय - अभ्युत्थित ( त्रि. )**

(ઉદ્યત થયેલું, તૈયાર થયેલું, સજ્જ થયેલું ૨. સન્માન આપવા માટે ઊભો થયેલ)

શીલ અને સદાચારાથી જીવન એવું જીવેલું હોય કે અંતકાળે કોઇ ફરિયાદ અપેક્ષા કે દુઃખ રહી ન જાય. પરભવ સંબંધી બધા જ કાર્યો આટોપી લીધા હોય અને બસ મૃત્યુ ક્યારે લેવા આવે છે તેની રાહ જોઈને જ તૈયાર રહેલા હોઇએ. જેવું મૃત્યુ આવે કે તરત જ હસતા મોઢે કહીએ કે દોસ્ત આવી ગયો. હું તો ક્યારનોય તારી રાહ જોઈને બેઠેલો છું.

**अब्भुट्ठेत्ता - अभ्युत्थातृ ( त्रि. )**

(ગુર્વાદિની સન્મુખ જનાર)

**अब्भुट्ठेयव्व - अभ्युत्थातव्य ( त्रि. )**

(સન્મુખ જઇને સત્કાર કરવા યોગ્ય)

ઘરમાં લગ્ન પ્રસંગ કે નાનો મોટો શુભપ્રસંગ હોય તો આપણએ કેવા જલસા કરતાં હોઇએ છીએ. તો પછી સંઘમાં પધારનાર ગુરુદેવો માટે અલગ વિચારસરણી શા માટે ? ભવોદધિથી ઉગારનાર ગુરુદેવ સુતરાં સત્કાર અને સન્માનને યોગ્ય હોય છે. તેમનું સામૈયું કરવું તે કંઇ સંપત્તિના તાયફા નથી, પરંતુ દિલમાં વસેલી તેમના પ્રત્યેની ભક્તિનું પ્રતીક છે.

**अब्भुण्णय - अभ्युन्नत ( त्रि. )**

(ઉન્નત, ઊંચું, બહાર નીકળી આવેલું, અત્યન્ત ઉત્કટ)

**अब्भुत्त - स्ना ( धा. )**

(સ્નાન કરવું)

સ્નાન બે પ્રકારના છે ૧. બાહ્ય અને ૨. અભ્યંતર. જે સ્નાન માત્ર શરીરના અંગોપાગંની શુદ્ધિ કરે તે બાહ્ય સ્નાન છે. તથા જે આત્મા, મન અને જીવનની શુદ્ધિ કરે તે અભ્યંતર સ્નાન છે. બાહ્ય સ્નાન ક્ષણિક આનંદ આપે છે જ્યારે અભ્યંતર સ્નાન શાશ્વત શુદ્ધિને પ્રાપ્ત કરાવે છે. અર્થાત્ લાગેલ દોષોની શુદ્ધિરૂપ પ્રાયશ્ચિત્ત અભ્યંતર સ્નાન છે. તેનાથી આત્મશુદ્ધિ થાય છે.

**अब्भुदय - अभ्युदय ( पुं. )**

(ઉદય, ચડતી, રાજલક્ષ્મી આદિની પ્રાપ્તિ)

જેવી રીતે રાજલક્ષ્મી, ધનલક્ષ્મી અને સ્ત્રીલક્ષ્મી આદિની પ્રાપ્તિ તે અભ્યુદય છે. તેવી રીતે દેવલોકના નિરુપમ સુખો તથા અવ્યાબાધ મોક્ષના સુખોની પ્રાપ્તિ થવી તે પણ અભ્યુદય છે. આથી સ્વર્ગ અને અપવર્ગને અપાવનારા રત્નત્રયાદિ સાધનોને પણ અભ્યુદય જ જાણવા.

**अब्भुदयफल - अभ्युदयफल ( त्रि. )**

(અભ્યુદયરૂપી ફળ છે જેમાં તે, ઉદયફળને અપાવનાર)

**अब्भुदयहेउ - अभ्युदयहेतु ( पुं. )**

(અભ્યુદયનું કારણ, ઉદયને પ્રાપ્ત કરાવનાર હેતુ)

ચૈત્યવંદન ભાષ્યમાં દેવેંદ્રસૂરિ મહારાજે અંગપૂજા અગ્રપૂજા તથા ભાવપૂજાનું સ્વરૂપ જણાવ્યા બાદ તેનું મહાત્મ્ય વર્ણવતા કહ્યું છે કે, જિનેશ્વર પરમાત્માની પૂજા શ્રેષ્ઠ કલ્યાણના હેતુભૂત છે. તે સર્વવાંછિતોને આપનાર અને વિઘ્નોનો વિનાશ કરનાર છે. માટે જે

દુઃખનો ક્ષય અને સુખનો વાંછુક હોય તેણે અભ્યુદયના હેતુભૂત ત્રણ પ્રકારની પૂજા કરવી જોઇએ.

**अब्भुदयावुच्छित्ति - अभ्युदयाव्युच्छित्ति ( स्त्री. )**

(કલ્યાણની અવિચ્છિન્નતા, અભ્યુદયના વિચ્છેદનો અભાવ)

ધર્મપ્રવૃત્તિ અવિચ્છિન્ન કલ્યાણ પરંપરાની દાતા છે. તેનું આચરણ જીવને આ ભવ, પરભવ યાવત્ મોક્ષ સુધી સુખને આપનાર છે. એથી જ તો દુહામાં કહેવાયું છે કે 'ધર્મ કરતાં ધન વધે, ધન વધતા મન વધ જાય, મન વધતાં મહિમા વધે, વધત વધત વધ જાય'

**अब्भुय - अद्भुत ( त्रि. )**

(આશ્ચર્ય, વિસ્મય ૨. વિસ્મયકારક ૩. સાહિત્ય પ્રસિદ્ધ ,સોમાંનો એક રસ)

શ્રુત, શિલ્પ, તપ, ત્યાગ, પરાક્રમાદિ વસ્તુઓને જોઈને કે સાંભળીને ચિત્તમાં જે આનંદની ચમત્કૃતિ થાય તે અદ્‌ભુત નામનો રસ છે. અદ્‌ભુતરસની વ્યાખ્યા કરતાં અનુયોગદ્વારસૂત્રમાં લખ્યું છે, કે જે અભૂતપૂર્વ વસ્તુ કે પ્રસંગને અનુભવવાથી ચિત્તમાં હર્ષ કે શોકની અનુભૂતિ થાય તે અદ્‌ભુત રસ છે.

**अब्भुवगम - अभ्युपगम ( पुं. )**

(સ્વીકાર, અંગીકાર કરવું તે)

આપણને વિકટ સંજોગો, દુઃખદ પરિસ્થિતિઓ તકલીફ એટલા માટે પહોંચાડે છે કે આપણે માનસિક રીતે તેનો સ્વીકાર નથી કર્યો હોતો. આપણે તેને કાયમ હેયરૂપે જોઈએ છીએ. માટે થોડુંક પણ દુઃખ આવ્યું એટલે પીડા થાય છે. જ્યારે ખુલ્લા પગે ચાલનાર, કેશોનું લુંચન કરનાર, આજીવન પૈસા વિના જીવનાર અને ઘરે ઘરે ભિક્ષા વહોરીને જીવનનિર્વાહ કરનાર શ્રમણ ભગવંતને ઉપસર્ગો કે પરિષહો દુઃખી કરી શકતા નથી, કેમ કે તેઓએ સ્વેચ્છાએ તેનો સ્વીકાર કર્યો હોય છે.

**अब्भुवगमसिद्धंत - अभ्युपगमसिद्धान्त ( पुं. )**

(તર્કશાસ્ત્ર પ્રસિદ્ધ સિદ્ધાન્તનો એક ભેદ)

બૃહત્કલ્પ ભાષ્યમાં અભ્યુપગમસિદ્ધાંતની વ્યાખ્યા કરતાં લખ્યું છે કે, સ્વેચ્છાપૂર્વક સ્વીકાર કરીને જે વાદ કરાય તે અભ્યુપગમ સિદ્ધાન્ત છે. જેમ કે અગ્નિ શીત છે, હસ્તિસમૂહ તૃણાગ્રે છે, ગધેડાને માથે શિંગડા છે તે. જ્યારે સૂત્રકૃતાંગસૂત્રમાં કહ્યું છે કે જે અપરીક્ષિત પદાર્થ છે તેનું વિશેષ પરીક્ષણ તે અભ્યુપગમસિદ્ધાન્ત છે. જેમ કે શબ્દ શું છે ? જો દ્રવ્ય છે તો પછી તે નિત્ય છે કે અનિત્ય ? એવો વિચાર અભ્યુપગમસિદ્ધાન્ત બને છે.

**अब्भुवगय - अभ्युपगत ( त्रि. )**

(શ્રુતસંપદાને પામેલું ૨. સંપ્રાપ્ત, ઉદયપ્રાપ્ત, સ્વીકારેલું, અંગીકૃત કરેલ ૩. સમીપે ગયેલું)

ધન-સંપત્તિવાળો જેમ પુણ્યશાળી છે તેમ શ્રુતરૂપી સંપદાને વરેલા મહાત્મા પણ ભાગ્યશાળી છે. ધનની પ્રાપ્તિ થવી તે પુણ્યની વાત છે. પરંતુ ધનનો અહંકાર થવો તે ડૂબાડનારી વાત છે. તેવી રીતે શ્રુતસંપદાને પામવું એ ઘણા મોટા પુણ્યની વાત છે કિંતુ જ્ઞાનનો અહંકાર પણ ભવપરંપરા વધારનારો થાય છે.

**अब्भोवगमिया - आभ्युपगमिकी ( स्त्री. )**

(સ્વેચ્છાએ સ્વીકારેલું કેશલુંચન, ભૂમિશયનાદિ ચારિત્રના પાલનમાં થતી વેદના)

જેનાથી શરીરને પીડા થાય તેવી કેશલુંચન, બ્રહ્મચર્યપાલન, ખુલ્લા પગે વિહાર, ઉપસર્ગ, પરિષહાદિની વેદનાને આભ્યુપગમિકી કહેવામાં આવે છે. આ વેદનાથી શરીરને કષ્ટ તો જરૂર થાય છે પરંતુ કર્મોના હ્રાસથી આત્મા પુષ્ટ થાય છે.

**अभग्ग - अभग्न ( त्रि. )**

(અખંડ, સર્વથા અવિનાશિત ૨. વિપાકસૂત્રના પ્રથમ શ્રુતસ્કંધના ત્રીજા અધ્યયનનું નામ)

ઉપશમશ્રેણી પર આરૂઢ જીવાત્માના ભાવો અને ક્ષપકશ્રેણી પર આરૂઢ ભવ્યાત્માના ભાવો એક સમાન જ હોય છે. બન્નેના અધ્યવસાયો અત્યંત વિશુદ્ધ અને કર્મોની નિર્જરા કરનારા હોય છે. કિંતુ ઉપશમશ્રેણીવાળાના ભાવો અગિયારમા ગુણસ્થાનકે પહોંચતા સુધીમાં તો ચલિત થઈ જાય છે. જ્યારે ક્ષપકશ્રેણીવાળાના ભાવો અખંડપણે રહે છે. યાવત્ કેવલજ્ઞાનની પ્રાપ્તિ સુધી વિશુદ્ધતમ થઈ જતા હોય છે.

**अभग्गसेण - अभग्नसेन ( पुं. )**

(વિપાકસૂત્રમાં કહેલો વિજય નામક ચોરસેનાપતિનો પુત્ર)

અભગ્ગસેન વિજય નામના ચોરના સેનાપતિનો પુત્ર હતો. તે પોતાના પાંચસો સાથીદારોની સાથે પુરિમતાલ નગરીના ઈશાન ખુણામાં આવેલી સાલટવી નામક ચોરપલ્લીમાં રહેતો હતો. તે ઘણો જ હોશિયાર હતો. પુરમતાલના રાજા મહાબલે તેને પકડવા પોતાનું સૈન્ય મોકલ્યું તો પણ તે હાથ ન આવ્યો. આથી તેને પકડવા માટે આખરે મહોત્સવ પ્રસંગે સત્કાર સાથે બોલાવી તેને દગો કરી ફાંસી આપવામાં આવી. તે અભગ્ગસેન આર્તધ્યાનમાં મૃત્યુ પામીને પહેલી નરકમાં ઉત્પન્ન થયો. વિપાકસૂત્રના ત્રીજા અધ્યયનમાં તેનું વિસ્તૃત વર્ણન કરવામાં આવેલું છે.

**अ - अ ( पुं. )**(કંઠસ્થાનીય અ સ્વર, આદ્ય સ્વર ૨. અશરીરી-સિદ્ધ ૩. વિષ્ણુ ૪. રક્ષા ૫. સ્થિરતા ૬. શિવ ૭. બ્રહ્મ ૮. વાયુ ૯. ચંદ્ર ૧૦. અગ્નિ ૧૧. સૂર્ય ૧૨. કમઠ ૧૩. અંતઃપુર ૧૪. ભૂષણ ૧૫. વરણ ૧૬. કારણ ૧૭. રણ ૧૮. ચર્મ ૧૯. ગૌરવ ૨૦. અવ્યય ૨૧. અભાવ ૨૨. સંબોધન ૨૩. અમંગલહારી)

**★अ ( अव्य. )**(નિષેધ ૨. અભાવ ૩. વિરોધ ૪. અયોગ્યતા ૫. અલ્પતા ૬. ભેદ ૭. સાદૃશ્ય ૮. અપ્રશસ્તતા ૯. અનુકંપા)

**★च ( अव्य. )**(અને, વળી ૨. અવધારણ, નિશ્ચય ૩. ભેદ, વિશેષ ૪. અતિશય, અધિક્તા ૫. અનુમતિ, સંમતિ ૬. પાદપૂર્તિ અર્થે વપરાતો અવ્યય)

**अअ - अज ( पुं. )**(અજન્મા, ઈશ્વર ૨. જીવ ૩. બ્રહ્મા ૪. વિષ્ણુ ૫. ઇન્દ્ર ૬. બકરો ૭. મેષરાશિ ૮. માક્ષિકધાતુ)

**अअगर - अजगर ( पुं. )**(સર્પ જાતિ વિશેષ, અજગર)

**अआवालग - अजापालक ( पुं. )**(બકરીઓનો પાલક ૨. વ્રતોનો ભંગ કરનાર ૩. વાચકનો એક ભેદ)

**अइ - अयि ( अव्य. )**(સંભાવના-સંબોધનવાચી, હે, અયિ, એ)

**★गम् ( धा. )**(ગમન કરવું, જવું)

**★अति ( अव्य. )**(અત્યંત ૨. અતિક્રમવું તે ૩. ઉત્કર્ષ ૪. પૂજા)

**अ ( दि ) इ ( ति ) इ - अदिति ( स्त्री. )**(જે આપવામાં અસમર્થ હોય ૨. દેવોની માતા ૩. પુનર્વસુ નક્ષત્રનો અધિપતિદેવ)

**अइउक्कस - अत्युत्कर्ष ( त्रि. )**(ઉત્કર્ષને ઓળંગી ગયેલ ૨. અભિમાન રહિત)

**अइउब्भट - अत्युद्भट ( त्रि. )**(આશ્ચર્ય ચકિત થવું)

**अइंत - अतियत् ( त्रि. )**(પ્રવેશ કરવો)

**अइंदि ( य ) अ - अतीन्द्रिय ( त्रि. )**(ઇન્દ્રિયાતીત, અગોચર)

**अइकंडुइय - अतिकण्डूयित ( न. )**(ખંજવાળવું, નખથી વલુરવું)

**अ ( ति ) इकंत - अतिकान्त ( त्रि. )**(અત્યંત કમનીય, અતિસુંદર)

**अइकाय - अतिकाय ( त्रि. )**(વિશાળકાય, જાડું)

**अ ( ति ) इक्कंत- अतिक्रान्त ( त्रि. )**(હદ બહાર ગયેલું, પર્યંતવર્તી, ઉલ્લંઘન કરેલું ૨. અતીત, પાર ગયેલું ૩. નિશ્ચિત સમય ઓળંગીને કરેલ તપ)

**अ ( ति ) इक्कंतजोव्वण - अतिक्रान्तयौवन ( त्रि. )**(યૌવનને ઉલ્લંઘી ગયેલ, પ્રૌઢ)

**अ ( ति ) इक्कंतपच्चक्खाण - अतिक्रान्तप्रत्याख्यान ( न. )**(પર્વની પૂર્ણતા પછી કરાતું પચ્ચક્ખાણ-તપ, પચ્ચક્ખાણનો એક ભેદ)

**अइक्कम - अतिक्रम ( पुं. )**(અતિચારના ચાર ભેદોમાંનો પ્રથમ પ્રકાર, લીધેલ વ્રત-પચ્ચક્ખાણનો આંશિક ભંગ, ઉલ્લંઘન ૨. વિનાશ)

**अइक्कमण - अतिक्रमण ( न. )**(અતિક્રમણ, ઉલ્લંઘન, લીધેલ વ્રત-પચ્ચક્ખાણમાં વિરાધના કરવી તે)

**अइक्कमणिज्ज - अतिक्रमणीय ( त्रि. )**(ઉલ્લંઘન કરવા યોગ્ય, ત્યાજ્ય)

**अइक्कमित्तु - अतिक्रम्य ( अव्य. )**(ઉલ્લંઘન કરીને, ઓળંગીને)

**अइगंभीर - अतिगम्भीर ( त्रि. )**(અત્યંત ગંભીર, અતુચ્છ આશય)

**अइगच्छमाण - अतिगच्छत् ( त्रि. )**(પ્રવેશ કરતું, પ્રવેશતું)

**अइग ( य ) त - अतिगत ( त्रि. )**(પ્રવેશેલ ૨. એકવાર મરીને પુનઃ તેમા ઉત્પન્ન થયેલ, અતિશય - વારંવાર ઉત્પન્ન થયેલ)

**अइगम - अतिगम ( पुं. )**(પ્રવેશ)

**अइगमण - अतिगमन ( न. )**(પ્રવેશમાર્ગ, જવા આવવાનો માર્ગ)

**अइगुरु - अतिगुरु ( पुं. )**(અત્યંત પૂજનીય)

**अइचंद - अतिचन्द्र ( पुं. )**(છઠ્ઠું લોકોત્તર મુહૂર્ત)

**अइचरा - अतिचरा ( स्त्री. )**(પદ્મિની સ્ત્રી ૨. પદ્મચારિણી લતા, સ્થલપદ્મિની)

**अइचिंत - अतिचिन्त ( त्रि. )**(અત્યંત ચિંતાયુક્ત, જેમાં ઘણી ચિંતા હોય તે)

**अइच्च - अतीत्य ( अव्य. )**(ત્યાગ કરીને, છોડીને)

**अइच्छ - गम् ( धा. )**(ગમન કરવું, જવું)

**अइच्छंत - गच्छत् ( त्रि. )**(ઉલ્લંઘન કરતું, અતિક્રમણ કરતું ૨. પ્રાપ્ત કરતું)

**अइच्छत्त - अतिच्छत्र ( पुं. )**(છત્રને ઓળંગી ગયેલ ૨. સમાન આકાર ૩. જલમાં થતું તૃણ વિશેષ ૪. જમીન પરનું તૃણ વિશેષ)

**अइच्छपच्चक्खाण - अदित्सा ( अतिगच्छ ) प्रत्याख्यान ( न. )**(પચ્ચક્ખાણનો એક ભેદ, અદિત્સા પચ્ચક્ખાણ)

**अइजाय - अतिजा ( या ) त ( पुं. )**(પિતા કરતા પણ અધિક સંપત્તિવાળો પુત્ર, બાપ કરતા વધુ પરાક્રમી પુત્ર)

**अइट्ठिय - अतिष्ठित ( त्रि. )**(ઉલ્લંઘિત, અતિક્રાન્ત, અતિક્રમણ કરેલ)

**★अतिष्ठाय ( अव्य. )**(ઉલ્લંઘન કરીને, અતિક્રમણ કરીને)

**अइणिच्चल - अतिनिश्चल ( त्रि. )**(*અડગ, નિશ્ચલ, અત્યન્ત દૃઢ*)

**अइणिद्धमहुरत्त - अतिस्निग्धमधुरत्व ( न. )**(*તીર્થંકરોની વાણીના ૩૫ ગુણો પૈકીનો ઓગણીસમો વચનાતિશય ગુણ*)

**अ( ई )( ती )इ( य )य - अतीत ( त्रि. )**(*વીતેલું, પાર ગયેલ, મૃત*)

**अ ( ई ) ( ती ) इ ( य ) तद्धा - अतीताद्धा ( स्त्री. )**(*અતીતકાળ, વ્યતીત થયેલ અનંત પુદ્ગલપરાવર્ત કાળ*)

**अ ( ई ) ( ती ) इ ( य ) तपच्चक्खाण - अतीतप्रत्याख्यान ( न. )**(*પૂર્વકાળે કરવા યોગ્ય પચ્ચક્ખાણનો ભેદ*)

**अ( ति )इ( या )ताण - अतियान ( न. )**(*નગરાદિમાં રાજાનો પ્રવેશ*)

**अ ( ति ) इ ( या ) ताणकहा - अतियानकथा ( स्त्री. )**(*રાજાદિના નગરપ્રવેશનો વૃત્તાન્ત*)

**अ ( ति ) इ ( या ) ताणगिह - अतियानगृह ( न. )**(*નગરાદિ પ્રવેશમાં આવતા ઊંચા ઘરો, પ્રસિદ્ધ ઘરો જે નગરમાં પેસતા જણાઈ આવે*)

**अ ( ति ) इ ( ता ) याणिड्ढि - अतियानर्द्धि ( स्त्री. )**(*રાજા આદિના નગર પ્રવેશમાં તોરણાદિથી કરવામાં આવેલી નગરશોભા*)

**अ ( ई ) इ ( ती ) ( या ) ताणागयण्णाण - अतीतानागतज्ञान ( न. )**(*ભૂતકાળ અને ભવિષ્યકાળનું જ્ઞાન*)

**अइताल - अतिताल ( न. )**(*ઉત્તાલ ગાન દોષ*)

**अइतिक्खरोस - अतितीक्ष्णरोष ( त्रि. )**(*અતિક્રોધી સ્વભાવવાળો, દીર્ઘ રોષયુક્ત*)

**अइतिव्व - अतितीव्र ( त्रि. )**(*અત્યંત તીવ્ર, અતિઉગ્ર*)

**अइतिव्वकम्मविगम - अतितीव्रकर्मविगम ( पुं. )**(*ઉગ્ર-તીક્ષ્ણ કર્મનાશ, કઠિન કર્મનાશ*)

**अइतुट्टण - अतित्रुट्टण ( न. )**(*સર્વથા દૂર થનારું, અતિશયપણે દૂર થાય તે*)

**अइतेआ - अतितेजा ( स्त्री. )**(*ચૌદશની રાત*)

**अइदंपज्ज - ऐदंपर्य्य ( न. )**(*વિષય વસ્તુનો મૂળ ભાવાર્થ, સારાંશ, તાત્પર્ય*)

**अइदारुण - अतिदारुण ( त्रि. )**(*અતિ ભયાનક, મહાભયાનક*)

**अइदुक्ख - अतिदु:ख ( न. )**(*અત્યન્ત દુ:ખ, અતિદુ:સહ*)

**अइदुक्खधम्म - अतिदु:खधर्म ( त्रि. )**(*અત્યંત દુ:ખી સ્વભાવવાળું, ઘણી આશાતનાના ઉદયવાળું*)

**अइदुद्दिण - अतिदुर्दिन ( न. )**(*અત્યંત ખરાબ દિવસ, વાદળ છાયો દિવસ*)

**अइदुल्लह - अतिदुर्लभ ( त्रि. )**(*અત્યન્ત દુર્લભ, અતિશય દુષ્પ્રાપ્ય*)

**अइदुस्सह - अतिदुस्सह ( त्रि. )**(*અતિ કષ્ટપૂર્વક સહન થાય તે, દુ:સહ્ય, ઘણી મુશ્કેલીથી સહન કરી શકાય તે*)

**अइदूर - अतिदूर ( त्रि. )**(*અત્યંત દૂર, સુદૂર, ઘણું વેગળું*)

**अइदूसमा - अतिदुष्षमा ( स्त्री. )**(*અવસર્પિણી કાળનો છઠ્ઠો અને ઉત્સર્પિણીનો પહેલો આરો, અત્યન્ત દુ:ખપ્રધાન કાળ, દુષ્ષમદુષ્ષમ કાળ*)

**अइदेस - अतिदेश ( पुं. )**(*અન્ય વસ્તુના ધર્મનો અન્ય પર આરોપણ, નિર્દિષ્ટ વિષયને છોડીને અન્ય વિષયમાં લાગુ થતો નિયમ, હસ્તાંતરણ, સાદૃશ્યના કારણે થતી પ્રક્રિયા*)

**अइधमंत - अतिधमत् ( त्रि. )**(*અતિશય અવાજ કરતું*)

**अइधाडिय - अतिधाडित ( त्रि. )**(*ભ્રમિત કરાયેલ, ફેરવી દીધેલ*)

**अइधुत्त - अतिधूर्त ( त्रि. )**(*ભારે કર્મી, આઠે પ્રકારના કર્મો ઘણા છે જેને તે, બહુલકર્મી*)

**अइपंडिय - अतिपण्डित ( त्रि. )**(*અત્યંત ગર્વિષ્ઠ, અતિ અભિમાની, અલ્પજ્ઞાનનું મિથ્યા અભિમાન કરનાર ૨. દુ:શિક્ષિત*)

**अइ ( ति ) पंडुकंबलसिला - अतिपाण्डुकम्बलशिला ( स्त्री. )**(*મેરુ પર્વત પર દક્ષિણ દિશા સ્થિત જિન અભિષેક શિલા*)

**अइपडागा - अतिपताका ( स्त्री. )**(*એક પતાકા ઉપર બીજી, ત્રીજી આદિ પતાકા, ધ્વજા ઉપર રહેલી અન્ય ધ્વજા*)

**अइपरिणाम - अतिपरिणाम ( पुं. )**(*શાસ્ત્રોક્ત અપવાદ કરતાય વધુ અપવાદ સેવનાર, અપવાદમતિ, ઉત્સૂત્રમતિવાળો*)

**अइपास - अतिपार्श्व ( पुं. )**(*આ અવસર્પિણીમાં થયેલ ઐરવતક્ષેત્રના તીર્થંકરનું નામ, તેઓ આ ચોવીસીમાં ભરતક્ષેત્રમાં થયેલા શ્રીઅરનાથ પ્રભુના સમયમાં જ થયા હતા*)

**अइपासंत - अतिपश्यत् ( त्रि. )**(*અસાધારણ રીતે જોતો, અતિશયપણે જોતો*)

**अइप्पमाण - अतिप्रमाण ( न. )**(*પ્રમાણ રહિત, પ્રચુર પ્રમાણ, પ્રમાણ-માપથી વધારે હોય તે*)

**अइप्पसंग - अतिप्रसंग ( पुं. )**(*ઘનિષ્ઠ સંબંધ, અતિશય પરિચય કરવો તે ૨. અતિવ્યાપ્તિ*)

**अइबल - अतिबल ( त्रि. )**(*આવતી ચોવીસીના આઠમા વાસુદેવનું નામ ૨. દેવ-મનુષ્ય-તિર્યંચના બળને ઓળંગી ગયેલ,*

અત્યંત બળવાન ૩. ભરત ચક્રવર્તિનો પ્રપૌત્ર ૪. અસ્રવિદ્યાનો ભેદ ૫. મોટું સૈન્ય ૬. ઋષભદેવ પ્રભુના પૂર્વના ચોથા ભવના પિતામહનું નામ)

**अइबहुय - अतिबहुक** ( न. )*(અત્યન્ત ભોજન, પ્રમાણથી અધિક ભોજન)*

**अइबहुसो - अतिबहुशस्** ( अव्य. )*(પ્રમાણથી અધિક ભોજન કરવું તે, વારંવાર ખાવું તે, દિવસ મધ્યે ત્રણથી વધુ વાર ખાવું તે, અતિભોજન)*

**अइभद्द - अतिभद्र** ( पुं. )*(તંદુલવૈચારિક પ્રકીર્ણક આગમની ટીકામાં વર્ણવેલ અતિભદ્ર નામનો એક શ્રેષ્ઠિનો પુત્ર, જેણે સ્રીના કંકાસથી પોતાના ભદ્રનામના ભાઈથી અલગ થઈને ગૃહાદિના ભાગલા કર્યા હતાં.)*

**अइभद्दग - अतिभद्रक** ( त्रि. )*(અત્યંત કલ્યાણકારી, ભદ્રક)*

**अइभद्दा - अतिभद्रा** ( स्त्री. )*(મહાવીરસ્વામીના અગ્યારમાં પ્રભાસ નામના ગણધર ભગવંતની માતાનું નામ)*

**अइभय - अतिभय** ( त्रि. )*(ઇહલૌકિકાદિ ભયોને ઓળંગી ગયેલ)*

**अइभार - अतिभार** ( पुं. )*( અત્યંત ભાર, વહન ન કરી શકાય એટલો બોજ ૨. પહેલા વ્રતનો ચોથો અતિચાર)*

**अइभारग - अतिभारग** ( पुं. )*(અત્યધિક ભારથી વેગપૂર્વક જનાર, અધિક ભારવાહક ૨. ખર, અશ્વતર, ઘોડાની એક જાતિ)*

**अइभारारोवण - अतिभारारोपण** ( न. )*(પ્રથમ અણુવ્રતનો ચોથો અતિચાર, અત્યંત ભારનું આરોપણ કરવું તે, હદ ઉપરનો ભાર વહન કરાવવો તે)*

**अइभूमि - अतिभूमि** ( स्त्री. )*(જ્યાં સાધુઓને જવા આવવાની ગૃહસ્થોએ મનાઈ કરેલ હોય તે ભૂમિ ૨. ભૂમિ મર્યાદાનો ભંગ ૩. મર્યાદા ભંગ)*

**अइमंच - अतिमञ्च** ( पुं. )*(માંચા ઉપર બીજો વિશિષ્ટ માંચો)*

**अइमट्टिया - अतिमृत्तिका** ( स्त्री. )*(કાદવરૂપ માટી, આર્દ્ર માટી, માટીનો ગારો)*

**अइमहल्ल - अतिमहत्** ( पुं. )*(વયમાં મોટા હોય તે, વયસ્થવિર)*

**अइमाण - अतिमान** ( पुं. )*(અત્યધિક ઘમંડ, ગર્વિષ્ઠ ૨. ચારિત્રનું અતિક્રમણ કરનાર કષાયનો એક ભેદ)*

**अतिमाय - अतिमात्र** ( त्रि. )*(પરિમાણથી અધિક હોય તે, માત્રાથી વધુ હોય તે, અતિમાત્રાવાળું)*

**अइमाया - अतिमात्रा** ( स्त्री. )*(હદ ઉપરાંતનું પરિમાણ, ઉચિત માત્રાથી અધિક પ્રમાણ ૨. અતિમાયાવી)*

**★अतिमाया** ( स्त्री. )*(અત્યન્ત માયા, ચારિત્રનું અતિક્રમણ કરનાર કષાયનો એક ભેદ)*

**अइमुंत ( मुत्त ) य - अतिमुक्तक** ( न. )*(જેની પૂર્ણતયા મુક્તિ થઈ ગઈ હોય તે, મુક્તાત્મા ૨. અઈમુત્તા મુનિ ૩. અંતગડસૂત્રના છઠ્ઠા વર્ગનું ૧૫મું અધ્યયન)*

**अइमुच्छिय - अतिमूर्छित** ( त्रि. )*(અત્યંત વિષયાસક્ત ૨. અત્યંત બેહોશ)*

**अइमोह - अतिमोह** ( त्रि. )*(ઘણો મોહ જેમાં છે તે, અતિશય મોહવાળું, કામાસક્ત)*

**अइयंचिय - अत्यञ्च्य** ( अव्य. )*(અતિક્રમણ કરીને, ઉલ્લંઘન કરીને)*

**अइयच्च - अतिगत्य** ( अव्य. )*(અતિક્રમણ કરીને)*

**अइयण - अत्यदन** ( न. )*(ઘણું ખાવું તે, અતિભક્ષણ)*

**अइया - अजिका** ( स्त्री. )*(બકરી)*

**अइया ( य ) त - अतियात** ( त्रि. )*(ગયેલ, વ્યતીત થયેલ)*

**अइयायरक्ख - अत्यात्मरक्ष** ( त्रि. )*(પાપોથી આત્માનું અત્યન્ત રક્ષણ કરનાર)*

**अइ ( ई ) ( ति ) ( ती ) यार - अति ( ती ) चार** ( पुं. )*(ચારિત્રાચારનું ઉલ્લંઘન કરવું તે, ચારિત્રમાં સ્ખલન થાય તે, શ્રાવકના વ્રતોમાં લાગતો એક અતિચાર, વ્રતભંગમાં તૈયાર થવું તે)*

**अइरत्त - अतिरक्त** ( त्रि. )*(અત્યંત લાલવર્ણ ૨. અતિ અનુરાગયુક્ત)*

**★अतिरात्र** ( पुं. )*(અધિક દિન, દિનવૃદ્ધિ, વૃદ્ધિતિથિ, વર્ષમાં વધતા છ દિવસ પૈકીનો કોઈ એક)*

**अइ ( ति ) रत्तकंबलसिला - अतिरक्तकंबलशिला** ( स्त्री. )*(મેરુ પર્વત પર ઉત્તર દિશા સ્થિત જિનાભિષેકની શિલાનું નામ)*

**अइरा - अचिरा** ( स्त्री. )*(શાંતિનાથ પ્રભુની માતાનું નામ, અચિરામાતા)*

**अइ ( ए ) रावण - ऐरावण** ( पुं. )*(ઇન્દ્રનો હાથી, ઐરાવણ હાથી)*

**अइ ( ति ) रित्त - अतिरिक्त** ( त्रि. )*(અવશેષ, ફાલતું, વધારાનું ૨. ભિન્ન ૩. શૂન્ય ૪. અતિરેકવાળું, અતિપ્રમાણ યુક્ત)*

**अइ ( ति ) रित्तसिज्झासणिय - अतिरिक्तशय्यासनिक** ( पुं. )*(પ્રમાણથી અધિક શય્યા-આસનાદિ રાખનાર-સાધુ, અનાવશ્યક પરિગ્રહી)*

**अइरुग्गय - अचिरोद्गत ( त्रि. )**_(ક્ષણભરમાં ઉત્પન્ન થયેલ, પ્રથમોદયવાળો-સૂર્ય)_

**अइरूव - अतिरूप ( पुं. )**_(રૂપાતીત-પરમેશ્વર ૨. રૂપને અતિક્રમી ગયેલ ૩. ભૂતજાતિનો દેવ વિશેષ)_

**अइ ( ति ) रेग - अतिरेक ( पुं. )**_(આધિક્ય, વધારો, આવશ્યકતાથી અધિક હોવું તે ૨. અતિશય)_

**अइ ( ति ) रेगसंठिय - अतिरेकसंस्थित ( त्रि. )**_(અતિરેક પૂર્વક રહેલ, અતિશય ફેલાઈને રહેલ)_

**अइ ( चि ) रेण - अचिरेण ( अव्य. )**_(જલદી, શીઘ્રતાથી)_

**अइ ( चि ) रोववण्णग - अचिरोपपन्नक ( त्रि. )**_(શીઘ્ર ઉત્પન્ન, તરત પેદા થયેલ)_

**अइरोस - अतिरोष ( पुं. )**_(ક્રોધાતિરેક, અત્યન્ત ગુસ્સો)_

**अइरोहिय - अतिरोहित ( त्रि. )**_(પ્રકાશિત, પ્રગટ, સાક્ષાત્ સંબંધવાળું, સ્ફુટાર્થયુક્ત)_

**अइ ( ति ) लोलुय - अतिलोलुप ( त्रि. )**_(અત્યન્ત ગૃદ્ધ, રસલોલુપ)_

**अइ ( ति ) वइत्ता - अति ( व्रज्य ) पत्य ( अव्य. )**_(અતિક્રમણ કરીને, ઉલ્લંઘન કરીને ૨. પ્રવેશીને)_

**अइवट्टण - अतिवर्तन ( न. )**_(ઉલ્લંઘન કરવું તે, માત્રાથી અધિક પ્રયોગ કરવો તે, અતિક્રમણ કરવું તે)_

**अइ ( ति ) वाइ ( ति ) न् - अतिपातिन् ( त्रि. )**_(હિંસા કરનાર, હિંસક, ઘાતકી)_

**अइवाइत्ता - अतिपातयितृ ( त्रि. )**_(હિંસાના સ્વભાવવાળું, વિનાશક)_

**★अतिपात्य ( अव्य. )**_(જીવહિંસા કરીને, પ્રાણીનો વિનાશ કરીને)_

**अइवाइय - अतिपातिक ( त्रि. )**_(પ્રાણોનો ઉપમર્દક, હિંસા કરનાર, જીવહિંસક)_

**अइवाइया - अतिपातिका ( स्त्री. )**_(પાપથી દૂર થયેલી, પાપ રહિત, નિર્દોષા)_

**अइ ( ति ) वाएमाण - अतिपातयत् ( त्रि. )**_(પ્રાણીઓની હિંસા કરતું, ઉપમર્દન કરતું)_

**अइ ( ति ) वाय - अतिपात ( पुं. )**_(પ્રાણઘાત કરવો તે, હિંસાદિ દોષ, વિભ્રંશ ૨. વિનાશ)_

**★अतिवाद ( पुं. )**_(બહુ બોલવું તે ૨. ધિક્કાર ૩. કઠોર વચન, અપ્રિય વાક્ય)_

**अइवास - अतिवर्ष ( पुं. )**_(અતિ વર્ષા, ધોધમાર વરસવું તે)_

**अइ ( ति ) वाहड - अतिव्याघ्रात ( त्रि. )**_(અત્યંત સુંઘેલું ૨. દુર્ગંધાદિ વિશિષ્ટ હોય તે)_

**अइ ( ति ) विज्ज - अतिविद्वस् ( त्रि. )**_(આગમોના હાર્દને જાણનાર, આગમના સદ્ભાવને જાણનાર, વિદગ્ધ)_

**अइ ( ति ) विसय - अतिविषय ( पुं. )**_(પાંચે ઇન્દ્રિયોની અતિશય લંપટતા)_

**अइ ( ति ) विसाया - अति ( विस्वादा ) ( विषयगा ) ( वृषाका ) ( विषाचा ) विषादा ( स्त्री. )**_(દુષ્ટ સ્વભાવની સ્ત્રી)_

**अइ ( ति ) विसाल - अतिविशाल ( त्रि. )**_(અત્યંત વિશાળ ૨. યમપ્રભ પર્વતની દક્ષિણ તરફની તે નામની રાજધાની)_

**अइ ( ति ) वुट्ठि - अतिवृष्टि ( स्त्री. )**_(અધિક વર્ષા, ધાન્યાદિકની ઉપઘાતક વર્ષા)_

**अइवेल - अतिवेल ( अव्य. )**_(કાળવેળા ઉલ્લંઘીને, સમય મર્યાદાને અતિક્રમીને)_

**अइवेला - अतिवेला ( स्त्री. )**_(સાધુના આચારની મર્યાદા, સમય સંબંધિત મર્યાદા)_

**अइस - ईदृश ( त्रि. )**_(આવું, આવા પ્રકારનું)_

**अइसइय - अतिशयित ( त्रि. )**_(વિશિષ્ટ, આશ્ચર્યકારક, અતિશયવાળું)_

**अइ ( ति ) संकिलेस - अतिसंक्लेश ( पुं. )**_(ચિત્તની અત્યંત મલિનતા, સંક્લિષ્ટ મનોવૃત્તિ)_

**अइ ( ति ) संधाण - अतिसंधान ( न. )**_(પ્રખ્યાપન-પ્રસિદ્ધ કરવું તે ૨. કપટ, દગાબાજી, ઠગાઈ)_

**अइ ( ति ) संधाणपर - अतिसंधानपर ( त्रि. )**_(ગુણ ન હોવા છતાં તેવા ગુણવાળો પોતાને સાબિત કરે તે, પોતાના અસદ્ભૂત ગુણોની જાહેરાત કરનાર)_

**अइ ( ति ) संपओग - अतिसंप्रयोग ( पुं. )**_(એક દ્રવ્યનો બીજા દ્રવ્ય સાથે અત્યંત સંયોગ કરવો)_

**अइ ( ति ) सक्कणा - अतिष्वष्कणा ( स्त्री. )**_(અગ્નિ પ્રજ્વલન હેતુ પ્રેરણા કરવી તે, ઉદ્દીપના-ઉત્તેજના કરવી તે)_

**अइ ( ति ) सय - अतिशय ( पुं. )**_(અધિકતા, અતિરેક, ઘણું ૨. ઉત્કૃષ્ટતા, પ્રકર્ષભાવ ૩. પ્રભાવ, મહિમા)_

**अइ ( ति ) सयणाणि - अतिशयज्ञानिन् ( पुं. )**_(અવધિજ્ઞાનાદિથી યુક્ત, અવધિ આદિ પ્રત્યક્ષ જ્ઞાન સહિત)_

**अइ ( ति ) सयमईयकाल - अतिशयातीतकाल ( पुं. )**_(અત્યંત વીતેલો ભૂતકાળ, અતિ વ્યવધાનવાળો કાળ)_

**अइसयसंदोह - अतिशयसंदोह ( त्रि. )**(*અતિશય-શ્રેષ્ઠના સમૂહથી સંપન્ન, અતિશયના સમૂહથી યુક્ત*)

**अइसरिअ - ऐश्वर्य्य ( न. )**(*ઋદ્ધિ, ઠકુરાઈ, વૈભવ ૨. અણિમાદિ આઠ સિદ્ધિઓ પૈકીનો એક ભેદ*)

**अइ ( ति ) साइ ( न् ) - अतिशायिन् ( त्रि. )**(*આમર્ષૌષધિઆદિ ઋદ્ધિપ્રાપ્ત ૨. અવધિ-મનઃપર્યવ-કેવલસહિત ચતુર્દશપૂર્વધારી*)

**अइसिरिहर - अतिश्रीभर ( पुं. )**(*અત્યંત શોભાયુક્ત, અતિશય શોભાવાળો*)

**अइ ( ति ) सीय - अतिशीत ( त्रि. )**(*અત્યંત ઠંડુ, અતિશય શીતળ સ્પર્શ*)

**अइ ( ति ) सुहुम - अतिसूक्ष्म ( त्रि. )**(*અત્યંત સૂક્ષ્મબુદ્ધિથી ગમ્ય, ઘણું બારીક-સૂક્ષ્મબુદ્ધિ ગ્રાહ્ય*)

**अइ ( ति ) सेस - अतिशेष ( पुं. )**(*અતિશય પ્રભાવ, આચાર્યાદિના પાંચ અતિશય ૨. આધ્યાત્મિક પ્રભાવ, મહિમા ૩. અતિશયવાળો*)

**अइसेसइड्ढि - अतिशेषर्द्धि ( पुं. )**(*અવધિ-મનઃપર્યવજ્ઞાન આમર્ષૌષધિ આદિ વિશિષ્ટ ઋદ્ધિયુક્ત, પ્રથમ પ્રવચન પ્રભાવક*)

**अइसेसपत्त - अतिशेषप्राप्त ( त्रि. )**(*આમર્ષૌષધિ આદિ લબ્ધિ પ્રાપ્ત-મુનિ*)

**अइसेसपहुत्त - अतिशेषप्रभुत्व ( न. )**(*અતિશયોના પ્રભુત્વવાળું, આધ્યાત્મિક મહિમાશાળી*)

**अइसेसि ( न् ) - अतिशेषिन् ( त्रि. )**(*અતિશયથી યુક્ત, પ્રભાવશાળી, મહિમાવંત ૨. સ્થૂલ*)

**अइसेसिय - अतिशेषित ( त्रि. )**(*મહિમાન્વિત ૨. જ્ઞાનાદિ અતિશયથી સમ્પન્ન*)

**अइ ( ति ) हि - अतिथि ( पुं. )**(*જેના આવવાની તિથિ કે દિવસ મુકરર નથી તે અતિથિ-મુનિ ૨. અભ્યાગત, મહેમાન, યાચક*)

**अइ ( ति ) हिपूआ - अतिथिपूजा ( स्त्री. )**(*અતિથિપૂજા, અન્નાદિ દાનથી અતિથિનો સત્કાર કરવો તે લોકોપચાર વિનયનો ભેદ*)

**अइ ( ति ) हिबल - अतिथिबल ( न. )**(*અતિથિનું બળ, અતિથિના બળની વૃદ્ધિ*)

**अइ ( ति ) हिम - अतिहिम ( न. )**(*અત્યંત હિમ, અતિઠંડુ હોય તે*)

**अइ ( ति ) हिवणीमग - अतिथिवनीपक ( पुं. )**(*અભ્યાગત માંગણ, અતિથિદાનની પ્રશંસા વડે દાતા પાસેથી યાચના કરનાર માંગણ-ભિક્ષુક*)

**अइ ( ति ) हिसंविभाग - अतिथिसंविभाग ( पुं. )**(*સ્વાનુગ્રહ બુદ્ધિથી જમતી વખતે પોતાના આહારાદિનો અમુક ભાગ અતિથિને આપવાની ભાવના ભાવવી તે, શ્રાવકના બાર વ્રતો પૈકીનું બારમું વ્રત*)

**अई ( ति ) व - अतीव ( अव्य. )**(*અત્યંત, બહુ, વધારે એવા અર્થમાં વપરાતો અવ્યય*)

**अउअ ( य ) - अयुत ( न. )**(*દશહજારની સંખ્યાનું માપ, અઉઅંગને ૮૪ લાખે ગુણતા થતી સંખ્યા ૨. અસંયુક્ત, અસંબદ્ધ*)

**अउअंग - अयुताङ्ग ( न. )**(*અચ્છનિઉર (પ્રમાણ વિશેષ)ને ચોર્યાસી લાખે ગુણતા જે સંખ્યા પ્રાપ્ત થાય તે*)

**अउअसिद्ध - अयुतसिद्ध ( त्रि. )**(*જે બેમાં એક વિનાશ ન પામે ત્યાં સુધી બીજું આશ્રિત જ રહે તે-અયુતસિદ્ધ ૨. અંતર્નિહિત, અપૃથક્કરણીય*)

**अउज्झ - अयोध्य ( त्रि. )**(*બીજાઓથી યુદ્ધ કરવાને અશક્ય, પર સૈન્યને જેમાં પ્રવેશ ન કરી શકાય તેવું-નગરાદિ*)

**अउज्झा - अयोध्या ( स्त्री. )**(*અયોધ્યા નગરી-વિનીતા ૨. ગંધિલાવતી વિજયની મુખ્ય રાજધાનીનું નામ*)

**अउ ( तु ) ल - अतुल ( त्रि. )**(*અત્યંત સુંદર, અતુલ્ય, અનુપમ ૨. તિલકવૃક્ષ*)

**अओ - अतस् ( अव्य. )**(*અહીંથી ૨. એટલા માટે, એ કારણથી*)

**अओघण - अयोघन ( पुं. )**(*હથોડો, લોખંડનો ઘણ*)

**अओमय - अयोमय ( त्रि. )**(*લોઢાનો વિકાર, લોખંડથી બનેલ અસ્ત્ર-શસ્ત્ર વગેરે*)

**अओमुह - अयोमुख ( त्रि. )**(*જેનો અગ્રભાગ લોઢા જેવો મજબૂત હોય તે પક્ષી આદિ ૨. અયોમુખદ્વીપનો વાસી*)

**अओमुहदीव - अयोमुखद्वीप ( पुं. )**(*અયોમુખ દ્વીપ વિશેષ*)

**अंक - अङ्क ( पुं. )**(*રત્નવિશેષ, શુક્લમણિ વિશેષ ૨. પદ્માસનસ્થના ખોળારૂપ આસન વિશેષ, ખોળો ૩. સંખ્યાદર્શક ચિહ્ન ૪. એકથી નવની સંખ્યા ૫. દૃશ્યકાવ્યનો એક ભેદ ૬. નિશાની ૭. ચંદ્રના બિંબમાં રહેલ મૃગનો આકાર વિશેષ*)

**अंककंड - अङ्ककाण्ड ( न. )**(*રત્નપ્રભા નરક પૃથ્વીનો અંકરત્નમય ખરકાંડનો ચૌદમો ભાગ*)

**अंककरेल्लुअ - अङ्ककरेलुक ( न. )**(*પાણીમાં થનારી એક જાતની વનસ્પતિ, વનસ્પતિ વિશેષ*)

**अंकट्ठिइ - अङ्कस्थिति ( स्त्री. )**(*અંક રેખાઓની વિચિત્ર રીતે સ્થાપના જેમાં થાય છે તે ૬૪ કલામાંથી ૪૩મી કલા*)

**अंकण - अङ्कन ( न. )**(બળદ વગેરે પશુને ગરમ સળીયાથી આકવા તે, શિયાળના પગના આકારે નિશાન કરવું તે)

**अंकध ( ह ) र - अङ्कधर ( पुं. )** (ચંદ્રમા)

**अंकधाइ - अङ्कधात्री ( स्त्री. )**(ખોળામાં બેસાડી કે સુવાડી બાળકને રમાડનાર ધાવમાતા, પાંચ ધાવમાતા પૈકીની એક)

**अंकमुह - अङ्कमुख ( न. )**(પદ્માસનસ્થના ખોળારૂપ આસનનો અગ્રભાગ)

**अंकमुहसंठिय - अङ्कमुखसंस्थित ( त्रि. )**(પદ્માસનસ્થના ખોળાના અગ્રભાગે થતાં અર્ધવલયના આકાર જેવું રહેલ હોય તે, ખોળાની જેમ અર્ધવલયાકારે રહેલ)

**अंकलिवि - अङ्कलिपि ( स्त्री. )**(અઢાર લિપિમાંની એક લિપિ, અંકલિપિ-વર્ણમાળા વિશેષ)

**अंकमय - अङ्कमय ( त्रि. )**(અંકરત્નમય, અંકરત્નનો વિકાર, અંકરત્નથી બનેલ, અંકરત્નપ્રચુર)

**अंकवणिय - अङ्कवणिज् ( ज ) ( पुं. )**(અંક જાતિના રત્નોનો વેપારી)

**अंकावई - अङ्कावती ( स्त्री. )**( અંકાવતી નગરી)

**अंकिअ ( य ) - अङ्कित ( त्रि. )**(છાપ લાગેલું, નિશાનવાળું, ચિહ્નવાળું)

**अंकिइल्ल ( देशी-पुं. )**(નટ, નર્તક, નાચ-ગાન કરનારો)

**अंकुडग -अङ्कटक ( पुं. )**(ખીંટી)

**अंकुत्तरपास - अङ्कोत्तरपार्श्व ( त्रि. )**(ઉપરની બાજુ અંકરત્નમય જેની છે તે, ઉપરના ભાગે અંકરત્નમય દ્વારવાળું)

**अंकुर - अङ्कुर ( पुं. )**(અંકુર, પાંદડાનો પ્રથમ નીકળેલ ફણગો ૨. લોહી ૩. રોમ)

**अंकुस - अंङ्कुश ( पुं. )**(હાથીને મારવાનું અંકુશ ૨. ગુરુવંદનનો એક દોષ ૩. પ્રતિબંધ ૪. દેવાર્ચન હેતુ વૃક્ષના પાંદડા છેદવાનું સંન્યાસીનું એક ઉપકરણ ૫. દેવવિમાન વિશેષ ૬. અંકુશાકારે ખીંટી)

**अंकुसा - अङ्कुशा ( स्त्री. )**(અનંતનાથ ભગવાનની શાસનદેવી)

**अंकेल्लणपहार - अंकेल्लणप्रहार ( पुं. )**(ઘોડા આદિને ચાબુક દ્વારા કરાતો પ્રહાર, ચાબુકનો માર-ઘા)

**अंकोल्ल - अंकोट ( ठ ) ( ल ) ( पुं. )**(અંકોલ વૃક્ષ, જે ગંધયુક્ત પુષ્પવાળું, ખીલા જેવા આકારના મોટા કાંટાવાળુ અને રક્તવર્ણી ફળવાળું હોય છે.)

**अंकोल्लतेल्ल - अंकोट ( ठ ) तेल ( न. )**(અંકોલનું તેલ)

**अंग - अङ्ग ( अव्य. )**(આમંત્રણ, સંબોધન ૨. શરીર ૩. શરીરના અવયવ ૪. વાક્યાલંકારમાં વપરાતો અવ્યય ૫. વેદના શિક્ષાદિ છ અંગો ૬. લોકોત્તર બાર અંગ ૭. કારણ, હેતુ ૮. દેશ વિશેષ-અંગદેશ જેને વર્તમાનમાં બિહાર પ્રાંત કહે છે.)

★**आङ्ग ( पुं. )**(અંગદેશનો રાજા ૨. અંગદેશનો કે અંગરાજનો ભક્ત ૩. શરીરનો વિકાર, શરીર સંબંધી ૩. શરીરથી ઉત્પન્ન થયેલ ૪. અંગસ્ફુરણાદિ નિમિત્તશાસ્ત્ર ૪.)

**अंगअ - अङ्गज ( पुं. )**(પુત્ર, પુત્રી ૨. દેહથી ઉત્પન્ન થનાર કોઈપણ ૩. કામદેવ ૪. લોહી ૫. રોગ ૬. રોમ-વાળ)

★**अङ्गद ( न. )**(બાજુબંધ ૨. વાનરરાજ વાલિનો પુત્ર)

**अंगइ - अङ्गजित् ( पुं. )**(શ્રાવસ્તિ નગરીનો એક ગૃહપતિ, જે પાર્શ્વનાથ પ્રભુના શાસનમાં પ્રવ્રજ્યા ગ્રહણ કરીને અનશનપૂર્વક કાળધર્મ પામીને ચંદ્રવિમાને ચંદ્રદેવપણે ઉત્પન્ન થયો હતો.)

**अंगइ ( रि ) सि - अङ्गर्षि, अङ्गऋषि ( पुं. )**(ચંપા નગરીના વાસ્તવ્ય અને કોશિકાર્યના શિષ્ય, જેઓ ભદ્રપરિણામી હોવાથી ગુરુએ તેમનું નામ અંગર્ષિ રાખ્યું હતું.)

**अंगचूलिया - अङ्गचूलिका ( स्त्री. )**(આચારાદિ અંગોની ચૂલિકા, આચારાંગસૂત્રાદિમાં આચારના અનેક વિષયો પૈકી જે વિષય અનુક્તાર્થ હોય તેના સંગ્રહવાળી ચૂલિકા-પરિશિષ્ટ, કાલિકશ્રુતનો એક ભેદ)

**अंगच्छहिय - अङ्गच्छिन्न ( त्रि. )**(જેનું અંગ કપાયેલ હોય તે, છિન્નાંગ)

**अंगच्छे ( य ) द - अङ्गच्छेद ( पुं. )** (દૂષિત-બગડી ગયેલ અંગને છેદી નાખવું તે)

**अंग ( अङ्ग ) ण - अङ्गण ( न. )**(આંગણું, ચોક, ઘર આગળનો ખુલ્લો ભાગ)

**अंगणा - अङ्गना ( स्त्री. )**(સુંદર અંગોવાળી સ્ત્રી)

**अंगदिया - अङ्गदिका ( स्त्री. )**(તીર્થ વિશેષ, જ્યાં અજિતનાથજી અને શાંતિનાથજી પ્રભુના સમયમાં બ્રહ્મેન્દ્ર દેવનો પ્રસંગ થયો હતો.)

**अंगप्पभव - अङ्गप्रभव ( त्रि. )**(દૃષ્ટિવાદ આદિ અંગોમાંથી જેની ઉત્પત્તિ થઈ હોય તે, દૃષ્ટિવાદમાંથી ઉત્પન્ન ઉત્તરાધ્યયનનું પરિષહાધ્યયન)

**अंगप्पविट्ठ - अङ्गप्रविष्ट ( न. )**(આચારાંગાદિ બાર અંગો પૈકી કોઈપણ અંગ ૨. અંગશાસ્ત્રોનું જ્ઞાન)

**अंगबाहिर - अङ्गबाह्य ( न. )**(આચારાંગાદિ અંગસૂત્ર અતિરિક્ત આગમ ૨. અંગ આગમોથી ભિન્ન ઉત્તરાધ્યયન વગેરે આગમોનું જ્ઞાન)

**अंगबाहिरिया - अङ्गबाह्या ( स्त्री. )**(અંગબાહ્ય સૂર્ય-ચંદ્ર-જંબૂદ્વીપ-દ્વીપસાગરપ્રજ્ઞપ્તિ વગેરે, આચારાંગાદિ અંગપ્રવિષ્ટથી ભિન્ન અનઙ્ગપ્રવિષ્ટ શ્રુત)

**अंगभंजण - अङ्गभञ्जन ( न. )**(શરીરના અવયવોને મરોડવા તે, આળસ મરડવી તે)

**अंगभूय - अङ्गभूत ( त्रि. )**(કારણભૂત)

**अंगमंग - अङ्गाङ्ग ( न. )**(અંગોપાંગ, મુખ્ય અંગોના અવયવો, પ્રત્યેક અવયવ)

**अंगमंगिभावचार - अङ्गाङ्गिभावचार ( पुं. )**(પરિણામ-પરિણામી ભાવ, અભેદભાવ)

**अंगमंदिर - अङ्गमन्दिर ( न. )**(ચંપાનગરીની બહાર આવેલું એક ચૈત્ય)

**अंगमद्दिया - अङ्गमर्दिका ( स्त्री. )**(અંગોનું મર્દન કરવાવાળી દાસી)

**अंगरक्ख - अङ्गरक्ष ( न. )**(શરીરનું રક્ષણ કરનાર, અંગરક્ષક)

**अंगलूहण - अंगरूक्षण ( न. )**(શરીર પર લાગેલા પાણીને સાફ કરનાર-વસ્ત્ર, અંગલૂછણું)

**अंगविज्जा - अङ्गविद्या ( स्त्री. )**(જ્ઞાનસંપાદક વ્યાકરણાદિ શાસ્ત્ર ૨. અંગસ્ફુરણાદિ શુભાશુભ સૂચક અંગવિદ્યા, સ્વનામ ખ્યાત ગ્રંથ વિશેષ)

**अंगवियार - अङ्गविकार ( पुं. )**(અંગ સ્ફુરણાદિ કે શરીર સ્ફુરણાદિનું શુભાશુભ સૂચક શાસ્ત્ર)

**★अङ्गविचार ( पुं. )**(શરીર સ્પર્શ કે નેત્રાદિ સ્ફુરણનો વિચાર, અંગસ્ફુરણાદિ વડે શુભાશુભ ફળ બતાવનાર શાસ્ત્ર)

**अंगसंचाल - अङ्गसंचार ( पुं. )**(શરીરની રોમરાજી વગેરે અવયવોનું થોડુંક હલન ચલન)

**अंगसुहफरिस ( फासिय ) - अङ्गस्पर्शक ( त्रि. )**(શરીરને સુખકારી સ્પર્શ જેનો છે તે, દેહસુખના હેતુભૂત સ્પર્શયુક્ત)

**अंगादाण - अङ्गादान ( न. )**(પુરુષચિહ્ન, પુરુષેન્દ્રિય)

**अं ( इं ) गार ( ल ) - अङ्गार ( पुं. )**(ધુમ રહિત અંગારો, અગ્નિ, બળતો કોલસો ૨. મંગળ ગ્રહ ૩. સાધુને આહાર વાપરતા લાગતો ઈંગાલ દોષ)

**★आङ्गार ( त्रि. )**( અંગારા સંબંધી, અગ્નિ સંબંધિત)

**अं ( इं ) गार ( ल ) कड्डिणी - अङ्गारकर्षिणी ( स्त्री. )**(અગ્નિને ફેરવવા કે ઉથલાવવાનો લોઢાનો સળીયો)

**अं ( इं ) गार ( ल ) कम्म - अङ्गारकर्मन् ( न. )**(અંગારા સંબંધિત કાર્ય, કોલસા બનાવવા કે વેચવાનો વ્યાપાર)

**अं ( इं ) गार ( ल ) कारिया - अङ्गारकारिका ( स्त्री. )**(અન્ન રાંધવા માટેનો ચૂલો, સગડી)

**अं ( इं ) गार ( ल ) ग - अङ्गारक ( पुं. )**(અંગારો, અંગારાનો નાનો કણિયો, કોલસો ૨. મંગળ ગ્રહ ૩. પહેલો મહાગ્રહ ૪. કુરંટક વૃક્ષ ૫. ભૃંગરાજ વૃક્ષ)

**अं ( इं ) गार ( ल ) डा ( दा ) ह - अङ्गारदाह ( पुं. )**(અંગારાનો દાહ જ્યાં હોય તે ૨. જ્યાં લાકડા બાળી કોલસા પાડવામાં આવે તે સ્થાન)

**अं ( इं ) गार ( ल ) पतावणा - अङ्गारप्रतापना ( स्त्री. )**(શિયાળામાં ઠંડી ઉડાવવા અગ્નિની ધુણી પાસે શરીર તપાવવું તે, અંગારાઓનું તાપણું)

**अं ( इं ) गार ( ल ) मद्दग - अङ्गारमर्दक ( पुं. )**(તે નામના પ્રસિદ્ધ અભવી જૈનાચાર્ય, અપરનામ રુદ્રદેવાચાર્ય)

**अं ( इं ) गार ( ल ) रासि - अङ्गारराशि ( पुं. )**(ખેરના અંગારાનો સમૂહ)

**अं ( इं ) गारवई - अङ्गारवती ( स्त्री. )**(ધુંધુમાર નામક રાજાની કન્યા)

**अं ( इं ) गार ( ल ) सहस्स - अङ्गारसहस्र ( न. )**(અગ્નિના ઝીણા હજારો કણિયાઓ, નાના અંગારાઓ)

**अं ( इं ) गालसोल्लिय - अङ्गारशू ( ल ) न्य ( त्रि. )**(અંગારાની જેમ પાકેલું)

**अं ( इं ) गारा ( ला ) यतण - अङ्गारायतन ( न. )**(અંગારાની ભઠ્ઠી, અંગાર ગૃહ)

**अं ( इं ) गारि ( लि ) य - अङ्गारित ( त्रि. )**(કોયલાની જેમ બળી ગયેલું, વિવર્ણ થયેલ)

**अंगिरस - अङ्गिरस ( पुं. )**(ગૌતમ ગોત્રમાં ઉત્પન્ન થયેલ પુરુષ વિશેષ)

**अंगीकड - अङ्गीकृत ( त्रि. )**(સ્વીકાર કરેલ, અંગીકાર કરેલ)

**अं ( इं ) गुअ - इङ्गुद ( पुं. )**(વૃક્ષ વિશેષ, તાપસ વૃક્ષ)

**अंगुट्ठ - अङ्गुष्ठ ( पुं. )**(અંગુઠો)

**अंगुट्ठपसिण - अंगुष्ठप्रश्न ( न. )**(વિદ્યા વિશેષ)

**अंगुम - पुरि ( धा. )**(પૂર્તિ કરવી, પૂર્ણ કરવું)

**अंगुल - अङ्गुल ( न. )**(હાથ-પગની આંગળીઓ ૨. આઠ જવ પ્રમાણ પરિમાણ ૩. જે પ્રમાણ વડે પદાર્થો જાણી શકાય તે)

**अंगुलपोहत्तिय - अङ्गुलपृथक्त्विक ( त्रि. )**(અંગુલપૃથકત્વ, બે થી નવ અંગુલ સુધી શરીરની અવગાહના-ઊંચાઈ જેની હોય તે)

**अंगुलि ( ली ) - अङ्कलि ( ली ) ( स्त्री. )**(*હાથ-પગની આંગળી ૨. હાથીની સૂંઢનો અગ્રભાગ ૩. ગજકર્ણી નામક વનસ્પતિ વિશેષ)*

**अंगुलिकोस - अङ्कलिकोश ( पुं. )**(*આંગળીમાં પહેરાતો ચામડાનો કે લોખંડનો પાટો, અંગુલી-ત્રાણ, અંગોઠડી)*

**अंगुलि ( ले ) ज्जग - अङ्कलीयक ( न. )**(*આંગળીનું ઘરેણું, અંગૂઠી, વીંટી)*

**अंगुलिप्फोडण - अङ्कलिस्फोटन ( न. )**(*આંગળી વાળીને કડાકા ફોડવા તે, આંગળીના ટચાકા વગાડવા તે)*

**अंगुलिभमुहा - अङ्कलिभ्रू ( स्त्री. )**(*કાયોત્સર્ગમાં આંગળીના વેઢા ગણવા કે સંકેત માટે આંખની ભ્રમર હલાવવાથી લાગતો દોષ, અંગુલિભ્રૂ દોષ)*

**अंगुलि ( ली ) विज्जा - अङ्कलि ( ली ) विद्या ( स्त्री. )**(*શ્રાવસ્તી નગરીમાં ભગવાન બુદ્ધ દ્વારા પ્રકાશિત એક મહાપ્રભાવિક વિદ્યા)*

**अंगोवंग - अङ्गोपाङ्ग ( न. )**(*મસ્તક આંગળી હાથ આદિ શરીરના અવયવો, શરીરના અંગોપાંગ)*

**अंगोवंगणाम - अङ्गोपाङ्गनामन् ( न. )**(*શરીરના અવયવોના નિર્માણમાં કારણભૂત કર્મ વિશેષ, નામકર્મની એક પ્રકૃતિ, અંગોપાંગ નામકર્મ)*

**अंचि - अञ्चि ( पुं. )**(*ગમન કરવું તે, જવું તે, ગતિ-ગમન)*

**★आञ्चि ( पुं. )**(*આગમન, આવવું તે)*

**अंचिअ ( त ) - अञ्चित ( त्रि. )**(*પૂજ્ય ૨. રાજમાન્ય ૩. એકવારનું ગમન ૪. નાટકનો પચ્ચીસમો પ્રકાર ૫. યુક્ત, સહિત)*

**अंचिअंचिय - अञ्चिताञ्चिक ( पुं. )**(*ગમનાગમન, જવું-આવવું તે)*

**अंचिअ ( य ) रिभिय - अञ्चितरिभित ( न. )**(*નાટકનો એક ભેદ, દેવતાઓના ૩૨ પ્રકારના નાટકો પૈકીનું ૨૭મું નાટક)*

**अंचेइत्ता - अञ्चयित्वा ( अव्य. )**(*મૂળમાંથી ઉખાડીને, ઉપાડીને)*

**अंछ ( देशी-धा. )**(*આકર્ષવું, ખેંચવું)*

**अंछण ( देशी-धा. )**(*આકર્ષાવું, ખેંચાવું)*

**अंजण - अञ्जन ( न. )**(*કાજળ ૨. લોઢાની સળીથી આંખમાં દુઃખ ઉપજાવવું તે ૩. તેલાદિથી શરીરની માલીશ કરવી તે ૪. સુરમો, સૌવીરાંજન ૫. રસાંજન, રસવતી ૬. રત્ન વિશેષ ૭. આંખ આંજવી તે ૮. રત્નપ્રભા પૃથ્વીના ખરકાંડનો દશમો ભાગ ૯. વનસ્પતિ વિશેષ ૧૦. સૂર્ય-ચંદ્રના લેશ્યાનુબંધક પુદ્‌ગલો પૈકીના પાંચમો પુદ્‌ગલ ૧૧. મંદર પર્વતની પૂર્વમાં સીતોદા નદીના દક્ષિણભાગે રહેલ વક્ષસ્કાર પર્વત ૧૨. દ્વીપકુમારેન્દ્રના ત્રીજા લોકપાલનું નામ ૧૩. ઉદધિકુમાર પ્રભંજનના ચોથા લોકપાલનું નામ ૧૪. મંદર પર્વતના પૂર્વમાં રહેલ રુચક પર્વતનું નામ ૧૫. રુચક પર્વતનું સાતમો કુટ)*

**अंजणई - अञ्जनिका ( स्त्री. )**(*વલ્લી વિશેષ, તે નામે લતા વિશેષ)*

**अंजणकेसिआ - अञ्जनकेशिका ( स्त्री. )**(*વનસ્પતિ વિશેષ, અંજનકેશિકા)*

**अंजणग - अञ्जनक ( पुं. )**(*તે નામનો રત્નમય એક પર્વત, નંદીશ્વરદ્વીપનો અંજનગિરિ પર્વત ૨. વનસ્પતિ વિશેષ ૩. વાયુકુમારેન્દ્રનો તૃતીય લોકપાલ)*

**अंजण ( णा ) गिरि - अञ्जनगिरि ( पुं. )**(*તે નામનો શ્યામવર્ણીય પર્વત ૨. મેરુ પર્વતના ભદ્રશાલ વનનો ચોથો દિગ્હસ્તિ કુટ ૩. તે કુટનો અધિપતિ દેવ, અંજનગિરિ પર્વતનો અધિપતિ દેવ)*

**अंजनजोग - अञ्जनयोग ( पुं. )**(*બહોંતેર કલાઓ પૈકીની સત્તાવીસમી કલા)*

**अंजणपुलग - अञ्जनपुलक ( पुं. )**(*અંજનરત્ન ૨. રત્નપ્રભા નરકના ખરકાંડનો અગિયારમો વિભાગ ૩. મેરુપર્વતના પૂર્વભાગે સ્થિત રુચકવર પર્વતનો આઠમો કૂટ)*

**अंजणमूल - अञ्जनमूल ( पुं. )**(*મેરુપર્વતના પૂર્વભાગે આવેલ રુચક પર્વતનો આઠમો કૂટ)*

**अंजणरिट्ठ - अञ्जनरिष्ट ( पुं. )**(*વાયુકુમારદેવોનો ચોથો ઈન્દ્ર, ભવનપતિ દેવના ચોથા ઈન્દ્રનું નામ)*

**अंजणसमुग्गग - अञ्जनसमुद्गक ( पुं. )**(*સુગંધી અંજન વિશેષને રાખવાનું પાત્ર, ડાબડો)*

**अंजणसलागा - अञ्जनशलाका ( स्त्री. )**(*અંજન આંજવાની સળી, જૈન મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠાની વિધિ વિશેષ-અંજનશલાકા)*

**अंजणसिद्ध - अञ्जनसिद्ध ( पुं. )**(*અંજનપ્રયોગમાં સિદ્ધ, આંખમાં અંજન કરી અદૃશ્ય થવાની સિદ્ધિવાળો)*

**अंजणा - अञ्जना ( स्त्री. )**(*ત્રીજી નરકભૂમિનું નામ ૨. હનુમાનની માતા ૩. જંબૂવૃક્ષના નૈઋત્ય ખૂણામાં રહેલ એક વાવડીનું નામ)*

**अंजणिया - अञ्जनिका ( स्त्री. )**(*કાજળની ડબ્બી)*

**अंजलि ( ली ) ( स्त्री., पुं. ) - अञ्जलि ( पुं. )**(*લલાટે જોડેલા બે હાથ, ખોબો, કરસંપુટ ૨. નમસ્કારરૂપ વિનયનો ભેદ)*

**अंजलिपग्गह - अञ्जलिप्रग्रह ( पुं. )**(*બે હાથ જોડી નમન કરવું તે , બે હાથ જોડવારૂપ વિનયનો ભેદ ૨. સંભોગનું આસન વિશેષ)*

**अंजलिबंध - अञ्जलिबन्ध ( पुं. )**(બે હાથ જોડી મસ્તકે લગાવવું તે, અંજલિબદ્ધ નમસ્કાર)
**अंज ( स् ) - अञ्जस् ( न. )** (વેગ ૨. બળ ૩. ઔચિત્ય ૪. પ્રગુણ ૫. ન્યાય)
**अंजिय - अञ्जित ( त्रि. )**(કાજળ વડે આંજેલું)
**अंजु - ऋजु ( त्रि. )**(સરળ, અકુટિલ, માયા પ્રપંચ રહિત ૨. સ્પષ્ટ, વ્યક્ત ૩. સંયમી)
**अंजुआ - अञ्जुका ( स्त्री. )**(અઢારમાં તીર્થંકર શ્રીઅરનાથ ભગવાનના ધર્મસંઘના પ્રથમ સાધ્વી શિષ્યા)
**अंजू - अञ्जू ( स्त्री. )**(ધનદેવ સાર્થવાહની પુત્રીનું નામ ૨. શકેન્દ્રની ચોથી અગ્રમહિષી ૩. વિપાકશ્રુતના એક અધ્યયનનું નામ ૪. જ્ઞાતાધર્મના એક અધ્યયનનું નામ)
**अंड - अण्ड ( न. )**(જ્ઞાતાધર્મકથાંગસૂત્રના મોરના ઈંડાના દૃષ્ટાંતવાળા ત્રીજા અધ્યયનનું નામ ૨. વિપાકસૂત્રનું અંડ નામક ત્રીજું અધ્યયન ૩. ઈંડું, ઈંડાનો કોષ ૪. અંડકોષ, વૃષણ ૫. પારો ૬. કસ્તૂરી ૭. શિવ)
**अंडउड - अण्डपुट ( न. )**(ઈંડાનું કોચલું, અંડપુટ)
**अंडक - अण्डक ( न. )**(જન્તુની યોનિ વિશેષ, જીવોત્પત્તિનું એક સ્થાન)
**अंडकड - अण्डकृत ( त्रि. )**(ઈંડામાંથી થયેલ, ઈંડાએ કરેલ)
**अंडप्पभव - अण्डप्रभव ( त्रि. )**(ઈંડામાંથી ઉત્પન્ન થયેલ, ઈંડું જેની ઉત્પત્તિ છે તે)
**अंडय - अण्डज ( पुं. )**(ઈંડામાંથી પેદા થતાં પ્રાણી-જંતુ વગેરે, અંડજ, ત્રસજીવોનો એક ભેદ, મત્સ્યનો ભેદ, જીવોત્પત્તિની એક યોનિ ૨. રેશમી વસ્ત્ર ૩. રેશમનો તાંતણો ૪. શણનું વસ્ત્ર)
**अंडसुहुम - अण्डसूक्ष्म ( न. )**(સૂક્ષ્મ ઈંડું, કીડી વગેરેના સૂક્ષ્મ ઈંડા)
**अंडु - अण्डु ( ड ) ( न. )**(લોહમય કે કાષ્ઠમય હાથ-પગના બંધન વિશેષ, હાથ પગની બેડી, હાથકડી)
**अंत - अन्त ( पुं. )**(નાશ, અવસાન ૨. હદ, પર્યંત ૩. નિર્ણય ૪. નિકટ ૫. વિનાશ, ભંગ ૬. સ્વરૂપ ૭. સ્વભાવ ૮. રોગ ૯. રાગ-દ્વેષ ૧૦. જીર્ણ)
**★अन्त्य ( न. )**(દશ વડે ગુણવાથી આવતી એક જલધિસંખ્યાનો ભેદ વિશેષ)
**★अन्त्र ( न. )**(આંતરડું, ઉદરવર્તી અવયવ વિશેષ ૨. ભગવાન મહાવીરે જોયેલ ચોથું સ્વપ્ન)
**★आन्त ( न. )**(અન્તમાં થનાર ૨. ખાતાં ખાતાં વધેલું ૩. વાલ ચણા વગેરે)
**अंत ( र् ) - अन्तर् ( अव्य. )**(અંદર ૨. મધ્યે, વચ્ચે)
**अंतक ( ग ) - अन्तक ( पुं. )**(યમરાજ, મૃત્યુ, નાશ કરનાર ૨. છેડો, પર્યંત ૩. અંતર્ગત)
**अंतकम्म - अन्तकर्मन् ( न. )**(વસ્ત્રની કિનારી ૨. નાશ કરવો, પરિચ્છેદ કરવો તે)
**अंतक ( ग ) र - अन्तकर ( पुं. )**(સંસારનો અંત કરનાર, તે જ ભવે મુક્તિ જનાર)
**अंतकर ( गड ) भूमि - अन्तकर ( कृद् ) भूमि ( स्त्री. )**(સંસારનો અંત કરનાર મોક્ષગામી મહાપુરુષોની ભૂમિ-નિર્વાણ સમય)
**अंतकाल - अन्तकाल ( पुं. )**(મરણકાળ, અન્તકાળ)
**अंतकिरिया - अन्तक्रिया ( स्त्री. )**(સંસાર યા કર્મનો અંત કરનારી ક્રિયા કે અનુષ્ઠાન ૨. સકલકર્મોના ક્ષયરૂપ મોક્ષ)
**★अन्त्य ( न्त ) क्रिया ( स्त्री. )**(અન્તે-પર્યવસાને કરાતી કર્મક્ષયની ક્રિયા, સર્વકર્મક્ષયરૂપ મોક્ષ)
**अंतकुल - अन्त्यकुल ( न. )**(ક્ષુદ્ર કુળ)
**अंतक्खरिया - अन्त्याक्षरिका ( स्त्री. )**(અઢાર લિપિઓ પૈકીનો નવમો ભેદ, બ્રાહ્મી લિપિનો એક ભેદ ૨. અંત્યાક્ષરીનામની ૬૩મી કલા)
**अंतग - अन्तक ( त्रि. )**(વિનાશ કરનાર, વિનાશક)
**★अन्तग ( त्रि. )**(મૃત્યુ ૨. દુઃખેથી છોડી શકાય તેવું ૩. પારગામી)
**अंतगड - अन्तकृत् ( त ) ( पुं. )**(જેમણે સંસારનો કે જન્મ-મરણનો અંત કર્યો છે એવા તીર્થંકરાદિ, અન્તકૃત્-કેવળી)
**अंतगडदसा - अन्तकृद् ( त ) दशा ( स्त्री. )**(અંતગડદશાંગસૂત્ર, અગ્યાર અંગઆગમો પૈકીનું આઠમું અંગસૂત્ર)
**अंतगत ( य ) - अन्तगत ( न. )**(અંતભાગે રહેલું ૨. આનુગામિક-અવધિજ્ઞાનનો એક ભેદ)
**★अन्त्रगत ( त्रि. )**(આંતરડામાં રહેલું)
**अंतग्गअ - अन्तर्गत ( त्रि. )**(મધ્યવર્તી, અંતર્ગત, અભ્યંતર)
**अंतचरय - आन्तचरक ( पुं. )**(ગૃહસ્થે ભોજન કર્યા પછી બચેલ આહારની ગવેષણા કરનાર-સાધુ, અભિગ્રહ પૂર્વક નીરસ આહારની શોધ કરનાર સાધુ)
**अंतचारि ( न् ) - आन्तचारिन् ( पुं. )**(અભિગ્રહ વિશેષને ધારણ કરનાર, તુચ્છ આહાર લેવાનો અભિગ્રહ ધારણ કરનાર સાધુ)
**अंतजीवि ( न् ) - आन्तजीविन् ( पुं. )**(ગૃહસ્થે ભોજન કર્યા પછી શેષ રહેલ આહાર વહોરી જીવન જીવનાર સાધુ, ભોજનસમય પછી ગોચરી વહોરનાર મુનિ)

**अंतट्ठ - अन्तःस्थ ( पुं. )**(*પ વર્ગ અને ઉષ્માક્ષર વચ્ચેના ય ર લ વ વર્ણ, અન્તસ્થ વર્ણો*)

**अंतद्धाण - अन्तर्धान ( न. )**(*તથાવિધ સંયમના પ્રભાવે યોગીના ચક્ષુગ્રાહ્યરૂપાદિનું અદૃશ્ય થવું તે, તિરોધાન, અંજનાદિથી અદૃશ્ય થવું તે*)

**अंतद्धाणपिंड - अन्तर्धानपिण्ड ( पुं. )**(*અદૃશ્ય રહીને ગ્રહણ કરાતો આહાર*)

**अंतद्धा ( णिया ) णी - अन्तर्धानिका ( स्त्री. )**(*અદૃશ્ય થવાની વિદ્યા વિશેષ*)

**अंतद्धि - अन्तर्द्धि ( पुं. )**(*વ્યવધાન*)

**अंतद्धाभूय - अन्तर्धाभूत ( त्रि. )**(*નષ્ટ થયેલું, વિગત, અન્તર્ધાન પામેલું*)

**अंतप्पाअ - अन्तःपात ( पुं. )**(*અંતર્ભાવ, સમાવેશ*)

**अंतब्भाव - अन्तर्भाव ( पुं. )**(*મધ્યપ્રવેશ ૨. સમાવેશ*)

**अंतर - अन्तर ( न. )**(*વચ્ચે ૨. વિશેષ ૩. સીમા-અવધિ ૪. પરિધાન-વસ્ત્ર ૫. અંતર્ધાન ૬. ભેદ ૭. પરસ્પર વૈલક્ષણરૂપ વિશેષ ૮. તાદર્થ્ય ૯. છિદ્ર ૧૦. આત્મીય ૧૧. વિના ૧૨. બાહ્ય ૧૩. સદૃશ ૧૪. સૂર વિશેષ ૧૫. વ્યવધાન ૧૬. અવકાશ*)

**अंतरंग - अन्तरङ्ग( पुं. )**(*સમાન અંગ જેનું છે તે, પોતાનું અંગત ૨. અત્યંત પ્રિય ૩. આભ્યંતર*)

**अंतरंजिआ - अन्तरञ्जिका ( स्त्री. )**(*તે નામક નગરી વિશેષ, જ્યાં ત્રૈરાશિકમતની ઉત્પત્તિ થઈ હતી.*)

**अंतरंडगगोलिया - अन्तराण्डकगोलिका ( स्त्री. )**(*અંડકોશની અંદરની ગોળી, વૃષણની ગોળી*)

**अंतरकंद - अन्तरकन्द ( पुं. )**(*અનંતજીવોવાળી વનસ્પતિ વિશેષ*)

**अंतर ( रा ) कप्प - अन्तर ( रा ) कल्प ( पुं. )**(*જૈન સાધુઓનો અભ્યંતર પ્રશસ્ત આચાર કલ્પ, અન્તરાકલ્પ*)

**अंतरकरण - अन्तरकरण ( न. )**(*યથાપ્રવૃત્તકરણ, અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ આ ત્રણ પૈકી કોઈપણ એક, સમ્યક્ત્વના કારણરૂપ અધ્યવસાય વિશેષ, અન્તરકરણ*)

**अंतरगय - अंतर्गत ( त्रि. )**(*અંદરનું, વચ્ચે આવેલું, અંતર્ભાવ પામેલું*)

**अंतरगिह - अन्तरगृह, गृहान्तर ( न. )**(*ઘરની અંદરનો ભાગ ૨. બે ઘર વચ્ચેનું અંતર*)

**अंतरजाय - अन्तरजात ( न. )**(*ભાષાના જે પુદ્‌ગલો અંતરાલે સમશ્રેણીને વિષે રહી ભાષાપરિણામને પામે છે તે ભાષાપરિણતપુદ્‌ગલ*)

**अंतरणई ( दी ) - अन्तरनदी ( स्त्री. )**(*મહાનદીની અપેક્ષાએ નાની નદી, ક્ષુદ્ર નદી*)

**अंतरदीव - अन्तरद्वीप ( पुं. )**(*લવણસમુદ્રની વચ્ચે રહેલ દ્વીપ, ચુલ્લ હિમવંત અને શિખરી પર્વતની લવણ સમુદ્ર તરફ નીકળેલી દાઢાઓ પરના દ્વીપ*)

**अंतरदीवग ( य ) - अन्तरद्वीपग ( ज ) ( पुं. )**(*અન્તરદ્વીપમાં ગયેલ ૨. અંતરદ્વીપમાં ઉત્પન્ન થયેલ મનુષ્ય, ૫૬ અંતરદ્વીપના મનુષ્ય*)

**अंतरदीववेदिया - अन्तरद्वीपवेदिका ( स्त्री. )**(*અન્તરદ્વીપની વેદિકા*)

**अंतरदीविया - आन्तरद्वीपिका ( स्त्री. )**(*અન્તરદ્વીપને વિષે ઉત્પન્ન થયેલ મનુષ્યો, અંતરદ્વીપને વિષે ઉત્પન્ન સ્ત્રી*)

**अंतरद्धा - अन्तरद्धा ( स्त्री. )**(*આંતરાનો કાળ*)

**★अन्तर्धा ( स्त्री. )**(*અંતર્ધાન થવું તે, સ્મૃતિભ્રંશરૂપ અંતર્ધાન થવું તે ૨. નાશ થવો તે*)

**अंतरपल्ली - अन्तरपल्ली ( स्त्री. )**(*મૂલક્ષેત્ર-મુખ્ય નગરથી અઢી ગાઉ દૂર રહેલું ગામડું*)

**अंतरप्पा - अन्तरात्मन् ( पुं. )**(*શરીરસ્થ આત્મા ૨. સમ્યગ્દષ્ટિ ગુણસ્થાનકથી ક્ષીણમોહ ગુણસ્થાનક સુધીની આત્માની અવસ્થા, આત્માનો એક ભેદ*)

**अंतरभाव - आन्तरभाव ( पुं. )**(*પરમાર્થ*)

**अंतरभावविहूण - आन्तरभावविहीन ( त्रि. )**(*પરમાર્થ રહિત, પરમાર્થ વગરનું*)

**अंतरभाषा - अन्तरभाषा ( स्त्री. )**(*ગુરુ બોલતા હોય ત્યારે તેમની વચ્ચે બોલવું તે*)

**अंतरहिय - अन्तर्हित ( त्रि. )**(*બાધિત, વ્યવહિત ૨. અદૃશ્ય, આવૃત્ત, ગુપ્ત*)

**अंतरा - अन्तरा ( अव्य. )**(*નજીક ૨. વચ્ચે, અંદર, મધ્યે ૩. પ્રથમ-પહેલા એવા અર્થમાં વપરાતો અવ્યય*)

**अंतरा ( य ) इय - अन्तराय ( न., पुं. )**(*દાન-લાભાદિમાં અંતરાય કરનાર કર્મ વિશેષ, આઠ કર્મો પૈકીનો આઠમો ભેદ, દેનાર અને લેનાર વચ્ચે આવતું વિઘ્ન*)

**★आन्तरायिक ( न. )**(*અંતરાય બહુલ, વિઘ્ન પ્રચુર, બાધા, દાન આદિમાં વિઘ્ન આવવું તે*)

**अंतरापह - अन्तरापथ ( पुं. )***(વિવક્ષિત બે સ્થાન વચ્ચેનો માર્ગ, જ્યાં જવું હોય અને જ્યાં થી જવું હોય તે બે વચ્ચેનો રસ્તો)*

**अंतरायबहुल - अन्तरायबहुल ( त्रि. )***(વિઘ્ન પ્રચુર, ઘણા વિઘ્નોવાળો)*

**अंतरायवग्ग - अन्तरायवर्ग ( पुं. )***(અંતરાય કર્મપ્રકૃતિનો સમૂહ)*

**अंतराल - अन्तराल ( न. )***(વચ્ચેનો ભાગ, મધ્યભાગ, અંતર)*

**अंतरावण - अन्तरापण ( पुं. )***(રાજમાર્ગાદિ સ્થાનોને વિષે રહેલી દુકાનો, માર્ગમાં રહેલી હાટ)*

**अंतरावणगिह - अन्तरापणगृह ( न. )***(જેની એક અથવા બન્ને બાજુએ દુકાનો હોય તેવું ઘર)*

**अंतरावास - अन्तरवर्ष ( पुं. )***(વર્ષાકાલ, વર્ષાઋતુ)*

**★अन्तरावास ( पुं. )***(મુસાફરીમાં ક્ષેત્ર ન હોવા છતાં સાધુ વચ્ચે-વચ્ચે રોકાણ કરે તે, વર્ષાકાળ)*

**अंतरि ( लि ) क्ख - अन्तरि ( री ) क्ष ( न. )***(આકાશ, સ્વર્ગ અને પૃથ્વી વચ્ચેનું અંતરાલ)*

**★आन्तरिक्ष ( न. )***(આકાશમાં થતાં ગંધર્વ નગર ૨. મેઘ, જલ ૩. આકાશ-સંબંધી, આકાશમાં થતાં ગ્રહવેધ આદિનું શુભાશુભ ફલ બતાવનાર ચોથું મહાનિમિત્તશાસ્ત્ર)*

**अंतरि ( लि ) क्खजाय - अन्तरिक्षजात ( त्रि. )***(પૃથ્વી ઉપર રહેલ પ્રાસાદ માંચો આદિ વસ્તુ)*

**अंतरि ( लि ) क्खपडिवन्न - अन्तरिक्षप्रतिपन्न ( त्रि. )***(આકાશમાં રહેલ, આકાશમાં સ્થિત)*

**अंतरि ( लि ) क्खपासनाह - अन्तरिक्षपार्श्वनाथ ( पुं. )***(શ્રીપુર-શિરપુરમાં આવેલ અંતરિક્ષ પાર્શ્વનાથની પ્રતિમા, અંતરિક્ષજી તીર્થ)*

**अंतरि ( लि ) क्खोदय - अन्तरिक्षोदक ( न. )***(વર્ષાનું પાણી, આકાશમાંથી પડતું જ ઝીલાય તે પાણી)*

**अंतरिज्ज - अन्तरीय ( न. )***(નાભિથી નીચેના ભાગમાં પહેરવાનું વસ્ત્ર, કટિ-વસ્ત્ર ૨. શય્યા નીચે પાથરવાનું વસ્ત્ર)*

**अंतरिज्जिया - अन्तरीया ( स्त्री. )***(જૈન શ્રમણ પરંપરામાં વેસવાડિયગણની ત્રીજી શાખા)*

**अंतरिय - अन्तरित ( त्रि. )***(વ્યવધાનવાળું, અંતરવાળું ૨. તિરસ્કૃત ૩. અંતર્ગત)*

**अन्तरिया - अन्तरिका ( स्त्री. )***(વિવક્ષિત વસ્તુની સમાપ્તિ ૨. અંત)*

**★आन्तरिका ( स्त्री. )***(લઘુ અન્તર, વ્યવધાન, અલ્પાંતર)*

**अंतरुच्छुय - अन्तरिक्षुक ( पुं. )***(શેરડીની વચલી ગાંઠ)*

**अंतरेण - अन्तरेण ( अव्य. )***(વિના, સિવાય, વગર ૨. મધ્યમાં, વચ્ચે)*

**अंतव ( त् ) - अन्तवत् ( त्रि. )***(અંત-છેડાવાળું, પરિમિત ૨. નશ્વર)*

**अंतवाल - अन्तपाल ( पुं. )***(પૂર્વ દિશાદિ દેશના લોકોનું દેવાદિકૃત સમસ્ત ઉપદ્રવોથી રક્ષણ કરે તે, ચક્રવર્તિના દેશ સંબંધિતનું ઉપદ્રવોથી રક્ષણ કરે તે)*

**अंतविकड्डियंतमाल - अन्तविकर्षितान्त्रमाल ( त्रि. )***(શિયાળ આદિ વડે ખેંચાયેલ ઉદરમધ્યવર્તી અવયવ)*

**अंतसुह - अन्तसुख ( न. )***(જેના પરિણામ વિષે સુખ હોય તે, પરિણામે-અંતમાં સુખ હોય તે)*

**अंतसो - अन्तशस् ( अव्य. )***(અન્તે, છેવટે, વિપાક કાળે, નિસ્તાર)*

**अंतावेइ ( ई ) - अन्तर्वेदि ( दी ) ( स्त्री. )***(અંતર્ગત વેદી જેમાં હોય તે ૨. બ્રહ્માવર્ત દેશ)*

**अंताहार - अन्त्याहार ( पुं. )***(વાલ વગેરે તથા હલકા અન્નના આહારવાળો, હલકા ધાન્યના આહાર દ્વારા રસના પરિત્યાગવાળો)*

**अंति ( न् ) - अन्तिन् ( त्रि. )***(જાતિ આદિની અપેક્ષાએ ઉત્તમ)*

**अंतिअ ( य ) - अन्तिक ( न. )***(સમીપ, પાસે, નજીક ૨. અંત, અવસાન ૩. પર્યંતવાસી, અંતિમ, ચરમ)*

**अंतिम - अन्तिम ( त्रि. )***(અંતનું, અન્તિમ, છેવટનું, ચરમ, જેના પછી કશું જ ન હોય તે)*

**अंतिमराइया - अन्तिमरात्रिका ( स्त्री. )***(રાત્રિનો છેલ્લો પહોર, રાત્રિનો ચરમ કાળ, રાતનો છેડો)*

**अंतिमसंघयणतिग - अन्तिमसंहननत्रिक ( न. )***(શાસ્ત્રોક્ત શરીરના હાડકાં વગેરે બંધારણના છેલ્લા ત્રણ પ્રકારો, શરીરના બાંધાના અર્ધનારાચાદિ ત્રણ પ્રકારો)*

**अंतिमसारीरिय - अन्तिमश ( शा ) रीरिक ( त्रि. )***(અંતિમ શરીરની ક્રિયા, તદ્ભવમોક્ષગામીની ચરમ દેહે કરાતી ક્રિયા ૨. તદ્ભવ મોક્ષગામી, ચરમશરીરી)*

**अंतेआरि ( न् ) - अन्तश्चारिन् ( त्रि. )***(મધ્યે ગમન કરનાર, વચ્ચે જનાર)*

**अंतेउ ( पु ) र - अन्तःपुर ( न. )***(રાણીવાસ, અન્તઃપુર, જનાનખાનું ૨. રાજાની સ્ત્રી, રાણી)*

**अंतेउरपरिवारसंपरिवुड - अन्तःपुरपरिवारसंपरिवृत्त ( त्रि. )***(અંતઃપુર અને પરિવાર એ બેથી અથવા અંતઃપુર લક્ષણ પરિવારથી પરિવરેલ, રાજપરિવારથી અલંકૃત-રાજા)*

**अंतेउरिया - आन्तःपुरिकी ( स्त्री. )**(અન્તઃપુરમાં રહેનારી, રાણી ૨. રોગીને નીરોગી બનાવનારી એક વિદ્યા વિશેષ)

**अंतेवासि ( न् ) - अन्तेवासिन् ( पुं. )**(પાસે રહેનાર જી-હજુરિયો, શિષ્ય, ચેલો, ગુરુની પાસે રહેવાના સ્વભાવવાળો-અન્તેવાસી)

**अंतो - अन्तर् ( अव्य. )**(મધ્યે, અંદર, માંહેલી કોર)

**अंतोअंत - अन्तोपान्त ( पुं. )**(અંત-મધ્ય સહિત, અંતોપાન્ત)

**अंतोकरण - अन्तःकरण ( न. )**(અભ્યંતર કરણ-ઈન્દ્રિય, જ્ઞાન-સુખાદિનું સાધન, મન-ચિત્ત-બુદ્ધિ-અહંકારરૂપ ઈન્દ્રિય)

**अंतोखरियत्ता - अन्तःखरिका ( स्त्री. )**(નગરમાં વસનારી વેશ્યા, વિશિષ્ટ વેશ્યા)

**अंतोगिरिपरिरय - अन्तर्गिरिपरिरय ( पुं. )**(ગિરિ-પર્વતની અંદર ચોતરફથી ફેકવું તે, ડુંગરની અંદર સર્વબાજુએથી ચલાવવું તે)

**अंतोजल - अन्तर्जल ( न. )**(જળની અંદર, પાણી મધ્યે)

**अंतोणाय - अन्तर्नाद ( त्रि. )**(અંતર્નાદ, દુઃખી હૃદયવાળું, દુઃખ સાથે હૃદયમાં રડનારું)

**अंतोणियसणी - अन्तर्निवसनी ( स्त्री. )**(સાધ્વીઓને અધોભાગે પહેરવાનું અભ્યંતર વસ્ત્ર, અન્તર્નિવસની વસ્ત્ર)

**अंतोदहणसीला - अन्तर्दहनशील ( त्रि. )**(અંતર્દાહ, હૃદય-દાહ, દિલના દુઃખનો દાહ)

**अंतोदुट्ठ - अन्तर्दुष्ट ( पुं., न. )**(અંદર રહી પીડા કરનાર શલ્ય, અભ્યંતર વ્રણ ૨. દુષ્ટ પુરુષ)

**अंतोधूम - अन्तर्धूम ( पुं. )**(ઘરમાં ધુંધવાયેલ ધુમાડો, ઘરની અંદરનો ધૂમ)

**अंतोमज्झोवसाणिय - अन्तर्मध्यावसानिक ( पुं. )**(અભિનયના ચાર પ્રકાર પૈકીનો છેલ્લો પ્રકાર, કુશળ નાટ્યકારનો લોકમધ્યાવસાનિક નામનો અભિનયનો ભેદ)

**अंतोमुह - अन्तर्मुख ( न. )**(અભ્યંતર દ્વાર, અંદરનું દ્વાર)

**अंतोमुहुत्त - अन्तर्मुहूर्त ( न. )**(બે ઘડીની અંદરનો સમય, ૪૮ મિનિટથી કંઈક ઓછો સમય ૨. ભિન્ન મુહૂર્ત)

**अंतोलित्त - अन्तर्लिप्त ( त्रि. )**(અંદરથી લીંપેલું, મધ્યમાં ખરડાયેલું)

**अंतोवट्ट - अन्तर्वृत्त ( त्रि. )**(અંદરના ભાગમાં ગોળ, અન્તર્ગોળ)

**अंतोवत्ति - अन्तर्व्याप्ति ( स्त्री. )**(સ્વપક્ષના વિષયમાં સાધનની સાધ્યથી વ્યાપ્તિ, અન્તર્વ્યાપ્તિ)

**अंतोवाहिणी - अन्तर्वाहिनी ( स्त्री. )**(નાની નદી, ક્ષુદ્ર નદી)

**अंतोवीसंभ - अन्तोविश्रम्भ ( पुं. )**(હાર્દિક વિશ્વાસ, મનનો વિશ્વાસ)

**अंतोसल्ल - अन्तःशल्य ( त्रि. )**(અભ્યંતર શલ્ય, બહારથી ન દેખાતું શલ્ય, જેના મનમાં અપરાધરૂપ શલ્ય છે તે ૨. માયા-કપટ ૩. અનાલોચિત અતિચાર)

**अंतोसल्लमयग - अन्तःशल्यमृतक ( त्रि. )**(અંદરમાં ભલ્લાદિ રોગવાળાનું મરણ, ભાવશલ્યના નિવારણ કર્યા વગરનું મરણ)

**अंतोसल्लमरण - अन्तःशल्यमरण ( न. )**(દ્રવ્યથી શરીરમાં ભાલાદિ શસ્ત્ર સહિત અને ભાવથી સાતિચાર મરણ, બાલમરણ)

**अंत्रडी ( स्त्री. ) - अन्त्र ( न. )**(ઉદરવર્તી અવયવ, આંતરડું)

**अंदू - अन्दू ( स्त्री. )**(પગનું બંધન વિશેષ, બેડી, સાંકળ)

**अंदेउर - अन्तःपुर ( न.**

(રાણીવાસ, જનાનખાનું, અન્તઃપુર ૨. રાણી)

**अंदोलग - आन्दोलक ( पुं. )**(હિંડોળો, હીંચકો, ઝૂલો)

**अंदोल ( ल्ल ) ण - अ ( आ ) न्दोलन ( न. )**(હિંડોળા ખાટ, વૃક્ષશાખાનું ઝૂલણું ૨. ઝૂલાથી દુર્ગ ઓળંગવાનો માર્ગ વિશેષ)

**अंध - अन्ध ( त्रि. )**(આંધળું, નયન રહિત, ચક્ષુવિહિન ૨. અજ્ઞાન ૩. અંધકાર ૪. ભિક્ષુકનો એક ભેદ)

**★अन्ध्र ( पुं. )**(આન્ધ્ર દેશ, જે જગન્નાથથી દક્ષિણ ભાગમાં આવેલ છે, જેની ગણતરી મ્લેચ્છદેશમાં કરાયેલ છે ૨. આન્ધ્રદેશીય જન)

**अंधकंटइज्ज - अन्धकण्टकीय ( न. )**(અંધ વ્યક્તિના કાંટાળા માર્ગે જવાની માફક અવિચારી ગમન)

**अंधकड - आन्ध्यकृत् ( त्रि. )**(સ્વરૂપની અવલોકશક્તિથી રહિત, આંધળું કરનાર, અંધાપો દેનાર)

**अंधका ( या ) र - अन्धकार ( पुं., न. )**(અંધકાર, અંધારું, પુદ્ગલ પરિણામ)

**अंधका ( या ) रपक्ख - अन्धकारपक्ष ( पुं. )**(કૃષ્ણપક્ષ, અંધારો પખ, વદપક્ષ)

**अंधग - अंह्रिप ( पुं. )**(વૃક્ષ, ઝાડ)

**अंधगवण्हि - अंह्रिपवह्नि ( पुं. )**(લાકડાનો અગ્નિ, વૃક્ષાગ્નિ, બાદર તેજસ્કાય)

**★अन्धकवह्नि ( पुं. )**(સૂક્ષ્મ તેજસ્કાય, સૂક્ષ્મ અગ્નિ ૨. યદુવંશીય એક રાજા)

**अंधतम - अन्धतमस् ( न. )**(ઘોર અંધારું ૨. તે નામનું એક નારક)

**अंधतमस - अन्धतमस् ( न. )**(ગાઢ અંધકાર, ઘોર અંધારું, નિબિડ અંધારું)

**अंधतामिस - अन्धतामिस्त्र ( न. )**(નિબિડ અંધકાર ૨. સાંખ્યશાસ્ત્રપ્રસિદ્ધ ભયવિશેષ વિષયક અભિનિવેશ ૩. અજ્ઞાન)

**अंधपुर - अन्धपुर ( न. )**(અન્ધપુર, નગર વિશેષ કે જ્યાં નો રાજા દેખતો હતો પણ અંધભક્ત હતો)

**अंधपुरिस - अन्धपुरुष ( पुं. )**(જાત્યંધ, જન્મથી આંધળું)

**अंधल - अन्ध ( पुं. )**(લોચન રહિત, બન્ને ચક્ષુઓથી વિહીન)

**अंधारूव - अन्धरूप ( त्रि. )**(અવયવશૂન્ય આકૃતિ, લોલસા રૂપ)

**अंधिया - अन्धिका ( स्त्री. )**(ચતુરિન્દ્રિય જીવ વિશેષ)

**अंधि ( धे ) ल्लग - अन्ध ( पुं. )**(જાત્યંધ, લોચન રહિત)

**अंधी - अन्ध्री ( स्त्री. )**(આન્ધ્રદેશીય સ્ત્રી , આન્ધ્રી સ્ત્રી)

**अंब - अम्ब ( पुं. )**(પંદર પરમાધામિક દેવો પૈકીનો પ્રથમ દેવ, અંબ પરમાધામી દેવ)

**★अम्ल ( न. )**(છાશ, તક્ર ૨. ખાટો રસ, અમ્લરસ ૩. ખાટો પદાર્થ)

**★आम्ल ( त्रि. )**(ખટાશવાળી વસ્તુ, છાશ વગેરેથી સંસ્કારિત પદાર્થ)

**★आम्र ( पुं. )**(આંબાનું ઝાડ, આંબો ૨. આમ્રફળ-કેરી)

**अंबक - अम्बक ( न. )**(નેત્ર ૨. પિતા)

**★अम्लक ( पुं. )**(અલ્પામ્લ, ઓછા ખટાશવાળું ૨. લકુચ વૃક્ષ)

**★आम्रक ( न. )**(કેરી, આમ્રફળ)

**अंबगट्ठिया - आम्रकास्थि ( न. )**(કેરીનો ગોટલો)

**अंबगपेसिया - आम्रपेशिका ( स्त्री. )**(આમ્રફળની ગોટલીની જેમ સુકી કેરીની મોટી ચીરી, કેરીની કાતળી)

**अंबचोयण - आम्रत्वच् ( न. )**(આંબાની છાલ, આમ્રફળની છાલ)

**अंबट्ठ - अम्बष्ठ ( पुं. )**(જે બ્રાહ્મણ પુરુષ અને વૈશ્ય સ્ત્રીથી ઉત્પન્ન થયેલ હોય તે ૨. દેશ વિશેષ ૩. મહાવત ૪. વનસ્પતિ વિશેષ-વામનહાડી)

**अंब ( म्म ) ड - अम्ब ( म्म ) ड ( पुं. )**(અંબડ નામના એક બ્રાહ્મણ પરિવ્રાજક-સંન્યાસી, જે મહાવિદેહ ક્ષેત્રથી મોક્ષ પામશે ૨. ભગવાન મહાવીરનો અંબડ નામનો વિદ્યાધર શ્રાવક, જે આવતી ચોવીશીમાં ભરતક્ષેત્રમાં ૨૨મા દેવ નામે તીર્થંકર થશે)

**अंबडा ( दा ) लग - आम्रडालक ( न. )**(કેરીનો નાનો કટકો, કેરીનો ટુકડો)

**अंबत्त - अ ( आ ) म्लत्व ( न. )**(ખટાશ)

**अंबदेव - आम्रदेव ( पुं. )**(નેમિચંદ્રસૂરિ કૃત આખ્યાનકમણિકોશ ઉપર ટીકા રચનાર આચાર્યનું નામ, આમ્રદેવસૂરિ)

**अंबपलंबकोरव - आम्रप्रलम्बकोरक ( न. )**(આંબાની માંજર)

**अंबपल्लवपविभत्ति - आम्रपल्लवप्रविभक्ति ( न. )**(બત્રીસ પ્રકારના નાટકમાંનું એક, જેમાં આંબાના પલ્લવની રચના વિશેષ કરવામાં આવે એવું એક નાટક)

**अंबपेसिया - आम्रपेशी ( स्त्री. )**(કેરીની ચીરી-કાતરી)

**★आम्रपेशी ( स्त्री. )**(કેરીની ચીર)

**अंबफल - आम्रफल ( न. )**(કેરી)

**अंबभित्तय - आम्रभित्तक ( न. )**(કેરીનો ટુકડો, કેરીનું ફડસીયું, કેરીનું અડધીયું)

**अंबर - अम्बर ( न. )**(આકાશ ૨. વસ્ત્ર ૩. અબરખ ૪. અંબર નામનું સુગંધી દ્રવ્ય)

**अंबरतल - अम्बरतल ( न. )**(આકાશની સપાટી, અંબરતળ-સપાટી)

**अंबरतिलय - अम्बरतिलक ( पुं. )**(ધાતકીખંડમાં રહેલ પર્વત વિશેષ)

**अंबरतिलया - अम्बरतिलका ( स्त्री. )**(નગરી વિશેષ, જ્યાં ગર્વિષ્ઠ દુશ્મન રાજાઓના દર્પનું મર્દન કરનાર રાજા થયો)

**अंबरवत्थ - अम्बरवस्त्र ( न. )**(સ્વચ્છ વસ્ત્ર, અંબર તુલ્ય વસ્ત્ર)

**अंबरस - अम्बरस ( न. )**(આકાશ)

**अंबरि ( री ) स - अम्बरि ( री ) ष ( पुं., न. )**(કઢાઈ-કડાઈ, ભુંજવાનું-શેકવાનું મોટું પાત્ર ૨. લુહારની ભઠ્ઠી ૩. કોષ્ઠક)

**अंबरि ( री ) स - अम्बरि ( री ) ष ( पुं. )**(લુહારના કોઢની ભઠ્ઠી ૨. કઢાઈ ૩. કોઠાર)

**अंबरि ( री ) स ( सि ) - अम्बरिष ( रीष ) ऋषि ( र्षि ) ( पुं. )**(પરમાધાર્મિક દેવોની એક જાતિ, જે નારકીના શરીરના અનેક ટુકડા કરી ભઠ્ઠીમાં પકાવે છે)

**अंबरिसि - अम्बऋषि ( र्षि ) ( पुं. )**(માલુકી પત્ની અને નિમ્બ નામક પુત્રવાળો ઉજ્જયિની નગરીનો નિવાસી એક બ્રાહ્મણ ૨. અંબઋષિ)

**अंबवण - आम्रवण ( न. )**(આંબાની બહુલતાવાળું વન, આંબાવાડીયું)

**अंबसमाण - अम्लसमान ( पुं. )**(તકલીફદાયક દુર્વચનો, ખાટા વચન)

**अंबसालवण - आम्रशालवन ( न. )**(આમલકપ્પા નગરીના ઈશાન ખુણે આવેલ શાલિ અને આંબાની બહુલતાવાળું વન ૨. તે નામક ચૈત્ય)

**अंबहुंडि - अम्बहुण्डि ( स्त्री. )**(દેવી વિશેષ)

**अंबा - अम्बा ( स्त्री. )**(માતા ૨. ભગવાન નેમિનાથના શાસનની અધિષ્ઠાયિકા દેવી ૩. વેલડી વિશેષ ૪. કાશીરાજની એક કન્યા)

**अंबाजक्ख - अम्बायक्ष ( पुं. )**(*યક્ષ વિશેષ*)

**अंबाडग - आम्रातक ( पुं. )**(*એક જાતનું વૃક્ષ-આમ્રુડું ૨. તેનું ફળ ૩. કેરીનો સુકાવેલ રસ, કેરીના રસને સુકાવીને બનાવેલ પદાર્થ*)

**अंबाडिय - आम्लित ( त्रि. )**(*તિરસ્કૃત, ખાટા રસવાળા પદાર્થની જેમ તિરસ્કારના કારણે સંબંધોમાં ખટાશ આવે તે*)

**अंबातव - अम्बातपस् ( न. )**(*અંબા દેવીને ઉદ્દેશીને કરાયેલ તપ, લૌકિક તપનો પ્રકાર, અંબાતપ*)

**अंबावल्ली - अम्लवल्ली ( स्त्री. )**(*ખાટા રસવાળી વેલડી ૨. પર્ણિકા નામક કંદનો એક ભેદ, વલ્લી વિશેષ*)

**अंबिआ ( या ) - अम्बिका ( स्त्री. )**(*માતા ૨. દુર્ગા ૩. નેમિનાથ ભગવાનની શાસનાધિષ્ઠાયિકા દેવી ૪. પાંચમાં વાસુદેવની માતા*)

**अंबियासमय - अम्बिकासमय ( पुं. )**(*ગિરનાર પર્વત ઉપરનું એક તીર્થ સ્થાન*)

**अंबिणी - अम्बिनी ( स्त्री. )**(*કોટીનારનગરના સોમ બ્રાહ્મણની પત્નીનું નામ*)

**अंबिल - अम्बिल, अम्ल, आम्ल ( पुं. )**(*ખટાશ, ખાટો રસ ૨. ખટાશવાળું, ખાટું ૩. કાંજી ૪. સૌવીર-કાંજી વિશેષ ૫. છાશનું પાણી-આછ*)

**अंबिलणाम - अम्बिलनामन् ( न. )**(*રસ નામકર્મ, નામકર્મનો એક ભેદ, જેના ઉદયથી જીવને અમ્લરસવાળું શરીર મળે છે*)

**अंबिलरस - अम्लरस ( पुं. )**(*ખાટો રસ, ખટાશ*)

**अंबिलरसपरिणय - अम्बिलरसपरिणत ( पुं. )**(*અમ્લવેતસ વૃક્ષ વગેરેની જેમ ખટાશને પામેલ પુદ્ગલ-પદાર્થ*)

**अंबिलिआ - अम्लिका ( स्त्री. )**(*આંબલી, આંબલીનું ફળ*)

**अंबिलोदग - आम्लोदक ( न. )**(*કાંજી જેવું સ્વભાવથી જ અત્યંત ખાટું પાણી*)

**अंबुणाह - अम्बुनाथ ( पुं. )**(*સમુદ્ર*)

**अंबुत्थंभ - अम्बुस्तम्भ ( पुं. )**(*પાણીને રોકવાની એક કળા, ૬૪ કળાઓમાંનો ૧૩ મો પ્રકાર*)

**अंबुभक्खि ( ण् ) - अम्बुभक्षिन् ( पुं. )**(*પાણી ઉપર જીવનાર વાનપ્રસ્થાશ્રમનો ભેદ વિશેષ*)

**अंबुवासि ( न् ) - अम्बुवासिन् ( पुं. )**(*જલ પ્રધાન પ્રદેશમાં રહેનાર ૨. પાટલાવૃક્ષ ૩. પાણીમાં રહેનાર કોઈપણ પદાર્થ ૪. વાનપ્રસ્થાશ્રમનો ભેદ વિશેષ*)

**अंभ - अम्भस् ( न. )**(*પાણી, જળ*)

**अंस - अंश ( स ) ( पुं. )**(*ભાગ, વિભાગ, અવયવ ૨. પર્યાય, ધર્મ ૩. ભેદ, વિકલ્પ ૪. સ્કંધ*)

**अंस ( सा ) गय - अंश ( स ) गत ( त्रि. )**(*સ્કંધના દેશ-એક ભાગને વિષે રહેલું, ખભા ઉપર રહેલું*)

**अंसलग - अंश ( पुं. )**(*સ્કંધ, ખભો*)

**अंसि - अस्त्रि ( स्त्री. )**(*ખૂણો*)

**अंसिया - अंशिका ( स्त्री. )**(*ભાગ, અંશ, હિસ્સો*)

★**अर्शस् ( न. )**(*હરસનો રોગ, હરસ-મસા*)

**अंसु - अंशु ( पुं. )**(*કિરણ ૨. સૂત્ર ૩. સૂક્ષ્માંશ ૪. પ્રભા ૫. વેગ ૬. પ્રકાશ*)

★**अश्रु ( न. )**(*આંસુ, નેત્રજળ*)

**अंसुय - अंशुक ( न. )**(*ચીનદેશમાં બનેલ રેશમી વસ્ત્ર, ચીનાઈ હીર ૨. વસ્ત્ર વિશેષ ૩. પત્ર-પાંદડું*)

**अंसोवसत्त - अंसोपसक्त ( त्रि. )**(*ખભા પર રહેલ, ખભે લાગેલ*)

**अकइ ( ति ) - अकत्ति ( त्रि. )**(*સંખ્યામાં કે ગણત્રીમાં ન આવે તેટલું, અસંખ્યાત કે અનંત*)

**अकइ ( ति ) संचिय - अकतिसञ्चित ( पुं. )**(*એક સમયે અસંખ્યાત કે અનંત સંખ્યામાં ઉત્પન્ન થતાં નારકી આદિના જીવ*)

**अकंटग - अकण्टक ( त्रि. )**(*કાંટા રહિત ૨. પાષાણાદિ દ્રવ્ય કંટક રહિત*)

**अकंड - अकाण्ड ( न. )**(*અનવસર, અચાનક, અકાળ*)

**अकंडूयग - अकण्डूयक ( पुं. )**(*અભિગ્રહવિશેષધારી સાધુ, શરીરમાં ચળ આવે તો પણ નહીં ખંજવાળનાર-મુનિ*)

**अकंत - अकान्त ( त्रि. )**(*અસુંદર, સૌંદર્ય વિનાનું, કાન્તિ રહિત*)

**अकंततर - अकान्ततर ( त्रि. )**(*અતિ અસુંદર, ઘણું અણગમતું*)

**अकंतता - अकान्तता ( स्त्री. )**(*અસુંદરતા, અશોભનીયપણું*)

**अकंतदुक्ख - अकान्तदुःख ( त्रि. )**(*અનિચ્છિત દુઃખવાળો, દુઃખદ્વેષી*)

**अकंतस्सर - अकान्तस्वर ( त्रि. )**(*અપ્રિય સ્વર, કઠોર વાણી*)

**अकंदप्पि ( न् ) - अकन्दर्पिन् ( त्रि. )**(*કામનું ઉદ્દીપન થાય તેવા વચનાદિથી રહિત*)

**अकंप - अकम्प ( त्रि. )**(*નિષ્કંપ, અચલ, ક્ષોભ રહિત*)

**अकंपिय - अकम्पित ( पुं. )**(*ભગવાન મહાવીરના આઠમાં ગણધરનું નામ*)

**अकक्कसभासा - अकर्कशभाषा ( स्त्री. )**(*માત્સર્ય રહિત વચન, મૃદુ ભાષા*)

**अकक्कसवेयणिज्ज - अकर्कशवेदनीय ( न. )**(*શાતાવેદનીય કર્મ, સુખવેદનીય કર્મ*)

अकज्ज - अकार्य ( न. )(અકાર્ય, ન કરવા યોગ્ય કાર્ય, અઘટિત કાર્ય, અનુચિત કાર્ય, નિષિદ્ધ કાર્ય)

अकज्जमाण - अक्रियमाण ( त्रि. )(વર્તમાનકાળે નહીં કરાતું, વર્તમાનમાં ન કરાતું)

अकज्जमाणकड - अक्रियमाणकृत ( त्रि. )(વર્તમાનકાળ અને ભૂતકાળની ક્રિયા વડે નહીં બનેલ)

अकट्ठ - अकाष्ठ ( त्रि. )(કાષ્ઠ રહિત, ઈંધણ વગરનો)

अकड - अकृत ( त्रि. )(અકૃત, નહીં કરેલ)

अकडजोगि ( न् ) - अकृतयोगिन् ( पुं. )(યતનાપૂર્વક યોગને નહીં આચરનાર, અકૃતયોગી, અગીતાર્થી)

अकडपायच्छित्त - अकृतप्रायश्चित्त ( त्रि. )(જેને પ્રાયશ્ચિત્ત નથી કર્યું તે, આલોચના નહીં લીધેલ)

अकडसामायारि - अकृतसामाचारि ( पुं. )(ઉપસંપદ્ અને મંડલી એ બે સમાચારીને નહીં આચરનાર)

अकढिण - अकठिन ( त्रि. )(કોમળ, કઠણ નહીં તે)

अकण्ण - अकर्ण ( पुं. )(કર્ણરહિત ૨. તે નામનો એક અંતર્દ્વીપ ૩. અકર્ણદ્વીપમાં રહેનાર)

अकण्णछिण्ण - अकर्णच्छिन्न, अच्छिन्नकर्ण ( त्रि. )(જેના કર્ણ છેદાયેલા નથી તે, અખંડ કાનવાળો ૨. જેણે શ્રવણ નથી કર્યું તે)

अकत्तण - अकर्त्तन ( त्रि. )(ઠીંગણું, ખર્વ ૨. છેદન કરનાર)

अकत्तिम - अकृत्रिम ( त्रि. )(અકૃતિમ, સ્વભાવસિદ્ધ, કૃત્રિમભિન્ન).

अकप्प - अकल्प ( पुं. )(અકલ્પનીય, ખપે નહીં તેવું, અગ્રાહ્ય, અયોગ્ય, સાધુને ન કલ્પે તેવું, અકૃત્ય ૨. અવિધિએ ચરકાદિ દીક્ષા ૩. દર્પ વગેરે ૪. દૂષણ યોગ્ય ૫. અનાચાર ૬. અમર્યાદા, અનીતિ, અનુપદેશ ૭. અસ્થિતકલ્પ)

अकप्पठावणाकप्प - अकल्पस्थापनाकल्प ( पुं. )(અનેષણીય વસ્ત્ર-પાત્ર-પિંડાદિ અકલ્પ્ય આચારનો ભેદ)

अकप्पट्ठिय - अकल्पस्थित ( पुं. )(અચેલકાદિ દશ પ્રકારના કલ્પ-મર્યાદાથી રહિત, વચ્ચેના ૨૨ તીર્થંકરોના સાધુ, ચારમહાવ્રતરૂપ યતિધર્મમાં સ્થિત)

अकप्पिय - अकल्पिक ( पुं. )(અગીતાર્થ, જેને શાસ્ત્રોનું પૂરે પૂરું જ્ઞાન નથી તેવો જૈન સાધુ ૨. અનેષણીય)

★अकल्पित ( त्रि. )(અકલ્પિત, અયોગ્ય)

अकब्बर - अकबर ( पुं. )(અકબર બાદશાહ)

अकम्म - अकर्मन् ( न. )(કર્માભાવ, આશ્રવનો નિરોધ ૨. કર્મ રહિત-મુક્તાત્મા)

अकम्मओ - अकर्मतस् ( अव्य. )(કર્મ વિના, કર્મ વગર)

अकम्मंस - अकर्मांश ( पुं. )(કર્માંશ રહિત, કર્મરજ રહિત ૨. ઘાતિકર્મ રહિત સ્નાતક-કેવળી)

अकम्मकारि ( न् ) - अकर्मकारिन् ( त्रि. )(પોતાની ભૂમિકાને અનુચિત કર્મ કરનાર, અયોગ્ય કર્મ કરનાર)

अकम्मग - अकर्मक ( त्रि. )(અકર્મક ધાતુ, કર્મની વિવક્ષા રહિત ધાતુ ૨. જેને કર્મ નથી તે-અકર્મક)

अकम्मभूमग - अकर्मभूमक ( पुं. )(અકર્મભૂમિમાં પેદા થનાર ગર્ભજ મનુષ્ય, યુગલિક)

अकम्मभूमि - अकर्मभूमि ( स्त्री. )(કૃષિ આદિ કર્મ રહિત કલ્પવૃક્ષફલોપભોગપ્રધાન ભૂમિ, અઢીદ્વીપવર્તી ૩૦ અકર્મભૂમિ)

अकम्मभूमिय - अकर्मभूमिज ( पुं. )(અકર્મભૂમિમાં ઉત્પન્ન થયેલ ગર્ભજ મનુષ્ય)

अकम्मभूमिआ - अकर्मभूमिजा ( स्त्री. )(અકર્મભૂમિમાં જન્મેલ સ્ત્રી)

अकम्मया - अकर्मता ( स्त्री. )(અકર્મતા, કર્મોનો અભાવ)

अकम्हा ( म्मा ) - अकस्मात् ( अव्य. )(એકદમ, અચાનક, નિષ્કારણ, નિમિત્તોની અપેક્ષા રહિત)

अकम्हा ( म्मा ) किरिया - अकस्मात्क्रिया ( स्त्री. )(અન્ય માટે છોડેલ બાણ વગેરેથી અન્યના ઘાત માટે બનતું ચોથું ક્રિયા સ્થાન)

अकम्हा ( म्मा ) दंड - अकस्माद्दण्ड ( पुं. )(અન્યના વધાર્થે કરેલ પ્રહારથી અન્યનો વિનાશ થવારૂપ ચોથું ક્રિયા સ્થાન)

अकम्हा ( म्मा ) दंडवत्तिय - अकस्माद्दण्डप्रत्ययिक ( न. )(કોઈ એકને મારવાનું ધારી મારતા અકસ્માત અન્યને હણવું તે, અકસ્માત દંડ-કારણ છે જેનું તે, ચોથા પ્રકારનું ક્રિયા સ્થાન)

अकम्हा ( म्मा ) भय- अकस्माद्भय ( न. )(બાહ્ય નિમિત્ત વગર કલ્પના માત્રથી ઉત્પન્ન થતો ભય, સાત ભય પૈકીનો એક ભય)

अकय - अकृत ( त्रि. )(નહીં કરેલું ૨. અન્યથા કરેલ ૩. બળપૂર્વક કરેલ ૪. ઋણલેખન પત્રાદિ ૫. સાધુને ઉદ્દેશીને ન બનાવેલ ૬. નહીં કરેલ કરવું તે ૭. પ્રાયશ્ચિત્ત નહીં ગ્રહણ કરેલ ૮. અભાવ ૯. કરણનો અભાવ ૧૦. નિવૃત્તિ)

अकयकरण - अकृतकरण ( पुं. )(પ્રાયશ્ચિત્ત યોગ્ય પુરુષ ૨. છઠ્ઠ-અઠ્ઠમાદિ તપવિશેષથી અપરિકર્મિત-અનભ્યસ્ત શરીર)

अकयण्णु - अकृतज्ञ ( त्रि. )(કરેલા ઉપકારને ન જાણનાર, અકૃતજ્ઞ ૨. કૃતઘ્ન ૩. અસમર્થ)

अकयण्णुया - अकृतज्ञता ( स्त्री. )(અકૃતજ્ઞતા, કરેલ ઉપકારને ન જાણવું તે ૨. કૃતઘ્નતા)

**अकयपुण्ण - अकृतपुण्य ( त्रि. )**(જેણે પુણ્ય કરેલ નથી તે, નિષ્પુણ્યક, પુણ્ય રહિત)

**अकयप्प ( ण् ) - अकृतात्मन् ( त्रि. )**(અસંયત, જેની ઇન્દ્રિયો વશમાં નથી તે)

**अकयमुह - अकृतमुख ( त्रि. )**(અપઠિત, અશિક્ષિત ૨. ભણ્યા વગર શિક્ષિત થયેલો)

**अकयसमायारीय - अकृतसमाचारीक ( पुं. )**(ઉપસંપદ અને મંડલી એ બે સમાચારીનું પાલન ન કરનાર સાધુ)

**अकयसुय - अकृतश्रुत ( पुं. )**(અગીતાર્થ, જેણે ઉચિત સૂત્રાર્થ ગ્રહણ નથી કર્યા તે, શાસ્ત્રજ્ઞાન રહિત)

**अकरंडग - अकरण्डक ( त्रि. )**(કરંડીયાના આકારથી રહિત લાંબું કે સમચતુરસ્ર)

**अकरंडुय - अकरण्डुक ( त्रि. )**(અતિમાંસલ, જેના વાંસાના હાડકાં માંસલ હોવાથી બહાર દેખાતા નથી તે)

**अकरण - अकरण ( न. )**(અર્થાભાવ ૨. અવ્યાપાર ૩. અનાસેવન ૪. ત્યાગ કરવો તે ૫. અકરણ એટલે ન્યાયમતે કરણાભાવ, વેદાન્ત મતે નિર્વૃત્તિ ૬. સંસ્કારહીન હેતુ દોષ ૭. અકરણીય-મૈથુન)

**अकरणया - अकरणता ( स्त्री. )**(આચરણ ન કરવું તે, ન સેવવું તે)

**अकरणओ - अकरणतस् ( अव्य. )**(નહીં કરવા આશ્રયીને, ક્રિયાનો નિષેધવાચી અવ્યય)

**अकरणणियम - अकरणनियम ( पुं. )**(અકરણીયનો ત્યાગ, અનાચરણીયના ત્યાગનો નિયમ)

**अकरणि - अकरणि ( स्त्री. )**(આક્રોશ વચનથી કામ કરવાનો નિષેધ કરવો તે)

**अकरणिज्ज - अकरणीय ( त्रि. )**(અકર્તવ્ય, નહીં કરવા યોગ્ય કાર્ય-પ્રવૃત્તિ ૨. અસત્ય)

**अकरणोदय - अकरणोदय ( त्रि. )**(ભાવીકાળને આશ્રયીને અકરણીયનો ઉદય જેમાં થાય તે, ભવિષ્યમાં અકરણીયપણે ઉદય થશે તે)

**अकलंक - अकलङ्क ( पुं. )**(તે નામનો એક વિદ્વાન ૨. કલંક રહિત, અકલંક)

**अकलुण - अकरुण ( त्रि. )**(જેમાં કરુણા ન હોય તે અથવા જેને કરુણા ન હોય તે, ક્રૂર, દયા રહિત, નિર્દય)

**अकलुस - अकलुष ( त्रि. )**(દ્વિષરહિત, ક્રોધાદિ કાલુષ્ય રહિત)

**अकसाइ ( न् ) - अकषायिन् ( पुं. )**(જેનામાં ક્રોધાદિ કષાય નથી તે, કષાયોના ઉદય રહિત, અકષાયી)

**अकसाय - अकषाय ( त्रि. )**(કષાય વર્જિત, અકષાય, સિદ્ધ)

**अकसिण - अकृत्स्न ( त्रि. )**(અપરિપૂર્ણ, અપૂર્ણ, અધુરું)

**अकसिणपवत्तय - अकृत्स्नप्रवर्तक ( पुं. )**(અપરિપૂર્ણસંયમનું પ્રવર્તન કરનાર, દેશવિરત, શ્રાવક)

**अकसिणसंजम - अकृत्स्नसंयम ( पुं. )**(દેશવિરતિ, શ્રાવકધર્મ)

**अकसिणसंजमवंत - अकृत्स्नसंयमवत् ( पुं. )**(દેશવિરતિધર શ્રાવક, વ્રતધારી શ્રાવક)

**अकसिणा - अकृत्स्ना ( स्त्री. )**(આરોપણનો ચોથો ભેદ, જેમાં વધારે તપ સમાઈ શકે તે પ્રાયશ્ચિત્ત)

**अकहा - अकथा ( स्त्री. )**(મિથ્યાદષ્ટિ, અજ્ઞાની, દ્રવ્યલિંગી અથવા ગૃહસ્થ દ્વારા કહેવાતી કથા)

**अकाइय - अकायिक ( पुं. )**(ઔદારિકાદિ કાયાથી ભિન્ન, અશરીરી, સિદ્ધનો જીવ)

**अकाम - अकाम ( पुं. )**(ઈચ્છાનો અભાવ, અકામ, અનિચ્છા ૨. નિર્જરાદિનો અનભિલાષી ૩. અભિપ્રાય રહિત ૪. મોક્ષ)

**अकामअण्हाणग - अकामास्नानक ( पुं. )**(અકામ સ્નાનથી રહિત, અસ્નાનાદિજન્ય પરિદાહ-પરિતાપ-દુઃખ ૨. નિરભિપ્રાય)

**अकामकाम - अकामकाम ( त्रि. )**(ઈચ્છા-મદન-કામથી ભિન્ન કામનાવાળો, મોક્ષાભિલાષી)

**अकामकिच्च - अकामकृत्य ( त्रि. )**(ઈચ્છા વગર કર્તવ્ય જેને છે તે, અનિચ્છાકારી)

**अकामग - अकामक ( त्रि. )**(અનભિલષણીય ૨. વિષયાદિ વાંછા રહિત)

**अकामछुहा - अकामक्षुधा ( स्त्री. )**(નિર્જરાની ઈચ્છા વિના ભૂખ વેઠવી તે, અનિચ્છાએ ભૂખ્યો રહેનાર)

**अकामणिगरण - अकामनिकरण ( स्त्री. )**(જેમાં અનિચ્છા કારણ હોય તેવું, વેદનાના અનુભવમાં અનિચ્છા-અમનસ્કતારૂપ કારણ)

**अकामणिज्जरा - अकामनिर्जरा ( स्त्री. )**(નિર્જરાની અભિલાષા-ઈચ્છા વગર પરાધીનપણે ક્ષુધાદિ સહન કરવા તે, અકામનિર્જરા)

**अकामतण्हा - अकामतृष्णा ( स्त्री. )**(નિર્જરાની અભિલાષા વગર પરવશપણે તરસ સહન કરવી તે, કર્મનાશની ઈચ્છા વગર તૃષ્ણા સહન કરવી તે)

**अकामबंभचेरवास - अकामब्रह्मचर्यवास ( पुं. )**(નિર્જરાની અપેક્ષા વગર દબાણવશ બ્રહ્મચર્ય પાળવું તે, ફળના ઉદ્દેશ વગર બ્રહ્મચર્યનું સેવન કરનાર)

**अकाममरण - अकाममरण ( न. )**(વિષયાદિની આસક્તિ રહ્યે છતે થતું મરણ, બાલમરણ)

**अकामिय - अकामिक ( त्रि. )**(નિરભિલાષી, ઈચ્છા રહિત)

**अकामिया - अकामिका ( स्त्री. )**(અનિચ્છા, ઈચ્છાનો અભાવ)

**अकाय - अकाय ( पुं. )**(પૃથ્વી આદિ ષટ્કાય રહિત, ઔદારિકાદિ પાંચેય કાયાથી મુક્ત, સિદ્ધ ૨. રાહુ)

**अकारग - अकारक ( पुं. )**(ભોજનમાં અરુચિ-દ્વેષ થવા રૂપ એક જાતનો રોગ ૨. અપથ્ય)

**अकारगवाइ ( ण् ) - अकारकवादिन् ( पुं. )**(અકારકવાદી, આત્માને નિષ્ક્રિય માનનારો)

**अकारण - अकारण ( त्रि. )**(જેનું કારણ કે હેતુ ન હોય તે, ઉદ્દેશ્ય રહિત ૨. પરિભોગેષણાનો પાંચમો દોષ)

**अकारविंत - अकारयत् ( त्रि. )**(ખરીદીના પ્રારંભનું કારણ હોવા છતાં પણ વ્યાપાર નહીં કરાવતો)

**अकारिय - अकारित ( त्रि. )**(બીજાઓથી નહીં કરાયેલ)

**अकाल - अकाल ( पुं. )**(અપ્રશસ્ત-ખરાબ કાળ ૨. નિયોજિત કર્મના નિષેધ માટે કહેલું હોય તે ૪. ગુરુ કે શુક્રનો અસ્ત કાળ આદિ ૫. કર્તવ્યનો અનુચિત કાળ ૬. શ્વેત ૭. વૃષ્ટિનો અભાવ)

**अकालपडिबोहि ( ण् ) - अकालप्रतिबोधिन् ( त्रि. )**(અકાલે જાગનાર, કસમયે-રાત્રિકાળે ફરનાર)

**अकालपढण - अकालपठन ( न. )**(અકાળે વાચના કરવી, અસ્વાધ્યાયકાળમાં ભણવું તે, અકાળપઠન)

**अकालपरिहीण - अकालपरिहीण ( न. )**(શીઘ્રપણે, તત્કાળ પ્રગટ થનાર, સદ્ય ઉત્પન્ન થનાર)

**अकालपरिभोगि ( ण् ) - अकालपरिभोगिन् ( त्रि. )**(અકાલે ભોજન કરનાર, રાત્રે હોંશે હોંશે ખાનાર)

**अकालमच्चु - अकालमृत्यु ( पुं. )**(અકાળમરણ)

**अकालवासि ( ण् ) - अकालवर्षिन् ( पुं. )**(કમોસમી વરસાદ ૨. અનવસરે દાનાદિમાં પ્રવૃત્ત થનાર)

**अकालसज्झायकर ( कारिन् ) - अकालस्वाध्यायकर ( कारिन् ) ( पुं. )**(અસમાધિનું ૧૫મું સ્થાન ૨. અકાળે સ્વાધ્યાય કરનાર)

**अकासि ( देशी )**(પર્યાપ્ત)

**अकाहल - अकाहल ( त्रि. )**(સ્પષ્ટ અક્ષરભાષી, સ્પષ્ટ કહેનાર)

**अकिंचण - अकिञ्चन ( त्रि. )**(આસક્તિ કારક ધન-કનકાદિ રહિત, નિષ્પરિગ્રહી, શ્રમણ ૨. દરિદ્ર)

**अकिंचणकर - अकिञ्चनकर ( त्रि. )**(અકિંચન એવા સાધુના અર્થપ્રયોજનને વગર કહ્યે સિદ્ધ કરનાર)

**अकिंचणया - अकिञ्चनता ( स्त्री. )**(દરિદ્રપણું ૨. નિષ્પરિગ્રહપણું)

**अकिंचिकर - अकिञ्चित्कर ( पुं. )**(એક પ્રકારનો હેત્વાભાસ)

**अकिच्च - अकृत्य ( न. )**(અપ્રશસ્ત, સાધુને ન કરવા યોગ્ય ૨. કર્મ રહિત)

**अकिच्चठाण - अकृत्यस्थान ( न. )**(ચારિત્રના મૂળગુણાદિ ભાંગે તેવું અકૃત્યનું સ્થાન)

**अकिज्ज - अक्रेय ( त्रि. )**(ખરીદવાને અયોગ્ય)

**अकिट्ठ - अकृष्ट ( त्रि. )**(નહિ ખેડેલું, ખોદ્યા વગરનું)

**अकिणंत - अक्रीणत् ( स्त्री. )**(વસ્ત્રાદિને નહીં ખરીદનાર)

**अकित्ति - अकीर्ति ( स्त्री. )**(અપયશ, અપકીર્તિ, નિંદા ૨. દાનપુણ્યફળનો લોકાપવાદ, દાનની એક દિશા કે સર્વ દિશામાં કીર્તિનો અભાવ)

**अकिरिय - अक्रिय ( पुं. )**(કાયિકી-આધિકરણિકી આદિ ક્રિયાનો અભાવ, કાયિકી આદિ ક્રિયાના રાગ વગરનો, પ્રશસ્ત મનોવિનયનો એક ભેદ ૨. નાસ્તિક ૩. સાંપરાયિક કર્મનો અબંધક)

**अकिरिया - अक्रिया ( स्त्री. )**(મોક્ષને નહીં સાધી આપનાર અનુષ્ઠાન, મિથ્યાત્વયુક્ત ક્રિયા ૨. નાસ્તિક્ય, નાસ્તિકવાદ ૩. યોગનિરોધ, ૪. અભાવ ૫. સર્વક્રિયાનો અભાવ)

**अकिरियाआय - अक्रियात्मन् ( पुं. )**(આત્માને નિષ્ક્રિય માનનાર, સાંખ્યદર્શન)

**अकिरिया ( य ) वाइ ( न् ) - अक्रियावादिन् ( पुं. )**(અક્રિયાવાદી મત,જીવાદિ પદાર્થોને નહીં માનનાર, નાસ્તિક)

**अकील - अकील ( त्रि. )**(ખીલા વિનાનું)

**अकुओ ( तो ) भय - अकुतोभय ( त्रि. )**(અભય, જેને કોઈનાથી ભય નથી તે ૨. સંયમ)

**अकुंचियाग - अकुञ्चिकाक ( त्रि. )**(કુંચિકા રહિત, ચાવી વગરનું)

**अकुंठाइ - अकुण्ठादि ( पुं. )**(સંપૂર્ણ હાથ-પગાદિ)

**अकुक्कुय - अकुकुच ( त्रि. )***(અંગવિકાર રહિત, હાથ પગ કે મુખની વિરૂપ ચેષ્ટાથી રહિત)*
**★अकुकूज ( त्रि. )***(દુઃખના ઉદ્ગાર વિનાનો, આક્રંદન રહિત)*
**★अकौकुच्य ( त्रि. )***(વિકૃત ચેષ્ટા રહિત, પ્રશસ્ત ચેષ્ટાયુક્ત)*
**अकुडिल - अकुटिल ( त्रि. )***(અમાયાવી, અવક્ર, ઋજુ)*
**अकुतूहल - अकुतूहल ( त्रि. )***(કુતૂહલ રહિત, આશ્ચર્ય રહિત, ઈન્દ્રજાલ આદિ જોવા કે બતાવવાની ઇચ્છા વિનાનો)*
**अकुमारभूय - अकुमारभूत ( त्रि. )***(ગૃહસ્થાશ્રમી, પરિણીત, બાલબ્રહ્મચારી નથી તે)*
**अकुय - अकुच ( त्रि. )***(નિશ્ચલ, સ્થિર)*
**अकुसल - अकुशल ( त्रि. )***(અશુભ, ખરાબ, અશોભન, અભદ્ર, અમંગલ ૨. સ્થૂલમતિ, કર્તવ્ય અકર્તવ્યના વિવેક વગરનો, અજ્ઞાની)*
**अकुसलकम्मोदय - अकुशलकर्मोदय ( पुं. )***(અશુભ કર્મનો ઉદય)*
**अकुसलचित्तणिरोह - अकुशलचित्तनिरोध ( पुं. )***(આર્તધ્યાનાદિ અકુશળ ચિત્તનો નિરોધ)*
**अकुसलजोगणिरोह - अकुशलयोगनिरोध ( पुं. )***(મન-વચન-કાયારૂપ અશુભ યોગનો નિરોધ)*
**अकुसलणिवित्तिरूव - अकुशलनिवृत्तिरूप ( त्रि. )***(પાપના આરંભથી નિવૃત્ત થવાનો સ્વભાવ છે જેનો તે, પાપ વ્યાપારની નિવૃત્તિના સ્વભાવનો)*
**अकुसील - अकुशील ( पुं. )***(સુશીલ, સદાચારી)*
**अकुहय - अकुहक ( त्रि. )***(ઇંદ્રજાલાદિ કુતૂહલ રહિત)*
**अकू ( क्कू ) र - अक्रूर ( त्रि. )***(ક્લિષ્ટ અધ્યવસાય વગરનો, ક્રૂરતા રહિત, દયાવાન)*
**अकेवल - अकेवल ( त्रि. )***(અશુદ્ધ ૨. જેમાં કેવળ નથી તે)*
**अकोऊहल्ल - अकौतूहल ( त्रि. )***(નાટકાદિ કુતૂહલ રહિત)*
**अकोप्प - अकोप्य ( त्रि. )***(ગુસ્સો કરવાને અયોગ્ય, અદૂષણીય)*
**अकोविय - अकोपित ( त्रि. )***(ગુસ્સા વગરનું, દૂષણ રહિત)*
**★अकोविद ( पुं. )**
**अकोवियप्प ( ण् ) - अकोविदात्मन् ( पुं. )***(સમ્યગ્જ્ઞાન રહિત)*
**अकोहण - अक्रोधन ( त्रि. )***(ક્રોધ રહિત, અક્રોધી)*
**अक्कंतं ( देशी )***(પ્રવૃદ્ધ, વૃદ્ધિમાન)*
**अक्कंत - आक्रान्त ( त्रि. )***(ઘેરાયેલ, ગ્રસ્ત ૨. પરાભવ પામેલ, પરાસ્ત, પીડિત ૩. આક્રમણ ૪. અચિત્તવાયુકાયનો એક ભેદ)*
**अक्कंतदुक्ख - दुःखाक्रान्त ( त्रि. )***(દુઃખથી પીડિત, દુઃખથી દબાયેલ)*
**अक्कंद - आक्रन्द ( पुं. )***(મોટેથી રડવું તે, વિલાપ કરવો તે ૨. ચોરાશી આશાતનામાંની એકતાલીસમી આશાતના ૩. શબ્દ ૪. આહ્વાન કરવું, બોલાવવું ૫. મિત્ર ૬. ભાઈ ૭. દારુણ યુદ્ધ ૮. દુઃખીને રોવાનું સ્થાન ૯. નૃપ ભેદ વિશેષ)*
**अक्कंदण - आक्रन्दन ( न. )***(જોર-જોરથી રડવું તે, મોટા અવાજે રડવું તે ૨. આહ્વાન કરવું તે, બોલાવવું)*
**अक्कतूवरी - अर्कतु ( तू ) वरी ( स्त्री. )***(એક જાતની ગુચ્છવનસ્પતિ)*
**अक्कत्थल - अर्कस्थल ( न. )***(મથુરામાં આવેલ એક સ્થાન)*
**अक्कम - आक्रम ( पुं. )***(બળપૂર્વક ઉલ્લંઘન ૨. આગ્રહ ૩. વ્યાપ્ત ૪. પરાભવ, ઉચ્છેદ ૫. બલાત્કારપૂર્વક ૬. પરલોક પ્રાપ્તિનું સાધન વિદ્યાકર્મ વગેરે)*
**अक्कमण - आक्रमण ( न. )***(પરાભવ, આક્રમણ ૨. પગથી ક્રીડા કરનાર)*
**अक्कमित्ता - आक्रम्य ( अव्य. )***(આક્રમણ કરીને, ચડાઈ કરીને, પરાસ્ત કરીને)*
**अक्कशाला ( देशी-स्त्री. )***(બળાત્કાર, જબરદસ્તી ૨. કંઈક ઉન્મત્ત સ્ત્રી)*
**अक्का ( देशी-स्त्री. )***(બહેન)*
**अक्कासीदेवी - अक्कासीदेवी ( स्त्री. )***(વ્યંતરદેવી વિશેષ, અક્કાસી દેવી)*
**अक्किट्ठ - अक्लिष्ट ( त्रि. )***(શરીરના ક્લેશથી રહિત, બાધા રહિત, સ્વસ્થ)*
**अक्कुट्टं ( देशी )***(અધિષ્ઠિત-સ્થિત, યોજિત, અધ્યાસિત-રહેલું)*
**अक्कुस - गम् ( धा. )***(ગતિ કરવી, ગમન કરવું, જવું)*
**अक्केज्ज ( य ) - अक्रेय ( त्रि. )***(ખરીદવા યોગ્ય નહીં તે, ખરીદવાને અયોગ્ય)*
**अक्को ( देशी )***(દૂત)*
**अक्कोडण - आक्रोडन ( न. )***(સંગ્રહ)*
**अक्कोडो ( देशी )***(બકરો)*
**अक्कोस - अक्रोश ( न. )***(શ્વાપદ નદી વગેરે ઉપદ્રવયુક્ત સ્થાન ૨. વરસાદ યોગ્ય સ્થાન વિશેષ)*
**★आक्रोश ( पुं. )***(અસભ્ય ભાષા, કઠોર વચન કહેવા તે, દુર્વચન ૨. શાપ ૩. નિંદા ૪. વિરુદ્ધ ચિંતન)*
**अक्कोसग - आक्रोशक ( त्रि. )***(દુર્વચન બોલનાર, કટુવચની)*
**अक्कोसणा - आक्रोशना ( स्त्री. )***(કઠોર વચન બોલવું તે, નિષ્ઠુર વચન કહેવા તે)*

**अक्कोसपरि ( री ) सह – आक्रोशपरि ( री ) षह ( पुं. )** *(આક્રોશ પરિષહ, બારમો પરિષહ, આક્રોશ-તિરસ્કાર યુક્ત વચન સહેવા તે)*

**अक्कोसपरि ( री ) सहविजय – आक्रोशपरि ( री ) षहविजय ( पुं. )** *(આક્રોશ પરિષહને જીતવો તે, આક્રોશ પરિષહ પર વિજય મેળવવો તે)*

**अक्कोह – अक्रोध ( त्रि. )** *(ક્રોધોદય રહિત, ગુસ્સો નહીં કરતો ૨. અત્યંત અલ્પ ક્રોધવાળો)*

**अखडम्मिअं ( देशी )** *(તે પ્રકારે, તે પ્રમાણે, ખરેખર)*

**अक्ख – अक्ष ( पुं. )** *(જીવ ૨. ચન્દનક, જેનો ઉપયોગ જૈન સાધુ સ્થાપનાચાર્યમાં કરે છે, તે રૂપ શ્રમણની ઉપધિ વિશેષ ૩. ઈન્દ્રિય ૪. પાસા ૫. કોડી ૬. જન્મથી અંધ ૭. પત્થર કે અગ્નિ ૮. કાળું મીઠું-સંચળ ૯. કર્ષ પ્રમાણ ૧૦. ચાર હાથ અથવા છન્નુ અંગુલનું એક માપ ૧૧. રુદ્રાક્ષ ૧૨. ગાડાની ધરી ૧૩. બહેડાનું વૃક્ષ ૧૪. રાવણનો એક પુત્ર ૧૫. સર્પ ૧૬. ગરુડ ૧૭. જુગાર)*

**अक्खइअ – अक्षतिक ( त्रि. )** *(અક્ષય, ક્ષય વિનાનું)*

**अक्खओदय – अक्षयोदक ( त्रि. )** *(અક્ષયોદક, અખુટ પાણી જેનું છે તે, નિત્ય પાણીથી ભરેલું)*

**अक्खचम्म – अक्षचर्मन् ( न. )** *(પાણી કાઢવાનો કોશ, મસક)*

**अक्खणवेलं ( देशी )** *(મૈથુન ક્રીડા, સંભોગ ૨. રાત્રિનો પ્રારંભિક ભાગ, સંધ્યા)*

**अक्खणिबद्धा – अक्षनिबद्धा ( स्त्री. )** *(બળદગાડું)*

**अक्खपाय – अक्षपाद ( पुं. )** *(અક્ષપાદ નામના ન્યાયદર્શનના પ્રણેતા મુનિ, ગૌતમઋષિ ૨. અક્ષપાદ ઋષિએ કહેલ ગ્રંથ)*

**अक्खम – अक्षम ( त्रि. )** *(અસમર્થ ૨. અભાવ ૩. ક્ષમાનો અભાવ ૪. ઈર્ષ્યા ૪. યુક્તિશૂન્ય, અયોગ્ય ૫. અનુચિત)*

**अक्खय – अक्षज ( न. )** *(ઇન્દ્રિયના સંનિકર્ષથી ઉત્પન્ન પ્રત્યક્ષ જ્ઞાન)*

**★अक्षत ( पुं. )** *(અખંડ ચોખા ૨. કોઈપણ ધાન્ય ૩. ઘાવ રહિત ૩. અક્ષય, ક્ષયાભાવ ૪. જવ ૫. ઉત્કર્ષયુક્ત ૬. પરિપૂર્ણ ૭. ક્ષણાભાવ)*

**★अक्षय ( त्रि. )** *(ક્ષય રહિત, અખૂટ, શાશ્વત, અક્ષય ૨. અનન્ત ૩. અવિનાશી)*

**अक्खयणिहि – अक्षयनिधि ( पुं. )** *(અખૂટ ભંડાર, અક્ષય ભંડાર, દેવ ભંડાર)*

**अक्खयणिहितव– अक्षयनिधितपस् ( न. )** *(લૌકિક ફળપ્રદ તપવિશેષ, અક્ષયનિધિ તપ)*

**अक्खयणीवि – अक्षयनीवि ( स्त्री. )** *(અક્ષયપૂંજી, અખૂટ મૂડી)*

**अक्खयतइया – अक्षयतृतीया ( स्त्री. )** *(અખાત્રીજ, વૈશાખ સુદ ત્રીજ, અક્ષયતૃતીયા)*

**अक्खयपूया – अक्षतपूजा ( स्त्री. )** *(અક્ષતપૂજા, અષ્ટપ્રકારી પૂજામાંનો એક પ્રકાર, જિનપ્રતિમાની સન્મુખ અખંડ અક્ષતનું સમર્પણ કરવું તે)*

**अक्खयायार – अक्षताचार ( पुं. )** *(સ્થાપિતાદિ દોષોનો ત્યાગ કરનાર આચારવાન સાધુ, શુદ્ધ ચારિત્રી)*

**अक्खयायारया – अक्षताचारता ( स्त्री. )** *(પરિપૂર્ણ આચરણા, વિશુદ્ધ આચરણા, અખંડ આચાર સંપન્નતા)*

**अक्खयायारसंपण्ण – अक्षताचारसंपन्न ( त्रि. )** *(અખંડ આચારને પ્રાપ્ત થયેલ, નિર્દોષ આચરણ યુક્ત, શુદ્ધ ચારિત્રધારી)*

**अक्खर – अक्षर ( न. )** *(જે સ્વસ્વભાવથી ક્યારેય ન ફરે તે, ૨. વર્ણ, અક્ષર ૩. જ્ઞાન ૪. કેવળજ્ઞાન ૫. ચેતના, આત્મા ૬. અવિનાશી, જેનો નાશ થવાનો નથી તે, ક્ષરણ શૂન્ય ૭. ઉજ્જ્વળ ૮. અક્ષરશ્રુતનો એક ભેદ વિશેષ)*

**अक्खरगुण – अक्षरगुण ( पुं. )** *(અનન્ત ગમા-પર્યાય સહિત ઉચ્ચાર વગેરે અક્ષરના ગુણ)*

**अक्खरगुणमइसंघडणा – अक्षरगुणमतिसंघटना ( स्त्री. )** *(અક્ષરના ગુણવડે મતિજ્ઞાનની સંઘટના, દ્રવ્યશ્રુત વડે ભાવશ્રુતના કથનમાં અક્ષરગુણની મતિયોજવી તે)*

**अक्खरपुट्ठिया – अक्षरपृष्ठिका ( स्त्री. )** *(બ્રાહ્મીલિપિનો નવમો લેખવિધાન, પ્રાચીન લિપિનો ભેદ)*

**अक्खरलंभ – अक्षरलाभ ( पुं. )** *(શબ્દની જાતિ વર્ણ વગેરેનું જ્ઞાન)*

**अक्खरविसुद्ध – अक्षरविशुद्ध ( त्रि. )** *(પદ કે અક્ષરોથી યુક્ત)*

**अक्खरसंबद्ध – अक्षरसंबद्ध ( पुं. )** *(શબ્દમાં અક્ષર સ્પષ્ટ હોય તે)*

**अक्खरसण्णिवाय – अक्षरसन्निपात ( पुं. )** *(અક્ષરોનો સંયોગ, અકારાદિ અક્ષરોનું જોડાણ)*

**अक्खरसम – अक्षरसम ( न. )** *(ગેયસ્વર વિશેષ, હ્રસ્વ દીર્ઘ જે અક્ષર જેવો હોય તેવો બોલવો તે)*

**अक्खरसमास – अक्षरसमास ( पुं. )** *(અકારાદિ અક્ષરોનું જોડાણ-મેળાપ, અક્ષર સમૂહ)*

**अक्खल ( देशी-पुं. )** *(અખરોટનું વૃક્ષ ૨. અખરોટનું ફળ)*

**अक्खलिअं ( देशी )** *(પ્રતિબિંબ પડેલ ૨. પ્રતિધ્વનિત ૩. આકુળ-વ્યાકુળ)*

**अक्खलिय - अस्खलित ( त्रि. )**(અપ્રમત્ત, અસ્ખલિત, ૨. અપતિત, અચ્યવિત ૩. સૂત્રના ગુણનો એક ભેદ)

**अक्खलियचरित्त - अस्खलितचारित्र ( पुं. )**(અતિચાર રહિત મૂલગુણરૂપ ચારિત્ર જેને છે તે, વિશુદ્ધ ચારિત્રધારી ૨. નિરતિચાર સંયમ)

**अक्खलियाइगुणजुत्त - अस्खलितादिगुणयुत ( त्रि. )**(અસ્ખલિત પુનરુક્તિ રહિત ઇત્યાદિ ગુણોથી યુક્ત)

**अक्खवाडग - अक्षपाटक ( पुं. )**(વ્યવહારના નિર્ણાયક ધર્માચાર્ય ૨.ચોખ્ખું આસન)

**अक्खवाया ( देशी )**(દિશા)

**अक्खसुत्तमाला - अक्षसूत्रमाला ( स्त्री. )**(રુદ્રાક્ષની માળા)

**अक्खसोय - अक्षस्त्रोतस् ( न. )**(ગાડાના પૈડાની ધરીનું વાંકું છિદ્ર)

**अक्खसोयप्पमाण - अक्षस्त्रोत:प्रमाण ( त्रि. )**(ગાડાના પૈડાની ધરીના છિદ્રના પ્રમાણવાળું, ચક્રનાભિના છિદ્રના પ્રમાણવાળું)

**अक्खसोयप्पमाणमेत्त - अक्षस्त्रोत:प्रमाणमात्र ( त्रि. )**(પૈડાની નાભિના છિર્દ્રના પ્રમાણના જેટલી જગ્યાવાળું, અતિ અલ્પપ્રમાણવાળુ)

**अक्खा - आख्या ( स्त्री. )**(અભિધાન, નામ)

**अक्खाइय - आख्यातिक ( न. )**(સાધ્ય ક્રિયાપદ ૨. ક્રિયાવાચક શબ્દ)

**अक्खाइयट्ठाण - आख्यायिकास्थान ( न. )**(કથા કહેવાનું સ્થાન)

**अक्खाइयणिस्सिय - आख्यायिकानिश्रित ( न. )**(વાર્તા આશ્રિત જૂઠાણું, મૃષાવાદ-જૂઠનો નવમો ભેદ)

**अक्खाइया - आख्यायिका ( स्त्री. )**(કલ્પિત વાર્તા, દંતકથા ૨. વાર્તા)

**अक्खाउं - आख्यातुम् ( अव्य. )**(કહેવા માટે, બોલવા માટે)

**अक्खाग - आख्याक ( पुं. )**(મ્લેચ્છ વિશેષ)

**अक्खाडग - आखाटक ( पुं. )**(પ્રેક્ષકોને બેસવાનું આસન-સ્થાન, ચારે તરફથી જોઈ શકાય તેવી જગ્યા)

**अक्खाण - आख्यान ( न. )**(કથન, નિવેદન)

**अक्खाय - आख्यात ( त्रि. )**(પૂર્વમાં તીર્થંકર ગણધરાદિ વડે પ્રતિપાદિત ૨. કહેલું, પ્રરૂપેલું)

**अक्खायपव्वज्जा - आख्यातप्रव्रज्या ( स्त्री. )**(પ્રવ્રજ્યાનો એક પ્રકાર, ઉપદેશાદિથી બોધ પામીને દીક્ષા લેવી તે)

**अक्खि - अक्षि ( न. )**(આંખ, નેત્ર, ચક્ષુ)

**अक्खितर - अक्ष्यन्तर ( न. )**(આંખનું છિદ્ર, આંખની અંદરનો ભાગ)

**अक्खित्त - आक्षिप्त ( त्रि. )**(જેનો આક્ષેપ કરાયો હોય તે ૨. આકર્ષિત, આકૃષ્ટ થયેલ, ખેંચાયેલ ૩. નમાવેલ ૪. લલચાવેલ ૫. સ્થાપિત)

**अक्खि ( क्खे ) त्त - अक्षेत्र ( न. )**(ક્ષેત્રનો અભાવ ૨. મર્યાદિતક્ષેત્રની બહારનો પ્રદેશ, ક્ષેત્રની બહારનું)

**अक्खित्तणियंसण - आक्षिप्तनिवसन ( त्रि. )**(બળજબરીથી લીધેલ વસ્ત્ર પહેરવું તે)

**अक्खिराग - अक्षिराग ( पुं. )**(આંખોમાં લગાવવાનું અંજન)

**अक्खिवण - आक्षेपण ( न. )**(વ્યાકુળતા, વ્યગ્રતા, ગભરામણ)

**अक्खिविउं - आक्षेप्तुं ( अव्य. )**(સ્વીકારવા માટે)

**अक्खिविउकाम - आक्षेप्तुकाम ( त्रि. )**(સ્વીકારવાની ઇચ્છાવાળો)

**अक्खिवेयणा - अक्षिवेदना ( स्त्री. )**(નેત્રપીડા, આંખનો એક પ્રકારનો રોગ)

**अक्खीण - अक्षीण ( त्रि. )**(નહીં તૂટેલું ૨. ક્ષય ન પામેલ, અક્ષય)

**अक्खीणपडिभोइ ( ण् ) - अक्षीणपरिभोगिन् ( पुं. )**(અપ્રાસુક આહાર લેનાર ૨. જેની આહારશક્તિ નષ્ટ નથી થઈ તે)

**अक्खीणमहाणसिय - अक्षीणमहानसिक ( पुं. )**(જે લબ્ધિના પ્રભાવથી હજારો માણસોને જમાડે પણ પોતે ન જમે ત્યાં સુધી ન ખૂટે તેવી લબ્ધિવાળો, અક્ષીણમહાનસિક લબ્ધિવંત)

**अक्खीणमहाणसी - अक्षीणमहानसी ( स्त्री. )**(ભિક્ષામાં લાવેલ અન્નથી લાખો માણસ ભોજન કરે છતાં પણ જ્યાં સુધી પોતે ન જમે ત્યાં સુધી ન ખૂટે તેવી લબ્ધિ, અક્ષીણમહાનસી લબ્ધિ)

**अक्खीणमहालय - अक्षीणमहालय ( पुं. )**(લબ્ધિ વિશેષ પ્રાપ્ત, જેના પ્રભાવે તે પુરુષ જ્યાં રહ્યો હોય ત્યાં તીર્થંકરની પર્ષદાની જેમ અસંખ્ય જીવો સુખેથી બેસી શકે છે)

**अक्खीरमधु ( हु ) सप्पिय - अक्षीरमधुसर्पिष्क ( पुं. )**(દૂધ, ઘી મધુ આદિના વર્જનરૂપ અભિગ્રહ વિશેષ)

**अक्खुअ - अक्षत ( त्रि. )**(અક્ષત, નહીં હણાયેલ, અપ્રતિહત)

**अक्खुआआरचरित्त - अक्षताकारचरित्र ( पुं. )**(અખંડ ચારિત્રવાળો, અતિચાર રહિત ચારિત્ર પાળનાર)

**अक्खुण्ण - अक्षुण्ण ( त्रि. )**(અવિચ્છિન્ન, અત્રુટિત)

**अक्खुद्द - अक्षुद्र ( त्रि. )**(ઉદારમતિ ૨. અક્ષુદ્ર ૩. અકૃપણ, લોભી નહીં તે ૪. અક્રૂર)

**अक्खुपुरि - अक्षपुरि ( स्त्री. )**(અક્ષપુરી નામક નગરી વિશેષ)
**अक्खेव - आक्षेप ( पुं. )**(આક્ષેપ ૨. આશંકા ૩. પૂર્વપક્ષ ૪. ઓગણીસમું ગૌણ ચૌર્યકર્મ ૫. ભર્ત્સના ૬. અપવાદ ૭. આકર્ષણ ૮. ધનાદિ નિક્ષેપણ ૯. અર્થાલંકારનો ભેદ ૧૦. નિવેશના ૧૧. ઉપસ્થાપના ૧૨. અનુમાન ૧૩. તિરસ્કારયુક્ત વચન)
**अक्खेवणी - आक्षेपणी ( स्त्री. )**(શ્રોતાનું તત્ત્વ પ્રત્યે આકર્ષણ થાય તેવી ધર્મકથા, ધર્મકથાનો એક ભેદ)
**अक्खेवि ( ण् ) - आक्षेपिन् ( त्रि. )**(વશીકરણાદિથી પારકું દ્રવ્ય હરનાર)
**अक्खोड - कृष् ( धा. )**(તલવારને મ્યાનથી ખેંચવી)
★**अक्षोट ( ड ) ( पुं. )**(અખરોટનું વૃક્ષ ૨. અખરોટનું ફળ ૩. પહાડી પીલુ વૃક્ષ)
**अक्खोडभंग - अक्षोटभङ्ग ( पुं. )**(પડિલેહણાનો એક ભાગ જોયા પછી તેના પર રહેલ જીવ-જંતુને ખંખેરવો તે, ખોડભંગ)
**अक्खोभ - अक्षोभ ( त्रि. )**(ક્ષોભ રહિત ૨. અંધકવૃષ્ણિ અને ધરિણીદેવીનો પુત્ર ૩. અચલ, સ્થિર ૪. અંતઃકૃદ્દશાંગસૂત્રના પ્રથમ વર્ગનું એક અધ્યયન)
**अक्खोवंजण - अक्षोपाञ्जन ( न. )**(ગાડાની ધરીને તેલાદિ પદાર્થ ચોપડવા તે ૨. ઘા ઉપર ઔષધ લેપન)
**अखंड - अखण्ड ( त्रि. )**(સંપૂર્ણ, પરિપૂર્ણ, ભાગ-વિભાગ વગરનું)
**अखंडणाणरज्ज - अखण्डज्ञानराज्य ( त्रि. )**(અખંડજ્ઞાન રાજ્ય, પૂર્ણજ્ઞાનવાળું)
**अखंडदंत - अखण्डदन्त ( त्रि. )**(પરિપૂર્ણ દંતપંક્તિ છે જેની તે, પરિપૂર્ણ દાંતયુક્ત)
**अखंडिय - अखण्डित ( त्रि. )**(સંપૂર્ણ, પરિપૂર્ણ)
**अखंडियसील - अखण्डितशील ( त्रि. )**(અખંડ ચારિત્રી, નિર્દોષ ચારિત્ર જેનું છે તે)
**अखिल - अखिल ( त्रि. )**(સમસ્ત, સંપૂર્ણ, અખિલ)
**अखिलसंपया - अखिलसंपद् ( स्त्री. )**(સમસ્ત સંપત્તિ, સર્વસંપત્તિ)
**अखेद - अखेद ( पुं. )**(વ્યાકુળતા રહિત, ખેદ રહિત)
**अखेम - अक्षेम ( त्रि. )**(ઉપદ્રવવાળો માર્ગ ૨. ક્રોધાદિ ઉપદ્રવસહિત પુરુષ)
**अखेमरूव - अक्षेमरूप ( पुं. )**(ઉપદ્રવયુક્ત દેખાવ-આકારવાળો માર્ગ ૨. દ્રવ્યલિંગ વર્જિત)
**अखेयण्ण - अखेदज्ञ ( त्रि. )**(અકુશલ, અનિપુણ ૨. ખેદને નહીં જાણનાર)
**अग - अग ( पुं. )**(વૃક્ષ ૨. પર્વત ૩. સૂર્ય ૪. ગમન નહીં કરનાર શૂદ્રાદિ)
**अगअ - असुर ( पुं. )**(અસુર, દૈત્ય)
**अगइसमावण्ण - अगतिसमापन्न ( पुं. )**(નારક, નરકાદિગતિમાં ગયેલ, દુર્ગતિપ્રાપ્ત)
**अगंठिम - अग्रन्थिम ( न. )**(કેળુ-કદલીફલ ૨. ટુકડારૂપ સમારેલું ફળ ૩. અધ્વકલ્પ-કાળકલ્પ)
**अगंडिगेहो ( देशी )**(યૌવનોન્મત્ત, યુવાનીથી ઉન્મત્ત થયેલ)
**अगंडूयग - अकण्डूयक ( पुं. )**(નહિ ખંજવાળવાનો અભિગ્રહવિશેષ ધારણ કરનાર)
**अगंथ - अग्रन्थ ( पुं. )**(બાહ્ય અભ્યંતર ગ્રંથિથી રહિત, નિર્ગ્રંથ, સાધુ)
**अगंध - अगन्ध ( त्रि. )**(અત્યંત દુર્ગંધી)
**अगंधण - अगन्धन ( पुं. )**(સર્પજાતિ વિશેષ)
**अगच्छमान - अगच्छत् ( त्रि. )**(નહિ જતો, નહીં ચાલતો)
**अगड - अकृत ( त्रि. )**(નહિ કરેલું)
**अगडतड - अवटतट ( पुं. )**(કૂવાનો કાંઠો)
**अगडदत्त - अगडदत्त ( पुं. )**(તે નામનો એક રાજપુત્ર)
**अगडदद्दुर - अवटदर्दुर ( पुं. )**(કૂપમંડૂક, કૂવામાંનો દેડકો)
**अगडमह - अवटमह ( पुं. )**(કૂવાનો ઉત્સવ, કૂવાનો પ્રતિષ્ઠા મહોત્સવ)
**अगढिय - अग्रथित ( त्रि. )**(પ્રતિબંધ રહિત ૨. આહારાદિમાં અનાસક્ત)
**अगणि - अग्नि ( पुं. )**(અગ્નિ, વહ્નિ, આગ)
**अगणिआहिय - अग्न्याहित ( पुं. )**(અગ્નિ લવાયો છે જેઓ વડે તે ૨. સ્થાપેલો અગ્નિ, લાવેલો અગ્નિ)
**अगणिकंडयट्ठाण - अग्निकण्डकस्थान ( न. )**(અગ્નિનું સ્થાન, અગ્નિથી પ્રજ્વલિત સ્થાન)
**अगणिकाय - अग्निकाय ( पुं. )**(અગ્નિકાય, તેજસ્કાય)
**अगणिजीव - अग्निजीव ( पुं. )**(અગ્નિના જીવો, તેજસ્કાય)
**अगणिजीवसरीर - अग्निजीवशरीर ( न. )**(શરીરમાં રહેલ અગ્નિકાયનું શરીર, તેજસ્કાયજીવથી બંધાયેલ શરીર)
**अगणिज्झामिय - अग्निध्मात ( त्रि. )**(અગ્નિથી દાઝેલ, અગ્નિથી બળેલ)
★**अग्निध्यामित ( त्रि. )**(અગ્નિથી કાંઈક બળેલું, અગ્નિ વડે દગ્ધ)

**अगणिज्झूसिय - अग्निजोषित** ( त्रि. )*(અગ્નિથી ગરમ કરેલ, અગ્નિથી તપાવેલ)*

★**अग्निझोषित** ( त्रि. )*(અગ્નિથી રૂપાંતરિત થયેલ, અગ્નિથી બળેલ)*

**अगणिणिक्खित्त - अग्निनिक्षिप्त** ( त्रि. )*(અગ્નિ ઉપર નાંખેલ, અગ્નિમાં નાંખેલું)*

**अगणिपरिणमिय - अग्निपरिणमित** ( त्रि. )*(અગ્નિરૂપે પરિણામ પામેલ, પૂર્વસ્વરૂપ તજાવીને અગ્નિ સ્વરૂપે પમાડેલ-અગ્નિસ્વરૂપી થયેલ)*

**अगणिमुह - अग्निमुख** ( पुं. )*(દેવતા, દેવ ૨. અગ્નિહોત્રી બ્રાહ્મણ)*

**अगत ( द ) - अगद** ( पुं. )*(નીરોગી, રોગ રહિત ૨. ઔષધ ૩. નહીં કહેનાર)*

**अगत्थि - अगस्ति** ( पुं. )*(અગસ્ત્ય નામના ઋષિ ૨. અગથિયાનું વૃક્ષ ૩. અઠ્યાસી મહાગ્રહો પૈકીનો પિસ્તાળીસમો મહાગ્રહ ૪. અગસ્ત્ય ગોત્રમાં ઉત્પન્ન થયેલ ૫. આકાશમાં દક્ષિણ દિશામાં રહેલ એક તારો)*

**अगम - अगम** ( पुं. )*(સ્થાવર, જે હલન ચલન ન કરી શકે તેવો જીવ, પૃથ્વ્યાદિ એકેન્દ્રિય જીવ ૨. વૃક્ષ ૩. આકાશ)*

**अगमिय - अगमिक** ( न. )*(જેના પાઠ ગાથા વગેરે એક સમાન ન હોય તેવું શ્રુત, આચારાંગાદિકાલિક શ્રુતજ્ઞાન)*

**अगम्म - अगम्य** ( त्रि. )*(ગમન-મૈથુન માટે અયોગ્ય સ્ત્રી, રતિક્રીડા માટે અયોગ્ય બહેન, માતા, પુત્રવધુ, હલકા વર્ણની સ્ત્રી વગેરે)*

**अगम्मगामि ( ण् ) - अगम्यगामिन्** ( त्रि. )*(મા, બહેન આદિ સાથે મૈથુન સેવનાર)*

**अगरभा - अगर्भा** ( स्त्री. )*(સ્પષ્ટ ઉચ્ચારવાળી વાણી)*

**अगरहिय - अगर्हित** ( त्रि. )*(જેણે પાપની ગર્હા-નિંદા નથી કરી તે)*

★**अगर्ह्य** ( त्रि. )*(અનિંદ્ય, નિંદાને યોગ્ય નહીં તે)*

**अगरु - अगरु** ( न. )*(અગરુ ચંદન, સુગંધિત દ્રવ્ય વિશેષ)*

**अगरुगंधिय - अगुरुगन्धित** ( त्रि. )*(અગરુની ગંધવાળો ૨. અગરુચંદનથી ધૂપેલ)*

**अगरुपुड - अगरुपुट** ( पुं. )*(અગરુ સંપુટ, અગરુનો પુડો)*

**अगरुलहुय - अगुरुलघुक** ( न. )*(જે નહીં ભારે નહીં હલકુ તે-આકાશ, પરમાણું વગેરે ૨. પરતત્ત્વ ૩. અત્યંત સૂક્ષ્મ ભાષા-મન-કર્મ-દ્રવ્યાદિ)*

**अगरुलहुचउक्क - अगुरुलघुचतुष्क** ( न. )*(નામકર્મની અગુરુલઘુ આદિ ચાર પ્રકૃતિ)*

**अगरुलहुणाम - अगुरुलघुनामन्** ( न. )*(નામકર્મનો એક ભેદ, જેના ઉદયથી જીવને અગુરુલઘુ શરીર પ્રાપ્ત થાય છે)*

**अगरुलहुयपरिणाम - अगुरुलघुकपरिणाम** ( पुं. )*(અગુરુલઘુરૂપે પર્યાય, પરિણામ પરિણામીના અભેદજન્ય અગુરુલઘુપરિણામ વિશેષ, અજીવપરિણામનો એક ભેદ)*

**अगरुवर - अगुरुवर** ( पुं. )*(કૃષ્ણાગરુ ચંદન, એક જાતનું સુગંધી લાકડું)*

**अगलंत - अगलत्** ( त्रि. )*(અસ્રાવી, નહીં ગળતું)*

**अगलिय - अगलित** ( त्रि. )*(અપતિત, અગલિત)*

**अगविट्ठ - अगवेषित** ( त्रि. )*(ગવેષણાથી અપરિભાવિત આહારાદિ, આહારાદિની ગવેષણા નહીં કરેલ)*

**अगहणवग्गणा - अग्रहणवर्गणा** ( स्त्री. )*(વર્ગણા વિશેષ, જીવ વડે ગ્રહણ કરવામાં ન આવતો પુદ્ગલોનો સમૂહ)*

**अगहिय - अग्रहीत** ( त्रि. )*(અસ્વીકૃત, ગ્રહણ નહીં કરાયેલ)*

**अगहियगहण - अगृहीतग्रहण** ( न. )*(સાધુઓ દ્વારા નહીં સ્વીકારાયેલ ભોજનાદિ દેય દ્રવ્ય, અગૃહીત આહારાદિ વસ્તુ)*

**अगहिल्लराय - अग्रहिलकराज** ( पुं. )*(અગ્રહિલકરાય નામનો રાજા)*

**अगाढ - अगाढ** ( त्रि. )*(તત્ત્વનિષ્ઠ, જેણે શાસ્ત્રોનું અવગાહન કરેલ છે તે)*

**अगाढपण्ण - अगाढप्रज्ञ** ( त्रि. )*(તત્ત્વજ્ઞ, તત્ત્વમાં નિષ્ઠા પામેલ છે પ્રજ્ઞા જેની તે)*

**अ ( आ ) गार - अगार** ( न. )*(ઘર, મકાન, ગૃહ ૨. સ્થાન ૩. ગૃહસ્થ)*

**अगारत्थ - अगारस्थ** ( पुं. )*(ઘરમાં રહેનાર, ગૃહસ્થ)*

**अ ( आ ) गारधम्म - अगारधर्म** ( पुं. )*(ગૃહસ્થ ધર્મ, દેશવિરતિ ધર્મ)*

**अगारबंधण - अगारबन्धन** ( न. )*(પુત્ર-સ્ત્રી-ધન-ધાન્યાદિ ગૃહબંધન)*

**अगारव - अगौरव** ( त्रि. )*(ઋદ્ધિ વગેરેના અભિમાનથી રહિત)*

**अगारवास - अगारवास** ( पुं. )*(ગૃહવાસ, ગૃહસ્થાશ્રમવાસ)*

**अगारि ( ण् ) - अगारिन्** ( पुं. )*(ગૃહસ્થ, ગૃહસ્થાશ્રમવાસી)*

**अगारिकम्म - अगारिकर्मन्** ( न. )*(ગૃહસ્થનું કાર્ય, ગૃહસ્થની સાવદ્યાદિ ક્રિયા ૨. જાતિ આદિનો મદ કરવો તે)*

**अगारियंग - अगार्य्यङ्ग** ( न. )*(ગૃહસ્થોનું અંગ-કારણ ૨. જાત્યાદિક મદસ્થાન)*

**अगारी - अगारी ( स्त्री. )**(ગૃહિણી, ગૃહસ્થ સ્ત્રી)

**अगारीपडिबंध - अगारीप्रतिबन्ध ( पुं. )**(ગૃહસ્થ સ્ત્રીનો પ્રતિબંધ-અટકાવ)

**अगाह - अगाध ( त्रि. )**(ગંભીર)

**अगिज्झ - अग्राह्य ( त्रि. )**(હસ્તાદિથી ન લઈ શકાય તેવું, અગ્રાહ્ય ૨. આલિંગનને અયોગ્ય ૩. જેને માપી ન શકાય તેવું)

**अगिण्हियव्व - अग्रहीतव्य ( त्रि. )**(ગ્રહણ કરવા યોગ્ય ન હોય તે, છોડવા યોગ્ય, હેય ૨. ઉપેક્ષા કરવા યોગ્ય)

**अगिद्ध - अगृद्ध ( त्रि. )**(અલોલુપ, મૂર્છા નહીં પામેલ, અનાસક્ત)

**अगिला - अग्लानि ( स्त्री. )**(ખેદનો અભાવ, નિર્જરા માટેનો ઉત્સાહ, હોંશ)

**अगिलाइ - अग्लानि ( स्त्री. )**(ખેદનો અભાવ, ઉત્સાહ, હોંશ)

**अगिलाय - अग्लान ( पुं. )**(ગ્લાનિ રહિત, ખેદ રહિત)

**अगीय - अगीत ( पुं. )**(અગીતાર્થ)

**अगीयत्थ - अगीतार्थ ( पुं. )**(અગીતાર્થ, જેણે છેદસૂત્રાર્થ ગ્રહણ નથી કર્યો અથવા ગ્રહણ કરીને વિસ્મૃત કરી દીધો છે તે)

**अगुण - अगुण ( पुं. )**(ગુણરહિત, દોષ)

**अगुणगुण - अगुणगुण ( पुं. )**(અગુણનું કોઈકને ગુણપણે વિપરિણમવું-બદલાવું તે, અગુણમાં ગુણપણું થવું તે)

**अगुणत्त - अगुणत्व ( न. )**(નિર્ગુણીપણું, નિર્ગુણીતા, ગુણનો અભાવ)

**अगुणपेहि ( ण् ) - अगुणप्रेक्षिन् ( त्रि. )**(અગુણદર્શી, દુર્ગુણોને જોનાર)

**अगुणवज्ज - अगुणवर्ज ( त्रि. )**(અન્યમાં દુર્ગુણો હોય છતાં તેને ગ્રહણ ન કરનાર, અન્યના છતાં દોષોને નહીં જોનાર)

**अगुत्त - अगुप्त ( त्रि. )**(ગુપ્તિઓ રહિત, મન-વચન-કાયાના અશુભ વ્યાપારવાળો)

**अगुत्ति - अगुप्ति ( स्त्री. )**(મન-વચન-કાયાની શુભ પ્રવૃત્તિથી અટકવું અને અશુભમાં પ્રવૃત્તિ કરવી તે, મન વચન કાયાની ગુપ્તિનો અભાવ)

**अगुरुलहुचउक्क - अगुरुलघुचतुष्क ( न. )**(નામકર્મનો એક ભેદ, અગુરુલઘુચતુષ્ક)

**अगुरुलहुणाम - अगुरुलघुनामन् ( न. )**(નામકર્મનો એક ભેદ, અગુરુલઘુનામકર્મ)

**अगुरुलहुय - अगुरुलघुक ( न. )**(જેમા લઘુ-હલકાપણું કે ગુરુ-ભારેપણું નથી તેવા ભાષા મન કર્માદિ દ્રવ્યો)

**अगुरुलहुयपरिणाम - अगुरुलघुकपरिणाम ( पुं. )**(અજીવપરિણામ ભેદ, અગુરુલઘુરૂપે પરિણતિ વિશેષ, પરિણામ પરિણામીના અભેદજન્ય અગુરુલઘુક પરિણામ)

**अगुरुवर - अगुरुवर ( पुं. )**(એક પ્રકારનો ધૂપ, કૃષ્ણાગરુ)

**अगोविय - अगोपित ( त्रि. )**(પ્રગટ, પ્રત્યક્ષ, છૂપું નહીં તે)

**अगोरसव्वय - अगोरसव्रत ( पुं. )**(જેણે ગોરસ સંબંધી પદાર્થનો ત્યાગ કર્યો છે તે, દહીં, દૂધ વગેરે ગોરસમાત્રનું ભક્ષણ નહિ કરનાર)

**अग्ग - अग्र ( न. )**(અગ્રભાગ, ઉપરનો ભાગ, અણી, ટોચ, ૨. આલંબન ૩. પૂર્વભાગ ૪. ઉત્કર્ષ ૫. સમૂહ ૬. પ્રધાન ૭. અધિક ૮. ઋષિનો ભેદ વિશેષ ૯. પ્રથમ ૧૦ શેષ ભાગ)

★**अग्र्य ( त्रि. )**(અગ્રેસર, પ્રધાન ૨. અત્યંત ઉત્કૃષ્ટ ૩. મોટોભાઈ)

**अग्गओ - अग्रतस् ( अव्य. )**(આગળથી, સામેથી, પ્રથમથી)

**अग्गंथ - अग्रंथ ( पुं. )**(નિર્ગ્રંથ, મુનિ, સાધુ)

**अग्गकेस - अग्रकेश ( पुं. )**(આગળના વાળ)

**अग्गक्खंधो ( देशी )**(રણભૂમિનો અગ્રભાગ, સૈન્યનો આગળનો ભાગ)

**अग्गजाय - अग्रजात ( न. )**(વનસ્પતિના આગળના ભાગે-ટોચ પર ઉત્પન્ન થયેલ ૨. આગળ થયેલ)

**अग्गजिब्भा - अग्रजिह्वा ( स्त्री. )**(જીહ્વાગ્ર, જીભનો આગળનો ભાગ)

**अग्गतावसग - अग्रतापसक ( पुं. )**(ઋષિનો એક પ્રકાર ૨. ધનિષ્ઠા નક્ષત્રનું ગોત્ર)

**अग्गदारणिज्जामग - अग्रद्वारनिर्यामक ( पुं. )**(આગળના દરવાજે ઊભો રહેનાર નિર્યામક સાધુ, ગ્લાનની સેવા કરનાર સાધુ)

**अग्गद्ध - अग्रार्ध ( न. )**(પૂર્વાર્ધ)

**अग्गपलंब - अग्रप्रलम्ब ( पुं., न. )**(લટકતા લુંબનો અગ્રભાગ, લટકતા ફળોના ઝુમખાનો અગ્રભાગ)

**अग्गपिंड - अग्र ( ग्र्य ) पिण्ड ( पुं. )**(ભિક્ષામાં આપવા કે કાગડા કુતરા વગેરેને નાંખવા માટે પહેલેથી કાઢી રાખેલ ભોજનનો અમુક ભાગ)

**अग्गपूया - अग्रपूजा ( स्त्री. )**(જિનપ્રતિમા-ઇષ્ટદેવની આગળ કરવામાં આવતી ધૂપાદિ અગ્રપૂજા)

**अग्गप्पहारि ( ण् ) - अग्रप्रहारिन् ( पुं. )**(પ્રથમ પ્રહાર કરનાર, પહેલો પ્રહાર કરનાર)

**अग्गबीय - अग्रबीज ( पुं. )***(અગ્રભાગે બીજ જેને ઉત્પન્ન થાય તે, જેની ઉત્પત્તિમાં તેનો અગ્રભાગ કારણ હોય તે, કોરંટાદિ બીજપ્રકારની વનસ્પતિ)*

**अग्गमहिसी - अग्रमहिषी ( स्त्री. )***(મુખ્ય રાણી, પટરાણી ૨. ઈંદ્રાણી)*

**अग्गरस - अग्र्यरस ( पुं. )***(પ્રધાનરસ ૨. શૃંગારરસ, શૃંગારરસોત્પાદક રત્યાદિ)*

**★रसाग्र ( न. )***(રસોમાં પ્રધાન ૨. સુખમાં પ્રધાન)*

**अग्गल - अर्गल ( न. )***(છ્યાસીમાં મહાગ્રહનું નામ ૨. બારણામાં આડું મૂકવાનું લાકડું, આગળિયો)*

**अग्गलपासग - अर्गलपाशक ( पुं. )***(જેમાં ભોગળ નાંખવામાં આવે છે તે, ભોગળના પાસા, જેમાં આગળિયો નાંખવામાં આવે છે તે)*

**अग्गलपासाय - अर्गलाप्रासाद ( पुं. )***(જ્યાં આગળો દેવામાં આવે છે તે ઘર, જ્યાં ભોગળ લગાવવામાં આવે છે તે મહેલ)*

**अग्गला - अर्गला ( स्त्री. )***(ભોગળ, નાનો આગળીયો, બારણું વાખવાનો કોઈપણ આગળો)*

**अग्गवीय - अग्रबीज ( न. )***(જેના અગ્રભાગે બીજ છે તેવી શાલિ પ્રમુખ વનસ્પતિ)*

**अग्गवेओ ( देशी )***(નદીનું પૂર)*

**अग्गसिर - अग्रशिरस् ( न. )***(મસ્તકનો આગળનો ભાગ)*

**अग्गसिहर - अग्रशिखर ( न. )***(વનસ્પતિનો અગ્રભાગ)*

**अग्गसुयक्खंध - अग्रश्रुतस्कन्ध ( पुं. )***(આચારાંગનો દ્વિતીય શ્રુતસ્કંધ)*

**अग्गसोण्डा - अग्रशुण्डा ( स्त्री. )***(હાથીની સુંડનો અગ્રભાગ, સુંઢનો આગળનો ભાગ)*

**अग्गह - आग्रह ( पुं. )***(મમતા-અભિનિવેશ ૨. આવેશ ૩. મિથ્યા આગ્રહ ૪. આસક્તિ ૫. અનુગ્રહ ૬. આક્રમણ ૭. ગ્રહણ કરવું તે)*

**अग्गहछेयकारि ( ण् ) - आग्रहछेदकारिन् ( त्रि. )***(મૂર્છાનો છેદ કરનાર ૨. મિથ્યાગ્રહનો છેદ કરનાર)*

**अग्गहण - अग्रहण ( न. )***(અનાદર, અસ્વીકાર)*

**अग्गहणवग्गणा - अग्रहणवर्गणा ( स्त्री. )***(વર્ગણા વિશેષ, ગ્રહણ ન થઈ શકે તેવો કર્મપુદ્ગલનો સમૂહ)*

**अग्गहत्थ - अग्रहस्त ( पुं. )***(હાથનો આગળનો ભાગ, હસ્તાગ્ર)*

**अग्गाहि ( ण् ) - आग्रहिन् ( त्रि. )***(હઠાગ્રહી, મિથ્યા આગ્રહવાળો)*

**अग्गाणीअ - अग्राणी ( नी ) क ( न. )***(સૈન્યનો અગ્રભાગ)*

**अग्गा ( ग्गे ) णीअ - अग्रायणीय ( न. )***(સર્વ દ્રવ્ય ગુણ અને પર્યાયના પરિમાણનું પ્રતિપાદન કરનાર શ્રુતજ્ઞાન, ૧૪ પૂર્વમાંનું બીજુ પૂર્વ)*

**अग्गि - अग्नि ( पुं. )***(અગ્નિ, આગ ૨. તે નામે લોકાન્તિક દેવ ૩. કૃત્તિકાનક્ષત્રનો દેવ)*

**अग्गि ( अ ) य - अग्निक ( पुं. )***(જમદગ્નિ નામક તાપસ, યમ તાપસનો શિષ્ય)*

**अग्गिओ ( देशी )***(ઈંદ્રગોપ, એક જાતનો ક્ષુદ્ર જીવ-જંતુ ૨. મંદ)*

**अग्गिकज्ज - अग्निकार्य ( न. )***(હોમ, યાગાદિ વિધિ)*

**अग्गिकारिया - अग्निकारिका ( स्त्री. )***(અગ્નિકર્મ ૨. હોમ)*

**अग्गिकुमार - अग्निकुमार ( पुं. )***(અગ્નિકુમાર દેવ, ભુવનપતિનિકાયના દેવનો એક પ્રકાર)*

**अग्गिकुमाराहवण - अग्निकुमाराह्वान ( न. )***(અગ્નિકુમારદેવોનું આહ્વાન)*

**अग्गिच्च - आग्नेय ( पुं. )***(આગ્નેયાભ વિમાનવાસી લોકાન્તિક દેવ)*

**अग्गिच्चाभ - आग्नेयाभ ( न. )***(આગ્નેયાભ વિમાન, ઉત્તરદિશા તરફની બે કૃષ્ણરાજીની વચ્ચે આગ્નેયાભ નામનું પાંચમા લોકાન્તિક દેવલોકનું એક વિમાન)*

**अग्गिजस - अग्नियशस् ( पुं. )***(દ્વીપ કે સમુદ્ર વિશેષનો તે નામનો અધિપતિ દેવ, અગ્નિયશ દેવ)*

**अग्गिज्जोय - अग्निद्योत ( पुं. )***(ભગવાન મહાવીરનું આઠમાં ભવમાં બ્રાહ્મણ જન્મનું નામ, અગ્નિદ્યોત બ્રાહ્મણ)*

**अग्गिदत्त - अग्निदत्त ( पुं. )***(ઐરવતક્ષેત્રના એક તીર્થંકર, અગ્નિદત્ત નામના તીર્થંકર ૨. ભદ્રબાહુસ્વામીના દ્વિતીય શિષ્ય)*

**अग्गिदहण - अग्निदहन ( न. )***(અગ્નિદાહ, અગ્નિસંસ્કાર, અગ્નિમાં શરીરને બાળવારૂપ શારીરદંડ)*

**अग्गिदेव - अग्निदेव ( पुं. )***(દ્વીપ કે સમુદ્ર વિશેષનો તે નામનો અધિપતિદેવ ૨. અગ્નિદેવ)*

**अग्गिभीरु - अग्निभीरु ( पुं. )***(ચંડપ્રદ્યોતરાજાનો રથ વિશેષ)*

**अग्गिभूइ - अग्निभूति ( पुं. )***(મંદર પર્વતના પ્રદેશમાં ઉત્પન્ન એક બ્રાહ્મણનું નામ ૨. ભગવાન મહાવીરનું દશમાં ભવમાં બ્રાહ્મણ જન્મનું નામ ૩. અગ્નિભૂતિ નામક ભગવાન મહાવીરના બીજા ગણધર)*

**अग्गिमाणव - अग्निमानव ( पुं. )***(દાક્ષિણાત્ય અગ્નિકુમારદેવોના ઈંદ્રનું નામ)*

**अग्गिमाली - अग्निमाली ( स्त्री. )**(રતિકર પર્વતની ઉત્તરમાં રહેલ નામની ઇંદ્રાણી)

**अग्गिमित्ता - अग्निमित्रा ( स्त्री. )**(તે નામની સદ્દાલપુત્રની સ્ત્રી, અગ્નિમિત્રા)

**अग्गिमेह - अग्निमेघ ( पुं. )**(અગ્નિની જેમ દાહકારી મેઘ, અગ્નિ જેવી દાહક વર્ષા)

**अग्गिय - अग्निक ( पुं. )**(ભસ્મક નામક વાયુપ્રકોપ, ભસ્મક વ્યાધિ ૨. ઇન્દ્રદત્ત રાજાએ સ્વમંત્રીની પુત્રીમાં પેદા કરાવેલ સુરેન્દ્રદત્તની દાસીનો પુત્ર ૩. વત્સગોત્રનું અવાંતર ગોત્ર)

**अग्गिलिय - अग्रिम ( पुं. )**(આગળ થયેલ, મોટોભાઈ ૨. શ્રેષ્ઠ)

**अग्गिल्लय - अग्नि ( पुं. )**(૮૮ ગ્રહમાંના ૫૫મા મહાગ્રહનું નામ, અગ્નિગ્રહ)

**अग्गिवेस - अग्निवेश ( पुं. )**(તે નામે પ્રસિદ્ધ એક ઋષિ, અગ્નિવેશ ઋષિ)

★**अग्निवेश्म ( पुं. )**(પક્ષના ચૌદમાં દિવસનું નામ, ચૌદશ ૨. દિવસના બાવીસમાં મુહૂર્તનું નામ)

**अग्गिवेसायण - अग्निवेश्यायन ( पुं. )**(દિવસનું ૨૨મુ મુહૂર્ત ૨. અગ્નિવેશ ઋષિનો પૌત્ર ૩. તે નામના ગોત્રમાં ઉત્પન્ન થનાર સુધર્માસ્વામી આદિ ૪. ગોશાળાના પાંચમા દિશાચર સાધુ)

**अग्गिसक्कार - अग्निसंस्कार ( पुं. )**(અગ્નિદાહ આપવો તે, અગ્નિસંસ્કાર કરવો તે)

**अग्गिसप्पभा - अग्निसप्रभा ( स्त्री. )**(બારમા તીર્થંકર શ્રીવાસુપૂજ્યભગવાની દીક્ષા શિબિકાનું નામ)

**अग्गिसम्म ( ण् ) - अग्निशर्मन् ( पुं. )**(તીવ્રક્રોધવાળો તે નામનો એક તાપસ ૨.સ્વનામ ખ્યાત એક બ્રાહ્મણ)

**अग्गिसाहिय - अग्निसाधिक ( त्रि. )**(જેમાં અગ્નિનો ભાગ-હિસ્સો હોય તેવું)

**अग्गिसिह - अग्निशिख ( पुं. )**(અગ્નિની જેવી શીખા જેને છે તે ૨. કેસુડાનું વૃક્ષ ૩. લાંગલી વૃક્ષ ૪. સાતમા વાસુદેવના પિતાનું નામ ૫. દક્ષિણદિશાના અગ્નિકુમાર દેવોનો ઇન્દ્ર ૬. અગ્નિની જ્વાળા)

**अग्गिसिहाचारण - अग्निशिखाचारण ( पुं. )**(વિદ્યાચારણનો એક ભેદ, અગ્નિશિખાચારણ મુનિ)

**अग्गिसेण - अग्निषेण ( पुं. )**(વર્તમાન ચોવીશીના સંભવનાથ પ્રભુના સમકાલીન ઐરવત ક્ષેત્રના તે નામના તીર્થંકર ૨. શ્રીનેમિનાથના સમકાલીન ઐરવતક્ષેત્રના ૨૧મા તીર્થંકર)

**अग्गिहोत्त - अग्निहोत्र ( न. )**(અગ્નિમાં હોમવા યોગ્ય અભિમંત્રિત ઘી-જવ વગેરે દ્રવ્ય, અગ્ન્યાધાન, હોમ)

**अग्गिहोत्तवाइ ( ण् ) - अग्निहोत्रवादिन् ( पुं. )**(અગ્નિહોત્રથી-હોમથી સ્વર્ગગમનને માનનાર, અગ્નિહોત્રવાદી)

**अग्गुज्जाण - अग्र्योद्यान ( न. )**(નગર બહારનું મુખ્ય ઉદ્યાન)

**अग्गेअ - आग्नेय ( त्रि. )**(અગ્નિ સંબંધી દ્રવ્ય વિશેષ, અગ્નિદેવતાસંબદ્ધ હવિ વગેરે ૨. અગ્નિ જેનો દેવ છે તે ૩. તે નામનું શાસ્ત્ર)

**अग्गेई ( णी ) - आग्नेयी ( स्त्री. )**(દક્ષિણ અને પૂર્વ દિશાની વચ્ચેની વિદિશા, અગ્નિકોણ, અગ્નિ છે દેવતા જેનો તે આગ્નેયી દિશા)

**अग्गेणीय - अग्रायणीय ( न. )**(ચૌદપૂર્વમાંનું બીજુ પૂર્વ, અગ્રાયણીય પૂર્વ)

**अग्गेत ( य ) ण - अग्रेतन ( त्रि. )**(આગળનું, પહેલાનું, અગ્રવર્તી)

**अग्गोदय - अग्रोदक ( न. )**(સમુદ્રીય વેલાની વૃદ્ધિ-હાનિ, સમુદ્રવેલાનું ભરતી-ઓટરૂપ ઉપરનું બે ગાઉ પ્રમાણવાળું પાણી)

**अग्घ - राज् ( धा. )**(શોભવું, દીપવું)

★**अर्घ ( पुं. )**(રજતાદિ દ્રવ્યરૂપ મૂલ્ય-કિંમત ૨. મત્સ્ય કચ્છ વગેરે જલચર જીવ)

★**अर्घ्य ( त्रि. )**(પૂજા યોગ્ય જળાદિ આઠ પ્રકારની સામગ્રી, પૂજોપચાર)

★**अर्ह् ( धा. )**(યોગ્ય બનવું, લાયક બનવું)

**अग्घाड - पूर् ( धा. )**(પૂરું કરવું ૨. ખુશ કરવું)

**अग्घाडग - आघ्रातक ( पुं. )**(ગુચ્છરૂપે વનસ્પતિકાયનો એક ભેદ)

**अग्घाडो ( देशी )**(અઘાડો નામક વનસ્પતિ, અપામાર્ગ)

**अग्घाण ( देशी )**(તૃપ્તિ, સંતુષ્ટિ)

**अग्घाय - आघ्राय ( अव्य. )**(સૂંઘીને)

**अग्घायमाण - आजिघ्रत् ( त्रि. )**(સૂંઘતું, સુંઘવાની ક્રિયા કરતું)

**अग्घिय - अर्घित ( त्रि. )**(કીમતી, બહુમૂલ્ય)

**अघ - अघ ( न. )**(પાપ, પાપકારક ૨. વ્યસન ૩. દુઃખ ૪. પુતના અને બકાસુરનો ભાઈ, એક અસુર)
**अघण - अघन ( त्रि. )**(શિથિલ, અદૃઢ)
**अघाइणी - अघातिनी ( स्त्री. )**(આત્માના જ્ઞાનાદિ ગુણોનો ઘાત ન કરનાર કર્મપ્રકૃતિ, અઘાતી કર્મપ્રકૃતિ)
**अघाइरस - अघातिरस ( पुं. )**(જ્ઞાનાદિ ગુણોના ઘાતનું સામર્થ્ય નહિ ધરાવનાર અઘાતિકર્મના રસસ્પર્ધકોનો સમૂહ)
**अघुणित ( य ) - अघुणित ( त्रि. )**(ઘુણો-લાકડું ખાનાર જંતુ વડે નહિ ખવાયેલ, અખંડ)
**अचं ( च्चं ) कारियभट्टा - अचङ्कारितभट्टा ( स्त्री. )**(ધન્ય શ્રેષ્ઠીની ભટ્ટા સ્ત્રીથી ઉત્પન્ન પુત્રી)
**अचंचल - अचञ्चल ( त्रि. )**(જેણે ઇંદ્રિયોને વશ કરી છે, અચંચળ)
**अचंड - अचण्ड ( त्रि. )**(નિષ્કારણ પ્રબળ કોપ રહિત, તીવ્રક્રોધ વગરનો, સૌમ્ય, ક્ષમાશીલ)
**अचक्कि ( ण् ) - अचक्रिन् ( पुं. )**(સામાન્ય રાજા, જે ચક્રવર્તી ન હોય તેવો રાજા)
**अचक्किय - अचकित ( त्रि. )**(પરિષહાદિથી ચકિત ન થાય તેવો, અચકિત, ગંભીર ૨. અત્રસ્ત)
**अचक्ख - दृश् ( धा. )**(જોવું, દેખવું)
**अचक्खु - अचक्षुष् ( न. )**(ચક્ષુ સિવાયની શેષ ચાર ઇંદ્રિયો અને મન, ચક્ષુદર્શન વર્જિત)
**अचक्खुदंसण - अचक्षुर्दर्शन ( न. )**(ચક્ષુ સિવાયની શેષઇંદ્રિયો અને મનથી થનારું સામાન્ય જ્ઞાનરૂપ દર્શન, અચક્ષુદર્શન)
**अचक्खुदंसणावरण - अचक्षुर्दर्शनावरण ( न. )**(અચક્ષુદર્શનાવરણીય કર્મ, દર્શનાવરણીય કર્મનો એક ભેદ)
**अचक्खुफास - अचक्षुःस्पर्श ( पुं. )**(અંધકાર, અંધારું)
**अचक्खुय - अचक्षुष्क ( त्रि. )**(દૃષ્ટિવિહીન, અંધ)
**अचक्खुविसय - अचक्षुर्विषय ( पुं. )**(જે પદાર્થ આંખનો વિષય ન બને તે, ચક્ષુથી અગોચર)
**अचक्खुस - अचाक्षुष ( त्रि. )**(આંખ વડે જે ન જોઈ શકાય તે, જેનું ચાક્ષુષ પ્રત્યક્ષ ન થાય તેવું)
**अचक्खुस्स - अचक्षुष्य ( त्रि. )**(જેને જોવાની ઇચ્છા ન થાય તે, જોવાને માટે અનિષ્ટ)
**अचयंत - अशक्नुवत् ( त्रि. )**(અસમર્થ થતો, અસક્ત થતો, નિર્બળ થતો)
**अचर - अचर ( पुं. )**(પૃથ્વી આદિ સ્થાવરકાય ૨. ચલન રહિત, સ્થિર, અચર ૩. જ્યોતિષોક્ત વૃષભાદિ સ્થિર રાશિઓ)
**अचरग - अचरक ( त्रि. )**(ઉપભોગ રહિત, અચરક)
**अचर ( रि ) म - अचरम ( त्रि. )**(સંસાર મધ્યવર્તી ૨. નરકના જીવોથી લઈ દેવ સુધીના જીવ)
**अचर ( रि ) मंतपएस - अचरमान्तप्रदेश ( पुं. )**(અચરમાન્તપ્રદેશ, કોઈની પણ અપેક્ષાએ અનન્તવર્તિ હોવાથી અન્તના અર્થમાં વપરાતો શબ્દ)
**अचर ( रि ) मसमय - अचरमसमय ( पुं. )**(ચરમસમયથી ભિન્ન શૈલેશી અવસ્થાનો અચરમ સમય)
**अचर ( रि ) मावट्ट - अचरमावर्त्त ( पुं. )**(ચરમપુદ્ગલાવર્ત પહેલાનો સમય, અચરમાવર્તકાળ)
**अच ( य ) ल - अचल ( त्रि. )**(નિષ્પ્રકંપ, અચલ, સ્થિર, ચલાયમાન નથી તે, નિશ્ચલ)
**अच ( य ) लट्ठाण - अचलस्थान ( न. )**(અચલ-કંપન રહિત પરમાણુ આદિનું સ્થાન)
**अच ( य ) लपुर - अचलपुर ( न. )**(અચલપુર, બ્રહ્મદ્વીપ પાસેનું નગર વિશેષ)
**अच ( य ) लभ्राता - अचलभ्राता ( पुं. )**(અચલભ્રાતા ગણધર, ભગવાન મહાવીરના નવમા ગણધર)
**अच ( य ) ला - अचला ( स्त्री. )**(શક્ર-દેવેન્દ્રની એક ઇન્દ્રાણી)
**अच ( य ) लित - अचलित ( न. )**(વસ્ત્ર અથવા શરીર જ્યાં ચલિત નથી કરાયેલું તે, પ્રમાદ રહિત પડિલેહણાનો ભેદ)
**अचवचव - अचवचव ( त्रि. )**(ચવચવ એવા શબ્દ-અવાજથી રહિત)
**अचवल - अचपल ( त्रि. )**(સ્થિર સ્વભાવવાળો, અચપલ, ચંચળતા રહિત, મન, વચન અને કાયાથી સ્થૈર્ય રાખનાર)
**अचाइय - अशक्त ( त्रि. )**(અશક્ત, અસમર્થ)
**अचाएंत - अशक्नुवत् ( त्रि. )**(અસમર્થ થતો, સહન કરવાને અશક્ત થતો)
**अचाग - अत्याग ( पुं. )**(ત્યાગનો અભાવ, અત્યાગ)
**अचारुया - अचारूता ( स्त्री. )**(સુંદરતા રહિત, અસુંદરતા)
**अचालणिज्ज - अचालनीय ( त्रि. )**(જેને સ્થિરતાથી ચલિત ન કરી શકાય તે, જેને ડગાવી ન શકાય તે)
**अचिंत - अचिन्त्य ( त्रि. )**(કલ્પનાતીત, વિચારમાં ન આવે તેવું, જેનો તર્ક ન થઈ શકે તેવું, વર્ણવી ન શકાય તેવું, અનિર્વચનીય)

**अचिंतगुणसमुदय - अचिन्त्यगुणसमुदय ( न. )**(*ચિંતન ન થઈ શકે તેવા ગુણોનો સમુદાય, અવર્ણનીય ગુણ સમૂહ, પરતત્ત્વ*)
**अचिंतचिंतामणि - अचिन्त्यचिन्तामणि ( पुं. )**(*ચિન્તામણી રત્ન તુલ્ય તીર્થંકર*)
**अचिंतण - अचिन्तन ( न. )**(*ચિંતનનો અભાવ, ચિંતવન ન કરવું તે, અચિંતન*)
**अचिंतसत्ति - अचिन्त्यशक्ति ( स्त्री. )**(*અનિર્વચનીય સ્વવીર્યોલ્લાસ, અચિન્ત્યશક્તિ ૨. તે નામે ચોથો યમ*)
**अचिट्ठ - अचेष्ट ( त्रि. )**(*ચેષ્ટા રહિત, જેને ચેષ્ટા નથી તે*)
**अचिट्ठण - अचेष्टन ( न. )**(*ચેષ્ટા રહિત, નિશ્ચેષ્ટ*)
**अचित्त - अचित्त ( त्रि. )**(*અચેતન, જીવ રહિત, નિર્જીવ, જેનામાં ચેતન-જીવ નથી તે*)
**★अचित्र ( त्रि. )**(*અકર્બુર, કાબરચિતરું નહીં તે, અનેકવર્ણ રહિત*)
**अचित्तदवियकप्प - अचित्तद्रव्यकल्प ( पुं. )**(*અચિત્ત આહારાદિદ્રવ્યના ઉપયોગની વિધિવિશેષ, અચિત્તદ્રવ્યકલ્પ*)
**अचित्तदव्वखंध - अचित्तद्रव्यस्कन्ध ( पुं. )**(*દ્વયણુકાદિક પુદ્ગલસ્કંધરૂપ અચિત્ત દ્રવ્ય સ્કંધનો ભેદ*)
**अचित्तदव्वचूला - अचित्तद्रव्यचूला ( स्त्री. )**(*મુગટના મણિનો, ભાલાનો, સિંહકર્ણ પ્રાસાદ અને વૃક્ષનો અગ્રભાગ, અચિત્ત દ્રવ્ય ચૂલા*)
**अचित्तमंत - अचित्तवत् ( त्रि. )**(*કનક-રજતની જેમ નિર્જીવ, ઉપયોગ રહિત, જ્ઞાન રહિત*)
**अचित्तमहाक्खंध - अचित्तमहास्कन्ध ( पुं. )**(*ઉત્કૃષ્ટ અવગાહનાવાળો અનંતપ્રદેશી સ્કંધવિશેષ, અચિત્ત મહાસ્કંધ*)
**अचित्तसोय ( ग ) - अचित्तस्त्रोतस् ( क ) ( न. )**(*નિર્જીવ છિદ્ર, જીવરહિત છિદ્ર*)
**अचियत ( देशी त्रि. )**(*અપ્રીતિકર*)
**अचियंतेउरपरघरप्पवेस - अचियतान्तःपुरपरगृहप्रवेश ( पुं. )**(*રાજાના અન્તઃપુરમાં પ્રવેશવાના નિષેધની જેમ અન્યમતમાં જેને જવાનો નિષેધ છે તેવો શ્રાવક*)
**अचु ( चो ) क्ख - अचोक्ष ( त्रि. )**(*ગંદુ, અશુદ્ધ*)
**अचेयकड - अचेतस्कृत ( त्रि. )**(*નિર્જીવ વસ્તુથી બનેલ*)
**अचेयण - अचेतन ( त्रि. )**(*ચેતના રહિત, નિર્જીવ ૨. નરાધમ*)
**अचेयण्ण - अचैतन्य ( न. )**(*જીવ રહિત, જડ, ચૈતન્યથી વિકલ*)
**अचेल - अचेल ( न. )**(*વસ્ત્રનો અભાવ, અલ્પમૂલ્ય વસ્ત્ર, વાસ ગંધ નાવિન્યાદિના અભાવવાળું વસ્ત્ર*)
**अचेल ( ग ) - अचेल ( क ) ( पुं. )**(*જેને વસ્ત્ર નથી તે, વસ્ત્ર રહિત ૨. અલ્પ અને જીર્ણ વસ્ત્ર રાખવાનો જિનકલ્પિકાદિ સાધુઓનો આચાર*)
**अचेलगधम्म - अचेलकधर्म ( पुं. )**(*જિનકલ્પિક વિશેષની અપેક્ષાએ અવિદ્યમાન અને સ્થવિરકલ્પની અપેક્ષાએ જીર્ણ-મલિન-અલ્પ-શ્વેત વસ્ત્ર છે જેમાં તે અચેલકધર્મ, પ્રથમ અને અંતિમ તીર્થંકરના શાસનમાં સંમત સાધુનો આચાર વિશેષ*)
**अचेलपरि ( री ) सह - अचेलपरि ( री ) षह ( पुं. )**(*અદીનપણે વસ્ત્રરહિત રહેવાનો પરિષહ, જીર્ણ કે અલ્પમૂલ્યવસ્ત્રને અદીનતાપૂર્વક સહન કરવું તે, અચેલપરિષહ*)
**अचेलपरि ( री ) सहविजय - अचेलपरि ( री ) षहविजय ( पुं. )**(*અદીનપણે વસ્ત્રરહિત કે જીર્ણવસ્ત્રધારી રહેવારૂપ પરિષહ સહન કરવો તે, જીર્ણ યા હલકા વસ્ત્રોને અદીનતાપૂર્વક ધારણ કરવા તે, વસ્ત્રોની કમીને સમભાવથી સહન કરવી તે*)
**अचेलिआ - अचेलिका ( स्त्री. )**(*વસ્ત્ર વગરની સ્ત્રી*)
**अचोइअ - अचोदित ( त्रि. )**(*અપ્રેરિત, જેને પ્રેરણા કરવામાં ન આવી હોય તે*)
**अचोप्पडा - अचोपडा ( स्त्री. )**(*નિસ્તુપ, તે નામનું ચીકાશ રહિત એક પેયદ્રવ્ય*)
**अचोरिय - अचौर्य ( न. )**(*ચોરીનો અભાવ, અચોર્ય*)
**अच्च - अर्च् ( धा. )**(*પૂજા કરવી, સત્કાર કરવો, પૂજવું*)
**★अर्च ( त्रि. )**(*પૂજા કરનાર, પૂજક ૨. લવ્ નામક સમયનો ભેદ વિશેષ*)
**★अर्च्य ( त्रि. )**(*પૂજ્ય, પૂજનીય*)
**अच्चंग - अत्यङ्ग ( न. )**(*ભોગ-વિલાસના મુખ્ય અંગરૂપ મદ્ય-માંસાદિ*)
**अच्चंतकाल - अत्यंतकाल ( त्रि. )**(*ઘણા લાંબા સમયવાળું, અત્યધિક કાળ*)
**अच्चंतथावर - अत्यन्तस्थावर ( पुं., स्त्री. )**(*અનાદિકાળથી સ્થાવરજાતિમાં રહેલ*)
**अच्चंतपरम - अत्यन्तपरम ( त्रि. )**(*અત્યંત ઉત્કૃષ્ટ, ઘણું ઉત્કૃષ્ટ*)
**अच्चंतभावसार - अत्यन्तभावसार ( त्रि. )**(*અત્યંત પ્રશસ્ત અધ્યવસાયી, પ્રબળ શુભભાવવાળું*)
**अच्चंतविसुद्ध - अत्यन्तविशुद्ध ( त्रि. )**(*અત્યંત વિશુદ્ધ, સર્વથા નિર્દોષ, પરંપરાગત શુદ્ધવંશમાં ઉત્પન્ન થયેલ*)

**अच्चंतसंकिलेस** - **अत्यन्तसंक्लेश ( पुं. )**(*અત્યંત ગાઢ રાગ-દ્વેષવાળો પરિણામ*)

**अच्चंतसुपरिसुद्ध** - **अत्यन्तसुपरिशुद्ध ( त्रि. )**(*અત્યંત શુદ્ધ, અતીવ નિર્મળ, નિર્મળતમ*)

**अच्चंतसुहि ( ण् )** - **अत्यन्तसुखिन् ( त्रि. )**(*અત્યંત સુખી, નિરતિશય સુખસંપન્ન*)

**अच्चंताभाव** - **अत्यन्ताभाव ( पुं. )**(*નિત્ય અભાવ, નાશપ્રાગભાવથી ભિન્ન સંસર્ગાભાવ*)

**अच्चंतिय** - **आत्यन्तिक ( त्रि. )**(*સર્વકાલભાવી, અતિશયપણે ઉત્પન્ન*)

**अच्चंतोसण्ण** - **अत्यन्तावसन्न ( पुं. )**(*અત્યંત ખેદ પામેલામાં દીક્ષિત કરાવેલ, સંવિગ્નો દ્વારા માત્ર પ્રવ્રજિત જ કરાયેલ પણ દુઃસ્થિત*)

**अच्चक्खर** - **अत्यक्षर ( त्रि. )**(*અધિક અક્ષરવાળું, એકાદ અક્ષરથી અધિક*)

**अच्चण** - **अर्चन ( न. )**(*પુષ્પાદિથી સત્કાર કરવો તે, સન્માન કરવું તે*)

**अच्चणा** - **अर्चना ( स्त्री. )**(*પૂજવું, પૂજા કરવી તે, જળ-ચંદન-ધૂપ-દીપાદિથી અર્ચન કરવું તે*)

**अच्चणिज्ज** - **अर्चनीय ( त्रि. )**(*પૂજન કરવા યોગ્ય, અર્ચન કરવા યોગ્ય, ચંદન આદિથી અર્ચન યોગ્ય*)

**अच्चणिया** - **अर्चनिका ( स्त्री. )**(*સિદ્ધાયતનની જિનપ્રતિમાદિની અર્ચના*)

**अच्चत्थ** - **अत्यर्थ ( न. )**(*અત્યંત, ઘણું, અતિશય, અતિશયવાળું ૨. અર્થ-દ્રવ્યનો અભાવ*)

**अच्चत्थत्त** - **अत्यर्थत्व ( न. )**(*સત્યયુક્ત વાણીના ૩૫ અતિશયમાંનો આઠમો અતિશય ૨. મહાર્થ-અપરપર્યાયાદિયુક્ત સાતિશય વચન*)

**अच्चय** - **अत्यय ( पुं. )**(*અતિક્રમ, અતિક્રમપૂર્વક ગમન ૨. અભાવ ૩. વિનાશ ૪. દોષ ૫. કાર્યના અવશ્યંભાવનો અભાવ ૬. પ્રત્યવાય ૪. આત્યંતિક વિનાશ*)

**अच्चल्लीण** - **अत्यालीन ( त्रि. )**(*અત્યંત પાસે, ખૂબ નજદીક*)

**अच्चसण** - **अत्यसन ( न. )**(*અત્યંત ભોજન કરવું ૨. પક્ષનો બારમો દિવસ, દ્વાદશી*)

**अच्चा** - **अर्चा ( स्त्री. )**(*આહાર અલંકારાદિ વડે પૂજા ૨. દેહ, શરીર ૩. ક્રોધના અધ્યવસાયની જ્વાળા*)

**अच्चाइण्ण** - **अत्याकीर्ण ( त्रि. )**(*ખીચોખીચ ભરેલ, ઠાંસી-ઠાંસીને ભરેલ ૨. અત્યંત વ્યાપ્ત*)

**अच्चाउर** - **अत्यातुर ( त्रि. )**(*અતિ પીડા પામેલ, અત્યંત રોગી*)

**अच्चागाढ** - **अत्यागाढ ( न. )**(*અત્યંત મ્લેચ્છાદિનો ભય*)

**अच्चावेढण** - **अत्यावेष्टन ( न. )**(*અત્યંત આવરણ વડે પીડિત કરવું તે, ગાઢ વિંટાળવા વડે પરિતાપ ઉપજાવવો તે*)

**अच्चासणया** - **अत्यासनता ( स्त्री. )**(*એક ઠેકાણે લાંબા સમય સુધી બેસવું તે, આસન જમાવવું તે*)

★**अत्यशनता ( स्त्री. )**(*અત્યંત ભોજન કરવું કે પ્રમાણાધિક ખાવું તે*)

**अच्चासण्ण** - **अत्यासन्न ( त्रि. )**(*અત્યંત નિકટ, એકદમ નજીક*)

**अच्चासाइत्तए** - **अत्याशातयितुम् ( अव्य. )**(*ઘણી આશાતના કરવાને, છાયા થકી ભ્રષ્ટ કરવા માટે, અત્યંત હેરાન કરવા માટે*)

**अच्चासाइय** - **अत्याशातित ( त्रि. )**(*ઉપસર્ગ કરેલ, આશાતના કરેલ, અપમાનિત કરેલ*)

**अच्चासाएमाण** - **अत्याशातयत् ( त्रि. )**(*ઉપસર્ગ કરતો, આશાતના કરતો*)

**अच्चासायणा** - **अत्याशातना ( स्त्री. )**(*આત્યંતિક આશાતના, વિરાધના કરવી ૨. સાધુ આદિની જાત્યાદિ પ્રગટ કરવારૂપ હીલના*)

**अच्चाहार** - **अत्याहार ( पुं. )**(*અતિમાત્રામાં આહાર, અતિભોજન, પ્રભૂત આહાર*)

**अच्चि** - **अर्चि ( स्त्री. )**(*કિરણ, કાન્તિ ૨. દીપશિખા ૩. લોકાન્તિક વિમાન વિશેષ ૪. લેશ્યા ૫ બાદર તેજોકાય ૬. શરીરસ્થ કાંતિની પ્રભા*)

**अच्चिमालि ( ण् )** - **अर्चिर्मालिन् ( त्रि. )**(*સૂર્ય (પું.) ૨. કૃષ્ણ-રાજીના મધ્યભાગે આવેલ લોકાન્તિક દેવવિમાન વિશેષ ૩. કિરણોથી શોભિત*)

**अच्चिमालिप्पभ** - **अर्चिर्मालिप्रभ ( त्रि. )**(*સૂર્યની જેમ કિરણોથી શોભાયમાન, સૂર્યવત્ તેજસ્વી*)

**अच्चिमालिणी** - **अर्चिर्मालिनी ( स्त्री. )**(*સૂર્ય-ચંદ્રની અગ્રમહિષી, શક્રેન્દ્રની અગ્રમહિષીની રાજધાનીનું નામ*)

**अच्चिय** - **अर्चित ( त्रि. )**(*ચંદનાદિથી પૂજાયેલ ૨.પ્રમાણિત કરાયેલ ૩. માન્ય*)

**अच्चिसहस्समालणिज्ज** - **अर्चिःसहस्त्रमालनीय ( त्रि. )**(*જેની આસપાસથી આશ્ચર્યકારી કિરણોની હારમાળા નીકળતી હોય તેવી વસ્તુ*)

**अच्चिसहस्समाला - अर्चिःसहस्रमाला** ( **स्त्री.** )*(સહસ્રદીપ્તિઓની માળા, હજારો કિરણોની માળા-હાર)*
**अच्चिसहस्समालिणीया - अर्चिःसहस्रमालिनिका** ( **स्त्री.** )*(જેમાંથી હજારો કિરણો છૂટે તેવી માળા, હજારો દીપ્તિઓથી પરિવરેલી, હજારો કિરણાવલિવાળી)*
**अच्चीकरण - अर्चीकरण ( न. )**( *પૂર્વે નહીં કરવા યોગ્ય અર્ચાની અર્ચના કરવી તે, અર્ચા કરવી ૨. રાજાદિની પ્રશંસા-ખુશામદ કરવી તે)*
**अच्चुक्कड - अत्युत्कट ( त्रि. )**( *અતિ ઉત્કટ, અત્યન્ત ઉન્નત, અભ્યુન્નત ૨. અતિ ઉગ્ર)*
**अच्चुग्गकम्म - अत्युग्रकर्मन् ( न. )***(કર્કશ વેદનીય કર્મ, અતિ ઉગ્ર વેદનીયકર્મ)*
**अच्चुग्गकम्मडहण - अत्युग्रकर्मदहन ( त्रि. )***(અત્યુગ્ર કર્કશ વેદનીય કર્મનું દહન કરનાર ૨. અતિ ઉગ્રકર્મને નષ્ટ કરનાર)*
**अच्चुचिय - अत्युचित ( त्रि. )***(લોકોમાં અત્યન્ત શ્લાઘનીય, અતિ પ્રશંસનીય)*
**अच्चुट्ठिय - अत्युत्थित ( त्रि. )***(અત્યંત અનુચિત કાર્ય કરવા માટે ઉદ્યુક્ત થયેલ, અઘટિતકાર્ય કરવા તૈયાર થયેલ)*
**अच्चुण्ह - अत्युष्ण ( त्रि. )***(અત્યંત ઊનું-ગરમ ૨. અતિશય ઉષ્ણ સ્વભાવવાળું)*
**अच्चुदय - अत्युदक ( न. )***(અતિવર્ષા ૨. વિપુલ જળ, ઘણું પાણી)*
**अच्चुय - अच्युत ( पुं. )***(બારમો દેવલોક ૨. અગ્યારમા અને બારમા દેવલોકનો ઈન્દ્ર)*
**अच्चुया - अच्युता ( स्त्री. )***(છઠ્ઠા પદ્મપ્રભ અને સત્તરમાં કુંથુનાથ તીર્થંકરની શાસન અધિષ્ઠાયિકા દેવી)*
**अच्चुव्वाय - अत्युद्वात ( त्रि. )***(અત્યંત થાકેલ, પરિશ્રાન્ત)*
**अच्चुसिण - अत्युष्ण ( त्रि. )***(અત્યંત ઉષ્ણ, ગરમ ઓદન-ભાત વગેરે)*
**अच्छ - आस् ( धा. )***(બેસવું, આસન લગાવવું)*
★**अच्छ ( अव्य. )***(દષ્ટિ સમક્ષ રહેલ, અભિમુખ, સન્મુખ ૨ પ્રાપ્તિભાવને બતાવનાર અવ્યય)*
★**अच्छ ( त्रि. )***(નિર્મળ, સ્વચ્છ ૨. આર્યદેશ વિશેષ ૩. રીંછ ૪. સ્ફટિક રત્ન ૫.ભક્ષણ કરવું)*
★**अप्स ( त्रि. )***(જલનો વિશેષ ગુણ રસ)*
**अच्छं ( देशी )***(અતિશીઘ્ર ૨. અત્યંત)*
**अच्छंद - अच्छन्द ( त्रि. )***(જે સ્વાધીન ન હોય તે, પરાધીન, પરતંત્ર ૨. અભિપ્રાય રહિત)*
**अच्छंदग - अच्छन्दक ( पुं. )***(મોરાક ગામમાં વસતો તે નામનો પાખંડી)*
**अच्छण - आसन ( न. )***(આસન, બેઠક ૨.સેવા, પર્યુપાસના ૩. પ્રતિશ્રવણ)*
★**अक्षण ( पुं. )***(અહિંસા)*
**अच्छणघरग - आसनगृहक ( न. )***(બેઠકનું સ્થાન, વિશ્રામ સ્થાન)*
**अच्छणजोय - अक्षणयोग ( पुं. )***(અહિંસક પ્રવૃત્તિ)*
**अच्छण्णत्थ - अच्छन्नस्थ ( त्रि. )***(પ્રગટ સ્થાનમાં રહેલ)*
**अच्छति ( दि ) त - आच्छादित ( त्रि. )***(ઢાંકેલુ, આચ્છાદિત)*
**अच्छत्तय - अच्छत्रक ( त्रि. )***(છત્ર રહિત)*
**अच्छदव - अच्छद्रव ( पुं. )***(સ્વચ્છ પાણી, નિર્મળ જળ)*
**अच्छधी - अच्छधी ( त्रि. )***(શુભમતિ, નિર્મળ બુદ્ધિ)*
**अच्छभल्ल - अच्छभल्ल ( पुं. )***(રીંછ ૨.હિંસક પ્રાણી વિશેષ)*
**अच्छमाण - आसीन ( त्रि. )***(બેસતો, આસન લગાવતો)*
**अच्छरगणसंघसंविइण्ण - अप्सरोगणसंघसंविकीर्ण** ( **त्रि.** )*(અપ્સરાઓના સમુદાયથી પરિવૃત્ત, અપ્સરાઓના સમૂહથી શોભાયમાન)*
**अच्छरस - अच्छरस ( त्रि. )***(અતિનિર્મલ, એટલું સ્વચ્છ કે પાસેની વસ્તુનું પ્રતિબિમ્બ પડે)*
**अच्छरसा - अप्सरस् ( स्त्री. )***(કોઈપણ દેવી ૨. રૂપ થકી દેવી તુલ્ય સ્ત્રી)*
**अच्छरसातंडुल - अच्छरसतण्डुल ( न. )***(શ્વેત દિવ્ય ચોખા)*
**अच्छरा - अप्सरा ( स्त्री. )***(શક્ર-દેવેન્દ્રની છઠ્ઠી અગ્રમહિષી)*
**अच्छराणिवाय - अप्सरोनिपात ( पुं. )***(ચપટી ૨ આંખનો પલકારો મારીએ કે ચપટી વગાડીએ તેટલો કાળ, અત્યલ્પકાળ)*
**अच्छवि - अच्छवि ( पुं. )***(યોગનિરોધ વડે શરીર રહિત સ્નાતકનો એક ભેદ ૨. ચૌદમા ગુણસ્થાનકવર્તી સાધુ)*
**अच्छविकर - अक्षपिकर ( पुं. )***(પ્રશસ્ત વિનયનો એક પ્રકાર ૨. સ્વ-પરને વ્યથા-દુઃખ ન પહોંચે તેવો મનનો વ્યાપાર)*
**अच्छविमलसलिलपुण्ण - अच्छविमलसलिलपूर्ण ( त्रि. )***(શુદ્ધ અને નિર્મલ જળથી પૂર્ણ, સ્ફટિક જેવા સ્વચ્છ નિર્મળ જળથી પરિપૂર્ણ)*
**अच्छा - अच्छा ( स्त्री. )***(વરુણદેશની એક નગરી)*
★**अप्सा ( त्रि. )***(જળ આપનાર)*
**अच्छादणा - आच्छादना ( स्त्री. )**( *આચ્છાદિત કરવું તે, ઢાંકવું તે)*

**अच्छायणा - आच्छादना ( स्त्री. )**(*આચ્છાદિત કરવું તે, ઢાંકવું તે*)

**अच्छि - अक्षि ( न. )**(*આંખ,ચક્ષુ, નેત્ર*)

**अ ( आ ) च्छिंदण - आच्छेदन ( न. )**(*એકવારનું છેદન અથવા અલ્પ છેદન*)

**अ ( आ ) च्छिंदित्ता ( य ) - आच्छिद्य ( अव्य. )**(*હાથમાંથી ઝુંટવી લઈને*)

**अ ( आ ) च्छिंदमाण - आच्छिन्दत् ( त्रि. )**(*એકવાર છેદન કરતો, અલ્પ છેદન કરતો*)

**अच्छिक्क ( देशी )**(*અસ્પૃષ્ટ, નહિ સ્પર્શેલ*)

**अच्छिचमढण - अक्षिचमढन ( न. )**(*આંખને મસળવી તે. નેત્રને ચોળવા તે*)

**अच्छिज्ज - अच्छेद्य ( न. )**(*છેદવાને અશક્ય, અચ્છેદ્ય*)

**★आच्छेद्य ( न. )**(*ગોચરીના ૪૨ દોષમાંનો ઉદ્ગમનો ૧૪મો દોષ*)

**अच्छिज्जंति - आच्छिद्यमाना ( स्त्री. )**(*તબલા વીણાદિ વાદનના પ્રકારથી વાગતી*)

**अच्छिणिमीलिय - अक्षिनिमीलित ( न. )**(*આંખ મીંચવી તે*)

**अच्छिणिमीलियमेत्त - अक्षिनिमीलितमात्र ( न. )**(*આંખ મીંચીને ઉઘાડવામાં જેટલો સમય લાગે તે, આંખના પલકારા જેટલો કાળ*)

**अच्छिण्ण - अच्छिन्न ( त्रि. )**(*અલગ ન કરેલું હોય તે ૨. સ્ખલના નહિ પામેલ, અવિચલિત ૩. સતત*)

**★आच्छिन्न ( त्रि. )**(*બળાત્કારે ગ્રહણ કરેલું ૨. સારી રીતે છેદેલું, કાપેલ ૩. પ્રતિનિયત કાળની વિવક્ષાથી રહિત*)

**अच्छिण्णच्छेदणय - अच्छिन्नच्छेदनय ( पुं. )**(*પરસ્પર અવિભક્ત સૂત્રનો છેદ-વિભાગ ઈચ્છનાર એક નય, નયવિશેષ*)

**अच्छिण्णच्छेदणइय - अच्छिन्नच्छेदनयिक ( न. )**(*અચ્છિન્નચ્છેદ નયની અપેક્ષાએ રચેલા સૂત્ર ૨. આજીવક મતના સૂત્રની પરિપાટી*)

**अच्छित्तिणय - अच्छित्तिनय ( पुं. )**(*દ્રવ્યને નિત્ય માનનાર પક્ષ, નિત્યતાવાદ*)

**अच्छिद्द - अच्छिद्र ( त्रि. )**(*પ્રમાદાદિથી સ્ખલના રહિત, છિદ્ર રહિત, નિશ્છિદ્ર, નિર્દોષ ૨. ગોશાળાના છ દિશાચર સાધુઓમાં ચોથા દિશાચર સાધુ*)

**अच्छिद्दजाल - अच्छिद्रजाल ( न. )**(*છેદ રહિત ૨. કોઈક વસ્તુ આદિનો સમુદાય*)

**अच्छिद्दजालपाणि - अच्छिद्रजालपाणि ( पुं. )**(*છિદ્ર રહિત આંગળીઓવાળો હાથ, આંગળીઓમાં પરસ્પર છિદ્ર ન હોય તેવો હાથ*)

**अच्छिद्दपत्त - अच्छिद्रपत्र ( त्रि. )**(*અખંડપત્રવાળું, જેના પાંદડા છિદ્ર વગરના હોય તે*)

**अच्छिद्दपसिणवागरण - अच्छिद्रप्रश्नव्याकरण ( पुं. )**(*અવિરલ પ્રશ્નોત્તર જેમાં છે તે, નિર્દુષ્ટ પ્રશ્નોત્તર*)

**अच्छिद्दविमलदसण - अच्छिद्रविमलदशन् ( पुं., स्त्री. )**(*છિદ્ર રહિત નિર્મલ દંતપંક્તિવાળો ૨. પરસ્પર અવકાશરહિત દાંતવાળી*)

**अच्छिपत्त - अक्षिपत्र ( न. )**(*આંખની પાંપણ, પલક*)

**अच्छिवेहग - अक्षिवेधक ( पुं. )**(*એક પ્રકારનો ચઉરેન્દ્રિય જીવ,ઉત્તરાધ્યયનસૂત્ર અને જીવાભિગમસૂત્રમાં આનો નામોલ્લેખ મળે છે*)

**अच्छिमल - अक्षिमल ( पुं. )**(*આંખનો મેલ, નેત્રમળ-પીયો*)

**अच्छिरोडय - अक्षिरोडक ( पुं. )**(*એક પ્રકારનો ચાર ઈંદ્રિયવાળો જીવ, ઉત્તરાધ્યયનસૂત્રના છત્રીસમા અધ્યયનમાં આનો નામોલ્લેખ છે*)

**अच्छिल - अक्षिल ( पुं. )**(*એક પ્રકારનો ચાર ઈંદ્રિયવાળો જીવ, તેનો નામોલ્લેખ પૂર્વોક્ત સૂત્રમાં છે*)

**अच्छिवडणं ( देशी )**(*આંખોનું નિમીલન, આંખ મીંચવી તે*)

**अच्छिविअच्छि ( देशी )**(*પરસ્પરનું આકર્ષણ, એકબીજા તરફનું ખેંચાણ*)

**अच्छिवेयणा - अक्षिवेदना ( स्त्री. )**(*આંખની વેદના, નેત્રરોગ વિશેષ*)

**अच्छिहरुल्लो ( देशी )**(*અપ્રીતિકર ૨. વેશ, પોષાક પું.*)

**अच्छी - आच्छी ( स्त्री. )**(*અચ્છ નામના દેશમાં ઉત્પન્ન થયેલી સ્ત્રી, જેનો ઉલ્લેખ પ્રજ્ઞાપનાસૂત્રના ૧૧મા પદમાં મળે છે*)

**अच्छुय - अप्सुज ( त्रि. )**(*પાણીમાં ઉત્પન્ન થયેલ અથવા અન્તરીક્ષમાં ઉત્પન્ન થયેલ, જળમાં ઉત્પન્ન હોય તે કોઈપણ*)

**★आस्तृत ( त्रि. )**(*આચ્છાદિત, ઢાંકેલું*)

**अच्छुरण - आस्तरण ( न. )**(*ઘાસની શય્યા ૨.ચર્મમય પાથરણું ૩. સાધુની ઔપગ્રહિક ઉપધિમાં સામેલ શય્યાસન*)

**अच्छुरिय - आच्छुरित ( न. )**(*શબ્દસહિત હાસ્ય ૨. નખાઘાત ૩. નખથી વગાડાતું વાજિંત્ર ૪. વિસ્તીર્ણ, ફેલાયેલું*)

**अच्छुक्कूढ - अच्छोक्कूढ ( त्रि. )**(*સ્થાન ભ્રષ્ટ કરેલ, નિષ્કાસિત, બહાર નીકાળેલ*)

**अच्छेज्ज - अच्छेद्य ( न. )**(છેદવાને અશક્ય)
**अच्छेद - अच्छेद ( न. )**(ગૌણ અનુજ્ઞા)
**अच्छेर ( ग ) - आश्चर्य ( न. )**(આશ્ચર્ય, કુતૂહલ, વિસ્મયથી જે જણાય તે, અદ્ભુત)
**अच्छेरपेच्छणिज्ज - आश्चर्यप्रेक्षणीय ( त्रि. )**(આશ્ચર્યજનક દૃશ્ય, કૌતુક ઉપજાવે તેવી વસ્તુ)
**अच्छेरवंत - आश्चर्यवत् ( त्रि. )**(આશ્ચર્યકારી ઘટના, ચમત્કારી, જેને કહેતા આશ્ચર્ય થાય તેવું)
**अच्छोडण - आस्फोटन ( न. )**(આંગળીઓ ફોડવી ૨. ધોબીની જેમ વસ્ત્રને પથ્થર પર અફળાવવું તે)
**अच्छोडणं ( देशी )**(શિકાર, મૃગયા)
**अच्छोदग - अच्छोदक ( न. )**(સ્વચ્છ જલ)
**अच्छोदगपडिहत्थ - अच्छोदकप्रतिहस्त ( त्रि. )**(સ્વચ્છ જલથી પરિપૂર્ણ)
**अजंगम - अजङ्गम ( त्रि. )**(ગમનશક્તિ વગરનું, સ્થિર, જંઘાબળ રહિત)
**अजज्जर - अजर्जर ( त्रि. )**(જરા રહિત, વૃદ્ધત્વહીન, ઘડપણ વગરનું)
**अजणियकण्णिया - अजनितकन्यिका ( स्त्री. )**(અજનિતકન્યિકા નામક પ્રવ્રજ્યાનો એક ભેદ)
**अजमेरू - अजमेरू ( पुं. )**(અજમેર નગર)
**अजय - अयत ( पुं. )**(યતના રહિત, સર્વસાવદ્ય વિરતિહીન ૨. અવિરત સમ્યગ્દૃષ્ટિ ૨. ગૃહસ્થ કલ્પ સાધુ)
**अजयचउ - अयतचतुर ( पुं. )**(અવિરત સમ્યગ્દૃષ્ટિથી ઉપલક્ષિત અવિરત સમ્યગ્દૃષ્ટિ-દેશવિરત-પ્રમત્ત-અપ્રમત્ત આ ચાર ત્રીજાદિ ગુણસ્થાનકવર્તી)
**अजयणकारि ( ण् ) - अयतनकारिन् ( पुं. )**(જયણા રહિત કાર્ય કરનાર ૨. અસંયત સાધુ)
**अजयणा - अयतना ( स्त्री. )**(યત્ના-જયણાનો અભાવ, અજયણા, ઈર્યાદિનું પાલન ન કરવું તે)
**अजयदेव - अजयदेव ( पुं. )**(તે નામે એક રાજા, અજયદેવ રાજા)
**अजयभाव - अयतभाव ( त्रि. )**(અયતનાનો ભાવ, જયણા રહિત પરિણામ, અસંયત અધ્યવસાય)
**अजयसेवि ( ण् ) - अयतसेविन् ( त्रि. )**(અયત્ના-જયણા વગર દોષોનું સેવન કરનાર ૨. સંયમનો વિરાધક)
**अजर - अजर ( पुं. )**(જરા વગરનો, ઘડપણ રહિત ૨. દેવ ૩. કુંવારપાઠું વનસ્પતિ ૪. વૃદ્ધદારુ વૃક્ષ ૫. ગરોળી)
**अजरामर - अजरामर ( न. )**(જરા-મરણ રહિત સ્થાન, મોક્ષ, મુક્તિ ૨ સિદ્ધ ભગવાન, અમર ૪. પું. મમ્મણ શેઠ)
**अजस् - अयशस् ( न. )**(અપયશ, અકીર્તિ, અશ્લાઘા, નિંદા, સર્વદિગ્ગામિની પ્રસિદ્ધિનો અભાવ)
**अजसकारग - अयशःकारक ( त्रि. )**(સર્વદિગ્ગામિની પ્રસિદ્ધિનો અવરોધક, અપકીર્તિ કરનાર)
**अजसकित्तिणाम - अयशःकीर्त्तिनामन् ( न. )**(નામકર્મનો એક ભેદ, જેના ઉદયથી જીવ અપયશ પામે છે)
**अजसजणग - अयशोजनक ( त्रि. )**(અપયશ કરનાર ૨. પરનિંદાદિ નિંદનીય કાર્ય કરનાર)
**अजसबहुल - अयशोबहुल ( त्रि. )**(બીજાનું ખરાબ થાય તેવું કાર્ય કરે તેમાં હાથ-પગ છેદનાદિ અપજશને પામનારો, પ્રચુર નિંદાજનક કાર્ય કરનાર)
**अजससयविसप्पमाणहियय - अयशःशतविसर्पद्धृदय ( त्रि. )**(સેંકડો અપયશ-નિંદાદિક કાર્યોમાં જેનું હૃદય સતત ગતિશીલ છે તે)
**अजस्स - अजस्र ( न. )**(નિરંતર, હંમેશાંનું, ત્રિકાળ અવસ્થાયી વસ્તુમાત્ર)
**अजहण्णुक्कोस - अजघन्योत्कृष्ट ( त्रि. )**(મધ્યમ, જઘન્ય કે ઉત્કૃષ્ટ નહિ તે)
**अजहण्णुक्कोसपएसिय - अजघन्योत्कर्षप्रदेशिक ( पुं. )**(જેની જઘન્ય કે ઉત્કૃષ્ટ સ્થિતિ નથી તેવા પ્રદેશવાળો, મધ્યમ સ્થિતિના પ્રદેશોથી નિષ્પન્ન)
**अजहत्थ - अयथार्थ ( न. )**(અયથાર્થ નામ, ગુણહીન નામ)
**अजाइय - अयाचित ( त्रि. )**(યાચના વગર લીધેલું, અદત્તાદાન)
**अजाणंत - अजानत्, अजानान ( त्रि. )**(કલ્પાકલ્પને નહિ જાણતો-અગીતાર્થ, ન જાણતો)
**अजाणय - अज्ञ ( त्रि. )**(અલ્પજ્ઞાની, જ્ઞાન રહિત, મૂર્ખ ૨. વેદાંતમત સિદ્ધ અજ્ઞાનરૂપ પદાર્થવાળું)
**अजाणिय - अज्ञात्वा ( अव्य. )**(નહીં જાણીને)
**अजाणिया - अज्ञिका ( स्त्री. )**(સમ્યગ્જ્ઞાન રહિત સભા, અજ્ઞ પર્ષદા)
**अजाणू - अज्ञा ( स्त्री. )**(સમજ્યા વગર માત્ર દેખાદેખીથી કે કોઈના કહેવાથી કરેલી પાપની નિવૃતિ)
**अजाय - अजात ( त्रि. )**(અનુત્પન્ન, નહિ થયેલું ૨. અગીતાર્થ, શ્રુતસંપદારહિત હોવાથી આત્મલાભ વગરનો સાધુ ૩. અજાત કલ્પભેદ)

**अजायकप्पिय - अजातकल्पित ( पुं. )** *(અગીતાર્થ, અજાતકલ્પિક જૈન સાધુ)*

**अजिअ - अजित ( त्रि. )** *(અપરાજિત, અપરાભૂત ૨. વર્તમાન ચૌવીશીના બીજા તીર્થંકર ૩. ભાવી બીજા બલદેવ ૪. સુવિધિનાથ તીર્થંકરના અધિષ્ઠાયક યક્ષ)*

**अजिअदेव - अजितदेव ( पुं. )** *(તે નામના જૈન આચાર્ય)*

**अजिअप्पभ - अजितप्रभ ( पुं. )** *(સ્વનામખ્યાત ગણિ, તે નામક એક જૈન સાધુ)*

**अजिअबला - अजितबला ( स्त्री. )** *(અજિતનાથ ભગવાનની અધિષ્ઠાયિકા દેવી, અજિતબલા યક્ષિણી)*

**अजिअसीह - अजितसिंह ( पुं. )** *(તે નામના અંચલગચ્છીય આચાર્ય)*

**अजिअसेण - अजितसेन ( पुं. )** *(ગત ઉત્સર્પીણીમાં જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં થયેલા ચોથા કુલકર ૨. કૌશાંબી નગરીના રાજા અને ધારણીદેવીના પતિ ૩. શ્રાવસ્તી નગરીમાં સમવસરેલા અને યશોમતી નામની ખ્યાતિપ્રાપ્ત મહત્તરાને દીક્ષા આપનાર એક આચાર્ય ૪. રાજગચ્છીય તે નામના એક આચાર્ય ૫. ભદ્દિલપુર નિવાસી નાગ અને સુલસાના પુત્ર જેઓ ભગવાન અરિષ્ટનેમિ પાસે દીક્ષિત થઈને શત્રુંજય પર્વત પર સિદ્ધ થયા હતા)*

**अजिआ - अजिता ( स्त्री. )** *(ચોથા તીર્થંકર શ્રીઅભિનંદનસ્વામીના શાસનમાં દીક્ષિત એક સાધ્વી)*

**अजिइंदिय - अजितेन्द्रिय ( त्रि. )** *(જેણે પાંચ ઈંદ્રિય પર વિજય નથી મેળવ્યો તે, અજિતેન્દ્રિય ૨. અસર્વજ્ઞપણું)*

**अजिण - अजिन ( न. )** *(મૃગાદિનું ચર્મ ૨. ચર્મ ધારણ કરવું તે ૩. અસર્વજ્ઞ, જે વીતરાગ નથી તે)*

**अजिण्ण - अजीर्ण ( न. )** *(અપચો, અજીર્ણ ૨. ત્રિ. જે વૃદ્ધ નથી તે)*

**अजिम्मकंतणयणा - अजिह्मकान्तनयना ( स्त्री. )** *(નિર્વિકારી અને સહજ ચંચળ આંખોવાળી સ્ત્રી)*

**अजिय - अजित ( त्रि. )** *(અપરાજિત, અજિત)*

**अजियदेव - अजितदेव ( पुं. )** *(મુનિચંદ્રસૂરિના શિષ્ય, જુઓ 'અજિઅદેવ')*

**अजियप्पभ - अजितप्रभ ( पुं. )** *(સ્વનામ પ્રસિદ્ધ એક ગણિવર્ય, જુઓ 'અજિઅપ્પભ')*

**अजियबला - अजितबला ( स्त्री. )** *(બીજા તીર્થંકર અજિનાથ ભગવાનની શાસનદેવી, જુઓ 'અજિઅબલા')*

**अजियसीह - अजितसिंह ( पुं. )** *(તે નામના અંચલગચ્છીય એક આચાર્ય, જુઓ 'અજિઅસીહ')*

**अजियसेण - अजितसेन ( पुं. )** *(ગઈ ઉત્સર્પિણીમાં જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં થયેલા ચોથા કુલકર, જુઓ 'અજિઅસેણ')*

**अजिया - अजिता ( स्त्री. )** *(ચોથા તીર્થંકર શ્રીઅભિનંદનસ્વામીના શાસનમાં દીક્ષિત એક સાધ્વી, જુઓ 'અજિઆ')*

**अजीर - अजीर्ण ( न. )** *(જુઓ 'અજિણ્ણ' શબ્દ)*

**अजीव - अजीव ( पुं. )** *(અજીવ ૨. જીવ દ્રવ્યથી વિપરીત લક્ષણવાળા ધર્માસ્તિકાયાદિ દ્રવ્ય)*

**अजीवआणवणिया - अजीवाज्ञापनिका ( स्त्री. )** *(અજીવ પરત્વે આજ્ઞા-આદેશ કરવાથી થતો એક કર્મબંધ ૨ પચ્ચીસ ક્રિયા પૈકીની એક ક્રિયાનો ભેદ, આણવણિયાક્રિયા)*

★**अजीवानायनी ( स्त्री. )** *(અજીવ વિષયક આનાયની, અજીવ પદાર્થના લાવવા કે લઈ જવાની ક્રિયા તે આનાયની ક્રિયા)*

**अजीवआरंभिया - अजीवारम्भिका ( स्त्री. )** *(લોટની જીવાકૃતિ વગેરે અજીવના આરંભની ક્રિયા ૨. આરંભિકી ક્રિયાનો એક પ્રકાર)*

**अजीवकाय - अजीवकाय ( पुं. )** *(ધર્માસ્તિકાયાદિ પદાર્થ ૨. અચેતન પદાર્થોની રાશિ)*

**अजीवकायअसंजम - अजीवकायासंयम ( पुं. )** *(અજીવપદાર્થને આશ્રિત જીવનો વિઘાત, વસ્ત્ર-પાત્રાદિક વાપરતા જીવોની હિંસા થવી તે)*

**अजीवकायअसमारंभ - अजीवकायासमारम्भ ( पुं. )** *(અજીવકાય વસ્ત્ર-પાત્રાદિ લેતા મૂકતા કોઈ જીવને ત્રાસ થાય તે, અજીવકાય આશ્રિત જીવોને પરિતાપ કરવો તે)*

**अजीवकायआरंभ - अजीवकायारम्भ ( पुं. )** *(અજીવકાય વસ્ત્ર-પાત્રાદિ લેતા મૂકતા કોઈ જીવને દુઃખ ઉપજાવવું તે ૨. આરંભિકી ક્રિયાનો એક ભેદ)*

**अजीवकायसंजम - अजीवकायसंयम ( पुं. )** *(અજીવકાય વસ્ત્ર-પાત્રાદિ લેતા મૂકતા જયણા પાળવી તે ૨. કોઈ જીવને દુઃખ ન આપવું તે)*

**अजीवकिरिया - अजीवक्रिया ( स्त्री. )** *(અજીવનો વ્યાપાર ૨. અજીવ-પુદ્ગલ સમૂહનું ઈર્યાપથિક બંધ કે સાંપરાયિક બંધરૂપે પરિણમવું તે ૩. ઈરિયાવહિયા અને સાંપરાયિકી એ બે ક્રિયામાંથી ગમે તે એક)*

**अजीवणिस्सिय - अजीवनिःश्रित ( त्रि. )** *(અજીવને આશ્રયીને રહેલ, અજીવ નિશ્રિત)*

★ **अजीवनि:सृत ( त्रि. )**(અજીવ થકી નીકળેલું, અજીવદ્રવ્યથી નીસરેલું)

**अजीवदव्वविभत्ति - अजीवद्रव्यविभक्ति ( स्त्री. )**(અજીવ દ્રવ્યના વિભાગ-પૃથક્કરણરૂપ વિવેચન, અજીવદ્રવ્યનું પૃથક્કરણ)

**अजीवदिट्ठिया - अजीवदृष्टिका ( जा ) ( स्त्री. )**(અજીવ-ચિત્રામણ આદિ જોવાથી લાગતી ક્રિયા ૨. અજીવદષ્ટિકા-જા ક્રિયાનો એક ભેદ)

**अजीवदेस - अजीवदेश ( पुं. )**(અજીવરૂપ સંપૂર્ણ વસ્તુનો એક કકડો ૨. ધર્માસ્તિકાયાદિ અજીવ પદાર્થોનો એક ટુકડો)

**अजीवधम्म - अजीवधर्म ( पुं. )**(મૂર્ત અજીવ દ્રવ્યોના વર્ણ-ગંધ-રસ-સ્પર્શરૂપ ધર્મ ૨. અમૂર્ત અજીવ દ્રવ્યોનો ગત્યાદિમાં સહાયતાદિ ધર્મ-ગુણ)

**अजीवपज्जव - अजीवपर्याय ( पुं. )**(અજીવપદાર્થના પર્યાય, અજીવ વસ્તુનો વિશેષ ધર્મ, અજીવ ગુણ)

**अजीवपण्णवणा - अजीवप्रज्ञापना ( स्त्री. )**(અજીવના પ્રકાર બતાવવા તે, અજીવના સ્વરૂપનું નિરૂપણ કરવું તે, પ્રજ્ઞાપનાનો એક ભેદ)

**अजीवपरिणाम - अजीवपरिणाम ( पुं. )**(બંધન, ગતિ આદિ પુદ્ગલોનો પરિણામ)

**अजीवपाउसिया - अजीवप्राद्वेषिकी ( स्त्री. )**(અજીવ પદાર્થ ઉપર દ્વેષ કરવાની ક્રિયા ૨. પ્રાદ્વેષિકી ક્રિયાનો એક ભેદ)

**अजीवपाडुच्चिया - अजीवप्रातीतिकी ( स्त्री. )**(અજીવ પદાર્થો પ્રત્યે રાગ કે દ્વેષ કરવાથી થતો કર્મબંધ ૨. અજીવપ્રાતીતિકી ક્રિયાનો ભેદ વિશેષ)

**अजीवपुट्ठिया - अजीवपृष्टिका ( जा ) ( स्पृष्टिका ) ( स्त्री. )**(અજીવને રાગ-દ્વેષના ભાવપૂર્વક સ્પર્શવાની ક્રિયાથી થતો કર્મબંધ ૨. સ્પૃષ્ટિકા/પૃષ્ટિકા/પૃષ્ટિજા ક્રિયાનો એક ભેદ)

**अजीवमिस्सिया - अजीवमिश्रिता ( स्त्री. )**(સત્યમૃષાભાષાનો એક ભેદ, અજીવ આશ્રયીને કહેલું અર્ધસત્ય કથન)

**अजीवरासि - अजीवराशि ( पुं. )**(અજીવનો સમૂહ ૨. રાશિનો એક ભેદ)

**अजीवविजय - अजीवविचय ( पुं., न. )**(અનંત પર્યાયાત્મક ધર્માસ્તિકાયાદિ અજીવ પદાર્થોનું ચિંતન કરવું તે)

**अजीववेयारणिया - अजीववैदारणिका, अजीववैक्रयणिका, अजीववैचारणिका, अजीववैतारणिका ( स्त्री. )**(અજીવને વિદારવાથી કે અજીવપદાર્થ નિમિત્તે કોઈને છેતરવાથી થતો કર્મબંધ ૨. વૈદા/વૈક્ર્ય/વૈચા/વૈતા રણિકી ક્રિયાનો એક ભેદ)

**अजीवसामंतोवणिवाइया - अजीवसामन्तोपनिपातिकी ( स्त्री. )**(સ્વવસ્તુના વખાણ થતાં સાંભળીને મનમાં રાજી થવાથી થતો કર્મબંધ ૨. સામંતોપનિપાતિકી ક્રિયાનો ભેદ વિશેષ)

**अजीवसाहत्थिया - अजीवस्वाहस्तिका ( स्त्री. )**(અજીવ-ખડ્ગાદિ દ્વારા અજીવને હણવાની ક્રિયાથી થતો કર્મબંધ ૨. અજીવસ્વાહસ્તિકી ક્રિયાનો એક ભેદ)

**अजीवापच्चक्खाणकिरिया - अजीवाप्रत्याख्यानक्रिया ( स्त्री. )**(અજીવ-મદ્યાદિના અપ્રત્યાખ્યાનથી થતો કર્મબંધ, અપચ્ચક્ખાણ ક્રિયાનો ભેદ)

**अजीवाभिगम - अजीवाभिगम ( पुं. )**(ગુણ પ્રત્યય અવધિ આદિ પ્રત્યક્ષ જ્ઞાનથી પુદ્ગલાદિ અજીવનો બોધ થવો તે)

**अजीवुब्भव - अजीवोद्भव ( त्रि. )**(અજીવથી ઉત્પન્ન થયેલ, અજીવોદ્ભવ પદાર્થ)

**अजु - अयु ( त्रि. )**(અન્યથી અમિશ્રિત ૨. જુદું નહિ થયેલું)

**अजुअलवण्णा ( देशी )**(આંબલીનું વૃક્ષ, આંબલી)

**अजुअलवण्णो ( देशी )**(સાતપુડાનું વૃક્ષ)

**अजुओ ( देशी )**(સાતપુડાનું વૃક્ષ, જુઓ ઉપરોક્ત શબ્દ)

**अजुगलिअ - अयुगलित ( त्रि. )**(સમશ્રેણીએ ન રહેલ, એક પંક્તિ-હારમાં ન રહેલ)

**अजुण्णदेव - अजीर्णदेव ( पुं. )**(અલ્લાઉદ્દીનના આગમનના અગાઉના સમયમાં થયેલ એક જૈન રાજા)

**अजुत्त - अयुक्त ( त्रि. )**(અનુચિત, અયોગ્ય, આપત્તિગ્રસ્ત ૨. યોગ્યતાનો અભાવ ૩. બહિર્મુખ ૪. યુક્તિ રહિત ૫. નિયોજિત નહીં તે)

**अजुत्तरूव - अयुक्तरूप ( त्रि. )**(અનુચિત વેશધારી, અસંગત રૂપ)

**अजूरणया - अजीर्णता, अजरणता ( स्त्री. )**(શરીરને જીર્ણ બનાવનાર શોકાદિ ન કરવા તે)

**अजोग - अयोग ( पुं. )**(શૈલેષીકરણ, મન, વચન, કાયાના સર્વ વ્યાપારોની ચપળતા રહિત યોગ ૨. અસંભવ ૩. અપ્રશસ્તપણું ૪. એક રોગ વિશેષ ૫ વિધુર ૬. કુટ ૭. કઠિનોદય ૮. જ્યોતિષીય એક યોગ ૯. અવ્યાપાર)

**अजोगया - अयोगता ( स्त्री. )**(યોગનિરોધની પછી અને શૈલેષીકરણ પહેલા વર્તતી આત્માની અવસ્થા, યોગ નિરોધ, યોગનો અભાવ, અયોગીપણું)

**अजोगरूव - अयोगरूप ( त्रि. )**(અયોગ્ય, અઘટિત, અનુચિત)

**अजोगि ( ण् ) - अयोगिन् ( पुं. )**(યોગ રહિત, મન, વચન, કાયાના યોગ વિનાનો, નિરુદ્ધ યોગી, ચૌદમા ગુણસ્થાનવર્તી જીવ તથા સિદ્ધ ભગવંત)

**अजोगिकेवलि ( ण् ) - अजोगिकेवलिन् ( पुं. )**(શૈલેશી અવસ્થાગત આત્મા, જેણે પોતાનો શુદ્ધસ્વભાવ પ્રાપ્ત કર્યો છે તે ચૌદમા ગુણસ્થાનકવર્તી કેવળી ભગવંત)

**अजोगिकेवलिगुणठाण - अयोगिकेवलिगुणस्थान ( न. )**(ચૌદમું ગુણસ્થાનક, અયોગિકેવલીનું ગુણસ્થાનક)

**अजोगिभवत्थ - अयोगिभवस्थ ( पुं. )**(ચૌદમાં ગુણસ્થાનકવર્તી આત્મા, શૈલેષી અવસ્થા પ્રાપ્ત, અયોગિકેવલી)

**अजोगिभवत्थकेवलणाण - अयोगिभवस्थकेवलज्ञान ( न. )**(શૈલેશીકરણ અવસ્થાગત કેવલજ્ઞાન)

**अजोगिसंतिगा - अयोगिसत्ताका ( स्त्री. )**(ચૌદમાં ગુણસ્થાનવર્તી જીવને પ્રાપ્ત સત્તાવાળી કર્મપ્રકૃતિઓ)

**अजोग्ग - अयोग्य ( त्रि. )**(અનુચિત, અયોગ્ય, યોગ્ય નહીં તે)

**अजोणिभूय - अयोनिभूत ( न. )**(વિધ્વસ્ત યોનિ, નષ્ટ યોનિ ૨. ઉત્પત્તિના હેતુની અસમર્થતા)

**अजोणिय - अयोनिक ( पुं. )**(સિદ્ધ, મુક્તાત્મા)

**अजोसिय - अजुष्ट ( त्रि. )**(નહીં સેવેલું ૨. પાળેલું ન હોય તે)

**अज्ज - अर्ज् ( धा. )**(પ્રાપ્ત કરવું, મેળવવું ૨. સંસ્કારવાળું કરવું)

**★अज्ञ ( त्रि. )**(અજ્ઞાની, મૂર્ખ)

**★अद्य ( अव्य. )**(આજ, વર્તમાન દિવસ, આજ રોજ ૨. વૈભારગિરિની તલેટીમાં આવેલ એક જળાશય)

**★अब्ज ( न. )**(પદ્મ, કમળ ૨. શંખ ૩. ધન્વંતરી ૪. ચંદ્ર ૫. જલોત્પન્ન વસ્તુ ૬. અબજની સંખ્યા ૭. એક જાતનું કપૂર ૮ નિચુલ વૃક્ષ ૯. દશ અર્બુદની સંખ્યા)

**★अर्घ्य ( त्रि. )**(સ્વામી ૨. વૈશ્ય)

**★आर्य ( त्रि. )**(શ્રેષ્ઠ, ઉત્તમ, ૨. પવિત્ર, શિષ્ટાચારવાળો ૩. સાધુ ૪. માતામહ ૫. પિતામહ ૬. ગોત્રપ્રવર્તક ઋષિ ૭. શાંડિલ્યના શિષ્ય આર્યગોત્રીય આચાર્ય જીતધરસૂરિ ૮. આમંત્રણવાચી શબ્દ)

**अज्जइसिवालिय - आर्यर्षिपालित ( पुं., स्त्री. )**(માઠરસ ગોત્રીય આર્યશાન્તિશ્રેણિના ચોથા શિષ્ય ૨. આર્યઋષિપાલિતથી નીકળેલ એક શાખા)

**अज्जउत्त - आर्यपुत्र ( पुं. )**(આર્યપુત્ર, સંસ્કારી માતા-પિતાનો પુત્ર, નિષ્પાપ માતા-પિતાનો પુત્ર)

**अज्जओ ( देशी )**(ઘાંસનો એક ભેદ, તૃણભેદ ૨. બોળનામે સુગંધી દ્રવ્ય ૩. તજ)

**अज्जकण्ह - आर्यकृष्ण ( पुं. )**(દિગમ્બરમત પ્રવર્તક શિવભૂતિના ગુરુ, તે નામના એક આચાર્ય.)

**अज्जकम्म - आर्यकर्मन् ( न. )**(શિષ્ટજનોચિત પ્રવૃત્તિ, નૃશંસાદિથી નિવર્તેલ કર્મ)

**अज्जकालग - आर्यकालक ( पुं. )**(તે નામના એક આચાર્ય, શ્યામાર્ય નામે પ્રસિદ્ધ આચાર્ય)

**अज्जखउड - आर्यखपुट ( पुं. )**(તે નામના એક આચાર્ય, ખપુટાચાર્ય, વિદ્યાસિદ્ધ એક આચાર્ય)

**अज्जग - आर्यक ( पुं. )**(દાદા, પિતામહ, પિતાના પિતા)

**★आद्यक ( पुं. )**(પૃથ્વી પર ઊગનારું એક ઘાસ)

**अज्जगंग - आर्यगङ्ग ( पुं. )**(તે નામના એક નિહ્નવ આચાર્ય, દ્વિક્રિયા મતના પ્રવર્તક આચાર્ય)

**अज्जघोस - आर्यघोष ( पुं. )**(ભગવાન પાર્શ્વનાથના દ્વિતીય ગણધર)

**अज्जचंदणा - आर्यचन्दना ( स्त्री. )**(ભગવાન મહાવીરની પ્રથમ સાધ્વી શિષ્યા, સાધ્વી મૃગાવતીની ગુરુણી)

**अज्जजंबू - आर्यजम्बू ( पुं. )**(આર્ય જંબૂસ્વામી, સુધર્માસ્વામીના શિષ્ય, આ કાળના અંતિમ કેવળી)

**अज्जजक्खिणी - आर्ययक्षिणी ( स्त्री. )**(યક્ષિણી આર્યા, ભગવાન નેમિનાથની પ્રથમ શિષ્યા)

**अज्जजयंत - आर्यजयन्त ( पुं. )**(આર્ય જયંત, વજ્રસેનસૂરિના ત્રીજા પટ્ટધર શિષ્ય)

**अज्जजयंती - आर्यजयन्ती ( स्त्री. )**(આર્ય રથથી નીકળેલી એક શાખા, આર્યજયંતી શાખા)

**अज्जजीयध ( ह ) र - आर्यजीतधर ( पुं. )**(કૌશિક ગોત્રના આર્ય શાંડિલ્યના શિષ્ય, જીતધર નામના એક સૂરિ)

**अज्जण - अर्जन ( न. )**(ભેગું કરવું તે, એકઠું કરવું તે ૨. સંપાદન કરવું તે)

**अज्जणक्खत्त - आर्यनक्षत्र ( पुं. )**(જૈનાચાર્ય શ્રીઆર્યભદ્રના શિષ્ય)

**अज्जणंदिल - आर्यनन्दिल ( पुं. )**(આર્ય મંગુના શિષ્ય)

**अज्जणाइल - आर्यनागिल ( पुं. )**(આર્ય વજ્રસેનના પ્રથમ શિષ્ય)

**अज्जणाइला - आर्यनागिला ( स्त्री. )**(*આર્યનાગિલથી નીકળેલી શાખા*)
**अज्जणाइली - आर्यनागिली ( स्त्री. )**(*આર્યવજ્રસેનથી નીકળેલી શાખા*)
**अज्जणित्ता - अर्जयित्वा ( अव्य. )**(*મેળવીને, ઉપાર્જન કરીને*)
**अज्जतावस - आर्यतापस ( पुं. )**(*આર્યવજ્રસેનના ચોથા શિષ્ય*)
**अज्जतावसी - आर्यतापसी ( स्त्री. )**(*આર્ય તાપસથી નીકળેલી શાખા*)
**अज्जत्ता - अद्यता ( स्त्री. )**(*વર્તમાન કાલીનતા*)
**★ आर्यता ( स्त्री. )**(*આર્યત્વ, પાપકર્મ બહિર્ભૂતપણું, સાધુતા*)
**अज्जथूलभद्द - आर्यस्थूलभद्र ( पुं. )**(*આર્ય સંભૂતિવિજયના શિષ્ય, આર્ય મહાગિરિ અને આર્ય સુહસ્તિના ગુરુ, શકડાલ મંત્રીના જ્યેષ્ઠપુત્ર*)
**अज्जदिण्ण - आर्यदत्त ( पुं. )**(*ભગવાન પાર્શ્વનાથના પ્રથમ ગણધર ૨. કાશ્યપગોત્રીય ઈન્દ્રદત્તના શિષ્ય*)
**अज्जद्दय - आर्यार्द्रक ( पुं. )**(*ચોવીસમાં તીર્થપતિ શ્રીમહાવીરસ્વામીના શિષ્ય, આર્ય આર્દ્રકમુનિ*)
**अज्जधम्म - आर्यधर्म ( पुं. )**(*આર્યમંગુના એક શિષ્ય અને આર્ય ભદ્રગુપ્તના ગુરુ ૨. આર્યસિંહના શિષ્ય અને આર્ય શાંડિલ્યના ગુરુ*)
**अज्जपउम - आर्यपद्म ( पुं. )**(*દશપૂર્વી આર્યવજ્રસ્વામીના દ્વિતીય શિષ્ય, આર્યપદ્મ*)
**अज्जपउमा - आर्यपद्मा ( स्त्री. )**(*આર્યપદ્મથી નીકળેલી એક શાખાનું નામ, આર્યપદ્માશાખા*)
**अज्जपुंगल - आर्यपुद्गल ( पुं. )**(*બૌદ્ધદર્શન પરિભાષિત બાહ્ય અર્થના અભાવવાળા કેવળ બુદ્ધિગમ્ય અર્થ*)
**अज्जपूसगिरि - आर्यपुष्यगिरि ( पुं. )**(*આર્યરથના શિષ્ય, આર્યપુષ્પગિરિ*)
**अज्जपोमिल - आर्यपोमिल ( पुं. )**(*આર્યવજ્રસેનના દ્વિતીય શિષ્ય, આર્યપોમિલ*)
**अज्जपोमिला - आर्यपोमिला ( स्त्री. )**(*આર્યપોમિલથી નીકળેલ શાખા, આર્યપોમિલી શાખા*)
**अज्जप्पभव - आर्यप्रभव ( पुं. )**(*અંતિમ કેવલી જંબૂસ્વામીના શિષ્ય, આર્ય પ્રભવ*)
**अज्जप्पभिइ - अद्यप्रभृति ( अव्य. )**(*આજથી માંડીને, આજથી પ્રારંભીને*)
**अज्जफग्गुमित्त - आर्यफल्गुमित्र ( पुं. )**(*આર્યપુષ્યગિરિના શિષ્ય અને આર્યધનગિરિના ગુરુ, આર્યફલ્ગુમિત્ર*)
**अज्जम ( ण् ) - अर्यमन् ( पुं. )**(*સૂર્ય ૨. દેવવિશેષ ૩. ઉત્તરાફાલ્ગુની નક્ષત્રનો સ્વામી દેવ ૪. પિતૃરાજા*)
**अज्जमंगु - आर्यमङ्गु ( पुं. )**(*આર્ય સમુદ્રના શિષ્ય*)
**अज्जमणग - आर्यमणक ( पुं. )**(*મનક મુનિ, શય્યંભવસૂરિના સાંસારિક પુત્ર મુનિ*)
**अज्जमहागिरि - आर्यमहागिरि ( पुं. )**(*આર્ય સ્થૂલિભદ્રના શિષ્ય, એલાપત્યગોત્રીય આર્યમહાગિરિ નામના આચાર્ય*)
**अज्जरक्ख - आर्यरक्ष ( पुं. )**(*આર્યનક્ષત્રના શિષ્ય, આર્યરક્ષ*)
**अज्जरक्खिय - आर्यरक्षित ( पुं. )**(*આર્યરક્ષિત, તોસલિપુત્ર આચાર્યના શિષ્ય*)
**अज्जरक्खियमीस - आर्यरक्षितमिश्र ( पुं. )**(*આર્ય રક્ષિતમિશ્ર, આગમ અનુયોગના કર્તા આર્ય રક્ષિતસૂરિ*)
**अज्जरह - आर्यरथ ( पुं. )**(*આર્ય વજ્રસ્વામીના ત્રીજા શિષ્ય*)
**अज्जल - आद्यल ( पुं. )**(*મ્લેચ્છ જાતિનો એક ભેદ વિશેષ*)
**अज्जव - आर्जव ( न. )**(*સરળતા, કપટનો અભાવ ૨. સંવર ૩. શ્રમણધર્મનો ત્રીજો ભેદ ૪. યોગસંગ્રહનો દશમો પ્રકાર*)
**अज्जवइर - आर्यवज्र ( वैर ) ( पुं. )**(*આર્ય સિંહગિરિના શિષ્ય, અંતિમ દશપૂર્વી*)
**अज्जवइरसेण - आर्यवज्रसेन ( पुं. )**(*આર્ય વજ્રસ્વામીના પ્રથમ શિષ્ય*)
**अज्जवइरी - आर्यवज्री ( स्त्री. )**(*આર્યવજ્રસ્વામીથી નીકળેલી આર્યવજ્રી શાખા*)
**अज्जवट्ठाण - आर्जवस्थान ( न. )**(*આર્જવાદિ સંવરના પાંચ સ્થાન ૨.સાધુ ૩. સંવરનું સ્થાન*)
**अज्जवपहाण - आर्जवप्रधान ( त्रि. )**(*આર્જવ પ્રધાન, સરળતા મુખ્ય છે જેમાં તે, માયાના ઉદયનો નિગ્રહ કરવામાં પ્રધાન હોય તે*)
**अज्जवभाव - आर्जवभाव ( पुं. )**(*અશઠતા, સરળતા, અમાયાવી ભાવ, કપટનો અભાવ*)
**अज्जवया - आर्जवता ( स्त्री. )**(*ઋજુતા, સરળતા, માયા-કપટ-દંભનો ત્યાગ, શ્રમણધર્મનો એક ભેદ*)
**अज्जविय - आर्जव ( न. )**(*અમાયાવીપણું, સરળતા, અશઠતા*)
**अज्जवेडय - आर्यवेटक ( न. )**(*હારિતસ ગોત્રીય શ્રીગુપ્તથી નીકળેલ ચારણગણનું છઠ્ઠું કુળ*)

**अज्जसमिय - आर्यसमित ( पुं. )**_(આર્ય સિંહગિરિના શિષ્ય)_
**अज्जसमुद्द - आर्यसमुद्र ( पुं. )**_(આર્ય શાંડિલ્યના શિષ્ય, ઉદધિ-સમુદ્ર નામા આચાર્ય)_
**अज्जसाम - आर्यश्याम ( पुं. )**_(શ્યામાચાર્ય, જેમનું બીજું નામ કાલકાચાર્ય હતું)_
**अज्जसुहत्थि ( ण् ) - आर्यसुहस्तिन् ( पुं. )**_(આર્ય સ્થૂલિભદ્રસ્વામીના સ્થવિર શિષ્ય, આર્ય સુહસ્તિસૂરિ)_
**अज्जसुहम्म ( ण् ) - आर्यसुधर्मन् ( पुं. )**_(ભગવાન મહાવીરના શિષ્ય, પંચમ ગણધર)_
**अज्जसेणिय - आर्यसैनिक ( पुं. )**_(આર્ય શાન્તિસૈનિકના દ્વિતીય શિષ્ય, આર્યસૈનિક)_
**अज्जसेणिया - आर्यसैनिकी ( स्त्री. )**_(આર્ય સૈનિકથી નીકળેલી શાખા, આર્યસૈનિકી શાખા)_
**अज्जा - आद्या ( स्त्री. )**_(પ્રથમ થનાર ૨. અંબિકા ૩. અન્ય મતે ગાય)_
**★आर्या ( स्त्री. )**_(પ્રશાંત સ્વરૂપી દુર્ગા ૨. સાધ્વી ૩. આર્યા નામક માત્રા છંદ ૪. ૬૪ કળામાંની ૨૧મી કળા ૫. ગૌરી-પાર્વતી ૬. ૧૫માં તીર્થંકરની સાધ્વી ૭. મલ્લિનાથ પ્રભુની સાધ્વી ૮. પૂજ્ય કે માન્ય સ્ત્રી)_
**अज्जाकप्प - आर्याकल्प ( पुं. )**_(સાધ્વીએ લાવેલ આહાર, આર્યાકલ્પ)_
**अज्जाणंदिल - आर्यनन्दिल ( पुं. )**_(આર્યમંગુના શિષ્ય અને આર્ય નાગહસ્તિના ગુરુ)_
**अज्जालद्ध - आर्यालब्ध ( त्रि. )**_(સાધ્વીએ પ્રાપ્ત કરેલ વસ્તુ, સાધ્વીએ મેળવેલ હોય તે)_
**अज्जावेयव्व - आज्ञापयितव्य ( त्रि. )**_(આજ્ઞા કરવા યોગ્ય, હુકમ કરવા યોગ્ય)_
**अज्जासंसग्गी - आर्यासंसर्गी ( पुं. )**_(સાધ્વીનો પરિચય, આર્યાનો સંસર્ગ)_
**अज्जासाढ - आर्याषाढ ( पुं. )**_(અવ્યક્તદષ્ટિ-નિહ્નવમતવાળા સાધુઓના ગુરુ)_
**अज्जिअ - अर्जित ( त्रि. )**_(ઉપાર્જિત કરેલું, ઉત્પન્ન કરેલ ૨. સંઘરેલ)_
**अज्जिअलाभ - आर्यिकालाभ ( पुं. )**_(સાધ્વીઓથી લાભ, સાધ્વીએ લાવેલ આહાર-વસ્ત્ર-પાત્રાદિ)_
**अज्जिआ - आर्यिका ( स्त्री. )**_(નાની, દાદી, સાધ્વી)_
**अज्जु - अद्य ( अव्य. )**_(આજરોજ, આજ, આજના દિવસમાં)_
**अज्जुण - अर्जुन ( पुं. )**_(પાંડુપુત્ર ૨. શ્વેતવર્ણ ૩. એક બહુબીજવાળું વૃક્ષ, તેનું પુષ્પ ૪. શ્વેત સુવર્ણ ૫. તૃણ વિશેષ ૬. ગોશાળાનો છઠ્ઠો દિગ્ચર ગૌતમપુત્ર ૭. કડાયાનું ઝાડ ૮. હૈહયવંશીય કૃતવીર્યનો પુત્ર રાજા)_
**अज्जुणग - अर्जुनक ( पुं. )**_(અર્જુનમાળી, સ્વનામ ખ્યાત તસ્કર-ચોર)_
**अज्जुणसुवण्ण - अर्जुनसुवर्ण ( न. )**_(સફેદ સોનું, અં. પ્લેટીનમ)_
**अज्जोग - अयोग ( पुं. )**_(યોગ રહિત)_
**अज्जोगि ( ण् ) - अयोगिन् ( पुं. )**_(અયોગી કેવલી)_
**अज्झओ ( देशी )**_(પડોશી, પાડોશમાં રહેનાર)_
**अज्झत्त - अध्यात्म ( न. )**_(આત્માને અનુલક્ષીને જે વર્તે તે, આત્મા-પરમાત્મા સંબંધી ૨. મન, ચિત્ત ૩. સમ્યગ્ધર્મધ્યાનાદિ ભાવના)_
**★अध्यात्मस्थ ( न. )**_(ઇષ્ટ અનિષ્ટ સંયોગાદિ હેતુઓથી ઉત્પન્ન થયેલ સુખ-દુઃખ વગેરે, મનમાં રહેનાર)_
**अज्झत्तओग - अध्यात्मयोग ( पुं. )**_(ધર્મધ્યાન ૨. યોગ વિશેષ ૩. ચિત્તની એકાગ્રતા, સુસ્થિત અંતઃકરણતા ૩. મનને વિષયોમાંથી વાળીને આત્મામાં જોડવું તે)_
**अज्झत्तओगसाहणजुत्त - अध्यात्मयोगसाधनयुक्त ( पुं. )**_(મનના ધર્મધ્યાનાદિ વ્યાપારોના સાધન સ્વરૂપ એકાગ્રતાદિથી યુક્ત, ચિત્તની એકાગ્રતાવાળો)_
**अज्झत्तओगसुद्धादाण - अध्यात्मयोगशुद्धादान ( त्रि. )**_(શુભ ચિત્તથી વિશુદ્ધ ચારિત્ર પાલન, અધ્યાત્મયોગથી અથવા ધર્મધ્યાનથી શુદ્ધ ચરિત્ર જેનું છે તે)_
**अज्झत्तकिरिया - अध्यात्मक्रिया ( स्त्री. )**_(ક્રિયાસ્થાનનો આઠમો પ્રકાર ૨. કોઈપણ વડે ક્યારેય પણ નહીં તિરસ્કારાયેલ વ્યક્તિનો ઉદાસીનતાવાળો વિચાર)_
**अज्झत्तज्झाणजुत्त - अध्यात्मध्यानयुक्त ( त्रि. )**_(પ્રશસ્ત ધ્યાનયુક્ત, શુભ અંતઃકરણ વડે ધ્યાન સહિત હોય તે)_
**अज्झत्तदंड - अध्यात्मदण्ड ( पुं. )**_(શોકાદિથી અભિભૂત ક્રિયાસ્થાનનો આઠમો પ્રકાર ૨. કષાય કે આર્તધ્યાનાદિથી લાગતો કર્મબંધ)_
**अज्झत्तदोस - अध्यात्मदोष ( पुं. )**_(કષાય)_
**अज्झत्तमयपरिक्खा - अध्यात्ममतपरीक्षा ( स्त्री. )**_(તે નામનો ગ્રંથ વિશેષ, અધ્યાત્મમતપરીક્ષા ગ્રંથ)_
**अज्झत्तरय - अध्यात्मरत ( त्रि. )**_(પ્રશસ્ત ધ્યાનમાં આસક્ત, અધ્યાત્મધ્યાન રત)_

**अज्झत्तवत्तिय - अध्यात्मप्रत्ययिक ( पुं. ), आध्यात्मिकप्रत्ययिक ( न. )**(ક્રિયાના તેર સ્થાનકમાંનું આઠમું ક્રિયાસ્થાન ૨. સ્વતઃ મનમાં ઉત્પન્ન થનાર શોકાદિ, ચિત્ત-હેતુક)

**अज्झत्तवयण - अध्यात्मवचन ( न. )**(અધ્યાત્મ વચન ૨. સોળ પ્રકારના વચનોમાંનો સાતમો પ્રકાર ૩. એકાએક નીકળેલું વચન)

**अज्झत्तबिंदु - अध्यात्मबिन्दु ( पुं. )**(તે નામનો એક ગ્રંથ)

**अज्झत्तविसीयण - अध्यात्मविषीदन ( न. )**(સંયમના કષ્ટોથી વિષાદ પામેલ, સંયમભીરુ)

**अज्झत्तविसुद्ध - अध्यात्मविशुद्ध ( त्रि. )**(વિશુદ્ધ અંતઃકરણવાળો)

**अज्झत्तविसोहिजुत्त - अध्यात्मविशोधियुक्त ( त्रि. )**(આંતરિક શુદ્ધિવાળો, પવિત્ર ભાવયુક્ત)

**अज्झत्तवेइ ( ण् ) - अध्यात्मवेदिन् ( त्रि. )**(સુખ-દુઃખાદિને તેના સ્વરૂપથી જાણનાર)

**अज्झत्तसंवुड - अध्यात्मसंवृत्त ( त्रि. )**(અધ્યાત્મમાં મન લગાડનાર, અધ્યાત્મમાં ચિત્તવાળો, આત્મરમણતાવાળો)

**अज्झत्तसम - अध्यात्मसम ( त्रि. )**(અધ્યાત્મને અનુરૂપ પરિણામવાળો)

**अज्झत्तसुइ - अध्यात्मश्रुति ( स्त्री. )**(ચિત્તજય ઉપાય પ્રતિપાદક શાસ્ત્ર, મનને જીતવાના ઉપાયો બતાવનાર શાસ્ત્ર)

**अज्झत्तसुद्धि - अध्यात्मशुद्धि ( स्त्री. )**(ચિત્તશુદ્ધિ, અંતઃકરણની શુદ્ધિ)

**अज्झत्तसोहि - अध्यात्मशोधि ( त्रि. )**(ચિત્તશુદ્ધિ, અધ્યાત્મશોધિ)

**अज्झत्तिय - आध्यात्मिक ( त्रि. )**(આત્મામાં ઉત્પન્ન થયેલ ૨. આત્મા કે મન સાથે સંબંધ રાખનાર ૩. આઠમું ક્રિયાસ્થાન)

**अज्झत्तियवीरिय - आध्यात्मिकवीर्य ( न. )**(આત્મિક શક્તિ, આત્મવીર્ય, ક્ષમા-ધૃતિ-ઉદ્યમ-સંયમ-તપાદિરૂપ આત્મિક સત્ત્વ)

**अज्झत्थ - अध्यात्म ( न. )**(આત્મામાં ઉત્પન્ન થયેલ, આત્મરમણતા, સમ્યગ્ ધર્મધ્યાનાદિ શુભભાવના)

**अज्झत्थओग - अध्यात्मयोग ( पुं. )**(અધ્યાત્મયોગ, રાગ-દ્વેષ રહિત અંતઃકરણની એકાગ્રતા, ધર્મધ્યાન)

**अज्झत्थओगसाहणजुत्त - अध्यात्मयोगसाधनयुक्त ( पुं. )**(ચિત્તના ધર્મધ્યાનાદિ વ્યાપારોને સાધનાર એકાગ્રતાદિ યુક્ત)

**अज्झत्थओगसुद्धादाण - अध्यात्मयोगशुद्धादान ( त्रि. )**(શુભચિત્તથી વિશુદ્ધ થયેલા ચારિત્રવાળો)

**अज्झत्थजोग - अध्यात्मयोग ( पुं. )**(યોગનો એક ભેદ, અધ્યાત્મયોગ)

**अज्झत्थजोगसाहणजुत्त - अध्यात्मयोगसाधनयुक्त ( पुं. )**(ચિત્તના ધર્મધ્યાનાદિ વ્યાપારોને સાધી આપનાર એકાગ્રતાદિ યુક્ત)

**अज्झत्थजोगसुद्धादाण - अध्यात्मयोगशुद्धादान ( त्रि. )**(શુભચિત્તથી વિશુદ્ધ બનેલા ચારિત્રવાળો)

**अज्झत्थज्झाणजुत्त - अध्यात्मध्यानयुक्त ( त्रि. )**(પ્રશસ્તધ્યાનથી યુક્ત)

**अज्झत्थदंड - अध्यात्मदण्ड ( पुं. )**(આઠમું ક્રિયાસ્થાન ૨. કષાય કે આર્તધ્યાનથી થતો કર્મબંધ)

**अज्झत्थदोस - अध्यात्मदोष ( पुं. )**(કષાય, ક્રોધાદિ કષાય દોષ)

**अज्झत्थबिंदु - अध्यात्मबिन्दु ( पुं. )**(તે નામનો એક ગ્રંથ, અધ્યાત્મબિંદુ નામક ગ્રંથ)

**अज्झत्थमयपरिक्खा - अध्यात्ममतपरीक्षा ( स्त्री. )**(મહોપાધ્યાય યશોવિજયજી કૃત એક ગ્રંથ)

**अज्झत्थरय - अध्यात्मरत ( त्रि. )**(પ્રશસ્તધ્યાનમાં મગ્ન, આત્મધ્યાનમાં તત્પર)

**अज्झत्थवत्तिय - अध्यात्मप्रत्ययिक ( पुं. )**(તે નામનું આઠમું ક્રિયાસ્થાન)

**अज्झत्थवयण - अध्यात्मवचन ( न. )**(સોળ વચનોમાંનું સાતમું વચન, અધ્યાત્મવચન)

**अज्झत्थविसीयण - अध्यात्मविषीदन ( न. )**(સંયમના કષ્ટોથી વિષાદ પામેલ, સંયમભીરુ)

**अज्झत्थविसुद्ध - अध्यात्मविशुद्ध ( त्रि. )**(સુવિશુદ્ધ અંતઃકરણવાળો, અધ્યાત્મવિશુદ્ધિયુક્ત)

**अज्झत्थविसोहिजुत्त - अध्यात्मविशोधियुक्त ( त्रि. )**(વિશુદ્ધ આંતરિકભાવવાળો, પવિત્ર વિચાર છે જેના તે, આંતરિક શુદ્ધિવાળો)

**अज्झत्थवेइ ( ण् ) - अध्यात्मवेदिन् ( त्रि. )**(સુખ-દુઃખના સ્વરૂપને જાણનાર, અધ્યાત્મવેત્તા)

**अज्झत्थसंवुड - अध्यात्मसंवृत ( त्रि. )**(સૂત્રાર્થના ઉપયોગથી અશુભમનોયોગને રોકનાર ૨. સ્ત્રીભોગના ગ્રહણ રહિત મનવાળો)

**अज्झत्थसम - अध्यात्मसम ( त्रि. )**(અધ્યાત્મને અનુરૂપ પરિણામવાળો)

**अज्झत्थसुइ - अध्यात्मश्रुति ( स्त्री. )**(ચિત્તજયનું પ્રતિપાદક શાસ્ત્ર, અધ્યાત્મશ્રુતિ શાસ્ત્ર)

**अज्झत्थसुद्धि - अध्यात्मशुद्धि ( स्त्री. )**(ચિત્તની શુદ્ધિ, આધ્યાત્મિક વિશુદ્ધિ)

**अज्झत्थसोहि - अध्यात्मशोधिन् ( स्त्री. )**(ચિત્તની શુદ્ધિ, અન્તઃકરણની વિશુદ્ધિ)

**अज्झत्थिय - आध्यात्मिक ( त्रि. )**(આત્માસંબંધી, ચિત્તમાં ઉત્પન્ન થયેલ ૨. અભ્યંતર ઉપાય સાધ્ય સુખ-દુઃખાદિ)

**अज्झत्थियवीरिय - आध्यात्मिकवीर्य ( न. )**(આત્મિક શક્તિ, આત્મવીર્ય ૨. ઉદ્યમ ક્ષમા તપ ધૃતિ આદિ)

**अज्झत्थोवाहिसंबंध - अध्यस्तोपाधिसम्बन्ध ( पुं. )**(આત્મામાં પુદ્ગલના સંસર્ગથી પ્રાપ્ત થયેલ કર્મોપાધિનો સંબંધ)

**अज्झप्प - अध्यात्म ( न. )**(અન્તઃકરણ, ચિત્ત, મન સંબંધી ૨. સુખ-દુઃખાદિ આંતરિક ભાવ ૩. આત્મામાં ઉત્પન્ન થયેલ, આત્મા સંબંધી)

**अज्झप्पओग - अध्यात्मयोग ( पुं. )**(અંતઃકરણની શુદ્ધિરૂપ ધર્મધ્યાન, રાગ-દ્વેષ રહિત અંતઃકરણની એકાગ્રતા)

**अज्झप्पओगसाहणजुत्त - अध्यात्मयोगसाधनयुक्त ( पुं. )**(ચિત્તના ધર્મધ્યાનાદિ વ્યાપારોને સાધી આપનાર એકાગ્રતાદિ યુક્ત, શુભચિત્તથી વિશુદ્ધ ચારિત્રવાળો)

**अज्झप्पओगसुद्धादाण - अध्यात्मयोगशुद्धादान ( त्रि. )**(શુભચિત્તથી વિશુદ્ધ થયેલા ચારિત્રવાળો)

**अज्झप्पकिरिया - अध्यात्मक्रिया ( स्त्री. )**(કર્મબંધ કરાવનાર આઠમું ક્રિયાસ્થાન ૨. કોઈપણ વડે ક્યારેય પણ નહીં તિરસ્કારાયેલ વ્યક્તિનો ઉદાસીનતાવાળો વિચાર))

**अज्झप्पजोग - अध्यात्मयोग ( पुं. )**(અંતઃકરણની શુદ્ધિરૂપ ધર્મધ્યાન, રાગ-દ્વેષ રહિત અંતઃકરણની એકાગ્રતા)

**अज्झप्पजोगसाहणजुत्त - अध्यात्मयोगसाधनयुक्त ( पुं. )**(ચિત્તના ધર્મધ્યાનાદિ વ્યાપારોને સાધી આપનાર એકાગ્રતાદિથી યુક્ત, શુભચિત્તથી વિશુદ્ધ ચારિત્રવાળો)

**अज्झप्पजोगसुद्धादाण - अध्यात्मयोगशुद्धादान ( त्रि. )**(શુભચિત્તથી વિશુદ્ધ થયેલા ચારિત્રવાળો)

**अज्झप्पझाणजुत्त - अध्यात्मध्यानयुक्त ( त्रि. )**(પ્રશસ્તધ્યાનથી યુક્ત)

**अज्झप्पदंड - अध्यात्मदण्ड ( पुं. )**(શોકાદિથી અભિભૂત કરનાર આઠમું ક્રિયાસ્થાન)

**अज्झप्पदोस - अध्यात्मदोष ( पुं. )**(ક્રોધ-માન-માયા-લોભરૂપ દોષ, કષાય)

**अज्झप्पबिंदु - अध्यात्मबिन्दु ( पुं. )**(તે નામનો એક ગ્રંથ, અધ્યાત્મબિંદુ પ્રકરણ)

**अज्झप्पमयपरिक्खा - अध्यात्ममतपरीक्षा ( स्त्री. )**(મહોપાધ્યાય યશોવિજયજી કૃત એક ગ્રંથનું નામ, અધ્યાત્મમતપરીક્ષા ગ્રંથ)

**अज्झप्परय - अध्यात्मरत ( त्रि. )**(પ્રશસ્તધ્યાનમાં મગ્ન, અધ્યાત્મધ્યાનમાં તત્પર)

**अज्झप्पवत्तिय - अध्यात्मप्रत्ययिक ( पुं. )**(શોકાદિથી અભિભૂત કરનાર આઠમું ક્રિયાસ્થાન)

**अज्झप्पवयण - अध्यात्मवचन ( न. )**(સોળ વચનોમાંનું સાતમું વચન, અધ્યાત્મવચન)

**अज्झप्पविसीयण - अध्यात्मविषीदन ( न. )**(સંયમના કષ્ટોથી વિષાદ પામેલ, સંયમભીરુ)

**अज्झप्पविसुद्ध - अध्यात्मविशुद्ध ( त्रि. )**(સુવિશુદ્ધ અંતઃકરણ, પવિત્ર ચિત્તવાળું)

**अज्झप्पविसोहिजुत्त - अध्यात्मविशोधियुक्त ( त्रि. )**(આંતરિક શુદ્ધિયુક્ત, પવિત્ર ભાવયુક્ત)

**अज्झप्पवेइ ( ण् ) - अध्यात्मवेदिन् ( त्रि. )**(સુખ-દુઃખના સ્વરૂપને જાણનાર, અધ્યાત્મવેત્તા)

**अज्झप्पसंवुड - अध्यात्मसंवृत ( त्रि. )**(સૂત્રાર્થના ઉપયોગથી અશુભ મનોયોગને રોકનાર)

**अज्झप्पसम - अध्यात्मसम ( त्रि. )**(અધ્યાત્મને અનુરૂપ પરિણામાનુસારી)

**अज्झप्पसुइ - अध्यात्मश्रुति ( त्रि. )**(ચિત્તજયના પ્રતિપાદક શાસ્ત્ર, અધ્યાત્મશ્રુતિ શાસ્ત્ર)

**अज्झप्पसुद्धि - अध्यात्मशुद्धि ( स्त्री. )**(ચિત્તશુદ્ધિ)

**अज्झप्पसोहि - अध्यात्मशोधि ( त्रि. )**(ભાવશુદ્ધિ, ચિત્તશુદ્ધિ)

**अज्झप्पिय - आध्यात्मिक ( त्रि. )**(આત્મા સંબંધી, ચિત્તમાં ઉત્પન્ન થયેલ ૨. અભ્યંતર ઉપાય સાધ્ય સુખ-દુઃખ)

**अज्झप्पियविरिय - आध्यात्मिकवीर्य्य ( न. )**(ઉદ્યમ-ધૃતિ આદિ)

**अज्झयण - अध्ययन ( न. )**(અધ્યયન, શાસ્ત્રનું પ્રકરણ, સૂત્રનો પેટાવિભાગ ૨. ભણવું તે ૩. નામ, અર્થવાચક શબ્દ)

**अज्झयणकप्प - अध्ययनकल्प ( पुं. )**(*અધ્યયનકલ્પ, યોગ્યતાનુસાર વાચનાદાનની સામાચારી*)

**अज्झयणगुणणियुत्त - अध्ययनगुणनियुक्त ( त्रि. )**(*આરંભેલ શાસ્ત્રની શબ્દવૃત્તિથી કહેલ ગુણયુક્ત, શરુ કરેલ અધ્યયનની અભિધાથી કહેલ ગુણથી પ્રેરિત*)

**अज्झयणगुणि ( ण् ) - अध्ययनगुणिन् ( त्रि. )**(*આરંભ કરાયેલ અધ્યયનનમાં કહેલ ગુણથી યુક્ત*)

**अज्झयणछक्क - अध्ययनषट्क ( न. )**(*આવશ્યકસૂત્ર, છ અધ્યયનના સમૂહરૂપ શ્રુતજ્ઞાન*)

**अज्झयणछक्कवग्ग - अध्ययनषट्कवर्ग ( पुं. )**(*છ અધ્યયન જેમાં છે તે આવશ્યકસૂત્ર*)

**अज्झवसाण - अध्यवसान ( न. )**(*અતિહર્ષ કે વિષાદવાળી અંતઃકરણની વૃત્તિ, રાગ-સ્નેહ ભયાત્મક મનના સંકલ્પ ૨. લેશ્યા પરિણામની કંઈક સ્પષ્ટ પ્રવૃત્તિ*)

**अज्झवसाणजोगणिव्वत्तिय - अध्यवसानयोगनिर्वर्तित ( त्रि. )**(*અધ્યવસાન-જીવપરિણામ અને યોગ-મનાદિ વ્યાપારોથી ઉત્પન્ન હોય તે*)

**अज्झवसाणणिव्वत्तिय - अध्यवसाननिर्वर्तित ( त्रि. )**(*મનના વ્યાપારથી નિષ્પન્ન હોય તે, મનની પરિણતિ-પરિપાકથી ઉત્પન્ન, અધ્યવસાયથી ઉત્પન્ન થયેલ*)

**अज्झवसाणावरणिज्ज - अध्यवसानावरणीय ( न. )**(*ભાવચારિત્રને અટકાવનાર એક કર્મપ્રકૃતિ, ચારિત્ર મોહનીયની પ્રકૃતિ વિશેષ, મનના પરિણામને ઢાંકનારું કર્મ*)

**अज्झवसाय - अध्यवसाय ( पुं. )**(*મનના સૂક્ષ્મપરિણામ, માનસિક સંકલ્પ ૨. બંધહેતુભૂત આત્માની પરિણતિ વિશેષ, આત્માના સૂક્ષ્મપરિણામ*)

**अज्झवसायट्ठाण - अध्यवसायस्थान ( न. )**(*પરિણામ સ્થાન, અધ્યવસાય સ્થાન*)

**अज्झवसिअं ( देशी )**(*નિવાપિત-પિતૃવગેરેને ઉદ્દેશીને અપાયેલ દાન ૨. મુખ્ય*)

**अज्झवसिय - अध्यवसित ( न. )**(*અધ્યવસાય, આત્મપરિણામ, મનોભાવ વિશેષ*)

**अज्झस्सं ( देशी )**(*અભિશાપ, આક્રોશ*)

**अज्झहिय - आत्महित ( न. )**(*આત્મહિત, સ્વહિત*)

**अज्झा ( देशी )**(*પ્રશસ્ત-શુભ સ્ત્રી ૩. નવોઢા ૪. તરુણ સ્ત્રી, યુવતી ૫. આ ૬. અસતી, કુલટા સ્ત્રી*)

**अज्झाय - अध्याय ( पुं. )**(*મર્યાદાપૂર્વક પ્રવચનોક્ત પ્રકારે ભણવું તે, સ્વાધ્યાય કરવો, અધ્યયન કરવું તે ૨. ગ્રંથનું એક પ્રકરણ, અધ્યાય*)

**अज्झारुह - अध्यारुह ( पुं. )**(*વૃક્ષ વિશેષ ૨. વૃક્ષ પર ચઢીને વધનારી એક વલ્લી કે શાખા*)

**अज्झारोव - अध्यारोप ( पुं. )**(*આરોપ, અત્યન્ત આરોપ ૨. ભ્રમથી એક વસ્તુના ગુણ બીજી વસ્તુમાં જોડવારૂપ મિથ્યાજ્ઞાન ૩. ઊઠવું ૪. ઉન્નત હોવું ૫. ઉપચાર*)

**अज्झारोवण - अध्यारोपण ( न. )**(*અધ્યારોપણ, અતિશય આરોપણ ૨. પ્રશ્ન કરવો ૩. ધાન્ય વગેરેનું વાવવું તે*)

**अज्झारोवमंडल - अध्यारोपमण्डल ( न. )**(*ભ્રાન્તિથી મંડલાકાર થયેલ ૨. મિથ્યાત્વથી ચારેબાજુથી ઘેરાયેલું*)

**अज्झारोह - अध्यारोह ( पुं. )**(*બીજા ઝાડ પર ઊગતી કામવલ્લી નામક વનસ્પતિ ૨. વૃક્ષ પર વધનારી વેલડી કે વૃક્ષ વિશેષ*)

**अज्झावय - अध्यापक ( पुं. )**(*ઉપાધ્યાય, ભણાવનાર, શિક્ષક, ગુરુ*)

**अज्झावसत - अध्यावसत् ( त्रि. )**(*મધ્યમાં રહેતું, વચ્ચે રહેતું*)

**अज्झावसित्ता - अध्युष्य ( अव्य. )**(*મધ્યમાં રહીને, વચ્ચે રહીને*)

**अज्झासणा - अध्यासना ( स्त्री. )**(*સહન કરવું તે*)

**अज्झाहार - अध्याहार ( पुं. )**(*આકાંક્ષિત પદનું અનુસંધાન કરવું તે, મૂળમાં ન દેખાતા પદને અન્યસૂત્રમાંથી લેવું ૨. તર્ક, ઊહા ૩. અપૂર્વઉત્પ્રેક્ષા*)

**अज्झीण - अक्षीण ( न. )**(*અક્ષય, અખૂટ, અક્ષીણ ૨. સામાયિકાદિ અધ્યયન, પ્રકરણ, અધ્યાય*)

**अज्झीणज्झंझय - अक्षीणझञ्झाक ( त्रि. )**(*અક્ષીણ કલહ, કલેશ-કંકાશથી નિવૃત્ત નહિ થયેલ*)

**अज्झुववण्ण - अध्युपपन्न ( त्रि. )**(*વિષયાસક્ત, વિષયભોગમાં તલ્લીન*)

**अज्झुसिर - अशुषिर ( त्रि. )**(*છિદ્ર રહિત ૨. તૃણ વગેરેથી નહિ ઢંકાયેલું ૩. એક પ્રકારની શય્યા ૪. રાફડા વગરનું*)

**अज्झुसिरत्तण - अशुषिरतृण ( न. )**(*દર્ભ-ડાભ, છિદ્ર રહિત ઘાસ, તૃણ*)

**अज्झेसणा - अध्येषणा ( स्त्री. )**(*સત્કારપૂર્વકની આજ્ઞા ૨.અધિક પ્રાર્થના, વિશેષ યાચના*)

**अज्झोयरय - अध्यवपूरक ( पुं. )**(સોળ ઉદ્ગમના દોષો પૈકીનો સોળમો દોષ, સાધુ નિમિત્તે ઉમેરો કરી બનાવેલ ગોચરી વહોરાવવાથી લાગતો દોષ)

**अज्झोल्लिआ ( देशी )**(વક્ષસ્થળનું આભૂષણ ૨. વક્ષસ્થળના આભૂષણોમાં કરવામાં આવતી મોતીની રચના)

**अज्झोववज्जणा - अध्युपपादना ( स्त्री. )**(વિષયોમાં આસક્તિ, વિષયમગ્નતા)

**अज्झोववण्ण - अध्युपपन्न ( त्रि. )**(વિષયોમાં ગૃદ્ધ, આસક્ત, મૂર્છિત)

**अज्झोववाय - अध्युपपात ( पुं. )**(કંઈપણ ગ્રહણ કરવામાં ચિત્તની એકાગ્રતા)

**अञ्छ - कृष् ( धा. )**(આકર્ષિત કરવું, ખેંચવું ૨. લખવું, ચિત્ર બનાવવું, રેખાંકિત કરવું)

**अञ्चिअ - अञ्चित ( त्रि. )**(પૂજેલ ૨. સંકોચાયેલ)

**अञ्ञ - अज्ञ ( त्रि. )**(મૂર્ખ)

**★अन्य ( त्रि. )**(જુદું, વિલક્ષણ ૨. સદૃશ, સાધારણ)

**अञ्जलि - अञ्जलि ( पुं. )**(અંજલિ ૨. ખોબો)

**अट्ट - अट् ( धा. )**(ભ્રમણ કરવું, પર્યટન કરવું)

**अट्ट - क्वथ् ( धा. )**(ઉકાળવું, ક્વાથ કરવો)

**अट्ट - अट्ट ( पुं. )**(મહેલની ઉપરનું ઘર ૨. અટારી ૩. આકાશ ૪. કિલ્લામાં રહેલું સૈન્યગૃહ)

**★आर्त ( त्रि. )**(પીડિત થયેલ, શારીરિક માનસિક પીડાથી પીડિત, દુઃખી, મોહથી દુઃખી)

**अट्टं ( देशी )**(કૃશ, દુર્બળ ૨. ભારે ૩. મોટું ૪. પોપટ ૫. સુખ ૬. આળસ ૭. ધ્વનિ ૮. અસત્ય ૯. શીત)

**अट्टइ ( देशी )**(ક્વાથ , ઊકાળો)

**अट्टक - अट्टक ( पुं. )**(પાત્રના છિદ્રને પૂરનાર લેપદ્રવ્ય વિશેષ)

**अट्टज्झाण - आर्तध्यान ( न. )**(આર્તધ્યાન, ઈષ્ટના વિયોગ કે અનિષ્ટના સંયોગથી દુઃખ પામવું તે, રોગ નિવૃત્તિ કે ભવિષ્યની ચિંતા કરવી તે)

**अट्टज्झाणवियप्प - आर्त्तध्यानविकल्प ( पुं. )**(અશુભધ્યાયનનો એક પ્રકાર, આર્તધ્યાનનો ભેદ)

**अट्टज्झाणवेरग्ग - आर्त्तध्यानवैराग्य ( न. )**(વૈરાગ્યનો એક પ્રકાર, આર્તધ્યાનરૂપ વૈરાગ્ય)

**अट्टज्झाणोवगय - आर्त्तध्यानोपगत ( त्रि. )**(આર્તધ્યાન કરનાર, શોક નિમગ્ન)

**अट्टट्टहास - अट्टट्टहास ( पुं. )**(ખડખડાટ હસવું, મોટેથી હસવું)

**अट्टट्टो ( देशी )**(ગયેલું, ચાલી ગયેલ)

**अट्टण - अट्टन ( न. )**(ચક્રાકારનું એક અસ્ત્ર ૨. અનાદર ૩. તે નામનો એક મલ્લ)

**★अटन ( न. )**(ગમન કરવું તે, જવું તે ૨. વ્યાયામ કરવો તે, કસરત કરવી તે)

**अट्टणसाला - अट्टनशाला ( स्त्री. )**(વ્યાયામશાળા, કસરત કરવાનો અખાડો)

**अट्टणियट्टियचित्त - आर्त्तनिवर्तितचित्त ( त्रि. )**(ક્લિષ્ટ અધ્યવસાયી, આર્તધ્યાનમાં રત છે ચિત્ત જેનું તે)

**★आर्त्तनिरर्दितचित्त ( त्रि. )**(ક્લિષ્ટ પરિણામી, આર્તધ્યાનરત છે ચિત્ત જેનું તે)

**अट्टतर - आर्त्ततर ( न. )**(ઘણું આર્તધ્યાન, અતિશય આર્તધ્યાન કરવું તે)

**अट्टदुहट्ट - आर्त्तदुर्घट ( त्रि. )**(આર્તધ્યાનનું દુઃખે કરી નિર્વર્તન થવું તે)

**★आर्त्तदुःखार्त्त ( त्रि. )**(આર્તધ્યાનથી પીડિત, મનથી, ઈન્દ્રિયપરવશતાથી અને દેહથી દુઃખી)

**अट्टदुहट्टवसट्ट - आर्त्तदुर्घटवशार्त्त ( त्रि. )**(આર્તધ્યાનની પરવશતાથી પીડિત, અસમાધિપ્રાપ્ત, મનથી ઈન્દ્રિયપરવશતાથી અને દેહથી દુઃખી))

**★आर्त्तदुःखार्तवशार्त्त ( त्रि. )**(ક્લિષ્ટ અધ્યવસાય અને વિષયપારતન્ત્ર્યથી દુઃખી, મનથી ઈન્દ્રિયપરવશતાથી અને દેહથી દુઃખી))

**अट्टदुहट्टियचित्त - आर्त्तदुःखार्दितचित्त ( त्रि. )**(મનના ક્લિષ્ટ પરિણામથી દુઃખી મનવાળું, ક્લિષ્ટ અધ્યવસાય-આર્તધ્યાનથી દુઃખી ચિત્તવાળું)

**अट्टदुहट्टोवगय - आर्त्तदुर्घटोपगत ( त्रि. )**(દુર્વાર્ય એવા આર્તધ્યાનને પામેલ, દુઃસ્થગનીય આર્તધ્યાનવાળું)

**अट्टमइय - आर्त्तमतिक ( पुं. )**(આર્તધ્યાનવાળો, આર્તધ્યાનમાં મતિ જેની છે તે)

**अट्टवस - आर्त्तवश ( पुं. )**(આર્તધ્યાનને વશ થયેલ, આર્તધ્યાનવશવર્તી)

**अट्टवसट्टदुहट्ट - आर्त्तवशार्त्तदुःखार्त्त ( त्रि. )**(આર્તધ્યાનની વિવશતાથી દુઃખી હોય તે, આર્તધ્યાનથી દુઃખી)

**अट्टवसट्टोवगय - आर्त्तवशार्त्तोपगत ( त्रि. )**(આર્તધ્યાનના પ્રભાવે દુઃખી થયેલ)

**अट्टस्सर - आर्त्तस्वर ( त्रि. )**(દુઃખનો અવાજ, આર્તસ્વર, આર્તનાદ)

**अट्टहास - अट्टहास ( पुं. )**(ખડખડાટ હસવું, મોટેથી હસવું)
**अट्टालग - अट्टालक ( पुं., न. )**(ઝરૂખો, અટારી, મહેલનો ઉપરનો ભાગ ૨. ગઢ કે કિલ્લા ઉપરનું આશ્રય-સ્થાન ૩. કિલ્લા કે ગઢ ઉપર શસ્ત્રાદિ સાધન રાખવાનું સ્થાન વિશેષ)
**अट्टि - आर्त्ति ( स्त्री. )**(શારીરિક કે માનસિક પીડા, દુઃખ, યાતના)
**अट्टियचित्त - आर्त्तितचित्त ( त्रि. )**(આર્તધ્યાન વિશેષથી આકુળ-વ્યાકુળ ચિત્તવાળો, દુઃખી, શોકાદિથી પીડિત)
**अट्ठ - अर्थ ( पुं. )**(પ્રયોજન, હેતુ ૨. ધન ૩. ભાવ, અર્થ ૪. તાત્પર્ય, પરમાર્થ ૫. મોક્ષ ૬. મોક્ષનું કારણભૂત સંયમ ૭. વસ્તુ, પદાર્થ ૮. અભિલાષ, ઈચ્છા ૯. ફળ, લાભ ૧૦. શબ્દનો અભિધેય, વાચ્ય)
**★अष्टन् ( त्रि. )**(આઠ, સંખ્યા વિશેષ)
**अट्ठंग - अष्टाङ्ग ( त्रि. )**(આઠ અંગ છે જેના તે, યમ-નિયમાદિ યોગના આઠ ભેદ, અષ્ટાંગયોગ)
**अट्ठंगणिमित्त - अष्टाङ्गनिमित्त ( न. )**(નવમા પૂર્વના ત્રીજા આચારવસ્તુથી નીકળેલ સુખ-દુઃખના નિમિત્ત સૂચક આઠ અંગવાળું નિમિત્તશાસ્ત્ર, અષ્ટાંગનિમિત્ત શાસ્ત્ર)
**अट्ठंगतिलय - अष्टाङ्गतिलक ( पुं. )**(આઠ અંગે કરવામાં આવતું ચંદન વગેરેનું તિલક)
**अट्ठंगमहाणिमित्त - अष्टाङ्गमहानिमित्त ( न. )**(આઠ અંગવાળું મહાનિમિત્ત શાસ્ત્ર, અષ્ટાંગ મહાનિમિત્તશાસ્ત્ર)
**अट्ठंगमहाणिमित्तसुत्तत्थधारय - अष्टाङ्गमहानिमित्तसूत्रार्थधारक ( त्रि. )**(અષ્ટાંગ મહાનિમિત્તશાસ્ત્રના સૂત્ર અને અર્થને ધારણ કરનાર, અષ્ટાંગનિમિત્તના જાણકાર)
**अट्ठंगिया - अष्टाङ्गिकी ( स्त्री. )**(અષ્ટાંગથી બનેલી, આઠઅંગવાળી)
**अट्ठकण्णिय - अष्टकर्णिक ( त्रि. )**(આઠ ખૂણાવાળું)
**अट्ठकम्मगंठीविमोयग - अष्टकर्मग्रन्थिविमोचक ( त्रि. )**(આઠ કર્મરૂપી ગ્રંથિને મૂકનાર, જ્ઞાનાવરણીયાદિ આઠ કર્મોને છોડનાર-સિદ્ધભગવંત)
**अट्ठकम्मतंतुघणबंधण - अष्टकर्मतन्तुघनबन्धन ( न. )**(આઠ કર્મરૂપી તંતુઓનું ગાઢબંધન)
**अट्ठकम्मसूडणतव - अष्टकर्मसूदनतपस् ( न. )**(અષ્ટકર્મસૂદન નામક તપ વિશેષ)
**अट्ठकर - अर्थकर ( पुं. )**(હિતને કરનાર ૨. મન્ત્રી ૩. નૈમિત્તિક)
**अट्ठग - अष्टक ( न. )**(આઠની સંખ્યામાં પરિમાણવાળું ૨. ઋગ્વેદનો અંશ ૩. પાણિનીકૃત અષ્ટાધ્યાયી ૪. આઠપદ્યવાળું કોઈપણ પ્રકરણ ૫. હરિભદ્રસૂરિકૃત અષ્ટકપ્રકરણ)
**अट्ठगुणोववेय - अष्टगुणोपपेत ( न. )**(આઠ ગુણયુક્ત, પૂર્ણાદિગુણાષ્ટકયુક્ત ગેય-ગીત)
**अट्ठचक्कवालपइट्ठाण - अष्टचक्रवालप्रतिष्ठान ( त्रि. )**(આઠ ચક્ર-પૈડાના આધારે રહેલ)
**अट्ठजाय - अष्टजात ( न. )**(અર્થનો-ધનનો ભેદ વિશેષ ૨. ધનાર્થી, ધનની જરૂરિયાતવાળો ૩. સંયમથી ચલિત)
**अट्ठजुत्त - अर्थयुक्त ( त्रि. )**(હેયોપાદેયરૂપ અર્થયુક્ત, હેયોપાદેયનું કથન કરનાર આગમવચનો)
**अट्ठट्ठमिका - अष्टाष्टमिका ( स्त्री. )**(ભિક્ષુની પ્રતિમા, જેમાં આઠ દિવસનો એક એવા આઠ દિનાષ્ટ હોય છે.)
**अट्ठट्ठाण - अष्टस्थानक ( न. )**(ઠાણાંગસૂત્રનું આઠમું સ્થાન ૨. પાઠાન્તરે પ્રજ્ઞાપનાનું આઠમું સ્થાન)
**अट्ठणाम - अष्टनामन् ( न. )**(આઠ પ્રકારના પદાર્થના નામો)
**अट्ठदंसिण - अर्थदर्शिन् ( त्रि. )**(શાસ્ત્રના અર્થને જાણનાર, યથાવસ્થિત પદાર્થના અર્થને જાણનાર)
**अट्ठदुग्ग - अर्थदुर्ग ( त्रि. )**(દુર્ગમ, પરિણામે ગહન, વિષમ, દુર્બોધ્ય)
**अट्ठपएसिय - अष्टप्रदेशिक ( त्रि. )**(આઠ પ્રદેશથી બનેલ, આઠ પ્રદેશ જેમાં હોય તે)
**अट्ठपद ( य ) चिंतण - अर्थपदचिन्तन ( न. )**(વિચારણીય વાક્ય કે પદના અર્થનું ચિંતન કરવું તે)
**अट्ठपद ( य ) परूवणाया - अर्थपदप्ररूपणता ( स्त्री. )**(સૂક્ષ્મ બુદ્ધિપૂર્વક વિચારવા યોગ્ય પદ-વાક્યની પ્રરૂપણા કરવી તે ૨. અર્થ-ત્ર્યણુક સ્કંધાદિ પદાર્થની આનુપૂર્વી-પરિપાટિનું પ્રરૂપણ કરવું તે અથવા તે રીતે સંજ્ઞા-સંજ્ઞી સંબંધની કથનતા)
**अट्ठपदोवसुद्ध - अर्थपदोपशुद्ध ( त्रि. )**(નિર્દોષ વાચ્ય-વાચકતાવાળું ૨. સદ્હેતુક ૩. સદ્યુક્તિક)
**अट्ठपिट्ठणिट्ठिया - अष्टपिष्टनिष्ठिता ( स्त्री. )**(શાસ્ત્રપ્રસિદ્ધ આઠ પ્રકારના લોટથી બનાવેલ વસ્તુવિશેષ, આઠ વાર પીસવાથી નિષ્પન્ન મદિરા વિશેષ)
**अट्ठपुप्फी - अष्टपुष्पी ( स्त्री. )**(પૂજા અર્થે આઠ પુષ્પો હોય તેવી, આઠ પુષ્પોથી કરવામાં આવતી પૂજાનો પ્રકાર)
**अट्ठबुद्धिगुण - अष्टबुद्धिगुण ( पुं. )**(શુશ્રૂષાદિ બુદ્ધિના આઠ ગુણ)

**अट्ठारसय - अष्टादशक ( त्रि. )**(અઢાર વર્ષના પ્રમાણવાળું, અઢારવર્ષનું)

**अट्ठालोभि ( ण् ) - अर्थालोभिन् ( त्रि. )**(અર્થલોલુપ, દ્રવ્યનો લોભી, લાલચુ)

**अट्ठावण्ण - अष्ट ( ष्टा ) पञ्चाशत् ( स्त्री. )**(અઠ્ઠાવન, ૫૮ની સંખ્યા)

**अट्ठावय - अर्थपद ( न. )**(ધન-ધાન્યાદિકના ઉપાર્જનનું પ્રતિપાદક શાસ્ત્ર, ચાણક્યાદિક અર્થશાસ્ત્ર)

**★अष्टापद ( पुं., न. )**(દ્યૂતક્રીડા, જુગાર ૨. ચોપટ, શતરંજની રમત, તેનું ફલક ૩. બહોત્તેર કલામાંની ૧૩મી કળા ૪. જેના પર ઋષભદેવસ્વામી નિર્વાણ પામ્યા તે પર્વત ૫. અષ્ટાપદ નામનો દ્વીપ ૬. અષ્ટાપદ પક્ષી ૭. અષ્ટધાતુમાં ગણતરી પામેલ ૮. કરોળિયો ૯. અણિમાદિ અષ્ટસિદ્ધિથી યુક્ત ૧૦. કૈલાસ ૧૧. કૃમિ ૧૨. ખીલો)

**अट्ठावयवाइ ( ण् ) - अष्टापदवादिन् ( पुं. )**(એક બ્રાહ્મણનું નામ-જે ભગવાન મહાવીરદેવની પાસે પ્રથમવાર આવેલ ઈન્દ્રભૂતિ ગૌતમની સાથે આવ્યો હતો)

**अट्ठावीस - अष्टाविंशति ( स्त्री. )**(અઠ્યાવીશની સંખ્યા, વીસ અને આઠ)

**अट्ठाह - अष्टाह ( न. )**(આઠ દિવસનો સમૂહ)

**अट्ठाहिया - अष्टाहिका ( स्त्री. )**(નિરંતર આઠ દિવસનું, આઠ દિવસનો મહોત્સવ)

**अट्ठि - अस्थि ( न. )**(હાડકું ૨. કાપાલિક (પું.) ૩. કુલક)

**अट्ठि ( ण् ) - अर्थिन् ( त्रि. )**(પ્રયોજનવાળો, મતલબી ૨. પ્રાર્થી, અભિલાષી)

**अट्ठिअगाम - अस्थिकग्राम ( पुं. )**(તે નામે પ્રાચીન એક ગામ, અસ્થિકગામ)

**अट्ठिकच्छभ - अस्थिकच्छप ( पुं. )**(ઘણા હાડકાવાળો કાચબો)

**अट्ठिकढिण - अस्थिकठिन ( त्रि. )**(કઠણ હાડવાળો, હાડકાઓથી મજબૂત)

**★कठिनास्थिक ( त्रि. )**(જેના હાડકા મજબૂત છે તે)

**अट्ठिग - अस्थिक ( न. )**(હાડકું ૨. કાપાલિક ૩. જેમાં બીજ ઉત્પન્ન ન થયું હોય તેવું ફળ)

**★आ ( अ ) र्थिक ( न. )**(મોક્ષ સાધક, મોક્ષના પ્રયોજનવાળો ૨. અર્થના પ્રયોજનવાળો ૩. અભિલાષી)

**अट्ठिग ( य ) कट्ठुट्ठिय - अस्थिककाष्ठोत्थित ( त्रि. )**(મજબૂત હાડકાનું બનેલ શરીર)

**अट्ठिचम्मसिरत्ता - अस्थिचर्मशिरावत्ता ( स्त्री. )**(શરીરને વિષે હાડકા, ચામડી અને સ્નાયુનું રહેવું તે; લોહી, માંસ વગરનું માત્ર હાડ, ચર્મ અને સ્નાયુમય શરીર)

**अट्ठिचम्मावणद्ध - अस्थिचर्मावनद्ध ( त्रि. )**(અત્યંત દુર્બળ-કૃશ, શરીરમાંથી માંસ સુકાઇ જવાથી ચામડી માત્ર હાડકાને વળગીને રહી હોય તે)

**अट्ठिजुद्ध - अस्थियुद्ध ( न. )**(હાડકાથી કે હાડકાના બનેલા હથિયારથી એક બીજા પર પ્રહાર કરવો તે)

**अट्ठिज्झाम - अस्थिध्याम ( न. )**(અગ્નિવડે બળેલ હાડકું, બળેલું હાડકું)

**अट्ठिदामसय - अस्थिदामशत ( न. )**(હાડકાની સેંકડો માળા)

**अट्ठिधमणिसंताणसंतय - अस्थिधमनिसन्तानसन्तत ( त्रि. )**(હાડકા અને નસોથી વ્યાપ્ત, નસોના જાળથી વ્યાપ્ત ૨. અત્યંત દુર્બળ શરીર જેનું હોય તે)

**अट्ठिभंजण - अस्थिभञ्जन ( न. )**(કરોડરજ્જુ, શરીરદંડ)

**अट्ठिमिंजा - अस्थिमिञ्जा ( स्त्री. )**(હાડકાનો માવો, જેમાંથી રેત-વીર્ય ઉત્પન્ન થાય છે તે ૨. હાડકાની ચરબી)

**अट्ठिमिंजाणुसारि ( ण् ) - अस्थिमिञ्जानुसारिन् ( त्रि. )**(અસ્થિ-મજ્જા ધાતુમાં વ્યાપ્ત)

**अट्ठिमिंजापेमाणुरागरत्त - अस्थिमिञ्जाप्रेमानुरागरक्त ( त्रि. )**(જેનું અંતઃકરણ દૃઢ શ્રદ્ધાથી ભાવિત થયેલું હોય તે, જેના હાડેહાડમાં જિનધર્મ વસેલો હોય તે)

**अट्ठिय - अर्थित ( त्रि. )**(ઇચ્છિત, અભિલષિત)

**★अस्थित ( त्रि. )**(અસ્થિર, અવ્યવસ્થિત)

**अट्ठियकप्प - अस्थितकल्प ( पुं. )**(તે નામનો આચાર, વચ્ચેના બાવીસ તીર્થંકરોના સાધુઓ માટેનો આચાર-કલ્પ)

**अट्ठियप्प ( ण् ) - अस्थितात्मन् ( त्रि. )**(અસ્થિર સ્વભાવવાળો, જેનું ચિત્ત અસ્થિર છે એવો)

**अट्ठिसरक्ख - अस्थिसरजस्क ( पुं. )**(કાપાલિક, અઘોરી, યોગીવિશેષ)

**अट्ठिसुहा - अस्थिसुखा ( स्त्री. )**(શરીરને સુખકારી ચંપી, શરીરના અવયવ દબાવવા તે)

**अट्ठुत्तर - अष्टोत्तर ( त्रि. )**(આઠથી અધિક, સંખ્યાવિશેષ)

**अट्ठुत्तरसयकूड - अष्टोत्तरशतकूट ( पुं. )**(શત્રુંજય પર્વત, સિદ્ધગિરિ)

**अट्ठुप्पत्ति - अर्थोत्पत्ति ( स्त्री. )**(ધનની ઉત્પત્તિ જેમાંથી થાય તે-વ્યવહાર, ધનની પ્રાપ્તિ)

**अट्ठुस्सास - अष्टोच्छ्वास ( पुं. )**(આઠ શ્વાસોશ્વાસ, પંચનમસ્કાર)

**अट्ठभाइया - अष्टभागिका ( स्त्री. )***(માણીના આઠમા ભાગ જેટલું રસ માપવાનું માપ, તરલ વસ્તુ માપવા માટે બત્રીસ પલ પ્રમાણનું પરિમાણ)*

**अट्ठमइय - अष्टमदिक ( त्रि. )***(આઠ મદસ્થાનોમાં મત્ત થયેલ)*

**अट्ठमंगल - अष्टमङ्गल ( न. )***(અષ્ટમંગલ)*

**अट्ठमभत्त - अष्टमभक्त ( न. )***(અઠ્ઠમ, ત્રણ ઉપવાસ)*

**अट्ठमभत्तिय - अष्टमभक्तिक ( त्रि. )***(અઠ્ઠમ કરનાર, ત્રણ ઉપવાસ કરેલા છે જેણે તે)*

**अट्ठमयमहण - अष्टमदमथन ( त्रि. )***(આઠ મદનો નાશ કરનાર)*

**अट्ठमहापाडिहेर - अष्टमहाप्रातिहार्य ( न. )***(આઠ મહાપ્રાતિહાર્ય, તીર્થંકર પ્રભુનો દેવો દ્વારા બતાવાતો આઠ પ્રકારે પ્રભાવ)*

**अट्ठमिपोसहिय - अष्टमीपौषधिक ( त्रि. )***(આઠમતિથિએ પૌષધ કરનાર ૨. અષ્ટમીના પૌષધવ્રતમાં કરાતો ઉત્સવ)*

**अट्ठमी - अष्टमी ( स्त्री. )***(પર્વતિથિ વિશેષ ૨. ચંદ્રની સોળ કળામાંની આઠમી કળા ૩. વૃદ્ધ વૈયાકરણિકોના મતે આમંત્રણાર્થક અષ્ટમી વિભક્તિ)*

**अट्ठमुत्ति - अष्टमूर्ति ( पुं. )***(ભૂમિ આદિ આઠ સ્વરૂપ છે જેના તે શિવ, શંકર)*

**अट्ठरससंपउत्त - अष्टरससंप्रयुक्त ( त्रि. )***(શ્રુંગાર આદિ આઠ રસોના પ્રકર્ષ યુક્ત)*

**अट्ठविह - अष्टविध ( त्रि. )***(આઠ પ્રકાર છે જેના તે, અષ્ટપ્રકારી)*

**अट्ठसइया - अर्थशतिका ( स्त्री. )***(જેની અંદર સો અર્થ રહેલા હોય તે, જેના સો અર્થ નીકળતા હોય તેવી વાણી આદિ)*

**अट्ठसंघाड - अष्टसङ्घाट ( पुं. )***(આઠ પ્રકારના પ્રાયશ્ચિત્તનો સમૂહ)*

**अट्ठसय - अष्टशत ( न. )***(એકસો આઠ)*

**अट्ठसयसिद्ध - अष्टशतसिद्ध ( पुं. )***(એકસો આઠ સિદ્ધ)*

**अट्ठसहस्स - अष्टसहस्र ( न. )***(એક હજાર આઠ, એકહજાર આઠની સંખ્યા)*

**अट्ठसामइय - अष्टसामयिक ( त्रि. )***(જેમાં આઠ સમય થતા હોય તે, આઠ સમયના પ્રમાણવાળું, આઠ સમયમાં ઉત્પન્ન થનાર)*

**अट्ठसेण - अष्टसेन ( पुं. )***(વત્સગોત્રમાં ઉત્પન્ન થયેલ પુરુષ, વત્સગોત્રીય સંતાન)*

★ **अर्थसेन ( पुं. )***(તે નામનો પુરુષ વિશેષ)*

**अट्ठसोवण्णिय - अष्टसौवर्णिक ( त्रि. )***(આઠ સોનામહોર પ્રમાણવાળું, જેનું વજન આઠ સોનામહોર જેટલું હોય તે)*

**अट्ठहत्तरि - अष्ट( ष्टा )सप्तति ( त्रि. )***(અઠ્યોતેર, સંખ્યા વિશેષ)*

**अट्ठा - अष्टा ( स्त्री. )***(નૂતનદીક્ષિતનો લોચ કરવા માટે કેશને મુઠ્ઠીમાં ગ્રહણ કરવા તે ૨. મુઠ્ઠી)*

★ **आस्था ( स्त्री. )***(આલંબન ૨.અપેક્ષા ૩. શ્રદ્ધા ૪. આદર ૪. પ્રતિષ્ઠા ૫. પ્રયત્ન ૬. સભા ૭. સ્થિતિ ૮. દેખરેખ ૯. વિશ્રામસ્થાન)*

**अट्ठाण - अस्थान ( न. )***(અનુચિત સ્થાન, અયોગ્ય સ્થાન)*

**अट्ठाणट्ठवणा - अस्थानस्थापना ( स्त्री. )***(પ્રમાદ પડિલેહણાનો એક ભેદ વિશેષ)*

**अट्ठाणमंडव - आस्थानमण्डप ( पुं. )***(બેઠકગૃહ, બેઠકનું સ્થાન)*

**अट्ठाणिय - अस्थान ( नि ) क ( न. )***(સ્થાન-આધાર રહિત, અનાધાર ૨. અપાત્ર)*

**अट्ठादंड - अर्थदण्ड ( पुं. )***(પ્રથમ ક્રિયા સ્થાનક ૨. સ્વ-પરના સુખ માટે જીવની હિંસા કરવી તે)*

**अट्ठादंडवत्तिय - अर्थदण्डप्रत्यय ( पुं.,न. )***(તેર ક્રિયાસ્થાનમાંનું પ્રથમ ક્રિયાસ્થાન, પોતાના માટે કે સ્વજનાદિક માટે હિંસા કરવી તે)*

**अट्ठायमाण - अतिष्ठत् ( त्रि. )***(સ્થિર નહીં રહેતો)*

**अट्ठार - अष्टादशन् ( त्रि. )***(અઢાર)*

**अट्ठारस - अष्टादशन् ( त्रि. )***(અઢાર, સંખ્યા વિશેષ)*

**अट्ठारसकम्मकारण - अष्टादशकर्मकारण ( न. )***(અઢાર પ્રકારના ચૌર્યકર્મની ઉત્પત્તિનું કારણ)*

**अट्ठारसट्ठाण - अष्टादशस्थान ( न. )***(વૈરાગ્ય ભાવનાના અઢાર વિચારસ્થાન, સંયમવિમુખ થયેલા સાધુએ સ્થિરતા માટે વિચારવાના ૧૮ સ્થાન)*

**अट्ठारसपावट्ठाण - अष्टादशपापस्थान ( क ) ( न. )***(અઢાર પાપસ્થાનક, પાપના હેતુભૂત અઢાર સ્થાન)*

**अट्ठारसवंजणाउल - अष्टादशव्यञ्जनाकुल ( त्रि. )***(અઢાર પ્રકારના શાકથી વ્યાપ્ત છે તે, સુપાદિ અઢાર જાતના વ્યંજનોથી ભરપૂર)*

**अट्ठारसविहिप्पयारदेसीभाषाविसारय - अष्टादशविधिप्रकारदेशीभाषाविशारद ( पु., स्त्री. )***(અઢાર જાતિની વિધિના પ્રકારોના પ્રચારવાળી દેશભેદથી વર્ણભેદવાળી દેશીભાષામાં વિશારદ-પંડિત, અઢાર પ્રકારની ભિન્નતાવાળી દેશીભાષાનો જાણકાર)*

**अट्ठारससीलंगसहस्स - अष्टादशशीलाङ्गसहस्र ( न. )***(અઢાર હજાર શીલના ભેદ-પ્રકાર)*

**अट्ठारससेणि - अष्टादशश्रेणि ( स्त्री. )***(કુંભારાદિ અઢાર વર્ણ, અઢાર પ્રકારના વર્ગ, નવ નારુ અને નવ કારુ મળી અઢાર વર્ણ)*

**अट्ठुस्सेह - अष्टोत्सेध ( त्रि. )**(જેની ઊંચાઈ આઠ યોજનની હોય તે)

**अड - अट् ( धा. )**(ગતિ કરવી, ગમન કરવું)

★**अट ( पुं. )**(રોમરાજીવાળા પક્ષી વગેરે ૨. કબુતરની પાંખ સમાન પાંખવાળું ગોરૈયા નામનું પક્ષી વિશેષ)

★**अवट ( पुं. )**(ખાડો, ૨. કૂવો)

**अडउज्झिअं ( देशी )**(પુરુષાતન ૨. વિપરીત મૈથુન)

**अडज्झ - अदाह्य ( त्रि. )**(જેને અગ્નિથી બાળી ન શકાય તે)

**अडड - अटट ( न. )**(ચોરાશી લાખ અડડાંગ પ્રમાણ કાળવિશેષ)

**अडडंग - अटटाङ्ग ( न. )**(ચોરાશી લાખ ત્રુટિત પ્રમાણ કાળવિશેષ)

**अडण - अटन ( न. )**(અટન કરવું, ફરવું, રખડવું)

**अडणी ( देशी-स्त्री. )**(માર્ગ, રસ્તો)

**अडपल्लाण ( देशी-न. )**(વાહન વિશેષ)

**अडमाण - अटत् ( त्रि. )**(ગમન કરતું, ભટકતું)

**अडया ( देशी-स्त्री. )**(કુલટા, વ્યભિચારિણી સ્ત્રી)

**अडयणा ( देशी-स्त्री. )**(કુલટા, વ્યભિચારિણી સ્ત્રી)

**अडयाल - अष्ट( ष्टा ) चत्वारिंशत् ( त्रि. )**(અડતાળીશ, ચાલીસ અને આઠ, ૪૮ની સંખ્યા)

**अडयाल ( देशी-पुं. )**(વખાણ, કીર્તિ, પ્રશંસા)

**अडयालकयवणमाल - अष्ट ( ष्टा ) चत्वारिंशत्कृतवनमाल ( त्रि. )**(અડતાલીશ પ્રકારના ભેદોથી યુક્ત હારવાળી વનમાળા જેમાં છે તે)

**अडयालकृतवनमाल ( देशी-त्रि. )**(પ્રશસ્ત રીતે કરાયેલ છે વનમાળા જેમાં તે)

**अडयालकोट्ठगरइय - अष्टचत्वारिंशत्कोष्ठकरचित ( त्रि. )**(૪૮ પ્રકારના વિભાગોથી સુશોભિત શયનખંડો કે વાસગૃહો સ્વયં રચના પામેલા છે જેમાં તે)

**अडवि - अटवि ( वी ) ( स्त्री. )**(અટવી, અરણ્ય, જંગલ)

**अडवीजम्मण - अटवीजन्मन् ( न. )**(જંગલમાં જન્મ થાય તે, જંગલપ્રસૂતિનું દુ:ખ)

**अडवीदेसदुग्गवासि ( ण् ) - अटविदेशदुर्गवासिन् ( पुं. )**(જંગલી પ્રદેશમાં જળ અને સ્થળ રૂપ કિલ્લામાં વસનાર ચોરાદિ)

**अडवि ( वी ) वास - अटवि ( वी ) वास ( पुं. )**(જંગલમાં વસવું તે, અરણ્યવાસ)

**अडसट्ठि - अष्ट ( ष्टा ) षष्टि ( स्त्री. )**(અડસઠની સંખ્યા, સાઈઠ અને આઠ)

**अडाडो ( देशी )**(હા, તે પ્રમાણે)

**अडिल्ल - अटिल ( पुं. )**(ચામડાની પાંખવાળું એક પક્ષી, ચામાચીડિયું)

**अडो ( देशी )**(કૂવો, પાણી માટે જમીનમાં ખોદેલો ખાડો)

**अडोलिका - अटोलिका ( स्त्री. )**(તે નામે એક રાજપુત્રી ૨. ઉંદરડી)

**अड्डुक्ख - क्षिप् ( धा. )**(પ્રેરણા કરવી ૨. ફેંકવું)

**अड्डिया - अड्डिका ( स्त्री. )**(મલ્લોની ક્રિયા વિશેષ)

**अड्ढ - अर्द्ध ( न. )**(અર્ધ, અડધો ભાગ, ખંડ, અંશ)

★**आढ्य ( त्रि. )**(ધન-ધાન્યાદિથી પરિપૂર્ણ, સમૃદ્ધ, સંપન્ન, ધની ૨. યુક્ત ૩. પૂર્ણ ૪. મહાન)

**अड्ढअक्कली ( देशी-स्त्री. )**કમ્મર પર હાથ રાખી ઊભા રહેવું તે, કેડ પર હાથ રાખવો તે)

**अड्ढक्खेत्त - अर्धक्षेत्र ( न. )**(એક અહોરાત્ર પરિમિત ક્ષેત્રપર્યંત ચંદ્રની સાથે રહેનાર નક્ષત્રો, ઉત્તરાફાલ્ગુની ઉત્તરાષાઢા, ઉત્તરાભાદ્રપદ રોહિણી, પુનર્વસુ અને વિશાખા એ છ નક્ષત્રો)

**अड्ढग - आढ्य ( त्रि. )**(આઢ્ય, યુક્ત ૨. પરિપૂર્ણ)

**अड्ढरत्त - अर्धरात्र ( पुं. )**(અર્ધરાત્રિ, મધ્યરાત્રિ)

**अड्ढाइज्ज - अर्द्धतृतीय ( त्रि. )**(અઢી, બે અને અર્ધુ)

**अड्ढाइज्जदीव - अर्द्धतृतीयद्वीप ( पुं. )**(અઢીદ્વીપ)

**अड्ढाइज्जदीवसमुद्दतदेक्कदेसभाग - अर्द्धतृतीयद्वीपसमुद्रतदेकदेशभाग ( पुं. )**(અઢી દ્વીપ સમુદ્રનો વિવક્ષિત ભાગ)

**अड्ढापक्कंति - अर्द्धापक्रान्ति ( स्त्री. )**(ઋતુ પ્રમાણે જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ તપના પરિમાણમાં વધ-ઘટ કરવી તે)

**अड्ढेज्ज - आढ्यत्व ( न. )**(ધનીપણું, શ્રીમંતાઈ)

★**आढ्येज्या ( स्त्री. )**(ધની પુરુષે કરેલ સત્કાર, શ્રીમંતે કરેલ સત્કાર)

**अड्ढोरुग - अर्द्धोरुक् ( पुं. )**(જૈન સાધ્વીને પહેરવાનું એક વસ્ત્ર વિશેષ)

**अण - अन् ( अव्य. )**(નિષેધ - પ્રતિષેધ વાચી અવ્યય)

**अण - अण ( न. )**(પાપ ૨. કર્મ ૩. ગતિ ૪. શબ્દ ૫. ક્રોધાદિ કષાય)

★**अन ( न. )**(કષાય, અનંતાનુબંધી ક્રોધાદિ ચાર કષાય)

★**अनस् ( न. )**(ગાડું, શકટ ૨. શરીર)

★**ऋण ( न. )**(કરજ, ઋણ ૨. આઠ પ્રકારના કર્મ)

**अणइ** - **अनति ( अव्य. )***(અતિક્રમણનો અભાવ)*
**अणइक्कमणिज्ज** - **अनतिक्रमणीय ( त्रि. )***(વ્યભિચાર અર્થે અશક્ય ૨. જેમાં વ્યભિચાર અતિવ્યાપ્તિ વગેરે દોષો ન આવે તેવો જવાબ)*
**अणइप्पगड** - **अनतिप्रकट ( त्रि. )***(પ્રછન્ન, ઢાંકેલું, અપ્રકાશિત)*
**अणइवत्तिय** - **अनतिपत्य ( अव्य. )***(નહીં ઓળંગીને, ઉલ્લંઘન કર્યા વગર ૨. હિંસા ન કરીને)*
**अणइवर** - **अनतिवर ( न. )***(પ્રધાન, સર્વોત્તમ, શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ)*
**अणइवरसोमचारुरूव** - **अनतिवरसोमचारुरूप ( त्रि. )***(અતિશય સૌમ્ય-દૃષ્ટિને સુખ ઉપજાવનારું સુંદર રૂપ જેનું છે તે)*
**अणइवाएमाण** - **अनतिपातयत् ( त्रि. )***(નહીં મારતો, દુઃખ નહીં આપતો, પ્રાણાતિપાત નહીં કરતો)*
**अणइविलंबियत्त** - **अनतिविलम्बितत्व ( न. )***(સત્યવચનના ૩૫ અતિશયો પૈકીનો ૨૮મો અતિશય)*
**अणइसंधाण** - **अनतिसन्धान ( न. )***(અવંચન, ન ઠગવું તે, ન છેતરવું તે)*
**अणं ( देशी )***(ઋણ, દેવું)*
**अणंग** - **अनङ्ग ( न. )***(આકાશ ૨. ચિત્ત ૩. મૈથુનની અપેક્ષાએ યોનિ અને લિંગથી ભિન્ન સ્તનાદિ અંગો ૪. બાર અંગથી ભિન્ન ૫. એક રાજપુત્ર ૬. મૈથુનના તીવ્રઅધ્યવસાય રૂપ કામ ૭. જેને અંગ-આકાર ન હોય તે, કામદેવ ૮. પુરુષને પુરુષ-સ્ત્રી કે નપુંસકને સેવવાની ઇચ્છા થાય અથવા હસ્તકર્મની ઇચ્છા થાય તે, એ પ્રમાણે સ્ત્રી અને નપુંસક માટે પણ સમજવું.)*
**अणंगकिड्डा ( कीडा )** - **अनङ्गक्रीडा ( स्त्री. )***(કુચમર્દનાદિ કુચેષ્ટા કરવી તે ૨. હસ્તકર્મ ૩. શ્રાવકના ચોથાવ્રતનો ત્રીજો અતિચાર ૪. કામ પ્રધાન ક્રીડા)*
**अणंगपडिसेविणी** - **अनङ्गप्रतिसेविनी ( स्त्री. )***(લિંગ અને યોનિ સિવાયના મુખાદિ અંગે આહાર્યલિંગાદિથી વિષય સેવન કરનારી, પરપુરુષો સાથે વ્યભિચાર કરનારી)*
**अणंगप्पविट्ठ** - **अनङ्गप्रविष्ट ( न. )***(ભદ્રબાહુસ્વામી વગેરે સ્થવિરો દ્વારા રચિત આવશ્યકનિર્યુક્ત્યાદિ શ્રુતવિશેષ)*
**अणंगमंजरी** - **अनङ्गमञ्जरी ( स्त्री. )***(પૃથ્વીચૂડ રાજા અને રેખા રાણીથી જન્મેલ અનંગમંજરી નામે રાજકન્યા)*
**अणंगसेण** - **अनङ्गसेन ( पुं. )***(અનંગસેન અપર નામ કુમારનંદી ૨. સુવર્ણકારનો એક ભેદ)*
**अणंगसेणा** - **अनङ्गसेना ( स्त्री. )***(કૃષ્ણવાસુદેવના સમયમાં તે નામે દ્વારિકાની પ્રસિદ્ધ ગણિકા)*
**अणंत** - **अनन्त ( त्रि. )***(અનંત, અપરિમિત, નિરવધિક, અક્ષય, અપર્યવસાનિક ૨. કેવળજ્ઞાન ૩. આકાશ ૪. ભરતક્ષેત્રના આ ચોવીશીના ચૌદમા તીર્થંકર ૫. સાધારણકાયનો જીવ)*
**अणंतइ** - **अनन्तजित् ( पुं. )***(આ અવસર્પિણીકાળના ભરતક્ષેત્રના ચૌદમા તીર્થંકર પરમાત્માનું અપરનામ)*
**अणंतंस** - **अनन्तांश ( पुं. )***(અનંતમો ભાગ)*
**अणंतकर** - **अनन्तकर ( त्रि. )***(સંસારનો અંત કરવાને અશક્ત, સંસારનો અંત ન કરનાર)*
**अणंतकाइय** - **अनन्तकायिक ( पुं. )***(કંદમૂલાદિ અનન્તકાય, અનન્તકાયિક વનસ્પતિનો ભેદ)*
**अणंतकाय** - **अनन्तकाय ( पुं. )***(કંદમૂળાદિ અનન્ત જીવવાળી વનસ્પતિ, અનન્તકાય)*
**अणंतकाल** - **अनन्तकाल ( पुं. )***(અનંતકાળ, છેડા વગરનો કાળ)*
**अणंतकित्ति** - **अनन्तकीर्त्ति ( पुं. )***(અનંતકીર્તિ નામે એક જૈન મુનિ, કે જેમનું અપર નામ ધર્મદાસ ગણિ હતું)*
**अणंतखुत्तो** - **अनन्तकृत्वस् ( अव्य. )***(અનંત વાર)*
**अणंतग ( य )** - **अनन्तक ( न. )***(ગણના કે સંખ્યાનો એક ભેદ, અનંત)*
★**अणंतग ( त्रि. )***(અવિનાશી, શાશ્વત)*
**अणंतगुणिय** - **अनन्तगुणित ( त्रि. )***(અનંતગણું, અનંતે ગુણેલ)*
**अणंतघाइ ( ण् )** - **अनन्तघातिन् ( पुं. )***(આત્માના મૂળ ગુણોનો ઘાત કરનાર કર્મપ્રકૃતિ, ઘાતિકર્મની પ્રકૃતિ)*
**अणंतचक्खु** - **अनन्तचक्षुष् ( पुं. )***(કેવળજ્ઞાની, અંતરહિત જ્ઞાનના ધારક)*
**अणंतजिण** - **अनन्तजिन ( पुं. )***(વર્તમાન અવસર્પિણીના ભરતક્ષેત્રના ચૌદમાં તીર્થંકર, અનંતનાથ)*
**अणंतजीव** - **अनन्तजीव ( पुं. )***(અનંત જીવવાળી વનસ્પતિ, કંદમૂળ વગેરે સાધારણ વનસ્પતિ)*
**अणंतजीविअ** - **अनन्तजीविक ( पुं. )***(અનંતકાયિક વનસ્પતિ વિશેષ, અનંત જીવો જેમાં છે તે)*
**अणंतणाण** - **अनन्तज्ञान ( न. )***(કેવળજ્ઞાન)*
**अणंतणाणदंसि ( ण् )** - **अनन्तज्ञानदर्शिन् ( पुं. )***(કેવળજ્ઞાન અને કેવળદર્શનવાળા, કેવળી, સર્વજ્ઞ)*
**अणंतणाणि ( ण् )** - **अनन्तज्ञानिन् ( पुं. )***(અનંતજ્ઞાની, કેવળજ્ઞાની, સર્વજ્ઞ, તીર્થંકર)*
**अणंतदंसि ( ण् )** - **अनन्तदर्शिन् ( पुं. )***(કેવળદર્શની, સર્વજ્ઞ)*

**अणंतपएसिय - अनन्तप्रदेशिक ( पुं. )***(અનંત પ્રદેશાત્મક સ્કંધ, અનંત પરમાણુઓ ભેગા થવાથી બનેલ એક પદાર્થ)*

**अणंतपार - अनन्तपार ( स्त्री. )***(પાર વગરનું, અપાર, વિસ્તારયુક્ત સીમા વિનાનું)*

**अणंतपासि ( ण् ) - अनन्तदर्शिन् ( पुं. )***(ઐરવતક્ષેત્રના આગામી ચોવીસીના વીસમાં તીર્થંકર)*

**अणंतमिस्सिया - अनन्तमिश्रिता ( स्त्री. )***(સત્યમૃષા ભાષાનો એક ભેદ, અનંતમિશ્રિત)*

**अणंतमीसय - अनन्तमिश्रक ( न. )***(સત્યમૃષા ભાષાનો એક ભેદ, અનંતમિશ્રક)*

**अणंतमोह - अनन्तमोह ( त्रि. )***(અનંત મોહ-દર્શનમોહનીયકર્મ જેને છે તે, મિથ્યાત્વી, અજ્ઞાની)*

**अणंतर - अनन्तर ( त्रि. )***(વ્યવધાન રહિત, અંતર રહિત ૨. પું.વર્તમાન સમય ૩. ક્રિ.વિ. પછી, બાદ)*

**अणंतरखेत्तोगाढ - अनन्तरक्षेत्रावगाढ ( त्रि. )***(આત્મા અને શરીરના અવગ્રાહક્ષેત્રની અપેક્ષાએ અત્યંત પાસેના ક્ષેત્ર-આકાશપ્રદેશને અવગાહીને રહેલ)*

**अणंतरखेदोववण्णग - अनन्तरखेदोपपन्नक ( त्रि. )***(સમયાદિના અંતર રહિત ખેદપૂર્વક ઉત્પત્તિ છે જેની તે, ખેદસહિત ઉત્પત્તિના પ્રથમ સમયવાળો નૈરયિકજીવ)*

**अणंतरगंठिय - अनन्तरग्रन्थित ( त्रि. )***(અંતર રહિત એકની પાસે બીજી ત્રીજી એમ પાસે પાસે લાગેલ ગાંઠોની સાથે ગુંથેલ)*

**अणंतरच्छेय - अनन्तरच्छेद ( पुं. )***(પોતાના નખ કે દાંતથી છેદન કરવું તે, નખ કે દાંતથી બે ટુકડા કરવા)*

**अणंतरणिग्गय - अनन्तरनिर्गत ( त्रि. )***(આંતરા રહિત એક જ સમયે નીકળેલ)*

**अणंतरदिट्ठंतय - अनन्तरदृष्टान्तक ( पुं. )***(પરોક્ષ હોવાથી દાર્ષ્ટાન્તિક અર્થને સાધી આપનાર ન હોય તેવો દૃષ્ટાન્તનો ભેદ વિશેષ)*

**अणंतरपच्छाकड - अनन्तरपश्चात्कृत ( त्रि. )***(વર્તમાનથી પહેલાનો સમય, વર્તમાનની જોડેનો આગલો સમય)*

**अणंतरपज्जत्त - अनन्तरपर्याप्त ( पुं. )***(પર્યાપ્ત થવાનો પ્રથમ સમય, પ્રથમ સમયમાં પર્યાપ્ત નારકાદિ)*

**अणंतरपरंपरअणिग्गय - अनन्तरपरम्परानिर्गत ( पुं. )***(પ્રથમ સમયમાંથી નીકળેલ)*

**अणंतरपरंपरअणुववण्णग - अनन्तरपरम्परानुपपन्नक ( पुं. )***(અનંતર-અંતરરહિત અને પરંપરાએ બીજા, ત્રીજા સમયમાં ઉત્પત્તિ નથી જેની તે; વિગ્રહગતિક જીવ)*

**अणंतरपरंपरखेदाणुववण्णग - अनन्तरपरम्परखेदानुपपन्नक ( पुं. )***(તુરતમાં કે પરંપરાએ ખેદપૂર્વક નથી ઉત્પત્તિ જેની એવો જીવ, વિગ્રહગતિવાળોજીવ)*

**अणंतरपुरक्खड - अनन्तरपुरस्कृत ( त्रि. )***(વર્તમાનની જોડેનો પાછલો સમય, અનન્તર બીજો)*

**अणंतरसमुदाणकिरिया - अनन्तरसमुदानक्रिया ( स्त्री. )***(વ્યવધાનરહિત સમુદાન ક્રિયા, પ્રથમ સમયવર્તી સમુદાન ક્રિયા)*

**अणंतरसिद्ध - अनन्तरसिद्ध ( पुं. )***(પ્રકૃત સમયમાં સિદ્ધ થયેલ હોય તે, સિદ્ધત્વના પ્રથમ સમયમાં વર્તતા સિદ્ધ)*

**अणंतरहिय - अनन्तरहित ( त्रि. )***(વ્યવધાન રહિત ૨. સચિત્ત, સજીવ)*

**अणंतरागम - अनन्तरागम ( पुं. )***(આગમનો ભેદ વિશેષ)*

**अणंतराहारग - अनन्तराहारक ( पुं. )***(જીવના પ્રદેશની અત્યંત પાસે અર્થાત્ આંતરા રહિત રહેલા પુદ્ગલોનો આહાર કરનાર નારકી વગેરે જીવ)*

**अणंतरिय - अनन्तरित ( त्रि. )***(અવ્યવહિત, વ્યવધાન રહિત)*

**अणंतरोगाढग - अनन्तरावगाढक ( पुं. )***(પ્રકૃત સમયમાં આકાશ પ્રદેશને અવગાહી રહેલ જીવ)*

**अणंतरोवणिहा - अनन्तरोपनिधा ( स्त्री. )***(અનંતર-પાસેના યોગસ્થાન સાથે તેના પછીના યોગસ્થાનની માર્ગણા કરવી તે)*

**अणंतरोववण्णग - अनन्तरोपपन्नक ( पुं. )***(પ્રથમ સમયમાં ઉત્પન્ન થયેલ જીવ, જેને ઉપજ્યે એક સમય થયો છે તે નૈરયિકથી લઈ વૈમાનિક સુધીના જીવ)*

**अणंतवग्गभइय - अनन्तवर्गभक्त ( त्रि. )***(અનંતને અનંત ગુણા કરી તેને વિભક્ત કરેલ, અનંતને વર્ગે કરી ભાગ પાડેલ-વહેચણી કરેલ)*

**अणंतवत्तियाणुप्पेहा - अनन्तवृत्तितानुप्रेक्षा ( स्त्री. )***(શુક્લધ્યાનની પ્રથમ અનુપ્રેક્ષા, અનંતકાળથી ભવ ભ્રમણ થાય છે તેનાથી નિવર્તવાનું ચિંતવન કરવું તે)*

**★अनन्तवर्तितानुप्रेक्षा ( स्त्री. )***(શુક્લધ્યાનની ભાવનાનો એક ભેદ)*

**अणंतविजय - अनन्तविजय ( पुं. )***(ભરતક્ષેત્રમાં આવતી ચોવીસીમાં થનાર ચોવીસમાં તીર્થંકર ૨. યુધિષ્ઠિરનો શંખ)*

**अणंतविण्णाण - अनन्तविज्ञान ( पुं. )***(કેવળજ્ઞાન)*

**अणंतवीरिय - अनन्तवीर्य ( पुं. )***(ભરતક્ષેત્રમાં આવતી ચોવીસીમાં થનાર તેવીસમાં તીર્થંકર ૨. એક ઋષિ, કાર્તવીર્યના પિતા)*

**अणंतसंसारिय - अनन्तसंसारिक ( पुं. )** *(અનંતકાળ પર્યન્ત સંસારમાં ભવભ્રમણ કરનાર, અપરિમિત સંસારી)*

**अणंतसमयसिद्ध - अनन्तसमयसिद्ध ( पुं. )** *(જેને સિદ્ધ થયે અનંત સમય થયા હોય તે, અનંત સમય પછી એક એક સિદ્ધ થાય તે)*

**अणंतसेण - अनन्तसेन ( पुं. )** *(અવસર્પિણીના ત્રીજા આરામાં થયેલ ચોથા કુલકર ૨. નાગ ગૃહપતિ અને સુલસા સ્ત્રીનો પુત્ર)*

**अणंतसो - अनन्तशस् ( अव्य. )** *(અનંત વાર ૨. નિરવધિક કાળ)*

**अणंतहियकामुय - अनन्तहितकामुक ( त्रि. )** *(મોક્ષાભિલાષી, મુમુક્ષુ, મોક્ષની ઇચ્છાવાળો)*

**अणंताणंत - अनन्तानन्त ( त्रि. )** *(અનંતને અનંતગુણા કરવાથી જે સંખ્યા આવે તે)*

**अणंताणुबंधि ( ण् ) - अनन्तानुबन्धिन् ( पुं. )** *(અનંતકાળ સુધી આત્માને સંસાર સાથે અનુબંધ-સંસર્ગ કરાવનાર કષાયોની ચાર ચોકડી પૈકીની પ્રથમ ચોકડી, અનંતાનુબંધી ક્રોધ, માન, માયા અને લોભ)*

**अणंताणुबंधिविसंजोयणा - अनन्तानुबन्धिविसंयोजना ( स्त्री. )** *(અનંતાનુબંધી કષાયોની વિસંયોજના-વિચ્છેદન)*

**अणंतिय - अनन्तिक ( न. )** *(દૂર, નજીક ન હોય તે)*

**अणंदमाण - अनन्दमत् ( त्रि. )** *(સુખ નહીં ભોગવતો)*

**अणंदिय - अनन्दित ( त्रि. )** *(અધોલોકવાસી આઠમી દિક્કુમારી દેવી)*

**अणंध - अनन्ध ( पुं. )** *(અંધપુર નગરનો રાજા)*

**अणंबिल - अनाम्ल ( त्रि. )** *(સ્વ સ્વાદથી અચલિત ખાદ્ય પદાર્થ, ખટાશરહિત અચિત્ત પેયાદિ)*

**अणंसुवाइ ( ण् ) - अनश्रुपातिन् ( पुं. )** *(માર્ગનો પરિશ્રમ-થાક લાગ્યો હોય તો પણ અશ્રુપાત ન કરનાર ઘોડો વગેરે)*

**अणकम्म - अनःकर्मन् ( न. )** *(બળદગાડું બનાવવું, વેચવું આદિ પ્રવૃત્તિ)*

**अणकर - ऋणकर ( पुं. )** *(પાપ કરનાર ૨. સ્થૂલ પ્રાણાતિપાતનો ચોવીસમો ભેદ)*

**अणक्क ( क्ख ) - अनक्ष ( पुं. )** *(મ્લેચ્છ વિશેષ)*

**अणक्कभिण्ण - अनासाभिन्न ( त्रि. )** *(જેનું નાક વીંધેલ ન હોય તેવા બળદાદિ, નાથેલ ન હોય તેવું પશુ)*

**अणक्खरसुय - अनक्षरश्रुत ( न. )** *(અનક્ષર નામનો શ્રુતજ્ઞાનનો એક ભેદ, અનક્ષરશ્રુત)*

**अणगरहिय - अगर्हित ( त्रि. )** *(સામાયિક વ્રત)*

**अणगार - अनगार ( पुं. )** *(ગૃહ આદિનો ત્યાગ કરનાર મહાત્મા, અણગાર, સાધુ, મુનિ, ભિક્ષુક, ઘર રહિત)*

**★ऋणकार ( पुं. )** *(આઠ પ્રકારનું કર્મ ૨. દુષ્ટ શિષ્ય)*

**अणगारगुण - अनगारगुण ( पुं. )** *(સાધુ ભગવંતના સત્યાવીસ ગુણ)*

**अणगारचरित्तधम्म - अनगारचरित्रधर्म ( पुं. )** *(સાધુઓનો ચારિત્ર ધર્મ, મહાવ્રતાદિ પાલનરૂપ યતિધર્મ)*

**अणगारधम्म - अनगारधर्म ( पुं. )** *(સર્વવિરતિ ચારિત્રરૂપ યતિધર્મ, મુનિધર્મ)*

**अणगारमग्गगइ - अनगारमार्गगति ( स्त्री. )** *(સિદ્ધગતિ ૨. સમ્યગ્દષ્ટિના અવરોધકના પરિત્યાગથી મૂકાયેલ જીવના સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર)*

**अणगारमहेसि - अनगारमहर्षि ( पुं. )** *(સાધુના ગુણોથી યુક્ત વિશિષ્ટ મહર્ષિ)*

**अणगारवाइ ( ण् ) - अनगारवादिन् ( पुं. )** *(સાધુના ગુણોથી રહિત હોવા છતાં પોતાને સાધુ તરીકે ઓળખાવનાર, માત્ર વેષને ધારણ કરનાર શાક્યાદિ સાધુ)*

**अणगारसामाइय - अनगारसामायिक ( त्रि. )** *(સર્વવિરતિ ચારિત્રરૂપ સામાયિક, સાધુનો ધર્મ, મુનિનો આચાર)*

**अणगारसीह - अनगारसिंह ( पुं. )** *(મુનિઓમાં સિંહ સમાન સાધુ)*

**अणगारसुय - अनगारश्रुत ( न. )** *(સૂત્રકૃતાંગસૂત્રના દ્વિતીય શ્રુતસ્કંધનું પાંચમું અધ્યયન)*

**अणगारि ( ण् ) - अनगारिन् ( पुं. )** *(સંયત, ગૃહ આદિનો ત્યાગ કરનાર, સાધુ)*

**अणगारिय - अनगारिक ( त्रि. )** *(સાધુ સંબંધી સર્વવિરતિ સામાયિકાદિ અનુષ્ઠાન)*

**अणगारिया - अनगारिता ( स्त्री. )** *(સાધુપણું, સાધુવૃત્તિ, સાધુનો ભાવ)*

**अणगाल - अनगाल ( पुं. )** *(દુષ્કાળ, દુર્ભિક્ષ)*

**अणगिण - अनग्न ( पुं. )** *(વસ્ત્ર આપનાર કલ્પવૃક્ષ ૨. ત્રિ. નગ્ન ન હોય તે, વસ્ત્રથી આચ્છાદિત)*

**अणग्घ - अनर्घ्य ( त्रि. )** *(બહુમૂલ્ય, કિંમતી, સર્વોત્તમ હોવાથી જેનું મૂલ્ય ન થઈ શકે તે)*

**अणग्घरयणचूल - अनर्घरत्नचूड ( पुं. )** *(ભરૂચના મુનિસુવ્રતસ્વામી)*

**अणघ - अनघ ( त्रि. )** *(પાપ રહિત ૨. નિર્મલ, સ્વચ્છ ૩. લાવણ્યમય, મનોહર)*

**अणघमय - अनघमत ( त्रि. )**(*નિર્મલ બુદ્ધિવાળા*)

**अणचउक्क - अनन्तानुबन्धिचतुष्क ( न. )**(*અનંતાનુબંધી કષાય ચતુષ્ક*)

**अणच्चंतिय - अनात्यन्तिक ( पुं. )**(*મદદ માંગનારને વચ્ચે મૂકી ભાગી ન જવું પરન્તુ છેવટ સુધી મદદ કરવી તે*)

**अणच्चक्खर - अनत्यक्षर ( न. )**(*એકપણ અક્ષરથી વધારે ન હોય તે*)

**अणच्चाविय - अनर्तित ( न. )**(*પોતાને કે વસ્ત્રને હલાવવા નહીં તે, અપ્રમાદ પડિલેહણાનો એક ભેદ*)

**अणच्चासायणासील - अनत्याशातनाशील ( पुं. )**(*ગુરુ આદિની નિંદાદિ અત્યંત આશાતના ન કરનાર*)

**अणच्चासायणाविणय - अनत्याशातनाविनय ( पुं. )**(*ગુરુ આદિનો વિનય કરવો તે, દર્શનવિનયનો ભેદ વિશેષ*)

**अणच्छ - कृष् ( धा. )**(*આકર્ષાવું, ખેંચાણ થવું ર. વિલેખન કરવું, રેખા કરવી*)

**अणच्छिआरं ( देशी )**(*નહીં છેદેલ, અચ્છિન્ન*)

**अणच्छेय - ऋणच्छेद ( पुं. )**(*લેણદાર પાસેથી લીધેલા દ્રવ્યને પાછું આપવું તે*)

**अणज्ज - अनार्य ( पुं. )**(*અનાર્ય, મ્લેચ્છ, પાપી, ક્રુર*)

**★अन्याय्य ( त्रि. )**(*અન્યાય યુક્ત*)

**अणज्जधम्म - अनार्यधर्म ( पुं. )**(*અનાર્ય સ્વભાવવાળો, ક્રૂરકર્મી*)

**अणज्जभाव - अनार्यभाव ( पुं. )**(*ક્રોધાદિ દુર્ગુણવાળો મનુષ્ય*)

**अणज्झवसाय - अनध्यवसाय ( पुं. )**(*આલોચનામાત્ર અધ્યવસાયનો અભાવ, અવ્યક્ત જ્ઞાન, નિર્વિકલ્પ જ્ઞાન, ભેદ-પ્રભેદ રહિત સામાન્ય જ્ઞાન*)

**अणज्झोवण्ण - अनध्युपपन्न ( त्रि. )**(*મૂર્ચ્છા-આસક્તિથી રહિત, અનાસક્ત*)

**अणट्ठ - अनर्थ ( पुं. )**(*પ્રયોજન વગર, નિષ્કારણ, અર્થ રહિત, નિરર્થક ર. નુકસાન, હાનિ*)

**अणट्ठकारग - अनर्थकारक ( त्रि. )**(*અનર્થકારી, પુરુષાર્થનો ઘાત કરનાર ર. પું. આર્તધ્યાન રહિત, અનાર્ત*)

**अणट्ठग - अनर्थक ( पुं. )**(*અઠ્યાવીસમો ગૌણ પરિગ્રહ*)

**अणट्ठपगड - अन्याह्नर्थप्रकृत ( त्रि. )**(*સાધુ નિમિત્તે બનાવેલ આહાર આદિ*)

**अणट्ठाकित्ति - अनार्तकीर्ति ( त्रि. )**(*નિષ્કલંક કીર્તિ છે જેની તે, અબાધિત કીર્તિયુક્ત*)

**अणट्ठादंड - अनर्थदण्ड ( पुं. )**(*નિષ્પ્રયોજન પ્રાણીઓનું ઉપમર્દન કરવું તે, નિષ્કારણ પાપ કરવા તે, સ્વાર્થ વગર આત્માને દંડવો તે, બીજું ક્રિયાસ્થાનક*)

**अणट्ठादंडवेरमण - अनर्थदण्डविरमण ( न. )**(*અનર્થદંડથી નિવર્તવું તે, શ્રાવકનું આઠમું વ્રત, શ્રાવકનું ત્રીજું ગુણવ્રત*)

**अणट्ठाबंधि - अनर्थबन्धिन् ( पुं. )**(*વિના પ્રયોજને પખવાડીયામાં બે, ત્રણ કે વધુ વખત પાત્ર આદિને બંધન આપનાર સાધુ-સાધ્વી*)

**अणडण - अनटन ( न. )**(*ભ્રમણ ન કરવું તે, નહીં રખડવું તે*)

**अणडो ( देशी )**(*જાર, ઉપપતિ*)

**अणणिप्पित्तु - अनर्प्य ( अव्य. )**(*શત્રુને નહીં આપીને*)

**अणणुओग - अननुयोग ( पुं. )**(*સાત પ્રકારના અનુયોગથી વિપરીત યોગ*)

**अणणुचीइय - अननुचित ( त्रि. )**(*શાસ્ત્રમાં જેની પરવાનગી આપી હોય તે, શાસ્ત્રે જેની અનુજ્ઞા કરેલ હોય તે*)

**अणणुपालण - अननुपालन ( न. )**(*પાલન ન કરવું તે ર. પૌષધોપવાસનો અતિચાર*)

**अणणुवाइ ( ण् ) - अननुपातिन् ( त्रि. )**(*સિદ્ધાંતથી વિરુદ્ધ, સિદ્ધાંતને નહીં અનુસરનાર*)

**अणणुवाय - अननुपात ( पुं. )**(*ન આવવું તે*)

**अणणुसासणा - अननुशासना ( स्त्री. )**(*શિક્ષાનો અભાવ, અનુશાસનનો અભાવ*)

**अणण्ण - अनन्य ( त्रि. )**(*અભિન્ન, અપૃથક્ ર. મોક્ષમાર્ગથી ભિન્ન નહીં તે, જ્ઞાનાદિ ૩. અસાધારણ, અદ્વિતીય*)

**अणण्णणेय - अनन्यनेय ( त्रि. )**(*અન્યથી ન દોરવાય તેવો, સ્વયંબુદ્ધ*)

**अणण्णदंसि ( ण् ) - अनन्यदर्शिन् ( पुं. )**(*પદાર્થને યથાવસ્થિત જોનાર, પદાર્થ જે રીતે છે તે પ્રમાણે જોનાર*)

**अणण्णपरम - अनन्यपरम ( पुं. )**(*સંયમ, ચારિત્ર, ઇન્દ્રિયનિગ્રહ*)

**अणण्णमण - अनन्यमनस् ( त्रि. )**(*એકાગ્ર ચિત્તવાળો, તલ્લીન,*)

**अणण्णहावाइ ( ण् ) - अनन्यथावादिन् ( पुं. )**(*સત્ય કહેનાર*)

**अणण्णाराम - अनन्याराम ( त्रि. )**(*મોક્ષમાર્ગથી અન્ય માર્ગને વિષે રમણ નહીં કરનાર, મુક્તિમાર્ગે રમણ કરનાર*)

**अणण्हय - अनाश्रव ( पुं. )**(*આશ્રવનિરોધ, નવા કર્મોને આવતાં અટકાવવાં તે*)

**अणण्हयकर - अनाश्रवकर ( पुं. )**(*આશ્રવનિરોધ કરનાર, નવા કર્મોને આવતાં અટકાવનાર*)

**अणण्हयत्त - अनंहस्कत्व ( न. )**(પાપરહિતપણું, કર્મ રહિતતા, આશ્રવનો અભાવ)

**अणतिक्कमणिज्ज - अनतिक्रमणीय ( त्रि. )**(અતિક્રમણ કરવા યોગ્ય નહિ, ઉલ્લંઘન કરવા યોગ્ય નહિ)

**अणतिक्कमणिज्जवयण - अनतिक्रमणीयवचन ( त्रि. )**(જેના વચન ઉલ્લંઘન કરવા યોગ્ય નથી તે, જેમ કે માતા, પિતા, ગુરુ આદિ)

**अणतियार - अनतिचार ( त्रि. )**(અતિચાર રહિત)

**अणतिवाइ ( ण् ) - अनतिपातिन् ( पुं. )**(અહિંસક)

**अणतिविलंबियत्त - अनतिविलम्बितत्व ( न. )**(અતિવિલંબ રહિત બોલવું તે, વચનના ૩૫ અતિશયોમાંનો એક)

**अणत्त - ऋणार्त्त ( पुं., स्त्री. )**(ઋણથી પીડિત, ઋણી, રાજાદિનો કરજદાર)

**★अनात्त ( त्रि. )**(અગૃહીત, અસ્વીકૃત)

**अणत्तं ( देशी-न. )**(નિર્માલ્ય, દેવને ચડાવેલ દ્રવ્ય, દેવોચ્છિષ્ટ દ્રવ્ય)

**अणत्तट्ठिय - अनात्मार्थिक ( त्रि. )**(પરમાર્થી, સ્વાર્થી નહીં તે ૨. અસ્વીકૃત, પોતાનું નહીં કરેલ તે)

**अणत्तपण्ण - अनात्मप्रज्ञ ( त्रि. )**(જેની બુદ્ધિ આત્મહિત કરવામાં નથી તે, વ્યર્થ બુદ્ધિવાળો)

**अणत्तव - अनात्मवत् ( त्रि. )**(સકષાયી, કષાયથી યુક્ત)

**अणत्तागमण - अनात्तागमन ( न. )**(અપરિગૃહીત સ્ત્રીના અગમનરૂપ સ્વદારાસંતોષ વ્રતનો અતિચાર)

**अणत्थ - अनर्थ ( पुं. )**(અનર્થ હેતુ, એકવીસમો ગૌણ પરિગ્રહ)

**अणत्थक - अनर्थक ( पुं. )**(પરમાર્થ દૃષ્ટિએ નિરર્થક અઠ્યાવીસમો ગૌણ પરિગ્રહ, નિષ્પ્રયોજન)

**अणत्थकारग - अनर्थकारक ( त्रि. )**(પુરુષાર્થનો ઘાત કરનાર)

**अणत्थंतर - अनर्थान्तर ( न. )**(એકાર્થક, એક જ અર્થવાળો શબ્દ)

**अणत्थगंथ - अनर्थग्रन्थ ( पुं. )**(ભાવધનયુક્ત)

**अणत्थचूल - अनर्थचूड ( पुं. )**(નિજગુણથી ઉપાર્જિત નામવાળો રત્નવતીનો પુત્ર)

**अणत्थदंडज्झाण - अनर्थदण्डध्यान ( न. )**(નિષ્પ્રયોજન જ હિંસાદિ કરવાનું ધ્યાન કરવું તે)

**अणत्थफलद - अनर्थफलद ( त्रि. )**(સ્વ-પરને અનર્થકારી ફળ આપનાર)

**अणत्थमियसंकप्प - अनस्तमितसंकल्प ( पुं. )**(જેને દિવસમાં જ ખાવાનો સંકલ્પ છે તે)

**अणत्थवाय - अनर्थवाद ( पुं. )**(નિષ્પ્રયોજન બોલવું તે)

**अणत्थादंड - अनर्थदण्ड ( पुं. )**(પ્રયોજન વગર હિંસા કરવી તે)

**अणत्थादंडवेरमण - अनर्थदण्डविरमण ( न. )**(તૃતીય ગુણવ્રત, શ્રાવકનું આઠમું વ્રત)

**अणद्ध - अनर्द्ध ( त्रि. )**(જેનો કોઈ વિભાગ ન થાય તે, નિર્વિભાગ)

**अणधारग - ऋणधारक ( पुं. )**(કરજદાર, ઋણધારક)

**अणधिकारि ( ण् ) - अनधिकारिन् ( पुं. )**(અધિકારી નહીં તે)

**अणप ( प्प ) ज्ज - अनात्मज्ञ ( त्रि. )**(અન્યથી ગૃહિત આત્મા ૨. વિક્ષિપ્ત ચિત્તવાળો, પાગલ)

**अणपन्निय - अप्रज्ञप्तिक ( पुं. )**(વ્યંતર દેવોની એક જાતિ)

**अणप्पग्गंथ - अनर्प्यग्रन्थ ( त्रि. )**(આધ્યાત્મિક ગ્રંથની માફક જેને તેને આપવા યોગ્ય નહીં તે જ્ઞાન, બીજાને અર્પણ નહીં કરવા યોગ્ય જ્ઞાનાદિ)

**★अनल्पग्रन्थ ( त्रि. )**(બહુસૂત્રી, બહુ આગમ)

**★अनात्मग्रन्थ ( त्रि. )**(અપરિગ્રહી, પરિગ્રહ રહિત)

**अणप्पचोद - अनःप्रचोद ( पुं. )**(ગાડું હાંકનાર ૨. વિષ્ણુ)

**अणप्पिय - अनर्पित ( न. )**(અવિશેષિત, વિશેષણથી વિશિષ્ટ ન કરેલ, સામાન્ય, અવિશિષ્ટ)

**अणप्पियणय - अनर्पितनय ( पुं. )**(સર્વ વસ્તુ સામાન્ય જ છે એમ માનનાર એક નય, વિશેષ નિરપેક્ષ સામાન્ય ગ્રાહી નય વિશેષ)

**अणबल - ऋणबल ( पुं. )**(ઘણો લેણદાર)

**अणबलभणिय - ऋणबलभणित ( पुं. )**(અમારું દ્રવ્ય આપ એમ લેણદાર વડે કહેવાયેલ કરજદાર)

**अणब्भ - अनभ्र ( त्रि. )**(વાદળ વિનાનું)

**अणब्भय - अनभ्रक ( त्रि. )**(અબરખ રહિત)

**अणब्भुवगय - अनभ्युपगत ( त्रि. )**(શ્રુત સંપદાને ન પામેલ, આત્માને ન જાણનાર)

**अणभंजग - ऋणभञ्जक ( पुं. )**(લીધેલ દ્રવ્યને નહીં આપનાર કરજદાર)

**अणभिओग - अनभियोग ( पुं. )**(ચઢાઈ કરવા યોગ્ય નહીં તે, આગ્રહ રહિત)

**अणभिक्कंत - अनभिक्रान्त ( त्रि. )**(સજીવ ૨. ઉલ્લંઘી ગયેલ નહિ)

**अणभिक्कंतकिरिया - अनभिक्रान्तक्रिया ( स्त्री. )**(ચરકાદિ ઋષિઓએ જેનું સેવન નથી કર્યું તે સ્થાન)

**अणभिक्कंतसंजोग - अनभिक्रान्तसंयोग ( पुं. )***(પરિગ્રહી, અસંયમી)*

**अणभिगम - अनभिगम ( पुं. )***(વિસ્તાર પૂર્વક બોધનો અભાવ, સારી રીતે ગ્રહણ ન કરેલું હોય તે)*

**अणभिग्गहिय - अनभिग्रहिक ( न. )***(કુમતની પકડ ન કરવી તે, મિથ્યાત્વનો એક ભેદ)*

**★अनभिग्रहित ( पुं. )***(અભિગ્રહિક મિથ્યાત્વથી રહિત)*

**अणभिग्गहियकुदिट्ठि - अनभिगृहीतकुदृष्टि ( पुं. )***(મિથ્યાત્વવાદી મતનો અંગીકાર ન કરેલ)*

**अणभिग्गहियसिज्जासणिय - अनभिगृहीतशय्यासनिक ( पुं. )***(શય્યા કે આસનને વિષે અભિગ્રહથી રહિત)*

**अणभिग्गहियपुण्णपाव - अनभिगृहीतपुण्यपाप ( त्रि. )***(પુણ્ય, પાપ અને તેના કારણોથી અજ્ઞાત)*

**अणभिग्गहिया - अनभिगृहीता ( स्त्री. )***(જેનો અર્થ ન જણાય તેવી ભાષા)*

**अणभिणिवेस - अनभिनिवेश ( पुं. )***(કદાગ્રહ રહિત, મિથ્યાત્વ રહિત, અનાભોગ)*

**अणभिप्पेय - अनभिप्रेत ( पुं. )***(અનિચ્છિત વિષયનો સંયોગ)*

**अणभिभूय - अनभिभूत ( त्रि. )***(અનુકૂળ કે પ્રતિકૂળ ઉપસર્ગોથી અથવા પરધર્મીઓથી પરાભવ ન પામેલ)*

**अणभिय - अनभीत ( पुं. )***(અસાવદ્ય યોગવાળો, પાપથી ડરતો)*

**अणभिलप्प - अनभिलाप्य ( त्रि. )***(વચનથી જણાવી શકાય નહિ, અનિર્વચનીય, બોલવાને અયોગ્ય)*

**अणभिस्संग - अनभिष्वङ्ग ( पुं. )***(પ્રતિબંધ રહિત ૨. સંગ-પરિગ્રહ રહિત સાધુ)*

**अणभिस्संगओ - अनभिष्वङ्गतस् ( अव्य. )***(પ્રતિબંધ રહિતપણે)*

**अणभिहिय - अनभिहित ( न. )***(પોતાની ઈચ્છાથી જ અકથિત લક્ષણ ૨. સ્વસિદ્ધાન્તને નહીં કહેવા રૂપ સૂત્રદોષનો ભેદ વિશેષ)*

**अणराय - अराजक ( न. )***(રાજા વગરનો દેશ ૨. નિરંકુશ)*

**अणरिक्क ( देशी-न. )***(દહીં, દૂધ આદિ)*

**अणल - अनल ( पुं. )***(અગ્નિ ૨. કૃત્તિકા નક્ષત્ર ૩. ચીતરાનું વૃક્ષ ૪. ભીલામાનું વૃક્ષ ૫. અયોગ્ય, નાલાયક ૬. અસમર્થ)*

**अणलंकिय - अनलङ्कृत ( त्रि. )***(મુકુટ આદિ અલંકારો કે વસ્ત્રોની વિભૂષા રહિત)*

**अणलंकियविभूसिय - अनलङ्कृतविभूषित ( त्रि. )***(મુકુટ આદિ અલંકારો કે વસ્ત્રોની વિભૂષા રહિત ૨. મુકુટ આદિ અલંકારો કે સુંદર વસ્ત્રોથી નહીં શોભતો)*

**अणलगिरि - अनलगिरि ( पुं. )***(ચંડપ્રદ્યોત રાજાનું હસ્તિરત્ન)*

**अणलस - अनलस ( त्रि. )***(ઉત્સાહી, આળસ રહિત, પરિશ્રમી)*

**अणलाणिलतणवणस्सइगणणिस्सिय - अनलानिलतृणवनस्पतिगणनिःश्रित ( त्रि. )***(અગ્નિ, વાયુ, વનસ્પતિના ઉપજીવક ત્રસજીવ)*

**अणलिय - अनलीक ( न. )***(સત્ય)*

**अणल्लियणिज्ज ( देशी-त्रि. )***(આશ્રય કરવા અયોગ્ય)*

**अणव - ऋणवत् ( पुं. )***(દિવસનું છવીસમું લોકોત્તર મુહૂર્ત)*

**अणवकंखमाण - अनवकाङ्क्षत् ( त्रि. )***(ન ઈચ્છતો થકો, ભોગની ઈચ્છા નહીં રાખતો)*

**अणवकंखवत्तिया - अनवकाङ्क्षप्रत्यया ( स्त्री. )***(પોતાની કે અન્યની જીંદગીની અપેક્ષા રાખ્યા વગર સાહસથી થતી પાપક્રિયા, સ્વ-પરના આલોક કે પરલોકના હિતની ચિંતા વગર સાહસથી થતી પાપક્રિયા)*

**अणवकंखा - अनवकाङ्क्षा ( स्त्री. )***(ઈચ્છાનો અભાવ, સ્વશરીરાદિને વિષે અપેક્ષા રહિત)*

**अणवगय - अनवगत ( त्रि. )***(નહીં જણાયેલું, અપરિજ્ઞાત)*

**अणवगल्ल - अनवकल्प ( पुं. )***(અત્યન્ત વૃદ્ધ, જરા પીડિત)*

**अणवजुय - अनवयुत ( त्रि. )***(જુદું નહીં થયેલું, અભિન્ન રહેલું, એકસમાન રહેલું)*

**अणवज्ज - अनवद्य, अणवर्ज्य ( न. )***(સામાયિક, સાવદ્યયોગનું પચ્ચક્ખાણ કરવું તે ૨. નિર્દોષ, પાપ રહિત)*

**अणवज्जंगी - अनवद्याङ्गी ( स्त्री. )***(તે નામે ભગવાન મહાવીરની પુત્રી; જેનું બીજું નામ સુદર્શના હતું, જમાલિની સ્ત્રી)*

**अणवज्जजोग - अनवद्ययोग ( पुं. )***(નિર્દોષ અનુષ્ઠાન, કુશળ અનુષ્ઠાન)*

**अणवज्जया - अणवर्ज्यता ( स्त्री. )***(સંવર)*

**अणवट्ठ - अनवस्थ ( पुं. )***(અવ્યવસ્થિત, અનિયમિત, ચારિત્રભ્રષ્ટતા)*

**अणवट्ठप्प - अनवस्थाप्य ( न. )***(દોષ માટે સાધુને અપાતા પ્રાયશ્ચિત્તનો એક પ્રકાર, જેમાં અમુક વખત સુધી સાધુને મહાવ્રતથી બહાર રાખી પુનઃ પાછા લેવામાં આવે તેવું એક પ્રાયશ્ચિત્ત)*

**अणवट्ठप्पया - अनवस्थाप्यता ( स्त्री. )** *(સેવિત દોષવાળા સાધુને યોગ્યતાના અભાવે કેટલાક સમય સુધી પુનઃ વ્રતમાં ન સ્થપાય તેવું પ્રાયશ્ચિત્તપણું, નવમું પ્રાયશ્ચિત્ત)*

**अणवट्ठप्पारिह - अनवस्थाप्यार्ह ( न. )** *(સેવિત દોષવાળા સાધુને યોગ્યતાના અભાવે કેટલાક સમય સુધી પુનઃ વ્રતમાં ન સ્થપાય તેવું પ્રાયશ્ચિત્ત, નવમું પ્રાયશ્ચિત્ત)*

**अणवट्ठप्पावत्ति - अनवस्थाप्यावर्त्ति ( स्त्री. )** *(ઉપચારથી અનવસ્થાપ્ય નામના પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિકરાવનાર પ્રતિસેવા-આચરણ)*

**अणवट्ठाण - अनवस्थान ( न. )** *(સામાયિકની સમયાવધિમાં નહીં કરવા યોગ્ય પ્રવૃત્તિ કરવી તે, સામાયિક વ્રતનો પાંચમો અતિચાર)*

**अणवट्ठिय - अनवस्थित ( त्रि. )** *(અનિયત પ્રમાણવાળો, જેનું પ્રમાણ એક સરખું નથી તે ૨. અસ્થિર ૩. પલ્યોપમનો એક પ્રકાર, એક વિશિષ્ટ માપ)*

**अणवट्ठियचित्त - अनवस्थितचित्त ( त्रि. )** *(અસ્થિર ચિત્ત, ચંચળ ચિત્ત છે જેનું)*

**अणवट्ठि ( त ) यसंठाण - अनवस्थितसंस्थान ( न. )** *(એક ઠેકાણે સ્થિતિ ન કરવી તે, નિરંતર ગતિ કરવી તે)*

**अणवणीयत्त - अनपनीतत्व ( न. )** *(સત્ય વચનનો પચીસમો અતિશય)*

**अणावतप्पया - अनवत्राप्यता ( स्त्री. )** *(હીન અંગતા, ઓળંગવાની યોગ્યતાનો અભાવ)*

**अणवतारण - अनवतारण ( न. )** *(સમીપમાં ન સ્થાપવું તે ૨. સ્મરણ ન કરવું તે)*

**अणवत्था - अनवस्था ( स्त्री. )** *(તર્કનો દોષ વિશેષ ૨. અવસ્થાનો અભાવ ૩. અવિશ્વાસ, ભરોસાનો અભાવ ૪. અન્યના અકાર્યને જોઈને થતું અકાર્ય)*

**अणवदग्ग - अनवताग्र ( त्रि. )** *(અનંત, છેડા વગરનું)*

**★अनवदग्र ( त्रि. )** *(અનંત, પ્રમાણ રહિત, અપરિમિત)*

**अणवयक्खित्ता - अनवेक्ष्य ( अव्य. )** *(ન જોઈને, જોયા વિના)*

**अणवयग्गं ( देशी )** *(અનંત)*

**अणवयमाण - अनपवदत् ( त्रि. )** *(સત્યભાષા કહેતો ૨. મૃષાવાદ નહીં કરતો)*

**अणवरय - अनवरत ( त्रि. )** *(નિરંતર, વિરામ રહિત, સતત)*

**अणववाइत्त - अनपवादित्व ( न. )** *(અન્યની નિંદા ન કરવી તે, સત્ય બોલવું તે)*

**अणवाय - अनपाय ( त्रि. )** *(નિર્દોષ, ક્ષતિ રહિત)*

**अणविक्खिया - अनपेक्षता ( स्त्री. )** *(શિક્ષણ રહિત)*

**अणवेक्खमाण - अनपेक्षमाण ( त्रि. )** *(શરીરની અપેક્ષા ન કરતો)*

**अणवे ( वि ) क्खा - अनपेक्षा ( स्त्री. )** *(સ્વનું કે અન્યનું વિશેષ ન કરનાર)*

**अणसण - अनशन ( न. )** *(સંપૂર્ણ આહારનું પચ્ચક્ખાણ, આહારના ત્યાગરૂપ બાહ્યતપ વિશેષ, ઉપવાસ)*

**अणसिय - अनशित ( त्रि. )** *(ઉપવાસી, ઉપોષિત)*

**अणसूआ ( देशी )** *(નજીકના સમયમાં જ જેને પ્રસવ થનાર છે તે)*

**अणह - अनघ ( त्रि. )** *(પાપ રહિત, નિર્દોષ, ક્ષતિ વગરનું, પવિત્ર ૨. નિરવદ્ય અનુષ્ઠાન કરનાર)*

**अणहप्पणयं ( देशी )** *(નાશ રહિત, નિત્ય)*

**अणहबीय - अनघबीज ( पुं. )** *(વિનષ્ટ ન થયેલ બીજ)*

**अणहसमग्ग - अनघसमग्र ( त्रि. )** *(ચોરાદિ દ્વારા જેનું ધન લુંટાયેલ નથી તે, સુરક્ષિત દ્રવ્ય તથા પરિવારવાળો ૨. દૂષણરહિત ૩. અન્યૂન પરિવારવાળું)*

**अणहारओ ( देशी-पुं. )** *(ખળું, ઘઉં વગેરે પાકને જે જમીન પર સાફ કરી ગ્રહણ કરવામાં આવે છે તે સ્થાન)*

**अणहिक्खट्ठ - अनधिखादनार्थ ( पुं. )** *(સારો દેખાવ ૨. સારો ઉદ્દેશ)*

**अणहिगय - अनधिगत ( त्रि. )** *(અગીતાર્થ, શાસ્ત્રોનું જ્ઞાન ન હોય તે ૨. નહીં જાણેલ, વિશેષે ન જાણેલ)*

**अणहिगयपुण्णपाव - अनधिगतपुण्यपाप ( त्रि. )** *(સૂત્ર અને અર્થ કહ્યા છતાં પુણ્ય પાપને ન જાણનાર સાધુ)*

**अणहिज्जमाण - अनधीयमान ( त्रि. )** *(નહીં ભણતો)*

**अणहिणिविट्ठ - अनभिनिविष्ट ( त्रि. )** *(કુમતના આગ્રહથી રહિત, મિથ્યાત્વના આગ્રહથી રહિત)*

**अणहियास - अनधिसह ( पुं. )** *(અસહિષ્ણુ, સહનશીલ નહીં તે)*

**अणहिलपा ( वा ) डगणयर - अनहिलपाटकनगर ( न. )** *(પાટણ, અણહિલપુરપાટણ)*

**अणही - अनधी ( स्त्री. )** *(પાલિતાણા નગરના કપર્દી નામના મુખીની સ્ત્રી)*

**अणहीय - अनधीत ( त्रि. )** *(અભ્યાસ ન કરેલ, અભણ)*

**अणहीयपरमत्थ - अनधीतपरमार्थ ( पुं. )** *(અગીતાર્થ, શાસ્ત્રોને નહીં જાણનાર)*

**अणाइ** - **अनादि ( त्रि. )**(*અનાદિ, જેની શરૂઆત નથી તે, પ્રારંભ રહિત, ૨. સંસાર*)

**अणाइज्जणाम ( ण् )** - **अनादेयनामन् ( न. )**(*અનાદેય નામકર્મ, નામકર્મનો એક ભેદ*)

**अणाइ ( ए ) ज्जवयणपच्चायाय** - **अनादेयवचनप्रत्याजात ( त्रि. )**(*અનુપાદેય વચનને ઉત્પન્ન કરનાર*)

**अणाइणिहण** - **अनादिनिधन ( त्रि. )**(*આદ્યન્ત રહિત, નિત્ય, અનુત્પન્ન શાશ્વત*)

**अणाइण्ण** - **अनाचीर्ण ( त्रि. )**(*સાધુને આચરવા યોગ્ય નહીં તે, અકલ્પનીય*)

**अणाइबंध** - **अनादिबन्ध ( पुं. )**(*અનાદિબંધ, કર્મબંધનો ભેદ વિશેષ*)

**अणाइभव** - **अनादिभव ( पुं. )**(*અનાદિકાલીન સંસાર*)

**अणाइभवदव्वलिंग** - **अनादिभवद्रव्यलिङ्ग ( न. )**(*અનાદિકાલીન ભાવ વગરનું દ્રવ્ય ચારિત્ર*)

**अणाइय** - **अज्ञातिक ( त्रि. )**(*સ્વજન રહિત, કુટુંબ વગરનો, એકલો*)

**★अणातीत ( त्रि. )**(*પાપી, પાપને પ્રાપ્ત થયેલ*)

**★अनादिक ( त्रि. )**(*અનાદિ, પ્રારંભ રહિત, ચૌદરાજલોક, ધર્માસ્તિકાયાદિ દ્રવ્ય*)

**★ऋणातीत ( त्रि. )**(*કરજવાળો, દેવાદાર ૨. સંસાર, દુનિયા*)

**अणाइल**- **अनाविल ( त्रि. )**(*નિર્મલ, સ્વચ્છ*)

**अणाइसंजुयत्त** - **अनादिसंयुक्तक ( पुं. )**(*અનાદિકાળથી જોડાયેલ, અનાદિનો સંયોગ*)

**अणाइसंताण** - **अनादिसन्तान ( पुं. )**(*અનાદિકાળનો પ્રવાહ, અનાદિકાલીન પરંપરા*)

**अणाइसिद्धंत** - **अनादिसिद्धांत ( पुं. )**(*અનાદિકાળથી રૂઢ થયેલ સિદ્ધાંત, અનાદિકાળથી સ્થાપિત*)

**अणाउ** - **अनायुष् ( पुं. )**(*જિન ૨. સિદ્ધ ૩. જીવભેદ*)

**अणाउट्टी** - **अनाकुट्टी ( पुं. )**(*અહિંસા, જીવોનું છેદન-ભેદન ન કરવું તે*)

**अणाउट्टीया** - **अनाकुट्टीका ( स्त्री. )**(*ઇરાદા રહિત કરેલ હિંસા*)

**अणाउत्त** - **अनायुक्त ( त्रि. )**(*અસાવધાન, ઉપયોગ રહિત*)

**अणाउत्तआइणाया** - **अनायुक्तादानता ( स्त्री. )**(*અનાભોગપ્રત્યયક્રિયાનો એક ભેદ*)

**अणाउत्तपमज्जणया** - **अनायुक्तप्रमार्जनता ( स्त्री. )**(*ઉપયોગરહિત પ્રમાર્જના, અનાભોગપ્રત્યયક્રિયાનો એક ભેદ*)

**अणाउल** - **अनाकुल ( त्रि. )**(*અનાકુલ, અક્ષોભ્ય ૨. ક્રોધાદિરહિત ૩. ઉત્સુકતા રહિત*)

**अणाउलया** - **अनाकुलता ( स्त्री. )**(*અનાકુલતા, અક્ષોભ્યપણું, ઔત્સુક્યરહિતપણું*)

**अणाएस** - **अनादेश ( पुं. )**(*આદેશ નહીં તે, અનાદેશ, સામાન્ય*)

**अणागइ** - **अनागति ( स्त्री. )**(*ન આવવું તે ૨. લોકાગ્રભાગના આકાશપ્રદેશે રહેલ સિદ્ધશિલા*)

**अणागंता** - **अनागत्य ( अव्य. )**(*નહીં આવીને*)

**अणागत ( य )** - **अनागत ( त्रि. )**(*ભવિષ્યકાળ, આવતો કાળ ૨. નહીં આવેલ*)

**अणागत ( य ) काल** - **अनागतकाल ( पुं. )**(*ભવિષ્યકાળ, વર્તમાનકાળની અપેક્ષાએ ભવિષ્યનો સમય*)

**अणागत ( य ) कालग्गहण** - **अनागतकालग्रहण ( न. )**(*ભવિષ્યકાળનું ગ્રહણ કરવું, ભવિષ્યકાલ ગ્રાહ્ય વસ્તુનું અનુમાન*)

**अणागतद्धा** - **अनागताद्धा ( स्त्री. )**(*ભવિષ્યમાં ઉત્પન્ન થનાર પુદ્ગલપરાવર્ત, ભવિષ્યકાળ*)

**अणागम** - **अनागम ( पुं. )**(*આગમના લક્ષણોથી રહિત આગમ, અપૌરુષેય આગમ*)

**अणागमणधम्म** - **अनागमनधर्मन् ( त्रि. )**(*લીધેલ પ્રતિજ્ઞાને વહન કરનાર, સંયમ લઈને પુનઃ ઘરે પાછા ન ફરનાર*)

**अणागयपच्चक्खाण** - **अनागतप्रत्याख्यान ( न. )**(*અનાગતકાળ સંબંધી પચ્ચક્ખાણનો એક ભેદ*)

**अणागलिय** - **अनर्गलित ( त्रि. )**(*નહીં અટકાવેલ, જેને રોકવામાં ન આવેલ હોય તે*)

**★अनाकलित ( त्रि. )**(*અમાપ, અપરિમિત*)

**अणागलियचंडतिव्वरोस** - **अनर्गलितचण्डतीव्ररोष ( त्रि. )**(*નહીં રોકેલ પ્રચંડ તીવ્રરોષવાળું*)

**★अनाकलितचण्डतीव्ररोष ( त्रि. )**(*નિઃસીમ પ્રચંડ અને તીવ્રરોષ જેને છે તે*)

**अणागाढ** - **अनागाढ ( त्रि. )**(*અનભિગૃહીત દર્શન ૨. આગાઢથી ભિન્ન કારણ, સાધારણ કારણ*)

**अणागार** - **अनाकार ( न. )**(*આગારરહિત પચ્ચક્ખાણ, મહત્તરાકાર વગેરે છૂટના કારણો જેમાં નથી તેવું પચ્ચક્ખાણ*)

**अणाजीव** - **अनाजीविक ( पुं. )**(*આજીવિકા રહિત ૨. આજીવિકાની ઇચ્છાથી રહિત ૩. નિસ્પૃહી, તપના ફળની સ્પૃહા વગરનો*)

**अणाजीवि ( ण् ) - अनाजीविन् ( त्रि. )**(*અનાશંસાવાળો, તપના ફળની ઇચ્છાથી રહિત, નિસ્પૃહી*)

**अणाडो ( देशी )**(*જાર, ઉપપતિ*)

**अणाढायमाण - अनाद्रियमाण ( त्रि. )**(*અનાદર કરતો, તિરસ્કાર કરતો*)

**अणाढिय - अनादृत ( न. )**(*અનાદર, વંદનનો એક દોષ, તિરસ્કાર ૨. કાકંદી નગરીનો રહેવાસી એક ગૃહપતિ ૩. તે નામે જંબૂદ્વીપનો અધિષ્ઠાતા દેવ*)

**★अनर्द्धिक ( पुं. )**(*જંબૂદ્વીપનો અધિષ્ઠાતા દેવ*)

**अणाढिया - अनादृता ( स्त्री. )**(*જંબૂદ્વીપના અધિષ્ઠાયક અનાદૃત દેવની રાજધાનીનું નામ ૨. તિરસ્કાર પામેલી*)

**अणाणा - अनाज्ञा ( स्त्री. )**(*આજ્ઞાનો અભાવ, જેમાં વીતરાગની આજ્ઞા નથી તે*)

**अणाणत्त - अनानात्व ( न. )**(*ભેદ રહિત, ભેદનો અભાવ*)

**अणाणय - अनाज्ञक ( त्रि. )**(*તીર્થંકરના ઉપદેશથી રહિત સ્વૈચ્છાચારી*)

**अणाणुगामिय - अनानुगामिक ( त्रि. )**(*પાછળ ન જનાર ૨. અવધિજ્ઞાનનો એક ભેદ ૩. અશુભ અનુબંધ*)

**अणाणुगिद्ध - अनानुगृद्ध ( त्रि. )**(*અનાસક્ત, અમૂર્છિત, ભોજનની લાલસા વગરનો*)

**अणाणुतावि ( ण् ) - अनानुतापिन् ( पुं. )**(*જીવોને ઉપદ્રવ કર્યા પછી પણ પશ્ચાત્તાપ ન કરનાર, નિર્દયપણે રહેનાર*)

**अणाणुपुव्वी - अनानुपूर्वी ( स्त्री. )**(*અનુક્રમનો અભાવ, વ્યુત્ક્રમ*)

**अणाणुबंधि ( ण् ) - अननुबन्धिन् ( न. )**(*અપ્રમાદ પડિલેહણનો એક પ્રકાર*)

**अणाणुवत्ति ( ण् ) - अननुवर्त्तिन् ( त्रि. )**(*સ્વભાવથી જ ક્રૂર, પ્રકૃતિથી જ કઠોર વચન બોલનાર*)

**अणाणुवाइ ( ण् ) - अननुवादिन् ( पुं. )**(*વાદિએ કહેલ હેતુનો અનુવાદ કરવાની પણ વ્યાકુળતાને લીધે જેનામાં શક્તિ નથી તે*)

**अणाणुवीइत्तु - अननुविचिन्त्य ( अव्य. )**(*પાછળથી વિચાર્યા વગર, અવિચારીપણે*)

**अणातावय - अनातापक ( त्रि. )**(*સંથારો પાત્રાદિ ભીનાશવાળા ઉપકરણને તડકામાં ન રાખનાર સાધુ*)

**अणातीय - अनातीत ( पुं. )**(*સંસાર સમુદ્રને પાર કરનાર*)

**अणादि - अनादि ( त्रि. )**(*પ્રવાહની અપેક્ષાએ આદિ રહિત, શરૂઆત વગરનું, જેનો પ્રારંભ નથી તે*)

**अणादिय - अनादृत ( पुं. )**(*જંબૂદ્વીપનો અધિપતિ વ્યંતર દેવ*)

**★ऋणातीत ( त्रि. )**(*કરજથી મુક્ત, દેવાથી પર ગયેલ*)

**★अणादिक ( त्रि. )**(*આદિમાં જેને પાપકર્મ છે તે, પાપાનુષ્ઠાન*)

**★अनादिक ( पुं. )**(*શરૂઆત વગરનું, પ્રવાહની અપેક્ષાએ આરંભ રહિત ૨. દોષ વિશેષ ૩. ધર્માધર્માસ્તિકાયાદિ દ્રવ્ય*)

**अणापुच्छियचारि ( ण् ) - अनापृच्छ्यचारिन् ( पुं. )**(*ગણને પૂછ્યા વગર ક્ષેત્રાંતરમાં વિચરનાર સાધુ, પાંચમા નિગ્રહ સ્થાનને પ્રાપ્ત થયેલ*)

**अणाबाह - अनाबाध ( पुं. )**(*બાધા રહિત, પીડા રહિત ૨. મોક્ષ સુખ ૩. સ્વાધ્યાયાદિકને વિષે અન્તરાયભૂત કારણ રહિત ૪. અવકાશ*)

**अणाबाहसुहाभिकंखि ( ण् ) - अनाबाधसुखाभिकाङ्क्षिन् ( पुं. )**(*મોક્ષ સુખના અભિલાષી, પરમાનંદના આકાંક્ષી*)

**अणाभिग्गह - अनभिग्रह ( न. )**(*મિથ્યાત્વનો એક ભેદ*)

**अणाभोग - अनाभोग ( पुं. )**(*ન ભોગવવું તે ૨. અવ્યક્ત બોધ ૩. અનુપયોગ, અસાવધાની ૪. અત્યન્ત વિસ્મૃતિ ૫. અજ્ઞાન ૬. મિથ્યાત્વ વિશેષ*)

**अणाभोगज्झाण - अनाभोगध्यान ( न. )**(*અત્યન્ત વિસ્મરણ થવારૂપ ધ્યાન થવું તે*)

**अणाभोगकय - अनाभोगकृत ( न. )**(*અજાણપણે થયેલ, અજ્ઞાનતા જનિત*)

**अणाभोगकिरिया - अनाभोगक्रिया ( स्त्री. )**(*અનાભોગપ્રત્યયિકી ક્રિયા*)

**अणाभोगणिवत्तिय - अनाभोगनिर्वर्त्तित ( पुं. )**(*અજ્ઞાનથી નિષ્પન્ન, અજાણતા ઉત્પન્ન થયેલ*)

**अणाभोगपडिसेवणा - अनाभोगप्रतिसेवना ( स्त्री. )**(*અજ્ઞાનવશ દોષનું સેવન, અજાણતા સેવાયેલ દોષ*)

**अणाभोगभव - अनाभोगभव ( पुं. )**(*અજ્ઞાનતાથી થયેલ, વિસ્મરણનો સદ્‌ભાવ*)

**अणाभोगया - अनाभोगता ( स्त्री. )**(*અજ્ઞાનતા, અનાભોગપણું*)

**अणाभोगव - अनाभोगवत् ( त्रि. )**(*અજ્ઞાની, શ્રુતાર્થને નહીં જાણનાર*)

**अणाभोगवत्तिया - अनाभोगप्रत्यया ( स्त्री. )**(*અજ્ઞાનતાથી ઉપયોગશૂન્યપણે કર્મ બંધાય તે, અનાભોગપ્રત્યયિકી ક્રિયા*)

**अणामंतिय - अनामन्त्र्य ( अव्य. )**(*પૂછ્યા વિના, આમંત્ર્યા વિના*)

**अणामियावाही - अनामिकव्याधि ( पुं. )**(અસાધ્ય રોગ, નામ રહિત વ્યાધિ)

**अणायंविल - अनाचामाम्ल ( त्रि. )**(આયંબિલ તપ રહિત)

**अणायग - अनायक ( पुं. )**(નેતા રહિત, નાયક રહિત ૨. સ્વતંત્ર ૩. ચક્રવર્તી આદિ)

**★अज्ञातक ( त्रि. )**(સ્વજન રહિત, એકલો ૨. નિર્બોધ, અજ્ઞાની)

**अणाययण - अनायतन ( न. )**(રહેવાને અયોગ્ય સ્થાન, નાટકશાળા, વેશ્યાગૃહાદિ, પાસત્થાઓને રહેવાનું સ્થાન)

**अणाययणपरिहार - अनायतनपरिहार ( पुं. )**(રહેવા માટે અયોગ્ય સ્થાનનો ત્યાગ)

**अणाययणसेवण - अनायतनसेवन ( न. )**(અયોગ્ય સ્થાનનું સેવન કરવું તે)

**अणायर - अनादर ( पुं. )**(તિરસ્કાર ૨. અનુત્સાહાત્મક સામાયિકવ્રતના અતિચારનો એક ભેદ)

**अणायरंत - अनाचरत् ( त्रि. )**(ત્યાગ કરતો, નહીં આચરતો)

**अणायरणजोग्ग - अनाचरणयोग्य ( त्रि. )**(નહીં આચરવા યોગ્ય)

**अणायरणया - अनाचरणता ( स्त्री. )**(ગૌણ મોહનીયકર્મ)

**अणायरिय - अनार्य्य ( पुं. )**(ક્રૂરકર્મી, અનાર્ય, શક-યવનાદિ દેશોમાં ઉત્પન્ન થનાર)

**अणायस - अनायस ( त्रि. )**(લોખંડ રહિત, જેમાં લોખંડ ન હોય તે)

**अणाया - अनात्मन् ( पुं. )**(જડ પદાર્થ, અજીવ ૨ પોતાના સિવાય, અન્ય, બીજો)

**अणायाण - अनादान ( न. )**(અકારણ, કારણનો અભાવ)

**अणायार - अनाचार ( पुं. )**(અનાચાર, સાધુ કે શ્રાવકના વ્રતનો ભંગ કરવો તે, આધાકર્માદિ ગ્રહણ કરવું તે)

**अणायारज्झाण - अनाचारध्यान ( न. )**(દુષ્ટ આચારોનું ચિંતન, કુધ્યાન, દુર્ધ્યાન, અનાચાર સેવનનો વિચાર)

**अणायावाइ ( ण् ) - अनात्मवादिन् ( पुं. )**(આત્મતત્ત્વને નહીં માનનાર, નાસ્તિક, આત્માને ક્ષણિક કે સર્વવ્યાપી માનનાર)

**अणायावि ( ण् ) - अनातापिन् ( पुं. )**(પરિષહોને સહન ન કરનાર, પરિષહ અસહિષ્ણુ)

**अणारम्भ - अनारम्भ ( पुं. )**(જીવનો અનુપઘાત, જીવને ઉપદ્રવ ન કરવો તે ૨. સાવદ્યયોગ રહિત)

**अणारंभजीवि ( ण् ) - अनारम्भजीविन् ( पुं. )**(સાવદ્ય ક્રિયાને નહીં સેવનાર ૨. સર્વસાવદ્યથી રહિત સાધુ)

**अणारंभट्ठाण - अनारम्भस्थान ( न. )**(આરંભ રહિત સ્થાન, સાવદ્ય અનુષ્ઠાનની સર્વથા નિવૃત્તિ ૨. અસાવદ્ય આરંભ સ્થાન)

**अणारद्ध - अनारब्ध ( त्रि. )**(મહાપુરુષોએ નહીં આચરેલું તે)

**अणाराहय - अनाराधक ( त्रि. )**(વિરાધક, ધર્મવિરોધી)

**अणारिय - अनार्य्य ( पुं. )**(આર્ય નહીં તે, અનાર્ય દેશવાસી, મ્લેચ્છ, પાપી, અકાર્યકારી ૨. અજ્ઞાની ૩. ધર્મસંજ્ઞા રહિત)

**अणारियट्ठाण - अनार्यस्थान ( न. )**(સાવદ્ય સ્થાન)

**अणारोहग - अनारोहक ( त्रि. )**(યોદ્ધાઓ રહિત, સૈનિકો રહિત)

**अणालंबण - अनालम्बन ( न. )**(ટેકા રહિત, આલંબન રહિત)

**अणालंबणजोग - अनालम्बनयोग ( पुं. )**(પરતત્ત્વવિષયક ધ્યાન વિશેષ)

**अणालंबणपइट्ठाण - अनालम्बनप्रतिष्ठान ( त्रि. )**(આલંબન રક્ષક રહિત, આલંબનરૂપ પાયા વિનાનું)

**अणालत्त - अनालपित ( त्रि. )**(ન બોલાવેલ, આલાપ-સંલાપ ન કરેલ હોય તે)

**अणालस्स - अनालस्य ( न. )**(આળસ્ય રહિત, આળસનો અભાવ, ઉદ્યમી)

**अणालस्सणिलय - अनालस्यनिलय ( पुं. )**(ઉત્સાહનું સ્થાન ૨. સ્ત્રી)

**अणालाव - अनालाप ( पुं. )**(કુત્સિત ભાષણ, ખરાબ બોલવું તે, વચનનો વિકલ્પ-ભેદ)

**अणालिद्ध - अनाश्लिष्ट ( त्रि. )**(આલિંગન ન આપેલ)

**अणालोइय - अनालोचित ( त्रि. )**(આલોચના ન કરેલ, જેણે ગુરુ પાસે પોતાના દોષની આલોચના લીધી નથી તે)

**अणालोइयअपडिक्कंत - अनालोचिताऽप्रतिक्रान्त ( त्रि. )**(જે ગુરુ પાસે આલોચના લઈને દોષોથી નિવૃત્ત થયો નથી તે)

**अणालोइयभासि ( ण् ) - अनालोचितभाषिन् ( पुं. )**(સમ્યગ્જ્ઞાનથી પર્યાલોચન કર્યા વગર બોલનાર, વિચાર્યા વગર બોલનાર)

**अणालोय - अनालोक ( पुं. )**(અજ્ઞ, અજ્ઞાનરૂપ અંધકારવાળો)

**अणावाय - अनापात ( न. )**(જે જનમાર્ગ ન હોય તે, સ્ત્રી આદિ રહિત નિર્જન સ્થંડિલ ભૂમિ)

**अणाविल - अनाविल ( त्रि. )**(અકલુષિત, રાગ-દ્વેષરૂપી મળ રહિત)

**★ऋणाविल ( त्रि. )**(ઋણથી કલુષિત)

**अणाविलज्झाण - अनाविलध्यान ( न. )**(કરજદારનું ચિંતવન)

**अणाविलप्प ( ण् ) - अनाविलात्मन् ( पुं. )**(કષાયરહિત આત્મા)

**अणावुट्ठि - अनावृष्टि ( स्त्री. )**(વરસાદની ઋતુમાં વર્ષા ન થાય તે, અનાવૃષ્ટિ)

**अणासंसि ( ण् ) - अनाशंसिन् ( पुं. )**(આશંસા રહિત, સંસારના ફળની ઇચ્છા વગરનો, શ્રોતાઓ તરફથી વસ્ત્રાદિની અપેક્ષા વગર પ્રવચનસાર કહેનાર)

**अणासग - अनश्वक ( त्रि. )**(અશ્વ રહિત, ઘોડા વિનાનું)

**अणासच्छिन्न - अच्छिन्ननास ( त्रि. )**(જેનું નાક છેદાયેલું નથી તે)

**अणासण्ण - अनासन्न ( त्रि. )**(છેક પાસે નહીં, બહુ નજીક નહીં તે)

**अणासत्ति - अनासक्ति ( स्त्रि. )**(આસક્તિનો અભાવ, અપ્રતિબદ્ધતા)

**अणासय - अनाशय ( त्रि. )**(જેને પૂજાનો ભાવ નથી તે, પૂજાની ઇચ્છાથી રહિત)

**अणासव - अनाश्रव ( पुं. )**(૩૪ પ્રકારના પાપકર્મબંધ રહિત હિંસાદિ આશ્રવદ્વારથી વિરત, પાપાશ્રવથી અટકેલ ૨. અહિંસા, દયા)

**अणासाइज्जमाण - अनास्वाद्यमान ( त्रि. )**(રસનેન્દ્રિય દ્વારા ન ચખાતું, કેવળ રસનેન્દ્રિયનો વિષય બનતું)

**अणासाएमाण - अनाशयमान ( त्रि. )**(ન ચાખતો ૨. ન વાંછતો)

**★अनास्वादयत् ( त्रि. )**(નહીં ખાતો, આસ્વાદન ન કરતો)

**अणासायणा - अनाशातना ( स्त्री. )**(હીલનાનો સર્વથા અભાવ, તીર્થંકરાદિકની આશાતના ન કરવી તે, દર્શન વિનયનો એક ભેદ, મન-વચન-કાયથી વિરોધનો અભાવ)

**अणासायणाविणय - अनाशातनाविनय ( पुं. )**(અનુચિત ક્રિયા નિવૃત્તિરૂપ દર્શનવિનયનો એક ભેદ, ધર્મની ભક્તિ-બહુમાન કરવું તે)

**अणासिय - अनाशित ( त्रि. )**(બુભુક્ષિત, ભૂખ્યું)

**अणासेवणा - अनासेवना ( स्त्री. )**(દોષની સેવનાનો અભાવ, અતિચારાદિ ન સેવવા તે)

**अणाह - अनाथ ( त्रि. )**(અશરણ્ય, યોગ-ક્ષેમરહિત, અનાથ, નધણિયાતું ૨. આત્માની અનાથતાની પરિભાવના કરનાર મુનિનો એક ભેદ)

**अणाहपव्वज्जा - अनाथप्रव्रज्या ( स्त्री. )**(ઉત્તરાધ્યયનસૂત્રનું વીસમું અધ્યયન, મહાનિર્ગ્રંથીય અધ્યયન)

**अणाहरण - अनाधरण ( न. )**(ધરી રાખવાને અશક્ત)

**अणाहसाला - अनाथशाला ( स्त्री. )**(દવાખાનું, આરોગ્યાલય, રુગ્ણાલય, હોસ્પિટલ)

**अणाहार - अनाहार ( पुं. )**(આહારનો અભાવ, અવિદ્યમાન આહાર)

**★ ऋणाधार ( पुं. )**(દેવાદાર, કરજવાળો)

**अणाहारग - अनाहारक ( पुं. )**(અણાહારી જીવ, વિગ્રહગતિપ્રાપ્ત જીવ, સમુદ્ઘાત કરનાર કેવળી, અયોગી કેવળી-સિદ્ધ)

**अणाहारिम - अनाहारिम ( न. )**(ભોજન માટે અયોગ્ય, ખાવા માટે યોગ્ય નથી તે, અભક્ષ્ય)

**अणाहारिय - अनाहृत ( त्रि. )**(ભૂતકાલીન ખાવાની ક્રિયાથી પરિણામ નહીં પામેલું તે)

**अणाहिट्ठ - अनाधृष्ट ( पुं. )**(વસુદેવ અને ધારિણીનો પુત્ર)

**अणिइय - अनितिक ( पुं. )**(જેનું નિયત સ્વરૂપ નથી તે, અનિયત ૨. સંસાર)

**अणिइपत्त - अनीतिपत्र ( त्रि. )**(જેના પાંદડા કીડાઓથી ખવાયેલ નથી તે)

**अणिउं ( उँ ) तय - अतिमुक्तक ( न. )**(અતિશય બંધનથી મુક્ત થયેલ ૨. તિન્દુક કે તાલ વૃક્ષ વિશેષ)

**अणिउण - अनिपुण ( त्रि. )**(નિપુણ નથી તે, અકુશળ)

**अणिएअचारि ( ण् ) - अनियतचारिन् ( पुं. )**(અપ્રતિબદ્ધ વિહારી, પ્રતિબંધ વગર વિચરનાર)

**अणिएअवास - अनियतवास ( पुं. )**(અનિયતવાસ, ઘર સિવાય માસકલ્પાદિ પૂર્વક ઉદ્યાનાદિમાં વસવું તે)

**अणिओग - अनियोग ( पुं. )**(પ્રેરણા ન કરવી તે ૨. નહીં યોજેલ ૩. અધિકાર ન આપવો તે ૪. આજ્ઞા ન કરેલ ૫. નિયોગથી ભિન્ન)

**अणिंगाल - अनङ्गार ( त्रि. )**(અંગાર દોષરહિત)

**अणिंद - अनिन्द्र ( त्रि. )**(જેમાં ઇન્દ્ર નથી તે, ઇન્દ્ર વિનાનું)

**★ अनिन्द्य ( त्रि. )**(જુગુપ્સા રહિત ૨. સામાયિક)

**अणिंदणिज्ज - अनिन्दनीय ( त्रि. )**(નિંદા નહીં કરવા યોગ્ય, ગીતાર્થો દ્વારા અદૂષ્ય)

**अणिंदिय - अनिन्दित ( त्रि. )**(અનિન્દિત, અગર્હિત ૨. સાતમો કિન્નર દેવ)

**★अनिन्द्रिय ( पुं. )**(સિદ્ધ ભગવંત ૨. અપર્યાપ્ત જીવ)

**अणिंदिया - अनिन्दिता ( स्त्री. )**(તે નામની દિગ્કુમારી)

**अणिक्खित्त - अनिक्षिप्त ( न. )**(વિશ્રામ વગરનું, નિરંતર, સદા)

**अणिकंप - अनिष्कम्प ( त्रि. )**(*ચંચલ, નિશ્ચલ નહીં તે, ચલાયમાન*)

**अणिकाम - अनिकाम ( न. )**(*પરિમિત, સીમિત*)

**अणिकाय - अनिकाय ( पुं. )**(*લઘુમૃષાવાદ, અલ્પ જૂઠ*)

**अणिकेय - अनिकेत ( पुं. )**(*ગૃહરહિત, સાધુ*)

**अणिक्कट्ठ - अनिष्कृष्ट ( त्रि. )**(*દ્રવ્યથી સ્થૂલ શરીરી ૨. ભાવથી કષાયવશવર્તી*)

**अणिक्कावाइ ( ण् ) - अनेकवादिन् ( पुं. )**(*અક્રિયાવાદી, અનેકવાદી, ભાવોનું કંઈક એકત્વ હોવા છતાં તેમાં સર્વશા અનેકત્વ બોલનાર વાદી*)

**अणिक्खित्त - अनिक्षिप्त ( त्रि. )**(*નહીં ત્યાગેલ ૨. પચ્ચક્ખાણ નહીં કરેલ ૩. વિશ્રામ વગરનું, નિરંતર*)

**अणिगामसोक्ख - अनिकामसौख्य ( त्रि. )**(*તુચ્છ સુખ, અલ્પસુખ,*)

**अणिगण - अनग्न ( पुं. )**(*કલ્પવૃક્ષ વિશેષ*)

**अणिगूहण - अनिगूहन ( न. )**(*નહીં છૂપાવવું તે*)

**अणिगूहियबलवीरिय - अनिगूहितबलवीर्य ( पुं. )**(*જેણે શારીરિક બળ અને ચિત્તનો ઉત્સાહ નથી છુપાવ્યો તે*)

**अणिग्गह - अनिग्रह ( पुं. )**(*જેને ઇન્દ્રિયો વશ નથી તે ૨. સ્વૈરી, ઉચ્છૃંખલ ૩. અગ્યારમું ગૌણ અબ્રહ્મ*)

**अणिच्च - अनित्य ( त्रि. )**(*અનિત્ય, અસ્થિર, અશાશ્વત, ક્ષણભંગુર, નાશવંત*)

**अणिच्चजागरिया - अनित्यजागरिका ( स्त्री. )**(*સંસારનું અનિત્ય સ્વરૂપ ચિંતવવું તે*)

**अणिच्चभावणा - अनित्यभावना ( स्त्री. )**(*અનિત્ય ભાવના, બાર ભાવનામાંની પ્રથમ ભાવના*)

**अणिच्चया - अनित्यता ( स्त्री. )**(*અનિત્યતા, નશ્વરપણું*)

**अणिगण - अनग्न ( पुं. )**(*કલ્પવૃક્ષ વિશેષ*)

**अणिगूहण - अनिगूहन ( न. )**(*નહીં છૂપાવવું તે*)

**अणिगूहियबलवीरिय - अनिगूहितबलवीर्य ( पुं. )**(*જેણે શારીરિક બળ અને ચિત્તનો ઉત્સાહ નથી છુપાવ્યો તે*)

**अणिग्गह - अनिग्रह ( पुं. )**(*જેને ઇન્દ્રિયો વશ નથી તે ૨. સ્વૈરી, ઉચ્છૃંખલ*)

**अणिच्च - अनित्य ( त्रि. )**(*અનિત્ય, અસ્થિર, અશાશ્વત, ક્ષણભંગુર, નાશવંત*)

**अणिच्चजागरिया - अनित्यजागरिका ( स्त्री. )**(*સંસારનું અનિત્ય સ્વરૂપ ચિંતવવું તે*)

**अणिच्चभावणा - अनित्यभावना ( स्त्री. )**(*અનિત્ય ભાવના, બાર ભાવનામાંની પ્રથમ ભાવના*)

**अणिच्चया - अनित्यता ( स्त्री. )**(*અનિત્યતા, નશ્વરપણું*)

**अणिच्चाणुप्पेहा - अनित्यानुप्रेक्षा ( स्त्री. )**(*ધન-શરીર વગેરે સર્વ પદાર્થોની અનિત્યતાનું ચિન્તન, ધર્મરૂપ ધર્મધ્યાનની અનુપ્રેક્ષાનો ભેદ*)

**अणिच्छा - अनिच्छा ( स्त्री. )**(*ઇચ્છાના અભાવવાળી આત્મપરિણતિ ૨. અનિચ્છા*)

**अणिच्छियत्ता - अनीप्सितता ( स्त्री. )**(*પામવાની અનિચ્છા, પ્રાપ્તિની અનિચ્છા*)

**अणिच्छियव्व - अनेष्टव्य ( त्रि. )**(*મનથી જરાપણ નહીં ઇચ્છવા યોગ્ય*)

**अणिजिण्ण - अनिजीर्ण ( त्रि. )**(*જીવપ્રદેશથી છૂટા ન પડેલ કર્મ પુદ્ગલ, નિર્જરા ન થયેલ હોય તેવા કર્મપુદ્ગલ*)

**अणि ( ण्णि ) ज्जमाण - अन्वीयमान ( त्रि. )**(*અનુસરાતું, અનુસરણ કરવામાં આવતું*)

**अणि ( ण्णि ) ज्जमाणमग्ग - अन्वीयमानमार्ग ( त्रि. )**(*અનુસરાતો માર્ગ*)

**अणिजूहित्ता - अपोह्य ( अव्य. )**(*નહીં આપીને*)

**अणिज्जाएत्ता - अनिर्धार्य ( अव्य. )**(*ચક્ષુના વ્યાપાર વિના, આંખથી જોયા વિના*)

**अणिज्जायणत्तिया - अनिर्यापणात्मिका ( स्त्री. )**(*વાચના સંપદાનો એક ભેદ*)

**अणिज्जूढ - अनिर्यूढ ( त्रि. )**(*મોટા ગ્રંથમાંથી સંક્ષેપ રૂપે ઉદ્ધરેલ નહીં તે*)

**अणिट्ठ - अनिष्ट ( त्रि. )**(*અનિષ્ટ, અપ્રિય, અણગમતું ૨. પાપ ૩. વિષાદિ ૪. અપકાર ૫. જેનું પૂજન આદિ નથી કર્યું તે દેવ ૬. દુઃખ ૭. નાગબલા*)

**अणिट्ठतर - अनिष्टतर ( त्रि. )**(*અત્યંત અનિષ્ટ, અતિ અણગમતું, અતિશય અપ્રિય*)

**अणिट्ठफल - अनिष्टफल ( न. )**(*જેનું ફળ અનિષ્ટ છે તે, અનર્થફળ ૨. અશુભ કર્મ*)

**अणिट्ठवयण - अनिष्टवचन ( न. )**(*આક્રોશ યુક્ત વચન, અનિષ્ટ વચન*)

**अणिट्ठविय - अनिष्ठापित ( त्रि. )**(*પૂર્ણ ન કરેલ, અપૂર્ણ, અસમાપ્ત*)

**अणिट्ठस्सर - अनिष्टस्वर ( पुं. )**(*અપ્રિય સ્વર, અણગમતો અવાજ*)

**अणिट्ठिउच्छाह - अनिष्ठितोत्साह ( पुं. )**(ઉત્સાહી, જેનો ઉત્સાહ હણાયો નથી તે)

**अनिट्ठुर - अनिष्ठुर ( त्रि. )**(કઠોરતા રહિત)

**अनिट्ठुह - अनिष्ठीवक ( त्रि. )**(મુખમાંથી ગળફા વગેરે ન ફેંકનાર)

**अणिड्ढिपत्त - अनृद्धिप्राप्त ( पुं. )**(આમર્ષૌષધિ આદિ લબ્ધિનો અભાવ)

**अणिड्ढिमंत - अनृद्धिमत् ( त्रि. )**(લબ્ધિવંત નહિ, ઋદ્ધિને પ્રાપ્ત ન થયેલ)

**अणिड्ढिय - अनर्द्धिक ( पुं. )**(દરિદ્રી એવો દીક્ષિત)

**अणिण्हव - अनिह्नव ( पुं. )**(સિદ્ધાન્તના સત્ય અર્થને નહીં છુપાવનાર, સિદ્ધાન્તને યથાતથ્ય કહેનાર, નિહ્નવત્વ રહિત)

**अणिण्हवण - अनिह्नवन ( न. )**(જેની પાસે અભ્યાસ કર્યો હોય તેનું નામ ન છુપાવવું તે, હોય તેવું કહેવું તે, જ્ઞાનનો પાંચમો આચાર)

**अणिण्हवमाण - अनिह्नुवान ( त्रि. )**(સત્ય વાતને નહીં છુપાવતો, ખરી વાતને નહીં ગોપવતો)

**अणितिय - अनित्य ( त्रि. )**(અનિત્ય, અસ્થિર, નાશવંત, ક્ષણભંગુર)

**अणित्थंथ - अनित्थंस्थ ( त्रि. )**(કોઈ લૌકિક પ્રકારે ન રહેનારું, પરિમંડલાદિ સંસ્થાન વગરનું, અલૌકિક પ્રકારની સ્થિતિવાળું સંસ્થાન ૨. અનિયતાકાર)

**अणित्थंथसंठाणसंठिय - अनित्थंस्थसंस्थानसंस्थित ( त्रि. )**(અનિયત સંસ્થાનવાળું, વિલક્ષણ-અલૌકિક સંસ્થાનવાળું, સિદ્ધ ભગવંતોના સંસ્થાને રહેનાર-સિદ્ધ)

**अणित्थंथसंठाणा- अनित्थंस्थसंस्थाना ( स्त्री. )**(અનિયતાકારવાળી અરૂપીણી સત્તા)

**अणिदा ( या ) - अनिदा ( स्त्री. )**(અજ્ઞાનતાથી કરેલ હિંસા, અનાભોગવાળી હિંસા ૨, ચિત્તની વિકલતા ૩. અનિર્ધારણ, અચોક્કસ, બેખબરપણું)

**अणिदा ( या ) ण - अनिदान ( त्रि. )**(નિયાણા રહિત, પ્રાર્થના રહિત, ભાવીફલની આશંસા રહિત, સાવદ્યાનુષ્ઠાન રહિત અનાશ્રવ)

**अणिदा ( या ) णभूय - अनिदानभूत ( त्रि. )**(સાવદ્યાનુષ્ઠાન અનાશ્રવભૂત અને કર્મોપાદાનથી રહિત અનિદાનરૂપ જ્ઞાનાદિ ૨. જેમાં નિયાણું-આશંસા નથી તે)

**अणिदा ( या ) णया - अनिदानता ( स्त्री. )**(નિયાણું ન કરનારનો ભાવ, ફલેચ્છા રહિતપણું, નરેન્દ્ર કે દેવેન્દ્રાદિની પદવીની ઈચ્છા ન કરવી તે)

**अणिदिट्ठ - अनिर्दिष्ट ( त्रि. )**(પૂર્વે નહીં બતાડેલ ૨. નહીં ઉપદેશેલ ૪. આજ્ઞા ન કરેલ)

**अणिद्देस - अनिर्देश ( पुं. )**(અપ્રમાણ, અસ્વીકાર, અમાન્ય કરવું તે)

**★अनिर्देश्य ( त्रि. )**(શબ્દોથી કહી ન શકાય તેવું, અનભિલાપ્ય, અનિર્વચનીય હોય તે)

**अणिद्देसकर - अनिर्देशकर ( पुं. )**(માન્ય ન કરનાર, કબૂલ ન કરનાર)

**अणिप्पण्ण - अनिष्पन्न ( त्रि. )**(અતીતકાલીન નિષ્પત્તિથી રહિત ૨. નહીં નિપજેલું, તૈયાર નહીં થયેલું)

**अणिमंतेमाण - अनिमन्त्रयत् ( त्रि. )**(આમંત્રણ નહીં આપતો, નિમંત્રણ નહીં કરતો)

**अणिमा - अणिमन् ( पुं. )**(અષ્ટસિદ્ધિઓમાંની એક સિદ્ધિ)

**अणिमिस - अनिमिष ( पुं. )**(માછલી ૨. નિશ્ચલ આંખો ૩. દેવ)

**अणिमिसणयण - अनिमिषनयन ( पुं. )**(દેવ, દેવતા, નિર્નિમેષ નયનવાળો)

**अणिय - अनीक ( न. )**(સૈન્ય, લશ્કર)

**★अनृत ( न. )**(અસત્ય, જૂઠ)

**अणियट्ट - अनिवर्त्त ( पुं. )**(મોક્ષ, મુક્તિ)

**अणियट्टगामिण् - अनिवर्त्तगामिन् ( पुं. )**(મોક્ષમાં જવાનો સ્વભાવ છે જેનો તે, મોક્ષગામી)

**अणियट्टि ( ण् ) - अनिवर्तिन् ( न. )**(પાછું નહીં ફરનાર, શુક્લધ્યાનનો એક ભેદ ૨. ૭૯મો ગ્રહ ૩. આવતી ચોવીસીમાં થનાર ૨૦મા તીર્થંકર)

**अणियट्टिकरण - अनिवृत्तिकरण ( न. )**(સમ્યક્ત્વ પામતી વખતે રાગ-દ્વેષની ગ્રંથિને ભેદનાર આત્માનો પરિણામ વિશેષ, ગ્રંથિભેદ કર્યા વગર નિવર્તે નહીં તે કરણવિશેષ)

**अणियट्टिबायर - अनिवृत्तिबादर ( पुं. )**(નવમાં ગુણસ્થાનકવર્તી જીવ, નવમું ગુણસ્થાનક)

**अणियट्टिबायरसंपरायगुणट्ठाण - अनिवृत्तिबादरसंपरायगुणस्थान ( न. )**તે નામનું નવમું ગુણસ્થાનક)

**अणियण - अनग्न ( पुं. )**(અનગ્ન નામનું કલ્પવૃક્ષ વિશેષ)

**अणियत ( य )** - **अनियत ( त्रि. )***(અનિયમિત, અચોક્કસ, અનિશ્ચિત ૨. અપ્રતિબદ્ધ ૩. અનેક સ્વરૂપવાળું)*
**अणियत ( य ) चारिण्** - **अनियतचारिन् ( पुं. )***(અપ્રતિબદ્ધ વિહારી)*
**अणियत ( य ) प्प ( ण् )** - **अनियतात्मन् ( पुं. )***(અસંયમી, અનિશ્ચિત્ત સ્વરૂપી)*
**अणियत ( य ) वट्टि** - **अनियतवृत्ति ( पुं. )***(અનિયત વિહાર)*
**अणियत ( य ) वास** - **अनियतवास ( पुं. )***(માસકલ્પાદિથી ઘર સિવાયનો અસ્થિર વાસ, ઉદ્યાનાદિમાં વાસ)*
**अणियत ( य ) वित्ति** - **अनियतवृत्ति ( पुं. )***(અનિશ્ચિત ચર્યાવાળો, અનિયત વિહારી)*
**अणियत्त** - **अनिवृत्त ( त्रि. )***(નિવૃત્ત નહીં થયેલ, નિવૃત્તિ નહીં પામેલ)*
**अणियत्तकाम** - **अनिवृत्तकाम ( त्रि. )***(જેની ઇચ્છા નિવૃત્ત નથી થઇ તે, અનિવૃત્ત ઇચ્છાવાળો)*
**अणियाहिवइ** - **अनीकाधिपति ( पुं. )***(સૈન્યનો અધિપતિ, સેનાધિપતિ)*
**अणिरिक्ख** - **अनिरीक्ष्य ( अव्य. )***(ચક્ષુથી નહીં જોઇને)*
**अणिरुद्ध** - **अनिरुद्ध ( त्रि. )***(અસ્ખલિત, પ્રદ્યુમ્નનો તે નામનો પુત્ર)*
**अणिरुद्धपण्ण** - **अनिरुद्धप्रज्ञ ( त्रि. )***(અસ્ખલિત છે પ્રજ્ઞા જેની, ૨. તીર્થંકર ૩. કેવલી)*
**अणिल** - **अनिल ( पुं. )***(વાયુ, પવન ૨. ગઇ ચોવીસીના ૨૧માં તીર્થંકર, બાવીસમાં તીર્થંકરની પ્રથમ સાધ્વી)*
**अणिलामइ ( ण् )** - **अनिलामयिन् ( त्रि. )***(વાતરોગી)*
**अणिल्लं ( देशी )***(પ્રભાત, સવાર, પ્રાતઃકાલ)*
**अणिल्लंछिय** - **अनिर्लाञ्छित ( त्रि. )***(ખસી ન કરેલ, ખસી ન કરેલ અખંડિત-બળદ આદિ)*
**अणिवारिय** - **अनिवारित ( त्रि. )***(નહીં અટકાવેલ, રોકેલ નહિ)*
**अणिवारिया** - **अनिवारिका ( स्त्री. )***(જેને સારું ખોટું કરતા અટકાવનાર કોઇ નથી તેવી સ્ત્રી)*
**अणिव्वत्त** - **अनिर्वृत्त ( त्रि. )***(જે ક્યાંય શાંતિ પામેલ નથી તે ૨. અપરિણત, પરિણામ નહીં પામેલ)*
**अणिव्वाणमादि** - **अनिर्वाणादि ( त्रि. )***(અનિવૃત્તિ-અર્થહાનિ-અર્થની અસિદ્ધિ વગેરે દોષવાળું)*
**अणिव्वाणि** - **अनिर्वाणि ( पुं. )***(અસુખ, દુઃખ)*
**अणिव्वुइ** - **अनिर्वृत्ति ( स्त्री. )***(દુઃખ, પીડા)*
**अणिव्वुड** - **अनिर्वृत्त ( त्रि. )***(અપરિણત, પરિણામ નહીં પામેલ, અપરિપક્વ)*
**अणिव्वेय** - **अनिर्वेद ( पुं. )***(અસંતોષ, વૈરાગ્યનો અભાવ, પ્રયત્નથી નહીં અટકેલ)*
**अणिसिट्ठ** - **अनिसृष्ट ( त्रि. )***(સાધુને આહાર આપવામાં લાગતો એક દોષ, ભિક્ષાના ૧૬ ઉદ્ગમના દોષો પૈકીનો ૧૫મો દોષ)*
**अणिसिद्ध** - **अनिषिद्ध ( त्रि. )***(સંમતિ આપેલ, અનુમોદિત, નિષેધ ન કરેલ ૨. સાવદ્ય અનુષ્ઠાનથી નિવૃત્તિ ન પામેલ)*
**अणिसीह** - **अनिशीथ ( न. )***(શાસ્ત્ર વિશેષ, જે પ્રકાશમાં ભણાય કે ભણાવાય તેવા શ્રુતનો એક ભેદ)*
**अणिस्सकड** - **अनिश्राकृत ( न. )***(સર્વ સાધારણ ચૈત્ય, જેના પર કોઈ ખાસ વ્યક્તિનો અધિકાર ન હોય તે ૨. માત્ર પિત્રાદિને આપવા નિમિત્તે બનાવેલ ભોજન)*
**अणिस्सिओवस्सिय** - **अनिश्रितोपाश्रित ( पुं. )***(રાગ-દ્વેષ રહિત ૨. આહાર અને શિષ્યાદિની અપેક્ષા વગરનો માધ્યસ્થભાવવાળો-સાધુ)*
**अणिस्सिओवहाण** - **अनिश्रितोपधान ( न. )***(અન્યની સહાય વગર કરવામાં આવતું તપ, નિષ્કામ તપ, બત્રીસ યોગસંગ્રહમાંનો ચતુર્થ યોગસંગ્રહ)*
**अणिस्सिय** - **अनिश्रित ( त्रि. )***(અનિશ્રિત, કોઈની સહાયની અપેક્ષા ન રાખનાર ૨. અનાસક્ત, આસક્તિ રહિત ૩. પ્રતિબંધ રહિત, રૂકાવટ રહિત, મમતા રહિત ૪. જ્ઞાન વિશેષ, પુસ્તકાદિની અપેક્ષા વિના થતું જ્ઞાન ૫. અપ્રવૃત્ત, અસંબદ્ધ ૬. કીર્તિ આદિની અપેક્ષા વગર સેવા વગેરે કરવી તે ૭. હેતુ કે લિંગની નિશ્રા વિના થતું જ્ઞાન)*
**अणिस्सियकर** - **अनिश्रितकर ( त्रि. )***(રાગ-દ્વેષના ત્યાગ પૂર્વક યથાવસ્થિત વ્યવહાર કરનાર)*
**अणिस्सियप्प ( ण् )** - **अनिश्रितात्मन् ( पुं. )***(નિદાન રહિત, હેતુ રહિત)*
**अणिस्सियवयण** - **अनिश्रितवचन ( त्रि. )***(રાગાદિ દોષ રહિત વચન જેના છે તે, શુદ્ધ પ્રરૂપક)*
**अणिस्सियवयणया** - **अनिश्रितवचनता ( स्त्री. )***(રાગ-દ્વેષાદિ રહિત વચનપણું, માધ્યસ્થ વચન)*
**अणिस्सियववहारि ( ण् )** - **अनिश्रितव्यवहारिन् ( पुं. )***(રાગ-દ્વેષ રહિત વ્યવહાર કરનાર, અનિશ્રિત વ્યવહારી)*
**अणिह** - **अनिह ( पुं. )***(ક્રોધાદિથી અપીડિત ૨. ધૈર્યવાન, ઉપસર્ગોથી અપરાજિત, સહિષ્ણુ ૨. પ્રપંચ રહિત, સરળ, માયા રહિત ૩. નિઃસ્પૃહ)*

★**अनिहत ( पुं. )***(કષાયાદિ ભાવશત્રુઓથી નહીં હણાયેલ, ક્રોધાદિથી અપીડિત)*
**अणिहण - अनिधन ( त्रि. )***(અન્ત રહિત, અનન્ત)*
**अणिहतय - अनिहतक ( त्रि. )***(ઘાત નહીં પામેલ, નિરુપક્રમ આયુષ્યવાળો)*
**अणिहयरिउ - अनिहतरिपु ( पुं. )***(ભદ્દિલપુર નિવાસી નાગ ગાથાપતિ અને સુલસા સ્ત્રીનો પુત્ર)*
**अणिहुत ( य ) - अनिभृत ( त्रि. )***(ઉપશાંત ન થયેલ, શાંતિ રહિત ૨. ત્રિદંડી, સંન્યાસી)*
**अणिहुत ( य ) परिणाम - अनिभृतपरिणाम ( त्रि. )***(ઉપશમ નહીં પામેલા કષાયના પરિણામવાળો)*
**अणिहुर्तिदिय - अनिभृतेन्द्रिय ( त्रि. )***(જેની ઈંદ્રિયો શાંત નથી તે)*
**अणीइपत्त - अनीतिपत्र ( त्रि. )***(જેના પાંદડા કીડાઓથી ખવાયેલ નથી તે)*
**अणीय - अनीक ( न. )***(હસ્તિ અશ્વાદિ રૂપ સૈન્ય)*
**अणीयस - अणीयस ( पुं. )***(ભદ્દિલપુરવાસી નાગશ્રેષ્ઠી અને સુલસા નામક સ્ત્રીનો પુત્ર)*
**अणीसड - अनिसृष्ट ( त्रि. )***(એકહાથ પ્રમાણ અવગ્રહ થકી ખુલ્લું ન હોય તે)*
**अणीसाकड - अनिश्राकृत ( न. )***(સર્વગચ્છમાન્ય ચૈત્ય, ઉપાશ્રય)*
**अणीहड - अनिर्हृत ( त्रि. )***(બહાર નહીં કાઢેલ, બહાર ન નીકળેલું ૨. પોતાનું નહીં કરેલ)*
**अणीहारिम - अनिर्हारिम ( न. )***(પર્વતની ગુફાદિમાં કરવામાં આવતું પાદપોપગમન નામનું અનશન, અનશનનો એક પ્રકાર)*
**अणु - अणु ( त्रि. )***(પ્રમાણમાં અતિ નાનું, સૂક્ષ્મ, બારીક, ક્ષુદ્ર, પરમાણુ)*
★**अनु ( अव्य. )***(પાછળ ૨. અનુરૂપ ૩. અવધારણ ૪. સમીપ)*
**अणुअ - अणुक ( त्रि., स्त्री. )***(સૂક્ષ્મ, ઝીણું ૨. રથ-ગાડાની ધુંસરીને ધારણ કરનાર)*
**अणुअत्तंत - अनुवर्त्तमान ( त्रि. )***(અનુસરતું, પાછળ આવતું)*
**अणुअल्लं ( देशी-न. )***(ક્ષણ રહિત, અવસર રહિત)*
**अणुआ ( देशी-स्त्री. )***(લાકડી)*
**अणुइओ ( देशी-पुं. )***(ધાન્યવિશેષ, ચણા)*
**अणुइण्ण - अनुचीर्ण ( त्रि. )***(શરીરના સંસર્ગમાં આવેલ)*
**अणुउद - अनृत ( पुं. )***(કસમય, અનિયમિત સમય, અનિશ્ચિત કાળ)*
**अणुओइय - अनुयोजित ( त्रि. )***(પ્રવર્તાવેલ, ગોઠવેલ)*
**अणुओग - अणु ( नु ) योग ( पुं. )***(સૂત્રનો અર્થની સાથે સંબંધ યોજવો તે, વ્યાખ્યા, વિવરણ, ટીકા ૨. ચાર અનુયોગોમાંનો કોઈપણ એક ૩. શ્રુતજ્ઞાનનો એક પ્રકાર)*
**अणुओगगअ - अनुयोगगत ( पुं. )***(દૃષ્ટિવાદ અંતર્ગત એક અધિકાર, દૃષ્ટિવાદસૂત્ર, બારમું અંગસૂત્ર ૨. પ્રથમાનુયોગ અને ગંડિકાનુયોગ એમ બે પ્રકારના વ્યાખ્યાનવાળો-ગ્રંથ)*
**अणुओगगणाणुण्णा - अनुयोगगणानुज्ञा ( स्त्री. )***(વ્યાખ્યાન અને ગચ્છ એમ બન્ને પ્રકારની અનુમતિ)*
**अणुओगतत्तिल्ल - अनुयोगतृप्त ( त्रि. )***(અનુયોગ ગ્રહણ કરવામાં એકચિત્ત)*
**अणुओगत्थ - अनुयोगार्थ ( पुं. )***(વ્યાખ્યાનરૂપ અર્થ)*
**अणुओगदायय - अनुयोगदायक ( पुं., स्त्री. )***(સૂત્ર અને અર્થરૂપ અનુયોગને આપનાર સુધર્માસ્વામી વગેરે)*
**अणुओगदार - अनुयोगद्वार ( न. )***(વ્યાખ્યા કરવાના ઉપક્રમ નિક્ષેપ અનુગમ અને નય એ ચાર દ્વાર, અનુયોગના ચાર દ્વાર, વ્યાખ્યાની રીતિ)*
**अणुओगदारसमास - अनुयोगद्वारसमास ( पुं. )***(શ્રુતજ્ઞાનનો એક પ્રકાર, અનુયોગદ્વારના સમુદાયનું જ્ઞાન)*
**अणुओगधर - अनुयोगधर ( पुं. )***(સૂત્ર અને અર્થને ધારણ કરનાર, અનુયોગી)*
**अणुओगपर - अनुयोगपर ( त्रि. )***(અનુયોગ સિદ્ધાંતની વ્યાખ્યા કરવામાં તત્પર)*
**अणुओगाणुण्णा - अनुयोगानुज्ञा ( स्त्री. )***(આચાર્યપદે સ્થાપના, આચાર્યપદની અનુજ્ઞા)*
**अणुओगि ( ण् ) - अनुयोगिन् ( पुं. )***(આચાર્ય ૨. સૂત્રનું અવતરણ કરવા માટે પ્રશ્ન કરવામાં આવે તે, વ્યાખ્યાન-પ્રરૂપણા જ્યાં હોય તે)*
**अणुओगिय - अनुयोगिक ( त्रि. )***(પ્રવ્રજિત, દીક્ષિત ૨. વ્યાખ્યાન આપનાર)*
**अणुंधरी - अणुन्धरी ( स्त्री. )***(દ્વારિકા નગરીમાં રહેનાર અર્હન્મિત્રની પત્ની)*
**अणुकंप - अनुकम्प ( त्रि. )***(અનુરૂપ ક્રિયા-પ્રવૃત્તિ કરનાર)*
★**अनुकम्प्य ( त्रि. )***(અનુકંપાને યોગ્ય, દયાને યોગ્ય)*
**अणुकंपण - अनुकम्पन ( न. )***(અનુકંપાને યોગ્ય દુ:ખી અનાથ જીવોની અનુકંપા કરવી તે)*
**अणुकंपधम्मसवणादिया - अनुकम्पाधर्मश्रवणादिका ( स्त्री. )***(જીવદયાના ધર્મશાસ્ત્રોનું શ્રવણ કરવા રૂપ પ્રવૃત્તિ)*

**अणुकंपय - अनुकम्पक ( त्रि. )**(*અનુકંપા કરનાર, જિનભક્ત ૨. આત્મહિતની પ્રવૃત્તિ*)

**अणुकंपा - अनुकम्पा ( स्त्री. )**(*અનુકંપા, દયા, કૃપા ૨. ભક્તિ, સેવા*)

**अणुकंपादाण - अनुकम्पादान ( न. )**(*અનુકંપાથી દુઃખી કે રંકને દાન આપવું તે, કરુણાથી ગરીબને અન્નાદિ દાન દેવું તે*)

**अणुकंपासय - अनुकम्पाशय ( पुं. )**(*અનુકંપાવાળું ચિત્ત, દયાળુ હૃદય*)

**अणुकंपि ( ण् ) - अनुकम्पिन् ( स्त्री. )**(*દયાળુ, કૃપાળુ*)

**अणुकड्डि - अनुकृष्टि ( स्त्री. )**(*અનુકરણ, અનુવર્તન કરવું તે*)

**अणुकड्डेमाण - अनुकर्षत् ( त्रि. )**(*પાછળથી પોતાની તરફ ખેંચતો, પોતા તરફ આકર્ષિત કરતો*)

**अणुकप्प - अनुकल्प ( पुं. )**(*મહાપુરુષોના જ્ઞાન અને તપ માર્ગનું અનુકરણ ૨. મહાન પુરુષોનું અનુકરણ કરનાર*)

**अणुकरण - अनुकरण ( न. )**(*અનુકરણ, નકલ*)

**अणुकरणकारावणणिसग्ग - अनुकरणकारापणनिसर्ग ( पुं. )**(*પ્રાર્થના કર્યા વગર જ અન્યનું કાર્ય કરવા અને કરાવવાના સ્વભાવવાળો ૨. ભાવસંગ્રહ વિશેષ*)

**अणुकहण - अनुकथन ( न. )**(*અનુવાદ ૨. આચાર્યની પ્રરૂપણા પછીનું કથન*)

**अणुकारि ( ण् ) - अनुकारिन् ( त्रि. )**(*અનુકરણ કરનાર, નકલ કરનાર ૨. વિવક્ષિત વસ્તુની સમાન*)

**अणुकुइय - अनुकुचित ( त्रि. )**(*પાછળ ફેંકેલું ૨. ઊંચું કરેલું*)

**अणुकुड्ड - अनुकुड्य ( अव्य. )**(*ભીંતની પાસે, દીવાલની પાસેનો પ્રદેસ*)

**अणुकूल - अनुकूल ( त्रि. )**(*ક્રમ પ્રમાણેનું, અનુકૂળ, અનુરૂપ, અપ્રતિકૂળ*)

**अणुकूलवयण - अनुकूलवचन ( न. )**(*અપ્રતિકૂળ વચન, અનુકૂળ વચન*)

**अणुकूलवाय - अनुकूलवात ( पुं. )**(*અનુકૂળ પવન, જોઈએ તેવો વાયુ, હિતકારી વાયરો*)

**अणुक्कंत - अनुक्रान्त ( त्रि. )**(*અનુષ્ઠાન કરેલ, વિહિત, આચરેલ, સેવન કરેલ*)

**★अन्वाक्रान्त ( त्रि. )**(*આચરેલ, સેવેલ, અનુષ્ઠિત*)

**अणुक्कम - अनुक्रम ( पुं. )**(*અનુક્રમ, પરિપાટી, અનુપૂર્વી, ક્રમસર*)

**अणुक्कसाइ ( ण् ) - अनुत्कशायिन् ( पुं. )**(*સત્કારાદિની ઉત્કંઠાના અભાવવાળો ૨. પાતળા કષાયવાળો*)

**★अणुकषायिन् ( त्रि. )**(*ક્રોધાદિ કષાયોને પાતળા કરનાર, મંદકષાયી, અલ્પકષાયી*)

**★अनुत्कषायिन् ( त्रि. )**(*જેના કષાય પ્રબળ નથી તે, પ્રબળ કષાય રહિત, સત્કારાદિથી હર્ષરહિત*)

**अणुक्कस्स - अनुत्कर्षवत् ( पुं. )**(*આઠમદમાંના કોઈપણ મદને નહીં કરતો*)

**अणुक्कोस - अनुत्कर्ष ( पुं. )**(*પોતાની બડાઈ, પોતાના ગુણોનું અભિમાન ૨. ગૌણમોહનીય કર્મ*)

**★अनुत्क्रोश ( पुं. )**(*કરુણા, દયા*)

**अणुक्खित्त - अनुक्षिप्त ( त्रि. )**(*પાછળ ફેંકેલું*)

**अणुगंतव्व - अनुगन्तव्य ( त्रि. )**(*અનુસરવું, અનુસરવા યોગ્ય*)

**अणुगच्छण - अनुगमन ( न. )**(*સન્મુખ જવું તે, સત્કાર કરવા સામે જવું તે*)

**अणुगच्छमाण - अनुगच्छत् ( त्रि. )**(*અનુસરણ કરતું, અનુગમન કરતું*)

**अणुगम - अनु ( णु ) गम ( पुं. )**(*જાણવું, સમજવું ૨. સૂત્રને અનુકૂળ અર્થનું કથન, સૂત્રાર્થનું સ્પષ્ટીકરણ ૩. ઉદ્દેશ, નિર્દેશ, નિર્ગમાદિ દ્વાર સમૂહ, ૪. સંહિતાદિ વ્યાખ્યાન પ્રકાર ૫. અનુયોગદ્વાર*)

**अणुगम्म - अनुगम्य ( अव्य. )**(*જાણીને*)

**अणुगय - अनुगत ( त्रि. )**(*અનુસરેલ ૨. પ્રાપ્ત ૩. વ્યાપ્ત ૪ આશ્રિત ૫. પૂર્વે જાણેલ ૬ પૂર્વથી બરાબર આવેલ*)

**अणुगवेसेमाण - अनुगवेषयत् ( त्रि. )**(*સામાયિકની સમાપ્તિ પછી વિચારણા કરવી તે, પાછળથી તપાસ કરવી તે, શોધ કરવી તે*)

**अणुगा ( ग्गा ) म - अनुग्राम ( पुं. )**(*એક ગામથી બીજે ગામ જતાં રસ્તામાં આવતું નાનું ગામ, ગામ પછીનું ગામ, નાનું ગામ*)

**अणुगामि ( ण् ) - अनुगामिन् ( त्रि. )**(*અનુગમન કરનાર, નકલ કરનાર ૨. સાધ્યસાધક હેતુ, દોષ વગરનો હેતુ ૩. અવધિજ્ઞાનનો એક પ્રકાર ૪. સેવક*)

**अणुगामिय - अनुगामिक ( त्रि. )**(*પાછળ જનાર, અનુસરનાર ૨. નોકર ૩. અકર્તવ્યરૂપ ચૌદ અસદનુષ્ઠાન ૩. અવધિજ્ઞાન વિશેષ*)

**अणुगामियत्त - अनुगामिकत्व ( न. )**(*ભવપરંપરામાં સાથે જનારું સાનુબંધ સુખ*)

**अणुगिद्ध - अनुगृद्ध ( त्रि. )**(*અત્યંત આસક્ત, લોલુપ*)

**अणुगिद्धि - अनुगृद्धि ( स्त्री. )**(*અત્યાસક્તિ, અભિકાંક્ષા-લાલસા*)

**अणुगिलइत्ता - अनुगीर्य्य ( अव्य. )**(ખાઈને, ગળીને)
**अणुगीय - अनुगीत ( त्रि. )**(તીર્થંકર-આચાર્યાદિ પાસેથી સાંભળીને શિષ્યોએ પાછળથી સંપાદિત કરેલ ગ્રંથ ૨. પાછળથી ગાવામાં આવેલ)
**अणुगुरु - अनुगुरु ( त्रि. )**(ગુરુપરંપરા અનુસાર જે વિષયનો વ્યવહાર થાય તે, ગુરુપરંપરાએ આચરિત વ્યવહારાદિ)
**अणुग्गह - अनुग्रह ( पुं. )**(જ્ઞાનાદિ ઉપકાર, મહેરબાની, કૃપા, દયા, આશીર્વાદ)
**अणुग्गहट्ठ - अनुग्रहार्थ ( पुं. )**(ઉપકારરૂપ પ્રયોજન)
**अणुग्गहता - अनुग्रहता ( स्त्री. )**(અનુગ્રહનો ભાવ, અનુગ્રહ કરવો તે)
**अणुग्गहतापरिहार - अनुग्रहतापरिहार ( पुं. )**(ઉપકાર બુદ્ધિએ દોષ વગેરેનો ઉદ્ધાર કરવો ૨. ખોટાદિભંગરૂપ પરિહાર-પ્રાયશ્ચિત્તનો એક ભેદ)
**अणुग्घाइम - अनुद्घातिम ( न. )**(ગુરુ પ્રાયશ્ચિત્તનો એક ભેદ ૨. મોટા પ્રાયશ્ચિત્તના ભાગી સાધુ-સાધ્વી)
**अणुग्घाइय - अनुद्घातिक ( पुं. )**(ગુરુ-મોટા પ્રાયશ્ચિત્તને યોગ્ય જીવ, જેણે એવો દોષ સેવ્યો હોય કે આપવામાં આવતા પ્રાયશ્ચિત્તમાં ઘટાડો ન થઈ શકે તે)
**अणुग्घाय - अनुद्घात ( पुं. )**(લઘુ પ્રાયશ્ચિત્તનો જેમાં અભાવ છે તે, ગુરુ પ્રાયશ્ચિત્ત, આચાર પ્રકલ્પનો ભેદ)
**अणुग्घायण - अणोद्घातन ( न. )**(કર્મોને દૂર કરવા તે, કર્મોનો નાશ કરવો)
**अणुघासंत - अनुग्रासयत् ( त्रि. )**(જમાડતો, ખવડાવતો)
**अणुच ( य ) र - अनुचर ( त्रि. )**(અનુસરણ કરનાર, પશ્ચાદ્‌ગામી ૨. સેવા કરનાર ૩. સહચર)
**अणुचरित्ता - अनुचर्य्य ( त्रि. )**(આચરીને, સેવીને)
**अणुचिंतण - अनुचिन्तन ( न. )**(સોચ, વિચાર, પર્યાલોચન કરવું તે)
**अणुचिंता - अनुचिन्ता ( स्त्री. )**(વિચાર, અવિસ્મરણ હેતુ સૂત્રોનું પર્યાલોચન, ચિન્તન)
**अणुचिउण - अनुच्युत्वा ( अव्य. )**(મરણ પામીને, ચ્યવીને, એક જન્મથી બીજા જન્મમાં જઈને)
**अणुचिण्णवं - अनुचीर्णवत् ( त्रि. )**(જેણે અનુષ્ઠાન કર્યું છે તે)
**अणुचिय - अनुचित ( त्रि. )**(અનુચિત, અયોગ્ય, અઘટિત)
**अणुचीइ - अनुचिन्त्य ( अव्य. )**(ચિંતવીને, વિચારીને)
**अणुचीइभासि ( ण् ) - अनुविचिन्त्यभाषिन् ( त्रि. )**(વિચારીને બોલનાર, પર્યાલોચન કરીને બોલવાના સ્વભાવવાળો)
**अणुच्चरिय - अनुच्चरित ( त्रि. )**(શબ્દ-અવાજ નહીં કરેલ, અનુક્ત, જેનું ઉચ્ચારણ થયું ન હોય તે)
★**अनुच्चार्य्य ( अव्य. )**(નિંદ્ય હોઈ નહીં બોલવા યોગ્ય, નહીં બોલીને)
**अणुच्चसद्द - अनुच्चशब्द ( पुं. )**(મોટેથી નહીં બોલાયેલ શબ્દ, ઊંચા શબ્દ-સ્વર વિનાનો અસંયુક્તાક્ષરવાળો શબ્દ)
**अणुच्चाकुइय - अनुच्चाकुचिक ( पुं. )**(ગુરુની અપેક્ષાએ પોતાનું આસન કે શય્યા ઊંચી અને ચલાયમાન નથી તે, નીચી અને સ્થિર શય્યાવાળો)
**अणुजाइ ( ण् ) - अनुयायिन् ( पुं. )**(અનુયાયી, સેવક, નોકર)
**अणुजाण - अनुयान ( न. )**(રથયાત્રા ૨. પાછળ પાછળ જવું તે)
**अणुजाणण - अनुज्ञापन ( न. )**(અનુમોદન, અનુમતિ, સમ્મતિ)
**अणुजाणावणा - अनुज्ञापना ( स्त्री. )**(છુટ્ટી લેવી, રજા અપાવવી)
**अणुजाणाहिगार - अनुयानाधिकार ( पुं. )**(રથની પાછળ જવા વડે બનતો પ્રતિષ્ઠાધિકાર)
**अणुजाणित्तए - अनुज्ञातुम् ( अव्य. )**(અનુજ્ઞા આપવા માટે, અનુમતિ આપવા માટે)
**अणुजात ( य ) - अनुयात ( त्रि. )**(અનુગત, સદૃશ, ૨. સંપત્તિ અને ગુણથી પિતા સમાન થાય તે પુત્ર ૩. પાછળથી જન્મેલ)
**अणुजुत्ति - अनुयुक्ति ( स्त्री. )**(અનુકૂળ યુક્તિ-તર્ક, યુક્તિ પૂર્વક હેતુગર્ભિત દૃષ્ટાન્ત, તર્કસંગત દૃષ્ટાન્ત,)
**अणुजेट्ठ - अनुज्येष्ठ ( त्रि. )**(સૌથી મોટા પછી ત્રીજા નંબરે જે હોય તે, મોટાથી ઊતરતા ક્રમે હોય તે)
**अणुज्जया - अनूद्यता ( स्त्री. )**(ઉદ્દેશ્યતારૂપે વિષયતા વિશેષ, લક્ષ્યતા)
**अणुज्जियत्त - अनूर्जितत्व ( न. )**(નિર્બળતા, બળરહિતપણું)
**अणुज्जुय - अनृजुक ( त्रि. )**(અસરલ, વક્ર, કપટી)
**अणुज्झाण - अनुध्यान ( न. )**(ચિંતન, વિચાર)
**अणुज्झावित्ता - अनुध्याय ( अव्य. )**(ચિંતવીને, વિચારીને)
**अणुट्ठाण - अनुष्ठान ( न. )**(આચાર, ક્રિયાકલાપ, ચૈત્યવંદનાદિ અનુષ્ઠાન ૨. કાળ સંબદ્ધ અધ્યયનાદિ)
**अणुट्ठिय - अनुष्ठित ( त्रि. )**(આચરિત, સેવિત, વિધિથી સંપાદિત)

**★अनुत्थित ( त्रि. )**(દ્રવ્યથી બેઠેલો, ઊઠેલ નહિ, તૈયાર નહીં ૨.ભાવથી જ્ઞાન, દર્શન અને ચારિત્રના ઉદ્યોગથી રહિત)

**अणुणंत - अनुनयत् ( त्रि. )**(પોતાના અભિપ્રાયથી ધીરે ધીરે જણાવતો-સમજાવતો)

**अणुणाइ ( ण् ) - अनुनादिन् ( त्रि. )**(પડઘો ઊઠે એવી રીતે બોલનાર, પ્રતિધ્વની ઊઠે એવું બોલનાર)

**अणुणाइत्त - अनुनादित्व ( न. )**(પડઘો ઊઠે તેવો અવાજ, સત્યવચનના ૩૫ અતિશયોમાંનો એક)

**अणुणाय - अनुनाद ( पुं. )**(પ્રતિધ્વનિ, પ્રતિશબ્દ)

**अणुणास - अनुनाश ( पुं. )**(પાછળ મરવું ૨. અદૂરદેશાદિ)

**★आनुनाश्य ( त्रि. )**(તેની નજીક રહેલ દેશાદિ. ૨. નાકથી બોલાયેલ અનુનાસિક સ્વર ૩. નાકમાંથી નીકળેલ સ્વરાનુગત ગાયનના છ દોષોમાંનો એક દોષ ૪. વિનાશની પાછળ થનાર)

**अणुणिज्जमाण - अनुनीयमान ( त्रि. )**(પ્રાર્થના કરાતો)

**अणुण्णत ( य ) - अनुन्नत ( त्रि. )**(નિરભિમાની, નમ્ર, ગર્વ વિનાનો, મદ રહિત ૨. ઉન્નત નહીં તે)

**अणुण्णवणा - अनुज्ञापना ( स्त्री. )**(અનુમોદન, સંમતિ ૨. આજ્ઞા, રજા)

**अणुण्णवणी - अनुज्ञापनी ( स्त्री. )**(ઉપાશ્રય-વસતિ કે મકાનની રજા માંગવાની ભાષા)

**अणुण्णवित्ता - अनुज्ञाप्य ( अव्य. )**(અનુમતિ આપીને, સંમતિ આપીને)

**अणुण्णवियपाणभोयणभोइ ( ण् ) - अनुज्ञाप्यपानभोजनभोजिन् ( पुं. )**(આચાર્ય આદિની અનુજ્ઞા લઈને આહાર-પાણી ગ્રહણ કરનાર)

**अणुण्णवेमाण - अनुज्ञापयत् ( त्रि. )**(અનુજ્ઞા આપતો, સંમતિ આપતો)

**अणुण्णा - अनुज्ञा ( स्त्री. )**(અધિકાર આપવો ૨. અનુમોદન દેવું, સંમતિ આપવી, આજ્ઞા)

**अणुण्णाअ - अनुज्ञात ( त्रि. )**(જિનેશ્વરો દ્વારા અનુમતિ અપાયેલ, રજા આપેલ, આજ્ઞા આપેલ, અનુમોદન, અનુમતિ)

**अणुण्णाकप्प - अनुज्ञाकल्प ( पुं. )**(શ્રમણને વસ્ત્ર-પાત્રાદિ ગ્રહણ કરવા માટેનું શાસ્ત્રીય વિધાન)

**अणुण्हसंवट्टियकक्कसंग - अनुष्णसंवर्त्तितकर्कशाङ्ग ( त्रि. )**(ભિક્ષાપરિભ્રમણના અભાવે ગરમી લાગવાના અભાવના કારણે અકર્કશ-શીતળ છે અંગો જેના તે)

**अणुतडभेय - अनुतटभेद ( पुं. )**(વાંસને ચીરવાથી જેમ ફાડ પડે તેમ કોઈ દ્રવ્યને ચીરવાથી ફાડ પડે તે, પદાર્થોનું એક પ્રકારનું પૃથક્કરણ)

**अणुतडियाभेय - अनुतटिकाभेद ( पुं. )**(શેરડીને ચીરવાથી જેમ છોતરાં ઊતરે તેમ કોઈ વસ્તુને ચીરવાથી તેની છાલ ઊતરે તે જાતનો દ્રવ્ય ભેદ)

**अणुतप्पि ( ण् ) - अनुतापिन् ( त्रि. )**(અકલ્પનીયના પ્રતિસેવન પછી પસ્તાવો કરનાર, થયેલ ભૂલ માટે ખેદ કરનાર)

**अणुताव - अनुताप ( पुं. )**(પશ્ચાત્તાપ, પસ્તાવો, ખેદ)

**अणुतावि ( ण् ) - अनुतापिन् ( पुं. )**(દોષિત આહારાદિ ગ્રહણ કર્યા પછી પશ્ચાત્તાપ કરનાર)

**अणुताविया - अनुतापिका ( स्त्री. )**(બીજાને સંતાપ ઉપજાવનારી ભાષા, કટુવચન)

**अणुतप्पया - अनुत्रप्यता ( स्त्री. )**(પરિપૂર્ણ અંગોપાંગતા, જેનાથી લજ્જા ન પમાય તેવી સર્વાંગપૂર્ણ શરીર સંપત્તિ)

**अणुत्त - अनुक्त ( त्रि. )**(અકથિત, નહીં કહેલું)

**अणुत्तर - अनुत्तर ( त्रि. )**(સર્વોત્તમ, સર્વોત્કૃષ્ટ, અનન્ય સદૃશ ૨. જેના પછી બીજું કોઈ ઉત્તર-પ્રધાન નથી તે ૩. વિજયાદિ અનુત્તર વિમાન)

**अणुत्तरगइ - अनुत्तरगति ( त्रि. )**(સિદ્ધગતિ, સિદ્ધગતિને પ્રાપ્ત થયેલ)

**अणुत्तरग्गा - अनुत्तराग्र्या ( स्त्री. )**(મોક્ષ, સિદ્ધશિલા, ઈષત્પ્રાગ્ભાર પૃથ્વી)

**अणुत्तरण - अनुत्तरण ( न. )**(જે હોતે છતે પાર ન પમાય તે, પારગમનનું પ્રતિબંધક-પ્રતિરોધક)

**अणुत्तरणवास - अनुत्तरणवास ( पाश ) ( पुं. )**(સંસારાવાસ ૨. પારવશ્ય)

**अणुत्तरणाणदंसणधर - अनुत्तरज्ञानदर्शनधर ( त्रि. )**(સર્વોત્તમ જ્ઞાન અને દર્શનને ધારણ કરનાર તીર્થંકરાદિ)

**अणुत्तरणाणि ( ण् ) - अनुत्तरज्ञानिन् ( त्रि. )**(ઉત્કૃષ્ટ જ્ઞાનને ધારણ કરનારા કેવલી)

**अणुत्तरधम्म - अनुत्तरधर्म ( पुं. )**(ઉત્કૃષ્ટ ધર્મ, શ્રુત અને ચારિત્રરૂપ ધર્મ)

**अणुत्तरपरक्कम - अनुत्तरपराक्रम ( पुं. )**(સર્વોત્કૃષ્ટ પરાક્રમવાળા તીર્થંકર, જિનેશ્વર)

**अणुत्तरपुण्णसंभार - अनुत्तरपुण्यसंभार ( पुं. )**(સર્વોત્તમ હેતુભૂત તીર્થંકરનામકર્મ લક્ષણ પુણ્યનો સમૂહ જેને છે તે, તીર્થંકર)

**अणुत्तरविमाण - अनुत्तरविमान ( न. )**(જેના પછી કોઈ જ દેવવિમાન નથી તે, વિજયાદિ નામક પાંચ અનુત્તરવિમાન)

**अणुत्तरोववाइय - अनुत्तरोपपातिक ( पुं. )**(અનુત્તરવિમાનમાં ઉત્પન્ન, અનુત્તરવિમાનવાસી દેવ, સર્વાર્થસિદ્ધાદિ પાંચવિમાનમાં ઉપપાતવાળો)

**अणुत्तरोववाइयदसा - अनुत्तरोपपातिकदशा ( स्त्री. )**(તે નામક નવમો આગમગ્રંથ)

**अणुदत्त - अनुदात्त ( पुं. )**(સ્વર ભેદ, નીચા સૂરથી બોલવામાં આવતો સ્વર)

**अणुदय - अनुदय ( पुं. )**(ઉદયનો અભાવ ૨. કર્મફળના ઉદયનો અભાવ, કર્મના વિપાકોદયનો અભાવ)

**अणुदयबंधुक्किट्ठा - अनुदयबन्धोत्कृष्टा ( स्त्री. )**(વિપાકોદયના અભાવમાં બંધથી ઉત્કૃષ્ટ સ્થિતિવાળા સત્કર્મની પ્રાપ્તિ થાય તેવી કર્મપ્રકૃતિ વિશેષ)

**अणुदयवई - अनुदयवती ( स्त्री. )**(ઉદયમાં નહીં આવેલ તે નામક કર્મપ્રકૃતિ વિશેષ)

**अणुदयसंकमुक्किट्ठा - अनुदयसंक्रमोत्कृष्टा ( स्त्री. )**(જેના અનુદયના સંક્રમથી ઉત્કૃષ્ટ સ્થિતિનો લાભ થાય તે કર્મપ્રકૃતિ વિશેષ)

**अणुदरंभरि - अनुदरंभरि ( पुं. )**(સ્વાર્થરહિત, એકલપેટું નહીં તે)

**अणुदवि ( देशी )**(ક્ષણ રહિત, અસમય)

**अणुदहमाण - अनुदहत् ( त्रि. )**(સ્વાભાવિક રીતે પછીથી બાળતું, પાછળથી બળતું)

**अणुदीण्ण - अनुदीर्ण ( त्रि. )**(નજીકના ભવિષ્યકાળમાં જેની ઉદીરણા નથી થવાની અથવા લાંબા કાળે ઉદીરણા થશે તેવી કર્મપ્રકૃતિ)

**अणुदीसा - अनुदिक् ( स्त्री. )**(ચાર વિદિશામાંથી કોઈ એક વિદિશા)

**अणुद्दिट्ठ - अनुद्दिष्ट ( त्रि. )**(ઉદ્દેશકૃત આહારના દોષથી રહિત ૨. જેનો ઉદ્દેશ ન કરેલ હોય તે ૩. યાવન્તિકાદિ ભેદ રહિત)

**अणुद्धरिकुंथु - अनुद्धरिकुन्थु ( पुं., स्त्री. )**(તે નામના કંથવા જીવ વિશેષ)

**अणुद्धुय - अनुद्धूत ( त्रि. )**(અનુરૂપ વાદન માટે અત્યક્ત-મૃદંગાદિ, વાદકો દ્વારા નહીં ત્યજેલ તબલાદિ)

**अणुधम्म - अणुधर्म ( पुं. )**(દેશવિરતિ ધર્મ, ગૃહસ્થધર્મ)

**★अनुधर्म ( पुं. )**(મોક્ષ પ્રતિ અનુકૂળ ધર્મ, હિતકારી ધર્મ)

**अणुधम्मचारि ( ण् ) - अनुधर्मचारिन् ( पुं. )**(તીર્થંકર પ્રણીત ધર્મને આચરનાર)

**अणुपंथ - अनुपथ ( पुं. )**(માર્ગની નજીક, માર્ગને અનુસરતો પથ)

**अणुपत्त - अनुप्राप्त ( त्रि. )**(પછીથી પ્રાપ્ત થયેલ, પ્રાપ્ત, મળેલ)

**अणुपयाहिणीकरेमाण - अनुप्रदक्षिणीकुर्वाण ( त्रि. )**(અનુકૂળતા પ્રમાણે પ્રદક્ષિણા કરતો)

**अणुपरियट्टण - अनुपरिवर्त्तन ( न. )**(પુનઃ પુનઃ ભ્રમણ કરવું, વારંવાર ભમવું)

**★अनुपर्य्यटन ( न. )**(પુનઃ પુનઃ ભમીને ત્યાં જ આવવું તે, સંસારમાં પરિભ્રમણ કરવું તે)

**अणुपरियट्टमाण - अनुपरिवर्त्तमान ( त्रि. )**(એકેન્દ્રિયાદિમાં ભમતો, ઘણા જન્મ જરા મરણાદિ અનુભવતો)

**अणुपरियट्टित्ता - अनुपरिवर्त्य ( अव्य. )**(ભમીને, સર્વતો ભ્રમણ કરીને, પ્રદક્ષિણારૂપે ફરીને)

**अणु ( नु ) परिहारि ( ण् ) - अ ( णु ) नुपरिहारिन् ( पुं. )**(પરિહાર તપ કરનાર સાધુને મદદ કરનાર સાધુ, પરિહારી સાધુનો અનુચર-સાધુ)

**अणुपविसंत - अनुप्रविशत् ( त्रि. )**(પાછળથી પ્રવેશ કરતો ૨. ચરકાદિ સંન્યાસીઓના ભિક્ષાટન પછી ભિક્ષાર્થે પ્રવેશ કરતો)

**अणुपविसित्ता - अनु ( णु ) प्रविश्य ( अव्य. )**(અનુકૂળ રીતે પ્રવેશ કરીને, થોડુંક પ્રવેશીને)

**अणुपवेस - अनु ( णु ) प्रवेश ( पुं. )**(અનુકૂળ અથવા અલ્પ પ્રવેશ, અંદર જવું તે, પ્રવેશ)

**अणुपस्सि ( ण् ) - अनुदर्शिन् ( पुं. )**(પર્યાલોચક, શુભાશુભ કર્મ અને તેના પરિણામને જોવાવાળો, વિવેચક, દીર્ઘદ્રષ્ટા)

**अणुपस्सिय - अनुदृश्य ( अव्य. )**(પર્યાલોચના કરીને, વિચારીને)

**अणुपाण - अनुप्राण ( त्रि. )**(સૂક્ષ્મજંતુઓથી યુક્ત)

**अणुपा ( वा ) यकिरिया - अनुपातक्रिया ( स्त्री. )**(પ્રમત્તસંયમી જીવોની વિનાશાત્મક ક્રિયાનો એક ભેદ)

**अणुपा ( वा ) यण् - अनुपातन ( न. )**(ઉતારવું તે ૨. ગ્રંથની પ્રસ્તાવના ૩. ભાષાંતર)

**अणुपालंत - अनुपालयत् ( त्रि. )**(નિરંતર અનુભવ કરતું ૨. અનુપાલન કરતું ૩. નિરંતર પ્રતીક્ષા કરતું)

**अणुपा ( वा ) लण् - अनुपालन ( न. )***(શિષ્ય અને ગણનું રક્ષણ કરવું તે ૨. સંકટની પરિસ્થિતિમાં પણ લીધેલા વ્રતનો અત્યાગ)*

**अणुपा ( वा ) लणाकप्प - अनुपालनाकल्प ( पुं. )***(આચાર્યના અભાવમાં ગણરક્ષણ માટે કરવામાં આવતી વિધિ વિશેષ)*

**अणुपा ( वा ) लणासुद्ध - अनुपालनाशुद्ध ( न. )***(પચ્ચક્ખાણનો એક ભેદ)*

**अणुपालित्ता - अनुपाल्य ( अव्य. )***(યથા પૂર્વમાં પાળ્યું તેમ પછી પણ પાલન કરીને, નિરંતર પાલન કરીને)*

**अणुपालिय - अनुपालित ( त्रि. )***(આત્મસંયમની અનુકૂળતાથી પાળેલું ૨. પ્રતિપાલિત, રક્ષિત)*

**अणुपासमाण - अनुपश्यत् ( त्रि. )***(પુનઃ પર્યાલોચન કરતો, વારંવાર જોતો)*

**अणुपिट्ठ - अनुपृष्ठ ( न. )***(અનુક્રમ, પરિપાટી, આનુપૂર્વી)*

**अणुपुव्व - अनुपूर्व ( न. )***(ક્રમ, પરિપાટી, અનુક્રમ)*

**★आनुपूर्व्य ( न. )***(મૂળક્રમ, આદ્યપરિપાટી)*

**अणुपुव्वसो - अनुपूर्वशस् ( अव्य. )***(અનુક્રમે, અનુક્રમ પ્રમાણે)*

**अणुप्पइय - अनूत्पतित ( त्रि. )***(ઊડી ગયેલ, ઊડેલ, ઊર્ધ્વગતિ કરેલ)*

**अणुप्पगंथ - अनु ( णु ) प्रग्रन्थ ( पुं. )***(નિર્ગ્રંથ, સાધુ, મુનિ)*

**अणुप्पण्ण - अनुत्पन्न ( त्रि. )***(વર્તમાન સમયમાં અવિદ્યમાન, અપ્રાપ્ત, ઉત્પન્ન ન થયેલ)*

**अणुप्पदाउं - अनुप्रदातुम् ( अव्य. )***(વારંવાર આપવા માટે, દાન કરવા માટે)*

**अणुप्पदा ( या ) ण - अनुप्रदान ( न. )***(પુનઃ પુનઃ દાન કરવું તે, દાન આપવું તે)*

**अणुप्पभु - अनुप्रभु ( पुं. )***(યુવરાજ ૨. સેનાપતિ આદિ)*

**अणुप्पवाएत्ता - अनुप्रवाचयितृ ( त्रि. )***(પાઠક, વાચક, ઉપાધ્યાય)*

**अणुप्पवाएमाण - अनुप्रवाचयत् ( त्रि. )***(વર્ણાનુપૂર્વીક્રમે ભણતો)*

**अणुप्पवाय - अनुप्रवाद ( पुं. )***(બારમા અંગઆગમ પૈકીનું નવમું પૂર્વ, અપર નામ વિદ્યાનુપ્રવાદ પૂર્વ)*

**अणुप्पवेसण - अनुप्रवेशन ( न. )***(મનમાં પ્રાપ્ત પ્રતિષ્ઠા સ્થાન ૨. પાછળથી પ્રવેશવું તે ૩. યોગ્ય પ્રવેશ)*

**अणुप्पवेसेत्ता - अनुप्रवेश्य ( अव्य. )***(અંદર દાખલ થઈને, પાછળથી પ્રવેશીને)*

**अणुप्पसूय - अनुप्रसूत ( त्रि. )***(જન્મેલું, ઉત્પન્ન થયેલું)*

**अणुप्पाइ ( ण् ) - अनुपातिन् ( पुं. )***(યુક્ત, સંબદ્ધ, સંબંધી)*

**अणुप्पिय - अनुप्रिय ( त्रि. )***(અનુકૂળ, પ્રિય)*

**अणुप्पेहा - अनुप्रेक्षा ( स्त्री. )***(ચિંતન, ભાવના, વિચારણા, સ્વાધ્યાય વિશેષ)*

**अणुप्पेहियव्व - अनुप्रेक्षितव्य ( त्रि. )***(ચિંતન કરવા યોગ્ય, ચિંતનીય)*

**अणुफास - अनुस्पर्श ( पुं. )***(અનુભાવ, પ્રભાવ, મહિમા)*

**अणुबंध - अनुबन्ध ( पुं. )***(સતત, નિરંતર, અવિચ્છિન્નપણું ૨. સંબંધ ૩. કર્મોનો સંબંધ, કર્મોનો વિપાક, પરિણામ)*

**अणुबंधचउक्क - अनुबन्धचतुष्क ( न. )***(શાસ્ત્ર રચનાની પ્રારંભમાં કહેવાતા પ્રયોજનાદિ ચતુષ્ક)*

**अणुबंधच्छेयणाइ - अनुबन्धच्छेदनादि ( पुं. )***(સંસાર સંબંધનું છેદન પ્રથમ છે તે, નિરનુબંધતા સંપાદક કર્મોને ખપાવવાનો ઉપાય)*

**अणुबंधभाव - अनुबन्धभाव ( पुं. )***(અનુભાવ-રસરૂપે કર્મની સત્તા)*

**अणुबंधभावविहि - अनुबन्धभावविधि ( पुं. )***(પચ્ચક્ખાણના પરિણામને નિરંતર ટકાવી રાખવાની વિધિ)*

**अणुबंधववच्छेद - अनुबन्धव्यवच्छेद ( पुं. )***(ભવાન્તરના આરંભક અને અન્ય કર્મબંધનો વિચ્છેદ કરનાર)*

**अणुबंधसुद्धिभाव - अनुबन्धशुद्धिभाव ( पुं. )***(કર્મોના સતત ક્ષયોપશમથી આત્માની નિર્મળતા થાય તે)*

**अणुबंधावणयण - अनुबन्धापनयन ( न. )***(અશુભભાવથી ઉત્પન્ન થયેલા કર્મોના અનુબંધનો વિચ્છેદ કરવો તે)*

**अणुबंधिअं ( देशी )***(હિચકી, હેડકી)*

**अणुबंधि ( न् ) - अनुबन्धिन् ( त्रि. )***(હેતુ, સાધક ૨. અનનુબંધીદોષ રહિત પડિલેહણ)*

**अणुबद्ध - अनुबद्ध ( त्रि. )***(સતત અનુસરનાર ૨. ગ્રહણ કરેલ, નિરંતર એકઠું કરેલ ૩. સતત, અવ્યવચ્છિન્ન, નિરંતર ૪. પ્રતિબદ્ધ, બાંધેલ ૫. વ્યાપ્ત ૬. પૂર્વસંચિત દ્વેષબંધનથી બંધાયેલ)*

**अणुबद्धखुहा - अनुबद्धक्षुध् ( स्त्री. )***(અત્યન્ત ભૂખ, તીવ્ર ક્ષુધા)*

**अणुबद्धणिरंतर - अनुबद्धनिरन्तर ( त्रि. )***(નિરંતર, હંમેશાં, જેને અત્યન્ત નિરંતર વેદના હોય તે)*

**अणुबद्धतिव्ववेर - अनुबद्धतीव्रवैर ( त्रि. )***(નિરંતરપણે તીવ્ર વૈર રાખનાર)*

**अणुबद्धधम्मज्झाण - अनुबद्धधर्मध्यान ( त्रि. )***(ધર્મધ્યાન ચિંતવનની અંદર સતત પ્રવૃત્તિ રાખનાર, ધર્મધ્યાનમાં સતત પ્રવૃત્ત)*

**अणुबद्धरोसप्पसर - अनुबद्धरोसप्रसर ( त्रि. )***(નિરંતર ક્રોધી, સદા ક્રોધ કષાયવાળો)*

**अणुबद्धविग्गह - अनुबद्धविग्रह ( त्रि. )***(સદાય કલહશીલ, હંમેશાં કલહ કરવાના સ્વભાવવાળો)*

**अणुवेलंधर - अनुवेलन्धर ( पुं. )***(મોટા નાગોના અનુયાયી નાગ, સ્વનામખ્યાત નાગરાજ)*

**अणुब्भड - अनुद्भट ( त्रि. )***(અનુદ્ધત, અભિમાન રહિત)*

**अणुब्भडपसत्थकुक्खि - अनुद्भटप्रशस्तकुक्षि ( त्रि. )***(અપ્રગટ પ્રશસ્ત લક્ષણવાળી કુક્ષિ છે જેની તે)*

**अणुब्भडवेस - अनुद्भटवेष ( पुं. )***(ઉદ્ભટજન ઉચિત વસ્ત્રોના ત્યાગરૂપ શ્રાવકનો ત્રીજો ગુણ, નિંદનીય વસ્ત્રોનો ત્યાગી)*

**अणुब्भामग - अनुद्भ्रामक ( पुं. )***(મૌલગ્રામમાં ભિક્ષાના પરિમાણના સ્વભાવવાળો)*

**अणुभव - अनुभव ( पुं. )***(સ્મૃતિભિન્ન જ્ઞાન ૨. સ્વસંવેદનાત્મક જ્ઞાન, અનુભવ ૩. કર્મફળને ભોગવવું તે)*

**अणुभवण - अनुभवन ( न. )***(કર્મના વિપાકને ભોગવવું તે ૨. અનુભવવું તે)*

**अणुभविउं - अनुभवितुम् ( अव्य. )***(ભોગવવા માટે ૨. અનુભવવા માટે)*

**अणुभवित्ता - अनुभूय ( अव्य. )***(અનુભવીને, ભોગવીને)*

**अणुभाग ( व ) - अनुभाग ( व ) ( पुं. )***(કર્મનો વિપાક, કર્મનો તીવ્રમંદાદિ રસ ૨. વર્ણગંધાદિ ગુણ ૩. મહાત્મ્ય ૪. વૈક્રિયાદિકરણની અચિન્ત્ય શક્તિ, સામર્થ્ય)*

**अणुभागअप्पाबहुय - अनुभागाल्पबहुत्व ( न. )***(અનુભાગ-રસ આશ્રયી કર્મના અલ્પ-બહુત્વની પરસ્પર તુલના કરવી તે, અનુભાગનું અલ્પબહુત્વ)*

**अणुभागउदीरणोवक्कम - अनुभागोदीरणोपक्रम ( पुं. )***(ઉદયપ્રાપ્ત રસની સાથે સત્તામાં રહેલા રસને ખેંચી ભોગવવાનો આરંભ કરવો તે)*

**अणुभागकम्म - अनुभागकर्मन् ( न. )***(કર્મનો રસ, કર્મનો તીવ્ર-મંદાદિ રસાત્મક એક ભેદ)*

**अणुभागणामनिहत्ताउय - अनुभागनामनिधत्तायुष् ( न. )***(આયુષ્યકર્મના બંધનો એક ભેદ)*

**अणुभाग ( व ) बंध - अनुभाग ( व ) बन्ध ( पुं. )***(બંધાતા કર્મમાં પડતો તીવ્ર-મંદાદિ રસોનો બંધ, કર્મબંધનો એક ભેદ)*

**अणुभागबंधज्झवसायट्ठाण - अनुभागबन्धाध्यवसायस्थान ( न. )***(કૃષ્ણાદિ લેશ્યાનો પરિણામ વિશેષ)*

**अणुभाग ( व ) बंधट्ठाण - अनुभाग ( व ) बन्धस्थान ( न. )***(અનુભાગબંધના સ્થાન, રસબંધના સ્થાન)*

**अणुभाग ( व ) संकम - अनुभाग ( व ) संक्रम ( पुं. )***(કર્મના રસમાં સંક્રમણ થવું તે, સંક્રમનો એક ભેદ)*

**अणुभागसंतकम्म - अनुभागसत्कर्मन् ( न. )***(અનુભાગ-રસસંબંધી કર્મની સત્તા, સત્તામાં રહેલ રસસંબંધી કર્મ)*

**अणुभागुदीरणा - अनुभागोदीरणा ( स्त्री. )***(ઉદયપ્રાપ્ત રસોની સાથે ઉદીરણા દ્વારા ઉદયમાં નહીં આવેલ રસોને વેદવું તે)*

**अणुभागोदय - अनुभागोदय ( पुं. )***(રસરૂપે થતો કર્મનો ઉદય)*

**अणुभाव - अनुभाव ( पुं. )***(કર્મપ્રકૃતિનો તીવ્ર મંદ રસરૂપે અનુભવ કરવો તે ૨. શક્તિ, સામર્થ્ય, પ્રભાવ ૩. સુખ)*

**अणुभावकम्म - अनुभागकर्मन् ( न. )***(વિપાક-રસરૂપે ભોગવાતું કર્મ)*

**अणुभावग - अनुभावक ( त्रि. )***(બોધક, સૂચક)*

**अणुभासण - अनुभाषण ( न. )***(અનુવાદ કરવો, કહેલી વાતને કહેવી, ગુરુના હ્રસ્વ-દીર્ઘ બોલ્યા અનુસાર બોલવું તે)*

**अणुभासण ( णा ) सुद्ध - अनुभाषण ( णा ) शुद्ध ( न. )***(ગુરુએ ઉચ્ચારેલ શબ્દોને ધીરેથી શુદ્ધોચ્ચારણરૂપ ભાવવિશુદ્ધિનો એક ભેદ)*

**अणुभूइ - अनुभूति ( स्त्री. )***(અનુભવ, સંવેદન, અનુભૂતિ)*

**अणुमइ - अनुमति ( स्त्री. )***(આજ્ઞા, અનુમતિ, સંમતિ અનુમોદન)*

**अणुमइया - अनुमतिका ( स्त्री. )***(ઉજ્જયિનીના રાજા દેવલસુતની પત્ની અનુરક્તલોચનાની તે નામની દાસી)*

**अणुमणण - अनुमनन ( न. )***(અનુમોદન)*

**अणुमत ( य ) - अणुमत ( त्रि. )***(નાનાને પણ અનુમતિ અપાઈ છે જેમાં તે, અવગુણ જોયા પછી પણ જેના પરથી પ્રીતિ ઓછી ન થાય તેવું ઈચ્છિત)*

**★अनुमत ( त्रि. )***(ઈચ્છિત ૨. દાન માટે અનુજ્ઞા અપાયેલ ૩. અનુકૂળતા મુજબ સંમત, વૈગુણ્યદર્શન પછી પણ ઈષ્ટ હોય તે ૪. બહુમત ૫. ચાહેલ, પ્રિય ૬. પથ્ય)*

**अणुमहत्तर - अनुमहत्तर ( पुं. )***(મુખ્ય-વડીલની અનુપસ્થિતિમાં તેમનું કાર્ય કરનાર)*

**अणुमाण - अणुमान ( पुं. )***(અલ્પ માન, થોડો પણ અહંકાર)*

**★अनुमान ( न. )***(હેતુ-લિંગથી થતું સાધ્યનું જ્ઞાન, અનુમાન જ્ઞાન, લિંગ દ્વારા અજ્ઞાત વસ્તુનો નિર્ણય, અટકળ જ્ઞાન)*

**अणुमाणइत्ता - अनुमान्य ( अव्य. )**(*અનુમાન કરીને, અટકળપૂર્વક*)

**अणुमाणणिराकिय - अनुमाननिराकृत ( त्रि. )**(*અનુમાનબાહ્ય, અનુમાનથી નિરાકરણ કરેલ ૨. વસ્તુદોષ વિષય વિશેષ*)

**अणुमाणाभास - अनुमानाभास ( पुं. )**(*અયથાર્થ અનુમાન, વ્યર્થ અનુમાન*)

**अणुमाय - अणुमात्र ( त्रि. )**(*થોડું, અલ્પ*)

**अणुमिइ - अनुमिति ( स्त्री. )**(*અનુમાન પ્રમાણથી થયેલ જ્ઞાન, આપેલા કારણોથી કોઈ નિર્ણય કરવો તે ૨. અનુમોદન*)

**अणुमु ( म्मु ) क्क - अनुमुक्त ( त्रि. )**(*મુક્ત નહીં તે, નહીં છોડાયેલ*)

**अणुमोइय - अनुमोदित ( त्रि. )**(*અનુમતિ આપી ઉત્સાહી બનાવેલ, પ્રશંસિત, પ્રશંસા કરેલ, અનુમત, સંમત*)

**अणुमोयग - अनुमोदक ( त्रि. )**(*અનુમોદન કરનાર, પ્રશંસા કરનાર*)

**अणुमोयण ( णा ) - अनुमोदन ( ना ) ( न., स्त्री. )**(*અનુમતિ, સંમતિ, અનુમોદન, અપ્રતિષેધ, પ્રશંસા, સહાય કરવી તે*)

**अणुमोयणकम्मभोयगप्पसंसा - अनुमोदनकर्मभोजकप्रशंसा ( स्त्री. )**(*દોષિત ગોચરી વાપરનારની પ્રશંસા, આધાકર્મી આહાર વાપરનારની અનુમોદના*)

**अणुयत्तणा - अनुवर्तना ( स्त्री. )**(*દુઃખી, ગ્લાનની સેવા કરવી તે, અનુકૂળપણે વર્તવું તે*)

**अणुयत्तणाइजुत्त - अनुवर्तनादियुक्त ( त्रि. )**(*ગ્લાનની સેવા કરનારો, અનુકૂળપણે વર્તનાર*)

**अणुयत्तमाण - अनुवर्तमान ( त्रि. )**(*અનુસરતો, સ્વીકારતો, માનતો, કબૂલ કરતો*)

**अणुयरिय - अनुचरित ( न. )**(*આચરિત, અનુષ્ઠિત*)

**अणुया - अनुज्ञा ( स्त्री. )**(*અનુમોદન, અનુમતિ, સંમતિ*)

**अणुयास - अनुकाश ( पुं. )**(*વિશેષ વિકાસ ૨. વિકાસ-પ્રકાશનો વિસ્તાર*)

**अणुरंगा - अनुरङ्गा ( स्त्री. )**(*ગાડી*)

**अणुरंजिएल्लय - अनुरञ्जित ( त्रि. )**(*સંપ્રદાયની પરંપરાથી રંગાયેલ, સંપ્રદાયાનુરાગી*)

**अणुरत्त - अनुरक्त ( त्रि. )**(*અનુરાગી, પ્રેમી, સ્નેહી*)

**अणुरत्तलोयणा - अनुरक्तलोचना ( स्त्री. )**(*ઉજ્જયિનીનગરીના દેવલાપુત્ર રાજાની પટ્ટરાણીનું નામ*)

**अणुरसिय - अनुरसित ( न. )**(*બોલાવેલ, પોકારેલ, મોટેથી અવાજ કરાયેલ*)

**अणुराग - अनुराग ( पुं. )**(*અનુરાગ, અત્યન્ત સ્નેહ, પ્રીતિ, પ્રેમ*)

**अणुरागय - अन्वागत ( त्रि. )**(*અનુકૂળપણે આગમન ૨. પાછળ આવવું તે ૩. સ્વાગત*)

**अणुराहा - अनुराधा ( स्त्री. )**(*અનુરાધા નામનું નક્ષત્ર, નક્ષત્ર વિશેષ*)

**अणुरुज्झंत - अनुरुध्यमान ( त्रि. )**(*અપેક્ષા કરતો, આશા રાખતો, દરકાર રાખતો, રાહ જોતો*)

**अणुरुंधिज्जंत - अनुरुध्यमान ( त्रि. )**(*અપેક્ષા કરતો, આશા રાખતો, દરકાર રાખતો, રાહ જોતો*)

**अणुरूव - अनुरूप ( त्रि. )**(*સમાન, સ્વસ્વભાવ સદૃશ ૨. અનુકૂળ ૩. યોગ્ય, ઉચિત, લાયક*)

**अणुलाव - अनुलाप ( पुं. )**(*વારંવાર બોલવું તે, પુનઃ પુનઃ બોલવું તે*)

**अणुलिंपण - अनुलेपन ( न. )**(*એકવાર લિંપેલી ભૂમિને ફરીથી લિંપવી તે, ફરી વિલેપન કરવું, પુનઃ લેપ કરવો તે*)

**अणुलित्त - अनुलिप्त ( त्रि. )**(*ચંદનાદિનું વિલેપન કરેલ, લિપ્ત, લિંપેલું*)

**अणुलित्तगत्त - अनुलिप्तगात्र ( त्रि. )**(*ચંદનાદિથી લિંપાયલું છે ગાત્ર જેનું તે*)

**अणुलिहंत - अनुलिखत् ( त्रि. )**(*ચુંબન કરતું ૨. ચાટતું ૩. સ્પર્શ કરતું*)

**अणुलेवण - अनुलेपन ( न. )**(*ચંદનાદિનું વિલેપન કરવું તે, વિલેપન, ફરીથી વિલેપન કરવું તે*)

**अणुलेवणतल - अनुलेपनतल ( न. )**(*ફરીવાર લિંપવામાં આવેલ ભૂમિ*)

**अणुलोम - अनुलोम ( त्रि. )**(*અવિપરીત, સીધું, અનુકૂળ ૨. ક્રમસર, યથાક્રમ ૩. મનોહર*)

**अणुलोमइत्ता - अनुलोम्य ( अव्य. )**(*યથાક્રમ કરીને, અનુકૂળ કરીને*)

**अणुलोमवाउवेग - अनुलोमवायुवेग ( त्रि. )**(*જેના શરીરની અંદરના વાયુનો વેગ અનુકૂળ છે તે ૨. યુગલિક મનુષ્ય*)

**अणुलोमविलोम - अनुलोमविलोम ( पुं. )**(*આવ-જા કરવી તે, જવું અને આવવું તે*)

**अणुल्ल्ग - अणुल्ल्वक ( पुं. )**(*કંદ વિશેષ ૨. બેઇંદ્રિયજીવ વિશેષ*)

**अणुल्लण - अनुल्ल्वण ( त्रि. )**(*અગર્વિત, અનુદ્ધત, અભિમાન રહિત, નમ્ર*)

**अणुल्लाव - अनुल्लाप ( पुं. )***(કુત્સિત રીતે વર્ણન કરવું તે, ખરાબ કથન, દુષ્ટ ઉક્તિ)*
**अणुल्लेय - अनुल्लक ( पुं. )***(બેઇંદ્રિય જીવ વિશેષ)*
**अणुवइट्ठ - अनुपदिष्ट ( त्रि. )***(આચાર્ય પરંપરાથી જેનો ઉપદેશ નથી થયેલો તે, જે પૂર્વ પરંપરાથી ન આવેલ હોય તે)*
**अणुवउत्त - अनुपयुक्त ( त्रि. )***(ઉપયોગ શૂન્ય, અસાવધાન, હેયોપાદેયના વિવેક રહિત)*
**अणुवएस - अनुपदेश ( पुं. )***(અસદ્‌ઉપદેશ ૨. સ્વભાવ, નિસર્ગ)*
**अणुवओग - अनुपयोग ( पुं. )***(અનર્થ ૨. ઉપયોગશૂન્યતા ૩. નિષ્કારણ, નિષ્પ્રયોજન ૪. જીવનો બોધરૂપ વ્યાપાર જેમાં ન હોય તે)*
**अणुवकय - अनुपकृत ( त्रि. )***(જેણે કોઈપણ જાતનો ઉપકાર નથી કર્યો તે ૨. જે અન્યના ઉપકાર નીચે આવેલ નથી તે)*
**अणुवकयपरहिय - अनुपकृतपरहित ( त्रि. )***(નિષ્કારણવત્સલ)*
**अणुवक्कंत - अनुपक्रान्त ( त्रि. )***(જેનું નિરાકણ થયેલ ન હોય તે)*
**अणुवक्ख - अनुपाख्य ( त्रि. )***(નામ રહિત, અનિર્વચનીય)*
**अणुवक्खड - अनुपस्कृत ( त्रि. )***(સંસ્કાર રહિત, પ્રતિયત્નરૂપ સંસ્કાર કરેલ ન હોય તે)*
**अणुवगरण - अनुपकरण ( न. )***(ઉપધિનો અભાવ)*
**अणुवचय - अनुपचय ( पुं. )***(હાનિ ૨. ગ્રહણ ન કરવું તે)*
**अणुवच्चंत - अनुव्रजत् ( त्रि. )***(પાછળ જતું, અનુસરણ કરતું)*
**अणुवजीवि ( ण् ) - अनुपजीविन् ( त्रि. )***(અનાશ્રિત ૨. આજીવિકા રહિત)*
**अणुवज्ज - गम् ( धा. )***(જવું, ગમન કરવું)*
**अणुवज्जिअं ( देशी त्रि. )***(જેની સેવા શુશ્રૂષા કરેલ હોય તે)*
**अणुवत्त - अनुवृत्त ( त्रि. )***(જીતવ્યવહારાદિમાં બીજીવાર પ્રવૃત્ત થયેલ)*
**अणुवत्तय - अनुवर्तक ( त्रि. )***(અનુકૂળ પ્રવૃત્તિ કરનાર ૨. શિષ્યો પાસે અનુકૂળ પ્રવૃત્તિ કરાવનાર ગુરુ ૩. અનુલોમ-અવિપરીત)*
**अणुवत्तणा - अनुवर्तना ( स्त्री. )***(અનુસરણ, અનુકૂળ પ્રવૃત્તિ)*
**अणुवत्ति - अनुवृत्ति ( स्त्री. )***(ગુરુના ઈંગિતાકારથી તેમને અનુકૂળ પ્રવૃત્તિ કરવી તે ૨. અનુસરણ ૩. અનુગમ)*
**अणुवभोज्ज - अनुपभोज्य ( त्रि. )***(મુનિને ભોગવવા માટે અયોગ્ય)*
**अणुवम - अनुपम ( त्रि. )***(અનુપમ, ઉપમારહિત, બેજોડ)*
**अणुवमसिरिय - अनुपमश्रीक ( त्रि. )***(ઉપમા રહિત દેહની કાંતિ છે જેની તે)*
**अणुवमा - अनुपमा ( स्त्री. )***(એક ખાદ્ય પદાર્થ)*
**अणुवयमाण - अनुवदत् ( त्रि. )***(પાછળથી બોલતો, પાછળ પાછળ બોલતો, અનુવાદ કરતો, કહેલ અર્થને ફરીથી કહેતો)*
**अणुवरय - अनुपरत ( त्रि. )***(નિરંતર, પાપ વ્યાપારોથી નિવૃત્ત નહીં થયેલ, નહીં અટકેલ)*
**अणुवरयकायकिरिया - अनुपरतकायक्रिया ( स्त्री. )***(કાયિકીક્રિયાનો એક ભેદ)*
**अणुवरयदंड - अनुपरतदण्ड ( पुं. )***(ત્રણયોગના દંડથી નિવૃત્ત ન થયેલ)*
**अणुवरोह - अनुपरोध ( पुं. )***(અવ્યાપાદન, અપ્રતિષેધ, નહિ અટકાવેલ ૨. નહીં ઢાંકેલ)*
**अणुवलद्धि - अनुपलब्धि ( स्त्री. )***(પ્રાપ્તિનો અભાવ, લાભનો અભાવ ૨. અપ્રત્યક્ષ)*
**अणुवलब्भमाण - अनुपलभ्यमान ( त्रि. )***(ઉપલબ્ધ ન થતું, અપ્રત્યક્ષ થતું, જે જાણવામાં નહીં આવતું, અદશ્યમાન)*
**अणुववायकारग - अनुपपातकारक ( त्रि. )***(ગુર્વાદિની સમીપે ન બેસનાર, ગુરુના આદેશના ભયથી દૂર રહેનાર)*
**अणुवसंत - अनुपशान्त ( त्रि. )***(સકષાયી, જેનો કષાય હજુ શાન્ત નથી થયો તે, ક્રુદ્ધ, અશાંત)*
**अणुवसमंत - अनुपशमयत् ( त्रि. )***(ઉપશમન નહીં કરતો, શાન્ત નહીં થતો)*
**अणुवसु - अनुवसु ( पुं. )***(રાગવાળો, સરાગી ૨. સ્થવિર ૩. શ્રાવક)*
**अणुवस्सियववहारकारि ( ण् ) - अनुपश्रितव्यवहारकारिन् ( त्रि. )***(અનિશ્રિત વ્યવહાર કરનાર ૨. રાગપૂર્વક વ્યવહાર કરનાર)*
**अणुवह - अनुपथ ( अव्य. )***(માર્ગની સમીપ, રસ્તાની નજીક)*
**★अनुपध ( त्रि. )***(ભાવથી ઉપધા રહિત ૨. છલ રહિત, કપટ રહિત ૩. ઉપાય રહિત)*
**अणुवहय - अनुपहत ( त्रि. )***(અગ્નિ આદિથી નાશ ન પામેલ, અવિનષ્ટ)*
**अणुवहयविहि - अनुपहतविधि ( पुं. )***(ગુરુને પૂછીને અન્યને આપવું તે, અન્યમતે ગુરુને પૂછ્યા વિના અન્યને આપવું તે)*
**अणुवहास - अनुपहास ( त्रि. )***(ઉપહાસ રહિત, કોઈની મશ્કરી ન કરનાર)*
**अणुवहुआ ( देशी-स्त्री. )***(નવવધૂ, નવોઢા)*

**अणुवाइ ( ण् ) - अनुपातिन् ( त्रि. )***(અનુસરણ કરનાર ૨. યોગ્ય ૩. અનુવાદ કરનાર)*

**अणुवाएज्ज - अनुपादेय ( त्रि. )***(હેય, અનુપાદેય, ગ્રહણ નહીં કરવા યોગ્ય)*

**अणुवाणहय - अनुपानत्क ( त्रि. )***(પગરખાંને ધારણ નહીં કરનાર, જતૂં વગરનો)*

**अणुवाय - अनुताप ( पुं. )***(સંયોગ ૨. આગમન)*

**★अनुपात ( पुं. )***(અનુસરણ ૨. સંબંધ)*

**★अनुवात ( पुं. )***(અનુકૂળ પવન ૨. અનુકૂળ પવનવાળો દેશ, જે દેશમાંથી અનુકૂળ પવન આવે છે તે)*

**★अनुवाद ( पुं. )***(વિધિપ્રામનું વાક્યાન્તરે કથન કરવું તે, વિધિવાક્યને બીજી રીતે કહેવું તે, ઉક્ત વાતને ફરીથી કહેવી તે)*

**अणुवायवाय - अनुपायवाद ( पुं. )***(છઠ્ઠો મિથ્યાત્વવાદ)*

**अणुवालय - अनुपालक ( पुं. )***(ગોશાળાના આજીવકમતના મુખ્ય ઉપાસકનું ગ્રામ)*

**अणुवास - अनुवास ( पुं. )***(એક સ્થાને કેટલોક કાળ રહીને પુનઃ ત્યાં જ વસવું તે)*

**अणुवासग - अनुपासक ( पुं. )***(શ્રાવક નહીં તે, મિથ્યાદષ્ટિ, જૈનેતર ગૃહસ્થી ૨. સેવા નહીં કરનાર)*

**अणुवासणा - अनुवासना ( स्त्री. )***(ચામડાની નળીથી ગુદામાર્ગે પેટમાં તેલવિશેષ નાંખવું તે, વ્યવસ્થાપના)*

**अणुवि ( व्वि ) ग्ग - अनुद्विग्न ( त्रि. )***(પ્રશાંત, ઉદ્વેગરહિત, વ્યગ્રતા રહિત)*

**अणुविरइ - अनुविरति ( स्त्री. )***(દેશવિરતિ, શ્રાવક જેનું પાલન કરે છે તે-શ્રાવકપણું)*

**अणुवीइ - अनुविचिन्त्य ( अव्य. )***(વિચારીને, આલોચીને, ચિંતવીને, કેવળજ્ઞાનથી જાણીને)*

**★अनुवाच्य ( अव्य. )***(અનુકૂળ કહેવડાવીને, અનુકૂળપણે વંચાવીને)*

**अणुवीइभासि ( ण् ) - अनुविचिन्त्यभाषिन् ( पुं. )***(પર્યાલોચન કરીને બોલનાર, પોતે આલોચિને કહેવારૂપ વચનના વિનયનો એક ભેદ)*

**अणुवीइसमिइजोग - अनुविचिन्त्यसमितियोग ( पुं. )***(વિચારીને બોલવારૂપ ભાષાસમિતિનો વ્યાપાર, ભાષાસમિતિયોગ)*

**अणुवूहण - अनुव्यूहन ( न. )***(પ્રશંસા કરવી તે, વખાણ કરવા તે)*

**अणुवेदयंत - अनुवेदयत् ( त्रि. )***(અનુભવ કરતો, ભોગવતું, વેદના પામતું)*

**अणुवेहमाण - अनुप्रेक्षमाण ( त्रि. )***(વિચારતો, અનુપ્રેક્ષા કરતો, ભાવના ભાવતો)*

**अणुवो ( देशी )***(તેમ, તે પ્રકારે, તે પ્રમાણે, હા, ખરું, ખરેખર)*

**अणुव्वजंत - अनुव्रजत् ( त्रि. )***(અનૂકુળપણે સન્મુખ જતો ૨. પાછળ જતો)*

**अणुव्वय ( अ ) - अणुव्रत ( न. )***(મહાવ્રતની અપેક્ષાએ નાના વ્રતો, શ્રાવકના પ્રથમ પાંચ વ્રત, અણુવ્રત, શ્રાવકધર્મ)*

**★अनुव्रत ( न. )***(મહાવ્રતની પછી જેની સ્થાપના કરવામાં આવેલી છે તે, મહાવ્રતની અપેક્ષાએ નાના વ્રતો, શ્રાવકના પ્રથમ પાંચ વ્રત, અણુવ્રત, શ્રાવકધર્મ)*

**अणुव्वयपणग - अनुव्रतपञ्चक ( न. )***(જેમાં પાંચ અણુવ્રતોનો સમૂહ છે તે, સ્થૂળપ્રાણાતિપાતવિરમણાદિ અણુવ્રતપંચક)*

**अणुव्वयमुह - अणुव्रतमुख ( त्रि. )***(અણુવ્રતો પ્રથમ-પ્રધાન છે જેને તે- સાધુ શ્રાવકનું વિશેષ ધર્માચરણ)*

**अणुव्वया - अनुव्रता ( स्त्री. )***(પતિવ્રતા સ્ત્રી, પાતિવ્રત્ય ધર્મને પાળનારી સ્ત્રી)*

**अणुव्वस - अनुवश ( त्रि. )***(વશ થયેલ, પરસ્પરાધીન થયેલ)*

**अणुव्विवाग - अनुविपाक ( पुं. )***(કર્મવિપાકના અનુરૂપ, કર્મ પ્રમાણે તેનું ફળ)*

**अणुसंगई - अणुसङ्गति ( स्त्री. )***(આકાશાદિ દ્રવ્યનો પરમાણુ સાથેનો સંયોગ)*

**अणुसंचरंत - अनुसञ्चरत् ( त्रि. )***(પાછળ ચાલતો ૨. ભટકતો, પરિભ્રમણ કરતો)*

**अणुसंधाण - अनुसन्धान ( न. )***(બુદ્ધિથી ગ્રહણ કરવું તે ૨. પૂર્વાપરને મેળવવું તે ૩. શોધ, ગવેષણા ૪. વિચાર, ચિન્તન)*

**अणुसंधियं ( देशी )***(સતત હિચકી, અવિરામ હેડકી આવવી તે)*

**अणुसंवेयण - अनुसंवेदन ( न. )***(પછીથી વેદવું તે ૨. અનુભાવવું તે)*

**अणुसंसरण - अनुसंसरण ( न. )***(ગમન કરવું તે, ભ્રમણ કરવું તે ૨. સ્મરણ કરવું તે)*

**अणुसज्जणा - अनुसज्जना ( स्त्री. )***(અનુસરણ, અનુવર્તન)*

**अणुसज्जिज्जत्था - अनुषक्तवत् ( त्रि. )***(કાળ પરંપરાથી ચાલ્યું આવેલ, પૂર્વકાળથી કાળાન્તરમાં અનુવર્તન પામી આવેલું)*

**अणुसट्ठी - अनुशिष्टि ( स्त्री. )**(*અનુશાસન ૨. સ્તુતિ, પ્રશંસા, શ્લાઘા ૩. શીખ, ઉપદેશ, દોષ દેખાડી શિક્ષણ આપવું તે ૪. આજ્ઞા, અનુજ્ઞા, સંમતિ*)

**अणुसमय - अनुसमय ( अव्य. )**(*પ્રતિક્ષણ, પ્રતિસમય, સમય સમય*)

**अणुसमवयणोववत्तिअ - अनुसमवदनोपपातिक ( त्रि. )**(*અનુરૂપ કે અવિષમ છે મુખની સંગતિ-દ્વારઘટના જેને તે*)

**अणुसय - अनुशय ( पुं. )**(*ગર્વ, અહંકાર, ઘમંડ ૨. પશ્ચાત્તાપ*)

**अणुसरण - अनुस्मरण ( न. )**(*અનુચિંતન, સ્મરણ કરવું, વિચારવું*)

**अणुसरियव्व - अनुसर्तव्य ( त्रि. )**(*અનુસરવા યોગ્ય, અનુસરણ કરવા લાયક*)

**★अनुस्मर्तव्य ( त्रि. )**(*પાછળથી યાદ કરવા યોગ્ય, ચિંતવવા યોગ્ય*)

**अणुसरिस - अनुसदृश ( त्रि. )**(*અનુરૂપ, યોગ્ય ૨. સમાન, તુલ્ય*)

**अणुसार - अनुसार ( पुं. )**(*અનુગમન, અનુવર્તન, પાછળ જવું તે ૨. સમાન બનાવવું તે, સરખું કરવું તે ૩. પરતંત્રતા, તે મુજબ*)

**★अनुस्वार ( पुं. )**(*અક્ષર ઉપર રહેલ બિંદુ, અનુનાસિક વર્ણ, અનક્ષર શ્રુત*)

**अणुसासंत - अनुशासत् ( त्रि. )**(*શિક્ષા આપતો, દંડ દેતો ૨. અનુશાસન કરતો ૩. ઉપદેશ આપતો*)

**अणुसासण - अनुशासन ( न. )**(*આગમાનુસરણ થાય તેમ ઉપદેશ આપવો તે ૨. શિક્ષા, દંડ ૩. શિખામણ, ઉપદેશ ૪. આજ્ઞા, હુકમ ૫. અનુકંપા, દયા*)

**अणुसासणविहि - अनुशासनविधि ( पुं. )**(*અનુશાસનનું વિધાન ૨. ઉપદેશની વિધિ*)

**अनुसासिज्जंत - अनुशास्यमान ( त्रि. )**(*અનુશાસન કરાતો, શિક્ષા પામતો ૨. ગુરુ દ્વારા સન્માર્ગે પ્રેરણા કરાતો*)

**अणुसासिय - अनुशासित ( त्रि. )**(*અનુશાસન કરાયેલ, દંડાયેલ, શિક્ષિત*)

**अणुसिट्ठ - अनुशिष्ट ( त्रि. )**(*શિક્ષિત, જેને શિખામણ આપેલ હોય તે*)

**अणुसिट्ठी - अनुशिष्टि ( स्त्री. )**(*શિક્ષણ, બોધ, હિતકારક ઉપદેશ ૨. આજ્ઞા ૩. સ્તુતિ*)

**अणुसुत्ती ( देशी-त्रि. )**(*અનુકૂળ*)

**अणुसूयग - अनुसूचक ( पुं. )**(*જાસૂસની એક શ્રેણિ ૨. કહેલું સાંભળેલું કે જોયેલું ૩. સ્વયં ઉપલબ્ધ થયેલું પ્રતિસૂચકને કહેનાર*)

**अणुसू ( स्सु ) यत्ता - अनुस्यूतत्व ( न. )**(*બીજાના શરીરને આશ્રયીને રહેવાપણું, પરાધીનતા*)

**अणुसोय - अनुश्रोतस् ( न. )**(*નદી વગેરેનો પ્રવાહ, વેગ*)

**अणुसोयचारि ( ण् ) - अनुश्रोतश्चारिन् ( त्रि. )**(*નદીના પ્રવાહના અનુસારે ચાલનારા મત્સ્યાદિ ૨. અભિગ્રહ વિશેષે કરી ઉપાશ્રયની સમીપથી ક્રમશઃ ભિક્ષા લેનાર*)

**अणुसोयपट्ठिय - अनुश्रोतःप्रस्थित ( त्रि. )**(*વિષયોની દ્રવ્યક્રિયામાં અનુકૂળ પ્રવૃત્તિ કરનાર*)

**अणुसोयसुह - अनुश्रोतःसुख ( त्रि. )**(*પાણીને થપાટ મારવાથી તે ભેદાય અને પાછું એકમેવ થઈ જાય છે તેની જેમ અનુકુળ પ્રવૃત્તિથી મળતું વિષયાદિ સુખ છે જેને તે*)

**अणुस्सग्ग - अनुत्सर्ग ( पुं. )**(*અત્યાગ, ન ત્યજવું તે*)

**अणुसरित्ता - अनुसृत्य ( अव्य. )**(*અનુસરીને, અનુવર્તન કરીને*)

**अणुस्सव - अनुश्रव ( पुं. )**(*ગુરુના મુખથી સંભળાય તે ૨. વેદ*)

**अणुस्सुय - अनुश्रुत ( त्रि. )**(*ગુરુ દ્વારા કહેવાયેલાનું અવધારણ, અવધારિત ૨. પુરાણ શ્રુત ૩. ઉત્સુકતારહિત*)

**अणुसुयत्त - अनुत्सुकत्व ( न. )**(*દેવ-મનુષ્યના કામભોગોમાં ઉત્સુકતા રહિત, કામભોગોમાં નિસ્પૃહ*)

**अणुहवसिद्ध - अनुभवसिद्ध ( त्रि. )**(*અનુભવસિદ્ધ, અભ્યાસથી સિદ્ધ થયેલું, સ્વસંવેદનથી પ્રતીત*)

**अणुहविउं - अनुभूय ( अव्य. )**(*અનુભવીને, અનુભવ કરીને*)

**अणुहियासण - अन्वध्यासन ( न. )**(*નિશ્ચલ રહીને સહન કરવું તે*)

**अणुहूअ - अनुभूत ( त्रि. )**(*અનુભવેલ, અનુભવનો વિષય બનેલ*)

**अणू ( देशी )**(*ચોખાની એક જાતિ*)

**अणूव - अनूप ( त्रि. )**(*જલબહુલ પ્રદેશ, જે પ્રદેશમાં પાણીની માત્રા વધુ હોય તે*)

**अणूवदेस - अनूपदेश ( पुं. )**(*જલપ્રદેશ, જલની પ્રચુરતાવાળું સ્થાન*)

**अणेक्क ( ग ) - अनेक ( त्रि. )**(*એકથી વધુ, અનેક*)

**अणेक्काणंतरसिद्धकेवलनाण - अनेकान्तरसिद्धकेवलज्ञान ( न. )**(*અનેકાંતરસિદ્ધકેવળજ્ઞાન, આભિનિબોધિક જ્ઞાનનો એક ભેદ*)

**अणेगंगिय - अनेकाङ्गिक** ( पुं. ) *(અનેક પટતંતુઓથી બનેલ, કપડાના ટુકડાઓમાંથી બનેલ સંથારો)*

**अणेगंत - अनेकान्त** ( त्रि. ) *(અનિશ્ચય, એકાન્ત નહીં તે, નિયમનો અભાવ ૨. એકાગ્રતા)*

**अणेगंतजयपडागा - अनेकान्तजयपताका** ( स्त्री. ) *(અનેકાન્તજયપતાકા, સ્વનામખ્યાત જૈન ગ્રંથ વિશેષ)*

**अणेगंतप्पग - अनेकान्तात्मक** ( न. ) *(અનેકાન્તાત્મક સ્વભાવી વસ્તુ કે પદાર્થ, સત્ અસત્ આદિ અનેક ધર્માત્મક)*

**अणेगंतवाय - अनेकान्तवाद** ( पुं. ) *(સ્યાદ્વાદ, અનેકાન્તવાદ, જૈનોનો મુખ્ય સિદ્ધાંત)*

**अणेगकोडि - अनेककोटि** ( त्रि. ) *(અનેક કરોડ ધન અથવા કુટુંબીજનોની સંખ્યા જેની પાસે છે તે)*

**अणेगक्खरिय - अनेकाक्षरिक** ( न. ) *(અનેક અક્ષરોથી બનેલ, અનેકાક્ષરોવાળું)*

**अणेगखंडी - अनेकखण्डी** ( स्त्री. ) *(જેમાંથી બહાર નીકળવાની અનેક છીડી-બારીઓ હોય તેવી નગરી, ગુપ્ત દ્વારોવાળી નગરી)*

**अणेगखंभसयसण्णिविट्ठ - अनेकस्तम्भशतसन्निविष्ट** ( त्रि. ) *(અનેક સ્તંભોથી બનેલ, સેંકડો સ્તંભો છે જેમાં તે)*

**अणेगगुणजाणय - अनेकगुणज्ञायक** ( त्रि. ) *(અનેક ગુણ-દોષના જ્ઞાતા)*

**अणेगचित्त - अनेकचित्त** ( त्रि. ) *(અનેક વિચારવમળોમાં ફસાયેલું ચિત્ત, ચંચળચિત્ત છે જેનું તે)*

**अणेगजम्म - अनेकजन्मन्** ( न. ) *(અનેક ભવ, અનંત ભવ)*

**अणेगजीव - अनेकजीव** ( त्रि. ) *(અનેક જીવો છે જેમાં તે પૃથ્વી)*

**अणेगजोगधर- अनेकयोगधर** ( पुं. ) *(લબ્ધિધર, લબ્ધિને ધારણ કરનાર)*

**अणेगझस - अनेकझष** ( त्रि. ) *(અનેક પ્રકારના મત્સ્ય છે જેમાં તે)*

**अणेगणरपवरभुयऽगेज्झ - अनेकनरप्रवरभुजाग्राह्य** ( त्रि. ) *(અનેક મનુષ્યોની વિશાળ ભુજાઓથી પણ જે પકડી ન શકાય તે, માપી ન શકાય તેવું વિશાળકાય વૃક્ષ)*

**अणेगणाम - अनेकनामन्** ( न. ) *(અનેક પર્યાય, અનેક નામ)*

**अणेगणिग्गमदुवार - अनेकनिर्गमद्वार** ( त्रि. ) *(જેના નીકળવાના અનેક દ્વાર છે તે, અનેક દ્વારવાળું)*

**अणेगतालायराणुचरिय - अनेकतालाचरानुचरित** ( त्रि. ) *(તાળોટા પાડી નાચનારા અનેક નટોથી આસેવિત, નગરાદિ)*

**अणेगदंत - अनेकदन्त** ( त्रि. ) *(અનેક દાંત છે જેના, બત્રીસ દાંતયુક્ત)*

**अणेगदव्वक्खंध - अनेकद्रव्यस्कन्ध** ( पुं. ) *(અનેક સચિત્ત અને અચિત્ત દ્રવ્યોથી નિષ્પન્ન સ્કંધ)*

**अणेगपएसता - अनेकप्रदेशता** ( स्त्री. ) *(અનેક પ્રદેશતા, ભિન્ન પ્રદેશતા)*

**अणेगपासंडपरिग्गहिय - अनेकपाखण्डपरिगृहीत** ( त्रि. ) *(અનેક પાખંડીઓથી અંગીકાર કરાયેલ, અનેક દર્શનીઓથી ગ્રહણ કરાયેલ)*

**अणेगबहुविविहवीससापरिणय - अनेकबहुविविधविश्रसापरिणत** ( त्रि. ) *(બહુ-ઘણું-વિવિધ પ્રકારના વિસ્રસા-સ્વભાવથી પરિણામ પામેલ)*

**अणेगभागत्थ - अनेकभागस्थ** ( त्रि. ) *(અનેક ભાગમાં રહેલ, અનેક ભાગમાં વહેંચી શકાય તેવું)*

**अणेगभाव - अनेकभाव** ( त्रि. ) *(અનેક પર્યાયયુક્ત, બહુ ભાગવાળું)*

**अणेगभूय - अनेकभूत** ( त्रि. ) *(અનેકરૂપ, અનેક પ્રકારે)*

**अणेगभेद - अनेकभेद** ( पुं. ) *(અનેક પર્યાય)*

**अणेगरूव - अनेकरूप** ( त्रि. ) *(વિવિધ પ્રકારનું, અનેક પ્રકારવાળું)*

**अणेगरूवधुणा - अनेकरूपधुना** ( स्त्री. ) *(ત્રણથી વધારે વખત વસ્ત્રને ધુણાવવાથી લાગતો એક દોષ, પડિલેહણનો એક દોષ)*

★**अनेकरूपधूनना** ( स्त्री. ) *(વસ્ત્ર પડિલેહણમાં લાગતો એક દોષ)*

★**अनेकरूपधूना** ( स्त्री. ) *(વસ્ત્ર પડિલેહણામાં પ્રમાદથી લાગતો એક દોષ)*

**अणेगवयणप्पहाण - अनेकवचनप्रधान** ( पुं. ) *(વિવિધ વાણીનો જાણકાર, અનેક ભાષામાં વ્યવહાર કરનાર)*

**अणेगवायामजोग्ग - अनेकव्यायामयोग्य** ( पुं. ) *(પરિશ્રમ વિશેષ, અનેક પ્રકારની કસરતને યોગ્ય)*

**अणेगवालसयसंकणिज्ज - अनेकव्यालशतशङ्कनीय** ( त्रि. ) *(અનેક જંગલી પશુઓથી ભયજનક)*

**अणेगविसय - अनेकविषय** ( त्रि. ) *(ઘણા બધા વિષયો છે જેમાં તે, અનેક વિષયતા નિરૂપિત પ્રકારતાવાળું)*

**अणेगविहारि ( ण् ) - अनेकविहारिन्** ( त्रि. ) *(સ્થવિરકલ્પી)*

**अणेगसाहुपूइय - अनेकसाधुपूजित** ( त्रि. ) *(અનેક સાધુઓ દ્વારા આચરિત)*

**अणेगसिद्ध - अनेकसिद्ध ( पुं. )***(એક સમયમાં થયેલ અનેક સિદ્ધ)*

**अणेगाहगमणीज्ज - अनेकाहगमनीय ( न. )***(અનેક દિવસો વડે પાર જઈ શકાય તેવો માર્ગ)*

**अणेज - अनेज ( त्रि. )***(નિશ્ચલ, નિષ્કંપ)*

**अणेयाउय - अनैयायिक ( त्रि. )***(અસત્ ન્યાયવૃત્તિવાળો, અન્યાયી)*

**अणेलिस - अनीदृश ( त्रि. )***(એના જેવું બીજું કોઈ ન હોય તે, અનન્યસદશ, અદ્વિતીય, અનુપમ)*

**अणेवंभूय - अनेवंभूत ( त्रि. )***(એ પ્રમાણે નહિ, જેવી રીતે કર્મ બાધ્યા હોય એવી રીતે નહીં પરંતુ તેથી જુદી રીતે)*

**अणेसणा - अनेषणा ( स्त्री. )***(પ્રમાદસહિત ગવેષણા કરવી તે ૨. ગવેષણાનો અભાવ, અસાવધાની)*

**अणेसणिज्ज - अनेषणीय ( त्रि. )***(સાધુને ન કલ્પે તેવું, દોષથી દુષ્ટ, સાધુ માટે અગ્રાહ્ય, અસુઝતું)*

**अणेह - अनेहस् ( पुं. )***(કાળ દ્રવ્ય)*

**अणोउया - अनृतुका ( स्त्री. )***(અરજસ્વાલા સ્ત્રી, માસિકધર્મ રહિત સ્ત્રી)*

**अणोक्कंत - अनुपक्रान्त ( त्रि. )***(જેનું નિરાકણ કરવામાં નથી આવ્યું તે, અનિરાકૃત)*

**अणोग्घसिय - अनवघर्षित ( न. )***(નહીં ઘસેલ, રખ્યા વગેરેથી નહીં માંજેલ)*

**अणोज्ज - अनवद्य ( त्रि. )***(નિર્દોષ)*

**अणोज्जंगी - अनवद्याङ्गी ( स्त्री. )***(ભગવાન મહાવીરની પુત્રી અને જમાલીની પત્ની, પ્રિયદર્શના)*

**अणोज्जा - अनवद्या ( स्त्री. )***(ભગવાન મહાવીરની પુત્રી અને જમાલીની પત્ની, પ્રિયદર્શના)*

**अणोत्तप्प - अनवत्राप्य ( त्रि. )***(સર્વાંગપૂર્ણપણાએ કરીને અલજ્જાકર, પૂર્ણાંગ શરીરવાળો)*

**अणोत्तप्पया - अनवत्रप्यता ( स्त्री. )***(લજ્જા-હીનાંગ રહિત શરીર, અલજ્જનીયતા)*

**अणोद्धंसिज्जमाण - अनुपध्वस्यमान ( त्रि. )***(માહાત્મ્યથી ભ્રષ્ટ ન થતો)*

**अणोम - अनवम ( त्रि. )***(મિથ્યાત્વ, અવિરતિ આદિ કર્મબંધના હેતુ જેણે દૂર કર્યા છે તે, અવિરતિ મિથ્યાત્વાદિ કર્મબંધ હેતુ રહિત)*

**अणोमाणतर - अनवमानतर ( त्रि. )***(એકદમ છૂટા છૂટા, અતિસંકીર્ણ નહીં તે)*

**अणोरपार - अनर्वाक्पार ( त्रि. )***(છેડા-સીમા રહિત, વિસ્તીર્ણ, આરપાર વગરનું)*

**अणोलय ( देशी-न. )***(અવસર રહિત, ક્ષણ રહિત)*

**अणोवणिहिया - अनौपनिधिकी ( स्त्री. )***(દ્રવ્યાનુપૂર્વીનો એક ભેદ)*

**अणोवम - अनुपम ( त्रि. )***(ઉપમા રહિત, અતુલ્ય)*

**अणोवमदंसि ( ण् ) - अनवमदर्शिन् ( पुं. )***(સમ્યગ્ જ્ઞાન-દર્શન-ચારિત્રવાળો)*

**अणोवमसरीअ - अनुपमश्रीक ( त्रि. )***(અનુપમ શોભાવાળો, નિરુપમ છે શોભા જેની તે)*

**अणोवमसुह - अनुपमसुख ( न. )***(ઉપમા રહિત સુખ, અતુલ સુખ, મોક્ષસુખ)*

**अणोवयमाण - अनवपतत् ( त्रि. )***(નહીં અવતરતો, નહીં જન્મતો)*

**अणोवलेवय - अनुपलेपक ( त्रि. )***(કર્મબંધનથી રહિત, કર્મલેપ વિનાનું)*

**अणोवसंखा - अनुपसङ्ख्या ( स्त्री. )***(અજ્ઞાન, અવિદ્યા, સત્ય જ્ઞાનનો અભાવ)*

**अणोवहिय - अनुपधिक ( त्रि. )***(દ્રવ્ય અને ભાવથી ઉપધિ રહિત, પરિગ્રહ રહિત ૨. સરળ, નિષ્કપટી)*

**अणोसहिपत्त - अनौषधिप्राप्त ( त्रि. )***(ઔષધના બળને નહીં પ્રાપ્ત કરેલ, ઔષધિબળ રહિત)*

**अणोसिय - अनुषित ( त्रि. )***(નિવાસ નહીં કરેલ ૨. અવ્યવસ્થિત)*

**अणोहंतर - अनोघन्तर ( पुं. )***(સંસારને પાર કરવામાં અસમર્થ, બે પ્રકારના ઓઘને નહીં તરનાર)*

**अणोहट्टय - अनपघट्टक ( त्रि. )***(નિરંકુશ, સ્વચ્છંદાચારી, ગમે તેવું વર્તન કરે છતાં જેને કોઈ રોકનાર ન હોય તે)*

**अणोहारेमाण - अनवधारयत् ( त्रि. )***(નહીં જાણતો, બોધ નહીં પામતો)*

**अणोहिया - अनोधिका ( स्त्री. )***(જેની અંદર પાણીનું એક પણ સ્થાન નથી એવી અટવી, પાણીના સ્થળ વગરનું જંગલ)*

**★अनूहा ( स्त्री. )***(અત્યંત ગહન હોવાથી પરખ રહિત, તર્ક રહિત)*

**अण्ण ( न्न ) - अन्न ( न. )***(અનાજ, ચોખા આદિ ૨. મોદક વગેરે ભક્ષ્ય પદાર્થ ૩. ભોજન)*

**★अन्य ( त्रि. )***(બીજું, સ્વથી ભિન્ન, અન્ય, પૃથક્, જુદું)*

★**अर्ण - ऋ+न ( न., त्रि. )**(અકારાદિ વર્ણ ૨. ગમનશીલ, ગમન કરવાના સ્વભાવવાળું ૩. જળ, પાણી)

★**आण्य ( त्रि. )**(જેનો ઉચ્ચાર કરાય તે ૨. મન વગેરે યોગોની કરવા લાયક પ્રવૃત્તિ, અવધાન યોગ્ય)

**अण्णइय ( देशी-त्रि. )**(તૃપ્ત, સર્વ વિષયોમાં તૃપ્ત, સર્વ પ્રકારે તૃપ્ત થયેલ)

**अण्ण ( न्न ) इ ( गि ) लाय - अन्नग्लायक ( पुं. )**(અન્ન વિના જે ગ્લાનિ પામે તે, અભિગ્રહ વિશેષથી કે ભૂખ સહન ન થવાથી સવારમાં જ આહાર કરનાર મુનિ)

**अण्णउत्त - अन्योक्त ( त्रि. )**(અવિવેકીએ કહેલ)

**अण्णउत्थिय - अन्ययूथिक ( पुं. )**(પરદર્શની, મિથ્યાદર્શની, કુતીર્થિઓ)

**अण्णउत्थियदेवय - अन्ययूथिकदैवत ( न. )**(પરતીર્થિક દેવો, અન્યદર્શનીઓએ માનેલ હરિહરાદિક દેવો)

**अण्णउत्थियपरिग्गहिय - अन्ययूथिकपरिगृहीत ( त्रि. )**(અન્યદર્શનીઓએ પડાવી લીધેલ જિનાલય આદિ)

**अण्णओ ( त्तो ) ( दो ) - अन्यतस् ( अव्य. )**(અન્ય સ્થળેથી, બીજેથી)

**अण्णकाल - अन्नकाल ( पुं. )**(ભિક્ષાકાળ, ગોચરીનો કાળ)

**अण्णक्खाण - अन्वाख्यान ( न. )**(પછીથી ઉલ્લેખ કરવો તે, પાછળથી કહેવું તે ૨. તાત્પર્યનો નિશ્ચય કરીને વ્યાખ્યાન કરવું તે)

**अण्णगुण - अन्यगुण ( त्रि. )**(જડ, અચેતન, અજીવ)

**अण्ण ( न्न ) गोत्तिय - अन्यगोत्रीय ( पुं., स्त्री. )**(અન્ય ગોત્રીય, એક ગોત્રથી ભિન્ન ગોત્ર)

**अण्ण ( न्न ) ग्गहण - अन्यग्रहण ( न. )**(ગવૈયો ૨. ગાન સમયે થતો એક પ્રકારનો મુખવિકાર)

**अण्णजोग - अन्ययोग ( पुं. )**(અન્યકાર્યને ઉપત્પન્ન કરનાર સંબંધ)

**अण्णजोगववच्छेद - अन्ययोगव्यवच्छेद ( पुं. )**(અન્યકાર્યને ઉત્પન્ન કરનાર સંબંધનો અભાવ)

**अण्णजोगववच्छेयवत्तीसिया - अन्ययोगव्यवच्छेदद्वात्रिंशिका ( स्त्री. )**(અન્યયોગવ્યવચ્છેદ દ્વાત્રિંશિકા, તે નામનો એક ગ્રંથ)

**अण्णजोसिय - अन्ययोषित् ( स्त्री. )**(પરસ્ત્રી, બીજાની સ્ત્રી, પરિણીત કે સંગ્રહેલી સ્ત્રી સિવાયની બીજી સ્ત્રી)

**अण्ण ( न्न ) ण्ण ( न्न ) - अन्योन्य ( त्रि. )**(પરસ્પર, એકબીજાને)

**अण्ण ( न्न ) त ( य ) र - अन्यतर ( त्रि. )**(ઘણાબધાની વચ્ચે કોઈ એક, બેમાંથી કોઈ એક, ગમે તે એક)

**अण्णतरग - अन्यतरक ( पुं. )**(બેમાંથી એક કે ઘણાબધામાંથી એક)

**अण्णतित्थिय - अन्यतीर्थिक ( पुं. )**(પરધર્મી, શાક્યાદિ અન્યદર્શની, પરમતી, જૈનેતરદર્શની)

**अण्णतित्थियपवत्ताणुओग - अन्यतीर्थिकप्रवृत्तानुयोग ( पुं. )**(કપિલાદિ અન્યતીર્થિકોએ પ્રવર્તાવેલ શાસ્ત્ર, પાપશ્રુત વિશેષ)

**अण्णत्तभावणा - अन्यत्वभावना ( स्त्री. )**(બાર ભાવનામાંની એક ભાવના, દેહ-આત્માની ભિન્નતાનું ચિંતન)

**अण्णत्थ - अन्यत्र ( अव्य. )**(બીજે ક્યાંક, છોડીને, વર્જીને, તેના સિવાય)

★**अन्यार्थ ( पुं. )**(અન્ય રીતે કહેવા યોગ્ય શબ્દ, ભિન્ન પ્રયોજનવાળો પદાર્થ)

★**अन्वर्थ ( पुं. )**(વ્યુત્પત્તિને અનુસાર થતો અર્થ વિનાનો શબ્દ, અર્થનિરપેક્ષ શબ્દ)

**अण्णत्थगय - अन्यत्रगत ( त्रि. )**(બીજા સ્થાને ગયેલ, અન્યત્ર ગયેલ)

**अण्णत्थजोग - अन्वर्थयोग ( पुं. )**(વ્યુત્પત્તિને અનુસાર શબ્દ અને તેના અર્થનો સંબંધ)

**अण्णत्था - अन्वर्था ( स्त्री. )**(અર્થને અનુસાર જે સંજ્ઞા-નામ તે)

**अण्णदंसि ( ण् ) - अन्यदर्शिन् ( त्रि. )**(અયથાસ્થિત પદાર્થને જોનાર, મિથ્યાદર્શી, પરદર્શની, કુતીર્થિક)

**अण्णदत्तहर - अन्यदत्तहर ( पुं. )**(અન્યએ આપેલ વસ્તુની વચ્ચેથી ચોરી કરનાર)

**अण्णदाण - अन्यदान ( न. )**(ભોજનાદિનું અન્યને આપવામાં આવતું દાન)

**अण्णधम्मिय - अन्यधार्मिक ( पुं. )**(અન્યધર્મી, મિથ્યાદષ્ટિ, પરધર્મી)

**अण्णपमत्त - अन्नप्रमत्त ( त्रि. )**(આહારમાં આસક્ત)

★**अन्यप्रमत्त ( त्रि. )**(અન્ય સ્વજનાદિમાં આસક્ત)

**अण्णपर - अन्यपर ( त्रि. )**(એક રૂપમાંથી અન્યરૂપે થનારું જેમ એકાણુમાંથી દ્વયાણુક ત્ર્યાણુક તથા દ્વયાણુકમાંથી એકાણુક થાય તેમ)

**अण्णपरिभोग - अन्यपरिभोग ( पुं. )**(ખાદ્યાદિ પદાર્થોનું સેવન કરવું તે, અન્નપ્રાશન)

**अण्णपुण्ण** - **अन्नपुण्य** ( **न.** )*(અન્નદાનાદિથી પ્રાપ્ત થતું પુણ્ય, પુણ્યનો ભેદ)*

**अण्णवेलचरक** - **अन्यवेलाचरक** ( **पुं.** )*(કાલાભિગ્રહી ભિક્ષુ)*

**अण्णभोग** - **अन्नभोग** ( **पुं.** )*(ખાદ્યાદિ ભોગવવા યોગ્ય પદાર્થ)*

**अण्णमण्ण** - **अन्योन्य** ( **त्रि.** )*(પરસ્પર, એકબીજાનું)*

**अण्णमण्णकिरिया** - **अन्योन्यक्रिया** ( **स्त्री.** )*(પરસ્પર એક બીજાના પગ ચોળવા-પ્રમાર્જવા-મર્દન કરવું વગેરે ક્રિયા)*

**अण्णमण्णगंठिय** - **अन्योन्यग्रथित** ( **त्रि.** )*(પરસ્પર ગાંઠથી ગુંથેલું, પરસ્પર ગાંઠવાળું)*

**अण्णमण्णगरुयत्ता** - **अन्योन्यगुरुकता** ( **स्त्री.** )*(પરસ્પર ગુંથવાથી થયેલ વિસ્તીર્ણતા)*

**अण्णमण्णगरुयसंभारियत्ता** - **अन्योन्यगुरुकसंभारिकता** ( **स्त्री.** )*(પરસ્પર-એક બીજાના સંબંધથી વિસ્તૃત સંભાર-સમૂહવાળું)*

**अण्णमण्णघडता** - **अन्योन्यघटता** ( **स्त्री.** )*(જ્યાં પરસ્પર સમુદાય રચના હોય તે, પરસ્પરનો સંબંધ)*

**अण्णमण्णपुट्ठ** - **अन्योन्यस्पृष्ट** ( **त्रि.** )*(એક બીજાને સ્પર્શેલ, પરસ્પર અડેલ)*

**अण्णमण्णबद्ध** - **अन्योन्यबद्ध** ( **त्रि.** )*(અન્યોન્ય ગાઢતર બંધાયેલ, જીવ સાથે કર્મ-પુદ્ગલ અને કર્મની સાથે જીવપ્રદેશની જેમ ગાઢતર બંધાયેલ)*

**अण्णमण्णब्भास** - **अन्योन्याभ्यास** ( **पुं.** )*(અન્યોન્ય અભ્યાસ ૨. પરસ્પર ગુણાકાર કરવો તે)*

**अण्णमण्णभारियत्ता** - **अन्योन्यभारिकता** ( **स्त्री.** )*(એક-બીજાના બોજવાળું, પરસ્પર ભારવાળું)*

**अण्णमण्णमणुगय** - **अन्योन्यानुगत** ( **त्रि.** )*(એક-બીજાને અનુસરેલ, પરસ્પર અનુસરેલ-સહચર)*

**अण्णमण्णमसंपत्त** - **अन्योन्यासंप्राप्त** ( **त्रि.** )*(પરસ્પર અસંપ્રાપ્ત, એક બીજાને પ્રાપ્ત ન થયેલ, પરસ્પર એક બીજાને ન સ્પર્શેલ)*

**अण्णमण्णवेह** - **अन्योन्यवेध** ( **पुं.** )*(અન્યોન્યનો પરસ્પર વેધ-સંબંધ)*

**अण्णमण्णसंवास** - **अन्योन्यसंवास** ( **पुं.** )*(પરસ્પર એકત્ર સંવાસ, એક ઠેકાણે સહવાસ)*

**अण्णमण्णसिणेहपडिबद्ध** - **अन्योन्यस्नेहप्रतिबद्ध** ( **त्रि.** )*(પરસ્પર સ્નેહથી બંધાયેલ, અન્યોન્ય સ્નેહયુક્ત)*

**अण्णमयं** ( **देशी-त्रि.** )*(પુનરુક્ત, ફરીથી કહેલું)*

**अण्णलिंग** - **अन्यलिङ्ग** ( **न.** )*(અન્યતીર્થિકોનું વેશ ધારણ કરવાનું સ્થાન, જૈનેતર સંન્યાસીઓની વેશભૂષા)*

**अण्णलिंगसिद्ध** - **अन्यलिङ्गसिद्ध** ( **पुं.** )*(અન્ય લિંગે સિદ્ધ થયેલ, સંન્યાસીના વેશે સિદ્ધ થયેલ આત્મા)*

**अण्णव** - **अर्णव** ( **पुं.** )*(સમુદ્ર, જળયુક્ત, જળદાતા ૨. સંસાર)*

**अण्णव** - **ऋणवत्** ( **त्रि.** )*(સત્યાવીશમું લોકોત્તર મુહૂર્ત)*

**अण्णववएस** - **अन्यव्यपदेश** ( **पुं.** )*(બીજાનું બહાનું કરવું તે, અન્યનું બતાવવું તે)*

**अण्णवालय** - **अर्णपालक** ( **पुं.** )*(એ નામે એક અન્યતીર્થિક, કાળોદાયી વગેરેમાંથી કોઈ એક)*

**अण्णविहि** - **अन्नविधि** ( **पुं.** )*(પાક કળા, રસોઈની કળા)*

**अण्णह** - **अन्वह** ( **अव्य.** )*(પ્રતિદિવસ હંમેશાં, નિત્યપ્રતિ)*

**अण्ण** ( **न्न** ) ( **ह** ) **हा** - **अन्यथा** ( **अव्य.** )*(અન્યથા, અન્ય પ્રકારે, બીજી રીતે, નહીં તો, નહીંતર)*

**अण्णहाकाम** - **अन्यथाकाम** ( **पुं.** )*(પરદારાસેવન, પરસ્ત્રી સાથે મૈથુન સેવવું તે)*

**अण्णहाणुववत्ति** - **अन्यथानुपपत्ति** ( **स्त्री.** )*(અન્યથા-અન્યભાવથી અસંભવ, અર્થાપત્તિ પ્રમાણ, સાધ્ય ન હોતે છતે હેતુનો અભાવ)*

**अण्णहाभाव** - **अन्यथाभाव** ( **पुं.** )*(અન્યથાભાવ, વિપરીત ભાવ, સત્યને અસત્ય રૂપે માનવું તે)*

**अण्णहावाइ** ( **ण्** ) - **अन्यथावादिन्** ( **त्रि.** )*(અન્યથાભાષી, વિપરીત કહેનાર, સત્યને અસત્ય કહેનાર, જુઠ્ઠું બોલનાર)*

**अण्णहि** - **अन्यथा** ( **अव्य.** )*(અન્યત્ર, ભિન્ન સ્થાને)*

**अण्णहिभाव** - **अन्यथाभाव** ( **पुं.** )*(વિપરિણમન, વિપરીત ભાવ, અસત્યને સત્ય માનવું તે)*

**अण्णाइट्ठ** - **अन्वाविष्ट** ( **त्रि.** )*(અભિવ્યાપ્ત ૨. પરાધીન, પરવશ થયેલ)*

**अण्णा** ( **न्ना** ) **इस** - **अन्यादृश** ( **त्रि.** )*(પ્રકારાન્તરને પામેલ, બીજાના જેવું)*

**अण्णाएसि** ( **ण्** ) - **अज्ञातैषिन्** ( **पुं.** )*(પોતાના જાતિ, વિદ્વત્તાદિથી અજ્ઞાત થઈને ભિક્ષાટન કરનાર ૨. જાતિ-કુળ વગેરેથી અપરિલક્ષિત એવા ગૃહસ્થને ત્યાં ગોચરીની ગવેષણા કરવાના સ્વભાવવાળો મુનિ)*

**अण्णाण** - **अज्ञान** ( **न.** )*(અજ્ઞાન, સમ્યગ્જ્ઞાનથી વિપરીત જ્ઞાન, મિથ્યાજ્ઞાન)*

**अण्णाणओ** - **अज्ञानतस्** ( **अव्य.** )*(જ્ઞાનાવરણીય કર્મના ઉત્કટપણાથી)*

**अण्णोण्णंतरिअंगुलिअ - अन्योन्यान्तरिताङ्गुलिक ( त्रि. )**(એકબીજાને આંતરે રહેલ છે આંગળી જે બન્નેની તે, અવ્યવહિત-વચ્ચે અંતર રહિત આંગળિયોવાળા)

**अण्णोण्णकार - अन्योन्यकार ( पुं. )**(પરસ્પર વેયાવચ્ચ કરવું તે)

**अण्णोण्णगमण - अन्योन्यगमन ( त्रि. )**(અન્યોન્ય ગમન કરવા યોગ્ય)

**अण्णोण्णजणिय - अन्योन्यजनित ( त्रि. )**(પરસ્પર કરેલ, સામ સામે કરેલ)

**अण्णोण्णपक्खपडिपक्खभाव - अन्योन्यपक्षप्रतिपक्षभाव ( पुं. )**(અન્યોન્ય-પરસ્પરનો પક્ષ પ્રતિપક્ષ ભાવ, પરસ્પર પક્ષવિરોધ)

**अण्णोण्णपग्गहियत्त - अन्योन्यप्रगृहितत्व ( न. )**(પદ સાથે પદની અને વાક્ય સાથે વાક્યની પરસ્પર સાપેક્ષતા, પરસ્પર સાપેક્ષ વાક્ય બોલાય તે ૨. વચનાતિશયનો ૧૭મો ભેદ)

**अण्णोण्णमूढदुट्ठातिकरण - अन्योन्यमूढदुष्टातिकरण ( न. )**(મૂઢ અને દુષ્ટની પરસ્પર ક્રિયામાં પ્રવૃત્તિ થવી તે, મૂઢ અને દુષ્ટની તથાવિધ ક્રિયામાં ફરી ફરી પ્રવૃત્તિ થાય તે)

**अण्णोण्णसमणुबद्ध - अन्योन्यसमनुबद्ध ( त्रि. )**(પરસ્પર જોડાયેલ, એકબીજાને અનુસરેલ)

**अण्णोण्णसमणुरत्त - अन्योन्यसमनुरक्त ( त्रि. )**(અન્યોન્ય અનુરાગી, પરસ્પર મિત્ર)

**अण्णोण्णसमाधि - अन्योन्यसमाधि ( पुं. )**(પરસ્પર સમાધિ)

**अण्णोवएस - अन्योपदेश ( पुं. )**(નાસ્તિકવાદી, લોકાયત)

**★अण्णोसरिअ ( देशी-त्रि. )**(ઉલ્લંઘિત, અતિક્રાન્ત)

**अण्ह - भुज् ( धा. )**(પાલન કરવું ૨. ગ્રહણ કરવું ૩. ખાવું, ભોજન કરવું)

**अण्हयंती - भुञ्जाना ( स्त्री. )**(ભોજન કરતી)

**अण्हय - आश्रव ( पुं. )**(જેના વડે કર્મ ગ્રહણ કરાય તે-આશ્રવ, પાપનું દ્વાર, કર્મબંધના કારણો, કર્મ આવવાનો માર્ગ)

**अण्हयकर - आश्रवकर ( पुं. )**(કર્મનું ઉપાદાન-ગ્રહણ કરનાર, કર્મબંધ કરનાર)

**अण्हयभावणा - आश्रवभावना ( स्त्री. )**(અનિત્યાદિ ૧૨ ભાવનાઓ પૈકીની સાતમી ભાવના, આશ્રવભાવના)

**अण्हाणग - अस्नानक ( न. )**(સ્નાન ન કરવું તે, અસ્નાન)

**अत - अत् ( पुं. )**(અક્ષપાદ સંમત શિવ, સૃષ્ટિસંહારક હોઈ જગતને જે ખાય છે તે)

**अतंत - अतन्त्र ( त्रि. )**(કારણને આધીન નથી તે, વિવક્ષાધીન ન હોય તે ૨. અનુભવસિદ્ધ ક્રિયા ૩. ખૂબ, અત્યન્ત)

**अतक्कणिज्ज - अतर्कनीय ( त्रि. )**(અનભિલષણીય, ન ઈચ્છવા યોગ્ય, ન ચાહવા લાયક)

**अतक्किओवट्ठिय - अतर्कितोपस्थित ( न. )** (ફળાદિના વગર ઉદ્દેશે થયેલ અર્થપ્રાપ્તિનો સંયોગ)

**अतक्किओवहि - अतर्कितोपधि ( पुं. )**(અણચિંતવી ઉપધિ, અતર્કણીય ઉપધિ)

**अतज्जाय - अतज्जात ( त्रि. )**(અતુલ્ય જાતીય, અસમાન જાતિનું)

**अतज्जाया - अतज्जाता ( स्त्री. )**(અસમાન જાતની-પ્રકારની કરાતી પારિષ્ઠાપનિકા)

**अतड - अतट ( पुं. )**(નાનો કિનારો, ટુંકો તટ-કિનારો)

**अतणु - अतनु ( त्रि. )**(શરીર રહિત, સિદ્ધ)

**अतत्तवेइत्त - अतत्त्ववेदित्व ( न. )**(સાક્ષાત્ વસ્તુ તત્ત્વને નહીં જાણવાના સ્વભાવવાળો પુરુષ વિશેષ)

**अतत्तवेइवाय - अतत्त्ववेदिवाद ( पुं. )**(સાક્ષાત્ વસ્તુતત્ત્વને નહીં જાણવાના સ્વભાવવાળા અતત્ત્વવેદીનો બતાવેલ માર્ગ)

**अतत्तिय - अतात्त्विक ( त्रि. )**(અવાસ્તવિક, તાત્ત્વિકાભાવ)

**अतत्तुचुक्क ( पुं. )**(તુરુક્ક મલ્લાહ નામે એક મ્લેચ્છ બાદશાહ)

**अतर - अतर ( पुं. )**(જે તરી ન શકાય તે, અતર- સમુદ્ર ૨. અસમર્થ ૩. સાગરોપમ કાળ)

**अतरंत - अतरत् ( त्रि. )**(રોગી, ગ્લાન ૨. અસહિષ્ણુ)

**अतव - अतपस् ( त्रि. )**(તપ વગરનું, તપ રહિત, તપસ્યાનો અભાવ)

**अतसी - अतसी ( स्त्री. )**(વનસ્પતિવિશેષ, અલસી કે અતસીનો છોડ)

**अतह - अतथ ( न., त्रि. )**(અતથ્ય, મિથ્યા, અસદ્ભૂત, જુઠું, અસત્ય)

**★अतथ्य ( न. )**(વિતથ, અસદ્ભૂત, ખોટું)

**अतहणाण - अतथाज्ञान ( न. )**(અયથાર્થ જાણનાર ૨. મિથ્યાદષ્ટિનું જીવદ્રવ્ય ૩. અલાતદ્રવ્ય)

**अतार - अतार ( त्रि. )**(તરવાને અશક્ય, ન તરી શકાય તેવું અપાર)

**अतारिम - अतारिम ( त्रि. )**(મુશ્કેલીથી તરી શકાય તેવું, દુસ્તરણીય, તરવાને દુઃશક્ય)

**अतारि ( लि ) स - अतादृश ( त्रि. )**(તેના જેવું નહીં તે, તેવા પ્રકારનું ન હોય તે)

**अण्णाणकिरिया - अज्ञानक्रिया ( स्त्री. )**(*અજ્ઞાનપણે કરવામાં આવતી પ્રવૃત્તિથી લાગતી ક્રિયા-કર્મબંધ, અજ્ઞાનક્રિયાનો એક ભેદ*)

**अण्णाणणिव्वत्ति - अज्ञाननिर्वृत्ति ( स्त्री. )**(*અજ્ઞાનની નિર્વૃત્તિ, મતિ અજ્ઞાનાદિ ત્રણ અજ્ઞાનની નિષ્પત્તિ-મુક્તિ*)

**अण्णाणतिग - अज्ञानत्रिक ( न. )**(*મતિ અજ્ઞાનાદિ ત્રણ મિથ્યાજ્ઞાન, અજ્ઞાનત્રિક*)

**अण्णाणदोस - अज्ञानदोष ( पुं. )**(*અજ્ઞાનતાથી હિંસાદિમાં ધર્મબુદ્ધિએ થતી પ્રવૃત્તિ રૂપ દોષ ૨. પ્રમાદ દોષ ૩. રૌદ્રધ્યાનનું ત્રીજું લક્ષણ*)

**अण्णाणपरीसह - अज्ञानपरिषह ( पुं. )**(*અજ્ઞાન પરિષહ, જ્ઞાન ન આવડવાથી ઉત્પન્ન દુઃખ સહવું તે, બાવીસ પરિષહો પૈકીનો એક પરિષહ*)

**अण्णाणपरीसहविजय - अज्ञानपरिषहविजय ( पुं. )**(*અજ્ઞાનપરિષહ પર વિજય મેળવવો તે*)

**अण्णाणफल - अज्ञानफल ( त्रि. )**(*જ્ઞાનાવરણીય કર્મરૂપે અજ્ઞાનતાનું ફળ, ધર્માચાર્ય-ગુરુ-શ્રુતજ્ઞાન નિંદા સ્વરૂપ જ્ઞાનાવરક કર્મ*)

**अण्णाणया - अज्ञानता ( स्त्री. )**(*અજ્ઞાનતા, અજાણપણું*)

**अण्णाणलद्धि - अज्ञानलब्धि ( स्त्री. )**(*અજ્ઞાનની લબ્ધિ-પ્રાપ્તિ, જ્ઞાનાવરણીય કર્મના ઉદયથી આત્મામાં થતું અજ્ઞાન*)

**अण्णाणवाइ ( ण् ) - अज्ञानवादिन् ( त्रि. )**(*અજ્ઞાનને શ્રેયસ્કર માનનાર વાદી, અજ્ઞાનવાદી*)

**अण्णाणसत्थ - अज्ञानशास्त्र ( न. )**(*ભારત કાવ્ય નાટ્યશાસ્ત્રાદિ લૌકિક શ્રુતશાસ્ત્ર*)

**अण्णाणि ( ण् ) - अज्ञानिन् ( त्रि. )**(*અજ્ઞાન જેને હોય તે, અજ્ઞાનવાદી, મિથ્યાજ્ઞાની, જ્ઞાન નિહ્નવવાદી*)

**अण्णा ( न्ना ) णिय - अज्ञानिन् ( पुं. )**(*જે જ્ઞાન નથી તે અજ્ઞાન જેને છે તે-અજ્ઞાની, અજ્ઞાનવાદી, મિથ્યાજ્ઞાનમાં માનનારો*)

**★आज्ञानिक ( पु. )**(*અજ્ઞાનતામાં રાચનારો, અજ્ઞાન જ જેનું પ્રયોજન હોય તે, સમ્યગ્જ્ઞાન રહિત*)

**अण्णाणियवाइ ( ण् ) - अज्ञानिकवादिन् ( पुं. )**(*અજ્ઞાનવાદી, જ્ઞાનમાં દોષ દેખાડી અજ્ઞાનને જ શ્રેષ્ઠ માનનાર વાદી*)

**अण्णात ( य ) - अज्ञात ( त्रि. )**(*સમ્યગ્ અવધારેલ નહીં તે, અનુમાનથી વિષયભૂત કરેલ ન હોય તે, અવિદિત*)

**अण्णात ( य ) उञ्छ - अज्ञातोञ्छ ( न. )**(*વિશુદ્ધ ઉપકરણ ગ્રહણ કરવા તે ૨. ભિક્ષાર્થે પરિચય ન કરવો તે*)

**अण्णात ( य ) चरय - अज्ञातचरक ( पुं. )**(*સૌજન્યાદિ ભાવ જણાવ્યા વિના સંચરે તે ૨. અજ્ઞાત રહીને ગવેષણા કરનાર ૩. અજ્ઞાત ઘરમાં ગોચરીએ જઈશ એવી પ્રતિજ્ઞાવાળો-સાધુ*)

**अण्णातपिंड - अज्ञातपिण्ड ( पुं. )**(*અજાણ્યા ઘરની ગોચરી, અન્ત-પ્રાન્તરૂપ ભિક્ષા*)

**अण्णादत्तहर - अन्यादत्तहर ( त्रि. )**(*અન્યો દ્વારા નહીં આપેલને હરણ કરનાર ૨. ગ્રામાદિમાં ચૌર્ય કર્મ*)

**अण्णा ( न्ना ) दि ( रि ) स - अन्यादृश ( त्रि. )**(*બીજાની સમાન, અન્ય સદૃશ*)

**अण्णाय - अन्याय्य ( त्रि. )**(*અન્યાયી, ન્યાય રહિત, ન્યાય વિરુદ્ધ*)

**अण्णायभासि ( ण् ) - अन्याय्यभाषिन् ( त्रि. )**(*અન્યાયયુક્ત બોલનાર, જેમ તેમ બોલનાર, ન્યાય વિરુદ્ધ બોલનાર*)

**अण्णायया - अज्ञातता ( स्त्री. )**(*અજ્ઞાતપણું, યશ-કીર્તિની કામનાથી તપ વગેરેનું ન પ્રકાશવું તે*)

**अण्णायवइविवेग - अज्ञातवाग्विवेक ( पुं. )**(*વાણીના વિવેકને ન જાણનારો, સદસત્ વાણીના વિવેકથી રહિત*)

**अण्णायसील - अज्ञातशील ( त्रि. )**(*પંડિત પણ જેનો સ્વભાવ જાણી ન શકે તે, અબ્રહ્મચારી સ્ત્રી*)

**अण्णारंभणिवित्ति - अन्यारम्भनिवृत्ति ( स्त्री. )**(*કૃષ્યાદિ આરંભનો ત્યાગ, ખેતી વગેરે આરંભનો ત્યાગ*)

**अण्णावएस - अन्यापदेश ( पुं. )**(*આ અન્નાદિ બીજાનું છે તેમ વ્યપદેશ-કથન કરવું તે, ભિક્ષાદિ સામગ્રી ન આપવાની બુદ્ધિએ આ બીજાનું છે તેમ બહાનું કરવું તે*)

**अण्णिय - अन्वित ( त्रि. )**(*યુક્ત, સહિત*)

**अण्णियाउत्त - अन्निकापुत्र ( पुं. )**(*અન્નિકાપુત્ર નામે એક ખ્યાતનામ જૈન મુનિ*)

**अण्णी ( देशी-स्त्री. )**(*દેરાણી ૨. પતિની બહેન-નણંદ ૩. પિતાની બહેન-ફોઈ*)

**अण्णु - अज्ञ ( त्रि. )**(*સ્વભાવ વિભાવનો અજાણ, નિર્બોધ, મૂર્ખ*)

**अण्णु ( न्नु ) ण्ण ( न्न ) - अन्योन्य ( त्रि. )**(*અન્યોન્ય, પરસ્પર, એક બીજાનું*)

**अण्णेसणा - अन्वेषणा ( स्त्री. )**(*માર્ગણા-ખોજ ૨. પ્રાર્થના ૩. ઉપયોગ પૂર્વક ભિક્ષાદિ લેવા તે*)

**अण्णेसि ( ण् ) - अन्वेषिन् ( त्रि. )**(*ખોજ કરવાના સ્વભાવવાળું, ગવેષણા કરનાર, માંગણી કરનાર*)

**अतिउट्ट - अतिवृत्त ( त्रि. )**(અતિક્રાન્ત ૨. વ્યાપ્ત ૩. પોતાના કૃત્યને ન જાણનાર)

**अतिंतिण - अतिन्तिन ( त्रि. )**(અલાભ થયો હોવા છતાં પણ થોડું પણ જેમ તેમ ન બોલનાર સાધુ ૨. કટુવચન સાંભળીને પણ શાંત રહેનાર)

**अतिक्खतुण्ड - अतीक्ष्णतुण्ड ( त्रि. )**(જેની ચાંચ તીક્ષ્ણ કે કઠણ નથી તેવું પક્ષી)

**अतिक्खवेयरणी - अतीक्ष्ण ( नैक्ष ) ( दृक्ष्य ) वैतरणी ( स्त्री. )**(પરમાધાર્મિક દેવો દ્વારા વિકુર્વણા કરાયેલી નરકની એક નદી)

**अतिट्ठपुरव - अदृष्टपूर्व ( त्रि. )**(પૂર્વમાં-પહેલા ક્યારેય ન જોયેલ હોય તે)

**अतित्त - अतृप्त ( त्रि. )**(અતૃપ્ત, અસંતુષ્ટ)

**अतित्तप्प - अतृप्तात्मन् ( त्रि. )**(અભિલાષાવાળો, અતૃપ્તિવાળો જીવ)

**अतित्तलाभ - अतृप्तलाभ ( पुं. )**(સંતોષની અપ્રાપ્તિ, અસંતોષ, અતૃપ્તિ)

**अतित्ति - अतृप्ति ( स्त्री. )**(અતૃપ્તિ, અસંતુષ્ટિ)

**अतित्तिलाभ - अतृप्तिलाभ ( पुं. )**(તૃપ્તિનો અલાભ, સંતોષની અપ્રાપ્તિ)

**अतित्थ - अतीर्थ ( अव्य. )**(તીર્થંકર દ્વારા તીર્થ સ્થાપિત કર્યા પહેલાનો સમય અથવા તીર્થ વ્યવચ્છેદ થયા પછીનો સમય, ચતુર્વિધ સંઘનો અભાવ)

**अतित्थगरसिद्ध - अतीर्थंकरसिद्ध ( पुं. )**(તીર્થંકર પદ પામ્યા વગર સિદ્ધ થયેલ, ગૌતમસ્વામીની જેમ સામાન્ય કેવળી થઈ સિદ્ધ થયેલ)

**अतित्थसिद्ध - अतीर्थसिद्ध ( पुं. )**(તીર્થની સ્થાપના થયા પહેલા મોક્ષે જનાર, ચતુર્વિધ સંઘરૂપ તીર્થના અભાવમાં સિદ્ધ થાય તે, મરુદેવીમાતાદિ અતીર્થસિદ્ધ)

**अतित्थावणा - अतिस्थापना ( स्त्री. )**(ઉલ્લંઘના, ઓળંગી જવું તે)

**अतिदुक्ख - अतिदुःख ( न. )**(અતિદુસ્સહ, ઘણું દુઃખ, ઘણી અશાતા)

**अतिदुक्खधम्म - अतिदुःखधर्म ( त्रि. )**(અત્યન્ત દુઃખ આપવાનો જેનો સ્વભાવ છે તે નરકાદિ સ્થાન)

**अतिधुत्त -- अतिधूत ( त्रि. )**(ઘણા કર્મોવાળો, ભારે કર્મી, બહુકર્મી-જીવ)

**★अतिधूर्त ( त्रि. )**(ભારે કર્મી, બહુલ કર્મી)

**अतिपास - अतिपार्श्व ( पुं. )**(આ અવસર્પિણીકાળમાં આ જ ચોવીશીના સમયમાં ઐરવત ક્ષેત્રમાં થયેલા સત્તરમાં તીર્થંકરનું નામ, અતિપાર્શ્વ પ્રભુ)

**अतिप्पणया - अतेपनता ( स्त्री. )**(પસીનો વળે, લાળ પડે, આંસુ ટપકે તેવા કારણોનું વર્જન કરવું તે)

**अतिमुच्छिय - अतिमूर्च्छित ( त्रि. )**(સાંસારિક કાર્યોમાં ગૃદ્ધતા રાખનારો, અતિમૂર્ચ્છિત, વિષયાદિમાં અતિઆસક્ત)

**अतिल्लिय - अतैल ( न. )**(સર્વથા તેલાંશ રહિત, અંશમાત્ર તેલ વિનાનું)

**अतिवच्चंत - अतिव्रजत् ( त्रि. )**(અતિશય ગતિ કરતું, અત્યન્ત ગમન કરતું)

**अतिविज्ज - अतिविद्य ( पुं. )**(નિર્વેદ પામેલ તત્ત્વજ્ઞ, આગમતત્ત્વ વેત્તા, જ્ઞાની)

**★अतिविद्वस् ( पुं. )**(વિશિષ્ટ પ્રજ્ઞ, અતિશય પ્રજ્ઞાવાન)

**अतीरंगम - अतीरङ्गम ( त्रि. )**(કાંઠે પહોંચવાને અસમર્થ, સંસારના કિનારે નહીં પહોંચનાર)

**अतुच्छभाव - अतुच्छभाव ( त्रि. )**(ઉદાર, કૃપણતારહિત, અતુચ્છતા, શ્રેષ્ઠભાવ)

**अतुरिय - अत्वरित ( त्रि. )**(ઉતાવળ રહિત, ધીમું, અત્વરિત)

**अतुरियगइ - अत्वरितगति ( त्रि. )**(અત્વરિત ગતિવાળું, ઉતાવળ રહિત ગમન કરનાર, માયાથી લોકોને પ્રસન્ન કરવા માટે મંદગતિએ જનાર)

**अतुरियभासि ( ण् ) - अत्वरितभाषिन् ( त्रि. )**(શાંતિપૂર્વક બોલનાર, ઉતાવળે ન બોલનાર, ધીમું બોલનાર)

**अतुल - अतुल ( त्रि. )**(જેની તુલના ન કરી શકાય તેવું, અતુલનીય, અસાધારણ)

**अत्त - आत्त ( त्रि. )**(ગ્રહણ કરાયેલ ૨. ગીતાર્થ)

**★आत्मन् ( पुं. )**(જીવ, આત્મા ૨. સ્વભાવ ૩. પોતે, જાતે)

**★आत्र ( त्रि. )**(દુઃખને હણનાર- સુખને આપનાર)

**★आप्त ( त्रि. )**(યથાર્થ જોનાર, રાગ-દ્વેષાદિ દોષોથી રહિત, સર્વજ્ઞ, વીતરાગ)

**★आर्त ( त्रि. )**(દુઃખાર્ત, ગ્લાન)

**अत्तउवण्णास - आत्मोपन्यास ( पुं. )**(ઉદાહરણ ૨. દોષ ૩. ઉપન્યાસનો એક ભેદ, જેમાં આત્માનો ઉપન્યાસ થાય-નિવેદન થાય તે)

**अत्तकड - आत्मकृत ( त्रि. )**(પોતાનું કરી સ્વીકારેલ, પોતાનું છે તેમ રાખેલ)

**अत्तकम्म - आत्मकर्मन् ( न. )***(પોતાનું દુષ્કૃત્ય, પોતાનું દુશ્ચરિત્ર, જેનાથી પોતાનો આત્મા પાપકર્મે લેપાય તેવું કર્મ)*

**अत्तग - आत्मग ( त्रि. )***(આંતરિક, આત્મિક)*

**अत्तगवेसण - आर्तगवेषण ( न. )***(ઔપચારિક વિનયનો એક ભેદ, આર્ત-દુઃખીજનની ગવેષણા-ખોજ)*

**अत्तगवेसणया - आर्तगवेषणता ( स्त्री. )***(દુઃખી અને ગરીબ માણસોની શોધ કરવી તે)*

**★आत्म ( स ) गवेषणता ( स्त्री. )***(લોકોપચાર વિનયનો એક ભેદ)*

**अत्तगवेसय - आत्मगवेषक ( पुं. )***(આત્મચિંતક ૨. ચારિત્રરૂપી આત્માનો ગવેષક)*

**अत्तगामि ( ण् ) - आप्त ( त्म ) गामिन् ( पुं. )***(મુમુક્ષુ, મોક્ષમાર્ગમાં ચાલનાર મુનિ)*

**अत्तगुण - आत्मगुण ( पुं. )***(બુદ્ધિ-સુખ-દુઃખાદિ જીવના ગુણવિશેષ)*

**अत्तचिंतअ - आत्मचिन्तक ( पुं. )***(આત્મચિંતક ૨. સ્વાર્થી)*

**अत्तछट्ठ - आत्मषष्ठ ( पुं. )***(સૂત્રકૃતાંગસૂત્રના પ્રથમ ઉદ્દેશામાં કહેલ આત્મષષ્ઠવાદી મત)*

**अत्तट्ठ - आत्मस्थ ( त्रि. )***(આત્મામાં રહેનાર, આત્મામાં રહેલ)*

**★आत्मार्थ ( त्रि. )***(આત્માનો અર્થ જેમાં રહેલો છે તે, મોક્ષ, સ્વર્ગ ૨. સ્વાર્થ)*

**अत्तट्ठकरणजुत्त - आत्मार्थकरणयुक्त ( त्रि. )***(આત્માનું હિત કરનાર કારણોથી યુક્ત)*

**अत्तट्ठगुरु - आत्मार्थगुरु ( त्रि. )***(પોતાના પ્રયોજનવાળો, પોતાના સ્વાર્થમાં ગુરુ-અવ્વલ છે તે, સ્વાર્થનિષ્ઠ)*

**अत्तट्ठचिंतग - आत्मार्थचिन्तक ( पुं. )***(માત્ર પોતાનું જ વિચારનાર, પોતાના અર્થનું ચિંતન કરનાર ૨. પરિહારતપ પ્રતિપન્નનું માત્ર આત્માર્થે ચિન્તન)*

**अत्तट्ठिय - आत्मार्थिक ( त्रि. )***(માત્ર પોતાના માટે કરેલ હોય તે, પોતાનું કરેલ અન્નાદિ)*

**अत्तता - आत्मता ( स्त्री. )***(આત્માનું અસ્તિત્વ, આત્માની હયાતી ૨. પોતે કરેલા કર્મનું પરિણામ)*

**अत्तताण - आत्मत्राण ( न. )***(આત્મરક્ષા, આત્માનું રક્ષણ)*

**अत्ततासंवुड - आत्मात्मसंवृत ( त्रि. )***(આત્મા વડે આત્મામાં લીન થયેલ)*

**अत्तदुक्कडकारि ( ण् ) - आत्मदुष्कृतकारिन् ( त्रि. )***(સ્વદુષ્કૃત કરનાર)*

**अत्तदोस - आत्मदोष ( पुं. )***(પોતાનો અપરાધ, સ્વદોષ, પોતાની ખામી)*

**अत्तदोसोवसंहार - आत्मदोषोपसंहार ( पुं. )***(પોતાના દોષોને દૂર કરવા-અટકાવવા તે ૨. ૩૨ યોગસંગ્રહમાંનો ૨૧મો સ્વકીય દોષ નિરોધ લક્ષણ યોગ)*

**अत्तपण्णह ( ण् ) - आत्त ( स ) प्रज्ञाहन् ( पुं. )***(સ્વ કે પરની હિતકારી સન્મતિને હણનાર પાપશ્રમણ)*

**अत्तपण्णेसि ( ण् ) - आत्मप्रज्ञान्वेषिन् ( पुं. )***(આત્મહિતની ગવેષણા કરનાર, આત્મજ્ઞાનનો શોધક)*

**★आप्तप्रज्ञान्वेषिन् ( पुं. )***(સર્વજ્ઞએ કહેલ તત્ત્વની ગવેષણા કરનાર, આપ્ત-સર્વજ્ઞની ઉક્તિનું અન્વેષણ કરનાર)*

**अत्तपण्हह ( ण् ) - आत्मप्रश्नहन् ( पुं. )***(આત્માસંબંધી પ્રશ્નને હણનાર, પાપશ્રમણનું એક લક્ષણ)*

**अत्तपसण्णलेस्स - आत्मप्रसन्नलेश्य ( त्रि. )***(જીવને કલુષિત ન કરનાર પીત-પદ્માદિ લેશ્યા જેમાં છે તે)*

**★आप्तप्रसन्नलेश्य ( त्रि. )***(પ્રાણીને ઇહલોક પરલોકમાં હિતકારી તેજો-પદ્મ-શુક્લ લેશ્યાથી યુક્ત)*

**अत्तभाव - आत्मभाव ( पुं. )***(સ્વાભિપ્રાય)*

**अत्तमइ - आर्तमति ( त्रि. )***(આર્તભાવમાં મતિ છે જેની, આર્તધ્યાનમાં રહેલ)*

**अत्तमाण - आवर्त्तमान ( त्रि. )***(પરિભ્રમણ કરતો ૨. અભ્યાસ કરતો)*

**अत्तमुक्ख - आप्तमुख्य ( पुं. )***(આપ્તપુરુષોમાં મુખ્ય, કેવલજ્ઞાની)*

**अत्तय - आत्मज ( पुं., स्त्री. )***(પુત્ર ૨. પુત્રી)*

**अत्तलद्धिय - आत्मलब्धिक ( पुं. )***(આત્મલબ્ધિવાળો, સ્વલબ્ધિવાળો)*

**अत्तव - आर्त्तव ( त्रि. )***(ઋતુમાં ઉત્પન્ન થયેલ ફળાદિ, ઋતુધર્મ સંબંધી)*

**अत्तवयणणिद्देस - आप्तवचननिर्देश ( पुं. )***(સર્વજ્ઞોક્ત વચનનો નિર્દેશ, સર્વજ્ઞોક્ત આગમ)*

**अत्त ( प्प ) संजोग - आत्मसंयोग ( पुं. )***(આત્માનો સંયોગ, ઔપશમિકાદિ ભાવો વડે જીવના સંબંધરૂપ સંયોગનો એક ભેદ)*

**अत्तसंपरिगहिय - आत्मसंपरिगृहीत ( त्रि. )***(આત્મશ્લાઘા કરનાર, સ્વપ્રશંસક)*

**अत्तसक्खिय - आत्मसाक्षिक ( त्रि. )***(સ્વસાક્ષિક, આત્મા છે સાક્ષી જેનો તે)*

**अत्तसम - आत्मसम ( त्रि. )***(આત્મતુલ્ય, પોતાની સમાન)*

**अत्तसमाहि - आत्मसमाधि ( पुं. )**(સ્વપક્ષની સિદ્ધિમાં પણ માધ્યસ્થપણે રહીને અન્યને દુઃખ ન પહોંચાડવું તે)

**अत्तसमाहिय - आत्मसमाधिक ( पुं. )**(ચિત્તની સમાધિયુક્ત, માધ્યસ્થભાવયુક્ત, સ્વપક્ષની સિદ્ધિ માટે પણ મધ્યસ્થ રહીને પરને દુઃખ ન પહોંચાડવું તે)

**★आत्मसमाहित ( त्रि. )**(જ્ઞાન-દર્શન-ચારિત્રમાં સદા ઉપયુક્ત, શુભ વ્યાપારવાળો)

**अत्तसुन्न - आप्तशून्य ( त्रि. )**(આપ્તવાક્યથી શૂન્ય, તીર્થંકરના સિદ્ધાંત રહિત)

**अत्त ( आय ) हिय - आत्महित ( न. )**(આત્મહિત, આત્મકલ્યાણ)

**अत्ता ( देशी-स्त्री. )**(માતા ૨. સાસુ ૩. ફોઈ ૪. સખી)

**अत्तागम - आत्मागम ( पुं. )**(અપૌરુષેય આગમ, આપ્તાગમ)

**अत्ताण - अत्राण ( त्रि. )**(રક્ષણરહિત, અનર્થના પ્રતિઘાતકથી વર્જિત, જેનું કોઈ જ રક્ષક નથી તે ૨. ખભા પર લાકડી રાખીને જનાર મુસાફર)

**अत्ताहिट्ठिअ - आत्मार्थिक ( त्रि. )**(આત્મસ્વરૂપની પ્રાપ્તિવાળો ૨. સ્વલબ્ધિવાળો)

**अत्ति - आप्ति ( स्त्री. )**(પ્રાપ્તિ, ઉપલબ્ધિ, રાગ-દ્વેષ મોહાદિનો આત્યન્તિક કે એકાન્તિક ક્ષય હોય તે)

**अत्तिज्ज ( य ) - आत्रेय ( पुं. )**(તે નામના ઋષિ, અત્રિના વંશમાં ઉત્પન્ન થયેલ ઋષિ)

**अत्तीकरण - आत्मीकरण ( न. )**(પોતાનું કરી લેવું તે, આત્મસાત્ કરવું તે ૨. સ્વવશ કરવું તે, પોતાના કબજામાં લેવું તે)

**अत्तुक्करिस - आत्मोत्कर्ष ( पुं. )**(પાંચમું ગૌણમોહનીયકર્મ ૨. 'હું જ સિદ્ધાન્તવેત્તા છું બીજો કોઈ નથી' એવું આત્મશ્લાઘાવાળું અભિમાન)

**अत्तुक्कोसिय - आत्मोत्कर्षिक ( पुं. )**(ગર્વિષ્ઠ, અભિમાની, સ્વપ્રશંસા કરનાર)

**अत्तोवणीय - आत्मोपनीत ( न. )**(પોતાના વડે નિયોજાયેલ, પોતાના ખુદના આત્મા વડે લવાયેલ)

**अत्थ - अर्थ ( पुं. )**(ધન, સંપત્તિ ૨. અભિપ્રાય, મતલબ, સારાંશ ૩. યાચવું કે માંગવું તે)

**★अस्त ( पुं. )**(મેરુ પર્વત ૨. આથમેલ, અવિદ્યમાન)

**★अस्त्र ( न. )**(ફેંકવા યોગ્ય બાણ વગેરે હથિયાર, પ્રહાર કરનાર આયુધ માત્ર)

**अत्थअवगम - अर्थावगम ( पुं. )**(ધનનું જ્ઞાન, ધનપ્રાપ્તિનું જ્ઞાન)

**अत्थंगय - अस्तंगत ( त्रि. )**(અસ્ત પામેલ, આથમી ગયેલ)

**अत्थंतर - अर्थान्तर ( न. )**(બીજો અર્થ ૨. બીજું કારણ ૩. અસંબદ્ધ વાક્ય ૪. અસત્યનો એક ભેદ)

**अत्थंतरुब्भावणा - अर्थान्तरोद्भावना ( स्त्री. )**(અસત્યવચનનો એક ભેદ, જેમ કે ઈશ્વર ક્રોધાદિ કષાયવાળા અને પ્રછન્નપાપવાળા આ જગતનો કર્તા છે.)

**अत्थकंखिय - अर्थकाङ्क्षित ( त्रि. )**(ધનમાં આસક્તિવાળો)

**अत्थकप्पिय - अर्थकल्पित ( पुं. )**(આવશ્યકાદિ સૂત્રોને ભણેલ)

**अत्थकय - अर्थकृत् ( स्त्री. )**(ધનકારક ૨. હેતુકારક)

**अत्थकर - अर्थकर ( पुं. )**(ધનને કરનાર, ધનોપાર્જનશીલ)

**अत्थकहा - अर्थकथा ( स्त्री. )**(અર્થકથા, ધનસંબંધી વાર્તા, લક્ષ્મીપ્રાપ્તિના ઉપાયોનું પ્રતિપાદન કરનારા વાક્ય પ્રબંધવાળી કથાનો પ્રકાર)

**अत्थकामय - अर्थकाम ( त्रि. )**(ધનની ઇચ્છાવાળો, ધનની વાંછા કરનાર)

**अत्थकिरिया - अर्थक्रिया ( स्त्री. )**(સુખ અને દુઃખનો ઉપભોગ ૨. પદાર્થથી થવાવાળી ક્રિયા)

**अत्थकिरियाकारि ( ण् ) - अर्थक्रियाकारिन् ( त्रि. )**(સુખ અને દુઃખનો ઉપભોગ કરનાર ૨. પ્રયોજનને સિદ્ધ કરનારી ક્રિયા કરનાર)

**अत्थकुसल - अर्थकुशल ( पुं. )**(ધનોપાર્જનમાં પ્રવીણ ૨. પ્રવચનકુશલ)

**अत्थक्क - अकाण्ड ( न. )**(અચાનક, પ્રસંગ વગર, કસમય, અવસર સિવાય)

**अत्थक्कजाया - अकाण्डयाञ्चा ( स्त्री. )**(અકાળ પ્રાર્થના, પ્રસંગ વગરની માંગણી)

**अत्थगवेसि ( ण् ) - अर्थगवेषिन् ( त्रि. )**(ધનનું અન્વેષણ કરનાર, ધનને શોધનાર)

**अत्थग्गहण - अर्थग्रहण ( न. )**(પદાર્થનું જ્ઞાન, પદાર્થનો નિશ્ચય કરવો તે)

**अत्थजाय - अर्थजात ( न. )**(જમીન-પશુ-પંખી-ઘાસ વગેરે પદાર્થોનો સમૂહ, વસ્તુઓનો સંગ્રહ)

**अत्थजुत्ति - अर्थयुक्ति ( स्त्री. )**(ઉપાદેયરૂપ અર્થ-દ્રવ્યનું સંયોજન)

**अत्थजोणि - अर्थयोनि ( स्त्री. )**(ધન પ્રાપ્તિના સ્થાન, પૈસા મેળવવાના સામાદિ ઉપાય)

**अत्थण - अर्थन ( न. )**(જ્ઞાનાદિ ગુણોનું અર્જન કરવુ તે ૨. યાચના, પ્રાર્થના)

**अत्थणय - अर्थनय ( पुं. )**(માત્ર અર્થનું પ્રાધાન્ય બતાવનાર નય, અર્થપ્રધાન નય)

**अत्थणाण - अर्थज्ञान ( पुं. )**(અભિધેય પદાર્થનું જ્ઞાન, કથ્ય વસ્તુનો અવબોધ)

**अत्थणिऊर - अर्थनि ( कुर ) पूर ( न. )**(અર્થનિકુરાંગને ૮૪ લાખે ગુણતા જે સંખ્યા આવે તે પ્રમાણ કાળ વિશેષ)

**अत्थणिऊरंग - अर्थनिपूराङ्ग ( निकुराङ्ग ) ( न. )**(નલિનને ૮૪ લાખે ગુણતા જે સંખ્યા આવે તે પ્રમાણ કાળ વિશેષ)

**अत्थणिज्जावणा - अर्थनिर्यापणा ( स्त्री. )**(અર્થનિર્યાપણા નામક વાચના સંપદાનો એક ભેદ, જેમાં નય પ્રમાણનું અનુસરણ કરી સૂત્રાર્થનું કથન કરાય છે.)

**अत्थणियत - अर्थनियत ( त्रि. )**(પદાર્થનો હેતુ, કારણ ૨. પદાર્થનો મૂલાધાર)

**अत्थत्थिअ - अर्थार्थिन् ( त्रि. )**(ધનની ઈચ્છાવાળો, ધન માંગનાર ૨. મતલબી, સ્વાર્થ માટે પ્રયત્ન કરનાર)

**अत्थदंड - अर्थदण्ड ( पुं. )**(શરીરાદિના નિર્વાહ અર્થે થતો કર્મબંધ, સ્વાર્થ હેતુ દંડાવું તે)

**अत्थदायि ( ण् ) - अर्थदायिन् ( त्रि. )**(સૂત્રના અભિધેયાર્થને આપનાર)

**अत्थधम्मब्भासाणवयेत्त - अर्थधर्माभ्यासानपेतत्व ( न. )**(અર્થધર્મથી બંધાયેલ એક પ્રકારનો સત્યવચનાતિશય)

**अत्थधर - अर्थधर ( पुं. )**(સૂત્રના અર્થને ધારણ કરનાર)

**अत्थपज्जय - अर्थपर्याय ( पुं. )**(પદાર્થના એકદેશના પ્રતિપાદક પર્યાય, અર્થરૂપ પર્યાય ૨. જે અર્થના વિષયને જાણે તે)

**अत्थपडिवत्ति - अर्थप्रतिपत्ति ( स्त्री. )**(અર્થનું જ્ઞાન, પદાર્થનો બોધ)

**अत्थपय - अर्थपद ( न. )**(ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્ત સત્ ઈત્યાદિની જેમ અર્થપ્રધાન પદ)

**अत्थपिवासिय - अर्थपिपासित ( त्रि. )**(ધનની આકાંક્ષાવાળો, અપ્રાપ્ત દ્રવ્યની પ્રાપ્તિની તૃષ્ણાવાળો)

**अत्थपुरिस - अर्थपुरुष ( पुं. )**(ધનાર્જન માટે તત્પર થયેલ પુરુષનો એક ભેદ)

**अत्थपुहत्त - अर्थपृथक्त्व ( न. )**(કિંચિત્ ભિન્નાર્થવાળું સૂત્ર, સૂત્રાર્થ લક્ષણ ઉભયરૂપ શ્રુતજ્ઞાનમાં અર્થનું ભિન્નત્વ હોય તે)

**अत्थपुहुत्त - अर्थपृथुत्व ( न. )**(જીવાદિ પદાર્થોના વિસ્તારવાળું શ્રુતજ્ઞાન, સામાન્ય શ્રુતજ્ઞાન)

**अत्थपोरिसी - अर्थपौरुषी ( स्त्री. )**(અર્થપોરસી)

**अत्थप्पवर - अर्थप्रवर ( त्रि. )**(જે વસ્તુમાં અર્થ પ્રધાન હોય તે)

**अत्थबहुल - अर्थबहुल ( त्रि. )**(ઘણાં બધા અર્થો છે જેમાં તે, અર્થબાહુલ્યવાળો)

**अत्थभेय - अर्थभेद ( पुं. )**(આગમના પદાર્થની વિપરીત કલ્પના કરવી)

**अत्थभोगपरिवज्जिय - अर्थभोगपरिवर्जित ( त्रि. )**(ધન વગરનો હોઈ ભોગ-ઐશ્વર્ય રહિત)

**अत्थमंडली - अर्थमण्डली ( स्त्री. )**(અર્થમંડલી, બીજી પોરસી, જેમાં આચાર્ય સૂત્રાર્થ પ્રકાશે અને શિષ્યો સાંભળે છે તે)

**अत्थमय - अस्तमय ( न. )**(સૂર્ય વગેરેનું હોતે છતે અદશ્ય-અસ્ત થવું તે)

**अत्थमहत्थखाणि - अर्थमहार्थखानि ( पुं. )**(અર્થો અને મહાર્થોની ખાણ)

**अत्थमहुर - अर्थमधुर ( त्रि. )**(બીજા લોકોને રૂચિ ઉપજાવનાર અર્થો છે જેના તે)

**अत्थमाण - आसीन ( त्रि. )**(બેસતો, શ્મશાનાદિમાં રહેતો)

**अत्थमिअ - अस्तमित ( त्रि. )**(અત્યંત અસ્ત પામેલ, આથમી ગયેલ સૂર્યાદિ)

**अत्थमिओदिय - अस्तमितोदित ( त्रि. )**(પૂર્વમાં હીન અને ઉત્તરાવસ્થામાં ઋદ્ધિને પામેલ મનુષ્ય જાત, જેની પૂર્વાવસ્થા કુલાદિથી હીન હોય અને પછીથી મહત્પદને પામ્યા હોય તે, આથમીને પાછા ઊગ્યા હોય તે)

**अत्थमियत्थमिय - अस्तमितास्तमित ( पुं. )**(જેની પૂર્વ અને પશ્ચાત્ બન્ને અવસ્થા અશુભ છે તે, કાલસૌરિક કસાઈની જેમ પૂર્વાવસ્થા અને ઉત્તરાવસ્થા બન્ને ખરાબ છે તે)

**अत्थयारिया ( देशी-स्त्री. )**(સંખ્યા ૨. સખી, બહેનપણી)

**अत्थरय - आस्तरक ( न. )**(આચ્છાદન, ઢાંકનાર ઓછાડ)

**★अस्तरजस् ( त्रि. )**(શુદ્ધ, નિર્મલ)

**अत्थलुद्ध - अर्थलुब्ध ( त्रि. )**(લોભી, લાલચી)

**अत्थवं - अर्थवत् ( त्रि. )**(પચ્ચીસમું મુહૂર્ત)

**अत्थवति - अर्थपति ( पुं. )**(ધનવાન, ધનાઢ્ય)

**अत्थवाय - अर्थवाद ( पुं. )**(ગુણવર્ણનવાદ ૨. દોષવર્ણનવાદ)

**अत्थविगप्पणा - अर्थविकल्पना ( स्त्री. )**(અર્થના ભેદોને જોવા તે,અર્થના ભેદોની વિકલ્પના કરવી)

**अत्थविणय - अर्थविनय ( पुं. )**(વિનયનો એક ભેદ)

**अत्थविणिच्छय - अर्थविनिश्चय ( पुं. )**(અર્થનો નિર્ણય કરવો તે, પદાર્થનો યથાર્થ નિર્ણય-નિશ્ચય)

**अत्थविण्णाण - अर्थविज्ञान ( न. )**(બુદ્ધિના આઠ ગુણોમાંનો એક ગુણ)

**अत्थविहूण - अर्थविहीन ( त्रि. )**(અગીતાર્થ, અજ્ઞાની)

**अत्थसंपयाण - अर्थसंप्रदान ( न. )**(ધનનું દાન ૨. પદાર્થોનું દાન કરવું તે)

**अत्थसत्थ - अर्थशास्त्र ( न. )**(અર્થશાસ્ત્ર, ધનપ્રાપ્તિનું પ્રતિપાદક શાસ્ત્ર)

**अत्थसत्थकुसल - अर्थशास्त्रकुशल ( त्रि. )**(નીતિશાસ્ત્રોમાં કુશળ)

**अत्थसार - अर्थसार ( पुं. )**(રોકડ દ્રવ્ય, સારભૂત દ્રવ્ય ૨. તત્ત્વનો સાર)

**अत्थसिद्ध - अर्थसिद्ध ( पुं. )**(ધન જેના માટે અસાધારણપણે છે તે ૨. અત્યંત ધનવાન ૩. જંબૂદ્વીપના ઐરવતક્ષેત્રમાં થનાર પાંચમા તીર્થંકર ૪. પક્ષના દશમા દિવસનું નામ)

**अत्थसुण्ण - अर्थशून्य ( न. )**(અર્થશૂન્ય, અર્થવગરનું, નિરર્થક)

**अत्था - आस्था ( स्त्री. )**(સ્વદર્શન પ્રત્યે બહુમાન, શ્રદ્ધા, આસ્થા)

**अत्थाण - अस्थान ( न. )**(જે કોઈ વાક્ય કે પ્રસંગનો વિષય ન બને તે, ચાલુ ચર્ચાદિમાં જે અયોગ્ય હોય તે)

**अत्थादा ( या ) ण - अर्थादान ( न. )**(દ્રવ્ય ઉપાર્જન કરવામાં કારણભૂત અષ્ટાંગનિમિત્ત શાસ્ત્ર)

**अत्थाम - अस्थामन् ( त्रि. )**(બળરહિત, શારીરિક શક્તિથી વિકલ)

**अत्थारिय - अस्तारिक ( पुं. )**(મૂલ્ય આપીને ખેતરમાં કામ કરવા માટે રાખેલ નોકર)

**अत्थारो ( देशी-पुं. )**(સહયોગ, સહાય)

**अत्थालंबण - अर्थालम्बन ( न., पुं. )**(અર્થાલંબનનું ચૈત્યવંદનાદિમાં વિભાવન કરવું તે, અર્થ-ભાવાર્થને વિષે ઉપયોગ રાખવો તે ૨. અર્થ અને આલંબન)

**अत्थालिय - अर्थालीक ( न. )**(ધન માટે અસત્ય બોલવું તે)

**अत्थालोयण - अर्थालोचन ( न. )**(પદાર્થનું સમાન્ય જ્ઞાન)

**अत्थावग्गह - अर्थावग्रह ( पुं. )**(પાંચ ઇન્દ્રિયો અને મન દ્વારા થતું જ્ઞાન, મતિજ્ઞાનનો ભેદ)

**अत्थावत्ति - अर्थापत्ति ( स्त्री. )**(એક પ્રકારનું અનુમાન જ્ઞાન, નહીં કહેલા પદાર્થનું અટકળથી સમજવું તે, અનુક્તાર્થની સિદ્ધિ)

**अत्थावत्तिदोस - अर्थापत्तिदोष ( पुं. )**(એક પ્રકારનો સૂત્રદોષ, જેમાં અર્થાપત્તિથી અનિષ્ટ આવી પડે ત્યાં લાગતો સૂત્રદોષ)

**अत्थाह - अस्ताध ( थ ) ( त्रि. )**(અગાધ, ઘણું ઊંડું ૨. ભરતક્ષેત્રની અતીતચોવીસીમાં થયેલ એક તીર્થંકર)

**अत्थाहिगम - अर्थाधिगम ( पुं. )**(કહેવાતા પદાર્થનું જ્ઞાન, કથ્ય પદાર્થનું જ્ઞાન)

**अत्थाहिगार - अर्थाधिकार ( पुं. )**(પ્રકરણાદિનો અભિધેય વિષય, ઉપક્રમનો એક ભેદ)

**अत्थि - अस्ति ( अव्य. )**(વસ્તુની વિદ્યમાનતાનો સૂચક એક અવ્યય)

**अत्थि ( ण् ) - अर्थिन् ( त्रि. )**(ધનિક, શ્રીમંત ૨. યાચક, માંગનાર ૩. સૂત્ર અને અર્થને જાણનાર ગુરુ ૪. ચાહક)

**अत्थिअ - अस्थिक ( पुं. )**(બહુબીજવાળું વૃક્ષવિશેષ કે તેનું ફળ)

**★अर्थिन् ( त्रि. )**(ધનવાન ૨. યાચક, માંગણ)

**★आस्तिक ( पुं. )**(જીવ-અજીવાદિ તત્ત્વોને માનનાર, ચાર્વાકાદિથી ભિન્ન દર્શન સ્વીકારનાર, આસ્તિક)

**अत्थिकाय - अस्तिकाय ( पुं. )**(અવયવી દ્રવ્યો-ધર્માસ્તિકાયાદિ પાંચ દ્રવ્યો, કાળ સિવાયના પાંચ દ્રવ્યો)

**अत्थिकायधम्म - अस्तिकायधर्म ( पुं. )**(ગતિમાં સહાયક ધર્માસ્તિકાય દ્રવ્ય, ધર્માસ્તિકાયના પ્રદેશોના સમૂહોનો ગતિપર્યાયાદિરૂપ ધર્મ-સ્વભાવ)

**अत्थिक्क - आस्तिक्य ( न. )**(આસ્તિક્ય)

**अत्थिण ( त्थि ) त्थिप्पवाय - अस्तिनास्तिप्रवाद ( न. )**(ચૌદપૂર્વોમાંનું અસ્તિનાસ્તિપ્રવાદ નામનું ચોથું પૂર્વ, સ્યાદ્વાદ સિદ્ધાંત મુજબ વસ્તુના જે તે સ્વભાવનું કથન કરવું તે)

**अत्थित्त - अस्तित्व ( न. )**(વિદ્યમાનપણું, હયાતી, હોવાપણું)

**अत्थिभाव - अस्तिभाव ( पुं. )**(અસ્તિત્વ, વિદ્યમાનપણું, હયાતી)

**अत्थि ( थि ) र - अस्थिर ( त्रि. )**(ચલ, અદૃઢ ૨. અપરિચિત ૩. ધૃતિ-સંહનનની હીનતાથી બળ રહિત ૪. જીર્ણ)

**अत्थि ( थि ) रछक्क - अस्थिरषट्क ( न. )**(અસ્થિરાદિ છ અશુભ કર્મપ્રકૃતિરૂપ નામકર્મનો એક ભેદ)

**अत्थि ( थि ) रणाम ( ण् ) - अस्थिरनामन् ( न. )**(જે કર્મના ઉદયથી જીવને આંખની પાપણ, કાન, જીભ વગેરે અંગોની ચપળતા પ્રાપ્ત થાય છે તે, નામકર્મનો એક ભેદ)

**अत्थि ( थि ) रतिग - अस्थिरत्रिक ( न. )**(નામકર્મની અસ્થિર, અશુભ અને અપયશ નામક ત્રણ કર્મપ્રકૃતિઓનો સમૂહ)

**अत्थि ( थि ) रदुग - अस्थिरद्विक ( न. )**(નામકર્મની અસ્થિર અને અશુભ નામક બે કર્મપ્રકૃતિઓનો સમૂહ)

**अत्थि ( थि ) रव्वय - अस्थिरव्रत ( त्रि. )**(*અસ્થિર વ્રત છે જેનું તે, સ્થિરવ્રત વિનાનો, જે ક્યારેક વ્રત ગ્રહે અને ક્યારેક મૂકી દે તે*)

**अत्थि ( थि ) वाय - अस्तिवाद ( पुं. )**(*આત્મા મોક્ષ વગેરે સત્પદાર્થોનું સત્ત્વપણું અને ખરવિષાણ ખપુષ્પ વગેરે અસત્પદાર્થોનું અસત્ત્વપણું સ્વીકારવું તે*)

**अत्थीकरण - अर्थीकरण ( न. )**(*પ્રાર્થના, યાચના*)

**अत्थु ( त्थोव ) ग्गह - अर्थावग्रह ( पुं. )**(*પાંચ ઇન્દ્રિય અને મનથી થનાર જ્ઞાન, નિર્વિકલ્પ-અર્થાવગ્રહનામનો મતિજ્ઞાનનો એક ભેદ*)

**अत्थु ( त्थो ) ग्गहण - अर्थावग्रहण ( न. )**(*ફળનો નિશ્ચય*)

**अत्थुडं ( देशी-वि. )**(*લઘુ, નાનું*)

**अत्थुप्पत्ति - अर्थोत्पत्ति ( स्त्री. )**(*ધનની ઉત્પત્તિવાળો વ્યવહાર*)

**अत्थेर - अस्थैर्य्य ( न. )**(*અસ્થિરપણું, ચાંચલ્યપણું*)

**अत्थोप्पायण - अर्थोत्पादन ( न. )**(*દ્રવ્યાર્જન, ધન સંપાદન કરવું તે*)

**अत्थोभय - अस्तोभक ( न. )**(*ઉત, વૈ આદિ સ્તોભક-દોષ રહિત ગુણવાળું સૂત્ર*)

**अथव्वण - अथर्वण ( पुं. )**(*વૈદિકોના ચાર વેદોમાંનો એક વેદ, ચતુર્થ વેદ*)

**अद् - अद् ( अव्य. )**(*આશ્ચર્ય ર. વિરામ*)

**अदंड - अदण्ड ( पुं. )**(*હિંસાદિ દંડનો અભાવ, અહિંસા ર. મન-વચન-કાયાનો પ્રશસ્ત યોગ*)

**अदंडकु ( को ) दंडिम - अदण्डकुदण्डिम ( त्रि. )**(*દંડ અને કુદંડ આ બન્નેનો જ્યાં અભાવ હોય તે-નગરાદિ*)

**अदंतवण - अदन्तवन ( त्रि. )**(*જેમાં દાતણ કરવાનો નિષેધ છે તે*)

**अदंभग - अदम्भक ( त्रि. )**(*દંભ રહિત, કપટ રહિત*)

**अदं ( द्दं ) सण - अदर्शन ( न. )**(*ચાક્ષુષજ્ઞાનનો અભાવ ર. અંધ ૩. થીણદ્ધિ નિદ્રાના ઉદયવાળો ૪. સમ્યક્ત્વ રહિત*)

**अदक्खु - अदृष्ट ( त्रि. )**(*અર્વાગ્દર્શનવાળો, ટુંકી દૃષ્ટિવાળો*)

**★अदक्ष ( त्रि. )**(*નિપુણતા રહિત, ચાતુર્ય વગરનો, મૂર્ખ*)

**★अपश्य ( त्रि. )**(*અંધ, દૃષ્ટિ રહિત*)

**अदक्खुदंसण - अदक्षदर्शन ( त्रि. )**(*અન્યદર્શની, અસર્વજ્ઞોક્ત ધર્મનો અનુયાયી*)

**★अदृष्टदर्शन ( त्रि. )**(*અન્યદર્શની, અસર્વજ્ઞોક્તધર્મનો અનુયાયી*)

**★अपश्यकदर्शन ( त्रि. )**(*અસર્વજ્ઞનું સ્વીકારેલું છે દર્શન જેણે તે, મિથ્યાદર્શની*)

**अदक्खुव - अपश्यवत् ( त्रि. )**(*અંધની તુલ્ય, અંધ જેવો કાર્યાકાર્યનો અનભિજ્ઞ*)

**अदढ - अदृढ ( त्रि. )**(*દુર્બળ*)

**अदढधिई - अदृढधृति ( त्रि. )**(*ધૃતિ રહિત, અસમર્થ*)

**अदण - अदन ( न. )**(*આહાર, ભોજન*)

**अदण्ण - अदत्त ( त्रि. )**(*આકુળ થયેલ, વિષાદ કરેલ*)

**अदत्त ( दिण्ण ) - अदत्त ( त्रि. )**(*નહીં આપેલ, અદત્તના ગ્રહણરૂપ આશ્રવનો ત્રીજો ભેદ*)

**अदत्त ( दिण्ण ) हारि ( ण् ) - अदत्तहारिन् ( त्रि. )**(*ચોર, પરદ્રવ્યનું હરણ કરનાર*)

**अदत्ता ( दिण्णा ) दाण - अदत्तादान ( न. )**(*નહીં આપેલ વસ્તુનું ગ્રહણ કરવું તે, તીર્થંકર-જીવ-ગુરુ-સ્વામીએ ન આપેલ સચિત્ત કે અચિત્ત વસ્તુ લેવી તે, અદત્તાદાન*)

**अदत्ता ( दिण्णा ) दाणकिरिया - अदत्तादानक्रिया ( स्त्री. )**(*પોતાના માટે અદત્ત વસ્તુનું ગ્રહણ કરવું, સ્વામી જીવ ગુરુ અને તીર્થંકર આ ચારે દ્વારા ન અપાયેલ વસ્તુને ગ્રહણ કરવી તે*)

**अदत्ता ( दिण्णा ) दाणवत्तिय - अदत्तादानप्रत्ययिक ( पुं. )**(*સાતમું ક્રિયાસ્થાન, અદત્ત વસ્તુને ગ્રહણ કરવાથી આત્મા દંડાય તે*)

**अदत्ता ( दिण्णा ) दाणविरइ - अदत्तादानविरति ( स्त्री. )**(*પરદ્રવ્યને હરણ કરવાથી વિરત થવું તે, સ્વામી આદિ દ્વારા અદત્ત વસ્તુ ગ્રહણ કરવાનો ત્યાગ*)

**अदत्ता ( दिण्णा ) दाणवेरमण - अदत्तादानविरमण ( न. )**(*અદત્તાદાનથી અટકવું તે, પંચમહાવ્રતોમાંનું ત્રીજું વ્રત*)

**अदत्ता ( दिण्णा ) लोयण - अदत्तालोचन ( त्रि. )**(*જેણે ગુરુ પાસે આલોચના નથી કરી તે*)

**अदत्ताहार - अदत्ताहार ( पुं. )**(*ચોર, સ્તેન, અણદીધું હરણ કરનાર*)

**अदब्भ - अदभ्र ( त्रि. )**(*પ્રચુર, ઘણું બધું*)

**अदब्भवाह - अदभ्रवाह ( त्रि. )**(*ઘણું બધું વહન કરનાર અશ્વાદિ*)

**अदय - अदय ( त्रि. )**(*નિર્દય, ક્રૂર*)

**अदलंत - अददत् ( त्रि. )**(*નહીં આપતો, નહીં આપતી, નહીં આપતું*)

**अदस - अदश ( त्रि. )**(*દશા રહિત, દશા વગરનું*)

**अदारुय - अदारुक ( त्रि. )**(*કાષ્ઠાદિ રહિત, લાકડા વગરનું*)

**अदिज्ज - अदेय ( त्रि. )**(*નહીં દેવા યોગ્ય, જ્યાં લેણ-દેણની પ્રથા ન હોય તેવું નગરાદિ*)

**अदिट्ठ - अदृष्ट ( त्रि. )**(*નહીં જોયેલું, નહીં જાણેલું ૨. પૂર્વભવમાં કરેલ કર્મ ૩. નૈયાયિકમત સમ્મત એક ગુણ*)

**अदिट्ठदेस - अदृष्टदेश ( पुं. )**(*પૂર્વે નહીં જોયેલ અન્ય દેશ, અદષ્ટપૂર્વ દેશાન્તર*)

**अदिट्ठधम्म ( ण् ) - अदृष्टधर्मन् ( त्रि. )**(*જેને શ્રુતધર્મને કે ચારિત્રધર્મને સારી રીતે ઉપલબ્ધ થયા નથી તે, જેણે શ્રુતાદિધર્મ ઓળખ્યા નથી તે*)

**अदिट्ठभाव - अदृष्टभाव ( पुं. )**(*આગમ શ્રુતમાં કહેલા ભાવોને નહીં જાણનાર, આવશ્યકાદિ શ્રુતને જે ન જાણતો હોય તે*)

**अदिट्ठलाभिय - अदृष्टलाभिक ( पुं. )**(*અભિગ્રહધારી સાધુ, પૂર્વે ન જોયેલ હોય તેવા દાતાનું અન્ન લેવું એવો અભિગ્રહ વિશેષ ધારક ભિક્ષાચર*)

**अदिट्ठसार - अदृष्टसार ( त्रि. )**(*અગીતાર્થ સાધુ*)

**अदिट्ठहड - अदृष्टहृत ( त्रि. )**(*જોયા વિના ગ્રહણ કરેલ*)

**अदिट्ठाणुभाव - अदृष्टानुभाव ( पुं. )**(*કાર્યના ફળનો વિપાક નથી જોયો જેણે તે*)

**अदिण्ण - अदत्त ( त्रि. )**(*પારકું ધન વગેરે, સ્વામી આદિ દ્વારા નહીં અપાયેલ વસ્તુ*)

**★अदैन्य ( न. )**(*દીનતાનો અભાવ*)

**अदिण्णवियार - अदत्तविचार ( त्रि. )**(*જેમાં પ્રવેશનો નિષેધ હોય તેવા કોઠાર-ગૃહ આદિ*)

**अदित्त - अदृप्त ( त्रि. )**(*અભિમાન રહિત, શાન્ત*)

**अदिस्स - अदृश्य ( त्रि. )**(*અદૃશ્ય, આંખનો વિષય ન બને તે, જેને ચર્મચક્ષુથી જોઈ ન શકાય તે*)

**अदिस्समाण - अदृश्यमान ( त्रि. )**(*નહીં દેખાતો, ચર્મચક્ષુથી નહીં દેખાતું, ઉપલબ્ધ ન થતું*)

**अदीण - अदीन ( त्रि. )**(*શોકના અભાવે દીનતાભાવ રહિત, પ્રસન્નચિત્ત સ્વભાવી*)

**अदीणचित्त - अदीनचित्त ( त्रि. )**(*જેના ચિત્તમાં દીનતા નથી તે, શોક રહિત ચિત્ત છે જેનું તે*)

**अदीणमणस - अदीनमनस् ( त्रि. )**(*જેના ચિત્તમાં દીનતા નથી તે, ઉદાર ચિત્તવાળો, મોટા મનવાળો, પ્રસન્નચિત્તવાળો*)

**अदीणया - अदीनता ( स्त्री. )**(*દીનતાનો અભાવ, વિકલતા રહિત, અદીન એવું ભિક્ષુલિંગ*)

**अदीणवित्ति - अदीनवृत्ति ( त्रि. )**(*જેમની પ્રવૃત્તિમાં દીનતાનો અભાવ છે તે, આહારાદિના અલાભમાં પણ શુદ્ધવૃત્તિવાળો*)

**अदीणसत्तु - अदीनशत्रु ( पुं. )**(*હસ્તિનાપુરનો તે નામનો રાજા*)

**अदु - अथ ( अव्य. )**(*આથી ૨. પશ્ચાત્, પછી, અનન્તર*)

**अदुक्खणया - अदुःखनता ( स्त्री. )**(*દુઃખી ન થવું તે, દુઃખ ન વેદવું તે, દુઃખોત્પાદક માનસિક અશાતાની ઉદીરણા ન હોવી તે*)

**अदुगुंछिय - अजुगुप्सित ( त्रि. )**(*અનિંદ્ય, અગર્હિત, સામાયિક*)

**अदुट्ठ - अदुष्ट ( त्रि. )**(*દોષ રહિત*)

**★अद्विष्ट ( त्रि. )**(*દ્વેષ રહિત*)

**अदुट्ठचेत ( स् ) - अदुष्टचेतस् ( त्रि. )**(*ક્લેશ રહિત છે ચિત્ત જેનું તે, અદુષ્ટચિત્તવાળો, અકલુષ અન્તઃકરણવાળો*)

**अदुत्तरं - अथापरं ( अव्य. )**(*હવે, હવે પછી*)

**अदुय - अद्रुत ( न. )**(*ધીરે ધીરે, ઉતાવળ રહિત, શીઘ્રતા રહિત*)

**अदुयत्त - अद्रुतत्व ( न. )**(*સત્યાવીસમો સત્યવચનાતિશય, અદ્રુતત્વ વચનાતિશય*)

**अदुयबंधण - अद्रुतबन्धन ( न. )**(*દીર્ઘકાલિક બંધન, લાંબા વખતનું બંધન*)

**अदुवा - अथवा ( अव्य. )**(*અથવા, કે*)

**अदूर - अदूर ( त्रि. )**(*નજીકમાં, સમીપમાં, પાસે*)

**अदूरग ( य ) - अदूरग ( त्रि. )**(*પગાદિમાં અલ્પમાત્રામાં લાગેલ કાંટાદિ ૨. અત્યંત દૂર કે નજીક નહીં તે*)

**अदूरगेह - अदूरगेह ( न. )**(*અતિદૂર કે અતિનજીકમાં ન રહેલ હોય તેવું ઘર, ઉચિત અન્તરવાળું પડોશીનું ઘર*)

**अदूरसामंत - अदूरसामन्त ( पुं. )**(*અતિદૂર કે અતિનજીક ન હોય તેવો પ્રદેશ, ઉચિત પ્રદેશ*)

**अदूरागय - अदूरागत ( त्रि. )**(*પાસે આવેલ, નજીક આવેલ*)

**अदूसिय - अदूषित ( त्रि. )**(*દૂષણ વગરનું, અભિષ્વંગ-રાગ રહિત*)

**अदेसकालप्पलावि ( ण् ) - अदेशकालप्रलापिन् ( पुं. )**(*દેશ અને કાળને જોયા વિના પ્રલાપ કરનાર, ભાષાચાપલ્યનો ભેદ*)

**अदेसाकालायरण - अदेशाकालाचरण ( न. )**(*અનુચિત દેશ અને કાળમાં આચરણ ન કરવું તે, પ્રતિષિદ્ધ દેશકાળમાં ન વિચરવું તેવો શ્રાવકધર્મનો એક ભેદ*)

**अदोस - अद्वेष ( पुं. )**(*તત્ત્વવિષયમાં દ્વેષનો અભાવ, તત્ત્વ વિશે અપ્રીતિ રહિત*)

**अद्द - अब्द ( पुं. )**(*વાદળ, મેઘ*)

**★अर्द ( पुं. )**(*આકાશ*)

**आर्द्र ( त्रि. )** *(ભીનું, લીલું, સજળ ૨. આદ્રા નક્ષત્ર ૩. તે નામનો એક રાજા ૪. નગરવિશેષ)*

**अद्दइज्ज - आर्द्रकीय ( न. )** *(આર્દ્રકુમાર વિષયક સૂત્રકૃતાંગસૂત્રના દ્વિતીય શ્રુતસ્કંધનું છઠ્ઠું અધ્યયન, જેમાં આર્દ્રકુમારનો ગોશાળા વિગેરે સાથે વાદ થયો હતો તેનું વર્ણન કરેલ છે.)*

**अद्दग - आर्द्रक ( न. )** *(મૂળ પ્રધાન વનસ્પતિ વિશેષ, શૃંગબેર ૨. આદુ, સૂંઠ ૩. આર્દ્રભૂમિમાં ઉત્પન્ન હોય તે)*

**अद्दग ( य ) कुमार - आर्द्रककुमार** *(આર્દ્રકુમાર મુનિ)*

**अद्दग ( य ) पुर - आर्द्रकपुर ( न. )** *(નગરવિશેષ, જ્યાં આર્દ્રકુમારનો જન્મ થયો હતો તે નગર)*

**अद्दचंदण - आर्द्रचन्दन ( न. )** *(લીલું ચંદન, સુખડ)*

**अद्दण - अर्दन ( पुं. )** *(ગતિ ૨. પીડા, વધ ૩. યાચના ૪. તે નામનો એક રાજા)*

**अद्दणो ( ण्णो ) ( देशी-वि. )** *(આકુળ, વ્યાકુળ)*

**अद्दव - आद्रव ( त्रि. )** *(ગાળેલું)*

**अद्दव्व - अद्रव्य ( न. )** *(રૂપું આદિ ઉચિત દ્રવ્યનો અભાવ, તુચ્છ વસ્તુ, ખરાબ પદાર્થ, નકામો પદાર્થ)*

**अद्दहण - आद्रहण ( न. )** *(ઉકાળવું તે, પાણી-તેલાદિનું ઉકાળવું તે)*

**अद्दा - आर्द्रा ( स्त्री. )** *(આર્દ્રા નક્ષત્ર)*

**अद्दाइय - आदर्शित ( न. )** *(સંપૂર્ણતાએ દર્શન-ધર્મથી પવિત્ર થયેલ, શાસ્ત્રબુદ્ધિથી પવિત્ર થયેલ)*

**अद्दाओ ( देशी )** *(દર્પણ, અરીસો)*

**अद्दाग - आदर्श ( पुं. )** *(દર્પણ, અરીસો)*

**अद्दागपसिण ( न ) - आदर्शप्रश्न ( पुं. )** *(પ્રશ્નવિદ્યા વિશેષ, તે નામનું પ્રશ્નવ્યાકરણનું આઠમું અધ્યયન કે જે વર્તમાનમાં લુપ્ત થયેલ છે.)*

**अद्दागविज्जा - आदर्शविद्या ( स्त्री. )** *(ચિકિત્સાનો એક પ્રકાર કે જેમાં રોગીને દર્પણ આગળ બેસાડીને તેનો રોગ નિવારવામાં આવે છે, ચિકિત્સા વિદ્યાવિશેષ)*

**अद्दागसमाण - आदर्शसमान ( पुं. )** *(દર્પણની સમાન શ્રાવકનો એક ભેદ)*

**अद्दामलग - आर्द्रामलक ( न. )** *(પીલુવૃક્ષ સંબંધી મધુર જે છે તે - આવો અર્થ સંપ્રદાયથી પ્રાપ્ત છે. ૨. શણના વૃક્ષ સંબંધી મુકુલ-કળી)*

**अद्दारिट्ठ - आर्द्रारिष्ट ( पुं. )** *(કોમલકાક વનસ્પતિ વિશેષ, જેને હિન્દીમાં કોમલકૌઆ કહે છે)*

**अद्दिय - अर्दित ( त्रि. )** *(પીડિત)*

**अद्दोहि ( ण् ) - अद्रोहिन् ( त्रि. )** *(દ્રોહ રહિત, અવંચક)*

**अद्ध - अर्द्ध ( न. )** *(અડધું, બે સરખા ભાગ, દ્વિતીયાંશ)*

**अद्धंतो ( देशी-पुं. )** *(અંત, છેડો)*

**अद्ध ( द्धा ) ण - अध्वन् ( पुं. )** *(રસ્તો, માર્ગ)*

**अद्ध ( द्धाण ) कप्प - अध्वकल्प ( पुं. )** *(માર્ગમાં ગ્રહણ કરાતો કલ્પ્ય આહાર)*

**अद्धकरिस - अर्द्धकर्ष ( पुं. )** *(એક પલનો આઠમો ભાગ, મગધદેશ પ્રસિદ્ધ એક માપ વિશેષ)*

**अद्धकविट्ठ - अर्द्धकपित्थ ( पुं. )** *(કોઠાના ફળનો અડધો ભાગ, કોઠાનું અડધીયા જેવા આકારનું હોય તે)*

**अद्धकुल ( ड ) व - अर्द्धकुल ( ड ) व ( पुं. )** *(મગધદેશ પ્રસિદ્ધ ધાન્યનું માપ વિશેષ, મગધ દેશમાં પ્રચલિત ધાન્ય માપવાનું માપીયું)*

**अद्धकोस - अर्द्धक्रोश ( पुं. )** *(અડધો કોશ, એકહજાર ધનુષ્ય પ્રમાણ અડધો ગાઉ, એક માઈલ)*

**अद्धक्खणं ( देशी-न. )** *(પ્રતીક્ષા કરવી તે, રાહ જોવી તે)*

**अद्धक्खिअं ( देशी-न. )** *(ઈશારો કરવો તે, સંજ્ઞા કરવી તે)*

**अद्धक्खि ( च्छि ) कडक्ख - अर्द्धाक्षिकटाक्ष ( न. )** *(અડધી આંખ મીચકારીને કટાક્ષ કરવો તે, અડધી આંખ મારવી તે)*

**अद्धक्खिय - अर्द्धाक्षिक ( त्रि. )** *(અડધી વિકૃત આંખવાળો, અડધી આંખ વિકૃત હોય તે)*

**अद्धखल्ल - अर्द्धखल्वा ( स्त्री. )** *(એક પ્રકારના જૂતાં, પગરખાં વિશેષ)*

**अद्धचंद - अर्द्धचन्द्र ( पुं. )** *(અર્ધચંદ્ર ૨. અર્ધચંદ્રાકાર પગથિયું ૩. ગ્રહ વિશેષ)*

**अद्धचक्कवाल - अर्द्धचक्रवाल ( न. )** *(ગતિ વિશેષ)*

**अद्धचक्कवाला - अर्द्धचक्रवाला ( स्त्री. )** *(અર્ધગોળાકાર શ્રેણિ, અર્ધવલયાકાર પંક્તિ)*

**अद्धछट्ठ - अर्द्धषष्ठ ( त्रि. )** *(સાડા પાંચ, સાડા પાંચની સંખ્યા)*

**अद्धजंघा ( देशी-स्त्री. )** *(એક પ્રકારના જૂતાં, પગરખાં)*

**अद्धजिण्ण - अर्द्धजीर्ण ( त्रि. )** *(જીર્ણાજીર્ણ, અડધું જીર્ણ થયેલ હોય તે)*

**अद्धजोयण - अर्द्धयोजन ( न. )** *(બે ગાઉ, અડધો યોજન)*

**अद्धट्ठम - अर्द्धाष्टम ( त्रि. )** *(સાડા સાત, આઠમું અડધું છે જેમાં તે)*

**अद्धणाराय - अर्द्धनाराच ( न. )** *(ચોથું સંઘયણ, અર્ધનારાચ સંઘયણ)*

**अद्धतुला - अर्द्धतुला ( स्त्री. )***(પ્રાચીન કાળે મગધ દેશ પ્રસિદ્ધ માપ વિશેષ, પચાસ પલની અર્ધતુલા)*
**अद्धद्ध - अर्द्धार्द्ध ( न. )***(ચોથો ભાગ)*
**अद्धद्धा - अद्धाद्धा ( स्त्री. )***(દિવસ કે રાત્રિનો એક ભાગ)*
**अद्धद्धामीसय - अद्धाद्धामिश्रक ( न. )***(સત્યમૃષા ભાષાનો એક ભેદ, દિવસ રાત્રિને આશ્રયીને મિશ્ર ભાષા બોલવી તે)*
**अद्धपंचममुहुत्त - अर्धपञ्चममुहूर्त ( पुं. )***(દિવસનો ચોથો ભાગ, નવઘડી પ્રમાણ મુહૂર્ત)*
**अद्धपल - अर्धपल ( न. )***(બે કર્ષ પ્રમાણ, માપ વિશેષ)*
**अद्धपलिअंका - अर्धपर्य्य ( ल्य ) ङ्का ( स्त्री. )***(અર્ધપદ્માસન, અડધી પલાંઠી વાળવી તે)*
**अद्धपेडा - अर्द्धपेटा ( स्त्री. )***(ભિક્ષાનો એક પ્રકાર)*
**अद्धभरह - अर्द्धभरत ( पुं. )***(ભરત ખંડનો અડધો ભાગ, ભરતક્ષેત્રના ત્રણ ખંડ)*
**अद्धभरहप्पमाणमेत्त - अर्द्धभरतप्रमाणमात्र ( त्रि. )***(જેનું પ્રમાણ અડધા ભરતક્ષેત્ર જેટલું હોય તે)*
**अद्धमागह - अर्द्धमागध ( न. )***(અર્ધમગધ દેશમાં પ્રચલિત ભાષા, અઢાર પ્રકારની દેશી ભાષામાં બંધાયેલ)*
**अद्धमागही - अर्धमागधी ( स्त्री. )***(જૈનસાહિત્યની પ્રાચીન ભાષા, અર્ધમાગધી ભાષા વિશેષ)*
**अद्धमास - अर्द्धमास ( पुं. )***(પંદર દિવસ પ્રમાણ કાળ, પખવાડીયું)*
**अद्धमासिय - अर्द्धमासिक ( त्रि. )***(પખવાડીયા સંબંધી, અર્ધમાસ સંબંધી)*
**अद्धरत्तकालसमय - अर्द्धरात्रकालसमय ( पुं. )***(મધ્યરાત્રિનો સમય, અડધી રાતનો કાળ)*
**अद्धलव - अर्धलव ( पुं. )***(લવનો સમાન અંશ, માપવિશેષ)*
**अद्धविआरं ( देशी-न. )***(મંડન ૨. વિભૂષા કરવી ૩. અન્યમતના ખંડનપૂર્વક સ્વમતનું સ્થાપન કરવું તે ૪. મંડળ)*
**अद्धवेयाली - अर्धवैताली ( स्त्री. )***(વિદ્યા વિશેષ, વૈતાલીવિદ્યાની મારકવિદ્યા)*
**अद्धसंकासिया - अर्धसाङ्काश्यिका ( स्त्री. )***(એક રાજકન્યા, દેવલસુત રાજાની પુત્રી; જે પોતાની પ્રવ્રજિત માતાથી ઉત્પન્ન થઈ હતી)*
**अद्धसम - अर्धसम ( न. )***(છંદ વિશેષ; જેમાં બે પાદ સરખા હોય અને બે વિષમ હોય)*
**अद्धहार - अर्धहार ( पुं. )***(નવસેરો હાર ૨. તે નામનો દ્વીપ ૩. તે નામનો એક સમુદ્ર)*
**अद्धहारभद्द - अर्धहारभद्र ( पुं. )***(અર્ધહારભદ્રદ્વીપનો અધિપતિ દેવ)*
**अद्धहारमहाभद्द - अर्धहारमहाभद्र ( पुं. )***(જુઓ ઉપરોક્ત અર્થ)*
**अद्धहारमहावर - अर्धहारमहावर ( पुं. )***(અર્ધહાર સમુદ્રનો અધિપતિ દેવ ૨. અર્ધહારવર સમુદ્રનો અધિપતિ દેવ)*
**अद्धहारवर - अर्धहारवर ( पुं. )***(તે નામનો દ્વીપ ૨. તે નામનો સમુદ્ર વિશેષ ૩. તે નામક દ્વીપ અને સમુદ્રનો અધિષ્ઠાયક દેવ)*
**अद्धहारवरभद्द - अर्धहारवरभद्र ( पुं. )***(અર્ધહારવરદ્વીપનો અધિપતિ દેવ)*
**अद्धहारवरमहावर - अर्धहारवरमहावर ( पुं. )***(અર્ધહાર સમુદ્રનો અધિપતિ દેવ)*
**अद्धहारवरवर - अर्धहारवरवर ( पुं. )***(અર્ધહારવર સમુદ્રનો અધિપતિ દેવ)*
**अद्धहारोभास - अर्धहारावभास ( पुं. )***(તે નામનો એક દ્વીપ ૨. તે નામનો એક સમુદ્ર)*
**अद्धहारोभासभद्द - अर्धहारावभासभद्र ( पुं. )***(અર્ધહારાવભાસદ્વીપનો અધિપતિ દેવ)*
**अद्धहारोभासमहाभद्द - अर्धहारावभासमहाभद्र ( पुं. )***(જુઓ ઉપરોક્ત અર્થ)*
**अद्धहारोभासमहावर - अर्धहारावभासमहावर ( पुं. )***(અર્ધહારાવભાસ સમુદ્રનો અધિપતિ દેવ)*
**अद्धहारोभासवर - अर्धहारावभासवर ( पुं. )***(જુઓ ઉપરોક્ત અર્થ)*
**अद्धा - अद्धा ( स्त्री. )***(કાળ, સમય ૨. સંકેત વાચક ૩. લબ્ધિ વિશેષ)*
**अद्धाउय - अद्धायुष् ( न. )***(કાળપ્રધાન આયુષ્ય, કાયસ્થિતિરૂપ આયુષ્યનો ભેદ)*
**अद्धाकाल - अद्धाकाल ( पुं. )***(અઢીદ્વીપમાં વર્તતો કાળ)*
**अद्धाखिण्ण - अध्वखिन्न ( त्रि. )***(માર્ગમાં થાકેલ, રસ્તામાં ઘણું ચાલવાથી થાકેલ)*
**अद्धाछेय - अद्धाच्छेद ( पुं. )***(બે આવલિકા પ્રમાણ કાળ, સમયનું નાનું પરિમાણ)*
**अद्धाढय - अर्द्धाढक ( पुं. )***(મગધદેશ સંબંધી એક માપ વિશેષ)*
**अद्धाण - अध्वन् ( पुं. )***(માર્ગ, રસ્તો, પથ)*
★**अध्वान ( न. )***(પ્રયાણ કરવું તે, યાત્રા કરવી તે)*
**अद्धाणकप्प - अध्वकल्प ( पुं. )***(વિહરણની વિધિ, વિહારકલ્પ)*
**अद्धाणगमण - अध्वगमन ( न. )***(વિહાર કરવો તે)*

**अद्धाणणिग्गय - अध्वनिर्गत ( त्रि. )**(*માર્ગમાંથી નીકળી ગયેલ, માર્ગથી પતિત થયેલ*)

**अद्धाणपडिवन्न - अध्वप्रतिपन्न ( त्रि. )**(*માર્ગને પામેલ, રસ્તે પડેલ*)

**अद्धाणवायणा - अध्ववाचना ( स्त्री. )**(*માર્ગમાં વાચના આપવી તે, સૂત્રાર્થ પ્રદાન કરવા તે*)

**अद्धाणसीसय - अध्वशीर्षक ( न. )**(*માર્ગનો અંત, અટવી આદિનો પ્રવેશરૂપ અંતભાગ, જ્યાંથી આગળ જવા સમુદાયના બધા ભેગા થયા હોય તે સ્થાન*)

**अद्धाणिय - आध्वनिक ( त्रि. )**(*પથિક, મુસાફર*)

**अद्धापच्चक्खाण - अद्धाप्रत्याख्यान ( न. )**(*કાળને આશ્રયીને કરવામાં આવતું પચ્ચક્ખાણ, સમયની મર્યાદા બાંધી કરવામાં આવતું પચ્ચક્ખાણ*)

**अद्धापज्जाय - अद्धापर्याय ( पुं. )**(*કાળનો પર્યાય*)

**अद्धापरिवित्ति - अद्धापरिवृत्ति ( स्त्री. )**(*કાળનું પરાવર્તન*)

**अद्धामीसय - अद्धामिश्रक ( न. )**(*સત્યમૃષાભાષાનો એક ભેદ*)

**अद्धामीसिया - अद्धामिश्रिता ( स्त्री. )**(*સત્યમૃષાભાષાનો એક ભેદ*)

**अद्धारूव - अद्धारूप ( त्रि. )**(*કાળનો સ્વભાવ, કાળ સ્વભાવ*)

**अद्धावक्कंति - अर्धापक्रान्ति ( स्त्री. )**(*ત્રણ પદોમાંથી એક પદનું નષ્ટ થવું કે ખસી જવું તે*)

**अद्धासमय - अद्धासमय ( पुं. )**(*અદ્ધાકાળ, તે લક્ષણ અદ્ધાસમય, કાળનો અવિભાજ્ય અંશ, અતિસૂક્ષ્મકાળ*)

**अद्धि - अब्धि ( पुं. )**(*સમુદ્ર ૨. સરોવર ૩. કાળ વિશેષના અર્થમાં-સાગરોપમ*)

**अद्धिइ ( ति ) करण - अधृतिकरण ( न. )**(*ધૈર્યનો અભાવ, ધીરજ ન રાખવી તે ૨. કલહ*)

**अद्धीकारग - अर्द्धीकारक ( त्रि. )**(*કાર્યને અડધું પોતે અને અડધું બીજાએ કરવું એમ કાર્યના બે ભાગ કરનાર*)

**अद्धुट्ठ - अर्धचतुष्क ( त्रि. )**(*સાડા ત્રણ*)

**अद्धुत्त - अर्धोक्त ( त्रि. )**(*અડધું કહેલ*)

**अद्धु ( धु ) व - अध्रुव ( त्रि. )**(*અનિશ્ચલ, અસ્થિર, ચલ ૨. અનિયત*)

**अद्धु ( धु ) वबंधिणी - अध्रुवबन्धिनी ( स्त्री. )**(*ધ્રુવબંધી કર્મપ્રકૃતિથી ભિન્ન અધ્રુવબંધી કર્મપ્રકૃતિ વિશેષ*)

**अद्धु ( धु ) वसंतकम्म - अध्रुवसत्कर्मन् ( न. )**(*સત્તામાં રહેલ કર્મનો ભેદ, જેનો બંધ થાય પણ ખરો અને ન પણ થાય તેવી કર્મ પ્રકૃતિ*)

**अद्धु ( धु ) वसक्कम्मिया - अध्रुवसत्कर्मिका ( स्त्री. )**(*ધ્રુવસત્તાવાળા કર્મની પ્રતિપક્ષ કર્મપ્રકૃતિ*)

**अद्धु ( धु ) वसत्तागा - अध्रुवसत्ताका ( स्त्री. )**(*જે કર્મની સત્તા હોય પણ ખરી અને ન પણ હોય તેવી કર્મ પ્રકૃતિ, અધ્રુવસત્તાવાળી કર્મપ્રકૃતિ*)

**अद्धु ( धु ) वसाहण - अध्रुवसाधन ( न. )**(*મનુષ્ય જન્મ વગેરે નશ્વર સાધન ૨. અધ્રુવ હેતુ*)

**अद्धु ( धु ) वोदया - अध्रुवोदया ( स्त्री. )**(*અધ્રુવ ઉદયવાળી કર્મપ્રકૃતિ*)

**अद्धोवमिय - अद्धौपम्य ( न. )**(*જેને ઉપમા કે દૃષ્ટાંતથી સમજાવી શકાય તેવું કાળનું એક પરિમાણ, પલ્યોપમ-સાગરોપમ વગેરે*)

**अध - अथ ( अव्य. )**(*હવે, પછી*)

**अधण्ण - अधन्य ( त्रि. )**(*નિંદ્ય, નિંદાને પાત્ર, સૌભાગ્યહીન*)

**अध ( ह ) म - अधम ( त्रि. )**(*જઘન્ય, નિકૃષ્ટ, છેલ્લી કક્ષાનું*)

**अध ( ह ) म्म - अधर्म ( पुं. )**(*અધર્માસ્તિકાય ૨. અશુભ આત્મપરિણામ ૩. સાવદ્યાનુષ્ઠાનરૂપ પાપ ૪. અબ્રહ્મનું સોળમું ગૌણ નામ*)

**अध ( ह ) म्मक्खाइ - अधर्मख्याति ( त्रि. )**(*અધર્મથી જેની ખ્યાતિ છે તે, જેની ધર્મથી ખ્યાતિ નથી તે*)

**अध ( ह ) म्मक्खाइ ( ण् ) - अधर्माऽऽख्यायिन् ( त्रि. )**(*અધર્મનું પ્રતિપાદન કરનાર, અધર્મનું કથન કરનાર*)

**अध ( ह ) म्मजुत्त - अधर्मयुक्त ( न. )**(*પાપસંબંધી દોષના ઉદાહરણનો એક ભેદ*)

**अध ( ह ) म्मत्थिकाय - अधर्मास्तिकाय ( पुं. )**(*છ દ્રવ્યમાંનું બીજું દ્રવ્ય, જીવ અને પુદ્‌ગલને સ્થિર કરવામાં સહાયક તત્ત્વ*)

**अध ( ह ) म्मदाण - अधर्मदान ( न. )**(*અધર્મને પોષનાર દાન, દાનનો એક ભેદ*)

**अध ( ह ) म्मदार - अधर्मद्वार ( न. )**(*આશ્રવદ્વાર, પ્રશ્નવ્યાકરણસૂત્રનું પ્રથમ દ્વાર*)

**अध ( ह ) म्मपक्ख - अधर्मपक्ष ( पुं. )**(*ક્રિયાવાદી, અક્રિયાવાદી, અજ્ઞાનવાદી વગેરે પાખંડીઓનો મત, અધર્મપક્ષ*)

**अध ( ह ) म्मपजणण - अधर्मप्रजनन ( त्रि. )**(*લોકમાં અધર્મને ઉત્પન્ન કરનાર, અધર્મને પેદા કરનારું*)

**अध ( ह ) म्मपडिमा - अधर्मप्रतिमा ( स्त्री. )**(*અધર્મપ્રતિજ્ઞા ૨. અધર્મપ્રધાન શરીર*)

**अध ( ह ) म्मपलज्जण - अधर्मप्ररज्जन ( त्रि. )**(*અધર્મપ્રેમી, અધર્મમાં જ જેને આનંદ આવે છે તે*)

**अध ( ह ) म्मपलोइ ( ण् ) - अधर्मप्रलोकिन् ( त्रि. )***(અધર્મને ઉપાદેય તરીકે જોનાર-કહેનાર, ધર્મને ઉપાદેય રૂપે ન જોનાર)*

**अध ( ह ) म्मराइ ( ण् ) - अधर्मरागिन् ( त्रि. )***(અધર્મપ્રેમી, અધર્મમાં રાગી-આસક્ત)*

**अध ( ह ) म्मरुइ - अधर्मरुचि ( त्रि. )***(ધર્મમાં જેને રુચિ નથી તે, અધર્મપ્રેમી)*

**अध ( ह ) म्मसमुदायार - अधर्मसमुदाचार ( त्रि. )***(ચારિત્ર રહિત, દુરાચારી, અધર્માચરણમાં આસક્ત રહેનારો)*

**अध ( ह ) म्मसीलसमुदायार - अधर्मशीलसमुदाचार ( त्रि. )***(અધર્મરૂપ સ્વભાવ અને આચાર છે જેનો તે, સ્વભાવથી અને ક્રિયાથી અધર્માચારી)*

**अध ( ह ) म्माणुय - अधर्मानुग ( त्रि. )***(અધર્મને અનુસરનાર, શ્રુત-ચારિત્રના અભાવવાળો, અધર્મના આચરણમાં રજામંદી અને અનુમોદન જેને છે તે)*

**अध ( ह ) म्मिजोय - अधर्मियोग ( पुं. )***(નિમિત્ત-વશીકરણાદિ પ્રયોગ કરવા તે)*

**अध ( ह ) म्मिट्ठ - अधर्मिष्ठ ( त्रि. )***(અધર્મી, ક્રૂર કર્મ કરનાર)*

**★अधर्मीष्ट ( त्रि. )***(અધર્મીઓને જે ઇષ્ટ છે તે, અધર્મીઓને પ્રિય)*

**★अधर्मेष्ट ( त्रि. )***(અધર્મપ્રેમી પાપ-પ્રિય, અધર્મ જેને ઇષ્ટ પૂજિત છે તે)*

**अध ( ह ) म्मिय - अधार्मिक ( त्रि. )***(અધર્મી, પાપી, અસંયમી)*

**अध ( ह ) र - अधर ( पुं. )***(નીચેનો હોઠ)*

**अध ( ह ) रगमण - अधरगमन ( न. )***(અધોગતિ ગમનનું કારણ, દુર્ગતિનું કારણ)*

**अध ( ह ) रिम - अधरिम ( त्रि. )***(અમુક સમયે કરજ ન લેવા સંબંધી કે વિવાદ ન કરવા સંબંધિત વિશિષ્ટ નિયમવાળું નગર વગેરે)*

**अध ( ह ) री - अधरी ( स्त्री. )***(ઔષધાદિ વાટવા માટેની ખરલ, ખાંડણી)*

**अध ( ह ) रीलोट्ठ - अधरीलोष्ट ( पुं. )***(ઔષધાદિ વાટવા માટેનો પત્થર, દસ્તો)*

**अध ( ह ) रुट्ठ - अधरोष्ठ ( न. )***(ઉપર-નીચેના હોઠ કે નીચેનો હોઠ)*

**अध ( ह ) व ( वा ) - अथवा ( अव्य. )***(વિકલ્પના અર્થમાં વાપરવામાં આવતો અવ્યય)*

**अधारणिज्ज - अधारणीय ( त्रि. )***(જ્યાં ઋણ સંબંધી તકરાર કરવાની મનાઈ કરવામાં આવેલ હોય તેવું નગરાદિ ૨. પ્રાણ ધારણ કરવાને અસમર્થ)*

**अधि ( हि ) - अधि ( अव्य. )***(અધિકપણું, અધિકતાસૂચક અવ્યય)*

**अधि ( हि ) इ - अधृति ( स्त्री. )***(ધૈર્યનો અભાવ, અધૃતિ, અધીરતા)*

**अधि ( हि ) ग - अधिक ( त्रि. )***(વિશેષ, વધારે, અધિક)*

**अधि ( हि ) गम - अधिगम ( पुं. )***(ગુરુના ઉપદેશથી થતો બોધ, સમ્યક્ત્વનો હેતુ)*

**अधि ( भि ) ( हि ) गमरुइ - अधि ( भि ) गमरुचि ( पुं., स्त्री. )***(ગુરુના ઉપદેશથી થયેલ તત્ત્વજિજ્ઞાસા, સમ્યક્ત્વનો એક પ્રકાર)*

**अधि ( भि ) गमसम्मदंसण - अधिगमसम्यग्दर्शन ( न. )***(ગુરુના ઉપદેશથી પ્રાપ્ત થયેલ સમ્યક્ત્વ-તત્ત્વાવબોધ)*

**अधि ( हि ) गय - अधिकृत ( न. )***(અધિકાર)*

**★अधिगत ( त्रि. )***(પ્રાપ્ત, જાણવામાં આવેલ, જ્ઞાત)*

**अधि ( हि ) गरण - अधिकरण ( न. )***(કલહ, ઝઘડો ૨. હિંસાનું ઓજાર ૩. જેનાથી આત્મા નરકગતિ પામે તે-કર્મ ૪. આધાર ૫. અસંયમ ૬. આત્મભિન્ન વસ્તુ)*

**अधि ( हि ) गरणकिरिया - अधिकरणक्रिया ( स्त्री. )***(અધિકરણ-આરંભ વિષયક ક્રિયા, તલવાર વગેરે હથિયાર નિમિત્તે થતો કર્મબંધ, કલહ વિષયક વ્યાપાર)*

**अ ( आ ) धि ( हि ) गरणिया - आधिकरणिकी ( स्त्री. )***(ક્લેશ કે હિંસાદિના સાધનો પેદા કરવાથી લાગતી ક્રિયા, આધિકરણિકી પાપ ક્રિયા)*

**अधि ( हि ) गरणी - अधिकरणी ( स्त्री. )***(એરણ, લોઢું ટીપવાનું લુહારનું ઓજાર વિશેષ)*

**अधि ( हि ) गार - अधिकार ( पुं. )***(પ્રસ્તાવ, પ્રસંગ ૨. પ્રયોજન ૩. વ્યાપાર ૪. ગ્રંથવિભાગ ૫. સત્તા, હક)*

**अधि ( हि ) ट्ठंत - अधितिष्ठत् ( त्रि. )***(રહેતું, નિવાસ કરતું)*

**अधि ( हि ) ट्ठावण - अधिस्थापन ( न. )***(પાટ-પાટલા પર આચ્છાદિત રજોહરણાદિ પર બેસવું તે, ઉપર રાખવું તે)*

**अधि ( हि ) ट्ठेइत्ता - अधिष्ठाय ( अव्य. )***(આ મારું છે એમ માનીને ગ્રહણ કરેલું)*

**अधि ( हि ) मासग - अधिमासक ( पुं. )***(અધિક માસ)*

**अधि ( हि ) मुत्ति - अधिमुक्ति ( स्त्री. )***(શાસ્ત્ર વિશે શ્રદ્ધાળુ, શાસ્ત્ર પર શ્રદ્ધાવાળો)*

**अधि ( हि ) वइ ( ति ) - अधिपति ( पुं. )**(*પ્રજાનું અતીવ રક્ષણ કરનાર, પ્રજાનો રક્ષક, અધિપતિ*)

**अधीमहि - अधीमहि ( अव्य. )**(*સ્ત્રીને વશ આત્મા, સ્ત્રીને વિશે રહેલ*)

**अधीरपुरिस - अधीरपुरुष ( पुं. )**(*અધીર પુરુષ, અબુદ્ધિમાન, મંદબુદ્ધિ પુરુષ, સાહસવૃત્તિ રહિત પુરુષ, હિમ્મત વગરનો માણસ*)

**अधुव - अध्रुव ( पुं. )**(*ભવિષ્યમાં કદાચિત્ વ્યવચ્છેદ-નાશ પામે તેવો ભવ્ય જીવ સંબંધી જે કર્મબંધ તે અધ્રુવબંધ*)

**अधे ( हे ) कम्म - अधःकर्मन् ( न. )**(*અધોગતિનું કારણભૂત કર્મ*)

**अधो ( हो ) हि - अधोवधि ( पुं. )**(*પરમાવધિથી ઊતરતા ક્રમવાળા અવધિજ્ઞાનવાળો જીવ*)

**अन्तर - अन्तर ( न. )**(*વ્યવધાન*)

**अन्त्रडी ( अप.-स्त्री. ) - अन्त्र ( न. )**(*આંતરડું*)

**अन्नाइस - अन्यादृश ( त्रि. )**(*બીજાના જેવું, અન્ય પ્રકારનું*)

**अप - अप् ( स्त्री. )**(*પાણી, જળ*)

**अप ( प्प ) इट्ठाण - अप्रतिष्ठान ( पुं. )**(*મોક્ષ, મુક્તિ ૨. સાતમી નરકવર્તિ એક નરકાવાસ*)

**अप ( प्प ) इट्ठिय - अप्रतिष्ठित ( त्रि. )**(*પ્રતિષ્ઠાન-સ્થિતિ રહિત, પાયા વિના સ્વાભાવિક રહેલ ૨. અશરીરી ૩. અપ્રતિબદ્ધ*)

**अप ( प्प ) इण्णपसरियत्त - अप्रकीर्णप्रसृतत्व ( न. )**(*જેમાં અસંબદ્ધપણું કે અતિવિસ્તાર ન હોય તેવી વાણી, તીર્થંકરની વાણીના ૩૫ ગુણો પૈકીનો એક ગુણ-સત્યવચનાતિશય*)

**अपउल्ल - अपक्व ( त्रि. )**(*અગ્નિથી પાકેલ નહીં તેવો આહારાદિ, અસંસ્કૃત-અપક્વ કાચાં ફળ ફળી વગેરે*)

**अपएस - अप्रदेश ( त्रि. )**(*પ્રદેશ રહિત, અંશ વગરનું, અવયવ રહિત, જેના ભાગ પડી શકે નહીં તેવું, પરમાણુ આદિ*)

**अपओस - अपद्वेष ( पुं. )**(*દ્વેષનો અભાવ, અમત્સરિતા, માધ્યસ્થભાવ*)

**अपंडिय - अपण्डित ( पुं. )**(*સદ્‌બુદ્ધિથી રહિત, મૂર્ખ, મૂઢ, બુદ્ધિ વગરનો*)

**अपंथ - अपथ ( पुं. )**(*શસ્ત્રથી અચિત્ત નહીં બનેલી પૃથ્વી, સચિત્ત પૃથ્વી*)

**अपक्क - अपक्व ( त्रि. )**(*અગ્નિ વડે પકાવાયેલ ન હોય તેવો આહાર-ઔષધિ આદિ, પક્વપણું ન પામેલ*)

**अपक्कोसहिभक्खणया - अपक्वौषधिभक्षणता ( स्त्री. )**(*અગ્નિ આદિ પર પકાવ્યા વિનાનું અન્ન ખાવું તે, શ્રાવકના સાતમા વ્રતનો પ્રથમ અતિચાર*)

**अपक्खग्गाहि ( ण् ) - अपक्षग्राहिन् ( त्रि. )**(*પક્ષનો અનાગ્રહી, અપક્ષપાતી, શાસ્ત્રબાધિત પક્ષ ન ખેંચે તે*)

**अपगंड - अपगण्ड ( त्रि. )**(*નિર્દોષ, દોષ વિનાનું ૨. પાણીનું ફીણ*)

**अपगंडसुक्क - अपगण्डशुक्ल ( त्रि. )**(*જેમાંથી દોષ નીકળી ગયા હોય તેવું શુક્લ, નિર્દોષ અર્જુન સુવર્ણના જેવું શુક્લ, ચોકખા પાણીના ફીણ જેવું સફેદ*)

**अपचय - अपचय ( पुं. )**(*અપકર્ષ, હીનતા, અભાવ*)

**अप ( प्प ) च्चक्ख - अप्रत्यक्ष ( त्रि. )**(*અચાક્ષુષ, ચક્ષુનો વિષય ન બને તેવું, અપ્રત્યક્ષવતી બુદ્ધિ*)

**अप ( प्प ) च्चक्खाण - अप्रत्याख्यान ( पुं. )**(*પચ્ચક્ખાણ કે વિરતિના પરિણામનો અભાવ ૨. અપ્રત્યાખ્યાનાવરણીય કષાય, દેશવિરતિના પરિણામને અટકાવનાર કષાય*)

**अप ( प्प ) च्चक्खाणकिरिया - अप्रत्याख्यानक्रिया ( स्त्री. )**(*પચ્ચક્ખાણ કે ત્યાગ ન કરવાથી લાગતો કર્મબંધ, અપચ્ચક્ખાણ ક્રિયા*)

**अप ( प्प ) च्चक्खाणि ( ण् ) - अप्रत्याख्यानिन् ( त्रि. )**(*પચ્ચક્ખાણ કે ત્યાગ ન કરનાર, પચ્ચક્ખાણ રહિત*)

**अप ( प्प ) च्चक्खाय - अप्रत्याख्यात ( त्रि. )**(*જેનો ત્યાગ નથી કર્યો તે, ન ત્યજેલ*)

**अप ( प्प ) च्चय - अप्रत्यय ( पुं. )**(*અવિશ્વાસ, અસત્યનો એક ભેદ ૨. અદત્તાદાનનો સત્તરમો ભેદ*)

**अपच्चयकारग - अप्रत्ययकारक ( त्रि. )**(*વિશ્વાસઘાતી, વિશ્વાસભંગ કરનાર*)

**अपच्चल - अप्रत्यल ( त्रि. )**(*અયોગ્ય ૨. અસમર્થ*)

**अपच्छाणुतावि ( ण् ) - अपश्चात्तापिन् ( त्रि. )**(*અપરાધની આલોચના લઈને પશ્ચાત્તાપ ન કરનારો, ગુરુની પાસેથી પ્રાયશ્ચિત્ત લઈને રાજી થનારો*)

**अपच्छायमाणा - अप्रच्छादयत् ( त्रि. )**(*ન છુપાવતો, છાનું ન રાખતો*)

**अपच्छिम - अपश्चिम ( त्रि. )**(*જેના પછી બીજું કોઈ નથી તે, સૌથી છેલ્લું, અંતિમ ૨. આખરનું મરણ*)

**अपच्छिममारणंतियसंलेहणाझूसणा - अपश्चिममारणान्तिकसंलेखनाजोषणा ( स्त्री. )**(*મરણ સમયે જેના દ્વારા શરીર અને કષાયાદિ પાતળા કરાય તે સંલેખના નામના તપ વિશેષની સેવના-આચરણા*)

**अपच्छिममारणंतियसंलेहणाझूसणाझूसिय** - **अपश्चिममारणान्तिकसंलेखनाजोषणाजोषित ( झूषित )** **( त्रि. )***(અંત સમયે સંલેખના તપ દ્વારા શરીર તથા કષાયાદિને ખપાવ્યા છે જેણે તે, મરણ સમયે સંલેખના કરી દેહ ખપાવનાર)*

**अपच्छिममारणंतियसंलेहणाझूसणाराहणता** - **अपश्चिममारणान्तिकसंलेखनाजोषणाराधनता** **( स्त्री. )***(અંતસમયે મારણાંતિકી સંલેખના તપની અખંડ આરાધના કરવી તે)*

**अपज्जत्त - अपर्याप्त ( त्रि. )***(અસમર્થ ૨. અસંપૂર્ણ ૩. સ્વકાર્યમાં અક્ષમ ૪. સ્વયોગ્ય પર્યાપ્તિઓ સંપૂર્ણ નથી કરી તે-અપર્યાપ્તો)*

**अपज्जत्तग - अपर्याप्तक ( पुं. )***(અસમર્થ ૨. અસંપૂર્ણ ૩. સ્વકાર્યમાં અક્ષમ ૪. સ્વયોગ્ય પર્યાપ્તિઓ સંપૂર્ણ નથી કરી તે-અપર્યાપ્તો)*

**अपज्जत्तणाम - अपर्याप्तनामन् ( न. )***(અપર્યાપ્ત નામકર્મ, નામકર્મનો એક પ્રકાર કે જેના ઉદયથી જીવ પોતાને યોગ્ય પર્યાપ્તિઓ પૂરી કરી શકતો નથી)*

**अपज्जत्ति - अपर्याप्ति ( स्त्री. )***(પર્યાપ્તિની અપૂર્ણતા, પોતાના સ્થાન યોગ્ય પર્યાપ્તિ પૂરી કરી ન હોય તે)*

**अपज्जवसिय - अपर्यवसित ( त्रि. )***(જેનો અંત નથી તે, અનંત)*

**अपज्जुवासणा - अपर्युपासना ( स्त्री. )***(પર્યુપાસના-સેવા ન કરવી તે, અપર્યુપાસના)*

**अपज्जोसणा - अपर्युषणा ( स्त्री. )***(અપ્રાપ્ત પર્યુષણા અથવા અતીત પર્યુષણા)*

**अपट्ठविय - अप्रस्थापित ( त्रि. )***(પ્રસ્થાપન નહીં કરાયેલ, સારી રીતે નહિ સ્થાપેલ)*

**अप ( प्प ) डिकम्म - अप्रतिकर्मन् ( न. )***(જેમાં શરીરની ચેષ્ટા જેવી કે હલનચલન આદિ ન થાય તેવા પાદપોપગમન નામના અનશનનો એક પ્રકાર)*

**अप ( प्प ) डिक्कंत - अप्रतिक्रान्त ( त्रि. )***(દોષ કે અતિચારથી નિવૃત્ત ન થયેલ, વ્રત નિયમોમાં લાગેલ અતિચારની શુદ્ધિ ન કરેલ)*

**अप ( प्प ) डिचक्क - अप्रतिचक्र ( त्रि. )***(પરચક્રથી અસમાન, પરચક્ર-સૈન્ય જેની બરાબરી ન કરી શકે તેવું, અતુલ્ય)*

**अपडिच्छिरो ( देशी-त्रि. )***(મૂર્ખ, જડમતિ, અલ્પબુદ્ધિ)*

**अप ( प्प ) डिण्ण - अप्रतिज्ञ ( त्रि. )***(અસત્‌ના સમર્થનની પ્રતિજ્ઞાથી રહિત ૨. રાગ-દ્વેષ રહિત ૩. કોઈનું પણ બૂરું કરવાના નિશ્ચયથી રહિત ૪. ફળની ઈચ્છાથી નિયાણું ન કરનાર)*

**अपडिपुण्ण - अप्रतिपूर्ण ( त्रि. )***(ગુણહીન, તુચ્છ, અધૂરું)*

**अपडिपोग्गल - अप्रतिपुद्गल ( न. )***(દરિદ્ર, નિર્ધન)*

**अप ( प्प ) डिबज्झंत - अप्रतिबध्यमान ( त्रि. )***(કોઈ ઠેકાણે પ્રતિબંધ ન કરતો, રાગ-દ્વેષથી ન લેપાતો)*

**अप ( प्प ) डिबद्ध - अप्रतिबद्ध ( त्रि. )***(પ્રતિબંધ-આસક્તિ રહિત, અભિષ્વંગ-રાગ રહિત)*

**अप ( प्प ) डिबद्धया - अप्रतिबद्धता ( स्त्री. )***(નિઃસંગપણું, અપ્રતિબદ્ધતા, રાગરહિત માનસિકતા, નીરોગીપણું)*

**अप ( प्प ) डिबद्धविहार - अप्रतिबद्धविहार ( पुं. )***(પ્રતિબંધ રહિતનો વિહાર, દ્રવ્યાદિ અભિષ્વંગ રહિત વિહાર)*

**अप ( प्प ) डिबुज्झमान - अप्रतिबुध्यमान ( त्रि. )***(શબ્દાન્તરને ન સમજતો, ન ધારણા કરતો)*

**★अप्रत्यूहमान ( त्रि. )***(વેર પામેલ માનસ થકી નહીં હરાતું, ન ખેંચાતું)*

**अप ( प्प ) डियार - अप्रतिकार ( पुं. )***(વ્યસન કે દુઃખના ઉપાયનો અભાવ, ઉપાય રહિત, ઈલાજનો અભાવ)*

**अप ( प्प ) डिरूव - अप्रतिरूप ( त्रि. )***(જેની બરાબરીવાળું બીજાનું રૂપ નથી તે, તથાપ્રકારનો વિનય)*

**अप ( प्प ) डिलद्ध - अप्रतिलब्ध ( त्रि. )***(અપ્રાપ્ત, ન થયેલ, પ્રાપ્ત ન થયેલ)*

**अप ( प्प ) डिलद्धसम्मत्तरयणपडिलंभ** - **अप्रतिलब्धसम्यक्त्वरत्नप्रतिलम्भ ( त्रि. )***(પૂર્વમાં અપ્રાપ્ત એવા સમ્યક્ત્વરત્નની સંપ્રાપ્તિ ૨. નહીં પ્રાપ્ત થયેલ વિપુલ કૂળમાં ઉત્પન્ન થયેલ)*

**अप ( प्प ) डिलेस्स - अप्रतिलेश्य ( त्रि. )***(અસાધારણ મનોબળવાળા, અતુલ્ય મનોવૃત્તિવાળા)*

**अप ( प्प ) डिलेहण - अप्रत्युपेक्षण ( न. )***(પડિલેહણ ન કરવું તે, પાસે રહેલ શય્યાસનાદિનું દૃષ્ટિથી નિરીક્ષણ ન કરવું તે)*

**अप ( प्प ) डिलेहणासील - अप्रतिलेखनाशील ( त्रि. )***(દૃષ્ટિ પડિલેહણા ન કરવાના સ્વભાવવાળો, જોયા વગર ચાલવાની કુટેવવાળો)*

**अप ( प्प ) डिलेहिय - अप्रतिलेखि ( प्रत्युपेक्षि ) त** **( त्रि. )***(જીવરક્ષાના હેતુથી દૃષ્ટિએ કરી અનિરીક્ષિત-ન જોયેલ, જયણાપાલનના હેતુથી પડિલેહણા ન કરાયેલ)*

**अप ( प्प ) डिलेहियदुप्पडिलेहियउच्चारपासवणभूमि** - **अप्रत्युपेक्षितदुष्प्रत्युपेक्षितोच्चारप्रश्रवणभूमि** **( स्त्री. )***(પૌષધાદિમાં ઝાડો-પેશાબ પરઠવવાની ભૂમિનું જીવરક્ષાર્થે સારી રીતે નિરીક્ષણ ન કરવાથી લાગતો દોષ, શ્રાવકના અગ્યારમાં વ્રતનો ત્રીજો અતિચાર)*

**अप ( प्प ) डिलेहियदुप्पडिलेहियसिज्जासंथारय - अप्रत्युपेक्षितदुष्प्रत्युपेक्षितशय्यासंस्तारक ( पुं. )**(પૌષધવ્રતમાં પાથરવાનો સંથારો ન પડિલેહવાથી કે સારી રીતે ન પડિલેહવાથી લાગતો દોષ, અગ્યારમાં વ્રતનો પહેલો અતિચાર)

**अप ( प्प ) डिलेहियपणग - अप्रतिलेखितपञ्चक ( न. )**(પડિલેહણ કર્યા વગરના પીંછી, ઘુંટણ અને કોણી નીચે રાખવાનો ચાકળો, ઓશીકું, ગાલ મસુરીયું અને આસનક્રિયા-કંબલાદિ આ પાંચેય વસ્તુઓ)

**अप ( प्प ) डिलोमया - अप्रतिलोमता ( स्त्री. )**(અનુકૂળતા)

**अप ( प्प ) डिवाइ ( ण् ) - अप्रतिपातिन् ( त्रि. )**(એકવાર આવ્યું પાછું જાય નહીં તે, સદાકાળ રહે તે, કેવળજ્ઞાન અવધિજ્ઞાન વગેરે)

**अप ( प्प ) डिसंलीण - अप्रतिसंलीन ( त्रि. )**(જેણે ઇન્દ્રિયો અને કષાયોનો નિગ્રહ નથી કર્યો તે, અસંયત)

**अप ( प्प ) डिसुणेत्ता - अप्रतिश्रुत्य ( अव्य. )**(પ્રતિશ્રવણ ન કરીને ૨. પ્રત્યુત્તર નહીં આપીને)

**अपडिसेह - अप्रतिषेध ( पुं. )**(રોક ટોક નહીં તે, બેરોકટોક, પ્રતિષેધ રહિત, રુકાવટ વગરનું)

**अपडिस्साvि ( ण् ) - अप्रतिस्राविन् ( त्रि. )**(ટપકવાની કે ઝરવાની ક્રિયા જેમાં ન થતી હોય તેવું, નહીં ટપકનાર)

**अप ( प्प ) डिहड - अप्रतिहृत्य ( अव्य. )**(અર્પણ નહીં કરીને, પાછું નહીં આપીને, પાછું આપ્યા વિના)

**अप ( प्प ) डिहणंत - अप्रतिघ्नत् ( त्रि. )**(તેના વચનને પ્રતિઘાત ન પમાડતો ૨. તે વચનને નહીં પડકારતો)

**अप ( प्प ) डिहय - अप्रतिहत ( त्रि. )**(પ્રતિઘાત રહિત, અખંડિત ૨. અવિસંવાદી ૩. અન્ય વડે ઉલ્લંઘન કરવા અશક્ય)

**अप ( प्प ) डिहयगइ - अप्रतिहतगति ( त्रि. )**(અપ્રતિબંધ વિહાર કરનાર, પ્રતિબંધ રહિત વિચરનાર-સાધુ)

**अप ( प्प ) डिहयपच्चक्खायपावकम्म - अप्रतिहतप्रत्याख्यातपापकर्मन् ( त्रि. )**(અતીત અને અનાગત કાળ સંબંધી પાપકર્મના પચ્ચક્ખાણ જેણે નથી કર્યા તે, ભૂતભાવીના અનિષિદ્ધ પાપકર્મવાળો)

**अप ( प्प ) डिहयबल - अप्रतिहतबल ( त्रि. )**(જેનું બળ કોઈનાથી હણાય નહીં કે કોઈ જેના બળનું ઉલ્લંઘન કરી શકે નહીં તે, અપ્રતિહત સામર્થ્યવાળો)

**अप ( प्प ) डिहयवरणाणदंसणधर - अप्रतिहतवरज्ञानदर्शनधर ( पुं. )**(અસ્ખલિત-અપ્રતિહત એવા કેવળજ્ઞાન અને કેવળદર્શનને ધારણ કરનાર, કેવળજ્ઞાન-દર્શનવાળા જિનેશ્વર દેવ)

**अप ( प्प ) डिहयसासण - अप्रतिहतशासन ( त्रि. )**(જેની આજ્ઞા અખંડિતપણે પાળવામાં આવે તે)

**अप ( प्प ) डिहारय - अप्रतिहारक ( पुं. )**(તેના માલિકને પાછા ન આપવા યોગ્ય શય્યા-સંસ્તારકાદિ)

**अप ( प्प ) डीकार - अप्रतीकार ( त्रि. )**(જેનો પ્રતિકાર-ઈલાજ ન હોય તે, રક્ષણના ઉપાય વગરનો ૨. સૂતિકર્માદિ રહિત)

**अप ( प्प ) डुप्पण्ण - अप्रत्युत्पन्न ( त्रि. )**(વર્તમાન નથી તે, અવિદ્યમાન ૨. પ્રતિપત્તિ કરવામાં અકુશળ)

**अपढम - अप्रथम ( त्रि. )**(પ્રથમતા જેમાં નથી તે, શરૂઆત વગરનું, અનાદિ)

**अपढमखगइ - अप्रथमखगति ( स्त्री. )**(અપ્રથમ-બીજા ક્રમની-અપ્રશસ્ત યાને અશુભ વિહાયોગતિ-ચાલ)

**अपढमसमय - अप्रथमसमय ( पुं. )**(પ્રથમ સમય નહીં તે, બીજો ત્રીજો સમય વગેરે)

**अपढमसमयउववण्णग - अप्रथमसमयोपपन्नक ( पुं. )**(જેને ઉત્પન્ન થયે એકથી વધુ બે-ત્રણ સમય થયો હોય તે, એકાધિક-બે ત્રણ સમયમાં ઉત્પન્ન થયેલ નૈરયિક કે દેવપર્યંતનો જીવ)

**अपढमसमयउवसंतकसायवीयरागसंजम - अप्रथमसमयोपशान्तकषायवीतरागसंयम ( पुं. )**(કષાય ઉપશમાવ્યાને જેને એકથી વધારે-બે ત્રણ સમય થયા છે તેવા ઉપશાન્તકષાયવાળા વીતરાગ સંયમનો ભેદ)

**अपढमसमयएगिंदिय - अप्रथमसमयैकेन्द्रिय ( पुं. )**(જે જીવને એકેન્દ્રિયપણું પ્રાપ્ત કર્યે એકથી વધુ સમય થયા હોય તે)

**अपढमसमयक्खीणकसायवीयरागसंजम - अप्रथमसमयक्षीणकषायवीतरागसंयम ( पुं. )**(કષાય ક્ષય કર્યે-ક્ષપકશ્રેણીએ ચઢ્યે જેને એકથી વધારે-બે ત્રણ સમય થયા છે તેવું ક્ષીણકષાય વીતરાગ સંયમ, ક્ષીણકષાય-ક્ષપકશ્રેણી પ્રાપ્ત વીતરાગ સંયમ)

**अपढमसमयसजोगिभवत्थ - अप्रथमसमयसयोगिभवस्थ ( पुं. )**(સયોગિભવસ્થ થયે-તેરમે ગુણઠાણે ચડ્યે જેને એકથી વધારે-બે ત્રણ સમય થયા છે તે, સયોગિભવસ્થનો એક ભેદ)

**अपढमसमयसिद्ध - अप्रथमसमयसिद्ध ( पुं. )**(જેણે સિદ્ધપણું પ્રાપ્ત કર્યાને એકથી વધારે-બે ત્રણ સમય થયા છે તે, પ્રથમ સમય સિવાય બીજા ત્રીજા સમયના સિદ્ધપણાના પર્યાયમાં વર્તતા સિદ્ધ ભગવાન)

**अप ( प्प ) मायभावणा - अप्रमादभावना ( स्त्री. )**(મદિરા આદિ પ્રમાદોનું સેવન ન કરવું તે, અપ્રમાદભાવના)

**अप ( प्प ) मायवुड्ढिजणगत्तण - अप्रमादबुद्धिजनकत्व ( न. )**(અપ્રમાદની વૃદ્ધિ-પ્રકર્ષની ઉત્પાદકતા)

**अप ( प्प ) मायपडिसेवणा - अप्रमादप्रतिसेवना ( स्त्री. )**(અપ્રમાદકલ્પની પ્રતિસેવના)

**अप ( प्प ) मेय - अप्रमेय ( त्रि. )**(પ્રમાણથી ગ્રાહ્ય ન હોય તે, પ્રમાણથી જેનો નિશ્ચય ન થઈ શકે તે ૨. જેનું જ્ઞાન ન થઈ શકે તે)

**अपयमाण - अपचमान ( पुं. )**(પાક-રસોઈ ન કરતો, ભોજન ન પકાવતો)

**अपया - अप्रजा ( स्त्री. )**(વાંઝણી સ્ત્રી, સંતાન વિહોણી સ્ત્રી)

**अपर - अपर ( पुं. )**(જેનાથી બીજું પ્રધાન-શ્રેષ્ઠ નથી તે ૨. સંયમ ૩. પૂર્વે કહેલ હોય તેનાથી ભિન્ન ૪. પશ્ચિમ વિભાગ)

**अपरक्कम - अपराक्रम ( त्रि. )**(પરાક્રમ-સામર્થ્ય રહિત, જેનું જંઘાબળ ક્ષીણ થયેલ હોય તે)

**अपरक्कममरण - अपराक्रममरण ( न. )**(શક્તિ-સામર્થ્ય નષ્ટ થયેલનું મરણ, જેમાં પરાક્રમ નથી એવું મરણ)

**अपरपरिग्गहिय - अपरपरिगृहीत ( त्रि. )**(બીજા સાધુ દ્વારા ગ્રહણ કરાયેલ, અન્યે ગ્રહણ કરેલ)

**अपराइत ( य ) - अपराजित ( त्रि. )**(પરાજય ન પામેલ, બીજાથી ન જીતાયેલ, અપરાભૂત ૨. ૭૨મો મહાગ્રહ ૩. અનુત્તરૌપપાતિક દેવ વિશેષ કે દેવવિમાન ૪. સાતમો પ્રતિવાસુદેવ ૫. શ્રીઋષભદેવસ્વામીના ૬૩મા પુત્રનું નામ ૬. તે નામના ચૌદપૂર્વધર આચાર્ય ૭. મેરુ પર્વતના ઉત્તરભાગે આવેલ રુચક પર્વતના કુટનું નામ ૮. જંબૂદ્વીપની જગતીના કોટના ઉત્તર દિશાના દ્વારનું નામ ૯. લવણસમુદ્ર ધાતકીખંડ કાલોદધિસમુદ્ર અને પુષ્કરોદધિ સમુદ્રના એક દરવાજાનું નામ)

**अपराइया - अपराजिता ( स्त्री. )**(મહાવત્સા વિજયની મુખ્ય રાજધાનીનું નામ ૨. વપ્રકાવતી વિજયની રાજધાનીનું નામ ૩. દશમી રાત્રિનું નામ ૪. અંજન ગિરિના ઉત્તરભાગે રહેલ વાવડીનું નામ ૫. અંગારક મહાગ્રહની અગ્રમહિષીનું નામ ૬. બધા મહાગ્રહોની ચોથી અગ્રમહિષીનું નામ ૭. રુચક પર્વતની આઠમી દિક્કુમારિકાની મહત્તરાનું નામ ૮. આઠમા બળદેવ-વાસુદેવની માતાનું નામ ૯. ચંદ્રપ્રભસ્વામીની દીક્ષા શિબિકાનું નામ ૧૦. અહિછત્રા તીર્થસ્થાને રહેલ એક ઔષધિનું નામ)

**अपरामुट्ठविधेयंस - अपरामृष्टविधेयांश ( न. )**(અનુમાનનો એક પ્રસિદ્ધ દોષ)

**अपरिआइत्तए - अपर्यादाय ( अव्य. )**(ગ્રહણ કર્યા વિના, ગ્રહણ નહીં કરીને)

**अपरिआविय - अपरितापित ( त्रि. )**(પોતાનાથી કે બીજાથી જેને પરિતાપ-દુઃખ નથી પહોંચ્યું તે, અપરિતાપિત)

**अपरिकम्म - अपरिकर्मन् ( त्रि. )**(સાધુ નિમિત્તે વિલેપનાદિ પરિકર્મ વર્જિત, શરીર સત્કારાદિ જેમાં ન થઈ શકે તેવો સંથારાનો એક પ્રકાર-પાદપોપગમનાદિ)

**अपरिक्कम - अपराक्रम ( त्रि. )**(પરાક્રમ રહિત, સામર્થ્ય વગરનું)

**अपरिक्खदिट्ठ - अपरीक्ष्यदृष्ट ( त्रि. )**(અવિચારીપણે કહેલ, અવિમૃશ્યકારી વચન)

**अपरिक्खिय - अपरीक्षित ( त्रि. )**(ઉપસ્થાપના યોગ્ય પરીક્ષા ન કરાયેલ, મહાવ્રતોના આરોપણ કરવા માટે પરીક્ષા ન કરાયેલ)

★**अपरीक्ष्य ( अव्य. )**(અનાલોચિત, અવિચારી, પરીક્ષા ન કરીને, તપાસ્યા વિના)

**अपरिखेदितत्त - अपरिखेदितत्व ( न. )**(અનાયાસે ઉત્પત્તિ સ્વરૂપ વચનનો ૩૪મો અતિશય, અનાયાસે ઉત્પન્ન વચન)

**अपरिग्गह - अपरिग्रह ( पुं. )**(જેની પાસે ધર્મોપકરણ સિવાય સ્વલ્પ પણ શરીરોપભોગનો પરિગ્રહ ન હોય તે, ધનાદિ રહિત, નિષ્પરિગ્રહી-સાધુ)

**अपरिग्गहसंवुड - अपरिग्रहसंवृत ( त्रि. )**(ધનાદિ પરિગ્રહ રહિત અને ઇન્દ્રિયોના સંવરથી યુક્ત - સાધુ, અપરિગ્રહરૂપ સંવરવાળો)

**अपरिग्गहा - अपरिग्रहा ( स्त्री. )**(જેની પાસે કોઈપણ પ્રકારનો પરિગ્રહ નથી તેવી સ્ત્રી, સાધારણ સ્ત્રી)

**अपरिग्गहिया - अपरिगृहीता ( स्त्री. )**(વેશ્યા, રખાત, અનાથ સ્ત્રી, ૨. વિધવા સ્ત્રી ૩. દાસી કે દેવદાસી)

**अपरिग्गहियागमण - अपरिगृहीतागमन ( न. )**(અવિવાહિત સ્ત્રીની સાથે મૈથુન સેવવું તે, શ્રાવકના બ્રહ્મચર્યવ્રત-ચોથાવ્રતનો બીજો અતિચાર)

**अपरिचत्तकामभोग - अपरित्यक्तकामभोग ( पुं. )**(જેણે કામભોગોને છોડ્યા નથી તે, ઇન્દ્રિયોના મનોજ્ઞ પાંચ વિષયોને જેણે ત્યજ્યા નથી તે)

**अपरिच्छ - अपरीक्ष ( त्रि. )**(યોગ્ય પરીક્ષાથી વિકલ, યોગ્ય પરીક્ષા વગરનું)

**अपरिच्छण्ण - अपरिच्छन्न ( त्रि. )**(આચ્છાદન વગરનું, અનાવૃત ૨. પરિવાર રહિત, પરિવાર વગરનું)

**अपरिच्छय - अपरीक्षक ( त्रि. )**(ઉત્સર્ગ અપવાદના લાભાલાભ વિચાર્યા વગર પ્રવૃત્તિ કરનાર)

**अपढमसमयसुहुमसंपरायसंजम - अप्रथमसमयसूक्ष्मसंपरायसंयम** ( पुं. )*(સૂક્ષ્મ સંપરાય સંયમ પ્રાપ્ત કર્યે જેને એકથી અધિક સમય થયા છે અર્થાત્ દશમું ગુણસ્થાનક પ્રાપ્ત કર્યે જેને એકથી વધુ-બે ત્રણ સમય થયા હોય તે-સરાગ સંયમી, દશમાં ગુણસ્થાનક-સરાગ સંયમનો ભેદ)*

**अपण्णविय - अप्रज्ञापित** ( त्रि. )*(જેને જણાવવામાં ન આવેલ હોય તે, બેખબર હોય તે)*

**अपत्त - अपात्र** ( त्रि. )*(અયોગ્ય, લાયક ન હોય તે, કુપાત્ર ૨. ભાજન શૂન્ય, આધાર રહિત)*

★**अप्राप्त** ( त्रि. )*(પામેલ નહીં, અપ્રાપ્ત, અલબ્ધ ૨. પૂર્વમાં નહીં સાંભળેલ)*

**अपत्तजात - अपत्रजात** ( त्रि. )*(જેને પાંખ નથી આવી તેવું પક્ષીનું બચ્ચું, પાંખ વગરનું પક્ષીનું બચ્ચું)*

**अपत्तजोवणा - अप्राप्तयौवना** ( स्त्री. )*(યૌવનને પ્રાપ્ત ન થયેલી સ્ત્રી, કુમારિકા, બાળા)*

**अपत्तभूमिग ( य ) - अप्राप्तभूमिक** ( पुं. )*(જેણે ભૂમિકાને પ્રાપ્ત નથી કરી તે, અપ્રાપ્ત ભૂમિવાળો, દૂર રહ્યો હોઈ ઈષ્ટસ્થાને ન પહોંચેલ)*

**अपत्तविसय - अप्राप्तविषय** ( त्रि. )*(અપ્રાપ્ય છે ગ્રાહ્ય વસ્તુરૂપ વિષય જેને તે-મન લોચન, અપ્રાપ્યકારી ઈન્દ્રિય)*

**अपत्तिय - अपात्रिक** ( त्रि. )*(જેને કંઈ આધાર નથી તે, આધાર વગરનો)*

★**अप्रीतिका** ( स्त्री. )*(પ્રીતિ વગરની, પ્રેમ રહિત)*

**अपत्थ - अपथ्य** ( त्रि. )*(અપથ્ય, શરીરની પ્રકૃતિથી વિરુદ્ધ ભોજન-પાણી)*

**अप ( प्प ) त्थण - अप्रार्थन** ( न. )*(ઈચ્છા ન કરવી તે, પ્રાર્થનાનો અભાવ, અભિલાષ ન સેવવો તે)*

**अप ( प्प ) त्थिय - अप्रार्थित** ( त्रि. )*(વણમાંગેલું, અનિચ્છિત, અપ્રાર્થિત આવી પડેલું)*

**अप ( प्प ) त्थियपत्थ ( त्थि ) य - अप्रार्थितप्रार्थक** ( त्रि. )*(જેને કોઈ ન ઈચ્છે તે અપ્રાર્થિત-મરણને ઈચ્છનાર, મરણનો અભિલાષી)*

**अपद ( य ) - अपद** ( न. )*(પગ વિહીન ૨. વૃક્ષ ૩. પરિગ્રહ ૪. સૂત્રદોષનો એક ભેદ ૫. સિદ્ધાત્મા-મુક્તાત્મા)*

**अपदंस - अपदंश** ( पुं. )*(પિત્તરુચિ)*

**अप ( प्प ) दुस्समाण - अप्रद्विष्यत्** ( त्रि. )*(પ્રદ્વેષ ન કરતો, દ્વેષ ન કરતો)*

**अपद्दवंत - अपद्रवत्** ( त्रि. )*(મરણ પામતો, મરતો)*

**अपप्पकारित्त - अप्राप्यकारित्व** ( न. )*(વિષયગ્રાહ્ય વસ્તુને ફરસ્યા વગર વિષય વસ્તુને ગ્રહણ કરનાર ઈન્દ્રિયનો ધર્મ)*

**अप ( प्प ) भु - अप्रभु** ( पुं. )*(નોકર વગેરે, સ્વામી સિવાયનો ૨. અસમર્થ)*

**अप ( प्प ) मज्जणसील - अप्रमार्जनशील** ( त्रि. )*(રજોહરણાદિ વડે પ્રમાર્જના ન કરવાના સ્વભાવવાળો, અપ્રમાર્જનાશીલ સાધુ-સાધ્વી)*

**अप ( प्प ) मज्जित्ता - अप्रमार्ज्य** ( अव्य. )*(રજોહરણાદિ વડે પ્રમાર્જના ન કરીને, ઓઘા વડે નહીં પુંજીને)*

**अप ( प्प ) मज्जिय - अप्रमार्जित** ( त्रि. )*(રજોહરણ કે વસ્ત્રાંચલ વડે અવિશોધિત, રજોહરણાદિથી અપ્રમાર્જિત-નહીં પુંજેલ)*

**अप ( प्प ) मज्जियचारि ( ण् ) - अप्रमार्जितचारिण्** ( पुं. )*(પ્રમાર્જના કર્યા વગરના સ્થાનમાં બેસનાર ચાલનાર મળ-મૂત્રાદિ વિસર્જિત કરનાર-સાધુ, અસમાધિનું બીજું સ્થાનક સેવનાર)*

**अप ( प्प ) मज्जियदुप्पमज्जियउच्चारपासवणभूमि - अप्रमार्जितदुष्प्रमार्जितोच्चारप्रस्त्रवणभूमि** ( स्त्री. )*(પૌષધવ્રતમાં ઉચ્ચાર-પાસવણની ભૂમિની બરાબર પ્રમાર્જના ન કરવાથી કે મુદ્દલ ન પુંજવાથી લાગતો અતિચાર)*

**अप ( प्प ) मज्जियदुप्पमज्जियसिज्जासंथार - अप्रमार्जितदुष्प्रमार्जितशय्यासंस्तार** ( पुं. )*(પૌષધોપવાસનો એક અતિચાર, અપ્રમાર્જિત દુષ્પ્રમાર્જિત શય્યા સંસ્તારક દોષ)*

**अप ( प्प ) मत्त - अप्रमत्त** ( त्रि. )*(અપ્રમત્ત, અપ્રમાદી, મદાદિ છ પ્રકારના પ્રમાદથી રહિત)*

**अप ( प्प ) मत्तसंजय - अप्रमत्तसंयत** ( पुं. )*(સાતમા ગુણસ્થાનકે વર્તતો જીવ, સર્વપ્રમાદ રહિત સપ્તમગુણસ્થાનકવર્તી સાધુ)*

**अप ( प्प ) मत्तसंजयगुणट्ठाण - अप्रमत्तसंयतगुणस्थान** ( न. )*(અપ્રમત્તસંયત ગુણસ્થાન નામનું સાતમું ગુણસ્થાન, સાતમા ગુણસ્થાનકનું નામ)*

**अप ( प्प ) माण - अप्रमाण** ( न. )*(પ્રમાણથી અધિક ૨. અપ્રમાણ-અસત્ય, પ્રામાણ્ય વિરુદ્ધ)*

**अप ( प्प ) माणभोइ ( ण् ) - अप्रमाणभोजिन्** ( त्रि. )*(બત્રીસ કોળીયાથી અધિક આહાર કરનાર, અપ્રમાણભોજી)*

**अप ( प्प ) माय - अप्रमाद** ( पुं. )*(પ્રમાદ રહિત, પ્રમાદ વર્જન લક્ષણ બત્રીસ યોગસંગ્રહ પૈકીનો ૨૬મો યોગસંગ્રહ)*

**अप ( प्प ) मायपडिलेहा - अप्रमादप्रत्युपेक्षणा** ( स्त्री. )*(પ્રમાદ વર્જીને પડિલેહણા કરવી તે, અપ્રમાદીપણે અણચ્ચાવિય આદિ ૬૭ પ્રકારની પડિલેહણા કરવી તે)*

**अपरिणय - अपरिणत ( त्रि. )**(જે પોતાના સ્વરૂપથી રૂપાન્તર ન પામેલ હોય તે-પદાર્થ, સાધુને ભિક્ષામાં જે પૂરે પૂરી અચિત્ત ન હોય તેવો આહાર લેવાથી લાગતો એક દોષ, એષણાનો સાતમો દોષ)

**अपरिणामग - अपरिणामक ( पुं. )**(અલ્પમતિ શિષ્ય, જેને જિનવચનના રહસ્યો પરિણામ નથી પામ્યા તેવો શિષ્ય, સૂત્રાર્થનો અજાણ સાધુ)

**अपरिणिव्वाण - अपरिनिर्वाण ( न. )**(સર્વ તરફનું માનસિક અને શારીરિક દુઃખ-પીડા)

**अपरिण्णत्त - अपरिज्ञप्त ( त्रि. )**(નહિ જણાવાયેલ, જાણકારી પ્રાપ્ત ન કરેલ)

**अपरिण्णाय - अपरिज्ञात ( त्रि. )**(જ્ઞપરિજ્ઞાથી નહીં સમજેલ અને પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી પ્રત્યાખ્યાન ન કરેલ, સમજણના અભાવમાં કરેલ પચ્ચક્ખાણ)

**अपरितंत - अपरितान्त ( त्रि. )**(નહિ થાકેલ, નહીં કંટાળેલ)

**अपरितंतजोगि ( ण् ) - अपरितान्तयोगिन् ( त्रि. )**(ખેદરહિત સમાધિવાળો, સંયમમાં જેના યોગો અવિશ્રાન્ત છે તે)

**अपरितावणया - अपरितापनता ( स्त्री. )**(શરીરમાં સંતાપ ન ઊપજવો તે, શરીરે પરિતાપ ન થવો તે)

**अपरिताविय - अपरितापित ( त्रि. )**(સ્વતઃ કે બીજાથી માનસિક કે કાયિક સંતાપ જેને નથી થયો તે)

**अपरित्त - अपरीत ( पुं. )**(સાધારણ શરીરવાળો જીવ ૨. અનંત સંસારી જીવ)

**अपरिभूय - अपरिभूत ( त्रि. )**(જે કોઈનાથી પરાભવ ન પામે તે, જેનો કોઇ પરાભવ કરી ન શકે તેવો ધનવાન કે બળવાન)

**अपरिभोग - अपरिभोग ( पुं. )**(પરિભોગનો અભાવ, વસ્ત્ર-અલંકારાદિ જે વારંવાર ભોગવાય તેવી પરિભોગની સામગ્રીનો અભાવ)

**अपरिमाण - अपरिमाण ( त्रि. )**(ક્ષેત્રથી કે કાળથી પરિમાણ વગરનું, ક્ષેત્ર અને કાળના પ્રમાણથી રહિત)

**अपरिमिय - अपरिमित ( त्रि. )**(પરિમાણ વગરનું, માપરહિત, અત્યન્ત વિશાળ, મોટું)

**अपरिमियपरिग्गह - अपरिमितपरिग्रह ( पुं. )**(પરિમાણ રહિત પરિગ્રહ, અનાપ-સનાપ પરિગ્રહ, મોટો પરિગ્રહ)

**अपरिमियबल - अपरिमितबल ( त्रि. )**(અપરિમિત બલ છે જેનું તે, અત્યંત બલવાન)

**अपरिमियमणंततण्हा - अपरिमितानन्ततृष्णा ( स्त्री. )**(અપરિમેય દ્રવ્યને વિશે અક્ષય વાંછા, નહીં મળેલા પદાર્થો મેળવવા વિષયક અમાપ તૃષ્ણા)

**अपरिमियसत्तजुत्त - अपरिमितसत्त्वयुक्त ( त्रि. )**(અપરિમિત ધૈર્ય યુક્ત, પરિમાણ રહિત ધૃતિબળવાળો)

**अपरियत्तमाणा - अपरावर्तमाना ( स्त्री. )**(જે પરાવર્તન ન પામે તેવી કર્મ પ્રકૃતિ, પરાવર્તમાન પ્રકૃતિથી ભિન્ન પ્રકૃતિ-અપરાવર્તમાન પ્રકૃતિ)

**अपरियाइत्ता - अपर्य्यादाय ( अव्य. )**(સમગ્રપણે ગ્રહણ કર્યા વિના, બિલકુલ ગ્રહણ ન કરીને)

**अपरियाणित्ता - अपरिज्ञाय ( अव्य. )**(જ્ઞપરિજ્ઞાથી નહીં સમજીને અને પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી પ્રત્યાખ્યાન ન કરીને, સમજણના અભાવમાં પચ્ચક્ખાણ કરીને)

**अपरियार - अपरिचार ( त्रि. )**(મૈથુનસેવા રહિત, પરિચારણા રહિત)

**अपरिवडिय - अप्रतिपतित ( त्रि. )**(સ્થિર, અપતિત, અચર)

**अपरिसा ( स्सा ) इ ( वि ) ( ण् ) - अपरिश्राविन् ( पुं. )**(જેમાંથી પાણી વગેરે ન ઝરે તેવા તુંબડાદિ પાત્ર ૨. ભાવથી કર્મબંધ રહિત ૩. શિષ્યની ગુપ્ત આલોચના અન્ય પાસે ન પ્રકાશનાર ગુરુ, ગાંભીર્ય ગુણાઢ્ય ગુરુ)

**अपरिसाडि - अपरिशाटि ( पुं. )**(ખાતા ખાતા ન ઢોળવું તે ૨. શય્યા-સંથારો ૩. પાટ-પાટલા વગેરે)

**अपरिसाडिय - अपरिशाटित ( त्रि. )**(નીચે ઢોળ્યા વગરનું, જેને ફેંકવામાં આવેલ ન હોય તે)

**अपरिसुद्ध - अपरिशुद्ध ( त्रि. )**(દોષસહિત, અશુદ્ધ ૨. અયુક્તિવાળું, યુક્તિ વિનાનું)

**अपरिसेस - अपरिशेष ( त्रि. )**(જેમાં કંઇ શેષ રહ્યું નથી તે, સંપૂર્ણ, સઘળું)

**अपरिहारिय - अपरिहारिक ( पुं. )**(મૂલગુણ અને ઉત્તરગુણોના દોષોને નહીં ત્યજનાર અથવા મૂલોત્તરગુણોને ધારણ ન કરનાર ૨. જૈનેતર ગૃહસ્થ આદિ)

**अपरोवताव - अपरोपताप ( पुं. )**(બીજાને પીડા ન આપવી તે, પરપીડાનો ત્યાગ)

**अपरोवतावि ( न् ) - अपरोपतापिन् ( पुं. )**(સાધુના ગુણાનુવાદ કરનાર, સાધુ પુરુષોની પ્રશંસા કરનારો, સજ્જનોનો પ્રશંસક)

**अपलिअ - अपक्व ( त्रि. )**(અગ્નિથી સંસ્કાર પામેલ નહિ, કાચું, સચિત્ત, અપક્વ-અન્ન-ફળ-ઔષધાદિ)

**अपलिउंचमाण - अप्रतिकुञ्चयत् ( त्रि. )***(નહિ છુપાવતો, નહીં સંતાડતો)*
**अपलिउंचि - अपरिकुञ्चिन् ( त्रि. )***(અમાયાવી, માયા વગરનો, છળ-કપટ રહિત)*
**अपलिउंचिय - अप्रति ( परि ) कुञ्च्य ( त्रि. )***(અકુટિલ, સરળ, વક્રતા રહિત)*
**★अप्रति ( परि ) कुञ्च्य ( अव्य. )***(માયા નહીં કરીને, કુડ-કપટ ન કરીને, પ્રપંચ ન કરીને)*
**अपलिच्छण्ण - अपरिच्छन्न ( त्रि. )***(અનાવૃત, ઢાંક્યા વગરનું ૨. પરિવાર રહિત)*
**अपलिमंथ - अपरिमन्थ ( पुं. )***(સ્વાધ્યાયાદિમાં આળસનો અભાવ ૨. સ્વાધ્યાયાદિમાં વિઘ્નનો અભાવ)*
**अप ( प्प ) लीण - अप्रलीन ( त्रि. )***(અસંબદ્ધ, અનાસક્ત, સંગ રહિત)*
**अपवग्ग - अपवर्ग ( पुं. )***(મોક્ષ, મુક્તિ, સર્વકર્મક્ષયથી ઉત્પન્ન આત્માવસ્થા, આત્યન્તિક દુઃખનો વિગમ જેમાં છે તે)*
**अपवग्गबीय - अपवर्गबीज ( न. )***(મોક્ષનું કારણ, મુક્તિનો હેતુ)*
**अप ( प्प ) वत्तण - अप्रवर्तन ( न. )***(પ્રવૃત્તિનો અભાવ)*
**अपवाय - अपवाद ( पुं. )***(બીજું પદ ૨. અપવાદ, નિંદા)*
**अप ( प्प ) वित्त - अप्रवृत्त ( त्रि. )***(જ્યાં પ્રવૃત્તિનો અભાવ છે તે, પ્રવૃત્તિ રહિત, તત્ત્વથી નિવૃત્તિ પામેલ)*
**अप ( प्प ) वित्ति - अप्रवृत्ति ( स्त्री. )***(પ્રવૃત્તિનો અભાવ, મન-વચન-કાયાના ગાઢ વ્યાપારનો અભાવ)*
**अप ( प्प ) संसणिज्ज - अप्रशंसनीय ( त्रि. )***(પ્રશંસાને અયોગ્ય, સાધુ-સજ્જનો વડે પ્રશંસા કરવાને અયોગ્ય)*
**अप ( प्प ) सज्झ - अप्रसह्य ( त्रि. )***(જે પરાભવ કરવાને અશક્ય હોય તે ૨. સહન કરવાને અયોગ્ય)*
**अप ( प्प ) सज्झपुरिसाणुग - अप्रसह्यपुरुषानुग ( त्रि. )***(જેનો પરાભવ ના થઈ શકે તેવા પુરુષને અનુસરનાર)*
**अप ( प्प ) सत्थ - अप्रशस्त ( त्रि. )***(અશોભનીય ૨. અપ્રશંસનીય ૩. ગ્રહણ કરવા યોગ્ય ન હોય તે, અહિતકારી ૪. બળ વર્ણાદિ નિમિત્તે પ્રતિસેવના કરનાર)*
**अपसत्थखेत्त - अप्रशस्तक्षेत्र ( न. )***(ખરાબ ક્ષેત્ર ૨. અગ્રાહ્ય ક્ષેત્ર-શરીરાદિ)*
**अपसत्थदव्व - अप्रशस्तद्रव्य ( न. )***(અપ્રશંસનીય દ્રવ્ય, અસુંદર દ્રવ્ય, ખરાબ પદાર્થ)*
**अपसत्थलेस्सा - अप्रशस्तलेश्या ( स्त्री. )***(અપ્રશસ્ત લેશ્યા, કૃષ્ણ-નીલાદિ અશુભ લેશ્યા)*
**अपसत्थविहगगतिनाम - अप्रशस्तविहगगतिनामन् ( न. )***(નામકર્મનો એક ભેદ, અશુભ વિહાયોગતિ નામકર્મ)*
**अपसारिया - अपसारिका ( स्त्री. )***(છજું, પટાલિકા)*
**अपसु - अपशु ( पुं. )***(દ્વિપદ કે ચતુષ્પદ પશુઓના પરિગ્રહથી રહિત, શ્રમણ)*
**अपस्समाण - अपश्यत् ( त्रि. )***(નહીં જોતો, નહીં દેખતો)*
**अपहिट्ठ - अप्रहृष्ट ( त्रि. )***(સારી વસ્તુ મળ્યે અત્યંત ફુલાઈ ન જનાર, સુખ-દુઃખમાં સમભાવ રાખનાર)*
**अपहु - अप्रभु ( पुं. )***(નોકર ૨. અસમર્થ ૩. અનાથ)*
**अपहुव्वंत - अप्रभुवत् ( त्रि. )***(પ્રભાવ રહિત, સામર્થ્ય રહિત, પ્રભાવહીન)*
**अपाइया - अपात्रिका ( स्त्री. )***(પાત્ર-ભાજન રહિત સાધ્વી, અપાત્રિકા-સાધ્વી)*
**अपाउड - अप्रावृत्त ( त्रि. )***(વસ્ત્ર રહિત, આવરણ રહિત, નગ્ન ૨. ઉત્તરીય વસ્ત્ર રહિત)*
**अपाणय - अपानक ( त्रि. )***(જલ રહિત ૨. ચતુર્વિધ આહાર રહિત ૩. દાહોપશમક પાણી જેવો ઠંડો પેય પદાર્થ, કે જે ગોશાળાના મતને સંમત હતો ૪. એકાંતરે ઉપવાસ)*
**अपाय - अपाद ( त्रि. )***(વિશિષ્ટ પ્રકારના છંદોની રચનાના યોગથી વર્જિત, વિશિષ્ટ છંદરચના વગરનું)*
**अपायछिण्ण - अपादच्छिन्न ( त्रि. )***(જેના પગ છેદાયેલા નથી તે)*
**अपार - अपार ( त्रि. )***(પાર વિનાનું, અનંત, છેડા વગરનું)*
**अपारंगम - अपारङ्गम ( त्रि. )***(કિનારાને નહીં પામેલ, સંસાર સમુદ્રથી પાર ન ઊતરેલ)*
**अपारग - अपारग ( त्रि. )***(તીરને પ્રાપ્ત નહીં કરનાર, પાર વિનાનું)*
**अपारमग्गो ( देशी-पुं. )***(વિશ્રામ, વિસામો)*
**अपाव - अपाप ( त्रि. )***(જેના અશેષ-સમસ્ત કર્મકલંક ચાલ્યા ગયા છે તે, પાપરહિત, સર્વથા શુદ્ધ)*
**अपावभाव - अपापभाव ( त्रि. )***(નિર્મલ ભાવવાળું ચિત્ત છે જેનું તે, લબ્ધિ આદિની અપેક્ષા રહિત શુદ્ધ ચિત્ત જેનું છે તે)*
**अपावमाण - अप्राप्नुवत् ( त्रि. )***(પ્રાપ્ત નહીં કરતો, નહીં મેળવતો, હાંસલ ન કરતો)*

**अपावय - अपापक ( पुं. )**(*શુભ વિચારરૂપ પ્રશસ્ત મનોવિનય ૨. નિષ્પાપ વાણી ઉચ્ચારવારૂપ પ્રશસ્ત વચનવિનય*)

**अपावा - अपावा ( स्त्री. )**(*અપાપાપુરી, પાવાપુરી નગરી*)

**अपास - अपाश ( पुं. )**(*બંધનનો અભાવ*)

**अपासत्थया - अपार्श्वस्थता ( स्त्री. )**(*શિથિલાચારરૂપ પાર્શ્વસ્થપણાનો ત્યાગ*)

**अपासिऊण - अदृष्ट्वा ( अव्य. )**(*વિચાર્યા વિના, નહીં વિચારીને*)

**अपि ( वि ) - अपि ( अव्य. )**(*પણ, સંભાવના*)

**अपिट्टणया - अपिट्टनता ( स्त्री. )**(*લાકડી આદિથી તાડનનો અભાવ, ન પીટવું તે*)

**अपिय - अप्रिय ( त्रि. )**(*અપ્રીતિકર, અપ્રિય દર્શન છે જેનું તે*)

**अपिवणिज्जोदग - अपानीयोदक ( पुं. )**(*જેનું પાણી પીવા યોગ્ય ન હોય તેવો મેઘ*)

**अपिसुण - अपिशुन ( त्रि. )**(*ચાડી-ચુગલી ન કરનાર, ૨. છેદન-ભેદન ન કરનાર*)

**अपीइकारग - अप्रीतिकारक ( त्रि. )**(*અમનોજ્ઞ, જેનાથી અપ્રીતિ ઉપજે તેવું*)

**अपीइगरहिय - अप्रीतिकरहित ( त्रि. )**(*અપ્રીતિ રહિત, પ્રીતિ કરાવનારું*)

**अपीइतर - अप्रीतितर ( त्रि. )**(*અત્યંત અપ્રીતિકર, અતિ અમનોજ્ઞ, ખૂબ અસુંદર*)

**अपीड ( ल ) णया - अपीडनता ( स्त्री. )**(*પીડાનો અભાવ, પીડા ન ઉપજાવવી તે*)

**अपीडिय - अपीडित ( त्रि. )**(*તપ સંયમાદિ પીડાથી રહિત, જેને પીડાનો અભાવ છે તે*)

**अपुच्छिय - अपृष्ट ( त्रि. )**(*પૃચ્છારહિત, પૂછ્યા વિનાનું, જેને પૂછવામાં નથી આવ્યું તે*)

**अपुज्ज - अपूज्य ( त्रि. )**(*અવંદનીય, પૂજાને અયોગ્ય*)

**अपुट्ठ - अपुष्ट ( त्रि. )**(*દુર્બલ, કૃશ, પુષ્કળ નથી તે*)

**★अपृष्ट ( त्रि. )**(*જેને પૂછવામાં નથી આવ્યું તે, પૃચ્છા રહિત*)

**अपुट्ठधम्म - अपुष्टधर्मन् ( पुं. )**(*અગીતાર્થ, જેને આત્મામાં ધર્મ સ્પર્શ્યો નથી તે*)

**अपुट्ठलाभिय - अपृष्टलाभिक ( पुं. )**(*અભિગ્રહવિશેષધારી સાધુ*)

**अपुट्ठवागरण - अपृष्टव्याकरण ( न. )**(*પૂછવામાં આવેલ ન હોય છતા કથન કરવું તે*)

**अपुट्ठालंबण - अपुष्टालम्बन ( न. )**(*શિથિલ આલંબન, અદઢ હેતુ*)

**अपुणकरणसंगय - अपुनःकरणसंगत ( त्रि. )**(*ફરી એવું મિથ્યાચરણ નહીં કરું તેવા નિશ્ચયવાળો*)

**अपुणच्चव - अपुनश्च्यव ( पुं. )**(*પુનઃ મરણનો અભાવ, દેવયોનિમાંથી ચ્યવીને પુનઃ તિર્યંચાદિ યોનિમાં ઉત્પન્ન ન થવું તે*)

**अपुणबंधय - अपुनर्बन्धक ( पुं. )**(*પુનઃ ક્યારેય પણ મોહનીય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિને ન બાંધનાર જીવ, રાગ-દ્વેષની મજબૂત ગાંઠ જેણે ભેદી છે તે*)

**अपुणब्भव - अपुनर्भव ( त्रि. )**(*જેનો ફરીથી જન્મ નથી થવાનો તે, પુનર્જન્મરહિત-સિદ્ધ*)

**अपुणब्भाव - अपुनर्भाव ( त्रि. )**(*ફરીવાર નહીં થનાર ભાવ, ફરીવાર નહીં થનારા કર્મ, અપુનર્બંધકાવસ્થા*)

**अपुणरागम - अपुनरागम ( त्रि. )**(*નિત્ય ૨. જેનું ફરી આગમન નથી તે, સિદ્ધ ૩. મોક્ષ, મુક્તિ*)

**अपुणरावत्तय - अपुनरावर्तक ( पुं. )**(*જેને સંસારમાં પુનઃ નથી આવવાનું તે, સિદ્ધાત્મા ૨. મોક્ષ*)

**अपुणराविति - अपुनरावृत्ति ( पुं. )**(*સંસારમાં જેનું પુનરાગમન નથી તે, સિદ્ધ ભગવંત, પુનરાવૃત્તિનો અભાવ, સિદ્ધસ્થાન*)

**अपुणरुत्त - अपुनरुक्त ( त्रि. )**(*ફરીવાર નહીં કહેવાયેલ, પુનરુક્તિ દોષ રહિત*)

**अपुण्ण - अपुण्य ( त्रि. )**(*પુણ્યહીન, અભાગી, નિષ્પુણ્યક ૨. તીવ્ર અશાતાવેદનીય કર્મવાળો ૩. પાપાચારી અનાર્ય*)

**★अपूर्ण ( त्रि. )**(*જે પૂર્ણ નથી તે, પૂર્ણતા રહિત, અપૂર્ણ*)

**अपुण्णकप्प - अपूर्णकल्प ( पुं. )**(*અસમાપ્ત કલ્પ, કલ્પ-આચાર સમાપ્ત નથી થયો તે*)

**अपुण्णकप्पिय - अपूर्णकल्पिक ( पुं. )**(*અસહાય એવો ગીતાર્થ, નિઃસહાય ગીતાર્થ-સાધુ*)

**अपुत्त - अपुत्र ( त्रि. )**(*જેને પુત્ર નથી તે, બંધુજન રહિત ૨. નિર્મમ*)

**अपुम - अपुंस् ( पुं. )**(*નપુંસક, નાન્યતર, પુરુષાતન રહિત*)

**अपुरक्कार - अपुरस्कार ( पुं. )**(*અસત્કાર, અનાદર*)

**अपुरक्कारगय - अपुरस्कारगत ( त्रि. )**(*અનાદરને પ્રાપ્ત થયેલ, સર્વત્ર અવજ્ઞાનું પાત્ર થયેલ*)

**अपुरव - अपूर्व ( त्रि. )**(પૂર્વે ક્યારેય જોયું કે સાંભળ્યું ન હોય તેવું)
**अपुरिस - अपुरुष ( पुं. )**(નપુંસક, પુરુષત્વનો અભાવ)
**अपुरिसक्कारपरक्कम - अपुरुषकारपराक्रम ( त्रि. )**(પુરુષત્વને ઉચિત પરાક્રમ વિનાનો, મનુષ્ય તરીકે છાજતા પુરુષાતનથી રહિત)
**अपुरिसवाय - अपुरुषवाद ( च् ) - ( पुं., स्त्री. )**(નપુંસકવાદ, કોઈની નપુંસક તરીકેની અફવા ફેલાવવી તે, કોઈના ઉપર નપુંસકપણાનો આરોપ મૂકવો તે)
**अपुरोहिय - अपुरोहित ( त्रि. )**(જ્યાં પુરોહિત નથી તેવું સ્થાન આદિ, જ્યાં તથાવિધ પ્રયોજનના અભાવે પુરોહિત નથી તે સ્થાન)
**अपुव्व - अपूर्व ( त्रि. )**(નવું, વિલક્ષણ ૨. પૂર્વે ન અનુભવેલ હોય તેવું, ત્રણ કરણમાંનું એક કરણ, અપૂર્વકરણ)
**अपुव्वकरण - अपूर्वकरण ( न. )**(આઠમું ગુણસ્થાનક, સ્થિતિઘાત રસઘાતાદિ પાંચેય ભાવો જે પૂર્વે નથી થયા તે એક સાથે થાય તેવો પરિણામ વિશેષ)
**अपुव्वकरणगुणट्ठाण - अपूर्वकरणगुणस्थानक ( न. )**(આઠમું ગુણસ્થાનક, અપૂર્વકરણ ગુણસ્થાનક)
**अपुव्वणाणग्गहण - अपूर्वज्ञानग्रहण ( न. )**(નવું નવું જ્ઞાન પ્રાપ્ત કરવું તે ૨.અઢારમું તીર્થંકરનામકર્મબંધનું કારણ)
**अपु ( प्पु ) स्सुय - अल्पोत्सुक ( त्रि. )**(વિહ્વળતા રહિત, અવિમનસ્ક, ઉછાંછળાપણાથી રહિત)
**अपुहत्त - अपृथक्त्व ( त्रि. )**(નિરંતર સંયમયોગમાં વર્તનાર, સંયમના યોગોથી અભિન્ન)
**अपुहत्ताणुओग - अपृथक्त्वानुयोग ( पुं. )**(અનંતાગમા પર્યાયવાળો અનુયોગનો એક ભેદ)
**अपूया - अपूजा ( स्त्री. )**(પૂજાનો અભાવ)
**अपूरेंत - अपूरयत् ( त्रि. )**(આચરણ ન કરતો)
**अपेय - अपेय ( त्रि. )**(પીવાને અયોગ્ય, મદ્ય-માંસાદિ)
**अपेयचक्खु - अपेतचक्षुष् ( त्रि. )**(ચક્ષુરહિત, નેત્ર વિનાનો, અંધ)
**अपेहय - अपेक्षक ( त्रि. )**(કર્મનિર્જરાની અપેક્ષા રાખનાર)
**अपोग्गल - अपुद्गल ( पुं. )**(જેને પુદ્ગલ નથી તે, પુદ્ગલ રહિત ૨. સિદ્ધ ભગવંત)
**अपोरिसिय - अपौरुषिक ( त्रि. )**(પુરુષ પ્રમાણથી અધિક અગાધ જલાદિ)
**अपोरिसीय - अपौरुषेय ( त्रि. )**(પુરુષ પ્રમાણથી અધિક અગાધ જલાદિ ૨. જે પુરુષ રચિત ન હોય તે-વેદ)
**अपोह - अपोह ( पुं. )**(નિશ્ચય ૨. મતિજ્ઞાનનો ત્રીજો ભેદ ૩. તર્ક, વિશિષ્ટ જ્ઞાન, બુદ્ધિનો છઠ્ઠો ગુણ ૪.પૃથગ્ભાવ, ભિન્નતા)
**अप्प - अल्प ( त्रि. )**(થોડુંક, અલ્પ, સ્તોક ૨. અભાવ)
**अप्प ( ण् ) - आत्मन् ( पुं. )**(આત્મા, જીવ ૨. સ્વયં, પોતે ૩. શરીર ૪. સ્વરૂપ ૫. પ્રયત્ન ૬. મન ૭. બુદ્ધિ ૮. અગ્નિ ૯. વાયુ ૧૦. સૂર્ય)
**अप्पउल्लदुप्पउल्लतुच्छभक्खणय - अपक्वदुष्पक्वतुच्छभक्षणक ( न. )**(અપક્વ-દુષ્પક્વ-તુચ્છ આહારનું ભોજન કરવું તે)
**अप्पओयण - अप्रयोजन ( न. )**(નિષ્કારણ, પ્રયોજનનો અભાવ, અનુપયોગ, અનર્થ)
**अप्पंड - अल्पाण्ड ( त्रि. )**(જ્યાં કીડી વગેરેના ઈંડા નથી તેવું સ્થાન આદિ-અહીં અલ્પ શબ્દ અભાવના અર્થમાં વપરાયો છે)
**अप्पकंप - अप्रकम्प ( त्रि. )**(નિશ્ચલ, અવિચલિત, અચળ)
**अप्पकम्म - अल्पकर्मन् ( त्रि. )**(હળુકર્મી, જેને હવે થોડાક જ કર્મો ભોગવવાના રહ્યાં છે તે)
**अप्पकम्मतर - अल्पकर्मतर ( त्रि. )**(અલ્પકર્મવાળો, જેના કર્મ થોડાંક જ રહ્યાં છે તે)
**अप्पकम्मपच्चावाय - अल्पकर्मप्रत्यायात ( त्रि. )**(અલ્પકર્મ સાથે મનુષ્યયોનિમાં આવેલ, હળુકર્મો સાથે જન્મેલ)
**अप्पकाल - अल्पकाल ( त्रि. )**(અલ્પકાળવાળો, થોડોક કાળ)
**अप्पकिरिय - अल्पक्रिय ( त्रि. )**(જેને થોડી જ ક્રિયા લાગે છે તે, જેને અલ્પ કર્મબંધ લાગે છે તે)
**अप्पकिरिया - अल्पक्रिया ( स्त्री. )**(નિર્દોષ વસતિ, કાલાતિક્રમાદિ યથોક્ત દોષ રહિત ઉપાશ્રય)
**अप्पकिलंत - अल्पक्लान्त ( त्रि. )**(અલ્પ ખેદ કે પરિશ્રમવાળો ૨. ખેદ કે પરિશ્રમનો અભાવ છે જેને તે)
**अप्पकुक्कुइय - अल्पकौकुच्य ( त्रि. )**(અલ્પ સ્પંદનવાળો, હાથ-પગ-માથું વગેરે શરીરના અંગોને ન ધુણાવનાર)
**अप्पकोउहल्ल - अल्पकौतूहल ( त्रि. )**(સ્ત્રી રૂપદર્શનાદિમાં કુતૂહલતા રહિત)
**अप्पकोह - अल्पक्रोध ( पुं. )**(ક્રોધરહિત, ભાવ ઊણોદરીનો એક પ્રકાર)
**अप्पक्खर - अल्पाक्षर ( न. )**(થોડાક શબ્દો, થોડાક અક્ષરો, અલ્પાક્ષર હોય તે-ગુણવત્સૂત્ર)
**अप्पग - आत्मन् ( पुं. )**(સ્વયં, પોતે)

अप्पगास – अप्रकाश ( न. )*(અંધકાર, અંધારું)*
अप्पगुत्ता ( देशी-स्त्री. )*(કૌંચ-કોચાનો વેલો, વનસ્પતિ વિશેષ)*
अप्पचिंतय – आत्मचिन्तक ( पुं. )*(મરણ માટે અભ્યુદ્યત, મૃત્યુ માટે તૈયાર)*
अप्पछंदमइ – अल्पच्छन्दमति ( त्रि. )*(સ્વચ્છંદ બુદ્ધિવાળો, સ્વેચ્છાચારી, પોતાની મતિ અનુસાર વર્તનારો)*
अप्पज्ज ( ण्णू ) – आत्मज्ञ ( त्रि. )*(યથાર્થપણે આત્માને ઓળખનાર, આત્મજ્ઞ ૨. સ્વાધીન)*
अप्पजोइ – आत्मज्योतिष् ( पुं. )*(જ્ઞાનસ્વરૂપ, જ્ઞાનાત્મક પુરુષ-આત્મા)*
अप्पज्झो ( देशी-त्रि. )*(સ્વાધીન, આત્મવશ)*
अप्पझंझ – अल्पझञ्झ ( त्रि. )*(ક્રોધ-કષાયયુક્ત વચન ન બોલનાર, ભાવ ઊણોદરી કરનાર)*
अप्पडिकंटय – अप्रतिकण्टक ( त्रि. )*(જેનો કોઈ પ્રતિપક્ષી-મલ્લરૂપ કાંટો નથી તે, વિરોધીઓ વગરનો)*
अप्पडिवरिय – अप्रतिवृत्त ( पुं. )*(પ્રદોષકાળ-સંધ્યાકાળ)*
अप्पण – आत्मीय ( त्रि. )*(સ્વકીય, પોતાનું ૨. શરીર)*
अप्पणछंद – आत्मच्छन्द ( त्रि. )*(સ્વતંત્ર, સ્વચ્છંદ)*
अप्पणट्ठ – आत्मार्थ ( त्रि. )*(સ્વાર્થ, 'આનાથી મારી આજીવિકા ચાલશે' તેવું સ્વપ્રયોજન)*
अप्पणय – आत्मीय ( त्रि. )*(સ્વકીય, પોતાનું)*
अप्पणाण – आत्मज्ञान ( न. )*(આત્મજ્ઞાન, પ્રયોગમતિસંપદ્‌નો ભેદ)*
अप्पणिज्ज – आत्मीय ( त्रि. )*(સ્વકીય, પોતાનું)*
अप्पणो – स्वयम् ( अव्य. )*(સ્વયં, પોતે)*
अप्पतर – अल्पतर ( त्रि. )*(અત્યંત અલ્પ, અતિ થોડું)*
अप्पतरबंध – अल्पतरबन्ध ( पुं. )*(અલ્પકર્મનો બંધ, જ્યારે આઠ કર્મપ્રકૃતિનો બંધક થઈ પછી સાતનો બંધક થાય ત્યારે તે પ્રથમ સમયે અલ્પબંધક હોય તે)*
अप्पतुमतुम – अल्पतुमतुम ( त्रि. )*(ચાલ્યો ગયો છે ક્રોધરૂપી મનોવિકાર જેનો તે, ક્રોધવશ તુ તુ કરી એક બીજાનું અપમાન ન કરનાર)*
अप्पत्त – अल्पत्व ( न. )*(તુચ્છપણું)*
अप्पत्तिय – अप्रीतिक ( न. )*(અપ્રીતિકારક સ્વભાવ, પ્રેમનો અભાવ ૨. માનસિક પીડા ૩. અપકાર ૪. ક્રોધ)*
अप्पत्थाम – अल्पस्थामन् ( त्रि. )*(અલ્પ સામર્થ્યવાળો, અલ્પબળી)*
अप्पधण – अल्पधन ( त्रि. )*(અલ્પધની, અલ્પમૂલ્યવાળું)*
अप्पपएसग – अल्पप्रदेशक ( त्रि. )*(અલ્પ પ્રદેશવાળા કર્મ, જેના પ્રદેશદળ ઓછા છે તેવું કર્મ આદિ)*
अप्पपज्जवजाय – अल्पपर्य्यायजात ( न. )*(ત્યજવા યોગ્ય તુચ્છ એવા ફોતરાં વગેરે)*
अप्पपरणियत्ति – आत्मपरनिवृत्ति ( स्त्री. )*(આલોચના દ્વારા સ્વ અને પરની નિવૃત્તિ કરવી તે)*
अप्पपरिग्गह – अल्पपरिग्रह ( पुं. )*(અલ્પ પ્રમાણમાં ધનધાન્યાદિ સામગ્રીનો સંગ્રહ કરનાર)*
अप्पपरिच्चाय – अल्पपरित्याग ( पुं. )*(અલ્પ ત્યાગ, થોડો ત્યાગ)*
अप्पपाण – अल्पप्राण ( त्रि. )*(જ્યાં કોઈપણ જીવ-જંતુ નથી તેવું સ્થાન, જીવાકુલરહિત ભૂમિ)*
अप्पपाणासि ( ण् ) – अल्पप्राणाशिन् ( त्रि. )*(અલ્પ પ્રમાણમાં જલ વગેરે પેય દ્રવ્ય પીનાર)*
अल्पपिंडासि ( ण् ) – अल्पपिण्डाशिन् ( त्रि. )*(મિતાહારી, અલ્પાહારી)*
अप्पभक्खि ( ण् ) – अल्पभक्षिन् ( त्रि. )*(અલ્પ ભોજન કરનાર, અલ્પાહારી)*
अप्पभव – अल्पभव ( त्रि. )*(જેના થોડાક જ ભવ બાકી રહ્યા છે તે, અલ્પ સંસારી)*
अप्पभासि ( ण् ) – अल्पभाषिन् ( त्रि. )*(થોડું બોલનાર, કારણ હોતે છતે અલ્પ બોલનાર, ભાષાસમિતિવાળો)*
अप्पभूय – अल्पभूत ( त्रि. )*(જીવરહિત સ્થળ, જ્યાં સૂક્ષ્મજીવોનો અભાવ છે તેવું સ્થાન)*
अप्पमइ – अल्पमति ( त्रि. )*(અલ્પબુદ્ધિ છે જેની તે, ઓછી બુદ્ધિવાળો)*
अप्पमहग्घाभरण – अल्पमहार्घाभरण ( त्रि. )*(અલ્પ વજન અને બહુમૂલ્ય હોય તેવા આભૂષણો પહેરનાર-રાખનાર)*
अप्परय – अल्परत ( त्रि. )*(ક્રીડા રહિત, કામભોગની વાંછા રહિત ૨. અનુત્તરવાસી દેવ)*
★अल्परजस् ( त्रि. )*(અલ્પ કર્મ છે જેને તે, કર્મરૂપી રજથી રહિત)*
अप्पलाहलद्धि – अल्पलाभलब्धि ( पुं. )*(વસ્ત્ર પાત્રાદિની તુચ્છ લબ્ધિવાળો, ક્લેશપૂર્વક વસ્ત્ર-પાત્રાદિ મેળવાનાર-શ્રમણ,)*

**अप्पलीण - अप्रलीन ( त्रि. )***(અન્ય તીર્થિક કે પાર્શ્વસ્થાદિ વિશે અસંબદ્ધ રહેનાર, અન્યતીર્થિક કે પાર્શ્વસ્થના સંગથી રહિત)*

**अप्पलीयमाण - अप्रलीयमान ( त्रि. )***(કામભોગો માત-પિતાદિ સ્વજનો વિશે અનાસક્ત રહ્યો થકો, આસક્તિ ન રાખતો)*

**अप्पलेव - अल्पलेप ( त्रि. )***(નીરસ આહાર, નિર્લેપ આહાર જેમ કે ચણા વટાણા વગેરે)*

**अप्पलेवा - अल्पलेपा ( स्त्री. )***(પાત્ર ખરડાય નહીં એવો ચણા મમરા વગેરે વસ્તુ ગ્રહણ કરવાની પ્રતિજ્ઞા કરવી તે, ચોથી પિંડેષણા)*

**अप्पवस - आत्मवश ( त्रि. )***(પોતાને વશવર્તી, સ્વાધીન)*

**अप्पवसा - अप्पवशा ( स्त्री. )***(સ્વચ્છંદ સ્ત્રી, નિરંકુશા સ્ત્રી)*

**अप्पवाइ ( ण् ) - आत्मवादिन् ( पुं. )***(અદ્વૈતવાદી, જે કંઈ દેખાય છે તે માત્ર આત્મા જ છે બીજું કશું જ નહીં એમ એકજ આત્મતત્ત્વને પ્રતિપાદન કરનાર વાદી)*

**अप्पवीय - अल्पबीज ( त्रि. )***(જ્યાં શાલિ આદિ બીજ નથી તે, એકેન્દ્રિયાદિ રહિત સ્થાન)*

**अप्पवुड्ठि - अल्पवृष्टि ( स्त्री. )***(થોડોક વરસાદ, અલ્પવૃષ્ટિ)*

**अप्पवुड्ठिकाय - अल्पवृष्टिकाय ( पुं. )***(અલ્પમાત્રામાં વરસાદ વરસે અથવા સર્વથા ન વર્ષે તે-સ્થાનાદિ)*

**अप्पसंतचित्त - अप्रशान्तचित्त ( त्रि. )***(જેનું ચિત્ત શાંત નથી થયું તે, અતિ ક્રોધાદિથી દૂષિત ચિત્તવાળો)*

**अप्पसंतमइ - अप्रशान्तमति ( त्रि. )***(અપરિણત શિષ્ય)*

**अप्पसक्खिय - आत्मसाक्षिक ( न. )***(આત્મસાક્ષિક અનુષ્ઠાન, જેમાં સ્વસંવિત્પ્રત્યક્ષ વિરતિના પરિણામથી પરિણત-સાક્ષિ છે તે, પોતાનો આત્મા સાક્ષી હોય તેવું અનુષ્ઠાનાદિ)*

**अप्पसत्तचित्त - अल्पसत्त्वचित्त ( त्रि. )***(અલ્પસત્ત્વવાળું ચિત્ત છે જેનું તે, અલ્પસત્ત્વવાળો)*

**अप्पसत्तम - आत्मसप्तम ( त्रि. )***(જેમાં પોતાના સહિત સાત છે તે, જેમાં પોતે સાતમો હોય તે)*

**अप्पसत्तिय - अल्पसात्त्विक ( त्रि. )***(સત્ત્વ વિનાનો, મનોબળ રહિત)*

**अप्पसद्द - अल्पशब्द ( पुं. )***(ધીમા સ્વરે બોલવું તે, ભાવ ઊણોદરીનો એક પ્રકાર ૨. અલ્પ કલહ)*

**अप्पसरयक्ख - अल्पसरजस्क ( न. )***(તૃણાદિ જ્યાં અલ્પપ્રમાણમાં છે તે, રજ-કચરો નથી તે સ્થાન)*

**अप्पसार - अल्पसार ( न. )***(જેમાં સાર અલ્પ છે તેવો પદાર્થ ૨. અસાર વસ્તુ)*

**अप्पसावज्जकिरिया - अल्पसावद्यक्रिया ( स्त्री. )***(શુદ્ધ વસતિ, અસાવદ્ય-નિર્દોષ વસતિ)*

**अप्पसुय - अल्पश्रुत ( त्रि. )***(આગમનો અજાણ, આગમો નથી ભણ્યા તે-અલ્પજ્ઞ મુનિ)*

**अप्पसुह - अल्पसुख ( त्रि. )***(નહીં બરાબર થોડુંક જ સુખ જેમાં છે તે, અલ્પસુખ છે જેમાં તે)*

**अप्पहरिय - अल्पहरित ( त्रि. )***(જ્યાં હરિત વનસ્પતિ નથી તેવું સ્થાન)*

**अप्पहिंसा - अल्पहिंसा ( स्त्री. )***(જેમાં અલ્પહિંસા છે તે ૨. જેમાં હિંસાનો અભાવ છે તેવી ક્રિયા)*

**अप्पा - आत्मन् ( पुं. )***(આત્મા, જીવ, જ્ઞાન-દર્શન-સુખાદિ પર્યાયોને સતત પામતો રહે તે આત્મતત્ત્વ)*

**अप्पाइय - आप्यायित ( त्रि. )***(સુંદર-મનોજ્ઞ આહાર વડે સ્વસ્થ થયેલ)*

**अप्पाउअ - अल्पायुष्क ( त्रि. )***(અલ્પ આયુષ્ય છે જેનું તે, થોડુંક જીવન ભોગવનાર)*

**अप्पाउअत्ता - अल्पायुष्कता ( स्त्री. )***(અલ્પ આયુષ્ય, જઘન્ય આઉખું, થોડી જિંદગી, ટૂંકી જિંદગી)*

**अप्पाउड - अप्रावृत ( पुं. )***(વસ્ત્રના ત્યાગરૂપ અભિગ્રહ વિશેષને ધારણ કરનાર)*

**अप्पाउरण - अप्रावरण ( न. )***(વસ્ત્રના અભાવરૂપ અભિગ્રહ વિશેષ, વસ્ત્ર વગરના રહેવું તેવો અભિગ્રહ)*

**अप्पाण - आत्मन् ( पुं. )***(આત્મા, જીવ, પોતે)*

**अप्पाणरक्खि ( ण् ) - आत्मरक्षिन् ( त्रि. )***(પાપથી આત્માની રક્ષા કરનાર, દુર્ગતિથી પોતાની રક્ષા કરનાર)*

**अप्पाधार - अल्पाधार ( पुं. )***(સૂત્રાર્થમાં નિપુણતા રહિત, સૂત્ર અને અર્થનો અલ્પ આધાર)*

**अप्पाबहुय ( ग ) - अल्पबहुत्व ( न. )***(બે વસ્તુની સરખામણીમાં પરસ્પર હીનાધિકપણું કહેવું તે, બે વસ્તુનું પરસ્પર તારતમ્ય કહેવું તે)*

**अप्पाभिणिवेस - आत्माभिनिवेश ( पुं. )***(પુત્ર પત્ની વગેરેમાં પોતાનાપણાનો આગ્રહ રાખવો તે, જે પોતાના નથી તેને વિશે મમત્ત્વ રાખવું તે)*

**अप्पायंक - अल्पातङ्क ( त्रि. )***(આતંક રહિત, નીરોગી, સ્વસ્થ, રોગમુક્ત)*

**अप्पारंभ - अल्पारम्भ ( त्रि. )**(*કૃષ્યાદિ વડે પૃથ્વીકાય આદિ જીવોનો આરંભ સમારંભ કરનાર*)
**अप्पावय - अप्रावृत ( त्रि. )**(*આચ્છાદન વગરનું, નહીં ઢાંકેલ, બંધ કર્યા વગરનું-ઉઘાડું*)
**अप्पावयदुवार - अप्रावृतद्वार ( पुं. )**(*દૃઢ સમ્યક્ત્વી શ્રાવક કે જેણે પોતાના ઘરનું દ્વાર માંગણને આપવા માટે કે વાદીને ઉત્તર આપવા માટે ખુલ્લું મૂકેલું છે, દૃઢ સમ્યક્ત્વી*)
**अप्पाह - संदिश् ( धा. )**(*વાત કરવી, સંદેશ આપવો, સમાચાર કહેવા*)
**अप्पाहण्ण - अप्राधान्य ( न. )**(*અપ્રાધાન્ય, મુખ્ય નહીં તે*)
**अप्पाहार - अल्पाहार ( पुं. )**(*અલ્પ આહાર, મિતાહાર, થોડો ખોરાક, સ્વલ્પાહાર*)
**अप्पाहिगरण - अल्पाधिकरण ( पुं. )**(*સ્વપક્ષ પરપક્ષ વિષયક અધિકરણના અભાવવાળો, કલહ રહિત, ક્લેશ વગરનો*)
**अप्पिच्छ - अल्पेच्छ ( त्रि. )**(*ધર્મોપકરણ સિવાય અન્ય વસ્તુની ઈચ્છા ન રાખનાર, અલ્પહારી કે આહારના ત્યાગી-સાધુ, મણિ કનકાદિના અપરિગ્રહી*)
**अप्पिय - अप्रिय ( अव्य. )**(*અપ્રિયતા, અપ્રીતિ, અપ્રીતિકર ૨. મનનું દુઃખ ૩. મનની શંકા*)
**★अर्पित ( त्रि. )**(*આપેલ, ભેટ કરેલ ૨. વિવક્ષા પ્રાપ્ત, પ્રતિપાદન કરવા માટે ઈષ્ટ, ૩. પર્યાયાર્થિક નય*)
**★अल्पित ( त्रि. )**(*થોડું કરેલ, હલકું કરેલ ૨. સમ્માનની દૃષ્ટિએ નીચું, તિરસ્કૃત*)
**अप्पियकारिणी - अप्रियकारिणी ( स्त्री. )**(*સાંભળનારને અપ્રિય લાગે તેવી ભાષા, કોઈના મૃત્યુના સમાચારવાળી ભાષા, અનિષ્ટ સમાચાર*)
**अप्पियणय - अर्पितनय ( पुं. )**(*વિશેષને મુખ્ય કરનારો નય-પર્યાયાર્થિક નય, જે વિશેષને માને છે સામાન્યને નહીં તેવો સમયપ્રસિદ્ધ નય*)
**अप्पियता - अप्रियता ( स्त्री. )**(*અપ્રેમનો હેતુ, અપ્રિયતા*)
**अप्पियववहार - अर्पितव्यवहार ( पुं. )**(*'આ જ્ઞાતા અને આ તેનું જ્ઞાન' એમ બોલનારે વચનથી સ્થાપિત કરેલ વ્યવહાર*)
**अप्पियवह - अप्रियवध ( त्रि. )**(*દુઃખના હેતુનું નિવારક, દુઃખ કે મરણ જેને અપ્રિય છે તે*)
**अप्पियस्सर - अप्रियस्वर ( त्रि. )**(*જેનો સ્વર અપ્રિય હોય તે, જેનો અવાજ અણગમતો હોય તે*)
**अप्पियाणप्पिय - अर्पितानर्पित ( न. )**(*દ્રવ્ય સામાન્ય અને વિશેષ એમ ઉભય રૂપ છે તેમ પ્રતિપાદન કરવું તે, દ્રવ્યાનુયોગનો એક પ્રકાર*)
**अप्पीकय - आत्मीकृत ( त्रि. )**(*આત્મપ્રદેશ સાથે મિશ્ર થયેલ-એકીભાવ પામેલ*)
**अप्पुट्ठाइ ( ण् ) - अल्पोत्थायिन् ( त्रि. )**(*પ્રયોજન પડ્યે છતે પણ જેનો વારંવાર ઊઠ-બેસ કરવાનો સ્વભાવ નથી તે*)
**अप्पुत्तिंगपणगदगमट्टियामक्कडसंताण - अल्पोत्तिङ्गपनकोदकमृत्तिकामर्कटसन्तान ( त्रि. )**(*કીડીના નગરા-નીલફુલ વનસ્પતિ-ભીની માટી-કરોળિયાના જાળા આટલી વસ્તુઓથી રહિત-સ્થાનાદિ*)
**अप्पुदय - अल्पोदक ( त्रि. )**(*જળ વગરનું, પાણી રહિત-અંતરિક્ષ*)
**अप्पुल्ल - आत्मीय ( त्रि. )**(*આત્મામાં ઉત્પન્ન થયેલ, આત્મીય*)
**अप्पुस्सुय - अल्पौत्सुक्य ( त्रि. )**(*ઔત્સુક્ય વગરનું, અનુત્સુક, ઉછાંછળાપણા રહિત, અવિમનસ્ક*)
**अप्पो ( देशी )**(*પિતા, જનક, બાપ*)
**अप्पोलंभ - आप्तोपालम्भ ( पुं. )**(*અવિધિએ ચાલનારા શિષ્યને ઠેકાણે લાવવા ગુરુ દ્વારા અપાયેલ ઠપકો, યુક્તિ અને ઓળંભા સાથે શિષ્યને અપાતી શિખામણ*)
**अप्पोल्ल ( देशी )**(*પોલ વગરનું, ઠોસ, નક્કર*)
**अप्पोवगरणसंधारण - अल्पोपकरणसन्धारण ( न. )**(*અલ્પ ઉપકરણ ધારણ કરવા તે, અલ્પોપધિ રાખવી તે*)
**अप्पोवहित्त - अल्पोपधित्व ( न. )**(*અનુલ્બણ ઉપધિ વગરનું, થોડા ધર્મોપકરણ રાખવા તે*)
**अप्पोस - अल्पावश्याय ( त्रि. )**(*ઉપર કે નીચે ઠાર-ઓસ નથી તે, ઝાકળ બિંદુ રહિત*)
**अप्पोसहिमंतबल - अल्पौषधिमन्त्रबल ( त्रि. )**(*અલ્પ ઔષધિમંત્રબળ જેને છે તે, અલ્પૌષધિ મંત્રબળવાળો*)
**अप्फालण - आस्फालन ( न. )**(*હાથથી થાપડવું - ઉત્તેજિત કરવું તે, વાદ્યને હાથથી થાપોટા મારવા તે*)
**अप्फालिज्जंत - आस्फाल्यमान ( त्रि. )**(*હાથથી તાડન પામતું, હાથના થાપોટા મરાતું-વાદ્ય*)
**अप्फा ( फा ) लिय - आस्फालित ( त्रि. )**(*હાથથી તાડન કરાયેલ, હાથથી આહત પામેલ ૨. વૃદ્ધિ પ્રાપ્ત, ઉન્નત*)
**अप्फिह - अस्पृह ( त्रि. )**(*સ્પૃહા રહિત, નિસ્પૃહી*)
**अप्फुडिय - अस्फुटित ( त्रि. )**(*અજર્જરિત, અખંડ, અકબંધ ૨. સર્વ પ્રકારની વિરાધનાથી રહિત હોઈ અતિચારશૂન્ય થયેલ*)
**अप्फुडियदंत - अस्फुटितदन्त ( त्रि. )**(*અસ્ફુટ-અજર્જરિત-જરા રહિત દાંત છે જેના તે, મજબૂત દાંતવાળો, વેખા વગરના દાંતવાળો*)

**अप्फुण्ण - आक्रान्त ( त्रि. )**(આક્રાન્ત, વ્યાપ્ત, સ્પર્શ પામેલ)

**अप्फोआ ( या ) - अफोया ( स्त्री. )**(તે નામની એક વનસ્પતિ વિશેષ, લતા વિશેષ)

**अप्फोडिअ ( ह ) - आस्फोटित ( न. )**(હાથથી થાપોટા મારેલ, હાથ વડે થપકી પામેલ ર. પછાડેલ)

**अप्फो ( फो ) व - अप्फोव ( पुं. )**(વૃક્ષોથી આચ્છાદિત, લતા-ગુલ્મ-ગુચ્છાદિથી વ્યાપ્ત-પ્રદેશ, ગીચ ઝાડીવાળો-પ્રદેશ)

**अप्फोवमंडव - अप्फो ( फो ) वमण्डप ( पुं. )**(નાગરવેલ-દ્રાક્ષાદિ લતાઓથી આવેષ્ટિત મંડપ, લતાઓથી વિંટાયેલ માંડવો)

**अफरुस - अपरुष ( न. )**(અનિષ્ઠુર, મનને આહ્લાદ ઉપજાવનાર)

**अफरुसभासि ( ण् ) - अपरुषभाषिन् ( त्रि. )**(અપરુષ-અકઠોર અર્થાત્ કોમળ ભાષા બોલવાના સ્વભાવવાળો, વચનના વિનય વિશેષને ધારણ કરનાર)

**अफलवादि ( ण् ) - अफलवादिन् ( पुं. )**(કોઈપણ ક્રિયાનું ફળ છે જ નહીં તેમ માનનાર વાદી, અફળવાદી)

**अफास - अस्पर्श ( त्रि. )**(મૃદુ-કર્કશાદિ આઠ પ્રકારનો સ્પર્શ જેને નથી તે, સ્પર્શ રહિત, સ્પર્શ વિનાનું ર. ખરાબ સ્પર્શવાળું)

**अफासुय - अप्रासुक ( न. )**(સચિત્ત, પ્રાણસહિત, અપ્રાસુક, સજીવ ર. અગ્રાહ્ય)

**अफासुयपडिसेवि ( ण् ) - अप्रासुकप्रतिसेविन् ( त्रि. )**(સચિત્ત વસ્તુનો ઉપભોગ કરનાર, સચિત્ત વસ્તુ વાપરનાર-ગ્રહણ કરનાર)

**अफुस - अस्पृश्य ( त्रि. )**(સ્પર્શ કરવાને અયોગ્ય, અસ્પૃશ્ય, નહીં સ્પર્શવા યોગ્ય)

**अफुसमाणगइ - अस्पृशद्गति ( पुं. )**(સિદ્ધિગતિના અંતરાલ પ્રદેશોને સ્પર્શ્યા વિના ઊર્ધ્વગતિ કરનાર જીવ, સિદ્ધનો જીવ)

**अबंध - अबन्ध ( पुं. )**(કર્મના બંધનો અભાવ)

**अबंधग - अबन्धक ( पुं. )**(કર્મો ન બાંધનાર, આઠ પ્રકારના કર્મો પૈકી એક બે અથવા સર્વ કર્મો નથી બાંધતો તે, નિરુદ્ધયોગી)

**अबंधव - अबान्धव ( त्रि. )**(સ્વજનાદિ રહિત, નિરાધાર)

**अबंभ - अब्रह्मन् ( न. )**(મૈથુન, સ્ત્રી આદિ વિષય સેવન, અકુશલ કર્મ-અબ્રહ્મ)

**अबंभवज्जण - अब्रह्मवर्जन् ( न. )**(અબ્રહ્મરૂપ વિષય સેવનનો ત્યાગ કરવો તે, શ્રાવકની છઠ્ઠી પ્રતિમા)

**अबज्झ - अवध्य ( त्रि. )**(નહીં મારવા યોગ્ય, વધ કરવાને અયોગ્ય ર. પૂજ્ય, મૃત્યુથી મુક્ત થયેલ)

★**अबाध्य ( त्रि. )**(નહીં અટકાવવા યોગ્ય, બીજાઓથી બાધા પહોંચાડવાને અયોગ્ય ર. જે આજ્ઞાકારી ન હોય તે)

**अबज्झसिद्धंत - अबाध्यसिद्धान्त ( पुं. )**(તીર્થંકર ર. કુતીર્થિઓથી બાધિત ન થાય તેવો સ્યાદ્વાદ શ્રુતલક્ષણ સિદ્ધાંત)

**अबज्झा - अबाध्या ( स्त्री. )**(અયોધ્યા નગરી ર. ગંધિલાવિજય ક્ષેત્રની રાજધાની)

**अबद्ध - अबद्ध ( न. )**(પદ્ય બંધન રહિત ગ્રંથ, પદ્યબંધ રહિત ગ્રંથ)

**अबद्धट्ठिय - अबद्धास्थिक ( न. )**(અપક્વફળ, જેમાં ગોટલી ન બાઝી હોય તેવું કાચું ફળ)

**अबद्धसुय - अबद्धश्रुत ( न. )**(ગદ્યાત્મક શ્રુત, ગદ્યબદ્ધ શ્રુતજ્ઞાન, પદ્યરહિત ગદ્યમય શ્રુત)

**अबद्धिय - अबद्धिक ( पुं. )**(જીવ અને કર્મનો સ્પર્શ થાય છે પણ બંધ થતો નથી એવું માનનાર નિહ્નવનો ભેદ, જૈનાભાસી મત)

**अबम्हण्ण - अब्रह्मण्य ( त्रि. )**(બ્રહ્મણ્યનો અભાવ ર. હિંસાદિ વિષયક વચન ૩. આત્માને અહિતકારક)

**अबल - अबल ( न. )**(બળ સામર્થ્ય કે ઉત્કર્ષનો અભાવ, શરીરના બળથી રહિત, અશક્ત, દુર્બળ)

**अबलत्त - अबलत्व ( न. )**(નિર્બળતા, દુર્બળતા, દૌર્બલ્ય)

**अबला - अबला ( स्त्री. )**(સ્ત્રી, મહિલા, અકિંચિતકરી-નારી)

**अबहिट्ठ - अबहित्थ ( न. )**(હૃદયમાં રહેલ ભાવને ગોપવવો તે ર. મૈથુન, સ્ત્રી સંગ)

**अबहिम्मण - अबहिर्मनस् ( त्रि. )**(ધર્મિષ્ઠ, સર્વજ્ઞ પરમાત્માના ઉપદેશાનુસાર વર્તનાર, મનને જ્યાં ત્યાં ન ભટકાવનાર)

**अबहिल्लेस्स - अबहिर्लेश्य ( त्रि. )**(જેની ચિત્તવૃત્તિ સંયમથી બહાર ન હોય તે, સંયમમાં મનોયોગને સાધનાર, સંયમમાં રત)

**अबहुवादि ( ण् ) - अबहुवादिन् ( त्रि. )**(બહુ બોલનાર નહીં તે, અલ્પભાષી)

**अबहुस्सुय ( त ) - अबहुश्रुत ( पुं. )**(જેણે આચાર પ્રકલ્પ નામક નિશીથાધ્યયનનો અભ્યાસ નથી કર્યો અથવા તે પછીનું અધ્યયન નથી કર્યું તે-મુનિ, અબહુશ્રુત)

**अबालुया - अबालुका ( स्त्री. )**(ચીકણો પદાર્થ, સ્નિગ્ધ વસ્તુ)

**अबाहा - अबाधा ( स्त्री. )**(કર્મના બંધ અને ઉદય વચ્ચેનો કાળ, અબાધા કાળ ર. બે વસ્તુ કે બે પ્રદેશ વચ્ચેનું અંતર ૩. બાધા-પીડા ન કરવી તે)

**अबाहिरिय - अबाहिरिक ( त्रि. )**(જેના કિલ્લાની બહાર વસતિ ન હોય તેવું સ્થાન)

★**अबाह्य ( त्रि. )**(ગામની અત્યંત નજીકમાં રહેલ હોય તે)

**अबाहूणिया - अबाधोनिका ( स्त्री. )**(અબાધાકાળથી ન્યૂન સ્થિતિવાળી કર્મપ્રકૃતિ)

**अबीय - अद्वितीय ( त्रि. )**(જેની સાથે બીજું કોઇ નહીં તે, એકાકી, એકલો)

**अबुद्ध - अबुद्ध ( त्रि. )**(મૂર્ખ, અવિવેકી, તત્ત્વને ન જાણનાર)

**अबुद्धजागरिया - अबुद्धजागरिका ( स्त्री. )**(જ્ઞાનવંત છદ્મસ્થ જીવની વિચારણા)

**अबुद्धसिरी ( देशी )**(અપેક્ષાથી વધુ ફળની પ્રાપ્તિ, મનોરથથી અધિક ફળની પ્રાપ્તિ)

**अबुद्धिअ - अबुद्धिक ( त्रि. )**(તત્ત્વજ્ઞાન રહિત, બુદ્ધિહીન, અજ્ઞાની)

**अबुह - अबुध ( पुं. )**(અબુધ, અજ્ઞાની, બુદ્ધિ રહિત, મૂર્ખ, બાલિશ, તત્ત્વજ્ઞાન વગરનો ર. અવિવેકી)

**अबुहजण - अबुधजन ( त्रि. )**(અજ્ઞાની પરિવારવાળો, અકલ્યાણમિત્ર પરિજનવાળો)

**अबोह - अबोध ( पुं. )**(જ્ઞાનનો અભાવ, અજ્ઞાન ર. ત્રિ. બોધ રહિત, અજાણ)

**अबोहंत - अबोधयत् ( त्रि. )**(નહિ જણાવતો, નહીં જગાવતો, નહીં સમજાવતો, ઉપદેશ ન કરતો)

**अबोहि - अबोधि ( स्त्री. )**(મિથ્યાત્વકારી જ્ઞાન ર. અજ્ઞાન ૩. જૈનધર્મની અપ્રાપ્તિ)

**अबोहिकलुस - अबोधिकलुष ( त्रि. )**(મિથ્યાદૃષ્ટિ, અજ્ઞાની)

**अबोहिबीय - अबोधिबीज ( न. )**(સમ્યક્ત્વના અભાવનું કારણ)

**अबोहिय - अबोधिक ( न. )**(મિથ્યાત્વફળ-અજ્ઞાન, બોધિ જેને નથી તે, સમ્યક્ત્વ વગરનો, બોધ રહિત, જેનાથી બોધનો અભાવ છે તે ર. પું.સ્ત્રી. જૈનધર્મની અપ્રાપ્તિ ૩. બુદ્ધિ વિશેષનો અભાવ)

**अब्बुय - अर्बुद ( पुं. )**(સ્વનામ પ્રસિદ્ધ પર્વત, આબુતીર્થ)

**अब्भ - अभ्र ( न. )**(મેઘ, વાદળ ર. આકાશ)

**अब्भंग - अभ्यङ्ग ( पुं. )**(થોડાક તેલાદિથી મર્દન કરવું તે, એકવાર તેલથી મર્દવું તે-માલીશ કરવી તે)

**अब्भंगण - अभ्यञ्जन ( न. )**(તેલ વગેરે લગાડીને મર્દન કરવું તે, ધૃતવશાદિ વડે કે સહસ્રપાક તેલથી શરીરે માલીશ કરવી તે)

**अब्भंगिएल्लय - अभ्यङ्गित ( त्रि. )**(તેલ આદિથી મર્દિત, તેલથી માલીશ કરેલ-શરીરાદિ)

**अब्भंगि ( गे ) त्ता - अभ्यज्य ( अव्य. )**(તેલ આદિથી મર્દન કરીને-માલીશ કરીને)

**अब्भंगिय - अभ्यङ्गित ( त्रि. )**(તેલ આદિથી મર્દન કરેલ, તેલાદિથી ચોળેલ)

**अब्भं ( ब्भिं ) तर - अभ्यन्तर ( त्रि. )**(પુત્ર-કલત્રાદિની જેમ અત્યન્ત નજીકનું-સમીપનું ર. અંદર, અંદરમાં રહેલ, અંદરનો ભાગ)

**★आभ्यन्तर ( त्रि. )**(અંદરના ભાગમાં રહેલ, માહેલું, વચ્ચેનું-મધ્યસ્થ)

**अब्भं ( ब्भिं ) तरओसचित्तकम्म - अभ्यन्तरतःसचित्रकर्मन् ( त्रि. )**(મધ્યભાગમાં ચિત્રકર્મથી સુંદર, મધ્યમાં સુંદરચિત્રકામવાળુ)

**अब्भं ( ब्भिं ) तरकरण - अभ्यन्तरकरण ( न. )**(ભાવસંગ્રહનો એક ભેદ)

**अब्भं ( ब्भिं ) तरग - आभ्यन्तरक ( पुं. )**(અંગત માણસ, નજીકનો વ્યક્તિ, અત્યંત વિશ્વાસુ મંત્રી વગેરે)

**अब्भं ( ब्भिं ) तरठाणिज्ज - अभ्यन्तरस्थानीय ( पुं. )**(નજીકનો પ્રેષ્ય વ્યક્તિ, અંગત નોકર, ખાસ માણસ)

**अब्भं ( ब्भिं ) तरतव - अभ्यन्तरतपस् ( न. )**(મોક્ષનો હેતુભૂત આંતરિક તપ, પ્રાયશ્ચિત્તાદિ છ પ્રકારનું અભ્યંતર તપ)

**अब्भं ( ब्भिं ) तरतो - अभ्यन्तरतस् ( अव्य. )**(અંદર ખાને, મધ્યમાં, વચમાં)

**अब्भं ( ब्भिं ) तरदेवसिय - अभ्यन्तरदैवसिक ( न. )**(દિવસ દરમ્યાન, દિવસની અંદર)

**अब्भं ( ब्भिं ) तरपरिस - अभ्यन्तरपरिषत् ( पुं., स्त्री. )**(મિત્રમંડળી ર. સમિતિ નામની ઇંદ્રની આંતરિક સભા, અંદરની સભા)

**अब्भं ( ब्भिं ) तरपाणीय - अभ्यन्तरपानीय ( त्रि. )**(જેની અંદર પાણી છે તેવી ચોરપલ્લી આદિ સ્થાન)

**अब्भं ( ब्भिं ) तरपुक्खरद्ध - अभ्यन्तरपुष्करार्द्ध ( न. )**(માનુષ્યોત્તર પર્વતની પહેલા આવેલ પુષ્કરવરદ્વીપનો અર્ધભાગ)

**अब्भं ( ब्भिं ) तरपुप्फफल - अभ्यन्तरपुष्पफल ( त्रि. )**(પત્રાચ્છાદનના કારણે જેના પુષ્પ અને ફલ અદૃષ્ટ છે તેવું વૃક્ષ)

**अब्भं ( ब्भिं ) तरबाहरिय - अभ्यन्तरबाहिरिक ( त्रि. )**(નગરના મધ્યભાગની સાથે કિલ્લા બહારના ભાગે મકાનોની હારમાળા જ્યાં છે તે નગરાદિ)

**अब्भं ( ब्भिं ) तरय - आभ्यन्तरक ( पुं. )**(રાજાની અત્યંત નજીકમાં રહેનાર પુરુષ ર. અંદરનો વ્યક્તિ, અંતરંગ)

**अब्भं ( ब्भिं ) तरलद्धि - अभ्यन्तरलब्धि ( स्त्री. )**(અવધિજ્ઞાનનો એક ભેદ, અભ્યંતર લબ્ધિ)

**अब्भं ( ब्भिं ) तरसंबुक्का - अभ्यन्तरशम्बूका ( स्त्री. )***(ગોચરીનો એક ભેદ, ભિક્ષાનો એક ભેદ કે જેમાં શંખાવર્તની જેમ ગોચરી લેવાય છે)*
**अब्भं ( ब्भिं ) तरसगडुद्धिया - अभ्यन्तरशकटोद्धिका ( स्त्री. )***(કાયોત્સર્ગનો એક દોષ, કાયોત્સર્ગનો શકટોદ્ધિકા દોષ, જેમાં આગળના બંને અંગુઠા જોડી દેવાય અને એડી ખુલ્લી રખાય તે)*
**अब्भं ( ब्भिं ) तरोहि - अभ्यन्तरावधि ( पुं. )***(અવધિજ્ઞાનનો એક ભેદ)*
**अब्भं ( ब्भिं ) तरिया - आभ्यन्तरिकी ( स्त्री. )***(અંદરના ભાગમાં રહેલ પડદો, અભ્યંતર પડદો)*
**अब्भक्खइज्ज - अभ्याख्यातव्य ( त्रि. )***(કોઈના ઉપર ખોટો આરોપ લગાવવો તે, ચોર ન હોય તેને ચોર કહેવો તે)*
**अब्भक्खणं ( देशी )***(અપયશ, અકીર્તિ)*
**अब्भक्खाण - अभ्याख्यान ( न. )***(કોઈને ખોટો આળ આપવો, પ્રકટ રીતે આક્ષેપ કરવો, ખોટી સાક્ષી પૂરવી)*
**अब्भच्छण्ण - अभ्रच्छन्न ( त्रि. )***(વાદળથી આચ્છાદિત, વાદળછાયું)*.
**अब्भड ( देशी )***(પાછળ જઈને, અનુગમન કરીને)*
**अब्भणुण्णा - अभ्यनुज्ञा ( स्त्री. )***(કર્તવ્યવિષયક અનુમતિ આપવી તે, અનુષ્ઠાન વિષયક અનુજ્ઞા-રજામંદી કરવી તે)*
**अब्भणुण्णाय - अभ्यनुज्ञात ( त्रि. )***(કર્તવ્યરૂપે અનુમતિ અપાયેલ, કર્તવ્યની આજ્ઞા અપાયેલ)*
**अब्भंत्थ - अभ्यस्त ( त्रि. )***(એક જ ક્રિયાની પુનઃ પુનઃ આવૃત્તિ કરેલ, અભ્યાસ કરેલ)*
**अब्भत्थणा - अभ्यर्थना ( स्त्री. )***(પરસ્પર કાર્ય-પ્રવૃત્તિ કરાવવી તે, ઈચ્છાકાર પૂર્વક કાર્ય કરાવવું તે ૨. પ્રાર્થના, વિનંતી ૩. આદર, સત્કાર)*
**अब्भपडल - अभ्रपटल ( न. )***(અબરખ, પૃથ્વીકાયનો એક ભેદ ૨. વાદળોનો સમૂહ)*
**अब्भपिसाय ( देशी-पुं. )***(રાહુ)*
**अब्भबालुया - अभ्रवालुका ( स्त्री. )***(અભ્રક ધાતુમિશ્રિત રેતી, કઠણ સચિત્ત પૃથ્વીકાયનો એક ભેદ)*
**अब्भरहिय - अभ्यर्हित ( त्रि. )***(રાજમાન્ય ૨. સત્કાર પ્રાપ્ત, ગૌરવશાળી-રાજપુત્ર કે મંત્રીપુત્ર)*
**अब्भराग - अभ्रराग ( पुं. )***(સંધ્યાની લાલિમા, સંધ્યા સમયે સૂર્યકિરણોથી આકાશમાં થતાં વાદળના વર્ણો-સંધ્યારાગ)*
**अब्भरुक्ख - अभ्रवृक्ष ( पुं. )***(વાદળથી બનેલ વૃક્ષનો આકાર, જે વાદળે વૃક્ષનો આકાર ધારણ કર્યો હોય તે)*
**अब्भवद्दलय - अभ्रवार्दलक ( न. )***(જલયુક્ત વાદળ, પાણીથી ભરેલા વાદળ, આકાશગત જળયુક્ત મેઘ)*
**अब्भसंझा - अभ्रसन्ध्या ( स्त्री. )***(રંગબેરંગી વાદળોવાળી સંધ્યા, સંધ્યા સમયે દેખાતા રંગ-બેરંગી વાદળો)*
**अब्भसंथड - अभ्रसंस्तृत ( न. )***(વાદળોથી આકાશ છવાઈ જવું તે, વાદળોથી ઘેરાયેલું આકાશ)*
**अब्भसण - अभ्यसन ( न. )***(એક જ ક્રિયાનું પુનઃ પુનઃ કરવું તે, સતત અભ્યાસ)*
**अब्भसिय - अभ्यस्य ( अव्य. )***(એક જ ક્રિયાને પુનઃ પુનઃ કરીને, શીખીને, અભ્યાસ કરીને)*
**अब्भहिय - अभ्यधिक ( त्रि. )***(વધારે, વિશેષ, અધિક, અત્યન્ત)*
**अब्भहियतरग - अभ्यधिकतरक ( त्रि. )***(અતિશય વધારે, અત્યધિક, વિપુલતર, વિસ્તીર્ણ)*
**अब्भागम - अभ्यागम ( पुं. )***(સન્મુખ આવવું તે ૨. યુદ્ધ ૩. વિરોધ ૪. નજીકમાં રહેવું તે)*
**अब्भागमिय - अभ्यागमिक ( पुं. )***(આગન્તુક, મહેમાન, પ્રાહુણો, અતિથિ)*
**अब्भागय - अभ्यागत ( पुं. )***(આગન્તુક, મહેમાન, પ્રાહુણો, અતિથિ)*
**अब्भावगासिय - अभ्रावकाशिक ( न. )***(આંબા વગેરે ઝાડના મૂળની નીચે રહેલ ઘર)*
**अब्भास - अभ्यास ( श ) ( पुं. )***(અભ્યાસ કરવો તે, વારંવાર આવૃત્તિ કરવી તે ૨. સમીપ, નજીક ૩. આદત ૪. આવૃત્તિજન્ય સંસ્કાર)*
**अब्भासकरण - अभ्यासकरण ( न. )***(પાસત્થાદિને પુનઃ સંયમધર્મમાં સ્થાપિત કરવારૂપ સંભોગનો એક ભેદ)*
**अब्भासग - अभ्यासक ( पुं. )***(નિક્ષેપો, સ્થાપના)*
**अब्भासगुण - अभ्यासगुण ( पुं. )***(પૂર્વના અભ્યાસજનિત સંસ્કારથી ઉત્પન્ન થયેલ ગુણ)*
**अब्भासजणियपसर - अभ्यासजनितप्रसर ( त्रि. )***(અભ્યાસજનિત પ્રસર-ધારા, અભ્યાસથી ઉત્પન્ન થયેલ વેગ, અભ્યાસજન્ય વેગવાળો)*
**अब्भासत्थ - अभ्याशस्थ ( त्रि. )***(નજીકમાં રહેલ, નિકટવર્તી, સમીપવર્તી)*
**अब्भासवत्तिअ - अभ्याशवर्तित्व ( न. )***(ગુર્વાદિ ગૌરવશાળી પુરુષની નજીક બેસવું તે, લોકોપચાર વિનય)*
**★अभ्यासप्रत्यय ( पुं. )***(વર્ણનીય પુરુષોની પાસે રહેવાનું નિમિત્ત છે જેમાં તેવા સદ્ગુણોને દીપાવવા તે)*

★अभ्यासप्रीतिक ( न. )(ગુર્વાદિની નજીકમાં બેસવામાં આનંદ માણવો તે, લોકોપચાર વિનય)
अब्भासवित्ति - अभ्याशवृत्ति ( स्त्री. )(રાજા મંત્રી વગેરેની પાસે બેસવું તે)
अब्भासाइसय - अभ्यासातिशय ( पुं. )(અભ્યાસનો ઉત્કર્ષ-અતિશય, આવૃત્તિજન્ય ઉત્કૃષ્ટપણું)
अब्भासासण - अभ्याशासन ( न. )(પાસે બેસવું તે, નજીક બેસવું તે)
अब्भासिय - अभाषित ( त्रि. )(દ્રવિડાદિ દેશોમાં ઉત્પન્ન થયેલ, દ્રાવિડ પ્રાન્તમાં પેદા થયેલ)
अब्भिंग - अभ्यङ्ग ( पुं. )(સ્નેહનું સાધન તેલ વગેરે ૨. તેલાદિથી મર્દન કરવું તે)
अब्भिंगिय - अभ्यङ्गित ( त्रि. )(તેલાદિથી જેને મર્દન કરવામાં આવેલું છે તે, તેલાદિથી માલીશ કરેલ)
अब्भिड - सम्+गम् ( धा. )(મળવું, સંગતિ કરવી)
अब्भिण्ण - अभिन्न ( त्रि. )(ભેદ રહિત, અભિન્ન ૨. જેનું વ્યાખ્યાન કરેલ ન હોય તે, અવિવૃત)
अब्भुक्खणीया - अभ्युक्षणीया ( स्त्री. )(પવનથી પ્રેરિત થઈ પડતા જળના ફોરા-બિંદુઓ, સીકર)
अब्भुग्गम - अभ्युद्गम ( पुं. )(ઉદય થવો તે, ચડતી, ઊગવું તે)
अब्भुग्गय - अभ्युद्गत ( त्रि. )(ઊગતા અંકુરની જેમ અગ્રભાગ કંઈક ઉન્નત થયેલ, ચારે બાજુથી બહાર ફેલાયેલ ૨. ઊગી નીકળેલ ૩. ઊંચું કરેલ-ઉપાડેલ ૪. જોનારને રમણીય લાગે તેમ રહેલ)
★अभ्रोद्गत ( त्रि. )(ઊંચું, ઉન્નત)
अब्भुग्गयभिंगार - अभ्युद्गतभृङ्गार ( पुं. )(જેની આગળ લોટો ઉપાડીને એક માણસ ચાલે તેવો ભાગ્યશાળી પુરુષ)
अब्भुग्गयमुसिय - अभ्यु ( भ्रो ) द्गतोच्छ्रित ( त्रि. )(અત્યંત ઊંચું, ઘણું ઉન્નત)
अब्भुज्जय - अभ्युद्यत ( त्रि. )(વધવા માંડેલ, વૃદ્ધિગત થયેલ ૨. ઉદ્યમી ૩. જિનકલ્પિકાદિમાંથી કોઈપણ મુનિ ૪. ઉદ્યત વિહાર)
अब्भुज्जयमरण - अभ्युद्यतमरण ( न. )(જિનકલ્પિકાદિ ઉદ્યતવિહારી સાધુનું મરણ-પાદપોપગમનાદિ મરણ)
अब्भुज्जयविहार - अभ्युद्यतविहार ( पुं. )(ઉદ્યત વિહાર)
अब्भुट्ठाण - अभ्युत्थान ( न. )(દશ પ્રકારની સાધુ સામાચારીનો નવમો પ્રકાર, ગુર્વાદિક સામે આવ્યે છતે આદર-સન્માન અર્થે ઊભા થવું તે- તેમની સેવામાં ઉદ્યત થવું તે)
अब्भुट्ठित्तए - अभ्युत्थातुम् ( अव्य. )(સન્માન આપવા માટે, ગુરુ આદિની સેવા માટે તૈયાર રહેવા હેતુ)
अब्भुट्ठिय - अभ्युत्थित ( त्रि. )(ઉદ્યત થયેલ, તૈયાર થયેલ, સજ્જ થયેલ ૨. સન્માન આપવા માટે ઊભો થયેલ)
अब्भुट्ठेत्ता - अभ्युत्थातृ ( त्रि. )(ગુર્વાદિની સન્મુખ જનાર)
अब्भुट्ठेयव्व - अभ्युत्थातव्य ( त्रि. )(સન્મુખ જઈને સત્કાર કરવા યોગ્ય)
अब्भुण्णय - अभ्युन्नत ( त्रि. )(ઉન્નત, ઊંચું, બહાર નીકળી આવેલું, અત્યન્ત ઉત્કટ)
अब्भुत्त - स्ना ( धा. )(સ્નાન કરવું)
अब्भुदय - अभ्युदय ( पुं. )(ઉદય, ચડતી, રાજલક્ષ્મી આદિની પ્રાપ્તિ)
अब्भुदयफल - अभ्युदयफल ( त्रि. )(અભ્યુદયરૂપી ફળ છે જેમાં તે, ઉદયફળને અપાવનાર)
अब्भुदयहेउ - अभ्युदयहेतु ( पुं. )(અભ્યુદયનું કારણ, ઉદયને પ્રાપ્ત કરાવનાર હેતુ)
अब्भुदयावुच्छित्ति - अभ्युदयाव्युच्छित्ति ( स्त्री. )(કલ્યાણની અવિચ્છિન્નતા, અભ્યુદયના વિચ્છેદનો અભાવ)
अब्भुय - अद्भुत ( त्रि. )(આશ્ચર્ય, વિસ્મય ૨. વિસ્મયકારક ૩. સાહિત્ય પ્રસિદ્ધ રસોમાંનો એક રસ)
अब्भुवगम - अभ्युपगम ( पुं. )(સ્વીકાર, અંગીકાર કરવું તે)
अब्भुवगमसिद्धंत - अभ्युपगमसिद्धान्त ( पुं. )(તર્કશાસ્ત્ર પ્રસિદ્ધ સિદ્ધાન્તનો એક ભેદ)
अब्भुवगय - अभ्युपगत ( त्रि. )(શ્રુતસંપદાને પામેલ ૨. સંપ્રાપ્ત, ઉદયપ્રાપ્ત, સ્વીકારેલ, અંગીકૃત કરેલ ૩. સમીપે ગયેલ)
अब्भोवगमिया - आभ्युपगमिकी ( स्त्री. )(સ્વેચ્છાએ સ્વીકારેલ કેશલુંચન, ભૂમિશયનાદિ ચારિત્રના પાલનમાં થતી વેદના)
अभग्ग - अभग्न ( त्रि. )(અખંડ, સર્વથા અવિનાશિત ૨. વિપાકસૂત્રના પ્રથમ શ્રુતસ્કંધના ત્રીજા અધ્યયનનું નામ)
अभग्गसेण - अभग्नसेन ( पुं. )(વિપાકસૂત્રમાં કહેલ વિજય નામક ચોરસેનાપતિનો પુત્ર)

## પ્રક્ષિપ્ત શબ્દો

**અકાલ મૃત્યુ** : અનવસરે અચાનક મૃત્યુ થાય તે.

**અકિંચનતા** : સંપૂર્ણ અપરિગ્રહ દશા.

**અણિમાલબ્ધિ** : શરીર નાનામાં નાનું કરી શકવાની ચમત્કારિક જે શક્તિ તે.

**અંડજ** : ઈંડા સ્વરૂપે જન્મ થાય તે.

**અતિથિ** : જેના આગમનમાં તિથિ અજ્ઞાત હોય તે. અર્થાત્ મહેમાન.

**અનિન્દ્રિય** : મન, બાહ્ય ઈન્દ્રિયથી ભિન્ન

**અપવર્ગ** : મોક્ષ-મુક્તિ-સિદ્ધાવસ્થા.

**આયતન** : આધાર, ઘર, મંદિર, આશ્રય.

**ઇંગિનીમરણ** : વિશિષ્ઠ સમાધિપૂર્વકનું મૃત્યુ.

**ઉદુમ્બર** : એક ફળ વિશેષ, જે અનંતકાય ગણાય છે.

**ઉપાધિ** : જ્ઞાનાદિ ગુણોની વૃદ્ધિકારક સામગ્રી.

**ઉપબૃંહક** : પ્રશંસક, ગુણીના ગુણોની પ્રશંસા કરનાર.

**ઉપાસક** : શ્રાવક, ઉપાસના કરનાર.

**કાલકુટ** : ઉગ્ર વિષ.

**કાલચક્ર** : બાર આરાનો સમૂહ, ઉત્સર્પિણી + અવસર્પિણી

**કુલકર** : યુગલિક કાળના અંત સમયે નીતિ નિયમો ઘડનારા રાજાઓ.

**ક્ષપણ** : ઉપવાસ

**ખરકર્મ** : કઠોર કાર્ય, જીવોની ઘણી હિંસાવાળું કાર્ય.

**ખાદ્ય** : ખાવા લાયક આહાર.

**ગણિની** : સમુદાયનાં વડીલ સાધ્વજી મ.

**ચતુર્થભક્ત** : ચોથ ભક્ત, આગળ પાછળ એકાસણાવાળો ઉપવાસ.

**જુગુપ્સા** : નિંદા, ઘૃણા, અપ્રીતિભાવ.

**તત્ત્વજ્ઞ** : તત્ત્વ જાણનાર વિદ્યમાન પુરુષ.

**ત્રસનાડી** : એક ગજ લાંબી-પહોળી અને ચૌદરાજ ઊંચી એવી ત્રસ જીવોને જન્મ-મરણની જગ્યા (ભૂમિ.)

**ત્રસરેણુ** : પારિભાષિક એક માપ, આઠ બાદર પરમાણુ બરાબર એક ત્રસરેણુ.

**દત્તિ** : ધારા તુટ્યા વિના પડતો આહાર અને પાણી.

**ધર્મધ્વજ** : ઈન્દ્રધ્વજ, ધર્મનો સુચક એવો ધ્વજ.

**નિમેષ** : આંખનો પલકારો.

**પરસમય** : પરદર્શન, અન્ય ધર્મના શાસ્ત્રો.

**પશ્ચાનુપૂર્વી** : ઉલટા ક્રમે વસ્તુ કહેવી.

**પૂર્વાનુપૂર્વી** : ક્રમશઃ વસ્તુ કહેવી.

**પ્રકીર્ણક** : છૂટા-છવાયા વિષયો, પરચુરણ પ્રસંગો.

**પ્રત્યભિજ્ઞાન** : પ્રત્યક્ષ દર્શન અને સ્મરણપૂર્વકનું જ્ઞાન.

**પ્રાસુક** : નિર્દોષ, કલ્પે તેવું.

**ભવકેવલી** : શરીરધારી એવા કેવલજ્ઞાની તેરમા-ચૌદમા ગુણસ્થાનકવાલા.

## અ—આ

**અંગપૂજા :** જે પૂજા કરતી વખતે પ્રભુજીની પ્રતિમાજીના અંગનો સ્પર્શ થાય તે. જેમકે જલપૂજા, ચંદનપૂજા, અને પુષ્પપૂજા.

**અંગપ્રવિષ્ટ :** દ્વાદશાંગીમાં આવેલું, બાર અંગોમાં રચાયેલું.

**અંગબાહ્ય :** દ્વાદશાંગીમાં ન આવેલું, બાર અંગોમાં ન રચાયેલું.

**અંઘોળે :** અર્ધસ્નાન, હાથ-પગ-મુખ ધોવા તે.

**અંજન :** આંખમાં આંજવાનું કાજળ.

**અંજનગિરિ :** તે નામના શ્યામ રંગવાળા નંદીશ્વર દ્વીપમાં આવેલા પર્વત.

**અંજનચૂર્ણ :** કાજળનો ભુક્કો, કાજળનું ચૂર્ણ.

**અંજનશલાકા :** પ્રભુજીની પ્રતિમામાં આંખની અંદર ઉત્તમ સળી વડે અંજન આંજવું તે, પ્રભુત્વનો આરોપ કરવો તે.

**અંજના :** તે નામની સતી સ્ત્રી, પવનકુમારની પત્ની, હનુમાનજીની માતા.

**અંડજ :** ઈંડા રૂપે થતો જન્મ, ગર્ભજ જન્મનો એક પ્રકાર.

**અંતરંગ પરિણતિ :** આત્માના અંદરના હૈયાના ભાવ, હૈયાના પરિણામ.

**અંતરંગ શત્રુ :** આત્માના અંદરના શત્રુ, રાગ, દ્વેષ, મોહ, અજ્ઞાન વગેરે.

**અંતકરણ :** આંતરું કરવું, વચ્ચેની જગ્યા ખાલી કરવી, મિથ્યાત્વ મોહનીય કર્મની સ્થિતિના બે ભાગ કરી વચ્ચેનો ભાગ ખાલી કરવો, દલીકોનો ઉપર-નીચે પ્રક્ષેપ કરવો.

**અંતરકાલ :** વિરહકાળ, પ્રાપ્ત થયેલી વસ્તુ ગયા પછી ફરી ક્યારે મળે.

**અંતરદૃષ્ટિ :** આત્માની અંદરની ભાવદૃષ્ટિ, આત્માભિમુખતા.

**અંતરાયકર્મ :** દાનાદિમાં વિઘ્ન કરનારું આઠમું કર્મ.

**અંતર્દ્વીપ :** પાણીની વચ્ચે આવેલા બેટ, હિમવંત અને શિખરી પર્વતના છેડે બે બે દાઢા ઉપરના સાત સાત દ્વીપો.

**અંતર્મુહૂર્ત :** અડતાલીસ મિનિટમાં કંઈક ઓછું. બે-ત્રણ સમયથી પ્રારંભીને ૪૮ મિનિટમાં એક બે સમય ઓછા.

**અંત્યજ :** ચંડાલ, ઢેઢ, ભંગી ઈત્યાદિ માનવજાતમાં અન્તે ગણાતા મનુષ્યો.

**અંધપંગુન્યાય :** આંધળો અને પાંગળો ભેગા થવાથી જેમ ઈષ્ટ નગરે પહોંચે છે તેમ જ્ઞાન અને ક્રિયાયુક્ત જીવ મોક્ષે જાય છે તે ન્યાય.

**અંશરૂપ :** એક ભાગસ્વરૂપ, આખી વસ્તુના ટુકડાસ્વરૂપ.

**અકર્મભૂમિ :** જ્યાં અસિ-મષિ-કૃષિ નો વ્યવહાર નથી, માત્ર કલ્પવૃક્ષોથી જ જીવવાનું છે એવાં ૫ હિમવંતક્ષેત્ર, ૫ હરિવર્ષક્ષેત્ર, ૫ રમ્યક્ક્ષેત્ર, ૫ હિરણ્યવંત ક્ષેત્ર, ૫ દેવગુરુ, ને ૫ ઉત્તરકુરુ.

**અકર્માવસ્થા :** કર્મરહિત આત્માની શુદ્ધ અવસ્થા, સિદ્ધિગત અવસ્થા.

**અકલ્પ્ય :** ન કલ્પે તેવું, જે વસ્તુ જે અવસ્થામાં ભોગયોગ્ય ન હોય તે.

**અકલ્યાણ :** આત્માનું અહિત, નુકસાન, આત્માને થતી પીડા.

**અકસ્માદ્ભય :** આગ લાગે, જલ-પ્રલય આવે, મકાન બેસી જાય ઈત્યાદિ ભય.

**અકિંચિત્કર :** જે વસ્તુ કામ કરવામાં નિષ્ફળ હોય, બિનઉપયોગી હોય તે.

**અકુશલ :** માઠા સમાચાર, જે વ્યક્તિ જે કામ કરવામાં હોશિયાર ન હોય.

**અકૃતાગમ :** જે કાર્ય કર્યું ન હોય અને તેનું ફળ આવી પડે તે; કાર્ય કર્યા વિના ફળની પ્રાપ્તિ થાય તે.

**અખંડજાપ :** સતત જાપ કરવો તે, વચ્ચે અટકાયત વિના.

**અખાત્રીજ :** ઋષભદેવ પ્રભુનો વર્ષીતપનો પારણાનો દિવસ; ગુજરાતી વૈશાખ સુદ ત્રીજ.

**અખેદ :** ઉદ્વેગ-કંટાળો ન આવવો, નીરસતા ન લાગવી.

**અગમિક :** જે શ્રુતશાસ્ત્રમાં સરખે-સરખા પાઠો ન હોય તે.

**અગમ્યાર્થ :** ન જાણી શકાય, ન સમજી શકાય તેવા અર્થો.

**અગાધ :** ઊંડું, જેનો તાગ ન પામી શકાય તેવું.

**અગાર :** ઘર, રહેવા માટેનું સ્થાન.

**અગારી :** ગૃહસ્થ, ઘરબારી, ઘરવાળો, શ્રાવક-શ્રાવિકા.

**અગુરુલઘુ :** જેનાથી દ્રવ્ય ગુરુ કે લઘુ ન કહેવાય તે, દ્રવ્યમાં રહેલો એક પ્રકારનો વિશિષ્ટ ગુણ અથવા સ્વભાવ.

**અગોચર :** ન જાણી શકાય તે, અગમ્ય, ન સમજી શકાય તે.

**અગોરસ :** ગાયનું દૂધ, અથવા દૂધમાંથી બનેલી વસ્તુઓને છોડીને બાકીની બીજી વસ્તુઓ.

**અગ્રપિંડ :** ગૃહસ્થને ઘેર રસોઈ તૈયાર હોય, હજુ કોઈ જમ્યું ન હોય, ત્યારે રસોઈમાં પ્રથમ ઉપરનો આહાર ગ્રહણ કરવો તે.

**અગ્રપૂજા :** પ્રભુજીની સામે ઊભા રહીને જે પૂજા કરાય તે.

**અઘાતી :** આત્માના ગુણોનો ઘાત ન કરે તેવાં કર્મો.

**અચરમાવર્ત :** જે આત્માઓનો સંસાર એક પુદ્ગલ પરાવર્તનથી અધિક બાકી છે તે, સંસારમાં હજુ વધુ પરિભ્રમણવાળા.

**અચિત્ત :** જેમાં જીવ નથી તે, નિર્જીવ વસ્તુ.

**અચિન્ત્યશક્તિમાન :** ન કલ્પી શકાય એવી શક્તિ જેનામાં છે તેવો પુરુષ.

**અચ્યુત દેવલોક :** બારમો દેવલોક, વૈમાનિક નિકાયમાં છેલ્લો દેવલોક.

**અચ્યુતપતિ :** બારમા દેવલોકનો ઈન્દ્ર, સર્વોપરી ઈન્દ્ર.

**અચેતન :** નિર્જીવ વસ્તુ, જેમાં જ્ઞાન-ચેતના નથી તે.

**અજાતશત્રુ :** જેને કોઈ શત્રુ જ નથી તે, સર્વના બહુમાનવાળા.

**અજિતનાથ :** ભરતક્ષેત્રમાં થયેલા બીજા ભગવાન.

**અજીર્ણ :** અપચો, ખાધેલો આહાર પચે નહીં તે.

**અજીવ :** નિર્જીવ વસ્તુ, જેમાં જીવ નથી તેવી વસ્તુ.

**અજુગતું :** અયોગ્ય, બિનજરૂરી, નિરર્થક, જ્યાં જે ન શોભે તે.

**અટ્ટાપટ્ટા :** માયા, કપટ, આડા-અવળું.

**અડગ :** સ્થિર, ડગે નહીં તેવો, ચલાયમાન ન થાય તે.

**અઢીદ્વીપ :** જંબુદ્વીપ, ઘાતકીખંડ, અર્ધપુષ્કરવર દ્વીપ, જેમાં મનુષ્યોની વસતિ છે તે. ૪૫ લાખ યોજનપ્રમાણ.

**અણગાર :** ઘર વિનાના, સાધુસંતો; જેને પોતાનું ઘર કે આશ્રમ કે આશ્રય કંઈ નથી તે.

**અણમોલ :** અમૂલ્ય, જેની કિંમત ન આંકી શકાય તે.

**અણશન :** આહારનો ત્યાગ, ઈચ્છા અને સમજપૂર્વક ઉપવાસાદિ કરવાં, સમજી-શોચીને મૂર્છાના ત્યાગ માટે આહારનો ત્યાગ.

**અણાહારીપદ :** આહાર વિનાનું સ્થાન, જ્યાં ઓજાહાર-લોમાહાર કે કવલાહાર એમ ત્રણમાંથી એકે આહાર નથી તે.

**અણાહારી પદાર્થ :** જે વસ્તુ અશન-પાન-ખાદિમ અને સ્વાદિમમાં ન આવતી હોય તે, ઉપવાસાદિમાં કારણસર લઈ શકાય તે.

**અણુવ્રત :** નાનાં નાનાં વ્રત, શ્રાવક-શ્રાવિકાનાં પ્રથમ પાંચ વ્રતો.

**અતિક્રમ :** પાપ કરવાની ઈચ્છા થવી તે, પાપની ભાવના તે.

**અતિચાર :** અજાણતાં પાપ થઈ જાય તે, અથવા સંજોગવશાત્ પરવશપણે જાણીને જે પાપ થાય તે, પાપાચરણ કરવા છતાં પાપ કર્યાનુ દુઃખ હૈયામાં હોય તે.

**અતિપ્રસંગ :** અતિવ્યાપ્તિ; જે જેનું લક્ષણ હોય તે તેની બહાર જાય તે.

**અતિભારારોપણ :** અતિશય ભારનું આરોપણ કરવું તે, જેનાથી જેટલું ઊંચકી શકાય તેવું હોમ તેના ઉપર વધુ ભાર નાખવો તે.

**અતિવ્યાપ્તિ :** જે લક્ષણ જેનું કર્યું હોય તેમાં પણ હોય અને તેના વિના અન્યમાં પણ જે હોય તે.

**અતિશય :** સામાન્ય માનવીમાં ન સંભવે એવું આશ્ચર્યકારી જીવન.

**અતિશય ઉત્કંઠા :** તીવ્ર અભિલાષા, જોરદાર ઈચ્છા.

**અતિશય જ્ઞાની :** સર્વશ્રેષ્ઠ જ્ઞાન વાળા, સર્વજ્ઞ, કેવળજ્ઞાન વાળા

**અતીત :** ભૂતકાળનું, વીતી ગયેલું, થઈ ગયેલું.

**અતીન્દ્રિય :** ઈન્દ્રિયોથી ન જાણી શકાય તે, ઈન્દ્રિયોથી અગોચર.

**અતીર્થસિદ્ધ :** ભગવાનનું તીર્થ સ્થપાયા પહેલાં મોક્ષે જાય તે.

**અતુલબલ :** અમાપ બળવાળા, જેના બળની તુલના ન થાય તેવા.

**અત્યાગાવસ્થા :** ત્યાગ વિનાનું જીવન, ભોગમય જીવન.

**અત્યુદ્વેગ :** અતિશય ઉદ્વેગ, મનમાં અતિશય નારાજી.

**અથાગ પ્રયત્ન :** કોઈ કાર્ય પ્રત્યે અતિશય પ્રયત્ન, થાક્યા વિના પ્રયત્ન.

**અદત્તાદાન :** પારકી વસ્તુ લેવી, બીજાનું ન આપેલું લેવું તે.

**અદુષ્ટ :** દોષ વિનાનું, નિર્દોષ.

**અદૃશ્ય :** આંખે ન દેખી શકાય તેવું, નજરથી અગોચર.

**અદ્ધાપચ્ચક્ખાણ :** જેમાં કાળનો વ્યવહાર છે તેવાં પચ્ચક્ખાણો, જેમ કે નવકારશી, પોરિસિ, સાડ્ઢપોરિસિ, પુરિમડ્ઢ વગેરે.

**અદ્વૈતવાદ :** આ સંસાર એક બ્રહ્મસ્વરૂપ જ છે, બે વસ્તુ જ નથી એવી માન્યતા. જેમ કે વેદાન્તદર્શન.

**અધર્માસ્તિકાય :** જીવ-અજીવને સ્થિતિ આપવામાં સહાયક દ્રવ્ય. સૂક્ષ્મ, અતીન્દ્રિય, અરૂપી દ્રવ્ય, ચૌદ રાજલોકવ્યાપી.

**અધિકરણ :** આધાર, ટેકો, વસ્તુ જેમાં રહે તે. આધારભૂત વસ્તુ.

**અધિકાર :** સત્તા, કામકાજ કરવા માટેનો હોદ્દો મળવો તે.

**અધિગમસમ્યક્ત્વ :** ગુરુ, શાસ્ત્ર-શ્રવણ, વડીલોનું સિંચન, ઈત્યાદિ કોઈ નિમિત્તોથી જે સમ્યક્ત્વ થાય તે.

**અધોગમન :** નીચે જવું તે, વજનદાર વસ્તુનું અથવા ભારેકર્મી જીવનું નીચે જવું તે.

**અધોભાગવર્તી :** નીચેના ભાગમાં વિદ્યમાન, નીચેના ભાગમાં વર્તતું.

**અધોલોક :** નીચેનો લોક, સમભૂતલાથી ૯૦૦ યોજન પછીનો લોક.

**અધ્યવસાયસ્થાનક :** આત્માના પરિણામોની તરતમતા, વિચારભેદો, મનના જુદા જુદા વિચારો, વિચારોની તરતમતા.

**અધ્યાત્મદૃષ્ટિ :** આત્માના ગુણો અને સુખ તરફની દૃષ્ટિ, આત્માને નિર્મળ બનાવવાની જે વિચારધારા તે.

**અધ્યાત્મવાદ :** આત્માને નિર્મળ બનાવવાનું કથન કરનાર શાસ્ત્રાદિ.

**અધ્યાત્મી :** ભૌતિક સુખથી પરાઙ્મુખ, આત્માના જ સ્વરૂપની પ્રાપ્તિ માટે ઝંખના કરનાર.

● **અધ્રુવ :** અસ્થિર, ચંચલ, નાશવંત, જવાવાળું.

• **અધ્રુવબંધી** : જે પ્રકૃતિઓનો બંધ જે ગુણઠાણા સુધી કહ્યો છે ત્યાં સુધી બંધાય અથવા ન પણ બંધાય તે.

• **અધ્રુવોદયી** : જે પ્રકૃતિઓનો ઉદય જે ગુણઠાણા સુધી કહ્યો છે ત્યાં સુધી ઉદયમાં આવે અથવા ન પણ આવે તે.

• **અધ્રુવસત્તા** : જે પ્રકૃતિઓની સત્તા અનાદિ મિથ્યાત્વી જીવોને હોય અથવા ન પણ હોય તે.

• **અનંગ-ક્રીડા** : જે અંગો કામક્રીડાનાં નથી, તેવાં અંગોથી કામક્રીડા કરવી.

**અનંતકાય** : એક શરીરમાં જ્યાં અનંતા જીવો સાથે વસે છે એટલે કે અનંતા જીવોની એક કાયા.

**અનંતનાથ** : ભરતક્ષેત્રમાં થયેલા ચૌદમા તીર્થંકર ભગવાન.

**અનંતર** : તરત જ, આંતરા વિના, વિલંબ વિના થનાર પ્રાપ્તિ.

**અનંતરપ્રયોજન** : તરત જે લાભ થાય તે, વક્તાને પરોપકાર કરવો તે, અને શ્રોતાને જ્ઞાનપ્રાપ્તિ કરવી તે અનન્તર પ્રયોજન.

**અનન્તાનુબંધી** : અનંત સંસાર વધારે તેવો કષાય, યાવજ્જીવ રહે, નરકગતિ અપાવે, સમ્યક્ત્વનો ઘાત કરે તેવો કષાય.

**અનપવર્તનીય** : બાંધેલ કર્મો ગમે તેવાં નિમિત્તે મળે તો પણ તૂટે નહીં તે.

**અનભિગ્રહિક મિથ્યાત્વ** : બધા દર્શનકારોનાં વચનો સત્ય છે એમ માને, વીતરાગ અને રાગી એમ બન્નેનું સાચું માને, બન્નેને ભગવાન માને તે.

**અનભિલાપ્ય** : શબ્દોથી ન બોલી શકાય, જે ભાવ શબ્દોથી ન કહી શકાય તે.

**અનભ્યાસી** : જેને જે વિષયનો અભ્યાસ નથી તે.

**અનર્થકારી** : નુકસાન કરનાર, હાનિ પહોંચાડનાર.

**અનર્થદંડ** : બિન જરૂરિયાતવાળાં પાપ, જેના વિના ચાલે તેવાં પાપ.

**અનર્પણા** : અવિવક્ષા, અપ્રધાનતા, મુખ્યતા ન કરવી તે.

**અનર્પિતનય** : અવિક્ષિતનય, જ્યારે જે દૃષ્ટિ જરૂરી ન હોય ત્યારે તે દૃષ્ટિની અવિવક્ષા કરવી તે.

**અનાગત** : ભાવિમાં થનાર, હજુ ન આવેલું, ભાવિમાં આવવાવાળું.

**અનાચાર** : અયોગ્ય આચાર, દુરાચાર, દુષ્ટ આચાર.

**અનાદર** : આદર-બહુમાન ન કરવું તે, અપ્રીતિભાવ કરવો.

**અનાદિઅનંત** : જેને આદિ પણ નથી અને અંત પણ નથી તે.

**અનાદિકાળ** : આદિ - પ્રારંભ વિનાનો કાળ, જેના આદિકાળ નથી તે.

**અનાદિનિધન** : જેને આદિ પણ નથી અને અંત પણ નથી તે. નિધન એટલે અંત.

**અનાદેય** : યુક્તિસંગત બોલવા છતાં પણ લોકો જે વચન માન્ય ન રાખે તે, લોકને અમાન્ય.

**અનાનુપૂર્વી** : ક્રમ વિના, આડા-અવળું, અસ્ત-વ્યસ્ત.

**અનાભોગમિથ્યાત્વ** : અજ્ઞાનદશા, સાચી વસ્તુની અણસમજવાળું મિથ્યાત્વ.

**અનાયાસ** : વગર મહેનતે મળે તે, ઓછા પ્રયત્નથી મળે તે.

**અનાર્ય** : સંસ્કાર વિનાના જીવો, માનવતાના, કુલના, તથા ધર્મના સંસ્કારો વિનાના આત્માઓ.

**અનાર્યભૂમિ** : ઉપરોક્ત સંસ્કાર વિનાનું ક્ષેત્ર, સંસ્કાર વિનાનો દેશ. અધ્યાત્મદૃષ્ટિ, પૂર્વભવ પરભવાદિની દૃષ્ટિ જ્યાં નથી તે.

**અનાશ્રવભાવ** : જ્યાં આત્મામાં કોઈ પણ પ્રકારનાં કર્મો આવતાં જ નથી, એવી આત્માની શુદ્ધ અવસ્થા.

**અનાહારકતા** : જ્યાં કોઈપણ જાતનો આહાર લેવાતો જ નથી તેવી આત્માની અવસ્થા, અણાહારીપણું.

**અનિકાચિતકર્મ** : જે બાંધેલાં કર્મો ફેરફાર કરી શકાય તેવાં છે તે.

**અનિત્ય** : જે કાયમ નથી રહેવાનું તે, નાશવંત, અનિત્યભાવના વિચારવી.

**અનિત્થંસ્થ** : સિદ્ધ-પરમાત્માઓનું સંસ્થાન, આત્માની અરૂપી આકૃતિ, કે જે આકૃતિને "इत्थं=આવી" એમ ન કહી શકાય તે.

**અનિર્ણયાત્મક** : જેમાં વસ્તુતત્ત્વનો નિર્ણય નથી તે.

**અનિવૃત્તિકરણ** : જ્યાં પ્રતિસમયે આત્માના અધ્યવસાયો ચઢિયાતા છે અથવા જ્યાં એકસમયવર્તી જીવોમાં અધ્યવસાયભેદ નથી, અથવા ઉપશમસમ્યક્ત્વ પામતાં આવતું ત્રીજું કરણ, શ્રેણીમાં આવતું ત્રીજું કરણ, અથવા નવમું ગુણસ્થાનક.

**અનિશ્ચિત** : નિશ્ચય વિનાનું, ડામાડોળ, અસ્થિર, ચંચળ.

**અનિશ્રિત** : નિશ્રા વિનાનું, આલંબન વિનાનું, આશ્રય વિનાનું, મતિજ્ઞાનના બહુ આદિ ભેદોમાંનું એક પ્રકારનું જ્ઞાન, આધાર વિના અનુભવબળે જે જાણે તે.

**અનિષ્ટ વસ્તુ** : મનને ન ગમે તેવો પદાર્થ, અણગમો પેદા કરે તે.

**અનિષ્ટ સંયોગ** : અણગમતી વસ્તુનો મિલાપ.

**અનીક** : સૈન્ય, ઈંદ્રાદિ દશ પ્રકારના દેવોમાં સૈન્યના દેવો.

**અનીકપતિ** : સેનાપતિ, સૈન્યસ્વરૂપ દેવોનો સ્વામી.

**અનીતિ** : અન્યાય, ગેરવાજબી માર્ગ, ખોટું કરવું તે.

**અનુકંપા** : દયા, લાગણી, કરુણા, કોમળતા, મારાપણું.

**અનુચિત** : અયોગ્ય, ન છાજે તેવું વર્તન.

**અનુજાત :** પાછળ જન્મેલો, નાનો ભાઈ.
**અનુત્તરવાસી :** છેલ્લી કોટિના ઉત્તમ દેવો, જેનાથી ઉત્તમ દેવો કોઈ નથી તે; એક બે ભવે મોક્ષે જનારા દેવો.
**અનુદયકાળ :** કર્મો બાંધ્યા પછી ઉદયમાં ન આવે ત્યાં સુધીનો કાળ.
**અનુદરા :** પાતળા ઉદરવાળી, પાતળી કેડવાળી સ્ત્રી.
**અનુપયોગી :** બિનજરૂરી, જે કામ ચાલતું હોય તેમાં ધ્યાન ન હોય તે.
**અનુપાતી :** અનુસરનાર, અનુકૂળ થનાર, પાછળ આવનાર.
**અનુબંધ ચતુષ્ટય :** મંગળાચરણ-વિષય-સંબંધ-પ્રયોજન આ ચારનું હોવું.
**અનુભાગબંધ :** રસબંધ, બંધાતાં કર્મોમાં તીવ્રમંદતાનું નક્કી થવું તે.
**અનુમતિ :** સમ્મતિ આપવી, જે કામ થતું હોય તેમાં હા કહેવી.
**અનુમોદન :** પ્રશંસા કરવી, વખાણવું, જે થયું હોય તેને તાળી પાડીને વધાવવું, મનથી સારું માનવું.
**અનુયાયી વર્ગ :** અનુસરનાર વર્ગ, ભક્તોનો સમૂહ.
**અનુષ્ણ :** ઉષ્ણતા વિનાનું, અર્થાત્ શીતળ.
**અનુસંધાન :** મેળવવું, જોડવું, પરસ્પર સાંધવું.
**અનેકવિધ :** ઘણા પ્રકારવાળું, જુદા જુદા પ્રકારોવાળું.
**અનેકાન્તવાદ :** સ્યાદવાદ, અપેક્ષાવાદ, વસ્તુના સ્વરૂપનાં બન્ને પાસાં ધ્યાનમાં રાખીને વસ્તુનું વર્ણન કરવું.
**અન્તિમ કાળ :** છેલ્લો સમય, મૃત્યુનો વખત, નાશ થવાનો સમય.
**અન્તિમ ગ્રાસ :** છેલ્લો કોળિયો, સમ્યક્ત્વ મોહનીયનાં દલીકોનો અન્તિમ ભાગ વેદતો હોય તે.
**અન્યથા :** વિના, સિવાય, તેના વિના, તેનાથી ઊલટું.
**અન્યથાવૃત્તિ :** ઊલટું થવું, તેના વિના પણ કાર્યનું બનવું, કાર્યમાં બિનજરૂરી.
**અન્યલિંગસિદ્ધ :** જૈનસાધુ સિવાય અન્ય; બાવા-જતિ-તાપસ આદિના લિંગમાં પણ (સાચો માર્ગ સમજાય ત્યારે લિંગ બદલ્યા વિના) મોક્ષે જવું તે.
**અન્વયધર્મ :** વસ્તુના અસ્તિત્વને સાધે એવો ધર્મ, જેમ કે ફૂંફાડા અને ફણાથી સર્પની સિદ્ધિ, પંખીઓના આવન-જાવન અને માળાથી વૃક્ષની સિદ્ધિ.
**અન્વયવ્યભિચાર :** સાધન હોવા છતાં પણ સાધ્ય હોય અથવા ન પણ હોય તે, જેમ કે સર્વજ્ઞત્વ સાધ્યમાં વક્તૃત્વ હેતુ.
**અન્વયવ્યાપ્તિ :** જ્યાં સાધન હોય ત્યાં સાધ્ય અવશ્ય હોય જ તે. જેમ કે સર્વજ્ઞત્વ સાધ્યમાં નિરાવરણત્વ હેતુ.
**અપકાર :** નુકસાન, અહિત, અકલ્યાણ.
**અપકારક્ષમા :** ક્રોધ કરવાથી વધારે માર પડશે એમ સમજી ક્ષમા કરવી તે.
**અપકીર્તિ :** અપયશ, નિન્દા, અપમાન, પરાભવ.
**અપક્વાહાર :** કાચો આહાર, નહીં પાકેલો આહાર.
**અપચય :** હાનિ, ઘટાડો, ઓછું થવું, હાનિ થવી તે.
**અપચિંતન :** દુષ્ટ ચિંતા, ખરાબ વિચારો, રાગાદિના વિચારો.
**અપભ્રંશ :** રૂપાન્તર થવું, શબ્દમાં નિયમો વિના ફેરફાર થવા તે.
**અપયશભય :** જગતમાં સાચા-ખોટા કોઈપણ કારણસર અપકીર્તિ ફેલાય તેનો ભય.
**અપરાધ :** ગુનો, વાંક, ખોટું આચરણ.
**અપરાવર્તમાન :** ફેરફાર વિનાનું, જે કર્મપ્રકૃતિઓ બીજી કર્મ-પ્રકૃતિઓના બંધ-ઉદયને અટકાવ્યા વિના પોતાનો બંધ-ઉદય દેખાડે તે.
**અપરિગૃહિતાગમન :** ન પરણાયેલી (કુમારિકા અથવા વેશ્યા આદિ) સ્ત્રીઓ સાથે સંસારના ભોગો ભોગવવા તે.
**અપરિચિત :** પરિચય વિનાનું, અજાણ વ્યક્તિ.
**અપરિણત :** જેનામાં ધર્મના સંસ્કારો પરિણામ પામ્યા નથી તે.
**અપરિણામી :** પરિવર્તન વિનાનું, જેમાં પરિવર્તન ન થાય તે. જેમાં નિશ્ચયદૃષ્ટિ બિલકુલ નથી, કેવળ વ્યવહારમાં જ પ્રવર્તે છે તે.
**અપરિપૂર્ણ :** અધૂરું, પૂર્ણ નહીં તે, અસમાપ્ત.
**અપર્યવસિત :** છેડા વિનાનું, અનંત, શ્રુતજ્ઞાનના ૧૪ ભેદોમાંનો એક ભેદ, દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અંત વિનાનું.
**અપર્યાપ્ત :** જેઓ પોતાની પર્યાપ્તિઓ પૂર્ણ કર્યા પહેલાં જ મૃત્યુ પામવાના છે તે (લબ્ધિને આશ્રયી) અને જેઓએ પોતાની પર્યાપ્તિઓ હજુ પૂર્ણ કરી નથી તે (કરણને આશ્રયી).
**અપલાપ :** છુપાવવું, સંતાડવું, સત્ય જાહેર ન કરવું તે.
**અપવર્તના :** ઘટાડો કરવો, મોટું હોય તેને તોડીને નાનું કરવું તે.
**અપવર્તનીય :** બાંધેલાં કર્મોને નિમિત્તોથી નાનાં કરવાં, હળવાં કરવાં.
**અપવાદ :** કેડીમાર્ગ, છૂટછાટવાળો રસ્તો, મૂળમાર્ગે જે સ્થાને જવાતું હોય તે જ સ્થાને જવા માટે તકલીફવાળો પણ નાનો રસ્તો, અથવા નિંદા, દોષો, અપયશ.
**અપાદાન :** વસ્તુ જ્યાંથી છૂટી પડતી હોય તે, પંચમી વિભક્તિનું સ્થાન.
**અપાનવાયુ :** શરીરના નીચેના ભાગથી નીકળતો વાયુ. (વાછૂટ થવી તે).

**અપાય :** નિર્ણય, નિશ્ચય, મતિજ્ઞાનનો એક ભેદવિશેષ.

**અપાયવિચય :** "સંસાર દુ:ખોથી જ ભરપૂર છે. દુ:ખરૂપ છે" આવું વિચારવું તે; ધર્મધ્યાનનો એક ભેદ.

**અપાયાપગમાતિશય :** ભગવાનના ચાર અતિશયોમાંનો એક અતિશય, ભગવાન જ્યાં વિચરે ત્યાં લોકોનાં બાહ્ય-અભ્યંતર અપાયોનો (દુ:ખોનો) અપગમ (નાશ) થાય તે.

**અપાર સંસાર :** જેનો છેડો નથી, અંત નથી એવો આ સંસાર.

**અપુનરાવૃત્તિ :** જ્યાંથી ફરી પાછા આવવાનું નથી, ફરી જન્મ કરવાનો નથી તે.

**અપુનર્બન્ધક :** જે આત્માઓ કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિ ફરીવાર નથી બાંધવાના તે, જેઓમાં તીવ્રભાવે પાપ ન કરવાપણું છે, સંસારનું અભિનંદન નથી અને ઉચિત સ્થિતિનું આચરણ કરે છે તે જીવો.

**અપૂર્વ :** પહેલાં કોઈ દિવસ ન આવેલો, અદ્ભુત.

**અપૂર્વકરણ :** પહેલાં કોઈ દિવસ ન આવેલો સુંદર અધ્યવસાય, કે જેના બળથી રાગ-દ્વેષની ગ્રન્થિનો ભેદ થાય, તથા શ્રેણીમાં આવનારું બીજું કરણ, આઠમું ગુણસ્થાનક.

**અપૂર્વસ્થિતિબંધ :** ક્રમશઃ ન્યૂન ન્યૂન જ સ્થિતિબંધ, અપૂર્વ, અધ્યવસાય વડે અપૂર્વકરણથી થતો સ્થિતિબંધ.

**અપેય :** રહિત, વિના, સિવાય.

**અપેક્ષાકારણ :** કાર્ય કરનારને કાર્ય કરવામાં જેની અપેક્ષા રાખવી પડે તે, જેનો સહકાર લેવો પડે તે, સહકારી કારણ.

**અપ્કાય :** પાણીરૂપે જે જીવો છે તે, પાણીના જે જીવો છે તે.

**અપ્રતિઘાતી :** ક્યાંય સ્ખલના ન પામે તેવું, ક્યાંય અટકે નહીં તેવું, લોક-અલોકના પદાર્થો જોવા છતાં ક્યાંય તકલીફ – વિરામ ન પામે તેવું.

**અપ્રતિબદ્ધ સ્વભાવ :** કોઈ પણ પ્રકારના દ્રવ્યમાં, ક્ષેત્રમાં, કાળમાં, કે પર્યાયમાં સ્ખલના ન પામે, આશક્તિ ન પામે, અંજાઈ ન જાય. તેવો સ્વભાવ.

**અપ્રતિહત :** કોઈથી ન હણાય તેવું, કોઈથી ન દબાય તેવું.

**અપ્રત્યવેક્ષિત :** જોયા વિનાનું, જે વસ્ત્રાદિ-ભૂમિ જોઈ ન હોય તે.

**અપ્રત્યાખ્યાનીય :** જે કષાયો દેશવિરતિ પચ્ચક્ખાણ આવવા ન દે તે. તિર્યંચગતિ અપાવે, બાર માસ રહે, દેશવિરતિનો ઘાત કરે તે.

**અપ્રમત્તસંયત :** પ્રમાદ વિનાનું સંયમ, સાતમું ગુણઠાણું.

**અપ્રમાર્જિત :** પ્રમાર્જના (પડિલેહણ) કર્યા વિનાનું, જે વસ્ત્રો પાત્રો અને ભૂમિની પ્રમાર્જના ન કરી હોય તે.

**અપ્રજ્ઞાપનીય :** સમજાવવાને માટે અયોગ્ય, વક્રબુદ્ધિવાળો, જેનામાં સમજવા માટેની પાત્રતા આવી નથી તે.

**અપ્રાપ્યકારી :** જે ઈન્દ્રિયો વિષયને સ્પર્શ્યા વિના બોધ કરે તે. (ચક્ષુ અને મન).

**અફસોસ :** પસ્તાવો, કરેલા કાર્યની નિન્દા કરવી તે.

**અબાધાકાળ :** કર્મ બાંધતી વખતે દલિક રચના વિનાનો કાળ.

**અબોધ :** અજ્ઞાન દશા, અણસમજ, બોધ વિનાનું.

**અભવ્ય :** અયોગ્ય, મોક્ષે જવાને અપાત્ર, જેમાં મોક્ષે જવાની રુચિ કદાપિ થતી નથી તે.

**અભક્ષ્ય :** ખાવાને માટે અયોગ્ય, ન ખાવા લાયક, જે ખાવાથી ઘણી હિંસા થતી હોય, ઘણા રોગો થતા હોય તે.

**અભાગ્યશાળી :** ભાગ્ય વિનાનો, ઓછા પુણ્યવાળો, તીવ્ર પુણ્ય વિનાનો.

**અભિગ્રહ :** મનની ધારણા, મનની કલ્પના, મનની મક્કમતા.

**અભિગ્રહપચ્ચક્ખાણ :** મનની ધારણા મુજબ કરાતાં પચ્ચક્ખાણ.

**અભિધાનભેદ :** નામમાત્રથી જ જુદાં, વાસ્તવિક જુદાં નહીં તે.

**અભિનંદનસ્વામી :** ભરતક્ષેત્રમાં થયેલા ચોથા તીર્થંકર ભગવાન.

**અભિનિબોધ :** ઈન્દ્રિયોથી થનારું જ્ઞાન, મતિજ્ઞાનવિશેષ.

**અભિપ્રાય :** માન્યતા, વિચાર, આશયવિશેષ.

**અભિમાન :** અહંકાર, મોટાઈ, નાના હોતે છતે મોટા દેખાવાની વૃત્તિ.

**અભિલાપ્ય :** શબ્દથી કહી શકાય, સમજાવી શકાય તેવા ભાવો.

**અભિવાદન :** નમસ્કાર કરવા, પગે પડવું, વંદન કરવું તે.

**અભિષ્વંગ :** આશક્તિ-મમતા-મૂર્છા.

**અભીક્ષ્ણ :** વારંવાર, નિરંતર, સતત.

**અભોક્તા :** કર્મોને ન ભોગવનાર, ભોગ ન કરનાર.

**અભોગ્ય :** ભોગવવાને અયોગ્ય, ઉપભોગ ન કરવા યોગ્ય.

**અભ્યંતરકારણ :** અંદરનું કારણ, દૃષ્ટિથી અગોચર કારણ.

**અભ્યંતરતપ :** આત્માને તપાવે, લોકો દેખી ન શકે, જેનાં લોકો માન-બહુમાન ન કરે તેવો પ્રાયશ્ચિત્તાદિ તપવિશેષ.

**અભ્યંતર નિમિત્ત :** અંદરનું નિમિત્ત, જે નિમિત્ત બહારથી ન દેખી શકાય.

**અભ્યાખ્યાન :** આળ દેવું, કોઈના ઉપર આક્ષેપ કરવો, ખોટું કલંક ચડાવવું. કોઈને ખોટી રીતે દોષિત કરવો.

**અભ્યાસક વર્ગ :** ભણનારાઓનો સમૂહ, વિદ્યાર્થીઓનો સમૂહ.

**અભ્યુપગમ :** વસ્તુનો સ્વીકાર, આદર.

**અભ્યુપેત :** યુક્ત, સહિત.

**અભ્ર :** વાદળ, મેઘઘટા.

**અભ્રપડલ :** વાદળાંઓનો સમૂહ, મેઘઘટા.

**અમર :** દેવ, જો કે દેવોને પણ મરણ આવે જ છે પરંતુ લાંબાં

આયુષ્ય હોવાથી અને આયુષ્ય ઓછું નહીં થવાથી જાણે નહીં મરનારા.
**અમરણધર્મા :** જેને મરવાનું આવવાનું નથી તે, સિદ્ધ-ભગવંતો.
**અમરેન્દ્ર :** દેવેન્દ્ર, દેવોના મહારાજા, દેવોના સ્વામી.
**અમર્ત્યપૂજ્ય :** દેવો વડે પૂજનીય, દેવો વડે પૂજવા યોગ્ય.
**અમર્યાદિત :** મર્યાદા વિનાનું, જેની કોઈ સીમા નથી તેવું.
**અમાનનીય :** માનવાને માટે અયોગ્ય, ન માનવા યોગ્ય.
**અમાપકાળ :** જેના કાળનો કોઈ પાર નથી તે, અપરિમિત કાળવાળું.
**અમીદૃષ્ટિ :** અમૃતભરેલી નજર, અમૃત જેવી મીઠી દૃષ્ટિ.
**અમોઘ દેશના :** જે દેશના અવશ્ય ફળ આપે જ, તેવી દેશના.
**અયુક્ત :** અયોગ્ય, ખોટું, અન્યાય ભરેલું, ગેરવાજબી.
**અયોગીકેવલીગુણ સ્થાનક :** મન-વચન-કાયાના યોગ વિનાનું ૧૪મું ગુણસ્થાનક.
**અરનાથભગવાન :** ભરતક્ષેત્રમાં થયેલા ૧૮મા ભગવાન.
**અરાજકતા :** રાજા વિનાનો દેશ, નિર્નાયક સ્થિતિ.
**અરિહંતપ્રભુ :** જેણે આત્મશત્રુઓને હણ્યા છે તથા તીર્થંકરપણાના ચોત્રીસ અતિશયોને જે યોગ્ય છે તે.
**અરૂપી દ્રવ્ય :** વર્ણ-ગંધ-રસ-સ્પર્શ વિનાનું દ્રવ્ય (નિશ્ચયનયથી); ચક્ષુથી ન દેખી શકાય તેવું દ્રવ્ય (વ્યવહારનયથી).
**અર્થ :** શબ્દથી થતો અર્થ, માટે, ધન.
**અર્થપર્યાય :** દ્રવ્યોનો સમયવર્તી પર્યાય અથવા દ્રવ્યનો વર્તમાન-કાળવર્તી પર્યાય.
**અર્થભેદ :** જ્યાં કહેવાનું તાત્પર્ય જુદું હોય તે.
**અર્થયોગ :** સૂત્રો બોલતી વખતે તેના અર્થો બરાબર વિચારવા.
**અર્થસંવર્ધન :** પ્રાપ્ત થયેલા અર્થ (ધન)ની સારી રીતે વૃદ્ધિ કરવી તે.
**અર્થાપત્તિન્યાય :** જે કંઈ બોલાય, તેમાંથી સરી આવતો નિશ્ચિત બીજો અર્થ, અવિનાભાવવાળો જે બીજો અર્થ તે. જેમ કે "જાડો દેવદત્ત દિવસે ખાતો નથી." (અર્થાત્ રાત્રે ખાય છે).
**અર્થાવગ્રહ :** તદ્દન અસ્પષ્ટ બોધ, અર્થમાત્રનું યત્કિંચિત્ જ્ઞાન. "આ કંઈક છે" એવું સામાન્ય જ્ઞાન.
**અર્થોપાર્જન :** ધન મેળવવાના પ્રયત્નો.
**અર્ધનિદ્રા :** ઊંઘની સામાન્ય દશા ચાલતી હોય ત્યારે.
**અર્ધાવનતપ્રણામ :** પ્રણામ કરતી વખતે ૨ હાથ, ૨ પગ અને મસ્તક એમ પાંચ અંગ નમાવવાં જોઈએ તેને બદલે અડધાં નમાવીએ અને અડધાં ન નમાવીએ તેવો પ્રણામ.
**અર્પણા :** વિવક્ષા, પ્રધાનતા, આપી દેવું, સમર્પિત કરવું.
**અર્પિત :** વિવક્ષા કરાયેલો નય, પ્રધાન કરાયેલો નય.
**અર્હત્ :** અરિહંતપ્રભુ, ચોત્રીસ અતિશયોને યોગ્ય.
**અલંકાર :** દાગીના, શરીરની શોભા, કાવ્યોમાં વપરાતા અલંકારો.
**અલાબુ :** તુંબડું, માટીના લેપથી ડૂબી જાય તે.
**અલિપ્ત :** અનાસક્ત, સંસારી ભાવોમાં ન લેપાયેલું.
**અલીકવચન :** જૂઠું વચન, મૃષાવાદ, ખોટું બોલવું.
**અલોકાકાશ :** ધર્માસ્તિકાયાદિ દ્રવ્યો જ્યાં નથી ત્યાં રહેલો આકાશ.
**અલૌકિક :** લોકોના માનસમાં ન ઊતરે, ન સમજાય તેવું.
**અલ્પતર બંધ :** વધારે કર્મપ્રકૃતિઓ બાંધતો, ઓછી કર્મપ્રકૃતિ બાંધે તે.
**અલ્પબહુત્વ :** બે-ત્રણ-ચાર વસ્તુઓમાં થોડું શું અને ઘણું શું? તે.
**અલ્પારંભપરિગ્રહત્વં :** ઓછા આરંભ-સમારંભ અને ઓછો પરિગ્રહ, ઓછી મમતા-મૂર્છા તે મનુષ્યાયુષ્યના બંધનો હેતુ છે.
**અલ્પાક્ષરી :** જેમાં અક્ષરો (શબ્દો) ઓછા હોય અને અર્થ ઘણો ભર્યો હોય તેવી સૂત્રરચના.
**અવક્તવ્યબંધ :** કર્મપ્રકૃતિઓનો સર્વથા બંધ અટક્યા પછી પુનઃ-ફરીથી બંધ શરૂ થાય તે, ભૂયસ્કારાદિ ત્રણમાંથી કોઈ પણ નામે ન કહી શકાય તે.
**અવગાહના :** ઊંચાઈ, શરીરની અથવા સિદ્ધગત આત્માની ઊંચાઈ.
**અવગાહસહાયક :** જીવ-પુદ્ગલોને વસવાટ આપવામાં સાહાય્ય કરનાર.
**અવચનીય :** નિંદનીય, શબ્દથી ન કહેવા લાયક.
**અવડ્ઢપચ્ચ :** દિવસના ત્રણ ભાગો ગયા પછી જે પચ્ચખ્ખાણ પાળવામાં આવે તે.
**અવદાત :** સ્વચ્છ — નિર્મળ ગુણો.
**અવદ્ય :** પાપ, હલકાં કામો, તુચ્છ કામો.
**અવનીતલ :** પૃથ્વીતલ, માનવભૂમિ, મનુષ્યલોકની ભૂમિ.
**અવન્ધ્યકારણ :** જે કારણ અવશ્ય ફળને આપે જ, વાંઝિયું ન હોય તે.
**અવન્ધ્યબીજ :** જે બીજ અવશ્ય ફળને આપે જ, વાંઝિયું ન હોય તે.
**અવર્ણવાદ :** પારકાની નિંદા-ટીકા-કૂથલી કરવી તે.
**અવસર્પિણી :** પડતો કાળ, જેમાં મનુષ્ય-તિર્યંચોનાં બુદ્ધિબળ-સંઘયણ-આયુષ્યાદિ ઘટતાં જાય તે.
**અવસ્થિતબંધ :** જેટલી કર્મપ્રકૃતિઓનો બંધ ચાલતો હોય, તેટલો જ ચાલુ રહે, ન વધે કે ન ઘટે તે.

**અવસ્વાપિની નિદ્રા :** ઈન્દ્રાદિ દેવોએ તીર્થંકરપ્રભુની માતાને આપેલી એક પ્રકારની નિદ્રા, જેમાં માતા જાગે નહીં તે.
**અવાચ્ય પ્રદેશ :** શબ્દથી જે ભાગનું ઉચ્ચારણ ન થાય તેવો શરીરનો ભાગ, અર્થાત્ સ્ત્રી-પુરુષનાં ગુપ્ત અંગો.
**અવાવરુ ભૂમિ :** જે ભૂમિ વપરાતી ન હોય, લોકોનો વસવાટ ન હોય, લોકોની અવરજવર ન હોય તે.
**અવિકારી દ્રવ્ય :** વિકાર વિનાનું દ્રવ્ય, જીવ-પુદ્ગલ વિનાનાં બાકીનાં દ્રવ્યો વ્યવહારનયથી અવિકારી છે. (જો કે નિશ્ચય નયથી તે શેષદ્રવ્યોમાં પણ પ્રતિક્ષણે પર્યાયો થાય જ છે.)
**અવિચારધ્યાન :** એક અર્થમાંથી બીજા અર્થમાં, એક શ્રુતવચનમાંથી બીજા શ્રુતવચનમાં, અને એક યોગમાંથી બીજા યોગમાં જવું તે વિચાર, તેવા સંક્રમાત્મક વિચાર વિનાનું જે ધ્યાન તે.
**અવિચ્યુતિ :** મતિજ્ઞાનના અપાયમાં જે વસ્તુનો નિર્ણય કર્યો તેમાંથી પડી ન જવું, તેમાં જ વધારે દૃઢ થવું, તે અવિચ્યુતિ નામની ધારણા છે.
**અવિધિકૃત :** વિધિથી નિરપેક્ષપણાએ કરાયેલું કાર્ય.
**અવિનાભાવી સંબંધ :** જેના વિના જે ન હોઈ શકે, તેવી બે વસ્તુઓનો પરસ્પર જે સંબંધ તે, જેમ દાહ અને અગ્નિ.
**અવિનાશી :** ભાવિમાં જે વસ્તુ વિનાશ ન પામે તે, અનંત.
**અવિભાગ પલિચ્છેદ :** જેના કેવલજ્ઞાનથી પણ બે ભાગ ન કલ્પી શકાય તેવા નિર્વિભાજ્ય રસાવિભાગ, નિર્વિભાજ્ય વીર્યાવિભાગ, કર્મપરમાણુઓમાં કરાયેલા રસબંધના નિર્વિભાજ્ય ભાગો, આત્મ-પ્રદેશોમાં રહેલા યોગાત્મક વીર્યના નિર્વિભાજ્ય ભાગો.
**અવિભાજ્ય કાળ :** જે સૂક્ષ્મમાં સૂક્ષ્મ કાળ, કે જેના બે ભાગ ન થાય તે સમય.
**અવિરત :** સતત — અટક્યા વિના.
**અવિરત સમ્યગ્દૃષ્ટિ :** જે જીવોમાં સમ્યગ્દર્શન આવ્યું છે પરંતુ (વિરતિ) ત્યાગ આવ્યો નથી તે ચોથા ગુણઠાણાવાળા જીવો.
**અવિવેકી :** વિવેક વિનાના જીવો, ગમે ત્યારે ગમે તેમ વર્તનારા.
**અવિસંવાદી :** પૂર્વાપર અવિરુદ્ધ, પરસ્પર વિવાદ વિનાનું.
**અવ્યક્ત :** અસ્પષ્ટ, સ્પષ્ટ ન સમજાય તેવું.
**અવ્યવસ્થા :** વ્યવસ્થા વિનાનું, અસ્તવ્યસ્ત, જેમતેમ.
**અવ્યાપ્તિ :** જે લક્ષણ જેનું કર્યું હોય, તેમાં ક્યાંક હોય અને ક્યાંક ન પણ હોય તે. જેમકે નીલવર્ણવાળાપણું એ ગાયનું લક્ષણ કરીએ તો અવ્યાપ્તિ.
**અવ્યાબાધ સુખ :** એવું જે સુખ છે કે જેમાં અલ્પમાત્રાએ પણ દુઃખ નથી, અર્થાત્ મોક્ષનું જે સુખ છે તે.
**અશઠ :** સજ્જન પુરુષો, મહાત્મા પુરુષો, ગીતાર્થ પુરુષો.
**અશન :** ભોજન, ખોરાક, જે ખાવાથી પેટ ભરાય તે.
**અશક્ય :** જે કાર્ય આપણાથી થાય તેમ ન હોય તે.
**અશરણ ભાવના :** આ સંસારમાં સાચું કોઈ શરણ નથી, સૌ સ્વાર્થનાં જ સગાં છે, સાચું એક અરિહંત પ્રભુનું જ શરણ છે એવી ભાવના ભાવવી તે.
**અશરીરી :** શરીર વિનાના જીવો, અર્થાત્ સિદ્ધ પરમાત્મા.
**અશુચિ ભાવના :** શરીર અપવિત્ર-પદાર્થોથી જ ભરેલું છે. દરેક છિદ્રોથી અશુચિ વહ્યા જ કરે છે. તેવા આ શરીર ઉપર શોભા-ટાપટીપ અને શણગાર શું કામનાં ?
**અશુદ્ધાત્મા :** મોહને વશ થયેલો જે આત્મા તે, અજ્ઞાનને વશ થયેલો, અજ્ઞાન અને મોહ એ જ બે અશુદ્ધાવસ્થા.
**અશુભોદય :** પાપકર્મોનો ઉદય, દુઃખ આપે તેવાં કર્મોનો ઉદય.
**અશોકવૃક્ષ :** પ્રભુ સમોવસરણમાં બિરાજે ત્યારે દેવો આવું સુંદર વૃક્ષ રચે છે, જે પ્રભુનો અતિશય છે.
**અશૌચ :** અપવિત્રતા. શરીર અને મનની અશુદ્ધિ.
**અષ્ટકર્મ :** જ્ઞાનાવરણીયાદિ આઠ કર્મો.
**અષ્ટપ્રવચનમાતા :** પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ આ આઠને માતા કહેવાય છે, કારણ કે તેનાથી ધર્મરૂપી પુત્રની ઉત્પત્તિ થાય છે.
**અષ્ટાહ્નિકા મહોત્સવ :** આઠ દિવસનો અઠ્ઠાઈ મહોત્સવ. પજુસણ-પર્વ.
**અસંગતત્વ :** વસ્તુ બરાબર સંગત ન થવી, મેળ ન મળવો.
**અસંદિગ્ધ :** શંકા વિનાનું, નિશ્ચિત, મતિજ્ઞાનનો બહુ આદિ ૧૨ ભેદોમાંનો એક ભેદવિશેષ.
**અસંપ્રજ્ઞાત સમાધિ :** જ્યાં મન-વચન-કાયાના યોગો નથી, સર્વથા આત્મા શાન્ત છે એવી કર્મોના સર્વ આગમન વિનાની અવસ્થા.
**અસંભવદોષ :** જે લક્ષણ જેનું કર્યું હોય ત્યાં સંભવે જ નહીં તે. જેમ કે એક ખરીવાળાપણું એ ગાયનું લક્ષણ કરીએ તો.
**અસત્ય :** મિથ્યાવચન, ખોટું જીવન, ખોટી ચાલબાજી.
**અસભ્ય વચન :** તુચ્છ વચનો, અનુચિત-હલકાં વચનો.
**અસમીક્ષ્યાધિકરણ :** વિચાર્યા વિના છરી-ચપ્પાં-ભાલાં તલવાર વગેરે પાપનાં સાધનો વસાવવાં.
**અસર્વપર્યાય :** દ્રવ્યોના સર્વ પર્યાયોમાં ન પ્રવર્તે તે, મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન દ્રવ્યોના સર્વપર્યાયોમાં વર્તતું નથી તે જ્ઞાનો.
**અસાંવ્યવહાર રાશિ :** જે જીવો નિગોદમાંથી કદાપિ નીકળ્યા ન નથી; બીજા અન્ય ભવનો વ્યવહાર જેઓને થયો જ નથી તે.
**અસાતાવેદનીય :** જે કર્મના ઉદયથી શરીરાદિ સંબંધી

પ્રતિકૂલતાઓ પ્રાપ્ત થાય, પીડા-વેદના થાય તે.
**અસાધારણ કારણ :** સામાન્ય નહીં, પરંતુ ખાસ વિશિષ્ટ કારણ.
**અસિધારા :** તલવારની ધાર, (મધથી લેપાયેલી તલવારની ધાર જેવું વેદનીય કર્મ છે.)
**અસુર :** દાનવો, હલકા દેવો, ભવનપતિ — વ્યંતર દેવો.
**અસૂયા :** ઈર્ષ્યા-દાઝ-અદેખાઈ — પરની ઋદ્ધિ ન ખમવી.
**અસ્તિ-નાસ્તિ :** પ્રત્યેક પદાર્થો પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવથી અસ્તિરૂપ છે અને પરના-દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવથી નાસ્તિરૂપ છે.
**અસ્થિરચના :** શરીરમાં થયેલી હાડકાંની મજબૂતાઈ-રચનાવિશેષ.
**અહિતકારક :** નુકસાનકારક, અકલ્યાણ કરનાર.
**અહોરાત :** દિવસ-રાત્રિ, ચોવીસ કલાક.
**અક્ષતપૂજા :** પ્રભુની સામે તંદુલાદિના સાથિયા વગેરેથી થતી પૂજા.
**અક્ષયસ્થિતિ :** મળેલી જે અવસ્થા કદાપિ નાશ ન પામે તે. મોક્ષની અવસ્થા તે અક્ષયસ્થિતિ.
**અક્ષિપ્ર :** વસ્તુનું જે જ્ઞાન વિલંબથી — ધીરે ધીરે થાય તે. મતિજ્ઞાનના બહુ આદિ ૧૨ ભેદમાંનો એક ભેદ.
**અજ્ઞાતભાવ :** આત્માની અજ્ઞાન દશા, વસ્તુતત્ત્વની અણસમજ.
**અજ્ઞાતાવસ્થા :** આત્માની મૂર્ખ અવસ્થા, અણસમજ અવસ્થા.
**અજ્ઞાની પુરુષો :** મૂર્ખ પુરુષો, અણસમજુ મનુષ્યો. આત્મજ્ઞાન વિનાના જીવો.
**આંખનો પલકારો :** આંખ મીંચીને ઉઘાડીએ તેમાં થતો સમય.
**આંશિક સત્ય :** કંઈક અંશે સત્ય, પૂર્ણ સત્ય નહીં, અર્ધસત્ય અથવા કંઈક માત્રાએ સત્ય, વાસ્તવિક તો અસત્ય.
**આકસ્મિક :** અણધાર્યું, ન કલ્પેલું, અચાનક.
**આકાર :** પદાર્થની આકૃતિ, રચના.
**આકાશગામી :** આકાશમાર્ગે ઊડવાની-જવાની-આવવાની શક્તિ.
**આકાશાસ્તિકાય :** જીવ-પુદ્ગલોને અવગાહ આપનારું એક દ્રવ્ય.
**આકિંચન્ય :** કંઈ પણ પદાર્થ પાસે ન રાખવો તે, સર્વ વસ્તુના ત્યાગી.
**આક્રન્દન :** રડવું, અતિશય રડવું, છાતીફાટ રડવું તે.
**આક્રોશ :** ગુસ્સો, કોપ, આવેશ.
**આગમ :** ગણધર ભગવન્તોએ રચેલાં શાસ્ત્રો, મૂલ શાસ્ત્રો.
**આગમકથિત :** આગમોમાં ભાખેલું, આગમોમાં કહેલું.
**આગમગમ્ય :** આગમોથી જાણી શકાય તેવા વિષયો.
**આગમશ્રુત :** ગણધર ભગવન્તોનાં બનાવેલાં આગમો એ જ શ્રુત.
**આગાઢજોગ :** સાધુ-સાધ્વીજી મહારાજશ્રીની એવા પ્રકારની યોગવહનની ક્રિયા કે જેમાંથી નીકળી ન શકાય.
**આગાર :** છૂટછાટ-અપવાદ-મુશ્કેલ માર્ગ વખતે છૂટ.
**આગારીપચ્ચક્ખાણ :** છૂટછાટવાળું પચ્ચક્ખાણ, જેમાં અપવાદો હોય તે.
**આચાર :** જ્ઞાનાદિ પાંચ ગુણોની વૃદ્ધિ થાય તેવો સદાચાર.
**આચાર્યપદ :** છત્રીસ ગુણોવાળું, સૂરિમંત્રના જાપવાળું, પંચાચારને પાળવા-પળાવવાવાળું એક વિશિષ્ટ પદ.
**આચ્છાદિત :** ઢંકાયેલું, આવરણવાળું, ગુપ્ત.
**આજન્મ :** જન્મ કરવા પડે ત્યાં સુધી, ભવોભવમાં.
**આજીવિકાભય :** પોતાનું જીવન જીવવાનો, ઘરસંસાર ચલાવવાનો ભય, પોતાની આજીવિકા કોઈ તોડી નાખશે તેવો ભય.
**આણાગમ્ય (આજ્ઞાગમ્ય) :** કેટલાક ભાવો ભગવાનની આજ્ઞાથી જ જાણી શકાય તેવા છે જેમ કે નિગોદના જીવો વગેરે.
**આતમરામી :** આત્માના જ સ્વરૂપમાં રમનારા, સ્વભાવદશામાં જ રહેનાર આત્માઓ.
**આત્મકલ્યાણ :** આત્માનું જેમાં હિત થાય તે, કલ્યાણ કરવું તે.
**આત્મચિંતન :** આત્માનો સ્વરૂપનું ચિંતન કરવું, મનન કરવું તે.
**આત્મપરિણતિમદ્જ્ઞાન :** દર્શન-મોહનીય અને જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમપૂર્વકનું શ્રદ્ધાથી ભરપૂર શાસ્ત્રીય જ્ઞાન.
**આત્મરક્ષક દેવ :** ઈન્દ્રોની રક્ષા કરવા માટે રખાયેલા દેવો.
**આત્મશુદ્ધિ :** આત્માની નિર્મળતા, મોહ વિનાની દશા.
**આત્મહિતકારી :** આત્માનું કલ્યાણ કરનારી વસ્તુ, અજ્ઞાન અને મોહને દૂર કરી શુદ્ધતા પ્રગટાવનાર.
**આદાનપ્રદાન :** લેવડદેવડ, વસ્તુની આપ-લે કરવી તે.
**આદાન-ભય :** ધન-મિલકત આદિ ચોરો વડે લૂંટાઈ જવાનો ભય.
**આદિનાથ પ્રભુ :** ભરતક્ષેત્રમાં થયેલા પહેલા ભગવાન.
**આદીશ્વર પ્રભુ :** ભરતક્ષેત્રમાં થયેલા પહેલા ભગવાન.
**આદેયનામકર્મ :** યુક્તિ વિનાનાં વચનો હોવા છતાં પણ જે વચનો લોકો સ્વીકારે, પડતો બોલ ઝીલી લે તે.
**આધાકર્મીદોષ :** સાધુ-સાધ્વીજીને ઉદ્દેશીને જે જે બનાવ્યું હોય તે આહારાદિ જો તેઓ વહોરે તો તે.
**આધાર-આધેયભાવ :** એક વસ્તુ બીજી વસ્તુનું અધિકરણ હોય, અને બીજી વસ્તુ તેમાં રહેતી હોય તો તે બે વચ્ચેનો જે સંબંધ તે.

**આધ્યાત્મિક દૃષ્ટિ** : આત્માભિમુખ દૃષ્ટિ, આત્માના ગુણોની પ્રાપ્તિ તરફનું જ ધ્યાન.
**આનતદેવલોક** : વૈમાનિક દેવોમાં નવમો દેવલોક.
**આનન્દ** : હર્ષ, પ્રસન્નતા, હાર્દિક પ્રેમ.
**આનયનપ્રયોગ** : લાવવું, ધારેલી ભૂમિકાની સીમા બહારથી કંઈક લાવવું, દશમા વ્રતનો એક અતિચાર.
**આનુપૂર્વી** : ક્રમસર, અથવા એક ભવથી બીજા ભવમાં જતા જીવને કાટખૂણે વાળનારું જે કર્મ તે.
**આન્તરાપેક્ષિત** : અંદરની અપેક્ષાવાળું, અંદરની દૃષ્ટિવાળું.
**આન્તરિક** : અંદરની પરિસ્થિતિ, હાર્દિક જે ભાવ તે.
**આન્તરિક સ્થિતિ** : અંદરની પરિસ્થિતિ, અંદરના હૈયાના ભાવો.
**આપ્તપુરુષ** : યથાર્થ જ્ઞાન ધરાવનારા અને યથાર્થ બોલનારા.
**આપ્તોદિત** : મહાત્મા - ગીતાર્થ - જ્ઞાનીઓએ કહેલું.
**આભા** : પ્રકાશ, તેજ, ચમક, ઝાકઝમાળ.
**આભાસ** : તેના જેવું દેખાવું, વાસ્તવિક તેવું ન હોય પરંતુ તેવું દેખાય તે.
**આભિગ્રહિક મિથ્યાત્વ** : પોતાનું જ સાચું છે તેવો દુરાગ્રહ. અજ્ઞાની હોતે છતે પોતાનું સાચું માનવાનો આગ્રહવિશેષ.
**આભિનિવેશિક** : પોતાનું ખોટું છે એમ જાણવા છતાં મિથ્યા અભિમાનના વશથી તેને ન મૂકવું અને સત્ય માની વળગી રહેવું.
**આમરણાન્ત** : આ શરીરમાં જીવ હોય ત્યાં સુધી, અર્થાત્ મરણ આવે ત્યાં સુધી કરેલા નિયમો.
**આમિષ** : માંસ.
**આમ્લ રસ** : ખાટો રસ, ખાટું, ખાટા પદાર્થોનો સ્વાદ.
**આયંબિલ** : છ વિગઈઓ, અને વિકાર-વાસનાનાં ઉત્તેજક દ્રવ્યોનો ત્યાગ, નીરસ ભોજન એક ટંક લેવું તે.
**આયુધશાળા** : શસ્ત્રોની શાળા, જેમાં શસ્ત્રો રખાતાં હોય તે.
**આયુષ્યકર્મ** : એક ભવમાં જીવાડનાર, પકડી રાખનાર, નીકળવા ન દેનાર, પગમાં નંખાયેલી બેડી જેવું.
**આરંભ** : પ્રારંભ, શરૂઆત, કામકાજ શરૂ કરેલું.
**આરંભ-સમારંભ** : જીવોની હિંસા કરવી તે આરંભ, અને હિંસા કરવાની તૈયારી કરવી, સાધન-સામગ્રી ભેગી કરવી તે સમારંભ.
**આરણ** : વૈમાનિક દેવોમાં ૧૧મો દેવલોક.
**આરા** : અવસર્પિણી-ઉત્સર્પિણીના છ જાતના કાલવિભાગ. ગાડાના પૈડામાં પહેલા આરા જેવા જે ભાગો તે.
**આરાધક** : આરાધના કરનાર, સંસારનાં ભૌતિક સુખ-દુઃખો ઉપરનો રાગ-દ્વેષ ઓછો કરી અધ્યાત્મદૃષ્ટિ તરફ જનાર.
**આરાધના** : અધ્યાત્મદૃષ્ટિની પ્રાપ્તિ માટે કરાતી ધર્મક્રિયા.
**આરાધ્ય** : આરાધના કરવા યોગ્ય પરમાત્મા અને ધર્મગુરુ વગેરે.
**આર્જવતા** : સરળતા, નિષ્કપટતા, માયારહિતતા.
**આર્તધ્યાન** : સુખ-દુઃખની ચિંતાઓ કરવી, મનગમતી વસ્તુનો વિયોગ થાય અને અણગમતી વસ્તુનો સંયોગ થાય ત્યારે રડવું, ઉદાસ થવું, શરીરની ચિંતા કરવી, નિયાણું કરવું વગેરે.
**આર્તનાદ** : હૈયામાં થયેલી પીડાના સંવેદનથી બોલાતા શબ્દો.
**આર્યકુલ** : સંસ્કારી ઘરો, આત્માની દૃષ્ટિવાળાં ઘરોમાં જન્મ.
**આર્યદેશ** : આત્મા, પૂર્વભવ, પરભવ, ધર્મ, કર્મ, માનવાવાળો દેશ.
**આર્યભૂમિ** : આધ્યાત્મિક સંસ્કૃતિના વારસાવાળો દેશ.
**આલંબન** : આધાર, સહાયક, ટેકો, મજબૂત નિમિત્ત.
**આલાપસંલાપ** : લોકોની સાથે વાતચીત, લોકોની સાથે એક વાર બોલવું તે આલાપ અને વારંવાર બોલવું કે સંલાપ.
**આલોચના** : અજાણતાં થયેલા પાપના પ્રાયશ્ચિત માટે, અથવા પરવશતાથી જાણીને થયેલા પાપના પ્રાયશ્ચિત માટે કરાતી મનોવેદના, તેના માટે કરાતી ધર્મક્રિયા તે.
**આવરણ** : ઢાંકણ, પડદો, જ્ઞાનાદિ ગુણોને ઢાંકનારાં કર્મો.
**આવરણકૃતભેદ** : કર્મોના આવરણને લીધે કરાયેલો ભેદ, લોકોમાં જે ઓછાવત્તું જ્ઞાન છે તે તરતમતા આવરણ વડે કરાઈ છે.
**આવલિકા** : અસંખ્યાત સમયોનો સમૂહ તે આવલિકા, અથવા ૪૮ મિનિટમાં ૧, ૬૭, ૭૭, ૨૧૬ આવલિકાઓ થાય છે.
**આવશ્યક** : અવશ્ય કરવા લાયક કાર્યવિશેષ, આખા દિવસ-રાતમાં અવશ્ય કર્તવ્ય-સામાયિકાદિ છ આવશ્યક જાણવાં.
**આવાર્યગુણ** : આવરણ કરવા લાયક જ્ઞાન-દર્શન આદિ ગુણો.
**આવિર્ભાવ** : પ્રગટ થવું, ખુલ્લું થવું, સત્તામાં રહેલ પર્યાયની પ્રગટતા.
**આવિર્ભૂત** : પ્રગટ થયેલ, સત્તામાં રહેલો, પ્રગટ થયેલો પર્યાય.
**આવૃત્ત કરે** : ઢાંકે, આચ્છાદિત કરે, ગુપ્ત કરનાર કર્મ.
**આશાતના** : અપભ્રાજના, અવહેલના, તિરસ્કાર, અણછાજતું વર્તન, દેવ-ગુરુશાસ્ત્ર પ્રત્યે અયોગ્ય વર્તન કરવું.
**આશીર્વાદ** : વડીલોની પ્રસન્નતા, ઉત્તમ મહાત્માઓની મનની પ્રસન્નતા, સારા કામમાં તેઓની શુભ સમ્મતિ.
**આશ્રવ** : આત્મામાં કર્મોનું આવવું, કર્મ માટે પ્રવેશનાં દ્વારો.
**આસન્નભવ્ય** : બે-ચાર ભવોમાં જ મોક્ષે જનાર, નજીકના કાળમાં મોક્ષે જનાર
**આસન્નોપકારી** : બહુ જ નજીકના જ ઉપકારી, જેમ કે પ્રભુ મહાવીર સ્વામી.
**આસ્તિકતા** : જીવ, પૂર્વભવ, પરભવ, આદિ છે એવી માન્યતા.
**આહારકશરીર** : ચૌદ પૂર્વધર મહાત્માઓ પોતાને થયેલા

સંશયના નિવારણ અર્થે મહાવિદેહમાં જવા માટે જે શરીર બનાવે તે.
**આહારક સમુદ્ઘાત :** આહારક શરીર બનાવતી વખતે પૂર્વે બાંધેલા આહારક શરીર નામકર્મનાં પુદ્ગલોનું જે વેદન-વિનાશ તે.
**આહારનિહાર :** ભોજન કરવું, પાણી પીવું, ખાનપાનની જે પ્રક્રિયા તે આહાર, સંડાસ-બાથરૂમની જે પ્રક્રિયા તે નિહાર.
**આળપંપાળ :** માથા ઉપરનો બોજો, નિરર્થક ચિંતા, ચારે બાજુની બિનજરૂરી ઉપાધિઓ.
**આક્ષેપ :** બીજા ઉપર કલંક-જૂઠું આળ આપવું તે.
**આક્ષેપણીકથા :** બીજાઓની માન્યતાઓમાં દોષો-આક્ષેપો બતાવતાં બતાવતાં જે કથા કરવી તે.
**આજ્ઞાપનિકીક્રિયા :** બીજાને કામકાજ ભળાવવું, બીજા પાસે કામકાજ કરાવવા આજ્ઞા કરવી તે, ૨૫ ક્રિયાઓમાંની ૧ ક્રિયા.

## ઇ-ઈ

**ઇચ્છાનુસાર :** આપણી ઇચ્છા પ્રમાણે જે થાય તે.
**ઇચ્છિત :** મનગમતું, મનવાંછિત, મનમાન્યું.
**ઇતર :** જુદું, ભિન્ન, જે શબ્દની સાથે ઇતર શબ્દ જોડો, તેનાથી ભિન્ન, જેમકે પુરુષેતર એટલે પુરુષથી ભિન્ન.
**ઇતરભેદસૂચક :** વિવક્ષિત વસ્તુનો ઇતર વસ્તુથી ભેદ બતાવનાર લક્ષણ, જેમકે સાસ્ના (ગળે ગોદડી) તે ગાયને ભેંશ-ઘોડા-બકરા આદિથી ભિન્ન કરનાર લક્ષણ છે.
**ઇત્વરકથિત :** અલ્પકાળ માટે કરાતું પચ્ચક્ખાણ, અલ્પકાલીન.
**ઇત્વર પરિગૃહિતાગમન :** કોઈ અન્ય પુરુષે અલ્પકાળ માટે ભાડેથી રખાત રાખેલી સ્ત્રીની સાથે સંસારવ્યવહાર કરવો તે.
**ઇન્દ્ર :** સર્વ દેવોનો રાજા, દેવોનો સ્વામી, ઐશ્વર્યવાળો.
**ઇન્દ્રિય :** શરીરમાં રહેલો આત્મા જેનાથી ઓળખાય, જેનાથી રૂપ-રસ-ગંધાદિનું જ્ઞાન થાય, કાન-નાક-આંખ વગેરે.
**ઇન્દ્રિયવિજય :** કાન-નાક-આંખ વગેરે પાંચે ઇન્દ્રિયોને મનગમતી વસ્તુ મળે તો રાજી ન થવું, અને અણગમતું મળે તો નારાજ ન થવું, સમભાવમાં રહેવું તે.
**ઇન્દ્રિયસુખ :** પાંચે ઇન્દ્રિયોના વિષયો મલે છતે આનંદ થવો તે.
**ઇન્ધન :** બળતણ, આગની વૃદ્ધિમાં હેતભૂત પદાર્થો.
**ઈર્યાપથિકીક્રિયા :** મન-વચન-કાયાના યોગમાત્રથી થતી ક્રિયા. કષાયો વિના યોગમાત્રથી જે કર્મબંધ થાય તેમાં કારણભૂત ક્રિયા.
**ઈર્યાસમિતિ :** જ્યારે જ્યારે ચાલવાનું આવે ત્યારે ત્યારે સામેની ભૂમિને બરાબર જોતાં જોતાં ચાલવું જેથી સ્વ-પર એમ બન્ને રક્ષા થાય.
**ઈર્ષ્યા :** દાઝ, અદેખાઈ, અંદરની બળતરાસ અસહનશીલતા.
**ઈલાનિલજલાદિ :** પૃથ્વી-(માટી), પવન અને પાણી વગેરે.
**ઈશાન :** વૈમાનિક દેવોમાં બીજો દેવલોક, તેના ઇન્દ્રનું નામ ઈશાનેન્દ્ર.
**ઈશ્વર :** ભગવાન, પરમાત્મા, સર્વગુણસંપન્ન, ઐશ્વર્યયુક્ત.
**ઈશ્વરેચ્છા :** અન્ય દર્શનકારો માને છે તે ભગવાનની ઇચ્છા. જૈનદર્શનકારો ભગવાનને વીતરાગ જ માને છે. એટલે ઈશ્વરને ઇચ્છા હોતી નથી.
**ઈષત્પ્રાગ્ભારા :** સિદ્ધશિલા, સિદ્ધભગવન્તો જેનાથી એક યોજન ઉપર બિરાજે છે તે રત્નમય પૃથ્વી.
**ઇષ્ટકાર્ય :** મનગમતું કાર્ય, મન-વાંછિતકાર્ય.
**ઇષ્ટફલસિદ્ધિ :** મનવાંછિત ફલની પ્રાપ્તિ, મનગમતું પ્રાપ્ત થવું તે.
**ઇષ્ટ વસ્તુ :** મનગમતી વસ્તુ, ઇષ્ટ વસ્તુ.
**ઇષ્ટ વિષય :** મનગમતો વિષય, મનગમતો પદાર્થ.
**ઇહલોકભય :** આ જન્મમાં ભાવિમાં આવનારાં દુઃખોનો ભય, રોગો, પરાભવ, અપમાન, કારાગારવાસ, શિક્ષાદિનો ભય. મનુષ્યોને મનુષ્ય થકી, પશુઓને પશુ થકી, એમ સજાતીય તરફથી જે ભય તે.
**ઈહા :** ચિંતવણા, વિચારણા, મતિજ્ઞાનનો એક ભેદ.
**ઇહિત :** મનને ગમેલું, વિચારેલું, ધારેલું, મનમાં ગોઠવેલું.
**ઇક્ષુકારપર્વત :** ઘાતકીખંડ અને પુષ્કરવર દ્વીપમાં આવેલા દક્ષિણ-ઉત્તર બે બે પર્વતો, જેનાથી દ્વીપના બે ભાગ થાય છે.
**ઇક્ષુરસ :** શેરડીનો રસ, જેનાથી પ્રભુએ વર્ષીતપનું પારણું કર્યું.
**ઇક્ષ્વાકુકુલ :** વિશિષ્ટ ઉત્તમ કુળ, ઋષભદેવ પ્રભુનું કુળ.

## ઉ-ઊ

ઉક્કિટ્ઠ : ઉત્કૃષ્ટ, વધુમાં વધુ, સર્વથી અન્તિમ, સર્વજયેષ્ઠ.
ઉખલ : સાંબેલું, અનર્થદંડનું એક સાધનવિશેષ.
**ઉખર ભૂમિ :** વાવેલું બીજ જ્યાં ઊગે નહીં, તેવી વંધ્યભૂમિ.
**ઉગ્રતા :** આવેશ, જોરદારપણું, તાલાવેલી, અતિશય

રસિકતા.
**ઉચિત સ્થિતિ :** યોગ્ય, જે સમયે જે કર્તવ્ય હોય તે જ કરવું.
**ઉચ્ચ ગ્રહ :** ઊંચા સ્થાને આવેલા ગ્રહો, શુભ ગ્રહો, સાનુકૂળ ગ્રહો.
**ઉચ્છેદ કરવો :** વિનાશ કરવો, મૂલથી વસ્તુને દૂર કરવી.
**ઉજ્જડ :** વસ્તી વિનાનું, ન રહેવા લાયક, અસ્તવ્યસ્ત.
**ઉણોદરિકા :** ભૂખ કરતાં ઓછું ખાવું, પુરુષનો ૩૨ કવલ, અને સ્ત્રીનો ૨૮ કવલ આહાર શાસ્ત્રોમાં કહ્યો છે. તેનાથી બે-પાંચ-દશ કોળિયા આહાર ઓછો કરવો તે.
**ઉણોદરિ તપ :** આહાર અને શરીર ઉપરની મૂર્છા છોડવા માટે જ ઓછો આહાર કરવો તે.
**ઉત્કટ રૂપ :** અધિકતા-સ્વરૂપ, વધુ તીવ્ર, ઘનીભૂત થયેલ.
**ઉત્કૃષ્ટ :** સર્વથી અધિક, વધુમાં વધુ, સૌથી અન્તિમ.
**ઉત્તમ સમાધિ :** અનુકૂળ-પ્રતિકૂળ ભાવો પ્રત્યે જ્યાં હર્ષ-શોક નથી. ઊંચામાં ઊંચો સમભાવ છે તે ઉત્તમ સમાધિ.
**ઉત્તમોત્તમ :** સર્વથી ઉત્તમ, સર્વશ્રેષ્ઠ, સૌથી ગુણોમાં ચઢિયાતું.
**ઉત્તરકુરુક્ષેત્ર :** મહાવિદેહક્ષેત્રમાં આવેલ, પ્રથમ આરા જેવા કાળવાળું એક ક્ષેત્ર.
**ઉત્તેજક :** કાર્ય કરવામાં પ્રેરણાવિશેષ કરનાર, કાર્યની ઉત્પત્તિમાં પ્રતિબંધક, હાજર હોવા છતાં જે કાર્ય કરી આપે તે.
**ઉત્તેજન :** કાર્ય કરનારને ઉત્સાહિત કરવો, વિશેષ પ્રેરણા કરવી.
**ઉત્થાપના :** સ્થાપના કરેલી વસ્તુને ત્યાંથી લઈ લેવી, વિધિપૂર્વક લેવી, થાપેલી સ્થાપનાને વિધિપૂર્વક ઉઠાવવી.
**ઉત્પાદ :** ઉત્પત્તિ, જન્મ, પદાર્થનું ઉત્પન્ન થવું.
**ઉત્પાદપૂર્વ :** ચૌદ પૂર્વોમાંનું પહેલું પૂર્વ, પ્રથમ પૂર્વનું નામ.
**ઉત્સર્ગમાર્ગ :** રાજમાર્ગ, પ્રધાન રસ્તો, મુખ્ય માર્ગ, છૂટછાટ વિનાનો ધોરી માર્ગ, સાધ્ય સાધવા માટે પ્રધાન માર્ગ.
**ઉત્સર્પિણી :** ચઢતો કાળ, જેમાં મનુષ્ય-તિર્યંચોનાં બુદ્ધિ-બળ-સંઘયણ-આયુષ્યાદિ વધતાં જાય તે.
**ઉત્સાહપૂર્વક :** મનની પ્રસન્નતાપૂર્વક, અતિશય રસપૂર્વક.
**ઉત્સુકતા :** અધીરાઈ, જાણવાની તમન્ના, જાણવાની ભૂખ.
**ઉત્સેધાંગુલ :** અંગુલના ત્રણ પ્રકારોમાંનું એક અંગુલ. પ્રભુ મહાવીર સ્વામીના અંગુલથી અર્ધા માપનું અંગુલ.
**ઉદય :** આબાદી, ચડતી, પૂર્વે બાંધેલાં કર્મોને ભોગવવાં તે.
**ઉદયકાલ :** પુણ્યપાપ કર્મોનો ઉદય ચાલતો હોય તેવો કાળ.
**ઉદયજન્ય :** પુણ્યપાપ કર્મોના ઉદયથી પ્રાપ્ત થનાર સુખ-દુઃખ.
**ઉદરભરણાદિ :** પોતાના પેટને ભરવું વગેરે સ્વાર્થ
**ઉદાત્ત-અનુદાત્ત :** ઊંચા-નીચા બોલાતા સ્વરોના પ્રકારો.
**ઉદાસીન :** વ્યગ્ર, આકુલવ્યાકુલ, અથવા હર્ષ-શોકથી યુક્ત.
**ઉદાસીનકરણ :** હર્ષ-શોક વિના સહજસ્વભાવે પ્રવર્તતું કારણ.
**ઉદિતકર્મ :** પૂર્વે બાંધેલાં,ઉદયમાં આવેલાં કર્મો.
**ઉદ્બોધિત :** વિકસિત,વિકાસ પામેલ, વિશેષ જ્ઞાન પામેલ.
**ઉદ્ભટ્ટ :** ન શોભે તેવું, તોફાની, અણછાજતું, અનુચિત.
**ઉદ્ભવ :** ઉત્પત્તિ, જન્મ, વસ્તુના અંકુરા ફૂટવા વગેરે.
**ઉદ્ભેદિત :** ચિરાયેલું, ફાટેલું, બે-ચાર ટુકડા કરેલું.
**ઉદ્વર્તનાકરણ :** નાની સ્થિતિ મોટી કરવી, મંદ રસ તીવ્ર કરવો, તેમાં વપરાતું વીર્યવિશેષ.
**ઉદ્વલનાકરણ :** અમુક વિવક્ષિત કર્મોને તેને અનુરૂપ અન્ય કર્મોમાં સંક્રમાવવાની જે પ્રક્રિયા તે. જેમ કે સમ્યક્ત્વ અને મિશ્રમોહનીયને મિથ્યાત્વમાં સંક્રમાવવી તે ઉદ્વલના અને તેમાં વપરાતું જે યોગાત્મક વીર્ય તે ઉદ્વલનાકરણ.
**ઉદ્વિગ્ન :** ઉદાસીન, કંટાળાવાળો પુરુષ, વસ્તુની અરુચિવાળો.
**ઉદ્વેગ :** ઉદાસીનતા, કંટાળો, વસ્તુ પ્રત્યે અરુચિભાવ.
**ઉન્મત્ત :** ઉન્માદવાળો, વિવેક વિનાનો, ગાંડો મદથી ભરેલો.
**ઉન્માદ :** અહંકાર,મદ, અભિમાન, વિવેકશૂન્યતા.
**ઉન્માર્ગ :** ખોટો રસ્તો, અવળો માર્ગ, સાધ્યથી વિરુદ્ધ માર્ગ.
**ઉન્માર્ગપોષણ :** ખોટો રસ્તો સમજાવવો, ઊલટા માર્ગની દેશના આપવી, ઊંધા માર્ગની પુષ્ટિ કરવી.
**ઉપકરણ :** સાધન, નિમિત્ત, સાધ્ય સાધવામાં સહાયક.
**ઉપકારક :** ઉપકાર કરનાર, મદદગાર, સહાયક, હિત કરનાર.
**ઉપકારક્ષમા :** ઉપકાર કરનારા પુરુષો ક્રોધ કરે તોપણ આ પુરુષો ઉપકારી છે, એમ માનીને ક્ષમા કરવી, ગળી જવું.
**ઉપકારી પુરુષ :** ઉપકાર કરનારા પુરુષો, પરનું હિત કરનારા.
**ઉપકૃત થયેલ :** ઉપકાર પામેલ, જેનો ઉપકાર થયો છે તે પુરુષ.
**ઉપગ્રહ :** ગ્રહોની સમીપવર્તી, જુદાજુદા ગ્રહો.
**ઉપઘાત-અનુગ્રહ :** લાભ-નુકસાન, હિત-અહિત, ફાયદો-ગેરફાયદો.
**ઉપચય :** વૃદ્ધિ, વધારો, અધિકતા થવી.
**ઉપચરિતકાળ :** જીવ-અજીવના વર્તના આદિ પર્યાયો છે. છતાં તે પર્યાયોમાં "કાળદ્રવ્ય"નો ઉપચાર કરવો તે.
**ઉપચાર કરવો :** આરોપ કરવો, જે વસ્તુ જે રૂપે ન હોય તેને તે રૂપે સમજવી, જેમ કે વરસાદ વરસે છે ત્યારે "સોનું વરસે છે" એમ આરોપ કરવો તે.
**ઉપચ્છંદ :** એક પ્રકારનો છંદ, શ્લોક.
**ઉપતાપ :** પ્રતાપ, તેજ, ચમક, ઓજસ્વિતા.
**ઉપધાનતપ :** નવકારમંત્રાદિના અધ્યયન માટે કરાતો એક પ્રકારનો વિશિષ્ટ તપ, અઢાર-અઢાર-છ અને ચાર દિવસનો તપ. તથા અઠ્યાવીસ અને પાંત્રીસ દિવસનો વિશિષ્ટ તપ.

**ઉપનામ :** પોતાના નામ ઉપરાંત બીજું નામ.
**ઉપપાતજન્મ :** દેવ-નારકીનો જન્મ, પોતપોતાના નિયતસ્થાનમાં જન્મ.
**ઉપભોગ-પરિભોગ :** એકવાર ભોગવાય તેવી ચીજ તે ઉપભોગ અને વારંવાર ભોગવાય તેવી ચીજ તે પરિભોગ અને ભોગ-ઉપભોગ શબ્દ જ્યારે વપરાય ત્યારે એકવાર ભોગવાય તે ભોગ અને વારંવાર વપરાય તે ઉપભોગ કહેવાય છે.
**ઉપમાન :** સદૃશતા બતાવવી, ઉપમા આપવી, સરખામણી કરવી. ન્યાયશાસ્ત્રમાં પ્રસિદ્ધ એક પ્રમાણ.
**ઉપમિતિભવપ્રપંચ :** તે નામનો મહાગ્રંથ, સંસારના પ્રપંચને નાટકની ઉપમા.
**ઉપમેય :** ઉપમા આપવા લાયક વસ્તુ, જેના માટે ઉપમા અપાય તે.
**ઉપયોગ :** જ્ઞાનમાં ચિત્ત પરોવવું, ધ્યાન આપવું, જ્ઞાનાદિ પ્રાપ્તિકાલે મનને તેમાં જ લીન કરવું, કાર્યમાં એકાગ્રતા.
**ઉપયોગશૂન્ય :** જે કાર્ય કરીએ તે કાર્યમાં મન ન હોય તે.
**ઉપરિભાગવર્તી :** ઉપરના ભાગમાં રહેનાર, ઉપરના માળે વસનાર.
**ઉપવાસ :** આહારની મમતાના ત્યાગપૂર્વક દિવસરાત આહારત્યાગ કરવો.
**ઉપશમ :** કષાયોને દબાવવા, કષાયોને શાન્ત કરવા.
**ઉપશમશ્રેણી :** કષાય-નોકષાયોને દબાવતાં દબાવતાં ઉપરના ૮-૯-૧૦-૧૧મા ગુણઠાણે ચડવું.
**ઉપશાન્તમોહગુણસ્થાનક :** સર્વથા મોહ જેનો ઉપશમી ગયો છે તેવો આત્મા.
**ઉપષ્ટમ્ભ :** આલંબન, ટેકો, આધાર, સાધનવિશેષ.
**ઉપસ્થિત :** હાજર, વિદ્યમાન, જ્યાં કામ થતું હોય ત્યાં વિદ્યમાન.
**ઉપાંગ :** અંગના આધારે રચાયેલાં શાસ્ત્રો, ઉવવાઈ, રાયપસેણી જીવાભિગમ વગેરે શાસ્ત્રો. અથવા શરીરના અવયવોના પેટા અવયવો, જેમકે હાથની આંગળીઓ.
**ઉપાદાન-ઉપાદેય :** કારણ-કાર્ય, માટી અને ઘડો, તન્તુ અને પટ, જે કાર્ય બને છે તે ઉપાદેય, તેમાં જે કારણ બને તે ઉપાદાન, બન્ને વચ્ચેનો સંબંધ.
**ઉપાદાનકારણ :** જે કારણ પોતે કાર્યરૂપે બને તે, જેમકે ઘડામાં માટી, પટમાં તન્તુ.
**ઉપાદેય :** આદરવા લાયક, પ્રાપ્ત કરવા લાયક, હિતકારી.
**ઉપાધિયુક્ત :** મુશ્કેલીઓથી ભરપૂર, સંકટોથી વ્યાપ્ત, અથવા ડિગ્રીવાળું, પદવીવાળું.
**ઉપાધ્યાય :** ભણાવનાર, સમજાવનાર, શિક્ષક, અથવા મહાન સાધુ.
**ઉપાર્જન કરનાર :** મેળવનાર, પ્રાપ્ત કરનાર,વસ્તુ સિદ્ધ કરનાર.
**ઉપાશ્રય :** ધર્મક્રિયા અને વ્યાખ્યાન આદિ કરવા માટેનું સ્થાન.
**ઉપાસના :** આરાધના, ધર્મકાર્યમાં એકાગ્રતા, લીનતા.
**ઉભય :** બન્ને, બન્ને વસ્તુ, બે સ્વરૂપ, વસ્તુના બે પ્રકાર.
**ઉભયક્રિયા :** બન્ને ટાઈમ સવાર સાંજે કરાતી ધર્મક્રિયા. પ્રતિક્રમણ-દર્શન-વંદન-પૂજન-સ્વાધ્યાયાદિ.
**ઉભયટંક :** સવાર-સાંજ, બન્ને ટાઈમ, પ્રભાત અને સાયંકાળ.
**ઉભયાત્મક સ્વરૂપ :** બન્ને ધર્મોથી ભરેલું સ્વરૂપ, નિત્યાનિત્ય, ભિન્નાભિન્ન. સામાન્ય-વિશેષ એમ ઉભયમય જે સ્વરૂપ તે.
**ઉરઃપરિસર્પ :** પેટે ચાલનારા જીવો, સર્પ, અજગર વગેરે.
**ઉરસ્થ :** છાતી ઉપર રહેલું, સ્તન આદિ ભાગ.
**ઊર્ણયોગ :** પ્રતિક્રમણ-ચૈત્યવંદનાદિ ક્રિયાનાં મૂળ સૂત્રો અતિશય સ્પષ્ટ બોલવાં, બોલતી વખતે તેમાં ઉપયોગ રાખવો.
**ઊર્ધ્વતા સામાન્ય :** કાળક્રમે થતા ભિન્નભિન્ન પર્યાયોમાં દ્રવ્યની એકતાની જે બુદ્ધિ.
**ઊર્ધ્વલોક :** ઉપરનો લોક, સમભૂલતાથી ૯૦૦ યોજન પછીનો વૈમાનિક-ગ્રૈવેયક આદિ દેવોવાળો લોક.
**ઊલટી દેશના :** ઊંધી દેશના, જે સત્ય હોય તેનાથી વિરુદ્ધ કહેવું.
**ઉલુક :** ઘુવડ, પક્ષીવિશેષ, જે સૂર્યના પ્રકાશમાં ન જોઈ શકે તે.
**ઉલેચવું :** દૂર કરવું, વાસણથી પાણી આદિ દૂર કરવું.
**ઉવવુહ :** ગુણીના ગુણોની પ્રશંસા કરવી, પ્રેરણા કરવી.
**ઊહાપોહ :** ચિંતનુ-મનન, તર્ક-વિતર્ક, સૂક્ષ્મ જાણવાનો પ્રયત્ન.

## ઋ

**ઋગ્વેદ :** બ્રાહ્મણોના ચાર વેદોમાંનો એક વેદ.
**ઋજુતા :** સરળતા, માયારહિતતા, નિષ્કપટતા.
**ઋજુવાલિકા નદી :** બિહારમાં આવેલી એક નદી, કે જે નદીના કાંઠે પ્રભુશ્રી મહાવીર સ્વામીને કેવલજ્ઞાન થયું હતું તે.
**ઋઢિ :** પરંપરાગત પ્રણાલિકા, પાછળથી ચાલી આવતી રીતભાત.
**ઋણ :** દેવું, માથા ઉપર થયેલું કરજ, લોકોનું જમા લીધું હોય તે.

**ઋણમુક્ત :** દેવાથી મુકાયેલો, જેના માથે કરજ નથી તે.
**ઋણવાન્ :** દેવાદાર, કરજવાળો પુરુષ.
**ઋતુ :** હેમન્ત-શિશિર-વસંત-વર્ષા આદિ ઋતુઓ.
**ઋદ્ધિગારવ :** ધનની આસક્તિ, પૈસાની મમતા.
**ઋષભદેવ :** ભરતક્ષેત્રની વર્તમાન ચોવીશીની પ્રથમ તીર્થંકર.
**ઋષભનારાચ સંઘયણ :** જેના શરીરમાં હાડકાંની મજબૂતાઈ એવી હોય કે જાણે બે હાડકાં સામસામાં મર્કટબંધની જેમ વીંટાયાં હોય અને ઉપર મજબૂત પાટો લપેટ્યો હોય તેવી મજબૂતાઈ.
**ઋષભરૂપ :** બળદનું રૂપ, જે રૂપ કરીને ઈન્દ્ર મહારાજાએ કરેલો પ્રભુનો જન્માભિષેક (મેરુપર્વત ઉપર).
**ઋષિભાસિત :** ઋષિ-મુનિઓએ કહેલું, તેઓએ બતાવેલું.
**ઋષીશ્વર :** ઋષિઓમાં મોટા, મહાઋષિ.

## એ

**એંધાણ :** ગર્ભ. ઉદરમાં રહેલ બાલક.
**એકત્વવિતર્ક સવિચાર :** શુક્લ-ધ્યાનનો બીજો ભેદ, કોઈપણ એક દ્રવ્યગુણ-પર્યાયના વિચારમાં સ્થિર થવું, પરંતુ વિષયાન્તર ન થવું.
**એકદાકાળે :** કોઈક બળે, કોઈ એક અવસરે.
**એકમના :** સર્વ એક મનવાળા, એકચિત્તવાળા થઈને.
**એકરાર કરવો :** વસ્તુનો સ્વીકાર કરવો, સમ્મતિ આપવી.
**એકલઆહારી :** એક જ ટંક ભોજન કરવું તે, એકાસણું કરવું તે. પાદચારી સંઘમાં છ "રી" પાળવામાં આ એક અંગ.
**એકલઠાણું :** એક જ ટાઈમ ભોજન કરવું. પરંતુ મુખ અને હાથ વિના અન્ય અંગો ન હલાવવાં.
**એકલપેટું :** પોતાનું જ પેટ ભરનાર, પોતાનું જ જોનાર.
**એકલવાયું જીવન :** એકલો રહેનાર, એકાન્તમાં રહેનાર, દુનિયાના લોકોથી ભિન્ન રહેનાર, એકાન્તવાસી, આવા આત્માનું જીવન.
**એકલવિહારી :** જે મુનિઓ એકલા વિચરે, સાથીદાર ન હોય તે.
**એકલાહારી :** એક ટાઈમ ભોજન કરનાર છ "રી" પાળવામાં આ એક અંગ.
**એકસિદ્ધ :** સિદ્ધના પંદર ભેદોમાંનો એક ભેદ, મોક્ષે જતી વખતે જે એકલા હોય તે, જેમકે મહાવીર સ્વામી.
**એકક્ષેત્રવર્તી :** એક જ ક્ષેત્રમાં રહેનાર, મોક્ષમાં અનંતા એવા જીવો છે કે એક જ ક્ષેત્રમાં રહે છે, જેના બે ભેદો છે : સમાવગાહી અને વિષમાવગાહી.
**એકાકી વિહાર :** મુનિનું એકલું વિચરવું, આચાર્યને યોગ્ય શિષ્યનિષ્પત્તિ થયા પછી તેના ઉપર ગચ્છનો ભાર આપી ભક્તપરીજ્ઞાદિ મરણ માટે એકલા વિચરવું તે.
**(મૌન) એકાદશી :** અગ્યારસ, મૌન એકાદશી, માગસર સુદ અગ્યારસ.
**એકાન્તવાદ :** કોઈપણ એક નયનો આગ્રહ, કદાગ્રહ, હઠાગ્રહ.
**એકાશણું કરવું :** એક જ ટાઈમ ભોજન કરવું. શેષ સમયે ભોજનત્યાગ.
**એકેન્દ્રિય :** જે જીવોને ફક્ત એક સ્પર્શેન્દ્રિય (ચામડી) જ છે તે.
**એકોન વિંશતિ :** એક ન્યૂન વીશ, અર્થાત્ ઓગણીસ વગેરે.
**એઠું મૂકવું :** ભોજન કરતાં છાંડવું, જેમાં જીવોની હિંસા થાય છે.
**એતાદૃશ :** આવા પ્રકારનું, આવું.
**એવંભૂતનય :** જે શબ્દનો જેવો વાચ્ય અર્થ થતો હોય તેવા અર્થ સાથે તેવી ક્રિયા સ્વીકારે તે, ક્રિયા પરિણત અર્થને જે માને તે, જેમ કે અધ્યયન કરાવતા હોય ત્યારે જ અધ્યાપક.
**એવકાર :** નિશ્ચયપૂર્વક વાત કરવી તે, નિર્ણયાત્મક.
**એષણાસમિતિ :** નિર્દોષ આહાર લાવવો તે, બેતાલીસ દોષ-રહિત ગોચરીની પ્રાપ્તિ, ગૃહસ્થને આશ્રયી બની શકે તેટલો વધારે નિર્દોષ આહાર બનાવવો.

## ઐ

**ઐક્યતા :** એકતા, એકમેક થવું, પરસ્પર ભેદ ભૂલી જવો.
**ઐતિહાસિક :** ઇતિહાસથી સિદ્ધ થનાર, ઇતિહાસજન્ય વિષય.
**ઐરાવણ :** ઈન્દ્ર મહારાજાનો હાથી.
**ઐરાવતક્ષેત્ર :** ભરત જેવું જ જંબૂદ્વીપાદિ દ્વીપોમાં આવેલું. ઉત્તર દિશામાં રહેલું એક ક્ષેત્ર, જંબૂદ્વીપમાં ૧, ધાતકીખંડમાં ૨, અર્ધપુષ્કરમાં ૨, કુલ ૫.
**ઐશ્વરીય સંપત્તિ :** કુદરતી શોભા, જેનો કોઈ કર્તા નથી તેવી નૈસર્ગિક સંપત્તિ; સંસારની સહજ લીલા.
**ઐહિક ભય :** આ ભવસંબંધી ભય, રાજા તરફથી આવનાર દંડ-શિક્ષાનો ભય, કારાવાસનો ભય, લોકનિન્દાનો ભય, લોકપરાભવનો ભય વગેરે.

## ઓ

**ઓઘ :** સમૂહ, સામાન્ય, વર્ગ, ભેગું મળવું.
**ઓઘશક્તિ :** દૂરદૂર કારણમાં રહેલી કાર્યશક્તિ. જેમ ઘાસમાં રહેલી ઘીની શક્તિ.
**ઓઘસંજ્ઞા :** સામાન્ય સંજ્ઞા, બહુ વિચાર વિનાની, અલ્પમાં અલ્પ જ્ઞાનમાત્રા, જેમ વેલડીઓ ભીંત ઉપર વળે તે.
**ઓજાહાર :** સર્વે જીવો ઉત્પત્તિના પ્રથમ સમયે તૈજસકાર્મણ શરીરથી જે આહાર ગ્રહણ કરે તે.
**ઓતપ્રોત :** એકમેક, લયલીન, કોઈ પણ બે વસ્તુનું મળી જવું, જેમ કે દૂધસાકર, શરીરઆત્મા, લોઢુંઅગ્નિ.
**ઓથ :** છાયા, આશ્રય, આધાર, આલંબન, ટેકો.
**ઓદન :** ભાત, રંધાયેલા તંદુલ, ભોજન.
**ઓળંબડો :** ઉપાલંભ, ઠપકો, મીઠો ઓળંભો,
**ઓળખાણ :** પરિચય, સંપર્ક, એકબીજાની પરસ્પર જાણકારી.

## ઔ

**ઔચિત્ય :** ઉચિત લાગે તેટલું, યોગ્ય, જ્યાં જે શોભે તે.
**ઔત્પાતિકી બુદ્ધિ :** અકસ્માત્ થનારી બુદ્ધિ, હાજરજવાબી, તત્કાલ-બુદ્ધિ.
**ઔદયિક ભાવ :** પૂર્વે બાંધેલા કર્મના ઉદયથી પ્રાપ્ત થતા ભાવો. મનુષ્ય-દેવ આદિ અવસ્થાઓ.
**ઔદારિક વર્ગણા :** ઔદારિક શરીર બનાવવાને યોગ્ય પુદ્ગલ જથ્થો. અભવ્યથી અનંતગુણા પરમાણુઓથી નિષ્પન્ન સ્કંધો.
**ઔદારિક શરીર :** મનુષ્ય — તિર્યંચોનું જે શરીર, હાડ-માંસ-ચરબી રુધિર-વીર્ય આદિથી બનાવાયેલું જે શરીર તે.
**ઔદાસિન્યતા :** ઉદાસપણું, રાગ-દ્વેષથી રહિતતા, કોઈમાં ન લેપાવું.
**ઔપપાતિક :** ઉપપાતજન્મવાળા, ઉપપાતજન્મ સંબંધી.
**ઔપશમિક ચારિત્ર :** ચારિત્ર-મોહનીય કર્મના ઉપશમથી આત્મામાં પ્રગટ થતું ઉત્તમ ક્ષમા-નમ્રતા-સરળતા આદિવાળું ચારિત્ર. કે જે ચારિત્ર ૯-૧૦-૧૧ ગુણઠાણે આવે છે.
**ઔપશમિક ભાવ :** દર્શનમોહનીય અને ચારિત્રમોહનીય કર્મને એવું દબાવી દેવું કે પોતાનું બળ બતાવી ન શકે.
**ઔપશમિક સમ્યક્ત્વ :** દર્શન-મોહનીય અને અનંતાનુબંધી કષાય એમ સાતના ઉપશમથી આત્મામાં પ્રગટ થતી તત્ત્વરુચિ.
**ઔપાધિક :** ઉપાધિથી થયેલું, સ્વતઃ પોતાનું નહીં તે. જેમકે આત્માનું રૂપીપણું તે શરીરની ઉપાધિના કારણે છે.
**ઔષધ :** દવા, ઓસડ, રોગ મટાડવાનું જે નિમિત્ત.
**ઔષધાલય** - દવાખાનું, જ્યાં ઔષધ મળતું હોય તે.

## ક

**કંડક :** એક અંગુલના અસંખ્યાતમા ભાગમાં જે આકાશપ્રદેશો છે તે પ્રમાણવાળી સંખ્યા અથવા આવલિકાના અસંખ્યાતમા ભાગના સમયો પ્રમાણ સંખ્યા.
**કચવાટ :** ખેદ થવો, મનદુઃખ થવું, ઇચ્છા ન થવી તે.
**કચ્છ :** ગુજરાતમાંનો એક ભાગ,મહાવિદેહ ક્ષેત્રમાં આવેલી ૩૨ વિજયોમાંની પ્રથમ વિજય.
**કજોડ :** અનુચિત જોડું, અયોગ્ય મિલાપ, વિરોધવાળું વિજય.
**કટકુટી :** સાદડી-ઝૂંપડી, સૂર્યના તડકાનું આવરણ.
**કડાવિગઈ :** તળેલી વસ્તુ, જેમાં ચૂલા ઉપર કડાઈ ચડાવવી પડે તેવી વિગઈ, વિકાર કરનારો પદાર્થ.
**કડુ-કુંડલ :** સોનામાં આવતા પર્યાયો; હાથે-કાને પહેરવાનું આભૂષણ, જે ક્રમશઃ આવિર્ભૂત થાય છે.
**કણ્ઠસ્થ :** મુખપાઠ કરવો, ગોખી લેવું, યાદ કરી લેવું.
**કણ્ઠાગ્ર :** ગળાના અગ્રભાગે રહેલું, મોઢે કરેલું, મુખપાઠ કરેલું.
**કથંચિદ્વાદ :** સ્યાદ્વાદ, અમુક અપેક્ષાએ આમ પણ છે એવું અપેક્ષાપૂર્વકનું જે બોલવું તે.
**કથાચ્છેદ :** આ દોષ છે. ગુરુજી કથા કરતા હોય ત્યારે વચ્ચે બીજી વાત ઊભી કરીને કથાને તોડી પાડવી.
**કથાનુયોગ :** ચાર અનુયોગમાંનો એક, જેમાં પૂર્વે થઈ ગયેલાં મહાન સ્ત્રી-પુરુષોની કથાઓ હોય તે.
**કદાચિત્ :** ક્યારેક, અમુક જ સમયે, વિવક્ષિત કાળે.
**કનકાચલ :** મેરુપર્વત.
**કન્દમૂલ :** જે વનસ્પતિ અનંતકાય હોય, અનંતા જીવોનું બનેલું જે શરીર હોય, જેમ કે બટાકા, ડુંગળી, લસણ, ગાજર.

**કન્દર્પ :** અનર્થદંડ, બિનજરૂરી પાપ, કામવાસના ઉત્તેજક, અસભ્ય, પાપિષ્ટ વચનો બોલવાં.

**કપટમાયા :** હૈયામાં જુદા ભાવ હોય અને હોઠે જુદા ભાવ બોલવા. છેતરપિંડી, બનાવટ.

**કપાટ :** કમાડ, ભગવાન જ્યારે કેવલી-સમુદ્ઘાત કરે ત્યારે બીજા સમયે આત્મપ્રદેશોની પૂર્વ-પશ્ચિમ (અથવા દક્ષિણ-ઉત્તર) લોકાન્ત સુધી લંબાવવાની પ્રક્રિયા.

**કપિલકેવલી :** આ નામવાળા કેવલજ્ઞાન પામેલા પૂર્વે થયેલા મુનિ.

**કપિલવર્ણ :** કાબરચીતરું, રંગબેરંગી, વિવિધ રંગવાળું.

**કપોલકલ્પિત :** ગાલને ગમે તેવું, મનમાં આવ્યું તેમ કલ્પેલું.

**કમ્મપયડી :** શ્રી શિવશર્મસૂરિકૃત કર્મસંબંધી વર્ણનનો મહાગ્રંથ.

**કરકાંડે :** હાથમાં કાંડે, પ્રભુની નવ અંગે પૂજા કરતાં ત્રીજી પૂજા વખતે સ્પર્શ કરાતું પ્રભુનું અંગ.

**કરચલીઓ :** ઘડપણના કારણે શરીરની ચામડીમાં થતી રેખાઓ.

**કરણ :** અધ્યવસાય, વિચાર, પરિણામ, (કરણ ૩ હોય છે).

**કરણપર્યાપ્તા :** ઇન્દ્રિયો પૂર્ણ કરવાનું કામકાજ જેઓએ કર્યું છે તે.

**કરણલબ્ધિ :** અપૂર્વકરણાદિ કરણો કરવાની આત્મામાં શક્તિ પ્રગટે તે.

**કરણપર્યાપ્તા :** ઇન્દ્રિયો પૂર્ણ કરવાનું કામકાજ જેઓએ હજુ કર્યું નથી પરંતુ ઇન્દ્રિયોનું કામ ચાલુ છે તે.

**કર્મ :** મિથ્યાત્વાદિ હેતુઓ વડે જે બંધાય તે, આત્માના ગુણોને ઢાંકનાર, અથવા સુખ-દુઃખ આપનાર.

**કર્મકૃતાવસ્થા :** જ્ઞાનાવરણીયાદિ કર્મો વડે કરાયેલી આત્માની અવસ્થા.

**કર્મગ્રંથ :** કર્મવિષયક પ્રકરણ; જેમાં કર્મોનું સ્વરૂપ છે તે.

**કર્મપ્રકૃતિ :** શ્રી શિવશર્મસૂરિકૃત કમ્મપયડી એ જ કર્મપ્રકૃતિ. અથવા બંધાતાં કર્મોના ભેદો ૧૨૦-૧૨૨ વગેરે.

**કર્મબંધ :** આત્માની સાથે કર્મોનું ચોંટવું, જોડાવું, વળગવું.

**કર્મભૂમિ :** જ્યાં અસિ-મસિ-કૃષિનો વ્યવહાર છે તેવાં ક્ષેત્રો. પાંચ ભરત, પાંચ ઐરાવત અને પાંચ મહાવિદેહ.

**કર્મભૂમિજન્ય :** કર્મભૂમિમાં જન્મેલા, ૨૪ તીર્થંકરાદિ, ૬૩ શલાકા-પુરુષો, કર્મભૂમિજન્ય જ હોય છે.

**કર્મમેલ :** આત્મામાં બંધાયેલો કર્મોરૂપી કચરો.

**કર્મવિપાક :** પ્રથમ કર્મગ્રંથનું આ નામ છે. બાંધેલાં કર્મો ઉદયમાં આવે તો શું શું ફળ આપે તેનું વર્ણન જેમાં છે તે.

**કર્મસ્તવ :** બીજા કર્મગ્રંથનું નામ છે. કર્મોનું સ્વરૂપ જણાવતાં જણાવતાં ભગવાન મહાવીરસ્વામીની જ્યાં સ્તુતિ છે તે.

**કલહ :** કજિયો, કંકાસ, કડવાશ, વેરઝેર.

**કલાલ :** દારૂ વેચનાર, દારૂ બનાવનાર.

**કલિકલહ :** કલિયુગમાં થતા વધારે ઝેરી ઝઘડા, ભારે કજિયો.

**કલિકાલ :** કળિયુગનો કાળ, કલિયુગનો સમય.

**કલિકાલસર્વજ્ઞ :** કલિયુગમાં જાણે સર્વજ્ઞ જ જન્મ્યા હોય તેવા.

**કલુષિત :** ગંદું, મેલું, કચરાવાળું, હલકું, તુચ્છ, સાર વિનાનું.

**કલ્પના :** મનથી માની લેવું, બુદ્ધિથી અનુમાન કરવું તે.

**કલ્પવૃક્ષ :** ઇચ્છાઓને સંતોષે તેવું વૃક્ષ, મનમાગ્યું આપનાર.

**કલ્પસૂત્ર :** આચારને સમજાવનારું સૂત્ર, સાધુસમાચારી કહેનારું તથા મહાવીરસ્વામી આદિ તીર્થંકર પરમાત્માઓનું ચરિત્ર.

**કલ્પાતીત દેવ :** અનુત્તર અને ગ્રૈવેયક દેવો, સ્વામી-સેવક સંબંધી આચાર વિનાના, સર્વ સરખા અહમિન્દ્ર દેવો.

**કલ્પાન્તકાલ :** કળીયુગનો અન્તિમ કાળ, પ્રલયકાળ, સર્વથી જઘન્ય કાળ.

**કલ્પિત ગુરુ :** મનથી કલ્પેલા ગુરુ, નવકારમંત્ર અને પંચેન્દ્રિયસૂત્ર બોલવા પડે કલ્પાયેલા ગુરુ, આરોપિત કરાયેલા ગુરુ.

**કલ્પોપપન્ન :** નોકર-શેઠના સંબંધવાળા દેવો, જ્યાં સ્વામી-સેવકભાવનો સંબંધ હોય તેવા આચારવાળા દેવો, ૧૨ દેવલોક સુધી.

**કલ્યાણક :** તીર્થંકર ભગવન્તોના ચ્યવન, જન્મ, દીક્ષા, કેવલ-જ્ઞાન અને નિર્વાણ એમ કલ્યાણ કરનારા ૫ પ્રસંગો.

**કલ્લોલ :** પાણીના તરંગો, મોજાં, દરિયાઈ ભરતી વગેરે.

**કવલાહાર :** કોળિયાથી લેવાતો આહાર, મનુષ્ય, પશુ, પક્ષી આદિનો જે આહાર તે.

**કવિતા :** કાવ્ય, મધુર સ્વરે ગવાતી પ્રાસવાળી રચના.

**કષાય :** જન્મ-મરણની પરંપરા વધારનાર, ક્રોધ-માનાદિ.

**કષાયપાહુડ :** દિગંબર સંપ્રદાયમાન્ય મહાગ્રંથવિશેષ.

**કષાયમોહનીય** - અનંતાનુબંધી આદિ ૧૬ પ્રકારનું મોહનીયકર્મ.

**કષાયસમુદ્ઘાત :** પૂર્વે બાંધેલા ક,ાયોને ઉદયમાં લાવીને ભોગવેલા. જે ભોગવતાં જૂના કષાયોનો વિનાશ થાય છે પરંતુ નવા ઘણા બંધાય છે.

**કાઉસ્સગ્ગ :** કાયાની ચેષ્ટાનો ત્યાગ કરવો, કાયાનો વ્યવસાય અટકાવવો, અતિશય સ્થિર થવું.

**કાંક્ષા :** ઇચ્છા, આશા, મમતા.

**કાજો કાઢવો :** પડિલેહણ કર્યા પછી કચરો ભેગો કરવો, અંદર કોઈ જીવાત નથી ને તે બરાબર તપાસવું.

**કાપોતલેશ્યા :** કૃષ્ણાદિ કરતાં સારા અને શુક્લાદિ કરતાં હલકા જે આત્મપરિણામ તે. નાની નાની શાખાના કાપવાના પરિણામવાળા પુરુષના દૃષ્ટાન્તે આત્માના પરિણામ.

**કાબરચીતરું :** રંગબેરંગી, ચિત્ર-વિચિત્ર, અનેક રંગવાળું.

**કામકાજ :** કાર્યવિશેષ, જુદાં જુદાં કાર્યો.
**કામદેવ :** મોહરાજા, વાસના, વિકારકબુદ્ધિ, રાગાદિ પરિણામ.
**કામરાગ :** સ્નેહરાગ, દષ્ટિરાગ અને કામરાગ આ ત્રણમાંનો અન્તિમ રાગ, ભોગસુખ સંબંધ જે રાગ.
**કામવાસના :** મોહભરેલી વિકારક એવી આત્માની પરિણતિ.
**કામવિકાર :** સંસારના ભોગોની તીવ્ર અભિલાષા.
**કામોત્તેજક :** વાસનાને દેદીપ્યમાન કરે એવી વાર્તા, સમાગમ તથા એવા આહારાદિનું સેવન.
**કાયક્લેશ :** કાયાને મોહના વિનાશ માટે કષ્ટ આપવું. છ પ્રકારના બાહ્યતપોમાં પાંચમો તપવિશેષ.
**કાયા :** શરીર, પુદ્‌ગલમય રચના. જે હાનિ-વૃદ્ધિ પામે અને વિનાશ પામવાના સ્વભાવવાળું તે.
**કાયોત્સર્ગ :** કાયાની ચેષ્ટાનો ત્યાગ કરવો, કાયાનો વ્યવસાય અટકાવવો, સ્થિર થવું. સંસ્કૃતમાં કાયોત્સર્ગ જે શબ્દ છે તેનું જ પ્રાકૃતમાં કાઉસ્સગ્ગ બને છે.
**કારકતા :** ક્રિયાને કરનારપણું, ક્રિયાને સરજવાપણું, કર્તા કર્મ-કરણ-સંપ્રદાન-અપાદાન અને આધારાદિ.
**કારણ :** ક્રિયા કરવામાં મદદગાર, સહાયક, નિમિત્ત.
**કારુણ્ય :** દયાવાળો પરિણામ, લાગણીશીલ સ્વભાવ.
**કાર્મણશરીર :** આત્માએ બાંધેલાં કર્મોનું બનેલું શરીર. એક ભવથી બીજા ભવમાં જતા જે સાથે હોય છે તે અથના સર્વ સંસારી જીવોને સદાકાળ જે હોય છે તે.
**કાર્મિકીબુદ્ધિ :** કામ કરતાં કરતાં જે બુદ્ધિ ઉત્પન્ન થાય તે. જેમકે દરજીની કલા, સોનીની કલા, હજામની કલા વગેરે.
**કાર્યદક્ષ :** કામકાજમાં ઘણો જ હોશિયાર.
**કાર્યવિશેષ :** વિશિષ્ટ કાર્ય, વિવક્ષિત કાર્ય, કાર્યની કલ્પના.
**કાર્યસિદ્ધિ :** કાર્ય પૂર્ણ થવું, કાર્ય સમાપ્ત થવું વગેરે.
**કાલચક્ર :** ઉત્સર્પિણી-અવસર્પિણીના ૬+૬ = ૧૨ આરાનું બનેલું ગાડાના પૈડા જેવું, કાળનું ચક્રવિશેષ.
**કાલપરિપાક :** કોઈપણ વસ્તુ નીપજવાનો પાકેલો કાળ. જેમ કે ઘી બનવા માટે ઘાસ-દૂધ-દહીં કરતાં માખણમાં વધુ કાલપરિપાક છે. તેમ આસન્નભવ્ય જીવમાં મોક્ષનો કાલપરિપાક છે.
**કાલપ્રમાણતા :** કોઈપણ કાર્ય બનવામાં સ્વભાવ, નિયતિ, પ્રારબ્ધ (નિમિત્ત) અને પુરુષાર્થ આ ચાર જેમ કારણ છે, તેમ કાલ પણ કારણ છે. તે કાલપ્રમાણતા.
**કાળલબ્ધિ :** અપૂર્વકરણાદિ કારણો કરવા દ્વારા સમ્યક્ત્વ પામવાનો કાળ પાક્યો હોય તેવી લબ્ધિ.
**કાલાન્તર :** કાલનો વિરહ, કોઈ પણ એક કાર્ય બન્યા પછી ફરીથી તે કાર્ય કેટલા ટાઈમે બને તે, અન્યકાળ.
**કાલાતિક્રમ :** કાળનું ઉલ્લંઘન કરવું તે. કાલને વિતાવવો.
**કાળીચૌદશ :** ગુજરાતી આસો વદી ચૌદશ. (મારવાડી કારતક વદ ચૌદશ).
**કાલોદધિ સમુદ્ર :** અઢી દ્વીપમાંનો એક સમુદ્ર. ધાતકીખંડને ફરતો બન્ને બાજુ આઠ-આઠ લાખ યોજન વિસ્તારવાળો.
**કિલીકાસંઘયણ :** જે બે હાડકાં વચ્ચે માત્ર ખીલી જ મારેલી છે તેવી મજબૂતાઈવાળું સંઘયણ.
**કિલ્બિષિકદેવ :** વૈમાનિક દેવોમાં રહેનારા, હલકું કામ કરનારા, ઢોલાદિ વગાડનારા દેવો. જેના ત્રણ ભેદ છે.
**કીર્તન કરવું :** ગુણગાન ગાવાં, ભજન કરવું, સ્તવનાદિ ગાવાં.
**કીર્તિ :** યશ, પ્રશંસા, વખાણ, એક દિશામાં ફેલાયેલી પ્રશંસા અથવા ત્યાગાદિ કોઈ ગુણથી થયેલી પ્રશંસા.
**કુંથુનાથ :** ભરતક્ષેત્રમાં વર્તમાન ચોવીશીના ૧૭મા તીર્થંકર.
**કુક્કુડીપાયપસારંત :** કૂકડીની જેમ પગોને સાથે રાખીને સૂવાની ક્રિયા.
**કુટતુલકુટમાન :** ખોટાં તોલાં અને માપ રાખવાં તે, માલ લેવાનાં કાટલાં વજનદાર અને માલ આપવાનાં કાટલાં ઓછા વજનવાળાં રાખવાં તે.
**કુટલેખક્રિયા :** કૂડા (ખોટા) લેખ લખવા, કૂડા કાગળિયાં કરવાં, ખોટા દસ્તાવેજ કરવા વગેરે.
**કુણ્ડલ :** કાનમાં પહેરવાનું આભૂષણવિશેષ.
**કુણ્ડલદ્વીપ :** તે નામનો એક દ્વીપ, જેમાં શાશ્વત ચૈત્યો છે.
**કુન્દકુન્દાચાર્ય :** દિગંબર સંપ્રદાય-માન્ય, અનેક ગ્રંથોના સર્જક એક મહાત્મા.
**કુબ્જ :** એક પ્રકારનું સંસ્થાન, જેમાં શરીરના મુખ્ય ચાર અવયવો અપ્રમાણોપેત હોય છે તે.
**કુલદીપક :** કુલને દીપાવનાર, કુલને શોભાવનાર.
**કુલભૂષણ :** કુલને ભૂષિત કરનાર, કુલમાં આભૂષણ સમાન.
**કુલમદ :** કુળનું અભિમાન, એક પ્રકારનો અહંકાર.
**કુલાંગાર :** પોતાના કુળમાં અંગારા જેવો, ઘણું દૂષિત કામ કરનાર.
**કુશલબુદ્ધિ :** સુંદરબુદ્ધિ, તીવ્રબુદ્ધિ, સૂક્ષ્મ અર્થને સમજનારી બુદ્ધિ, તીક્ષ્ણ બુદ્ધિ.
**કૃતઘ્નતા :** જેણે આપણા ઉપર ઉપકાર કર્યો હોય તેને ભૂલી જઈ તેને જ નુકસાન થાય તેવું કામ કરવું તે.
**કૃતનાશ :** જે કર્મો આપણે જ કર્યાં હોય છતાં તે કર્મો આપણે ભોગવવાં ન પડે તે, કરેલા કાર્યની ફલપ્રાપ્તિ વિના વિનાશ થવો તે.
**કૃતજ્ઞતા :** જેણે આપણા ઉપર ઉપકાર કર્યો હોય તેને સદા યાદ

રાખી પ્રત્યુપકાર કરવાની બુદ્ધિ રાખવી તે.
**કૃતાન્ત :** યમરાજા, મૃત્યુનો અધિકારી.
**કૃપા :** દયા, લાગણી, કરૂણા પરોપકારની બુદ્ધિ.
**કૃપાસાગર :** દયાના ભંડાર, કરુણાના સમુદ્ર.
**કેવલશ્રી :** કેવલજ્ઞાનરૂપી લક્ષ્મી, પરમજ્ઞાનરૂપ આત્મધન.
**કેવલજ્ઞાન કલ્યાણક :** કેવલજ્ઞાન-સ્વરૂપ તીર્થંકર ભગવન્તોનું ચોથું કલ્યાણક.
**કેવલીપન્નતો :** કેવલજ્ઞાનીએ જણાવેલો, સર્વજ્ઞે બતાવેલો.
**કેવલીપ્રજ્ઞમ :** કેવલજ્ઞાનીએ જણાવેલો, સર્વજ્ઞે બતાવેલો.
**કેવલીસમુદ્‌ઘાત :** કેવલજ્ઞાની ભગવંતો વેદનીય નામ અને ગોત્રકર્મને તોડી આયુષ્યની સાથે સમાન કરવા માટે જે દંડાદિ આઠ સમયની પ્રક્રિયા કરે તે.
**કૈવલ્યલક્ષ્મી :** કેવલજ્ઞાનરૂપી લક્ષ્મી.
**કોટાકોટિ :** એક ક્રોડને એક ક્રોડે ગુણવાથી જે થાય તે, અર્થાત્ એકડા ઉપર ચૌદ મીડાં લખવાથી જે આંક બને તે.
**કોડાકોડી :** ઉપરનો કોટાકોટિનો જે અર્થ છે તે જ અર્થ જાણવો.
**કોલાહલ :** અવિવેકથી થતો ઘોંઘાટ, કજિયો બોલાચાલી.
**કૌકુચ્ચ :** આંખ અને મુખના ઈશારા કરવા, બીભત્સ ચેષ્ટા કરવી, કામોત્તેજક હાવભાવ કરવા તે.
**ક્રમબદ્ધ :** લાઈનસર ગોઠવાયેલું, એક પછી એક ક્રમસર જ આવનારું, પદ્ધતિસર રહેલું.
**ક્રમબદ્ધ પર્યાય :** સર્વ દ્રવ્યોમાં અતીત, અનાગત અને વર્તમાનકાળના સર્વ પર્યાયો કેવલજ્ઞાનીની અપેક્ષાએ ક્રમસર ગોઠવાયેલા છે અને ક્રમસર આવે છે.
**ક્રિયાપરિણતાર્થ :** જે શબ્દનો જે જે વાચ્ય અર્થ થતો હોય તે પ્રમાણે ક્રિયા પણ ચાલુ હોય તો જ શબ્દપ્રયોગ માને તે.
**ક્રોધ :** ગુસ્સો, આવેશ, જુસ્સો, બીજાનું અહિત કરવાની બુદ્ધિ.
**ક્લિષ્ટકર્મવિનાશ :** ભારે ચીકણાં બાંધેલાં તીવ્ર કર્મોનો વિનાશ.

## ખ

**ખગ :** પક્ષી, આકાશમાં ઊડનાર.
**ખગોળ :** જ્યોતિષશાસ્ત્ર, ચંદ્ર, સૂર્ય આદિની ચર્ચા.
**ખલરસરૂપે :** ગ્રહણ કરેલા આહારમાંથી યોગ્યઅયોગ્યનો વિભાગ કરવો.
**ખાડો :** ખોદેલી ભૂમિ, ભૂમિમાં કરેલું ખનન.
**ખાતમુહૂર્ત :** કોઈપણ મંદિરાદિ ઉત્તમ કામકાજ માટે પાયો ચણવા સારુ ખોદાતી ભૂમિનું જે મુહૂર્ત તે.
**ખામીયુક્ત :** ભૂલભરેલું ક્ષતિઓથી યુક્ત.
**ખિણખિણ :** ક્ષણે, ક્ષણે, પ્રતિસમયે, દર સમયે.
**ખિન્ન થયેલ :** ઉદાસ થયેલ, કરમાયેલ, ખેદ પામેલ.
**ખુદ પોતે :** સ્વયં પોતે જાતે, આપણે સ્વયં પોતે જ.
**ખેચર :** આકાશમાં ઊડનાર, આકાશમાં ચાલનાર, પંખી વગેરે.
**ખેતર :** ક્ષેત્ર, ખેડવા લાયક ભૂમિ, જેમાં અનાજ વવાય તેવી ભૂમિ.
**ખેમકુશલ :** ક્ષેમકુશલ, સુખશાન્તિના સમાચાર.
**ખેલખેલ્યાં :** ભિન્ન ભિન્ન જાતના તમાશા, રમત, ગમત કરી હોય; અતિચારમાં "ખેલ ખેલી" શબ્દપ્રયોગ આવે છે.
**ખેશ :** કપડાં પહેર્યા પછી જીવોની જયણા પાળવા માટે ગળે રખાતું એક પ્રકારનું સફેદ વસ્ત્રવિશેષ.
**ખોંખારો ખાવો :** ઉધરસ આવવી, ખાંસી થવી, એક પ્રકારનો વિશિષ્ટ વાયુ.
**ખોજ કરવી :** ભાળ લેવી, સંભાળ રાખવી, તપાસ કરવી.
**ખોટ આવવી :** નુકસાન થવું, હાનિ થવી.

## ગ

**ગંગાનીર :** ગંગાનદીનું પાણી, ગંગાજલ, પ્રભુના અભિષેક વખતે લવાતું પવિત્ર પાણી.
**ગંગોદક :** ગંગાનદીનું પાણી, ગંગાજલ, પ્રભુના અભિષેક વખતે લવાતું પવિત્ર ગંગાજળ.
**ગંધોદક :** સુગંધવાળું પાણી, પવિત્ર પાણી, અભિષેકને યોગ્ય જળ.
**ગચ્છ :** સમુદાય, એકસરખી સમાન ધર્મક્રિયા કરનાર વર્ગ. તપગચ્છ, અંચલગચ્છ, પાયચંદગચ્છ વગેરે.
**ગચ્છાધિપતિ :** પોતાના ગચ્છના નાયક, પોતાના સમુદાયમાં સર્વોપરી.
**ગજદંતપર્વત :** મેરુપર્વતની ચારે દિશાએ હાથીદાંતના આકારે સોમનસ આદિ ચાર પર્વતો કે જે મહાવિદેહમાં આવેલા છે.
**ગજવર :** શ્રેષ્ઠ હાથી, ચૌદ સ્વપ્નોમાં પ્રથમ સ્વપ્ન.
**ગજાનન :** હાથીના જેવી મુખાકૃતિવાળા, ગણપતિજી.
**ગણ :** સમુદાય, સાધુઓનો સમૂહ, સરખી સમાચારીવાળા.
**ગણધર :** સમુદાયના નાયક, ગૌતમસ્વામી, સુધર્માસ્વામી આદિ.

**ગણધરકૃત :** ગણધર ભગવંતોનાં બનાવેલાં શાસ્ત્રો, આગમો વગેરે.
**ગણધરરચિત :** ગણધર ભગવંતોનાં રચેલાં શાસ્ત્રો, આગમો વગેરે.
**ગણનાયક :** ગચ્છના, સમુદાયના નાયક, મુખ્ય.
**ગણિપદ :** ગણને (ગચ્છને) સંભાળી શકે તેવું સ્થાન કે જે ભગવતીસૂત્ર આદિના યોગ-વહન પછી યોગ્યતાવિશેષ જણાવાથી અપાય છે.
**ગતાનુગતિક :** ગાડરિયો પ્રવાહ, સમજ્યા વિના એકબીજાને અનુસરવું ઈત્યાદિ.
**ગતિદાયકતા :** તે તે ગતિ અપાવવાપણું જેમકે અનંતાનુબંધી કષાય નરકગતિ અપાવે, અપ્ર. કષાય તિર્યંચગતિ.
**ગતિસહાયકતા :** જીવ-પુદ્ગલને ગમન કરવામાં અપેક્ષા કારણપણું.
**ગદ્ગદ સ્વરે :** રડતા સ્વરે, ભરેલા હૈયે, રુદન કરતાં કરતાં.
**ગભરાયેલ :** બે બાજુની પરિસ્થિતિથી આકુલવ્યાકુલ બનેલ.
**ગમનાગમન :** જવું-આવવું. આવ-જા કરવી તે.
**ગમિકશ્રુત :** જે શાસ્ત્રોમાં પાઠોના આલાવા સરખેસરખા હોય તે.
**ગમ્ય :** અધ્યાહર, જાણવા લાયક, શબ્દથી ન લખ્યું હોય પરંતુ અર્થથી સમજી શકાતું હોય તે.
**ગરકાવ થવું :** ઓતપ્રોત થવું, ડૂબી જવું, લયલીન બની જવું.
**ગરાનુષ્ઠાન :** પરભવના સંસારિક સુખની બુદ્ધિપૂર્વક ધર્માનુષ્ઠાન કરવાં તે.
**ગરલાનુષ્ઠાન :** પરભવના સંસારિક સુખની બુદ્ધિપૂર્વક ધર્માનુષ્ઠાન કરવાં તે.
**ગરિહામિ :** હું મારાં કરેલાં પાપો દેવ-ગુરુ સમક્ષ સવિશેષ નિન્દું છું.
**ગર્ભજ :** સ્ત્રી-પુરુષની સંભોગ-ક્રિયાથી જે જન્મ થાય તે. જેના જરાયુજ, અંડજ અને પોતજ એમ ત્રણ ભેદો છે.
**ગર્ભજાત :** ગર્ભથી જન્મેલું, અથવા ગર્ભમાં જન્મેલું.
**ગર્ભિત ભાવ :** ઊંડા ભાવ, અંદર ભરેલાં રહસ્યો, સૂક્ષ્મ હાર્દ.
**ગર્ભિત રીતે :** ઊંડી બુદ્ધિથી, સૂક્ષ્મ બુદ્ધિથી સમજવા લાયક.
**ગર્હા :** પાપોની નિંદા કરવી તે, કરેલી ભૂલો સંભારી નિંદવી.
**ગવેષણા :** શોધવું, તપાસવું, માગવું, વિચારવું.
**ગળથૂથીથી :** નાનપણથી, બચપણથી, બાલ્ય અવસ્થાથી.
**ગાજવીજ થવી :** આકાશમાં વાદળોનું ગાજવું અને વીજળી થવી.
**ગાઢમેઘ :** આકાશમાં ચડી આવેલ અતિશય વરસાદ.
**ગાથા :** શ્લોક, કાવ્યની પંક્તિઓ, પ્રાસવાળી લીટીઓ.
**ગામાનુગામ :** એક ગામથી બીજે ગામે, એક ગામ પછી એકેક ગામ.
**ગારવ :** આસક્તિ,મમતા, કોઈપણ વસ્તુની અતિશય ભૂખ. રસગારવ, ઋદ્ધિગારવ, સાતાગારવ.
**ગાર્હસ્થ્ય :** ગૃહસ્થપણું, ગૃહસ્થ-સંબંધી, ઘરસંબંધી વ્યવસાય.
**ગિરનાર પર્વત :** સૌરાષ્ટ્રમાં આવેલ પર્વત. જ્યાં નેમનાથ પ્રભુનાં દીક્ષા, કેવલજ્ઞાન અને નિર્વાણ એમ ત્રણ કલ્યાણક થયાં છે.
**ગીર્વાણ :** દેવ, વૈમાનિક નિકાય આદિના દેવો.
**ગુચ્છ :** ગુચ્છો, પાત્રાં રાખવા માટે રખાતી કપડાંની ઝોળી વગેરે, અડ્ઢાઈજ્જેસુ સૂત્રમાં "रयहरणगुच्छ" શબ્દ આવે છે.
**ગુટિકા :** ગોળી, પ્રભાવક ઔષધિ-વિશેષ. સુલસા શ્રાવિકાએ આવી ૩૨ ગુટિકા પ્રાપ્ત કર્યાનું વર્ણન આવે છે.
**ગુડ :** ગોળ, સાકર, ગળપણ, છ વિગઈમાંની એક વિગઈ.
**ગુણ :** દ્રવ્યની સાથે સદાકાળ રહેનાર સ્વરૂપવિશેષ.
**ગુણગણયુક્ત :** ગુણોના સમૂહથી ભરપૂર, ગુણિયલ મહાત્મા.
**ગુણપ્રત્યયિક :** ગુણના નિમિત્તે પ્રગટ થનારું, મનુષ્ય-તિર્યંચોને જે અવધિજ્ઞાન અને વૈક્રિયશરીર પ્રગટ થાય છે તે.
**ગુણરાગી :** જે વ્યક્તિ અન્ય વ્યક્તિ ઉપર ગુણોને લીધે રાગી હોય તે.
**ગુણશ્રેણી :** ટૂંકા કાળમાં વધારે વધારે કર્મોનો ક્ષય કરવા માટે ગુણોની અધિક અધિક ક્રમશઃ પ્રાપ્તિ. ૧૧ ગુણશ્રેણી કહેવાય છે અથવા સ્થિતિઘાતાદિથી ઘાત થયેલાં કર્મપરમાણુઓની ઉદય-સમયથી અસંખ્યાત ગુણાકારે કર્મદલિકની રચના કરવી તે.
**ગુણસંક્રમ :** અબધ્યમાન (ન બંધાતાં) અશુભ કર્મોને બધ્યમાન (બંધાતાં) શુભકર્મોમાં અસંખ્યાત ગુણાકારે નાખવાં, સંક્રમાવવાં તે.
**ગુણસ્થાનક :** ગુણોની તરતમતા, હીનાધિક ગુણપ્રાપ્તિ.
**ગુણાધિક :** આપણા કરતાં ગુણોમાં જે મોટા હોય તે.
**ગુણાનુરાગી :** બીજાના ગુણો ઉપર ઘણો જ અનુરાગ કરનાર.
**ગુફાસ્થાન :** પર્વતોમાં ઊંડી ઊંડી ગુફાઓવાળી ભૂમિ.
**ગુરુ :** ધર્મ સમજાવે તે હિત-કલ્યાણ-કારી માર્ગ સમજાવે તે. ઉપકાર કરનાર.
**ગુરુઅક્ષર :** જોડાક્ષર, બે વ્યંજનો વચ્ચે સ્વર ન હોય તે.
**ગુરુગમતા :** ગુરુ પાસેથી જાણેલું, ગુરુઓની પરંપરાથી જાણેલું.
**ગુરુજનપૂજા :** વડીલોની, ઉપકારીઓની અને કલ્યાણ કરનારાઓની પૂજાઃ ભક્તિબહુમાન કરવું. જયવીયરાયસૂત્રમાં આવે છે.
**ગુરુદ્રવ્ય :** ગુરુની ભક્તિ, ગુરુની સેવા, અને ગુરુની વેયાવચ્ચ માટે રખાયેલું દ્રવ્ય.

**ગુરુધર્મ :** શિષ્યો પ્રત્યે ગુરુએ સાચવવાલાયક સાયણા, વાયણા આદિ ધર્મ, અથવા મહાન ધર્મ, મોટો ધર્મ.
**ગૂઢ :** ગુપ્ત, ઊંડું, સૂક્ષ્મ, અતિશય બારીક.
**ગૂઢ ભાવો :** સૂત્રોનાં ઊંડાં રહસ્યો, અપવાદભૂત ભાવો.
**ગૃહસ્થ :** ઘરબારી, પરિવારવારો જીવ, ઘરમાં રહેનારો.
**ગૃહસ્થલિંગસિદ્ધ :** ગૃહસ્થના વેષમાં જે જીવો હોય અને વિશિષ્ટ વૈરાગ્યથી ક્ષપકશ્રેણી માંડી કેવલી થાય તે.
**ગૃહિણી :** પત્ની, સ્ત્રી, ઘર સંભાળનારું પાત્ર.
**ગૃહ્યમાણાવસ્થા :** પ્રતિસમયે (કર્માદિને) ગ્રહણ કરતી અવસ્થાવિશેષ.
**ગોત્રકર્મ :** ઉચ્ચ-નીચ કુલ અપાવનારું જે કર્મ તે.
**ગોદોહાસન :** ગાયને દોહતી વખતે બે પગ ઉપર જેમ બેસાય, તેના જેવું જે આસન.
**ગોરસ :** ગાયના દૂધમાંથી બનતા સર્વ પદાર્થો તથા દૂધ.
**ગોમ્મટસાર :** દિગંબર સંપ્રદાય માન્ય કર્મવિષયક મહાગ્રંથ-વિશેષ.
**ગૌરવતા :** મોટાઈપણું, માનવંતાપણું, પોતાની વિશિષ્ટતા.
**ગ્રન્થિભેદ :** અનાદિકાળથી રૂઢ થયેલી રાગ-દ્વેષની જે ગાંઠ છે તેને ભેદવી, તેનો અપૂર્વકરણ વડે વિનાશ કરવો.
**ગ્રહણ :** ચંદ્ર-સૂર્યના વિમાનનું રાહુના વિમાનથી પકડાવું. આચ્છાદિત થઈ જવું તે ચંદ્રગ્રહણ-સૂર્યગ્રહણ.
**ગ્રૈવેયક દેવ :** ગળાના ભાગે રહેનારા જે દેવો, નવ ગ્રૈવેયક દેવો.
**ગ્લાનિ પામેલ :** ઉદાસીનતા પામેલ, કરમાયેલ, મુખમુદ્રાનું તેજ હાનિ પામેલ હોય તે.

## ઘ

**ઘટપટ :** માટીમાંથી બનેલો તે ઘટ, તન્તુમાંથી બનેલો તે પટ, (વસ્ત્ર).
**ઘનઘાતીકર્મ :** જ્ઞાનાવરણીયાદિ ચાર મજબૂત ઘાતીકર્મો; આત્માના જ્ઞાનાદિ ગુણોનો વિનાશ કરનારાં કર્મો.
**ઘનલોક :** ઘનીભૂત કરેલો આ લોક, જે ચૌદ રાજ ઊંચો છે, તેના બુદ્ધિથી વિભાગો કરી ગોઠવતાં જે સાત રાજ પ્રમાણ થાય છે. તે ઘનીભૂત થયેલો લોક.
**ઘનવાત :** મજબૂત તોફાની પવન, જેના ઉપર આ પૃથ્વી રહેલી છે.
**ઘનીભૂતતા :** પોલાણ વિનાની અવસ્થા, અતિશય મજબૂત અવસ્થા.
**ઘનીભૂતલોક :** સાત રાજ લંબાઈ, પહોળાઈ અને ઊંચાઈવાળો બુદ્ધિથી કલ્પેલો લોકાકાશ.
**ઘનોદધિ :** જામેલું, થીજી ગયેલું, પોલાણ વિનાનું પાણી, જેના ઉપર પૃથ્વી છે અને નીચે મહાવાયુ છે.
**ઘમ્મા :** સાત નારકીમાંની પ્રથમ નારકી.
**ઘરબારી :** ઘરવાળો, પત્નીવાળો, ગૃહસ્થ, પરિવારવાળો.
**ઘાતક :** હણનાર, મારનાર, વસ્તુનો વિનાશ કરે તે.
**ઘાતકીખંડ :** લવણસમુદ્રને ફરતો, વીંટળાયેલો એક દ્વીપ.
**ઘાતીકર્મ :** આત્માના ગુણોનો ઘાત કરનાર જ્ઞાનાવરણીયાદિ કર્મો.
**ઘુવડ :** એક જાતનું પક્ષી, જે સૂર્યના પ્રકાશ વખતે જોઈ ન શકે તે.
**ઘોર :** ભયંકર, ઊંડું, જેનો પાર ન પમાય તે.
**ઘોરાતિઘોર :** ભયંકરમાં પણ વધુ ભયંકર, વધારે ઊંડું.
**ઘ્રાણેન્દ્રિય :** નાક, ગંધને સૂંઘનારી એક ઈન્દ્રિયવિશેષ.

## ચ

**ચઉરિન્દ્રિય :** ચાર ઇન્દ્રિયો જેઓને છે તે. ભમર, વીંછી, માખી વગેરે.
**ચઉવીસત્થો :** ચોવીસ તીર્થંકર ભગવન્તોની સ્તુતિ-પ્રાર્થના, લોગસ્સ.
**ચંચલચિત્ત :** ભટકતું મન, અસ્થિર મનુ, ક્ષણે ક્ષણે બદલાતું ચિત્ત.
**ચંચુપ્રવેશ :** જે વિષયમાં ચાંચમાત્ર નાખી હોય, ઉપરથી જ માત્ર પ્રવેશ.
**ચંડકૌશિક સર્પ :** પ્રભુ મહાવીરસ્વામીને ભયંકર ઉપસર્ગ કરનાર ઝેરી સાપ, કે જે સાપ ડંખ માર્યા પછી પ્રતિબોધ પામ્યો હતો.
**ચંપાનગરી :** જ્યાં વાસુપૂજ્યસ્વામી મોક્ષે ગયા હતા; ચંદનબાળાનું જન્મસ્થળ.
**ચકલાચકલી :** એક જાતનું પક્ષી-વિશેષ, ચકલો અને ચકલી. જેની મૈથુનક્રીડા દેખીને લક્ષ્મણા સાધ્વીજીને વિકારવાસના જન્મી હતી.
**ચકોર :** હોશિયાર, ચાલાક, સમયજ્ઞ તથા એક પક્ષીવિશેષ.
**ચક્રરત્ન :** ચક્રવર્તીનાં ૧૪ રત્નોમાંનું ૧ રત્ન, જે રત્નના મહિમાથી રાજા છ ખંડનું રાજ્ય જીતી શકે છે.
**ચક્રવર્તી રાજા :** ભરત, ઐરાવત, અને મહાવિદેહ ક્ષેત્રની એકેક વિજયના છએ છ ખંડ જીતનારા રાજાઓ.
**ચટુકર્મ :** કાલાંવાલાં કરવાં, આજીજી કરવી લાચારીથી

વિનંતી કરવી.
**ચતુર પુરુષ :** કલાવાળો પુરુષ, હોશિયાર પુરુષ, ચાલાક પુરુષ.
**ચતુર્ગતિ સંસાર :** નરક, તિર્યંચ આદિ ચાર ગતિવાળો સંસાર.
**ચતુર્વિધતા :** ચાર પ્રકારો, દાનાદિ ચાર પ્રકારો ધર્મના છે ઇત્યાદિ.
**ચતુર્વિંશતિસ્તવ :** લોગસ્સ, ચોવીસે ભગવન્તોની સ્તુતિ-પ્રાર્થના.
**ચતુષ્પદ :** ચારપગાં પ્રાણી, ગાય, ભેંશ, બકરાં, ઘોડાં વગેરે.
**ચત્તારિ :** ચાર, અથવા ત્યજ્યા છે દુશ્મનો જેણે એવા પ્રભુ.
**ચત્તારિ મંગલાણિ :** અરિહંત, સિદ્ધાદિ ચાર પ્રકારનાં મંગલ છે.
**ચત્તારિ લોગુત્તમા :** અરિહંત, સિદ્ધ, સાધુ અને કેવલી ભગવંતે બતાવેલ ધર્મ, આ ચાર સર્વ લોકમાં ઉત્તમોત્તમ છે.
**ચત્તારિશરણાણિ :** અરિહંતાદિ ચાર વસ્તુઓનું શરણ હોજો.
**ચન્દ્રની પંક્તિ :** છાસઠ છાસઠ ચંદ્રોની (અને સૂર્યોની) પંક્ત જંબુદ્વીપના મેરુપર્વતને પ્રદક્ષિણા આપે છે.
**ચંદ્રપ્રભુસ્વામી :** ભરતક્ષેત્રની ચોવીશીમાં આઠમા પ્રભુ.
**ચપળ :** જેનું શરીર તરત ફરી શકે છે તે, હોશિયાર, ચાલાકીવાળો, તરત સરકી જાય તેવો.
**ચબરાક :** ચાલાક, હોશિયાર, થોડામાં ઘણું સમજે તે.
**ચમત્કારિક પ્રયોગ :** બુદ્ધિમાં ન બેસે તેવો દૈવિક પ્રયોગ.
**ચમરી ગાય :** વિશિષ્ટ ગાય, જેના શરીરના વાળની ચામર બને છે તે.
**ચમરેન્દ્ર :** ભવનપતિ નિકાયના અસુરકુમારનો દક્ષિણેન્દ્ર.
**ચમરેન્દ્રનો ઉત્પાત :** દશ અચ્છેરાંમાંનું એક અચ્છેરું, સૌધર્મેન્દ્રને પોતાની ઉપર બેઠેલો જોઈ ઉઠાવવા ચમરેન્દ્રનું ઊર્ધ્વલોકમાં જવું, જે ન બનવું જોઈએ પણ બન્યું.
**ચરણકમલ :** અતિશય કોમળ હોવાથી પગ એ જ જાણે કમળ હોય.
**ચરણકમલસેવા :** હે પ્રભુ ! તમારાં ચરણોરૂપી કમલોની સેવા.
**ચરણદેહ :** તે જ ભાવે મોક્ષે જનારા, છેલ્લા શરીરવાળા, તદ્ભવ મોક્ષગામી, જેને હવે જન્મ-મરણ નથી તે.
**ચરમશરીરી :** તે જ ભવે મોક્ષે જનારા, છેલ્લા શરીરવાળા, તદ્ભવ મોક્ષગામી, જેને હવ જન્મમરણ નથી તે.
**ચરમાવર્તી :** જેને હવે ફક્ત એક પુદ્ગલપરાવર્ત જ સંસાર બાકી છે એવા જીવો, છેલ્લા પુ. પ.માં પ્રવેશેલા.
**ચર્મચક્ષુ :** ચામડીની બનેલી આંખ, શરીરસંબંધી જે પૌદ્ગલિક આંખ.
**ચર્યાપરિષહ :** સાધુસંતોએ નવકલ્પી વિહાર કરવો, પરંતુ ખાસ અનિવાર્ય કારણ વિના એક સ્થાને સ્થિર ન રહેવું.
**ચક્ષુર્ગોચર :** આંખે દેખી શકાય તેવું, દૃષ્ટિગોચરને યોગ્ય.
**ચાતુર્માસ :** ચોમાસું, ચાર મહિના, ચાર મહિનાનો કાળ.
**ચાતુર્માસિક પ્રતિક્રમણ :** ચોમાસી પ્રતિક્રમણ, કારતક, ફાગણ અને અષાઢ સુદમાં આવતું પ્રતિક્રમણ.
**ચાતુર્ય :** ચતુરાઈ, હોશિયારી, બુદ્ધિમત્તા.
**ચામર :** પ્રભુજીની બન્ને બાજુ વીંજાતું એક સાધનવિશેષ.
**ચારણશ્રમણમુનિ :** આકાશગામી વિદ્યાવાળા, લબ્ધિવાળા મહા-મુનિઓ.
**ચારિત્રાચાર :** ઇન્દ્રિયો, વિષયો અને કષાયોના વિજયવાળું પ્રશંસનીય ત્યાગી જીવન, પાંચ સમિતિ આદિવાળું.
**ચારિસંજીવનીચારનો ન્યાય :** ઘાસ ચરાવતાં ચરાવતાં અનાયાસે સંજીવની નામની ઔષધિ ચરી જવાથી બળદ પુરુષ થયો તેમ.
**ચાલાક પુરુષ :** હોશિયાર, ઇશારાથી સમજી જનાર, થોડાથી જ સમજે તે.
**ચિત્ર-વિચિત્ર :** જુદીજુદી જાતનું, અનેક પ્રકારનું, રંગબેરંગી.
**ચિત્રામણ :** ભીંતોમાં ચીતરેલાં ચિત્રો, વિવિધ ભાવદર્શક ચિત્રો.
**ચિન્તાતુર :** ચિંતાથી ભરપૂર, ચિંતાવાળું, ચિંતાયુક્ત.
**ચીકણાં કર્મો :** તીવ્રરસવાળાં, ભારે કર્મો, અવશ્ય ભોગવવા યોગ્ય.
**ચેતનવંતા :** ચૈતન્ય જેનામાં છે તે, ચેતનાવાળા, જ્ઞાનયુક્ત.
**ચેતના :** ચૈતન્ય, જ્ઞાન, સમજણ, બુદ્ધિમત્તા.
**ચૈત્ય :** મન્દિર, મૂર્તિ, જ્ઞાન, જ્ઞાનનું સ્થાન.
**ચૈત્યવંદન :** મૂર્તિ-મંદિરને ભાવથી નમસ્કાર કરવા અથવા જ્ઞાન અને જ્ઞાનનાં સાધનોને ભક્તિથી નમસ્કાર કરવા તે.
**ચૈત્યસ્તવ :** કોઈ વિવક્ષિત એક અથવા ત્રૈલોક્યવર્તી સર્વ પ્રતિમાજી આદિને આશ્રયી કરાતું સ્તવન, અરિહંત ચેઇયાણંસૂત્ર.
**ચૈત્યાલય :** જિનાલય, જિનેશ્વર પ્રભુની પ્રતિમાવાળું મંદિર.
**ચોમાસી ચૌદશ :** કારતક, ફાગણ અને અષાઢ સુદ ૧૪.
**ચોમાસી પ્રતિક્રમણ :** કારતક, ફાગણ અને અષાઢ સુદ ૧૪ના કરાતું પ્રતિક્રમણ કે જેમાં ૨૦ લોગસ્સનો કાઉસ્સગ્ગ આદિ આવે છે તે.
**ચૌર્યાસી લાખ યોનિ :** જીવોને ઉત્પન્ન થવાનાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શની ભિન્નતાના કારણે જુદાં જુદાં સ્થાનો.
**ચૌમુખ પ્રતિમા :** ચારે દિશામાં છે મુખ જેનું એવી પ્રભુપ્રતિમા.
**ચ્યવનકલ્યાણક :** તીર્થંકર પ્રભુ પૂર્વભવથી ચ્યવીને માતાની કુક્ષિમાં પધારે તે, જગતના કલ્યાણને કરનારો પ્રસંગ.
**ચ્યુત થયેલ :** દેવલોકથી ચ્યવેલ, પડેલ, ઉપરથી નીચે આવેલ.
**ચ્યુતવન :** આંબાઓનું વન, ગિરનારમાં આવેલ સહસ્રામ્ર-વન.

## છ

**છ જીવની કાય :** પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાઉકાય, વનસ્પતિકાય, અને ત્રસકાય, એમ જીવોના કાય આશ્રયી છે ભેદો.

**છત્તીસગુણો ગુરુ :** છત્રીસ ગુણોવાળા ગુરુ, છત્રીસ ગુણોથી યુક્ત એવા ગુરુ.

**છત્રત્રય :** પ્રભુજીના માથે રખાતાં ત્રણ છત્રો, જાણે પ્રભુ ત્રણ લોકના સ્વામી છે એમ સૂચવતું હોય તે.

**છદ્મસ્થ :** જ્ઞાનાવરણીયાદિ કર્મોથી યુક્ત, ઘાતીકર્મવાળા જીવો.

**છદ્મસ્થાવસ્થા :** અકેવલી અવસ્થા, ૧થી ૧૨ ગુણઠાણાંવાળી અવસ્થા.

**છવિચ્છેદ :** પ્રાણીઓનાં આંખ-કાન-નાક કાપવાં અથવા વીંધવાં, ચામડી કાપવી, ખસી કરવી વગેરે.

**છાતીફાટ રુદન :** છાતી ફાટી જાય તેવું ભયંકર રુદન, કલ્પાંત-રુદન.

**છાત્રગણ :** ભણનારા વિદ્યાર્થીઓનો સમૂહ.

**છાત્રાન્વિતગુરુ :** વિદ્યાર્થીઓથી (અનુયાયીઓથી) પરિવરેલા ગુરુ.

**છિન્નભિન્ન :** અસ્ત વ્યસ્ત, જયાંત્યાં, છેદાયેલું, વેરાયેલું.

**છેદ પ્રાયશ્ચિત :** ચારિત્રમાં કોઈ દોષ સેવાઈ જવાથી ચારિત્રનાં જે વર્ષો થયાં હોય, તેમાં અમુક વર્ષો છેદવાં.

**છેદોપસ્થાપનીય :** એક પ્રકારનું ચારિત્ર, જેમાં પૂર્વકાળનું ચારિત્ર છેદીને નવું ચારિત્ર આરોપિત કરાય તે.

**છેવટ્ઠુ સંઘયણ :** છ સંઘયણમાંનું છેલ્લું, જેમાં ફક્ત બે હાડકાંના છેડા સામસામા અડીને જ રહ્યા હોય, થોડોક ધક્કો લાગતાં જે ખસી જાય તે.

## જ

**જંકિંચિ નામતિત્થં :** આ જગતમાં જે કોઈ નામમાત્રથી પણ તીર્થ તરીકે પ્રસિદ્ધ હોય તે.

**જંગ જીતવો :** યુદ્ધમાં વિજય મેળવવો, મહાન વિજયપ્રાપ્તિ.

**જંગમ તીર્થ :** હાલતુંચાલતું તીર્થ, ચતુર્વિધ શ્રીસંઘ.

**જંગલવાસી :** અરણ્યમાં જ રહેનાર, જંગલમાં જ વસનાર.

**જંઘાબળ :** જાંઘમાં પ્રાપ્ત થેયલું બળ, શારીરિક બળ.

**જંઘાચારણ મુનિ :** જંઘામાં (પગમાં) છે આકાશ સંબંધી વેગવાળી ગતિનું બળ જેમાં તે.

**જંજાળ :** ઉપાધિ, બોજો, બિન-જરૂરિયાતવાળો ભાર.

**જંતર-મંતર :** દોરાધાગા કરવા, જડીબુટ્ટી કરવી, મંત્ર-તંત્રો કરવા.

**જંતુરહિત ભૂમિ :** જીવાત વિનાની ભૂમિ, નિર્જીવ પૃથ્વી.

**જંપ મારવો :** કૂદકો મારવો, વચ્ચેનો ભાગ કૂદી જવો.

**જંબાલ :** કચરો, કાદવ, એઠવાડ, ફેંકી દેવા યોગ્ય પદાર્થ.

**જંભાઈએણં :** બગાસું આવવાથી, કાઉગ્ગસ્સનો આગાર.

**જગચિંતામણિ :** તીર્થંકર પ્રભુ જગતમાં ચિંતામણિરત્ન જેવા છે.

**જગત્સ્વામી :** તીર્થંકર પ્રભુ ત્રિભુવનપૂજ્ય હોવાથી જગતના સ્વામી છે.

**જગસત્થવાહ :** જગતના જીવોને સંસારરૂપી અટવી પાર કરાવવામાં સાર્થવાહ સમાન છે.

**જઘન્ય :** નાનામાં નાનું, ઓછામાં ઓછું.

**જનની :** જન્મ આપનારી, માતા, પ્રસવ કરનાર.

**જન્મકલ્યાણક :** તીર્થંકર ભગવંતોનો ત્રણે જગતના જીવોનું કલ્યાણ કરનારો જન્મનો પ્રસંગ.

**જન્માષ્ટમી :** કૃષ્ણમહારાજાનો જન્મદિવસ, શ્રાવણ વદ આઠમ.

**જપાપુષ્પ :** જાઈનું ફૂલ, એક પ્રકારનું ફૂલ.

**જમ્બૂદ્વીપ :** મધ્યલોકના મધ્યભાગમાં આવેલો લાખ યોજનની લંબાઈ-પહોળાઈવાળો દ્વીપ.

**જયણાયુક્ત :** જીવોની રક્ષાના પરિણામપૂર્વક કામકાજ કરવું.

**જરાજર્જરિત :** ઘડપણથી બલ વિનાનું થયેલું, સત્ત્વ વિનાનું.

**જરાયુજ :** "ઓર"માં વીંટાઈને જન્મનારા, મલિન પદાર્થ સહિત જન્મ પામનારા જીવો, ગર્ભજજન્મ.

**જરાવસ્થા :** ઘડપણવાળી અવસ્થા, વૃદ્ધત્વ.

**જલકમલવત્ :** જલમાં (પાણીના કાદવમાં) ઉત્પન્ન થવા છતાં કમળ જેમ ઉપર આવીને અધ્ધર રહે છે તેમ સંસારમાં જન્મ પામવા છતાં સંસારથી અલિપ્ત.

**જલચર જીવો :** પાણીમાં ચાલનારા જીવો; માછલાં, મગરમચ્છ, દેડકાં વગેરે.

**જલધિ :** સમુદ્ર, પાણીનો ભંડાર, દરિયો; ભવજલધિ એટલે સંસારરૂપી મહાસાગર.

**જલપ્રલય :** પાણીનું વિનાશક એવું પૂર આવે તે.

**જાગૃતિ :** જાગ્રત અવસ્થા, નિદ્રા-પ્રમાદરહિત અવસ્થા.

**જાતવાન પુરુષ :** વિશિષ્ટ જાતિમાં જન્મેલો, ઉત્તમ કુળમાં ઉત્પન્ન થયેલ.

**જાતિભવ્ય :** જે જીવોમાં મોક્ષે જવાની યોગ્યતા છે, પરંતુ નિગોદમાંથી ન નીકળવાના કારણે જેઓ મોક્ષે જવાના જ નથી તે.

**જાતિમદ :** આઠ મદમાંનો એક મદ, પોતાની જાતિનું અભિમાન.

**જાતિસ્મરણ જ્ઞાન :** ગયા જન્મનું સ્મરણ, પાછલા ભવો યાદ આવવા.

**જાદવકુળ :** નેમનાથપ્રભુ અને કૃષ્ણમહારાજાનું કુળ અર્થાત્ યાદવોનું કુળ.

**જાનહાનિ :** ઘણા જીવોની હિંસા, જેમાં બહુ જીવો મરી જાય તે.

**જાપવિધિ :** મંત્રોનું સતત સ્મરણ કરવા માટેની જે વિધિ.

**જારપુરુષ :** પરપુરુષ, વ્યભિચારી પુરુષ, દુરાચારી પુરુષ.

**જાવંત કેવિ સાહૂ :** અઢી દ્વીપમાં જે કોઈ સાધુભગવંતો છે તે સર્વને.

**જાવંતિ ચેઈયાઈં :** ત્રણે લોકમાં જે કોઈ પ્રભુનાં ચૈત્યો છે તે સર્વને.

**જાવજ્જીવ :** યાવજ્જીવ, જિંદગી સુધી, જ્યાં સુધી આ શરીરમાં જીવ હોય ત્યાં સુધી, મૃત્યુકાળ આવે ત્યાં સુધી.

**જિગીષા :** જીતવાની ઈચ્છા, સામેના માણસનો પરાભવ કરવાની વૃત્તિ.

**જિગીષુભાવ :** જીતવાની ઈચ્છાનો પરિણામ, વિચારવિશેષ.

**જિતેન્દ્રિયતા :** ઈન્દ્રિયોના વિષયને જીતવાની શક્તિ.

**જિનચૈત્ય :** જિનેશ્વર પરમાત્માનું ચૈત્ય, જિનાલય, જિનમંદિર.

**જિનજન્મમહોત્સવ :** જિનેશ્વર પરમાત્માના જન્મનો મહોત્સવ.

**જિનાલય :** જૈનમન્દિર, પરમાત્માની મૂર્તિવાળું સ્થાન.

**જિનેશ્વરદેવ :** તીર્થંકર પરમાત્મા, વીતરાગી જીવોમાં શ્રેષ્ઠ પુણ્યાઈવાળા.

**જિહ્વા-ઈન્દ્રિય :** જીભ, મુખમાં રહેલી રસને ચાખનારી ઈન્દ્રિય.

**જીર્ણ થયેલ :** સડી ગયેલ, જૂનું થયેલ, નાશ પામેલ.

**જીવ :** શરીરધારી આત્મા, ઈન્દ્રિયાદિ બાહ્ય પ્રાણોવાળો આત્મા.

**જીવરહિત :** જીવ વિનાનું, નિર્જીવ, જેમાંથી જીવ ચાલ્યો ગયો છે તે.

**જીવવિચાર :** જીવ સંબંધી વિચારો જે ગ્રંથમાં છે તે; પૂ. શાન્તિચંદ્ર-સૂરિજીએ બનાવેલો ગ્રંથવિશેષ.

**જીવસ્થાનક :** જીવોના ચેતનાની અપેક્ષાએ પાડેલા ભાગો, સૂક્ષ્મ એકેન્દ્રિયાદિ કુલ ૧૪ જીવસ્થાનકો.

**જીવિતાશંસા :** સુખ આવે ત્યારે લાંબું લાંબું જીવવાની ઈચ્છા.

**જૈનધર્મ :** વીતરાગ પરમાત્માએ બતાવેલો સંસારસાગર તરવા માટેનો માર્ગ, રાગાદિને હણનારો રત્નત્રયીનો માર્ગ.

**જૈનસાધુ :** વીતરાગ પરમાત્માના માર્ગે ચાલનારા, વૈરાગી સાધુ-સંતો, સંસારના સર્વથા ત્યાગી અને ત્યાગના ઉપદેશક.

**જૈનેતર ધર્મ :** જૈનધર્મથી ભિન્ન જે ઈતર ધર્મો.

**જૈનેતર સાધુ :** જૈનસાધુથી ભિન્ન જે સાધુ, પરંપરાએ પણ સંસારના ભોગોનો ઉપદેશ આપનારા, તેનું ઉત્તેજન આપનારા, મોક્ષ-માર્ગાદિ તત્ત્વોની વાસ્તવિક પરિસ્થિતિથી અજાણ સાધુ.

**જોગાનુજોગ :** સમયસર જેના યોગની અપેક્ષા રખાતી હોય તેનો જ અથવા તેનો સદૃશનો સંયોગ થઈ જાય તે.

**જ્યેષ્ઠ સ્થિતિ :** ઉત્કૃષ્ટ સ્થિતિ, વધારેમાં વધારે કર્મોની મોટી સ્થિતિ.

## ઝ

**ઝાંઝવાનું જળ :** મૃગજળ, સૂર્યના પ્રકાશથી રસ્તા ઉપર થતો જલનો આભાસ.

**ઝટિતિ જિનમહોત્સવે :** જિનેશ્વર પ્રભુના જન્મમહોત્સવમાં હે દેવો ! જલ્દી કરો.

## ત

**તટસ્થ :** પક્ષપાત વિનાનો માણસ, બે પક્ષોની વચ્ચે સ્થિર રહેનાર.

**તડતડ :** અગ્નિમાં તણખા ફૂટે તેનો અવાજ, આગમાં લૂણ જેમ તડાકતડાક અવાજ કરતું તૂટે, તેમ અશુભ કર્મબંધ તૂટે છે.

**તત્ત્વસંવેદનજ્ઞાન :** જ્ઞાનાવરણીય, દર્શનમોહનીય અને ચારિત્ર-મોહનીય આ ત્રણે કર્મોના ક્ષયોપશમવાળું, આત્માના અનુભવવાળું સાચું તાત્ત્વિક જે જ્ઞાન તે.

**તત્ત્વજ્ઞાન :** નવ તત્ત્વો, દ્રવ્ય, ગુણ, પર્યાયાદિનું જે પારમાર્થિક જ્ઞાન.

**તત્પ્રતિરૂપક :** સાચી અને સારી વસ્તુ દેખાડી, તેના સરખી તેને મળતી બનાવટી વસ્તુ આપવી તે.

**તત્ત્વાર્થશ્રદ્ધાન :** તત્ત્વભૂત પદાર્થોની રુચિ કરવી, પ્રીતિ કરવી, શ્રદ્ધા કરવી, વિશ્વાસ કરવો.

**તત્ત્વાર્થાધિગમ સૂત્ર :** પૂજ્ય ઉમાસ્વાતિજીરચિત સૂત્રાત્મક મહાગ્રંથ. જે ગ્રંથ દિગંબર-શ્વેતાંબર એમ બન્નેને માન્ય છે.

**તથાગતિપરિણામ :** પ્રતિબંધ વિનાનું અજીવ નીચે જાય છે અને પ્રતિબંધ વિનાનો જીવ ઉપર જાય છે, કારણ કે જીવ-અજીવની એવા પ્રકારની ગતિ કરવાનો સ્વભાવ છે.
**તથ્ય જીવન :** સત્યજીવન, સાચું જીવન, વાસ્તવિક સાચું જીવન.
**તથ્ય વચન :** યથાર્થ વચન, સાચું વચન, જેવું હોય તેવું વચન.
**તદ્ધિત પ્રત્યય :** શબ્દોને જે પ્રત્યયો લાગે તે, જેમ ગ્રામ શબ્દ ઉપરથી ગ્રામ્ય, નગર શબ્દ ઉપરથી નાગરિક.
**તદ્ભવમોક્ષગામી :** તે જ ભવે મોક્ષે જનારા, ભવાન્તર ન કરનારા.
**તદ્વચનસેવના :** ઉપકારી પરમ-ગુરુજીનાં વચનોની સેવા કરવાનું ભવોભવ મળજો.
**તનવાત :** પાતળો વાયુ, ઘનોદધિ-ઘનવાતનો જે આધાર.
**તનુતમ :** અતિશય વધારે પાતળું, અતિશય ઘણું પાતળું.
**તનુતર :** વધારે પાતળું, ઘણું જ પાતળું.
**તન્મય :** એકાગ્ર થવું, લીન થવું, ઓતપ્રોત બનવું.
**તપશ્ચર્યા :** આહારાદિનો યથાયોગ્ય ત્યાગ તે બાહ્ય તપ, અને વિષય-કષાયનો યથાયોગ્ય ત્યાગ તે અભ્યંતર તપ.
**તપસ્વી મહાત્મા :** જે આત્માઓએ ઘણું ઉગ્ર તપ કર્યું હોય તે.
**તપોધન :** તપ એ જ છે ધન જેઓને તે તપોધન.
**તમઃપ્રભા :** છઠ્ઠી નારકી, મઘા નારકીનું બીજું નામ.
**તમસ્તમઃપ્રભા :** સાતમી નારકી, માઘવતી નારકીનું બીજું નામ.
**તરતમતા :** ઓછાવત્તાપણું, હીનાધિકતા, બે વચ્ચે તફાવત.
**તહત્તિ :** તેમ જ છે, તમે જેમ કહો છો તે વસ્તુ તે પ્રમાણે જ છે.
**તક્ષશિલાનગરી :** બાહુબલિજીનું જ્યાં રાજ્ય હતું તે નગરી.
**તાણ્ડવ :** નૃત્ય, નાટક કરવું, ખેલ-તમાશો ભજવવો.
**તાદાત્મ્ય સંબંધ :** જે બે વસ્તુઓની વચ્ચે ભેદાભેગ છે તે બે વસ્તુનો જે સંબંધ તે, જેમકે આત્મા + જ્ઞાન, ઘટપટ + રૂપરસાદિ, ગુણ-ગુણીનો જે સંબંધ તે.
**તાપક્ષેત્ર :** જ્યાં ગરમી-પ્રકાશ ફેલાતો હોય તેવું ક્ષેત્ર.
**તામસી પ્રકૃતિ :** ગરમ સ્વભાવ, ઉગ્ર સ્વભાવ, ક્રોધાતુર સ્વભાવ.
**તારણહાર :** તારનાર, સંસાર-સાગરમાંથી બહાર કાઢનાર.
**તારયાણં :** સંસારથી તારનારા, પાર ઉતારનારા.
**તિક્ત રસ :** તીખો રસ, અથવા કડવો રસ.
**તિજગપ્પહાણં :** ત્રણે જગતમાં પ્રધાન, ત્રણે લોકમાં અજોડ.
**તિત્થયરાણં :** તીર્થંકર ભગવન્તોને, જિનેશ્વર પરમાત્માને.
**તિન્નાણં :** સંસારથી તરેલા, પોતે સ્વયં પાર પામેલા.
**તિમિરહર :** અંધકારને દૂર કરનાર, ચંદ્ર, સૂર્ય, કેવલજ્ઞાની.
**તિરસ્કાર :** અપમાન, પરાભવ, અપ્રીતિ.
**તિરસ્કૃત :** તિરસ્કાર પામેલ, અપમાનિત થયેલ.
**તિરોભાવ :** છુપાઈ જવું, અંતર્ધાન થવું, ગુપ્ત થવું તે.
**તિરોભૂત :** જે જે પર્યાયો થઈ ગયા છે અને થવાવાળા છે તે તે સર્વ પર્યાયો, દ્રવ્યોમાં જે છુપાયેલા છે તે.
**તિર્ચ્છાલોક :** મધ્યલોક, વચ્ચેનો મનુષ્યલોક. ઉપર-નીચે ૧૮૦૦ યોજન અને લંબાઈ-પહોળાઈમાં પૂર્વ-પશ્ચિમ, ઉત્તર-દક્ષિણ પરિપૂર્ણ ૧ રાજલોક.
**તિર્યગ્સામાન્ય :** ભિન્નભિન્ન દ્રવ્યના એકસરખા બનેલા પર્યાયમાં એકાકારતાની જે બુદ્ધિ તે.
**તિર્યંચ :** પશુ-પક્ષીઓ, દેવ-મનુષ્ય-નારકી વિનાના સર્વ જીવો.
**તિર્યગ્જૃંભક દેવો :** વ્યંતર નિકાયના દેવો, જેઓ વૈતાઢ્યપર્વત ઉપર વસે છે અને ઈન્દ્રની આજ્ઞાથી તીર્થંકર પ્રભુના ઘરમાં દાટેલું, માલિક વિનાનું ધન લાવે છે.
**તિલાંજલી :** ત્યાગ કરવો, છોડી દેવું, સર્વથા સંપર્ક ન કરવો.
**તિવિહં તિવિહેણં :** મન-વચન કાયાથી, કરવા કરાવવા અને અનુમોદવા રૂપે, (એમ હું સાવદ્યયોગનો ત્યાગ કરું છું).
**તીણો શબ્દ :** ઘણો ઝીણો શબ્દ, મીઠો શબ્દ, પાતળો અવાજ.
**તીર્થ :** જેનાથી સંસાર તરાય તે, પ્રથમ ગણધર, દ્વાદશાંગી અથવા શત્રુંજય, ગિરનાર, સમ્મેતશિખર આદિ.
**તીર્થપતિ :** તીર્થની સ્થાપના કરનારા, તીર્થના માલિક.
**તીર્થંકર પ્રભુ :** તીર્થની સ્થાપના કરનારા, અરિહંત પ્રભુ.
**તીર્થભૂમિ :** તીર્થ તરીકે પ્રસિદ્ધિને પામેલી ભૂમિ.
**તીર્થસિદ્ધ :** અરિહંત પરમાત્માનું તીર્થ સ્થાપાયા પછી જે જે જીવો મોક્ષે જાય તે. જેમકે ગણધર-ભગવન્તો.
**તીર્થક્ષેત્ર :** પવિત્ર ક્ષેત્ર, તીર્થ તરીકે પ્રસિદ્ધિ પામેલું ક્ષેત્ર.
**તીલપીલકવત્ :** જેમ ઘાણીનો બળદિયો ઘણું ચાલે તોપણ ત્યાં જ વર્તે છે. તે પ્રમાણે આ જીવ જ્ઞાન-દર્શનચારિત્ર-તપાદિ ધર્મપુરુષાર્થ કરે પરંતુ દૃષ્ટિ મિથ્યા હોય ત્યારે ગુણસ્થાનકમાં ત્યાં ને ત્યાં જ વર્તે છે તે.
**તીવ્રકામાભિનિવેશ :** કામવાસનાની અતિશય તીવ્ર અભિલાષા.
**તીવ્રતર કર્મબંધ :** અતિશય ચીકણાં કર્મો બાંધવાં તે.
**તીવ્રભાવે પાપાકરણ :** કોઈ સંજોગોમાં કદાચ પાપ કરવું પડે તોપણ અતિશય તીવ્રભાવે પાપ ન કરવું તે.
**તીવ્રમંદતા :** કર્મોમાં રહેલો જુસ્સો અને હળવાપણું.
**તીવ્રમેધાવી જીવો :** અતિશય સૂક્ષ્મ બુદ્ધિશાળી જીવો, (મહાત્મા).
**તીવ્રરસબંધ :** ચીકણા રસથી કર્મો બાંધવાં, ચારઠાણિયા રસનો બંધ થવો તે, આનું જ બીજું નામ તીવ્રાનુભાગબંધ છે.
**તુચ્છ સ્વભાવ :** હલકો સ્વભાવ, અલ્પ કારણથી મોટો ઝઘડો

કરે, અપમાન કરે, ઉતારી પાડે એવો સ્વભાવ.

**તુચ્છૌષધિ :** જેમાં ખાવાનું થોડું અને ફેંકવાનું વધારે હોય તે; જેમ કે સીતાફળ, નાનાં બોર, શેરડી વગેરે આવા પદાર્થોનું ખાવું તે તુચ્છૌષધિભક્ષણ.

**તુજપદ પંકજ :** હે પ્રભુજી ! તમારા ચરણરૂપી કમળોમાં.

**તુઠ્યો સાહિબ :** પ્રસન્ન થયેલ સ્વામી, ખુશ થયેલ મહારાજા.

**તુણ્ડતાણ્ડવ :** વાચાલપણે વધારે પડતું બોલવા માટેની મુખની પ્રક્રિયા, અઘટિત, ઘણું બોલવું તે.

**તુલ્યમનોવૃત્તિ :** ઉપસર્ગ કરનાર અને ભક્તિ કરનાર, એમ બન્ને ઉપર જેની સરખી મનોદશા છે તેવા ભગવાન.

**તુષારવન્ના :** હિમના જેવા વર્ણવાળી હે સરસ્વતી દેવી.

**તુહ સમત્તે લબ્ધે :** હે પ્રભુજી ! તમારું સમ્યકત્વ મળે છતે.

**તૂરો રસ :** ફિક્કો રસ, એક પ્રકારનો સ્વાદ.

**તૃણવત્ :** ઘાસની જેમ, વીતરાગતાના સુખ સામે દેવેન્દ્રનું સુખ પણ તૃણની જેવું છે.

**તૃતીયપદ :** ત્રીજું પદ, પંચ-પરમેષ્ઠિમાં આચાર્ય એ ત્રીજું પદ છે.

**તૃપ્તિ થવી :** સંતોષ થવો, ધરાઈ જવું, તૃપ્ત થવું.

**તેઈન્દ્રિય :** સ્પર્શન, રસના અને ઘ્રાણ આ ત્રણ ઇન્દ્રિયો જેઓને છે તે, જેમકે કીડી, મકોડો, મચ્છર, માંકડ વગેરે.

**તેઉકાય :** અગ્નિરૂપ જીવો, આગમય છે શરીર જેનું તે.

**તેજંતુરી :** એ નામની એક ઔષધિ છે. જેના સ્પર્શથી લોખંડ પણ સોનું થાય છે.

**તેજમય આત્મા :** જ્ઞાનાદિ આત્મ-ગુણોના તેજસ્વરૂપ આત્મા છે.

**તેજોલેશ્યા :** એક લબ્ધિવિશેષ છે કે જેના પ્રતાપથી બીજાના ઉપર ગુસ્સાથી આગમય શરીર બનાવી બાળે તે અથવા અધ્યવસાયવિશેષ કે જાંબુના દૃષ્ટાન્તમાં જાંબુના સર્વ ઝૂમખાં પાડી નાખવાની મનોવૃત્તિ.

**તેજોવર્ગણા :** પુદ્‌ગલાસ્તિકાયની આઠ વર્ગણાઓમાંની એક વર્ગણા. ચોથા નંબરની વર્ગણા, તૈજસ શરીર બનાવવાને યોગ્ય વર્ગણા.

**તેરાપંથ :** જૈન-શ્વેતાંબર સંપ્રદાયનો એક ભાગવિશેષ, કે જેઓ મૂર્તિ-મંદિરમાં પ્રભુપણાનો આરોપ કરી પ્રભુત્વ સ્વીકારતા નથી. તથા દયા-દાનની બાબતમાં પણ વિચારભેદ ધરાવે છે. તેર સાધુઓથી આ પંથ શરૂ થયો માટે તેરાપંથ, અથવા ભિક્ષુસ્વામીથી શરૂ થયેલ "હે પ્રભુ ! वो तेरा ही पंथ है" આ તારો જ માર્ગ છે. એવા અર્થમાં પણ આ નામ છે.

**તેરાપંથી સાધુ :** ઉપરોક્ત પંથને અનુસરનારા સાધુ-સંતો, હાલ નવમી પાટે તુલસીસ્વામી છે. ભાવિમાં દસમી પાટે યુવાચાર્ય મહાપ્રજ્ઞજી સ્થપાવાના છે.

**તૈજસ શરીર :** તેજોવર્ગણાના પુદ્‌ગલોનું બનેલું જે શરીર તે, કે જે ભુક્ત આહારની પાચન-ક્રિયા કરે છે. એક ભવથી બીજા ભવમાં જતાં સાથે હોય છે.

**તૈજસ સમુદ્‌ઘાત :** તેજોલેશ્યા અથવા શીતલેશ્યાની વિકુર્વણા કરતાં પૂર્વબદ્ધ તૈજસનામકર્મના અનેક કર્મપરમાણુઓને ઉદયમાં લાવી બળાત્કારે વિનાશ કરવો તે.

**ત્યક્તા :** પુરુષ વડે પરણ્યા પછી ત્યજાયેલી સ્ત્રી.

**ત્યાગી :** ત્યાગવાળા મહાત્મા, સંસારના ત્યાગી સાધુ.

**ત્યાજ્ય :** તજવા લાયક, અસાર, અહિત કરનાર.

**ત્રણ ગઢ :** ભગવાનના સમવસરણ-કાલે દેવો વડે રચાતા સોનારૂપા અને રત્નના ત્રણ ગોળાકારે ગઢ.

**ત્રણ છત્ર :** ભગવાનના મસ્તક ઉપર ત્રણ લોકનું સ્વામિત્વ દર્શાવવા રખાતાં ઉપરાઉપર ત્રણ છત્રો.

**ત્રપા :** લજ્જા, શરમ, गत त्रपोहं એટલે લજ્જા વિનાનો હું.

**ત્રસકાય :** સુખદુઃખના સંજોગોમાં ઇચ્છા મુજબ હાલીચાલી શકે તેવા જીવો, બેઇન્દ્રિયથી પંચેન્દ્રિય સુધી.

**ત્રાયસ્ત્રિંશત્ :** વૈમાનિક અને ભવનપતિ નિકાયમાં વિશિષ્ટ પ્રકારના દેવો કે જેઓની ઇન્દ્રો સલાહસૂચના લે તેવા દેવો.

**ત્રિકાળવર્તી :** ભૂત, ભાવિ અને વર્તમાન એમ ત્રણે કાળમાં વિદ્યમાન.

**ત્રિજ્યા :** દોરી, ધનુષનો દોરીભાગ, ભરતક્ષેત્રનો ઉત્તર તરફનો પૂર્વ-પશ્ચિમ ભાગ.

**ત્રિપદી :** ઉપ્પન્નેઇ વા, વિગમેઇવા, અને ધુવેઇવા આવાં પ્રભુજીના મુખે બોલાયેલાં ત્રણ પદો.

**ત્રિભુવનપતિ :** ત્રણે ભુવનના સ્વામી, તીર્થંકરાદિ વીતરાગ દેવો.

**ત્રિવિધ :** ત્રણ પ્રકારે, મન, વચન કાયાથી (પ્રણામ કરું છું).

**ત્રિવિધ યોગ :** મનયોગ, વચનયોગ અને કાયયોગ એમ૩ યોગો.

**ત્રીજો આરો :** છ આરામાંનો ત્રીજો આરો, અવસર્પિણીમાં ૨ કોડાકોડી સાગરોપમનો સુષમાદુષમા નામનો અને ઉત્સર્પિણીમાં ૪૨૦૦૦ વર્ષ ન્યૂન ૧ કોડાકોડી સાગરોપમનો દુષમાસુષમા નામનો આ આરો હોય છે.

**ત્રૈલોક્યચિંતામણિ :** ત્રણે લોકમાં ચિંતામણિરત્ન સમાન.

**ત્વગિન્દ્રિય :** સ્પર્શનેન્દ્રિય, ચામડીરૂપ જે ઇન્દ્રિય.

**ત્વચા ઇન્દ્રિય :** સ્પર્શેન્દ્રિય, ચામડીરૂપ જે ઇન્દ્રિય.

## થ

**થિણદ્ધિનિદ્રા :** દર્શનાવરણીય કર્મના નવ ભેદોમાંનો ૧ ભેદ. દિવસે ચિંતવેલું કાર્ય જે નિદ્રામાં ઊઠીને કરી આવે, પાછો સૂઈ જાય, તોપણ ખબર પડે નહીં તે. આ નિદ્રા વખતે પ્રથમસંઘયણવાળાને અર્ધચક્રીથી અર્ધબળ પ્રાપ્ત થાય છે અને શેષ સંઘયણવાળાને પણ સાત-આઠગણું પ્રાપ્ત થાય છે.

**થિરીકરણ :** દર્શનાચારના આઠ આચારોમાંનો છઠ્ઠો એક આચારવિશેષ, સમ્યક્ત્વથી પડવાના પરિણામવાળા જીવોને તત્ત્વ સમજાવી સમજાવી સ્થિર કરવા તે.

## દ

**દંડ :** શિક્ષા, ગુના પ્રમાણે શિક્ષા કરવી તે, માર મારવો, ઠપકો આપવો, પ્રાયશ્ચિત આપવું.

**દંડક :** આત્મા કર્મોથી જેમાં દંડાય, દુ:ખી થાય, શિક્ષા પામે તેવાં જીવસ્થાનકો, નારકી આદિ ૨૪ દંડક સ્થાનો.

**દંડક પ્રકરણ :** શ્રી ગજસારમુનિરચિત ૨૪ દંડકો ઉપર ૨૪ દ્વારો સમજાવતો એક ગ્રંથવિશેષ.

**દંભ :** માયા, કપટ, હૈયામાં જુદું અને હોઠે જુદું.

**દગાબાજ પુરુષ :** માયાવી માણસ, કપટી પુરુષ, ઠગ, ધુતારો.

**દત્ત :** આપેલું.

**દત્તક :** ઉછિનું લેવું; બીજાના પુત્રાદિને પોતાના કરવા.

**દત્તાદાન :** બીજાએ હર્ષથી આપેલી વસ્તુ લેવી.

**દધિ :** દહીં, આ લઘુવિગઈ છે.

**દન્તાલી :** ખેતરમાં જુદા જુદા સ્થાને કરાયેલા અનાજના ઢગલાને ભેગું કરવામાં વપરાતું ચાર-પાંચ દાંતાવાળું એક સાધનવિશેષ.

**દમનક્રિયા :** ઇન્દ્રિયોને વશ કરવાની ક્રિયા, કષાયોને દબાવવાની પ્રવૃત્તિ.

**દયાળુ :** કૃપાળુ, કરુણાથી ભરપૂર, કૃપાસાગર.

**દરિસણ :** દર્શન, સમ્યગ્દર્શન, પ્રભુ પ્રત્યેની રુચિ, શ્રદ્ધા-પ્રેમ.

**દર્પ :** અભિમાન, "कुवाइदप्पं" કુવાદીઓનું અભિમાન.

**દર્શનકાર :** શાસ્ત્રો બનાવનાર, ભિન્ન ભિન્ન માન્યતા પ્રવર્તાવનાર.

**દર્શનમોહનીય કર્મ :** આત્માની વીતરાગપ્રણીત ધર્મ ઉપરની રુચિનો વિનાશ કરે, રુચિ થવા ન દે, અથવા રુચિને શંકા-કાંક્ષા આદિથી દૂષિત કરે તે, મિથ્યાત્વ-મિશ્ર-સમ્યક્ત્વ મોહનીય.

**દર્શનવિશુદ્ધિ :** સમ્યક્ત્વ ગુણની નિર્મળતા, નિરતિચારતા, સમ્યક્ત્વ મોહનીયનો પણ ઉપશમ અથવા ક્ષય.

**દર્શનશાસ્ત્ર :** ભિન્ન ભિન્ન માન્યતાઓને બતાવનારાં શાસ્ત્રો, ચાર્વાક, ન્યાય, વૈશેષિક, બૌદ્ધ, જૈન અને વેદાન્ત ઇત્યાદિ દર્શનો, તેઓને માન્યતા સમજાવનારા ગ્રંથો.

**દર્શનાચાર :** વીતરાગપ્રણીત તત્ત્વ ઉપરની રુચિને વધારનાર, ટકાવનાર એવા આચારો, તેના આઠ ભેદ છે. (૧) નિ:શંકિત, (૨) નિષ્કાંક્ષિત ઇત્યાદિ.

**દર્શનાવરણીય કર્મ :** વસ્તુમાં રહેલા સામાન્ય ધર્મને જોવાની આત્માની જે શક્તિ તે દર્શન, તેને ઢાંકનારું જે કર્મ તે.

**દર્શનોપયોગ :** વિષયમાં રહેલા સામાન્ય ધર્મને જાણવાવાળી આત્મશક્તિનો વપરાશ, આ દર્શનોપયોગનું બીજું નામ સામાન્યોપયોગ અથવા નિરાકારોપયોગ પણ છે.

**દશદિશિ :** દશ દિશાઓ, ૪ દિશા, ૪ વિદિશા, ઉપર અને નીચે.

**દક્ષ :** કામકાજમાં ચકોર, હોશિયાર.

**દાઝ :** ઈર્ષ્યા, કોઈ વ્યક્તિ પ્રત્યેનો હાર્દિક ગુસ્સો.

**દાઢા નીકળવી :** હિમવંત અને શિખરી પર્વતના બન્ને છેડે લવણસમુદ્રમાં દૂર દૂર સુધી નીકળેલી પર્વતોની દાઢા.

**દાણચોરી :** રાજાએ જે દેશમાં જે માલ લાવવા ઉપર જે દાણ (જકાત) લેવાનું ઠરાવ્યું હોય તેમાં ચોરી કરવી.

**દાતા :** દાન આપનાર.

**દાનશાળા :** જ્યાં કોઈ પણ જાતના પ્રતિબંધ વગર યાચકોને દાન અપાય તેવું સ્થાન.

**દાનેશ્વરી :** પોતાની વસ્તુનો પરોપકાર માટે ત્યાગ કરવો તે દાન, તેમાં વિશિષ્ટ-અધિક દાન આપનાર.

**દાનાન્તરાય :** સંપત્તિ હોય, ગુણવાન્ પાત્ર લેવા આવ્યું હોય, પરંતુ આપવાનું મન ન થાય તે.

**દામોદર :** શત્રુંજય પર્વત ઉપરનો એક કુંડ, ભરતક્ષેત્રની અતીત ચોવીસીમાં થયેલા નવમાં ભગવાન.

**દારા :** સ્ત્રી, સ્વદારા=પોતાની પત્ની, પરદારા=પરની સ્ત્રી.

**દાર્શનિક ચર્ચા :** દર્શનશાસ્ત્રો સંબંધી સૂક્ષ્મ વિચારણા.

**દાર્ષ્ટાન્તિક :** જેના માટે દૃષ્ટાન્ત અપાયું હોય તે. જેમકે આ પુરુષ સિંહ જેવો છે. તેમાં પુરુષ એ દાર્ષ્ટાન્તિક.

**દાસાનુદાસ :** હે પ્રભુ ! હું તમારો દાસ છું, દાસનો પણ દાસ છું.

**દાસીદાસ (પ્રમાણાતિક્રમ) :** નોકર-ચાકર કેટલા રાખવા તેનું

લીધેલું જે માપ, તેનું ઉલ્લંઘન કરવું.

**દાહ :** તાપ, ગરમી, ઉકળાટ.

**દિગંબર સંપ્રદાય :** દિશા એ જ છે વસ્ત્ર જેને, અર્થાત્ નગ્નાવસ્થા, તેવી નગ્નાવસ્થામાં જ સાધુતા, મુક્તિ આદિ સ્વીકારનાર માનનાર સંપ્રદાય.

**દિગ્ગજ :** ચારે દિશારૂપી હાથીઓ.

**દિગ્વ્રત :** જીવનપર્યંત ચારે દિશામાં તથા ઉપર-નીચે કેટલું જવું તેનો નિયમ ધારણ કરવારૂપ વ્રત.

**દિનમણિ :** જીવનપર્યંત સર્વ દિશામાં કેટલા માઈલ જવું તેની ધારણા; સૂર્ય.

**દિવ્યધ્વનિ :** પ્રભુ જ્યારે ધર્મોપદેશ આપતા હોય ત્યારે દેવો તેઓની વાણીમાં મધુર સ્વર પુરાવે તે, વાજિંત્રવિશેષ.

**દિશાપરિમાણવ્રત :** ત્રણ ગુણવ્રતોમાંનું પહેલું, દિશાનું માપ ધારવું. જીવનપર્યન્ત સર્વદિશામાં કેટલા માઈલ જવું તેની ધારણા.

**દિવાલી :** ગુજરાતી આસો વદ ૦)), પ્રભુ મહાવીર સ્વામીનું નિર્વાણ કલ્યાણક, મારવાડી કારતક વદ અમાવસ્યા.

**દીનદરિદ્રી :** લાચાર, દુઃખી અને નિર્ધન પુરુષ.

**દીપકલિકા :** દીવાની જ્યોત, દીવાનો પ્રકાશ.

**દીપાવલી :** દીવડાઓની હારમાળા, દિવાળીપર્વ.

**દીર્ઘકાલિકી સંજ્ઞા :** લાંબા કાળનો વિચાર કરવાની શક્તિ, અતીત અનાગત કાળમાં થયેલા અનુભવ ઉપરથી થતા વિચારો.

**દીર્ઘદૃષ્ટિ :** લાંબી વિચારવાની દૃષ્ટિ, ભાવિનો લાંબો વિચાર કરીને કાર્ય કરવાની જે દૃષ્ટિ તે.

**દીર્ઘ સ્થિતિ :** જ્ઞાનાવરણીયાદિ કર્મોની લાંબી લાંબી બાંધેલી સ્થિતિ.

**દીક્ષાકલ્યાણક :** તીર્થંકર પરમાત્માઓની દીક્ષાનો પ્રસંગ, ત્રીજું કલ્યાણક.

**દુક્કડં :** પાપ, દુષ્કૃત, મિચ્છામિ દુક્કડં = મારું પાપ મિથ્યા થાઓ.

**દુઃખદાયી :** દુઃખ આપનાર, મુશ્કેલી સરજનાર.

**દુઃખદૌર્ભાગ્ય :** દુઃખ અને દૌર્ભાગ્ય, પ્રતિકૂળતા અને લોકોની અપ્રીતિ.

**દુઃખક્ષય કર્મક્ષય નિમિત્તે :** પ્રતિક્રમણની વિધિમાં કરાતો કાઉસ્સગ્ગ, દુઃખો અને કર્મોના ક્ષય માટે કરાતો કાઉસ્સગ્ગ.

**દુઃખી દશા :** દુઃખવાળી દશા, દુઃખવાળી અવસ્થા.

**દુઃષમા :** અવસર્પિણીનો પાંચમો આરો, દુઃખવાળો કાળ.

**દુઃષમાદુષમા :** અવસર્પિણીનો છઠ્ઠો આરો, દુઃખ જ દુઃખ જેમ હોય તે.

**દુઃષમાસુષમા :** અવસર્પિણીનો ચોથો આરો, જેમાં દુઃખ વધારે અને સુખ ઓછું હોય તે, (ઉત્સર્પિણીમાં આ ત્રણે આરા ઊલટા સમજવા.)

**દુખ્ખદોગચ્ચં :** દુઃખ અને દૌર્ભાગ્ય, (ઉવસગ્ગહરમાં આવે છે.)

**દુટ્ઠજરા :** દુષ્ટ તાવ, ભયંકર તાવ, (ઉવસગ્ગહરમાં આવે છે.)

**દુરભિગંધ :** અશુભ ગંધ, ખરાબ ગંધ.

**દુરાચાર સેવન :** દુષ્ટ આચારોનું સેવવું, હલકું, પાપિષ્ટ જીવન જીવવું.

**દુરિત :** પાપ, ખરાબ જીવન, દુષ્ટાચરણ

**દુર્ગતિદાતાર :** નરક-નિગોદાદિ દુષ્ટગતિમાં આત્માને લઈ જનારા. (એવા કષાયો અને વિષયો છે.)

**દુર્જય :** જીતવું મુશ્કેલ પડે તે, વિષયો, કષાયો, ઉપસર્ગો વગેરે.

**દુર્ભવ્ય :** જેને મોક્ષે જવાનો અર્ધપુદ્ગલ પરાવર્તનથી પણ ઘણો વધારે કાળ બાકી છે તે.

**દુર્લભભવ :** મુશ્કેલીથી મળી શકે તેવો ભવ, અનંતકાળે પણ ન મળી શકે તેવો (આ મનુષ્ય) ભવ છે.

**દુષ્કૃતગર્હા :** આપણાં કરેલાં પાપોની નિંદા કરવી, ગર્હા કરવી તે.

**દુષ્ટ ચિંતવન :** મનમાં માઠા વિચારો કર્યા હોય, (દુચ્ચિંતિય).

**દુષ્ટ ચેષ્ટા :** કાયાથી ખોટી, હલકી અને પાપભરી ચેષ્ટા કરી હોય તે, (દુચ્ચિટ્ઠિય).

**દુષ્ટદમન :** દુષ્ટ માણસોનું (રાક્ષસાદિનું) દમન કરવું, દાબી દેવું.

**દુષ્ટ ભાષણ :** હલકું ભાષણ કરવું, તુચ્છ, અસાર, પાપિષ્ટ ભાષા બોલવી.

**દુષ્પક્વાહાર (ભક્ષણ) :** અર્ધો પાકેલો આહાર ખાવો, કાચોપાકો આહાર ખાવો.

**દૂરોત્સારિત :** દૂર દૂર ખસેડાયેલી, નંખાયેલી વસ્તુ.

**દૃશ્ય વસ્તુ :** ચક્ષુથી દેખી શકાય તેવો પદાર્થ, ચક્ષુર્ગોચર પદાર્થ.

**દૃષ્ટાન્ત :** ઉદાહરણ, દાખલો, ઉપમાથી સમજાવવું તે.

**દૃષ્ટિ :** જીવની વિચારશક્તિ, વસ્તુ સમજવાની અપેક્ષા, અથવા મિથ્યાદૃષ્ટિ અને સમ્યગ્દૃષ્ટિ.

**દૃષ્ટિરાગ :** એક વ્યક્તિનો બીજી વ્યક્તિ ઉપર વારંવાર જોવાનો અતિશય રાગ, નજર ખેંચાય એવો રાગ.

**દૃષ્ટિવાદ :** દ્વાદશાંગીમાંનું બારમું અંગ, ચૌદ પૂર્વોવાળું અંગ.

**દૃષ્ટિવાદોપદેશિકી સંજ્ઞા :** શાસ્ત્રોમાં કહ્યા પ્રમાણે આત્માના હિતાહિતના વિચારવાળી જે સંજ્ઞા તે (આ સંજ્ઞા સમ્યગ્દૃષ્ટિને હોય છે.)

**દૃષ્ટિવિષસર્પ :** જેની દૃષ્ટિમાં જ ઝેર છે તેવો ભયંકર સર્પ.

**દેદીપ્યમાનાવસ્થા :** તેજસ્વી અવસ્થા, ચમકતું, ઝળહળતું

જીવન.

**દેય :** આપવા લાયક, પકોપકારાર્થે તજવું, ત્યજવા યોગ્ય.

**દેરાવાસી શ્રાવક :** દેરાસરને, પ્રભુની મૂર્તિને પ્રભુ માની પૂજનારા જીવો, મૂર્તિ અને મંદિર એ શુભાલંબન છે એમ માનનારા.

**દેરાસર :** જે સ્થાનમાં લોકો પ્રભુની મૂર્તિને, પ્રભુ માની પૂજતા હોય તે સ્થાન.

**દેલવાડાનાં દેરાસરો :** આબુ પર્વત ઉપર આવેલાં વિમલવસહીનાં અને વસ્તુપાલ-તેજપાલનાં ઘણી કોતરણીવાળાં મંદિરો.

**દેવકુરુક્ષેત્ર :** મહાવિદેહક્ષેત્રમાં આવેલ, પ્રથમ આરાના જેવા કાળવાળું ક્ષેત્ર.

**દેવદર્શન :** વીતરાગ પરમાત્માનાં દર્શન કરવાં તે.

**દેવદ્રવ્ય :** પ્રભુજીની મૂર્તિ અને મંદિરની સુરક્ષા માટે રખાતું દ્રવ્ય.

**દેવલોક :** વૈમાનિક દેવોનાં સ્થાને, તેઓને રહેવા માટેના ભાગો, શ્વેતાંબરની દષ્ટિએ ૧૨, અને દિગંબરની દષ્ટિએ ૧૬ દેવલોક છે.

**દેવવંદન :** પરમાર્ત્માને કરાતું વંદન, નમસ્કાર, તથા ચોમાસી ચૌદશ, જ્ઞાનપંચમી, મૌન-એકાદશી આદિ પવિત્ર દિવસોમાં કરાતું વિશિષ્ટ દેવવંદન.

**દેવાધિદેવ :** દેવોના પણ જે દેવ છે તે પરમાત્મા વીતરાગ પ્રભુ.

**દેશઘાતી :** આત્માના જ્ઞાનાદિ ગુણોને અંશથી હણનાર. મતિ-જ્ઞાનાવરણીયાદિ, ચક્ષુર્દર્શના-વરણીયાદિ વગેરે.

**દેશનાલબ્ધિ :** વીતરાગ પરમાત્માની દેશના જેઓને રુચે, ગમે, તેના પ્રત્યે પ્રીતિ જામે તેવી આત્મશક્તિ. સમ્યકત્વ પામવા માટેની યોગ્યતા, દિગંબરામ્નાયમાં સમ્યક્ત્વ માટે ત્રણ લબ્ધિ ગણાવાય છે. (૧) કરણલબ્ધિ (૨) કાળલબ્ધિ (૩) દેશનાલબ્ધિ.

**દેશવિરતિ :** સંસારના ભોગોનો અંશથી ત્યાગ કરવો તે.

**દેશવિરતિધર :** આંશિક ચારિત્રને સ્વીકારનારા, શ્રાવક-શ્રાવિકા, પાંચમા ગુણસ્થાનકવાળા.

**દેશોનપૂર્વક્રોડવર્ષ :** પૂર્વક્રોડ વર્ષોમાં કંઈક ઓછું, ચોર્યાસી લાખને ચોર્યાસી લાખે ગુણતાં જે આવે તે ૧ પૂર્વ, એવાં એક ક્રોડ પૂર્વ, તેમાં કંઈક ઓછું. પાંચમા અને તેરમા ગુણઠાણાનો તથા ૬-૭નો સંયુક્તકાળ આટલો હોય છે.

**દેહ :** શરીર, કાયા; જીવને જીવવાનું સાધનવિશેષ.

**દેહત્યાગ :** પરભવમાં જતો આત્મા આ ઔદારિકાદિ શરીરનો ત્યાગ કરે છે તે, મોક્ષે જતાં સર્વ શરીરનો ત્યાગ થાય તે.

**દેહવ્યાપી :** શરીરમાત્રમાં જ રહેનાર, જૈનદર્શનકાર એમ જણાવે છે કે આત્મા દેહમાં જ માત્ર વ્યાપીને રહે છે, ને ન્યાય-દર્શનાદિ આત્માને સર્વવ્યાપી માને છે.

**દેહસ્થ :** શરીરમાં રહેલો, કાયાની અંદર વર્તતો.

**દેહાતીત :** દેહતી જુદો, શરીરથી ભિન્ન, શરીરમાં રહેલો આ આત્મા શરીરથી ભિન્ન દ્રવ્ય છે.

**દેહાધ્યાસ :** શરીર ઉપરની મમતા, શરીર ઉપરની મૂર્છા, અતિરાગ.

**દૈવ :** ભાગ્ય, નસીબ, પૂર્વબદ્ધ શુભાશુભ કર્મ, પ્રારબ્ધ.

**દૈવસિક પ્રતિ :** સવારથી સાંજ સુધીમાં લાગેલાં પાપોનું સાંજે કરાતું પ્રતિક્રમણ, દિવસ સંબંધી પાપોની ક્ષમાયાચના.

**દૈવસિકાતિચાર :** દિવસ સંબંધી અતિચારો, દિવસમાં થયેલી ભૂલો.

**દૈવાધિષ્ઠિત :** ભાગ્યને આધીન, કર્મોને અનુસારે થનારું દેવસંબંધી સ્વરૂપ જેમાં સ્થાપિત કરાયું છે તે.

**દોષદુષ્ટ :** દોષોના કારણે હલકો બનેલો મનુષ્ય, દોષોથી દુષ્ટ.

**દોષનિવારક :** દોષોને અટકાવનાર, દોષોને રોકનાર, ગુરુજી અથવા સૂક્ષ્મ જૈનતત્ત્વોનો અભ્યાસ.

**દોષનિવારણ :** દોષોનું દૂર કરવું, નિર્દોષ થવું.

**દોષમિશ્ર :** દોષોથી મિશ્ર, દોષોથી મિશ્ર થયેલું જીવન.

**દોષસર્જક :** દોષોને ઉત્પન્ન કરનાર, દોષો લાવનાર.

**દોષિત :** દોષોથી ભરેલું, ગંદું, હલકું, તુચ્છ, અસાર જીવન.

**દૌર્ભાગ્ય :** દુષ્ટપાપકર્મોના ઉદયવાળું જીવન, સર્વ ઠેકાણે અપ્રીતિ પ્રાપ્ત થાય એવું જીવન.

**દ્યુતિ :** કાન્તિ, તેજ, પ્રકાશ.

**દ્યોતિત :** કાન્તિવાળું, પ્રકાશિત થયેલ, તેજવાળું.

**દ્રઢ :** મજબૂત, હાલે-ચાલે નહિ તેવું, અતિશય સ્થિર.

**દ્રઢધર્મતા :** ધર્મમાં મજબૂત, લીધેલા નિયમો પાળવામાં અડગ.

**દ્રઢીભૂતતા :** અતિશય સ્થિરતા, અચલિતાવસ્થા.

**દ્રવ્ય :** પદાર્થ, દ્રવીભૂત થાય તે, નવા નવા પર્યાયોને પામે તે.

**દ્રવ્યનિક્ષેપ :** કોઈપણ વસ્તુના ભાવાત્મક સ્વરૂપની આગળ પાછળની બન્ને અવસ્થા, ભાવાત્મક સ્વરૂપની પૂર્વાપર સ્થિતિ.

**દ્રવ્યપ્રમાણ :** શરીરસંબંધી બાહ્ય પ્રાણો, પાંચ ઇન્દ્રિયો, શ્વાસોચ્છ્વાસ, આયુષ્ય, મન, વચન અને કાયાનું બળ, એમ કુલ ૧૦ પ્રાણો છે.

**દ્રવ્યહિંસા :** અન્ય જીવોને મારી નાખવા, પ્રાણરહિત કરવા, શરીરસંબંધી દ્રવ્યપ્રાણોનો વિયોગ કરવો-કરાવવો, બીજાનું મન દુઃખવવું.

**દ્રવ્યાર્થિકનય :** દ્રવ્યને પ્રધાન કરીને વસ્તુના સ્વરૂપને સમજાવનારી જે દષ્ટિ, વસ્તુના સ્થિર સ્વરૂપને પ્રધાનપણે જાણનારી જે દષ્ટિ તે.

**દ્રવ્યેન્દ્રિય :** શરીરમાં પુદ્ગલની બનેલી જે ઇન્દ્રિયો તે, બાહ્ય

આકારરૂપે જે છે તે બાહ્ય-નિવૃત્તિ, અંદર આકારરૂપે જે છે તે અભ્યંતરનિવૃત્તિ, અંદરની પુદ્‌ગલની બનેલી ઇન્દ્રિયમાં જે વિષય જણાવવામાં સહાયક થવાની શક્તિ છે તે ઉપકરણ દ્રવ્યેન્દ્રિય.

**દ્વાદશાંગી :** ગણધર ભગવંતોએ પ્રભુમુખે દેશના સાંભળીને બનાવેલાં ૧૨ અંગો, ૧૨ આગમો, ૧૨ શાસ્ત્રો તે.

**દ્વાર :** વસ્તુને યથાર્થ સમજાવવા જુદા જુદા પ્રકારે પડાતા વિભાગો, દ્વારો, અથવા દ્વાર એટલે બારણું.

**દ્વિચન્દ્રજ્ઞાન :** આંખમાં રોગવિશેષ થવાથી એક વસ્તુ હોવા છતાં બે દેખાય તે, એક ચંદ્રને બદલે બે ચંદ્ર દેખવા, અજ્ઞાનતા.

**દ્વિર્બન્ધક :** જે આત્માઓનું મિથ્યાત્વ એવું નબળું પડ્યું છે કે જેઓ મિથ્યાત્વમોહનીયની ઉત્કૃષ્ટ ૭૦ કોડાકોડીની સ્થિતિ ફક્ત બે જ વખત બાંધવાના છે વધુ નહીં તેવા જીવો.

**દ્વિવિધતા :** વસ્તુનું બે પ્રકારપણું.

**દ્વીપ-સમુદ્ર :** જેની ચારે બાજુ પાણી હોય તેની દ્વીપ-બેટ અને પાણીનો ભંડાર તે સમુદ્ર, જંબૂદ્વીપ અને લવણસમુદ્રાદિ.

**ધગધગતી શિલા :** અતિશય ઘણી તપેલી પથ્થરની શિલા.

**ધજાદંડ :** મંદિર ઉપર ચડાવાતો, ધજા લટકાવવા માટેનો લાંબો દંડ તે ધજાદંડ.

**ધનદ :** કુબેર, ધનનો અધિષ્ઠાયક દેવ, ધનનો ભંડારી.

**ધનધાન્યપ્રમાણાતિક્રમ :** રોકડ નાણાનું અને ધાન્યનું જે માપ, તેનું ઉલ્લંઘન કરવું, ધાર્ય કરતાં વધારે રાખવું.

**ધનવાન્ :** ધનવાળો, નાણાંવાળો, પૈસાદાર.

**ધનિક** - ધનવાળો, નાણાંવાળો, પૈસાદાર.

**ધરણીધર દેવ :** પાર્શ્વનાથ ભગવાનના અધિષ્ઠાયક દેવ.

**ધર્મ :** દુર્ગતિમાં પડતા આત્માને જે ધારી રાખે, બચાવે તે ધર્મ, પોતપોતાની ફરજ, વસ્તુનો સ્વભાવ.

**ધર્મકથા :** શ્રોતામાં ધર્મની વૃદ્ધિ થાય એવી વક્તા જે કથા કરે તે, ધર્મકથા.

**ધર્મચક્રવર્તી :** જેમ ચક્રવર્તી ચક્રરત્ન વડે ભરતાદિક્ષેત્રના છ ખંડને જીતે છે તેમ તીર્થંકર ભગવંતો ધર્મ વડે ચારે ગતિનો અંત કરી મોક્ષ પામે છે તે, ધર્મચક્રવર્તી.

**ધર્મધ્યાન :** જે ચિંતન-મનનથી આત્મામાં મોહનો વિલય થાય અને ધર્મની વૃદ્ધિ થાય એવું ધ્યાન તે.

**ધર્મપરાયણ** - ધર્મમાં ઓતપ્રોત, ધર્મમાં રંગાયેલો, ધર્મમય.

**ધર્મપ્રાપ્તિ :** આત્મામાં સ્વભાવદશાની પ્રાપ્તિ, મોહનો ક્ષયોપશમ.

**ધર્મબિન્દુ :** પૂ. હરિભદ્રસૂરિજી મહારાજશ્રીરચિત એક મહાગ્રંથ.

**ધર્મભ્રષ્ટ :** ધર્મથી પડેલા, ધર્મથી પતિત થયેલા.

**ધર્મરાગ :** ધર્મ ઉપરનો જે સ્નેહ, ધર્મ ઉપરનો જે પરમસ્નેહ.

**ધર્મસંગ્રહણી :** પૂ. હરિભદ્રસૂરિજીનો બનાવેલો મહાન ન્યાયનો ગ્રંથ.

**ધર્મક્ષમા :** ક્ષમા રાખવી એ આત્માનો ધર્મ છે એમ સમજીને ક્રોધને દબાવવો, ક્રોધ ન કરવો, ક્ષમા રાખવી તે.

**ધર્માત્મા :** ધર્મમય આત્મા છે જેનો એવો પુરુષ, ધાર્મિક જીવ.

**ધર્માનુષ્ઠાન :** ધર્મસંબંધી ક્રિયાવિશેષ; સામયિક, પ્રતિક્રમણ, દાન, શીલ, સ્વાધ્યાય, વિનય, વૈયાવચ્ચ આદિ.

**ધર્માભિમુખતા :** આત્માનું ધર્મસન્મુખ થવું, ધર્મની સન્મુખ જવું, આત્માનું ધર્મમાં જોડાવું.

**ધર્માસ્તિકાય :** તે નામનું એક દ્રવ્ય, જે દ્રવ્ય જીવ-પુદ્‌ગલને ગતિ કરવામાં અપેક્ષાકારણ છે.

**ધાતકીખંડ :** લવણસમુદ્ર અને કાલોદધિ સમુદ્રની વચ્ચે આવેલો ચારચાર લાખ યોજનના વિસ્તારવાળો, ઘંટીના પડના આકારવાળો જે દ્વીપ તે.

**ધામ :** સ્થાન, રહેવા માટેની જગ્યા, મુક્તિધામ = મોક્ષનું સ્થાન.

**ધારણા :** મતિજ્ઞાનનો અંતિમ ભેદ, નિર્ણીત કરેલી વસ્તુને લાંબા સુધી યાદ રાખવી તે, આ ધારણાના ૩ ભેદ છે. (૧) અવિચ્યુતિ (૨) વાસના (૩) સ્મૃતિ.

**ધારણાભિગ્રહ :** મનમાં કોઈપણ જાતના ભોગોના ત્યાગનો પરિણામ કરી તેના માટે કરાતો નિયમ, અભિગ્રહ.

**ધારાવગાહી પાન :** સતત પ્રતિસમયે પ્રગટ થતું જે જ્ઞાન તે, બૌદ્ધદર્શન આત્મદ્રવ્યને ધારાવગાહી જ્ઞાનમાત્રરૂપ માને છે.

**ધાર્મિક પુરુષ :** ધર્મની અત્યંત રુચિવાળો, ધર્મપ્રિય મહાત્મા.

**ધાર્મિક સંસ્કાર :** પુરુષમાં આવેલા ધર્મમય સંસ્કારો, ધર્મમય જીવન.

**ધિઈએ ધારણાએ :** ધૈર્ય અને ધારણાશક્તિની વૃદ્ધિ કરવાપૂર્વક.

**ધિક્કાર :** તિરસ્કાર, અપમાન, પરાભવ.

**ધીધનપુરુષ :** બુદ્ધિરૂપી ધનથી ભરેલો પુરુષ બુદ્ધિશાલી.

**ધુમપ્રભાનારકી :** પાંચમી નારકી, રિષ્ટા નામની નારકીનું બીજું નામ.

**ધૂપઘટા :** પ્રભુજીની પાસે કરાતી ધૂપની પૂજા, ધૂપનો સમૂહ.

**ધૃતિવિશેષ :** ધીરજવિશેષ, અતિશય ઘણી ધીરજ.

**ધૈર્યગુણ :** ધીરજ નામનો ગુણવિશેષ, અતિશય ધીરજપણું.

**ધ્યાન :** ચિત્તની એકાગ્રતા, ચિત્તની સ્થિરતા, કોઈપણ એક વિષયમાં મનનું પરોવાવું, આ અર્થ આર્ત-રૌદ્ર-ધર્મધ્યાન અને શુક્લધ્યાનના બે પાયામાં લગાડવો. છેલ્લા બે પાયામાં "આત્મપ્રદેશોની સ્થિરતા" એવો અર્થ કરવો.

**ધ્રુવ :** સ્થિર, નિત્ય, દરેક પદાર્થો, ગુણો, અને તેના પર્યાયો પણ દ્રવ્યાર્થિકનયથી ધ્રુવ=સ્થિર=અનાદિઅનંત છે.

**ધ્રુવપદ :** સ્થિરપદ, જે આવેલું પદ કદાપિ ન જાય તે, મોક્ષપદ.

**ધ્રુવબંધી :** જે કર્મપ્રકૃતિઓનો બંધ બીજા કર્મગ્રંથ આદિમાં જે ગુણઠાણા સુધી કહ્યો છે ત્યાં સુધી અવશ્ય બંધાય જ.

**ધ્રુવસત્તા :** જે કર્મપ્રકૃતિઓની સત્તા અનાદિમિથ્યાત્વી જીવને સમ્યક્ત્વ પામ્યા પહેલાં સદાકાળ હોય જ.

**ધ્રુવોદયી :** જે કર્મપ્રકૃતિઓનો ઉદય બીજા કર્મગ્રંથ આદિમાં જ્યાં સુધી કહ્યો હોય ત્યાં સુધીનાં સર્વ ગુણઠાણાંઓમાં અવશ્ય હોય જ તે.

## ન

**નંદનવન :** મેરુપર્વત ઉપર સમભૂતલાથી પાંચસો યોજનની ઊંચાઈએ પાંચસો યોજનના ઘેરાવાવાળું સુંદર વન.

**નંદાવર્ત :** વિશિષ્ટ પ્રકારનો સાથિયો, જેમાં આત્માનું સંસારમાં ભિન્ન ભિન્ન રીતે પરિભ્રમણ સૂચવવામાં આવ્યું છે.

**નંદીશ્વરદ્વીપ :** જંબૂદ્વીપથી આગળ ઘંટીના પડ જેવો ગોળાકારે આઠમો દ્વીપ, જેમાં **૫૨** પર્વતો અને ચૈત્યો છે.

**નખક્ષત :** નખો દ્વારા કરાયેલા શરીર ઉપરના ઘા.

**નદીગોલઘોલ ન્યાય :** પર્વતની પાસે વહેતી નદીમાં ઉપરથી પડેલા નાના નાના પથ્થરો નદીના વહેણથી તણાતા છતા, આગળપાછળ અથડાયા છતા, જેમ સહજ રીતે ગોળગોળ થઈ જાય તે રીતે સહજપણે અનાયાસે જે વૈરાગ્ય આવે તે.

**નદીપાષાણ ન્યાય :** પર્વતની પાસે વહેતી નદીમાં ઉપરથી પડેલા નાના નાના પથ્થરો નદીના વહેણથી તણાતા છતા, આગળ-પાછળ અથડાયા છતા, જેમ સહજ રીતે ગોળ-ગોળ થઈ જાય તે રીતે સહજપણે-અનાયાસે જે વૈરાગ્ય આવે તે.

**નપુંસકવેદ :** સ્ત્રી અને પુરુષ બન્નેની સાથે ભોગસુખની ઇચ્છા, અથવા શરીરમાં બન્ને પ્રકારનાં લક્ષણોનું હોવું.

**નભસ્થળ :** આકાશમંડળ, આકાશરૂપ સ્થળ.

**નભોમણિ :** સૂર્ય, આકાશમાં રહેલું જાજ્વલ્યમાન રત્ન.

**નમસ્કાર :** નમન કરવું, પ્રણામ કરવા, નમવું.

**નમિનાથ ભગવાન :** ભરતક્ષેત્રમાંની આ ચોવીસીના ૨૧મા ભગવાન.

**નય :** દૃષ્ટિ, વસ્તુના સ્વરૂપને જાણવાની મનોવૃત્તિ, અનેક ધર્માત્મક વસ્તુમાં ઇતર ધર્મોના અપલાપ વિના દ્રવ્ય-ક્ષેત્રાદિના કારણે એક ધર્મની પ્રધાનતા, વસ્તુતત્ત્વનો સાપેક્ષપણે વિચાર.

**નયનિપુણ :** નયોના જ્ઞાનમાં હોશિયાર, નયોનું સૂક્ષ્મ જ્ઞાન ધરાવનાર.

**નયનિક્ષેપ :** વસ્તુને સમજવા માટે ૭ નયો અને ૪ નિક્ષેપાઓ.

**નરક્ષેત્ર :** અઢીદ્વીપ (જંબૂદ્વીપ, ધાતકીખંડ, અર્ધપુષ્કરવર દ્વીપ) જેમાં મનુષ્યોનું જન્મમરણ થાય છે તે પૂર્વ-પશ્ચિમ અને ઉત્તર-દક્ષિણ ૪૫ લાખ યોજન.

**નરેન્દ્ર :** રાજા, મહારાજા, વીતરાગ-પ્રભુ નરેન્દ્રો વડે પૂજિત છે.

**નલદમયંતી :** પતિ-પત્ની, દમયંતી સતી, સ્ત્રીવિશેષ, આપત્તિમાં પણ જે સત્ત્વશાળી રહી તે, જેનું ચરિત્ર પ્રસિદ્ધ છે.

**નવકારમંત્ર :** નવ પદનો બનેલો, પાંચ પરમેષ્ટિને નમસ્કાર કરવા સ્વરૂપ, મહામંગલકારી મંત્ર.

**નવકારશી પચ્ચક્ખાણ :** સૂર્યોદય પછી ૪૮ મિનિટ બાદ ત્રણ નવકાર ગણીને જે પળાય, ત્યારબાદ જ ભોજન કરાય તે. (મૂઠી વાળીને જે નવકાર-મંત્ર ગણાય છે તે નવકારશીની અંદર મુટ્ઠસીનું પણ પચ્ચક્ખાણ સાથે હોય છે તેથી મૂઠી વાળવાની હોય છે), (આ પચ્ચક્ખાણ પાળવા માટેનો સંકેતવિશેષ છે.)

**નવ નિધિ :** ચક્રવર્તીના ભોગયોગ્ય, નવ ભંડારો, જે વૈતાઢ્યપર્વત પાસે પાતાળમાં છે. આગગાડીના ડબ્બા જેવા છે, પુણ્યોદયથી ચક્રવર્તીને મળે છે.

• **નવપદ :** અરિહંત-સિદ્ધ-આચાર્ય-ઉપાધ્યાય-સાધુ-દર્શન-જ્ઞાન-ચારિત્ર અને તપ; આ આરાધવા યોગ્ય નવ પદો.

• **નવ પદની ઓળી :** આસો અને ચૈત્ર માસના શુક્લપક્ષમાં સાતમથી પૂનમ સુધીની નવ દિવસોની આયંબિલ કરવાપૂર્વક કરાતી નવ પદોની આરાધના, તે રૂપ પર્વવિશેષ.

• **નવ પદની પૂજા :** અરિહંતપ્રભુ આદિ ઉપરોક્ત નવે પદોના ગુણોનું વર્ણન સમજાવતી પૂ. યશોવિજયજી મ. આદિની બનાવેલી રાગરાગિણીવાળી પૂજાઓ.

• **નાગેશ્વરતીર્થ :** ભારતમાં મધ્યપ્રદેશમાં રતલામની નજીકમાં આવેલું પાર્શ્વનાથ ભગવાનનું તીર્થવિશેષ.

• **નાણ માંડવી :** નાણ એટલે જ્ઞાન, જ્ઞાનની સ્થાપના કરવી તે; ત્રણ ગઢ અને સિંહાસન ગોઠવી તેમાં પ્રભુજીની મૂર્તિ સ્થાપિત કરી, જાણે તેઓ જ્ઞાનપ્રકાશ કરતા હોય તેવી ભવ્ય રચના, સમવસરણનું અનુકરણ તે.

• **નાથ :** સ્વામી, મહારાજા, યોગ અને ક્ષેમ જે કરે તે નાથ, અપ્રાપ્ત ગુણાદિને પ્રાપ્ત કરાવે તે યોગ, અને પ્રાપ્ત ગુણાદિનું જે સંરક્ષણ અને સંવર્ધન કરે તે ક્ષેમ.

• **નાથવું :** દાબવું, ઇન્દ્રિયોને નાથવી, એટલે કંટ્રોલમાં રાખવી.

**નાદ :** અવાજ, શબ્દ, જોરજોરથી વાજિંત્રાદિ વગાડવાં.

**નામકર્મ :** શરીર, અંગોપાંગ અને તે સંબંધી સામગ્રી અપાવનારું જે કર્મ, અઘાતી અને ભવોપગ્રાહી આ કર્મ છે.

**નારક-નારકી :** અતિશય દુઃખ ભોગવવાનું અધોલોકમાં રહેલું જે સ્થાન તે નારક, તેમાં રહેલા જીવો તે નારકી.

**નારાચસંઘયણ :** છ સંઘયણમાંનું ત્રીજું, જેમાં ફક્ત બે હાડકાં સામસામાં વીંટળાયેલાં હોય, મર્કટબંધમાત્ર હોય તે.

**નિઃકાંક્ષિત :** અન્ય ધર્મની ઈચ્છા ન કરવી, ચમત્કારોથી ન અંજાવું.

**નિઃશંક :** શંકા વિનાનું, સંશયરહિત, સમ્યકત્વના આઠ આચારમાંનો પ્રથમ આચાર.

**નિઃસંદેહ :** શંકા વિનાનું, સંશયરહિત, સમ્યકત્વના આઠ આચારમાંનો પ્રથમ આચાર.

**નિઃસ્પૃહતા :** સ્પૃહા, મમતા, મૂર્છારહિત અવસ્થા, નિષ્પરિગ્રહી દશા.

**નિકાચનાકરણ :** બાંધતી વખતે અથવા બાંધ્યા પછી કર્મને એવી સ્થિતિમાં મૂકવું કે જેમાં કોઈ ફેરફાર થઈ શકે નહીં, કોઈ કરણ લાગે જ નહીં, અવશ્ય ઉદય દ્વારા ભોગવવું જ પડે, સકલકરણને અસાધ્ય એવું કર્મ કરવામાં વપરાતું કરણવીર્ય.

**નિકાચિત કર્મ :** સકલકરણોને અસાધ્ય કરાયેલું કર્મ, સર્વથા ભોગ યોગ્ય કર્મ.

**નિગોદ :** અનંત અનંત જીવોવાળી વનસ્પતિકાયમાંની એક અવસ્થા, એક શરીરમાં જ્યાં અનંત જીવો છે, તેના ૨ ભેદ છે; બાદરનિગોદ અને સૂક્ષ્મનિગોદ.

**નિગ્ઘાયણટ્ઠાએ :** કર્મોનો વિનાશ કરવા માટે હું આ કાઉસ્સગ્ગ કરું છું.

**નિત્થાર પારગાહો :** તમારો આ સંસારમાંથી નિસ્તાર-ઉદ્ધાર થાઓ.

**નિત્યનિગોદ :** જે જીવો આ નિગોદઅવસ્થામાંથી કદાપિ નીકળ્યા જ નથી, અનાદિ-કાળથી તેમાં જ છે અને તેમાં જ જન્મ-મરણ કરે છે તે, તેનું બીજું નામ અવ્યવહાર રાશિ.

**નિત્યપિંડ :** દરરોજ એક જ ઘરે આહાર ગ્રહણ કરવો તે.

**નિત્યાનિત્ય :** સર્વ પદાર્થો ઉભયાત્મક છે, દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ નિત્ય છે અને પર્યાયાર્થિક નયની અપેક્ષાએ અનિત્ય છે. સર્વ ભાવો ઉભયાત્મક છે.

**નિદાન (નિદાનકરણ) :** નિયાણું, આ ભવમાં કરેલા ધર્મના ફળરૂપે સંસારસુખની માગણી કરવી, ઈચ્છા કરવી તે.

**નિદ્રા :** જેમાં સુખે જાગૃત થવાય તે, ચપટીમાત્રના અવાજથી અથવા પદમાત્રના સંચારણથી જાગૃત થવાય તે.

**નિદ્રાનિદ્રા :** જેમાં દુઃખે જાગૃત થવાય તે, અતિશય ઢંઢોળવાથી જે માણસ જાગે તે, કુંભકર્ણ જેવી ભારે ઊંઘ.

**નિધત્તિકરણ :** કમ્મપયડી-આદિ ગ્રંથોમાં આવતું એક કરણવિશેષ, જેમાં કર્મ એવી સ્થિતિમાં મુકાય કે ઉદ્વર્તના અને અપવર્તના વિના બીજાં કોઈ કરણો લાગે નહી તે નિધત્તિ, તેમાં વપરાતું આત્મવીર્ય.

**નિધનતા :** મૃત્યુ, વિનાશ, અંત, સમાપ્તિ.

**નિયત મુદત :** નક્કી કરેલી મુદત, આયુષ્યકર્મ નિશ્ચિત મુદત સુધી આત્માને છોડતું નથી.

**નિયત ક્ષેત્ર :** નક્કી કરેલું ક્ષેત્ર, નિશ્ચિત ક્ષેત્ર, જેમ યુગલિક મનુષ્યો માટે અકર્મભૂમિ, સિદ્ધ પરમાત્મા માટે સિદ્ધશિલા, ઉપર નરકના જીવો માટે નારકીનું ક્ષેત્ર વગેરે.

**નિયમ કરવો :** મનમાં અભિગ્રહ કરવો, ભોગોના ત્યાગની મનમાં કોઈપણ જાતની ધારણા કરવી.

**નિયમિત જીવન :** ઘણા પ્રકારના નિયમોવાળું જીવન, પૂર્વાપર પરિમિત ભોગોવાળું, વ્યવસ્થિત જીવન.

**નિયાણાશલ્ય :** ત્રણ પ્રકારનાં શલ્પોમાંનું એક શલ્પ, ધર્મના ફળરૂપે સંસારસુખની માગણી, ઈચ્છા; શલ્યના ૩ ભેદ છે : (૧) માયાશલ્ય (૨) નિયાણાશલ્ય (૩) મિથ્યાત્વશલ્ય.

**નિરંજન-નિરાકાર :** જે પરમાત્માને રાગાદિ નથી અને શરીર પણ નથી તે અર્થાત્ વીતરાગ-સર્વજ્ઞ અને અશરીરી.

**નિરંજન-સાકાર :** જે પરમાત્માને રાગાદિ નથી પરંતુ શરીર હજુ છે તે, અર્થાત્ વીતરાગ-સર્વજ્ઞ બન્યા પછી સદેહે ભૂમિ ઉપર વિચરતા હોય તે, ૧૩-૧૪મા ગુણઠાણાની અવસ્થા.

**નિરતિચાર :** લીધેલાં વ્રતોમાં અતિચાર-દોષો ન લાગે તે.

**નિરપરાધી :** જેણે આપણો ગુન્હો કર્યો નથી તેવા જીવો, શ્રાવકને સવા-વિસવાની દયામાં નિરપરાધીની હિંસાનો ત્યાગ હોય છે.

**નિરવદ્ય કર્મ :** જે કામકાજમાં હિંસા-જૂઠ આદિ દ્રવ્યપાપો, અને રાગ-દ્વેષ આદિ ભાવપાપો નથી તેવાં કામો.

**નિરસન કરવું :** દૂર કરવું, ફેંકી દેવું, ત્યાગ કરવો, ખંડન કરવું તે.

**નિરાકારોપયોગ :** વસ્તુમાં રહેલા સામાન્ય ધર્મને જાણવાવાળો જે ઉપયોગ, અર્થાત્ દર્શનોપયોગ.

**નિરાલંબન ધ્યાન :** જે ધ્યાનની એકાગ્રતામાં પ્રતિમા આદિ બાહ્ય આલંબનો ન હોય, કેવળ આત્મામાત્ર જ જેમાં આલંબન છે. એવી ઉત્કટ ધ્યાનદશા.

**નિરાલંબન યોગ :** બાહ્ય આલંબન નિરપેક્ષ સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ રત્નત્રયીની સાથે આત્માનો જે સંયોગ તે, સાધનાકાલે જ્ઞાનાદિ ગુણોની રમણતામય આત્માનું થવું.

**નિરાશંસ ભાવ :** જે ધર્મકાર્ય કરતાં કરતાં સંસારિક સુખોની વાંછાઓ નથી, કેવળ કર્મક્ષયની જ બુદ્ધિ છે તે.

**નિરાહારી અવસ્થા :** આહાર વિનાની અણાહારી અવસ્થા

(મોક્ષ).

**નિરીહભાવ :** સ્પૃહા વિનાનો આત્મભાવ, સાંસારિક પ્રલોભન વિનાનો ભાવ.

**નિરુક્તાર્થ :** શબ્દના અક્ષરોને તોડીને ગોઠવાતો જે અર્થ તે; જેમકે अरि એટલે શત્રુને, हन्त હણનારા તે અરિહંત.

**નિરુપક્રમી :** બાંધેલાં કર્મો ઉપક્રમને યોગ્ય ન હોય તે.

**નિરુપયોગ :** જે શરીરથી સાંસારિક સુખ-દુઃખો, આહાર-નિહારાદિ ભોગો ભોગવી શકાતા નથી તે કાર્મણશરીર. તત્ત્વાર્થસૂત્ર "निरुपभोगमन्त्यम्" સૂત્ર ૨-૪૫.

**નિરુપાધિક સ્થિતિ :** જ્યાં પુદ્ગલ, કર્મ કે શરીરાદિની ઉપાધિઓ નથી તે મોક્ષાવસ્થા.

**નિરોગી દશા :** શરીરમાં ટીબી, કેન્સર આદિ રોગો વિનાની જે દશા તે.

**નિર્ગ્રંથ મુનિ :** બાહ્યથી પરિગ્રહ વિનાના અને અભ્યંતરથી રાગાદિ મોહની ગાંઠ વિનાના જે સંસારના ત્યાગી, મુનિ, મહાત્મા.

**નિર્જરાતત્ત્વ :** પૂર્વબદ્ધકર્મોનો બાહ્યઅભ્યંતર તપાદિ અને સ્વાધ્યાય આદિ દ્વારા અંશે અંશે ક્ષય કરવો તે.

**નિર્જીવ પદાર્થ :** જેમાંથી જીવ મરી ગયો છે, ચાલ્યો ગયો છે તેવો પદાર્થ.

**નિર્દેશ કરવો :** વસ્તુનું સ્વરૂપ-વિશેષથી બતાવવું, સમજાવવું, કહેવું.

**નિર્દોષ અવસ્થા :** જીવનમાં કોઈપણ દોષો ન લાગે તેવી અવસ્થા.

**નિર્નાયક સ્થિતિ :** જે ગામમાં, સંઘમાં, સમાજમાં, રાષ્ટ્રમાં કે દેશમાં સંચાલક મુખ્ય નાયક ન હોય તેવી પરિસ્થિતિ.

**નિર્બળ સ્થિતિ :** દૂબળી સ્થિતિ, જ્યાં બળ, વીર્યોલ્લાસ, તાકાત રહી નથી, અર્થાત્ હતાશ થયેલી પરિસ્થિતિ.

**નિર્ભય પંથ :** જે માર્ગ કાપવાનો છે તેમાં ભય ન હોય તે.

**નિર્વાણ કલ્યાણક :** તીર્થંકર ભગવન્તો મોક્ષે પધારે તે પ્રસંગ.

**નિર્વાણમાર્ગ :** મોક્ષે જવાનો પ્રભુજીએ બતાવેલો રસ્તો (રત્નત્રયી).

**નિર્વિભાજ્ય કાળ :** જે કાળના બે ટુકડા ન કલ્પી શકાય તેવો અત્યન્ત સૂક્ષ્મ કાળ, અર્થાત્ એક સમય.

**નિર્વિભાજ્ય ભાગ :** જે પુદ્ગલ અણુના કેવલજ્ઞાનીની દૃષ્ટિએ પણ બે વિભાગ ન કલ્પી શકાય એવો અત્યંત સૂક્ષ્મ અણુ તે, અર્થાત્ બે વિભાગને અયોગ્ય એવો અણુ.

**નિર્વેદ :** સંસારનાં સુખો ઉપર તિરસ્કાર, કંટાળો, અપ્રીતિ; સુખ એ જ દુઃખ છે, ભોગ એ જ રોગ છે, આભરણો એ ભાર છે એવી ચિત્તની સ્થિતિ; સમ્યકત્વનાં પાંચ લક્ષણોમાંનું ૧ લક્ષણ છે.

**નિવારણાર્થે :** દૂર કરવા માટે, પાપ કર્માદિ દૂર કરવા માટે કરાતી ક્રિયા.

**નિવૃત્તિ થયેલ :** વિવક્ષિત કામ પૂર્ણ થવાથી તેમાંથી નીકળી ગયેલ. માથા ઉપરની જવાબદારીથી રહિત થયેલ.

**નિવૃત્તપ્રકૃત્યધિકાર :** જે આત્મા મિથ્યાદૃષ્ટિ હોવા છતાં પૂર્વબદ્ધ મિથ્યાત્વ આદિ મુખ્ય મોહનીય કર્મોની પ્રકૃતિઓનો જુસ્સો, (તાકાત-પાવર) ઓછો થઈ ગયો છે તેવા લઘુકર્મી જીવોમાં કર્મોનું હળવું થવું તે. કર્મોનું નિર્બળ થવું તે.

**નિવૃત્તિકરણ :** એક જ સમયવર્તી જીવોનાં અધ્યવસાય સ્થાનોમાં રહેલી તરતમતા, ષટ્સ્થાનપતિત અધ્યવસાયોનું હોવું, અધ્યવસાયોની ભિન્નભિન્નતા, આઠમા ગુણસ્થાનકનું આ બીજું નામ છે.

**નિવૃત્તીન્દ્રિય :** શરીરમાં બહાર અને અંદર પુદ્ગલના આકારે બનેલી ઇન્દ્રિયો, જે પૌદ્ગલિક છે; આત્માને જ્ઞાનની ઉત્પત્તિમાં સહાયક છે.

**નિશ્ચયનય :** વસ્તુની વાસ્તવિક સ્થિતિ સમજાવે, સહજ સ્વભાવ મુખ્ય કરે, આન્તરિક જે સ્વરૂપ હોય તે, ઉપચારરહિત અવસ્થા, વસ્તુનું મૂળ સ્વરૂપ.

**નિશ્ચિન્તાવસ્થા :** જ્યાં આધિ-વ્યાધિ કે ઉપાધિ નથી, કોઈપણ વ્યક્તિની પરાધીનતા નથી, એવી અવસ્થા તે (મોક્ષદશા).

**નિશ્રિતાવસ્થા :** જ્યાં અન્ય દ્રવ્યોની નિશ્રા છે. પરાશ્રિતતા કે પરાધીનતા વર્તે છે તેવી અવસ્થા, જ્યાં સુધી આત્મામાં ગુણગરિમા પ્રગટી ન હોય ત્યાં સુધી ગુરુની નિશ્રાએ વર્તવું તે.

**નિષદ્યા પરિષહ :** શૂન્યગૃહ, સર્પબિલ, સ્મશાન, અથવા સિંહગુફા આદિ સ્થાનોમાં કાયોત્સર્ગપણે વસવું, અને આવતા ઉપસર્ગો સહન કરવા, અથવા સ્ત્રી-પશુ-નપુંસક આદિની વસ્તી ન હોય તેવા નિર્ભય સ્થાને વસવું, ૨૨ પરિષહોમાંનો એક છે.

**નિષ્પન્નતા :** પરિપૂર્ણતા, વસ્તુ ઉત્પન્ન થવાની પૂરેપૂરી કક્ષા, કાલાદિ અન્ય કારણોનું પાકી જવું.

**નિષ્પક્ષપાતતા :** તટસ્થપણું, કોઈપણ પક્ષમાં ખોટી રીતે કે મોહદશાથી ન ખેંચાવું, ખોટી રીતે કોઈનો પક્ષ ન લેવો.

**નિસર્ગ :** બાહ્ય નિમિત્તોની અપેક્ષા વિના જે થાય તે, અભ્યંતર નિમિત્ત, (ક્ષયોપશમાદિ) તો કારણ હોય જ છે, તથાપિ જ્યાં બાહ્ય કારણો નથી માટે નિસર્ગ=સહજ, તત્ત્વાર્થસૂત્ર. ૨-૩ સમ્યકત્વના બે ભેદમાંનો આ એક ભેદ છે.

**નિસર્ગપણે :** સ્વાભાવિક જે હોય, કોઈ વડે કરાયેલો ન હોય તે, જેમકે આત્મા અને કર્મનો સંબંધ, માટી અને કંચનની જેમ અનાદિ છે. ત્યાં માટી-કંચનનો સંયોગ ભલે અનાદિથી નથી, પરંતુ નિસર્ગપણે છે, અર્થાત્ કોઈ વડે કરાયેલો નથી માટે આદિ નથી,

તેમ જીવ-કર્મનો સંયોગ નિસર્ગ હોવાથી અનાદિ છે.

**નિહાર કરવો :** સંડાસ-બાથરૂમ કરવું, લઘુનીતિ-વડીનીતિ કરવી.

**નિહ્નવ :** સંડાસ-બાથરૂમ કરવું, લઘુનીતિ-વડીનીતિ કરવી.

**નિહ્નવતા :** છુપાવવાપણું, જેની પાસે ભણ્યા હોઈએ તે ગુરુજીનું નામ છુપાવવું, અથવા ભણાવતી વખતે વિષય છુપાવવો, વીતરાગ વચનોની સાપેક્ષતાને છુપાવવી.

**નિક્ષેપ :** વસ્તુને સમજાવવાના રસ્તા, પ્રકારો (ચાર નિક્ષેપા).

**નીચગોત્રકર્મ :** જે કર્મ આત્માને અસંસ્કારી કુળોમાં લઈ જાય તે કર્મ.

**નીતિમત્તા :** પ્રમાણિકતા, સંસ્કારિતા, ન્યાયસંપન્નતા.

**નીવી :** એક ટાઈમ ભોજન કરવું, પરંતુ વિગઈઓ ન વાપરતાં વિગઈઓના વિકારો હણીને બનાવેલાં નીવીયાતાં માત્ર લેવાં.

**નીવીયાતાં :** જે વિગઈઓમાં અન્ય દ્રવ્ય નાખવાથી તેની વિકારક શક્તિ નાશ પામી હોય, તેવી વિગઈઓમાંથી બનાવેલા પદાર્થો.

**નેમિનાથ ભગવાન્ :** ભરતક્ષેત્રની ચોવીસીમાં ૨૨મા ભગવાન, તેમનું નેમનાથ નામ પણ આવે છે.

**નૈગમનય :** ઉપચરિત વસ્તુને જે ગ્રહણ કરે તે; આ રસ્તો અમદાવાદ જાય છે, વરસાદ સોનું વરસાવે છે; પ્રભુની મૂર્તિ પણ પ્રભુ છે ઈત્યાદિ આરોપિત વસ્તુને પણ વસ્તુસ્વરૂપ જણાવે તે.

**નૈવેદ્ય :** પ્રભુજીની આગળ ત્યાગભાવનાની વૃદ્ધિ માટે તથા અણાહારી અવસ્થાની પ્રાપ્તિ માટે ભક્તિભાવે સમર્પિત કરાતી ખાદ્ય સામગ્રી.

**નૈશ્ચયિક :** નિશ્ચયદૃષ્ટિવાળું,તાત્ત્વિક, માર્મિક, યથાર્થ સ્વરૂપ; જેમ ભમરો મુખ્યપણે કાળો હોવા છતાં **પાંચવર્ણવાળો** છે એમ કહેવું.

**નૈશ્ચયિકાર્થાવગ્રહ :** વ્યંજનાવગ્રહના અંતે એક સમયમાત્રપૂરતો થતો બોધ, કે જે અત્યન્ત અવ્યક્ત છે, રૂપરસાદિથી પણ શબ્દનો પૃથગ્બોધ નથી, "આ કંઈક છે" એટલો જ માત્ર નામજાતિ કલ્પના આદિથી રહિત બોધ થાય તે.

**નોઅવસર્પિણી :** જ્યાં ચડતો-પડતો કાળ નથી તે, જેમકે મહાવિદેહ ક્ષેત્રમાં સદાકાળ ભરતક્ષેત્રના ચોથા આરા જેવો કાળ વર્તે ચે ઇત્યાદિ.

**નોઉત્સર્પિણી :** જ્યાં ચડતોપડતો કાળ નથી, સદા એક સરખો કાળ.

**નોકષાય (મોહનીય) :** જે સાક્ષાત્ કષાયરૂપ નથી, પરંતુ કષાયોને લાવે, કષાયોને પ્રેરે, કષાયોને મદદ કરે, પરંપરાએ કષાયોનું જ કારણ બને તે હાસ્ય, રતિ આદિ છ; અહીં નોશબ્દ પ્રેરણાદિ અર્થમાં છે.

**નોભવ્યનોઅભવ્ય :** મોક્ષે પહોંચી ગયેલા આત્માઓ હવે ભવ્ય પણ નથી તેમજ અભ્વય પણ નથી, કારણ કે જ્યાં સુધી વસ્તુની પ્રાપ્તિ ન થઈ હોય ત્યાં સુધી જ યોગ્યતાનો વ્યવહાર થાય છે. એવી જ રીતે નોસંજ્ઞીનોઅસંજ્ઞી અને નોચરિત્તા નોઅચરિત્તા વગેરે શબ્દોના અર્થો પણ જાણી લેવા.

**ન્યગ્રોધ પરિમંડળ :** છ સંસ્થાનોમાંનું બીજું સંસ્થાન કે જેમાં નાભિથી ઉપરના અવયવો સપ્રમાણ હોય છે અને નીચેના અવયવો અપ્રમાણ હોય છે તે.

**ન્યાયસંપન્ન દ્રવ્ય :** શ્રાવકના ૩૫ ગુણોમાંનો પહેલો ગુણ, ન્યાયનીતિ અને પ્રમાણિકતાથી મેળવેલું ધન.

**ન્યાયાલય :** જ્યાં બન્ને પક્ષોની વાતો યથાર્થપણે સાંભળીને નિષ્પક્ષપાતપણે યોગ્ય ચુકાદો અપાય તે સ્થાન.

**ન્યાસાપહાર :** બીજા માણસોએ જમા મૂકેલી થાપણને પચાવી પાડવી, પાછી ન આપવી અને તમે આપી જ નથી એમ બોલવું તે.

## પ

**પંકજ :** કમળ, કાદવમાં ઉત્પન્ન થાય તે.

**પંચવિધતા :** પાંચ પ્રકારો, પાંચ પ્રકારે, ઇન્દ્રિયોની અને તેના વિષયોની પંચવિધતા છે અર્થાત્ પાંચ પાંચ પ્રકારો છે.

**પંચસંગ્રહ :** શ્રી ચંદ્રર્ષિમહત્તરાચાર્યકૃત મહાન ગ્રંથવિશેષ, શ્વેતાંબર સંપ્રદાયમાં છે અને દિગંબર સંપ્રદાયમાં અમિત મુનિનો બનાવેલ. ૧૪૫૬ ગાથા પ્રમાણગ્રંથ છે.

**પંચાંગપ્રણિપાત :** બે ઢીંચણ, બે હાથ, મસ્તક એમ પાંચે અંગો નમાવવાપૂર્વક નમસ્કાર કરવો તે.

**પંચાચાર :** જ્ઞાનાચાર-દર્શનાચાર આદિ પાંચ પ્રકારના આચારો.

**પંચેન્દ્રિય જીવ :** પાંચેપાચ પૂરેપૂરી ઇન્દ્રિયોવાળો જીવ.

**પંથ :** માર્ગ, રસ્તો, ચાલવા યોગ્ય રસ્તો.

**પકવાન્ન :** રાંધેલું, તૈયાર ભોજન, પકાવેલું.

**પખ્ખી પ્રતિક્રમણ :** પંદર દિવસે કરાતું મોટું પ્રતિક્રમણ.

**પચ્ચક્ખાણ :** કોઈપણ વસ્તુનો નિયમ લેવા માટે બોલાતું સૂત્ર. નવકારસી-પોરિસી આદિ માટેનાં સૂત્રો.

**પચ્ચક્ખાણ ભાષ્ય :** શ્રી દેવેન્દ્રસૂરિજી રચિત ભાષ્યત્રયમ્‌માંનું ત્રીજું ભાષ્ય, (પહેલું ચૈત્યવંદન ભાષ્ય અને બીજું ગુરુવંદન ભાષ્ય).

**પજુસણ :** ધર્મની પુષ્ટિ-વૃદ્ધિ કરનારા પર્વના દિવસો.

**પટુતા :** હોશિયારી, ચાલાકી, ચતુરાઈ.

**પડિમા :** શ્રાવક-શ્રાવિકાની ધર્મમય વિશિષ્ટ અવસ્થા, શ્રાવકની અગ્યાર પડિમાઓ, સાધુના જીવનમાં પણ પડિમા હોય છે.

**પડિમાધારી :** પ્રતિમાને ધારણ કરનારા આત્માઓ.

**પડિલેહણ :** વસ્ત્રો અને પાત્રો વગેરે ઉપધિને સવાર સાંજ બરાબર જોવી. પુંજવી અને પ્રમાર્જવી તે.

**પતિતપાવન :** પડેલા આત્માઓને પવિત્ર કરનાર.

**પથદર્શક :** માર્ગ બતાવનાર, રસ્તો ચીંધનાર.

**પથિક (પાન્થ) :** મુસાફર, માર્ગે ચાલનાર.

**પથ્ય :** હિતકારક, લાભદાયી, ફાયદો કરનાર, કલ્યાણ કરનાર.

**પદપંકજ :** ચરણરૂપી કમળ, પ્રભુજીના પગ જાણે કમળ હોય તેવા.

**પદસ્થાવસ્થા :** તીર્થંકર ભગવાનની કેવલજ્ઞાનવાળી અવસ્થા.

**પદાતીત :** કોઈપણ પ્રકારના પદથી રહિત.

**પદાનુસારિણી લબ્ધિ :** કોઈપણ શાસ્ત્રનું એક પદ માત્ર ભણવાથી આખું શાસ્ત્ર આવડી જાય તેવી અપૂર્વ જ્ઞાનની લબ્ધિ.

**પદ્મપ્રભપ્રભુ :** ભરતક્ષેત્રમાં થયેલી ચોવીશીમાં છઠ્ઠા ભગવાન.

**પદ્માસન :** કમળના જેવું શરીરનું એક વિશિષ્ટ આસન.

**પન્યાસપદ :** સાધુ-મહાત્માને ભગવતી આદિ સૂત્રોના યોગવહનની ક્રિયા કરાવ્યા પછી કરાતું વિશિષ્ટ પદારોપણ, સાધુ-મહાત્માઓની વિશિષ્ટ એક પદવી.

**પરંપરા પ્રયોજન :** કાર્ય કરવામાં જે સીધું કારણ ન હોય પરંતુ કારણનું પણ કારણ હોવાથી પરંપરાએ કાર્યનું કારણ જે બને તે, જેમકે ઘીનું અનંતર કારણ માખણ અને પરંપરાકારણ દૂધ.

**પરત્વાપરત્વ :** કાળદ્રવ્યના પર્યાયવિશેષ, કાળની અપેક્ષાએ નાનામોટાપણું, જેમ આપણાથી ઋષભદેવપ્રભુ પર અને મહાવીરસ્વામી પ્રભુ અપર; અથવા ક્ષેત્રઆશ્રયી પણ નદીક હોય તે અપર અને દૂર હોય તે પર.

**પરદારા :** પરની સ્ત્રી, અન્યની સાથે વિવાહિત થયેલી સ્ત્રી.

**પરદારાવિરમણ વ્રત :** શ્રાવકનાં ૧૨ વ્રતોમાંના ચોથા વ્રતનો એ પ્રકાર કે જેમાં પરની સાથે પરણેલી એવી જે સ્ત્રી તેની સાથે સંસારભોગ કરવાનો ત્યાગ કરવો તે સ્વરૂપ વ્રત.

**પરપરિવાદ :** બીજાની નિંદા-ટીકા-કૂથલી કરવી, હલકું બોલવું, અઢાર પાપસ્થાનકમાંનું સોળમું પાપસ્થાનક.

**પરભવ :** વર્તમાન ચાલુ ભવથી આગળ-પાછળના ભવો.

**પરભાવદશા :** પુદ્ગલ સંબંધીના સુખ-દુઃખમાં આત્માની રતિ-અરતિ, ક્રોધાદિ કષાયોની અને વિષયવાસનાનો જે પરિણામ તે.

**પરમ ઉપાય :** ઉત્તમ ઉપાય, કાર્ય સાધી આપે તેવો સુંદર માર્ગ.

**પરમ વિદુષી :** અતિશય પંડિત એવાં પૂ. સાધ્વીજી મ. મહાસતીજી અથવા શ્રાવિકા.

**પરમાણુ :** પરમ એવો અણુ, અતિશય સૂક્ષ્મ અણુ, જે અણુના કેવલીની દૃષ્ટિએ બે ભાગ ન કલ્પાય, અતિ-નિર્વિભાજ્ય અણુ.

**પરમાત્મા :** પરમ આત્મા, અત્યંત ઊંચો આત્મા, વીતરાગદેવ.

**પરમેષ્ઠિ :** ઊંચા સ્થાને બિરાજમાન, સર્વ વ્યક્તિઓથી શ્રેષ્ઠ, અરિહંત, સિદ્ધ-આચાર્યાદિ પાંચ પદે બિરાજમાન.

**પરલોકભય :** આવતા ભવમાં દુઃખી-દરિદ્રી-રોગી થવાનો ભય.

**પરવશતા :** પરાધીનતા, બીજાની આધીનતા, આત્માનું કર્મ, શરીર અને પરિવારાદિને વશવર્તીપણું.

**પરવ્યપદેશ :** જે વસ્તુ પોતાની હોય અને બીજાની છે એમ કહી છુપાવવું, શ્રાવકના બારમા વ્રતનો એક અતિચાર.

**પરાવર્તના :** પુનઃ પુનઃ સંભાળી જવું તે, સ્વાધ્યાયના ૫ ભેદમાંનો ત્રીજો ભેદ.

**પરાવલંબી :** બીજાના જ આલંબનવાળું, જેમાં બીજાનો જ આધાર રાખવો પડે તે, પરાશ્રય, પરાધીન, બીજાને આધીન.

**પરિજન :** પરિવાર, પતિ-પત્ની આદિ કુટુંબીજનો.

**પરિહાસધામ :** મશ્કરીનું પાત્ર, મશ્કરીનું સ્થાન. (ભક્તામરમાં).

**પરોપકાર :** બીજાનું ભલું કરવું, બીજાનું હિત કરવું, કલ્યાણ કરવું.

**પરોપકારરસિક :** બીજાનું ભલું કરવામાં જ તત્પર, અન્યનું કલ્યાણ કરવાના જ રસવાળો આત્મા.

**પરોક્ષ :** આંખે ન દેખાય તે, સાક્ષાત્ નહીં તે.

**પરોક્ષપ્રમાણ :** ચક્ષુરાદિ પાંચ ઇન્દ્રિયો અને મનથી તથા ભણાવનાર ગુરુજી આદિ પરના આલંબનથી આત્માને જે જ્ઞાન થાય તે, અર્થાત્ મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન.

**પર્યંકાસન :** શરીરનું એક આસન-વિશેષ, પ્રભુજીની પ્રતિમા જે આસનવાળી છે તે, જ્યાં જમણા પગનો અંગૂઠાવાળો ભાગ ડાબા પગની સાથળ ઉપર રખાય અને ડાબા પગનો અંગૂઠાવાળો ભાગ જમણા પગની સાથળ ઉપર રખાય તે.

**પર્યન્ત :** છેડો, અન્તિમ ભાગ, મૃત્યુ.

**પર્યવસાન :** છેડો, અન્તિમ ભાગ, મૃત્યુ.

**પર્યવસિત :** છેડાવાળું, અન્તવાળું, જેનો દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવતી અન્ત છે તેવું (શ્રુતજ્ઞાનનો એક સપર્યવસિત ભેદ).

**પલ્યોપમ :** કૂવાની ઉપમાવાળો કાળ, એક યોજન લાંબા-પહોળા અને ઊંડા કૂવામાં માણસના સાત દિવસમાં ઊગેલા એકેક વાળના અસંખ્ય ટુકડા કરી, ભરી, સો સો વર્ષે એકેક વાળ કાઢવાથી જેટલો કાળ લાગે તેટલા કાળનું નામ.

**પશ્ચાતાપ :** કરેલી ભૂલ બદલ હૈયામાં દુ:ખ થવું તે.
**પશ્ચાનુપૂર્વી :** ઊલટો ક્રમ, નવકારમંત્રનાં પદો ઊલટ રીતે બોલવાં તે.
**પક્ષપ્રતિપક્ષ :** વસ્તુનું કોઈપણ એકબાજુનું સ્થાપન કરવું તે પક્ષ, તેની સામે વિરોધીપક્ષ તે પ્રતિપક્ષ.
**પાંડુક વન :** મેરુપર્વતના શિખર ઉપરનું વન, જે ૧૦૦૦ યોજન લાંબું-પહોળું છે, જેમાં તીર્થંકર ભગવન્તોનો જન્માભિષેક થાય છે.
**પાંશુલપાદ :** ધૂળિયા પગવાળા, અર્થાત્ બાળકો, નાનાં બચ્ચાંઓ.
**પાકેલ કર્મો :** ઉદયમાં આવવાને તૈયાર થયેલા, જેનો ઉદયકાળ પાક્યો છે તે.
**પાખંડી પુરુષો :** માયાવી, કપટી, ઊલટ સૂલટ સમજાવવામાં બળવાળા.
**પાચનક્રિયા :** ખાધેલા આહારને પકાવવાની ક્રિયા.
**પાછળલા ભવો :** વીતી ગયેલા ભવો, અતીત જન્મો, પસાર થયેલા જન્મો.
**પાઠભેદ :** જ્યાં સૂત્રોમાં-શ્લોકોમાં શબ્દોની રચના જુદી હોય તે.
**પાઠશાળા :** જ્યાં ધર્મનું જ્ઞાન ભણાવાતું હોય તેવું સ્થાન.
**પાદપૂર્તિ :** શ્લોક બનાવવામાં, ખૂટતું પદ જોડી આપવું તે.
**પાદવિહારી :** પગે ચાલનાર, વિહાર કરનાર, વાહન વિના ચાલનાર.
**પાપ :** દુ:ખ આપનારું કર્મ, અશુભ, અશુભ કર્મ, હલકું કામ, જીવહિંસા આદિ અઢાર પ્રકારનાં પાપનાં કાર્યો.
**પાપભિરુતા :** પાપ કરવાથી ડરવું, પાપોથી ભયભીત રહેવું.
**પાપાનુબંધી પાપ :** જે કર્મોના ઉદયથી વર્તમાન કાળે દુ:ખી-દરિદ્રી હોય અને હિંસા-જૂઠ આદિ તથા ક્રોધાદિ-રાગાદિ કરીને નવું ભાવપાપ બંધાતું હોય તે, પાપને બાંધે તેવું ઉદિતપાપ.
**પાપાનુબંધી પુણ્ય :** જે કર્મોના ઉદયથી વર્તમાન કાળે સુખ-સૌભાગ્ય હોય પરંતુ હિંસાદિ અને ક્રોધાદિ કરી નવું પાપ બંધાતું હોય તે, પાપોનો બંધ કરાવે તેવું પુણ્ય, અનાર્યદેશના ધનાઢ્ય મનુષ્યોનું.
**પાપિષ્ટાત્મા :** અતિશય પાપવાળો આત્મા, પાપી આત્મા.
**પારભવિક :** પરભવસંબંધી, પરભવનું, ગયા ભવનું, અથવા આવતા ભવનું (જ્ઞાન-સંબંધ-શક્તિ વગેરે).
**પારસમણિ :** એક પ્રકારનું રત્ન; જે લોખંડને અડાડવાથી લોખંડ સોનું થાય તે.
**પારિણામિક ભાવ :** વસ્તુનું સહજસ્વરૂપ, જેમાં કોઈ કારણ ન હોય તે; જેમકે અગ્નિની દાહકતા, પાણીની શીતળતા, જીવોમાં ભવ્યતા-અભવ્યતા, ચંદ્રની આહ્લાદકતા ઇત્યાદિ.
**પારિણામિકી બુદ્ધિ :** ઉંમરને લીધે અનુભવો થવાથી પ્રગટ થયેલી બુદ્ધિ, વૃદ્ધ વડીલોમાં અનુભવથી આવેલી બુદ્ધિ.
**પારિતાપનિકીક્રિયા :** પોતાને અથવા પરને તાડના-તર્જના વડે સંતાપ કરવો તે, નવ તત્ત્વમાં આવતી ૨૫ ક્રિયાઓમાંની ચોથી ક્રિયા.
**પારિભાષિક શબ્દ :** અમુક અર્થમાં રૂઢ થયેલા શબ્દો, જેમકે રુચિને સમ્યક્ત્વ, ગતિ-સ્થિતિમાં સહાયકને ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય આદિ જે કહેવાય તે.
**પારિષદ્યદેવ :** પર્ષદાના દેવો, ઇન્દ્રને વિચારણા માટેની અભ્યંતર આદિ ત્રણ પ્રકારની સભાના દેવો.
**પારિષ્ઠાપનિકા સમિતિ :** મળ, મૂત્ર, થૂંક આદિ શારીરિક મેલો જ્યાં નાખવાના હોય ત્યાંની ભૂમિ બરાબર જોવીસ પુંજવી અને પ્રમાર્જવી.
**પાર્શ્વનાથ પ્રભુ :** વર્તમાન ચોવીસીમાં થયેલા ૨૩મા પ્રભુ.
**પાવાપુરી નગરી :** બિહારમાં આવેલી એક નગરી કે જ્યાં પ્રભુશ્રી મહાવીરસ્વામી (ગુજરાતી) આસો વદી અમાવાસ્યાએ નિર્વાણ પામ્યા છે.
**પિંડપ્રકૃતિ :** કર્મોની જે પ્રકૃતિઓના પેટાભેદ થઈ શકતા હોય તે, જેમકે નામકર્મમાં ગતિ, જાતિ, શરીરનામકર્મ વગેરે.
**પિંડસ્થાવસ્થા :** તીર્થંકરપ્રભુની જન્મથી કેવલજ્ઞાન પામે ત્યાં સુધીની અવસ્થા, તેના ત્રણ ભેદો છે. જન્માવસ્થા, રાજ્યાવસ્થા અને દીક્ષિતાવસ્થા, ભાવનાત્રિકમાં આ સ્વરૂપ છે.
**પિતામહ :** પિતાના પિતા, દાદા.
**પીઢ :** અનુભવી, ઉંમરથી વિશિષ્ટ, પ્રભાવશાળી પુરુષ.
**પીતવર્ણ :** વર્ણના પાંચ ભેદોમાંનો એક વર્ણ. (નામકર્મમાં) પીળો રંગ.
**પુણ્યકર્મ :** જે કર્મ ઉદયમાં આવ્યું છતું આત્માને સાંસારિક સુખ-સગવડતા અને અનુકૂળતા આપે તે.
**પુણ્યાનુબંધી પાપ :** જે પાપકર્મ ઉદયમાં આવ્યું છતું સાંસારિક દુ:ખ-પ્રતિકૂળતા આપે પરંતુ તે વખતે સમભાવ-ક્ષમા-મોહ-વિજય આદિ કરાવવા દ્વારા ભાવપુણ્યનું કારણ બને તે, જેમકે ચંડકોશિક સર્પની પ્રતિબોધ પામ્યા પછીની કીડીઓના ચટકા સહન કરવાવાળી સ્થિતિ.
**પુણ્યાનુબંધી પુણ્ય :** જે પુણ્યકાર્મ ઉદયમાં આવ્યું છતું સાંસારિક સુખ-સગવડ હોવા છતાં પણ તેમાં આસક્તિ ન હોય, નિર્લેપ દશા હોય, ત્યાગી થઈ આત્મકલ્યાણ કરવાની વૃત્તિ તે, જેમકે શાલિભદ્રજી.
**પુત્રવધૂ :** પોતાના પુત્રની સ્ત્રી.

**પુદ્‌ગલ :** જેમાં પુરણ-ગલન થાય, પરમાણુઓ આવે અને જાય, જડ દ્રવ્ય, નિર્જીવ દ્રવ્ય, જેના સ્કંધ-દેશાદિ ચાર ભેદો છે.

**પુદ્‌ગલપરાવર્તન :** અનંતકાળ, આ જગતમાં રહેલી તમામ વર્ગણાઓનાં પુદ્‌ગલોને ઔદારિક શરીરાદિરૂપે ગ્રહણ કરીને મૂકે, તેમાં જેટલો કાળ થાય તે, અથવા સમસ્ત લોકાકાશના પ્રદેશે પ્રદેશે ક્રમશઃ મૃત્યુ પામી સ્પર્શીને પૂરાં કરે તે, અથવા એક કાળચક્રના પ્રતિસમયોમાં ક્રમશઃ મરણ પામીને પૂર્ણ કરે તે, અથવા રસબંધનાં સર્વ અધ્યવસાયસ્થાનોમાં ક્રમશઃ મૃત્યુ વડે સ્પર્શ કરે તે.

**પુદ્‌ગલપ્રક્ષેપ :** દેશાવગાસિક નામનું દશમું વ્રત લીધા પછી જે ભૂમિકામાં જવાનું ન હોય તેવી ભૂમિકામાં ઊભેલા માણસને પોતાની ધારેલી નિયત ભૂમિકામાં બોલાવવા પથ્થર, કાંકરો કે કોઈ અન્ય પુદ્‌ગલ દ્રવ્ય તેના ઉપર નાખી તેને અંદર બોલાવવો તે, દશમાં વ્રતનો એક અતિચાર.

**પુદ્‌ગલાનંદીજીવ :** પુદ્‌ગલના સુખોમાં જ રચ્યોપચ્યો રહેનારો જીવ, સાંસારિક, ભૌતિક સુખોમાં જ આનંદ માનનાર.

**પુદ્‌હલાસ્તિકાય :** વર્ણ-ગંધ-રસ-સ્પર્શવાળું જડરૂપી દ્રવ્યવિશેષ.

**પુનરાવર્તન :** એકની એક વસ્તુ ફરી ફરી કરી જવી તે, કંઠસ્થ કરેલું ફરી ફરી બોલી જવું તે, તેનું જ નામ પુનરાવૃત્તિ પણ છે.

**પુનર્ભવ :** આ જન્મ પછી ભાવિમાં આવનારો જન્મ.

**પુન્નવિકાયવ્વં :** આ સામાયિક (પ્રતિક્રમણાદિ) ધર્મકાર્ય ફરી ફરી, પુનઃ પુનઃ પણ કરવા જેવું છે.

**પુરસ્કાર :** ભેટ, બહુમાનરૂપે આપવામાં આવે તે.

**પુરિમટ્ઠ :** પચ્ચક્ખાણવિશેષ, સૂર્યોદય અને સૂર્યાસ્ત વચ્ચેનો અર્ધો ભાગ ગયા પછી ત્રણ નવકાર ગણી ભોજન લેવું તે.

**પુરુષવેદ :** પુરુષના જીવને સ્ત્રી સાથેના સંભોગસુખની જે ઇચ્છા તે.

**પુરુષાર્થ :** કાર્ય સિદ્ધ કરવા માટે કરાતી મહેનત, ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એમ ૪ પુરુષાર્થ છે; બે સાધ્ય છે અને બે સાધન છે.

**પુષ્કરવરદ્વીપ :** અઢી દ્વીપમાંનો ત્રીજો દ્વીપ, જે ઘંટીના પડની જેમ જંબૂદ્વીપાદિને વીંટાયેલો છે, જેના અર્ધભાગમાં મનુષ્યો છે તે.

**પુષ્કલ :** ઘણું, અતિશય, બહુ.

**પુષ્પદંત :** ફૂલની કળી જેવા દાંત છે જેના તે, સુવિધિનાથ પ્રભુનું આ બીજું નામ છે. (લોગસ્સમાં આવે છે).

**પૂજ્યપાદ :** પૂજનીય છે પગ જેના એવા આચાર્ય.

**પૂર્ણ નિરાવરણ :** સંપૂર્ણપણે ચાલ્યાં ગયાં છે આવરણ જેનાં એવા સર્વજ્ઞ. સર્વથા આવરણ વિનાના પ્રભુ.

**પૂર્ણ સમર્પણભાવ :** પોતાના આત્માને દેવ અથવા ગુરુજીના ચરણે સંપૂર્ણપણે સમર્પિત કરી દેવો તે, અલ્પ પણ પોતાનું ડહાપણ ન કરતાં તેઓની આજ્ઞા અનુસારે જ જીવવું, સંપૂર્ણપણે તેઓએ બતાવેલી દિશાને વફાદારપણે વર્તવું તે.

**પૂર્વ :** પહેલું, પૂર્વ દિશા, અથવા દૃષ્ટિવાદ નામના બારમા અંગમાં રચાયેલાં ૧૪ પૂર્વોમાંનું એક, આ ચૌદ પૂર્વો સૌથી પ્રથમ રચાયાં છે માટે તેને "પૂર્વ" કહેવાય છે. અથવા ચોર્યાસી લાખને ચોર્યાસી લાખે ગુણવાથી જે આવે તેપણ ૧ પૂર્વ કહેવાય છે.

**પૂર્વક્રોડ વર્ષ :** ચોર્યાસી લાખને ચોર્યાસી લાખે ગુણવાથી જે આવે તે ૧ પૂર્વ,

૮૪,૦૦,૦૦૦ ×

૮૪,૦૦,૦૦૦ =

૭૦૫૬,૦૦,૦૦,૦૦૦,૦૦૦ આટલાં વર્ષોનું જે ૧ પૂર્વ થાય તેવાં એક ક્રોડ પૂર્વો, "૭૦૫૬" ઉપર ૧૦×૭ = ૧૭ શૂન્ય.

**પૂર્વધર :** ચૌદ પૂર્વો ભણેલા મહામુનિ, દૃષ્ટિવાદના જાણકાર.

**પૂર્વપૂર્વપરિક્ષેપિ :** આગળ, આગળલા દ્વીપ-સમુદ્રોને વીંટળાઈને રહેલા; જેમકે જંબૂદ્વીપને વીંટળાઈને લવણ, લવણને વીંટળાઈને ઘાતકી.

**પૂર્વપ્રયોગ :** પૂર્વના પ્રયત્નોને લીધે વર્તમાનમાં પ્રયત્ન ન હોય તોપણ કાર્ય થાય; જેમકે પગ લઈ લીધા પછી હિંચોળાનું ચાલવું, હાથ લઈ લીધા પછી પણ ઘંટનું વાગવું, ઘંટીનું ચાલવું, તેમ જીવનું મોક્ષે જવું તે.

**પૂર્વબદ્ધ :** ભૂતકાળમાં બાંધેલાં કર્મો, જે કર્મોનો બંધ થઈ ચૂક્યો છે તે.

**પૂર્વબદ્ધ કર્મોદય :** પૂર્વે ભૂતકાળમાં બાંધેલાં કર્મોનો વર્તમાન કાળમાં ઉદય.

**પૂર્વભવ :** અતીતકાળમાં થઈ ગયેલો ભવ.

**પૂર્વાચાર્યવિરચિત :** પૂર્વે ભૂતકાળમાં થઈ ગયેલા શ્રી ભદ્રબાહુસ્વામી, શ્રી ઉમાસ્વાતિજી, શ્રી સિદ્ધસેનજી, શ્રી જિનભદ્રગણિજી, શ્રી હરિભદ્રસૂરિજી, શ્રી હેમચંદ્રાચાર્યજી આદિ આચાર્યોનાં બનાવેલાં શાસ્ત્રો.

**પૂર્વાનુબંધ :** પૂર્વભવોમાં અથવા પૂર્વ અવસ્થામાં પ્રાપ્ત થયેલી જ્ઞાનાદિ શક્તિઓને-સંસ્કારોને ગાઢ કરવા, સ્થિર કરવા, મજબૂત કરવા.

**પૂર્વાનુભૂતતા :** પૂર્વે અનુભવેલી અવસ્થાવિશેષ.

**પૂર્વાનુવેધ :** ભૂતકાળમાં મેળવેલા સંસ્કારોનું ગાઢપણે પુનઃ મેળવવું.

**પૂર્વાપર પર્યાય :** દ્રવ્યનું આગળ-પાછળ થયેલું અને થવાવાળું જે પરિણમન, જેમકે સોનાનાં કડુ-કુંડળ આદિ પર્યાયો.

**પૂર્વાપરાયતા :** પૂર્વ-પશ્ચિમ દિશામાં લાંબા, જંબૂદ્વીપમાં છએ વર્ષધરો અને વચ્ચેનાં ક્ષેત્રો પૂર્વ-પશ્ચિમ લાંબાં છે.

**પૂર્વોત્તર પર્યાય :** દ્રવ્યના આગળ-પાછળ થયેલા અને થવાવાળા પર્યાય.

**પૃચ્છના :** ગુરુજી પાસે વાચના લીધા પછી તેમાં જે શંકા થાય તે વિનયભાવે પૂછવી, સ્વાધ્યાયના ૫ ભેદોમાંનો બીજો ભેદ.

**પૃથ્થકરણ :** વસ્તુને છૂટી પાડવી, અલગ કરવી, જુદી જુદી કરવી. વ્યવહારનય પૃથ્થકરણ સ્વીકારે છે. જેમ જીવોના બે ભેદ. ત્રસ, સ્થાવર, સ્થાવરના પાંચ ભેદ પૃથ્વીકાય વગેરે.

**પૃથક્ત્વ :** જુદાપણું, ભિન્નપણું, અથવા કોઈ પણ વસ્તુમાં ૨ થી ૯ ની સંખ્યા, જેમ કે ગાઉ-પૃથક્ત્વ એટલે ૨ થી ૯ ગાઉ, યોજનપૃથક્ત્વ એટલે બે થી ૯ યોજન વગેરે.

**પૃથ્વીકાય :** માટીરૂપે કાયા છે જેની તેવા જીવો, અથવા માટીના જીવો માટી-પથ્થર-કાંકરા-રેતી. ધાતુઓ વગેરે કર્કશ સ્પર્શવાળા.

**પેટા ભેદ :** ઉત્તરભેદો, મૂલભેદમાં પણ વિભાગો, જેમ જ્ઞાનાવરણીય કર્મના ૫ ભેદો.

**પેય :** પીવા લાયક, હિતકારી, ફાયદાકારી પીણું.

**પૈશુન્ય :** ચાડી ખાવી, ચાડીચૂગલી કરવી, ચૌદમું પાપસ્થાનક.

**પોતજ જન્મ :** સ્પષ્ટ, ચોખ્ખાં, ઓરમાં (મલિનપદાર્થમાં) વીંટાયા વિના બચ્ચાંનો જન્મ થાય તે, જેમ હાથી, સસલું વગેરે, ગર્ભજ જન્મના ત્રણ ભેદમાંનો ત્રીજો ભેદ. (તત્ત્વાર્થસૂત્ર ૨-૩૪).

**પોરિસિપચ્ચક્ખાણ :** પુરુષના શરીરપ્રમાણે સૂર્યની છાયા પડે ત્યારે નવકાર ગણીને જે પળાય તે, પ્રાયઃ સૂર્યોદય પછી ૩॥ કલાક બાદ.

**પોષદશમી :** ગુજરાતી માગસર વદ દશમ, (મારવાડી તિથિઓ ગુજરાતી તિથિ કરતાં કૃષ્ણપક્ષમાં એક મહિનો આગળ હોય છે. તેથી મારવાડી પંચાંગને આશ્રયી પોષ વદ-દશમ).

**પૌત્ર :** પુત્રનો પુત્ર.

**પૌદ્‌ગલિક સુખ :** પાંચ ઈન્દ્રિયોના વિષયનું સાંસારિક ભોગસુખ.

**પૌરાણિક :** જૂનું, પ્રાચીન, અથવા પુરાણ-વેદોને પ્રમાણ માનનાર.

**પૌષધવ્રત :** ધર્મની પુષ્ટિ કરે તે પૌષધ, ચોવીસ કલાલ સાંસારિક સંબંધ છોડી, સાવદ્યયોગના ત્યાગવાળું, સાધુ જેવું જીવન, શ્રાવકનાં બાર વ્રતોમાંનું ૧ વ્રત, ચાર શિક્ષા વ્રતોમાંનું ૧ વ્રત.

**પૌષધોપવાસ :** ઉપવાસપૂર્વક કરાયેલો પૂર્વોક્ત પૌષધ.

**પ્રકૃતિબંધ :** પ્રતિસમયે બંધાતાં કર્મોમાં જુદા જુદા સ્વભાવો નક્કી કરવા તે, જ્ઞાનાવરકત્વ આદિનો બંધ કરવો તે.

**પ્રચલા :** ઊભા ઊભા, અને બેઠાં બેઠાં ઊંઘ આવે તે, વ્યાખ્યાનમાં, ધાર્મિકાદિ વર્ગોમાં, પ્રતિક્રમણાદિમાં જે ઊંઘ આવે તે.

**પ્રચલાપ્રચલા :** ચાલતાં ચાલતાં જે ઊંઘ આવે તે.

**પ્રજનનેન્દ્રિય :** પુરુષચિહ્ન, ગર્ભજ જીવને ઉત્પન્ન કરનાર ઇન્દ્રિય.

**પ્રજનનશક્તિ :** પદાર્થ ઉત્પન્ન કરવાની શક્તિ, વીર્યમાં, બીજમાં જે ઉત્પાદક શક્તિ છે તે.

**પ્રણિપાત :** નમસ્કાર, પ્રણામ કરવો તે, પગે પડવું તે.

**પ્રણીત તત્ત્વ :** કહેલ તત્ત્વ, ગીતાર્થો વડે કહેવાયેલ-રચાયેલ તત્ત્વ.

**પ્રતર :** નારકી અને દેવોને રહેવા માટેના આવાસોના મજલા. (માળ).

**પ્રતરલોક :** સાત રાજ લંબાઈ અને પહોળાઈવાળો લોક.

**પ્રતિક્રમણ :** કરેલાં પાપોની આલોચના કરવી, મિચ્છામિ દુક્કડં માગવું.

**પ્રતિક્રમણાવશ્યક :** સવાર સાંજે નિયત કરવા લાયક, તથા પંદર દિવસે, ચાર મહિને અને બાર મહિને વિશેષપણે કરવા લાયક.

**પ્રતિદિન :** દરરોજ, રોજેરોજ, હંમેશાં, સદા.

**પ્રતિપક્ષી :** સામો પક્ષ, વિરોધ પક્ષ, આપણાથી વિરુદ્ધ માન્યતાવાળો પક્ષ.

**પ્રતિબંધક :** કાર્યને રોકનાર, કાર્ય ન થવા દેનાર, કાર્યનાં ઉત્પાદક કારણો હાજર હોવા છતાં કાર્ય ન થવા દે તે, જેમકે બીજાએ વાવ્યું હોય, ખાતર-પાણી આપ્યાં હોય, છતાં ખારો પડે તો અનાજ પાકે નહીં તેથી ખારો અથવા ઉખર ભૂમિ એ પ્રતિબંધક કહેવાય છે.

**પ્રતિભાસંપન્ન :** તેજસ્વી માણસ, ઓજસ્વી, જે સત્ય રજૂ કરી શકે, કોઈનાથી ખોટી રીતે ડરે નહીં, વિરોધીઓ પણ દબાઈ જાય તે.

**પ્રતિભેદી :** પ્રતિભેદ કરનાર, જેનો પડઘો પડે તે, ઉત્તરભેદવાળી વસ્તુ.

**પ્રતિમા :** પ્રભુજીની મૂર્તિ, જેમાં પ્રભુપણું આરોપાયું હોય તે, અથવા શ્રાવક તથા સાધુની ઊંચા ગુણઠાણે ચડવા માટેની પડિમાઓ.

**પ્રતિરૂપક :** ભેળસેળ કરવી, સારો માલ દેખાડી ખોટો માલ આપવો તે.

**પ્રતિવાસુદેવ :** જે ત્રણ ખંડનો અધિપતિ (સ્વામી) હોય, વાસુદેવનો વિરોધી હોય, વાસુદેવના હાથે જ મરે તે, જેમ કે રાવણ.

**પ્રતિશ્રવણાનુમતિ :** પોતાના નિમિત્તે કરાયેલા આરંભ-સમારંભથી બનાવેલ આહારાદિ વાપરે નહીં, પરંતુ પૌષધાદિ પ્રતિમામાં હોતે છતે ઘર-સંસારની સુખદુઃખની વાતો કરે અને સાંભળે.

**પ્રતિષ્ઠામહોત્સવ :** પ્રભુજીની મૂર્તિમાં પ્રભુત્વનું અંજન આંજ્યા

પછી અર્થાત્ (અંજનશલાકા કર્યા પછી) મંદિરમાં પ્રભુજીની સ્થાપના કરવી તે, પ્રતિષ્ઠા અને તેના નિમિત્તે કરાયેલ મહોત્સવ.

**પ્રતિસમય :** દર સમયે, સમયે સમયે, હરપળે, એકેક સમયમાં.

**પ્રતિસેવના :** લીધેલા નિયમમાં અપવાદ સેવવો, છૂટછાટ ભોગવવી તે, અપવાદ રસ્તે ચાલવું તે. (તત્ત્વાર્થસૂત્ર ૯-૪૯).

**પ્રતિસેવનાનુમતિ :** સંસાર છોડી પૌષધ કર્યો હોય, સાવદ્ય યોગનો ત્યાગ કર્યો હોય, છતાં પોતાના નિમિત્તે થયેલા આહારાદિનું સેવન કરે, એકાસણું આદિ કરવા ઘરે જાય તે.

**પ્રતિસ્પર્ધી :** હરીફ, વિરોધી, સ્પર્ધા કરનાર, ચડસાચડસી રાખનાર.

**પ્રતિજ્ઞા :** કોઈપણ પ્રકારનો નિયમ, વ્રત, મનની સ્થિરતા.

**પ્રતિજ્ઞાભંગ :** કરેલી પ્રતિજ્ઞા ભાંગવી, લીધેલી પ્રતિજ્ઞાથી ચલિત થવું તે, ન્યાયશાસ્ત્રમાં આવતું એક પ્રકારનું નિગ્રહ -સ્થાન.

**પ્રતિજ્ઞાહાનિ :** કરેલી પ્રતિજ્ઞા ભાંગવી, લીધેલી પ્રતિજ્ઞાથી ચલિત થવું તે, ન્યાયશાસ્ત્રમાં આવતું એક પ્રકારનું નિગ્રહ-સ્થાન.

**પ્રતિક્ષેપ :** સામો આક્ષેપ કરવો, સામું નાખવું, ખંડન કરવું.

**પ્રતીક :** નિશાની, ચિહ્ન, લિંગ, વસ્તુને ઓળખવાની નિશાની.

**પ્રતીત :** પ્રસિદ્ધ, જાણીતું, જાહેર થયેલ.

**પ્રત્યનિક :** શત્રુ, દુશ્મન, સામો બહાદુર પુરુષ, જ્ઞાનીને ન ગમે તેવું આચરણ કરનાર. (પ્રથમ કર્મગ્રંથ ગાથા-૫૪).

**પ્રત્યક્ષ :** સાક્ષાત્, બીજાની સહાય વિનાનું.

**પ્રત્યક્ષપ્રમાણ :** ઈન્દ્રિય, મન, પ્રકાશ આદિ અન્યની સહાય વિનાનું આત્માને સાક્ષાત્ થનારું જે જ્ઞાન તે (અવધિ આદિ).

**પ્રત્યાહાર :** યોગનાં આઠ અંગોમાંનું એક અંગ, ઈન્દ્રિયોનો અસંયમ રોકવો.

**પ્રત્યુપકાર :** આપણા ઉપર કોઈએ ઉપકાર કર્યો હોય, તેની સામે તેના બદલામાં કંઈ પણ સામો ઉપકાર કરવો તે.

**પ્રત્યેક પ્રકૃતિ :** એકેક પ્રકૃતિ, જેમાં બે, ત્રણ, ચાર પેટાભેદો નથી તે. જેમકે પરાઘાત, ઉશ્વાસ, આતપ વગેરે.

**પ્રથમ જિનેશ્વર :** ઋષભદેવ પ્રભુ, આ અવસર્પિણીમાં પહેલા પ્રભુ.

**પ્રદેશ :** દ્રવ્યની સાથે જોડાયેલો નિર્વિભાજ્ય ભાગ તે.

**પ્રદેશબંધ :** પ્રતિસમયે મન, વચન, કાયાના યોગને અનુસારે દલિકોનું બંધાવું.

**પ્રદેશોદય :** તીવ્ર કર્મોને હળવા રસવાળાં કરી સજાતીય એવી પર પ્રકૃતિમાં સંક્રમાવીને પરરૂપે ભોગવવાં તે.

**પ્રદ્વેષ :** અતિશય દાઝ, અંતરની ઈર્ષ્યા, અદેખાઈ, વેરઝેર.

**પ્રધાનતા :** મુખ્યતા, બે નયોમાંથી કોઈ એકને મુખ્ય કરવો તે.

**પ્રપા :** પરબ, પાણી પીવા માટેનું સ્થાન.

**પ્રભાતકાલ :** સવારનો સમય, સામાન્યથી ચિત્તની પ્રસન્નતાવાળો સમય.

**પ્રભાવક :** પ્રભાવ વધારનાર, જૈન શાસનની શોભા વધારનારા, સમ્યક્ત્વની સડસઠ બોલની સજ્ઝાયમાં આવતા આઠ પ્રભાવક.

**પ્રમત્તસંયત :** સર્વવિરતિ સંયમ આવવા છતાં જીવન પ્રમાદવશ હોય તે, છઠ્ઠું ગુણસ્થાનક, પ્રમાદયુક્ત સંયમ.

**પ્રમાણ :** પુરાવો, સાક્ષી, યુક્તિ, દલીલ, સાધ્યને સાધનાર હેતુ.

**પ્રમાણનયતત્ત્વાલોક :** શ્રી વાદિદેવસૂરિજીનો બનાવેલ મહાન્યાય ગ્રંથ કે જેમાં પ્રત્યક્ષાદિ પ્રમાણો અને સાત નયો તથા પ્રમાતાદિનું વર્ણન છે.

**પ્રમાણસર :** યુક્તપૂર્વકની વાત, સંગત થતી (યુક્તપૂર્વકની) વાત.

**પ્રમાણિકતા :** સજ્જનતા, નીતિમત્તાવાળું બોલવું-વર્તવું જેનામાં છે તે.

**પ્રમાદ :** મોહને આધીન થવું તે, કર્મબંધનો એક હેતુ.

**પ્રમોદ :** હર્ષ, આનંદ, પ્રસન્નતા.

**પ્રમોદભાવના :** આપણાથી જે જે જીવો ગુણાધિક છે. અધિક વિકસિતાવસ્થાવાળા છે તેઓને જોઈને પ્રસન્ન થવું, હર્ષિત થવું.

**પ્રલયકાળ :** વિનાશકાળ, પાંચમા આરાના છેડે અને છઠ્ઠા આરાના પ્રારંભે આવનારો વિનાશકાળ.

**પ્રવચન :** પ્રકૃષ્ટ વચન, સર્વોત્તમ વચન, વીતરાગ પ્રભુનું વચન, જૈનશાસન, દ્વાદશાંગી.

**પ્રવચનમાતા :** પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ એ આઠ પ્રવચન માતા કહેવાય છે કારણ કે તેનાથી આત્મધર્મરૂપ પુત્રનો જન્મ થાય છે.

**પ્રવૃત્ત :** પ્રવૃત્તિ કરનાર, પ્રવર્તેલ, જોડાયેલ, જેમ કે "कायप्रवृत्ता आ एशानात्" ઈશાન દેવલોક સુધીના દેવો કાયાથી ભોગમાં પ્રવર્તેલા છે. (તત્ત્વાર્થસૂત્ર ૪-૮).

**પ્રશંસા :** પ્રશંસનીય, વખાણવા યોગ્ય, શુભ.

**પ્રશસ્તકષાય :** જો કે કષાયો સંસારવર્ધક હોવાથી નિશ્ચયથી અપ્રશસ્ત જ છે તથાપિ જ્યારે ગુણોની રક્ષા કે ગુણોની વૃદ્ધિ પૂરતો તેનો આશ્રય કરાયો હોય તો તે વ્યવહારથી (ઉપચારથી) પ્રશસ્ત છે.

**પ્રશસ્તતર :** વધારેમાં વધારે પ્રશંસનીય, અતિશય વખાણવા યોગ્ય.

**પ્રશસ્તપરિણામ :** મોહનો ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષય કરે એવો આત્માનો જ્ઞાનાદિ ગુણવાળો ઉપયોગપૂર્વકનો વિચારવિશેષ.

**પ્રજ્ઞાપનીય :** સમજાવવા યોગ્ય, ગુરુજી સમજાવે તે પ્રમાણે સમજવાની જેની મનોવૃત્તિ છે તે, સરળસ્વભાવી, યોગ્યતાવાળો જીવ.

**પ્રજ્ઞાપરિષહ :** પ્રજ્ઞા એટલે બુદ્ધિ, અતિશય ઘણી બુદ્ધિ હોવા છતાં પણ તેનો ગર્વ ન કરે, નિરભિમાની થઈ પોતાને અલ્પજ્ઞ જાણે તે.

**પ્રાણનાશક :** શરીરસંબંધી દ્રવ્યપ્રાણોનો વિનાશ કરનાર, વિષ, અગ્નિ વગેરે, આત્માના જ્ઞાનાદિ ભાવપ્રાણોનો વિનાશ કરનાર રાગદ્વેષાદિ.

**પ્રાણવલ્લભ :** પ્રાણ જેવી વહાલી વસ્તુ, (પતિ અથવા પત્ની).

**પ્રાણવાયુ :** શ્વાસોચ્છ્વાસરૂપ શરીરમાં લેવાતો અને મુકાતો વાયુ.

**પ્રાણસંકટ :** એવી આફત આવી પડે કે જ્યાં પ્રાણો સંકટમાં મુકાયા હોય.

**પ્રાણાતિપાત :** પર પ્રાણીના પ્રાણો હણવા, જીવઘાત કરવો, બીજાને મારી નાખવા, અઢાર પાપસ્થાનકમાંનું પહેલું.

**પ્રાણાતિપાતિકી ક્રિયા :** અન્ય જીવોની જેમાં હિંસા થાય તેવી આરંભસમારંભવાળી ક્રિયા, ૨૫ ક્રિયામાંની પાંચમી ક્રિયા.

**પ્રાણાયામ :** યોગનાં આઠ અંગોમાંનું ચોથું અંગ, દીપ્રા દૃષ્ટિમાં આવતું યોગનું વિશિષ્ટ એક અંગ.

**પ્રાતઃસ્મરણીય :** સવારે યાદ કરવા લાયક, પ્રભાતે સ્મૃતિ યોગ્ય.

**પ્રાથમિક ભૂમિકા :** શરૂઆતની અવસ્થા, બાળજીવો, જેનો હજુ વધારે વિકાસ થયો નથી તેવા જીવો.

**પ્રાત્પાપ્રાપ્તવિભાષા :** સંસ્કૃતભાષામાં જે નિયમ અમુક શબ્દોમાં નક્કી લાગુ પડતો હોય અને અમુક શબ્દોમાં બિલકુલ લાગુ ન પડતો હોય, તેવા સર્વ શબ્દોમાં તે નિયમ વિકલ્પે લાગુ પાડવો તે.

**પ્રાપ્ય :** મેળવવા યોગ્ય, તેને જ પ્રાપ્તવ્ય પણ કહેવાય છે.

**પ્રાપ્યકારી :** જે ઇન્દ્રિયો પોતાના વિષયની સાથે સંયોગ પામીને જ જ્ઞાન કરાવે તે, જેમ કે જિહ્વાદિ.

**પ્રાબલ્ય :** જોર, જુસ્સો, કર્મપ્રાબલ્ય એટલે કર્મોનું જોર.

**પ્રાયશ્ચિત :** કરેલી ભૂલોની આલોચના કરવાપૂર્વક ગુરુજીએ આપેલો દંડ સ્વીકારવો તે.

**પ્રારબ્ધ :** નસીબ, ભાગ્ય, કર્મ, (લૌકિક ભાષામાં ઈશ્વર).

**પ્રેષ્યગણ :** આપણે જેનું પોષણ કરવાનું છે એવા નોકર-ચાકરોનો સમૂહ, પાલવા યોગ્યનો સમુદાય.

**પ્રેષ્યપ્રયોગ :** દશમા વ્રતમાં નિયમિત ભૂમિકામાંથી નોકરો દ્વારા કોઈપણ વસ્તુ બહાર મોકલાવવી.

**પ્રૌઢ સ્ત્રી-પુરુષ :** પુખ્ત વયનાં, વિશિષ્ટ ઉંમરવાળાં સ્ત્રી-પુરુષ.

## ફ

**ફણીધર :** નાગ, સર્પ.

**ફલનિષ્પાદક :** ફળ ઉત્પન્ન કરનાર, અવશ્ય ફળ આપનાર.

**ફલોપધાયક :** જે બીજમાંથી અવશ્ય ફળ આવે જ એવું બીજ.

**ફલોપધાયકતા :** ફળ આપવાની બીજમાં રહેલી અવન્ધ્યશક્તિ.

## બ

**બગધ્યાન :** બગલાના જેવું ધ્યાન, જેમ બગલો માછલી પકડવા માટે સ્થિર થઈ જાય, તેમ સાંસારિક સુખ માટેની સ્થિરતા.

**બડાઈ હાંકવી :** મોટાઈ બતાવવી, પોતે પોતાની મોટાઈ ગાવી.

**બદ્ધાયુ :** પરભવનું આયુષ્ય જે જીવે બાંધી લીધું છે તે.

**બન્ધ :** આત્મા સાથે કર્મનું બંધાવું.

**બન્ધચ્છેદ :** કર્મના બંધનું અટકી જવું. જેમ ચૌદમું ગુણસ્થાનક.

**બન્ધન :** અટકાયત, પ્રતિબંધ કરનાર, રોકનાર.

**બન્ધવિચ્છેદ :** તે તે ગુણઠાણે તે તે કર્મના બંધનું અટકી જવું, જેમ કે મિથ્યાત્વ મોહનો પહેલે, અનંતાનુબંધીનો બીજે બંધ વિચ્છેદ.

**બન્ધસ્થાનક :** એકજીવ એકીસાથે જ્ઞાનાવરણીયાદિ એકેક કર્મની કેટલી કેટલી પ્રકૃતિઓ બાંધે તે.

**બન્ધસ્વામિત્વ :** ત્રીજા કર્મગ્રંથનું નામ, નરકગતિ આદિ ૬૨ માર્ગણાઓમાં કઈ કઈ માર્ગણામાં વર્તતો જીવ કેટલાં કેટલાં કર્મ બાંધે ?

**બહુધા :** ઘણું કરીને, પ્રાયઃ, બહુ પ્રકારે, અનેક રીતે.

**બહુપરિશ્રમિત :** ઘણું જ થાકેલું, અતિશય પરિશ્રમવાળું થયેલું.

**બહ્વારંભત્વ :** ઘણા આરંભ સમારંભ જેના જીવનમાં છે તે.

**બાદર :** એક જીવનું શરીર, અથવા અનેક જીવોનાં અનેક શરીરો ભેગાં થયાં છતાં જે ચક્ષુથી દેખી શકાય તે, એવી રીતે ચક્ષુથી દેખી શકાય તેવા પુદ્‌ગલસ્કંધો.

**બાદરપર્યાપ્તા :** જે જીવોનાં શરીરો ચક્ષુર્ગોચર છે અને પોતાના ભવને યોગ્ય - ૪/૫/૬ પર્યાપ્તિઓ જેમે પૂરી કરી છે અથવા પૂરી કરવા સમર્થ છે તે.

**બાદરૅકેન્દ્રિય :** સ્પર્શના એક જ ઇન્દ્રિય જેને મળી છે. તેવા સ્થાવર જીવોમાં જે ચક્ષુથી ગોચર થાય તેવા શરીરવાળા.

**બાધક તત્ત્વ :** કોઈપણ કાર્ય કરવામાં મુશ્કેલી સરજનાર, કામ ન થવા દેનાર તત્ત્વ, વિઘ્ન ઊભું કરનાર તત્ત્વ.

**બાર પર્ષદા :** ભગવાનના સમવસરણ વખતે નીચે મુજબ ૧૨ જાતના જીવોનો સમૂહ વ્યાખ્યાન સાંભળનાર હોય છે. (૧) ભવનપતિ, (૨) વ્યંતર, (૩) જ્યોતિષિક, (૪) વૈમાનિક દેવો, (૫ થી ૮) આ ચારે દેવોની દેવીઓ, (૯) સાધુ, (૧૦) સાધ્વી, (૧૧) શ્રાવક, (૧૨) શ્રાવિકા.

**બાલતપ :** અજ્ઞાનતાથી વિવેક વિના કરાતો તપ, જેમ કે પંચાગ્નિતપ, અગ્નિપ્રવેશ, જલપ્રવેશ, પર્વત ઉપરથી પડતું મૂકવું વગેરે.

**બાહ્ય તપ :** ઉપવાસ કરવો, ઓછું ભોજન કરવું વગેરે છ પ્રકારનો તપ, જે તપ શરીરને તપાવે, બહારના લોકો જોઈ શકે તે.

**બાહ્ય નિમિત્ત :** સમ્યક્ત્વાદિ ગુણો પામવામાં સહાયક થનાર બહારનાં કારણો, જેમ કે મૂર્તિ, ગુરુજી, સમજાવનાર, કે વડીલો વગેરે.

**બાહ્ય નિવૃત્તિ ઇન્દ્રિય :** બહાર દેખાતી અને અંદરની ઇન્દ્રિયની માત્ર રક્ષા કરનારી, એવી પુદ્ગલના આકારવાળી જે ઇન્દ્રિય તે.

**બાહ્યભાવ નિવૃત્તિ :** પુદ્ગલના સુખ-દુઃખ સંબંધી વિચારોનો, શરીર, પરિવાર, ધનાદિ સંબંધી વિચારોનો, અને ક્રોધ-માનાદિ સંબંધી વિચારોનો તથા રાગ-દ્વેષાદિ ભાવોના વિચારોનો ત્યાગ કરવો તે.

**બાહ્યાપેક્ષિત :** બહારના કારણની અપેક્ષા રાખનારું, જેમ કે જ્ઞાનપ્રાપ્તિરૂપ કાર્ય ગુરુજી અને પુસ્તકાદિ બાહ્ય પદાર્થોને પણ આધીન છે.

**બિનજરૂરી પાપ :** જેની જરૂરિયાત નથી એવું પાપ, જેમ કે નાટક-સિનેમા જોવાં.

**બિનપ્રમાણતા :** જે અંગોની ઊંચાઈ-જાડાઈ-લંબાઈ જે માપની હોવી જોઈએ તે માપની ન હોવી. તેનાથી ઓછી-વધતી હોવી તે. અથવા જે વાતમાં તથ્ય ન હોય તે.

**બિનપ્રમાણસર :** જે વાત રજૂ કરવામાં કોઈ સમર્થ યુક્તિ ન હોય, સાચી દલીલ ન હોય તેવી પાયા વિનાની વાત.

**બીજભૂત :** અંશે અંશે મૂલકારણ સ્વરૂપ, બાલ્યાવસ્થામાં પડેલા ધર્મના સંસ્કારો તે ભાવિમાં આવનારા વધુ ધર્મસંસ્કારોનું બીજ છે.

**બુજ્ઝ બુજ્ઝ :** હે ચંડકૌશિક ? તું પ્રતિબોધ પામ, પ્રતિબોધ પામ.

**બુદ્ધબોધિત :** જે જ્ઞાની મહાત્માઓ પ્રતિબોધ પામેલા છે. તેઓની પાસે ઉપદેશ સાંભળવાથી જે પ્રતિબોધ પામે તે.

**બુદ્ધભગવાન્ :** બૌદ્ધદર્શનની સ્થાપના કરનાર ગૌતમબુદ્ધ ઋષિ.

**બુદ્ધિચાતુર્ય :** બુદ્ધિની ચતુરાઈ, બુદ્ધિની હોશિયારી, ચાલાકી.

**બુદ્ધિબળ :** બુદ્ધિનું બળ, તીક્ષ્ણ બુદ્ધિરૂપ જે બળ, તેનાથી.

**બેઇન્દ્રિય :** જેના શરીરમાં સ્પર્શના અને રસના એમ બે ઇન્દ્રિયો છે તે, શંખ-કોડાં-અળસિયાં વગેરે.

**બે ઘડી કાલ :** ૪૮ મિનિટનો સમય, ૨૪ મિનિટની ૧ ઘડી.

**બોધિબીજ :** સમ્યક્ત્વરૂપી મોક્ષનું અવન્ધ્યકારણ, અવશ્યફળ આપે જ તેવું જે કારણ તે.

**બોધિસત્ત્વ :** બૌદ્ધદર્શનમાં "સમ્યદૃષ્ટિ જીવ" માટે પ્રસિદ્ધ પારિભાષિક આ શબ્દ છે. મોક્ષનું સાચું કારણ જે તત્ત્વબોધ અને તેની રુચિ જે આત્માને પ્રાપ્ત થઈ છે તે જીવ.

**બૌદ્ધધર્મ :** બુદ્ધ ભગવાને (ગૌતમ બુદ્ધ ઋષિએ) બતાવેલો જે ધર્મ, સર્વ વસ્તુઓ ક્ષણિક છે ઈત્યાદિ.

**બૌદ્ધિકતત્ત્વ :** બુદ્ધિસંબંધી તત્ત્વ, બુદ્ધિગ્રાહ્ય જે ભાવ તે.

**બ્રહ્મચર્ય :** સંસારના ભોગોનો ત્યાગ, આત્મસ્વભાવમાં વર્તન, જ્ઞાનાદિ ગુણોમાં જ લીન થવું તે.

**બ્રહ્મલોક :** વૈમાનિક દેવોમાં પાંચમો દેવલોક.

**બ્રહ્મહત્યા :** બ્રાહ્મણની હિંસા કરવી, બ્રાહ્મણોને દુઃખ આપવું તે.

## ભ

**ભક્તપાનવિચ્છેદ :** આશ્રિત જીવોને સમયસર ભોજન તથા પાણી ન આપ્યું હોય, તેનો વિયોગ કર્યો હોય.

**ભક્તિભાવ :** પ્રભુ પ્રત્યેની ભક્તિ કરવાનો હૃદયમાં રહેલો ભાવ.

**ભક્તિમાર્ગ :** કર્મોનો ક્ષય કરવાના ત્રણ માર્ગો છે. પ્રાથમિક જીવો માટે પ્રભુની ભક્તિ એ જ માર્ગ, (મધ્યમ જીવો માટે ક્રિયામાર્ગ અને ઉત્તમ જીવો માટે જ્ઞાનમાર્ગ).

**ભક્તિયોગ :** પ્રભુની ભક્તિ કરવી એ પણ આત્માને મોક્ષની સાથે જોડનાર હોવાથી પ્રાથમિક કક્ષાએ યોગ કહેવાય છે.

**ભગવાન્ :** ભાગ્યવાન, વીતરાગ અને સર્વજ્ઞ એવા પરમાત્મા.

**ભજના જાણવી :** વિકલ્પે, થાય અથવા ન પણ થાય, હોય અથવા ન પણ હોય, એમ બન્ને પાસાં જ્યાં હોય તે ભજના.

**ભટ્ટારક :** દિગંબર સંપ્રદાયને માન્ય નગ્ન સાધુઅવસ્થા સ્વીકારતાં પૂર્વે ક્ષુલ્લકાવસ્થા અને તેની પૂર્વેની અવસ્થાવિશેષ કે જેઓ લાલવસ્ત્રધારી હોય છે.

**ભદ્ર શાલવન :** મેરુપર્વતની તળેટીમાં આવેલું એક સુંદર વન.
**ભદ્ર સમાજ :** સંસ્કારી માણસો, સારા વિચાર અને આચરવાળો સમાજ.
**ભયભીત :** ભયોથી ડરેલો, ભયોથી આકુલ વ્યાકુલ આત્મા.
**ભયાન્વિત :** ભયથી યુક્ત, ભયોથી ભરેલો.
**ભરત મહારાજા :** શ્રી ઋષભદેવ પ્રભુના પુત્ર, પ્રથમ ચક્રવર્તી.
**ભરતક્ષેત્ર :** જંબૂદ્વીપમાં દક્ષિણ ભાગમાં આવેલું બીજના ચંદ્રમાના આકારે ૫૨૬, ૬/૧૯ યોજન ઉત્તર-દક્ષિણ લાંબું એક ક્ષેત્ર. પૂર્વ-પશ્ચિમ અનિયત લાંબું, તે જ રીતે ધાતકીખંડ અને પુષ્કરદ્વીપમાં પણ ૨+૨ ભરતક્ષેત્રો છે.
**ભવચક્ર :** સંસારરૂપી ચક્ર, જન્મ જન્મમાં ફરવા-ભટકવાપણું.
**ભવધારણીય શરીર :** જન્મથી મળેલું જે પ્રથમ શરીર તે, જેમ દેવ-નારકીને જન્મથી જે વૈક્રિય મળે તે ભવધારણીય, પછી નવું બનાવે તે ઉત્તરવૈક્રિય શરીર કહેવાય છે.
**ભવનપતિદેવ :** ચાર નિકાયના દેવોમાંની પ્રથમ નિકાય, જેના અસુરકુમાર આદિ ૧૦ ભેદો છે.
**ભવનિર્વેદ :** સંસાર ઉપરથી કંટાળો, સંસારસુખની બિનરસિકતા.
**ભવપરિપાક :** ભવોનું પાકી જવું, મોક્ષ માટેની યોગ્યતા પાકવી.
**ભવપ્રત્યયિક :** ભવ છે નિમિત્ત જેમાં એવું, જેમ પક્ષીને ઊડવાની શક્તિ, માછલાંને તરવાની શક્તિ ભવથી જ મળે છે તેમ દેવ, નારકીને અવધિજ્ઞાન અને વૈક્રિય શરીર ભવથી જ મળે છે.
**ભવભીરુ આત્મા :** સંસારના (સુખ-દુઃખમય) ભાવોથી ડરનારો આત્મા.
**ભવવૈરાગ્ય :** સંસારમાંથી રાગ નીકળી જવો, રાગની હાનિ.
**ભવાભિનંદી :** સંસારના ભૌતિક સુખમાં જ ઘણો આનંદ માનનાર.
**ભવિતવ્યતા :** નિયતિ, ભાવિમાં નિશ્ચિત થનારું, દ્રવ્યના કેવલજ્ઞાનીની દૃષ્ટિએ થનારા પર્યાયો.
**ભવ્યાતિભવ્ય :** સુંદરમાં ઘણું સુંદર, અતિશય સુંદર.
**ભસ્મછન્નાગ્નિ :** રાખથી ઢંકાયેલો અગ્નિ, (તેના જેવો ઉપશમ ભાવ છે).
**ભક્ષણક્રિયા :** પચાવી પાડવાની ક્રિયા, ભક્ષણ કરવાની ક્રિયા.
**ભાગ્ય :** નસીબ, કર્મ, પૂર્વબદ્ધ (જૈનેતર દૃષ્ટિએ ઈશ્વર).
**ભાગ્યવાન્ :** નસીબવાળો, પુણ્યકર્મવાળો, શુભકર્મવાળો આત્મા.
**ભાગ્યોદય :** પૂર્વે બાંધેલા પુણ્યનો ઉદય, આનું જ નામ ભાગ્યદશા પણ કહેવાય છે.
**ભાટકકર્મ :** ગાડી, ગાડાં, રથ વગેરે વાહનો ભાડે આપવાં, ભાડાથી ચલાવવાં, પંદર કર્માદાનમાંનું એક કર્માદાન.
**ભાટચારણ :** પ્રશંસા કરનારા, ગુણાવલિ ગાનારા, વધુ પડતાં વિશેષણો વાપરી સારું સારું જે બોલનારા.
**ભાણ :** સૂર્ય, રવિ, તેજપુંજ.
**ભયમંડળ :** પ્રભુજીની મુખમુદ્રાની પાછળ રખાતું એક તેજના સમૂહાત્મસ ચક્ર, જે પ્રભુજીના મુખના તેજને આકર્ષી લે છે.
**ભારતી :** સરસ્વતી, વાણી, વાણીની દેવી, પ્રવચન.
**ભારારોપણ :** બીજા જીવ ઉપર ભારનું આરોપણ કરવું, ભાર નાખવો.
**ભાવ :** હૈયાના પરિણામ, અંદરના વિચારો તથા કર્મના ઉપશમ ક્ષયોપશમ-ક્ષય-ઉદય આદિથી આવેલું સ્વરૂપ તથા વસ્તુનું સહજસ્વરૂપ (જેને પારિણામિકભાવ કહેવાય છે).
**ભાવનિક્ષેપ :** વસ્તુની વાસ્તવિક યથાર્થ પરિસ્થિતિ, જેમ કે તીર્થંકર ભગવાનની કેવલી અવસ્થા હોય ત્યારે તેઓને તીર્થંકર કહેવા તે.
**ભાવપાપ :** ચાર ઘાતીકર્મોનો ઉદય, વિશેષે મોહનીય કર્મનો ઉદય, અજ્ઞાનતા, ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ આદિ.
**ભાવપુણ્ય :** ચાર ઘાતીકર્મોનો ક્ષયોપશમ, વિશેષે મોહનીયનો ક્ષયોપશમ સમ્યગ્જ્ઞાન, ક્ષમા, નમ્રતા, સરળતા, સંતોક્ષ, વિનય, શીયળ આદિ.
**ભાવપૂજા :** આત્માના ઉચ્ચતમ પરિણામોપૂર્વક પ્રભુજીને નમસ્કાર આદિ પૂજા કરવી તે, અથવા કષાયોનું અતિશય દમન.
**ભાવપ્રાણ :** જ્ઞાન-દર્શન-ચારિત્ર-વીર્ય આદિ આત્માના ગુણો.
**ભાવહિંસા :** બીજાનું ખરાબ કરવાના અથવા હિંસા કરવાના પરિણામ કરવા, મનમાં કષાયોનો આવેશ, કષાયોની તીવ્રતા.
**ભાવિભાવ :** ભાવિમાં કેવલજ્ઞાની ભગવાનની દૃષ્ટિએ જે ભાવો બનવાના નિયત છે તે, (ભાવિમાં નિયત થનાર).
**ભાવેન્દ્રિય :** મતિ-શ્રુતજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી આત્મામાં પ્રાપ્ત થયેલી (ઇન્દ્રિયો દ્વારા) વિષય જાણવાની શક્તિ.
**ભાષાવર્ગણા :** જગતમાં રહેલી ૮ વર્ગણાઓમાંની પાંચમી વર્ગણા, એખ પ્રકારના પુદ્ગલસ્કંધો કે જેને આ આત્મા ગ્રહણ કરીને ભાષાસ્વરૂપે બનાવીને ભાષારૂપે પ્રયોજે છે.
**ભાષાસમિતિ :** પ્રિય, હિતકારક, સત્ય વચન બોલવું અને તે પણ પરિમિત-પ્રમાણસર જ બોલવું.
**ભાષ્ય :** સૂત્રકથિત અર્થ જેમાં સ્પષ્ટ કર્યો હોય તે, સૂત્રમાં કહેલા સંક્ષિપ્ત અર્થને જેમાં વિસ્તારથી સમજાવ્યો હોય તે, જેમકે તત્ત્વાર્થ ભાષ્ય, વિશેષાવશ્યક ભાષ્ય વગેરે.
**ભાષ્યત્રયમ્ :** ત્રણ ભાષ્યો, શ્રી દેવેન્દ્રસૂરિજીનાં બનાવેલાં ચૈત્યવંદનાદિ ત્રણ ભાષ્યો, ચૈત્યવંદન, ગુરુવંદન અને પચ્ચક્ખાણ.

**ભિન્ન ભિન્ન કાર્ય :** જુદું જુદું કાર્ય, અલગ અલગ કાર્ય.
**ભિન્નાભિન્ન :** અમુક અપેક્ષાએ ભિન્ન અને અમુક અપેક્ષાએ અભિન્ન દ્રવ્યાર્થિક નયથી અભિન્ન અને પર્યાયાર્થિક નયથી ભિન્ન.
**ભિક્ષાટન :** ભિક્ષા માટે ફરવું, ગોચરી માટે જવું.
**ભીતિ :** ભય, ડર, બીક, મનમાં રહેલો ડર.
**ભુક્તાહારપાચન :** ખાધેલા આહારને પકાવનારું (તૈજસ શરીર છે).
**ભુજપરિસર્પ :** જે પ્રાણીઓ હાથથી ચાલે તે, જેના હાથ બેઠેલી અવસ્થામાં ભોજનાદિ માટે અને ચાલવાની અવસ્થામાં પગ માટે કામ આવે તે, વાંદરા, ખિસકોલી વગેરે.
**ભુજાબળ :** હાથમાં રહેલું બળ, પોતાનું જ બળ.
**ભુયસ્કારબંધ :** કર્મોની થોડી પ્રકૃતિઓ બાંધતો આ જીવ વધારે કર્મપ્રકૃતિઓ બાંધે ત્યારે પહેલા સમયે ભુયસ્કારબંધ.
**ભૂગોળ :** પૃથ્વીસંબંધી વિચારો, દ્વીપ-સમુદ્ર-નદી આદિનું વર્ણન.
**ભૂચર :** પૃથ્વી ઉપર ચાલનારા જીવો, મનુષ્ય-પશુ વગેરે.
**ભૂતપંચક :** પાંચ ભૂતો, પૃથ્વી-પાણી-તેજ-વાયુ અને આકાશ.
**ભૂતાર્થ :** યથાર્થ — સત્ય, બરાબર.
**ભૂમિગામી :** પૃથ્વી ઉપર ગમન કરનાર, ભૂમિ ઉપર ચાલનાર મનુષ્યાદિ.
**ભૂમિશયન :** પૃથ્વી ઉપર ઊંઘવું, ગાદી-ગાદલાં ન રાખતાં નીચે શયન કરવું.
**ભેદ :** જુદું, ભિન્ન, ભિન્નપણું.
**ભેદકૃત :** ભેદથી કરાયેલું, ભેદ હોવાને લીધે થયેલું.
**ભેદચ્છેદ :** બે વસ્તુ વચ્ચે રહેલી જે ભિન્નતા, તેનો વિનાશ કરવો તે.
**ભેદાભેદ :** કોઈપણ બે વસ્તુઓ વચ્ચે અપેક્ષાએ ભેદ અને અપેક્ષાએ અભેદ; જેમકે પશુ અને મનુષ્ય વચ્ચે પશુ અને મનુષ્યપણે ભેદ અને પંચેન્દ્રિયપણે અભેદ.
**ભોગ :** જે એકવાર ભોગવાય એવી વસ્તુ, ભોગવવું, વાપરવું.
**ભોગભૂમિ :** યુગલિક ક્ષેત્રો, અકર્મભૂમિ, જ્યાં સાંસારિક સુખો ઘણાં છે તેવી ભૂમિ, હિમવંત-હરિવર્ષાદિ ક્ષેત્રો.
**ભોગાવિલાષી (જીવ) :** ભોગોની જ ઇચ્છાવાળો જીવ, સંસાર-સુખનો જ ઈચ્છુક.
**ભોગોપભોગ :** એકવાર ભોગવાય તે ભોગ અને વારંવાર ભોગવાય તે ઉપભોગ, તે બન્નેનું સાથે વર્તવું તે ભોગોપભોગ.
**ભોગોપભોગ (પરિમાણવ્રત) :** ભોગ અને ઉપભોગ યોગ્ય વસ્તુઓ જીવનમાં કેટલી વાપરવી તેનું માપ ધારવું, પ્રમાણ કરવું તે.
**ભોગ્યકાળ :** બાંધેલાં કર્મોનો ઉદય શરૂ થાય ત્યારથી તેઓનો ભોગવવાનો કાળ અથવા કર્મદલિકોની રચનાવાળો કાળ, જે કર્મોની જેટલી સ્થિતિ હોય તેના ૧ કોડાકોડી સાગરોપમે ૧૦૦ વર્ષનો અબાધ કાળ હોય છે તે વિનાનો બાકીનો કાળ.
**ભૌતિક દૃષ્ટિ :** સંસારસુખ એ જ સાર છે, મેળવવા યોગ્ય છે એવી દૃષ્ટિ.
**ભૌતિક સુખ :** પાંચ ઇન્દ્રિયોસંબંધી સંસારનું સુખ.
**ભ્રમ થવો :** વિપરીત દેખાવું, મગજમાં વિપરીત બેસવું, ઊંધું લાગવું, ઊલટસૂલટ બુદ્ધિ થવી તે.
**ભ્રમરવૃત્તિ :** ભમરાની જેમ, સાધુસંતોનો આહાર ભમરાની જેમ હોય છે. જેમ ભમરો જુદાં જુદાં ફૂલોમાંથી રસ ચૂસે પરંતુ કોઈ ફૂલનો વિનાશ ન કરે, તેમ સાધુસંતો જુદાં જુદાં ઘરોથી અલ્પ અલ્પ આહાર લે, કોઈને પણ દુઃખ ન આપે.
**ભ્રમિતચિત્ત :** જેનું ચિત્ત ભ્રમિત થયું છે તે, સાર વસ્તુને અસાર માને અને અસાર વસ્તુને સાર માને તે.
**ભ્રષ્ટ :** નાશ પામેલ, ખોવાયેલ, માર્ગથી ભૂલો પડેલ હોય તે.
**ભ્રાન્તિ થવી :** સારમાં અસાર બુદ્ધિ થવી, અજ્ઞાનદશા.

## મ

**મંગળ :** સુખ આપનાર, આત્માને ધર્મમાં જોડે તે, મને આ સંસારથી જે ગાળે (પેલે પાર ઉતારે) તે મંગળ.
**મંગળમય (નવકાર) :** મંગળસ્વરૂપ, મંગળને જ કરનાર, જેનાં પદેપદ મંગળ છે તે.
**મંગલસૂત્ર :** મંગળ કરનારું પવિત્ર સૂત્ર અથવા કંઠમાં પહેરાતું અને વ્યવહારથી મંગલમય એવું આભૂષણ.
**મંડલ :** માંડલું, ગોળાકારે રહેલું ચક્ર, જંબૂદ્વીપાદિમાં સૂર્ય-ચંદ્રાદિને ફરવાનાં માંડલાં, સૂર્યનાં ૧૮૩, અને ચંદ્રનાં ૧૫ મંડલ.
**મંડલક્ષેત્ર :** માંડલાનું ક્ષેત્ર, સૂર્ય-ચંદ્રને ફરવામાં રોકાયેલું ક્ષેત્ર, ઉપર કહેલા માંડલાંનું ૫૧૦, ૪૮/૬૧ ચારક્ષેત્ર.
**મંથન :** વલોવવું, મંથન કરવું, જોરજોરથી ગોળગોળ ફેરવવું.
**મંથાન :** રવૈયો, કેવલી ભગવાન કેવલી સમુદ્‌ઘાત વખતે આત્મ-પ્રદેશોને ચારે દિશામાં વિસ્તૃત કરે તે, તૃતીય સમયવર્તી ક્રિયા.
**મગ્નતા :** એકાકાર, ઓતપ્રોત, તન્મયતા.
**મઘાનારકી :** સાત નારકીમાંની ૧ નારકી, છઠ્ઠી નારકી.
**મઠ :** આશ્રમ, ધર્મકાર્ય માટેનું સ્થાન, મનુષ્યોની વસ્તીથી દૂર ધર્મકાર્ય માટે સ્થાન.
**મતિકલ્પના :** પોતાની બુદ્ધિ પ્રમાણે વસ્તુની કલ્પના કરવી તે.

**મતિવિપર્યય :** ઊલટી બુદ્ધિ થવી તે, બુદ્ધિની વિપરીતતા, જે વસ્તુનું જેવું સ્વરૂપ ન હોય તે વસ્તુને તેવી માનવી.
**મતિવિભ્રમ :** ઊલટી બુદ્ધિ થવી તે, મતિમાં ખોટી વાત ઘૂસી જવી તે.
**મત્સ્યગલાગલ ન્યાય :** નાના માછલાને મોટું માછલું ગળે, મોટા માછલાને તેનાથી પણ મોટું માછલું ગળે, તેમ નાને મોટો દબાવે, તેને તેનાથી મોટો હોય તે દબાવે, ગળી જાય, વગેરે.
**મદ :** અભિમાન, અહંકાર, જાતિનો, કુળનો, રૂપનો, વિદ્યાનો, ધનનો જે અહંકાર તે, મદ કુલ ૮ જાતના છે.
**મદિરાપાન :** દારૂનું પીવું, મદિરા એટલે દારૂ, પાન એટલે પીવું.
**મદોન્મત્ત :** અભિમાનથી ગર્વિષ્ઠ બનેલ, અહંકારી.
**મદ્ય :** દારૂ, મહાવિગઈ, વધુ વિકાર કરનારી, અસંખ્ય જીવોવાળી.
**મધ :** મધ, મહાવિગઈ, વધુ વિકાર કરનારી, અસંખ્ય જીવોવાળી.
**મધ્યમ :** વચ્ચેનું, જઘન્ય પણ નહીં અને ઉત્કૃષ્ટ પણ નહીં.
**મધ્યમપદલોપી (સમાસ) :** વચ્ચેનું પદ ઊડી જાય એવો સમાસ, જેમકે "व्यंज्जनेन व्यज्जनस्य अवग्रहः र व्यञ्जनावग्रहः ।"
**મનનીય પ્રવચન :** જે વક્તાનું ભાષણ મનન કરવા યોગ્ય હોય તે ભાષણ.
**મનવાંછિત :** મનગમતું, મનમાં જે ઇષ્ટ હોય તે.
**મનવાંછિત ફલપ્રદ :** મનગમતા ફળને આપનાર.
**મનીષા :** બુદ્ધિ, મતિ.
**મનીષી પુરુષો :** બુદ્ધિશાળી મહાત્માઓ, જ્ઞાની પુરુષો.
**મનુષ્યભવ :** માનવનો ભવ, મનુષ્યનું આયુષ્ય, મનુષ્યમાં ગમન.
**મનોગત ભાવ :** મનમાં રહેલા વિચારો, મનના સંકલ્પો.
**મન્દતા થવી :** કર્મોમાં જે તીવ્ર રસ હોય તેવું હળવું થવું, ઓછાસ થવી.
**મન્દ મિથ્યાત્વી :** જેનું મિથ્યાત્વ મોહનીય કર્મ ઢીલું પડ્યું છે, હળવું થયું છે તે.
**મન્મથ :** કામદેવ, કામવિકાર, કામવાસના.
**મરણભય :** મૃત્યુનો ભય, મરણથી ડરવું, જે અવશ્ય આવવાનું જ છે તેનો ભય.
**મરણસમુદ્ઘાત :** મૃત્યુકાલે ઉત્પત્તિસ્થાન સુધી આત્મપ્રદેશોને લંબાવવા તે.
**મરણાશંસા :** મરવાની ઇચ્છા થવી, દુઃખ આવે ત્યારે વહેલું મૃત્યુ આવે તેવી ઇચ્છા કરવી.
**મર્કટબંધ :** માંકડાનું બચ્ચું તેની માતાના પેટે એવું ચોંટી જાય છે કે માતા છલંગ મારે તોપણ તે બચ્ચું પડે નહીં. તેવા પ્રકારનો બે હાડકાંનો બાંધો, રચના તે.
**મર્મવેધક વચન :** આત્માનાં મર્મસ્થાનોને વીંધી નાખે એવાં વચનો.
**મર્મસ્થાન :** જ્યાં આત્માના ઘણા પ્રદેશોનું અસ્તિત્વ છે. જે ભાગના છેદન-ભેદનથી મૃત્યુ જ થાય તેવો ઘનિષ્ઠ ભાગ.
**મલયાચલ (પર્વત) :** એક પર્વત-વિશેષ, કે જ્યાં અતિશય હરિયાળી છે. અને વનસ્પતિના કારણે અતિશય સુગંધવાળો પવન થાય છે.
**મહનીયમુખ્ય :** પૂજ્ય મહાત્માઓમાં અગ્રેસર, સર્વથી શ્રેષ્ઠ, પૂજ્ય.
**મહસેનવન :** બિહારપ્રદેશમાં આવેલું સુંદર એક વન, કે જ્યાં પ્રભુ મહાવીર સ્વામીની પ્રથમ દેશના અને સંઘની સ્થાપના થઈ હતી.
**મહાઆગાર :** કાયોત્સર્ગમાં આવતી ચાર મોટી છૂટો, કે જે અન્નત્થ સૂત્રમાં "एवमाइएहिं" શબ્દમાં આદિ શબ્દથી જણાવેલ છે. (૧) પંચેન્દ્રિયનું છેદનભેદન, (૨) પ્રાણઘાતક પ્રાણીઓનો ઉપદ્રવ, (૩) અગ્નિ-જલાદિનો ભય અને (૪) સર્પાદિનો ડંશ. મોટી છૂટ.
**મહાતમઃપ્રભા :** નીચે આવેલી સાત નારકીઓમાંની છેલ્લી સાતમી નારકી.
**મહાત્માપુરુષ :** જેનો આત્મા અતિશય ઘણો મહાન – ઊંચો છે તે.
**મહાદુર્લભ (મનુષ્યભવાદિ) :** આ સંસારમાં અતિશય મુશ્કેલીથી મળી શકે તેવી – મનુષ્યભવ વગેરે ૪ વસ્તુઓ.
**મહાવિગઈ :** અતિશય વિકાર કરનારી, તે તે વર્ણવાળા અસંખ્ય જીવોથી યુક્ત એવી મધ, માંસ, મદિરા અને માખણ એમ ચાર મોટી વિગઈ.
**મહાવિદેહક્ષેત્ર :** જંબૂદ્વીપમાં અતિશય મધ્યભાગમાં પૂર્વ-પશ્ચિમ એક લાખ યોજન લાંબું ક્ષેત્ર, એ જ પ્રમાણે ધાતકી ખંડ અને અર્ધપુષ્કરવર દ્વીપમાં અનિયમિત માપવાળાં ૨- ૨ મહાવિદેહ છે.
**મહાવીરસ્વામી :** ભરતક્ષેત્રની આ ચોવીસીના ચરમતીર્થંકર, આપણા આસન્ન ઉપકારી.
**મહાશિવરાત્રિ :** મહાદેવ ભગવાનનો જન્મદિવસ, ગુજરાતી મહાવદ ૧૪.
**મહાશુક્રદેવલોક :** વૈમાનિક દેવોમાં આવેલો સાતમો દેવલોક.
**મહાસ્વપ્નો :** તીર્થંકર અને ચક્રવર્તી જ્યારે માતાની કુક્ષિમાં આવે ત્યારે તેઓની માતાને આવનારાં ચૌદ મોટાં સ્વપ્નો.

**માઘવતી નારક :** સાત નારકીમાંની છેલ્લી સાતમી નારકી.
**માટીની રેખી સમાન (કષાય) :** ચોમાસાનું પાણી સુકાયા પછી માટીમાં પડેલી રેખા જેવા ફરીથી બાર મહિને સંધાય તેવા અપ્રત્યાખ્યાનીય કષાયો.
**માઠા વિચારો :** ખોટા વિચારો, આત્માનું અહિત કરનારા વિચારો.
**માતંગપતિ :** હાથીઓનો સ્વામી, ચંડાળોમાં અગ્રેસર.
**માત્સર્યભાવ :** હૈયામાં ઈર્ષ્યા-દાઝ-અદેખાઈના ભાવો, વિચારો.
**માધ્યસ્થભાવ :** તટસ્થપણું, બન્ને પક્ષોમાંથી કોઈપણ પક્ષમાં ન ખેંચાવું, બન્નેની વચ્ચે ન્યાયમાં વર્તવું તે.
**માન :** અહંકાર, મોટાઈ, અભિમાન, મહત્ત્વતા.
**માનનીય :** માન આપવા યોગ્ય, પૂજ્ય, સન્માનને યોગ્ય.
**માનસિક સ્થિતિ :** મનસંબંધી પરિસ્થિતિ, મન ઉપરનો કંટ્રોલ.
**માનહાનિ :** પોતાનું સ્વમાન ન સચવાવું, અપમાન થવું, પરાભવ થવો.
**માયા :** કપટ, જૂઠ, છેતરપિંડી, હૈયામાં જુદું અને હોઠે જુદું.
**માયામૃષાવાદ :** પેટમાં કપટ રાખવાપૂર્વક જૂઠું બોલવું, અઢાર પાપસ્થાનકોમાંનું સત્તરમું એક પાપસ્થાનક.
**માયાશલ્ય :** ત્રણ શલ્યોમાંનું એક, હૈયામાં કપટ રાખવું તે.
**માર્ગણાસ્થાનક :** કોઈપણ વસ્તુનો વિચાર કરવા માટે પાડેલા પ્રકારો, દ્વારો, વિચારણાનાં સ્થાનો, મૂળ ૧૪, ઉત્તરભેદ ૬૨.
**માર્ગપતિત :** અર્ધપુદ્ગલ પરાવર્તનકાળની અંદર આવવાથી સંસાર તરવાના સાચા માર્ગ ઉપર આવેલો.
**માર્ગભ્રષ્ટ મનુષ્ય :** સાચા ન્યાયના માર્ગથી અને આત્મકલ્યાણકારી એવા માર્ગથી પતિત; માર્ગથી ભ્રષ્ટ થયેલો મનુષ્ય.
**માર્ગાનુસારિતા :** જિનેશ્વર ભગવંતે બતાવેલા માર્ગને અનુસરવાપણું.
**માર્ગાભિમુખ :** સંસાર તરવાના સાચા માર્ગની સન્મુખ આવેલો જીવ.
**માર્ગોપદેશિકા :** સંસ્કૃત ભાષાનો માર્ગ, રસ્તો બતાવનારું પુસ્તક અથવા કોઈપણ માર્ગ બતાવનારી સ્ત્રી.
**માર્દવતા :** કોમળતા, હૈયાની સરળતા, કપટ વિનાની અવસ્થા.
**માર્મિક ભાષા :** મીઠું બોલાતું હોય પરંતુ અંદર ઝેર હોય, વ્યંગવચનો અને દ્વિઅર્થી બોલાતી ભાષા.
**માર્મિક યુક્તિ :** સામેના પ્રતિપક્ષના મર્મને જ કાપી નાખે તેવી તીવ્ર યુક્તિ.
**માર્મિક શબ્દ :** મર્મમાં લાગી આવે, ઘા લાગે તેવો ઝેરયુક્ત શબ્દ.
**માલકોશ રાગ :** એક સુંદર વિશિષ્ટ રાગ, ધ્વનિ કે જેનાથી વરસાદ આવે.
**માલવ દેશ :** હાલનો મધ્યપ્રદેશ, જેમાં શ્રીપાલમહારાજા આદિ થયા છે.
**માહેન્દ્ર દેવલોક :** વૈમાનિક દેવલોકના ૧૨ દેવલોકોમાંનો ચોથો દેવલોક.
**મિચ્છામિ દુક્કડં :** મારું પાપ મિથ્યા થજો, મારી ભૂલ ક્ષમા હોજો.
**મિથ્યાત્વ શલ્ય :** કુદેવ, કુગુરુ અને કુધર્મની રુચિ, ત્રણ શલ્યોમાંનું એક શલ્ય એટલે ડંખ, આત્માને જેનાથી કર્મોનો ડંખ લાગે તે.
**મિથ્યાદૃષ્ટિગુણસ્થાનક :** ચૌદ ગુણસ્થાનકોમાંનું પહેલું ગુણસ્થાનક કે જ્યાં આત્માની રુચિ ઊલટી હોય છે. મિથ્યા રુચિવાળો જીવ.
**મિશ્રદૃષ્ટિગુણ (સ્થાનક) :** જિનેશ્વર ભગવાનના ધર્મ ઉપર રાગ પણ ન હોય અને દ્વેષ પણ ન હોય એવી મિશ્ર પરિણતિ.
**મુક્તાવસ્થા :** આત્માની કર્મો વિનાની અવસ્થા, શરીરરહિત આત્મા.
**મુક્તિ :** મોક્ષ, આત્માનું કર્મ અને શરીરાદિ બંધનોમાંથી છૂટવું.
**મુક્તિબીજ :** મોક્ષનું એક ઉચ્ચતમ કારણ, (સમ્યગ્દર્શન).
**મુમુક્ષા :** સંસારનાં બંધનોમાંથી છૂટવાની ઇચ્છા.
**મુમુક્ષુ :** સંસારનાં બંધનોમાંથી છૂટી મોક્ષે જવાની ઇચ્છાવાળો.
**મુહપત્તી :** મુખ આડો રખાતો પાટો, વાયુકાયના જીવોની રક્ષા માટે મુખની આગળ રખાતું એક વસ્ત્રવિશેષ.
**મુહૂર્ત :** પૂર્ણ ૪૮ મિનિટનો કાળ અથવા શુભ સમય.
**મૂર્છાયુક્ત :** બેભાન અવસ્થા, બેહોશ દસા, ચૈતન્ય આવૃત્ત થાય તે.
**મૂર્તિપૂજક :** મૂર્તિને પ્રભુ જ છે એમ માની પૂજનારો વર્ગ.
**મૃગજળ :** ઝાંઝવાનું જળ, રસ્તા ઉપર સૂર્યનાં કિરણોથી થતો પાણીનો આભાસપાત્ર, પાણીના જેવું ચમકવું.
**મૃગપતિલંછન :** સિંહનું લંછન, શ્રી શાન્તિનાથ પ્રભુનું લંછન.
**મૃતાવસ્થા :** મૃત્યુ પામેલી, મરી ગયેલાની જે અવસ્થા તે.
**મૃત્યુકાળ :** મરણનો સમય, દ્રવ્યપ્રાણોનો વિયોગ થવો તે.
**મૃત્યુલોક :** મનુષ્યોવાળો લોક, મધ્યમ લોક, તિર્ચ્છાલોક.
**મૃષાનુબંધી :** જૂઠું બોલવા સંબંધી વિચારો, અતિશય કપટપૂર્વક અસત્ય ઉચ્ચારવાળું એક રૌદ્ર-ધ્યાન.
**મૃષાવાદ :** જૂઠું બોલવું તે, ૧૮ પાપસ્થાનકોમાંનું બીજું પાપસ્થાનક.
**મૃષોપદેશ :** બીજાને ખોટી શિખામણ, સલાહ કે ઉપદેશ આપવો તે, બીજા વ્રતના પાંચ અતિચારોમાંનો એક અતિચાર.
**મેરુતેરસ :** પોષ વદ ૧૩ (ગુજરાતી). શ્રી ઋષભદેવ પ્રભુનો

નિર્વાણ દિવસ.
**મેરુપર્વત :** મહાવિદેહ ક્ષેત્રમાં આવેલો, એક લાખ યોજન ઊંચો પર્વત.
**મૈત્રીભાવ :** એકબીજા જીવો ઉપર પરસ્પર મિત્રતા રાખવી.
**મૈથુનક્રિયા :** સ્ત્રી-પુરુષની સંસાર-ક્રીડા, સંસારના ભોગનું સેવન.
**મોરપિંછી :** દિગંબર સાધુઓ સાથે જીવોની જયણા માટે રખાતું સાધન.
**મોહનીયકર્મ :** આત્માને મૂંઝવે, હિતાહિતના વિવેકથી શૂન્ય કરે તે, આઠ કર્મોમાંનું ૧ ચોથું કર્મ.
**મોહવશતા :** મોહનીયકર્મની પરાધીનતા, પરવશતા.
**મોહિત થયેલ :** કોઈપણ વસ્તુ ઉપર અતિશય પ્રેમ થવો, રાગ થવો.
**મોક્ષ :** કર્મ અને સંસારનાં તમામ બંધનોમાંથી છુટકારો.
**મોક્ષપથિક :** મોક્ષના માર્ગે ચાલનારો આત્મા, મોક્ષ તરફ પ્રવર્તનાર.
**મોક્ષમાર્ગ :** સર્વથા કર્મોનો વિનાશ કરી મુક્તિએ જવાનો રસ્તો.
**મૌખર્યતા :** વાચાળતા, બેફામ બોલવાપણું, આઠમા અનર્થ દંડવિરમણ-વ્રતસંબંધી એક અતિચાર.
**મૌનએકાદશી :** માગસર સુદ અગ્યારસ, કે જે દિવસે પાંચ ભરત અને પાંચ ઐરાવત એમ દશે ક્ષેત્રોની ત્રણે કાળની ચોવીશીમાંથી પાંચ પાંચ કલ્યાણકો થયાં છે એમ કુલ ૧૦×૩×૫ = ૧૫૦ દોઢસો કલ્યાણકવાળી તિથિ.
**મૌનવ્રતપાલન :** ભાષાથી બોલવું નહીં, વિષય-કષાયમાં જવું નહીં, મૌન રહેવું એવા પ્રકારના વ્રતનું પાલન.
**મૌલિક સિદ્ધાન્ત :** મૂલભૂત જે સિદ્ધાન્ત, પાયાની માન્યતા.
**મ્યાન :** તરવાર સાચવવા માટે રખાતું તેનું ઢાંકણ.
**મ્લાન થયેલ :** કરમાઈ ગયેલ, ચીમળાઈ ગયેલ.

## ય

**યુંજન કરવું :** જોડવું, જ્યાં જે વસ્તુ જે રીતે જરૂરી હોય ત્યાં તે વસ્તુ તે રીતે જોડવી, જેથી સાધ્ય સિદ્ધ થાય તે.
**યુંજનક્રિયા :** યથાસ્થાને વસ્તુને જોડવાની જે પ્રક્રિયા તે.
**યતિધર્મ :** ક્ષમા, નમ્રતા વગેરે દશ પ્રકારના સાધુના ધર્મો.
**યત્કિંચિત્ :** કંઈક, થોડું, અલ્પ.
**યથાખ્યાતચારિત્ર :** જિનેશ્વર-ભગવંતોએ જેવું કહ્યું છે તેવું વીતરાગ અવસ્થાવાળું ચારિત્ર, સંપૂર્ણ નિર્દોષ ચારિત્ર.
**યથા પ્રવૃત્તકરણ :** પર્વત પાસે વહેતી નદીના વહેણથી તણાતા પથ્થરના ગોળ થવાના ન્યાયે અનાયાસે આત્માને સહજ વૈરાગ્ય આવે તે, કે જેનાથી સાત કર્મોની સ્થિતિ લઘુ થાય.
**યથા પ્રવૃત્તસંક્રમ :** પૂર્વે બાંધેલાં કર્મોનાં દલિકોનું બંધાતાં કર્મોમાં નાખવું, તે રૂપે પરિણમન થવું તે.
**યથાર્થવાદ :** સ્યાદ્વાદ, અનેકાન્તવાદ, જે વસ્તુ જેમ છે તે વસ્તુને તેમ જ જાણવી, સમજવી અને કહેવી તે.
**યથાશક્તિ :** પોતાની શક્તિને છૂપાવવી નહીં તથા ગોપવવી નહીં, પરંતુ પોતાની શક્તિ પ્રમાણે કામકાજ કરવું તે.
**યથોચિત કાર્ય :** જ્યાં જે કાર્ય કરવાથી સ્વ-પરનું હિત થાય ત્યાં તે ઉચિત કાર્ય કહેવાય, તેનું આચરવું.
**યદૃચ્છોપલબ્ધિ :** મરજી મુજબ શાસ્ત્રોના અર્થો કરવા, ઇચ્છાનુસાર અર્થો લગાડવા,.
**યમરાજા :** મૃત્યુકાળ, મરણનો સમય, મૃત્યુસંબંધી ભાવો જગતમાં જે બને છે તેને વિશેષ જાણનાર દેવ.
**યશકીર્તિ :** પ્રશંસા, ગુણગાન, વખાણ થવાં તે, ત્યાગાદિ ગુણથી જે પ્રશંસા થાય તે; કીર્તિ, પરાક્રમથી જે પ્રશંસા થાય તે યશ; એક દિશામાં પ્રસરે તે કીર્તિ, સર્વ દિશામાં પ્રસરે તે યશ.
**યાકિની મહત્તરા :** શ્રી હરિભદ્રસૂરિજીને પ્રતિબોધ કરનારાં મહાન સાધ્વીજી મહારાજશ્રી, જેમનું નામ "યાકિની" હતું.
**યાકિની મહત્તરાસૂનુ :** ઉપરોક્ત યાકિની નામનાં સાધ્વીજી મહારાજથી પ્રતિબોધ પામેલ હોવાથી જાણે તેમના ધર્મપુત્ર હોય તેવા આચાર્યશ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા.
**યાગ :** પૂજા, મંદિરોમાં કરાતી પૂજાઓ અથવા હોમ-હવન વગેરે.
**યાચનાપરિષહ :** સાધુ થનાર આત્મા પૂર્વગૃહસ્થ અવસ્થામાં કદાચ રાજા-મહારાજા હોય તો પણ દીક્ષિત અવસ્થામાં પરિગ્રહ રાખવાનો ન હોવાથી મનમાંથી માન દૂર કરી ઘેર ઘેર સાધુપણાની શોભા વધે તેમ ગોચરી લાવે તે યાચનાપરિષહ.
**યાવજ્જીવ :** આ શરીરમાં જ્યાં સુધી જીવ હોય ત્યાં સુધીમાં જે પચ્ચક્ખાણ તે, કોઈપણ પ્રકારની વિરતિ માનવભવના અંત સુધી જ હોય છે, મૃત્યુ પામ્યા પછી જીવ અવિરત થાય છે.
**યાવત્કથિત :** સામયિકચારિત્રનો બીજો ભેદ છે, જે ૨૨ તીર્થંકરપ્રભુના શાસનમાં તથા મહાવિદેહક્ષેત્રમાં સદા હોય છે, દીક્ષા ગ્રહણ કરતાં જ જીવનપર્યન્તનું જે વ્રત અપાય તે.
**યુક્તિ :** દલીલ, હેતુ, સાધ્ય સાધવા માટેનું સાધન.
**યુક્તિયુક્ત :** દલીલપૂર્વકની જે વાત, અતિશય સંગતિવાળી વાત.
**યુગલિક ભૂમિ :** જ્યાં ઉપરોક્ત યુગલિક મનુષ્યો જ જન્મે છે

તેવી ભૂમિ; ૫ હિમવંત, ૫ હરિવર્ષ, ૫ રમ્યક, ૫ હૈરણ્યવંત, ૫ દેવકુરુ અને ૫ ઉત્તરકુરુ, એમ જંબૂદ્વીપાદિમાં ૩૦ અકર્મભૂમિ જે છે તે, આ ૩૦ ભૂમિને "યુગલિકક્ષેત્ર" જૈનશાસ્ત્રોમાં કહેવાય છે.

**યુગલિક મનુષ્ય :** જે સ્ત્રી-પુરુષ એમ જોડકારૂપે જ જન્મે, અને કાળાન્તરે તે જ પતિ-પત્ની બને, કલ્પવૃક્ષોથી આહારપાણી પામે, અતિ મંદ કષાયવાળા, મૃત્યુ પામી ઈશાન સુધી જનારા.

**યોગ :** આ શબ્દના ઘણા અર્થો છે. યોગ એટલે જોડાવું, મિલન થવું, યોગ થવો, અથવા યોગ એટલે પ્રવૃત્તિ-હલનચલન, મન-વચન-ક્રિયા દ્વારા આત્મપ્રદેશોનું હલનચલન, કે જે કર્મબંધનું કારણ છે અથવા **"આત્માને મોક્ષની સાથે જોડે તે યોગ."** આ કર્મક્ષયનું કારણ છે. અથવા અન્ય દર્શન શાસ્ત્રોમાં ચિત્તવૃત્તિનો નિરોધ તે યોગ, અથવા કુશલ કાર્યોમાં પ્રવૃત્તિ તે યોગ કહેવાય છે.

**યોગદશા :** ઉપરોક્ત ત્રણ અર્થવાળી યોગની જે અવસ્થા તે.

**યોગદૃષ્ટિસમુચ્ચય :** પૂ. હરિભદ્રસૂરિજી કૃત યોગની આઠ દૃષ્ટિઓને સમજાવતો એક મહાગ્રંથ કે જેની ૨૨૮ ગાથાઓ છે.

**યોગનિરોધ :** કેવલજ્ઞાની ભગવન્તો તેરમા ગુણઠાણાના અંતે કર્મબંધના કારણભૂત સૂક્ષ્મ અને બાદર મન-વચન અને કાયાના યોગોને જે રોકે-અટકાવે તે.

**યોગબિન્દુ :** પૂ. હરિભદ્રસૂરિજી કૃત અધ્યાત્મને જણાવતો એક અલૌકિક મહાગ્રંથ, કે જેની ૫૨૭ ગાથાઓ છે.

**યોગભારતી :** જે પુસ્તકમાં પૂ. હરિભદ્રસૂરિજીના બનાવેલા યોગસંબંધી ચાર મહાગ્રંથો સટીક છે તે.

**યોગવહન :** ભગવતીજી, ઉત્તરાધ્યયન અને કલ્પસૂત્રાદિ અપૂર્વ મહાગ્રંથોના અધ્યયન માટે ઇન્દ્રિયોના દમન સારુ પૂર્વકારલમાં તપશ્ચર્યાપૂર્વક કરાવાતી ધર્મક્રિયા.

**યોગવિંશિકા :** યોગ ઉપર પૂ. હરિભદ્રસૂરિજી વડે લખાયેલી ૨૦ ગાથાવાળી, વિંશ-વિંશિકામાં આવતી, એક વિંશિકા.

**યોગશતક :** પૂ. હરિભદ્રસૂરિજી વડે કરાયેલ યોગ ઉપરનો ૧૦૦ ગાથાવાળો સટીક મહાગ્રંથ.

**યોગશાસ્ત્ર :** કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યજી વડે કરાયેલ મહાગ્રંથ.

**યોગસૂત્ર :** શ્રી પતંજલિ મહર્ષિ વડે યોગ ઉપર લખાયેલ પ્રમાણિક મહાસૂત્ર.

**યોગાનુયોગ :** એક કાર્ય થતું હોય, તેમાં સામાન્યથી જેની અપેક્ષા રખાતી હોય તે જ વસ્તુ તે જ સમયે આવી મળે તે.

**યોગાભ્યાસ :** યોગનાં શાસ્ત્રોનો અભ્યાસ કરવો, અધ્યયન કરવું.

**યોગી :** યોગધર્મ જે મહાત્માઓમાં વિકાસ પામ્યો છે તેવા આત્માઓ. અહીં તથા હવે પછીના શબ્દોમાં યોગના ત્રણ અર્થો સમજવા. ૧. જૈનદર્શનની દૃષ્ટિએ "આત્માને મોક્ષની સાથે જોડે તે યોગ." ૨. પાતંજલાદિ ઋષિની દૃષ્ટિએ ચિત્તવૃત્તિનો નિરોધ તે યોગ. ૩. બૌદ્ધદર્શનની દૃષ્ટિએ કુશલમાં પ્રવૃત્તિ તે યોગ. આવો ઉત્તમ યોગ જેઓમાં વિકસ્યો છે તે યોગી.

**યોગીશ્વર :** યોગીઓમાં સર્વોત્તમ, તીર્થંકર પ્રભુ આદિ.

**યોગ્યતા :** લાયકાત, કરવા લાયક કાર્ય માટેની પાત્રતા.

**યોજન :** ચાર ગાઉનો ૧ યોજન, જો દ્વીપ-સમુદ્ર-નદી આદિનું માપ જાણવું હોય તો ૩૨૦૦ માઈલનો ૧ યોજન, અને શરીરાદિનું માપ જાણવું હોય તો ૮ માઈલનો ૧ યોજન.

**યોજનભૂમિ :** એક યોજન પ્રમાણ ચારે દિશાની ભૂમિ કે જ્યાં તીર્થંકર ભગવાનની વાણી સર્વને એકસરખી સંભળાય છે.

**યોનિસ્થાન :** જીવોને ઉત્પન્ન થવાનું સ્થાન, આ સંસારમાં કુલ ચોર્યાસી લાખ યોનિસ્થાનો છે. ગર્ભજ જીવો માટે ગર્ભાશય. જે ઉત્પત્તિસ્થાનના વર્ણ-ગંધ-રસ-સ્પર્શ અને સંસ્થાન ભિન્ન-ભિન્ન હોય તેની યોનિ જુદી ગણવી.

## ર

**રક્તવર્ણ :** લાલ રંગ, પાંચ વર્ણોમાંનો એક વર્ણ.

**રક્તવર્ણ નામકર્મ :** શરીરમાં લાલ રંગ અપાવનારું કર્મ, નામ-કર્મનો ભેદ છે.

**રજોહરણ :** રજને હરણ (દૂર) કરવાનું સાધન, જૈન શ્વેતાંબર સાધુઓ વડે જીવોની જયણા પાળવા માટે રખાતું સાધન.

**રતિ-અરતિ :** પ્રીતિ-અપ્રીતિ, ઇષ્ટ વસ્તુઓ પ્રત્યે પ્રેમ અને અનિષ્ટ વસ્તુઓ પ્રત્યે નાખુશીભાવ.

**રત્નત્રયી :** જ્ઞાન, દર્શન અને ચારિત્ર એમ કુલ ત્રણ રત્નો.

**રત્નપ્રભા નારકી :** સમુદ્ર, રત્નોનો ભંડાર, રત્નોનો મહાસાગર; સ્યાદ્વાદ રત્નાકર એટલે સ્યાદ્વાદનો દરિયો.

**રત્નૌષધિ :** રત્નમય ઔષધિ, જે ઔષધિથી નીરોગિતા તથા રત્નાદિ ધનની પ્રાપ્તિ થાય તે.

**રથકાર :** રથ ચલાવનાર સારથિ, રથ હાંકનાર.

**રથ્યા પુરુષ :** શેરીઓમાં, પોળોમાં અને ગલીઓમાં રખડતો ફરતો પુરુષ, અર્થાત્ બાળક અથવા મૂર્ખ.

**રસગારવ :** ગારવ એટલે આસક્તિ, ખાવા-પીવાની ઘણી જ આસક્તિ, ત્રણ પ્રકારના ગારવમાંનો એક ગારવ.

**રસઘાત :** પૂર્વે બાંધેલાં કર્મોનો રસનો (તીવ્રશક્તિનો) અંતર્મુહૂર્તે

અંતર્મુહૂર્તે અનંત અનંત ભાગ કરીને હણવો, ઓછો કરવો, મંદરસ કરવો તે.

**રસત્યાગ :** છ પ્રકારના બાહ્ય તપમાંનો એક તપ, ખાવા લાયક પદાર્થોમાં જે વિશિષ્ટ રસવાળી વસ્તુ હોય, તેનો ત્યાગ.

**રસબંધ :** કર્મોની તીવ્રમંદતા, ફળ આપવા માટેની શક્તિવિશેષ. ચઉઠાણીયો, ત્રણઠાણીયો, બેઠાણીયો અને એકઠાણીયો રસ બાંધવો.

**રસલામ્પટ્ય :** રસની લોલુપતા, શૃંગારાદિ રસોમાં અંજાઈ જવું.

**રસવર્ધક રચના :** વાંચતાં વાંચતાં રસ વધે જ, છોડવાનું મન ન થાય તેવી રચના.

**રહસ્યાભ્યાખ્યાન :** કોઈએ આપણા ઉપર વિશ્વાસ રાખી પોતાની ગુપ્ત વાતો એકાન્તમાં આપણને કહી હોય તેને ખુલ્લી કરવી, બીજા વ્રતના પાંચ અતિચારોમાંનો ૧ અતિચાર.

**રાઈઅ પ્રતિક્રમણ :** રાત્રિમાં લાગેલા દોષોની ક્ષમાયાચના કરવા માટે પ્રભાતે કરાતું રાઈઅ પ્રતિક્રમણ.

**રાઈસી પ્રતિક્રમણ :** સ્થાનકવાસી સંપ્રદાયમાં આ સવારના પ્રતિક્રમણને જ રાઈસી પ્રતિક્રમણ કહેવાય છે.

**રાગ :** સ્નેહ, પ્રેમ, કંઠનો અવાજ.

**રાગી :** સ્નેહવાળો, પ્રેમવાળો, આસક્ત મનુષ્યાદિ.

**રાજ :** અસંખ્યાત યોજન એટલે એક રાજ, તિર્ચ્છાલોકમાં સ્વયંભૂ-રમણસમુદ્રના પૂર્વછેડાથી પશ્ચિમ-છેડા સુધીની લંબાઈ અથવા ઉત્તર-દક્ષિણની પહોળાઈ તે ૧ રાજ.

**(ચૌદ) રાજલોક :** ચૌદ રાજની ઊંચાઈવાળો, ધર્માસ્તિકાયાદિ દ્રવ્યોવાળો, નીચે ૭ રાજ આદિ પહોળાઈવાળો આ લોક.

**રાજા અને રંક :** સુખી અને દુઃખી, ધનવાન અને નિર્ધન, તવંગર અને ગરીબ.

**રાજ્યપિંડ :** રાજાના ઘરનો આહાર તે રાજ્યપિંડ, સાધુ-સાધ્વીજીને આ આહાપ લેવો કલ્પતો નથી.

**રાજ્યવિરુદ્ધ ગમન :** રાજ્યના જે કાયદા-કાનૂન હોય, તેનાથી ઊલટું આચરણ કરવું તે, રાજ્યની મર્યાદાનું ઉલ્લંઘન, ત્રીજા વ્રતનો અતિચાર.

**રાત્રિજાગરણ :** કલ્પસૂત્રાદિ મહાગ્રંથોને બહુમાનપૂર્વક ઘેર લાવી, સગાં સ્નેહી-સંબંધીઓને બોલાવી રાત્રે ભક્તિ-પ્રભાવના કરવી.

**રાધાવેધ કરવો :** તેલના કડાયામાં નીચે દૃષ્ટિ રાખી ઉપર ચારે બાજુ ફરતી પૂતળીઓની વચ્ચેથી ઉપરની પૂતળી-(રાધા)ની આંખ વીંધવી.

**રામનવમી :** શ્રી રામચંદ્રજીનો જન્મદિવસ, ચૈત્ર સુદ નોમ.

**રાશિઅભ્યાસ :** કોઈપણ વિવક્ષિત સંખ્યાને તે જ સંખ્યા તેટલી વાર લખી પરસ્પર ગુણાકાર કરવાથી જે રકમ આવે તે, જેમકે ૪×૪×૪×૪ = ૨૫૬, ૫×૫×૫×૫×૫ = ૩૧૨૫ વગેરે.

**રાષ્ટ્રસેવા :** રાજ્યની સેવા કરવી, રાજ્યના કાયદાઓનું પાલન કરાવવું.

**રાસભ :** ગધેડો, (ગધેડાના જેવી ચાલ તે અશુભવિહાયોગતિ)

**રિષ્ટા નારકી :** સાત નારકીમાંની પાંચમી નારકી.

**રુચિ :** પ્રીતિ, વિશ્વાસ, શ્રદ્ધા, પ્રેમ, ધર્મરુચિ, ધર્મનો પ્રેમ.

**રુધિર :** લોહી, શરીરમાં પરિભ્રમણ કરતી લાલ રંગની ધાતુ.

**રુધિર-આમિષ :** લોહી અને માંસ. શરીરગત ધાતુઓ.

**રૂઢિચુસ્ત :** પ્રાચીનકાળથી ચાલી આવતી અજ્ઞાનપ્રથાઓનો આગ્રહી.

**રૂચકદ્વીપ :** તિર્ચ્છાલોકમાં નંદીશ્વર પછી આવેલો દ્વીપ કે જેમાં ચારે દિશામાં ચાર પર્વતો ઉપર શાશ્વત ચાર મંદિરો છે.

**રૂચક પ્રદેશ :** લોકાકાશના અતિ-મધ્યભાગે સમભૂતલાના ૮ આકાશપ્રદેશો, અથવા આત્માના અસંખ્ય પ્રદેશો પૈકી અતિશય મધ્યભાગવર્તી ૮ આત્મપ્રદેશો.

**રૂપાતીતાવસ્થા :** પરમાત્માની શરીર અને રૂપ વિનાની મુક્તગત જે સિદ્ધ અવસ્થા છે, તેની ભાવના ભાવવી.

**રૂપાનુપાત :** દશમા વ્રતનો એક અતિચાર, નિયમરૂપે કરાયેલી ભૂમિ બહાર ઊભેલા પુરુષને આકર્ષવા મુખાદિ દેખાડવાં.

**રૂપાન્તર :** કોઈપણ વસ્તુનું પરિવર્તન થવું તે, એક રૂપમાંથી બીજા રૂપમાં જવું તે.

**રૂપી દ્રવ્ય :** વર્ણ-ગંધ-રસ-સ્પર્શવાળું દ્રવ્ય, પુદ્ગલાસ્તિકાય.

**રૂપી-રૂપવાન :** વર્ણ-ગંધ-રસ અને સ્પર્શવાળું, અર્થાત્ રૂપી.

**રેતીની રેખા :** નદીની સૂકી રેતીમાં કરેલી પંક્તિ, તેના જેવા પ્રત્યા, કષાય.

**રોમરાજી :** શરીરમાં રહેલાં રૂંવાટાંઓની પંક્તિ, રોમનો સમૂહ.

## લ

**લગ્નપ્રથા :** વિવાહની રીતભાત, અવસર્પિણીમાં ઋષભદેવ-પ્રભુથી શરૂ થયેલી આ પ્રથા.

**લઘુ અક્ષર :** જે વ્યંજનો સ્વર સાથે હોય તે, જોડા અક્ષર ન હોય તે.

**લઘુ આગાર :** નાની છૂટછાટ, કાયોત્સર્ગમાં જે સ્થાને કાઉસ્સગ્ગમાં ઊભા હોઈએ તે સ્થાન તજ્યા વિના સેવવી પડતી છૂટ. જેમકે અન્નત્થ સૂત્રમાં કહેલા ઉસિસએણં આદિ ૧૨ આગાર.

**લઘુ દીક્ષા :** પ્રથમ અને ચરમ તીર્થંકર ભગવન્તોના શાસનમાં

ભરત-ઐરાવતક્ષેત્રમાં પ્રથમ અપાતી દીક્ષા, અથવા ઇત્વર-કથિત સામાયિક ચારિત્ર છે તે.

**લઘુ નીતિ :** પેશાબ, બાથરૂમ, માત્રુ.

**લઘુ વિગઈ :** મહાવિગઈઓની અપેક્ષાએ જેમાં ઓછો વિકાર અને ઓછી હિંસા છે તે, છ લઘુવિગઈ છે. જેમકે ઘી-તેલ-દૂધ-દહીં-ગોળ અને કડાહ.

**લઘુ સ્થિતિ :** કર્મોની પ્રતિસમયે બંધાતી સ્થિતિમાં ઓછામાં ઓછી એટલે કે જે જઘન્ય સ્થિતિ બંધાય તે, અર્થાત્ નાની સ્થિતિ.

**લજ્જાળુતા :** શ્રાવકના ૨૧ ગુણોમાંનો એક ગુણ, શરમાળપણું, વડીલો અને ઉપકારીઓની લજ્જાના કારણે પણ ઘણાં પાપોથી બચી જવાય.

**લતામંડપ :** ઉદ્યાનમાં વૃક્ષોની વેલડીઓથી બનેલો મંડપ.

**લબ્ધલક્ષ્ય :** જેઓએ પોતાનું લક્ષ્ય (સાધ્ય) પ્રાપ્ત કર્યું છે તે.

**લબ્ધિઅપર્યાપ્ત :** જેઓ પોતાની પર્યાપ્તિઓ પૂર્ણ કરવા માટે સમર્થ નથી, પર્યાપ્તિઓ પૂર્ણ કરતાં પહેલાં જ જે મૃત્યુ પામે છે તે.

**લબ્ધિપર્યાપ્ત :** જે જીવો પોતાની પર્યાપ્તિઓ પૂર્ણ કરવાને શક્તિમાન છે, સમર્થ છે, પછી જ મૃત્યુ પામવાના છે તે.

**લબ્ધિપ્રત્યયિક :** જે જ્ઞાન અને વૈક્રિય શરીરની પ્રાપ્તિમાં લબ્ધિ જ કારણ છે, પરંતુ ભવકારણ નથી તે લબ્ધિપ્રત્યયિક, મનુષ્ય અને તિર્યંચોનું અવધિજ્ઞાન અને વૈક્રિય શરીર.

**લભ્ય :** મેળવી શકાય તેવું, સુલભ.

**લયલીન થવું :** એકતાન બનવું, કોઈ વસ્તુમાં અતિશય અંજાઈ જવું.

**લવારો કરવો :** બેફામ અવિવેકથી બોલવું, વગર વિચારે બોલવું.

**લક્ષણહીન :** શાસ્ત્રોમાં કહેલાં જે જે લક્ષણો છે તેનાથી રહિત, ન્યગ્રોધ પરિમંડલ સંસ્થાન આદિમાં અંગો લક્ષણહીન હોય છે તે.

**લક્ષ્ય :** પ્રાપ્ત કરવા લાયક, સાધ્ય.

**લક્ષ્યવેધ :** રાધા નામની ઉપર રહેલી પૂતળીની આંખનો વધ કરવો તે.

**લાઘવતા :** હલકાઈ, માનહાનિ, પરાભવ, લઘુતા.

**લાચારી :** પરાધીનતા, ઓશિયાળાપણું, બીજાને વશય

**લાજમર્યાદા :** વડીલો અને ઉપકારીઓની સામે બોલવામાં, બેસવામાં વર્તવામાં વિવેક રાખવો, વિનય-વિવેક સાચવવાં.

**લાટદેશ :** સાડા પચ્ચીસ આર્યદેશોમાંનો ૧ દેશ.

**લાન્તક દેવલોક :** વૈમાનિક દેવલોકમાં છઠ્ઠો દેવલોક.

**લાભ થવો :** મળવું, પ્રાપ્ત થવું.

**લાભાન્તરાય :** લાભમાં અંતરાય થાય તે, દાનેશ્વરીને ઘેર જઈએ, વિનયથી માગણી કરીએ છતાં આપણને ન મળે તે, અથવા પ્રાપ્ત થયું હોય તો પણ લુંટારા આદિ લુંટી લે તે.

**લાયકાત :** યોગ્યતા, પાત્રતા.

**લિંગ :** જાતિ, સ્ત્રીઆકાર, પુરુષઆકાર, નપુંસકઆકાર, અથવા સાધ્ય સાધી આપે તે.

**લીન થવું :** અંજાઈ જવું, તન્મય થવું, આસક્તિવાળા બનવું.

**લેશ્યા :** આત્માનો કષાયાદિના સહકારવાળો યોગપરિણામ. કૃષ્ણ-નીલ-કાપોત વગેરે, જેનાથી આત્મા કર્મોથી લેપાય તે.

**લેશ્યાતીત :** લેશ્યા વિનાના, લેશ્યાથી રહિત, ચૌદમા ગુણસ્થાનકવાળા જીવો, અથવા સિદ્ધ પરમાત્માઓ.

**લોકપાલ દેવ :** ચારે દિશાના પાલક દેવો, સોમ-યમ-વરુણ-કુબેર.

**લોકવિરુદ્ધચ્યાઓ :** લોકાચારની દૃષ્ટિએ જે વિરુદ્ધ આચરણ કહેવાતું હોય, જેમકે જુગાર-પરસ્ત્રીગમન વગેરે તેનો ત્યાગ.

**લોકવિરુદ્ધ ત્યાગ :** લોકાચારની દૃષ્ટિએ જે વિરુદ્ધ આચરણ કહેવાતું હોય, જેમકે જુગાર-પરસ્ત્રીગમન વગેરે, તેનો ત્યાગ.

**લોકવ્યાપી :** જે દ્રવ્યો સમસ્ત ચૌદે રાજલોકમાં વ્યાપીને રહે છે તેવાં દ્રવ્યો, ધર્માસ્તિકાય વગેરે.

**લોકસંજ્ઞા :** લોકવ્યવહારને માત્ર અનુસરનારી જે બુદ્ધિ, જેમકે પીપળાને પૂજવો, જેટલા પથ્થર એટલા દેવ માનવા.

**લોકાકાશવ્યાપી :** ચૌદ રાજ પ્રમાણ જે લોકરૂપ આકશ છે તેમાં વ્યાપીને રહેનારાં ધર્માસ્તિકાયાદિ દ્રવ્યો.

**લોકાગ્રભાગે સ્થિત :** લોકના સૌથી ઉપરના ભાગે રહેલા સિદ્ધો છે.

**લોકાન્તિક દેવો :** પાંચમા દેવલોકની બાજુમાં રહેનારા, સારસ્વતાદિ નામવાળા, પરમપવિત્ર દેવો, ભગવાનને દીક્ષા લેવાની વિનંતી કરવાના આચારવાળા.

**લોકાલોકપ્રકાશી :** લોક અને અલોકમાં સમસ્ત જગ્યાએ પ્રકાશ પાથરનાર જે જ્ઞાન તે, (કેવલજ્ઞાન).

**લોકોત્તર ધર્મ :** સંસારના સુખથી વિમુખ, આત્મસુખની અપેક્ષાવાળો ધર્મ.

**લોચ કરવો :** સાધુ-સાધ્વીજી મહારાજાઓ વર્ષમાં ઓછામાં ઓછી ૧ વાર, સંવચ્છરી પહેલાં માથાના વાળ હાથથી જ ખેંચી લેવા દ્વારા મુંડન કરાવવું તે.

**લોભ કરવો :** આસક્તિ, સ્પૃહા, વાંછા, ઇચ્છા કરવી, પ્રેમ કરવો, વસ્તુની અતિશય ઝંખના.

**લોભાન્વિત પુરુષ :** લોભથી ભરેલો પુરુષ, લોભી જીવ, જેમકે મમ્મણશેઠ.

**લોમાહાર :** શરીરના રૂંવાટાથી લેવાતો આહાર, વાયુ-દવા વગેરે.

**લોહાગ્નિવત્ :** જેમ લોઢું અને અગ્નિ એકમેક છે તેમ જીવ અને કર્મ પણ એકમેક છે.

**લૌકિક ધર્મ :** સંસારસુખની અભિલાષાએ કરાતો ધર્મ, અથવા લોકના વ્યવહારો આચરવા પૂરતો કરાતો ધર્મ.

## વ

**વંશાનારકી :** સાત નારકીઓમાં બીજી નારકી.

**વક્રગતિ :** એક ભવથી બીજા ભવમાં જતા જીવને સમશ્રેણીને બદલે આકાશપ્રદેશોમાં વળાંક લેવો પડે તે.

**વક્ર - જડ :** અવસર્પિણીમાં અંતિમ તીર્થંકરના અનુયાયીઓ કુતર્ક કરનારા વાંકા અને બુદ્ધિથી જડ છે, મૂર્ખ છે.

**વચનયોગ :** ભાષા છોડવા માટે આત્મપ્રદેશોમાં થતી બોલવાની ક્રિયા.

**વચનક્ષમા :** "ક્ષમા રાખવી" એમ તીર્થંકરભગવન્તોનું વચન (આજ્ઞા) છે એમ માની ક્ષમા રાખે તે.

**વચનાતિશય :** સામાન્યપણે લોકમાં કોઈની પણ ન સંભવી શકે તેવી ઉત્તમ ૩૫ ગુણોવાળી સર્વોત્તમ જે વાણી તે.

**વચનોચ્ચાર :** શબ્દો-વચનો બોલવાં તે, (પાંચ હ્રસ્વ સ્વરોનો વચનોચ્ચાર કરતાં જેટલો કાળ લાગે તેટલો કાળ ૧૪મા ગુણસ્થાનકનો હોય છે.)

**વજ્રઋષભનાચયસંઘયણ :** જે હાડકામાં મર્કટબંધ-પાટો અને ખીલી મારેલા જેવી અતિશય ઘણી જ મજબૂતાઈ હોય તે પ્રથમ સંઘયણ.

**વજ્રસ્વામીજી :** જેઓએ બાલ્યવયમાં ઘોડિયામાં સાધ્વીજીના મુખે ભણાતાં શાસ્ત્રો સાંભળી ૧૧ અંગની વિદ્યા પ્રાપ્ત કરી હતી તે.

**વડી દીક્ષા :** અવસર્પિણી કાળમાં પ્રથમ અને અંતિમ તીર્થંકરના શાસનમાં છ મહિનાની અંદર યોગ્યતા લાગવાથી ફરીથી અપાતી પાંચ મહાવ્રતોના ઉચ્ચારણપૂર્વકની દીક્ષા.

**વનસ્પતિકાય :** ઝાડ-ફૂલ-ફળ-શાખા-પ્રશાખા વગેરે વનસ્પતિરૂપે છે કાયા જેની એવા જીવો, આ પ્રત્યેકસાધારણ બે પ્રકારે છે.

**વનિતાવૃન્દ :** સ્ત્રીઓનો સમૂહ, નારીઓનું ટોળું.

**વન્દન આવશ્યક :** છ આવશ્યકોમાંનું ત્રીજું આવશ્યક, ગુરુજીને નમવું.

**વન્ધ્યબીજ :** જે બીજમાં ફળ બેસે નહીં તે, ઉગાડવા છતાં અંકુરાને માટે અયોગ્ય.

**વન્ધ્યા સ્ત્રી :** જે સ્ત્રીને પુરુષનો યોગ થવા છતાં પણ સંતાન-પ્રાપ્તિ ન થાય તે, સંતાન-પ્રાપ્તિમાં અયોગ્ય સ્ત્રી.

**વમન થવું :** ઊલટી થવી, કરેલું ભોજન મુખથી ઉદાનવાયુ દ્વારા બહાર આવે તે, તપાચારના અતિચારમાં "વમનહુઓ" શબ્દ આવે છે તે.

**વયોવૃદ્ધ :** ઉંમરમાં ઘણા ઘરડા થયેલા, અનુભવી પુરુષો.

**વરસીદાન :** પ્રભુ જ્યારે જ્યારે દીક્ષા લે છે ત્યારે ત્યારે એક વર્ષ સુધી દીન-દુખિયાઓને સતત દ્રવ્યનું (ધન-વસ્ત્ર-આદિનું) દાન આપે છે તે.

**વર્ગણા :** સરખેસરખા પરમાણુઓવાળા સ્કંધો, અથવા તેવા સ્કંધોનો સમૂહ. તેના ઔદારિકાદિ ૮ ભેદો છે. ઔદારિક શરીરને યોગ્ય સ્કંધો તે ઔદારિકવર્ગણા ઇત્યાદિ.

**વર્તનાકાળ :** જીવ-અજીવ આદિ કોઈ પણ દ્રવ્યોનું વિવક્ષિત તે તે પર્યાયમાં વર્તવું તે વર્તના, જેમ કે જીવનું "મનુષ્યપણે" વર્તવું તે મનુષ્યપણાનો કાળ.

**વર્તમાન ચોવીસી :** ભરતક્ષેત્રમાં આ અવસર્પિણીકાળમાં ઋષભદેવ પ્રભુથી મહાવીરસ્વામી પ્રભુ સુધીના થયેલા ચોવીસ તીર્થંકર ભગવન્તો તે.

**વર્ધમાન તપ :** જે તપ પછી પછી વધતો જાય તે, એક આયંબીલ પછી ઉપવાસ, બે આયંબીલ પછી ઉપવાસ, એમ ૩-૪-૫ આયંબીલ કરતાં કરતાં છેવટે ૧૦૦ આયંબીલ પછી ઉપવાસ. કુલ ૫૦૫૦ આયંબીલ અને ૧૦૦ ઉપવાસ.

**વર્ધમાન સ્વામી :** આ ચોવીસીના ચોવીસમા તીર્થંકર પ્રભુ, ચરમ-તીર્થપતિ.

**વર્ષધર પર્વત :** સીમાને ધારણ કરનારા પર્વત. ભરતાદિ છ ક્ષેત્રોની જે સીમા છે તેની વચ્ચે વચ્ચે આડા આવેલા પર્વતો, (૧) હિમવંત, (૨) મહાહિમવંત, (૩) નિષધ, (૪) નીલવંત, (૫) રૂક્મિ (૬) શિખરી પર્વત.

**વલયાતૃતિ :** ચૂડી (બંગડી)ના જેવા ફરતા ગોળાકારે લવણસમુદ્રાદિ દ્વીપ-સમુદ્રો આવેલા છે. જેઓની વચ્ચે બીજા દ્વીપાદિ હોય અને પોતે બંગડીની જેમ ગોળાકારે હોય તે.

**વહોરાવતા :** આપતા, ભક્તિના ભાવપૂર્વક દાન કરતા, સાધુ-સંતોને ઉલ્લાસપૂર્વક આપતા.

**વક્ષસ્કાર પર્વત :** મહાવિદેહક્ષેત્રમાં આઠ આઠ વિજયોની વચ્ચે આવેલા ૪-૪-૪-૪=૧૬ પર્વતો, પ્રારંભમાં ઊંચાઈ ઓછી, છેડે વધારે, જેથી છાતી બહાર કાઢી હોય તેવા.

**વાઉકાય જીવો :** પવનના જીવો, પવનરૂપે જીવો, પવન એ જ જીવ.

**વાક્તાણ્ડવ :** બોલવાની હોશિયારી, બોલવાની ચતુરાઈ, સતત બોલવું.

**વાક્વિલાસ :** વાણીનો વિલાસમાત્ર, નિરર્થક શબ્દપ્રયોગ.

**વાચના :** ગુરુજીની પાસે શિષ્યોનું ભણવું, ગુરુજી ભણાવે તે. પાંચ પ્રકારના સ્વાધ્યાયમાંનો પહેલો સ્વાધ્યાય.

**વાચ્ય અર્થ :** જે શબ્દથી જે કહેવા જેવું હોય તે, જેમકે ગંગા એટલે ગંગા નદી, નૃપ એટલે રાજા, સુવર્ણ એટલે સોનું.

**વાચ્યવાચકભાવ :** શબ્દ એ વાચક છે અને તેનો અર્થ એ વાચ્ય છે. તે બન્નેની વચ્ચેનો જે સંબંધ તે વાચ્યવાચકભાવ.

**વાત્સલ્યભાવ :** પ્રેમભાવ, નિર્દોષ પ્રેમ, સ્વાર્થ વિના નાના ઉપર કરાયેલી હાર્દિક લાગણી તે.

**વાદવિવાદ :** ચર્ચા, ખંડન મંડન, કોઈ પણ પક્ષની વાત રજૂ કરવી તે વાદ, તેનો વિરોધ કરી સામે પ્રતિસ્પર્ધી વાત રજૂ કરવી તે વિવાદ, ધર્મચર્ચા.

**વાદીપ્રતિવાદી :** વાત રજૂ કરનાર તે વાદી, તેનો વિરોધ કરનાર તે પ્રતિવાદી.

**વામનસંસ્થાન :** જે શરીરમાં હાથ, પગ, માથું અને પેટ આ ચાર મુખ્ય અંગો પ્રમાણસર હોય, પરંતુ શેષ અંગો પ્રમાણસર ન હોય તેવી શરીરની રચના.

**વાયણા (વારણા) :** અહિત કાર્યમાં પ્રવર્તતા શિષ્યોને ગુરુજીએ સમજાવીને રોકવા તે, ચાર પ્રકારની સાધુસમાચારીમાંની આ બીજી સમાચારી જાણવી.

**વારાંગના :** વેશ્યા, વારાફરતી પુરુષોની સાથે સંયોગ કરનારી સ્ત્રી.

**વારિષેણ :** એક વિશિષ્ટ મુનિ.

**વાલુકાપ્રભા :** સાત નારકીમાંની ત્રીજી નારકી.

**વાસક્ષેપ :** ચંદનનો મંત્રિત કરેલો ભુક્કો, મંત્રિત ચૂર્ણ, જાણે તેનાથી ગુણોનો આત્મામાં વસવાટ થતો હોય તે.

**વાસુદેવ રાજા :** વસુદેવના પુત્ર, કૃષ્ણમહારાજ, અથવા ભરતાદિ ક્ષેત્રોમાં થતા ૯ વાસુદેવો, અર્ધભરતખંડના સ્વામી.

**વિકલાંગ :** ઓછા અંગવાળો આત્મા, ખોડખાંપણવાળો આત્મા.

**વિકલાદેશ :** બીજા નયોનો અપલાપ કર્યા વિના કોઈ પણ વિવક્ષિત એક નયથી વાત કરવી તે.

**વિકલેન્દ્રિય :** બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિય આ ત્રણ, અથવા ઓછી ઇન્દ્રિયોવાળા જીવો.

**વિકારવાસના :** શરીરમાં ઉત્પન્ન થયેલી ભોગોની અભિલાષા, કામની ઉત્તેજના, વિષયભોગની અતિશય ઇચ્છા.

**વિખવાદ થવો :** ઝઘડો થવો, પરસ્પર ક્લેશ થવો, પરસ્પર મન ઊંચાં થવાં.

**વિખૂટા પડવું :** જુદા પડવું, અલગ થવું (જીવ અને કર્મનું અલગ થવું).

**વિગઈ :** શરીરમાં વિકાર કરે તે, નરકાદિ વિગતિમાં લઈ જાય તે, ઘી આદિ ૬ લઘુ વિગઈ, અને માંસ વગેરે છ મહાવિગઈ.

**વિગ્રહગતિ :** એક ભવથી બીજા ભવમાં જતાં વચગાળામાં જીવનું પંક્તિપ્રમાણે અથવા વક્રતાએ જે ગમન થાય તે.

**વિઘ્નજય :** કોઈપણ આરંભેલા કાર્યમાં આવતાં વિઘ્નોને જીતવાં.

**વિઘ્નહર :** વિઘ્નોને હરનારું, વિઘ્નોને દૂર કરનારું, મહાપ્રભાવશાલી મંત્રાક્ષરમય, ઉવસગ્ગહરં, ભક્તામર આદિ સ્તોત્રો.

**વિચારવિનિમય :** પરસ્પર વિચારોની આપ-લે કરવી, આગ્રહ વિના વસ્તુત્ત્વ પૂર્વાપર સંકલનાપૂર્વક વિચારવું.

**વિચિકિત્સા :** દવા કરાવવી, સારવાર લેવી, ઔષધાદિ કરવાં.

**વિચ્છેદ થવો :** વિનાશ થવો, પૂર્ણ થવું, સમાપ્ત થવું.

**વિજાતીય વાયુ :** પરસ્પર મેળ ન મળે, રોગ ઉત્પન્ન કરે તેવો વાયુ, અથવા શરીરની અંદરથી નીકળતો વાયુ અચિત્ત અને બહાર રહેલો વાયુ સચિત્ત એમ પરસ્પર વિજાતીય.

**વિજાતીય સ્વભાવ :** પરદ્રવ્યના સ્વભાવને અનુસરવું, તે વાળા બનવું, પરદ્રવ્યના સ્વભાવમાં ચાલ્યા જવું.

**વિતર્ક :** શબ્દનો અર્થ વિરુદ્ધ તર્ક, તર્કની સામે તર્ક કરવો તે થાય છે. શુક્લધ્યાનમાં વિતર્ક એટલે શ્રુતજ્ઞાન. તર્ક-વિતર્કો દ્વારા પ્રાપ્ત કરાતું સૂક્ષ્માતિસૂક્ષ્મ શ્રુતજ્ઞાન.

**વિદ્યાચારણ મુનિ :** વિદ્યા-જ્ઞાનના બળે આકાશમાં છે વેગવાળી ગતિ જેની તે.

**વિદ્યાપ્રવાદપૂર્વ :** જેમાં મંત્રો-તંત્રો અને અનેક વિદ્યાઓ-લબ્ધિઓનું વર્ણન છે. તે ચૌદ પૂર્વોમાંનું એક પૂર્વ.

**વિધિનિરપેક્ષ :** જે આત્માઓ અવિધિ સેવે છે અને તેના જ રસિક છે તથા જે નથી કરતા તેના કરતાં તો અમે ઘણા સારા છીએ એવું જેઓ માનવહન કરે છે તેઓ વિરાધક છે.

**વિધિપ્રધાન :** ધર્મકાર્યોમાં જે જે વિધિ સાચવવાની કહી હોય તે વિધિ બરાબર સાચવવી તે, તે પૂર્વકનું જે જ્ઞાન અને કાર્ય.

**વિધિવિધાન :** વિધિપૂર્વક કરાતાં ધર્મકાર્યોના પ્રકારો.

**વિધિસાપેક્ષ :** જે આત્માઓ અજ્ઞાનતાથી અવિધિ સેવે છે, પરંતુ તેઓને પોતાના અવિધિ-સેવનનું ઘણું જ દુ:ખ છે અને કોઈ જ્ઞાની વિધિ સમજાવે તેની પૂર્ણ અપેક્ષા છે તેઓ આરાધક છે.

**વિધેયાત્મક :** "આ કાર્ય કરવું જોઈએ." આ પ્રમાણે હકારાત્મક પ્રતિપાદન.

**વિધ્યાતસંક્રમ :** કર્મોની જે જે ઉત્તર પ્રકૃતિઓનો બંધ જે જે સ્થાને ભવના કારણે અથવા ગુણના કારણે અટક્યો હોય તેવાં કર્મોને તેના સજાતીય કર્મોમાં પલટાવવું તે. જેમકે દેવો દેવગતિ અને નરકગતિનો સંક્રમ મનુષ્યગતિમાં કરે તે, અથવા ચોથે ગુણઠાણે

અનં. નો સંક્રમ.
**વિધ્વંસ :** વિનાશ, સમાપ્તિ, પૂર્ણાહુતિ.
**વિનય :** નમ્ર સ્વભાવ, વડીલો અને ઉપકારીઓ પ્રત્યે ગુણજ્ઞ સ્વભાવ, છ અભ્યંતર તપમાંનો ૧ તપ.
**વિનયસંપન્નતા :** જીવમાં વિનયીપણાની પ્રાપ્તિ થવી. વિનયયુક્તતા.
**વિનિયોગ કરવો :** વાપરવું, ઉપયોગ કરવો, વપરાશ, પ્રાપ્ત શક્તિનો સદુપયોગ કરવો.
**વિનીતાવિનીત :** વિનય અને અવિનયવાળા બે શિષ્યો, તેઓની વચ્ચે વૈનયિકી બુદ્ધિસંબંધી હાથીના પગલાનું દૃષ્ટાન્ત જાણવું.
**વિપર્યય થવો :** ઊલટું સમજાઈ જવું, મિથ્યાત્વ મોહનીયના ઉદયથી ધર્મકાર્યમાં અને જિનેશ્વર પ્રભુ ઉપર વિપરીત ભાવ થાય તે.
**વિપાકવિચય :** "પૂર્વે બાંધેલાં કર્મોનાં ફળો ઘોર અતિઘોર છે" ઈત્યાદિ વિચારવું, ધર્મધ્યાનના ૪ ભેદોમાંનો ૧ ભેદ.
**વિપાકક્ષમા :** ક્રોધનું ફળ અતિશય ભયંકર છે, તેનાથી બંધાયેલાં કર્મોનું ફળ દુઃખદાયી છે એમ વિચારી ક્ષમા રાખવી તે, ક્ષમાના પાંચ ભેદોમાંની ૧ ક્ષમા.
**વિભંગજ્ઞાન :** મિથ્યાદૃષ્ટિ આત્માઓને થયેલું વિપરીત એવું અવધિજ્ઞાન, અવધિજ્ઞાન જ મિથ્યાદૃષ્ટિ પાત્રના કારણે વિભંગ.
**વિભાગ થવો :** ટુકડા થવા, બે ભાગ થવા, તેનું નામ "વિભાજિત" કહેવાય છે.
**વિભાવદશા :** આ આત્માનો ક્રોધ-માનાદિ કષાયને વશ જે પરિણામ તે, અથવા પુદ્ગલથી થતો સુખ-દુઃખમાં રતિ-અરતિનો જે પરિણામ તે.
**વિભાવસ્વભાવ :** આત્મા સ્વયં અનંતજ્ઞાનાદિ ગુણમય છે, તે સ્વભાવ કર્મોથી આવૃત થતાં પૌદ્ગલિક ભાવોને આધીન થવું તે.
**વિભ્રમ :** વસ્તુ હોય તેનાથી ઊલટ-સૂલટ, અસ્તવ્યસ્ત જણાય તે, જેમકે ઝાંઝવાના જળમાં જલજ્ઞાન થવું તે.
**વિમાસણ :** વિચારમાં ગૂંથાઈ જવું, ઊંડા વિચારવિશેષ.
**વિયોગ :** જુદા થવું, અલગ પડવું, છૂટા પડવું.
**વિરતિ :** ત્યાગ, વસ્તુ ત્યજી દેવી, વસ્તુનો ત્યાગ કરવો, વિરમણ.
**વિરતિધર :** ત્યાગી આત્માઓ, દેશથી વિરતિ લેનારા શ્રાવક અને શ્રાવિકા તથા સર્વથા વિરતિ લેનારા સાધુ અને સાધ્વીજી.
**વિરમણ કરવું :** અટકવું, છોડી દેવું, સ્થૂલ પ્રાણાતિપાત, વિરમણ વ્રત એટલે મોટા જીવોની (ત્રસજીવોની) હિંસાથી અટકવાવાળું વ્રત.
**વિરહકાળ :** આંતરું થવું, વસ્તુની પ્રાપ્તિ પછી ફરી પ્રાપ્તિ ન થાય ત્યાં સુધીનો કાળ, જેમ કોઈ જીવ મોક્ષે ગયા પછી બીજો કોઈ જીવ મોક્ષે ન જાય તેવો વધુમાં વધુ કાળ છ માસ તે વિરહકાળ.
**વિરહવેદના :** એક વસ્તુનો વિયોગ થયા પછી તેના વિયોગથી થતો શોક તથા થતું દુઃખ, જેમકે પતિ-પત્નીને વિયોગથી થતું દુઃખ.
**વિરાધના થવી :** પાપ લાગવું, ભગવાનની આજ્ઞાવિરુદ્ધ કાર્ય કરવું, આશાતના કરવી, હિંસા-જૂઠ આદિ પાપકાર્યો કરવાં.
**વિલય થવો :** નાશ થવો, વિધ્વંસ થવો, પૃથ્વીનો વિલય = પૃથ્વીનો નાશ.
**વિલક્ષણતા :** વિપરીતતા, ઊલટાપણું, જે પદાર્થમાં જે વસ્તુની કલ્પના કરી હોય, તેનાથી ઊલટાં ચિહ્નો દેખાવાં.
**વિલાસ કરવો :** મોજ કરવી, આનંદ માનવો, સાંસારિક સુખમાં સુખબુદ્ધિ કરવી.
**વિવક્ષા :** પ્રધાનતા, વસ્તુમાં અનેક ગુણધર્મો હોવા છતાં બીજાને ગૌણ કરી અમુક ધર્મને પ્રધાન કરવા તે, જેમકે સાકર કેવી ? ખારું, ઈત્યાદિ.
**વિવક્ષિત ધર્મ :** વસ્તુમાં અનંતધર્મો હોવા છતાં પણ જે ધર્મની પ્રધાનતા કરવામાં આવે તે ધર્મ, જેમકે ભ્રમર કાળો છે.
**વિવાદ :** ચર્ચા, તર્કવિતર્ક, ઝઘડો, સામસામી દલીલ કરવી તે, જેમકે ધર્મવિવાદ, વાદવિવાદ, કર્મવિવાદ વગેરે.
**વિવિક્ત વસવાટ :** મનુષ્ય-પશુ-પક્ષી વિનાના સ્થાનમાં વસવાટ કરવો તે, એકાન્ત, નિર્જનભૂમિમાં રહેવું.
**વિવેક :** ઉચિત આચરણ કરવું, જ્યાં જે હિતકારી હોય, અથવા શોભાસ્પદ હોય તેવું આચરણ કરવું તે.
**વિવેકી મનુષ્ય :** જ્યાં જે શોભાસ્પદ હોય ત્યાં તેનું આચરણ કરનાર.
**વિશારદ :** પંડિત, વિદ્વાન, કલાના જાણકાર. **"मंतमूलविसारया"**
**વિશિષ્ટ પ્રતિભાસંપન્ન :** સામાન્ય માણસમાં ન સંભવી શકે તેવા તેજથી યુક્ત.
**વિશિષ્ટ સામર્થ્ય :** સામાન્ય માણસમાં ન સંભવી શકે તેવું બળ.
**વિશેષ ગુણ :** જે ગુણ સર્વ દ્રવ્યોમાં ન હોય, પરંતુ અમુક જ દ્રવ્યમાં હોય તે.
**વિશેષાવશ્યક (મહાભાષ્ય) :** શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણસૂરિજીનો સામાયિક આવશ્યક ઉપર બનાવેલો મહાગ્રંથ.
**વિશેષોપયોગ :** વસ્તુમાં રહેલા વિશેષ ધર્મને જાણવાવાળો

ઉપયોગ, આનું જ નામ **જ્ઞાનોપયોગ** અને **સાકારોપયોગ** પણ છે.

**વિષમ પરિસ્થિતિ :** પ્રતિકૂલ વાતાવરણ, સહન ન થઈ શકે તેવા સંજોગો, મુશ્કેલીભર્યું કાર્ય.

**વિષમાવગાહી સિદ્ધ :** જે સિદ્ધ-પરમાત્મા બીજા સિદ્ધ-પરમાત્માઓની સાથે એક-બે-ત્રણ આદિ આકાશપ્રદેશોથી જુદી અવગાહના ધરાવે છે તે, સરખેસરખા આકાશમાં નહીં રહેલા સિદ્ધો.

**વિષયપ્રતિભાવ (જ્ઞાન) :** જ્યાં માત્ર જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી વિષય બરાબર આવડે છે, બોલી શકે છે, સમજાવી શકે છે પરંતુ દર્શનમોહનીય અને ચરિત્ર-મોહનીયનો ક્ષયોપશમ ન હોવાથી તેના ઉપર રુચિ અને આચરણ નથી તે.

**વિષયાભિલાષ :** પાંચ ઇન્દ્રિયોનાં વિષયસુખોને ભોગવવાની ઇચ્છા, આનું જ નામ **"વિષયવાસના"** પણ છે.

**વિસંયોજના :** મોહનીયકર્મમાં અનંતાનુબંધી ૪ કર્મોનો નાશ કર્યો છે પરંતુ તેના બીજભૂત મિથ્યાત્વમોહનીય કર્માદિ ૩ દર્શનમોહનીયનો નાશ કર્યો નથી, જેના કારણે પુનઃ અનંતાનુબંધી બંધાવાનો સંભવ છે તેવો અનંતાનુબંધી ક્ષય.

**વિસંવાદ થવો :** પરસ્પર વિરુદ્ધ વાત ઊભી થવી, વિરુદ્ધ વાતાવરણ સર્જાવું.

**વિસંવાદી લખાણ :** પૂર્વાપર વિરુદ્ધ લખાણ, આગળ-પાછળ જુદું-જુદું પરસ્પર વિરોધ આવે તેવું લખાણ, એ જ રીતે પૂર્વાપર વિરુદ્ધ બોલવું તે વિસંવાદી વચન.

**વિસ્તાર :** ફેલાવો, પાથરવું, ધર્મ-વિસ્તાર = ધર્મનો ફેલાવો થવો.

**વિસ્તૃત ચર્ચા :** ઘણા જ વિસ્તારવાળી ધર્મચર્ચા, આદિ ચર્ચાઓ.

**વિહાયોગતિનામ (કર્મ) :** શરીરમાં પગ દ્વારા ચાલવાની જે કળા તે, તેના શુભ અને અશુભ બે ભેદ છે. હાથી, બળદ અને હંસ જેવી જે ચાલ તે શુભ અને ઊંટ-ગધેડા જેવી જે ચાલ તે અશુભ.

**વિહારભૂમિ :** સાધુ-સંતોને ધર્મકાર્ય કરવા માટે આહારાદિની અનુકૂળતાવાળી વિચરવાની જે ભૂમિ તે વિહારભૂમિ.

**વિહુયરયમલા :** જે પરમાત્માએ **"રજ"** અને **"મેલ"** ધોઈ નાખ્યા છે તે.

**વિક્ષેપ કરવો :** કાર્ય કરનારાને વિઘ્ન કરવું, અંતરાય પાડવો.

**વિક્ષેપણી કથા :** જે કોઈ વ્યાખ્યાન કે વાર્તાલાપમાં અન્ય વ્યક્તિઓનું સીધી રીતે કે આડકતરી રીતે ભારોભાર ખંડન જ આવતું હોય તેવું વ્યાખ્યાન અથવા તેવો વાર્તાલાપ.

**વીતરાગતા :** જેના આત્મામાંથી રાગ, દ્વેષ, મોહ અને અજ્ઞાન આદિ સંપૂર્ણ નિર્દોષ અવસ્થા, આનું જ નામ **"વીતરાગ દશા"** પણ કહેવાય છે.

**વીતરાગપ્રણીત (તત્ત્વ) :** વીતરાગ પરમાત્માએ બતાવેલું જે તત્ત્વ.

**વીતરાગપ્રણીત ધર્મ :** વીતરાગ પરમાત્માએ બતાવેલો જે ધર્મ.

**વીરપુરુષ :** બહાદુર પુરુષ, બળવાન પુરુષ, ઉપસર્ગોમાં ટકી રહેનાર.

**વીર્ય :** શક્તિ, બળ, પુરુષતત્ત્વ, શુક્ર, પુરુષશક્તિ.

**વીર્યાચાર :** પોતાના શરીરમાં પ્રાપ્ત થયેલી શક્તિનું ધર્મકાર્યમાં વાપરવું, શક્તિ છુપાવવી નહીં તથા ઉલ્લંઘન કરવું નહીં.

**વૃત્ત :** બનેલું, થયેલું, ચરિત્ર, વૃત્તાંત એટલે કથા; થાળી જેવો ગોળ.

**વૃત્તિસંક્ષેપ :** ઇચ્છાઓને કાબૂમાં લેવી, ઇચ્છાઓ ઉપર કંટ્રોલ કરવો. ઇચ્છાઓને દાબવી, છ બાહ્ય તપમાંનો એક તપવિશેષ.

**વૃદ્ધાનુગામી :** વડીલોને અનુસરવું, ઉપકારીઓની પાછળ ચાલવું.

**વૃદ્ધાવસ્થા :** ઘડપણ, પાકી ગયેલી વય, જરાવસ્થા.

**વેદ :** બ્રાહ્મણાદિમાં પ્રસિદ્ધ ધર્મ-શાસ્ત્રો, ઋગ્વેદ, યજુર્વેદ વગેરે.

**વેદનાસમુદ્ઘાત :** શરીરમાં અસાતાવેદનીયના ઉદયથી પીડા થાય ત્યારે સર્વ આત્મપ્રદેશો સ્થિર કરી, સમભાવ રાખી, પીડા ભોગવી, અસાતાનાં દલીકોનો જલ્દી તરત નાશ કરવો તે.

**વેદનીય કર્મ :** સાતા-અસાતારૂપે ભોગવાય તેવું ત્રીજું કર્મ.

**વેધકતા :** રાધાપૂતલી વીંધીને વિજય મેળવનાર, **"વેધકતા વેધક લહે છે."**

**વેરઝેર :** પરસ્પર વૈમનસ્ય, અંદર-અંદરની દાઝ-ઈર્ષ્યા.

**વૈક્રિય શરીર :** એક શરીર હોતે છતે બીજા અનેક શરીરો બનાવવાની જે લબ્ધિ-શક્તિ તે, નાનાં-મોટાં આદિ નવાં નવાં આકારે શરીરો બનાવવાં.

**વૈક્રિય સમુદ્ઘાત :** વૈક્રિય શરીર બનાવતી વખતે આત્મપ્રદેશો સ્થિર કરી, બીજા શરીરની રચના કરી, તેમાં આત્મપ્રદેશો સ્થાપી, તે શરીર ભોગવવા દ્વારા વૈ. શ. નામકર્મનો વિનાશ કરવો તે.

**વૈદક શાસ્ત્ર :** જેમાં શરીરના રોગોની ચિકિત્સા બતાવેલી હોય તેવું આયુર્વેદસંબંધી શાસ્ત્ર.

**વૈનયિકી બુદ્ધિ :** ગુરુજીનો વિનય કરવાથી તેમની પ્રસન્નતા દ્વારા શિષ્યોમાં વધતી બુદ્ધિ.

**વૈમાનિક દેવ :** ઉચ્ચ કોટિના દેવો, ૧૨ દેવલોકોમાં, (દિગંબર-સંપ્રદાય પ્રમાણે ૧૬ દેવલોકોમાં) તથા ગ્રૈવેયક-અનુત્તરમાં રહેનારા દેવો.

**વૈયધિકરણ્ય :** વિરુદ્ધ અધિકરણમાં રહેનાર, સાથે નહીં રહેનાર, ભિન્ન ભિન્ન જગ્યાએ રહેનાર, જેમકે જળ અને અગ્નિ.

**વૈયાવચ્ચ :** ગુરુજી, વડીલો, ઉપકારીઓ, તપસ્વીઓ અને

માંદા-રોગી આત્માઓની સેવા, ભક્તિ, સારવાર કરવી તે.
**વૈરાનુબંધ :** પૂર્વભવોનું પરસ્પર વૈર, જેમકે અગ્નિશર્મા-કમઠ વગેરે.
**વોસિરામિ :** હું આવાં પાપોથી મારા આત્માને દૂર કરું છું.
**વ્યંગવચન :** મીઠી ભાષા બોલતાં બોલતાં ઝેર ઓકવું. મનમાં ધારેલા કોઈ ગુપ્ત અર્થને ગુપ્ત રીતે કહેતું અને બહારથી સારું દેખાતું વચન.
**વ્યંજન :** કક્કો, બારાખડી, અથવા શાક, વસ્તુઓ જેનાથી વિશેષ અંજિત (રસવાળી) થાય તે. કકારાદિ અક્ષરો. એકલા જે ન બોલી શકાય સ્વર સાથે જ બોલાય તે.
**વ્યંજનપર્યાય :** છએ દ્રવ્યોમાં રહેલા (કંઈક દીર્ઘકાળવર્તી) સ્થૂલ પર્યાયો, જેમકે મનુષ્યના બાલ, યુવત્વ અને વૃદ્ધત્વ પર્યાય.
**વ્યંજનાવગ્રહ :** જ્યાં ઈન્દ્રિયો અને તેના વિષયોનો માત્ર સંયોગ (સન્નિકર્ષ) જ છે, પરંતુ (સ્પષ્ટ) બોધ નથી, માત્ર નવા શરાવલામાં નખાતાં જલબિન્દુઓની જેમ અવ્યક્ત બોધ છે તે.
**વ્યંતરદેવ :** દેવોની એક જાત, જે હલકી પ્રકૃતિવાળી છે. મનુષ્યલોકથી નીચે વસે છે, દેવ હોવા છતાં માનવની સ્ત્રીઓમાં મોહિત થઈ વળગે છે. માટે અંતર (માનમોભા) વિનાના.
**વ્યતિરેકધર્મ :** વસ્તુ ન હોતે છતે જે ધર્મ ન હોય તે, જેમકે આ ગાઢ જંગલમાં મનુષ્ય ન હોવાથી, (૧) ખરજ ખણવી, (૨) હાથપગ હલાવવા, (૩) વગેરે ધર્મો નથી. તે વ્યતિર્ક ધર્મો.
**વ્યતિરેક વ્યભિચાર :** જ્યાં સાધ્ય ન હોય છતાં હેતુ હોય, તે વ્ય. વ્ય. જેમકે વહ્નિ ન હોય તો પણ પ્રમેયત્વનું હોવું.
**વ્યતિરેકવ્યાપ્તિ :** જ્યાં જ્યાં સાધ્યનો અભાવ હોય ત્યાં ત્યાં સાધનનો પણ અભાવ હોય તે, જેમકે વહ્નિ ન હોય ત્યાં ધૂમ પણ ન જ હોય.
**વ્યય થવો :** વિનાશ થવો, નિરર્થક ચાલ્યું જવું.
**વ્યવસાય કરવો :** પ્રયત્ન કરવો, વેપાર કરવો, કાર્યવાહી આચરવી.
**વ્યવહાર કરવો :** લેવડ-દેવડ કરવી, આપ-લે કરવી, સંબંધો બાંધવા.
**વ્યવહારનય :** વસ્તુઓનું પૃથક્કરણ કરે, ભેદને મુખ્ય કરે, ઉપચારને પણ સ્વીકારે, આરોપિત ભાવને પણ માન્ય રાખે, બાહ્ય ભાવ. અભૂતાર્થતા, જેમકે જીવોના બે ભેદ ત્રસ અને સ્થાવર. સોનું વરસે છે. ઘી જ આયુષ્ય છે. હું કાળો-ગોરો-રૂપાળો છું. આત્મા જ સુખ-દુઃખાદિ અને ઘરાદિનો કર્તા છે.
**વ્યવહારરાશિ :** જે જીવો એક વખત નિગોદનો ભવ છોડી બીજો ભવ પામી પુનઃ નિગોદ આદિમાં ગયા છે તેવા જીવો.
**વ્યાપ્ત :** વ્યાપીને સર્વત્ર રહેનાર, જેમકે ધર્માસ્તિકાય લોકવ્યાપ્ત છે. એટલે સમગ્ર લોકમાં વ્યાપીને રહેનાર છે.
**વ્યાપ્તિ :** જ્યાં જ્યાં હેતુ હોય ત્યાં ત્યાં સાધ્યનું અવશ્ય હોવું અથવા જ્યાં સાધ્યાભાવ હોય ત્યાં હેતુના અભાવનું હોવું. તે બે પ્રકારે છે (૧) અન્વય-વ્યાપ્તિ, (૨) વ્યતિરેકવ્યાપ્તિ.
**વ્યાબાધા :** પીડા, દુઃખ, અવ્યાબાધસુખ એટલે પીડા વિનાનું સુખ.
**વ્યુત્પત્તિગર્ભિત અર્થ :** ધાતુ અને પ્રત્યયથી વ્યાકરણના નિયમોને અનુસારે થયેલો વાસ્તવિક જે અર્થ તે, જેમકે नॄन् पातीति नृपः

## શ

**શંકાકુશંકા :** પરમાત્માનાં વચનોમાં (જાણવાની બુદ્ધિ વિના) શંકા કરવી, અથવા અશ્રદ્ધાભાવે શંકા કરવી, ખોટી શંકા કરવી તે.
**શંકાસ્પદ વિષય :** જે વિષય બરાબર બેસતો ન હોય, બરાબર સંગત થતો ન હોય, કંઈક ખૂટતું હોય એમ જ્યાં લાગે તે.
**શક્ય પ્રયત્ન :** બની શકે તેવો અને તેટલો પ્રયત્ન.
**શક્યારંભ :** જે કાર્ય કરવું શક્ય હોય તેનો જ આરંભ કરવો તે.
**શતકકર્મગ્રંથ :** સો ગાથાવાળો કર્મગ્રંથ, પાંચમો કર્મગ્રંથ.
**શતાબ્દી મહોત્સવ :** સો વર્ષ પૂર્ણ થયાં હોય તેનો મોટો ઓચ્છવ.
**શબ્દનય :** શબ્દને પકડીને તેની મુખ્યતાએ જે વાત કરે તે, લિંગ-જાતિ-વચનમાં વ્યવહારને વિશેષ પ્રધાન કરે તે.
**શબ્દાનુપાત :** દેશાવગાસિક વ્રત-ગ્રહણ કર્યા પછી નિયમિત ભૂમિકા બહાર ઊભેલા મનુષ્યને અંદર બોલાવવા માટે ખોંખારો ખાવો, ઉધરસ ખાવી, તાળી પાડવી, અવાજ કરવો, શબ્દને બહાર ફેંકવો તે. દશમા વ્રતનો ૧ અતિચારવિશેષ.
**શબ્દાનુપાતી :** ચાર અકર્મભૂમિમાં આવેલા વૃત્તવૈતાઢ્યોમાંનો ૧ પર્વત.
**શમભાવ :** કષાયોને ઉપશમાવવા પૂર્વકનો જે પરિણામ તે.
**શય્યાતરપિંડ :** સાધુ-સાધ્વીજી મહારાજાઓએ જે ગૃહસ્થને ઘેર શય્યા (સંથારો) કર્યો હોય, રાત્રિવાસ રહ્યા હોય, તેના ઘરનો બીજા દિવસે આહાર લેવો તે, સાધુજીવનમાં તેનો ત્યાગ હોય છે.
**શય્યાપરિષહ :** ગામાનુગામ વિહાર કરતાં શય્યા ઊંચીનીચી ભૂમિ ઉપર હોય, કમ્મર દુઃખે તોપણ સમભાવે સહન કરે તે.
**શરાબપાન :** દારૂ પીવો તે, મદિરા-પાન, શરાબનું પીવું.
**શરાવલું :** કોડિયું, ચપ્પણિયું, માટીનું વાસણ. વ્યંજનાવગ્રહમાં

આ શરાવલાનું દૃષ્ટાન્ત આપવામાં આવે છે.

**શરીર :** જેનો નાશ થાય તે, शीर्यते यत् तत्, નાશવંત.

**શરીરચિંતા :** શરીરમાં થયેલા રોગોની ચિંતા, આર્તધ્યાનના ૪ ભેદોમાંનો એક ભેદ.

**શરીરસ્થ :** શરીરધારી, શરીરવાળા, શરીરમાં રહેનાર.

**શલાકાપુરુષ :** સામાન્ય માણસોમાં સર્વોત્તમ પુરષો, ૨૪ તીર્થંકર ભગવંતો ૧૨ ચક્રવર્તીઓ, ૯ વાસુદેવો, ૯ પ્રતિવાસુદેવો, અને ૯ બળદેવો.

**શલાકાપુરુષ (ચરિત્ર) :** ઉપર કહેલા ૬૩ ઉત્તમ પુરુષોનાં ચરિત્રો જેમાં લખાયેલાં છે તેવું, કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યનું બનાવેલું શાસ્ત્ર.

**શલ્ય :** કપટ, માયા, જૂઠ, બનાવટ.

**શલ્યરહિત :** કપટ વિનાનું, માયા-જૂઠ વિનાનું, બનાવટ વગરનું.

**શાકાહારી :** અનાજ, ફળ-ફ્રુટ આદિનો આહાર કરનાર.

**શાન્તિનાથ (પ્રભુ) :** ભરતક્ષેત્રમાં ૨૪ તીર્થંકારોમાં ૧૬મા ભગવાન.

**શારીરિક પરિસ્થિતિ :** શરીરસંબંધી સ્થિતિ, શરીરસંબંધી હકીકત.

**શાશ્વત સુખ :** સદા રહેનારું સુખ, કોઈ દિવસ નાશ ન પામનારું.

**શાસન :** આજ્ઞા, પરમાત્માની આજ્ઞા તેમના કહ્યા પ્રમાણે ચાલવું.

**શાસનપ્રેમ :** પરમાત્માના શાસન પ્રત્યેનો અતિશય પ્રેમ, બહુમાન.

**શાસનરક્ષક (દેવ) :** શાસનની રક્ષા કરનારા અધિષ્ઠાદાયક દેવ-દેવીઓ.

**શાસ્ત્રકથિત ભાવ :** શાસ્ત્રોમાં કહેલા જે ભાવો, કહેલાં જે તત્ત્વો.

**શાસ્ત્રનિષિદ્ધ ભાવ :** શાસ્ત્રોમાં નિષેધેલા જે ભાવો, ન કરવા લાયક ભાવો.

**શાસ્ત્રવિહિત ભાવ :** શાસ્ત્રોમાં કહેલા જે ભાવો, શાસ્ત્રોમાં કહેલાં જે તત્ત્વો.

**શિથિલાચાર :** ઢીલા આચાર, જે જીવનમાં જે આચારો શોભાપાત્ર ન હોય છતાં તેવા આચાર સેવનાર.

**શિલારોપણવિધિ :** જિનલાય – જૈનઉપાશ્રમ આદિ ધર્મસ્થાનો બંધાવવા માટે પાયો ખોદીને શિલા મૂકવાની જે વિધિ કરાય તે, તેને જ **શિલાસ્થાપનવિધિ** અથવા **શિલાન્યાસવિધિ** પણ કહેવાય છે.

**શિષ્ય :** આજ્ઞા પાળવાને યોગ્ય, આજ્ઞાંકિત, ગુરુ પ્રત્યે સદ્ભાવવાળો.

**શીત લેશ્યા :** બળતી વસ્તુને ઠારવા માટેની એક લબ્ધિ.

**શીતળનાથ ભગવાન્ :** દશમા તીર્થંકર ભગવાન.

**શીતળ સ્પર્શ :** ઠંડો સ્પર્શ, આઠ સ્પર્શોમાંનો એક સ્પર્શ.

**શુક્લલેશ્યા :** અતિશય ઉજ્જવળ પરિણામ, જાંબૂના દૃષ્ટાન્તમાં ભૂમિ ઉપર પડેલાં જ ખાવાની વૃત્તિવાળાની જેમ.

**શુદ્ધ ગોચરી :** નિર્દોષ આહારની પ્રાપ્તિ, ૪૨ દોષ વિનાનો આહાર.

**શુદ્ધ દશા :** સર્વથા મોહ વિનાની આત્માની જે અવસ્થા, અથવા સર્વકર્મ રહિત અવસ્થા. તેને જ શુદ્ધાત્મા કહેવાય છે.

**શુભ ભાવ :** પ્રશસ્ત કષાયોવાળો માનસિક પરિણામ, દેવ-ગુરુ શાસ્ત્ર અને ધર્મ ઉપરનો રાગવાળો આત્મપરિણામ.

**શુભાશીર્વાદ :** સામેના આત્માનું ભલું થાય તેવો ઉત્તમ આશિષ.

**શુભાશુભકર્મ :** સુખ આપે તેવાં પુણ્યકર્મ અને દુઃખ આપે તેવાં પાપકર્મો, એમ ઉભય કર્મો.

**શુશ્રૂષા :** ધર્મ સાંભળવાની અતિશય ઉત્કંઠા.

**શેષ અંગો :** બાકીના અવયવો, જે અંગો પ્રમાણસર હોય તેના વિનાનાં બાકીનાં અંગો કે જે પ્રમાણસર ન હોય તે.

**શેષ કર્મો :** બાકી રહેલાં કર્મો, જે કર્મોનો ક્ષયાદિ થયો હોય તેના વિના બાકીનાં કર્મો.

**શેષ ધર્મો :** જે ધર્મની વાત ચાલતી હોય તેનાથી બાકીના ધર્મો.

**શૈલેશીકરણ :** મેરુપર્વત જેવી સ્થિર અવસ્થા, અયોગીગુણસ્થાનક.

**શૈક્ષક :** જે આત્માએ હમણાં નવી જ દીક્ષા લીધી હોય તે.

**શોકાતુર :** શોકથી પીડાયેલા, મનમાં જેને શોક છવાયેલ છે તે.

**શોચનીય દશા :** શોક કરવા લાયક દશા. શોકયોગ્ય દશા.

**શોભાસ્પદ :** શોભા ઊપજે તેવું સ્થાન, તેવો મોભો અને તેવું વર્તન.

**શૌચધર્મ :** શરીર અને મનની પવિત્રતા, દશ યતિધર્મોમાંનો એક ધર્મ, પવિત્ર ધર્માનુષ્ઠાન.

**શ્રદ્ધા:**વિશ્વાસ,પ્રેમ,આસ્થા, આ જ સત્ય છે જે ભગવન્તે કહ્યું છે

**શ્રવણેન્દ્રિય :** શ્રોત્ર, કાન, શબ્દ સાંભળનારી ઇન્દ્રિય.

**શ્રેણી :** પંક્તિ, ક્રમસર, આકાશ-પ્રદેશોની પંક્તિ અથવા મોહનીય કર્મને દબાવવાપૂર્વક કે ખપાવવાપૂર્વકની શ્રેણી, દબાવવાવાળી ઉપશમશ્રેણી અને ખપાવવાવાળી ક્ષપકશ્રેણી.

**શ્રુત કેવલી :** ચૌદ પૂર્વનું પરિપૂર્ણ જ્ઞાન ધરાવનાર, એટલું વિશાળ શ્રુતજ્ઞાન કે જાણે કેવલજ્ઞાની જ હોય શું ? તે.

**શ્રોત્રેન્દ્રિય :** કાન, શબ્દ સાંભળવાનું એક સાધન.

**શ્લાઘા :** પ્રશંસા, વખાણ, સ્વશ્લાઘા = પોતાની પ્રશંસા.

**શ્લિષ્ટ :** ચોંટેલું, આલિંગન કરાયેલું, વ્યાપ્ત.

**શ્લેષ્મ :** બળખો, થૂંક, અથવા નાક-કાનનો મેલ.

**શ્વેતાંબર :** શ્વેત વસ્ત્ર પહેરનાર જૈન સાધુ-સાધ્વીજી.

## ષ

**ષટ્કાય :** છ કાયારૂપે જીવોના ભેદો, પૃથ્વીકાય વગેરે.
**ષડશીતિ :** ચોથો કર્મગ્રંથ, કે જેની ૮૬ ગાથાઓ છે.
**ષડ્ગુણહાનિ-વૃદ્ધિ :** છ જાતની હાનિ અને છ જાતની વૃદ્ધિ, અધ્યવસાય સ્થાનોમાં જઘન્ય પ્રથમ અધ્યવસાય સ્થાનથી
(૧) અનંત ભાગ અધિક
(૨) અસંખ્યાત ભાગ અધિક,
(૩) સંખ્યાત ભાગ અધિક,
(૪) સંખ્યાતગુણ અધિક,
(૫) અસંખ્યાતગુણ અધિક,
(૬) અનંતગુણ અધિક વિશુદ્ધિની વૃદ્ધિ, તેવી જ રીતે ઉપરથી છ જાતની હાનિ સમજવી.
**ષડ્સ્થાનક :** જૈનદર્શનને માન્ય જીવનાં છ સ્થાનો. (૧) જીવ છે. (૨) જીવ નિત્ય છે. (૩) જીવ કર્મોનો કર્તા છે. (૪) જીવ કર્મોનો ભોક્તા છે. (૫) મોક્ષ છે અને (૬) મોક્ષના ઉપાયો છે ઇત્યાદિ.

## સ

**સંકુચિત દશા :** મન ટૂંકું હોવું, ટૂંકું હૃદય, સંકોચવાળી ભાવના.
**સંકેતપચ્ચક્ખાણ :** કોઈ ને કોઈ નિશાની ધારીને પચ્ચક્ખાણ કરવું તે, જેમકે મુટ્ઠસી, ગંઠસી, દીપસહિઅં વગેરે.
**સંકેતસ્થાન :** પરસ્પર મળવા માટે નક્કી કરેલી ભૂમિ, જગ્યા.
**સંકોચ થવો :** શરમાળપણું, હૃદયમાં રહેલી વાત કહેતાં શરમાવું તે.
**સંક્રમણકરણ :** જે વીર્યવિશેષથી (શક્તિથી) વિવક્ષિત કર્મને (દાખલા તરીકે સાતા-વેદનીયને) બંધાતા સજાતીય કર્મમાં (અસાતામાં) નાખવું, તે વીર્યવિશેષ સંક્રમણકરણ.
**સંક્રમણ થવું :** એક કર્મનું સજાતીય એવા બીજા કર્મમાં પલટાવું.
**સંક્લિષ્ટ પરિણામ :** કષાયોવાળા, રાગ-દ્વેષ-મોહ અને અજ્ઞાનવાળા વિચારો.
**સંક્લિષ્ટાધ્યવસાયસ્થાનક :** કષાયોવાળા, રાગ-દ્વેષ-મોહ અને અજ્ઞાનવાળા વિચારો.
**સંક્લિષ્ટાસુર :** કષાયોથી ભરેલા વિચારોવાળા દેવો, પરમાધામી.
**સંગ્રહનય :** વિવિધ વસ્તુઓને એકીકરણ કરવાની જે બુદ્ધિ તે. જેમકે ત્રસ હોય કે સ્થાવર, પરંતુ "સર્વે જીવો છે."
**સંગ્રહસ્થાન :** જ્યાં વસ્તુઓનો જથ્થો ભેગો કરવામાં આવ્યો હોય તે.
**સંઘ :** સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા એમ ચાર પ્રકારનો સંઘ.
**સંઘયણ :** હાડકાંની રચના, હાડકાંનો બાંધો, તેની મજબૂતાઈ.
**સંઘયણનામકર્મ :** જે કર્મના ઉદયથી વજ્રઋષભાદિ સંઘયણોની પ્રાપ્તિ થાય તે.
**સંઘાત :** જથ્થો, સમૂહ, વસ્તુને એકઠી કરવી તે.
**સંઘાતન નામકર્મ :** જે કર્મના ઉદયથી ઔદારિકાદિ શરીરને યોગ્ય પુદ્ગલોના જથ્થા એકઠા કરાય તે.
**સંચિત કર્મ :** પૂર્વે બાંધેલાં કર્મો, પૂર્વે એકઠાં કરેલાં કર્મો.
**સંજીવની ઔષધિ :** એક પ્રકારની વિશિષ્ટ ઔષધિ, કે જે ખાવાથી બળદ પણ મનુષ્ય થઈ જાય, લાગેલા ઘા રૂઝાઈ જાય તે.
**સંજ્વલન કષાય :** અતિશય આછા-પાતળા કષાય, ચારિત્ર-જીવનમાં પણ કંઈક ક્લુષિતતા લાવે, યથાખ્યાતચારિત્રને રોકે તે.
**સંતાપ કરવો :** મનમાં બળવું, મનમાં થઈ ગયેલી ઘટના બાબત ઝૂરવું.
**સંથવ :** પરિચય, સહવાસ, સંસ્તવ, **"સંથવો કુલિંગિસુ"**
**સંદિગ્ધ :** શંકાવાળું, હૃદયમાં શંકા હોય તે, મતિજ્ઞાનના બહુ-અબહુ વગેરે ૧૨ ભેદોમાંનો ૧ ભેદ.
**સંદેહાત્મક :** ડામાડોળ, અસ્થિર, જે વાતમાં સંદેહ છે તે.
**સંપદા :** સૂત્રો બોલતાં વિશ્રામ લેવાનાં સ્થાનો, સૂત્રો બોલતાં બોલતાં અટકવાનાં સ્થાનો, જેમકે નવકારની ૮ સંપદા.
**સંપરાય :** કષાય, ક્રોધાદિ, સૂક્ષ્મ-સંપરાય = ઝીણો-પાતળો કષાય.
**સંપ્રત્યય :** સમ્યગ્ નિમિત્ત, સાચું કારણ, સાચો વિશ્વાસ.
**સંપ્રજ્ઞાત સમાધિ :** પ્રકર્ષને પામેલ અધ્યાત્મયોગ, ક્ષપકશ્રેણી, આત્માની મોહક્ષયવાળી કેવલજ્ઞાન નજીકની જે અવસ્થા.
**સંભવનાથ ભગવાન :** ભરતક્ષેત્રમાં વર્તમાન ચોવીશીમાં ત્રીજા ભગવાન.
**સંભવિત :** પ્રાયઃ હોઈ શકે તેવો સંભવ, સંભાવના કરાયેલું.
**સંમૂર્છિમ :** માત-પિતાના સંયોગ વિના જેનો જન્મ થાય તે.
**સંયમસ્થાન :** ચારિત્રવાળા જીવોમાં પરસ્પર અધ્યવસાય સ્થાનોની તરતમતા.
**સંયોગ થવો :** જોડાવું, મળવું, પરસ્પર ભેગા થવું તે.
**સંયોગિકભાંગા :** બે-ત્રણ-ચાર વસ્તુઓનો સંયોગ કરવાથી જે

ભાંગા થાય તે.

**સંયોગિક ભાવ :** બે-ત્રણ ભાવોનું ભેગું હોવું.

**સંયોજનાકષાય :** અનંતા સંસારને વધારે તેવો કષાય, અનંતાનુબંધી.

**સંરંભ :** પાપ કરવાની ઇચ્છા, ખોટું કરવાની મનોવૃત્તિ.

**સંરક્ષણ :** ચારે બાજુની સુંદર-સારું રક્ષણ તે, વસ્તુની સાચવણી.

**સંરક્ષણાનુબંધી :** સ્ત્રી અને ધનને સાચવવાની અતિશય મૂર્છા-મમતા-રૌદ્રધ્યાનનો ચોથો ભેદ.

**સંલાપ :** વારંવાર બોલાવવું તે, **"આલાવે સંલાવે".**

**સંલીનતા :** શરીરને સંકોચી રાખવું, ઇન્દ્રિયોને કાબૂમાં રાખવી, મનને વિષય-કષાયથી દૂર રાખવું તે.

**સંલેખના કરવી :** ઇચ્છાઓને સંકોચવી, ટૂંકાવવી, ધારેલાં વ્રતોમાં લીધેલી છૂટાછૂટને પણ ટૂંકાવેલી.

**સંવચ્છરી પ્રતિ :** બાર મહિને કરાતું પ્રતિક્રમણ, વાર્ષિક પ્રતિક્રમણ, પજુસણમાં છેલ્લે દિવસે કરાતું પ્રતિક્રમણ.

**સંવરતત્ત્વ :** આવતાં કર્મોને રોકવાં, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ આદિ ૫૭ પ્રતિભેદો, આશ્રવવિરોધી જે તત્ત્વ.

**સંવાસાનુમતિ :** પોતાના પરિવાર અને ધનાદિ ઉપર મમતાપાત્ર હોય તે, તેની વાત કરે નહીં, સાંભળે નહીં, પરંતુ મમતામાત્ર જ હોય તે.

**સંવેગપરિણામ :** મોક્ષતત્ત્વની અતિશય રુચિ-પ્રીતિવાળો પરિણામ.

**સંવેધભાંગા :** બંધ-ઉદય અને સત્તાની સાથે વિચારણા કરવી તે, કેટલી કર્મપ્રકૃતિઓ બંધાતે છતે કેટલી ઉદયમાં હોય અને કેટલી સત્તામાં હોય ? તેની વિચારણા કરવી તે.

**સંસાર :** જન્મ-મરણવાળું, કર્માવસ્થાવાળું જે સ્થાન તે.

**સંસારચક્ર :** જન્મમરણનું પરિભ્રમણ, સંસારની રખડપટ્ટી.

**સંસારસાગર :** સંસારરૂપી દરિયો, જન્મમરણમય સંસારરૂપ સાગર.

**સંસારાભિનંદી :** સંસારના સુખમાં જ અતિશય આનંદ માનનાર.

**સંસિદ્ધિ થવી :** સમ્યગ્ પ્રકારે વસ્તુની સિદ્ધિ થવી, વસ્તુની પ્રાપ્તિ.

**સંસ્તારોપક્રમણ :** સંથારાનું પાથરવું, ભૂમિને જોયા વિના કે પૂંજ્યા પ્રમાર્જ્યા વિના સંથારો પાથરવો તે ૧૧મા વ્રતના અતિચાર.

**સંસ્થાન :** શરીરનો આકાર, રચના, સમચતુરસ્રાદિ છ પ્રકારનાં છે.

**સંસ્થાનવિચય (ધર્મસ્થાન) :** ચૌદ રાજલોકમય સંસારમાં રહેલાં છએ દ્રવ્યોનો વિચાર તે, ધર્મધ્યાનના ૪ ભેદોમાંનો ૧ ભેદ.

**સંહારવિસર્ગ :** સંકોચ અને વિસ્તાર, આત્માના પ્રદેશો દીપકની જ્યોતની જેમ સંકોચાય પણ છે અને વિસ્તૃત પણ થાય છે.

**સંક્ષિપ્ત રચના :** અતિશય ટૂંકાણમાં શાસ્ત્રો બનાવવાં તે.

**સંક્ષેપ :** ટૂંકાવવું, નાનું કરવું.

**સંજ્ઞા :** સમજણ, ચેતના, જ્ઞાન, આહારાદિ ૪ સંજ્ઞા તથા ક્રોધાદિ સંજ્ઞા તથા હેતુવાદોપદેશિકી આદિ સંજ્ઞા.

**સંજ્ઞા પ્રકરણ :** વ્યાકરણમાં સ્વર-વ્યંજન; ઘોષ-અઘોષ; ધુટ્-અધુટ્ આદિ સંજ્ઞાઓનું પ્રકરણ.

**સંજ્ઞી પંચેન્દ્રિય :** દીર્ઘકાલિકી સંજ્ઞાવાળા પંચેન્દ્રિય જીવો.

**સકલકુશલવલ્લી :** આત્માનાં સર્વ કલ્યાણોરૂપી વેલડી.

**સકલતીર્થ વંદું (કરજોડ) :** શત્રુંજય-ગિરનાર આદિ સમસ્ત તીર્થોને હું બે હાથ જોડીને ભાવથી વંદના કરું છું.

**સકલ સંઘ :** સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકારૂપ સમસ્ત શ્રીસંઘ.

**સકલાદેશ :** સર્વ નયોને સાથે રાખીને વસ્તુનું સ્વરૂપ સમજાવવું અર્થાત્ પ્રમાણથી જણાતું વસ્તુનું સ્વરૂપ.

**સકષાયી જીવ :** કષાયવાળો જીવ, એકથી દસ ગુણસ્થાનક સુધીના જીવો, કષાયયુક્ત જીવ કર્મોમાં સ્થિતિ – રસ બાંધે છે.

**સકૃદ્બંધક :** જે આત્માઓને મોહનીય કર્મની ૭૦ કોડાકોડી સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ હવે ફક્ત એક જ વાર બાંધવાની છે તે.

**સખીવૃંદ સમેત** - સાહેલીઓના સમૂહની સાથે (પંચકલ્યાણકની પૂજામાં).

**સગપણ :** સગાઈ, સંબંધ, સાંસારિક પરસ્પર સંબંધ (અવર ન સગપણ કોઈ).

**સઘનપણે :** પરસ્પર અંદર ક્યાંય પણ પોલાણ ન હોય તેવું.

**સચિત્ત પરિહારી :** જીવવાળી સચિત્ત વસ્તુઓનો ત્યાગ કરનાર.

**સચેલક મુનિ :** વસ્ત્રવાળા મુનિ – શ્વેતાંબર મુનિ.

**સજાગ રહેવું :** જાગૃત રહેવું, પ્રમાદ ન કરવો, આળસુ ન થવું, દોષ ન લાગે તેની પૂર્ણપણે કાળજી રાખવી.

**સજ્જન પુરુષ :** સારો માણસ, ગુણિયલ માણસ, ન્યાય-નીતિસંપન્ન.

**સજ્ઝાય કરું :** હે ગુરુજી ! હું સ્વાધ્યાય કરું !

**સજ્ઝાય સંદિસાહું :** હે ગુરુજી ! મને સ્વાધ્યાય કરવાની આજ્ઞા આપો !

**સત્ :** ઉત્પાદ-વ્યય અને ધ્રુવધર્મવાળો પદાર્થ, વસ્તુ, ચીજ, વસ્તુરૂપે હોવું.

**સત્તા :** હોવું, વિદ્યમાનતા, અસ્તિત્વ, આત્માની સાથે કર્મોની વિદ્યમાનતા તે, કર્મોની સત્તા.

**સત્તાગતકર્મ :** બાંધ્યા પછી ભોગવાય નહીં ત્યાં સુધી સત્તામાં રહેલાં કર્મો.

**સત્તાગત પર્યાય :** જે પર્યાયો થઈ ચૂક્યા છે અને જે પર્યાયો

ભાવિમાં થવાના છે તે સર્વ પર્યાયો દ્રવ્યમાં તિરોભાવે સત્તારૂપે રહેલા છે.

**સત્ત્વ :** પરાક્રમ, બળ, શક્તિ, તાકાત.

**સત્ત્વશાળી :** બળવાળો, ઘણા પરાક્રમવાળો પુરુષ.

**સત્ત્વહીન :** બળ રહિત, પરાક્રમ-રહિત, શક્તિવિનાનો પુરુષ.

**સત્ય :** યથાર્થ, સાચું, પ્રમાણિક જીવન, ૧૦ યતિધર્મમાંનો એક.

**સત્ય વચન :** સાચું વચન, યથાર્થ વચન, પ્રિય અને હિતકારક વચન.

**સદા આરાધક :** હંમેશાં ધર્મની આરાધના કરનાર, ધર્મમય પરિણામવાળો.

**સદાચાર :** ઉત્તમ આચાર, જ્ઞાનાચારાદિ પંચવિધ આચાર.

**સદાચારી :** ઉત્તમ આચારવાળો આત્મા, જેનું જીવન પ્રશંસનીય છે તે.

**સદા વિરાધક :** હંમેશાં પાપમય આચરણ કરનાર, વિરાધના કરનારો જીવ.

**સદ્‌ગતિ :** ઉત્તમ ગતિ, સાંસારિક સુખની અપેક્ષાએ દેવગતિ.

**સધવા સ્ત્રી :** પતિવાળી સ્ત્રી, સૌભાગ્યવતી સ્ત્રી, ધવ એટલે પતિ.

**સનત્કુમાર ચક્રવર્તી :** આ ભરતક્ષેત્રમાં વર્તમાનકાળે થયેલા ચક્રવર્તીમાંના એક.

**સનત્કુમાર દેવલોક :** વૈમાનિક દેવલોકોમાંનો ત્રીજો દેવલોક.

**સનાતન :** જેની આદિ નથી તે, અનાદિ.

**સન્નિકર્ષ :** ઇન્દ્રિય અને પદાર્થનો સંપર્ક, બન્નેનું જોડાવું.

**સન્માર્ગ :** જિનેશ્વર પરમાત્માએ બતાવેલો સંસાર તરવાનો સાચો માર્ગ.

**સંન્યાસવ્રત :** સંન્યાસ એટલે ત્યાગ, ત્યાગવાળું જે વ્રત તે. ધર્મ-સંન્યાસ એટલે ક્ષયોપશમભાવવાળા ધર્મોનો ક્ષપકશ્રેણીમાં કરાતો ત્યાગ તે ધર્મસંન્યાસ અને તેરમા ગુણઠાણાના છેડે કરાતો ત્રણ યોગોનો ત્યાગ તે યોગ-સંન્યાસ.

**સપર્યવસિતશ્રુત :** જે શ્રુતપાનનો અંત આવે તે, અન્તવાળું શ્રુત, દ્રવ્યથી એક વ્યક્તિને આશ્રયી, ક્ષેત્રથી ભરત ઐરાવત આશ્રયી. એમ કાલભાવથી જે શ્રુતજ્ઞાનનો અંત આવવાનો હોય તે.

**સપ્તતિકા :** છઠ્ઠો કર્મગ્રંથ, સિત્તરેગાથાનો ગ્રંથ, પંચસંગ્રહમાં આવતો એક ભાગ, જેમાં બંધાદિના ભાંગાઓનું વર્ણન છે.

**સપ્તભંગી :** "સ્યાદ્ અસ્તિ" વગેરે સાત ભાંગાઓનો સમૂહ.

**સફલતા :** આરંભેલા કાર્યમાંથી મળનારા ફળની સિદ્ધિ થવી તે.

**સમકિતપ્રાપ્તિ :** જિનેશ્વર પરમાત્માના ધર્મની યથાર્થરુચિ થવી, સાચા દેવ, ગુરુ અને ધર્મ પ્રત્યે પ્રીતિ, વિશ્વાસ જામવો.

**સમચતુરસ્ર સંસ્થાન :** જેના શરીરના ચારે ખૂણા સમાન માપના છે તે, જમણા ઢીંચણથી ડાબો ખભો, ડાબા ખભાથી જમણો ઢીંચણ, કપાલના મધ્યભાગથી પલોંઠીનો મધ્યભાગ, પલોંઠીનું અંતર. આ ચારે માપો જ્યાં સમાનપણે વર્તે છે તે.

**સમતોલ વૃત્તિ :** જેનું મન કોઈના પક્ષમાં ખેંચાતું નથી તે, બન્ને બાજુ સમાન મનનો પરિણામ છે તે.

**સમન્વય કરવો :** પરસ્પર વિરોધી દેખાતી બે વસ્તુઓને જુદી જુદી. વિવક્ષાથી બરાબર સમજીને યથાર્થપણે બેસાડવી તે.

**સમન્વયવાદ :** અપેક્ષાવાદ, સ્યાદ્‌વાદ, વિરોધી દેખાતા ધર્મોમાં પણ અપેક્ષાથી સમન્વય સમજાવનાર વાદ.

**સમભાવમુદ્રા :** જેની મુખમુદ્રા ઉપર રાગ કે દ્વેષ બિલકુલ નથી તે.

**સમભિરૂઢનય :** જે શબ્દનો ધાતુ-પ્રત્યયથી જેવો અર્થ થતો હોય તે જ પ્રમાણે શબ્દ પ્રયોગ કરનારી દૃષ્ટિ, જેમકે મનુષ્યોનું પાલન કરે તે નૃપ અને પૃથ્વીનું પાલન કરે તે ભૂપ.

**સમભૂતલા પૃથ્વી :** લોકનો અતિશય મધ્યભાગ, જે ભૂમિથી ઉપર-નીચે સાત સાત રાજ થાય અને પૂર્વાદિ ચારે દિશામાં અર્ધો અર્ધો રાડ હોય તેવી સર્વ બાજુથી મધ્યના ૮ આકાશ-પ્રદેશવાળી ભૂમિ.

**સમય :** કાળ, અવસર, શાસ્ત્ર, આગમ, જૈન આગમ.

**સમયવિત્પુરુષ :** શાસ્ત્રોને જાણનારા જ્ઞાની પુરુષો, શ્રુતકેવલી આદિ.

**સમયક્ષેત્ર :** અઢીદ્વીપ, જ્યાં મનુષ્યોનું જન્મ-મરણ છે તેવું ક્ષેત્ર, ચંદ્ર-સૂર્ય આદિની ગતિથી રાત્રિ-દિવસનો કાળ જ્યાં છે તે.

**સમયજ્ઞ :** શાસ્ત્રોને જાણનારા જ્ઞાની પુરુષો, શ્રુતકેવલી આદિ.

**સમરાંગણ :** યુદ્ધની ભૂમિ, લડાઈનું ક્ષેત્ર.

**સમર્પણભાવ :** આપણા ઉપર જેનો ઉપકાર છે તેને સર્વથા આધીન થવાનો ભાવ.

**સમર્પિતપણું :** આપણા ઉપર જેનો ઉપકાર છે તેને સર્વથા આધીન થઈ જવું તે.

**સમવાયીકારણ :** જે કારણ પોતે કાર્યસ્વરૂપે બની જાય તે કારણને સમવાયી કહેવાય છે. જેમકે ઘડાનું સમવાયીકારણ માટી.

**સમવેત :** સહિત, યુક્ત, ધર્મસમવેત એટલે ધર્મથી યુક્ત તથા સમવાય સંબંધથી રહેલ.

**સમશ્રેણી :** જ્યારે આત્મા નિર્વાણ પામી મોક્ષે જાય છે ત્યારે આજુબાજુના વધારાના એક પણ પ્રદેશને સ્પર્શ્યા વિના, જેટલા આકાશપ્રદેશોમાં પોતાની અવગાહના છે તેટલા જ આકાશપ્રદેશોને સ્પર્શતો સ્પર્શતો સમાન પંક્તિથી ઉપર જાય છે તે.

**સમસંસ્કૃત :** જે સ્તોત્ર પ્રાકૃત હોવા છતાં સંસ્કૃત ભાષામાં પણ તે સરખું જ રહે છે તે, જેમકે સંસારદાવા.

**સમસ્ત ચેષ્ટા :** કાયિક સઘળી પ્રવૃત્તિઓ, કાયા સંબંધી સઘળી ચેષ્ટાઓ.

**સમાધિમરણ :** મૃત્યુકાલે જ્યાં સમતા રહે, આર્ત-રૌદ્રધ્યાન ન થાય તે.

**સમાધાનવૃત્તિ :** પરસ્પર થયેલા કે થતા ક્લેશ-કંકાસને મિટાવીને સમજાવીને પણ સમાધાન કરવા-કરાવવાવાળું મન તે.

**સમારંભ :** પાપો કરવા સાધન-સામગ્રી ભેગી કરવી, પાપો કરવા માટે તત્પર થવું તે.

**સમાલોચના :** કરેલાં પાપોની સમ્યગ્ પ્રકારે આલોચના કરવી પશ્ચાતાપ કરવો, દંડ સ્વીકારવો, પસ્તાવો કરવો.

**સમાવગાહી :** સરખેસરખા ક્ષેત્રમાં અવગાહીને રહેનાર. (સિદ્ધનો) એક આત્મા જેટલા ક્ષેત્રમાં અવગાહીને રહેલ હોય, બરાબર તેટલા જ અને તે જ ક્ષેત્રમાં અવગાહીને રહેલા બીજા સિદ્ધજીવો અનંતા હોય છે તે સમાવગાહી.

**સમિતિ :** આત્મહિતમાં સમ્યગ્ પ્રકારે પ્રવૃત્તિ કરવી તે ઈર્યાસમિતિ આદિ પાંચ સમિતિ જાણવી.

**સમુચિત :** સાથે મળેલું, એકઠું થયેલું, રાશિરૂપે બનેલું.

**સમુચિત શક્તિ :** નજીકના કારણમાં રહેલી કાર્યશક્તિ, જેમકે માખણમાં રહેલી ઘીની શક્તિ.

**સમુદ્ઘાત :** સત્તામાં રહેલાં કર્મોનો બળાત્કારે જલ્દી વિનાશ કરવો તે વેદના-કષાય આદિ ૭ સમુદ્ઘાત છે.

**સમ્યક્ત્વ :** સાચી દૃષ્ટિ, વસ્તુસ્વરૂપને યથાર્થપણે સદ્દહવું, સુદેવ-સુગુરુ અને સુધર્મ પ્રત્યેની અવિચલ રુચિ.

**સમ્યગ્ચારિત્ર :** વીતરાગ પરમાત્માની આજ્ઞાનુસાર હેયભાવોનો ત્યાગ અને ઉપાદેયભાવોનું આચરવું તે.

**સમ્યગ્દર્શન :** સમ્ક્ત્વ, સાચી દૃષ્ટિ, તત્ત્વભૂત પદાર્થોની શ્રદ્ધા.

**સમ્યગ્દૃષ્ટિ :** સમ્યક્ત્વ જે આત્માને પ્રાપ્ત થયું હોય તે.

**સમ્યગ્જ્ઞાન :** સમ્યક્ત્વપૂર્વકનું જે જ્ઞાન તે.

**સયોગી કેવલી :** તેરમા ગુણસ્થાનકવર્તી જીવો; મન-વચન અને કાયાના યોગવાળા કેવલી ભગવન્તો.

**સયોગીદશા :** યોગવાળી આત્માની દશા. ૧થી ૧૩ ગુણઠાણાવાળી આત્માની દશા.

**સર્વઘાતી :** આત્માના ગુણોનો સર્વથા ઘાત કરનારાં કર્મો.

**સર્વલોકવ્યાપી :** ચૌદ રાજલોકપ્રમાણ સમસ્ત લોકમાં વ્યાપીને રહેનાર, ધર્માસ્તિકાય આદિ.

**સર્વવિરતિ :** હિંસા, જૂઠ-ચોરી આદિ પાપોનો સર્વથા ત્યાગ, સૂક્ષ્મ કે સ્થૂલ એમ સર્વ પાપોનો ત્યાગ.

**સર્વવિરતિધર :** સર્વથા પાપોનો ત્યાગ કરનાર મહાત્મા, પંચ-મહાવ્રત-ધારી સાધુ-સાધ્વીજી મ.

**સર્વ સંવરભાવ :** કર્મોનું આવવાનું સર્વથા અટકી જવું, મિથ્યાત્વ આદિ કર્મબંધના કોઈ હેતુ જ્યાં ન હોય તે, ચૌદમુ ગુણસ્થાપક.

**સવિચાર :** એક પદાર્થથી બીજા પદાર્થમાં, એક યોગમાંથી બીજા યોગમાં, અથવા એક પર્યાયમાંથી બીજા પર્યાયમાં પરિવર્તન પામવાવાળું શુક્લધ્યાન, પ્રથમ પાયો.

**સવિશેષ પ્રેરણા :** વિવક્ષિત કાર્યાદિમાં વધારે પ્રેરણા કરવી તે.

**સહજસિદ્ધ :** જે કાર્ય કરવામાં કર્તાને વધારે પ્રયત્ન કરવો ન પડે, સ્વાભાવિક રીતે જ થઈ જાય તે.

**સહજાનંદી :** કર્મ વિનાનો આ આત્મા સ્વાભાવિક અનંત આનંદવાળો છે, ગુણોના આનંદમાં રમનારો છે.

**સહસા :** ઉતાવળે ઉતાવળે, લાંબા વિચાર વિનાનું.

**સહસ્રાર :** આઠમો દેવલોક.

**સહાયક :** મદદગાર, સાહાય્ય કરનાર, મદદ કરનાર.

**સહિયારી સોબત :** બે-ત્રણ વસ્તુ સાથે મળીને જે કામ કરે, વિવક્ષિત કાર્યોમાં જે સાથે ને સાથે રહે તે.

**સહેતુક :** યુક્તિપૂર્વક, દલીલપૂર્વક, તર્કબદ્ધ જે વાત હોય તે.

**સાંવ્યવહારિક નિગોદ :** નિગોદમાંથી જે જીવો એકવાર પણ નીકળ્યા છે અને અન્ય ભવ કરીને પુનઃ નિગોદમાં ગયા છે તેવા જીવો.

**સાંવ્યવહારિક પ્રત્યક્ષ :** જે વિષય આત્માને સાક્ષાત્ ન દેખાય, પરંતુ ઇન્દ્રિયોની મદદથી અનુમાન વિના સાક્ષાત્ જણાય તે.

**સાંશયિક મિથ્યાત્વ :** જિનેશ્વર પરમાત્માનાં વચનો ઉપર શંકા કરવાવાળું મિથ્યાત્વ. મિથ્યાત્વના પાંચ પ્રકારોમાંથી એક.

**સાકારમંત્રભેદ :** સ્ત્રી-પુરુષ વચ્ચે વિશ્વાસપૂર્વક કરાયેલી મંત્રણાને ખુલ્લી પાડવી, ઉઘાડી કરવી.

**સાકારોપયોગ :** વસ્તુમાં રહેલા વિશેષધર્મે જાણવાવાળો બોધ, જ્ઞાનોપયોગ, અર્થાત્ વિશેષોપયોગ, જે જ્ઞાનમાં જ્ઞેયનો આકાર જણાય તે.

**સાગરોપમ :** ૧૦ કોડાકોડી પલોયપમનું એક સાગરોપમ થાય છે. સાગરની ઉપમાવાળો જે કાળ તે.

**સાચી સંસ્થાન :** નાભિથી નીચેના અવયવો જ્યાં પ્રમાણસર હોય અને નાભિ ઉપરના અવયવો જ્યાં પ્રમાણસર ન હોય તે, ત્રીજું સ્થાન, તેનું બીજું નામ સાદિસંસ્થાન.

**સાઢપોરિસી પચ્ચક્ખાણ :** સૂર્યના પ્રકાશથી પુરુષના શરીરની અર્ધછાયા પડે ત્યારે પચ્ચક્ખાણનો જે ટાઈમ થાય તે, અર્થાત્ સૂર્યોદય પછી આશરે પાંચેક કલાક બાદ પચ્ચક્ખાણ પારવાનો સમય થાય તે.

**સાત નય :** નય એટલે સાપેક્ષ દૃષ્ટિ, તેના સાત ભેદ છે. નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ અને એવં ભૂત.

**સાત સમુદ્ઘાત :** સત્તામાં રહેલાં કર્મોનો બળાત્કારે જલ્દી વિનાશ કરવો તે સમુદ્ઘાત, તેના સાત ભેદ છે. (૧) વેદના, (૨) કષાય, (૩) મરણ, (૪) વૈક્રિય, (૫) તૈજસ, (૬) આહારક અને (૭) કેવલી સમુદ્ઘાત.

**સાત રાજલોક :** અસંખ્યાત યોજનનો એક રાજ થાય છે. એવા સાત રાજ પ્રમાણ સમભૂતલાથી નીચે લોક છે અને તેટલો જ ઉપર લોક છે.

**સાત ગારવ :** સુખની અતિશય આસક્તિ, સુખશેલીયાપણું, શરીરને અલ્પ પણ તકલીફ ન આપવાની વૃત્તિ.

**સાતાવેદનીય :** એક પ્રકારનું પુણ્યકર્મ, સાનુકૂળ સંયોગોની પ્રાપ્તિ, શરીર નીરોગી હોવું, સુખનો અનુભવ થવો તે.

**સાદિ :** પ્રારંભવાળી વસ્તુ, છ સંસ્થાનમાંથી ત્રીજું સંસ્થાન. જેનું બીજું નામ સાચિ છે.

**સાદિ-અનંત :** જેની આદિ (પ્રારંભ) છે પરંતુ અંત નથી તે, જેમકે ક્ષાયિકસમ્યક્ત્વ - સિદ્ધત્વ અવસ્થા.

**સાદિ-સાન્ત :** જેની આદિ (પ્રારંભ) પણ છે અને અંત પણ છે તે, જેમકે જીવની દેવ-નરક આદિ અવસ્થાઓ.

**સાધકાત્મા :** આત્માનું હિત કરનાર, સાધનામાં વર્તનારો આત્મા.

**સાધકદશા :** આત્મા મોહનીયાદિ ઘાતી કર્મોનો ક્ષય કરવા તરફ પ્રવર્તતો હોય તે વખતની અવસ્થા.

**સાધન :** નિમિત્ત, કારણ, કાર્ય કરવામાં મદદગાર, સહાયક.

**સાધનશુદ્ધિ :** જે સાધ્ય સાધવું હોય તેને સાધી આપે તેવું યથાર્થ જે સાધન તે સાધનશુદ્ધિ, મોક્ષાસાધ્ય હોય ત્યારે મોહક્ષયાભિમુખ રત્નત્રયીની આરાધના.

**સાધારણ કારણ :** અનેક કાર્યોનું જે કારણ હોય તે, એક કારણથી ભિન્ન-ભિન્ન અનેક કાર્યો થતાં હોય તે કારણને સાધારણ કારણ કહેવાય છે.

**સાધારણ દ્રવ્ય :** ધાર્મિક સર્વ કાર્યોમાં વાપરવાને યોગ્ય એવું સમર્પિત કરેલું જે દ્રવ્ય તે.

**સાધારણ વનસ્પતિકાય :** અનંતા જીવો વચ્ચે એક જ ભોગ્ય શરીર પ્રાપ્ત થાય તે, એક જ ઔદારિકમાં અનંતા જીવોનું હોવું તે, તેના સૂક્ષ્મ અને બાદર બે ભેદ છે.

**સાધુ :** સાધના કરે તે, આત્મહિતનું આચરણ કરે તે. પંચમહાવ્રતાદિ પાળે તે (જૈન) સાધુ.

**સાધ્ય :** સાધવા લાયક પદાર્થ, પક્ષમાં જે સાધવાનું હોય તે, જેમકે પર્વતમાં "વહ્નિ" એ સાધ્ય છે.

**સાધ્યશુદ્ધિ :** આત્માને કર્મ અને ભવના બંધનમાંથી મુક્ત કરવાપણાનું જે સાધ્ય તે, સાધ્યશુદ્ધિ રાગાદિ મોહદશાના ત્યાગની જ જે દૃષ્ટિ તે.

**સાધ્યસાધનદાવ :** જે સાધ્યનું જે સાધન હોય, તે સાધ્યમાં જ તે સાધનને જોડવું, એટલે કે જે સાધનથી સાધ્ય સિદ્ધ થતું હોય તે સાધનને તે જ સાધ્યમાં યુંજન કરવું તે.

**સાનુબંધ :** ગાઢ, તીવ્ર, અતિશય મજબૂત, સાનુબંધકર્મબંધ એટલે તીવ્ર ચીકણો, ગાઢ કર્મનો બંધ.

**સાપેક્ષવાદ :** અપેક્ષાસહિત બોલવું. અપેક્ષાવાળું વચન, અનેકાન્તવાદ સ્યાદ્વાદ, જેમકે રામચંદ્રજી લવ-કુશની અપેક્ષાએ પિતા હતા, પરંતુ દશરથની અપેક્ષાએ પુત્ર (પણ) હતા.

**સામાનિક દેવ :** ઇન્દ્રની સમાન ઋદ્ધિ-સિદ્ધિ જે દેવોની હોય, પરંતુ માત્ર ઇન્દ્રની પદવી ન હોય તેવા દેવો.

**સામાયિક ચારિત્ર :** સમતાભાવની પ્રાપ્તિવાળું જે ચારિત્ર, ઇષ્ટ-નિષ્ટની પ્રાપ્તિ-અપ્રાપ્તિમાં જ્યાં હર્ષ-શોક નથી તેવું ચારિત્ર. જેના ઇત્વરકથિત અને યાવત્કથિત એમ બે ભેદો છે.

**સામાન્ય કેવલી :** જે મહાત્માઓ મોહનીય કર્મનો ક્ષય કરી, બારમે ગુણઠાણે જઈ, શેષ ત્રણ ઘાતીકર્મો ખપાવીને કેવલજ્ઞાન પામેલા છે પરંતુ તીર્થંકર-અવસ્થા પ્રાપ્ત થઈ નથી તે, સામાન્ય કેવલી.

**સામાન્યગુણ :** સર્વ દ્રવ્યમાં વર્તતા જે ગુણો હોય તે.

**સામાન્યવિશેષાત્મક દ્રવ્ય :** પ્રત્યેક દ્રવ્યોમાં "સામાન્ય" ધર્મ પણ છે અને "વિશેષ" ધર્મ પણ છે. અનેક વ્યક્તિમાં રહેનારો જે ધર્મ તે સામાન્ય ધર્મ, અને વિશિષ્ટ એક વ્યક્તિમાં રહેનાર ધર્મ તે વિશેષ ધર્મ, જેમકે દેવદત્તમાં મનુષ્યત્વ અને દેવદત્તત્વ.

**સામ્યતા :** સમાનતા, બન્નેમાં સરખાપણું તુલ્યતા.

**સાયંકાલ :** સંધ્યાસમય, સાંજનો ટાઈમ, સૂર્યાસ્ત આસપાસનો કાળ.

**સાર્થક :** પ્રયોજનવાળું, કામ સરે તેવું, જેમાંથી ફળ નીપજે તેવું.

**સાલંબનયોગ :** આત્મસાધનામાં કોઈ ને કોઈ પરદ્રવ્યનું આલંબન લેવામાં આવે તેવો યોગ, તેવી સાધના.

**સાવદ્યકર્મ :** જે કાર્યમાં હિંસા-જૂઠ-ચોરી-મૈથુન અને પરિગ્રહાદિ પાપો હોય તેવાં કામો, પાપવાળાં કાર્યો.

**સાવદ્યભાવ :** પાપવાળા મનના વિચારો, મનના પાપિષ્ટ ભાવો.

**સાવદ્યયોગ :** પાપવાળી મન-વચન અને કાયાની પ્રવૃત્તિ.

**સાવધાન :** સજાગ, બરાબર જાગૃત, જે કાર્ય કરવું હોય તેમાં સચોટ એકાગ્રતા, લીનતા.

**સાશંસ :** ફળની આશંસાપૂર્વક કાર્યમાં પ્રવૃત્તિ કરવી તે.

**સાસ્વાદન :** અનંતાનુબંધી કષાયના ઉદયને લીધે સમ્યક્ત્વથી વમતાં મલિન આસ્વાદ હોય તે, બીજું ગુણસ્થાનક.

**સાહિત્યરચના :** જેનાથી આત્માનું હિત-કલ્યાણ થાય તેવાં

શાસ્ત્રોની ગૂંથણી કરવી તે. તેને જ સાહિત્યસર્જન પણ કહેવાય છે.
**સિદ્ધચક્ર :** અરિહંત-સિદ્ધ-આચાર્ય આદિ નવ પદોનું બનેલું જે ચક્ર તે સિદ્ધચક્ર.
**સિદ્ધપદ :** નવ પદોમાંનું બીજું પદ, બીજું સ્થાન, સિદ્ધ પરમાત્માઓનું સ્થાન.
**સિદ્ધભગવાન્ :** આઠ કર્મોથી રહિત શુદ્ધ-બુદ્ધ-નિરંજન અશરીરી પરમાત્મા.
**સિદ્ધશિલા :** લોકના ઉપરના અગ્રીમ ભાગથી એક યોજન નીચે પિસ્તાલીસ લાખ યોજન લાંબી-પહોળી, વચ્ચેથી આઠ યોજન જાડી, ચારે બાજુ ઊંડાઈમાં ઘટતી ઘટતી અંતે અતિશય પાતળી સ્ફટિક-રત્નમય જે શિલા તે, તેનું જ બીજું નામ ઇષદ્ પ્રાગ્ભારા છે.
**સિદ્ધાયતન :** શાશ્વત મૂર્તિઓ જેમાં છે એવાં મંદિરો. કુટો ઉપર, નંદનવનાદિમાં, નંદીશ્વર દ્વીપમાં અને દેવલોકના વિમાનાદિમાં આવાં જે શાશ્વત ચૈત્યો છે તે.
**સિદ્ધિતપ :** એક પ્રકારનો વિશિષ્ટ તપ, જેમાં એક ઉપવાસ બેસણું, બે ઉપવાસ પછી બેસણું એમ યાવત્ આઠ ઉપવાસ સુધી જવું તે.
**સિદ્ધિદાયક :** મોક્ષસુખને આપનાર, મોક્ષ પ્રાપ્ત કરાવનાર.
**સુકૃતકરણી :** ઉત્તમ કાર્યો આચરવાં, આત્માહિતનાં કાર્યો કરવાં.
**સુકૃતાનુમોદના :** કરેલાં સારાં કાર્યોની પ્રશંસા કરવી, અનુમોદના કરવી, સારાં કાર્યો કરીને રાજી થવું.
**સુખકારક :** સુખ આપનાર, સુખ-આનંદ ઉપજાવનાર.
**સુખદાયક :** સુખ આપનાર, સુખ-આનંદ ઉપજાવનાર.
**સુખપ્રદ :** સુખ આપનાર, સુખ-આનંદ ઉપજાવનાર.
**સુખબોધ :** સુખે સુખે સમજાય તેવું, જે સમજવામાં અતિશય ઘણી મહેનત કરવી ન પડે તે,
**સુખશેલિયાપણું :** આરામીપણું, શરીરને ઘણું સાચવીને કામ કરવાપણું.
**સુતજન્મ :** પુત્રજન્મ.
**સુદીપક્ષ :** અજવાળિયાવાળું પખવાડિયું, જે દિવસોમાં દિન-પ્રતિદિન ચંદ્રની વૃદ્ધિ થાય તે.
**સુધા :** અમૃત, સુધારસ એટલે અમૃતનો રસ.
**સુધી :** પંડિત, વિદ્વાન, વિશિષ્ટ બુદ્ધિવાળો આત્મા.
**સુધીર :** અતિશય ધીરજવાળો, ગંભીર, ઊંડા ચિંતનવાળો.
**સુમતિનાથ :** પાંચમા ભગવાનનું નામ.
**સુમનસ :** ફૂલ અથવા દેવ તથા સારા મનવાળો.
**સુયોગ :** ઉત્તમ યોગ, સારો સંયોગ, કલ્યાણકારી સંયોગ.
**સુરપતિસેવિત :** ઇન્દ્રોથી સેવાયેલા, જે પ્રભુજીની ઇન્દ્રોએ પણ સેવા કરી છે તેવા પ્રભુ.
**સુરપુષ્પવૃષ્ટિ :** દેવોએ કરેલાં ફૂલોની વૃષ્ટિ, પ્રભુજીના સમવસરણકાલે દેવો ફૂલો વરસાવે છે તે.
**સુરભિગંધ :** અતિશય સુગંધ, ઊંચી ગંધ.
**સુરલોક :** દેવલોક, દેવોને રહેવાનું સ્થાન.
**સુરાસુરસેવિત :** દેવો અને દાનવો વડે સેવાયેલો. વૈમાનિક અને જ્યોતિષ્કને દેવ કહેવાય, અને ભવનપતિ તથા વ્યંતરોને દાનવ કહેવાય છે. ચારે નિકાયથી સેવાયેલા.
**સુરેન્દ્ર :** દેવોના ઇન્દ્ર, દેવોના રાજા-મહારાજા.
**સુરૌઘ :** દેવોનો સમૂહ, દેવોની રાસિ, યૂથ.
**સુલભતા :** જે વસ્તુ મળવી સુલભ હોય, ઓછા પ્રયત્ને જલ્દી મળે તેમ હોય તે.
**સુવિધિનાથ :** આ અવસર્પિણીના નવમા ભગવાન્.
**સુષમા :** સુખવાળો કાળ, અવસર્પિણીનો બીજો આરો જેનું માપ ત્રણ કોડાકોડી સાગરોપમ છે.
**સુષમાદુષમા :** સુખ અધિક અને દુઃખ ઓછું છે એવો કાળ, અવસર્પિણીનો ત્રીજો આરો, જેનું માપ બે કોડાકોડી સાગરોપમ છે.
**સુષમાસુષમા :** સુખ જ સુખવાળો જે કાળ, અવસર્પિણીનો પહેલો આરો, જેનું માપ ચાર કોડાકોડી સાગરોપમ છે.
**સુસ્વપ્ન :** ઉત્તમ સ્વપ્ન, ઊંચા કાળને સૂચવનારું સ્વપ્ન.
**સુસ્વર :** કોયલના જેવો મધુર કંઠ પ્રાપ્ત થાય તે.
**સુસ્વાદિષ્ટ :** જે વસ્તુ અતિશય મીઠી-સ્વાદવાળી હોય તે.
**સુજ્ઞ :** સમજુ, પૂર્વાપર વિચાર કરવાવાળો, ડાહ્યો.
**સૂચિશ્રેણી :** એક આકાશપ્રદેશની જાડી અને પહોળી, સાત રાજ લાંબી સોય જેવી આકાશપ્રદેશોની પંક્તિ.
**સૂત્રાનુસારિણી :** આગમસૂત્રોને અનુસરવાવાળી ધર્મદેશના.
**સૂપલક્ષિત :** સારી રીતે જણાવાયેલું, અધ્યાહારથી જ્યાં સમજાય તે.
**સૂક્ષ્મ અંગો :** શરીરમાં રહેલાં અતિશય ઝીણાં અવયવો-અંગો.
**સૂક્ષ્મ એકેન્દ્રિય :** જે જીવોનું શરીર (સમૂહ હોવા છતાં પણ) ચર્મચક્ષુથી ન દેખી શકાય એવા પૃથ્વીકાયાદિ પાંચ સ્થાવર જીવો.
**સૂક્ષ્મતાળપુદ્ગલ પરાવર્તન :** ઉત્સર્પિણી અને અવસર્પિણીના સર્વ સમયોને એકજીવ મૃત્યુ વડે ક્રમશઃ સ્પર્શીસ્પર્શીને પૂરા કરે તેમાં જેટલો કાળ લાગે તેટલો સમય, અનંત ઉ.અ. કાળ.
**સૂક્ષ્મદૃષ્ટિ :** ઊંડી બુદ્ધિ, ઝીણી દૃષ્ટિ, પૂર્વાપર સંકલનાપૂર્વક વિચાર કરીને કામ કરવાવાળી દૃષ્ટિ.
**સૂક્ષ્મદ્રવ્યપુદ્ગલ પરાવર્તન :** ઔદારિક આદિ વર્ગણાઓરૂપે સંસારમાં રહેલા તમામ પુદ્ગલાસ્તિકાય દ્રવ્યને ઔદારિકરૂપે

અથવા વૈક્રિયરૂપે એમ કોઈપણ એક રૂપે ગ્રહણ કરીને પૂર્ણઈ કરતાં જે કાળ થાય તે કાળનું નામ સૂ. દ્ર. પુ. પ.

**સૂક્ષ્મ નિગોદ :** અનંતા જીવોનું એક શરીર તે નિગોદ અથવા સાધારણ વનસ્પતિકાય, તેવાં અસંખ્ય શરીરોની લુંબ ભેગી થાય તો પણ જે ચર્મચક્ષુથી ન દેખાય તે સૂક્ષ્મ નિગોદ.

**સૂક્ષ્મ ભાવ પુદ્ગલ પરાવર્તન :** રસસાંબંધનાં સર્વ અધ્યવસાયસ્થાનોને આ એકજીવ ક્રમશઃ મૃત્યુ વડે સ્પર્શી સ્પર્શીને પૂર્ણ કરે તેમાં જેટલો કાળ થાય તે સૂક્ષ્મ ભાવ પુ. પરાવર્તન.

**સૂક્ષ્મ શરીર :** અસંખ્ય શરીરો ભેગાં મળે તો પણ જે ચર્મચક્ષુથી ન દેખી શકાય તે.

**સૂક્ષ્મ સંપરાય :** દસમું ગુણસ્થાનક, જેમાં સંજ્વલન લોભ સૂક્ષ્મરૂપે જ માત્ર બાકી હોય, બાકીના સર્વ કષાયો જ્યાં ઉપશાન્ત હોય અથવા ક્ષીણ થયેલા હોય તે.

**સૂક્ષ્મ ક્ષેત્રપુદ્ગલ પરાવર્તન :** ચૌદ રાજલોક પ્રમાણ સંપૂર્ણ લોકાકાશના એકેક પ્રદેશે પ્રદેશે એકજીવ ક્રમશઃ મૃત્યુ વડે સ્પર્શી સ્પર્શીને પૂર્ણ કરે તેમાં જેટલો કાળ થાય તે.

**સોપક્રમી :** જે કર્મ અપવર્તના વડે તૂટીને નાનું થાય ત્યારે તેમાં કંઈ ને કંઈ ઉપક્રમ (એટલે નિમિત્ત) મળે જ તે, અર્થાત્ નિમિત્ત મળવા વડે કર્મ તૂટીને નાનું થાય તે, અથવા ભલે નાનું ન થાય તો પણ મૃત્યુ વખતે નિમિત્ત મળે તે.

**સોહમપતિ :** સૌધર્મ નામના પ્રથમ દેવલોકના જે ઈન્દ્ર તે સોહમપતિ.

**સૌભાગ્ય :** સુખવાળી સ્થિતિ, લોકો વહાલ ઉપજાવે તેવી સ્થિતિ, પુણ્યોદયવાળો કાળ, ઓછુંવત્તું કામ કરવા છતાં લોકોને જે ગમે જ, રુચે જ, જેને જોઈને લોકો આનંદ પામે તે.

**સૌભાગ્યવંતી :** પતિવાળી સ્ત્રી, સંસારના સુખવાળી સ્ત્રી, જે સ્ત્રીને જોઈને લોકો આનંદિત થાય, પ્રસન્ન થાય તે.

**સ્કંધ :** બે અથવા બેથી અધિક અનેક પુદ્ગલપરમાણુઓનો પિંડ-સમૂહ તે સ્કંધ.

**સ્તવન :** પ્રભુના ગુણગાન કરવા, પ્રભુ પાસે આત્મદોષો પ્રદર્શિત કરી પ્રભુજીના ઉપકારને ગાવા.

**સ્તિબુકસંક્રમ :** ઉદયવાળી કર્મપ્રકૃતિમાં અનુદયવાળી કર્મપ્રકૃતિનાં દલિકોનો પ્રક્ષેપ કરવો.

**સ્તુતિપ્રિય :** જેને પોતાની પ્રશંસા જ અતિશય વ્હાલી હોય તે.

**સ્તેનપ્રયોગ :** ચોરને ચોરી કરવાના કામમાં મદદગાર થવું તે.

**સ્તેનાપહૃત :** ચોરી કરીને લાવેલા ચોરના માલને (સસ્તા ભાવ આદિના કારણે) ખરીદવો તે.

**સ્તેયાનુબંધી રૌદ્રધ્યાન :** ચોરી કરવા માટેનો પ્લાન દોરવા સતત તેના જ વિચારોમાં ગૂંથાઈ રહેવું.

**સ્તોત્ર :** સંસ્કૃત-પ્રાકૃત ભાષામાં રચાયેલ પ્રભુના ગુણોનું વર્ણન કરનારું સૂત્રવિશેષ.

**સ્ત્યાનગૃદ્ધિ :** થીણદ્ધિ, પિંડીભૂત થઈ છે આસક્તિ જેમાં તે, એક પ્રકારની ઘોર નિદ્રા, તેનું જ નામ સ્ત્યાનર્ધિ પણ છે.

**સ્ત્રીવેદ :** પુરુષની સાથે ભોગની અભિલાષા થાય તે, અથવા સ્ત્રી આકારે શરીરની પ્રાપ્તિ થાય તે.

**સ્થંડિલભૂમિ :** નિર્દોષ ભૂમિ, જ્યાં જીવહિંસા આદિ ન થાય તેમ હોય તેવી ભૂમિ.

**સ્થલચર :** ભૂમિ ઉપર ચાલનારાં પ્રાણી ગાય, ભેંસ, બકરી, ઘોડો, હાથી, કૂતરા, બિલાડાં વગેરે.

**સ્થાનકવાસી :** સ્થાનમાં જે (ઉપાશ્રય આદિમાં જ) રહીને ધર્મ કરનાર, મૂર્તિને ભગવાન તરીકે ન સ્વીકારનાર, મૂર્તિ-મંદિરને પૂજ્ય તરીકે ન માનનાર.

**સ્થાનયોગ :** એક પ્રકારનું આસન-વિશેષ, કાયોત્સર્ગ, પર્યંકબંધ તથા પદ્માસનાદિ કોઈ પણ મુદ્રાવિશેષમાં મોક્ષને અનુકૂળ આત્મપરિણામ લાવવા સ્થિર થવું તે.

**સ્થાનાન્તર :** એક સ્થાનેથી બીજા સ્થાને જવું તે, ચાલુ સ્થાનનો ત્યાગ કરવો તે.

**સ્થાપનાનિક્ષેપ :** મુખ્ય વસ્તુની ગેરહાજરીમાં તેની સ્મૃતિ નિમિત્તે તે આકારવાળી અથવા તે આકાર વિનાની વસ્તુમાં મુખ્ય વસ્તુનો આરોપ કરી મુખ્ય વસ્તુની કલ્પના કરવી તે, જેમકે પ્રભુની પ્રતિમાને પ્રભુ માનવા.

**સ્થાવર જીવ :** સુખ અને દુઃખના સંજોગોમાં પોતાની ઇચ્છા પ્રમાણે જે જીવ હાલીચાલી ન શકે, સ્થિર જ રહે તે.

**સ્થાવર તીર્થ :** જેનાથી સંસાર તરાય તે તીર્થ, એક જ સ્થાને સ્થિર જ રહે તેવું તીર્થ તે સ્થાવર તીર્થ, જેમકે શત્રુંજય, ગિરનાર, આબુ, સમ્મેતશિખર, રાણકપુર ઇત્યાદિ.

**સ્થિતિ :** કાળ, સમય, અવસર.

**સ્થિતિઘાત :** કર્મોની લાંબી-લાંબી બાંધેલી સ્થિતિને તોડીને નાની કરવી તે, સ્થિતિના અગ્રિમ ભાગથી ઉત્કૃષ્ટપણે સેંકડો સાગરોપમપ્રમાણ અને ધન્યથી પલ્યોપમનો અસંખ્યાતનો ભાગપ્રમાણ, સ્થિતિ તોડવી, નાની કરવી તે.

**સ્થિતિબંધ :** કર્મોમાં સ્થિતિનું નક્કી કરવું તે, બંધાયેલું કર્મ આત્મા સાથે ક્યાં સુધી રહેશે એ નક્કી થવું તે.

**સ્થિરચિત્ત :** મનને અતિશય સ્થિર કરવું, અન્ય વિચારોથી રોકવું, વિવક્ષિત કામકાજમાં મનને પરોવવું.

**સ્થિરબુદ્ધિ :** ઠરેલ બુદ્ધિ, સારા-નરસા અનુભવોથી ઘડાયેલ બુદ્ધિ, અતિશય સ્થિર ગંભીર બુદ્ધિ.

**સ્થૂલ વ્રત :** મોટાંમોટાં હિંસા, જૂઠ, ચોરી આદિ પાપોનો ત્યાગ

કરવાપૂર્વકનાં શ્રાવકનાં વ્રત.

**સ્થૂલ શરીર :** મોટું શરીર, દશ્ય શરીર, ચક્ષુથી ગોચર શરીર.

**સ્નાત્રાભિષેક :** દેવોએ પ્રભુજીને જન્મ સમયે મેરુપર્વત ઉપર જેમ નવરાવ્યા, તેના અનુકરણરૂપે સ્નાત્રમહોત્સવ કરવો તે.

**સ્નિગ્ધ સ્પર્શ :** ચીકણો, સ્નેહાળ સ્પર્શ.

**સ્નેહરાગ :** કોઈપણ વ્યક્તિ (અથવા વસ્તુ) પ્રત્યેના સ્નેહમાત્રથી જે રાગ થાય તે.

**સ્નેહાંધ :** વ્યક્તિ પ્રત્યેના સ્નેહમાં અંધ બનેલ માનવી.

**સ્પર્ધક :** સરખેસરખા રસાવિભાગ જેમાં હોય તેવા કર્મપમાણુઓનો સમુદાય તે વર્ગણા, એકોત્તેર વૃદ્ધિના ક્રમે થયેલી વર્ગણાઓનો જે સમુદાય તે સ્પર્ધક.

**સ્પર્ધા :** હરીફાઈ, પરસ્પર અધિક ચઢિયાતાપણું.

**સ્પૃહા :** ઝંખના, વાસના, ઈચ્છા, અભિલાષા, આસક્તિ.

**સ્મરણ :** ભૂતકાળમાં બનેલી અથવા અનુભવેલી વસ્તુ યાદ આવવી તે.

**સ્મૃતિભ્રંશ :** યાદશક્તિ ન હોવી, સ્મરણશક્તિનો અભાવ.

**સ્મૃત્યનુપસ્થાન :** ધારેલો સમય ભૂલી જવો, સામાયિક અથવા પૌષધવ્રત ક્યારે લીધું છે અને ક્યારે થાય છે તેનો સમય ભૂલી જવો, નવમા અને અગ્યારમા વ્રતના અતિચાર.

**સ્યાદ્વાદ :** અપેક્ષાપૂર્વક બોલવું, જગતના સર્વ ભાવો અપેક્ષાપૂર્વક જ છે તેથી જેમ છે તેમ સમજવા-સમજાવવા.

**સ્વચ્છંદતા :** મોહને લીધે વિવેક વિના, હિતાહિતની દૃષ્ટિ વિના મરજી મુજબ વર્તવું.

**સ્વતંત્રતા :** પરવશતા ન હોવી, પરાધીનતાનો અભાવ.

**સ્વદારાસંતોષ :** નાત-જાતના સાંસારિક-સામાજિક વ્યવહારોથી પ્રાપ્ત થયેલી પોતાની સ્ત્રીમાં જ સંતોષ માનવો. એવી જ રીતે સ્ત્રીએ સ્વપુરુષમાં જ સંતોષ માનવો.

**સ્વપર કલ્યાણકારી :** પોતાનું અને પારકાનું કલ્યાણ કરનારી વસ્તુ.

**સ્વપરોપકાર :** પોતાનો અને બીજાનો ઉપકાર.

**સ્વભાવદશા :** ક્રોધાદિ કષાયો અને વિષયવાસનાનો ક્ષય કરવાપૂર્વક આત્મગુણોની ઉપાદેયતા તરફની જે દૃષ્ટિ તે, પરભાવદશાના ત્યાગપૂર્વકની જે દૃષ્ટિ.

**સ્વયંસંબુદ્ધ :** જે મહાત્માઓ પોતાની મેળે જ સ્વયં પ્રતિબોધ પામી, વૈરાગી બની, સંસાર ત્યાગ કરે તે.

**સ્વરૂપસૂચક :** વસ્તુના સ્વરૂપમાત્રને બતાવનારું જે વિશેષણ હોય પરંતુ ઈતરનો વ્યવચ્છેદ ન કરતું હોય તે.

**સ્વર્ગલોક :** દેવલોક-દેવોને રહેવાનું સ્થાન.

**સ્વલિંગસિદ્ધ :** પંચમહાવ્રતધારી એવા સાધુપણાના લિંગમાં જે જીવો કેવલજ્ઞાન પામી મોક્ષે જાય તે.

**સ્વસ્તિક :** સાથિયો, મંગળ, કલ્યાણ, કલ્યાણનું પ્રતીક.

**સ્વસ્ત્રી :** પોતાની પત્ની, નાતજાતના વ્યવહારોના બંધનપૂર્વક પ્રાપ્ત કરેલી પોતાની પત્ની.

**સ્વસ્યાવરણ :** પોતપોતાનું આવરણ, જેમ કે જ્ઞાનનું આવરણ કરનાર કર્મ તે જ્ઞાનાવરણીય, દર્શનનું આવરણ કરનાર કર્મ તે દર્શનાવરણીય ઈત્યાદિ.

**સ્વાધ્યાય :** આત્માનું જેમાં અધ્યયન હોય તે, આત્માનું ચિંતન-મનન જેમાં હોય તેવું આધ્યાત્મિક જ્ઞાન ભણવું.

**સ્વાધ્યાયરસિક :** અધ્યાત્મજ્ઞાનના જ રસવાળો આત્મા.

**સ્વસ્વાવાર્યગુણ :** પોતપોતાના વડે આવરણ કરવાલાયક ગુણ જેમ કે જ્ઞાનાવરણીય કર્મ વડે આવાર્યગુણ જ્ઞાન.

## હ

**હતપ્રાય :** લગભગ હણાયેલું, ઘણો જ માર જેને મારેલો છે તે, મરવાની નજીક પહોંચેલું.

**હરિયાળી :** લીલી લીલી ઊગેલી ગાઢ વનસ્પતિ.

**હર્ષનાદ :** અતિશય હર્ષ થવાથી કરાતી ઘોષણા.

**હાર્દસમ :** હૃદયતુલ્ય, શરીરમાં જેમ મુખ્ય હૃદય છે તેમ વિવક્ષિત કાર્યમાં જે મુખ્ય હોય તે.

**હિંસાનુબંધી :** હિંસના જ વિચારો, હિંસાત્મક વિચારોનો ગાઢ અનુબંધ.

**હિતકારી :** આત્માના કલ્યાણને કરનાર, સમાજ આદિના કલ્યાણને કરનાર.

**હિતાવહ :** આત્માના કલ્યાણને આપનાર.

**હીનબલ :** ઓછા બળવાળું, જેનું બળ ન્યૂન થયું છે તે.

**હીનબુદ્ધિ :** ઓછી બુદ્ધિવાળું, જેની બુદ્ધિ ન્યૂન છે તે.

**હીનશક્તિક :** ઓછી શક્તિ છે જેમાં તે.

**હુંડકસંસ્થાન :** છઠ્ઠું સંસ્થાન, જેમાં બધાં જ અંગો પ્રમાણ વિનાનાં હોય છે તે.

**હૃદયગત ભાવ :** હૈયામાં રહેલા ભાવ, પેટમાં રહેલી વાત.

**હેતુ :** સાધ્યને સાધનારી નિર્દોષ પ્રબળ યુક્તિ.

**હેતુવાદોપદેશિકી :** માત્ર વર્તમાન કાળનો જ વિચાર કરવાવાળી જે સંજ્ઞા-અલ્પવિચારક શક્તિ.

**હેય :** ત્યજવા લાયક, છોડી દેવા યોગ્ય.

## ક્ષ

**ક્ષણવર્તી :** એક ક્ષણમાત્ર રહેનાર, એક સમયમાત્ર વર્તનાર.

**ક્ષણિક :** એક ક્ષણ પછી અવશ્ય નાશ પામનાર.

**ક્ષણિકવાદ :** સર્વ વસ્તુઓ ક્ષણમાત્ર સ્થાયી છે, બીજા જ સમયે અવશ્ય નાશ પામનાર જ છે એવો એકાન્તમત અર્થાત્ બૌદ્ધદર્શન.

**ક્ષપકશ્રેણી :** મોહનીય કર્મનો નાશ કરતાં કરતાં ગુણઠાણાં ચડવાં. ૮ થી ૧૨ ગુણસ્થાનક સુધી આ ક્ષપકશ્રેણી કહેવાય છે.

**ક્ષમા :** ક્રોધના પ્રસંગો હોવા છતાં ક્રોધ ન કરવો. ગળી જવું, માફી આપવી અને માફી માગવી.

**ક્ષમાયાચના :** આપણાથી થયેલા અપરાધની માફી માગવી.

**ક્ષમાશ્રમણ :** ક્ષમાની પ્રધાનતાવાલા મુનિ.

**ક્ષય :** પૂર્વબદ્ધ કર્મોનો વિનાશ કરવો.

**ક્ષયજન્ય :** કર્મોના ક્ષયથી ઉત્પન્ન થયેલા (ગુણાદિ) ભાવો.

**ક્ષયોપશમ :** ઉદયમાં આવેલાં કર્મોની તીવ્ર શક્તિને હણીને મંદ કરીને ભોગવવી અને અનુદિત કર્મો જે ઉદીરણા આદિથી ઉદયમાં આવે તેમ છે તેને તયાં જ દબાવી દેવાં તે.

**ક્ષયોપશમાનુવિદ્ધ :** ક્ષયોપશમથી યુક્ત, મતિ-શ્રુત જ્ઞાનાવરણીય, અચક્ષુ દર્શનાવરણીય અને પાંચ અંતરાય કર્મનો ઉદય સદા ક્ષયોપશમની સાથે જ હોય છે તે.

**ક્ષાયિક ભાવ :** કર્મોના ક્ષયથી થનારો જે ભાવ, કેવળજ્ઞાન, કેવળ દર્શન, ક્ષાયિક સમ્યક્ત્વાદિ ગુણો.

**ક્ષાયિકવીતરાગ :** મોહનીય કર્મનો સર્વથા ક્ષય થવાથી બનેલા વીતરાગ, ૧૨-૧૩-૧૪મા ગુણસ્થાનકવાળા જીવો.

**ક્ષાયિકસમ્યકત્વ :** દર્શનમોહનીય સપ્તકના સર્વથા ક્ષયથી પ્રાપ્ત થયેલું જે સમ્યક્ત્વ તે.

**ક્ષાયોપશમિકભાવ :** ઉદયમાં આવેલા કર્મને હળવું (મંદરસવાળું) કરીને ઉદય દ્વારા ભોગવવું અને અનુદિતને (જે કર્મ અત્યારે ઉદયમાં નથી પરંતુ ઉદીરણાના બળે ઉદયમાં આવી શકે તેમ છે તેને) ત્યાં જ ઉપશમાવી દેવું તે ક્ષયોપશમ. તેવા પ્રકારના ક્ષયોપશમથી મળેલા જે જે ગુણો તે.

**ક્ષાયોપશમિક સમ્યકત્વ :** દર્શન-સપ્તકની સાત પ્રકૃતિઓના ઉદિત કર્માંશને મંદરસવાળું કરી ભોગવી ક્ષય કરવો અને અનુદિત અંશને ઉપશમાવવો તે દ્વારા પ્રાપ્ત થયેલું જે સમ્યક્ત્વ તે.

**ક્ષીણજંઘાબળ :** જેના શરીરમાં હાલવાચાલવાનું અર્થાત્ વિહારાદિ કરવાનું બળ ક્ષીણ થયું છે તે.

**ક્ષીણમોહ ગુણસ્થાનક :** મોહનીય કર્મ સર્વથા જેમનું ક્ષીણ થઈ ગયું છે તે.

**ક્ષીરનીરવત્ :** દૂધ અને પાણીની જેમ એકમેક થાય તે.

**ક્ષીરસમુદ્ર :** દૂધ જેવું છે પાણી જેનું એવો સમુદ્ર તે ક્ષીરસમુદ્ર, જેના પાણીથી દેવો મેરુપર્વત ઉપર પ્રભુનો જન્મમહોત્સવ ઊજવે છે.

**ક્ષુધાપરિષહ :** ગમે તેવી ભૂખ લાગી હોય તોપણ સાધુને કલ્પે તેવો શુદ્ધ-નિર્દોષ આહાર ન મળે તો પણ સમતા રાખે પરંતુ ક્રોધાદિ કરે નહીં તથા દોષિત આહાર લે નહીં.

**ક્ષુલ્લક ભવ :** નાનામાં નાના આયુષ્યવાળો જે ભવ તે ક્ષુલ્લક ભવ. ૨૫૬ આવલિકાનો ૧ ક્ષુલ્લક ભવ થાય છે.

**ક્ષેત્રગત :** ક્ષેત્રમાં રહેલું.

**ક્ષેત્રવૃદ્ધિ :** શ્રાવકનીમ બાર વ્રતોમાં છઠ્ઠા વ્રતનો એક અતિચાર, એક દિશાના માપમાં બીજી દિશાનું માપ ઉમેરવું.

## જ્ઞ

**જ્ઞપ્તિ :** જ્ઞાનપણું, જાણપણું, જાણવું.

**જ્ઞાતભાવ :** જાણીબૂઝીને પાપ કરાય તે.

**જ્ઞાન :** જાણવું, જાણકારી વસ્તુ-સ્થિતિની સમજ.

**જ્ઞાનદ્રવ્ય :** જ્ઞાનની, જ્ઞાનનાં સાધનો-પુસ્તકાદિની સુરક્ષા માટે રખાતું દ્રવ્ય.

**જ્ઞાનપંચમી :** જ્ઞાનની આરાધના માટેની પાંચમ, કરતક સુદ પાંચમ.

**જ્ઞાનપિપાસા :** જ્ઞાન ભણવાની ઈચ્છઆ, જ્ઞાન મેળવવાની તાલાવેલી.

**જ્ઞાનપ્રાપ્તિ :** જ્ઞાન મળવું, કંઠસ્થ થવું, યાદ રહેવું, સૂક્ષ્મ સમજ પડવી.

**જ્ઞાનવાન્ :** જ્ઞાન જેણે મેળવેલું છે તે, જ્ઞાનવાળો આત્મા.

**જ્ઞાનાચાર :** પોતાનામાં, પરમાં, અને ઉભયમાં જ્ઞાન કેમ વધે એવા જ્ઞાનવર્ધક આચારો.

**જ્ઞાનાતિચાર :** જ્ઞાનની, જ્ઞાનીની અને જ્ઞાનનાં સાધનોની આશાતના તિરસ્કાર-અપમાન આદિ કરવાં તે.

**જ્ઞાનાતિશય :** જગત્‌ના સામાન્ય કોઈ પણ માનવીમાં ન સંભવી શકે એવું અદ્‌ભુત સંપૂર્ણ-ત્રિકાળવર્તી જ્ઞાન.

**જ્ઞાનાવરણીય કર્મ :** જ્ઞાનને ઢાંકે એવું જે કર્મ તે.

**જ્ઞાની મહાત્મા :** જેઓને વિશિષ્ટ જ્ઞાન મળેલું છે એવા મહાત્મા.

**જ્ઞાનોપયોગ :** વસ્તુમાં રહેલા વિશેષ ધર્મને જાણવાવાળો ઉપયોગ, તેનું બીજું નામ સાકારોપયોગ અથવા વિશેષોપયોગ છે.

**જ્ઞેય :** જાણવાલાયક, જાણવાલાયક પદાર્થ.

## પ્રક્ષિપ્ત શબ્દોના અર્થો

**અનવધાનતા :** પ્રમાદ, બિનઉપયોગ દશા, બેકાળજી.

**વિસ્મૃત થયેલ :** ભૂલી જવાયેલ, વીસરી ગયેલું, યાદ ન આવેલું.

**પરિપાટી :** ક્રમ, અનુક્રમ.

**વિપ્રલંભ :** વિયોગ, વિરહ, છૂટા પડવું, અથવા છેતરવું.

**પ્રત્યુહવિધ્વંસ :** વિઘ્નોનો વિનાશ, અંતરાયોનો નાશ.

**વિનિયોગ કરવો :** વાપરવું, યથાસ્થાને જોડવું.

**અન્તરિક્ષ :** આકાશ, ગગન.

**પંડિતમરણ :** સંલેખના આદિ વિશિષ્ઠ તપ અને સમાધિપૂર્વકનું મૃત્યુ.

**અકાલમૃત્યુ :** અકસ્માત્ મરણ હોવું, મૃત્યુનું કોઈ નિમિત્તવિશેષથી અનવસરે આવવું.

**અતીન્દ્રિયપ્રત્યક્ષ :** ઇન્દ્રિયોની સહાય વિના આત્માને સાક્ષાત્ વિષયનો ભાસ થાય તે, અવધિ આદિ ત્રણ જ્ઞાનો.

**અન્યયોગવ્યવચ્છેદ :** અન્ય દર્શનકારોની જે જે માન્યતાઓ છે તેનું ખંડન.

**અયોગવ્યવચ્છેદ :** જૈન દર્શનમાં જે જે માન્યતાઓનો અસ્વીકાર કરાયેલો છે તે તે માન્યતાઓનું યુક્તિપૂર્વક ખંડન.

**અર્થાપત્તિન્યાય :** જે અર્થ શબ્દથી સ્પષ્ટ ન કહેવાયો હોય પરંતુ અર્થથી સમજાતો હોય તે.

**કાલકૂટવિષ :** તત્કાળ મૃત્યુ જ કરાવે તેવું ઉત્કૃષ્ટ ઝેર.

**કાલાણુ :** એખેક આકાશપ્રદેશમાં રહેલા કાલદ્રવ્યના એકેક છૂટા છૂટા અણુ. ( એમ દિગંબર આમ્નાય માને છે.)

**કુશાસ્ત્ર :** સર્વજ્ઞપ્રણીત શાસ્ત્રોથી વિરુદ્ધ ભાવો જે શાસ્ત્રોમાં છે તે.

**કુલકર :** યુગલિક કાળની સમાપ્તિ થવાના અવસર ઉપર રાજ્ય, લગ્ન, નીતિ આદિના પ્રવર્તક પુરુષો, મર્યાદાઓ પ્રવર્તાવનાર.

**ખરકર્મ :** કઠોર કાર્યો, જેમા ઘણા જીવોની હિંસા હોય તે.

**ચરમશરીરી :** છેલ્લું જ શરીર જેને છે તે, અર્થાત્ આ ભવ પછી જેને બીજો ભવ કરવાનો નથી તે.

**તન્ત્ર :** શાસ્ત્ર, અર્થનું નિરૂપણ કરનાર ગ્રંથ, દર્શનશાસ્ત્ર.

**ત્રસરેણુ :** સૂક્ષ્મ રજ. અનન્ત પરમાણુઓનો સમુદાય.

**ત્રસનાડી :** ૧ રાજ પૂર્વ-પશ્ચિમ ઉત્તર-દક્ષિણ પહોળી અને ચૌદ રાજ ઊંચી એવી ભૂમિ કે જે ભૂમિમાં જે ત્રસજીવો જન્મે-મરે છે તે ભૂમિ.

**દ્રવ્યલિંગી સાધુ :** જે માત્ર સાધુના વેષને જ ધારણ કરે છે, પરંતુ સાધુતાના ગુણો જેમાં નથી તે.

**નરકપાલદેવ :** નારકીના જીવોને દુઃખ આપનારા દેવો, અર્થાત્ પરમાધામી દેવો.

**પક્ષધર્મતા :** હેતુનું પક્ષમાં હોવું, જેમ કે ધૂમવાળો આ પર્વત છે.

**વચનામૃત :** વચનરૂપી અમૃત, અર્થાત્ અમૃત સમાન વચનો.

**સકલ જગત હિતકારિણી :** સંપૂર્ણ જગતનું હિત કરનારી વાણી.

**ભવાબ્ધિતારિણી :** સંસારરૂપી સમુદ્રથી તારનારી વાણી.

**સહજાત્મસ્વરૂપ પરમગુરુ :** શ્રી તીર્થંકર ભગવન્તો સ્વાભાવિક અનંત-જ્ઞાન-દર્શન અને ચારિત્રના સ્વરૂપવાળા છે, તથા સર્વશ્રેષ્ઠ વાણી પ્રકાશનાર હોવાથી પરમગુરુ છે.

**કૃત-કારિત-મોદન :** મેં જે જે પાપો કર્યાં હોય, કરાવ્યાં હોય અને અનુમોદ્યાં હોય, તે પાપો.

**ભવદુઃખભંજક :** સંસારનાં સર્વ દુઃખોને તોડી નાખનારા.

**સચ્ચિદાનંદસ્વરૂપ :** પરમાત્મા સમ્યગ્જ્ઞાનના આનંદસ્વરૂપ છે, પૂર્ણજ્ઞાનમય સ્વરૂપવાળઆ છે.

**ત્રૈલોક્ય પ્રકાશક :** ત્રણે લોકનો પ્રકાશ કરનારા, સર્વ ભાવો જાણનારા.

**સ્વપરપ્રકાશજ્ઞાન :** જેમ દીપક પોતાને (દીવાને) અને ઘટપટને એમ બન્નેને જણાવે છે તેમ જ્ઞાન પણ જ્ઞાનને અને વિષયને એમ બન્નેને જણાવનારું છે.

**જિનશાસનોન્નતિકરા :** જૈન શાસનનો પ્રભાવ વધારનારા.

**રત્નત્રયારાધકા :** જ્ઞાન-દર્શન અને ચારિત્ર આ રત્નત્રયીનું આરાધન કરનારા.

**પ્રતિદિન :** દરરોજ, હંમેશાં.

**જિનાપાદયુગં :** જિનેશ્વર પરમાત્માનું ચરણયુગલ.

**જગત્ત્રચિત્તહરૈ :** ત્રણે જગત્‌ના ચિત્તોને હરણ કરે એવાં સ્તોત્રો વડે.

**સ્વર્ગસોપાનં :** પરમાત્માનું દર્શન એ સ્વર્ગનું પગથિયું છે.

**દુરિતધ્વંસિ :** પાપોનો નાશ કરનાર.

**વાંછિતપ્રદ :** મનવાંછિત આપનાર.

**સુરદ્રુમ :** કલ્પવૃક્ષ.

**પાણક્કમણે :** પ્રાણ ચાંપ્યા હોય.

**બીયક્કમણે :** બીજ ચાંપ્યાં હોય.

**કમ્મટ્ઠવિણાસણ :** આઠ કર્મોનો વિનાશ કરનારા.

**જગભાવવિઅક્ખણ :** જગતના ભાવોને જાણવામાં વિચક્ષણ.

**દુહદુરિઅ ખંડણ :** દુઃખ અને પાપોનો વિનાશ કરનારા.

**ટળ્યું દેહ અભિમાન :** તે ગુરુજીને પ્રણામ કરું છું કે જેઓએ આપેલા જ્ઞાનથી દેહ એ જ હું આત્મા છું એવું અભિમાન દૂર થયું છે.

**આત્મરત્નદાતાર :** આત્માના શુદ્ધ-સ્વરૂપમય રત્નને આપનારા.

**ગુણગણરત્નભંડાર :** હે પ્રભુ ! તમે ગુણોના સમૂહરૂપી રત્નોના ભંડાર છો.

**યોગકથા બહુપ્રેમ :** યોગની કથા જ્યારે અને જ્યાં ચાલે ત્યાં ઘણા જ બહુમાનથી સાંભળવા જાય તે.

**દેખે નિજગુણહાણ :** પોતાનામાં ગુણો ઓછા જ છે એમ જે દેખે તે.

**ત્રાસ ધરે ભવભય થકી :** સંસારની (સાનુકૂળ કે પ્રતિકૂળ) તમામ પરિસ્થિતિ દુઃખ જ આપનારી છે એમ સમજી તેના ભયથી સદાકાળ મનમાં ખેદ ધારણ કરે તે.

**ભવ માને દુઃખખાણ :** સંસાર એ દુઃખોની ખાણ જ છે એમ માને.

**તપ્તલોહ પદ ધૃતિ સમીજી :** ગ્રંથિભેદ કર્યા પછી કદાચ કોઈ પાપમાં પ્રવૃત્તિ કરવી પડે તો પણ તે તપેલા લોઢાના સ્થાન ઉપર પગ મૂકવા તુલ્ય છે.

**બાહ્યાભ્યંતર નિર્ગ્રંથ :** બહારથી અને અંદરથી (દ્રવ્યથી અને ભાવથી) નિર્ગ્રંથ (સાધુ) થવું તે.

**ઔદાસિન્યવૃત્તિ :** સુખ અને દુઃખ ઉપર રાગ અને દ્વેષ છોડી પરમ મધ્યસ્થપણું રાખવું તે.

**અજ્ઞાનતિમિરાન્ધાનાં :** અજ્ઞાનરૂપી અંધકારથી અંધ બનેલાને.

**જ્ઞાનાંજનશલાકયા :** જ્ઞાનરૂપી અંજનની સળી આંજવા વડે.

**ચક્ષુરુન્મીલિતં યેન :** જેના વડે ચક્ષુ ઉઘાડાય છે તે ગુરુજીને.

**મુક્તિપદદાતા :** મુક્તિના સ્થાનને (માર્ગને) આપનારા હે પ્રભુ !

**પતિરંજન તનતાપ :** પતિને રંજિત (ખુશ) કરવા માટે શારીરિક ઘણું કષ્ટ સહન કરે તે.

**કોઈ કંતકારણ કાષ્ઠભક્ષણ કરે રે :** કોઈ કોઈ જીવો પોતાના પતિને (મળવા આદિનાં) કારણે કાષ્ઠમાં બળી મરવા આદિની પ્રવૃત્તિ કરે.

**આંખડી અંબુજ પાંખડી :** હે પ્રભુ, આપની આંખ કમળની પાંખડી તુલ્ય છે.

**ભવસ્થિતિપરિપાક :** સંસારમાં જન્મ-મરણ થવાની જે સ્થિતિ, તેનું પાકી જવું, પૂર્ણ થવા આવવું.

**છિલ્લર હો રતિ પામે મરાલ :** થોડ પાણીમાં હંસ પ્રીતિ કેમ પામે.

**મગસેલિયો પથ્થર :** એક એવો વિશિષ્ટ પથ્થર કે જે ગમે તેવો મેઘ વરસે તો પણ ભીંજે નહીં.

**પ્રશમરસનિમગ્ન :** અતિશય શાન્તરસમાં ડૂબેલું.

**કામિનીસંગશૂન્ય :** સ્ત્રીના સંયોગથી રહિત. સ્ત્રી વિનાના.

**શસ્ત્રસંબંધવન્ધ્યમ્ :** શસ્ત્રોના સંબંધથી રહિત.

# ગ્રન્થાધિરાજ પ્રકાશનના આધારસ્તંભ

વોહેરા મથુરિબેન ચીમનલાલ
ત્રિભોવનદાસ પરિવાર
મહેન્દ્રભાઈ - સરોજબેન
તેજસ-મિકી, પારસ-સપના, શ્રેયાંસ-નિધિ
લીલામણિ ડેવલોપર્સ (અમદાવાદ - થરાદ)

અદાણી શાન્તાબેન શાન્તિલાલ ભુદરમલ પરિવાર
સુપુત્ર-પુત્રવધુ : મહાસુખભાઈ - સુવર્ણાબેન (થરાદ)
વિનોદભાઈ - રંજનબેન
વસંતભાઈ - પુષ્પાબેન
ગૌતમભાઈ - પ્રીતિબેન
રાજેશભાઈ - શિલીનબેન
અદાણી એક્ષપોર્ટ (અમદાવાદ - મુંબઈ)

માતુશ્રી જેઠીબહેન ચીમનલાલ મૂલચંદભાઈ
શેઠ પરિવાર
(દૈયપ - થરાદ - મુંબઈ)
ગિરિશભાઈ - કાંતાબેન
શાંતિભાઈ - ચંદ્રીકાબેન
સ્વ. સેવંતિભાઈ
પ્રકાશભાઈ - અલ્પાબેન
અલ્પેશ, ભાવેશ, વિજય,
હાર્દિક, રણવીર (ગજી)

અદાણી બબુબેન ચુનીલાલ નાગરદાસ પરિવાર
(થરાદ - સુરત - મુંબઈ)
નટુભાઈ - કાંતાબેન, પ્રવીણભાઈ - સવિતાબેન
લલિતભાઈ - વિમળાબેન, નિતીનભાઈ - અલકાબેન
વિજયભાઈ - દિવાબેન
આશિષ, શૈષવ, અનુજ, રૂષભ, ચૈત્ય, હિદય
એમ. સુરેશ એન્ડ કું

માતુશ્રી સ્વ. જાસુદબેન છોટાલાલ
વીરચંદ વોહેરા પરિવાર
વસંતભાઈ - જાગૃતિબેન, પ્રાચી - શાશ્વત
વિનોદભાઈ - પ્રીતિબેન, સૃષ્ટિ - કુંજ
ભાગ્યરત્ન ગ્રુપ (દૂધવા - સુરત)

વોરા ગગલદાસ રીખવચંદ પરિવાર
(થરાદ - અમદાવાદ)
હસ્તે - વાઘજીભાઈ (વિશ્વાસ)
જિજ્ઞેશભાઈ - સેજલબેન
ચેતનભાઈ - રૂપાલીબેન
હિતેષભાઈ - પ્રીતિબેન
જૈનમ, વિરાજ, દિપ, નમ્ય, પ્રાહિ

દેસાઈ શાંતાબેન કાંતિલાલ અમુલખભાઈ પરિવાર
(થરાદ - સુરત - મુંબઈ)
ગિરિશભાઈ - સુશીલાબેન, પ્રફુલ્લભાઈ - રસીલાબેન
ગુણવંતભાઈ - વિમલાબેન, બીપીનભાઈ - ચંદ્રાબેન
રજનીભાઈ - સુરેખાબેન, પરેશભાઈ - હીનાબેન
વિપુલભાઈ - નિકિતાબેન, વિજયભાઈ - વર્ષાબેન
શ્રેય - આયુશી

# ગ્રન્થાધિરાજ પ્રકાશનના આધારસ્તંભ

મોરખીયા બબીબેન વાડીલાલ મણિલાલ પરિવાર
(લવાણા - સુરત)

વોરા શાંતાબેન મહાસુખલાલ ચીમનલાલ પરિવાર
(થરાદ - બોરીવલી - મુંબઈ)
રજનીભાઈ - અલકાબેન
પુત્ર - નેમિકુમાર
રિદ્ધિ એન્ડ કંપની

દોશી તારાબેન રમણલાલ ચુનીલાલ ખેતશીભાઈ પરિવાર
સ્વ. દોશી રસીલાબેન વસંતલાલના સ્મરણાર્થે
વસંતભાઈ - રીટાબેન
દીલીપભાઈ - અલકાબેન
મનીષભાઈ - અલ્પાબેન
વિનયભાઈ - અંશીબેન

વોરા મંજુલાબેન વાઘજીભાઈ ખેમચંદભાઈ પરિવાર
(દૂધવા - સુરત)
સેવંતિભાઈ - અલકાબેન
અશોકભાઈ - ડીંપલબેન
વિપુલભાઈ - વીણાબેન

ધાનેરા નિવાસી ભાવિબેન નગીનદાસ મોરખીયા
હસ્તે - શાન્તિભાઈ - બબુબેન
બાબુભાઈ - વર્ષાબેન
રમણિકભાઈ - જાસુદબેન
કાંતિભાઈ - વિમલાબેન
વિજયમેટલ સિંડીકેટ - મુંબઈ

અદાણી સ્વ. વાઘજીભાઈ વીરચંદભાઈ પરિવાર - ભોરડુવાળા
સ્વ. શાંતાબેન વાઘજીભાઈ
પુત્ર-પૌત્ર - બાબુલાલ - ગુણવંતીબેન
વિક્રમકુમાર - પ્રજ્ઞાબેન, મનીષકુમાર - રૂપલબેન
હિરેનકુમાર - નિકિતાબેન
નક્ષત્ર, અર્થ, કર્તવ્ય, મોક્ષી, ચક્ષુ, હિર
ભાગ્યરત્ન ગ્રુપ (સુરત)

સ્વ. શાંતાબેન મિશ્રીમલજી તેજમલજી મહેતા પરિવાર
(નેનાવા - વડોદરા)
મફતભાઈ - બદામીબેન
દીલીપભાઈ - વિમલાબેન
મુકેશભાઈ - લક્ષ્મીબેન
અરવિંદભાઈ - શાયતિબેન
રાજુ, જિજ્ઞેશ, વીક્કી, ઋષભ, પ્રતિક, મનીષ, મેહુલ

ગુરૂભક્ત પરિવાર
(ભીનમાલ - સુરત)

महापुरुष के जिस

शब्द या वाक्य से

तुम्हारी जिन्दगी बदल जाये

बस ! वह शब्द और वाक्य ही तुम्हारा

# "गुरुमंत्र"

है...



DESIGN BY : ARYA GRAPHICS - 9925801910
PRINTED BY : KALPATARU OFFSET - 9825042651